سورة الفاتحة / સૂર-એ-ફાતેહા

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

(૧) અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعٰلَمِیۡنَ ۙ﴿۱﴾

(૨) સર્વ વખાણ અલ્લાહને જ માટે છે જે દરેક (તમામ) જગતનો પાલનહાર છે.

الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ۙ﴿۲﴾

(3) જે ઘણો મહેરબાન રહેમવાળો છે.

مٰلِکِ یَوۡمِ الدِّیۡنِ ؕ﴿۳﴾

(૪) જે બદલાના દિવસ (કયામત)નો માલિક છે.

اِيَّاكَ نَعۡبُدُ وَاِيَّاكَ نَسۡتَعِيۡنُ ؕ‏ ۴

(૫) (અય અલ્લાહ) અમે તારીજ બંદગી કરીએ છીએ અને (દરેક કામમાં) તારાથી જ મદદ ચાહીએ છીએ.

اِهۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۙ‏ ۵

(૬) તું અમને સીધા માર્ગ પર કાયમ રાખ.

صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ ۙ غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَلَا الضَّآلِّيۡنَ ۚ ۷

(૭) તે લોકોના માર્ગ પર જેઓ પર (પોતાની) તેં ઈન્‌આમ-નેઅમત (બક્ષીસો) આપી છે. તેઓનો માર્ગ નહિ જેઓ પર તારો ગઝબ થયો અને ન તેઓનો માર્ગ જેઓ અવળે માર્ગે (ગુમરાહ થઈ) ગયા.

الٓمّٓ ۚ ﴿١﴾

(૧) અલિફ - લામ - મીમ.

ذٰلِكَ الۡكِتٰبُ لَا رَيۡبَ ۛۚ فِيۡهِ ۛۚ هُدًى لِّلۡمُتَّقِيۡنَ ۙ﴿٢﴾

(૨) આ કિતાબ એવી છે જેમાં કોઈ પણ પ્રકારની શંકા નથી. તે ગુનાહોથી બચનારાઓ માટે સન્માર્ગ દર્શક છે.

الَّذِيۡنَ يُؤۡمِنُوۡنَ بِالۡغَيۡبِ وَيُقِيۡمُوۡنَ الصَّلٰوةَ وَمِمَّا رَزَقۡنٰهُمۡ يُنۡفِقُوۡنَ ۙ﴿٣﴾

(3) જેઓ અદ્રશ્ય (બાબતો) માં માને છે તથા નમાઝ કાયમ કરે છે અને અમોએ તેમને જે કાંઈ આપ્યું છે તેમાંથી (અમારા માટે) ખર્ચ કરે છે.

وَالَّذِيۡنَ يُؤۡمِنُوۡنَ بِمَآ اُنۡزِلَ اِلَيۡكَ وَمَآ اُنۡزِلَ مِنۡ قَبۡلِكَ‌ ۚ
وَبِالۡاٰخِرَةِ هُمۡ يُوۡقِنُوۡنَؕ‏ ﴿۴﴾

(૪) અને (અય રસૂલ !) જે (કુરઆન) તારા પર ઉતારવામાં આવ્યું છે, તથા જે (ઈલાહી કિતાબો) તારી પહેલાં ઉતારવામાં આવી છે, તેના ઉપર તેઓ ઈમાન લાવે છે અને કયામતના દિવસમાં (પણ) તેઓ સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

اُولٰٓـئِكَ عَلٰى هُدًى مِّنۡ رَّبِّهِمۡ‌ ۖ وَاُولٰٓـئِكَ هُمُ الۡمُفۡلِحُوۡنَ‏ ﴿۵﴾

(૫) એજ લોકો પોતાના પરવરદિગારના સરળ માર્ગ ઉપર છે અને તેઓ જ સફળતા પામનારા છે.

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا سَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ ۝٦

(૬) નિઃસંશય જેઓ (સમજ્યા છતાં) માનતા નથી, તું તેમને ડરાવે કે ન ડરાવે એ તેમના માટે સરખું (જ) છે; તેઓ (હરગિઝ) ઈમાન લાવશે નહિ.

خَتَمَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَعَلٰى سَمْعِهِمْ ؕ وَعَلٰٓى اَبْصَارِهِمْ غِشَاوَةٌ ؗ وَّلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ۝٧

(૭) તેમના અંતઃકરણો ઉપર તથા તેમના કાનો ઉપર અલ્લાહે મહોર મારી દીધી છે, અને તેમની આંખો ઉપર પડદો છે, અને તેમના માટે ઘણી મોટી શિક્ષા છે.

وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ اٰمَنَّا بِاللّٰهِ وَبِالْيَوْمِ الْاٰخِرِ وَمَا هُمْ
بِمُؤْمِنِيْنَ ۸

(૮) અને લોકોમાંથી (કેટલાક) એવા છે જેઓ (જાહેરમાં) કહે છે કે અમે અલ્લાહ તથા કયામતના દિવસ પર ઈમાન લાવ્યા છીએ, જો કે (ખરૂ જોતાં) તેઓ ઈમાન લાવ્યા નથી.

يُخٰدِعُوْنَ اللّٰهَ وَالَّذِيْنَ اٰمَنُوْا ۚ وَمَا يَخْدَعُوْنَ اِلَّاۤ اَنْفُسَهُمْ وَمَا
يَشْعُرُوْنَ ؕ﴿۹﴾

(૯) (આમ કરીને) તેઓ અલ્લાહને તથા જેઓ ઈમાન લાવ્યા છે, તેમને છેતરવા માગે છે; પણ (ખરૂં જોતાં) તેઓ પોતાના સિવાય બીજા કોઈને છેતરતા નથી, પરંતુ તેમને (તેનું) ભાન નથી.

فِیْ قُلُوْبِهِمْ مَّرَضٌ ۙ فَزَادَهُمُ اللّٰهُ مَرَضًا ۚ وَلَهُمْ عَذَابٌ
اَلِيْمٌ ۢ ۙ بِمَا كَانُوْا يَكْذِبُوْنَ ﴿۱۰﴾

(૧૦) તેમના અંતઃકરણોમાં (એક પ્રકારનો) રોગ છે તેથી અલ્લાહે તેમના (તે) રોગમાં વધારો કર્યો, અને તેમના માટે દુઃખદાયક શિક્ષા છે, કારણકે તેઓ જૂઠું બોલતા હતા.

وَاِذَا قِيۡلَ لَهُمۡ لَا تُفۡسِدُوۡا فِى الۡاَرۡضِۙ قَالُوۡۤا اِنَّمَا نَحۡنُ
مُصۡلِحُوۡنَ ﴿۱۱﴾

(૧૧) અને જયારે તેમને કહેવામાં આવે છે કે પૃથ્વી પર ફસાદ ફેલાવો નહિ, ત્યારે તેઓ કહે છે કે અમે તો (લોકોમાં) માત્ર સુધારણા કરાવનારા છીએ.

اَلَآ اِنَّهُمۡ هُمُ الۡمُفۡسِدُوۡنَ وَلٰـكِنۡ لَّا يَشۡعُرُوۡنَ ﴿۱۲﴾

(૧૨) ખબરદાર ! નિઃસંશય એજ લોકો ફસાદ ફેલાવનારા છે, પરંતુ (તેનું) તેમને ભાન નથી.

وَاِذَا قِيۡلَ لَهُمۡ اٰمِنُوۡا كَمَآ اٰمَنَ النَّاسُ قَالُوۡۤا اَنُؤۡمِنُ كَمَآ
اٰمَنَ السُّفَهَآءُ ؕ اَلَآ اِنَّهُمۡ هُمُ السُّفَهَآءُ وَلٰـكِنۡ لَّا يَعۡلَمُوۡنَ ﴿۱۳﴾

(૧૩) અને જયારે તેમને કહેવામાં આવે છે કે જેમ બીજા લોકો ઈમાન લાવ્યા છે તેમ તમે પણ ઈમાન લાવો ત્યારે તેઓ કહે છે કે શું અમે એવી રીતે ઈમાન લાવીએ કે જેવી રીતે તે મૂર્ખાઓ ઈમાન લાવ્યા છે? ખબરદાર ! એ લોકો પોતે મૂર્ખ છે પણ (તે) તેઓ જાણતા નથી.

وَاِذَا لَقُوا الَّذِيْنَ اٰمَنُوْا قَالُوْٓا اٰمَنَّا ۚ وَاِذَا خَلَوْا اِلٰى شَيٰطِيْنِهِمْ ۙ قَالُوْٓا اِنَّا مَعَكُمْ ۙ اِنَّمَا نَحْنُ مُسْتَهْزِءُوْنَ ⑭

(૧૪) અને જયારે તેઓ ઈમાન લાવનારાઓની મુલાકાત કરે છે. ત્યારે કહે છે કે અમે ઈમાન લાવ્યા છીએ, અને જ્યારે એકાંતમાં પોતાના શયતાનો (આડે માર્ગે દોરવનારા આગેવાનો) ને

મળે છે ત્યારે કહે છે કે બેશક અમે તો તમારી જ સાથે છીએ, અમે તો (તે મુસલમાનોની) માત્ર મજાક કરીએ છીએ.

اَللّٰهُ يَسْتَهْزِئُ بِهِمْ وَيَمُدُّهُمْ فِيْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ ﴿١٥﴾

(૧૫) અલ્લાહ (પણ) તેમની મજાક કરે છે તથા તેમને તેમના ઉદ્ધતાઈમાં (અધર્મીપણામાં) આંધળાઓની જેમ ભટકતા રહેવા દે છે.

اُولٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الضَّلٰلَةَ بِالْهُدٰى ۪ فَمَا رَبِحَتْ تِّجَارَتُهُمْ وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ﴿١٦﴾

(૧૬) આ લોકો તેજ છે જેમણે ખોટો રસ્તો ખરા રસ્તાના બદલે વેચાતો લીધો છે, તેથી ન તો

તેમના (આ) વેપારે તેમને નફો પહોંચાડયો છે અને ન તો તેઓ સાચો રસ્તો પામેલા છે.

مَثَلُهُمْ كَمَثَلِ الَّذِى اسْتَوْقَدَ نَارًا ۚ فَلَمَّآ اَضَآءَتْ مَا حَوْلَهٗ
ذَهَبَ اللّٰهُ بِنُوْرِهِمْ وَتَرَكَهُمْ فِىْ ظُلُمٰتٍ لَّا يُبْصِرُوْنَ ﴿١٧﴾

(૧૭) તેમનો દાખલો તે (માણસ)ના જેવો છે કે જેણે આગ સળગાવી, પછી જયારે આગથી ચારેબાજુ (દેખાતું) અજવાળું થયું ત્યારે અલ્લાહે તેમની (આંખોની) રોશની લઈ લીધી અને તેમને એવા એક અંધકારમાં છોડી દીધા કે (જેથી હવે) તેમને કાંઈ પણ સૂજતું (દેખાતું) નથી.

صُمٌّۢ بُكْمٌ عُمْىٌ فَهُمْ لَا يَرْجِعُوْنَ ﴿١٨﴾ۙ

(૧૮) (તેઓ) બહેરા, ગુંગા (અને) આંધળા છે, તેથી (હવે અધર્મથી) તેઓ (ખરા માર્ગ ઉપર) પાછા ફરશે નહી.

اَوۡ كَصَيِّبٍ مِّنَ السَّمَآءِ فِيۡهِ ظُلُمٰتٌ وَّرَعۡدٌ وَّبَرۡقٌ ۚ يَجۡعَلُوۡنَ اَصَابِعَهُمۡ فِىۡۤ اٰذَانِهِمۡ مِّنَ الصَّوَاعِقِ حَذَرَ الۡمَوۡتِ ‌ؕ وَاللّٰهُ مُحِيۡطٌۢ بِالۡكٰفِرِيۡنَ ﴿۱۹﴾

(૧૯) અથવા તેમનો દાખલો (આકાશમાંથી પડતા એવા એક) ધોધમાર વરસાદના જેવો છે, કે જેમાં અંધકાર હોય તથા ગર્જના તથા વિજળી પણ; કડાકાઓનો અવાજ સાંભળી મૃત્યુના ભયથી તેઓ પોતાના કાનોમાં આંગળા નાંખી દે છે; અને

અલ્લાહ નાસ્તિકોને (પોતાની શક્તિથી) ઘેરી રાખે છે.

يَكَادُ الْبَرْقُ يَخْطَفُ اَبْصَارَهُمْ ؕ كُلَّمَآ اَضَآءَ لَهُمْ مَّشَوْا فِيْهِ ۙ وَاِذَآ اَظْلَمَ عَلَيْهِمْ قَامُوْا ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَذَهَبَ بِسَمْعِهِمْ وَاَبْصَارِهِمْ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿٢٠﴾

(૨૦) એ સમય પાસે છે કે વિજળી (ના ચમકારા) તેમની આંખોની રોશનીને છીનવી લઈ જાય; જ્યારે જ્યારે પણ તે (વિજળી) તેમને પ્રકાશ આપે છે ત્યારે ત્યારે તેમાં તેઓ ચાલી નિકળે છે અને તેમના ઉપર અંધકાર થઈ જતાં તેઓ ઉભા રહી જાય છે; અને જો અલ્લાહ ચાહતે તો તેમની સાંભળવાની તથા જોવાની શક્તિ જરૂર છીનવી

લેતે; નિશંસય અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબુ ધરાવનારો છે.

يٰٓاَيُّهَا النَّاسُ اعْبُدُوْا رَبَّكُمُ الَّذِىْ خَلَقَكُمْ وَالَّذِيْنَ مِنْ
قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿٢١﴾

(૨૧) અય લોકો! તમે તમારા પરવરદિગારની બંદગી કરો જેણે તમને તથા જેઓ તમારી અગાઉ હતા તેમને પૈદા કર્યાં છે, કે કદાચને તમે (ગુનાહથી) બચો.

الَّذِىْ جَعَلَ لَكُمُ الْاَرْضَ فِرَاشًا وَّالسَّمَآءَ بِنَآءً ۖ وَّاَنْزَلَ مِنَ
السَّمَآءِ مَآءً فَاَخْرَجَ بِهٖ مِنَ الثَّمَرٰتِ رِزْقًا لَّكُمْ ۚ فَلَا تَجْعَلُوْا
لِلّٰهِ اَنْدَادًا وَّاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٢٢﴾

(૨૨) જેણે જમીનને તમારા માટે બીછાનું બનાવ્યું તથા આકાશને એક છત; અને જેણે આકાશમાંથી પાણી ઉતાર્યું પછી તે વડે તમારી રોજી માટે ફળો પૈદા કર્યા; માટે જાણી જોઈને અલ્લાહના બરોબરીયા બનાવો નહી.

وَاِنْ كُنْتُمْ فِىْ رَيْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰى عَبْدِنَا فَأْتُوْا بِسُوْرَةٍ مِّنْ مِّثْلِهٖ ۖ وَادْعُوْا شُهَدَآءَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٢٣﴾

(૨૩) અને અમોએ જે (કુરઆન) અમારા બંદા ઉપર ઉતાર્યું છે તેમાં કદાચને તમને શંકા હોય (કે તે અલ્લાહ તરફથી નથી.) તો તેના જેવું એક પ્રકરણ તમે પણ (બનાવી) લાવો, અને અગર તમે

સાચા હો તો અલ્લાહ સિવાય તમારા સાક્ષીઓ લઈ આવો.

فَاِنۡ لَّمۡ تَفۡعَلُوۡا وَلَنۡ تَفۡعَلُوۡا فَاتَّقُوا النَّارَ الَّتِىۡ وَقُوۡدُهَا النَّاسُ وَالۡحِجَارَةُ ۖۚ اُعِدَّتۡ لِلۡكٰفِرِيۡنَ ﴿۲۴﴾

(૨૪) પછી જો તમે (તેમ)ન કરી શકો - અને તમે તે કોઈ કાળે કરી શકશો નહી - તો તે આગથી ડરો કે જેનું બળતણ માણસો તથા પથ્થરો છે, જે (ખાસ કરીને) નાસ્તીકો માટે તૈયાર કરવામાં આવી છે.

وَبَشِّرِ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمۡ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ؕ كُلَّمَا رُزِقُوۡا مِنۡهَا مِنۡ ثَمَرَةٍ رِّزۡقًا ۙ قَالُوۡا

هٰذَا الَّذِیۡ رُزِقۡنَا مِنۡ قَبۡلُ ۙ وَاُتُوۡا بِهٖ مُتَشَابِهًا ؕ وَلَهُمۡ فِیۡهَاۤ
اَزۡوَاجٌ مُّطَهَّرَةٌ ٭ۙ وَّهُمۡ فِیۡهَا خٰلِدُوۡنَ ﴿۲۵﴾

(૨૫) અને (અય રસૂલ!) તે લોકોને, કે જેઓ ઈમાન લાવ્યા છે તથા સત્કાર્યો કર્યા છે, ખુશખબર આપ કે તેમના માટે બગીચાઓ (તૈયાર કરવામાં આવ્યા) છે જેની નીચે થઈને નદીઓ વહે છે. જયારે જયારે પણ તેમને તેમાંથી ખાવાને માટે કોઈ ફળ આપવામાં આવશે, ત્યારે ત્યારે તેઓ કહેશે કે આના જેવા અમને પહેલાં પણ મળી ચૂકયાં છે, જો કે (ખરી રીતે તો માત્ર) તે દેખાવમાંજ તેના જેવાં હતાં. અને તેમના માટે એ

(બગીચાઓ) માં પવિત્ર પત્નિઓ પણ હશે અને તેઓ તેમાં હંમેશ માટે રહેનાર છે.

إِنَّ اللّٰهَ لَا يَسْتَحْيٖٓ اَنْ يَّضْرِبَ مَثَلًا مَّا بَعُوْضَةً فَمَا فَوْقَهَا ۭ فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا فَيَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ۚ وَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا فَيَقُوْلُوْنَ مَاذَآ اَرَادَ اللّٰهُ بِهٰذَا مَثَلًا ۘ يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّيَهْدِىْ بِهٖ كَثِيْرًا ۭ وَمَا يُضِلُّ بِهٖٓ اِلَّا الْفٰسِقِيْنَ ﴿٢٦﴾

(૨૬) બેશક, અલ્લાહ એક મચ્છર જેવાનો અથવા તે કરતાંય વધારે નજીવા (જંતુ) નો દાખલો વર્ણવતા શરમાતો નથી; પછી જેઓ ઈમાન લાવ્યા છે તેઓ તો જાણે છે કે તે (દાખલો) તેઓના પરવરદિગાર તરફથી છે (તેમજ) સત્ય છે, પણ જેઓ માનતા નથી તેઓ કહે છે કે આ દાખલાથી

અલ્લાહનો શો હેતુ છે? (પણ અલ્લાહ) એવાજ (દાખલાઓથી) ઘણાઓને આડે માર્ગે લઈ જાય છે, અને (વળી) ઘણાઓને તે વડે સન્માર્ગે (પણ) લઈ જાય છે.

الَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْۢ بَعْدِ مِيْثَاقِهٖ ۖ وَيَقْطَعُوْنَ مَآ اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ وَيُفْسِدُوْنَ فِي الْاَرْضِ ۭ اُولٰۗىِٕكَ ھُمُ الْخٰسِرُوْنَ ۝۲۷

(૨૭) જેઓ અલ્લાહ સાથેનો કરાર તેના નક્કી થયા પછી તોડી નાખે છે, અને જે વસ્તુઓ અલ્લાહે જોડવાને ફરમાવ્યું છે તેને કાપી નાખે છે અને

પૃથ્વી પર ફસાદ કરતા રહે છે, તેજ લોકો નુકસાનમાં રહેનાર છે.

كَيْفَ تَكْفُرُوْنَ بِاللّٰهِ وَكُنْتُمْ اَمْوَاتًا فَاَحْيَاكُمْ ۚ ثُمَّ
يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ ثُمَّ اِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢٨﴾

(૨૮) અને ક્યા આધારે તમે અલ્લાહનો ઈન્કાર કરો છો? જ્યારે તમે જીવ વગરના હતા ત્યારે તેણે તમને જીવ આપ્યો, પછી તમને મૃત્યુ આપશે અને ફરીથી (બીજીવાર) તમને સજીવન કરશે પછી તમે તેની તરફ પાછા ફેરવવામાં આવશો.

هُوَ الَّذِيْ خَلَقَ لَكُمْ مَّا فِي الْاَرْضِ جَمِيْعًا ۗ ثُمَّ اسْتَوٰٓى اِلَى
السَّمَآءِ فَسَوّٰىهُنَّ سَبْعَ سَمٰوٰتٍ ؕ وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٢٩﴾

(૨૯) તે (અલ્લાહ) એ જ છે કે જેણે જમીનની સઘળી વસ્તુઓ તમારા માટે પેદા કરી, પછી આકાશ તરફ ધ્યાન આપ્યું, પછી તેમાંથી સંપૂર્ણ સાત આકાશો બનાવ્યા; અને તે સઘળી વસ્તુઓનો સંપૂર્ણ રીતે જાણનાર છે.

وَإِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ إِنِّي جَاعِلٌ فِي الْأَرْضِ خَلِيفَةً ۖ قَالُوٓا أَتَجْعَلُ فِيهَا مَنْ يُفْسِدُ فِيهَا وَيَسْفِكُ الدِّمَآءَ وَنَحْنُ نُسَبِّحُ بِحَمْدِكَ وَنُقَدِّسُ لَكَ ۖ قَالَ إِنِّيٓ أَعْلَمُ مَا لَا تَعْلَمُونَ ﴿٣٠﴾

(30) અને (અય રસૂલ!) તારા પરવરદિગારે જ્યારે ફરિશ્તાઓને કહ્યું કે પૃથ્વી ઉપર હું (મારો) એક પ્રતિનિધિ નિમનાર છું ત્યારે તેમણે અરજ કરી કે શું તું એવા (પ્રતિનિધિ) ની નિમણુંક કરશે કે જે

તે (પૃથ્વી) ઉપર ફસાદ અને ખૂનરેઝી કર્યા કરશે? જો કે (ખરેખર તો અમારામાંથીજ પ્રતિનિધિ બનાવવો જોઈએ કારણકે) અમે (સાચા અંતઃકરણથી) તારા ગુણગાન ગાઈએ છીએ તથા તારી પવિત્રતા વર્ણવીએ છીએ, (અલ્લાહે) ફરમાવ્યું કે નિશંસય જે હું જાણું છું તે તમે જાણતા નથી.

وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى الْمَلٰٓئِكَةِ ۙ فَقَالَ
اَنْۢبِـُٔوْنِىْ بِاَسْمَآءِ هٰٓؤُلَآءِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٣١﴾

(૩૧) અને આદમને સઘળા નામો શીખવ્યા, પછી તે (નામો) ફરિશ્તાઓ સામે રજુ કરતાં ફરમાવ્યું જો

તમે (તમારા દાવામાં) સાચા હો તો તે (વસ્તુઓ) ના નામોની મને ખબર આપો.

قَالُوْا سُبْحٰنَكَ لَا عِلْمَ لَنَآ اِلَّا مَا عَلَّمْتَنَا ؕ اِنَّكَ اَنْتَ الْعَلِيْمُ الْحَكِيْمُ ﴿۳۲﴾

(૩૨) (ફરિશ્તાઓએ) અરજ કરી કે તું (દરેક એબથી) પાક અને પાકીઝા છે! અમને જે તેં શિખવ્યું છે તે ઉપરાંત અમને કાંઈ જ્ઞાન નથી; બેશક (દરેક) જ્ઞાનનો સંપૂર્ણ જાણનાર અને સત્ય અસત્યનો નિર્ણય કરનાર તુંજ છે

قَالَ يٰٓاٰدَمُ اَنْۢبِئْهُمْ بِاَسْمَآئِهِمْ ۚ فَلَمَّآ اَنْۢبَاَهُمْ بِاَسْمَآئِهِمْ ۙ قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ اِنِّىْٓ اَعْلَمُ غَيْبَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۙ وَاَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا كُنْتُمْ تَكْتُمُوْنَ ﴿۳۳﴾

(33) (અલ્લાહે) ફરમાવ્યું કે અય આદમ! તે (વસ્તુઓ) ના નામો તેમને બતાવી દે. પછી જ્યારે આદમે તે નામો તે (ફરિશ્તા) ઓને બતાવી દીધા, ત્યારે (અલ્લાહે) ફરમાવ્યું કે શું મેં તમને કહ્યું નહતું કે નિસંશય હું જ આકાશો તથા જમીનના છુપા ભેદોનો જાણનાર છું અને જે કાંઈ તમે જાહેર કરો છો તથા જે કાંઈ તમે છુપાવી રાખો છો તેનાથી (પણ) હું સારી પેઠે વાકેફ છું.

وَإِذْ قُلْنَا لِلْمَلَٰٓئِكَةِ اسْجُدُوا لِاٰدَمَ فَسَجَدُوٓا اِلَّآ اِبْلِيْسَ ؕ اَبٰى

وَاسْتَكْبَرَ ۫ وَكَانَ مِنَ الْكٰفِرِيْنَ ﴿٣٤﴾

(3૪) અને જ્યારે અમોએ ફરિશ્તાઓને કહ્યું કે આદમને સિજદો કરો ત્યારે દરેક (ફરિશ્તાઓ)

સિજદો કર્યો સિવાય ઈબ્લીસે (શેતાને); તેણે અભિમાનથી ઈન્કાર કર્યો અને તે નાફરમાનો માંહેનો થયો.

وَقُلۡنَا يٰٓاٰدَمُ اسۡكُنۡ اَنۡتَ وَزَوۡجُكَ الۡجَنَّةَ وَكُلَا مِنۡهَا رَغَدًا حَيۡثُ شِئۡتُمَا وَلَا تَقۡرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوۡنَا مِنَ الظّٰلِمِيۡنَ۝٣٥

(૩૫) અને અમોએ હુકમ કર્યો કે અય આદમ! તું અને તારી પત્નિ સ્વર્ગમાં વસવાટ કરો અને તેમાં જ્યાંથી પણ તમારૂં મન ચાહે પેટ ભરીને ખાઓ, પણ આ ઝાડ પાસે જશો નહિ, નહિ તો તમે ઝુલમગારો માંહેના થઈ જશો.

فَأَزَلَّهُمَا الشَّيْطٰنُ عَنْهَا فَأَخْرَجَهُمَا مِمَّا كَانَا فِيْهِ ۖ وَقُلْنَا
اهْبِطُوْا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۚ وَلَكُمْ فِي الْأَرْضِ مُسْتَقَرٌّ
وَّمَتَاعٌ إِلٰى حِيْنٍ ﴿٣٦﴾

(૩૬) પછી શૈતાને તે બન્નેને તે (ઝાડના ફળ ખાવા) માટે લલચાવ્યા, જેથી (તેણે) જે સ્થિતિમાં તેઓ હતા તે (સ્થિતિ) માંથી તેમને કઢાવ્યા અને અમે હુકમ કર્યો કે નીચે ઉતરી જાઓ, તમારામાંથી કેટલાક (લોકો) કેટલાક (લોકો)ના શત્રુ છે, અને એક સમય સુધી જમીન પરજ તમારૂં સ્થાન અને જિંદગીનું સાધન રહેશે.

فَتَلَقّٰى اٰدَمُ مِنْ رَّبِّهٖ كَلِمٰتٍ فَتَابَ عَلَيْهِ ۭ اِنَّهٗ هُوَ التَّوَّابُ
الرَّحِيْمُ ﴿٣٧﴾

(૩૭) પછી આદમે તેના પરવરદિગાર તરફથી (દુઆ માંગવામાં) થોડાંક વાક્યો શીખી લીધાં જેથી (અલ્લાહે) તેની તોબા કબૂલ કરી; બેશક, તે મહાન તોબા કબૂલ કરનાર અને દયા કરનાર છે.

قُلْنَا اهْبِطُوْا مِنْهَا جَمِيْعًا ۚ فَاِمَّا يَاْتِيَنَّكُمْ مِّنِّیْ هُدًى فَمَنْ
تَبِعَ هُدَایَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿٣٨﴾

(૩૮) (અને) અમોએ આજ્ઞા કરી કે તમે સઘળા અહીંથી ઉતરી જાઓ; પછી મારા તરફથી તમને જરૂર હિદાયત પહોંચશે, (પછી) જે મારી હિદાયતને અનુસરી ચાલશે તેમને ન તો કાંઈ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

وَالَّذِيْنَ كَفَرُوْا وَ كَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ
فِيْهَا خٰلِدُوْنَ ﴿٣٩﴾

(૩૯) અને જેમણે અમારી આયતો (આજ્ઞાઓ) નો ઈન્કાર કર્યો તથા તેમને જૂઠલાવી તેઓ જહન્નમવાસી છે; તેઓ હંમેશને માટે તેમાંજ રહેનાર છે.

يٰبَنِيْٓ اِسْرَآءِيْلَ اذْكُرُوْا نِعْمَتِيَ الَّتِيْٓ اَنْعَمْتُ عَلَيْكُمْ وَاَوْفُوْا
بِعَهْدِيْٓ اُوْفِ بِعَهْدِكُمْ ۚ وَاِيَّايَ فَارْهَبُوْنِ ﴿٤٠﴾

(૪૦) અય ઈસરાઈલના વંશજો! મારી તે બક્ષિશોને યાદ કરો કે જે મેં તમને અર્પણ કરી હતી અને પૂરો કરો મારા કરારને (જેથી) હું પૂરો

કરૂં તમારા કરારને અને તમો માત્ર મારાથીજ ડરતા રહો

وَاٰمِنُوْا بِمَآ اَنْزَلْتُ مُصَدِّقًا لِّمَا مَعَكُمْ وَلَا تَكُوْنُوْٓا اَوَّلَ كَافِرٍۭ بِهٖ ۖ وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِىْ ثَمَنًا قَلِيْلًا ۫ وَّاِيَّاىَ فَاتَّقُوْنِ ﴿٤١﴾

(૪૧) અને ઈમાન લાવો તે (કુરઆન) ઉપર જે મેં ઉતાર્યું છે (અને) જે તમારી પાસે (કિતાબો) છે તેની સત્યતા બતાવનાર છે અને તમે સૌથી પહેલા તેનો ઈન્કાર કરનારા બનો નહિ, તથા મારી આયતોના બદલામાં (સંસારી લાભ માટે) નજીવી કિંમત મેળવો નહિ, અને મારાથીજ ડરતા રહો.

وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٤٢﴾

(૪૨) અને સત્યને અસત્યની સાથે ભેળવી નાખો નહિ, અને સત્ય જાણી જોઈને સંતાડો નહિ.

وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ ﴿٤٣﴾

(૪૩) અને નમાઝ (હંમેશા) પઢતા રહો તથા ઝકાત આપતા રહો અને રૂકુઅ કરનારાઓ સાથે રૂકુઅ કરો.

اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ وَاَنْتُمْ تَتْلُوْنَ الْكِتٰبَ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿٤٤﴾

(૪૪) શું તમે લોકોને તો નેકી (ના કાર્યો) કરવાની આજ્ઞા કરો છો અને પોતાને ભૂલી જાઓ છો? જો કે

તમે પણ કિતાબ (તૌરેત) પઢો છો; શું ત્યારે તમે એટલું (પણ) સમજતા નથી?

وَاسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ؕ وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخٰشِعِيْنَ ۙ﴿۴۵﴾

(૪૫) અને ધીરજ તથા નમાઝ વડે (અમારી) મદદ માંગતા રહો અને બેશક તે (નમાઝ પઢવી) એક ભારે (કાર્ય) છે, સિવાય તે લોકોના માટે કે જેઓ નમ્ર છે:

الَّذِيْنَ يَظُنُّوْنَ اَنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ وَاَنَّهُمْ اِلَيْهِ رٰجِعُوْنَ ۧ﴿۴۶﴾

(૪૬) કે જેઓ પોતાના પરવરદિગારની મુલાકાતની તેમજ તેની તરફ પાછા રજુ થવાની સંપૂર્ણ ખાતરી રાખે છે

يٰبَنِيۡٓ اِسۡرَآءِيۡلَ اذۡكُرُوۡا نِعۡمَتِيَ الَّتِيۡٓ اَنۡعَمۡتُ عَلَيۡكُمۡ وَاَنِّيۡ فَضَّلۡتُكُمۡ عَلَى الۡعٰلَمِيۡنَ ﴿۴۷﴾

(૪૭) અય ઈસરાઈલના વંશજો! મારી તે બક્ષિશોને યાદ કરો કે જે મેં તમને અર્પણ કરી હતી તથા એ વાતને (પણ યાદ કરો) કે મેં તમને આખા જગત ઉપર સરસાઈ આપી હતી.

وَاتَّقُوۡا يَوۡمًا لَّا تَجۡزِىۡ نَفۡسٌ عَنۡ نَّفۡسٍ شَيۡـــًٔا وَّلَا يُقۡبَلُ مِنۡهَا شَفَاعَةٌ وَّلَا يُؤۡخَذُ مِنۡهَا عَدۡلٌ وَّلَا هُمۡ يُنۡصَرُوۡنَ ﴿۴۸﴾

(૪૮) અને તે દિવસથી ડરો કે જે દિવસે કોઈ પણ વ્યક્તિ બીજી કોઈ વ્યક્તિના (બદલા તરીકે) કોઈપણ પ્રકારે કામમાં આવશે નહિ, તેમજ કોઈની તેના માટે ભલામણ કબૂલ કરવામાં આવશે નહિ, તથા કોઈ પણ જાતનો બદલો તેની પાસેથી લેવામાં આવશે નહિ, અને કોઈ પણ જાતની મદદ તેમને કરવામાં આવશે નહિ.

وَإِذْ نَجَّيْنٰكُمْ مِّنْ اٰلِ فِرْعَوْنَ يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ
يُذَبِّحُوْنَ اَبْنَآءَكُمْ وَيَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ ؕ وَفِىْ ذٰلِكُمْ بَلَآءٌ
مِّنْ رَّبِّكُمْ عَظِيْمٌ ﴿٤٩﴾

(૪૯) અને (તે સમયને યાદ કરો) જ્યારે અમોએ તમને ફિરઔનીઓના હાથથી છુટકારો આપ્યો;

તેઓ તમને દુષ્ટ (અને ભયંકર) શિક્ષા કરતા હતા, તમારા પુત્રોને કાપી નાખતા હતા તથા તમારી પુત્રીઓને જીવતી રહેવા દેતા હતા; અને તેમાં તમારા પરવરદિગાર તરફથી તમારા માટે ઘણી મોટી કસોટી હતી.

وَاِذْ فَرَقْنَا بِكُمُ الْبَحْرَ فَاَنْجَيْنٰكُمْ وَاَغْرَقْنَآ اٰلَ فِرْعَوْنَ وَاَنْتُمْ تَنْظُرُوْنَ۝۵۰

(૫૦) અને (તે સમયને યાદ કરો) જયારે અમોએ તમારા માટે સમુદ્રને ચીરી નાખ્યો (તેમાં તમને માર્ગ કરી આપ્યો), અને (તેમ કરીને) તમને (ફિરઔનીઓના હાથમાંથી દરિયા પાર ઉતારી)

છુટકારો આપ્યો, અને તમારા દેખતાં દેખતાંજ ફિરઔનીઓને ડુબાડી દીધા.

وَإِذْ وٰعَدْنَا مُوْسٰى اَرْبَعِيْنَ لَيْلَةً ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْ

بَعْدِهٖ وَاَنْتُمْ ظٰلِمُوْنَ ﴿٥١﴾

(૫૧) અને (તે પણ યાદ કરો) જ્યારે અમોએ મૂસાને ચાલીસ રાત્રિઓનો વાયદો આપી (તુર પર બોલાવ્યા) પછી તમે તેની ગેરહાજરીમાં વાછરડાને પોતાનો મઅબુદ બનાવી બેઠા અને (તેમાં) તમે જ ઝુલમગાર હતા

ثُمَّ عَفَوْنَا عَنْكُمْ مِّنْ بَعْدِ ذٰلِكَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٥٢﴾

(૫૨) આ છતાંય તેના પછી અમોએ તમારાથી દરગુજર કરી કે કદાચને તમે આભાર માનવા લાગો.

وَاِذْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ وَالْفُرْقَانَ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ۝٥٣

(૫૩) અને (તે સમયને યાદ કરો) જ્યારે અમોએ મૂસાને તે કિતાબ (તૌરત) તથા ફુરકાન (સત્ય અસત્યનો નિર્ણય કરનાર નિયમો) અર્પણ કર્યા કે કદાચને તમે સન્માર્ગે ચાલો.

وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ اِنَّكُمْ ظَلَمْتُمْ اَنْفُسَكُمْ بِاتِّخَاذِكُمُ الْعِجْلَ فَتُوْبُوْٓا اِلٰى بَارِىِٕكُمْ فَاقْتُلُوْٓا اَنْفُسَكُمْ ط

ذٰلِكُمۡ خَيۡرٌ لَّكُمۡ عِنۡدَ بَارِئِكُمۡ ؕ فَتَابَ عَلَيۡكُمۡ ؕ اِنَّهٗ

هُوَالتَّوَّابُ الرَّحِيۡمُ ﴿۵۴﴾

(૫૪) અને (તે સમયને યાદ કરો) જ્યારે મૂસાએ પોતાની કૌમને કહ્યું કે અય મારી કૌમ! નિસંશય તમોએ વાછરડાની પૂજા કરીને હાથે કરી તમારા પોતા પર ઝુલ્મ કર્યો છે, હવે તમારા પેદા કરનારની હુજુરમાં તૌબા કરો અને (તમારાજ હાથે) તમારામાંના (વાછરડાને પૂજનારા) ઓને કતલ કરી નાખો એજ તમારા પેદા કરનાર પાસે તમારા હકમાં બહેતર છે. પછી તમારી તૌબા (અલ્લાહે) સ્વીકારી; બેશક, તે મહાન તૌબાનો સ્વીકારનાર (અને) દયા કરનાર છે.

وَاِذۡ قُلۡتُمۡ یٰمُوۡسٰی لَنۡ نُّؤۡمِنَ لَكَ حَتّٰی نَرَی اللّٰهَ جَهۡرَةً
فَاَخَذَتۡكُمُ الصّٰعِقَةُ وَاَنۡتُمۡ تَنۡظُرُوۡنَ﴿۵۵﴾

(૫૫) અને જ્યારે તમોએ કહ્યું કે અય મૂસા! જયાં સુધી અમે અલ્લાહને નરી આંખે જોઈ ન લઈએ ત્યાં સુધી તારા પર હરગિજ ઈમાન લાવશું નહિ, ત્યારે જોત જોતામાંજ જ તમને વીજળીએ પકડી પાડ્યા.

ثُمَّ بَعَثۡنٰكُمۡ مِّنۡۢ بَعۡدِ مَوۡتِكُمۡ لَعَلَّكُمۡ تَشۡكُرُوۡنَ﴿۵۶﴾

(૫૬) પછી અમોએ તમારા (આ) મરણ બાદ તમને (પુનઃ) સજીવન કર્યા કે કદાચને તમે (અમારો) આભાર માનો.

وَظَلَّلْنَا عَلَيْكُمُ الْغَمَامَ وَاَنْزَلْنَا عَلَيْكُمُ الْمَنَّ وَالسَّلْوٰى ؕ
كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ ؕ وَمَا ظَلَمُوْنَا وَلٰكِنْ كَانُوْٓا
اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ۝٥٧

(૫૭) અને અમોએ તમારા પર વાદળાની છાયા કરી તથા તમારા માટે મન્ના તથા સલ્વા (નામના ખોરાકો) ઉતાર્યા; (અને તમને હુકમ કર્યો કે) જે સ્વચ્છ ચીજોની રોજી અમોએ તમને આપી છે તેમાંથી ખૂબ ખાઓ પીઓ; અને (આ છતાં તમે ઉપકાર માનનારા બન્યા નહિ) આમ કર્યાથી તેઓએ અમારૂં કશું બગાડ્યું નહિ બલ્કે તેઓએ પોતાનાજ ઉપર ઝુલ્મ કર્યો.

وَاِذۡ قُلۡنَا ادۡخُلُوۡا هٰذِهِ الۡقَرۡيَةَ فَكُلُوۡا مِنۡهَا حَيۡثُ شِئۡتُمۡ
رَغَدًا وَّادۡخُلُوا الۡبَابَ سُجَّدًا وَّقُوۡلُوۡا حِطَّةٌ نَّغۡفِرۡ لَكُمۡ
خَطٰيٰكُمۡ ‌ؕ وَسَنَزِيۡدُ الۡمُحۡسِنِيۡنَ ﴿۵۸﴾

(૫૮) અને (તે સમયને યાદ કરો) જ્યારે અમોએ કહ્યું કે આ શહેરમાં દાખલ થાઓ અને તેમાં જ્યાંથી જે કાંઈ ચાહો તે ખૂબ ખાઓ પીઓ અને આ દરવાજામાંથી સિજદો કરતા તથા 'ક્ષમા' 'ક્ષમા' બોલતા દાખલ થાઓ, (એટલે) અમે તમારા ગુનાહ માફ કરી દઈશું અને (તમારામાંના) જે સદાચારીઓ હશે તેમને વધારે સારો બદલો આપીશું.

فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا قَوْلًا غَيْرَ الَّذِىْ قِيْلَ لَهُمْ فَاَنْزَلْنَا عَلَى
الَّذِيْنَ ظَلَمُوْا رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿۵۹﴾

(૫૯) પછી ઝાલિમોએ જે કાંઈ તેમને કહેવામાં આવ્યું હતું તેને જુદાજ બોલોમાં (શબ્દોમાં) બદલી નાખ્યું આથી અમોએ જેમણે ઝુલ્મ કર્યો હતો તેમના ઉપર આકાશમાંથી એક કહેર ઉતાર્યો કારણ કે તેઓ નાફરમાની કરતા હતા.

وَاِذِ اسْتَسْقٰى مُوْسٰى لِقَوْمِهٖ فَقُلْنَا اضْرِبْ بِّعَصَاكَ الْحَجَرَ ط
فَانْفَجَرَتْ مِنْهُ اثْنَتَا عَشْرَةَ عَيْنًا ط قَدْ عَلِمَ كُلُّ اُنَاسٍ

مَّشۡرَبَهُمۡ ؕ كُلُوۡا وَاشۡرَبُوۡا مِنۡ رِّزۡقِ اللّٰهِ وَلَا تَعۡثَوۡا فِى الۡاَرۡضِ
مُفۡسِدِيۡنَ ۝٦٠

(૬૦) અને (તે સમયને યાદ કરો) જયારે મૂસાએ પોતાની કોમ માટે પાણી માંગ્યું ત્યારે અમોએ કહ્યું કે આ પત્થર ઉપર તારી લાકડી માર; (તેમ કરવાથી) તેમાંથી બાર ઝરણાં ફુટી નીકળ્યા; દરેક ટોળાએ પોતપોતાની પીવાની જગ્યા ઓળખી કાઢી; (પછી અમોએ હુકમ કર્યો કે) અલ્લાહે તમને આપેલી રોજીમાંથી ખાઓ અને પીઓ પૃથ્વી ઉપર ત્રાસનું વાતાવરણ ઉપસ્થિત કરો નહીં.

وَاِذْ قُلْتُمْ يٰمُوْسٰى لَنْ نَّصْبِرَ عَلٰى طَعَامٍ وَّاحِدٍ فَادْعُ لَنَا رَبَّكَ
يُخْرِجْ لَنَا مِمَّا تُنْۢبِتُ الْاَرْضُ مِنْۢ بَقْلِهَا وَقِثَّآئِهَا وَفُوْمِهَا
وَعَدَسِهَا وَبَصَلِهَا ط قَالَ اَتَسْتَبْدِلُوْنَ الَّذِىْ هُوَ اَدْنٰى بِالَّذِىْ
هُوَ خَيْرٌ ط اِهْبِطُوْا مِصْرًا فَاِنَّ لَكُمْ مَّا سَاَلْتُمْ ط وَضُرِبَتْ
عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ ق وَبَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ ط ذٰلِكَ
بِاَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ بِغَيْرِ
الْحَقِّ ط ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ع ﴿٦١﴾

(૬૧) અને (તે સમયને યાદ કરો) જયારે તમોએ કહ્યું કે અય મૂસા! અમે એકજ પ્રકારના ખોરાક ઉપર કદી પણ સંતોષ રાખશું નહી માટે તું તારા

પરવરદિગાર પાસે દુઆ કર કે જમીનમાંથી જે જે વસ્તુઓ ઉત્પન્ન થાય છે (જેવી કે) શાક, ભાજી, કાકડી, ઘઉં, મસુર અને ડુંગળી (વિગેરે) અમારા માટે પણ ઉત્પન્ન કરે; (મૂસાએ) ફરમાવ્યું કે શું તમે ઉમદા વસ્તુઓને સાધારણ વસ્તુઓથી બદલવા ચાહો છો? (જો એમ હોય) તો કોઈ શહેરમાં ઉતરી પડો કે (જેથી) જે વસ્તુઓનો તમોએ સવાલ કર્યો છે તે નિસંશય તમને (ત્યાં) મળશે. અને તેમના પર હીણપત અને કંગાલીયત આવી પડી અને તેમણે (હાથે કરીને) પોતાના પર અલ્લાહનો કોપ વ્હોરી લીધો; આ એટલા માટે કે અલ્લાહની નિશાનીઓનો તેઓ ઈન્કાર કરતા હતા અને

નબીઓને વિના વાંકે મારી નાખતા હતા; (વળી) એટલા માટે કે તેઓ નાફરમાની કરતા હતા અને હદ ઉપરાંત અત્યાચાર કરતા હતા.

إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَادُوا وَالنَّصَارَىٰ وَالصَّابِئِينَ مَنْ آمَنَ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ وَعَمِلَ صَالِحًا فَلَهُمْ أَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٦٢﴾

(૬૨) નિસંશય! જેઓ ઈમાન લાવ્યા છે અને જેઓ યહૂદીઓ અને ખ્રિસ્તીઓ અને સાબેઈન (સિતારાઓને પૂજનારા) છે, જે કોઈ અલ્લાહ તથા કયામતના દિવસ પર ઈમાન લાવશે તથા સત્કાર્ય કરશે તો તેનો બદલો તેમના માટે તેમના

પરવરદિગાર પાસે હશે જ; અને તેમને ન તો કાંઈ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

وَإِذْ أَخَذْنَا مِيثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ الطُّورَ ط خُذُوا مَآ
اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ وَّاذْكُرُوْا مَا فِيْهِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ٦٣

(૬૩) અને (તે સમયને યાદ કરો) જ્યારે અમોએ તમારી પાસેથી વચન લીધું તથા (સીના) પર્વત તમારા માથા ઉપર ઉચકી ધરી રાખ્યો; (અને હુકમ કર્યો કે) જે કાંઈ (તૌરેતની આજ્ઞાઓ) અમોએ તમને આપી છે તેને દ્રઢતા પૂર્વક વળગી રહો, અને જે તેમાં છે તે ધ્યાનમાં રાખો કે કદાચને તમે પરહેઝગાર બનો.

ثُمَّ تَوَلَّيْتُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ ۚ فَلَوْ لَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ لَكُنْتُمْ مِّنَ الْخٰسِرِيْنَ ﴿٦٤﴾

(૬૪) આ પછી પાછા તમે ફરી ગયા, પણ જો અલ્લાહની કૃપા તથા તેની દયા તમારા ઉપર ન હોત તો તમે ખચીતજ હાનિ ભોગવનારાઓ માંહેના થઈ જતે.

وَلَقَدْ عَلِمْتُمُ الَّذِيْنَ اعْتَدَوْا مِنْكُمْ فِي السَّبْتِ فَقُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً خٰسِئِيْنَ ﴿٦٥﴾ۚ

(૬૫) અને તમારામાંથી જેઓ સબ્ત (શનિવારના દિવસે શિકાર ન કરવાના હુકમનું ઉલ્લંઘન કરવા) માં હદ બહાર ગયા (તેમની શી દશા થઈ) તે તમે

ખચીતજ જાણી ચૂકયા છો. આથી અમોએ તેમને કહ્યું કે તમે હડધૂત થઈને વાંદરા બની જાઓ.

فَجَعَلْنٰهَا نَكَالًا لِّمَا بَيْنَ يَدَيْهَا وَمَا خَلْفَهَا وَمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ۝٦٦

(૬૬) પછી અમોએ આ (બનાવ) તે તેમના સાથીઓ તથા (તેમની) પાછળ આવનારાઓ માટે દ્રષ્ટાંત, અને પરહેઝગારો માટે બોધપાઠ બનાવ્યો.

وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖٓ اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تَذْبَحُوْا بَقَرَةً ۭ قَالُوْٓا اَتَتَّخِذُنَا هُزُوًا ۭ قَالَ اَعُوْذُ بِاللّٰهِ اَنْ اَكُوْنَ مِنَ الْجٰهِلِيْنَ۝٦٧

(૬૭) અને (તે સમયને યાદ કરો) જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે નિસંશય અલ્લાહ તમને એક ગાય ઝબેહ કરવાનો હુકમ કરે છે (ત્યારે) તેમણે કહ્યું કે શું તું અમારી મશ્કરી કરે છે ? (મૂસાએ) કહ્યું કે અલ્લાહ ન કરે કે હું અજ્ઞાનીઓ માંહેનો થાઉં.

قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ۚ قَالَ إِنَّهُ يَقُولُ إِنَّهَا
بَقَرَةٌ لَّا فَارِضٌ وَّلَا بِكْرٌ ۚ عَوَانٌ بَيْنَ ذَٰلِكَ ۚ فَافْعَلُوا مَا
تُؤْمَرُونَ ﴿٦٨﴾

(૬૮) તેમણે કહ્યું કે તું તારા પરવરદિગારને અમારા માટે વિનંતી કર કે તે ગાય કેવી છે તે

ખુલાસાથી અમારા માટે વર્ણવે; (મૂસાએ) કહ્યું કે નિસંશય (અલ્લાહ) ફરમાવે છે કે તે એક ગાય છે જે નથી ઘરડી કે નથી જુવાન પણ બન્નેની વચ્ચેની છે; જેથી તમને જે આજ્ઞા આપવામાં આવી છે તેનું પાલન કરો.

قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا لَوْنُهَا ؕ قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا
بَقَرَةٌ صَفْرَآءُ ۙ فَاقِعٌ لَّوْنُهَا تَسُرُّ النّٰظِرِيْنَ ﴿٦٩﴾

(૬૯) તેમણે (પાછું) કહ્યું કે તારા પરવરદિગારને અમારા માટે વિનંતી કર કે તેનો રંગ કેવો છે તે અમોને સાફ સાફ જણાવી દે. (મૂસાએ) કહ્યું કે નિસંશય (અલ્લાહ) ફરમાવે છે તે ગાય એવા ઘેરા પીળા રંગની છે કે જોનારાઓને ખુશ કરી નાખે.

قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ۙ إِنَّ الْبَقَرَ تَشَٰبَهَ
عَلَيْنَا ۖ وَإِنَّا إِن شَاءَ اللَّهُ لَمُهْتَدُونَ ﴿٧٠﴾

(૭૦) તેમણે (ફરીથી) કહ્યું કે તારા પરવરદિગારને અમારા માટે વિનંતી કર કે તે ખુલાસાથી વર્ણવે કે તે ગાય કેવી છે, નિસંશય તે ગાય ઓળખી કાઢવામાં અમે શંકાશીલ છીએ; અને નિસંશય જો અલ્લાહ ચાહશે તો અમે જરૂર ખરા માર્ગ ઉપર આવી જઈશું.

قَالَ إِنَّهُ يَقُولُ إِنَّهَا بَقَرَةٌ لَّا ذَلُولٌ تُثِيرُ الْأَرْضَ وَلَا تَسْقِي
الْحَرْثَ مُسَلَّمَةٌ لَّا شِيَةَ فِيهَا ۚ قَالُوا الْـَٔانَ جِئْتَ بِالْحَقِّ ۚ
فَذَبَحُوهَا وَمَا كَادُوا يَفْعَلُونَ ﴿٧١﴾

(૭૧) (મૂસાએ) કહ્યું કે નિસંશય (અલ્લાહ) ફરમાવે છે કે તે ગાય એવી છે કે જેને જમીન ખેડવા અથવા ખેતરોને પાણી પાવા માટે હજી પલોટી (કામે લગાડી) ન હોય; (તેમજ) સાજી તંદુરસ્ત (અને) ખોડ ખાંપણ વિનાની હોય; (આથી) તેઓ બોલ્યા હવે તેં ઠીક ઠીક જણાવ્યું; પછી તેમણે તે (ગાય) ને ઝબેહ કરી, જો કે તેઓ આ કાર્ય કરશે એવી આશા ન હતી. (કારણ કે તેની તેમને ઘણી વધારે કિંમત આપવી પડી.)

وَإِذْ قَتَلْتُمْ نَفْسًا فَادّٰرَءْتُمْ فِيهَا ۖ وَاللّٰهُ مُخْرِجٌ مَّا كُنْتُمْ تَكْتُمُونَ ﴿٧٢﴾

(૭૨) અને (તે સમય યાદ કરો) જ્યારે તમોએ એક શખ્સને મારી નાખ્યો પછી તેના (ખૂનીના) સંબંધમાં તમે મતભેદ કર્યો અને જે કાંઈ તમે સંતાડતા હતા તે તો અલ્લાહ જાહેર કરનાર હતો જ.

فَقُلْنَا اضْرِبُوْهُ بِبَعْضِهَا ؕ كَذٰلِكَ يُحْيِ اللّٰهُ الْمَوْتٰى ۙ وَيُرِيْكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ۝٧٣

(૭૩) પછી અમોએ કહ્યું કે આ (ઝબેહ કરેલી) ગાયનો એક ભાગ (લઈને) તેના શબ પર મારો (તેમ કરતાં તે સજીવન થઈ ગયો) એવી રીતે અલ્લાહ મરણ પામેલાઓને સજીવન કરે છે અને

તમને પોતાની નિશાનીઓ દેખાડે છે કે કદાચને તમે સમજો.

ثُمَّ قَسَتۡ قُلُوۡبُكُمۡ مِّنۡۢ بَعۡدِ ذٰلِكَ فَهِىَ كَالۡحِجَارَةِ اَوۡ اَشَدُّ قَسۡوَةً ‌ؕ وَاِنَّ مِنَ الۡحِجَارَةِ لَمَا يَتَفَجَّرُ مِنۡهُ الۡاَنۡهٰرُ‌ ؕ وَاِنَّ مِنۡهَا لَمَا يَشَّقَّقُ فَيَخۡرُجُ مِنۡهُ الۡمَآءُ‌ ؕ وَاِنَّ مِنۡهَا لَمَا يَهۡبِطُ مِنۡ خَشۡيَةِ اللّٰهِ‌ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعۡمَلُوۡنَ‏ ﴿۷۴﴾

(૭૪) તે બાદ તમારા દિલો પાછા સખત થઈ ગયાં છેવટે તે પત્થર જેવાં (સખત) થયાં અથવા તેથી પણ વધારે સખત; અને નિસંશય પત્થરોમાંથી કેટલાક એવા હોય છે કે જેમાંથી પાણીના ઝરણાં ફૂટી નીકળે છે, અને નિસંશય

તેમાંથી કેટલાક એવા હોય છેકે જે ફાટી જાય છે પછી તેમાંથી (પણ) પાણી નીકળે છે, અને નિસંશય તેમાંથી કેટલાક એવા પણ હોય છે કે અલ્લાહના ભયથી ધ્રુજીને નીચે પડે છે. અને તમે જે કાંઈ કરો છે તેનાથી અલ્લાહ અજાણ નથી.

اَفَتَطۡمَعُوۡنَ اَنۡ يُّؤۡمِنُوۡا لَـكُمۡ وَقَدۡ كَانَ فَرِيۡقٌ مِّنۡهُمۡ يَسۡمَعُوۡنَ كَلٰمَ اللّٰهِ ثُمَّ يُحَرِّفُوۡنَهٗ مِنۡۢ بَعۡدِ مَا عَقَلُوۡهُ وَهُمۡ يَعۡلَمُوۡنَ ﴿۷۵﴾

(૭૫) (અય મુસલમાનો) શું તમારી એવી ઈચ્છા છે કે તેઓ તમારૂં માને? જયારે તેઓ માંહેનું એક ટોળું એવું છે કે તે અલ્લાહનો કલામ (બોલ) સાંભળે છે, પછી તેઓ તેને સમજી ચૂકયા બાદ પણ જાણી જોઈને તેમાં ફેરફાર કરી નાખે છે.

وَإِذَا لَقُوا الَّذِينَ آمَنُوا قَالُوا آمَنَّا وَإِذَا خَلَا بَعْضُهُمْ إِلَىٰ
بَعْضٍ قَالُوا أَتُحَدِّثُونَهُم بِمَا فَتَحَ اللَّهُ عَلَيْكُمْ لِيُحَاجُّوكُم بِهِ
عِندَ رَبِّكُمْ ۚ أَفَلَا تَعْقِلُونَ ﴿٧٦﴾

(૭૬) વળી જ્યારે તેઓ મોમીનો સાથે મુલાકાત કરે છે ત્યારે કહે છે કે અમે ઈમાન લઈ આવ્યા છીએ, પણ જ્યારે એકાંતમાં આપસમાં મળે છે ત્યારે કહે છે કે શું તમે તેમને તે વાતો કહીદો છો કે જે અલ્લાહે તમને જણાવી દીધી છે કે જેથી તેઓ તમારા પરવરદિગારની હજુરમાં એજ વડે તમારા ઉપર દલીલો કાયમ કરે? શું તમે (એટલું પણ) સમજતા નથી?

اَوَلَا يَعۡلَمُوۡنَ اَنَّ اللّٰهَ يَعۡلَمُ مَا يُسِرُّوۡنَ وَمَا يُعۡلِنُوۡنَ﴿۷۷﴾

(૭૭) શું તેઓ નથી જાણતા કે તેઓ જે કાંઈ સંતાડે છે તથા જે કાંઈ જાહેર કરે છે તે અલ્લાહ જાણે છે?

وَمِنۡهُمۡ اُمِّيُّوۡنَ لَا يَعۡلَمُوۡنَ الۡكِتٰبَ اِلَّاۤ اَمَانِىَّ وَاِنۡ هُمۡ اِلَّا يَظُنُّوۡنَ﴿۷۸﴾

(૭૮) અને તેઓ (યહૂદીઓ) માંહેના કેટલાક એવા અભણ છે કે જેઓ કિતાબ (તૌરત)ને સમજતા નથી પણ આ કે તે (તૌરેત) તેમની ઈચ્છાઓ પ્રમાણે છે અને આ તેઓની માત્ર એક અટકળ છે.

فَوَيْلٌ لِّلَّذِيْنَ يَكْتُبُوْنَ الْكِتٰبَ بِاَيْدِيْهِمْ ۗ ثُمَّ يَقُوْلُوْنَ هٰذَا
مِنْ عِنْدِ اللّٰهِ لِيَشْتَرُوْا بِهٖ ثَمَنًا قَلِيْلًا ؕ فَوَيْلٌ لَّهُمْ مِّمَّا
كَتَبَتْ اَيْدِيْهِمْ وَوَيْلٌ لَّهُمْ مِّمَّا يَكْسِبُوْنَ ﴿۷۹﴾

(૭૯) માટે અફસોસ છે તેમના માટે જેઓ કિતાબ પોતાને જ હાથે લખે છે, અને પછી કહે છે કે આ અલ્લાહના તરફથી છે કે જેથી તેને થોડીક કિંમતમાં (પોતાના સ્વાર્થ માટે) વેચી શકે; વળી અફસોસ છે તેમના માટે કે જે તેમના હાથોએ લખ્યું અને અફસોસ છે તેમની તે (વસ્તુ) માટે કે જે તેઓ કમાય છે.

وَقَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا مَّعْدُوْدَةً ؕ قُلْ اَتَّخَذْتُمْ
عِنْدَ اللّٰهِ عَهْدًا فَلَنْ يُّخْلِفَ اللّٰهُ عَهْدَهٗٓ اَمْ تَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا
لَا تَعْلَمُوْنَ ۝٨٠

(૮૦) અને તેઓ કહે છે કે અમને તો ગણ્યાં ગાંઠ્યા દિવસો સિવાય (જહન્નમની) આગ કોઈ કાળે અડકશે નહિ; (અય રસૂલ!) તું કહે કે શું તમોએ અલ્લાહ પાસેથી કોઈ વચન લઈ લીધુ છે? (જો એમ હોય તો) અલ્લાહ પોતાના વચન વિરૂદ્ધ કદી પણ વર્તશે નહિ, અથવા શું તમે જાણ્યા સમજ્યા વિના અલ્લાહ વિરૂદ્ધ વાતો ઘડી કાઢો છો?

بَلٰى مَنْ كَسَبَ سَيِّئَةً وَّاَحَاطَتْ بِهٖ خَطِيْٓـئَتُهٗ فَاُولٰٓئِكَ
اَصْحٰبُ النَّارِ‌ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ﴿۸۱﴾

(૮૧) હા, જેણે કોઈ દુષ્ટ કમાઈ કરી અને તેને તેના ગુનાહોએ ઘેરી લીધો (તો) તેઓજ જહન્નમવાસીઓ છે, જેમાં તેઓ હંમેશ માટે રહેનાર છે.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ‌ۚ هُمْ
فِيْهَا خٰلِدُوْنَ﴿۸۲﴾

(૮૨) અને જેઓ ઈમાન લાવ્યા છે અને સત્કાર્યો કરે છે તેઓ જ સ્વર્ગવાસીઓ છે, જેમાં તેઓ હંમેશ માટે રહેનાર છે.

وَاِذۡ اَخَذۡنَا مِيۡثَاقَ بَنِىۡٓ اِسۡرَآءِيۡلَ لَا تَعۡبُدُوۡنَ اِلَّا اللّٰهَ
وَبِالۡوَالِدَيۡنِ اِحۡسَانًا وَّذِى الۡقُرۡبٰى وَالۡيَتٰمٰى وَالۡمَسٰكِيۡنِ وَقُوۡلُوۡا
لِلنَّاسِ حُسۡنًا وَّاَقِيۡمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّکٰوةَ ؕ ثُمَّ تَوَلَّيۡتُمۡ
اِلَّا قَلِيۡلًا مِّنۡكُمۡ وَاَنۡتُمۡ مُّعۡرِضُوۡنَ ﴿۸۳﴾

(૮૩) અને (તે સમયને યાદ કરો) જયારે અમોએ ઈસરાઈલના વંશજો પાસેથી વચન લીધું કે તમે અલ્લાહ સિવાય અન્યની ઈબાદત કરશો નહિ, અને મા બાપની સાથે ભલાઈથી વર્તતા રહેશો અને સગાવ્હાલાં તથા અનાથો તથા નિરાધારોની સાથે પણ; અને લોકો સાથે વિવેકથી વાત કરો અને નમાઝ પઢતા રહો તથા ઝકાત આપતા રહો;

(પણ) પાછળથી તમારામાંના કેટલાક લોકો સિવાય (સઘળાજ) ફરી ગયા, અને તમે મોઢું ફેરવો એવા જ છો.

وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ لَا تَسْفِكُوْنَ دِمَآءَكُمْ وَلَا تُخْرِجُوْنَ
اَنْفُسَكُمْ مِّنْ دِيَارِكُمْ ثُمَّ اَقْرَرْتُمْ وَاَنْتُمْ تَشْهَدُوْنَ ﴿٨٤﴾

(૮૪) અને (તે સમયને યાદ કરો) જ્યારે અમોએ તમારી પાસેથી વચન લીધું કે તમે અંદરો અંદર ખૂનરેજી કરશો નહિ તેમજ તમારા માંહેના (લોકો) ને તમારા શહેરમાંથી કાઢી મૂકશો નહિ, પછી તે તમોએ કબૂલ કર્યું અને તમે (તે વખતે) હાજર પણ હતા.

ثُمَّ اَنۡتُمۡ هٰۤؤُلَآءِ تَقۡتُلُوۡنَ اَنۡفُسَكُمۡ وَتُخۡرِجُوۡنَ فَرِيۡقًا مِّنۡكُمۡ
مِّنۡ دِيَارِهِمۡ تَظٰهَرُوۡنَ عَلَيۡهِمۡ بِالۡاِثۡمِ وَالۡعُدۡوَانِ ؕ وَاِنۡ
يَّاۡتُوۡكُمۡ اُسٰرٰى تُفٰدُوۡهُمۡ وَهُوَ مُحَرَّمٌ عَلَيۡكُمۡ اِخۡرَاجُهُمۡ ؕ
اَفَتُؤۡمِنُوۡنَ بِبَعۡضِ الۡكِتٰبِ وَتَكۡفُرُوۡنَ بِبَعۡضٍ ۚ فَمَا جَزَآءُ
مَنۡ يَّفۡعَلُ ذٰلِكَ مِنۡكُمۡ اِلَّا خِزۡىٌ فِى الۡحَيٰوةِ الدُّنۡيَا ۚ وَيَوۡمَ
الۡقِيٰمَةِ يُرَدُّوۡنَ اِلٰٓى اَشَدِّ الۡعَذَابِ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا
تَعۡمَلُوۡنَ ﴿۸۵﴾

(૮૫) તે છતાંય તમે એજ છો કે પોતાનાઓને મારી નાખો છો, તથા તમારા માંહેના એક ટોળાને તેમના ઘરોમાંથી કાઢી મૂકો છો, અને તેમની વિરૂદ્ધ

ગુનાહ તથા અત્યાચાર કરવામાં એક બીજાને મદદ આપો છો; અને જયારે તેમને તમારી સામે બંદીવાન બનાવીને લાવવામાં આવે છે ત્યારે તમે બદલો આપીને તેમને છોડાવો છો, જો કે તેમને કાઢી મુકવાનું (કૃત્યજ) તમારા માટે હરામ ઠરાવવામાં આવ્યું હતું; શું ત્યારે તમે કિતાબના અમૂક ભાગને માનો છો અને અમુક (ભાગ) ને માનતા નથી? માટે તમારામાંથી જે કોઈ આવું કરે તેના માટે આલોકની જિંદગીમાં નામોશી સિવાય બીજો શો બદલો છે? અને કયામતના દિવસે (પણ) તેમને ઘણી સખત શિક્ષા તરફ ફેરવવામાં

આવશે; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ અજાણ નથી.

أُولَٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الْحَيٰوةَ الدُّنْيَا بِالْاٰخِرَةِ ۫ فَلَا يُخَفَّفُ
عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنْصَرُوْنَ ﴿٨٦﴾

(૮૬) આ એજ લોકો છે કે જેઓ આખેરતના બદલે દુનિયાની જિંદગી ખરીદે છે, માટે તેમની સજા હરગિઝ હળવી કરવામાં આવશે નહિ તેમજ તેમને કોઈ પ્રકારની સહાય પણ કરવામાં આવશે નહિ.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ وَقَفَّيْنَا مِنْۢ بَعْدِهٖ
بِالرُّسُلِ ۫ وَاٰتَيْنَا عِيْسَى ابْنَ مَرْيَمَ الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ

الْقُدُسِ ؕ اَفَكُلَّمَا جَآءَكُمْ رَسُوْلٌۢ بِمَا لَا تَهْوٰۤى اَنْفُسُكُمُ
اسْتَكْبَرْتُمْ ۚ فَفَرِيْقًا كَذَّبْتُمْ ؗ وَفَرِيْقًا تَقْتُلُوْنَ﴿۸۷﴾

(૮૭) અને ખચીતજ અમોએ મૂસાને કિતાબ અર્પણ કરી તથા તેના પછી બીજા પયગમ્બરો એક પછી એક મોકલ્યા, અને અમોએ મરિયમના પુત્ર ઈસાને ખુલ્લી નિશાનીઓ આપી તથા રૂહુલકુદુસ (જિબ્રઈલ) દ્વારા તેની મદદ કર્યા કરી; પણ શું (એવું નથી બન્યું કે) જ્યારે જ્યારે કોઈ રસૂલ તમારી પાસે તમારી ઈચ્છા વિરૂદ્ધનો હુકમ લઈ આવ્યો ત્યારે ત્યારે તમે અહંકાર કરતાજ રહ્યા, પછી કેટલાકને જૂઠા પાડ્યા, (ત્યારે) કેટલાકને કતલ કરી નાખ્યા.

وَقَالُوۡا قُلُوۡبُنَا غُلۡفٌ ؕ بَلۡ لَّعَنَهُمُ اللّٰهُ بِکُفۡرِهِمۡ فَقَلِيۡلًا مَّا
يُؤۡمِنُوۡنَ﴿۸۸﴾

(૮૮) એને તેઓ કહે છે કે અમારા અંત:કરણો પર પડદા છે; (એમ નથી.) બલ્કે અલ્લાહે તેમની બેઈમાનીના કારણે તેમને ફિટકાર્યા છે, માટે ઘણાજ થોડા ઈમાન લાવશે.

وَلَمَّا جَآءَهُمۡ کِتٰبٌ مِّنۡ عِنۡدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمۡ ۙ
وَکَانُوۡا مِنۡ قَبۡلُ يَسۡتَفۡتِحُوۡنَ عَلَى الَّذِيۡنَ کَفَرُوۡا ۚۖ فَلَمَّا
جَآءَهُمۡ مَّا عَرَفُوۡا کَفَرُوۡا بِهٖ ۡ فَلَعۡنَةُ اللّٰهِ عَلَى الۡکٰفِرِيۡنَ﴿۸۹﴾

(૮૯) અને જ્યારે તેમની પાસે અલ્લાહની એક કિતાબ (કુરઆન) આવી કે જે તેમની પાસે (જે

કિતાબ) છે તેની સત્યતા બતાવનાર છે, પ્રથમ (ત્યારે તેઓએ તેને માની નહિ) જો કે પ્રથમ તેઓ પોતે નહિ માનનારાઓ વિરૂદ્ધ (આવનાર પયગમ્બરની સહાયતાથી) વિજય મેળવવા માટે પ્રાર્થના કરતા હતા, પણ જ્યારે તેમની પાસે તે (પયગમ્બર) આવ્યો ત્યારે તેમણે (તેને) ઓળખ્યોર નહિ, અને તેના પર ઈમાન લાવ્યા નહિ; માટે (તે) ઈમાન ન લાવનારાઓ પર અલ્લાહની ફિટકાર હો જો.

بِئْسَمَا اشْتَرَوْا بِهٖۤ اَنْفُسَهُمْ اَنْ يَّكْفُرُوْا بِمَاۤ اَنْزَلَ اللّٰهُ بَغْيًا
اَنْ يُّنَزِّلَ اللّٰهُ مِنْ فَضْلِهٖ عَلٰى مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ۚ فَبَآءُوْ
بِغَضَبٍ عَلٰى غَضَبٍ ؕ وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ مُّهِيْنٌ ﴿٩٠﴾

(૯૦) કેવી ખરાબ છે તે વસ્તુ કે જેના બદલામાં તેમણે પોતાનો આત્મા વેચી નાખ્યા છે, (અને તે એ માટે) કે અલ્લાહે જે કાંઈ ઉતાર્યુ છે તેનો તેઓ ઈન્કાર કરે, અને ઈર્ષા એટલા માટે કે અલ્લાહ પોતાના બંદાઓમાંથી ચાહે છે તેના ઉપર પોતાની કૃપા ઉતારે છે (અને તેઓ ચાહે છે તેના ઉપર નહિ) આથી તેઓ કોપ ઉપર કોપના હકદાર

બન્યા; અને ઈન્કાર કરનારાઓ માટે ફજેત કરનારી શિક્ષા છે.

وَاِذَا قِيۡلَ لَهُمۡ اٰمِنُوۡا بِمَآ اَنۡزَلَ اللّٰهُ قَالُوۡا نُؤۡمِنُ بِمَآ اُنۡزِلَ
عَلَيۡنَا وَيَكۡفُرُوۡنَ بِمَا وَرَآءَهٗ‌ وَهُوَ الۡحَـقُّ مُصَدِّقًا لِّمَا مَعَهُمۡ‌ؕ
قُلۡ فَلِمَ تَقۡتُلُوۡنَ اَنۡۢبِيَآءَ اللّٰهِ مِنۡ قَبۡلُ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ ۝٩١

(૯૧) અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે જે કાંઈ અલ્લાહે ઉતાર્યું છે તેના પર ઈમાન લાવો ત્યારે કહે છે કે અમારા પર જે કાંઈ ઉતારવામાં આવ્યું છે તેને તો અમે માનીએ છીએ અને તે ઉપરાંત તેઓ બીજું જે કાંઈ છે તેનો ઈન્કાર કરે છે, જો કે તે (કુરઆન) સત્ય છે, અને જે કાંઈ (તૌરેત)

તેમની પાસે છે તેની પણ સત્યતા બતાવનાર છે; માટે કહે કે જો તમે (ખરેખર) ઈમાન લાવનારા હતા તો આ પહેલાં (આવેલા) નબીઓને શા માટે કતલ કરતા હતા?

وَلَقَدْ جَآءَكُمْ مُّوْسٰى بِالْبَيِّنٰتِ ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْ

بَعْدِهٖ وَاَنْتُمْ ظٰلِمُوْنَ ﴿٩٢﴾

(૯૨) અને ખચીતજ મૂસા તમારી પાસે ખુલ્લી દલીલો લઈને આવ્યો, પછી તેની ગેરહાજરીમાં તમે વાછરડાને પૂજવા લાગ્યા અને તેમાં તમે જ ઝુલમગાર હતા.

وَاِذۡ اَخَذۡنَا مِيۡثَاقَكُمۡ وَرَفَعۡنَا فَوۡقَكُمُ الطُّوۡرَ ؕ خُذُوۡا مَآ
اٰتَيۡنٰكُمۡ بِقُوَّةٍ وَّاسۡمَعُوۡا ؕ قَالُوۡا سَمِعۡنَا وَعَصَيۡنَا ۗ وَاُشۡرِبُوۡا
فِىۡ قُلُوۡبِهِمُ الۡعِجۡلَ بِكُفۡرِهِمۡ ؕ قُلۡ بِئۡسَمَا يَاۡمُرُكُمۡ بِهٖۤ
اِيۡمَانُكُمۡ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ ﴿۹۳﴾

(૯૩) અને (તે સમયને યાદ કરો) જ્યારે અમોએ તમારી પાસેથી પાકું વચન લીધું અને (સીના) પર્વતને તમારા માથા પર ઊંચકી ધરી રાખ્યો, (અને હુકમ કર્યો કે) જે કાંઈ અમોએ તમને આપ્યું છે તે દ્રઢતા પૂર્વક પકડી લો અને ધ્યાન દઈ સાંભળો; ત્યારે તેમણે કહ્યું કે અમોએ સાંભળી લીધું પરંતુ અમોએ નાફરમાની કરી; અને તેમની

નાફરમાનીના કારણે તેમના દિલોમાં વાછરડાં પ્રત્યેની માયા ઘર કરી ગઈ છે. (અય રસૂલ) તું કહે કે જો તમે (એવા) ઈમાન લાવનારા હો તો તમારૂં ઈમાન તમને (ખરેજ) ઘણી ખરાબ આજ્ઞા કરે છે.

قُلْ اِنْ كَانَتْ لَكُمُ الدَّارُ الْاٰخِرَةُ عِنْدَ اللّٰهِ خَالِصَةً مِّنْ دُوْنِ
النَّاسِ فَتَمَنَّوُا الْمَوْتَ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٩٤﴾

(૯૪) (અને એ પણ કહે) કે જો આખેરતનું ઘર અલ્લાહને ત્યાં ખાસ તમારા માટે જ છે અને બીજા લોકો માટે નથી તો (એમ કહેવામાં) જો તમે સાચા હો તો મૃત્યુ માંગી લો.

وَلَنْ يَّتَمَنَّوْهُ اَبَدًاۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿٩٥﴾

(૯૫) પરંતુ તેઓ પોતાના હાથે જે આગળ મોકલી ચૂક્યા છે તે કારણે તેઓ તે (મૃત્યુ) ની હરગિઝ ઈચ્છા કરશે નહિ; અને અલ્લાહ ઝુલમગારોથી સારી પેઠે વાકેફ છે

وَلَتَجِدَنَّهُمْ اَحْرَصَ النَّاسِ عَلٰى حَيٰوةٍ ۚ وَمِنَ الَّذِيْنَ اَشْرَكُوْا ۚ يَوَدُّ اَحَدُهُمْ لَوْ يُعَمَّرُ اَلْفَ سَنَةٍ ۚ وَمَا هُوَ بِمُزَحْزِحِهٖ مِنَ الْعَذَابِ اَنْ يُّعَمَّرَ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿٩٦﴾

(૯૬) અને તને નિઃસંશય માલૂમ પડશે કે તેઓ સર્વે બીજા માણસો કરતાં (સંસારી) જિંદગીના અત્યંત લોભિષ્ટ છે, એટલા બધા પ્રમાણમાં કે મુશ્રિકો કરતાંય વધારે, તેઓ માંહેનો દરેક એવું ઈચ્છે છે કે તે પોતે હજાર વર્ષ જીવે પરંતુ તેનું મોટી વયનું થવું (પણ) તેને (અમારી) શિક્ષાથી બચાવી શકનાર નથી; અને જે (વર્તન)તેઓ કરે છે તે અલ્લાહ સારી પેઠે નિહાળે છે.

قُلْ مَنْ كَانَ عَدُوًّا لِّجِبْرِيْلَ فَاِنَّهٗ نَزَّلَهٗ عَلٰى قَلْبِكَ بِاِذْنِ اللّٰهِ
مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ وَهُدًى وَّبُشْرٰى لِلْمُؤْمِنِيْنَ ﴿٩٧﴾

(૯૭) (અય રસૂલ!) તું કહે કે જે કોઈ જિબ્રઈલનો દુશ્મન હશે (તે અલ્લાહનો દુશ્મન છે.) કારણ કે તે

(જિબ્રઈલ) તે છે કે જેણે અલ્લાહના હુકમથી તારા દિલ પર તે (કુરઆન) ઉતાર્યું છે, જે (કુરઆન) પોતાની પહેલાની (કિતાબોની) સત્યતા બતાવનાર છે અને ઈમાન લાવનારાઓ માટે હિદાયત અને ખુશખબર છે.

مَنۡ كَانَ عَدُوًّا لِّلّٰهِ وَمَلٰٓـئِكَتِهٖ وَرُسُلِهٖ وَجِبۡرِيۡلَ وَمِيۡكٰلَ فَاِنَّ اللّٰهَ عَدُوٌّ لِّلۡكٰفِرِيۡنَ ﴿۹۸﴾

(૯૮) જે કોઈ અલ્લાહ તથા તેના ફરિશ્તા તથા તેના રસૂલો તથા જિબ્રઈલ તથા મીકાઈલનો દુશ્મન છે તો નિસંશય અલ્લાહ પણ તે નહિ માનનારાઓનો દુશ્મન છે.

وَلَقَدۡ اَنۡزَلۡنَاۤ اِلَيۡكَ اٰيٰتٍۭ بَيِّنٰتٍ‌ۚ وَمَا يَكۡفُرُ بِهَاۤ اِلَّا الۡفٰسِقُوۡنَ﴿۹۹﴾

(૯૯) અને (અય રસૂલ!) ખરેખર અમોએ તારી પાસે ખુલ્લી નિશાનીઓ મોકલી છે, અને તેનો દુરાચારીઓ સિવાય કોઈ ઈન્કાર કરશે નહિ.

اَوَكُلَّمَا عٰهَدُوۡا عَهۡدًا نَّبَذَهٗ فَرِيۡقٌ مِّنۡهُمۡ‌ؕ بَلۡ اَکۡثَرُهُمۡ لَا يُؤۡمِنُوۡنَ﴿۱۰۰﴾

(૧૦૦) શું જ્યારે જ્યારે તેઓએ કોઈ એક કરાર કર્યો ત્યારે ત્યારે તેઓ માંહેના એક પક્ષે તેને તોડી નથી નાખ્યો? (શું એમ કરવું તૌરેતને અનુસરતું

છે? નહિ) બલ્કે તેઓ માંહેના ઘણાખરા તૌરેતને માનતાજ નથી.

وَلَمَّا جَآءَهُمۡ رَسُوۡلٌ مِّنۡ عِنۡدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمۡ نَبَذَ فَرِيۡقٌ مِّنَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ ‌ۙ كِتٰبَ اللّٰهِ وَرَآءَ ظُهُوۡرِهِمۡ كَاَنَّهُمۡ لَا يَعۡلَمُوۡنَ ﴿۱۰۱﴾

(૧૦૧) અને જ્યારે અલ્લાહના તરફથી એવો એક રસૂલ આવ્યો કે જે તેમની પાસેની વસ્તુઓ (તૌરેત વિગેરે) ને પણ સત્ય બતાવનાર છે ત્યારે જેમને કિતાબ આપવામાં આવી હતી, તેઓ માંહેના એક ટોળાએ અલ્લાહની કિતાબને એવી રીતે પીઠ

પાછળ ફેંકી દીધી કે જાણે તેઓ (તેને) જાણતાજ ન હતા.

وَاتَّبَعُوْا مَا تَتْلُوا الشَّيٰطِيْنُ عَلٰى مُلْكِ سُلَيْمٰنَ ۚ وَمَا كَفَرَ سُلَيْمٰنُ وَلٰكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ ۗ وَمَآ اُنْزِلَ عَلَى الْمَلَكَيْنِ بِبَابِلَ هَارُوْتَ وَمَارُوْتَ ۗ وَمَا يُعَلِّمٰنِ مِنْ اَحَدٍ حَتّٰى يَقُوْلَآ اِنَّمَا نَحْنُ فِتْنَةٌ فَلَا تَكْفُرْ ۗ فَيَتَعَلَّمُوْنَ مِنْهُمَا مَا يُفَرِّقُوْنَ بِهٖ بَيْنَ الْمَرْءِ وَزَوْجِهٖ ۗ وَمَا هُمْ بِضَآرِّيْنَ بِهٖ مِنْ اَحَدٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ۗ وَيَتَعَلَّمُوْنَ مَا يَضُرُّهُمْ وَلَا يَنْفَعُهُمْ ۗ وَلَقَدْ عَلِمُوْا لَمَنِ اشْتَرٰىهُ مَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ خَلَاقٍ ۚ وَلَبِئْسَ مَا شَرَوْا بِهٖٓ اَنْفُسَهُمْ ۗ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿١٠٢﴾

(૧૦૨) અને સુલયમાનની હુકુમત દરમિયાન જે મંત્ર શેતાનો ભણતા (શીખતા) હતા તેને અનુસરીને તેઓ ચાલવા લાગ્યા, જો કે સુલયમાન તરફથી નાસ્તિકપણાની કોઈ વાત બનવા પામી ન હતી બલ્કે શેતાનોએજ નાસ્તિકપણું કર્યું, તેઓ માણસોને જાદુ શિખવતા હતા; અને તે (જંત્ર મંત્ર શિખવતા) કે જે બાબિલ (શહેર)માં (બંદીવાન બનેલા) હારૂત અને મારૂત (નામના) ફરિશ્તાઓને પ્રકટ કરવામાં આવ્યા હતા; જો કે તે બન્ને ફરિશ્તા કોઈને (કાંઈ પણ) શીખવતા ન હતા જ્યાં સુધી એવું કહી ન દેતા કે (સંભાળજો) અમે તો (માણસો માટે) માત્ર કસોટી છીએ, માટે (અય માનવી!) તું

નાસ્તિકપણું કર નહિ; તો પણ તે (લોકો) પતિ પત્નિ વચ્ચે વિયોગ પડાવે તે (વો જાદુ) તેમની પાસેથી શિખતા; જો કે અલ્લાહના હુકમ સિવાય તેઓ તેનાથી કોઈને પણ હાનિ પહોંચાડી શકતા ન હતા; (ઉલટું) જે તે શીખતા તે તેમના (માટે) નુકશાનકારક હતું અને લાભદાયક નજ હતું; વળી તેઓ આ પણ સારી પેઠે જાણતા હતા કે જે કોઈ આ (જાદુઈ વસ્તુઓ) નો ખરીદનાર હશે તેના માટે આખેરતમાં કાંઈ પણ લાભ નહિ હોય; અને ખરેજ તે ઘણી ખરાબ કિંમત હતી (કે જે) વડે તેઓ પોતાના આત્મા વેચી નાખતા હતા; જો તેઓ આ જાણતે તો.

وَلَوۡ اَنَّهُمۡ اٰمَنُوۡا وَاتَّقَوۡا لَمَثُوۡبَةٌ مِّنۡ عِنۡدِ اللّٰهِ خَيۡرٌ ؕ لَوۡ كَانُوۡا

يَعۡلَمُوۡنَ ﴿١٠٣﴾

(૧0૩) અને જો તે લોકો ઈમાન લાવ્યા હોત તથા પરહેઝગારી કરી હોત તો ખરેજ અલ્લાહ તરફથી જે સવાબ તેમને મળતે તે બહેતર હતે; જો તેઓ આ જાણતે તો.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَقُوۡلُوۡا رَاعِنَا وَقُوۡلُوا انۡظُرۡنَا وَاسۡمَعُوۡا ؕ

وَلِلۡكٰفِرِيۡنَ عَذَابٌ اَلِيۡمٌ ﴿١٠٤﴾

(૧0૪) અય ઈમાન લાવનારાઓ! (રસૂલને) "રાએના" (શબ્દથી) સંબોધી બોલાવો નહિ અને "ઉન્ઝુરના" કહી બોલાવ્યા કરો, અને (આ હુકમ

ધ્યાનથી) સાંભળો; અને (આ હુકમ) ન માનનારાઓ માટે દુઃખદાયક શિક્ષા છે.

مَا يَوَدُّ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَلَا الْمُشْرِكِيْنَ اَنْ
يُّنَزَّلَ عَلَيْكُمْ مِّنْ خَيْرٍ مِّنْ رَّبِّكُمْ ؕ وَاللّٰهُ يَخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ
يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿١٠٥﴾

(૧૦૫) કિતાબવાળાઓમાંથી જેઓ નાસ્તિક છે તેમને તથા મૂર્તિ-પૂજકોને આ પસંદ નથી કે તમારા પરવરદિગાર તરફથી તમારા પર (કોઈ) ભલાઈ ઉતરવા પામે; જો કે અલ્લાહ જેને ચાહે છે તેનેજ પોતાની રહેમત માટે ચૂંટી કાઢે છે; અને અલ્લાહ મહાન કૃપાળુ છે.

مَا نَنْسَخْ مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا ؕ اَلَمْ
تَعْلَمْ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿١٠٦﴾

(૧૦૬) અમે કોઈ આયતને રદ કરતા નથી અથવા વીસરાવી દેતા નથી. જ્યાં સુધી કે તેનાથી વધારે સારી અથવા તેનાજ જેવી બીજી એક (આયત) ઉતારીએ; શું તને ખબર નથી કે અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબુ ધરાવનાર છે?

اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَمَا لَكُمْ
مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِىٍّ وَّلَا نَصِيْرٍ ﴿١٠٧﴾

(૧૦૭) શું તું નથી જાણતો કે આકાશો અને જમીનનો માલિક અલ્લાહ જ છે, અને અલ્લાહ સિવાય કોઈ તમારો મિત્ર અથવા મદદગાર નથી?

اَمۡ تُرِيۡدُوۡنَ اَنۡ تَسۡـَٔلُوۡا رَسُوۡلَكُمۡ كَمَا سُٮِٕلَ مُوۡسٰى مِنۡ قَبۡلُ‌ؕ وَمَنۡ يَّتَبَدَّلِ الۡكُفۡرَ بِالۡاِيۡمَانِ فَقَدۡ ضَلَّ سَوَآءَ السَّبِيۡلِ‏ ﴿۱۰۸﴾

(૧૦૮) શું તમારો એવો ઈરાદો છે કે તમે (પણ) તમારા રસૂલને એવાજ સવાલ કરો જેવા કે આ પહેલાં મૂસાને (તેની કોમ તરફથી) કરવામાં આવ્યા હતા? અને જે કોઈ ઈમાનને બેઈમાનીથી

બદલી નાખશે તો ખચીતજ તે સન્માર્ગથી ભટકી જશે.

وَدَّ كَثِيْرٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يَرُدُّوْنَكُمْ مِّنْۢ بَعْدِ اِيْمَانِكُمْ
كُفَّارًا ۚۖ حَسَدًا مِّنْ عِنْدِ اَنْفُسِهِمْ مِّنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ
الْحَقُّ ۚ فَاعْفُوْا وَاصْفَحُوْا حَتّٰى يَاْتِيَ اللّٰهُ بِاَمْرِهٖ ۗ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ
شَيْءٍ قَدِيْرٌ ۝١٠٩

(૧૦૯) કિતાબવાળાઓમાંથી ઘણા ખરા એવી ઈચ્છા ધરાવે છે કે તમને તમારા ઈમાન (લાવ્યા) પછી પણ પાછા નાસ્તિકપણાની હાલતમાં ફેરવી નાખે, તેઓને સત્ય જાહેર થયા છતાં (એમ કરવાનું કારણ માત્ર) તેમના અંતઃકરણો માંહેની અદેખાઈજ

છે; પણ તમે (તેમને) માફ કરી દો તથા દરગુજર કરો, ત્યાં સુધી કે અલ્લાહ પોતાના હુકમને પોતેજ જાહેર કરી દેખાડે; બેશક અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબુ ધરાવનાર છે.

وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ ؕ وَمَا تُقَدِّمُوْا لِاَنْفُسِكُمْ مِّنْ

خَيْرٍ تَجِدُوْهُ عِنْدَ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿١١٠﴾

(૧૧૦) અને નમાઝ પઢતા રહો, તથા ઝકાત આપતા રહો; અને જે નેકી તમે તમારા પોતાના માટે આગળથી મોકલશો તેને તમે અલ્લાહ પાસે જરૂર મોજુદ જોશો; બેશક અલ્લાહ તમારા સઘળા કાર્યોને નિહાળે છે.

وَقَالُوۡا لَنۡ يَّدۡخُلَ الۡجَنَّةَ اِلَّا مَنۡ كَانَ هُوۡدًا اَوۡ نَصٰرٰى ؕ تِلۡكَ
اَمَانِيُّهُمۡ ؕ قُلۡ هَاتُوۡا بُرۡهَانَكُمۡ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿١١١﴾

(૧૧૧) અને તેઓ કહે છે કે જેઓ યહૂદી હશે અથવા (ખ્રિસ્તીઓ કહે છે કે) જેઓ ખ્રિસ્તી હશે તેમના સિવાય (બીજા) કોઈ હરગિઝ જન્નતમાં દાખલ થશે નહિ; આ (માત્ર) તેમની ખોટી કલ્પનાઓ જ છે; તું કહે કે જો તમે સાચા હો તો તમારી દલીલ રજુ કરો.

بَلٰى ۚ مَنۡ اَسۡلَمَ وَجۡهَهٗ لِلّٰهِ وَهُوَ مُحۡسِنٌ فَلَهٗۤ اَجۡرُهٗ عِنۡدَ رَبِّهٖ ۖ
وَلَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ ﴿١١٢﴾

(૧૧૨) હા, જે પોતાના (સર્વે કાર્યોમાં) અલ્લાહનેજ આધીન થયો વળી તે પરોપકારી પણ હોય તો તેનો બદલો તેના પરવરદિગાર પાસે છે જ, અને તેમને ન તો કાંઈ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

وَقَالَتِ الْيَهُوْدُ لَيْسَتِ النَّصٰرٰى عَلٰى شَىْءٍ ۖ وَّقَالَتِ النَّصٰرٰى
لَيْسَتِ الْيَهُوْدُ عَلٰى شَىْءٍ ۙ وَّهُمْ يَتْلُوْنَ الْكِتٰبَ ؕ كَذٰلِكَ
قَالَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ مِثْلَ قَوْلِهِمْ ۚ فَاللّٰهُ يَحْكُمُ بَيْنَهُمْ
يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿١١٣﴾

(૧૧૩) અને યહૂદીઓ કહે છે કે ખ્રિસ્તીઓ (નો ધર્મ) કોઈ (સિદ્ધાંત) ઉપર નથી, અને ખ્રિસ્તીઓ કહે

છે કે યહૂદીઓ (નો ધર્મ) કોઈ (સિદ્ધાંત) ઉપર નથી, જો કે તેઓ બન્ને (અલ્લાહનીજ) કિતાબ પઢે છે; જે (મૂર્તિપૂજક અરબ) લોકોને (ઈશ્વરી) જ્ઞાન નથી તેઓ પણ તે (યહૂદી તથા ખ્રિસ્તિ) ઓના જેવી જ વાતો (બનાવી) કહે છે; (ત્યારે અય ખ્રિસ્તી અને યહૂદીઓ! તમારામાં તથા તેમનામાં તફાવત જ જોશો !) પછી અલ્લાહ કયામતના દિવસે તેમની વચ્ચે તેઓ જે (વાતો) માં મતભેદ કરી રહ્યા છે. તેનો નિર્ણય કરી દેશે.

وَمَنْ اَظْلَمُ مِمَّنْ مَّنَعَ مَسٰجِدَ اللّٰهِ اَنْ يُّذْكَرَ فِيْهَا اسْمُهٗ وَسَعٰى
فِيْ خَرَابِهَا ؕ اُولٰٓئِكَ مَا كَانَ لَهُمْ اَنْ يَّدْخُلُوْهَآ اِلَّا خَآئِفِيْنَ ؕ
لَهُمْ فِي الدُّنْيَا خِزْيٌ وَّلَهُمْ فِي الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ﴿۱۱۴﴾

(૧૧૪) અને એથી વધારે ઝાલિમ કોણ છે કે જે અલ્લાહની મસ્જિદમાં તેના નામનો ઝીક્ર થતો અટકાવે તથા તે (મસ્જિદો)નો નાશ કરવાનો પ્રયત્ન કરે? તે લોકોના હિસ્સામાં એજ છે મસ્જિદમાં ડર સાથે આવે; તેમના માટે આ લોકમાં મોટી હીણપત તથા પરલોકમાં ઘણી મોટી શિક્ષા છે.

وَلِلّٰهِ الۡمَشۡرِقُ وَالۡمَغۡرِبُ‌ۚ فَاَيۡنَمَا تُوَلُّوۡا فَثَمَّ وَجۡهُ اللّٰهِ‌ؕ اِنَّ
اللّٰهَ وَاسِعٌ عَلِيۡمٌ ﴿۱۱۵﴾

(૧૧૫) પૂર્વ અને પશ્ચિમ અલ્લાહનાં જ છે, માટે તમે જે દિશા તરફ મોંઢું ફેરવશો ત્યાં અલ્લાહ તમારી સામેજ છે; બેશક અલ્લાહ સર્વવ્યાપી (અને) સર્વજ્ઞ છે.

وَقَالُوا اتَّخَذَ اللّٰهُ وَلَدًا ۙ سُبۡحٰنَهٗ‌ؕ بَلۡ لَّهٗ مَا فِى السَّمٰوٰتِ
وَالۡاَرۡضِ‌ؕ كُلٌّ لَّهٗ قٰنِتُوۡنَ ﴿۱۱۶﴾

(૧૧૬) અને તે (ખ્રિસ્તી તથા યહૂદી) ઓ કહે છે કે અલ્લાહને પોતાને માટે એક પુત્ર છે (પણ) તેની જાત (આવી વાતોથી) પાક છે; બલ્કે આકાશો તથા

જમીનમાં જે કાંઈ છે તે (સઘળું) તેનું જ છે; અને સર્વે તેનાં જ ફરમાબરદાર છે.

بَدِيۡعُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ؕ وَاِذَا قَضٰٓى اَمۡرًا فَاِنَّمَا يَقُوۡلُ لَهٗ
كُنۡ فَيَكُوۡنُ‏ ﴿۱۱۷﴾

(૧૧૭) આકાશો તથા પૃથ્વીનો આરંભ કરનાર તેજ છે; અને જ્યારે તે કોઈ મામલાનો નિર્ણય કરે છે ત્યારે તેને માત્ર એટલું જ ફરમાવે છે "કુન" (થા) એટલે (તે તરતજ) થઈ જાય છે.

وَقَالَ الَّذِيۡنَ لَا يَعۡلَمُوۡنَ لَوۡلَا يُكَلِّمُنَا اللّٰهُ اَوۡ تَاۡتِيۡنَآ اٰيَةٌ‌ ؕ
كَذٰلِكَ قَالَ الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ مِّثۡلَ قَوۡلِهِمۡ‌ؕ تَشَابَهَتۡ
قُلُوۡبُهُمۡ‌ؕ قَدۡ بَيَّنَّا الۡاٰيٰتِ لِقَوۡمٍ يُّوۡقِنُوۡنَ‏ ﴿۱۱۸﴾

(૧૧૮) અને અજ્ઞાનીઓ કહે છે કે અલ્લાહ અમારી સાથે વાતો કેમ કરતો નથી અથવા અમારી પાસે (અમે માંગીએ તેવી) એકાદ નિશાની કેમ આવતી નથી? એજ પ્રમાણે તેમની પહેલાના (અજ્ઞાની) ઓ પણ તેમના જેવી જ વાતો કરતા હતા; તેઓ સર્વેનાં અંતઃકરણો એક સરખાં છે; બેશક દ્રઢ વિશ્વાસ રાખનારા લોકો માટે અમે દલીલો સ્પષ્ટ કરીને વર્ણવી ચૂક્યા છીએ.

إِنَّآ أَرۡسَلۡنَٰكَ بِٱلۡحَقِّ بَشِيرٗا وَنَذِيرٗاۖ وَلَا تُسۡـَٔلُ عَنۡ أَصۡحَٰبِ ٱلۡجَحِيمِ ١١٩

(૧૧૯) નિસંશય અમોએ તને સત્ય (કુરઆન) ની સાથે ખુશ ખબર આપનાર અને ડરાવનાર

(બનાવી) મોકલ્યો છે અને તારાથી જહન્નમવાસીઓ સંબંધી પૂછપરછ કરવામાં આવશે નહિ.

وَلَنۡ تَرۡضٰى عَنۡكَ الۡيَهُوۡدُ وَلَا النَّصٰرٰى حَتّٰى تَتَّبِعَ مِلَّتَهُمۡ ؕ
قُلۡ اِنَّ هُدَى اللّٰهِ هُوَالۡهُدٰى ؕ وَلَٮِٕنِ اتَّبَعۡتَ اَهۡوَآءَهُمۡ بَعۡدَ
الَّذِىۡ جَآءَكَ مِنَ الۡعِلۡمِ ۙ مَا لَكَ مِنَ اللّٰهِ مِنۡ وَّلِىٍّ وَّلَا
نَصِيۡرٍ ﴿۱۲۰﴾

(૧૨૦) અને યહૂદીઓ તથા ખ્રિસ્તીઓ તારાથી કદાપિ રાજી થશે નહિ જ્યાં સુધી કે તું તેમના ધર્મ ઉપર ચાલે; કહે કે નિસંશય અલ્લાહની હિદાયત એજ (સાચી) હિદાયત છે; અને જો તને (અંતર)

જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી (પણ) તું તેમની ઈચ્છાઓને અનુસરશે તો તને (અલ્લાહના કોપથી બચાવનાર) કોઈ દોસ્ત કે મદદગાર રહેશે નહિ.

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَتْلُوْنَهٗ حَقَّ تِلَاوَتِهٖ ؕ اُولٰٓئِكَ
يُؤْمِنُوْنَ بِهٖ ؕ وَمَنْ يَّكْفُرْ بِهٖ فَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿١٢١﴾

(૧૨૧) જે લોકોને અમોએ કિતાબ (તૌરેત) આપી છે (તે માંહેના જેઓ) તેને એવી રીતે પઢે છે કે જેવી રીતે પઢવાનો હક છે; તેઓ તે (કુરઆન) ને પણ માને છે અને જે તેનો ઈન્કાર કરે છે તો તેઓજ નુકસાન ભોગવનારા છે.

يٰبَنِىۡٓ اِسۡرَآءِيۡلَ اذۡكُرُوۡا نِعۡمَتِىَ الَّتِىۡٓ اَنۡعَمۡتُ عَلَيۡكُمۡ وَاَنِّىۡ
فَضَّلۡتُكُمۡ عَلَى الۡعٰلَمِيۡنَ﴿۱۲۲﴾

(૧૨૨) અય ઈસરાઈલના વંશજો! મારી તે બક્ષિશોને યાદ કરો કે જે મેં તમને અર્પણ કરી હતી, અને આ (પણ યાદ કરો) કે મેં તમને આખી દુનિયાપર શ્રેષ્ઠતા આપી હતી.

وَاتَّقُوۡا يَوۡمًا لَّا تَجۡزِىۡ نَفۡسٌ عَنۡ نَّفۡسٍ شَيۡـًٔا وَّلَا يُقۡبَلُ مِنۡهَا
عَدۡلٌ وَّلَا تَنۡفَعُهَا شَفَاعَةٌ وَّلَا هُمۡ يُنۡصَرُوۡنَ﴿۱۲۳﴾

(૧૨૩) અને તે દિવસનો ભય રાખો કે જે દિવસે કોઈ પણ વ્યક્તિ બીજી કોઈ વ્યક્તિને કાંઈ કામ લાગશે નહિ તેમ તેના તરફથી કોઈપણ (જાતનો)

બદલો સ્વીકારવામાં આવશે નહિ, અને ન કોઈની ભલામણ તેને લાભ આપી શકશે અને ન તો તેમને બીજી કોઈ રીતે સહાય કરવામાં આવશે.

وَإِذِ ابْتَلَىٰ إِبْرَاهِيمَ رَبُّهُ بِكَلِمَاتٍ فَأَتَمَّهُنَّ ۖ قَالَ إِنِّي جَاعِلُكَ لِلنَّاسِ إِمَامًا ۖ قَالَ وَمِن ذُرِّيَّتِي ۖ قَالَ لَا يَنَالُ عَهْدِي الظَّالِمِينَ ﴿١٢٤﴾

(૧૨૪) અને (તે સમયને યાદ કરો) જ્યારે ઈબ્રાહીમની તેના પરવરદિગારે થોડાક શબ્દોથી પરીક્ષા લીધી અને ઈબ્રાહીમ તેમાં પૂરો ઉતર્યો; (અલ્લાહે) ફરમાવ્યું કે નિસંશય હું તને મનુષ્ય માત્રનો ઈમામ (ધર્મનેતા) બનાવનાર છું;

(ઈબ્રાહીમે અરજ કરી) અને મારી ઓલાદમાંથી પણ? (અલ્લાહે) ફરમાવ્યું જે ઝાલિમ હશે તે મારા આ વચનમાં શામિલ નથી.

وَاِذْ جَعَلْنَا الْبَيْتَ مَثَابَةً لِّلنَّاسِ وَاَمْنًا ؕ وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرٰهٖمَ مُصَلًّى ؕ وَعَهِدْنَآ اِلٰٓى اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ اَنْ طَهِّرَا بَيْتِىَ لِلطَّآئِفِيْنَ وَالْعٰكِفِيْنَ وَالرُّكَّعِ السُّجُوْدِ ﴿١٢٥﴾

(૧૨૫) અને (તે સમયને યાદ કરો) જ્યારે અમોએ આ ઘર (કાઅબા) ને સઘળા માણસો માટે એકત્રિત થવાનું કેન્દ્ર અને સલામતીનું સ્થળ બનાવ્યું; (અને આજ્ઞા કરી કે) ઈબ્રાહીમના (ઉભા રહેવાના) સ્થાનને (તમારી) નમાઝની જગ્યા બનાવો; અને

ઈબ્રાહીમ તથા ઈસ્માઈલને અમોએ હુકમ કર્યો કે તમે બન્ને મારા ઘરને ઉપસ્થિત થનારાઓ માટે અને ત્યાં રહીને બંદગી કરનારાઓ તથા રૂકૂઅ તથા સિજદો કરનારાઓ માટે પાક અને સાફ રાખો.

وَاِذۡ قَالَ اِبۡرٰهٖمُ رَبِّ اجۡعَلۡ هٰذَا بَلَدًا اٰمِنًا وَّارۡزُقۡ اَهۡلَهٗ مِنَ الثَّمَرٰتِ مَنۡ اٰمَنَ مِنۡهُمۡ بِاللّٰهِ وَالۡيَوۡمِ الۡاٰخِرِ ؕ قَالَ وَمَنۡ كَفَرَ فَاُمَتِّعُهٗ قَلِيۡلًا ثُمَّ اَضۡطَرُّهٗۤ اِلٰى عَذَابِ النَّارِ ؕ وَبِئۡسَ الۡمَصِيۡرُ ﴿۱۲۶﴾

(૧૨૬) અને (તે સમયને યાદ કરો) જ્યારે ઈબ્રાહીમે અરજ કરી કે અય મારા પરવરદિગાર!

આ (સ્થળ) ને સલામતીનું શહેર બનાવ અને તેના રહેવાસીઓમાંથી જેઓ અલ્લાહ તથા કયામતના દિવસ પર ઈમાન લાવે (તેમને) ફળફળાદીની રોજી પહોંચાડ; (અલ્લાહે) ફરમાવ્યું - પણ (તેઓમાંથી) જેઓ નહિ માનનારા હશે (તેમને થોડા સમય માટે સુખ ભોગવવા દઈશ પછી) તેમને લાચાર બનાવી આગની ભયંકર શિક્ષા તરફ હાંકી કાઢીશ; અને તે એક ઘણું જ ખરાબ રહેઠાણ છે.

وَاِذۡ يَرۡفَعُ اِبۡرٰهٖمُ الۡقَوَاعِدَ مِنَ الۡبَيۡتِ وَاِسۡمٰعِيۡلُ ؕ رَبَّنَا
تَقَبَّلۡ مِنَّا ؕ اِنَّكَ اَنۡتَ السَّمِيۡعُ الۡعَلِيۡمُ ﴿۱۲۷﴾

(૧૨૭) અને (તે સમયને યાદ કરો) જ્યારે ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તે ઘર (કાઅબા) નો પાયો ચણી રહ્યા હતા; (અને આ વિનંતી કરતા જતા હતા કે) અય અમારા પરવરદિગાર! અમારી (આ સેવા) કબૂલ કર; બેશક તું મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ لَكَ وَمِنْ ذُرِّيَّتِنَآ اُمَّةً مُّسْلِمَةً لَّكَ ۠ وَاَرِنَا مَنَاسِكَنَا وَتُبْ عَلَيْنَا ۚ اِنَّكَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿١٢٨﴾

(૧૨૮) અને અય અમારા પરવરદિગાર! અમો બન્નેને તારી આજ્ઞાનું પાલન કરનારા બંદા બનાવ

અને અમારી ઓલાદમાંથી પણ એક મુસ્લિમ (એટલે તારી આજ્ઞાનું પાલન કરનારી) ઉમ્મત (પ્રજા) ઉભી કર, અને અમને અમારા હજના મકામ બતાવ અને અમારી તૌબા કબૂલ કર, બેશક તું તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન છે.

رَبَّنَا وَابۡعَثۡ فِيۡهِمۡ رَسُوۡلًا مِّنۡهُمۡ يَتۡلُوۡا عَلَيۡهِمۡ اٰيٰتِكَ وَيُعَلِّمُهُمُ الۡكِتٰبَ وَالۡحِكۡمَةَ وَيُزَكِّيۡهِمۡ ‌ؕ اِنَّكَ اَنۡتَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ ﴿۱۲۹﴾

(૧૨૯) અય અમારા પરવરદિગાર! તેઓમાંથી જ એક રસૂલ તેમનામાંથી મોકલ જે તારી આયતો તેમને વાંચી સંભળાવે તથા કિતાબ અને હિકમત

(સદબુદ્ધિ) નું તેમને શિક્ષણ આપે અને તેમને પવિત્ર બનાવી દે; બેશક તું જબરદસ્ત (અને) હિકમતવાળો છે.

وَمَنۡ يَّرۡغَبُ عَنۡ مِّلَّةِ اِبۡرٰهٖمَ اِلَّا مَنۡ سَفِهَ نَفۡسَهٗ ؕ وَلَقَدِ اصۡطَفَيۡنٰهُ فِى الدُّنۡيَا ۚ وَاِنَّهٗ فِى الۡاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِيۡنَ ﴿۱۳۰﴾

(૧30) અને એવો કોણ છે જે ઈબ્રાહીમ ના ધર્મથી મોંઢું ફેરવે, સિવાય તેના કે જણે પોતે પોતાને મૂર્ખ બનાવ્યો હોય; અને ખચીતજ અમોએ તે (ઈબ્રાહીમ) ને દુનિયામાં ચૂંટી કાઢ્યો હતો, અને બેશક આખેરતમાં પણ તે સદાચારીમાંથી જ છે.

اِذۡ قَالَ لَهٗ رَبُّهٗۤ اَسۡلِمۡ ۙ قَالَ اَسۡلَمۡتُ لِرَبِّ الۡعٰلَمِيۡنَ ﴿۱۳۱﴾

(૧૩૧) (અય રસૂલ! તે સમયને યાદ કર.) જ્યારે તેને તેના પરવરદિગારે ફરમાવ્યું કે મુસ્લીમ થા (યાને મારી આજ્ઞાને આધીન થા) ત્યારે તેણે અરજ કરી કે હું સર્વ સૃષ્ટિના પાલનહારને આધીન થાઉ છું.

وَوَصّٰى بِهَآ اِبْرٰهٖمُ بَنِيْهِ وَيَعْقُوْبُ ؕ يٰبَنِىَّ اِنَّ اللّٰهَ اصْطَفٰى
لَكُمُ الدِّيْنَ فَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ؕ ﴿١٣٢﴾

(૧૩૨) અને ઈબ્રાહીમે પોતાના પુત્રોને આ વસિયત કરી, અને યાકૂબે પણ કે અય મારા પુત્રો! અલ્લાહે બેશક તમારા માટે આ (ઈસ્લામ) ધર્મને પસંદ કર્યો છે જેથી તમે મુસ્લિમ થયા સિવાય હરગિઝ મરી જતા નહિ.

اَمْ كُنْتُمْ شُهَدَآءَ اِذْ حَضَرَ یَعْقُوْبَ الْمَوْتُ ۙ اِذْ قَالَ لِبَنِیْهِ

مَا تَعْبُدُوْنَ مِنْۢ بَعْدِیْ ؕ قَالُوْا نَعْبُدُ اِلٰهَكَ وَاِلٰهَ اٰبَآىِٕكَ

اِبْرٰهٖمَ وَاِسْمٰعِیْلَ وَاِسْحٰقَ اِلٰهًا وَّاحِدًا ۚۖ وَّنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ﴿١٣٣﴾

(૧૩૩) શું તમે તે વખતે હાજર હતા કે જ્યારે યાકૂબને મૌત આવી? તે વખતે તેણે પોતાના પુત્રોને પુછયું હતું, કે તમે મારી પછી કોની ઈબાદત કરશો? તેમણે અરજ કરી કે અમે આપના માઅબુદ તથા આપના દાદા ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા ઈસ્હાક ના માઅબુદ (માત્ર) એક જ અલ્લાહની ઈબાદત કરીશું, અને તેનેજ અમે આધીન છીએ.

تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ ۚ لَهَا مَا كَسَبَتْ وَلَكُمْ مَّا كَسَبْتُمْ ۚ
وَلَا تُسْـَٔلُوْنَ عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۳۴﴾

(૧૩૪) તે લોકો હતા જેઓ ગુજરી ગયા છે, તેમનું કર્યું તેમના માટે તમારૂં કર્યું તમારા માટે છે અને તેઓ જે કાંઈ કરતા હતા તે સંબંધી તમને સવાલ કરવામાં આવશે નહિ.

وَقَالُوْا كُوْنُوْا هُوْدًا اَوْ نَصٰرٰى تَهْتَدُوْا ؕ قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهٖمَ
حَنِيْفًا ؕ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿۱۳۵﴾

(૧૩૫) અને તે (ખ્રિસ્તી તથા યહૂદીઓ (મુસ્લિમોને) કહે છે કે યહૂદી અથવા ખ્રિસ્તી થઈ જાઓ તો હિદાયત મેળવશો; (અય રસૂલ!) તું કહે નહિ! બલ્કે અમે (તો) ઈબ્રાહીમ ના ધર્મ ઉપરજ

ચાલીએ છીએ કે જે (ઈબ્રાહીમ) એક જ અલ્લાહને માનનાર હતો; અને તે મુશ્રીકો માંહેનો ન હતો.

قُوۡلُوۡۤا اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنۡزِلَ اِلَيۡنَا وَمَآ اُنۡزِلَ اِلٰٓى اِبۡرٰهٖمَ وَاِسۡمٰعِيۡلَ وَاِسۡحٰقَ وَيَعۡقُوۡبَ وَالۡاَسۡبَاطِ وَمَآ اُوۡتِىَ مُوۡسٰى وَعِيۡسٰى وَمَآ اُوۡتِىَ النَّبِيُّوۡنَ مِنۡ رَّبِّهِمۡ‌ۚ لَا نُفَرِّقُ بَيۡنَ اَحَدٍ مِّنۡهُمۡ ۖ وَنَحۡنُ لَهٗ مُسۡلِمُوۡنَ ۝١٣٦

(૧૩૬) (અય મુસલમાનો!) કહો કે અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા છીએ, તથા જે કાંઈ અમારા ઉપર ઉતારવામાં આવ્યું છે તેના ઉપર તથા જે કાંઈ ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા ઈસ્હાક તથા યાકૂબ અને તેમના વંશજો ઉપર ઉતારવામાં

આવ્યું છે તે ઉપર પણ; અને જે કાંઈ મૂસા તથા ઈસા ને આપવામાં આવ્યું છે અને જે કાંઈ બીજા નબીઓને તેમના પરવરદિગાર તરફથી મળ્યું છે તેના પર (પણ ઈમાન લાવ્યા છીએ); અને (અમે) તે (નબી)ઓ માંના કોઈ વચ્ચે (કાંઈ પણ) ભેદભાવ રાખતા નથી; અને અમે તે (અલ્લાહ) નેજ આધીન રહેનારા છીએ. (એટલે મુસ્લિમ જ છીએ.)

فَاِنۡ اٰمَنُوۡا بِمِثۡلِ مَآ اٰمَنۡتُمۡ بِهٖ فَقَدِ اهۡتَدَوۡا ۚ وَاِنۡ تَوَلَّوۡا فَاِنَّمَا هُمۡ فِىۡ شِقَاقٍ ۚ فَسَيَكۡفِيۡكَهُمُ اللّٰهُ ۚ وَهُوَ السَّمِيۡعُ الۡعَلِيۡمُ ؕ ﴿۱۳۷﴾

(૧૩૭) પછી જો તેઓ પણ એવી જ રીતે ઈમાન લાવે કે જેવી રીતે તમે તે (અલ્લાહ) ના ઉપર ઈમાન લાવ્યા છો તો બેશક તેમણે હિદાયત મેળવી, પણ જો તેઓ મોંઢું ફેરવે તો બેશક (જાણી લો કે) તેઓ (તમારા) વિરોધીજ છે, પણ અલ્લાહ તમને તેમના (છળકપટ) થી બચાવવાને પૂરતો છે, અને તે મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

صِبْغَةَ اللّٰهِ ۚ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ صِبْغَةً ۫ وَّنَحْنُ لَهٗ عٰبِدُوْنَ ﴿١٣٨﴾

(૧૩૮) (અમે અલ્લાહના રંગમાં રંગાએલા છીએ અને) આ અલ્લાહનો રંગ છે, અને અલ્લાહ કરતાંય વધારે સારો રંગ તે કોનો હશે? અને અમે તેની જ ઈબાદત કરનારા છીએ.

قُلْ اَتُحَآجُّوْنَنَا فِي اللّٰهِ وَهُوَ رَبُّنَا وَرَبُّكُمْ ۚ وَلَنَآ اَعْمَالُنَا

وَلَكُمْ اَعْمَالُكُمْ ۚ وَنَحْنُ لَهٗ مُخْلِصُوْنَ ﴿١٣٩﴾

(૧૩૯) (અય રસૂલ!) કહે કે શું અલ્લાહ સબંધી તમે અમારી સાથે હઠ કરો છો? જો કે તે અમારો પરવરદિગાર છે અને તમારો (પણ), અને અમારા કર્મો અમારા માટે છે અને તમારા કર્મો તમારા માટે છે, અને અમે તેનેજ નિર્મળ મનથી માનનારા છીએ.

اَمْ تَقُوْلُوْنَ اِنَّ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ

وَالْاَسْبَاطَ كَانُوْا هُوْدًا اَوْ نَصٰرٰى ؕ قُلْ ءَاَنْتُمْ اَعْلَمُ اَمِ

اللّٰهُ ؕ وَمَنۡ اَظۡلَمُ مِمَّنۡ كَتَمَ شَهَادَةً عِنۡدَهٗ مِنَ اللّٰهِ ؕ وَمَا اللّٰهُ

بِغَافِلٍ عَمَّا تَعۡمَلُوۡنَ ﴿۱۴۰﴾

(૧૪૦) (અય યહૂદીઓ તથા ખ્રિસ્તીઓ) શું તમે (એમ) કહો છો કે નિસંશય ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા ઈસ્હાક તથા યાકૂબ તથા તેમના વંશજો યહૂદી અથવા ખ્રિસ્તી હતા? (અય રસૂલ!) તું કહે કે શું તમે વધુ જાણનારા છો કે અલ્લાહ? અને એથી વધુ ઝાલિમ કોણ હશે કે જે અલ્લાહ પાસેથી પોતાને મળેલી સાબિતીઓને સંતાડે; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ અજાણ નથી.

تِلْكَ اُمَّةٌ قَدْ خَلَتْ ۚ لَهَا مَا كَسَبَتْ وَلَكُمْ مَّا كَسَبْتُمْ ۚ
وَلَا تُسْـَٔلُوْنَ عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٤١﴾

(૧૪૧) તે લોકો હતા જેઓ ગુજરી ગયા છે, તેમનું કર્યું તેમની સાથે (ગયું) અને તમારૂં કર્યું તમારી સાથે (આવશે), અને તેઓ જે કાંઈ કરતા હતા તે માટે તમને પૂછવામાં આવશે નહિ.

سَيَقُوْلُ السُّفَهَآءُ مِنَ النَّاسِ مَا وَلّٰىهُمْ عَنْ قِبْلَتِهِمُ الَّتِيْ
كَانُوْا عَلَيْهَا ؕ قُلْ لِّلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ ؕ يَهْدِيْ مَنْ يَّشَآءُ
اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿١٤٢﴾

(૧૪૨) (તે સમય) પાસે છે કે લોકો માંહેના મૂર્ખાઓ કહેશે કે જે કિબ્લા (બયતુલ મુકદ્દસ) તરફ એ (મુસ્લિમ) લોકો નમાઝ પઢ્યા કરતા હતા (હવે) તેમને (તેમ કરતાં) કઇ વસ્તુએ ફેરવી નાખ્યા ? (અય રસૂલ!) કહે કે પૂર્વ અને પશ્ચિમ (બંને) અલ્લાહના છે; તે જેને ચાહે છે (તેને) સન્માર્ગની હિદાયત કરે છે.

وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ
وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ؕ وَمَا جَعَلْنَا الْقِبْلَةَ الَّتِىْ
كُنْتَ عَلَيْهَآ اِلَّا لِنَعْلَمَ مَنْ يَّتَّبِعُ الرَّسُوْلَ مِمَّنْ يَّنْقَلِبُ عَلٰى
عَقِبَيْهِ ؕ وَاِنْ كَانَتْ لَكَبِيْرَةً اِلَّا عَلَى الَّذِيْنَ هَدَى اللّٰهُ ؕ وَمَا
كَانَ اللّٰهُ لِيُضِيْعَ اِيْمَانَكُمْ ؕ اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوْفٌ
رَّحِيْمٌ ﴿١٤٣﴾

(૧૪૩) અને એવી રીતે અમોએ તમને વચલું (ન્યાયી) મંડળ બનાવ્યું છે કે જેથી તમે લોકો ઉપર સાક્ષી રહો અને રસૂલ તમારા ઉપર સાક્ષી રહે, અને જે કિબ્લા તરફ તું નમાઝ પઢ્યા કરતો

હતો તે અમોએ એ માટે નક્કી કર્યો હતો કે (જ્યારે કિબ્લો બદલવામાં આવે) ત્યારે રસુલનું કોણ અનુકરણ કરે છે અને કોણ પાછલા પગે ફરી જાય છે તેમને જાણી લઇએ; અને એ (કિબ્લાનું બદલવું) સઘળાઓ માટે ભારે થઇ પડ્યું હતું, સિવાય તેમના કે જેમને અલ્લાહે સન્માર્ગની સુબુધ્ધિ આપી છે; અને અલ્લાહ એવો નથી કે તમારા ઇમાનને બરબાદ કરે; બેશક અલ્લાહ સર્વ લોકો પર મોટો માયાળુ (અને) દયા કરનાર છે.

قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِي السَّمَآءِ ۚ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً
تَرْضٰىهَا ۖ فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ۗ وَحَيْثُ مَا

كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ ؕ وَاِنَّ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ
لَيَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا
يَعْمَلُوْنَ﴿۱۴۴﴾

(૧૪૪) તારૂં આકાશ તરફ મોંઢું ફેરવવું અમે ખચીતજ નિહાળીએ છીએ, જેથી જરૂર અમે તારૂં મુખ એવા એક કિબ્લા તરફ ફેરવી દઇશું કે જેથી તું ખુશ થશે, ત્યારે હવે તું તારૂં મુખ મસ્જિદુલ હરામ (કાઅબા) તરફ ફેરવ; અને જ્યાં પણ તમે હો તેનીજ તરફ તમારૂં મુખ ફેરવો; અને નિઃસંશય જેમને કિતાબ આપવામાં આવી છે તેઓ સારી પેઠે જાણે છે કે તે (કિબ્લાનું બદલવું) તેમના

પરવરદિગાર તરફથી છે અને તે સત્ય છે; અને જે કાર્યો તેઓ કરી રહ્યા છે તેનાથી અલ્લાહ અજાણ નથી.

وَلَئِنْ اَتَيْتَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ بِكُلِّ اٰيَةٍ مَّا تَبِعُوْا قِبْلَتَكَ ۚ وَمَآ اَنْتَ بِتَابِعٍ قِبْلَتَهُمْ ۚ وَمَا بَعْضُهُمْ بِتَابِعٍ قِبْلَةَ بَعْضٍ ؕ وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ مِّنْۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ اِنَّكَ اِذًا لَّمِنَ الظّٰلِمِيْنَ ﴿١٤٥﴾

(૧૪૫) અને જેમને કિતાબ આપવામાં આવી છે તેમની સામે અગર તું (દરેકે) દરેક નિશાની રજુ કરે તો પણ તેઓ તારા કિબ્લાને અનુસરશે નહિ, તેમજ તું પણ તેમના કિબ્લાને અનુસરનાર નથી,

અને તેઓ માંહેનો કોઈ (પક્ષ) બીજા કોઈ (પક્ષ) ના કિબ્લાને અનુસરનાર નથી; અને તને જે જ્ઞાન મળી ચૂકયું છે તે પછી પણ જો તું તેમની ઈચ્છાઓને અનુસરશે તો એ સ્થિતિમાં તું પણ ખરેખર ઝુલમગારો માંહેનો ઠરશે.

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ ؕ
وَاِنَّ فَرِيْقًا مِّنْهُمْ لَيَكْتُمُوْنَ الْحَقَّ وَهُمْ يَعْلَمُوْنَ ﴿١٤٦﴾

(૧૪૬) જેમને અમોએ કિતાબ આપી છે તેઓ તે (રસુલ) ને એવી રીતે ઓળખે છે કે જેવી રીતે તેઓ પોતાના ફરઝંદોને ઓળખે છે; અને બેશક તેઓ માંહેનો એક ભાગ એવો છે કે જે જાણી જોઈને સત્યને સંતાડે છે.

ٱلْحَقُّ مِن رَّبِّكَ فَلَا تَكُونَنَّ مِنَ ٱلْمُمْتَرِينَ ﴿١٤٧﴾

(૧૪૭) આ સત્ય તારા પરવરદિગાર તરફથી જ છે માટે તું કદી પણ શંકા કરનારાઓ માંહેનો થઈશ નહિ.

وَلِكُلٍّ وِجْهَةٌ هُوَ مُوَلِّيهَا ۖ فَٱسْتَبِقُوا۟ ٱلْخَيْرَٰتِ ۚ أَيْنَ مَا تَكُونُوا۟
يَأْتِ بِكُمُ ٱللَّهُ جَمِيعًا ۚ إِنَّ ٱللَّهَ عَلَىٰ كُلِّ شَىْءٍ قَدِيرٌ ﴿١٤٨﴾

(૧૪૮) અને દરેક ટોળા માટે એક દિશા (ઠરાવેલી) છે કે જે દિશા તરફ તેઓ મુખ કરે, માટે તમે સારા કાર્યોમાં એક બીજા સાથે હરીફાઈ કરો; જ્યાં પણ તમે હશો (ત્યાંથી) અલ્લાહ તમો સર્વને (કયામતના દિવસે) ભેગા કરી લાવશે; નિસંશય અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબુ ધરાવે છે.

وَمِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ؕ
وَاِنَّهٗ لَلْحَقُّ مِنْ رَّبِّكَ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿۱۴۹﴾

(૧૪૯) અને ગમે તે જગ્યાએથી તું બહાર નીકળે તો તારૂ મોઢું મસ્જિદુલ હરામ તરફ કરતો રહે, બેશક આ (આજ્ઞા) તારા પરવરદિગાર તરફથી છે અને તે સત્ય છે; અને અલ્લાહ તમારા કર્મોથી અજાણ નથી.

وَمِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ؕ
وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ ۙ لِئَلَّا يَكُوْنَ
لِلنَّاسِ عَلَيْكُمْ حُجَّةٌ ۙ اِلَّا الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ ۚ فَلَا

تَخۡشَوۡهُمۡ وَاخۡشَوۡنِيۡ ۗ وَلِاُتِمَّ نِعۡمَتِيۡ عَلَيۡكُمۡ وَلَعَلَّكُمۡ تَهۡتَدُوۡنَ ﴿۱۵۰﴾

(૧૫૦) અને જ્યાંથી (પણ) તું નીકળે તારૂં મોઢું મસ્જિદુલ હરામ તરફ કર; અને તમે ગમે ત્યાં હો તમારૂ મોંઢું તેની જ તરફ કરો. જેથી લોકોના આક્ષેપ તમારા પર ટકી શકે નહિ, સિવાય તેમના કે જેઓ તેમાંથી ઝુલમગાર છે, (તેઓ તો આ જાણ્યા છતાં આક્ષેપો કરશે જ) માટે (તમે) તેમનાથી ડરો નહિ અને મારાથી જ ડરતા રહો, આ એ માટે કે હું મારી નેઅમતો તમારા ઉપર પૂરી કરી દઉં. અને એ માટે કે તમે સન્માર્ગ મેળવો.

كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا
وَيُزَكِّيْكُمْ وَيُعَلِّمُكُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَيُعَلِّمُكُمْ مَّا لَمْ
تَكُوْنُوْا تَعْلَمُوْنَ ﴿١٥١﴾

(૧૫૧) (કિબ્લાનું બદલવું એક એવી નેઅમત છે) જેવી કે અમોએ તમારામાંથી એક રસૂલ તમારામાં મોકલ્યો જે અમારી આયતો તમને વાંચી સંભળાવે છે તથા તમને પવિત્ર કરે છે અને તમને કિતાબ તથા હિકમત (ખરૂં ખોટું પારખવાનાં જ્ઞાન)નું શિક્ષણ આપે છે અને જે તમે જાણતા ન હતા તે તમને શીખવાડે છે.

فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ وَاشْكُرُوْا لِيْ وَلَا تَكْفُرُوْنِ ﴿١٥٢﴾

(૧૫૨) માટે તમે મારી યાદ કરતા રહો કે હું પણ તમારી યાદ કરૂં, અને મારો શુક્રિયા અદા કરતા રહો, અને કૃતધ્ન (નગુણા) બનો નહિ.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ؕ اِنَّ اللّٰهَ مَعَ
الصّٰبِرِيْنَ ﴿١٥٣﴾

(૧૫૩) અય ઈમાનલાવનારાઓ! ધીરજ અને નમાઝ વડે મારી મદદ માંગતા રહો, બેશક અલ્લાહ ધીરજ ધરનારાઓની સાથે જ છે.

وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ ؕ بَلْ اَحْيَآءٌ
وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ ﴿١٥٤﴾

(૧૫૪) અને જે લોકો અલ્લાહના માર્ગમાં માર્યા જાય છે તેમને મરણ પામેલા કહો નહિ; બલ્કે તેઓ હયાત છે પરંતુ તેનું તમને ભાન નથી.

وَلَنَبْلُوَنَّكُمْ بِشَيْءٍ مِّنَ الْخَوْفِ وَالْجُوْعِ وَنَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَالْاَنْفُسِ وَالثَّمَرٰتِ ؕ وَبَشِّرِ الصّٰبِرِيْنَ ﴿۱۵۵﴾

(૧૫૫) અને અમે તમારી થોડાક ભયથી અને થોડીક ભૂખથી તથા માલ તથા પ્રાણ અને ફળો (ફરઝંદો) ના નુકસાનથી અજમાયશ (કસોટી) કરીશું; અને (અય રસૂલ!) સબર કરનારાઓને ખુશ ખબર સંભળાવી દે:

الَّذِيْنَ اِذَآ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌ ۙ قَالُوْٓا اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ
رٰجِعُوْنَ ؁۱۵۶

(૧૫૬) કે જેઓ સંકટ આવી પડતાં કહે છે કે બેશક અમે અલ્લાહનાજ છીએ અને અમે તેનીજ હજુરમાં પાછા ફરીને જનાર છીએ.

اُولٰۗىِٕكَ عَلَيْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ ۣ وَاُولٰۗىِٕكَ هُمُ
الْمُهْتَدُوْنَ ؁۱۵۷

(૧૫૭) એ તેજ લોકો છે કે જેમના ઉપર તેમના પરવરદિગાર તરફથી આશીર્વાદ અને રહેમત હોય છે; અને તેઓજ સન્માર્ગને પામેલા છે.

اِنَّ الصَّفَا وَالۡمَرۡوَةَ مِنۡ شَعَآٮِٕرِ اللّٰهِ‌ۚ فَمَنۡ حَجَّ الۡبَيۡتَ اَوِ

اعۡتَمَرَ فَلَا جُنَاحَ عَلَيۡهِ اَنۡ يَّطَّوَّفَ بِهِمَا ‌ؕ وَمَنۡ تَطَوَّعَ خَيۡرًا ۙ

فَاِنَّ اللّٰهَ شَاكِرٌ عَلِيۡمٌ ‏﴿۱۵۸﴾

(૧૫૮) બેશક "સફા" તથા "મરવા" અલ્લાહની નિશાનીઓમાંથી છે, માટે જે કોઈ બયતુલ્લાહ (કાઅબા)ની હજ અથવા ઉમરા અદા કરે તેના માટે તે (સફા અને મરવાની) વચ્ચે તવાફ કરવામાં કાંઈ દોષ નથી; અને જે સ્વયં નેકી કરે છે તો બેશક અલ્લાહ કદર કરનાર અને જાણનાર છે.

إِنَّ الَّذِينَ يَكْتُمُونَ مَآ أَنْزَلْنَا مِنَ الْبَيِّنٰتِ وَالْهُدٰى مِنْۢ بَعْدِ
مَا بَيَّنّٰهُ لِلنَّاسِ فِي الْكِتٰبِ ۙ أُولٰٓئِكَ يَلْعَنُهُمُ اللّٰهُ وَيَلْعَنُهُمُ
اللّٰعِنُونَ ۙ﴿١٥٩﴾

(૧૫૯) અને નિસંશય જે લોકો અમારી ઉતારેલી ખુલ્લી નિશાનીઓ અને સન્માર્ગની વાતો (કે જે અમોએ) સર્વે માણસો (ના લાભ) માટે કિતાબ (કુરઆન તથા તૌરેત)માં સ્પષ્ટ કરીને વર્ણવી દીધા પછી (પણ) સંતાડે છે, તો એવા લોકો પર અલ્લાહ ફિટકાર કરે છે, અને ફિટકાર કરનારાઓ (પણ) તેમના ઉપર ફિટકાર કરે છે.

إِلَّا الَّذِينَ تَابُوا وَأَصْلَحُوا وَبَيَّنُوا فَأُولَٰئِكَ أَتُوبُ عَلَيْهِمْ ۚ
وَأَنَا التَّوَّابُ الرَّحِيمُ ﴿١٦٠﴾

(૧૬૦) પરંતુ જેમણે પ્રશ્ચાતાપ કર્યો અને સુધારણા કરી અને (અમોએ જે સત્ય પ્રગટ કર્યું હતું તેને) સ્પષ્ટ (કરીને) વર્ણવી દીધું તો એવા લોકોની તૌબા હું કબૂલ કરી લઈશ, અને હું તૌબાનો મહાન કબૂલ કરનાર (અને) દયા કરનાર છું.

إِنَّ الَّذِينَ كَفَرُوا وَمَاتُوا وَهُمْ كُفَّارٌ أُولَٰئِكَ عَلَيْهِمْ لَعْنَةُ
اللَّهِ وَالْمَلَائِكَةِ وَالنَّاسِ أَجْمَعِينَ ﴿١٦١﴾

(૧૬૧) બેશક જે લોકો (સમજ્યા છતાં) ઈમાન લાવ્યા નહિ અને બેઈમાનીની સ્થિતિમાંજ મરી

ગયા તેમના ઉપર અલ્લાહનો, સઘળા ફરિશ્તાઓનો તેમજ ઘણા માણસોનો ફિટકાર છે.

خٰلِدِيْنَ فِيْهَا ۚ لَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنْظَرُوْنَ ﴿١٦٢﴾

(૧૬૨) જેમાં તેઓ હંમેશને માટે રહેશે, તેમનો અઝાબ હરગિજ હળવો કરવામાં આવશે નહિ, તેમ તેમને મોહલત (પણ) આપવામાં આવશે નહિ.

وَاِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿١٦٣﴾

(૧૬૩) અને તમારો માઅબુદ એક જ માઅબુદ છે, તે રહમાન તથા રહીમના સિવાય અન્ય કોઈ માઅબુદ નથી.

إِنَّ فِي خَلۡقِ ٱلسَّمَٰوَٰتِ وَٱلۡأَرۡضِ وَٱخۡتِلَٰفِ ٱلَّيۡلِ وَٱلنَّهَارِ
وَٱلۡفُلۡكِ ٱلَّتِي تَجۡرِي فِي ٱلۡبَحۡرِ بِمَا يَنفَعُ ٱلنَّاسَ وَمَآ أَنزَلَ ٱللَّهُ
مِنَ ٱلسَّمَآءِ مِن مَّآءٖ فَأَحۡيَا بِهِ ٱلۡأَرۡضَ بَعۡدَ مَوۡتِهَا وَبَثَّ فِيهَا
مِن كُلِّ دَآبَّةٖ وَتَصۡرِيفِ ٱلرِّيَٰحِ وَٱلسَّحَابِ ٱلۡمُسَخَّرِ بَيۡنَ
ٱلسَّمَآءِ وَٱلۡأَرۡضِ لَأٓيَٰتٖ لِّقَوۡمٖ يَعۡقِلُونَ ١٦٤

(૧૬૪) નિસંશય આકાશો તથા પૃથ્વીના સર્જનમાં તથા રાત અને દિવસના ક્રમમાં અને તે વહાણોમાં (કે) જે સમુદ્રમાં લોકોપયોગી (સામાન) ની સાથે તરતા ફરે છે, અને તે પાણીમાં કે જે અલ્લાહ આકાશમાંથી ઉતારે છે, પછી જે વડે પૃથ્વીને તેના મરણ પછી પુનઃ સજીવન કરીને દરેક પ્રકારના

પ્રાણીમાત્રને તેમાં (મોટી સંખ્યામાં) ફેલાવી દે છે, અને વાયુઓના ફેરફારમાં તથા તે વાદળાંઓમાં કે જે આકાશમાં અને પૃથ્વી વચ્ચે (અલ્લાહની) આજ્ઞાને આધીન રહી છવાઈ રહે છે, (એ સર્વેમાં) સમજ ધરાવનાર લોકોમાટે (ઘણી) નિશાનીઓ મૌજૂદ છે.

وَمِنَ النَّاسِ مَنْ يَّتَّخِذُ مِنْ دُوْنِ اللّٰهِ اَنْدَادًا يُّحِبُّوْنَهُمْ كَحُبِّ اللّٰهِ ؕ وَالَّذِيْنَ اٰمَنُوْٓا اَشَدُّ حُبًّا لِّلّٰهِ ؕ وَلَوْ يَرَى الَّذِيْنَ ظَلَمُوْٓا اِذْ يَرَوْنَ الْعَذَابَ ۙ اَنَّ الْقُوَّةَ لِلّٰهِ جَمِيْعًا ۙ وَّاَنَّ اللّٰهَ شَدِيْدُ الْعَذَابِ ﴿١٦٥﴾

(૧૬૫) અને લોકોમાંથી એવા પણ છે કે જેઓ અલ્લાહને છોડી બીજાઓને પણ અલ્લાહના જેવા

જ ગણે છે, જેમના માટે પણ તેઓ (એક જ) અલ્લાહના જેવી ચાહના ધરાવે છે; પણ જેઓ ઈમાન લાવ્યા છે તેમને (સૌ કરતાં) વધુ મોહબ્બત અલ્લાહ પ્રત્યેની હોય છે અને જો આ ઝુલ્મગારોને તે અત્યારે જ સૂઝી આવતે તો કેવું સારૂ થતે કે જે (તેઓને) અઝાબ જોયા પછી સૂઝી આવશે, કે સંપૂર્ણ શક્તિ અલ્લાહની જ છે, અને આ પણ કે અલ્લાહ સખત અઝાબ આપનાર છે.

إِذْ تَبَرَّأَ الَّذِينَ اتُّبِعُوا مِنَ الَّذِينَ اتَّبَعُوا وَرَأَوُا الْعَذَابَ
وَتَقَطَّعَتْ بِهِمُ الْأَسْبَابُ ﴿١٦٦﴾

(૧૬૬) જ્યારે (કયામતના દિવસે) તેઓ કે જેમની તાબેદારી કરવામાં આવી હતી, તેઓ તેમની

તાબેદારી કરનારાઓ પ્રત્યે ઘૃણા (બેઝારી) દાખવશે, અને અઝાબ તેમની નઝરે પડશે અને તેમના છૂટકારાના સર્વે સાધનો તૂટી જશે.

وَقَالَ الَّذِيْنَ اتَّبَعُوْا لَوْ اَنَّ لَنَا كَرَّةً فَنَتَبَرَّاَ مِنْهُمْ كَمَا تَبَرَّءُوْا مِنَّا ؕ كَذٰلِكَ يُرِيْهِمُ اللّٰهُ اَعْمَالَهُمْ حَسَرٰتٍ عَلَيْهِمْ ؕ وَمَا هُمْ بِخٰرِجِيْنَ مِنَ النَّارِ ﴿١٦٧﴾

(૧૬૭) અને (ત્યારે) તાબેદારી કરનારાઓ કહેશે કે કદાચને અમને (દુનિયામાં) પાછુ જવાનું મળે તો અમે પણ તેમના પ્રત્યે એવી જ બેઝારી ચાહીએ જેવી કે અત્યારે તેમણે અમારી પ્રત્યે ચાહી છે, આ પ્રમાણે અલ્લાહ તેમના કર્મો તેમને ખેદ

ઉપજાવનારા બનાવીને દેખાડશે, અને તેઓ જહન્નમમાંથી નીકળવા પામશે નહિ.

يَٰٓأَيُّهَا ٱلنَّاسُ كُلُوا۟ مِمَّا فِى ٱلْأَرْضِ حَلَٰلًا طَيِّبًا وَلَا تَتَّبِعُوا۟ خُطُوَٰتِ ٱلشَّيْطَٰنِ ۚ إِنَّهُۥ لَكُمْ عَدُوٌّ مُّبِينٌ ﴿١٦٨﴾

(૧૬૮) અય લોકો! જમીનમાંથી (નીકળતી) હલાલ તથા પાક વસ્તુઓ ખાઓ, અને શૈતાનના પગલે ચાલો નહિ, બેશક તે તમારો ખુલ્લો દુશ્મન છે.

إِنَّمَا يَأْمُرُكُم بِٱلسُّوٓءِ وَٱلْفَحْشَآءِ وَأَن تَقُولُوا۟ عَلَى ٱللَّهِ مَا لَا تَعْلَمُونَ ﴿١٦٩﴾

(૧૬૯) (એ) સિવાય (બીજું) કાંઈજ નથી. (કે) તે તમને દુષ્ટ કાર્યો કરવાની તથા નિર્લજ પણે (વર્તવા)ની આજ્ઞા કરે છે જેની તમને સમજ નથી.

وَاِذَا قِيۡلَ لَهُمُ اتَّبِعُوۡا مَآ اَنۡزَلَ اللّٰهُ قَالُوۡا بَلۡ نَتَّبِعُ مَآ اَلۡفَيۡنَا عَلَيۡهِ اٰبَآءَنَا ؕ اَوَلَوۡ كَانَ اٰبَآؤُهُمۡ لَا يَعۡقِلُوۡنَ شَيۡـــًٔا وَّلَا يَهۡتَدُوۡنَ ﴿۱۷۰﴾

(૧૭૦) અને જયારે તમને કહેવામાં આવે છે કે અલ્લાહે જે કાંઈ ઉતાર્યું છે તેને અનુસરો ત્યારે તેઓ કહે છે કે અમે તો તેનેજ અનુસરીશું કે જેને અમારા બાપદાદાઓને અનુસરતા અમોએ જોયા છે; જો કે તેમના બાપદાદા કોઈ વસ્તુની સમજ

ધરાવતા ન હતા (તેમજ) હિદાયત (પણ) પામેલા ન હતા તે છતાંય શું (તેઓ તેમને અનુસરશે?)

وَمَثَلُ الَّذِيْنَ كَفَرُوْا كَمَثَلِ الَّذِىْ يَنْعِقُ بِمَا لَا يَسْمَعُ اِلَّا دُعَآءً وَّنِدَآءً ؕ صُمٌّۢ بُكْمٌ عُمْىٌ فَهُمْ لَا يَعْقِلُوْنَ ﴿۱۷۱﴾

(૧૭૧) અને ઈમાન નહિ લાવનારાઓનો દાખલો તે (શખ્સ)ના દાખલા જેવો છે કે જે (માત્ર) બૂમ બરાડા સિવાય કાંઈજ સાંભળતા નથી; (કેમકે તેઓ) બહેરા મૂંગા (અને) આંધળા છે માટે તેઓ કાંઈજ સમજતા નથી.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ وَاشْكُرُوْا لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿۱۷۲﴾

(૧૭૨) અય ઈમાન લાવનારાઓ! જે પાક વસ્તુઓની અમોએ તમને રોજી આપી છે તેમાંથી ખાઓ પીઓ અને અલ્લાહનો આભાર માનો અગર તમે તેનાજ (નિસ્વાર્થ) બંદા હો!

إِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيرِ وَمَآ أُهِلَّ بِهِۦ
لِغَيْرِ اللَّهِ ۖ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَلَا عَادٍ فَلَآ إِثْمَ عَلَيْهِ ۚ إِنَّ
اللَّهَ غَفُورٌ رَّحِيمٌ ﴿١٧٣﴾

(૧૭૩) તેણે તમારા ઉપર મરી ગએલાં જાનવર તથા લોહી તથા સુવ્વરનું માંસ અને અલ્લાહનું નામ (લીધા) વિના ઝબેહ (ઝબ્હ) કરેલું હરામ કર્યું છે, પછી જે કોઈ ભૂખમરાથી (લાચાર બની ગયો)

હોય પણ નાફરમાની કરતો ન હોય તેમ હદથી આગળ વધી જનાર ન હોય (અને આ વસ્તુઓ પૈકી કોઈનું સેવન કરે) તો તેના માટે કાંઈ ગુનાહ નથી; બેશક અલ્લાહ મહાન ક્ષમા કરનાર (અને) દયા કરનાર છે.

إِنَّ الَّذِينَ يَكْتُمُونَ مَآ أَنزَلَ اللَّهُ مِنَ الْكِتَٰبِ وَيَشْتَرُونَ بِهِۦ ثَمَنًا قَلِيلًا ۙ أُولَٰٓئِكَ مَا يَأْكُلُونَ فِى بُطُونِهِمْ إِلَّا النَّارَ وَلَا يُكَلِّمُهُمُ اللَّهُ يَوْمَ الْقِيَٰمَةِ وَلَا يُزَكِّيهِمْ ۚ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿١٧٤﴾

(૧૭૪) બેશક જે લોકો અલ્લાહે ઉતારેલી કિતાબમાંના કોઈ ભાગને સંતાડે છે અને

(દુનિયાના સ્વાર્થ માટે) તેના બદલામાં થોડી કિંમત મેળવે છે તેઓ બીજું કાંઈ નહિ પણ પોતાના પેટમાં આગ ભરે છે અને અલ્લાહ કયામતના દિવસે તેમની સાથે વાત કરશે નહિ તથા તેમને પવિત્ર પણ કરશે નહિ, અને તેમના માટે દુઃખ દાયક અઝાબ છે.

أُولَٰٓئِكَ الَّذِينَ اشْتَرَوُا الضَّلَٰلَةَ بِالْهُدَىٰ وَالْعَذَابَ
بِالْمَغْفِرَةِ ۚ فَمَآ أَصْبَرَهُمْ عَلَى النَّارِ ﴿١٧٥﴾

(૧૭૫) આ તે (લોકો) જ છે કે જેમણે (આલોકમાં) હિદાયતને બદલે ગુમરાહી અને (પરલોકમાં) ક્ષમાને બદલે અઝાબ વેચાતો લીધો છે, તો તેઓ

જહન્નમની આગનો સામનો કરવા (માટે) કેવા ધૈર્યવાન છે!

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ نَزَّلَ الْكِتٰبَ بِالْحَقِّ ؕ وَاِنَّ الَّذِيْنَ اخْتَلَفُوْا فِي
الْكِتٰبِ لَفِيْ شِقَاقٍۭ بَعِيْدٍ ﴿١٧٦﴾

(૧૭૬) આ એ માટે કે ખરેખર આ કિતાબ અલ્લાહે સત્ય પૂવર્ક ઉતારી છે; અને જે લોકોએ આ કિતાબમાં મતભેદ કર્યો છે તેઓ નિસંશય હદ ઉપરાંતની વિરૂદ્ધતામાં પડયા છે.

لَيْسَ الْبِرَّ اَنْ تُوَلُّوْا وُجُوْهَكُمْ قِبَلَ الْمَشْرِقِ وَالْمَغْرِبِ
وَلٰكِنَّ الْبِرَّ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَالْمَلٰٓئِكَةِ وَالْكِتٰبِ
وَالنَّبِيّٖنَ ۚ وَاٰتَى الْمَالَ عَلٰى حُبِّهٖ ذَوِى الْقُرْبٰى وَالْيَتٰمٰى

وَالْمَسٰكِيْنَ وَابْنَ السَّبِيْلِ ۙ وَالسَّآئِلِيْنَ وَفِي الرِّقَابِ ۚ

وَاَقَامَ الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ ۚ وَالْمُوْفُوْنَ بِعَهْدِهِمْ اِذَا

عٰهَدُوْا ۚ وَالصّٰبِرِيْنَ فِي الْبَاْسَآءِ وَالضَّرَّآءِ وَحِيْنَ الْبَاْسِ ؕ

اُولٰٓئِكَ الَّذِيْنَ صَدَقُوْا ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ ﴿١٧٧﴾

(૧૭૭) તમે તમારા મુખ પૂર્વ અથવા પશ્ચિમ તરફ કરો એમાં સદ્‌ગુણ નથી બલ્કે સદ્‌ગુણતો એ જ છે કે અલ્લાહ પર તથા કયામતના દિવસ પર તથા ફરિશ્તાઓ પર તથા (આકાશી) કિતાબો પર અને નબીઓ પર ઈમાન લાવવું, અને અલ્લાહની મોહબ્બતમાં (પોતાના) સગાં વહાલાંને તથા અનાથોને તથા મોહતાજોને તથા મુસાફરોને તથા

સવાલ કરનારાઓને અને ગરદનોને છોડાવવામાં (ગુલામોને આઝાદ કરાવવા માટે) માલની સહાય આપવી, તથા નમાઝ કાયમ કરવી તથા ઝકાત આપવી, અને જયારે તેઓ (કોઈ વાતનો) વાયદો કરે છે ત્યારે પોતાના વાયદાને પાળનાર હોય છે, અને તંગીમાં તથા મુસીબતમાં અને લડાઈની સખતાઈ વખતે ધીરજ ધરનારા હોય છે; આ એજ લોકો છે કે જેઓ (ધર્મને અનુસરી) સત્ય બોલ્યા છે; અને તેઓજ (અલ્લાહથી) ડરીને ચાલનારા છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِي الْقَتْلٰى ؕ اَلْحُرُّ بِالْحُرِّ وَالْعَبْدُ بِالْعَبْدِ وَالْاُنْثٰى بِالْاُنْثٰى ؕ فَمَنْ عُفِيَ لَهٗ مِنْ اَخِيْهِ

شَیۡءٌ فَاتِّبَاعٌۢ بِالۡمَعۡرُوۡفِ وَاَدَآءٌ اِلَیۡهِ بِاِحۡسَانٍ ؕ ذٰلِكَ
تَخۡفِیۡفٌ مِّنۡ رَّبِّكُمۡ وَرَحۡمَةٌ ؕ فَمَنِ اعۡتَدٰی بَعۡدَ ذٰلِكَ فَلَهٗ
عَذَابٌ اَلِیۡمٌ ﴿۱۷۸﴾

(૧૭૮) અય ઈમાન લાવનારાઓ! જેઓ (વિના કારણે) કતલ કરવામાં આવ્યા હોય તેમના વિષે બદલો લેવાનું તમારા ઉપર વાજિબ કરવામાં આવ્યું છે; (એટલે કે જો) આઝાદ (માર્યો ગયો હોય તો) તેને બદલે આઝાદ તથા ગુલામના બદલે ગુલામ તથા સ્ત્રીને બદલે સ્ત્રી; પછી જે (ખૂની) ને તેના (મોઅમીન) ભાઈ તરફથી કાંઈ માફ કરવામાં આવે તો (માફ કરનારાએ) બદલો માંગવામાં

યોગ્ય રીતે વર્તવું અને તે (બદલો) તે (મરનારના વારસો) ને ઉપકારવશ થઈ આપવો. આ તમારા પરવરદિગાર તરફથી સુગમતા અને મહેરબાની છે; પછી તે બાદ (તે બંને પૈકી) કોઈ હદ બહાર જાય તો તેના માટે દુ:ખદાયક અઝાબ છે.

وَلَكُمْ فِي الْقِصَاصِ حَيٰوةٌ يّٰٓاُولِي الْاَلْبَابِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿١٧٩﴾

(૧૭૯) અને અય બુદ્ધિશાળીઓ! બદલા (ને લગતી આજ્ઞા) માં તમારા માટે જીવન છે કે જેથી તમે ગુનાહ કરતાં અટકો!

كُتِبَ عَلَيۡكُمۡ اِذَا حَضَرَ اَحَدَكُمُ الۡمَوۡتُ اِنۡ تَرَكَ خَيۡرَا ۖۚ

الۡوَصِيَّةُ لِلۡوَالِدَيۡنِ وَالۡاَقۡرَبِيۡنَ بِالۡمَعۡرُوۡفِ ۚ حَقًّا عَلَى

الۡمُتَّقِيۡنَ ؕ﴿۱۸۰﴾

(૧૮૦) (વળી) તમારા ઉપર આ પણ લખી દેવા (વાજિબ કરવા) માં આવ્યું છે કે જ્યારે તમારામાંથી કોઈનો મરણ (સમય) આવી પહોંચે (અને) જો તે કાંઈ મિલ્કત મૂકી જાય તો પોતાના મા બાપ તથા નિકટના સગાંઓના લાભમાં શરીઅત (ધર્મ નિયમો) ને અનુસરી વસિયત કરે, પરહેઝગારો પર (આ પણ) એક ફરજ છે.

فَمَنۢ بَدَّلَهٗ بَعۡدَ مَا سَمِعَهٗ فَاِنَّمَاۤ اِثۡمُهٗ عَلَى الَّذِيۡنَ يُبَدِّلُوۡنَهٗ ؕ اِنَّ
اللّٰهَ سَمِيۡعٌ عَلِيۡمٌ ؕ‏ ﴿۱۸۱﴾

(૧૮૧) પછી જે કોઈ તે (વસિયત) સાંભળ્યા પછી તેને બદલી નાખે તો તેનો ગુનોહ તેમનાજ શિરે રહેશે કે જેઓ તેને બદલી નાખશે; બેશક અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

فَمَنۡ خَافَ مِنۡ مُّوۡصٍ جَنَفًا اَوۡ اِثۡمًا فَاَصۡلَحَ بَيۡنَهُمۡ فَلَاۤ اِثۡمَ
عَلَيۡهِ ‌ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ؑ ﴿۱۸۲﴾

(૧૮૨) પછી જે કોઈને વસિયત કરનાર તરફથી તેની વસિયતમાં કાયદા વિરૂદ્ધ (હોવા) નો અથવા અન્યાય થવાનો ભય હોય અને (તેથી) જો તે

માંહો માંહે સલાહ (સુલેહ) કરાવી આપે તો તેના પર કાંઈ ગુનાહ નથી; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

يٰٓاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا كُتِبَ عَلَيۡکُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى
الَّذِيۡنَ مِنۡ قَبۡلِكُمۡ لَعَلَّكُمۡ تَتَّقُوۡنَۙ۝١٨٣

(૧૮૩) અય ઈમાન લાવનારાઓ! તમારા ઉપર રોઝા રાખવાનું એવી જ રીતે વાજિબ કરવામાં આવ્યું છે કે જેવી રીતે તમારા પૂર્વજો ઉપર વાજિબ કરવામાં આવ્યું હતું, આ એ માટે કે તમે પરહેઝગાર બનોઃ

اَيَّامًا مَّعۡدُوۡدٰتٍ ؕ فَمَنۡ كَانَ مِنۡكُمۡ مَّرِيۡضًا اَوۡ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ
مِّنۡ اَيَّامٍ اُخَرَ ؕ وَعَلَى الَّذِيۡنَ يُطِيۡقُوۡنَهٗ فِدۡيَةٌ طَعَامُ
مِسۡكِيۡنٍ ؕ فَمَنۡ تَطَوَّعَ خَيۡرًا فَهُوَ خَيۡرٌ لَّهٗ ؕ وَاَنۡ تَصُوۡمُوۡا خَيۡرٌ
لَّكُمۡ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿١٨٤﴾

(૧૮૪) (તે રોઝા અમુક) ગણતરીના દિવસો (છે); પણ તમારામાંથી જે કોઈ બીમાર હોય અથવા મુસાફરીમાં હોય તો તે બીજા દિવસોમાં (છુટી ગએલા રોઝા રાખીને) ગણતરી પૂરી કરે; અને તે લોકો કે જેઓ (રોઝા) રાખી શકે છે (અને ન રાખે તો) તે તેના બદલામાં એક મિસ્કીનને ખાવાનું ખવડાવે; પછી જે કોઈ પોતાની ખુશીથી (નેકી) કરે

તો તે તેના માટે વધુ સારૂં છે; પણ જો તમે સમજો તો ગમે તે સ્થિતિમાં રોઝા રાખવા એ તમારા માટે સારૂંજ છે.

شَهۡرُ رَمَضَانَ الَّذِیۡۤ اُنۡزِلَ فِیۡهِ الۡقُرۡاٰنُ هُدًی لِّلنَّاسِ وَبَیِّنٰتٍ مِّنَ الۡهُدٰی وَالۡفُرۡقَانِ ۚ فَمَنۡ شَهِدَ مِنۡكُمُ الشَّهۡرَ فَلۡیَصُمۡهُ ؕ وَمَنۡ كَانَ مَرِیۡضًا اَوۡ عَلٰی سَفَرٍ فَعِدَّةٌ مِّنۡ اَیَّامٍ اُخَرَ ؕ یُرِیۡدُ اللّٰهُ بِكُمُ الۡیُسۡرَ وَلَا یُرِیۡدُ بِكُمُ الۡعُسۡرَ ۫ وَلِتُكۡمِلُوا الۡعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰی مَا هَدٰىكُمۡ وَلَعَلَّكُمۡ تَشۡكُرُوۡنَ﴿۱۸۵﴾

(૧૮૫) રમઝાનનો (મુબારક) મહિનો તે છે (કે) જેમાં આ કુરઆન ઉતારવામાં આવ્યું જે સઘળા મનુષ્યોનો માર્ગદર્શક છે, અને (તેમાં) સન્માર્ગની સ્પષ્ટ દલીલો તથા (સત્ય અસત્યના) નિર્ણયના (નિયમો છે,) માટે તમારામાંથી જે કોઈ આ મહિનામાં (ઘરે) હાજર હોય તો તેણે તે (મહિના)ના રોઝા રાખવાજ જોઈએ; અને જે શખ્સ માંદો (બીમાર) હોય અથવા મુસાફરીમાં હોય તો તે બીજા દીવસોમાં (રોઝાની) ગણતરી પૂરી કરે, અલ્લાહ તમારા સંબંધમાં આસાની ઈચ્છે છે અને સખ્તાઈ ઈચ્છતો નથી, અને તમે આ ગણતરીને પૂરી કરી નાખો એમ ઈચ્છે છે, અને જે સન્માર્ગ

તમને દેખાડી દીધો છે તે માટે અલ્લાહની મોટાઈ વર્ણવતા રહો, અને શુક્રગુઝાર બનો.

وَاِذَا سَاَلَكَ عِبَادِیْ عَنِّیْ فَاِنِّیْ قَرِیْبٌ ؕ اُجِیْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ ۙ فَلْیَسْتَجِیْبُوْا لِیْ وَلْیُؤْمِنُوْا بِیْ لَعَلَّهُمْ یَرْشُدُوْنَ ﴿۱۸۶﴾

(૧૮૬) અને જો મારો (કોઈ) બંદો તને મારા વિશે પુછે (કે હું ક્યાં છું?) તો (કહે કે) ખચીતજ હું (તેની) પાસે જ છું, આજીજીથી પોકારનારાઓ (દોઆ કરનારાઓ) જયારે પણ મને પોકારે છે ત્યારે હું (તરતજ) તેમને જવાબ આપું છું માટે તે લોકોને જોઈએ કે (તેઓ પણ) મારી આજ્ઞાઓ માને તથા

મારા પર ઈમાન લાવે કે જેથી તેઓ સન્માર્ગને પામે.

أُحِلَّ لَكُمۡ لَيۡلَةَ الصِّيَامِ الرَّفَثُ اِلٰى نِسَآٮِٕكُمۡ ؕ هُنَّ لِبَاسٌ
لَّكُمۡ وَاَنۡتُمۡ لِبَاسٌ لَّهُنَّ ؕ عَلِمَ اللّٰهُ اَنَّكُمۡ كُنۡتُمۡ تَخۡتَانُوۡنَ
اَنۡفُسَكُمۡ فَتَابَ عَلَيۡكُمۡ وَعَفَا عَنۡكُمۡ ۚ فَالۡـٰٔنَ بَاشِرُوۡهُنَّ
وَابۡتَغُوۡا مَا كَتَبَ اللّٰهُ لَكُمۡ ۖ وَكُلُوۡا وَاشۡرَبُوۡا حَتّٰى يَتَبَيَّنَ
لَكُمُ الۡخَيۡطُ الۡاَبۡيَضُ مِنَ الۡخَيۡطِ الۡاَسۡوَدِ مِنَ الۡفَجۡرِ ۖ ثُمَّ
اَتِمُّوا الصِّيَامَ اِلَى الَّيۡلِ ۚ وَلَا تُبَاشِرُوۡهُنَّ وَاَنۡتُمۡ عٰكِفُوۡنَ ۙ
فِى الۡمَسٰجِدِ ؕ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ فَلَا تَقۡرَبُوۡهَا ؕ كَذٰلِكَ يُبَيِّنُ
اللّٰهُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمۡ يَتَّقُوۡنَ ﴿١٨٧﴾

(૧૮૭) રોઝાના દિવસોમાં રાત્રિના સમયે તમારી સ્ત્રીઓ પાસે જવું તમારા માટે જાઈઝ ઠરાવવામાં આવ્યું છે, તે (સ્ત્રી) ઓ તમારી શોભા છે અને તમે તેમની શોભા છો; (આ સબંધી) તમે પોતાને છેતરતા હતા, તે અલ્લાહ જાણતો હતો જેથી તે તમારા પ્રત્યે માયાળુપણું દાખવ્યું, અને તમને દરગુજર કર્યા, માટે હવે તમે તેમની સાથે સમાગમ કરો, અને અલ્લાહે તમારા માટે જે (ઓલાદ) નિમાર્ણ કરી છે તેની ઈચ્છા કરો, અને ખાઓ પીવો ત્યાં સુધી કે સવારનું અજવાળું (રાત્રિના) અંધકારથી જુદું દેખાઈ આવે, પછી રાત્રિના આરંભમાં રોઝો પુરો કરો, અને જ્યારે

મસ્જિદોમાં બંદગીની હાલતમાં (એઅતેકાફ) હો ત્યારે તેમને (સ્ત્રીઓને) રાત્રે પણ સ્પર્શ કરો નહિ; આ અલ્લાહની નક્કી કરેલી હદો છે, માટે તેનું ઉલ્લંઘન કરશો નહિ; આવી રીતે અલ્લાહ પોતાના હુકમો લોકો માટે સ્પષ્ટ કરી વર્ણવે છે કે જેથી તેઓ ગુનાહોથી બચે.

وَلَا تَأْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ وَتُدْلُوْا بِهَآ اِلَى الْحُكَّامِ
لِتَأْكُلُوْا فَرِيْقًا مِّنْ اَمْوَالِ النَّاسِ بِالْاِثْمِ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿۱۸۸﴾

(૧૮૮) અને માંહોમાંહે એક બીજાનો માલ અયોગ્ય રીતે ખાઈ ન જાઓ તેમજ તેને લગતા કજીયા હાકેમો પાસે એ માટે ન લઈ જાઓ કે નાહક જાણી

જોઈને લોકોના માલ(માં)થી જે કાંઈ (હાથ લાગે) તમો (તે) ખાઈ જાઓ.

يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَهِلَّةِ ؕ قُلْ هِیَ مَوَاقِیْتُ لِلنَّاسِ وَالْحَجِّ ؕ وَلَیْسَ الْبِرُّ بِاَنْ تَاْتُوا الْبُیُوْتَ مِنْ ظُهُوْرِهَا وَلٰكِنَّ الْبِرَّ مَنِ اتَّقٰی ۚ وَاْتُوا الْبُیُوْتَ مِنْ اَبْوَابِهَا ۪ وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۱۸۹﴾

(૧૮૯) લોકો તને પહેલી રાતના ચાંદ માટે પૂછે છે; કહે કે તે લોકો (ના ફાયદા) માટે તથા હજના માટે નક્કી કરેલા વખતો (દેખાડનાર નિશાનીઓ) છે; અને તમે મકાનોમાં તેની પાછળ (ના ભાગે)થી (એહરામની હાલતમાં) દાખલ થાઓ એ સદ્ગુણ

નથી પણ સદ્ગુણ તો એ છે કે ગુનાહોથી બચીને ચાલવું, અને મકાનોમાં તેમના દરવાજાઓમાંથી દાખલ થાઓ અને અલ્લાહથી ડરતા રહો જેથી તમે સફળતા પામો.

وَقَاتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ الَّذِيْنَ يُقَاتِلُوْنَكُمْ وَلَا تَعْتَدُوْا ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ﴿١٩٠﴾

(૧૯૦) અને અલ્લાહના માર્ગમાં તે લોકો સાથે લડો કે જેઓ તમારી સાથે લડે પણ (તેમાં) હદ બહાર જાઓ નહિ; બેશક અલ્લાહ હદ બહાર જનારાઓને દોસ્ત રાખતો નથી.

وَاقْتُلُوْهُمْ حَيْثُ ثَقِفْتُمُوْهُمْ وَاَخْرِجُوْهُمْ مِّنْ حَيْثُ
اَخْرَجُوْكُمْ وَالْفِتْنَةُ اَشَدُّ مِنَ الْقَتْلِ ۚ وَلَا تُقٰتِلُوْهُمْ عِنْدَ
الْمَسْجِدِ الْحَرَامِ حَتّٰى يُقٰتِلُوْكُمْ فِيْهِ ۚ فَاِنْ قٰتَلُوْكُمْ
فَاقْتُلُوْهُمْ ؕ كَذٰلِكَ جَزَآءُ الْكٰفِرِيْنَ ﴿١٩١﴾

(૧૯૧) અને જયાં તમને તેઓ મળે ત્યાં તેમને કતલ કરો અને જ્યાંથી તમને તેઓએ કાઢી મૂકયા હતા ત્યાંથી તમો પણ તેમને કાઢી મૂકો અને (યાદ રાખો કે) ફસાદ (ફિત્નો) એ કતલ કરતાં વધુ ભયંકર છે, અને મસ્જિદુલ હરામ પાસે તેમની સાથે લડો નહિ જ્યાં સુધી તેઓ તમારી સાથે એ સ્થળે લડે નહિ, પણ જો તેઓ તમારી સાથે લડે

તો તમે પણ તેમને મારી નાખો; નાસ્તિકોની એજ સજા છે.

فَاِنِ انْتَهَوْا فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٩٢﴾

(૧૯૨) પણ જો તેઓ (લડતાં) અટકી જાય તો (તમે પણ અટકી જાઓ) નિસંશય અલ્લાહ મહાન ક્ષમા કરનાર (અને) દયા કરનાર છે.

وَقٰتِلُوْهُمْ حَتّٰى لَا تَكُوْنَ فِتْنَةٌ وَّيَكُوْنَ الدِّيْنُ لِلّٰهِ ؕ فَاِنِ
انْتَهَوْا فَلَا عُدْوَانَ اِلَّا عَلَى الظّٰلِمِيْنَ ﴿١٩٣﴾

(૧૯૩) અને તેમની સાથે એટલી હદ સુધી લડો કે ફિત્નો બાકી રહેવા ન પામે અને દીન માત્ર અલ્લાહનો જ થઈને રહે; પછી જો તેઓ અટકી

જાય તો ઝાલિમો સિવાય બીજા કોઈથી દુશ્મનાઈ કરવી નહિ.

اَلشَّهۡرُ الۡحَرَامُ بِالشَّهۡرِ الۡحَرَامِ وَالۡحُرُمٰتُ قِصَاصٌ ؕ فَمَنِ اعۡتَدٰى عَلَيۡكُمۡ فَاعۡتَدُوۡا عَلَيۡهِ بِمِثۡلِ مَا اعۡتَدٰى عَلَيۡكُمۡ ۖ وَاتَّقُوا اللّٰهَ وَاعۡلَمُوۡٓا اَنَّ اللّٰهَ مَعَ الۡمُتَّقِيۡنَ ﴿۱۹۴﴾

(૧૯૪) હુરમતવાળા મહિનાને બદલે હુરમતવાળો મહિનો તથા હુરમતવાળી વસ્તુઓનો પણ એવીજ રીતનો બદલો (નિર્માણ) કરવામાં આવ્યો છે; પછી જે કોઈ તમારા પર સખ્તાઈ કરે તો તમે પણ એવી જ સખ્તાઈ તેના પર કરો જેવી કે તેણે તમારા પર સખ્તાઈ કરી હોય અને (તેમાં)

અલ્લાહથી ડરતા રહો અને જાણો કે બેશક અલ્લાહ પરહેઝગારોની સાથે છે.

وَاَنۡفِقُوۡا فِىۡ سَبِيۡلِ اللّٰهِ وَلَا تُلۡقُوۡا بِاَيۡدِيۡكُمۡ اِلَى التَّهۡلُكَةِ ۛۚ
وَاَحۡسِنُوۡا ۛۚ اِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُحۡسِنِيۡنَ ۝١٩٥

(૧૯૫) અને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો અને હાથે કરીને પોતાને મુસીબતમાં ન નાખો, અને નેકી કરતા રહો, બેશક અલ્લાહ નેકી કરનારાઓને દોસ્ત રાખે છે.

وَاَتِمُّوا الۡحَجَّ وَالۡعُمۡرَةَ لِلّٰهِ ؕ فَاِنۡ اُحۡصِرۡتُمۡ فَمَا اسۡتَيۡسَرَ مِنَ
الۡهَدۡىِ ۚ وَلَا تَحۡلِقُوۡا رُءُوۡسَكُمۡ حَتّٰى يَبۡلُغَ الۡهَدۡىُ مَحِلَّهٗ ؕ فَمَنۡ
كَانَ مِنۡكُمۡ مَّرِيۡضًا اَوۡ بِهٖۤ اَذًى مِّنۡ رَّاۡسِهٖ فَفِدۡيَةٌ مِّنۡ صِيَامٍ

اَوۡ صَدَقَةٍ اَوۡ نُسُكٍ ۚ فَاِذَاۤ اَمِنۡتُمۡ ۗ فَمَنۡ تَمَتَّعَ بِالۡعُمۡرَةِ اِلَى
الۡحَجِّ فَمَا اسۡتَيۡسَرَ مِنَ الۡهَدۡىِ ۚ فَمَنۡ لَّمۡ يَجِدۡ فَصِيَامُ ثَلٰثَةِ
اَيَّامٍ فِى الۡحَجِّ وَسَبۡعَةٍ اِذَا رَجَعۡتُمۡ ؕ تِلۡكَ عَشَرَةٌ كَامِلَةٌ ؕ ذٰلِكَ
لِمَنۡ لَّمۡ يَكُنۡ اَهۡلُهٗ حَاضِرِى الۡمَسۡجِدِ الۡحَرَامِ ؕ وَاتَّقُوا اللّٰهَ
وَاعۡلَمُوۡۤا اَنَّ اللّٰهَ شَدِيۡدُ الۡعِقَابِ ۝۱۹۶

(૧૯૬) અને ખાસ અલ્લાહના માટે હજ તથા ઉમરા પૂરા કરો; પણ જો તમે ઘેરાઈ ગયા હો તો જે પણ કુરબાની (નું પ્રાણી) મળી આવે (તે આપો) અને જ્યાં સુધી (તે) કુરબાની તેના હલાલ થવાના સ્થાને પહોંચી ન જાય (ત્યાં સુધી) તમારા માથા મૂંડાવો નહિ; પછી જે કોઈ તમારામાંથી બીમાર

હોય અથવા તેના માથામાં કોઈ પ્રકારનું દર્દ હોય તો તેનો બદલો રોઝા અથવા દાન અથવા કુરબાની છે, પછી જ્યારે તમે નિર્ભય થઈ જાઓ તો જે કોઈ ઉમરાનો હજની સાથે લાભ લેવા ચાહે તો જે મળી આવે તેની કુરબાની કરે, પણ જેને કાંઈ જ ન મળી શકે તો હજના દિવસોમાં ત્રણ રોઝા રાખે અને જ્યારે તમે પાછા (સ્વદેશ) આવી જાઓ ત્યારે (બીજા) સાત દિવસના (રોઝા રાખો); એ સર્વે મળી પૂરા દસ રોઝા થયા; આ (હુકમ) તેના માટે છે કે જેના બાલ બચ્ચાં મક્કામાં ન હોય; અને અલ્લાહથી ડરતા રહો અને જાણો કે અલ્લાહ સખત અઝાબ આપનાર છે.

اَلْحَجُّ اَشْهُرٌ مَّعْلُوْمٰتٌ ۚ فَمَنْ فَرَضَ فِيْهِنَّ الْحَجَّ فَلَا رَفَثَ وَلَا
فُسُوْقَ ۙ وَلَا جِدَالَ فِي الْحَجِّ ؕ وَمَا تَفْعَلُوْا مِنْ خَيْرٍ يَّعْلَمْهُ
اللّٰهُ ؕؔ وَتَزَوَّدُوْا فَاِنَّ خَيْرَ الزَّادِ التَّقْوٰى ۫ وَاتَّقُوْنِ يٰۤاُولِي
الْاَلْبَابِ ﴿١٩٧﴾

(૧૯૭) ખચીતજ હજના મહિનાઓ જાણીતા છે, માટે જે કોઈ તેમાં હજનો ઈરાદો કરે તો તે હજ (ની મુદ્દત) માં ન સમાગમ કરે ન બદકારી કરે ન માંહોમાંહે લડાઈ ઝગડો કરે; અને જે નેકી તમે કરશો તેથી અલ્લાહ વાકેફ છે; અને રસ્તાનું ભાથું સાથે લઈ લો, જો કે રસ્તાનું ઉત્તમ ભાથું તો

પરહેઝગારી છે, અને અય બુધ્ધિશાળીઓ! મારાથી ડરતા રહો!

لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَبْتَغُوْا فَضْلًا مِّنْ رَّبِّكُمْ ؕ فَاِذَآ اَفَضْتُمْ مِّنْ عَرَفٰتٍ فَاذْكُرُوا اللّٰهَ عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ ۪ وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ ۚ وَاِنْ كُنْتُمْ مِّنْ قَبْلِهٖ لَمِنَ الضَّآلِّيْنَ ﴿۱۹۸﴾

(૧૯૮) (અને હજના સમયે) તમે તમારા પરવરદિગાર પાસે રોજી પણ માંગો (વેપાર પણ કરો) તો તેમાં તમારા ઉપર કોઈ દોષ નથી; પછી જ્યારે તમે અરફાતથી પાછા ફરો તો મશ્અરૂલ હરામ (મુજદલફા) પાસે અલ્લાહને યાદ કરો, અને

તમને શિખવ્યું છે તેવી રીતે તેની યાદ કરો અને ખરેજ તમે આ પહેલાં ગુમરાહો માંહેના હતા.

ثُمَّ اَفِيْضُوْا مِنْ حَيْثُ اَفَاضَ النَّاسُ وَاسْتَغْفِرُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٩٩﴾

(૧૯૯) પછી પાછા ફરો ત્યાંથી કે જ્યાંથી (સઘળા) લોકો પાછા ફરે છે અને અલ્લાહથી ક્ષમા માંગો; બેશક અલ્લાહ મહાન ક્ષમા કરનાર (અને) દયાળુ છે.

فَاِذَا قَضَيْتُمْ مَّنَاسِكَكُمْ فَاذْكُرُوا اللّٰهَ كَذِكْرِكُمْ اٰبَآءَكُمْ اَوْ اَشَدَّ ذِكْرًا ؕ فَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ رَبَّنَآ اٰتِنَا فِى الدُّنْيَا وَمَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ خَلَاقٍ ﴿٢٠٠﴾

(૨૦૦) પછી જ્યારે તમે હજના અરકાનથી પરવારી જાઓ ત્યારે અલ્લાહને એવી રીતે યાદ કરો કે જેવી રીતે તમારા બાપદાદાઓને યાદ કરો છો અથવા તે કરતાંય વધારે; અને લોકોમાંથી કેટલાક એવા છે કે જેઓ કહે છે કે અય અમારા પરવરદિગાર! અમને દુનિયામાંજ (લાભ) આપી દે તો એવા (લોકો) માટે પરલોકમાં કાંઈ પણ ભાગ નથી.

وَمِنۡهُمۡ مَّنۡ يَّقُوۡلُ رَبَّنَآ اٰتِنَا فِى الدُّنۡيَا حَسَنَةً وَّفِى الۡاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ﴿۲۰۱﴾

(૨૦૧) અને તેઓમાંથી કેટલાક એવા (પણ) છે કે જેઓ કહે છે કે અય અમારા પરવરદિગાર!

આલોકમાં અમારૂં ભલું કર તથા પરલોકમાં પણ અમારૂં ભલું કર અને અમને (દોઝખની) આગના અઝાબથી બચાવજે.

أُولَٰٓئِكَ لَهُمۡ نَصِيبٞ مِّمَّا كَسَبُواْۚ وَٱللَّهُ سَرِيعُ ٱلۡحِسَابِ ٢٠٢

(૨૦૨) આ એજ લોકો છે કે જેમને પરલોકમાં તેમણે દુનિયામાં જે કાંઈ મેળવ્યું છે તેમાંનો ભાગ (ફળ) મળશે; અને અલ્લાહ ઝડપી હિસાબ લેનાર છે.

وَٱذۡكُرُواْ ٱللَّهَ فِيٓ أَيَّامٖ مَّعۡدُودَٰتٖۚ فَمَن تَعَجَّلَ فِي يَوۡمَيۡنِ فَلَآ إِثۡمَ عَلَيۡهِ وَمَن تَأَخَّرَ فَلَآ إِثۡمَ عَلَيۡهِۖ لِمَنِ ٱتَّقَىٰۗ وَٱتَّقُواْ ٱللَّهَ وَٱعۡلَمُوٓاْ أَنَّكُمۡ إِلَيۡهِ تُحۡشَرُونَ ٢٠٣

(૨૦૩) અને ગણત્રી કરેલા (મિનાના ત્રણ) દિવસોમાં અલ્લાહનું સ્મરણ (ઝિક્ર) કરતા રહો; પછી જે કોઈ (માત્ર) બે દિવસમાં જ (મીનાથી) ચાલી નિકળે તો તેના માથે કાંઈ ગુનાહ નથી, અને જે કોઈ પાછળ રહે તો તેના ઉપર પણ કાંઈ ગુનાહ નથી, આ રાહત જે કોઈ (અલ્લાહથી) ડરીને ચાલશે તેનાજ માટે છે; અને તમે અલ્લાહથી ડરતા રહો અને જાણી લો કે તમે (કયામતના દિવસે) તેની હજુરમાં અવશ્ય એકઠા કરવામાં આવશો.

وَمِنَ النَّاسِ مَنۡ يُّعۡجِبُكَ قَوۡلُهٗ فِى الۡحَيٰوةِ الدُّنۡيَا وَيُشۡهِدُ اللّٰهَ
عَلٰى مَا فِىۡ قَلۡبِهٖ ۙ وَهُوَ اَلَدُّ الۡخِصَامِ ﴿٢٠٤﴾

(૨૦૪) અને (અય રસૂલ!) લોકોમાંથી એવો પણ છે કે જેની સંસારી જીવનને લગતી વાતો તને આશ્ચર્ય પમાડે છે અને જે (ભાવના) તેના અંતઃકરણમાં છે તેના પર અલ્લાહને પણ તે સાક્ષી બનાવે છે, જો કે (ખરી રીતે તો) તે (તારા દુશ્મનો માંહેનો) એક કટ્ટો દુશ્મન છે.

وَإِذَا تَوَلَّىٰ سَعَىٰ فِي الْأَرْضِ لِيُفْسِدَ فِيهَا وَيُهْلِكَ الْحَرْثَ
وَالنَّسْلَ ۗ وَاللَّهُ لَا يُحِبُّ الْفَسَادَ ﴿٢٠٥﴾

(૨૦૫) અને જ્યારે તે પીઠ ફેરવે છે ત્યારે પૃથ્વી પર ફસાદ કરવાના પ્રયત્ન કરે છે, એ માટે કે ખેતી વાડી અને આબાદી (પ્રાણી માત્ર)નો નાશ કરી

નાખે; અને અલ્લાહ બગાડ (ફિત્ના) ને પસંદ કરતો નથી.

وَاِذَا قِيۡلَ لَهُ اتَّقِ اللّٰهَ اَخَذَتۡهُ الۡعِزَّةُ بِالۡاِثۡمِ فَحَسۡبُهٗ جَهَنَّمُ ؕ وَلَبِئۡسَ الۡمِهَادُ ﴿۲۰۶﴾

(૨૦૬) અને જ્યારે તેને કહેવામાં આવે છે કે તું અલ્લાહથી ડર ત્યારે તેનો અહંકાર તેને વધુ ગુનાહ કરવાની પ્રેરણા આપે છે તેથી તેના માટે દોઝખ (નો અઝાબ) પૂરતો છે; અને ખરેજ તે ઘણું જ બુરૂં રહેઠાણ છે.

وَمِنَ النَّاسِ مَنۡ يَّشۡرِىۡ نَفۡسَهُ ابۡتِغَآءَ مَرۡضَاتِ اللّٰهِ ؕ وَاللّٰهُ رَءُوۡفٌ ۢ بِالۡعِبَادِ ﴿۲۰۷﴾

(૨૦૭) અને લોકોમાંથી (કોઈ) એવો (પણ) છે જે અલ્લાહની ખુશી સંપાદન કરવા (માટે) પોતાનો જીવ પણ વેચી નાખે છે; અને અલ્લાહ સર્વે બંદાઓ પર માયાળુ છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوا ادْخُلُوْا فِي السِّلْمِ كَآفَّةً ۖ وَّلَا تَتَّبِعُوْا
خُطُوٰتِ الشَّيْطٰنِ ۭ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿٢٠٨﴾

(૨૦૮) અય ઈમાન લાવનારાઓ! તમે સઘળા એકી સાથે ઈસ્લામમાં દાખલ થાઓ, (અલ્લાહને એકી સાથે આધીન થાઓ) અને શેતાનના પગલે ચાલો નહિ; બેશક તે તમારો ખુલ્લો દુશ્મન છે.

فَاِنۡ زَلَلۡتُمۡ مِّنۡۢ بَعۡدِ مَا جَآءَتۡكُمُ الۡبَيِّنٰتُ فَاعۡلَمُوۡۤا اَنَّ اللّٰهَ
عَزِيۡزٌ حَكِيۡمٌ ﴿۲۰۹﴾

(૨૦૯) પછી તમારી પાસે સ્પષ્ટ દલીલો આવ્યા બાદ (પણ) જો તમે ડગમગશો તો જાણી લો કે બેશક અલ્લાહ સમર્થ (અને) હિકમતવાળો છે.

هَلۡ يَنۡظُرُوۡنَ اِلَّاۤ اَنۡ يَّاۡتِيَهُمُ اللّٰهُ فِىۡ ظُلَلٍ مِّنَ الۡغَمَامِ
وَالۡمَلٰٓـئِكَةُ وَقُضِىَ الۡاَمۡرُ ‌ؕ وَاِلَى اللّٰهِ تُرۡجَعُ الۡاُمُوۡرُ ﴿۲۱۰﴾

(૨૧૦) શું તેઓ આ વાતની રાહ જુએ છે કે અલ્લાહ વાદળાઓની છાયામાં તેમની પાસે આવે અને ફરિશ્તાઓ (પણ) આવે અને સઘળા મામલાનો ફેંસલો થઈ જાય (યાને કરણીનું ફળ

મળી જાય) જો કે (એ સર્વે) મામલાઓ (નિર્ણય માટે) અલ્લાહનીજ તરફ રજુ થાય છે.

سَلۡ بَنِیۡۤ اِسۡرَآءِیۡلَ کَمۡ اٰتَیۡنٰہُمۡ مِّنۡ اٰیَۃٍۭ بَیِّنَۃٍ ؕ وَمَنۡ یُّبَدِّلۡ
نِعۡمَۃَ اللّٰہِ مِنۡۢ بَعۡدِ مَا جَآءَتۡہُ فَاِنَّ اللّٰہَ شَدِیۡدُ الۡعِقَابِ ﴿۲۱۱﴾

(૨૧૧) (અય રસૂલ!) બની ઈસરાઈલને પૂછ કે અમોએ તેમને કેટલી બધી પ્રત્યક્ષ નિશાનીઓ આપી હતી અને જે (કોઈ) અલ્લાહે આપેલી નેઅમતને તેની પાસે આવ્યા પછી બદલી નાખે છે તો નિસંશય અલ્લાહ અઝાબ આપવામાં ઘણો જ સખત છે.

زُيِّنَ لِلَّذِيۡنَ كَفَرُوا الۡحَيٰوةُ الدُّنۡيَا وَيَسۡخَرُوۡنَ مِنَ الَّذِيۡنَ
اٰمَنُوۡا ۘ وَالَّذِيۡنَ اتَّقَوۡا فَوۡقَهُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ ؕ وَاللّٰهُ يَرۡزُقُ مَنۡ
يَّشَآءُ بِغَيۡرِ حِسَابٍ ﴿٢١٢﴾

(૨૧૨) દુનિયાની જિંદગી ઈમાન ન લાવનારાઓની નજરમાં સુશોભીત બનાવવામાં આવી છે અને તેઓ ઈમાન લાવનારાઓની મશ્કરી કરે છે; જો કે જેઓ પરહેઝગાર હશે તેઓ તો કયામતના દિવસે તેમના પર સરસાઈ ધરાવશે અને અલ્લાહ જેને ચાહે છે તેને બે હિસાબ રોજી અર્પણ કરે છે.

كَانَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً ۫ فَبَعَثَ اللّٰهُ النَّبِيّٖنَ مُبَشِّرِيْنَ
وَمُنْذِرِيْنَ ۪ وَاَنْزَلَ مَعَهُمُ الْكِتٰبَ بِالْحَقِّ لِيَحْكُمَ بَيْنَ
النَّاسِ فِيْمَا اخْتَلَفُوْا فِيْهِ ؕ وَمَا اخْتَلَفَ فِيْهِ اِلَّا الَّذِيْنَ
اُوْتُوْهُ مِنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ بَغْيًۢا بَيْنَهُمْ ۚ فَهَدَى
اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا لِمَا اخْتَلَفُوْا فِيْهِ مِنَ الْحَقِّ بِاِذْنِهٖ ؕ وَاللّٰهُ
يَهْدِىْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۲۱۳﴾

(૨૧૩) (શરૂઆતમાં) સઘળા લોકો એકજ ઉમ્મત હતા; પછી અલ્લાહે ખુશખબર આપનારા તથા ડરાવનારા નબીઓ મોકલ્યા, તથા તેમની સાથે સાથે સત્યતાવાળી કિતાબ (પણ) મોકલી કે તે

(કિતાબ) લોકો વચ્ચે જે વિષે તેઓ મતભેદ કરતા હતા તેનો નિર્ણય કરે; અને તેમાં બીજા કોઈએ મતભેદ કર્યો નહિ પણ તેમણે કે જેમને તે (કિતાબ) આપવામાં આવી હતી (અને) તે (મતભેદ) પણ સ્પષ્ટ દલીલો તેમની પાસે આવી ગયા પછી અને તે માત્ર અરસ પરસની દુશ્મનાઈને લીધે જ (કર્યો હતો.) પછી અલ્લાહે ઈમાન લાવનારાઓને પોતાના હુકમથી તે સત્ય દેખાડી દીધું કે જેના વિષે તેઓ મતભેદ કર્યા કરતા હતા; અને અલ્લાહ જેને ચાહે છે તેને સન્માર્ગે લઈ જાય છે.

أَمۡ حَسِبۡتُمۡ أَنۡ تَدۡخُلُوا الۡجَنَّةَ وَلَمَّا يَأۡتِكُمۡ مَّثَلُ الَّذِيۡنَ
خَلَوۡا مِنۡ قَبۡلِكُمۡ ؕ مَسَّتۡهُمُ الۡبَأۡسَآءُ وَالضَّرَّآءُ وَزُلۡزِلُوۡا حَتّٰى
يَقُوۡلَ الرَّسُوۡلُ وَالَّذِيۡنَ اٰمَنُوۡا مَعَهٗ مَتٰى نَصۡرُ اللّٰهِ ؕ اَلَاۤ اِنَّ
نَصۡرَ اللّٰهِ قَرِيۡبٌ ﴿۲۱۴﴾

(૨૧૪) શું તમોએ એમ ધારી લીધું છે કે તમે જન્નતમાં ચાલ્યા જશો જ્યારે અત્યાર સુધી તમારા પર એવું વીત્યું નથી જેવું કે તમારા પૂર્વજો પર વીતી ગયું છે? (અર્થાત) તેમના ઉપર (એવી) સખ્તાઈ તથા દુઃખ આવી પડયાં કે તેઓ ધ્રુજી ગયા, અહીં સુધી કે રસૂલ તથા તેની સાથે ઈમાન લાવનારાઓ બોલી ઉઠ્યા કે (હવે) અલ્લાહની

મદદ ક્યારે આવશે? (અલ્લાહ તરફથી કહેવામાં આવ્યું કે) ગભરાઓ નહિ નિસંશય અલ્લાહની મદદ નજદીક છે.

يَسۡـَٔلُوۡنَكَ مَاذَا يُنۡفِقُوۡنَ ؕ قُلۡ مَآ اَنۡفَقۡتُمۡ مِّنۡ خَيۡرٍ فَلِلۡوَالِدَيۡنِ وَالۡاَقۡرَبِيۡنَ وَالۡيَتٰمٰى وَالۡمَسٰكِيۡنِ وَابۡنِ السَّبِيۡلِ ؕ وَمَا تَفۡعَلُوۡا مِنۡ خَيۡرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيۡمٌ ﴿۲۱۵﴾

(૨૧૫) (અય રસૂલ!) લોકો તને પૂછે છે કે તેઓ દાનમાં શું આપે; તું કહે કે માલમાંથી તમે જે કાંઈ ખર્ચ કરો તે માં બાપ માટે તથા અતિનિકટના સગાં વહાલાંઓ માટે તથા યતીમો માટે તથા મોહતાજો અને મુસાફરો માટે હોવો જોઈએ; અને

જે (પણ) નેકી તમે કરો છો તે નિસંશય અલ્લાહ સારી પેઠે જાણે છે.

كُتِبَ عَلَيۡكُمُ الۡقِتَالُ وَهُوَ كُرۡهٌ لَّكُمۡ‌ ۚ وَعَسٰۤى اَنۡ تَكۡرَهُوۡا شَيۡـــًٔا وَّهُوَ خَيۡرٌ لَّكُمۡ‌ ۚ وَعَسٰۤى اَنۡ تُحِبُّوۡا شَيۡـــًٔا وَّهُوَ شَرٌّ لَّكُمۡ‌ؕ وَاللّٰهُ يَعۡلَمُ وَاَنۡتُمۡ لَا تَعۡلَمُوۡنَ ۝٢١٦

(૨૧૬) તમારા ઉપર જેહાદ (ધર્મયુદ્ધ) વાજિબ કરવામાં આવ્યું છે. જો કે તે તમને નાપસંદ છે, પણ કદાચને તમે એક વસ્તુ નાપસંદ કરો પણ તે તમારા માટે સારી હોય, અને (બીજી) એક વસ્તુ તમે પસંદ કરો (પણ) તે તમારા હકમાં બૂરી હોય; અને અલ્લાહ જાણે છે અને તમે જાણતા નથી.

يَسْـَٔلُوْنَكَ عَنِ الشَّهْرِ الْحَرَامِ قِتَالٍ فِيْهِ ؕ قُلْ قِتَالٌ فِيْهِ
كَبِيْرٌ ؕ وَصَدٌّ عَنْ سَبِيْلِ اللّٰهِ وَكُفْرٌۢ بِهٖ وَالْمَسْجِدِ الْحَرَامِ ۗ
وَاِخْرَاجُ اَهْلِهٖ مِنْهُ اَكْبَرُ عِنْدَ اللّٰهِ ۚ وَالْفِتْنَةُ اَكْبَرُ مِنَ
الْقَتْلِ ؕ وَلَا يَزَالُوْنَ يُقَاتِلُوْنَكُمْ حَتّٰى يَرُدُّوْكُمْ عَنْ دِيْنِكُمْ
اِنِ اسْتَطَاعُوْا ؕ وَمَنْ يَّرْتَدِدْ مِنْكُمْ عَنْ دِيْنِهٖ فَيَمُتْ
وَهُوَ كَافِرٌ فَاُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ
وَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢١٧﴾

(૨૧૭) (લોકો) તને પવિત્ર મહિનાઓમાં જેહાદ કરવા સબંધી પૂછે છે; કહે કે તેમાં જેહાદ કરવી (એ) બહુ મોટો ગુનોહ છે; તેમ (લોકોને) અલ્લાહના

માર્ગથી રોકવા તથા (પોતે પણ) અલ્લાહનો ઈન્કાર કરવો અને મસ્જિદુલ હરામથી લોકોને અટકાવવા અને તે (મસ્જિદો) ની સાથે સબંધ ધરાવનારાઓને તેમાંથી કાઢી મૂકવા (તે) અલ્લાહની પાસે તેથી પણ વધારે ગંભીર ગુનાહ છે અને ફિત્નો એ લોહી રેડવા કરતાંય વધારે ગંભીર (ગુનાહ) છે. અને તે (મુશ્રીકો) તમારાથી સતત લડ્યા કરશે એટલે સુધી કે જો તેમનું ચાલી શકે તો તેઓ તમને તમારા આ દીનથી ફેરવી નાખે; અને તમારામાંથી જે પોતાના દીનથી ફરી જશે અને બેઈમાનીની હાલતમાં મરી જશે તો તેવા લોકોના કર્મો આલોક તેમજ પરલોકમાં નષ્ટ

થઈ જશે, અને તેઓજ આગના રહેવાસીઓ છે, જેમાં તેઓ હંમેશને માટે રહેશે.

إِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ هَاجَرُوْا وَجٰهَدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ ۙ
أُولٰٓئِكَ يَرْجُوْنَ رَحْمَتَ اللّٰهِ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢١٨﴾

(૨૧૮) બેશક જે લોકો ઈમાન લાવ્યા છે તથા જેમણે હિજરત (સ્વદેશ ત્યાગ) કરી છે અને અલ્લાહના માર્ગમાં જેહાદ કરી છે તેઓજ અલ્લાહની કૃપાના ઉમેદવાર છે; અને અલ્લાહ ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ ؕ قُلْ فِيْهِمَآ اِثْمٌ كَبِيْرٌ
وَّمَنَافِعُ لِلنَّاسِ ؗ وَاِثْمُهُمَآ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا ؕ وَيَسْـَٔلُوْنَكَ

مَاذَا يُنۡفِقُوۡنَ ؕ قُلِ الۡعَفۡوَ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الۡاٰيٰتِ
لَعَلَّكُمۡ تَتَفَكَّرُوۡنَ ﴿٢١٩﴾

(૨૧૯) (અય રસૂલ!) લોકો તને મદિરા (દારૂ) તથા જુગાર સબંધી પુછે છે; કહે કે એ બંનેમાં મોટો ગુનાહ છે અને લોકો માટે (તેમાં) ફાયદાઓ પણ છે; છતાં એ બંનેમાંનો ગુનાહ તેના ફાયદાઓ કરતાં વધારે છે; અને તને પૂછે છે કે અલ્લાહની રાહમાં તેઓ શું ખર્ચ કરે? કહે કે (યોગ્ય ખર્ચ કરતાં) બાકી રહેલું; આવી રીતે અલ્લાહ તમારા માટે (પોતાના) હુકમો સ્પષ્ટ કરીને વર્ણવે છે કે જેથી તમે મનન કરોઃ

فِي الدُّنْيَا وَالْاٰخِرَةِؕ وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْيَتٰمٰىؕ قُلْ اِصْلَاحٌ
لَّهُمْ خَيْرٌؕ وَاِنْ تُخَالِطُوْهُمْ فَاِخْوَانُكُمْؕ وَاللّٰهُ يَعْلَمُ
الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَاَعْنَتَكُمْؕ اِنَّ اللّٰهَ
عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٢٠﴾

(૨૨૦) આલોક તથા પરલોક સબંધી; અને તેઓ તને યતીમો સબંધી પૂછે છે; કહે કે તેમની (હાલત) સુધારવી સત્કાર્ય છે; અને જો તમે તેમને ભાગીદારીમાં લો તો તેઓ તમારા (ધર્મ) બંધુઓ છે; અને અલ્લાહ (યતીમોની હાલત) બગાડનાર તથા સુધારનાર કોણ છે તે સારી પેઠે જાણે છે; અને જો અલ્લાહ ઈચ્છતે તો તે તમને મુશ્કેલીમાં

નાખી દેતે; બેશક અલ્લાહ સમર્થ (અને) હિકમતવાળો છે.

وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ ؕ وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّلَوْ اَعْجَبَتْكُمْ ۚ وَلَا تُنْكِحُوا الْمُشْرِكِيْنَ حَتّٰى يُؤْمِنُوْا ؕ وَلَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّنْ مُّشْرِكٍ وَّلَوْ اَعْجَبَكُمْ ؕ اُولٰٓئِكَ يَدْعُوْنَ اِلَى النَّارِ ۖۚ وَاللّٰهُ يَدْعُوْٓا اِلَى الْجَنَّةِ وَالْمَغْفِرَةِ بِاِذْنِهٖ ۚ وَيُبَيِّنُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٢٢١﴾

(૨૨૧) અને મુશ્રીક સ્ત્રીઓ ઈમાન લાવે નહિ ત્યાં સુધી તેમની સાથે નિકાહ કરો નહિ; ખચીતજ એક ઈમાનવાળી કનીઝ (આઝાદ) મુશ્રીક સ્ત્રી કરતાં બેહતર છે પછી ભલેને તે (મુશ્રીક) સ્ત્રી ગમે તેટલી

પણ તમને સારી કેમ ન લાગતી હોય, અને મુશ્રીકો જયાં સુધી ઈમાન લાવે નહિ ત્યાં સુધી (મુસ્લિમ સ્ત્રીઓ) તેમના નિકાહમાં તમે ન આપો; અને ખચીતજ એક મોમીન ગુલામ (આઝાદ) મુશ્રીક કરતાં બેહતર છે પછી ભલેને તે (મુશ્રીક ગમે તેટલો) તમને સારો કેમ ન લાગતો હોય; તે (મુશ્રીકો) તમને (જહન્નમની) આગ તરફ બોલાવે છે, અને અલ્લાહ પોતાના હુકમથી સ્વર્ગ અને ક્ષમા તરફ બોલાવે છે, અને લોકો માટે પોતાના હુકમો સ્પષ્ટ કરીને વર્ણવે છે કે જેથી તેઓ બોધ ગ્રહણ કરે.

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْمَحِيْضِ ؕ قُلْ هُوَ اَذًى ۙ فَاعْتَزِلُوا النِّسَآءَ

فِي الْمَحِيْضِ ۙ وَلَا تَقْرَبُوْهُنَّ حَتّٰى يَطْهُرْنَ ۚ فَاِذَا تَطَهَّرْنَ

فَاْتُوْهُنَّ مِنْ حَيْثُ اَمَرَكُمُ اللّٰهُ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِيْنَ

وَيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ ﴿٢٢٢﴾

(૨૨૨) અને (અય રસૂલ!) તેઓ તને (સ્ત્રીઓની) માસિક માંદગી વિષે પૂછે છે; કહે કે તે એક નાપાકી (નજાસત) છે, માટે તમે માસીક માંદગીના સમયે તમારી સ્ત્રીઓથી અળગા રહો, અને જ્યાં સુધી તેણીઓ પાક ન થાય ત્યાં સુધી તેમની પાસે જાઓ નહિ, પછી જ્યારે તેણીઓ નાહી લે (ગુસ્લ કરે) તો જ્યાંથી તમને અલ્લાહે ફરમાવ્યું છે ત્યાંથી

તેમની પાસે જાઓ; નિસંશય અલ્લાહ તૌબા કરનારાઓને તથા પાક રહેનારાઓને દોસ્ત રાખે છે.

نِسَآؤُكُمْ حَرْثٌ لَّكُمْ ۪ فَاْتُوْا حَرْثَكُمْ اَنّٰى شِئْتُمْ ۫ وَقَدِّمُوْا لِاَنْفُسِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّكُمْ مُّلٰقُوْهُ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ۝۲۲۳

(૨૨૩) તમારી સ્ત્રીઓ તમારી ખેતી છે, જેથી તમારી ખેતીઓમાં તમારૂ મન ચાહે ત્યારે જાઓ, અને તમે તમારા પોતાના માટે અગાઉથી નેકી મોકલતા રહો; તથા અલ્લાહથી ડરતા રહો અને

આ જાણી લો કે તમે તેને અવશ્ય મળનાર છો; અને મોઅમીનોને ખુશખબર આપ.

وَلَا تَجْعَلُوا اللّٰهَ عُرْضَةً لِّاَيْمَانِكُمْ اَنْ تَبَرُّوْا وَتَتَّقُوْا وَتُصْلِحُوْا بَيْنَ النَّاسِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۲۲۴﴾

(૨૨૪) અને (અય મુસલમાનો!) તમારા નિરર્થક સોગંદોને લઈને નેકી કરવા તથા પરહેઝગારીથી વર્તવા અને લોકો વચ્ચે સુલેહ શાંતિ ફેલાવવામાં અલ્લાહને અટકાયતનું કારણ ઠરાવો નહિ. અને અલ્લાહ મહાજ્ઞાની સાંભળનાર (અને) જાણનાર છે.

لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا كَسَبَتْ قُلُوْبُكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ﴿۲۲۵﴾

(૨૨૫) અલ્લાહ તમને તમારી અયોગ્ય પ્રતિજ્ઞાઓ માટે પકડશે નહિ પણ તમારા અંતઃકરણોએ જે નિર્ધાર્યું હશે તેના માટે જ પકડશે; અને અલ્લાહ મહાન ક્ષમા કરનાર (અને) સહનશીલ છે.

لِلَّذِيْنَ يُؤْلُوْنَ مِنْ نِّسَآبِهِمْ تَرَبُّصُ اَرْبَعَةِ اَشْهُرٍ ۚ فَاِنْ فَآءُوْ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٢٦﴾

(૨૨૬) જે લોકો પોતાની પત્નિઓ પાસે નહિ જવાની પ્રતિજ્ઞા લે છે તેઓએ ચાર માસની રાહ જોવી, પછી જો તેઓ (તે મુદ્દત દરમિયાન પ્રતિજ્ઞાથી) ફરી જાય તો ખરેખર અલ્લાહ મહાન બક્ષનાર (અને) દયાળુ છે.

وَاِنۡ عَزَمُوا الطَّلَاقَ فَاِنَّ اللّٰهَ سَمِيۡعٌ عَلِيۡمٌ ﴿۲۲۷﴾

(૨૨૭) પણ જો તેઓ તલાકનો નિશ્ચય કરી લે તો નિસંશય અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

وَالۡمُطَلَّقٰتُ يَتَرَبَّصۡنَ بِاَنۡفُسِهِنَّ ثَلٰثَةَ قُرُوۡٓءٍ ؕ وَلَا يَحِلُّ لَهُنَّ
اَنۡ يَّكۡتُمۡنَ مَا خَلَقَ اللّٰهُ فِىۡٓ اَرۡحَامِهِنَّ اِنۡ كُنَّ يُؤۡمِنَّ بِاللّٰهِ
وَالۡيَوۡمِ الۡاٰخِرِ ؕ وَبُعُوۡلَتُهُنَّ اَحَقُّ بِرَدِّهِنَّ فِىۡ ذٰلِكَ اِنۡ اَرَادُوۡٓا
اِصۡلَاحًا ؕ وَلَهُنَّ مِثۡلُ الَّذِىۡ عَلَيۡهِنَّ بِالۡمَعۡرُوۡفِ‌ۚ وَلِلرِّجَالِ
عَلَيۡهِنَّ دَرَجَةٌ ؕ وَاللّٰهُ عَزِيۡزٌ حَكِيۡمٌ ﴿۲۲۸﴾

(૨૨૮) અને જે સ્ત્રીઓને તલાક આપવામાં આવી હોય તેઓએ પોતાના માટે ત્રણ ઋતુસ્ત્રાવસુધી રાહ જોવી જોઈએ; અને જો તેઓ અલ્લાહ તથા કયામતના દિવસ પર ઈમાન ધરાવતી હોય તો તેમના માટે તેમના ગર્ભાશયમાં અલ્લાહે જે કાંઈ પેદા કર્યું હોય તેને સંતાડવું હરગિઝ જાઈઝ (યોગ્ય) નથી; અને જો તે દરમિયાન તેમના પતિઓ સમાધાનની ઈચ્છા કરે તો તેમને તે સ્ત્રીઓને પાછી લેવાનો (બીજાઓ કરતાં) વધુ હક છે; અને શરીઅત (ધર્મ નિયમો) ની રૂએ સ્ત્રીઓને જે હક પુરૂષો પર છે તેટલો જ હક પુરૂષોનો સ્ત્રીઓ પર છે, અલબત્ત પુરૂષોનો દરજ્જો સ્ત્રીઓ કરતાં

વધારે છે, અને અલ્લાહ સમર્થ (અને) હિકમતવાળો છે.

اَلطَّلَاقُ مَرَّتٰنِ ۪ فَاِمۡسَاكٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ تَسۡرِيۡحٌۢ بِاِحۡسَانٍ ‌ؕ وَلَا
يَحِلُّ لَـكُمۡ اَنۡ تَاۡخُذُوۡا مِمَّآ اٰتَيۡتُمُوۡهُنَّ شَيۡـئًا اِلَّاۤ اَنۡ يَّخَافَاۤ اَلَّا
يُقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ‌ؕ فَاِنۡ خِفۡتُمۡ اَلَّا يُقِيۡمَا حُدُوۡدَ اللّٰهِ ۙ فَلَا
جُنَاحَ عَلَيۡهِمَا فِيۡمَا افۡتَدَتۡ بِهٖ‌ؕ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ فَلَا
تَعۡتَدُوۡهَا ۚ وَمَنۡ يَّتَعَدَّ حُدُوۡدَ اللّٰهِ فَاُولٰٓـئِكَ هُمُ الظّٰلِمُوۡنَ ﴿۲۲۹﴾

(૨૨૯) તલાક (રદ થઈ શકનાર) બે વખત છે, તે પછી તે (સ્ત્રી)ઓને યોગ્ય રીતે રાખવી અથવા ભલાઈની સાથે તેમને જવા દેવી; અને આ તમારા માટે હલાલ નથી કે જે કાંઈ તમે તેમને આપી

ચૂક્યા હો તેમાંથી (અર્થાત મહેરમાંથી) કાંઈ પાછું લઈ લો; સિવાય એ હાલતમાં કે બંનેને આ વાતનો ભય હોય કે બંને અલ્લાહની હદ (ના નિયમો) પર કાયમ રહી શકશે નહિ; (અય મુસલમાનો!) પછી જો તમને તે (વાત) નો ભય હોય કે બંને પક્ષો અલ્લાહની હદ પર કાયમ રહેશે નહિ, તો જો સ્ત્રી પોતાના છુટકારા (ખુલાઅ) માટે કાંઈ બદલો આપી દે તો બન્ને ઉપર કાંઈ દોષ નથી; આ અલ્લાહની હદો છે જેથી તેને ઓળંગી જાઓ નહિ; અને જેઓ અલ્લાહની હદો ઓળંગી જાય છે તેઓજ ઝુલમગાર છે.

فَاِنۡ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنۡۢ بَعۡدُ حَتّٰى تَنۡكِحَ زَوۡجًا غَيۡرَهٗؕ
فَاِنۡ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيۡهِمَآ اَنۡ يَّتَرَاجَعَآ اِنۡ ظَنَّآ اَنۡ يُّقِيۡمَا
حُدُوۡدَ اللّٰهِؕ وَتِلۡكَ حُدُوۡدُ اللّٰهِ يُبَيِّنُهَا لِقَوۡمٍ يَّعۡلَمُوۡنَ‏ ﴿۲۳۰﴾

(૨૩૦) પછી જો તેણીને (ત્રીજી) તલાક (બાઈન/રદ ન થઈ શકનાર) આપે તો તે બાદ તેણી તેના માટે હલાલ રહેશે નહિ જયાં સુધી તેણી તેના સિવાય બીજા કોઈ મરદ સાથે નિકાહ કરે નહિ; પછી જો તે (બીજો ધણી પણ) તેણીને તલાક આપે તો તેઓ એકબીજાને ફરીથી પરણે (એમ કરવામાં) તેમના ઉપર કાંઈ દોષ નથી; આ શરતે કે તેઓ બંને એમ ધારે કે તેઓ અલ્લાહના નિયમો જાળવી શકશે;

અને આ અલ્લાહની હદો છે જે તે લોકો માટે વર્ણવે છે કે જેઓ સમજ ધરાવે છે.

وَإِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ فَاَمْسِكُوهُنَّ بِمَعْرُوفٍ
اَوْ سَرِّحُوهُنَّ بِمَعْرُوفٍ ۖ وَلَا تُمْسِكُوهُنَّ ضِرَارًا لِّتَعْتَدُوا ۚ
وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَقَدْ ظَلَمَ نَفْسَهٗ ؕ وَلَا تَتَّخِذُوٓا اٰيٰتِ اللّٰهِ
هُزُوًا ۫ وَّاذْكُرُوا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ وَمَآ اَنْزَلَ عَلَيْكُمْ مِّنَ
الْكِتٰبِ وَالْحِكْمَةِ يَعِظُكُمْ بِهٖ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوٓا اَنَّ اللّٰهَ
بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٢٣١﴾

(૨૩૧) અને જ્યારે તમે સ્ત્રીઓને તલાક આપો અને તેઓ પોતાની ઈદ્દત (પૂર્ણ કરવા) ની નજીક

જઈ પહોંચે ત્યારે અગર તો વાજબી રીતે તેઓને રોકી લો અથવા યોગ્ય રીતે વર્તી રવાના કરો, અને તેમને હાનિ પહોંચાડવાના હેતુસર રોકો નહિ કે જેથી તમે અત્યાચારી બનો, અને જે એમ કરશે તેણે ખરેખર પોતાનાજ (જીવ) ઉપર ઝુલ્મ કર્યો અને અલ્લાહની આયતોને હસી કાઢો નહિ અને અલ્લાહે જે નેઅમતો તમને અર્પણ કરી છે તે અને જે કિતાબ તથા હિકમત (ધર્મ નિયમો) તમારા પર ઉતાર્યા છે તે યાદ કરતા રહો તમને તે દ્વારા તે શિખામણ આપે છે; અને અલ્લાહથી ડરો અને જાણો કે અલ્લાહ દરેક વસ્તુની જાણ ધરાવે છે.

وَاِذَا طَلَّقْتُمُ النِّسَآءَ فَبَلَغْنَ اَجَلَهُنَّ فَلَا تَعْضُلُوْهُنَّ اَنْ
يَّنْكِحْنَ اَزْوَاجَهُنَّ اِذَا تَرَاضَوْا بَيْنَهُمْ بِالْمَعْرُوْفِ ؕ ذٰلِكَ
يُوْعَظُ بِهٖ مَنْ كَانَ مِنْكُمْ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ ذٰلِكُمْ
اَزْكٰى لَكُمْ وَاَطْهَرُ ؕ وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿٢٣٢﴾

(૨૩૨) અને જ્યારે તમોએ સ્ત્રીઓને તલાક આપી દીધી હોય અને તેમણે પોતાની ઈદ્દત પૂર્ણ કરી દીધી હોય તો તેમને પોતાના આગલા ખાવિંદો સાથે જો તેઓ પરસ્પર યોગ્ય રીતે રાજી થઈ જાય તો - પરણતી અટકાવો નહિ; તે દ્વારા તમારામાંના તે (લોકો) ને નસીહત કરવામાં આવે છે કે જેઓ અલ્લાહ તથા કયામત પર ઈમાન રાખે છે; આ

(પ્રમાણે વર્તવું) તમારા માટે વધુ લાભદાયક (અને) પાક છે; અને અલ્લાહ જાણે છે અને તમે જાણતા નથી.

وَالْوَالِدٰتُ يُرْضِعْنَ اَوْلَادَهُنَّ حَوْلَيْنِ كَامِلَيْنِ لِمَنْ اَرَادَ اَنْ

يُّتِمَّ الرَّضَاعَةَ ؕ وَعَلَى الْمَوْلُوْدِ لَهٗ رِزْقُهُنَّ وَ كِسْوَتُهُنَّ

بِالْمَعْرُوْفِ ؕ لَا تُكَلَّفُ نَفْسٌ اِلَّا وُسْعَهَا ۚ لَا تُضَآرَّ وَالِدَةٌۢ

بِوَلَدِهَا وَلَا مَوْلُوْدٌ لَّهٗ بِوَلَدِهٖ ۗ وَعَلَى الْوَارِثِ مِثْلُ ذٰلِكَ ۚ

فَاِنْ اَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَتَشَاوُرٍ فَلَا جُنَاحَ

عَلَيْهِمَا ؕ وَاِنْ اَرَدْتُّمْ اَنْ تَسْتَرْضِعُوْٓا اَوْلَادَكُمْ فَلَا جُنَاحَ

عَلَيْكُمْ اِذَا سَلَّمْتُمْ مَّآ اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِ ۭ وَاتَّقُوا اللّٰهَ

وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ۝۲۳۳

(૨૩૩) અને (તલાક મેળવેલી) માતાઓએ પોતાના બાળકોને પૂરાવવાની બે વર્ષ સુધી દૂધ પીવડાવવું જોઈએ, આ તેના માટે છે કે જેઓ દૂધ પીવડાવવાની મુદ્દત પૂરી કરવા (કરાવવા) ચાહતાં હોય; અને તે (દૂધ પીવરાવનારી સ્ત્રીઓ)ના ખોરાક તથા પોશાકનો ખર્ચ યોગ્ય રીતે (બાળકના) બાપના શિરે છે; કોઈ વ્યક્તિને તેના ગજા ઉપરાંત તકલીફ આપવામાં ન આવે, (એટલે કે) ન માતાને તેણીના કારણે હાની પહોંચાડવામાં આવે, ન બાપને તેના બાળકના કારણે હાની પહોંચાડવામાં

આવે, અને બાપના સ્થાને ઉભા રહેનારના માથે (પણ) એજ ફરજ છે, પછી જો બન્ને (માં બાપ) ની રાજી ખુશીથી અને પરસ્પરની સલાહથી દૂધ છોડાવી લેવા ચાહે તો બંને ઉપર કાંઈ દોષ નથી; અને જો તમે તમારા બચ્ચાઓને (ધાવવાનું) દૂધ પીવરાવવા ઈચ્છતા હો તો તેમ કરવામાં પણ તમારા ઉપર કાંઈ દોષ નથી, એ શરતે કે તમે જે ઠરાવ્યું હોય તે વાજબી રીતે તેણીને આપો; અને અલ્લાહથી ડરો અને જાણી લો કે જે કાંઈ તમે કરો છો તે અલ્લાહ નીહાળે છે.

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ
بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا ۚ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ فَلَا

جُنَاحَ عَلَيۡكُمۡ فِيۡمَا فَعَلۡنَ فِيۡۤ اَنۡفُسِهِنَّ بِالۡمَعۡرُوۡفِ ‌ؕ وَاللّٰهُ بِمَا
تَعۡمَلُوۡنَ خَبِيۡرٌ ۝٢٣٤

(૨૩૪) અને તમારામાંથી જે લોકો મરી જાય અને (પોતાની પાછળ) સ્ત્રીઓ મુકી જાય તો તે સ્ત્રીઓ ચાર મહિના અને દસ દિવસ (સુધી) રાહ જુએ, પછી જયારે તેઓ પોતાની ઈદ્દત (ની મુદ્દત) પૂરી કરે ત્યારે જાઈઝ રીતે પોતાના માટે જે કંઈ કરે તે માટે તમારા ઉપર કાંઈ દોષ નથી; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ જાણકાર છે.

وَلَا جُنَاحَ عَلَيۡكُمۡ فِيۡمَا عَرَّضۡتُمۡ بِهٖ مِنۡ خِطۡبَةِ النِّسَآءِ اَوۡ
اَكۡنَنۡتُمۡ فِيۡۤ اَنۡفُسِكُمۡ‌ ؕ عَلِمَ اللّٰهُ اَنَّكُمۡ سَتَذۡكُرُوۡنَهُنَّ وَلٰكِنۡ

لَا تُوَاعِدُوهُنَّ سِرًّا اِلَّآ اَنْ تَقُوْلُوْا قَوْلًا مَّعْرُوْفًا ۬ؕ وَلَا تَعْزِمُوْا

عُقْدَةَ النِّكَاحِ حَتّٰى يَبْلُغَ الْكِتٰبُ اَجَلَهٗ ؕ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ

يَعْلَمُ مَا فِيْٓ اَنْفُسِكُمْ فَاحْذَرُوْهُ ۚ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ غَفُوْرٌ

حَلِيْمٌ ﴿۲۳۵﴾

(૨૩૫) અને આ વિષે તમારા માટે કાંઈ ગુનોહ નથી કે આ (ઈદ્દતવાળી) સ્ત્રીઓને પરણવા માટે ખુલ્લી માંગણી કરો અથવા એ વિચારને તમારા મનમાં સંતાડી રાખો; (કેમકે) અલ્લાહ જાણે જ છે કે નજીકમાં તમે તેમને યાદ કરશો (અર્થાત પરણશો), પરંતુ છુપી રીતે તેમને વચન આપશો નહિ, સિવાય કે તેમની સાથે જાઈઝ (રીતે) વાતચીત

કરો; અને જ્યાં સુધી ઠરાવેલી ઈદ્દત (ની મુદ્દત) પૂરી ન થાય ત્યાં સુધી પરણવાનો નિશ્ચય કરો નહિ; અને જાણી લો કે તમારા મનમાં જે કાંઈ છે તે અલ્લાહ જાણે છે માટે તેનાથી ડરતા રહો, અને જાણી લો કે અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) સહનશીલ છે.

لَا جُنَاحَ عَلَيۡكُمۡ اِنۡ طَلَّقۡتُمُ النِّسَآءَ مَا لَمۡ تَمَسُّوۡهُنَّ اَوۡ تَفۡرِضُوۡا لَهُنَّ فَرِيۡضَةً ‌ۖۚ وَّمَتِّعُوۡهُنَّ ‌ۚ عَلَى الۡمُوۡسِعِ قَدَرُهٗ وَعَلَى الۡمُقۡتِرِ قَدَرُهٗ ‌ۚ مَتَاعًۢا بِالۡمَعۡرُوۡفِ‌ۚ حَقًّا عَلَى الۡمُحۡسِنِيۡنَ ﴿۲۳۶﴾

(૨૩૬) જો તમે તે (નિકાહમાં લાવેલી) સ્ત્રીઓને કે જેમને તમે અડકયા નથી અથવા જેમની મહેર હજી તમોએ નક્કી કરી નથી (તેમને) ત્યજી દો તો તમારા ઉપર કાંઈ દોષ નથી, પણ તેમને કાંઈ નફો પહોંચાડો (ભરણ પોષણ માટે કાંઈ આપો) તવંગર પોતાના ગજા પ્રમાણે તથા ગરીબ તેના ગજા પ્રમાણે યોગ્ય પ્રમાણમાં આપે, એહસાન કરનારાઓ ઉપર આ એક ફરજ છે.

وَاِنۡ طَلَّقۡتُمُوۡهُنَّ مِنۡ قَبۡلِ اَنۡ تَمَسُّوۡهُنَّ وَقَدۡ فَرَضۡتُمۡ لَهُنَّ فَرِيۡضَةً فَنِصۡفُ مَا فَرَضۡتُمۡ اِلَّاۤ اَنۡ يَّعۡفُوۡنَ اَوۡ يَعۡفُوَا الَّذِىۡ

بِيَدِهٖ عُقۡدَةُ النِّكَاحِ ؕ وَاَنۡ تَعۡفُوۡۤا اَقۡرَبُ لِلتَّقۡوٰى ؕ وَلَا
تَنۡسَوُا الۡفَضۡلَ بَيۡنَکُمۡ ؕ اِنَّ اللّٰهَ بِمَا تَعۡمَلُوۡنَ بَصِيۡرٌ ﴿۲۳۷﴾

(૨૩૭) અને જો તેમને સ્પર્શ કર્યા પહેલાં-એવી હાલતમાં કે તેમની મહેર નક્કી કરી ચુકયા હો-તલાક આપી દો તો જે કાંઈ (મહેર) તમોએ નક્કી કરી હોય તેની અડધી આપવી, સિવાય કે સ્ત્રીઓ પોતે માફ કરી દે અથવા તે માફ કરી દે કે જેના હાથમાં નિકાહની સત્તા હતી; અને જો તમે (અય સ્ત્રીઓ!) આખી (મહેર) માફ કરી દો તો તે પરહેઝગારીની વધુ નજીક છે (વધારે નિતી ભરેલું છે); અને અરસ પરસમાં ઉદારતા દેખાડવી ભૂલતા

નહિ; બેશક જે કાંઈ તમે કરો છો તે અલ્લાહ નિહાળેછે.

حٰفِظُوۡا عَلَى الصَّلَوٰتِ وَالصَّلٰوةِ الۡوُسۡطٰى ۚ وَقُوۡمُوۡا لِلّٰهِ قٰنِتِيۡنَ ﴿۲۳۸﴾

(૨૩૮) (અય મુસલમાનો!) સઘળી નમાઝો (નો સમય) સાંચવો ખાસ કરીને વચલી નમાઝ (નો), અને અલ્લાહની હજુરમાં આજ્ઞાંકિત પણે ઉભા રહો.

فَاِنۡ خِفۡتُمۡ فَرِجَالًا اَوۡ رُكۡبَانًا ۚ فَاِذَآ اَمِنۡتُمۡ فَاذۡكُرُوا اللّٰهَ كَمَا عَلَّمَكُمۡ مَّا لَمۡ تَكُوۡنُوۡا تَعۡلَمُوۡنَ ﴿۲۳۹﴾

(૨૩૯) પણ જો તમને ભય હોય તો પગે ચાલતાં અથવા ઘોડા ઉપર (જે હાલતમાં હો તે હાલતમાં

નમાઝ અદા કરો), પછી જ્યારે તમે નિર્ભય થઈ જાઓ ત્યારે અલ્લાહને એવી રીતે યાદ કરો કે જેવી રીતે તેણે તમને (પોતાના રસુલ દ્વારા) શીખવ્યું છે, જે તમે પ્રથમ જાણતા ન હતા.

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا ۖۚ وَّصِيَّةً
لِّاَزْوَاجِهِمْ مَّتَاعًا اِلَى الْحَوْلِ غَيْرَ اِخْرَاجٍ ۚ فَاِنْ خَرَجْنَ فَلَا
جُنَاحَ عَلَيْكُمْ فِيْ مَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ مِنْ مَّعْرُوْفٍ ۗ وَاللّٰهُ
عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٤٠﴾

(૨૪૦) અને તમારામાંથી જે લોકો મરણ પામે અને પાછળ (વિધવા) સ્ત્રી મૂકી જાય, તો (તેમને જોઈએ કે) પોતાની સ્ત્રીઓ માટે એક વર્ષ સુધી (ના

નિર્વાહના) સાધન પુરાં પાડવાં તથા ઘરમાંથી બહાર કાઢી મુકવી નહિ એવી વસિયત તેઓએ કરવી, પછી જો તે (સ્ત્રી ખુશીથી) નિકળી જાય અને પોતાના માટે કાયદેસર જે કાંઈ કરે તો તે માટે તમારા માથે કાંઈ દોષ નથી; અને અલ્લાહ સમર્થ અને હિકમતવાળો છે.

وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌۢ بِالْمَعْرُوْفِ ۭ حَقًّا عَلَى الْمُتَّقِيْنَ ﴿٢٤١﴾

(૨૪૧) અને તલાક આપવામાં આવેલી સ્ત્રીઓ માટે (પણ) કાંઈક વાજબી લાભ પહોંચાડવો જોઈએ; એ પરહેઝગારો પર એક ફરજ છે.

كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿٢٤٢﴾

(૨૪૨) એવી જ રીતે અલ્લાહ તમારા માટે પોતાના હુકમો સ્પષ્ટ કરીને વર્ણવે છે કે કદાચ તમે સમજો.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ خَرَجُوۡا مِنۡ دِيَارِهِمۡ وَهُمۡ اُلُوۡفٌ حَذَرَ
الۡمَوۡتِ‌ فَقَالَ لَهُمُ اللّٰهُ مُوۡتُوۡا ثُمَّ اَحۡيَاهُمۡ‌ؕ اِنَّ اللّٰهَ لَذُوۡ
فَضۡلٍ عَلَى النَّاسِ وَلٰـكِنَّ اَکۡثَرَ النَّاسِ لَا يَشۡکُرُوۡنَ ﴿۲۴۳﴾

(૨૪૩) (અય રસુલ) શું તેં તે (લોકોના સંબંધમાં) વિચાર્યું નથી કે જેઓ મૃત્યુના ભયથી પોતાનાં ઘરોનો ત્યાગ કરી ચાલ્યા ગયા હતા ? અને તેઓ હજારો (ની સંખ્યામાં) હતા, પછી અલ્લાહે તેમને હુકમ કર્યો કે મરી જાઓ; (એટલે મરી ગયા) પછી

તેણે તેમને સજીવન કર્યા; બેશક અલ્લાહ લોકો પર કૃપાળુ છે પણ ઘણા લોકો આભાર માનતા નથી.

وَقَاتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٤٤﴾

(૨૪૪) અને (અય મુસલમાનો!) અલ્લાહની રાહમાં લડો અને જાણી લો કે અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

مَنْ ذَا الَّذِيْ يُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهٗ لَهٗٓ اَضْعَافًا كَثِيْرَةً ۭ وَاللّٰهُ يَقْبِضُ وَيَبْصُۜطُ ۠ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢٤٥﴾

(૨૪૫) છે કોઈ એવો જે અલ્લાહને કર્ઝે હસના આપે કે જેથી અલ્લાહ તેને અસંખ્ય ગણું વધારી

આપે; અને અલ્લાહજ રોજી તંગ કરે છે અને વિશાળ કરે છે, અને તેનીજ તરફ તમારૂં પાછું ફરવું થશે.

اَلَمۡ تَرَ اِلَى الۡمَلَاِ مِنۡۢ بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ مِنۡۢ بَعۡدِ مُوۡسٰىۘ اِذۡ قَالُوۡا
لِنَبِىٍّ لَّهُمُ ابۡعَثۡ لَنَا مَلِكًا نُّقَاتِلۡ فِىۡ سَبِيۡلِ اللّٰهِؕ قَالَ هَلۡ
عَسَيۡتُمۡ اِنۡ كُتِبَ عَلَيۡكُمُ الۡقِتَالُ اَلَّا تُقَاتِلُوۡاؕ قَالُوۡا وَمَا
لَنَاۤ اَلَّا نُقَاتِلَ فِىۡ سَبِيۡلِ اللّٰهِ وَقَدۡ اُخۡرِجۡنَا مِنۡ دِيَارِنَا
وَاَبۡنَآٮِٕنَاؕ فَلَمَّا كُتِبَ عَلَيۡهِمُ الۡقِتَالُ تَوَلَّوۡا اِلَّا قَلِيۡلًا
مِّنۡهُمۡؕ وَاللّٰهُ عَلِيۡمٌۢ بِالظّٰلِمِيۡنَ ﴿۲۴۶﴾

(૨૪૬) (અય રસુલ !) શું તેં મુસા પછીના બની ઈસરાઈલીઓના આગેવાનોના એક ટોળા પર દ્રષ્ટિ નથી નાખી ? જયારે તેમણે તેમના પયગમ્બર (શમૂઈલ)ને કહ્યું કે અમારા માટે એક બાદશાહ નિયુક્ત કર (જેથી) અમે અલ્લાહના માર્ગમાં લડીએ; તેણે ફરમાવ્યું કે જો એવું બને કે તમારા પર જેહાદ વાજિબ કરવામાં આવે અને તમે જેહાદ ન કરો એ શું સંભવિત નથી ? તેમણે કહ્યું કે જ્યારે અમને અમારા ઘરોમાંથી કાઢી મુકવામાં આવ્યા છે તથા અમને અમારા (બાળ) બચ્ચાઓથી વિખુટા પાડી દેવામાં આવ્યા છે તો પછી અમારા માટે શું કારણ છે કે અમે અલ્લાહના

માર્ગમાં ન લડીએ ! પછી જયારે તેમના પર જેહાદ વાજિબ કરવામાં આવ્યું ત્યારે તેઓમાંના થોડાક સિવાય સઘળા જ પાછા ફરી બેઠા; અને અલ્લાહ ઝાલીમોથી સારી પેઠે વાકેફ છે.

وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ إِنَّ اللّٰهَ قَدْ بَعَثَ لَكُمْ طَالُوتَ مَلِكًا ؕ
قَالُوٓا أَنّٰى يَكُونُ لَهُ الْمُلْكُ عَلَيْنَا وَنَحْنُ أَحَقُّ بِالْمُلْكِ مِنْهُ
وَلَمْ يُؤْتَ سَعَةً مِّنَ الْمَالِ ؕ قَالَ إِنَّ اللّٰهَ اصْطَفٰهُ عَلَيْكُمْ
وَزَادَهٗ بَسْطَةً فِي الْعِلْمِ وَالْجِسْمِ ؕ وَاللّٰهُ يُؤْتِي مُلْكَهٗ مَنْ
يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيمٌ ﴿٢٤٧﴾

(૨૪૭) અને જયારે તેમને તેમના નબીએ કહ્યું કે બેશક અલ્લાહે તમારા માટે તાલુતને બાદશાહ

નિમ્યો છે ત્યારે તેઓ કહેવા લાગ્યા કે તે અમારા પર હુકૂમત કેવી રીતે કરી શકે જયારે હુકૂમત (ચલાવવા) માટે અમે તેના કરતાં વધુ લાયક છીએ, (વળી) તેને ધનનું પણ જોર આપવામાં આવ્યું નથી; (નબીએ) ફરમાવ્યું કે બેશક અલ્લાહે તેને તમારા ઉપર ચુંટી કાઢયો છે અને તેને જ્ઞાન અને શારિરીક બળમાં પુષ્કળ વધારી દીધો છે; અલ્લાહ પોતાની હુકૂમત જેને ચાહે છે તેને અર્પણ કરે છે; અને અલ્લાહ સર્વવ્યાપી અને સર્વજ્ઞ છે.

وَقَالَ لَهُمۡ نَبِيُّهُمۡ اِنَّ اٰيَةَ مُلۡكِهٖۤ اَنۡ يَّاۡتِيَكُمُ التَّابُوۡتُ فِيۡهِ
سَكِيۡنَةٌ مِّنۡ رَّبِّكُمۡ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوۡسٰى وَاٰلُ هٰرُوۡنَ

تَحۡمِلُهُ الۡمَلٰٓـئِکَۃُ ؕ اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیَۃً لَّکُمۡ اِنۡ کُنۡتُمۡ
مُّؤۡمِنِیۡنَ ﴿۲۴۸﴾ؑ

(૨૪૮) અને તેમને તેમના નબીએ (આ પણ) કહ્યું કે તેની (અલ્લાહ તરફથી) બાદશાહતની ઓળખ એ છે કે તમારી પાસે તે સંદુક પહોંચશે કે જેમાં તમારા પરવરદિગાર તરફથી સકીના (શાંતીનું કારણ) અને મૂસા તથા હારૂનની ઓલાદે પાછળ મૂકેલી (પવિત્ર) વસ્તુઓ માંહેની બાકી રહેલી વસ્તુઓ મોજુદ હશે (અને) ફરિશ્તાઓએ તે (સંદુક)ને ઊંચકેલી હશે; નિસંશય તમારા માટે તેમાં એક નિશાની છે, જો તમે ઈમાન ધરાવતા હો તો.

فَلَمَّا فَصَلَ طَالُوْتُ بِالْجُنُوْدِ ۙ قَالَ اِنَّ اللّٰهَ مُبْتَلِيْكُمْ بِنَهَرٍ ۚ
فَمَنْ شَرِبَ مِنْهُ فَلَيْسَ مِنِّيْ ۚ وَمَنْ لَّمْ يَطْعَمْهُ فَاِنَّهٗ مِنِّيْٓ اِلَّا
مَنِ اغْتَرَفَ غُرْفَةًۢ بِيَدِهٖ ۚ فَشَرِبُوْا مِنْهُ اِلَّا قَلِيْلًا مِّنْهُمْ ؕ
فَلَمَّا جَاوَزَهٗ هُوَوَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ ۙ قَالُوْا لَا طَاقَةَ لَنَا
الْيَوْمَ بِجَالُوْتَ وَجُنُوْدِهٖ ؕ قَالَ الَّذِيْنَ يَظُنُّوْنَ اَنَّهُمْ مُّلٰقُوا
اللّٰهِ ۙ كَمْ مِّنْ فِئَةٍ قَلِيْلَةٍ غَلَبَتْ فِئَةً كَثِيْرَةًۢ بِاِذْنِ اللّٰهِ ؕ وَاللّٰهُ
مَعَ الصّٰبِرِيْنَ ﴿۲۴۹﴾

(૨૪૯) પછી જે વેળા તાલૂત લશ્કર લઈને (એલીયાથી) ચાલ્યો ત્યારે તેણે કહ્યું કે બેશક અલ્લાહ એક નહેર (ના પાણી)થી તમારી કસોટી

કરનાર છે, પછી જે તે (પાણી)માંથી પી લેશે તે મારો નથી, અને જે તેને ચાખશે નહિ તે ખરેખર મારો છે, સિવાય કે જે પોતાના હાથે (એક) ઘૂંટડા જેટલું પી લેશે, આ છતાં તેઓમાંથી (ગણતરીના) થોડાક (લોકો) સિવાય સઘળાઓએ (મનાઈ કરેલું પાણી) પી લીધું; પછી જયારે તે તથા તેના ઈમાનદાર સાથીઓ તે (નહેર)ને ઓળંગી ગયા, ત્યારે તે (મોઅમીનો સિવાયના)ઓએ તેને કહ્યું કે આજે તો અમારામાં જાલૂત અને તેના લશ્કરનો મુકાબલો કરવાની શક્તિ નથી; અને જેઓને અલ્લાહની મુલાકાતની ખાત્રી હતી તેઓએ કહ્યું કે ઘણાંય નાના ટોળાં મોટા ટોળાં પર અલ્લાહના

હુકમથી વિજય મેળવી ગયા છે; અને અલ્લાહ ધીરજ ધરનારાઓની સાથે છે.

وَلَمَّا بَرَزُوْا لِجَالُوْتَ وَجُنُوْدِهٖ قَالُوْا رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا
وَّثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٢٥٠﴾

(૨૫૦) (સારાંશ કે) જયારે તે (મોઅમીન સાથી)ઓએ જાલૂત અને તેના લશ્કરનો સામનો કર્યો ત્યારે તેમણે દુઆ કરી કે અય અમારા પરવરદિગાર! અમારા પર ધૈર્યની વૃષ્ટિ વરસાવ અને અમારા કદમ અવિચળ (મજબુત) બનાવ અને તે નાફરમાન કોમની વિરૂદ્ધ અમારી સહાય કર.

فَهَزَمُوهُم بِإِذْنِ اللَّهِ وَقَتَلَ دَاوُدُ جَالُوتَ وَآتَاهُ اللَّهُ
الْمُلْكَ وَالْحِكْمَةَ وَعَلَّمَهُ مِمَّا يَشَاءُ ۗ وَلَوْلَا دَفْعُ اللَّهِ النَّاسَ
بَعْضَهُم بِبَعْضٍ لَّفَسَدَتِ الْأَرْضُ وَلَٰكِنَّ اللَّهَ ذُو فَضْلٍ عَلَى
الْعَالَمِينَ ﴿٢٥١﴾

(૨૫૧) પછી તેમણે અલ્લાહના હુકમથી તે (શત્રુ)ઓને તગેડી (ભગાડી) મૂકયા; અને દાઉદે જાલૂતને મારી નાખ્યો અને તે (દાઉદ)ને અલ્લાહે સલ્તનત તથા હિકમત અર્પણ કરી અને (જે) કાંઈ (ઈલ્મ હુન્નર) યોગ્ય ધાર્યું તે તેને શીખવ્યું; અને જો અલ્લાહ કેટલાક માણસો (ના ફિત્ના)ને કેટલાકો દ્વારા દફે કરતો ન રહે તો ખરે જ સઘળી ભૂમી પર

ફિત્નો પ્રસરી જાય પરંતુ અલ્લાહ સર્વે દુનિયાવાળાઓ ઉપર કૃપાળુ છે.

تِلۡكَ اٰيٰتُ اللّٰهِ نَتۡلُوۡهَا عَلَيۡكَ بِالۡحَقِّ ؕ وَاِنَّكَ لَمِنَ الۡمُرۡسَلِيۡنَ ﴿۲۵۲﴾

(૨૫૨) (અય રસૂલ !) આ અલ્લાહની (સાચી) આયતો (નિશાનીઓ) છે જે અમે તને સત્ય પૂર્વક પઢીને સંભળાવીએ છીએ; અને બેશક તું રસૂલો માંહેનો છે.

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ۘ مِنْهُمْ مَّنْ كَلَّمَ
اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ ؕ وَاٰتَيْنَا عِيْسَى ابْنَ مَرْيَمَ
الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلَ
الَّذِيْنَ مِنْۢ بَعْدِهِمْ مِّنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ وَلٰكِنِ
اخْتَلَفُوْا فَمِنْهُمْ مَّنْ اٰمَنَ وَمِنْهُمْ مَّنْ كَفَرَ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ مَا
اقْتَتَلُوْا ۟ وَلٰكِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ ﴿۲۵۳﴾

(૨૫૩) આ રસૂલોમાંથી અમોએ કેટલાકોને કેટલાકો ઉપર શ્રેષ્ઠતા આપી છે; તેઓમાંથી એવા પણ છે જેમની સાથે અલ્લાહે વાતચીત કરી છે

તથા તેઓ માંહેના કેટલાકોના દરજ્જા વધાર્યા છે; અને મરિયમના પુત્ર ઈસાને અમોએ ખુલ્લા મોઅજિઝા આપ્યા તથા રૂહુલકુદ્દૂસ (જીબ્રઈલ) દ્વારા તેને સબળ બનાવ્યો; અને જો અલ્લાહને મંજુર હતે તો તે (પયગમ્બરો)ના પછીના લોકો તેમની પાસે ખુલ્લી નિશાનીઓ આવી ચૂકયા બાદ માંહોમાંહે લડી મરતે નહિ, પરંતુ તેમણે મતભેદ કર્યો, પછી તેઓમાંથી કોઈ ઈમાન લાવ્યો અને તેઓમાંથી કોઈએ ઈન્કાર કર્યો; અને જો અલ્લાહ ચાહતે તો તેઓ માંહોમાંહે લડતે નહિ; પરંતુ અલ્લાહ જે ધારે છે તે કરે છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ أَنفِقُوا۟ مِمَّا رَزَقْنَٰكُم مِّن قَبْلِ أَن يَأْتِىَ يَوْمٌ
لَّا بَيْعٌ فِيهِ وَلَا خُلَّةٌ وَلَا شَفَٰعَةٌ ۗ وَٱلْكَٰفِرُونَ هُمُ
ٱلظَّٰلِمُونَ ﴿٢٥٤﴾

(૨૫૪) અય ઈમાન લાવનારાઓ ! અમોએ તમને જે કાંઈ આપ્યું છે તેમાંથી તે દિવસ આવી પહોંચે તે પહેલાં (અમારી રાહમાં કાંઈક) ખરચ કરો કે જે (દિવસ)માં ન તો લેવડ દેવડ હશે ન મિત્રાચારી અને ન ભલામણ; અને ઈન્કાર કરનારાઓ પોતે જ ઝુલમગાર છે.

ٱللَّهُ لَآ إِلَٰهَ إِلَّا هُوَ ٱلْحَىُّ ٱلْقَيُّومُ ۚ لَا تَأْخُذُهُۥ سِنَةٌ وَلَا نَوْمٌ ۚ
لَّهُۥ مَا فِى ٱلسَّمَٰوَٰتِ وَمَا فِى ٱلْأَرْضِ ۗ مَن ذَا ٱلَّذِى يَشْفَعُ عِندَهُۥٓ

اِلَّا بِاِذۡنِهٖ ؕ يَعۡلَمُ مَا بَيۡنَ اَيۡدِيۡهِمۡ وَمَا خَلۡفَهُمۡ ۚ وَلَا
يُحِيۡطُوۡنَ بِشَىۡءٍ مِّنۡ عِلۡمِهٖۤ اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ كُرۡسِيُّهُ
السَّمٰوٰتِ وَالۡاَرۡضَ ۚ وَلَا يَـــُٔوۡدُهٗ حِفۡظُهُمَا ۚ وَهُوَالۡعَلِىُّ
الۡعَظِيۡمُ ﴿۲۵۵﴾

(૨૫૫) અલ્લાહ તે છે કે જેના સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી, તે હંમેશ જીવંત (અને) સ્વબળથી કાયમ રહેલો છે, ન તેને ઝોંકુ આવે છે અને ન ઊંઘ; જે કાંઈ આસમાનોમાં અને જે કાંઈ જમીનમાં છે તે (સઘળું) તેનું જ છે; કોણ એવો છે જે તેની આજ્ઞા વિના તેની હજુરમાં (કોઈના માટે) ભલામણ કરી શકે; તે તે (લોકો)ના ભવિષ્ય તથા ભૂતકાળની

હકીકત જાણે છે, અને તેઓ તેના જ્ઞાનમાંના રજકણ બરાબર (જ્ઞાન)ની પણ હદ બાંધી શકતા નથી, સિવાય તેના કે જેટલું તે ચાહે, તેનું રાજ્યાસન આકાશો અને જમીનમાં ફેલાએલું છે, અને એ બંનેનું રક્ષણ તેને (જરાય) બોજારૂપ લાગતું નથી, અને તે ઉચ્ચ મોભા (અને) બુઝુર્ગીવાળો છે.

لَآ اِكْرَاهَ فِي الدِّيْنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ فَمَنْ يَّكْفُرْ
بِالطَّاغُوْتِ وَيُؤْمِنْ بِاللّٰهِ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ۗ
لَا انْفِصَامَ لَهَا ۗ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٥٦﴾

(૨૫૬) ધર્મમાં કોઈ જાતની જબરદસ્તી નથી, ખરેજ હિદાયત (સન્માર્ગ) ગુમરાહી (કુમાર્ગ)થી

જુદી (જાહેર) થઈ ચૂકી છે, પછી જે કોઈ જુઠા ખુદાઓ (બુતો)નો ઈન્કાર કરે અને અલ્લાહ પર ઈમાન લાવે તો ખચીતજ તેણે અલ્લાહની મજબૂત રસ્સીને પકડી લીધી, કે જે કદી તૂટનાર નથી; અને અલ્લાહ સંપૂર્ણ સાંભળનાર (તથા) જાણનાર છે.

اَللّٰهُ وَلِيُّ الَّذِيۡنَ اٰمَنُوۡا ۙ يُخۡرِجُهُمۡ مِّنَ الظُّلُمٰتِ اِلَى النُّوۡرِ ؕ
وَالَّذِيۡنَ كَفَرُوۡۤا اَوۡلِيٰٓــُٔهُمُ الطَّاغُوۡتُ ۙ يُخۡرِجُوۡنَهُمۡ مِّنَ النُّوۡرِ
اِلَى الظُّلُمٰتِ ؕ اُولٰٓـئِكَ اَصۡحٰبُ النَّارِ ۚ هُمۡ فِيۡهَا خٰلِدُوۡنَ ﴿۲۵۷﴾

(૨૫૭) જે લોકો ઈમાન લાવ્યા અલ્લાહ તેમનો હિમાયતી છે, તે તેમને (ગુમરાહીના) અંધકારમાંથી કાઢી (હિદાયતના) પ્રકાશમાં લઈ આવે છે; અને

જેઓએ (સત્ય ધર્મનો) ઈન્કાર કર્યો તેમના હિમાયતી શેતાનો છે જે તેમને (ઈમાનના) પ્રકાશમાંથી કાઢી (અધર્મનો) અંધકારમાં લઈ જાય છે; આ (લોકો) જ આગના રહેવાસી છે, જેમાં તેઓ હંમેશને માટે રહેનાર છે.

اَلَمۡ تَرَ اِلَى الَّذِىۡ حَآجَّ اِبۡرٰهٖمَ فِىۡ رَبِّهٖۤ اَنۡ اٰتٰٮهُ اللّٰهُ الۡمُلۡكَ‌ۘ اِذۡ
قَالَ اِبۡرٰهٖمُ رَبِّىَ الَّذِىۡ يُحۡىٖ وَيُمِيۡتُۙ قَالَ اَنَا اُحۡىٖ وَاُمِيۡتُ‌ؕ
قَالَ اِبۡرٰهٖمُ فَاِنَّ اللّٰهَ يَاۡتِىۡ بِالشَّمۡسِ مِنَ الۡمَشۡرِقِ فَاۡتِ بِهَا
مِنَ الۡمَغۡرِبِ فَبُهِتَ الَّذِىۡ كَفَرَ‌ؕ وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ
الظّٰلِمِيۡنَ‌ۚ ﴿۲۵۸﴾

(૨૫૮) (અય રસૂલ !) શું તે (નમરૂદ)ની સ્થિતિ પર નજર નથી નાખી જેણે ઈબ્રાહીમ સાથે તેના પરવરદિગાર સબંધી દુરાગ્રહ કર્યો એટલા માટે કે તે (નમરૂદને) અલ્લાહે સલ્તનત આપી હતી. જયારે ઈબ્રાહીમે કહ્યું કે મારો પરવરદિગાર તે છે જે જીવાડે છે અને મારે (પણ) છે (ત્યારે) તેણે કહ્યું કે હું પણ જીવાડુ છું અને મારૂં છું; (પછી) ઈબ્રાહીમે કહ્યું કે નિસંશય અલ્લાહ સૂયર્ને પૂર્વ બાજુએથી ઉગાડે છે (તો) તું તેને પશ્ચિમ બાજુએથી ઉગાડ, આથી તે નાસ્તિક ગૂંચવાડામાં પડયો; અને અલ્લાહ ઝુલમગાર લોકોને માર્ગ દેખાડતો નથી.

اَوْ كَالَّذِىْ مَرَّ عَلٰى قَرْيَةٍ وَّهِىَ خَاوِيَةٌ عَلٰى عُرُوْشِهَا ۚ قَالَ اَنّٰى
يُحْىٖ هٰذِهِ اللّٰهُ بَعْدَ مَوْتِهَا ۚ فَاَمَاتَهُ اللّٰهُ مِائَةَ عَامٍ ثُمَّ بَعَثَهٗ ؕ
قَالَ كَمْ لَبِثْتَ ؕ قَالَ لَبِثْتُ يَوْمًا اَوْ بَعْضَ يَوْمٍ ؕ قَالَ بَلْ
لَّبِثْتَ مِائَةَ عَامٍ فَانْظُرْ اِلٰى طَعَامِكَ وَشَرَابِكَ لَمْ يَتَسَنَّهْ ۚ
وَانْظُرْ اِلٰى حِمَارِكَ وَلِنَجْعَلَكَ اٰيَةً لِّلنَّاسِ وَانْظُرْ اِلَى الْعِظَامِ
كَيْفَ نُنْشِزُهَا ثُمَّ نَكْسُوْهَا لَحْمًا ؕ فَلَمَّا تَبَيَّنَ لَهٗ ۙ قَالَ
اَعْلَمُ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿۲۵۹﴾

(૨૫૯) અથવા (અય રસૂલ!) તે (ઓઝૈર નબીના જેવા શખ્સની સ્થિતિ) પર (નજર નાખી નથી) જે એક વસ્તી પાસેથી પસાર થયો જે પોતાના

છાપરાંઓ પર ઊંધી વળી ગઈ હતી, (તે જોઈને) તે કહેવા લાગ્યો કે અલ્લાહ આ વસ્તીના નાશ (પામ્યા) પછી તેને પાછી કેવી રીતે સજીવન કરશે ? આથી અલ્લાહે તેને સો વર્ષ માટે મૃત્યુ આપ્યું પછી તેને સજીવન કર્યો; (પછી) પુછયું કે તું (આ સ્થિતિમાં) કેટલી મુદ્દત રહ્યો? જવાબ આપ્યો કે એક દિવસ અથવા એક દિવસથી (પણ) ઓછું રહ્યો; (અલ્લાહે) ફરમાવ્યું (નહિ), બલ્કે તું સો વર્ષ સુધી રહ્યો હવે તારા ખોરાક તથા પાણી તરફ નજર કર, વર્ષો વીત્યાં છતાં તેમની સ્થિતી બદલાઈ નથી; અને તારા ગધેડા તરફ (પણ) જો; અને (અમે ઈચ્છીએ છીએ કે) તને લોકો માટે એક

નિશાની બનાવીએ, અને તે (ગધેડા)ના હાડકાં તરફ જો કે અમે તેમને કેવી રીતે (પાછા) જોડી દઈએ છીએ, પછી (કેવી રીતે) તેના ઉપર માંસ ચઢાવીએ છીએ; સારાંશ કે જયારે તેની સામે આ વાત સ્પષ્ટ થઈ ગઈ, ત્યારે તે કહેવા લાગ્યો કે હું જાણું છું કે ખરે જ અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબુ ધરાવનાર છે.

وَاِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّ اَرِنِيْ كَيْفَ تُحْيِ الْمَوْتٰى ؕ قَالَ اَوَلَمْ
تُؤْمِنْ ؕ قَالَ بَلٰى وَلٰكِنْ لِّيَطْمَئِنَّ قَلْبِيْ ؕ قَالَ فَخُذْ اَرْبَعَةً مِّنَ
الطَّيْرِ فَصُرْهُنَّ اِلَيْكَ ثُمَّ اجْعَلْ عَلٰى كُلِّ جَبَلٍ مِّنْهُنَّ جُزْءًا
ثُمَّ ادْعُهُنَّ يَاْتِيْنَكَ سَعْيًا ؕ وَاعْلَمْ اَنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٦٠﴾

(૨૬૦) અને (અય રસૂલ! તે સમયને યાદ કર) જયારે ઈબ્રાહીમે અરજ કરી કે અય મારા પરવરદિગાર ! તું મરેલાઓને કેવી રીતે સજીવન કરે છે તે મને દેખાડ; ફરમાવ્યું શું તને વિશ્વાસ નથી? અરજ કરી, હા (મને વિશ્વાસ છે) પણ એટલા માટે (દેખાડી દે) કે મારા મનનું સમાધાન થઈ જાય; ફરમાવ્યું ત્યારે પક્ષીઓમાંથી ચાર (પક્ષીઓ) લે, પછી તેમને તારા ઉપર હેવાયલા કરી લે (પછી તેમના કટકે કટકા કરી) જુદા જુદા પહાડ ઉપર તેમનામાંથી એકેક કટકો મૂક પછી તેમને બોલાવ તેઓ તરત જ તારી પાસે દોડતા આવશે; અને આ

સમજી લે કે ખરે જ અલ્લાહ સમર્થ (અને) હિકમતવાળો છે.

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ ؕ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ﴿٢٦١﴾

(૨૬૧) તે (લોકો)નો દાખલો કે જેઓ પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે એક દાણાના દાખલા જેવો છે કે જેમાંથી સાત ડુંડા નિકળે છે કે (જેના) ડુંડા (કણસલાં)માં સો દાણા હોય છે; અને અલ્લાહ જેના માટે ચાહે છે બમણા ચોગણા કરી દે છે; અને અલ્લાહ સર્વવ્યાપી (અને) સર્વજ્ઞ છે.

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ لَا يُتْبِعُوْنَ مَاۤ
اَنْفَقُوْا مَنًّا وَّلَاۤ اَذًى ۙ لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۲۶۲﴾

(૨૬૨) જે લોકો પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે પછી જે ખરચ્યું છે તેનો ઉપકાર ચઢાવતા નથી તેમ (દાન સ્વીકારનારને) કાંઈ ઈજા (પણ) પહોંચાડતા નથી, તેમના માટે તેમના પરવરદિગાર પાસે (સુંદર) બદલો છે, અને તેમને ન તો કોઈ ભય રહેશે અને ન તો ઉદાસ થશે.

قَوْلٌ مَّعْرُوْفٌ وَّمَغْفِرَةٌ خَيْرٌ مِّنْ صَدَقَةٍ يَّتْبَعُهَاۤ اَذًى ؕ وَاللّٰهُ
غَنِيٌّ حَلِيْمٌ ﴿۲۶۳﴾

(૨૬૩) માયાળુ શબ્દો અને ક્ષમાવૃતિ એવા એક દાન કરતાં બહેતર છે કે જે (દાન)ની પાછળ ઈજા હોય; અને અલ્લાહ બેપરવાહ (અને) સહનશીલ છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُبْطِلُوْا صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى ۙ كَالَّذِىْ يُنْفِقُ مَالَهٗ رِئَآءَ النَّاسِ وَلَا يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ فَمَثَلُهٗ كَمَثَلِ صَفْوَانٍ عَلَيْهِ تُرَابٌ فَاَصَابَهٗ وَابِلٌ فَتَرَكَهٗ صَلْدًا ؕ لَا يَقْدِرُوْنَ عَلٰى شَىْءٍ مِّمَّا كَسَبُوْا ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿۲۶۴﴾

(૨૬૪) અય ઈમાન લાવનારાઓ! તમે તમારા સદકા (દાન-ધર્મ) ને ઉપકાર ચઢાવીને કે (લેનારને) ઈજા (માનહાની) પહોંચાડીને વ્યર્થ કરો

નહિ, તેની જેમ કે જે પોતાની દોલત લોકોને દેખાડવા કાજે (દાનમાં) ખર્ચે છે અને અલ્લાહ તથા કયામત પર ઈમાન રાખતો નથી; જેથી તેનો દાખલો એક લીસા પત્થરની શીલા જેવો છે કે જેના ઉપર માટી (ચઢી ગઈ) હોય, પછી તેના ઉપર ધોધમાર વર્ષા થાય અને તેને સફાચટ (કરી) છોડી જાય; એવી રીતે તેઓએ જે કાંઈ કમાવ્યું છે તેના કોઈ પણ ભાગ ઉપર (તેઓ) સત્તા ધરાવતા નથી; અને અલ્લાહ નાસ્તિકોનાં ટોળાને (કદીપણ) સન્માર્ગ દેખાડતો નથી.

وَمَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمُ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ
وَتَثْبِيْتًا مِّنْ اَنْفُسِهِمْ كَمَثَلِ جَنَّةٍۭبِرَبْوَةٍ اَصَابَهَا وَابِلٌ

فَاٰتَتۡ اُکُلَهَا ضِعۡفَیۡنِ ۚ فَاِنۡ لَّمۡ یُصِبۡهَا وَابِلٌ فَطَلٌّ ؕ وَاللّٰهُ
بِمَا تَعۡمَلُوۡنَ بَصِیۡرٌ ﴿۲۶۵﴾

(૨૬૫) અને તે લોકોનો દાખલો કે જેઓ પોતાનો માલ (કેવળ) અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે અને પોતાના દિલોને મજબૂત બનાવવા માટે ખર્ચ કરે છે. એક (એવા હર્યા ભર્યા) બગીચાના જેવો છે. કે જે ઊંચાણમાં હોય અને તેના પર ધોધમાર વરસાદ વરસે પછી તે બમણાં ફળ આપે. પછી જો તેના પર જોરથી વૃષ્ટિ ન થાય તો ઝરમર વર્ષા પુરતી છે; અને જે તમે કરો છો તે અલ્લાહ નિહાળે છે.

اَيَوَدُّ اَحَدُكُمۡ اَنۡ تَكُوۡنَ لَهٗ جَنَّةٌ مِّنۡ نَّخِيۡلٍ وَّاَعۡنَابٍ تَجۡرِىۡ
مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ۙ لَهٗ فِيۡهَا مِنۡ كُلِّ الثَّمَرٰتِ ۙ وَاَصَابَهُ الۡكِبَرُ
وَلَهٗ ذُرِّيَّةٌ ضُعَفَآءُ ۖۚ فَاَصَابَهَآ اِعۡصَارٌ فِيۡهِ نَارٌ فَاحۡتَرَقَتۡ ؕ
كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَـكُمُ الۡاٰيٰتِ لَعَلَّكُمۡ تَتَفَكَّرُوۡنَ ۝٢٦٦

(૨૬૬) શું તમારાંથી કોઈપણ આ પસંદ કરશે કે તેના (માટે) ખજૂર તથા દ્રાક્ષનો અકેકો (એક-એક) બગીચો હોય (કે) જેની હેઠળ નદીઓ વહેતી હોય, જેમાં તેના માટે દરેક પ્રકારના ફળ (ફળાદિ) હોય, અને તેને ઘડપણ આવી ગયું હોય અને તેની સંતતિ કમજોર હોય, પછી એકાએક તે (બગીચા)માં એક વાવાઝોડું આવી પડે જેમાં આગ (પણ) હોય કે જેનાથી તે (બગીચો) બળી (ભસ્મ)

થઈ જાય; આવી રીતે અલ્લાહ (પોતાની) આયતો તમારા (લાભ) માટે સ્પષ્ટ કરીને વર્ણવે છે કે જેથી તમે મનન કરો.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ وَمِمَّآ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ ۠ وَلَا تَيَمَّمُوا الْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ وَلَسْتُمْ بِاٰخِذِيْهِ اِلَّآ اَنْ تُغْمِضُوْا فِيْهِ ۭ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ غَنِىٌّ حَمِيْدٌ ﴿٢٦٧﴾

(૨૬૭) અય ઈમાન લાવનારાઓ ! તમોએ જે કાંઈ નેક કમાણી કરી છે તથા અમોએ તમારા માટે જમીનમાં (જે) કાંઈ ઉત્પન્ન કર્યું છે તેમાંથી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો, અને તેમાંથી એવી

ખરાબ વસ્તુ કે જે (તમારા ઉપયોગમાં) આંખ મીંચામણાં કર્યા વગર તમે પોતે લ્યો નહિ તેવી વસ્તુ દાનમાં આપવાનો વિચાર (સરખોય) કરશો નહિ; અને આ સમજી લો કે ખરેજ અલ્લાહ બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ وَيَاْمُرُكُمْ بِالْفَحْشَآءِ ۚ وَاللّٰهُ يَعِدُكُمْ مَّغْفِرَةً مِّنْهُ وَفَضْلًا ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيْمٌ ۖ ۝٢٦٨

(૨૬૮) શેતાન તમને (દાન આપવાથી) ગરીબ થઈ જશો એમ (કહીને) બીવરાવે છે. અને નિર્લજ્જપણે (એટલે કંજૂસાઈથી) વર્તવાની આજ્ઞા કરે છે, અને અલ્લાહ પોતાના તરફથી ક્ષમા અને

ભરપુર રોજીનો વાયદો કરે છે; અને અલ્લાહ સર્વવ્યાપી (અને) સર્વજ્ઞ છે.

يُّؤۡتِى الۡحِكۡمَةَ مَنۡ يَّشَآءُ ۚ وَمَنۡ يُّؤۡتَ الۡحِكۡمَةَ فَقَدۡ اُوۡتِىَ خَيۡرًا كَثِيۡرًا ‌ؕ وَمَا يَذَّكَّرُ اِلَّاۤ اُولُوا الۡاَلۡبَابِ‏ ﴿۲۶۹﴾

(૨૬૯) તે જેને ચાહે છે હિકમત (સદબુદ્ધિ) આપે છે, અને જેને (અલ્લાહના તરફથી) હિકમત આપવામાં આવી તો ખરેજ તેને ખૂબીઓની મહાન દોલત આપવામાં આવી; અને બુદ્ધિશાળીઓ સિવાય અન્ય કોઈ બોધ ગ્રહણ કરતું નથી.

وَمَاۤ اَنۡفَقۡتُمۡ مِّنۡ نَّفَقَةٍ اَوۡ نَذَرۡتُمۡ مِّنۡ نَّذۡرٍ فَاِنَّ اللّٰهَ يَعۡلَمُهٗ ‌ؕ وَمَا لِلظّٰلِمِيۡنَ مِنۡ اَنۡصَارٍ‏ ﴿۲۷۰﴾

(૨૭૦) અને તમોએ (અલ્લાહના માર્ગમાં) જે દાન આપ્યું અથવા જે કાંઈ (પણ) માનતા તમોએ માની તો બેશક અલ્લાહ તે જાણે છે; અને ઝાલિમોનો કોઈ મદદગાર નથી.

اِنْ تُبْدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِیَ ۚ وَاِنْ تُخْفُوْهَا وَتُؤْتُوْهَا الْفُقَرَآءَ فَهُوَ خَيْرٌ لَّكُمْ ؕ وَيُكَفِّرُ عَنْكُمْ مِّنْ سَيِّاٰتِكُمْ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿٢٧١﴾

(૨૭૧) જો તમે (તમારા) સદકા ખુલ્લી રીતે આપો તો તે સારૂં છે, અને જો તમે છુપું રાખીને મોહતાજોને આપો તો તે તમારા હકમાં બેહતર છે; અને તે (છુપી રીતે આપવું) તમારા કેટલાક

ગુનાહોનું નિવારણ કરી દેશે; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

لَيْسَ عَلَيْكَ هُدٰىهُمْ وَلٰكِنَّ اللّٰهَ يَهْدِىْ مَنْ يَّشَآءُ ؕ وَمَا تُنْفِقُوْا مِنْ خَيْرٍ فَلِاَنْفُسِكُمْ ؕ وَمَا تُنْفِقُوْنَ اِلَّا ابْتِغَآءَ وَجْهِ اللّٰهِ ؕ وَمَا تُنْفِقُوْا مِنْ خَيْرٍ يُّوَفَّ اِلَيْكُمْ وَاَنْتُمْ لَا تُظْلَمُوْنَ ﴿۲۷۲﴾

(૨૭૨) (અય રસૂલ) તેમને સન્માર્ગે ચઢાવવું તારા માથે નથી પણ અલ્લાહ જેને ચાહે છે તેને સન્માર્ગે પહોંચાડી દે છે; અને તમે જે કાંઈ દાનમાં વાપરો તે તમારા પોતાનાજ (લાભ) માટે છે; અને તે (દાન કેવળ) અલ્લાહની ખુશી સંપાદન કરવા સિવાય

બીજા કોઈ હેતુસર કરો નહિ; અને તમારા માલમાંથી જે કાંઈ પણ તમે દાનમાં વાપરશો તેનો પૂરેપૂરો બદલો તમને આપવામાં આવશે અને તમને જરાપણ અન્યાય કરવામાં આવશે નહિ.

لِلْفُقَرَآءِ الَّذِيْنَ اُحْصِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ لَا يَسْتَطِيْعُوْنَ ضَرْبًا
فِي الْاَرْضِ ز يَحْسَبُهُمُ الْجَاهِلُ اَغْنِيَآءَ مِنَ التَّعَفُّفِ ج
تَعْرِفُهُمْ بِسِيْمٰهُمْ ج لَا يَسْـَٔلُوْنَ النَّاسَ اِلْحَافًا ط وَمَا تُنْفِقُوْا
مِنْ خَيْرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ ﴿٢٧٣﴾ ع

(૨૭૩) આ ખયરાત એવા મોહતાજોનો હક છે કે જેઓ અલ્લાહના માર્ગમાં ઘેરાઈ ગયા હોય અને

કોઈપણ રીતે પૃથ્વી પર (રોજી મેળવવાને) જઈ શકતા ન હોય; અજ્ઞાની માણસો તેમને તેમના સ્વમાનના કારણે (સવાલ ન કરતા હોવાથી) શ્રીમંત ધારે છે, (પણ) તું તેમની મુખમુદ્રા પરથી તેમને ઓળખી કાઢશે (કે ખરેખર તેઓ મોહતાજ છે), તેઓ લોકો પાસે કરગરીને સવાલ કરતા નથી; અને તમારા માલમાંથી જે કાંઈ ખર્ચ કરશો તે બેશક અલ્લાહ તેનાથી વાકેફ છે.

اَلَّذِيۡنَ يُنۡفِقُوۡنَ اَمۡوَالَهُمۡ بِالَّيۡلِ وَالنَّهَارِ سِرًّا وَّعَلَانِيَةً فَلَهُمۡ اَجۡرُهُمۡ عِنۡدَ رَبِّهِمۡ‌ۚ وَلَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ ﴿۲۷۴﴾

(૨૭૪) જે લોકો રાત દિવસ પોતાનો માલ છૂપી રીતે અને ખુલ્લી રીતે (અલ્લાહના માર્ગમાં) વાપર્યા કરે છે, તેનો બદલો તેમના પરવરદિગાર પાસે તેમને (પ્રાપ્ત) થશે અને તેમને (કયામતમાં) ન તો કાંઈ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

اَلَّذِیۡنَ یَاۡکُلُوۡنَ الرِّبٰوا لَا یَقُوۡمُوۡنَ اِلَّا کَمَا یَقُوۡمُ الَّذِیۡ
یَتَخَبَّطُہُ الشَّیۡطٰنُ مِنَ الۡمَسِّ ؕ ذٰلِکَ بِاَنَّہُمۡ قَالُوۡۤا اِنَّمَا الۡبَیۡعُ
مِثۡلُ الرِّبٰوا ۘ وَاَحَلَّ اللّٰہُ الۡبَیۡعَ وَحَرَّمَ الرِّبٰوا ؕ فَمَنۡ جَآءَہٗ
مَوۡعِظَۃٌ مِّنۡ رَّبِّہٖ فَانۡتَہٰی فَلَہٗ مَا سَلَفَ ؕ وَاَمۡرُہٗۤ اِلَی اللّٰہِ ؕ
وَمَنۡ عَادَ فَاُولٰٓئِکَ اَصۡحٰبُ النَّارِ ۚ ہُمۡ فِیۡہَا خٰلِدُوۡنَ ﴿۲۷۵﴾

(૨૭૫) જે લોકો રિબાઅ (વ્યાજ) ખાય છે તેઓ

(કબરમાંથી નીકળી) ઉભા થશે નહિ પણ તેની જેમ કે જેને શેતાને અડકીને પાગલ કરી નાખ્યો હોય; આ (શિક્ષા) એ માટે કે તેઓ કહેતા હતા કે વેપારના મામલા પણ રિબાઅના જેવાજ છે; જોકે ખરી રીતે તો અલ્લાહે વેપારને હલાલ કર્યો છે અને રિબાઅને હરામ ઠરાવ્યો છે; માટે જે શખ્સ પાસે તેના પરવરદિગાર તરફથી નસીહત આવી અને તે (રિબાઅ ખાતાં) અટકી ગયો તો જે કાંઈ (આ) પહેલાં થઈ ગયું છે તે માટે દરગુજર કરવામાં આવશે; અને તેનો મામલો અલ્લાહને હસ્તક છે; અને જેણે ફરીથી એવું જ કર્યું (તો)

તેઓજ આગના રહેવાસીઓ છે, જેમાં તેઓ હંમેશ રહેનાર છે.

يَمۡحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرۡبِي الصَّدَقٰتِ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ
اَثِيۡمٍ ﴿۲۷۶﴾

(૨૭૬) અલ્લાહ રિબાઅને નાબૂદ કરી દે છે અને ખેરાતને વધારી દે છે; અને અલ્લાહ કોઈપણ અનુપકારી ગુનેહગારને દોસ્ત રાખતો નથી.

اِنَّ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا
الزَّكٰوةَ لَهُمۡ اَجۡرُهُمۡ عِنۡدَ رَبِّهِمۡ ۚ وَلَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ
يَحۡزَنُوۡنَ ﴿۲۷۷﴾

(૨૭૭) બેશક જે લોકો ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યાં તથા નમાઝ પઢી અને ઝકાત આપી

તેમના માટે તેનો બદલો તેમના પરવરદિગાર પાસે હશે, અને તેમને ન તો કાંઈ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰوا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٢٧٨﴾

(૨૭૮) અય ઈમાન લાવનારાઓ ! જો તમે મોઅમીન હો તો અલ્લાહથી ડરીને ચાલો અને રિબાઅમાંથી બાકી રહેલું છોડી દો.

فَاِنْ لَّمْ تَفْعَلُوْا فَاْذَنُوْا بِحَرْبٍ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ ۚ وَاِنْ تُبْتُمْ فَلَكُمْ رُءُوْسُ اَمْوَالِكُمْ ۚ لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ ﴿٢٧٩﴾

(૨૭૯) પછી જો તમે તેમ ન કરો તો અલ્લાહ તથા તેના રસૂલ સાથે લડવા તૈયાર થઈ જાઓ, અને જો તમે તૌબા કરી લો તો તમને તમારી મૂળ રકમ મળશે, ન તમે અન્યાય કરો ન તમારા પર અન્યાય કરવામાં આવે.

وَاِنۡ كَانَ ذُوۡ عُسۡرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيۡسَرَةٍ ‌ؕ وَاَنۡ تَصَدَّقُوۡا خَيۡرٌ لَّكُمۡ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿۲۸۰﴾

(૨૮૦) અને જો તે (દેવાદાર) તંગદસ્ત હોય તો (તેનો) સારો સમય (આવે ત્યાં) સુધીની મોહલત આપવી; અને જો તમે (અસલ લેણું પણ) દાન તરીકે જતું કરો તો તે તમારા માટે વધુ સારૂં છે અગર તમે જાણતા હો તો.

وَاتَّقُوْا يَوْمًا تُرْجَعُوْنَ فِيْهِ اِلَى اللّٰهِ ۗ ثُمَّ تُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا
كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٢٨١﴾

(૨૮૧) અને તે દિવસથી ડરો કે જે દિવસે અલ્લાહની હજૂરમાં તમો પાછા ફેરવવામાં આવશો; પછી દરેક જણને તેની કમાણીનો પૂરેપુરો બદલો મળશે અને તેમના ઉપર અન્યાય કરવામાં આવશે નહિ.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا تَدَايَنْتُمْ بِدَيْنٍ اِلٰۤى اَجَلٍ مُّسَمًّى
فَاكْتُبُوْهُ ؕ وَلْيَكْتُبْ بَّيْنَكُمْ كَاتِبٌۢ بِالْعَدْلِ ۪ وَلَا يَاْبَ
كَاتِبٌ اَنْ يَّكْتُبَ كَمَا عَلَّمَهُ اللّٰهُ فَلْيَكْتُبْ ۚ وَلْيُمْلِلِ الَّذِىْ

عَلَيۡهِ الۡحَقُّ وَلۡيَتَّقِ اللّٰهَ رَبَّهٗ وَلَا يَبۡخَسۡ مِنۡهُ شَيۡـًٔا ؕ فَاِنۡ كَانَ
الَّذِىۡ عَلَيۡهِ الۡحَقُّ سَفِيۡهًا اَوۡ ضَعِيۡفًا اَوۡ لَا يَسۡتَطِيۡعُ اَنۡ يُّمِلَّ
هُوَ فَلۡيُمۡلِلۡ وَلِيُّهٗ بِالۡعَدۡلِ ؕ وَاسۡتَشۡهِدُوۡا شَهِيۡدَيۡنِ مِنۡ
رِّجَالِكُمۡ ۚ فَاِنۡ لَّمۡ يَكُوۡنَا رَجُلَيۡنِ فَرَجُلٌ وَّامۡرَاَتٰنِ مِمَّنۡ
تَرۡضَوۡنَ مِنَ الشُّهَدَآءِ اَنۡ تَضِلَّ اِحۡدٰٮهُمَا فَتُذَكِّرَ اِحۡدٰٮهُمَا
الۡاُخۡرٰى ؕ وَلَا يَاۡبَ الشُّهَدَآءُ اِذَا مَا دُعُوۡا ؕ وَلَا تَسۡـَٔمُوۡۤا اَنۡ
تَكۡتُبُوۡهُ صَغِيۡرًا اَوۡ كَبِيۡرًا اِلٰٓى اَجَلِهٖ ؕ ذٰلِكُمۡ اَقۡسَطُ عِنۡدَ اللّٰهِ
وَاَقۡوَمُ لِلشَّهَادَةِ وَاَدۡنٰٓى اَلَّا تَرۡتَابُوۡۤا اِلَّاۤ اَنۡ تَكُوۡنَ تِجَارَةً
حَاضِرَةً تُدِيۡرُوۡنَهَا بَيۡنَكُمۡ فَلَيۡسَ عَلَيۡكُمۡ جُنَاحٌ اَلَّا

تَكْتُبُوْهَا ؕ وَاَشْهِدُوْۤا اِذَا تَبَايَعْتُمْ ۪ وَلَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا
شَهِيْدٌ ؕ۬ وَاِنْ تَفْعَلُوْا فَاِنَّهٗ فُسُوْقٌۢ بِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ
وَيُعَلِّمُكُمُ اللّٰهُ ؕ وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿۲۸۲﴾

(૨૮૨) અય ઈમાન લાવનારાઓ! જ્યારે તમે કોઈ ઠરાવેલી મુદ્દત માટે પરસ્પર કરજની લેવડદેવડ કરો તો તે લખી લ્યો; અને એક લખનાર તમારી વચ્ચે ન્યાયસર લખે, અને લખનાર લખવા માટે ઈન્કાર કરે નહિ બલ્કે જેવી રીતે અલ્લાહે તેને શીખવ્યું છે તેવીજ રીતે લખી નાખે, અને જે કરજ લેનાર હોય તે લખાવતો જાય અને તેની માટે જરૂરી છે કે અલ્લાહથી ડરીને લખાવે અને કરજ

આપનારનો કોઈ હક ઓછો કરે નહિ; પછી જો તે કરજ લેનાર કમઅક્કલ અથવા કમજોર હોય અને તે લખાવી શકતો ન હોય તો તેનો વાલી ન્યાયસર લખાવે; અને તમારામાંથી બે પુરૂષોને સાક્ષી રાખો, પછી જો બે પુરૂષો (હાજર) ન હોય તો એક પુરૂષ અને બે સ્ત્રીઓ જે તમે સાક્ષી માટે પસંદ કરો તેને સાક્ષી બનાવો કે જેથી તે માંહેની એક ભૂલી જાય તો બીજી તેને યાદ દેવડાવે; અને (જયારે) તે સાક્ષીઓને (હાકેમો સામે સાક્ષી માટે) બોલાવવામાં આવે ત્યારે (હાજર થવાને) તેઓ ઈનકાર કરે નહિ; અને તમે નાના કે મોટા મામલામાં (પણ કરજની) મુદ્દત સુધ્ધાં લખવાને

આળસ કરો નહિ; આ અલ્લાહ પાસે વધુ ન્યાયસર છે અને પુરાવા (માટે)ની વધારે સબળ સાબિતી છે અને આ વાતને વધુમાં વધુ પાસે છે કે તમને (પાછળથી) શંકા ઉત્પન્ન થાય નહિ, સિવાય કે જયારે રોકડ (નાણાની) લેવદેવડ હોય જે તમે માંહોમાંહે કરો તે કદાચને તમે લખો નહિ તો તે માટે તમારા ઉપર કાંઈ દોષ નથી; અને જે વેળા તમે આપસમાં લેવડદેવડ કરો ત્યારે (પણ) સાક્ષીઓ રાખો, અને લખનાર તથા સાક્ષીને કાંઈ હાનિ પહોંચાડવામાં આવે નહિ; અને (છતાંય) જો તમે તેમ કરશો તો નિસંશય તમોએ નાફરમાની કરી કહેવાશે; અને અલ્લાહથી ડરો; અને અલ્લાહ

તમને (પોતાની આજ્ઞા) શીખવાડે છે; અને અલ્લાહ દરેક વસ્તુની સંપૂર્ણ જાણ રાખે છે.

وَاِنۡ كُنۡتُمۡ عَلٰى سَفَرٍ وَّلَمۡ تَجِدُوۡا كَاتِبًا فَرِهٰنٌ مَّقۡبُوۡضَةٌ ؕ فَاِنۡ اَمِنَ بَعۡضُكُمۡ بَعۡضًا فَلۡيُؤَدِّ الَّذِى اؤۡتُمِنَ اَمَانَتَهٗ وَلۡيَتَّقِ اللّٰهَ رَبَّهٗ ؕ وَلَا تَكۡتُمُوا الشَّهَادَةَ ؕ وَمَنۡ يَّكۡتُمۡهَا فَاِنَّهٗۤ اٰثِمٌ قَلۡبُهٗ ؕ وَاللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ عَلِيۡمٌ ﴿۲۸۳﴾

(૨૮૩) અને જો તમે મુસાફરીમાં હો અને કોઈ લખનાર ન મળે તો (કરજ લેનાર પાસે જે વસ્તુ હાજર હોય) તે ગીરવી (રાખી) લેવામાં આવે; પણ જો તમારામાંથી એક (પક્ષ) બીજાને વિશ્વાસપાત્ર સમજે તો જેને વિશ્વાસપાત્ર સમજવામાં આવ્યો

હોય તેને જરૂરી છે કે આપનારની અમાનત પાછી સોંપી દે અને અલ્લાહથી કે જે તેનો પરવરદિગાર છે ડરે; અને તમે પુરાવાને સંતાડો નહિ; અને જે તે (પુરાવા)ને સંતાડશે તેનું અંતઃકરણ નિસંશય ગુનેહગાર છે; અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاِنْ تُبْدُوْا مَا فِيْٓ اَنْفُسِكُمْ اَوْ تُخْفُوْهُ يُحَاسِبْكُمْ بِهِ اللّٰهُ ؕ فَيَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٨٤﴾

(૨૮૪) જે કાંઈ આકાશોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે અલ્લાહનું જ છે; અને જે કાંઈ

તમારા અંતઃકરણોમાં છે તે તમે જાહેર કરો યા સંતાડો (પણ) અલ્લાહ (તો) તેનો હિસાબ તમારી પાસેથી લેશે; પછી જેને ચાહશે માફ કરી દેશે અને જેને ચાહશે શિક્ષા કરશે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

اٰمَنَ الرَّسُوْلُ بِمَآ اُنْزِلَ اِلَيْهِ مِنْ رَّبِّهٖ وَالْمُؤْمِنُوْنَ ؕ كُلٌّ اٰمَنَ
بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ ۟ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْ
رُّسُلِهٖ ۟ وَقَالُوْا سَمِعْنَا وَاَطَعْنَا ۫ غُفْرَانَكَ رَبَّنَا وَاِلَيْكَ
الْمَصِيْرُ ﴿٢٨٥﴾

(૨૮૫) (અમારો) રસૂલ (મોહમ્મદ સ.અ.વ.) તેના પર ઈમાન લાવ્યો છે જે તેના પર પરવરદિગાર

તરફથી ઉતારવામાં આવ્યું છે. અને મોઅમીનો (પણ); તેઓ સઘળા અલ્લાહ પર તથા તેના ફરિશ્તાઓ પર તથા તેની કિતાબો પર તથા તેના રસુલો પર ઈમાન લાવ્યા છે; (એમ કહીને કે) અમે તેના રસૂલોમાંથી કોઈની વચ્ચે કાંઈ ભેદભાવ રાખતા નથી; અને તેઓ વળી એમ પણ કહે છે કે અમોએ સાંભળ્યું તથા હુકમ માથે ચઢાવ્યો, અય અમારા પરવરદિગાર ! અમે તારીજ ક્ષમા ચાહીએ છીએ અને (અમારૂં) તારીજ તરફ પાછું ફરવાનું છે.

لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا ؕ لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا

مَا اكْتَسَبَتْ ؕ رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا ۚ رَبَّنَا

وَلَا تَحۡمِلۡ عَلَيۡنَآ إِصۡرًا كَمَا حَمَلۡتَهُۥ عَلَى ٱلَّذِينَ مِن قَبۡلِنَاۚ
رَبَّنَا وَلَا تُحَمِّلۡنَا مَا لَا طَاقَةَ لَنَا بِهِۦۖ وَٱعۡفُ عَنَّاۖ وَٱغۡفِرۡ
لَنَاۖ وَٱرۡحَمۡنَاۚ أَنتَ مَوۡلَىٰنَا فَٱنصُرۡنَا عَلَى ٱلۡقَوۡمِ
ٱلۡكَٰفِرِينَ ٢٨٦

(૨૮૬) અલ્લાહ કોઈ નફસ (વ્યક્તિ)ને તેના ગજા ઉપરાંત તકલીફ આપતો નથી, તેણે જે સારી કમાઈ કરી છે તેનો (નફો) તેનાજ માટે છે અને જે બૂરી કમાઈ કરી છે તેનો ગેરલાભ પણ તેનાજ માટે છે; અય અમારા પરવરદિગાર ! જો અમે ભૂલી જઈએ અથવા કોઈ ચૂક કરી બેસીએ તો તે માટે અમને પકડજે નહિ, અને અય અમારા

પરવરદિગાર ! અમારા પર એવો બોજો નાખજે નહિ જેવો કે અમારી પહેલાં થઈ જનારાઓ પર નાખ્યો હતો, અને અય અમારા પરવરદિગાર ! અને અમારાથી એટલું ન ઊંચકાવ કે જે (ઊંચકવા)ની અમારામાં શક્તિ નથી, અને અમારાથી દરગુજર કર, અને અમને માફ કરી દે, અને અમારા પર દયા કર, તું (જ) અમારો માલિક છે માટે નાસ્તિકોના મુકાબલામાં અમારી સહાય કર.

الٓمّٓ ۙ﴿۱﴾

(૧) અલિફ. લામ. મીમ.

اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ الۡحَىُّ الۡقَيُّوۡمُ ؕ﴿۲﴾

(૨) અલ્લાહ તે છે કે જેના સિવાય અન્ય કોઈ પૂજ્ય (બંદગીને લાયક) નથી, તે હંમેશ જીવંત (અને) સ્વબળથી કાયમ રહેલો છે.

نَزَّلَ عَلَيۡكَ الۡكِتٰبَ بِالۡحَـقِّ مُصَدِّقًا لِّمَا بَيۡنَ يَدَيۡهِ وَاَنۡزَلَ التَّوۡرٰٮةَ وَالۡاِنۡجِيۡلَ ۙ﴿۳﴾

(3) તેણે તારા ઉપર આ કિતાબ સત્યતાપૂર્વક ઉતારી છે જે તેની પહેલા ઉતરેલી (ઈલાહી)

કિતાબોને ટેકો આપે છે અને તેણે તે અગાઉ લોકોની હિદાયત માટે તૌરેત તથા ઈન્જીલ ઉતારી હતી.

مِنْ قَبْلُ هُدًى لِّلنَّاسِ وَاَنْزَلَ الْفُرْقَانَ ۬ؕ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ؕ وَاللّٰهُ عَزِيْزٌ ذُو انْتِقَامٍ ④

(૪) અને ફુરકાન (કુરઆન) પણ તેણેજ ઉતાર્યું; બેશક જે લોકો અલ્લાહની નિશાનીઓનો ઈન્કાર કરે છે તેમના માટે સખ્ત શિક્ષા છે; અને અલ્લાહ જબરદસ્ત બદલો લેનાર છે.

اِنَّ اللّٰهَ لَا يَخْفٰى عَلَيْهِ شَيْءٌ فِي الْاَرْضِ وَلَا فِي السَّمَآءِ ؕ⑤

(૫) નિસંશય અલ્લાહ એજ છે કે જેનાથી જમીન તથા આકાશની કોઈપણ વસ્તુ છૂપી નથી.

هُوَالَّذِيْ يُصَوِّرُكُمْ فِي الْاَرْحَامِ كَيْفَ يَشَآءُ ؕ لَآ اِلٰهَ اِلَّا
هُوَالْعَزِيْزُ الْحَكِيْمُ ۞

(૬) એજ તે છે કે જે માના ગર્ભાશયમાં જેવી ચાહે છે તેવી તમારી સુરતો બનાવી દે છે; તે જબરદસ્ત હિકમતવાળા સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી.

هُوَالَّذِيْٓ اَنْزَلَ عَلَيْكَ الْكِتٰبَ مِنْهُ اٰيٰتٌ مُّحْكَمٰتٌ هُنَّ اُمُّ
الْكِتٰبِ وَاُخَرُ مُتَشٰبِهٰتٌ ؕ فَاَمَّا الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ زَيْغٌ
فَيَتَّبِعُوْنَ مَا تَشَابَهَ مِنْهُ ابْتِغَآءَ الْفِتْنَةِ وَابْتِغَآءَ تَاْوِيْلِهٖ ۚ
وَمَا يَعْلَمُ تَاْوِيْلَهٗٓ اِلَّا اللّٰهُ ۘ وَالرّٰسِخُوْنَ فِي الْعِلْمِ يَقُوْلُوْنَ

اٰمَنَّا بِهٖ ۙ كُلٌّ مِّنۡ عِنۡدِ رَبِّنَا ۚ وَمَا يَذَّكَّرُ اِلَّاۤ اُولُوا
الۡاَلۡبَابِ ۝۷

(૭) (અય રસૂલ) એજ તે (અલ્લાહ) છે કે જણે તારા ઉપર આ કિતાબ ઉતારી છે જેની કેટલીક આયતો સાફ (સ્પષ્ટ અને એક અર્થી) છે અને એજ આયતો કિતાબનું મૂળ છે બીજી બહુઅર્થી છે; હવે જે લોકોના અંતઃકરણોમાં અવળાઈ છે તેઓ તે (કિતાબ)માંની બહુઅર્થી આયતોને અનુસરે છે (અને તે કેવળ) ફિત્નો ફેલાવવાના હેતુથી, અને તેનો અર્થ (પોતાની) ઈચ્છા મુજબ કરવાના હેતુથી, જો કે તેનો (ખરો) અર્થ અલ્લાહના અને તેમના સિવાય કે જેઓ જ્ઞાનમાં પ્રવિણ છે અન્ય કોઈ

જાણતું નથી; અને તે (પ્રવિણ લોકો) કહે છે કે અમે તેના પર ઈમાન લાવ્યા, દરેક (દાખલા તથા આજ્ઞાઓ) અમારા પરવરદિગાર તરફથી છે, અને બુદ્ધિશાળીઓ સિવાય અન્ય કોઈ બોધ ગ્રહણ કરતા નથી.

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ
رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ⑧

(૮) અય અમારા પરવરદિગાર! અમને સન્માર્ગે દોર્યા પછી અમારા અંતઃકરણોને આડે માર્ગે જવાદેજે નહિ અને અમને તારી પાસેથી રહેમત અર્પણ કર, બેશક તું સૌથી મોટો (રહેમત) અર્પણ કરનાર છે.

رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ؕ اِنَّ اللّٰهَ لَا
يُخْلِفُ الْمِيْعَادَ ۟۹

(૯) અય અમારા પરવરદિગાર ! નિસંશય તું તે (કયામત)ના દિવસે માણસોને ભેગા કરનાર છે કે જે (દિવસ)ના વિષે કાંઈજ શંકા નથી (ત્યારે અમારા પર કૃપાદ્રષ્ટિ રાખજે); બેશક અલ્લાહ વચન ભંગ કરતો નથી.

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا لَنْ تُغْنِىَ عَنْهُمْ اَمْوَالُهُمْ وَلَآ اَوْلَادُهُمْ
مِّنَ اللّٰهِ شَيْـًٔا ؕ وَاُولٰٓٮِٕكَ هُمْ وَقُوْدُ النَّارِ ۟ۙ۱۰

(૧૦) બેશક જેઓ ઈમાન લાવ્યા નથી તેમની સંપત્તિ તથા સંતતિ તેમને અલ્લાહ (ની શિક્ષા)થી

જરાય બચાવી શકશે નહિ અને તેઓ જ જહન્નમનું બળતણ બનશે;

كَدَاْبِ اٰلِ فِرْعَوْنَ ۙ وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ
فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ؕ وَاللّٰهُ شَدِيْدُ الْعِقَابِ ⑪

(૧૧) ફિરઔનવાળા તથા તેમની પહેલાઓની જેમ; તેમણે પણ અમારી આયતો જૂઠલાવી હતી, પછી અલ્લાહે તેમના ગુનાહોના બદલે તેમની ધરપકડ કરી; અને અલ્લાહ સખત સજા કરનાર છે.

قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْا سَتُغْلَبُوْنَ وَتُحْشَرُوْنَ اِلٰى جَهَنَّمَ ؕ
وَبِئْسَ الْمِهَادُ ⑫

(૧૨) (અય રસૂલ) જેઓ ઈમાન લાવ્યા નથી તેઓને કહે કે તરતમાંજ તમે (મુસ્લિમોના મુકાબલામાં) પરાજય પામશો તથા તમે જહન્નમ તરફ હાંકી લઈ જવામાં આવશો; અને તે એક ઘણું જ ખરાબ રહેઠાણ છે.

قَدْ كَانَ لَكُمْ اٰيَةٌ فِيْ فِئَتَيْنِ الْتَقَتَا ؕ فِئَةٌ تُقَاتِلُ فِيْ سَبِيْلِ
اللّٰهِ وَاُخْرٰى كَافِرَةٌ يَّرَوْنَهُمْ مِّثْلَيْهِمْ رَاْىَ الْعَيْنِ ؕ وَاللّٰهُ يُؤَيِّدُ
بِنَصْرِهٖ مَنْ يَّشَآءُ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَعِبْرَةً لِّاُولِى الْاَبْصَارِ ﴿۱۳﴾

(૧૩) ખચીતજ તમારા સમજવા માટે તે બે (વિરોધી) ટોળાના સબંધમાં (કે) જેઓ (જંગે બદરમાં) સામસામા થયા (હતા તેમાં રસૂલની

સચ્ચાઈનો) એક મોઅજિઝો હતો; (અર્થાત) એક ટોળું તો અલ્લાહના માર્ગમાં લડતું હતું અને બીજુ ઈન્કાર કરનારૂં હતું કે જેમને દેખતી આંખે તે (મુસલમાનો) પોતાના કરતાં બમણાં જોઈ રહ્યા હતા (પણ અલ્લાહે મુસલમાનોનેજ વિજય આપ્યો); અને અલ્લાહ પોતાની મદદથી જેને ચાહે છે તેને બળવાન બનાવે છે; બેશક આ (બનાવ)માં (અંતર) ચક્ષુ ધરાવનારાઓ માટે બોધપાઠ છે.

زُيِّنَ لِلنَّاسِ حُبُّ الشَّهَوٰتِ مِنَ النِّسَآءِ وَالْبَنِيْنَ وَالْقَنَاطِيْرِ الْمُقَنْطَرَةِ مِنَ الذَّهَبِ وَالْفِضَّةِ وَالْخَيْلِ

الْمُسَوَّمَةِ وَالْاَنْعَامِ وَالْحَرْثِ ؕ ذٰلِكَ مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ
وَاللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ ﴿۱۴﴾

(૧૪) સ્ત્રીઓ અને બાળકો અને સોના ચાંદીનો ભેગો કરેલો ખજાનો અને ચુનંદા ઘોડા અને ઢોરઢાંખર અને ખેતીવાડી એ (સઘળી વસ્તુઓ)ની ઈચ્છાઓની માયા લોકોની નજરમાં સુશોભિત બનાવી દેવામાં આવી છે; (જો કે) આ વસ્તુઓ (નાશવંત) જિંદગીના સાધનો છે, અને ઉત્તમ રહેઠાણ તો અલ્લાહનીજ પાસે છે.

قُلۡ اَؤُنَبِّئُكُمۡ بِخَيۡرٍ مِّنۡ ذٰلِكُمۡ‌ؕ لِلَّذِيۡنَ اتَّقَوۡا عِنۡدَ رَبِّهِمۡ
جَنّٰتٌ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا وَاَزۡوَاجٌ مُّطَهَّرَةٌ
وَّرِضۡوَانٌ مِّنَ اللّٰهِ‌ؕ وَاللّٰهُ بَصِيۡرٌ ۢ بِالۡعِبَادِ‌ۚ‏ ﴿۱۵﴾

(૧૫) (અય રસૂલ !) કહે કે શું હું તમને એ કરતાંય વધુ સારી વસ્તુઓની જાણ કરી દઉં? જેમણે પરહેઝગારી ગ્રહણ કરી છે તેમના માટે તેમના પરવરદિગાર પાસે બગીચા છે જેમની હેઠળ નદીઓ વહેતી રહે છે જેમાં તેઓ હંમેશને માટે રહેનાર છે; (તેમાં) પાક સાફ જોડાં છે અને અલ્લાહની પ્રસન્નતા (પણ) છે અને અલ્લાહ (સર્વ) બંદાઓને નિહાળનાર છે.

اَلَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ النَّارِ ﴿١٦﴾

(૧૬) જેઓ કહે છે કે અય અમારા પરવરદિગાર ! બેશક અમે ઈમાન લાવ્યા છીએ માટે અમારા ગુનાહ માફ કરી દે અને અમને જહન્નમની આગના અઝાબથી બચાવી લે.

اَلصّٰبِرِيْنَ وَالصّٰدِقِيْنَ وَالْقٰنِتِيْنَ وَالْمُنْفِقِيْنَ وَالْمُسْتَغْفِرِيْنَ بِالْاَسْحَارِ ﴿١٧﴾

(૧૭) (તેઓ) ધીરજ ધરનારા તથા સત્ય કહેનારા તથા અલ્લાહની આજ્ઞા માનનારા તથા અલ્લાહના

માર્ગમાં ખર્ચ કરનારા અને પ્રભાતના સમયે ક્ષમા યાચનારા (છે.)

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًۢا
بِالْقِسْطِ ؕ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝١٨

(૧૮) અલ્લાહ સાક્ષી આપે છે કે તેના (પોતાના) સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી, અને તે (સર્વ સૃષ્ટિને) ન્યાયથી કાયમ રાખી રહ્યો છે (તેવી જ સાક્ષી) સઘળા ફરિશ્તાઓ તથા જ્ઞાનીઓ (પણ પુરે છે); તે જબરદસ્ત હિકમતવાળા (અલ્લાહ) સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી.

اِنَّ الدِّيۡنَ عِنۡدَ اللّٰهِ الۡاِسۡلَامُ ۚ وَمَا اخۡتَلَفَ الَّذِيۡنَ اُوۡتُوا
الۡكِتٰبَ اِلَّا مِنۡۢ بَعۡدِ مَا جَآءَهُمُ الۡعِلۡمُ بَغۡيًۢا بَيۡنَهُمۡ‌ؕ وَمَنۡ
يَّكۡفُرۡ بِاٰيٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِيۡعُ الۡحِسَابِ ﴿۱۹﴾

(૧૯) નિસંશય પસંદ કરેલો દીન તો અલ્લાહની પાસે ઈસ્લામ જ છે; અને જેમને (તૌરેત ઈન્જીલ વિગેરે) કિતાબ આપવામાં આવી હતી તેમણે (આ પસંદ કરેલા દીનમાં) મતભેદ કર્યો નહિ પણ તેમણે જ્ઞાન આવી ગયા પછી (અને તે માત્ર) આપસની ઈર્ષાના કારણેજ; અને જે કોઈ અલ્લાહની આયતોનો ઈન્કાર કરશે (તે તે જાણી લે કે) બેશક અલ્લાહ ઝડપી હિસાબ લેનાર છે.

فَاِنْ حَآجُّوْكَ فَقُلْ اَسْلَمْتُ وَجْهِيَ لِلّٰهِ وَمَنِ اتَّبَعَنِ ؕ وَقُلْ
لِّلَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ وَالْاُمِّيّٖنَ ءَاَسْلَمْتُمْ ؕ فَاِنْ اَسْلَمُوْا
فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا عَلَيْكَ الْبَلٰغُ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ
بِالْعِبَادِ ۝٢٠

(૨૦) (અય રસૂલ !) છતાં જો તેઓ તારી સાથે તકરાર કરે તો કહે કે મેં તથા મારા અનુયાયીઓએ અલ્લાહની સામે (તાબેદારીનું) શીશ નમાવી દીધું છે; અને તે લોકોથી કે જેમને કિતાબ આપવામાં આવી છે (તેમને) તથા અભણો (મક્કાવાસીઓ) ને પૂછી લે કે શું તમે પણ ઈમાન લાવ્યા ? પછી જો તેઓ ઈસ્લામ લઈ આવે તો

ખરેજ તેમણે સન્માર્ગ મેળવ્યો, અને જો પાછા ફરે તો તારા શિરે તો માત્ર (અલ્લાહનો) સંદેશો પહોંચાડવાનું છે; અને અલ્લાહ સર્વ બંદાઓને નિહાળનાર છે.

إِنَّ الَّذِينَ يَكْفُرُونَ بِآيَاتِ اللَّهِ وَيَقْتُلُونَ النَّبِيِّينَ بِغَيْرِ حَقٍّ وَيَقْتُلُونَ الَّذِينَ يَأْمُرُونَ بِالْقِسْطِ مِنَ النَّاسِ فَبَشِّرْهُمْ بِعَذَابٍ أَلِيمٍ ﴿٢١﴾

(૨૧) નિસંશય જે લોકો અલ્લાહની નિશાનીઓનો ઈન્કાર કરે છે અને નબીઓને નાહક મારી નાખે છે અને માણસોમાંથી તેઓને (પણ) મારી નાખે છે કે જેઓ અદલ ઈન્સાફની આજ્ઞા કરે છે તો તેઓને

(અય રસૂલ! તું) દુ:ખદાયક શિક્ષાની ખુશખબર સંભળાવ.

أُولَٰٓئِكَ الَّذِيْنَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ۡ وَمَا

لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٢٢﴾

(૨૨) તેઓ એજ (હતભાગી લોકો) છે કે જેમના કર્મો આલોક તથા પરલોકમાં વ્યર્થ જશે, અને તેમનો કોઈપણ મદદગાર થશે નહિ.

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يُدْعَوْنَ اِلٰى

كِتٰبِ اللهِ لِيَحْكُمَ بَيْنَهُمْ ثُمَّ يَتَوَلّٰى فَرِيْقٌ مِّنْهُمْ وَهُمْ

مُّعْرِضُوْنَ ﴿٢٣﴾

(૨૩) (અય રસૂલ!) શું તું તે લોકો (યહૂદી આલિમો)ને નથી જોયાં કે જેમને (અલ્લાહની) કિતાબનો થોડોક ભાગ આપવામાં આવ્યો છે? જ્યારે તેમને અલ્લાહની કિતાબ (તૌરેત) તરફ બોલાવવામાં આવે છે કે તે તૌરેત તેમની વચ્ચે ફેંસલો કરે ત્યારે તેઓ માંહેનું એક ટોળું મોઢું ફેરવી પાછું ચાલ્યું જાય છે.

ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا مَّعْدُوْدٰتٍ ۖ
وَغَرَّهُمْ فِيْ دِيْنِهِمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٤﴾

(૨૪) આ એ કારણે કે તે લોકો કહે છે કે આગ અમને તો ગણ્યા ગાંઠયા દિવસો સિવાય હરગિઝ અડકશે નહિ, અને જે અસત્ય તેઓ જોડી કાઢતા

હતા તે (અસત્ય) જ તેમને તેમના ધર્મ સબંધી છેતર્યા છે.

فَكَيْفَ إِذَا جَمَعْنٰهُمْ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ۗ وَوُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٢٥﴾

(૨૫) પછી જયારે તે દિવસે કે જે દિવસ વિષે કાંઈ પણ શંકા નથી અમે તેમને ભેગા કરી લઈશું ત્યારે તેમની કેવી (દશા) થશે, અને દરેક જણને તેની કમાઈનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે અને તેમના પર (કોઈ પ્રકારનો) ઝુલ્મ કરવામાં આવશે નહિ.

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِى الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ
مِمَّنْ تَشَآءُ ۫ وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ ؕ بِيَدِكَ الْخَيْرُ ؕ
اِنَّكَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿٢٦﴾

(૨૬) (અય રસૂલ!) કહે કે અય અલ્લાહ! અય સલ્તનતના માલિક! જેને તું ચાહે છે સલ્તનત આપે છે, જેની ચાહે છે (તેની) સલ્તનત ખૂંચવી લે છે અને જેને તું ચાહે છે ઈજ્જત આપે છે અને જેને ચાહે છે તેને તું હલકો પાડે છે; જે કાંઈ પણ તું કરે છે તે સારૂં જ કરે છે; બેશક તું દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

تُولِجُ الَّيۡلَ فِى النَّهَارِ وَتُوۡلِجُ النَّهَارَ فِى الَّيۡلِ‌ وَتُخۡرِجُ الۡحَـىَّ مِنَ
الۡمَيِّتِ وَتُخۡرِجُ الۡمَيِّتَ مِنَ الۡحَىِّ‌ وَتَرۡزُقُ مَنۡ تَشَآءُ بِغَيۡرِ
حِسَابٍ‏ ﴿۲۷﴾

(૨૭) તું રાત્રિને દિવસમાં ભેળવી નાખે છે અને દિવસને રાત્રિમાં ભેળવી નાખે છે, તું મરણ પામેલાઓમાંથી જીવતાઓને કાઢી લાવે છે અને જીવતાઓમાંથી મરેલાઓને કાઢે છે, અને જેને ચાહે છે બેહિસાબ રોજી પહોંચાડે છે.

لَا يَتَّخِذِ الْمُؤْمِنُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۚ
وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَلَيْسَ مِنَ اللّٰهِ فِيْ شَيْءٍ اِلَّآ اَنْ تَتَّقُوْا مِنْهُمْ
تُقٰىةً ؕ وَيُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ ؕ وَاِلَى اللّٰهِ الْمَصِيْرُ ﴿۲۸﴾

(૨૮) મોઅમીનો મોઅમીનોને મૂકી નાસ્તિકોને મિત્ર ન બનાવે, અને જે એમ કરશે તો તેનો અલ્લાહ સાથે કાંઈ સબંધ નથી સિવાય એ હાલતમાં કે તમે તેમના (તરફ)થી કોઈ જાતનો ભય રાખતા હો, અને અલ્લાહ તમને પોતાનાથી જ ડરવાનું ફરમાવે છે; અને (સર્વનું) અલ્લાહ તરફજ પાછું ફરવાનું છે.

قُلْ إِنْ تُخْفُوْا مَا فِيْ صُدُوْرِكُمْ اَوْ تُبْدُوْهُ يَعْلَمْهُ اللّٰهُ ؕ وَيَعْلَمُ
مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٩﴾

(૨૯) (અય રસૂલ!) કહે કે જે કાંઈ તમારા અંતઃકરણોમાં છે તે ચાહે સંતાડો યા તે જાહેર કરો અલ્લાહ તે (સઘળું) જાણે છે; અને જે કાંઈ આસમાનોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે પણ જાણે છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

يَوْمَ تَجِدُ كُلُّ نَفْسٍ مَّا عَمِلَتْ مِنْ خَيْرٍ مُّحْضَرًا ۚۛ وَّمَا عَمِلَتْ
مِنْ سُوْٓءٍ ۚۛ تَوَدُّ لَوْ اَنَّ بَيْنَهَا وَبَيْنَهٗٓ اَمَدًاۢ بَعِيْدًا ؕ وَيُحَذِّرُكُمُ
اللّٰهُ نَفْسَهٗ ؕ وَاللّٰهُ رَءُوْفٌۢ بِالْعِبَادِ ﴿٣٠﴾

(30) (અને તે દિવસને યાદ રાખો કે) જે દિવસે દરેક શખ્સ જે કાંઈ તેણે (દુનિયામાં) નેકી કરી છે અને જે કાંઈ બદી કરી છે તેને હાજર (થયેલી) જોશે, (ત્યારે બદી કરનાર) ઈચ્છશે કે તેની અને તે દિવસ વચ્ચે કદાચને એક લાંબી મુદ્દત હોત (તો કેવું સારૂં); અને અલ્લાહ તમને તેનાથી ડરતા રહેવાનું ફરમાવે છે; અને અલ્લાહ સર્વે બંદાઓ પર અતિ મહેરબાન છે.

قُلۡ اِنۡ كُنۡتُمۡ تُحِبُّوۡنَ اللّٰهَ فَاتَّبِعُوۡنِىۡ يُحۡبِبۡكُمُ اللّٰهُ وَيَغۡفِرۡ
لَـكُمۡ ذُنُوۡبَكُمۡ‌ؕ وَاللّٰهُ غَفُوۡرٌ رَّحِيۡمٌ‏ ﴿۳۱﴾

(૩૧) (અય રસૂલ!) કહે કે જો તમે અલ્લાહના બંદાઓ હો તો મારા પગલે ચાલો કે જેથી અલ્લાહ

તમને ચાહે અને તમારા ગુનાહ માફ કરે; અને અલ્લાહ મહાન માફ કરનાર (અને) દયા કરનાર છે.

قُلْ اَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ﴿٣٢﴾

(૩૨) (અય રસૂલ!) કહે કે તમે અલ્લાહ તથા રસૂલની આજ્ઞા માનો, પછી જો તેઓ મોઢુ ફેરવી લે તો નિસંશય અલ્લાહ આજ્ઞા નહિ માનનારાઓને (હરગિઝ) દોસ્ત રાખતો નથી.

اِنَّ اللّٰهَ اصْطَفٰٓى اٰدَمَ وَنُوْحًا وَّاٰلَ اِبْرٰهِيْمَ وَاٰلَ عِمْرٰنَ عَلَى الْعٰلَمِيْنَ ﴿٣٣﴾ۙ

(33) નિસંશય અલ્લાહે આદમ તથા નૂહને અને ઈબ્રાહીમના વંશજોને તથા ઈમરાનના વંશજોને સઘળી દુનિયાવાળાઓ ઉપર ચૂંટી કાઢયા (છે);

ذُرِّيَّةً بَعْضُهَا مِنْ بَعْضٍ ۗ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٣٤﴾

(3૪) કેટલાક એકબીજાના વંશમાંથી અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનારછે.

اِذْ قَالَتِ امْرَاَتُ عِمْرٰنَ رَبِّ اِنِّيْ نَذَرْتُ لَكَ مَا فِيْ بَطْنِيْ مُحَرَّرًا فَتَقَبَّلْ مِنِّيْ ۚ اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٣٥﴾

(3૫) (અય રસૂલ ! તે સમયને યાદ કર) જયારે ઈમરાનની સ્ત્રી (હન્ના) એ (અલ્લાહને) અરજ કરી કે અય મારા પરવરદિગાર ! નિસંશય મારા પેટમાં

જે (બાળક) છે તેને મેં (સંસારી જંજાળોમાંથી) મુક્ત કરી તારા માટે અર્પણ કરવાની માનતા કરી છે માટે તું મારા તરફથી (તે) સ્વીકારી લે, બેશક તું જ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

فَلَمَّا وَضَعَتۡهَا قَالَتۡ رَبِّ اِنِّیۡ وَضَعۡتُهَاۤ اُنۡثٰی ؕ وَاللّٰهُ اَعۡلَمُ بِمَا
وَضَعَتۡ ؕ وَلَیۡسَ الذَّکَرُ کَالۡاُنۡثٰی ۚ وَاِنِّیۡ سَمَّیۡتُهَا مَرۡیَمَ وَاِنِّیۡۤ
اُعِیۡذُهَا بِکَ وَذُرِّیَّتَهَا مِنَ الشَّیۡطٰنِ الرَّجِیۡمِ ﴿۳۶﴾

(૩૬) પછી જયારે તેણીએ તે (બાળક)ને જન્મ આપ્યો ત્યારે (આશ્ચર્યથી) કહેવા લાગી કે અય મારા પરવરદિગાર ! (હવે હું શું કરૂં) મેં તો આ છોકરી જણી છે; જો કે અલ્લાહ સારી પેઠે જાણતો

હતો કે તેણીએ શું જણ્યું છે; અને(વળી તેણીએ એ પણ અરજ કરી કે) છોકરો છોકરીના જેવો હોતો નથી, અને મેં તેનું નામ મરિયમ પાડયું છે નિસંશય હું તેને તથા તેના વંશને પત્થરથી મારેલા (લાનત પામેલા) શેતાન (ના ફરેબ)થી બચાવવા તારી પનાહમાં આપું છું.

فَتَقَبَّلَهَا رَبُّهَا بِقَبُوْلٍ حَسَنٍ وَّاَنْۢبَتَهَا نَبَاتًا حَسَنًا ۙ وَّ كَفَّلَهَا
زَكَرِيَّا ۚ كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ ۙ وَجَدَ عِنْدَهَا
رِزْقًا ۚ قَالَ يٰمَرْيَمُ اَنّٰى لَكِ هٰذَا ؕ قَالَتْ هُوَ مِنْ عِنْدِ اللّٰهِ ؕ اِنَّ
اللّٰهَ يَرْزُقُ مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ۞٣٧

(૩૭) ત્યારે તેના પરવરદિગારે તેનો માનપૂર્વક સ્વીકાર કર્યો અને તે (બાળા)ને સારી પેઠે ઉછેરી અને અલ્લાહે તેણીને ઝકરીઆ (નબી)ના (વાલીપણામાં) હવાલે કરી દીધી; જયારે જયારે ઝકરીયા તે બાળા (મરિયમને જોવા માટે) મસ્જિદમાં દાખલ થતો ત્યારે ત્યારે તેણીની પાસે કોઈ ખાવાની વસ્તુ (હાજર) જોતો, (આથી) તે (આશ્ચર્ય પામી) પૂછતો કે અય મરિયમ! આ વસ્તુઓ તારી પાસે કયાંથી? તે કહેતી કે તે અલ્લાહ પાસેથી છે; બેશક અલ્લાહ ચાહે તેને બેહિસાબ રોજી અર્પણ કરે છે.

هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ ۚ قَالَ رَبِّ هَبْ لِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً ۚ اِنَّكَ سَمِيْعُ الدُّعَآءِ ﴿۳۸﴾

(૩૮) (આ જવાબ સાંભળી) ઝકરીયાએ ત્યાંજ પોતાના પરવરદિગાર પાસે દુઆ કરી, અને અરજ કરી કે અય મારા પરવરદિગાર ! મને પણ તારી પાસેથી નેક વંશ (પુત્ર) અર્પણ કર, નિસંશય તું દુઆનો મહાન સાંભળનાર છે.

فَنَادَتْهُ الْمَلٰٓئِكَةُ وَهُوَ قَآئِمٌ يُّصَلِّيْ فِي الْمِحْرَابِ ۙ اَنَّ اللّٰهَ يُبَشِّرُكَ بِيَحْيٰى مُصَدِّقًا ۢ بِكَلِمَةٍ مِّنَ اللّٰهِ وَسَيِّدًا وَّحَصُوْرًا وَّنَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ ﴿۳۹﴾

(૩૯) હજી તો તે (ઝકરિયા) મસ્જિદમાં (દુઆ કરતો) ઉભો જ હતો (ત્યાં) ફરિશ્તાઓએ તેને અવાજ આપ્યો (અને કહ્યું) કે અલ્લાહ તને યહ્યા (ના પેદા થવા)ની ખુશખબરી આપે છે જે અલ્લાહના કલ્મા (શબ્દ) (અર્થાત ઈસા)ને સત્ય ઠરાવનાર તથા (લોકોનો) સરદાર તથા વાસનાઓથી પાક અને સદાચારી નબીઓમાંહેનો (એક નબી) થશે.

قَالَ رَبِّ اَنّٰى يَكُوْنُ لِىْ غُلٰمٌ وَّقَدْ بَلَغَنِىَ الْكِبَرُ وَامْرَاَتِىْ عَاقِرٌ ؕ قَالَ كَذٰلِكَ اللّٰهُ يَفْعَلُ مَا يَشَآءُ ﴿۴۰﴾

(૪૦) (ઝકરિયાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મારે છોકરો કયાંથી થશે જયારે કે

હું વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયો છું અને મારી પત્ની ગર્ભધારણ કરવાને શક્તિમાન નથી, ફરમાવ્યું કે અલ્લાહ એવી સ્થિતિમાં (પણ) જે ઈચ્છે છે કરી દે છે.

قَالَ رَبِّ اجْعَلْ لِّيْٓ اٰيَةً ؕ قَالَ اٰيَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ ثَلٰثَةَ اَيَّامٍ اِلَّا رَمْزًا ؕ وَاذْكُرْ رَّبَّكَ كَثِيْرًا وَّسَبِّحْ بِالْعَشِيِّ وَالْاِبْكَارِ ۟

(૪૧) (ઝકરિયાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મારી (ખાત્રી) માટે કોઈ નિશાની નક્કી કર; ફરમાવ્યું તારી નિશાની આ છે કે તું ત્રણ દિવસ સુધી લોકો સાથે ઈશારા સિવાય વાતચીત

કરી શકશે નહિ; અને (તેના આભારમાં) તારા પરવરદિગારને વધુ પ્રમાણમાં યાદ કર અને સાંજ સવાર તેના ગુણ ગાન ગાતો રહે.

وَاِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ اصْطَفٰىكِ وَطَهَّرَكِ وَاصْطَفٰىكِ عَلٰى نِسَآءِ الْعٰلَمِيْنَ ﴿٤٢﴾

(૪૨) (અને અય રસૂલ! તે સમયને યાદ કર) જયારે ફરિશ્તાઓએ કહ્યું કે અય મરીયમ! અલ્લાહે બેશક તને ચૂંટી કાઢી છે અને તને પવિત્ર બનાવી છે અને તને ઝમાનાની સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ બનાવી છે.

يٰمَرْيَمُ اقْنُتِىْ لِرَبِّكِ وَاسْجُدِىْ وَارْكَعِىْ مَعَ الرّٰكِعِيْنَ ﴿٤٣﴾

(૪૩) માટે અય મરીયમ! (એના આભારમાં) તું તારા પરવરદિગારની ફરમાબરદારી કર અને રૂકુઅ તથા સિજદા કરનારાઓની સાથે રૂકુઅ (અને સિજદા) કર.

ذٰلِكَ مِنۡ اَنۡۢبَآءِ الۡغَيۡبِ نُوۡحِيۡهِ اِلَيۡكَ‌ؕ وَمَا كُنۡتَ لَدَيۡهِمۡ اِذۡ يُلۡقُوۡنَ اَقۡلَامَهُمۡ اَيُّهُمۡ يَكۡفُلُ مَرۡيَمَ۪ وَمَا كُنۡتَ لَدَيۡهِمۡ اِذۡ يَخۡتَصِمُوۡنَ﴿۴۴﴾

(૪૪) (અય રસૂલ!) આ અદ્રષ્ય વાતો (માંહેની એક છે કે જે) અમે તને વહી દ્વારા જણાવીએ છીએ; અને મરીયમની દેખરેખ કોણ કરે એ નક્કી કરવા માટે તેઓ (નદીમાં) પોતાની કલમો નાખતા હતા

ત્યારે તું તેમની પાસે હાજર ન હતો, અને જયારે તેઓ (એ વિષે) આપસમાં ઝઘડતા હતા ત્યારે પણ તું તેમની પાસે ન હતો.

اِذْ قَالَتِ الْمَلٰٓئِكَةُ يٰمَرْيَمُ اِنَّ اللّٰهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ مِّنْهُ ۖ اسْمُهُ الْمَسِيْحُ عِيْسَى ابْنُ مَرْيَمَ وَجِيْهًا فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ وَمِنَ الْمُقَرَّبِيْنَ ﴿٤٥﴾

(૪૫) (તે સમયને યાદ કર) જ્યારે ફરિશ્તાઓએ કહ્યું કે અય મરીયમ! નિસંશય અલ્લાહ તને પોતાના એક કલ્મા (શબ્દ ઈસા)ની ખુશખબર આપે છે જેનું નામ મસીહ, (યાને) મરીયમનો પુત્ર,

ઈસા હશે (જે) આલોક તથા પરલોકમાં માનવંત અને (અલ્લાહના) નિકટ બંદાઓ માંહેનો થશેઃ

وَيُكَلِّمُ النَّاسَ فِي الْمَهْدِ وَكَهْلًا وَّمِنَ الصّٰلِحِيْنَ ﴿٤٦﴾

(૪૬) અને તે લોકો સાથે તે બાળવય (પારણાં)માં તેમજ વૃદ્ધાવસ્થામાં (પણ સમાન) વાતો કરશે અને તે સદાચારીઓમાંથી હશે.

قَالَتْ رَبِّ اَنّٰى يَكُوْنُ لِيْ وَلَدٌ وَّلَمْ يَمْسَسْنِيْ بَشَرٌ ؕ قَالَ كَذٰلِكِ اللّٰهُ يَخْلُقُ مَا يَشَآءُ ؕ اِذَا قَضٰٓى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٧﴾

(૪૭) (આ સાંભળી આશ્ચર્યથી તેણીએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મને બાળક કયાંથી

થશે એવી હાલતમાં કે જયારે કોઈ પુરૂષ મને અડકયો પણ નથી ફરમાવ્યું, આવી સ્થિતિમાં પણ અલ્લાહ જે વસ્તુ ચાહે છે પેદા કરી દે છે; જ્યારે તે કોઈ મામલાનો નિશ્ચય કરી લે છે ત્યારે તેને માત્ર (એટલું જ) કહી દે છે કે "કુન" (અર્થાત થા) અને તે થઈ જાય છે.

وَيُعَلِّمُهُ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ ﴿٤٨﴾

(૪૮) અને (અલ્લાહ) તે (ઈસા)ને કિતાબ તથા હિકમત (સારા નરસાની સમજ) અને તવરેત તથા ઈન્જીલનું શિક્ષણ આપશે.

وَرَسُوۡلًا اِلٰى بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ ۙ اَنِّىۡ قَدۡ جِئۡتُكُمۡ بِاٰيَةٍ مِّنۡ رَّبِّكُمۡ ۙ
اَنِّىۡۤ اَخۡلُقُ لَـكُمۡ مِّنَ الطِّيۡنِ كَهَیْـَٔةِ الطَّيۡرِ فَاَنۡفُخُ فِيۡهِ فَيَكُوۡنُ
طَيۡرًا ۢ بِاِذۡنِ اللّٰهِ ‌ۚ وَاُبۡرِئُ الۡاَكۡمَهَ وَالۡاَبۡرَصَ وَاُحۡىِ الۡمَوۡتٰى
بِاِذۡنِ اللّٰهِ‌ ۚ وَاُنَبِّئُكُمۡ بِمَا تَاۡكُلُوۡنَ وَمَا تَدَّخِرُوۡنَ ۙ فِىۡ
بُيُوۡتِكُمۡ‌ ؕ اِنَّ فِىۡ ذٰ لِكَ لَاٰيَةً لَّـكُمۡ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ ۚ‏ ﴿۴۹﴾

(૪૯) અને બની ઈસરાઈલ તરફ એક રસૂલ (બનાવી મોકલશે અને તે કહેશે) કે હું તમારા પરવરદિગાર તરફથી (મારી નબુવ્વતની) નિશાની લઈને આવ્યો છું, હું તમારા માટે પલળેલી માટી (માં)થી પક્ષી જેવો આકાર બનાવીશ પછી તેમાં ફુંકીશ જેથી તે અલ્લાહના હુકમથી (જીવતું જાગતું)

પક્ષી થઈ જશે, અને હું જન્મથી આંધળા તથા કોઢીયાઓને સાજા કરીશ, અને હું અલ્લાહના હુકમથી મરી ગએલાઓને સજીવન કરીશ, અને તમે તમારા ઘરોમાં જે કાંઈ ખાઓ (પીઓ) છો તથા જે કાંઈ સંગ્રહ કરો છો તેની તમને જાણ કરી દઈશ; જો તમે મોમીન હો તો નિસંશય તેમાં તમારા માટે (મારી નબુવતની) નિશાની મોજૂદ છે.

وَمُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيَّ مِنَ التَّوْرٰىةِ وَلِاُحِلَّ لَكُمْ بَعْضَ الَّذِيْ حُرِّمَ عَلَيْكُمْ وَجِئْتُكُمْ بِاٰيَةٍ مِّنْ رَّبِّكُمْ ۟ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ۝۵۰

(૫૦) અને (હું એ માટે આવ્યો છું કે) મારી પહેલાંની તૌરેતને સમર્થન આપું અને એ માટે કે કેટલીક વસ્તુઓ કે જે તમારા ઉપર હરામ કરવામાં આવી છે (તેને) તમારા માટે હલાલ ઠરાવું અને તમારા પરવરદિગાર પાસેથી એક નિશાની (મોઅજિઝો) લઈને આવ્યો છું માટે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

اِنَّ اللّٰهَ رَبِّيْ وَرَبُّكُمْ فَاعْبُدُوْهُ ؕ هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿۵۱﴾

(૫૧) બેશક અલ્લાહ મારો પરવરદિગાર છે અને તમારો પણ પરવરદિગાર છે જેથી તેની જ ઈબાદત કરો; સીધો માર્ગ એજ છે.

فَلَمَّآ اَحَسَّ عِيْسٰى مِنْهُمُ الْكُفْرَ قَالَ مَنْ اَنْصَارِيْٓ اِلَى اللّٰهِ ؕ
قَالَ الْحَوَارِيُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ ۚ اٰمَنَّا بِاللّٰهِ ۚ وَاشْهَدْ بِاَنَّا
مُسْلِمُوْنَ﴿۵۲﴾

(૫૨) પછી જયારે ઈસાએ તેમની તરફથી ઈન્કાર અનુભવ્યો ત્યારે તે બોલ્યો કે અલ્લાહના માર્ગમાં મારા મદદગાર કોણ છે ? હવારીઓ બોલ્યા કે અલ્લાહના (દીનના) મદદગાર અમે છીએ, અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા છીએ, અને (અય ઈસા! તું) સાક્ષી રહેજે કે નિસંશય! અમે મુસલમાન (ફરમાબરદાર) છીએ.

رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ
الشّٰهِدِيْنَ۝٥٣

(૫૩) અય અમારા પરવરદિગાર ! તેં જે કાંઈ ઉતાર્યું છે તેના પર અમે ઈમાન લાવ્યા અને અમોએ(તારા) રસૂલનું અનુકરણ કર્યું, જેથી તું (સત્યની) સાક્ષી આપનારાઓની સાથે અમને (પણ) લખી લે.

وَمَكَرُوْا وَمَكَرَ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ۝٥٤ؑ

(૫૪) અને તે (યહૂદી)ઓ (ઈસા સાથે) એક ચાલ ચાલ્યા અને અલ્લાહ પણ (તેમની વિરૂદ્ધ) એક

ચાલ ચાલ્યો; અને અલ્લાહ સૌથી શ્રેષ્ઠ ચાલ ચાલનારો છે.

إِذْ قَالَ اللَّهُ يَٰعِيسَىٰٓ إِنِّى مُتَوَفِّيكَ وَرَافِعُكَ إِلَىَّ وَمُطَهِّرُكَ مِنَ الَّذِينَ كَفَرُوا۟ وَجَاعِلُ الَّذِينَ اتَّبَعُوكَ فَوْقَ الَّذِينَ كَفَرُوٓا۟ إِلَىٰ يَوْمِ الْقِيَٰمَةِ ۖ ثُمَّ إِلَىَّ مَرْجِعُكُمْ فَأَحْكُمُ بَيْنَكُمْ فِيمَا كُنتُمْ فِيهِ تَخْتَلِفُونَ ﴿٥٥﴾

(૫૫) (અને તે સમયને યાદ કર) જયારે અલ્લાહે ફરમાવ્યું કે અય ઈસા ! હું તારી (દુનિયામાં રહેવાની) મુદ્દત પૂરી કરનાર છું અને તને મારી તરફ ઉઠાવી લેનાર છું અને નાસ્તિકોની સંગતથી દૂર રાખી તને પાક પવિત્ર રાખનાર છું અને જે

લોકોએ તારી તાબેદારી કરી છે તેમને કયામત સુધી નાસ્તિકો પર ચઢીયાતા રાખનાર છું, પછી તમો સર્વેનું પાછું ફરવું મારી તરફ થશે પછી (તે દિવસે) તેમાંના જે વિષય સંબંધી તમે મતભેદ કરતા હતા તેમાં હુ તમારી વચ્ચે ચુકાદો આપીશ.

فَاَمَّا الَّذِيۡنَ كَفَرُوۡا فَاُعَذِّبُهُمۡ عَذَابًا شَدِيۡدًا فِى الدُّنۡيَا وَالۡاٰخِرَةِ‌ وَمَا لَهُمۡ مِّنۡ نّٰصِرِيۡنَ ﴿۵۶﴾

(૫૬) પછી જે લોકોએ ઈન્કાર કર્યો છે તેમને દુનિયા તથા આખેરતમાં સખ્ત શિક્ષા કરીશ, અને તેમનો મદદગાર કોઈપણ હશે નહિ.

وَاَمَّا الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيۡهِمۡ اُجُوۡرَهُمۡ‌ؕ

وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيۡنَ ۝٥٧

(૫૭) અને જેઓ ઈમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તો (અલ્લાહ) તેમને તેમનો બદલો પૂરેપૂરો આપશે; અને અલ્લાહ ઝુલમગારોને દોસ્ત રાખતો નથી.

ذٰلِكَ نَـتۡلُوۡهُ عَلَيۡكَ مِنَ الۡاٰيٰتِ وَالذِّكۡرِ الۡحَكِيۡمِ ۝٥٨

(૫૮) (અય રસૂલ!) અમે તને (અમારી) આયતો તથા આ હિકમતવાળા વર્ણન (કુરઆન)માંથી આ બયાન પઢી સંભળાવીએ છીએ.

إِنَّ مَثَلَ عِيسَىٰ عِندَ اللَّهِ كَمَثَلِ آدَمَ ۖ خَلَقَهُ مِن تُرَابٍ ثُمَّ
قَالَ لَهُ كُن فَيَكُونُ ﴿٥٩﴾

(૫૯) બેશક અલ્લાહની પાસે ઈસાનો દાખલો આદમના જેવો છે; તેને માટીથી પેદા કર્યા પછી તેને ફરમાવ્યું "થઈ જા" અને તે થઈ ગયો.

الْحَقُّ مِن رَّبِّكَ فَلَا تَكُن مِّنَ الْمُمْتَرِينَ ﴿٦٠﴾

(૬૦) આ ખબર તારા પરવરદિગાર તરફથી સાચી છે માટે તું શંકા કરનારાઓ માંહેનો થજે નહિ.

فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا
نَدْعُ اَبْنَآءَنَا وَاَبْنَآءَكُمْ وَنِسَآءَنَا وَنِسَآءَكُمْ وَاَنْفُسَنَا
وَاَنْفُسَكُمْ ۣ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ﴿٦١﴾

(૬૧) તથાપિ તે (ઈસા) વિષે જે જ્ઞાન તને મળી ચૂકયું છે તે પછી પણ જે કોઈ તારી સાથે તે (ઈસા)ના સબંધમાં તકરાર કરે તો તું કહે કે આવો અમે અમારા પુત્રોને બોલાવીએ અને તમે તમારા પુત્રોને બોલાવો અને અમે અમારી બેટીઓને બોલાવીએ અને તમે તમારી બેટીઓને (બોલાવો) અને અમે પોતાના નિકટનાંઓને બોલાવીએ તથા તમે તમારા નિકટનાંઓને બોલાવો; પછી આપણે

(અલ્લાહ પાસે) કરગરીને દુઆ કરીએ અને જૂઠું બોલનારાઓ પર અલ્લાહની ફિટકાર કરીએ.

إِنَّ هٰذَا لَهُوَ الْقَصَصُ الْحَقُّ ۚ وَمَا مِنْ إِلٰهٍ إِلَّا اللّٰهُ ۚ وَإِنَّ اللّٰهَ لَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٦٢﴾

(૬૨) નિસંશય આ સાચું વર્ણન છે, અને અલ્લાહના સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી; અને બેશક અલ્લાહ એજ જબરદસ્ત હિકમતવાળો છે.

فَإِنْ تَوَلَّوْا فَإِنَّ اللّٰهَ عَلِيمٌ بِالْمُفْسِدِينَ ﴿٦٣﴾

(૬૩) પછી જો (આ છતાંય) તેઓ મોઢું ફેરવે તો બેશક અલ્લાહ ફિત્નાખોરોને સારી પેઠે જાણેછે.

قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ تَعَالَوۡا اِلٰى كَلِمَةٍ سَوَآءٍۢ بَيۡنَنَا وَبَيۡنَكُمۡ اَلَّا
نَعۡبُدَ اِلَّا اللّٰهَ وَلَا نُشۡرِكَ بِهٖ شَيۡـًٔا وَّلَا يَتَّخِذَ بَعۡضُنَا بَعۡضًا
اَرۡبَابًا مِّنۡ دُوۡنِ اللّٰهِ ؕ فَاِنۡ تَوَلَّوۡا فَقُوۡلُوا اشۡهَدُوۡا بِاَنَّا
مُسۡلِمُوۡنَ ﴿٦٤﴾

(૬૪) (અય રસૂલ!) કહે કે અય કિતાબવાળાઓ ! એક એવી વાત તરફ આવી જાઓ જે અમારી તથા તમારી વચ્ચે સમાન છે (અને તે એ) કે આપણે અલ્લાહના સિવાય કોઈની બંદગી કરીએ નહિ તથા કોઈને તેનો શરીક બનાવીએ નહિ અને અલ્લાહને મૂકી આપણામાંથી કોઈએ બીજાઓને ખુદા માનવા નહિ; આ છતાં જો તેઓ મોંઢું ફેરવી

લે તો કહી દો કે આ (વાત)ના સાક્ષી રહેજો કે અમે તો મુસલમાન છીએ.

يٰٓاَهۡلَ الۡكِتٰبِ لِمَ تُحَآجُّوۡنَ فِىۡۤ اِبۡرٰهِيۡمَ وَمَآ اُنۡزِلَتِ التَّوۡرٰةُ وَالۡاِنۡجِيۡلُ اِلَّا مِنۡۢ بَعۡدِهٖ‌ؕ اَفَلَا تَعۡقِلُوۡنَ ﴿٦٥﴾

(૬૫) અય કિતાબવાળાઓ! ઈબ્રાહીમ સબંધી (જાણી જોઈને) શા માટે તકરાર કરો છો? જયારે તૌરેત અને ઈન્જીલ ઉતારવામાં આવ્યા ન હતાં પણ તે (ઈબ્રાહીમ)ના પછીજ; છતાં તમે સમજતા નથી?

هٰٓاَنۡتُمۡ هٰٓؤُلَآءِ حَاجَجۡتُمۡ فِيۡمَا لَـكُمۡ بِهٖ عِلۡمٌ فَلِمَ تُحَآجُّوۡنَ فِيۡمَا لَيۡسَ لَـكُمۡ بِهٖ عِلۡمٌ‌ؕ وَاللّٰهُ يَعۡلَمُ وَاَنۡتُمۡ لَا تَعۡلَمُوۡنَ ﴿٦٦﴾

(૬૬) અય લોકો ! તમે એજ તો છો કે જેઓ હમણાં જે વિષે થોડું ઘણું જ્ઞાન ધરાવો છો તેના સબંધમાં કજિયો કરતા હતા પછી જે વિષે તમને જ્ઞાન જ નથી તે વિષે શાને લડવા લાગો છો ? અને અલ્લાહ જાણે છે અને તમે જાણતા નથી.

مَا كَانَ اِبْرٰهِيْمُ يَهُوْدِيًّا وَّلَا نَصْرَانِيًّا وَّلٰكِنْ كَانَ حَنِيْفًا مُّسْلِمًا ۗ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿٦٧﴾

(૬૭) ઈબ્રાહીમ ન યહૂદી હતો ન ખ્રિસ્તી; બલ્કે તે (દ્રઢતાપૂર્વક) એક અલ્લાહને માનનાર મુસ્લીમ હતો; અને મુશ્રીકો માંહેનો ન હતો.

اِنَّ اَوْلَى النَّاسِ بِاِبْرٰهِيْمَ لَلَّذِيْنَ اتَّبَعُوْهُ وَهٰذَا النَّبِىُّ وَالَّذِيْنَ اٰمَنُوْا ۗ وَاللّٰهُ وَلِىُّ الْمُؤْمِنِيْنَ ﴿٦٨﴾

(૬૮) નિસંશય સઘળા લોકોની સરખામણીમાં ઈબ્રાહીમ (સાથે)નો વધુ સબંધ તે લોકોને છે કે જેઓ તેના અનુયાયી છે અને (ખાસ કરીને) આ નબીને છે તથા તે લોકોને છે કે જેઓ ઈમાન લાવ્યા છે; અને અલ્લાહ સર્વે મોમીનોનો કાર્યસાધક છે.

وَدَّتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يُضِلُّوْنَكُمْ ؕ وَمَا يُضِلُّوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ﴿۶۹﴾

(૬૯) (અય મુસલમાનો!) કિતાબવાળાઓના એક ટોળાએ ઘણી ઈચ્છા કરી કે તેઓ તમને ગુમરાહ કરે; (પરંતુ ખરી રીતે જોતાં) તેઓ પોતાના સિવાય

બીજા કોઈને ગુમરાહ કરતા નથી પણ (તેનું) તેમને ભાન નથી.

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ لِمَ تَكۡفُرُونَ بِـَٔايَٰتِ ٱللَّهِ وَأَنتُمۡ تَشۡهَدُونَ ٧٠

(૭૦) અય કિતાબવાળાઓ! અલ્લાહની આયતોનો શા માટે ઈન્કાર કરો છો જ્યારે કે તમે પોતે જ (તેની સત્યતાની) સાક્ષી પણ આપી રહ્યા છો.

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ لِمَ تَلۡبِسُونَ ٱلۡحَقَّ بِٱلۡبَٰطِلِ وَتَكۡتُمُونَ ٱلۡحَقَّ وَأَنتُمۡ تَعۡلَمُونَ ٧١

(૭૧) અય કિતાબવાળાઓ ! સત્યને અસત્યની સાથે શા માટે ભેળવી નાખો છો ? અને જાણી જોઈને સત્યને શા માટે સંતાડો છો ?

وَقَالَتْ طَّآئِفَةٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ اٰمِنُوْا بِالَّذِیْۤ اُنْزِلَ عَلَى
الَّذِیْنَ اٰمَنُوْا وَجْهَ النَّهَارِ وَاكْفُرُوْۤا اٰخِرَهٗ لَعَلَّهُمْ یَرْجِعُوْنَۚ۝۷۲

(૭૨) અને કિતાબવાળાઓના એક ટોળાએ કહ્યું કે ઈમાન લાવનારાઓ પર જે કાંઈ ઉતર્યું છે તેના પર દિવસના પ્રથમ ભાગમાં તમે પણ ઈમાન લાવો અને તેના પાછલા ભાગમાં (તેનાથી) ફરી જતા રહો (આમ કરવાથી) કદાચને તે (મુસલમાનો) પોતાના ધર્મથી પાછા ફરી જાય.

وَلَا تُؤۡمِنُوۡۤا اِلَّا لِمَنۡ تَبِعَ دِيۡنَكُمۡ ؕ قُلۡ اِنَّ الۡهُدٰى هُدَى اللّٰهِ ۙ
اَنۡ يُّؤۡتٰٓى اَحَدٌ مِّثۡلَ مَاۤ اُوۡتِيۡتُمۡ اَوۡ يُحَآجُّوۡكُمۡ عِنۡدَ رَبِّكُمۡ ؕ
قُلۡ اِنَّ الۡفَضۡلَ بِيَدِ اللّٰهِ ۚ يُؤۡتِيۡهِ مَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ وَاسِعٌ
عَلِيۡمٌ ۚ ﴿۷۳﴾

(૭૩) (અને યહૂદીઓ કહે છે કે) જેઓ તમારા ધર્મ અનુસાર ચાલ્યા છે તેમના સિવાય બીજાનું (કહ્યું) માનવું નહિ; (અય રસૂલ!) તું કહે કે નિસંશય (મૂળ) હિદાયત અલ્લાહનીજ હિદાયત છે (અને યહુદીઓએ આપસમાં કહ્યું કે આ પણ માનશો નહિ) કે જે (ઉમદા ધર્મ) તમને આપવામાં આવ્યો છે તેના જેવો જ બીજા કોઈને પણ આપવામાં

આવે અથવા તમારા પરવરદિગારની પાસે તેઓ તમારાથી (ચઢિયાતા રહીને) કાંઈ વાદવિવાદ કરી શકે; (અય રસૂલ!) કહે કે નિસંશય શ્રેષ્ઠતા આપવી અલ્લાહનાજ હાથમાં છે, તે ચાહે છે તેને આપે છે; અને અલ્લાહ મહા ઉદાર (અને) સર્વજ્ઞ છે.

يَّخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ۝٧٤

(૭૪) તે જેને ચાહે છે પોતાની રહેમત માટે ખાસ ચુંટી કાઢે છે; અને અલ્લાહ મહાન કૃપાળુ છે.

وَمِنْ اَهْلِ الْكِتٰبِ مَنْ اِنْ تَاْمَنْهُ بِقِنْطَارٍ يُّؤَدِّهٖۤ اِلَيْكَ ۚ
وَمِنْهُمْ مَّنْ اِنْ تَاْمَنْهُ بِدِيْنَارٍ لَّا يُؤَدِّهٖۤ اِلَيْكَ اِلَّا مَا دُمْتَ
عَلَيْهِ قَآئِمًا ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَيْسَ عَلَيْنَا فِى الْاُمِّيّٖنَ
سَبِيْلٌ ۚ وَيَقُوْلُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ وَهُمْ يَعْلَمُوْنَ ۝٧٥

(૭૫) અને કિતાબવાળાઓમાંથી કેટલાક એવા છે કે જો તેમની પાસે તું (નાણાંનો) ઢગ અમાનત રાખે તો તે તને (જ્યારે જોઈએ ત્યારે) પાછો આપી દેશે, અને તેમનામાંથી કેટલાક એવા છે કે જો તું એક દીનાર પણ તેમને સોંપે તો (જ્યાં સુધી) તેમના માથે સતત ઉભો રહી તકાઝો ન કરે ત્યાં સુધી તને પાછો આપશે નહિ; તેનું કારણ આ છે કે તેઓ કહે છે કે અમારા માથે આ જાહીલોના (અર્થાત મુસલમાનોના) (નાણાં લઈને પાછા ન આપવાના) સબંધમાં કાંઈ ગુનોહ નથી, અને તેઓ જાણી જોઈને અલ્લાહ વિરૂદ્ધ ખોટું બોલે છે.

بَلٰى مَنْ اَوْفٰى بِعَهْدِهٖ وَاتَّقٰى فَاِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ ﴿٧٦﴾

(૭૬) અલબત્ત જેણે પોતાનો વાયદો પૂરો કર્યો તથા (ગુનાહથી) બચીને ચાલ્યો તો નિસંશય અલ્લાહ (પણ ગુનાહથી) બચનારાઓને દોસ્ત રાખે છે.

اِنَّ الَّذِيْنَ يَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ وَاَيْمَانِهِمْ ثَمَنًا قَلِيْلًا اُولٰٓئِكَ
لَا خَلَاقَ لَهُمْ فِي الْاٰخِرَةِ وَلَا يُكَلِّمُهُمُ اللّٰهُ وَلَا يَنْظُرُ اِلَيْهِمْ
يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ ۖ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٧٧﴾

(૭૭) બેશક જે લોકો અલ્લાહને (આપેલા) વાયદા તથા પોતાની સોગંદોના બદલામાં નજીવી કિંમત લઈ લે છે (તેઓ) એજ તો છે કે જેમના માટે આખેરતમાં કાંઈ ભાગ નથી અને ન અલ્લાહ

તેમની સાથે વાત કરશે અને ન કયામતના દહાડે તેમને (માયાળુ નજરે) નિહાળશે અને ન તેમને (ગુનાહોની ગંદકીથી) પાક કરશે, અને તેમના માટે દુ:ખભરી સજા છે.

وَإِنَّ مِنْهُمْ لَفَرِيقًا يَلْوُونَ أَلْسِنَتَهُمْ بِالْكِتَابِ لِتَحْسَبُوهُ مِنَ الْكِتَابِ وَمَا هُوَ مِنَ الْكِتَابِ وَيَقُولُونَ هُوَ مِنْ عِنْدِ اللَّهِ وَمَا هُوَ مِنْ عِنْدِ اللَّهِ وَيَقُولُونَ عَلَى اللَّهِ الْكَذِبَ وَهُمْ يَعْلَمُونَ ﴿٧٨﴾

(૭૮) અને નિસંશય તેઓ માંહેનું એક ટોળું એવું છે કે તે કિતાબ (ના વાંચન)માં પોતાની જબાન એવી રીતે વાળે છે કે તમે તે (વાંચન)ને કિતાબનો

વિભાગ છે એમ માની લો, પણ (ખરૂં જોતાં તો) તે કિતાબનો (વિભાગ) નથી, અને એમ પણ કહે છે કે તે અલ્લાહ પાસેથી છે જો કે તે અલ્લાહ તરફથી છેજ નહિ, એમ (કહીને) તેઓ અલ્લાહ વિષે જાણી જોઈને જૂઠું બોલે છે.

مَا كَانَ لِبَشَرٍ اَنْ يُّؤْتِيَهُ اللّٰهُ الْكِتٰبَ وَالْحُكْمَ وَالنُّبُوَّةَ ثُمَّ يَقُوْلَ لِلنَّاسِ كُوْنُوْا عِبَادًا لِّيْ مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ كُوْنُوْا رَبّٰنِيّٖنَ بِمَا كُنْتُمْ تُعَلِّمُوْنَ الْكِتٰبَ وَبِمَا كُنْتُمْ تَدْرُسُوْنَ ﴿٧٩﴾

(૭૯) કોઈ પણ માણસને કે જેને અલ્લાહ કિતાબ તથા હિકમત અને નબુવ્વત આપે, પછી તે (સર્વે) લોકોને એમ કહે કે તમે અલ્લાહને ત્યજીને મારા

બંદા બની જાઓ એ તેને છાજતું નથી; અલબત્ત (આ કહી શકે છે કે) તમે પણ ખુદાપરસ્ત બની જાઓ, કેમકે તમે કિતાબનું શિક્ષણ (બીજાઓને) આપતા અને તમે પોતે પણ લેતા રહો છો;

وَلَا يَأْمُرَكُمْ اَنْ تَتَّخِذُوا الْمَلٰٓئِكَةَ وَالنَّبِيّٖنَ اَرْبَابًا ؕ اَيَأْمُرُكُمْ
بِالْكُفْرِ بَعْدَ اِذْ اَنْتُمْ مُّسْلِمُوْنَ۠ ﴿۸۰﴾

(૮૦) અને તે તમને એવો પણ હુકમ ન કરે કે તમે ફરિશ્તા તથા પયગમ્બરોને ખુદા બનાવો; શું તે તમને મુસલમાન બની ચૂકયા પછી નાસ્તિકપણાની આજ્ઞા કરશે?

وَاِذۡ اَخَذَ اللّٰهُ مِيۡثَاقَ النَّبِيّٖنَ لَمَاۤ اٰتَيۡتُكُمۡ مِّنۡ كِتٰبٍ وَّحِكۡمَةٍ
ثُمَّ جَآءَكُمۡ رَسُوۡلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمۡ لَتُؤۡمِنُنَّ بِهٖ
وَلَتَنۡصُرُنَّهٗ ؕ قَالَ ءَاَقۡرَرۡتُمۡ وَاَخَذۡتُمۡ عَلٰى ذٰلِكُمۡ اِصۡرِىۡ ؕ
قَالُوۡۤا اَقۡرَرۡنَا ؕ قَالَ فَاشۡهَدُوۡا وَاَنَا مَعَكُمۡ مِّنَ الشّٰهِدِيۡنَ ﴿٨١﴾

(૮૧) અને (તે સમયને યાદ કરો) જ્યારે અલ્લાહે પયગમ્બરો પાસેથી વચન લીધું કે હું તમને કિતાબ તથા હિકમત જરૂર આપીશ પછી (અય ઉમ્મતીઓ!) એક રસૂલ તમારી પાસેની વસ્તુઓને સમર્થન આપતો આવે તો તમે જરૂર જરૂર તેના પર ઈમાન લાવજો અને જરૂર જરૂર તેની મદદ કરજો; (પછી અલ્લાહે) ફરમાવ્યું કે શું તમોએ આ (વાતો)નો ઈકરાર કર્યો અને તેના સબંધમાં મારી

આજ્ઞા માન્ય કરી? ત્યારે સઘળાઓએ કહ્યું કે અમોએ ઈકરાર કર્યો; (અલ્લાહે) ફરમાવ્યું કે ત્યારે હવે તમે (એક બીજાના) સાક્ષી રહેજો અને હું પણ તમારી સાથે સાક્ષી પુરનાર માંહેનો છું.

فَمَنْ تَوَلّٰى بَعْدَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿٨٢﴾

(૮૨) પછી જે આ (ઈકરાર) પછી પણ ફરી જશે તો તેઓજ વચન ભંગ કરનારા છે.

اَفَغَيْرَ دِيْنِ اللّٰهِ يَبْغُوْنَ وَلَهٗٓ اَسْلَمَ مَنْ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ
طَوْعًا وَّكَرْهًا وَّاِلَيْهِ يُرْجَعُوْنَ ﴿٨٣﴾

(૮૩) શું તેઓ અલ્લાહના દીન સિવાય અન્ય કોઈ દીન ચાહે છે? જ્યારે આકાશો અને જમીનમાં જે

કાંઈ છે તે ઈચ્છા કે અનિચ્છાએ તેને તાબે થાય છે અને તેનીજ તરફ પાછા ફેરવવામાં આવશે.

قُلۡ اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنۡزِلَ عَلَيۡنَا وَمَآ اُنۡزِلَ عَلٰٓى اِبۡرٰهِيۡمَ
وَاِسۡمٰعِيۡلَ وَاِسۡحٰقَ وَيَعۡقُوۡبَ وَالۡاَسۡبَاطِ وَمَآ اُوۡتِىَ مُوۡسٰى
وَعِيۡسٰى وَالنَّبِيُّوۡنَ مِنۡ رَّبِّهِمۡ لَا نُفَرِّقُ بَيۡنَ اَحَدٍ
مِّنۡهُمۡ وَنَحۡنُ لَهٗ مُسۡلِمُوۡنَ ﴿٨٤﴾

(૮૪) (અય રસૂલ!) કહે કે અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા છીએ અને અમારા પર જે ઉતર્યું છે તેના ઉપર પણ, અને તેના ઉપર કે જે ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા ઈસ્હાક તથા યાકૂબ તથા અસ્બાત (યાકૂબના વંશજો) પર ઉતર્યું હતું, અને તે

ઉપર કે જે મૂસા તથા ઈસા અને (અન્ય) પયગમ્બરોને તેમના પરવરદિગાર તરફથી આપવામાં આવ્યું હતું; અને અમે (નબુવ્વતની રૂએ) તેઓ માંહેના કોઈની વચ્ચે કાંઈ તફાવત કરતા નથી અને અમે તે (અલ્લાહ) ને જ આધીન રહેનાર છીએ.

وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ ۚ وَهُوَ فِى الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ ﴿۸۵﴾

(૮૫) અને જે કોઈ ઈસ્લામ સિવાય બીજા કોઈ ધર્મની ઈચ્છા કરે તો તે (દીન) તેનાથી હરગિજ સ્વીકારવામાં આવશે નહિ, અને તે કયામતના દિવસે નુકસાન ઉઠાવનારાઓ માંહેનો હશે.

كَيْفَ يَهْدِى اللّٰهُ قَوْمًا كَفَرُوْا بَعْدَ اِيْمَانِهِمْ وَشَهِدُوْٓا اَنَّ
الرَّسُوْلَ حَقٌّ وَّجَآءَهُمُ الْبَيِّنٰتُ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ
الظّٰلِمِيْنَ ﴿٨٦﴾

(૮૬) અલ્લાહ એવા લોકોને હિદાયત કેવી રીતે કરે કે જેઓ ઈમાન લાવ્યા પછી નાસ્તિક થઈ ગયા છે? અને (વળી આ પછી કે) તેઓ સાક્ષી પણ આપી ચૂકયા હતા કે (પયગમ્બરે આખેરૂઝઝમાન) રસૂલે બરહક (સત્ય) છે તથા તેમની પાસે પ્રત્યક્ષ નિશાનીઓ પણ આવી ચૂકી હતી; અને અલ્લાહ ઝાલિમ (અન્યાયી) લોકોને હિદાયત કરતો નથી.

أُولَٰٓئِكَ جَزَآؤُهُمْ أَنَّ عَلَيْهِمْ لَعْنَةَ ٱللَّهِ وَٱلْمَلَٰٓئِكَةِ وَٱلنَّاسِ
أَجْمَعِينَ ﴿٨٧﴾

(૮૭) તેમનો બદલો એજ છે કે તેમના પર અલ્લાહનો તથા સઘળા ફરિશ્તાઓનો અને સર્વે માણસોની ફિટકાર છે;

خَٰلِدِينَ فِيهَا ۖ لَا يُخَفَّفُ عَنْهُمُ ٱلْعَذَابُ وَلَا هُمْ يُنظَرُونَ ﴿٨٨﴾

(૮૮) હંમેશાં તેઓ એ (ફિટકાર)માંજ રહેશે; ન તેમનો અઝાબ હળવો કરવામાં આવશે અને ન તેમને મોહલત આપવામાં આવશે;

إِلَّا ٱلَّذِينَ تَابُوا۟ مِنۢ بَعْدِ ذَٰلِكَ وَأَصْلَحُوا۟ فَإِنَّ ٱللَّهَ غَفُورٌ
رَّحِيمٌ ﴿٨٩﴾

(૮૯) સિવાય તેના કે જે તે પછી તૌબા કરે અને (અપકૃત્યોની) સુધારણા કરે તો બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

إِنَّ الَّذِينَ كَفَرُوا بَعْدَ إِيمَانِهِمْ ثُمَّ ازْدَادُوا كُفْرًا لَّن تُقْبَلَ
تَوْبَتُهُمْ وَأُولَٰئِكَ هُمُ الضَّالُّونَ ﴿٩٠﴾

(૯૦) નિસંશય જે લોકો પોતે ઈમાન લાવ્યા પછી બેઈમાન થયા, પછી (દિવસે દિવસે) બેઈમાનીમાં આગળ વધી ગયા તેમની તૌબા હરગિજ કબૂલ કરવામાં આવશે નહિ, અને તેઓજ ગુમરાહ છે.

إِنَّ الَّذِينَ كَفَرُوا وَمَاتُوا وَهُمْ كُفَّارٌ فَلَن يُقْبَلَ مِنْ
أَحَدِهِم مِّلْءُ الْأَرْضِ ذَهَبًا وَلَوِ افْتَدَىٰ بِهِ ۗ أُولَٰئِكَ لَهُمْ
عَذَابٌ أَلِيمٌ وَمَا لَهُم مِّن نَّاصِرِينَ ﴿٩١﴾

(૯૧) બેશક જેઓ ઈમાન નથી લાવ્યા અને બેઈમાનીની સ્થિતિમાં જ મરી ગયા છે તેઓમાંથી અગર કોઈ એટલું સોનું (મુક્તિના) બદલામાં આપવા ચાહે કે જેનાથી આખી ભૂમિ ભરાઈ જાય તો તેનો એ બદલો પણ સ્વીકારવામાં આવશે નહિ; એ તેઓ જ છે કે જેમના માટે દુ:ખદાયક અઝાબ છે અને તેમનો કોઈ મદદગાર થશે નહિ.

لَنۡ تَنَالُوا الۡبِرَّ حَتّٰى تُنۡفِقُوۡا مِمَّا تُحِبُّوۡنَ ؕ وَمَا تُنۡفِقُوۡا مِنۡ
شَىۡءٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيۡمٌ ﴿۹۲﴾

(૯૨) (અય લોકો!) જે વસ્તુઓ તમને અતિ વહાલી છે તેમાંથી જ્યાં સુધી (અલ્લાહના માર્ગમાં) ખરચશો નહિ ત્યાં સુધી તમે નેકી (ના દરજ્જા) એ હરગિજ પહોંચશો નહિ. અને જે કાંઈ વસ્તુ પણ તમે (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરો છો તે નિસંશય અલ્લાહ સારી પેઠે જાણે છે.

كُلُّ الطَّعَامِ كَانَ حِلًّا لِّبَنِيٓ اِسۡرَآءِيۡلَ اِلَّا مَا حَرَّمَ اِسۡرَآءِيۡلُ
عَلٰى نَفۡسِهٖ مِنۡ قَبۡلِ اَنۡ تُنَزَّلَ التَّوۡرٰىةُ ؕ قُلۡ فَاۡتُوۡا بِالتَّوۡرٰىةِ
فَاتۡلُوۡهَآ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۹۳﴾

(૯૩) દરેક જાતનો ખોરાક બની ઈસરાઈલ માટે હલાલ હતો સિવાય તેના કે જે ઈસરાઈલે તૌરેત ઉતરવા પહેલાં પોતાના માટે હરામ કરી લીધો હતો; (અય રસૂલ!) તું (યહૂદીઓને) કહે કે જો તમે (તમારા દાવામાં) સાચા હો તો તૌરેત લાવો અને તેને પઢો (પછી સાબિત કરો કે તેમ ન હતું).

فَمَنِ افۡتَرٰى عَلَى اللّٰهِ الۡكَذِبَ مِنۡۢ بَعۡدِ ذٰلِكَ فَاُولٰٓـئِكَ هُمُ
الظّٰلِمُوۡنَ ﴿۹۴﴾

(૯૪) પછી જે કોઈ (તૌરેતમાં સાબીત ન થાય) તે પછી પણ અલ્લાહ પર આક્ષેપ મૂકે તો (જાણી લે કે ખરેખર) તેઓજ ઝુલમગાર છે.

قُلۡ صَدَقَ اللّٰهُ ۚ فَاتَّبِعُوۡا مِلَّةَ اِبۡرٰهِيۡمَ حَنِيۡفًا ؕ وَمَا كَانَ مِنَ الۡمُشۡرِكِيۡنَ ﴿۹۵﴾

(૯૫) (અય રસૂલ!) કહે કે અલ્લાહે સાચું ફરમાવ્યું છે માટે તમે ઈબ્રાહીમના ધર્મ (ઈસ્લામ)ને અનુસરો કે જે એક અલ્લાહને માનનાર હતો; અને તે મુશરિકો માંહેનો ન હતો.

اِنَّ اَوَّلَ بَيۡتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِىۡ بِبَكَّةَ مُبٰرَكًا وَّهُدًى لِّلۡعٰلَمِيۡنَ ۚ‏ ﴿۹۶﴾

(૯૬) બેશક (દુનિયામાં) સૌથી પહેલું (અલ્લાહનું) ઘર કે જે લોકો (ની ઈબાદત) માટે બનાવવામાં આવ્યું તે એજ (કાઅબા) છે જે મક્કામાં છે તે (ઘર) બરકતવાળું છે તેમ તે સઘળી દુનિયાવાળાઓ માટે હિદાયતનું ઘર છે.

فِيهِ اٰيٰتٌۢ بَيِّنٰتٌ مَّقَامُ اِبۡرٰهِيۡمَ ۚ وَمَنۡ دَخَلَهٗ كَانَ اٰمِنًا ؕ
وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الۡبَيۡتِ مَنِ اسۡتَطَاعَ اِلَيۡهِ سَبِيۡلًا ؕ
وَمَنۡ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِىٌّ عَنِ الۡعٰلَمِيۡنَ ۝٩٧

(૯૭) (વળી) તેમાં પ્રત્યક્ષ નિશાનીઓ પણ છે (તે માંહેની એક) મકામે ઈબ્રાહીમ છે, અને જે કોઈ તેમાં પ્રવેશ કરશે તે નિર્ભય થઈ જશે; અને તે

લોકો કે જેમને ત્યાં સુધી પહોંચવાનું સામર્થ્ય હોય તેમના ઉપર અલ્લાહના માટે એ ઘરનું હજ કરવું વાજિબ કરવામાં આવ્યું છે; અને જેઓ (સામર્થ્યવાન હોવા છતાં તે નેઅમત તરફ) અનુપકારી થાય અને (હજ કરવા ન જાય) તો નિસંશય અલ્લાહ સઘળી દુનિયાવાળાઓથી બેપરવાહ છે.

قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ لِمَ تَكۡفُرُوۡنَ بِاٰيٰتِ اللّٰهِ‌ۖ وَاللّٰهُ شَهِيۡدٌ عَلٰى مَا تَعۡمَلُوۡنَ۝۹۸

(૯૮) (અય રસૂલ!) કહે કે અય કિતાબવાળાઓ! તમે અલ્લાહની આયતોનો શા માટે ઈન્કાર કરો

છો? જોકે તમે જે કાંઈ કરો છો તેનો અલ્લાહ સાક્ષી છે.

قُلْ يٰٓاَهْلَ الْكِتٰبِ لِمَ تَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ مَنْ اٰمَنَ تَبْغُوْنَهَا عِوَجًا وَّاَنْتُمْ شُهَدَآءُ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿۹۹﴾

(૯૯) (અય રસૂલ!) કહે કે અય કિતાબવાળાઓ! જે ઈમાન લાવે છે તેને આડે (માર્ગે) લઈ જવાના હેતુથી અલ્લાહના માર્ગથી કેમ રોકો છો ? જયારે કે તમે પોતે (એ વાતના) સાક્ષી છો (છતાં)? અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ અજ્ઞાત નથી.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ تُطِيْعُوْا فَرِيْقًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ يَرُدُّوْكُمْ بَعْدَ اِيْمَانِكُمْ كٰفِرِيْنَ ﴿١٠٠﴾

(૧૦૦) અય ઈમાન લાવનારાઓ ! જો તમે તે લોકો કે જેમને (આ પહેલાં) કિતાબ આપવામાં આવી છે તેઓ માંહેના કોઈ ટોળાનું કહ્યું માનશો તો તેઓ તમારા ઈમાન લાવ્યા પછી તમને પાછા બેઈમાન બનાવી દેશે.

وَكَيْفَ تَكْفُرُوْنَ وَاَنْتُمْ تُتْلٰى عَلَيْكُمْ اٰيٰتُ اللّٰهِ وَفِيْكُمْ
رَسُوْلُهٗ ؕ وَمَنْ يَّعْتَصِمْ بِاللّٰهِ فَقَدْ هُدِيَ اِلٰى صِرَاطٍ
مُّسْتَقِيْمٍ ﴿١٠١﴾

(૧૦૧) અને તમે કેવી રીતે ઈન્કાર કરનારા બની શકો જયારે તમને અલ્લાહની આયતો વાંચી સંભળાવવામાં આવે છે, અને વળી તમારામાં તેનો રસૂલ પણ મોજુદ છે; અને જે કોઈ અલ્લાહના (ધર્મને) દ્રઢતાથી વળગી રહ્યો તો ખરેજ તેને સન્માર્ગની સુબુદ્ધિ મળી ચૂકી.

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ حَقَّ تُقَاتِهِ وَلَا تَمُوتُنَّ إِلَّا وَأَنْتُمْ مُسْلِمُونَ ﴿١٠٢﴾

(૧૦૨) અય ઈમાન લાવનારાઓ! અલ્લાહથી એવા ડરો જેવો કે તેનાથી ડરવાનો હક છે અને હરગિજ મૃત્યુ પામો નહિ પણ એવી હાલતમાં કે તમો (દીને) ઈસ્લામ પર હો.

وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا تَفَرَّقُوْا ۖ وَاذْكُرُوْا نِعْمَتَ
اللّٰهِ عَلَيْكُمْ اِذْ كُنْتُمْ اَعْدَآءً فَاَلَّفَ بَيْنَ قُلُوْبِكُمْ
فَاَصْبَحْتُمْ بِنِعْمَتِهٖٓ اِخْوَانًا ۚ وَكُنْتُمْ عَلٰى شَفَا حُفْرَةٍ مِّنَ
النَّارِ فَاَنْقَذَكُمْ مِّنْهَا ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ
تَهْتَدُوْنَ ﴿١٠٣﴾

(૧૦૩) અને એકત્ર થઈને સર્વે (જણા) અલ્લાહની રસ્સી (ધર્મ)ને મજબૂત પકડી લો અને (માંહોમાંહે) ભંગાણ પાડો નહિ, અને અલ્લાહની નેઅમત જે તેણે તમારા ઉપર ઉતારી છે તેને યાદ કરતા રહો, (તે નેઅમત એ) કે જ્યારે તમે એક બીજાના દુશ્મન હતા ત્યારે તેણે તમારા મનમાં (એક બીજા

માટે) પ્રેમ ઉત્પન્ન કર્યો જેથી તેની મેહરબાનીથી તમે એક બીજાના ભાઈ ભાઈ બની ગયા; અને (વળી) તમે આગના ખાડાના કાંઠે હતા પછી તેણે તમને (તેમાં ગબડતાં) બચાવી લીધાં; આવી રીતે અલ્લાહ તમારા માટે પોતાની નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવે છે કે કદાચને તમે સન્માર્ગ મેળવો.

وَلۡتَكُنۡ مِّنۡكُمۡ اُمَّةٌ يَّدۡعُوۡنَ اِلَى الۡخَيۡرِ وَيَاۡمُرُوۡنَ بِالۡمَعۡرُوۡفِ وَيَنۡهَوۡنَ عَنِ الۡمُنۡكَرِؕ وَاُولٰٓـئِكَ هُمُ الۡمُفۡلِحُوۡنَ ۝١٠٤

(૧૦૪) અને લાઝિમ છે કે તમારા માંહેના થોડાક લોકો એવા હોવા જોઈએ કે જે (બીજાઓને) નેકી તરફ બોલાવે તથા નેક કાર્યોની આજ્ઞા કરે તથા

બૂરા કાર્યોની મના કરે; અને તેઓ જ સફળતા પામનારા છે.

وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ تَفَرَّقُوْا وَاخْتَلَفُوْا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ
الْبَيِّنٰتُ ؕ وَاُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ عَظِيْمٌ ۙ﴿۱۰۵﴾

(૧૦૫) અને તે લોકો (યહૂદી તથા ખ્રિસ્તિ)ના જેવા થાઓ નહિ કે જેઓ તેમની પાસે ખુલ્લી દલીલો આવ્યા પછી છિન્ન ભિન્ન થઈ ગયા અને (માંહોમાહે) મતભેદ કરવા લાગ્યા; તેમના માટે મહાન અઝાબ છે.

يَّوۡمَ تَبۡيَضُّ وُجُوۡهٌ وَّتَسۡوَدُّ وُجُوۡهٌ ‌ۚ فَاَمَّا الَّذِيۡنَ اسۡوَدَّتۡ
وُجُوۡهُهُمۡ ۚ اَكَفَرۡتُمۡ بَعۡدَ اِيۡمَانِكُمۡ فَذُوۡقُوا الۡعَذَابَ بِمَا
كُنۡتُمۡ تَكۡفُرُوۡنَ ﴿۱۰۶﴾

(૧૦૬) (તે દિવસથી ડરો કે) જે દિવસે કેટલાક ચહેરા સફેદ થઈ જશે અને કેટલાક ચહેરા કાળા થઈ જશે, પછી જેમના ચહેરા કાળા થયા હશે (તેમને કહેવામાં આવશે કે) તમે ઈમાન લાવ્યા પછી ઈન્કાર કરનારા થઈ ગયા હતા ને ? તો હવે તમે ઈન્કાર કર્યો તે કારણે અઝાબ ચાખો.

وَاَمَّا الَّذِيۡنَ ابۡيَضَّتۡ وُجُوۡهُهُمۡ فَفِىۡ رَحۡمَةِ اللّٰهِ‌ؕ هُمۡ فِيۡهَا
خٰلِدُوۡنَ ﴿۱۰۷﴾

(૧૦૭) રહ્યા તે લોકો કે જેમના ચહેરા સફેદ હશે, તેઓ અલ્લાહની રહેમતમાં દાખલ થશે (અને) તેમાં હંમેશ માટે રહેશે.

تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ بِالْحَقِّ ؕ وَمَا اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعٰلَمِيْنَ ۝١٠٨

(૧૦૮) (અય રસૂલ!) આ અલ્લાહની આયતો છે. જે અમે તને સત્યતાપૂર્વક વાંચી સંભળાવીએ છીએ, અને અલ્લાહ દુનિયાવાળાઓ પર ઝુલ્મ કરવાની ઈચ્છા રાખતો નથી.

وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ۝١٠٩

(૧૦૯) અને જે કાંઈ આસમાનોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે સર્વ અલ્લાહનું જ છે; અને સઘળા મામલા છેવટ (ના ફેંસલા માટે) અલ્લાહના જ તરફ રજુ થશે.

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ بِاللّٰهِ ؕ وَلَوْ اٰمَنَ اَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا لَّهُمْ ؕ مِنْهُمُ الْمُؤْمِنُوْنَ وَاَكْثَرُهُمُ الْفٰسِقُوْنَ ﴿١١٠﴾

(૧૧૦) જે ઉમ્મતો લોકોની હિદાયત માટે પેદા કરવામાં આવી છે તેઓમાં તમે સર્વ શ્રેષ્ઠ હોવાના કારણે (લોકોને) નેકી કરવા માટે આજ્ઞા કરો છો તથા બદીથી મના કરો છો તથા અલ્લાહ પર

ઈમાન રાખો છો; અને જો કિતાબવાળાઓ પણ ઈમાન લઈ આવતે તો તેમના માટે વધારે સારૂં થતે; તેઓ માંહેના કેટલાક તો માનનારા છે અને તેઓ માંહેનાં ઘણાખરા આજ્ઞાનો અનાદર કરનારા છે.

لَنۡ يَّضُرُّوۡكُمۡ اِلَّاۤ اَذًى‌ؕ وَاِنۡ يُّقَاتِلُوۡكُمۡ يُوَلُّوۡكُمُ الۡاَدۡبَارَ ۚ ثُمَّ لَا يُنۡصَرُوۡنَ‏ ﴿۱۱۱﴾

(૧૧૧) (અય મુસલમાનો!) નજીવી ઈજા પહોંચાડયા સિવાય તેઓ તમારૂં કાંઈ બગાડશે નહિ; અને જો તમારાથી લડશે તો ખચીતજ પીઠ દેખાડશે, પછી તેમની હરગિજ મદદ કરવામાં આવશે નહિ.

ضُرِبَتۡ عَلَيۡهِمُ الذِّلَّةُ اَيۡنَ مَا ثُقِفُوۡۤا اِلَّا بِحَبۡلٍ مِّنَ اللّٰهِ وَحَبۡلٍ
مِّنَ النَّاسِ وَبَآءُوۡ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَضُرِبَتۡ عَلَيۡهِمُ
الۡمَسۡكَنَةُ ‌ؕ ذٰلِكَ بِاَنَّهُمۡ كَانُوۡا يَكۡفُرُوۡنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقۡتُلُوۡنَ
الۡاَنۡۢبِيَآءَ بِغَيۡرِ حَقٍّ‌ ؕ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوۡا يَعۡتَدُوۡنَ ۙ﴿۱۱۲﴾

(૧૧૨) તેઓ જ્યાં પણ મળી આવશે તેમના માટે હીણપત હશે, સિવાય કે (કરારની રૂએ) અલ્લાહની પનાહમાં અને લોકોની પનાહમાં આવી જાય (તો જુદી વાત છે), અને તેમણે હાથે કરીને અલ્લાહનો કોપ પોતાના પર વ્હોરી લીધો છે અને તેમના પર કંગાલીયતની માર પડી છે; આ (શિક્ષા) એ માટે કે તેઓ અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા હતા

અને નબીઓને વિના કારણે મારી નાખતા હતા; વળી એ માટે કે તેઓ નાફરમાની કરતા હતા તથા હદ ઓળંગી જતા હતા.

لَيْسُوْا سَوَآءً ؕ مِنْ اَهْلِ الْكِتٰبِ اُمَّةٌ قَآئِمَةٌ يَّتْلُوْنَ اٰيٰتِ اللّٰهِ اٰنَآءَ الَّيْلِ وَهُمْ يَسْجُدُوْنَ ﴿۱۱۳﴾

(૧૧૩) તેઓ સઘળા સમાન નથી; કિતાબવાળાઓ માંહેનું એક ટોળું તો રાત્રિ (ના સમય)માં અલ્લાહની આયતો નમાઝમાં ઉભુ રહીને પઢતું રહે છે અને (અલ્લાહને) સિજદો કરતું રહે છે.

يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ
عَنِ الْمُنْكَرِ وَيُسَارِعُوْنَ فِي الْخَيْرٰتِ ؕ وَاُولٰٓئِكَ مِنَ
الصّٰلِحِيْنَ ﴿۱۱۴﴾

(૧૧૪) તેઓ અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખે છે અને નેકીની આજ્ઞા કરે છે. તથા બદીથી મના કરે છે તથા સત્કાર્યોમાં એકમેક કરતાં આગળ વધી જવાની ઉતાવળ કરે છે; અને તેઓ સદાચારી લોકો માંહેના છે.

وَمَا يَفْعَلُوْا مِنْ خَيْرٍ فَلَنْ يُّكْفَرُوْهُ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿۱۱۵﴾

(૧૧૫) અને જે પણ નેકી તેઓ કરે છે તેની કદર હરગિજ થયા વિના રહેશે નહિ; અને અલ્લાહ પરહેઝગારોથી સંપૂર્ણ વાકેફ છે.

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا لَنۡ تُغۡنِىَ عَنۡهُمۡ اَمۡوَالُهُمۡ وَلَاۤ اَوۡلَادُهُمۡ مِّنَ اللّٰهِ شَيۡـــًٔا ‌ؕ وَاُولٰٓـئِكَ اَصۡحٰبُ النَّارِ‌ ۚ هُمۡ فِيۡهَا خٰلِدُوۡنَ ۝١١٦

(૧૧૬) બેશક જેઓ ઈમાન નથી લાવ્યા તેમનો માલ તથા તેમની ઓલાદ તેમને અલ્લાહ (ના અઝાબ)થી (બચાવવાને) જરાએ કામ લાગશે નહિ; અને તેઓ જ આગના રહેવાસીઓ છે, જેમાં તેઓ હંમેશ રહેનારા છે.

مَثَلُ مَا يُنْفِقُوْنَ فِيْ هٰذِهِ الْحَيٰوةِ الدُّنْيَا كَمَثَلِ رِيْحٍ فِيْهَا صِرٌّ
اَصَابَتْ حَرْثَ قَوْمٍ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَاَهْلَكَتْهُ ؕ وَمَا
ظَلَمَهُمُ اللّٰهُ وَلٰكِنْ اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۱۱۷﴾

(૧૧૭) આ સંસારી જગતમાં તેઓ જે કાંઈ ખર્ચે છે તેનો દાખલો એક એવા વાયુ જેવો છે કે જેમાં સખત ટાઢ (હિમ) હોય અને તે એક કોમની ખેતીવાડી ઉપર આવી પડે કે જેણે પોતાના જીવો ઉપર (પોતેજ) ઝુલમ કર્યો હોય, પછી તે તે (ખેતીવાડી) નો નાશ કરી નાખે; અને અલ્લાહે તો તેમના પર કાંઈ ઝુલમ કર્યો નહિ, બલ્કે તેઓ પોતે પોતાના જીવ ઉપર ઝુલમ કરતા હતા.

يٰٓاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَتَّخِذُوۡا بِطَانَةً مِّنۡ دُوۡنِكُمۡ لَا يَاۡلُوۡنَكُمۡ
خَبَالًا ؕ وَدُّوۡا مَا عَنِتُّمۡ ۚ قَدۡ بَدَتِ الۡبَغۡضَآءُ مِنۡ اَفۡوَاهِهِمۡ ۖۚ
وَمَا تُخۡفِىۡ صُدُوۡرُهُمۡ اَكۡبَرُ ؕ قَدۡ بَيَّنَّا لَـكُمُ الۡاٰيٰتِ اِنۡ كُنۡتُمۡ
تَعۡقِلُوۡنَ ﴿۱۱۸﴾

(૧૧૮) અય ઈમાન લાવનારાઓ ! પોતાના (માણસો) સિવાય અન્યોને વિશ્વાસુ મિત્ર બનાવો નહિ (કારણ કે) તેઓ તમારી પાયમાલીમાં (કાંઈ) કમી કરશે નહિ; (ઉલ્ટું) તમારા સંકટમાં તેઓ આનંદ પામશે; તેમની વાતવાતમાં શત્રુતા તરી આવે છે, અને જે કાંઈ (કિન્નાખોરી) તેમના અંતઃકરણોમાં છૂપેલી છે તે આ કરતાં કેટલીએ

વધારે છે; ખરેજ અમોએ તમારા માટે નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવી દીધી છે, જો તમે સમજો તો.

هَٰٓأَنتُمْ أُولَآءِ تُحِبُّونَهُمْ وَلَا يُحِبُّونَكُمْ وَتُؤْمِنُونَ بِالْكِتٰبِ
كُلِّهٖ ۚ وَإِذَا لَقُوكُمْ قَالُوٓا اٰمَنَّا ۚۖ وَإِذَا خَلَوْا عَضُّوا عَلَيْكُمُ
الْاَنَامِلَ مِنَ الْغَيْظِ ۗ قُلْ مُوتُوا بِغَيْظِكُمْ ۗ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ
بِذَاتِ الصُّدُورِ ﴿١١٩﴾

(૧૧૯) ખબરદાર થાઓ ! તમે જ છો કે જે તેમની મોહબ્બત કરો છો અને તેઓ તો તમારી સાથે મોહબ્બત કરતા નથી, વળી તમે સંપૂર્ણ કિતાબ ઉપર ઈમાન રાખો છો, અને જ્યારે તેઓ તમને મળે છે. ત્યારે કહે છે કે અમે પણ ઈમાન લાવ્યા

છીએ, અને જ્યારે એકલા હોય છે ત્યારે તમારી વિરૂદ્ધ ક્રોધે (ભરાઈ) પોતાના આંગળા દાંતો વચ્ચે કરડે છે; (અય રસૂલ!) કહે કે તમે તમારા ક્રોધમાંજ મરી જાઓ; બેશક અલ્લાહ અંતઃકરણોના હાલથી સંપૂર્ણ વાકેફ છે.

إِنْ تَمْسَسْكُمْ حَسَنَةٌ تَسُؤْهُمْ ۖ وَإِنْ تُصِبْكُمْ سَيِّئَةٌ يَفْرَحُوا بِهَا ۖ وَإِنْ تَصْبِرُوا وَتَتَّقُوا لَا يَضُرُّكُمْ كَيْدُهُمْ شَيْئًا ۗ إِنَّ اللَّهَ بِمَا يَعْمَلُونَ مُحِيطٌ ﴿١٢٠﴾

(૧૨૦) (અય ઈમાનદારો!) અગર તમને કાંઈ લાભ મળે છે તો તેમને દુઃખ થાય છે, અને જો તમારા ઉપર કોઈ મુસીબત (આવી) પડે છે ત્યારે

તેનાથી તેઓ આનંદ પામે છે; અને જો તમે ધીરજ ધરશો તથા તેમનાથી બચતા રહેશો તો તેમના કાવત્રાં તમને સહેજ પણ નડશે નહિ; એમાં શક નથી કે જે કાંઈ પણ તેઓ કરે છે તે (સઘળું) બેશક અલ્લાહે તેઓના આમાલને (પોતાના ઈલ્મમાં) ઘેરી રાખેલ છે.

وَاِذْ غَدَوْتَ مِنْ اَهْلِكَ تُبَوِّئُ الْمُؤْمِنِيْنَ مَقَاعِدَ لِلْقِتَالِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿١٢١﴾

(૧૨૧) (અય રસૂલ! ઓહદની લડાઈમાં તે સમયને યાદ કર) જ્યારે તું પરોઢિઆમાંજ તારા બાલબચ્ચાં વચ્ચેથી નીકળીને મોઅમીનોને

લડાઈના મોરચાઓમાં ગોઠવવા લાગ્યો હતો; અને અલ્લાહ સંપૂર્ણ સાંભળનાર (અને) જાણનાર છે.

إِذْ هَمَّت طَّآئِفَتَانِ مِنكُمْ أَن تَفْشَلَا ۙ وَاللَّهُ وَلِيُّهُمَا ۗ وَعَلَى اللَّهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُونَ ﴿١٢٢﴾

(૧૨૨) (તે સમયને યાદ કર) જ્યારે તમારા માંહેના બે ટોળાં હિંમત હારી જવાની અણી પર હતાં, પણ (પાછા તરત જ હિંમતવાન થઈ ગયા હતા, કારણ કે) અલ્લાહ તે બંનેની મદદે હતો; અને મોઅમીનોએ અલ્લાહ ઉપર જ ભરોસો કરવો જોઈએ.

وَلَقَدۡ نَصَرَكُمُ اللّٰهُ بِبَدۡرٍ وَّاَنۡتُمۡ اَذِلَّةٌ ۚ فَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمۡ تَشۡكُرُوۡنَ ﴿۱۲۳﴾

(૧૨૩) ખચીતજ અલ્લાહે બદર (ના યુદ્ધ)માં તમારી સહાય કરી હતી જયારે કે તમે (શત્રુઓની સરખામણીમાં) તદ્દન નિર્માલ્ય (નિર્બળ) હતા, માટે અલ્લાહથી ડરો કે કદાચને તમે આભાર માનનારા થઈ જાઓ.

اِذۡ تَقُوۡلُ لِلۡمُؤۡمِنِيۡنَ اَلَنۡ يَّكۡفِيَكُمۡ اَنۡ يُّمِدَّكُمۡ رَبُّكُمۡ بِثَلٰثَةِ اٰلٰفٍ مِّنَ الۡمَلٰٓـئِكَةِ مُنۡزَلِيۡنَ ﴿۱۲۴﴾ؕ

(૧૨૪) (અય રસૂલ! તે સમયને યાદ કર) જ્યારે તું મોઅમીનોને કહેતો હતો કે શું આ વાત તમારા

માટે પૂરતી નહિ થાય કે તમારો પરવરદિગાર (આકાશ પરથી) ત્રણ હજાર ફરિશ્તાઓ નીચે મોકલી તમારી મદદ કરે ?

بَلٰٓى ۙ اِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا وَيَاْتُوْكُمْ مِّنْ فَوْرِهِمْ هٰذَا يُمْدِدْكُمْ رَبُّكُمْ بِخَمْسَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُسَوِّمِيْنَ ﴿١٢٥﴾

(૧૨૫) હા, જો તમે ધીરજ ધરશો અને (રસૂલની) વિરૂદ્ધતા કરતા અટકશો (તો તેમ અવશ્ય થશે) અને જો (તે સ્થિતિમાં) દુશ્મનો ઓચિંતા તમારા પર આવી પડે તો તમારો પરવરદિગાર પાંચ હજાર નિશાનદાર (હથિયાર બંધ) ફરિશ્તાઓ દ્વારા તમારી મદદ કરશે.

وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى لَكُمْ وَلِتَطْمَىِٕنَّ قُلُوْبُكُمْ بِهٖ ؕ وَمَا
النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿۱۲۶﴾ۙ

(૧૨૬) અને અલ્લાહે આ મદદ તમારા માટે ખુશખબર થાય એ સિવાય બીજા (હેતુ) માટે નક્કી કરી નથી અને (વળી) એ માટે કે તમારા મન તેનાથી શાંત થઈ જાય; અને પ્રત્યેક મદદ જબરદસ્ત હિકમતવાળા અલ્લાહ તરફથી જ હોય છે.

لِيَقْطَعَ طَرَفًا مِّنَ الَّذِيْنَ كَفَرُوْٓا اَوْ يَكْبِتَهُمْ فَيَنْقَلِبُوْا
خَآىِٕبِيْنَ ﴿۱۲۷﴾

(૧૨૭) (આ મદદ એ માટે કરવામાં આવી) કે જેથી નાસ્તિકોના એક ટોળાનું બળ કાપી નાખે અથવા તેમને એટલા હલકા પાડે કે નિષ્ફળતા સાથે પાછા ફરી જાય.

لَيۡسَ لَكَ مِنَ الۡاَمۡرِ شَىۡءٌ اَوۡ يَتُوۡبَ عَلَيۡهِمۡ اَوۡ يُعَذِّبَهُمۡ فَاِنَّهُمۡ ظٰلِمُوۡنَ﴿۱۲۸﴾

(૧૨૮) (અય રસૂલ!) એ વિષયમાં તારો કાંઈ અધિકાર નથી કે અલ્લાહ તેમની તૌબા કબૂલ કરે યા તેમને અઝાબ આપે કારણ કે તેઓ અત્યાચારી જ છે.

وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ
وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٢٩﴾

(૧૨૯) અને જે કાંઈ આસમાનોમાં છે. તથા જે કાંઈ જમીનમાં છે તે સઘળું અલ્લાહનું જ છે; તે જેને ચાહે છે તેને માફ કરી દે છે અને જેને ચાહે છે શિક્ષા કરે છે, અને અલ્લાહ મોટો ક્ષમા કરનાર (અને) દયા કરનાર છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَاْكُلُوا الرِّبٰۤوا اَضْعَافًا مُّضٰعَفَةً ۪ وَّاتَّقُوا
اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿١٣٠﴾

(૧૩૦) અય ઈમાન લાવનારાઓ ! બમણું ચોગણું વ્યાજ ન ખાઓ અને અલ્લાહથી ડરો કે જેથી તમે સફળતા પામો.

وَاتَّقُوا النَّارَ الَّتِيۡۤ اُعِدَّتۡ لِلۡكٰفِرِيۡنَ ۚ‏ ﴿۱۳۱﴾

(૧૩૧) અને તે અગ્નિથી ડરો કે જે (ખાસ) કાફિરો માટે તૈયાર કરવામાં આવી છે.

وَاَطِيۡعُوا اللّٰهَ وَالرَّسُوۡلَ لَعَلَّكُمۡ تُرۡحَمُوۡنَ‌ۚ‏ ﴿۱۳۲﴾

(૧૩૨) અને અલ્લાહ તથા રસૂલની આજ્ઞા માનો કે જેથી તમારા પર રહેમ કરવામાં આવે.

وَسَارِعُوۡۤا اِلٰى مَغۡفِرَةٍ مِّنۡ رَّبِّكُمۡ وَجَنَّةٍ عَرۡضُهَا السَّمٰوٰتُ وَالۡاَرۡضُ ۙ اُعِدَّتۡ لِلۡمُتَّقِيۡنَ ۙ‏ ﴿۱۳۳﴾

(૧૩૩) અને તમારા પરવરદિગારની ક્ષમા તરફ દોડયા જાઓ અને તે જન્નત તરફ પણ કે જેની વિશાળતા સઘળા આકાશો અને સઘળી જમીનની બરાબર છે, (અને) જે તે પરહેઝગારો માટે તૈયાર કરવામાં આવી છે.

الَّذِيْنَ يُنْفِقُوْنَ فِي السَّرَّآءِ وَالضَّرَّآءِ وَالْكٰظِمِيْنَ الْغَيْظَ
وَالْعَافِيْنَ عَنِ النَّاسِ ؕ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٣٤﴾

(૧૩૪) કે જે (પરહેઝગાર) લોકો શ્રીમંતાઈ અને તંગીમાં (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરતા રહે છે તથા ક્રોધને પી જનારા છે અને લોકોના (અપરાધ)થી દરગુજર કરનારા છે; અને અલ્લાહ ઉપકાર કરનારાઓને દોસ્ત રાખે છે.

وَالَّذِيْنَ اِذَا فَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ ذَكَرُوا اللّٰهَ
فَاسْتَغْفَرُوْا لِذُنُوْبِهِمْ ۠ وَمَنْ يَّغْفِرُ الذُّنُوْبَ اِلَّا اللّٰهُ ۟ وَلَمْ
يُصِرُّوْا عَلٰى مَا فَعَلُوْا وَهُمْ يَعْلَمُوْنَ ﴿١٣٥﴾

(૧૩૫) અને તે લોકો કે જેઓ જ્યારે નિર્લજ કૃત્ય કરી બેસે છે અથવા પોતાના જીવ ઉપર ઝુલ્મ કરે છે ત્યારે અલ્લાહને યાદ કરીને પોતાના અપરાધોની માફી માંગે છે; અને અલ્લાહ સિવાય ગુનાહો કોણ માફ કરી શકે છે? અને જે કાંઈ તેઓ કરી ચૂકયા છે તે ફરી કરવાને જાણી જોઈને આગ્રહ રાખતા નથી (તેવું કૃત્ય ફરીને કરતા નથી).

أُولَٰٓئِكَ جَزَآؤُهُم مَّغْفِرَةٌ مِّن رَّبِّهِمْ وَجَنَّٰتٌ تَجْرِى مِن تَحْتِهَا
ٱلْأَنْهَٰرُ خَٰلِدِينَ فِيهَا ۚ وَنِعْمَ أَجْرُ ٱلْعَٰمِلِينَ ﴿١٣٦﴾

(૧૩૬) તેમનો બદલો તેમના પરવરદીગાર તરફથી ક્ષમા છે તથા બાગ બગીચા છે જેની હેઠળ નદીઓ વહે છે, જેમાં તેઓ હંમેશ રહેનાર છે; અને સત્કાર્ય કરનારાઓ માટે (આ) કેવો ઉત્તમ બદલો છે!

قَدْ خَلَتْ مِن قَبْلِكُمْ سُنَنٌ فَسِيرُوا۟ فِى ٱلْأَرْضِ فَٱنظُرُوا۟
كَيْفَ كَانَ عَٰقِبَةُ ٱلْمُكَذِّبِينَ ﴿١٣٧﴾

(૧૩૭) તમારી પહેલાં ઘણાંય દ્રષ્ટાંતો બની ગયા છે, જેથી જમીનમાં હરોફરો અને જુઓ કે

(પયગમ્બરોને) જૂઠલાવનારાઓનું કેવું પરિણામ આવ્યું?

هٰذَا بَيَانٌ لِّلنَّاسِ وَهُدًى وَّمَوْعِظَةٌ لِّلْمُتَّقِيْنَ ﴿١٣٨﴾

(૧૩૮) માણસો માટે આ એક (સ્પષ્ટ) વર્ણન છે અને પરહેઝગારો માટે હિદાયત અને નસીહત છે.

وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٣٩﴾

(૧૩૯) અને હિમ્મત હારતા નહિ તથા (આ અણધારી હારથી) દિલગીર થતા નહિ અને જો તમે મોઅમીન છો તો તમે જ ચઢિયાતા રહેશો.

إِنْ يَّمْسَسْكُمْ قَرْحٌ فَقَدْ مَسَّ الْقَوْمَ قَرْحٌ مِّثْلُهٗ ؕ وَتِلْكَ
الْاَيَّامُ نُدَاوِلُهَا بَيْنَ النَّاسِ ۚ وَلِيَعْلَمَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا
وَيَتَّخِذَ مِنْكُمْ شُهَدَآءَ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿١٤٠﴾ۙ

(૧૪૦) જો તમને (જંગે ઓહદમાં) ઘા લાગ્યો છે તો તે લોકોને પણ એવોજ ઘા (જંગે બદરમાં) લાગી ચૂકયો છે; અને આવા દિવસો અમે લોકો વચ્ચે વારા ફરતી લાવ્યા કરીએ છીએ, અને (આ અણધારી હાર) એ માટે (હતી) કે ઈમાન લાવનારા કોણ છે તે અલ્લાહ જાણી લે અને તમારામાંથીજ અમુક (લોકો)ને સાક્ષી કરી લે; અને અલ્લાહ ઝુલમગારોને દોસ્ત રાખતો નથી;

وَلِيُمَحِّصَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَيَمْحَقَ الْكٰفِرِيْنَ﴿۱۴۱﴾

(૧૪૧) અને એ માટે પણ અલ્લાહ ઈમાન લાવનારાઓને કસોટી કરીને અલગ પાડી નાખે અને નાફરમાનોને (પોતાના) આશીર્વાદથી વંચિત રાખે.

اَمْ حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا الْجَنَّةَ وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَيَعْلَمَ الصّٰبِرِيْنَ﴿۱۴۲﴾

(૧૪૨) (અય મુસલમાનો!) શું તમોએ એમ ધારી લીધું છે કે તમે જન્નતમાં ચાલ્યા જશો? જ્યારે હજુ સુધી અલ્લાહે (તમારી કસોટી કરીને) તમને જાણી

લીધા નથી કે તમારામાંથી કોણે કોણે જેહાદ કર્યો છે અને વળી તમારામાંથી ધૈર્યવાન કોણ રહ્યા છે.

وَلَقَدْ كُنْتُمْ تَمَنَّوْنَ الْمَوْتَ مِنْ قَبْلِ اَنْ تَلْقَوْهُ ۖ فَقَدْ رَاَيْتُمُوْهُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ﴿١٤٣﴾

(૧૪૩) (મૃત્યુની) મુલાકાત કરવા પહેલાં તમે મૃત્યુ (શહાદત)ની ઈચ્છા (વ્યકત) કરતા હતા, પછી તો તમોએ તેને નરી આંખે જોઈજ લીધું (તો હવે લડાઈથી દૂર કેમ ભાગો છો?)

وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ اَفَاۡئِنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰٓى اَعْقَابِكُمْ ؕ وَمَنْ يَّنْقَلِبْ عَلٰى عَقِبَيْهِ فَلَنْ يَّضُرَّ اللّٰهَ شَيْـًٔا ؕ وَسَيَجْزِى اللّٰهُ الشّٰكِرِيْنَ ﴿١٤٤﴾

(૧૪૪) મોહમ્મદ (સ. અ. વ.) માત્ર એક રસુલ છે, જેની પહેલાં ઘણાય રસૂલો થઈ ગયા છે; અગર તે મરી જાય અથવા માર્યો જાય તો શું તમે તમારા પાછલા પગે ફરી જશો ? (યાદ રાખો) કે જે પોતાના પાછલા પગે ફરી જશે તે અલ્લાહનું કાંઈ પણ બગાડી શકશે નહિ અને નજીકમાં જ અલ્લાહ આભાર માનનારાઓને સારો બદલો આપશે.

وَمَا كَانَ لِنَفْسٍ اَنْ تَمُوْتَ اِلَّا بِاِذْنِ اللّٰهِ كِتٰبًا مُّؤَجَّلًا ؕ وَمَنْ يُّرِدْ ثَوَابَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا ۚ وَمَنْ يُّرِدْ ثَوَابَ الْاٰخِرَةِ نُؤْتِهٖ مِنْهَا ۚ وَسَنَجْزِى الشّٰكِرِيْنَ ﴿١٤٥﴾

(૧૪૫) અને કોઈ જીવ અલ્લાહના હુકમ સિવાય મરણ પામતો નથી અને તે પણ ઠરાવેલા સમયે જ; અને લોકો આલોકનો બદલો માંગશે તો અમે તેને તેમાંજ આપીશું, અને જે પરલોકનો માંગશે તેને ત્યાં આપીશું; અને નજીકમાંજ અમે આભાર માનનારાઓને સારો બદલો આપીશું.

وَكَاَيِّنۡ مِّنۡ نَّبِىٍّ قٰتَلَ ۙ مَعَهٗ رِبِّيُّوۡنَ كَثِيۡرٌ ۚ فَمَا وَهَنُوۡا لِمَاۤ اَصَابَهُمۡ فِىۡ سَبِيۡلِ اللّٰهِ وَمَا ضَعُفُوۡا وَمَا اسۡتَكَانُوۡا ؕ وَاللّٰهُ يُحِبُّ الصّٰبِرِيۡنَ ﴿۱۴۶﴾

(૧૪૬) અને (અય મુસલમાનો ! માત્ર તમે જ નહિ પણ) ઘણાંય નબીઓ હતા કે જેમની હિમાયતમાં

અલ્લાહવાળાઓ (ઘણી) મોટી સંખ્યામાં લડયા હતા, અને પછી અલ્લાહની રાહમાં તેમના પર જે મુસીબત પડી હતી તેનાથી ન તેઓ હિમ્મત હાર્યા હતા ન કાયરતા જાહેર કરી હતી, તેમજ (દુશ્મનો સામે) ઢીલા (પણ) પડ્યા ન હતા; અને (એવી) ધીરજ ધરનારાઓનેજ અલ્લાહ દોસ્ત રાખેછે

وَمَا كَانَ قَوْلَهُمْ اِلَّآ اَنْ قَالُوْا رَبَّنَا اغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَاِسْرَافَنَا فِيْٓ اَمْرِنَا وَثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿١٤٧﴾

(૧૪૭) અને (વળી ખુબી તો એ છે કે) તેમનું કહેવું આ સિવાય કાંઈ ન હતું કે અય અમારા

પરવરદિગાર! અમારા ગુનાહોને તથા અમારા તે મામલાઓને કે જેમાં અમે હદ બહાર ગયા હોઈએ માફ કરી દે તથા અમારા કદમ જમાવી રાખ અને તે નાસ્તિકો વિરૂદ્ધ અમારી સહાય કર.

فَاٰتٰىهُمُ اللّٰهُ ثَوَابَ الدُّنْيَا وَحُسْنَ ثَوَابِ الْاٰخِرَةِ ؕ وَاللّٰهُ
يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٤٨﴾

(૧૪૮) જેથી અલ્લાહે તેમને દુનિયાનો બદલો આપ્યો અને આખેરતનો બદલો તો તેનાથી પણ સરસ આપશે; અને અલ્લાહ નેકી કરનારાઓને દોસ્ત રાખે છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ إِن تُطِيعُوا۟ ٱلَّذِينَ كَفَرُوا۟ يَرُدُّوكُمْ عَلَىٰٓ
أَعْقَٰبِكُمْ فَتَنقَلِبُوا۟ خَٰسِرِينَ ﴿١٤٩﴾

(૧૪૯) અય ઈમાન લાવનારાઓ! જો તમે કાફિરોની આજ્ઞા માનશો તો તેઓ તમને પાછલા પગે ફેરવી દેશે પછી તમે હાનિ ભોગવી પાછા ફરશો.

بَلِ ٱللَّهُ مَوْلَىٰكُمْ ۖ وَهُوَ خَيْرُ ٱلنَّٰصِرِينَ ﴿١٥٠﴾

(૧૫૦) બલ્કે અલ્લાહ તમારો હિમાયતી છે અને તે સૌથી સારો મદદગાર છે.

سَنُلۡقِيۡ فِيۡ قُلُوۡبِ الَّذِيۡنَ كَفَرُوا الرُّعۡبَ بِمَاۤ اَشۡرَكُوۡا بِاللّٰهِ مَا
لَمۡ يُنَزِّلۡ بِهٖ سُلۡطٰنًا ۚ وَمَاۡوٰىهُمُ النَّارُ ‌ؕ وَبِئۡسَ مَثۡوَى
الظّٰلِمِيۡنَ ﴿۱۵۱﴾

(૧૫૧) નજીકમાં અમે નાસ્તીકોના મનમાં (તમારો) પ્રભાવ નાખી દઈશું કારણ કે તેમણે એવાને અલ્લાહનો શરીક ઠરાવ્યો છે કે જેના વિષે અલ્લાહે કોઈ સનદ ઉતારી નથી, અને તેમનું ઠેકાણું જહન્નમ છે; અને ઝાલિમોનું રહેઠાણ ઘણું જ ખરાબ હશે.

وَلَقَدۡ صَدَقَكُمُ اللّٰهُ وَعۡدَهٗۤ اِذۡ تَحُسُّوۡنَهُمۡ بِاِذۡنِهٖ‌ ۚ حَتّٰۤى اِذَا
فَشِلۡتُمۡ وَتَنَازَعۡتُمۡ فِى الۡاَمۡرِ وَعَصَيۡتُمۡ مِّنۡۢ بَعۡدِ مَاۤ اَرٰٮكُمۡ

مَّا تُحِبُّوْنَ ؕ مِنْكُمْ مَّنْ يُّرِيْدُ الدُّنْيَا وَمِنْكُمْ مَّنْ يُّرِيْدُ
الْاٰخِرَةَ ۚ ثُمَّ صَرَفَكُمْ عَنْهُمْ لِيَبْتَلِيَكُمْ ۚ وَلَقَدْ عَفَا
عَنْكُمْ ؕ وَاللّٰهُ ذُوْ فَضْلٍ عَلَى الْمُؤْمِنِيْنَ ﴿١٥٢﴾

(૧૫૨) અને ખચીતજ અલ્લાહે તમારી સાથે (કરેલો) વિજયનો વાયદો (જંગે ઓહદમાં) સાચો કરી દેખાડયો જ્યારે કે તમે તેના હુકમથી તેમને (પહેલાજ હુમલામાં) વીણી વીણીને કતલ કરતા હતા અહીં સુધી કે જ્યારે તમે બુઝદિલ (કાયર) બની ગયા અને (મોરચાઓ પરથી નહિ ખસવાની આજ્ઞા સંબંધી) અંદરો અંદર કજિયો કરવા લાગ્યા (હતા) અને જે વસ્તુ (યાને જીત)ની તમે અપેક્ષા

રાખતા હતા તે અલ્લાહે (પ્રત્યક્ષ) દેખાડયા પછી (પણ) તમોએ (રસૂલની) નાફરમાની કરી; તમારામાંથી કેટલાક દુનિયાને ચાહનારા હતા અને તમારામાંથી કેટલાકો આખેરતને ચાહનારા હતા, પછી તેણે તમારૂં મોઢું તે (કાફિરો)ની તરફથી ફેરવી નાખ્યું (અને તમે નાસવા લાગ્યા) કે જેથી તે (અલ્લાહ) તમારી કસોટી કરે, અને ખરેખર અલ્લાહે તમારાથી દરગુજર કરી; અને અલ્લાહ મોઅમીનો પર મહા કૃપાવંત છે.

إِذۡ تُصۡعِدُوۡنَ وَلَا تَلۡوٗنَ عَلٰۤى اَحَدٍ وَّالرَّسُوۡلُ يَدۡعُوۡكُمۡ فِىۡۤ
اُخۡرٰٮكُمۡ فَاَثَابَكُمۡ غَمًّاۢ بِغَمٍّ لِّـكَيۡلَا تَحۡزَنُوۡا عَلٰى مَا فَاتَكُمۡ
وَلَا مَاۤ اَصَابَكُمۡ‌ؕ وَاللّٰهُ خَبِيۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ‏ ﴿۱۵۳﴾

(૧૫૩) (તે સમયને યાદ કરો) જ્યારે તમે આગળને આગળ નાસી જતા હતા અને પાછા વળીને પણ કોઈને જોતા ન હતા અને પાછળથી રસૂલ તમને બોલાવી રહ્યો હતો, પછી અલ્લાહે તમારા પર દુ:ખ ઉપર દુ:ખ નાખ્યું, આ એટલા માટે કે જ્યારે કદી પણ તમારા હાથમાંથી એકાદ વસ્તુ જતી રહે અથવા તમારા ઉપર એકાદ સંકટ આવી પડે તો તેનો અફસોસ કરો નહિ; અને જે

કાંઈ કરણી તમે કરો છો અલ્લાહ તેનાથી ખબરદાર છે.

ثُمَّ اَنۡزَلَ عَلَيۡكُمۡ مِّنۡۢ بَعۡدِ الۡغَمِّ اَمَنَةً نُّعَاسًا يَّغۡشٰى طَآٮِٕفَةً

مِّنۡكُمۡ‌ۙ وَطَآٮِٕفَةٌ قَدۡ اَهَمَّتۡهُمۡ اَنۡفُسُهُمۡ يَظُنُّوۡنَ بِاللّٰهِ غَيۡرَ

الۡحَـقِّ ظَنَّ الۡجَـاهِلِيَّةِ‌ؕ يَقُوۡلُوۡنَ هَلۡ لَّنَا مِنَ الۡاَمۡرِ مِنۡ شَىۡءٍ‌ؕ

قُلۡ اِنَّ الۡاَمۡرَ كُلَّهٗ لِلّٰهِ‌ؕ يُخۡفُوۡنَ فِىۡۤ اَنۡفُسِهِمۡ مَّا لَا يُبۡدُوۡنَ

لَكَ‌ؕ يَقُوۡلُوۡنَ لَوۡ كَانَ لَنَا مِنَ الۡاَمۡرِ شَىۡءٌ مَّا قُتِلۡنَا هٰهُنَا ؕ

قُلۡ لَّوۡ كُنۡتُمۡ فِىۡ بُيُوۡتِكُمۡ لَبَرَزَ الَّذِيۡنَ كُتِبَ عَلَيۡهِمُ الۡقَتۡلُ

اِلٰى مَضَاجِعِهِمۡ‌ۚ وَلِيَبۡتَلِىَ اللّٰهُ مَا فِىۡ صُدُوۡرِكُمۡ وَلِيُمَحِّصَ

مَا فِىۡ قُلُوۡبِكُمۡ‌ؕ وَاللّٰهُ عَلِيۡمٌۢ بِذَاتِ الصُّدُوۡرِ ۱۵۴

(૧૫૪) પછી અલ્લાહે તે દુઃખ બાદ તમારા ઉપર નિર્ભયપણું ઉતાર્યું (જે) એક શાંતિદાયક નિંદ્રા હતી જે તમારા માંહેના એક ટોળા ઉપર પથરાઈ ગઈ, અને એક ટોળાવાળા (કે જે દાંભિકો હતા તેઓ) પોતાના જીવની ચિંતામાંજ સપડાઈ ગયા હતા અને અજ્ઞાનતાના કાળના જેવી ખોટી કલ્પનાઓ અલ્લાહ વિષે કરવા લાગ્યા; (અને) કહેતા હતા કે આ મામલામાં અમારો પણ કાંઈ અધિકાર છે? (અય રસૂલ) કહે, નિસંશય (દરેક) મામલાનો (ફેંસલો કરવો) સંપૂર્ણ રીતે અલ્લાહના હાથમાં છે; તેઓ પોતાના મનમાં એવું કાંઈ સંતાડી રહ્યા છે જે તારા પર જાહેર કરતા નથી; (અને) કહે છે કે જો

આ મામલામાં અમારો કાંઈ અધિકાર હોત તો અમે આ સ્થળે માર્યા જતે નહિ; (અય રસૂલ!) કહે કે જો તમે તમારા ઘરોમાં પણ હોત તો પણ જેના માટે માર્યા જવાનું લખાઈ ચૂકયું હતું તેઓ પોતાના માર્યા જવાના સ્થાને જરૂર નીકળી આવતે, અને આ એટલા માટે કે અલ્લાહ જે તમારા દિલોમાં છે તેની કસોટી કરી લે, તથા જે કાંઈ તમારા અંતઃકરણોમાં છે તેનું માપ કાઢી લે; અને અલ્લાહ મનની હાલતોથી ખૂબ વાકેફ છે.

اِنَّ الَّذِيۡنَ تَوَلَّوۡا مِنۡكُمۡ يَوۡمَ الۡتَقَى الۡجَمۡعٰنِ ۙ اِنَّمَا اسۡتَزَلَّهُمُ
الشَّيۡطٰنُ بِبَعۡضِ مَا كَسَبُوۡا ‌ۚ وَلَقَدۡ عَفَا اللّٰهُ عَنۡهُمۡ‌ ؕ اِنَّ اللّٰهَ
غَفُوۡرٌ حَلِيۡمٌ ﴿١٥٥﴾

(૧૫૫) નિસંશય (ઓહદની લડાઈમાં) બે લશ્કરોએ એક બીજાનો મુકાબલો કર્યો તે દિવસે (તમારામાંથી) જે લોકોએ મોઢું ફેરવ્યું (અને નાસી ગયા) તેનું કારણ એ સિવાય બીજું કાંઈ ન હતું કે તેમણે કરેલા કુકર્મો માંહેના કેટલાકને લીધે શૈતાને તેમને ડગમગાવ્યા હતા અને ખચીતજ (તે છતાં) અલ્લાહે તેમના (કસુર)થી દરગુજર કરી; બેશક અલ્લાહ મોટો ક્ષમા કરનાર (અને) સહનશીલ છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُواْ لَا تَكُونُواْ كَٱلَّذِينَ كَفَرُواْ وَقَالُواْ
لِإِخۡوَٰنِهِمۡ إِذَا ضَرَبُواْ فِي ٱلۡأَرۡضِ أَوۡ كَانُواْ غُزّٗى لَّوۡ كَانُواْ
عِندَنَا مَا مَاتُواْ وَمَا قُتِلُواْ لِيَجۡعَلَ ٱللَّهُ ذَٰلِكَ حَسۡرَةٗ فِي
قُلُوبِهِمۡۗ وَٱللَّهُ يُحۡيِۦ وَيُمِيتُۗ وَٱللَّهُ بِمَا تَعۡمَلُونَ بَصِيرٞ ١٥٦

(૧૫૬) અય ઈમાન લાવનારાઓ! તમે તેમના જેવા ન થાઓ કે જેઓ (ઈમાનથી) ફરી ગયા છે અને પોતાના ભાઈબંધોના સબંધમાં જયારે કે તેઓ મુસાફરીમાં ગયા (હોય) અથવા જેહાદ કરવામાં રોકાએલા (હોય ત્યારે) આ કહેવા લાગે છે કે જો તેઓ અમારી પાસે (રહ્યા) હોત તો ન મરણ પામતે અને ન કત્લ થાત, તેમના મનમાં (અલ્લાહે

આ વિચાર એ માટે ઉત્પન્ન કરી દીધો) કે અલ્લાહ તેમના અંતઃકરણોમાં (જિંદગીભર) તેને ખેદ (નું કારણ) બનાવી દે; જો કે અલ્લાહજ જીવાડે છે અને મારે છે; અને જે કર્મો તમે કરો છો તે સઘળા અલ્લાહ નિહાળે છે.

وَلَئِنْ قُتِلْتُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ اَوْ مُتُّمْ لَمَغْفِرَةٌ مِّنَ اللّٰهِ وَرَحْمَةٌ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ﴿١٥٧﴾

(૧૫૭) અને તમે અલ્લાહના માર્ગમાં માર્યા જાઓ અથવા તમારા મોતે મરી જાઓ તો જે કાંઈ તેઓ ભેગું કરતા રહે છે તેના કરતાં અલ્લાહની ક્ષમા તથા રહેમત વધારે સારી છે.

وَلَئِنْ مُّتُّمْ اَوْ قُتِلْتُمْ لَاِالَى اللّٰهِ تُحْشَرُوْنَ﴿۱۵۸﴾

(૧૫૮) અને જો તમે (તમારા મોતે) મરી જાઓ અથવા મારી નાખવામાં આવે તો અલ્લાહની હજૂરમાં ભેગા તો ખચીતજ કરવામાં આવશો.

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ ۖ فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ وَشَاوِرْهُمْ فِى الْاَمْرِ ۚ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِيْنَ﴿۱۵۹﴾

(૧૫૯) પછી (અય રસૂલ!) અલ્લાહની રહેમતના કારણે તેં તેમની સાથે નમ્ર વર્તન ચલાવ્યું, પણ જો તું તુંદમિઝાજ અને સખત દિલનો હોત તો

તેઓ તારી પાસેથી (કયારનાય) વિખેરાઈ ગયા હોત, જેથી હજી પણ તું તેમના (ઓહદની લડાઈમાંથી નાસી જવાના અપરાધ)થી દરગુજર કર અને તેમના માટે ક્ષમાની યાચના કર તથા તેમની સાથે (પહેલાંની જેમ) મામલાઓમાં સલાહ કર્યા કર, અને (સલાહ કર્યા પછી) જ્યારે કોઈ વાતનો દ્રઢ નિશ્ચય તું કરી લે તો બેશક અલ્લાહ પર ભરોસો રાખીને તેમ કર; નિસંશય અલ્લાહ ભરોસો રાખનારાઓને દોસ્ત રાખે છે.

اِنۡ يَّنۡصُرۡكُمُ اللّٰهُ فَلَا غَالِبَ لَكُمۡ ۚ وَاِنۡ يَّخۡذُلۡكُمۡ فَمَنۡ ذَا
الَّذِىۡ يَنۡصُرُكُمۡ مِّنۡۢ بَعۡدِهٖ ‌ؕ وَعَلَى اللّٰهِ فَلۡيَتَوَكَّلِ الۡمُؤۡمِنُوۡنَ‏ ﴿۱۶۰﴾

(૧૬૦) (અય મુસલમાનો ! યાદ રાખો કે) અગર અલ્લાહ તમારી મદદ કરશે તો તમારા ઉપર કોઈ પણ વિજય મેળવનાર નથી, અને જો તે તમને તજી દેશે તો પછી એવો કોણ છે જે (તેની વિરૂદ્ધ) તમારી મદદ કરશે? અને મોઅમીનોને લાઝિમ છે કે અલ્લાહ ઉપરજ આધાર રાખતા રહે.

وَمَا كَانَ لِنَبِيٍّ اَنۡ يَّغُلَّ ؕ وَمَنۡ يَّغۡلُلۡ يَاۡتِ بِمَا غَلَّ يَوۡمَ الۡقِيٰمَةِ ۚ ثُمَّ تُوَفّٰى كُلُّ نَفۡسٍ مَّا كَسَبَتۡ وَهُمۡ لَا يُظۡلَمُوۡنَ ﴿١٦١﴾

(૧૬૧) અને કોઈ નબીનું એ કાર્ય નથી કે તે (ગનીમતના માલમાંથી) કોઈ વસ્તુ (અપ્રમાણિકપણે) પચાવી પાડે; અને જે કોઈ છુપી રીતે કોઈ વસ્તુ પચાવી પાડશે તો કયામતના

દિવસે તેને તે જાહેર કરવી પડશે, પછી દરેકને તેના કર્મોનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે અને તેમના પર કાંઈપણ ઝુલમ કરવામાં આવશે નહિ.

اَفَمَنِ اتَّبَعَ رِضْوَانَ اللّٰهِ كَمَنْۢ بَآءَ بِسَخَطٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰىهُ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿١٦٢﴾

(૧૬૨) શું તે શખ્સ જે અલ્લાહની મરજીને અનુસરીને ચાલે છે તે તેના જેવો હોય છે કે જેણે અલ્લાહની નારાજી વ્હોરી લીધી હોય અને તેનું ઠેકાણું જહન્નમ હોય? અને તે ઘણું જ ખરાબ પાછા ફરવાનું રહેઠાણ છે.

هُمۡ دَرَجٰتٌ عِنۡدَ اللّٰهِ ؕ وَاللّٰهُ بَصِيۡرٌۢ بِمَا يَعۡمَلُوۡنَ ﴿۱۶۳﴾

(૧૬૩) તેમના તો અલ્લાહની પાસે મોટા દરજ્જા છે; અને તેઓ જે કાંઈ કરે છે તે અલ્લાહ નિહાળે છે.

لَقَدۡ مَنَّ اللّٰهُ عَلَى الۡمُؤۡمِنِيۡنَ اِذۡ بَعَثَ فِيۡهِمۡ رَسُوۡلًا مِّنۡ اَنۡفُسِهِمۡ يَتۡلُوۡا عَلَيۡهِمۡ اٰيٰتِهٖ وَيُزَكِّيۡهِمۡ وَيُعَلِّمُهُمُ الۡكِتٰبَ وَالۡحِكۡمَةَ ۚ وَاِنۡ كَانُوۡا مِنۡ قَبۡلُ لَفِىۡ ضَلٰلٍ مُّبِيۡنٍ ﴿۱۶۴﴾

(૧૬૪) બેશક અલ્લાહે મોઅમીનો પર (મહાન) ઉપકાર કર્યો જયારે તેઓમાં તેઓમાંથી જ એક નબી ઊભો કર્યો જે તેમની સમક્ષ અલ્લાહની આયતો પઢે છે તથા તેમને પાક કરે છે અને

કિતાબ તથા હિકમત (સારૂં-નરસું પારખવાનું જ્ઞાન) શીખવે છે, જો કે તેઓ આ પહેલાં ખુલ્લી ગુમરાહીમાં હતા.

اَوَلَمَّآ اَصَابَتْكُمْ مُّصِيْبَةٌ قَدْ اَصَبْتُمْ مِّثْلَيْهَا ۙ قُلْتُمْ اَنّٰى
هٰذَا ؕ قُلْ هُوَ مِنْ عِنْدِ اَنْفُسِكُمْ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ
قَدِيْرٌ ﴿١٦٥﴾

(૧૬૫) (અય મુસલમાનો!) શું જ્યારે તમારા ઉપર (જંગે ઓહદમાં) એવી મુસીબત આવી પડી કે જેનાથી ખરેખર બમણી (મુસીબત બદરની લડાઈમાં) તમે પોતેજ (નાસ્તિકોને) પહોંચાડી ચૂકયા હતા ત્યારે (ગભરાઈ જઈને) તમે એવું

કહેવા લાગ્યા છો કે આ (મુસીબત) કયાંથી આવી પડી? (અય રસૂલ!) તું કહે કે એ તમારા પોતાની તરફની છે; (કારણ કે જો તમે રસૂલની નાફરમાની ન કરતે તો આ મુસીબત આવી પડતે નહિ); બેશક અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

وَمَآ اَصَابَكُمۡ يَوۡمَ الۡتَقَى الۡجَمۡعٰنِ فَبِاِذۡنِ اللّٰهِ وَلِيَعۡلَمَ الۡمُؤۡمِنِيۡنَ ۙ﴿۱۶۶﴾

(૧૬૬) અને જે કાંઈ મુસીબત તમારા ઉપર તે દિવસે પડી કે જે (જંગે ઓહદના) દિવસે બે ટોળાં સામસામે આવી ગયાં હતાં તે અલ્લાહના હુકમથી આવી હતી અને (તે એ માટે હતી) કે અલ્લાહ મોઅમીન કોણ છે તે જાણી લે;

وَلِيَعْلَمَ الَّذِيْنَ نَافَقُوْا ۚۖ وَقِيْلَ لَهُمْ تَعَالَوْا قَاتِلُوْا فِيْ سَبِيْلِ
اللّٰهِ اَوِ ادْفَعُوْا ؕ قَالُوْا لَوْ نَعْلَمُ قِتَالًا لَّااتَّبَعْنٰكُمْ ؕ هُمْ
لِلْكُفْرِ يَوْمَئِذٍ اَقْرَبُ مِنْهُمْ لِلْاِيْمَانِ ۚ يَقُوْلُوْنَ بِاَفْوَاهِهِمْ
مَّا لَيْسَ فِيْ قُلُوْبِهِمْ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِمَا يَكْتُمُوْنَ ۚ﴿۱۶۷﴾

(૧૬૭) અને તેમને પણ જાણી લે કે જેઓ મુનાફીક હતા અને તેમને કહેવામાં આવ્યું કે આવો (અને) અલ્લાહની રાહમાં લડો અથવા (દુશ્મનોને) ટાળો; ત્યારે કહેવા લાગ્યા કે જો અમને લડતાં આવડતું હોત તો ખચીતજ અમે તમારો સાથ આપતે, તે (મુનાફીકો) તે દિવસે ઈમાન કરતાં કુફ્ર (બેઈમાની) ની વધુ નજીક હતા, તેઓ પોતાના મોઢેથી (એવું)

કહે છે જે કાંઈ તેમના મનમાં નથી (હોતું); જોકે તેઓ જે કાંઈ સંતાડે છે તેનાથી અલ્લાહ સારી પેઠે વાકેફ છે.

اَلَّذِيْنَ قَالُوْا لِاِخْوَانِهِمْ وَقَعَدُوْا لَوْ اَطَاعُوْنَا مَا قُتِلُوْا ؕ قُلْ فَادْرَءُوْا عَنْ اَنْفُسِكُمُ الْمَوْتَ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿١٦٨﴾

(૧૬૮) જે લોકો પોતે લડાઈ (કરવા)થી બેસી રહી (લડાઈમાં માર્યા ગએલા) પોતાના ભાઈબંધો સબંધી કહેવા લાગ્યા કે જો તેઓ અમારૂં કહેવું માનતે તો માર્યા જતે નહિ; (અય રસૂલ!) તું તેમને કહે કે જો તમે સાચા હો તો તમારા પોતા (પર)થી મૃત્યુ ટાળી દો.

وَلَا تَحۡسَبَنَّ الَّذِيۡنَ قُتِلُوۡا فِيۡ سَبِيۡلِ اللّٰهِ اَمۡوَاتًا ؕ بَلۡ اَحۡيَآءٌ

عِنۡدَ رَبِّهِمۡ يُرۡزَقُوۡنَ ۙ﴿۱۶۹﴾

(૧૬૯) અને જે લોકો અલ્લાહની રાહમાં માર્યા ગયા છે તેમને હરગિજ મરણ પામેલા સમજો નહિ; બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવતા હોઈ (ઉત્તમ) રોજી મેળવે છે;

فَرِحِيۡنَ بِمَآ اٰتٰهُمُ اللّٰهُ مِنۡ فَضۡلِهٖ ۙ وَيَسۡتَبۡشِرُوۡنَ بِالَّذِيۡنَ

لَمۡ يَلۡحَقُوۡا بِهِمۡ مِّنۡ خَلۡفِهِمۡ ۙ اَلَّا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ

يَحۡزَنُوۡنَ ﴿۱۷۰﴾

(૧૭૦) અલ્લાહે પોતાની કૃપાથી તેમને જે કાંઈ આપ્યું છે તેનાથી તેઓ ખુશ છે, અને જે લોકો

પાછળ રહી ગયા છે અને અત્યાર સુધી તેમને (જઈ) મળ્યા નથી તેમના વિષે (આ) ખુશખબર મેળવી આનંદ માને છે કે તેમના પર કોઈ જાતનો ભય નથી તેમજ તેઓ દિલગીર થશે નહિ.

يَسْتَبْشِرُوْنَ بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ ۙ وَّاَنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُؤْمِنِيْنَ ۚ﴿١٧١﴾

(૧૭૧) અલ્લાહની નેઅમતો તથા કૃપાની ખુશખબરો સાંભળી ખુશ થાય છે. અને (એ પણ સાંભળીને કે) અલ્લાહ મોઅમીનોનો કોઈ બદલો વ્યર્થ જવા દેતો નથી.

اَلَّذِيْنَ اسْتَجَابُوْا لِلّٰهِ وَالرَّسُوْلِ مِنْۢ بَعْدِ مَاۤ اَصَابَهُمُ
الْقَرْحُ ۛؕ لِلَّذِيْنَ اَحْسَنُوْا مِنْهُمْ وَاتَّقَوْا اَجْرٌ عَظِيْمٌ ۚ﴿۱۷۲﴾

(૧૭૨) (જંગે ઓહદમાં) જેમને ઘા લાગી ચૂકયા પછી પણ અલ્લાહ તથા રસૂલની આજ્ઞા માની લીધી તેઓમાંથી જેમણે સત્કાર્યો કર્યા અને પરહેઝગારી કરી તેમના માટે ઘણો મોટો બદલો છે.

اَلَّذِيْنَ قَالَ لَهُمُ النَّاسُ اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا لَكُمْ
فَاخْشَوْهُمْ فَزَادَهُمْ اِيْمَانًا ۖۗ وَّقَالُوْا حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ
الْوَكِيْلُ ﴿۱۷۳﴾

(૧૭૩) આ તે (લોકો) છે કે જેમને લોકોએ કહ્યું કે નિસંશય (દુશ્મન) લોકોએ તમારા (મુકાબલા) માટે (ભારે) લશ્કર ભેગું કરી લીધું છે માટે તેમનાથી ડરતા રહો ત્યારે (ભય પામવાને બદલે) આ ખબરે તેમના ઈમાનને વધુ વધારી મૂકયું, અને તેઓ કહેવા લાગ્યા કે અલ્લાહ અમારા માટે બસ છે અને તે સર્વોત્તમ કાર્યસાધક છે.

فَانْقَلَبُوْا بِنِعْمَةٍ مِّنَ اللهِ وَفَضْلٍ لَّمْ يَمْسَسْهُمْ سُوْٓءٌ ۙ
وَّاتَّبَعُوْا رِضْوَانَ اللهِ ؕ وَاللهُ ذُوْ فَضْلٍ عَظِيْمٍ ﴿١٧٤﴾

(૧૭૪) જેથી તેઓ અલ્લાહની બક્ષીશ તથા કૃપા સાથે (લડાઈમાં)થી પાછા ફરી આવ્યા અને તેમને કાંઈપણ ઈજા પહોંચી નહિ અને વળી તેઓ

અલ્લાહની ખુશીને પણ અનુસર્યા; અને અલ્લાહ મહાન કૃપાળુ છે.

إِنَّمَا ذٰلِكُمُ الشَّيۡطٰنُ يُخَوِّفُ اَوۡلِيَآءَهٗ ۖ فَلَا تَخَافُوۡهُمۡ وَخَافُوۡنِ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ ﴿١٧٥﴾

(૧૭૫) આ તો માત્ર શયતાન છે, જે પોતાના મિત્રોથી તમને બીવરાવ્યા કરે છે, માટે અગર તમે મોઅમીન હો તો તેમનાથી ડરો નહિ, કેવળ મારાથી જ ડરતા રહો.

وَلَا يَحۡزُنۡكَ الَّذِيۡنَ يُسَارِعُوۡنَ فِى الۡكُفۡرِ ۚ اِنَّهُمۡ لَنۡ يَّضُرُّوا اللّٰهَ شَيۡـًٔـا ؕ يُرِيۡدُ اللّٰهُ اَلَّا يَجۡعَلَ لَهُمۡ حَظًّا فِى الۡاٰخِرَةِ ۚ وَلَهُمۡ عَذَابٌ عَظِيۡمٌ ﴿١٧٦﴾

(૧૭૬) અને (અય રસૂલ!) જે લોકો કાફિરોની મદદ કરવાની શોધમાં દોડયા જાય છે તે વાતથી તને દુ:ખ થવા ન પામે, ખરેજ તેઓ અલ્લાહનું કાંઈ બગાડી શકશે નહિ; (બલ્કે) અલ્લાહનો એવો ઈરાદો છે કે આખેરતમાં તેમનો કાંઈપણ (ભાગ) રાખે નહિ, અને તેમના માટે મોટો અઝાબ છે.

إِنَّ الَّذِينَ اشْتَرَوُا الْكُفْرَ بِالْإِيمَانِ لَن يَضُرُّوا اللَّهَ شَيْـًٔا ۚ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿١٧٧﴾

(૧૭૭) બેશક જે લોકોએ ઈમાનના બદલે કુફ્ર ખરીદી લીધું તેઓ હરગિજ અલ્લાહનું કાંઈ નુકસાન કરશે નહિ, અને તેમના માટે દુ:ખદાયક અઝાબ છે.

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْٓا اَنَّمَا نُمْلِيْ لَهُمْ خَيْرٌ لِّاَنْفُسِهِمْ ؕ
اِنَّمَا نُمْلِيْ لَهُمْ لِيَزْدَادُوْٓا اِثْمًا ۚ وَلَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۷۸﴾

(૧૭૮) અને જે લોકો ઈમાન નથી લાવ્યા તેઓ કદી પણ એવું ગુમાન ન કરે કે અમે જે મોહલત તેમને આપીએ છીએ તે તેમના માટે લાભદાઈ છે; (નહિ, બલ્કે) અમે તેમને (મોહલત) માત્ર એટલા માટે આપીએ છીએ કે ગુનાહના કાર્યોમાં તેઓ વધુ વધી જાય, અને છેવટે તેમના માટે દુ:ખદાયક અઝાબ છે.

مَا كَانَ اللّٰهُ لِيَذَرَ الْمُؤْمِنِيْنَ عَلٰى مَآ اَنْتُمْ عَلَيْهِ حَتّٰى يَمِيْزَ
الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ ؕ وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ

وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ ۖ فَاٰمِنُوْا بِاللّٰهِ
وَرُسُلِهٖ ۚ وَاِنْ تُؤْمِنُوْا وَتَتَّقُوْا فَلَكُمْ اَجْرٌ عَظِيْمٌ ﴿۱۷۹﴾

(૧૭૯) (અય મુનાફીકો!) અલ્લાહ એવો નથી કે જે સ્થિતિમાં તમે છો તેજ સ્થિતિમાં મોઅમીનોને (તમારી સાથે એકઠા મળી) રહેવા દે, અહીં સુધી કે તે નાપાકને પાકથી જુદા પાડી ન નાખે, વળી અલ્લાહ એવો પણ નથી કે તમો (સર્વ)ને ગેબની વાતોથી વાકેફ કરે, પણ (અલબત્ત) અલ્લાહ પોતાના રસૂલોમાંથી જેને ચાહે તેને ચુંટી કાઢે છે, માટે તમે અલ્લાહ તથા તેના રસૂલો પર ઈમાન લાવો, અને અગર તમે ઈમાન લાવશો અને

પરહેઝગારી ધારણ કરશો તો તમારા માટે ઘણો મોટો બદલો છે.

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَخَيْرًا لَّهُمْ ؕ بَلْ هُوَشَرٌّ لَّهُمْ ؕ سَيُطَوَّقُوْنَ مَا بَخِلُوْا بِهٖ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَلِلّٰهِ مِيْرَاثُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿١٨٠﴾

(૧૮૦) અને જેમને અલ્લાહે પોતાની કૃપાથી જે કાંઇ આપ્યું છે તેના સબંધમાં જેઓ કંજૂસાઈ કરે છે તેઓ એવું ગુમાન ન કરે કે તેમની આ (કંજૂસાઈ) તેમના માટે સારી છે; બલ્કે તે તેમના માટે (ઘણીજ) ખરાબ છે; જે વસ્તુઓના સબંધમાં

તેઓ કંજૂસાઈ કરતા હતા (એજ વસ્તુઓ) કયામતના દિવસે તૌક બનાવી તેમને પહેરાવવામાં આવશે; અને સઘળા આકાશો તથા જમીનનો વારસ અલ્લાહજ છે; અને જે કાંઈ તમે કરો છો તે સર્વનો અલ્લાહજ સંપૂર્ણ જાણકાર છે.

لَقَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّنَحْنُ اَغْنِيَآءُ ۘ سَنَكْتُبُ مَا قَالُوْا وَقَتْلَهُمُ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ ۙ وَّنَقُوْلُ ذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿١٨١﴾

(૧૮૧) ખચીત જ અલ્લાહે તે લોકોનું બકવું સાંભળ્યું છે જેમણે કહ્યું કે અલ્લાહ તો મોહતાજ છે, અને અમે તવંગર છીએ; તેમણે જે કાંઈ કહ્યું છે તે

અને તેમનું નબીઓને નાહક મારી નાખવું અમે અવશ્ય લખી લઈએ છીએ, અને કહીશું કે ધગધગતી આગની સજાની મજા ચાખો.

ذٰلِكَ بِمَا قَدَّمَتْ اَيْدِيْكُمْ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿١٨٢﴾

(૧૮૨) તમારા હાથોએ જે આગળથી મોકલ્યું છે તેનો જ આ બદલો છે અને અલ્લાહ (પોતાના) બંદાઓના હકમાં જરાએ ઝુલમગાર નથી.

اَلَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ عَهِدَ اِلَيْنَآ اَلَّا نُؤْمِنَ لِرَسُوْلٍ حَتّٰى يَاْتِيَنَا بِقُرْبَانٍ تَاْكُلُهُ النَّارُ ؕ قُلْ قَدْ جَآءَكُمْ رُسُلٌ مِّنْ قَبْلِيْ بِالْبَيِّنٰتِ وَبِالَّذِيْ قُلْتُمْ فَلِمَ قَتَلْتُمُوْهُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿١٨٣﴾

(૧૮૩) જેઓ આ કહે છે કે અલ્લાહે અમારી પાસેથી વચન લઈ લીધું છે કે અમે કોઈ પણ રસૂલ પર ઈમાન ન લાવીએ જ્યાં સુધી કે તે (રસૂલ) અમારી સામે એવી એક કુરબાની રજુ ન કરે કે જેને આગ ખાઈ જાય (યાને ભસ્મ કરી નાખે); (અય રસૂલ!) તું કહે કે મારી પહેલાં (ઘણાંય) રસૂલો પ્રત્યક્ષ દલીલો લઈને તમારી પાસે આવ્યા હતા અને તમે (અત્યારે) જે કાંઈ કહો છો તે પણ લાવ્યા હતા પછી જો તમે સાચા છો તો તમોએ તેમને શા માટે કતલ કર્યા હતા?

فَإِنْ كَذَّبُوكَ فَقَدْ كُذِّبَ رُسُلٌ مِّنْ قَبْلِكَ جَآءُو بِالْبَيِّنٰتِ
وَالزُّبُرِ وَالْكِتٰبِ الْمُنِيرِ ﴿١٨٤﴾

(૧૮૪) (અય રસૂલ!) પછી પણ જો તેઓ જૂઠલાવે તો (તું દિલગીર ન થા કારણ કે) તારી પહેલાં એવા (ઘણાંય) રસૂલો જૂઠલાવવામાં આવ્યા હતા કે જેઓ ખુલ્લી નિશાનીઓ લાવ્યા હતા તથા નસીહતના પુસ્તકો (સહીફા) તથા રોશન કિતાબ પણ.

كُلُّ نَفۡسٍ ذَآئِقَةُ الۡمَوۡتِ ؕ وَاِنَّمَا تُوَفَّوۡنَ اُجُوۡرَكُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ ؕ فَمَنۡ زُحۡزِحَ عَنِ النَّارِ وَاُدۡخِلَ الۡجَـنَّةَ فَقَدۡ فَازَ ؕ وَمَا الۡحَيٰوةُ الدُّنۡيَاۤ اِلَّا مَتَاعُ الۡغُرُوۡرِ ﴿۱۸۵﴾

(૧૮૫) દરેક જીવ મૃત્યુનો સ્વાદ ચાખનાર છે; અને કયામતના દિવસે તમને માત્ર તમારી

(કરણીઓ)ના પ્રમાણમાં જ બદલો આપવામાં આવશે; માટે જે કોઈ જહન્નમની આગથી બચાવી લેવામાં આવ્યો અને જન્નતમાં દાખલ કરવામાં આવ્યો તો ખરે જ તેનું કાર્ય સિદ્ધ થયું; અને આલોકનું (દુનિયા) જીવન ધોકો આપનાર વૈભવ સિવાય બીજું કાંઈ જ નથી.

لَتُبۡلَوُنَّ فِيۡۤ اَمۡوَالِكُمۡ وَاَنۡفُسِكُمۡ ۚ وَلَتَسۡمَعُنَّ مِنَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ مِنۡ قَبۡلِكُمۡ وَمِنَ الَّذِيۡنَ اَشۡرَكُوۡۤا اَذًى كَثِيۡرًا ؕ وَاِنۡ تَصۡبِرُوۡا وَتَتَّقُوۡا فَاِنَّ ذٰلِكَ مِنۡ عَزۡمِ الۡاُمُوۡرِ ﴿۱۸۶﴾

(૧૮૬) (અય મુસલમાનો!) તમે તમારા માલ અને જાનથી અવશ્ય અજમાવ્યા જશો, અને તમારી

પહેલાં જે લોકોને કિતાબ આપવામાં આવી છે તેમનાથી અને જેઓ શિર્ક કરનારા થઈ ગયા છે તેમનાથી તમે ઘણીયે મેણાં ટોણાની વાતો અવશ્ય સાંભળશો; પણ જો તમે ધીરજ ધરશો તથા પરહેઝગાર રહેશો તો નિસંશય તે મહાન હિમ્મતવાળા કાર્યો માંહેનું એક ગણાશે.

وَاِذۡ اَخَذَ اللّٰهُ مِيۡثَاقَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ لَتُبَيِّنُنَّهٗ لِلنَّاسِ
وَلَا تَكۡتُمُوۡنَهٗ فَنَبَذُوۡهُ وَرَآءَ ظُهُوۡرِهِمۡ وَاشۡتَرَوۡا بِهٖ ثَمَنًا
قَلِيۡلًا ؕ فَبِئۡسَ مَا يَشۡتَرُوۡنَ ﴿١٨٧﴾

(૧૮૭) અને (તે સમયને યાદ કરો) કે જયારે જેમને કિતાબ આપવામાં આવી હતી તેમની

પાસેથી અલ્લાહે વચન લીધું કે તમે તે (કિતાબ)ને લોકો સામે અવશ્ય સ્પષ્ટ રીતે વર્ણવજો તથા તેને સંતાડજો નહિ, તો પણ તેમણે અલ્લાહ (સાથે)ના તે (વચન)ને પીઠ પાછળ ફેંકી દીધું તથા તેના બદલામાં નજીવી કિંમત લઈ લીધી; માટે તે એક કેવી બૂરી કિંમત છે જે તેઓ લઈ રહ્યા છે!

لَا تَحْسَبَنَّ الَّذِيْنَ يَفْرَحُوْنَ بِمَآ اَتَوْا وَّيُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا فَلَا تَحْسَبَنَّهُمْ بِمَفَازَةٍ مِّنَ الْعَذَابِ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿١٨٨﴾

(૧૮૮) (અય રસૂલ!) જે લોકો પોતાની કરણી પર ખુશ થાય છે તથા એવું ચાહે છે કે જે કાંઈ તેમણે

નથી કર્યું તે માટે પણ તેમના બણગાં ફુંકવામાં આવે તો તેઓ સબંધી હરગિઝ એવું ગુમાન કરીશ નહિ કે તેઓ અઝાબથી બચી જશે, બલ્કે તેમના માટે દુઃખદાયક અઝાબ છે.

وَلِلّٰهِ مُلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ۝١٨٩

(૧૮૯) અને સઘળા આકાશો તથા જમીનની બાદશાહત અલ્લાહને માટે જ છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર (સંપૂર્ણ) કાબૂ ધરાવનાર છે.

اِنَّ فِىۡ خَلۡقِ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَاخۡتِلَافِ الَّيۡلِ وَالنَّهَارِ لَاٰيٰتٍ لِّاُولِى الۡاَلۡبَابِ ۝١٩٠

(૧૯૦) બેશક આકાશો તથા જમીનની ઉત્પત્તિમાં અને રાત્રિ તથા દિવસના ક્રમમાં બુદ્ધિશાળીઓ માટે અવશ્ય (અલ્લાહની કુદરતની) નિશાનીઓ મોજૂદ છે;

الَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيٰمًا وَّقُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ وَيَتَفَكَّرُوْنَ فِيْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿١٩١﴾

(૧૯૧) કે જેઓ ઉભા ઉભા અને બેઠા (બેઠા) તથા પડખાભેર (અર્થાત હર હાલતમાં) અલ્લાહને યાદ કરતા રહે છે અને આકાશ તથા પુથ્વીની ઉત્પત્તિ પર ચિંતન કરે છે, (અને કહે છે કે) અય અમારા

પરવરદિગાર! તેં આ વ્યર્થ પેદા કર્યાં નથી, તારી ઝાત પાક છે માટે તું અમને દોઝખની આગથી બચાવી લે

رَبَّنَآ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ اَخْزَيْتَهٗ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿۱۹۲﴾

(૧૯૨) અય અમારા પરવરદિગાર ! બેશક જેને તું આગમાં દાખલ કરશે તો તેને તેં ખરેજ ફજેત કર્યો; અને ઝુલમગારોનો કોઈપણ હિમાયતી બનશે નહિ.

رَبَّنَآ اِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُّنَادِىْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا بِرَبِّكُمْ
فَاٰمَنَّا ۖۗ رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَ كَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا
مَعَ الْاَبْرَارِ ۚ﴿۱۹۳﴾

(૧૯૩) અય અમારા પરવરદિગાર! બેશક અમોએ એક સાદ કરનાર (ઉપદેશક)નો સાદ સાંભળ્યો કે જે ઈમાન (લાવવા) માટે (એવો) સાદ કરતો હતો કે તમે તમારા પરવરદિગાર પર ઈમાન લાવો જેથી અમે ઈમાન લાવ્યા; માટે અય અમારા પરવરદિગાર! તું અમારા ગુનાહ માફ કરી દે અને અમારી બુરાઈઓને અમારાથી દૂર કરી દે અને અમને સદાચારીઓની સાથે મૃત્યુ આપ.

رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ؕ
اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿١٩٤﴾

(૧૯૪) અય અમારા પરવરદિગાર ! જેના તેં તારા રસૂલો મારફત અમને વાયદા કર્યા છે તે અમને અર્પણ કર અને અમને કયામતના દિવસે ફજેત કરજે નહિ; બેશક તું વાયદાનો ભંગ કરતો નથી.

فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ اَنِّیْ لَاۤ اُضِیْعُ عَمَلَ عَامِلٍ مِّنْكُمْ مِّنْ
ذَكَرٍ اَوْ اُنْثٰى ۚ بَعْضُكُمْ مِّنْۢ بَعْضٍ ۚ فَالَّذِیْنَ هَاجَرُوْا
وَاُخْرِجُوْا مِنْ دِیَارِهِمْ وَاُوْذُوْا فِیْ سَبِیْلِیْ وَقٰتَلُوْا وَقُتِلُوْا
لَاُكَفِّرَنَّ عَنْهُمْ سَیِّاٰتِهِمْ وَلَاُدْخِلَنَّهُمْ جَنّٰتٍ تَجْرِیْ مِنْ

تَحۡتِهَا الۡاَنۡهٰرُ ۚ ثَوَابًا مِّنۡ عِنۡدِ اللّٰهِ ؕ وَاللّٰهُ عِنۡدَهٗ حُسۡنُ الثَّوَابِ﴿۱۹۵﴾

(૧૯૫) જેથી તેમના પરવરદિગારે તેમની દુઆ કબૂલ કરી (અને ફરમાવ્યું) કે હું તમારામાંથી કોઈ (સદ્) કાર્ય કરનારનું કાર્ય વ્યર્થ જવા દઈશ નહિ પછી તે (સત્કાર્ય કરનાર) પુરૂષ હો કે સ્ત્રી, (કેમ કે) તમે એક બીજામાંથી છો, માટે જેઓએ હિજરત કરી અને પોતાના દેશમાંથી કાઢી મૂકવામાં આવ્યા અને જેમને મારા માર્ગમાં ઈજા પહોંચાડવામાં આવી અને જેઓએ કાફિરો (મુશરિકો) સામે જેહાદ કર્યો અથવા માર્યા ગયા તો હું જરૂર તેમની બૂરાઈઓ તેમનાથી દૂર કરી દઈશ અને તેમને

અવશ્ય જન્નતોમાં દાખલ કરીશ જેમની હેઠળ નદીઓ વહેતી રહે છે, અલ્લાહ તરફથી આ એક (ઉમદા) બદલો હશે અને સૌથી સારો બદલો અલ્લાહ પાસે જ છે.

لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِيْنَ كَفَرُوْا فِي الْبِلَادِ ؕ﴿۱۹۶﴾

(૧૯૬) જે લોકો ઈમાન નથી લાવ્યા તેમનું નિશ્ચિંત થઈ શહેરની અંદર ફરવું તને હરગિજ ધોકામાં ન નાખે.

مَتَاعٌ قَلِيْلٌ قف ثُمَّ مَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمِهَادُ ﴿۱۹۷﴾

(૧૯૭) આ (ક્ષણભંગુર) વૈભવ થોડા દિવસનો છે, છેવટે તેમનું ઠેકાણું જહન્નમાંજ છે, અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે.

لٰكِنِ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ جَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ

خٰلِدِيْنَ فِيْهَا نُزُلًا مِّنْ عِنْدِ اللّٰهِ ؕ وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ لِّلْاَبْرَارِ ﴿١٩٨﴾

(૧૯૮) પરંતુ જે લોકો પોતાના પરવરદિગારથી ડરે છે તેમના માટે બગીચા છે જેની હેઠળ નદીઓ વહેતી રહે છે તેઓ તેમાં હંમેશને માટે રહેનાર છે (આ) અલ્લાહ તરફની એક (મહાન) પરોણાગત હશે; અને અલ્લાહ પાસે જે છે તે સદાચારીઓ માટે બેહતર છે.

وَاِنَّ مِنْ اَهْلِ الْكِتٰبِ لَمَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ وَمَآ

اُنْزِلَ اِلَيْهِمْ خٰشِعِيْنَ لِلّٰهِ ۙ لَا يَشْتَرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا

قَلِيۡلًا ؕ اُولٰٓـئِكَ لَهُمۡ اَجۡرُهُمۡ عِنۡدَ رَبِّهِمۡ ؕ اِنَّ اللّٰهَ سَرِيۡعُ الۡحِسَابِ﴿۱۹۹﴾

(૧૯૯) અને બેશક કિતાબવાળાઓમાંથી કેટલાક લોકો એવા છે કે જેઓ અલ્લાહની સામે નમ્ર રહીને અલ્લાહ પર અને જે તમારા પર ઉતારવામાં આવ્યું છે તેના પર ઈમાન રાખે છે, અને તેના પર પણ કે જે તેમના ઉપર ઉતારવામાં આવ્યું છે, તેઓ અલ્લાહની આયતોના બદલામાં નજીવી કિંમત લેતા નથી; આ તેઓ જ છે જેમના માટે તેમના પરવરિદગાર પાસે (નેક) બદલો છે; બેશક અલ્લાહ ઘણો ઝડપી હિસાબ કરનાર છે.

يٰٓاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اصۡبِرُوۡا وَصَابِرُوۡا وَرَابِطُوۡا ۖ وَاتَّقُوا اللّٰهَ
لَعَلَّكُمۡ تُفۡلِحُوۡنَ ۝٢٠٠

(૨૦૦) અય ઈમાન લાવનારાઓ! ધીરજ ધરો અને સહનશીલતામાં એક બીજાની હરિફાઈ કરો અને (જેહાદ માટે) કમર કસી લો; અને અલ્લાહથી ડરતા રહો કે કદાચને તમે સફળતા પામો.

يَاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمُ الَّذِىْ خَلَقَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ
وَّخَلَقَ مِنْهَا زَوْجَهَا وَبَثَّ مِنْهُمَا رِجَالًا كَثِيْرًا وَّنِسَآءً ۚ
وَاتَّقُوا اللّٰهَ الَّذِىْ تَسَآءَلُوْنَ بِهٖ وَالْاَرْحَامَ ؕ اِنَّ اللّٰهَ كَانَ
عَلَيْكُمْ رَقِيْبًا ①

(૧) અય લોકો ! તમે તમારા પરવરદિગારથી ડરતા રહો કે જેણે તમને એકજ જીવમાંથી પેદા કર્યા છે અને તેમાંથી જ તેનું જોડું બનાવ્યું છે તે બંનેમાંથી ઘણા પુરૂષો અને સ્ત્રીઓને (દુનિયામાં) ફેલાવ્યા અને અલ્લાહથી ડરો જેનો વાસ્તો આપી એકબીજાથી (પોતાના હક્કોની) માંગણી કરો છો અને સગાઓથી કત્એ રહેમ (હક્કોનો નાશ)

કરવાથી ડરો બેશક અલ્લાહ તમો સર્વોની ખબર રાખનાર છે.

وَاٰتُوا الْيَتٰمٰٓى اَمْوَالَهُمْ وَلَا تَتَبَدَّلُوا الْخَبِيْثَ بِالطَّيِّبِ ۠ وَلَا
تَاْكُلُوْٓا اَمْوَالَهُمْ اِلٰٓى اَمْوَالِكُمْ ؕ اِنَّهٗ كَانَ حُوْبًا كَبِيْرًا ②

(૨) અને યતીમોને તેમનો માલ આપી દો અને ખરાબ વસ્તુઓ (યાને હરામ)ને સારી વસ્તુઓ (યાને હલાલ)થી બદલો નહિ, અને તેમનો માલ તમારા માલની સાથે (વધારો કરવાના હેતુથી) ભેળવી નાખી પચાવી પાડો નહિ; નિસંશય એ ઘણો મોટો ગુનોહ છે.

وَاِنْ خِفْتُمْ اَلَّا تُقْسِطُوْا فِي الْيَتٰمٰى فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ
مِّنَ النِّسَآءِ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ ۚ فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا
فَوَاحِدَةً اَوْ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ۭ ذٰلِكَ اَدْنٰٓى اَلَّا تَعُوْلُوْا ۝۳

(3) અને જો તમને એવો ભય હોય કે યતીમોના (માલના) સબંધમાં તમે ન્યાય કરી શકશો નહિ તો એવી સ્ત્રીઓમાંથી તમને જે પસંદ પડે તે બબ્બે ત્રણ ત્રણ (અથવા) ચાર સાથે નિકાહ કરી લો, પણ જો તમને એવો ભય હોય કે તેમની વચ્ચે (સરખી રીતે) ઈન્સાફ કરી શકશો નહિ તો પછી એકજ પત્ની કરવી અથવા (કનીઝો) કે જે તમારી મિલ્કત હોય (તેની સાથે નિકાહ કરી લો); આ (ઉપાય)

તમને અન્યાયથી બચાવવા માટે વધારે અનુકૂળ થઈ પડશે.

وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ؕ فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ شَىْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِيْٓـًٔا مَّرِيْٓـًٔا ۝٤

(૪) સ્ત્રીઓને તેઓની મહેર અર્પણ કરી દયો પછી જો તેણીઓ સ્વેચ્છાએ પરત કરવા ઈચ્છે તો સહર્ષ ખાઈ પી લ્યો.

وَلَا تُؤْتُوا السُّفَهَآءَ اَمْوَالَكُمُ الَّتِىْ جَعَلَ اللّٰهُ لَكُمْ قِيٰمًا وَّارْزُقُوْهُمْ فِيْهَا وَاكْسُوْهُمْ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا ۝٥

(૫) અને અણસમજુઓને તમારો માલ કે જે અલ્લાહે તમારો (જીવન) આધાર બનાવ્યો છે તે

સોંપો નહિ પણ તેમાંથી તેમને ખવડાવો તથા પહેરાવો અને તેમની સાથે દયાભાવથી વાતચીત કરો.

وَابْتَلُوا الْيَتٰمٰى حَتّٰٓى اِذَا بَلَغُوا النِّكَاحَ ۚ فَاِنْ اٰنَسْتُمْ مِّنْهُمْ رُشْدًا فَادْفَعُوْٓا اِلَيْهِمْ اَمْوَالَهُمْ ۚ وَلَا تَاْكُلُوْهَآ اِسْرَافًا وَّبِدَارًا اَنْ يَّكْبَرُوْا ؕ وَمَنْ كَانَ غَنِيًّا فَلْيَسْتَعْفِفْ ۚ وَمَنْ كَانَ فَقِيْرًا فَلْيَاْكُلْ بِالْمَعْرُوْفِ ؕ فَاِذَا دَفَعْتُمْ اِلَيْهِمْ اَمْوَالَهُمْ فَاَشْهِدُوْا عَلَيْهِمْ ؕ وَكَفٰى بِاللّٰهِ حَسِيْبًا ۝٦

(૬) અને યતીમોને (કામ ધંધે લગાડી) અજમાવતા રહો જયાં સુધી કે તેઓ લગ્નની વયે પહોંચી જાય; પછી જો તમે તેમનામાં કાંઈ (સંસાર

વહેવારની) લાયકાત જુઓ તો તેમનો માલ તેમને સોંપી દો, અને (તે દરમિયાન) એ માલને ઉડાઉપણે ખર્ચીને તથા જલદીથી ખાઈ ન જાઓ એવા વિચારથી કે યતીમો મોટા થઈ જશે (તે હિસાબ માંગશે); અને જે (વાલી અથવા રક્ષક) માલદાર હોય તો તે યતીમોના માલથી (તદ્દન) પરહેઝ કરે, અને મોહતાજ હોય તો તે વ્યાજબી રીતે ખાય; પછી જયારે તમે તેમનો માલ તેમને હવાલે કરો ત્યારે તે ઉપર સાક્ષી રાખી લો; જો કે અલ્લાહ હિસાબ લેવા માટે પૂરતો છે જ.

لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ وَلِلنِّسَآءِ
نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ مِمَّا قَلَّ مِنْهُ اَوْ كَثُرَ
نَصِيْبًا مَّفْرُوْضًا ۝٧

(૭) માં-બાપ તથા નજીકનાં સગાં જે વારસો મૂકી જાય તેમાં પુરૂષોનો ભાગ છે, અને માં-બાપ તથા નજીકના સગાંઓ જે વારસો મૂકી જાય તેમાં સ્ત્રીઓનો પણ ભાગ છે, પછી તે થોડો હોય કે વધારે (યાને અલ્લાહ તરફથી) નક્કી કરેલો ભાગ.

وَاِذَا حَضَرَ الْقِسْمَةَ اُولُوا الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنُ
فَارْزُقُوْهُمْ مِّنْهُ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا ۝٨

(૮) અને જો (દૂરનાં) સગાંવહાલાં તથા યતીમ અને નિરાધારો વારસાની વહેંચણી વખતે હાજર (હયાત) હોય તો તેમાંથી (થોડુંક) તેમને પણ આપી દો અને તેમની સાથે માયાળુપણે બોલો ચાલો (વ્યવહાર કરો).

وَلْيَخْشَ الَّذِيْنَ لَوْ تَرَكُوْا مِنْ خَلْفِهِمْ ذُرِّيَّةً ضِعٰفًا خَافُوْا
عَلَيْهِمْ ۖ فَلْيَتَّقُوا اللّٰهَ وَلْيَقُوْلُوْا قَوْلًا سَدِيْدًا ۝٩

(૯) અને તે લોકોએ (આ વાતથી) ડરવું જોઈએ કે જેઓ પોતાની પાછળ જો કમજોર (નાના) બાળકો મૂકી જાય તો (તેમના પાયમાલ થવાનો) તેમને કેવો ભય લાગે ! માટે લાઝિમ છે કે તેઓ અલ્લાહથી ડરે અને સીધી રીતે વાતચીત કરે.

إِنَّ الَّذِينَ يَأْكُلُونَ أَمْوَالَ الْيَتَٰمَىٰ ظُلْمًا إِنَّمَا يَأْكُلُونَ فِي
بُطُونِهِمْ نَارًا ۖ وَسَيَصْلَوْنَ سَعِيرًا ﴿١٠﴾

(૧૦) નિસંશય જેઓ જોરઝુલમથી યતીમોનો માલ ખાઈ જાય છે તેઓ પોતાના પેટમાં અંગારાજ ભરે છે; અને ટૂંક વખતમાં તેઓ ધગધગતી આગ (નો અઝાબ) પામશે.

يُوصِيكُمُ اللَّهُ فِي أَوْلَادِكُمْ ۖ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْأُنثَيَيْنِ ۚ
فَإِن كُنَّ نِسَاءً فَوْقَ اثْنَتَيْنِ فَلَهُنَّ ثُلُثَا مَا تَرَكَ ۖ وَإِن كَانَتْ
وَاحِدَةً فَلَهَا النِّصْفُ ۚ وَلِأَبَوَيْهِ لِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ
مِمَّا تَرَكَ إِن كَانَ لَهُ وَلَدٌ ۚ فَإِن لَّمْ يَكُن لَّهُ وَلَدٌ وَوَرِثَهُ أَبَوَاهُ

فَلِاُمِّهِ الثُّلُثُ ۚ فَاِنۡ كَانَ لَهٗۤ اِخۡوَةٌ فَلِاُمِّهِ السُّدُسُ مِنۡۢ بَعۡدِ

وَصِيَّةٍ يُّوۡصِىۡ بِهَاۤ اَوۡ دَيۡنٍ‌ ؕ اٰبَآؤُكُمۡ وَاَبۡنَآؤُكُمۡ لَا تَدۡرُوۡنَ

اَيُّهُمۡ اَقۡرَبُ لَـكُمۡ نَفۡعًا‌ ؕ فَرِيۡضَةً مِّنَ اللّٰهِ‌ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيۡمًا

حَكِيۡمًا‏ ﴿۱۱﴾

(૧૧) અલ્લાહ તમને તમારી ઓલાદના સબંધમાં વસિયત કરે છે; પુરૂષ માટે બે સ્ત્રીઓની બરોબર ભાગ છે, પછી જો (બે અથવા) બે કરતાં વધારે છોકરીઓ હોય તો તે મરનાર જે કંઈ મૂકી જાય તેનો બે તૃતીઆંસ ભાગ તેમનો છે, અને જો એક જ છોકરી હોય તો તેના માટે અર્ધો ભાગ છે; અને જો તે (મરનાર)ને કોઈ ઓલાદ હોય તો તે

(મરનાર)ના માં-બાપ પૈકી દરેકને માટે તે મૂકી જાય તેનો છઠ્ઠો ભાગ છે પણ જો તેને કોઈ ઓલાદ ન હોય અને (માત્ર) માં-બાપજ તેના વારસ થયા હોય તો તેની માં માટે વારસાનો ત્રીજો ભાગ છે; અને જો તેના ભાઈ-બહેન પણ હોય તો તેની માનો છઠ્ઠો ભાગ છે, જે વસિયત તે (મરનારે) કરી હોય તે પ્રમાણે વર્ત્યા પછી અથવા કરજ ચૂકવ્યા પછી; તમારા બાપદાદા અને તમારા પુત્રપૌત્ર હોય તો તેઓમાંથી તમને લાભ પહોંચાડવા માટે કોણ વધારે પાસે છે. તે તમે જાણતા નથી; આ અલ્લાહ તરફથી નક્કી થએલો હુકમ છે; બેશક અલ્લાહ સર્વજ્ઞ (અને) મહાન હિકમતવાળો છે.

لَكُمْ نِصْفُ مَا تَرَكَ اَزْوَاجُكُمْ اِنْ لَّمْ يَكُنْ لَّهُنَّ وَلَدٌ ۚ فَاِنْ
كَانَ لَهُنَّ وَلَدٌ فَلَكُمُ الرُّبُعُ مِمَّا تَرَكْنَ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصِيْنَ
بِهَآ اَوْ دَيْنٍ ؕ وَلَهُنَّ الرُّبُعُ مِمَّا تَرَكْتُمْ اِنْ لَّمْ يَكُنْ لَّكُمْ وَلَدٌ ۚ
فَاِنْ كَانَ لَكُمْ وَلَدٌ فَلَهُنَّ الثُّمُنُ مِمَّا تَرَكْتُمْ مِّنْۢ بَعْدِ وَصِيَّةٍ
تُوْصُوْنَ بِهَآ اَوْ دَيْنٍ ؕ وَاِنْ كَانَ رَجُلٌ يُّوْرَثُ كَلٰلَةً اَوِ امْرَاَةٌ
وَّلَهٗٓ اَخٌ اَوْ اُخْتٌ فَلِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ ۚ فَاِنْ كَانُوْٓا
اَكْثَرَ مِنْ ذٰلِكَ فَهُمْ شُرَكَآءُ فِى الثُّلُثِ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصٰى
بِهَآ اَوْ دَيْنٍ ۙ غَيْرَ مُضَآرٍّ ۚ وَصِيَّةً مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَلِيْمٌ
حَلِيْمٌ ؕ ﴿١٢﴾

(૧૨) તમારી સ્ત્રીઓ જે કાંઈ મૂકી જાય-જો તેમની કાંઈ ઓલાદ ન હોય તો-તેમાંથી અર્ધું તમારૂં છે, પણ જો તેમને કાંઈ ઓલાદ હોય તો તેણીઓ જે મૂકી જાય તેનો ચોથો ભાગ તમારો છે, જે વસિયત તેણીઓએ કરી હોય તે પ્રમાણે વર્ત્યા પછી અથવા કરજ ચૂકવ્યા પછી; અને જો તમારે કાંઈ ઓલાદ ન હોય તો તમે જે મૂકી ગયા હો તેમાંથી તેમના (યાને તમારી પત્નીઓ) માટે ચોથો ભાગ છે, પણ જો તમને ઓલાદ હોય તો તમે જે કાંઈ મૂકી ગયા હો તેમાંથી આઠમો ભાગ તેમનો છે, જે વસિયત તમે કરી હોય તે પ્રમાણે વર્ત્યા પછી અથવા કરજ ચૂકવ્યા પછી; અને જો કોઈ પુરૂષ અથવા સ્ત્રીના

વારસ માબાપ અથવા ઓલાદ ન હોય અને તેનો કોઈ ભાઈ અથવા બહેન હોય તો તેમાંથી દરેકને માટે છઠ્ઠો ભાગ છે, અને જો તે એ કરતાંય વધારે હોય તો ત્રીજા ભાગમાં તેઓ સઘળા સરખા ભાગીદારો છે (અલબત્ત) જે વસિયત કરવામાં આવી હોય તેમ વર્ત્યા પછી અથવા કરજ ચૂકવ્યા પછી, એવી શરતે કે (મરનાર તરફથી) કોઈને નુકસાન ન પહોંચે, આ અલ્લાહ તરફથી નક્કી થએલો નિયમ છે; અને અલ્લાહ મહાન જાણકાર અને સહનશીલ છે.

تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ‌ؕ وَمَنۡ يُّطِعِ اللّٰهَ وَرَسُوۡلَهٗ يُدۡخِلۡهُ جَنّٰتٍ
تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا‌ ؕ وَذٰلِكَ الۡفَوۡزُ
الۡعَظِيۡمُ‏ ﴿۱۳﴾

(૧૩) આ અલ્લાહની નક્કી કરેલી હદો છે; અને જે અલ્લાહ તથા રસૂલની આજ્ઞા પાળશે તેને તે (અલ્લાહ) જન્નતોમાં દાખલ કરશે જેની નીચે નદીઓ વહેતી રહે છે. તેમાં તેઓ હંમેશને માટે રહેશે; અને એજ મોટી સફળતા છે.

وَمَنۡ يَّعۡصِ اللّٰهَ وَرَسُوۡلَهٗ وَيَتَعَدَّ حُدُوۡدَهٗ يُدۡخِلۡهُ نَارًا خَالِدًا
فِيۡهَا ۖ وَلَهٗ عَذَابٌ مُّهِيۡنٌ‏ ﴿۱۴﴾

(૧૪) અને જે અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરશે તથા તેના નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેને તે દોઝખની આગમાં દાખલ કરશે જેમાં તે હંમેશને માટે રહેશે, અને તેના માટે નામોશી ભરેલી સજા હશે.

وَالّٰتِيْ يَاْتِيْنَ الْفَاحِشَةَ مِنْ نِّسَآىِٕكُمْ فَاسْتَشْهِدُوْا عَلَيْهِنَّ اَرْبَعَةً مِّنْكُمْ ۚ فَاِنْ شَهِدُوْا فَاَمْسِكُوْهُنَّ فِي الْبُيُوْتِ حَتّٰى يَتَوَفّٰىهُنَّ الْمَوْتُ اَوْ يَجْعَلَ اللّٰهُ لَهُنَّ سَبِيْلًا ⑮

(૧૫) અને તમારી સ્ત્રીઓમાંથી જેઓ બદકારી (વ્યભિચાર) કરે તેમની વિરૂદ્ધ તમારામાંના ચાર શખ્સોની સાક્ષી માંગો, પછી જો તેઓ સાક્ષી આપે

તો તે (સ્ત્રી)ઓને (ત્યાં સુધી) ઘરમાં કેદ રાખો જ્યાં સુધી કે મૃત્યુ તેમનો અંત આણે અથવા અલ્લાહ તેમના માટે કોઈ (બીજો) માર્ગ કાઢી આપે.

وَالَّذٰنِ يَاْتِيٰنِهَا مِنْكُمْ فَاٰذُوْهُمَا ۚ فَاِنْ تَابَا وَاَصْلَحَا فَاَعْرِضُوْا عَنْهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ تَوَّابًا رَّحِيْمًا ﴿١٦﴾

(૧૬) અને જે બે માણસો તમારામાં એવી (બદી) કરે તો તેમને ઈજા પહોંચાડો, પછી જો તેઓ તૌબા કરે તથા પોતાની વર્તણુંક સુધારે તો તેમને જતા કરો; બેશક અલ્લાહ મોટો તૌબાનો કબૂલ કરનાર (અને) દયાળુ છે.

إِنَّمَا التَّوْبَةُ عَلَى اللهِ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ
يَتُوْبُوْنَ مِنْ قَرِيْبٍ فَاُولٰٓئِكَ يَتُوْبُ اللهُ عَلَيْهِمْ ؕ وَكَانَ اللهُ
عَلِيْمًا حَكِيْمًا ﴿۱۷﴾

(૧૭) અલ્લાહ તે લોકોની તૌબા સ્વીકારે છે કે જેઓ નાદાનીથી બદી કરે છે પછી નજીકમાં (મૃત્યુ પહેલાં) તૌબા કરી લે છે તો એવાઓની તૌબા અલ્લાહ કબૂલ કરી લે છે; અને અલ્લાહ મહાન જાણનાર (અને) હિકમતવાળો છે.

وَلَيۡسَتِ التَّوۡبَةُ لِلَّذِيۡنَ يَعۡمَلُوۡنَ السَّيِّاٰتِ‌ۚ حَتّٰۤى اِذَا حَضَرَ
اَحَدَهُمُ الۡمَوۡتُ قَالَ اِنِّىۡ تُبۡتُ الۡــٰٔنَ وَلَا الَّذِيۡنَ يَمُوۡتُوۡنَ وَهُمۡ
كُفَّارٌ‌ ؕ اُولٰٓـئِكَ اَعۡتَدۡنَا لَهُمۡ عَذَابًا اَلِيۡمًا‏ ﴿۱۸﴾

(૧૮) અને એવાઓની તૌબા કબૂલ થશે નહિ કે જેઓ બદીઓ કર્યે જ જાય છે, અહીં સુધી કે જ્યારે તેમનામાંથી કોઈનું મૃત્યુ આવી જાય છે ત્યારે કહે છે કે હવે હું તૌબા કરૂં છું અને ન તેમની કે જેઓ નાસ્તિકપણાની હાલતમાં મરણ પામે છે; તેમના માટે અમોએ દુ:ખદાયક શિક્ષા તૈયાર કરી છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا يَحِلُّ لَـكُمۡ اَنۡ تَرِثُوا النِّسَآءَ كَرۡهًا‌ ؕ وَلَا
تَعۡضُلُوۡهُنَّ لِتَذۡهَبُوۡا بِبَعۡضِ مَاۤ اٰتَيۡتُمُوۡهُنَّ اِلَّاۤ اَنۡ يَّاۡتِيۡنَ

بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ۚ وَعَاشِرُوهُنَّ بِالْمَعْرُوفِ ۚ فَإِنْ
كَرِهْتُمُوهُنَّ فَعَسَىٰ أَنْ تَكْرَهُوا شَيْئًا وَيَجْعَلَ اللَّهُ فِيهِ خَيْرًا
كَثِيرًا ﴿١٩﴾

(૧૯) અય ઈમાન લાવનારાઓ ! આ તમારા માટે હલાલ નથી કે તમે બળજબરીથી સ્ત્રીઓને પણ વારસામાં લઈ લો; અને ન એ હેતુસર તેમને તંગ કરી રાખો કે જે કાંઈ પણ તમે તેમને આપી ચુકયા હો તેમાંથી કાંઈ તેમની પાસેથી છીનવી લો, સિવાય કે તેમણે ખુલ્લી બદકારી કરી હોય, અને તેમની સાથે ભલાઈથી વર્તો, પણ જો તમને તેમના પ્રત્યે અણગમો હોય તો કદાચને તમે જે

એક વસ્તુથી અણગમો રાખતા હો તેમાં કદાચને અલ્લાહે પુષ્કળ ખૂબીઓ રાખી હોય.

وَاِنۡ اَرَدْتُّمُ اسۡتِبۡدَالَ زَوۡجٍ مَّكَانَ زَوۡجٍ ۙ وَّاٰتَيۡتُمۡ اِحۡدٰٮهُنَّ قِنۡطَارًا فَلَا تَاۡخُذُوۡا مِنۡهُ شَيۡـًٔا ؕ اَتَاۡخُذُوۡنَهٗ بُهۡتَانًا وَّاِثۡمًا مُّبِيۡنًا ﴿۲۰﴾

(૨૦) અને જો તમે એક સ્ત્રીને બદલે બીજી સ્ત્રી કરી લેવા ચાહતા હો અને તેઓ માંહેની એકને ઘણો માલ આપી ચૂકયા હો તો તેમાંથી કાંઈ પણ પાછું લેજો નહિ. શું તમે આરોપ મૂકીને અને પ્રત્યક્ષ પાપની વાત કરીને તે પાછું લઈ લેશો?

وَ كَيۡفَ تَاۡخُذُوۡنَهٗ وَقَدۡ اَفۡضٰى بَعۡضُكُمۡ اِلٰى بَعۡضٍ وَّاَخَذۡنَ مِنۡكُمۡ مِّيۡثَاقًا غَلِيۡظًا ﴿۲۱﴾

(૨૧) અને તમે તે કેવી રીતે (પાછું) લઈ શકો જ્યારે કે તમે એક બીજામાંથી લાભ લઈ ચૂકયા છો તથા તેણીઓ તમારાથી (ભરણ પોષણ વગેરેનું) પાકું વચન લઈ ચૂકી છે.

وَلَا تَنۡكِحُوۡا مَا نَكَحَ اٰبَآؤُكُمۡ مِّنَ النِّسَآءِ اِلَّا مَا قَدۡ سَلَفَ ؕ اِنَّهٗ كَانَ فَاحِشَةً وَّمَقۡتًا ؕ وَسَآءَ سَبِيۡلًا ﴿۲۲﴾

(૨૨) અને જે સ્ત્રીઓ સાથે તમારા બાપ દાદા નિકાહ કરી ચૂકયા હોય તેમની સાથે તમે નિકાહ કરશો નહિ સિવાય કે જે પ્રથમ થઈ ચૂકયું હોય;

બેશક આ એક મોટી બેહયાઈ (બેશરમી) અને ધિક્કારવાજોગ કાર્ય અને ખરાબ રિવાજ છે.

حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهٰتُكُمْ وَبَنٰتُكُمْ وَاَخَوٰتُكُمْ وَعَمّٰتُكُمْ
وَخٰلٰتُكُمْ وَبَنٰتُ الْاَخِ وَبَنٰتُ الْاُخْتِ وَاُمَّهٰتُكُمُ الّٰتِيْٓ
اَرْضَعْنَكُمْ وَاَخَوٰتُكُمْ مِّنَ الرَّضَاعَةِ وَاُمَّهٰتُ نِسَآئِكُمْ
وَرَبَآئِبُكُمُ الّٰتِيْ فِيْ حُجُوْرِكُمْ مِّنْ نِّسَآئِكُمُ الّٰتِيْ دَخَلْتُمْ
بِهِنَّ ؗ فَاِنْ لَّمْ تَكُوْنُوْا دَخَلْتُمْ بِهِنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ ؗ
وَحَلَآئِلُ اَبْنَآئِكُمُ الَّذِيْنَ مِنْ اَصْلَابِكُمْ ۙ وَاَنْ تَجْمَعُوْا بَيْنَ
الْاُخْتَيْنِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ۙ﴿۲۳﴾

(૨૩) (અય મુસલમાનો) તમારા પર તમારી માતાઓ તથા તમારી પુત્રીઓ તથા તમારી બહેનો તથા તમારી ફુઈઓ તથા તમારી માસીઓ તથા ભત્રીજીઓ તથા ભાણેજીઓને તમારી (તે) માતાઓ કે જેમણે તમને દૂધ પાયું અને તમારી દૂધબહેનો તથા તમારી સાસુઓ અને જે સ્ત્રીઓ સાથે તમે સમાગમ કરી ચૂકયા હો તેમની (આગલી) પુત્રીઓ કે જે તમારા ખોળા (ભરણ પોષણ)માં હોય તે (સઘળી) હરામ કરવામાં આવી છે, પણ જો તમોએ તેમની સાથે સમાગમ કર્યો ન હોય તો (તેમની આગલી પુત્રીઓ સાથે નિકાહ કરવામાં) તમારા ઉપર કાંઈ દોષ નથી, અને તમારા તે પુત્રોની

સ્ત્રીઓ કે જે તમારા પેટે (અવતરેલા) હોય (તમારા માટે હરામ છે), અને એ (પણ હરામ કરવામાં આવ્યું છે) કે એક જ વખતે બે બહેનોની (સાથે નિકાહ કરી) ભેગી કરી લો સિવાય કે જે આ પહેલાં થઈ ચૂકયું હોય; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળું છે.

وَّالۡمُحۡصَنٰتُ مِنَ النِّسَآءِ اِلَّا مَا مَلَكَتۡ اَيۡمَانُكُمۡ‌ۚ كِتٰبَ
اللّٰهِ عَلَيۡكُمۡ‌ ۚ وَاُحِلَّ لَكُمۡ مَّا وَرَآءَ ذٰ لِكُمۡ اَنۡ تَبۡتَغُوۡا
بِاَمۡوَالِكُمۡ مُّحۡصِنِيۡنَ غَيۡرَ مُسٰفِحِيۡنَ‌ ؕ فَمَا اسۡتَمۡتَعۡتُمۡ بِهٖ
مِنۡهُنَّ فَاٰ تُوۡهُنَّ اُجُوۡرَهُنَّ فَرِيۡضَةً‌ ؕ وَلَا جُنَاحَ عَلَيۡكُمۡ فِيۡمَا
تَرٰضَيۡتُمۡ بِهٖ مِنۡۢ بَعۡدِ الۡفَرِيۡضَةِ‌ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيۡمًا حَكِيۡمًا ﴿۲۴﴾

(૨૪) અને પતિવાળી સ્ત્રીઓ પણ તમારા માટે હરામ છે સિવાય કે (જેહાદમાં નાસ્તિકો પાસેથી મળી આવતાં) જે તમારી મિલ્કત બની ગઈ હોય; (આ) તમારા માટે અલ્લાહનો નક્કી કરેલો નિયમ છે અને એ સિવાય સઘળી (સ્ત્રીઓ) તમારા માટે

હલાલ કરવામાં આવી છે એવી શર્તે કે તમે તમારો માલ ખર્ચીને નિકાહમાં લેવાના હેતુથી તેમની ઈચ્છા કરો, ન કે કામ વાસના (તૃપ્ત કરવા) ના હેતુસર; પછી તેણીઓમાંથી જેની સાથે તમોએ સમાગમ કર્યો હોય તો તેમની ઠરાવેલી મહેર તેમને ચૂકવી દો; અને મહેર નક્કી થયા પછી કદાચને તમે અરસ પરસ કાંઈ ઓછું વધતું કરવાને રાજી થઈ જાઓ તો તમારા માથે કાંઈ ગુનોહ નથી; બેશક અલ્લાહ મહાન જાણનાર (અને) હિકમતવાળો છે.

وَمَنْ لَّمْ يَسْتَطِعْ مِنْكُمْ طَوْلًا اَنْ يَّنْكِحَ الْمُحْصَنٰتِ
الْمُؤْمِنٰتِ فَمِنْ مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ فَتَيٰتِكُمُ

الْمُؤْمِنٰتِ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِاِيْمَانِكُمْ ؕ بَعْضُكُمْ مِّنْۢ بَعْضٍ ۚ
فَانْكِحُوْهُنَّ بِاِذْنِ اَهْلِهِنَّ وَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ بِالْمَعْرُوْفِ
مُحْصَنٰتٍ غَيْرَ مُسٰفِحٰتٍ وَّلَا مُتَّخِذٰتِ اَخْدَانٍ ۚ فَاِذَآ اُحْصِنَّ
فَاِنْ اَتَيْنَ بِفَاحِشَةٍ فَعَلَيْهِنَّ نِصْفُ مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ
الْعَذَابِ ؕ ذٰلِكَ لِمَنْ خَشِيَ الْعَنَتَ مِنْكُمْ ؕ وَاَنْ تَصْبِرُوْا
خَيْرٌ لَّكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٢٥﴾

(૨૫) અને તમારામાં જે (કોઈ) આઝાદ મોઅમીન સ્ત્રીઓ સાથે નિકાહ કરવાની પહોંચ ન ધરાવતો હોય તો તે મોઅમીન કનીઝો કે જે તમારા કબજામાં હોય (તેની) સાથે નિકાહ કરે અને

અલ્લાહ તમારા ઈમાનથી સારી પેઠે વાકેફ છે; તમે એક બીજામાંથી છો માટે તમે તેમના માલિકોની પરવાનગીથી તેમની સાથે નિકાહ કરો અને તેમની (ઠરાવેલી) મહેરો વ્યાજબી રીતે આપી દો, એવી સ્થિતિમાં કે તેણીઓ શિયળવંતીઓ હોય ન કે વ્યભિચારીણીઓ, અને ન ચોરી છુપીથી મિત્રો રાખનારીઓ, પછી જ્યારે તેણીઓ નિકાહમાં આવી જાય અને જો બદકારી કરે તો તેમના માટે આઝાદ સ્ત્રીઓનાં પ્રમાણમાં અર્ધી સજા છે; આ (આજ્ઞા) તેમના માટે છે કે તમારામાંથી જેઓ (કુંવારા હોવાના કારણે) પાપ કર્મમાં ફસાઈ જવાની ધાસ્તી રાખતા હોય; પણ જો તમે સબર

કરો તો તે તમારા માટે બેહતર છે; અને અલ્લાહ મોટો ક્ષમા કરનાર (અને) દયાળુ છે.

يُرِيْدُ اللّٰهُ لِيُبَيِّنَ لَكُمْ وَيَهْدِيَكُمْ سُنَنَ الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ وَيَتُوْبَ عَلَيْكُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ۝٢٦

(૨૬) અલ્લાહ તમારા માટે તમારી પહેલાંના (સારા) લોકોના નીતી નિયમો સ્પષ્ટ કરી વર્ણવવાનો અને તે પ્રમાણે ચલાવવાનો હેતુ રાખે છે અને તમારી સાથે દયાળુપણે વર્તવા ચાહે છે; અને અલ્લાહ મહાન જાણનાર (અને) હિકમતવાળો છે.

وَاللّٰهُ يُرِيۡدُ اَنۡ يَّتُوۡبَ عَلَيۡكُمۡ ۖ وَيُرِيۡدُ الَّذِيۡنَ يَتَّبِعُوۡنَ الشَّهَوٰتِ اَنۡ تَمِيۡلُوۡا مَيۡلًا عَظِيۡمًا ﴿۲۷﴾

(૨૭) અને અલ્લાહ તમારી સાથે દયાળુપણે વર્તવા ચાહે છે, અને જે લોકો મનોવિકારને અનુસરે છે તેઓ તમે (સન્માર્ગથી) એકદમ ભટકી જાઓ એવું ઈચ્છે છે.

يُرِيۡدُ اللّٰهُ اَنۡ يُّخَفِّفَ عَنۡكُمۡ ۚ وَخُلِقَ الۡاِنۡسَانُ ضَعِيۡفًا ﴿۲۸﴾

(૨૮) અલ્લાહ તમારો બોજો હલકો કરી નાખવાનો ઈરાદો ધરાવે છે, અને ઈન્સાન માત્ર કમજોર પેદા કરવામાં આવ્યો છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَاْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ اِلَّآ
اَنْ تَكُوْنَ تِجَارَةً عَنْ تَرَاضٍ مِّنْكُمْ ۟ وَلَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ ؕ
اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا ﴿٢٩﴾

(૨૯) અય ઈમાન લાવનારાઓ! તમે આપસમાં એક બીજાનો માલ નાહક ખાઈ જાઓ નહિ સિવાય તે (નફો) કે જે એક બીજાની રાજી ખુશીથી કરેલા વેપારમાં થએલો હોય, અને તમો એકબીજાને કત્લ કરો નહિ; બેશક અલ્લાહ તમારા પર અતિ રહેમ કરનારો છે.

وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ عُدْوَانًا وَّظُلْمًا فَسَوْفَ نُصْلِيْهِ نَارًا ؕ وَكَانَ
ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ﴿٣٠﴾

(30) અને જે કોઈ બળજબરી અથવા ઝુલ્મ કરીને તેમ કરશે તો તેને અમે જહન્નમની આગમાં નાખી દઈશું; અને આ વાત અલ્લાહ માટે તદ્દન સહેલી છે.

اِنۡ تَجۡتَنِبُوۡا كَبَآٮِٕرَ مَا تُنۡهَوۡنَ عَنۡهُ نُكَفِّرۡ عَنۡكُمۡ سَيِّاٰتِكُمۡ
وَنُدۡخِلۡكُمۡ مُّدۡخَلًا كَرِيۡمًا ﴿۳۱﴾

(૩૧) જે મોટા ગુનાહો કે જેમની તમને મનાઈ કરવામાં આવી છે તેનાથી બચતા રહેશો તો અમે તમારા નાના ગુનાહોને દૂર (દરગુજર) કરી દઈશું અને અમે તમને કિર્તીવંત પ્રવેશ સ્થાનમાં દાખલ કરીશું.

وَلَا تَتَمَنَّوْا مَا فَضَّلَ اللّٰهُ بِهٖ بَعْضَكُمْ عَلٰى بَعْضٍ ؕ لِلرِّجَالِ
نَصِيْبٌ مِّمَّا اكْتَسَبُوْا ؕ وَلِلنِّسَآءِ نَصِيْبٌ مِّمَّا اكْتَسَبْنَ ؕ
وَسْـَٔلُوا اللّٰهَ مِنْ فَضْلِهٖ ؕ اِنَّ اللّٰهَ كَانَ بِكُلِّ شَیْءٍ عَلِیْمًا ﴿۳۲﴾

(૩૨) અને તમારામાંથી કેટલાકોને કેટલાકો પર અલ્લાહે જે સરસાઈ આપી છે તેની ઈર્ષા કરો નહિ; પુરૂષોને તેમની કમાઈ (કર્મ) પ્રમાણે ભાગ મળશે અને સ્ત્રીઓને તેમની કમાઈ (કર્મ) પ્રમાણે ભાગ મળશે; અને અલ્લાહ પાસે રોજીના સબંધમાં તેની કૃપા ચાહતા રહો; બેશક અલ્લાહ દરેક વસ્તુનો સંપૂર્ણ જાણકાર છે.

وَلِكُلٍّ جَعَلْنَا مَوَالِيَ مِمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ ؕ وَالَّذِيْنَ
عَقَدَتْ اَيْمَانُكُمْ فَاٰتُوْهُمْ نَصِيْبَهُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ
شَيْءٍ شَهِيْدًا ۟﴿۳۳﴾

(33) અને જે (માલમત્તા) માં-બાપ અને સગાંવહાલાં (પોતાની પાછળ) મૂકી જાય છે તેના માટે અમે દરેકના (વાલી) વારસ નક્કી કર્યા છે; અને જેમની સાથે તમારા જમણા હાથે કરાર કર્યો હોય તેમને પણ તેમનો ભાગ આપી દો; બેશક અલ્લાહ દરેક વસ્તુનો સાક્ષી છે.

اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ بِمَا فَضَّلَ اللّٰهُ بَعْضَهُمْ عَلٰى
بَعْضٍ وَّبِمَآ اَنْفَقُوْا مِنْ اَمْوَالِهِمْ ؕ فَالصّٰلِحٰتُ قٰنِتٰتٌ

حٰفِظٰتٌ لِّلۡغَيۡبِ بِمَا حَفِظَ اللّٰهُ ؕ وَالّٰتِىۡ تَخَافُوۡنَ نُشُوۡزَهُنَّ
فَعِظُوۡهُنَّ وَاهۡجُرُوۡهُنَّ فِى الۡمَضَاجِعِ وَاضۡرِبُوۡهُنَّ ۚ فَاِنۡ
اَطَعۡنَكُمۡ فَلَا تَبۡغُوۡا عَلَيۡهِنَّ سَبِيۡلًا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيًّا
كَبِيۡرًا ﴿۳۴﴾

(૩૪) પુરૂષો સ્ત્રીઓ ઉપર સત્તા ધરાવનારા છે (એક તો) એ મોટાઈના કારણે કે જે અલ્લાહે એકબીજા ઉપર આપી છે અને બીજું પોતાનો માલ (સ્ત્રીઓ માટે) ખર્ચતા હોવાના કારણે; સદાચારીણી સ્ત્રીઓ તેજ છે કે જેઓ ફરમાંબરદારી કરે છે અને અલ્લાહે તેમનું (તેમના પતિદ્વારા જેવું) રક્ષણ કર્યું છે તેવું (તેમના પતિની) ગેરહાજરીમાં પણ તેઓ દરેક

વાતનું રક્ષણ કરે છે; અને તે સ્ત્રીઓ કે જેમની નાફરમાનીનો તમને ભય હોય તેમને નસીહત કરો અને તેમને તેમની પથારીઓ પર એકલી મૂકી દો અને તેમને મારો, પછી જો તેઓ તમારી આજ્ઞા માની લે તો તેમના પર કોઈ પણ રીતે (સખ્તાઈનો) રસ્તો શોધો નહિ; બેશક અલ્લાહ ઉચ્ચ દરજ્જાવાળો (અને) મોટો છે.

وَاِنْ خِفْتُمْ شِقَاقَ بَيْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَحَكَمًا
مِّنْ اَهْلِهَا ۚ اِنْ يُّرِيْدَآ اِصْلَاحًا يُّوَفِّقِ اللّٰهُ بَيْنَهُمَا ۗ اِنَّ اللّٰهَ
كَانَ عَلِيْمًا خَبِيْرًا ﴿٣٥﴾

(૩૫) અને જો તમને તે (પતિ-પત્ની) ની વચ્ચે બગાડ થવાનો ભય હોય તો તે (પુરૂષ)ના સ્નેહીઓમાંથી; એક પંચ નીમો અને એક પંચ તે (સ્ત્રી)ના સ્નેહીઓમાંથી; જો તે બન્ને (પંચો) સલાહનો ઈરાદો રાખશે તો અલ્લાહ તે બન્નેમાં સંપ કરાવી દેશે; બેશક અલ્લાહ મહાન જાણનાર (અને) ખબરદાર છે.

وَاعۡبُدُوا اللّٰهَ وَلَا تُشۡرِكُوۡا بِهٖ شَيۡـًٔـا وَّبِالۡوَالِدَيۡنِ اِحۡسَانًا
وَّبِذِى الۡقُرۡبٰى وَالۡيَتٰمٰى وَالۡمَسٰكِيۡنِ وَالۡجَارِ ذِى الۡقُرۡبٰى وَالۡجَارِ
الۡجُـنُبِ وَالصَّاحِبِ بِالۡجَـنۡۢبِ وَابۡنِ السَّبِيۡلِ ۙ وَمَا مَلَـكَتۡ
اَيۡمَانُكُمۡ‌ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنۡ كَانَ مُخۡتَالًا فَخُوۡرَا ۙ ﴿۳۶﴾

(૩૬) અને અલ્લાહનીજ ઈબાદત કરો તથા કોઈ પણ વસ્તુને તેની બરોબરીની ઠરાવો નહિ તથા માતાપિતા સાથે ભલાઈથી વર્તો તથા નજીકના સગાંવહાલાં તથા યતીમો તથા મીસ્કીનો તથા પાડોશી કુટુંબીઓ તથા પાડોશી ત્રાહીતો અને બાજુમાં બેસનારા મિત્રો તથા મુસાફરો તથા કનીઝ ગુલામો સાથે (પણ ભલાઈથી વર્તો); બેશક જેઓ અભિમાની (તથા) શેખીખોર (બડાઈ હાંકનાર) હોય છે તેમને અલ્લાહ દોસ્ત રાખતો નથી:

الَّذِيْنَ يَبْخَلُوْنَ وَيَأْمُرُوْنَ النَّاسَ بِالْبُخْلِ وَيَكْتُمُوْنَ مَآ
اٰتٰـهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَاَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ۟ۚ ٣٧

(૩૭) જેઓ પોતે કંજુસાઈ કરે છે અને લોકોને પણ કંજુસ બનવાની આજ્ઞા આપતા રહે છે અને અલ્લાહે પોતાની કૃપાથી તેમને જે કાંઈ આપ્યું છે તેને સંતાડે છે; અને અમોએ (અમારી આજ્ઞાઓની) અવગણના કરનારાઓ માટે હીણપત ભર્યો અઝાબ તૈયાર કર્યો છે:

وَالَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ رِئَآءَ النَّاسِ وَلَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَلَا بِالْيَوْمِ الْاٰخِرِ ؕ وَمَنْ يَّكُنِ الشَّيْطٰنُ لَهٗ قَرِيْنًا فَسَآءَ قَرِيْنًا ﴿۳۸﴾

(૩૮) અને જેઓ (કેવળ) લોકોને દેખાડવા માટે પોતાનું ધન ખર્ચે છે અને અલ્લાહ તથા કયામત

(ના દિવસ) પર ઈમાન ધરાવતા નથી; અને જેમનો મિત્ર શેતાન છે તો તે કેવો બુરો મિત્ર છે !

وَمَاذَا عَلَيۡهِمۡ لَوۡ اٰمَنُوۡا بِاللّٰهِ وَالۡيَوۡمِ الۡاٰخِرِ وَاَنۡفَقُوۡا مِمَّا

رَزَقَهُمُ اللّٰهُ ؕ وَكَانَ اللّٰهُ بِهِمۡ عَلِيۡمًا ﴿۳۹﴾

(૩૯) અગર તેઓ અલ્લાહ અને કયામત ઉપર ઈમાન લાવતે અને અલ્લાહે તેમને જે કાંઈ આપ્યું છે તેમાંથી (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરતે તો તેમનું શું (બગડી) જતે ? અને અલ્લાહ તેમનાથી સારી પેઠે વાકેફ છે.

اِنَّ اللّٰهَ لَا يَظۡلِمُ مِثۡقَالَ ذَرَّةٍ ۚ وَاِنۡ تَكُ حَسَنَةً يُّضٰعِفۡهَا

وَيُؤۡتِ مِنۡ لَّدُنۡهُ اَجۡرًا عَظِيۡمًا ﴿۴۰﴾

(૪૦) બેશક અલ્લાહ રતી બરાબર પણ ઝુલ્મ કરતો નથી, બલ્કે જે કાંઈ નેકી હોય છે તે બમણી ચોગણી કરી આપે છે અને પોતાની પાસેથી ઘણો મોટો બદલો આપે છે.

فَكَيْفَ إِذَا جِئْنَا مِنْ كُلِّ أُمَّةٍ بِشَهِيدٍ وَجِئْنَا بِكَ عَلَىٰ هَٰؤُلَاءِ شَهِيدًا ﴿٤١﴾

(૪૧) પછી જ્યારે અમે દરેક ઉમ્મતમાંથી એક સાક્ષી બોલાવીશું અને તે સઘળાઓ ઉપર (અય મોહમ્મદ સ.અ.વ.) તને એક સાક્ષી તરીકે બોલાવીશું. ત્યારે (તેમની) કેવી દશા થશે?

يَوْمَئِذٍ يَّوَدُّ الَّذِيْنَ كَفَرُوْا وَعَصَوُا الرَّسُوْلَ لَوْ تُسَوّٰى بِهِمُ الْاَرْضُ ؕ وَلَا يَكْتُمُوْنَ اللّٰهَ حَدِيْثًا ﴿٤٢﴾

(૪૨) તે દિવસે જેઓ ઈમાન લાવ્યા ન હશે અને જેમણે રસુલની નાફરમાની કરી હશે તેઓ (એવું) ઈચ્છશે કે જો તેઓ જમીનદોસ્ત થઈ જાય તો કેવું સારૂં; અને તેઓ (તે દિવસે) અલ્લાહથી કોઈ વાત છુપાવી શકશે નહિ.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكٰرٰى حَتّٰى تَعْلَمُوْا مَا تَقُوْلُوْنَ وَلَا جُنُبًا اِلَّا عَابِرِىْ سَبِيْلٍ حَتّٰى تَغْتَسِلُوْا ؕ وَاِنْ كُنْتُمْ مَّرْضٰۤى اَوْ عَلٰى سَفَرٍ اَوْ جَآءَ اَحَدٌ

مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ النِّسَآءَ فَلَمْ تَجِدُوْا مَآءً

فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ ؕ اِنَّ

اللّٰهَ كَانَ عَفُوًّا غَفُوْرًا ﴿٤٣﴾

(૪૩) અય ઈમાન લાવનારાઓ ! જ્યારે તમે નશા (કેફની)ની હાલતમાં હો તો જ્યાં સુધી તમે જે કાંઈ કહો છો તે સમજવા લાગો નહિ અને જ્યારે નાપાકીની હાલતમાં હો-સિવાય કે તમે મુસાફરીમાં હો-તો જ્યાં સુધી તમે સ્નાન ન કરી લો ત્યાં સુધી નમાઝની પાસે જશો નહિ; અને જો તમે બીમાર હો અથવા મુસાફરીમાં હો અથવા તમારામાંથી કોઈ પાયખાનાથી (પરવારીને) આવ્યો હોય અથવા

તમે સ્ત્રીસંગ કર્યો હોય; પછી જો તમને પાણી ન મળી શકે તો પાક માટી વડે તયમ્મુમ કરી લો, પછી તમારા ચહેરાનો મસો કરી લો અને તમારા હાથોનો પણ; બેશક અલ્લાહ મોટો દરગુજર કરનાર (અને) ક્ષમાવાન છે.

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يَشْتَرُوْنَ الضَّلٰلَةَ وَيُرِيْدُوْنَ اَنْ تَضِلُّوا السَّبِيْلَ ﴿٤٤﴾

(૪૪) શું તેં તે લોકો તરફ નજર નથી નાખી કે જેમને (અલ્લાહની) કિતાબનો કેટલોક ભાગ આપવામાં આવ્યો છે ? તેઓ ગુમરાહી ખરીદે છે અને ઈચ્છે છે કે તમે પણ સન્માર્ગથી ભટકી જાઓ.

وَاللّٰهُ اَعۡلَمُ بِاَعۡدَآئِكُمۡ‌ؕ وَكَفٰى بِاللّٰهِ وَلِيًّا ۙ وَّكَفٰى بِاللّٰهِ

نَصِيۡرًا ۝٤٥

(૪૫) અને અલ્લાહ તમારા શત્રુઓથી સારી પેઠે વાકેફ છે; અને અલ્લાહ (તમારા) હિમાયતી તરીકે બસ છે, અને અલ્લાહ (તમારા) મદદગાર તરીકે બસ છે.

مِنَ الَّذِيۡنَ هَادُوۡا يُحَرِّفُوۡنَ الۡـكَلِمَ عَنۡ مَّوَاضِعِهٖ وَيَقُوۡلُوۡنَ

سَمِعۡنَا وَعَصَيۡنَا وَاسۡمَعۡ غَيۡرَ مُسۡمَعٍ وَّرَاعِنَا لَـيًّۢا بِاَلۡسِنَتِهِمۡ

وَطَعۡنًا فِى الدِّيۡنِ‌ؕ وَلَوۡ اَنَّهُمۡ قَالُوۡا سَمِعۡنَا وَاَطَعۡنَا وَاسۡمَعۡ

وَانْظُرْنَا لَكَانَ خَيْرًا لَّهُمْ وَاَقْوَمَ ۙ وَلٰكِنْ لَّعَنَهُمُ اللّٰهُ
بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ اِلَّا قَلِيْلًا ﴿٤٦﴾

(૪૬) (અય રસૂલ!) જે લોકો યહૂદીઓ છે તેઓ માંહેના કેટલાકો (અલ્લાહના) શબ્દો તેમના (મૂળ) સ્થાનેથી બદલી નાખે છે અને દીનમાં ટોણો મારવાના હેતુથી કહે છે કે અમે સાંભળ્યુ અને નાફરમાની કરી અને તું સાંભળ એવું થાય કે તું સાંભળવા ન પામે અને પોતાની જીભ વાંકીવાળી "રાએના" (શબ્દ વાપરે છે); પણ જો તેઓ આ કહેતે કે અમોએ સાંભળ્યું અને આજ્ઞા માથે ચઢાવી અને તું સાંભળ અને (રાએનાના બદલે) 'ઉન્ઝુર'ના કહેતે તો (આ) તેમના માટે વધુ સારૂં અને વધુ

યોગ્ય થતે; પરંતુ અલ્લાહે તેમની નાફરમાનીના કારણે તેમના પર ફિટકાર કરી છે માટે થોડાક સિવાય ઈમાન લાવશે નહિ.

يَآيُّهَا الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اٰمِنُوْا بِمَا نَزَّلْنَا مُصَدِّقًا لِّمَا
مَعَكُمْ مِّنْ قَبْلِ اَنْ نَّطْمِسَ وُجُوْهًا فَنَرُدَّهَا عَلٰٓى اَدْبَارِهَآ اَوْ
نَلْعَنَهُمْ كَمَا لَعَنَّآ اَصْحٰبَ السَّبْتِ ؕ وَكَانَ اَمْرُ اللّٰهِ مَفْعُوْلًا ﴿٤٧﴾

(૪૭) અય તે લોકો ! કે જેમને કિતાબ આપવામાં આવી છે અમોએ જે (કુરઆન) ઉતાર્યું છે તેના પર તમે ઈમાન લાવો કે જે (કુરઆન) તમારી પાસે જે (કિતાબ) છે તેને પણ સમર્થન આપે છે, એ પહેલાં કે અમે ચહેરા બગાડી નાખીએ અને પછી તેમને

પીઠ તરફ ફેરવી દઈએ અથવા તેમના પર એવી લાનત કરીએ જેવી કે અમોએ અસ્હાબે સબ્ત (શનિવારવાળા) પર કરી હતી, અને અલ્લાહનો હુકમ (પૂર્ણ) થઈનેજ રહેશે.

اِنَّ اللّٰهَ لَا يَغۡفِرُ اَنۡ يُّشۡرَكَ بِهٖ وَيَغۡفِرُ مَا دُوۡنَ ذٰلِكَ لِمَنۡ
يَّشَآءُ ‌ۚ وَمَنۡ يُّشۡرِكۡ بِاللّٰهِ فَقَدِ افۡتَرٰۤى اِثۡمًا عَظِيۡمًا ۝٤٨

(૪૮) અલ્લાહ તેની સાથે કોઈને શરીક કરવામાં આવે એ હરગિજ માફ કરશે નહિ અને તે સિવાયનો કોઈ પણ ગુનોહ જેના માટે ચાહશે તેને માફ કરી દેશે, અને જેણે અલ્લાહની સાથે બીજા કોઈને શરીક કર્યો તેણે ખરેજ એક ઘણો મોટો ગુનોહ ઘડી કાઢયો.

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يُزَكُّوْنَ اَنْفُسَهُمْ ؕ بَلِ اللّٰهُ يُزَكِّيْ مَنْ يَّشَآءُ
وَلَا يُظْلَمُوْنَ فَتِيْلًا ﴿۴۹﴾

(૪૯) (અય રસૂલ!) શું તેં તેમને નથી જોયાં કે જેઓ પોતાને પાક ઠરાવે છે ? બલ્કે અલ્લાહ જેને ચાહે છે તેનેજ પાક કરે છે અને તેમના પર સૂતરના તાંતણા બરાબર પણ ઝુલ્મ કરવામાં આવશે નહિ.

اُنْظُرْ كَيْفَ يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ ؕ وَكَفٰى بِهٖۤ اِثْمًا
مُّبِيْنًا ﴿۵۰﴾

(૫૦) (અય રસૂલ!) જો તો ખરો ! અલ્લાહ ઉપર તેઓ કેવાં ખોટાં (આળ) ચઢાવે છે? અને એક પ્રત્યક્ષ ગુનાહ માટે એ (શીર્ક) જ પૂરતું છે.

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ اُوْتُوْا نَصِيْبًا مِّنَ الْكِتٰبِ يُؤْمِنُوْنَ بِالْجِبْتِ وَالطَّاغُوْتِ وَيَقُوْلُوْنَ لِلَّذِيْنَ كَفَرُوْا هٰٓؤُلَآءِ اَهْدٰى مِنَ الَّذِيْنَ اٰمَنُوْا سَبِيْلًا ﴿٥١﴾

(૫૧) (અય રસૂલ!) શું તેં તે લોકોને નથી જોયા કે જેમને અલ્લાહની કિતાબનો કેટલોક ભાગ આપવામાં આવ્યો છે ? તેઓ મૂર્તિઓ તથા ખોટા ખુદાઓને માને છે અને જેઓ ઈન્કાર કરનારા થઈ

ગયા છે તેમના સબંધમાં કહે છે કે આ લોકો તે ઈમાન લાવનારાઓ કરતાં વધુ સન્માર્ગે છે.

أُولَٰئِكَ الَّذِينَ لَعَنَهُمُ اللَّهُ ۖ وَمَن يَلْعَنِ اللَّهُ فَلَن تَجِدَ لَهُ نَصِيرًا ﴿٥٢﴾

(૫૨) (અય રસૂલ!) આ તેજ (લોકો) છે કે જેમના પર અલ્લાહે ફિટકાર કરી છે, અને અલ્લાહ જેના પર ફિટકાર કરે છે તેનો કોઈ મદદગાર તું જોશે નહિ.

أَمْ لَهُمْ نَصِيبٌ مِّنَ الْمُلْكِ فَإِذًا لَّا يُؤْتُونَ النَّاسَ نَقِيرًا ﴿٥٣﴾

(૫૩) શું (અલ્લાહની) સલતનતમાં તેમનો કાંઈ ભાગ છે? જો હોતે તો પણ તેઓ લોકોને તલ ભાર પણ આપતે નહિ.

أَمْ يَحْسُدُونَ النَّاسَ عَلَىٰ مَآ اٰتٰهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ۚ فَقَدْ
اٰتَيْنَآ اٰلَ اِبْرٰهِيْمَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَاٰتَيْنٰهُمْ مُّلْكًا عَظِيْمًا ﴿٥٤﴾

(૫૪) અથવા શું તેઓ તે લોકોની કે જેમને અલ્લાહે પોતાની કૃપાથી જે કાંઈ આપ્યું છે (તે માટે) અદેખાઈ કરે છે ? તો બેશક અમોએ ઈબ્રાહીમની ઓલાદને કિતાબ અને મહાન બુદ્ધિ અર્પણ કરી હતી તથા તેમને ઘણી મોટી સલ્તનત આપી હતી.

فَمِنْهُمْ مَّنْ اٰمَنَ بِهٖ وَمِنْهُمْ مَّنْ صَدَّ عَنْهُ ؕ وَ كَفٰى بِجَهَنَّمَ

سَعِيْرًا ﴿۵۵﴾

(૫૫) પછી તેઓમાંથી કેટલાકો તે (ઈબ્રાહીમ) પર ઈમાન લાવ્યા અને કેટલાકો તેને (માનતા) અટકી ગયા; અને તે (અટકી જનારાઓ માટે) ધગધગતી આગ પૂરતી છે.

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِنَا سَوْفَ نُصْلِيْهِمْ نَارًا ؕ كُلَّمَا نَضِجَتْ

جُلُوْدُهُمْ بَدَّلْنٰهُمْ جُلُوْدًا غَيْرَهَا لِيَذُوْقُوا الْعَذَابَ ؕ اِنَّ اللّٰهَ

كَانَ عَزِيْزًا حَكِيْمًا ﴿۵۶﴾

(૫૬) નિસંશય જે લોકોએ અમારી આયતોનો ઈન્કાર કર્યો છે તેમને નજીકમાં જહન્નમની આગમાં

પહોંચાડી દઈશું; જ્યારે જ્યારે તેમની ચામડીઓ બળી ગળી જશે ત્યારે ત્યારે તેઓ અઝાબની (બરાબર) મજા ચાખે એ માટે અમે બદલીને તેમને બીજી ચામડી આપીશું; બેશક અલ્લાહ જબરદસ્ત (અને) હિકમતવાળો છે.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ لَهُمْ فِيْهَآ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ ۫ وَّنُدْخِلُهُمْ ظِلًّا ظَلِيْلًا ﴿۵۷﴾

(૫૭) અને જે લોકો ઈમાન લાવ્યા છે તથા સત્કાર્યો કરે છે તેમને નજીકમાં જન્નતોમાં દાખલ કરી દઈશું જેની હેઠળ નદીઓ વહેતી રહે છે; તેમાં

તેઓ હંમેશને માટે રહી શકે; તેમાં તેમના માટે પવિત્ર પત્નિઓ હશે, અને અમે તેમને ગીચોગીચ છાયામાં દાખલ કરી દઈશું.

إِنَّ اللَّهَ يَأْمُرُكُمْ أَنْ تُؤَدُّوا الْأَمَانَاتِ إِلَىٰ أَهْلِهَا وَإِذَا حَكَمْتُمْ
بَيْنَ النَّاسِ أَنْ تَحْكُمُوا بِالْعَدْلِ ۚ إِنَّ اللَّهَ نِعِمَّا يَعِظُكُمْ بِهِ ۗ
إِنَّ اللَّهَ كَانَ سَمِيعًا بَصِيرًا ﴿٥٨﴾

(૫૮) (અય મુસલમાનો!) બેશક અલ્લાહ તમને (તમારી પાસેની) અમાનતો તેમના માલિકોને સોંપી દેવાની આજ્ઞા કરે છે; અને જ્યારે લોકો વચ્ચે (કોઈ વાતનો) ફેંસલો કરો તો ન્યાયની સાથે ફેંસલો કરો; એ બાબતમાં અલ્લાહ તમને જે

નસીહત કરે છે તે બેશક ઘણી ઉત્તમ છે; નિસંશય અલ્લાહ મહાન સાંભળનાર (અને) જોનાર છે.

يَاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اَطِيۡعُوا اللّٰهَ وَاَطِيۡعُوا الرَّسُوۡلَ وَاُولِى الۡاَمۡرِ مِنۡكُمۡ‌ ۚ فَاِنۡ تَنَازَعۡتُمۡ فِىۡ شَىۡءٍ فَرُدُّوۡهُ اِلَى اللّٰهِ وَالرَّسُوۡلِ اِنۡ كُنۡتُمۡ تُؤۡمِنُوۡنَ بِاللّٰهِ وَالۡيَوۡمِ الۡاٰخِرِ‌ ؕ ذٰ لِكَ خَيۡرٌ وَّاَحۡسَنُ تَاۡوِيۡلًا ﴿۵۹﴾

(૫૯) અય ઈમાન લાવનારાઓ ! અલ્લાહની આજ્ઞા માનો તથા તેના રસૂલની આજ્ઞા માનો અને તમારામાંના સત્તાધારીઓની પણ; પછી જો કોઈ બાબતમાં તમારી વચ્ચે કોઈ ઝઘડો થાય તો તેને અલ્લાહ તથા રસૂલની તરફ રજુ કરો અગર તમે

અલ્લાહ તથા કયામતના દિવસ પર ઈમાન ધરાવતા હો; (ન્યાય માટેની) તે બેહતર (પદ્ધતિ) છે અને પરિણામની દ્રષ્ટીએ પણ ઉત્તમ છે.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ يَزۡعُمُوۡنَ اَنَّهُمۡ اٰمَنُوۡا بِمَاۤ اُنۡزِلَ اِلَيۡكَ وَمَاۤ
اُنۡزِلَ مِنۡ قَبۡلِكَ يُرِيۡدُوۡنَ اَنۡ يَّتَحَاكَمُوۡۤا اِلَى الطَّاغُوۡتِ وَقَدۡ
اُمِرُوۡۤا اَنۡ يَّكۡفُرُوۡا بِهٖ ؕ وَيُرِيۡدُ الشَّيۡطٰنُ اَنۡ يُّضِلَّهُمۡ ضَلٰلًاۢ
بَعِيۡدًا ﴿٦٠﴾

(૬૦) (અય રસૂલ!) શું તેં તે લોકોને નથી જોયા કે જેઓ એવું ગુમાન કરે છે કે જે કાંઈ તારા ઉપર અને તારી પહેલાં ઉતારવામાં આવ્યું હતું તેના પર ઈમાન લાવ્યા છે ? તેઓ ચાહે છે કે પોતાના

મામલાઓને પોતાના એક શેતાન (યાને કઅબ બિન અશરફ નામે યહૂદી) પાસે ફેંસલા માટે લઈ જાય, જોકે તેમને તે (શેતાન) ને નકારવાની આજ્ઞા કરવામાં આવી હતી; અને શેતાન એવું ઈચ્છે છે કે તમને (સન્માર્ગથી) ભટકાવી દૂરની ગુમરાહીમાં નાખી દે.

وَاِذَا قِيۡلَ لَهُمۡ تَعَالَوۡا اِلٰى مَاۤ اَنۡزَلَ اللّٰهُ وَاِلَى الرَّسُوۡلِ رَاَيۡتَ
الۡمُنٰفِقِيۡنَ يَصُدُّوۡنَ عَنۡكَ صُدُوۡدًا ﴿٦١﴾

(૬૧) અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે અલ્લાહે જે કાંઈ ઉતાર્યું છે તેની અને તેના રસૂલ તરફ આવો તો તું મુનાફીકોને તારી પાસેથી મોટી ઘૃણા (અભાવ) સાથે ખસી જતા જોશે.

فَكَيْفَ اِذَآ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ثُمَّ
جَآءُوْكَ يَحْلِفُوْنَ ۖ بِاللّٰهِ اِنْ اَرَدْنَآ اِلَّآ اِحْسَانًا وَّتَوْفِيْقًا ﴿٦٢﴾

(૬૨) પણ તેમની દશા કેવી થશે જ્યારે તેમના હાથે કરેલા (કૃત્યો)ના કારણે તેમના પર કોઈ મુસીબત (આવી) પડશે ત્યારે તો તેઓ અલ્લાહની સોગંદ ખાતા તારી પાસે કહેતા આવશે કે અમારો ઈરાદો નેકી તથા ઐક્ય સાધવા સિવાય અન્ય કાંઈ ન હતો.

اُولٰٓئِكَ الَّذِيْنَ يَعْلَمُ اللّٰهُ مَا فِيْ قُلُوْبِهِمْ ۗ فَاَعْرِضْ عَنْهُمْ
وَعِظْهُمْ وَقُلْ لَّهُمْ فِيْٓ اَنْفُسِهِمْ قَوْلًاۢ بَلِيْغًا ﴿٦٣﴾

(૬૩) આ લોકો એજ છે કે જે કાંઈ (ફસાદ) તેમના મનમાં છે તે અલ્લાહ સારી પેઠે જાણે છે, માટે તું પણ તેમને જતા કર અને તેમને નસીહત કર અને તેમના દિલોમાં અસર કરે તેવી વાતો કર.

وَمَآ اَرۡسَلۡنَا مِنۡ رَّسُوۡلٍ اِلَّا لِيُطَاعَ بِاِذۡنِ اللّٰهِ‌ؕ وَلَوۡ اَنَّهُمۡ اِذْ

ظَّلَمُوۡۤا اَنۡفُسَهُمۡ جَآءُوۡكَ فَاسۡتَغۡفَرُوا اللّٰهَ وَاسۡتَغۡفَرَ لَهُمُ

الرَّسُوۡلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيۡمًا ۝٦٤

(૬૪) અને અમોએ કોઈ પણ રસૂલને (બીજા કશા માટે) નથી મોકલ્યો પણ એ માટે કે અલ્લાહના હુકમથી તેની આજ્ઞા માનવામાં આવે; અને અગર આ લોકો એજ વખતે જ્યારે તેમણે પોતાના પર

જુલમ કર્યો હતો તારી પાસે આવી જતે અને અલ્લાહથી માફી માંગતે અને રસૂલ પણ તેમના માટે ક્ષમા યાચતે તો તેઓ ખચીતજ અલ્લાહને મોટો તૌબા કબૂલ કરનાર (અને) દયાળુ પામતે.

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتّٰى يُحَكِّمُوكَ فِيمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوا فِيٓ أَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوا تَسْلِيمًا ﴿٦٥﴾

(૬૫) પણ તેવું છેજ નહિ; અને તારા પરવરદિગારની કસમ! એ લોકો ઈમાન લાવ્યા છે એમ કદી પણ તું માનજે નહિ જ્યાં સુધી કે તે ઝઘડાઓમાં (તેના નિર્ણય માટે) તને તેઓ નિર્ણાયક બનાવે; પછી તું જે કાંઈ ચુકાદો આપે

તેનાથી પોતાના મનમાં (લેશપણ) ઓછું લાવે નહિ અને તે (ચુકાદાનો) સંપૂર્ણ સ્વીકાર કરે.

وَلَوْ اَنَّا كَتَبْنَا عَلَيْهِمْ اَنِ اقْتُلُوْٓا اَنْفُسَكُمْ اَوِ اخْرُجُوْا مِنْ دِيَارِكُمْ مَّا فَعَلُوْهُ اِلَّا قَلِيْلٌ مِّنْهُمْ ؕ وَلَوْ اَنَّهُمْ فَعَلُوْا مَا يُوْعَظُوْنَ بِهٖ لَكَانَ خَيْرًا لَّهُمْ وَاَشَدَّ تَثْبِيْتًا ﴿٦٦﴾

(૬૬) અને જો અમે તેમના પર આ વાજિબ કરી દેતે કે તમે તમારા પ્રાણોનું (અલ્લાહની રાહમાં) બલિદાન આપો અથવા તમારા ઘરોમાંથી નીકળી જાઓ (હિજરત કરો) તો તેમનામાંના થોડાક ગણ્યા ગાંઠ્યા સિવાય તેઓ તે કરતે નહિ; અને જો તેમને જે નસીહત કરવામાં આવી હતી તે મુજબ તેઓ

વર્તતે તો તેમના માટે વધારે સારૂં થતે અને (તેમના ઈમાનની) વધુ દ્રઢતાનું કારણ બનતે.

وَّاِذًا لَّاٰتَيْنٰهُمْ مِّنْ لَّدُنَّآ اَجْرًا عَظِيْمًا ﴿٦٧﴾

(૬૭) અને તે વેળા અમે પણ તેમને અમારા તરફથી અવશ્ય ઘણો મોટો બદલો આપતેઃ

وَّلَهَدَيْنٰهُمْ صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿٦٨﴾

(૬૮) અને ખરેજ! અમે તેમને સન્માર્ગ દેખાડી દેતે.

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ
عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ ۚ
وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا ﴿٦٩﴾

(૬૯) અને જેઓ અલ્લાહ તથા તે(ના) રસૂલની આજ્ઞા પાળે છે તો તેઓ તેમની સાથે હશે કે જેમના પર અલ્લાહે બક્ષીશો કરી છે કે જેઓ કેટલાક પયગમ્બરોમાંથી તથા સત્યવાદીઓમાંથી તથા શહીદોમાંથી અને સદાચારીઓમાંથી છે; અને એજ લોકો મિત્રતા માટે ઉત્તમ છે.

ذٰلِكَ الْفَضْلُ مِنَ اللّٰهِ ؕ وَ كَفٰى بِاللّٰهِ عَلِيْمًا ۟

(૭૦) આ અલ્લાહ તરફથી કૃપા છે; અને અલ્લાહનું સર્વજ્ઞ હોવું પૂરતું છે.

یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا خُذُوْا حِذْرَكُمْ فَانْفِرُوْا ثُبَاتٍ اَوِ انْفِرُوْا جَمِیْعًا ۟

(૭૧) અય ઈમાન લાવનારાઓ ! (જેહાદના સમયે) તમારા રક્ષણની વ્યવસ્થા કરો પછી છુટી છવાઈ ટુકડીઓ બની નીકળો અથવા એકી સાથે નીકળી પડો.

وَإِنَّ مِنْكُمْ لَمَنْ لَيُبَطِّئَنَّ ۚ فَإِنْ أَصَابَتْكُمْ مُصِيبَةٌ قَالَ قَدْ
أَنْعَمَ اللَّهُ عَلَيَّ إِذْ لَمْ أَكُنْ مَعَهُمْ شَهِيدًا ﴿٧٢﴾

(૭૨) અને નિસંશય તમારામાંથી કોઈ કોઈ ખચીતજ એવો છે કે જે (જાણી જોઈને) પાછળ રહી જાય છે; પછી કદાચને તમારા ઉપર કોઈ મુસીબત આવી પડે તો કહે છે કે ખરેજ અલ્લાહે મારા પર ઉપકાર કર્યો કે હું તેમની સાથે હાજર ન હતો.

وَلَئِنْ اَصَابَكُمْ فَضْلٌ مِّنَ اللّٰهِ لَيَقُوْلَنَّ كَاَنْ لَّمْ تَكُنْۢ بَيْنَكُمْ
وَبَيْنَهٗ مَوَدَّةٌ يّٰلَيْتَنِيْ كُنْتُ مَعَهُمْ فَاَفُوْزَ فَوْزًا عَظِيْمًا ﴿۷۳﴾

(૭૩) અને જો તમારા પર અલ્લાહની કૃપા થઈ જાય તો જાણે તમારી અને તેની વચ્ચે કાંઈ મિત્રતા ન હોય (તેમ) જરૂર એમ કહેતે કે કેવું સારૂં થતે કે હું પણ તેમની સાથે હોત કે જેથી મને પણ ઘણો મોટો લાભ થતે.

فَلْيُقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ الَّذِيْنَ يَشْرُوْنَ الْحَيٰوةَ الدُّنْيَا
بِالْاٰخِرَةِ ؕ وَمَنْ يُّقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ فَيُقْتَلْ اَوْ يَغْلِبْ
فَسَوْفَ نُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ﴿۷۴﴾

(૭૪) માટે તે લોકો કે જેઓ પરલોકના બદલામાં આલોકની જિંદગી વેચી નાખે છે તેમને લાજિમ છે કે લડે; અને જે કોઈ અલ્લાહના માર્ગમાં લડે (અને તે માર્યો જાય અથવા વિજય મેળવે) તો અમે તેને ઘણો મોટો બદલો આપીશું.

وَمَا لَكُمْ لَا تُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَالْمُسْتَضْعَفِيْنَ مِنَ الرِّجَالِ وَالنِّسَآءِ وَالْوِلْدَانِ الَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَآ اَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ اَهْلُهَا ۚ وَاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ وَلِيًّا ۙۚ وَّاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا ۝٧٥

(૭૫) અને (અય મુસલમાનો!) તમને શું થઈ ગયું છે કે તમે અલ્લાહના માર્ગમાં લડતા નથી ? એ

સ્થિતિમાં કે પુરૂષોમાંના તથા સ્ત્રીઓમાંના અને બાળકોમાંના અશકતો (કે જેઓને રોકી લેવામાં આવ્યાથી) પોકારી રહ્યા છે કે અય અમારા પરવરદિગાર! અમને આ વસ્તી (મક્કા) માંથી કે જેના રહેવાસીઓ ઝાલિમ છે કાઢી લઈ જા અને તારા તરફથી અમારો કોઈ હિમાયતી ઉભો કર, અને તારા તરફથી અમારો કોઈ મદદગાર પણ પેદા કર.

اَلَّذِيْنَ اٰمَنُوْا يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ ۚ وَالَّذِيْنَ كَفَرُوْا
يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ الطَّاغُوْتِ فَقَاتِلُوْٓا اَوْلِيَآءَ الشَّيْطٰنِ ۚ
اِنَّ كَيْدَ الشَّيْطٰنِ كَانَ ضَعِيْفًا ۧ ﴿٧٦﴾

(૭૬) જેઓ ઈમાન લાવ્યા છે તેઓ તો અલ્લાહનાજ માર્ગમાં લડે છે, અને જેઓ ઈમાન લાવ્યા નથી તેઓ તાગુત (શેતાન)ની રાહમાં લડે છે. માટે તમે શેતાનના મિત્રો સામે લડો; નિસંશય શેતાનનો મક્કર પોકળ છે.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ قِيۡلَ لَهُمۡ كُفُّوۡۤا اَيۡدِيَكُمۡ وَاَقِيۡمُوا الصَّلٰوةَ
وَاٰتُوا الزَّكٰوةَ ۚ فَلَمَّا كُتِبَ عَلَيۡهِمُ الۡقِتَالُ اِذَا فَرِيۡقٌ مِّنۡهُمۡ
يَخۡشَوۡنَ النَّاسَ كَخَشۡيَةِ اللّٰهِ اَوۡ اَشَدَّ خَشۡيَةً ۚ وَقَالُوۡا رَبَّنَا لِمَ
كَتَبۡتَ عَلَيۡنَا الۡقِتَالَ ۚ لَوۡلَاۤ اَخَّرۡتَنَاۤ اِلٰۤى اَجَلٍ قَرِيۡبٍ ؕ قُلۡ

مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ ۚ وَالْاٰخِرَةُ خَيْرٌ لِّمَنِ اتَّقٰى ۚ وَلَا تُظْلَمُوْنَ فَتِيْلًا ﴿٧٧﴾

(૭૭) (અય રસુલ!) શું તેં તેમને નથી જોયા કે જેમને કહેવામાં આવ્યું (હતું) કે તમારા હાથ (જંગથી) રોકી લો તથા નમાઝ પઢતા રહો અને ઝકાત આપતા રહો પછી જ્યારે તેમના પર જેહાદ વાજિબ કરવામાં આવ્યું ત્યારે તેઓ માંહેનું એક ટોળું લોકોથી એવું ડરવા લાગ્યું જેમકે અલ્લાહથી ડરવું જોઈએ અથવા તે કરતાંય વધારે, અને તેઓ કહેવા લાગ્યા કે અય અમારા પરવરદિગાર ! તેં અમારા પર શા માટે ધર્મયુદ્ધ વાજિબ કર્યું ? અમને વધુ થોડાક દિવસની મોહલત કેમ ન આપી? તું

કહે કે આલોકનો વૈભવ ક્ષણ માત્રનો છે, અને પરલોક (ની જિંદગી) પરહેઝગારો માટે બેહતર છે; અને તમારા પર એક સુતરના તાંતણા બરાબર પણ અન્યાય કરવામાં આવશે નહિ.

اَيۡنَ مَا تَكُوۡنُوۡا يُدۡرِكْكُّمُ الۡمَوۡتُ وَلَوۡ كُنۡتُمۡ فِىۡ بُرُوۡجٍ
مُّشَيَّدَةٍ ؕ وَاِنۡ تُصِبۡهُمۡ حَسَنَةٌ يَّقُوۡلُوۡا هٰذِهٖ مِنۡ عِنۡدِ اللّٰهِ ۚ
وَاِنۡ تُصِبۡهُمۡ سَيِّئَةٌ يَّقُوۡلُوۡا هٰذِهٖ مِنۡ عِنۡدِكَ ؕ قُلۡ كُلٌّ مِّنۡ
عِنۡدِ اللّٰهِ ؕ فَمَالِ هٰٓؤُلَاۤءِ الۡقَوۡمِ لَا يَكَادُوۡنَ يَفۡقَهُوۡنَ حَدِيۡثًا ﴿۷۸﴾

(૭૮) (યાદ રાખો) જ્યાં પણ તમે હશો મૃત્યુ તમને (અવશ્ય) પકડી પાડશે, પછી ભલેને તમે મજબુત કિલ્લાઓમાં પણ કેમ ન હો. અને (તેમની સ્થિતિ

એવી છે) કે જો તેમને કાંઈ લાભ થાય છે તો કહે છે કે આ અલ્લાહ તરફથી છે, અને જો તેમને કાંઈ નુકસાન પહોંચે છે તો કહે છે કે આ તારા તરફથી છે; (અય રસૂલ!) તું કહેકે સઘળું અલ્લાહ તરફથીજ છે; પછી આ લોકોને શું થઈ ગયું છે કે આટલી (સરળ) વાત પણ સમજવાના પ્રયત્નો કરતા નથી?

مَآ اَصَابَكَ مِنْ حَسَنَةٍ فَمِنَ اللّٰهِ ۫ وَمَآ اَصَابَكَ مِنْ سَيِّئَةٍ فَمِنْ نَّفْسِكَ ؕ وَاَرْسَلْنٰكَ لِلنَّاسِ رَسُوْلًا ؕ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ۝٧٩

(૭૯) (અય માનવી!) જે લાભ તને પહોંચે છે તે તો અલ્લાહ તરફથી જ છે, અને જે નુકસાન તને પહોંચે છે તે તારા પોતાના તરફથી છે; અને (અય

રસૂલ!) અમોએ તને તમામ લોકો માટે સંદેશો પહોંચાડનાર બનાવી મોકલ્યો છે; અને અલ્લાહ સાક્ષી માટે બસ છે.

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ۚ وَمَنْ تَوَلّٰى فَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ۝٨٠

(૮૦) જેણે રસૂલની આજ્ઞા માની તેણે ખરેખર અલ્લાહની આજ્ઞા માની; અને જે ફરી બેઠો તો અમોએ તને તેમના ઉપર રખેવાળ તરીકે નથી મોકલ્યો.

وَيَقُولُونَ طَاعَةٌ ۫ فَإِذَا بَرَزُوا مِنْ عِنْدِكَ بَيَّتَ طَآئِفَةٌ مِّنْهُمْ
غَيْرَ الَّذِي تَقُولُ ؕ وَاللّٰهُ يَكْتُبُ مَا يُبَيِّتُونَ ۚ فَأَعْرِضْ
عَنْهُمْ وَتَوَكَّلْ عَلَى اللّٰهِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيلًا ﴿٨١﴾

(૮૧) અને (તેમની હાલત એવી છે કે) તેઓ (મોઢેથી તો) કહે છે કે અમે આજ્ઞાંકિત છીએ, પણ જ્યારે તારી પાસેથી બહાર ચાલ્યા જાય છે ત્યારે તેઓ માંહેનું એક ટોળું રાત્રિ (ના વખતે) જે કાંઈ તું કહે છે તેથી જુદીજ રીતે વર્તવાનો નિર્ણય કરે છે; અને રાત્રે તેઓ જે કાંઈ નિર્ણય કરે છે તે અલ્લાહ લખતો જાય છે, માટે (હવે) તું (તેમની પરવા ન કરતાં) તેમનાથી મોઢું ફેરવી લે અને અલ્લાહ

ઉપર ભરોસો રાખ; અને અલ્લાહ કાર્ય સાધકતા માટે પૂરતો છે.

اَفَلَا يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ ؕ وَلَوْ كَانَ مِنْ عِنْدِ غَيْرِ اللّٰهِ لَوَجَدُوْا
فِيْهِ اخْتِلَافًا كَثِيْرًا ﴿۸۲﴾

(૮૨) તો શું તેઓ કુરઆન પર મનન કરતા નથી? અને જો તે અલ્લાહના સિવાય બીજા કોઈની પાસેથી આવ્યું હોત તો ખરેજ તેમાં ઘણોજ તફાવત જણાઈ આવતે.

وَاِذَا جَآءَهُمْ اَمْرٌ مِّنَ الْاَمْنِ اَوِ الْخَوْفِ اَذَاعُوْا بِهٖ ؕ وَلَوْ رَدُّوْهُ
اِلَى الرَّسُوْلِ وَاِلٰٓى اُولِى الْاَمْرِ مِنْهُمْ لَعَلِمَهُ الَّذِيْنَ

يَسۡتَنۡۢبِطُوۡنَهٗ مِنۡهُمۡ ؕ وَلَوۡلَا فَضۡلُ اللّٰهِ عَلَيۡكُمۡ وَرَحۡمَتُهٗ
لَاتَّبَعۡتُمُ الشَّيۡطٰنَ اِلَّا قَلِيۡلًا ﴿۸۳﴾

(૮૩) અને જ્યારે તેમને નિર્ભયતા અગર ભયની કોઈ વાત માલૂમ પડી જાય છે તો તે સર્વત્ર ફેલાવી દે છે; પણ જો તેઓ તે (વાત)ને પોતાના રસૂલ અને તેઓ માંહેના સત્તાધારીઓ સામે રજુ કરી દેતે તો તેઓમાંથી જેઓ વાતની ઊંડાણમાં પહોંચી જનારાઓ છે તેઓ તે (ની વસ્તુ સ્થિતિ) પારખી કાઢતે, અને જો તમારા પર અલ્લાહની કૃપા તથા દયા ન હોત તો તમે ઘણાં થોડાક સિવાય સઘળાજ શેતાનના અનુયાયીઓ બની ગયા હોત.

فَقَاتِلْ فِيْ سَبِيْلِ اللّٰهِ ۚ لَا تُكَلَّفُ اِلَّا نَفْسَكَ وَحَرِّضِ الْمُؤْمِنِيْنَ ۚ عَسَى اللّٰهُ اَنْ يَّكُفَّ بَاْسَ الَّذِيْنَ كَفَرُوْا ؕ وَاللّٰهُ اَشَدُّ بَاْسًا وَّاَشَدُّ تَنْكِيْلًا ﴿٨٤﴾

(૮૪) માટે (અય રસૂલ!) તું અલ્લાહના માર્ગમાં લડ, અને તારી જાત સિવાય તું બીજા કોઈનો જવાબદાર નથી અને મોઅમીનોને (જેહાદ માટે) જાગૃત કરતો રહે; સંભવિત છે કે અલ્લાહ ઈમાન નહિ લાવનારાઓના બળને રોકી દે; અને અલ્લાહ બળના પ્રમાણમાં સૌથી વધારે બળવાન છે અને ધડા (નસીહત) રૂપ શિક્ષા કરવામાં સૌથી વધારે સખત છે.

مَنۡ يَّشۡفَعۡ شَفَاعَةً حَسَنَةً يَّكُنۡ لَّهٗ نَصِيۡبٌ مِّنۡهَا ۚ وَمَنۡ
يَّشۡفَعۡ شَفَاعَةً سَيِّئَةً يَّكُنۡ لَّهٗ كِفۡلٌ مِّنۡهَا ؕ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ
شَىۡءٍ مُّقِيۡتًا ۝٨٥

(૮૫) જે કોઈ સારી ભલામણ કરશે તેમાંથી તેને પણ ભાગ મળશે, અને જે કોઈ બૂરી ભલામણ કરશે તો તેમાંથી પણ તેને ભાગ મળશે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે

وَاِذَا حُيِّيۡتُمۡ بِتَحِيَّةٍ فَحَيُّوۡا بِاَحۡسَنَ مِنۡهَاۤ اَوۡ رُدُّوۡهَا ؕ اِنَّ اللّٰهَ
كَانَ عَلٰى كُلِّ شَىۡءٍ حَسِيۡبًا ۝٨٦

(૮૬) અને જ્યારે તમને સલામ કરવામાં આવે ત્યારે તમે તે કરતાંય ઉમદા રીતે સલામ કરો

અથવા તેના (જેવોજ) જવાબ આપો; બેશક અલ્લાહ દરેક વસ્તુનો પૂરો હિસાબ લેનાર છે.

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۭ لَيَجْمَعَنَّكُمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَا رَيْبَ

فِيْهِ ۭ وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا ۝٨٧

(૮૭) અલ્લાહ કે જેના સિવાય અન્ય કોઈ પૂજ્ય નથી - કયામતના દિવસે તમો સઘળાઓને તે અવશ્ય ભેગા કરશે કે જેના વિશે સહેજ પણ સંદેહ નથી; અને વાતોમાં અલ્લાહથી વધારે સાચું (બોલનાર) કોણ છે?

فَمَا لَكُمْ فِي الْمُنٰفِقِيْنَ فِئَتَيْنِ وَاللّٰهُ اَرْكَسَهُمْ بِمَا كَسَبُوْا ؕ
اَتُرِيْدُوْنَ اَنْ تَهْدُوْا مَنْ اَضَلَّ اللّٰهُ ؕ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَلَنْ تَجِدَ
لَهٗ سَبِيْلًا ﴿۸۸﴾

(૮૮) (અય મુસલમાનો!) તમને શું થઈ ગયું છે કે દાંભિકોના સબંધમાં બે પક્ષો થઈ ગયા છો, જો કે અલ્લાહે તેઓના આમાલ (કર્મ)ના કારણે તેમની બુધ્ધિ ઉલ્ટાવી નાખી છે (તેઓને નાસ્તિકપણા તરફ પાછા ફેરવી દીધા છે)? શું તમે એવો ઈરાદો રાખો છો કે અલ્લાહે જેમને આડે માર્ગે રહેવા દીધા છે તેમને તમે સન્માર્ગે લઈ આવો? અને જેનાથી અલ્લાહ હિદાયતની પ્રેરણા છીનવી લે છે તેના

માટે તું હરગિજ કોઈ (હિદાયતનો) માર્ગ મેળવી શકશે નહિ.

وَدُّوۡا لَوۡ تَكۡفُرُوۡنَ كَمَا كَفَرُوۡا فَتَكُوۡنُوۡنَ سَوَآءً فَلَا تَتَّخِذُوۡا
مِنۡهُمۡ اَوۡلِيَآءَ حَتّٰى يُهَاجِرُوۡا فِىۡ سَبِيۡلِ اللّٰهِ‌ ؕ فَاِنۡ تَوَلَّوۡا
فَخُذُوۡهُمۡ وَاقۡتُلُوۡهُمۡ حَيۡثُ وَجَدْتُّمُوۡهُمۡ‌ ۖ وَلَا تَتَّخِذُوۡا
مِنۡهُمۡ وَلِيًّا وَّلَا نَصِيۡرًا ۙ‏ ﴿۸۹﴾

(૮૯) તેમની તો એવી ઈચ્છા છે કે જેવી રીતે પોતે ઈમાન નથી લાવ્યા તેવી રીતે તમે પણ ઈમાન નહિ લાવનારા બની જાઓ કે જેથી તમે સૌ સમાન થઈ જાઓ; માટે તમે તેમનામાંથી (કોઈને પણ) મિત્ર ન બનાવો જ્યાં સુધી કે તેઓ અલ્લાહના

માર્ગમાં સ્વદેશનો ત્યાગ ન કરે; પછી જો તેઓ મોઢું ફેરવી લે તો તેઓ જ્યાં પણ તમને મળે ત્યાં તેમને પકડી લો અને મારી નાખો, અને તેઓમાંથી ન કોઈને મિત્ર બનાવો અને ન મદદગાર;

إِلَّا الَّذِينَ يَصِلُونَ إِلَىٰ قَوْمٍ بَيْنَكُمْ وَبَيْنَهُم مِّيثَاقٌ أَوْ جَاءُوكُمْ حَصِرَتْ صُدُورُهُمْ أَن يُقَاتِلُوكُمْ أَوْ يُقَاتِلُوا قَوْمَهُمْ ۚ وَلَوْ شَاءَ اللَّهُ لَسَلَّطَهُمْ عَلَيْكُمْ فَلَقَاتَلُوكُمْ ۚ فَإِنِ اعْتَزَلُوكُمْ فَلَمْ يُقَاتِلُوكُمْ وَأَلْقَوْا إِلَيْكُمُ السَّلَمَ فَمَا جَعَلَ اللَّهُ لَكُمْ عَلَيْهِمْ سَبِيلًا ﴿٩٠﴾

(૯૦) સિવાય કે જેઓ એવી કોમ સાથે જઈ મળ્યા હોય કે તમારી અને તે કોમ વચ્ચે કોલ કરાર થયા

હોય અથવા તમારી પાસે એવી હાલતમાં આવે કે તમારી સાથે લડવામાં અથવા પોતાની કોમ સાથે લડવામાં તેમના મન સંકોચાતા હોય (તો તેમને ઈજા ન પહોંચાડો); અને જો અલ્લાહ ચાહતે તો તેમને અવશ્ય તમારા પર સત્તાવાન કરી દીધા હોત, પછી તેઓ તમારી સાથે અવશ્ય લડયા હોત; માટે જો તેઓ તમારાથી અલગ રહે તથા તમારી સાથે ન લડે અને તમને સુલેહ (કરવા) માટે સંદેશો મોકલે તો (તેમના પર સખ્તાઈ કરવાનો) અલ્લાહે તમારા માટે કોઈ માર્ગ રાખ્યો નથી.

سَتَجِدُوْنَ اٰخَرِيْنَ يُرِيْدُوْنَ اَنْ يَّاْمَنُوْكُمْ وَيَاْمَنُوْا قَوْمَهُمْ ط
كُلَّمَا رُدُّوْٓا اِلَى الْفِتْنَةِ اُرْكِسُوْا فِيْهَا ج فَاِنْ لَّمْ يَعْتَزِلُوْكُمْ

وَيُلْقُوْٓا اِلَيْكُمُ السَّلَمَ وَيَكُفُّوْٓا اَيْدِيَهُمْ فَخُذُوْهُمْ
وَاقْتُلُوْهُمْ حَيْثُ ثَقِفْتُمُوْهُمْ ۭ وَاُولٰۗىِٕكُمْ جَعَلْنَا لَكُمْ
عَلَيْهِمْ سُلْطٰنًا مُّبِيْنًا ۹۱

(૯૧) નજીકમાં તમે બીજા કેટલાકોને જોશો કે તેઓ તમારાથી નિર્ભય રહેવા ઈચ્છે છે તેમ પોતાની કોમથી પણ બચ્યા રહેવાનું ઈચ્છે છે; જ્યારે પણ તેમને ફિત્ના તરફ બોલાવવામાં આવે છે ત્યારે આંખો મીંચીને તેમાં કૂદી પડે છે; માટે જો તે લોકો તમારાથી અળગા ન થાય અને તમારાથી સુલેહની માંગણી ન કરે તથા (લડાઈ કરતાં) પોતાના હાથ ન રોકે તો તેમને પકડી લો અને

જ્યાં તેમને જુઓ મારી નાખો; અને તેમના ઉપર અમોએ તમને ખુલ્લી સત્તા આપી દીધી છે.

وَمَا كَانَ لِمُؤْمِنٍ اَنْ يَّقْتُلَ مُؤْمِنًا اِلَّا خَطَـًٔا ۚ وَمَنْ قَتَلَ
مُؤْمِنًا خَطَـًٔا فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ وَّدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰٓى اَهْلِهٖٓ اِلَّآ
اَنْ يَّصَّدَّقُوْا ۭ فَاِنْ كَانَ مِنْ قَوْمٍ عَدُوٍّ لَّكُمْ وَهُوَ مُؤْمِنٌ
فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ۭ وَاِنْ كَانَ مِنْ قَوْمٍۢ بَيْنَكُمْ وَبَيْنَهُمْ
مِّيْثَاقٌ فَدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰٓى اَهْلِهٖ وَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ۚ فَمَنْ
لَّمْ يَجِدْ فَصِيَامُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ ۡ تَوْبَةً مِّنَ اللّٰهِ ۭ وَكَانَ
اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿٩٢﴾

(૯૨) અને કોઈ પણ મોમીનને આ શોભતું નથી કે તે કોઈ મોમીનને મારી નાખે સિવાય કે ભૂલથી, અને જે કોઈ અજાણતામાં કોઈ મોમીનને મારી નાખે તો તેના માટે એક ઈમાનદાર ગુલામ આઝાદ કરવાનું છે તથા તે (માર્યા ગએલા)ના વારસોને ખૂનનો આર્થિક બદલો આપવાનું છે સિવાય કે તેઓ માફ કરી દે; પણ જો માર્યો ગએલો કોઈ એવી કોમનો હોય કે જે તમારી દુશ્મન છે છતાં મોમીન હોય તો (પણ ખૂનીને માથે) એક ઈમાનદાર ગુલામ આઝાદ કરવાનું છે; અને જો એવી કોમનો હોય કે તેની અને તમારી સંધિ હોય તો તેના વારસોને ખૂનનો સંપૂર્ણ આર્થિક

બદલો આપવો તથા એક ઈમાનદાર ગુલામ પણ આઝાદ કરવો; પછી જેને (ગુલામ આઝાદ કરવાને) ન મળે તો અલ્લાહ તરફથી (નિર્માંણ કરેલા) પ્રશ્ચાતાપ કરવા માટે તેના શિરે સતત બે માસના રોઝા છે; અને અલ્લાહ મોટો જાણનાર (અને) હિકમતવાળો છે.

وَمَنْ يَّقْتُلْ مُؤْمِنًا مُّتَعَمِّدًا فَجَزَآؤُهٗ جَهَنَّمُ خٰلِدًا فِيْهَا وَغَضِبَ اللّٰهُ عَلَيْهِ وَلَعَنَهٗ وَاَعَدَّ لَهٗ عَذَابًا عَظِيْمًا ﴿٩٣﴾

(૯૩) અને જો કોઈ જાણી જોઈને કોઈ મોઅમીનને મારી નાખે તો તેની સજા જહન્નમ છે તેમાં તે હંમેશ માટે રહેશે અને અલ્લાહ તેના પર કોપ

ઉતારશે અને તેના ઉપર ફિટકાર કરશે અને (તે ઉપરાંત) તેના માટે મોટો અઝાબ તૈયાર કરશે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا ضَرَبْتُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ فَتَبَيَّنُوْا وَلَا تَقُوْلُوْا لِمَنْ اَلْقٰٓى اِلَيْكُمُ السَّلٰمَ لَسْتَ مُؤْمِنًا ۚ تَبْتَغُوْنَ عَرَضَ الْحَيٰوةِ الدُّنْيَا ۫ فَعِنْدَ اللّٰهِ مَغَانِمُ كَثِيْرَةٌ ؕ كَذٰلِكَ كُنْتُمْ مِّنْ قَبْلُ فَمَنَّ اللّٰهُ عَلَيْكُمْ فَتَبَيَّنُوْا ؕ اِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿٩٤﴾

(૯૪) અય ઈમાન લાવનારાઓ! જ્યારે તમે અલ્લાહના માર્ગમાં (જેહાદ માટે) મુસાફરી કરતા હો તો ખાત્રી કરી લીધા સિવાય જેણે તમને સલામ કરી હોય તેને (લુટવાના હેતુથી) "તું મોઅમીન

નથી" એમ કહી દેતા નહિ. તમે આલોકની જિંદગીના લાભ શોધો છો પણ અલ્લાહની પાસે જ પુષ્કળ લાભો છે; તમે પણ પ્રથમ એવા જ હતા પછી અલ્લાહે તમારા પર ઉપકાર કર્યો જેથી ખાત્રી કરી લેતા રહો; નિસંશય તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ સારી પેઠે વાકેફ છે.

لَا يَسْتَوِى الْقٰعِدُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ غَيْرُ اُولِى الضَّرَرِ وَالْمُجٰهِدُوْنَ فِىْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ؕ فَضَّلَ اللّٰهُ الْمُجٰهِدِيْنَ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ عَلَى الْقٰعِدِيْنَ دَرَجَةً ؕ وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى ؕ وَفَضَّلَ اللّٰهُ الْمُجٰهِدِيْنَ عَلَى الْقٰعِدِيْنَ اَجْرًا عَظِيْمًا ۙ﴿۹۵﴾

(૯૫) મોઅમીનોમાંથી તેઓ કે જેમને કોઈ જાતની ઈજા પહોંચી ન હોય છતાં ઘરે બેસી રહે તેઓ તથા અલ્લાહના માર્ગમાં પોતાના જાન માલથી જેહાદ કરનારાઓ (અલ્લાહ પાસે દરજ્જામાં) સમાન નથી; (બલ્કે) પોતાના જાનમાલથી જેહાદ કરનારાઓને અલ્લાહે બેસી રહેનારાઓ પર દરજ્જામાં શ્રેષ્ઠતા આપી છે; જો કે સારા બદલાનો વાયદો તો દરેકથી કર્યો છે; અને અલ્લાહે જેહાદ કરનારાઓને ઘણો મોટો બદલો આપીને તેમને બેસી રહેનારાઓ પર શ્રેષ્ઠતા આપી છે.

دَرَجٰتٍ مِّنْهُ وَمَغْفِرَةً وَّرَحْمَةً ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿٩٦﴾

(૯૬) આ તેના તરફના દરજ્જા ક્ષમા અને દયા છે; અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળુ છે.

إِنَّ الَّذِيْنَ تَوَفّٰىهُمُ الْمَلٰٓئِكَةُ ظَالِمِيٓ أَنْفُسِهِمْ قَالُوْا فِيْمَ
كُنْتُمْ ؕ قَالُوْا كُنَّا مُسْتَضْعَفِيْنَ فِي الْأَرْضِ ؕ قَالُوْٓا أَلَمْ
تَكُنْ أَرْضُ اللّٰهِ وَاسِعَةً فَتُهَاجِرُوْا فِيْهَا ؕ فَأُولٰٓئِكَ مَأْوٰىهُمْ
جَهَنَّمُ ؕ وَسَآءَتْ مَصِيْرًا ﴿٩٧﴾

(૯૭) બેશક જે લોકો પોતાના જીવ પર ઝુલમ કરતા રહ્યા તેમનો અંત ફરિશ્તાઓ આણ્યા બાદ તેમને કહેશે કે તમે (તમારૂં જીવન) કેવી સ્થિતિમાં (વિતાડતા) હતા? તેઓ જવાબ આપશે કે અમને

જમીન પર અશકત બનાવી દેવામાં આવ્યા હતા; (ત્યારે ફરીથી) ફરિશ્તાઓ પૂછશે કે શું અલ્લાહની ભૂમિ વિશાળ ન હતી કે જેમાં તમે હિજરત કરી જતે? માટે એજ લોકો છે કે જેમનું ઠેકાણું જહન્નમ છે; અને તે (ઘણીજ) ખરાબ પાછા ફરવાની જગ્યા છે;

اِلَّا الْمُسْتَضْعَفِيْنَ مِنَ الرِّجَالِ وَالنِّسَآءِ وَالْوِلْدَانِ لَا يَسْتَطِيْعُوْنَ حِيْلَةً وَّلَا يَهْتَدُوْنَ سَبِيْلًا ﴿٩٨﴾

(૯૮) સિવાય તે પુરૂષો તથા સ્ત્રીઓ અને બાળકો માંહેના જે ખરેખરા લાચાર હોય તથા કોઈ (લડાઈના) સાધનની શકિત ધરાવતા ન હોય અને

ન (પોતાના છુટકારા માટે) કોઈ માર્ગ મેળવી શકતા હોય;

فَاُولٰٓئِكَ عَسَى اللّٰهُ اَنْ يَّعْفُوَ عَنْهُمْ ؕ وَكَانَ اللّٰهُ عَفُوًّا غَفُوْرًا ﴿٩٩﴾

(૯૯) તો તેવાઓથી કદાચને અલ્લાહ દરગુજર કરે; અને અલ્લાહ દરગુજર કરનાર (અને) મહા ક્ષમાવાન છે.

وَمَنْ يُّهَاجِرْ فِيْ سَبِيْلِ اللّٰهِ يَجِدْ فِي الْاَرْضِ مُرٰغَمًا كَثِيْرًا

وَّسَعَةً ؕ وَمَنْ يَّخْرُجْ مِنْۢ بَيْتِهٖ مُهَاجِرًا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ

يُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَقَعَ اَجْرُهٗ عَلَى اللّٰهِ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا

رَّحِيْمًا ﴿١٠٠﴾ ع

(૧૦૦) અને જે કોઈ અલ્લાહના માર્ગમાં હિજરત કરશે તો તે ભૂમિમાં (રહેવા માટે) ઘણી આરામની જગ્યા તથા ખાવા માટે પુષ્કળ સામગ્રીઓ મેળવશે; અને જે અલ્લાહ તથા રસૂલ તરફ હિજરતના ઈરાદાથી પોતાના ઘરથી (ચાલી) નીકળે પછી તેને મૃત્યુ આવી જાય તો તેનો બદલો ખરેખર અલ્લાહના શિરે ઠરી ચૂકયો; અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

وَاِذَا ضَرَبۡتُمۡ فِى الۡاَرۡضِ فَلَيۡسَ عَلَيۡكُمۡ جُنَاحٌ اَنۡ تَقۡصُرُوۡا
مِنَ الصَّلٰوةِ ‌ۖ اِنۡ خِفۡتُمۡ اَنۡ يَّفۡتِنَكُمُ الَّذِيۡنَ كَفَرُوۡا ‌ؕ اِنَّ
الۡكٰفِرِيۡنَ كَانُوۡا لَـكُمۡ عَدُوًّا مُّبِيۡنًا ﴿۱۰۱﴾

(૧૦૧) અને જ્યારે પૃથ્વી પર મુસાફરી કરતા હો અને ઈમાન નહિ લાવનારાઓ (તમને નમાઝમાં પઢતા જોઈને) ઈજા પહોંચાડશે એવો તમને ભય હોય તો તમે નમાઝમાં કમી (કસર) કરી દો, તેમ કરવામાં ખરે જ તમારા ઉપર કાંઈ દોષ નથી; બેશક ઈમાન નહિ લાવનારાઓ તમારા ખુલ્લા દુશ્મન છે.

وَاِذَا كُنْتَ فِيْهِمْ فَاَقَمْتَ لَهُمُ الصَّلٰوةَ فَلْتَقُمْ طَآئِفَةٌ مِّنْهُمْ
مَّعَكَ وَلْيَاْخُذُوْٓا اَسْلِحَتَهُمْ ۣ فَاِذَا سَجَدُوْا فَلْيَكُوْنُوْا مِنْ
وَّرَآئِكُمْ ۠ وَلْتَاْتِ طَآئِفَةٌ اُخْرٰى لَمْ يُصَلُّوْا فَلْيُصَلُّوْا مَعَكَ
وَلْيَاْخُذُوْا حِذْرَهُمْ وَاَسْلِحَتَهُمْ ۚ وَدَّ الَّذِيْنَ كَفَرُوْا لَوْ

تَغۡفُلُوۡنَ عَنۡ اَسۡلِحَتِكُمۡ وَاَمۡتِعَتِكُمۡ فَيَمِيۡلُوۡنَ عَلَيۡكُمۡ
مَّيۡلَةً وَّاحِدَةً ‌ؕ وَلَا جُنَاحَ عَلَيۡكُمۡ اِنۡ كَانَ بِكُمۡ اَذًى مِّنۡ
مَّطَرٍ اَوۡ كُنۡتُمۡ مَّرۡضٰۤى اَنۡ تَضَعُوۡۤا اَسۡلِحَتَكُمۡ‌ ۚ وَخُذُوۡا
حِذۡرَكُمۡ‌ ؕ اِنَّ اللّٰهَ اَعَدَّ لِلۡكٰفِرِيۡنَ عَذَابًا مُّهِيۡنًا ﴿۱۰۲﴾

(૧૦૨) અને (અય રસૂલ!) જ્યારે તું તેમનામાં (મોજૂદ) હોય અને તું (લડાઈ ચાલુ હોય તે વખતે) તેમને નમાઝ પઢાવવા માંડે તો લાઝિમ છે કે તેઓ માંહેનુ એક ટોળું તારી સાથે નમાઝ પઢવા ઉભું થઈ જાય અને પોતાના હથિયાર પણ સાથે રાખે; પછી જ્યારે તેઓ સિજદો કરી ચૂકે (યાને નમાઝ પુરી કરી ચૂકે) તો તેમને લાઝિમ છે કે

તમારી પાછળ આવી જાય, અને બીજુ ટોળું કે જેણે હજી નમાઝ પઢી નથી તે આગળ આવે પછી તે તારી સાથે નમાઝ પઢે અને તેમને પણ લાઝિમ છે કે તેઓ સ્વરક્ષણની વસ્તુઓ તથા શસ્ત્રો સાથેજ રાખે; ઈમાન નહિ લાવનારાઓ (એવું) ઈચ્છે છે કે જો તેઓ તમને શસ્ત્ર અને સામાન રહીત જુએ તો તેઓ એકી સાથે ઓચિંતો તમારા પર હુમલો કરી દે; અને જો તમને વરસાદથી તકલીફ થતી હોય અથવા તમે માંદા હો તો તમે હથિયાર (નમાઝ વખતે) મૂકી દો તો તેમાં તમારા પર કાંઈ દોષ નથી, અને (એજ મુજબ) તમારૂં રક્ષણ કરો; બેશક

અલ્લાહે ઈમાન નહિ લાવનારાઓ માટે ફજેત કરનારો અઝાબ તૈયાર કર્યો છે.

فَإِذَا قَضَيْتُمُ الصَّلٰوةَ فَاذْكُرُوا اللّٰهَ قِيٰمًا وَّقُعُوْدًا وَّعَلٰى
جُنُوْبِكُمْ ۚ فَإِذَا اطْمَأْنَنْتُمْ فَأَقِيْمُوا الصَّلٰوةَ ۚ إِنَّ الصَّلٰوةَ
كَانَتْ عَلَى الْمُؤْمِنِيْنَ كِتٰبًا مَّوْقُوْتًا ﴿١٠٣﴾

(૧૦૩) પછી જ્યારે તમે નમાઝ પૂર્ણ કરી ચૂકો તો ઉભા ઉભા અને બેઠા બેઠા અને પડખાભેર સૂતા સૂતા અલ્લાહની યાદ કરતા રહો; પછી જ્યારે તમે નિર્ભય થઈ જાઓ ત્યારે (પૂરે પુરી) નમાઝો પઢો; બેશક મોઅમીનો પર ઠરાવેલા સમયે નમાઝ પઢવાનું વાજીબ કરવામાં આવ્યું છે.

وَلَا تَهِنُوْا فِي ابْتِغَآءِ الْقَوْمِ ؕ اِنْ تَكُوْنُوْا تَاْلَمُوْنَ فَاِنَّهُمْ
يَاْلَمُوْنَ كَمَا تَاْلَمُوْنَ ۚ وَتَرْجُوْنَ مِنَ اللّٰهِ مَا لَا يَرْجُوْنَ ؕ وَكَانَ
اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١٠٤﴾

(૧૦૪) અને તે (દુશ્મન) લોકોની પૂંઠ પકડવામાં હિમ્મત હારો નહિ; જો તમને કાંઈ કષ્ટ ખમવું પડે છે તો તેમને પણ એવી જ રીતે કષ્ટ ખમવું પડે છે જેવી રીતે કે તમને ખમવું પડે છે, પણ તમે અલ્લાહ (પાસે)થી (કૃપાની) જે આશા રાખો છો તેવી આશા તેઓ રાખતા નથી; અને અલ્લાહ મહાન જાણનાર (તથા) હિકમતવાળો છે.

اِنَّآ اَنۡزَلۡنَآ اِلَيۡكَ الۡكِتٰبَ بِالۡحَقِّ لِتَحۡكُمَ بَيۡنَ النَّاسِ بِمَآ اَرٰٮكَ اللّٰهُ‌ ؕ وَلَا تَكُنۡ لِّلۡخَآٮِٕنِيۡنَ خَصِيۡمًا ۙ‏ ﴿۱۰۵﴾

(૧૦૫) (અય રસુલ!) બેશક અમોએ તારી તરફ આ કિતાબ સત્યતા સહિત ઉતારી છે કે જેથી અલ્લાહે તને દેખાડયું છે તે મુજબ તું માણસો વચ્ચે ન્યાય કરે; અને તું વિશ્વાસઘાત કરનારાઓનો પક્ષ ખેંચનાર થા નહિ;

وَّاسۡتَغۡفِرِ اللّٰهَ‌ ؕ اِنَّ اللّٰهَ كَانَ غَفُوۡرًا رَّحِيۡمًا ۚ‏ ﴿۱۰۶﴾

(૧૦૬) અને અલ્લાહથી ક્ષમા માંગ; બેશક અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَلَا تُجَادِلْ عَنِ الَّذِيْنَ يَخْتَانُوْنَ اَنْفُسَهُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ
مَنْ كَانَ خَوَّانًا اَثِيْمًا ۟ۙ﴿١٠٧﴾

(૧૦૭) અને જેઓ પોતાના અંતઃકરણોનો વિશ્વાસઘાત કરે છે તેવાઓનો પક્ષ લઈ તું (લોકો સાથે) તકરાર કર નહિ; બેશક અલ્લાહ તેમને દોસ્ત રાખતો નથી કે જેઓ વિશ્વાસઘાતી (અને) ગુનેહગાર છે;

يَّسْتَخْفُوْنَ مِنَ النَّاسِ وَلَا يَسْتَخْفُوْنَ مِنَ اللّٰهِ وَهُوَ مَعَهُمْ اِذْ
يُبَيِّتُوْنَ مَا لَا يَرْضٰى مِنَ الْقَوْلِ ؕ وَكَانَ اللّٰهُ بِمَا يَعْمَلُوْنَ
مُحِيْطًا ﴿١٠٨﴾

(૧૦૮) તેઓ (પોતાના પાપકર્મો) લોકોથી સંતાડે છે અને અલ્લાહથી સંતાડતા નથી, જો કે જ્યારે રાત્રે તેઓ એવી વાતોની સલાહ કરે છે જે અલ્લાહને પસંદ નથી ત્યારે અલ્લાહ તેમની પાસે હોય છે; અને જે કાંઈ તેઓ કરે છે તેને અલ્લાહ (પોતાના જ્ઞાનથી) ઘેરી રાખે છે.

هَٰٓأَنتُمۡ هَٰٓؤُلَآءِ جَٰدَلۡتُمۡ عَنۡهُمۡ فِي ٱلۡحَيَوٰةِ ٱلدُّنۡيَا فَمَن يُجَٰدِلُ
ٱللَّهَ عَنۡهُمۡ يَوۡمَ ٱلۡقِيَٰمَةِ أَم مَّن يَكُونُ عَلَيۡهِمۡ وَكِيلٗا ١٠٩

(૧૦૯) (અય મુસલમાનો !) આ તમેજ છો કે જેઓ દુનિયાની જિંદગીમાં તેમનો પક્ષ લઈ તકરાર કરો છો, પણ કયામતના દિવસે તેમના તરફથી

અલ્લાહ સામે કોણ તકરાર કરશે અથવા તેમનો વકીલ કોણ બનશે?

وَمَنۡ يَّعۡمَلۡ سُوۡٓءًا اَوۡ يَظۡلِمۡ نَفۡسَهٗ ثُمَّ يَسۡتَغۡفِرِ اللّٰهَ يَجِدِ اللّٰهَ

غَفُوۡرًا رَّحِيۡمًا ﴿١١٠﴾

(૧૧૦) અને જે કોઈ અપકૃત્ય કરે અથવા પોતાની જાત પર કાંઈ ઝુલમ કરે, પછી અલ્લાહથી માફી માંગે તો અલ્લાહને મોટો માફ કરનાર (અને) રહેમ કરનાર પામશે.

وَمَنۡ يَّكۡسِبۡ اِثۡمًا فَاِنَّمَا يَكۡسِبُهٗ عَلٰى نَفۡسِهٖ‌ؕ وَكَانَ اللّٰهُ عَلِيۡمًا

حَكِيۡمًا ﴿١١١﴾

(૧૧૧) અને જે પાપ કરે છે તો તે પોતાના જ માટે (નુકસાન) કરે છે; અને અલ્લાહ મહાન જાણનાર (તથા) હિકમતવાળો છે.

وَمَنْ يَّكْسِبْ خَطِيْٓئَةً اَوْ اِثْمًا ثُمَّ يَرْمِ بِهٖ بَرِيْٓـًٔا فَقَدِ احْتَمَلَ بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا ﴿١١٢﴾

(૧૧૨) અને જે કોઈ ભૂલ અથવા પાપ કરે છે પછી તેનું આળ (આરોપ) બીજા કોઈ નિર્દોષ ઉપર ચઢાવે તો તે ખચીતજ એક ખોટાં આળ અને ખુલ્લા ગુનાહનો બોજો પોતાની (ગરદન) ઉપર ઉપાડે છે.

وَلَوۡلَا فَضۡلُ اللّٰهِ عَلَيۡكَ وَرَحۡمَتُهٗ لَهَمَّتۡ طَّآٮِٕفَةٌ مِّنۡهُمۡ اَنۡ
يُّضِلُّوۡكَ ؕ وَمَا يُضِلُّوۡنَ اِلَّاۤ اَنۡفُسَهُمۡ وَمَا يَضُرُّوۡنَكَ مِنۡ
شَىۡءٍ ؕ وَاَنۡزَلَ اللّٰهُ عَلَيۡكَ الۡكِتٰبَ وَالۡحِكۡمَةَ وَعَلَّمَكَ مَا لَمۡ
تَكُنۡ تَعۡلَمُ ؕ وَكَانَ فَضۡلُ اللّٰهِ عَلَيۡكَ عَظِيۡمًا ﴿۱۱۳﴾

(૧૧૩) અને (અય રસૂલ!) અગર તારા અલ્લાહની કૃપા અને દયા ન હોત તો તેઓમાંથી એક ટોળાએ તો તને રખડાવી દેવાનો નિશ્ચય કર્યો જ હતો, જો કે (ખરૂં જોતાં) તેઓ પોતાનેજ રખડાવતે અને તારૂં કાંઈ પણ બગાડતે નહિ; અને અલ્લાહે તારા ઉપર કિતાબ તથા હિકમત ઉતારી છે અને તું જે જાણતો

ન હતો તેનું શિક્ષણ તને આપ્યું છે; અને અલ્લાહની કૃપા તારા ઉપર ઘણી મોટી છે.

لَا خَيْرَ فِيْ كَثِيْرٍ مِّنْ نَّجْوٰىهُمْ اِلَّا مَنْ اَمَرَ بِصَدَقَةٍ اَوْ مَعْرُوْفٍ
اَوْ اِصْلَاحٍۭ بَيْنَ النَّاسِ ؕ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ ابْتِغَآءَ مَرْضَاتِ
اللّٰهِ فَسَوْفَ نُؤْتِيْهِ اَجْرًا عَظِيْمًا ﴿۱۱۴﴾

(૧૧૪) તેમની (ખાનગી) ચર્ચાઓમાંથી ઘણીખરીમાં ભલાઈનો જરાય અંશ નથી, સિવાય તેમની તે (ખાનગી ચર્ચાઓમાં) કે જેમાં તેઓ સદકો આપવા અથવા નેકી કરવા અથવા લોકો વચ્ચે મેળાપ કરાવી આપવાના સબંધમાં આજ્ઞા કરે છે; અને જે કોઈ અલ્લાહની ખુશી સંપાદન

કરવા માટે આમ કરશે તેને અમે ઘણો મોટો બદલો આપીશું.

وَمَنۡ يُّشَاقِقِ الرَّسُوۡلَ مِنۡۢ بَعۡدِ مَا تَبَيَّنَ لَهُ الۡهُدٰى وَيَتَّبِعۡ
غَيۡرَ سَبِيۡلِ الۡمُؤۡمِنِيۡنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَنُصۡلِهٖ جَهَنَّمَ ؕ
وَسَآءَتۡ مَصِيۡرًا ۱۱۵

(૧૧૫) અને જે કોઈ તેના ઉપર સત્ય જાહેર થઇ ગયા પછી રસૂલની વિરૂદ્ધતા ધારણ કરશે, અને મોઅમીનોના માર્ગ સિવાય બીજો માર્ગ પકડશે, તો અમે પણ તેને એજ (માર્ગ પર) ચલાવીશું કે જે તેણે (પોતે) પસંદ કર્યો છે અને તેને જહન્નમમાં

પહોંચાડીશું; અને તે ઘણીજ ખરાબ પાછા ફરવાની જગ્યા છે.

إِنَّ اللَّهَ لَا يَغْفِرُ أَنْ يُشْرَكَ بِهِ وَيَغْفِرُ مَا دُونَ ذَٰلِكَ لِمَنْ
يَشَاءُ ۚ وَمَنْ يُشْرِكْ بِاللَّهِ فَقَدْ ضَلَّ ضَلَالًا بَعِيدًا ﴿١١٦﴾

(૧૧૬) બેશક અલ્લાહ તેની સાથે કોઈને શરીક કરવાનો ગુનોહ નહિજ માફ કરે અને એ (શિર્ક) સિવાયના ગુનાહ જેને ચાહશે તેને માફ કરી દેશે; અને જેણે અલ્લાહથી શિર્ક કર્યું તો તે ખરેજ (સન્માર્ગથી) રખડી ઘણો દૂર ભટકી ગયો.

إِنْ يَدْعُونَ مِنْ دُونِهِ إِلَّا إِنَاثًا وَإِنْ يَدْعُونَ إِلَّا شَيْطَانًا
مَرِيدًا ﴿١١٧﴾

(૧૧૭) તેઓ અલ્લાહના સિવાય નથી પોકારતા કિંતુ (દેવ) દેવીઓને અને નથી પોકારતા કિંતુ અવળચંડા શેતાનને;

لَّعَنَهُ اللّٰهُ ۘ وَقَالَ لَاَتَّخِذَنَّ مِنْ عِبَادِكَ نَصِيْبًا مَّفْرُوْضًا ﴿١١٨﴾

(૧૧૮) જેના પર અલ્લાહે લાનત કરી છે; અને તેણે કહ્યું હતું કે હું તારા બંદાઓમાંથી એક ચોક્કસ ભાગ જરૂર લઈશ;

وَّلَاُضِلَّنَّهُمْ وَلَاُمَنِّيَنَّهُمْ وَلَاٰمُرَنَّهُمْ فَلَيُبَتِّكُنَّ اٰذَانَ الْاَنْعَامِ وَلَاٰمُرَنَّهُمْ فَلَيُغَيِّرُنَّ خَلْقَ اللّٰهِ ؕ وَمَنْ يَّتَّخِذِ الشَّيْطٰنَ وَلِيًّا مِّنْ دُوْنِ اللّٰهِ فَقَدْ خَسِرَ خُسْرَانًا مُّبِيْنًا ﴿١١٩﴾

(૧૧૯) અને હું તેમને જરૂર સન્માર્ગથી ભટકાવીશ અને તેમને જૂઠી આશાઓથી અવશ્ય લોભાવીશ. અને હું તેમને જરૂર (એવી) આજ્ઞા પર ચલાવીશ કે જેથી તેઓ ચોપગા (પ્રાણી)ઓના કાન ચીરી નાખશે અને હું તેમને જરૂર આજ્ઞા કરીશ (કે) જેથી તેઓ અલ્લાહના સર્જનને જરૂર બદલી નાંખશે; અને જે કોઈ અલ્લાહને ત્યજી શેતાનને મિત્ર બનાવશે તે ખરેજ ખુલ્લી (ચોક્કસ) હાનિ ભોગવશે.

يَعِدُهُمْ وَيُمَنِّيهِمْ ۖ وَمَا يَعِدُهُمُ الشَّيْطَٰنُ إِلَّا غُرُورًا ﴿١٢٠﴾

(૧૨૦) તે (શેતાન) તેમને વાયદા કરે છે અને તેમને ખોટી આશામાં નાખે છે; અને શેતાન તેમને વાયદો નથી કરતો પણ કેવળ ધોખોજ આપે છે.

أُولَٰٓئِكَ مَأۡوَىٰهُمۡ جَهَنَّمُ وَلَا يَجِدُونَ عَنۡهَا مَحِيصٗا ١٢١

(૧૨૧) એજ લોકોનું ઠેકાણું જહન્નમ છે, જેમાંથી નાસવાની તક તેઓ કદી પણ મેળવશે નહિ.

وَٱلَّذِينَ ءَامَنُواْ وَعَمِلُواْ ٱلصَّٰلِحَٰتِ سَنُدۡخِلُهُمۡ جَنَّٰتٖ تَجۡرِي
مِن تَحۡتِهَا ٱلۡأَنۡهَٰرُ خَٰلِدِينَ فِيهَآ أَبَدٗاۖ وَعۡدَ ٱللَّهِ حَقّٗاۚ وَمَنۡ
أَصۡدَقُ مِنَ ٱللَّهِ قِيلٗا ١٢٢

(૧૨૨) અને જે લોકો ઈમાન લાવ્યા અને સત્કાર્યો કર્યા તેમને અમે નજીકમાં બગીચાઓમાં દાખલ કરી દઈશું જેની નીચે નદીઓ વહેતી રહે છે, (અને) તેમાં તેઓ હંમેશ હંમેશને માટે રહેશે;

અલ્લાહનો વાયદો સાચો છે; અને વચનના સંબંધમાં અલ્લાહ કરતાં વધારે સાચો કોણ હશે?

لَيْسَ بِاَمَانِيِّكُمْ وَلَاۤ اَمَانِيِّ اَهْلِ الْكِتٰبِ ؕ مَنْ يَّعْمَلْ سُوْٓءًا
يُّجْزَ بِهٖ ۙ وَلَا يَجِدْ لَهٗ مِنْ دُوْنِ اللّٰهِ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿۱۲۳﴾

(૧૨૩) તમારી ખોટી આશાઓ તથા કિતાબવાળાઓની ખોટી આશાઓને (અલ્લાહના એ વાયદા સાથે) કાંઈ સબંધ નથી; જે કોઈ બદી કરશે તેને તે (બદી)નો બદલો મળશે, અને અલ્લાહના સિવાય તે ન કોઈને પોતાનો હિમાયતી જોશે અને ન મદદગાર.

وَمَنْ يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ مِنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ

فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ وَلَا يُظْلَمُوْنَ نَقِيْرًا ﴿١٢٤﴾

(૧૨૪) અને જે કોઈ કાંઈ નેકી કરશે એવી સ્થિતિમાં કે તે મોઅમીન પણ હોય, પછી ભલેને તે પુરૂષ હોય કે સ્ત્રી-તેઓજ તો જન્નતમાં દાખલ થશે, અને તેમના પર તલભાર પણ ઝુલમ કરવામાં આવશે નહિ.

وَمَنْ اَحْسَنُ دِيْنًا مِّمَّنْ اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَهُوَ مُحْسِنٌ وَّاتَّبَعَ

مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ؕ وَاتَّخَذَ اللّٰهُ اِبْرٰهِيْمَ خَلِيْلًا ﴿١٢٥﴾

(૧૨૫) અને જેણે પોતાને અલ્લાહની તાબેદારી માટે ઝુકાવી દીધો હોય અને વળી તે પરોપકારી

પણ હોય અને નિખાલસપણે ઈબ્રાહીમના ચુસ્ત ધર્મનો અનુયાયી પણ થઈ ગયો હોય તો તેના કરતાં ધર્મના સબંધમાં વધુ ઉત્તમ કોણ હશે ? અને અલ્લાહે ઈબ્રાહીમને પોતાનો મિત્ર કરી લીધો છે.

وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ
مُّحِيْطًا ﴿١٢٦﴾

(૧૨૬) અને જે કાંઈ આકાશોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે સઘળું અલ્લાહનું છે; અને અલ્લાહે દરેક વસ્તુને (પોતાના જ્ઞાનથી) ઘેરી રાખી છે.

وَيَسْتَفْتُوْنَكَ فِي النِّسَآءِ ؕ قُلِ اللّٰهُ يُفْتِيْكُمْ فِيْهِنَّ ۙ وَمَا
يُتْلٰى عَلَيْكُمْ فِي الْكِتٰبِ فِيْ يَتٰمَى النِّسَآءِ الّٰتِيْ لَا تُؤْتُوْنَهُنَّ مَا

كُتِبَ لَهُنَّ وَتَرْغَبُوْنَ اَنْ تَنْكِحُوْهُنَّ وَالْمُسْتَضْعَفِيْنَ مِنَ

الْوِلْدَانِ ۙ وَاَنْ تَقُوْمُوْا لِلْيَتٰمٰى بِالْقِسْطِ ؕ وَمَا تَفْعَلُوْا مِنْ

خَيْرٍ فَاِنَّ اللّٰهَ كَانَ بِهٖ عَلِيْمًا ﴿١٢٧﴾

(૧૨૭) અને (અય રસૂલ!) લોકો (અનાથ) સ્ત્રીઓ સબંધી તારી પાસે ફતવો માંગે છે; તું કહે કે અલ્લાહ (તેમના) સબંધમાં તમને (નિકાહ માટેની પરવાનગીનો) ફતવો આપે છે, અને (કુરઆનમાં) જે (હુકમ અગાઉ) તમને વાંચી સંભળાવવામાં આવ્યો છે તે ખરેખર એવી અનાથ (લાવારસ) સ્ત્રીઓ સબંધી છે કે જેમને તમે (તેમનાં હક) જે તેમને માટે ઠરાવવામાં આવ્યા છે તે આપતા નથી,

અને (તેમ છતાં પણ) તેમની સાથે નિકાહ કરવાની ઈચ્છા ધરાવો છો, અને એજ પ્રમાણે અશકત બાળકોના સબંધમાં (હુકમ આપે છે), અને તે આ કે તમે યતીમોના સબંધમાં ન્યાયપૂર્વક વર્તતા રહો; અને જે પણ નેકી તમે કરશો અલ્લાહ તેનાથી ખચીતજ જાણકાર છે.

وَاِنِ امۡرَاَةٌ خَافَتۡ مِنۡۢ بَعۡلِهَا نُشُوۡزًا اَوۡ اِعۡرَاضًا فَلَا جُنَاحَ
عَلَيۡهِمَاۤ اَنۡ يُّصۡلِحَا بَيۡنَهُمَا صُلۡحًا ؕ وَالصُّلۡحُ خَيۡرٌ ؕ وَاُحۡضِرَتِ
الۡاَنۡفُسُ الشُّحَّ ؕ وَاِنۡ تُحۡسِنُوۡا وَتَتَّقُوۡا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا
تَعۡمَلُوۡنَ خَبِيۡرًا ﴿۱۲۸﴾

(૧૨૮) અને જો કોઈ સ્ત્રીને પોતાના ધણી તરફથી ગેરવર્તન અથવા બેદરકારીનો અંદેશો હોય તો જો તેઓ કોઈ રીતે પરસ્પર સમાધાન કરી લે તો તેમના પર કાંઈ દોષ નથી; અને સમાધાન કરવું એ વધારે સારૂં છે; અને (મનુષ્ય માત્રના) સ્વભાવમાં કંજૂસાઈ (ધન લોભ) સમાએલું હોય છે; અને જો તમે ભલાઈ કરો અને પરહેઝગાર રહો તો જે કાંઈ તમે કરો છો તેનાથી અલ્લાહ સારી પેઠે વાકેફ છે.

وَلَنۡ تَسۡتَطِيۡعُوۡۤا اَنۡ تَعۡدِلُوۡا بَيۡنَ النِّسَآءِ وَلَوۡ حَرَصۡتُمۡ فَلَا
تَمِيۡلُوۡا كُلَّ الۡمَيۡلِ فَتَذَرُوۡهَا كَالۡمُعَلَّقَةِ‌ ؕ وَاِنۡ تُصۡلِحُوۡا
وَتَتَّقُوۡا فَاِنَّ اللّٰهَ كَانَ غَفُوۡرًا رَّحِيۡمًا ﴿۱۲۹﴾

(૧૨૯) અને તમે ગમે તેટલું ઈચ્છશો તો પણ તમારી (સઘળી) સ્ત્રીઓ વચ્ચે તમે ન્યાયથી હરગિજ વર્તી શકશો નહિ, માટે તમે તદ્દન (એક સ્ત્રી તરફ) વળી જતા નહિ કે જેથી તે (બીજી સ્ત્રીઓ)ને લટકતી સ્થિતિમાં લાવી મૂકો; અને જો તમે સમાધાન કરો તથા બૂરાઈથી બચો તો બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

وَاِنۡ يَّتَفَرَّقَا يُغۡنِ اللّٰهُ كُلًّا مِّنۡ سَعَتِهٖ‌ؕ وَكَانَ اللّٰهُ وَاسِعًا

حَكِيۡمًا ﴿۱۳۰﴾

(૧30) અને જો તેઓ બંને જુદા થઈ જાય તો અલ્લાહ દરેકને પોતાના વિશાળ (ખજાનામાં)થી માલદાર કરી દેશે; અને અલ્લાહ મહાન દાતા (અને) હિકમતવાળો છે.

وَلِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ‌ؕ وَلَقَدۡ وَصَّيۡنَا الَّذِيۡنَ

اُوۡتُوا الۡكِتٰبَ مِنۡ قَبۡلِكُمۡ وَاِيَّاكُمۡ اَنِ اتَّقُوا اللّٰهَ‌ؕ وَاِنۡ

تَكۡفُرُوۡا فَاِنَّ لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ‌ؕ وَكَانَ اللّٰهُ

غَنِيًّا حَمِيۡدًا ﴿۱۳۱﴾

(૧૩૧) અને જે કાંઈ આકાશોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે સઘળું અલ્લાહનું જ છે; અને ખચીતજ અમે તે લોકોને કે જેમને તમારી પહેલાં કિતાબ આપવામાં આવી હતી અને ખુદ તમને પણ આ તાકીદ આપી છે કે અલ્લાહથી ડરતા રહો; પણ જો તમે અનુપકારી બનશો તો આકાશો તથા જમીનમાં જે કાંઈ છે તે તો અલ્લાહનું જ છે; અને અલ્લાહ બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿١٣٢﴾

(૧૩૨) અને જે આકાશોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે અલ્લાહનું છે; અને કાર્ય સાધકતા માટે અલ્લાહ પૂરતો છે.

اِنۡ يَّشَاۡ يُذۡهِبۡكُمۡ اَيُّهَا النَّاسُ وَيَاۡتِ بِاٰخَرِيۡنَ‌ؕ وَكَانَ اللّٰهُ عَلٰى

ذٰلِكَ قَدِيۡرًا ﴿۱۳۳﴾

(૧૩૩) અય લોકો ! જો તે ચાહે તો તમને ફના કરી નાખે ને તમારા બદલે બીજાઓને લાવી વસાવે; અને અલ્લાહ તેમ કરવા માટે સંપૂર્ણ શક્તિ ધરાવે છે.

مَنۡ كَانَ يُرِيۡدُ ثَوَابَ الدُّنۡيَا فَعِنۡدَ اللّٰهِ ثَوَابُ الدُّنۡيَا

وَالۡاٰخِرَةِ‌ؕ وَكَانَ اللّٰهُ سَمِيۡعًۢا بَصِيۡرًا ﴿۱۳۴﴾

(૧૩૪) જે કોઈ દુનિયાનો બદલો ચાહે છે તો અલ્લાહની પાસે દુનિયાનો બદલો હાજર છે અને

આખેરતનો પણ; અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) નિહાળનાર છે.

يَآيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا كُوۡنُوۡا قَوّٰمِيۡنَ بِالۡقِسۡطِ شُهَدَآءَ لِلّٰهِ وَلَوۡ
عَلٰٓى اَنۡفُسِكُمۡ اَوِ الۡوَالِدَيۡنِ وَالۡاَقۡرَبِيۡنَ‌ ۚ اِنۡ يَّكُنۡ غَنِيًّا اَوۡ
فَقِيۡرًا فَاللّٰهُ اَوۡلٰى بِهِمَا‌ فَلَا تَتَّبِعُوا الۡهَوٰٓى اَنۡ تَعۡدِلُوۡا‌ ۚ وَاِنۡ
تَلۡوٗۤا اَوۡ تُعۡرِضُوۡا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعۡمَلُوۡنَ خَبِيۡرًا ﴿۱۳۵﴾

(૧૩૫) અય ઈમાન લાવનારાઓ ! તમે હંમેશા ન્યાયને વળગી રહી અલ્લાહ માટે સાક્ષી આપનારા બનો, પછી ભલેને તે (સાક્ષી) તમારા પોતાની અથવા (તમારા) માંબાપ અને સ્નેહીઓ વિરૂદ્ધ કેમ ન હોય; જો (તેમનામાં) ધનવાન હોય કે

મોહતાજ, દરેક હાલતમાં અલ્લાહ (મહેરબાની કરવામાં) બંનેની સૌ કરતાં વધુ નજીક છે; માટે તમે તમારી મનોવાસનાને આધીન થાઓ નહિ, કે જેથી તમે ઈન્સાફ કરી ન શકો; પણ જો તમે સાક્ષી આપવામાં જીભ દબાવશો અથવા મોઢું ફેરવી લેશો, તો જે કાંઈ પણ તમે કરશો તેનાથી અલ્લાહ બેશક સારી પેઠે વાકેફ છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِیْ نَزَّلَ
عَلٰى رَسُوْلِهٖ وَالْكِتٰبِ الَّذِیْٓ اَنْزَلَ مِنْ قَبْلُ ؕ وَمَنْ يَّكْفُرْ
بِاللّٰهِ وَمَلٰٓئِكَتِهٖ وَكُتُبِهٖ وَرُسُلِهٖ وَالْيَوْمِ الْاٰخِرِ فَقَدْ ضَلَّ
ضَلٰلًاۢ بَعِيْدًا ۝١٣٦

(૧૩૬) અય ઈમાન લાવનારાઓ ! તમે અલ્લાહ પર તથા તેના રસૂલ પર અને તે કિતાબ પર જે તેણે પોતાના રસૂલ પર ઉતારી છે અને તે કિતાબ પર કે જે તેણે પ્રથમ ઉતારી છે ઈમાન લાવો; અને જે કોઈ અલ્લાહનો તથા તેના ફરિશ્તાઓનો તથા તેની કિતાબોનો તથા તેના રસુલોનો અને છેલ્લા દિવસનો ઈન્કાર કરશે, તે ખરેજ સન્માર્ગથી ઘણે દૂર ભટકી જશે.

إِنَّ الَّذِينَ اٰمَنُوا ثُمَّ كَفَرُوا ثُمَّ اٰمَنُوا ثُمَّ كَفَرُوا ثُمَّ ازْدَادُوا كُفْرًا لَّمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ سَبِيلًا ﴿١٣٧﴾

(૧૩૭) નિસંશય જે લોકો ઈમાન લાવ્યા (અને) પાછા ઈમાનથી ફરી ગયા, પછી પાછા ઈમાન લાવ્યા અને પાછા ઈમાનથી ફરી ગયા, પછી પોતાના નાસ્તિકપણામાં વધારો કર્યો તો અલ્લાહ એવો નથી કે તેવાઓને માફ કરે અને ન એ કે તેમને સન્માર્ગે પહોંચાડે.

بَشِّرِ الْمُنٰفِقِيْنَ بِاَنَّ لَهُمْ عَذَابًا اَلِيْمًا ۙ﴿۱۳۸﴾

(૧૩૮) (અય રસૂલ!) તે દાંભિકોને આ ખુશખબર સંભળાવી દે કે ખરેજ તેમના માટે દુઃખદાયક અઝાબ છે;

الَّذِيْنَ يَتَّخِذُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ؕ
اَيَبْتَغُوْنَ عِنْدَهُمُ الْعِزَّةَ فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ؕ﴿۱۳۹﴾

(૧૩૯) કે જેઓ મોઅમીનોને છોડી મુશરિકો કાફિરોને મિત્ર બનાવે છે; શું તેઓ તેમની પાસે ઈજ્જત શોધે છે? પણ નિસંશય સઘળી ઈજ્જત તો અલ્લાહને માટે જ છે.

وَقَدۡ نَزَّلَ عَلَيۡكُمۡ فِى الۡكِتٰبِ اَنۡ اِذَا سَمِعۡتُمۡ اٰيٰتِ اللّٰهِ يُكۡفَرُ بِهَا وَيُسۡتَهۡزَاُ بِهَا فَلَا تَقۡعُدُوۡا مَعَهُمۡ حَتّٰى يَخُوۡضُوۡا فِىۡ حَدِيۡثٍ غَيۡرِهٖ ۖ اِنَّكُمۡ اِذًا مِّثۡلُهُمۡ ؕ اِنَّ اللّٰهَ جَامِعُ الۡمُنٰفِقِيۡنَ وَالۡكٰفِرِيۡنَ فِىۡ جَهَنَّمَ جَمِيۡعَاۨ ۙ‏ ﴿۱۴۰﴾

(૧૪૦) અને ખરેજ તે તમારા ઉપર કિતાબમાં આ હુકમ ઉતારી ચૂકયો છે કે જે વખતે તમે સાંભળો કે અલ્લાહની આયતોનો ઈન્કાર કરવામાં આવે છે

અને તેની હાંસી ઉડાડવામાં આવે છે, તો તમે એવા લોકો પાસે બેસી ન રહો જ્યાં સુધી કે તેઓ બીજી કોઈ વાતચીત શરૂ કરે નહિ; નહિતર તમે પણ તે હાલતમાં તેમનાજ જેવા થઈ જશો; બેશક અલ્લાહ સઘળા દાંભિકો અને નાફરમાનોને જહન્નમમાં ભેગા કરનાર છે;

الَّذِيۡنَ يَتَرَبَّصُوۡنَ بِكُمۡ ۚ فَاِنۡ كَانَ لَكُمۡ فَتۡحٌ مِّنَ اللّٰهِ قَالُوۡۤا
اَلَمۡ نَكُنۡ مَّعَكُمۡ ۖ وَاِنۡ كَانَ لِلۡكٰفِرِيۡنَ نَصِيۡبٌ ۙ قَالُوۡۤا اَلَمۡ
نَسۡتَحۡوِذۡ عَلَيۡكُمۡ وَنَمۡنَعۡكُمۡ مِّنَ الۡمُؤۡمِنِيۡنَ ؕ فَاللّٰهُ يَحۡكُمُ
بَيۡنَكُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ ؕ وَلَنۡ يَّجۡعَلَ اللّٰهُ لِلۡكٰفِرِيۡنَ عَلَى
الۡمُؤۡمِنِيۡنَ سَبِيۡلًا ۝١٤١

(૧૪૧) જેઓ (તમારા પર કોઈ મુસીબત આવી પડવાની) વાટ જોતા રહે છે; પછી જ્યારે અલ્લાહ તરફથી તમારો વિજય થાય છે ત્યારે કહે છે કે શું અમે તમારી સાથે ન હતા ? અને જો નાફરમાનોને લાભ મળી જાય છે ત્યારે કહે છે કે શું અમે તમારા પર વિજયી થઈ ગયા ન હતા? અને (તે પછી) શું અમોએ તમને મોઅમીનોથી બચાવ્યા ન હતા ? પછી અલ્લાહ કયામતના દિવસે તમારી વચ્ચે ફેંસલો કરી દેશે; અને અલ્લાહ ઈમાન ન લાવનારાઓને મોઅમીનો પર હરગિજ તક આપશે નહિ.

اِنَّ الْمُنٰفِقِيْنَ يُخٰدِعُوْنَ اللّٰهَ وَهُوَ خَادِعُهُمْ ۚ وَاِذَا قَامُوْٓا اِلَى
الصَّلٰوةِ قَامُوْا كُسَالٰى ۙ يُرَآءُوْنَ النَّاسَ وَلَا يَذْكُرُوْنَ اللّٰهَ
اِلَّا قَلِيْلًا ۙ﴿۱۴۲﴾

(૧૪૨) બેશક દાંભિકો અલ્લાહને ધોખો આપવાના પ્રયત્ન કરે છે. પણ તે (અલ્લાહ) તેમને જ ધોખો આપનાર છે; અને જે વેળા તેઓ નમાઝ માટે ઉભા થાય છે તો આળસાઈથી ઉભા થાય છે; લોકોને દેખાડવા માટે જ ઉભા થાય છે અને અલ્લાહનો ઝિક્ર ઘણોજ થોડો કરે છે;

مُّذَبْذَبِيْنَ بَيْنَ ذٰلِكَ ۖ لَآ اِلٰى هٰٓؤُلَآءِ وَلَآ اِلٰى هٰٓؤُلَآءِ ؕ وَمَنْ
يُّضْلِلِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ سَبِيْلًا ﴿۱۴۳﴾

(૧૪૩) તેઓ (ઈમાન અને બેઈમાની)ની વચ્ચે ડામાડોળ છે, ન આ તરફ છે ન પેલી તરફ; અને જેનાથી અલ્લાહ હિદાયતની તોફીક ખુંચવી લે છે તો તું તેના માટે હરગિઝ કોઈ (હિદાયત) માર્ગ મેળવી શકશે નહિ.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ؕ اَتُرِيْدُوْنَ اَنْ تَجْعَلُوْا لِلّٰهِ عَلَيْكُمْ سُلْطٰنًا مُّبِيْنًا ﴿۱۴۴﴾

(૧૪૪) અય ઈમાન લાવનારાઓ ! મોમીનોને મૂકી કાફિરોને મિત્ર બનાવો નહિ; શું તમે એમ ચાહો છો

કે તમારી પોતાની વિરૂદ્ધ અલ્લાહના માટે ખુલ્લી દલીલ કાયમ કરી લો ?

إِنَّ الْمُنٰفِقِيْنَ فِي الدَّرْكِ الْاَسْفَلِ مِنَ النَّارِ ۚ وَلَنْ تَجِدَ لَهُمْ نَصِيْرًا ۙ﴿١٤٥﴾

(૧૪૫) નિસંશય દાંભિકો જહન્નમનાં સૌથી નીચેના તબક્કામાં હશે, અને તું તેમના માટે કોઈ મદદગાર જોશે નહિ;

إِلَّا الَّذِيْنَ تَابُوْا وَاَصْلَحُوْا وَاعْتَصَمُوْا بِاللّٰهِ وَاَخْلَصُوْا دِيْنَهُمْ لِلّٰهِ فَاُولٰٓئِكَ مَعَ الْمُؤْمِنِيْنَ ؕ وَسَوْفَ يُؤْتِ اللّٰهُ الْمُؤْمِنِيْنَ اَجْرًا عَظِيْمًا ﴿١٤٦﴾

(૧૪૬) સિવાય તેમના કે જેઓ તૌબા કરી લે અને સુધારણા કરે તથા અલ્લાહને દ્રઢતાપૂર્વક વળગી રહે અને અલ્લાહના જ માટે પોતાના ધર્મને નિર્મળ કરી રાખે તો તેઓજ મોમીનોની સાથે રહેશે; અને અલ્લાહ મોમીનોને ઘણો મોટો બદલો આપશે.

مَا يَفْعَلُ اللّٰهُ بِعَذَابِكُمْ اِنْ شَكَرْتُمْ وَاٰمَنْتُمْ ؕ وَكَانَ اللّٰهُ شَاكِرًا عَلِيْمًا ﴿١٤٧﴾

(૧૪૭) જો તમે શુક્ર કરો અને ઈમાન લાવો તો અલ્લાહ તમને શા માટે અઝાબ આપે ? અને અલ્લાહ કદર કરનાર (અને) સર્વજ્ઞ છે.

(૧૪૮) કોઇ ખુલ્લી રીતે કોઇને માટે બૂરૂં બોલે તે અલ્લાહ પસંદ કરતો નથી, સિવાય કે જેના ઉપર અન્યાય કરવામાં આવ્યો હોય; અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

اِنۡ تُبۡدُوۡا خَيۡرًا اَوۡ تُخۡفُوۡهُ اَوۡ تَعۡفُوۡا عَنۡ سُوۡٓءٍ فَاِنَّ اللّٰهَ كَانَ عَفُوًّا قَدِيۡرًا ﴿۱۴۹﴾

(૧૪૯) જો તમે કોઇ નેકી જાહેરમાં કરો અથવા છુપી રીતે કરો અથવા કોઇ બૂરાઇથી દરગુજર કરો તો નિસંશય અલ્લાહ પણ મહાન દરગુજર કરનાર (અને) સત્તાવાન છે.

اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاللّٰهِ وَرُسُلِهٖ وَيُرِيْدُوْنَ اَنْ يُّفَرِّقُوْا بَيْنَ
اللّٰهِ وَرُسُلِهٖ وَيَقُوْلُوْنَ نُؤْمِنُ بِبَعْضٍ وَّنَكْفُرُ بِبَعْضٍ ۙ
وَّيُرِيْدُوْنَ اَنْ يَّتَّخِذُوْا بَيْنَ ذٰلِكَ سَبِيْلًا ۙ﴿١٥٠﴾

(૧૫૦) બેશક જે લોકો અલ્લાહનો તથા તેના રસૂલોનો ઇન્કાર કરે છે તથા અલ્લાહ અને તેના રસૂલો વચ્ચે જુદાઇ પાડવા ઇચ્છે છે અને કહે છે કે અમે કેટલાક (રસુલો)ને માનીએ છીએ અને કેટલાકોનો ઇન્કાર કરીએ છીએ, અને તેઓ આ બંને (કુફ્ર તથા ઇમાન) વચ્ચેનો (બીજો) એક માર્ગ ગ્રહણ કરવા ઇચ્છે છે:

أُولَٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ۚ وَاَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ عَذَابًا
مُّهِيْنًا ﴿١٥١﴾

(૧૫૧) તેઓજ ખરેખરા નાસ્તિક છે; અને અમોએ નાસ્તિકો માટે નામોશી ભર્યો અઝાબ તૈયાર કર્યો છે.

وَالَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ وَلَمْ يُفَرِّقُوْا بَيْنَ اَحَدٍ مِّنْهُمْ
أُولَٰٓئِكَ سَوْفَ يُؤْتِيْهِمْ اُجُوْرَهُمْ ۗ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿١٥٢﴾

(૧૫૨) અને જેઓ અલ્લાહ તથા તેના (સઘળા) રસૂલો પર (એક સરખી રીતે) ઇમાન લાવ્યા છે અને તે (રસુલો)માંથી કોઇની વચ્ચે ભેદભાવ રાખતા નથી તો તે (અલ્લાહ) તેમને તેમનો

બદલો નજીકમાં અપાશે; અને અલ્લાહ મહાન ક્ષમા કરનાર (અને) દયા કરનાર છે.

يَسْـَٔلُكَ اَهْلُ الْكِتٰبِ اَنْ تُنَزِّلَ عَلَيْهِمْ كِتٰبًا مِّنَ السَّمَآءِ
فَقَدْ سَاَلُوْا مُوْسٰۤى اَكْبَرَ مِنْ ذٰلِكَ فَقَالُوْۤا اَرِنَا اللّٰهَ جَهْرَةً
فَاَخَذَتْهُمُ الصّٰعِقَةُ بِظُلْمِهِمْ ۚ ثُمَّ اتَّخَذُوا الْعِجْلَ مِنْۢ بَعْدِ
مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ فَعَفَوْنَا عَنْ ذٰلِكَ ۚ وَاٰتَيْنَا مُوْسٰى
سُلْطٰنًا مُّبِيْنًا ﴿۱۵۳﴾

(૧૫૩) (અય રસૂલ) કિતાબવાળાઓ તારાથી સવાલ કરે છે કે તું આકાશ પરથી તેમના ઉપર કોઇ કિતાબ ઉતારી લાવે; તો ખરેજ મૂસાને (પણ) તેઓ આ કરતાંય ભારે સવાલ કરી ચૂક્યા છે,

અર્થાત તેમણે કહ્યું હતું કે અમને અલ્લાહ પ્રત્યક્ષ દેખાડી દે; જેથી તેમના (આ) ઝુલ્મના કારણે તેમને વીજળી (ના કડાકા) એ પકડી પાડ્યા. વળી તેમની પાસે (તૌહીદના) પ્રત્યક્ષ પુરાવા આવી ગયા પછી પણ તેઓ વાછરડું પૂજવા લાગ્યા, છતાં અમોએ તે (ગુનાહ)થી પણ દરગુજર કરી; અને મૂસાને ખુલ્લી સત્તા અર્પણ કરી.

وَرَفَعْنَا فَوْقَهُمُ الطُّوْرَ بِمِيْثَاقِهِمْ وَقُلْنَا لَهُمُ ادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّقُلْنَا لَهُمْ لَا تَعْدُوْا فِي السَّبْتِ وَاَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا غَلِيْظًا ﴿۱۵۴﴾

(૧૫૪) અને તેમનાથી વચન લેવા માટે તેમના પર તે (સીના) પર્વતને ઊંચો કરી (ધરી રાખ્યો) અને તેમને અમોએ કહ્યું કે (આ શહેરના) દરવાઝામાંથી સિજદો કરતા દાખલ થાઓ તથા તેમને (આ પણ) કહ્યું કે "સબ્ત" (શનિવારના દિવસ)માં અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરો નહિ; અને (આ વિશે) અમોએ તેમની પાસેથી દ્રઢ વચન લીધું હતું.

فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ وَكُفْرِهِمْ بِاٰيٰتِ اللّٰهِ وَقَتْلِهِمُ
الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ وَّقَوْلِهِمْ قُلُوْبُنَا غُلْفٌ ؕ بَلْ طَبَعَ اللّٰهُ
عَلَيْهَا بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ اِلَّا قَلِيْلًا ۪﴿۱۵۵﴾

(૧૫૫) પછી તેઓના પોતાના વચન ભંગ કરવાના કારણે અને અલ્લાહની આયતોનો ઇન્કાર કરવાના કારણે અને નબીઓને વિના કારણે મારી નાખવાના કારણે (અમોએ પણ તેમને ફિટકાર્યા); વળી તેમના આ બોલો કહેવાના કારણે કે "અમારા અંતઃકરણો પર પડદો છે," (જો કે તેમ નથી) બલ્કે અલ્લાહે તેમના નાસ્તિકપણાના કારણે તેમના અંતઃકરણો પર મહોર લગાડી દીધી છે, માટે તેઓમાંથી ઘણાં થોડાક સિવાય ઇમાન લાવશે નહિ.

وَّبِكُفۡرِهِمۡ وَقَوۡلِهِمۡ عَلٰى مَرۡيَمَ بُهۡتَانًا عَظِيۡمًا ۝١٥٦

(૧૫૬) વળી તેમની નાફરમાનીના કારણે અને મરિયમ ઉપર ગંભીર આળ મૂકવાના કારણેઃ

وَّقَوۡلِهِمۡ اِنَّا قَتَلۡنَا الۡمَسِيۡحَ عِيۡسَى ابۡنَ مَرۡيَمَ رَسُوۡلَ اللّٰهِ ۚ وَمَا قَتَلُوۡهُ وَمَا صَلَبُوۡهُ وَلٰـكِنۡ شُبِّهَ لَهُمۡ‌ ؕ وَاِنَّ الَّذِيۡنَ اخۡتَلَفُوۡا فِيۡهِ لَفِىۡ شَكٍّ مِّنۡهُ‌ ؕ مَا لَهُمۡ بِهٖ مِنۡ عِلۡمٍ اِلَّا اتِّبَاعَ الظَّنِّ‌ ۚ وَمَا قَتَلُوۡهُ يَقِيۡنًا ۙ‏ ﴿۱۵۷﴾

(૧૫૭) અને તેમના આ કહેવાના કારણે કે નિસંશય અમોએ અલ્લાહના રસૂલ મરિયમના પુત્ર, ઇસા, મસીહને મારી નાખ્યો છે, જો કે તેમણે તેને ન મારી નાખ્યો અને ન શૂળીએ ચઢાવ્યો પરંતુ તેમને તે (ઇસા)ના જેવો લાગ્યો હતો; અને

નિસંશય જે લોકો આ બાબતમાં મતભેદ કરે છે (અને સમજે છે કે ઇસાને શૂળી પર ચઢાવવામાં આવ્યો) તો આ બાબતમાં ખરેજ તેઓ મોટી શંકામાં (પડ્યા) છે; કેવળ ગુમાનના અનુકરણ સિવાય તેમને આ (બાબત)માં કાંઇ જ્ઞાન નથી, અને આ તો ખાત્રીપૂર્વક છે કે તેમણે તેને કત્લ કર્યો નથીઃ

بَلْ رَّفَعَهُ اللّٰهُ اِلَيْهِ ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ﴿١٥٨﴾

(૧૫૮) બલ્કે તેને અલ્લાહે પોતાની તરફ ઊંચકી લીધો છે; અને અલ્લાહ ઝબરદસ્ત હિકમતવાળો છે.

وَاِنۡ مِّنۡ اَهۡلِ الۡكِتٰبِ اِلَّا لَيُؤۡمِنَنَّ بِهٖ قَبۡلَ مَوۡتِهٖ‌ ۚ وَيَوۡمَ
الۡقِيٰمَةِ يَكُوۡنُ عَلَيۡهِمۡ شَهِيۡدًا ۚ‏ ﴿۱۵۹﴾

(૧૫૯) અને કિતાબવાળાઓમાંથી કોઇપણ એવો નહિ હશે કે જે (મસીહ)ના મરણ પહેલાં તેના પર ઇમાન નહિ લાવે, અને કયામતના દિવસે તે (મસીહ) તેમની વિરૂધ્ધ સાક્ષી આપશે.

فَبِظُلۡمٍ مِّنَ الَّذِيۡنَ هَادُوۡا حَرَّمۡنَا عَلَيۡهِمۡ طَيِّبٰتٍ اُحِلَّتۡ
لَهُمۡ وَبِصَدِّهِمۡ عَنۡ سَبِيۡلِ اللّٰهِ كَثِيۡرًا ۙ‏ ﴿۱۶۰﴾

(૧૬૦) પછી યહૂદીઓના ઝુલ્મોના કારણે તેમના માટે જે હલાલ વસ્તુઓ હતી તેમાંથી ઘણીએ વસ્તુઓ તેમના માટે અમોએ હરામ કરી નાખી,

તેમજ ઘણા લોકોને અલ્લાહના માર્ગથી રોકવાના કારણે પણઃ

وَّاَخۡذِهِمُ الرِّبٰوا وَقَدۡ نُهُوۡا عَنۡهُ وَاَكۡلِهِمۡ اَمۡوَالَ النَّاسِ
بِالۡبَاطِلِ‌ؕ وَاَعۡتَدۡنَا لِلۡكٰفِرِيۡنَ مِنۡهُمۡ عَذَابًا اَلِيۡمًا ﴿۱۶۱﴾

(૧૬૧) અને વ્યાજ ખાવાના કારણે, જો કે તેની તેમને ખચીતજ મનાઇ કરવામાં આવી હતી અને લોકોનો માલ ગેરવાજબી રીતે ખાઇ જવાના કારણે (ઘણી પાક વસ્તુઓ તેમના માટે હરામ કરી દીધી); અને તેઓમાં જે ઇન્કાર કરનારા છે તેમના માટે અમોએ દુ:ખદાયક અઝાબ તૈયાર રાખ્યો છે.

لٰكِنِ الرّٰسِخُوْنَ فِي الْعِلْمِ مِنْهُمْ وَالْمُؤْمِنُوْنَ يُؤْمِنُوْنَ بِمَآ
اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَالْمُقِيْمِيْنَ الصَّلٰوةَ
وَالْمُؤْتُوْنَ الزَّكٰوةَ وَالْمُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ اُولٰٓئِكَ
سَنُؤْتِيْهِمْ اَجْرًا عَظِيْمًا ﴿١٦٢﴾

(૧૬૨) પરંતુ તેઓમાંથી જેઓ ધાર્મિક જ્ઞાનમાં પ્રવીણ છે તથા જેઓ ઇમાન ધરાવનારા છે તેઓ જે કાંઇ તારા પર ઉતારવામાં આવ્યું છે તેને અને જે કાંઇ તારી પહેલાં ઉતારવામાં આવ્યું છે તેને માને છે અને નમાઝ પઢનારા તથા ઝકાત આપનારા અને અલ્લાહ તથા કયામતના દિવસ

પર ઇમાન લાવનારા છે તેમને જ અમે નઝદીકમાં ઘણો મોટો બદલો આપનાર છીએ

إِنَّآ أَوۡحَيۡنَآ إِلَيۡكَ كَمَآ أَوۡحَيۡنَآ إِلَىٰ نُوحٖ وَٱلنَّبِيِّـۧنَ مِنۢ بَعۡدِهِۦۚ وَأَوۡحَيۡنَآ إِلَىٰٓ إِبۡرَٰهِيمَ وَإِسۡمَٰعِيلَ وَإِسۡحَٰقَ وَيَعۡقُوبَ وَٱلۡأَسۡبَاطِ وَعِيسَىٰ وَأَيُّوبَ وَيُونُسَ وَهَٰرُونَ وَسُلَيۡمَٰنَۚ وَءَاتَيۡنَا دَاوُۥدَ زَبُورٗا ١٦٣

(૧૬૩) નિસંશય અમોએ તારા ઉપર એવી રીતે વહી મોકલી છે કે જેવી રીતે નૂહ પર અને તેના પછીના નબીઓ પર મોકલી હતી. અને જેવી રીતે અમોએ ઇબ્રાહીમ તથા ઇસ્માઇલ તથા ઇસ્હાક તથા યાકૂબ તથા અસ્બાત (ઇસરાઇલના વંશજો)

તથા ઇસા તથા ઐયુબ તથા યુનુસ તથા હારૂન તથા સુલયમાન પર વહી મોકલી હતી, અને દાઉદને અમોએ ઝબૂર અર્પણ કરી હતી.

وَرُسُلًا قَدۡ قَصَصۡنٰهُمۡ عَلَيۡكَ مِنۡ قَبۡلُ وَرُسُلًا لَّمۡ
نَقۡصُصۡهُمۡ عَلَيۡكَ ؕ وَكَلَّمَ اللّٰهُ مُوۡسٰى تَكۡلِيۡمًا ۝١٦٤

(૧૬૪) અને (બીજા) રસૂલો (ઉપર પણ કે) જેમના કિસ્સા અમે તને પહેલાં વર્ણવી ચૂક્યા છીએ અને એવા રસૂલો પણ કે જેમના કિસ્સા અમે તને (હજી) વર્ણવ્યા નથી. અને મૂસા સાથે અલ્લાહે વાતો કરવા જોગ વાતો કરી.

رُسُلًا مُّبَشِّرِيْنَ وَمُنْذِرِيْنَ لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ عَلَى اللّٰهِ حُجَّةٌۢ

بَعْدَ الرُّسُلِ ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ﴿۱۶۵﴾

(૧૬૫) આ રસૂલો (ને અમોએ) ખુશખબર આપનારા તથા ડરાવનારા (બનાવી મોકલ્યા) હતા કે જેથી રસૂલો આવ્યા બાદ અલ્લાહના શીરે માણસોની કોઇ દલીલ ન રહેવા પામે; અને અલ્લાહ ઝબરદસ્ત (અને) હીકમતવાળો છે.

لٰكِنِ اللّٰهُ يَشْهَدُ بِمَآ اَنْزَلَ اِلَيْكَ اَنْزَلَهٗ بِعِلْمِهٖ ۚ وَالْمَلٰٓئِكَةُ

يَشْهَدُوْنَ ؕ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ﴿۱۶۶﴾ؕ

(૧૬૬) (અય રસૂલ! અગર કિતાબવાળા ન માને તો પણ) અલ્લાહે તારા પર જે કાંઇ ઉતાર્યું છે

તેની સાક્ષી આપે છે કે તે તેણે પોતાની જાણથી ઉતાર્યું છે, અને ફરિશ્તાઓ પણ (એ વાતની) સાક્ષી આપે છે; અને અલ્લાહની સાક્ષી પૂરતી છે.

إِنَّ الَّذِينَ كَفَرُوا وَصَدُّوا عَن سَبِيلِ اللَّهِ قَدْ ضَلُّوا ضَلَالًا بَعِيدًا ﴿١٦٧﴾

(૧૬૭) બેશક જે લોકો ઇમાન નથી લાવ્યા અને જેઓ (બીજા લોકોને) અલ્લાહના માર્ગથી રોકે છે તેઓ ખરેજ ગુમરાહ થઇ ઘણે દૂર ભટકી ગયા છે.

إِنَّ الَّذِينَ كَفَرُوا وَظَلَمُوا لَمْ يَكُنِ اللَّهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ طَرِيقًا ﴿١٦٨﴾

(૧૬૮) નિસંશય જે લોકોએ નાસ્તિકપણું ધારણ કર્યું તથા ઝુલ્મ પણ કર્યો તેમને અલ્લાહ હરગિઝ માફ કરશે નહિ અને ન તેમને કોઇ માર્ગની હિદાયત કરશેઃ

اِلَّا طَرِيۡقَ جَهَنَّمَ خٰلِدِيۡنَ فِيۡهَاۤ اَبَدًا‌ ؕ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ

يَسِيۡرًا ﴿۱۶۹﴾

(૧૬૯) સિવાય કે જહન્નમના માર્ગની કે જેમાં તેઓ સદાને માટે રહેશે; અને અલ્લાહને માટે આ સરળ છે.

يَاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمُ الرَّسُوْلُ بِالْحَقِّ مِنْ رَّبِّكُمْ فَاٰمِنُوْا
خَيْرًا لَّكُمْ ؕ وَاِنْ تَكْفُرُوْا فَاِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿۱۷۰﴾

(૧૭૦) અય લોકો! ખરેખર (આ) રસૂલ (મોહમ્મદ સ.અ.વ.) તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે સત્ય (ધર્મ) લઇને આવ્યો છે માટે તેના પર ઇમાન લાવો, (એ) તમારા માટે બેહતર છે; પણ જો તમે ઇમાન નહિ લાવો તો નિસંશય આકાશો તથા ઝમીનમાં જે કાંઇ છે તે સર્વ અલ્લાહનું છે; અને અલ્લાહ સર્વજ્ઞ (તથા) હિકમતવાળો છે.

يٰۤاَهۡلَ الۡكِتٰبِ لَا تَغۡلُوۡا فِىۡ دِيۡـنِكُمۡ وَلَا تَقُوۡلُوۡا عَلَى اللّٰهِ اِلَّا
الۡحَـقَّ‌ ؕ اِنَّمَا الۡمَسِيۡحُ عِيۡسَى ابۡنُ مَرۡيَمَ رَسُوۡلُ اللّٰهِ وَكَلِمَتُهٗ‌ ۚ
اَ لۡقٰهَاۤ اِلٰى مَرۡيَمَ وَرُوۡحٌ مِّنۡهُ‌ فَاٰمِنُوۡا بِاللّٰهِ وَرُسُلِهٖ‌ ۚ وَلَا
تَقُوۡلُوۡا ثَلٰثَةٌ‌ ؕ اِنْتَهُوۡا خَيۡرًا لَّـكُمۡ‌ ؕ اِنَّمَا اللّٰهُ اِلٰـهٌ وَّاحِدٌ‌ ؕ سُبۡحٰنَهٗۤ
اَنۡ يَّكُوۡنَ لَهٗ وَلَدٌ‌ ۘ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ‌ ؕ وَكَفٰى
بِاللّٰهِ وَكِيۡلًا ﴿۱۷۱﴾

(૧૭૧) અય કિતાબવાળાઓ! તમારા દીનના સબંધમાં અતિશયોક્તિ કરો નહિ અને અલ્લાહના સંબંધમાં સત્ય સિવાય બીજું કાંઇ પણ કહો નહિ; મસીહ, મરિયમનો પુત્ર ઇસા અલ્લાહના એક રસૂલ

સિવાય અન્ય કોઇ નથી અને તે માત્ર તે (અલ્લાહ)નો એક (આજ્ઞાર્થક) બોલ ("કુન") છે, જેને તેણે મરિયમ તરફ ફેંક્યો હતો અને તેની પૈદા કરેલી એક રૂહ (આત્મા) છે; માટે અલ્લાહ તથા તેના રસૂલો પર ઇમાન લાવો, અને "સલાસા" (ત્રણ ખુદા) છે એમ કહો નહિ, (અને એમ કહેવાથી) બચો એ તમારા માટે બેહતર છે; અલ્લાહ તો એક એકલો માઅબૂદ છે; તે એથી પાક છે કે તેને કોઇ પુત્ર હોય; આકાશો તથા ઝમીનમાં જે કાંઇ છે તે તેનું જ છે; અને અલ્લાહ કાર્યસાધકતા માટે બસ છે.

لَنۡ يَّسۡتَنۡكِفَ الۡمَسِيۡحُ اَنۡ يَّكُوۡنَ عَبۡدًا لِّلّٰهِ وَلَا الۡمَلٰٓـئِكَةُ
الۡمُقَرَّبُوۡنَ‌ؕ وَمَنۡ يَّسۡتَنۡكِفۡ عَنۡ عِبَادَتِهٖ وَيَسۡتَكۡبِرۡ
فَسَيَحۡشُرُهُمۡ اِلَيۡهِ جَمِيۡعًا‏ ﴿۱۷۲﴾

(૧૭૨) મસીહ અલ્લાહનો બંદો બનવામાં હરગિઝ હલકાઇ સમજતો નથી તેમજ નિકટના ફરિશ્તાઓ પણ; અને જે કોઇ તે (એક અલ્લાહ)ની ઇબાદત કરવાને હલકાઇ ગણે છે અને અહંકાર કરે છે તો નજીકમાં જ તે તેમને પોતાની પાસે ભેગા કરી લેશે.

فَاَمَّا الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيۡهِمۡ اُجُوۡرَهُمۡ
وَيَزِيۡدُهُمۡ مِّنۡ فَضۡلِهٖ‌ۚ وَاَمَّا الَّذِيۡنَ اسۡتَنۡكَفُوۡا وَاسۡتَكۡبَرُوۡا

فَيُعَذِّبُهُمْ عَذَابًا اَلِيْمًا ۙ وَّلَا يَجِدُوْنَ لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ وَلِيًّا
وَّلَا نَصِيْرًا ﴿١٧٣﴾

(૧૭૩) પછી જે લોકો ઇમાન લાવ્યા છે તથા સત્કાર્યો કરે છે તેમને તે તેના બદલા પૂરે પૂરા આપશે, વળી પોતાની કૃપાથી તેમને કાંઇ વધારી પણ આપશે; અને જે લોકો (અલ્લાહના બંદા હોવામાં) હલકાઇ ગણે છે અને અભિમાન કરે છે તો તે તેમને દુ:ખદાયક અઝાબ આપશે. અને અલ્લાહ સિવાય તેઓ અન્ય કોઇને પોતાનો મિત્ર કે મદદગાર જોશે નહિ.

يَاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمْ بُرْهَانٌ مِّنْ رَّبِّكُمْ وَاَنْزَلْنَآ اِلَيْكُمْ نُوْرًا مُّبِيْنًا ﴿١٧٤﴾

(૧૭૪) અય લોકો! બેશક તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી (સત્ય ધર્મની ખુલ્લી) દલીલ આવી ચૂકી છે અને અમોએ તમારા તરફ સત્ય ખુલ્લું કરી દેખાડી દેનાર નુર (કુરઆન) ઉતાર્યું છે.

فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَاعْتَصَمُوْا بِهٖ فَسَيُدْخِلُهُمْ فِيْ رَحْمَةٍ مِّنْهُ وَفَضْلٍ ۙ وَّيَهْدِيْهِمْ اِلَيْهِ صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿١٧٥﴾

(૧૭૫) પછી જે લોકો અલ્લાહ પર ઇમાન લાવ્યા તથા તે (કુરઆન)ને દ્રઢતાપૂર્વક વળગી રહ્યા,

તેમને નઝદીકમાં તે પોતાની દયા તથા કૃપામાં દાખલ કરશે અને તેમને પોતાની તરફનો સીધો માર્ગ દેખાડશે.

يَسۡتَفۡتُوۡنَكَ ؕ قُلِ اللّٰهُ يُفۡتِيۡكُمۡ فِى الۡكَلٰلَةِ ؕ اِنِ امۡرُؤٌا هَلَكَ
لَيۡسَ لَهٗ وَلَدٌ وَّلَهٗۤ اُخۡتٌ فَلَهَا نِصۡفُ مَا تَرَكَ ۚ وَهُوَ يَرِثُهَاۤ اِنۡ
لَّمۡ يَكُنۡ لَّهَا وَلَدٌ ؕ فَاِنۡ كَانَتَا اثۡنَتَيۡنِ فَلَهُمَا الثُّلُثٰنِ مِمَّا
تَرَكَ ؕ وَاِنۡ كَانُوۡۤا اِخۡوَةً رِّجَالًا وَّنِسَآءً فَلِلذَّكَرِ مِثۡلُ حَظِّ
الۡاُنۡثَيَيۡنِ ؕ يُبَيِّنُ اللّٰهُ لَكُمۡ اَنۡ تَضِلُّوۡا ؕ وَاللّٰهُ بِكُلِّ شَىۡءٍ
عَلِيۡمٌ ١٧٦ ع

(૧૭૬) (અય રસૂલ !) તેઓ તારી પાસે ફત્વો માગે છે; તું કહે કે અલ્લાહ તમને "કલાલહ"ના સંબંધમાં ફત્વો આપે છે; કે જો કોઇ પુરૂષ અવલાદ (અથવા માં-બાપ) વિના મરણ પામે અને તેની (માત્ર) એક બહેન હોય તો તેને જે તે મૂકી જાય તેનો અર્ધો ભાગ મળશે, અને એવીજ રીતે તે શખ્સ તે બહેનનો વારસ થશે જો તેણીને અવલાદ (અથવા માં-બાપ) નહિ હોય; પણ જો બે બહેનો હોય તો બંનેને જે તે મૂકી જાય તેનો બે તૃતિયાંશ ભાગ મળશે; અને જો ભાઇ બહેનો હોય તો પુરૂષને બે સ્ત્રીઓની બરાબર મળશે; અલ્લાહ તમારા માટે (આ) એ કારણે સ્પષ્ટ કરીને વર્ણવે છે કે તમે

ભટકી જાઓ નહિ; અને અલ્લાહ દરેક વસ્તુથી ખબરદાર છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَوْفُوْا بِالْعُقُوْدِ ۬ؕ اُحِلَّتْ لَكُمْ بَهِيْمَةُ
الْاَنْعَامِ اِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ غَيْرَ مُحِلِّى الصَّيْدِ وَاَنْتُمْ
حُرُمٌ ؕ اِنَّ اللّٰهَ يَحْكُمُ مَا يُرِيْدُ ①

(૧) અય ઇમાન લાવનારાઓ! (આપેલા) વાયદા પૂરા કરો, ચોપગા જાનવરો તમારા માટે હલાલ કરવામાં આવ્યા છે સિવાય કે જે (ની મનાઇ) તમને વાંચી સંભળાવવામાં આવી છે; પણ જ્યારે તમે એહરામની (હજના વસ્ત્રો પરિધાન કરેલી) હાલતમાં હો તો શિકાર (કરવા)ને હલાલ સમજશો

નહિ; બેશક અલ્લાહ જેવો ચાહે છે તેવો હુકમ આપે છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحِلُّوْا شَعَآئِرَ اللّٰهِ وَلَا الشَّهْرَ الْحَرَامَ وَلَا
الْهَدْيَ وَلَا الْقَلَآئِدَ وَلَآ اٰمِّيْنَ الْبَيْتَ الْحَرَامَ يَبْتَغُوْنَ
فَضْلًا مِّنْ رَّبِّهِمْ وَرِضْوَانًا ؕ وَاِذَا حَلَلْتُمْ فَاصْطَادُوْا ؕ وَلَا
يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ اَنْ صَدُّوْكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ اَنْ
تَعْتَدُوْا ۘ وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى ۖ وَلَا تَعَاوَنُوْا عَلَى
الْاِثْمِ وَالْعُدْوَانِ ۖ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ۝٢

(૨) અય ઇમાન લાવનારાઓ! અલ્લાહની (નક્કી કરેલી) નિશાનીઓની અવગણના ન કરો અને ન

હુરમતવાળા મહીનાની અને ન ભેટ ધરેલી કુરબાનીની અને ન ચટાપટાવાળી (ખાસ પ્રકારના નિશાન કરેલી) કુરબાનીની અને ન તે લોકોની કે જેઓ પોતાના પરવરદિગારની મહેરબાની તથા તેની ખુશી મેળવવાની ઇચ્છાથી તે હુરમતવાળા ઘર તરફ જતા હોય; અને જ્યારે તમે એહરામ ઉતારી નાખો ત્યારે (ભલે) શિકાર કરો; અને કોઇ કોમે તમને મસ્જિદુલ હરામથી રોક્યા તેથી તે (કોમ) પ્રતિ (ઉત્પન્ન થયેલો) દ્વેષભાવ તમને ઉશ્કેરીને એ વાતનું કારણ ન બને કે તમે અત્યાચારી બની બેસો; અને નેકી તથા પરહેઝગારીમાં એક બીજાને સહાય કરો, અને

ગુનાહ અને શત્રુતામાં એકમેકની સહાય કરો નહિ અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ સખ્ત અઝાબ આપનાર છે.

حُرِّمَتۡ عَلَيۡكُمُ الۡمَيۡتَةُ وَالدَّمُ وَلَحۡمُ الۡخِنۡزِيۡرِ وَمَاۤ اُهِلَّ لِغَيۡرِ
اللّٰهِ بِهٖ وَالۡمُنۡخَنِقَةُ وَالۡمَوۡقُوۡذَةُ وَالۡمُتَرَدِّيَةُ وَالنَّطِيۡحَةُ وَمَاۤ
اَكَلَ السَّبُعُ اِلَّا مَا ذَكَّيۡتُمۡ قف وَمَا ذُبِحَ عَلَى النُّصُبِ وَاَنۡ
تَسۡتَقۡسِمُوۡا بِالۡاَزۡلَامِ ؕ ذٰلِكُمۡ فِسۡقٌ ؕ اَلۡيَوۡمَ يَـئِسَ الَّذِيۡنَ
كَفَرُوۡا مِنۡ دِيۡـنِكُمۡ فَلَا تَخۡشَوۡهُمۡ وَاخۡشَوۡنِ ؕ اَلۡيَوۡمَ اَكۡمَلۡتُ
لَـكُمۡ دِيۡنَكُمۡ وَاَتۡمَمۡتُ عَلَيۡكُمۡ نِعۡمَتِىۡ وَرَضِيۡتُ لَـكُمُ

الْاِسْلَامَ دِيْنًا ؕ فَمَنِ اضْطُرَّ فِیْ مَخْمَصَةٍ غَيْرَ مُتَجَانِفٍ لِّاِثْمٍ ۙ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ③

(3) (અય લોકો !) તમારા પર મુરદાર તથા લોહી તથા સુવ્વરનું માંસ હરામ કરવામાં આવ્યું છે, અને તે જાનવર કે જેના (ઝબ્હ કરવા) ઉપર અલ્લાહ સિવાય બીજા કોઇનું નામ લેવામાં આવ્યું હોય, અને જે ગરદન મચડીને મારી નાખવામાં આવ્યું હોય અને જે મારી મારીને મારી નાખવામાં આવ્યું હોય, અને જે ઊંચાણ પરથી પડી મરણ પામ્યું હોય અને જે શીંગડા (લાગવા)થી મરી ગયું હોય, અને જેને હિંસક પ્રાણીઓએ ફાડી ખાધું હોય સિવાય કે જેને તમોએ (જીવ બાકી હોવાની

હાલતમાં) ઝબ્હ કર્યું હોય, અને જે (દેવ દેવીઓની) વેદી પર ઝબ્હ કરવામાં આવ્યું હોય અને એ પણ કે જે શરત લગાવીને બાણો વડે ભાગ પાડી લેવામાં આવ્યું હોય; એ સર્વે આજ્ઞા ભંગ (કરવા સમાન) છે. (અય મુસલમાનો!) આજના દિવસે નાસ્તિકો તમારા દીનથી નિરાશ થઇ ગયા છે માટે તમે તેમનાથી ડરો નહિ અને મારાથી જ ડરો. આજે મેં તમારા માટે તમારો દીન પરીપૂર્ણ કરી દીધો છે અને મારી નેઅમત તમારા પર સંપૂર્ણ કરી દીધી છે અને દીને ઇસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે; પણ જે કોઇ ભૂખના કારણે વ્યાકુળ બનીને (છતાં) ગુનાહનો હેતુ ન રાખતાં

(મજકુર હરામ વસ્તુઓનો ઉપયોગ કરે) તો બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

يَسْـَٔلُوْنَكَ مَاذَآ اُحِلَّ لَهُمْ ؕ قُلْ اُحِلَّ لَكُمُ الطَّيِّبٰتُ ۙ وَمَا عَلَّمْتُمْ مِّنَ الْجَوَارِحِ مُكَلِّبِيْنَ تُعَلِّمُوْنَهُنَّ مِمَّا عَلَّمَكُمُ اللّٰهُ ۫ فَكُلُوْا مِمَّآ اَمْسَكْنَ عَلَيْكُمْ وَاذْكُرُوا اسْمَ اللّٰهِ عَلَيْهِ ۪ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ④

(૪) (અય રસૂલ!) લોકો તને પૂછે છે કે તેમના માટે શું શું હલાલ કરવામાં આવ્યું છે? તું કહે કે તમારા માટે સઘળી પાક વસ્તુઓ હલાલ કરવામાં આવી છે, અને તમોએ શિકાર માટે કેળવેલા જાનવરોએ પકડેલા પ્રાણીઓ પણ (હલાલ છે કે જે

જાનવરોને તમોએ) અલ્લાહના જણાવ્યા મુજબ કેળવ્યા હોય, માટે તેમણે પકડેલા પ્રાણીઓ પર અલ્લાહનું નામ લઇ (ઝબ્હ કરી) તે ખાઓ; અને અલ્લાહથી ડરતા રહો; નિસંશય અલ્લાહ ઘણો ઝડપી હિસાબ લેનાર છે.

اَلۡيَوۡمَ اُحِلَّ لَـكُمُ الطَّيِّبٰتُ ‌ؕ وَطَعَامُ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ
حِلٌّ لَّـكُمۡ ۖ وَطَعَامُكُمۡ حِلٌّ لَّهُمۡ‌ ۚ وَالۡمُحۡصَنٰتُ مِنَ
الۡمُؤۡمِنٰتِ وَالۡمُحۡصَنٰتُ مِنَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ مِنۡ
قَبۡلِكُمۡ اِذَاۤ اٰتَيۡتُمُوۡهُنَّ اُجُوۡرَهُنَّ مُحۡصِنِيۡنَ غَيۡرَ مُسٰفِحِيۡنَ

وَلَا مُتَّخِذِيٓ أَخۡدَانٍۗ وَمَن يَكۡفُرۡ بِٱلۡإِيمَٰنِ فَقَدۡ حَبِطَ
عَمَلُهُۥ وَهُوَ فِي ٱلۡأٓخِرَةِ مِنَ ٱلۡخَٰسِرِينَ ٥

(૫) આજના દિવસે તમારા પર સઘળી પાક વસ્તુઓ હલાલ કરવામાં આવી છે; અને તે લોકોનો ખોરાક પણ કે જેમને કિતાબ આપવામાં આવી છે તે તમારા માટે હલાલ છે, અને તમારો ખોરાક તેમના માટે હલાલ છે; અને શિયળવંતી મોઅમીન સ્ત્રીઓ અને જેમને તમારી અગાઉ કિતાબ આપવામાં આવી હતી તે માંહેની શિયળવંતી સ્ત્રીઓ પણ (હલાલ છે), એ શરતે કે તમોએ તેમની મહેર આપી દીધી હોય, નિકાહમાં લેવાના હેતુથી, નહિ કે વ્યભિચાર કરવા અથવા

છુપો સંબંધ ધરાવવાના હેતુથી; અને જે કોઇ ઇમાનનો ઇન્કાર કરનાર હશે તેના સઘળા કર્મો એળે જશે, અને તે પરલોકમાં હાનિ ભોગવનારાઓ માંહેનો થશે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا قُمْتُمْ اِلَى الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ
وَاَيْدِيَكُمْ اِلَى الْمَرَافِقِ وَامْسَحُوْا بِرُءُوْسِكُمْ وَاَرْجُلَكُمْ اِلَى
الْكَعْبَيْنِ ؕ وَاِنْ كُنْتُمْ جُنُبًا فَاطَّهَّرُوْا ؕ وَاِنْ كُنْتُمْ مَّرْضٰٓى
اَوْ عَلٰى سَفَرٍ اَوْ جَآءَ اَحَدٌ مِّنْكُمْ مِّنَ الْغَآئِطِ اَوْ لٰمَسْتُمُ
النِّسَآءَ فَلَمْ تَجِدُوْا مَآءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا
بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ مِّنْهُ ؕ مَا يُرِيْدُ اللّٰهُ لِيَجْعَلَ عَلَيْكُمْ مِّنْ

حَرَجٍ وَّلٰكِنْ يُّرِيْدُ لِيُطَهِّرَكُمْ وَلِيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ۝٦

(૬) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમે નમાઝ માટે તૈયાર થઇ જાઓ ત્યારે તમારા મોંઢાં ધોઇ નાખો અને તમારા હાથ કોણીઓ સુધી (ધુઓ), અને તમારા માથાનો તથા ઘુંટી સુધી (બન્ને) પગનો મસાહ કરી લો, અને જો તમે (નાપાકીની હાલતમાં) સ્નાન કર્યા વિનાના હો તો (પ્રથમ) સ્નાન કરી લો; અને અગર તમે માંદા હો અથવા મુસાફરીમાં હો અથવા તમારામાંથી કોઇ પાયખાનામાંથી આવ્યો હોય અથવા સ્ત્રીસંગ કર્યા હોય પછી જો તમને પાણી ન મળે તો પાક માટી

વડે તયમ્મુમ કરી લો અને તે વડે તમારા મોંઢા તથા તમારા બેઉ હાથનો મસાહ કરી લો; અલ્લાહ તમને અગવડતામાં મુકવા નથી ચાહતો, બલ્કે તે તમને પવિત્ર કરવા તથા તમારા પર પોતાની નેઅમત પૂર્ણ કરવા ચાહે છે કે જેથી તમે આભારી બનો.

وَاذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ وَمِيْثَاقَهُ الَّذِىْ وَاثَقَكُمْ بِهٖٓ ۙ اِذْ قُلْتُمْ سَمِعْنَا وَاَطَعْنَا ۡ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ⑦

(૭) અને અલ્લાહની જે નેઅમતો તમને (અર્પણ) થઇ છે તેની યાદ કરતા રહો અને તેનું તે વચન

જે તેણે તમારી સાથે પાકું કરી લીધું છે (તે વખતે) જ્યારે તમોએ આ કહી દીધું હતું કે અમોએ સાંભળ્યું અને કબુલ કર્યું (એ પણ યાદ કરતા રહો), અને અલ્લાહથી ડરતા રહો; બેશક અલ્લાહ અંતઃકરણની વાતોથી સંપૂર્ણ માહિતગાર છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ كُونُوا۟ قَوَّٰمِينَ لِلَّهِ شُهَدَآءَ بِٱلْقِسْطِ ۖ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَـَٔانُ قَوْمٍ عَلَىٰٓ أَلَّا تَعْدِلُوا۟ ۚ ٱعْدِلُوا۟ هُوَ أَقْرَبُ لِلتَّقْوَىٰ ۖ وَٱتَّقُوا۟ ٱللَّهَ ۚ إِنَّ ٱللَّهَ خَبِيرٌۢ بِمَا تَعْمَلُونَ ﴿٨﴾

(૮) અય ઇમાન લાવનારાઓ! અલ્લાહના માટે ન્યાયસર સાક્ષી બનવાને તૈયાર રહો, અને ખબરદાર! કોઇ કોમની (ગમે તેવી) સખ્ત

દુશ્મનાઇ પણ તમને એ વાત ઉપર ન ઉશ્કેરે કે તમે ન્યાય ન કરો; ન્યાયથી જ વર્તો, તે પરહેઝગારીની વધુ પાસે છે, અને અલ્લાહથી ડરતા રહો; બેશક તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સંપૂર્ણ માહિતગાર છે.

وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۙ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ۝٩

(૯) જેઓ ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો કરે છે તેમને અલ્લાહે વાયદો કર્યો છે કે તેમના માટે ક્ષમા તથા ઘણો મોટો બદલો છે.

وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ۝١٠

(૧૦) અને જે લોકો ઇન્કાર કરનારા છે અને અમારી આયતોને જૂઠલાવે છે તેઓ જહન્નમ વાસીઓ છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ هَمَّ قَوْمٌ
اَنْ يَّبْسُطُوْۤا اِلَيْكُمْ اَيْدِيَهُمْ فَكَفَّ اَيْدِيَهُمْ عَنْكُمْ ۚ وَاتَّقُوا
اللّٰهَ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿۱۱﴾

(૧૧) અય ઇમાન લાવનારાઓ! તમારા પરની અલ્લાહની તે બક્ષીશ યાદ કરો કે જ્યારે એક કોમે પોતાના હાથો તમારા તરફ (ઝુલ્મ કરવાના હેતુથી) લંબાવવાનો ઇરાદો કર્યો હતો પણ તેણે તમારાથી તેમના હાથો રોકી દીધા હતા, અને

અલ્લાહથી ડરતા રહો; અને મોઅમીનોએ અલ્લાહ જ ઉપર ભરોસો રાખવો જોઇએ.

وَلَقَدْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ ۚ وَبَعَثْنَا مِنْهُمُ اثْنَيْ عَشَرَ نَقِيْبًا ۗ وَقَالَ اللّٰهُ اِنِّيْ مَعَكُمْ ۗ لَئِنْ اَقَمْتُمُ الصَّلٰوةَ وَاٰتَيْتُمُ الزَّكٰوةَ وَاٰمَنْتُمْ بِرُسُلِيْ وَعَزَّرْتُمُوْهُمْ وَاَقْرَضْتُمُ اللّٰهَ قَرْضًا حَسَنًا لَّاُكَفِّرَنَّ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَلَاُدْخِلَنَّكُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ فَمَنْ كَفَرَ بَعْدَ ذٰلِكَ مِنْكُمْ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ﴿١٢﴾

(૧૨) અને ખચીતજ અલ્લાહે બની ઇસરાઇલ પાસેથી વચન લીધું હતું અને તેમનામાં અમોએ

બાર સરદારો ઉભા કર્યા હતા; અને (તેમને) અલ્લાહે ફરમાવ્યું હતું કે બેશક હું તમારી સાથે છું; અગર તમે નમાઝ પઢતા રહેશો તથા ઝકાત આપતા રહેશો તથા મારા રસૂલો પર ઇમાન લાવશો તથા તેમની મદદ કરશો અને અલ્લાહને કર્ઝે હસના આપતા રહેશો તો ખચીતજ હું તમારી બૂરાઇઓથી દરગુઝર કરીશ અને તમને જરૂર જન્નતોમાં દાખલ કરીશ, જેની હેઠળ થઇને નદીઓ વહેતી ફરે છે, છતાં ત્યાર બાદ તમારામાંથી જે કોઇ (આ આજ્ઞાઓની) અવગણના કરશે તો તે ખચીતજ સીધા માર્ગથી ભટકી જશે.

فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ لَعَنّٰهُمْ وَجَعَلْنَا قُلُوْبَهُمْ قٰسِيَةً ۚ
يُحَرِّفُوْنَ الْكَلِمَ عَنْ مَّوَاضِعِهٖ ۙ وَنَسُوْا حَظًّا مِّمَّا ذُكِّرُوْا بِهٖ ۚ
وَلَا تَزَالُ تَطَّلِعُ عَلٰى خَآئِنَةٍ مِّنْهُمْ اِلَّا قَلِيْلًا مِّنْهُمْ فَاعْفُ
عَنْهُمْ وَاصْفَحْ ۗ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٣﴾

(૧૩) પછી તેમના વચન ભંગ કરવાના કારણે અમોએ તેમના પર ફિટકાર કર્યો અને તેમના અંતઃકરણોને સખત કરી દીધા, કારણ કે તેઓ (અમારા) શબ્દોને તેમના સ્થાનેથી બદલી નાખતા હતા અને જે વસ્તુની તેમને નસીહત કરવામાં આવી હતી તેનો કેટલોક ભાગ ભૂલી ગયા હતા, અને તેઓ માંહેના થોડાકો સિવાય બીજા

સઘળાઓની કાંઇ નહિ તો એકાદ પણ વિશ્વાસઘાતની ખબર તો તને હંમેશા મળતી જ રહેશે. છતાં તું તેમને માફ કર અને દરગુઝર કર; બેશક અલ્લાહ ઉપકાર કરનારાને દોસ્ત રાખેછે.

وَمِنَ الَّذِيۡنَ قَالُوۡۤا اِنَّا نَصٰرٰٓى اَخَذۡنَا مِيۡثَاقَهُمۡ فَنَسُوۡا حَظًّا
مِّمَّا ذُكِّرُوۡا بِهٖ ۖ فَاَغۡرَيۡنَا بَيۡنَهُمُ الۡعَدَاوَةَ وَالۡبَغۡضَآءَ اِلٰى يَوۡمِ
الۡقِيٰمَةِ ؕ وَسَوۡفَ يُنَبِّئُهُمُ اللّٰهُ بِمَا كَانُوۡا يَصۡنَعُوۡنَ ﴿۱۴﴾

(૧૪) અને તે લોકોમાંથી જેઓ એમ કહે છે કે અમે નસારા (ખ્રિસ્તી) છીએ તો અમે તેમનું વચન લઇ લીધું હતું, પણ તેમને જે કાંઇ ઉપદેશ કરવામાં આવ્યો હતો તેનો એક (મોટો) ભાગ (રિસાલતે

મોહમ્મદી) વિસરી ગયા છે; આથી અમોએ તેમની વચ્ચે કયામતના દિવસ સુધી શત્રુતા અને દ્વેષ ઉભા કરી દીધા છે; અને તેઓ શું શું (ચાલાકી) કરતા હતા તે અલ્લાહ તેમને જણાવી દેશે.

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ قَدۡ جَآءَكُمۡ رَسُولُنَا يُبَيِّنُ لَكُمۡ كَثِيرٗا مِّمَّا
كُنتُمۡ تُخۡفُونَ مِنَ ٱلۡكِتَٰبِ وَيَعۡفُواْ عَن كَثِيرٖۚ قَدۡ جَآءَكُم
مِّنَ ٱللَّهِ نُورٞ وَكِتَٰبٞ مُّبِينٞ ١٥

(૧૫) અય કિતાબવાળાઓ! ખરેજ અમારો રસૂલ તમારી પાસે આવ્યો છે, કિતાબમાંથી જે તમે સંતાડયા કરતા હતા તેમાંથી તે તમારા પર ઘણું ખરૂં જાહેર કરી દે છે અને ઘણા ખરાથી (તમારી

લાગણી ન દુખાય એ માટે) દરગુઝર કરે છે; ખચીતજ તમારી પાસે અલ્લાહ તરફથી નુર અને સ્પષ્ટ કિતાબ આવી ચૂકી છે;

يَّهۡدِىۡ بِهِ اللّٰهُ مَنِ اتَّبَعَ رِضۡوَانَهٗ سُبُلَ السَّلٰمِ وَيُخۡرِجُهُمۡ مِّنَ
الظُّلُمٰتِ اِلَى النُّوۡرِ بِاِذۡنِهٖ وَيَهۡدِيۡهِمۡ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ﴿۱۶﴾

(૧૬) જે દ્વારા અલ્લાહ તે લોકોને કે જેઓ તેની મરજીનું અનુકરણ કરે છે તેમને સલામતીનો માર્ગ દેખાડે છે તથા તેમને (કુફ્રના) અંધકારમાંથી કાઢી પોતાના હુકમથી (ઇમાનની) રોશની તરફ લઇ આવે છે અને તેમને સીધા માર્ગ સુધી પહોંચાડી દે છે.

لَقَدۡ كَفَرَ الَّذِيۡنَ قَالُوۡۤا اِنَّ اللّٰهَ هُوَالۡمَسِيۡحُ ابۡنُ مَرۡيَمَ ؕ قُلۡ
فَمَنۡ يَّمۡلِكُ مِنَ اللّٰهِ شَيۡـًٔـا اِنۡ اَرَادَ اَنۡ يُّهۡلِكَ الۡمَسِيۡحَ ابۡنَ
مَرۡيَمَ وَاُمَّهٗ وَمَنۡ فِى الۡاَرۡضِ جَمِيۡعًا ؕ وَلِلّٰهِ مُلۡكُ السَّمٰوٰتِ
وَالۡاَرۡضِ وَمَا بَيۡنَهُمَا ؕ يَخۡلُقُ مَا يَشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ
قَدِيۡرٌ ﴿۱۷﴾

(૧૭) ખરેખર ! જેઓ કહે છે કે મરિયમનો પુત્ર મસીહ એજ અલ્લાહ છે. તેઓએ નાસ્તિકપણું કર્યું; તું કહે કે જો અલ્લાહ મરિયમના પુત્ર મસીહ તથા તેની માને તથા ઝમીનમાં જે જે (કાંઇ) છે તે સર્વનો નાશ કરવાનો નિશ્ચય કરે તો તેને તેમ કરતાં કોણ રોકી શકનાર છે? અને આકાશો તથા

ઝમીનમાં તથા જે કાંઇ તેમની વચ્ચે છે તેનો અધિકાર અલ્લાહને જ છે; જે ચાહે છે તે પૈદા કરે છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

وَقَالَتِ الْيَهُودُ وَالنَّصٰرٰى نَحْنُ اَبْنٰٓؤُا اللّٰهِ وَاَحِبَّآؤُهٗ ؕ قُلْ فَلِمَ يُعَذِّبُكُمْ بِذُنُوْبِكُمْ ؕ بَلْ اَنْتُمْ بَشَرٌ مِّمَّنْ خَلَقَ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ز وَاِلَيْهِ الْمَصِيْرُ ﴿١٨﴾

(૧૮) અને યહૂદીઓ તથા નસારાઓ કહે છે કે અમે અલ્લાહના પુત્રો તથા તેના પ્યારા છીએ; તું કહે કે (જો એમજ છે તો) પછી તે તમને તમારા

ગુનાહો બદલ કેમ શિક્ષા કરે છે? (તેમ નથી) બલ્કે તમે પણ તેના પૈદા કરેલા (ઇન્સાનો) માંહેના ઇન્સાન છો; તે જેને ચાહે છે તેને માફ કરે છે અને જેને ચાહે છે સજા કરે છે; અને સઘળાં આકાશો તથા ઝમીન અને તેમની વચ્ચે જે કાંઇ છે તેની સત્તા અલ્લાહને જ છે. અને (સર્વનું) છેવટનું પાછું ફરવું તેની જ તરફ થશે.

يَٰٓأَهۡلَ ٱلۡكِتَٰبِ قَدۡ جَآءَكُمۡ رَسُولُنَا يُبَيِّنُ لَكُمۡ عَلَىٰ فَتۡرَةٖ مِّنَ
ٱلرُّسُلِ أَن تَقُولُواْ مَا جَآءَنَا مِنۢ بَشِيرٖ وَلَا نَذِيرٖۖ فَقَدۡ
جَآءَكُم بَشِيرٞ وَنَذِيرٞۗ وَٱللَّهُ عَلَىٰ كُلِّ شَيۡءٖ قَدِيرٞ ١٩

(૧૯) અય કિતાબવાળાઓ ! બેશક અમારો રસૂલ (અમારી આજ્ઞાઓ) તમને સ્પષ્ટ કરીને વર્ણવી સમજાવવા માટે તમારી પાસે પયગમ્બરોનું આવવું ઘણો વખત મુલતવી રહ્યા પછી આવ્યો છે, એ માટે કે તમે એમ ન કહો કે અમારી પાસે તો ખુશખબર આપનાર તથા ડરાવનાર કોઇજ આવ્યો ન હતો. માટે હવે તો તમારી પાસે ખુશખબર આપનાર તથા ડરાવનાર ખરેજ આવી ચૂક્યો છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

وَاِذۡ قَالَ مُوۡسٰی لِقَوۡمِهٖ یٰقَوۡمِ اذۡکُرُوۡا نِعۡمَةَ اللّٰهِ عَلَیۡکُمۡ اِذۡ

جَعَلَ فِیۡکُمۡ اَنۡۢبِیَآءَ وَجَعَلَکُمۡ مُّلُوۡکًا ۖ وَّاٰتٰکُمۡ مَّا لَمۡ یُؤۡتِ

اَحَدًا مِّنَ الۡعٰلَمِیۡنَ ﴿۲۰﴾

(૨૦) અને (તે સમયને યાદ કરો) જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે અય મારી કોમ! અલ્લાહે તમારા પર કરેલી તે નેઅમતને યાદ કરો કે જ્યારે તમારામાં નબીઓ બનાવ્યા તથા તમને બાદશાહ બનાવ્યા અને તમને તે સઘળું આપ્યું કે જે દુનિયામાંના કોઇને પણ આપ્યું ન હતું.

یٰقَوۡمِ ادۡخُلُوا الۡاَرۡضَ الۡمُقَدَّسَةَ الَّتِیۡ کَتَبَ اللّٰهُ لَکُمۡ وَلَا

تَرۡتَدُّوۡا عَلٰۤی اَدۡبَارِکُمۡ فَتَنۡقَلِبُوۡا خٰسِرِیۡنَ ﴿۲۱﴾

(૨૧) અય મારી કોમ! તમે આ પવિત્ર ભૂમિમાં દાખલ થાઓ જે અલ્લાહે તમારા માટે લખી દીધી છે અને (શત્રુઓના મુકાબલા વખતે) પીઠ તરફ પાછા ફરો નહિ, નહિ તો હાનિ ભોગવનારા થઇ જશો.

قَالُوْا يٰمُوْسٰٓى اِنَّ فِيْهَا قَوْمًا جَبَّارِيْنَ ۖ وَاِنَّا لَنْ نَّدْخُلَهَا حَتّٰى
يَخْرُجُوْا مِنْهَا ۚ فَاِنْ يَّخْرُجُوْا مِنْهَا فَاِنَّا دٰخِلُوْنَ ۝٢٢

(૨૨) તેમણે કહ્યું કે અય મૂસા ! નિસંશય એ (ભૂમિ)માં તો બળવાન લોકોની એક કોમ છે, અને જ્યાં સુધી તેમાંથી તેઓ નીકળી નહિ જાય ત્યાં સુધી અમે હરગિઝ (તેમાં) દાખલ થઇશું નહિ; પણ

(હા) જો તેઓ તેમાંથી નીકળી જશે તો અમે જરૂર દાખલ થઇશું.

قَالَ رَجُلٰنِ مِنَ الَّذِيْنَ يَخَافُوْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمَا ادْخُلُوْا عَلَيْهِمُ الْبَابَ ۚ فَاِذَا دَخَلْتُمُوْهُ فَاِنَّكُمْ غٰلِبُوْنَ ۚ وَعَلَى اللّٰهِ فَتَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿٢٣﴾

(૨૩) તેઓ માંહેના બે શખ્સોએ કે જેઓ (અલ્લાહથી) ડરતા હતા અને જેમને અલ્લાહે નેઅમત અર્પણ કરી હતી કહ્યું કે દરવાજામાંથી તેમના પર ધસી જાઓ, કારણ કે જ્યારે તમે તે (પવિત્ર ભૂમિ)માં દાખલ થશો તો નિસંશય તમેજ

વિજયી નિવડશો, અને અગર તમે મોઅમીન હો તો અલ્લાહ ઉપરજ ભરોસો રાખો.

قَالُوْا يٰمُوْسٰٓى اِنَّا لَنْ نَّدْخُلَهَآ اَبَدًا مَّا دَامُوْا فِيْهَا فَاذْهَبْ
اَنْتَ وَرَبُّكَ فَقَاتِلَآ اِنَّا هٰهُنَا قٰعِدُوْنَ ﴿٢٤﴾

(૨૪) (ફરીથી) તેમણે કહ્યું કે અય મૂસા ! જ્યાં સુધી તેઓ અંદર છે અમે તો અંદર નહિજ જઇએ; જેથી તું અને તારો પરવરદિગાર જાઓ અને બંને (જણ તેમની સાથે) લડો; અમે તો અહીંજ બેસી રહીશું.

قَالَ رَبِّ اِنِّىْ لَآ اَمْلِكُ اِلَّا نَفْسِىْ وَاَخِىْ فَافْرُقْ بَيْنَنَا وَبَيْنَ
الْقَوْمِ الْفٰسِقِيْنَ ﴿٢٥﴾

(૨૫) (મૂસાએ) કહ્યું કે અય મારા પરવરદિગાર! હું કેવળ મારી જાત (પોતા)નો તથા મારા ભાઇનો અધિકાર ધરાવું છે; માટે તું અમને તે નાફરમાન લોકોથી જુદા પાડી દે (કે જેથી તેમના પાપના છાંટા અમને ન ઉડે).

قَالَ فَاِنَّهَا مُحَرَّمَةٌ عَلَيۡهِمۡ اَرۡبَعِيۡنَ سَنَةً ۚ يَتِيۡهُوۡنَ فِى الۡاَرۡضِ ؕ فَلَا تَاۡسَ عَلَى الۡقَوۡمِ الۡفٰسِقِيۡنَ ۝٢٦

(૨૬) (અલ્લાહે) ફરમાવ્યું કે તેમના માથે નિસંશય તે ભૂમિ ચાલીસ વર્ષ સુધી હરામ કરી દેવામાં આવશે, (જેથી) તેઓ પૃથ્વી પર (માર્યા માર્યા) ભટક્યા કરશે; માટે તું તે નાફરમાન લોકોની (અવદશા) પર ખેદ કરીશ નહિ

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ ابْنَیْ اٰدَمَ بِالْحَقِّ ۘ اِذْ قَرَّبَا قُرْبَانًا فَتُقُبِّلَ مِنْ

اَحَدِهِمَا وَلَمْ يُتَقَبَّلْ مِنَ الْاٰخَرِ ؕ قَالَ لَاَقْتُلَنَّكَ ؕ قَالَ اِنَّمَا

يَتَقَبَّلُ اللّٰهُ مِنَ الْمُتَّقِيْنَ ﴿۲۷﴾

(૨૭) અને (અય રસૂલ!) તું તેમને આદમના બંને બેટાઓની ખરી હકીકત વાંચી સંભળાવ કે જ્યારે તેમણે (પોત પોતાની) કુરબાની રજૂ કરી ત્યારે તે બંનેમાંથી એક (હાબીલ)ની તો કબૂલ થઇ અને બીજા (કાબીલ)ની કબૂલ થઇ નહિ; જેથી તેણે (ઇર્ષાથી) કહ્યું કે હું જરૂર તને મારી નાખીશ; (હાબીલે) કહ્યું કે અલ્લાહ તો પરહેઝગારોની જ કુરબાની કબૂલ કરે છે.

لَئِنۢ بَسَطتَّ إِلَيَّ يَدَكَ لِتَقۡتُلَنِي مَآ أَنَا۠ بِبَاسِطٖ يَدِيَ إِلَيۡكَ
لِأَقۡتُلَكَۖ إِنِّيٓ أَخَافُ ٱللَّهَ رَبَّ ٱلۡعَٰلَمِينَ ٢٨

(૨૮) અગર તું તારો હાથ મને મારી નાખવાના ઇરાદાથી મારા તરફ લંબાવશે તો પણ હું મારો હાથ તને મારી નાખવાના હેતુથી તારી તરફ લંબાવનાર નથી; નિસંશય હું તો સઘળી દુનિયાઓના પરવરદિગારથી ડરૂં છું.

إِنِّيٓ أُرِيدُ أَن تَبُوٓأَ بِإِثۡمِي وَإِثۡمِكَ فَتَكُونَ مِنۡ أَصۡحَٰبِ ٱلنَّارِۚ
وَذَٰلِكَ جَزَٰٓؤُاْ ٱلظَّٰلِمِينَ ٢٩

(૨૯) નિસંશય હું તો એજ ચાહું છું કે મારો અને તારો (યાને આપણા બંનેનો) ગુનોહ તું (એકલો) જ

ભોગવે કે જેથી તું જહન્નમવાસીઓ માંહેનો થઇ જાય, અને ઝુલમગારોનો બદલો એજ છે.

فَطَوَّعَتۡ لَهٗ نَفۡسُهٗ قَتۡلَ اَخِيۡهِ فَقَتَلَهٗ فَاَصۡبَحَ مِنَ الۡخٰسِرِيۡنَ ﴿۳۰﴾

(30) પછી તેના અંતઃકરણે તેના માટે તેના ભાઇનું ખૂન કરવાનું કાર્ય સહેલું કરી દીધું જેથી તેણે તેને મારી નાખ્યો એટલે તે હાનિ ભોગવનારાઓ માંહેનો થઇ ગયો.

فَبَعَثَ اللّٰهُ غُرَابًا يَّبۡحَثُ فِى الۡاَرۡضِ لِيُرِيَهٗ كَيۡفَ يُوَارِىۡ سَوۡءَةَ اَخِيۡهِ‌ؕ قَالَ يٰوَيۡلَتٰٓى اَعَجَزۡتُ اَنۡ اَكُوۡنَ مِثۡلَ هٰذَا الۡغُرَابِ فَاُوَارِىَ سَوۡءَةَ اَخِىۡ‌ۚ فَاَصۡبَحَ مِنَ النّٰدِمِيۡنَ ﴿۳۱﴾

(૩૧) પછી અલ્લાહે એક કાગડાને મોકલ્યો જે ભૂમિ ખોતરવા લાગ્યો એ માટે કે તેને દેખાડે કે તે પોતાના ભાઇની લાશને કેવી રીતે છુપાવે. (એ જોઇ) (કાબીલ) કહેવા લાગ્યો હાય ખરાબી મારી! શું હું આ કાગડા જેવો થવાને પણ અશક્ત છું કે મારા ભાઇની લાશને સંતાડી પણ ન શકું! સારાંશ કે તે પસ્તાવો કરનારાઓ માંહેનો થઇ ગયો

مِنۡ اَجۡلِ ذٰلِكَ ۛۚ كَتَبۡنَا عَلٰى بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ اَنَّهٗ مَنۡ قَتَلَ نَفۡسًۢا بِغَيۡرِ نَفۡسٍ اَوۡ فَسَادٍ فِى الۡاَرۡضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيۡعًا ؕ وَمَنۡ اَحۡيَاهَا فَكَاَنَّمَاۤ اَحۡيَا النَّاسَ جَمِيۡعًا ؕ وَلَقَدۡ

جَآءَتْهُمْ رُسُلُنَا بِالْبَيِّنٰتِ ثُمَّ اِنَّ كَثِيْرًا مِّنْهُمْ بَعْدَ ذٰلِكَ
فِي الْاَرْضِ لَمُسْرِفُوْنَ ﴿٣٢﴾

(૩૨) આ કારણે અમોએ બની ઇસરાઇલ પર લાઝિમ કરી દીધું કે જે કોઇ કોઇ જીવને બીજા જીવના (ખૂન કરવાના) બદલા સિવાય અથવા ભૂમિમાં ફસાદ કર્યા સિવાય મારી નાખે તો જાણે તેણે સઘળા માણસોને મારી નાખ્યા; અને જેણે એક જીવને જીવતદાન દીધું તો તેણે જાણે સઘળા માણસોને જીવતદાન આપ્યું; અને ખરેખર અમારા રસૂલો તેમની પાસે પ્રત્યક્ષ નિશાનીઓ લઇને આવ્યા હતા, પછી તે બાદ પણ તેઓ માંહેના ઘણા ખરા ભૂમિમાં અમર્યાદિત પણે વર્તતા રહે છે.

إِنَّمَا جَزَٰٓؤُا۟ ٱلَّذِينَ يُحَارِبُونَ ٱللَّهَ وَرَسُولَهُۥ وَيَسْعَوْنَ فِى ٱلْأَرْضِ
فَسَادًا أَن يُقَتَّلُوٓا۟ أَوْ يُصَلَّبُوٓا۟ أَوْ تُقَطَّعَ أَيْدِيهِمْ وَأَرْجُلُهُم
مِّنْ خِلَٰفٍ أَوْ يُنفَوْا۟ مِنَ ٱلْأَرْضِ ۚ ذَٰلِكَ لَهُمْ خِزْىٌ فِى
ٱلدُّنْيَا ۖ وَلَهُمْ فِى ٱلْءَاخِرَةِ عَذَابٌ عَظِيمٌ ﴿٣٣﴾

(33) તે લોકો કે જેઓ અલ્લાહ અને તેના રસૂલથી લડે છે તથા ભૂમિમાં ફસાદ ફેલાવવાના પ્રયત્ન કરે છે, તેમનો બદલો એજ છે કે તેમને મારી નાખવામાં આવે અથવા તેમને શૂળીએ ચઢાવવામાં આવે અથવા તેમના હાથ તથા પગ ઉલટા સુલટા કાપી નાખવામાં આવે અથવા તેમને દેશપાર કરવામાં આવે; આ તો તેમની આલોકની

ફજેતી છે અને પરલોકમાં તો તેમના માટે ઘણો મોટો અઝાબ છેઃ

إِلَّا الَّذِينَ تَابُوا مِن قَبْلِ أَن تَقْدِرُوا عَلَيْهِمْ ۖ فَاعْلَمُوا أَنَّ
اللَّهَ غَفُورٌ رَّحِيمٌ ﴿٣٤﴾

(૩૪) સિવાય કે જેઓ તૌબા કરે એ પહેલાં કે તમે તેમના પર કાબૂ મેળવો, માટે તમે આ જાણી લો કે અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَابْتَغُوا إِلَيْهِ الْوَسِيلَةَ
وَجَاهِدُوا فِي سَبِيلِهِ لَعَلَّكُمْ تُفْلِحُونَ ﴿٣٥﴾

(૩૫) અય ઇમાન લાવનારાઓ! અલ્લાહનો ભય રાખો અને તેના સુધી (પહોંચવા)નો આધાર શોધો

તથા તેના માર્ગમાં અંતઃકરણ પૂર્વક પ્રયત્ન કરો કે જેથી તમે સફળતા મેળવો.

إِنَّ الَّذِينَ كَفَرُوا لَوْ أَنَّ لَهُم مَّا فِي الْأَرْضِ جَمِيعًا وَمِثْلَهُ
مَعَهُ لِيَفْتَدُوا بِهِ مِنْ عَذَابِ يَوْمِ الْقِيَامَةِ مَا تُقُبِّلَ مِنْهُمْ ۖ
وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٣٦﴾

(૩૬) બેશક જેમણે નાસ્તિકપણું ધારણ કર્યું તેઓ અગર જે કાંઇ ઝમીનમાં છે તે સઘળું તેમનું હોય અને તેટલું જ બીજું પણ તેમની પાસે હોય અને તે સઘળું કયામતના દિવસના અઝાબથી બચવા માટે બદલામાં આપવા ચાહે તો પણ તેમનો એ

(બદલો) સ્વીકારવામાં આવશે નહિ, અને તેમના માટે દુ:ખદાયક અઝાબ છે

يُرِيْدُوْنَ اَنْ يَّخْرُجُوْا مِنَ النَّارِ وَمَا هُمْ بِخٰرِجِيْنَ مِنْهَا ۫ وَلَهُمْ عَذَابٌ مُّقِيْمٌ ﴿٣٧﴾

(૩૭) તેઓ આગમાથી નીકળી (નાસી) જવાનો ઇરાદો કરશે છતાં તેઓ તેમાંથી નીકળી શકશે નહિ; અને તેમના માટે કાયમની શિક્ષા હશે.

وَالسَّارِقُ وَالسَّارِقَةُ فَاقْطَعُوْٓا اَيْدِيَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا نَكَالًا مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٣٨﴾

(૩૮) ચોરી કરનાર પુરૂષ અને ચોરી કરનાર સ્ત્રી હોય તો બંનેના હાથ કાપી નાખો, આ તેમની

કરણીનો બદલો (અને) અલ્લાહ તરફથી ધડા (નસીહત)રૂપ શિક્ષા છે; અને અલ્લાહ ઝબરદસ્ત હિકમતવાળો છે.

فَمَنۡ تَابَ مِنۡۢ بَعۡدِ ظُلۡمِهٖ وَاَصۡلَحَ فَاِنَّ اللّٰهَ يَتُوۡبُ عَلَيۡهِ‌ ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ۝٣٩

(૩૯) પછી જે કોઇ પોતાની સખ્તાઇ (અર્થાત ગુનાહ ભર્યા કાર્ય) પછી પ્રશ્ચાતાપ કરે અને (પોતાની ચાલ) સુધારે તો બેશક અલ્લાહ તેની તૌબા સ્વીકારી લેશે; નિસંશય અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

اَلَمۡ تَعۡلَمۡ اَنَّ اللّٰهَ لَهٗ مُلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ يُعَذِّبُ مَنۡ
يَّشَآءُ وَيَغۡفِرُ لِمَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۴۰﴾

(૪૦) શું તું નથી જાણતો કે આકાશો તથા ઝમીનની બાદશાહત અલ્લાહની જ છે ? તે જેને ચાહે છે અઝાબ આપે છે અને જેને ચાહે છે માફ કરે છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

يٰۤاَيُّهَا الرَّسُوۡلُ لَا يَحۡزُنۡكَ الَّذِيۡنَ يُسَارِعُوۡنَ فِى الۡكُفۡرِ مِنَ
الَّذِيۡنَ قَالُوۡۤا اٰمَنَّا بِاَفۡوَاهِهِمۡ وَلَمۡ تُؤۡمِنۡ قُلُوۡبُهُمۡ ۛۚ وَمِنَ
الَّذِيۡنَ هَادُوۡا ۛۚ سَمّٰعُوۡنَ لِلۡكَذِبِ سَمّٰعُوۡنَ لِقَوۡمٍ اٰخَرِيۡنَ ۙ لَمۡ

يَاْتُوْكَ ؕ يُحَرِّفُوْنَ الْكَلِمَ مِنْۢ بَعْدِ مَوَاضِعِهٖ ۚ يَقُوْلُوْنَ اِنْ
اُوْتِيْتُمْ هٰذَا فَخُذُوْهُ وَاِنْ لَّمْ تُؤْتَوْهُ فَاحْذَرُوْا ؕ وَمَنْ يُّرِدِ اللّٰهُ
فِتْنَتَهٗ فَلَنْ تَمْلِكَ لَهٗ مِنَ اللّٰهِ شَيْـًٔا ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ لَمْ يُرِدِ
اللّٰهُ اَنْ يُّطَهِّرَ قُلُوْبَهُمْ ؕ لَهُمْ فِى الدُّنْيَا خِزْىٌ ۖۚ وَّلَهُمْ فِى
الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ﴿٤١﴾

(૪૧) અય રસૂલ ! જે લોકો નાસ્તિકપણું કરવામાં પ્રયત્ન કરે છે એ (બનાવ) તને દિલગીર કરે નહિ (અને) તેઓ માંહેના કેટલાક તો એવા છે કે જેઓ મુખેથી કહે છે કે અમે ઇમાન લાવ્યા છીએ. જો કે તેમના અંતઃકરણો ઇમાન લાવ્યા જ નથી, અને યહૂદીઓ માંહેના કેટલાક (એવા છે) કે જેઓ ખોટી

અર્થ ઉપજાવવા (ના હેતુથી) મોટા સાંભળનાર છે (આ) સાંભળનારાઓ (જાસુસો છે) બીજી કૌમો માટે કે જેઓ હજી તારી પાસે આવ્યા નથી; તેઓ શબ્દોને તેના મૂળ સ્થાનેથી બદલી નાખે છે, (અને) કહે છે કે જો તમને આ (હુકમ) આપવામાં આવે તો તે ગ્રહણ કરી લેજો અને જો તમને તે (હુકમ) આપવામાં ન આવે તો (તેથી) ચેતજો; અને જેને અલ્લાહ ભુલાવામાં નાખવા ચાહે તો તું હરગિઝ અલ્લાહને ત્યાં તેના સબંધમાં કાંઇ સત્તા ધરાવતો નથી; એજ તે લોકો છે કે જેમના અંતઃકરણોને અલ્લાહે શુધ્ધ કરવા ઇચ્છયું નથી; દુનિયામાં

તેમના માટે ફજેતી છે અને આખેરતમાં તેમના માટે ઘણો મોટો અઝાબ છે.

سَمّٰعُوۡنَ لِلۡكَذِبِ اَكّٰلُوۡنَ لِلسُّحۡتِ ؕ فَاِنۡ جَآءُوۡكَ فَاحۡكُمۡ
بَيۡنَهُمۡ اَوۡ اَعۡرِضۡ عَنۡهُمۡ ۚ وَاِنۡ تُعۡرِضۡ عَنۡهُمۡ فَلَنۡ يَّضُرُّوۡكَ
شَيۡـًٔا ؕ وَاِنۡ حَكَمۡتَ فَاحۡكُمۡ بَيۡنَهُمۡ بِالۡقِسۡطِ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ
الۡمُقۡسِطِيۡنَ ﴿۴۲﴾

(૪૨) (તેઓ) અસત્યના મોટા સાંભળનારા (અને) હરામના મોટા ખાનારા (છે); અગર તેઓ તારી પાસે (કોઇ સવાલના નિર્ણય માટે) આવે તો તેમની વચ્ચે ફેંસલો કરી દે અથવા તો તેમની તરફથી મોઢું ફેરવી લે, અને જો તું તેમનાથી મોઢું

ફેરવી લેશે તો પણ તેઓ તારૂં હરગિઝ કાંઇ બગાડી શકશે નહિ; અને અગર નિરાકરણ કરે તો તેમની વચ્ચે ન્યાયસર નિરાકરણ કર; બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને દોસ્ત રાખે છે.

وَكَيْفَ يُحَكِّمُوْنَكَ وَعِنْدَهُمُ التَّوْرٰىةُ فِيْهَا حُكْمُ اللّٰهِ ثُمَّ
يَتَوَلَّوْنَ مِنْۢ بَعْدِ ذٰلِكَ ؕ وَمَآ اُولٰٓئِكَ بِالْمُؤْمِنِيْنَ ﴿٤٣﴾

(૪૩) અને આ લોકો તને કેવી રીતે સરપંચ બનાવે જ્યારે કે તેમની પાસે તૌરેત (મોજુદ) છે, જેમાં અલ્લાહનો (દરેક બાબતનો) નિર્ણય છે; તે છતાં (તેનાથી) પણ મોઢું ફેરવી લે છે, અને તેઓ (તૌરેતને પણ) માનતા નથી.

إِنَّآ أَنزَلۡنَا ٱلتَّوۡرَىٰةَ فِيهَا هُدٗى وَنُورٞۚ يَحۡكُمُ بِهَا ٱلنَّبِيُّونَ
ٱلَّذِينَ أَسۡلَمُواْ لِلَّذِينَ هَادُواْ وَٱلرَّبَّٰنِيُّونَ وَٱلۡأَحۡبَارُ بِمَا
ٱسۡتُحۡفِظُواْ مِن كِتَٰبِ ٱللَّهِ وَكَانُواْ عَلَيۡهِ شُهَدَآءَۚ فَلَا تَخۡشَوُاْ
ٱلنَّاسَ وَٱخۡشَوۡنِ وَلَا تَشۡتَرُواْ بِـَٔايَٰتِي ثَمَنٗا قَلِيلٗاۚ وَمَن لَّمۡ
يَحۡكُم بِمَآ أَنزَلَ ٱللَّهُ فَأُوْلَٰٓئِكَ هُمُ ٱلۡكَٰفِرُونَ ٤٤

(૪૪) બેશક અમોએ તૌરેત ઉતારી છે જેમાં હિદાયત તથા નુર છે; તે નબીઓ કે જે અલ્લાહના આજ્ઞાંકિત હતા તેઓ યહૂદીઓ માટે ફેંસલા એજ (તૌરેતના હુકમો) પ્રમાણે કરતા હતા એવીજ રીતે અલ્લાહવાળા લોકો અને આલિમો પણ, કારણ કે તેમને અલ્લાહની કિતાબમાંથી (કેટલાક ભાગના)

રક્ષક ઠરાવવામાં આવ્યા હતા અને તેઓ તેના સાક્ષી હતા; માટે તમે લોકોથી ભય ન પામો પણ મારો જ ભય રાખો અને મારી આયતોના બદલામાં નજીવી કિંમત મેળવો નહિ; અને જે લોકો અલ્લાહે જે ઉતાર્યું છે તે પ્રમાણે નિર્ણય ન કરે તો તેઓજ નાસ્તિકો છે.

وَكَتَبْنَا عَلَيْهِمْ فِيْهَآ اَنَّ النَّفْسَ بِالنَّفْسِ ۙ وَالْعَيْنَ بِالْعَيْنِ
وَالْاَنْفَ بِالْاَنْفِ وَالْاُذُنَ بِالْاُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ ۙ وَالْجُرُوْحَ
قِصَاصٌ ؕ فَمَنْ تَصَدَّقَ بِهٖ فَهُوَ كَفَّارَةٌ لَّهٗ ؕ وَمَنْ لَّمْ يَحْكُمْ بِمَآ
اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٤٥﴾

(૪૫) અને અમોએ પ્રાણના બદલે પ્રાણ તથા આંખના બદલે આંખ તથા નાકના બદલે નાક તથા કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત અને એવીજ રીતે દરેક જખ્મનો બદલો હોય એવું તેમના પર તે (પુસ્તક તૌરેત)માં વાજિબ કરી દીધું હતું; પછી જે કોઇ માફ કરી દે તો તે તેના પોતાના ગુનાહોનો કફફારો (પ્રાયશ્ચિત) બની જશે; અને જેઓ અલ્લાહે જે કાંઇ ઉતાર્યું છે તે પ્રમાણે ન્યાય ન કરે તો તેઓજ અન્યાયીઓ છે.

وَقَفَّيْنَا عَلٰٓى اٰثَارِهِمْ بِعِيْسَى ابْنِ مَرْيَمَ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ ۠ وَاٰتَيْنٰهُ الْاِنْجِيْلَ فِيْهِ هُدًى وَّنُوْرٌ ۙ

وَمُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ التَّوْرٰىةِ وَهُدًى وَّمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ۝٤٦

(૪૬) અને એજ નબીઓના પગલે પગલે ચાલવા અમોએ મરિયમના પુત્ર ઇસાને મોકલ્યો જે પોતાની પહેલાંની તૌરેતની સત્યતા સ્વીકારતો હતો, અને તેને અમોએ ઇન્જીલ આપી જેમાં હિદાયત હતી અને નૂર પણ, અને તે તેની પહેલાંની તૌરેતની સચ્ચાઇનું સમર્થન કરનારી પણ હતી અને પરહેઝગારો માટે હિદાયત તથા નસીહત હતી.

وَلْيَحْكُمْ اَهْلُ الْاِنْجِيْلِ بِمَآ اَنْزَلَ اللّٰهُ فِيْهِ ؕ وَمَنْ لَّمْ يَحْكُمْ
بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿۴۷﴾

(૪૭) અને ઇન્જીલવાળાઓને લાઝિમ છે કે અલ્લાહે તે (ઇન્જીલ)માં જે ઉતાર્યું છે તે પ્રમાણે નિર્ણય કરે; અને જેઓ અલ્લાહે ઉતારેલા (હુકમ) મુજબ નિર્ણય ન કરે તો તેઓજ નાફરમાન છે.

وَاَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ مِنَ
الْكِتٰبِ وَمُهَيْمِنًا عَلَيْهِ فَاحْكُمْ بَيْنَهُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ وَلَا
تَتَّبِعْ اَهْوَآءَهُمْ عَمَّا جَآءَكَ مِنَ الْحَقِّ ؕ لِكُلٍّ جَعَلْنَا مِنْكُمْ
شِرْعَةً وَّمِنْهَاجًا ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ

لِّيَبۡلُوَكُمۡ فِيۡ مَآ اٰتٰىكُمۡ فَاسۡتَبِقُوا الۡخَيۡرٰتِ ؕ اِلَى اللّٰهِ
مَرۡجِعُكُمۡ جَمِيۡعًا فَيُنَبِّئُكُمۡ بِمَا كُنۡتُمۡ فِيۡهِ تَخۡتَلِفُوۡنَ ۙ﴿۴۸﴾

(૪૮) અને (અય રસૂલ !) અમોએ તારા ઉપર આ કિતાબ (કુરઆન) સત્યતાપૂર્વક ઉતારી છે, જે તેની અગાઉની કિતાબોની સચ્ચાઇ (નું સમર્થન) કરનારી છે તથા તેમનું રક્ષણ કરનારી પણ છે, માટે અલ્લાહે જે કાંઇ ઉતાર્યું છે તે મુજબ તેમની વચ્ચે ન્યાય કર અને જે સત્ય તારી પાસે આવી ચૂક્યું છે તેની અવગણના કરીને તેમની ઇચ્છાઓને અનુસર નહિ. તમારામાંથી દરેકને માટે અમોએ એક શરીઅત (ધર્મ–નિયમ) તથા સ્પષ્ટ તરીકો (પધ્ધતિ) નક્કી કરી દીધી છે અને જો

અલ્લાહ ચાહતે તો તમને એકજ શરીઅતવાળી ઉમ્મત બનાવી દેતે, પરંતુ (તેમ ન કરવાનું કારણ) તેણે તમને જે કાંઇ આપ્યું છે તેમાં તમને અજમાવે, માટે નેકી કરવામાં એક બીજાથી હરીફાઇ કરો; તમો સર્વેનું પાછું ફરવું અલ્લાહની તરફ છે, પછી તે જે વાતમાં તમે મતભેદ કરતા હતા તે તમને જણાવી દેશેઃ

وَاَنِ احۡكُمۡ بَيۡنَهُمۡ بِمَاۤ اَنۡزَلَ اللّٰهُ وَلَا تَتَّبِعۡ اَهۡوَآءَهُمۡ
وَاحۡذَرۡهُمۡ اَنۡ يَّفۡتِنُوۡكَ عَنۡۢ بَعۡضِ مَاۤ اَنۡزَلَ اللّٰهُ اِلَيۡكَ ؕ فَاِنۡ
تَوَلَّوۡا فَاعۡلَمۡ اَنَّمَا يُرِيۡدُ اللّٰهُ اَنۡ يُّصِيۡبَهُمۡ بِبَعۡضِ ذُنُوۡبِهِمۡ ؕ
وَاِنَّ كَثِيۡرًا مِّنَ النَّاسِ لَفٰسِقُوۡنَ ﴿۴۹﴾

(૪૯) અને એ કે અલ્લાહે જે (હુકમ) ઉતાર્યો છે તેજ પ્રમાણે તેમની વચ્ચે ન્યાય કર, અને તેમની ખોટી ઇચ્છાઓને અનુસર નહિ અને તેમનાથી આ વાતની સાવચેતી રાખ કે જે કાંઇ અલ્લાહે ઉતાર્યું છે તેના કોઇ ભાગથી તેઓ તને બહેકાવે નહિ; પછી જો તેઓ મોંઢું ફેરવે તો તું જાણી લે કે અલ્લાહ એવુંજ ચાહે છે કે તેમને તેમના કેટલાક ગુનાહોના કારણે (અઝાબમાં) સપડાવી દે; અને નિઃસંશય લોકોમાંથી ઘણા ખરા નાફરમાન છે.

اَفَحُكۡمَ الۡجَاهِلِيَّةِ يَبۡغُوۡنَ‌ؕ وَمَنۡ اَحۡسَنُ مِنَ اللّٰهِ حُكۡمًا لِّقَوۡمٍ يُّوۡقِنُوۡنَ۝۵۰

(૫૦) તો શું તેઓ (આજે પણ) અજ્ઞાનતાના કાળના ન્યાયની ઇચ્છા રાખે છે ? અને સંપૂર્ણ વિશ્વાસ રાખનારાઓ માટે અલ્લાહ કરતાં બેહતર ફેંસલો કરનાર કોણ છે ?

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْيَهُوْدَ وَالنَّصٰرٰٓى اَوْلِيَآءَ ۘ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ۗ وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاِنَّهٗ مِنْهُمْ ۗ اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿٥١﴾

(૫૧) અય ઇમાન લાવનારાઓ! યહૂદી તથા નસારાઓને મિત્ર બનાવો નહિ; તેઓ માંહેના (દરેક) એકબીજાના મિત્ર છે; અને તમારામાંથી જે કોઇ તેમને મિત્ર બનાવશે તો નિસંશય તે તેઓ

માંહેનો છે; બેશક અલ્લાહ ઝુલ્મગાર કોમને માર્ગ દેખાડતો નથી.

فَتَرَى الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ يُّسَارِعُوْنَ فِيْهِمْ يَقُوْلُوْنَ
نَخْشٰٓى اَنْ تُصِيْبَنَا دَآئِرَةٌ ؕ فَعَسَى اللّٰهُ اَنْ يَّاْتِيَ بِالْفَتْحِ اَوْ اَمْرٍ
مِّنْ عِنْدِهٖ فَيُصْبِحُوْا عَلٰى مَآ اَسَرُّوْا فِيْٓ اَنْفُسِهِمْ نٰدِمِيْنَ ﴿٥٢﴾

(પ૨) પછી તે લોકો કે જેમના અંતઃકરણોમાં રોગ છે તેમને તું જોશે કે તે (યહૂદીઓ તથા ખ્રિસ્તિ)ઓની દોસ્તી કરવામાં ઘણીજ ઉતાવળ કરે છે (અને) કહે છે કે અમે પાછા કોઇ મુસીબતમાં આવી ન જઇએ તે માટે ડરીએ છીએ; માટે પાસે છે કે અલ્લાહ વિજય અથવા બીજો કોઇ હુકમ

પોતાના તરફથી જાહેર કરે કે જેથી તે (મુનાફીકો) જે કાંઇ પોતાના અંતઃકરણોમાં સંતાડી રહ્યા છે તે માટે પસ્તાવામાં પડે.

وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْٓا اَهٰٓؤُلَاۤءِ الَّذِيْنَ اَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ ۙ اِنَّهُمْ لَمَعَكُمْ ؕ حَبِطَتْ اَعْمَالُهُمْ فَاَصْبَحُوْا خٰسِرِيْنَ ۵۳

(૫૩) અને તે વેળા ઇમાન લાવનારાઓ કહેશે કે શું આ તેઓજ છે કે જેઓ અલ્લાહની સખતમાં સખત સોગંદો ખાતા હતા કે જરૂર તેઓ તમારી સાથે હતા ! તેમના કર્મો રદ થઇ જશે, જેથી તેઓ હાનિ ભોગવનારા થઇ જશે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ مَن يَرْتَدَّ مِنكُمْ عَن دِينِهِۦ فَسَوْفَ يَأْتِى ٱللَّهُ
بِقَوْمٍ يُحِبُّهُمْ وَيُحِبُّونَهُۥٓ أَذِلَّةٍ عَلَى ٱلْمُؤْمِنِينَ أَعِزَّةٍ عَلَى
ٱلْكَٰفِرِينَ يُجَٰهِدُونَ فِى سَبِيلِ ٱللَّهِ وَلَا يَخَافُونَ لَوْمَةَ لَآئِمٍ ۚ
ذَٰلِكَ فَضْلُ ٱللَّهِ يُؤْتِيهِ مَن يَشَآءُ ۚ وَٱللَّهُ وَٰسِعٌ عَلِيمٌ ﴿٥٤﴾

(૫૪) અય ઇમાન લાવનારાઓ ! તમારામાં જે કોઇ પોતાના ધર્મથી ફરી જશે તો (તેઓ અલ્લાહનું કાંઇજ બગાડશે નહિ) અલ્લાહ નઝદીકમાં એવા લોકોને લાવી હાજર કરશે કે જેમને તે દોસ્ત રાખતો હશે અને તેઓ તેને દોસ્ત રાખતા હશે, મોઅમીનો તરફ તેઓ નમ્ર હશે (અને) ઇમાન નહિ લાવનારાઓ તરફ સખત; અલ્લાહની રાહમાં જેહાદ કરે એવા અને કોઇ ઠપકો આપનારના

ઠપકાથી ન ડરે એવા; આ અલ્લાહની કૃપા છે જેને ચાહે આપે છે અને અલ્લાહ વિશાળ જ્ઞાનનો સાહેબ છે.

إِنَّمَا وَلِيُّكُمُ اللهُ وَرَسُولُهُ وَالَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ رٰكِعُوْنَ۝٥٥

(૫૫) (અય ઇમાનદારો !) તમારા રક્ષક અલ્લાહ અને તેના રસૂલના સિવાય કોઇ નથી અને તે લોકો પણ કે જેઓ ઇમાન લાવ્યા છે અને જેઓ નમાઝ કાયમ કરે છે તથા રૂકુઅની સ્થિતિમાં ઝકાત આપે છે.

وَمَنۡ يَّتَوَلَّ اللّٰهَ وَرَسُوۡلَهٗ وَالَّذِيۡنَ اٰمَنُوۡا فَاِنَّ حِزۡبَ اللّٰهِ هُمُ

الۡغٰلِبُوۡنَ۝۵۶

(૫૬) અને જે અલ્લાહ તથા તેના રસૂલને તથા મોઅમીનોને મિત્ર બનાવશે (તે અલ્લાહ વાળાઓના ટોળામાં દાખલ છે) અને ખરેજ અલ્લાહના પક્ષવાળા જ હંમેશા વિજયી રહેશે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تَتَّخِذُوا الَّذِيۡنَ اتَّخَذُوۡا دِيۡنَكُمۡ هُزُوًا

وَّلَعِبًا مِّنَ الَّذِيۡنَ اُوۡتُوا الۡكِتٰبَ مِنۡ قَبۡلِكُمۡ وَالۡكُفَّارَ

اَوۡلِيَآءَ‌ ۚ وَاتَّقُوا اللّٰهَ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ۝۵۷

(૫૭) અય ઇમાન લાવનારાઓ ! તે લોકો કે જેમને તમારી પહેલાં કિતાબ આપવામાં આવી છે તેઓ

માંહેના જે લોકો તમારા ધર્મને હાંસી અને રમકડું ગણે છે તેમને તથા નાસ્તિકોને દોસ્ત બનાવો નહિ; અને જો તમે મોઅમીન હો તો અલ્લાહથી ડરતા રહો.

وَإِذَا نَادَيْتُمْ إِلَى الصَّلَوٰةِ اتَّخَذُوهَا هُزُوًا وَلَعِبًا ۚ ذَٰلِكَ بِأَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُونَ ﴿٥٨﴾

(૫૮) અને જ્યારે તમે (અઝાન દઇ) નમાઝ માટે બોલાવો છો ત્યારે તેની પણ ઠઠ્ઠા મશ્કરી કરે છે; આ એ માટે કે તેઓ એવા લોકો છે કે જેઓ સમજ ધરાવતા નથી.

قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ هَلۡ تَنۡقِمُوۡنَ مِنَّاۤ اِلَّاۤ اَنۡ اٰمَنَّا بِاللّٰهِ وَمَاۤ
اُنۡزِلَ اِلَيۡنَا وَمَاۤ اُنۡزِلَ مِنۡ قَبۡلُ ۙ وَاَنَّ اَكۡثَرَكُمۡ فٰسِقُوۡنَ ﴿۵۹﴾

(૫૯) તું કહે કે અય કિતાબવાળાઓ ! શું તમે એ કારણે અમારામાં એબ કાઢો છે કે અમે અલ્લાહ પર તથા જે કાંઇ અમારા પર ઉતારવામાં આવ્યું છે તેના પર તથા જે કાંઇ (અમારી) પહેલાં ઉતારવામાં આવ્યું છે તેના પર ઇમાન લાવ્યા છીએ? પણ (વાત એ છે કે) તમારામાંના ઘણાં ખરા નાફરમાન છે (તેથી અમે તમારી આંખોમાં ખટકીએ છીએ).

قُلۡ هَلۡ اُنَبِّئُكُمۡ بِشَرٍّ مِّنۡ ذٰلِكَ مَثُوۡبَةً عِنۡدَ اللّٰهِ‌ ؕ مَنۡ لَّعَنَهُ
اللّٰهُ وَغَضِبَ عَلَيۡهِ وَجَعَلَ مِنۡهُمُ الۡقِرَدَةَ وَالۡخَنَازِيۡرَ وَعَبَدَ
الطَّاغُوۡتَ‌ ؕ اُولٰۤـئِكَ شَرٌّ مَّكَانًا وَّاَضَلُّ عَنۡ سَوَآءِ السَّبِيۡلِ‏ ﴿۶۰﴾

(૬૦) (અય રસૂલ !) તું કહે કે શું હું તમને તેમની ખબર આપું કે જેમના માટે અલ્લાહ તરફથી આ કરતાંય વધારે ખરાબ બદલા રૂપી સજા નક્કી થઇ ચૂકી છે ? તેઓ (એ છે કે) જેમના પર અલ્લાહે ફિટકાર કરી તથા જેમના પર કોપ ઉતાર્યો અને તેઓ માંહેના કેટલાકને વાંદરા તથા સુવ્વરો બનાવ્યા અને તેઓ માંહેના કેટલાક શેતાનના સેવકો બન્યા; એજ લોકો છે કે જેઓ દરજ્જાની

રૂએ ઘણાજ ખરાબ છે અને સન્માર્ગથી સૌ કરતાં વધારે ભટકી ગયેલા છે.

وَإِذَا جَآءُوكُمْ قَالُوٓا۟ ءَامَنَّا وَقَد دَّخَلُوا۟ بِٱلْكُفْرِ وَهُمْ قَدْ
خَرَجُوا۟ بِهِۦ ۚ وَٱللَّهُ أَعْلَمُ بِمَا كَانُوا۟ يَكْتُمُونَ ﴿٦١﴾

(૬૧) અને જે વેળા તેઓ તમારી પાસે આવે છે ત્યારે તેઓ કહે છે કે અમે તો ઇમાન લાવ્યા છીએ પણ વાસ્તવમાં તો તેઓ નાસ્તિકપણા સાથે આવે છે અને તે (નાસ્તિકપણા)ની સાથે નીકળી (ચાલ્યા) જાય છે; અને જે (દ્વેષભાવ) તેઓ સંતાડે છે તેનાથી અલ્લાહ સારી પેઠે જાણકાર છે.

وَتَرٰى كَثِيْرًا مِّنْهُمْ يُسَارِعُوْنَ فِى الْاِثْمِ وَالْعُدْوَانِ وَاَكْلِهِمُ
السُّحْتَ ؕ لَبِئْسَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٦٢﴾

(૬૨) અને તું તેઓમાંથી ઘણાઓને એવી હાલતમાં જોશે કે ગુનાહ અને અત્યાચાર કરવામાં અને હરામનો માલ ખાવામાં એક બીજાની સાથે હરીફાઇ કરે છે; ખરેજ તેઓ જે કાંઇ કરે છે તે ઘણું જ ખરાબ કરે છે.

لَوْلَا يَنْهٰىهُمُ الرَّبّٰنِيُّوْنَ وَالْاَحْبَارُ عَنْ قَوْلِهِمُ الْاِثْمَ
وَاَكْلِهِمُ السُّحْتَ ؕ لَبِئْسَ مَا كَانُوْا يَصْنَعُوْنَ ﴿٦٣﴾

(૬૩) અલ્લાહવાળા લોકો તથા વિદ્વાનો તેમને ગુનાહભરી વાત કહેતાં તથા હરામનો માલ ખાતાં

શા માટે અટકાવતા નથી ? ખરેખર તેઓ જે કાંઇ કરે છે તે ઘણું જ દુષ્ટ કાર્ય કરે છે.

وَقَالَتِ الْيَهُوْدُ يَدُ اللّٰهِ مَغْلُوْلَةٌ ؕ غُلَّتْ اَيْدِيْهِمْ وَلُعِنُوْا بِمَا قَالُوْا ۘ بَلْ يَدٰهُ مَبْسُوْطَتٰنِ ۙ يُنْفِقُ كَيْفَ يَشَآءُ ؕ وَلَيَزِيْدَنَّ كَثِيْرًا مِّنْهُمْ مَّاۤ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ طُغْيَانًا وَّ كُفْرًا ؕ وَاَلْقَيْنَا بَيْنَهُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ؕ كُلَّمَاۤ اَوْقَدُوْا نَارًا لِّلْحَرْبِ اَطْفَاَهَا اللّٰهُ ۙ وَيَسْعَوْنَ فِى الْاَرْضِ فَسَادًا ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الْمُفْسِدِيْنَ ۝٦٤

(૬૪) અને યહૂદીઓ કહે છે કે અલ્લાહનો હાથ બંધાયેલો છે; (પણ) તેમનાજ હાથ બંધાઇ જાય!

અને તેમના પર આ (કહેવા)ના કારણે લાનત થઇ, બલ્કે તે (અલ્લાહ)ના તો બંને હાથ ફેલાયેલા છે, જેવી રીતે ચાહે છે અર્પણ કરે છે અને જે કાંઇ તારા પરવરદિગાર તરફથી તારા પર ઉતારવામાં આવ્યું છે તે તેઓ માંહેના ઘણાઓની ઉધ્ધતાઇ તથા નાસ્તિકપણાને અવશ્ય વધારી મૂકશે; અને અમોએ તેમની વચ્ચે કયામત સુધી શત્રુતા અને સખ્ત કીન્નાખોરી નાખી દીધાં છે; જ્યારે જ્યારે તેઓ લડાઇની આગ સળગાવે છે ત્યારે ત્યારે અલ્લાહ તેને હોલવી નાખે છે અને તેઓ ભૂમિમાં ફસાદ ફેલાવવાનો પ્રયત્ન કરે છે; અને અલ્લાહ ફસાદ કરનારાઓને દોસ્ત રાખતો નથી.

وَلَوْ اَنَّ اَهْلَ الْكِتٰبِ اٰمَنُوْا وَاتَّقَوْا لَكَفَّرْنَا عَنْهُمْ سَيِّاٰتِهِمْ
وَلَاَدْخَلْنٰهُمْ جَنّٰتِ النَّعِيْمِ ﴿٦٥﴾

(૬૫) અને જો કિતાબ ધરાવનારાઓ ઇમાન લાવતે તથા પરહેઝગાર બનતે તો અમે તેમના ગુનાહ નાબૂદ કરી નાખતે અને તેમને નેઅમતવાળી જન્નતોમાં દાખલ કરતે.

وَلَوْ اَنَّهُمْ اَقَامُوا التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ وَمَآ اُنْزِلَ اِلَيْهِمْ مِّنْ
رَّبِّهِمْ لَاَكَلُوْا مِنْ فَوْقِهِمْ وَمِنْ تَحْتِ اَرْجُلِهِمْ ؕ مِنْهُمْ اُمَّةٌ
مُّقْتَصِدَةٌ ؕ وَكَثِيْرٌ مِّنْهُمْ سَآءَ مَا يَعْمَلُوْنَ ﴿٦٦﴾

(૬૬) અને જો તેઓ તૌરેત તથા ઇન્જીલને તથા જે કાંઇ (સહીફા) તેમના પરવરદિગાર તરફથી

તેમના ઉપર ઉતારવામાં આવ્યા હતા તે (ની આજ્ઞાઓ) કાયમ રાખતે તો તેઓ આકાશ (પર)ની રોઝી પણ ખાતે તથા ઝમીનની પણ; તેઓ માંહેનું એક ટોળું મધ્યમ રીતે ચાલનારૂં છે; અને તેઓ માંહેના ઘણાં ખરા જે કૃત્યો કરે છે તે દુષ્ટ છે.

يَآَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ ؕ وَاِنْ لَّمْ تَفْعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهٗ ؕ وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿٦٧﴾

(૬૭) અય રસૂલ! જે કાંઇ તારા પરવરદિગાર તરફથી તારી તરફ ઉતારવામાં આવ્યું છે તે (લોકો સુધી) પહોંચાડી દે; અને જો તેં તેમ ન કર્યું તો

જાણે તેં તેનો (કોઇ પણ) સંદેશો પહોંચાડ્યો જ નહિ; અને અલ્લાહ તને લોકો(ના ત્રાસ)થી સુરક્ષિત રાખશે; નિસંશય અલ્લાહ ઇન્કાર કરનારી કૌમને (સીધો) માર્ગ દેખાડતો નથી.

قُلْ يَاَهْلَ الْكِتٰبِ لَسْتُمْ عَلٰى شَيْءٍ حَتّٰى تُقِيْمُوا التَّوْرٰىةَ
وَالْاِنْجِيْلَ وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ ؕ وَلَيَزِيْدَنَّ كَثِيْرًا
مِّنْهُمْ مَّآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ طُغْيَانًا وَّكُفْرًا ۚ فَلَا تَاْسَ
عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٦٨﴾

(૬૮) (અય રસૂલ !) તું કહે કે અય કિતાબવાળાઓ! જ્યાં સુધી તમે તૌરેત તથા ઇન્જીલ તથા જે કાંઇ તમારા પરવરદિગાર

તરફથી તમારા પર ઉતારવામાં આવ્યું છે તેને કાયમ નહિ રાખો ત્યાં સુધી તમે કોઇ પણ મુદ્દા (ખરા ધર્મ) પર નથીજ; અને (અય રસૂલ!) જે કાંઇ તારા પરવરદિગાર તરફથી તારા પર ઉતારવામાં આવ્યું છે તે તે (લોકો) માંહેના ઘણાઓની ઉધ્ધતાઇ તથા નાસ્તિકપણાને અવશ્ય વધારી મૂકશે, માટે ઇમાન નહિ લાવનારા લોકોની દશા પર કાંઇ અફસોસ કરતો નહિ.

إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَادُوا وَالصَّابِئُونَ وَالنَّصَارَىٰ مَنْ
آمَنَ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ وَعَمِلَ صَالِحًا فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا
هُمْ يَحْزَنُونَ ﴿٦٩﴾

(૬૯) નિઃસંશય જેઓ ઇમાન લાવ્યા છે અને જેઓ યહૂદીઓ અને સાબેઇન (સિતારાને પૂજનારા) અને ખ્રિસ્તિઓ છે, જે કોઇ અલ્લાહ તથા કયામતના દિવસ પર ઇમાન લાવશે તથા સત્કાર્યો કરશે તો તેમને ન તો કાંઇ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

لَقَدْ اَخَذْنَا مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ وَاَرْسَلْنَآ اِلَيْهِمْ رُسُلًا ؕ كُلَّمَا جَآءَهُمْ رَسُوْلٌۢ بِمَا لَا تَهْوٰٓى اَنْفُسُهُمْ ۙ فَرِيْقًا كَذَّبُوْا وَفَرِيْقًا يَّقْتُلُوْنَ ۝٧٠

(૭૦) ખરેજ અમોએ બની ઇસરાઇલ પાસેથી વચન લીધું હતું અને તેમની તરફ રસૂલો મોકલ્યા

હતા; જ્યારે જ્યારે તેમની પાસે કોઇ એવો રસુલ (અલ્લાહનો) હુકમ લઇને આવ્યો કે જેને તેમનું મન પસંદ કરતું ન હતું ત્યારે તેમણે કેટલાકને જૂઠલાવ્યા તો કેટલાકને મારી નાખ્યા.

وَحَسِبُوْٓا اَلَّا تَكُوْنَ فِتْنَةٌ فَعَمُوْا وَصَمُّوْا ثُمَّ تَابَ اللّٰهُ عَلَيْهِمْ
ثُمَّ عَمُوْا وَصَمُّوْا كَثِيْرٌ مِّنْهُمْ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ۝٧١

(૭૧) અને તેમણે એવું ગુમાન કર્યું હતું કે (તેમ કરવા)થી કાંઇ મુસીબત આવશે નહિ, જેથી તેઓ આંધળા અને બહેરા થઇ ગયા; પછી અલ્લાહે તેમની તૌબા કબૂલ કરી લીધી, પછી પણ તેઓ માંહેના ઘણાય આંધળા તથા બહેરા થઇ ગયા;

અને તેઓ જે કાંઇ કરે છે તે અલ્લાહ નિહાળનાર છે.

لَقَدۡ كَفَرَ الَّذِيۡنَ قَالُوۡۤا اِنَّ اللّٰهَ هُوَ الۡمَسِيۡحُ ابۡنُ مَرۡيَمَ‌ ؕ وَقَالَ
الۡمَسِيۡحُ يٰبَنِىۡۤ اِسۡرَآءِيۡلَ اعۡبُدُوا اللّٰهَ رَبِّىۡ وَرَبَّكُمۡ‌ ؕ اِنَّهٗ مَنۡ
يُّشۡرِكۡ بِاللّٰهِ فَقَدۡ حَرَّمَ اللّٰهُ عَلَيۡهِ الۡجَـنَّةَ وَمَاۡوٰٮهُ النَّارُ‌ ؕ وَمَا
لِلظّٰلِمِيۡنَ مِنۡ اَنۡصَارٍ ۝٧٢

(૭૨) ખચીતજ તે લોકોએ નાસ્તિકપણું કર્યું જેઓ કહે છે કે બેશક અલ્લાહ એજ મરિયમનો પુત્ર મસીહ છે; જોકે મસીહે (પોતેજ) કહ્યું હતું કે બની ઇસરાઇલ! અલ્લાહની ઇબાદત કરો જે મારો પરવરદિગાર છે અને તમારો પણ; બેશક

અલ્લાહની સાથે કોઇને શરીક કરશે તેના પર અલ્લાહે જન્નત હરામ કરી દીધી છે અને તેનું ઠેકાણું અગ્નિ છે; અને ઝુલમગારોનો કોઇ મદદગાર થશે નહિ.

لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ ثَالِثُ ثَلٰثَةٍ ۘ وَمَا مِنْ اِلٰهٍ اِلَّآ اِلٰهٌ وَّاحِدٌ ۭ وَاِنْ لَّمْ يَنْتَهُوْا عَمَّا يَقُوْلُوْنَ لَيَمَسَّنَّ الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٧٣﴾

(૭૩) ખરેખર તે લોકો નાસ્તિક થઇ ગયા કે જેમણે કહ્યું કે નિ:સંશય અલ્લાહ ત્રણ (ખુદા) માંહેનો ત્રીજો (ખુદા) છે, જો કે એકજ માઅબૂદ સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી; અને જે કાંઇ તેઓ કહે છે

તેનાથી જો તેઓ અટકશે નહિ તો તેઓમાંથી જે ઇમાન ન લાવશે તેમને ખચીતજ દુ:ખદાયક અઝાબ મળશે.

اَفَلَا يَتُوْبُوْنَ اِلَى اللّٰهِ وَيَسْتَغْفِرُوْنَهٗ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۷۴﴾

(૭૪) તેઓ અલ્લાહની તરફ કેમ રજૂ નથી થતાં તથા તેનાથી ક્ષમા કેમ નથી માંગતા ? જો કે અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

مَا الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ وَاُمُّهٗ صِدِّيْقَةٌ ؕ كَانَا يَاْكُلٰنِ الطَّعَامَ ؕ اُنْظُرْ كَيْفَ نُبَيِّنُ لَهُمُ الْاٰيٰتِ ثُمَّ انْظُرْ اَنّٰى يُؤْفَكُوْنَ ﴿۷۵﴾

(૭૫) મરિયમનો પુત્ર મસીહ બીજો કોઇ નથી પણ એક રસૂલ છે, જેની અગાઉ ઘણાય રસુલો થઇ ગયા છે; અને તેની મા (મરિયમ) મહાન સત્ય બોલનારી હતી; બંને ખાવાનું પણ આરોગતા હતા; (હવે) વિચાર કરે કે અમે તેમના માટે (અમારી) નિશાનીઓ કેટલી સ્પષ્ટ કરીને વર્ણવીએ છીએ છતાં પણ જો કે તેઓ કેવી રીતે બહેકી ચાલ્યા જાય છે !

قُلْ أَتَعْبُدُونَ مِنْ دُونِ اللّٰهِ مَا لَا يَمْلِكُ لَكُمْ ضَرًّا وَّلَا نَفْعًا ط
وَاللّٰهُ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٧٦﴾

(૭૬) (અય રસૂલ !) તું કહે કે શું તમે અલ્લાહને છોડી તે વસ્તુઓની ઇબાદત કરો છો કે જે તમારા

નુકસાન કે લાભ ઉપર મુદ્દલ અધિકાર ધરાવતી નથી? અને અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે.

قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ لَا تَغۡلُوۡا فِىۡ دِيۡنِكُمۡ غَيۡرَ الۡحَـقِّ وَلَا تَتَّبِعُوۡۤا
اَهۡوَآءَ قَوۡمٍ قَدۡ ضَلُّوۡا مِنۡ قَبۡلُ وَاَضَلُّوۡا كَثِيۡرًا وَّضَلُّوۡا عَنۡ
سَوَآءِ السَّبِيۡلِ

(૭૭) (અય રસૂલ!) તું કહે, અય કિતાબવાળાઓ તમારા દીનમાં નાહક અતિશયોક્તિ ન કરો તથા તે કૌમની ખાહેશો (ઇચ્છાઓ)ને ન અનુસરો કે જે આ પહેલાં ગુમરાહ થઇ ચૂકી છે, અને (સાથેજ

બીજા) ઘણાઓને ગુમરાહ બનાવ્યા છે અને સન્માર્ગથી ભટકી ગઇ છે.

لُعِنَ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡۢ بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ عَلٰى لِسَانِ دَاوٗدَ وَعِيۡسَى ابۡنِ مَرۡيَمَ ‌ؕ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوۡا يَعۡتَدُوۡنَ‏ ﴿۷۸﴾

(૭૮) બની ઇસરાઇલમાંથી જેઓ ઇમાન ન લાવ્યા તેમના ઉપર દાઉદ તથા મરિયમના પુત્ર ઇસાના મુખેથી લાઅનત કરવામાં આવી; તે એ માટે કે તેઓ નાફરમાની તથા અત્યાચાર કરતા હતા.

كَانُوۡا لَا يَتَنَاهَوۡنَ عَنۡ مُّنۡكَرٍ فَعَلُوۡهُ‌ ؕ لَبِئۡسَ مَا كَانُوۡا يَفۡعَلُوۡنَ‏ ﴿۷۹﴾

(૭૯) જે બદી તેઓ કરતા હતા તેનાથી એક બીજાને તેઓ અટકાવતા ન હતા; (અને) ખચીતજ તેઓ જે કાંઇ કરતા હતા તે ઘણુંજ ખરાબ હતું.

تَرٰى كَثِيۡرًا مِّنۡهُمۡ يَتَوَلَّوۡنَ الَّذِيۡنَ كَفَرُوۡا ؕ لَبِئۡسَ مَا قَدَّمَتۡ لَهُمۡ اَنۡفُسُهُمۡ اَنۡ سَخِطَ اللّٰهُ عَلَيۡهِمۡ وَفِى الۡعَذَابِ هُمۡ خٰلِدُوۡنَ ﴿۸۰﴾

(૮૦) તેઓમાંથી ઘણા લોકોને તું નાસ્તિકોના મિત્ર બનતા જોશે; અને જે (વસ્તુઓ) તેમના આત્માઓએ તેમના માટે આગળ મોકલી છે તે ખચીતજ બૂરી છે કે (જેથી) અલ્લાહ તેમનાથી

નારાજ થયો અને તેઓ અઝાબમાં હંમેશ માટે રહેનાર છે.

وَلَوْ كَانُوْا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالنَّبِيِّ وَمَآ اُنْزِلَ اِلَيْهِ مَا اتَّخَذُوْهُمْ اَوْلِيَآءَ وَلٰكِنَّ كَثِيْرًا مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿٨١﴾

(૮૧) અને જો તેઓ અલ્લાહ પર તથા તેના નબી પર તથા જે કાંઇ તેના પર ઉતારવામાં આવ્યું છે તેના પર ઇમાન લાવ્યા હોત તો તેમને મિત્ર બનાવતે નહિ, પરંતુ તેઓ માંહેના ઘણા ખરા નાફરમાન છે.

لَتَجِدَنَّ اَشَدَّ النَّاسِ عَدَاوَةً لِّلَّذِيْنَ اٰمَنُوا الْيَهُوْدَ وَالَّذِيْنَ اَشْرَكُوْا ۚ وَلَتَجِدَنَّ اَقْرَبَهُمْ مَّوَدَّةً لِّلَّذِيْنَ اٰمَنُوا الَّذِيْنَ قَالُوْٓا

اِنَّا نَصٰرٰى ؕ ذٰلِكَ بِاَنَّ مِنۡهُمۡ قِسِّيۡسِيۡنَ وَرُهۡبَانًا وَّاَنَّهُمۡ لَا
يَسۡتَكۡبِرُوۡنَ﴿۸۲﴾

(૮૨) (અય રસૂલ !) મોઅમીનોના સૌથી કટ્ટર શત્રુ તું યહુદીઓ તથા મુશ્રીકોને જોશે, અને તેઓમાંથી મોઅમીનોના વધારે મિત્રો તે લોકોને જોશે કે જેઓ કહે છે કે અમે ખ્રિસ્તી છીએ; આ એ માટે કે તેઓ માંહેના કેટલાક વિદ્વાનો છે તથા કેટલાક દુરવેશો (સંસાર ત્યાગી) છે અને (વળી) આ કે તેઓ અભિમાન કરતા નથી.

وَإِذَا سَمِعُوا مَا أُنْزِلَ إِلَى الرَّسُولِ تَرَىٰ أَعْيُنَهُمْ تَفِيضُ مِنَ
الدَّمْعِ مِمَّا عَرَفُوا مِنَ الْحَقِّ ۖ يَقُولُونَ رَبَّنَا آمَنَّا فَاكْتُبْنَا مَعَ
الشَّاهِدِينَ ﴿٨٣﴾

(૮૩) અને જ્યારે તેઓ રસૂલની તરફ જે ઉતારવામાં આવ્યું છે તે સાંભળે છે ત્યારે તું તેમની આંખોમાંથી આંસુ વહી જતાં જોશે, કેમકે તેમણે સત્ય પારખી લીધું છે, (અને) તેઓ કહે છે કે અય અમારા પરવરદિગાર! અમે ઇમાન લાવ્યા છીએ, માટે તું અમને પણ (રસુલની સચ્ચાઇની) સાક્ષી આપનારાઓમાં લખી લે.

وَمَا لَنَا لَا نُؤۡمِنُ بِاللّٰهِ وَمَا جَآءَنَا مِنَ الۡحَقِّ ۙ وَنَطۡمَعُ اَنۡ يُّدۡخِلَنَا رَبُّنَا مَعَ الۡقَوۡمِ الصّٰلِحِيۡنَ ﴿۸۴﴾

(૮૪) અને અમને શું થઇ ગયું છે કે અમે અલ્લાહ પર તથા અમારા પર આવેલા સત્ય ઉપર ઇમાન ન લાવીએ, જ્યારે કે અમને સંપૂર્ણ આશા છે કે અમને અમારો પરવરદિગાર સદાચારી લોકોમાં શામીલ કરી લેશે?

فَاَثَابَهُمُ اللّٰهُ بِمَا قَالُوۡا جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا ؕ وَذٰلِكَ جَزَآءُ الۡمُحۡسِنِيۡنَ ﴿۸۵﴾

(૮૫) આથી અલ્લાહે તેમને તેમની આ અરજના બદલામાં જન્નતો આપી દીધી જેની હેઠળ નદીઓ

વહે છે, જેમાં તેઓ હંમેશને માટે રહેશે; અને નેકી કરનારાઓનો બદલો એજ છે.

وَالَّذِيْنَ كَفَرُوْا وَ كَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿٨٦﴾

(૮૬) અને જે લોકો ઇમાન નથી લાવતા તથા જેઓ અમારી નિશાનીઓ જૂઠલાવે છે તેઓજ જહન્નમવાસીઓ છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُحَرِّمُوْا طَيِّبٰتِ مَآ اَحَلَّ اللّٰهُ لَكُمْ وَلَا تَعْتَدُوْا ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ﴿٨٧﴾

(૮૭) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહે તમારા માટે જે પાક વસ્તુઓ હલાલ ઠરાવી છે તેમને હરામ ન ઠરાવો અને હદ બહાર જાઓ નહિ; બેશક

અલ્લાહ હદ બહાર જનારાઓને દોસ્ત નથી રાખતો.

وَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا ۖ وَّاتَّقُوا اللّٰهَ الَّذِيْٓ اَنْتُمْ بِهٖ مُؤْمِنُوْنَ ﴿٨٨﴾

(૮૮) અને જે હલાલ તથા પાક રોઝી તમને અલ્લાહે આપી છે તેમાંથી ખાઓ પીઓ, અને અલ્લાહ કે જેના પર તમે ઇમાન લાવ્યા છો તેનાથી ડરતા રહો.

لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا عَقَّدْتُّمُ الْاَيْمَانَ ۚ فَكَفَّارَتُهٗٓ اِطْعَامُ عَشَرَةِ مَسٰكِيْنَ مِنْ اَوْسَطِ مَا تُطْعِمُوْنَ اَهْلِيْكُمْ اَوْ كِسْوَتُهُمْ اَوْ تَحْرِيْرُ رَقَبَةٍ ۭ

فَمَنۡ لَّمۡ یَجِدۡ فَصِیَامُ ثَلٰثَةِ اَیَّامٍ ؕ ذٰلِكَ كَفَّارَةُ اَیۡمَانِكُمۡ اِذَا
حَلَفۡتُمۡ ؕ وَاحۡفَظُوۡۤا اَیۡمَانَكُمۡ ؕ كَذٰلِكَ یُبَیِّنُ اللّٰهُ لَكُمۡ اٰیٰتِهٖ
لَعَلَّكُمۡ تَشۡكُرُوۡنَ﴿۸۹﴾

(૮૯) અલ્લાહ તમારી અનિશ્ચિત પ્રતિજ્ઞાઓ માટે તમારાથી જવાબ માંગશે નહિ, પરંતુ તે પ્રતિજ્ઞાઓ જે તમે જાણી જોઇને ઇરાદાપૂર્વક લીધી હોય (તેનો જવાબ તમારી પાસેથી માંગશે); માટે આવી પ્રતિજ્ઞા (ભંગ કરવાનો) કફ્ફારો (પ્રાયશ્ચિત) દસ નિરાધારોને મધ્યમ પ્રકારના ખાણામાંથી કે જે તમે તમારા કુટુંબીઓને ખવડાવો છો તે ખવડાવવાનું, અથવા દસ નિરાધારોને કપડા પહેરાવવાનું

અથવા એક ગુલામ આઝાદ કરવાનું છે; પણ જેને આ (વસ્તુઓ) મળી ન શકે તો તે ત્રણ દિવસના રોઝા રાખે; આ પ્રાયશ્ચિત તમોએ ખાધેલી સોગંદો માટે છે; અને તમારી સોગંદોનું રક્ષણ (પાલન) કરતા રહો. આવી રીતે અલ્લાહ પોતાની આયતો તમારા માટે સ્પષ્ટ કરીને વર્ણવે છે કે જેથી તમે આભાર માનનારા થાઓ.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٩٠﴾

(૯૦) અય ઇમાન લાવનારાઓ ! શરાબ તથા જુગાર તથા સ્થાપિત કરેલી મૂર્તિઓ (સામે કરવામાં આવતી કુરબાની) તથા બાણ પર લેવાતી સોરટી એ શેતાનના નાપાક કાર્યો માંહેના (કાર્યો) છે; માટે તમે તેનાથી બચતા રહો કે કદાચને તમે સફળતા મેળવો.

إِنَّمَا يُرِيدُ الشَّيْطَٰنُ أَن يُوقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَاءَ فِي الْخَمْرِ وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَن ذِكْرِ اللَّهِ وَعَنِ الصَّلَوٰةِ فَهَلْ أَنتُم مُّنتَهُونَ ﴿٩١﴾

(૯૧) એ સિવાય બીજું કાંઇજ નથી કે શેતાન તમારી વચ્ચે શરાબ તથા જુગાર વડે શત્રુતા અને

દ્વેષ નાખવા ઇચ્છે છે અને તમને અલ્લાહની યાદ તથા નમાઝ અદા કરતાં અટકાવે છે; તો પણ શું તમે (તેને અનુસરતા) અટકશો નહિ ?

وَاَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاحْذَرُوْا ۚ فَاِنْ تَوَلَّيْتُمْ فَاعْلَمُوْٓا اَنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿٩٢﴾

(૯૨) અને અલ્લાહની આજ્ઞા માનતા રહો તથા રસૂલની પણ આજ્ઞા માનતા રહો અને (નાફરમાનીથી) સાવચેત રહો; પછી જો તમે મોઢું ફેરવી લેશો તો સમજી લો કે અમારા રસૂલના માથે તો માત્ર (અમારો) સંદેશો સ્પષ્ટ કરીને પહોંચાડી દેવાનું છે.

لَيۡسَ عَلَى الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ جُنَاحٌ فِيۡمَا طَعِمُوۡۤا
اِذَا مَا اتَّقَوْا وَّاٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ ثُمَّ اتَّقَوْا وَّاٰمَنُوۡا ثُمَّ
اتَّقَوْا وَّاَحۡسَنُوۡا ؕ وَاللّٰهُ يُحِبُّ الۡمُحۡسِنِيۡنَ ﴿٩٣﴾

(૯૩) જે લોકો ઇમાન લાવ્યા તથા જેઓ સત્કાર્યો કરતા રહ્યા તેમણે જે કાંઇ (હરામ થયા પહેલાં) ખાધું પીધું છે તે સંબંધી તેમના પર કાંઇ ગુનોહ નથી, એ હાલતમાં કે તેઓ ડરતા રહ્યા અને ઇમાન લાવ્યા, તથા સત્કાર્યો કરતા રહ્યા પછી તેઓ ડરતા રહ્યા અને ઇમાન લાવ્યા, વળી પણ તેઓ ડરતા રહ્યા અને નેકી કરતા રહ્યા; અને અલ્લાહ નેકી કરનારાઓને દોસ્ત રાખે છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَيَبْلُوَنَّكُمُ اللّٰهُ بِشَيْءٍ مِّنَ الصَّيْدِ تَنَالُهٗٓ
اَيْدِيْكُمْ وَرِمَاحُكُمْ لِيَعْلَمَ اللّٰهُ مَنْ يَّخَافُهٗ بِالْغَيْبِ ۚ فَمَنِ
اعْتَدٰى بَعْدَ ذٰلِكَ فَلَهٗ عَذَابٌ اَلِيْمٌ ﴿٩٤﴾

(૯૪) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહ તે શિકારના સબંધમાં કે જેના સુધી તમારા હાથ તથા ભાલા પહોંચી શકે તમારી કાંઇક કસોટી કરશે કે જેથી તે જાણી લે કે તેને જોયા કર્યા વિના (તેનાથી) કોણ ભય પામે છે; પણ તે પછી જે અતિશયોક્તિ કરશે તેના માટે દુ:ખદાયક અઝાબ છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَقْتُلُوا۟ ٱلصَّيْدَ وَأَنتُمْ حُرُمٌ ۚ وَمَن
قَتَلَهُۥ مِنكُم مُّتَعَمِّدًا فَجَزَآءٌ مِّثْلُ مَا قَتَلَ مِنَ ٱلنَّعَمِ يَحْكُمُ
بِهِۦ ذَوَا عَدْلٍ مِّنكُمْ هَدْيًۢا بَٰلِغَ ٱلْكَعْبَةِ أَوْ كَفَّٰرَةٌ طَعَامُ
مَسَٰكِينَ أَوْ عَدْلُ ذَٰلِكَ صِيَامًا لِّيَذُوقَ وَبَالَ أَمْرِهِۦ ۗ عَفَا ٱللَّهُ
عَمَّا سَلَفَ ۚ وَمَنْ عَادَ فَيَنتَقِمُ ٱللَّهُ مِنْهُ ۗ وَٱللَّهُ عَزِيزٌ ذُو
ٱنتِقَامٍ ﴿٩٥﴾

(૯૫) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમે એહરામ (હજના વસ્ત્રો પહેરેલી)ની હાલતમાં હો ત્યારે શિકાર કરશો નહિ અને તમારામાંથી જણે જાણી જોઇને શિકાર કર્યો તો તેનો બદલો એ છે કે

ચોપગાં જાનવરોમાંથી તેણે માર્યું હોય તેવુંજ એક (જાનવર) કુરબાન કરે કે જે તમારામાંથી બે ન્યાયાધીશો ઠરાવે, અને એ કુરબાની કાઅબામાં પહોંચાડવામાં આવે; અથવા તેનું બીજું પ્રાયશ્ચિત (તેની કિંમતમાંથી જેટલા મિસ્કીનો ખાઇ શકે તેટલા) મિસ્કીનોને ખાવાનું ખવડાવવું અથવા (એટલા મિસ્કીનોની) સંખ્યાનાં સાત રોઝા રાખવા કે જેથી પોતાની કરણીનું માઠું પરિણામ ચાખે; (પરંતુ આ) પહેલાં જે થઇ ચૂક્યું છે તેનાથી અલ્લાહે દરગુજર કરી દીધી છે; અને જે ફરીથી તેમ કરશે તો અલ્લાહ તેનાથી (અવશ્ય) બદલો લેશે; અને અલ્લાહ ઝબરદસ્ત બદલો લેનારો છે.

أُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ وَطَعَامُهُ مَتَاعًا لَّكُمْ وَلِلسَّيَّارَةِ ۖ
وَحُرِّمَ عَلَيْكُمْ صَيْدُ الْبَرِّ مَا دُمْتُمْ حُرُمًا ۗ وَاتَّقُوا اللَّهَ
الَّذِي إِلَيْهِ تُحْشَرُونَ ﴿٩٦﴾

(૯૬) દરિયાઇ શિકાર કરવો અને તે (શિકારો)નું ખાવું તમારા માટે હલાલ કરવામાં આવ્યું છે. તમારા અને તમારા મુસાફર સાથીઓ માટે આ એક રોઝીનું સાધન છે; અને જ્યાં સુધી તમે અહેરામની હાલતમાં હો ત્યાં સુધી તમારા ઉપર ઝમીન પરનો શિકાર હરામ કરવામાં આવ્યો છે; અને અલ્લાહથી ડરતા રહો કે જેની હજૂરમાં તમે (સઘળાં) ભેગાં કરવામાં આવશો.

جَعَلَ اللّٰهُ الْكَعْبَةَ الْبَيْتَ الْحَرَامَ قِيٰمًا لِّلنَّاسِ وَالشَّهْرَ

الْحَرَامَ وَالْهَدْيَ وَالْقَلَآئِدَ ؕ ذٰلِكَ لِتَعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا

فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ وَاَنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۹۷﴾

(૯૭) અલ્લાહે હુરમત (બુઝુર્ગી) વાળા મકાન (યાને) કાઅબાને લોકો (ની શાંતિ અને સમાધાન જાળવી રાખવા) માટેનું સ્થાન બનાવ્યું છે અને એવીજ રીતે હુરમતવાળા મહીના તથા કુરબાનીઓ તથા ચટાપટાવાળી કુરબાનીને પણ (હુરમતવાળી બનાવી છે); આ એ માટે કે તમે જાણી લો કે બેશક આકાશો તથા ઝમીનમાં જે કાંઇ

છે તે (સઘળું) અલ્લાહ જાણે છે અને આ કે અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.

اِعْلَمُوْٓا اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ وَاَنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٩٨﴾

(૯૮) એ પણ સમજી લો કે અલ્લાહ સખ્તમાં સખ્ત શિક્ષા કરનારો છે તેમજ અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનાર છે.

مَا عَلَى الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا تَكْتُمُوْنَ ﴿٩٩﴾

(૯૯) રસૂલના માથે સંદેશો પહોંચાડી દેવા સિવાય અન્ય કોઇ (જવાબદારી) નથી; અને તમે જે કાંઇ

જાહેર કરો છો તથા જે કાંઇ સંતાડો છો તે અલ્લાહ જાણે છે.

قُلْ لَّا يَسْتَوِى الْخَبِيْثُ وَالطَّيِّبُ وَلَوْ اَعْجَبَكَ كَثْرَةُ الْخَبِيْثِ ۚ فَاتَّقُوا اللّٰهَ يٰٓاُولِى الْاَلْبَابِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿١٠٠﴾

(૧૦૦) (અય રસૂલ!) કહે કે નાપાક તથા પાક (હરામ તથા હલાલ દરજ્જામાં) સમાન હોઇ શકતાં નથી, પછી ભલેને નાપાકની વૃધ્ધિ તને નવાઈ પમાડે; માટે અય બુધ્ધિશાળીઓ! અલ્લાહથી ડરતા રહો કે કદાચ તમે સફળતા પામો.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَسْـَٔلُوْا عَنْ اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ
تَسُؤْكُمْ ۚ وَاِنْ تَسْـَٔلُوْا عَنْهَا حِيْنَ يُنَزَّلُ الْقُرْاٰنُ تُبْدَ لَكُمْ ؕ
عَفَا اللّٰهُ عَنْهَا ؕ وَاللّٰهُ غَفُوْرٌ حَلِيْمٌ ﴿۱۰۱﴾

(૧૦૧) અય ઇમાન લાવનારાઓ ! તે વસ્તુઓ સંબંધી સવાલ ન કરો કે જે કદાચને તમારી સામે જાહેર કરીને વર્ણવવામાં આવે તો તેથી તમને દુ:ખ થાય, અને જ્યારે કુરઆન ઉતરતું હોય તે સમયે અગર તમે તેના વિષે પ્રશ્ન કરશો તો તે તમારા માટે જાહેર કરી દેવામાં આવશે; (હમણાં તો) અલ્લાહે તેનાથી દરગુજર કરી છે; અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) સહનશીલ છે.

قَدْ سَاَلَهَا قَوْمٌ مِّنْ قَبْلِكُمْ ثُمَّ اَصْبَحُوْا بِهَا كٰفِرِيْنَ ﴿١٠٢﴾

(૧૦૨) ખચીતજ એવા સવાલો તમારી પહેલાના લોકોએ પણ (તેમના પયગમ્બરોને) પૂછયા હતા, (પણ જ્યારે તે તેમને વર્ણવામાં આવ્યા ત્યારે તે મુજબ વર્તવાની ના પાડી) અને તેને લીધે તેઓ નાસ્તિકો બની ગયા.

مَا جَعَلَ اللّٰهُ مِنْۢ بَحِيْرَةٍ وَّلَا سَآئِبَةٍ وَّلَا وَصِيْلَةٍ وَّلَا حَامٍ ۙ وَّلٰكِنَّ الَّذِيْنَ كَفَرُوْا يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ ؕ وَاَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ ﴿١٠٣﴾

(૧૦૩) અલ્લાહે કાન ચીરેલી ઊંટણી (બહીરા) તથા સાંઢીઓ (સાઈબા) તથા હલવાન બચ્ચું

(વસીલા) અને ઘણું ઘરડું ઊંટ (હામ) (આ જાનવરો કુરબાની માટે) નક્કી કર્યાં નથી, બલ્કે જે લોકો ઇમાન લાવ્યા નથી તેઓ અલ્લાહ વિરૂધ્ધ અસત્ય જોડી કાઢે છે, અને તેઓમાંથી ઘણાખરા સમજતા નથી.

وَاِذَا قِيۡلَ لَهُمۡ تَعَالَوۡا اِلٰى مَاۤ اَنۡزَلَ اللّٰهُ وَاِلَى الرَّسُوۡلِ قَالُوۡا حَسۡبُنَا مَا وَجَدۡنَا عَلَيۡهِ اٰبَآءَنَا ؕ اَوَلَوۡ كَانَ اٰبَآؤُهُمۡ لَا يَعۡلَمُوۡنَ شَيۡـًٔا وَّلَا يَهۡتَدُوۡنَ ﴿۱۰۴﴾

(૧૦૪) અને જે વેળા તેમને કહેવામાં આવે છે કે અલ્લાહે જે ઉતાર્યું છે તેની તરફ તથા રસૂલ તરફ ચાલ્યા આવો ત્યારે તેઓ કહે છે કે અમોએ જે

(પ્રણાલિકા) પર અમારા બાપદાદાઓને જોયા હતા એજ અમારા માટે બસ છે; શું અગર તેમના બાપદાદા અભણ અને ગુમરાહ હતા તો પણ તેઓ તેમના જ પગલે ચાલશે?

يَآَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ ۚ لَا يَضُرُّكُمْ مَّنْ ضَلَّ
اِذَا اهْتَدَيْتُمْ ۭ اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ جَمِيْعًا فَيُنَبِّئُكُمْ بِمَا
كُنْتُمْ تَعْمَلُوْنَ ۝١٠٥

(૧૦૫) અય ઇમાન લાવનારાઓ! તમો તમારી જાતની ફીકર કરો; જ્યારે તમે હિદાયત પામી ચૂક્યા છો તો જે લોકો ગુમરાહ છે તેઓ તમને કાંઇ હાનિ પહોંચાડી શકશે નહિ; તમો સર્વેનું પાછું ફરવું

અલ્લાહની તરફ થશે, પછી જે કાંઇ તમે કર્યા કરતા હતા તેનાથી તે તમને જાણીતા કરી દેશે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا شَهَادَةُ بَيْنِكُمْ اِذَا حَضَرَ اَحَدَكُمُ الْمَوْتُ
حِيْنَ الْوَصِيَّةِ اثْنٰنِ ذَوَا عَدْلٍ مِّنْكُمْ اَوْ اٰخَرٰنِ مِنْ غَيْرِكُمْ
اِنْ اَنْتُمْ ضَرَبْتُمْ فِي الْاَرْضِ فَاَصَابَتْكُمْ مُّصِيْبَةُ الْمَوْتِ ؕ
تَحْبِسُوْنَهُمَا مِنْۢ بَعْدِ الصَّلٰوةِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ اِنِ ارْتَبْتُمْ لَا
نَشْتَرِيْ بِهٖ ثَمَنًا وَّلَوْ كَانَ ذَا قُرْبٰى ۙ وَلَا نَكْتُمُ شَهَادَةَ ۙ اللّٰهِ
اِنَّآ اِذًا لَّمِنَ الْاٰثِمِيْنَ ﴿١٠٦﴾

(૧૦૬) અય ઇમાન લાવનારાઓ! જ્યારે તમારામાંથી કોઇનું મૃત્યુ આવી લાગે ત્યારે

વસિયતના સમયની સાક્ષી તમારા માંહેના બે જણા કે જે ન્યાયી હોય તેમની હોવી જોઇએ, અથવા જો તમે મુસાફરીમાં હો અને તમારા પર મૃત્યુની મુસીબત આવી પડે તો (જો તમારા માંહેના સાક્ષીઓ ન મળી શકે તો) બે (સાક્ષીઓ) ત્રાહીતો (અજાણ્યા)માંથી હોય તેમને નમાઝ પછી રોકી રાખો; પછી કદાચને તમને શંકા પડે તો તેઓ બંને અલ્લાહની સોગંદ ખાઇને કહે કે અમે અમારી સાક્ષી કોઇને બદલો લઇને વેચીશું નહિ, પછી ભલેને કોઇ નિકટનો સંબંધીજ કેમ ન હોય; અને અમે અલ્લાહ (માટે)ની સાક્ષી સંતાડીશું નહિ, (અને

જો તેમ કરીશું તો) તે સ્થિતિમાં અમે ખચીતજ ગુનેહગારો માંહેના ઠરશું.

فَاِنْ عُثِرَ عَلٰۤى اَنَّهُمَا اسْتَحَقَّاۤ اِثْمًا فَاٰخَرٰنِ يَقُوْمٰنِ مَقَامَهُمَا
مِنَ الَّذِيْنَ اسْتَحَقَّ عَلَيْهِمُ الْاَوْلَيٰنِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ
لَشَهَادَتُنَاۤ اَحَقُّ مِنْ شَهَادَتِهِمَا وَمَا اعْتَدَيْنَاۤ ۖ اِنَّاۤ اِذًا لَّمِنَ
الظّٰلِمِيْنَ ﴿١٠٧﴾

(૧૦૭) પછી જો આ વાતની ખબર પડી જાય કે તેઓ (સાક્ષી આપવાના કારણે) દોષિત બની ગયા છે તો તેમના બદલે બીજા બે સાક્ષીઓ તે લોકો (ના સગાં વહાલાંઓ) માંહેના હોવા જોઇએ કે જેમનો હક પહેલા બે સાક્ષીદારોમાંથી દરેકે લેવા

ઇચ્છયો હોય અને અલ્લાહની સોગંદ ખાઇને કહે કે અમારી (સાક્ષી) તે બંને કરતા વધારે સાચી (અને વિશ્વાસને પાત્ર) છે અને અમોએ કોઇ જાતની અતિશયોક્તિ કરી નથી, તથાપિ જો અમોએ એવું કર્યું હોય તો અમે ખચીતજ ઝુલમગારોમાંથી છીએ.

ذٰلِكَ اَدۡنٰۤى اَنۡ يَّاۡتُوۡا بِالشَّهَادَةِ عَلٰى وَجۡهِهَاۤ اَوۡ يَخَافُوۡۤا اَنۡ تُرَدَّ اَيۡمَانٌۢ بَعۡدَ اَيۡمَانِهِمۡ‌ ؕ وَاتَّقُوا اللّٰهَ وَاسۡمَعُوۡا‌ ؕ وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الۡفٰسِقِيۡنَ ۝١٠٨

(૧૦૮) એ રૂઢી એ વાત માટે વધુ સંભવિત છે કે તે લોકો સાચે સાચી સાક્ષી આપે અથવા એ (વાત)

થી બીએ કે (જો તેમની સાક્ષી ખોટી નીવડશે તો) તેમની સોગંદ પછી બીજાઓને સોગંદ આપવામાં આવશે; અને અલ્લાહથી ડરો અને (તેના ફરમાનો) સાંભળતા રહો; અને અલ્લાહ નાફરમાન લોકોને સરળ માર્ગ દેખાડતો નથી.

يَوْمَ يَجْمَعُ اللّٰهُ الرُّسُلَ فَيَقُوْلُ مَاذَآ اُجِبْتُمْ ؕ قَالُوْا لَا عِلْمَ لَنَا ؕ اِنَّكَ اَنْتَ عَلَّامُ الْغُيُوْبِ ﴿١٠٩﴾

(૧૦૯) જે દિવસે અલ્લાહ રસૂલોને ભેગાં કરીને પૂછશે (કે તમને તમારી ઉમ્મતો તરફથી મારી આજ્ઞાઓના પ્રચારનો) શો જવાબ આપવામાં આવ્યો હતો? ત્યારે તેઓ અરજ કરશે કે અમે

(કેટલીક ખુલ્લી વાતો સિવાય) કાંઇ જાણતા નથી; બેશક છુપી વાતોનો સૌથી વધુ જાણનારો તું જ છે.

إِذْ قَالَ اللّٰهُ يٰعِيسَى ابْنَ مَرْيَمَ اذْكُرْ نِعْمَتِىْ عَلَيْكَ وَعَلٰى
وَالِدَتِكَ ۘ إِذْ أَيَّدْتُّكَ بِرُوحِ الْقُدُسِ ۗ تُكَلِّمُ النَّاسَ فِى
الْمَهْدِ وَكَهْلًا ۚ وَإِذْ عَلَّمْتُكَ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَالتَّوْرٰىةَ
وَالْإِنْجِيلَ ۚ وَإِذْ تَخْلُقُ مِنَ الطِّيْنِ كَهَيْـَٔةِ الطَّيْرِ بِإِذْنِىْ
فَتَنْفُخُ فِيهَا فَتَكُوْنُ طَيْرًا بِإِذْنِىْ وَتُبْرِئُ الْأَكْمَهَ وَالْأَبْرَصَ
بِإِذْنِىْ ۚ وَإِذْ تُخْرِجُ الْمَوْتٰى بِإِذْنِىْ ۚ وَإِذْ كَفَفْتُ بَنِىْٓ إِسْرَآءِيلَ
عَنْكَ إِذْ جِئْتَهُمْ بِالْبَيِّنٰتِ فَقَالَ الَّذِينَ كَفَرُوْا مِنْهُمْ إِنْ
هٰذَآ إِلَّا سِحْرٌ مُّبِينٌ ﴿١١٠﴾

(૧૧૦) (તે સમયને યાદ કરો) જે વખતે અલ્લાહ ફરમાવશે કે અય મરિયમના પુત્ર ઇસા! (જરા) મારી તે નેઅમતને યાદ કર કે જે તારા પર તથા તારી મા પર (ઉતારવામાં આવી) હતી, જ્યારે મેં રૂહુલ કુદુસ (જિબ્રઇલ) દ્વારા તને સબળ બનાવ્યો હતો; તું પારણામાં તથા વૃધ્ધાવસ્થામાં પણ લોકોની સાથે (એક સરખી) વાતો કરતો હતો, અને જ્યારે મેં તને તે કિતાબ તથા શરીઅત તથા તૌરેત અને ઇન્જીલનું શિક્ષણ આપ્યું હતું, અને જ્યારે તું મારા હુકમથી પલાળેલી માટીમાંથી પક્ષીનો આકાર બનાવતો હતો પછી તેમાં ફુંક મારતો હતો ત્યારે તે મારા હુકમથી (જીવતું

જાગતું) પક્ષી બની જતું હતું, અને તું જન્મના આંધળા તથા કોઢીયાઓને મારી આજ્ઞાથી સાજા કરી દેતો હતો, અને જ્યારે તું મરી ગએલાઓને મારા હુકમથી જીવતા કરી દેતો હતો, અને જ્યારે મેં બની ઇસરાઇલને તને ઇજા પહોંચાડતા અટકાવ્યા કે જ્યારે તું તેમની પાસે પ્રત્યક્ષ દલીલો લઇને આવ્યો હતો, પછી તેઓમાંથી કેટલાક નહિ માનનારાઓ કહેવા લાગ્યા કે આ તો કાંઇજ નથી પણ ખુલ્લો જાદુ છે.

وَاِذْ اَوْحَيْتُ اِلَى الْحَوَارِيّٖنَ اَنْ اٰمِنُوْا بِيْ وَبِرَسُوْلِيْ ۚ قَالُوْٓا
اٰمَنَّا وَاشْهَدْ بِاَنَّنَا مُسْلِمُوْنَ ﴿١١١﴾

(૧૧૧) અને (યાદ કરો કે) જ્યારે મેં હવારીઓને પ્રેરણા આપી કે તમે મારા પર તથા મારા રસૂલ પર ઇમાન લાવો, ત્યારે તેમણે અરજ કરી કે અમે ઇમાન લાવ્યા અને તું સાક્ષી રહે કે અમે ખરેજ (તારી આજ્ઞાને) આધીન થઇએ છીએ.

اِذْ قَالَ الْحَوَارِيُّوْنَ يٰعِيْسَى ابْنَ مَرْيَمَ هَلْ يَسْتَطِيْعُ رَبُّكَ اَنْ يُّنَزِّلَ عَلَيْنَا مَآىِٕدَةً مِّنَ السَّمَآءِ ؕ قَالَ اتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۱۱۲﴾

(૧૧૨) (તે વખતને યાદ કરો) જ્યારે હવારીઓએ કહ્યું કે અય મરિયમના પુત્ર ઇસા ! શું તારા પરવરદિગારથી આ થઇ શકે છે કે અમારા માટે

આકાશ પરથી માએદાહ (નેઅમતોથી ભરેલો થાળ) ઉતારે ? (ઇસાએ) ફરમાવ્યું કે જો તમે (સાચા) મોઅમીન હો તો (એવી ઇચ્છા કરતાં) અલ્લાહથી ડરો.

قَالُوۡا نُرِيۡدُ اَنۡ نَّاۡكُلَ مِنۡهَا وَتَطۡمَٮِٕنَّ قُلُوۡبُنَا وَنَعۡلَمَ اَنۡ قَدۡ صَدَقۡتَنَا وَنَكُوۡنَ عَلَيۡهَا مِنَ الشّٰهِدِيۡنَ ﴿۱۱۳﴾

(૧૧૩) તેમણે અરજ કરી કે અમે તો એ ચાહીએ છીએ કે તેમાંથી કાંઇ ખાઇએ અને (તારી રિસાલત માટે) અમારા મનનું સમાધાન થઇ જાય અને અમે જાણી લઇએ કે તેં અમને સાચું કહ્યું છે અને તેના અમે સાક્ષી પણ બની જઇએ.

قَالَ عِيۡسَى ابۡنُ مَرۡيَمَ اللّٰهُمَّ رَبَّنَاۤ اَنۡزِلۡ عَلَيۡنَا مَآٮِٕدَةً مِّنَ
السَّمَآءِ تَكُوۡنُ لَـنَا عِيۡدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا وَاٰيَةً مِّنۡكَ‌ ۚ
وَارۡزُقۡنَا وَاَنۡتَ خَيۡرُ الرّٰزِقِيۡنَ‏ ﴿۱۱۴﴾

(૧૧૪) ત્યારે મરિયમના પુત્ર ઇસાએ અરજ કરી કે અય મારા પરવરદિગાર! અમારા પર આકાશ પરથી ખોરાક ઉતાર કે જે અમારા પહેલાંઓ તથા પાછળનાઓ માટે ઇદ ઠરે તેમજ તારા તરફની એક નિશાની રહે, અને અમને રોઝી અર્પણ કર અને તું સર્વોત્તમ રોઝીનો પહોંચાડનાર છે.

قَالَ اللّٰهُ اِنِّىۡ مُنَزِّلُهَا عَلَيۡكُمۡ‌ ۚ فَمَنۡ يَّكۡفُرۡ بَعۡدُ مِنۡكُمۡ فَاِنِّىۡۤ
اُعَذِّبُهٗ عَذَابًا لَّاۤ اُعَذِّبُهٗۤ اَحَدًا مِّنَ الۡعٰلَمِيۡنَ‏ ﴿۱۱۵﴾

(૧૧૫) અલ્લાહે ફરમાવ્યું કે હું તે તમારા પર જરૂર ઉતારનાર છું, પછી તે બાદ તમારામાંથી જે કોઇ ઈન્કાર કરશે તો નિસંશય તેને અઝાબ પણ એવો આપીશ કે સૃષ્ટિમાંથી કોઇને એવો અઝાબ આપીશ નહિ.

وَاِذْ قَالَ اللّٰهُ يٰعِيْسَى ابْنَ مَرْيَمَ ءَاَنْتَ قُلْتَ لِلنَّاسِ
اتَّخِذُوْنِيْ وَاُمِّيَ اِلٰـهَيْنِ مِنْ دُوْنِ اللّٰهِ ؕ قَالَ سُبْحٰنَكَ مَا يَكُوْنُ
لِيْٓ اَنْ اَقُوْلَ مَا لَيْسَ لِيْ ۗ بِحَقٍّ ؕ اِنْ كُنْتُ قُلْتُهٗ فَقَدْ عَلِمْتَهٗ ؕ
تَعْلَمُ مَا فِيْ نَفْسِيْ وَلَآ اَعْلَمُ مَا فِيْ نَفْسِكَ ؕ اِنَّكَ اَنْتَ عَلَّامُ
الْغُيُوْبِ ﴿۱۱۶﴾

(૧૧૬) અને (તે સમયને યાદ કરો કે) જ્યારે અલ્લાહ (કયામતના દિવસે) ફરમાવશે કે અય મરિયમના પુત્ર ઇસા ! શું તેં લોકોને કહ્યું હતું કે અલ્લાહ ઉપરાંત મને તથા મારી માંને બીજા બે ખુદા માની લો ? તે અરજ કરશે કે તારી ઝાત (શિર્કથી) પાક છે, મારા માટે આ હરગિઝ લાયક ન હતું કે હું એવી વાત કરતે કે જેનો મને કાંઇજ હક ન હતો; જો મેં એવું કહ્યું હોત તો ખચીતજ તું તે જરૂર જાણતે; તું મારા મનની વાત જાણે છે અને હું તારા મનની વાતથી અજાણ છું; બેશક તું સૌથી મોટો છુપી વાતોનો જાણનાર છે.

مَا قُلۡتُ لَهُمۡ اِلَّا مَاۤ اَمَرۡتَنِىۡ بِهٖۤ اَنِ اعۡبُدُوا اللّٰهَ رَبِّىۡ وَرَبَّكُمۡ ۚ
وَكُنۡتُ عَلَيۡهِمۡ شَهِيۡدًا مَّا دُمۡتُ فِيۡهِمۡ ۚ فَلَمَّا تَوَفَّيۡتَنِىۡ
كُنۡتَ اَنۡتَ الرَّقِيۡبَ عَلَيۡهِمۡ ؕ وَاَنۡتَ عَلٰى كُلِّ شَىۡءٍ شَهِيۡدٌ ﴿۱۱۷﴾

(૧૧૭) મેં તેમને તેં જે (વાતો)ની આજ્ઞા કરી હતી તે સિવાય કાંઇ પણ કહ્યું નથી (અને તે એ) કે અલ્લાહ કે જે મારો પાલનહાર અને તમારો પણ પાલનહાર છે તેની ઇબાદત કરો; અને જેટલા વખત સુધી હું તેમનામાં રહ્યો, હું તેમનો સાક્ષી રહ્યો, પછી જ્યારે તેં મારી (દુનિયામાં રહેવાની મુદ્દત) પૂરી કરી દીધી ત્યારે તું પોતે તેમની

દેખરેખ રાખનાર હતો; અને તું દરેક વસ્તુની નિગેહબાની કરનાર છે.

إِنۡ تُعَذِّبۡهُمۡ فَإِنَّهُمۡ عِبَادُكَ ۚ وَإِنۡ تَغۡفِرۡ لَهُمۡ فَإِنَّكَ أَنۡتَ الۡعَزِيزُ الۡحَكِيمُ ﴿١١٨﴾

(૧૧૮) જો તું તેમને અઝાબ આપે તો નિઃસંશય તેઓ તારા બંદા છે, અને જો તું તેમને માફ કરી દે તો બેશક તું ઝબરદસ્ત હિકમતવાળો છે.

قَالَ اللّٰهُ هٰذَا يَوۡمُ يَنۡفَعُ الصّٰدِقِينَ صِدۡقُهُمۡ ۚ لَهُمۡ جَنّٰتٌ تَجۡرِي مِنۡ تَحۡتِهَا الۡأَنۡهٰرُ خٰلِدِينَ فِيهَا أَبَدًا ۚ رَضِيَ اللّٰهُ عَنۡهُمۡ وَرَضُوا عَنۡهُ ۚ ذٰلِكَ الۡفَوۡزُ الۡعَظِيمُ ﴿١١٩﴾

(૧૧૯) અલ્લાહ ફરમાવશે કે આ દિવસ તો તે છે કે સાચાઓને તેમનું સત્ય નફો પહોંચાડશે; તેમના માટે બગીચા હશે જેની હેઠળ નદીઓ વહે છે, જેમાં તેઓ હંમેશ હંમેશ માટે રહેશે; અલ્લાહ તેમનાથી રાઝી હશે અને તેઓ તેનાથી રાઝી હશે; એજ તો સૌથી મોટી સફળતા છે.

لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا فِيْهِنَّ ؕ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿١٢٠﴾

(૧૨૦) આકાશો તથા જમીનનો અને જે કાંઇ તેનામાં છે તેનો અધિકાર અલ્લાહને જ છે; અને તે દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

اَلۡحَمۡدُ لِلّٰهِ الَّذِىۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَجَعَلَ الظُّلُمٰتِ
وَالنُّوۡرَ ‌ؕ ثُمَّ الَّذِيۡنَ كَفَرُوۡا بِرَبِّهِمۡ يَعۡدِلُوۡنَ‏ ①

(૧) સર્વ ગુણગાન તે અલ્લાહ માટે છે જેણે આકાશો તથા જમીન સર્જ્યાં છે તથા અંધકાર અને પ્રકાશ ઉત્પન્ન કર્યાં છે; છતાં જેઓ ઇમાન નથી લાવ્યા તેઓ બીજાઓને પોતાના પરવરદિગારના બરોબરીઆ ઠરાવે છે.

هُوَ الَّذِىۡ خَلَقَكُمۡ مِّنۡ طِيۡنٍ ثُمَّ قَضٰۤى اَجَلًا‌ ؕ وَاَجَلٌ مُّسَمًّى
عِنۡدَهٗ‌ ثُمَّ اَنۡتُمۡ تَمۡتَرُوۡنَ‏ ②

(૨) તે (અલ્લાહ) એજ છે જેણે તમને માટીમાંથી પૈદા કર્યા, પછી તેને (તમારા જીવનનો) એક સમય નક્કી કર્યો અને એ નક્કી કરેલો સમય તેની જાણમાં છે છતાં તમે શંકા રાખો છો ?

وَهُوَ اللّٰهُ فِي السَّمٰوٰتِ وَفِي الْاَرْضِ ؕ يَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ
وَيَعْلَمُ مَا تَكْسِبُوْنَ ۝۳

(3) અને એજ અલ્લાહ આકાશોમાં છે અને જમીનમાં પણ; તમારી છુપી (વાતો)ને જાણે છે અને તમારી જાહેર (વાતો)ને પણ; અને તમે જે કાંઇ કમાણી કરો છો તે પણ તે જાણે છે.

وَمَا تَأۡتِيۡهِمۡ مِّنۡ اٰيَةٍ مِّنۡ اٰيٰتِ رَبِّهِمۡ اِلَّا كَانُوۡا عَنۡهَا
مُعۡرِضِيۡنَ۝۴

(૪) અને અલ્લાહની નિશાનીઓમાંથી કોઇપણ નિશાની તેઓ (નાસ્તિકો) પર (એવી) નથી આવી કે જેનાથી તેમણે મોંઢું ફેરવ્યું ન હોય.

فَقَدۡ كَذَّبُوۡا بِالۡحَقِّ لَمَّا جَآءَهُمۡ ؕ فَسَوۡفَ يَاۡتِيۡهِمۡ اَنۡۢبٰٓـؤُا مَا
كَانُوۡا بِهٖ يَسۡتَهۡزِءُوۡنَ۝۵

(૫) જ્યારે પણ સત્ય તેમની પાસે આવ્યું ત્યારે તેને તેમણે અવશ્ય જૂઠલાવ્યું; માટે જે સત્યની તેઓ હાંસી ઉડાડ્યા કરતા હતા તે આગળ જતાં તેમની સામે ઝાહેર થઇ જશે.

اَلَمۡ يَرَوۡا كَمۡ اَهۡلَكۡنَا مِنۡ قَبۡلِهِمۡ مِّنۡ قَرۡنٍ مَّكَّنّٰهُمۡ فِى
الۡاَرۡضِ مَا لَمۡ نُمَكِّنۡ لَّكُمۡ وَاَرۡسَلۡنَا السَّمَآءَ عَلَيۡهِمۡ
مِّدۡرَارًا ۖ وَّجَعَلۡنَا الۡاَنۡهٰرَ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهِمۡ فَاَهۡلَكۡنٰهُمۡ
بِذُنُوۡبِهِمۡ وَاَنۡشَاۡنَا مِنۡۢ بَعۡدِهِمۡ قَرۡنًا اٰخَرِيۡنَ ۝٦

(૬) શું તેમણે આ નથી જોયું કે અમોએ તેમની આગળના ઝમાનાવાળાઓમાંથી કેટલીયે પેઢીઓ નાશ કરી નાખી કે જેમને ઝમીનમાં એવી શક્તિ આપી હતી કે તેવી તમને આપી નથી, અને અમે તેમના પર આકાશમાંથી વખતો વખત જોઇતા પ્રમાણમાં ભરપુર વરસાદ વરસાવતા હતા, અને તેમની હેઠળ નદીઓ વહેતી કરી દીધી હતી; પછી

તેમના પાપકર્મોના કારણે અમોએ તેમનો નાશ કરી નાખ્યો અને તેમની પછી નવેસરથી બીજી પેઢીઓ ઉત્પન્ન કરી દીધી.

وَلَوۡ نَزَّلۡنَا عَلَيۡكَ كِتٰبًا فِىۡ قِرۡطَاسٍ فَلَمَسُوۡهُ بِاَيۡدِيۡهِمۡ لَقَالَ الَّذِيۡنَ كَفَرُوۡۤا اِنۡ هٰذَاۤ اِلَّا سِحۡرٌ مُّبِيۡنٌ ۝٧

(૭) અને (અય રસૂલ!) જો અમોએ તારા પર કાગળ ઉપર લખીને પણ કિતાબ ઉતારી હોત કે જેને તેઓ સ્વહસ્તે અડકી શકતે તો પણ જેઓ નાસ્તિકો છે તેઓ એમજ કહેતે કે આ તો ખુલ્લા જાદુ સિવાય બીજું કાંઇ નથી.

وَقَالُوْا لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ مَلَكٌ ؕ وَلَوْ اَنْزَلْنَا مَلَكًا لَّقُضِيَ الْاَمْرُ
ثُمَّ لَا يُنْظَرُوْنَ ⑧

(૮) અને તેઓ કહે છે કે આ (નબી) પર કોઇ ફરિશ્તો શા માટે ઉતારવામાં નથી આવ્યો ? અને જો અમે કોઇ ફરિશ્તો ઉતારતે તો ખચીતજ સઘળો મામલો આટોપી લેવાતે, પછી તેમને સહેજ પણ મોહલત આપવામાં આવતે નહિ.

وَلَوْ جَعَلْنٰهُ مَلَكًا لَّجَعَلْنٰهُ رَجُلًا وَّلَلَبَسْنَا عَلَيْهِمْ مَّا
يَلْبِسُوْنَ ⑨

(૯) અને અગર અમે કોઇ ફરિશ્તાને (એક રસૂલ બનાવી) મોકલતે તો તેને (પણ) મનુષ્ય સ્વરૂપ

બનાવતે; અને અમે તેને (પણ) એવોજ પોશાક પહેરાવતે કે જેવો તે (લોકો) પહેરે છે.

وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ فَحَاقَ بِالَّذِيْنَ سَخِرُوْا مِنْهُمْ
مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿١٠﴾

(૧૦) અને (અય રસૂલ !) ખરેખર તારી આગળના રસૂલોની પણ હાંસી ઉડાવવામાં આવી હતી. પછી તેઓ માંહેના જેઓ જે (વસ્તુ)ની મજાક કરતા હતા તેજ (વસ્તુએ) તે હાંસી ઉડાડનારાઓને આવી ઘેરી લીધા

قُلْ سِيْرُوْا فِي الْاَرْضِ ثُمَّ انْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ
الْمُكَذِّبِيْنَ ﴿١١﴾

(૧૧) તું કહે કે તમે ઝમીનમાં હરો ફરો અને પછી ધ્યાન પૂર્વક નિહાળો કે (પયગમ્બરોને) જૂઠલાવનારાઓનો કેવો અંત આવ્યો.

قُلْ لِّمَنْ مَّا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ قُلْ لِّلّٰهِ ؕ كَتَبَ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ ؕ لَيَجْمَعَنَّكُمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَا رَيْبَ فِيْهِ ؕ اَلَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿١٢﴾

(૧૨) તું કહે કે જે કાંઇ આકાશો તથા ઝમીનમાં છે તે કોનું છે? કહે કે તે અલ્લાહનું જ છે; તેણે પોતાની ઝાત પર દયા વાજિબ કરી દીધી છે; તે કયામતના દહાડે કે જે (ના આવવા)માં કાંઇજ શંકા નથી તમો સર્વેને અવશ્ય (એકી સ્થળે) ભેગાં કરશે;

જે લોકોએ પોતાના આત્માઓને નુકસાન પહોંચાડ્યું છે તેઓ કદી પણ ઇમાન લાવશે નહિ.

وَلَهٗ مَا سَكَنَ فِي الَّيْلِ وَالنَّهَارِ ؕ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ⑬

(૧૩) અને રાત્રિ તથા દિવસમાં જે વસ્તુઓ વસે છે તે તેનીજ છે; અને તે મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

قُلْ اَغَيْرَ اللّٰهِ اَتَّخِذُ وَلِيًّا فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ يُطْعِمُ وَلَا يُطْعَمُ ؕ قُلْ اِنِّيْٓ اُمِرْتُ اَنْ اَكُوْنَ اَوَّلَ مَنْ اَسْلَمَ وَلَا تَكُوْنَنَّ مِنَ الْمُشْرِكِيْنَ ⑭

(૧૪) (અય રસૂલ !) કહે કે શું હું અલ્લાહ કે જે આકાશો અને ઝમીનનો સર્જનહાર છે તેના સિવાય

બીજા કોઇને હિમાયતી બનાવી લઉં જ્યારે કે તે (સઘળાઓને) ખવડાવે છે અને તેને (કોઇ) ખવડાવતું નથી ? તું કહે કે મને એવી આજ્ઞા આપવામાં આવી છે કે ઇસ્લામ લાવનારાઓ માંહેનો પહેલો હુંજ બનું (અને એવી આજ્ઞા પણ આપવામાં આવી છે કે) તું કદી પણ મૂર્તિપૂજકો માંહેનો થજે નહિ.

قُلْ اِنِّيْٓ اَخَافُ اِنْ عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ⑮

(૧૫) તું કહે કે અગર હું મારા પરવરદિગારની નાફરમાની કરૂં તો નિસંશય હું (તે) ભયંકર દિવસના અઝાબથી ભય પામું છું.

مَنْ يُّصْرَفْ عَنْهُ يَوْمَىِٕذٍ فَقَدْ رَحِمَهٗ ؕ وَذٰلِكَ الْفَوْزُ الْمُبِيْنُ ⑯

(૧૬) તે દિવસે જેના ઉપરથી તે (અઝાબ) ટળી ગયો (તો જાણી લો કે) તેના ઉપર ખરેજ તેણે દયા કરી; અને એજ ખુલ્લી સફળતા છે.

وَاِنۡ يَّمۡسَسۡكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗۤ اِلَّا هُوَ‌ ؕ وَاِنۡ يَّمۡسَسۡكَ
بِخَيۡرٍ فَهُوَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۱۷﴾

(૧૭) (અય માનવી !) જો અલ્લાહ તને કાંઇ દુઃખ પહોંચાડે તો તેના સિવાય તેનો ટાળનાર કોઇ નથી; અને જો તે તને કાંઇ સુખ પહોંચાડે તો (અલબત્ત) તે દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

وَهُوَ الۡقَاهِرُ فَوۡقَ عِبَادِهٖ‌ ؕ وَهُوَ الۡحَكِيۡمُ الۡخَبِيۡرُ ﴿۱۸﴾

(૧૮) અને તે પોતાના (સર્વ) બંદાઓ પર સંપૂર્ણ સત્તા ધરાવે છે; અને તે મહાન હિકમતવાળો અને માહિતગાર છે.

قُلْ اَیُّ شَیْءٍ اَكْبَرُ شَهَادَةً ؕ قُلِ اللّٰهُ ۙۗ شَهِیْدٌۢ بَیْنِیْ وَبَیْنَكُمْ ۗ
وَاُوْحِیَ اِلَیَّ هٰذَا الْقُرْاٰنُ لِاُنْذِرَكُمْ بِهٖ وَمَنْۢ بَلَغَ ؕ اَىِٕنَّكُمْ
لَتَشْهَدُوْنَ اَنَّ مَعَ اللّٰهِ اٰلِهَةً اُخْرٰی ؕ قُلْ لَّاۤ اَشْهَدُ ۚ قُلْ اِنَّمَا
هُوَ اِلٰهٌ وَّاحِدٌ وَّاِنَّنِیْ بَرِیْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿۱۹﴾

(૧૯) (અય રસુલ!) તું (એ લોકોને) કહે કે સાક્ષીની દ્રષ્ટિએ સૌથી ચઢિયાતી વિશ્વાસને લાયક વસ્તુ કઇ છે? (તેઓ તો કાંઇ ઉત્તર આપી શકશે નહિ માટે) તું જ કહી દે કે (સાક્ષીની દ્રષ્ટિએ) અલ્લાહ (સૌથી

વધુ વિશ્વાસને લાયક છે અને એજ) મારી અને તમારી વચ્ચે સાક્ષી છે; અને આ કુરઆન મારા પર વહી દ્વારા એ માટે મોકલવામાં આવ્યું છે કે તે વડે હું તમને ડરાવું અને જેની જેની પાસે આ કુરઆન પહોંચે તેને પણ; શું તમે ખરેખર સાક્ષી આપો છો કે અલ્લાહની સાથે સાથે બીજા પણ માઅબૂદો છે ? તું કહે કે હું તો (એવી) સાક્ષી આપતો નથી. તું કહે કે તે એકજ માઅબૂદ છે અને જે જે વસ્તુઓને તમે તેની શરીક ઠરાવો છો તેનાથી હું નિઃસંશય બેપરવાહ છું.

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ ۘ
اَلَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿٢٠﴾

(૨૦) જે લોકો (યહૂદી તથા ખ્રિસ્તીઓ)ને અમોએ કિતાબ આપી છે તેઓ તે (હ. મોહમ્મદ સ.અ.વ.)ને એવી રીતે ઓળખે છે કે જેવી રીતે તેઓ પોતાના પુત્રોને ઓળખે છે; (પરંતુ) જે લોકોએ પોતાની ઝાતને નુકસાન પહોંચાડયું છે તેઓ (હરગિઝ) ઇમાન લાવશે નહિ.

وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ الظّٰلِمُوْنَ ﴿٢١﴾

(૨૧) અને તેના કરતાં વધારે ઝુલમગાર કોણ હશે કે જે અલ્લાહ ઉપર જુઠાં આળ જોડી કાઢે અથવા તેની નિશાનીઓને જૂઠલાવે; બેશક ઝુલમગારો સફળતા મેળવશે નહિ.

وَيَوۡمَ نَحۡشُرُهُمۡ جَمِيۡعًا ثُمَّ نَقُوۡلُ لِلَّذِيۡنَ اَشۡرَكُوۡۤا اَيۡنَ شُرَكَآؤُكُمُ الَّذِيۡنَ كُنۡتُمۡ تَزۡعُمُوۡنَ ﴿۲۲﴾

(૨૨) અને જે દિવસે અમે તે સર્વે (લોકો)ને ભેગાં કરીશું પછી (અલ્લાહના) શરીક બનાવવનારાઓને કહીશું કે તમારા તે સાથીઓ ક્યાં છે? કે જેમને તમે અલ્લાહના શરીક સમજી બેઠા હતા?

ثُمَّ لَمۡ تَكُنۡ فِتۡنَتُهُمۡ اِلَّاۤ اَنۡ قَالُوۡا وَاللّٰهِ رَبِّنَا مَا كُنَّا مُشۡرِكِيۡنَ ﴿۲۳﴾

(૨૩) પછી તેમનું કોઇ પણ બહાનું હશે નહિ સિવાય કે તેઓ કહેશે કે અમને અલ્લાહ (યાને)

અમારા પરવરદિગારના સોગંદ છે કે અમે મુશ્રીક ન હતા.

اُنْظُرْ كَيْفَ كَذَبُوْا عَلٰٓى اَنْفُسِهِمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٤﴾

(૨૪) (અય રસુલ !) વિચાર તો કર, આ (લોકો) પોતાની જ વિરૂધ્ધ કેવું જૂઠું બોલવા લાગ્યા છે ! અને જે (કાંઇ અસત્ય) તેઓ ઉપજાવી કાઢતા હતા તે તેમની પાસેથી જતું રહ્યું છે.

وَمِنْهُمْ مَّنْ يَّسْتَمِعُ اِلَيْكَ ۚ وَجَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ يَّفْقَهُوْهُ وَفِيْٓ اٰذَانِهِمْ وَقْرًا ؕ وَاِنْ يَّرَوْا كُلَّ اٰيَةٍ لَّا يُؤْمِنُوْا بِهَا ؕ

حَتّٰٓى اِذَا جَآءُوْكَ يُجَادِلُوْنَكَ يَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ هٰذَآ اِلَّآ
اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ﴿٢٥﴾

(૨૫) અને તેઓમાંથી કેટલાક એવા પણ છે જેઓ તને કાન દઇ સાંભળે છે, અને અમોએ તેમના અંતઃકરણો પર પડદો નાખી દીધો છે કે તેઓ તે સમજી જ ન શકે અને તેમના કાનોમાં વઝન (ભરી દીધું) છે; અને જો તેઓ દરેક મોઅજિઝા (ચમત્કાર) જોઇ લેશે તો પણ તેના પર ઇમાન લાવશે નહિ, અહીં સુધી કે જ્યારે તેઓ તારી પાસે આવે છે ત્યારે તેઓ તારી સાથે માત્ર તકરાર કરે છે; જેઓ નાસ્તિકો છે તેઓ એજ કહે છે કે આ કાંઇ નથી પણ આગલા ઝમાનાની દંતકથાઓ છે.

وَهُمْ يَنْهَوْنَ عَنْهُ وَيَنْـَٔوْنَ عَنْهُ ۚ وَإِنْ يُّهْلِكُوْنَ اِلَّآ اَنْفُسَهُمْ
وَمَا يَشْعُرُوْنَ ﴿٢٦﴾

(૨૬) તેઓ (લોકોને) તે (કુરઆનને અનુસરવા)ની અટકાયત કરે છે અને પોતે પણ તેનાથી અળગા રહે છે, જો કે (ખરી રીતે તો) તેઓ પોતાના જ પ્રાણોને હલાકતમાં નાખે છે પણ તેમને તેનું ભાન નથી.

وَلَوْ تَرٰٓى اِذْ وُقِفُوْا عَلَى النَّارِ فَقَالُوْا يٰلَيْتَنَا نُرَدُّ وَلَا نُكَذِّبَ
بِاٰيٰتِ رَبِّنَا وَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿٢٧﴾

(૨૭) અને અગર તું જોતે (તો તું થરથરી જ જતે) કે જ્યારે તેમને દોઝખની આગ ઉપર (લાવી) ઉભા

કરવામાં આવશે, પછી તેઓ (તે આગને જોઇને) કહેવા લાગશે કે અમને દુનિયામાં ફરીથી મોકલવામાં આવે તો કેવું સારૂં ! (એમ થાય) તો અમે અમારા પાલનકર્તાની નિશાનીઓને કદી પણ ન જૂઠલાવીએ અને ઇમાન લાવનારાઓ માંહેના થઇ જઇએ.

بَلْ بَدَا لَهُمْ مَّا كَانُوا يُخْفُونَ مِن قَبْلُ ۖ وَلَوْ رُدُّوا لَعَادُوا لِمَا نُهُوا عَنْهُ وَإِنَّهُمْ لَكَاذِبُونَ ﴿٢٨﴾

(૨૮) (નહિ, નહિ) બલ્કે તેઓ પહેલાં જે કાંઇ સંતાડતા હતા તે તેમની સમક્ષ સ્પષ્ટ થઇ જશે; અને કદાચને તેમને પાછા મોકલવામાં આવે તો પણ જે વસ્તુની તેમને મનાઇ કરવામાં આવી હતી

તે તેઓ ખચીતજ ફરી પણ કરશે, અને નિસંશય તેઓ જૂઠા છે.

وَقَالُوٓا اِنۡ هِیَ اِلَّا حَیَاتُنَا الدُّنۡیَا وَمَا نَحۡنُ بِمَبۡعُوۡثِیۡنَ ﴿۲۹﴾

(૨૯) અને તેઓ કહે છે કે જે કાંઇ છે તે આ દુનિયાની જ જિંદગી છે, અને અમે (પાછા) ઉઠાડવામાં આવીશું નહીં.

وَلَوۡ تَرٰۤی اِذۡ وُقِفُوۡا عَلٰی رَبِّهِمۡ ؕ قَالَ اَلَیۡسَ هٰذَا بِالۡحَقِّ ؕ قَالُوۡا بَلٰی وَرَبِّنَا ؕ قَالَ فَذُوۡقُوا الۡعَذَابَ بِمَا كُنۡتُمۡ تَكۡفُرُوۡنَ ﴿۳۰﴾

(30) અને કદાચને તું તેમને તે સમયે નીહાળતે કે જ્યારે તેમને તેમના પરવરદિગાર સમક્ષ ઉભા કરવામાં આવશે. (અને) તે (અલ્લાહ) પૂછશે કે શું

આ (કયામત) ખરેખરી નથી? ત્યારે તેઓ કહેશે કે હા ! અમારા પરવરદિગારની કસમ (ખરી છે), (અલ્લાહ) ફરમાવશે કે તમે (તેનો) ઇન્કાર કર્યા કરતા હતા જેથી અઝાબ (ની મજા) ચાખો.

قَدۡ خَسِرَ الَّذِيۡنَ كَذَّبُوۡا بِلِقَآءِ اللّٰهِ‌ؕ حَتّٰٓى اِذَا جَآءَتۡهُمُ السَّاعَةُ بَغۡتَةً قَالُوۡا يٰحَسۡرَتَنَا عَلٰى مَا فَرَّطۡنَا فِيۡهَا ۙ وَهُمۡ يَحۡمِلُوۡنَ اَوۡزَارَهُمۡ عَلٰى ظُهُوۡرِهِمۡ‌ؕ اَلَا سَآءَ مَا يَزِرُوۡنَ‏ ﴿۳۱﴾

(૩૧) ખરેજ તેઓ નુકસાનમાં છે કે જેઓ અલ્લાહની હજૂરમાં ઉભા થવાને જૂઠલાવે છે; અહીં સુધી કે જ્યારે તે (કયામતની) ઘડી તેમના ઉપર અચાનક આવી લાગશે ત્યારે તેઓ કહેશે કે હાય

અફસોસ અમારી કોતાહી ઉપર કે જે તે (કયામત)ના સંબંધમાં અમોએ કરી ! અને તે વેળા તેમણે પોતાની કરણીનો ભાર પોતાની પીઠ ઉપર ઊંચકેલો હશે; ખબરદાર થઇ જાઓ કેવો બૂરો હશે તે (ભાર) કે જે તેઓએ ઊંચકેલો હશે !

وَمَا الۡحَيٰوةُ الدُّنۡيَاۤ اِلَّا لَعِبٌ وَّلَهۡوٌ ؕ وَلَلدَّارُ الۡاٰخِرَةُ خَيۡرٌ لِّلَّذِيۡنَ يَتَّقُوۡنَ ؕ اَفَلَا تَعۡقِلُوۡنَ ﴿۳۲﴾

(૩૨) અને આ દુનિયાની જિંદગી રમત ગમત સિવાય બીજું કાંઇ નથી; અને જે લોકો પરહેઝગાર છે તેમના માટે ખચીતજ આખેરતનું ઘર વધારે સારૂં છે; શું તમે એટલુંય નથી સમજતા?

قَدۡ نَعۡلَمُ اِنَّهٗ لَيَحۡزُنُكَ الَّذِىۡ يَقُوۡلُوۡنَ فَاِنَّهُمۡ لَا يُكَذِّبُوۡنَكَ
وَلٰكِنَّ الظّٰلِمِيۡنَ بِاٰيٰتِ اللّٰهِ يَجۡحَدُوۡنَ ﴿۳۳﴾

(33) તેઓ જે કાંઇ કહે છે તેનાથી તને દુ:ખ થાય છે તે અમે ખચીતજ જાણીએ છીએ; પરંતુ વાસ્તવમાં તેઓ તને જૂઠલાવતા નથી પણ એ ઝુલમગારો અલ્લાહની નિશાનીઓનો ઇન્કાર કરે છે.

وَلَقَدۡ كُذِّبَتۡ رُسُلٌ مِّنۡ قَبۡلِكَ فَصَبَرُوۡا عَلٰى مَا كُذِّبُوۡا
وَاُوۡذُوۡا حَتّٰٓى اَتٰٮهُمۡ نَصۡرُنَا ۚ وَلَا مُبَدِّلَ لِكَلِمٰتِ اللّٰهِ ۚ وَلَقَدۡ
جَآءَكَ مِنۡ نَّبَاِى الۡمُرۡسَلِيۡنَ ﴿۳۴﴾

(૩૪) અને ખરેખર તારી પહેલાં ઘણાંય નબીઓ જૂઠલાવવામાં આવ્યા હતા પણ તેમણે પોતાને જૂઠલાવવા ઉપર સબ્ર કરી અને તેમને ઇઝા અપાતી રહી, અહીં સુધી કે અમારી મદદ તેમને આવી પહોંચી; અને અલ્લાહના બોલોને કોઇ બદલનાર નથી; અને ખચીતજ તારી પાસે કેટલાક પયગમ્બરોનો અહેવાલ આવી ચૂક્યો છે.

وَاِنْ كَانَ كَبُرَ عَلَيْكَ اِعْرَاضُهُمْ فَاِنِ اسْتَطَعْتَ اَنْ تَبْتَغِيَ
نَفَقًا فِي الْاَرْضِ اَوْ سُلَّمًا فِي السَّمَآءِ فَتَاْتِيَهُمْ بِاٰيَةٍ ؕ وَلَوْ شَآءَ
اللّٰهُ لَجَمَعَهُمْ عَلَى الْهُدٰى فَلَا تَكُوْنَنَّ مِنَ الْجٰهِلِيْنَ ۝٣٥

(૩૫) અને અગર તે (નાસ્તિકો)નું મોઢું ફેરવવું તને ભારે પડતું હોય તો તું ઝમીનમાં કોઇ એવું કાણું (નીચે જવા માટે) અથવા આકાશ પર (ચઢવા માટે) કોઇ નિસરણી (શોધી શકતો) હોય કે જેથી તેમને કોઇ નિશાની લાવી આપી શકે (તો તેમ કર); અને અલ્લાહ ચાહતે તો ખચીતજ તે સર્વેને હિદાયત પર (ચાલવાને) ભેગાં કરી લીધા હોત; માટે તું જાહીલો માંહેનો ન થા.

اِنَّمَا يَسْتَجِيْبُ الَّذِيْنَ يَسْمَعُوْنَ ؕ وَالْمَوْتٰى يَبْعَثُهُمُ اللّٰهُ ثُمَّ اِلَيْهِ يُرْجَعُوْنَ ﴿۳۶﴾

(૩૬) સિવાય તેના નથી કે (તારી વાત) તેઓજ કબૂલ કરી લે છે કે જેઓ (ધ્યાન પૂર્વક) સાંભળે છે;

અને મરણ પામેલાઓને અલ્લાહ પુનઃ ઉઠાડશે, પછી તેઓ તેનીજ હઝૂરમાં ફેરવવામાં આવશે.

وَقَالُوْا لَوْلَا نُزِّلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ؕ قُلْ اِنَّ اللّٰهَ قَادِرٌ عَلٰۤى اَنْ
يُّنَزِّلَ اٰيَةً وَّلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۳۷﴾

(૩૭) અને તેઓ કહે છે કે તેના પરવરદિગાર તરફથી તેના પર કોઇ નિશાની કેમ ઉતારવામાં નથી આવી? તું કહે કે બેશક અલ્લાહ એ બાબત ઉપર સમર્થ છે કે કોઇ નિશાની ઉતારે, પણ તેઓ માંહેના ઘણા જાણતા નથી

وَمَا مِنۡ دَآبَّةٍ فِی الۡاَرۡضِ وَلَا طٰٓئِرٍ یَّطِیۡرُ بِجَنَاحَیۡهِ اِلَّاۤ اُمَمٌ
اَمۡثَالُکُمۡ ؕ مَا فَرَّطۡنَا فِی الۡکِتٰبِ مِنۡ شَیۡءٍ ثُمَّ اِلٰی رَبِّهِمۡ
یُحۡشَرُوۡنَ ﴿۳۸﴾

(૩૮) અને પૃથ્વી પર કોઇ પ્રાણી એવું નથી તેમજ પોતાની બંને પાંખો વડે ઉડતું પક્ષી પણ એવું નથી કે જેઓ તમારી જેમ જાતિસમુહ ધરાવતાં ન હોય અમોએ આ કિતાબમાં કોઇ પણ પ્રકારની બાબત પડતી મૂકી નથી પછી તેઓ સર્વે પોતાના પરવરદિગાર સમક્ષ ભેગાં કરવામાં આવશે.

وَالَّذِیۡنَ کَذَّبُوۡا بِاٰیٰتِنَا صُمٌّ وَّبُکۡمٌ فِی الظُّلُمٰتِ ؕ مَنۡ یَّشَاِ اللّٰهُ
یُضۡلِلۡهُ ؕ وَمَنۡ یَّشَاۡ یَجۡعَلۡهُ عَلٰی صِرَاطٍ مُّسۡتَقِیۡمٍ ﴿۳۹﴾

(૩૯) અને જે લોકો અમારી નિશાનીઓને જૂઠલાવે છે તેઓ બહેરા તથા મૂંગા (હોઇ નાસ્તિકપણાના) અંધકારમાં (પડેલા) છે; અલ્લાહ જેનાથી ચાહે છે તેનાથી હિદાયત છીનવી લે છે અને જેને ચાહે છે સન્માર્ગે ચઢાવી દે છે.

قُلْ اَرَءَيْتَكُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُ اللّٰهِ اَوْ اَتَتْكُمُ السَّاعَةُ اَغَيْرَ اللّٰهِ تَدْعُوْنَ ۚ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤٠﴾

(૪૦) (અય રસૂલ!) તું કહે કે શું તમે એમ ધારી બેઠા છો કે જો અલ્લાહનો અઝાબ તમને પકડી લે અથવા તમારા પર કયામત આવી જાય તો તમે (અનેક ખુદાઓના દાવામાં) સાચા હો તો કહો કે

અલ્લાહના સિવાય બીજા કોઇને (મદદ માટે) પોકારશો?

بَلۡ اِیَّاهُ تَدۡعُوۡنَ فَیَكۡشِفُ مَا تَدۡعُوۡنَ اِلَیۡهِ اِنۡ شَآءَ وَتَنۡسَوۡنَ
مَا تُشۡرِكُوۡنَ ﴿۴۱﴾

(૪૧) નહિ, બલ્કે તેનેજ તમે પોકારશો, પછી તે ચાહશે તો જે વાત (ના નિરાકરણ) માટે તમોએ તેને પોકાર્યો હશે તે ટાળી દેશે, અને તમે જેમને શરીક કર્યા કરો છો તે સઘળાને (તે વખતે) ભૂલી જશો.

وَلَقَدۡ اَرۡسَلۡنَاۤ اِلٰۤی اُمَمٍ مِّنۡ قَبۡلِكَ فَاَخَذۡنٰهُمۡ بِالۡبَاۡسَآءِ
وَالضَّرَّآءِ لَعَلَّهُمۡ یَتَضَرَّعُوۡنَ ﴿۴۲﴾

(૪૨) અને ખરેજ અમોએ તારી પહેલાંની ઉમ્મતો તરફ (રસૂલો) મોકલ્યા હતા, પછી અમોએ તે (ઉમ્મતો)ને સખતી અને તકલીફમાં સપડાવ્યા કે કદાચને તેઓ કરગરવા લાગે.

فَلَوۡلَاۤ اِذۡ جَآءَهُمۡ بَاۡسُنَا تَضَرَّعُوۡا وَلٰكِنۡ قَسَتۡ قُلُوۡبُهُمۡ وَزَيَّنَ لَهُمُ الشَّيۡطٰنُ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿٤٣﴾

(૪૩) પછી જે વખતે અમારો અઝાબ તેમના ઉપર આવી પહોંચ્યો ત્યારે તેઓ શા માટે કરગર્યા નહિ? પણ વાત એ છે કે તેમના અંતઃકરણ સખત થઇ ગયા હતા અને જે કાર્યો તેઓ કર્યા કરતા હતા તેને શેતાને (તેમની નજરમાં) સુશોભિત બનાવી દીધા હતા.

فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖ فَتَحْنَا عَلَيْهِمْ اَبْوَابَ كُلِّ شَيْءٍؕ
حَتّٰۤى اِذَا فَرِحُوْا بِمَاۤ اُوْتُوْۤا اَخَذْنٰهُمْ بَغْتَةً فَاِذَا هُمْ
مُّبْلِسُوْنَ۝۴۴

(૪૪) પછી જ્યારે તેઓ તે નસીહતને ભૂલી ગયા જે તેમને કરવામાં આવી હતી તો અમોએ પણ (તેમને વધુ ઢીલ આપવા માટે) તેમના ઉપર દરેક વસ્તુઓના દ્વાર ઉઘાડી નાખ્યા, અહીં સુધી કે તેઓ તે વસ્તુઓથી જ્યારે (ઘણા) ખુશ થયા કે જે તેમને આપવામાં આવી હતી ત્યારે અમોએ તેમને અચાનક પકડી લીધા, પછી (અઝાબ) આવતાં જ તેઓ નિરાશ બની રહી ગયા.

فَقُطِعَ دَابِرُ الْقَوْمِ الَّذِيْنَ ظَلَمُوْا ۭ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ
الْعٰلَمِيْنَ ۝

(૪૫) છેવટે ઝુલમગારોની જડ (વંશ) કાપી નાખવામાં આવી; અને સઘળા વખાણ અલ્લાહને જ માટે છે જે સઘળી દુનિયાઓનો પાલનહાર છે.

قُلْ اَرَءَيْتُمْ اِنْ اَخَذَ اللّٰهُ سَمْعَكُمْ وَاَبْصَارَكُمْ وَخَتَمَ عَلٰى
قُلُوْبِكُمْ مَّنْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ يَاْتِيْكُمْ بِهٖ ۭ اُنْظُرْ كَيْفَ نُصَرِّفُ
الْاٰيٰتِ ثُمَّ هُمْ يَصْدِفُوْنَ ۝

(૪૬) (અય રસૂલ!) તું કહે કે શું તમે એમ સમજો છો કે જો અલ્લાહ તમારી શ્રવણ શક્તિ તથા તમારી દેખવાની શક્તિ લઇ લે અને તમારા

અંતઃકરણો પર મહોર મારી દે તો અલ્લાહ સિવાય એવો કોણ માઅબૂદ છે જે તમને તે (વસ્તુઓ પાછી) આપી શકે ? જોઇ લે! અમે નિશાનીઓને કેવી રીતે હેરવી ફેરવીને વર્ણવીએ છીએ, છતાં તેઓ મોઢું ફેરવી ચાલ્યા જાય છે.

قُلْ اَرَءَيْتَكُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُ اللّٰهِ بَغْتَةً اَوْ جَهْرَةً هَلْ يُهْلَكُ اِلَّا الْقَوْمُ الظّٰلِمُوْنَ ﴿٤٧﴾

(૪૭) કહે કે શું તમે એવું સમજો છો કે જો અલ્લાહનો અઝાબ તમારા પર ઓચિંતો અથવા ખુલ્લી રીતે આવી પડે તો ઝુલમગારો સિવાય બીજાઓને પણ હલાક કરવામાં આવશે?

وَمَا نُرۡسِلُ الۡمُرۡسَلِيۡنَ اِلَّا مُبَشِّرِيۡنَ وَمُنۡذِرِيۡنَ ۚ فَمَنۡ اٰمَنَ
وَاَصۡلَحَ فَلَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ ﴿۴۸﴾

(૪૮) અને અમે રસૂલોને (કોઇ બીજા હેતુસર) નથી મોકલતા પણ લોકોને ખુશખબર આપનારા તથા ડરાવનારા (તરીકે જ મોકલીએ છીએ), પછી જેઓ ઇમાન લાવે તથા સત્કાર્યો કરે તેમને ન તો કાંઇ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

وَالَّذِيۡنَ كَذَّبُوۡا بِاٰيٰتِنَا يَمَسُّهُمُ الۡعَذَابُ بِمَا كَانُوۡا
يَفۡسُقُوۡنَ ﴿۴۹﴾

(૪૯) અને જેઓ અમારી આયતોને જૂઠલાવશે તેમને તેમની નાફરમાનીના કારણે અઝાબ પકડી લેશે.

قُلْ لَّآ اَقُوْلُ لَكُمْ عِنْدِيْ خَزَآئِنُ اللّٰهِ وَلَآ اَعْلَمُ الْغَيْبَ وَلَآ اَقُوْلُ لَكُمْ اِنِّيْ مَلَكٌ ۚ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰٓى اِلَيَّ ۗ قُلْ هَلْ يَسْتَوِي الْاَعْمٰى وَالْبَصِيْرُ ۗ اَفَلَا تَتَفَكَّرُوْنَ ﴿٥٠﴾

(૫૦) (અય રસુલ!) તું કહે કે હું તમને એમ તો નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે, અને ન એમ (કહું છું) કે હું ગૈબ (વાતો)નું જ્ઞાન ધરાવું છું, અને તમને ન આ કહું છું કે નિસંશય હું એક ફરિશ્તો છું, હું તો માત્ર જે મારી તરફ વહી

કરવામાં આવે છે તેનેજ અનુસરૂં છું, તું કહે કે શું આંધળો અને દેખતો સમાન હોય છે ? શું તમે એટલુંયે વિચારતા નથી?

وَاَنْذِرْ بِهِ الَّذِيْنَ يَخَافُوْنَ اَنْ يُّحْشَرُوْٓا اِلٰى رَبِّهِمْ لَيْسَ لَهُمْ
مِّنْ دُوْنِهٖ وَلِيٌّ وَّلَا شَفِيْعٌ لَّعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿٥١﴾

(૫૧) અને જે લોકો પોતાના પાલનકર્તા સમક્ષ ભેગા થવાનો ભય રાખે છે તેમને તે (કુરઆન) વડે ડરાવ-(કે) તેમના માટે તે (અલ્લાહ) ના સિવાય ન કોઇ હિમાયતી છે ન કોઇ ભલામણ કરનાર કે કદાચને તેઓ (ગુનાહોથી) બચતા રહે.

وَلَا تَطْرُدِ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَالْعَشِيِّ يُرِيْدُوْنَ
وَجْهَهٗ ؕ مَا عَلَيْكَ مِنْ حِسَابِهِمْ مِّنْ شَيْءٍ وَّمَا مِنْ حِسَابِكَ
عَلَيْهِمْ مِّنْ شَيْءٍ فَتَطْرُدَهُمْ فَتَكُوْنَ مِنَ الظّٰلِمِيْنَ ﴿۵۲﴾

(૫૨) અને જેઓ પોતાના પરવરદિગારને તેની ખુશી પ્રાપ્ત કરવાના હેતુથી સવાર સાંજ પોકારતા રહે છે તેમને તું હાંકી ન કાઢ; તેમના હિસાબ માંહેનું તારા ઉપર કાંઇ નથી તેમજ તારા હિસાબમાંથી તેમના ઉપર કાંઇ નથી, છતાં જો તું તેમને હાંકી કાઢશે તો તું ઝાલિમો માંહેનો થઇ જશે.

وَكَذٰلِكَ فَتَنَّا بَعْضَهُمْ بِبَعْضٍ لِّيَقُوْلُوْٓا اَهٰٓؤُلَآءِ مَنَّ اللّٰهُ
عَلَيْهِمْ مِّنْۢ بَيْنِنَا ؕ اَلَيْسَ اللّٰهُ بِاَعْلَمَ بِالشّٰكِرِيْنَ ﴿۵۳﴾

(૫૩) અને એવીજ રીતે અમે કેટલાકને કેટલાકથી અજમાવીએ છીએ, જેથી (શ્રીમંતો ગરીબોને જોઇને) બોલી ઉઠે છે કે શું અમારા માંહેના આ એજ લોકો છે કે જેમના પર અલ્લાહે (ઇસ્લામની સદ્બુધ્ધિ આપી) ઉપકાર કર્યો છે ? શું અલ્લાહ આભાર માનનારાઓથી (તમારા કરતાં) વધુ જાણકાર નથી?

وَإِذَا جَآءَكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاٰيٰتِنَا فَقُلْ سَلٰمٌ عَلَيْكُمْ
كَتَبَ رَبُّكُمْ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ ۙ اَنَّهٗ مَنْ عَمِلَ مِنْكُمْ سُوْٓءًۢا
بِجَهَالَةٍ ثُمَّ تَابَ مِنْۢ بَعْدِهٖ وَاَصْلَحَ ۙ فَاَنَّهٗ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٥٤﴾

(૫૪) અને (અય રસુલ!) જેઓ અમારી આયતો ઉપર ઇમાન રાખે છે તેઓ જ્યારે તારી પાસે આવે ત્યારે તું તેમને કહે કે તમારા ઉપર સલામ થાય; તમારા પરવરદિગારે પોતાની જાત પર રહેમત વાજિબ કરી દીધી છે, માટે તમારામાંથી જે કોઇ અજ્ઞાનતામાં કાંઇ બદી કરી બેસે અને તે બાદ પ્રાયશ્ચિત કરી લે તથા (ભૂલને) સુધારી લે તો અલ્લાહ મોટો માફ કરનાર અને રહેમ કરનારો છે.

وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلِتَسْتَبِيْنَ سَبِيْلُ الْمُجْرِمِيْنَ ﴿۵۵﴾

(૫૫) અને એવીજ રીતે અમે (અમારી) આયતોને વિગતવાર વર્ણવીએ છીએ અને તે એટલા માટે કે ગુનેહગારોનો માર્ગ (સઘળાઓ ઉપર) જાહેર થઇ જાય.

قُلْ اِنِّيْ نُهِيْتُ اَنْ اَعْبُدَ الَّذِيْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ؕ قُلْ لَّاۤ اَتَّبِعُ اَهْوَآءَكُمْ ۙ قَدْ ضَلَلْتُ اِذًا وَّمَاۤ اَنَا مِنَ الْمُهْتَدِيْنَ ﴿۵۶﴾

(૫૬) (અય રસુલ!) કહે કે જેમને તમે અલ્લાહના સિવાય પોકારો છો તેમની ઇબાદત કરવાની મને નિ:સંશય મનાઇ કરવામાં આવી છે. કહે કે હું તમારી ઇચ્છાઓને અનુસરીશ નહિ. (જો એમ કરૂં

તો) ખચીતજ હું સન્માર્ગથી રખડી જાઉં અને હિદાયત પામેલાઓ માંહેનો રહું નહિ.

قُلْ اِنِّيْ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّيْ وَكَذَّبْتُمْ بِهٖ ؕ مَا عِنْدِيْ مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ ؕ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ يَقُصُّ الْحَقَّ وَهُوَ خَيْرُ الْفٰصِلِيْنَ ﴿۵۷﴾

(૫૭) તું કહે કે નિસંશય હું મારા પરવરદિગાર તરફથી રોશન હિદાયત પર છું અને તમે તેને જૂઠલાવો છો; જે (અઝાબ) ની તમે ઉતાવળ કરો છો તે મારા (અધિકાર) માં નથી; અધિકાર માત્ર અલ્લાહને જ છે; તે સત્ય જ વર્ણવે છે અને એજ સૌથી સારો ફેંસલો કરનારો છે.

قُلْ لَّوْ اَنَّ عِنْدِیْ مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ لَقُضِیَ الْاَمْرُ بَیْنِیْ
وَبَیْنَكُمْ ؕ وَاللّٰهُ اَعْلَمُ بِالظّٰلِمِیْنَ ۵۸

(૫૮) (અય રસૂલ!) કહે કે જેની તમે (જે અઝાબ) ઉતાવળ કરો છો તે જો મારી પાસે હોત તો ખચીતજ મારા તમારા વચ્ચેના મામલાઓનો (ક્યારનોય) અંત આવી ગયો હોત; અને અલ્લાહ ઝાલિમોના હાલથી સારી પેઠે વાકેફ છે.

وَعِنْدَهٗ مَفَاتِحُ الْغَیْبِ لَا یَعْلَمُهَاۤ اِلَّا هُوَ ؕ وَیَعْلَمُ مَا فِی الْبَرِّ
وَالْبَحْرِ ؕ وَمَا تَسْقُطُ مِنْ وَّرَقَةٍ اِلَّا یَعْلَمُهَا وَلَا حَبَّةٍ فِیْ
ظُلُمٰتِ الْاَرْضِ وَلَا رَطْبٍ وَّلَا یَابِسٍ اِلَّا فِیْ كِتٰبٍ مُّبِیْنٍ ۵۹

(૫૯) અને ગયબના (ખઝાનાઓ)ની કુંચીઓ તેનીજ પાસે છે કે જેનાથી તેના સિવાય અન્ય કોઇ વાકેફ નથી; અને તે ખુશ્કી તથા દરિયાઓની સઘળી વસ્તુ માંગે છે અને એક પાંદડું પણ એવું નથી પડતું કે જેને તે જાણતો ન હોય, અને ઝમીનના અંધકારમાં એવું કોઇ કણ અને એવું કોઇ લીલું કે સુકું તણખલું નથી કે જેનું વર્ણન પ્રત્યક્ષ કિતાબ (લવહે મહફુઝ)માં (લખાયેલી) ન હોય.

وَهُوَ الَّذِىۡ يَتَوَفّٰٮكُمۡ بِالَّيۡلِ وَيَعۡلَمُ مَا جَرَحۡتُمۡ بِالنَّهَارِ ثُمَّ
يَبۡعَثُكُمۡ فِيۡهِ لِيُقۡضٰٓى اَجَلٌ مُّسَمًّى ۚ ثُمَّ اِلَيۡهِ مَرۡجِعُكُمۡ ثُمَّ
يُنَبِّئُكُمۡ بِمَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ۝٦٠

(૬૦) અને તે અલ્લાહ એજ છે જે રાત્રે (ઊંઘમાં) તમારી રૂહ (આત્મા) કબ્ઝ કરી લે છે, અને દિવસે જે કાર્યો તમે કરી ચૂક્યા હો છો તે પણ જાણે છે, પછી તે તમને તે (દિવસ) માં ઉઠાડી ઉભા કરે છે કે (જેથી જીવનનો) નક્કી કરેલો સમય પૂરો થવા પામે, પછી તેનીજ હજૂરમાં તમારૂં પાછું ફરવું થશે, પછી જે કાંઇ તમે કર્યા કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.

وَهُوَ الْقَاهِرُ فَوْقَ عِبَادِهِ وَيُرْسِلُ عَلَيْكُمْ حَفَظَةً ۖ حَتَّىٰ إِذَا
جَاءَ أَحَدَكُمُ الْمَوْتُ تَوَفَّتْهُ رُسُلُنَا وَهُمْ لَا يُفَرِّطُونَ ﴿٦١﴾

(૬૧) અને તે પોતાના બંદાઓ પર સંપૂર્ણ સત્તાવાન છે અને તમારા પર રક્ષણ કરનારા

(ફરિશ્તા) મોકલે છે, અહીં સુધી કે જ્યારે તમારામાંથી કોઇનું મૃત્યુ આવે છે તો અમારા મોકલેલા (ફરિશ્તા)ઓ તેનો અંત લાવી મૂકે છે અને તેઓ (તેમ કરવામાં) કોઇ પણ રીતે કોતાહી (ચૂક) કરતા નથી.

ثُمَّ رُدُّوْٓا اِلَى اللّٰهِ مَوْلٰىهُمُ الْحَقِّ ؕ اَلَا لَهُ الْحُكْمُ ۟ وَهُوَ اَسْرَعُ الْحٰسِبِيْنَ ﴿٦٢﴾

(૬૨) પછી તેમને અલ્લાહ (યાને) તેમના સાચા માલિક તરફ ફેરવવામાં આવે છે; ખબરદાર થાઓ! સઘળો અધિકાર તેનોજ છે અને તે સૌથી ઝડપી હિસાબ લેનારો છે.

قُلۡ مَنۡ يُّنَجِّيۡكُمۡ مِّنۡ ظُلُمٰتِ الۡبَرِّ وَالۡبَحۡرِ تَدۡعُوۡنَهٗ تَضَرُّعًا

وَّخُفۡيَةً‌ ۚ لَٮِٕنۡ اَنۡجٰٮنَا مِنۡ هٰذِهٖ لَنَكُوۡنَنَّ مِنَ الشّٰكِرِيۡنَ ۝٦٣

(૬૩) (અય રસૂલ!) તું કહે કે ખુશ્કી તથા તરીના અંધકારમાંથી તમને કોણ છુટકારો આપે છે ? જ્યારે કે તમે કરગરી કરગરીને અને છાનાં છાનાં (એવી દુઆ માંગો છો) કે જો તે અમને આ (આફત)માંથી પાર ઉતારી દે તો ખચીતજ અમે આભાર માનનારા થઇ જઇશું.

قُلِ اللّٰهُ يُنَجِّيۡكُمۡ مِّنۡهَا وَمِنۡ كُلِّ كَرۡبٍ ثُمَّ اَنۡتُمۡ تُشۡرِكُوۡنَ ۝٦٤

(૬૪) તું કહે કે અલ્લાહજ તમને તે (અંધકાર) માંથી તથા દરેક વિપત્તિમાંથી છુટકારો આપે છે, આ પછી પણ તમે (તેના) શરીક બનાવો છો.

قُلْ هُوَ الْقَادِرُ عَلَىٰٓ اَنْ يَّبْعَثَ عَلَيْكُمْ عَذَابًا مِّنْ فَوْقِكُمْ اَوْ
مِنْ تَحْتِ اَرْجُلِكُمْ اَوْ يَلْبِسَكُمْ شِيَعًا وَّيُذِيْقَ بَعْضَكُمْ بَاْسَ
بَعْضٍ ط اُنْظُرْ كَيْفَ نُصَرِّفُ الْاٰيٰتِ لَعَلَّهُمْ يَفْقَهُوْنَ ﴿٦٥﴾

(૬૫) (અય રસૂલ!) કહે કે તે તમારા પર (તમારા) માથા પરથી અથવા તમારા પગો હેઠળથી એકાદ અઝાબ મોકલવાને શક્તિમાન છે, અથવા તમને (જુદા જુદા) પક્ષો પાડી ગૂંચવણમાં નાખી દે અને તમારામાંના કેટલાકોને કેટલાકોની લડાઇની મજા

ચખાડે; તું જો, અમે (અમારી) આયતોને કેવી રીતે વિવિધ પ્રકારે વર્ણવીએ છીએ કે કદાચને તેઓ સમજી શકે.

وَكَذَّبَ بِهٖ قَوۡمُكَ وَهُوَ الۡحَـقُّ‌ ؕ قُلْ لَّسۡتُ عَلَيۡكُمۡ بِوَكِيۡلٍ ؕ‏ ﴿۶۶﴾

(૬૬) અને તારી કૌમ તે (કુરઆન) ને જૂઠલાવે છે, જો કે તે સત્યજ છે; તું કહે કે હું તમારા પર દેખરેખ રાખનારો નથીજ.

لِـكُلِّ نَبَاٍ مُّسۡتَقَرٌّ‌ ۚ وَّسَوۡفَ تَعۡلَمُوۡنَ‏ ﴿۶۷﴾

(૬૭) દરેક આગાહીનો એક નક્કી કરેલો સમય છે, અને (તે) આગળ જતાં તમે જાણી લેશો.

وَاِذَا رَاَيۡتَ الَّذِيۡنَ يَخُوۡضُوۡنَ فِىۡۤ اٰيٰتِنَا فَاَعۡرِضۡ عَنۡهُمۡ حَتّٰى
يَخُوۡضُوۡا فِىۡ حَدِيۡثٍ غَيۡرِهٖ‌ ؕ وَاِمَّا يُنۡسِيَنَّكَ الشَّيۡطٰنُ فَلَا
تَقۡعُدۡ بَعۡدَ الذِّكۡرٰى مَعَ الۡقَوۡمِ الظّٰلِمِيۡنَ‏ ﴿۶۸﴾

(૬૮) અને જે વખતે તું તે લોકોને અમારી આયતો (ના સંબંધ)માં ખોટો વાદ-વિવાદ કરતા જુએ તો તું તેમના તરફથી મોઢું ફેરવી લે, જ્યાં સુધી કે તેઓ બીજા (કોઇ) વિષય પર વાર્તાલાપ શરૂ ન કરે; અને અગર શૈતાન તને (તેમ કરવાનું) ભૂલાવી દે તો યાદ આવ્યા બાદ ઝાલિમ લોકો પાસે બેસ નહિ.

وَمَا عَلَى الَّذِيْنَ يَتَّقُوْنَ مِنْ حِسَابِهِمْ مِّنْ شَيْءٍ وَّلٰكِنْ ذِكْرٰى
لَعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿٦٩﴾

(૬૯) અને જે લોકો પરહેઝગાર છે તેમના માથે તે (ઝાલિમો)ના હિસાબની કાંઇ પણ જવાબદારી નથી પણ એટલીજ (જવાબદારી છે) કે (તેમને) યાદ દેવડાવતા રહે કે કદાચને તેઓ (બૂરાઇ કરતા) અટકે.

وَذَرِ الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَهُمْ لَعِبًا وَّلَهْوًا وَّغَرَّتْهُمُ الْحَيٰوةُ
الدُّنْيَا وَذَكِّرْ بِهٖٓ اَنْ تُبْسَلَ نَفْسٌۢ بِمَا كَسَبَتْ ۖ لَيْسَ لَهَا
مِنْ دُوْنِ اللّٰهِ وَلِيٌّ وَّلَا شَفِيْعٌ ۚ وَاِنْ تَعْدِلْ كُلَّ عَدْلٍ لَّا يُؤْخَذْ

مِنۡهَا ۚ اُولٰٓـئِكَ الَّذِيۡنَ اُبۡسِلُوۡا بِمَا كَسَبُوۡا ۚ لَهُمۡ شَرَابٌ مِّنۡ
حَمِيۡمٍ وَّعَذَابٌ اَلِيۡمٌۢ بِمَا كَانُوۡا يَكۡفُرُوۡنَ ﴿۷۰﴾

(૭૦) અને તે લોકો કે જેમણે પોતાના દીનને (કેવળ) રમત ગમત (નું સાધન) બનાવી રાખ્યું છે, અને દુનિયાના તેમને ધોકો આપ્યો છે તેમને (તેમની સ્થિતિ પર) રહેવા દો, અને તે (કુરઆન) દ્વારા બોધ આપતો રહે કે (જેથી એમ ન થાય કે) કોઇ વ્યક્તિ (કયામતના દિવસે) પોતાની કરેલી કમાણીઓના કારણે આપત્તિમાં સપડાઇ જાય; (તે વખતે) અલ્લાહના સિવાય તે (વ્યક્તિ) નો હિમાયતી કે ભલામણ કરનારો કોઇ પણ બનશે નહિ અને અગર તે ગમે તેવો (મહાન) બદલો

આપવા ચાહશે તો તે પણ તેના તરફથી સ્વીકારવામાં આવશે નહિ; અને તેઓ એજ છે કે જેઓ પોતાના કૃત્યોના કારણે આપત્તિમાં જ પડ્યા રહેવા દેવામાં આવશે, અને જે વાતનો તેઓ ઇન્કાર કર્યા કરતા હતા તે કારણે તેમના માટે ઉકળતા પાણીનું પીણું અને દુ:ખદાયક અઝાબ હશે.

قُلْ اَنَدْعُوْا مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُنَا وَلَا يَضُرُّنَا وَنُرَدُّ عَلٰٓى
اَعْقَابِنَا بَعْدَ اِذْ هَدٰىنَا اللّٰهُ كَالَّذِى اسْتَهْوَتْهُ الشَّيٰطِيْنُ فِى
الْاَرْضِ حَيْرَانَ ص لَهٗٓ اَصْحٰبٌ يَّدْعُوْنَهٗٓ اِلَى الْهُدَى ائْتِنَا ط قُلْ
اِنَّ هُدَى اللّٰهِ هُوَ الْهُدٰى ط وَاُمِرْنَا لِنُسْلِمَ لِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٧١﴾

(૭૧) (અય રસૂલ!) તું કહે કે શું અમે અલ્લાહને મૂકી તેમને પોકારીએ જે અમને ન લાભ પહોંચાડે છે ન હાનિ, અને (વળી) અલ્લાહ અમને હિદાયત કરી ચૂક્યો છે તે પછી પણ તે શખ્સની જેમ પાછલા પગોએ ફરી જઇએ કે જેને શૈતાનોએ ઝમીનમાં માર્ગ ભૂલાવી (દઇ) હેરાન (પરેશાન) કરી દીધો હોય? અને વળી તેના દોસ્ત બિરાદરો તેને સીધા માર્ગ તરફ બોલાવતા (અને આ કહેતાંજ) રહી જાય કે અમારી પાસે આવ તું કહે કે નિસંશય અલ્લાહની હિદાયત એજ (ખરી) હિદાયત છે; અને અમને આજ્ઞા આપવામાં આવી છે કે અમે જગતના પાલનકર્તાને જ આધીન થઇએઃ

وَاَنۡ اَقِيۡمُوا الصَّلٰوةَ وَاتَّقُوۡهُ‌ ؕ وَهُوَ الَّذِىۡۤ اِلَيۡهِ تُحۡشَرُوۡنَ‏ ﴿۷۲﴾

(૭૨) અને (આ આજ્ઞા પણ કરવામાં આવી છે કે) તમે નમાઝ પઢતા રહો તથા તેનાથી ડરતા રહો; અને તે એજ છે કે જેની હજૂરમાં તમે એકત્ર કરવામાં આવશો.

وَهُوَ الَّذِىۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ بِالۡحَـقِّ‌ ؕ وَيَوۡمَ يَقُوۡلُ كُنۡ
فَيَكُوۡنُ ؕ قَوۡلُـهُ الۡحَـقُّ‌ ؕ وَلَـهُ الۡمُلۡكُ يَوۡمَ يُنۡفَخُ فِى الصُّوۡرِ‌ ؕ
عٰلِمُ الۡغَيۡبِ وَالشَّهَادَةِ‌ ؕ وَهُوَ الۡحَكِيۡمُ الۡخَبِيۡرُ‏ ﴿۷۳﴾

(૭૩) અને તે એજ છે જેણે આકાશો તથા પૃથ્વીને ખાસ ઇરાદાપૂર્વક સર્જ્યા છે; અને જે દિવસે તે (કયામતના સંબંધમાં) ફરમાવશે "થઇ જા" કે તે

(તરતજ) થઇ જશે. તેનું ફરમાન સત્ય છે; અને જે દિવસે સૂર ફૂંકવામાં આવશે ત્યારે તેનીજ સત્તા હશે; અદ્રશ્ય તથા પ્રત્યક્ષનો તે જાણનાર છે; અને તે મહાન હિકમતવાળો (અને) જાણકાર છે.

وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ لِاَبِيْهِ اٰزَرَ اَتَتَّخِذُ اَصْنَامًا اٰلِهَةً ۚ اِنِّيْۤ اَرٰىكَ وَقَوْمَكَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٧٤﴾

(૭૪) અને (તે સમયને યાદ કર) જ્યારે ઇબ્રાહીમે પોતાના મુરબ્બી (વાલી) આઝરને કહ્યું કે શું તું મૂર્તિઓને ખુદા તરીકે માને છે? ખરેજ હું તને તથા તારી કૌમને ખુલ્લી ગુમરાહીમાં જોઉં છું.

وَكَذٰلِكَ نُرِيٓ اِبْرٰهِيْمَ مَلَكُوْتَ السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَلِيَكُوْنَ مِنَ الْمُوْقِنِيْنَ ﴿٧٥﴾

(૭૫) અને એવીજ રીતે અમે ઇબ્રાહીમને આકાશો તથા પૃથ્વીની સલ્તનત દેખાડવા લાગ્યા કે જેથી તે (હ્રઢ) સંપૂર્ણ વિશ્વાસ રાખનારાઓ માંહેનો થઇ જાય.

فَلَمَّا جَنَّ عَلَيْهِ الَّيْلُ رَاٰ كَوْكَبًا ۚ قَالَ هٰذَا رَبِّيْ ۚ فَلَمَّآ اَفَلَ
قَالَ لَآ اُحِبُّ الْاٰفِلِيْنَ ﴿٧٦﴾

(૭૬) પછી જ્યારે તે (ઇબ્રાહીમ)ના પર રાત્રિ પ્રસરી ગઇ ત્યારે તેણે એક તારો નિહાળ્યો. (તે જોઇ આપમેળે) કહેવા લાગ્યો કે આ મારો

પરવરદિગાર છે; પણ પછી જ્યારે તે અસ્ત પામ્યો ત્યારે કહ્યું કે હું અસ્ત પામનારાઓને તો દોસ્ત રાખતો નથી.

فَلَمَّا رَاَ الْقَمَرَ بَازِغًا قَالَ هٰذَا رَبِّيْ ۚ فَلَمَّآ اَفَلَ قَالَ لَئِنْ لَّمْ يَهْدِنِيْ رَبِّيْ لَاَكُوْنَنَّ مِنَ الْقَوْمِ الضَّآلِّيْنَ ۝

(૭૭) પછી જ્યારે ચંદ્રને ઉગતો જોયો (ત્યારે પુનઃ) કહ્યું આ મારો પરવરદિગાર છે; પછી જ્યારે તે પણ અસ્ત પામ્યો ત્યારે કહ્યું કે જો મારો પરવરદિગાર મને હિદાયત નહિ કરે તો ખચીતજ હું પણ ભટકેલા લોકો માંહેનો થઇ જઇશ.

فَلَمَّا رَاَ الشَّمْسَ بَازِغَةً قَالَ هٰذَا رَبِّيْ هٰذَآ اَكْبَرُ ۚ فَلَمَّآ اَفَلَتْ

قَالَ يٰقَوْمِ اِنِّيْ بَرِيْۤءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿۷۸﴾

(૭૮) પછી જ્યારે સૂર્યને ઉગતો જોયો ત્યારે કહ્યું કે આજ મારો પરવરદિગાર છે (કેમકે) આ સૌ કરતાં મોટો છે; પણ જ્યારે તે (પણ) અસ્ત પામ્યો ત્યારે તેણે કહ્યું કે અય મારી કોમ ! ખચીતજ હું તો આ સઘળી વસ્તુઓ કે જેમને તમે અલ્લાહની શરીક ગણો છો તેનાથી બેઝાર છું.

اِنِّيْ وَجَّهْتُ وَجْهِيَ لِلَّذِيْ فَطَرَ السَّمٰوٰتِ وَالْاَرْضَ حَنِيْفًا

وَّمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ ﴿۷۹﴾

(૭૯) નિઃસંશય મેં તો શુધ્ધ અંતઃકરણે (તાબેદારી માટે) તેનીજ તરફ મોઢું ફેરવ્યું છે કે જેણે આકાશો તથા પૃથ્વીને સર્જ્યાં છે અને હું મુશરિકો માંહેનો નથી.

وَحَآجَّهٗ قَوۡمُهٗ ؕ قَالَ اَتُحَآجُّوۡٓنِّىۡ فِى اللّٰهِ وَقَدۡ هَدٰٮنِ ؕ وَلَاۤ اَخَافُ مَا تُشۡرِكُوۡنَ بِهٖۤ اِلَّاۤ اَنۡ يَّشَآءَ رَبِّىۡ شَيۡـًٔا ؕ وَسِعَ رَبِّىۡ كُلَّ شَىۡءٍ عِلۡمًا ؕ اَفَلَا تَتَذَكَّرُوۡنَ ۝٨٠

(૮૦) અને તેની કૌમ તેની સાથે વાદવિવાદ કરવા લાગી; ત્યારે તેણે કહ્યું શું તમે મારી સાથે અલ્લાહના સંબંધમાં તકરાર કરો છો? જો કે તેજ મને સીધો માર્ગ દેખાડી ચૂક્યો છે; અને જેમને

તેના શરીક ગણો છો તેમનાથી હું હરગિઝ ડરતો નથી, સિવાય કે મારો પરવરદિગાર પોતેજ કાંઇ ચાહે (જો મને નુકસાન પહોંચાડવા ચાહે તો તેની મરજી); મારા પરવરદિગારના જ્ઞાનમાં દરેક વસ્તુ સમાએલી છે; છતાં પણ તમે બોધ ગ્રહણ કરતા નથી ?

وَكَيْفَ اَخَافُ مَآ اَشْرَكْتُمْ وَلَا تَخَافُوْنَ اَنَّكُمْ اَشْرَكْتُمْ بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ عَلَيْكُمْ سُلْطٰنًا ؕ فَاَیُّ الْفَرِيْقَيْنِ اَحَقُّ بِالْاَمْنِ ۚ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ۘ﴿٨١﴾

(૮૧) અને જે વસ્તુઓને તમે તેની શરીક બનાવો છો તેનાથી હું કેવી રીતે ભય પામું ? જ્યારે તમે

એ વાતથી નથી ડરતા કે અલ્લાહનો શરીક (એવાને) ઠરાવો છો કે (જેના વિષે) તેણે તમારા પર કોઇ દલીલ ઉતારી નથી; પછી જો તમે સમજ શક્તિ ધરાવતા હો તો તમેજ કહો કે બંને પક્ષોમાંથી ક્યો પક્ષ નિડર રહેવા માટે વધુ હકદાર છે?

اَلَّذِيْنَ اٰمَنُوْا وَلَمْ يَلْبِسُوْٓا اِيْمَانَهُمْ بِظُلْمٍ اُولٰٓئِكَ لَهُمُ الْاَمْنُ وَهُمْ مُّهْتَدُوْنَ ﴿٨٢﴾

(૮૨) જેઓ ઇમાન લાવ્યા અને પોતાના ઇમાનને અન્યાય વડે ઢાંક્યો નહિ તેમનાજ માટે નિડરતા છે અને તેઓજ (ખરી) હિદાયતને પામેલા છે.

وَتِلْكَ حُجَّتُنَآ اٰتَيْنٰهَآ اِبْرٰهِيْمَ عَلٰى قَوْمِهٖ ؕ نَرْفَعُ دَرَجٰتٍ مَّنْ
نَّشَآءُ ؕ اِنَّ رَبَّكَ حَكِيْمٌ عَلِيْمٌ ﴿۸۳﴾

(૮૩) અને આ અમારી દલીલ હતી જે અમોએ ઇબ્રાહીમને તેની કૌમની વિરૂધ્ધ અર્પણ કરી હતી; અમે ચાહીએ છીએ તેના દરજ્જા વધારી દઇએ છીએ; બેશક તારો પરવરદિગાર મહાન હિકમતવાળો (અને) જ્ઞાની છે.

وَوَهَبْنَا لَهٗٓ اِسْحٰقَ وَيَعْقُوْبَ ؕ كُلًّا هَدَيْنَا ۚ وَنُوْحًا هَدَيْنَا مِنْ
قَبْلُ وَمِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ وَسُلَيْمٰنَ وَاَيُّوْبَ وَيُوْسُفَ وَمُوْسٰى
وَهٰرُوْنَ ؕ وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۸۴﴾

(૮૪) અને અમોએ તેને ઇસ્હાક અને યાકૂબ અર્પણ કર્યા; (અને તે) દરેકને સીધો માર્ગ દેખાડ્યો, અને નૂહને પણ તે પહેલાં સન્માર્ગ દેખાડ્યો હતો, અને તેની અવલાદમાંથી દાઉદ તથા સુલયમાન તથા ઐયુબ તથા યૂસુફ તથા મૂસા અને હારૂનને પણ; અને અમે નેકી કરનારાઓને એવીજ રીતે સારો બદલો આપ્યા કરીએ છીએઃ

وَزَكَرِيَّا وَيَحْيٰى وَعِيْسٰى وَاِلْيَاسَ ؕ كُلٌّ مِّنَ الصّٰلِحِيْنَ ۙ﴿۸۵﴾

(૮૫) અને ઝકરીયા તથા યહ્યા તથા ઇસા તથા ઇલીયાસને (સન્માર્ગ દેખાડ્યો હતો); તેઓમાંથી દરેક સદાચારીઓ માંહેના હતાઃ

وَاِسْمٰعِيْلَ وَالْيَسَعَ وَيُوْنُسَ وَلُوْطًا ؕ وَكُلًّا فَضَّلْنَا عَلَى
الْعٰلَمِيْنَ ﴿۸۶﴾

(૮૬) અને ઇસ્માઇલ તથા યુસ્આ તથા યૂનુસ તથા લૂતને પણ (સન્માર્ગ દેખાડ્યો હતો); અને દરેકને સર્વે જગતવાળાઓ પર શ્રેષ્ઠતા આપી હતી.

وَمِنْ اٰبَآئِهِمْ وَذُرِّيّٰتِهِمْ وَاِخْوَانِهِمْ ۚ وَاجْتَبَيْنٰهُمْ
وَهَدَيْنٰهُمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۸۷﴾

(૮૭) અને તેમના બાપ દાદાઓ તથા તેમની અવલાદ તથા તેમના ભાઇઓ માંહેનાઓને પણ (સન્માર્ગ દેખાડ્યો); અને અમોએ તેમને ચૂંટી

કાઢ્યા અને સન્માર્ગની અમોએ તેમને હિદાયત કરી દીધી.

ذٰلِكَ هُدَى اللّٰهِ يَهۡدِىۡ بِهٖ مَنۡ يَّشَآءُ مِنۡ عِبَادِهٖ ؕ وَلَوۡ اَشۡرَكُوۡا لَحَبِطَ عَنۡهُمۡ مَّا كَانُوۡا يَعۡمَلُوۡنَ ۝٨٨

(૮૮) આ અલ્લાહની હિદાયત છે; અલ્લાહ તે વડે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને હિદાયત આપે છે; અને જો તેમણે (કોઇને તેનો) શરીક કર્યો હોત તો ખરેજ તેઓ જે કાંઇ (સત્કાર્ય) કરતા હતા તે સર્વે તેમના માટે નષ્ટ થઇ જતે.

اُولٰٓئِكَ الَّذِيۡنَ اٰتَيۡنٰهُمُ الۡكِتٰبَ وَالۡحُكۡمَ وَالنُّبُوَّةَ ۚ فَاِنۡ يَّكۡفُرۡ بِهَا هٰٓؤُلَآءِ فَقَدۡ وَكَّلۡنَا بِهَا قَوۡمًا لَّيۡسُوۡا بِهَا بِكٰفِرِيۡنَ ۝٨٩

(૮૯) તેઓ એજ છે કે જેમને અમોએ કિતાબ તથા હિકમત તથા નબુવ્વત અર્પણ કરી હતી; પછી જો તે (ઇમાન નહિ લાવનારા)ઓ તે (બક્ષીશ કરેલી) વસ્તુઓનો ઇન્કાર કરે તો (કાંઇ પરવાહ નથી, કારણ કે) તે અમોએ એક એવી કોમને સોંપી દીધી છે કે જે તેનો (હરગિઝ) ઇન્કાર કરનારી નહી હોય.

أُولَٰٓئِكَ الَّذِيْنَ هَدَى اللّٰهُ فَبِهُدٰىهُمُ اقْتَدِهْ ؕ قُلْ لَّآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا ؕ اِنْ هُوَ اِلَّا ذِكْرٰى لِلْعٰلَمِيْنَ ﴿٩٠﴾

(૯૦) તેઓ એજ (નબીઓ) છે કે જેમને અલ્લાહે સન્માર્ગ દેખાડયો છે; માટે (અય રસૂલ!) તું પણ તેમને (આપેલી) હિદાયતનું જ અનુકરણ કર; તું કહે કે હું તમારી પાસે તે (હિદાયત) માટે કાંઇ

બદલો માંગતો નથી; એ તો બીજું કાંઇ નથી પણ આખી દુનિયાવાળાઓ માટે એક બોધ છે.

وَمَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدۡرِهٖۤ اِذۡ قَالُوۡا مَاۤ اَنۡزَلَ اللّٰهُ عَلٰى بَشَرٍ مِّنۡ شَىۡءٍ ؕ قُلۡ مَنۡ اَنۡزَلَ الۡـكِتٰبَ الَّذِىۡ جَآءَ بِهٖ مُوۡسٰى نُوۡرًا وَّهُدًى لِّلنَّاسِ تَجۡعَلُوۡنَهٗ قَرَاطِيۡسَ تُبۡدُوۡنَهَا وَتُخۡفُوۡنَ كَثِيۡرًا ۚ وَعُلِّمۡتُمۡ مَّا لَمۡ تَعۡلَمُوۡۤا اَنۡتُمۡ وَلَاۤ اٰبَآؤُكُمۡ ؕ قُلِ اللّٰهُ ۙ ثُمَّ ذَرۡهُمۡ فِىۡ خَوۡضِهِمۡ يَلۡعَبُوۡنَ ﴿۹۱﴾

(૯૧) અને તે લોકોએ અલ્લાહની કરવા જોગ કદર કરી નહિ, જ્યારે તેમણે કહ્યું કે અલ્લાહે તો કોઇ માનવી ઉપર કોઇ વસ્તુ ઉતારીજ નથી. તું કહે કે તે કિતાબ જે મૂસા લાવ્યો હતો તે કોણે ઉતારી

હતી, જે સર્વ મનુષ્યો માટે પ્રકાશ અને હિદાયત હતી, જેને તમોએ પાને પાના (જુદા) કરી રાખી છે (જે પાનું તમારી મતલબનું હોય) તે તમે જાહેર કરો છો અને ઘણા ખરાંને સંતાડો છો. અને તમને તે (સઘળું) શીખવવામાં આવ્યું છે કે જે તમે અને તમારા બાપદાદા જાણતા ન હતા. (અય રસૂલ!) કહે કે (તે) અલ્લાહેજ (ઉતારી છે); પછી તેમને છોડી દે કે જેથી તેઓ પોતાની અર્થહીન ચર્ચાઓમાં પડ્યા રહી રમ્યા કરે.

وَهٰذَا كِتٰبٌ اَنۡزَلۡنٰهُ مُبٰرَكٌ مُّصَدِّقُ الَّذِىۡ بَيۡنَ يَدَيۡهِ وَلِتُنۡذِرَ
اُمَّ الۡقُرٰى وَمَنۡ حَوۡلَهَا ؕ وَالَّذِيۡنَ يُؤۡمِنُوۡنَ بِالۡاٰخِرَةِ يُؤۡمِنُوۡنَ
بِهٖ وَهُمۡ عَلٰى صَلَاتِهِمۡ يُحَافِظُوۡنَ۝٩٢

(૯૨) અને આ તે કિતાબ છે કે જેને અમોએ ઉતારી છે, તે બરકતવાળી છે, પોતાની પહેલાંની કિતાબની સચ્ચાઇનું સમર્થન કરે છે, અને એટલા માટે (ઉતારી છે) કે તું મક્કાવાળા તથા તેની અતરાફમાં રહેનારાઓને ડરાવે; અને જેઓ આખેરત પર ઇમાન રાખે છે તેઓ તો તે (કુરઆન) પર પણ ઇમાન રાખે છે અને પોતાની નમાઝોનું રક્ષણ કર્યા કરે છે.

وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوْ قَالَ اُوْحِيَ اِلَيَّ وَلَمْ
يُوْحَ اِلَيْهِ شَيْءٌ وَّمَنْ قَالَ سَاُنْزِلُ مِثْلَ مَآ اَنْزَلَ اللّٰهُ ؕ وَلَوْ
تَرٰٓى اِذِ الظّٰلِمُوْنَ فِيْ غَمَرٰتِ الْمَوْتِ وَالْمَلٰٓئِكَةُ بَاسِطُوْٓا
اَيْدِيْهِمْ ۚ اَخْرِجُوْٓا اَنْفُسَكُمْ ؕ اَلْيَوْمَ تُجْزَوْنَ عَذَابَ الْهُوْنِ
بِمَا كُنْتُمْ تَقُوْلُوْنَ عَلَى اللّٰهِ غَيْرَ الْحَقِّ وَكُنْتُمْ عَنْ اٰيٰتِهٖ
تَسْتَكْبِرُوْنَ ﴿٩٣﴾

(૯૩) અને તેના કરતાં વધારે મોટો ઝાલિમ કોણ હશે કે જે અલ્લાહ ઉપર આળ મૂકે ! અથવા એમ કહે કે મારી ઉપર પણ વહી આવે છે. જો કે તેના ઉપર કોઇ વહી મોકલવામાં આવી ન હોય; અને જે

એમ કહી દે કે હું પણ એવો કલામ ઉતારી શકું જેવો કે અલ્લાહે ઉતાર્યો છે; અને કદાચને તું જુએ (તો ખચીતજ આશ્ચર્ય પામે) કે જ્યારે તે સિતમગરો મૃત્યુની વેદનાઓમાં તરફડતા હશે અને ફરિશ્તાઓ હાથ ફેલાવીને (કહેતા) હશે કે તમારા પ્રાણ સોંપી દો; આજે તમને નામોશી ભરેલો અઝાબ બદલા તરીકે આપવામાં આવશે, કારણ કે તમે અલ્લાહની વિરૂધ્ધ અસત્ય વાતો ઉપજાવી કાઢતા હતા અને તેની આયતો (સાંભળી) અહંકારથી મોંઢું ફેરવી લેતા હતા.

وَلَقَدْ جِئْتُمُوْنَا فُرَادٰى كَمَا خَلَقْنٰكُمْ اَوَّلَ مَرَّةٍ وَّتَرَكْتُمْ مَّا خَوَّلْنٰكُمْ وَرَآءَ ظُهُوْرِكُمْ ۚ وَمَا نَرٰى مَعَكُمْ شُفَعَآءَكُمُ

ٱلَّذِينَ زَعَمۡتُمۡ أَنَّهُمۡ فِيكُمۡ شُرَكَٰٓؤُاْۚ لَقَد تَّقَطَّعَ بَيۡنَكُمۡ
وَضَلَّ عَنكُم مَّا كُنتُمۡ تَزۡعُمُونَ ﴿٩٤﴾

(૯૪) અને (હવે) તમે અમારી પાસે એક એક કરીને આવ્યા છો જેવી રીતે અમોએ તમને પ્રથમવાર સર્જ્યાં હતા, અને જે કાંઇ અમોએ તમને આપ્યું હતું તે તમે તમારી પાછળ મૂકી આવ્યા છો; અને અમે તમારા તે ભલામણ કરનારાઓને તમારી સાથે નથી જોતા કે જેમના વિષે તમે (એવું) ઘમંડ રાખતા હતા કે તેઓ પણ તમારા (સર્જન)માં અમારા ભાગીદાર હતા; (હવે) તમારી અને તેમની વચ્ચે (નો સબંધ) ખરેજ કપાઇ ગયો

છે અને જે વસ્તુનો તમને ઘમંડ હતો તે તમારા હાથમાંથી જતી રહી છે.

إِنَّ اللَّهَ فَالِقُ الْحَبِّ وَالنَّوَىٰ ۖ يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَمُخْرِجُ
الْمَيِّتِ مِنَ الْحَيِّ ۚ ذَٰلِكُمُ اللَّهُ ۖ فَأَنَّىٰ تُؤْفَكُونَ ﴿٩٥﴾

(૯૫) બેશક અલ્લાહ દાણા તથા ખજૂરીના ઠળીયાને ફાડી (વૃક્ષ) ઉગાડે છે; નિર્જીવ (વસ્તુ)માંથી સજીવ (વસ્તુ) કાઢે છે અને નિર્જીવને સજીવમાંથી બહાર કાઢે છે; એજ અલ્લાહ છે! પછી તમે ક્યાં ભટકી રહ્યા છો?

فَالِقُ الْإِصْبَاحِ وَجَعَلَ اللَّيْلَ سَكَنًا وَالشَّمْسَ وَالْقَمَرَ
حُسْبَانًا ۚ ذَٰلِكَ تَقْدِيرُ الْعَزِيزِ الْعَلِيمِ ﴿٩٦﴾

(૯૬) તે (અંધકારમાંથી) પરોઢીયા (ના પ્રકાશ)નો પ્રગટાવનાર છે; ને રાત્રિને તેણેજ (લોકોના) આરામ માટે બનાવી છે, અને સુરજ તથા ચંદ્રને (વખતની) ગણતરી માટે પેદા કર્યા છે; આ (તેજ) જબરદસ્ત અને જ્ઞાની (અલ્લાહ)ની ગોઠવણ છે.

وَهُوَ الَّذِىۡ جَعَلَ لَـكُمُ النُّجُوۡمَ لِتَهۡتَدُوۡا بِهَا فِىۡ ظُلُمٰتِ الۡبَرِّ وَالۡبَحۡرِ‌ ؕ قَدۡ فَصَّلۡنَا الۡاٰيٰتِ لِقَوۡمٍ يَّعۡلَمُوۡنَ‏ ﴿۹۷﴾

(૯૭) અને તે એજ છે જેણે તમારા માટે તારા બનાવ્યા છે જેથી તમે તેમના વડે ખુશ્કી તથા તરીના અંધકારમાં માર્ગ મેળવી શકો; ખચીતજ અમોએ જાણકાર લોકો માટે (અમારી) આયતો સ્પષ્ટ કરીને વર્ણવી દીધી છે.

وَهُوَ الَّذِيْٓ اَنْشَاَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ فَمُسْتَقَرٌّ وَّمُسْتَوْدَعٌ ؕ
قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ يَّفْقَهُوْنَ ﴿۹۸﴾

(૯૮) અને તે એજ છે જેણે તમને એકજ વ્યક્તિમાંથી ઉત્પન્ન કર્યા છે, પછી (દુનિયાના) નિવાસનું સ્થાન તથા અંતકાળનું સ્થાન (કબર) પણ (નક્કી કર્યા) છે; ખરેજ સમજુ લોકો માટે અમોએ અમારી નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવી દીધી છે.

وَهُوَ الَّذِيْٓ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۚ فَاَخْرَجْنَا بِهٖ نَبَاتَ كُلِّ
شَيْءٍ فَاَخْرَجْنَا مِنْهُ خَضِرًا نُّخْرِجُ مِنْهُ حَبًّا مُّتَرَاكِبًا ۚ وَمِنَ
النَّخْلِ مِنْ طَلْعِهَا قِنْوَانٌ دَانِيَةٌ وَّجَنّٰتٍ مِّنْ اَعْنَابٍ

وَّالزَّيۡتُوۡنَ وَالرُّمَّانَ مُشۡتَبِهًا وَّغَيۡرَ مُتَشَابِهٍ ؕ اُنۡظُرُوۡۤا اِلٰى
ثَمَرِهٖۤ اِذَاۤ اَثۡمَرَ وَيَنۡعِهٖ ؕ اِنَّ فِىۡ ذٰ لِكُمۡ لَاٰيٰتٍ لِّقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ ﴿۹۹﴾

(૯૯) અને તે એજ છે જેણે આકાશમાંથી પાણી વરસાવ્યું, અને તે પાણીથી દરેક પ્રકારની વનસ્પતિના અંકુરો કાઢ્યા જેમાંથી હરિયાળી ઉતપન્ન કરી જેમાંથી સંકળાયેલા દાણાઓ કાઢીએ છીએ. ખજૂરના શગુફાઓમાંથી લટકતા ગુછછાઓ, દ્રાક્ષ ઝયતુન તથા દાડમની વાડીઓ (ના ફળો) જે દેખાવમાં એક સરખા લાગે છે (પણ સ્વાદમાં એક સરખા નથી તમે વૃક્ષો તરફ જૂઓ જ્યારે ફળવાન થાય છે અને જ્યારે પરિપકવ થાય છે. બેશક તેમાં ઈમાન રાખનારાઓમાં માટે નિશાનીઓ છે.

وَجَعَلُوْا لِلّٰهِ شُرَكَآءَ الْجِنَّ وَخَلَقَهُمْ وَخَرَقُوْا لَهٗ بَنِيْنَ
وَبَنٰتٍۢ بِغَيْرِ عِلْمٍ ؕ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يَصِفُوْنَ ﴿١٠٠﴾

(૧૦૦) અને તેમણે તો જિન્નાતોને અલ્લાહના શરીક બનાવી લીધા છે; જો કે તેમને પણ તે (અલ્લાહે) પેદા કર્યા છે, અને તેના માટે જાણ્યા કર્યા વિના પુત્ર પુત્રીઓ ખોટી રીતે ઠરાવી દીધી. જે કાંઇ તેઓ વર્ણવે છે તેનાથી તેની ઝાત પાક અને ચઢીયાતી છે.

بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ اَنّٰى يَكُوْنُ لَهٗ وَلَدٌ وَّلَمْ تَكُنْ لَّهٗ
صَاحِبَةٌ ؕ وَخَلَقَ كُلَّ شَىْءٍ ۚ وَهُوَ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿١٠١﴾

(૧૦૧) આકાશો તથા પૃથ્વીનો ઉત્પન્ન કરનાર! તેને બાળક ક્યાંથી હોય જ્યારે કે તેને કોઇ પત્ની જ નથી, અને જ્યારે તેણેજ દરેક વસ્તુને પેદા કરી છે, અને તે દરેક વસ્તુનો જાણકાર છે.

ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ خَالِقُ كُلِّ شَیْءٍ فَاعْبُدُوْهُ ۚ
وَهُوَ عَلٰى كُلِّ شَیْءٍ وَّكِیْلٌ ﴿۱۰۲﴾

(૧૦૨) એજ અલ્લાહ તમારો પરવરદિગાર છે, તેના સિવાય બીજો કોઇ માઅબૂદ નથી; દરેક વસ્તુનો સર્જનહાર છે, માટે તમે તેનીજ ઈબાદત કરો, અને તેજ સર્વ વસ્તુઓનો રક્ષણહાર છે.

لَا تُدۡرِكُهُ الۡاَبۡصَارُ وَهُوَ يُدۡرِكُ الۡاَبۡصَارَ ۚ وَهُوَ اللَّطِيۡفُ
الۡخَبِيۡرُ ﴿۱۰۳﴾

(૧૦3) (માણસોની) દ્રષ્ટિ મર્યાદા તેના સુધી પહોંચી શકતી નથી, જ્યારે તે (પ્રત્યેક) દ્રષ્ટિને નિહાળે છે; તે અત્યંત સૂક્ષ્મદર્શી અને ખબરદાર છે.

قَدۡ جَآءَكُمۡ بَصَآئِرُ مِنۡ رَّبِّكُمۡ ۚ فَمَنۡ اَبۡصَرَ فَلِنَفۡسِهٖ ۚ وَمَنۡ
عَمِىَ فَعَلَيۡهَا ؕ وَمَاۤ اَنَا عَلَيۡكُمۡ بِحَفِيۡظٍ ﴿۱۰۴﴾

(૧૦૪) બેશક તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી ખુલ્લી દલીલો આવી ચૂકી છે; માટે જે ધ્યાનથી જોશે તો તે તેના પોતાના ફાયદા માટે છે; અને જે આંખો મીંચી લેશે તો તે પોતાના

નુકસાન માટે છે; અને હું (આ વિષયમાં) કાંઇ તમારો રખેવાળ નથી.

وَكَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ وَلِيَقُوْلُوْا دَرَسْتَ وَلِنُبَيِّنَهٗ لِقَوْمٍ يَّعْلَمُوْنَ﴿۱۰۵﴾

(૧૦૫) અને અમે આયતોને આવી રીતે વારંવાર ઉલટપલટ કરી વર્ણવીએ છીએ એ માટે કે તેમને કહેવું જ પડે કે તેં અમને વાંચી સંભળાવ્યું હતું; અને એટલા માટે કે અમે તેને સ્પષ્ટ કરીને વર્ણવી દઇએ તે લોકો માટે કે જેઓ જ્ઞાન ધરાવે છે.

اِتَّبِعْ مَاۤ اُوْحِیَ اِلَیْكَ مِنْ رَّبِّكَ ۚ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ وَاَعْرِضْ عَنِ الْمُشْرِكِیْنَ﴿۱۰۶﴾

(૧૦૬) જે વહી તને તારા પરવરદિગાર તરફથી કરવામાં આવી છે તેનેજ અનુસર; તેના સિવાય બીજો કોઇ માઅબૂદ નથી; અને મુશરિકોથી દૂર રહે.

وَلَوْ شَآءَ اللّٰهُ مَآ اَشْرَكُوْا ؕ وَمَا جَعَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ۚ وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِوَكِيْلٍ ﴿۱۰۷﴾

(૧૦૭) અને અગર અલ્લાહ ચાહતે તો તેઓ શિર્ક કરતેજ નહિ; અને અમોએ તને તેમનો નિગેહબાન નથી બનાવ્યો, અને તું તેમનો જવાબદાર નથી.

وَلَا تَسُبُّوا الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ فَيَسُبُّوا اللّٰهَ عَدْوًاۢ
بِغَيْرِ عِلْمٍ ؕ كَذٰلِكَ زَيَّنَّا لِكُلِّ اُمَّةٍ عَمَلَهُمْ ۪ ثُمَّ اِلٰى رَبِّهِمْ
مَّرْجِعُهُمْ فَيُنَبِّئُهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ۝١٠٨

(૧૦૮) અને જેમને તેઓ અલ્લાહ સિવાય પોકારે છે તેમને પણ અપશબ્દો કહો નહિ, (એમ ન થાય) કે તેઓ પણ સમજ્યા કર્યા વિના દ્વેષથી (ખરા) અલ્લાહને અપશબ્દો કહેવા લાગે. એવી રીતે અમોએ પ્રત્યેક ઉમ્મતની નજરમાં તેમના કાર્યોને સુશોભિત બનાવી દીધા છે; પછી તેમનું પાછું ફરવું તેમના પરવરદિગાર તરફ થશે, પછી જે કાંઇ

તેઓ કર્યા કરતા હતા તેનાથી તે તેમને વાકેફ કરી દેશે.

وَاَقۡسَمُوۡا بِاللّٰهِ جَهۡدَ اَيۡمَانِهِمۡ لَٮِٕنۡ جَآءَتۡهُمۡ اٰيَةٌ لَّيُـؤۡمِنُنَّ بِهَا ؕ قُلۡ اِنَّمَا الۡاٰيٰتُ عِنۡدَ اللّٰهِ وَمَا يُشۡعِرُكُمۡ ۙ اَنَّهَاۤ اِذَا جَآءَتۡ لَا يُؤۡمِنُوۡنَ ﴿۱۰۹﴾

(૧૦૯) અને તેઓ અલ્લાહના આકરામાં આકરા સોગંદ ખાઇ કહે છે કે જો તેમની પાસે અલ્લાહની કોઇ નિશાની (મોઅજિઝો) આવે તો તેઓ તેના પર અવશ્ય ઇમાન લાવશે; (અય રસૂલ!) તું કહે નિશાનીઓ માત્ર અલ્લાહના અધિકારમાં છે, અને

(અય મુસલમાનો!) તમને શી ખબર કે તેઓ મોઅજિઝા જોઇને પણ ઇમાન લાવશેનહિ?

وَنُقَلِّبُ أَفْـِٕدَتَهُمْ وَأَبْصَارَهُمْ كَمَا لَمْ يُؤْمِنُوا بِهِۦٓ أَوَّلَ مَرَّةٍ
وَّنَذَرُهُمْ فِي طُغْيَانِهِمْ يَعْمَهُونَ ﴿١١٠﴾

(૧૧૦) અને અમે તેમના અંતઃકરણ તથા તેમના ચક્ષુઓને એવા ઉલ્ટાવી દઇશું કે (મોઅજીઝા જોયા પછી પણ) પહેલાંની જેમ તેઓ ઇમાન લાવશે નહિ, અને તેમને તેમની ઉદ્ધતાઇમાં જ છોડી દઇશું કે જેથી તેઓ આંધળાઓની જેમ ભટકતા ફરે.

وَلَوْ اَنَّنَا نَزَّلْنَآ اِلَيْهِمُ الْمَلٰٓئِكَةَ وَكَلَّمَهُمُ الْمَوْتٰى وَحَشَرْنَا
عَلَيْهِمْ كُلَّ شَىْءٍ قُبُلًا مَّا كَانُوْا لِيُؤْمِنُوْٓا اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ
وَلٰكِنَّ اَكْثَرَهُمْ يَجْهَلُوْنَ ﴿١١١﴾

(૧૧૧) અને જો અમે તેમના ઉપર ખરેખર ફરિશ્તા પણ ઉતારી દેતે અને તેમની સાથે મરણ પામેલાઓ વાતો કરતે તથા (સ્વર્ગ નર્ક વગેરેની) સઘળી વસ્તુઓ તેમની સામે ભેગી કરી લાવતે તો પણ તેઓ ઇમાન લાવતે નહિ, સિવાય કે અલ્લાહને જ મંજૂર હોત; પરંતુ તેઓ માંહેના ઘણાખરા અજ્ઞાની છે.

وَكَذٰلِكَ جَعَلْنَا لِكُلِّ نَبِيٍّ عَدُوًّا شَيٰطِيْنَ الْاِنْسِ وَالْجِنِّ
يُوْحِيْ بَعْضُهُمْ اِلٰى بَعْضٍ زُخْرُفَ الْقَوْلِ غُرُوْرًا ؕ وَلَوْ شَآءَ
رَبُّكَ مَا فَعَلُوْهُ فَذَرْهُمْ وَمَا يَفْتَرُوْنَ ﴿١١٢﴾

(૧૧૨) (અને અય રસૂલ!) જેવી રીતે આ નાસ્તિકો તારા દુશ્મન છે તેવીજ રીતે અમોએ શૈતાન ઇન્સાનો તથા જિન્નાતોમાંથી દરેક નબી (ની કસોટી) માટે એક દુશ્મન બનાવ્યો હતો, જે ધોકો આપવા માટે એકબીજાને પોકળ વાતો કહતા હતા; અને અગર પરવરદિગારે ચાહ્યું હોત તો તેમ તેઓ (હરગિઝ) ન કરતે; માટે તેમને તથા જે (અસત્ય)

તેઓ ઉપજાવી કાઢે છે તેને (અલ્લાહ પર) છોડી દે.

وَلِتَصۡغٰۤى اِلَيۡهِ اَفۡـِٕدَةُ الَّذِيۡنَ لَا يُؤۡمِنُوۡنَ بِالۡاٰخِرَةِ وَلِيَرۡضَوۡهُ وَلِيَقۡتَرِفُوۡا مَا هُمۡ مُّقۡتَرِفُوۡنَ﴿۱۱۳﴾

(૧૧૩) અને એ (શૈતાન ઇન્સાનો તથા જિન્નાતો) એટલા માટે (એમ કરતા હતા) કે જેઓ આખેરત પર ઇમાન નથી લાવ્યા તેમના અંતઃકરણો તે (ઉપજાવી કાઢેલી વાતો)ની તરફ ઝૂકી પડે, અને એ માટે કે તેઓ આ વાતને ખૂબ પસંદ કરે, અને એ માટે પણ કે તેઓ જે (બૂરી) કમાઇ કર્યા કરે છે તે તેઓ કર્યાજ કરે.

اَفَغَيۡرَ اللّٰهِ اَبۡتَغِىۡ حَكَمًا وَّهُوَالَّذِىۡۤ اَنۡزَلَ اِلَيۡكُمُ الۡكِتٰبَ
مُفَصَّلًا ؕ وَالَّذِيۡنَ اٰتَيۡنٰهُمُ الۡكِتٰبَ يَعۡلَمُوۡنَ اَنَّهٗ مُنَزَّلٌ مِّنۡ
رَّبِّكَ بِالۡحَـقِّ فَلَا تَكُوۡنَنَّ مِنَ الۡمُمۡتَرِيۡنَ ﴿۱۱۴﴾

(૧૧૪) શું હું અલ્લાહને મૂકી બીજાને લવાદ બનાવું ? જ્યારે કે તે એજ છે કે જેણે તમારા તરફ વિસ્તારપૂર્વક કિતાબ ઉતારી છે; અને તે લોકો કે જેમને અમોએ કિતાબ આપી છે તેઓ આ વાત જાણે છે કે તે તારા પરવરદિગાર તરફથી સત્યપૂર્વક ઉતારવામાં આવી છે; માટે તું શંકા કરનારાઓ માંહેનો હરગિજ થા નહિ

وَتَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّعَدْلًا ؕ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ
وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿۱۱۵﴾

(૧૧૫) અને તારા પરવરદિગારનું કથન સત્ય અને ન્યાયની રૂએ પૂર્ણ થઇ ગયું છે; તેના કથનોને બદલનાર કોઇ નથી, અને તે મોટો સાંભળનાર (તથા) જાણનાર છે.

وَاِنْ تُطِعْ اَكْثَرَ مَنْ فِي الْاَرْضِ يُضِلُّوْكَ عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ اِنْ
يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَاِنْ هُمْ اِلَّا يَخْرُصُوْنَ ﴿۱۱۶﴾

(૧૧૬) અને જગતમાં તો એવા ઘણાય લોકો છે કે જેમનું કહેવું જો તું માની લેશે તો તેઓ તને

અલ્લાહના માર્ગથી ભટકાવી દેશે; તેઓ માત્ર કલ્પનાને અનુસરે છે અને જૂઠું બોલે છે.

إِنَّ رَبَّكَ هُوَ أَعْلَمُ مَن يَضِلُّ عَن سَبِيلِهِ ۖ وَهُوَ أَعْلَمُ بِالْمُهْتَدِينَ ﴿١١٧﴾

(૧૧૭) જેઓ તેના માર્ગથી ભટકી ગયા છે તેમને ખચીતજ તારો પરવરદિગાર સારી પેઠે જાણે છે, અને હિદાયત પામેલાઓને પણ સારી પેઠે જાણે છે.

فَكُلُوا مِمَّا ذُكِرَ اسْمُ اللَّهِ عَلَيْهِ إِن كُنتُم بِآيَاتِهِ مُؤْمِنِينَ ﴿١١٨﴾

(૧૧૮) માટે જે (કુરબાની) ઉપર અલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય તેમાંથી ખાઓ, અગર તમે તેની આજ્ઞાઓને માનતા હો.

وَمَا لَكُمْ اَلَّا تَأْكُلُوْا مِمَّا ذُكِرَ اسْمُ اللّٰهِ عَلَيْهِ وَقَدْ فَصَّلَ لَكُمْ مَّا حَرَّمَ عَلَيْكُمْ اِلَّا مَا اضْطُرِرْتُمْ اِلَيْهِ ؕ وَاِنَّ كَثِيْرًا لَّيُضِلُّوْنَ بِاَهْوَآئِهِمْ بِغَيْرِ عِلْمٍ ؕ اِنَّ رَبَّكَ هُوَ اَعْلَمُ بِالْمُعْتَدِيْنَ ﴿۱۱۹﴾

(૧૧૯) અને તમને શું થઇ ગયું છે કે જે (કુરબાની) પર અલ્લાહનું નામ લેવામાં આવ્યું છે તેમાંથી ખાતા નથી? જો કે જે વસ્તુઓ તેણે તમારા પર હરામ કરી છે તેને તમારા માટે સ્પષ્ટ કરીને

તેણે વર્ણવી દીધી છે, સિવાય કે જે તમને ન છુટકે (ભૂખમરાની હાલતમાં) ખાવી પડે; અને બેશક ઘણા લોકો પોતાની (નીચ) ઇચ્છાઓ પ્રમાણે જાણ્યા કર્યા વિના (બીજાઓને પણ) આડે માર્ગે લઇ જાય છે; બેશક તારો પરવરદિગાર એજ છે જે હદ ઓળંગી જનારાઓથી સારી પેઠે વાકેફ છે.

وَذَرُوْا ظَاهِرَ الْاِثْمِ وَبَاطِنَهٗ ؕ اِنَّ الَّذِيْنَ يَكْسِبُوْنَ الْاِثْمَ
سَيُجْزَوْنَ بِمَا كَانُوْا يَقْتَرِفُوْنَ ﴿١٢٠﴾

(૧૨૦) (અય લોકો !) ખુલ્લા પાપ તથા છુપા પાપ (બન્ને)નો ત્યાગ કરો; નિઃસંશય જેઓ પાપ કર્યે જાય છે તેમને તેમની કરણીનો બદલો નજીકમાં જ મળશે.

وَلَا تَأْكُلُوْا مِمَّا لَمْ يُذْكَرِ اسْمُ اللّٰهِ عَلَيْهِ وَاِنَّهٗ لَفِسْقٌ ؕ وَاِنَّ
الشَّيٰطِيْنَ لَيُوْحُوْنَ اِلٰٓى اَوْلِيٰٓـِٕهِمْ لِيُجَادِلُوْكُمْ ۚ وَاِنْ
اَطَعْتُمُوْهُمْ اِنَّكُمْ لَمُشْرِكُوْنَ ﴿۱۲۱﴾

(૧૨૧) અને જે (કુરબાની) ઉપર અલ્લાહનું નામ લેવામાં નથી આવ્યું તેમાંથી ખાઓ નહિ, અને બેશક (તેમ કરવું) આજ્ઞાનો ભંગ (કરવા જેવું) છે; અને નિઃસંશય શૈતાનો તો પોતાના મિત્રોના મનમાં વસવસા નાખ્યા કરે છે કે જેથી તેઓ તમારી સાથે ઝઘડો કરે, અને જો તમે તેમનું કહેવું માનશો તો ખચીતજ તમે પણ મુશરિક થઇ જશો.

اَوَمَنْ كَانَ مَيْتًا فَاَحْيَيْنٰهُ وَجَعَلْنَا لَهٗ نُوْرًا يَّمْشِيْ بِهٖ فِي
النَّاسِ كَمَنْ مَّثَلُهٗ فِي الظُّلُمٰتِ لَيْسَ بِخَارِجٍ مِّنْهَا ؕ كَذٰلِكَ
زُيِّنَ لِلْكٰفِرِيْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۲۲﴾

(૧૨૨) જે મડદું હતું, પછી તેને અમે સજીવન કર્યું, તથા તેને અમોએ પ્રકાશ આપ્યો કે જેના કારણે લોકોમાં હરે ફરે છે, તે એવા શખ્સના જેવો છે કે જે અંધકારમાં હોય અને તેમાંથી બહાર નીકળી શકતો ન હોય? તેજ પ્રમાણે નાસ્તિકો સુશોભિત કરી દેવામાં આવ્યા છે.

وَكَذٰلِكَ جَعَلْنَا فِيْ كُلِّ قَرْيَةٍ اَكٰبِرَ مُجْرِمِيْهَا لِيَمْكُرُوْا فِيْهَا ؕ
وَمَا يَمْكُرُوْنَ اِلَّا بِاَنْفُسِهِمْ وَمَا يَشْعُرُوْنَ ﴿۱۲۳﴾

(૧૨૩) અને એવી રીતે અમે દરેક વસ્તીમાં તેના મોટા ગુનેહગારોને મોકા આપ્યા કરીએ છીએ કે જેથી તેઓ તેમાં પ્રપંચો કર્યા કરે; અને (ખરૂં જોતાં) તેઓ પ્રપંચ આદરતા નથી પણ પોતાનાજ નફસ (આત્માઓ) વિરૂધ્ધ (આદરે છે) પણ (તેનું) તેમને ભાન નથી.

وَاِذَا جَآءَتۡهُمۡ اٰيَةٌ قَالُوۡا لَنۡ نُّؤۡمِنَ حَتّٰى نُؤۡتٰى مِثۡلَ مَاۤ اُوۡتِىَ رُسُلُ اللّٰهِ‌ؕۘ اَللّٰهُ اَعۡلَمُ حَيۡثُ يَجۡعَلُ رِسَالَـتَهٗ‌ ؕ سَيُصِيۡبُ الَّذِيۡنَ اَجۡرَمُوۡا صَغَارٌ عِنۡدَ اللّٰهِ وَعَذَابٌ شَدِيۡدٌۢ بِمَا كَانُوۡا يَمۡكُرُوۡنَ ﴿۱۲۴﴾

(૧૨૪) અને જ્યારે પણ તેમની પાસે કોઇ આયત આવે છે ત્યારે તેઓ બોલી ઉઠે છે કે જ્યાં સુધી અમને પણ તેવું કાંઇ આપવામાં ન આવે જેવું કે અલ્લાહના રસૂલોને આપવામાં આવ્યું છે ત્યાં સુધી અમે હરગિજ ઇમાન નહિ લાવશું; (પણ) પોતાની રિસાલત કોને આપવી તે અલ્લાહ સારી પેઠે જાણે છે; જેઓ અપરાધી છે તેમને નજીકમાં જ અલ્લાહ તરફથી નામોશી સખત શિક્ષા મળશે કારણકે તેઓ પ્રપંચ કર્યા કરતા હતાં તે કારણે સખત શિક્ષા પણ.

فَمَنْ يُّرِدِ اللّٰهُ اَنْ يَّهْدِيَهٗ يَشْرَحْ صَدْرَهٗ لِلْاِسْلَامِ ۚ وَمَنْ يُّرِدْ
اَنْ يُّضِلَّهٗ يَجْعَلْ صَدْرَهٗ ضَيِّقًا حَرَجًا كَاَنَّمَا يَصَّعَّدُ فِى السَّمَآءِ ؕ
كَذٰلِكَ يَجْعَلُ اللّٰهُ الرِّجْسَ عَلَى الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ ﴿۱۲۵﴾

(૧૨૫) પછી અલ્લાહ જેને હિદાયત આપવા ચાહે છે તેની છાતી ઇસ્લામ (સ્વીકારવા) માટે વિશાળ કરી મૂકે છે, અને જેના વિષે હિદાયતની પ્રેરણા ખૂંચવી લેવા ચાહે છે તેની છાતી સંકુચિત કરી મૂકે છે (અને ઇમાનનો સ્વીકાર તેના માટે એવો અસહ્ય થઇ જાય છે કે) જાણે તે આકાશ પર ચઢતો હોય એવી રીતે અલ્લાહ તે લોકો કે જેઓ ઇમાન નથી રાખતા તેમના (દિલો)ને અપવિત્રતાથી ઢાંકી દે છે.

وَهٰذَا صِرَاطُ رَبِّكَ مُسْتَقِيْمًا ؕ قَدْ فَصَّلْنَا الْاٰيٰتِ لِقَوْمٍ
يَّذَّكَّرُوْنَ۝۱۲۶

(૧૨૬) અને આ છે તારા પરવરદિગારનો માર્ગ કે જે સીધોજ છે; ખરેજ બોધ ગ્રહણ કરનારાઓ માટે અમોએ નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવી દીધી છે.

لَهُمْ دَارُ السَّلٰمِ عِنْدَ رَبِّهِمْ وَهُوَ وَلِيُّهُمْ بِمَا كَانُوْا
يَعْمَلُوْنَ۝۱۲۷

(૧૨૭) તેમના પરવરદિગાર પાસે તેમના માટે સલામતીનું ઘર છે, અને તેઓ (નેક) કાર્યો કરતા હતા તે કારણે તેજ તેમનો સરપરસ્ત બનશે.

وَيَوْمَ يَحْشُرُهُمْ جَمِيْعًا ۚ يٰمَعْشَرَ الْجِنِّ قَدِ اسْتَكْثَرْتُمْ مِّنَ
الْاِنْسِ ۚ وَقَالَ اَوْلِيٰٓؤُهُمْ مِّنَ الْاِنْسِ رَبَّنَا اسْتَمْتَعَ بَعْضُنَا
بِبَعْضٍ وَّبَلَغْنَآ اَجَلَنَا الَّذِيْٓ اَجَّلْتَ لَنَا ؕ قَالَ النَّارُ
مَثْوٰىكُمْ خٰلِدِيْنَ فِيْهَآ اِلَّا مَا شَآءَ اللّٰهُ ؕ اِنَّ رَبَّكَ حَكِيْمٌ
عَلِيْمٌ ﴿۱۲۸﴾

(૧૨૮) અને જે દિવસે તે સઘળાઓને ભેગાં કરશે, (પછી ફરમાવશે) કે અય જીન્નાતોના સમૂહ! તમો ઈન્સાનોથી (સંખ્યામાં) વધી ગયા હશો, અને ઈન્સાનોમાંથી જેઓ તેમના તરફદાર હશે તેઓ અરજ કરશે કે અય અમારા પરવરદિગાર ! અમારામાંથી કેટલાકોએ કેટલાકોથી લાભ મેળવ્યો,

અને (અમારી કરણીની શિક્ષા પામવા માટે) જે મુદ્દત તેં અમારા માટે નક્કી કરી હતી (તે મુદ્દતને) અમે પહોંચી ગયા છીએ; (અલ્લાહ) ફરમાવશે કે તમારૂં સ્થાન જહન્નમમાં છે, તેમાંજ તમે હંમેશ માટે રહેશો સિવાય કે અલ્લાહ બીજું કાંઇ ચાહે; બેશક તારો પરવરદિગાર હિકમત (અને) જ્ઞાનનો સાહેબ છે.

وَكَذٰلِكَ نُوَلِّيْ بَعْضَ الظّٰلِمِيْنَ بَعْضًاۢ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿١٢٩﴾

(૧૨૯) અને એવી રીતે અમે કેટલાક ઝુલમગારોને કેટલાકોની બૂરી કરણીઓના કારણે તેમના મિત્ર બનાવી દઇએ છીએ.

يٰمَعْشَرَ الْجِنِّ وَالْاِنْسِ اَلَمْ يَاْتِكُمْ رُسُلٌ مِّنْكُمْ يَقُصُّوْنَ
عَلَيْكُمْ اٰيٰتِيْ وَيُنْذِرُوْنَكُمْ لِقَآءَ يَوْمِكُمْ هٰذَا ؕ قَالُوْا شَهِدْنَا
عَلٰٓى اَنْفُسِنَا وَغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَشَهِدُوْا عَلٰٓى اَنْفُسِهِمْ
اَنَّهُمْ كَانُوْا كٰفِرِيْنَ ﴿١٣٠﴾

(૧30) અય ઇન્સાન તથા જિન્નાતોના ટોળાઓ! શું તમારામાંના જ એવા રસૂલો આવ્યા ન હતા કે જેઓ તમને મારી આયતો વર્ણવી સંભળાવતા અને તમારી આ દિવસની મુલાકાતથી તમને ડરાવતા હતા? તેઓ કહેશે કે અમે પોતેજ અમારી પોતાની વિરૂદ્ધ સાક્ષી આપીએ છીએ. અને આલોકની જિંદગીએ તેમને ધોકો આપ્યો હતો અને

તેઓ પોતેજ પોતાનીજ વિરૂધ્ધ સાક્ષી પૂરશે કે તેઓ ખરેજ નાફરમાન હતા.

ذٰلِكَ اَنۡ لَّمۡ يَكُنۡ رَّبُّكَ مُهۡلِكَ الۡقُرٰى بِظُلۡمٍ وَّاَهۡلُهَا غٰفِلُوۡنَ ﴿۱۳۱﴾

(૧૩૧) આ (રસૂલોનું મોકલવું) એ માટે છે કે તારો પરવરદિગાર જોર ઝુલ્મથી આબાદીઓને બરબાદ કરતો નથી, એવી સ્થિતિમાં કે તેમના રહેવાસીઓ (તેની) આજ્ઞાઓથી અજ્ઞાત હોય.

وَلِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا عَمِلُوۡا ؕ وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا يَعۡمَلُوۡنَ ﴿۱۳۲﴾

(૧૩૨) અને સઘળાઓ માટે તેમની કરણીઓનાં પ્રમાણમાં દરજ્જા છે; અને તેઓ જે કાંઇ કરે છે તેનાથી તારો પરવરદિગાર અજાણ નથી.

وَرَبُّكَ الۡغَنِىُّ ذُو الرَّحۡمَةِ ؕ اِنۡ يَّشَاۡ يُذۡهِبۡكُمۡ وَيَسۡتَخۡلِفۡ مِنۡۢ
بَعۡدِكُمۡ مَّا يَشَآءُ كَمَاۤ اَنۡشَاَكُمۡ مِّنۡ ذُرِّيَّةِ قَوۡمٍ اٰخَرِيۡنَ ؕ﴿۱۳۳﴾

(૧૩૩) અને તારો પરવરદિગાર અપેક્ષા રહિત અને દયાવાન છે; અગર તે ચાહે તો તે તમને (આલોકમાંથી) ઊંચકી લઇ જાય, પછી જેને ચાહે તમારા સ્થાને કાયમ કરી દે, જેવી રીતે બીજી કોમોના વંશમાંથી તમને પેદા કર્યાં.

اِنَّ مَا تُوۡعَدُوۡنَ لَاٰتٍ ۙ وَّمَاۤ اَنۡتُمۡ بِمُعۡجِزِيۡنَ ﴿۱۳۴﴾

(૧૩૪) જે વસ્તુનો તમને વાયદો કરવામાં આવ્યો છે તે અવશ્ય આવનાર છે અને તમે તેને (આવતી) અટકાવી શકનાર નથી.

قُلۡ يٰقَوۡمِ اعۡمَلُوۡا عَلٰى مَكَانَتِكُمۡ اِنِّىۡ عَامِلٌ‌ۚ فَسَوۡفَ تَعۡلَمُوۡنَ ۙ مَنۡ تَكُوۡنُ لَهٗ عَاقِبَةُ الدَّارِ‌ؕ اِنَّهٗ لَا يُفۡلِحُ الظّٰلِمُوۡنَ ﴿۱۳۵﴾

(૧૩૫) (અય રસૂલ!) તું કહે કે અય મારી કોમ! તમે તમારા ગજા પ્રમાણે વર્તતા રહો અને હું પણ વર્તતો રહીશ; પછી આગળ જતાં તમને જણાઇ આવશે કે આખેરતનું (સારૂં) પરિણામ કોના માટે છે; બેશક ઝુલમગારો સફળતા પામતા નથી.

وَجَعَلُوْا لِلّٰهِ مِمَّا ذَرَاَ مِنَ الْحَرْثِ وَالْاَنْعَامِ نَصِيْبًا فَقَالُوْا هٰذَا
لِلّٰهِ بِزَعْمِهِمْ وَهٰذَا لِشُرَكَآئِنَا ۚ فَمَا كَانَ لِشُرَكَآئِهِمْ فَلَا يَصِلُ
اِلَى اللّٰهِ ۚ وَمَا كَانَ لِلّٰهِ فَهُوَ يَصِلُ اِلٰى شُرَكَآئِهِمْ ؕ سَآءَ مَا
يَحْكُمُوْنَ ﴿۱۳۶﴾

(૧૩૬) અને તેઓ (નાસ્તિકો)એ તે (અલ્લાહે) જમીનમાંથી ખેતીવાડી અને ઢોર ઢાંખર ઉત્પન્ન કર્યા છે તેમાંથી અલ્લાહનો એક ભાગ નક્કી કરે છે. પછી પોતાની કલ્પનાથી કહે છે કે આ અલ્લાહ માટે છે, અને આ અમારા (બનાવેલા) અલ્લાહના શરીકો માટે છે; પછી તેમના (જોડી કાઢેલા અલ્લાહના) જોડીદારોનો જે ભાગ છે તે તો

અલ્લાહને પહોંચતો નથી, અને જે અલ્લાહનો છે તે તેમના જોડીદારોને પહોંચે છે; તેઓ (આ) કેવો બેહુદો ન્યાય કરે છે !

وَكَذٰلِكَ زَيَّنَ لِكَثِيۡرٍ مِّنَ الۡمُشۡرِكِيۡنَ قَتۡلَ اَوۡلَادِهِمۡ شُرَكَآؤُهُمۡ لِيُرۡدُوۡهُمۡ وَلِيَلۡبِسُوۡا عَلَيۡهِمۡ دِيۡنَهُمۡ‌ ؕ وَلَوۡ شَآءَ اللّٰهُ مَا فَعَلُوۡهُ‌ فَذَرۡهُمۡ وَمَا يَفۡتَرُوۡنَ‏ ﴿۱۳۷﴾

(૧૩૭) અને એવી રીતે મુશરિકોમાંથી ઘણા ખરાઓની નજરમાં તેમના જોડીદારોએ તેમના છોકરા મારી નાખવાનું શોભાસ્પદ ઠરાવ્યું છે. જેથી (તેઓ) તેમનો નાશ કરી નાખે અને તેમના ધર્મને તેમના ઉપર શંકાસ્પદ બનાવી દે; અને અગર

અલ્લાહ ચાહતે તો તેઓ તે (હરગિજ) કરતે નહિ, માટે તું તેમને તથા તેમની ઉપજાવી કાઢેલી વાતોને પડતી મૂક.

وَقَالُوْا هٰذِهٖٓ اَنْعَامٌ وَّحَرْثٌ حِجْرٌ ۖ لَّا يَطْعَمُهَآ اِلَّا مَنْ نَّشَآءُ بِزَعْمِهِمْ وَاَنْعَامٌ حُرِّمَتْ ظُهُوْرُهَا وَاَنْعَامٌ لَّا يَذْكُرُوْنَ اسْمَ اللّٰهِ عَلَيْهَا افْتِرَآءً عَلَيْهِ ؕ سَيَجْزِيْهِمْ بِمَا كَانُوْا يَفْتَرُوْنَ ﴿١٣٨﴾

(૧૩૮) વળી તેઓ પોતાની અટકળ મુજબ કહે છે કે આ ઢોર તથા ખેતી અછુતિ છે; તેને કોઇ ખાઇ શકે નહિ પરંતુ જેને અમે ઇચ્છીએ; અને કેટલાક એવા પ્રાણીઓ છે કે જેમની પીઠ પર સવારી (કરવી) અથવા ભારનું લાદવું હરામ કરવામાં

આવ્યું છે અને કેટલાક એવા પ્રાણીઓ છે કે જેમના પર ઝબ્હ કરતી વખતે અલ્લાહનું નામ લેતા નથી. આમ કરવામાં તેઓ માત્ર અલ્લાહ ઉપર આળ ચઢાવે છે; તે તેમને નજીકમાં આ આળ ચઢાવવાની શિક્ષા કરશે.

وَقَالُوْا مَا فِيْ بُطُوْنِ هٰذِهِ الْاَنْعَامِ خَالِصَةٌ لِّذُكُوْرِنَا وَمُحَرَّمٌ
عَلٰٓى اَزْوَاجِنَا ۚ وَاِنْ يَّكُنْ مَّيْتَةً فَهُمْ فِيْهِ شُرَكَآءُ ۭ
سَيَجْزِيْهِمْ وَصْفَهُمْ ۭ اِنَّهٗ حَكِيْمٌ عَلِيْمٌ ﴿١٣٩﴾

(૧૩૯) અને તેઓ કહે છે કે આ પ્રાણીઓના પેટમાં જે કાંઇ છે તે ખાસ અમે પુરૂષો માટેજ છે અને અમારી સ્ત્રીઓ માટે હરામ છે, અને અગર તે

(બચ્ચું) મરેલું અવતરે તો તેમાં (સ્ત્રી પુરૂષ) સર્વ ભાગીદાર છે; (અલ્લાહ) નજીકમાંજ તેમના આ (ખોટા) વર્ણન માટે તેમને શિક્ષા આપશે; બેશક તે મહાન હિકમતવાળો (અને) જ્ઞાની છે.

قَدْ خَسِرَ الَّذِيْنَ قَتَلُوْٓا اَوْلَادَهُمْ سَفَهًۢا بِغَيْرِ عِلْمٍ وَّحَرَّمُوْا مَا رَزَقَهُمُ اللّٰهُ افْتِرَآءً عَلَى اللّٰهِ ؕ قَدْ ضَلُّوْا وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ﴿۱۴۰﴾

(૧૪૦) બેશક જેઓ જાણ્યા કર્યા વિના મૂર્ખાઇથી પોતાની અવલાદને કત્લ કરી નાખે છે અને જે કાંઇ રોઝી અલ્લાહે તેમને (હલાલ તરીકે) આપી છે તે અલ્લાહ ઉપર આળ મૂકી હરામ ઠરાવે છે

તેઓએ પોતાનું ભારે નુકસાન કર્યું; તેઓ ખરેજ સન્માર્ગથી ભટકી ગયા છે અને હિદાયત પામેલા રહ્યા નથી.

وَهُوَ الَّذِىۡۤ اَنۡشَاَ جَنّٰتٍ مَّعۡرُوۡشٰتٍ وَّغَيۡرَ مَعۡرُوۡشٰتٍ وَّالنَّخۡلَ وَالزَّرۡعَ مُخۡتَلِفًا اُكُلُهٗ وَالزَّيۡتُوۡنَ وَالرُّمَّانَ مُتَشَابِهًا وَّغَيۡرَ مُتَشَابِهٍ‌ ؕ كُلُوۡا مِنۡ ثَمَرِهٖۤ اِذَاۤ اَثۡمَرَ وَاٰتُوۡا حَقَّهٗ يَوۡمَ حَصَادِهٖ‌ ۖ وَلَا تُسۡرِفُوۡا ‌ؕ اِنَّهٗ لَا يُحِبُّ الۡمُسۡرِفِيۡنَ ۙ‏ ﴿۱۴۱﴾

(૧૪૧) અને તે અલ્લાહ એજ છે જેણે (દ્રાક્ષનાં) બગીચા ઉત્પન્ન કર્યાં છે કે જેમાં (કેટલાકના) વેલા (માંડવા પર) ચઢેલા હોય છે અને (કેટલાકના) વેલા ચઢેલા હોતા નથી, અને ખજુરના ઝાડ તથા

ખેતરો કે જેમાં ખાવા માટે જાત જાતના ફળ હોય છે, તથા ઝયતુન અને દાડમ જે (દેખાવ, આકાર તથા સ્વાદમાં) એક બીજાને મળતા આવે છે અને (કેટલાક) નથી પણ આવતા; જ્યારે તેમના પર ફળ આવી જાય ત્યારે તે માંહેના ફળ ખાઓ અને કાપવા (લણવા)ના દિવસે તે (અલ્લાહ)નો ઠરાવેલો ભાગ આપતા રહો અને ઉડાઉ ખર્ચ કરો નહિ; કેમકે ઉડાઉ ખર્ચ કરનારાઓને તે દોસ્ત રાખતો નથી.

وَمِنَ الْاَنْعَامِ حَمُوْلَةً وَّفَرْشًا ؕ كُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ وَلَا
تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ۝١٤٢

(૧૪૨) અને ચોપગા જાનવરોમાંથી કેટલાક તો બોજો ઊંચકનારા (મોટા મોટા) અને કેટલાક (નાના નાના) જમીન પર સુવડાવી ઝબ્હ કરીને ખાવા માટે પેદા કર્યા; (જેથી) અલ્લાહે જે કાંઇ તમને (હલાલ કરી) આપ્યું છે તેમાંથી ખાઓ પીઓ અને શૈતાનના પગલે પગલે ચાલો નહિ; નિઃસંશય તે તમારો ખુલ્લો શત્રુ છે.

ثَمٰنِيَةَ اَزْوَاجٍ ۚ مِنَ الضَّاْنِ اثْنَيْنِ وَمِنَ الْمَعْزِ اثْنَيْنِ ؕ قُلْ
ءٰٓالذَّكَرَيْنِ حَرَّمَ اَمِ الْاُنْثَيَيْنِ اَمَّا اشْتَمَلَتْ عَلَيْهِ اَرْحَامُ
الْاُنْثَيَيْنِ ؕ نَبِّـُٔوْنِيْ بِعِلْمٍ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۴۳﴾

(૧૪૩) (અલ્લાહે ખાવા માટે) આઠ (જાતનાં) જોડાં (નર માદા પેદા કર્યા છે) ઘેટાની જાતમાંથી બે અને બકરીની જાતમાંથી બે (અય રસૂલ!) તું કહે કે શું બન્ને નર તેણે હરામ કર્યા છે કે બન્ને માદા, અથવા બન્ને માદાઓના ગર્ભસ્થાનમાં જે બચ્ચાં સમાયેલાં છે તે ? જો તમે સાચા હો તો મને (આ વિષે) જ્ઞાનપૂર્વક ખબર આપોઃ

وَمِنَ الْاِبِلِ اثْنَيْنِ وَمِنَ الْبَقَرِ اثْنَيْنِ ؕ قُلْ ءٰٓالذَّكَرَيْنِ حَرَّمَ

اَمِ الْاُنْثَيَيْنِ اَمَّا اشْتَمَلَتْ عَلَيْهِ اَرْحَامُ الْاُنْثَيَيْنِ ؕ اَمْ

كُنْتُمْ شُهَدَآءَ اِذْ وَصّٰىكُمُ اللّٰهُ بِهٰذَا ۚ فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى

عَلَى اللّٰهِ كَذِبًا لِّيُضِلَّ النَّاسَ بِغَيۡرِ عِلۡمٍ ؕ اِنَّ اللّٰهَ لَا يَهۡدِى

الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ﴿۱۴۴﴾

(૧૪૪) અને ઊંટોમાંથી બે તથા ગાયોમાંથી બે (નર માદા) તું કહે કે શું તેણે બન્ને નર હરામ કર્યા છે કે બન્ને માદા, અથવા આ બન્ને માદાઓના ગર્ભસ્થાનમાં જે બચ્ચાં સમાયેલા છે તે ? અથવા શું તમે તે વેળા હાજર હતા જ્યારે તમને અલ્લાહે આ (વિષે) હુકમ કર્યો હતો ? માટે તે કરતાં વધારે ઝાલિમ કોણ હશે કે જે અલ્લાહ ઉપર જૂઠાં આળ ચઢાવે કે (જેથી) તે લોકોને વગર સમજે ગુમરાહ કરે; બેશક અલ્લાહ ઝાલિમ લોકોને સીધો માર્ગ દેખાડતો નથી.

قُلْ لَّآ اَجِدُ فِيْ مَآ اُوْحِيَ اِلَيَّ مُحَرَّمًا عَلٰى طَاعِمٍ يَّطْعَمُهٗٓ اِلَّآ اَنْ
يَّكُوْنَ مَيْتَةً اَوْ دَمًا مَّسْفُوْحًا اَوْ لَحْمَ خِنْزِيْرٍ فَاِنَّهٗ رِجْسٌ اَوْ
فِسْقًا اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَاِنَّ
رَبَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٤٥﴾

(૧૪૫) (અય રસૂલ!) કહે કે મારા પર જે વહી આવી છે તેમાં હું (મજકુર વસ્તુઓમાંથી) ખાનારાઓ માટે ખાવાને કોઇ વસ્તુ હરામ હોય એવું જોતો નથી, સિવાય કે (જે) પોતાની મેળે મૃત્યુ પામી (મુરદાર થઇ) ગઇ હોય, અથવા વહી ગયેલું લોહી, અથવા સુવ્વરનું માંસ; નિ:સંશય તે ગંદી વસ્તુઓ છે; અથવા આજ્ઞાભંગ થઇ હોય એવી

કુરબાની કે જેના પર અલ્લાહના સિવાય (બીજા કોઇનું) નામ લેવામાં આવ્યું હોય (પણ); જે શખ્સ લાચાર હાલતમાં આવી પડ્યો હોય ન બગાવત માટે ન મર્યાદા ઓળગવા ના આશયથી (મજકુર હરામ ચીઝોમાંથી કાંઇ ખાય) તો બેશક તારો પરવરદિગાર મોટો માફ કરનાર અને દયાળુ છે.

وَعَلَى الَّذِيۡنَ هَادُوۡا حَرَّمۡنَا كُلَّ ذِىۡ ظُفُرٍ‌ ۚ وَمِنَ الۡبَقَرِ وَالۡغَنَمِ حَرَّمۡنَا عَلَيۡهِمۡ شُحُوۡمَهُمَاۤ اِلَّا مَا حَمَلَتۡ ظُهُوۡرُهُمَاۤ اَوِ الۡحَـوَايَاۤ اَوۡ مَا اخۡتَلَطَ بِعَظۡمٍ‌ ؕ ذٰ لِكَ جَزَيۡنٰهُمۡ بِبَغۡيِهِمۡ‌ ۖ وَاِنَّا لَصٰدِقُوۡنَ ۝١٤٦

(૧૪૬) અને અમોએ યહૂદીઓ પર દરેક નખવાળા પ્રાણીઓ હરામ કર્યા હતાં, અને ગાય તથા બકરીની જાતમાંથી તે બન્નેની ચરબી હરામ કરી હતી, સિવાય કે જે તેમની પીઠ ઉપર (ચોંટેલી) અથવા આંતરડા પર (વળગેલી) હોય અથવા જે કાંઇ હાડકાં સાથે મળેલી હોય, આ શિક્ષા અમોએ તેમને તેમની શિરજોરી માટે કરી હતી, અને નિઃસંશય અમે સાચું બોલનારા છીએ.

فَإِنْ كَذَّبُوكَ فَقُل رَّبُّكُمْ ذُو رَحْمَةٍ وَاسِعَةٍ ۖ وَلَا يُرَدُّ بَأْسُهُ عَنِ الْقَوْمِ الْمُجْرِمِينَ ﴿١٤٧﴾

(૧૪૭) છતાં (અય રસૂલ!) કદાચને તેઓ તને જૂઠલાવે તો તું કહે કે તમારો પરવરદિગાર સર્વ

વ્યાપિ દયાળુ છે, અને તેનો અઝાબ અપરાધી લોકો (૫૨) થી હરગિજ પાછો ટાળી શકાશે નહિ.

سَيَقُوْلُ الَّذِيْنَ اَشْرَكُوْا لَوْ شَآءَ اللّٰهُ مَآ اَشْرَكْنَا وَلَآ اٰبَآؤُنَا وَلَا حَرَّمْنَا مِنْ شَيْءٍ ؕ كَذٰلِكَ كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ حَتّٰى ذَاقُوْا بَاْسَنَا ؕ قُلْ هَلْ عِنْدَكُمْ مِّنْ عِلْمٍ فَتُخْرِجُوْهُ لَنَا ؕ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَاِنْ اَنْتُمْ اِلَّا تَخْرُصُوْنَ ﴿۱۴۸﴾

(૧૪૮) નજીકમાં જ મુશરિકો કહેશે જો અલ્લાહ ચાહતે તો ન અમે તેનો કાંઇ જોડીદાર બનાવતે ન અમારા બાપદાદા; અને ન અમે કોઇ વસ્તુને હરામ ઠરાવતે; એવીજ રીતે તેમની પહેલાંના લોકો (પણ) જૂઠલાવ્યા કરતા હતા, અહીં સુધી કે તેમણે અમારા

અઝાબનો સ્વાદ ચાખ્યો; તું કહે કે શું તમારી પાસે કોઇ જ્ઞાન (પૂર્વકની સાબિતી) છે, (અગર હોય તો) તે અમને લાવી દેખાડો; (પણ) તમે તો માત્ર કલ્પનાને જ અનુસરો છો અને તમે કાંઇ નહિ પણ ખોટુંજ બોલો છો.

قُلْ فَلِلّٰهِ الْحُجَّةُ الْبَالِغَةُ ۚ فَلَوْ شَآءَ لَهَدٰىكُمْ اَجْمَعِيْنَ ﴿١٤٩﴾

(૧૪૯) (અય રસૂલ!) તું કહે કે અંતે સૌથી સબળ દલીલ અલ્લાહની જ છે, માટે જો તે ચાહે તો ખરેજ તે તમો સર્વેને હિદાયત કરી દે.

قُلْ هَلُمَّ شُهَدَآءَكُمُ الَّذِيْنَ يَشْهَدُوْنَ اَنَّ اللّٰهَ حَرَّمَ هٰذَا ۚ
فَاِنْ شَهِدُوْا فَلَا تَشْهَدْ مَعَهُمْ ۚ وَلَا تَتَّبِعْ اَهْوَآءَ الَّذِيْنَ

كَذَّبُوْا بِاٰيٰتِنَا وَالَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ وَهُمْ بِرَبِّهِمْ
يَعْدِلُوْنَ ﴿١٥٠﴾

(૧૫૦) તું કહે કે તમે તમારા તે સાક્ષીઓને બોલાવો કે જે આ વસ્તુઓને અલ્લાહે હરામ કરી છે એવી સાક્ષી પૂરે; પછી જો તેઓ સાક્ષી આપે તો તેમની સાથે રહીને (તું તેવી) સાક્ષી પુરીશ નહિ; અને જે લોકો અમારી આયતોને જૂઠલાવે છે તથા આખેરત પર ઇમાન રાખતા નથી અને જેઓ પોતાના પાલનકર્તાના (બીજાઓને) બરોબરીયા ગણે છે તેમની મનોવાસનાને અનુસરજે નહિ.

قُلْ تَعَالَوْا اَتْلُ مَا حَرَّمَ رَبُّكُمْ عَلَيْكُمْ اَلَّا تُشْرِكُوْا بِهٖ شَيْـًٔا
وَّبِالْوَالِدَيْنِ اِحْسَانًا ۚ وَلَا تَقْتُلُوْٓا اَوْلَادَكُمْ مِّنْ اِمْلَاقٍ ؕ نَحْنُ
نَرْزُقُكُمْ وَاِيَّاهُمْ ۚ وَلَا تَقْرَبُوا الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا
بَطَنَ ۚ وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ ؕ ذٰلِكُمْ
وَصّٰىكُمْ بِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿١٥١﴾

(૧૫૧) (અય રસૂલ!) તું કહે કે આવો હું વાંચી સંભળાવું કે તમારા પરવરદિગારે તમારા પર કઇ કઇ વસ્તુઓ હરામ કરી છે—(તે આ) કે તમે કોઇ વસ્તુને તેની શરીક બનાવો નહિ અને માં-બાપ સાથે નેકી કરો, અને ગરીબાઇ (ના ભય)થી તમારી અવલાદને મારી ન નાખો; અમેજ તમને રોજી

આપીએ છીએ અને તેમને પણ; તેમજ નિર્લજતાભરી વાતો પાસે જાઓ નહિ, પછી ભલેને તે પ્રત્યક્ષ હોય યા છુપી, અને કોઇ વ્યક્તિને કે જેનું મારી નાખવું અલ્લાહે હરામ કર્યું છે તેને તમે મારી ન નાખો, સિવાય કે ન્યાયસર હોય; આ છે કે જેની તેણે તમને આજ્ઞા કરી છે કે કદાચને તમે સમજો.

وَلَا تَقۡرَبُوۡا مَالَ الۡيَتِيۡمِ اِلَّا بِالَّتِىۡ هِىَ اَحۡسَنُ حَتّٰى يَبۡلُغَ
اَشُدَّهٗ ‌ۚ وَاَوۡفُوا الۡكَيۡلَ وَالۡمِيۡزَانَ بِالۡقِسۡطِ‌ ۚ لَا نُـكَلِّفُ نَفۡسًا
اِلَّا وُسۡعَهَا‌ ۚ وَاِذَا قُلۡتُمۡ فَاعۡدِلُوۡا وَلَوۡ كَانَ ذَا قُرۡبٰى‌ ۚ وَبِعَهۡدِ
اللّٰهِ اَوۡفُوۡا‌ ؕ ذٰ لِكُمۡ وَصّٰٮكُمۡ بِهٖ لَعَلَّكُمۡ تَذَكَّرُوۡنَ ۙ‏ ﴿۱۵۲﴾

(૧૫૨) અને અનાથોના માલ પાસે જાઓ નહિ સિવાય કે સદ્નિષ્ઠાથી, જ્યાં સુધી કે તેઓ વ્યવહારિક શક્તિ (યુવાવસ્થા)એ પહોંચી ન જાય; અને ન્યાયપૂર્વક પૂરેપૂરાં તોલ અને માપ આપો. અમે કોઇ વ્યક્તિને તેના ગજા ઉપરાંત તકલીફ આપતા નથી; અને જ્યારે તમે (કોઇના પક્ષકાર બનીને) બોલો તો તેમાં ન્યાય કરો, પછી ભલેને (વિરૂધ્ધ પક્ષ) તમારા નજીકના સગામાંથી (કેમ ન) હોય, અને અલ્લાહ સાથેનો કરાર પૂરો કરો; આ એજ છે કે જેની અલ્લાહે તમને આજ્ઞા કરી છે કે કદાચને તમે બોધ ગ્રહણ કરો.

وَاَنَّ هٰذَا صِرَاطِیۡ مُسۡتَقِیۡمًا فَاتَّبِعُوۡهُ ۚ وَلَا تَتَّبِعُوا السُّبُلَ
فَتَفَرَّقَ بِكُمۡ عَنۡ سَبِیۡلِهٖ ؕ ذٰلِكُمۡ وَصّٰٮكُمۡ بِهٖ لَعَلَّكُمۡ
تَتَّقُوۡنَ ﴿۱۵۳﴾

(૧૫૩) અને જાણી લોકે આજ મારો સીધો રસ્તો છે માટે તેનું અનુસરણ કરો, અને (બીજા) માર્ગો પર ચાલો નહિ, કારણ કે તે તમને તે (અલ્લાહ)ના માર્ગ પરથી વિખૂટા પાડી દેશે; આ છે જેની તેણે તમને આજ્ઞા આપી છે કે કદાચને તમે બૂરાઇ કરતા બચો.

ثُمَّ اٰتَیۡنَا مُوۡسَى الۡكِتٰبَ تَمَامًا عَلَى الَّذِیۡۤ اَحۡسَنَ وَتَفۡصِیۡلًا
لِّكُلِّ شَیۡءٍ وَّهُدًى وَّرَحۡمَةً لَّعَلَّهُمۡ بِلِقَآءِ رَبِّهِمۡ یُؤۡمِنُوۡنَ ﴿۱۵۴﴾

(૧૫૪) પછી અમોએ મૂસાને એવી કિતાબ અર્પણ કરી કે જે સદાચારીઓ ઉપર (અમારી બક્ષીશો) પૂર્ણ કરનારી અને દરેક બાબતનો ખુલાસો કરનારી અને હિદાયત તથા રહેમત પણ હતી કે કદાચને તેઓ પોતાના પરવરદિગારની હજૂરમાં ઉભા રહેવા (ની બાબત) ઉપર શ્રધ્ધા રાખે.

وَهٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ فَاتَّبِعُوْهُ وَاتَّقُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿۱۵۵﴾

(૧૫૫) અને આ કિતાબ (કુરઆન) કે જે અમોએ ઉતારી છે તે બરકતવાળી છે, માટે તમે તેને અનુસરો અને ડરતા રહો કે કદાચને તમારા પર દયા કરવામાં આવે.

اَنۡ تَقُوۡلُوۡۤا اِنَّمَاۤ اُنۡزِلَ الۡكِتٰبُ عَلٰى طَآٮِٕفَتَيۡنِ مِنۡ قَبۡلِنَا ۖ وَاِنۡ

كُنَّا عَنۡ دِرَاسَتِهِمۡ لَغٰفِلِيۡنَ ۙ﴿۱۵۶﴾

(૧૫૬) કે (તમને એમ) કહેવાનું (કારણ ન મળે) કે અમારી પહેલાં બે ટોળાં પરજ કિતાબ ઉતારવામાં આવી હતી, અને અમે જરૂર તેના પઢવા પઢાવવાથી અજાણ હતાઃ

اَوۡ تَقُوۡلُوۡا لَوۡ اَنَّاۤ اُنۡزِلَ عَلَيۡنَا الۡكِتٰبُ لَكُنَّاۤ اَهۡدٰى مِنۡهُمۡ ۚ

فَقَدۡ جَآءَكُمۡ بَيِّنَةٌ مِّنۡ رَّبِّكُمۡ وَهُدًى وَّرَحۡمَةٌ ۚ فَمَنۡ اَظۡلَمُ

مِمَّنۡ كَذَّبَ بِاٰيٰتِ اللّٰهِ وَصَدَفَ عَنۡهَا ؕ سَنَجۡزِى الَّذِيۡنَ

يَصۡدِفُوۡنَ عَنۡ اٰيٰتِنَا سُوۡٓءَ الۡعَذَابِ بِمَا كَانُوۡا يَصۡدِفُوۡنَ ﴿۱۵۷﴾

(૧૫૭) અથવા એમ કહેવા લાગો કે કદાચને અમારા પર કિતાબ ઉતારવામાં આવતે તો અમે તેમના કરતાંય વધારે હિદાયત મેળવનારા થઇ જતે; હવે તો તમારા પરવરદિગાર પાસેથી પ્રત્યક્ષ દલીલ તથા હિદાયત તથા દયા આવી ચૂકી છે, તે છતાં તેના કરતાં વધારે ઝુલમગાર કોણ હશે કે જે અલ્લાહની આયતોને જૂઠલાવે અથવા તેનાથી મોઢું ફેરવે? નજીકમાં અમે તે લોકોને કે જેઓ અમારી આયતોથી મોઢું ફેરવે છે તેમનાં મોંઢા ફેરવવાના કારણે બૂરી શિક્ષાનો બદલો આપીશું.

هَلْ يَنْظُرُوْنَ اِلَّآ اَنْ تَاْتِيَهُمُ الْمَلٰٓئِكَةُ اَوْ يَاْتِيَ رَبُّكَ اَوْ يَاْتِيَ

بَعْضُ اٰيٰتِ رَبِّكَ ؕ يَوْمَ يَاْتِيْ بَعْضُ اٰيٰتِ رَبِّكَ لَا يَنْفَعُ نَفْسًا

اِيْمَانُهَا لَمْ تَكُنْ اٰمَنَتْ مِنْ قَبْلُ اَوْ كَسَبَتْ فِيْٓ اِيْمَانِهَا
خَيْرًا ؕ قُلِ انْتَظِرُوْٓا اِنَّا مُنْتَظِرُوْنَ ﴿۱۵۸﴾

(૧૫૮) (અય રસૂલ!) હવે શું તેઓ એની રાહ જુએ છે કે તેમની પાસે ફરિશ્તા આવે અથવા તારો પરવરદિગાર (પોતે) આવે અથવા તારા પરવરદિગારની કેટલીક નિશાનીઓ આવે ? જે દિવસે તારા પરવરદિગારની કેટલીક નિશાનીઓ આવી પહોંચશે (તે દિવસે) કોઇ વ્યક્તિને તેનું ઇમાન લાવવું લાભ પહોંચાડશે નહિ, સિવાય કે જે પહેલાંથી ઇમાન લઇ આવી હોય અથવા તેણે તે ઇમાન વડે નેક કમાણી કરી હોય; તું કહે કે તમે રાહ જોયા કરો અમે પણ રાહ જોઇએ છીએ.

إِنَّ ٱلَّذِينَ فَرَّقُوا۟ دِينَهُمْ وَكَانُوا۟ شِيَعًا لَّسْتَ مِنْهُمْ فِى شَىْءٍ ۚ
إِنَّمَآ أَمْرُهُمْ إِلَى ٱللَّهِ ثُمَّ يُنَبِّئُهُم بِمَا كَانُوا۟ يَفْعَلُونَ ﴿١٥٩﴾

(૧૫૯) બેશક તે લોકો કે જેઓએ પોતાના ધર્મમાં ફાટફુટ પાડી છે અને (જુદા જુદા) પંથો થઇ ગયા છે તેમની સાથે તને કાંઇ લાગતું વળગતું નથી; તેમનો મામલો અલ્લાહના હાથમાં છે પછી તે તેમને જે તેઓ કરતા હતા તેનાથી વાકેફ કરશે.

مَن جَآءَ بِٱلْحَسَنَةِ فَلَهُۥ عَشْرُ أَمْثَالِهَا ۖ وَمَن جَآءَ بِٱلسَّيِّئَةِ فَلَا
يُجْزَىٰٓ إِلَّا مِثْلَهَا وَهُمْ لَا يُظْلَمُونَ ﴿١٦٠﴾

(૧૬૦) જે એક નેકી લાવશે તેના માટે તેનાજ જેવો દસ ગણો (બદલો) છે, અને જે એક બદી

લાવશે તેને તેના જેવી (એકજ) સજા કરવામાં આવશે અને તેમના ઉપર અન્યાય કરવામાં આવશે નહિ.

قُلۡ اِنَّنِیۡ هَدٰىنِیۡ رَبِّیۡۤ اِلٰی صِرَاطٍ مُّسۡتَقِیۡمٍ ۚ دِیۡنًا قِیَمًا مِّلَّةَ
اِبۡرٰهِیۡمَ حَنِیۡفًا ۚ وَمَا كَانَ مِنَ الۡمُشۡرِكِیۡنَ ﴿۱۶۱﴾

(૧૬૧) (અય રસૂલ!) તું કહે કે બેશક મને મારા પરવરદિગારે સન્માર્ગની હિદાયત કરી છે, (તે ધર્મ તરફ કે જે) સત્ય ધર્મ એકજ અલ્લાહને માનનારા ઇબ્રાહીમનો હતો, અને તે મુશરિકો માંહેનો ન હતો.

قُلۡ اِنَّ صَلَاتِیۡ وَنُسُكِیۡ وَمَحۡیَایَ وَمَمَاتِیۡ لِلّٰهِ رَبِّ الۡعٰلَمِیۡنَ ﴿۱۶۲﴾

(૧૬૨) તું કહે કે નિઃસંશય મારી નમાઝ તથા ધાર્મિક ક્રિયાઓ અને મારૂં જીવવું તથા મરવું સઘળી દુનિયાઓના પાલનકર્તા અલ્લાહના જ માટે છે.

لَا شَرِيكَ لَهُۥ ۖ وَبِذَٰلِكَ أُمِرْتُ وَأَنَا۠ أَوَّلُ ٱلْمُسْلِمِينَ ﴿١٦٣﴾

(૧૬૩) જેનો કોઇ શરીક નથી; અને તે મુજબનો મને હુકમ આપવામાં આવ્યો છે, અને હું (અલ્લાહની) તાબેદારી કરનારાઓ માંહેનો પહેલો છું.

قُلۡ اَغَيۡرَ اللّٰهِ اَبۡغِىۡ رَبًّا وَّهُوَرَبُّ كُلِّ شَىۡءٍ‌ ؕ وَلَا تَكۡسِبُ كُلُّ
نَفۡسٍ اِلَّا عَلَيۡهَا‌ ۚ وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزۡرَ اُخۡرٰى‌ ۚ ثُمَّ اِلٰى رَبِّكُمۡ
مَّرۡجِعُكُمۡ فَيُنَبِّئُكُمۡ بِمَا كُنۡتُمۡ فِيۡهِ تَخۡتَلِفُوۡنَ ﴿۱۶۴﴾

(૧૬૪) કહે કે શું હું અલ્લાહ સિવાય કોઇ બીજા પરવરદિગારની શોધ કરૂં જ્યારે કે તેજ દરેક વસ્તુનો પાલનહાર છે? અને કોઇ વ્યક્તિ કોઇ કુકૃત્ય કરતી નથી પણ પોતાના જ (નુકસાન) માટે (કરે છે), અને કોઇ (કરણીનો) બોજો ઊંચકનારા બીજાનો બોજો ઊંચકશે નહિ, પછી તમો સર્વેનું તમારા પરવરદિગારની હજૂરમાં પાછું ફરવું થશે,

પછી જે બાબતમાં તમે મતભેદ કર્યા કરતા હતા તેનાથી તે તમને જાણકાર કરી દેશે.

وَهُوَ الَّذِىۡ جَعَلَكُمۡ خَلٰٓـئِفَ الۡاَرۡضِ وَرَفَعَ بَعۡضَكُمۡ فَوۡقَ بَعۡضٍ دَرَجٰتٍ لِّيَبۡلُوَكُمۡ فِىۡ مَاۤ اٰتٰٮكُمۡ‌ ؕ اِنَّ رَبَّكَ سَرِيۡعُ الۡعِقَابِ ۖ وَاِنَّهٗ لَغَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۱۶۵﴾

(૧૬૫) અને તે (અલ્લાહ) એજ તો છે જેણે તમને પૃથ્વીના (એક પછી એક) માલિક બનાવ્યા છે અને તમારા માંહેના કેટલાકોના કેટલાકો પર દરજ્જા ઊંચા કર્યા છે કે જેથી જે (નેઅમત) તમને આપી છે તેમાં તમારી કસોટી કરે; બેશક તારો

પરવરદિગાર ઝડપી શિક્ષા આપનારો છે, અને બેશક તે મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

الٓمّٓصٓ ۚ﴿١﴾

(૧) અલિફ લામ મીમ સાદ.

كِتٰبٌ اُنْزِلَ اِلَيْكَ فَلَا يَكُنْ فِىْ صَدْرِكَ حَرَجٌ مِّنْهُ لِتُنْذِرَ بِهٖ

وَذِكْرٰى لِلْمُؤْمِنِيْنَ ﴿٢﴾

(૨) (અય રસૂલ!) આ કિતાબ તારા પર (અલ્લાહ તરફથી) ઉતારવામાં આવી છે માટે (ખબરદાર) તારા મનમાં તે (ની સત્યતા) વિષે કોઇ પ્રકારનો સંદેહ ઉત્પન્ન થવા પામે નહિ અને આ એ માટે (ઉતારવામાં આવી છે) કે તું તે દ્વારા (લોકોને)

ડરાવે અને ઇમાન લાવનારાઓ માટે તે બોધપાઠ બને.

اِتَّبِعُوۡا مَاۤ اُنۡزِلَ اِلَيۡكُمۡ مِّنۡ رَّبِّكُمۡ وَلَا تَتَّبِعُوۡا مِنۡ دُوۡنِهٖۤ اَوۡلِيَآءَ‌ ؕ قَلِيۡلًا مَّا تَذَكَّرُوۡنَ‏ ﴿۳﴾

(3) (અય લોકો !) તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી જે કાંઇ ઉતારવામાં આવ્યું છે તેને અનુસરો અને અલ્લાહને મૂકી બીજા મુરબ્બીઓનું અનુકરણ કરો નહિ; (ખરેજ) તમે ઘણો થોડો બોધ ગ્રહણ કરો છો.

وَكَمۡ مِّنۡ قَرۡيَةٍ اَهۡلَكۡنٰهَا فَجَآءَهَا بَاۡسُنَا بَيَاتًا اَوۡ هُمۡ قَآٮِٕلُوۡنَ‏ ﴿۴﴾

(૪) અને કેટલીયે વસ્તીઓનો અમે નાશ કરી ચૂક્યા છીએ. પછી અમારો અઝાબ તેમના ઉપર રાતના સમયે (ઓચીંતો) આવી પડ્યો હતો અથવા (દિવસમાં કે) જ્યારે તેઓ બપોરના આરામમાં હતા.

فَمَا كَانَ دَعْوٰىهُمْ اِذْ جَآءَهُمْ بَأْسُنَآ اِلَّآ اَنْ قَالُوْٓا اِنَّا كُنَّا ظٰلِمِيْنَ۝٥

(૫) પછી જ્યારે તેમના પર અમારો અઝાબ આવ્યો ત્યારે તેમનો પોકાર "અમે બેશક ઝુલમગાર હતા" એ સિવાય બીજો કાંઇ ન હતો.

فَلَنَسْـَٔلَنَّ الَّذِيْنَ اُرْسِلَ اِلَيْهِمْ وَلَنَسْـَٔلَنَّ الْمُرْسَلِيْنَ۝٦

(૬) માટે અમે તેમનાથી જરૂર સવાલ કરીશું કે જેમના તરફ રસૂલો મોકલવામાં આવ્યા હતા અને રસૂલોને પણ અમે અવશ્ય પૂછીશું

فَلَنَقُصَّنَّ عَلَيْهِمْ بِعِلْمٍ وَّمَا كُنَّا غَآئِبِيْنَ ۝٧

(૭) પછી અમે (તેમના કરેલા કૃત્યો) તેમને જ્ઞાનપૂર્વક અવશ્ય વર્ણવી સંભળાવીશું, અને અમે (કોઇ પણ વખતે) ગેરહાજર ન હતા.

وَالْوَزْنُ يَوْمَئِذِ ٍالْحَقُّ ۚ فَمَنْ ثَقُلَتْ مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ۝٨

(૮) અને તે દિવસે (કર્મનો) તોલ ન્યાય પૂર્વકનો જ હશે. માટે જેની (નેકીઓનો તોલ) ભારે થશે તેઓજ સફળતા પામશે.

وَمَنْ خَفَّتْ مَوَازِيْنُهٗ فَاُولٰٓئِكَ الَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ بِمَا
كَانُوْا بِاٰيٰتِنَا يَظْلِمُوْنَ ﴿٩﴾

(૯) અને જેમનો (નેકીઓનો) તોલ હલકો થશે તેઓ એજ છે કે જેમણે અમારી નિશાનીઓ સાથે અન્યાયથી વર્તવાના કારણે (પોતેજ) પોતાનું નુકસાન કર્યું છે.

وَلَقَدْ مَكَّنّٰكُمْ فِي الْاَرْضِ وَجَعَلْنَا لَكُمْ فِيْهَا مَعَايِشَ ط
قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ﴿١٠﴾ ع

(૧૦) અને (અય આદમની અવલાદ!) ખરેજ અમોએ તમને ધરતી પર અધિકારો આપ્યાં અને તેમાં તમારા માટે જીવન (ભરણ પોષણ)ના સાધનો મૂક્યા છે; છતાં તમે ઘણો ઓછો આભાર માનો છો.

وَلَقَدۡ خَلَقۡنٰكُمۡ ثُمَّ صَوَّرۡنٰكُمۡ ثُمَّ قُلۡنَا لِلۡمَلٰٓـئِكَةِ اسۡجُدُوۡا
لِاٰدَمَ ‌ۖ فَسَجَدُوۡۤا اِلَّاۤ اِبۡلِيۡسَ ؕ لَمۡ يَكُنۡ مِّنَ السّٰجِدِيۡنَ ﴿۱۱﴾

(૧૧) અને ખચીતજ અમોએ તમને પૈદા કર્યાં પછી તમારી સૂરતો ઘડી કાઢી, પછી અમોએ ફરિશ્તાઓને ફરમાવ્યું કે આદમને સિજદો કરો. જેથી સર્વેએ સિજદો કર્યો સિવાય ઇબ્લીસના; તે સિજદો કરનારાઓ માંહેનો ન હતો.

قَالَ مَا مَنَعَكَ اَلَّا تَسْجُدَ اِذْ اَمَرْتُكَ ؕ قَالَ اَنَا خَيْرٌ مِّنْهُ ۚ
خَلَقْتَنِيْ مِنْ نَّارٍ وَّخَلَقْتَهٗ مِنْ طِيْنٍ ﴿۱۲﴾

(૧૨) (જેથી અલ્લાહે) ફરમાવ્યું કે જ્યારે મેં તને (સિજદો કરવાની) આજ્ઞા કરી ત્યારે તને કઇ વસ્તુએ સિજદો કરતાં અટકાવ્યો ? તેણે અરજ કરી કે હું તે (આદમ)ના કરતાં શ્રેષ્ઠ છું, તેં મને અગ્નિમાંથી પૈદા કર્યો છે અને તેને માટીમાંથી પૈદા કર્યો છે.

قَالَ فَاهْبِطْ مِنْهَا فَمَا يَكُوْنُ لَكَ اَنْ تَتَكَبَّرَ فِيْهَا فَاخْرُجْ
اِنَّكَ مِنَ الصّٰغِرِيْنَ ﴿۱۳﴾

(૧૩) તેણે ફરમાવ્યું તું તે (સ્વર્ગ)માંથી નીચે ઉતર, કારણ કે તને આ લાયક નથી કે તું અહીં ગર્વ કરે માટે તું નીકળી જા, ખરેખર તું હલકટોમાં હેનો છે.

قَالَ اَنْظِرْنِیْۤ اِلٰی یَوْمِ یُبْعَثُوْنَ ﴿۱۴﴾

(૧૪) તેણે અરજ કરી કે જે દિવસે લોકો (ને પાછા સજીવન કરી) ઉભા કરવામાં આવશે તે દિવસ સુધીની મને મોહલત આપ.

قَالَ اِنَّكَ مِنَ الْمُنْظَرِیْنَ ﴿۱۵﴾

(૧૫) ફરમાવ્યું બેશક તું મોહલત મેળવનારાઓમાંથી છે.

قَالَ فَبِمَاۤ اَغْوَیْتَنِیْ لَاَقْعُدَنَّ لَهُمْ صِرَاطَكَ الْمُسْتَقِیْمَ ﴿۱۶﴾

(૧૬) તેણે અરજ કરી કે તેં જે લોકો થકી મને ગુમરાહ કર્યો છે હું પણ નિસંશય તારા સન્માર્ગ ઉપર તે લોકોને (ગુમરાહીમાં નાખવા) માટે જરૂર તાકીને બેસી રહીશ.

ثُمَّ لَاٰتِيَنَّهُمۡ مِّنۡۢ بَيۡنِ اَيۡدِيۡهِمۡ وَمِنۡ خَلۡفِهِمۡ وَعَنۡ اَيۡمَانِهِمۡ
وَعَنۡ شَمَآٮِٕلِهِمۡ‌ ؕ وَلَا تَجِدُ اَكۡثَرَهُمۡ شٰكِرِيۡنَ ﴿۱۷﴾

(૧૭) પછી તેમની પાસે તેમની સામેથી તથા પીઠ પાછળથી તથા જમણી બાજુથી તથા ડાબી બાજુથી (એમ ચારે તરફથી) તેમને (ગુમરાહીમાં નાખવા માટે) અવશ્ય આવીશ; અને તું તેઓમાંથી ઘણાઓને આભાર માનનારા જોશે નહિ.

قَالَ اخْرُجْ مِنْهَا مَذْءُوْمًا مَّدْحُوْرًا ؕ لَمَنْ تَبِعَكَ مِنْهُمْ
لَاَمْلَـَٔنَّ جَهَنَّمَ مِنْكُمْ اَجْمَعِيْنَ ﴿۱۸﴾

(૧૮) (અલ્લાહે) ફરમાવ્યું તું અહીંથી અપમાનિત (અને) હડધૂત થઇને ચાલ્યો જા; (પછી) તેઓમાંથી જે (કોઇ) તારા અનુયાયી બનશે તો હું પણ તમો સર્વથી ખચીતજ જહન્નમ ભરી નાખીશ.

وَيٰۤاٰدَمُ اسْكُنْ اَنْتَ وَزَوْجُكَ الْجَنَّةَ فَكُلَا مِنْ حَيْثُ شِئْتُمَا وَلَا
تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوْنَا مِنَ الظّٰلِمِيْنَ ﴿۱۹﴾

(૧૯) અને અય આદમ ! તું તથા તારી પત્ની જન્નતમાં નિવાસ કરો; અને જ્યાં જ્યાંથી તમારૂં

મન ચાહે ખાઓ, અને આ વૃક્ષ પાસે જશો નહિ, નહિ તો તમે બન્ને ઝાલિમો માંહેના થઇ જશો.

فَوَسْوَسَ لَهُمَا الشَّيْطٰنُ لِيُبْدِيَ لَهُمَا مَا وٗرِيَ عَنْهُمَا مِنْ سَوْاٰتِهِمَا وَقَالَ مَا نَهٰىكُمَا رَبُّكُمَا عَنْ هٰذِهِ الشَّجَرَةِ اِلَّآ اَنْ تَكُوْنَا مَلَكَيْنِ اَوْ تَكُوْنَا مِنَ الْخٰلِدِيْنَ ﴿٢٠﴾

(૨૦) પછી શૈતાને તે બન્નેના મનમાં વસવસો નાખ્યો કે જેથી તે બન્નેના ગુપ્ત ભાગો કે જે તે બન્ને (ની નજર)થી છુપા હતા તે તેમના પર જાહેર કરી નાખે, અને કહ્યું કે તમારા માલિકે તમને આ વૃક્ષ (પાસે જવા)ની મનાઇ કરી નથી પણ (માત્ર)

એ માટે કે ક્યાંય તમે બન્ને ફરિશ્તાઓ બની જાઓ, અથવા અમર રહેનારાઓ માંહેના થઇ જાઓ.

وَقَاسَمَهُمَآ اِنِّيۡ لَكُمَا لَمِنَ النّٰصِحِيۡنَ ۙ﴿۲۱﴾

(૨૧) અને તેણે બન્ને આગળ સોગંદ ખાધા કે નિઃસંશય હું તમારા શુભેચ્છકો માંહેનો છું.

فَدَلّٰٮهُمَا بِغُرُوۡرٍ ۚ فَلَمَّا ذَاقَا الشَّجَرَةَ بَدَتۡ لَهُمَا سَوۡاٰتُهُمَا وَطَفِقَا يَخۡصِفٰنِ عَلَيۡهِمَا مِنۡ وَّرَقِ الۡجَـنَّةِ‌ ؕ وَنَادٰٮهُمَا رَبُّهُمَاۤ اَلَمۡ اَنۡهَكُمَا عَنۡ تِلۡكُمَا الشَّجَرَةِ وَاَقُلْ لَّكُمَاۤ اِنَّ الشَّيۡطٰنَ لَكُمَا عَدُوٌّ مُّبِيۡنٌ ﴿۲۲﴾

(૨૨) અને આવી રીતે છેતરપીંડીથી તેમને (તે મનાઇ કરેલું ફળ ખાવા તરફ વાળ્યા), પછી જેવા

તે બન્નેએ તે વૃક્ષ (નાં ફળ)ને ચાખ્યું (કે તેજ વેળા) તેમના ગુપ્ત ભાગો તેમના પર જાહેર થઇ ગયા, અને તેઓ જન્નતનાં (વૃક્ષોના) પાંદડાં એક ઉપર એક પોતાના (શરીર) ને સંતાડવા લાગ્યા; અને તેમના પરવરદિગારે તેમને પોકારીને કહ્યું કે શું મેં તમો બન્નેને આ વૃક્ષ (પાસે જવા)ની મના કરી ન હતી, અને શૈતાન તમારો ખુલ્લો દુશ્મન છે એ તમને કહી દીધું ન હતું?

قَالَا رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا ۜ وَاِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ ﴿٢٣﴾

(૨૩) બન્નેએ અરજ કરી કે અય અમારા પરવરદિગાર! અમો બન્નેએ અમારા પોતાના પર

ઝુલ્મ કર્યો છે, અને જો તું અમને માફ નહિ કરે અને અમારા પર દયા નહિ કરે તો અમે ખચીતજ હાનિ ભોગવનારાઓ માંહેના થઇ જઇશું

قَالَ اهْبِطُوْا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۚ وَلَكُمْ فِي الْاَرْضِ مُسْتَقَرٌّ وَّمَتَاعٌ اِلٰى حِيْنٍ ﴿٢٤﴾

(૨૪) ફરમાવ્યું, ઉતરી જાઓ; તમારા માંહેના કેટલાકો કેટલાકોના દુશ્મન રહેશે, અને એક (ઠરાવેલા) સમય સુધી જમીનમાંજ તમારૂં સ્થાન અને જીવનના સાધનો છે.

قَالَ فِيْهَا تَحْيَوْنَ وَفِيْهَا تَمُوْتُوْنَ وَمِنْهَا تُخْرَجُوْنَ ﴿٢٥﴾

(૨૫) (વળી) ફરમાવ્યું કે તેમાંજ તમારી જિંદગી ગુઝારશો, અને તેમાં મરણ પામશો, અને તેમાંથીજ (બદલા અને સજા માટે) તમને બહાર કાઢી લાવવામાં આવશે.

يٰبَنِيۡۤ اٰدَمَ قَدۡ اَنۡزَلۡنَا عَلَيۡكُمۡ لِبَاسًا يُّوَارِىۡ سَوۡاٰتِكُمۡ وَرِيۡشًا ؕ وَلِبَاسُ التَّقۡوٰى ۙ ذٰلِكَ خَيۡرٌ ؕ ذٰلِكَ مِنۡ اٰيٰتِ اللّٰهِ لَعَلَّهُمۡ يَذَّكَّرُوۡنَ ﴿۲۶﴾

(૨૬) અય આદમની ઔલાદ ! તમારી પડદાપોશી અને શણગાર માટે અમોએ તમારા પર પોશાક ઉતાર્યો છે; અને પરહેઝગારીનો પોશાક એજ સૌથી ઉત્તમ છે; આ (પોશાકનું ઉતારવું પણ) અલ્લાહની

નિશાનીઓમાંથી છે કે કદાચને તેઓ બોધ ગ્રહણ કરે.

يٰبَنِيْٓ اٰدَمَ لَا يَفْتِنَنَّكُمُ الشَّيْطٰنُ كَمَآ اَخْرَجَ اَبَوَيْكُمْ مِّنَ
الْجَنَّةِ يَنْزِعُ عَنْهُمَا لِبَاسَهُمَا لِيُرِيَهُمَا سَوْاٰتِهِمَا ؕ اِنَّهٗ يَرٰىكُمْ
هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ ؕ اِنَّا جَعَلْنَا الشَّيٰطِيْنَ
اَوْلِيَآءَ لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ ﴿٢٧﴾

(૨૭) અય આદમની ઔલાદ ! (ખબરદાર) શૈતાન તમને ગુમરાહ કરી મૂકે નહિ જેવી રીતે કે તમારા મા બાપોને (ગુમરાહી કરી મૂક્યા) તેણે જન્નતમાંથી બહાર કઢાવ્યા, અને તે બન્નેનો (સ્વર્ગીય) પોશાક તેમના (શરીર) ઉપરથી ઉતરાવ્યો કે જેથી તે

બન્નેના ગુપ્ત ભાગો તેમને દેખાડી દે. બેશક તે (શૈતાન) તથા તેનું લશ્કર તમને એવા સ્થળેથી જોયા કરે છે કે જ્યાંથી તમે તેમને દેખી શકતા નથી; બેશક અમોએ શૈતાનોને જેઓ ઇમાન નથી ધરાવતા તેમના હિમાયતી બનાવ્યા છે.

وَإِذَا فَعَلُوْا فَاحِشَةً قَالُوْا وَجَدْنَا عَلَيْهَآ اٰبَآءَنَا وَاللّٰهُ اَمَرَنَا بِهَا ط
قُلْ اِنَّ اللّٰهَ لَا يَأْمُرُ بِالْفَحْشَآءِ ط اَتَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا
تَعْلَمُوْنَ ﴿٢٨﴾

(૨૮) અને જે સમયે તેઓ નિર્લજ્જપણાનું કામ કરી બેસે છે ત્યારે કહે છે કે અમોએ તો અમારા બાપદાદાઓને પણ એવુંજ કરતા જોયા હતા, અને

અલ્લાહે પણ અમને તેનોજ હુકમ કર્યો છે; (અય રસૂલ!) તું કહે કે અલ્લાહ ખચીતજ નિર્લજ્જપણાના કાર્યોની આજ્ઞા કરતો નથી; શું તમે જે કાંઇ જાણતા નથી તે (અલ્લાહ) વિરૂધ્ધ બોલો છો ?

قُلۡ اَمَرَ رَبِّیۡ بِالۡقِسۡطِ ۟ وَاَقِیۡمُوۡا وُجُوۡهَكُمۡ عِنۡدَ كُلِّ مَسۡجِدٍ وَّادۡعُوۡهُ مُخۡلِصِیۡنَ لَهُ الدِّیۡنَ ۬ؕ كَمَا بَدَاَكُمۡ تَعُوۡدُوۡنَ ﴿۲۹﴾

(૨૯) તું કહે કે મારા પરવરદિગારે તો ન્યાયનો હુકમ કર્યો છે, અને આ કે દરેક નમાઝ વખતે તમારા મોંઢા (કાઅબા તરફ) સીધા રાખો, અને દીનને તેનાજ માટે નિખાલસ રાખી તેનેજ પોકારો;

જેવા તમને તેણે પ્રથમ પૈદા કર્યાં હતા તેવાજ તેની હજૂરમાં પાછા ફરીને જશો.

فَرِيْقًا هَدٰى وَفَرِيْقًا حَقَّ عَلَيْهِمُ الضَّلٰلَةُ ؕ اِنَّهُمُ اتَّخَذُوا الشَّيٰطِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ اللّٰهِ وَيَحْسَبُوْنَ اَنَّهُمْ مُّهْتَدُوْنَ ۝٣٠

(30) એક ટોળાને તો તેણે હિદાયત કરી છે અને એક ટોળું એવી હાલતમાં છે કે તેમના પર ગુમરાહી પુરવાર થઇ ગઇ છે; બેશક તેમણે અલ્લાહને મૂકી શૈતાનોને પોતાના મુરબ્બી બનાવી લીધા છે અને "તેઓ હિદાયત પામેલા છે" એવું (મિથ્યા) ગુમાન કરે છે.

يٰبَنِيۡۤ اٰدَمَ خُذُوۡا زِيۡنَتَكُمۡ عِنۡدَ كُلِّ مَسۡجِدٍ وَّكُلُوۡا وَاشۡرَبُوۡا
وَلَا تُسۡرِفُوۡا ۚ اِنَّهٗ لَا يُحِبُّ الۡمُسۡرِفِيۡنَ ﴿۳۱﴾

(૩૧) અય આદમની ઔલાદ ! તમે દરેક નમાઝના સમયે તમારો (આત્મિક તથા શારીરિક) શણગાર કરતા રહો તથા ખાઓ અને પીઓ અને ઉડાઉ ખર્ચ કરો નહિ; નિ:સંશય ઉડાઉ ખર્ચ કરનારાઓને તે દોસ્ત રાખતો નથી.

قُلۡ مَنۡ حَرَّمَ زِيۡنَةَ اللّٰهِ الَّتِىۡۤ اَخۡرَجَ لِعِبَادِهٖ وَالطَّيِّبٰتِ مِنَ
الرِّزۡقِ ؕ قُلۡ هِىَ لِلَّذِيۡنَ اٰمَنُوۡا فِى الۡحَيٰوةِ الدُّنۡيَا خَالِصَةً يَّوۡمَ
الۡقِيٰمَةِ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الۡاٰيٰتِ لِقَوۡمٍ يَّعۡلَمُوۡنَ ﴿۳۲﴾

(૩૨) (અય રસૂલ!) તું કહે કે અલ્લાહે (હલાલ ઠરાવેલા) શણગારને કે જે તેણે પોતાના બંદાઓ માટે પેદા કર્યો છે તે તથા રોઝી માટેની પાક વસ્તઓને કોણે હરામ કરી છે? તું કહે કે જે લોકો દુનિયાની જિંદગીમાં જ ઇમાન લાવ્યા છે તેમના માટે કયામતના દિવસે ખાસ કરીને આ વસ્તુઓ હશે; આવી રીતે સમજુ લોકો માટે અમે અમારી આયતો સવિસ્તાર વર્ણવી દઇએ છીએ.

قُلۡ اِنَّمَا حَرَّمَ رَبِّیَ الۡفَوَاحِشَ مَا ظَهَرَ مِنۡهَا وَمَا بَطَنَ وَالۡاِثۡمَ
وَالۡبَغۡیَ بِغَيۡرِ الۡحَقِّ وَاَنۡ تُشۡرِكُوۡا بِاللّٰهِ مَا لَمۡ يُنَزِّلۡ بِهٖ سُلۡطٰنًا
وَّاَنۡ تَقُوۡلُوۡا عَلَى اللّٰهِ مَا لَا تَعۡلَمُوۡنَ ﴿۳۳﴾

(33) (અય રસૂલ!) તું કહે કે મારા પરવરદિગારે નિર્લજ્જપણાના કાર્યો કે જે ખુલ્લા હોય અથવા છુપા હોય તેને હરામ કર્યા છે તથા ગુનાહોને તથા વિના કારણના બંડને અને એ વાતને કે તમે (કોઇને) અલ્લાહનો શરીક બનાવી લો કે જેના વિષે અલ્લાહે કોઇ પ્રમાણપત્ર ઉતાર્યું ન હોય, અને એ વાતને પણ કે અલ્લાહની વિરૂધ્ધ તમે એવું બોલી નાખો કે જે તમે જાણતા ન હો.

وَلِكُلِّ اُمَّةٍ اَجَلٌ ۚ فَاِذَا جَآءَ اَجَلُهُمۡ لَا يَسۡتَاۡخِرُوۡنَ سَاعَةً وَّلَا يَسۡتَقۡدِمُوۡنَ ﴿۳۴﴾

(3૪) અને દરેક ઉમ્મત માટે એક સમય નક્કી છે, પછી જ્યારે તેમનો ઠરાવેલો સમય આવી પહોંચે

છે ત્યારે તેઓ એક ક્ષણ માટે પણ ન પાછળ રહેશે ન આગળ વધશે.

يٰبَنِيۡۤ اٰدَمَ اِمَّا يَاۡتِيَنَّكُمۡ رُسُلٌ مِّنۡكُمۡ يَقُصُّوۡنَ عَلَيۡكُمۡ اٰيٰتِىۡ‌ۙ فَمَنِ اتَّقٰى وَاَصۡلَحَ فَلَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ ﴿۳۵﴾

(૩૫) અય આદમની ઔલાદ! જો તમારી પાસે તમારામાંથી જ રસૂલો આવે જેઓ અમારી આયતો તમને વાંચી સંભળાવે તો જે (અલ્લાહથી) ડરીને ચાલશે તથા સુધારણા કરશે તો તેમને ન તો કાંઇ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَاسْتَكْبَرُوْا عَنْهَآ اُولٰٓئِكَ اَصْحٰبُ
النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٣٦﴾

(૩૬) અને જેમણે અમારી આયતો જૂઠલાવી તથા અભિમાન કરી તેમનામાંથી મોંઢું ફેરવ્યું તો તેઓજ જહન્નમવાસીઓ છે, જેમાં તેઓ હંમેશને માટે રહેનારા બનશે.

فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ؕ
اُولٰٓئِكَ يَنَالُهُمْ نَصِيْبُهُمْ مِّنَ الْكِتٰبِ ؕ حَتّٰٓى اِذَا جَآءَتْهُمْ
رُسُلُنَا يَتَوَفَّوْنَهُمْ ۙ قَالُوْٓا اَيْنَ مَا كُنْتُمْ تَدْعُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ ؕ قَالُوْا ضَلُّوْا عَنَّا وَشَهِدُوْا عَلٰٓى اَنْفُسِهِمْ اَنَّهُمْ كَانُوْا
كٰفِرِيْنَ ﴿٣٧﴾

(૩૭) ત્યારે એ કરતાં વધારે ઝુલમગાર કોણ હશે કે જેણે અલ્લાહના માથે જૂઠું આળ મૂક્યું અથવા તેની આયતોને જૂઠલાવી? તેઓ એજ છે કે જેમને લખ્યા મુજબનો (અન્ન જળનો) ભાગ તો મળ્યા કરશે; અહીં સુધી કે જ્યારે અમારા મોકલેલા (ફરિશ્તા) તેમનો અંત લાવવા માટે તેમની પાસે આવી પહોંચશે, (અને) કહેશે કે અલ્લાહ સિવાય તમે જેમને પોકાર્યા કરતા હતા તેઓ હવે ક્યાં છે? ત્યારે તેઓ કહેશે કે તેઓ અમારાથી અદ્રશ્ય થઇ ગયા છે; અને પોતાની જ વિરૂધ્ધ સાક્ષી આપશે કે બેશક તેઓ નાસ્તિકો હતા.

قَالَ ادۡخُلُوۡا فِیۡۤ اُمَمٍ قَدۡ خَلَتۡ مِنۡ قَبۡلِکُمۡ مِّنَ الۡجِنِّ وَ الۡاِنۡسِ
فِی النَّارِ ؕ کُلَّمَا دَخَلَتۡ اُمَّۃٌ لَّعَنَتۡ اُخۡتَہَا ؕ حَتّٰۤی اِذَا ادَّارَکُوۡا
فِیۡہَا جَمِیۡعًا ۙ قَالَتۡ اُخۡرٰىہُمۡ لِاُوۡلٰىہُمۡ رَبَّنَا ہٰۤؤُلَآءِ اَضَلُّوۡنَا
فَاٰتِہِمۡ عَذَابًا ضِعۡفًا مِّنَ النَّارِ ۬ؕ قَالَ لِکُلٍّ ضِعۡفٌ وَّ لٰکِنۡ لَّا
تَعۡلَمُوۡنَ ﴿۳۸﴾

(૩૮) (અલ્લાહ) ફરમાવશે કે તમે પણ તે ઉમ્મતો કે જે તમારી પહેલાં જિન્નાત તથા ઇન્સાનોમાંથી થઇ ચૂકી છે તેમની સાથે જહન્નમની આગમાં દાખલ થઇ જાઓ; જ્યારે જ્યારે કોઇ ઉમ્મત (જહન્નમમાં) દાખલ થશે ત્યારે ત્યારે તે પોતાની સહધર્મી ઉમ્મતને લાઅનત કરશે; અહીં સુધી કે

જ્યારે સઘળાં (ટોળાં) એક બીજા સાથે તેમાં ભેગા થઇ જશે, તો પાછળવાળા આગળવાળાઓ સબંધી અરજ કરશે કે અય અમારા પરવરદિગાર ! અમને તો આ લોકોએ ગુમરાહ કર્યા હતા, માટે તેમને જહન્નમની આગનો બેવડો અઝાબ આપ; (અલ્લાહ) ફરમાવશે કે દરેકને માટે બેવડોજ અઝાબ છે, પરંતુ તમે જાણતા નથી.

وَقَالَتْ أُولٰـهُمْ لِأُخْرٰىهُمْ فَمَا كَانَ لَكُمْ عَلَيْنَا مِنْ فَضْلٍ فَذُوقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْسِبُونَ ﴿٣٩﴾

(૩૯) અને આગળવાળા પાછળવાળાઓને કહેશે કે હવે તમને અમારા પર કાંઇ સરસાઇ રહી નથી,

માટે હવે તમે પણ તમારી કરણીના કારણે અઝાબની મજા ચાખો.

إِنَّ الَّذِينَ كَذَّبُوا بِآيَاتِنَا وَاسْتَكْبَرُوا عَنْهَا لَا تُفَتَّحُ لَهُمْ
أَبْوَابُ السَّمَاءِ وَلَا يَدْخُلُونَ الْجَنَّةَ حَتَّىٰ يَلِجَ الْجَمَلُ فِي سَمِّ
الْخِيَاطِ ۚ وَكَذَٰلِكَ نَجْزِي الْمُجْرِمِينَ ﴿٤٠﴾

(૪૦) બેશક જેમણે અમારી આયતોને જૂઠલાવી તથા અભિમાન પૂર્વક તેનાથી મોંઢું ફેરવ્યું તેમના માટે ન આકાશના દ્વાર ઉઘાડવામાં આવશે અને ન તેઓ સ્વર્ગમાં દાખલ થશે, જ્યાં સુધી કે સોયના નાકામાંથી ઊંટ નીકળી ન જાય; અને અમે ગુનેહગારોને એવોજ બદલો આપ્યા કરીએ છીએ.

لَهُمْ مِّنْ جَهَنَّمَ مِهَادٌ وَّمِنْ فَوْقِهِمْ غَوَاشٍ ؕ وَكَذٰلِكَ نَجْزِى
الظّٰلِمِيْنَ ﴿۴۱﴾

(૪૧) જહન્નમમાં તેમના માટે આગની પથારી હશે અને તેમના ઉપર ઓઢવાનું પણ (અગ્નિનું) હશે; અને અમે ઝાલિમોને એવોજ બદલો આપ્યા કરીએ છીએ.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَا نُكَلِّفُ نَفْسًا اِلَّا
وُسْعَهَاۤ ۫ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۴۲﴾

(૪૨) અને જે લોકો ઇમાન લાવ્યા છે તથા સત્કાર્યો કરે છે જો કે અમે કોઇ વ્યક્તિને તેના ગજા ઉપરાંત તકલીફ આપતા નથી-તેઓજ

જન્નતવાસીઓ છે; જેમાં તેઓ હંમેશના રહેનાર થશે.

وَنَزَعۡنَا مَا فِیۡ صُدُوۡرِهِمۡ مِّنۡ غِلٍّ تَجۡرِیۡ مِنۡ تَحۡتِهِمُ الۡاَنۡهٰرُ ۚ
وَقَالُوا الۡحَمۡدُ لِلّٰهِ الَّذِیۡ هَدٰىنَا لِهٰذَا ۟ وَمَا كُنَّا لِنَهۡتَدِیَ لَوۡلَاۤ
اَنۡ هَدٰىنَا اللّٰهُ ۚ لَقَدۡ جَآءَتۡ رُسُلُ رَبِّنَا بِالۡحَقِّ ؕ وَنُوۡدُوۡۤا اَنۡ
تِلۡكُمُ الۡجَنَّةُ اُوۡرِثۡتُمُوۡهَا بِمَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۴۳﴾

(૪૩) અને તેમના અંતઃકરણોને અમે કીન્નાખોરીથી પાક કરી દઇશું (અને) તેમના હેઠળથી નદીઓ વહેતી હશે, અને તેઓ કહેશે કે સઘળા વખાણ અલ્લાહને જ માટે છે કે જેણે અમને માર્ગ દેખાડી આ જગ્યાએ પહોંચાડ્યા, અને જો અલ્લાહે માર્ગ

દેખાડ્યો ન હોત તો (હરગિજ) અમને માર્ગ મળતે નહિ; ખચીતજ અમારા પરવરદિગારના રસુલો અમારી પાસે સત્ય લઇને આવ્યા હતા. અને એજ વેળા તેમને પોકારી કહેવામાં આવશે કે આ એજ જન્નત છે કે જેના તમે તમારી સદકરણીઓના કારણે વારસ બનાવવામાં આવ્યા છો.

وَنَادٰۤى اَصۡحٰبُ الۡجَـنَّةِ اَصۡحٰبَ النَّارِ اَنۡ قَدۡ وَجَدۡنَا مَا وَعَدَنَا رَبُّنَا حَقًّا فَهَلۡ وَجَدْتُّمۡ مَّا وَعَدَ رَبُّكُمۡ حَقًّا ‌ؕ قَالُوۡا نَعَمۡ‌ ۚ فَاَذَّنَ مُؤَذِّنٌۢ بَيۡنَهُمۡ اَنۡ لَّـعۡنَةُ اللّٰهِ عَلَى الظّٰلِمِيۡنَ ۙ‏ ﴿۴۴﴾

(૪૪) અને જન્નતવાળા જહન્નમવાળાઓને સંબોધીને પૂછશે કે અમારા પરવરદિગારે અમને

જે વાયદો કર્યો હતો તે અમારા માટે તો સાચો નીવડ્યો, માટે શું તમારા પરવરદિગારે જે વાયદો તમને કર્યો હતો તે તમારા માટે સાચો નીવડ્યો કે? તેઓ જવાબ આપશે કે હા. પછી એક પોકારનાર તેમની વચ્ચે પોકારશે કે ઝાલિમો પર અલ્લાહનો ફીટકાર હોજો:

الَّذِيْنَ يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا ۚ وَهُمْ بِالْاٰخِرَةِ كٰفِرُوْنَ ﴿٤٥﴾

(૪૫) જેઓ અલ્લાહના માર્ગથી (લોકોને) અટકાવતા હતા અને તે (સન્માર્ગ)ને વાંકો ચુકો (બનાવવાની યુક્તિઓ) શોધતા હતા, અને વળી

તેઓ આખેરતના મુન્કર (અસ્વીકાર કરનારા) પણ હતા.

وَبَيْنَهُمَا حِجَابٌ ۚ وَعَلَى الْاَعْرَافِ رِجَالٌ يَّعْرِفُوْنَ كُلًّا بِسِيْمٰىهُمْ ۚ وَنَادَوْا اَصْحٰبَ الْجَنَّةِ اَنْ سَلٰمٌ عَلَيْكُمْ ۣ لَمْ يَدْخُلُوْهَا وَهُمْ يَطْمَعُوْنَ ﴿٤٦﴾

(૪૬) અને આ બન્ને (પક્ષો) વચ્ચે એક આડ હશે, અને તે આડ (એટલે અઅરાફ જહન્નમ ને જન્નત વચ્ચે આવેલી ઊંચી દિવાલ) પર એવા માણસો હશે કે જેઓ દરેકને તેના ચિહ્નો (પર)થી ઓળખી કાઢશે, અને તેઓ જન્નતવાળાઓને કે જેઓ હજી તેમાં દાખલ થયા નહિ હોય, જોકે તેઓ (તેના)

અભિલાષી હશે (તેમને) સંબોધી કહેશે કે તમારા પર સલામ હોજો.

وَإِذَا صُرِفَتْ أَبْصَارُهُمْ تِلْقَآءَ أَصْحٰبِ النَّارِ ۙ قَالُوْا رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٤٧﴾

(૪૭) અને જ્યારે તે (જન્નતવાળા)ઓની નજર જહન્નમવાસીઓ તરફ ફરશે, ત્યારે અરજ કરશે કે અય અમારા પરવરદિગાર! અમને ઝાલિમ લોકો સાથે રાખજે નહિ.

وَنَادٰٓى أَصْحٰبُ الْأَعْرَافِ رِجَالًا يَّعْرِفُوْنَهُمْ بِسِيْمٰهُمْ قَالُوْا مَآ أَغْنٰى عَنْكُمْ جَمْعُكُمْ وَمَا كُنْتُمْ تَسْتَكْبِرُوْنَ ﴿٤٨﴾

(૪૮) અને અઅરાફના રહેવાસીઓ (નાસ્તિકોના સરદારોમાંથી) કેટલાકોને-કે જેમને તેઓ તેમના ચિહ્નો પરથી પારખી લેશે પોકારીને કહેશે કે ન તમારા સંગ્રહે તમને કાંઇ કામ આપ્યું અને ન તે વસ્તુઓએ કે જેના પર તમે ઘમંડ કર્યા કરતા હતા.

اَهٰۤؤُلَآءِ الَّذِيۡنَ اَقۡسَمۡتُمۡ لَا يَنَالُهُمُ اللّٰهُ بِرَحۡمَةٍ‌ؕ اُدۡخُلُوا الۡجَـنَّةَ لَا خَوۡفٌ عَلَيۡكُمۡ وَلَاۤ اَنۡتُمۡ تَحۡزَنُوۡنَ ﴿۴۹﴾

(૪૯) (પછી સ્વર્ગવાસીઓ તરફ ઇશારો કરી તે નર્કવાસીઓને પૂછશે કે) શું આ તેઓજ છે કે જેમના વિષે તમે સોગંદ ખાઇને કહ્યા કરતા હતા કે તેમના પર અલ્લાહ કૃપા કરશેજ નહિ? (પછી

સ્વર્ગવાસીઓ તરફ ફરીને ફરમાવશે કે) તમે જન્નતમાં દાખલ થઇ જાઓ, તમને ન તો કાંઇ ભય રહેશે અને ન તો તમે ઉદાસ થશો.

وَنَادٰۤى اَصۡحٰبُ النَّارِ اَصۡحٰبَ الۡجَنَّةِ اَنۡ اَفِيۡضُوۡا عَلَيۡنَا مِنَ الۡمَآءِ اَوۡ مِمَّا رَزَقَكُمُ اللّٰهُ‌ؕ قَالُوۡۤا اِنَّ اللّٰهَ حَرَّمَهُمَا عَلَى الۡكٰفِرِيۡنَۙ‏ ﴿۵۰﴾

(૫૦) અને જહન્નમવાળા જન્નતવાળાઓને પોકારીને કહેશે કે અમારા પર થોડુંક પાણી રેડી દો અથવા અલ્લાહે તમને અર્પણ કરેલી રોઝીમાંથી અમને પણ (થોડીક) આપો; તેઓ જવાબ આપશે

કે બેશક અલ્લાહે એ બન્ને વસ્તુઓ નાસ્તિકો માટે હરામ કરી છે:

الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَهُمْ لَهْوًا وَّلَعِبًا وَّغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا ۚ
فَالْيَوْمَ نَنْسٰهُمْ كَمَا نَسُوْا لِقَآءَ يَوْمِهِمْ هٰذَا ۙ وَمَا كَانُوْا
بِاٰيٰتِنَا يَجْحَدُوْنَ ﴿٥١﴾

(૫૧) કે જેમણે પોતાના ધર્મને રમત ગમત (નું સાધન) બનાવ્યું હતું અને જેમને દુનિયાની જિંદગીએ ધોકો આપ્યો હતો, માટે આજના દિવસે અમે પણ તેમને એવાજ ભૂલી જઇએ છીએ જેવી રીતે કે તેઓ આ દિવસના મેળાપને ભૂલી ગયા

હતા, અને એ કારણસર કે તેઓ અમારી નિશાનીઓનો ઇન્કાર કર્યા કરતા હતા.

وَلَقَدْ جِئْنٰهُمْ بِكِتٰبٍ فَصَّلْنٰهُ عَلٰى عِلْمٍ هُدًى وَّرَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿۵۲﴾

(૫૨) અને બેશક અમે તેમના માટે એક એવી કિતાબ લાવ્યા છીએ કે જેમાં અમોએ જ્ઞાનપૂર્વક (દરેક બાબતનો) ખુલાસો કર્યો છે (અને) ઇમાન લાવનારા લોકો માટે તે હિદાયત તથા રહેમત છે.

هَلْ يَنْظُرُوْنَ اِلَّا تَاْوِيْلَهٗ ؕ يَوْمَ يَاْتِيْ تَاْوِيْلُهٗ يَقُوْلُ الَّذِيْنَ نَسُوْهُ مِنْ قَبْلُ قَدْ جَآءَتْ رُسُلُ رَبِّنَا بِالْحَقِّ ۚ فَهَلْ لَّنَا مِنْ شُفَعَآءَ

فَيَشْفَعُوْا لَنَآ اَوْ نُرَدُّ فَنَعْمَلَ غَيْرَ الَّذِىْ كُنَّا نَعْمَلُ ؕ قَدْ
خَسِرُوْٓا اَنْفُسَهُمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿۵۳﴾

(૫૩) શું તેઓ માત્ર તે (દિવસ)ના પરિણામની જ રાહ જુએ છે ? જે દિવસે તેનું પરિણામ જાહેર થઇ જશે તો જેઓ તેને પ્રથમથી જ વીસરી ગયા હતા તેઓ કહેશે કે બેશક અમારા પરવરદિગારના રસૂલો સત્ય લઇને આવ્યા હતા, પછી હવે કોઇ અમારી પણ શફાઅત કરનારો છે કે જે અમારા માટે શફાઅત કરે, અથવા અમને પાછા મોકલી દેવામાં આવે કે જેથી જેવા (કુ) કૃત્યો અમે કર્યા કરતા હતા તેની વિરૂધ્ધ (સદ્) કાર્યો કરીએ? ખરેજ તેઓએ પોતાને મોટું નુકસાન પહોંચાડયું અને જે

વસ્તુઓ તેઓ ઉપજાવી કાઢતા હતા તે સર્વે તેમના હાથમાંથી નીકળી ગઇ છે.

اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِیۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ فِیۡ سِتَّةِ اَیَّامٍ
ثُمَّ اسۡتَوٰی عَلَی الۡعَرۡشِ ۟ یُغۡشِی الَّیۡلَ النَّهَارَ یَطۡلُبُهٗ
حَثِیۡثًا ۙ وَّالشَّمۡسَ وَالۡقَمَرَ وَالنُّجُوۡمَ مُسَخَّرٰتٍۭ بِاَمۡرِهٖ ؕ اَلَا
لَهُ الۡخَلۡقُ وَالۡاَمۡرُ ؕ تَبٰرَكَ اللّٰهُ رَبُّ الۡعٰلَمِیۡنَ ﴿۵۴﴾

(૫૪) નિ:સંશય તમારો પરવરદિગાર તે અલ્લાહ છે કે જેણે આકાશો અને જમીનને છ દિવસમાં પેદા કર્યા, પછી અર્શ ઉપર બિરાજમાન થયો (યાને પોતાની સત્તા સ્થાપી); એજ દિવસને રાત્રિ વડે ઢાંકી દે છે કે જે ઝડપથી તેની પાછળ ચાલી આવે

છે, અને સૂર્ય તથા ચંદ્ર તથા તારાઓ (સર્જ્યા છે) જેઓ તેના હુકમથી આજ્ઞાંકિત બન્યા છે; ખબરદાર રહો કે બનાવવું તથા આજ્ઞા આપવી એ તેનુંજ કામ છે; બરકતવાળો છે તે અલ્લાહ કે જે દુનિયાઓનો પાલનહાર છે.

اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا وَّخُفْيَةً ؕ اِنَّهٗ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ ۝٥٥

(૫૫) તમે તમારા પરવરદિગાર પાસે ગળગળા થઇને તથા છાનામાના દુઆ માંગ્યા કરો; બેશક તે મર્યાદા ઓળંગી જનારાઓને દોસ્ત નથી રાખતો.

وَلَا تُفْسِدُوْا فِي الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا وَادْعُوْهُ خَوْفًا

وَّطَمَعًا ؕ اِنَّ رَحْمَتَ اللّٰهِ قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ ۝٥٦

(૫૬) અને પૃથ્વી પર તેની સુધારણા થયા પછી કુસંપ ફેલાવો નહિ અને તેને ભય અને આશા સાથે પોકારો; બેશક અલ્લાહની રહેમત નેકી કરનારાઓની પાસે છે.

وَهُوَ الَّذِىۡ يُرۡسِلُ الرِّيٰحَ بُشۡرًاۢ بَيۡنَ يَدَىۡ رَحۡمَتِهٖ‌ ؕ حَتّٰٓى اِذَاۤ اَقَلَّتۡ سَحَابًا ثِقَالًا سُقۡنٰهُ لِبَلَدٍ مَّيِّتٍ فَاَنۡزَلۡنَا بِهِ الۡمَآءَ فَاَخۡرَجۡنَا بِهٖ مِنۡ كُلِّ الثَّمَرٰتِ‌ ؕ كَذٰلِكَ نُخۡرِجُ الۡمَوۡتٰى لَعَلَّكُمۡ تَذَكَّرُوۡنَ ﴿۵۷﴾

(૫૭) અને તે એજ છે કે જે પોતાની રહેમત (એટલે વરસાદ)થી પહેલાં ખુશખબર આપવા માટે હવા મોકલે છે; અહીં સુધી કે તે (પાણીથી) ભરપૂર

વાદળાં (ખેંચી) લઇ આવે છે જને અમે મરેલી (સુકી) ભૂમિ તરફ હાંકી લઇ જઇએ છીએ, પછી (ત્યાં) તેમાંથી પાણી ઉતારીએ છીએ, પછી તે વડે દરેક પ્રકારના ફળ ફળાદી ઉત્પન્ન કરી દઇએ છીએ; એવીજ રીતે અમે મુડદાઓને પણ સજીવન કરીએ છીએ કે કદાચને તમે બોધ ગ્રહણ કરો.

وَالْبَلَدُ الطَّيِّبُ يَخْرُجُ نَبَاتُهُ بِإِذْنِ رَبِّهِ ۚ وَالَّذِي خَبُثَ لَا
يَخْرُجُ إِلَّا نَكِدًا ۚ كَذَٰلِكَ نُصَرِّفُ الْآيَاتِ لِقَوْمٍ يَشْكُرُونَ ۝٥٨

(૫૮) અને ઉમદા ભૂમિનો પાક પણ અલ્લાહના હુકમથી (ઉમદાજ) નિપજે છે; અને જે ખરાબ ભૂમિ હોય છે તેમાંથી (નકામું અને છુટું છવાયું) ઘાસ ફૂસ સિવાય કાંઇ નિપજતું નથી; અમે આવી રીતે

(અમારી) આયતોને આભાર માનનારાઓ માટે વારંવાર વર્ણવ્યા કરીએ છીએ.

لَقَدۡ اَرۡسَلۡنَا نُوۡحًا اِلٰى قَوۡمِهٖ فَقَالَ يٰقَوۡمِ اعۡبُدُوا اللّٰهَ مَا لَـكُمۡ مِّنۡ اِلٰهٍ غَيۡرُهٗ ؕ اِنِّىۡۤ اَخَافُ عَلَيۡكُمۡ عَذَابَ يَوۡمٍ عَظِيۡمٍ ۝٥٩

(૫૯) ખરેજ અમોએ નૂહને તેની કૌમ તરફ મોકલ્યો. તેણે કહ્યું કે અય મારી કૌમ ! અલ્લાહની ઇબાદત કરો, તેના સિવાય તમારો અન્ય કોઇ માઅબૂદ નથી; ખરેજ મને તમારા માટે મહાન દિવસના અઝાબનો અંદેશો રહે છે.

قَالَ الۡمَلَاُ مِنۡ قَوۡمِهٖۤ اِنَّا لَنَرٰٮكَ فِىۡ ضَلٰلٍ مُّبِيۡنٍ ۝٦٠

(૬૦) તેની કૌમના આગેવાનોએ કહ્યું કે અમે તો તનેજ ખુલ્લી ગુમરાહીમાં નિહાળીએ છીએ.

قَالَ يٰقَوۡمِ لَيۡسَ بِىۡ ضَلٰلَةٌ وَّلٰكِنِّىۡ رَسُوۡلٌ مِّنۡ رَّبِّ الۡعٰلَمِيۡنَ﴿۶۱﴾

(૬૧) (નૂહે) ફરમાવ્યું કે અય મારી કૌમ ! મુજમાં (જરા પણ) ગુમરાહી નથી, બલ્કે હું તો દુનિયાઓના પરવરદિગાર તરફથી એક સંદેશાવાહક (રસૂલ) છું.

اُبَلِّغُكُمۡ رِسٰلٰتِ رَبِّىۡ وَاَنۡصَحُ لَـكُمۡ وَاَعۡلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعۡلَمُوۡنَ﴿۶۲﴾

(૬૨) તમને મારા પરવરદિગારના સંદેશા પહોંચાડું છું અને તમને સારી નસીહત આપું છું અને અલ્લાહ તરફથી જે કાંઇ જાણું છું જે તમે જાણતા નથી.

اَوَعَجِبْتُمْ اَنْ جَآءَكُمْ ذِكْرٌ مِّنْ رَّبِّكُمْ عَلٰى رَجُلٍ مِّنْكُمْ لِيُنْذِرَكُمْ وَلِتَتَّقُوْا وَلَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿٦٣﴾

(૬૩) શું તમને અજાયબી લાગે છે કે તમારા માટે તમારા પરવરદિગાર તરફની એક નસીહત તમારા માંહેના જ એકાદ માણસ પર ઉતરી કે તે તમને ડરાવે અને તેથી તમે પરહેઝગાર બનો અને કદાચને તમારા પર રહેમ કરવામાં આવે.

فَكَذَّبُوْهُ فَاَنْجَيْنٰهُ وَالَّذِيْنَ مَعَهٗ فِى الْفُلْكِ وَاَغْرَقْنَا الَّذِيْنَ
كَذَّبُوْا بِاٰيٰتِنَا ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا عَمِيْنَ ﴿۶۴﴾

(૬૪) પણ તેમણે તેને જૂઠલાવ્યો, પછી અમોએ તેને અને તેની સાથે જેઓ તે (વહાણ)માં હતા તેમને છુટકારો આપ્યો અને જે લોકોએ અમારી આયતોને જૂઠલાવી તેમને અમોએ (જલ પ્રલયમાં) ડૂબાડી દીધા; બેશક તે લોકો (નાસ્તિકપણાને લીધે છતી આંખે) આંધળા હતા.

وَاِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ؕ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ
اِلٰهٍ غَيْرُهٗ ؕ اَفَلَا تَتَّقُوْنَ ﴿۶۵﴾

(૬૫) અને આદના (લોકો) તરફ અમોએ તેમના જ ભાઇ હૂદ (પયગમ્બર)ને મોકલ્યો; તેણે કહ્યું કે અય મારી કોમ ! અલ્લાહની ઇબાદત કરો તેના સિવાય તમારો કોઇ માઅબૂદ નથી; શું તમે (અલ્લાહના અઝાબથી) નથી ડરતા ?

قَالَ الْمَلَأُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖٓ اِنَّا لَنَرٰىكَ فِيْ سَفَاهَةٍ وَّاِنَّا لَنَظُنُّكَ مِنَ الْكٰذِبِيْنَ ﴿٦٦﴾

(૬૬) તેની કૌમમાંથી જેઓ ઇમાન લાવ્યા ન હતા તેમના આગેવાનોએ કહ્યું અમે તો તને ખરેખર મૂર્ખાઇમાં જોઇએ છીએ, અને નિ:સંશય અમે તને જૂઠાઓ માંહેનો ધારીએ છીએ.

قَالَ يٰقَوۡمِ لَيۡسَ بِىۡ سَفَاهَةٌ وَّلٰكِنِّىۡ رَسُوۡلٌ مِّنۡ رَّبِّ الۡعٰلَمِيۡنَ ﴿۶۷﴾

(૬૭) (હૂદે) ફરમાવ્યું કે અય મારી કોમ ! મારામાં જરા પણ મૂર્ખાઇ નથી, બલ્કે હું તો દુનિયાઓના પરવરદિગાર તરફનો એક રસૂલ છું.

اُبَلِّغُكُمۡ رِسٰلٰتِ رَبِّىۡ وَاَنَا لَـكُمۡ نَاصِحٌ اَمِيۡنٌ ﴿۶۸﴾

(૬૮) મારા પરવરદિગાર તરફના સંદેશા તમને પહોંચાડું છું અને તમારો વિશ્વાસુ શુભેચ્છક છું.

اَوَعَجِبۡتُمۡ اَنۡ جَآءَكُمۡ ذِكۡرٌ مِّنۡ رَّبِّكُمۡ عَلٰى رَجُلٍ مِّنۡكُمۡ لِيُنۡذِرَكُمۡ‌ ؕ وَاذۡكُرُوۡۤا اِذۡ جَعَلَـكُمۡ خُلَفَآءَ مِنۡۢ بَعۡدِ قَوۡمِ نُوۡحٍ

وَّزَادَكُمْ فِي الْخَلْقِ بَصْطَةً ۚ فَاذْكُرُوٓا اٰلَآءَ اللّٰهِ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٦٩﴾

(૬૯) શું તમને અજાયબી લાગે છે કે તમારા પરવરદિગાર તરફથી એક નસીહત તમારા માંહેના એક માણસ પર ઉતરી કે જેથી તે તમને ડરાવે અને તમે યાદ કરો કે જ્યારે તે (અલ્લાહે) નૂહની કૌમ પછી તમને (જમીનના) વારસ બનાવ્યા અને સર્જનમાં તમને રૂષ્ટ પુષ્ટ બનાવ્યા, માટે તમે અલ્લાહની નેઅમતોને યાદ કરતા રહો કે કદાચને તમે સફળતા પામો.

قَالُوۡۤا اَجِئۡتَنَا لِنَعۡبُدَ اللّٰهَ وَحۡدَهٗ وَنَذَرَ مَا كَانَ يَعۡبُدُ اٰبَآؤُنَا ۚ
فَاۡتِنَا بِمَا تَعِدُنَاۤ اِنۡ كُنۡتَ مِنَ الصّٰدِقِيۡنَ ۝٧٠

(૭૦) તેમણે કહ્યું શું તું એ માટે અમારી પાસે આવ્યો છે કે અમે એક અલ્લાહની તો ઇબાદત કરીએ અને અમારા બાપદાદા જેમની ઇબાદત કરતા હતા તેમને છોડી દઇએ ? (જા અહીંથી) અગર તું સાચો હોય તો જે અઝાબનો અમને વાયદો કરે છે તે અમારા પર લઇ આવ.

قَالَ قَدۡ وَقَعَ عَلَيۡكُمۡ مِّنۡ رَّبِّكُمۡ رِجۡسٌ وَّغَضَبٌ ؕ
اَتُجَادِلُوۡنَنِىۡ فِىۡۤ اَسۡمَآءٍ سَمَّيۡتُمُوۡهَاۤ اَنۡتُمۡ وَاٰبَآؤُكُمۡ مَّا نَزَّلَ اللّٰهُ
بِهَا مِنۡ سُلۡطٰنٍ ؕ فَانۡتَظِرُوۡۤا اِنِّىۡ مَعَكُمۡ مِّنَ الۡمُنۡتَظِرِيۡنَ ۝٧١

(૭૧) (હૂદે) ફરમાવ્યું (જાણી લો) કે તમારા પરવરદિગાર તરફથી અઝાબ અને ગઝબ તો તમારા પર નક્કી થઈ ચૂક્યાં છે; (છતાં) શું તમે એવાં નામોના સંબંધમાં મારી સાથે ઝઘડો કરો છો કે જે (નામો)ને તમે તથા તમારા બાપદાદાઓએ રાખી લીધાં છે; (અને) જેમના વિષે અલ્લાહે કોઇ પ્રમાણપત્ર ઉતાર્યું નથી; માટે તમે (અઝાબની) રાહ જુઓ અને હું પણ તમારી સાથે રાહ જોનારાઓમાંથી છું જ.

فَأَنجَيْنَٰهُ وَٱلَّذِينَ مَعَهُۥ بِرَحْمَةٍ مِّنَّا وَقَطَعْنَا دَابِرَ ٱلَّذِينَ كَذَّبُوا۟ بِـَٔايَٰتِنَا ۖ وَمَا كَانُوا۟ مُؤْمِنِينَ ﴿٧٢﴾

(૭૨) આખરે અમોએ અમારી કૃપાથી તેને તથા તેના સાથીઓને મોક્ષ આપ્યો, અને જેઓ અમારી આયતોને જૂઠલાવ્યા કરતા હતા તેમના વંશવેલાને અમોએ કાપી નાખ્યો અને તેઓ ઇમાન લાવનારા ન હતા.

وَاِلٰى ثَمُوۡدَ اَخَاهُمۡ صٰلِحًا ۘ قَالَ يٰقَوۡمِ اعۡبُدُوا اللّٰهَ مَا لَـكُمۡ
مِّنۡ اِلٰهٍ غَيۡرُهٗ ؕ قَدۡ جَآءَتۡكُمۡ بَيِّنَةٌ مِّنۡ رَّبِّكُمۡ ؕ هٰذِهٖ نَاقَةُ اللّٰهِ
لَـكُمۡ اٰيَةً فَذَرُوۡهَا تَاۡكُلۡ فِىۡۤ اَرۡضِ اللّٰهِ وَلَا تَمَسُّوۡهَا بِسُوۡٓءٍ
فَيَاۡخُذَكُمۡ عَذَابٌ اَلِيۡمٌ ﴿۷۳﴾

(૭૩) અને સમૂદના (લોકો) તરફ અમોએ તેમના ભાઇ સાલેહને મોકલ્યો, તેણે કહ્યું કે અય મારી

કૌમ ! અલ્લાહની ઇબાદત કરો જેના સિવાય તમારો કોઇ માઅબૂદ નથી; તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે એક ખુલ્લી દલીલ આવી ચૂકી છે; આ અલ્લાહની ઊંટણી તમારા માટે એક નિશાની છે માટે તેને છુટી મૂકી દો કે તે અલ્લાહની જમીનમાં ચરતી ફરે અને તેને ઇજા પહોંચાડવાના હેતુથી અડકશો નહિ, નહિ તો તમને દુ:ખદાયક અઝાબ ઝડપી લેશે.

وَاذۡكُرُوۡۤا اِذۡ جَعَلَكُمۡ خُلَفَآءَ مِنۡۢ بَعۡدِ عَادٍ وَّبَوَّاَكُمۡ فِى الۡاَرۡضِ تَتَّخِذُوۡنَ مِنۡ سُهُوۡلِهَا قُصُوۡرًا وَّتَنۡحِتُوۡنَ الۡجِبَالَ بُيُوۡتًا‌ ۚ فَاذۡكُرُوۡۤا اٰلَآءَ اللّٰهِ وَلَا تَعۡثَوۡا فِى الۡاَرۡضِ مُفۡسِدِيۡنَ ﴿۷۴﴾

(૭૪) વળી આ યાદ કરો કે જ્યારે આદના લોકો પછી તેણે તમને (પૃથ્વીના) વારસ બનાવ્યા અને તમને આ ભૂમિમાં વસાવ્યા કે જેના મેદાનોમાં તમે મહેલ બનાવો છો અને પહાડોને કોતરીને તમે મકાનો બનાવો છો, ત્યારે હવે અલ્લાહની નેઅમતોને યાદ કરતા રહો અને જમીનમાં ફસાદ ન ફેલાવો.

قَالَ الْمَلَاُ الَّذِیْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لِلَّذِیْنَ اسْتُضْعِفُوْا
لِمَنْ اٰمَنَ مِنْهُمْ اَتَعْلَمُوْنَ اَنَّ صٰلِحًا مُّرْسَلٌ مِّنْ رَّبِّهٖ ؕ قَالُوْۤا
اِنَّا بِمَاۤ اُرْسِلَ بِهٖ مُؤْمِنُوْنَ۝۷۵

(૭૫) તેની કૌમના આગેવાનો કે જે અભિમાની હતા તેમણે તે કમજોર લોકોને કે જેઓ તેમનામાંથી જ ઇમાન લાવ્યા હતા કહ્યું, શું તમે એમ ધારો છો કે સાલેહ તેના પરવરદિગાર તરફથી ખરેખર મોકલવામાં આવેલો રસૂલ છે ? તેમણે કહ્યું કે જે કાંઇ લઇને આવ્યો છે તેના પર અમે તો બેશક ઇમાન લાવ્યા છીએ.

قَالَ الَّذِيْنَ اسْتَكْبَرُوْٓا اِنَّا بِالَّذِيْٓ اٰمَنْتُمْ بِهٖ كٰفِرُوْنَ ۝٧٦

(૭૬) અભિમાનીઓએ કહ્યું કે તમે જેના પર ઇમાન રાખો છો તેનો અમે ખાત્રી પૂર્વક ઇન્કાર કરીએ છીએ.

فَعَقَرُوا النَّاقَةَ وَعَتَوْا عَنْ اَمْرِ رَبِّهِمْ وَقَالُوْا يٰصٰلِحُ ائْتِنَا
بِمَا تَعِدُنَآ اِنْ كُنْتَ مِنَ الْمُرْسَلِيْنَ﴿۷۷﴾

(૭૭) પછી તેમણે તે ઊંટણીને ગોંઠણોમાંથી કાપી નાખી અને પોતાના પરવરદિગારના ફરમાનનું ઉલ્લંઘન કર્યું અને તેમણે કહ્યું કે અય સાલેહ ! જો તું રસુલો માંહેનો હોય તો જે (અઝાબ)થી તું અમને ડરાવતો હતો તે અમારા પર લઇ આવ.

فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِيْ دَارِهِمْ جٰثِمِيْنَ﴿۷۸﴾

(૭૮) ત્યારે તેમને ધરતીકંપે પકડી લીધા અને તેઓ પોતાના ઘરોમાં ઊંધા માથે પડીને રહી ગયા.

فَتَوَلّٰى عَنۡهُمۡ وَقَالَ يٰقَوۡمِ لَقَدۡ اَبۡلَغۡتُكُمۡ رِسَالَةَ رَبِّىۡ

وَنَصَحۡتُ لَـكُمۡ وَلٰـكِنۡ لَّا تُحِبُّوۡنَ النّٰصِحِيۡنَ ﴿۷۹﴾

(૭૯) અને સાલેહ તેમનાથી મોંઢું ફેરવીને (તથા) એમ કહીને ચાલ્યો ગયો કે અય મારી કૌમ! મેં તો ખચીતજ મારા પરવરદિગારનો સંદેશો તમને પહોંચાડી દીધો હતો અને તમને નસીહત પણ કરી હતી, પણ તમે નસીહત કરનારાઓને પસંદ કરતા નથી.

وَلُوۡطًا اِذۡ قَالَ لِقَوۡمِهٖۤ اَتَاۡتُوۡنَ الۡفَاحِشَةَ مَا سَبَقَكُمۡ بِهَا مِنۡ

اَحَدٍ مِّنَ الۡعٰلَمِيۡنَ ﴿۸۰﴾

(૮૦) અને (યાદ કરો કે જ્યારે) લૂતે પોતાની કૌમને કહ્યું કે શું તમે એવું નિર્લજ્જપણું કરો છો કે તેના જેવું દુનિયાઓમાં તમારી અગાઉ કોઇએ કર્યું નથી?

اِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِ ؕ بَلْ اَنْتُمْ
قَوْمٌ مُّسْرِفُوْنَ ﴿۸۱﴾

(૮૧) નિઃસંશય તમે સ્ત્રીઓને મૂકી પુરૂષો સાથે અકુદરતી કૃત્ય કરો છો; બલ્કે તમે મર્યાદા ઓળંગી જનારા લોકો છો.

وَمَا كَانَ جَوَابَ قَوْمِهٖۤ اِلَّاۤ اَنْ قَالُوْۤا اَخْرِجُوْهُمْ مِّنْ
قَرْيَتِكُمْ ۚ اِنَّهُمْ اُنَاسٌ يَّتَطَهَّرُوْنَ ﴿۸۲﴾

(૮૨) અને તેમની કોમનો બીજો કોઇ જવાબ ન હતો સિવાય કે (લોકોને) કહેવા લાગ્યા કે તેઓને તમારા શહેરમાંથી કાઢી મૂકો, નિઃસંશય તે લોકો પવિત્રતા ચાહનારા છે.

فَأَنۡجَيۡنٰهُ وَأَهۡلَهٗۤ إِلَّا امۡرَأَتَهٗ ۖ كَانَتۡ مِنَ الۡغٰبِرِيۡنَ ﴿٨٣﴾

(૮૩) આથી અમોએ તે (લૂત)ને તથા તેના કુટુંબીઓને છુટકારો આપ્યો સિવાય તેની પત્નીને કે જે પાછળ રહી જનારાઓ માંહેની હતી.

وَأَمۡطَرۡنَا عَلَيۡهِمۡ مَّطَرًا ؕ فَانۡظُرۡ كَيۡفَ كَانَ عَاقِبَةُ الۡمُجۡرِمِيۡنَ ﴿٨٤﴾

(૮૪) અને પછી અમોએ તેમના ઉપર (પત્થરોનો) વરસાદ વરસાવ્યો; માટે જોઇ લે કે ગુનેહગારોનો અંત કેવો આવ્યો.

وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا ؕ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ
مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ قَدْ جَآءَتْكُمْ بَيِّنَةٌ مِّنْ رَّبِّكُمْ فَاَوْفُوا الْكَيْلَ
وَالْمِيْزَانَ وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ وَلَا تُفْسِدُوْا فِي
الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ۚ﴿۸۵﴾

(૮૫) અને મદયન (ના લોકો) તરફ અમોએ તેમના ભાઇ શોઅયબને મોકલ્યો; તેણે કહ્યું કે અય મારી કોમ ! અલ્લાહની ઇબાદત કરો, તેના સિવાય

તમારો અન્ય કોઇ માઅબુદ નથી; તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે ખુલ્લી દલીલ આવી ચૂકી છે, માટે માપ તથા તોલ પુરેપૂરાં રાખો અને લોકોને તેમની વસ્તુઓ ઓછી ન આપો, પૃથ્વીમાં સુલેહ શાંતિ થઇ ગયા પછી તેમાં ફસાદ ફેલાવો નહિ; અગર તમે મોઅમીન હો તો આ વાત તમારા માટે ઘણીજ સારી છે.

وَلَا تَقْعُدُوْا بِكُلِّ صِرَاطٍ تُوْعِدُوْنَ وَتَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ
مَنْ اٰمَنَ بِهٖ وَتَبْغُوْنَهَا عِوَجًا ۚ وَاذْكُرُوْٓا اِذْ كُنْتُمْ قَلِيْلًا
فَكَثَّرَكُمْ ۖ وَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُفْسِدِيْنَ ﴿٨٦﴾

(૮૬) અને દરેક માર્ગમાં એ હેતુસર બેસી ન રહો કે (લોકોને) ડરાવો તથા જેઓ તે (અલ્લાહ) પર ઇમાન લાવે તેમને અલ્લાહના માર્ગથી ન અટકાવો ને તે સીધા માર્ગને વાંકો ચૂંકો બનાવવાની ઇચ્છા કરો નહિ; અને યાદ કરો કે જ્યારે તમે થોડા હતા ત્યારે તેણે તમને વધારી દીધા, અને જુઓ કે ફસાદ કરનારાઓનું કેવું પરિણામ આવ્યું.

وَاِنۡ كَانَ طَآٮِٕفَةٌ مِّنۡكُمۡ اٰمَنُوۡا بِالَّذِىۡۤ اُرۡسِلۡتُ بِهٖ وَطَآٮِٕفَةٌ لَّمۡ
يُؤۡمِنُوۡا فَاصۡبِرُوۡا حَتّٰى يَحۡكُمَ اللّٰهُ بَيۡنَنَا‌ ۚ وَهُوَ خَيۡرُ
الۡحٰكِمِيۡنَ‏ ﴿۸۷﴾

(૮૭) અને જો તમારામાંથી એક ટોળું તે (આજ્ઞા) પર કે જેની સાથે હું મોકલાએલો છું ઇમાન લઇ આવે અને એક ટોળું ઇમાન ન લાવે તો જ્યાં સુધી અલ્લાહ આપણી વચ્ચે ફેંસલો કરે નહિ ત્યાં સુધી તમે ધીરજ ધરો, અને તે સૌથી સારો ફેંસલો કરનાર છે.

قَالَ الْمَلَاُ الَّذِيْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لَنُخْرِجَنَّكَ يٰشُعَيْبُ
وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَكَ مِنْ قَرْيَتِنَآ اَوْ لَتَعُوْدُنَّ فِيْ مِلَّتِنَا ؕ قَالَ
اَوَلَوْ كُنَّا كٰرِهِيْنَ ۟ؕ ﴿۸۸﴾

قَالَ الْمَلَاُ الَّذِيْنَ اسْتَكْبَرُوْا مِنْ قَوْمِهٖ لَنُخْرِجَنَّكَ يٰشُعَيْبُ
وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَكَ مِنْ قَرْيَتِنَآ اَوْ لَتَعُوْدُنَّ فِيْ مِلَّتِنَا ؕ قَالَ
اَوَلَوْ كُنَّا كٰرِهِيْنَ ﴿٨٨﴾ۚ

(૮૮) તેની કૌમના આગેવાનો કે જેઓ ગર્વિષ્ટ હતા તેમણે કહ્યું કે અય શોઅયબ ! અગર તું અને તારી સાથે જેઓ ઇમાન લાવ્યા છે તેઓ અમારા શહેરમાંથી જરૂર કાઢી મૂકીશું અથવા અમારા ધર્મમાં પાછા આવવું પડશે (શોઅયબે) કહ્યું, શું અમે (તમારા ધર્મ પ્રત્યે) તિરસ્કાર ધરાવતા હોઇએ તો પણ (ચાલ્યા આવીએ) ?

قَدِ افْتَرَيْنَا عَلَى اللّٰهِ كَذِبًا اِنْ عُدْنَا فِيْ مِلَّتِكُمْ بَعْدَ اِذْ نَجّٰنَا
اللّٰهُ مِنْهَا ؕ وَمَا يَكُوْنُ لَنَآ اَنْ نَّعُوْدَ فِيْهَآ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ
رَبُّنَا ؕ وَسِعَ رَبُّنَا كُلَّ شَيْءٍ عِلْمًا ؕ عَلَى اللّٰهِ تَوَكَّلْنَا ؕ رَبَّنَا
افْتَحْ بَيْنَنَا وَبَيْنَ قَوْمِنَا بِالْحَقِّ وَاَنْتَ خَيْرُ الْفٰتِحِيْنَ ﴿٨٩﴾

(૮૯) અલ્લાહ અમને તેનાથી મોક્ષ આપી ચૂક્યા પછી પણ જો અમે તમારા ધર્મમાં પાછા ચાલ્યા આવીએ તો ખચીતજ (તે એના જેવું થાય કે) અમોએ અલ્લાહ પર જૂઠો આરોપ મૂક્યો; અને અમને આ યોગ્ય નથી કે અમે તે (તમારા ધર્મ)માં પાછા ચાલ્યા આવીએ સિવાય કે અમારા પરવરદિગારની ઇચ્છાજ એવી હોય; અમારા

પરવરદિગારનું જ્ઞાન દરેક વસ્તુને આવરી લે છે; અમોએ અલ્લાહ ઉપરજ ભરોસો કર્યો છે; અય અમારા પરવરદિગાર! તું અમારી તથા અમારી કોમ વચ્ચે ખરો ફેંસલો કરી દે, અને તુંજ સૌથી ઉત્તમ ફેંસલો કરનારો છે.

وَقَالَ الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ لَىِٕنِ اتَّبَعْتُمْ شُعَيْبًا اِنَّكُمْ اِذًا لَّخٰسِرُوْنَ ۝٩٠

(૯૦) અને તેની કૌમમાંથી જેઓ ઇમાન લાવ્યા ન હતા તેમના આગેવાનોએ કહ્યું કે જો તમોએ શોઅયબની તાબેદારી કરી તો એ હાલતમાં તમે નિઃસંશય હાનિ ભોગવનારા થઇ જશો.

فَاَخَذَتۡهُمُ الرَّجۡفَةُ فَاَصۡبَحُوۡا فِىۡ دَارِهِمۡ جٰثِمِيۡنَ ۖ ﴿۹۱﴾

(૯૧) પછી તેમને ધરતીકંપે પકડી લીધા, જેથી તેઓ એકાએક પોતાના ઘરોમાં (જીવ વગરના) ઊંધે મોંઢે પટકાઈ ગયા.

الَّذِيۡنَ كَذَّبُوۡا شُعَيۡبًا كَاَنۡ لَّمۡ يَغۡنَوۡا فِيۡهَا ۛۚ اَلَّذِيۡنَ كَذَّبُوۡا شُعَيۡبًا كَانُوۡا هُمُ الۡخٰسِرِيۡنَ ﴿۹۲﴾

(૯૨) જેમણે શોઅયબને જૂઠલાવ્યો હતો (તેઓ એવા બરબાદ થઇ ગયા) કે જાણે તેઓ તે (ભૂમિ)માં ક્યારેય વસ્યાજ ન હતા; જેમણે શોઅયબને જૂઠલાવ્યો તેઓજ હાનિ ભોગવનારા હતા.

فَتَوَلّٰى عَنۡهُمۡ وَقَالَ يٰقَوۡمِ لَقَدۡ اَبۡلَغۡتُكُمۡ رِسٰلٰتِ رَبِّىۡ
وَنَصَحۡتُ لَكُمۡ‌ ۚ فَكَيۡفَ اٰسٰى عَلٰى قَوۡمٍ كٰفِرِيۡنَ ﴿۹۳﴾

(૯૩) જેથી તેણે (શોઅયબે) તેમના તરફથી મોંઢું ફેરવી લીધું અને કહ્યું કે અય મારી કૌમ ! ખચીતજ મેં તમને મારા પરવરદિગારના સંદેશા પહોંચાડી દીધા હતા અને તમને (સદ્) બોધ પણ આપ્યો હતો, ત્યારે હવે હું કાફિર લોકોની (માઠી દશા માટે) શાને શોક કરૂં ?

وَمَاۤ اَرۡسَلۡنَا فِىۡ قَرۡيَةٍ مِّنۡ نَّبِىٍّ اِلَّاۤ اَخَذۡنَاۤ اَهۡلَهَا بِالۡبَاۡسَآءِ
وَالضَّرَّآءِ لَعَلَّهُمۡ يَضَّرَّعُوۡنَ ﴿۹۴﴾

(૯૪) અને એવું નથી બન્યું કે અમોએ કોઇ વસ્તીમાં પયગમ્બર મોકલ્યો હોય અને તેના રહેવાસીઓને કંગાલીયત અને સંકટમાં સપડાવ્યા ન હોય; આ એટલા માટે કે કદાચને તેઓ (અમારી આગળ) કરગરે.

ثُمَّ بَدَّلْنَا مَكَانَ السَّيِّئَةِ الْحَسَنَةَ حَتّٰى عَفَوْا وَّقَالُوْا قَدْ مَسَّ
اٰبَآءَنَا الضَّرَّآءُ وَالسَّرَّآءُ فَاَخَذْنٰهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿٩٥﴾

(૯૫) પછી (જ્યારે તેઓ કરગર્યા ત્યારે) અમોએ તેમના દુ:ખને સુખમાં બદલી નાખ્યાં, અહીં સુધી કે તેઓ ઘણાં (સંખ્યામાં) વધ્યા અને કહેવા લાગ્યા કે ખચીતજ અમારા બાપદાદાઓ પર પણ દુ:ખ અને સુખ (સર્વ કાંઇ) વેઠી ચૂક્યાં છે. (તેમના એ

અનુપકારી વિચારોને લીધે) પછી તેમની અજાણતાની હાલતમાં ઓચિંતા અમોએ તેમને (અઝાબમાં) ગિરફતાર કર્યા.

وَلَوْ اَنَّ اَهْلَ الْقُرٰۤى اٰمَنُوْا وَاتَّقَوْا لَفَتَحْنَا عَلَيْهِمْ بَرَكٰتٍ
مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ وَلٰكِنْ كَذَّبُوْا فَاَخَذْنٰهُمْ بِمَا كَانُوْا
يَكْسِبُوْنَ﴿۹۶﴾

(૯૬) અને જો તે વસ્તીવાળાઓ ઇમાન લઇ આવતે તથા ડરતા રહેતે તો અમે તેમના પર આકાશ તથા જમીનની બરકતો (ના દ્વાર) ઉઘાડી નાખતે, પરંતુ તેમણે (રસૂલોને) જૂઠલાવ્યા પછી

તેમની કરણીઓના કારણે અમોએ તેમની (અઝાબમાં) ગિરફતાર કર્યા

اَفَاَمِنَ اَهۡلُ الۡقُرٰۤى اَنۡ يَّاۡتِيَهُمۡ بَاۡسُنَا بَيَاتًا وَّهُمۡ نَآٮِٕمُوۡنَؕ‏ ﴿۹۷﴾

(૯૭) શું શહેરવાસીઓ આ (વાત)થી નિર્ભય થઇ ગયા છે કે અમારો અઝાબ તેમને રાત્રિમાં પકડી લે એવી સ્થિતિમાં કે તેઓ નિંદ્રાધીન હોય?

اَوَاَمِنَ اَهۡلُ الۡقُرٰۤى اَنۡ يَّاۡتِيَهُمۡ بَاۡسُنَا ضُحًى وَّهُمۡ يَلۡعَبُوۡنَ‏ ﴿۹۸﴾

(૯૮) અથવા શું શહેરવાસીઓ આ (વાત)થી નિર્ભય થઇ ગયા છે કે અમારો અઝાબ તેમને ધોળે દિવસે પકડી લે એવી સ્થિતિમાં કે તેઓ ખેલકૂદમાં (રચ્યા - પચ્યા) હોય?

اَفَاَمِنُوْا مَكْرَ اللّٰهِ ۚ فَلَا يَاْمَنُ مَكْرَ اللّٰهِ اِلَّا الْقَوْمُ
الْخٰسِرُوْنَ ﴿٩٩﴾

(૯૯) શું ત્યારે તેઓ અલ્લાહની તદબીરથી નિશ્ચિંત થઇ ગયા છે ? જો કે અલ્લાહના દાવપેચથી માત્ર હાનિ ભોગવનારાઓ સિવાય કોઇ નિશ્ચિંત રહેતો નથી.

اَوَلَمْ يَهْدِ لِلَّذِيْنَ يَرِثُوْنَ الْاَرْضَ مِنْۢ بَعْدِ اَهْلِهَآ اَنْ لَّوْ نَشَآءُ
اَصَبْنٰهُمْ بِذُنُوْبِهِمْ ۚ وَنَطْبَعُ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا
يَسْمَعُوْنَ ﴿١٠٠﴾

(૧૦૦) શું આ બીના તે લોકોને-કે જેઓ આગલા (નાશ પામેલા) માલિકોની પછી આ ભૂમિના વારસ

થયા છે-સ્પષ્ટ કરી નથી દેખાડતી કે જો અમે ચાહતે તો તેમના ગુનાહોને લીધે તેમના પર પણ મુસીબત નાખી દેતે અને તેમના અંતઃકરણો પર એવી મહોર મારી દેતે કે તેઓ (કાંઇ) સાંભળી શકે નહિ?

تِلْكَ الْقُرٰى نَقُصُّ عَلَيْكَ مِنْ اَنْۢبَآئِهَا ۚ وَلَقَدْ جَآءَتْهُمْ
رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ ۚ فَمَا كَانُوْا لِيُؤْمِنُوْا بِمَا كَذَّبُوْا مِنْ قَبْلُ ؕ
كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى قُلُوْبِ الْكٰفِرِيْنَ ﴿١٠١﴾

(૧૦૧) (અય રસૂલ!) આ એજ વસ્તીઓ છે કે જેની કેટલીક ખબરો અમે તને વર્ણવીએ છીએ, અને ખચીતજ તેમના પયગમ્બરો તેમની પાસે ખુલ્લી

દલીલો લઇને આવ્યા હતા, પરંતુ જેને તેઓ પ્રથમ જૂઠલાવી ચૂક્યા છે તેને (હવે પણ) કોઇ રીતે માને તેમ નથી; એવી રીતે અલ્લાહ ઇન્કાર કરનારાઓના અંતઃકરણો પર મહોર મારી દે છે.

وَمَا وَجَدْنَا لِاَكْثَرِهِمْ مِّنْ عَهْدٍ ۚ وَاِنْ وَّجَدْنَآ اَكْثَرَهُمْ لَفٰسِقِيْنَ ﴿١٠٢﴾

(૧૦૨) અને અમોએ તેઓ માંહેના ઘણાખરાઓને (સ્વ) વચન પાળતા જોયા નહિ, બલ્કે અમોએ ખચીતજ તેઓ માંહેના ઘણાઓને આજ્ઞા ભંગ કરનારા જોયા.

ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهِمْ مُّوْسٰى بِاٰيٰتِنَآ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَظَلَمُوْا بِهَا ۚ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُفْسِدِيْنَ ﴿١٠٣﴾

(૧૦૩) તેમના પછી અમોએ મૂસાને અમારી નિશાનીઓ આપીને ફિરઔન તથા તેના સરદારો તરફ મોકલ્યો, પરંતુ તેઓ તે (નિશાનીઓ) પ્રત્યે ઉધ્ધતાઇપૂર્વક વર્તયા, માટે જો કે ફસાદ કરનારાઓનું કેવું પરિણામ આવ્યું!

وَقَالَ مُوْسٰى يٰفِرْعَوْنُ اِنِّيْ رَسُوْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿١٠٤﴾

(૧૦૪) અને મૂસાએ ફરમાવ્યું કે અય ફિરઔન! નિઃસંશય હું તમામ દુનિયાઓના પરવરદિગાર તરફથી રસૂલ છું:

حَقِيۡقٌ عَلٰٓى اَنۡ لَّاۤ اَقُوۡلَ عَلَى اللّٰهِ اِلَّا الۡحَقَّ ؕ قَدۡ جِئۡتُكُمۡ بِبَيِّنَةٍ
مِّنۡ رَّبِّكُمۡ فَاَرۡسِلۡ مَعِىَ بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ ﴿۱۰۵﴾

(૧૦૫) મારા માટે લાયક છે કે અલ્લાહના સબંધમાં સત્ય સિવાય બીજું કાંઇ બોલું નહિ; હું ખચીતજ તમારા પરવરદિગાર તરફથી ખુલ્લી દલીલ લઇને આવ્યો છું, માટે બની ઇસરાઇલને મારી સાથે મોકલી દે.

قَالَ اِنۡ كُنۡتَ جِئۡتَ بِاٰيَةٍ فَاۡتِ بِهَاۤ اِنۡ كُنۡتَ مِنَ
الصّٰدِقِيۡنَ ﴿۱۰۶﴾

(૧૦૬) (ફિરઔને) કહ્યું અગર તું કોઇ નિશાની લાવ્યો હોય અને જો તું સાચાઓ માંહેનો હોય તો લાવ, તે (નિશાની) રજૂ કર.

فَأَلْقَىٰ عَصَاهُ فَإِذَا هِيَ ثُعْبَانٌ مُّبِينٌ ﴿١٠٧﴾

(૧૦૭) આથી (મૂસાએ) પોતાનો અસા (લાકડી) ઝમીન પર નાખી દીધી જે (તેજ વખતે એક ભયંકર અને) સાક્ષાત અજગર બની ગયો.

وَنَزَعَ يَدَهُ فَإِذَا هِيَ بَيْضَاءُ لِلنَّاظِرِينَ ﴿١٠٨﴾

(૧૦૮) અને તેણે પોતાનો હાથ (બગલમાં નાખી) બહાર ખેંચી કાઢ્યો કે તરતજ તે દેખનારાઓ માટે સફેદ (ચળકાટવાળો) બની ગયો.

قَالَ الْمَلَاُ مِنْ قَوْمِ فِرْعَوْنَ اِنَّ هٰذَا لَسٰحِرٌ عَلِيْمٌ ﴿۱۰۹﴾

(૧૦૯) (જે દેખીને) ફિરઔનના સરદારોએ કહ્યું કે નિઃસંશય આ એક હોશિયાર જાદુગર છે.

يُّرِيْدُ اَنْ يُّخْرِجَكُمْ مِّنْ اَرْضِكُمْ ۚ فَمَاذَا تَاْمُرُوْنَ ﴿۱۱۰﴾

(૧૧૦) જે તમને તમારા દેશમાંથી હાંકી કાઢવા ચાહે છે; માટે તમે (તેના વિષે) શું સલાહ આપો છો?

قَالُوْۤا اَرْجِهْ وَاَخَاهُ وَاَرْسِلْ فِى الْمَدَآئِنِ حٰشِرِيْنَ ﴿۱۱۱﴾

(૧૧૧) તેમણે કહ્યું કે તે (મૂસા)ને તથા તેના ભાઇને (હમણાં) પડતા મૂકો અને (સઘળા) શહેરોમાં ઢંઢેરો પીટનારા મોકલોઃ

يَأْتُوكَ بِكُلِّ سٰحِرٍ عَلِيمٍ ﴿١١٢﴾

(૧૧૨) કે જેથી તેઓ દરેક હોશિયાર જાદુગરોને તારી હજૂરમાં લઇ આવે.

وَجَآءَ السَّحَرَةُ فِرْعَوْنَ قَالُوٓا اِنَّ لَنَا لَاَجْرًا اِنْ كُنَّا نَحْنُ الْغٰلِبِيْنَ ﴿١١٣﴾

(૧૧૩) અને તે જાદુગરો ફિરઔન પાસે આવ્યા (અને) કહેવા લાગ્યા કે જો અમે વિજયી થઇએ તો અમને જરૂર સારો બદલો મળવો જોઇએ.

قَالَ نَعَمْ وَاِنَّكُمْ لَمِنَ الْمُقَرَّبِيْنَ ﴿١١٤﴾

(૧૧૪) તેણે કહ્યું, હા. (મળશે એટલુંજ નહિ) પણ નિઃસંશય તમે (મારા) અંગત દરબારીઓ માંહેના બની જશો.

قَالُوْا يٰمُوْسٰٓى اِمَّآ اَنْ تُلْقِيَ وَاِمَّآ اَنْ نَّكُوْنَ نَحْنُ الْمُلْقِيْنَ ﴿١١٥﴾

(૧૧૫) (આથી જાદુગરોએ) કહ્યું, અય મૂસા! લે તું (જાદુના દાવ) ફેંકે છે કે અમેજ ફેંકનારા બનીએ?

قَالَ اَلْقُوْا ۚ فَلَمَّآ اَلْقَوْا سَحَرُوْٓا اَعْيُنَ النَّاسِ وَاسْتَرْهَبُوْهُمْ

وَجَآءُوْ بِسِحْرٍ عَظِيْمٍ ﴿١١٦﴾

(૧૧૬) (મૂસાએ) કહ્યું (તમેજ) ફેંકો. આથી જ્યારે તેમણે (જાદુના દાવ) ફેંક્યા ત્યારે (પ્રથમ) લોકોની

નજર બાંધી દીધી અને તેમને ભયભીત કરી મૂક્યા અને (ઘણોજ) મોટો જાદુ લઇ આવ્યા.

وَاَوۡحَيۡنَاۤ اِلٰى مُوۡسٰٓى اَنۡ اَلۡقِ عَصَاكَ‌ۚ فَاِذَا هِىَ تَلۡقَفُ مَا يَاۡفِكُوۡنَ‌ۚ‏ ﴿۱۱۷﴾

(૧૧૭) અને અમોએ મૂસા તરફ વહી મોકલી કે તું તારો અસા (લાકડી) નાખી દે, જેથી (મૂસાએ પોતાનો અસા જમીન પર નાખ્યો કે તરતજ) તે તેમણે જે પ્રપંચ રચ્યાં હતા તેને ગળી જવા લાગ્યો.

فَوَقَعَ الۡحَـقُّ وَبَطَلَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ‌ۚ‏ ﴿۱۱۸﴾

(૧૧૮) પછી એવી રીતે સત્ય પૂરવાર થઇ ગયું અને જે કાર્યો તેઓ કરતા હતા તે નિષ્ફળ ગયાં.

فَغُلِبُوْا هُنَالِكَ وَانْقَلَبُوْا صٰغِرِيْنَ ﴿١١٩﴾

(૧૧૯) જેથી તેઓ ત્યાંજ પરાજીત બની ગયા અને શરમથી ઝલીલ બની પાછા ફર્યા.

وَاُلْقِيَ السَّحَرَةُ سٰجِدِيْنَ ﴿١٢٠﴾

(૧૨૦) તે સઘળા જાદુગરો પોતાની મેળે સિજદામાં ઢળી પડ્યા.

قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ ﴿١٢١﴾

(૧૨૧) તેઓ કહેવા લાગ્યા કે અમે દુનિયાઓના પરવરદિગાર પર ઇમાન લાવ્યા છીએ:

رَبِّ مُوۡسٰى وَهٰرُوۡنَ﴿۱۲۲﴾

(૧૨૨) (એટલે કે) મૂસા તથા હારૂનના પરવરદિગાર પર.

قَالَ فِرۡعَوۡنُ اٰمَنۡتُمۡ بِهٖ قَبۡلَ اَنۡ اٰذَنَ لَـكُمۡ ۚ اِنَّ هٰذَا لَمَكۡرٌ مَّكَرۡتُمُوۡهُ فِى الۡمَدِيۡنَةِ لِتُخۡرِجُوۡا مِنۡهَاۤ اَهۡلَهَا ۚ فَسَوۡفَ تَعۡلَمُوۡنَ﴿۱۲۳﴾

(૧૨૩) ફિરઔને કહ્યું શું તમે તેના પર ઇમાન લાવો છો, એ પહેલાં કે હું તમને (તેમ કરવાની) પરવાનગી આપું? નિઃસંશય આ તમારી ચાલબાજી છે કે જે તમોએ આ શહેરના રહેવાસીઓને અહીંથી

કાઢી મૂકવા (માટે) ચલાવી છે, પણ આગળ જતાં (તેનું પરિણામ) જાણી લેશો.

لَاُقَطِّعَنَّ اَيۡدِيَكُمۡ وَاَرۡجُلَكُمۡ مِّنۡ خِلَافٍ ثُمَّ لَاُصَلِّبَنَّكُمۡ

اَجۡمَعِيۡنَ ﴿۱۲۴﴾

(૧૨૪) હું તમારા સામ સામેના હાથ પગ અવશ્ય કાપી નાખીશ, પછી તમો સર્વેને શૂળીએ ચઢાવીશ.

قَالُوۡۤا اِنَّاۤ اِلٰى رَبِّنَا مُنۡقَلِبُوۡنَ ﴿۱۲۵﴾

(૧૨૫) તેમણે કહ્યું કે અમે તો ખચીતજ અમારા પરવરદિગાર તરફ પાછા રજૂ થઇએ છીએ.

وَمَا تَنۡقِمُ مِنَّاۤ اِلَّاۤ اَنۡ اٰمَنَّا بِاٰيٰتِ رَبِّنَا لَمَّا جَآءَتۡنَا ؕ رَبَّنَاۤ

اَفۡرِغۡ عَلَيۡنَا صَبۡرًا وَّتَوَفَّنَا مُسۡلِمِيۡنَ ﴿۱۲۶﴾

(૧૨૬) અને તું અમારાથી માત્ર એટલી વાત પર વેર લેવા ચાહે છે કે અમે અમારા પરવરદિગારની નિશાનીઓ પર ઇમાન લઇ આવ્યા છીએ કે જે (પ્રત્યક્ષ રીતે) અમારી પાસે આવી (ચૂકી છે); અય અમારા પરવરદિગાર ! તું અમને (અસાધારણ) ધૈર્ય અર્પણ કર, અને અમારો અંત ઇસ્લામ ઉપરજ લાવજે.

وَقَالَ الْمَلَاُ مِنْ قَوْمِ فِرْعَوْنَ اَتَذَرُ مُوْسٰى وَقَوْمَهٗ لِيُفْسِدُوْا فِي الْاَرْضِ وَيَذَرَكَ وَاٰلِهَتَكَ ط قَالَ سَنُقَتِّلُ اَبْنَآءَهُمْ وَنَسْتَحْيٖ نِسَآءَهُمْ ج وَاِنَّا فَوْقَهُمْ قٰهِرُوْنَ ﴿۱۲۷﴾

(૧૨૭) અને ફિરઔનની કૌમના આગેવાનોએ (તેને) કહ્યું કે શું તું મૂસા તથા તેની કૌમને છોડી દેશે કે તે (આખા) દેશમાં ફસાદ ફેલાવે અને તને તથા તારા માઅબૂદોને ત્યજી દે? (ફિરઔને) કહ્યું અમે ટૂંક વખતમાં તેમના પુત્રોને મારી નાખીશું અને તેમની પુત્રીઓને (કનીઝો બનાવવા મટે) જીવતી રહેવા દઇશું, અને નિઃસંશય આપણેજ તેમના પર સત્તાવાન છીએ.

قَالَ مُوْسٰى لِقَوْمِهِ اسْتَعِيْنُوْا بِاللّٰهِ وَاصْبِرُوْا ۚ اِنَّ الْاَرْضَ لِلّٰهِ ۙ يُوْرِثُهَا مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ﴿۱۲۸﴾

(૧૨૮) મૂસાએ પોતાની કૌમને ફરમાવ્યું કે તમે અલ્લાહ પાસે મદદ માંગો અને ધીરજ રાખો;

બેશક આ સર્વ ભૂમિ અલ્લાહની જ છે, તે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને તેનો વારસ બનાવે છે; અને (ઉત્તમ) પરિણામ પરહેઝગારો માટેજ છે.

قَالُوْٓا اُوْذِيْنَا مِنْ قَبْلِ اَنْ تَاْتِيَنَا وَمِنْۢ بَعْدِ مَا جِئْتَنَا ؕ قَالَ
عَسٰى رَبُّكُمْ اَنْ يُّهْلِكَ عَدُوَّكُمْ وَيَسْتَخْلِفَكُمْ فِى الْاَرْضِ
فَيَنْظُرَ كَيْفَ تَعْمَلُوْنَ ۠﴿۱۲۹﴾

(૧૨૯) (બની ઇસરાઇલ) બોલ્યા કે અમોએ તો તારા આવવા પહેલાં પણ (ઘણાં) સંકટો સહ્યાં છે અને તારા આવવા પછી પણ; (મૂસાએ) ફરમાવ્યું સંભવિત છે કે તમારો પરવરદિગાર તમારા દુશ્મનોનો નાશ કરી નાખે અને તમને આ ભૂમિમાં

તેમના સ્થાને ઉત્તરાધિકારી બનાવી દે, પછી જુએ કે તમે કેવાં કાર્યો કરો છો.

وَلَقَدۡ اَخَذۡنَاۤ اٰلَ فِرۡعَوۡنَ بِالسِّنِيۡنَ وَنَقۡصٍ مِّنَ الثَّمَرٰتِ لَعَلَّهُمۡ يَذَّكَّرُوۡنَ ﴿۱۳۰﴾

(૧૩0) અને બેશક અમોએ ફિરઔનવાળાઓને (પ્રથમ) દુકાળ તથા ફળ (ફળાદિ)ની નુકસાનીમાં સપડાવ્યા કે કદાચને તેઓ ચેતે.

فَاِذَا جَآءَتۡهُمُ الۡحَسَنَةُ قَالُوۡا لَنَا هٰذِهٖ‌ ۚ وَاِنۡ تُصِبۡهُمۡ سَيِّئَةٌ يَّطَّيَّرُوۡا بِمُوۡسٰى وَمَنۡ مَّعَهٗ‌ ؕ اَلَاۤ اِنَّمَا طٰٓـئِرُهُمۡ عِنۡدَ اللّٰهِ وَلٰـكِنَّ اَكۡثَرَهُمۡ لَا يَعۡلَمُوۡنَ ﴿۱۳۱﴾

(૧૩૧) (પણ) પછી જ્યારે તેમને લાભ થતો ત્યારે તેઓ કહેતા કે આ તો અમારો હક છે; અને અગર તેમને કોઇ દુઃખ પહોંચતું તો તેને મૂસા તથા તેના સાથીઓની પનોતી ગણી કાઢતા; ખબરદાર રહો કે તેમની પનોતી માત્ર અલ્લાહ તરફથી જ છે પણ તેઓ માંહેના ઘણા ખરા જાણતા નથી.

وَقَالُوْا مَهْمَا تَأْتِنَا بِهٖ مِنْ اٰيَةٍ لِّتَسْحَرَنَا بِهَا ۙ فَمَا نَحْنُ لَكَ بِمُؤْمِنِيْنَ ﴿۱۳۲﴾

(૧૩૨) અને તેમણે કહ્યું કે જો તું ગમે તેવી નિશાની અમારી પાસે લઇ આવે કે જે વડે અમારા પર જાદુ કરે તો પણ અમે તો તારા પર કદી પણ ઇમાન લાવીશું નહિ.

فَاَرۡسَلۡنَا عَلَيۡهِمُ الطُّوۡفَانَ وَالۡجَـرَادَ وَالۡقُمَّلَ وَالضَّفَادِعَ وَالدَّمَ اٰيٰتٍ مُّفَصَّلٰتٍ فَاسۡتَكۡبَرُوۡا وَكَانُوۡا قَوۡمًا مُّجۡرِمِيۡنَ ﴿۱۳۳﴾

(૧૩૩) જેથી અમોએ તેમના પર તોફાન મોકલ્યું અને તીડો તથા જૂંઓ તથા દેડકાં તથા લોહી (નું તોફાન મોકલ્યું), આ (દરેક અમારી કુદરતની) પ્રત્યક્ષ નિશાનીઓ હતી; છતાપણ તેઓ અભિમાની જ રહ્યા અને (ખરેજ) તેઓ પાપી લોકો હતા.

وَلَمَّا وَقَعَ عَلَيۡهِمُ الرِّجۡزُ قَالُوۡا يٰمُوۡسَى ادۡعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ
عِنۡدَكَ ۚ لَئِنۡ كَشَفۡتَ عَنَّا الرِّجۡزَ لَنُؤۡمِنَنَّ لَكَ وَلَنُرۡسِلَنَّ
مَعَكَ بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ ﴿۱۳۴﴾

(૧૩૪) અને જ્યારે તેમના પર કોઇ અઝાબ આવતો ત્યારે કહેતા કે અય મૂસા! અમારા માટે તારા પરવરદિગારે તારી સાથે જે વાયદો કર્યો છે તે પ્રમાણે તેની પાસે અમારા માટે દુઆ માંગ; અગર તું અમારા ઉપરથી આ અઝાબને ટાળી દેશે તો અમે ખચીતજ તારા પર ઇમાન લાવીશું અને બની ઇસરાઇલને પણ તારી સાથે જરૂર મોકલી દઇશું.

فَلَمَّا كَشَفۡنَا عَنۡهُمُ الرِّجۡزَ اِلٰٓى اَجَلٍ هُمۡ بٰلِغُوۡهُ اِذَا هُمۡ يَنۡكُثُوۡنَ ﴿۱۳۵﴾

(૧૩૫) પછી જ્યારે અમે તેમના પર અઝાબને એક મુદ્દત માટે ઉઠાવી લેતા ત્યારે એ મુદ્દત પૂરી થતાં પહેલાંજ તેઓ પાછું વચનભંગ કરતા.

فَانۡتَقَمۡنَا مِنۡهُمۡ فَاَغۡرَقۡنٰهُمۡ فِى الۡيَمِّ بِاَنَّهُمۡ كَذَّبُوۡا بِاٰيٰتِنَا وَكَانُوۡا عَنۡهَا غٰفِلِيۡنَ ﴿۱۳۶﴾

(૧૩૬) છેવટે અમોએ તેમનાથી (પૂરેપૂરૂં) વેર લીધું અને તેમને સમુદ્રમાં ડુબાડી દીધા, એ માટે કે તેઓ અમારી આયતોને જૂઠલાવ્યા કરતા હતા અને તેનાથી તેઓ બેદરકાર રહેતા હતા.

وَاَوۡرَثۡنَا الۡقَوۡمَ الَّذِيۡنَ كَانُوۡا يُسۡتَضۡعَفُوۡنَ مَشَارِقَ الۡاَرۡضِ
وَمَغَارِبَهَا الَّتِىۡ بٰرَكۡنَا فِيۡهَا ‌ؕ وَتَمَّتۡ كَلِمَتُ رَبِّكَ الۡحُسۡنٰى عَلٰى
بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ ۙ بِمَا صَبَرُوۡا ‌ؕ وَدَمَّرۡنَا مَا كَانَ يَصۡنَعُ فِرۡعَوۡنُ
وَقَوۡمُهٗ وَمَا كَانُوۡا يَعۡرِشُوۡنَ ﴿۱۳۷﴾

(૧૩૭) અને અમોએ તે કૌમને કે જે કમજોર ગણવામાં આવતી હતી તેને તે ભૂમિ કે જને અમોએ (ફળદ્રુપતા માટે) બરકત વાળી બનાવી હતી તેના પૂર્વ તથા પશ્ચિમના વારસ બનાવ્યા; અને (આવી રીતે) બની ઇસરાઇલના સંબંધમાં તેમના ધૈર્યના કારણે તારા પરવરદિગારનો (સાચો અને) ઉત્તમ વાયદો પૂરો થઇ ગયો; અને ફિરઔન

તથા તેની કૌમે જે જે કારીગરી કરી હતી તેનો તથા જે જે (મોટી ઇમારતો) તેઓ બાંધતા હતા તે સર્વેનો અમોએ સદંતર નાશ કરી નાખ્યો.

وَجٰوَزۡنَا بِبَنِيۡۤ اِسۡرَآءِيۡلَ الۡبَحۡرَ فَاَتَوۡا عَلٰى قَوۡمٍ يَّعۡكُفُوۡنَ عَلٰٓى
اَصۡنَامٍ لَّهُمۡ‌ ۚ قَالُوۡا يٰمُوۡسَى اجۡعَلْ لَّنَاۤ اِلٰهًا كَمَا لَهُمۡ اٰلِهَةٌ‌ ؕ
قَالَ اِنَّكُمۡ قَوۡمٌ تَجۡهَلُوۡنَ ۝١٣٨

(૧૩૮) અને અમે બની ઇસરાઇલને સમુદ્ર પાર પહોંચાડી દીધા; પછી તેઓ એક એવી કોમ પાસે પહોંચ્યા કે જે પોતાની મૂર્તિઓની પૂજામાં રોકાયેલા હતા. (એ દેખી તેઓ) બોલ્યા કે અય મૂસા! અમારા માટે પણ એક એવોજ માઅબૂદ

બનાવી આપ જેવા કે આ લોકો પાસે માઅબૂદો છે. (મૂસાએ) કહ્યું નિઃસંશય તમે અજ્ઞાની લોકો છો.

إِنَّ هَٰٓؤُلَآءِ مُتَبَّرٌ مَّا هُمْ فِيهِ وَبَٰطِلٌ مَّا كَانُوا۟ يَعْمَلُونَ ﴿١٣٩﴾

(૧૩૯) બેશક આ લોકો જે (ધર્મ)માં રચ્યા પચ્યા રહે છે તે અવશ્ય નાશ પામનાર છે અને જે કાર્યો તેઓ કરે છે તે એળે જશે.

قَالَ أَغَيْرَ ٱللَّهِ أَبْغِيكُمْ إِلَٰهًا وَهُوَ فَضَّلَكُمْ عَلَى ٱلْعَٰلَمِينَ ﴿١٤٠﴾

(૧૪૦) (વળી) તેણે કહ્યું શું હું તમારા માટે અલ્લાહના સિવાય બીજો માઅબૂદ શોધી આપું જ્યારે કે તેણેજ તમને સઘળી દુનિયા પર શ્રેષ્ઠતા આપી છે?

وَاِذۡ اَنۡجَيۡنٰكُمۡ مِّنۡ اٰلِ فِرۡعَوۡنَ يَسُوۡمُوۡنَكُمۡ سُوۡٓءَ الۡعَذَابِ ۚ
يُقَتِّلُوۡنَ اَبۡنَآءَكُمۡ وَيَسۡتَحۡيُوۡنَ نِسَآءَكُمۡ ‌ؕ وَفِىۡ ذٰلِكُمۡ بَلَاۤءٌ
مِّنۡ رَّبِّكُمۡ عَظِيۡمٌ ﴿۱۴۱﴾

(૧૪૧) અને (તે સમયને યાદ કરો) જ્યારે કે અમોએ તમને ફિરઔનીઓ (ના હાથમાં)થી છુટકારો આપ્યો કે જેઓ તમને સખતમાં સખત દુઃખ આપતા હતા, તમારા છોકરાઓને મારી નાખતા તથા તમારી છોકરીઓને (કનીઝો બનાવવા માટે) જીવતી રહેવા દેતા; અને તેમાં તમારા પરવરદિગાર તરફની તમારા માટે ઘણી સખત કસોટી હતી.

وَوٰعَدۡنَا مُوۡسٰى ثَلٰثِيۡنَ لَيۡلَةً وَّاَتۡمَمۡنٰهَا بِعَشۡرٍ فَتَمَّ مِيۡقَاتُ
رَبِّهٖۤ اَرۡبَعِيۡنَ لَيۡلَةً ۚ وَقَالَ مُوۡسٰى لِاَخِيۡهِ هٰرُوۡنَ اخۡلُفۡنِىۡ فِىۡ
قَوۡمِىۡ وَاَصۡلِحۡ وَلَا تَتَّبِعۡ سَبِيۡلَ الۡمُفۡسِدِيۡنَ ﴿۱۴۲﴾

(૧૪૨) અને અમોએ મૂસાને (તૌરેત આપવા માટે) ત્રીસ રાત્રિઓની મુદ્દત નક્કી કરી હતી અને (પછી) એક દાયકો ઉમેરી તે (મુદ્દત) પૂરી કરી, જેથી તેના પરવરદિગારે નક્કી કરેલી મુદ્દત ચાલીસ રાત્રિઓમાં પૂરી થઇ ગઇ અને (તૂર પર જતી વખતે) મૂસાએ પોતાના ભાઇ હારૂનને કહ્યું કે તું મારી કોમમાં મારો પ્રતિનિધિ બનીને (લોકોની)

સુધારણા કરતો રહેજે અને ફસાદખોરોના માર્ગને અનુસરજે નહિ.

وَلَمَّا جَآءَ مُوْسٰى لِمِيْقَاتِنَا وَكَلَّمَهٗ رَبُّهٗ ۙ قَالَ رَبِّ اَرِنِيْٓ اَنْظُرْ

اِلَيْكَ ؕ قَالَ لَنْ تَرٰىنِيْ وَلٰكِنِ انْظُرْ اِلَى الْجَبَلِ فَاِنِ اسْتَقَرَّ

مَكَانَهٗ فَسَوْفَ تَرٰىنِيْ ۚ فَلَمَّا تَجَلّٰى رَبُّهٗ لِلْجَبَلِ جَعَلَهٗ دَكًّا وَّخَرَّ

مُوْسٰى صَعِقًا ۚ فَلَمَّآ اَفَاقَ قَالَ سُبْحٰنَكَ تُبْتُ اِلَيْكَ وَاَنَا اَوَّلُ

الْمُؤْمِنِيْنَ ﴿۱۴۳﴾

(૧૪૩) અને જ્યારે મૂસા અમારા નક્કી કરેલા સમયે (સીના પર્વત પર) આવ્યો અને (ત્યાં) તેના પરવરદિગારે તેની સાથે વાતો કરી ત્યારે (મૂસાએ) વિનંતી કરી કે અય મારા પરવરદિગાર ! તું મને

(તારા સાક્ષાત) દર્શન આપ કે જેથી હું તને (પ્રત્યક્ષ આંખોએ) જોઇ લઉં. (આથી અલ્લાહે) ફરમાવ્યું કે તું મને હરગિજ જોઇ શકશે નહિ, પરંતુ આ પહાડ (ના શિખર) તરફ દ્રષ્ટિ નાખ; પછી અગર તે પોતાના સ્થાને કાયમ રહે તો તું પણ મને જોઇ શકશે, પછી જ્યારે તેના પરવરદિગારે પહાડ (ના શિખર) પર પોતાના નૂરનો પ્રકાશ નાખ્યો તો તેના કટકે કટકા કરી નાખ્યા અને મૂસા (ત્યાંજ) બેભાન થઇ (ઢળી) પડ્યોઃ પછી જ્યારે શુદ્ધિમાં આવ્યો ત્યારે કહેવા લાગ્યો કે (અય મારા પરવરદિગાર!) પાક છે તારી જાત, હું તારી સમક્ષ

તૌબા કરૂં છું અને હું સૌથી પહેલો ઇમાન લાવનારાઓ માંહેનો છું.

قَالَ يٰمُوۡسٰۤى اِنِّىۡ اصۡطَفَيۡتُكَ عَلَى النَّاسِ بِرِسٰلٰتِىۡ وَبِكَلَامِىۡ ۖ فَخُذۡ مَاۤ اٰتَيۡتُكَ وَكُنۡ مِّنَ الشّٰكِرِيۡنَ ﴿۱۴۴﴾

(૧૪૪) ફરમાવ્યું, અય મૂસા ! બેશક મેં તને મારી રિસાલત (સંદેશા) તથા મારા કલામ માટે સઘળા લોકો પર ચૂંટી કાઢ્યો છે, માટે જે કાંઇ મેં તને આપ્યું છે તે (દ્રઢતાથી) લે અને (તે બદલ મારો) આભાર માનનારાઓ માંહેનો થા.

وَكَتَبْنَا لَهٗ فِی الْاَلْوَاحِ مِنْ كُلِّ شَیْءٍ مَّوْعِظَةً وَّتَفْصِيْلًا لِّكُلِّ
شَیْءٍ ۚ فَخُذْهَا بِقُوَّةٍ وَّاْمُرْ قَوْمَكَ يَاْخُذُوْا بِاَحْسَنِهَا ؕ
سَاُورِيْكُمْ دَارَ الْفٰسِقِيْنَ ﴿١٤٥﴾

(૧૪૫) અને અમોએ તેના માટે તે (તૌરેતની તખ્તીઓ)માં દરેક વસ્તુઓ વિષે વિગતવાર બોધ અને નિર્ણય લખી દીધાં હતાં; (અને હુકમ આપ્યો હતો કે અય મૂસા !) આ (તૌરેત)ને દ્રઢતાથી પકડી લે અને તારી કૌમને આજ્ઞા કર કે તે માંહેની સારી સારી વાતો ગ્રહણ કરે, ટૂંક વખતમાં હું તમને નાફરમાનોનું સ્થાન દેખાડી દઇશ.

سَاَصۡرِفُ عَنۡ اٰيٰتِیَ الَّذِيۡنَ يَتَكَبَّرُوۡنَ فِى الۡاَرۡضِ بِغَيۡرِ الۡحَقِّ ؕ
وَاِنۡ يَّرَوۡا كُلَّ اٰيَةٍ لَّا يُؤۡمِنُوۡا بِهَا ۚ وَاِنۡ يَّرَوۡا سَبِيۡلَ الرُّشۡدِ لَا
يَتَّخِذُوۡهُ سَبِيۡلًا ۚ وَاِنۡ يَّرَوۡا سَبِيۡلَ الۡغَىِّ يَتَّخِذُوۡهُ سَبِيۡلًا ؕ
ذٰلِكَ بِاَنَّهُمۡ كَذَّبُوۡا بِاٰيٰتِنَا وَكَانُوۡا عَنۡهَا غٰفِلِيۡنَ ﴿۱۴۶﴾

(૧૪૬) હું ટૂંક સમયમાં તે લોકો કે જેઓ પૃથ્વી પર નાહક અભિમાન કર્યા કરે છે તેમને મારી આયતો (ને સમજવા)થી અળગા રાખી દઇશ; અને જો તેઓ દરેક નિશાની જોઇ લેશે તો પણ તેના પર ઇમાન લાવશે નહિ. અને (એજ પ્રમાણે) કદાચને તેઓ નેકીનો માર્ગ (પણ) જોઇ લેશે તો પણ તેને પોતાનો માર્ગ બનાવશે નહિ. અને જો તેઓ

ગુમરાહીનો માર્ગ જોશે તો તેને (અવશ્ય) પોતાનો માર્ગ બનાવી લેશે; આ (શિક્ષા) એ માટે કે તેમણે અમારી નિશાનીઓ જૂઠલાવી હતી અને તેનાથી બેદરકાર રહ્યા હતા.

وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَلِقَآءِ الْاٰخِرَةِ حَبِطَتْ اَعْمَالُهُمْ ؕ هَلْ
يُجْزَوْنَ اِلَّا مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٤٧﴾

(૧૪૭) અને જે લોકો અમારી નિશાનીઓ તથા આખેરતની મુલાકાતને જૂઠલાવે છે તેમના કર્મો રદ થઇ જશે; શું તેમને તેઓ જે કર્મો કર્યા કરતા હતા તેના સિવાય બીજો કોઇ બદલો આપવામાં આવશે?

وَاتَّخَذَ قَوْمُ مُوْسٰى مِنْۢ بَعْدِهٖ مِنْ حُلِيِّهِمْ عِجْلًا جَسَدًا لَّهٗ
خُوَارٌ ؕ اَلَمْ يَرَوْا اَنَّهٗ لَا يُكَلِّمُهُمْ وَلَا يَهْدِيْهِمْ سَبِيْلًا ۘ
اِتَّخَذُوْهُ وَكَانُوْا ظٰلِمِيْنَ ﴿١٤٨﴾

(૧૪૮) અને મૂસાની કોમે તેની ગેરહાજરીમાં પોતાના ઘરેણાંઓમાંથી એક વાછરડાની આકૃતિ બનાવી, જેનો અવાઝ ગાયના (અવાઝ) જેવો હતો. શું તેઓ એટલુંએ સમજતા ન હતા કે તે (વાછરડું) ન તેમની સાથે વાત કરતું હતું અને ન તેમને કોઇ (પ્રકારનો) માર્ગ દેખાડતું હતે ? (છતાંપણ) તેઓ તેને પૂજવા લાગ્યા અને તેમાં તેઓ ઝાલિમ હતા.

وَلَمَّا سُقِطَ فِيۡۤ اَيۡدِيۡهِمۡ وَرَاَوۡا اَنَّهُمۡ قَدۡ ضَلُّوۡا ۙ قَالُوۡا لَئِنۡ لَّمۡ
يَرۡحَمۡنَا رَبُّنَا وَيَغۡفِرۡ لَنَا لَنَكُوۡنَنَّ مِنَ الۡخٰسِرِيۡنَ ﴿۱۴۹﴾

(૧૪૯) અને જ્યારે તેઓ હદ ઉપરાંત (પોતાના આ કૃત્યથી) શરમીંદા થયા અને સમજી ગયા કે તેઓ ગુમરાહ થઇ ગયા હતા ત્યારે તેમણે અરજ કરી કે જો અમારો પરવરદિગાર અમારા પર કૃપા નહિ કરે અને અમારા ગુનાહ માફ નહિ કરે તો અમે ખચીતજ હાનિ ભોગવાનારાઓ માંહેના થઇ જઇશું.

وَلَمَّا رَجَعَ مُوۡسٰۤى اِلٰى قَوۡمِهٖ غَضۡبَانَ اَسِفًا ۙ قَالَ بِئۡسَمَا
خَلَفۡتُمُوۡنِىۡ مِنۡۢ بَعۡدِىۡ ۚ اَعَجِلۡتُمۡ اَمۡرَ رَبِّكُمۡ ۚ وَاَلۡقَى الۡاَلۡوَاحَ

وَاَخَذَ بِرَاْسِ اَخِيْهِ يَجُرُّهٗۤ اِلَيْهِ ؕ قَالَ ابْنَ اُمَّ اِنَّ الْقَوْمَ
اسْتَضْعَفُوْنِيْ وَكَادُوْا يَقْتُلُوْنَنِيْ ۖ فَلَا تُشْمِتْ بِيَ الْاَعْدَآءَ وَلَا
تَجْعَلْنِيْ مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿١٥٠﴾

(૧૫૦)અને જ્યારે મૂસા પોતાની કોમ તરફ અતિ ક્રોધાવેશ અને અફસોસ કરતો પાછો ફર્યો ત્યારે કહ્યું કે તમોએ મારી ગેરહાજરીમાં ખરેજ એક દુષ્ટ વર્તન ચલાવ્યું છે; શું તમોએ તમારા પરવરદિગારના હુકમથી મોંઢું ફેરવી લેવામાં ઉતાવળ કરી? અને (ક્રોધથી) તખ્તીઓ ફેંકી દીધી અને પોતાના ભાઇ હારૂનનું માથું પકડી પોતાની તરફ ખેંચવા લાગ્યો. (ત્યારે) તેણે અરજ કરી કે

અય મારા માજાયા (ભાઇ) ! ખરેજ કોમવાળાઓએ મને અશક્ત સમજ્યો અને મને મારી નાખવાની અણી ઉપર હતા, માટે તું મારા પર મારા શત્રુઓને ન હસાવ અને ઝુલમગારો સાથે મારી ગણના કર નહિ.

قَالَ رَبِّ اغْفِرْ لِي وَلِأَخِي وَأَدْخِلْنَا فِي رَحْمَتِكَ ۖ وَأَنْتَ أَرْحَمُ الرَّاحِمِينَ ﴿١٥١﴾

(૧૫૧) (મૂસાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર ! તું મને તથા મારા ભાઇને માફ કરી દે અને અમો બન્નેને તારી રહેમતમાં દાખલ કરી લે, અને તું જ ઉત્તમ રહેમ કરનારો છે.

إِنَّ الَّذِينَ اتَّخَذُوا الْعِجْلَ سَيَنَالُهُمْ غَضَبٌ مِّن رَّبِّهِمْ وَذِلَّةٌ
فِي الْحَيَوٰةِ الدُّنْيَا ۚ وَكَذَٰلِكَ نَجْزِي الْمُفْتَرِينَ ﴿١٥٢﴾

(૧૫૨) નિઃસંશય જે લોકોએ વાછરડાને પૂજ્યો તેમના પર તેમના પરવરદિગાર તરફથી ટૂંક સમયમાં અઝાબ આવી પડશે અને આલોકના જીવનમાં જ તેમને હીણપત મળશે; અને અમે અસત્ય વાતો ઘડી કાઢનારાઓને એવોજ બદલો આપ્યા કરીએ છીએ.

وَالَّذِينَ عَمِلُوا السَّيِّئَاتِ ثُمَّ تَابُوا مِن بَعْدِهَا وَآمَنُوا إِنَّ
رَبَّكَ مِن بَعْدِهَا لَغَفُورٌ رَّحِيمٌ ﴿١٥٣﴾

(૧૫૩) અને જે લોકોએ અપકૃત્યો કર્યા, ત્યાર બાદ તેમણે તૌબા કરી લીધી અને ઇમાન લઇ આવ્યા, તો બેશક તારો પરવરદિગાર તે (પશ્ચાતાપ કરી લીધા) બાદ મોટો ક્ષમા કરનાર (અને) દયાળુ છે.

وَلَمَّا سَكَتَ عَنۡ مُّوۡسَى الۡغَضَبُ اَخَذَ الۡاَلۡوَاحَ ۖۚ وَفِىۡ نُسۡخَتِهَا
هُدًى وَّرَحۡمَةٌ لِّلَّذِيۡنَ هُمۡ لِرَبِّهِمۡ يَرۡهَبُوۡنَ ﴿۱۵۴﴾

(૧૫૪) અને જ્યારે મૂસાનો ક્રોધ ઉતરી ગયો ત્યારે તેણે તખ્તીઓ ઊંચકી લીધી, અને તેની પ્રતોમાં તે લોકો માટે કે જેઓ તેમના પરવરદિગારથી ડરતા રહે છે હિદાયત અને રહેમત હતી.

وَاخۡتَارَ مُوۡسٰى قَوۡمَهٗ سَبۡعِيۡنَ رَجُلًا لِّمِيۡقَاتِنَا‌ ۚ فَلَمَّاۤ
اَخَذَتۡهُمُ الرَّجۡفَةُ قَالَ رَبِّ لَوۡ شِئۡتَ اَهۡلَكۡتَهُمۡ مِّنۡ قَبۡلُ
وَاِيَّاىَ‌ ؕ اَتُهۡلِكُنَا بِمَا فَعَلَ السُّفَهَآءُ مِنَّا‌ ۚ اِنۡ هِىَ اِلَّا
فِتۡنَتُكَ ؕ تُضِلُّ بِهَا مَنۡ تَشَآءُ وَتَهۡدِىۡ مَنۡ تَشَآءُ‌ ؕ اَنۡتَ وَلِيُّنَا
فَاغۡفِرۡ لَنَا وَارۡحَمۡنَا‌ وَاَنۡتَ خَيۡرُ الۡغٰفِرِيۡنَ‏ ﴿۱۵۵﴾

(૧૫૫) અને મૂસાએ પોતાની કોમમાંથી સિત્તેર માણસો અમારી મુલાકાતના ઠરાવેલા વખત માટે ચૂંટી કાઢ્યા; પછી જ્યારે તેમને ધરતીકંપે પકડી લીધા ત્યારે (મૂસાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! અગર તું ચાહતે તો તેમને તથા મને પ્રથમથી જ હલાક કરી નાખતે; શું તું અમને

તે કૃત્યો બદલ હલાક કરે છે કે જે અમારામાંથી કેટલાક મૂર્ખાઓએ કર્યા છે ? એ તો તારા તરફની (એક) કસોટી છે; તે વડે તું જેને ચાહે છે ગુમરાહ કરે છે અને જેને ચાહે છે હિદાયત આપે છે; તુંજ અમારો માલિક છે માટે તું અમને માફ કરી દે, અને અમારા પર દયા કર, અને તું ઉત્તમ ક્ષમા કરનાર છે.

وَاكْتُبْ لَنَا فِيْ هٰذِهِ الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ اِنَّا هُدْنَآ
اِلَيْكَ ؕ قَالَ عَذَابِيْٓ اُصِيْبُ بِهٖ مَنْ اَشَآءُ ۚ وَرَحْمَتِيْ وَسِعَتْ
كُلَّ شَيْءٍ ؕ فَسَاَكْتُبُهَا لِلَّذِيْنَ يَتَّقُوْنَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ
وَالَّذِيْنَ هُمْ بِاٰيٰتِنَا يُؤْمِنُوْنَ ۝١٥٦

(૧૫૬) અને આ જગતમાં અમારા માટે નેકી નિર્માણ કર અને આખેરતમાં પણ; ખરેજ અમે તારી તરફ રજૂ થઇએ છીએ; (અલ્લાહે) ફરમાવ્યું કે હું મારા અઝાબથી જેને ચાહું છું પકડી લઉં છું અને મારી રહેમત દરેક વસ્તુને આવરી લે જેથી હું ટૂંક સમયમાં (ખાસ કરીને) તે લોકો માટે કે જેઓ ડરતા રહે છે અને ઝકાત આપતા રહે છે અને તેમના માટે કે જેઓ અમારી આયતો પર ઇમાન રાખે છે તેઓ માટે (રહેમત) મૂકર્રર કરીશ.

اَلَّذِيْنَ يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِيَّ الْاُمِّيَّ الَّذِىْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِي التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ ۫ يَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ

وَيَنْهٰىهُمْ عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ
الْخَبٰٓئِثَ وَيَضَعُ عَنْهُمْ اِصْرَهُمْ وَالْاَغْلٰلَ الَّتِيْ كَانَتْ
عَلَيْهِمْ ؕ فَالَّذِيْنَ اٰمَنُوْا بِهٖ وَعَزَّرُوْهُ وَنَصَرُوْهُ وَاتَّبَعُوا النُّوْرَ
الَّذِيْٓ اُنْزِلَ مَعَهٗٓ ۙ اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿١٥٧﴾

(૧૫૭) (અને) તે લોકો (માટે પણ) કે જેઓ રસૂલની તાબેદારી કરે છે (યાને) તે ઉમ્મી નબીની કે જેનું વર્ણન તેમણે પોતાની પાસેની તૌરેત તથા ઇન્જીલમાં લખેલું જોઇ લીધું છે, (અને જે) તેમને નેકીની આજ્ઞા કરે છે તથા બદીની મનાઇ કરે છે, તથા પવિત્ર વસ્તુઓ તેમના માટે હલાલ અને નાપાક વસ્તુઓ તેમના માટે હરામ ઠરાવે છે

અને તેમના ગુનાહોનો બોજો તથા તે બેડીઓ કે જે તેમના ગળામાં પડી હતી દૂર કરે છે; માટે જે લોકો તેના પર ઇમાન લાવ્યા અને જેમણે તેની ઇજ્જત કરી અને તેની સહાય કરી અને તેની સાથે સાથે ઉતરેલા નૂર (કુરઆન)ની તાબેદારી કરી તેઓજ (સંપૂર્ણ) સફળતા મેળવનારા છે.

قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنِّىْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعًا الَّذِىْ لَهٗ مُلْكُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ يُحْيٖ وَيُمِيْتُ ۖ فَاٰمِنُوْا
بِاللّٰهِ وَرَسُوْلِهِ النَّبِيِّ الْاُمِّيِّ الَّذِىْ يُؤْمِنُ بِاللّٰهِ وَكَلِمٰتِهٖ
وَاتَّبِعُوْهُ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿١٥٨﴾

(૧૫૮) (અય રસૂલ!) તું કહે કે અય લોકો ! હું તમો સર્વની તરફ અલ્લાહનો સંદેશો લાવનારો (રસૂલ) છું, -એજ અલ્લાહ કે જેની સત્તા આકાશોમાં પણ છે અને પૃથ્વીમાં પણ, તેના સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી, એજ સજીવન કરે છે અને એજ મારે છે, -માટે તમે અલ્લાહ પર તથા તેના રસૂલ (યાને) ઉમ્મી નબી પર ઇમાન લાવો કે જેઓ અલ્લાહ તથા તેના બોલો પર ઇમાન રાખે છે અને તેનીજ તાબેદારી કરો કે કદાચને તમે પણ સન્માર્ગ મેળવો.

وَمِنۡ قَوۡمِ مُوۡسٰٓى اُمَّةٌ يَّهۡدُوۡنَ بِالۡحَـقِّ وَبِهٖ يَعۡدِلُوۡنَ ﴿۱۵۹﴾

(૧૫૯) અને મૂસાની કોમમાંથી એક સમૂહ એવા (લોકો)નો હતો કે જે સત્ય તરફ હિદાયત કરતા અને તેજ વડે ન્યાય કરતા હતા.

وَقَطَّعۡنٰهُمُ اثۡنَتَیۡ عَشۡرَةَ اَسۡبَاطًا اُمَمًا ؕ وَاَوۡحَیۡنَاۤ اِلٰی مُوۡسٰۤی
اِذِ اسۡتَسۡقٰىهُ قَوۡمُهٗۤ اَنِ اضۡرِبۡ بِّعَصَاكَ الۡحَجَرَ ۚ فَانۡۢبَجَسَتۡ
مِنۡهُ اثۡنَتَا عَشۡرَةَ عَیۡنًا ؕ قَدۡ عَلِمَ كُلُّ اُنَاسٍ مَّشۡرَبَهُمۡ ؕ
وَظَلَّلۡنَا عَلَیۡهِمُ الۡغَمَامَ وَاَنۡزَلۡنَا عَلَیۡهِمُ الۡمَنَّ وَالسَّلۡوٰی ؕ
كُلُوۡا مِنۡ طَیِّبٰتِ مَا رَزَقۡنٰكُمۡ ؕ وَمَا ظَلَمُوۡنَا وَلٰكِنۡ كَانُوۡۤا
اَنۡفُسَهُمۡ یَظۡلِمُوۡنَ ﴿۱۶۰﴾

(૧૬૦) અને અમોએ તે (મૂસાની કોમ)ના કુટુંબોને બાર કબીલાઓમાં વહેંચી નાખ્યા અને મૂસાની પાસે જ્યારે તેની કોમે પાણી માંગ્યું ત્યારે અમોએ વહી કરી કે તું તારી લાઠીને પથ્થર પર માર, જેથી (તેમ કરતાં) તેમાંથી બાર ઝરણાં વહી નીકળ્યાં, દરેક ટોળાએ પોતપોતાની પીવાની જગ્યાને સારી પેઠે ઓળખી લીધી; અને અમોએ તેમના પર વાદળાઓથી છાંયડો કર્યો અને તેમના પર મન્ન તથા સલ્વા ઉતાર્યા; (અને આજ્ઞા કરી કે) જે પાક વસ્તુઓ અમોએ તમને આપી છે તેમાંથી ખાઓ પીઓ. અને તેઓ (નાફરમાની કરીને) અમારૂં કાંઇ

બગાડી શક્યા નહી પણ તેમણે ખરેખર પોતાના જીવ પર ઝુલ્મ કર્યો.

وَإِذۡ قِيلَ لَهُمُ ٱسۡكُنُواْ هَٰذِهِ ٱلۡقَرۡيَةَ وَكُلُواْ مِنۡهَا حَيۡثُ شِئۡتُمۡ وَقُولُواْ حِطَّةٞ وَٱدۡخُلُواْ ٱلۡبَابَ سُجَّدٗا نَّغۡفِرۡ لَكُمۡ خَطِيٓـَٰٔتِكُمۡۚ سَنَزِيدُ ٱلۡمُحۡسِنِينَ ١٦١

(૧૬૧) અને (તે સમયને યાદ કરો) જ્યારે કે તેમને કહેવામાં આવ્યું કે આ ગામમાં વસો અને તેમાંથી તમારૂં મન જ્યાંથી ચાહે ખાઓ પીઓ અને ક્ષમા ક્ષમા બોલતા બોલતા અને સિજદો કરતા કરતા આ દરવાજામાં દાખલ થાઓ તો અમે તમારો અપરાધ માફ કરી દઇશું (અને) નેકી

કરનારાઓને અમે નજદીકમાં વધારે (ઉન્નતિ) આપીશું.

فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ قَوْلًا غَيْرَ الَّذِيْ قِيْلَ لَهُمْ
فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا يَظْلِمُوْنَ ﴿١٦٢﴾

(૧૬૨) પછી તે લોકોમાંથી કે જેઓ ઝુલમગાર હતા તેમણે જે બોલ તેમને કહેવામાં આવ્યો હતો તે બદલી નાખી જુદોજ બોલ બોલવા લાગ્યા, જેથી અમોએ પણ તેમના ઝુલ્મના કારણે તેમના પર આકાશ પરથી અઝાબ મોકલ્યો.

وَسْـَٔلْهُمْ عَنِ الْقَرْيَةِ الَّتِيْ كَانَتْ حَاضِرَةَ الْبَحْرِ ۘ اِذْ يَعْدُوْنَ
فِي السَّبْتِ اِذْ تَاْتِيْهِمْ حِيْتَانُهُمْ يَوْمَ سَبْتِهِمْ شُرَّعًا وَّيَوْمَ

لَا يَسْبِتُوْنَ ۛ لَا تَاْتِيْهِمْ ۛ كَذٰلِكَ ۛ نَبْلُوْهُمْ بِمَا كَانُوْا
يَفْسُقُوْنَ ﴿١٦٣﴾

(૧૬૩) અને (અય રસૂલ!) તેમને તે ગામની સ્થિતિ પૂછી લે કે જે સમુદ્ર કાંઠે (વસેલું) હતું; જ્યારે તે (ગામવાળા)ઓ સબ્ત (શનિવાર) પાળવાના સબંધમાં હદ બહાર જતા હતા; જ્યારે તેઓ સબ્ત પાળતા ત્યારે તેમના માટે તે દિવસે (પુષ્કળ) માછલાં પાણીની સપાટી પર આવવા લાગતા, અને જે દિવસે તેઓ સબ્ત પાળતા ન હતા ત્યારે મુદ્દલ તે (માછલાં) આવતાં ન હતાં; તેઓ નાફરમાન હોવાથી આવી રીતે અમે તેમની કસોટી કર્યા કરતા હતા.

وَاِذۡ قَالَتۡ اُمَّةٌ مِّنۡهُمۡ لِمَ تَعِظُوۡنَ قَوۡمَا ۙ اللّٰهُ مُهۡلِكُهُمۡ اَوۡ
مُعَذِّبُهُمۡ عَذَابًا شَدِيۡدًا ؕ قَالُوۡا مَعۡذِرَةً اِلٰى رَبِّكُمۡ وَلَعَلَّهُمۡ
يَتَّقُوۡنَ ﴿۱۶۴﴾

(૧૬૪) અને (તે સમયને યાદ કર) જ્યારે તેઓ માંહેના એક ટોળાએ કહ્યું કે તમે એવા લોકોને નસીહત જ શાને કરો છો કે જેમનો અલ્લાહ નાશ કરી નાખનાર અથવા તેમને સખ્ત અઝાબ આપનાર છે? ત્યારે તેમણે કહ્યું કે (અમે તો) તમારા પરવરદિગારની હજૂરમાં (અમારા પરથી) આક્ષેપ ઉતારવાના હેતુથી (નસીહત કરીએ છીએ)

અને એ માટે કે કદાચને તેઓ પરહેઝગાર બની જાય.

فَلَمَّا نَسُوْا مَا ذُكِّرُوْا بِهٖۤ اَنْجَيْنَا الَّذِيْنَ يَنْهَوْنَ عَنِ السُّوْٓءِ وَاَخَذْنَا الَّذِيْنَ ظَلَمُوْا بِعَذَابٍۭ بَئِيْسٍۭ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿١٦٥﴾

(૧૬૫) પછી જ્યારે તેમને જે (નસીહત) કરવામાં આવી હતી તે તેમણે વિસારી દીધી ત્યારે અમોએ તે લોકોને કે જેઓ બદીથી અટકાવતા હતા તેમને તો બચાવી લીધા અને જેઓ ઝુલમગાર હતા તેમની નાફરમાનીના કારણે દુષ્ટ અઝાબમાં ગિરફતાર કર્યા.

فَلَمَّا عَتَوْا عَنْ مَّا نُهُوْا عَنْهُ قُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً خٰسِـِٕيْنَ ﴿١٦٦﴾

(૧૬૬) પછી જ્યારે તેમને જે (કાર્ય)ની મનાઇ કરવામાં આવી હતી તેની અવગણના કરી ત્યારે અમોએ તેમને કહી દીધું કે (હવે તમે વસ્તીમાંથી) હડધૂત થએલા વાંદરા બની જાઓ.

وَاِذْ تَاَذَّنَ رَبُّكَ لَيَبْعَثَنَّ عَلَيْهِمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ مَنْ يَّسُوْمُهُمْ سُوْٓءَ الْعَذَابِ ؕ اِنَّ رَبَّكَ لَسَرِيْعُ الْعِقَابِ ۖۚ وَاِنَّهٗ لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٦٧﴾

(૧૬૭) અને (તે સમયને યાદ કર) જ્યારે તારા પરવરદિગારે (આ વાતથી) ખબરદાર કરી દીધા હતા કે તે તેમના પર કયામત સુધી કોઇ એવા (હાકેમો)ને જરૂર કાયમ કરતો રહેશે કે જેઓ તેમને

સખ્ત દુઃખ આપતા રહેશે; બેશક તારો પરવરદિગાર ઘણો ઝડપથી અઝાબ આપનારો છે અને બેશક તે મહા ક્ષમાવાન (અને) દયાળુ (પણ) છે.

وَقَطَّعْنٰهُمْ فِي الْأَرْضِ أُمَمًا ۚ مِنْهُمُ الصّٰلِحُوْنَ وَمِنْهُمْ دُوْنَ
ذٰلِكَ ۚ وَبَلَوْنٰهُمْ بِالْحَسَنٰتِ وَالسَّيِّاٰتِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿١٦٨﴾

(૧૬૮) અને અમોએ તેમના ટોળે ટોળાં (પાડી) ભૂમિમાં વિખુટા પાડી દીધા, તેઓમાંથી કેટલાક તો સદાચારી હતા અને કેટલાક તેની વિરૂધ્ધ (દુરાચારી) અને અમોએ નેકીઓ તથા બદીઓ વડે તેમની કસોટી કર્યા કરી કે કદાચને તેઓ (સન્માર્ગે) પાછા વળે.

فَخَلَفَ مِنْۢ بَعْدِهِمْ خَلْفٌ وَّرِثُوا الْكِتٰبَ يَاْخُذُوْنَ عَرَضَ هٰذَا
الْاَدْنٰى وَيَقُوْلُوْنَ سَيُغْفَرُ لَنَا ۚ وَاِنْ يَّاْتِهِمْ عَرَضٌ مِّثْلُهٗ
يَاْخُذُوْهُ ؕ اَلَمْ يُؤْخَذْ عَلَيْهِمْ مِّيْثَاقُ الْكِتٰبِ اَنْ لَّا يَقُوْلُوْا
عَلَى اللّٰهِ اِلَّا الْحَقَّ وَدَرَسُوْا مَا فِيْهِ ؕ وَالدَّارُ الْاٰخِرَةُ خَيْرٌ
لِّلَّذِيْنَ يَتَّقُوْنَ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٦٩﴾

(૧૬૯) પરંતુ તેમની પછી તેમના વંશજો એવા (નાલાયાક) નીવડ્યા કે જેઓ (અલ્લાહની) કિતાબના તો વારસ થયા, છતાં આ તુચ્છ સંસારની માત્ર નાશવંત પૂંજી લેતા જતા હતા અને આ કહેતા હતા કે ટૂંક સમયમાં અમારા અપરાધ માફ કરી દેવામાં આવશે, જો કે એવીજ પૂંજી

અગર તેમને (ફરીથી) મળે તો તે પણ (અવશ્ય) લઇ લે; શું તેમની પાસેથી કિતાબમાં એવું વચન લેવામાં આવ્યું ન હતું કે અલ્લાહના સબંધમાં સત્ય સિવાયની કોઇ વાત બોલવી નહિ અને (વળી) જે કાંઇ તેમાં છે તેને તેઓ વાંચી પણ ચૂક્યા છે? અને જેઓ ડરતા રહે છે તેમના માટે આખેરતનું મકાન બેહતર છે. છતાં તમે સમજતા નથી?

وَالَّذِيْنَ يُمَسِّكُوْنَ بِالْكِتٰبِ وَاَقَامُوا الصَّلٰوةَ ؕ اِنَّا لَا نُضِيْعُ اَجْرَ الْمُصْلِحِيْنَ ﴿۱۷۰﴾

(૧૭૦) અને તે લોકો કે જેઓ કિતાબને (દ્રઢતાથી) વળગી રહે છે તથા નમાઝ પઢતા રહે છે, તો

બેશક અમે પણ નેકી કરનારાઓના બદલાને વ્યર્થ જવા દેતા નથી.

وَاِذۡ نَتَقۡنَا الۡجَبَلَ فَوۡقَهُمۡ كَاَنَّهٗ ظُلَّةٌ وَّظَنُّوۡۤا اَنَّهٗ وَاقِعٌۢ بِهِمۡ ۚ
خُذُوۡا مَاۤ اٰتَيۡنٰكُمۡ بِقُوَّةٍ وَّاذۡكُرُوۡا مَا فِيۡهِ لَعَلَّكُمۡ تَتَّقُوۡنَ ﴿۱۷۱﴾

(૧૭૧) અને (તે સમયને યાદ કર) જ્યારે અમોએ (સીના) પહાડ ઉપાડી તેમના માથા પર એવી રીતે ઊંચકી રાખ્યો કે જાણે (માથાનું) એક છત્ર હોય, અને તેમણે ધારી લીધું કે તે તેમના પર (હમણાંજ) તૂટી પડનાર છે, (ત્યારે અમોએ આજ્ઞા કરી કે) જે કાંઇ અમે તમને આપીએ છીએ તેને દ્રઢતાથી (લઇ) લો અને તેમાં જે કાંઇ (લખ્યું) છે તેનું મનન કરો કે કદાચને તમે (ગુનાહોથી) બચો.

وَاِذۡ اَخَذَ رَبُّكَ مِنۡۢ بَنِىۡۤ اٰدَمَ مِنۡ ظُهُوۡرِهِمۡ ذُرِّيَّتَهُمۡ
وَاَشۡهَدَهُمۡ عَلٰٓى اَنۡفُسِهِمۡ‌ۚ اَلَسۡتُ بِرَبِّكُمۡ‌ؕ قَالُوۡا بَلٰى‌ۛۚ
شَهِدۡنَا‌ۛۚ اَنۡ تَقُوۡلُوۡا يَوۡمَ الۡقِيٰمَةِ اِنَّا كُنَّا عَنۡ هٰذَا غٰفِلِيۡنَۙ ﴿۱۷۲﴾

(૧૭૨) અને (તે સમયને યાદ કર) જ્યારે કે તારા પરવરદિગારે આદમની અવલાદમાંથી તેમની પીઠમાંથી તેમના (અનેક) વંશજો પૈદા કર્યા, અને તેમના માટે ખુદ તેમનેજ સાક્ષી ઠરાવ્યા, (અને પછી તેમને સવાલ કર્યો કે) શું હું તમારો પરવરદિગાર નથી ? સર્વેએ અરજ કરી કે બેશક તું (અમારો પરવરદિગાર) છે, (જેની) અમે સાક્ષી આપીએ છીએ, (આ સાક્ષી) એટલા માટે કે

કયામતના દિવસે ક્યાંય તમને એમ કહેવું ન પડે કે અમે તો એનાથી અજ્ઞાત હતાઃ

اَوْ تَقُوْلُوْٓا اِنَّمَآ اَشْرَكَ اٰبَآؤُنَا مِنْ قَبْلُ وَ كُنَّا ذُرِّيَّةً مِّنْۢ بَعْدِهِمْ ۚ اَفَتُهْلِكُنَا بِمَا فَعَلَ الْمُبْطِلُوْنَ ﴿١٧٣﴾

(૧૭૩) અથવા તમને એમ કહેવું ન પડે કે પહેલેથી જ અમારા બાપદાદા શિર્ક કર્યા કરતા હતા, અને અમે તો તેમની પાછળ તેમના વંશજોમાંથી હતા (જેથી અમે પણ અમારા પૂર્વજોના પગલે ચાલતા હતા); માટે શું તું અસત્યનો પાયો નાખનારાઓના કૃત્યોના કારણે અમને પણ હલાક કરી નાખે છે?

وَ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلَعَلَّهُمْ يَرْجِعُوْنَ۝۱۷۴

(૧૭૪) અને આવી રીતે અમે આયતોને સ્પષ્ટ કરીને વર્ણવી દઇએ છીએ અને એ માટે કે કદાચને તેઓ (સન્માર્ગ તરફ) પાછા ફરે.

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ الَّذِيْٓ اٰتَيْنٰهُ اٰيٰتِنَا فَانْسَلَخَ مِنْهَا فَاَتْبَعَهُ
الشَّيْطٰنُ فَكَانَ مِنَ الْغٰوِيْنَ۝۱۷۵

(૧૭૫) અને (અય રસૂલ!) તેમને તે શખ્સની હકીકત સંભળાવી દે કે જેને અમોએ અમારા ચમત્કાર આપ્યા હતા, (પણ) પછી તે (સંસારની માયામાં સપડાઇ) તે ગુમાવી બેઠો, જેથી શૈતાન

તેની પાછળ પડ્યો (અને) છેવટે તે ગુમરાહો માંહેનો થઇ ગયો.

وَلَوْ شِئْنَا لَرَفَعْنٰهُ بِهَا وَلٰكِنَّهٗۤ اَخْلَدَ اِلَى الْاَرْضِ وَاتَّبَعَ هَوٰىهُ ۚ فَمَثَلُهٗ كَمَثَلِ الْكَلْبِ ۚ اِنْ تَحْمِلْ عَلَيْهِ يَلْهَثْ اَوْ تَتْرُكْهُ يَلْهَثْ ؕ ذٰلِكَ مَثَلُ الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ فَاقْصُصِ الْقَصَصَ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿١٧٦﴾

(૧૭૬) અને અગર અમે ચાહતે તો એજ (ચમત્કારોના) પ્રતાપે તેને ઉચ્ચ દરજ્જે પહોંચાડી દેતે; પણ તે ખરેખર દુનિયા (ના મોહ પાશ)ને વળગી રહ્યો અને પોતાની મનોવાંચ્છનાને અનુસર્યો, માટે તેનો દાખલો (તે) કૂતરાના દાખલા

જેવો થઇ ગયો કે અગર તું તેના પર હુમલો કરે તો તે (તારી સામે) જીભ કાઢે અથવા તું તેને જતો કરે તો પણ જીભ કાઢે; આ તે લોકોનો દાખલો છે કે જેઓ અમારી આયતો જૂઠલાવે છે, માટે તું (અમારા) કિસ્સા વાંચી સંભળાવતો રહે કે કદાચને તેઓ ચિંતન કરે.

سَآءَ مَثَلًا الْقَوْمُ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا وَاَنْفُسَهُمْ كَانُوْا يَظْلِمُوْنَ ﴿١٧٧﴾

(૧૭૭) તે કોમનો દાખલો ઘણોજ ખરાબ છે જે અમારી આયતોને જૂઠલાવે છે અને પોતાના જીવ પર પણ ઝુલ્મ કર્યા કરે છે.

مَنْ يَّهْدِ اللّٰهُ فَهُوَالْمُهْتَدِيْ ۚ وَمَنْ يُّضْلِلْ فَاُولٰٓئِكَ هُمُ

الْخٰسِرُوْنَ﴿١٧٨﴾

(૧૭૮) જેને અલ્લાહ હિદાયત આપે તેજ હિદાયત પામેલો હોય છે; અને જેનાથી તે હિદાયતની પ્રેરણા ખૂંચવી લે છે તેઓજ હાનિ ભોગવનારા છે.

وَلَقَدْ ذَرَاْنَا لِجَهَنَّمَ كَثِيْرًا مِّنَ الْجِنِّ وَالْاِنْسِ ۖ لَهُمْ قُلُوْبٌ

لَّا يَفْقَهُوْنَ بِهَا ۚ وَلَهُمْ اَعْيُنٌ لَّا يُبْصِرُوْنَ بِهَا ۚ وَلَهُمْ اٰذَانٌ لَّا

يَسْمَعُوْنَ بِهَا ؕ اُولٰٓئِكَ كَالْاَنْعَامِ بَلْ هُمْ اَضَلُّ ؕ اُولٰٓئِكَ هُمُ

الْغٰفِلُوْنَ﴿١٧٩﴾

(૧૭૯) અને અમોએ જિન્નાતો તથા ઇન્સાનોમાંથી ઘણાઓને જહન્નમ માટેજ પેદા કર્યાં છે; તેઓ પણ દિલ (અને દિમાગ) ધરાવે છે, પરંતુ તે વડે (સારૂં નરસું) સમજતા નથી, અને તેમના ચક્ષુઓ છે છતાં તે વડે તેઓ દેખતા નથી અને તેમના કાન (પણ) છે પરંતુ તે વડે સાંભળતા નથી; (માટે) તેઓ પશુઓ સમાન છે બલ્કે તે કરતાંય વધુ ગુમરાહ; એ (લોકો)જ (વાસ્તવિક્તાઓથી) અજ્ઞાત છે.

وَلِلّٰهِ الْاَسْمَآءُ الْحُسْنٰى فَادْعُوْهُ بِهَا ۖ وَذَرُوا الَّذِيْنَ يُلْحِدُوْنَ

فِيْٓ اَسْمَآئِهٖ ؕ سَيُجْزَوْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٨٠﴾

(૧૮૦) અને અલ્લાહના માટે જ સારા સારા નામ છે, માટે તેને તે (નામો)થી જ સંબોધો અને તે લોકોનો ત્યાગ કરો કે જેઓ તેના (નામોચ્ચાર)માં શિષ્ટતાનો ભંગ કરે છે; તેઓ જેવી કરણી કર્યા કરતા હતા તેવોજ બદલો તેમને ટૂંક સમયમાં મળશે.

وَمِمَّنْ خَلَقْنَآ اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ ﴿١٨١﴾

(૧૮૧) અને તે લોકોમાંથી કે જેમને અમોએ પૈદા કર્યા છે એક એવું પણ ટોળું છે કે જે સત્ય ધર્મની હિદાયત કરે છે અને તે વડેજ ન્યાય પણ કરે છે.

وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا سَنَسْتَدْرِجُهُمْ مِّنْ حَيْثُ لَا
يَعْلَمُوْنَ ۚ﴿۱۸۲﴾

(૧૮૨) અને જે લોકોએ અમારી આયતો જૂઠલાવી છે તેમને ખબર પણ ન પડે તે બાજુથી ધીમે ધીમે નાશ તરફ ખેંચતા જઇશું.

وَاُمْلِيْ لَهُمْ ۣ اِنَّ كَيْدِيْ مَتِيْنٌ ﴿۱۸۳﴾

(૧૮૩) હું તેમને (દુનિયામાં) ઢીલ આપતો રહું છું; બેશક મારી પકડ મજબૂત છે.

اَوَلَمْ يَتَفَكَّرُوْا ۜ مَا بِصَاحِبِهِمْ مِّنْ جِنَّةٍ ۭ اِنْ هُوَ اِلَّا نَذِيْرٌ
مُّبِيْنٌ ﴿۱۸۴﴾

(૧૮૪) શું તેમણે આ નથી વિચાર્યું કે તેમના સાથી (મોહમ્મદ સ.અ.વ.)ને ઘેલછા (લાગેલી) નથી, પણ તે એક પ્રત્યક્ષ ડરાવનાર (રસૂલ) છે?

اَوَلَمۡ يَنۡظُرُوۡا فِىۡ مَلَـكُوۡتِ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَمَا خَلَقَ اللّٰهُ مِنۡ شَىۡءٍ ۙ وَّاَنۡ عَسٰٓى اَنۡ يَّكُوۡنَ قَدِ اقۡتَرَبَ اَجَلُهُمۡ‌ ۚ فَبِاَىِّ حَدِيۡثٍۢ بَعۡدَهٗ يُؤۡمِنُوۡنَ ۝١٨٥

(૧૮૫) આકાશો તથા પૃથ્વીના રાજ્યમાં અને બીજું જે જે અલ્લાહે પેદા કર્યું છે તેમાં શું તેઓ ધ્યાન પૂર્વક નિહાળતા નથી અને એ વાત પણ (વિચારતા નથી) કે કદાચને તેમનું મૃત્યુ પાસે

આવી પહોંચ્યું હોય? પછી આ (કુરઆન) બાદ તેઓ કઇ નવીન વાત ઉપર ઇમાન લાવશે ?

مَنۡ يُّضۡلِلِ اللّٰهُ فَلَا هَادِىَ لَهٗ ؕ وَيَذَرُهُمۡ فِىۡ طُغۡيَانِهِمۡ يَعۡمَهُوۡنَ‏ ﴿۱۸۶﴾

(૧૮૬) અલ્લાહ જેનાથી હિદાયતની પ્રેરણા ખૂંચવી લે છે તો (પછી) તેનો કોઇ હિદાયત કરનારો (રહેતો) નથી; અને તે તેમને તેમનીજ ઉદ્ધતાઇમાં આંધળાઓની જેમ ભટકતા મૂકી દે છે.

يَسۡـَٔلُوۡنَكَ عَنِ السَّاعَةِ اَيَّانَ مُرۡسٰٮهَا ؕ قُلۡ اِنَّمَا عِلۡمُهَا عِنۡدَ رَبِّىۡ‌ ۚ لَا يُجَلِّيۡهَا لِوَقۡتِهَاۤ اِلَّا هُوَ ؕ‌ ثَقُلَتۡ فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ ؕ لَا تَاۡتِيۡكُمۡ اِلَّا بَغۡتَةً‌ ؕ يَسۡـَٔلُوۡنَكَ كَاَنَّكَ حَفِىٌّ

عَنۡهَا ؕ قُلۡ اِنَّمَا عِلۡمُهَا عِنۡدَ اللّٰهِ وَلٰكِنَّ اَكۡثَرَ النَّاسِ لَا يَعۡلَمُوۡنَ ﴿۱۸۷﴾

(૧૮૭) (અય રસૂલ!) લોકો તને (કયામતની) ઘડી વિષે સવાલ કરે છે કે તેનો નક્કી સમય ક્યો છે ? તું કહે કે તેની ખબર મારા પરવરદિગારને જ છે; તેજ માત્ર તેના નક્કી થયેલ સમયે તેને ઝાહેર કરી દેશે; (નિઃસંશય) તે (કયામત) આકાશો તથા જમીનમાં (ઘણી) ભારે ઘડી હશે. (જે) તમને ઓચિંતી આવી પકડી લેશે. તેઓ તને એવી રીતે પૂછે છે કે જાણે તું તે (કયામત)ની શોધમાં લાગેલો રહેતો હોય; તું કહે કે તેની ખબર અલ્લાહની પાસે જ છે, પરંતુ ઘણાખરા લોકો જાણતા નથી.

قُلْ لَّآ اَمْلِكُ لِنَفْسِىْ نَفْعًا وَّلَا ضَرًّا اِلَّا مَا شَآءَ اللّٰهُ ؕ وَلَوْ
كُنْتُ اَعْلَمُ الْغَيْبَ لَاسْتَكْثَرْتُ مِنَ الْخَيْرِ ۖۚ وَمَا مَسَّنِىَ
السُّوْٓءُ ۚ اِنْ اَنَا اِلَّا نَذِيْرٌ وَّبَشِيْرٌ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿١٨٨﴾

(૧૮૮) (અય રસૂલ!) તું કહે કે હું મારી (પોતાની) જાત માટે પણ ન કોઇ પ્રકારના લાભનો અધિકાર ધરાવું છું ન કોઇ નુકસાનનો, સિવાય કે જે અલ્લાહને માન્ય હોય; અને જો હું છુપી વાતો જાણતો હોત તો હું મારા માટે ઘણું સારૂં ભેગું કરી લેતે અને સખતી તો મને અડકતે પણ નહિ; હું એ લોકો માટે કે જેઓ ઇમાન ધરાવે છે માત્ર

(અઝાબથી) ડરાવનારો અને (સ્વર્ગની) ખુશખબર આપનારો છું.

هُوَالَّذِىْ خَلَقَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ وَّجَعَلَ مِنْهَا زَوْجَهَا
لِيَسْكُنَ اِلَيْهَا ۚ فَلَمَّا تَغَشّٰىهَا حَمَلَتْ حَمْلًا خَفِيْفًا فَمَرَّتْ
بِهٖ ۚ فَلَمَّآ اَثْقَلَتْ دَّعَوَا اللّٰهَ رَبَّهُمَا لَئِنْ اٰتَيْتَنَا صَالِحًا لَّنَكُوْنَنَّ
مِنَ الشّٰكِرِيْنَ ﴿١٨٩﴾

(૧૮૯) તે (અલ્લાહ) એ જ છે જેણે તમો સર્વને એકજ વ્યક્તિમાંથી પૈદા કર્યા અને તેમાંથી તેનું જોડું બનાવી કાઢ્યું કે (જેથી) તેની સાથે તે (પુરૂષ) સુખચેનથી રહે; પછી જ્યારે પુરૂષે તેની સાથે સહવાસ કર્યો ત્યારે સ્ત્રીને હલકા પ્રકારનો ગર્ભ

રહ્યો કે તે (ગર્ભને) લઇ ફરતી રહી; પછી જ્યારે તે ગર્ભનો ભાર વધ્યો ત્યારે બન્નેએ અલ્લાહ (યાને તેમના) પરવરદિગારને યાચના કરી કે જો તું અમને સદાચારી (બાળક) અર્પણ કરશે તો અવશ્ય અમે આભાર માનનારાઓ માંહેના થઇશું.

فَلَمَّآ اٰتٰىهُمَا صَالِحًا جَعَلَا لَهٗ شُرَكَآءَ فِيْمَآ اٰتٰىهُمَا ۚ فَتَعٰلَى اللّٰهُ عَمَّا يُشْرِكُوْنَ ﴿١٩٠﴾

(૧૯૦) પછી જ્યારે તેણે તેમને (એક) સદાચારી બાળક આપ્યું ત્યારે અલ્લાહની તેઓ બન્ને બીજાઓને અલ્લાહના શરીક કરવા લાગ્યા; પણ અલ્લાહ એ વસ્તુઓથી ચઢીયાતો છે કે જેમને તેઓ તેની શરીક કરે છે.

اَيُشۡرِكُوۡنَ مَا لَا يَخۡلُقُ شَيۡـًٔا وَّهُمۡ يُخۡلَقُوۡنَ ۖ﴿١٩١﴾

(૧૯૧) શું તેઓ તેને શરીક ઠરાવે છે કે જે કોઇ વસ્તુ પૈદા કરી શકતો નથી અને તેઓ પોતેજ પેદા કરવામાં આવ્યા છે.

وَلَا يَسۡتَطِيۡعُوۡنَ لَهُمۡ نَصۡرًا وَّلَاۤ اَنۡفُسَهُمۡ يَنۡصُرُوۡنَ ﴿١٩٢﴾

(૧૯૨) અને ન તેઓ તે (શરીક ઠરાવનારા) ઓની કાંઇ સહાય કરી શકે છે અને ન પોતાની જાતની સહાય કરી શકે છે.

وَاِنۡ تَدۡعُوۡهُمۡ اِلَى الۡهُدٰى لَا يَتَّبِعُوۡكُمۡ ؕ سَوَآءٌ عَلَيۡكُمۡ

اَدَعَوۡتُمُوۡهُمۡ اَمۡ اَنۡتُمۡ صَامِتُوۡنَ ﴿١٩٣﴾

(૧૯૩) અને (અય મુસલમાનો !) જો તમે તેમને સન્માર્ગ તરફ બોલાવો તો તેઓ તમને અનુસરનાર નથી; જેથી તેમને ચાહે બોલાવો ચાહે ખામોશ રહો તમારા માટે સરખુંજ છે.

اِنَّ الَّذِیۡنَ تَدۡعُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ عِبَادٌ اَمۡثَالُكُمۡ فَادۡعُوۡهُمۡ
فَلۡيَسۡتَجِيۡبُوۡا لَـكُمۡ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۱۹۴﴾

(૧૯૪) નિઃસંશય તમે અલ્લાહના સિવાય જેમને પોકારો છો તેઓ તમારા જેવીજ મખ્લૂક છે, જેથી તેમને પોકારી જુઓ (અને) અગર તમે સાચા છો તો તેઓએ તમને જવાબ આપવોજ જોઇએ.

اَلَهُمۡ اَرۡجُلٌ يَّمۡشُوۡنَ بِهَآ ۡ اَمۡ لَهُمۡ اَيۡدٍ يَّبۡطِشُوۡنَ بِهَا ۡ اَمۡ
لَهُمۡ اَعۡيُنٌ يُّبۡصِرُوۡنَ بِهَآ ۡ اَمۡ لَهُمۡ اٰذَانٌ يَّسۡمَعُوۡنَ بِهَا ؕ قُلِ
ادۡعُوۡا شُرَكَآءَكُمۡ ثُمَّ كِيۡدُوۡنِ فَلَا تُنۡظِرُوۡنِ ﴿۱۹۵﴾

(૧૯૫) શું તેમના પગ છે કે જે વડે તેઓ ચાલે છે, અથવા તેમના હાથ છે કે જે વડે તેઓ (કોઇ વસ્તુ) પકડે છે, અથવા તેમની આંખો છે કે જે વડે તેઓ જુએ છે, અથવા તેમના કાન છે કે જે વડે તેઓ સાંભળે છે; (અય રસૂલ!) કહે કે તમારા શરીકોને બોલાવી લો પછી મારી સામે છળકપટ ચલાવો, અને મને (તેમ કરવાની મુદ્દલ) તક ન આપો.

اِنَّ وَلِـیِّ ۧ اللّٰهُ الَّذِىۡ نَزَّلَ الۡكِتٰبَ ۖ وَهُوَ يَتَوَلَّى الصّٰلِحِيۡنَ ﴿۱۹۶﴾

(૧૯૬) બેશક મારો હિમાયતી (એજ) અલ્લાહ છે કે જેણે આ કિતાબ (કુરઆન) ઉતારી છે, અને તે સદાચારી સેવકોને દોસ્ત રાખે છે.

وَالَّذِيْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِهٖ لَا يَسْتَطِيْعُوْنَ نَصْرَكُمْ وَلَآ اَنْفُسَهُمْ يَنْصُرُوْنَ ﴿١٩٧﴾

(૧૯૭) અને તેના સિવાય તમે જને પોકારો છો તેઓ ન તમારી સહાય કરી શકે છે ન પોતાનીજ સહાય કરી શકે છે.

وَاِنْ تَدْعُوْهُمْ اِلَى الْهُدٰى لَا يَسْمَعُوْا ؕ وَتَرٰىهُمْ يَنْظُرُوْنَ اِلَيْكَ وَهُمْ لَا يُبْصِرُوْنَ ﴿١٩٨﴾

(૧૯૮) અને અગર તમે તેમને સન્માર્ગ તરફ બોલાવશો તો પણ તેઓ કાંઇ સાંભળશે નહિ; અને (છતાં) તમને એવો ભાસ થશે કે તેઓ તમારી તરફ નિહાળી રહ્યા છે, જો કે (ખરી રીતે તો) તેઓ કાંઇજ નિહાળતા નથી.

خُذِ الْعَفْوَ وَأْمُرْ بِالْعُرْفِ وَأَعْرِضْ عَنِ الْجٰهِلِيْنَ ﴿١٩٩﴾

(૧૯૯) (અય રસૂલ!) ક્ષમા આપવાનો (ગુણ) ધારણ કર, તથા નેક કાર્યો કરવાની આજ્ઞા કર તથા જાહિલો તરફથી મોંઢું ફેરવી લે.

وَإِمَّا يَنْزَغَنَّكَ مِنَ الشَّيْطٰنِ نَزْغٌ فَاسْتَعِذْ بِاللّٰهِ ؕ إِنَّهٗ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٠٠﴾

(૨૦૦) અને જો તને શૈતાન તરફનો કોઇ વસવસો ઉશ્કેરી મૂકે તો અલ્લાહથી પનાહ માંગ; બેશક તે મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

اِنَّ الَّذِيْنَ اتَّقَوْا اِذَا مَسَّهُمْ طٰٓئِفٌ مِّنَ الشَّيْطٰنِ تَذَكَّرُوْا فَاِذَا هُمْ مُّبْصِرُوْنَ ﴿٢٠١﴾

(૨૦૧) બેશક જેઓ ડરીને ચાલે છે તેમને જ્યારે શૈતાન તરફનો કોઇ વિચાર સ્પર્શ કરે છે ત્યારે તેઓ (અલ્લાહ)નો ઝિક્ર કરવા લાગી જાય છે કે તરતજ તેમના ચક્ષુઓ ઓચિંતા ઉઘડી જાય છે.

وَاِخْوَانُهُمْ يَمُدُّوْنَهُمْ فِى الْغَيِّ ثُمَّ لَا يُقْصِرُوْنَ ﴿٢٠٢﴾

(૨૦૨) અને (જેઓ ડરીને ચાલતા નથી) તેમને તેમના (શૈતાન) બંધુઓ ગુમરાહીમાં વધારી મૂકે છે, પછી તેઓ (કુકૃત્યો કરવામાં) કાંઇ કચાશ રાખતા નથી.

وَإِذَا لَمْ تَأْتِهِمْ بِآيَةٍ قَالُوا لَوْلَا اجْتَبَيْتَهَا ۚ قُلْ إِنَّمَا أَتَّبِعُ مَا
يُوحَىٰ إِلَيَّ مِنْ رَبِّي ۚ هَٰذَا بَصَائِرُ مِنْ رَبِّكُمْ وَهُدًى وَرَحْمَةٌ
لِقَوْمٍ يُؤْمِنُونَ ﴿٢٠٣﴾

(૨૦૩) અને જ્યારે તું તેમની પાસે કોઇ આયત લાવતો નથી ત્યારે તેઓ કહે છે કે તું તને પસંદ પડતી કોઇ આયત કેમ બનાવી લેતો નથી ? તું કહે કે હું તો મારા પરવરદિગાર તરફથી જે કાંઇ

મારા તરફ વહી કરવામાં આવે છે તેનેજ અનુસરૂં છું, આ તમારા પરવરદિગાર તરફની ખુલ્લી દલીલો છે અને જેઓ ઇમાન લાવ્યા છે તે લોકો માટે હિદાયત તથા રહેમત છે.

وَإِذَا قُرِئَ الْقُرْآنُ فَاسْتَمِعُوا لَهُ وَأَنْصِتُوا لَعَلَّكُمْ تُرْحَمُونَ ﴿٢٠٤﴾

(૨૦૪) અને જે વેળા (કુરઆન) પઢવામાં આવે ત્યારે તમે તેને ધ્યાન દઇ સાંભળો અને ચુપ રહો કે કદાચને તમારા પર રહેમ કરવામાં આવે.

وَاذْكُرْ رَبَّكَ فِي نَفْسِكَ تَضَرُّعًا وَخِيفَةً وَدُونَ الْجَهْرِ مِنَ الْقَوْلِ بِالْغُدُوِّ وَالْآصَالِ وَلَا تَكُنْ مِنَ الْغَافِلِينَ ﴿٢٠٥﴾

(૨૦૫) અને તારા મનમાં તારા પરવરદિગારને ઊંચા સાદે નહિ પણ કરગરીને તથા ડરતા ડરતા સવાર સાંજ યાદ કરતો રહે, અને તેની યાદથી મુદ્દલ ગાફિલ ન રહે.

اِنَّ الَّذِيْنَ عِنْدَ رَبِّكَ لَا يَسْتَكْبِرُوْنَ عَنْ عِبَادَتِهٖ وَيُسَبِّحُوْنَهٗ وَلَهٗ يَسْجُدُوْنَ ۩ ۲۰۶

(૨૦૬) બેશક જે લોકો તમારા પરવરદિગાર પાસે છે તેઓ તેની ઇબાદત કરવામાં અહંકાર કરતા નથી, અને તેની પવિત્રતા વર્ણવ્યા કરે છે અને તેનેજ સિજદો કરે છે.

يَسْـَٔلُوْنَكَ عَنِ الْاَنْفَالِ ؕ قُلِ الْاَنْفَالُ لِلّٰهِ وَالرَّسُوْلِ ۚ
فَاتَّقُوا اللّٰهَ وَاَصْلِحُوْا ذَاتَ بَيْنِكُمْ ۠ وَاَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗۤ
اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ①

(૧) (અય રસૂલ!) લોકો તને માલે ગનીમત (યુદ્ધભૂમિમાં હાથ લાગેલો માલ) સબંધી સવાલ કરે છે; તું કહે કે ગનીમતનો માલ અલ્લાહ અને તેના રસૂલ માટે છે; માટે તમે અલ્લાહથી ડરતા રહો અને માંહોમાંહેના તમારા મતભેદનું સમાધાન કર્યા કરો, અને જો તમે મોઅમીન હો તો અલ્લાહ અને તેના રસૂલની આજ્ઞા માનો.

اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ وَاِذَا
تُلِيَتْ عَلَيْهِمْ اٰيٰتُهٗ زَادَتْهُمْ اِيْمَانًا وَّعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ۚ﴿۲﴾

(૨) મોઅમીનો માત્ર તેઓજ છે કે જ્યારે અલ્લાહનું નામ લેવામાં આવે છે ત્યારે તેમના હ્રદય (તેના પ્રભાવ અને જલાલથી) કંપી ઉઠે છે, અને જ્યારે તેની આયતો તેમની સામે પઢવામાં આવે છે ત્યારે તેમના ઇમાનને વધારી મૂકે છે, અને તેઓ કેવળ પોતાના પરવરદિગાર ઉપરજ ભરોસો રાખે છે:

الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ؕ﴿۳﴾

(3) જેઓ (નિયમિત) નમાઝ પઢતા રહે છે અને તેમને જે કાંઇ અમોએ આપ્યું છે તેમાંથી (અમારા માર્ગમાં) ખર્ચતા રહે છે.

أُولَٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا ؕ لَهُمْ دَرَجٰتٌ عِنْدَ رَبِّهِمْ
وَمَغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ۚ﴿۴﴾

(૪) વાસ્તવમાં તેઓજ મોઅમીનો છે; તેમના માટે તેમના પરવરદિગાર પાસે દરજ્જા તથા ક્ષમા છે અને માનવંત રોઝી પણ

كَمَآ اَخْرَجَكَ رَبُّكَ مِنْۢ بَيْتِكَ بِالْحَقِّ ۖ وَاِنَّ فَرِيْقًا مِّنَ
الْمُؤْمِنِيْنَ لَكٰرِهُوْنَ ۙ﴿۵﴾

(૫) (અય રસૂલ! બદ્રની ગનીમતની વહેંચણીના સબંધમાં આ લોકોએ મતભેદ કર્યો છે) જેવી રીતે (તેઓએ બદ્રની લડાઇના સંબંધમાં મતભેદ કર્યો હતો, જ્યારે) કે તારા પરવરદિગારે (લડાઇની બે બાજુઓમાંથી) ખરી બાજુ લઇ તને ઘરમાંથી નીકળવાને પ્રેર્યો હતો; અને નિઃસંશય (તે વખતે પણ) મોઅમીનો માંહેનું એક ટોળું નાખુશ જ હતું.

يُجَادِلُوْنَكَ فِي الْحَقِّ بَعْدَ مَا تَبَيَّنَ كَاَنَّمَا يُسَاقُوْنَ اِلَى الْمَوْتِ وَهُمْ يَنْظُرُوْنَ ۞٦

(૬) એ લોકો તારી સાથે સત્ય ખુલ્લું થઇ ચૂક્યા પછી પણ સત્ય સબંધી તકરાર કરે છે (અને જો કે તેઓ તારી સાથે લડાઇ માટે નીકળ્યા છે, પણ

એવી રીતે કે) જાણે તેઓ બળજબરીથી મૃત્યુ તરફ ઢસડીને લઈ જવામાં આવી રહ્યા હોય અને તેઓ (જાણે મૃત્યુને સગી આંખે) જોતા હોય (એવો તેમને ભાસ થાય છે).

وَاِذۡ يَعِدُكُمُ اللّٰهُ اِحۡدَى الطَّآٮِٕفَتَيۡنِ اَنَّهَا لَـكُمۡ وَتَوَدُّوۡنَ اَنَّ غَيۡرَ ذَاتِ الشَّوۡكَةِ تَكُوۡنُ لَـكُمۡ وَيُرِيۡدُ اللّٰهُ اَنۡ يُّحِقَّ الۡحَـقَّ بِكَلِمٰتِهٖ وَيَقۡطَعَ دَابِرَ الۡكٰفِرِيۡنَۙ ۝⁧٧⁩

(૭) અને (તે સમયને યાદ કરો) જ્યારે કે અલ્લાહે તમને વાયદો કર્યો હતો કે (મક્કાના નાસ્તિકોના) બે ટોળામાંથી એક તમારા હાથ લાગશે, અને તમે એ ચાહતા હતા કે (તે માંહેનું) નિશસ્ત્ર (ટોળું) તમને

મળે (કે જેથી લડ્યા વિના માલે ગનીમત હાથ લાગે), અને અલ્લાહ ચાહતો હતો કે પોતાના શબ્દો દ્વારા સત્યને સત્ય (તરીકે) પૂરવાર કરી દેખાડે, અને ઇમાન નહિ લાવનારાઓનો વંશવેલો કાપી નાખેઃ

لِيُحِقَّ الْحَقَّ وَيُبْطِلَ الْبَاطِلَ وَلَوْ كَرِهَ الْمُجْرِمُوْنَ ۚ﴿٨﴾

(૮) પછી સત્યને સત્ય અને અસત્યને અસત્ય પૂરવાર કરે, (પછી) ભલેને ગુનેહગારોને ખરાબ લાગે!

اِذْ تَسْتَغِيْثُوْنَ رَبَّكُمْ فَاسْتَجَابَ لَكُمْ اَنِّيْ مُمِدُّكُمْ بِاَلْفٍ مِّنَ
الْمَلٰٓئِكَةِ مُرْدِفِيْنَ ﴿٩﴾

(૯) (તે સમયને યાદ કરો) જ્યારે કે તમે તમારા પરવરદિગાર પાસે દુઆ કરીને મદદ માંગતા હતા, પછી તેણે તમારી દુઆ કબુલ કરી કે હું એક હઝાર ફરિશ્તાઓ સાથે તમારી સહાય કરીશ કે જેઓ તમારી પીઠ પાછળ (એક પછી એક મદદ માટે ગોઠવાયેલ) હશે.

وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى وَلِتَطْمَىِٕنَّ بِهٖ قُلُوْبُكُمْ ۚ وَمَا النَّصْرُ
اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿١٠﴾

(૧૦) અને તે સહાય તમારા માટે એ કારણે નક્કી કરી હતી કે (તમારા માટે) એક ખુશખબર થાય; વળી એ માટે કે તમારા અંતઃકરણોને તે વડે સાંત્વન મળી જાય; અને ખરેખરી મદદ તો

અલ્લાહ સિવાય અન્ય કોઇના તરફથી હોતી નથી; બેશક અલ્લાહ ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

إِذۡ يُغَشِّيكُمُ ٱلنُّعَاسَ أَمَنَةٗ مِّنۡهُ وَيُنَزِّلُ عَلَيۡكُم مِّنَ ٱلسَّمَآءِ
مَآءٗ لِّيُطَهِّرَكُم بِهِۦ وَيُذۡهِبَ عَنكُمۡ رِجۡزَ ٱلشَّيۡطَٰنِ وَلِيَرۡبِطَ
عَلَىٰ قُلُوبِكُمۡ وَيُثَبِّتَ بِهِ ٱلۡأَقۡدَامَ ١١

(૧૧) (તે સમયને યાદ કરો) જ્યારે કે તેણે તમને પોતાના તરફથી સાંત્વન આપવા માટે તમારા પર મીઠી નિંદ્રા પાથરી દીધી, અને આકાશ પરથી તમારા પર પાણી ઉતાર્યું કે તે વડે તે તમને પવિત્ર કરે, અને એ માટે કે શૈતાન (ના વસવસા)ની અપવિત્રતાને તમારાથી દૂર કરે, અને

તમારા દિલોને મજબૂત કરે, અને તે વડે તમારા કદમ જમાવી દે.

إِذْ يُوحِي رَبُّكَ إِلَى الْمَلَٰئِكَةِ أَنِّي مَعَكُمْ فَثَبِّتُوا الَّذِينَ آمَنُوا ۚ
سَأُلْقِي فِي قُلُوبِ الَّذِينَ كَفَرُوا الرُّعْبَ فَاضْرِبُوا فَوْقَ
الْأَعْنَاقِ وَاضْرِبُوا مِنْهُمْ كُلَّ بَنَانٍ ﴿١٢﴾

(૧૨) (તે સમયને યાદ કરો) જ્યારે કે તારો પરવરદિગાર ફરિશ્તાઓને વહી ફરમાવી રહ્યો હતો કે હું તમારી સાથે છું માટે જે લોકો ઇમાન લાવ્યા છે તેમને તમે સાબિત કદમ રાખો; નજીકના સમયમાં હું જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓના દિલોમાં ધાક બેસાડી દઇશ, માટે તમે

તેમની ગરદનો તથા તેમની આંગળીઓના દરેક સાંધા પર ફટકા લગાવો.

ذٰلِكَ بِاَنَّهُمۡ شَآقُّوا اللّٰهَ وَرَسُوۡلَهٗ ۚ وَمَنۡ يُّشَاقِقِ اللّٰهَ وَرَسُوۡلَهٗ
فَاِنَّ اللّٰهَ شَدِيۡدُ الۡعِقَابِ ﴿۱۳﴾

(૧૩) આ (શિક્ષા) એ માટે કે તેમણે અલ્લાહ તથા તેના રસૂલની વિરૂધ્ધતા કરી હતી, અને જે (કોઇ) અલ્લાહ અને તેના રસૂલની વિરૂધ્ધતા કરશે તો નિઃસંશય અલ્લાહ અઝાબ આપવામાં ઘણો સખત છે.

ذٰلِكُمۡ فَذُوۡقُوۡهُ وَاَنَّ لِلۡكٰفِرِيۡنَ عَذَابَ النَّارِ ﴿۱۴﴾

(૧૪) (અય ઇમાન નહીં લાવનારાઓ ! જગતમાં તો) તમારી આ સજા છે માટે તે તમે ચાખો, અને ઇમાન નહિ લાવનારાઓ માટે જહન્નમનો પણ અઝાબ છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا زَحْفًا فَلَا تُوَلُّوْهُمُ الْاَدْبَارَ ﴿١٥﴾

(૧૫) અય ઇમાન લાવનારાઓ! જે વેળા તમે ઇમાન નહિ લાવનારાઓને ટોળાબંધ (તમારી સામે લડવા) આવતા જુઓ ત્યારે તેમને પીઠ દેખાડો નહિ.

وَمَنْ يُّوَلِّهِمْ يَوْمَئِذٍ دُبُرَهٗٓ اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ اَوْ مُتَحَيِّزًا اِلٰى فِئَةٍ فَقَدْ بَآءَ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰىهُ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿۱۶﴾

(૧૬) અને તે (લડાઇના) દિવસે જે (કોઇ) પાછી લડાઇ લડવાના હેતુથી માર્ગ કાપીને જતો હોય અથવા બીજા (મોઅમીન) ટોળાં સાથે મળી જવાના હેતુથી ફર્યો હોય તેના સિવાય જે પોતાની પીઠ દેખાડશે તે ખચીતજ અલ્લાહના કોપને પાત્ર થશે અને તેનું સ્થાન જહન્નમ છે; અને તે ઘણુંજ બૂરૂં રહેઠાણ હશે.

فَلَمۡ تَقۡتُلُوۡهُمۡ وَلٰكِنَّ اللّٰهَ قَتَلَهُمۡ ۖ وَمَا رَمَيۡتَ اِذۡ رَمَيۡتَ
وَلٰكِنَّ اللّٰهَ رَمٰى ۚ وَلِيُبۡلِىَ الۡمُؤۡمِنِيۡنَ مِنۡهُ بَلَآءً حَسَنًا ‌ؕ اِنَّ اللّٰهَ
سَمِيۡعٌ عَلِيۡمٌ ﴿۱۷﴾

(૧૭) માટે તમોએ તેમને મારી નાખ્યા ન હતા પરંતુ અલ્લાહે તેમને મારી નાખ્યા હતા, અને (અય રસૂલ!) જે વખતે તેં (તેમની તરફ) કાંકરી ફેંકી ન હતી પણ અલ્લાહે ફેંકી હતી અને તે એ માટે કે અલ્લાહ પોતાના તરફથી મોઅમીનોને સારી બક્ષીશ અર્પણ કરે; બેશક અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

ذٰ لِكُمۡ وَاَنَّ اللّٰهَ مُوۡهِنُ كَيۡدِ الۡـكٰفِرِيۡنَ ﴿۱۸﴾

(૧૮) આ (તમોએ જોયું પણ ખરૂં) અને આ પણ (સમજી લો) કે અલ્લાહ ઇમાન નહિ લાવનારાઓના છળકપટ કરી નાખનારો છે.

إِن تَسْتَفْتِحُوا۟ فَقَدْ جَآءَكُمُ ٱلْفَتْحُ ۖ وَإِن تَنتَهُوا۟ فَهُوَ خَيْرٌ لَّكُمْ ۖ وَإِن تَعُودُوا۟ نَعُدْ وَلَن تُغْنِىَ عَنكُمْ فِئَتُكُمْ شَيْـًٔا وَلَوْ كَثُرَتْ وَأَنَّ ٱللَّهَ مَعَ ٱلْمُؤْمِنِينَ ﴿١٩﴾

(૧૯) (અય મક્કાના નાસ્તિકો !) જો તમે વિજયના ચાહનારા થયા તો તમારા (માંહેના હકદારોને) વિજય પ્રાપ્ત થઇ ગયો, અને જો તમે (રસૂલની વિરૂધ્ધતા કરવાથી) અટકી જશો તો તે તમારા માટે બેહતર છે, અને જો તમે ફરીથી તેવું કરશો

તો અમે પણ (તમારી સાથે લડીને) પાછું એમજ કરીશું, અને તમારૂં ટોળું ભલેને ગમે તેટલું મોટું કેમ ન હોય (હરગિજ) તમારા કામ આવશે નહિ, અને આ (સમજી લો) કે અલ્લાહ મોઅમીનો સાથે છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ أَطِيعُوا۟ ٱللَّهَ وَرَسُولَهُۥ وَلَا تَوَلَّوْا۟ عَنْهُ وَأَنتُمْ تَسْمَعُونَ ﴿٢٠﴾

(૨૦) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહ અને તેના રસૂલની આજ્ઞા માનો અને તેના તરફથી મોંઢું ફેરવી ચાલતા થાઓ નહિ, જ્યારે કે તમે (કુરઆનની આયતો) સાંભળતા હો.

وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ قَالُوْا سَمِعْنَا وَهُمْ لَا يَسْمَعُوْنَ ﴿٢١﴾

(૨૧) અને તે લોકો જેવા ન બનો કે જેઓ કહે છે કે અમે સાંભળ્યું, પણ (ખરી રીતે તો) તેઓ કાંઇ સાંભળતા નથી.

اِنَّ شَرَّ الدَّوَآبِّ عِنْدَ اللّٰهِ الصُّمُّ الْبُكْمُ الَّذِيْنَ لَا يَعْقِلُوْنَ ﴿٢٢﴾

(૨૨) બેશક અલ્લાહની પાસે સૌથી ખરાબ તે પ્રાણી છે કે જે બહેરા ગુંગા છે, જે કાંઇ જ સમજ ધરાવતા નથી.

وَلَوْ عَلِمَ اللّٰهُ فِيْهِمْ خَيْرًا لَّاَسْمَعَهُمْ ؕ وَلَوْ اَسْمَعَهُمْ لَتَوَلَّوْا وَّهُمْ مُّعْرِضُوْنَ ﴿٢٣﴾

(૨૩) અને જો અલ્લાહે તેમનામાં કાંઇ ભલાઇ જાણી હોત તો તેમને સાંભળવા (તથા સમજવા)ની પ્રેરણા આપતે; અને જો તેમને સાંભળવાની પ્રેરણા આપે તો પણ જરૂર તેઓ (સત્ય તરફથી) મોંઢું ફેરવી પાછલા પગે ફરી જાય એવા છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ ۚ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَحُوْلُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهٖ وَاَنَّهٗٓ اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿٢٤﴾

(૨૪) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે રસૂલ તમને તે તરફ બોલાવે કે જે તમારા જીવનમાં નવીન ચેતના લાવનાર હોય તો અલ્લાહની તથા

તેના રસૂલની આજ્ઞા માની લો અને જાણી લો કે અલ્લાહ મનુષ્ય તથા તેના અંતઃકરણના (ઇરાદાની) વચ્ચે આડો આવી જાય છે, અને એ કે તમે સર્વે તેની હજૂરમાં ભેગા કરવામાં આવશો.

وَاتَّقُوْا فِتْنَةً لَّا تُصِيْبَنَّ الَّذِيْنَ ظَلَمُوْا مِنْكُمْ خَآصَّةً ۚ

وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ﴿٢٥﴾

(૨૫) અને તે ફિત્ના (મુસીબત)થી બચતા રહો કે જે ખાસ કરીને તે લોકો પર જ નહિ પડે કે જેઓએ તમારામાંથી ઝુલ્મ કર્યો, અને એ જાણી લો કે બેશક અલ્લાહ અઝાબ આપવામાં ઘણો સખ્ત છે.

وَاذْكُرُوْٓا اِذْ اَنْتُمْ قَلِيْلٌ مُّسْتَضْعَفُوْنَ فِي الْاَرْضِ تَخَافُوْنَ
اَنْ يَّتَخَطَّفَكُمُ النَّاسُ فَاٰوٰىكُمْ وَاَيَّدَكُمْ بِنَصْرِهٖ وَرَزَقَكُمْ
مِّنَ الطَّيِّبٰتِ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٢٦﴾

(૨૬) અને (તે સમયને) યાદ કરો જ્યારે કે તમે તે (મક્કાની) ભૂમિમાં સંખ્યામાં થોડા અને નિર્બળ ગણાતા હતા અને એ વાતથી ડરતા હતા કે ક્યાંય (દુશ્મન) લોકો તમને આવી ઝડપી લઇ ન જાય ત્યારે તે (અલ્લાહે) તમને (મદીનામાં) આશરો આપ્યો અને પોતાની મદદ વડે તમને બળવાન બનાવ્યા, અને પાક વસ્તુઓમાંથી તમને રોઝી

પણ આપી કે કદાચને તમે આભાર માનનારા થાઓ.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَخُوْنُوا اللّٰهَ وَالرَّسُوْلَ وَتَخُوْنُوْٓا اَمٰنٰتِكُمْ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٢٧﴾

(૨૭) અય ઇમાન લાવનારાઓ ! તમે અલ્લાહ અને તેના રસૂલનો વિશ્વાસઘાત ન કરો, અને તમારી અમાનતોનો પણ જાણી જોઇને વિશ્વાસઘાત ન કરો.

وَاعْلَمُوْٓا اَنَّمَآ اَمْوَالُكُمْ وَاَوْلَادُكُمْ فِتْنَةٌ ۙ وَّاَنَّ اللّٰهَ عِنْدَهٗٓ اَجْرٌ عَظِيْمٌ ﴿٢٨﴾

(૨૮) અને આ જાણી લો કે તમારો માલ તથા તમારી અવલાદ (એ તમારા માટે) કસોટી છે, અને બેશક મોટો બદલો અલ્લાહની જ પાસે છે.

يَآأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ تَتَّقُوا اللّٰهَ يَجْعَلْ لَّكُمْ فُرْقَانًا وَّيُكَفِّرْ
عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَيَغْفِرْ لَكُمْ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿٢٩﴾

(૨૯) અય ઇમાન લાવનારાઓ! અગર તમે અલ્લાહથી ડરતા રહેશો તો તે તમને એક સત્ય અને અસત્ય (પારખવા)નું જ્ઞાન આપશે અને તમારા દુર્ગુણો તમારાથી દૂર કરી દેશે, અને તમારા ગુનાહ માફ કરી દેશે; અને અલ્લાહ મહાન કૃપાળુ છે.

وَاِذْ يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ اَوْ يَقْتُلُوْكَ اَوْ
يُخْرِجُوْكَ ؕ وَيَمْكُرُوْنَ وَيَمْكُرُ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ ﴿۳۰﴾

(30) અને (અય રસૂલ ! તે સમયને યાદ કર) જ્યારે ઇમાન નહિ લાવનારાઓ તારી સાથે છળકપટ કરી રહ્યા હતા, (એ માટે) કે તને બંદીવાન બનાવે અથવા તને મારી નાખે અથવા તને દેશપાર કરે; અને તેઓ છળકપટ ચલાવે છે અને અલ્લાહ પણ તે છળકપટનો જવાબ આપે છે; અને અલ્લાહ સૌ કરતાં બેહતર તદબીર કરનાર છે.

وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا قَالُوْا قَدْ سَمِعْنَا لَوْ نَشَآءُ لَقُلْنَا مِثْلَ
هٰذَآ ۙ اِنْ هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ﴿۳۱﴾

(૩૧) અને જે વેળા અમારી આયતો તેમની સામે પઢવામાં આવે છે ત્યારે તેઓ કહી દે છે કે અમે સાંભળી ચૂક્યા જો અમે ઇચ્છીએ તો અમે પણ એના જેવું બોલીએ; આ તો માત્ર પહેલાના લોકોની દંતકથાઓ છે.

وَإِذْ قَالُوا اللّٰهُمَّ إِنْ كَانَ هٰذَا هُوَ الْحَقَّ مِنْ عِنْدِكَ فَأَمْطِرْ
عَلَيْنَا حِجَارَةً مِّنَ السَّمَآءِ أَوِ ائْتِنَا بِعَذَابٍ أَلِيمٍ ﴿٣٢﴾

(૩૨) અને (તે સમયને યાદ કરો) જ્યારે કે તેમણે કહ્યું કે અય અલ્લાહ! અગર આ (કુરઆન) સત્ય છે અને તે તારા તરફથી છે તો અમારા પર આકાશ પરથી પથ્થર વરસાવ અથવા અમને કોઇ દુ:ખદાયક અઝાબ આપ.

وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمۡ وَاَنۡتَ فِيۡهِمۡ ؕ وَمَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمۡ
وَهُمۡ يَسۡتَغۡفِرُوۡنَ۝۳۳

(33) અને અલ્લાહ નથી ચાહતો કે જ્યારે તું તેમનામાં મોજુદ છે ત્યારે તે તેમને અઝાબ આપે; અને (વળી) અલ્લાહ તેમને એવી સ્થિતિમાં કે તેઓ તૌબા પણ કરતા રહેતા હોય અઝાબ આપે તેવો નથી.

وَمَا لَهُمۡ اَلَّا يُعَذِّبَهُمُ اللّٰهُ وَهُمۡ يَصُدُّوۡنَ عَنِ الۡمَسۡجِدِ
الۡحَرَامِ وَمَا كَانُوۡۤا اَوۡلِيَآءَهٗ ؕ اِنۡ اَوۡلِيَآؤُهٗۤ اِلَّا الۡمُتَّقُوۡنَ وَلٰكِنَّ
اَكۡثَرَهُمۡ لَا يَعۡلَمُوۡنَ۝۳۴

(૩૪) વળી અલ્લાહ તેમને શા માટે અઝાબ ન આપે? જ્યારે કે તેઓ (લોકોને) મસ્જિદુલ હરામથી અટકાવે છે, જો કે તેઓ તેના રક્ષક (બનવાને લાયક) નથી; તેના રક્ષક તો કેવળ પરહેઝગારો જ છે, છતાં તે (મુશરિકો)માંથી ઘણા ખરા એ વાતને નથી જાણતા.

وَمَا كَانَ صَلَاتُهُمْ عِنْدَ الْبَيْتِ إِلَّا مُكَآءً وَّتَصْدِيَةً ۚ فَذُوقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُونَ ﴿٣٥﴾

(૩૫) અને બયતુલ્લાહ પાસે તેમની નમાઝ સીટી વગાડવા અને તાળીઓ પાડવા સિવાય બીજી કાંઇ નથી; માટે (અય નાસ્તિકો!) જે નાસ્તિકપણું તમે કર્યા કરતા હતા તે કારણે હવે અઝાબ પણ ચાખો.

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا يُنۡفِقُوۡنَ اَمۡوَالَهُمۡ لِيَصُدُّوۡا عَنۡ سَبِيۡلِ
اللّٰهِ‌ؕ فَسَيُنۡفِقُوۡنَهَا ثُمَّ تَكُوۡنُ عَلَيۡهِمۡ حَسۡرَةً ثُمَّ يُغۡلَبُوۡنَ ؕ
وَالَّذِيۡنَ كَفَرُوۡۤا اِلٰى جَهَنَّمَ يُحۡشَرُوۡنَۙ‏ ﴿۳۶﴾

(૩૬) બેશક જેઓ ઇમાન નથી લાવ્યા તેઓ પોતાનો માલ એવા હેતુસર ખર્ચે છે કે (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવે; તેઓ તે (માલ)ને એવી રીતે ખરચ્યા જ કરશે; પછી એ જ તેમના માટે ખેદનું કારણ બની જશે, પછી તેઓ પરાજીત થઇ જશે; અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેમને દોઝખ તરફ હંકારી લઇ જવામાં આવશે ঃ

لِيَمِيزَ اللّٰهُ الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ وَيَجْعَلَ الْخَبِيْثَ بَعْضَهٗ عَلٰى
بَعْضٍ فَيَرْكُمَهٗ جَمِيْعًا فَيَجْعَلَهٗ فِيْ جَهَنَّمَ ؕ اُولٰٓئِكَ هُمُ
الْخٰسِرُوْنَ﴿۳۷﴾

(૩૭) કે જેથી અલ્લાહ નાપાકોને પાકોથી વિખુટા પાડી નાખે, અને નાપાકને એક બીજા પર મૂકે; પછી એ સર્વેનો એકઠા કરે, પછી એ આખા સમૂહને જહન્નમમાં હડસેલી મૂકે; તેઓ જ હાનિ ભોગવનારા છે.

قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْٓا اِنْ يَّنْتَهُوْا يُغْفَرْ لَهُمْ مَّا قَدْ سَلَفَ ۚ وَاِنْ
يَّعُوْدُوْا فَقَدْ مَضَتْ سُنَّتُ الْاَوَّلِيْنَ﴿۳۸﴾

(૩૮) (અય રસૂલ!) ઇમાન નહિ લાવનારાઓને કહે કે જો તેઓ (શરારતોથી) અટકી જાય તો જે કાંઇ પ્રથમ થઇ ચૂક્યું છે તે તેમને માફ કરી દેવામાં આવશે, અને જો ફરી પણ એવું જ કરશે તો (તેમના) પૂર્વજોનો રસ્તો તો નક્કી થઇજ ચૂક્યો છે (તેવી જ વલે તેમની પણ થશે).

وَقَاتِلُوهُمْ حَتَّىٰ لَا تَكُونَ فِتْنَةٌ وَيَكُونَ الدِّينُ كُلُّهُ لِلَّهِ ۚ فَإِنِ انتَهَوْا فَإِنَّ اللَّهَ بِمَا يَعْمَلُونَ بَصِيرٌ ﴿٣٩﴾

(૩૯) અને (અય મુસલમાનો!) તેમની સાથે અહીં સુધી લડો કે ફિત્નો બાકી રહે નહિ અને સંપૂર્ણ દીન માત્ર અલ્લાહનો જ થઇને રહે, પછી જો તેઓ

(તમારી વિરૂધ્ધતા કરતા) અટકે તો નિઃસંશય અલ્લાહ તેઓ જે કાંઇ કરે છે તેને નિહાળનાર છે.

وَاِنۡ تَوَلَّوۡا فَاعۡلَمُوۡۤا اَنَّ اللّٰهَ مَوۡلٰٮكُمۡ‌ ؕ نِعۡمَ الۡمَوۡلٰى وَنِعۡمَ النَّصِيۡرُ‏ ﴿۴۰﴾

(૪૦) અને જો તેઓ મોંઢું ફેરવે તો આ જાણી લો કે અલ્લાહ તમારો હિમાયતી છે; (અને) તે સૌ કરતાં શ્રેષ્ઠ હિમાયતી અને સૌ કરતાં શ્રેષ્ઠ મદદગાર છે.

وَاعۡلَمُوۡۤا اَنَّمَا غَنِمۡتُمۡ مِّنۡ شَىۡءٍ فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ وَلِلرَّسُوۡلِ
وَلِذِى الۡقُرۡبٰى وَالۡيَتٰمٰى وَالۡمَسٰكِيۡنِ وَابۡنِ السَّبِيۡلِ ۙ اِنۡ
كُنۡتُمۡ اٰمَنۡتُمۡ بِاللّٰهِ وَمَاۤ اَنۡزَلۡنَا عَلٰى عَبۡدِنَا يَوۡمَ الۡفُرۡقَانِ
يَوۡمَ الۡتَقَى الۡجَمۡعٰنِ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿٤١﴾

(૪૧) અને આ જાણી લો કે (લડાઇ દરમિયાન) તમે જે માલે ગનીમત મેળવો તો તેનો પાંચમો ભાગ અલ્લાહનો તથા રસૂલનો તથા તે (રસૂલ)નાં સગાં વહાલાંઓનો તથા યતીમોનો તથા મોહતાજોનો તથા મુસાફરોનો છે. અગર તમે અલ્લાહ પર વિશ્વાસ રાખતા હો અને તે (ગૈબી

મદદ) પર કે જે અમોએ અમારા બંદા ઉપર નિર્ણય (જંગે બદ્ર)ના દિવસે ઉતારી હતી (કે) જે દિવસે બે પક્ષો સામ સામે થઇ ગયા હતા; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

اِذۡ اَنۡتُمۡ بِالۡعُدۡوَةِ الدُّنۡيَا وَهُمۡ بِالۡعُدۡوَةِ الۡقُصۡوٰى وَالرَّكۡبُ اَسۡفَلَ مِنۡكُمۡ ؕ وَلَوۡ تَوَاعَدۡتُّمۡ لَاخۡتَلَفۡتُمۡ فِى الۡمِيۡعٰدِ ۙ وَلٰـكِنۡ لِّيَقۡضِىَ اللّٰهُ اَمۡرًا كَانَ مَفۡعُوۡلًا ۙ لِّيَهۡلِكَ مَنۡ هَلَكَ عَنۡۢ بَيِّنَةٍ وَّيَحۡيٰى مَنۡ حَىَّ عَنۡۢ بَيِّنَةٍ ؕ وَاِنَّ اللّٰهَ لَسَمِيۡعٌ عَلِيۡمٌ ۙ ﴿۴۲﴾

(૪૨) (તે સમયને યાદ કરો) જ્યારે કે તમે (ખાઇની) આ બાજુના છેડા ઉપર હતા અને તેઓ

(નાસ્તિકો) પેલી બાજુના છેડા ઉપર અને (શામનો) વેપારી કાફલો તમારાથી નિચાણવાળા ભાગમાં હતો અને જો તમે (બન્ને પક્ષોએ પહેલેથી માંહો માંહે) એક બીજાથી લડાઇનો ઠરાવ કરી લીધો હોત તો તે ઠરાવનો તમારામાંથી કોઇ પણ એક પક્ષે અવશ્ય ભંગ કર્યો હોત; પરંતુ (તમને અલ્લાહે અચાનક સામ સામે કરી દીધા, જેથી) જે થનાર હતું તે અલ્લાહ પૂર્ણ કરી નાખે, એટલે કે જે કોઇ હલાક થનાર હતો તે (સત્યની) દલીલ પૂર્ણ થયા બાદ હલાક થઇ જાય અને જે જીવતો રહેનાર હતો તે પણ દલીલ પૂર્ણ થયા બાદ જીવતો રહે; અને

બેશક અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે:

إِذْ يُرِيكَهُمُ اللَّهُ فِي مَنَامِكَ قَلِيلًا ۖ وَلَوْ أَرَاكَهُمْ كَثِيرًا لَّفَشِلْتُمْ وَلَتَنَازَعْتُمْ فِي الْأَمْرِ وَلَٰكِنَّ اللَّهَ سَلَّمَ ۗ إِنَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿٤٣﴾

(૪૩) (તે સમયને યાદ કર) જ્યારે કે અલ્લાહે તે (નાસ્તિક) લોકોને તારા સ્વપ્નામાં (સંખ્યામાં) થોડા કરી દેખાડ્યા હતા; અને જો તે તેમની (સંખ્યા) તને વધારે કરીને દેખાડતે તો તમે ખચીતજ હિંમત હારી જતે અને તે (લડવા કે ન લડવાની) બાબતમાં તમે જરૂર આપસમાં તકરાર કરતે, પણ

અલ્લાહે (તમને) બચાવી લીધા; બેશક તે મન માંહેની વાતોથી પણ સારી પેઠે વાકેફ છે.

وَاِذۡ يُرِيۡكُمُوۡهُمۡ اِذِ الۡتَقَيۡتُمۡ فِىۡۤ اَعۡيُنِكُمۡ قَلِيۡلًا وَّيُقَلِّلُكُمۡ فِىۡۤ اَعۡيُنِهِمۡ لِيَقۡضِىَ اللّٰهُ اَمۡرًا كَانَ مَفۡعُوۡلًا ‌ؕ وَاِلَى اللّٰهِ تُرۡجَعُ الۡاُمُوۡرُ ﴿۴۴﴾

(૪૪) અને (તે સમયને યાદ કરો) જ્યારે કે તમારો એક બીજાનો સામનો થયો હતો ત્યારે તેણે તેમને તમારી નજરમાં ઓછા (કરી) દેખાડ્યા હતા અને તમને તેમની નજરમાં ઓછા કરી દેખાડ્યા હતા કે જેથી અલ્લાહને જે કાંઇ કરવાનું હતું તે પૂર્ણ કરી

નાખે; અને સઘળી બાબતોનું પાછું ફરવું તેનીજ તરફ છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا لَقِيْتُمْ فِئَةً فَاثْبُتُوْا وَاذْكُرُوا اللّٰهَ كَثِيْرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۴۵﴾

(૪૫) અય ઇમાન લાવનારાઓ! જ્યારે કોઇ ટોળા સાથે તમારો સામનો થઇ જાય તો મક્કમ રહ્યા કરો અને અલ્લાહને ઘણો ઘણો યાદ કર્યા કરો કે કદાચને તમે સફળતા પામો.

وَاَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَتَذْهَبَ رِيْحُكُمْ وَاصْبِرُوْا ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ ﴿۴۶﴾

(૪૬) અને અલ્લાહ તથા તેના રસૂલની આજ્ઞા પાળો અને માંહો માંહે ઝઘડો નહિ, નહિતર તમે હિંમત હારી જશો અને તમારો ઉત્સાહ ચાલ્યો જશે અને તમે ધીરજ ધરો; બેશક અલ્લાહ ધીરજ ધરનારાઓની સાથે છે.

وَلَا تَكُونُوا كَالَّذِينَ خَرَجُوا مِنْ دِيَارِهِمْ بَطَرًا وَّرِئَآءَ النَّاسِ
وَيَصُدُّونَ عَنْ سَبِيلِ اللّٰهِ ط وَاللّٰهُ بِمَا يَعْمَلُونَ مُحِيطٌ ﴿٤٧﴾

(૪૭) અને તમે તે (નાસ્તિક) લોકોના જેવા ન થાઓ કે જેઓ મોટાઈ કરતા અને લોકો સમક્ષ દેખાવ કરતા ઘરોની બહાર નીકળતા હતા અને (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવતા હતા; અને

જે કૃત્યો તેઓ કરે છે તે (સર્વે) અલ્લાહના (જ્ઞાનની) સીમામાં છે.

وَاِذۡ زَيَّنَ لَهُمُ الشَّيۡطٰنُ اَعۡمَالَهُمۡ وَقَالَ لَا غَالِبَ لَـكُمُ
الۡيَوۡمَ مِنَ النَّاسِ وَاِنِّىۡ جَارٌ لَّـكُمۡ‌ ۚ فَلَمَّا تَرَآءَتِ الۡفِئَتٰنِ
نَكَصَ عَلٰى عَقِبَيۡهِ وَقَالَ اِنِّىۡ بَرِىۡٓءٌ مِّنۡكُمۡ اِنِّىۡۤ اَرٰى مَا لَا
تَرَوۡنَ اِنِّىۡۤ اَخَافُ اللّٰهَ‌ ؕ وَاللّٰهُ شَدِيۡدُ الۡعِقَابِ۝۴۸

(૪૮) અને (તે સમયને યાદ કરો) જ્યારે શૈતાને તેમના કૃત્યો તેમની નજરમાં શોભાયમાન કરી દીધા અને કહ્યું કે જે સ્થિતિમાં કે હું તમારૂં પીઠબળ છું કોઇ પણ આજે તમારા ઉપર વિજયી નિવડશે નહિ, પછી જ્યારે તે બન્ને ટોળાં એકમેકની

નજરે પડ્યા (અને સામ સામા થઇ ગયા) ત્યારે શૈતાન પોતાના પાછલા પગોએ ફરી ગયો અને કહેવા લાગ્યો કે નિઃસંશય હું તો તમારાથી અળગો છું; બેશક હું જે કાંઇ જોઉં છું તે તમે જોતા નથી; નિઃસંશય હું અલ્લાહથી ડરૂં છું; અને અલ્લાહ અઝાબ આપવામાં ઘણો સખ્ત છે.

اِذۡ يَقُوۡلُ الۡمُنٰفِقُوۡنَ وَالَّذِيۡنَ فِىۡ قُلُوۡبِهِمۡ مَّرَضٌ غَرَّ هٰٓؤُلَاۤءِ
دِيۡنُهُمۡ‌ؕ وَمَنۡ يَّتَوَكَّلۡ عَلَى اللّٰهِ فَاِنَّ اللّٰهَ عَزِيۡزٌ حَكِيۡمٌ ﴿۴۹﴾

(૪૯) (તે સમયને યાદ કરો) જ્યારે દાંભિકો તથા તે લોકો કે જેમનાં અંતઃકરણોમાં (નાસ્તિકપણાનો) રોગ હતો કહેવા લાગ્યા કે આ (મુસલમાન) લોકોને તેમના દીને ધોકો આપ્યો છે; (અય રસૂલ! એ

લોકો ગમે તે કહે) પણ જે કોઇ અલ્લાહ પર ભરોસો રાખશે તો બેશક અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

وَلَوْ تَرٰۤى اِذْ يَتَوَفَّى الَّذِيْنَ كَفَرُوا ۙ الْمَلٰۤئِكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ وَاَدْبَارَهُمْ ۚ وَذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿٥٠﴾

(૫૦) અને કદાચને તું જોતે કે જ્યારે ફરિશ્તા તે નાસ્તિકોના પ્રાણોનું હરણ કરે છે અને તેમના મોંઢાં અને પીઠ પર (ચાબખા) મારતા જાય છે, અને (સાથે સાથે આ કહેતા જાય છે કે) દાઝવાના અઝાબની મજા ચાખો.

ذٰلِكَ بِمَا قَدَّمَتْ اَيْدِيْكُمْ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ۙ﴿٥١﴾

(૫૧) અને તેનો બદલો છે કે જે તમારા હાથો (આ) અગાઉ મોકલી ચૂક્યા છે અને અલ્લાહ પોતાના બંદાઓ પર હરગિજ ઝુલ્મ કરતો નથીઃ

كَدَاْبِ اٰلِ فِرْعَوْنَ ۙ وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ
فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ؕ اِنَّ اللّٰهَ قَوِيٌّ شَدِيْدُ الْعِقَابِ ﴿۵۲﴾

(૫૨) (અય નાસ્તિકો !) જેવી ફિરઔનવાળાઓની તથા તેમની અગાઉનાઓની દશા થઇ હતી (તેવી જ દશા તમારી પણ થશે); તેમણે અલ્લાહની નિશાનીઓનો ઇન્કાર કર્યો હતો જેથી અલ્લાહે તેમને તેમના ગુનાહોના કારણે (અઝાબમાં) પકડી લીધા; બેશક અલ્લાહ શક્તિવાન (અને) અઝાબ આપવામાં ઘણો સખ્ત છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ لَمۡ يَكُ مُغَيِّرًا نِّعۡمَةً اَنۡعَمَهَا عَلٰى قَوۡمٍ حَتّٰى
يُغَيِّرُوۡا مَا بِاَنۡفُسِهِمۡ‌ۙ وَاَنَّ اللّٰهَ سَمِيۡعٌ عَلِيۡمٌۙ ﴿۵۳﴾

(૫૩) આ એ માટે કે અલ્લાહ કોઇ નેઅમત કે જે કોઇ કોમને આપી હોય તે બદલી નાખતો નથી, જ્યાં સુધી કે તે (કોમ) પોતેજ પોતાની સ્થિતિ બદલી ન નાખે, અને બેશક અલ્લાહ મહાન સાંભળનાર (અને) જાણનાર છે:

كَدَاۡبِ اٰلِ فِرۡعَوۡنَ‌ۙ وَالَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ‌ؕ كَذَّبُوۡا بِاٰيٰتِ
رَبِّهِمۡ فَاَهۡلَكۡنٰهُمۡ بِذُنُوۡبِهِمۡ وَاَغۡرَقۡنَاۤ اٰلَ فِرۡعَوۡنَ‌ۚ وَكُلٌّ
كَانُوۡا ظٰلِمِيۡنَ ﴿۵۴﴾

(૫૪) (અય નાસ્તિકો !) જેવી ફિરઔનવાળાઓની તથા તેમની અગાઉનાઓની દશા થઇ હતી (તેવી જ દશા તમારી પણ થશે); તેઓએ પોતાના પરવરદિગારની આયતોને જૂઠલાવી જેથી અમોએ તેમના ગુનાહોના કારણે તેમનો નાશ કર્યો, અને ફિરઔનવાળાઓને ડૂબાડી દીધા, અને તેઓ બધા જ ઝાલિમ હતા.

إِنَّ شَرَّ الدَّوَابِّ عِنْدَ اللَّهِ الَّذِينَ كَفَرُوا فَهُمْ لَا يُؤْمِنُونَ ﴿٥٥﴾

(૫૫) બેશક અલ્લાહની પાસે સૌથી ખરાબ પ્રાણી તે લોકો છે કે જેઓ નાસ્તિકપણું કરે છે, પછી તેઓ ઇમાન લાવતા નથી

اَلَّذِيْنَ عٰهَدْتَّ مِنْهُمْ ثُمَّ يَنْقُضُوْنَ عَهْدَهُمْ فِيْ كُلِّ مَرَّةٍ
وَّهُمْ لَا يَتَّقُوْنَ۝٥٦

(૫૬) તેઓ એજ છે જેમની સાથે તું કરાર કરે છે, પછી તેઓ દરેક વખતે પોતાના કરાર તોડી નાખે છે અને જરા પણ ડરતા નથી.

فَاِمَّا تَثْقَفَنَّهُمْ فِي الْحَرْبِ فَشَرِّدْ بِهِمْ مَّنْ خَلْفَهُمْ لَعَلَّهُمْ
يَذَّكَّرُوْنَ۝٥٧

(૫૭) જેથી અગર તમે યુદ્ધમાં તેમના પર કાબૂ મેળવો તો તેમના (પર સખ્તાઇ ચલાવી તેમના દાખલાથી) તેમને કે જેઓ તેમની પીઠ પાછળ છે

છિન્ન ભિન્ન કરી નાખજો કે કદાચને તેઓ યાદ રાખે.

وَاِمَّا تَخَافَنَّ مِنۡ قَوۡمٍ خِيَانَةً فَانۡۢبِذۡ اِلَيۡهِمۡ عَلٰى سَوَآءٍ ‌ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الۡخَآئِنِيۡنَ ۝۵۸

(૫૮) અને જો તમને કોઇ કોમ તરફથી વિશ્વાસભંગનો અંદેશો હોય તો તમે પણ (તેમની સાથેના કરારના લખાણને ફાડી) તેમના તરફ ફેંકી દેજો કે જેથી તમે સરખા થઇ જાઓ; બેશક અલ્લાહ વિશ્વાસઘાત કરનારાઓને દોસ્ત રાખતો નથી.

وَلَا يَحۡسَبَنَّ الَّذِيۡنَ كَفَرُوۡا سَبَقُوۡا ‌ؕ اِنَّهُمۡ لَا يُعۡجِزُوۡنَ ۝۵۹

(૫૯) અને જેમણે નાસ્તિકપણું ધારણ કર્યું છે તેઓ એવું ગુમાન ન કરે કે તેઓ બાજી જીતી ગયા છે; નિઃસંશય તેઓ (અમને) નિરૂપાય બનાવી શકશે નહિ.

وَاَعِدُّوْا لَهُمْ مَّا اسْتَطَعْتُمْ مِّنْ قُوَّةٍ وَّمِنْ رِّبَاطِ الْخَيْلِ
تُرْهِبُوْنَ بِهٖ عَدُوَّاللّٰهِ وَعَدُوَّكُمْ وَاٰخَرِيْنَ مِنْ دُوْنِهِمْ ۚ لَا
تَعْلَمُوْنَهُمْ ۚ اَللّٰهُ يَعْلَمُهُمْ ۗ وَمَا تُنْفِقُوْا مِنْ شَيْءٍ فِيْ سَبِيْلِ
اللّٰهِ يُوَفَّ اِلَيْكُمْ وَاَنْتُمْ لَا تُظْلَمُوْنَ ﴿٦٠﴾

(૬૦) અને (અય મુસલમાનો !) જે બળ તમે મેળવી શકો અને જેટલા ઘોડા તમે સરહદ પર બાંધી શકો તેમને તે (નાસ્તિકો)ના મુકાબલા માટે

તૈયાર કરી રાખો, (કારણ) કે તેમ કરવાથી તમે અલ્લાહના દુશ્મનો પર અને તમારા દુશ્મનો પર અને તેમના સિવાય અન્ય લોકો ઉપર પણ ધાક બેસાડી દેશો, તમે તેમને નથી જાણતા, અલ્લાહ તેમને (સારી પેઠે) જાણે છે; અને તમે અલ્લાહની રાહમાં જે કાંઇ ખર્ચ કરશો તેનો તમને બદલો આપવામાં આવશે અને તમારા પર કાંઇ પણ અન્યાય કરવામાં આવશે નહિ.

وَاِنْ جَنَحُوْا لِلسَّلْمِ فَاجْنَحْ لَهَا وَتَوَكَّلْ عَلَى اللّٰهِ ۭ اِنَّهٗ هُوَالسَّمِيْعُ الْعَلِيْمُ ۝٦١

(૬૧) અને જો તેઓ સુલેહ તરફ વળે તો તું પણ તે તરફ વળી જા અને અલ્લાહ પર વિશ્વાસ રાખ; બેશક તે મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

وَاِنۡ يُّرِيۡدُوۡۤا اَنۡ يَّخۡدَعُوۡكَ فَاِنَّ حَسۡبَكَ اللّٰهُ‌ؕ هُوَ الَّذِىۡۤ اَيَّدَكَ بِنَصۡرِهٖ وَبِالۡمُؤۡمِنِيۡنَۙ‏ ﴿۶۲﴾

(૬૨) અને જો તેઓ તને છેતરવા ચાહે તો નિઃસંશય અલ્લાહ તારા માટે બસ છે; તે (અલ્લાહ) એજ છે જેણે પોતાની મદદ વડે તથા મોઅમીનોની (મદદ) વડે તને તાકત આપી છેઃ

وَاَلَّفَ بَيۡنَ قُلُوۡبِهِمۡ ؕ لَوۡ اَنۡفَقۡتَ مَا فِى الۡاَرۡضِ جَمِيۡعًا مَّاۤ
اَلَّفۡتَ بَيۡنَ قُلُوۡبِهِمۡ وَلٰـكِنَّ اللّٰهَ اَلَّفَ بَيۡنَهُمۡ ؕ اِنَّهٗ عَزِيۡزٌ
حَكِيۡمٌ ﴿۶۳﴾

(૬૩) અને તેમના દિલોમાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન કરી દીધો છે; અગર જમીનમાં જે કાંઇ છે તે સઘળુંજ તું ખર્ચી નાખતે તો પણ તેમના દિલોમાં તું પ્રેમ ઉત્પન્ન કરી શકતે નહિ, પણ અલ્લાહે તે (મુસલમાનો)ના દિલોમાં પરસ્પર પ્રેમ ઉત્પન્ન કર્યો; બેશક અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

يٰۤاَيُّهَا النَّبِىُّ حَسۡبُكَ اللّٰهُ وَمَنِ اتَّبَعَكَ مِنَ الۡمُؤۡمِنِيۡنَ ﴿۶۴﴾

(૬૪) અય નબી ! અલ્લાહ તથા મોઅમીનોમાંથી જેઓ તારી તાબેદારી કરે છે તેઓ જ તારા માટે બસ છે.

يَاَيُّهَا النَّبِيُّ حَرِّضِ الْمُؤْمِنِيْنَ عَلَى الْقِتَالِ ؕ اِنْ يَّكُنْ مِّنْكُمْ
عِشْرُوْنَ صٰبِرُوْنَ يَغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ
يَّغْلِبُوْٓا اَلْفًا مِّنَ الَّذِيْنَ كَفَرُوْا بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ ﴿٦٥﴾

(૬૫) અય નબી ! મોઅમીનોને (નાસ્તિકો સાથે) લડાઇ માટે પ્રોત્સાહન આપ (ઉભારતો રહે); અગર તમારામાં વીસ સબ્ર કરનારા હશે તો તેઓ બસો (જણા) ઉપર વિજયી રહેશે, અને જો તમારામાંથી એક સો (સબ્ર કરનારા) હશે તો એક હજાર

નાસ્તિકો પર વિજયી રહેશે, એ માટે કે તે એવી કોમ છે કે જે મુદ્દલ સમજી શકતી નથી.

اَلْـٰٔنَ خَفَّفَ اللّٰهُ عَنْكُمْ وَعَلِمَ اَنَّ فِيْكُمْ ضَعْفًا ؕ فَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ صَابِرَةٌ يَّغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ اَلْفٌ يَّغْلِبُوْٓا اَلْفَيْنِ بِاِذْنِ اللّٰهِ ؕ وَاللّٰهُ مَعَ الصّٰبِرِيْنَ ﴿٦٦﴾

(૬૬) હવે અલ્લાહ તમારા ઉપર (પોતાના હુકમનો બોજો) હલકો કરી દીધો છે અને તેણે જાણી લીધું છે કે તમારામાં કમજોરી છે; જેથી તમારામાંથી સો સબ્ર કરનારા હશે તો તેઓ અલ્લાહના હુકમથી બસો ઉપર વિજયી રહેશે, અને તમારામાંથી જો હજાર હશે તો અલ્લાહના હુકમથી બે હજાર ઉપર

વિજયી રહેશે; અને અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે છે.

مَا كَانَ لِنَبِيٍّ اَنْ يَّكُوْنَ لَهٗۤ اَسْرٰى حَتّٰى يُثْخِنَ فِي الْاَرْضِؕ تُرِيْدُوْنَ عَرَضَ الدُّنْيَاۖ وَاللّٰهُ يُرِيْدُ الْاٰخِرَةَؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٦٧﴾

(૬૭) (કોઇ પણ) નબીની પાસે જ્યાં સુધી કે તે (લડાઇ કરીને) દેશ ઉપર સંપૂર્ણ સત્તા મેળવે નહિ (ત્યાં સુધી દંડ લેવાના હેતુસર) કૈદીઓનું હોવું મુનાસીબ નથી; તમે આ જગતના (નાશવંત) સાધનોને ચાહનારા છો, અને અલ્લાહ (તમારા

માટે) આખેરત (નું સુખ) ચાહે છે; અને અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

لَوۡلَا كِتٰبٌ مِّنَ اللّٰهِ سَبَقَ لَمَسَّكُمۡ فِيۡمَاۤ اَخَذۡتُمۡ عَذَابٌ عَظِيۡمٌ ۞٦٨

(૬૮) અગર અલ્લાહનો (આ ગુનાહની માફી માટેનો) લેખિત હુકમ પહેલેથી (નક્કી) થઇ ગયો ન હોત તો ખચીતજ જે કાંઇ તમોએ (બદ્રના કૈદીઓ) પાસેથી (દંડ તરીકે) લીધું છે તેના સબંધમાં તમારા ઉપર ઘણો મોટો અઝાબ ઉતરતે.

فَكُلُوۡا مِمَّا غَنِمۡتُمۡ حَلٰلًا طَيِّبًا ۖ وَّاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ۞٦٩

(૬૯) (પણ) હવે તમોએ ગનીમત (ના માલ) તરીકે જે કાંઇ લીધું છે તેમાંથી હલાલ અને પાક સમજી ખાઇ લો અને અલ્લાહથી ડરતા રહો; બેશક અલ્લાહ મોટો ક્ષમાવાન અને દયા કરનાર છે.

يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّمَنْ فِيْۤ اَيْدِيْكُمْ مِّنَ الْاَسْرٰۤى ۙ اِنْ يَّعْلَمِ اللّٰهُ فِيْ قُلُوْبِكُمْ خَيْرًا يُّؤْتِكُمْ خَيْرًا مِّمَّاۤ اُخِذَ مِنْكُمْ وَيَغْفِرْ لَكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٧٠﴾

(૭૦) અય નબી ! જે બંદીવાનો તમારા કબ્જામાં છે તેમને કહી દે કે અગર અલ્લાહ તમારા દિલોમાં નેકી જોશે તો તમારી પાસેથી જે કાંઇ (લઇ) લેવામાં આવ્યું છે તે કરતાંય બેહતર તમને

આપશે અને તમારા ગુનાહ માફ કરી દેશે અને અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَاِنۡ يُّرِيۡدُوۡا خِيَانَتَكَ فَقَدۡ خَانُوا اللّٰهَ مِنۡ قَبۡلُ فَاَمۡكَنَ

مِنۡهُمۡ‌ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ‏ ﴿۷۱﴾

(૭૧) અને અગર તેઓ તારી સાથે વિશ્વાસઘાત (કરવા)નો ઇરાદો કરે તો તેઓ અલ્લાહ સાથે તો પ્રથમથીજ વિશ્વાસઘાત કરી ચૂક્યા છે, પણ તેણે (તમને) તેમના પર કાબૂ આપી દીધો છે; અને અલ્લાહ મોટો જાણનાર (અને) હિકમતવાળો છે.

اِنَّ الَّذِيۡنَ اٰمَنُوۡا وَهَاجَرُوۡا وَجٰهَدُوۡا بِاَمۡوَالِهِمۡ وَاَنۡفُسِهِمۡ فِىۡ

سَبِيۡلِ اللّٰهِ وَالَّذِيۡنَ اٰوَوْا وَّنَصَرُوۡۤا اُولٰۤـئِكَ بَعۡضُهُمۡ اَوۡلِيَآءُ

بَعْضٍ ؕ وَالَّذِيْنَ اٰمَنُوْا وَلَمْ يُهَاجِرُوْا مَا لَكُمْ مِّنْ وَّلَايَتِهِمْ

مِّنْ شَيْءٍ حَتّٰى يُهَاجِرُوْا ۚ وَاِنِ اسْتَنْصَرُوْكُمْ فِي الدِّيْنِ

فَعَلَيْكُمُ النَّصْرُ اِلَّا عَلٰى قَوْمٍۢ بَيْنَكُمْ وَبَيْنَهُمْ مِّيْثَاقٌ ؕ وَاللّٰهُ

بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٧٢﴾

(૭૨) નિઃસંશય જે લોકો ઇમાન લાવ્યા છે તથા તેમણે સ્વદેશ ત્યાગ (હિજરત) કર્યો છે અને જેમણે અલ્લાહની રાહમાં પોતાના માલ તથા જાનથી જેહાદ કર્યો છે, અને જેમણે (મુસ્લિમોને) આશ્રય આપીને મદદ કરી છે, તેઓ એક બીજાના હિમાયતી છે; અને જેઓ ઇમાન તો લાવ્યા છે પણ હિજરત કરી નથી, તો જ્યાં સુધી તેઓ હિજરત ન

કરે ત્યાં સુધી તેમના રક્ષણ માટે તમે કોઇ રીતે બંધાયેલા નથી; અને જો તેઓ તમારી પાસે દીન (ના મામલા)માં મદદ માંગે તો તેમને મદદ આપવી તમારા ઉપર લાઝિમ છે, પરંતુ તે કોમના મુકાબલામાં નહિ કે જેમની અને તમારી વચ્ચે કરાર (થઇ ચૂક્યા) હોય; અને તમે જે કાંઇ કરો છો તે અલ્લાહ નિહાળે છે.

وَالَّذِيْنَ كَفَرُوْا بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ؕ اِلَّا تَفْعَلُوْهُ تَكُنْ
فِتْنَةٌ فِى الْاَرْضِ وَفَسَادٌ كَبِيْرٌ ؕ۷۳

(૭૩) અને જે લોકો ઇમાન નથી લાવ્યા, તેઓ (માંહોમાંહે) એક બીજાના હિમાયતી છે; અગર તમે (જે આજ્ઞા તમને આપવામાં આવી છે) તે (નું

પાલન) નહિ કરો તો પૃથ્વી પર ફિત્નો અને ભયંકર ફસાદ ફેલાઈ જશે.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَهَاجَرُوْا وَجٰهَدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَالَّذِيْنَ
اٰوَوْا وَّنَصَرُوْٓا اُولٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا ؕ لَهُمْ مَّغْفِرَةٌ
وَّرِزْقٌ كَرِيْمٌ ۝٧٤

(૭૪) અને જે લોકો ઇમાન લાવ્યા તથા હિજરત કરી અને અલ્લાહની રાહમાં જિહાદ કર્યો, અને જેમણે (મોહાજીરોને) આશ્રય આપીને સહાય કરી તેઓજ સાચા મોઅમીન છે; (પાપની) ક્ષમા અને આબરૂની રોઝી તેમના માટેજ છે.

وَالَّذِيْنَ اٰمَنُوْا مِنْۢ بَعْدُ وَهَاجَرُوْا وَجٰهَدُوْا مَعَكُمْ فَاُولٰٓئِكَ
مِنْكُمْ ؕ وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ فِيْ كِتٰبِ
اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۷۵﴾

(૭૫) અને જે લોકો (સુલેહ હુદયબીયા) પછી ઇમાન લાવ્યા અને સ્વદેશ ત્યાગ કર્યો અને તમારી પડખે (ઉભા) રહી યુધ્ધ કર્યું તેઓ પણ તમારા માંહેનાજ છે; જો કે અલ્લાહના હુકમ પ્રમાણે સગાંવહાલાં એક બીજાના (વારસાના સંબંધમાં) વધુ હકદાર છે, બેશક અલ્લાહ દરેક વસ્તુનો (સંપૂર્ણ રીતે) જાણકાર છે.

بَرَآءَةٌ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖۤ اِلَى الَّذِيْنَ عٰهَدْتُّمْ مِّنَ الْمُشْرِكِيْنَ ①

(૧) (અય મુસલમાનો !) તમોએ જે મુશરિકો સાથે (સુલેહના) કરાર કર્યા હતા તેનાથી હવે અલ્લાહ અને તેનો રસૂલ (તદ્દન) વિમુખ છે.

فَسِيْحُوْا فِى الْاَرْضِ اَرْبَعَةَ اَشْهُرٍ وَّاعْلَمُوْۤا اَنَّكُمْ غَيْرُ
مُعْجِزِى اللّٰهِ ۙ وَاَنَّ اللّٰهَ مُخْزِى الْكٰفِرِيْنَ ②

(૨) માટે અય મુશરિકો! આ (રજબ, ઝીલકાદ, ઝીલ્હજ્જ અને મોહર્રમ) ચારે (હુરમતવાળા) મહીના (દરમિયાન) દેશમાં હરો ફરો અને સમજી

લો કે તમે અલ્લાહને વિવશ કરીશ શકશો નહી અને આ કે અલ્લાહ નાસ્તિકોને ફજેત કરનારો છે.

وَاَذَانٌ مِّنَ اللّٰهِ وَرَسُوۡلِهٖۤ اِلَى النَّاسِ يَوۡمَ الۡحَجِّ الۡاَكۡبَرِ اَنَّ اللّٰهَ
بَرِىۡٓءٌ مِّنَ الۡمُشۡرِكِيۡنَ ‌ۙ وَرَسُوۡلُهٗ‌ ؕ فَاِنۡ تُبۡتُمۡ فَهُوَ خَيۡرٌ
لَّـكُمۡ‌ ۚ وَاِنۡ تَوَلَّيۡتُمۡ فَاعۡلَمُوۡۤا اَنَّكُمۡ غَيۡرُ مُعۡجِزِى اللّٰهِ‌ ؕ وَبَشِّرِ
الَّذِيۡنَ كَفَرُوۡا بِعَذَابٍ اَلِيۡمٍۙ ‏۝۳

(3) અને અલ્લાહ તથા તેના રસૂલ તરફથી હજ્જે અકબરના દિવસે સઘળા લોકોને જાહેર (કરવામાં આવે) છે કે અલ્લાહ મૂર્તિ પૂજકો (ના સંરક્ષણ)થી હાથ ઉઠાવી લે છે અને તેનો રસૂલ પણ; પછી અગર તમે તૌબા કરી લો તો તમારા માટે તે સારૂં

છે, અને અગર મોંઢું ફેરવશો તો સમજી લો કે તમે અલ્લાહને વિવશ કરી શકનારા નથી; અને (અય રસૂલ!) તું ઇમાન નહિ લાવનારાઓને દુઃખદાયક અઝાબની ખુશખબર પહોંચાડી દેઃ

إِلَّا الَّذِينَ عَاهَدتُّم مِّنَ الْمُشْرِكِينَ ثُمَّ لَمْ يَنقُصُوكُمْ شَيْئًا وَلَمْ يُظَاهِرُوا عَلَيْكُمْ أَحَدًا فَأَتِمُّوا إِلَيْهِمْ عَهْدَهُمْ إِلَىٰ مُدَّتِهِمْ ۚ إِنَّ اللَّهَ يُحِبُّ الْمُتَّقِينَ ﴿٤﴾

(૪) પરંતુ મુશરિકો માંહેના તે લોકો કે જેમની સાથે તમે કરાર કર્યા હતા; પછી તેમણે તમારી સાથે (તેના પાલવમાં) કાંઇ કમી કરી નથી; (તેમજ) તમારી વિરૂધ્ધ કોઇને સહાય પણ આપી નથી તો

તેમના કરાર તેની મુદ્દત (પૂરી થતાં) સુધી પૂરા કરો; બેશક અલ્લાહ પરહેજગારોને દોસ્ત રાખે છે.

فَاِذَا انْسَلَخَ الْاَشْهُرُ الْحُرُمُ فَاقْتُلُوا الْمُشْرِكِيْنَ حَيْثُ وَجَدْتُّمُوْهُمْ وَخُذُوْهُمْ وَاحْصُرُوْهُمْ وَاقْعُدُوْا لَهُمْ كُلَّ مَرْصَدٍ ۚ فَاِنْ تَابُوْا وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ فَخَلُّوْا سَبِيْلَهُمْ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ⑤

(૫) પછી જ્યારે હુરમતવાળા (મજકુર ચાર) મહિના પૂરા થઇ જાય તો મુશરિકો જ્યાં પણ મળી આવે ત્યાં તેમને કત્લ કરી નાખજો અને તેમને પકડી બંદીવાન કરી લેજો, અને તેમને ઘેરી લેજો, અને દરેક સંતાઇ રહેવાની જગ્યાએ તેમની તાકમાં

(બેસી) રહેજો; (પણ) પછી જો તેઓ પ્રાયશ્ચિત કરે અને નમાઝ પઢવા લાગે તથા ઝકાત આપવા માંડે તો તેમનો માર્ગ ઉઘાડી નાખજો; બેશક અલ્લાહ મહા ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَاِنۡ اَحَدٌ مِّنَ الۡمُشۡرِكِيۡنَ اسۡتَجَارَكَ فَاَجِرۡهُ حَتّٰى يَسۡمَعَ كَلٰمَ اللّٰهِ ثُمَّ اَبۡلِغۡهُ مَاۡمَنَهٗ ؕ ذٰلِكَ بِاَنَّهُمۡ قَوۡمٌ لَّا يَعۡلَمُوۡنَ ۚ﴿۶﴾

(૬) અને (અય રસૂલ!) મુશરિકોમાંથી અગર કોઇ તારી પનાહ માંગે તો તેને પનાહ આપ, અહીં સુધી કે તે અલ્લાહનો કલામ સાંભળે, પછી તેને તેના સુરક્ષિત સ્થાને પહોંચાડી દેજે; આ એ માટે કે તેઓ એવા લોકો છે કે જેઓ કાંઇ જાણતા નથી.

كَيْفَ يَكُوْنُ لِلْمُشْرِكِيْنَ عَهْدٌ عِنْدَ اللّٰهِ وَعِنْدَ رَسُوْلِهٖۤ اِلَّا
الَّذِيْنَ عٰهَدْتُّمْ عِنْدَ الْمَسْجِدِ الْحَرَامِ ۚ فَمَا اسْتَقَامُوْا لَكُمْ
فَاسْتَقِيْمُوْا لَهُمْ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ ⑦

(૭) અલ્લાહ અને તેના રસૂલના શીરે મુશરિકોનો કોઇ કરાર કેવી રીતે રહી શકે, સિવાય કે જેમની સાથે તમોએ મસ્જિદુલ હરામ પાસે કરાર કરી લીધો હતો? જેથી જ્યાં સુધી તેઓ તમારી સાથે તે (કરાર) પર કાયમ રહે તો તમે પણ તેમની સાથે તેના પર કાયમ રહો; બેશક અલ્લાહ પરહેજગારોને દોસ્ત રાખે છે.

كَيۡفَ وَاِنۡ يَّظۡهَرُوۡا عَلَيۡكُمۡ لَا يَرۡقُبُوۡا فِيۡكُمۡ اِلًّا وَّلَا ذِمَّةً ؕ
يُرۡضُوۡنَكُمۡ بِاَفۡوَاهِهِمۡ وَتَاۡبٰى قُلُوۡبُهُمۡ ۚ وَاَكۡثَرُهُمۡ فٰسِقُوۡنَ‌ۚ ﴿۸﴾

(૮) તે કરાર (કાયમ) કેવી રીતે રહી શકે જ્યારે કે જો તેઓ તમારા પર પ્રભુત્વ મેળવી લે તો તમારા સબંધમાં ન સગપણનો વિચાર કરે ન કોલકરારનો; તેઓ (માત્ર) મોંઢાની વાતોથી તમને રાઝી કરે છે, પરંતુ તેમના અંતઃકરણો તે કબૂલ રાખવાને ના પાડે છે, અને તેઓ માંહેના ઘણાખરા ફાસિકો છે.

اِشۡتَرَوۡا بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا قَلِيۡلًا فَصَدُّوۡا عَنۡ سَبِيۡلِهٖ ؕ اِنَّهُمۡ
سَآءَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿۹﴾

(૯) તેમણે અલ્લાહની આયતોના બદલામાં નજીવી કિંમત લઇ લીધી છે જેથી (લોકોને) તેના માર્ગથી અટકાવે છે; બેશક જે તેઓ કરી રહ્યા છે તે ઘણુંજ ખરાબ છે.

لَا يَرْقُبُوْنَ فِيْ مُؤْمِنٍ اِلًّا وَّلَا ذِمَّةً ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُعْتَدُوْنَ ﴿١٠﴾

(૧૦) તેઓ મોઅમીનના સબંધમાં ન કોઇ સગપણનો વિચાર કરે છે ન કોલ કરારનો; અને તેઓજ અત્યાચારી (મર્યાદા ઓળંગનાર) છે.

فَاِنْ تَابُوْا وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ فَاِخْوَانُكُمْ فِي الدِّيْنِ ؕ وَنُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿١١﴾

(૧૧) પછી અગર તેઓ તૌબા કરી લે તથા નમાઝ પઢવા લાગે તથા ઝકાત આપવા માંડે તો તેઓ દીનમાં તમારા ભાઇઓ છે; અને તે લોકો માટે કે જેઓ જ્ઞાન ધરાવે છે અમે (અમારી) આયતોને સ્પષ્ટ કરી વર્ણવીએ છીએ.

وَإِن نَّكَثُوٓا أَيْمَانَهُم مِّنۢ بَعْدِ عَهْدِهِمْ وَطَعَنُوا فِى دِينِكُمْ
فَقَاتِلُوٓا أَئِمَّةَ الْكُفْرِ ۙ إِنَّهُمْ لَآ أَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنتَهُونَ ﴿١٢﴾

(૧૨) અને અગર તેઓ કરાર કર્યા બાદ પોતાની પ્રતિજ્ઞાઓનો ભંગ કરે અને તમારા ધર્મ સંબંધમાં મેણાં મારે તો તમે પણ નાસ્તિકોના સરદારો સાથે લડો. તેમની કસમનો કોઈ ભરોસો નથી. કદાચને તેઓ (તેમ કરતાં) અટકી જાય;

اَلَا تُقَاتِلُوْنَ قَوْمًا نَّكَثُوْٓا اَيْمَانَهُمْ وَهَمُّوْا بِاِخْرَاجِ الرَّسُوْلِ

وَهُمْ بَدَءُوْكُمْ اَوَّلَ مَرَّةٍ ؕ اَتَخْشَوْنَهُمْ ۚ فَاللّٰهُ اَحَقُّ اَنْ

تَخْشَوْهُ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۱۳﴾

(૧૩) શું તમે તે લોકોથી નહિ લડો કે જેમણે પોતાની પ્રતિજ્ઞાઓ તોડી નાખી અને રસૂલને (તેના શહેરમાંથી) કાઢી મૂકવાનો નિશ્ચય કર્યો અને તમારા પર (હુમલો કરવાની) પહેલ કરી? શું તમે તેમનાથી ભય પામો છો? પણ અગર તમે મોઅમીન છો તો અલ્લાહ તેનો વધુ હકદાર છે કે તમે તેનાથી જ ભય પામો.

قَاتِلُوْهُمْ يُعَذِّبْهُمُ اللّٰهُ بِاَيْدِيْكُمْ وَيُخْزِهِمْ وَيَنْصُرْكُمْ
عَلَيْهِمْ وَيَشْفِ صُدُوْرَ قَوْمٍ مُّؤْمِنِيْنَ ﴿١٤﴾

(૧૪) તેમની સાથે (સારી પેઠે) લડો; અલ્લાહ તમારા હાથે તેમને અઝાબ આપશે અને તેમને ફજેત કરશે અને તેમની વિરૂધ્ધ તમને સહાય કરશે અને (તેમ કરીને) મોઅમીનોના કાળજા ઠંડા કરશે.

وَيُذْهِبْ غَيْظَ قُلُوْبِهِمْ ؕ وَيَتُوْبُ اللّٰهُ عَلٰى مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ
عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٥﴾

(૧૫) અને તે (મોઅમીનો)ના મન માંહેનો ક્રોધ દૂર કરી દેશે અને અલ્લાહ ચાહશે તેની તૌબા કબૂલ

કરી લેશે; અને અલ્લાહ સર્વજ્ઞ (અને) હિકમતવાળો છે.

اَمۡ حَسِبۡتُمۡ اَنۡ تُتۡرَكُوۡا وَلَمَّا يَعۡلَمِ اللّٰهُ الَّذِيۡنَ جٰهَدُوۡا
مِنۡكُمۡ وَلَمۡ يَتَّخِذُوۡا مِنۡ دُوۡنِ اللّٰهِ وَلَا رَسُوۡلِهٖ وَلَا الۡمُؤۡمِنِيۡنَ
وَلِيۡجَةً ؕ وَاللّٰهُ خَبِيۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ ﴿۱۶﴾

(૧૬) શું તમોએ એવું ગુમાન કરી લીધું છે કે તમને (એમજ) છોડી દેવામાં આવશે ? જ્યારે કે અલ્લાહે હજી સુધી તમારામાંથી તે લોકોને ચકાસી લીધા નથી કે જેમણે જેહાદ કર્યો છે, અને અલ્લાહ તથા તેના રસૂલ તથા મોઅમીનો સિવાય બીજા

કોઇને વિશ્વાસુ મિત્ર બનાવ્યા નથી; અને તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

مَا كَانَ لِلْمُشْرِكِيْنَ اَنْ يَّعْمُرُوْا مَسٰجِدَ اللّٰهِ شٰهِدِيْنَ عَلٰٓى اَنْفُسِهِمْ بِالْكُفْرِ ۭ اُولٰۗىِٕكَ حَبِطَتْ اَعْمَالُهُمْ ښ وَفِي النَّارِ هُمْ خٰلِدُوْنَ ⑰

(૧૭) મુશરિકો માટે એ યોગ્ય નથી કે (પોતાના જેવાથી) અલ્લાહની મસ્જિદોને આબાદ કરે અને સાથે સાથે પોતાની વિરૂધ્ધ નાસ્તિકપણાની સાક્ષી પણ પોતે આપતા રહે; તેઓ એજ છે કે જેમના સર્વ કાર્યો નષ્ટ થયા છે, અને તેઓ જહન્નમમાં હંમેશ માટે રહેનારા થશે

إِنَّمَا يَعۡمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنۡ اٰمَنَ بِاللّٰهِ وَالۡيَوۡمِ الۡاٰخِرِ وَاَقَامَ
الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ وَلَمۡ يَخۡشَ اِلَّا اللّٰهَ فَعَسٰٓى اُولٰٓـئِكَ اَنۡ
يَّكُوۡنُوۡا مِنَ الۡمُهۡتَدِيۡنَ ١٨

(૧૮) અલ્લાહની મસ્જિદો તો માત્ર તેઓજ આબાદ કરે કે જેઓ અલ્લાહ તથા કયામત પર ઇમાન રાખે તથા નમાઝ પઢે તથા ઝકાત આપે અને અલ્લાહના સિવાય બીજા કોઇથી ભય પામે નહિ; માટે સંભવિત છે કે તેઓ હિદાયત પામેલાઓ માંહેના થઇ જાય.

اَجَعَلۡتُمۡ سِقَايَةَ الۡحَآجِّ وَعِمَارَةَ الۡمَسۡجِدِ الۡحَرَامِ كَمَنۡ اٰمَنَ بِاللّٰهِ وَالۡيَوۡمِ الۡاٰخِرِ وَجٰهَدَ فِىۡ سَبِيۡلِ اللّٰهِ‌ؕ لَا يَسۡتَوٗنَ عِنۡدَ اللّٰهِ‌ؕ وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ‌ۘ‏ ﴿۱۹﴾

(૧૯) શું તમોએ હાજીઓને પાણી પીવડાવવું તથા મસ્જિદુલ હરામને આબાદ રાખવી (એ કાર્યો) તે શખ્સ (ની સેવા)ની બરોબર કરી લીધાં છે કે જે અલ્લાહ તથા કયામત પર ઇમાન લાવ્યો અને જેણે અલ્લાહના માર્ગમાં જેહાદ કર્યો હોય? હરગિજ તેઓ અલ્લાહની પાસે સમાન નથી; અને અલ્લાહ ઝાલિમ લોકોને માર્ગ દેખાડતો નથી.

ٱلَّذِينَ ءَامَنُوا۟ وَهَاجَرُوا۟ وَجَٰهَدُوا۟ فِى سَبِيلِ ٱللَّهِ بِأَمْوَٰلِهِمْ
وَأَنفُسِهِمْ أَعْظَمُ دَرَجَةً عِندَ ٱللَّهِ ۚ وَأُو۟لَٰٓئِكَ هُمُ
ٱلْفَآئِزُونَ ﴿٢٠﴾

(૨૦) જે લોકો ઇમાન લાવ્યા તથા જેમણે અલ્લાહના માર્ગમાં હિજરત કરી તથા પોતાના માલ જાન સાથે અલ્લાહના માર્ગમાં જેહાદ કર્યો તેઓ અલ્લાહની પાસે દરજ્જામાં સૌથી શ્રેષ્ઠ છે; અને તેઓજ સફળતા મેળવનારા છે.

يُبَشِّرُهُمْ رَبُّهُم بِرَحْمَةٍ مِّنْهُ وَرِضْوَٰنٍ وَجَنَّٰتٍ لَّهُمْ فِيهَا
نَعِيمٌ مُّقِيمٌ ﴿٢١﴾

(૨૧) તેમનો પરવરદિગાર તેમને પોતાના તરફની રહેમત તથા ખુશીની અને એવી જન્નતોની ખુશ ખબર આપે છે કે જેમાં તેમના માટે હંમેશ રહેનારી બક્ષીશો હશેઃ

خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ اِنَّ اللّٰهَ عِنْدَهٗۤ اَجْرٌ عَظِيْمٌ ﴿۲۲﴾

(૨૨) તેઓ તેમાં હંમેશના રહેનારા બનશે; બેશક મહાન બદલો અલ્લાહ પાસેજ છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْۤا اٰبَآءَكُمْ وَاِخْوَانَكُمْ اَوْلِيَآءَ اِنِ
اسْتَحَبُّوا الْكُفْرَ عَلَى الْاِيْمَانِ ؕ وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ
فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۲۳﴾

(૨૩) અય ઇમાન લાવનારાઓ! તમારા બાપ(દાદા)ઓને તથા તમારા ભાઇઓને અગર તેઓ ઇમાનના મુકાબલામાં કુફ્રને પસંદ કરતા હોય (તો તમારા) મિત્ર બનાવો નહિ; અને તમારામાંથી જે (કોઇ) તેમને મિત્ર બનાવશે તો (ખચીતજ) તેઓજ ઝુલમગાર છે.

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَاَبْنَآؤُكُمْ وَاِخْوَانُكُمْ وَاَزْوَاجُكُمْ

وَعَشِيْرَتُكُمْ وَاَمْوَالُ اقْتَرَفْتُمُوْهَا وَتِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا

وَمَسٰكِنُ تَرْضَوْنَهَآ اَحَبَّ اِلَيْكُمْ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ وَجِهَادٍ فِيْ

سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِيَ اللّٰهُ بِاَمْرِهٖ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ

الْفٰسِقِيْنَ ﴿۲۴﴾

(૨૪) (અય રસૂલ!) તું કહે કે અગર તમારા બાપદાદા તથા તમારા પુત્ર (પૌત્ર) તથા તમારા ભાઇ (ભાંડુ) તથા તમારી સ્ત્રીઓ તથા તમારા કુટુંબીઓ તથા તમારી માલમત્તા કે જે તમોએ મેળવી છે, તથા વેપાર કે જેની મંદીથી તમે ડરો છો તથા તે મકાનો કે જે તમે પસંદ કરો છો (તે સર્વે) અલ્લાહ અને તેના રસૂલ તથા અલ્લાહની રાહમાં જેહાદ કરવા કરતાં તમને વધુ વહાલાં હોય તો (તમે જે સ્થિતમાં છો તેમાંજ પડયા રહો) અહીં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ લઇ આવે (જાહેર કરે); અને અલ્લાહ નાફરમાન લોકોને (સદ્) માર્ગ દેખાડતો નથી.

لَقَدْ نَصَرَكُمُ اللّٰهُ فِيْ مَوَاطِنَ كَثِيْرَةٍ ۙ وَّيَوْمَ حُنَيْنٍ ۙ اِذْ
اَعْجَبَتْكُمْ كَثْرَتُكُمْ فَلَمْ تُغْنِ عَنْكُمْ شَيْـًٔا وَّضَاقَتْ
عَلَيْكُمُ الْاَرْضُ بِمَا رَحُبَتْ ثُمَّ وَلَّيْتُمْ مُّدْبِرِيْنَ ﴿٢٥﴾

(૨૫) (અય મુસલમાનો!) ખચીતજ અલ્લાહે ઘણાં યુધ્ધ ક્ષેત્રોમાં તમારી સહાય કરી અને (ખાસ કરીને) હુનૈન (ની લડાઇ)ના દિવસે કે જ્યારે તમારી બહુમતિએ તમને ફુલાવી દીધા હતા, (પણ) પછી તે તમારા કાંઇજ કામે લાગી નહિ. અને પૃથ્વી પહોળી હોવા છતાં તમારા માટે સંકોચાઇ ગઇ, પછી તમે પીઠ ફેરવી મેદાન મૂકી ગયા .

ثُمَّ اَنۡزَلَ اللّٰهُ سَكِيۡنَتَهٗ عَلٰى رَسُوۡلِهٖ وَعَلَى الۡمُؤۡمِنِيۡنَ وَاَنۡزَلَ
جُنُوۡدًا لَّمۡ تَرَوۡهَا وَعَذَّبَ الَّذِيۡنَ كَفَرُوۡا‌ ؕ وَذٰلِكَ جَزَآءُ
الۡكٰفِرِيۡنَ ۝٢٦

(૨૬) પછી અલ્લાહે પોતાની રહેમત (શાંતિ) પોતાના રસૂલ તથા મોઅમીનો પર ઉતારી અને એવાં લશ્કર ઉતાર્યાં કે જેમને તમે દેખી શકતા ન હતા અને નાસ્તિકોને (તે લશ્કરો વડે) અઝાબ આપ્યો, અને નાસ્તિકોની શિક્ષા એજ છે.

ثُمَّ يَتُوۡبُ اللّٰهُ مِنۡۢ بَعۡدِ ذٰلِكَ عَلٰى مَنۡ يَّشَآءُ‌ ؕ وَاللّٰهُ غَفُوۡرٌ
رَّحِيۡمٌ ۝٢٧

(૨૭) આ પછી અલ્લાહ જેની ચાહે તેની તૌબા કબૂલ કરી લેશે; અને અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْمُشْرِكُوْنَ نَجَسٌ فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ الْحَرَامَ بَعْدَ عَامِهِمْ هٰذَا ۚ وَاِنْ خِفْتُمْ عَيْلَةً فَسَوْفَ يُغْنِيْكُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖٓ اِنْ شَآءَ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٢٨﴾

(૨૮) અય ઇમાન લાવનારાઓ! મુશરિકો તો નખશિખ અપવિત્ર છે, માટે તેઓ પોતાના (કરાર પ્રમાણેના) આ વર્ષ પછી મસ્જિદુલ હરામ પાસે આવવા પામે નહિ; અને અગર તમને દરિદ્રતાનો

અંદેશો હોય તો આગળ જતાં અલ્લાહ ચાહશે તો પોતાની કૃપાથી તમને શ્રીમંત બનાવી દેશે; બેશક અલ્લાહ સર્વજ્ઞ અને હિકમતવાળો છે.

قَاتِلُوا الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَلَا بِالْيَوْمِ الْاٰخِرِ وَلَا يُحَرِّمُوْنَ مَا حَرَّمَ اللّٰهُ وَرَسُوْلُهٗ وَلَا يَدِيْنُوْنَ دِيْنَ الْحَقِّ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ حَتّٰى يُعْطُوا الْجِزْيَةَ عَنْ يَّدٍ وَّهُمْ صٰغِرُوْنَ ﴿٢٩﴾

(૨૯) તે લોકોમાંથી કે જેમને કિતાબ આપવામાં આવી છે જેઓ અલ્લાહ તથા કયામતના દિવસ પર ઇમાન નથી રાખતા અને જે જે વસ્તુઓને અલ્લાહ તથા તેના રસૂલે હરામ ઠરાવી છે તેને

હરામ નથી ગણતા, અને સત્ય ધર્મ (ઇસ્લામ)નો અંગીકાર નથી કરતા તેમની સાથે લડતા રહો, અહીં સુધી કે તેઓ ઝલીલ થઇને પોતાના હાથે જઝીયો (ખંડણી) આપવા માંડે.

وَقَالَتِ الْيَهُوْدُ عُزَيْرُ ۨ ابْنُ اللّٰهِ وَقَالَتِ النَّصٰرَى الْمَسِيْحُ ابْنُ
اللّٰهِ ؕ ذٰلِكَ قَوْلُهُمْ بِاَفْوَاهِهِمْ ۚ يُضَاهِـُٔوْنَ قَوْلَ الَّذِيْنَ
كَفَرُوْا مِنْ قَبْلُ ؕ قٰتَلَهُمُ اللّٰهُ ۚ اَنّٰى يُؤْفَكُوْنَ ۝٣٠

(30) અને યહૂદીઓ કહે છે કે ઉઝૈર અલ્લાહનો પુત્ર છે; અને ખ્રિસ્તીઓ કહે છે કે મસીહ અલ્લાહનો પુત્ર છે; આ તેમની ઉપજાવી કાઢેલી વાતો (અને) જે લોકો તેમની પહેલાં ઇમાન લાવ્યા ન હતા

તેમના જેવીજ વાતોનું આ (લોકો) પણ અનુકરણ કરે છે; અલ્લાહ તેમનો નાશ કરે; તેઓ ક્યાં ભટકી રહ્યા છે!

اِتَّخَذُوْۤا اَحْبَارَهُمْ وَرُهْبَانَهُمْ اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ وَالْمَسِيْحَ
ابْنَ مَرْيَمَ ۚ وَمَاۤ اُمِرُوْۤا اِلَّا لِيَعْبُدُوْۤا اِلٰهًا وَّاحِدًا ۚ لَاۤ اِلٰهَ اِلَّا
هُوَ ؕ سُبْحٰنَهٗ عَمَّا يُشْرِكُوْنَ ﴿٣١﴾

(૩૧) તેમણે અલ્લાહને છોડી પોતાના વિદ્વાનો તથા પોતાના જાહીદોને પોતાના પાલનહાર બનાવી લીધા છે અને મરિયમના પુત્ર ઇસાને પણ અને તેમને કોઇ આજ્ઞા આપવામાં આવી ન હતી, સિવાય એ કે તેઓ એકજ અલ્લાહની ઇબાદત

કરતા રહે; તેના સિવાય અન્ય કોઇ માઅબુદ નથી; જે જે વસ્તુઓને તેઓ તે (અલ્લાહ)ના શરીક ઠરાવે છે તે સર્વેથી તેની ઝાત પાક છે

يُرِيْدُوْنَ اَنْ يُّطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ وَيَاْبَى اللّٰهُ اِلَّآ اَنْ يُّتِمَّ نُوْرَهٗ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ ۝٣٢

(૩૨) તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોંઢેથી (ફુંકો મારી) હોલવી નાખે અને અલ્લાહ પોતાના નૂરને એના કમાલ સુધી પહોંચાડયા વિના રહેનાર નથી, (પછી) ભલેને નાસ્તિકોને અણગમતું (કેમ ન) લાગે.

هُوَالَّذِیۡۤ اَرۡسَلَ رَسُوۡلَهٗ بِالۡهُدٰی وَدِیۡنِ الۡحَقِّ لِیُظۡهِرَهٗ عَلَی
الدِّیۡنِ کُلِّهٖ ۙ وَلَوۡ کَرِهَ الۡمُشۡرِکُوۡنَ ﴿۳۳﴾

(33) તે અલ્લાહ એજ છે જેણે પોતાના રસૂલ (મોહમ્મદ સ.અ.વ.)ને હિદાયત તથા સત્ય ધર્મની સાથે મોકલ્યો, (એ માટે કે) તે (સત્ય ધર્મ) ને સર્વે ધર્મો પર પ્રબળ કરી દે, (પછી) ભલેને મુશરિકોને અણગમતું (કાં ન) લાગે.

یٰۤاَیُّهَا الَّذِیۡنَ اٰمَنُوۡۤا اِنَّ کَثِیۡرًا مِّنَ الۡاَحۡبَارِ وَالرُّهۡبَانِ
لَیَاۡکُلُوۡنَ اَمۡوَالَ النَّاسِ بِالۡبَاطِلِ وَیَصُدُّوۡنَ عَنۡ سَبِیۡلِ

اللّٰهِ ؕ وَالَّذِيۡنَ يَكۡنِزُوۡنَ الذَّهَبَ وَالۡفِضَّةَ وَلَا يُنۡفِقُوۡنَهَا فِىۡ
سَبِيۡلِ اللّٰهِ ۙ فَبَشِّرۡهُمۡ بِعَذَابٍ اَلِيۡمٍ ۙ﴿۳۴﴾

(૩૪) અય ઇમાન લાવનારાઓ! નિ:સંશય આલિમો તથા જાહીદો માંહેના ઘણા ખરા એવા છે કે જેઓ લોકોનો માલ ખોટી રીતે ખાઇ જાય છે; અને (લોકોને) અલ્લાહના માર્ગથી રોકે છે; અને જે લોકો સોનું ચાંદી સંગ્રહ કરતા રહે છે અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરતા નથી, તો (અય રસુલ!) તેમને તું દુ:ખદાયક અઝાબની ખુશખબર સંભળાવી દે.

يَّوْمَ يُحْمٰى عَلَيْهَا فِيْ نَارِ جَهَنَّمَ فَتُكْوٰى بِهَا جِبَاهُهُمْ
وَجُنُوْبُهُمْ وَظُهُوْرُهُمْ ؕ هٰذَا مَا كَنَزْتُمْ لِاَنْفُسِكُمْ فَذُوْقُوْا
مَا كُنْتُمْ تَكْنِزُوْنَ ﴿٣٥﴾

(૩૫) તે (કયામતના) દિવસે તે (સોનું તથા ચાંદી) જહન્નમની આગમાં તપાવવામાં આવશે, પછી તે વડે તેમના કપાળ, તેમના પડખાં તથા તેમની પીઠોને ડામવામાં આવશે; (અને કહેવામાં આવશે કે) આ એજ છે કે જે તમે તમારા પોતા માટે સંગ્રહ કરતા હતા, માટે તમે જે સંગ્રહ કરતા હતા તે (ની મજા) ચાખો.

اِنَّ عِدَّةَ الشُّهُوْرِ عِنْدَ اللّٰهِ اثْنَا عَشَرَ شَهْرًا فِيْ كِتٰبِ اللّٰهِ يَوْمَ
خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ مِنْهَآ اَرْبَعَةٌ حُرُمٌ ؕ ذٰلِكَ الدِّيْنُ
الْقَيِّمُ ۙ۬ فَلَا تَظْلِمُوْا فِيْهِنَّ اَنْفُسَكُمْ وَقَاتِلُوا الْمُشْرِكِيْنَ
كَآفَّةً كَمَا يُقَاتِلُوْنَكُمْ كَآفَّةً ؕ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَعَ
الْمُتَّقِيْنَ ﴿٣٦﴾

(૩૬) બેશક અલ્લાહની પાસે મહિનાઓની સંખ્યા જે દિવસથી અલ્લાહે આકાશો તથા પૃથ્વી પેદા કર્યા છે ત્યારથી અલ્લાહની કિતાબ (લહવે મહેફૂઝ)માં બાર મહીના છે, જે માંહેના ચાર હુરમતવાળા છે; સીધો ધર્મ આજ છે, માટે તમે આ (હુરમતવાળા) મહિનાઓમાં (લડાઇ વિગેરે કરીને)

પોતાના પર ઝુલ્મ કરો નહિ, અને મુશરિકો સામે એકત્ર બની લડો જેમકે તેઓ એકત્ર બની તમારી સાથે લડે છે; અને આ સમજી લો કે અલ્લાહ પરહેજગારોની સાથે છે

اِنَّمَا النَّسِیْٓءُ زِیَادَةٌ فِی الْكُفْرِ یُضَلُّ بِهِ الَّذِیْنَ كَفَرُوْا یُحِلُّوْنَهٗ
عَامًا وَّیُحَرِّمُوْنَهٗ عَامًا لِّیُوَاطِـُٔوْا عِدَّةَ مَا حَرَّمَ اللّٰهُ فَیُحِلُّوْا مَا
حَرَّمَ اللّٰهُ ؕ زُیِّنَ لَهُمْ سُوْٓءُ اَعْمَالِهِمْ ؕ وَاللّٰهُ لَا یَهْدِی الْقَوْمَ
الْكٰفِرِیْنَ ﴿۳۷﴾

(૩૭) હુરમતવાળા મહિનાઓને આગળ પાછળ કરી દેવા એ માત્ર અધર્મીપણામાં વધારો કરવા જેવું છે, જેઓ ઇમાન નથી લાવ્યા તેમને તે વડે

ગુમરાહ કરવામાં આવે છે, (કારણ) કે એક વર્ષે તો તેઓ તેને હલાલ ઠરાવી લે છે અને એક વર્ષે તેનેજ હરામ ઠરાવે છે, કે જેથી તેઓ અલ્લાહે હુરમતવાળા ઠરાવેલા મહીનાઓની સંખ્યામાં સંમત થઇ જાય અને (એવી રીતે) અલ્લાહે જે હુરમતવાળા (મહિના) ઠરાવ્યા છે તેમની હુરમતનો ભંગ કરે; તેમના કર્મોની બદી તેમને સુશોભિત કરીને દેખાડવામાં આવી છે; અને અલ્લાહ અસ્વીકાર કરનારા લોકોને (સદ્) માર્ગ દેખાડતો નથી

يٰٓاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا مَا لَكُمۡ اِذَا قِيۡلَ لَكُمُ انۡفِرُوۡا فِىۡ سَبِيۡلِ
اللّٰهِ اثَّاقَلۡتُمۡ اِلَى الۡاَرۡضِ‌ؕ اَرَضِيۡتُمۡ بِالۡحَيٰوةِ الدُّنۡيَا مِنَ
الۡاٰخِرَةِ‌ ۚ فَمَا مَتَاعُ الۡحَيٰوةِ الدُّنۡيَا فِى الۡاٰخِرَةِ اِلَّا قَلِيۡلٌ‏ ﴿۳۸﴾

(૩૮) અય ઇમાન લાવનારાઓ! તમને શું થઇ ગયું છે કે જ્યારે તમને એમ કહેવામાં આવે છે કે અલ્લાહની રાહમાં (જંગે તબુકના જેહાદ કરવાના વિચારે) નીકળી પડો ત્યારે તમે ભૂમિ પર ભારે થઇ બેસી જાઓ છો; શું તમે આખેરતના મુકાબલામાં દુનિયાની જિંદગી પર રાજી થઇ ગયા છો? જો કે દુનિયાની જિંદગીનો લાભ આખેરતના

(લાભના) મુકાબલામાં કાંઇજ નથી પણ નજીવો થોડો.

اِلَّا تَنۡفِرُوۡا يُعَذِّبۡكُمۡ عَذَابًا اَلِيۡمًا ۙ وَّيَسۡتَبۡدِلۡ قَوۡمًا غَيۡرَكُمۡ وَلَا تَضُرُّوۡهُ شَيۡـًٔا ‌ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۳۹﴾

(૩૯) અગર તમે (જેહાદ માટે) નહિ નીકળી પડો તો તે (અલ્લાહ) તમને દુ:ખદાયક અઝાબ આપશે, અને તમારા બદલે તમારા સિવાય બીજી કોમ લઇ આવશે, અને તમે તે (અલ્લાહ)નું કાંઇજ બગાડી શકશો નહિ; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

اِلَّا تَنۡصُرُوۡهُ فَقَدۡ نَصَرَهُ اللّٰهُ اِذۡ اَخۡرَجَهُ الَّذِيۡنَ كَفَرُوۡا ثَانِىَ اثۡنَيۡنِ اِذۡ هُمَا فِى الۡغَارِ اِذۡ يَقُوۡلُ لِصَاحِبِهٖ لَا تَحۡزَنۡ اِنَّ اللّٰهَ

مَعَنَا ۚ فَاَنۡزَلَ اللّٰهُ سَكِيۡنَتَهٗ عَلَيۡهِ وَاَيَّدَهٗ بِجُنُوۡدٍ لَّمۡ تَرَوۡهَا
وَجَعَلَ كَلِمَةَ الَّذِيۡنَ كَفَرُوا السُّفۡلٰى ؕ وَكَلِمَةُ اللّٰهِ هِىَ الۡعُلۡيَا ؕ
وَاللّٰهُ عَزِيۡزٌ حَكِيۡمٌ ۝٤٠

(૪૦) અગર તમે તે (રસૂલ)ની મદદ નહિ કરો તો (કાંઇ પરવાહ નથી) ખચીતજ અલ્લાહે તો તેની મદદ એવા સમયે કરી હતી કે જ્યારે તે લોકોએ કે જેઓ ઇમાન લાવ્યા ન હતા (તેમણે) તેને એવી હાલતમાં કાઢી મૂક્યા હતા કે તે બે (સાથી) માંહેનો બીજો હતો જ્યારે કે તેઓ બન્ને (સૌર નામની) ગુફામાં હતા, તે વેળા તે (રસૂલ) પોતાના સાથીને કહી રહ્યો હતો કે હાયવોય કર નહિ, નિઃસંશય

અલ્લાહ આપણી સાથે છે. જેથી અલ્લાહે તે (રસૂલ)ના પર પોતાની શાંતિ ઉતારી અને એવા લશ્કરો વડે તેને સબળ બનાવ્યો કે જેમને તમે દેખી શકતા ન હતા, અને નાસ્તિકોનો (અભિમાન ભર્યો) બોલ તેણે હેઠે પાડ્યો; અને અલ્લાહનીજ બોલબાલા રહી; અને અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

اِنۡفِرُوۡا خِفَافًا وَّثِقَالًا وَّجَاهِدُوۡا بِاَمۡوَالِكُمۡ وَاَنۡفُسِكُمۡ فِىۡ
سَبِيۡلِ اللّٰهِ‌ ؕ ذٰ لِكُمۡ خَيۡرٌ لَّـكُمۡ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ‏ ﴿۴۱﴾

(૪૧) (અય મુસલમાનો!) તમે હલકા (હથિયાર વગરના) હો કે ભારી (હથીયારબંધ) હો તો પણ (જેહાદ માટે) નીકળી પડો, અને અલ્લાહના

માર્ગમાં તમારા માલ અને જાન વડે જેહાદ કરો; અગર તમે સમજતા હો તો (જાણી લો કે) એજ તમારા માટે બેહતર છે.

لَوۡ كَانَ عَرَضًا قَرِيۡبًا وَّسَفَرًا قَاصِدًا لَّاتَّبَعُوۡكَ وَلٰـكِنۡۢ بَعُدَتۡ عَلَيۡهِمُ الشُّقَّةُ‌ ؕ وَسَيَحۡلِفُوۡنَ بِاللّٰهِ لَوِ اسۡتَطَعۡنَا لَخَرَجۡنَا مَعَكُمۡ‌ ۚ يُهۡلِكُوۡنَ اَنۡفُسَهُمۡ‌ ۚ وَاللّٰهُ يَعۡلَمُ اِنَّهُمۡ لَـكٰذِبُوۡنَ ﴿۴۲﴾

(૪૨) અગર તાત્કાલિક લાભ અને મધ્યમ પ્રકારની મુસાફરી હોત તો (અય રસુલ!) તેઓ જરૂર તારી સાથે (મુંગા મુંગા) નીકળી પડતે, પરંતુ હાડમારી ભરેલી મુસાફરી તેમને લાંબી લાગે (ભારી પડે) છે; અને નજીક (ના સમય)માં તેઓ

અલ્લાહની કસમ ખાઇને કહેશે કે જો અમારાથી બની શકતે તો અમે તમારી સાથે જરૂર ચાલી નીકળતે, આ(વું કહેનારા લોકો) પોતાને જ હલાક કરે છે, અને અલ્લાહ તો સારી પેઠે જાણે છે કે તેઓ ખચીતજ જૂઠા છે.

عَفَا اللّٰهُ عَنْكَ ۚ لِمَ اَذِنْتَ لَهُمْ حَتّٰى يَتَبَيَّنَ لَكَ الَّذِيْنَ
صَدَقُوْا وَتَعْلَمَ الْكٰذِبِيْنَ ﴿٤٣﴾

(૪૩) (અય રસૂલ!) અલ્લાહ તારાથી દરગુજર કરે! તેં તેમને (જંગે તબુકમાં પાછળ રહી જવાની) રજા કેમ આપી અને એટલી રાહ કેમ ન જોઇ કે તારા ઉપર આપમેળે જ (એ વાત) પ્રત્યક્ષ થઇ જાત કે

સાચા કોણ છે? અને જૂઠાઓને પણ તું ઓળખી લેતે.

لَا يَسْتَاْذِنُكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ اَنْ يُّجَاهِدُوْا بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿۴۴﴾

(૪૪) જે લોકો અલ્લાહ પર તથા કયામતના દિવસ પર ઇમાન રાખે છે તેઓ તારી પાસેથી એ વાતની રજા લેવા નથી આવતા કે તેઓ પોતાના માલ અને જાનથી જેહાદ કરે (કે ન કરે, બલ્કે તેઓ પોતે નીકળી પડે છે); અને અલ્લાહ પરહેજગારોથી સારી પેઠે વાકેફ છે.

إِنَّمَا يَسْتَأْذِنُكَ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ

وَارْتَابَتْ قُلُوبُهُمْ فَهُمْ فِي رَيْبِهِمْ يَتَرَدَّدُونَ ﴿٤٥﴾

(૪૫) (અય રસૂલ!) તારી પાસે (પાછળ રહેવાની) રજા માંગનારા તે લોકોજ છે કે જેઓ અલ્લાહ પર તથા કયામતના દિવસ પર ઇમાન રાખતા નથી અને તેમના મન શંકાશીલ છે, માટે તેઓ પોતાની શંકામાં જ અથડાયા કરે છે.

وَلَوْ أَرَادُوا الْخُرُوجَ لَأَعَدُّوا لَهُ عُدَّةً وَّلٰكِنْ كَرِهَ اللّٰهُ

انْبِعَاثَهُمْ فَثَبَّطَهُمْ وَقِيلَ اقْعُدُوا مَعَ الْقٰعِدِينَ ﴿٤٦﴾

(૪૬) અને જો તેઓ (જેહાદ માટે) નીકળવાની ઇચ્છા કરતે તો જરૂર તેની કાંઇ (પણ) તૈયારી

કરતે, પણ અલ્લાહે તેમનું (જેહાદ માટે) ઉઠવું જ નાપસંદ કર્યું છે, માટે તેમને પાછળ પાડી દીધા છે અને તેમને કહેવામાં આવ્યું છે કે તમે (ઘરોમાં) બેસી રહેનારાઓની સાથે (ઘરોમાંજ) બેસી રહો.

لَوْ خَرَجُوْا فِيْكُمْ مَّا زَادُوْكُمْ اِلَّا خَبَالًا وَّلَاۡاَوْضَعُوْا خِلٰلَكُمْ يَبْغُوْنَكُمُ الْفِتْنَةَ ۚ وَفِيْكُمْ سَمّٰعُوْنَ لَهُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ۝۴۷

(૪૭) અગર તેઓ તમારી સાથે ચાલી નીકળતે તો તેઓ તમારા માટે ખરાબી સિવાય બીજું કાંઇ વધારતે નહિ, અને તમારામાં કુસંપ ફેલાવવાના હેતુથી તમારામાં (આમ તેમ) દોડધામ કર્યા કરતે

અને (વળી) તમારામાં (અત્યારે પણ) તેમના જાસુસો મોજૂદ છે; અને અલ્લાહ ઝુલમગારોથી સારી પેઠે વાકેફ છે.

لَقَدِ ابْتَغَوُا الْفِتْنَةَ مِنْ قَبْلُ وَقَلَّبُوْا لَكَ الْاُمُوْرَ حَتّٰى جَآءَ الْحَقُّ وَظَهَرَ اَمْرُ اللّٰهِ وَهُمْ كٰرِهُوْنَ ﴿٤٨﴾

(૪૮) ખચીતજ તેમણે તો પહેલે પણ ફિત્નો લગાડવા ચાહ્યો હતો, અને (તેમ કરીને) તારા મામલાઓ ઉલટ પલટ કરી નાખવા ચાહતા હતા, અહીં સુધી કે (અલ્લાહ તરફથી) સત્ય (પ્રકાશમાં) આવ્યું, અને અલ્લાહની આજ્ઞા પ્રબળ રહી, જો કે (આ પ્રબળતા) તેઓ નાપસંદ કરનારા હતા.

وَمِنۡهُمۡ مَّنۡ يَّقُوۡلُ ائۡذَنۡ لِّىۡ وَلَا تَفۡتِنِّىۡ‌ؕ اَلَا فِى الۡفِتۡنَةِ
سَقَطُوۡا‌ ؕ وَاِنَّ جَهَنَّمَ لَمُحِيۡطَةٌ ۢ بِالۡكٰفِرِيۡنَ‏ ﴿۴۹﴾

(૪૯) અને તે (દાંભિકો)માંથી એકાદ એવો પણ છે કે જે કહે છે કે મને (પાછળ રહેવાની) રજા આપ અને મને કસોટીમાંજ નાખ. ખબરદાર ! કસોટીમાં તો તેઓ (હેઠા) પડીજ ગયા છે, અને બેશક જહન્નમ સર્વ નાસ્તિકોને ઘેરી લેનારી છે.

اِنۡ تُصِبۡكَ حَسَنَةٌ تَسُؤۡهُمۡ‌ ۚ وَاِنۡ تُصِبۡكَ مُصِيۡبَةٌ يَّقُوۡلُوۡا قَدۡ
اَخَذۡنَاۤ اَمۡرَنَا مِنۡ قَبۡلُ وَيَتَوَلَّوْا وَّهُمۡ فَرِحُوۡنَ‏ ﴿۵۰﴾

(૫૦) જો તને કાંઇ લાભ પહોંચે છે તો તેથી તેમને દુ:ખ થાય છે, અને જો તારા પર કોઇ મુસીબત

આવી પડે છે ત્યારે કહેવા લાગે છે કે અમોએ તો પહેલેથીજ (ચેતીને) અમારા કામો બરોબર કરી લીધા હતા; અને (પછી) ખુશખુશાલ ત્યાંથી ચાલતી પકડે છે.

قُلْ لَّنْ يُّصِيْبَنَآ اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَا ۚ هُوَ مَوْلٰىنَا ۚ وَعَلَى اللّٰهِ
فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿٥١﴾

(૫૧) (અય રસૂલ!) તું કહે કે અલ્લાહે અમારા માટે જે મુસીબત નિર્માણ કરી હશે તે સિવાય બીજી (મુસીબત) અમને હરગિજ નડનાર નથી, તે અમારો વાલી છે, અને મોઅમીનોએ અલ્લાહ ઉપરજ ભરોસો રાખવો જોઇએ.

قُلْ هَلْ تَرَبَّصُوْنَ بِنَآ اِلَّآ اِحْدَى الْحُسْنَيَيْنِ ط وَنَحْنُ نَتَرَبَّصُ
بِكُمْ اَنْ يُّصِيْبَكُمُ اللّٰهُ بِعَذَابٍ مِّنْ عِنْدِهٖٓ اَوْ بِاَيْدِيْنَا ۖ
فَتَرَبَّصُوْٓا اِنَّا مَعَكُمْ مُّتَرَبِّصُوْنَ ﴿٥٢﴾

(૫૨) તું કહે કે અમારા સંબંધમાં તમે બીજી કઇ વસ્તુની રાહ જુઓ છો, સિવાય તેના કે બે ભલાઇઓ (અર્થાત શહાદત અથવા વિજય) માંથી એક (પ્રત્યક્ષ થઇ જાય)? અને અમે તમારા સંબંધમાં એવી રાહ જોઇ રહ્યા છીએ કે તમને અલ્લાહ પોતાના તરફથી કોઇ અઝાબમાં સપડાવે અથવા અમારા હાથે (કોઇ શિક્ષા અપાવે); માટે

તમે રાહ જોયા કરો, અમે પણ તમારી સાથે રાહ જોઇ રહ્યા છીએ.

قُلۡ اَنۡفِقُوۡا طَوۡعًا اَوۡ كَرۡهًا لَّنۡ يُّتَقَبَّلَ مِنۡكُمۡ‌ؕ اِنَّكُمۡ كُنۡتُمۡ قَوۡمًا فٰسِقِيۡنَ ۝٥٣

(૫૩) તું કહે કે તમે ખુશીથી યા અણગમાથી દાન કરતા રહો, પણ તે તમારા તરફથી કદી પણ સ્વીકારવામાં આવશે નહિ; નિઃસંશય તમે નાફરમાન લોકો છો.

وَمَا مَنَعَهُمۡ اَنۡ تُقۡبَلَ مِنۡهُمۡ نَفَقٰتُهُمۡ اِلَّاۤ اَنَّهُمۡ كَفَرُوۡا بِاللّٰهِ وَبِرَسُوۡلِهٖ وَلَا يَاۡتُوۡنَ الصَّلٰوةَ اِلَّا وَهُمۡ كُسَالٰى وَلَا يُنۡفِقُوۡنَ اِلَّا وَهُمۡ كٰرِهُوۡنَ ۝٥٤

(૫૪) તેમના દાનના અસ્વીકારની નડતરો એ સિવાય બીજી કાંઇ નથી કે તેઓ અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરે છે, અને તેઓ નમાઝ નથી પઢતા પણ આળસાઇની સાથે, અને તેઓ દાન નથી કરતા પણ કચવાતા મને.

فَلَا تُعۡجِبۡكَ اَمۡوَالُهُمۡ وَلَاۤ اَوۡلَادُهُمۡ ؕ اِنَّمَا يُرِيۡدُ اللّٰهُ لِيُعَذِّبَهُمۡ بِهَا فِى الۡحَيٰوةِ الدُّنۡيَا وَتَزۡهَقَ اَنۡفُسُهُمۡ وَهُمۡ كٰفِرُوۡنَ ﴿۵۵﴾

(૫૫) માટે (અય રસૂલ!) તને ન તેમનો માલ આશ્ચર્યમાં નાખે ન તેમની ઔલાદ; અલ્લાહ તો એજ ચાહે છે કે એ વસ્તુઓ દ્વારા તેમને સંસારી

જિંદગીમાં જ અઝાબ આપે અને તેમના પ્રાણ ઇમાન લાવ્યા વગરની સ્થિતિમાં જ નીકળી જાય.

وَيَحْلِفُوْنَ بِاللّٰهِ اِنَّهُمْ لَمِنْكُمْ ؕ وَمَا هُمْ مِّنْكُمْ وَلٰكِنَّهُمْ قَوْمٌ يَّفْرَقُوْنَ۝٥٦

(૫૬) અને તેઓ અલ્લાહની કસમ ખાઇ ખાઇને કહે છે કે તેઓ ખચીતજ તમારામાંથી છે; જો કે (ખરી રીતે તો) તેઓ તમારામાંથી નથી, બલ્કે તેઓ એવા લોકો છે કે જેઓ (તમારાથી) ડરતા રહે છે.

لَوْ يَجِدُوْنَ مَلْجَاً اَوْ مَغٰرٰتٍ اَوْ مُدَّخَلًا لَّوَلَّوْا اِلَيْهِ وَهُمْ يَجْمَحُوْنَ۝٥٧

(૫૭) અગર તેઓ કોઇ આશ્ચર્યનું સ્થાન અથવા ગુફા અથવા સંતાઈ રહી બેસવાની જગ્યા જોઇ લે તો જરૂર નાસભાગ કરીને તે તરફ ચાલ્યા જાય.

وَمِنۡهُمۡ مَّنۡ يَّلۡمِزُكَ فِى الصَّدَقٰتِ‌ۚ فَاِنۡ اُعۡطُوۡا مِنۡهَا رَضُوۡا

وَاِنۡ لَّمۡ يُعۡطَوۡا مِنۡهَاۤ اِذَا هُمۡ يَسۡخَطُوۡنَ ۝٥٨

(૫૮) અને (વળી) તેઓમાંથી કેટલાક એવા પણ છે કે જેઓ ઝકાતની (વહેંચણીની) બાબતમાં તારા પર આળ ચઢાવે છે, જેથી અગર તેમાંથી તેમને કાંઇ આપી દેવામાં આવે તો રાજી રાજી (થઇ જાય) છે, અને જો તેમાંથી તેમને આપવામાં ન આવે તો એજ વખતે ક્રોધે ભરાય છે.

وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ ۙ وَقَالُوْا حَسْبُنَا اللّٰهُ
سَيُؤْتِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ وَرَسُوْلُهٗۤ ۙ اِنَّاۤ اِلَى اللّٰهِ رٰغِبُوْنَ ﴿۵۹﴾

(૫૯) અને જો તેઓ અલ્લાહ તથા તેના રસૂલે તેમને જે આપ્યું હતું તેના પર રાજી થઇ જતે અને કહેતે કે અમારા માટે તો અલ્લાહ બસ છે (હમણાં નહિ આપ્યું તો કાંઇ નહિ), નજીકમાંજ અલ્લાહ તથા તેનો રસૂલ પોતાની કૃપાથી અમને (ઘણુંય) આપી દેશે, બેશક અમે અલ્લાહ તરફજ ધ્યાન રાખી બેઠા છીએ (તો તે તેમના માટે ઘણું સારૂં થતે).

إِنَّمَا الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ وَالْمَسٰكِيْنِ وَالْعٰمِلِيْنَ عَلَيْهَا
وَالْمُؤَلَّفَةِ قُلُوْبُهُمْ وَفِي الرِّقَابِ وَالْغٰرِمِيْنَ وَفِيْ سَبِيْلِ اللّٰهِ
وَابْنِ السَّبِيْلِ ؕ فَرِيْضَةً مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٦٠﴾

(૬૦) ખેરાત (ઝકાતનો માલ) તો (કેવળ) ગરીબો તથા નિરાશ્રિતો તથા ઝકાત ભેગી કરનારાઓ માટે છે, અને જેમના અંતઃકરણો (ઇસ્લામ તરફ) વળેલા છે (તેમના માટે), વળી ગરદનો છોડાવવા માટે (ગુલામો આઝાદ કરવા) તથા કરજદારો (ને મદદ કરવા) માટે તથા અલ્લાહના માર્ગમાં તથા મુસાફરોની મદદ કરવા માટે છે; આ અલ્લાહના

તરફથી નક્કી કરેલા (ઝકાતના નિયમો) છે, અને અલ્લાહ સર્વજ્ઞ (અને) હિકમતવાળો છે.

وَمِنۡهُمُ الَّذِيۡنَ يُؤۡذُوۡنَ النَّبِىَّ وَيَقُوۡلُوۡنَ هُوَ اُذُنٌ‌ؕ قُلۡ اُذُنُ
خَيۡرٍ لَّكُمۡ يُؤۡمِنُ بِاللّٰهِ وَيُؤۡمِنُ لِلۡمُؤۡمِنِيۡنَ وَرَحۡمَةٌ لِّلَّذِيۡنَ اٰمَنُوۡا
مِنۡكُمۡ‌ؕ وَالَّذِيۡنَ يُؤۡذُوۡنَ رَسُوۡلَ اللّٰهِ لَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ﴿۶۱﴾

(૬૧) અને તેઓમાંથી એવા પણ છે કે જેઓ નબીને ઇજા પહોંચાડે છે અને કહે છે કે એના તો નર્યા (કાચા) કાન છે; (અય રસૂલ!) તું કહે કે તે તમારા માટે ભલાઇ (સાંભળવા)ના કાન છે; તે અલ્લાહનું માને છે અને મોઅમીનોનું પણ માને છે, અને તમારામાં જેઓ ઇમાન લાવ્યા છે તેમના

માટે રહેમત છે; અને જેઓ અલ્લાહના રસૂલને ઇજા આપે છે તેમના માટે દર્દભર્યો અઝાબ તૈયાર છે.

يَحْلِفُوْنَ بِاللّٰهِ لَكُمْ لِيُرْضُوْكُمْ ۚ وَاللّٰهُ وَرَسُوْلُهٗٓ اَحَقُّ اَنْ يُّرْضُوْهُ اِنْ كَانُوْا مُؤْمِنِيْنَ ۝٦٢

(૬૨) (અય મુસલમાનો!) તેઓ તમને રાજી કરવા માટે તમારી સામે અલ્લાહના સોગંદ ખાય છે, જો કે અલ્લાહ અને તેના રસૂલને રાજી કરવા એ વધારે સારૂં છે, અગર તેઓ (ખરેખરા) ઇમાનદાર હોય તો.

اَلَمۡ يَعۡلَمُوۡۤا اَنَّهٗ مَنۡ يُّحَادِدِ اللّٰهَ وَرَسُوۡلَهٗ فَاَنَّ لَهٗ نَارَ جَهَنَّمَ

خَالِدًا فِيۡهَا ؕ ذٰلِكَ الۡخِزۡىُ الۡعَظِيۡمُ ﴿٦٣﴾

(૬૩) શું તેઓ એટલુંય જાણતા નથી કે જે અલ્લાહ તથા તેના રસૂલની વિરૂદ્ધતા કરે છે ખચીતજ તેના માટે દોઝખની આગ છે જેમાં તે હંમેશને માટે રહેશે ? (અને) એજ તો સૌથી મોટી ફજેતી છે.

يَحۡذَرُ الۡمُنٰفِقُوۡنَ اَنۡ تُنَزَّلَ عَلَيۡهِمۡ سُوۡرَةٌ تُنَبِّئُهُمۡ بِمَا فِىۡ

قُلُوۡبِهِمۡ ؕ قُلِ اسۡتَهۡزِءُوۡا ۚ اِنَّ اللّٰهَ مُخۡرِجٌ مَّا تَحۡذَرُوۡنَ ﴿٦٤﴾

(૬૪) મુનાફિકો તે (વાત)થી ડરતા રહે છે કે (કદાચને) તેમની વિરૂધ્ધ કોઇ એવું પ્રકરણ ઉતારવામાં આવે કે જે લોકો સામે તેમના મનમાં

(જે કાંઇ) છે તે ખુલ્લું કરી નાખે; (હેરસુલ!) તું કહે કે તમે (ભલે) હાંસી ઉડાડ્યા કરો; નિઃસંશય જે વસ્તુથી તમે ભય પામો છો તે ખચીતજ અલ્લાહ જરૂર જાહેર કરનાર છે.

وَلَئِنۡ سَاَلۡتَهُمۡ لَيَقُوۡلُنَّ اِنَّمَا كُنَّا نَخُوۡضُ وَنَلۡعَبُ‌ ؕ قُلۡ اَبِاللّٰهِ
وَاٰيٰتِهٖ وَرَسُوۡلِهٖ كُنۡتُمۡ تَسۡتَهۡزِءُوۡنَ ۝٦٥

(૬૫) અને જો તું તેમને પૂછશે તો તેઓ જરૂર એમ કહી દેશે કે અમે તો માત્ર અમસ્તી વાતો અને રમત ગમત કરતા હતા; તું કહે કે શું તમે અલ્લાહ તથા તેની આયતો તથા તેના રસૂલની મજાક કરતા હતા ?

لَا تَعْتَذِرُوْا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ ؕ اِنْ نَّعْفُ عَنْ طَآئِفَةٍ
مِّنْكُمْ نُعَذِّبْ طَآئِفَةًۢ بِاَنَّهُمْ كَانُوْا مُجْرِمِيْنَ ﴿٦٦﴾

(૬૬) ખોટા બહાના કાઢો નહિ; તમે ઇમાન લાવ્યા બાદ ખરેજ નાફરમાન થઇ ગયા છો; અગર અમે તમારામાંથી એક ટોળાને માફ કરી દઇશું તો એક ટોળાને શિક્ષા પણ કરીશું કારણ કે તેઓ અપરાધી છે.

اَلْمُنٰفِقُوْنَ وَالْمُنٰفِقٰتُ بَعْضُهُمْ مِّنْۢ بَعْضٍ ۘ يَاْمُرُوْنَ
بِالْمُنْكَرِ وَيَنْهَوْنَ عَنِ الْمَعْرُوْفِ وَيَقْبِضُوْنَ اَيْدِيَهُمْ ؕ نَسُوا
اللّٰهَ فَنَسِيَهُمْ ؕ اِنَّ الْمُنٰفِقِيْنَ هُمُ الْفٰسِقُوْنَ ﴿٦٧﴾

(૬૭) મુનાફિક પુરૂષો તથા મુનાફિક સ્ત્રીઓ એકમેકને લગતા છે; મનાઇ કરેલા કાર્યો કરવાની આજ્ઞા આપતા રહે છે, અને સત્કાર્યોની મનાઇ કરતા રહે છે, અને પોતાના હાથ (અલ્લાહની રાહમાં ખર્ચ કરવા માટે) ખેંચી રાખે છે; તેઓ અલ્લાહને ભૂલી ગયા છે તેથી અલ્લાહે પણ તેમને ભૂલાવી મૂક્યા છે; બેશક મુનાફિક લોકો નાફરમાન છે.

وَعَدَ اللّٰهُ الْمُنٰفِقِيْنَ وَالْمُنٰفِقٰتِ وَالْكُفَّارَ نَارَ جَهَنَّمَ خٰلِدِيْنَ
فِيْهَا ؕ هِيَ حَسْبُهُمْ ۚ وَلَعَنَهُمُ اللّٰهُ ۚ وَلَهُمْ عَذَابٌ مُّقِيْمٌ ﴿٦٨﴾

(૬૮) અલ્લાહે મુનાફિક પુરૂષો મુનાફિક દાંભિક સ્ત્રીઓ તથા નાસ્તિકોથી જહન્નમની આગનો

વાયદો કરી લીધો છે તેઓ હંમેશને માટે તેમાંજ રહેશે; એજ (આગ) તેમના માટે બસ છે; અને અલ્લાહે તેમના પર ફિટકાર કરી છે, અને તેમના માટે ટકી રહેનારો અઝાબ (રાખ્યો) છે:

كَالَّذِيْنَ مِنْ قَبْلِكُمْ كَانُوْٓا اَشَدَّ مِنْكُمْ قُوَّةً وَّاَكْثَرَ اَمْوَالًا
وَّاَوْلَادًا ؕ فَاسْتَمْتَعُوْا بِخَلَاقِهِمْ فَاسْتَمْتَعْتُمْ بِخَلَاقِكُمْ
كَمَا اسْتَمْتَعَ الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ بِخَلَاقِهِمْ وَخُضْتُمْ كَالَّذِىْ
خَاضُوْا ؕ اُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ
وَاُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿٦٩﴾

(૬૯) તમારી અગાઉ થઇ ગએલા (દાંભિકો)ની જેમ; તેઓ તમારા કરતા શક્તિમાં વધારે હતા

અને માલ તથા ઔલાદમાં પણ વધારે હતા; માટે તેઓએ પોતાના ભાગ્યનો લાભ ભોગવ્યો હતો; એવીજ રીતે તમોએ પણ તમારા ભાગ્યનો લાભ ભોગવ્યો છે જેવી રીતે કે તમારી આગળવાળાઓએ પોતાના ભાગ્યનો લાભ ભોગવ્યો હતો; અને જેવી રીતે તેમણે (વ્યર્થ) વાતો બનાવી (કાઢી) હતી તેવી રીતે તમોએ પણ વ્યર્થ વાતો બનાવી છે; એજ લોકો છે કે જેમના કર્મો દુનિયા તથા આખેરતમાં નષ્ટ થઇ ગયા છે. અને તેઓજ હાનિ ભોગવનારા છે.

اَلَمۡ يَاۡتِهِمۡ نَبَاُ الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ قَوۡمِ نُوۡحٍ وَّعَادٍ وَّثَمُوۡدَ ۙ وَقَوۡمِ اِبۡرٰهِيۡمَ وَاَصۡحٰبِ مَدۡيَنَ وَالۡمُؤۡتَفِكٰتِ ؕ اَتَتۡهُمۡ

رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ ؕ فَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ وَلٰكِنْ كَانُوْٓا
اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ۝۷۰

(૭૦) શું તેમની પાસે તે લોકોની ખબર નથી આવી કે જેઓ તેમની પૂર્વે થઇ ગયા છે, (યાને) નૂહની કોમની તથા આદની તથા સમૂદની, તથા ઇબ્રાહીમની કોમની તથા મદયનવાળાઓની તથા ઊંધી વળી ગએલી વસ્તીઓના રહેવાસીઓની? તેમના રસૂલ તેમની પાસે ખુલ્લી દલીલો લઇને આવ્યા હતા (છતાં તેઓ ઇમાન લાવ્યા નહિ), માટે અલ્લાહ એવો નથી કે (વિના કારણે) તેમના પર ઝુલ્મ કરે, પરંતુ તેઓ પોતાની જાત પર પોતેજ ઝુલ્મો કર્યા કરતા હતા.

وَالْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ۘ يَاْمُرُوْنَ
بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ
الزَّكٰوةَ وَيُطِيْعُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ ؕ اُولٰٓئِكَ سَيَرْحَمُهُمُ اللّٰهُ ؕ اِنَّ
اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۷۱﴾

(૭૧) અને મોઅમીન પુરૂષો તથા મોઅમીન સ્ત્રીઓ
એકમેકના મિત્રો છે; તેઓ (પરસ્પર) નેકીની આજ્ઞા
કરે છે અને બદીની (સતત) મનાઇ કરે છે અને
નમાઝ પઢતા રહે છે અને ઝકાત આપતા રહે છે,
અને અલ્લાહ તથા તેના રસૂલની આજ્ઞા પાળે છે.
એજ (તે) લોકો છે કે નજીકમાં અલ્લાહ તેમના પર

દયા કરશે; બેશક અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે.

وَعَدَ اللّٰهُ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَمَسٰكِنَ طَيِّبَةً فِىْ جَنّٰتِ عَدْنٍ ؕ
وَرِضْوَانٌ مِّنَ اللّٰهِ اَكْبَرُ ؕ ذٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۷۲﴾

(૭૨) અલ્લાહે મોઅમીન પુરૂષ તથા મોઅમીન સ્ત્રીઓને જન્નતોનો વાયદો કર્યો છે જેની નીચે નદીઓ વહેતી રહે છે, (અને) જેમાં તેઓ હંમેશના રહેનારા થશે, અને હંમેશ (એકજ સ્થિતિમાં રહેનારી) જન્નતોમાં સારા સારા મકાનો પણ (આપવાનો) વાયદો કર્યો છે; અને અલ્લાહની

પ્રસન્નતા તો સર્વોત્તમ જ છે—એજ મોટી સફળતા છે.

يَاَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَالْمُنٰفِقِيْنَ وَاغْلُظْ عَلَيْهِمْ ۚ
وَمَاْوٰىهُمْ جَهَنَّمُ ۚ وَبِئْسَ الْمَصِيْرُ ﴿٧٣﴾

(૭૩) અય નબી ! નાસ્તિકો તથા દાંભિકો સામે જેહાદ કર અને તેમના પર સખ્તાઇ કર; અને તેમનું ઠેકાણું જહન્નમ છે, અને તે પાછા ફરવાની ઘણીજ ખરાબ જગ્યા છે

يَحْلِفُوْنَ بِاللّٰهِ مَا قَالُوْا ۚ وَلَقَدْ قَالُوْا كَلِمَةَ الْكُفْرِ وَكَفَرُوْا
بَعْدَ اِسْلَامِهِمْ وَهَمُّوْا بِمَا لَمْ يَنَالُوْا ۚ وَمَا نَقَمُوْٓا اِلَّآ اَنْ
اَغْنٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ ۚ فَاِنْ يَّتُوْبُوْا يَكُ خَيْرًا

لَّهُمْ ۚ وَإِنْ يَّتَوَلَّوْا يُعَذِّبْهُمُ اللهُ عَذَابًا اَلِيْمًا ۙ فِي الدُّنْيَا
وَالْاٰخِرَةِ ۚ وَمَا لَهُمْ فِي الْاَرْضِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿٧٤﴾

(૭૪) તેઓ અલ્લાહની કસમ ખાઇ ખાઇને કહે છે કે તેમણે (એવું) નથી કહ્યું, જો કે તેમણે કુફ્રની વાત ઉચ્ચારી હતી, અને તેઓ પોતાના ઇસ્લામ પછી (પાછા) નાસ્તિક થઇ ગયા હતા, અને એવી વાતનો નિશ્ચય કર્યો હતો કે જે કરીજ ન શક્યા, અને તેઓ એ (કારણે મુસલમાનો સામે) ચિડાઇ ગયા હતા કે અલ્લાહે તથા તેના રસૂલે પોતાની કૃપાથી તે (મુસલમાનો)ને ધનવાન બનાવ્યા હતા; માટે અગર તેઓ તૌબા કરી લે તો તેમના માટે બેહતર છે; અને જો તેઓ મોંઢું ફેરવી લે તો

અલ્લાહ તેમને દુનિયા તથા આખેરતમાં દુ:ખદાયક અઝાબ આપશે અને પૃથ્વી પર ન તેમનો કોઇ હિમાયતી હશે ન કોઇ મદદગાર.

وَمِنْهُمْ مَّنْ عٰهَدَ اللّٰهَ لَئِنْ اٰتٰىنَا مِنْ فَضْلِهٖ لَنَصَّدَّقَنَّ وَلَنَكُوْنَنَّ مِنَ الصّٰلِحِيْنَ ﴿٧٥﴾

(૭૫) અને તેઓમાંથી એવા પણ છે કે જેમણે અલ્લાહથી કરાર કર્યો હતો કે જો તે પોતાની કૃપાથી અમને કાંઇ આપશે તો અમે જરૂર દાન કરતા રહીશું, અને સદાચારીઓ માંહેના થઇ જઇશું.

فَلَمَّآ اٰتٰىهُمْ مِّنْ فَضْلِهٖ بَخِلُوْا بِهٖ وَتَوَلَّوْا وَّهُمْ مُّعْرِضُوْنَ ﴿٧٦﴾

(૭૬) પછી જ્યારે તેણે સ્વકૃપાથી તેમને (કાંઇ) આપ્યું ત્યારે તેના વિષે તેમણે કંજૂસાઈ અને અવગણના કરી (પોતાના કરારથી) ફરી ગયા.

فَاَعۡقَبَهُمۡ نِفَاقًا فِىۡ قُلُوۡبِهِمۡ اِلٰى يَوۡمِ يَلۡقَوۡنَهٗ بِمَاۤ اَخۡلَفُوا اللّٰهَ

مَا وَعَدُوۡهُ وَبِمَا كَانُوۡا يَكۡذِبُوۡنَ‏ ﴿۷۷﴾

(૭૭) જેથી તેણે તેમના અંતઃકરણોમાં તે દિવસ સુધીના માટે દાંભિકતા નાખી દીધી કે જ્યારે તેઓ તેની મુલાકાત કરશે; (એક તો) એ માટે કે જે વાયદો તેમણે અલ્લાહથી કર્યો હતો તેની વિરૂધ્ધ વર્તતા અને (બીજું) એ માટે કે તેઓ જૂઠું બોલતા હતા

اَلَمۡ يَعۡلَمُوۡۤا اَنَّ اللّٰهَ يَعۡلَمُ سِرَّهُمۡ وَنَجۡوٰٮهُمۡ وَاَنَّ اللّٰهَ عَلَّامُ الۡغُيُوۡبِ‌ۚ‏ ﴿۷۸﴾

(૭૮) શું તેઓ એટલું પણ જાણતા નથી કે અલ્લાહ તેમના છુપા વિચારો પણ જાણે છે અને તેમની છુપી સલાહોને પણ, અને આ કે અલ્લાહ અદ્રશ્ય વાતોનો મહાન જાણનારો છે

اَلَّذِيۡنَ يَلۡمِزُوۡنَ الۡمُطَّوِّعِيۡنَ مِنَ الۡمُؤۡمِنِيۡنَ فِى الصَّدَقٰتِ وَالَّذِيۡنَ لَا يَجِدُوۡنَ اِلَّا جُهۡدَهُمۡ فَيَسۡخَرُوۡنَ مِنۡهُمۡ‌ؕ سَخِرَ اللّٰهُ مِنۡهُمۡ وَلَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ‏ ﴿۷۹﴾

(૭૯) મોઅમીનોમાંથી રાજી ખુશીથી દાન કરનારાઓને જેઓ મેણાં મારે છે અને તેમને પણ

કે જેમની પોતાની પાસે (જાત) મહેનત સિવાય બીજું કાંઇ હોતું નથી, પછી (એવી રીતે તે) સઘળાઓથી હસે છે, તો અલ્લાહ પણ તેમની હાંસી ઉડાડશે, અને તેમના માટે દુઃખદાયક અઝાબ છે.

اِسۡتَغۡفِرۡ لَهُمۡ اَوۡ لَا تَسۡتَغۡفِرۡلَهُمۡ ؕ اِنۡ تَسۡتَغۡفِرۡ لَهُمۡ
سَبۡعِيۡنَ مَرَّةً فَلَنۡ يَّغۡفِرَ اللّٰهُ لَهُمۡ ؕ ذٰلِكَ بِاَنَّهُمۡ كَفَرُوۡا بِاللّٰهِ
وَرَسُوۡلِهٖ ؕ وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الۡفٰسِقِيۡنَ ۘ ﴿۸۰﴾

(૮૦) તું તેમના માટે ક્ષમાની દુઆ માંગ અથવા તેમના માટે ક્ષમાની દુઆ ન માંગ (એ સરખુંજ છે); તેમના માટે સિત્તેર વખત પણ ક્ષમાની દુઆ માંગશે તો પણ અલ્લાહ તેમને હરગિજ હરગિજ

માફ નહિ કરે; આ એ માટે કે તેમણે અલ્લાહ તથા તેના રસૂલનો ઇન્કાર કર્યો; અને અલ્લાહ નાફરમાન લોકોની રાહબરી કરતો નથી.

فَرِحَ الْمُخَلَّفُوْنَ بِمَقْعَدِهِمْ خِلٰفَ رَسُوْلِ اللّٰهِ وَ كَرِهُوْٓا اَنْ
يُّجَاهِدُوْا بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ فِيْ سَبِيْلِ اللّٰهِ وَقَالُوْا لَا
تَنْفِرُوْا فِي الْحَرِّ ؕ قُلْ نَارُ جَهَنَّمَ اَشَدُّ حَرًّا ؕ لَوْ كَانُوْا
يَفْقَهُوْنَ ﴿٨١﴾

(૮૧) (જંગે તબુકમાં) પાછળ રહી જનારાઓ અલ્લાહના રસૂલની (આજ્ઞા) વિરૂદ્ધ પોતે બેસી રહેવાથી ખુશ થયા અને અલ્લાહની રાહમાં પોતાના માલ તથા જાન વડે જેહાદ કરવામાં

અણગમો દેખાડ્યો અને લોકોને કહ્યું કે ગરમી (ના દિવસો)માં (બહાર) નીકળો નહિ; (અય રસૂલ!) તું કહે કે દોઝખની આગની ગરમી તો એ કરતાંય ઘણીજ સખત છે; અગર તેઓ (આ) સમજે તો.

فَلْيَضْحَكُوا قَلِيلًا وَّلْيَبْكُوا كَثِيرًا ۚ جَزَآءًۢ بِمَا كَانُوا يَكْسِبُونَ ﴿٨٢﴾

(૮૨) માટે તેમને જોઇએ કે (જો) હસે તો થોડું (હસે) અને (જો) રડે તો ઘણું (રડે), (જેથી) તેઓ જે કાંઇ કર્યા કરતા હતા તેનો યથાર્થ બદલો થઇ જાય.

فَإِنْ رَّجَعَكَ اللّٰهُ اِلٰى طَآئِفَةٍ مِّنْهُمْ فَاسْتَاْذَنُوْكَ لِلْخُرُوْجِ
فَقُلْ لَّنْ تَخْرُجُوْا مَعِيَ اَبَدًا وَّلَنْ تُقَاتِلُوْا مَعِيَ عَدُوًّا ؕ اِنَّكُمْ
رَضِيْتُمْ بِالْقُعُوْدِ اَوَّلَ مَرَّةٍ فَاقْعُدُوْا مَعَ الْخٰلِفِيْنَ ﴿٨٣﴾

(૮૩) પછી જો અલ્લાહ તને તેમના કોઇ ટોળા પાસે પાછો લાવે અને તેઓ તારી પાસે (લડાઇ માટે) નીકળવાની રજા માંગે તો તું કહી દેજે કે તમે હરગિજ હરગિજ મારી સાથે થઇને નહિ નીકળો અને મારી સાથે રહીને હરગિજ કોઇ દુશ્મન સાથે નહિ લડો; નિ:સંશય તમે પહેલી વખતે બેસી રહેવાથી રાજી થયા હતા માટે (આ

વખતે પણ) પાછળ રહી જનારાઓની સાથે બેસી રહો.

وَلَا تُصَلِّ عَلٰٓى اَحَدٍ مِّنْهُمْ مَّاتَ اَبَدًا وَّلَا تَقُمْ عَلٰى قَبْرِهٖ ؕ اِنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَمَاتُوْا وَهُمْ فٰسِقُوْنَ ﴿٨٤﴾

(૮૪) અને (અય રસૂલ!) જ્યારે તેઓમાંથી કોઇ મરી જાય તો તું તેના (જનાઝા) ઉપર નમાઝ હરગિજ પઢજે નહિ (અને) તેની કબર ઉપર (ફાતેહા માટે) ઉભો પણ રહેજે નહિ; બેશક તેમણે અલ્લાહ તથા તેના રસૂલનો ઇન્કાર કર્યો છે અને એજ નાફરમાનીની હાલતમાં મરી ગયા છે.

وَلَا تُعۡجِبۡكَ اَمۡوَالُهُمۡ وَاَوۡلَادُهُمۡ ؕ اِنَّمَا يُرِيۡدُ اللّٰهُ اَنۡ
يُّعَذِّبَهُمۡ بِهَا فِى الدُّنۡيَا وَتَزۡهَقَ اَنۡفُسُهُمۡ وَهُمۡ كٰفِرُوۡنَ﴿۸۵﴾

(૮૫) અને તેમનો માલ તથા તેમની ઔલાદ (ની વૃધ્ધિ) તને અચંબામાં ન નાખે; સિવાય તેના અલ્લાહ તો માત્ર એજ ચાહે છે કે એજ (વસ્તુઓ) વડે તેમને (આ જગતમાં) અઝાબ આપે અને તેમના પ્રાણ નાસ્તિકપણાની હાલતમાં નીકળી જાય.

وَاِذَاۤ اُنۡزِلَتۡ سُوۡرَةٌ اَنۡ اٰمِنُوۡا بِاللّٰهِ وَجَاهِدُوۡا مَعَ رَسُوۡلِهِ
اسۡتَاۡذَنَكَ اُولُوا الطَّوۡلِ مِنۡهُمۡ وَقَالُوۡا ذَرۡنَا نَكُنۡ مَّعَ
الۡقٰعِدِيۡنَ﴿۸۶﴾

(૮૬) અને જ્યારે કોઇ પ્રકરણ (એવી આજ્ઞા સાથે) ઉતારવામાં આવે છે કે તમે અલ્લાહ પર ઇમાન લાવો અને તેના રસૂલ સાથે રહી જેહાદ કરો ત્યારે ધનવાન અને તાકતવર લોકો તેઓ તારી રજા માંગે છે અને કહે છે કે અમને છોડી દે કે જેથી અમે બેસી રહેનારાઓની સાથે (બેસી) રહીએ.

رَضُوۡا بِاَنۡ يَّكُوۡنُوۡا مَعَ الۡخَوَالِفِ وَطُبِعَ عَلٰى قُلُوۡبِهِمۡ فَهُمۡ لَا يَفۡقَهُوۡنَ ﴿٨٧﴾

(૮૭) તેઓ પાછળ રહી જનારાઓ સાથે રહેવાને રાજી થઇ ગયા, અને તેમના દિલો પર મહોર મારી દેવામાં આવી, જેથી તેઓ (કાંઇજ) સમજતા નથી.

لٰكِنِ الرَّسُوْلُ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ جٰهَدُوْا بِاَمْوَالِهِمْ
وَاَنْفُسِهِمْ ؕ وَاُولٰٓئِكَ لَهُمُ الْخَيْرٰتُ ۫ وَاُولٰٓئِكَ هُمُ
الْمُفْلِحُوْنَ ﴿۸۸﴾

(૮૮) પરંતુ રસૂલ તથા તે લોકો કે જેઓ તેની સાથે ઇમાન લાવ્યા છે પોતાના માલ અને જાન સાથે જેહાદ કરે છે; અને તેમના માટેજ સર્વે ભલાઇઓ છે, અને તેઓજ સફળતા મેળવનારા છે.

اَعَدَّ اللّٰهُ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ
ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۸۹﴾

(૮૯) અલ્લાહે તેમના માટે જન્નતો તૈયાર કરી છે જેની હેઠળ નદીઓ વહે છે, જેમાં તેઓ રહેશે; એજ મહાન સફળતા છે.

وَجَآءَ الۡمُعَذِّرُوۡنَ مِنَ الۡاَعۡرَابِ لِيُؤۡذَنَ لَهُمۡ وَقَعَدَ الَّذِيۡنَ كَذَبُوا اللّٰهَ وَرَسُوۡلَهٗ‌ؕ سَيُصِيۡبُ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ۹۰

(૯૦) અને ગામડીયામાંથી બહાનું કાઢનારા (કેટલાક લોકો) આવ્યા કે જેથી તેમને પણ બેસી રહેવાની રજા આપવામાં આવે, અને જે લોકો અલ્લાહ તથા તેના રસુલ સામે જુઠું બોલ્યા તેઓ

બેસી રહ્યા; તેઓમાંથી જે લોકોએ કુફ્ર કર્યો છે તેમને ટૂંક (સમય)માં દુઃખદાયક અઝાબ પહોંચશે.

لَيْسَ عَلَى الضُّعَفَآءِ وَلَا عَلَى الْمَرْضٰى وَلَا عَلَى الَّذِيْنَ لَا يَجِدُوْنَ مَا يُنْفِقُوْنَ حَرَجٌ اِذَا نَصَحُوْا لِلّٰهِ وَرَسُوْلِهٖ ؕ مَا عَلَى الْمُحْسِنِيْنَ مِنْ سَبِيْلٍ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۙ﴿۹۱﴾

(૯૧) (અય રસૂલ! જેહાદમાં ન જવા માટે) અશક્તોના માથે (ન) કાંઇ દોષ છે, ન બીમારોના માથે, અને ન તેઓના માથે કે જેમને ખર્ચવા માટે કાંઇ મળતું જ નથી, એવી સ્થિતિમાં કે તેઓ અલ્લાહ અને અલ્લાહના રસૂલના શુભેચ્છક હોય;

નેકી કરનારાઓ પર કાંઇ દોષ નથી; અને અલ્લાહ મોટો માફ કરનાર અને દયા કરનાર છે.

وَّلَا عَلَى الَّذِيْنَ اِذَا مَآ اَتَوْكَ لِتَحْمِلَهُمْ قُلْتَ لَآ اَجِدُ مَآ
اَحْمِلُكُمْ عَلَيْهِ ۖ تَوَلَّوْا وَّاَعْيُنُهُمْ تَفِيْضُ مِنَ الدَّمْعِ حَزَنًا اَلَّا
يَجِدُوْا مَا يُنْفِقُوْنَ ۝٩٢

(૯૨) અને ન તેમના શિરે કાંઇ દોષ છે કે જ્યારે તેઓ તારી પાસે આ હેતુસર આવ્યા કે તું તેમને સવાર કરી લઇ જાય, (અને) તેં આ કહી દીધું કે મારી પાસે તો કોઇ સવારી નથી કે હું તમને તે પર સવાર કરી લઉં; ત્યારે તેઓ એવી સ્થિતિમાં પાછા ગયા કે તેમની આંખોમાંથી આ દુઃખના

કારણે આંસુ વહેતા હતા કે (અફસોસ !) તેમની પાસે (અલ્લાહની રાહમાં) ખર્ચવાનું કાંઇ ન હતું.

اِنَّمَا السَّبِيۡلُ عَلَى الَّذِيۡنَ يَسۡتَاۡذِنُوۡنَكَ وَهُمۡ اَغۡنِيَآءُ ۚ رَضُوۡا بِاَنۡ يَّكُوۡنُوۡا مَعَ الۡخَوَالِفِ ۙ وَطَبَعَ اللّٰهُ عَلٰى قُلُوۡبِهِمۡ فَهُمۡ لَا يَعۡلَمُوۡنَ ۝٩٣

(૯૩) દોષ તો માત્ર તેમનાજ માથે છે કે જેઓ ધનવાન હોવા છતાં તારી પાસેથી (પાછળ બેસી રહેવાની) રજા માંગે છે; તેઓએ પાછળ રહી જનારાઓની સાથે રહેવાનું પસંદ કરી લીધું છે, અને અલ્લાહે તેમના અંતઃકરણો પર મહોર લગાડી દીધી છે માટે તેઓ કાંઇ જાણતા નથી.

يَعۡتَذِرُوۡنَ اِلَيۡكُمۡ اِذَا رَجَعۡتُمۡ اِلَيۡهِمۡ ؕ قُلۡ لَّا تَعۡتَذِرُوۡا لَنۡ
نُّؤۡمِنَ لَـكُمۡ قَدۡ نَبَّاَنَا اللّٰهُ مِنۡ اَخۡبَارِكُمۡ ؕ وَسَيَرَى اللّٰهُ
عَمَلَكُمۡ وَرَسُوۡلُهٗ ثُمَّ تُرَدُّوۡنَ اِلٰى عٰلِمِ الۡغَيۡبِ وَالشَّهَادَةِ
فَيُنَبِّئُكُمۡ بِمَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ﴿۹۴﴾

(૯૪) જ્યારે તમે તેમની પાસે (જેહાદથી) પાછા ફરશો ત્યારે તેઓ (મુનાફિકો પોતાની ગેરહાજરી માટે) તમારી પાસે (કાંઇ) બહાનું (ઉપજાવી) કાઢીને આવશે; (પણ અય રસૂલ!) તું કહેજે કે (જુઠા) બહાના ન કાઢો, અમે તમારી વાત હરગિજ માનીશું નહિ; અલ્લાહ તમારી હકીકતથી અમને

(પ્રથમથી જ) વાકેફ કરી ચૂક્યો છે; અને નજીકમાંજ અલ્લાહ તથા તેનો રસુલ તમારી વર્તણુંક પણ જોઇ લેશે, પછી તમે છુપા અને જાહેરના જાણનાર (અલ્લાહ)ની પાસે ફેરવવામાં આવશો. પછી જે જે તમે કાર્યો કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.

سَيَحۡلِفُوۡنَ بِاللّٰهِ لَكُمۡ اِذَا انۡقَلَبۡتُمۡ اِلَيۡهِمۡ لِتُعۡرِضُوۡا عَنۡهُمۡ ؕ فَاَعۡرِضُوۡا عَنۡهُمۡ ؕ اِنَّهُمۡ رِجۡسٌ ۫ وَّمَاۡوٰٮهُمۡ جَهَنَّمُ ۚ جَزَآءًۢ بِمَا كَانُوۡا يَكۡسِبُوۡنَ ﴿۹۵﴾

(૯૫) નજીક (ના સમય)માં તેઓ તમારી સમક્ષ કે જ્યારે તમે (જેહાદથી) તેમની તરફ ફરીને આવશો

ત્યારે અલ્લાહની કસમ ખાશે એટલા માટે કે તમે તેમનાથી દરગુજર કરો; પણ તમે તેમના તરફથી જરૂર મોઢું ફેરવી લેજો; બેશક તેઓજ નાપાક છે અને તેમનું સ્થાન જહન્નમ છે; આ તેઓ જે કરતા હતા તેનો બદલો છે.

يَحْلِفُوْنَ لَكُمْ لِتَرْضَوْا عَنْهُمْ ۚ فَاِنْ تَرْضَوْا عَنْهُمْ فَاِنَّ اللّٰهَ لَا
يَرْضٰى عَنِ الْقَوْمِ الْفٰسِقِيْنَ ﴿٩٦﴾

(૯૬) તેઓ તમારી સામે એ માટે સોગંદ ખાય છે કે તમે તેમનાથી રાજી થઇ જાઓ; પછી અગર તમે તેમનાથી રાજી થઇ પણ જાઓ તો પણ અલ્લાહ તો નાફરમાન લોકોથી (ખચીતજ) રાજી થશે નહિ

ٱلۡأَعۡرَابُ أَشَدُّ كُفۡرًا وَّنِفَاقًا وَّأَجۡدَرُ أَلَّا يَعۡلَمُوا۟ حُدُودَ مَآ

أَنزَلَ ٱللَّهُ عَلَىٰ رَسُولِهِۦ ۗ وَٱللَّهُ عَلِيمٌ حَكِيمٌ ﴿٩٧﴾

(૯૭) અરબના ગામડીયાઓ નાસ્તિકપણા તથા નિફાકમાં ઘણાજ સખત છે. અને તેઓ એનેજ લાયક છે કે અલ્લાહે પોતાના રસૂલ પર જે ધર્મ નિયમો ઉતાર્યા છે તે તેઓ (મુદ્દલ) સમજી ન શકે; અને અલ્લાહ સર્વજ્ઞ (અને) હિકમતવાળો છે.

وَمِنَ ٱلۡأَعۡرَابِ مَن يَتَّخِذُ مَا يُنفِقُ مَغۡرَمًا وَيَتَرَبَّصُ بِكُمُ

ٱلدَّوَآئِرَ ۚ عَلَيۡهِمۡ دَآئِرَةُ ٱلسَّوۡءِ ۗ وَٱللَّهُ سَمِيعٌ عَلِيمٌ ﴿٩٨﴾

(૯૮) અને બદ્દુઓમાંથી કોઇ કોઇ એવા પણ છે કે તે (અલ્લાહના માર્ગમાં) જે કાંઇ ખર્ચે છે તેને દંડ

(તરીકે) ગણે છે, અને તમારા પર ઝમાનાની ગર્દીશો (કાળચક્રો) પડવાની વાટ જુએ છે; (પરંતુ) ઝમાનાની બૂરામાં બૂરી ગર્દીશો તેમનાજ ઉપર પડવાની છે; અને અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

وَمِنَ الْاَعْرَابِ مَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَتَّخِذُ مَا
يُنْفِقُ قُرُبٰتٍ عِنْدَ اللّٰهِ وَصَلَوٰتِ الرَّسُوْلِ ؕ اَلَآ اِنَّهَا قُرْبَةٌ
لَّهُمْ ؕ سَيُدْخِلُهُمُ اللّٰهُ فِيْ رَحْمَتِهٖ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٩٩﴾

(૯૯) અને ગામડિયાઓમાંથી કોઇ કોઇ એવા પણ છે કે જે અલ્લાહ તથા કયામત પર ઇમાન રાખે છે અને (અલ્લાહના માર્ગમાં) જે કાંઇ ખર્ચે છે તેને

અલ્લાહની નજદીકી તથા રસૂલની દુઆ (મેળવવા) અર્થે ખર્ચે છે; જાણી લો કે તે (ખર્ચ કરવું) તેમના માટે નિ:સંશય (અલ્લાહની) નજીક થવાનું કારણ બનશે; (વળી) નજીકમાં અલ્લાહ તેમને પોતાની રહેમતમાં દાખલ કરી લેશે; બેશક અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ وَالَّذِيْنَ
اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ ۙ رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ وَاَعَدَّ
لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ تَحْتَهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ ذٰلِكَ
الْفَوْزُ الْعَظِيْمُ ۝١٠٠

(૧૦૦) અને મુહાજેરીન (હિજરત કરનારા) તથા અન્સાર (સહાય કરનારા) માંહેના સૌથી પહેલાં (ઇમાન તરફ) પહેલ કરનારા અને તે લોકો કે જેમણે શુભ હેતુથી તેમનું અનુકરણ કર્યું તેમનાથી અલ્લાહ રાજી થઇ ગયો છે, અને તેઓ તેનાથી રાજી થઇ ગયા છે, અને તેમના માટે બગીચા તૈયાર કર્યા છે જેની હેઠળ નદીઓ વહે છે, તેમાં તેઓ સદાને માટે રહેશે; એજ સૌથી મહાન સફળતા છે.

وَمِمَّنْ حَوْلَكُمْ مِّنَ الْاَعْرَابِ مُنٰفِقُوْنَ ۛؕ وَمِنْ اَهْلِ
الْمَدِيْنَةِ ۛؔ مَرَدُوْا عَلَى النِّفَاقِ ۫ لَا تَعْلَمُهُمْ ؕ نَحْنُ

نَعۡلَمُهُمۡ ؕ سَنُعَذِّبُهُمۡ مَّرَّتَیۡنِ ثُمَّ یُرَدُّوۡنَ اِلٰی عَذَابٍ عَظِیۡمٍ ﴿۱۰۱﴾ۚ

(૧૦૧) અને (અય મુસલમાનો!) તમારી આસપાસના અરબના ગામડિયાઓ માંહેના કેટલાક મુનાફિકો છે, અને મદીનાવાળાઓમાંથી પણ; તેઓ નિફાકપણા ઉપર અડીને બેઠા છે; (હેરસૂલ!) તું તેમને નથી જાણતો; અમે તેમને જાણીએ છીએ; નજીકમાં અમે તેમને બેવડો અઝાબ આપીશું, પછી તેમને મહાન અઝાબ તરફ વાળવામાં આવશે.

وَاٰخَرُوْنَ اعْتَرَفُوْا بِذُنُوْبِهِمْ خَلَطُوْا عَمَلًا صَالِحًا وَّاٰخَرَ
سَيِّئًا ؕ عَسَى اللّٰهُ اَنْ يَّتُوْبَ عَلَيْهِمْ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿۱۰۲﴾

(૧૦૨) અને બીજા કેટલાક એવા પણ છે કે જેમણે પોતાના ગુનાહોની કબુલાત કરી લીધી છે; તેમણે સત્કાર્યોને બદકાર્યોમાં ભેળવી નાખ્યા છે; બનવા જોગ છે કે અલ્લાહ તેમની તૌબા કબુલ કરી લે; બેશક અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا وَصَلِّ
عَلَيْهِمْ ؕ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۱۰۳﴾

(૧૦૩) (અય રસૂલ!) તેમના માલમાંથી ઝકાત લેતો રહે કે તે વડે તું તેમને પાક અને પવિત્ર બનાવે અને તેમના માટે (રહેમતની) દુઆ કર; બેશક તારી દુઆ તેમના માટે શાંતિનું કારણ બને છે; અને અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

اَلَمۡ يَعۡلَمُوۡۤا اَنَّ اللّٰهَ هُوَ يَقۡبَلُ التَّوۡبَةَ عَنۡ عِبَادِهٖ وَيَاۡخُذُ
الصَّدَقٰتِ وَاَنَّ اللّٰهَ هُوَ التَّوَّابُ الرَّحِيۡمُ ﴿۱۰۴﴾

(૧૦૪) શું તેઓ આ વાત નથી જાણતા કે અલ્લાહજ પોતાના બંદાઓની તૌબા કબૂલ કરી લે છે અને તેમના સદકા (ખેરાત) પણ કબૂલ કરે છે

અને અલ્લાહજ સૌથી મહાન તૌબા કબૂલ કરનાર (અને) દયા કરનાર છે.

وَقُلِ اعْمَلُوْا فَسَيَرَى اللّٰهُ عَمَلَكُمْ وَرَسُوْلُهٗ وَالْمُؤْمِنُوْنَ ؕ
وَسَتُرَدُّوْنَ اِلٰى عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ۚ﴿۱۰۵﴾

(૧૦૫) અને (અય રસૂલ! તેમને) કહે કે તમે અમલ કર્યે જાઓ નજીકમાં અલ્લાહ તથા તેનો રસૂલ તથા મોઅમીનો તમારા કર્મોને જોઇ લેશે; અને નજીકમાંજ તમે જાહીર અને છુપુ જાણનાર (અલ્લાહ)ની બારગાહમાં પાછા ફેરવવામાં આવશો,

પછી તમે જે જે કાંઇ કર્યા કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.

وَاٰخَرُوْنَ مُرْجَوْنَ لِاَمْرِ اللّٰهِ اِمَّا يُعَذِّبُهُمْ وَاِمَّا يَتُوْبُ
عَلَيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿۱۰۶﴾

(૧૦૬) અને તેઓમાંથી બીજા કેટલાક એવા છે જેઓ અલ્લાહના નિર્ણયની રાહ જોતા રહ્યા છે, ચાહે તો તે (અલ્લાહ) તેમને શિક્ષા કરે, અથવા તો તેમની તૌબા કબૂલ કરે, અને અલ્લાહ મહાન જ્ઞાનિ (અને) હિકમતવાળો છે.

وَالَّذِيْنَ اتَّخَذُوْا مَسْجِدًا ضِرَارًا وَّكُفْرًا وَّتَفْرِيْقًا بَيْنَ
الْمُؤْمِنِيْنَ وَاِرْصَادًا لِّمَنْ حَارَبَ اللّٰهَ وَرَسُوْلَهٗ مِنْ قَبْلُ ؕ

وَلَيَحۡلِفُنَّ اِنۡ اَرَدۡنَاۤ اِلَّا الۡحُسۡنٰى‌ؕ وَاللّٰهُ يَشۡهَدُ اِنَّهُمۡ
لَـكٰذِبُوۡنَ‏ ﴿۱۰۷﴾

(૧૦૭) અને (આ મુનાફિકોમાંથી કેટલાકો છે કે) જેઓએ એક મસ્જિદ નુકસાન પહોંચાડવા તથા નાસ્તિકપણું ફેલાવવા તથા મોઅમીનોમાં ફાટફુટ પાડવા તથા જે શખ્સ અલ્લાહ અને તેના રસૂલ સાથે પહેલાં લડ્યો હતો તેના આશ્રય માટે બનાવી છે; છતાં સોગંદ પૂર્વક અવશ્ય કહેશે કે અમારો હેતુ તો નેકી (કરવા) સિવાય બીજો કાંઇ ન હતો; અને અલ્લાહ સાક્ષી આપે છે કે નિઃસંશય તેઓ જૂઠા જ છે.

لَا تَقُمْ فِيْهِ اَبَدًا ؕ لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى مِنْ اَوَّلِ يَوْمٍ
اَحَقُّ اَنْ تَقُوْمَ فِيْهِ ؕ فِيْهِ رِجَالٌ يُّحِبُّوْنَ اَنْ يَّتَطَهَّرُوْا ؕ وَاللّٰهُ
يُحِبُّ الْمُطَّهِّرِيْنَ ﴿١٠٨﴾

(૧૦૮) (અય રસૂલ!) તે મસ્જિદમાં તું કદી (પણ નમાઝ પઢવા) ઉભો રહેજે નહિ; અલબત્ત તે મસ્જિદ કે જેનો પાયો પ્રથમ દિવસથી જ પરહેજગારી પર નાખવામાં આવ્યો હોય તેમાં તું નમાઝ પઢવા ઉભો રહે તો તે વધુ યોગ્ય છે; (કારણ કે) તેમાં એવા લોકો છે કે જેઓ પવિત્ર થવાની ઇચ્છા રાખે છે; અને અલ્લાહ પણ પવિત્ર રહેનારાઓને દોસ્ત રાખે છે.

اَفَمَنۡ اَسَّسَ بُنۡيَانَهٗ عَلٰى تَقۡوٰى مِنَ اللّٰهِ وَرِضۡوَانٍ خَيۡرٌ اَمۡ مَّنۡ
اَسَّسَ بُنۡيَانَهٗ عَلٰى شَفَا جُرُفٍ هَارٍ فَانۡهَارَ بِهٖ فِىۡ نَارِ جَهَنَّمَ ؕ
وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ﴿۱۰۹﴾

(૧૦૯) શું તે શખ્સ કે જે પોતાના (દીનનો) પાયો અલ્લાહના ખૌફ તથા તેની ખુશ્નુદી પર મૂકે છે તે બહેતર છે કે તે શખ્સ કે જે પોતાનો પાયો નદીના પડું પડું થઇ રહેલા કાંઠા પર મૂકે, પછી તે તેને સાથે લઇને જહન્નમની આગમાં પડે અને અલ્લાહ ઝાલિમ લોકોની રાહબરી કરતો નથી.

لَا يَزَالُ بُنۡيَانُهُمُ الَّذِىۡ بَنَوۡا رِيۡبَةً فِىۡ قُلُوۡبِهِمۡ اِلَّاۤ اَنۡ تَقَطَّعَ
قُلُوۡبُهُمۡ ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ ﴿۱۱۰﴾

(૧૧૦) તે (મસ્જિદ) કે જે તેઓ (મુનાફિકો)એ બનાવી હતી તેનો પાયો નાખવાનું કૃત્ય તેમના દિલોમાં હંમેશા ખટક્યા કરશે, જ્યાં સુધી કે તેમનાં દિલોના ટુકડે ટુકડા થઇ (ઉડી) ન જાય; અને અલ્લાહ સર્વજ્ઞ (અને) હિકમતવાળો છે.

إِنَّ اللَّهَ اشْتَرَىٰ مِنَ الْمُؤْمِنِينَ أَنْفُسَهُمْ وَأَمْوَالَهُمْ بِأَنَّ لَهُمُ
الْجَنَّةَ ۚ يُقَاتِلُونَ فِي سَبِيلِ اللَّهِ فَيَقْتُلُونَ وَيُقْتَلُونَ ۖ وَعْدًا
عَلَيْهِ حَقًّا فِي التَّوْرَاةِ وَالْإِنْجِيلِ وَالْقُرْآنِ ۚ وَمَنْ أَوْفَىٰ بِعَهْدِهِ
مِنَ اللَّهِ ۚ فَاسْتَبْشِرُوا بِبَيْعِكُمُ الَّذِي بَايَعْتُمْ بِهِ ۚ وَذَٰلِكَ
هُوَ الْفَوْزُ الْعَظِيمُ ﴿١١١﴾

(૧૧૧) નિઃસંશય! અલ્લાહે મોઅમીનો (પાસે)થી તેમના પ્રાણ તથા માલ એ વાતના બદલામાં ખરીદી લીધાં છે કે તેમને જન્નત મળે; જેઓ અલ્લાહના માર્ગમાં લડે છે જેથી તેઓ (કુફ્ફારોને) મારે છે અને (પોતે પણ) માર્યા જાય છે; આ (જન્નતનો) વાયદો પૂર્ણ કરવો અલ્લાહે પોતાના ઉપર વાજિબ કરી લીધો છે; (અને તે વાયદો) તૌરેત તથા ઇન્જીલ તથા કુરઆનમાં (મોજૂદ છે); અને અલ્લાહ કરતાં પોતાનો વાયદો સૌથી વધુ પૂર્ણ કરનાર (બીજો) કોણ હશે ? માટે આ સોદો કે જે તમોએ તેની સાથે કર્યો છે તેનાથી ખુશ થઇ જાઓ; અને એજ સૌથી મહાન સફળતા છે.

اَلتَّآئِبُوْنَ الْعٰبِدُوْنَ الْحٰمِدُوْنَ السَّآئِحُوْنَ الرّٰكِعُوْنَ
السّٰجِدُوْنَ الْاٰمِرُوْنَ بِالْمَعْرُوْفِ وَالنَّاهُوْنَ عَنِ الْمُنْكَرِ
وَالْحٰفِظُوْنَ لِحُدُوْدِ اللّٰهِ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ﴿۱۱۲﴾

(૧૧૨) તેઓ પ્રશ્ચાતાપ કરનારા, ઇબાદત કરનારા, ગુણગાન ગાનારા, રોઝા રાખનારા, રૂકુઅ કરનારા, સિજદા કરનારા, નેકીની આજ્ઞા આપનારા અને બદીની મનાઇ કરનારા અને અલ્લાહની હદો (ધર્મ નિયમો)ને જાળવી રાખનારા છે; અને એવા ઇમાન લાવનારાઓને ખુશખબર સંભળાવી દે.

مَا كَانَ لِلنَّبِيِّ وَالَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ يَّسْتَغْفِرُوْا لِلْمُشْرِكِيْنَ وَلَوْ
كَانُوْٓا اُولِيْ قُرْبٰى مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمْ اَنَّهُمْ اَصْحٰبُ
الْجَحِيْمِ ﴿۱۱۳﴾

(૧૧૩) નબી તથા તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા છે તેમના માટે આ યોગ્ય નથી કે તેઓ મુશરિકો માટે ક્ષમાની દુઆ માંગે, એ પછી કે તેમના પર આ વાત જાહેર થઇ ગઇ હોય કે તેઓ જહન્નમી છે; (પછી) ભલેને તેઓ નજીકના સ્નેહી કેમ ન હોય?

وَمَا كَانَ اسْتِغْفَارُ اِبْرٰهِيْمَ لِاَبِيْهِ اِلَّا عَنْ مَّوْعِدَةٍ وَّعَدَهَآ
اِيَّاهُ ۚ فَلَمَّا تَبَيَّنَ لَهٗٓ اَنَّهٗ عَدُوٌّ لِّلّٰهِ تَبَرَّاَ مِنْهُ ؕ اِنَّ اِبْرٰهِيْمَ
لَاَوَّاهٌ حَلِيْمٌ ﴿١١٤﴾

(૧૧૪) અને ઇબ્રાહીમનું પોતાના (મુરબ્બી) માટે ક્ષમાનું માંગવું માત્ર એક વાયદાના કારણે હતું. કે જેણે તેની સાથે કર્યો હતો પણ જ્યારે તેના પર આ વાત ઉઘડી ગઇ કે તે અલ્લાહનો દુશ્મન છે ત્યારે તે (ઇબ્રાહીમ) તેનાથી બેઝાર થઇ ગયો; બેશક ઇબ્રાહીમ ઘણો નરમ દિલ (અને) સહનશીલ હતો.

وَمَا كَانَ اللّٰهُ لِيُضِلَّ قَوْمًا بَعْدَ اِذْ هَدٰىهُمْ حَتّٰى يُبَيِّنَ لَهُمْ مَّا يَتَّقُوْنَ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۱۱۵﴾

(૧૧૫) અને અલ્લાહનું આ કામ નથી કે કોઇ કોમને હિદાયત કર્યા પછી તેનાથી હિદાયતની પ્રેરણા છિનવી લે, જ્યાં સુધી કે તેમના પર (આ) ખુલ્લું કરી ન નાખે કે તેમણે કઇ કઇ વસ્તુઓથી બચવું જોઇએ; બેશક અલ્લાહ દરેક વસ્તુથી સારી પેઠે વાકેફ છે.

اِنَّ اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يُحْيٖ وَيُمِيْتُ ؕ وَمَا لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿۱۱۶﴾

(૧૧૬) બેશક આકાશો તથા જમીનની બાદશાહી અલ્લાહની જ છે; તે જીવાડે છે અને મારે છે; અને

અલ્લાહ સિવાય ન કોઇ તમારો હિમાયતી છે ન કોઇ મદદગાર.

لَقَدْ تَّابَ اللّٰهُ عَلَى النَّبِيِّ وَالْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ الَّذِيْنَ
اتَّبَعُوْهُ فِيْ سَاعَةِ الْعُسْرَةِ مِنْۢ بَعْدِ مَا كَادَ يَزِيْغُ قُلُوْبُ فَرِيْقٍ
مِّنْهُمْ ثُمَّ تَابَ عَلَيْهِمْ ؕ اِنَّهٗ بِهِمْ رَءُوْفٌ رَّحِيْمٌ ۙ﴿۱۱۷﴾

(૧૧૭) ખચીતજ અલ્લાહે નબી તથા તે મુહાજેરીન તથા અન્સારની તૌબા કબૂલ કરી લીધી કે જેમણે તંગીની હાલતમાં તે (નબી)નો સાથ આપ્યો હતો તે પછી કે તેઓ માંહેના એક ટોળાના મન લગભગ ડગમગવા લાગ્યા હતા, પછી તે તેમના

તરફ (માયાળુપણે) વળ્યો, બેશક તે તેમના પર મોટી મહેરબાની કરનાર અને દયા કરનાર થયો.

وَّعَلَى الثَّلٰثَةِ الَّذِيۡنَ خُلِّفُوۡا ؕ حَتّٰۤى اِذَا ضَاقَتۡ عَلَيۡهِمُ
الۡاَرۡضُ بِمَا رَحُبَتۡ وَضَاقَتۡ عَلَيۡهِمۡ اَنۡفُسُهُمۡ وَظَنُّوۡۤا اَنۡ لَّا
مَلۡجَاَ مِنَ اللّٰهِ اِلَّاۤ اِلَيۡهِ ؕ ثُمَّ تَابَ عَلَيۡهِمۡ لِيَتُوۡبُوۡا ؕ اِنَّ اللّٰهَ
هُوَ التَّوَّابُ الرَّحِيۡمُ ۝١١٨

(૧૧૮) અને તે ત્રણેની (પણ) તૌબા કબૂલ કરી (લીધી) કે જેઓ પાછળ મૂકી દેવામાં આવ્યા હતા; અહીં સુધી કે ધરતી વિશાળ હોવા છતાં તે તેમના પર સંકોચાઇ ગઇ હતી, અને તેમને તેમના પ્રાણ (પણ) ભારે થઇ પડેલા લાગતા હતા, અને તેમણે

જાણી લીધું કે અલ્લાહ (ના કોપ)થી (બચવા માટે) બીજે ક્યાંય પનાહ (આશ્રય) મળનાર નથી, સિવાય તેનીજ પાસે; પછી અલ્લાહે તેમની પણ તૌબા કબૂલ કરી લીધી કે જેથી તેઓ (અલ્લાહ તરફ) પાછા રજૂ થાય; બેશક અલ્લાહ મોટો તૌબા કબૂલ કરનાર (અને) દયા કરનાર છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُواْ ٱتَّقُواْ ٱللَّهَ وَكُونُواْ مَعَ ٱلصَّٰدِقِينَ ١١٩

(૧૧૯) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરતા રહો અને સાચાઓનો સાથ આપો.

مَا كَانَ لِأَهۡلِ ٱلۡمَدِينَةِ وَمَنۡ حَوۡلَهُم مِّنَ ٱلۡأَعۡرَابِ أَن يَتَخَلَّفُواْ عَن رَّسُولِ ٱللَّهِ وَلَا يَرۡغَبُواْ بِأَنفُسِهِمۡ عَن نَّفۡسِهِۦۚ

ذٰلِكَ بِاَنَّهُمۡ لَا يُصِيۡبُهُمۡ ظَمَاٌ وَّلَا نَصَبٌ وَّلَا مَخۡمَصَةٌ فِىۡ سَبِيۡلِ
اللّٰهِ وَلَا يَطَـُٔــوۡنَ مَوۡطِئًا يَّغِيۡظُ الۡكُفَّارَ وَلَا يَنَالُوۡنَ مِنۡ عَدُوٍّ
نَّيۡلًا اِلَّا كُتِبَ لَهُمۡ بِهٖ عَمَلٌ صَالِحٌ ‌ؕ اِنَّ اللّٰهَ لَا يُضِيۡعُ اَجۡرَ
الۡمُحۡسِنِيۡنَ ۙ‏ ﴿۱۲۰﴾

(૧૨૦) મદીનાવાસીઓ તથા તેમની આસપાસ જે ગામડીયાઓ રહે છે તેમને (આ) લાઝિમ ન હતું કે તેઓ અલ્લાહના રસૂલ (નો સાથ છોડી) પાછળ રહી જાય, અને ન એ કે રસૂલના પ્રાણ કરતાં પોતાના પ્રાણની વધારે દરકાર કરે; આ એ માટે કે તે (રસૂલની સાથે રહીને જેહાદ કરનારા)ઓને એવી કાંઇ તરસ અથવા થાક અથવા ભૂખ

અલ્લાહના રસ્તામાં નથી લાગતી, તેમજ નાસ્તિકોને ક્રોધ ચઢે તેવી તેઓ વર્તણુંક કોઇ નથી ચલાવતા, અને વળી દુશ્મનો પાસેથી કોઇ વસ્તુ છિનવી નથી લેતા કે જે તેમના માટે સત્કાર્ય તરીકે લખવામાં આવતું ન હોય; બેશક અલ્લાહ સદાચારીઓનો બદલો વ્યર્થ જવા દેતો નથી:

وَلَا يُنۡفِقُوۡنَ نَفَقَةً صَغِيۡرَةً وَّلَا كَبِيۡرَةً وَّلَا يَقۡطَعُوۡنَ وَادِيًا اِلَّا
كُتِبَ لَهُمۡ لِيَجۡزِيَهُمُ اللّٰهُ اَحۡسَنَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿۱۲۱﴾

(૧૨૧) અને એજ પ્રમાણે તેઓ (અલ્લાહની રાહમાં) નજીવો કે મોટો ખર્ચ નથી કરતા અને કોઇ મુસાફરી પૂરી નથી કરતા કે જે તેમના માટે (સત્કાર્યમાં) લખી લેવામાં આવતું ન હોય કે

અલ્લાહ તેમના કરેલા કર્મોનો ઉત્તમમાં ઉત્તમ બદલો તેમને આપે.

وَمَا كَانَ الْمُؤْمِنُوْنَ لِيَنْفِرُوْا كَآفَّةً ؕ فَلَوْلَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ
مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِي الدِّيْنِ وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا
رَجَعُوْٓا اِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُوْنَ ﴿۱۲۲﴾

(૧૨૨) અને મોઅમીનોને માટે આ કાંઇ અગત્યનું નથી કે તેઓ એકી વખતે બધા નિકળી પડે; માટે તેમના દરેક ટોળામાંથી એક નાનકડો જથ્થો એ હેતુસર શા માટે નિકળતો નથી કે તે દીનનું જ્ઞાન પ્રાપ્ત કરે અને જ્યારે તે પાછો ફરે ત્યારે પોતાની

કોમને ડરાવે કે જેથી તેઓ પણ (દુષ્ટ કાર્યો કરતાં) સાવધ રહે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قَاتِلُوا الَّذِيْنَ يَلُوْنَكُمْ مِّنَ الْكُفَّارِ
وَلْيَجِدُوْا فِيْكُمْ غِلْظَةً ؕ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ﴿١٢٣﴾

(૧૨૩) અય ઇમાન લાવનારાઓ ! નાસ્તિકોમાંથી કે જેઓ તમારી નજીક છે તેમની સાથે લડો અને તેઓ તમારા (તરફ)થી સખ્તાઇ અનુભવે (એ) જરૂરી છે; અને આ જાણી લો કે અલ્લાહ પરહેજગારોની સાથે છે.

وَإِذَا مَآ أُنزِلَتْ سُورَةٌ فَمِنْهُم مَّن يَقُولُ أَيُّكُمْ زَادَتْهُ هَٰذِهِۦٓ
إِيمَٰنًا ۚ فَأَمَّا ٱلَّذِينَ ءَامَنُوا۟ فَزَادَتْهُمْ إِيمَٰنًا وَهُمْ
يَسْتَبْشِرُونَ ﴿١٢٤﴾

(૧૨૪) અને જે વખતે કોઇ સૂરાહ ઉતારવામાં આવે છે ત્યારે મુનાફિકોમાંથી અમુક લોકો કહે છે કે તમારામાંથી એવો કોણ છે કે જેનું ઇમાન આ પ્રકરણે વધારી દીધું હોય? હવે જે લોકો ઇમાન લાવ્યા છે તેમનું ઇમાન તો (સૂરાએ) વધારીજ દીધું છે અને તેઓ ખુશ પણ થઇ રહ્યા છે.

وَأَمَّا ٱلَّذِينَ فِى قُلُوبِهِم مَّرَضٌ فَزَادَتْهُمْ رِجْسًا إِلَىٰ رِجْسِهِمْ
وَمَاتُوا۟ وَهُمْ كَٰفِرُونَ ﴿١٢٥﴾

(૧૨૫) અને તે લોકો કે જેમનાં દિલોમાં રોગ છે તો તેમની નાપાકીમાં તે (સૂરએ) વધુ નાપાકી ઉમેરી દીધી છે અને તેઓ કુફ્રની હાલતમાં જ મરી જાય છે.

اَوَلَا يَرَوْنَ اَنَّهُمْ يُفْتَنُوْنَ فِيْ كُلِّ عَامٍ مَّرَّةً اَوْ مَرَّتَيْنِ ثُمَّ لَا يَتُوْبُوْنَ وَلَا هُمْ يَذَّكَّرُوْنَ ﴿١٢٦﴾

(૧૨૬) શું તેઓ (આ) નથી દેખતા કે દર વર્ષે એક યા બે વખતે તેમની કસોટી કરવામાં આવે છે, પણ ન તેઓ તૌબા કરે છે અને ન નસીહત ગ્રહણ કરે છે.

وَاِذَا مَآ اُنۡزِلَتۡ سُوۡرَةٌ نَّظَرَ بَعۡضُهُمۡ اِلٰى بَعۡضٍؕ هَلۡ يَرٰٮكُمۡ مِّنۡ اَحَدٍ ثُمَّ انْصَرَفُوۡا ؕ صَرَفَ اللّٰهُ قُلُوۡبَهُمۡ بِاَنَّهُمۡ قَوۡمٌ لَّا يَفۡقَهُوۡنَ۝۱۲۷

(૧૨૭) અને જે વખતે કોઇ સૂરાહ ઉતારવામાં આવે છે ત્યારે તેઓ માંહેના કેટલાકો એકબીજાને જુએ છે; (અને પોતાને માટે કહે છે) કે શું તમને કોઇ જોઈ તો નથી રહ્યું ? પછી ત્યાંથી પાછા ફરી જાય છે; અલ્લાહે પણ તેમનાં દિલોને ફેરવી નાખ્યાં છે, કારણ કે તેઓ એવા લોકો છે કે જેઓ સમજ ધરાવતા નથી.

لَقَدۡ جَآءَكُمۡ رَسُوۡلٌ مِّنۡ اَنۡفُسِكُمۡ عَزِيۡزٌ عَلَيۡهِ مَا عَنِتُّمۡ
حَرِيۡصٌ عَلَيۡكُمۡ بِالۡمُؤۡمِنِيۡنَ رَءُوۡفٌ رَّحِيۡمٌ ﴿۱۲۸﴾

(૧૨૮) (અય લોકો !) ખચીતજ તમારી પાસે તમારામાંથી જ એક રસૂલ આવ્યો છે; તમારી તકલીફ તેને ભારે (આઘાત પહોંચાડનારૂં) થઇ પડે છે; તમારા (કલ્યાણ) માટે ઘણોજ આતુર રહે છે; અને મોઅમીનો માટે ઘણો નરમદીલ અને દયાળુ છે.

فَاِنۡ تَوَلَّوۡا فَقُلۡ حَسۡبِىَ اللّٰهُ ۖ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ؕ عَلَيۡهِ تَوَكَّلۡتُ
وَهُوَ رَبُّ الۡعَرۡشِ الۡعَظِيۡمِ ﴿۱۲۹﴾

(૧૨૯) પછી જો તે લોકો મોઢું ફેરવી લે તો (અય રસૂલ!) તું કહે કે મારા માટે તો અલ્લાહ બસ છે,

તેના સિવાય કોઇ માઅબૂદ નથી; મેં તેના ઉપરજ ભરોસો રાખ્યો છે અને એજ મહાન અર્શ (સિંહાસન)નો માલિક છે.

الٓرٰ قف تِلۡكَ اٰيٰتُ الۡكِتٰبِ الۡحَكِيۡمِ ①

(૧) અલિફ લામ રા; આ આયતો હિકમતવાળી કિતાબની છે.

اَكَانَ لِلنَّاسِ عَجَبًا اَنۡ اَوۡحَيۡنَاۤ اِلٰى رَجُلٍ مِّنۡهُمۡ اَنۡ اَنۡذِرِ النَّاسَ وَبَشِّرِ الَّذِيۡنَ اٰمَنُوۡۤا اَنَّ لَهُمۡ قَدَمَ صِدۡقٍ عِنۡدَ رَبِّهِمۡ ؕؔ قَالَ الۡكٰفِرُوۡنَ اِنَّ هٰذَا لَسٰحِرٌ مُّبِيۡنٌ ②

(૨) શું લોકોને આ વાત નવાઈ પમાડે છે કે અમોએ તેઓમાંથી એક ઈન્સાન તરફ વહી મોકલી (એવી આજ્ઞા સાથે) કે તું લોકોને ડરાવ અને તેઓમાંથી જેઓ ઇમાન લાવ્યા છે તેમને

ખુશખબર સંભળાવ કે તેમના પરવરદિગાર પાસે તેમના માટે બલંદ દરજ્જો છે, (પરંતુ) નાસ્તિકો કહે છે કે નિઃસંશય આ તો ખુલ્લોજ જાદુગર છે.

إِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِي خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ فِي سِتَّةِ اَيَّامٍ
ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ يُدَبِّرُ الْاَمْرَ ۖ مَا مِنْ شَفِيعٍ اِلَّا مِنْ
بَعْدِ اِذْنِهٖ ۚ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ فَاعْبُدُوْهُ ۚ اَفَلَا تَذَكَّرُوْنَ ③

(૩) બેશક તમારો પરવરદિગાર એજ અલ્લાહ છે જેણે આકાશો તથા પૃથ્વીને છ દિવસમાં પેદા કર્યાં, પછી તે અર્શ (સિંહાસન) પર બિરાજમાન થયો (અર્થાત તેના પર પોતાની હુકુમત કાયમ કરી); એજ (દરેક) મામલાઓની વ્યવસ્થા કરે છે; તેના

હુકમ સિવાય કોઇ ભલામણ કરનાર થઇ શકતો નથી; એજ અલ્લાહ તમારો પરવરદિગાર છે, માટે તેનીજ ઇબાદત કરો; છતાં શું તમે બોધ ગ્રહણ નહીં કરો?

اِلَيْهِ مَرْجِعُكُمْ جَمِيْعًا ؕ وَعْدَ اللّٰهِ حَقًّا ؕ اِنَّهٗ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ
يُعِيْدُهٗ لِيَجْزِىَ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ بِالْقِسْطِ ؕ
وَالَّذِيْنَ كَفَرُوْا لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيْمٍ وَّعَذَابٌ اَلِيْمٌۢ بِمَا
كَانُوْا يَكْفُرُوْنَ ۝٤

(૪) તમો સર્વેનું પાછું ફરવું તેનીજ તરફ છે; અલ્લાહનો વાયદો સાચો છે; બેશક તેજ મખ્લૂકને પેદા કરે છે, પછી એજ તેને પુનઃ સજીવન કરે છે,

કે જેથી જે લોકો ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો કરતા રહ્યા છે તેમને ન્યાયપૂર્વક બદલો આપે; અને જેઓ ઇમાન નથી લાવ્યા તેમને તેમના ઇમાન ન લાવવાના કારણે તેમના માટે ઉકળતું પીણુ અને દુ:ખદાયક અઝાબ હશે.

هُوَالَّذِیْ جَعَلَ الشَّمْسَ ضِیَآءً وَّالْقَمَرَ نُوْرًا وَّقَدَّرَهٗ مَنَازِلَ لِتَعْلَمُوْا عَدَدَ السِّنِیْنَ وَالْحِسَابَ ؕ مَا خَلَقَ اللّٰهُ ذٰلِكَ اِلَّا بِالْحَقِّ ۚ یُفَصِّلُ الْاٰیٰتِ لِقَوْمٍ یَّعْلَمُوْنَ ۟

(૫) તે (અલ્લાહ) એજ છે કે જેણે સૂર્યને પ્રકાશિત બનાવ્યો, અને ચંદ્રમાને તેજસ્વી કર્યો, તથા તેની મંઝીલો નક્કી કરી, કે જેથી તમે વર્ષોની ગણતરી

તથા હિસાબ સમજો; અલ્લાહે આ બધું સત્યપૂર્વકજ પેદા કર્યું છે. બુદ્ધિશાળી લોકો માટે તે (પોતાની) આયતો સ્પષ્ટ કરી વર્ણવે છે.

اِنَّ فِي اخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ وَمَا خَلَقَ اللّٰهُ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَّقُوْنَ ۝٦

(૬) એમાં શંકા નથી કે રાત્રિ તથા દિવસના અનુક્રમમાં આકાશો તથા પૃથ્વીમાં અલ્લાહે જે કાંઇ પૈદા કર્યું છે તેમાં પરહેજગારી કરનારા લોકો માટે ઘણી નિશાનીઓ મોજૂદ છે.

اِنَّ الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَآءَنَا وَرَضُوْا بِالْحَيٰوةِ الدُّنْيَا وَاطْمَاَنُّوْا
بِهَا وَالَّذِيْنَ هُمْ عَنْ اٰيٰتِنَا غٰفِلُوْنَ ۝٧ۙ

(૭) બેશક તે લોકો કે જેઓ અમારી મુલાકાતની આશા નથી રાખતા અને સંસારી જીવન પર રાજી થઇને તેના પરજ સંતોષ માની બેઠા છે અને જેઓ અમારી નિશાનીઓથી ગાફેલ છે.

أُولَٰٓئِكَ مَأْوَىٰهُمُ ٱلنَّارُ بِمَا كَانُوا۟ يَكْسِبُونَ ⑧

(૮) એજ લોકો છે કે જેમની કરણીઓના કારણે તેમનું ઠેકાણું જહન્નમ છે.

إِنَّ ٱلَّذِينَ ءَامَنُوا۟ وَعَمِلُوا۟ ٱلصَّٰلِحَٰتِ يَهْدِيهِمْ رَبُّهُم
بِإِيمَٰنِهِمْ ۖ تَجْرِى مِن تَحْتِهِمُ ٱلْأَنْهَٰرُ فِى جَنَّٰتِ ٱلنَّعِيمِ ⑨

(૯) બેશક જે લોકો ઇમાન લાવ્યા છે તથા સત્કાર્યો કરે છે તેમના ઇમાનના કારણે તેમનો

પરવરદિગાર (તેમને) સન્માર્ગ દેખાડે છે; તેમની નીચેથી નેઅમતો વાળી જન્નતોમાં નદીઓ વહેતી હશે.

دَعْوٰىهُمْ فِيْهَا سُبْحٰنَكَ اللّٰهُمَّ وَتَحِيَّتُهُمْ فِيْهَا سَلٰمٌ ۚ وَاٰخِرُ دَعْوٰىهُمْ اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٠﴾

(૧૦) તે (જન્નતો)માં (દાખલ થતી વખતે) તેમની દુઆ આ હશે કે અય અલ્લાહ! તું પાક છે અને એક બીજાની મુલાકાત વખતે મુબારકબાદ આપવાનો શબ્દ "સલામ" (શાંતિ) હશે, અને તેમની અંતિમની દુઆ આ હશે કે દરેક પ્રકારની પ્રશંસા સમગ્ર બ્રહ્માંડના સર્જનહારને માટેજ (યોગ્ય) છે.

وَلَوۡ يُعَجِّلُ اللّٰهُ لِلنَّاسِ الشَّرَّ اسۡتِعۡجَالَهُمۡ بِالۡخَيۡرِ لَقُضِىَ
اِلَيۡهِمۡ اَجَلُهُمۡ ‌ؕ فَنَذَرُ الَّذِيۡنَ لَا يَرۡجُوۡنَ لِقَآءَنَا فِىۡ طُغۡيَانِهِمۡ
يَعۡمَهُوۡنَ ﴿۱۱﴾

(૧૧) અને અગર અલ્લાહ માણસો માટે બૂરાઇ (શિક્ષા આપવા)માં પણ એટલીજ ઉતાવળ કરે જેટલી કે તેઓ ભલાઇ મેળવવામાં ઉતાવળ કરે છે તો તેમના ઉમ્રની મુદ્દત સમાપ્ત કરી દેવામાં આવી હોત; પણ અમે તો તે લોકોને કે જેઓ અમારી મુલાકાતની ઉમ્મીદ નથી રાખતા તેમને તેમની ઉદ્ધતાઇમાં જ આંધળાઓની જેમ ભટકતા મૂકી દઇએ છીએ.

وَاِذَا مَسَّ الۡاِنۡسَانَ الضُّرُّ دَعَانَا لِجَنۡۢبِهٖۤ اَوۡ قَاعِدًا اَوۡ قَآٮِٕمًا ۚ
فَلَمَّا كَشَفۡنَا عَنۡهُ ضُرَّهٗ مَرَّ كَاَنۡ لَّمۡ يَدۡعُنَاۤ اِلٰى ضُرٍّ مَّسَّهٗ ؕ
كَذٰلِكَ زُيِّنَ لِلۡمُسۡرِفِيۡنَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿۱۲﴾

(૧૨) જ્યારે ઈન્સાન પર કોઇ મુસીબત આવી પડે છે ત્યારે અમને પડખાંભેર (અથવા) બેઠા બેઠા (અથવા) ઉભા ઉભા પોકારવા લાગે છે; પછી જ્યારે અમે તેમની મુસીબત ટાળી દઇએ છીએ ત્યારે તે પાછી પોતાની પહેલાંનીજ ચાલ ચાલવા માંડે છે, જાણે કે તેણે પોતાના પર પડેલી મુસીબત ટાળવા માટે અમારી પાસે યાચના કરીજ ન હતી; આવીજ રીતે મર્યાદા ઓળંગી જનારાઓ માટે તેઓ જે જે

કર્મ કર્યા કરે છે તે સુશોભિત બનાવી દેવામાં આવ્યા છે.

وَلَقَدْ اَهْلَكْنَا الْقُرُوْنَ مِنْ قَبْلِكُمْ لَمَّا ظَلَمُوْا ۙ وَجَآءَتْهُمْ

رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ وَمَا كَانُوْا لِيُؤْمِنُوْا ؕ كَذٰلِكَ نَجْزِى الْقَوْمَ

الْمُجْرِمِيْنَ ﴿۱۳﴾

(૧૩) અને ખચીતજ અમોએ તમારી પહેલાં (ઘણાંયે) વંશોનો નાશ કરી નાખ્યો જ્યારે કે તેમણે ઝુલ્મ કર્યો; જો કે તેમના રસૂલ તેમની પાસે પ્રત્યક્ષ દલીલો લઇને આવ્યા હતા. પરંતુ તેઓ ઇમાન જ ન લાવ્યા; ગુનેહગાર લોકોને અમે એવીજ રીતે બદલો આપ્યા કરીએ છીએ.

ثُمَّ جَعَلۡنٰكُمۡ خَلٰٓئِفَ فِي الۡاَرۡضِ مِنۡۢ بَعۡدِهِمۡ لِنَنۡظُرَ كَيۡفَ
تَعۡمَلُوۡنَ﴿۱۴﴾

(૧૪) પછી તેમના બાદ તમને તે ભૂમિના વારસ બનાવ્યા કે જેથી તમે કેવાં કેવાં કર્મો કરો છો તે અમે જોઇએ.

وَاِذَا تُتۡلٰى عَلَيۡهِمۡ اٰيَاتُنَا بَيِّنٰتٍ ۙ قَالَ الَّذِيۡنَ لَا يَرۡجُوۡنَ
لِقَآءَنَا ائۡتِ بِقُرۡاٰنٍ غَيۡرِ هٰذَآ اَوۡ بَدِّلۡهُ ؕ قُلۡ مَا يَكُوۡنُ لِيۡۤ اَنۡ
اُبَدِّلَهٗ مِنۡ تِلۡقَآىِٕ نَفۡسِيۡ ۚ اِنۡ اَتَّبِعُ اِلَّا مَا يُوۡحٰٓى اِلَيَّ ۚ اِنِّيۡۤ
اَخَافُ اِنۡ عَصَيۡتُ رَبِّيۡ عَذَابَ يَوۡمٍ عَظِيۡمٍ﴿۱۵﴾

(૧૫) અને જ્યારે તે લોકો સમક્ષ અમારી (સ્પષ્ટ કરીને વર્ણવેલી આયતો) પઢવામાં આવે છે ત્યારે જેઓ અમારી મુલાકાતની ઉમ્મીદ નથી રાખતા તેઓ કહે છે કે આના જેવુંજ બીજું એક કુરઆન (રચી) લઇ આવ અથવા એનેજ બદલી નાખ; (અય રસૂલ!) તું કહે કે મને અધિકાર નથી કે હું તેને મારા પોતાના તરફથી બદલી નાખું, હું માત્ર તેનેજ અનુસરૂં છું કે જે મારી તરફ વહી કરવામાં આવે છે, અગર હું મારા પરવરદિગારની નાફરમાની કરૂં તો નિઃસંશય હું (તે) મહાન દિવસના અઝાબથી ભય પામું છું.

قُلْ لَّوْ شَآءَ اللّٰهُ مَا تَلَوْتُهٗ عَلَيْكُمْ وَلَآ اَدْرٰىكُمْ بِهٖ ۖ فَقَدْ
لَبِثْتُ فِيْكُمْ عُمُرًا مِّنْ قَبْلِهٖ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٦﴾

(૧૬) (અય રસૂલ!) તું કહે કે અગર અલ્લાહ ચાહતે તો હું તમને ન આ (આયતો) પઢીને સંભળાવતે અને ન તે (અલ્લાહ) પણ તમને તેનાથી માહિતગાર કરતે; (તમે જાણો છો કે) ખચીતજ આ પહેલાં મેં મારી જિંદગીના મોટા ભાગ સુધી હું તમારામાં રહી ચૂક્યો છું; (તેથી તમને મારી સત્યતાનો અનુભવ ખરેખર થઇ ગયો છે) છતાં પણ તમે સમજતા નથી?

فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰی عَلَی اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ؕ اِنَّهٗ لَا
يُفْلِحُ الْمُجْرِمُوْنَ ﴿۱۷﴾

(૧૭) માટે એ કરતાં વધુ ઝુલમગાર કોણ હશે કે જે અલ્લાહ પર અસત્ય આળ ચઢાવે અથવા તેની આયતોને જૂઠલાવે? નિ:સંશય ગુનેહગારો (કદી પણ) સફળતા મેળવનારા નથી.

وَيَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَضُرُّهُمْ وَلَا يَنْفَعُهُمْ
وَيَقُوْلُوْنَ هٰۤؤُلَآءِ شُفَعَآؤُنَا عِنْدَ اللّٰهِ ؕ قُلْ اَتُنَبِّـُٔوْنَ اللّٰهَ بِمَا لَا
يَعْلَمُ فِي السَّمٰوٰتِ وَلَا فِي الْاَرْضِ ؕ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا
يُشْرِكُوْنَ ﴿۱۸﴾

(૧૮) તેઓ અલ્લાહને મૂકી એવાઓને પૂજે છે કે જેઓ તેમને ન કાંઇ નુકસાન પહોંચાડે છે ન તેમને કાંઇ લાભ પહોંચાડી શકે છે, અને કહે છે કે આ અલ્લાહની પાસે અમારા (મોક્ષની) ભલામણ કરનારા છે; (અય રસૂલ!) તું કહે કે શું તમે અલ્લાહને એવી વસ્તુઓથી વાકેફ (કરવાની હિંમત) કરો છો કે જેનું હોવું તે (જગતનો સર્જનહાર) ન આકાશોમાં જાણે છે ન જમીનમાં? અને જે વસ્તુઓને આ (લોકો) તેના શરીક ઠરાવે છે તેમનાથી તેની જાત પાક અને શ્રેષ્ઠ છે.

وَمَا كَانَ النَّاسُ اِلَّآ اُمَّةً وَّاحِدَةً فَاخْتَلَفُوْا ؕ وَلَوْلَا كَلِمَةٌ
سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِيَ بَيْنَهُمْ فِيْمَا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿١٩﴾

(૧૯) પ્રારંભમાં સઘળા લોકોની એકજ ઉમ્મત હતી, મતભેદ તો તેમણે (પાછળથી) કર્યો; અને અગર તારા પરવરદિગાર તરફથી (કયામતના સબંધનું) વચન પ્રથમથી નિકળી ચૂક્યું ન હોત તો જે જે બાબતમાં તેઓ મતભેદ કર્યા કરે છે તેમાં તેમની વચ્ચે ક્યારનોય નિર્ણય થઇ ચૂક્યો હોત.

وَيَقُوْلُوْنَ لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ۚ فَقُلْ اِنَّمَا الْغَيْبُ لِلّٰهِ فَانْتَظِرُوْا ۚ اِنِّيْ مَعَكُمْ مِّنَ الْمُنْتَظِرِيْنَ ۝٢٠

(૨૦) અને તેઓ કહે છે કે તેના પરવરદિગાર તરફથી તેના પર (અમારી ઇચ્છા મુજબની) કોઇ નિશાની કેમ નથી ઉતરી? તો (અય રસૂલ!) તું કહે કે ગૈબનો માલિક તો અલ્લાહ જ છે માટે તમે રાહ

જુઓ. નિઃસંશય હું પણ તમારી સાથે રાહ જોનારાઓમાંથી છું.

وَاِذَآ اَذَقْنَا النَّاسَ رَحْمَةً مِّنْۢ بَعْدِ ضَرَّآءَ مَسَّتْهُمْ اِذَا لَهُمْ مَّكْرٌ فِيْٓ اٰيَاتِنَا ؕ قُلِ اللّٰهُ اَسْرَعُ مَكْرًا ؕ اِنَّ رُسُلَنَا يَكْتُبُوْنَ مَا تَمْكُرُوْنَ ﴿٢١﴾

(૨૧) અને જ્યારે અમે લોકોને તેમના પર આપત્તિ પડી ચૂક્યા બાદ (અમારી) રહેમતની મજા ચખાડીએ છીએ ત્યારે તેઓ તરતજ અમારી આયતો વિરૂદ્ધ ફરેબ કરવા લાગે છે. (અય રસૂલ !) તું કહે કે તદબીર કરવામાં અલ્લાહ સૌથી

વધુ બળવાન છે; બેશક અમારા મોકલેલ (ફરિશ્તા) જે જે ફરેબ તમે કરો છો તે લખતા જાય છે.

هُوَالَّذِیْ یُسَیِّرُكُمْ فِی الْبَرِّ وَالْبَحْرِ ؕ حَتّٰۤی اِذَا كُنْتُمْ فِی
الْفُلْكِ ۚ وَجَرَیْنَ بِهِمْ بِرِیْحٍ طَیِّبَةٍ وَّفَرِحُوْا بِهَا جَآءَتْهَا رِیْحٌ
عَاصِفٌ وَّجَآءَهُمُ الْمَوْجُ مِنْ كُلِّ مَكَانٍ وَّظَنُّوْۤا اَنَّهُمْ اُحِیْطَ
بِهِمْ ۙ دَعَوُا اللّٰهَ مُخْلِصِیْنَ لَهُ الدِّیْنَ ۚ۬ لَىٕنْ اَنْجَیْتَنَا مِنْ هٰذِهٖ
لَنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِیْنَ ﴿۲۲﴾

(૨૨) તે એજ છે કે જે તમને ખુશ્કી તથા તરીમાં લઇ ચાલે છે; અહીં સુધી કે જ્યારે તમે વહાણોમાં સવાર હો છો, અને અનુકુળ હવામાન સાથે તે (વહાણો) તેઓ (લોકો)ને લઇને ચાલે છે, અને તેમ

થતાં તેઓ ઘણોજ આનંદ પામે છે ત્યારે (ઓચિંતંુ) એક સખત વાવાઝોડું આવી તે (વહાણ)ને ઝડપી લે છે, અને દરેક દિશામાંથી તેમના ઉપર (સમુદ્રના) મોજાં આવી પડે છે, અને તે વખતે તેઓ એમ ધારી લે છે કે હવે તેઓ સંપૂર્ણ રીતે ઘેરાઇ ગયા છે, ત્યારે નિખાલસ મનથી અલ્લાહને તાબે થઇ તેની પાસે દુઆ માંગે છે કે જો તું અમને આ (તોફાન)થી બચાવી લેશે તો અમે ખરેખર તારા શુક્ર કરનારાઓ માંહેના થઇ જઇશું.

فَلَمَّآ اَنْجٰهُمْ اِذَا هُمْ يَبْغُوْنَ فِى الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ ؕ يٰٓاَيُّهَا

النَّاسُ اِنَّمَا بَغْيُكُمْ عَلٰٓى اَنْفُسِكُمْ ۙ مَّتَاعَ الْحَيٰوةِ

الدُّنۡيَا ۚ ثُمَّ اِلَيۡنَا مَرۡجِعُكُمۡ فَنُنَبِّئُكُمۡ بِمَا كُنۡتُمۡ
تَعۡمَلُوۡنَ﴿۲۳﴾

(૨૩) પછી જ્યારે તે (અલ્લાહ) તેમને બચાવી લે છે ત્યારે જુઓ કે તેઓ જમીન ઉપર (આવતાંજ) વિના કારણે ફસાદ કરવા લાગે છે; અય લોકો ! તમારા (આ) ફસાદનું નુકસાન તમારા પોતાના માટેજ છે, એ સિવાય બીજું કાંઇ નથી; (આ માત્ર) દુનિયાની જિંદગીનો વૈભવ છે પછી તમારૂં પાછું ફરવું અમારી તરફ છે, પછી તમે જે કરણી કર્યા કરતા હતા તે સઘળી અમે તમને જણાવી દઇશું.

إِنَّمَا مَثَلُ الْحَيٰوةِ الدُّنْيَا كَمَآءٍ اَنْزَلْنٰهُ مِنَ السَّمَآءِ فَاخْتَلَطَ
بِهٖ نَبَاتُ الْاَرْضِ مِمَّا يَاْكُلُ النَّاسُ وَالْاَنْعَامُ ؕ حَتّٰٓى اِذَآ
اَخَذَتِ الْاَرْضُ زُخْرُفَهَا وَازَّيَّنَتْ وَظَنَّ اَهْلُهَآ اَنَّهُمْ
قٰدِرُوْنَ عَلَيْهَآ ۙ اَتٰىهَآ اَمْرُنَا لَيْلًا اَوْ نَهَارًا فَجَعَلْنٰهَا حَصِيْدًا
كَاَنْ لَّمْ تَغْنَ بِالْاَمْسِ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ
يَّتَفَكَّرُوْنَ ﴿٢٤﴾

(૨૪) સિવાય તેના નથી કે દુનિયાની જિંદગીનો દાખલો તે પાણીના જેવો છે કે જે અમે આકાશ પરથી ઉતારીએ છીએ, પછી ધરતીનો ઉગતો પાક કે જે માણસો તથા પશુઓ ખાય છે તે તે (પાણી)

સાથે ભળી જાય છે; અહીં સુધી કે તે (બન્નેના ભળી જવાથી) ધરતી પોતાનો શણગાર ધારણ કરે છે, અને તે (હરિયાળી લીલોતરી)થી સુશોભિત થઇ જાય છે, અને તે (જમીન)ના લોકો એવું માની લે છે કે હવે તેઓએ તેના પર કાબૂ મેળવી લીધો છે, ત્યારે રાત્રિએ અથવા દિવસે અમારો (અઝાબનો) હુકમ તેમને ઓચિંતો આવી પહોંચે છે, પછી અમે તે (હર્યા ભર્યા પાક)ની એવી રીતે કાપણી કરી નાખીએ છીએ કે જાણે આગલે દિવસે તેની હસ્તીજ ન હતી; આવી રીતે અમે તે લોકો કે જેઓ ધ્યાન દઇને વિચાર કરે છે તેમને માટે આયતોને સ્પષ્ટ કરીને વર્ણવીએ છીએ.

وَاللّٰهُ يَدۡعُوۡۤا اِلٰى دَارِ السَّلٰمِ ؕ وَيَهۡدِىۡ مَنۡ يَّشَآءُ اِلٰى صِرَاطٍ

مُّسۡتَقِيۡمٍ ۝٢٥

(૨૫) અને અલ્લાહ સલામતીના ઘર તરફ બોલાવે છે, અને જેને ચાહે છે તેને (પોતાના) સીધા માર્ગ તરફ જવાની પ્રેરણા આપે છે.

لِلَّذِيۡنَ اَحۡسَنُوا الۡحُسۡنٰى وَزِيَادَةٌ ؕ وَلَا يَرۡهَقُ وُجُوۡهَهُمۡ قَتَرٌ

وَّلَا ذِلَّةٌ ؕ اُولٰٓـئِكَ اَصۡحٰبُ الۡجَـنَّةِ‌ ۚ هُمۡ فِيۡهَا خٰلِدُوۡنَ ۝٢٦

(૨૬) જે લોકોએ (દુનિયામાં) ભલાઇ કરી છે તેમના માટે (આખેરતમાં) પણ (એવીજ) ભલાઇ છે, અને કાંઇ વિશેષ પણ; વળી તેમના ચહેરાઓ પર ન કાળાશ પથરાએલ હશે ન હીણપત; તેઓજ

જન્નતવાસીઓ છે, જેમાં તેઓ હંમેશના રહેનારા થશે.

وَالَّذِيْنَ كَسَبُوا السَّيِّاٰتِ جَزَآءُ سَيِّئَةٍۭ بِمِثْلِهَا ۙ وَتَرْهَقُهُمْ
ذِلَّةٌ ؕ مَا لَهُمْ مِّنَ اللّٰهِ مِنْ عَاصِمٍ ۚ كَاَنَّمَآ اُغْشِيَتْ وُجُوْهُهُمْ
قِطَعًا مِّنَ الَّيْلِ مُظْلِمًا ؕ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا
خٰلِدُوْنَ ﴿۲۷﴾

(૨૭) અને જે લોકોએ (દુનિયામાં) ખરાબ કાર્યો કર્યા છે, તો (આખેરતમાં) દરેક ખરાબ કાર્યોનો બદલો તેવોજ (ખરાબ) છે, (તે ઉપરાંત) તેમના મોંઢાં ઉપર હીણપત વ્યાપી રહી હશે; અલ્લાહ તરફથી તેમને બચાવનાર કોઇ ન હશે, (અને એવું

લાગશે) કે જાણે તેમના ચહેરાઓ પર અંધારી રાતના ટૂકડાઓ પથરાએલા છે; તેઓજ જહન્નમવાસીઓ છે, જેમાં તેઓ હંમેશને માટે રહેનારા થશે.

وَيَوْمَ نَحْشُرُهُمْ جَمِيْعًا ثُمَّ نَقُوْلُ لِلَّذِيْنَ اَشْرَكُوْا مَكَانَكُمْ
اَنْتُمْ وَشُرَكَآؤُكُمْ ۚ فَزَيَّلْنَا بَيْنَهُمْ وَقَالَ شُرَكَآؤُهُمْ مَّا
كُنْتُمْ اِيَّانَا تَعْبُدُوْنَ ﴿٢٨﴾

(૨૮) અને તે દિવસે કે જ્યારે અમે તે સઘળાઓને એકત્ર કરીશું પછી જેઓ શિર્ક કર્યા કરતા હતા તેમને કહીશું કે તમે તથા તમારા શરીકો પોત પોતાના સ્થાને થોભો, પછી અમે તેમની વચ્ચે

સબંધ તોડી નાખીશું, અને તેમના શરીકો કહી દેશે કે તમે અમારી ઇબાદત તો કરતાજ ન હતા.

فَكَفٰى بِاللّٰهِ شَهِيْدًاۢ بَيْنَنَا وَبَيْنَكُمْ اِنْ كُنَّا عَنْ عِبَادَتِكُمْ لَغٰفِلِيْنَ ﴿٢٩﴾

(૨૯) અને અમારી તમારી વચ્ચે સાક્ષી આપવાને અલ્લાહ બસ છે કે અમે તમારી ઇબાદતથી તદ્દન ગાફિલ હતા.

هُنَالِكَ تَبْلُوْا كُلُّ نَفْسٍ مَّآ اَسْلَفَتْ وَرُدُّوْٓا اِلَى اللّٰهِ مَوْلٰىهُمُ الْحَقِّ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٣٠﴾

(30) તે વખતે પ્રત્યેક આત્મા આ વાત અનુભવી લેશે કે તે (દિવસ) પહેલાં તે શું શું કરી ચૂક્યો છે,

અને તેઓ સઘળા પોતાના સાચા માલિક અલ્લાહ તરફ ફેરવવામાં આવશે અને તેઓ જે આળ ચઢાવતા હતા તે તેમનાથી ગુમ થઇ જશે.

قُلْ مَنْ يَّرْزُقُكُمْ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ اَمَّنْ يَّمْلِكُ السَّمْعَ
وَالْاَبْصَارَ وَمَنْ يُّخْرِجُ الْحَىَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ الْمَيِّتَ مِنَ
الْحَيِّ وَمَنْ يُّدَبِّرُ الْاَمْرَ ؕ فَسَيَقُوْلُوْنَ اللّٰهُ ۚ فَقُلْ اَفَلَا
تَتَّقُوْنَ ﴿۳۱﴾

(૩૧) (અય રસૂલ!) તું કહે કે આકાશ અને જમીનમાંથી તમને રોઝી કોણ પહોંચાડે છે; અથવા (તમારા) સાંભળવા કે જોવા ઉપર અધિકાર કોણ ધરાવે છે ? અને તે કોણ છે કે જે મરેલામાંથી

જીવતાને કાઢે છે અને જીવતામાંથી મરેલા કાઢે છે? અને તે કોણ છે જે (તમામ) મામલાઓની વ્યવસ્થા કરે છે ? કે તેઓ તરત કહેશે કે (માત્ર) અલ્લાહજ છે; માટે (અય રસૂલ!) તું કહે કે આ છતાંય શું તમે ડરતા નથી?

فَذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمُ الْحَقُّ ۚ فَمَاذَا بَعْدَ الْحَقِّ اِلَّا الضَّلٰلُ ۚۖ فَاَنّٰى تُصْرَفُوْنَ ﴿٣٢﴾

(૩૨) બસ એજ અલ્લાહ તમારો સાચો પરવરદિગાર છે; તો સત્ય (વાતનું જ્ઞાન થયા) પછી (તેને નહિ માનવું) એ ભૂલ નહિ તો બીજું શું છે ? છતાં ક્યાં પલટાઇ જાઓ છો?

كَذٰلِكَ حَقَّتۡ كَلِمَتُ رَبِّكَ عَلَى الَّذِيۡنَ فَسَقُوۡۤا اَنَّهُمۡ لَا
يُؤۡمِنُوۡنَ﴿۳۳﴾

(33) એવી રીતે તારા પરવરદિગારનું (તે) વચન જે લોકોએ નાફરમાની કરી હતી તેમની વિરૂદ્ધ પૂરવાર થઇ ગયું કે તેઓ હરગિજ ઇમાન લાવશે નહિ.

قُلۡ هَلۡ مِنۡ شُرَكَآئِكُمۡ مَّنۡ يَّبۡدَؤُا الۡخَلۡقَ ثُمَّ يُعِيۡدُهٗ ؕ قُلِ اللّٰهُ
يَبۡدَؤُا الۡخَلۡقَ ثُمَّ يُعِيۡدُهٗ فَاَنّٰى تُؤۡفَكُوۡنَ﴿۳۴﴾

(34) (અય રસૂલ!) તું કહે કે તમારા શરીકોમાંથી કોઇ એવો પણ છે કે જે આવી સૃષ્ટિ નવેસરથી પૈદા કરે, પછી તેના (નાશ થયા પછી) તેનું

પુનરાવર્તન પણ કરે? (અય રસૂલ!) તું કહે કે અલ્લાહજ માત્ર સૃષ્ટિને નવેસરથી ઉત્પન્ન કરે છે. વળી તેનું પુનરાવર્તન પણ તેજ કરે છે, પછી તમે ક્યાં ફરી જાઓ છો?

قُلْ هَلْ مِنْ شُرَكَآئِكُمْ مَّنْ يَّهْدِيْٓ اِلَى الْحَقِّ ؕ قُلِ اللّٰهُ يَهْدِيْ
لِلْحَقِّ ؕ اَفَمَنْ يَّهْدِيْٓ اِلَى الْحَقِّ اَحَقُّ اَنْ يُّتَّبَعَ اَمَّنْ لَّا يَهِدِّيْٓ اِلَّآ
اَنْ يُّهْدٰى ۚ فَمَا لَكُمْ ۟ كَيْفَ تَحْكُمُوْنَ ﴿۳۵﴾

(૩૫) (અય રસૂલ!) તું કહે કે તમારા શરીકોમાંથી કોઇ એવો પણ છે કે જે સત્ય તરફ હિદાયત કરે? તું કહે કે અલ્લાહ જ સત્ય તરફ હિદાયત કરે છે. શું તે કે જે સત્ય સુધી પહોંચાડી દે તે તેનો વધુ

હકદાર છે કે તેની તાબેદારી કરવામાં આવે અથવા તે કે જેને કોઇ બીજો માર્ગ દેખાડે નહિ ત્યાં સુધી તેને કોઇ માર્ગ જડે નહિ ? છતાં તમને શું થઇ ગયું છે, કેવો ન્યાય કરો છો?

وَمَا يَتَّبِعُ اَكْثَرُهُمْ اِلَّا ظَنًّا ؕ اِنَّ الظَّنَّ لَا يُغْنِىْ مِنَ الْحَقِّ
شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِمَا يَفْعَلُوْنَ ﴿٣٦﴾

(૩૬) અને તેઓમાંથી ઘણાખરા તો કેવળ અટકળને અનુસરનારા છે; બેશક અટકળ સત્યની સામે કાંઇ કામમાં આવતી નથી; બેશક જે પણ કાંઇ તેઓ કરે છે તે અલ્લાહ (સારી રીતે) જાણે છે.

وَمَا كَانَ هٰذَا الْقُرْاٰنُ اَنْ يُّفْتَرٰى مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ

تَصْدِيْقَ الَّذِىْ بَيْنَ يَدَيْهِ وَتَفْصِيْلَ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ

مِنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿٣٧﴾

(૩૭) અને આ કુરઆન એવું નથી કે જે અલ્લાહના સિવાય બીજા કોઇના તરફથી જોડી કાઢી શકાય; બલ્કે તે તેની અગાઉ (નીકિતાબો)નું સમર્થન છે, અને એમાં કાંઇ સંદેહ નથી કે (તેમાં) સઘળી દુનિયાઓના પરવરદિગાર તરફથી લખેલા (ધર્મ નિયમો)નું સવિસ્તાર વર્ણન છે.

اَمْ يَقُوْلُوْنَ افْتَرٰىهُ ؕ قُلْ فَاْتُوْا بِسُوْرَةٍ مِّثْلِهٖ وَادْعُوْا مَنِ

اسْتَطَعْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٣٨﴾

(૩૮) અથવા શું તેઓ એમ કહે છે કે તેં (પયગમ્બરે) તે (કુરઆન) ઘડી કાઢ્યું છે? (અય રસૂલ!) તું કહે કે (જો તે મેં ઘડી કાઢ્યું હોય તો) તમે પણ તેના સૂરાહ જેવો એક સૂરાહ ઘડી લાવો. અને જો તમે સાચા છો તો અલ્લાહના સિવાય જેને જેને બોલાવી શકતા હો તેમને (તમારો દાવો પૂરવાર કરવા માટે) બોલાવી લાવો.

بَلْ كَذَّبُوْا بِمَا لَمْ يُحِيْطُوْا بِعِلْمِهٖ وَلَمَّا يَاْتِهِمْ تَاْوِيْلُهٗ ؕ كَذٰلِكَ
كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ
الظّٰلِمِيْنَ ۝٣٩

(૩૯) બલ્કે તેઓ તે (વાત)ને જૂઠલાવી કાઢે છે કે જે વાતના જ્ઞાનને તેઓ પહોંચી શક્યા નથી, અને જેનો ખરો અર્થ હજી તેમને પહોંચ્યો જ નથી; તેમની પહેલાંના લોકોએ પણ એવીજ રીતે (કિતાબો તથા પયગમ્બરોને) જૂઠલાવ્યા હતા પછી જો કે અત્યાચારીઓનું પરિણામ કેવું આવ્યું?

وَمِنۡهُمۡ مَّنۡ يُّؤۡمِنُ بِهٖ وَمِنۡهُمۡ مَّنۡ لَّا يُؤۡمِنُ بِهٖ‌ؕ وَرَبُّكَ اَعۡلَمُ بِالۡمُفۡسِدِيۡنَ۝۴۰

(૪૦) અને તેઓમાંથી કેટલાક એવા પણ છે કે જે તે (કુરઆન) પર ઇમાન રાખે છે અને તેઓમાંથી કેટલાક એવા છે કે જેઓ તેના પર ઇમાન રાખતા

નથી; અને તારો પરવરદિગાર ફસાદ કરનારાઓથી સારી રીતે માહિતગાર છે.

وَاِنۡ كَذَّبُوۡكَ فَقُلْ لِّىۡ عَمَلِىۡ وَلَـكُمۡ عَمَلُكُمۡ‌ ۚ اَنۡـتُمۡ بَرِيۡٓـــُٔوۡنَ مِمَّاۤ اَعۡمَلُ وَاَنَا بَرِىۡٓءٌ مِّمَّا تَعۡمَلُوۡنَ‏ ﴿۴۱﴾

(૪૧) અને (અય રસૂલ!) અગર તેઓ તને જૂઠલાવે તો તું કહે કે મારા કર્મ મારા માટે અને તમારા કર્મ તમારા માટે. જે કાંઇ હું કરૂં છું તેની જવાબદારીમાંથી તમે મુક્ત છો અને જે કાંઇ તમે કરો છો તેની જવાબદારીમાંથી હું મુક્ત છું.

وَمِنۡهُمۡ مَّنۡ يَّسۡتَمِعُوۡنَ اِلَيۡكَ‌ ؕ اَفَاَنۡتَ تُسۡمِعُ الصُّمَّ وَلَوۡ كَانُوۡا لَا يَعۡقِلُوۡنَ‏ ﴿۴۲﴾

(૪૨) અને તેઓમાંથી કેટલાક એવા પણ છે કે જેઓ તને ધ્યાન દઇ સાંભળે છે; પણ શું તું બહેરાઓને સંભળાવી શકે છે એવી સ્થિતિમાં કે તેઓ સમજ ધરાવતા ન હોય?

وَمِنۡهُمۡ مَّنۡ يَّنۡظُرُ اِلَيۡكَ ؕ اَفَاَنۡتَ تَهۡدِى الۡعُمۡىَ وَلَوۡ كَانُوۡا لَا يُبۡصِرُوۡنَ ۝٤٣

(૪૩) અને તેઓમાં કેટલાક એવા પણ છે કે જે તારી તરફ ટીકી ટીકીને જુએ છે; તો શું તું આંધળાઓને માર્ગ દેખાડી શકે છે એવી સ્થિતિમાં કે તેઓ કાંઇ દિવ્યચક્ષુઓ જ ધરાવતા ન હોય?

اِنَّ اللّٰهَ لَا يَظۡلِمُ النَّاسَ شَيۡـًٔا وَّلٰـكِنَّ النَّاسَ اَنۡفُسَهُمۡ يَظۡلِمُوۡنَ﴿۴۴﴾

(૪૪) નિઃસંશય અલ્લાહ લોકો પર સ્હેજ પણ ઝુલ્મ કરતો નથી પણ માણસો (પોતેજ) પોતાના જીવ પર ઝુલ્મ કરે છે.

وَيَوۡمَ يَحۡشُرُهُمۡ كَاَنۡ لَّمۡ يَلۡبَثُوۡۤا اِلَّا سَاعَةً مِّنَ النَّهَارِ يَتَعَارَفُوۡنَ بَيۡنَهُمۡ‌ ؕ قَدۡ خَسِرَ الَّذِيۡنَ كَذَّبُوۡا بِلِقَآءِ اللّٰهِ وَمَا كَانُوۡا مُهۡتَدِيۡنَ﴿۴۵﴾

(૪૫) અને જે દિવસે તે તેમને એકઠા કરશે ત્યારે એવું લાગશે કે જાણે તેઓ (દુનિયામાં) દિવસના એક કલાકથી વધુ થોભ્યાજ ન હતા, પરસ્પર એક

બીજાને પારખી લેશે; જે લોકો અલ્લાહની હજૂરમાં આવવાને જૂઠલાવતા હતા તેઓ ખરેખર હાની ભોગવનારા થશે, અને તેમને (આ હાનિમાંથી) બચવાનો માર્ગ પણ સુઝશે નહિ.

وَاِمَّا نُرِيَنَّكَ بَعۡضَ الَّذِىۡ نَعِدُهُمۡ اَوۡ نَتَوَفَّيَنَّكَ فَاِلَيۡنَا مَرۡجِعُهُمۡ ثُمَّ اللّٰهُ شَهِيۡدٌ عَلٰى مَا يَفۡعَلُوۡنَ ۝٤٦

(૪૬) અને જે વસ્તુ (આપવા)નો અમે તેમને વાયદો કરીએ છીએ તેનો કોઇ ભાગ અમે તેને જો દેખાડી દઇએ અથવા (તે પહેલાં) તારૂં આયુષ્ય પુરૂં કરી દઇએ તો પણ તેમનું પાછું ફરવું તો અમારીજ તરફ થશે. પછી જે જે કાંઇ તેઓ કરે છે તેની અલ્લાહ (પોતેજ) સાક્ષી આપનાર છે.

وَلِكُلِّ اُمَّةٍ رَّسُوۡلٌ ۚ فَاِذَا جَآءَ رَسُوۡلُهُمۡ قُضِىَ بَيۡنَهُمۡ
بِالۡقِسۡطِ وَهُمۡ لَا يُظۡلَمُوۡنَ ﴿۴۷﴾

(૪૭) અને દરેક ઉમ્મત (પ્રજા) માટે એક એક રસૂલ (મોકલવામાં આવ્યા) છે, પછી જ્યારે (કયામતના દિવસે) તેમનો પયગમ્બર (પોતાની ઉમ્મત સાથે અમારી હજૂરમાં) હાજર થશે ત્યારે તેમની વચ્ચે ન્યાયસર નિરાકરણ કરવામાં આવશે, અને તેમના ઉપર (મુદ્દલ) ઝુલ્મ કરવામાં આવશે નહિ.

وَيَقُوۡلُوۡنَ مَتٰى هٰذَا الۡوَعۡدُ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۴۸﴾

(૪૮) અને તે લોકો કહે છે કે અગર તમે સાચા છો તો દેખાડો કે આ વાયદો ક્યારે (પૂરો) થઇને રહેશે?

قُلۡ لَّاۤ اَمۡلِكُ لِنَفۡسِىۡ ضَرًّا وَّلَا نَفۡعًا اِلَّا مَا شَآءَ اللّٰهُ‌ ؕ لِكُلِّ
اُمَّةٍ اَجَلٌ‌ ؕ اِذَا جَآءَ اَجَلُهُمۡ فَلَا يَسۡتَاۡخِرُوۡنَ سَاعَةً وَّلَا
يَسۡتَقۡدِمُوۡنَ‏ ﴿۴۹﴾

(૪૯) (અય રસૂલ!) તું કહે કે હું મારા પોતાના માટે ન નુકસાનનો માલિક છું ન લાભનો, સિવાય કે જે અલ્લાહ ચાહે; દરેક ઉમ્મત માટે એક સમય નક્કી છે; જ્યારે તેમનો નિયુક્ત કરેલો સમય આવી જાય

છે ત્યારે તેઓ ન એક પળ પાછળ રહી શકે છે ન આગળ વધી શકે છે.

قُلْ اَرَءَيْتُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُهٗ بَيَاتًا اَوْ نَهَارًا مَّاذَا يَسْتَعْجِلُ مِنْهُ الْمُجْرِمُوْنَ۝۵۰

(૫૦) તું કહે કે શું તમોએ આ વિચાર્યું છે કે અગર તેનો અઝાબ તમારા પર રાત્રે કે દિવસે ઓચિંતો આવી પડે તો પછી આ ગુનેહગારો તે (બે) માંહેના ક્યા અઝાબ માટે ઉતાવળ કરે છે?

اَثُمَّ اِذَا مَا وَقَعَ اٰمَنْتُمْ بِهٖ ؕ آٰلْـٰٔنَ وَقَدْ كُنْتُمْ بِهٖ تَسْتَعْجِلُوْنَ۝۵۱

(૫૧) શું જ્યારે તે અઝાબ અસ્તિત્વમાં આવી જશે ત્યારેજ તમે તેના પર ઇમાન લાવશો ? (પછી અમે કહીશું કે) શું હવે તમે ઇમાન લાવો છો ! જો કે તમેજ તેની ઉતાવળ કર્યા કરતા હતા.

ثُمَّ قِيۡلَ لِلَّذِيۡنَ ظَلَمُوۡا ذُوۡقُوۡا عَذَابَ الۡخُلۡدِ‌ۚ هَلۡ تُجۡزَوۡنَ اِلَّا
بِمَا كُنۡتُمۡ تَكۡسِبُوۡنَ﴿۵۲﴾

(૫૨) પછી તે વખતે જેઓએ ઝુલ્મ કર્યો હશે તેમને કહેવામાં આવશે કે હંમેશનો અઝાબ ચાખો; આ જે શિક્ષા તમને કરવામાં આવે છે તે માત્ર તમારી કમાણીનો જ બદલો છેને!

وَيَسۡتَنۡۢبِـُٔوۡنَكَ اَحَقٌّ هُوَ ؕ قُلۡ اِىۡ وَرَبِّىۡۤ اِنَّهٗ لَحَقٌّ ؔؕ وَمَاۤ
اَنۡتُمۡ بِمُعۡجِزِيۡنَ﴿۵۳﴾

(૫૩) અને (અય રસૂલ !) તેઓ તને પૂછે છે કે શું આ (વાત) સાચી છે ? તું કહે કે હા, અલબત્ત મારા પરવરદિગારની કસમ! તે નિઃસંશય સાચીજ છે; અને તમે (અલ્લાહને) હરગિજ લાચાર બનાવી શકનાર નથી.

وَلَوۡ اَنَّ لِكُلِّ نَفۡسٍ ظَلَمَتۡ مَا فِى الۡاَرۡضِ لَافۡتَدَتۡ بِهٖ ؕ
وَاَسَرُّوا النَّدَامَةَ لَمَّا رَاَوُا الۡعَذَابَ ۚ وَقُضِىَ بَيۡنَهُمۡ بِالۡقِسۡطِ
وَهُمۡ لَا يُظۡلَمُوۡنَ﴿۵۴﴾

(૫૪) અને અગર દરેક ઝુલમગાર શખ્સ જમીનમાં જે કાંઇ છે તે સર્વનો માલિક હોય અને તે (સઘળું જ પોતાના જીવના છુટકારાના) બદલામાં તે આપી દે (તો પણ તે છુટી શકશે નહિ); અને જે વખતે તેઓ અઝાબને નિહાળશે ત્યારે પસ્તાવાને જાહેર કરશે, અને તેમની વચ્ચે ન્યાય પૂર્વક નિર્ણય કરવામાં આવશે અને તેમના પર (સહેજ પણ) ઝુલ્મ કરવામાં આવશે નહિ.

اَلَآ اِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ اَلَآ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ
وَّلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۵۵﴾

(૫૫) ખબરદાર રહો! આકાશો તથા પૃથ્વીમાં જે કાંઇ છે તે સઘળું બેશક અલ્લાહનું છે; ખબરદાર

રહો! નિઃસંશય અલ્લાહનો વાયદો સાચો છે, પરંતુ તેઓ માંહેના ઘણાખરા જાણતા નથી.

هُوَ يُحۡيِۦ وَيُمِيتُ وَإِلَيۡهِ تُرۡجَعُونَ ٥٦

(૫૬) એજ સજીવન કરે છે અને એજ મારે છે અને તેનીજ હજૂરમાં તમે પાછા ફેરવવામાં આવશો.

يَٰٓأَيُّهَا ٱلنَّاسُ قَدۡ جَآءَتۡكُم مَّوۡعِظَةٞ مِّن رَّبِّكُمۡ وَشِفَآءٞ لِّمَا فِي ٱلصُّدُورِ وَهُدٗى وَرَحۡمَةٞ لِّلۡمُؤۡمِنِينَ ٥٧

(૫૭) અય લોકો! તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી ખરેજ બોધ આવી ચૂક્યો છે અને દિલોના રોગ માટેની શફા પણ; અને મોઅમીનો માટે સદ્બોધ તથા રહેમત (આવી છે.)

قُلۡ بِفَضۡلِ اللّٰهِ وَبِرَحۡمَتِهٖ فَبِذٰلِكَ فَلۡيَفۡرَحُوۡا ؕ هُوَخَيۡرٌ مِّمَّا
يَجۡمَعُوۡنَ﴿۵۸﴾

(૫૮) તું કહે કે (આ સઘળું) અલ્લાહની કૃપા તથા તેની દયા (ને લીધે) છે, માટે તેનાથી તેઓએ રાજી થવું જોઇએ; તેઓ જે કાંઇ સંગ્રહ કરે છે તેનાથી તે (કૃપા તથા દયા) ઘણાં બહેતર છે.

قُلۡ اَرَءَيۡتُمۡ مَّاۤ اَنۡزَلَ اللّٰهُ لَـكُمۡ مِّنۡ رِّزۡقٍ فَجَعَلۡتُمۡ مِّنۡهُ حَرَامًا
وَّحَلٰلًا ؕ قُلۡ آٰللّٰهُ اَذِنَ لَـكُمۡ اَمۡ عَلَى اللّٰهِ تَفۡتَرُوۡنَ﴿۵۹﴾

(૫૯) તું કહે કે જરા તો વિચાર કરો કે અલ્લાહે જે કાંઇ આજીવિકા તમારા માટે ઉતારી છે તેમાંથી કોઇ (વસ્તુ)ને તમોએ હરામ ઠરાવી છે અને કોઇને

હલાલ; પૂછ કે શું અલ્લાહે તે(મ કરવા)ની તમને પરવાનગી આપી છે અથવા તમે અલ્લાહ પર (વિના કારણે) આળ મૂકો છો?

وَمَا ظَنُّ الَّذِيْنَ يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ يَوْمَ الْقِيٰمَةِ ؕ اِنَّ
اللّٰهَ لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَشْكُرُوْنَ ۝٦٠

(૬૦) અને જે લોકો અલ્લાહ પર જૂઠ્ઠ આળ મૂકે છે તેમનું ગુમાન કયામત વિષે શું છે ? બેશક અલ્લાહ માણસો પર કૃપા કરનારો છે, પરંતુ તેઓ માંહેના ઘણાખરા આભાર માનતા નથી.

وَمَا تَكُوْنُ فِيْ شَاْنٍ وَّمَا تَتْلُوْا مِنْهُ مِنْ قُرْاٰنٍ وَّلَا تَعْمَلُوْنَ
مِنْ عَمَلٍ اِلَّا كُنَّا عَلَيْكُمْ شُهُوْدًا اِذْ تُفِيْضُوْنَ فِيْهِ ؕ وَمَا

يَعْزُبُ عَنْ رَّبِّكَ مِنْ مِّثْقَالِ ذَرَّةٍ فِي الْأَرْضِ وَلَا فِي السَّمَآءِ
وَلَآ أَصْغَرَ مِنْ ذٰلِكَ وَلَآ أَكْبَرَ إِلَّا فِي كِتٰبٍ مُّبِيْنٍ ﴿٦١﴾

(૬૧) અને (અય રસૂલ!) તું ગમે તે હાલતમાં હોય અને કુરઆનમાંથી ગમે તે ભાગ પઢતો હોય, (અને અય લોકો !) તમે ગમે તે કાર્ય કરતા હો તેને અમે હંમેશ જોતાજ રહીએ છીએ જ્યારે કે તમે તેમાં વ્યસ્ત હો છો; અને તમારા પરવરદિગારથી આકાશ તથા પૃથ્વીની (એક) અતિ સુક્ષ્મ વસ્તુ (પણ) છુપી હોતી નથી અને તે કરતાંય નાની યા મોટી (કોઇ એવી વસ્તુ) નથી કે (જેનું વર્ણન) રોશન કિતાબ (લવહે મહફૂઝ)માં કરેલું ન હોય.

اَلَآ اِنَّ اَوۡلِيَآءَ اللّٰهِ لَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ ۚ﴿۶۲﴾

(૬૨) જાણી લો કે બેશક જે (લોકો) અલ્લાહના મિત્રો છે તેમને ન તો કોઇ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશેઃ

الَّذِيۡنَ اٰمَنُوۡا وَكَانُوۡا يَتَّقُوۡنَ ؕ﴿۶۳﴾

(૬૩) (એટલે) જેઓ ઇમાન લાવ્યા છે તથા પરહેજગારીથી વર્તતા રહ્યા છે.

لَهُمُ الۡبُشۡرٰى فِى الۡحَيٰوةِ الدُّنۡيَا وَفِى الۡاٰخِرَةِ ؕ لَا تَبۡدِيۡلَ لِكَلِمٰتِ اللّٰهِ ؕ ذٰلِكَ هُوَ الۡفَوۡزُ الۡعَظِيۡمُ ؕ﴿۶۴﴾

(૬૪) તેમનાજ માટે આલોકના જીવનમાં ખુશખબર છે અને પરલોકમાં પણ; અલ્લાહના

નિર્ણયમાં મુદ્દલ ફરક પડતો નથી; એજ તો મહાન સફળતા છે.

وَلَا يَحْزُنْكَ قَوْلُهُمْ ۘ إِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيعًا ۚ هُوَ السَّمِيعُ الْعَلِيمُ ﴿٦٥﴾

(૬૫) અને (અય રસૂલ!) તેમની વાતોથી તને ખેદ ઉત્પન્ન થવા ન પામે, બેશક સઘળું પ્રભુત્વ અલ્લાહનું જ છે; તેજ મોટો સાંભળનાર (અને) જોનાર છે.

أَلَآ إِنَّ لِلّٰهِ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْأَرْضِ ۗ وَمَا يَتَّبِعُ الَّذِينَ يَدْعُونَ مِنْ دُونِ اللّٰهِ شُرَكَآءَ ۚ إِنْ يَتَّبِعُونَ إِلَّا الظَّنَّ وَإِنْ هُمْ إِلَّا يَخْرُصُونَ ﴿٦٦﴾

(૬૬) જાણી લો કે આકાશો તથા પૃથ્વીમાં જે કોઇ છે તે સર્વે નિઃસંશય અલ્લાહને (આધીન) છે; અને જેઓ અલ્લાહના સિવાય બીજાઓને શરીકો તરીકે સંબોધે છે તેઓ માત્ર અટકળને જ અનુસરે છે અને તેઓ કેવળ જૂઠુંજ બોલે છે.

هُوَ الَّذِىۡ جَعَلَ لَـكُمُ الَّيۡلَ لِتَسۡكُنُوۡا فِيۡهِ وَالنَّهَارَ مُبۡصِرًا ؕ
اِنَّ فِىۡ ذٰ لِكَ لَاٰيٰتٍ لِّقَوۡمٍ يَّسۡمَعُوۡنَ ۝٦٧

(૬૭) તે એજ છે જેણે તમારા માટે રાત્રિ બનાવી છે કે જેમાં તમે આરામ કરો અને દિવસને પ્રકાશિત બનાવ્યો છે; બેશક જે લોકો સાંભળે છે તેમના માટે તેમાં નિશાનીઓ મોજૂદ છે.

قَالُوا اتَّخَذَ اللّٰهُ وَلَدًا سُبۡحٰنَهٗ ؕ هُوَ الۡغَنِىُّ ؕ لَهٗ مَا فِى السَّمٰوٰتِ
وَمَا فِى الۡاَرۡضِ ؕ اِنۡ عِنۡدَكُمۡ مِّنۡ سُلۡطٰنٍۢ بِهٰذَا ؕ اَتَقُوۡلُوۡنَ
عَلَى اللّٰهِ مَا لَا تَعۡلَمُوۡنَ ﴿۶۸﴾

(૬૮) તેઓ કહે છે કે અલ્લાહને પુત્ર છે, (પરંતુ) તેની જાત (એવી વાતોથી) પાક છે; તે બેનિયાઝ છે; આકાશો તથા પૃથ્વીમાં જે કાંઇ છે તે સઘળું તેનું જ છે; શું તમારી પાસે આ (પુત્ર હોવાના) વિષે કોઇ પુરાવો છે કે (પછી) અલ્લાહની વિરૂદ્ધ તમે જે કાંઇ નથી જાણતા તે કહો છો?

قُلۡ اِنَّ الَّذِيۡنَ يَفۡتَرُوۡنَ عَلَى اللّٰهِ الۡكَذِبَ لَا يُفۡلِحُوۡنَ ﴿۶۹﴾ؕ

(૬૯) (અય રસૂલ!) તું કહે કે નિ:સંશય તે લોકો કે જેઓ અલ્લાહ પર જૂઠાં આળ મૂકે છે તેઓ (કદી પણ) સફળતા પામશે નહિ.

مَتَاعٌ فِي الدُّنْيَا ثُمَّ إِلَيْنَا مَرْجِعُهُمْ ثُمَّ نُذِيقُهُمُ الْعَذَابَ
الشَّدِيدَ بِمَا كَانُوا يَكْفُرُونَ ۝٧٠

(૭૦) (આ માત્ર) દુનિયાનો (ક્ષણભંગુર) લાભ છે, પછી તેમનું પાછા ફરવું અમારીજ તરફ થશે, પછી જે વાતોનો તેઓ ઇન્કાર કરતા હતા તે કારણે અમે તેમને સખ્ત અઝાબની મજા ચખાડીશું.

وَاتْلُ عَلَيْهِمْ نَبَأَ نُوحٍ إِذْ قَالَ لِقَوْمِهِ يَٰقَوْمِ إِنْ كَانَ كَبُرَ
عَلَيْكُمْ مَّقَامِي وَتَذْكِيرِي بِآيَٰتِ اللَّهِ فَعَلَى اللَّهِ تَوَكَّلْتُ

فَاَجۡمِعُوۡۤا اَمۡرَكُمۡ وَشُرَكَآءَكُمۡ ثُمَّ لَا يَكُنۡ اَمۡرُكُمۡ عَلَيۡكُمۡ
غُمَّةً ثُمَّ اقۡضُوۡۤا اِلَىَّ وَلَا تُنۡظِرُوۡنِ﴿۷۱﴾

(૭૧) અને (અય રસૂલ!) તેમને નૂહનો અહેવાલ વાંચી સંભળાવ, જ્યારે કે તેણે પોતાની કોમને કહ્યું કે અય મારી કોમ ! અગર મારૂં રહેવું અને મારૂં અલ્લાહની આયતોનું વાંચી સંભળાવવું તમને ભારે લાગતું હોય તો મારો ભરોસો તો અલ્લાહ પર છે, માટે તમે અને તમારા ઠરાવેલા શરીકો તમારો મામલો (એવો) ચોક્કસ કરી લો કે પછી તમારા મામલામાં તમને મુદ્દલ શંકા રહેવા પામે નહિ, પછી મારી વિરૂદ્ધ (જે કાઇ કરવું હોય તે) કરી છુટો અને મને (મુદ્દલ) તક આપો નહિ.

فَاِنۡ تَوَلَّيۡتُمۡ فَمَا سَاَلۡتُكُمۡ مِّنۡ اَجۡرٍ‌ ؕ اِنۡ اَجۡرِىَ اِلَّا عَلَى اللّٰهِ‌ ۙ
وَاُمِرۡتُ اَنۡ اَكُوۡنَ مِنَ الۡمُسۡلِمِيۡنَ‏ ﴿۷۲﴾

(૭૨) પછી પણ જો તમે મોંઢું ફેરવી લો તો મેં તો તમારી પાસે કાંઇ મહેનતાણું માંગ્યું નથી; મારૂં મહેનતાણું તો અલ્લાહના માથેજ છે, અને મને એવી આજ્ઞા આપવામાં આવી છે કે હું મુસ્લિમો (અલ્લાહની આજ્ઞાને આધીન રહેનારાઓ) માંહેનો થઇ જાઉં.

فَكَذَّبُوۡهُ فَنَجَّيۡنٰهُ وَمَنۡ مَّعَهٗ فِى الۡـفُلۡكِ وَجَعَلۡنٰهُمۡ خَلٰۤـئِفَ
وَاَغۡرَقۡنَا الَّذِيۡنَ كَذَّبُوۡا بِاٰيٰتِنَا‌ ۚ فَانْظُرۡ كَيۡفَ كَانَ عَاقِبَةُ
الۡمُنۡذَرِيۡنَ‏ ﴿۷۳﴾

(૭૩) તે છતાં તેમણે તેને જૂઠલાવ્યો, જેથી અમોએ તેને તથા તેની સાથે જેઓ વહાણમાં હતા તેમને છુટકારો આપ્યો અને તેમને (પૃથ્વીના) વારસ બનાવ્યા, અને જેઓએ અમારી આયતો જૂઠલાવી હતી તેઓને અમોએ ડૂબાડી દીધા, પછી જો કે જે લોકોને ડરાવવામાં આવ્યા હતા તેમનું પરિણામ કેવું આવ્યું.

ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهٖ رُسُلًا اِلٰى قَوْمِهِمْ فَجَآءُوْهُمْ بِالْبَيِّنٰتِ
فَمَا كَانُوْا لِيُؤْمِنُوْا بِمَا كَذَّبُوْا بِهٖ مِنْ قَبْلُ ؕ كَذٰلِكَ نَطْبَعُ عَلٰى
قُلُوْبِ الْمُعْتَدِيْنَ ﴿۷۴﴾

(૭૪) તે (નૂહ) પછી અમોએ બીજા રસૂલોને તેમની પોતાની કોમો તરફ મોકલ્યા, પછી તેઓ પ્રત્યક્ષ દલીલો લઇને તેમની પાસે આવ્યા તો પણ તે લોકો ઇમાન લાવ્યા નહિ, કારણ કે તેઓ પ્રથમથી જ તે વાતોને જૂઠલાવી ચુક્યા હતા; અતિશ્યોક્તિ કરનારાઓના દિલો પર અમે એવીજ રીતે મહોર મારી દઇએ છીએ.

ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهِمْ مُّوْسٰى وَهٰرُوْنَ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ بِاٰيٰتِنَا فَاسْتَكْبَرُوْا وَكَانُوْا قَوْمًا مُّجْرِمِيْنَ۝٧٥

(૭૫) પછી તેમના બાદ અમોએ મૂસા તથા હારૂનને ફિરઔન તથા તેના સરદારો તરફ અમારી

નિશાનીઓ આપી મોકલ્યા, પરંતુ તેમણે અહંકાર કર્યો અને તેઓ ગુનેહગાર લોકો હતા.

فَلَمَّا جَآءَهُمُ الْحَقُّ مِنْ عِنْدِنَا قَالُوْٓا اِنَّ هٰذَا لَسِحْرٌ مُّبِيْنٌ ﴿٧٦﴾

(૭૬) પછી અમારા તરફથી તેમની પાસે જ્યારે સત્ય આવ્યું ત્યારે કહેવા લાગ્યા કે બેશક આ તો ખુલ્લો જાદુ છે.

قَالَ مُوْسٰٓى اَتَقُوْلُوْنَ لِلْحَقِّ لَمَّا جَآءَكُمْ ؕ اَسِحْرٌ هٰذَا ؕ وَلَا يُفْلِحُ السّٰحِرُوْنَ ﴿٧٧﴾

(૭૭) મૂસાએ કહ્યું, શું તમે સત્ય સબંધી કે જ્યારે તે તમારી પાસે આવી ચૂક્યું છે ત્યારે આ કહો છો,

શું એ જાદુ છે? અને જાદુગરો (કદી પણ) સફળતા પામતા નથી.

قَالُوْٓا اَجِئْتَنَا لِتَلْفِتَنَا عَمَّا وَجَدْنَا عَلَيْهِ اٰبَآءَنَا وَتَكُوْنَ لَكُمَا

الْكِبْرِيَآءُ فِي الْاَرْضِ ؕ وَمَا نَحْنُ لَكُمَا بِمُؤْمِنِيْنَ ﴿٧٨﴾

(૭૮) તેમણે જવાબ આપ્યો કે શું તું એ માટે અમારી પાસે આવ્યો છે કે અમોએ અમારા બાપદાદાઓને જે (માર્ગ) ઉપર જોયા છે તેનાથી તું અમને દૂર કરી દે, અને તમારા બેઉનું સર્વોપરીપણું (વડપણ) આ ભૂમિ ઉપર કાયમ થઇ જાય? અને અમે તો તમારા ઉપર ઇમાન લાવનાર નથી.

وَقَالَ فِرۡعَوۡنُ ائۡتُوۡنِیۡ بِکُلِّ سٰحِرٍ عَلِیۡمٍ ﴿۷۹﴾

(૭૯) અને ફિરઔને (પોતાના દરબારીઓને) કહ્યું કે મારી પાસે તમામ હોશિયાર જાદુગરો લઇ આવો.

فَلَمَّا جَآءَ السَّحَرَةُ قَالَ لَهُمۡ مُّوۡسٰۤی اَلۡقُوۡا مَاۤ اَنۡتُمۡ مُّلۡقُوۡنَ ﴿۸۰﴾

(૮૦) પછી જ્યારે તમામ જાદુગરો આવી ગયા ત્યારે મૂસાએ તેમને કહ્યું કે તમારે (જે) કાંઇ (જાદુના દાવ) નાખવા હોય તે નાખો.

فَلَمَّاۤ اَلۡقَوۡا قَالَ مُوۡسٰی مَا جِئۡتُمۡ بِهِ ۙ السِّحۡرُ ؕ اِنَّ اللّٰهَ سَیُبۡطِلُهٗ ؕ اِنَّ اللّٰهَ لَا یُصۡلِحُ عَمَلَ الۡمُفۡسِدِیۡنَ ﴿۸۱﴾

(૮૧) આથી જ્યારે તેઓ (જાદુના દાવ) ફેંકી ચૂક્યા ત્યારે મૂસાએ કહ્યું, જે કાંઇ તમોએ કર્યું છે તે કેવળ જાદુ છે; બેશક અલ્લાહ તે (તમામ)ને ટૂંક સમયમાં જ નાબૂદ કરી દેશે; નિઃસંશય અલ્લાહ ફિત્નાખોરોના કોઇ પણ કાર્યને સુધરવા દેતો નથી.

وَيُحِقُّ اللّٰهُ الْحَقَّ بِكَلِمٰتِهٖ وَلَوْ كَرِهَ الْمُجْرِمُوْنَ ﴿٨٢﴾

(૮૨) અને અલ્લાહ પોતાના કલેમાત દ્વારા સત્યને સત્ય કરી દેખાડે છે, (પછી) ભલેને ગુનેહગારોને માઠું (કેમ ન) લાગે!

فَمَآ اٰمَنَ لِمُوۡسٰۤى اِلَّا ذُرِّيَّةٌ مِّنۡ قَوۡمِهٖ عَلٰى خَوۡفٍ مِّنۡ فِرۡعَوۡنَ
وَمَلَا۟ئِهِمۡ اَنۡ يَّفۡتِنَهُمۡ‌ ؕ وَاِنَّ فِرۡعَوۡنَ لَعَالٍ فِى الۡاَرۡضِ‌ ۚ
وَاِنَّهٗ لَمِنَ الۡمُسۡرِفِيۡنَ‏ ﴿۸۳﴾

(૮૩) છતાં ફિરઔન તથા તેના સરદારોના ભયથી કે ક્યાંય તે (ફિરઔન) તેમના ઉપર કોઇ સંકટ લાવી ન મૂકે તે (ફિરઔન)ની કોમમાંથી મૂસા ઉપર માત્ર એકજ કુટુંબ(ના કેટલાંક યુવાનો) ઇમાન લઇ આવ્યા; અને બેશક ફિરઔન તે દેશમાં શક્તિશાળી હતો, અને વળી નિ:સંશય તે (સખ્તાઇ કરવામાં) હદ બહાર જનારાઓ માંહેનો હતો.

وَقَالَ مُوْسٰى يٰقَوْمِ اِنْ كُنْتُمْ اٰمَنْتُمْ بِاللّٰهِ فَعَلَيْهِ تَوَكَّلُوْٓا اِنْ
كُنْتُمْ مُّسْلِمِيْنَ﴿۸۴﴾

(૮૪) અને મૂસાએ ફરમાવ્યું અય મારી કોમ! અગર તમે અલ્લાહ પર ઇમાન લાવ્યા છો તો તેના પર ભરોસો રાખો અગર તમે મુસ્લિમો હો તો.

فَقَالُوْا عَلَى اللّٰهِ تَوَكَّلْنَا ۚ رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ
الظّٰلِمِيْنَ ۙ﴿۸۵﴾

(૮૫) તેમણે કહ્યું કે અમોએ અલ્લાહ પર ભરોસો કર્યો છે, અને (દુઆ કરી કે) અય અમારા

પરવરદિગાર! અમને આ ઝુલમગાર લોકો માટે કસોટી (નું સાધન) ન બનાવ:

وَنَجِّنَا بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٨٦﴾

(૮૬) અને અમને નાસ્તિકો (ના ઝુલ્મો)થી તારી દયા વડે છુટકારો આપ.

وَاَوْحَيْنَآ اِلٰى مُوْسٰى وَاَخِيْهِ اَنْ تَبَوَّاٰ لِقَوْمِكُمَا بِمِصْرَ بُيُوْتًا وَّاجْعَلُوْا بُيُوْتَكُمْ قِبْلَةً وَّاَقِيْمُوا الصَّلٰوةَ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ﴿٨٧﴾

(૮૭) અને અમોએ મૂસા તથા તેના ભાઇ તરફ વહી મોકલી કે તમે બન્ને તમારી કોમ (ના રહેવા માટે) મિસરમાં થોડાક મકાનો બાંધો, અને તમારા

મકાનોને જ નમાઝના સ્થાન બનાવો અને તેમાં નમાઝ પઢતા રહો; અને મોઅમીનોને ખુશખબર આપ.

وَقَالَ مُوسٰى رَبَّنَآ اِنَّكَ اٰتَيْتَ فِرْعَوْنَ وَمَلَاَهٗ زِيْنَةً وَّاَمْوَالًا فِي الْحَيٰوةِ الدُّنْيَا ۙ رَبَّنَا لِيُضِلُّوْا عَنْ سَبِيْلِكَ ۚ رَبَّنَا اطْمِسْ عَلٰٓى اَمْوَالِهِمْ وَاشْدُدْ عَلٰى قُلُوْبِهِمْ فَلَا يُؤْمِنُوْا حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ﴿٨٨﴾

(૮૮) અને મૂસાએ વિનંતી કરી કે અય અમારા પરવરદિગાર! નિઃસંશય તેં ફિરઔન તથા તેના દરબારીઓને દુનિયાની જિંદગીમાં વૈભવ-વિલાસ તથા દોલતનો ઘણો સામાન આપ્યો છે; અય

અમારા પરવરદિગાર! શું આ એટલા માટે કે તેઓ બીજાઓને તારા માર્ગથી રખડાવે? અય અમારા પરવરદિગાર! તેમના માલનો નાશ કરી નાખ અને તેમના હ્રદય કઠણ કરી દે (કારણકે) તેઓ જ્યાં સુધી દુ:ખદાયક અઝાબ નિહાળશે નહિ ત્યાં સુધી ઇમાન લાવશે નહિ.

قَالَ قَدۡ اُجِيۡبَتۡ دَّعۡوَتُكُمَا فَاسۡتَقِيۡمَا وَلَا تَتَّبِعٰٓنِّ سَبِيۡلَ الَّذِيۡنَ لَا يَعۡلَمُوۡنَ ﴿۸۹﴾

(૮૯) તેણે ફરમાવ્યું કે તમારા બન્નેની દુઆ સ્વીકારવામાં આવે છે માટે તમે બન્ને મક્કમ રહો અને કદી પણ એ લોકોના માર્ગનું અનુસરણ કરશો નહી. જેઓ જ્ઞાન ધરાવતા નથી.

وَجٰوَزْنَا بِبَنِيْٓ اِسْرَاۗءِيْلَ الْبَحْرَ فَاَتْبَعَھُمْ فِرْعَوْنُ وَجُنُوْدُهٗ

بَغْيًا وَّعَدْوًا ۭ حَتّٰٓي اِذَآ اَدْرَكَهُ الْغَرَقُ ۙ قَالَ اٰمَنْتُ اَنَّهٗ لَآ اِلٰهَ

اِلَّا الَّذِيْٓ اٰمَنَتْ بِهٖ بَنُوْٓا اِسْرَاۗءِيْلَ وَاَنَا مِنَ الْمُسْلِمِيْنَ ۹۰

(૯૦) અને અમોએ બની ઇસરાઇલને સમુદ્ર પાર ઉતારી દીધા પછી ફિરઔન તથા તેના લશ્કરોએ (તેમના પર) અત્યાચાર અને ઝુલ્મ કરવાના હેતુથી તેમનો પીછો કર્યો, અહીં સુધી કે જ્યારે તે (ફિરઔન) ડૂબવા લાગ્યો ત્યારે બોલી ઉઠ્યો કે હું ઇમાન લાવ્યો કે કોઇ માઅબૂદ નથી સિવાય તેના કે જેના પર બની ઇસરાઇલ ઇમાન લાવ્યા છે અને હું મુસલમાન માંહેનો છું.

آٰلۡـٰٔنَ وَقَدۡ عَصَيۡتَ قَبۡلُ وَكُنۡتَ مِنَ الۡمُفۡسِدِيۡنَ ﴿۹۱﴾

(૯૧) (ત્યારે તેને કહેવામાં આવ્યું કે) શું! હવે (ઇમાન લાવે છે)! જો કે તે પહેલાં નાફરમાની કર્યાજ કરી હતી અને તું ફસાદ કરનારાઓ માંહેનો હતો.

فَالۡيَوۡمَ نُنَجِّيۡكَ بِبَدَنِكَ لِتَكُوۡنَ لِمَنۡ خَلۡفَكَ اٰيَةً ؕ وَاِنَّ كَثِيۡرًا مِّنَ النَّاسِ عَنۡ اٰيٰتِنَا لَغٰفِلُوۡنَ ﴿۹۲﴾

(૯૨) પણ તને આજના દિવસે માત્ર તારા શરીરને છુટકારો આપી (કિનારા પર ફેંકી દઇ)શું કે જેથી તું તારી પછી (આવનાર લોકો) ના માટે (નસીહત

રૂપ) નિશાની રહે; અને બેશક લોકો માંહેના ઘણા ખરા અમારી નિશાનીઓથી અજ્ઞાત છે.

وَلَقَدْ بَوَّأْنَا بَنِيٓ إِسْرَآءِيلَ مُبَوَّأَ صِدْقٍ وَرَزَقْنَٰهُم مِّنَ الطَّيِّبَٰتِ ۚ فَمَا اخْتَلَفُوا۟ حَتَّىٰ جَآءَهُمُ الْعِلْمُ ۚ إِنَّ رَبَّكَ يَقْضِى بَيْنَهُمْ يَوْمَ الْقِيَٰمَةِ فِيمَا كَانُوا۟ فِيهِ يَخْتَلِفُونَ ﴿٩٣﴾

(૯૩) અને ખરેખર અમે બની ઇસરાઇલને ઘણા સારા સ્થળે (લઇ જઇને) વસાવ્યા અને પાક રોજી આપી, પછી જ્યાં સુધી તેમની પાસે જ્ઞાન આવ્યું નહિ ત્યાં સુધી તેમણે (કોઇ વાતમાં) મતભેદ કર્યો નહિ; બેશક તારો પરવરદિગાર કયામતના દિવસે

તેમની વચ્ચે તે તમામ વાતોનો નિર્ણય કરી દેશે કે જેમાં તેઓ મતભેદ કર્યા કરતા હતા.

فَاِنۡ كُنۡتَ فِىۡ شَكٍّ مِّمَّاۤ اَنۡزَلۡنَاۤ اِلَيۡكَ فَسۡـَٔلِ الَّذِيۡنَ يَقۡرَءُوۡنَ الۡكِتٰبَ مِنۡ قَبۡلِكَ‌ ۚ لَقَدۡ جَآءَكَ الۡحَـقُّ مِنۡ رَّبِّكَ فَلَا تَكُوۡنَنَّ مِنَ الۡمُمۡتَرِيۡنَ ۙ‏ ﴿۹۴﴾

(૯૪) પછી અમોએ તારી તરફ જે કાંઇ ઉતાર્યું છે તેમાં જો તને સંદેહ હોય તો તે લોકો કે જેઓ તારી પહેલાં કિતાબ પઢતા હતા તેમને પૂછી જો; ખરેખર તારા પરવરદિગાર તરફથી તારી પાસે સત્ય આવી ચૂક્યું છે, માટે તું શંકા કરનારાઓ માંહેનો હરગિજ થજે નહિ.

وَلَا تَكُوْنَنَّ مِنَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ فَتَكُوْنَ مِنَ
الْخٰسِرِيْنَ ﴿٩٥﴾

(૯૫) અને તું તેઓ માંહેનો થજે નહિ કે જેઓ અલ્લાહની આયતોને જૂઠલાવે છે, નહિ તો તું પણ હાનિ ભોગવનારાઓ માંહેનો થઇ જશે.

اِنَّ الَّذِيْنَ حَقَّتْ عَلَيْهِمْ كَلِمَتُ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ ﴿٩٦﴾

(૯૬) નિ:સંશય તે લોકો કે જેમના પર તારા પરવરદિગારનું (નાસ્તિકપણાની મોતે મરવાનું) કથન પૂરવાર થઇ ગયું છે તેઓ હરગિજ ઇમાન લાવશે નહિ.

وَلَوْ جَآءَتْهُمْ كُلُّ اٰيَةٍ حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ﴿٩٧﴾

(૯૭) અહીં સુધી કે તેઓ દુઃખદાયક અઝાબને નજરો નજર નિહાળે, પછી ભલેને તેમની પાસે દરેક નિશાની આવી કેમ ન જાય.

فَلَوْلَا كَانَتْ قَرْيَةٌ اٰمَنَتْ فَنَفَعَهَآ اِيْمَانُهَآ اِلَّا قَوْمَ يُوْنُسَ ؕ لَمَّآ اٰمَنُوْا كَشَفْنَا عَنْهُمْ عَذَابَ الْخِزْيِ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَمَتَّعْنٰهُمْ اِلٰى حِيْنٍ ﴿٩٨﴾

(૯૮) સારાંશ કે કોઇ વસ્તી એવી નથી થઇ ગઇ કે તે (અઝાબ નિહાળીને) ઇમાન લાવી હોય અને તેના ઇમાને તેને કાંઇ લાભ આપ્યો હોય સિવાય યુનુસની કોમ; જે વખતે તેઓ ઇમાન લાવ્યા ત્યારે અમોએ દુનિયાની જિંદગીમાં ફજેતીનો અઝાબ

તેમના પરથી ટાળી દીધો અને એક મુદ્દત સુધી તેમને વૈભવશાળી રાખ્યા.

وَلَوْ شَآءَ رَبُّكَ لَاٰمَنَ مَنْ فِي الْاَرْضِ كُلُّهُمْ جَمِيْعًا ؕ اَفَاَنْتَ
تُكْرِهُ النَّاسَ حَتّٰى يَكُوْنُوْا مُؤْمِنِيْنَ ﴿٩٩﴾

(૯૯) અને અગર તારો પરવરદિગાર ચાહતે તો પૃથ્વીમાં જેટલા પણ છે તે તમામ ઇમાન લઇ આવતે; છતાં શું તું લોકોને ફરજ પાડ્યા કરશે અહીં સુધી કે તેઓ ઇમાન લાવે?

وَمَا كَانَ لِنَفْسٍ اَنْ تُؤْمِنَ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَيَجْعَلُ الرِّجْسَ
عَلَى الَّذِيْنَ لَا يَعْقِلُوْنَ ﴿١٠٠﴾

(૧૦૦) અને કોઇ વ્યક્તિને ઈખ્તિયાર નથી અલ્લાહની રજા વગર ઈમાન લાવે જે લોકો બુદ્ધિનો ઉપયોગ કરતા નથી (અલ્લાહે) તેઓ પર (કુફ્રની) ગંદકી નાખી દે છે.

قُلِ انْظُرُوْا مَاذَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ وَمَا تُغْنِي الْاٰيٰتُ وَالنُّذُرُ عَنْ قَوْمٍ لَّا يُؤْمِنُوْنَ ۝١٠١

(૧૦૧) (અય રસૂલ!) તું કહે કે જે જે કાંઇ આકાશો તથા પૃથ્વીમાં છે તેમાં ધ્યાનથી જુઓ; જે લોકો ઇમાન લાવતા નથી તેમને ન આ નિશાનીઓ કાંઇ ઉપયોગી થઇ પડે છે અને ન ડરાવનારા.

فَهَلۡ يَنۡتَظِرُوۡنَ اِلَّا مِثۡلَ اَيَّامِ الَّذِيۡنَ خَلَوۡا مِنۡ قَبۡلِهِمۡ ؕ قُلۡ
فَانۡتَظِرُوۡۤا اِنِّىۡ مَعَكُمۡ مِّنَ الۡمُنۡتَظِرِيۡنَ ﴿۱۰۲﴾

(૧૦૨) માટે શું તેમની પહેલાં જે થઇ ગયા છે તેમના ઉપર જે (મુસીબતના) દિવસ આવી ગયા હતા તેવાજ દિવસોની તેઓ પણ રાહ જુએ છે? (અય રસૂલ!) તું કહે કે (ભલે) તમે રાહ જુઓ, હું પણ ખરેખર તમારી સાથે રાહ જોનારાઓમાંથી છું.

ثُمَّ نُنَجِّىۡ رُسُلَنَا وَالَّذِيۡنَ اٰمَنُوۡا كَذٰلِكَ ۚ حَقًّا عَلَيۡنَا نُنۡجِ
الۡمُؤۡمِنِيۡنَ ﴿۱۰۳﴾

(૧૦૩) પછી અમે અમારા રસૂલોને તથા તે લોકોને કે જે ઇમાન લાવ્યા છે બચાવી લઇએ

છીએ; એવીજ રીતે (હમણાં પણ) અમારા ઉપર ફરજ છે કે અમે મોઅમીનોને બચાવી લઇએ.

قُلْ يٰۤاَيُّهَا النَّاسُ اِنْ كُنْتُمْ فِيْ شَكٍّ مِّنْ دِيْنِيْ فَلَاۤ اَعْبُدُ الَّذِيْنَ تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ اَعْبُدُ اللّٰهَ الَّذِيْ يَتَوَفّٰىكُمْ ۖۚ وَاُمِرْتُ اَنْ اَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ۝١٠٤

(૧૦૪) તું કહે કે અય લોકો! અગર તમે મારા દીનના સબંધમાં શંકાશીલ હો તો (જાણી લો કે) હું તો તેમની ઇબાદત નથી કરતો કે જેમની (અલ્લાહને છોડી) તમે ઇબાદત કરો છો, પણ હું તો તે અલ્લાહની ઇબાદત કરૂં છું કે જે તમને મૃત્યુ

આપશે, અને મને આજ્ઞા આપવામાં આવી છે કે હું મોઅમીનો માંહેનો થઇ જાઉં.

وَاَنۡ اَقِمۡ وَجۡهَكَ لِلدِّيۡنِ حَنِيۡفًا‌ ۚ وَلَا تَكُوۡنَنَّ مِنَ الۡمُشۡرِكِيۡنَ‏ ﴿۱۰۵﴾

(૧૦૫) અને વળી આ (આજ્ઞા પણ આપવામાં આવી છે) કે તું તારો ચહેરો નિખાલસ મને (એકજ અલ્લાહનો માનનારો બનીને) તે ધર્મ (ઇસ્લામ) તરફ વાળી રાખ, અને આ કે તું હરગિજ મુશરિકો માંહેનો થજે નહિ.

وَلَا تَدۡعُ مِنۡ دُوۡنِ اللّٰهِ مَا لَا يَنۡفَعُكَ وَلَا يَضُرُّكَ‌ ۚ فَاِنۡ فَعَلۡتَ فَاِنَّكَ اِذًا مِّنَ الظّٰلِمِيۡنَ‏ ﴿۱۰۶﴾

(૧૦૬) અને અલ્લાહના સિવાય કોઇ એવી વસ્તુને પોકારજે નહિ કે જે તને ન લાભ પહોંચાડી શકે ન હાનિ, છતાં પણ જો તેં તેવું કર્યું તો તે સ્થિતિમાં બેશક તું પણ ઝાલિમો માંહેનો થઇ જશે.

وَاِنۡ يَّمۡسَسۡكَ اللّٰهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗۤ اِلَّا هُوَ‌ ۚ وَاِنۡ يُّرِدۡكَ بِخَيۡرٍ فَلَا رَآدَّ لِفَضۡلِهٖ‌ ؕ يُصِيۡبُ بِهٖ مَنۡ يَّشَآءُ مِنۡ عِبَادِهٖ‌ ؕ وَهُوَ الۡغَفُوۡرُ الرَّحِيۡمُ ۝۱۰۷

(૧૦૭) અને અગર અલ્લાહ તને કાંઇ હાનિ પહોંચાડે તો તેને દૂર કરનારો તેના સિવાય અન્ય કોઇ નથી, અને જો તે તારા માટે કોઇ ભલાઇનો ઇરાદો કરે તો તેની કૃપાને પાછી ફેરવનાર પણ

કોઇ નથી; તે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેને તે (કૃપા) પહોંચાડી દે છે; અને તે મહા ક્ષમાવાન (અને) દયાળુ છે.

قُلْ يٰۤاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمُ الْحَقُّ مِنْ رَّبِّكُمْ ۚ فَمَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِیْ لِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيْهَا ۚ وَمَاۤ اَنَا عَلَيْكُمْ بِوَكِيْلٍ ۱۰۸

(૧૦૮) (અય રસૂલ!) તું કહે કે અય લોકો ! ખરેખર તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે સત્ય આવી ચૂક્યું છે, માટે જે શખ્સ હિદાયત ગ્રહણ કરશે તો તે પોતાના લાભ માટેજ હિદાયત ગ્રહણ કરશે, અને જે ગુમરાહી ગ્રહણ કરશે તો તે

પોતાનાજ નુકસાન માટે ગ્રહણ કરશે; અને હું કાંઇ તમારો રખેવાળ નથી.

وَاتَّبِعۡ مَا يُوۡحٰۤى اِلَيۡكَ وَاصۡبِرۡ حَتّٰى يَحۡكُمَ اللّٰهُ ۖۚ وَهُوَ خَيۡرُ الۡحٰكِمِيۡنَ ۝١٠٩

(૧૦૯) અને જે વહી તારી તરફ મોકલવામાં આવે છે તેનેજ અનુસરીને ચાલ અને જ્યાં સુધી અલ્લાહ ફેંસલો ન કરે ત્યાં સુધી ધીરજ ધર, અને તે સર્વોત્તમ ફેંસલો કરનાર છે.

الٓرٰ ۟ كِتٰبٌ اُحۡكِمَتۡ اٰيٰتُهٗ ثُمَّ فُصِّلَتۡ مِنۡ لَّدُنۡ حَكِيۡمٍ
خَبِيۡرٍ ۙ﴿۱﴾

(૧) અલિફ લામ રા; (આ કુરઆન) એવી કિતાબ છે કે જેની આયતો મજબૂત કરવામાં આવી છે, પછી તે (સર્વે કાંઇ) જાણનાર હિકમતવાળા (અલ્લાહ) તરફથી સ્પષ્ટ કરી (વર્ણવવામાં) આવી છે:

اَلَّا تَعۡبُدُوۡۤا اِلَّا اللّٰهَ ؕ اِنَّنِىۡ لَـكُمۡ مِّنۡهُ نَذِيۡرٌ وَّبَشِيۡرٌ ۙ﴿۲﴾

(૨) કે અલ્લાહ સિવાય બીજા કોઇની ઇબાદત કરો નહિ; બેશક હું તમારા માટે તેના તરફથી

ડરાવનાર અને ખુશખબર આપનાર (બનીને આવ્યો) છું

وَّاَنِ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ يُمَتِّعْكُمْ مَّتَاعًا حَسَنًا اِلٰٓى اَجَلٍ مُّسَمًّى وَّيُؤْتِ كُلَّ ذِيْ فَضْلٍ فَضْلَهٗ ۭ وَاِنْ تَوَلَّوْا فَاِنِّىْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ كَبِيْرٍ ③

(3) અને આ કે તમારા પરવરદિગાર પાસે ક્ષમા માંગો, પછી તેની તરફ રજૂ થાઓ; તે તમને એક નક્કી થયેલ સમય સુધી સારો લાભ પહોંચાડશે અને દરેક કૃપાવૃત્તિ ધરાવનારને પોતાની કૃપા અર્પણ કરશે; અને અગર તમે મોંઢું ફેરવો તો (તું

કહે કે) મને તમારા માટે તે મહાન દિવસના અઝાબનો ભય છે.

إِلَى اللّٰهِ مَرْجِعُكُمْ ۚ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ④

(૪) તમારૂં પાછું ફરવું અલ્લાહની જ તરફ છે, અને તે દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબુ ધરાવનારો છે.

اَلَآ اِنَّهُمْ يَثْنُوْنَ صُدُوْرَهُمْ لِيَسْتَخْفُوْا مِنْهُ ۭ اَلَا حِيْنَ يَسْتَغْشُوْنَ ثِيَابَهُمْ ۙ يَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ ۚ اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ⑤

(૫) ખબરદાર થઈ જાવ! તેઓ (નાસ્તિકો) પોતાની છાતીઓ બેવડી કરી દે છે કે જેથી તે (અલ્લાહ)થી તેઓ (પોતાની શત્રુતા) સંતાડે; ખબરદાર થઈ

જાવ! જે વખતે તેઓ પોતાના વસ્ત્રો વડે પોતાને ઢાંકે છે ત્યારે અલ્લાહ સારી પેઠે જાણે છે કે તેઓ કઇ વસ્તુ સંતાડે છે અને કઇ વસ્તુ જાહેર કરે છે; નિઃસંશય તે અંતઃકરણોના હાલથી સંપૂર્ણ રીતે વાકેફ છે.

وَمَامِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا وَيَعْلَمُ
مُسْتَقَرَّهَا وَمُسْتَوْدَعَهَا ۭ كُلٌّ فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ⑥

(૬) અને પૃથ્વી પર કોઇ એવું ચાલનાર પ્રાણી નથી કે જેની રોઝી અલ્લાહના શિરે ન હોય અને એજ (અલ્લાહ) તે (પ્રાણી)ના (દુનિયામાં) રહેવાનું સ્થાન તથા (મરણ પછી) તેને (ભૂમિમાં) સોંપવાનું (સ્થાન) જાણે છે, પ્રત્યક્ષ કિતાબ (લવહે મહફૂઝ)માં દરેક બાબતનું વર્ણન મોજૂદ છે.

وَهُوَالَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ فِيْ سِتَّةِ اَيَّامٍ وَّكَانَ
عَرْشُهٗ عَلَى الْمَآءِ لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا ۭ وَلَئِنْ قُلْتَ

إِنَّكُم مَّبۡعُوثُونَ مِنۢ بَعۡدِ ٱلۡمَوۡتِ لَيَقُولَنَّ ٱلَّذِينَ كَفَرُوٓاْ إِنۡ
هَٰذَآ إِلَّا سِحۡرٞ مُّبِينٞ ٧

(૭) અને તે (અલ્લાહ) એજ છે જેણે આકાશો તથા પૃથ્વીને છ દિવસમાં ઉત્પન્ન કર્યા અને (તે વખતે) તેનું અર્શ (સિંહાસન) પાણી પર હતું આ એટલા માટે (બનાવ્યું) કે તે તમને અજમાવે કે તમારામાંથી કર્મોના સંબંધમાં વધુ સારો કોણ છે; અને (અય રસૂલ!) અગર તું આ કહે કે તમે લોકો (તમારા) મરણ પછી અવશ્ય ઉઠાડવામાં આવશો તો નાસ્તિકો જરૂર કહી દેશે કે આ તો ખુલ્લો જાદુ છે.

وَلَئِنْ اَخَّرْنَا عَنْهُمُ الْعَذَابَ اِلٰٓى اُمَّةٍ مَّعْدُوْدَةٍ لَّيَقُوْلُنَّ مَا
يَحْبِسُهٗ ؕ اَلَا يَوْمَ يَاْتِيْهِمْ لَيْسَ مَصْرُوْفًا عَنْهُمْ وَحَاقَ بِهِمْ
مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ۟﴿٨﴾

(૮) અને અગર અમે તેમના અઝાબને અમુક મુદ્દત માટે રોકી રાખીએ તો અવશ્ય એમ કહેશે કે કઇ વસ્તુ તેને (આવતાં) રોકે છે ? ખબરદાર થઇ જાઓ કે જે દિવસે તે (અઝાબ) તેમના પર આવી પડશે ત્યારે તે તેમના ઉપરથી હરગિજ ટાળી શકશે નહિ, અને તેઓ જે (અઝાબ)ની મજાક ઉડાવી રહ્યા હતા તે તેમને (ઓચિંતો આવી) ઘેરી લેશે.

وَلَئِنْ اَذَقْنَا الْاِنْسَانَ مِنَّا رَحْمَةً ثُمَّ نَزَعْنٰهَا مِنْهُ ۚ اِنَّهٗ
لَيَـُٔوْسٌ كَفُوْرٌ ۝٩

(૯) અને અગર અમે ઇન્સાનને અમારા તરફથી રહેમતની મજા ચખાડીએ છીએ (અને) પછી તે તેમનાથી છીનવી લઇએ છીએ ત્યારે નિ:સંશય તે ઘણો હતાશ અને નમકહરામ બની જાય છે.

وَلَئِنْ اَذَقْنٰهُ نَعْمَآءَ بَعْدَ ضَرَّآءَ مَسَّتْهُ لَيَقُوْلَنَّ ذَهَبَ
السَّيِّاٰتُ عَنِّيْ ؕ اِنَّهٗ لَفَرِحٌ فَخُوْرٌ ۝١٠ۙ

(૧૦) અને અગર તેના પર (કોઇ) આપત્તિ વિતી ચૂકી હોય તે બાદ (સારી સારી) નેઅમતોની મજા ચખાડીએ ત્યારે તે ખરેખર કહી ઉઠશે કે હવે મારી

(સઘળી) મુસીબતો ટળી ગઇ; કારણ કે તે (ઇન્સાન) નિઃસંશય ઘણોજ (જલ્દી) ખુશ થઇ જનાર (અને) ફખ્ર કરનાર છેઃ

اِلَّا الَّذِيۡنَ صَبَرُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ ؕ اُولٰٓٮِٕكَ لَهُمۡ مَّغۡفِرَةٌ وَّاَجۡرٌ كَبِيۡرٌ ﴿۱۱﴾

(૧૧) સિવાય તે લોકો કે જે ધૈર્યવાન રહે છે અને સત્કાર્યો કરે છે; તેમનાજ માટે ગુનાહોની માફી છે, અને ઘણો મોટો બદલો પણ.

فَلَعَلَّكَ تَارِكٌۢ بَعۡضَ مَا يُوۡحٰۤى اِلَيۡكَ وَضَآٮِٕقٌۢ بِهٖ صَدۡرُكَ اَنۡ يَّقُوۡلُوۡا لَوۡلَاۤ اُنۡزِلَ عَلَيۡهِ كَنۡزٌ اَوۡ جَآءَ مَعَهٗ مَلَكٌ ؕ اِنَّمَاۤ اَنۡتَ نَذِيۡرٌ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ وَّكِيۡلٌ ؕ‏ ﴿۱۲﴾

(૧૨) માટે ક્યાંય એમ ન થાય કે જે વહી તારી તરફ મોકલવામાં આવી છે તે માંહેનો કોઇ ભાગ તું જતો કરે અને તારી છાતી આ વાતથી સંકોચાઇ જાય કે લોકો આ કહે કે તેના પર એકાદ ખજાનો કેમ ઉતર્યો નહિ? અથવા તેની સાથે કોઇ ફરિશ્તો કેમ આવ્યો નહિ? તું તો કેવળ ડરાવનારો છે; અને અલ્લાહજ દરેક વસ્તુ ઉપર દેખરેખ રાખનારો છે.

اَمۡ يَقُوۡلُوۡنَ افۡتَرٰٮهُ‌ؕ قُلۡ فَاۡتُوۡا بِعَشۡرِ سُوَرٍ مِّثۡلِهٖ مُفۡتَرَيٰتٍ وَّادۡعُوۡا مَنِ اسۡتَطَعۡتُمۡ مِّنۡ دُوۡنِ اللّٰهِ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ‏ ﴿۱۳﴾

(૧૩) અથવા શું તેઓ આ કહે છે કે તે (પયગમ્બરે) તે (કુરઆન)ને ઘડી કાઢ્યું છે ? તું કહે કે અગર તમે તમારા દાવામાં સાચા હો તો એવાજ

ઘડી કાઢેલા દસ સૂરા તમે પણ (જોડી કાઢી) લઇ આવો, અને અલ્લાહ સિવાય તમે જેને બોલાવી શકો છો તેમને (સાક્ષી માટે) બોલાવી લો.

فَاِلَّمۡ يَسۡتَجِيۡبُوۡا لَـكُمۡ فَاعۡلَمُوۡۤا اَنَّمَاۤ اُنۡزِلَ بِعِلۡمِ اللّٰهِ وَاَنۡ لَّاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ فَهَلۡ اَنۡتُمۡ مُّسۡلِمُوۡنَ‏ ﴿۱۴﴾

(૧૪) પછી જો તેઓ તમારા કહેવાને માન્ય ન રાખે તો સમજી લો કે જે કાંઇ ઉતારવામાં આવ્યું છે, તે અલ્લાહના જ્ઞાનથી જ ઉતારવામાં આવ્યું છે અને આ કે તેના સિવાય કોઇ માઅબૂદ નથી; (એટલું સમજ્યા છતાં) શું તમે ઇસ્લામ સ્વીકારશો (કે નહિ) ?

مَنْ كَانَ يُرِيْدُ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا نُوَفِّ اِلَيْهِمْ اَعْمَالَهُمْ
فِيْهَا وَهُمْ فِيْهَا لَا يُبْخَسُوْنَ ۝١٥

(૧૫) જે કોઇ સંસારી જિંદગી તથા દુનિયાના શણગારનો અભિલાષી હશે તેને અમે આ (જગત)માં જ કર્મોનો પૂરેપૂરો બદલો આપીશું, અને તેમને તેમાં કાંઇ પણ ઓછું આપવામાં આવશે નહિ.

اُولٰٓئِكَ الَّذِيْنَ لَيْسَ لَهُمْ فِي الْاٰخِرَةِ اِلَّا النَّارُ ۖ وَحَبِطَ مَا
صَنَعُوْا فِيْهَا وَبٰطِلٌ مَّا كَانُوْا يَعْمَلُوْنَ ۝١٦

(૧૬) તે એજ લોકો છે કે જેમના માટે આખેરતમાં (જહન્નમની) આગ સિવાય બીજું કાંઇ નથી, અને

તેઓ જે (સારાં કાર્યો દુનિયામાં) કરતા હતા તે (સઘળાં આખેરતમાં) નષ્ટ થઇ ગયા અને જે કાંઇ તેઓ કરે છે તે વ્યર્થ જશે.

أَفَمَنْ كَانَ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ وَيَتْلُوْهُ شَاهِدٌ مِّنْهُ وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰى إِمَامًا وَّرَحْمَةً ؕ أُولٰٓئِكَ يُؤْمِنُوْنَ بِهٖ ؕ وَمَنْ يَّكْفُرْ بِهٖ مِنَ الْأَحْزَابِ فَالنَّارُ مَوْعِدُهٗ ۚ فَلَا تَكُ فِيْ مِرْيَةٍ مِّنْهُ ۚ إِنَّهُ الْحَقُّ مِنْ رَّبِّكَ وَلٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يُؤْمِنُوْنَ ﴿١٧﴾

(૧૭) ત્યારે શું તે (શખ્સ કુરઆનનો અસ્વીકાર કરનારો બની શકે છે) કે જે પોતાના પરવરદિગાર તરફથી સ્પષ્ટ દલીલ પર હોય અને સાથે સાથે તેના અંશનો એક સાક્ષી હોય અને તેના પહેલાં

મૂસાની કિતાબ કે જે રાહબરી કરનાર અને દયા (દર્શાવનાર) હતી તે પણ સાક્ષી આપતી હોય ? (નહિ નહિ, બલ્કે) તે (કુરઆન) ને માનનારા તો તેઓજ છે; અને જુદા જુદા ટોળાઓમાંથી જે પણ તેનો ઇન્કાર કરનાર હશે તેના વાયદાનું ઠેકાણું (જહન્નમની) આગજ છે, માટે તું તે (કુરઆન)થી શંકામાં ન રહેજે; બેશક તે તારા પરવરદિગાર તરફથી (ઉતર્યું છે અને તે) સત્ય છે, પરંતુ ઘણા લોકો ઈમાન લાવતા નથી.

وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ؕ اُولٰٓئِكَ يُعْرَضُوْنَ عَلٰى
رَبِّهِمْ وَيَقُوْلُ الْاَشْهَادُ هٰٓؤُلَآءِ الَّذِيْنَ كَذَبُوْا عَلٰى رَبِّهِمْ ۚ اَلَا
لَعْنَةُ اللّٰهِ عَلَى الظّٰلِمِيْنَ ﴿۱۸﴾

(૧૮) અને તે શખ્સ કરતાં વધારે ઝુલમગાર કોણ હશે કે જે અલ્લાહ પર જૂઠાં આળ મૂકે છે? એજ તે લોકો છે કે જેમને તેમના પરવરદિગાર સમક્ષ લાવી હાજર કરવામાં આવશે અને (ત્યારે તેમના) સાક્ષીઓ આ કહી દેશે કે આ તેઓજ છે કે જેઓ પોતાના પરવરદિગારની વિરૂદ્ધ જૂઠું બોલતા હતા. ખબરદાર થાઓ! અલ્લાહની લાનત એજ ઝાલિમો પર થશે:

الَّذِيْنَ يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا ؕ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ كٰفِرُوْنَ ۝۱۹

(૧૯) કે જેઓ અલ્લાહના માર્ગથી (લોકોને) અટકાવે છે અને તે (સીધા માર્ગ)ને વાંકો બનાવવા ઇચ્છે છે; અને આખેરતનો તેઓ તદ્દન ઇન્કાર કરનારા છે.

اُولٰٓئِكَ لَمْ يَكُوْنُوْا مُعْجِزِيْنَ فِي الْاَرْضِ وَمَا كَانَ لَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ اَوْلِيَآءَ ۘ يُضٰعَفُ لَهُمُ الْعَذَابُ ؕ مَا كَانُوْا يَسْتَطِيْعُوْنَ السَّمْعَ وَمَا كَانُوْا يُبْصِرُوْنَ ۝۲۰

(૨૦) તેઓ પૃથ્વી ઉપર (અલ્લાહને) હરગિજ લાચાર બનાવી શકનાર નથી, અને અલ્લાહના

સિવાય તેમનો કોઇ હિમાયતી થશે નહિ; તેમનો અઝાબ બેવડો કરવામાં આવશે, કારણ કે તેઓ (ઇર્ષ્યાના લીધે) કાંઇ સાંભળી શકતા ન હતા અને (સરળ માર્ગ) જોઈ શકતા ન હતા.

أُولَٰٓئِكَ الَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢١﴾

(૨૧) તેઓ એજ છે કે જેમણે પોતાની જાતનું જ નુકસાન કર્યું છે અને જે જૂઠ તેઓ ઉપજાવી કાઢતા હતા તે પણ તેમનાથી ગુમ થઇ ગયું છે.

لَا جَرَمَ اَنَّهُمْ فِي الْاٰخِرَةِ هُمُ الْاَخْسَرُوْنَ ﴿٢٢﴾

(૨૨) એમાં શંકા નથી કે આખેરતમાં સૌથી વધુ હાનિ ભોગવનાર તેઓજ છે.

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاَخْبَتُوْٓا اِلٰى رَبِّهِمْ ۙ
اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٢٣﴾

(૨૩) બેશક જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા અને પોતાના પરવરદિગાર સામે માથું ઝૂકાવતા રહ્યા તેઓજ જન્નતવાસીઓ છે, જેમાં તેઓ હંમેશ માટે રહેશે.

مَثَلُ الْفَرِيْقَيْنِ كَالْاَعْمٰى وَالْاَصَمِّ وَالْبَصِيْرِ وَالسَّمِيْعِ ۭ هَلْ
يَسْتَوِيٰنِ مَثَلًا ۭ اَفَلَا تَذَكَّرُوْنَ ﴿٢٤﴾

(૨૪) તે (નાસ્તિકો તથા મુસલમાનોના) બન્ને ટોળાનો દાખલો એવો છે કે જેમ એક આંધળો ને એક બહેરો, અને એક દેખનારો ને એક સાંભળનારો; શું તેઓ બન્નેની સ્થિતિ સમાન હોઇ શકે ? તે છતાં શું તમે બોધ ગ્રહણ કરશો નહિ ?

وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖٓ ۡ اِنِّىْ لَكُمْ نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٢٥﴾

(૨૫) અને ખરેખર અમોએ નૂહને તેની કોમ તરફ મોકલ્યો, (તેણે કહ્યું કે) બેશક હું તમારા માટે ખુલ્લો ડરાવનારો છું◌ઃ

اَنْ لَّا تَعْبُدُوْٓا اِلَّا اللّٰهَ ؕ اِنِّىْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ اَلِيْمٍ ﴿٢٦﴾

(૨૬) કે અલ્લાહના સિવાય બીજાની ઇબાદત કરો નહિ; મને નિ:સંશય ભય છે કે ક્યાંય તે દુ:ખદાયક દિવસનો અઝાબ તમારા પર આવી ન પડે.

فَقَالَ الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ مَا نَرٰىكَ اِلَّا بَشَرًا مِّثْلَنَا وَمَا نَرٰىكَ اتَّبَعَكَ اِلَّا الَّذِيْنَ هُمْ اَرَاذِلُنَا بَادِيَ الرَّاْيِ ۚ وَمَا نَرٰى لَكُمْ عَلَيْنَا مِنْ فَضْلٍۭ بَلْ نَظُنُّكُمْ كٰذِبِيْنَ ۝٢٧

(૨૭) આથી તેની કૌમમાંથી જેઓ (તેને) માનતા ન હતા તેઓ માંહેના આગેવાનોએ કહ્યું કે અમે તો તને અમારા જેવોજ એક (સાધારણ) મનુષ્ય દેખીએ છીએ અને અમે એ પણ દેખીએ છીએ કે

તારૂં અનુકરણ કોઇએ પણ કર્યું નથી, સિવાય તે લોકોના કે જેઓ અમો માંહેના હકીર છે (અને તે પણ ઉપલક દ્રષ્ટિથી) વળી અમે અમારી સરખામણીમાં તમારી કાંઇ સરસાઇ દેખતા નથી, બલ્કે અમે તમને જૂઠા ગણીએ છીએ.

قَالَ يٰقَوۡمِ اَرَءَيۡتُمۡ اِنۡ كُنۡتُ عَلٰى بَيِّنَةٍ مِّنۡ رَّبِّىۡ وَاٰتٰىنِىۡ رَحۡمَةً مِّنۡ عِنۡدِهٖ فَعُمِّيَتۡ عَلَيۡكُمۡ ؕ اَنُلۡزِمُكُمُوۡهَا وَاَنۡتُمۡ لَهَا كٰرِهُوۡنَ ﴿۲۸﴾

(૨૮) (નૂહે) ફરમાવ્યું કે અય મારી કોમ! ધારો કે અગર હું મારા પરવરદિગાર તરફથી ખુલ્લી દલીલ પર હોઉં અને તેણે મને પોતાની પાસેથી

રહેમત (નબુવ્વત) અર્પણ કરી હોય, પણ તેની હકીકત તમારાથી છુપી રાખવામાં આવી હોય, તો શું અમે તે સ્વીકારવા માટે તમારા પર જબરદસ્તી કરીએ, એવી સ્થિતિમાં કે તમે તેનાથી તિરસ્કાર કરનારા હો?

وَيٰقَوۡمِ لَاۤ اَسۡـَٔلُكُمۡ عَلَيۡهِ مَالًا ؕ اِنۡ اَجۡرِىَ اِلَّا عَلَى اللّٰهِ وَمَاۤ اَنَا بِطَارِدِ الَّذِيۡنَ اٰمَنُوۡا ؕ اِنَّهُمۡ مُّلٰقُوۡا رَبِّهِمۡ وَلٰـكِنِّىۡۤ اَرٰٮكُمۡ قَوۡمًا تَجۡهَلُوۡنَ ﴿۲۹﴾

(૨૯) અને અય મારી કોમ! હું તો તે (સંદેશો પહોંચાડવા)ના બદલામાં તમારી પાસે કાંઇ દોલત માંગતો નથી; મારો બદલો તો માત્ર અલ્લાહના

માથે છે, અને હું (મારી પાસેથી) તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા છે હરગિજ હાંકી મૂકનારો નથી; નિઃસંશય તેઓ સર્વે તેમના પરવરદિગારથી મુલાકાત કરનાર છે પણ હું જોઉં છું કે તમે અજ્ઞાનતા આચરી રહ્યાં છો.

وَيٰقَوْمِ مَنْ يَّنْصُرُنِيْ مِنَ اللّٰهِ اِنْ طَرَدْتُّهُمْ ۭ اَفَلَا تَذَكَّرُوْنَ ۝۳۰

(30) અને અય મારી કોમ! અગર હું તેમને હાંકી મૂકું તો અલ્લાહ (ની શિક્ષા)થી બચવા માટે મને કોણ મદદ કરશે? તે છતાં શું તમે બોધ ગ્રહણ નહિ કરો?

وَلَآ اَقُوۡلُ لَكُمۡ عِنۡدِىۡ خَزَآٮِٕنُ اللّٰهِ وَلَاۤ اَعۡلَمُ الۡغَيۡبَ وَلَاۤ
اَقُوۡلُ اِنِّىۡ مَلَكٌ وَّلَاۤ اَقُوۡلُ لِلَّذِيۡنَ تَزۡدَرِىۡۤ اَعۡيُنُكُمۡ لَنۡ
يُّؤۡتِيَهُمُ اللّٰهُ خَيۡرًا ‌ؕ اَللّٰهُ اَعۡلَمُ بِمَا فِىۡۤ اَنۡفُسِهِمۡ ‌ۖۚ اِنِّىۡۤ اِذًا لَّمِنَ
الظّٰلِمِيۡنَ ﴿۳۱﴾

(૩૧) અને તમને હું એમ તો નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે, અને ન આ (કહું છું) કે હું છુપી વાતો જાણું છું, અને ન આ કહું છું કે હું એક ફરિશ્તો છું; અને તેમના સબંધમાં કે જેઓ તમારી નજરમાં હકીર છે આ નથી કહેતો કે તેમના પર અલ્લાહ કદી પણ કૃપા નહિ કરે; તેમના મનમાં જે કાંઇ છે તે અલ્લાહ સારી રીતે

જાણે છે, (છતાં જો હું એમ કહું) તો નિ:સંશય હું પણ ઝુલમગારો માંહેનો થઇ જાઉં.

قَالُوْا يٰنُوْحُ قَدْ جٰدَلْتَنَا فَاَكْثَرْتَ جِدَالَنَا فَاْتِنَا بِمَا تَعِدُنَآ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٣٢﴾

(૩ ૨) (લોકોએ) કહ્યું કે અય નૂહ! તું ખરેખર અમારાથી ઝઘડી ચૂક્યો અને ઝઘડાને લંબાવ્યો પણ ખરો, હવે જો તું સાચાઓ માંહેનો હોય તો જે વસ્તુથી (અઝાબ) તું અમને ડરાવે છે તે અમારા માટે લઇ આવ.

قَالَ اِنَّمَا يَاْتِيْكُمْ بِهِ اللّٰهُ اِنْ شَآءَ وَمَآ اَنْتُمْ بِمُعْجِزِيْنَ ﴿٣٣﴾

(૩૩) (નૂહે) કહ્યું કે અગર અલ્લાહ ચાહશે તો તે (શિક્ષા પોતેજ) તમારા પર લાવશે અને (તેમ કરતાં તેને) તમે લાચાર કરી શકનાર નથી.

وَلَا يَنْفَعُكُمْ نُصْحِيٓ اِنْ اَرَدْتُّ اَنْ اَنْصَحَ لَكُمْ اِنْ كَانَ اللّٰهُ
يُرِيْدُ اَنْ يُّغْوِيَكُمْ ؕ هُوَ رَبُّكُمْ ۫ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ۟۳۴

(૩૪) અને અગર અલ્લાહની મરજી તમને આડે માર્ગેજ લઇ જવાની હશે તો હું તમને બોધ આપવા ચાહું તો પણ મારો બોધ તમને કાંઇ લાભ પહોંચાડશે નહિ; તે તમારો પરવરદિગાર છે, અને તેનીજ તરફ તમારૂં પાછું ફરવાનું થશે.

اَمۡ يَقُوۡلُوۡنَ افۡتَرٰٮهُ ‌ؕ قُلۡ اِنِ افۡتَرَيۡتُهٗ فَعَلَىَّ اِجۡرَامِىۡ وَاَنَا بَرِىۡٓءٌ
مِّمَّا تُجۡرِمُوۡنَ ۝٣٥

(૩૫) અથવા શું તેઓ આ કહે છે કે તે (કુરઆન) ને તેણે ઘડી કાઢ્યું છે? (અય રસૂલ!) તું કહે કે જો મેં તે ઘડી કાઢ્યું હોય તો મારો ગુનોહ મારા માથે છે, અને જે ગુનાહ તમે કરો છો તેનાથી હું અલગ છું.

وَاُوۡحِىَ اِلٰى نُوۡحٍ اَنَّهٗ لَنۡ يُّؤۡمِنَ مِنۡ قَوۡمِكَ اِلَّا مَنۡ قَدۡ اٰمَنَ فَلَا
تَبۡتَٮِٕسۡ بِمَا كَانُوۡا يَفۡعَلُوۡنَ ۝٣٦ ۖ ‌ۚ

(૩૬) અને નૂહ તરફ વહી કરવામાં આવી કે તમારી કોમમાંથી જે લોકો ઇમાન લાવી ચૂક્યા છે

તેમના સિવાય હવે કોઇ ઇમાન લાવશે નહિ, માટે તેઓ જે કાંઇ કરે છે તે માટે તું દિલગીર ન થા.

وَاصْنَعِ الْفُلْكَ بِأَعْيُنِنَا وَوَحْيِنَا وَلَا تُخَاطِبْنِي فِي الَّذِينَ ظَلَمُوا ۚ إِنَّهُم مُّغْرَقُونَ ﴿٣٧﴾

(૩૭) અને અમારી રૂબરૂ તથા અમારી આજ્ઞા પ્રમાણે (એક) વહાણ બનાવ અને જેઓએ જુલ્મ કર્યો છે તેમના સબંધમાં મારી સમક્ષ કોઈ ભલામણ ન કરશો; નિઃસંશય તેમને ડૂબાડી દેવામાં આવશે.

وَيَصْنَعُ الْفُلْكَ وَكُلَّمَا مَرَّ عَلَيْهِ مَلَأٌ مِّن قَوْمِهِ سَخِرُوا مِنْهُ ۚ قَالَ إِن تَسْخَرُوا مِنَّا فَإِنَّا نَسْخَرُ مِنكُمْ كَمَا تَسْخَرُونَ ﴿٣٨﴾

(૩૮) અને તે (નૂહ) તો વહાણ બનાવવા લાગ્યો; અને તેની કોમના આગેવાન લોકો જ્યારે જ્યારે તેની પાસેથી પસાર થતા ત્યારે તેની મજાક કરતા હતા; જેથી તેણે કહ્યું કે અગર તમે અમારા પર હસો છો (તો ભલે કરો), અમે પણ ખરેખર તમારા પર હસશું કે જેવી રીતે તમે (અમારા) છો.

فَسَوْفَ تَعْلَمُوْنَ ۙ مَنْ يَّاْتِيْهِ عَذَابٌ يُّخْزِيْهِ وَيَحِلُّ عَلَيْهِ

عَذَابٌ مُّقِيْمٌ ﴿٣٩﴾

(૩૯) ટૂંક સમયમાં જ તમને પોતાને મેળે જણાઇ આવશે કે (દુનિયામાં) ફજેત કરનારો અઝાબ કોના ઉપર આવી પડશે, અને હંમેશ ટકી રહેનારો (આખેરતનો) અઝાબ પણ કોના પર ઉતરશે.

حَتّٰۤى اِذَا جَآءَ اَمْرُنَا وَفَارَ التَّنُّوْرُ ۙ قُلْنَا احْمِلْ فِيْهَا مِنْ كُلٍّ
زَوْجَيْنِ اثْنَيْنِ وَاَهْلَكَ اِلَّا مَنْ سَبَقَ عَلَيْهِ الْقَوْلُ وَمَنْ
اٰمَنَ ؕ وَمَاۤ اٰمَنَ مَعَهٗۤ اِلَّا قَلِيْلٌ ﴿۴۰﴾

(૪૦) (સારાંશ કે) વાત એટલે સુધી પહોંચી કે જ્યારે અમારો (શિક્ષાનો) હુકમ આવી પહોંચ્યો અને (અલ્લાહના કોપની) ભઠ્ઠી (તન્નૂર/પાણીનો પ્રવાહ) ઉકળવા માંડી, ત્યારે અમોએ કહ્યું કે (અય નૂહ!) તે (વહાણ)માં દરેક દરેક જાત (ના પ્રાણી) નું એક એક જોડું લઇ લે, અને તારા સર્વે બાલ બચ્ચાંઓને પણ સવાર કરી લે. સિવાય તેમના કે જેમની વિરૂધ્ધ પહેલેથી જ અમારો હુકમ થઇ

ચૂક્યો છે. અને જેઓ ઇમાન લાવ્યા છે તેમને પણ (તેમાં બેસાડી લે); અને તેની સાથે ઘણાંજ થોડા ઇમાન લાવ્યા હતા.

وَقَالَ ارْكَبُوْا فِيْهَا بِسْمِ اللّٰهِ مَجْرٖىهَا وَمُرْسٰىهَا ؕ اِنَّ رَبِّيْ لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿٤١﴾

(૪૧) અને નૂહે (પોતાના બાલ બચ્ચાં તથા અનુયાયીઓને) કહ્યું કે તે (વહાણ)માં સવાર થઇ જાઓ, તેનું ચાલવું તથા થંભી જવું અલ્લાહના નામથી જ છે; નિઃસંશય મારો પરવરદિગાર મોટો ક્ષમાવાન (અને) દયાળુ છે.

وَهِيَ تَجْرِيْ بِهِمْ فِيْ مَوْجٍ كَالْجِبَالِ ۣ وَنَادٰى نُوْحُ ِۨابْنَهٗ وَكَانَ
فِيْ مَعْزِلٍ يّٰبُنَيَّ ارْكَبْ مَّعَنَا وَلَا تَكُنْ مَّعَ الْكٰفِرِيْنَ ﴿۴۲﴾

(૪૨) અને તે (વહાણ) તેમને પહાડ જેવાં મોજાઓ વચ્ચે લઇને ચાલ્યું જતું હતું; અને (ત્યારે) નૂહે પોતાના પુત્રને એવી સ્થિતિમાં કે તે જુદો પડી ગયો હતો પોકારીને કહ્યું કે અય મારા પુત્ર! અમારી સાથે (વહાણમાં) સવાર થઇ જા અને કાફરો સાથે ન રહે.

قَالَ سَاٰوِيْۤ اِلٰى جَبَلٍ يَّعْصِمُنِيْ مِنَ الْمَآءِ ؕ قَالَ لَا عَاصِمَ
الْيَوْمَ مِنْ اَمْرِ اللّٰهِ اِلَّا مَنْ رَّحِمَ ۚ وَحَالَ بَيْنَهُمَا الْمَوْجُ فَكَانَ
مِنَ الْمُغْرَقِيْنَ ﴿۴۳﴾

(૪૩) તેણે જવાબ આપ્યો કે હું હમણાંજ (કોઇ ઊંચા) પહાડ પર આશ્રય લઇ લઇશ તે મને પાણીથી બચાવી લેશે; (નૂહે) ફરમાવ્યું કે આજના દિવસે અલ્લાહના હુકમ (અઝાબ) થી બચાવનાર કોઇ નથી સિવાય કે જેના પર તે રહેમ કરે; અને (પછી એક વિકરાળ) મોજું બન્ને (બાપ બેટા)ની વચ્ચે આવી ગયું, જેથી તે ડુબી જનારાઓ માંહેનો થઇ ગયો.

وَقِيْلَ يٰۤاَرْضُ ابْلَعِيْ مَآءَكِ وَيٰسَمَآءُ اَقْلِعِيْ وَغِيْضَ الْمَآءُ وَقُضِيَ الْاَمْرُ وَاسْتَوَتْ عَلَى الْجُوْدِيِّ وَقِيْلَ بُعْدًا لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ۝٤٤

(૪૪) અને (પછી) હુકમ આપવામાં આવ્યો કે અય ભૂમિ! તું તારા પાણીને ગળી જા, અને અય આકાશ! (વરસતો) થંભી જા; એટલે પાણી ઓસરવા લાગ્યું અને (એવી રીતે) અલ્લાહનો હુકમ પૂર્ણ થયો, અને તે (વહાણ) જુદી (નામના) પહાડ પર થંભી ગયું, અને આ કહી દેવામાં આવ્યું કે જુલમગાર લોકોનો નાશ થાઓ.

وَنَادٰى نُوْحٌ رَّبَّهٗ فَقَالَ رَبِّ اِنَّ ابْنِیْ مِنْ اَهْلِیْ وَاِنَّ وَعْدَكَ الْحَقُّ وَاَنْتَ اَحْكَمُ الْحٰكِمِیْنَ ۟﴿٤٥﴾

(૪૫) અને નૂહે પોતાના પરવરદિગારને અરજ કરી કે અય મારા પરવરદિગાર! ખરેખર મારો પુત્ર

મારી અહલ (ઔલાદ) માંથી છે, અને તારો વાયદો સાચો છે અને તું સૌથી બેહતર નિર્ણય કરનાર છે.

قَالَ يٰنُوۡحُ اِنَّهٗ لَيۡسَ مِنۡ اَهۡلِكَ‌ ۚ اِنَّهٗ عَمَلٌ غَيۡرُ صَالِحٍ‌ ۖ فَلَا تَسۡـَٔلۡنِ مَا لَيۡسَ لَكَ بِهٖ عِلۡمٌ‌ ؕ اِنِّىۡۤ اَعِظُكَ اَنۡ تَكُوۡنَ مِنَ الۡجٰهِلِيۡنَ ﴿۴۶﴾

(૪૬) (અલ્લાહે) કહ્યું કે અય નૂહ! તે તારી અહલમાંથી નથીજ, બેશક તેના કૃત્યો સારાં ન હતાં, માટે જે વાતની તને જાણ નથી તેના વિષે મારાથી સવાલ ન કર; હું તને નસીહત કરૂં છું કે ક્યાંય તું જાહિલો માંહેનો ન થઇ જા!

قَالَ رَبِّ اِنِّيۡۤ اَعُوۡذُ بِكَ اَنۡ اَسۡـَٔلَكَ مَا لَـيۡسَ لِىۡ بِهٖ عِلۡمٌ ‌ؕ وَاِلَّا
تَغۡفِرۡ لِىۡ وَتَرۡحَمۡنِىۡۤ اَكُنۡ مِّنَ الۡخٰسِرِيۡنَ‏ ﴿۴۷﴾

(૪૭) (નૂહે) અરજ કરી કે અય મારા પરવરદિગાર નિઃસંશય હું તારાથી એ વાતની પનાહ માંગું છું કે તારાથી એવી વાતનો સવાલ (ન) કરૂં કે જેની મને જાણ ન હોય; અને અગર તું મને માફ નહિ કરે અને મારા પર દયા નહિ કરે તો હું હાનિ ભોગવનારાઓ માંહેનો થઇ જઇશ.

قِيۡلَ يٰـنُوۡحُ اهۡبِطۡ بِسَلٰمٍ مِّنَّا وَبَرَكٰتٍ عَلَيۡكَ وَعَلٰٓى اُمَمٍ مِّمَّنۡ
مَّعَكَ‌ ؕ وَاُمَمٌ سَنُمَتِّعُهُمۡ ثُمَّ يَمَسُّهُمۡ مِّنَّا عَذَابٌ اَلِيۡمٌ‏ ﴿۴۸﴾

(૪૮) (પછી જ્યારે તોફાન શમી ગયું ત્યારે) આજ્ઞા આપવામાં આવી કે અય નૂહ! અમારા તરફથી સલામતી અને બરકત સાથે (વહાણમાંથી) ઉતર, જે તારા પર અને તારી કોમ માટે છે જે તારી સાથે છે તેમાંથી (સલામતી) કેટલીક કોમો એવી થશે કે જેમને નજીકમાંજ અમે લાભ પહોંચાડીશું. પછી અમારા તરફથી તેમને (નાફરમાનીના કારણે) દુઃખદાયક અઝાબ પહોંચશે.

تِلْكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهَآ اِلَيْكَ ۚ مَا كُنْتَ تَعْلَمُهَآ
اَنْتَ وَلَا قَوْمُكَ مِنْ قَبْلِ هٰذَا ۛ فَاصْبِرْ ۛ اِنَّ الْعَاقِبَةَ
لِلْمُتَّقِيْنَ ﴿٤٩﴾

(૪૯) (અય રસૂલ!) આ કેટલીક ગૈબની ખબરો છે જે અમે વહી દ્વારા તારી પાસે પહોંચાડીએ છીએ; આ પહેલાં તે (વાતો)થી ન તું વાકેફ હતો ન તારી કૌમ; માટે હવે (તું પણ નૂહની જેમ) ધીરજ ધર; નિઃસંશય શુભ પરિણામ સદાચારીઓ માટે છે.

وَاِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ؕ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اِنْ اَنْتُمْ اِلَّا مُفْتَرُوْنَ ۝٥٠

(૫૦) અને આદવાળાઓ તરફ અમોએ તેમના ભાઇ હૂદને (પયગમ્બર બનાવી) મોકલ્યો; તેણે કહ્યું કે અય મારી કોમ! માત્ર અલ્લાહની જ ઇબાદત કરો, તેના સિવાય તમારો અન્ય કોઇ માઅબૂદ નથી; તમે માત્ર જૂઠી વાતો ઉપજાવી કાઢનારા છો.

يٰقَوْمِ لَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا ؕ اِنْ اَجْرِیَ اِلَّا عَلَى الَّذِیْ
فَطَرَنِیْ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿٥١﴾

(૫૧) અય મારી કોમ ! હું તમારી પાસે તે (સંદેશા) બદલ કાંઇ બદલો નથી માંગતો; મારો બદલો તો તેનાજ માથે છે કે જેણે મને પૈદા કર્યો છે; છતાંય તમે સમજતા નથી?

وَيٰقَوْمِ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ يُرْسِلِ السَّمَآءَ
عَلَيْكُمْ مِّدْرَارًا وَّيَزِدْكُمْ قُوَّةً اِلٰى قُوَّتِكُمْ وَلَا تَتَوَلَّوْا
مُجْرِمِيْنَ ﴿٥٢﴾

(૫૨) અને અય મારી કોમ! તમે તમારા પરવરદિગાર પાસે ક્ષમા માંગો, પછી તેની તરફ

રજૂ થાઓ, તે તમારા પર આકાશમાંથી ધોધમાર વરસાદ વરસાવશે, અને તે તમારી શક્તિમાં પણ વધારો કરશે, અને ગુનેહગાર બની (તેનાથી) મોઢું ફેરવો નહિ.

قَالُوْا يٰهُوْدُ مَا جِئْتَنَا بِبَيِّنَةٍ وَّمَا نَحْنُ بِتَارِكِيْٓ اٰلِهَتِنَا عَنْ قَوْلِكَ وَمَا نَحْنُ لَكَ بِمُؤْمِنِيْنَ ﴿٥٣﴾

(૫૩) તેમણે જવાબ આપ્યો કે અય હૂદ ! ન તો તું કોઇ સચોટ દલીલ લાવ્યો છે અને ન તારા કહેવાથી અમે અમારા માઅબૂદો (ની પૂજા) છોડી દેનાર છીએ, અને ન તારા પર ઇમાન લાવનાર છીએ.

إِنْ نَّقُوْلُ اِلَّا اعْتَرٰىكَ بَعْضُ اٰلِهَتِنَا بِسُوْٓءٍ ؕ قَالَ اِنِّیْٓ اُشْهِدُ
اللّٰهَ وَاشْهَدُوْٓا اَنِّیْ بَرِیْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿۵۴﴾

(૫૪) અમે તો એજ કહીશું કે તને અમારા કેટલાક દેવતાઓએ ખરાબ રીતે ઝપટમાં લઇ લીધો છે (જેથી તું આવી મુર્ખાઇ ભરી વાતો કરે છે). (હૂદે) કહ્યું કે હું અલ્લાહને સાક્ષી રાખું છું, અને તમે પણ સાક્ષી રહેજો કે તમે જેને જેને (અલ્લાહના) શરીક કરો છો તેમની સાથે મારે કાંઈ લેવા-દેવા નથી.

مِنْ دُوْنِهٖ فَكِيْدُوْنِیْ جَمِيْعًا ثُمَّ لَا تُنْظِرُوْنِ ﴿۵۵﴾

(૫૫) તે (અલ્લાહ)ના સિવાય; તમે સૌ એકઠા થઈને મારી વિરૂદ્ધ પોતાની ચાલબાજીમાં કચાશ ન રાખશો અને મને જરાપણ તક ન આપશો.

اِنِّىۡ تَوَكَّلۡتُ عَلَى اللّٰهِ رَبِّىۡ وَرَبِّكُمۡ‌ ؕ مَا مِنۡ دَآبَّةٍ اِلَّا هُوَ اٰخِذٌۢ بِنَاصِيَتِهَا ‌ؕ اِنَّ رَبِّىۡ عَلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ۝٥٦

(૫૬) બેશક હું અલ્લાહ ઉપર ભરોસો રાખું છું કે જે મારો પરવરદિગાર છે અને તમારો પણ પરવરદિગાર છે; કોઇ ચાલનારૂં (પ્રાણી) એવું નથી કે જેની પેશાની (ચોટલી) ખુદ અલ્લાહના કાબુમાં ન હોય; બેશક મારો પરવરદિગાર સરળ માર્ગ પર છે.

فَاِنْ تَوَلَّوْا فَقَدْ اَبْلَغْتُكُمْ مَّآ اُرْسِلْتُ بِهٖٓ اِلَيْكُمْ ؕ
وَيَسْتَخْلِفُ رَبِّيْ قَوْمًا غَيْرَكُمْ ۚ وَلَا تَضُرُّوْنَهٗ شَيْـًٔا ؕ اِنَّ رَبِّيْ
عَلٰى كُلِّ شَيْءٍ حَفِيْظٌ ﴿٥٧﴾

(૫૭) તે છતાં પણ જો તમે તેનાથી ફરી બેસશો તો મેં તો તમને તે સંદેશો પહોંચાડી દીધો છે કે જેના માટે હું તમારા તરફ મોકલવામાં આવ્યો છું, અને મારો પરવરદિગાર તમારા સ્થાને બીજી કૌમ લાવશે, અને તમે તેને કાંઇ હાનિ પહોંચાડી નહિ શકો; નિઃસંશય મારો પરવરદિગાર દરેક વસ્તુનો રક્ષક છે.

وَلَمَّا جَآءَ اَمۡرُنَا نَجَّيۡنَا هُوۡدًا وَّالَّذِيۡنَ اٰمَنُوۡا مَعَهٗ بِرَحۡمَةٍ مِّنَّا ۚ

وَنَجَّيۡنٰهُمۡ مِّنۡ عَذَابٍ غَلِيۡظٍ ﴿۵۸﴾

(૫૮) અને જે વેળા અમારો હુકમ (અઝાબ) આવી લાગ્યો ત્યારે અમોએ અમારી દયાથી હૂદને તથા જે લોકો તેની સાથે ઇમાન લાવ્યા હતા તેમને બચાવી લીધા, અને તેમને (અમારા) તે સખ્ત અઝાબથી પણ સુરક્ષિત રાખ્યા.

وَتِلۡكَ عَادٌ ۟ۙ جَحَدُوۡا بِاٰيٰتِ رَبِّهِمۡ وَعَصَوۡا رُسُلَهٗ وَاتَّبَعُوۡۤا اَمۡرَ

كُلِّ جَبَّارٍ عَنِيۡدٍ ﴿۵۹﴾

(૫૯) અને એજ આદવાળાઓ હતા કે જે પોતાના પરવરદિગારની આયતોનો ઇન્કાર કર્યા કરતા,

અને તેના રસૂલોની નાફરમાની કરતા અને દરેક અત્યાચારી સત્યના શત્રુઓનું અનુસરણ કરતા રહ્યાં

وَاُتۡبِعُوۡا فِىۡ هٰذِهِ الدُّنۡيَا لَعۡنَةً وَّيَوۡمَ الۡقِيٰمَةِ‌ ؕ اَلَاۤ اِنَّ عَادًا
كَفَرُوۡا رَبَّهُمۡ‌ ؕ اَلَا بُعۡدًا لِّعَادٍ قَوۡمِ هُوۡدٍ ﴿٦٠﴾

(૬૦) (તેઓજ હતા કે) આ દુનિયામાં તેમની પાછળ લાનત (ફિટકાર) લગાવી દેવામાં આવી છે અને કયામતના દિવસે પણ; ખબરદાર! બેશક આદવાળાઓએ પોતાના પરવરદિગારનો ઇન્કાર કર્યો હતો; ખબરદાર! હૂદની કોમ આદવાળાઓને (તેની બારગાહથી) ધુતકારી કાઢવામાં આવ્યા છે.

وَإِلٰى ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا ۘ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ
مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ هُوَ اَنْشَاَكُمْ مِّنَ الْاَرْضِ وَاسْتَعْمَرَكُمْ فِيْهَا
فَاسْتَغْفِرُوْهُ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ ؕ اِنَّ رَبِّيْ قَرِيْبٌ مُّجِيْبٌ ۝٦١

(૬૧) અને સમૂદવાળાઓ તરફ અમોએ તેમના ભાઇ સાલેહને મોકલ્યો. તેણે કહ્યું કે અય મારી કોમ! તમે અલ્લાહની ઇબાદત કરો જેના સિવાય તમારો બીજો કોઇ માઅબૂદ નથી; તેણેજ તમને ધરતીમાંથી પેદા કર્યા, અને તેણેજ તમને તેમાં વસાવ્યા; માટે તેની પાસે ક્ષમા માંગો, પછી તેની તરફ રજૂ થાઓ; બેશક મારો પરવરદિગાર નજદીક છે (દરેક) દુઆનો કબુલ કરનારો છે.

قَالُوْا يٰصٰلِحُ قَدْ كُنْتَ فِيْنَا مَرْجُوًّا قَبْلَ هٰذَآ اَتَنْهٰنَآ اَنْ
نَّعْبُدَ مَا يَعْبُدُ اٰبَآؤُنَا وَاِنَّنَا لَفِيْ شَكٍّ مِّمَّا تَدْعُوْنَآ اِلَيْهِ
مُرِيْبٍ ﴿٦٢﴾

(૬૨) તેમણે જવાબ આપ્યો કે અય સાલેહ! ખરેખર આ પહેલાં તો અમને તારાથી મોટી મોટી આશાઓ હતી, પણ શું હવે તું અમને અમારા બાપદાદા જે જે વસ્તુઓને પૂજતા હતા તેમની પૂજા કરવાની મનાઇ કરે છે? અને તું જે (ધર્મ)ની તરફ અમને બોલાવે છે તેના વિશે અમને નિઃસંશય મજબૂત શંકા છે.

قَالَ يٰقَوۡمِ اَرَءَيۡتُمۡ اِنۡ كُنۡتُ عَلٰى بَيِّنَةٍ مِّنۡ رَّبِّىۡ وَاٰتٰٮنِىۡ مِنۡهُ
رَحۡمَةً فَمَنۡ يَّنۡصُرُنِىۡ مِنَ اللّٰهِ اِنۡ عَصَيۡتُهٗ‌ فَمَا تَزِيۡدُوۡنَنِىۡ غَيۡرَ
تَخۡسِيۡرٍ ﴿۶۳﴾

(૬૩) (સાલેહે) કહ્યું કે અય મારી કોમ! શું તમે એટલું નથી સમજતા કે જો હું મારા પરવરદિગાર તરફથી (યોગ્ય) દલીલ પર હોઉં તથા તેણે મને પોતાના તરફથી રહેમત (નબુવ્વત) અર્પણ કરી હોય, પછી જો હું તેની નાફરમાની કરૂં તો અલ્લાહ (ની પકડમાં)થી બચાવવા માટે મારી મદદ કોણ કરશે? માટે તમે તો મારા નુકસાનમાં વધારોજ કરો છો.

وَيٰقَوۡمِ هٰذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمۡ اٰيَةً فَذَرُوۡهَا تَاۡكُلۡ فِىۡۤ اَرۡضِ اللّٰهِ
وَلَا تَمَسُّوۡهَا بِسُوۡٓءٍ فَيَاۡخُذَكُمۡ عَذَابٌ قَرِيۡبٌ ﴿۶۴﴾

(૬૪) અને અય મારી કોમ ! અલ્લાહની આ ઊંટણી તમારા માટે (મારી નબુવ્વતની) એક નિશાની છે; માટે તેને છોડી દો કે તે અલ્લાહની ભૂમિમાં ચર્યા કરે અને તેને ઇજા પહોંચાડવાના હેતુથી અડકશો નહિ, નહિતર તમને તરતજ (અલ્લાહનો) અઝાબ પકડી લેશે.

فَعَقَرُوۡهَا فَقَالَ تَمَتَّعُوۡا فِىۡ دَارِكُمۡ ثَلٰثَةَ اَيَّامٍ ؕ ذٰلِكَ وَعۡدٌ غَيۡرُ
مَكۡذُوۡبٍ ﴿۶۵﴾

(૬૫) તે છતાં તેમણે તે (ઊંટણી)ના પગ કાપી નાખી, જેથી (સાલેહે) ફરમાવ્યું કે (અય લોકો!) તમે ત્રણ દિવસ (સુધી) પોત પોતાના ઘરોમાં મોજ મજાહ ભોગવી લો, (કારણ કે અઝાબનો) આ વાયદો એવો છે કે (જે) જૂઠો પડવાનો નથી.

فَلَمَّا جَآءَ اَمْرُنَا نَجَّيْنَا صٰلِحًا وَّالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ بِرَحْمَةٍ مِّنَّا
وَمِنْ خِزْيِ يَوْمِئِذٍ ؕ اِنَّ رَبَّكَ هُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ﴿٦٦﴾

(૬૬) પછી જ્યારે અમારો હુકમ (અઝાબ) આવી પહોંચ્યો ત્યારે અમોએ સાલેહને તથા તેમને કે જેઓ તેની સાથે ઇમાન લાવ્યા હતા અમારી દયાથી બચાવી લીધા, તેમજ તે દિવસની

ફજેતીથી પણ (બચાવી લીધા); બેશક તારો પરવરદિગાર એજ બળવાન (અને) સમર્થ છે.

وَاَخَذَ الَّذِيْنَ ظَلَمُوا الصَّيْحَةُ فَاَصْبَحُوْا فِىْ دِيَارِهِمْ
جٰثِمِيْنَ ﴿٦٧﴾

(૬૭) અને જાલિમ લોકોને એક ગગનભેદી અવાજે પકડી લીધા, જેથી તેઓ પોત પોતાના ઘરોમાં ચેતનહીન અવસ્થામાં ઊંધા મોઢે પટકાઈ ગયા

كَاَنْ لَّمْ يَغْنَوْا فِيْهَا ؕ اَلَاۤ اِنَّ ثَمُوْدَاۡ كَفَرُوْا رَبَّهُمْ ؕ اَلَا بُعْدًا
لِّثَمُوْدَ ﴿٦٨﴾

(૬૮) જાણે તેઓ તેમાં કદી વસ્યાજ ન હતા; ખબરદાર! સમૂદવાળાઓએ પોતાના પરવરદિગાર

નો ઇન્કાર કર્યો; ખબરદાર! સમૂદવાળાઓ તેની બારગાહથી ધુતકારી કાઢવામાં આવ્યા છે.

وَلَقَدْ جَآءَتْ رُسُلُنَآ اِبْرٰهِيْمَ بِالْبُشْرٰى قَالُوْا سَلٰمًا ؕ قَالَ سَلٰمٌ فَمَا لَبِثَ اَنْ جَآءَ بِعِجْلٍ حَنِيْذٍ ۝٦٩

(૬૯) અને ખરેખર અમારા મોકલેલા (ફરિશ્તા) ઇબ્રાહીમ પાસે ખુશખબર લઇને આવ્યા, તેમણે (આવીને) કહ્યું (કે તમારા પર) સલામ; તેણે પણ કહ્યું કે (તમારા પર પણ) સલામ; પછી (કાંઇ પણ) વિલંબ ન કરતાં તે (ઇબ્રાહીમ) એક શેકેલું વાછરડું લઇ આવ્યો.

فَلَمَّا رَاٰۤ اَيْدِيَهُمْ لَا تَصِلُ اِلَيْهِ نَكِرَهُمْ وَاَوْجَسَ مِنْهُمْ
خِيْفَةً ؕ قَالُوْا لَا تَخَفْ اِنَّاۤ اُرْسِلْنَاۤ اِلٰى قَوْمِ لُوْطٍ ؕ﴿۷۰﴾

(૭૦) (પણ) પછી જ્યારે જોયું કે તેમના હાથ (ખાણા) તરફ લંબાતા નથી ત્યારે તે તેમને અજાણ્યા સમજ્યો અને મનમાં ને મનમાં જ તેમનાથી ભય પામ્યો; ત્યારે તેમણે કહ્યું કે તું ભય ન પામ, અમે બેશક લૂતની કોમ તરફ (અઝાબ આપવા માટે) મોકલવામાં આવ્યા છીએ.

وَامْرَاَتُهٗ قَآىِٕمَةٌ فَضَحِكَتْ فَبَشَّرْنٰهَا بِاِسْحٰقَ ۙ وَمِنْ وَّرَآءِ
اِسْحٰقَ يَعْقُوْبَ ﴿۷۱﴾

(૭૧) અને તે (ઇબ્રાહીમ)ની પત્ની (ત્યાં) ઉભેલી હતી તેણી એજ વખતે હંસી પડી, પછી અમોએ તેણીને ઇસ્હાક (પુત્ર)ની ખુશખબર આપી અને ઇસ્હાક પછી યાકૂબની.

قَالَتۡ يٰوَيۡلَتٰٓى ءَاَلِدُ وَاَنَا عَجُوۡزٌ وَّهٰذَا بَعۡلِىۡ شَيۡخًا ؕ اِنَّ هٰذَا
لَشَىۡءٌ عَجِيۡبٌ ۝٧٢

(૭૨) (ત્યારે) તેણીએ કહ્યું કે કેવું નવાઇ જેવું! શું મને બાળકનો જન્મ થશે એવી સ્થિતિમાં કે હું વૃદ્ધ (થઇ ગઇ) છું અને આ મારો પતિ (પણ) અતિ વૃદ્ધ (થઇ ગયો) છે? ખરેખર આ તો ઘણી આશ્ચર્યકારક વાત છે.

قَالُوْٓا اَتَعْجَبِيْنَ مِنْ اَمْرِ اللّٰهِ رَحْمَتُ اللّٰهِ وَبَرَكٰتُهٗ عَلَيْكُمْ

اَهْلَ الْبَيْتِ ؕ اِنَّهٗ حَمِيْدٌ مَّجِيْدٌ ﴿۷۳﴾

(૭૩) (તે ફરિશ્તાઓએ) કહ્યું કે અય ઔરત! શું તું અલ્લાહના હુકમ (કુદરત)થી આશ્ચર્ય પામે છે ? અય ઘરવાળાઓ! તમારા પર અલ્લાહની રહેમત અને તેના આશિર્વાદ થાય; બેશક તે (અલ્લાહ) વખાણને પાત્ર અને (મોટો) મહીમાવાળો છે.

فَلَمَّا ذَهَبَ عَنْ اِبْرٰهِيْمَ الرَّوْعُ وَجَآءَتْهُ الْبُشْرٰى يُجَادِلُنَا

فِىْ قَوْمِ لُوْطٍ ﴿۷۴﴾

(૭૪) પછી જ્યારે ઇબ્રાહીમનો ભય દૂર થયો અને તેને ખુશખબર પહોંચી ગઇ ત્યારે તે લૂતની

કોમની તરફેણમાં અમારી સાથે વાદવિવાદ કરવા લાગ્યો.

اِنَّ اِبۡرٰهِيۡمَ لَحَلِيۡمٌ اَوَّاهٌ مُّنِيۡبٌ ﴿۷۵﴾

(૭૫) બેશક ઇબ્રાહીમ મોટો સહનશીલ, નમ્ર મનનો (અને) અલ્લાહની તરફ રજૂ થનારો હતો.

يٰۤاِبۡرٰهِيۡمُ اَعۡرِضۡ عَنۡ هٰذَا ۚ اِنَّهٗ قَدۡ جَآءَ اَمۡرُ رَبِّكَ ۚ وَاِنَّهُمۡ

اٰتِيۡهِمۡ عَذَابٌ غَيۡرُ مَرۡدُوۡدٍ ﴿۷۶﴾

(૭૬) (અમોએ કહ્યું કે) અય ઇબ્રાહીમ ! તું આ બાબતથી અલગ થઇ જા, નિ:સંશય (તે સબંધમાં) તારા પરવરદિગારનો હુકમ ખરેખર આવી ચૂક્યો

છે, અને નિ:સંશય તેમના પર એવો અઝાબ આવનાર છે કે જે ટળી શકનાર નથી.

وَلَمَّا جَآءَتْ رُسُلُنَا لُوْطًا سِيْٓءَ بِهِمْ وَضَاقَ بِهِمْ ذَرْعًا وَّقَالَ هٰذَا يَوْمٌ عَصِيْبٌ۝٧٧

(૭૭) અને જ્યારે અમારા મોકલેલા ફરિશ્તા લૂતની પાસે આવ્યા ત્યારે તે દિલગીર થયો તેનું મન સંકોચાયું (તેઓની મદદ માટે હિમંત ન રહી) અને કહેવા લાગ્યો કે આ મોટી મુસીબતનો દિવસ છે.

وَجَآءَهٗ قَوۡمُهٗ يُهۡرَعُوۡنَ اِلَيۡهِ ؕ وَمِنۡ قَبۡلُ كَانُوۡا يَعۡمَلُوۡنَ
السَّيِّاٰتِ ؕ قَالَ يٰقَوۡمِ هٰٓؤُلَاۤءِ بَنَاتِىۡ هُنَّ اَطۡهَرُ لَـكُمۡ فَاتَّقُوا
اللّٰهَ وَلَا تُخۡزُوۡنِ فِىۡ ضَيۡفِىۡ ؕ اَلَيۡسَ مِنۡكُمۡ رَجُلٌ رَّشِيۡدٌ ﴿۷۸﴾

(૭૮) અને તેની કોમવાળા તેની તરફ (બદ દાનતથી) ઉતાવળે ધસી આવ્યા; અને તેઓ પહેલાથી જ આવાજ કુકર્મોથી ટેવાયેલા હતાં (તે લોકોને) તેણે કહ્યું કે અય મારી કોમ! આ મારી બેટીઓ હાજર છે તેણીઓ તમારા માટે વધુ પાક છે, માટે અલ્લાહથી ડરો અને મારા મહેમાનોનાં સબંધમાં મને ફજેત ન કરો; શું તમારામાં કોઇ પણ ભલો માણસ નથી?

قَالُوْا لَقَدْ عَلِمْتَ مَا لَنَا فِيْ بَنٰتِكَ مِنْ حَقٍّ ۚ وَاِنَّكَ لَتَعْلَمُ مَا
نُرِيْدُ ﴿٧٩﴾

(૭૯) તેમણે કહ્યું કે તું સારી રીતે જાણે છે કે અમને તારી બેટીઓ સાથે કાંઇ લેવા દેવા નથી, અને જે કાંઇ અમે ચાહીએ છીએ તે નિઃસંશય તું જાણે છે.

قَالَ لَوْ اَنَّ لِيْ بِكُمْ قُوَّةً اَوْ اٰوِيْٓ اِلٰى رُكْنٍ شَدِيْدٍ ﴿٨٠﴾

(૮૦) (લૂતે) કહ્યું કે કદાચને તમારી સામે થવાની મારામાં શક્તિ હોત અથવા મેં કોઇ મજબૂત કિલ્લામાં આશરો લીધો હોત (તો કેવું સારૂં થાત)!

قَالُوْا يٰلُوْطُ اِنَّا رُسُلُ رَبِّكَ لَنْ يَّصِلُوْٓا اِلَيْكَ فَاَسْرِ بِاَهْلِكَ
بِقِطْعٍ مِّنَ الَّيْلِ وَلَا يَلْتَفِتْ مِنْكُمْ اَحَدٌ اِلَّا امْرَاَتَكَ ۭ اِنَّهٗ

مُصِيْبُهَا مَآ اَصَابَهُمْ ؕ اِنَّ مَوْعِدَهُمُ الصُّبْحُ ؕ اَلَيْسَ
الصُّبْحُ بِقَرِيْبٍ ﴿۸۱﴾

(૮૧) (ફરિશ્તાઓએ) કહ્યું કે અય લૂત! બેશક અમે તારા પરવરદિગારના મોકલેલા (ફરિશ્તા) છીએ, (જેથી) તેઓ તારા સુધી હરગિજ પહોંચી શકશે નહિ; માટે તું થોડીક રાત્રિ (બાકી) રહે ત્યારે તારા કુટુંબીઓને લઇ ચાલતો થઇ જજે, અને તમારામાંથી કોઇ પાછું ફરીને જુએ નહિ. પણ તારી સ્ત્રી (આ હુકમને અનુસરશે નહિ); (કારણ કે) નિ:સંશય તેણીના ઉપર પણ એજ (અઝાબ) મુસીબત પડનાર છે કે જે તે સર્વે જણા પર પડશે;

નિ:સંશય તેનો (અઝાબનો) સમય સવારનો છે; શું સવારનો સમય નજદીક નથી?

فَلَمَّا جَآءَ اَمۡرُنَا جَعَلۡنَا عَالِيَهَا سَافِلَهَا وَاَمۡطَرۡنَا عَلَيۡهَا حِجَارَةً

مِّنۡ سِجِّيۡلٍ ۙ مَّنۡضُوۡدٍ ﴿۸۲﴾

(૮૨) પછી જ્યારે અમારો હુકમ (આવી) પહોંચ્યો ત્યારે અમોએ તે વસ્તી (ધરતી)ને ઊંધી વાળી દીધી અને તેના પર થર ઉપર થર બાઝેલા માટીના શેકેલા (ગરમ ગરમ) પથ્થરો વરસાવ્યા:

مُّسَوَّمَةً عِنۡدَ رَبِّكَ ؕ وَمَا هِىَ مِنَ الظّٰلِمِيۡنَ بِبَعِيۡدٍ ﴿۸۳﴾

(૮૩) જે તારા પરવરદિગાર પાસે (અઝાબ માટે) નિશાન રાખેલા હતા; અને (મક્કાના) ઝાલીમોથી તે સ્થળ બહુ દૂર નથી.

وَإِلَىٰ مَدْيَنَ أَخَاهُمْ شُعَيْبًا ۚ قَالَ يَا قَوْمِ اعْبُدُوا اللَّهَ مَا لَكُم مِّنْ إِلَٰهٍ غَيْرُهُ ۖ وَلَا تَنقُصُوا الْمِكْيَالَ وَالْمِيزَانَ ۚ إِنِّي أَرَاكُم بِخَيْرٍ وَإِنِّي أَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ مُّحِيطٍ ﴿٨٤﴾

(૮૪) અને મદયનવાસીઓ તરફ અમોએ તેમના ભાઇ શોઅયબને મોકલ્યો. તેણે કહ્યું કે અય મારી કોમ! અલ્લાહની ઇબાદત કરો, તેના સિવાય તમારો કોઇ માઅબૂદ નથી; અને તોલ-માપમાં ઓછું ન આપો અને બેશક હું તમને સારી

સ્થિતિમાં જોઈ રહ્યો છું અને નિઃસંશય મને તમારા સબંધમાં ઘેરી લેનારા દિવસના અઝાબનો અંદેશો છે.

وَيٰقَوۡمِ اَوۡفُوا الۡمِكۡيَالَ وَالۡمِيۡزَانَ بِالۡقِسۡطِ وَلَا تَبۡخَسُوا
النَّاسَ اَشۡيَآءَهُمۡ وَلَا تَعۡثَوۡا فِى الۡاَرۡضِ مُفۡسِدِيۡنَ ۝٨٥

(૮૫) અને અય મારી કોમ! ન્યાયપૂર્વક પુરેપુરૂં આપો, અને લોકોને તેમની (ખરીદેલી) વસ્તુઓમાં ઓછું ન આપો, અને ધરતી ઉપર બગાડ કરવાના હેતુથી ફસાદ કરતા ફરો નહિ.

بَقِيَّتُ اللّٰهِ خَيۡرٌ لَّكُمۡ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ ۚ وَمَاۤ اَنَا عَلَيۡكُمۡ
بِحَفِيۡظٍ ۝٨٦

(૮૬) અગર તમને વિશ્વાસ હોય તો તમારા માટે અલ્લાહ જે કાંઇ વેપારમાં બચત રાખે એજ બેહતર છે, અને હું કાંઇ તમારો નિગેહબાન નથી.

قَالُوْا يٰشُعَيْبُ اَصَلٰوتُكَ تَاْمُرُكَ اَنْ نَّتْرُكَ مَا يَعْبُدُ اٰبَآؤُنَآ اَوْ اَنْ نَّفْعَلَ فِيْٓ اَمْوَالِنَا مَا نَشٰٓؤُاؕ اِنَّكَ لَاَنْتَ الْحَلِيْمُ الرَّشِيْدُ﴿۸۷﴾

(૮૭) તેમણે કહ્યું કે અય શોઅયબ! શું તારી નમાઝ તને એ વાતની આજ્ઞા આપે છે કે જેની અમારા બાપદાદા પૂજા કર્યા કરતા હતા તેને અમે મૂકી દઇએ અથવા અમારા માલ દોલતમાં જેવું

અમારૂં મન ચાહે તેમ (ન) વર્તીએ? તુંજ એક મોટો સહનશીલ અને ડાહ્યો છે!

قَالَ يٰقَوْمِ اَرَءَيْتُمْ اِنْ كُنْتُ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّىْ وَرَزَقَنِىْ مِنْهُ
رِزْقًا حَسَنًا ؕ وَمَآ اُرِيْدُ اَنْ اُخَالِفَكُمْ اِلٰى مَآ اَنْهٰىكُمْ عَنْهُ ؕ
اِنْ اُرِيْدُ اِلَّا الْاِصْلَاحَ مَا اسْتَطَعْتُ ؕ وَمَا تَوْفِيْقِىْٓ اِلَّا بِاللّٰهِ ؕ
عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ اُنِيْبُ ﴿٨٨﴾

(૮૮) (શોઅયબે) કહ્યું, અય મારી કોમ ! શું તમારી સમજમાં આવે છે કે અગર હું મારા પરવરદિગાર તરફથી ખુલ્લી દલીલ પર હોઉં અને તેણે પોતાના તરફથી મને સારી રોજી અર્પણ કરી હોય (તો શું હું તેની વિરૂધ્ધતા કરીશ)? અને હું એ પણ નથી

ચાહતો કે જે વસ્તુથી હું તમને રોકુ છું તે તેનું હું પોતેજ આચરણ કરૂં; મારાથી શક્ય હોય તેટલો હું તો સુધારો કરવા ચાહું છું; અને મારી (સન્માર્ગ તરફની) પ્રેરણા માત્ર અલ્લાહ તરફથી જ છે; તેના ઉપરજ મેં ભરોસો કર્યો છે અને તેનીજ તરફ હું રજૂ થાઉં છું.

وَيٰقَوْمِ لَا يَجْرِمَنَّكُمْ شِقَاقِيْٓ اَنْ يُّصِيْبَكُمْ مِّثْلُ مَآ اَصَابَ قَوْمَ نُوْحٍ اَوْ قَوْمَ هُوْدٍ اَوْ قَوْمَ صٰلِحٍ ۭ وَمَا قَوْمُ لُوْطٍ مِّنْكُمْ بِبَعِيْدٍ ۸۹

(૮૯) અને અય મારી કોમ! ખબરદાર મારા પ્રત્યેની તમારી વિરૂધ્ધતા તમને એવા દોષિત

બનાવી ન મુકે કે જેના કારણે તમારી અવદશા એવી થાય કે જેવી અવદશા નૂહની કોમ, અથવા હૂદની કોમ, અથવા સાલેહની કોમની થઇ હતી. વળી લૂતની કોમ તથા તમારી વચ્ચે કાંઇ લાંબો સમય પણ વિત્યો નથી.

وَاسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ ؕ اِنَّ رَبِّيْ رَحِيْمٌ وَّدُوْدٌ ﴿٩٠﴾

(૯૦) અને તમારા પરવરદિગારથી માફી માંગો, પછી તેની તરફ રજૂ થાઓ; બેશક મારો પરવરદિગાર મોટો રહેમ કરનાર (અને) પ્રેમાળ છે.

قَالُوْا يٰشُعَيْبُ مَا نَفْقَهُ كَثِيْرًا مِّمَّا تَقُوْلُ وَاِنَّا لَنَرٰىكَ فِيْنَا
ضَعِيْفًا ۚ وَلَوْلَا رَهْطُكَ لَرَجَمْنٰكَ ۫ وَمَآ اَنْتَ عَلَيْنَا بِعَزِيْزٍ ﴿٩١﴾

(૯૧) તેમણે ઉત્તર આપ્યો કે અય શોઅયબ ! તું જે કાંઇ બોલે છે તેનો વિશેષ ભાગ તો અમે સમજતા જ નથી, અને નિઃસંશય અમે તો તને અમારામાં ખરેજ કમજોર નિહાળીએ છીએ, અને જો અમને તારા કુટુંબનો વિચાર ન હોત તો અમે ક્યારનોય તને પથ્થરો મારીને મારી નાખ્યો હોત અને તું અમારા મુકાબલામાં બળવાન તો નથીજ.

قَالَ يٰقَوْمِ اَرَهْطِيْٓ اَعَزُّ عَلَيْكُمْ مِّنَ اللّٰهِ ؕ وَاتَّخَذْتُمُوْهُ
وَرَآءَكُمْ ظِهْرِيًّا ؕ اِنَّ رَبِّيْ بِمَا تَعْمَلُوْنَ مُحِيْطٌ ﴿٩٢﴾

(૯૨) (શોઅયબે) કહ્યું કે અય મારી કોમ! શું મારા કુટુંબીઓ તમારી નજીક અલ્લાહથી પણ વધુ માનવંત છે! અને તમોએ તે (ના હુકમ)ને પીઠ પાછળ નાખી દીધો છે; બેશક તમે જે કાંઈ કરી રહ્યા છો તે અલ્લાહની પકડની બહાર નથી.

وَيٰقَوۡمِ اعۡمَلُوۡا عَلٰى مَكَانَتِكُمۡ اِنِّىۡ عَامِلٌ‌ؕ سَوۡفَ تَعۡلَمُوۡنَ ۙ مَنۡ يَّاۡتِيۡهِ عَذَابٌ يُّخۡزِيۡهِ وَمَنۡ هُوَ كَاذِبٌ‌ؕ وَارۡتَقِبُوۡۤا اِنِّىۡ مَعَكُمۡ رَقِيۡبٌ ﴿۹۳﴾

(૯૩) અને અય મારી કોમ ! તમે તમારી જગ્યાએ જે ચાહો તે કરો, હું પણ નિઃસંશય (કાંઇક) કરનારો છું; આગળ જતાં તમે પોતે જાણી લેશો કે ફજેત

કરનારો અઝાબ કોના પર ઉતરે છે અને જૂઠો કોણ છે; અને તમે રાહ જોતા રહો, નિ:સંશય હું પણ તમારી સાથે રાહ જોઉં છું.

وَلَمَّا جَآءَ اَمۡرُنَا نَجَّيۡنَا شُعَيۡبًا وَّالَّذِيۡنَ اٰمَنُوۡا مَعَهٗ بِرَحۡمَةٍ مِّنَّا وَاَخَذَتِ الَّذِيۡنَ ظَلَمُوا الصَّيۡحَةُ فَاَصۡبَحُوۡا فِىۡ دِيَارِهِمۡ جٰثِمِيۡنَ ۙ﴿۹۴﴾

(૯૪) અને જ્યારે અમારો હુકમ આવ્યો ત્યારે શોઅયબને તથા જે લોકો સાથે ઇમાન લાવ્યા હતા તેમને અમારી દયાથી બચાવી લીધા, અને ઝુલમગારોને એક (ભયંકર) ચીસે ઝડપી લીધાં

જેથી તેઓ પોતાના ઘરોમાં મરેલી હાલતમાં ઊંધા પડેલા રહી ગયા ઃ

كَاَنۡ لَّمۡ يَغۡنَوۡا فِيۡهَا ؕ اَلَا بُعۡدًا لِّمَدۡيَنَ كَمَا بَعِدَتۡ ثَمُوۡدُ ﴿۹۵﴾

(૯૫) જાણે તેઓ તે (ભૂમિ)માં કદી વસ્યાજ ન હતા; જાણી લો કે મદયનવાળાઓ ધુતકારી કાઢવામાં આવ્યા જેવા કે સમૂદવાળા (ધુતકારી કાઢવામાં આવ્યા હતા).

وَلَقَدۡ اَرۡسَلۡنَا مُوۡسٰى بِاٰيٰتِنَا وَسُلۡطٰنٍ مُّبِيۡنٍ ﴿۹۶﴾ۙ

(૯૬) અને ખરેખર અમોએ મૂસાને અમારી નિશાનીઓ તથા ખુલ્લી દલીલ સાથે મોકલ્યો હતોઃ

اِلٰى فِرْعَوْنَ وَمَلَاۡئِهٖ فَاتَّبَعُوْۤا اَمْرَ فِرْعَوْنَ ۚ وَمَاۤ اَمْرُ فِرْعَوْنَ بِرَشِيْدٍ ﴿٩٧﴾

(૯૭) ફિરઔન તથા તેના સરદારો તરફ; પણ તે સઘળાઓએ ફિરઔનની આજ્ઞાનું પાલન કર્યું, જો કે ફિરઔનની આજ્ઞા સીધા માર્ગે (લઇ જનારી) ન હતી.

يَقْدُمُ قَوْمَهٗ يَوْمَ الْقِيٰمَةِ فَاَوْرَدَهُمُ النَّارَ ؕ وَبِئْسَ الْوِرْدُ الْمَوْرُوْدُ ﴿٩٨﴾

(૯૮) કયામતના દિવસે તે (ફિરઔન) પોતાની કોમની આગળ આગળ ચાલશે અને પોતાની આગેવાની હેઠળ તેમને જહન્નમ તરફ લઈ જશે;

અને તે બૂરા ઉતારાની જગ્યા હશે કે જ્યાં તેઓ ઉતરશે.

وَاُتۡبِعُوۡا فِىۡ هٰذِهٖ لَعۡنَةً وَّيَوۡمَ الۡقِيٰمَةِ‌ ؕ بِئۡسَ الرِّفۡدُ الۡمَرۡفُوۡدُ‏ ﴿۹۹﴾

(૯૯) અને આ જગતમાં તેમની પાછળ લાનત લગાડી દેવામાં આવી છે અને કયામતના દિવસે પણ; (આ) કેવી બૂરી હશે તે ભેટ કે જે (તેમને) આપવામાં આવશે!

ذٰلِكَ مِنۡ اَنۡۢبَآءِ الۡقُرٰى نَقُصُّهٗ عَلَيۡكَ‌ مِنۡهَا قَآٮِٕمٌ وَّحَصِيۡدٌ‏ ﴿۱۰۰﴾

(૧૦૦) (અય રસૂલ) અગાઉ થઇ ગયેલી વસ્તીઓના આ કેટલાક દ્રષ્ટાંતો છે જે અમે તને

વર્ણવી રહ્યા છીએ તેઓ માંહેની કેટલીક (વસ્તીઓ હજી) કાયમ છે અને કેટલીક જમીનદોસ્ત થઇ ગઇ છે.

وَمَا ظَلَمْنٰهُمْ وَلٰكِنْ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَمَآ اَغْنَتْ عَنْهُمْ اٰلِهَتُهُمُ الَّتِيْ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مِنْ شَيْءٍ لَّمَّا جَآءَ اَمْرُ رَبِّكَ ؕ وَمَا زَادُوْهُمْ غَيْرَ تَتْبِيْبٍ ﴿١٠١﴾

(૧૦૧) અને અમોએ તેમના પર જુલ્મ કર્યો ન હતો, બલ્કે તેમણે પોતેજ પોતાના જીવ પર ઝુલ્મ કર્યો હતો; પછી જ્યારે તારા પરવરદિગાર (ની શિક્ષા) નો હુકમ આવ્યો ત્યારે તેમના તે માઅબુદો કે જેમને તેઓ અલ્લાહને ત્યજીને પોકાર્યા કરતા

હતા તેમના કાંઇજ કામમાં ન આવ્યા; અને તેઓએ તેમના વિનાશમાં વધારોજ કર્યો.

وَكَذٰلِكَ اَخْذُ رَبِّكَ اِذَآ اَخَذَ الْقُرٰى وَهِىَ ظَالِمَةٌ ؕ اِنَّ اَخْذَهٗۤ اَلِيْمٌ شَدِيْدٌ ﴿۱۰۲﴾

(૧૦૨) અને (અય રસૂલ!) તારા પરવરદિગારની પકડ એવીજ હોય છે જ્યારે તે વસ્તીઓની તેમની જુલમગાર સ્થિતિમાં પકડે છે; બેશક તેની પકડ દુ:ખદાયક (અને) સખ્ત છે.

اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّمَنْ خَافَ عَذَابَ الْاٰخِرَةِ ؕ ذٰلِكَ يَوْمٌ مَّجْمُوْعٌ ۙ لَّهُ النَّاسُ وَذٰلِكَ يَوْمٌ مَّشْهُوْدٌ ﴿۱۰۳﴾

(૧૦૩) બેશક તેમાં તેઓ માટે નિશાની છે કે જેઓ આખેરતના અઝાબથી ડરે છે; એજ દિવસ સઘળાં માણસોના ભેગા થવાનો હશે અને એજ તે દિવસ છે કે જ્યારે સૌને હાજર કરવામાં આવશે.

وَمَا نُؤَخِّرُهٗۤ اِلَّا لِاَجَلٍ مَّعْدُوْدٍ ﴿١٠٤﴾

(૧૦૪) અને તે (કયામતના) દિવસને અમે કેવળ એક નક્કી કરેલ સમય માટે મુલત્વી રાખીએ છીએ.

يَوْمَ يَاْتِ لَا تَكَلَّمُ نَفْسٌ اِلَّا بِاِذْنِهٖ ۚ فَمِنْهُمْ شَقِيٌّ وَّسَعِيْدٌ ﴿١٠٥﴾

(૧૦૫) જ્યારે તે દિવસ આવી પહોંચશે ત્યારે તે દિવસે કોઇ વ્યક્તિ તેની પરવાનગી સિવાય વાત

કરી શકશે નહિ, પછી તેમનામાં કોઇ હતભાગી હશે ત્યારે કોઇ ભાગ્યશાળી.

فَاَمَّا الَّذِيْنَ شَقُوْا فَفِى النَّارِ لَهُمْ فِيْهَا زَفِيْرٌ وَّشَهِيْقٌ ۝١٠٦

(૧૦૬) તે લોકો કે જેઓ હતભાગી હશે તેઓ જહન્નમમાં (જઇ) પડશે જેમાં તેઓ માટે કેવળ નિસાસા (નાખવાનું) અને રોકકળ કરવાનું હશેઃ

خٰلِدِيْنَ فِيْهَا مَا دَامَتِ السَّمٰوٰتُ وَالْاَرْضُ اِلَّا مَا شَآءَ رَبُّكَ ؕ اِنَّ رَبَّكَ فَعَّالٌ لِّمَا يُرِيْدُ ۝١٠٧

(૧૦૭) જ્યાં સુધી આકાશ તથા પૃથ્વી બાકી રહેશે તેઓ તેમાંજ રહેશે, સિવાય કે તારા પરવરદિગારને કાંઇ બીજુજ મંજૂર હોય; બેશક

તારો પરવરદિગાર જે કાંઇ ચાહે છે તે કરીનેજ રહે છે.

وَاَمَّا الَّذِيْنَ سُعِدُوْا فَفِي الْجَنَّةِ خٰلِدِيْنَ فِيْهَا مَا دَامَتِ السَّمٰوٰتُ وَالْاَرْضُ اِلَّا مَا شَآءَ رَبُّكَ ؕ عَطَآءً غَيْرَ مَجْذُوْذٍ ﴿١٠٨﴾

(૧૦૮) અને રહ્યા તેઓ કે જે ભાગ્યશાળી હશે તો તેઓ જન્નતમાં જશે, જ્યાં સુધી આકાશો તથા જમીન કાયમ રહેશે ત્યાં સુધી તેઓ તેમાંજ રહેશે સિવાય કે તારા પરવરદિગારને કોઇ બીજી (બેહતરી) મંજૂર હોય; આ એક એવી બક્ષીશ હશે જે (ક્યારે પણ) ખત્મ થનારી નથી.

فَلَا تَكُ فِيْ مِرْيَةٍ مِّمَّا يَعْبُدُ هٰٓؤُلَآءِ ؕ مَا يَعْبُدُوْنَ اِلَّا كَمَا يَعْبُدُ اٰبَآؤُهُمْ مِّنْ قَبْلُ ؕ وَاِنَّا لَمُوَفُّوْهُمْ نَصِيْبَهُمْ غَيْرَ مَنْقُوْصٍ ﴿١٠٩﴾

(૧૦૯) માટે તેઓ જે વસ્તુઓની પૂજા કરે છે તેના સંબંધમાં તું કોઇ પણ જાતની શંકામાં પડતો નહિ; તેઓ માત્ર તેમની જ પૂજા કરે છે કે જેમની પૂજા પ્રથમ તેમના બાપદાદા કરતા હતા; અને નિ:સંશય અમે તેમના (અઝાબનો) ભાગ ઓછો કર્યા વગર પૂરેપૂરો તેમને આપીશું.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ فَاخْتُلِفَ فِيْهِ ؕ وَلَوْ لَا كَلِمَةٌ
سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِيَ بَيْنَهُمْ ؕ وَاِنَّهُمْ لَفِيْ شَكٍّ مِّنْهُ
مُرِيْبٍ ﴿۱۱۰﴾

(૧૧૦) અને ખરેજ અમોએ મૂસાને કિતાબ આપી હતી પછી તેમાં મતભેદ કરવામાં આવ્યો; અને જો

તારા પરવરદિગારની (મોહલત વિષેનો) બોલ પ્રથમથી નીકળી ચૂક્યો ન હોત તો તેમની વચ્ચે (ક્યારનોય) ફેંસલો થઇ ગયો હોત; અને નિ:સંશય તે લોકો તે (કુરઆન)ના સંબંધમાં મૂંઝવણમાં નાખનારી શંકામાં પડેલા છે.

وَإِنَّ كُلًّا لَّمَّا لَيُوَفِّيَنَّهُمْ رَبُّكَ أَعْمَالَهُمْ ۚ إِنَّهُ بِمَا يَعْمَلُونَ خَبِيرٌ ﴿١١١﴾

(૧૧૧) અને નિ:સંશય તેઓમાંથી દરેકને તારો પરવરદિગાર તેમના કર્મોનો સંપૂર્ણ બદલો આપશેજ; બેશક જે કર્મો તેઓ કરે છે તેનાથી તે સારી રીતે વાકેફ છે.

فَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ وَمَنْ تَابَ مَعَكَ وَلَا تَطْغَوْا ؕ اِنَّهٗ بِمَا
تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۱۱۲﴾

(૧૧૨) માટે (અય રસૂલ!) જેવો તને હુકમ આપવામાં આવ્યો છે તે પ્રમાણે તું પોતે તથા જેઓ (મૂર્તિ પૂજા અને નાસ્તિકપણા માટે) પ્રશ્ચાતાપ કરીને તારી સાથે થયા છે દ્રઢ રહો અને (અય લોકો!) ઉદ્ધત ન બનો; જે કાંઇ તમે કરો છો તે બેશક તે નિહાળે છે.

وَلَا تَرْكَنُوْٓا اِلَى الَّذِيْنَ ظَلَمُوْا فَتَمَسَّكُمُ النَّارُ ۙ وَمَا لَكُمْ
مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ اَوْلِيَآءَ ثُمَّ لَا تُنْصَرُوْنَ ﴿۱۱۳﴾

(૧૧૩) અને (અય મુસલમાનો!) જે લોકો જુલ્મ કરે છે તેમના તરફ ન વળો, નહિતર આગ તમને અડકશે અને અલ્લાહ સિવાય તમારા કોઇ હિમાયતીઓ થશે નહિ; પછી તમને સહાય પણ કરવામાં આવશે નહિ.

وَاَقِمِ الصَّلٰوةَ طَرَفَيِ النَّهَارِ وَزُلَفًا مِّنَ الَّيۡلِ ؕ اِنَّ الۡحَسَنٰتِ
يُذۡهِبۡنَ السَّيِّاٰتِ ؕ ذٰلِكَ ذِكۡرٰى لِلذّٰكِرِيۡنَ ۝١١٤

(૧૧૪) અને (અય રસૂલ!) દિવસના બે ભાગોમાં (સવારના તથા સાંજના) તથા રાત્રિના પ્રારંભમાં (પહેલા ભાગમાં) નમાઝ પઢ્યા કર; નિઃસંશય નેકીઓ બદીઓને મારી હઠાવે છે; બોધ ગ્રહણ કરનારાઓ માટે આ એક (ઉમદા) બોધ છે.

وَاصْبِرْ فَإِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ﴿۱۱۵﴾

(૧૧૫) અને ધીરજ ધર, કારણ કે બેશક અલ્લાહ સત્કાર્યો કરનારાઓનો બદલો વ્યર્થ જવા દેતો નથી.

فَلَوْلَا كَانَ مِنَ الْقُرُوْنِ مِنْ قَبْلِكُمْ اُولُوْا بَقِيَّةٍ يَّنْهَوْنَ عَنِ الْفَسَادِ فِي الْاَرْضِ اِلَّا قَلِيْلًا مِّمَّنْ اَنْجَيْنَا مِنْهُمْ ۚ وَاتَّبَعَ الَّذِيْنَ ظَلَمُوْا مَآ اُتْرِفُوْا فِيْهِ وَكَانُوْا مُجْرِمِيْنَ﴿۱۱۶﴾

(૧૧૬) ત્યારે તમારી પહેલા (અગાઉ)ની પેઢીઓમાં એવા બુધ્ધિશાળીઓ (ઘણાં) કેમ ન થયા કે જેઓ (જુલમગારોને) ભૂમિમાં ફસાદ કરતાં અટકાવતે; તેઓ માંહેના ગણતરીના થોડાક માણસો એવા

જરૂર હતા કે જેમને અમોએ (અઝાબમાંથી) બચાવ્યા, અને ઝાલિમો જે સુખના સાધનો તેમને આપવામાં આવ્યા હતા તેમની પાછળ પડી ગયા અને તેઓ દોષિત હતા.

وَمَا كَانَ رَبُّكَ لِيُهْلِكَ الْقُرٰى بِظُلْمٍ وَّاَهْلُهَا مُصْلِحُوْنَ ﴿۱۱۷﴾

(૧૧૭) અને તારા પરવરદિગારનું એ કામ નથી કે જુલ્મ કરીને વસ્તીઓનો નાશ કરી નાખે એવી સ્થિતિમાં કે તેના રહેવાસીઓ સદાચારી હોય.

وَلَوْ شَآءَ رَبُّكَ لَجَعَلَ النَّاسَ اُمَّةً وَّاحِدَةً وَّلَا يَزَالُوْنَ مُخْتَلِفِيْنَ ﴿۱۱۸﴾

(૧૧૮) અને (અય રસૂલ!) અગર તારો પરવરદિગાર ચાહતે તો સઘળા માણસોને એકજ ઉમ્મત બનાવી દેતે પણ તેઓ મતભેદ તો કર્યાજ કરશેઃ

اِلَّا مَنۡ رَّحِمَ رَبُّكَ‌ ؕ وَلِذٰلِكَ خَلَقَهُمۡ‌ ؕ وَتَمَّتۡ كَلِمَةُ رَبِّكَ

لَاَمۡلَئَنَّ جَهَنَّمَ مِنَ الۡجِنَّةِ وَالنَّاسِ اَجۡمَعِيۡنَ ﴿۱۱۹﴾

(૧૧૯) સિવાય કે જેમના પર તારા પરવરદિગારે દયા કરી હોય; અને એજ (મતભેદ કરવા) માટે તેમને પૈદા કર્યા છે; અને (આખરે) તારા પરવરદિગારનો આ કોલ પૂરો થયો કે હું જહન્નમને સઘળા (નાફરમાન) જીન્નાત તથા ઇન્સાનો વડે જરૂર ભરી દઈશ.

وَكُلًّا نَّقُصُّ عَلَيۡكَ مِنۡ اَنۡۢبَآءِ الرُّسُلِ مَا نُثَبِّتُ بِهٖ فُؤَادَكَ ۚ

وَجَآءَكَ فِیۡ هٰذِهِ الۡحَقُّ وَمَوۡعِظَةٌ وَّذِكۡرٰی لِلۡمُؤۡمِنِيۡنَ ﴿۱۲۰﴾

(૧૨૦) અને અમે આગલા રસૂલોની ખબરો માંહેની દરેક (ખબર) તને એ માટે વર્ણવીએ છીએ કે તે વડે તારૂં મન દ્રઢ બનાવી દઇએ, અને (વળી) એ કિસ્સાઓના વર્ણનથી તારા સુધી સત્ય પહોંચ્યું છે અને તેમાં મોઅમીનો માટે ચેતવણી તથા બોધપાઠ છે.

وَقُلۡ لِّلَّذِيۡنَ لَا يُؤۡمِنُوۡنَ اعۡمَلُوۡا عَلٰی مَكَانَتِكُمۡ ؕ اِنَّا عٰمِلُوۡنَ ﴿۱۲۱﴾

(૧૨૧) અને જે લોકો ઇમાન લાવ્યા નથી તેમને (અય રસૂલ!) કહે કે તમે તમારી જગ્યાએ

(મરજીમાં આવે તે) કાર્ય કર્યે જાઓ, ખરેજ અમે પણ (અમારી જગ્યાએ કાંઇ) કરીએ છીએ.

وَانْتَظِرُوْا ۚ اِنَّا مُنْتَظِرُوْنَ ﴿١٢٢﴾

(૧૨૨) અને પરિણામની તમે રાહ જોયા કરો, નિઃસંશય અમે પણ રાહ જોનારા છીએ.

وَلِلّٰهِ غَيْبُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاِلَيْهِ يُرْجَعُ الْاَمْرُ كُلُّهٗ فَاعْبُدْهُ وَتَوَكَّلْ عَلَيْهِ ؕ وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿١٢٣﴾

(૧૨૩) અને આકાશો તથા જમીનની સઘળી છુપી વાતો અલ્લાહ સાથે સબંધ ધરાવે છે, અને દરેક મામલો તેની તરફ રજૂ કરવામાં આવશે; માટે તું તેનીજ ઇબાદત કર અને તેના પરજ ભરોસો રાખ,

અને જે કાંઇ તમે કરો છો તેનાથી તમારો પરવરદિગાર ગાફેલ નથી.

الٓرٰ ۚ تِلۡكَ اٰيٰتُ الۡكِتٰبِ الۡمُبِيۡنِ ۟﴿۱﴾

(૧) અલિફ લામ રા; આ પ્રત્યક્ષ કિતાબની આયતો છે.

اِنَّاۤ اَنۡزَلۡنٰهُ قُرۡءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمۡ تَعۡقِلُوۡنَ ﴿۲﴾

(૨) નિ:સંશય અમોએ આ (કુરઆન)ને સરળ અરબી ભાષામાં ઉતાર્યું છે કે જેથી તમે સમજી શકો.

نَحۡنُ نَقُصُّ عَلَيۡكَ اَحۡسَنَ الۡقَصَصِ بِمَاۤ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ هٰذَا
الۡقُرۡاٰنَ ۖ وَاِنۡ كُنۡتَ مِنۡ قَبۡلِهٖ لَمِنَ الۡغٰفِلِيۡنَ ﴿۳﴾

(3) આ કુરઆનમાં વહી દ્વારા જે કિસ્સાઓ અમે તને સંભળાવ્યા છે તેમાંથી આ સર્વોત્તમ કિસ્સો (હવે) તને સંભળાવીએ છીએ, અને આ પહેલાં તું તેનાથી તદ્દન અજાણ હતો.

اِذْ قَالَ يُوْسُفُ لِاَبِيْهِ يٰۤاَبَتِ اِنِّيْ رَاَيْتُ اَحَدَ عَشَرَ كَوْكَبًا وَّالشَّمْسَ وَالْقَمَرَ رَاَيْتُهُمْ لِيْ سٰجِدِيْنَ ۝۴

(૪) (તે સમયને યાદ કર) જ્યારે યુસુફે પોતાના પિતાને કહ્યું કે અય મારા પિતા! મેં અગિયાર તારા અને સૂર્ય તથા ચંદ્રને (સ્વપ્નામાં) જોયા મેં તેમને મને સિજદો કરતાં જોયા.

قَالَ يٰبُنَيَّ لَا تَقۡصُصۡ رُءۡيَاكَ عَلٰۤى اِخۡوَتِكَ فَيَكِيۡدُوۡا لَكَ كَيۡدًا ؕ اِنَّ الشَّيۡطٰنَ لِلۡاِنۡسَانِ عَدُوٌّ مُّبِيۡنٌ ﴿۵﴾

(૫) (યાકૂબે) કહ્યું કે અય મારા (વ્હાલા) બેટા! તારૂં (આ) સ્વપ્નું તારા ભાઇઓને ન કહેજે નહિતર રખેને તેઓ તારી સાથે કોઇ મક્કારી કરશે નિઃસંશય શૈતાન મનુષ્ય (માત્ર)નો ખુલ્લો દુશ્મન છે.

وَكَذٰلِكَ يَجۡتَبِيۡكَ رَبُّكَ وَيُعَلِّمُكَ مِنۡ تَاۡوِيۡلِ الۡاَحَادِيۡثِ وَيُتِمُّ نِعۡمَتَهٗ عَلَيۡكَ وَعَلٰۤى اٰلِ يَعۡقُوۡبَ كَمَاۤ اَتَمَّهَا عَلٰى

اَبَوَيۡكَ مِنۡ قَبۡلُ اِبۡرٰهِيۡمَ وَاِسۡحٰقَ‌ ؕ اِنَّ رَبَّكَ عَلِيۡمٌ
حَكِيۡمٌ‏ ﴿۶﴾

(૬) અને (તેં જેવી રીતે સ્વપ્નામાં જોયું છે) એવી રીતે તને તારો પરવરદિગાર ચૂંટી કાઢશે અને તને સ્વપ્નાઓની તાબીર (સ્વપ્નફળ) શીખવશે અને તારા ઉપર તથા યાકૂબની ઔલાદ ઉપર (એવી રીતે) પોતાની નેઅમતો પૂર્ણ કરી દેશે, જેવી રીતે કે (આ) અગાઉ તારા પરદાદા ઇબ્રાહીમ તથા ઇસ્હાક પર પૂર્ણ કરી ચૂક્યો છે; નિઃસંશય તારો પરવરદિગાર સર્વજ્ઞ (અને) હિકમતવાળો છે.

لَقَدۡ كَانَ فِىۡ يُوۡسُفَ وَاِخۡوَتِهٖۤ اٰيٰتٌ لِّلسَّآئِلِيۡنَ‏ ﴿۷﴾

(૭) (અય રસૂલ!) ખરેખર યુસુફ તથા તેના ભાઇઓના સંબંધમાં સવાલ કરનારાઓ માટે નિશાનીઓ મોજૂદ છે.

إِذْ قَالُوا لَيُوسُفُ وَأَخُوهُ أَحَبُّ إِلَىٰ أَبِينَا مِنَّا وَنَحْنُ عُصْبَةٌ ۚ
إِنَّ أَبَانَا لَفِي ضَلَالٍ مُّبِينٍ ۝٨

(૮) (તે સમયને યાદ કર) જ્યારે તે (સઘળાં ભાઇઓ કહેવા લાગ્યા કે ખરેજ યુસુફ તથા તેનો (સગો) ભાઇ (બિનયામીન) આપણાં (સૌ) કરતાં આપણા બાપને વધુ વહાલો છે, જો કે આપણા (સગા ભાઇઓનું) સંગઠનબળ મજબૂત છે, નિઃસંશય આપણો બાપ નરી ભૂલમાં પડ્યો છેઃ

اقْتُلُوْا يُوْسُفَ اَوِ اطْرَحُوْهُ اَرْضًا يَّخْلُ لَكُمْ وَجْهُ اَبِيْكُمْ
وَتَكُوْنُوْا مِنْۢ بَعْدِهٖ قَوْمًا صٰلِحِيْنَ ۝٩

(૯) (માટે) યુસુફને મારી નાખો અથવા તેને કોઇ (એવી નિર્જન) જગ્યામાં નાખી દો કે (જેથી) તમારા બાપનું ધ્યાન માત્ર તમારા તરફ થઇ જાય, અને તે બાદ (તૌબા કરી લઇને) તમે સદાચારી થઇ જાઓ.

قَالَ قَآئِلٌ مِّنْهُمْ لَا تَقْتُلُوْا يُوْسُفَ وَاَلْقُوْهُ فِيْ غَيٰبَتِ الْجُبِّ
يَلْتَقِطْهُ بَعْضُ السَّيَّارَةِ اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ۝١٠

(૧૦) તેઓ માંહેના એક કહેનારાએ કહ્યું કે જો તમારે કાંઇ કરવુંજ હોય તો યુસુફને મારી તો ન જ

નાખો, પણ તેને કોઇ અંધારા કૂવામાં નાખી દો કે (જ્યાંથી) કોઇ રાહદારી તેને ઉઠાવી લઇ જાય.

قَالُوْا يٰۤاَبَانَا مَا لَكَ لَا تَاْمَنَّا عَلٰى يُوْسُفَ وَاِنَّا لَهٗ لَنٰصِحُوْنَ ﴿١١﴾

(૧૧) (આવી રીતે પરસ્પર સલાહ કરી તેઓ બાપ પાસે આવ્યા અને) કહેવા લાગ્યા કે અય અમારા પિતા! આ (તે) કેવી વાત છે કે તું યુસુફના સંબંધમાં અમારા પર ભરોસો કરતો નથી? જો કે અમે ખરેખરજ તેના શુભેચ્છક છીએ.

اَرْسِلْهُ مَعَنَا غَدًا يَّرْتَعْ وَيَلْعَبْ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ﴿١٢﴾

(૧૨) કાલે સવારે તેને અમારી સાથે મોકલ કે (જેથી જંગલમાં જઇ) ફળ (ફળાદિ) ખાય અને રમે

કૂદે અને નિઃસંશય અમે તો તેના રક્ષણ કરનારા છીએજ.

قَالَ اِنِّیۡ لَیَحۡزُنُنِیۡۤ اَنۡ تَذۡهَبُوۡا بِهٖ وَاَخَافُ اَنۡ یَّاۡكُلَهُ الذِّئۡبُ وَاَنۡتُمۡ عَنۡهُ غٰفِلُوۡنَ ﴿۱۳﴾

(૧૩) (યાકૂબે) કહ્યું) કે તમે તેને લઇ જાઓ એ વાતથી બેશક મને દુ:ખ થશે, અને (વળી) એ (વાત)નો મને અંદેશો છે કે ક્યાંક વરૂ તેને ફાડી ખાય અને તમે તેનાથી બેખબર રહો.

قَالُوۡا لَئِنۡ اَكَلَهُ الذِّئۡبُ وَنَحۡنُ عُصۡبَةٌ اِنَّاۤ اِذًا لَّخٰسِرُوۡنَ ﴿۱۴﴾

(૧૪) તેમણે કહ્યું કે અમે એક બળવાન જૂથ છીએ, છતાં જો વરૂ તેને ખાઇ જાય તો અમે નિઃસંશય નિર્માલ્ય છીએ (એમ ગણાય).

فَلَمَّا ذَهَبُوْا بِهٖ وَاَجْمَعُوْٓا اَنْ يَّجْعَلُوْهُ فِيْ غَيٰبَتِ الْجُبِّ ۚ
وَاَوْحَيْنَآ اِلَيْهِ لَتُنَبِّئَنَّهُمْ بِاَمْرِهِمْ هٰذَا وَهُمْ لَا يَشْعُرُوْنَ ﴿١٥﴾

(૧૫) સારાંશ કે જ્યારે તેને તેઓ લઇ ગયા અને (સર્વે જણ) તેને (એક) અંધારા કૂવામાં નાખી દેવાની વાત ઉપર એકમત થયા ત્યારે અમોએ તે (યુસુફ)ને વહી કરી કે ખરેખર (એક વખત એવો આવશે કે) તું તેમને તેમનું આ કૃત્ય (ખુલ્લું કરી) દેખાડી શકશે અને (ત્યારે) તેમને તેનું ભાન પણ નહીં હોય.

وَجَآءُوۡۤ اَبَاهُمۡ عِشَآءً يَّبۡكُوۡنَ ﴿۱۶﴾

(૧૬) અને કંઇક રાત પડતાં તેઓ સર્વે (જણાં રડતા) રડતા પોતાના બાપ પાસે (પાછા) આવ્યા.

قَالُوۡا يٰۤاَبَانَاۤ اِنَّا ذَهَبۡنَا نَسۡتَبِقُ وَتَرَكۡنَا يُوۡسُفَ عِنۡدَ مَتَاعِنَا

فَاَكَلَهُ الذِّئۡبُ ۚ وَمَاۤ اَنۡتَ بِمُؤۡمِنٍ لَّنَا وَلَوۡ كُنَّا صٰدِقِيۡنَ ﴿۱۷﴾

(૧૭) (અને) કહેવા લાગ્યા કે અય અમારા પિતા! અમે તો માંહોમાંહે દોડવાની શરત રમવા લાગ્યા અને યુસુફને અમારા સામાન પાસે છોડ્યો હતો, પછી તેને વરૂ ખાઇ ગયો, અને ભલેને અમે સાચા હોઇએ તો પણ તું અમારી વાત માનનાર નથી.

وَجَآءُوْ عَلٰى قَمِيْصِهٖ بِدَمٍ كَذِبٍؕ قَالَ بَلْ سَوَّلَتْ لَكُمْ
اَنْفُسُكُمْ اَمْرًاؕ فَصَبْرٌ جَمِيْلٌؕ وَاللّٰهُ الْمُسْتَعَانُ عَلٰى مَا
تَصِفُوْنَ﴿۱۸﴾

(૧૮) અને (સાથેજ) યુસુફના પહેરણ પર બનાવટી લોહી લગાડી લાવ્યા. (તે દેખીને યાકૂબે) કહ્યું (ના એમ તો નથીજ), પણ તમોને તમારા અંતઃકરણોએ (એક ધતીંગ ઉભું કરવાની આ) યુક્તિ સહેલાઇથી સૂઝવી છે; માટે ધીરજ (ધરવી) બેહતર છે; અને જે કાંઇ વર્ણન તમે કરો છો તેના સંબંધમાં અલ્લાહથી જ મદદ માંગવામાં આવે છે.

وَجَآءَتۡ سَيَّارَةٌ فَاَرۡسَلُوۡا وَارِدَهُمۡ فَاَدۡلٰى دَلۡوَهٗ ؕ قَالَ
يٰبُشۡرٰى هٰذَا غُلٰمٌ ؕ وَاَسَرُّوۡهُ بِضَاعَةً ؕ وَاللّٰهُ عَلِيۡمٌۢ بِمَا
يَعۡمَلُوۡنَ ﴿۱۹﴾

(૧૯) અને (ત્યાં) એક કાફલો આવી પહોંચ્યો, તેમણે પોતાના ભિસ્તીને (કુવામાંથી પાણી ભરી લાવવા) મોકલ્યો તેણે જઇને પોતાની ડોલ (કુવામાં) નાખી. (અને અલ્લાહની આજ્ઞા પ્રમાણે યુસુફ તેમાં બેસી ગયો, અને જ્યારે ભિસ્તીની તેના પર નજર પડી ત્યારે સહ આશ્ચર્ય) બોલી ઉઠ્યો અહ્દા હા! કેવી ખુશીની વાત છે કે આ તો (એક) નવયુવાન છે, અને (પછી) તેને (અમૂલ્ય) પૂંજી

સમજી તે (કાફલાવાળા)ઓએ સંતાડી લીધો; અને તેઓ જે કાંઇ કરતા હતા તેનાથી અલ્લાહ સારી રીતે વાકેફ હતો.

وَشَرَوۡهُ بِثَمَنٍۭ بَخۡسٍ دَرَاهِمَ مَعۡدُوۡدَةٍ‌ ۚ وَكَانُوۡا فِيۡهِ مِنَ الزّٰهِدِيۡنَ ﴿۲۰﴾

(૨૦) (આ વાતની ભાઇઓને ખબર મળતાં ત્યાં દોડી ગયા) અને તે (યુસુફ)ને નજીવી કિંમત (યાને) થોડાક દિરહમોમાં વેચી નાખ્યો, (કારણ) કે તેઓ યુસુફના ચાહનારાઓ માંહેના ન હતા.

وَقَالَ الَّذِى اشۡتَرٰٮهُ مِنۡ مِّصۡرَ لِامۡرَاَتِهٖۤ اَكۡرِمِىۡ مَثۡوٰٮهُ عَسٰٓى اَنۡ يَّنۡفَعَنَاۤ اَوۡ نَـتَّخِذَهٗ وَلَدًا‌ ؕ وَكَذٰلِكَ مَكَّنَّا لِيُوۡسُفَ فِى

الْاَرْضِ ؗ وَلِنُعَلِّمَهٗ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ ؕ وَاللّٰهُ غَالِبٌ عَلٰۤى
اَمْرِهٖ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿۲۱﴾

(૨૧) અને મિસરના જે શખ્સે તેને ખરીદયો તેણે પોતાની પત્નીને કહ્યું કે એને સન્માન પૂર્વક રાખજે, કદાચને તે આપણને (આગળ જતાં) લાભ પહોંચાડશે. અથવા આપણે તેને પાલક બેટો બનાવી લઇએ. અને આવી રીતે અમોએ તે (મિસરની) ભૂમિમાં યુસુફને સ્થાન આપ્યું અને (તેમ કરવામાં બીજો) એ પણ હેતુ હતો કે તેને સ્વપ્નાઓની તાબીર શીખવી દઇએ; અને અલ્લાહ પોતાનું કરીને રહેવાનું સામર્થ્ય ધરાવે છે, પરંતુ ઘણા લોકો સમજતા નથી.

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗۤ اٰتَيۡنٰهُ حُكۡمًا وَّعِلۡمًا ؕ وَكَذٰلِكَ نَجۡزِى

الۡمُحۡسِنِيۡنَ‏ ﴿۲۲﴾

(૨૨) અને જ્યારે તે (યુસુફ) પોતાની સંપૂર્ણ શક્તિએ પહોંચી ગયો ત્યારે અમોએ તેને હિકમત તથા જ્ઞાન અર્પણ કર્યાં; અને સદાચારીઓને અમે આવી રીતે બદલો આપીએ છીએ.

وَرَاوَدَتۡهُ الَّتِىۡ هُوَ فِىۡ بَيۡتِهَا عَنۡ نَّـفۡسِهٖ وَغَلَّقَتِ الۡاَبۡوَابَ

وَقَالَتۡ هَيۡتَ لَكَ ؕ قَالَ مَعَاذَ اللّٰهِ اِنَّهٗ رَبِّىۡۤ اَحۡسَنَ مَثۡوَاىَ ؕ

اِنَّهٗ لَا يُفۡلِحُ الظّٰلِمُوۡنَ‏ ﴿۲۳﴾

(૨૩) અને તે સ્ત્રી (ઝુલેખા) એ કે જેના ઘરમાં યુસુફ હતો તેણીએ તેને (પોતાની કામવાસના

તૃપ્ત કરવા માટે) પોતાના તરફ વાળવાના પ્રયત્ન કર્યા, અને દ્વાર વાસીને (દરવાજો બંધ કરીને) કહ્યું કે લે આવ જલ્દી કર; (યુસુફે) કહ્યું (હરગિજ એમ નહિ થાય) અલ્લાહની પનાહ! (એમ કદાપિ થઇ શકશે નહિ); બેશક તે (તારો ધણી) મારો માલિક છે, તેણે મને સારી રીતે રાખ્યો છે, બેશક ઝાલિમો (કદી પણ) સફળતા પામતા નથી.

وَلَقَدْ هَمَّتْ بِهٖ ۚ وَهَمَّ بِهَا لَوْلَآ اَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ ؕ كَذٰلِكَ
لِنَصْرِفَ عَنْهُ السُّوْٓءَ وَالْفَحْشَآءَ ؕ اِنَّهٗ مِنْ عِبَادِنَا
الْمُخْلَصِيْنَ ﴿۲۴﴾

(૨૪) અને તેણીએ યુસુફ તરફ (બદી કરવા)નો ખરેખર નિર્ણય કર્યો હતો; અને અગર યુસુફે પોતાના પરવરદિગારની ખુલ્લી દલીલ જોઇ લીધી ન હોત તો પણ તેણીની સાથે એવોજ નિર્ણય કરતે; (તે દલીલ એટલા માટે દેખાડી) કે અમો આવી રીતે તેનાથી બદી તથા નિર્લજપણાને દૂર રાખીએ; બેશક તે અમારા નિખાલસ બંદાઓ માંહેનો હતો.

وَاسْتَبَقَا الْبَابَ وَقَدَّتْ قَمِيصَهُ مِنْ دُبُرٍ وَأَلْفَيَا سَيِّدَهَا لَدَا
الْبَابِ ۚ قَالَتْ مَا جَزَاءُ مَنْ أَرَادَ بِأَهْلِكَ سُوءًا إِلَّا أَنْ يُسْجَنَ
أَوْ عَذَابٌ أَلِيمٌ ﴿٢٥﴾

(૨૫) અને તેઓ બન્ને દરવાજા તરફ દોડ્યા, અને તેણીએ તેનું પહેરણ પાછળથી ફાડી નાખ્યું અને દરવાજા પાસે તેઓ બન્નેએ તેણીના પતિને ઉભેલો જોયો. તેણીએ કહ્યું કે જે તારી પત્ની સાથે બદી (કરવા)નો નિશ્ચય કરે તેની શિક્ષા તેને કૈદમાં નાખવામાં આવે અથવા તેને દુ:ખદાયક અઝાબ આપવામાં આવે એ સિવાય (બીજી) શી (હોઇ શકે) છે?

قَالَ هِيَ رَاوَدَتْنِي عَن نَّفْسِي وَشَهِدَ شَاهِدٌ مِّنْ أَهْلِهَا ۚ إِن كَانَ قَمِيصُهُ قُدَّ مِن قُبُلٍ فَصَدَقَتْ وَهُوَ مِنَ الْكَاذِبِينَ ﴿٢٦﴾

(૨૬) (યુસુફે) કહ્યું કે આ સ્ત્રીએ પોતેજ મને લોભાવવાની કોશિશ કરી હતી. અને તેણીના

કુટુંબમાંથી એક સાક્ષી આપનાર (બાળક) એ સાક્ષી આપી કે અગર તે (યુસુફ)નું પહેરણ સામેથી ફાટેલું હોય તો તેણી સાચું બોલી છે અને તે જૂઠાઓ માંહેનો છે.

وَاِنۡ كَانَ قَمِيۡصُهٗ قُدَّ مِنۡ دُبُرٍ فَكَذَبَتۡ وَهُوَ مِنَ الصّٰدِقِيۡنَ ۲۷

(૨૭) અને અગર તેનું પહેરણ પછવાડેથી ફાટેલું હોય તો તેણી જૂઠું બોલી છે અને તે સાચાઓ માંહેનો છે.

فَلَمَّا رَاٰ قَمِيۡصَهٗ قُدَّ مِنۡ دُبُرٍ قَالَ اِنَّهٗ مِنۡ كَيۡدِكُنَّ ؕ اِنَّ كَيۡدَكُنَّ عَظِيۡمٌ ۲۸

(૨૮) પછી જ્યારે (તેણીના ધણીએ) તેનું પહેરણ પાછળથી ફાટેલું જોયું ત્યારે કહ્યું કે બેશક આ તો તમો સ્ત્રીઓની મક્કારી છે; બેશક (અય સ્ત્રીઓ!) તમારી મક્કારી ગજબની છે.

يُوْسُفُ اَعْرِضْ عَنْ هٰذَا ٚ وَاسْتَغْفِرِيْ لِذَنْۢبِكِ ۖۚ اِنَّكِ كُنْتِ
مِنَ الْخٰطِـِٕيْنَ ﴿٢٩﴾

(૨૯) અય યુસુફ! તું હવે આથી દરગુજર કર; અને (અય ઝુલૈખા !)તું તારા અપરાધની માફી માંગ, નિઃસંશય અપરાધીઓ માંહેની તુંજ છે.

وَقَالَ نِسْوَةٌ فِي الْمَدِيْنَةِ امْرَاَتُ الْعَزِيْزِ تُرَاوِدُ فَتٰىهَا عَنْ
نَّفْسِهٖ ۚ قَدْ شَغَفَهَا حُبًّا ؕ اِنَّا لَنَرٰىهَا فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٣٠﴾

(30) અને શહેરની સ્ત્રીઓએ કહેવાનું શરૂ કર્યું કે મિસરના અઝીઝની બેગમ પોતાના ગુલામને પોતાની તરફ રજૂ થવા માટે લોભાવે છે, તેણીના હૃદયમાં તેનો પ્રેમ વસી ગયો છે; બેશક અમે તો તેણીને ખુલ્લી ગુમરાહીમાં જોઇએ છીએ.

فَلَمَّا سَمِعَتْ بِمَكْرِهِنَّ اَرْسَلَتْ اِلَيْهِنَّ وَاَعْتَدَتْ لَهُنَّ مُتَّكَاً وَّاٰتَتْ كُلَّ وَاحِدَةٍ مِّنْهُنَّ سِكِّيْنًا وَّقَالَتِ اخْرُجْ عَلَيْهِنَّ ۚ فَلَمَّا رَاَيْنَهٗۤ اَكْبَرْنَهٗ وَقَطَّعْنَ اَيْدِيَهُنَّ ۫ وَقُلْنَ حَاشَ لِلّٰهِ مَا هٰذَا بَشَرًا ؕ اِنْ هٰذَاۤ اِلَّا مَلَكٌ كَرِيْمٌ ﴿٣١﴾

(૩૧) પછી જ્યારે તે (ઝુલૈખા)એ તેમના મેણાં ટોણાં સાંભળ્યા ત્યારે તેમને બોલાવી મંગાવી અને

તેમના માટે એક બેઠક તૈયાર કરી, અને તેઓ માંહેની દરેકને એક એક છરી (એક એક લીંબુ સાથે) આપી દીધી, અને તે (યુસુફ)ને કહ્યું કે તું તેમની સામે નિકળી આવ. પછી જે વખતે સ્ત્રીઓએ તેને જોયો તો તે તેમને અસાધારણ સૌંદર્યવાન દેખાયો, (અને આવેશમાં આવી જઇ) તેમણે (લીંબુના બદલે) પોત પોતાના હાથ કાપી નાખ્યા, અને બોલી ઉઠી કે હાશાલિલ્લાહ! (અલ્લાહ ખામી રહીત છે) આ મનુષ્ય નથી; (કિંતુ) એ તો એક માનવંત ફરિશ્તો છે.

قَالَتْ فَذٰلِكُنَّ الَّذِىْ لُمْتُنَّنِىْ فِيْهِ ؕ وَلَقَدْ رَاوَدْتُّهٗ عَنْ نَّفْسِهٖ
فَاسْتَعْصَمَ ؕ وَلَئِنْ لَّمْ يَفْعَلْ مَآ اٰمُرُهٗ لَيُسْجَنَنَّ وَلَيَكُوْنًا
مِّنَ الصّٰغِرِيْنَ ﴿٣٢﴾

(૩૨) તેણીએ કહ્યું કે આ એજ છે કે જેના સબંધમાં તમે મને બદનામ કરતા હતા; મેં પોતેજ તેને ફોસલાવવા કોશીશ કરી હતી પણ તેણે પોતાને (અનીતિથી) બચાવી લીધો; અને જે આજ્ઞા હું તેને કરૂં છું તે(નું પાલન) અગર તે નહિ કરે તો તેને ખરેખર કૈદ કરવામાં આવશે અને ખરેખર તે ઘણોજ અપમાનિત થઇ જશે.

قَالَ رَبِّ السِّجْنُ اَحَبُّ اِلَيَّ مِمَّا يَدْعُوْنَنِيْٓ اِلَيْهِ ۚ وَاِلَّا تَصْرِفْ

عَنِّيْ كَيْدَهُنَّ اَصْبُ اِلَيْهِنَّ وَاَكُنْ مِّنَ الْجٰهِلِيْنَ ﴿٣٣﴾

(33) (યુસુફે) અરજ કરી કે અય મારા પરવરદિગાર! જે (કૃત્ય) તરફ આ સ્ત્રીઓ મને બોલાવે છે તે કરતાં તો કૈદખાનું મને વધુ પ્રિય છે; અને જો તેં તેમના મક્કરથી મને બચાવ્યો નહીં તો હું તેમની જાળમાં ફસાઈ જઈશ; અને (પછી) મારી ગણતરી પણ જાહિલોમાં થઇ જશે.

فَاسْتَجَابَ لَهٗ رَبُّهٗ فَصَرَفَ عَنْهُ كَيْدَهُنَّ ؕ اِنَّهٗ هُوَ السَّمِيْعُ

الْعَلِيْمُ ﴿٣٤﴾

(૩૪) આથી અલ્લાહે યુસુફની દુઆ કબૂલ કરી અને તે સ્ત્રીઓની મક્કારી તેનાથી દૂર કરી દીધી; બેશક તે મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

ثُمَّ بَدَا لَهُمْ مِّنْ بَعْدِ مَا رَاَوُا الْاٰيٰتِ لَيَسْجُنُنَّهٗ حَتّٰى حِيْنٍ ﴿٣٥﴾

(૩૫) પછી તે નિશાનીઓ જોઇ લીધા બાદ પણ તેમને યુસુફને થોડા વખત કેદ કરવાનું યોગ્ય લાગ્યું.

وَدَخَلَ مَعَهُ السِّجْنَ فَتَيٰنِ ؕ قَالَ اَحَدُهُمَآ اِنِّيْٓ اَرٰىنِيْٓ اَعْصِرُ
خَمْرًا ۚ وَقَالَ الْاٰخَرُ اِنِّيْٓ اَرٰىنِيْٓ اَحْمِلُ فَوْقَ رَاْسِيْ خُبْزًا تَاْكُلُ
الطَّيْرُ مِنْهُ ؕ نَبِّئْنَا بِتَاْوِيْلِهٖ ۚ اِنَّا نَرٰىكَ مِنَ الْمُحْسِنِيْنَ ﴿٣٦﴾

(૩૬) અને કેદખાનામાં તેની સાથે સાથે બીજા બે યુવાન (કેદીઓ પણ) દાખલ થયા; તેઓ માંહેના એક (જણે) કહ્યું કે નિઃસંશય મેં (સ્વપ્ન) જોયું છે કે હું દ્રાક્ષને નીચોવી શરાબ બનાવી રહ્યો છું અને બીજાએ કહ્યું કે નિઃસંશય મેં જોયું છે કે હું મારા માથા પર રોટલીઓનો થાળ ઊંચકેલો છું, તેમાંથી પક્ષીઓ ખાય છે; તેની તાબીર તું અમને દેખાડ; બેશક અમે તને સદાચારીઓ માંહેનો જોઇએ છીએ.

قَالَ لَا يَأْتِيْكُمَا طَعَامٌ تُرْزَقٰنِهٖٓ اِلَّا نَبَّاْتُكُمَا بِتَاْوِيْلِهٖ قَبْلَ
اَنْ يَّاْتِيَكُمَا ؕ ذٰلِكُمَا مِمَّا عَلَّمَنِىْ رَبِّىْ ؕ اِنِّىْ تَرَكْتُ مِلَّةَ قَوْمٍ لَّا
يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ كٰفِرُوْنَ ﴿۳۷﴾

(૩૭) (યુસુફે) કહ્યું કે (હવે પછી) જે ખાવાનું (તમને) આપવામાં આવનાર છે તે આવવા પહેલાં હું તમને તેની તાબીર જણાવી દઇશ; તે એ કારણે કે મને મારા પરવરદિગારે (તે વિશેનું) જ્ઞાન અર્પણ કર્યું છે; બેશક મેં તે લોકોનો ધર્મ ત્યાગી દીધો છે કે જેઓ અલ્લાહ પર ઇમાન રાખતા નથી અને કયામતનો પણ તેઓ ઇન્કાર કરનારા છે.

وَاتَّبَعْتُ مِلَّةَ اٰبَآءِیْۤ اِبْرٰهِیْمَ وَاِسْحٰقَ وَیَعْقُوْبَ ؕ مَا كَانَ لَنَاۤ اَنْ نُّشْرِكَ بِاللّٰهِ مِنْ شَیْءٍ ؕ ذٰلِكَ مِنْ فَضْلِ اللّٰهِ عَلَیْنَا وَعَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا یَشْكُرُوْنَ ﴿۳۸﴾

(૩૮) અને મેં મારા બાપદાદા ઇબ્રાહીમ તથા ઇસ્હાક તથા યાકૂબના મઝહબનું અનુકરણ કર્યું છે; અમારૂં એ કાર્ય નથી કે કોઇ વસ્તુને અલ્લાહની શરીક બનાવીએ; આ અમારા પર તથા સર્વે માણસો પર અલ્લાહની કૃપાને લીધેજ છે, પરંતુ ઘણાંખરા લોકો આભાર માનતા નથી.

يٰصَاحِبَيِ السِّجۡنِ ءَ اَرۡبَابٌ مُّتَفَرِّقُوۡنَ خَيۡرٌ اَمِ اللّٰهُ الۡوَاحِدُ الۡقَهَّارُ ﴿۳۹﴾

(૩૯) અય મારા કૈદખાનાના બન્ને સાથીઓ! શું જુદા જુદા પરવરદિગાર સારા છે કે એકજ પરવરદિગાર જે સઘળાઓ પર વર્ચસ્વ ધરાવતો હોય?

مَا تَعْبُدُوْنَ مِنْ دُوْنِهٖۤ اِلَّاۤ اَسْمَآءً سَمَّيْتُمُوْهَاۤ اَنْتُمْ وَاٰبَآؤُكُمْ
مَّاۤ اَنْزَلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطٰنٍ ؕ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ اَمَرَ اَلَّا
تَعْبُدُوْۤا اِلَّاۤ اِيَّاهُ ؕ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا
يَعْلَمُوْنَ ۝٤٠

(૪૦) તેના સિવાય તમે જને જને પૂજો છો તેઓ માત્ર નામોજ છે, જે (નામો) તમોએ તથા તમારા બાપ દાદાઓએ રાખી લીધાં છે, જેમના વિષે અલ્લાહે કાંઇ પ્રમાણપત્ર ઉતાર્યું નથી; મૂળ આજ્ઞા અલ્લાહની જ છે; તેણે હુકમ આપ્યો છે કે તમે તેના સિવાય કોઇની ઇબાદત કરો નહિ; સાચો ધર્મ એજ છે પરંતુ ઘણાખરા લોકો જાણતા નથી.

يٰصَاحِبَيِ السِّجْنِ اَمَّآ اَحَدُكُمَا فَيَسْقِيْ رَبَّهٗ خَمْرًا ۚ وَاَمَّا
الْاٰخَرُ فَيُصْلَبُ فَتَاْكُلُ الطَّيْرُ مِنْ رَّاْسِهٖ ؕ قُضِيَ الْاَمْرُ الَّذِيْ
فِيْهِ تَسْتَفْتِيٰنِ ﴿۴۱﴾

(૪૧) અય મારા કૈદખાનાના બન્ને સાથીઓ ! તમારામાંનો એક તો પોતાના માલિકને શરાબ પીવડાવશે; રહ્યો બીજો તો તેને ફાંસીએ લટકાવવામાં આવશે, પછી તેનું માથું (ભેજુ) પક્ષીઓ (ચાંચો મારી મારીને) ખાશેઃ તે મામલો કે જેના વિશે તમે બન્ને (સ્વપ્નફળ) પૂછતા હતા તે અલ્લાહ તરફથી નક્કી થઇ ચૂક્યો છે.

وَقَالَ لِلَّذِیْ ظَنَّ اَنَّهٗ نَاجٍ مِّنْهُمَا اذْكُرْنِیْ عِنْدَ رَبِّكَ ؗ فَاَنْسٰهُ

الشَّیْطٰنُ ذِكْرَ رَبِّهٖ فَلَبِثَ فِی السِّجْنِ بِضْعَ سِنِیْنَ ؔ۴۲

(૪૨) અને (સાથેજ) તે બન્નેમાંથી જેના છુટી જવાની તે (યુસુફ)ને ખાત્રી હતી તેને તેણે કહ્યું કે તારા માલિકને મારી યાદ દેવરાવજે; પણ શૈતાને તે (સાથી)ને પોતાના માલિકને (યુસુફની હકીકત કહેવાનું) ભૂલાવી દીધું, જેથી તે (યુસુફ) કેટલાક વર્ષો સુધી બંદીખાનામાં પડ્યો રહ્યો.

وَقَالَ الْمَلِكُ اِنِّیْۤ اَرٰی سَبْعَ بَقَرٰتٍ سِمَانٍ یَّاْكُلُهُنَّ سَبْعٌ

عِجَافٌ وَّسَبْعَ سُنْۢبُلٰتٍ خُضْرٍ وَّاُخَرَ یٰبِسٰتٍ ؕ یٰۤاَیُّهَا الْمَلَاُ

اَفْتُوْنِیْ فِیْ رُءْیَایَ اِنْ كُنْتُمْ لِلرُّءْیَا تَعْبُرُوْنَ ؔ۴۳

(૪૩) અને (મિસરના) બાદશાહે કહ્યું કે નિ:સંશય મેં (સ્વપ્નામાં) સાત મોટી તાજી ગાયો જોઈ જેમને સાત દૂબળી પાતળી ગાયો ખાઇ જાય છે; અને સાત લીલાછમ કણસલાં જોયા અને બીજા (સાત) સૂકાં (જે તેમને વીંટળાઇ વળ્યાં છે); અય દરબારના સરદારો! અગર તમે સ્વપ્નફળ આપી શકતા હો તો મારા આ સ્વપ્નાનું સ્વપ્નફળ આપો.

قَالُوْٓا اَضْغَاثُ اَحْلَامٍ ۚ وَمَا نَحْنُ بِتَاْوِيْلِ الْاَحْلَامِ بِعٰلِمِيْنَ ﴿۴۴﴾

(૪૪) તેમણે જવાબ આપ્યો કે આ તો ગૂંચવણ ભરેલા સ્વપ્ના છે, અને અમે (ગૂંચવણ ભરેલા) સ્વપ્નાની તાબીર જાણતા નથી.

وَقَالَ الَّذِیۡ نَجَا مِنۡهُمَا وَادَّکَرَ بَعۡدَ اُمَّةٍ اَنَا اُنَبِّئُکُمۡ بِتَاۡوِیۡلِهٖ
فَاَرۡسِلُوۡنِ ﴿۴۵﴾

(૪૫) અને તે કે જે તે બન્નેમાંથી છુટીને આવ્યો હતો, અને લાંબા કાળ પછી તેણે (યુસુફને) સંભારતા કહ્યું કે હું તમને આ (સ્વપ્ના)ની તાબીર જણાવીશ, માટે મને (કૈદખાનામાં) જવા દો. (રજા મળતાં તે કૈદખાનામાં ગયો અને યુસુફને અરજ કરી કે):

یُوۡسُفُ اَیُّهَا الصِّدِّیۡقُ اَفۡتِنَا فِیۡ سَبۡعِ بَقَرٰتٍ سِمَانٍ یَّاۡکُلُهُنَّ
سَبۡعٌ عِجَافٌ وَّسَبۡعِ سُنۡۢبُلٰتٍ خُضۡرٍ وَّاُخَرَ یٰبِسٰتٍ ۙ لَّعَلِّیۡۤ
اَرۡجِعُ اِلَی النَّاسِ لَعَلَّهُمۡ یَعۡلَمُوۡنَ ﴿۴۶﴾

(૪૬) અય યુસુફ! અય સૌ કરતા વધુ સાચા ! અમને આ (સ્વપ્ના)નું સ્વપ્નફળ આપ કે સાત મોટી તાજી ગાયોને સાત દૂબળી પાતળી ગાયો ખાઇ જાય છે, અને સાત લીલાંછમ કણસલાંને સાત સૂકાં કણસલાં (વીંટળાઇ વળ્યાં છે), જેથી હું લોકો પાસે પાછો જાઉં કે કદાચને તેઓ પણ જાણી લે (કે સ્વપ્નફળ કહેનારા આવા હોય છે).

قَالَ تَزْرَعُوْنَ سَبْعَ سِنِيْنَ دَاَبًا ۚ فَمَا حَصَدْتُّمْ فَذَرُوْهُ فِيْ سُنْۢبُلِهٖٓ اِلَّا قَلِيْلًا مِّمَّا تَاْكُلُوْنَ ﴿٤٧﴾

(૪૭) (યુસુફે) કહ્યું કે તમે સાત વર્ષ સુધી (સતત) ખેતી કરતા રહેશો, પછી જે (ખેતી)ની લણણી કરો

તેને તેનાજ કણસલાંમાં રહેવા દેજો, સિવાય કે જે થોડું તમારા ખાવાના કામમાં આવે.

ثُمَّ يَأْتِي مِنْ بَعْدِ ذٰلِكَ سَبْعٌ شِدَادٌ يَّأْكُلْنَ مَا قَدَّمْتُمْ لَهُنَّ إِلَّا قَلِيلًا مِّمَّا تُحْصِنُوْنَ ﴿٤٨﴾

(૪૮) પછી તે બાદ સાત વર્ષ સખતાઇના (દુકાળના) આવશે એટલે તમોએ આ (વર્ષો) માટે જે કાંઇ પહેલાંથી સંગ્રહી રાખ્યું હશે તે તે ખાઇ જશે, સિવાય કે જે થોડું ઘણું તમોએ બી વગેરે માટે સાચવી રાખ્યું હશે.

ثُمَّ يَأْتِي مِنْ بَعْدِ ذٰلِكَ عَامٌ فِيْهِ يُغَاثُ النَّاسُ وَفِيْهِ يَعْصِرُوْنَ ﴿٤٩﴾

(૪૯) ત્યાર પછી એક એવું વર્ષ આવશે કે જેમાં ખૂબ વૃષ્ટિ થશે અને લોકો આબાદ બની જશે અને (વળી) જેમાં તેઓ (દ્રાક્ષો) નીચોવશે.

وَقَالَ الْمَلِكُ ائْتُوْنِيْ بِهٖ ۚ فَلَمَّا جَآءَهُ الرَّسُوْلُ قَالَ ارْجِعْ اِلٰى
رَبِّكَ فَسْـَٔلْهُ مَا بَالُ النِّسْوَةِ الّٰتِيْ قَطَّعْنَ اَيْدِيَهُنَّ ؕ اِنَّ رَبِّيْ
بِكَيْدِهِنَّ عَلِيْمٌ ﴿۵۰﴾

(૫૦) બાદશાહે (આ સ્વપ્નફળ સાંભળી) હુકમ કર્યો કે (યુસુફ)ને મારી પાસે લઇ આવો. પછી જ્યારે તે (શાહી) કાસીદ (સંદેશાવાહક) તેની પાસે આવ્યો ત્યારે (યુસુફે) કહ્યું કે તું મારા માલિક પાસે પાછો જા ને તેને આ સવાલ કર કે તે સ્ત્રીઓ કે જેમણે

પોત પોતાના હાથ કાપી નાખ્યા હતા તેમની શી વલે થઇ? બેશક મારો પરવરદિગાર તો તેમના મક્કરથી સારી રીતે વાકેફ છે.

قَالَ مَا خَطْبُكُنَّ اِذْ رَاوَدْتُّنَّ يُوْسُفَ عَنْ نَّفْسِهٖ ؕ قُلْنَ حَاشَ لِلّٰهِ مَا عَلِمْنَا عَلَيْهِ مِنْ سُوْٓءٍ ؕ قَالَتِ امْرَاَتُ الْعَزِيْزِ الْـٰٔنَ حَصْحَصَ الْحَقُّ ۫ اَنَا رَاوَدْتُّهٗ عَنْ نَّفْسِهٖ وَاِنَّهٗ لَمِنَ الصّٰدِقِيْنَ ﴿۵۱﴾

(૫૧) (આથી બાદશાહે તે સ્ત્રીઓને બોલાવી અને) પૂછયું કે તમોએ યુસુફને ફોસલાવ્યો ત્યારે તમારી કેવી સ્થિતિ થઇ હતી? તેમણે કહ્યું કે હાશાલિલ્લાહ (અલ્લાહ ખામી રહીત છે), અમોએ તેનામાં કોઇ

અનીતિ દેખી ન હતી. (જેથી) મિસરના અઝીઝની બેગમે ખુલાસો કર્યો કે હવે તો સત્ય ઉઘડીજ ગયું છે; (ખરી વાત આ છે કે) મેં જ તેને ફોસલાવવા ચાહ્યો હતો, અને નિઃસંશય તે સાચું બોલનારાઓ માંહેનો છે.

ذٰلِكَ لِيَعۡلَمَ اَنِّىۡ لَمۡ اَخُنۡهُ بِالۡغَيۡبِ وَاَنَّ اللّٰهَ لَا يَهۡدِىۡ كَيۡدَ الۡخَآٮِٕنِيۡنَ﴿۵۲﴾

(૫૨) (આ વાત યુસુફે જ્યારે બંદીખાનામાં જાણી ત્યારે તેણે કાસીદને કહ્યું કે) આ સાક્ષીઓ એ માટે કે તે (મિસરનો અઝીઝ) જાણી લે કે મેં તેની પીઠ પાછળ તેના હકમાં કાંઇ વિશ્વાસઘાત કર્યો નથી

અને આ કે અલ્લાહ વિશ્વાસઘાત કરનારાઓની મક્કારી ચાલવા દેતો નથી.

وَمَآ اُبَرِّئُ نَفۡسِىۡ ۚ اِنَّ النَّفۡسَ لَاَمَّارَةٌۢ بِالسُّوۡٓءِ اِلَّا مَا رَحِمَ
رَبِّىۡ ؕ اِنَّ رَبِّىۡ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۵۳﴾

(૫૩) અને મારૂં નફસ પણ (બદીથી) પાક (છે એમ) નથી કહેતો (કારણ કે હું પણ મનુષ્ય છું); બેશક દરેક નફસ બદી તરફ દોરવનાર હોય છે સિવાય કે (જેના પર) મારા પરવરદિગારે દયા કરી (માઅસૂમ બનાવ્યો) હોય, બેશક મારો પરવરદિગાર મોટો ક્ષમાવાન (અને) દયાળુ છે.

وَقَالَ الۡمَلِكُ ائۡتُوۡنِىۡ بِهٖۤ اَسۡتَخۡلِصۡهُ لِنَفۡسِىۡ ۚ فَلَمَّا كَلَّمَهٗ قَالَ
اِنَّكَ الۡيَوۡمَ لَدَيۡنَا مَكِيۡنٌ اَمِيۡنٌ ﴿۵۴﴾

(૫૪) અને બાદશાહે આજ્ઞા કરી કે તેને મારી પાસે લઇ આવો, હું તેને (મુક્ત કરી) મારો ખાસ (સલાહકાર) બનાવી રાખીશ. સારાંશ કે જ્યારે તેણે તેની સાથે વાતચીત કરી ત્યારે તેણે કહ્યું કે આજના દિવસથી તું નિઃસંશય અમારે ત્યાં માનવંત અને વિશ્વાસુ થઇ ગયો.

قَالَ اجْعَلْنِيْ عَلٰى خَزَآئِنِ الْاَرْضِ ۚ اِنِّيْ حَفِيْظٌ عَلِيْمٌ ۝٥٥

(૫૫) (યુસુફે) દરખાસ્ત કરી કે આ દેશના સઘળાં ખજાનાઓ પર મને નિયુક્ત કરી દે, નિઃસંશય હું સારી સંભાળ કરનારો અને (હિસાબનો) સારી રીતે જાણનારો છું.

وَكَذٰلِكَ مَكَّنَّا لِيُوْسُفَ فِي الْاَرْضِ ۚ يَتَبَوَّاُ مِنْهَا حَيْثُ
يَشَآءُ ؕ نُصِيْبُ بِرَحْمَتِنَا مَنْ نَّشَآءُ وَلَا نُضِيْعُ اَجْرَ
الْمُحْسِنِيْنَ ﴿۵۶﴾

(૫૬) અને આવી રીતે અમોએ યુસુફને તે દેશમાં સ્થાઇ કર્યો, કે (જેથી) તેમાં જ્યાં (તેનું) મન ચાહે રહે; (ખરેખર) અમે જને ચાહીએ છીએ તેને અમારી દયા પહોંચાડી દઇએ છીએ અને સત્કાર્યો કરનારાઓનો બદલો નિષ્ફળ જવા દેતા નથી.

وَلَاَجْرُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ ﴿۵۷﴾

(૫૭) અને ખરેખર જે લોકો ઇમાન લાવ્યા છે તથા પરહેજગારીથી વર્તે છે તેમના માટે આખેરતનો બદલો બેહતર છે.

وَجَآءَ اِخْوَةُ يُوْسُفَ فَدَخَلُوْا عَلَيْهِ فَعَرَفَهُمْ وَهُمْ لَهٗ مُنْكِرُوْنَ۝٥٨

(૫૮) અને યુસુફના ભાઇઓ (પણ મિસરમાં) આવ્યા અને ખુદ તેની પાસે પહોંચ્યા, પછી યુસુફે તો તેમને પારખી લીધા પણ તેમણે તેને ઓળખ્યો નહિ.

وَلَمَّا جَهَّزَهُمْ بِجَهَازِهِمْ قَالَ ائْتُوْنِيْ بِاَخٍ لَّكُمْ مِّنْ اَبِيْكُمْ ۚ اَلَا تَرَوْنَ اَنِّيْٓ اُوْفِي الْكَيْلَ وَاَنَا خَيْرُ الْمُنْزِلِيْنَ۝٥٩

(૫૯) અને જ્યારે યુસુફે તેમનો (અનાજ વગેરે) સામાન (બંધાવી) ઠીક કરાવ્યો ત્યારે તેણે (પોતાના ભાઇઓને) કહ્યું કે તમારા સાવકા ભાઇ (બીનયામીન)ને પણ (હવે પછી) મારી પાસે લેતા આવજો, શું તમે (આ) નથી દેખતા કે હું કેવું પૂરેપૂરૂં માપ આપું છું, વળી સર્વેથી ઉત્તમ મહેમાન નવાજ છું!

فَإِنْ لَّمْ تَأْتُونِي بِهِ فَلَا كَيْلَ لَكُمْ عِنْدِي وَلَا تَقْرَبُونِ ﴿٦٠﴾

(૬૦) પણ જો તમે તેને મારી પાસે નહિ લાવો તો તમારા માટે મારી પાસે (અનાજનું) કોઇ માપ હશે નહિ, અને મારી પાસે આવશો (પણ) નહિ.

قَالُوا سَنُرَاوِدُ عَنْهُ أَبَاهُ وَإِنَّا لَفَاعِلُونَ ﴿٦١﴾

(૬૧) તેમણે કહ્યું કે અમે તેના સબંધમાં તેના બાપને સમજાવી મનાવીશું અને નિઃસંશય અમે તેમજ કરીશું.

وَقَالَ لِفِتْيٰنِهِ اجْعَلُوْا بِضَاعَتَهُمْ فِيْ رِحَالِهِمْ لَعَلَّهُمْ
يَعْرِفُوْنَهَآ اِذَا انْقَلَبُوْٓا اِلٰٓى اَهْلِهِمْ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ۝٦٢

(૬૨) અને (યુસુફે) પોતાના સેવકોને કહી દીધું કે તેમની મૂળ પૂંજી પણ તેમના કોથળામાં મૂકી દો કે જેથી જ્યારે તેઓ પાછા ફરીને પોતાના કુટુંબીઓમાં જાય ત્યારે તેઓ તે (પોતાની પૂંજી)ને ઓળખી કાઢે (અને) કદાચને (લોભાઇ જઇ) પાછા ફરીને આવે.

فَلَمَّا رَجَعُوْٓا اِلٰٓى اَبِيْهِمْ قَالُوْا يٰٓاَبَانَا مُنِعَ مِنَّا الْكَيْلُ فَاَرْسِلْ
مَعَنَآ اَخَانَا نَكْتَلْ وَاِنَّا لَهٗ لَحٰفِظُوْنَ ﴿٦٣﴾

(૬૩) પછી જ્યારે તેઓ તેમના બાપ પાસે પાછા આવ્યા ત્યારે કહેવા લાગ્યા અય અમારા પિતા! (હવે પછી) અમને (અમારા અનાજના માપ) આપવાની ના પાડવામાં આવી છે. માટે અમારા ભાઇ (બીનયામીન) ને અમારી સાથે મોકલ કે જેથી અમને (અમારા) માપ મળે, અને નિ:સંશય અમે તેના રક્ષક રહીશુંજ.

قَالَ هَلْ اٰمَنُكُمْ عَلَيْهِ اِلَّا كَمَآ اَمِنْتُكُمْ عَلٰٓى اَخِيْهِ مِنْ
قَبْلُ ؕ فَاللّٰهُ خَيْرٌ حٰفِظًا ۪ وَّهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿٦٤﴾

(૬૪) (યાકૂબે) ફરમાવ્યું કે શું હું તેના સબંધમાં પણ તમારો એવોજ વિશ્વાસ કરૂં કે જેવો આ પહેલાં તેના ભાઇ (યુસુફ) સબંધી કર્યો હતો ? પણ સૌથી સારો રક્ષક તો અલ્લાહજ છે, અને એજ ઉત્તમ રહેમ કરનારો છે.

وَلَمَّا فَتَحُوْا مَتَاعَهُمْ وَجَدُوْا بِضَاعَتَهُمْ رُدَّتْ اِلَيْهِمْ ؕ قَالُوْا يٰٓاَبَانَا مَا نَبْغِيْ ؕ هٰذِهٖ بِضَاعَتُنَا رُدَّتْ اِلَيْنَا ۚ وَنَمِيْرُ اَهْلَنَا وَنَحْفَظُ اَخَانَا وَنَزْدَادُ كَيْلَ بَعِيْرٍ ؕ ذٰلِكَ كَيْلٌ يَّسِيْرٌ ﴿٦٥﴾

(૬૫) અને જ્યારે તેમણે પોતાનો સામાન ઉઘાડ્યો ત્યારે તેમણે પોતાની પૂંજી તેમને પાછી મળેલી જોઈ, કહેવા લાગ્યા કે અય અમારા બાપ! અમને

બીજું શું જોઇએ આ અમારી પૂંજી પણ અમને પાછી આપવામાં આવી છે. અને અમે (તેના બદલામાં) અમારા કુટુંબ માટે (બીજું)અનાજ લઇ આવીશું અને અમારા ભાઇ (બીનયામીન)નું રક્ષણ કરીશું, અને (જો તું તેને અમારી સાથે મોકલશે તો તેના ભાગનો) એક ઊંટનો બોજો વધારે લાવીશું; આ (અનાજનું માપ કે જે અમે લાવ્યા છીએ તે) ઘણું થોડું છે.

قَالَ لَنۡ اُرۡسِلَهٗ مَعَكُمۡ حَتّٰى تُؤۡتُوۡنِ مَوۡثِقًا مِّنَ اللّٰهِ لَتَاۡتُنَّنِىۡ بِهٖۤ اِلَّاۤ اَنۡ يُّحَاطَ بِكُمۡ‌ ۚ فَلَمَّاۤ اٰتَوۡهُ مَوۡثِقَهُمۡ قَالَ اللّٰهُ عَلٰى مَا نَقُوۡلُ وَكِيۡلٌ ﴿۶۶﴾

(૬૬) (યાકૂબે) કહ્યું કે હું તેને તમારી સાથે હરગિજ
નહિ મોકલું જ્યાં સુધી તમે અલ્લાહના સોગંદ
ખાઇ મને પાકું વચન નહિ આપો કે તેને ખરેખર
મારી પાસે પાછો લઇ આવશો, સિવાય એવી
સ્થિતિમાં કે તમે સર્વે સપડાઈ જાઓ. પછી જ્યારે
તેઓએ તે (યાકૂબ)ને પોતાનું પાકું વચન આપ્યું
ત્યારે (યાકૂબે) કહ્યું કે જે કાંઇ આપણે કહીએ છીએ
તેનો અલ્લાહ સાક્ષી છે.

وَقَالَ يٰبَنِيَّ لَا تَدْخُلُوْا مِنْۢ بَابٍ وَّاحِدٍ وَّادْخُلُوْا مِنْ اَبْوَابٍ
مُّتَفَرِّقَةٍ ؕ وَمَآ اُغْنِيْ عَنْكُمْ مِّنَ اللّٰهِ مِنْ شَيْءٍ ؕ اِنِ الْحُكْمُ اِلَّا
لِلّٰهِ ؕ عَلَيْهِ تَوَكَّلْتُ ۚ وَعَلَيْهِ فَلْيَتَوَكَّلِ الْمُتَوَكِّلُوْنَ ﴿٦٧﴾

(૬૭) અને કહ્યું કે અય મારા પુત્રો ! (તે શહેરમાં) એકજ દરવાજાથી દાખલ ન થતાં જુદા જુદા દરવાજાઓથી દાખલ થજો; હું તમને અલ્લાહ (ના ઇરાદા)થી તો બચાવી શકતો નથી; હુકમ માત્ર અલ્લાહનો જ ચાલે છે; તેના ઉપરજ મારો ભરોસો છે, અને સર્વે ભરોસો કરનારાઓએ તેના ઉપરજ ભરોસો કરવો જોઇએ.

وَلَمَّا دَخَلُوْا مِنْ حَيْثُ اَمَرَهُمْ اَبُوْهُمْ ۗ مَا كَانَ يُغْنِيْ عَنْهُمْ
مِّنَ اللّٰهِ مِنْ شَيْءٍ اِلَّا حَاجَةً فِيْ نَفْسِ يَعْقُوْبَ قَضٰىهَا ۗ وَاِنَّهٗ
لَذُوْ عِلْمٍ لِّمَا عَلَّمْنٰهُ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ۟﴿٦٨﴾

(૬૮) અને જ્યારે તેઓ (શહેરમાં) તેમના બાપે કરેલા હુકમ મુજબ દાખલ થયા ત્યારે આ (સૂચના) અલ્લાહ આગળ તેમને કાંઇ કામમાં આવી નહિ, પરંતુ આ (માત્ર) યાકૂબના અંતઃકરણની એક ઇચ્છા હતી કે જે તેણે પૂર્ણ કરી; અને બેશક તે જ્ઞાન ધરાવનારો હતો કેમકે અમોએ તેને જ્ઞાન આપ્યું હતું, તથાપિ ઘણાખરા લોકો (એ ભેદ) જાણતા નથી.

وَلَمَّا دَخَلُوْا عَلٰى يُوْسُفَ اٰوٰٓى اِلَيْهِ اَخَاهُ قَالَ اِنِّيْٓ اَنَا اَخُوْكَ
فَلَا تَبْتَئِسْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٦٩﴾

(૬૯) અને જ્યારે તેઓ યુસુફ પાસે પહોંચ્યા ત્યારે તેણે પોતાના (સગા) ભાઇ (બીનયામીન)ને

પોતાની પડખે સ્થાન આપ્યું, અને (ધીમેથી) કહી દીધું કે નિઃસંશય હું તારો (સગો) ભાઇ (યુસુફ) છું, જેથી તેઓ જે (ખરાબ વર્તન) ચલાવતા આવ્યા છે તેનો હવે તું અફસોસ કર નહિ.

فَلَمَّا جَهَّزَهُمْ بِجَهَازِهِمْ جَعَلَ السِّقَايَةَ فِيْ رَحْلِ اَخِيْهِ ثُمَّ
اَذَّنَ مُؤَذِّنٌ اَيَّتُهَا الْعِيْرُ اِنَّكُمْ لَسٰرِقُوْنَ ۝٧٠

(૭૦) પછી જ્યારે તેણે તેમનો સામાન તૈયાર કરાવ્યો ત્યારે (પોતાનું) પાણી પીવાનું વાસણ પોતાના (સગા) ભાઇના કોથળામાં મૂકાવી દીધું, પછી (જ્યારે સઘળા ભાઇઓ સ્વદેશ જવાને રવાના થવા લાગ્યા ત્યારે) એક પોકારનારાએ

પોકાર કર્યો કે અય કાફલાવાળાઓ! નિઃસંશય તમે (લોકો) ચોર છો.

قَالُوْا وَاَقْبَلُوْا عَلَيْهِمْ مَّاذَا تَفْقِدُوْنَ ﴿٧١﴾

(૭૧) તેમણે તેની તરફ ફરીને કહ્યું (ભલા!) તમારી કઇ વસ્તુ ખોવાઇ ગઇ છે?

قَالُوْا نَفْقِدُ صُوَاعَ الْمَلِكِ وَلِمَنْ جَآءَ بِهٖ حِمْلُ بَعِيْرٍ وَّاَنَا بِهٖ

زَعِيْمٌ ﴿٧٢﴾

(૭૨) તેમણે કહ્યું કે બાદશાહનો (પાણી) પીવાનો પ્યાલો અમને જડતો નથી, અને (તેથી) જે તેને (શોધી) લાવશે તેને એક ઊંટનો બોજો (ઇનામ) મળશે અને તેનો હું જામીન છું.

قَالُوْا تَاللّٰهِ لَقَدْ عَلِمْتُمْ مَّا جِئْنَا لِنُفْسِدَ فِي الْاَرْضِ وَمَا كُنَّا سٰرِقِيْنَ ﴿٧٣﴾

(૭૩) તેમણે કહ્યું કે અલ્લાહની કસમ ! તમે ખાત્રીથી જાણો છો કે અમે આ દેશમાં કોઇ અપકૃત્ય કરવાને નથી આવ્યા, અને (વળી) ન અમે ચોર છીએ.

قَالُوْا فَمَا جَزَآؤُهٗۤ اِنْ كُنْتُمْ كٰذِبِيْنَ ﴿٧٤﴾

(૭૪) તેમણે કહ્યું કે અગર તમે જૂઠા ઠરો તો તેની શી સજા થવી જોઇએ?

قَالُوْا جَزَآؤُهٗ مَنْ وُّجِدَ فِيْ رَحْلِهٖ فَهُوَ جَزَآؤُهٗ ؕ كَذٰلِكَ نَجْزِي الظّٰلِمِيْنَ ﴿٧٥﴾

(૭૫) તેમણે કહ્યું કે જેના સામાનમાંથી તે (પ્યાલો) મળી આવે તેની સજામાં તે શખ્સ પોતે તેનો બદલો (ગુલામ) બને; અમે તો અન્યાય (ચોરી) કરનારાઓને એવી રીતે સજા કરીએ છીએ.

فَبَدَاَ بِاَوۡعِيَتِهِمۡ قَبۡلَ وِعَآءِ اَخِيۡهِ ثُمَّ اسۡتَخۡرَجَهَا مِنۡ وِّعَآءِ
اَخِيۡهِ‌ ؕ كَذٰلِكَ كِدۡنَا لِيُوۡسُفَ‌ ؕ مَا كَانَ لِيَاۡخُذَ اَخَاهُ فِىۡ دِيۡنِ
الۡمَلِكِ اِلَّاۤ اَنۡ يَّشَآءَ اللّٰهُ‌ ؕ نَرۡفَعُ دَرَجٰتٍ مَّنۡ نَّشَآءُ‌ ؕ وَفَوۡقَ كُلِّ
ذِىۡ عِلۡمٍ عَلِيۡمٌ ﴿۷۶﴾

(૭૬) પછી તે (ઝડતી લેનારે) તેના સગા ભાઇના કોથળા તપાસવા પહેલાં તેના (ઓરમાન) ભાઇઓના કોથળા (તપાસવા) શરૂ કર્યા, (છેવટે) તે

(યુસુફ)ના સગા ભાઇના કોથળામાંથી તે (વાસણ) કાઢ્યું. આવી રીતે અમોએ યુસુફના માટે (તેના ભાઇને રોકી લેવાની) યુક્તિ કરી; (કારણ કે) તે બાદશાહના કાનૂન મુજબ પોતાના ભાઇને (સીધી રીતે) લઇ શકતો ન હતો પણ અલ્લાહની મરજી મુજબ તેણે તેમ કર્યું; અમે ચાહીએ છીએ તેના દરજ્જા વધારી દઇએ છીએ; અને દરેક જ્ઞાન ધરાવનાર કરતાં બીજો એક ચઢીયાતો જ્ઞાની હોય છે.

قَالُوْٓا اِنْ يَّسْرِقْ فَقَدْ سَرَقَ اَخٌ لَّهٗ مِنْ قَبْلُ ۚ فَاَسَرَّهَا يُوْسُفُ
فِيْ نَفْسِهٖ وَلَمْ يُبْدِهَا لَهُمْ ۚ قَالَ اَنْتُمْ شَرٌّ مَّكَانًا ۚ وَاللّٰهُ
اَعْلَمُ بِمَا تَصِفُوْنَ۝۷۷

(૭૭) તેમણે કહ્યું કે જો તેણે ચોરી કરી હોય તો (તેમાં કાંઇ આશ્ચર્ય નથી કેમકે) તેના (સગા) ભાઇ (યુસુફ)એ પણ અગાઉ ચોરી કરી હતી; પરંતુ યુસુફે તે (વેણ) પોતાના મનમાં રાખ્યું અને તે તેમના પર જાહેર કર્યું નહિ. (અને મનમાંજ) કહ્યું કે તમે ઘણી જ ખરાબ સ્થિતિના લોકો છો અને તમે જે હકીકત કહો છો તેનાથી અલ્લાહ સારી રીતે વાકેફ છે.

قَالُوۡا يٰۤاَيُّهَا الۡعَزِيۡزُ اِنَّ لَهٗۤ اَبًا شَيۡخًا كَبِيۡرًا فَخُذۡ اَحَدَنَا مَكَانَهٗ ۚ
اِنَّا نَرٰٮكَ مِنَ الۡمُحۡسِنِيۡنَ ۝٧٨

(૭૮) તેઓએ અરજ કરી કે અય અઝીઝ! નિ:સંશય તેનો બાપ ઘણોજ ઘરડો છે માટે તેના બદલામાં અમારામાંથી (કોઇ) એકને લઇ લે, બેશક અમે તને પરોપકારીઓ માંહેનો દેખીએ છીએ.

قَالَ مَعَاذَ اللّٰهِ اَنۡ نَّاۡخُذَ اِلَّا مَنۡ وَّجَدۡنَا مَتَاعَنَا عِنۡدَهٗۤ ۙ اِنَّاۤ اِذًا
لَّظٰلِمُوۡنَ ۝٧٩

(૭૯) (યુસુફે) કહ્યું અલ્લાહ એ (વાત)થી બચાવે કે જેની પાસેથી અમોએ અમારો માલ મેળવ્યો હોય

તેના સિવાય અમે કોઇ બીજાને લઇ લઇએ, એવી રીતે તો અમે પણ નિઃસંશય અન્યાયી ઠરીએ.

فَلَمَّا اسْتَيْـَٔسُوْا مِنْهُ خَلَصُوْا نَجِيًّا ۭ قَالَ كَبِيْرُهُمْ اَلَمْ تَعْلَمُوْٓا اَنَّ اَبَاكُمْ قَدْ اَخَذَ عَلَيْكُمْ مَّوْثِقًا مِّنَ اللّٰهِ وَمِنْ قَبْلُ مَا فَرَّطْتُّمْ فِيْ يُوْسُفَ ۚ فَلَنْ اَبْرَحَ الْاَرْضَ حَتّٰى يَاْذَنَ لِيْٓ اَبِيْٓ اَوْ يَحْكُمَ اللّٰهُ لِيْ ۚ وَهُوَ خَيْرُ الْحٰكِمِيْنَ ۝80

(૮૦) પછી જ્યારે તેઓ તેના તરફથી નિરાશ થયા ત્યારે સલાહ કરવાને એકાંતમાં જઇ બેઠા. (જ્યાં) તેઓ માંહેના મોટા (ભાઇ)એ કહ્યું કે શું તમે નથી જાણતા કે તમારા બાપે તમારી પાસેથી અલ્લાહની જામીનગીરી લીધી છે ? અને (વળી આ) પહેલાં

તમે યુસુફના સબંધમાં કાંઇ જેવો તેવો કસુર કર્યો નથી; માટે હું તો આ દેશમાંથી (ત્યાં સુધી પાછો) નહિ જાઉં જ્યાં સુધી કે મારા પિતા મને રજા ન આપે અથવા મારા સબંધમાં અલ્લાહ કાંઇ નિર્ણય ન કરે, અને તેજ ઉત્તમ નિર્ણય કરનારો છે.

اِرْجِعُوْٓا اِلٰٓى اَبِيْكُمْ فَقُوْلُوْا يٰٓاَبَانَآ اِنَّ ابْنَكَ سَرَقَ ۚ وَمَا
شَهِدْنَآ اِلَّا بِمَا عَلِمْنَا وَمَا كُنَّا لِلْغَيْبِ حٰفِظِيْنَ ﴿٨١﴾

(૮૧) તમે સઘળા તમારા બાપની સેવામાં પાછા જાઓ અને (અરજ કરી) કહો કે અય અમારા પિતા! તારા બેટાએ બેશક ચોરી કરી, અને અમે જે કાંઇ જાણીએ છીએ તેટલા પૂરતીજ સાક્ષી આપીએ

છીએ, જો કે અદ્રશ્ય વાતની તો સંભાળ અમે રાખી શક્યા ન હતા.

وَسۡـَٔلِ الۡقَرۡيَةَ الَّتِىۡ كُنَّا فِيۡهَا وَالۡعِيۡرَ الَّتِىۡۤ اَقۡبَلۡنَا فِيۡهَا‌ ؕ وَاِنَّا لَصٰدِقُوۡنَ ﴿۸۲﴾

(૮૨) તું તે વસ્તીવાળાઓને કે જેમાં અમે હતા પૂછી જો અને તે કાફલાવાળાઓને પણ પૂછી જો કે જેમાં અમે આવ્યા છીએ; અને નિઃસંશય અમે સાચાજ છીએ.

قَالَ بَلۡ سَوَّلَتۡ لَـكُمۡ اَنۡفُسُكُمۡ اَمۡرًا‌ ؕ فَصَبۡرٌ جَمِيۡلٌ‌ ؕ عَسَى اللّٰهُ اَنۡ يَّاۡتِيَنِىۡ بِهِمۡ جَمِيۡعًا‌ ؕ اِنَّهٗ هُوَ الۡعَلِيۡمُ الۡحَكِيۡمُ ﴿۸۳﴾

(૮૩) (યાકૂબે) ફરમાવ્યું (એમ તો નથીજ) પણ તમારા અંતઃકરણોએ તમને એક વાત ઉપજાવી કાઢવાને સહેલાઇથી સૂઝવ્યું છે; પણ ધીરજ (ધરવી) ઉત્તમ છે; આશા છે કે અલ્લાહ તે સર્વેને મારી પાસે પહોંચાડી દેશે; નિઃસંશય તે સર્વજ્ઞ અને હિકમતવાળો છે.

وَتَوَلّٰى عَنۡهُمۡ وَقَالَ يٰۤاَسَفٰى عَلٰى يُوۡسُفَ وَابۡيَضَّتۡ عَيۡنٰهُ مِنَ الۡحُزۡنِ فَهُوَ كَظِيۡمٌ ﴿۸۴﴾

(૮૪) અને (પછી) તેમની તરફથી મોંઢું ફેરવી લીધું અને બોલી ઉઠ્યા હાય યુસુફ ! અને ગમના કારણે તેની બન્ને આંખો સફેદ પુણી જેવી થઇ ગઇ હતી, અને તે ગમને સહન કરનારો હતો.

قَالُوْا تَاللّٰهِ تَفْتَؤُا تَذْكُرُ يُوْسُفَ حَتّٰى تَكُوْنَ حَرَضًا اَوْ تَكُوْنَ مِنَ الْهٰلِكِيْنَ ﴿٨٥﴾

(૮૫) તેમણે કહ્યું અલ્લાહની કસમ ! તું હંમેશા યુસુફની યાદમાંજ પડ્યો રહીશ, અહીં સુધી કે સખ્ત માંદો થઇ જઇશ અથવા મરી જઇશ.

قَالَ اِنَّمَآ اَشْكُوْا بَثِّيْ وَحُزْنِيْٓ اِلَى اللّٰهِ وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿٨٦﴾

(૮૬) તેણે કહ્યું, હું મારી પરેશાની અને દુ:ખની શિકાયત અલ્લાહથી જ કરૂં છું અને અલ્લાહ તરફથી જે કાંઇ જાણું છું તે જે તમે જાણતા નથી.

يٰبَنِيَّ اذْهَبُوْا فَتَحَسَّسُوْا مِنْ يُّوْسُفَ وَاَخِيْهِ وَلَا تَايْـَٔسُوْا مِنْ
رَّوْحِ اللّٰهِ ؕ اِنَّهٗ لَا يَايْـَٔسُ مِنْ رَّوْحِ اللّٰهِ اِلَّا الْقَوْمُ
الْكٰفِرُوْنَ ﴿۸۷﴾

(૮૭) અય મારા પુત્રો! જાઓ અને યુસુફ તથા તેના ભાઇની શોધ કરો અને અલ્લાહની રહેમતથી નિરાશ ન થાઓ; બેશક અલ્લાહની રહેમતથી નાસ્તિકો સિવાય કોઇ નિરાશ થતું નથી.

فَلَمَّا دَخَلُوْا عَلَيْهِ قَالُوْا يٰۤاَيُّهَا الْعَزِيْزُ مَسَّنَا وَاَهْلَنَا الضُّرُّ
وَجِئْنَا بِبِضَاعَةٍ مُّزْجٰىةٍ فَاَوْفِ لَنَا الْكَيْلَ وَتَصَدَّقْ
عَلَيْنَا ؕ اِنَّ اللّٰهَ يَجْزِى الْمُتَصَدِّقِيْنَ ﴿۸۸﴾

(૮૮) પછી જ્યારે તેઓ સર્વે તે (યુસુફ)ની પાસે આવ્યા ત્યારે કહેવા લાગ્યા કે અય અઝીઝ ! અમને તથા અમારા કુટુંબને (દુકાળના કારણે) સખત આઘાત પહોંચ્યો છે, અને જે પૂંજી અમે લાવ્યા છીએ તે નજીવી છે તો પણ દાન સમજીને અમને પૂરેપૂરૂં માપ આપ; નિઃસંશય અલ્લાહ દાન કરનારાઓને નેક બદલો આપે છે.

قَالَ هَلْ عَلِمْتُمْ مَّا فَعَلْتُمْ بِيُوْسُفَ وَاَخِيْهِ اِذْ اَنْتُمْ جٰهِلُوْنَ ﴿٨٩﴾

(૮૯) તેણે કહ્યું શું તમે જાણો પણ છો કે તમોએ યુસુફ અને તેના ભાઇ સાથે કેવી (ખરાબ) વર્તણુંક કરી હતી. જ્યારે કે તમે અજ્ઞાનતામાં હતા?

قَالُوْٓا ءَاِنَّكَ لَاَنْتَ يُوْسُفُ ؕ قَالَ اَنَا يُوْسُفُ وَهٰذَآ اَخِيْ ؗ قَدْ
مَنَّ اللّٰهُ عَلَيْنَا ؕ اِنَّهٗ مَنْ يَّتَّقِ وَيَصْبِرْ فَاِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ
الْمُحْسِنِيْنَ ﴿٩٠﴾

(૯૦) (આ સાંભળી તેઓ સઘળા ચોંકી પડયા અને પછી) બોલ્યા શું ખરેખર તુંજ યુસુફ છે? કહ્યું, હા, હુંજ યુસુફ છું, અને આ મારો ભાઇ છે; ખરેજ અમારા પર અલ્લાહે (મોટો) ઉપકાર કર્યો છે; બેશક જે કોઇ પરહેજગાર છે તથા ધીરજ ધરે છે તો નિ:સંશય અલ્લાહ નેક કાર્યો કરનારાઓનો બદલો નકામો જવા દેતો નથી.

قَالُوْا تَاللّٰهِ لَقَدْ اٰثَرَكَ اللّٰهُ عَلَيْنَا وَاِنْ كُنَّا لَخٰطِئِيْنَ ﴿٩١﴾

(૯૧) કહેવા લાગ્યા અલ્લાહની કસમ! અલ્લાહે તને અમારા પર ખરેખર બુઝુર્ગી અર્પણ કરી છે અને અમે ખરેજ અપરાધી હતા.

قَالَ لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ ۖ يَغْفِرُ اللّٰهُ لَكُمْ ۡ وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ﴿٩٢﴾

(૯૨) (યુસુફે) કહ્યું હવે તમારા પર કોઇ દોષ નથી; (મેં તમારા ગુનાહો માફ કરી દીધા છે) અલ્લાહ (પણ) તમને માફ કરે, અને તે ઉત્તમ રહેમ કરનારો છે.

اِذْهَبُوْا بِقَمِيْصِىْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِىْ يَاْتِ بَصِيْرًا ۚ وَاْتُوْنِىْ بِاَهْلِكُمْ اَجْمَعِيْنَ ﴿٩٣﴾

(૯૩) લ્યો મારૂં આ પહેરણ લઇ જાઓ અને તે મારા બાપના મોંઢા પર નાખી દેજો જેથી તે દેખતો થઇ જશે, અને (પછી) તમારા સઘળા કુટુંબને મારી પાસે લઇ આવજો.

وَلَمَّا فَصَلَتِ الْعِيْرُ قَالَ اَبُوْهُمْ اِنِّيْ لَاَجِدُ رِيْحَ يُوْسُفَ لَوْلَآ اَنْ تُفَنِّدُوْنِ ﴿٩٤﴾

(૯૪) અને જે વેળા આ કાફલો (મિસરથી) રવાના થયો ત્યારે તેમના બાપે (લોકોને) કહ્યું કે જો તમે મને ઘરડા (મૂર્ખ)માં ગણી ન કાઢો તો (જાણી લો કે) નિઃસંશય મને યુસુફની સુગંધ આવે છે.

قَالُوْا تَاللّٰهِ اِنَّكَ لَفِيْ ضَلٰلِكَ الْقَدِيْمِ ﴿٩٥﴾

(૯૫) તેઓ કહેવા લાગ્યા અલ્લાહની કસમ! બેશક તું તો તારી પુરાણી ગુમરાહીમાં છે.

فَلَمَّآ اَنۡ جَآءَ الۡبَشِيۡرُ اَلۡقٰىهُ عَلٰى وَجۡهِهٖ فَارۡتَدَّ بَصِيۡرًا ‌ ۚ قَالَ
اَلَمۡ اَقُلْ لَّـكُمۡ ۚ ‌ۙ اِنِّىۡۤ اَعۡلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعۡلَمُوۡنَ‏ ﴿۹۶﴾

(૯૬) પછી જ્યારે ખુશખબર લાવનાર આવ્યો અને તેણે તે (પહેરણ) તેના મોંઢા પર નાખ્યું તો તરતજ તે દેખતો થઇ ગયો; (અને) કહેવા લાગ્યો કે હું કહેતો ન હતો કે નિ:સંશય હું અલ્લાહના તરફથી જે કાંઇ જાણું છુ કે તમે નથી જાણતા.

قَالُوۡا يٰۤاَبَانَا اسۡتَغۡفِرۡ لَنَا ذُنُوۡبَنَاۤ اِنَّا كُنَّا خٰطِـِٕيۡنَ‏ ﴿۹۷﴾

(૯૭) (પુત્રો) કહેવા લાગ્યા કે અય અમારા પિતા! અમારા અપરાધોની ક્ષમા માંગ; નિઃસંશય અમે અપરાધી હતા.

قَالَ سَوۡفَ اَسۡتَغۡفِرُ لَكُمۡ رَبِّىۡ‌ ؕ اِنَّهٗ هُوَ الۡغَفُوۡرُ الرَّحِيۡمُ ﴿۹۸﴾

(૯૮) તેણે કહ્યું હું મારા પરવરદિગાર પાસે તમારા (ગુનાહોની) ક્ષમા માંગીશ; બેશક તે મોટો માફ કરનાર (અને) દયાવાન છે.

فَلَمَّا دَخَلُوۡا عَلٰى يُوۡسُفَ اٰوٰٓى اِلَيۡهِ اَبَوَيۡهِ وَقَالَ ادۡخُلُوۡا مِصۡرَ

اِنۡ شَآءَ اللّٰهُ اٰمِنِيۡنَ ؕ ﴿۹۹﴾

(૯૯) પછી જ્યારે સઘળા યુસુફ પાસે પહોંચ્યા ત્યારે તેણે પોતાના માં-બાપને પોતાની પાસે

સ્થાન આપ્યું અને કહ્યું, મિસરમાં દાખલ થાઓ, અલ્લાહ ચાહશે તો તમે સહીસલામત (સુખ ચેનમાં) રહેશો.

وَرَفَعَ اَبَوَيْهِ عَلَى الْعَرْشِ وَخَرُّوْا لَهٗ سُجَّدًا ۚ وَقَالَ يٰۤاَبَتِ هٰذَا
تَاْوِيْلُ رُءْيَايَ مِنْ قَبْلُ ۫ قَدْ جَعَلَهَا رَبِّيْ حَقًّا ۭ وَقَدْ اَحْسَنَ بِيْٓ
اِذْ اَخْرَجَنِيْ مِنَ السِّجْنِ وَجَاۗءَ بِكُمْ مِّنَ الْبَدْوِ مِنْۢ بَعْدِ اَنْ
نَّزَغَ الشَّيْطٰنُ بَيْنِيْ وَبَيْنَ اِخْوَتِيْ ۭ اِنَّ رَبِّيْ لَطِيْفٌ لِّمَا يَشَاۗءُ ۭ
اِنَّهٗ هُوَ الْعَلِيْمُ الْحَكِيْمُ ﴿١٠٠﴾

(૧૦૦) અને પોતાના માતા પિતાને સિંહાસન ઉપર ઊંચકી બેસાડ્યા અને તેઓએ તે (ની સામે) સિજદો કર્યો; અને (યુસુફે) કહ્યું કે અય મારા બાપ!

આ મારા આગલા સ્વપ્નાની તાબીર છે; મારા પરવરદિગારે ખરેજ તે સાચું કરી દેખાડ્યું છે; અને તેણે મારી સાથે ખરેખર (મોટો) ઉપકાર કર્યો જ્યારે કે તેણે મને કૈદખાનામાંથી છોડાવ્યો અને એ પછી કે શૈતાને મારી અને મારા ભાઇઓની વચ્ચે ખટરાગ નાખી દીધો હતો ત્યારે તમો સર્વેને જંગલમાંથી લાવી (મને) મેળવ્યા, (વાસ્તવિક્તા એ છે કે મારો અલ્લાહ અનુભવી ન શકાય તેવી યુક્તિઓ વડે પોતાનો ઈરાદાને સરળ બનાવી દે છે તેના માટે અતિ પ્રેમાળ હોય છે;) નિઃસંશય તે સર્વજ્ઞ (અને) હિકમતવાળો છે.

رَبِّ قَدۡ اٰتَيۡتَنِىۡ مِنَ الۡمُلۡكِ وَعَلَّمۡتَنِىۡ مِنۡ تَاۡوِيۡلِ
الۡاَحَادِيۡثِۚ فَاطِرَ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ قف اَنۡتَ وَلِىّٖ فِى الدُّنۡيَا
وَالۡاٰخِرَةِۚ تَوَفَّنِىۡ مُسۡلِمًا وَّاَلۡحِقۡنِىۡ بِالصّٰلِحِيۡنَ ﴿۱۰۱﴾

(૧૦૧) અય મારા પરવરદિગાર ! તેં મને (તારી) હુકૂમતમાંથી ભાગ આપ્યો અને મને સ્વપ્નફળનું કેટલુંક જ્ઞાન શીખવ્યું; અય આકાશો તથા જમીનના સર્જનહાર ! તુંજ દુનિયા અને આખેરતમાં મારો વાલી છે; મારો અંત ફરમાબરદારીની સ્થિતિમાં લાવજે અને મને સદાચારી બંદાઓમાં મેળવી દે જે.

ذٰلِكَ مِنۡ اَنۡۢبَآءِ الۡغَيۡبِ نُوۡحِيۡهِ اِلَيۡكَ‌ ۚ وَمَا كُنۡتَ لَدَيۡهِمۡ اِذۡ
اَجۡمَعُوۡۤا اَمۡرَهُمۡ وَهُمۡ يَمۡكُرُوۡنَ‏ ﴿۱۰۲﴾

(૧૦૨) (અય રસૂલ!) ગૈબની ખબરોમાંથી આ પણ એક (ખબર) છે જે અમે તને વહી દ્વારા જણાવીએ છીએ, અને જે વખતે તેઓ (યુસુફના ભાઇઓ) પોતાના મામલામાં એકમત થઇ ગયા હતા અને ચાલબાજી ચાલતા હતા ત્યારે તું તેમની પાસે ન હતો.

وَمَاۤ اَكۡثَرُ النَّاسِ وَلَوۡ حَرَصۡتَ بِمُؤۡمِنِيۡنَ‏ ﴿۱۰۳﴾

(૧૦૩) અને તું ગમે તેટલું ચાહે તો પણ ઘણાંખરા લોકો (આ વર્ણન)ને માનનારા નથી.

وَمَا تَسۡـَٔلُهُمۡ عَلَيۡهِ مِنۡ اَجۡرٍ ؕ اِنۡ هُوَ اِلَّا ذِكۡرٌ لِّلۡعٰلَمِيۡنَ ۝١٠٤

(૧૦૪) અને તું રિસાલતના પ્રચાર કાજે કાંઇ બદલો માંગતો નથી; આ (કુરઆન) તે સર્વે દુનિયાવાળાઓ માટે એક નસીહત માત્ર છે.

وَكَاَيِّنۡ مِّنۡ اٰيَةٍ فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ يَمُرُّوۡنَ عَلَيۡهَا وَهُمۡ

عَنۡهَا مُعۡرِضُوۡنَ ۝١٠٥

(૧૦૫) અને આકાશો તથા પૃથ્વીમાં ઘણીયે નિશાનીઓ છે કે જેની પાસેથી તેઓ (રાત દિવસ) પસાર થતા રહે છે, અને (છતાં) તેનાથી બેદરકાર રહે છે.

وَمَا يُؤۡمِنُ اَكۡثَرُهُمۡ بِاللّٰهِ اِلَّا وَهُمۡ مُّشۡرِكُوۡنَ ۝١٠٦

(૧૦૬) અને તેઓમાંથી ઘણાખરા અલ્લાહની સાથે બીજાઓને શરીક કર્યા વિના તેને માનતા નથી.

اَفَاَمِنُوْٓا اَنْ تَاْتِيَهُمْ غَاشِيَةٌ مِّنْ عَذَابِ اللّٰهِ اَوْ تَاْتِيَهُمُ

السَّاعَةُ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿١٠٧﴾

(૧૦૭) તો શું તેઓ આ (વાત)થી નિર્ભય થઇ ગયા છે કે તેમના ઉપર અલ્લાહની કોઈ આફત તેમને ઝડપી નહીં લે અથવા અચાનક કયામત તેમની ઉપર આવી પડે અને તેઓને જાણ પણ થવા ન પામે.

قُلْ هٰذِهٖ سَبِيْلِيْٓ اَدْعُوْٓا اِلَى اللّٰهِ ۣ عَلٰى بَصِيْرَةٍ اَنَا وَمَنِ

اتَّبَعَنِيْ ۭ وَسُبْحٰنَ اللّٰهِ وَمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٠٨﴾

(૧૦૮) તું કહે કે આ મારો માર્ગ છે, હું અલ્લાહની તરફ બોલાવું છું, હું તથા તેઓ કે જેમણે મારી તાબેદારી કરી છે (મજબૂત) ખુલ્લી દલીલ પર છીએ; અને અલ્લાહ પાક છે, અને હું મુશરિકો માંહેનો નથી.

وَمَآ اَرۡسَلۡنَا مِنۡ قَبۡلِكَ اِلَّا رِجَالًا نُّوۡحِىۡۤ اِلَيۡهِمۡ مِّنۡ اَهۡلِ الۡقُرٰى‌ؕ اَفَلَمۡ يَسِيۡرُوۡا فِى الۡاَرۡضِ فَيَنۡظُرُوۡا كَيۡفَ كَانَ عَاقِبَةُ الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ‌ؕ وَلَدَارُ الۡاٰخِرَةِ خَيۡرٌ لِّلَّذِيۡنَ اتَّقَوۡا‌ؕ اَفَلَا تَعۡقِلُوۡنَ ﴿۱۰۹﴾

(૧૦૯) અને (અય રસૂલ!) અમોએ તારી પહેલાં રસૂલો નથી મોકલ્યા પણ એજ શહેરના

રહેવાસીઓમાંથી માણસોને (રસૂલ બનાવી) મોકલ્યા હતા કે જેમની તરફ અમે વહી કર્યા કરતા હતા; શું તેમણે આ ભૂમિ પર હરીફરીને જોયું નથી કે તેમની અગાઉવાળાઓનું કેવું પરિણામ આવ્યું હતું? અને આખેરતનું ઘર તો તે લોકો માટેજ સારૂં છે કે જેઓ ડરતા રહે (સંયમી) છે; શું તમે એટલુંય સમજતા નથી?

حَتّٰۤى اِذَا اسۡتَيۡــَٔسَ الرُّسُلُ وَظَنُّوۡۤا اَنَّهُمۡ قَدۡ كُذِبُوۡا جَآءَهُمۡ
نَصۡرُنَا ۙ فَنُجِّىَ مَنۡ نَّشَآءُ ؕ وَلَا يُرَدُّ بَاۡسُنَا عَنِ الۡقَوۡمِ
الۡمُجۡرِمِيۡنَ ۝١١٠

(૧૧૦) (આગળના લોકો પણ રસૂલોને જૂઠલાવતા હતા) અહીં સુધી કે જ્યારે રસૂલો નિરાશ થઇ ગયા અને તે (ઉમ્મતી)ઓ એવું ગુમાન કરવા લાગ્યા કે ખરેજ તેઓને જૂઠું કહેવામાં આવ્યું છે કે તેજ વખતે અમારી સહાય તેમની પાસે આવી પહોંચી, પછી અમોએ જેને ચાહ્યો તેને મુક્તિ મળી ગઇ; અને ગુનેહગાર લોકો ઉપરથી અમારો અઝાબ ટળતો નથી.

لَقَدۡ كَانَ فِىۡ قَصَصِهِمۡ عِبۡرَةٌ لِّاُولِى الۡاَلۡبَابِ‌ؕ مَا كَانَ حَدِيۡثًا يُّفۡتَرٰى وَلٰـكِنۡ تَصۡدِيۡقَ الَّذِىۡ بَيۡنَ يَدَيۡهِ وَتَفۡصِيۡلَ كُلِّ شَىۡءٍ وَّهُدًى وَّرَحۡمَةً لِّقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ ﴿۱۱۱﴾

(૧૧૧) બેશક પુરોગામીઓ (રસુલો તથા ઉમ્મતો)ના કિસ્સાઓમાં બુદ્ધિશાળીઓ માટે બોધપાઠ છે. આ કુરઆનમાં જે કાંઈ વર્ણવવામાં આવ્યું છે તે કાંઈ ઉપજાવી કાઢેલું નથી. પરંતુ આ અગાઉ જે ગ્રંથો (આસ્માની કિતાબો) આવી ચુક્યા છે તેટલુંજ સમર્થન કરે છે અને દરેક વસ્તુનું વર્ણન તથા ઈમાન લાવનારાઓ માટે માર્ગદર્શન અને રહેમત (અસીલ કૃપા) છે.

الٓمّٓرٰ ۚ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ ؕ وَالَّذِیْۤ اُنْزِلَ اِلَیْكَ مِنْ رَّبِّكَ
الْحَقُّ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا یُؤْمِنُوْنَ ①

(૧) અલિફ લામ મીમ રા; આ (અલ્લાહની) કિતાબની આયતો છે; અને તારા પરવરદિગાર તરફથી તારા ઉપર જે ઉતારવામાં આવ્યું છે તે સત્ય છે, પણ ઘણાખરા લોકો માનતા નથી.

اَللّٰهُ الَّذِیْ رَفَعَ السَّمٰوٰتِ بِغَیْرِ عَمَدٍ تَرَوْنَهَا ثُمَّ اسْتَوٰی عَلَی
الْعَرْشِ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ؕ كُلٌّ یَّجْرِیْ لِاَجَلٍ مُّسَمًّی ؕ
یُدَبِّرُ الْاَمْرَ یُفَصِّلُ الْاٰیٰتِ لَعَلَّكُمْ بِلِقَآءِ رَبِّكُمْ تُوْقِنُوْنَ ②

(૨) અલ્લાહ એજ છે જેણે આકાશોને તમે જુઓ છો તેમ થાંભલાઓ વગર ઊંચે ઉભા કર્યા છે, પછી તે

અર્શ (સિંહાસન) પર બીરાજમાન થયો (અર્થાત આકાશોમાં પોતાની સત્તા કાયમ કરી), અને સૂર્ય અને ચંદ્રને (તમારે) કામે લગાડી દીધા; જે દરેક પોત પોતાની નક્કી કરેલ મુદ્દત સુધી (સતત) ચાલ્યા કરશે; (વળી) સર્વે કાર્યોની વ્યવસ્થા તે કરે છે (અને) નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવે છે કે કદાચને તમને તમારા પરવરદિગારની મુલાકાતની સંપૂર્ણ ખાત્રી થાય.

وَهُوَالَّذِيْ مَدَّ الْاَرْضَ وَجَعَلَ فِيْهَا رَوَاسِيَ وَاَنْهٰرًا ؕ وَمِنْ
كُلِّ الثَّمَرٰتِ جَعَلَ فِيْهَا زَوْجَيْنِ اثْنَيْنِ يُغْشِي الَّيْلَ النَّهَارَ ؕ
اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ③

(3) અને તે (અલ્લાહ) એજ છે જેણે પૃથ્વીને ફેલાવી દીધી છે અને તેમાં ભારે ભારે પહાડ કાયમ કર્યા છે અને (મોટી મોટી) નદીઓ વહાવી છે; અને સઘળા ફળોમાંથી બબ્બે જાતો ઉત્પન્ન કરી દીધી છે; તે દિવસને રાત્રિથી ઢાંકી દે છે; નિઃસંશય તેમાં ચિંતન કરનારા લોકો માટે નિશાનીઓ મોજૂદ છે.

وَفِي الْاَرْضِ قِطَعٌ مُّتَجٰوِرٰتٌ وَّجَنّٰتٌ مِّنْ اَعْنَابٍ وَّزَرْعٌ وَّنَخِيْلٌ صِنْوَانٌ وَّغَيْرُ صِنْوَانٍ يُّسْقٰى بِمَآءٍ وَّاحِدٍ ۙ وَنُفَضِّلُ بَعْضَهَا عَلٰى بَعْضٍ فِي الْاُكُلِ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ۝۴

(૪) અને પૃથ્વીમાં જુદી જુદી જાતનાં (જમીનના) કટકા એક બીજાની પાસે પાસે (જોડાએલા) છે, તથા દ્રાક્ષની વાડીઓ તથા અનાજના ખેતરો તથા ખજૂરના વૃક્ષો-કે (જે માંહેના) કેટલાકોનાં મૂળ એકજ હોય છે અને કેટલાકોના જુદા જુદા-તે સર્વે એકજ પાણીથી પોષાય છે, અને ફળોના સ્વાદમાં અમે એકને બીજા ઉપર શ્રેષ્ઠતા આપીએ છીએ; બેશક તેમાં બુધ્ધિથી કામ લેનારાઓ માટે નિશાનીઓ મોજૂદ છે.

وَاِنۡ تَعۡجَبۡ فَعَجَبٌ قَوۡلُهُمۡ ءَاِذَا كُنَّا تُرٰبًا ءَاِنَّا لَفِىۡ خَلۡقٍ جَدِيۡدٍ ؕ اُولٰٓـئِكَ الَّذِيۡنَ كَفَرُوۡا بِرَبِّهِمۡ‌ ۚ وَاُولٰٓـئِكَ الۡاَغۡلٰلُ فِىۡۤ اَعۡنَاقِهِمۡ‌ ۚ وَاُولٰٓـئِكَ اَصۡحٰبُ النَّارِ‌ ۚ هُمۡ فِيۡهَا خٰلِدُوۡنَ ۝۵

(૫) અને (અય રસૂલ!) અગર તને (આ વાતોથી) અજાયબી થતી હોય તો ખરેજ તે (લોકો)નું આ કહેવું અજાયબી ભર્યું જ છે કે શું જ્યારે અમે (મૃત્યુ બાદ) માટી થઇ જઇશું તો (પછી) શું અમે નવેસરથી પેદા કરવામાં આવીશું? તેઓ એ લોકો છે કે જેઓ પોતાના પરવરદિગારનો ઇન્કાર કરે છે, અને તેઓજ છે કે જેમની ગરદનોમાં જંઝીરો (સાંકળો) (પડેલી) હશે, અને તેઓજ જહન્નમવાસીઓ છે. જેમાં તેઓ હંમેશ માટે રહેશે.

وَيَسۡتَعۡجِلُوۡنَكَ بِالسَّيِّئَةِ قَبۡلَ الۡحَسَنَةِ وَقَدۡ خَلَتۡ مِنۡ
قَبۡلِهِمُ الۡمَثُلٰتُ ؕ وَاِنَّ رَبَّكَ لَذُوۡ مَغۡفِرَةٍ لِّلنَّاسِ عَلٰى
ظُلۡمِهِمۡ ۚ وَاِنَّ رَبَّكَ لَشَدِيۡدُ الۡعِقَابِ ۝٦

(૬) અને (અય રસુલ!) આ (લોકો) ભલાઇ પહેલાં તારાથી બૂરાઇ (અઝાબ) માટેની ઉતાવળ કરે છે; જો કે તેમની પહેલાં (ઘણાય ધડારૂપ અઝાબના) દાખલા બની ગયા છે; અને બેશક તારો પરવરદિગાર લોકોના અતિરેક (અવજ્ઞાઓ) છતાં તેમની સાથે દરગુજરથી કામ લે છે, અને (વળી) નિઃસંશય તારો પરવરદિગાર અઝાબ આપવામાં પણ સખ્ત છે.

وَيَقُوۡلُ الَّذِيۡنَ كَفَرُوۡا لَوۡلَاۤ اُنۡزِلَ عَلَيۡهِ اٰيَةٌ مِّنۡ رَّبِّهٖ ؕ اِنَّمَاۤ
اَنۡتَ مُنۡذِرٌ وَّلِكُلِّ قَوۡمٍ هَادٍ ۧ

(૭) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ કહે છે કે તે (રસૂલ)ના ઉપર તેના પરવરદિગાર તરફથી (અમારી ઇચ્છા મુજબની) કોઇ નિશાની કેમ ઉતારવામાં નથી આવી? (અય રસૂલ!) સિવાય તેના નથી કે તું તો (કેવળ એક) ડરાવનારો છે અને દરેક કોમ માટે એક હિદાયત કરનારો હોય છે.

اَللّٰهُ يَعۡلَمُ مَا تَحۡمِلُ كُلُّ اُنۡثٰى وَمَا تَغِيۡضُ الۡاَرۡحَامُ وَمَا
تَزۡدَادُ ؕ وَكُلُّ شَىۡءٍ عِنۡدَهٗ بِمِقۡدَارٍ ۸

(૮) અલ્લાહ જાણે છે કે દરેક માદાના ગર્ભમાં શું હોય છે તથા ગર્ભાશયનું ઘટવું કે વધવું (પણ જાણે છે); અને તેની પાસે દરેક વસ્તુનો અંદાજ નક્કી કરેલો છે.

عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ الْكَبِيْرُ الْمُتَعَالِ ﴿٩﴾

(૯) તે છુપા તથા જાહેરનો જાણનાર છે, (તે) મોટો (અને) ઉચ્ચ દરજ્જાવાળો છે.

سَوَآءٌ مِّنْكُمْ مَّنْ اَسَرَّ الْقَوْلَ وَمَنْ جَهَرَ بِهٖ وَمَنْ هُوَ مُسْتَخْفٍۢ بِالَّيْلِ وَسَارِبٌۢ بِالنَّهَارِ ﴿١٠﴾

(૧૦) તમારામાંથી જે અત્યંત ધીમેથી વાત કહે અને જે મોટેથી વાત કહે તે બન્ને (અલ્લાહ પાસે)

સમાન છે. તેમજ તે કે જે રાત્રે છુપેલો હોય અને (તે કે જે) દિવસમાં હરફર કરનારો હોય (તે પણ બન્ને સરખાં છે).

لَهٗ مُعَقِّبٰتٌ مِّنْۢ بَيْنِ يَدَيْهِ وَمِنْ خَلْفِهٖ يَحْفَظُوْنَهٗ مِنْ اَمْرِ اللّٰهِ ؕ

اِنَّ اللّٰهَ لَا يُغَيِّرُ مَا بِقَوْمٍ حَتّٰى يُغَيِّرُوْا مَا بِاَنْفُسِهِمْ ؕ وَاِذَآ

اَرَادَ اللّٰهُ بِقَوْمٍ سُوْٓءًا فَلَا مَرَدَّ لَهٗ ۚ وَمَا لَهُمْ مِّنْ دُوْنِهٖ مِنْ

وَّالٍ ⑪

(૧૧) દરેક (માણસ) માટે પહેરેગીર (ફરિશ્તા નીમેલા) છે જેઓ અલ્લાહની આજ્ઞાથી તેની આગળ પાછળ રહી તેનું રક્ષણ કરે છે, બેશક અલ્લાહ કોઇ કોમની સ્થિતિ નથી બદલતો જ્યાં

સુધી કે તેઓ પોતે પોતાની સ્થિતિ બદલે નહિ; અને અલ્લાહ જ્યારે કોઇ કોમના હકમાં બૂરાઇ ઇચ્છે છે તો તે હરગિજ ટળી શકતી નથી, અને તેના સિવાય તેમનો કોઇ વાલી (મુરબ્બી) નથી.

هُوَالَّذِىۡ يُرِيۡكُمُ الۡبَرۡقَ خَوۡفًا وَّطَمَعًا وَّيُنۡشِئُ السَّحَابَ الثِّقَالَ ۚ﴿۱۲﴾

(૧૨) તે એજ છે જે તમને ડરાવવા માટે તથા (વરસાદની) આશા ઉત્પન્ન કરવા માટે વીજળીના ચમકારા દેખાડે છે અને પાણીથી ભરપૂર વાદળાં ઉત્પન્ન કરે છે.

وَيُسَبِّحُ الرَّعْدُ بِحَمْدِهٖ وَالْمَلٰٓئِكَةُ مِنْ خِيْفَتِهٖ ۚ وَيُرْسِلُ
الصَّوَاعِقَ فَيُصِيْبُ بِهَا مَنْ يَّشَآءُ وَهُمْ يُجَادِلُوْنَ فِي اللّٰهِ ۚ
وَهُوَ شَدِيْدُ الْمِحَالِ ﴿١٣﴾

(૧૩) અને (વાદળાંઓની) ગર્જના તેનો મહિમા ગાય છે અને તે (અલ્લાહ)ના ભયથી સર્વે ફરિશ્તાઓ પણ; અને તે વીજળીના કડાકા મોકલે છે પછી જેના ઉપર તે ચાહે છે તેના પર તે (વીજળી) ત્રાટકે છે; છતાં તે લોકો અલ્લાહના સબંધમાં ઝઘડતા જ રહે છે, અને તે સખ્ત દાવપેચવાળો છે.

لَهٗ دَعۡوَةُ الۡحَقِّ ؕ وَالَّذِيۡنَ يَدۡعُوۡنَ مِنۡ دُوۡنِهٖ لَا يَسۡتَجِيۡبُوۡنَ
لَهُمۡ بِشَىۡءٍ اِلَّا كَبَاسِطِ كَفَّيۡهِ اِلَى الۡمَآءِ لِيَبۡلُغَ فَاهُ وَمَا
هُوَ بِبَالِغِهٖ ؕ وَمَا دُعَآءُ الۡكٰفِرِيۡنَ اِلَّا فِىۡ ضَلٰلٍ ﴿۱۴﴾

(૧૪) (દરેક વખતે) તેનેજ પોકારવો યોગ્ય છે; અને જેઓ તેના સિવાય બીજાઓને પોકારે છે તેઓ તેમને કાંઇજ જવાબ આપતા નથી પણ તેના જેવો કે જેણે પોતાના બન્ને હાથ (એવા હેતુથી) પાણી તરફ પસાર્યા હોય કે તે (પાણી) આપમેળે તેના મોંઢામાં આવી જાય, પણ (એવી રીતે) તે કદી પણ તે (ના મોંઢા)માં આવતું નથી; અને નાસ્તિકોની દુઆ તદ્દન નિર્રથક જાય છે.

وَلِلّٰهِ يَسۡجُدُ مَنۡ فِي السَّمٰوٰتِ وَالۡاَرۡضِ طَوۡعًا وَّ كَرۡهًا
وَّظِلٰلُهُمۡ بِالۡغُدُوِّ وَالۡاٰصَالِ ۩ ﴿١٥﴾

(૧૫) અને જેઓ આકાશો તથા જમીનમાં છે તેઓ ખુશીથી યા નાખુશીથી અલ્લાહને સજદો કરે છે અને એવીજ રીતે સવાર સાંજના તેમના પડછાયા પણ.

قُلۡ مَنۡ رَّبُّ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ قُلِ اللّٰهُ ؕ قُلۡ اَفَاتَّخَذۡتُمۡ
مِّنۡ دُوۡنِهٖۤ اَوۡلِيَآءَ لَا يَمۡلِكُوۡنَ لِاَنۡفُسِهِمۡ نَفۡعًا وَّلَا ضَرًّا ؕ قُلۡ
هَلۡ يَسۡتَوِى الۡاَعۡمٰى وَالۡبَصِيۡرُ ۙ اَمۡ هَلۡ تَسۡتَوِى الظُّلُمٰتُ

وَالنُّوْرُ ۚ اَمْ جَعَلُوْا لِلّٰهِ شُرَكَآءَ خَلَقُوْا كَخَلْقِهٖ فَتَشَابَهَ الْخَلْقُ
عَلَيْهِمْ ؕ قُلِ اللّٰهُ خَالِقُ كُلِّ شَيْءٍ وَّهُوَ الْوَاحِدُ الْقَهَّارُ ﴿١٦﴾

(૧૬) (અય રસૂલ!) તું પૂછ કે આકાશો તથા પૃથ્વીનો પરવરદિગાર કોણ છે? તું કહે કે અલ્લાહજ છે; (પછી) તું કહે કે શું તેને મૂકી તમોએ એવાઓને તમારા કાર્યસાધક બનાવ્યાં છે કે જેઓ પોતાના માટે પણ નફા કે નુકસાનનો અધિકાર ધરાવતા નથી? તું કહે કે શું આંધળો અને આંખોવાળો બરાબર હોય છે? અથવા અંધકાર અને પ્રકાશ સમાન હોય છે? અથવા શું તેઓએ એવાઓને અલ્લાહના શરીક બનાવ્યા છે કે જેઓએ તે (અલ્લાહ)ના જેવી સૃષ્ટિ સર્જી હોય કે

જેથી હવે તેમને સૃષ્ટિ વિષે એ ભ્રમ થઇ ગયો હોય તે કોણે સર્જી હશે? તું કહે કે અલ્લાહ જ દરેક વસ્તુનો ઉત્પન્ન કરનારો છે, અને તે અદ્વિતીય છે (અને) સૌના ઉપર વર્ચસ્વ ધરાવનાર છે.

اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَسَالَتْ اَوْدِيَةٌۢ بِقَدَرِهَا فَاحْتَمَلَ
السَّيْلُ زَبَدًا رَّابِيًا ؕ وَمِمَّا يُوْقِدُوْنَ عَلَيْهِ فِى النَّارِ ابْتِغَآءَ
حِلْيَةٍ اَوْ مَتَاعٍ زَبَدٌ مِّثْلُهٗ ؕ كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ الْحَقَّ
وَالْبَاطِلَ ۬ فَاَمَّا الزَّبَدُ فَيَذْهَبُ جُفَآءً ۚ وَاَمَّا مَا يَنْفَعُ
النَّاسَ فَيَمْكُثُ فِى الْاَرْضِ ؕ كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ
الْاَمْثَالَ ؕ﴿۱۷﴾

(૧૭) તે આકાશ પરથી પાણી ઉતારે છે, પછી પોત પોતાની ગુંજાઇશ પ્રમાણે (નદી) નાળા વહી નીકળે છે, પછી તે (પાણીનું વહેતું પૂર) સપાટી પર ફીણ લઇ આવે છે; અને એજ પ્રમાણે ઘરેણાં અથવા (બીજી) વસ્તુ બનાવવા માટે તેઓ જે (ધાતુ) આગમાં તપાવે છે તેમાંથી પણ તેના જેવુંજ ફીણ નીકળે છે; આવી રીતે અલ્લાહ સત્ય અને અસત્યના દાખલા આપે છે; પછી જે ફીણ હોય છે તે નકામું જાય છે, ને તે કે જે લોકોને લાભ પહોંચાડે છે તે જમીનમાં રહી જાય છે; એવી રીતે અલ્લાહ દાખલા આપે છે.

لِلَّذِیۡنَ اسۡتَجَابُوۡا لِرَبِّهِمُ الۡحُسۡنٰی ؕؔ وَالَّذِیۡنَ لَمۡ یَسۡتَجِیۡبُوۡا
لَهٗ لَوۡ اَنَّ لَهُمۡ مَّا فِی الۡاَرۡضِ جَمِیۡعًا وَّمِثۡلَهٗ مَعَهٗ لَافۡتَدَوۡا بِهٖ ؕ
اُولٰٓئِكَ لَهُمۡ سُوۡٓءُ الۡحِسَابِ ۬ۙ وَمَاۡوٰىهُمۡ جَهَنَّمُ ؕ وَبِئۡسَ
الۡمِهَادُ ﴿۱۸﴾

(૧૮) તે લોકો માટે કે જેમણે પોતાના પરવરદિગારનો હુકમ માન્યો (તેમના માટે) સારો બદલો છે; અને જેમણે તેના હુકમની અવગણના કરી તો અગર તેની પાસે તે સઘળું કાંઇ હોય કે જે પૃથ્વીમાં છે અને એટલુંજ બીજું પણ હોય તો જરૂર તે સઘળું (પોતાના છુટકારા માટે) બદલામાં આપી દેશે. એજ (લોકો) છે કે જેમનો હિસાબ (ઘણીજ)

ખરાબ રીતે લેવામાં આવશે, અને (છેવટે) તેમનું ઠેકાણું જહન્નમ છે, અને તે ઘણુંજ ખરાબ વિશ્રાંતિ સ્થાન છે.

اَفَمَنۡ يَّعۡلَمُ اَنَّمَاۤ اُنۡزِلَ اِلَيۡكَ مِنۡ رَّبِّكَ الۡحَـقُّ كَمَنۡ هُوَ اَعۡمٰى ؕ
اِنَّمَا يَتَذَكَّرُ اُولُوا الۡاَلۡبَابِ ۙ‏ ﴿۱۹﴾

(૧૯) (અય રસૂલ!) શું તે શખ્સ કે જે આ જાણે છે કે તારા પરવરદિગાર તરફથી જે કાંઇ તારી તરફ ઉતારવામાં આવ્યું છે તે સત્ય છે, તે તેના જેવો (હોઇ શકે) છે કે જે (અંતઃકરણોનો) આંધળો હોય! (આ બોધ) તો માત્ર બુધ્ધિશાળીઓજ ગ્રહણ કરે છે.

الَّذِيۡنَ يُوۡفُوۡنَ بِعَهۡدِ اللّٰهِ وَلَا يَنۡقُضُوۡنَ الۡمِيۡثَاقَ ۙ‏ ﴿۲۰﴾

(૨૦) (આ બુદ્ધિશાળી લોકો તે છે કે) જેઓ અલ્લાહનો વાયદો પૂરો કરે છે અને પોતાના કરાર તોડી નાખતા નથી:

وَالَّذِيْنَ يَصِلُوْنَ مَآ اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ وَيَخْشَوْنَ رَبَّهُمْ وَيَخَافُوْنَ سُوْٓءَ الْحِسَابِ ﴿٢١﴾

(૨૧) અને જેનો સબંધ જોડવાની અલ્લાહે આજ્ઞા આપી છે તે જોડતા રહે છે અને પોતાના પરવરદિગારનો ભય રાખે છે અને ખરાબ રીતે તેમનો હિસાબ લેવામાં આવે એ વાતથી ડરે છે:

وَالَّذِيْنَ صَبَرُوا ابْتِغَآءَ وَجْهِ رَبِّهِمْ وَاَقَامُوا الصَّلٰوةَ وَاَنْفَقُوْا
مِمَّا رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً وَّيَدْرَءُوْنَ بِالْحَسَنَةِ السَّيِّئَةَ
اُولٰٓئِكَ لَهُمْ عُقْبَى الدَّارِ ﴿٢٢﴾

(૨૨) અને જે લોકોએ પોતાના પરવરદિગારની ખુશી પ્રાપ્ત કરવા માટે ધીરજ ધરી તથા નમાઝ કાયમ રાખી અને જે કાંઇ અમોએ તેમને આપ્યું હતું તેમાંથી છુપી અને જાહેર રીતે ખર્ચ કર્યું અને બૂરાઇનો બદલો ભલાઇથી આપતા રહ્યા તેમનાજ માટે આખેરતના ઘરનું (સારૂં) પરિણામ છેઃ

جَنّٰتُ عَدْنٍ يَّدْخُلُوْنَهَا وَمَنْ صَلَحَ مِنْ اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ
وَذُرِّيّٰتِهِمْ وَالْمَلٰٓئِكَةُ يَدْخُلُوْنَ عَلَيْهِمْ مِّنْ كُلِّ بَابٍ ﴿٢٣﴾

(૨૩) (યાને) હંમેશ કાયમ રહેનાર બગીચા છે; જેમાં તેઓ દાખલ થશે અને (તેમની સાથે) તેમના બાપદાદાઓમાંથી તથા તેમની સ્ત્રીઓમાંથી તથા તેમની ઔલાદમાંથી જેણે જેણે નેક કરણી કરી હશે તેઓ પણ (તેમાં દાખલ થશે); અને ફરિશ્તા દરેક દ્વારથી તેમની પાસે આવ-જાવ કરશેઃ

سَلٰمٌ عَلَيۡكُمۡ بِمَا صَبَرۡتُمۡ فَنِعۡمَ عُقۡبَى الدَّارِ ۝٢٤

(૨૪) (અને કહેશે કે) તમારા પર સલામ થાઈ કારણ કે તમોએ ધીરજ ધરી હતી; માટે આખેરતના ઘરનું કેવું સારૂં પરિણામ આવ્યું!

وَالَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْۢ بَعْدِ مِيْثَاقِهٖ وَيَقْطَعُوْنَ مَآ
اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ وَيُفْسِدُوْنَ فِي الْاَرْضِ ۙ اُولٰٓئِكَ لَهُمُ
اللَّعْنَةُ وَلَهُمْ سُوْٓءُ الدَّارِ ﴿٢٥﴾

૨૫) અને જેઓ અલ્લાહ (સાથે)ના કરારને પાક્કા) થઇ જવા પછી તોડી નાખે છે અને જેમની સાથે પરસ્પરનો સબંધ (જોડવા)નો અલ્લાહે હુકમ કર્યો છે તે કાપી નાખે છે અને પૃથ્વીમાં ફસાદ ફેલાવતા રહે છે, તેઓ એજ લોકો છે તેમના માટે લાઅનત છે અને આખેરતનું તેમનાજ માટે બૂરૂં ઘર પણ છે.

اَللّٰهُ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَيَقْدِرُ ؕ وَفَرِحُوْا بِالْحَيٰوةِ
الدُّنْيَا ؕ وَمَا الْحَيٰوةُ الدُّنْيَا فِي الْاٰخِرَةِ اِلَّا مَتَاعٌ ﴿٢٦﴾

(૨૬) અલ્લાહ જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે અને (જેના માટે ચાહે છે) સંકોચી લે છે; અને તેઓ દુનિયાની જિંદગીથી રાજી થઇ ગયા છે; જો કે દુનિયાની જિંદગી આખેરતના મુકાબલામાં નજીવી પૂંજી સિવાય બીજું કાંઇજ નથી.

وَيَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ۭ قُلْ اِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ يَّشَاۗءُ وَيَهْدِيْٓ اِلَيْهِ مَنْ اَنَابَ ۝۲۷

(૨૭) અને જે લોકો ઇમાન લાવ્યા નથી તેઓ કહે છે કે તે (રસૂલ)ના પરવરદિગાર પાસેથી (અમારા માંગ્યા મુજબની) કોઇ નિશાની કેમ ઉતારવામાં આવી નથી ? તું કહે કે અલ્લાહ જેનાથી ચાહે છે તેને તે પોતાના તરફનો માર્ગ દેખાડી દે છે:

اَلَّذِيۡنَ اٰمَنُوۡا وَتَطۡمَٮِٕنُّ قُلُوۡبُهُمۡ بِذِكۡرِ اللّٰهِ‌ؕ اَلَا بِذِكۡرِ اللّٰهِ
تَطۡمَٮِٕنُّ الۡقُلُوۡبُ ؕ‏ ﴿۲۸﴾

(૨૮) (એજ તે લોકો છે કે) જેઓ ઇમાન લાવ્યા અને જેમના અંતઃકરણોને અલ્લાહના સ્મરણથી સંતોષ પ્રાપ્ત થાય છે; યાદ રાખો કે અલ્લાહના સ્મરણથી અંતઃકરણોને સંતોષ પ્રાપ્ત થતો હોય છે.

اَلَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ طُوۡبٰى لَهُمۡ وَحُسۡنُ مَاٰبٍ‏ ﴿۲۹﴾

(૨૯) જે લોકો ઇમાન લાવ્યા તથા નેકીઓ કરી તેમનાજ માટે ધન્યવાદ અને ઉત્તમ નિવાસસ્થાન છે.

كَذٰلِكَ اَرْسَلْنٰكَ فِيْٓ اُمَّةٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِهَآ اُمَمٌ لِّتَتْلُوَاْ
عَلَيْهِمُ الَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ وَهُمْ يَكْفُرُوْنَ بِالرَّحْمٰنِ ؕ قُلْ
هُوَ رَبِّيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ مَتَابِ ۳۰

(30) (અય રસૂલ!) અમોએ તને આ ઉમ્મતમાં એવીજ રીતે રસૂલ બનાવી મોકલ્યો છે જેવી રીતે કે તેમની પહેલાં થઇ ગએલી ઉમ્મતોમાં (મોકલ્યા હતા), એ માટે કે તમારી તરફ અમોએ જે વહી કરી છે તે તું તેમને પઢી સંભળાવે, જો કે તેઓ દયાળુ (અલ્લાહ)નો ઇન્કાર કરનારા છે; તું કહે કે તે મારો પરવરદિગાર છે તેના સિવાય અન્ય કોઇ માઅબૂદ

નથી, તેના ઉપરજ મેં ભરોસો રાખ્યો છે અને તેનીજ તરફ મારૂં પાછું ફરવાનું છે.

وَلَوْ اَنَّ قُرْاٰنًا سُيِّرَتْ بِهِ الْجِبَالُ اَوْ قُطِّعَتْ بِهِ الْاَرْضُ اَوْ
كُلِّمَ بِهِ الْمَوْتٰى ؕ بَلْ لِّلّٰهِ الْاَمْرُ جَمِيْعًا ؕ اَفَلَمْ يَايْـَٔسِ الَّذِيْنَ
اٰمَنُوْۤا اَنْ لَّوْ يَشَآءُ اللّٰهُ لَهَدَى النَّاسَ جَمِيْعًا ؕ وَلَا يَزَالُ
الَّذِيْنَ كَفَرُوْا تُصِيْبُهُمْ بِمَا صَنَعُوْا قَارِعَةٌ اَوْ تَحُلُّ قَرِيْبًا
مِّنْ دَارِهِمْ حَتّٰى يَاْتِىَ وَعْدُ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ ﴿٣١﴾

(૩૧) અને જો કોઇ કુરઆન (એવું) હોત કે તેના પ્રતાપે પહાડ ચલાવી શકતે, અથવા તેના પ્રતાપે પૃથ્વીની મુસાફરી (વગર મહેનતે) કરી શકાતે, અથવા તેના પ્રતાપે મુરદાઓ સાથે વાતો કરી

શકાતે (તો પણ તેઓ સન્માર્ગે આવતે નહિ); પરંતુ દરેક પ્રકારનો અધિકાર અલ્લાહને જ છે; શું જેઓ ઇમાન લાવ્યા છે તેઓએ જાણી નથી લીધું કે અગર અલ્લાહ ચાહતે તો સઘળા માણસોને હિદાયત કરી દેતે ? અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેમને તેઓ જે કાંઇ કરતા રહે છે તેના બદલામાં કોઇ(ને કોઇ) આપત્તિ અવશ્ય પહોંચતી રહેશે, અથવા તેમના ઘરોની આસ પાસ ઉતરી પડશે, અહીં સુધી કે અલ્લાહનો વાયદો પૂર્ણ થઇને રહે; નિઃસંશય અલ્લાહ વાયદાનો ભંગ કરતો નથી.

وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ فَأَمْلَيْتُ لِلَّذِيْنَ كَفَرُوْا
ثُمَّ اَخَذْتُهُمْ ۗ فَكَيْفَ كَانَ عِقَابِ ۝٣٢

(૩૨) અને તારી પહેલાં(ના બીજા) રસૂલોની પણ ખરેખર હાંસી ઉડાડવામાં આવી હતી, પણ મેં તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા ન હતા મોહલત આપી, પછી તેમની ધરપકડ કરી; પછી મારો અઝાબ કેવો સખત હતો?

اَفَمَنۡ هُوَ قَآٮِٕمٌ عَلٰى كُلِّ نَفۡسٍۢ بِمَا كَسَبَتۡ‌ۚ وَجَعَلُوۡا لِلّٰهِ
شُرَكَآءَ ؕ قُلۡ سَمُّوۡهُمۡ‌ ؕ اَمۡ تُنَبِّـُٔوۡنَهٗ بِمَا لَا يَعۡلَمُ فِى الۡاَرۡضِ
اَمۡ بِظَاهِرٍ مِّنَ الۡقَوۡلِ‌ ؕ بَلۡ زُيِّنَ لِلَّذِيۡنَ كَفَرُوۡا مَكۡرُهُمۡ
وَصُدُّوۡا عَنِ السَّبِيۡلِ‌ ؕ وَمَنۡ يُّضۡلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنۡ هَادٍ ﴿۳۳﴾

(૩૩) શું તે (અલ્લાહ) કે જે પ્રત્યેક વ્યક્તિના કર્મો નિહાળતો રહે છે (તેની બરોબરી ખોટા માઅબૂદો

કરી શકે છે?) છતાં એ લોકો (બીજાઓને) અલ્લાહના શરીક બનાવે છે! (અય રસૂલ!) તું કહે કે તમે તેમના નામ આપો; અથવા શું તમે તે (અલ્લાહ)ને એવાઓની ખબર આપો છો કે જેઓને તે જાણતો પણ નથી કે તેઓ પૃથ્વી પર (ક્યાં વસે છે), અથવા નરી વાતોજ કરો છો? બલ્કે (ખરી વાત આ છે કે) જે લોકો ઇમાન નથી લાવ્યા તેમની ચાલબાઝીઓ તેમની નઝરમાં સુશોભિત કરી દેવામાં આવી છે અને તેમને રાહે રાસ્તથી રોકી દેવામાં આવ્યા છે; અને જેનાથી અલ્લાહ હિદાયતની તૌફીક છિનવી લે છે તેનો કોઇજ માર્ગદર્શક રહેતો નથી.

لَهُمۡ عَذَابٌ فِي الۡحَيٰوةِ الدُّنۡيَا وَلَعَذَابُ الۡاٰخِرَةِ اَشَقُّ ۚ وَمَا
لَهُمۡ مِّنَ اللّٰهِ مِنۡ وَّاقٍ ﴿۳۴﴾

(૩૪) તેમના માટે દુનિયાના જીવનમાં પણ અઝાબ છે, અને આખેરતનો અઝાબ તો ખરેખર એથી પણ વધારે કષ્ટદાયક છે. અને અલ્લાહના અઝાબથી તેમને બચાવનાર કોઇજ હશે નહિ.

مَثَلُ الۡجَنَّةِ الَّتِيۡ وُعِدَ الۡمُتَّقُوۡنَ ؕ تَجۡرِيۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ؕ
اُكُلُهَا دَآئِمٌ وَّظِلُّهَا ؕ تِلۡكَ عُقۡبَى الَّذِيۡنَ اتَّقَوۡا ۖ وَّعُقۡبَى
الۡكٰفِرِيۡنَ النَّارُ ﴿۳۵﴾

(૩૫) જે જન્નતનો પરહેજગારોથી વાયદો કરવામાં આવ્યો છે તે એવી હશે કે જેની હેઠળ નદીઓ

વહેતી હશે; તેના ફળ હંમેશા કાયમ રહેનારા છે અને તેનો છાંયડો પણ; આ તે લોકો (ના સત્કાર્યો)નો બદલો છે કે જેઓ પરહેજગાર રહ્યા હતા, અને ઇન્કાર કરનારાઓનો બદલો જહન્નમ છે.

وَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَفْرَحُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمِنَ الْاَحْزَابِ مَنْ يُّنْكِرُ بَعْضَهٗ ؕ قُلْ اِنَّمَآ اُمِرْتُ اَنْ اَعْبُدَ اللّٰهَ وَلَآ اُشْرِكَ بِهٖ ؕ اِلَيْهِ اَدْعُوْا وَاِلَيْهِ مَاٰبِ ۝٣٦

(૩૬) અને જેમને અમોએ કિતાબ (તૌરાત) આપી છે તેઓ તારી તરફ જે કાંઇ (કુરઆન) ઉતારવામાં આવ્યું છે તેનાથી રાજી છે, અને બીજા મળતીયા પક્ષના કેટલાક એવા પણ છે કે તેઓ તેના

કેટલાક ભાગનો ઇન્કાર કરે છે. (અય રસૂલ!) તું કહે કે મને એજ હુકમ આપવામાં આવ્યો છે કે હું અલ્લાહની ઇબાદત કરૂં અને કોઇને પણ તેનો શરીક ન બનાવું; તેનીજ તરફ હું (તમને) બોલાવું છું અને તેનીજ તરફ મારૂં (અને તમારૂં) પાછું ફરવું છે.

وَ كَذٰلِكَ اَنْزَلْنٰهُ حُكْمًا عَرَبِيًّا ؕ وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا وَاقٍ ﴿۳۷﴾

(૩૭) અને આવી રીતે અમોએ તે (કુરઆન)ને સરળ અરબી ભાષામાં સત્ય આજ્ઞા (બનાવી) ઉતાર્યું છે; અને તારી પાસે જ્ઞાન આવી ચૂક્યા બાદ (પણ) તું તેમની મનોવાંચ્છનાઓને અનુસરશે, તો

(ખરેજ) અલ્લાહની સામે તારો કોઇ પણ હિમાયતી કે બચાવનાર હશે નહિ.

وَلَقَدۡ اَرۡسَلۡنَا رُسُلًا مِّنۡ قَبۡلِكَ وَجَعَلۡنَا لَهُمۡ اَزۡوَاجًا
وَّذُرِّيَّةً ؕ وَمَا كَانَ لِرَسُوۡلٍ اَنۡ يَّاۡتِىَ بِاٰيَةٍ اِلَّا بِاِذۡنِ اللّٰهِ ؕ لِكُلِّ
اَجَلٍ كِتَابٌ ﴿۳۸﴾

(૩૮) અને ખરેખર અમોએ તારી પહેલાં પણ કેટલાક નબી મોકલ્યા હતા અને તેમને પણ સ્ત્રીઓ તથા બચ્ચાં આપ્યાં હતાં; અને કોઇ રસૂલના અધિકારમાં નથી કે અલ્લાહની આજ્ઞા સિવાય કોઇ નિશાની લઇ આવે; દરેક નક્કી કરેલ સમય માટે (અમારી પાસે) એક લખાણ કરેલું છે.

يَمۡحُوا اللّٰهُ مَا يَشَآءُ وَيُثۡبِتُ ۚ وَعِنۡدَهٗۤ اُمُّ الۡكِتٰبِ ﴿۳۹﴾

(૩૯) અલ્લાહ (લવહે મહફૂઝમાંથી) જે ચાહે છે તે મિટાવી નાખે છે અને જે ચાહે છે કાયમ કરી દે છે, અને મૂળ પુસ્તક તેનીજ પાસે છે.

وَاِنۡ مَّا نُرِيَنَّكَ بَعۡضَ الَّذِىۡ نَعِدُهُمۡ اَوۡ نَتَوَفَّيَنَّكَ فَاِنَّمَا عَلَيۡكَ الۡبَلٰغُ وَعَلَيۡنَا الۡحِسَابُ ﴿۴۰﴾

(૪૦) અને (અય રસૂલ!) જે જે વસ્તુઓનો અમે તેમને વાયદો કરીએ છીએતે માંહેની કેટલીક અમે તને દેખાડી દઇએ અથવા તને તેની (પહેલાંજ) ઉઠાવી લઇએ તો પણ તારા માથેતો માત્ર (અમારો) સંદેશો પહોંચાડી દેવાનું છે અને (તેમનો) હિસાબ લેવાનું (કાર્ય) અમારા માથે છે.

اَوَلَمۡ يَرَوۡا اَنَّا نَاۡتِى الۡاَرۡضَ نَـنۡقُصُهَا مِنۡ اَطۡرَافِهَا‌ ؕ وَاللّٰهُ
يَحۡكُمُ لَا مُعَقِّبَ لِحُكۡمِهٖ‌ ؕ وَهُوَ سَرِيۡعُ الۡحِسَابِ ﴿۴۱﴾
(૪૧) શું તેઓ આ નથી જોતા કે અમે ભૂમિને (ઇસ્લામી વિજયો વડે) તેની ચોમેરથી (નાસ્તિકપણાની હદો) બરાબર ઓછી કરતા ચાલ્યા આવીએ છીએ? અને હુકમ અલ્લાહનો જ હોય છે, તેના હુકમને રદ કરનાર કોઇ નથી, અને તે ઘણો ઝડપી હિસાબ લેનાર છે.
وَقَدۡ مَكَرَ الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ فَلِلّٰهِ الۡمَكۡرُ جَمِيۡعًا‌ ؕ يَعۡلَمُ مَا
تَكۡسِبُ كُلُّ نَفۡسٍ‌ ؕ وَسَيَعۡلَمُ الۡكُفّٰرُ لِمَنۡ عُقۡبَى الدَّارِ ﴿۴۲﴾

(૪૨) અને તેમની પહેલાં જે લોકો હતા તેમણે ખરેખર ચાલબાજી ચાલી હતી, પરંતુ સઘળી ચાલબાઝીઓ અલ્લાહની જ (પ્રબળ હોય) છે; દરેક જીવ જે કાંઇ કરે છે તે તે જાણે છે, અને નજીકના સમયમાં ઇન્કાર કરનારાઓ જાણી લેશે કે આખેરતના ઘરનું (સલામતી ભર્યું) પરિણામ કોના માટે છે.

وَيَقُوۡلُ الَّذِيۡنَ كَفَرُوۡا لَسۡتَ مُرۡسَلًا ؕ قُلۡ كَفٰى بِاللّٰهِ شَهِيۡدًاۢ
بَيۡنِىۡ وَبَيۡنَكُمۡ ۙ وَمَنۡ عِنۡدَهٗ عِلۡمُ الۡكِتٰبِ﴿۴۳﴾

(૪૩) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ કહે છે કે તું કોઇના તરફથી મોકલવામાં આવેલો નથી. (પણ) તું કહે કે મારી અને તમારી વચ્ચે સાક્ષી

આપનાર (એક તો) અલ્લાહ પૂરતો છે અને (બીજો) તે છે કે જેની પાસે આ કિતાબ (કુરઆન)નું સંપૂર્ણ જ્ઞાન છે.

الٓرٰ ۚ كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ لِتُخْرِجَ النَّاسَ مِنَ الظُّلُمٰتِ اِلَى
النُّوْرِ ۙ۬ بِاِذْنِ رَبِّهِمْ اِلٰى صِرَاطِ الْعَزِيْزِ الْحَمِيْدِ ۙ﴿۱﴾

(૧) અલિફ લામ રા. આ એક કિતાબ છે જે અમોએ તમારા પર ઉતાર્યું છે. એટલા માટે કે તું લોકોને તેમના પરવરદિગારના હુકમ મુજબ (નાસ્તિકપણાના) અંધકારમાંથી (ઇમાનના) પ્રકાશ તરફ લઈ લાવે, (યાને) જબરદસ્ત સ્તુતિને પાત્રના માર્ગ તરફ:

اللّٰهِ الَّذِىْ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ ؕ وَوَيْلٌ
لِّلْكٰفِرِيْنَ مِنْ عَذَابٍ شَدِيْدِ ۙ﴿۲﴾

(૨) (યાને) તે અલ્લાહના માર્ગ તરફ કે આકાશો તથા પૃથ્વીમાં જે કાંઇ છે તે (સઘળું) તેનું છે; અને નાસ્તિકો માટે અફસોસ છે તે સખત શિક્ષાના કારણેઃ

الَّذِيْنَ يَسْتَحِبُّوْنَ الْحَيٰوةَ الدُّنْيَا عَلَى الْاٰخِرَةِ وَيَصُدُّوْنَ عَنْ

سَبِيْلِ اللّٰهِ وَيَبْغُوْنَهَا عِوَجًا ۭ اُولٰۗىِٕكَ فِيْ ضَلٰلٍۢ بَعِيْدٍ ③

(૩) કે જેઓ આખેરતના મુકાબલામાં દુનિયાની જિંદગીને વ્હાલી ગણે છે, અને લોકોને અલ્લાહના માર્ગથી રોકે છે અને તે (માર્ગ)માં વાંકાપણું શોધે છે; એજ લોકો મોટી ગુમરાહીમાં છે.

وَمَآ اَرۡسَلۡنَا مِنۡ رَّسُوۡلٍ اِلَّا بِلِسَانِ قَوۡمِهٖ لِيُبَيِّنَ لَهُمۡ ؕ
فَيُضِلُّ اللّٰهُ مَنۡ يَّشَآءُ وَيَهۡدِىۡ مَنۡ يَّشَآءُ ؕ وَهُوَالۡعَزِيۡزُ
الۡحَكِيۡمُ ۝٤

(૪) અને અમોએ કોઇ (કોમમાં કોઇ) રસૂલ નથી મોકલ્યો પણ તેની માતૃભાષામાંજ (વાતો કરનાર) મોકલ્યો છે કે જેથી તે તેમને ભાવાર્થ સ્પષ્ટ કરીને સમજાવી શકે; પછી અલ્લાહ જેનાથી ચાહે હિદાયતની તૌફીક છિનવી લે છે અને જેને ચાહે હિદાયત અર્પણ કરે છે, અને તે જબરદસ્ત હિકમતવાળો છે.

وَلَقَدۡ اَرۡسَلۡنَا مُوۡسٰى بِاٰيٰتِنَاۤ اَنۡ اَخۡرِجۡ قَوۡمَكَ مِنَ الظُّلُمٰتِ
اِلَى النُّوۡرِ ۙ وَذَكِّرۡهُمۡ بِاَيّٰٮمِ اللّٰهِ‌ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ
صَبَّارٍ شَكُوۡرٍ‏ ﴿۵﴾

(૫) અને ખરેખર અમોએ મૂસાને અમારી નિશાનીઓ આપીને એવી આજ્ઞા સાથે મોકલ્યો કે તું તારી કૌમને (નાસ્તિકપણાના) અંધકારમાંથી (ઇમાનના) પ્રકાશ તરફ લઈ આવ, અને તેમને અલ્લાહના દિવસોની યાદ દેવડાવતો રહે; બેશક આ બનાવમાં પ્રત્યેક ધીરજ ધરનાર અને ઉપકાર માનનારા માટે નિશાનીઓ મોજૂદ છે.

وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهِ اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ اَنْجٰىكُمْ
مِّنْ اٰلِ فِرْعَوْنَ يَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ وَيُذَبِّحُوْنَ
اَبْنَآءَكُمْ وَيَسْتَحْيُوْنَ نِسَآءَكُمْ ؕ وَفِيْ ذٰلِكُمْ بَلَآءٌ مِّنْ رَّبِّكُمْ
عَظِيْمٌ ۧ ﴿٦﴾

(૬) અને (તે સમયને યાદ કરો) જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે અલ્લાહે તમારા પર કરેલી બક્ષીશને યાદ કરો જ્યારે કે તેણે તમને ફિરઔનવાળાઓના હાથથી મુક્તિ આપી કે જેઓ તમને સખતમાં સખત શિક્ષા આપતા હતા, અને તમારા દિકરાઓને કાપી નાખતા હતા તથા તમારી દિકરીઓને (કનીઝો બનાવવા માટે)

જીવતી રહેવા દેતા હતા; અને તેમાં તમારા પરવરદિગાર તરફથી (તમારી) ઘણી મોટી કસોટી હતી.

وَاِذْ تَاَذَّنَ رَبُّكُمْ لَئِنْ شَكَرْتُمْ لَاَزِيْدَنَّكُمْ وَلَئِنْ كَفَرْتُمْ اِنَّ عَذَابِىْ لَشَدِيْدٌ ۝

(૭) અને (તે સમયને યાદ કરો) જ્યારે તમારા પરવરદિગારે જણાવી દીધું કે અગર તમે આભાર માનતા રહેશો તો હું તમને ખરેખર વધારી દઇશ, અને અગર તમે (મારી નેઅમતોની) નાશુક્રી કરશો તો નિઃસંશય મારી શિક્ષા ઘણીજ સખ્ત છે.

وَقَالَ مُوۡسٰۤى اِنۡ تَكۡفُرُوۡۤا اَنۡتُمۡ وَمَنۡ فِى الۡاَرۡضِ جَمِيۡعًا ۙ فَاِنَّ اللّٰهَ لَغَنِىٌّ حَمِيۡدٌ‏ ۸

(૮) અને મૂસાએ કહ્યું કે જો તમે તથા પૃથ્વીમાં જેઓ છે તે સર્વે મળીને (તેની નેઅમતોની) નાશુક્રી કરશો, તો પણ નિઃસંશય અલ્લાહ બેનિયાઝ અને વખાણને લાયક છે.

اَلَمۡ يَاۡتِكُمۡ نَبَؤُا الَّذِيۡنَ مِنۡ قَبۡلِكُمۡ قَوۡمِ نُوۡحٍ وَّعَادٍ وَّثَمُوۡدَ ۛ وَالَّذِيۡنَ مِنۡۢ بَعۡدِهِمۡ ۛ لَا يَعۡلَمُهُمۡ اِلَّا اللّٰهُ ؕ جَآءَتۡهُمۡ رُسُلُهُمۡ بِالۡبَيِّنٰتِ فَرَدُّوۡۤا اَيۡدِيَهُمۡ فِىۡۤ اَفۡوَاهِهِمۡ وَقَالُوۡۤا اِنَّا

كَفَرْنَا بِمَآ اُرْسِلْتُمْ بِهٖ وَاِنَّا لَفِيْ شَكٍّ مِّمَّا تَدْعُوْنَنَآ اِلَيْهِ
مُرِيْبٍ۝٩

(૯) શું તમારી પાસે તે લોકોની ખબર નથી આવી કે જે તમારી પહેલાં થઇ ગયા છે, (યાને) નૂહની કોમની, તથા આદવાળાઓની, તથા સમૂદવાળાઓની, અને તેમની પછી આવેલાઓની પણ ? જેમની હકીકત અલ્લાહના સિવાય કોઇ જાણતું નથી. તેમના રસૂલ તેમની પાસે પ્રત્યક્ષ નિશાનીઓ લઇને આવ્યા હતા, પણ તેમણે પોતાના હાથ (ક્રોધે ભરાઇને) પોતાના મોંઢામાં નાંખી દીધા અને કહ્યું કે તમને જે કાંઇ આપીને મોકલવામાં આવ્યા છે તેનો અમે નિઃસંશય ઇન્કાર

કરીએ છીએ, અને તમે જે (ધર્મ)ની તરફ અમને બોલાવો છો તેના સંબંધમાં નિઃસંશય અમે મૂંઝવણમાં નાખનારી શંકામાં છીએ.

قَالَتْ رُسُلُهُمْ اَفِي اللّٰهِ شَكٌّ فَاطِرِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
يَدْعُوْكُمْ لِيَغْفِرَ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ وَيُؤَخِّرَكُمْ اِلٰٓى اَجَلٍ
مُّسَمًّى ؕ قَالُوْٓا اِنْ اَنْتُمْ اِلَّا بَشَرٌ مِّثْلُنَا ؕ تُرِيْدُوْنَ اَنْ
تَصُدُّوْنَا عَمَّا كَانَ يَعْبُدُ اٰبَآؤُنَا فَاْتُوْنَا بِسُلْطٰنٍ مُّبِيْنٍ ⑩

(૧૦) તેમના રસૂલોએ કહ્યું કે શું આકાશો તથા જમીનને પૈદા કરનાર અલ્લાહના સંબંધમાં (તમને) શંકા છે? તે તમને (પોતાની તરફ) એ માટે બોલાવે છે કે તમારા ગુનાહ માફ કરી દે અને

એક ઠરાવેલા સમય સુધી તેમને મોહલત આપે. તેમણે જવાબ આપ્યો કે તમે તો અમારા જેવાજ મનુષ્યો છો; તમે એમ ચાહો છો કે જે વસ્તુઓની અમારા બાપદાદા પૂજા કર્યા કરતા હતા તેનાથી અમને અટકાવો; (પરંતુ એમ કરવા) માટે (પ્રથમ) કોઇ પ્રત્યક્ષ દલીલ (મોઅજિઝો) લઇ આવો.

قَالَتْ لَهُمْ رُسُلُهُمْ اِنْ نَّحْنُ اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ وَلٰكِنَّ اللّٰهَ يَمُنُّ عَلٰى مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَمَا كَانَ لَنَآ اَنْ نَّاْتِيَكُمْ بِسُلْطٰنٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ⑪

(૧૧) (આથી) તેમના રસૂલોએ તેમને કહ્યું કે (બેશક) અમે પણ તમારા જેવાજ મનુષ્યો છીએ,

પરંતુ અલ્લાહ પોતાના બંદાઓમાંથી ચાહે છે તેના પર ઉપકાર કરે છે; અને આ અમારી મજાલ નથી કે અમે તમારી પાસે અલ્લાહના હુકમ વિના કોઇ દલીલ (મોઅજિઝો) લઇ આવીએ; અને મોઅમીનોએ તો અલ્લાહ ઉપરજ ભરોસો રાખવો જોઇએ.

وَمَا لَنَآ اَلَّا نَتَوَكَّلَ عَلَى اللّٰهِ وَقَدۡ هَدٰٮنَا سُبُلَنَا ؕ وَلَنَصۡبِرَنَّ
عَلٰى مَاۤ اٰذَيۡتُمُوۡنَا ؕ وَعَلَى اللّٰهِ فَلۡيَتَوَكَّلِ الۡمُتَوَكِّلُوۡنَ ﴿۱۲﴾

(૧૨) અને અમને શું થઇ ગયું છે કે અમે અલ્લાહ ઉપર ભરોસો ન રાખીએ જ્યારે ખરેખર તેણે અમને અમારા (મોક્ષના) માર્ગ દેખાડ્યા છે? અને જે ઇજા તમે અમને પહોંચાડો છો તે અમે અવશ્ય

સહન કરતા રહીશું; અને ભરોસો રાખનારાઓએ અલ્લાહ પરજ ભરોસો રાખવો જોઇએ.

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِرُسُلِهِمْ لَنُخْرِجَنَّكُمْ مِّنْ اَرْضِنَآ اَوْ لَتَعُوْدُنَّ فِيْ مِلَّتِنَا ؕ فَاَوْحٰٓى اِلَيْهِمْ رَبُّهُمْ لَنُهْلِكَنَّ الظّٰلِمِيْنَ ۙ﴿۱۳﴾

(૧૩) અને જેઓ ઇમાન લાવ્યા નહિ તેમણે પોતાના રસૂલોને કહ્યું કે અમે તમને અમારા દેશમાંથી કાઢીને જ જંપીશું, અથવા તો તમને અમારા ધર્મમાં પાછા આવવું જ પડશે. પછી તેમના પરવરદિગારે તેમની તરફ વહી મોકલી કે અમે તો ઝુલમગારોનો ખરેખર નાશ કરી નાખીશું.

وَلَنُسْكِنَنَّكُمُ الْاَرْضَ مِنْۢ بَعْدِهِمْ ؕ ذٰلِكَ لِمَنْ خَافَ
مَقَامِیْ وَخَافَ وَعِیْدِ ﴿۱۴﴾

(૧૪) અને તેમનો (નાશ કર્યા) પછી તમને તે ભૂમિમાં ખરેખર વસાવીશું; આ બદલો તે લોકો માટે છે કે જેઓ મારી હજૂરમાં ઉભા થવા (ની યાદ)થી ડરે છે અને મારી ધમકીથી પણ ડરે છે.

وَاسْتَفْتَحُوْا وَخَابَ كُلُّ جَبَّارٍ عَنِیْدٍ ﴿۱۵﴾ۙ

(૧૫) અને તેઓ (પયગમ્બરો)એ (તેમની અને નાસ્તિકો વચ્ચેની તકરારનો) ફેંસલો થઇ જવાની દુઆ માંગી અને દરેક શિરજોર વિરોધી નિરાશ થયો.

مِّنْ وَّرَآئِهٖ جَهَنَّمُ وَيُسْقٰى مِنْ مَّآءٍ صَدِيْدٍ ﴿١٦﴾

(૧૬) ત્યાર પછી (આખેરતમાં) તેના માટે જહન્નમ છે, અને પરૂનું પાણી તેને પીવડાવવામાં આવશે.

يَّتَجَرَّعُهٗ وَلَا يَكَادُ يُسِيْغُهٗ وَيَاْتِيْهِ الْمَوْتُ مِنْ كُلِّ مَكَانٍ وَّمَا

هُوَ بِمَيِّتٍ ؕ وَمِنْ وَّرَآئِهٖ عَذَابٌ غَلِيْظٌ ﴿١٧﴾

(૧૭) તે(ઓ) તે (પરૂ) ઘૂંટડે ઘૂંટડે પીશે છતાં તે તેના ગળા હેઠળ સહેલાઇથી ઉતારી શકાશે નહિ. અને મૃત્યુ તેને ચોમેરથી આવી ઘેરી લેશે પણ તે મરશે નહિ; અને ત્યાર પછી વધારે સખ્ત અઝાબ હશે.

مَثَلُ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ اَعْمَالُهُمْ كَرَمَادِ ِۨاشْتَدَّتْ بِهِ
الرِّيْحُ فِيْ يَوْمٍ عَاصِفٍ ؕ لَا يَقْدِرُوْنَ مِمَّا كَسَبُوْا عَلٰى شَيْءٍ ؕ
ذٰلِكَ هُوَ الضَّلٰلُ الْبَعِيْدُ ﴿۱۸﴾

(૧૮) જે લોકોએ પોતાના પરવરદિગારનો ઇન્કાર કર્યો તેમની કરણીઓનો દાખલો તે રાખના (ઢગ) જેવો છે કે જને તોફાનના દિવસે વાવાઝોડાએ ઉડાડી દીધી હોય જે કાંઇ તેમણે કર્યું હશે તેના કોઇ ભાગ ઉપર તેઓ અધિકાર ધરાવતા ન હશે; આ જ છેલ્લા દરજ્જાની માર્ગ ભ્રષ્ટતા છે!

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ؕ اِنْ يَّشَاْ
يُذْهِبْكُمْ وَيَاْتِ بِخَلْقٍ جَدِيْدٍ ۙ﴿۱۹﴾

(૧૯) શું તેં એ (વિષય)માં વિચાર નથી કર્યો કે અલ્લાહે આકાશો તથા ઝમીનને સદ્‌હેતુસર ઉત્પન્ન કર્યા છે? અગર તે ચાહે તો તમને નષ્ટ કરી દે અને બીજી નવીન સૃષ્ટિ લઇ આવે:

وَّمَا ذٰلِكَ عَلَى اللّٰهِ بِعَزِيْزٍ ﴿٢٠﴾

(૨૦) અને એમ કરવું અલ્લાહ માટે મુશ્કેલ નથી.

وَبَرَزُوْا لِلّٰهِ جَمِيْعًا فَقَالَ الضُّعَفٰٓؤُا لِلَّذِيْنَ اسْتَكْبَرُوْٓا اِنَّا كُنَّا
لَكُمْ تَبَعًا فَهَلْ اَنْتُمْ مُّغْنُوْنَ عَنَّا مِنْ عَذَابِ اللّٰهِ مِنْ شَيْءٍ ؕ
قَالُوْا لَوْ هَدٰىنَا اللّٰهُ لَهَدَيْنٰكُمْ ؕ سَوَآءٌ عَلَيْنَآ اَجَزِعْنَآ اَمْ
صَبَرْنَا مَا لَنَا مِنْ مَّحِيْصٍ ﴿٢١﴾

(૨૧) અને જ્યારે સઘળા (લોકો પોતાના મરણ પછીના સ્થાનેથી) નીકળીને અલ્લાહની હજૂરમાં ઉભા થશે ત્યારે કમજોર લોકો તે લોકોને કે જેઓ ગર્વિષ્ઠ હતા કહેશે કે નિ:સંશય અમે તો તમારા અનુયાયી હતા; માટે હવે આજે તમે અમારા ઉપરથી અલ્લાહના અઝાબમાંથી સહેજ પણ ટાળી શકો છો ? તેઓ કહેશે કે જો અલ્લાહે અમને કોઇ (છુટકારાનો) માર્ગ દેખાડ્યો હોત તો ખરેખર તમને પણ અમે દેખાડી દેતે; અમારા માટે (આ) બન્ને સ્થિતિ સમાન છે કે હવે તો અમે કલ્પાંત કરીએ કે ધીરજ ધરીએ, અમારા માટે તો છટકી જઇ આશ્રય લેવાનું સ્થાનજ નથી.

وَقَالَ الشَّيْطٰنُ لَمَّا قُضِيَ الْاَمْرُ اِنَّ اللّٰهَ وَعَدَكُمْ وَعْدَ الْحَقِّ
وَوَعَدْتُّكُمْ فَاَخْلَفْتُكُمْ ؕ وَمَا كَانَ لِيَ عَلَيْكُمْ مِّنْ سُلْطٰنٍ اِلَّاۤ
اَنْ دَعَوْتُكُمْ فَاسْتَجَبْتُمْ لِيْ ۚ فَلَا تَلُوْمُوْنِيْ وَلُوْمُوْۤا
اَنْفُسَكُمْ ؕ مَاۤ اَنَا بِمُصْرِخِكُمْ وَمَاۤ اَنْتُمْ بِمُصْرِخِيَّ ؕ اِنِّيْ
كَفَرْتُ بِمَاۤ اَشْرَكْتُمُوْنِ مِنْ قَبْلُ ؕ اِنَّ الظّٰلِمِيْنَ لَهُمْ عَذَابٌ
اَلِيْمٌ ﴿۲۲﴾

(૨૨) અને (જ્યારે સઘળો મામલો ચૂકવાઇ જશે અને લોકો શૈતાન ઉપર આક્ષેપ કરશે ત્યારે) શૈતાન કહેશે કે નિ:સંશય અલ્લાહે તો તમને સાચો વાયદો કર્યો હતો, અને મેં પણ તમને વાયદો કર્યો

હતો પણ તેનું મેં તમારી સાથે પાલન કર્યું નહિ, વળી તમારા ઉપર મારૂં કોઇ ચલણ તો હતુંજ નહિ. સિવાય કે મેં તમને બોલાવ્યા હતા અને તમોએ મારૂં કહેવું માની લીધું હતું, માટે (હવે) તમે મને ઠપકો આપો નહિ, બલ્કે તમારા પોતાનેજ ઠપકો આપો; હવે હું ન તમારી ફરિયાદે પહોંચી શકું છું અને ન તમે મારી ફરિયાદને સાંભળી શકો છો; તમોએ મને જે (અલ્લાહનો) શરીક બનાવ્યો હતો તેનો તો હું નિઃસંશય પ્રથમથી ઇન્કાર કરતો હતો; નિઃસંશય જેઓ ઝુલમગાર છે તેમના માટે દુઃખદાયક અઝાબ છે.

وَاُدۡخِلَ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ
تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا بِاِذۡنِ رَبِّهِمۡ ‌ؕ تَحِيَّتُهُمۡ فِيۡهَا
سَلٰمٌ ﴿۲۳﴾

(૨૩) અને જે લોકો ઇમાન લાવ્યા તથા નેકીઓ કરી તેઓ જન્નતોમાં દાખલ કરવામાં આવશે જેની હેઠળ નદીઓ વહેતી હશે અને પોતાના પરવરદિગારની આજ્ઞાથી તેઓ હંમેશ માટે તેમાંજ રહેનારા થશે; અને ત્યાં પરસ્પરની (મુલાકાત વખતનું) અભિવાદન સલામ સલામ હશે.

اَلَمۡ تَرَ كَيۡفَ ضَرَبَ اللّٰهُ مَثَلًا كَلِمَةً طَيِّبَةً كَشَجَرَةٍ طَيِّبَةٍ
اَصۡلُهَا ثَابِتٌ وَّفَرۡعُهَا فِى السَّمَآءِ ۙ‏ ﴿۲۴﴾

(૨૪) (અય રસૂલ!) શું તેં આ નથી વિચાર્યું કે અલ્લાહ એક પાક કલમાનો દાખલો કેવી રીતે વર્ણવ્યો છે? તે એક ઉમદા વૃક્ષના જેવો છે કે જેના મૂળ મજબૂત હોય અને જેની ડાળીઓ આકાશ પર પહોંચેલી હોયઃ

تُؤْتِيْٓ اُكُلَهَا كُلَّ حِيْنٍۭ بِاِذْنِ رَبِّهَا ؕ وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ

لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ۝۲۵

(૨૫) દરેક ઋતુમાં તે અલ્લાહના હુકમથી પોતાના (સ્વાદિષ્ટ) ફળ આપતું રહેતું હોય. અને (આવા) દાખલા અલ્લાહ લોકો માટે આ હેતુસર વર્ણવે છે કે કદાચને તેઓ બોધ ગ્રહણ કરે.

وَمَثَلُ كَلِمَةٍ خَبِيْثَةٍ كَشَجَرَةٍ خَبِيْثَةِ ٍ اجْتُثَّتْ مِنْ فَوْقِ
الْاَرْضِ مَا لَهَا مِنْ قَرَارٍ ﴿٢٦﴾

(૨૬) અને નાપાક કલમાનો દાખલો એક ખરાબ વૃક્ષ જેવો છે કે જે જમીન ઉપરથી ઉખેડી નાખી શકાય અને તેનામાં કાંઇજ સ્થિરતા ન હોય.

يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ فِي الْحَيٰوةِ الدُّنْيَا
وَفِي الْاٰخِرَةِ ۚ وَيُضِلُّ اللّٰهُ الظّٰلِمِيْنَ ۙ وَيَفْعَلُ اللّٰهُ مَا يَشَآءُ ﴿٢٧﴾

(૨૭) જેઓ ઇમાન લાવ્યા છે તેમને તો અલ્લાહ દુનિયાની જિંદગીમાં તથા આખેરતમાં તે પાકી વાત (કલમએ તૌહીદ)ના પ્રતાપે ઇમાન પર દ્રઢ રાખશે; અને જુલમગારોથી અલ્લાહ હિદાયતની

પ્રેરણા ખુંચવી લે છે, અને અલ્લાહ ચાહે છે તે કરે છે.

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ بَدَّلُوْا نِعْمَتَ اللّٰهِ كُفْرًا وَّاَحَلُّوْا قَوْمَهُمْ دَارَ الْبَوَارِ ﴿٢٨﴾

(૨૮) (અય રસૂલ!) શું તેં તેમના વિષે વિચાર નથી કર્યો કે જેમણે અલ્લાહની નેઅમતોને નાશુક્રીથી બદલી નાખી અને પોતાની કૌમને વિનાશના ઘરમાં ઉતારી મૂકીઃ

جَهَنَّمَ ۚ يَصْلَوْنَهَا ۗ وَبِئْسَ الْقَرَارُ ﴿٢٩﴾

(૨૯) (એટલે કે) જહન્નમમાં તેઓ સર્વે તેમાંજ દાખલ થશે; અને રહેવા માટે તે ઘણુંજ ખરાબ ઠેકાણું છે.

وَجَعَلُوۡا لِلّٰهِ اَنۡدَادًا لِّيُضِلُّوۡا عَنۡ سَبِيۡلِهٖ ؕ قُلۡ تَمَتَّعُوۡا فَاِنَّ مَصِيۡرَكُمۡ اِلَى النَّارِ ۝٣٠

(30) અને તેમણે અલ્લાહના કેટલાક શરીક બનાવ્યા કે જેથી (લોકોને) તેના માર્ગથી ભટકાવે; તું કહે કે તમે (થોડા દિવસ) લાભ ભોગવી લો પછી નિઃસંશય તમારૂં પાછું ફરવું જહન્નમ તરફજ છે.

قُلْ لِّعِبَادِيَ الَّذِيْنَ اٰمَنُوْا يُقِيْمُوا الصَّلٰوةَ وَيُنْفِقُوْا مِمَّا
رَزَقْنٰهُمْ سِرًّا وَّعَلَانِيَةً مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا
خِلٰلٌ ﴿٣١﴾

(૩૧) (અય રસૂલ!) મારા તે બંદાઓ કે જેઓ ઇમાન લાવ્યા છે તેમને કહે કે નમાઝ પઢ્યા કરે અને અમોએ જે રોજી તેમને આપી છે તેમાંથી છુપી અને જાહેર રીતે અમારી રાહમાં ખર્ચ્યા કરે, આ પહેલાં કે તે (ચોક્કસ) દિવસ આવી લાગે કે જે દિવસે ન કાંઇ લેવડદેવડ હશે ન પરસ્પરની મિત્રતા (કામે લાગશે.)

اَللّٰهُ الَّذِیۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَاَنۡزَلَ مِنَ السَّمَآءِ مَآءً
فَاَخۡرَجَ بِهٖ مِنَ الثَّمَرٰتِ رِزۡقًا لَّكُمۡ ۚ وَسَخَّرَ لَكُمُ الۡفُلۡكَ
لِتَجۡرِیَ فِی الۡبَحۡرِ بِاَمۡرِهٖ ۚ وَسَخَّرَ لَكُمُ الۡاَنۡهٰرَ ۝۳۲

(૩૨) અલ્લાહ એજ છે કે જેણે આકાશો તથા જમીનને પૈદા કર્યા અને આકાશ પરથી પાણી ઉતાર્યું, પછી તે વડે તમને રોજી આપવા કાજે ફળ ઉત્પન્ન કર્યા, અને વહાણોને તમારા તાબે કરી દીધા કે તેના હુકમથી સમુદ્રમાં ચાલતા (ફરતા) રહે, અને નદીઓ પણ તમારા અધિકારમાં કરી દીધી.

وَسَخَّرَ لَكُمُ الشَّمْسَ وَالْقَمَرَ دَآئِبَيْنِ ۚ وَسَخَّرَ لَكُمُ الَّيْلَ
وَالنَّهَارَ ﴿٣٣﴾

(33) અને સૂર્ય ચંદ્ર કે જે બન્ને પોતપોતાના માર્ગે (નિરંતર) ચક્કર માર્યા કરે છે તે પણ તમારા તાબે કરી દીધા, અને તેણે રાત્રિ તથા દિવસને પણ તમારા આધીન કર્યા.

وَاٰتٰـكُمْ مِّنْ كُلِّ مَا سَاَلْتُمُوْهُ ؕ وَاِنْ تَعُدُّوْا نِعْمَتَ اللّٰهِ لَا
تُحْصُوْهَا ؕ اِنَّ الْاِنْسَانَ لَظَلُوْمٌ كَفَّارٌ ﴿٣٤﴾

(3૪) અને તમે તેની પાસે જે કાંઇ માંગો છો તે તમને આપે છે; અને જો તમે અલ્લાહની નેઅમતોની ગણત્રી કરો તો તેનો શુમાર તમે

હરગિજ કરી શકશો નહિ; બેશક મનુષ્ય મોટો અન્યાયી અને અનુપકારી છે.

وَاِذۡ قَالَ اِبۡرٰهِيۡمُ رَبِّ اجۡعَلۡ هٰذَا الۡبَلَدَ اٰمِنًا وَّاجۡنُبۡنِىۡ وَبَنِىَّ اَنۡ نَّعۡبُدَ الۡاَصۡنَامَ ؕ‏ ﴿۳۵﴾

(૩૫) અને (તે સમયને યાદ કરો) જ્યારે ઇબ્રાહીમે યાચના કરી કે અય મારા પરવરદિગાર! આ (મક્કા) શહેરને સુલેહ શાંતિવાળું બનાવ, અને મને તથા મારી ઔલાદને મૂર્તિઓની પૂજાથી બચાવી લે.

رَبِّ اِنَّهُنَّ اَضۡلَلۡنَ كَثِيۡرًا مِّنَ النَّاسِ‌ ۚ فَمَنۡ تَبِعَنِىۡ فَاِنَّهٗ مِنِّىۡ‌ ۚ وَمَنۡ عَصَانِىۡ فَاِنَّكَ غَفُوۡرٌ رَّحِيۡمٌ‏ ﴿۳۶﴾

(૩૬) અય અમારા પરવરદિગાર! નિ:સંશય આ (મૂર્તિ)ઓએ ઘણા લોકોને ગુમરાહ કર્યા છે, માટે જે (શખ્સ) મારી તાબેદારી કરશે નિ:સંશય તે મારામાંથી છે, અને જે મારી નાફરમાની કરશે તો એમાં શંકાજ નથી કે તું મહા ક્ષમાવાન (અને) દયાળુ છે.

رَبَّنَآ اِنِّیۡۤ اَسۡکَنۡتُ مِنۡ ذُرِّیَّتِیۡ بِوَادٍ غَیۡرِ ذِیۡ زَرۡعٍ عِنۡدَ بَیۡتِکَ
الۡمُحَرَّمِ ۙ رَبَّنَا لِیُقِیۡمُوا الصَّلٰوۃَ فَاجۡعَلۡ اَفۡئِدَۃً مِّنَ النَّاسِ
تَہۡوِیۡۤ اِلَیۡہِمۡ وَارۡزُقۡہُمۡ مِّنَ الثَّمَرٰتِ لَعَلَّہُمۡ یَشۡکُرُوۡنَ ﴿۳۷﴾

(૩૭) અય અમારા પરવરદિગાર! નિ:સંશય મેં મારી ઔલાદમાંથી (કેટલાકને) તારા પવિત્ર મકાન

પાસે એવાં રણપ્રદેશમાં કે જેમાં ખેતીવાડી (જેવું) કાંઇજ નથી વસાવ્યા છે, એટલા માટે કે અય અમારા પરવરદિગાર! તેઓ નમાઝ પઢ્યા કરે, માટે લોકોમાં કેટલાકના મન તેમની તરફ વાળી ફેરવી દે તથા તેમને ફળો દ્વારા રોજી પહોંચાડે કે કદાચને તેઓ (તારો) આભાર માને.

رَبَّنَآ اِنَّكَ تَعۡلَمُ مَا نُخۡفِيۡ وَمَا نُعۡلِنُ ؕ وَمَا يَخۡفٰى عَلَى اللّٰهِ مِنۡ شَىۡءٍ فِى الۡاَرۡضِ وَلَا فِى السَّمَآءِ ﴿۳۸﴾

(૩૮) અય અમારા પરવરદિગાર! બેશક તું તે (બધું) જાણે છે કે જે અમે સંતાડીએ છીએ અને જે અમે જાહેર કરીએ છીએ; અને અલ્લાહ પર આકાશ તથા જમીનની કોઇ પણ વસ્તુ છુપી નથી.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ وَهَبَ لِیْ عَلَی الْكِبَرِ اِسْمٰعِیْلَ وَاِسْحٰقَ ؕ اِنَّ رَبِّیْ لَسَمِیْعُ الدُّعَآءِ ﴿۳۹﴾

(૩૯) સર્વે ગુણગાન અલ્લાહ માટેજ (પૂરવાર) છે જેણે મને વૃધ્ધાવસ્થા છતાંય ઇસ્માઇલ તથા ઇસ્હાક (જેવાં પુત્રો) અર્પણ કર્યા; બેશક મારો પરવરદિગાર (દરેક) દુઆનો સાંભળનાર છે.

رَبِّ اجْعَلْنِیْ مُقِیْمَ الصَّلٰوةِ وَمِنْ ذُرِّیَّتِیْ ۖۗ رَبَّنَا وَتَقَبَّلْ دُعَآءِ ﴿۴۰﴾

(૪૦) અય મારા પરવરદિગાર! મને (નિયમિત) નમાઝ અદા કરનારો બનાવ અને મારી

ઓલાદમાંથી પણ; અય અમારા પરવરદિગાર! અને મારી દુઆ કબૂલ કર.

رَبَّنَا اغۡفِرۡلِىۡ وَلِوَالِدَىَّ وَلِلۡمُؤۡمِنِيۡنَ يَوۡمَ يَقُوۡمُ الۡحِسَابُ ﴿٤١﴾

(૪૧) અય અમારા પરવરદિગાર! જે દિવસે હિસાબ લેવામાં આવશે (તે દિવસે) મને તથા મારા માં-બાપને તથા મોઅમીનોને માફ કરી દેજે.

وَلَا تَحۡسَبَنَّ اللّٰهَ غَافِلًا عَمَّا يَعۡمَلُ الظّٰلِمُوۡنَ ؕ اِنَّمَا يُؤَخِّرُهُمۡ لِيَوۡمٍ تَشۡخَصُ فِيۡهِ الۡاَبۡصَارُ ﴿٤٢﴾

(૪૨) અને (અય રસૂલ! આ) ઝાલિમો જે કૃત્યો કરે છે તેનાથી અલ્લાહને હરગિજ ગાફિલ સમજજે નહિ; સિવાય તેના નથી કે તે તેમને તે દિવસ

સુધીની મોહલત આપે છે કે જે દિવસે આંખો (ભયની મારી) ઉઘાડીને ઉઘાડીજ રહી જશેઃ

مُهۡطِعِيۡنَ مُقۡنِعِىۡ رُءُوۡسِهِمۡ لَا يَرۡتَدُّ اِلَيۡهِمۡ طَرۡفُهُمۡ‌ۚ وَاَفۡـِٕدَتُهُمۡ هَوَآءٌ ؕ‏ ﴿۴۳﴾

(૪૩) (લોકો) પોતાના માથા ઊંચા કરી દોડ્યા ચાલ્યા જતા હશે, ખુદ પોતાની તરફ પણ તેમની નજર પાછી ફરશે નહિ, અને તેમના હોંશ ઉડી ગયેલા હશે.

وَاَنۡذِرِ النَّاسَ يَوۡمَ يَاۡتِيۡهِمُ الۡعَذَابُ فَيَـقُوۡلُ الَّذِيۡنَ ظَلَمُوۡا رَبَّنَاۤ اَخِّرۡنَاۤ اِلٰٓى اَجَلٍ قَرِيۡبٍ ۙ نُّجِبۡ دَعۡوَتَكَ وَنَـتَّبِعِ الرُّسُلَ‌ ؕ اَوَلَمۡ تَكُوۡنُوۡۤا اَقۡسَمۡتُمۡ مِّنۡ قَبۡلُ مَا لَـكُمۡ مِّنۡ زَوَالٍ ۙ‏ ﴿۴۴﴾

(૪૪) અને (અય રસૂલ!) લોકોને તે દિવસથી ડરાવ કે જે દિવસે તેમના પર અઝાબ આવશે ત્યારે જે ઝુલમગાર હશે તેઓ કહેશે કે અય અમારા પરવરદિગાર! અમને થોડાક વખત સુધીની મોહલત આપ, એટલે અમે તારૂં આમંત્રણ કબૂલ કરી લઇશું અને તારા રસૂલોના અનુયાયી બની જઇશું; (જવાબમાં કહેવામાં આવશે કે) શું તમે પહેલાંથી એ (બાબત)ની સોગંદ ખાતા ન હતા કે તમારી તો કોઇ (પ્રકારની) પડતી થશેજ નહિ:

وَسَكَنْتُمْ فِيْ مَسٰكِنِ الَّذِيْنَ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ وَتَبَيَّنَ لَكُمْ
كَيْفَ فَعَلْنَا بِهِمْ وَضَرَبْنَا لَكُمُ الْاَمْثَالَ۝۴۵

(૪૫) અને તમે તે લોકોના ઘરોમાં વસો છો કે જેમણે પોતે પોતાના પર ઝુલ્મ કર્યો હતો, અને તમારા પર આ પણ ખુલ્લું થઇ ચૂક્યું છે કે અમોએ તેઓ (ઝાલિમો)ની સાથે કેવો વર્તાવ કર્યો હતો અને તમારા સમજવા માટે અમોએ (ઘણા) દાખલાઓ પણ આપ્યા છે.

وَقَدْ مَكَرُوْا مَكْرَهُمْ وَعِنْدَ اللّٰهِ مَكْرُهُمْ ؕ وَاِنْ كَانَ مَكْرُهُمْ لِتَزُوْلَ مِنْهُ الْجِبَالُ ﴿٤٦﴾

(૪૬) અને તે (કુરૈશી)ઓ તો પોતાની ચાલબાજી સંપૂર્ણ રીતે ચાલી ચૂક્યા છે પણ તેમની ચાલ અલ્લાહની નઝરમાં છે; જો કે તેમની ચાલ એવી (ભયંકર) હતી કે પહાડ પણ તેનાથી ખસી જાય.

فَلَا تَحۡسَبَنَّ اللّٰهَ مُخۡلِفَ وَعۡدِهٖ رُسُلَهٗ ؕ اِنَّ اللّٰهَ عَزِيۡزٌ ذُو انۡتِقَامٍ ؕ﴿۴۷﴾

(૪૭) માટે અલ્લાહથી એવું ગુમાન હરગિજ ન કર કે તેણે પોતાના રસૂલોથી જે વાયદો કર્યો છે તેની વિરૂધ્ધ તે કરનાર છે. નિ:સંશય અલ્લાહ જબરદસ્ત (અને) બદલો લેનારો છે.

يَوۡمَ تُبَدَّلُ الۡاَرۡضُ غَيۡرَ الۡاَرۡضِ وَالسَّمٰوٰتُ وَبَرَزُوۡا لِلّٰهِ الۡوَاحِدِ الۡقَهَّارِ ﴿۴۸﴾

(૪૮) જે દિવસે પૃથ્વી એક જુદી પૃથ્વીમાં બદલી નાખવામાં આવશે અને આકાશો પણ; અને સઘળા

(લોકો) એકજ પ્રબળ અલ્લાહની હજૂરમાં નીકળી ઉભા થશે.

وَتَرَى الْمُجْرِمِيْنَ يَوْمَئِذٍ مُّقَرَّنِيْنَ فِي الْاَصْفَادِ ﴿۴۹﴾

(૪૯) અને તે દિવસે તું ગુનેહગારોને બેડીઓમાં જકડાએલાં જોશે.

سَرَابِيْلُهُمْ مِّنْ قَطِرَانٍ وَّتَغْشٰى وُجُوْهَهُمُ النَّارُ ﴿۵۰﴾

(૫૦) તેમના લાંબા પહેરણ ડામરના (કતેરાનના) હશે અને અગ્નિ તેમના ચહેરાને (ચોમેરથી) ઢાંકી દેતી હશેઃ

لِيَجْزِيَ اللّٰهُ كُلَّ نَفْسٍ مَّا كَسَبَتْ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿۵۱﴾

(૫૧) કે જેથી અલ્લાહ દરેક વ્યક્તિને તેની કરણીનો (પૂરેપૂરો) બદલો આપે; બેશક અલ્લાહ ઝડપી હિસાબ લેનારો છે.

هٰذَا بَلٰغٌ لِّلنَّاسِ وَلِيُنۡذَرُوۡا بِهٖ وَلِيَعۡلَمُوۡۤا اَنَّمَا هُوَ اِلٰهٌ وَّاحِدٌ
وَّلِيَذَّكَّرَ اُولُوا الۡاَلۡبَابِ ﴿۵۲﴾

(૫૨) માણસો માટે આ (કુરઆન) એક સંપૂર્ણ સંદેશો છે અને તે (ઉતારવા)નો હેતુ એ છે કે તેઓ તે વડે ડરાવવામાં આવે, અને એ માટે પણ કે તેઓ (આ) જાણી લે કે તે (અલ્લાહ) એકજ માઅબૂદ છે અને એ માટે પણ કે (તેનાથી) બુધ્ધિશાળીઓ બોધ ગ્રહણ કરે.

الٓرٰ ۟ تِلۡكَ اٰيٰتُ الۡكِتٰبِ وَقُرۡاٰنٍ مُّبِيۡنٍ ①

(૧) અલિફ લામ રા. આ (અલ્લાહની) કિતાબની અને રોશન કુરઆનની આયતો છે.

رُبَمَا يَوَدُّ الَّذِيۡنَ كَفَرُوۡا لَوۡ كَانُوۡا مُسۡلِمِيۡنَ ②

(૨) (એક દિવસ એવો આવનાર છે કે જ્યારે) જે લોકો ઇમાન નથી લાવ્યા (તેઓ) વારંવાર (એવું) ઇચ્છશે કે કદાચને તેઓ મુસ્લિમ હોત (તો કેવું સારૂં)!

ذَرۡهُمۡ يَاۡكُلُوۡا وَيَتَمَتَّعُوۡا وَيُلۡهِهِمُ الۡاَمَلُ فَسَوۡفَ يَعۡلَمُوۡنَ ③

(૩) (અય રસૂલ!) તેમને મૂકી દે કે તેઓ ખાય પીએ અને (સંસારીક) લાભ મેળવે અને આશા તેમને ગફલતમાં નાખી મૂકે, આગળ જતાં તો તેમને (વસ્તુ સ્થિતિ) જણાઇજ આવશે.

وَمَآ اَهۡلَكۡنَا مِنۡ قَرۡيَةٍ اِلَّا وَلَهَا كِتَابٌ مَّعۡلُوۡمٌ ﴿۴﴾

(૪) અને અમોએ કોઇ પણ વસ્તીનો નાશ નથી કર્યો કે જેની મુદ્દત (આગળથી) લખી દેવામાં આવી ન હોય.

مَا تَسۡبِقُ مِنۡ اُمَّةٍ اَجَلَهَا وَمَا يَسۡتَاۡخِرُوۡنَ ﴿۵﴾

(૫) કોઇ ઉમ્મત તેના નક્કી થયેલ સમયથી ન આગળ વધશે અને ન પાછળ રહી જશે.

وَقَالُوْا يٰٓاَيُّهَا الَّذِىْ نُزِّلَ عَلَيْهِ الذِّكْرُ اِنَّكَ لَمَجْنُوْنٌ ﴿٦﴾

(૬) અને તેઓ કહે છે કે અય તું કે જેના પર કુરઆન ઉતારવામાં આવ્યું છે ! નિઃસંશય તું દિવાનો છે.

لَوْ مَا تَأْتِيْنَا بِالْمَلٰٓئِكَةِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٧﴾

(૭) અગર તું સત્યવાદીઓમાંથી હોય તો અમારી પાસે ફરિશ્તા કેમ લઇ આવતો નથી ?

مَا نُنَزِّلُ الْمَلٰٓئِكَةَ اِلَّا بِالْحَقِّ وَمَا كَانُوْٓا اِذًا مُّنْظَرِيْنَ ﴿٨﴾

(૮) (જો કે) ફરિશ્તાઓને તો અમે જાહેરમાં અઝાબ સાથે મોકલ્યા કરીએ છીએ અને (જ્યારે જેમની

તરફ મોકલીએ છીએ) ત્યારે તેમને (મુદ્દલ) મોહલત આપવામાં આવતી નથી.

إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ ﴿٩﴾

(૯) નિઃસંશય અમોએ જ આ ઝિક્ર (કુરઆન) ને ઉતાર્યું છે અને નિઃસંશય અમેજ તેના રક્ષક (રહેનારા) છીએ.

وَلَقَدْ أَرْسَلْنَا مِن قَبْلِكَ فِي شِيَعِ الْأَوَّلِينَ ﴿١٠﴾

(૧૦) અને (અય રસૂલ!) ખરેજ અમોએ તારી પહેલાં અગાઉની ઉમ્મતોમાં પણ રસૂલ મોકલ્યા હતા.

وَمَا يَأْتِيهِم مِّن رَّسُولٍ إِلَّا كَانُوا بِهِ يَسْتَهْزِئُونَ ﴿١١﴾

(૧૧) અને એક પણ રસૂલ તેમની પાસે એવો આવ્યો ન હતો કે જેની તેમણે હાંસી ઉડાડી ન હોય.

كَذٰلِكَ نَسۡلُكُهٗ فِیۡ قُلُوۡبِ الۡمُجۡرِمِیۡنَ ﴿ۙ۱۲﴾

(૧૨) અપરાધીઓના મનોમાં (તેમની શરારતોને કારણે) અમે એવુંજ (હાંસી ઉડાડવાનું) નાખી દઇએ છીએ.

لَا یُؤۡمِنُوۡنَ بِهٖ وَ قَدۡ خَلَتۡ سُنَّةُ الۡاَوَّلِیۡنَ ﴿۱۳﴾

(૧૩) તેઓ તે (કુરઆન) ઉપર ઇમાન લાવશે નહિ, એ પ્રણાલિકા આગલા લોકોથી ચાલતી આવી છે.

وَ لَوۡ فَتَحۡنَا عَلَیۡهِمۡ بَابًا مِّنَ السَّمَآءِ فَظَلُّوۡا فِیۡهِ یَعۡرُجُوۡنَ ﴿ۙ۱۴﴾

(૧૪) અને અગર અમે તેમના પર આકાશનો એક દરવાજો ઉઘાડી દઇએ, પછી આ (લોકો) આખો વખત તેના પર ચઢ્યા કરેઃ

لَقَالُوْٓا اِنَّمَا سُكِّرَتْ اَبْصَارُنَا بَلْ نَحْنُ قَوْمٌ مَّسْحُوْرُوْنَ ﴿١٥﴾

(૧૫) તો પણ એજ કહેશે કે અમારી નઝરબંદી કરી દેવામાં આવી છે, બલ્કે અમો લોકો ઉપર જાદુ કરી દેવામાં આવ્યું છે.

وَلَقَدْ جَعَلْنَا فِي السَّمَآءِ بُرُوْجًا وَّزَيَّنّٰهَا لِلنّٰظِرِيْنَ ﴿١٦﴾

(૧૬) અને ખરેજ અમોએ આકાશમાં નક્ષત્રો કાયમ કર્યા છે અને દેખનારાઓ માટે તે (આકાશ) ને અમોએ સુશોભીત બનાવ્યું છેઃ

وَحَفِظْنٰهَا مِنْ كُلِّ شَيْطٰنٍ رَّجِيْمٍ ﴿١٧﴾

(૧૭) અને દરેક લાનત પામેલા શૈતાનથી તેનું રક્ષણ કર્યું છે.

اِلَّا مَنِ اسْتَرَقَ السَّمْعَ فَاَتْبَعَهٗ شِهَابٌ مُّبِيْنٌ ﴿١٨﴾

(૧૮) પણ જો કોઇ (શૈતાન) ચોરી છુપીથી કોઇ (વાત) સાંભળવા જાય તો પ્રત્યક્ષ અગ્નિજ્વાળા (રૂપે એક તારો) તેની પાછળ પડી જાય.

وَالْاَرْضَ مَدَدْنٰهَا وَاَلْقَيْنَا فِيْهَا رَوَاسِيَ وَاَنْۢبَتْنَا فِيْهَا مِنْ كُلِّ شَيْءٍ مَّوْزُوْنٍ ﴿١٩﴾

(૧૯) અને પૃથ્વીને અમોએ (તમારા વસવાટ માટે) પાથરી છે અને તેમાં મોટા મોટા પહાડ (ખીલા

તરીકે) સ્થાઇ કર્યા છે અને તેમાં યોગ્ય પ્રમાણમાં દરેક વસ્તુ ઉગાડી દીધી છે.

وَجَعَلْنَا لَكُمْ فِيْهَا مَعَايِشَ وَمَنْ لَّسْتُمْ لَهٗ بِرٰزِقِيْنَ ﴿٢٠﴾

(૨૦) અને તેમાં તમારા જીવન નિર્વાહના સાધનો પણ નક્કી કર્યા છે અને તેમના માટે પણ કે જેમને તમે રોઝી પહોંચાડતા નથી.

وَاِنْ مِّنْ شَيْءٍ اِلَّا عِنْدَنَا خَزَآئِنُهٗ ۚ وَمَا نُنَزِّلُهٗٓ اِلَّا بِقَدَرٍ مَّعْلُوْمٍ ﴿٢١﴾

(૨૧) અને એક પણ વસ્તુ એવી નથી કે જેના ભરપૂર ભંડાર અમારી પાસે ન હોય, અને તે નક્કી કરેલ પ્રમાણમાંજ ઉતારીએ છીએ.

وَاَرۡسَلۡنَا الرِّيٰحَ لَوَاقِحَ فَاَنۡزَلۡنَا مِنَ السَّمَآءِ مَآءً
فَاَسۡقَيۡنٰكُمُوۡهُ‌ ۚ وَمَاۤ اَنۡتُمۡ لَهٗ بِخٰزِنِيۡنَ ﴿۲۲﴾

(૨૨) અને અમો પાણીથી ભરેલા વાયુઓ મોકલીએ છીએ, પછી આકાશમાંથી પાણી ઉતારીએ છીએ, પછી અમે તે (પાણી) તમને પીવડાવીએ છીએ, જો કે તે પાણીનો સંગ્રહ કરનારા તમે નથી.

وَاِنَّا لَنَحۡنُ نُحۡىٖ وَنُمِيۡتُ وَنَحۡنُ الۡوٰرِثُوۡنَ ﴿۲۳﴾

(૨૩) અને નિઃસંશય અમેજ (દરેક જીવને) સજીવન કરીએ છીએ અને અમેજ મારીએ છીએ અને અમેજ (મૂળ) વારસ છીએ.

وَلَقَدْ عَلِمْنَا الْمُسْتَقْدِمِيْنَ مِنْكُمْ وَلَقَدْ عَلِمْنَا الْمُسْتَأْخِرِيْنَ ﴿٢٤﴾

(૨૪) અને ખરેખર અમો તમારામાંથી જેઓ અગાઉ હતા તેમને જાણીએ છીએ અને તમારા પાછળ આવનારાઓને પણ અમે ખરેખર જાણીએ છીએ.

وَإِنَّ رَبَّكَ هُوَ يَحْشُرُهُمْ ۚ إِنَّهُ حَكِيْمٌ عَلِيْمٌ ﴿٢٥﴾

(૨૫) અને નિ:સંશય તારો પરવરદિગાર એજ છે જે તેમને ભેગાં કરશે; નિ:સંશય તે મહાન હિકમતવાળો (અને) સર્વજ્ઞ છે.

وَلَقَدْ خَلَقْنَا الْإِنْسَانَ مِنْ صَلْصَالٍ مِّنْ حَمَإٍ مَّسْنُوْنٍ ﴿٢٦﴾

(૨૬) અને ખરેજ અમોએ મનુષ્યને ખણખણ કરતા કાળા સડેલા કીચડમાંથી પૈદા કર્યો છે.

وَالْجَآنَّ خَلَقْنٰهُ مِنْ قَبْلُ مِنْ نَّارِ السَّمُوْمِ ﴿٢٧﴾

(૨૭) અને અમોએ જીન્નાતોને (મનુષ્યની ઉત્પત્તિ) પહેલાં ભડભડતી આગમાંથી પૈદા કર્યા હતા.

وَاِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ اِنِّيْ خَالِقٌۢ بَشَرًا مِّنْ صَلْصَالٍ مِّنْ حَمَاٍ مَّسْنُوْنٍ ﴿٢٨﴾

(૨૮) અને (તે સમયને યાદ કર) જ્યારે કે તારા પરવરદિગારે સઘળા ફરિશ્તાઓને કહ્યું કે નિઃસંશય હું એક મનુષ્યને ખણખણ કરતા કાળા સડેલા કીચડમાંથી પૈદા કરનાર છું.

فَاِذَا سَوَّيْتُهٗ وَنَفَخْتُ فِيْهِ مِنْ رُّوْحِيْ فَقَعُوْا لَهٗ سٰجِدِيْنَ ﴿٢٩﴾

(૨૯) પછી જ્યારે હું તેને પૂરેપૂરો બનાવી ચૂકું અને મારી (રૂહે હયાતમાંથી) રૂહ તેમાં ફુંકી દઉં તો તમે તેની સામે સિજદામાં પડી જજો.

فَسَجَدَ الْمَلٰٓئِكَةُ كُلُّهُمْ اَجْمَعُوْنَ ﴿٣٠﴾

(30) જેથી (સર્વે) ફરિશ્તાઓએ તો સિજદો કર્યોઃ

اِلَّآ اِبْلِيْسَ ؕ اَبٰٓى اَنْ يَّكُوْنَ مَعَ السّٰجِدِيْنَ ﴿٣١﴾

(૩૧) (પણ) ન કર્યો તો (તે) માત્ર શૈતાને; તેણે સિજદો કરનારાઓનો સાથ આપવાનો ઇન્કાર કર્યોઃ

قَالَ يٰٓاِبْلِيْسُ مَا لَكَ اَلَّا تَكُوْنَ مَعَ السّٰجِدِيْنَ ﴿٣٢﴾

(૩૨) (આથી) અલ્લાહે ફરમાવ્યું કે અય શૈતાન ! તને શું થઇ ગયું છે કે તું સિજદો કરનારાઓનો સાથ નથી આપતો ?

قَالَ لَمْ اَكُنْ لِّاَسْجُدَ لِبَشَرٍ خَلَقْتَهٗ مِنْ صَلْصَالٍ مِّنْ حَمَاٍ مَّسْنُوْنٍ ﴿۳۳﴾

(૩૩) તેણે કહ્યું કે હું એવો નથી કે (એક) એવા માણસને સિજદો કરૂં કે જેને તેં ખણખણ કરતા કાળા કીચડમાંથી પૈદા કર્યો છે.

قَالَ فَاخْرُجْ مِنْهَا فَاِنَّكَ رَجِيْمٌ ﴿۳۴﴾

(૩૪) (અલ્લાહે) ફરમાવ્યું કે ત્યારે તું આ સ્થળેથી નીકળી જા, કારણ કે બેશક તું (અમારી) દરગાહથી હાંકી કાઢવામાં આવેલો છે:

وَاِنَّ عَلَيْكَ اللَّعْنَةَ اِلٰى يَوْمِ الدِّيْنِ ﴿٣٥﴾

(૩૫) અને નિઃસંશય ફેંસલા (કયામત)ના દિવસ સુધી તારા ઉપર લાનત થતી રહેશે.

قَالَ رَبِّ فَاَنْظِرْنِيْٓ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿٣٦﴾

(૩૬) તેણે કહ્યું કે અય મારા પરવરદિગાર! ત્યારે તું મને તે દિવસ સુધીની મોહલત આપ કે જે દિવસે સઘળા મનુષ્યો ઉઠાડવામાં આવશે.

قَالَ فَاِنَّكَ مِنَ الْمُنْظَرِيْنَ ﴿٣٧﴾ۙ

(૩૭) (અલ્લાહે) ફરમાવ્યું જે લોકોને મોહલત આપવામાં આવી છે તું પણ તેઓ માંહેનો છે.

اِلٰى يَوْمِ الْوَقْتِ الْمَعْلُوْمِ ﴿٣٨﴾

(૩૮) તે સુનિશ્ચિત (કયામતના) દિવસના સમય સુધી.

قَالَ رَبِّ بِمَآ اَغْوَيْتَنِىْ لَاُزَيِّنَنَّ لَهُمْ فِى الْاَرْضِ وَلَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿٣٩﴾

(૩૯) તેણે કહ્યું કે અય મારા પરવરદિગાર! જેવી રીતે તેં મને ભૂલ ખવડાવી છે તેમ હું પણ દુનિયામાં (બૂરી વસ્તુઓ) તેમની નઝરમાં જરૂર

સુશોભિત બનાવીશ અને અવશ્ય તે સઘળાઓને ભૂલ ખવડાવીશઃ

إِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِينَ ﴿٤٠﴾

(૪૦) સિવાય તેમના કે જેઓ તારા નિખાલસ બંદાઓમાંથી હશે.

قَالَ هَٰذَا صِرَاطٌ عَلَيَّ مُسْتَقِيمٌ ﴿٤١﴾

(૪૧) (અલ્લાહે) ફરમાવ્યું મારી તરફ આવવાનો આ (એક) જ માર્ગ સીધો છે.

إِنَّ عِبَادِي لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطَانٌ إِلَّا مَنِ اتَّبَعَكَ مِنَ الْغَاوِينَ ﴿٤٢﴾

(૪૨) નિઃસંશય (જેઓ) મારા બંદા છે તેમના પર તારી કાંઇ સત્તા ચાલશે નહિ, સિવાય કે ગુમરાહોમાંથી જેઓ તારા અનુયાયી થઇ જાય.

وَإِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ أَجْمَعِينَ ﴿٤٣﴾

(૪૩) અને ખરેખર તેઓ સર્વેના વાયદાની જગ્યા જહન્નમ છેઃ

لَهَا سَبْعَةُ أَبْوَابٍ لِّكُلِّ بَابٍ مِّنْهُمْ جُزْءٌ مَّقْسُومٌ ﴿٤٤﴾

(૪૪) જેના સાત દરવાઝા છે; દરેક દરવાઝા માટે તેઓ (ગુનેહગારો)માંથી (જુદા જુદા સાત) ટોળાં પાડેલાં હશે.

إِنَّ الْمُتَّقِينَ فِي جَنَّاتٍ وَعُيُونٍ ﴿٤٥﴾

(૪૫) નિઃસંશય પરહેજગાર લોકો જન્નતો અને ઝરણાં (વાળી ભૂમિ)માં હશે.

اُدۡخُلُوۡهَا بِسَلٰمٍ اٰمِنِيۡنَ ۝٤٦

(૪૬) (તેમને કહેવામાં આવશે કે) તેમાં સલામતી અને અમન અમાન સાથે દાખલ થાઓ.

وَنَزَعۡنَا مَا فِىۡ صُدُوۡرِهِمۡ مِّنۡ غِلٍّ اِخۡوَانًا عَلٰى سُرُرٍ مُّتَقٰبِلِيۡنَ ۝٤٧

(૪૭) અને તેમના દિલોમાં જે કાંઇ કીનો (દ્વેષ) હશે તે અમે જડમૂળમાંથી કાઢી નાખીશું (અને) તેઓ સિંહાસન પર એક બીજાની સામે ભાઇ ભાઇની જેમ બેઠા હશે.

لَا يَمَسُّهُمْ فِيْهَا نَصَبٌ وَّمَا هُمْ مِّنْهَا بِمُخْرَجِيْنَ ﴿٤٨﴾

(૪૮) તે (જન્નતો)માં ન તેમને કોઇ (જાતનું) કષ્ટ પહોંચશે અને ન તેમને તેમાંથી કાઢી મૂકવામાં આવશે.

نَبِّئْ عِبَادِيْٓ اَنِّيْٓ اَنَا الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿٤٩﴾

(૪૯) (અય રસૂલ!) મારા બંદાઓને ખબર આપ કે હું ક્ષમાવાન (અને) દયાળુ છું.

وَاَنَّ عَذَابِيْ هُوَ الْعَذَابُ الْاَلِيْمُ ﴿٥٠﴾

(૫૦) અને આ કે મારો અઝાબ પણ દર્દ ભર્યો અઝાબ છે.

وَنَبِّئْهُمْ عَنْ ضَيْفِ اِبْرٰهِيْمَ ﴿٥١﴾

(૫૧) (અય રસૂલ!) તેમને ઇબ્રાહીમના મહેમાનોની હકીકત કહી સંભળાવ.

اِذۡ دَخَلُوۡا عَلَیۡهِ فَقَالُوۡا سَلٰمًا ؕ قَالَ اِنَّا مِنۡكُمۡ وَجِلُوۡنَ ﴿۵۲﴾

(૫૨) કે જ્યારે તે (ફરિશ્તા)ઓ તેની પાસે આવ્યા પછી તેમણે સલામ કરી; (ઇબ્રાહીમે) કહ્યું કે નિઃસંશય અમે તમારાથી ડરીએ છીએ.

الٓرٰ ۚ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ وَقُرْاٰنٍ مُّبِيْنٍ ①

(૧) અલિફ લામ રા. આ (અલ્લાહની) કિતાબની અને રોશન કુરઆનની આયતો છે.

رُبَمَا يَوَدُّ الَّذِيْنَ كَفَرُوْا لَوْ كَانُوْا مُسْلِمِيْنَ ②

(૨) (એક દિવસ એવો આવનાર છે કે જ્યારે) જે લોકો ઇમાન નથી લાવ્યા (તેઓ) વારંવાર (એવું) ઇચ્છશે કે કદાચને તેઓ મુસ્લિમ હોત (તો કેવું સારૂં)!

ذَرْهُمْ يَاْكُلُوْا وَيَتَمَتَّعُوْا وَيُلْهِهِمُ الْاَمَلُ فَسَوْفَ يَعْلَمُوْنَ ③

(૩) (અય રસૂલ!) તેમને મૂકી દે કે તેઓ ખાય પીએ અને (સંસારીક) લાભ મેળવે અને આશા તેમને ગફલતમાં નાખી મૂકે, આગળ જતાં તો તેમને (વસ્તુ સ્થિતિ) જણાઇજ આવશે.

وَمَآ اَهۡلَكۡنَا مِنۡ قَرۡيَةٍ اِلَّا وَلَهَا كِتَابٌ مَّعۡلُوۡمٌ ④

(૪) અને અમોએ કોઇ પણ વસ્તીનો નાશ નથી કર્યો કે જેની મુદ્દત (આગળથી) લખી દેવામાં આવી ન હોય.

مَا تَسۡبِقُ مِنۡ اُمَّةٍ اَجَلَهَا وَمَا يَسۡتَاۡخِرُوۡنَ ⑤

(૫) કોઇ ઉમ્મત તેના નક્કી થયેલ સમયથી ન આગળ વધશે અને ન પાછળ રહી જશે.

وَقَالُوْا يٰٓاَيُّهَا الَّذِىْ نُزِّلَ عَلَيْهِ الذِّكْرُ اِنَّكَ لَمَجْنُوْنٌ ﴿٦﴾

(૬) અને તેઓ કહે છે કે અય તું કે જેના પર કુરઆન ઉતારવામાં આવ્યું છે ! નિઃસંશય તું દિવાનો છે.

لَوْ مَا تَاْتِيْنَا بِالْمَلٰٓئِكَةِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٧﴾

(૭) અગર તું સત્યવાદીઓમાંથી હોય તો અમારી પાસે ફરિશ્તા કેમ લઇ આવતો નથી ?

مَا نُنَزِّلُ الْمَلٰٓئِكَةَ اِلَّا بِالْحَقِّ وَمَا كَانُوْٓا اِذًا مُّنْظَرِيْنَ ﴿٨﴾

(૮) (જો કે) ફરિશ્તાઓને તો અમે જાહેરમાં અઝાબ સાથે મોકલ્યા કરીએ છીએ અને (જ્યારે જેમની

તરફ મોકલીએ છીએ) ત્યારે તેમને (મુદ્દલ) મોહલત આપવામાં આવતી નથી.

إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ ⑨

(૯) નિ:સંશય અમોએ જ આ ઝિક્ર (કુરઆન) ને ઉતાર્યું છે અને નિ:સંશય અમેજ તેના રક્ષક (રહેનારા) છીએ.

وَلَقَدْ أَرْسَلْنَا مِن قَبْلِكَ فِي شِيَعِ الْأَوَّلِينَ ⑩

(૧૦) અને (અય રસૂલ!) ખરેજ અમોએ તારી પહેલાં અગાઉની ઉમ્મતોમાં પણ રસૂલ મોકલ્યા હતા.

وَمَا يَأْتِيهِم مِّن رَّسُولٍ إِلَّا كَانُوا بِهِ يَسْتَهْزِئُونَ ⑪

(૧૧) અને એક પણ રસૂલ તેમની પાસે એવો આવ્યો ન હતો કે જેની તેમણે હાંસી ઉડાડી ન હોય.

كَذٰلِكَ نَسْلُكُهٗ فِيْ قُلُوْبِ الْمُجْرِمِيْنَ ﴿۱۲﴾

(૧૨) અપરાધીઓના મનોમાં (તેમની શરારતોને કારણે) અમે એવુંજ (હાંસી ઉડાડવાનું) નાખી દઇએ છીએ.

لَا يُؤْمِنُوْنَ بِهٖ وَقَدْ خَلَتْ سُنَّةُ الْاَوَّلِيْنَ ﴿۱۳﴾

(૧૩) તેઓ તે (કુરઆન) ઉપર ઇમાન લાવશે નહિ, એ પ્રણાલિકા આગલા લોકોથી ચાલતી આવી છે.

وَلَوْ فَتَحْنَا عَلَيْهِمْ بَابًا مِّنَ السَّمَآءِ فَظَلُّوْا فِيْهِ يَعْرُجُوْنَ ﴿۱۴﴾

(૧૪) અને અગર અમે તેમના પર આકાશનો એક દરવાજો ઉઘાડી દઇએ, પછી આ (લોકો) આખો વખત તેના પર ચઢ્યા કરેઃ

لَقَالُوْٓا اِنَّمَا سُكِّرَتْ اَبْصَارُنَا بَلْ نَحْنُ قَوْمٌ مَّسْحُوْرُوْنَ ﴿١٥﴾

(૧૫) તો પણ એજ કહેશે કે અમારી નઝરબંદી કરી દેવામાં આવી છે, બલ્કે અમો લોકો ઉપર જાદુ કરી દેવામાં આવ્યું છે.

وَلَقَدْ جَعَلْنَا فِي السَّمَآءِ بُرُوْجًا وَّزَيَّنّٰهَا لِلنّٰظِرِيْنَ ﴿١٦﴾

(૧૬) અને ખરેજ અમોએ આકાશમાં નક્ષત્રો કાયમ કર્યા છે અને દેખનારાઓ માટે તે (આકાશ) ને અમોએ સુશોભીત બનાવ્યું છેઃ

وَحَفِظْنٰهَا مِنْ كُلِّ شَيْطٰنٍ رَّجِيْمٍ ﴿١٧﴾

(૧૭) અને દરેક લાનત પામેલા શૈતાનથી તેનું રક્ષણ કર્યું છે.

اِلَّا مَنِ اسْتَرَقَ السَّمْعَ فَاَتْبَعَهٗ شِهَابٌ مُّبِيْنٌ ﴿١٨﴾

(૧૮) પણ જો કોઇ (શૈતાન) ચોરી છુપીથી કોઇ (વાત) સાંભળવા જાય તો પ્રત્યક્ષ અગ્નિજ્વાળા (રૂપે એક તારો) તેની પાછળ પડી જાય.

وَالْاَرْضَ مَدَدْنٰهَا وَاَلْقَيْنَا فِيْهَا رَوَاسِيَ وَاَنْۢبَتْنَا فِيْهَا مِنْ كُلِّ شَيْءٍ مَّوْزُوْنٍ ﴿١٩﴾

(૧૯) અને પૃથ્વીને અમોએ (તમારા વસવાટ માટે) પાથરી છે અને તેમાં મોટા મોટા પહાડ (ખીલા

તરીકે) સ્થાઇ કર્યા છે અને તેમાં યોગ્ય પ્રમાણમાં દરેક વસ્તુ ઉગાડી દીધી છે.

وَجَعَلۡنَا لَكُمۡ فِيۡهَا مَعَايِشَ وَمَنۡ لَّسۡتُمۡ لَهٗ بِرٰزِقِيۡنَ ۝٢٠

(૨૦) અને તેમાં તમારા જીવન નિર્વાહના સાધનો પણ નક્કી કર્યા છે અને તેમના માટે પણ કે જેમને તમે રોઝી પહોંચાડતા નથી.

وَاِنۡ مِّنۡ شَىۡءٍ اِلَّا عِنۡدَنَا خَزَآٮِٕنُهٗ وَمَا نُنَزِّلُهٗۤ اِلَّا بِقَدَرٍ مَّعۡلُوۡمٍ ۝٢١

(૨૧) અને એક પણ વસ્તુ એવી નથી કે જેના ભરપૂર ભંડાર અમારી પાસે ન હોય, અને તે નક્કી કરેલ પ્રમાણમાંજ ઉતારીએ છીએ.

وَاَرۡسَلۡنَا الرِّيٰحَ لَوَاقِحَ فَاَنۡزَلۡنَا مِنَ السَّمَآءِ مَآءً

فَاَسۡقَيۡنٰكُمُوۡهُ‌ ۚ وَمَاۤ اَنۡتُمۡ لَهٗ بِخٰزِنِيۡنَ ﴿۲۲﴾

(૨૨) અને અમો પાણીથી ભરેલા વાયુઓ મોકલીએ છીએ, પછી આકાશમાંથી પાણી ઉતારીએ છીએ, પછી અમે તે (પાણી) તમને પીવડાવીએ છીએ, જો કે તે પાણીનો સંગ્રહ કરનારા તમે નથી.

وَاِنَّا لَنَحۡنُ نُحۡىٖ وَنُمِيۡتُ وَنَحۡنُ الۡوٰرِثُوۡنَ ﴿۲۳﴾

(૨૩) અને નિઃસંશય અમેજ (દરેક જીવને) સજીવન કરીએ છીએ અને અમેજ મારીએ છીએ અને અમેજ (મૂળ) વારસ છીએ.

وَلَقَدۡ عَلِمۡنَا الۡمُسۡتَقۡدِمِيۡنَ مِنۡكُمۡ وَلَقَدۡ عَلِمۡنَا
الۡمُسۡتَاۡخِرِيۡنَ ﴿٢٤﴾

(૨૪) અને ખરેખર અમો તમારામાંથી જેઓ અગાઉ હતા તેમને જાણીએ છીએ અને તમારા પાછળ આવનારાઓને પણ અમે ખરેખર જાણીએ છીએ.

وَاِنَّ رَبَّكَ هُوَ يَحۡشُرُهُمۡ‌ؕ اِنَّهٗ حَكِيۡمٌ عَلِيۡمٌ ﴿٢٥﴾

(૨૫) અને નિ:સંશય તારો પરવરદિગાર એજ છે જે તેમને ભેગાં કરશે; નિ:સંશય તે મહાન હિકમતવાળો (અને) સર્વજ્ઞ છે.

وَلَقَدۡ خَلَقۡنَا الۡاِنۡسَانَ مِنۡ صَلۡصَالٍ مِّنۡ حَمَاٍ مَّسۡنُوۡنٍ‌ۚ ﴿٢٦﴾

(૨૬) અને ખરેજ અમોએ મનુષ્યને ખણખણ કરતા કાળા સડેલા કીચડમાંથી પૈદા કર્યો છે.

وَالْجَآنَّ خَلَقْنٰهُ مِنْ قَبْلُ مِنْ نَّارِ السَّمُوْمِ ﴿٢٧﴾

(૨૭) અને અમોએ જીન્નાતોને (મનુષ્યની ઉત્પત્તિ) પહેલાં ભડભડતી આગમાંથી પૈદા કર્યા હતા.

وَاِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ اِنِّیْ خَالِقٌۢ بَشَرًا مِّنْ صَلْصَالٍ مِّنْ حَمَاٍ

مَّسْنُوْنٍ ﴿٢٨﴾

(૨૮) અને (તે સમયને યાદ કર) જ્યારે કે તારા પરવરદિગારે સઘળા ફરિશ્તાઓને કહ્યું કે નિઃસંશય હું એક મનુષ્યને ખણખણ કરતા કાળા સડેલા કીચડમાંથી પૈદા કરનાર છું.

فَاِذَا سَوَّيۡتُهٗ وَنَفَخۡتُ فِيۡهِ مِنۡ رُّوۡحِىۡ فَقَعُوۡا لَهٗ سٰجِدِيۡنَ ﴿۲۹﴾

(૨૯) પછી જ્યારે હું તેને પૂરેપૂરો બનાવી ચૂકું અને મારી (રૂહે હયાતમાંથી) રૂહ તેમાં ફુંકી દઉં તો તમે તેની સામે સિજદામાં પડી જજો.

فَسَجَدَ الۡمَلٰٓـئِكَةُ كُلُّهُمۡ اَجۡمَعُوۡنَ ۙ﴿۳۰﴾

(30) જેથી (સર્વે) ફરિશ્તાઓએ તો સિજદો કર્યો:

اِلَّاۤ اِبۡلِيۡسَ ؕ اَبٰٓى اَنۡ يَّكُوۡنَ مَعَ السّٰجِدِيۡنَ ﴿۳۱﴾

(૩૧) (પણ) ન કર્યો તો (તે) માત્ર શૈતાને; તેણે સિજદો કરનારાઓનો સાથ આપવાનો ઇન્કાર કર્યો:

قَالَ يٰۤاِبۡلِيۡسُ مَا لَكَ اَلَّا تَكُوۡنَ مَعَ السّٰجِدِيۡنَ ﴿۳۲﴾

(૩૨) (આથી) અલ્લાહે ફરમાવ્યું કે અય શૈતાન ! તને શું થઇ ગયું છે કે તું સિજદો કરનારાઓનો સાથ નથી આપતો ?

قَالَ لَمْ اَكُنْ لِّاَسْجُدَ لِبَشَرٍ خَلَقْتَهٗ مِنْ صَلْصَالٍ مِّنْ حَمَاٍ مَّسْنُوْنٍ۝۳۳

(૩૩) તેણે કહ્યું કે હું એવો નથી કે (એક) એવા માણસને સિજદો કરૂં કે જેને તેં ખણખણ કરતા કાળા કીચડમાંથી પૈદા કર્યો છે.

قَالَ فَاخْرُجْ مِنْهَا فَاِنَّكَ رَجِيْمٌ ۝۳۴

(૩૪) (અલ્લાહે) ફરમાવ્યું કે ત્યારે તું આ સ્થળેથી નીકળી જા, કારણ કે બેશક તું (અમારી) દરગાહથી હાંકી કાઢવામાં આવેલો છેઃ

وَاِنَّ عَلَيْكَ اللَّعْنَةَ اِلٰى يَوْمِ الدِّيْنِ ۝٣٥

(૩૫) અને નિઃસંશય ફેંસલા (કયામત)ના દિવસ સુધી તારા ઉપર લાનત થતી રહેશે.

قَالَ رَبِّ فَاَنْظِرْنِيْٓ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ۝٣٦

(૩૬) તેણે કહ્યું કે અય મારા પરવરદિગાર! ત્યારે તું મને તે દિવસ સુધીની મોહલત આપ કે જે દિવસે સઘળા મનુષ્યો ઉઠાડવામાં આવશે.

قَالَ فَاِنَّكَ مِنَ الْمُنْظَرِيْنَ ۝٣٧ۙ

(૩૭) (અલ્લાહે) ફરમાવ્યું જે લોકોને મોહલત આપવામાં આવી છે તું પણ તેઓ માંહેનો છે.

اِلٰى يَوۡمِ الۡوَقۡتِ الۡمَعۡلُوۡمِ ۝٣٨

(૩૮) તે સુનિશ્ચિત (કયામતના) દિવસના સમય સુધી.

قَالَ رَبِّ بِمَاۤ اَغۡوَيۡتَنِىۡ لَاُزَيِّنَنَّ لَهُمۡ فِى الۡاَرۡضِ وَلَاُغۡوِيَنَّهُمۡ اَجۡمَعِيۡنَۙ ۝٣٩

(૩૯) તેણે કહ્યું કે અય મારા પરવરદિગાર! જેવી રીતે તેં મને ભૂલ ખવડાવી છે તેમ હું પણ દુનિયામાં (બૂરી વસ્તુઓ) તેમની નઝરમાં જરૂર

સુશોભિત બનાવીશ અને અવશ્ય તે સઘળાઓને ભૂલ ખવડાવીશઃ

إِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِينَ ﴿٤٠﴾

(૪૦) સિવાય તેમના કે જેઓ તારા નિખાલસ બંદાઓમાંથી હશે.

قَالَ هَٰذَا صِرَاطٌ عَلَيَّ مُسْتَقِيمٌ ﴿٤١﴾

(૪૧) (અલ્લાહે) ફરમાવ્યું મારી તરફ આવવાનો આ (એક) જ માર્ગ સીધો છે.

إِنَّ عِبَادِي لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطَانٌ إِلَّا مَنِ اتَّبَعَكَ مِنَ الْغَاوِينَ ﴿٤٢﴾

(૪૨) નિઃસંશય (જેઓ) મારા બંદા છે તેમના પર તારી કાંઇ સત્તા ચાલશે નહિ, સિવાય કે ગુમરાહોમાંથી જેઓ તારા અનુયાયી થઇ જાય.

وَإِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ أَجْمَعِينَ ﴿٤٣﴾

(૪૩) અને ખરેખર તેઓ સર્વેના વાયદાની જગ્યા જહન્નમ છેઃ

لَهَا سَبْعَةُ أَبْوَابٍ لِّكُلِّ بَابٍ مِّنْهُمْ جُزْءٌ مَّقْسُومٌ ﴿٤٤﴾

(૪૪) જેના સાત દરવાઝા છે; દરેક દરવાઝા માટે તેઓ (ગુનેહગારો)માંથી (જુદા જુદા સાત) ટોળાં પાડેલાં હશે.

إِنَّ الْمُتَّقِينَ فِي جَنَّاتٍ وَعُيُونٍ ﴿٤٥﴾

(૪૫) નિઃસંશય પરહેજગાર લોકો જન્નતો અને ઝરણાં (વાળી ભૂમિ)માં હશે.

اُدْخُلُوْهَا بِسَلٰمٍ اٰمِنِيْنَ ﴿٤٦﴾

(૪૬) (તેમને કહેવામાં આવશે કે) તેમાં સલામતી અને અમન અમાન સાથે દાખલ થાઓ.

وَنَزَعْنَا مَا فِيْ صُدُوْرِهِمْ مِّنْ غِلٍّ اِخْوَانًا عَلٰى سُرُرٍ مُّتَقٰبِلِيْنَ ﴿٤٧﴾

(૪૭) અને તેમના દિલોમાં જે કાંઇ કીનો (દ્વેષ) હશે તે અમે જડમૂળમાંથી કાઢી નાખીશું (અને) તેઓ સિંહાસન પર એક બીજાની સામે ભાઇ ભાઇની જેમ બેઠા હશે.

لَا يَمَسُّهُمْ فِيْهَا نَصَبٌ وَّمَا هُمْ مِّنْهَا بِمُخْرَجِيْنَ ﴿٤٨﴾

(૪૮) તે (જન્નતો)માં ન તેમને કોઇ (જાતનું) કષ્ટ પહોંચશે અને ન તેમને તેમાંથી કાઢી મૂકવામાં આવશે.

نَبِّئْ عِبَادِيْٓ اَنِّيْٓ اَنَا الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿٤٩﴾

(૪૯) (અય રસૂલ!) મારા બંદાઓને ખબર આપ કે હું ક્ષમાવાન (અને) દયાળુ છું.

وَاَنَّ عَذَابِيْ هُوَ الْعَذَابُ الْاَلِيْمُ ﴿٥٠﴾

(૫૦) અને આ કે મારો અઝાબ પણ દર્દ ભર્યો અઝાબ છે.

وَنَبِّئْهُمْ عَنْ ضَيْفِ اِبْرٰهِيْمَ ﴿٥١﴾

(૫૧) (અય રસૂલ!) તેમને ઇબ્રાહીમના મહેમાનોની હકીકત કહી સંભળાવ.

اِذۡ دَخَلُوۡا عَلَيۡهِ فَقَالُوۡا سَلٰمًا ؕ قَالَ اِنَّا مِنۡكُمۡ وَجِلُوۡنَ ﴿۵۲﴾

(૫૨) કે જ્યારે તે (ફરિશ્તા)ઓ તેની પાસે આવ્યા પછી તેમણે સલામ કરી; (ઇબ્રાહીમે) કહ્યું કે નિઃસંશય અમે તમારાથી ડરીએ છીએ.

قَالُوۡا لَا تَوۡجَلۡ اِنَّا نُبَشِّرُكَ بِغُلٰمٍ عَلِيۡمٍ ﴿۵۳﴾

(૫૩) તેમણે કહ્યું કે (અય ઇબ્રાહીમ !) ડર નહિ, નિઃસંશય અમે તને એક જ્ઞાની પુત્રની ખુશખબર આપીએ છીએ.

قَالَ اَبَشَّرۡتُمُوۡنِىۡ عَلٰٓى اَنۡ مَّسَّنِىَ الۡـكِبَرُ فَبِمَ تُبَشِّرُوۡنَ ﴿۵۴﴾

(૫૪) (ઇબ્રાહીમે) કહ્યું કે શું અમારી વૃદ્ધાવસ્થામાં તમે મને (પુત્રની) ખુશખબર આપો છો ? (એ બનવું અસંભવિત છે) તો પછી તમે મને શાની ખુશખબર આપો છો ?

قَالُوْا بَشَّرْنٰكَ بِالْحَقِّ فَلَا تَكُنْ مِّنَ الْقٰنِطِيْنَ ۝٥٥

(૫૫) તેમણે કહ્યું કે અમોએ તો તને સાચી ખુશખબર આપી છે માટે તું નિરાશ થનારાઓ માંહેનો ન થા.

قَالَ وَمَنْ يَّقْنَطُ مِنْ رَّحْمَةِ رَبِّهٖٓ اِلَّا الضَّآلُّوْنَ ۝٥٦

(૫૬) તેણે કહ્યું કે ગુમરાહો (ભટકેલાઓ) સિવાય પોતાના પરવરદિગારની દયા (દ્રષ્ટિ)થી કોણ નિરાશ થાય?

قَالَ فَمَا خَطْبُكُمْ اَيُّهَا الْمُرْسَلُوْنَ ﴿٥٧﴾

(૫૭) પછી (પુનઃ) કહ્યું કે અય (અલ્લાહના) એલચીઓ! (વારૂ, હવે) તમારો સંદેશો શું છે ?

قَالُوْۤا اِنَّاۤ اُرْسِلْنَاۤ اِلٰى قَوْمٍ مُّجْرِمِيْنَ ﴿٥٨﴾ۙ

(૫૮) તેમણે કહ્યું કે નિઃસંશય અમે એક અપરાધી કોમ તરફ (અઝાબ આપવા માટે) મોકલવામાં આવ્યા છીએ;

اِلَّاۤ اٰلَ لُوْطٍ ؕ اِنَّا لَمُنَجُّوْهُمْ اَجْمَعِيْنَ ﴿٥٩﴾ۙ

(૫૯) સિવાય લૂતની ઓલાદના; નિઃસંશય તે સર્વેને અમે જરૂર બચાવી લઇશું ઃ

اِلَّا امْرَاَتَهٗ قَدَّرْنَاۤ ۙ اِنَّهَا لَمِنَ الْغٰبِرِيْنَ ﴿٦٠﴾ࣖ

(૬૦) પણ લૂતના કુટુંબીઓ (ને નહિ કે જેના વિષે) અમોએ નિર્ણય કરી દીધો છે કે નિઃસંશય તે પાછળ રહી જનારાઓ માંહેની હશે.

فَلَمَّا جَآءَ اٰلَ لُوۡطِ ۨالۡمُرۡسَلُوۡنَ ﴿٦١﴾

(૬૧) પછી જે વખતે (અમારા) મોકલેલા (ફરિશ્તા) લૂતના કુટુંબીઓ પાસે પહોંચ્યા;

قَالَ اِنَّكُمۡ قَوۡمٌ مُّنۡكَرُوۡنَ ﴿٦٢﴾

(૬૨) ત્યારે લૂતે કહ્યું કે નિઃસંશય તમે અજાણ્યા (લોકો) લાગો છો.

قَالُوۡا بَلۡ جِئۡنٰكَ بِمَا كَانُوۡا فِيۡهِ يَمۡتَرُوۡنَ ﴿٦٣﴾

(૬૩) તેમણે કહ્યું કે નહિ, અમે તો તારી પાસે તે વસ્તુઓ લઇને આવ્યા છીએ કે જે (ના સંબંધ)માં આ લોકો શંકા કરતા હતા.

وَاَتَيۡنٰكَ بِالۡحَـقِّ وَاِنَّا لَصٰدِقُوۡنَ ﴿۶۴﴾

(૬૪) અને અમે તારી પાસે સાચો હુકમ લઇને આવ્યા છીએ અને નિઃસંશય અમે સાચાજ છીએ.

فَاَسۡرِ بِاَهۡلِكَ بِقِطۡعٍ مِّنَ الَّيۡلِ وَاتَّبِعۡ اَدۡبَارَهُمۡ وَلَا يَلۡتَفِتۡ مِنۡكُمۡ اَحَدٌ وَّامۡضُوۡا حَيۡثُ تُؤۡمَرُوۡنَ ﴿۶۵﴾

(૬૫) માટે થોડી રાત્રિ રહે તું તારા કુટુંબોને રવાના કરી દેજે અને (પછી) પોતે પણ તેમની પાછળ પાછળ (નીકળી) જજે અને (આ યાદ રાખજો કે)

તમારામાંથી કોઇ એક પણ પાછુ વાળીને જુએ નહિ, અને તમને જ્યાં (જવા)નો હુકમ આપવામાં આવ્યો છે તે તરફ (શામમાં) ચાલ્યા જજો.

وَقَضَيۡنَاۤ اِلَيۡهِ ذٰلِكَ الۡاَمۡرَ اَنَّ دَابِرَ هٰٓؤُلَاۤءِ مَقۡطُوۡعٌ مُّصۡبِحِيۡنَ۝٦٦

(૬૬) અને આ હુકમ અમોએ લૂતને (વહી દ્વારા) સંભળાવી દીધો કે સવાર થતાં થતાં તે લોકોનાં જડમૂળ કાપી નાખવામાં આવશે.

وَجَآءَ اَهۡلُ الۡمَدِيۡنَةِ يَسۡتَبۡشِرُوۡنَ۝٦٧

(૬૭) અને (તે ફરિશ્તાઓને જોઇ) એ શહેરના લોકો (બદ દાનતથી) ખુશ ખુશ થતા આવ્યા.

قَالَ اِنَّ هٰٓؤُلَآءِ ضَيۡفِىۡ فَلَا تَفۡضَحُوۡنِۙ‏ ﴿۶۸﴾

(૬૮) (જેથી લૂતે) કહ્યું કે નિ:સંશય આ મારા મહેમાનો છે, માટે (તેમની સામે) મારી ફજેતી ન કરો:

وَاتَّقُوا اللّٰهَ وَلَا تُخۡزُوۡنِ‏ ﴿۶۹﴾

(૬૯) અને અલ્લાહથી ડરો અને મને શરમીંદો કરો નહીં.

قَالُوۡۤا اَوَلَمۡ نَـنۡهَكَ عَنِ الۡعٰلَمِيۡنَ‏ ﴿۷۰﴾

(૭૦) તેમણે કહ્યું કે અમોએ તને પરદેશી લોકોને મહેમાન બનાવવાને મનાઈ કરી ન હતી ?

قَالَ هٰٓؤُلَآءِ بَنٰتِىۡۤ اِنۡ كُنۡتُمۡ فٰعِلِيۡنَؕ‏ ﴿۷۱﴾

(૭૧) (લૂતે) કહ્યું કે અગર તમારે કાંઇ કરવું જ છે તો આ મારી દીકરીઓ હાજર છે.

لَعَمۡرُكَ اِنَّهُمۡ لَفِىۡ سَكۡرَتِهِمۡ يَعۡمَهُوۡنَ ۝٧٢

(૭૨) (અય રસૂલ!) તારા જીવના સોગંદ! નિઃસંશય તેઓ પોતાની ગુમરાહીના નશામાં જ આંધળા બની ગયા હતા (જેથી લૂતનું કાંઇજ સાંભળ્યું નહિ).

فَاَخَذَتۡهُمُ الصَّيۡحَةُ مُشۡرِقِيۡنَ ۝٧٣

(૭૩) જેથી સૂર્યોદય થતાં થતાં તેમને એક ભયંકર ગર્જનાએ પકડી લીધા:

فَجَعَلۡنَا عَالِيَهَا سَافِلَهَا وَاَمۡطَرۡنَا عَلَيۡهِمۡ حِجَارَةً مِّنۡ سِجِّيۡلٍ ۝٧٤

(૭૪) પછી અમોએ તે (વસ્તી)ને તળે ઉપર કરી નાખી, અને તેમના ઉપર અમે ભૂંજેલી માટીના પત્થર વરસાવ્યા.

اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیٰتٍ لِّلۡمُتَوَسِّمِیۡنَ ﴿۷۵﴾

(૭૫) નિઃસંશય ! આ (બનાવ)માં વાતનો મર્મ કાઢનારાઓ માટે નિશાનીઓ (મોજૂદ) છે.

وَ اِنَّہَا لَبِسَبِیۡلٍ مُّقِیۡمٍ ﴿۷۶﴾

(૭૬) અને નિઃસંશય તે (ઊંધી વળી ગયેલી વસ્તી) હંમેશના આવવા જવાના માર્ગ ઉપર હજી પણ બાકી છે.

اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیَۃً لِّلۡمُؤۡمِنِیۡنَ ﴿ؕ۷۷﴾

(૭૭) નિ:સંશય આ (બનાવ)માં મોમીનો માટે એક (ધડારૂપ) નિશાની છે.

وَاِنْ كَانَ اَصْحٰبُ الْاَيْكَةِ لَظٰلِمِيْنَ ﴿٧٨﴾

(૭૮) અને અયકાવાળાઓ પણ ખરેખર ઝુલમગાર હતા:

فَانْتَقَمْنَا مِنْهُمْ ۘ وَاِنَّهُمَا لَبِاِمَامٍ مُّبِيْنٍ ﴿٧٩﴾

(૭૯) જેથી અમોએ તેમનાથી પણ બદલો લીધો, અને નિ:સંશય તેઓ બન્ને (લૂત તથા શોઅયબની વસ્તીઓ)ના અવશેષો આવવા જવાના માર્ગ પર મોજૂદ છે.

وَلَقَدْ كَذَّبَ اَصْحٰبُ الْحِجْرِ الْمُرْسَلِيْنَ ﴿٨٠﴾

(૮૦) અને ખરેજ હિજરવાળાઓએ પણ રસૂલોને જૂઠલાવ્યા હતા ઃ

وَاٰتَيۡنٰهُمۡ اٰيٰتِنَا فَكَانُوۡا عَنۡهَا مُعۡرِضِيۡنَۙ‏ ﴿۸۱﴾

(૮૧) અને અમોએ તેમને પણ નિશાનીઓ આપી હતી, છતાં તેઓ તેનાથી મોંઢું ફેરવતા જ રહ્યાઃ

وَكَانُوۡا يَنۡحِتُوۡنَ مِنَ الۡجِبَالِ بُيُوۡتًا اٰمِنِيۡنَ‏ ﴿۸۲﴾

(૮૨) અને તેઓ સુરક્ષિત રહેવા માટે પહાડો કોતરી ઘરો બનાવતા હતા.

فَاَخَذَتۡهُمُ الصَّيۡحَةُ مُصۡبِحِيۡنَۙ‏ ﴿۸۳﴾

(૮૩) પછી સવાર થતાં થતાં તેમને પણ એક ભયંકર ગર્જનાઓ પકડી લીધાઃ

فَمَآ اَغْنٰی عَنْهُمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٨٤﴾

(૮૪) જેથી તેઓ જે કાંઇ (બચાવની) યુક્તિઓ કરતા હતા તે તેમને (મુદ્દલ) કામ આવી નહિ.

وَمَا خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَآ اِلَّا بِالْحَقِّ ؕ وَاِنَّ السَّاعَةَ لَاٰتِيَةٌ فَاصْفَحِ الصَّفْحَ الْجَمِيْلَ ﴿٨٥﴾

(૮૫) અને અમોએ આકાશો તથા પૃથ્વી અને તે બન્નેની વચ્ચે જે કાંઇ છે તે સત્ય હેતુ પૂર્વક પૈદા કર્યું છે, અને નિઃસંશય (કયામતની) ઘડી આવનારજ છે, માટે તમે ભલાઇની સાથે દરગુજર કરતા રહો.

اِنَّ رَبَّكَ هُوَ الْخَلّٰقُ الْعَلِيْمُ ﴿٨٦﴾

(૮૬) નિઃસંશય તારો પરવરદિગાર એજ (સઘળાનો) સર્જનહાર (અને) સર્વજ્ઞ છે.

وَلَقَدْ اٰتَيْنٰكَ سَبْعًا مِّنَ الْمَثَانِيْ وَالْقُرْاٰنَ الْعَظِيْمَ ﴿٨٧﴾

(૮૭) અને ખરેખર અમોએ તને વારંવાર પઢવામાં આવતી સાત આયતોવાળી સૂરહ (ફાતેહા) અને બુઝુર્ગીવાળું કુરઆન અર્પણ કર્યું છે.

لَا تَمُدَّنَّ عَيْنَيْكَ اِلٰى مَا مَتَّعْنَا بِهٖٓ اَزْوَاجًا مِّنْهُمْ وَلَا تَحْزَنْ عَلَيْهِمْ وَاخْفِضْ جَنَاحَكَ لِلْمُؤْمِنِيْنَ ﴿٨٨﴾

(૮૮) તેઓ (નાસ્તિકો)માંથી કેટલાક પ્રકારના લોકોને અમોએ જે વસ્તુઓ વડે લાભ પહોંચાડ્યો છે તેમની તરફ તું દ્રષ્ટિ ન નાખ, અને ન તેમના

(અધર્મીપણાને) કાજે દિલગીર થા, અને મોઅમીનો સાથે નમ્ર ભાવે વર્ત.

وَقُلۡ اِنِّیۡۤ اَنَا النَّذِیۡرُ الۡمُبِیۡنُ ﴿۸۹﴾

(૮૯) અને કહે કે નિઃસંશય હું એક પ્રત્યક્ષ ડરાવનારો છું.

كَمَاۤ اَنۡزَلۡنَا عَلَی الۡمُقۡتَسِمِیۡنَ ﴿۹۰﴾

(૯૦) (અગર તમે ઇમાન નહિ લાવો તો તમારા પર અઝાબ આવી પડશે) જેવી રીતે કે અમોએ તે ભાગલા પાડનારા (યહૂદી)ઓ પર અઝાબ મોકલ્યો હતોઃ

الَّذِیۡنَ جَعَلُوا الۡقُرۡاٰنَ عِضِیۡنَ ﴿۹۱﴾

(૯૧) કે જેમણે (પોતાની) કિતાબના ટુકડે ટુકડા કરી નાખ્યા હતા (યાને થોડા ભાગને માનતા અને થોડાનો ઇન્કાર કરતા હતા)

فَوَرَبِّكَ لَنَسْـَٔلَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿٩٢﴾

(૯૨) માટે (અય રસુલ!) તારા પરવરદિગારની કસમ! તે સઘળાઓને અમે જરૂર સવાલ કરીશું:

عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٩٣﴾

(૯૩) જે કાંઇ પણ તેઓ કર્યા કરતા હતા તેના સબંધમાં.

فَاصْدَعْ بِمَا تُؤْمَرُ وَاَعْرِضْ عَنِ الْمُشْرِكِيْنَ ﴿٩٤﴾

(૯૪) હવે તને જે કાંઇ આજ્ઞા આપવામાં આવે છે તે ખુલ્લું કરીને કહે અને મુશરિકો તરફથી મોંઢું ફેરવી લે.

اِنَّا كَفَيْنٰكَ الْمُسْتَهْزِءِيْنَ ۙ﴿۹۵﴾

(૯૫) નિ:સંશય તે હાંસી કરનારાઓની (બદમાશીથી) તને બચાવવા માટે અમે પૂરતા છીએ:

الَّذِيْنَ يَجْعَلُوْنَ مَعَ اللّٰهِ اِلٰـهًا اٰخَرَ ۚ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿۹۶﴾

(૯૬) કે જેઓ અલ્લાહની સાથે બીજા (ખોટા) માઅબૂદો (ને તેના શરીક) ઠરાવે છે, માટે તેઓ આગળ જતાં (વસ્તુસ્થિતિ) જાણી લેશે.

وَلَقَدۡ نَعۡلَمُ اَنَّكَ يَضِيۡقُ صَدۡرُكَ بِمَا يَقُوۡلُوۡنَ ۙ﴿۹۷﴾

(૯૭) અને અમે ખરેખર જાણીએ છીએ કે તેઓ જે કાંઇક કહે છે તેનાથી તારૂં મન સંકોચાય છે.

فَسَبِّحۡ بِحَمۡدِ رَبِّكَ وَكُنۡ مِّنَ السّٰجِدِيۡنَ ۙ﴿۹۸﴾

(૯૮) પણ તું તારા પરવરદિગારના વખાણના ગુણ ગાયા કર અને સિજદો કરનારાઓ માંહેનો થાઃ

وَاعۡبُدۡ رَبَّكَ حَتّٰى يَاۡتِيَكَ الۡيَقِيۡنُ ﴿۹۹﴾

(૯૯) અને જ્યાં સુધી ચોક્કસ સમય (યાને મૃત્યુ) આવે ત્યાં સુધી તારા પરવરદિગારની ઇબાદત કરતો રહે.

اَتٰۤى اَمۡرُ اللّٰهِ فَلَا تَسۡتَعۡجِلُوۡهُ‌ ؕ سُبۡحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يُشۡرِكُوۡنَ ①

(૧) (અય મક્કાના નાસ્તિકો !) અલ્લાહનો હુકમ આવી ચૂક્યો છે, માટે તેના માટે ઉતાવળ કરો નહિ. જે વસ્તુઓને તેઓ (અલ્લાહની) શરીક બનાવે છે તેનાથી તે પાક અને ઉચ્ચ છે.

يُنَزِّلُ الۡمَلٰۤـئِكَةَ بِالرُّوۡحِ مِنۡ اَمۡرِهٖ عَلٰى مَنۡ يَّشَآءُ مِنۡ عِبَادِهٖۤ اَنۡ اَنۡذِرُوۡۤا اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنَا فَاتَّقُوۡنِ ②

(૨) ફરિશ્તાઓને પોતાના હુકમથી વહી આપી પોતાના બંદાઓમાંથી જેના માટે ચાહે છે તેના પર મોકલે છે (એવો હુકમ આપીને) કે લોકોને

ચેતવણી આપો કે મારા સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી માટે મારાથી ડરતા રહો.

خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ؕ تَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ۝٣

(3) તેણે આકાશો તથા પૃથ્વીને ખરા હેતુ પૂર્વક સર્જ્યાં છે; અને તેઓ જેમને શરીક બનાવે છે તેમનાથી તે ઘણોજ ઊંચો છે.

خَلَقَ الْاِنْسَانَ مِنْ نُّطْفَةٍ فَاِذَا هُوَ خَصِيْمٌ مُّبِيْنٌ ۝٤

(૪) તેણેજ મનુષ્યને વીર્ય બિંદુમાંથી પૈદા કર્યો. પછી એજ મનુષ્ય એકાએક ખુલ્લી રીતે ઝઘડાળું બની જાય છે.

وَالْاَنْعَامَ خَلَقَهَا ۚ لَكُمْ فِيْهَا دِفْءٌ وَّمَنَافِعُ وَمِنْهَا
تَاْكُلُوْنَ ۝۵

(૫) અને પશુઓ પણ તેણેજ પૈદા કર્યા છે કે તેમાં તમારા માટે ટાઢ (થી બચવા)ની સામગ્રી અને (બીજા ઘણા) લાભ છે, અને તેમાંથી તમે (કેટલાકોનું માંસ) ખાઓ છો પણ.

وَلَكُمْ فِيْهَا جَمَالٌ حِيْنَ تُرِيْحُوْنَ وَحِيْنَ تَسْرَحُوْنَ ۝۶

(૬) અને તેઓમાં તમારા માટે જ્યારે સવારે સાંજે (તેમને ચરાવવા) લઈ જાઓ છો અને પાછા ફરો છો (તેમાં પણ) તમારા માટે શોભા છે. (મનોહર દ્રશ્યો લાગે છે.

وَتَحۡمِلُ اَثۡقَالَكُمۡ اِلٰى بَلَدٍ لَّمۡ تَكُوۡنُوۡا بٰلِغِيۡهِ اِلَّا بِشِقِّ

الۡاَنۡفُسِ‌ؕ اِنَّ رَبَّكُمۡ لَرَءُوۡفٌ رَّحِيۡمٌۙ‏ ﴿۷﴾

(૭) અને એજ પશુઓ તમારા ભારી બોજા તે શહેરો સુધી લાદીને લઇ જાય છે કે જ્યાં સુધી તમે સખત હાડમારી (વેઠ્યા) વિના પહોંચીજ શકો નહિ; નિ:સંશય તમારો પરવરદિગાર અતિ માયાળુ (અને) દયાળુ છે:

وَّالۡخَيۡلَ وَالۡبِغَالَ وَالۡحَمِيۡرَ لِتَرۡكَبُوۡهَا وَزِيۡنَةً‌ ؕ وَيَخۡلُقُ مَا لَا

تَعۡلَمُوۡنَ‏ ﴿۸﴾

(૮) અને (તેણેજ) ઘોડા તથા ખચ્ચર તથા ગધેડા (પૈદા કર્યા છે) કે તમે તેમના પર સવાર થાઓ

અને જે તમારી શોભા પણ બને; અને (વળી બીજી) એવી વસ્તુઓ ઉત્પન્ન કરે છે કે જેની તમને જાણ પણ નથી.

وَعَلَى اللّٰهِ قَصۡدُ السَّبِيۡلِ وَمِنۡهَا جَآئِرٌ ؕ وَلَوۡ شَآءَ لَهَدٰٮكُمۡ اَجۡمَعِيۡنَ ۹

(૯) અને સરળ માર્ગ દેખાડવો અલ્લાહના માથે છે અને તેમાંથી જ કેટલાક (માર્ગ) વાંકાચુંકા છે; અને અગર તે ઇચ્છે તો તમો સર્વેને સરળ માર્ગ દેખાડી દે.

هُوَالَّذِىۡۤ اَنۡزَلَ مِنَ السَّمَآءِ مَآءً لَّـكُمۡ مِّنۡهُ شَرَابٌ وَّمِنۡهُ شَجَرٌ فِيۡهِ تُسِيۡمُوۡنَ ۱۰

(૧૦) તે (અલ્લાહ) એજ છે કે જેણે તમારા માટે આકાશ પરથી પાણી ઉતાર્યું; તેમાંથી તમે પીઓ છો, ને તેમાંથી વૃક્ષો પણ (પોષાય છે), જેમાં તમે (તમારા) પશુઓ ચરાવો છો.

يُنۡۢبِتُ لَكُمۡ بِهِ الزَّرۡعَ وَالزَّيۡتُوۡنَ وَالنَّخِيۡلَ وَالۡاَعۡنَابَ وَمِنۡ كُلِّ الثَّمَرٰتِ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيَةً لِّقَوۡمٍ يَّتَفَكَّرُوۡنَ ﴿۱۱﴾

(૧૧) (વળી) એજ (પાણી) વડે તે તમારા માટે ખેતી ઉત્પન્ન કરે છે, અને ઝયતુન તથા ખજૂરના વૃક્ષ અને દ્રાક્ષ તથા દરેક પ્રકારના ફળ પણ; નિ:સંશય ચિંતન કરનારાઓ માટે તેમાં એક નિશાની મોજૂદ છે.

وَسَخَّرَ لَكُمُ الَّيۡلَ وَالنَّهَارَ ۙ وَالشَّمۡسَ وَالۡقَمَرَ ؕ وَالنُّجُوۡمُ
مُسَخَّرٰتٌۢ بِاَمۡرِهٖ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوۡمٍ يَّعۡقِلُوۡنَ ۙ﴿۱۲﴾

(૧૨) અને તેણે રાત્રિ તથા દિવસને તથા સૂર્ય તથા ચંદ્રને તમારે આધિન કરી દીધાં છે; અને (સઘળા) તારાઓ પણ તેનીજ આજ્ઞાથી (તમારે) આધિન કરી દેવામાં આવ્યા છે; નિઃસંશય બુધ્ધિશાળીઓ માટે તેમાં પણ ઘણીયે નિશાનીઓ મોજૂદ છે:

وَمَا ذَرَاَ لَكُمۡ فِى الۡاَرۡضِ مُخۡتَلِفًا اَلۡوَانُهٗ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيَةً
لِّقَوۡمٍ يَّذَّكَّرُوۡنَ ﴿۱۳﴾

(૧૩) અને તેણે ભૂમિમાં તમારા લાભ માટે જે કાંઇ ઉત્પન્ન કર્યું છે તે રંગબેરંગી છે; નિઃસંશય યાદ રાખનારાઓ માટે તેમાં પણ નિશાની મોજૂદ છે.

وَهُوَ الَّذِىۡ سَخَّرَ الۡبَحۡرَ لِتَاۡكُلُوۡا مِنۡهُ لَحۡمًا طَرِيًّا وَّتَسۡتَخۡرِجُوۡا مِنۡهُ حِلۡيَةً تَلۡبَسُوۡنَهَا‌ ۚ وَتَرَى الۡـفُلۡكَ مَوَاخِرَ فِيۡهِ وَلِتَبۡتَغُوۡا مِنۡ فَضۡلِهٖ وَلَعَلَّكُمۡ تَشۡكُرُوۡنَ‏ ﴿۱۴﴾

(૧૪) અને તે (અલ્લાહ) એજ છે જેણે સમુદ્રને તમારા તાબામાં કરી દીધો છે કે જેથી તમે તેમાંથી (માછલાનું) તાજું તાજું ગોશ્ત ખાઓ તેમ તેમાંથી પહેરવા માટે ઘરેણાંની વસ્તુઓ કાઢો, અને તું જુએ છે કે વહાણો તે (સમુદ્રોના પાણી)ને કાપતાં ચાલ્યાં

જાય છે, અને (તેમને તમારે તાબે કરી દેવાનો) હેતુ એ છે કે તમે તેની કૃપા (રોઝી) પ્રાપ્ત કરતા રહો, અને એ માટે કે તમે (તેનો) આભાર માનતા રહો.

وَاَلۡقٰى فِى الۡاَرۡضِ رَوَاسِىَ اَنۡ تَمِيۡدَ بِكُمۡ وَاَنۡهٰرًا وَّسُبُلًا لَّعَلَّكُمۡ تَهۡتَدُوۡنَۙ ﴿۱۵﴾

(૧૫) અને પૃથ્વીમાં તેણે મોટા મોટા પહાડ કાયમ કરી દીધા છે કે જેથી તે (પૃથ્વી) તમને લઇને કોઇ તરફ ઢળી ન જાય, અને (તેમાં) નદીઓ તથા માર્ગો પણ બનાવ્યા છે કે જેથી તમે સીધો માર્ગ મેળવી શકોઃ

وَعَلٰمٰتٍ ؕ وَبِالنَّجۡمِ هُمۡ یَهۡتَدُوۡنَ ﴿۱۶﴾

(૧૬) અને (મુસાફરો માટે બીજી અનેક) નિશાનીઓ (નક્કી કરી દીધી છે); અને તારાઓ વડે (અંધારી રાતમાં) તેઓ ખરો માર્ગ મેળવે છે.

اَفَمَنۡ یَّخۡلُقُ کَمَنۡ لَّا یَخۡلُقُ ؕ اَفَلَا تَذَكَّرُوۡنَ ﴿۱۷﴾

(૧૭) શું તે કે જે (સર્વ કાંઇ) ઉત્પન્ન કરે છે (તે) તેના જેવો છે કે જે કાંઇ પણ ઉત્પન્ન કરી શકતો નથી? શું તમે એટલું પણ સમજતા નથી?

وَاِنۡ تَعُدُّوۡا نِعۡمَةَ اللّٰهِ لَا تُحۡصُوۡهَا ؕ اِنَّ اللّٰهَ لَغَفُوۡرٌ رَّحِیۡمٌ ﴿۱۸﴾

(૧૮) અને અગર તમે અલ્લાહની નેઅમતોની ગણત્રી કરવા જશો તો તેનો શુમાર હરગિજ કરી

શકશો નહિ; બેશક અલ્લાહ મહા ક્ષમાવાન (અને) દયાળુ છે.

وَاللّٰهُ يَعۡلَمُ مَا تُسِرُّوۡنَ وَمَا تُعۡلِنُوۡنَ ﴿١٩﴾

(૧૯) અને તમે જે કાંઇ સંતાડો છો તથા જે કાંઇ જાહેર કરો છો તેનાથી અલ્લાહ વાકેફ છે.

وَالَّذِيۡنَ يَدۡعُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ لَا يَخۡلُقُوۡنَ شَيۡـًٔا وَّهُمۡ يُخۡلَقُوۡنَ ﴿٢٠﴾ؕ

(૨૦) અને અલ્લાહના સિવાય જેમને તેઓ બોલાવે છે તે એક (તરણાં સરખી) વસ્તુ પણ ઉત્પન્ન કરી શકતા નથી; બલ્કે તેઓ પોતે પૈદા કરવામાં આવેલા છે.

اَمۡوَاتٌ غَيۡرُ اَحۡيَآءٍ ۚ وَمَا يَشۡعُرُوۡنَ ۙ اَيَّانَ يُبۡعَثُوۡنَ ﴿۲۱﴾

(૨૧) મુરદા છે (તેઓ) જીવતા નથી; અને તેમને એટલુંયે ભાન નથી કે તેઓ પાછા ક્યારે ઉઠાડવામાં આવશે.

اِلٰهُكُمۡ اِلٰهٌ وَّاحِدٌ ۚ فَالَّذِيۡنَ لَا يُؤۡمِنُوۡنَ بِالۡاٰخِرَةِ قُلُوۡبُهُمۡ مُّنۡكِرَةٌ وَّهُمۡ مُّسۡتَكۡبِرُوۡنَ ﴿۲۲﴾

(૨૨) તમારો માઅબૂદ એકજ માઅબૂદ છે, માટે જે લોકો આખેરત પર વિશ્વાસ નથી ધરાવતા તેના અંતઃકરણો (આ નર્યું સત્ય પણ) માનવાને ના પાડે છે અને તેઓ અભિમાનીજ (રહે) છે.

لَا جَرَمَ اَنَّ اللّٰهَ يَعۡلَمُ مَا يُسِرُّوۡنَ وَمَا يُعۡلِنُوۡنَ‌ؕ اِنَّهٗ لَا يُحِبُّ
الۡمُسۡتَكۡبِرِيۡنَ‏ ﴿۲۳﴾

(૨૩) એમાં તો શંકા નથી કે તેઓ જે કાંઇ સંતાડે છે તથા જે કાંઇ જાહેર કરે છે તે સઘળું અલ્લાહ જાણે છે; અલબત્ત તે અભિમાનીઓને દોસ્ત નથી રાખતો.

وَاِذَا قِيۡلَ لَهُمۡ مَّاذَاۤ اَنۡزَلَ رَبُّكُمۡ‌ ۙ قَالُوۡۤا اَسَاطِيۡرُ الۡاَوَّلِيۡنَ ۙ‏ ﴿۲۴﴾

(૨૪) અને જ્યારે તેમને આ કહેવામાં આવે છે કે તમારા પરવરદિગારે શું ઉતાર્યું છે, ત્યારે કહી દે છે કે આ તો આ પહેલાના લોકોની મનઘડત વાતો માત્ર છે:

لِيَحۡمِلُوۡۤا اَوۡزَارَهُمۡ كَامِلَةً يَّوۡمَ الۡقِيٰمَةِ ۙ وَمِنۡ اَوۡزَارِ الَّذِيۡنَ

يُضِلُّوۡنَهُمۡ بِغَيۡرِ عِلۡمٍ ؕ اَلَا سَآءَ مَا يَزِرُوۡنَ ﴿۲۵﴾

(૨૫) પરિણામ એ આવશે કે કયામતના દિવસે તેમને પોતાના પૂરેપૂરા બોજા ઉપરાંત જેમને તેમણે વગર સમજે ગુમરાહ કર્યા છે તેમનાં બોજામાંથી પણ (કાંઇક) ભાગ ઊંચકવો પડશે; ખબરદાર રહો તેઓ જે બોજો ઉપાડશે તે ખરેખર (ઘણો) ખરાબ હશે.

قَدۡ مَكَرَ الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ فَاَتَى اللّٰهُ بُنۡيَانَهُمۡ مِّنَ الۡقَوَاعِدِ

فَخَرَّ عَلَيۡهِمُ السَّقۡفُ مِنۡ فَوۡقِهِمۡ وَاَتٰٮهُمُ الۡعَذَابُ مِنۡ

حَيۡثُ لَا يَشۡعُرُوۡنَ ﴿۲۶﴾

(૨૬) જેઓ તેમની પૂર્વે હતા તેઓ પણ ચાલબાજીઓ તો ચાલતા હતા, પછી અલ્લાહે તેમને જડ મૂળમાંથી ઉખેડી નાખ્યા, પછી તેમના ઉપર તેમના ઉપરથી છાપરૂં તૂટી પડ્યું અને તેમના પર એવા સ્થળેથી અઝાબ આવી પડ્યો કે જેનું તેમને ભાન પણ ન હતું.

ثُمَّ يَوْمَ الْقِيٰمَةِ يُخْزِيْهِمْ وَيَقُوْلُ اَيْنَ شُرَكَآءِىَ الَّذِيْنَ
كُنْتُمْ تُشَآقُّوْنَ فِيْهِمْ ؕ قَالَ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ اِنَّ الْخِزْىَ
الْيَوْمَ وَالسُّوْٓءَ عَلَى الْكٰفِرِيْنَ ﴿۲۷﴾ۙ

(૨૭) પછી કયામતના દિવસે પણ (અલ્લાહ) તેમને ફજેત કરશે અને કહેશે કે (કહો) હવે મારા

તે શરીકો ક્યાં છે કે જેમના કારણે તમે (ઇમાનદાર સાથે) શત્રુતા કર્યા કરતા હતા? (ત્યારે) જેમને જ્ઞાન આપવામાં આવ્યું હશે તેઓ કહેશે કે નિઃસંશય આજના દિવસની ફજેતી તથા બૂરાઇ આ (સત્ય)નો ઇન્કાર કરનારાઓ ઉપર પડશેઃ

الَّذِيْنَ تَتَوَفّٰىهُمُ الْمَلٰٓئِكَةُ ظَالِمِيْٓ اَنْفُسِهِمْ ۖ فَاَلْقَوُا السَّلَمَ مَا كُنَّا نَعْمَلُ مِنْ سُوْٓءٍ ۭ بَلٰٓى اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٢٨﴾

(૨૮) કે જેમનો અંત ફરિશ્તા એવી હાલતમાં આણે છે કે તેઓ પોતેજ પોતાના જીવ પર ઝુલ્મ તોડ્યો હોય, પછી (મૃત્યુને દેખતાંજ હતાશ થઇ) હથિયાર

હેઠા મૂકી દઇને કહેશે કે અમે તો કોઇ અપકૃત્ય કરતાજ ન હતા; (કહેવામાં આવશે) અલબત્ત તમે જે કાંઇ કર્યા કરતા હતા તેનાથી અલ્લાહ સારી રીતે માહિતગાર છે.

فَادۡخُلُوۡۤا اَبۡوَابَ جَهَنَّمَ خٰلِدِيۡنَ فِيۡهَا ؕ فَلَبِئۡسَ مَثۡوَى الۡمُتَكَبِّرِيۡنَ ﴿۲۹﴾

(૨૯) માટે તમે જહન્નમના દરવાજાઓમાં દાખલ થાઓ તેમાંજ તમે હંમેશ માટે રહેશો; માટે ખરેજ અભિમાનીઓનું રહેઠાણ અતિ ખરાબ છે.

وَقِيۡلَ لِلَّذِيۡنَ اتَّقَوۡا مَاذَاۤ اَنۡزَلَ رَبُّكُمۡ ‌ؕ قَالُوۡا خَيۡرًا ‌ؕ لِلَّذِيۡنَ
اَحۡسَنُوۡا فِىۡ هٰذِهِ الدُّنۡيَا حَسَنَةٌ ‌ؕ وَلَدَارُ الۡاٰخِرَةِ خَيۡرٌ ‌ؕ
وَلَنِعۡمَ دَارُ الۡمُتَّقِيۡنَ ۙ‏﴿۳۰﴾

(30) અને જે લોકોએ પરહેઝગારી કરી છે તેમને કહેવામાં આવશે કે તમારા પરવરદિગારે આ શું ઉતાર્યું છે, ત્યારે તેઓ કહેશે કે ભલાઇ (ઉતારી છે); જેઓ નેકી કરે છે તેમના માટે આલોકમાં પણ ભલાઇ છે; અને ખરેજ આખેરતનું ઘર (તો એ કરતાંય વધુ) સારૂં છે; અને ખરેજ પરહેઝગારોનું ઘર ઉત્તમ છેઃ

جَنّٰتُ عَدۡنٍ يَّدۡخُلُوۡنَهَا تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ لَهُمۡ فِيۡهَا مَا
يَشَآءُوۡنَ‌ ؕ كَذٰلِكَ يَجۡزِى اللّٰهُ الۡمُتَّقِيۡنَۙ ﴿۳۱﴾

(૩૧) (અર્થાત) હંમેશના બગીચા છે જેમાં તેઓ દાખલ થઇ જશે, તેમની હેઠળ નદીઓ વહેતી હશે (અને) તેમાં તેઓ જે કાંઇ ઇચ્છશે (તે સઘળું) તેમને મળશે; પરહેઝગારોને અલ્લાહ એવીજ રીતે બદલો આપે છે.

الَّذِيۡنَ تَتَوَفّٰٮهُمُ الۡمَلٰۤـئِكَةُ طَيِّبِيۡنَ‌ ۙ يَقُوۡلُوۡنَ سَلٰمٌ
عَلَيۡكُمُ ۙ ادۡخُلُوا الۡجَـنَّةَ بِمَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ‏ ﴿۳۲﴾

(૩૨) કે જેમનો અંત ફરિશ્તાઓએ એવી સ્થિતિમાં આણ્યો હશે કે તેઓ (નાસ્તિકપણાની નાપાકીથી)

પાક સાફ હશે, ફરિશ્તાઓ તેમને આ કહેતા હશે કે સલામુન અલયકુમ (તમારા પર શાંતિ હોજો), જે (સુ) કરણી તમે કર્યા કરતા હતા તેના બદલામાં તમે જન્નતમાં દાખલ થઇ જાઓ.

هَلۡ يَنۡظُرُوۡنَ اِلَّاۤ اَنۡ تَاۡتِيَهُمُ الۡمَلٰۤٮِٕكَةُ اَوۡ يَاۡتِىَ اَمۡرُ رَبِّكَ‌ ؕ كَذٰلِكَ فَعَلَ الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ‌ ؕ وَمَا ظَلَمَهُمُ اللّٰهُ وَلٰـكِنۡ كَانُوۡۤا اَنۡفُسَهُمۡ يَظۡلِمُوۡنَ‏ ﴿۳۳﴾

(33) (અય રસૂલ!) શું આ (લોકો) તેની રાહ જુએ છે કે ફરિશ્તા તેમની પાસે (પ્રત્યક્ષ રીતે) આવી પહોંચે અથવા તારા પરવરદિગાર (ના અઝાબ) નો હુકમ આવી પહોંચે? જેઓ તેમની પૂર્વે હતા

તેમણે પણ એમજ કર્યું હતું; અને અલ્લાહે તેમના પર કાંઇજ ઝુલ્મ કર્યો નહતો, પરંતુ તેઓ પોતેજ પોતાના જીવ પર ઝુલ્મ કર્યો હતો.

فَاَصَابَهُمۡ سَيِّاٰتُ مَا عَمِلُوۡا وَحَاقَ بِهِمۡ مَّا كَانُوۡا بِهٖ يَسۡتَهۡزِءُوۡنَ ﴿۳۴﴾

(૩૪) જેથી તેમના કૃત્યોના માઠાં પરિણામ તેમને મળ્યાં અને જે વસ્તુઓની તેઓ હાંસી ઉડાડ્યા કરતા હતા તેણેજ તેમને ઘેરી લીધા.

وَقَالَ الَّذِيۡنَ اَشۡرَكُوۡا لَوۡ شَآءَ اللّٰهُ مَا عَبَدۡنَا مِنۡ دُوۡنِهٖ مِنۡ شَىۡءٍ نَّحۡنُ وَلَاۤ اٰبَآؤُنَا وَلَا حَرَّمۡنَا مِنۡ دُوۡنِهٖ مِنۡ شَىۡءٍ‌ ؕ كَذٰلِكَ

فَعَلَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ۚ فَهَلْ عَلَى الرُّسُلِ اِلَّا الْبَلٰغُ
الْمُبِيْنُ﴿٣٥﴾

(૩૫) અને જે લોકો શીર્ક કરે છે તેઓ કહે છે કે અગર અલ્લાહ ચાહતે તો અમે તેના સિવાય બીજી વસ્તુની ઇબાદત કરતે નહિ, ન અમે અને ન અમારા બાપદાદા, અને ન તેની આજ્ઞા વિના અમે કોઇ વસ્તુને હરામ ઠરાવતે; એવુંજ તેમણે પણ કહ્યું હતું કે જેઓ તેમની પૂર્વે હતા, તો શું રસૂલોને માથે (અમારો) ખુલ્લો સંદેશો પહોંચાડી દેવા સિવાય કોઇ બીજી (જવાબદારી) પણ છે ?

وَلَقَدۡ بَعَثۡنَا فِیۡ كُلِّ اُمَّةٍ رَّسُوۡلًا اَنِ اعۡبُدُوا اللّٰهَ وَاجۡتَنِبُوا
الطَّاغُوۡتَ ۚ فَمِنۡهُمۡ مَّنۡ هَدَى اللّٰهُ وَمِنۡهُمۡ مَّنۡ حَقَّتۡ عَلَيۡهِ
الضَّلٰلَةُ ؕ فَسِيۡرُوۡا فِی الۡاَرۡضِ فَانۡظُرُوۡا كَيۡفَ كَانَ عَاقِبَةُ
الۡمُكَذِّبِيۡنَ ﴿۳۶﴾

(૩૬) અને ખરેજ અમોએ પ્રત્યેક ઉમ્મતમાં (આ સંદેશા સાથે) એક એક રસૂલ મોકલ્યો હતો કે અલ્લાહની ઇબાદત કરો અને જૂઠા માઅબૂદોને તજી દો. પછી તેઓમાંથી કેટલાકોને અલ્લાહે હિદાયત અર્પણ કરી અને કેટલાકો ગુમરાહીને પાત્ર થયા; માટે તમે પૃથ્વીમાં હરો ફરો, પછી

ધ્યાન પૂર્વક નિહાળો કે (રસૂલોને) જૂઠલાવનારાઓનું કેવું પરિણામ આવ્યું.

اِنۡ تَحۡرِصۡ عَلٰى هُدٰٮهُمۡ فَاِنَّ اللّٰهَ لَا يَهۡدِىۡ مَنۡ يُّضِلُّ وَمَا لَهُمۡ مِّنۡ نّٰصِرِيۡنَ ﴿۳۷﴾

(૩૭) (અય રસૂલ!) અગર તું તેમને સન્માર્ગે લાવવાને આતુર હોય તો પણ નિઃસંશય અલ્લાહ જેનાથી (નાલયકીને કારણે) હિદાયતની પ્રેરણા છીનવી લે છે તેને સન્માર્ગે લઇ જતો નથી અને ન તેમનો કોઇ મદદગાર થાય છે.

وَاَقۡسَمُوۡا بِاللّٰهِ جَهۡدَ اَيۡمَانِهِمۡ ۙ لَا يَبۡعَثُ اللّٰهُ مَنۡ يَّمُوۡتُ ؕ بَلٰى وَعۡدًا عَلَيۡهِ حَقًّا وَّلٰـكِنَّ اَكۡثَرَ النَّاسِ لَا يَعۡلَمُوۡنَ ۙ﴿۳۸﴾

(૩૮) તેઓ અલ્લાહના મોટા મોટા સોગંધ ખાઇને કહે છે કે જે મરી જશે તેને અલ્લાહ હરગિજ ઉઠાવશે નહિ; અલબત્ત (ઉઠાવશે); આ તેનો વાયદો સાચો છે અને તે પૂરો કરવો તેના માટે અનિવાર્ય છે, પરંતુ ઘણાંય લોકો જાણતા નથીઃ

لِيُبَيِّنَ لَهُمُ الَّذِي يَخْتَلِفُونَ فِيهِ وَلِيَعْلَمَ الَّذِينَ كَفَرُوٓا
أَنَّهُمْ كَانُوا كَٰذِبِينَ ﴿٣٩﴾

(૩૯) (મરણ બાદ સજીવન કરવાનો હેતુ એ છે) કે જે (અઝાબ)ના વિષે તેઓ વિરૂધ્ધતા કર્યા કરતા હતા તેમને તે પ્રત્યક્ષ કરી દેખાડે અને જેઓ (સત્યનો) ઇન્કાર કરનારા છે તેઓ આ જાણી લે કે નિઃસંશય તેઓ પોતેજ જૂઠા હતા.

إِنَّمَا قَوْلُنَا لِشَيْءٍ إِذَآ أَرَدْنٰهُ أَنْ نَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٠﴾

(૪૦) જ્યારે અમે કોઇ વસ્તુ (ઉત્પન્ન કરવા)નો નિશ્ચય કરીએ છીએ તો તેના માટે અમારૂં આટલું કહેવું પૂરતું (થઇ જાય) છે કે "થઇ જા" જેથી તે (તત્કાળ) થઇ જાય છે. (તો પછી મુરદાઓને સજીવન કરવામાં શો વાંધો છે?)

وَالَّذِيْنَ هَاجَرُوْا فِي اللّٰهِ مِنْۢ بَعْدِ مَا ظُلِمُوْا لَنُبَوِّئَنَّهُمْ فِي الدُّنْيَا حَسَنَةً ۭ وَلَاَجْرُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿٤١﴾

(૪૧) અને તે લોકો કે જેમણે તેમના પર ઝુલ્મ કરવામાં આવ્યા બાદ અલ્લાહની રાહમાં હિજરત કરી તેમને અમે દુનિયામાં ખરેખર સારી જગ્યા

રહેવા માટે આપીશું; અને પરલોકનો બદલો તો ઘણો મોટો હશે, જો તેઓ સમજી શકતા હોય તો;

الَّذِيْنَ صَبَرُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٤٢﴾

(૪૨) જે લોકો ધીરજ ધરે છે અને જેઓ પોતાના પરવરદિગાર પર ભરોસો રાખે છે (તેમના માટેજ એ બદલો છે).

وَمَآ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ اِلَّا رِجَالًا نُّوْحِيْٓ اِلَيْهِمْ فَسْــَٔلُوْٓا اَهْلَ

الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿٤٣﴾

(૪૩) (અય રસૂલ!) તારી પહેલાં પણ અમોએ મનુષ્યોનેજ (રસૂલ બનાવી) મોકલ્યા હતા, જેમની તરફ અમે વહી કર્યા કરતા હતા; માટે (તેમને કહે

કે) અગર તમે નથી જાણતા તો (પહેલાના આકાશી પુસ્તકોનું) રટણ કરનારાઓને પૂછી જુઓઃ

بِالْبَيِّنٰتِ وَالزُّبُرِ ؕ وَاَنْزَلْنَآ اِلَيْكَ الذِّكْرَ لِتُبَيِّنَ لِلنَّاسِ مَا نُزِّلَ اِلَيْهِمْ وَلَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿٤٤﴾

(૪૪) (આ પહેલાના રસૂલોને પણ અમોએ) ખુલ્લી દલીલો તથા (પ્રત્યક્ષ) કિતાબો સાથે (મોકલ્યા હતા) અને (તેવીજ દલીલો સાથે) તારા ઉપર પણ આ કુરઆન ઉતાર્યું છે, એ માટે કે જે તેમની તરફ ઉતારવામાં આવ્યું છે તે તેમને તું સ્પષ્ટ કરીને જણાવી દે કે જેથી તેઓ ચિંતન કરે.

اَفَاَمِنَ الَّذِيۡنَ مَكَرُوا السَّيِّاٰتِ اَنۡ يَّخۡسِفَ اللّٰهُ بِهِمُ الۡاَرۡضَ

اَوۡ يَاۡتِيَهُمُ الۡعَذَابُ مِنۡ حَيۡثُ لَا يَشۡعُرُوۡنَۙ ۝٤٥

(૪૫) જેઓ ભૂંડી ચાલ ચાલે છે તેઓ શું આ (વાત)થી નિશ્ચિંત થઇ ગયા છે કે અલ્લાહ તેમને ધરતીમાં ધરબી નહિ દે અથવા તેમના પર એવા સ્થળેથી અઝાબ આવી પડે કે જેનું તેમને ભાન પણ ન હોય:

اَوۡ يَاۡخُذَهُمۡ فِىۡ تَقَلُّبِهِمۡ فَمَا هُمۡ بِمُعۡجِزِيۡنَۙ ۝٤٦

(૪૬) અથવા તેમની (મુસાફરીમાં) આવ જા દરમિયાન તેમને પકડી પાડે તો તેઓ તે આફતને મુદ્દલ ટાળી ન શકે:

اَوۡ يَاۡخُذَهُمۡ عَلٰى تَخَوُّفٍ‌ؕ فَاِنَّ رَبَّكُمۡ لَرَءُوۡفٌ رَّحِيۡمٌ ﴿۴۷﴾

(૪૭) અથવા તેમને ભયની હાલતમાં પકડી પાડે (પણ) નિઃસંશય તમારો પરવરદિગાર મહા કૃપાળુ (અને) મહા દયાળુ છે.

اَوَلَمۡ يَرَوۡا اِلٰى مَا خَلَقَ اللّٰهُ مِنۡ شَىۡءٍ يَّتَفَيَّؤُا ظِلٰلُهٗ عَنِ الۡيَمِيۡنِ وَالشَّمَآٮِٕلِ سُجَّدًا لِّلّٰهِ وَهُمۡ دٰخِرُوۡنَ ﴿۴۸﴾

(૪૮) શું આ લોકો અલ્લાહે સર્જેલી દરેક વસ્તુ તરફ ધ્યાન પૂર્વક નિહાળતા નથી કે જેના પડછાયા (કેવી રીતે) જમણી તથા ડાબી બાજુએ નમી (જઇ)ને અલ્લાહને સિજદો કરતા રહે છે અને

(તેમ કરી તે વસ્તુઓ પોતાનો) વિનય જાહેર કરે છે.

وَلِلّٰهِ يَسْجُدُ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ مِنْ دَآبَّةٍ
وَّالْمَلٰٓئِكَةُ وَهُمْ لَا يَسْتَكْبِرُوْنَ ۝٤٩

(૪૯) અને આકાશો તથા જમીનમાં જે જે પ્રાણીઓ છે તે અને ફરિશ્તાઓ પણ અલ્લાહને જ સિજદો કરે છે અને તેઓ (જરાપણ) અભિમાન કરતા નથી.

يَخَافُوْنَ رَبَّهُمْ مِّنْ فَوْقِهِمْ وَيَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ ۝٥٠ السجدة ع

(૫૦) પોતાનો પાલનહાર કે જે તેમના ઉપર છે (યાને જે તેમના કરતાં ઘણોજ શ્રેષ્ઠ અને

ચઢીયાતો છે) તેનાથી ડરતા રહે છે અને જે આજ્ઞા તેમને આપવામાં આવે છે તે (યોગ્ય રીતે) બજાવી લાવે છે.

وَقَالَ اللّٰهُ لَا تَتَّخِذُوْٓا اِلٰهَيْنِ اثْنَيْنِ ۚ اِنَّمَا هُوَ اِلٰهٌ وَّاحِدٌ ۚ فَاِيَّايَ فَارْهَبُوْنِ ﴿٥١﴾

(૫૧) અને અલ્લાહે ફરમાવ્યું છે કે બે માઅબૂદોને માનો નહિ, સિવાય તેના નથી કે તે (અલ્લાહ) એકજ માઅબૂદ છે, માટે મારાથી જ ભય પામો.

وَلَهٗ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَلَهُ الدِّيْنُ وَاصِبًا ۭ اَفَغَيْرَ اللّٰهِ تَتَّقُوْنَ ﴿٥٢﴾

(૫૨) અને આકાશો તથા પૃથ્વીમાં જે કાંઇ છે તે સઘળું તેનુંજ છે અને તેની આજ્ઞાનું પાલન (દરેકને માટે) હંમેશા અનિવાર્ય છે, તો શું તમે લોકો અલ્લાહના સિવાય બીજા કોઇથી ભય પામશો ?

وَمَا بِكُمْ مِّنْ نِّعْمَةٍ فَمِنَ اللّٰهِ ثُمَّ اِذَا مَسَّكُمُ الضُّرُّ فَاِلَيْهِ تَجْـَٔرُوْنَ ﴿٥٣﴾

(૫૩) અને જે પણ નેઅમત તમને મળે છે અલ્લાહના જ તરફથી (મળે) છે. પછી જ્યારે તમારા ઉપર કોઇ આપત્તિ (આવી) પડે છે ત્યારે તેનેજ મદદ માટે પોકારો છો.

ثُمَّ اِذَا كَشَفَ الضُّرَّ عَنۡكُمۡ اِذَا فَرِيۡقٌ مِّنۡكُمۡ بِرَبِّهِمۡ
يُشۡرِكُوۡنَ ۟ۙ ﴿۵۴﴾

(૫૪) પછી તે જ્યારે (તે) આપત્તિ તમારા (પર)થી ટાળી દે છે ત્યારે એજ ક્ષણે તમારામાંથી એક ટોળું પોતાના પરવરદિગારનો શરીક બનાવવા લાગી જાય છે.

لِيَكۡفُرُوۡا بِمَاۤ اٰتَيۡنٰهُمۡ ؕ فَتَمَتَّعُوۡا ۟ ۚ فَسَوۡفَ تَعۡلَمُوۡنَ ﴿۵۵﴾

(૫૫) કે જેથી અમોએ તેમને જે કાંઇ આપ્યું છે તેના સબંધમાં તેઓ નાશુક્રી કરે; માટે હવે તમે (આલોકમાં) લાભ મેળવી લો, કારણ કે આખરે તો તમને માલૂમ પડીજ જશે.

وَيَجۡعَلُوۡنَ لِمَا لَا يَعۡلَمُوۡنَ نَصِيۡبًا مِّمَّا رَزَقۡنٰهُمۡ ؕ تَاللّٰهِ لَتُسۡـَٔـلُنَّ
عَمَّا كُنۡتُمۡ تَفۡتَرُوۡنَ ﴿۵۶﴾

(૫૬) અને જે રોજી અમોએ તેમને આપી છે તેનો એક ભાગ તે (માઅબૂદો)ના માટે નક્કી કરે છે કે જેમની હકીકત પણ તેઓ જાણતા નથી; અલ્લાહની કસમ! જે અસત્ય વાત તમે ઉપજાવી કાઢો છો તેના વિષે તમને અવશ્ય પૂછવામાં આવશે.

وَيَجۡعَلُوۡنَ لِلّٰهِ الۡبَنٰتِ سُبۡحٰنَهٗ ۙ وَلَهُمۡ مَّا يَشۡتَهُوۡنَ ﴿۵۷﴾

(૫૭) અને અલ્લાહના માટે પુત્રીઓ ઠરાવે છે (પણ) તે તેનાથી પાક છે, અને પોતાના માટે જે પસંદ પડે છે તે (યાને પુત્રો ઠરાવે છે).

وَإِذَا بُشِّرَ أَحَدُهُم بِالْأُنثَىٰ ظَلَّ وَجْهُهُ مُسْوَدًّا وَهُوَ كَظِيمٌ ﴿٥٨﴾

(૫૮) અને તેઓમાંથી કોઇને જ્યારે પુત્રીના (જન્મવાની) ખુશખબર સંભળાવવામાં આવે છે ત્યારે ક્રોધના લીધે તેનો ચહેરો શ્યામ થઇ જાય છે.

يَتَوَارَىٰ مِنَ الْقَوْمِ مِن سُوءِ مَا بُشِّرَ بِهِ ۚ أَيُمْسِكُهُ عَلَىٰ هُونٍ
أَمْ يَدُسُّهُ فِي التُّرَابِ ۗ أَلَا سَاءَ مَا يَحْكُمُونَ ﴿٥٩﴾

(૫૯) (અને) જે વાતની ખુશખબર તેને આપવામાં આવી હતી તેને અપ્રિય સમજવાના કારણે લોકોથી

સંતાતો ફરે છે (અને વિચારે છે) કે નામોશી છતાંય તેણીને બાકી રહેવા દેવી કે જીવતીજ તેને માટીમાં દાટી દેવી ? જુઓ તો ખરા તેઓ કેવો ખરાબ નિર્ણય કરે છે.

لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ مَثَلُ السَّوْءِ ۚ وَلِلّٰهِ الْمَثَلُ الْاَعْلٰى ۗ وَهُوَالْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٦٠﴾

(૬૦) જે લોકો આખેરત પર ઇમાન નથી રાખતા તેમના માટે ખરાબ ઉપમા છે, ને અલ્લાહના માટે મોટામાં મોટી ઉપમા છે; અને તે ઝબરદસ્ત હિકમતવાળો છે.

وَلَوۡ يُؤَاخِذُ اللّٰهُ النَّاسَ بِظُلۡمِهِمۡ مَّا تَرَكَ عَلَيۡهَا مِنۡ دَآبَّةٍ
وَّلٰكِنۡ يُّؤَخِّرُهُمۡ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ۚ فَاِذَا جَآءَ اَجَلُهُمۡ لَا
يَسۡتَاۡخِرُوۡنَ سَاعَةً وَّلَا يَسۡتَقۡدِمُوۡنَ ﴿٦١﴾

(૬૧) અને અગર અલ્લાહ માણસોના ઝુલ્મોના પ્રમાણમાં તેમનાથી બદલો લેતે તો તે (પૃથ્વી) પર વસનારાઓમાંથી કોઇ પણ પ્રાણીને બાકી રાખતે નહિ, પણ તે તો એક નક્કી કરેલ સમય સુધી તેમને ઢીલ આપે છે, પછી જ્યારે તેમનો સમય આવી જાય છે ત્યારે એક ઘડી પણ તેઓ ન પાછળ રહે છે ન આગળ વધે છે.

وَيَجْعَلُوْنَ لِلّٰهِ مَا يَكْرَهُوْنَ وَتَصِفُ اَلْسِنَتُهُمُ الْكَذِبَ اَنَّ
لَهُمُ الْحُسْنٰى ؕ لَا جَرَمَ اَنَّ لَهُمُ النَّارَ وَاَنَّهُمْ مُّفْرَطُوْنَ ﴿۶۲﴾

(૬૨) અને અલ્લાહના માટે તે વસ્તુ નક્કી કરે છે જે (પોતાના માટે) નાપસંદ કરે છે, અને તેમની ઝબાનો જૂઠું બોલે છે કે (સઘળી) સારી સારી વસ્તુઓ ખુદ તેમનાજ માટે છે; (એમ નથી) પણ નિઃસંશય જહન્નમ તેમના માટે છે અને જહન્નમવાસીઓના આગેવાન તેઓજ બનશે.

تَاللّٰهِ لَقَدْ اَرْسَلْنَآ اِلٰٓى اُمَمٍ مِّنْ قَبْلِكَ فَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ
اَعْمَالَهُمْ فَهُوَ وَلِيُّهُمُ الْيَوْمَ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۶۳﴾

(૬૩) (અય રસૂલ!) અલ્લાહની કસમ! ખરેજ અમોએ તારી પહેલાંની ઉમ્મતો તરફ પણ રસૂલો

મોકલ્યા હતા, પરંતુ શૈતાને તે (ઉમ્મતી)ઓના કરતુતોને તેમની નઝરમાં સુશોભિત બનાવી દીધા હતા માટે આજે (કયામતના દિવસે) પણ એજ તેમનો હિમાયતી હશે અને તેમના માટે (અતિ) દુ:ખદાયક અઝાબ હશે.

وَمَآ اَنۡزَلۡنَا عَلَيۡكَ الۡكِتٰبَ اِلَّا لِتُبَيِّنَ لَهُمُ الَّذِى اخۡتَلَفُوۡا

فِيۡهِ‌ۙ وَهُدًى وَّرَحۡمَةً لِّقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ‏ ﴿۶۴﴾

(૬૪) અને (અય રસૂલ!) અમોએ તારા ઉપર આ કિતાબ (કુરઆન) કેવળ એ આશયથી ઉતારી છે કે જે જે બાબતોમાં આ લોકો મતભેદ કરે છે તે તેમની સામે તું ખુલ્લું કરીને વર્ણવી દે, અને જે

લોકો ઇમાન રાખે છે તેમના માટે હિદાયત અને રહેમત (નું કારણ) બને.

وَاللّٰهُ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَحْيَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ
اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّسْمَعُوْنَ ﴿٦٥﴾

(૬૫) અને અલ્લાહે આકાશ પરથી પાણી ઉતાર્યું પછી તે દ્વારા ભૂમિને તેના મરણ બાદ (પુનઃ) સજીવન કરી, બેશક તેમાં તે લોકો માટે કે જેઓ (લક્ષ આપી) સાંભળે છે એક નિશાની મોજૂદ છે.

وَاِنَّ لَكُمْ فِي الْاَنْعَامِ لَعِبْرَةً ؕ نُسْقِيْكُمْ مِّمَّا فِيْ بُطُوْنِهٖ مِنْ
بَيْنِ فَرْثٍ وَّدَمٍ لَّبَنًا خَالِصًا سَآئِغًا لِّلشّٰرِبِيْنَ ﴿٦٦﴾

(૬૬) અને નિઃસંશય તમારા માટે ચોપગાં જાનવરોમાં પણ બોધપાઠ મોજૂદ છે, અમે તેમના પેટમાં મેળવવું જે ગોબર અને લોહી છે તેની વચ્ચેથી વિખુટું પાડીને ચોખ્ખું દૂધ તમને પાઇએ છીએ જે પીનારાઓને અતિ સ્વાદિષ્ટ લાગે છે.

وَمِنْ ثَمَرٰتِ النَّخِيْلِ وَالْاَعْنَابِ تَتَّخِذُوْنَ مِنْهُ سَكَرًا وَّرِزْقًا
حَسَنًا ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿٦٧﴾

(૬૭) અને ખજૂર તથા દ્રાક્ષના ફળોમાંથી તમે નશાની વસ્તુઓ બનાવો છો તેમ સારો ખોરાક પણ; બેશક સમજનારાઓ માટે એમાં પણ એક નિશાની છે.

وَاَوۡحٰى رَبُّكَ اِلَى النَّحۡلِ اَنِ اتَّخِذِىۡ مِنَ الۡجِبَالِ بُيُوۡتًا وَّمِنَ
الشَّجَرِ وَمِمَّا يَعۡرِشُوۡنَ ۙ‏ ﴿۶۸﴾

(૬૮) અને તારા પરવરદિગારે મધમાખીને સૂઝાડી દીધું કે તું પહાડોમાં તથા વૃક્ષોમાં અને તે (લોકો) જે ઊંચી ઊંચી ઇમારતો બાંધે છે તેમાં ઘર (મધપુડા) બનાવી લે ::

ثُمَّ كُلِىۡ مِنۡ كُلِّ الثَّمَرٰتِ فَاسۡلُكِىۡ سُبُلَ رَبِّكِ ذُلُلًا ؕ يَخۡرُجُ
مِنۡۢ بُطُوۡنِهَا شَرَابٌ مُّخۡتَلِفٌ اَلۡوَانُهٗ فِيۡهِ شِفَآءٌ لِّلنَّاسِ ؕ اِنَّ فِىۡ
ذٰلِكَ لَاٰيَةً لِّقَوۡمٍ يَّتَفَكَّرُوۡنَ‏ ﴿۶۹﴾

(૬૯) પછી દરેક ફળમાંથી તું ખા અને તારા પરવરદિગારના સરળ માર્ગ પર નમ્રતા સાથે

ચાલતી રહે; (વળી) તે (માખી)ઓના પેટમાંથી એક પીવાની વસ્તુ (મધ) નીકળે છે જેના જુદા જુદા રંગ હોય છે, જેમાં મનુષ્યો (ના રોગો)નું નિવારણ છે; બેશક ચિંતન કરનારાઓ માટે એમાં પણ એક નિશાની છે.

وَاللّٰهُ خَلَقَكُمْ ثُمَّ يَتَوَفّٰىكُمْ ۟ۙ وَمِنْكُمْ مَّنْ يُّرَدُّ اِلٰۤى اَرْذَلِ الْعُمُرِ لِكَیْ لَا يَعْلَمَ بَعْدَ عِلْمٍ شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌ قَدِيْرٌ ۝۷۰

(૭૦) અને અલ્લાહે તમને પૈદા કર્યા છે, પછી તમારો અંત પણ એજ લાવી મૂકશે, અને તમારા માંહેના કેટલાકો ફરીને પાછા નકામી વયે (વૃધ્ધાવસ્થાએ) પહોંચે છે, જેથી જ્ઞાન ધરાવ્યા પછી પાછો દરેક જ્ઞાનથી અજ્ઞાત થઇ જાય છે;

નિ:સંશય અલ્લાહ સર્વજ્ઞ (અને) સર્વ શક્તિમાન છે.

وَاللّٰهُ فَضَّلَ بَعۡضَكُمۡ عَلٰى بَعۡضٍ فِى الرِّزۡقِ‌ۚ فَمَا الَّذِيۡنَ فُضِّلُوۡا بِرَآدِّىۡ رِزۡقِهِمۡ عَلٰى مَا مَلَـكَتۡ اَيۡمَانُهُمۡ فَهُمۡ فِيۡهِ سَوَآءٌ‌ ؕ اَفَبِنِعۡمَةِ اللّٰهِ يَجۡحَدُوۡنَ‏ ﴿۷۱﴾

(૭૧) અને અલ્લાહે રોજીમાં તમારામાંથી કેટલાકોને કેટલાકો પર શ્રેષ્ઠતા આપી છે, પછી તેઓ કે જેમને શ્રેષ્ઠતા આપવામાં આવી છે તેઓ પોતાની રોઝી પોતાના જમણા હાથોથી મેળવેલાઓ (ગુલામો)ને આપતા નથી કે જેથી તે

(રોઝી)માં તેઓ સરખા થઇ જાય; તે છતાં પણ શું તેઓ અલ્લાહની નેઅમતોનો ઇન્કાર કરે છે ?

وَاللّٰهُ جَعَلَ لَكُمۡ مِّنۡ اَنۡفُسِكُمۡ اَزۡوَاجًا وَّجَعَلَ لَكُمۡ مِّنۡ اَزۡوَاجِكُمۡ بَنِيۡنَ وَحَفَدَةً وَّرَزَقَكُمۡ مِّنَ الطَّيِّبٰتِ‌ؕ اَفَبِالۡبَاطِلِ يُؤۡمِنُوۡنَ وَبِنِعۡمَتِ اللّٰهِ هُمۡ يَكۡفُرُوۡنَۙ‏ ﴿۷۲﴾

(૭૨) અને અલ્લાહે તમારા પોતાનામાંથી તમારા માટે સ્ત્રીઓ પૈદા કરી છે, અને તમારી સ્ત્રીઓમાંથી તમારા માટે પુત્ર પૌત્રો બનાવી દીધા છે, અને સારી (સારી) વસ્તુઓ તમારી રોઝી માટે તમને અર્પી છે; શું છતાંય તેઓ અસત્ય પર ઇમાન

લાવશે અને અલ્લાહની નેઅમતોની નાશુક્રી કર્યાજ કરશે?

وَيَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَمْلِكُ لَهُمْ رِزْقًا مِّنَ السَّمٰوٰتِ وَالْاَرْضِ شَيْـًٔا وَّلَا يَسْتَطِيْعُوْنَ ۝٧٣

(૭૩) અને અલ્લાહને મૂકી તેમની ઇબાદત કરે છે કે જેઓ આકાશ તથા ઝમીનમાંથી તેમને રોઝી આપવાનો કાંઇજ અધિકાર ધરાવતા નથી, તેમ તેઓ (તેમ કરવાને) સત્તા પણ ધરાવતા નથી.

فَلَا تَضْرِبُوْا لِلّٰهِ الْاَمْثَالَ ؕ اِنَّ اللّٰهَ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ۝٧٤

(૭૪) માટે અલ્લાહ સાથે બીજાઓની (સરખામણી કરી) દાખલા આપો નહિ; નિઃસંશય અલ્લાહ સૌ કાંઇ જાણે છે અને તમે કાંઇ જાણતા નથી.

ضَرَبَ اللّٰهُ مَثَلًا عَبۡدًا مَّمۡلُوۡكًا لَّا يَقۡدِرُ عَلٰى شَىۡءٍ وَّمَنۡ رَّزَقۡنٰهُ مِنَّا رِزۡقًا حَسَنًا فَهُوَ يُنۡفِقُ مِنۡهُ سِرًّا وَّجَهۡرًا ؕ هَلۡ يَسۡتَوٗنَ ؕ اَلۡحَمۡدُ لِلّٰهِ ؕ بَلۡ اَكۡثَرُهُمۡ لَا يَعۡلَمُوۡنَ ﴿۷۵﴾

(૭૫) અલ્લાહ એક એવા ગુલામનો દાખલો આપે છે કે જે બીજાની મિલ્કત હોય અને તે કોઇ વસ્તુ પર અધિકાર ધરાવતો ન હોય; અને તેનો (દાખલો) કે જેને અમોએ અમારી પાસેથી ઉમદા રોઝી આપી મૂકી હોય જેથી તે તેમાંથી જાહેર અને

છુપી રીતે (અલ્લાહની રાહમાં) ખૂબ ખર્ચ પણ કરતો હોય; શું તેઓ બન્ને સમાન છે? (હરગિજ નહિ). દરેક પ્રકારની તાઅરીફ અલ્લાહ માટેજ છે; પરંતુ તેઓમાંથી ઘણાખરા જાણતા નથી.

وَضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلَيۡنِ اَحَدُهُمَاۤ اَبۡكَمُ لَا يَقۡدِرُ عَلٰى شَىۡءٍ
وَّهُوَ كَلٌّ عَلٰى مَوۡلٰٮهُۙ اَيۡنَمَا يُوَجِّهْهُّ لَا يَاۡتِ بِخَيۡرٍ‌ؕ هَلۡ
يَسۡتَوِىۡ هُوَۙ وَمَنۡ يَّاۡمُرُ بِالۡعَدۡلِ‌ۙ وَهُوَعَلٰى صِرَاطٍ
مُّسۡتَقِيۡمٍ‏ ﴿۷۶﴾

(૭૬) અને અલ્લાહ બે શખ્સોનો દાખલો વર્ણવે છે કે તે માંહેનો એક તો (જન્મથી જ) ગુંગો હોય, તે કોઇ પણ વસ્તુ પર કાબૂ રાખતો ન હોય અને તે

પોતાના માલિક પર બોજા રૂપ હોય, જ્યાં પણ તેને મોકલવામાં આવે ત્યાં તે કોઇ પણ કાર્ય ઠીક કરીને લાવે નહિ; શું તે (ગુંગો) અને તે શખ્સ કે જે કાંઇ આજ્ઞા તે કરે તે વ્યાજબીજ હોય અને વળી પોતે પણ રાહેરાસ્ત પર હોય તે બન્ને બરાબર હોઇ શકે છે?

وَلِلّٰهِ غَيْبُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَمَاۤ اَمْرُ السَّاعَةِ اِلَّا كَلَمْحِ
الْبَصَرِ اَوْ هُوَ اَقْرَبُ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿۷۷﴾

(૭૭) અને આકાશો તથા પૃથ્વીની (સઘળી) છુપી વાતો અલ્લાહથી જ સબંધ ધરાવે છે; અને (કયામતની) ઘડીનો મામલો આંખના ઝબકારા કે તેથી પણ ઘણાં ઓછા સમય સિવાય બીજું કાંઇ

નથી; નિઃસંશય અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

وَاللّٰهُ اَخْرَجَكُمْ مِّنْۢ بُطُوْنِ اُمَّهٰتِكُمْ لَا تَعْلَمُوْنَ شَيْـًٔا ۙ وَّجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ ۙ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝٧٨

(૭૮) અને અલ્લાહે તમને તમારી માતાઓના પેટમાંથી એવી રીતે લાવ્યા કે (તે વખતે) તમે કાંઇજ જાણતા ન હતા, અને તેણેજ તમારા માટે કાન તથા આંખો તથા હૃદય બનાવ્યા છે કે કદાચને તમે આભાર માનો.

اَلَمۡ يَرَوۡا اِلَى الطَّيۡرِ مُسَخَّرٰتٍ فِىۡ جَوِّ السَّمَآءِ ؕ مَا يُمۡسِكُهُنَّ
اِلَّا اللّٰهُ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ ﴿۷۹﴾
(૭૯) શું આ લોકો તે પક્ષીઓ તરફ જોતા નથી કે જે આકાશમાં એકદમ ઊંચાઇએ હવામાં અધ્ધર રહે છે? (તે સ્થળે) તેમને અલ્લાહ સિવાય અન્ય કોઇ થોભાવી રાખતો નથી; નિ:સંશય ઇમાન લાવનારાઓ માટે એમાં (ઘણી) નિશાનીઓ મોજૂદ છે.
وَاللّٰهُ جَعَلَ لَـكُمۡ مِّنۡۢ بُيُوۡتِكُمۡ سَكَنًا وَّجَعَلَ لَـكُمۡ مِّنۡ جُلُوۡدِ
الۡاَنۡعَامِ بُيُوۡتًا تَسۡتَخِفُّوۡنَهَا يَوۡمَ ظَعۡنِكُمۡ وَيَوۡمَ اِقَامَتِكُمۡ ۙ
وَمِنۡ اَصۡوَافِهَا وَاَوۡبَارِهَا وَاَشۡعَارِهَاۤ اَثَاثًا وَّمَتَاعًا اِلٰى حِيۡنٍ ﴿۸۰﴾
(૮૦) અને અલ્લાહે તમારા માટે તમારા ઘરોમાં

આરામની જગ્યા બનાવી છે, અને તમારા માટે ચોપગાં (જાનવરો)ના ચામડામાંથી મકાન (તંબુ) કાયમ કરી દીધા છે કે જે તમને તમારા પ્રવાસ તથા પડાવના દિવસે (ઊંચકવા બેસાડવામાં) હલકા ફૂલ જેવા લાગે છે, અને તેમની ઉનમાંથી તથા રૂંવાટીમાંથી તથા વાળમાંથી તમારા માટે ઓઢવા પાથરવાની સામગ્રી તથા લાભ મેળવવાનો સામાન એક ચોક્કસ સમય માટે (નક્કી કર્યો છે).

وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّمَّا خَلَقَ ظِلٰلًا وَّجَعَلَ لَكُمْ مِّنَ الْجِبَالِ
اَكْنَانًا وَّجَعَلَ لَكُمْ سَرَابِيْلَ تَقِيْكُمُ الْحَرَّ وَسَرَابِيْلَ تَقِيْكُمْ
بَأْسَكُمْ ؕ كَذٰلِكَ يُتِمُّ نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ تُسْلِمُوْنَ ﴿٨١﴾

(૮૧) અને જે જે વસ્તુઓ અલ્લાહે પૈદા કરી છે તે માંહેની કેટલીક (વસ્તુઓ) તમારાં છાયડા માટે બનાવી છે, તથા તમારા સંતાઇ બેસવા માટે પહાડોમાં પણ સુરક્ષિત રહેઠાણ સ્થાપિત કર્યાં છે અને તમારા માટે એવા કપડાં ઉત્પન્ન કર્યાં છે કે જે તમને ગરમીથી બચાવે છે અને એવા બખ્તર કે જે તમને (લડાઇ વખતે) પરસ્પરના હુમલાથી બચાવે છે; આવી રીતે તે પોતાની બક્ષીશો તમારા

પર સંપૂર્ણ કરે છે કે જેથી તમે (સાચે સાચી) તાબેદારી કરો.

فَاِنۡ تَوَلَّوۡا فَاِنَّمَا عَلَيۡكَ الۡبَلٰغُ الۡمُبِيۡنُ‏ ﴿۸۲﴾

(૮૨) આ છતાંય જો તેઓ ઇન્કાર કરે તો તારા માટે તો માત્ર (અમારો સંદેશો) સ્પષ્ટ કરી પહોંચાડી દેવાનું છે.

يَعۡرِفُوۡنَ نِعۡمَتَ اللّٰهِ ثُمَّ يُنۡكِرُوۡنَهَا وَاَكۡثَرُهُمُ الۡكٰفِرُوۡنَ‏ ﴿۸۳﴾

(૮૩) તેઓ અલ્લાહની નેઅમત ઓળખે છે છતાં (જાણી જોઇને) તેનો ઇન્કાર કરે છે અને તેઓમાંના ઘણાખરા અનુપકારી છે.

وَيَوْمَ نَبْعَثُ مِنْ كُلِّ اُمَّةٍ شَهِيْدًا ثُمَّ لَا يُؤْذَنُ لِلَّذِيْنَ كَفَرُوْا

وَلَا هُمْ يُسْتَعْتَبُوْنَ ﴿٨٤﴾

(૮૪) અને જે દિવસે દરેક ઉમ્મતમાંથી અમે એક એક સાક્ષી લાવીશું ત્યારે જેઓ ઇમાન લાવ્યા ન હશે તેમને ન તો કાંઇ (બોલવાની) પરવાનગી આપવામાં આવશે અને ન તેમને માફી માંગવાની તક આપવામાં આવશે.

وَاِذَا رَاَ الَّذِيْنَ ظَلَمُوا الْعَذَابَ فَلَا يُخَفَّفُ عَنْهُمْ وَلَا هُمْ

يُنْظَرُوْنَ ﴿٨٥﴾

(૮૫) અને જ્યારે તે લોકો કે જેમણે ઝુલ્મ કર્યો છે અઝાબ નિહાળશે ત્યારે ન તેમનો અઝાબ હળવો

કરવામાં આવશે અને ન તેમને મોહલત આપવામાં આવશે.

وَإِذَا رَءَا الَّذِينَ أَشْرَكُوا شُرَكَآءَهُمْ قَالُوا رَبَّنَا هَٰٓؤُلَآءِ شُرَكَآؤُنَا
الَّذِينَ كُنَّا نَدْعُوا مِن دُونِكَ ۖ فَأَلْقَوْا إِلَيْهِمُ الْقَوْلَ إِنَّكُمْ
لَكَٰذِبُونَ ﴿٨٦﴾

(૮૬) અને જે વખતે તે લોકો કે જેમણે શિર્ક કર્યું છે તેઓ (પોતાના) શરીકો (માની લીધેલા માઅબૂદો)ને નિહાળશે ત્યારે કહેશે કે અય અમારા પરવરદિગાર! આ અમારા (માની લીધેલા) શરીકો છે જેમને અમે (મુસીબતના સમયે) તારા સિવાય પોકાર્યા કરતા હતા, ત્યારે તેઓ (શરીકો) આ

વાતને તેમના ઉપરજ ઢોળી દેશે (એમ કહીને) કે ખરેખર તમે હડહડતા જૂઠા છો.

وَاَلْقَوْا اِلَى اللّٰهِ يَوْمَىِٕذِ ِۨالسَّلَمَ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ﴿۸۷﴾

(૮૭) અને તેઓ તે દિવસે અલ્લાહની હજૂરમાં નમ્રતાથી માથું જૂકાવી દેશે અને તેઓ જે કાંઇ જૂઠું ઉપજાવી કાઢતાં હતા તે સઘળું તેમની પાસેથી જતું રહેશે.

اَلَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ زِدْنٰهُمْ عَذَابًا فَوْقَ الْعَذَابِ بِمَا كَانُوْا يُفْسِدُوْنَ﴿۸۸﴾

(૮૮) તે લોકો કે જેઓ ઇન્કાર કરતા હતા તથા અલ્લાહના માર્ગથી (લોકોને) અટકાવ્યા કરતા હતા તેમના ફીતુર કર્યા કરવાના કારણે અમે તેમના પર અઝાબ પર અઝાબ વધારી દઇશું.

وَيَوْمَ نَبْعَثُ فِيْ كُلِّ اُمَّةٍ شَهِيْدًا عَلَيْهِمْ مِّنْ اَنْفُسِهِمْ
وَجِئْنَا بِكَ شَهِيْدًا عَلٰى هٰٓؤُلَآءِ ۭ وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ
تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ وَّهُدًى وَّرَحْمَةً وَّبُشْرٰى لِلْمُسْلِمِيْنَ ﴿٨٩﴾

(૮૯) અને તે દિવસે કે જ્યારે અમે પ્રત્યેક ઉમ્મતમાંથી એક એક સાક્ષી તેમનીજ વિરૂધ્ધ ઉભો કરીશું અને (પછી અય રસૂલ!) તે સઘળાઓ પર તને સાક્ષી બનાવી બોલાવીશું (ત્યારે તેની કેવી

માઠી દશા થશે?) અને બેશક અમોએ તારા ઉપર આ કિતાબ (કુરઆન) ઉતારી છે (તેમાં) દરેક વસ્તુનું સવિસ્તાર વર્ણન છે અને (સાચે સાચી) તાબેદારી કરનારાઓ માટે હિદાયત અને રહેમત અને ખુશખબર છે.

إِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَالْإِحْسَانِ وَإِيْتَآئِ ذِي الْقُرْبٰى وَيَنْهٰى
عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ وَالْبَغْيِ ۚ يَعِظُكُمْ لَعَلَّكُمْ
تَذَكَّرُوْنَ ﴿٩٠﴾

(૯૦) નિઃસંશય અલ્લાહ ન્યાય તથા ઉપકાર તથા નજીકના સગાં વહાલાઓને (આર્થિક સહાય આપવાનો) હુકમ કરે છે અને નિર્લજ્જતા તથા

દુષ્કાર્યો તથા અત્યાચારની મનાઇ કરે છે, તે તમને નસીહત કરે છે કે કદાચને તમે બોધ ગ્રહણ કરો.

وَاَوۡفُوۡا بِعَهۡدِ اللّٰهِ اِذَا عٰهَدْتُّمۡ وَلَا تَنۡقُضُوا الۡاَيۡمَانَ بَعۡدَ
تَوۡكِيۡدِهَا وَقَدۡ جَعَلۡتُمُ اللّٰهَ عَلَيۡكُمۡ كَفِيۡلًا ؕ اِنَّ اللّٰهَ يَعۡلَمُ
مَا تَفۡعَلُوۡنَ ﴿۹۱﴾

(૯૧) અને અલ્લાહના વાયદાને કે જ્યારે તમે વાયદો કરી ચૂક્યા હો પૂરો કરો અને પ્રતિજ્ઞાઓ પાકી કરી લીધા બાદ તેનો ભંગ કરો નહિ, જે સ્થિતિમાં કે તમે અલ્લાહને પોતાનો ઝામીન કરી

ચૂક્યા હો; બેશક તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સારી રીતે વાકેફ છે.

وَلَا تَكُوْنُوْا كَالَّتِيْ نَقَضَتْ غَزْلَهَا مِنْۢ بَعْدِ قُوَّةٍ اَنْكَاثًا ؕ تَتَّخِذُوْنَ اَيْمَانَكُمْ دَخَلًاۢ بَيْنَكُمْ اَنْ تَكُوْنَ اُمَّةٌ هِيَ اَرْبٰى مِنْ اُمَّةٍ ؕ اِنَّمَا يَبْلُوْكُمُ اللّٰهُ بِهٖ ؕ وَلَيُبَيِّنَنَّ لَكُمْ يَوْمَ الْقِيٰمَةِ مَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٩٢﴾

(૯૨) અને તમે તે (સ્ત્રી)ના જેવા ન થાઓ કે જે પોતાના (હાથે) કાંતેલા (સુતર)ને મજબૂત થયા પછી કટકે કટકા કરી નાખે છે; તમે તમારી સોગંદો પરસ્પર છેતરવા માટે ખાઓ છો, (એવા હેતુથી) કે એક ટોળું બીજા કરતાં બળવાન રહે; સિવાય તેના

નથી કે અલ્લાહ તે વડે તમારી કસોટી કરે છે; અને જે જે કાંઇ મતભેદ તમે કર્યા કરતા હતા તે સઘળી (બાબતો)ને તમારા માટે કયામતના દિવસે અવશ્ય સ્પષ્ટ કરી દેશે.

وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ يُّضِلُّ مَنْ يَّشَآءُ
وَيَهْدِىْ مَنْ يَّشَآءُ ؕ وَلَتُسْـَٔلُنَّ عَمَّا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٩٣﴾

(૯૩) અને અગર અલ્લાહ ચાહતે તો તમને એકજ ઉમ્મત બનાવતે, પરંતુ તે જેનાથી ચાહે છે હિદાયતની પ્રેરણા છીનવી લે છે અને જેને ચાહે છે હિદાયત અર્પણ કરી દે છે; અને તમે જે જે કાંઇ કરતા હતા તેના સબંધમાં તમને જરૂર પૂછવામાં આવશેઃ

وَلَا تَتَّخِذُوٓا اَيۡمَانَكُمۡ دَخَلًاۢ بَيۡنَكُمۡ فَتَزِلَّ قَدَمٌۢ بَعۡدَ ثُبُوۡتِهَا
وَتَذُوۡقُوا السُّوۡٓءَ بِمَا صَدَدۡتُّمۡ عَنۡ سَبِيۡلِ اللّٰهِ‌ۚ وَلَكُمۡ
عَذَابٌ عَظِيۡمٌ ﴿۹۴﴾

(૯૪) અને તમે તમારી પ્રતિજ્ઞાઓને પરસ્પર છેતરવાનું કારણ ન બનાવો કે (જેથી એમ ન થાય કે) મજબૂત થઈ ગયા બાદ (તમારા) પગ (ઇસ્લામથી) પાછા લપસી જાય અને તમે અલ્લાહ માર્ગથી (લોકોને) અટકાવતા હતા તેના બદલામાં બૂરાઇની મઝા ચાખવી પડે, અને (વળી) તમારા માટે સખ્ત અઝાબ પણ હોય.

وَلَا تَشْتَرُوْا بِعَهْدِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا ؕ اِنَّمَا عِنْدَ اللّٰهِ هُوَخَيْرٌ
لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ﴿۹۵﴾

(૯૫) અને અલ્લાહ સાથેના કરારના બદલામાં નજીવી કિંમત સ્વીકારો નહિ; નિઃસંશય અલ્લાહની પાસે જે છે તે તમારા માટે વધુ સારૂં છે અગર તમે સમજો તો.

مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللّٰهِ بَاقٍ ؕ وَلَنَجْزِيَنَّ الَّذِيْنَ صَبَرُوْٓا
اَجْرَهُمْ بِاَحْسَنِ مَا كَانُوْا يَعْمَلُوْنَ﴿۹۶﴾

(૯૬) જે કાંઇ તમારી પાસે છે તેનો (સંપૂર્ણ) નાશ થઇ જશે અને જે કાંઇ અલ્લાહની પાસે છે તેજ બાકી રહેનાર છે; અને જે લોકોએ ધીરજ ધરી તેનો

બદલો તેઓ જે સારાં કામ કરતા હતા તે કરતાંય બેહતર જ આપીશું.

مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَمُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً ۚ وَلَنَجْزِيَنَّهُمْ اَجْرَهُمْ بِاَحْسَنِ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٩٧﴾

(૯૭) પુરૂષોમાંથી હો કે સ્ત્રીઓમાંથી, જે શખ્સે સત્કાર્ય કર્યું એવી સ્થિતિમાં કે તે ઇમાન ધરાવનારો પણ હોય તો ખરેખર અમે તેની જિંદગી સારી પસાર કરી દઇશું, અને જે કાર્ય તેઓ કર્યા કરતા હતા તેનાથી પણ તેમને કંઇ કેટલોય સારો બદલો જરૂર આપી દઇશું.

فَإِذَا قَرَأْتَ الْقُرْاٰنَ فَاسْتَعِذْ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ﴿٩٨﴾

(૯૮) માટે જે વેળા તું કુરઆન પઢવા માંડે તો (પ્રથમ) ફિટકાર પામેલા શૈતાન (ના છળ કપટ)થી અલ્લાહની પનાહ માંગ્યા કર.

إِنَّهٗ لَيْسَ لَهٗ سُلْطٰنٌ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٩٩﴾

(૯૯) બેશક તેનો તે લોકો પર કાંઇજ કાબૂ નથી કે જેઓ ઇમાન લાવ્યા છે અને પોતાના પરવરદિગાર પર આસ્થા રાખે છે.

إِنَّمَا سُلْطٰنُهٗ عَلَى الَّذِيْنَ يَتَوَلَّوْنَهٗ وَالَّذِيْنَ هُمْ بِهٖ مُشْرِكُوْنَ ﴿١٠٠﴾

(૧૦૦) તેનો કાબૂ તો એજ લોકો પર છે કે જેઓ તેના દોસ્ત બને છે, અને તેમના ઉપર કે જેઓ બીજાઓને તે (અલ્લાહ)ના શરીક બનાવે છે.

وَاِذَا بَدَّلْنَآ اٰيَةً مَّكَانَ اٰيَةٍ ۙ وَّاللّٰهُ اَعْلَمُ بِمَا يُنَزِّلُ قَالُوْٓا اِنَّمَآ اَنْتَ مُفْتَرٍ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿١٠١﴾

(૧૦૧) અને જ્યારે અમે કોઇ આયતની જગ્યાએ (બીજી) કોઇ આયત ઉતારીએ છીએ જો કે અલ્લાહ જે કાંઇ ઉતારે છે તે પોતે તેના (પ્રયોજન) થી પુરી રીતે વાકેફ છે ત્યારે તેઓ કહે છે કે તું તો ઉપજાવી કાઢનારો છે, તેઓમાંથી ઘણાખરાઓને (આયતોના ઉતારવા અને બદલી નાખવાના હેતુથી) કાંઈજ જ્ઞાન નથી.

قُلۡ نَزَّلَهٗ رُوۡحُ الۡقُدُسِ مِنۡ رَّبِّكَ بِالۡحَـقِّ لِيُثَبِّتَ الَّذِيۡنَ اٰمَنُوۡا
وَهُدًى وَّبُشۡرٰى لِلۡمُسۡلِمِيۡنَ ﴿۱۰۲﴾

(૧૦૨) (અય રસૂલ!) તું કહે કે આ (કુરઆન)ને તો રૂહુલ કુદુસ (જીબ્રઇલ)એ તારા પરવરદિગાર તરફથી સત્યતાપૂર્વક ઉતાર્યું છે, એ માટે કે જેઓ ઇમાન લાવ્યા છે તેમને (વધારે) મક્કમ બનાવી દે. અને સાચી તાબેદારી કરનારાઓ માટે હિદાયત અને ખુશખબરી છે.

وَلَقَدۡ نَـعۡلَمُ اَنَّهُمۡ يَقُوۡلُوۡنَ اِنَّمَا يُعَلِّمُهٗ بَشَرٌ ؕ لِسَانُ الَّذِىۡ
يُلۡحِدُوۡنَ اِلَيۡهِ اَعۡجَمِىٌّ وَّهٰذَا لِسَانٌ عَرَبِىٌّ مُّبِيۡنٌ ﴿۱۰۳﴾

(૧૦૩) અને (અય રસૂલ!) અમે સારી રીતે જાણીએ છીએ કે તેઓ કહે છે કે એ (રસૂલ)ને તો એક માણસ જ શિક્ષણ આપે છે. (પરંતુ) તેની ભાષા કે જેના ઉપર આ (લોકો શિક્ષણ આપવાનો) આરોપ મૂકે છે અજમી (પર ભાષા) છે, અને આ તો શુદ્ધ અરબી ભાષા છે.

إِنَّ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِاٰيٰتِ اللّٰهِ ۙ لَا يَهْدِيهِمُ اللّٰهُ وَلَهُمْ عَذَابٌ اَلِيمٌ ﴿١٠٤﴾

(૧૦૪) નિઃસંશય તે લોકો કે જેઓ અલ્લાહની આયતો પર ઇમાન નથી રાખતા તેમને અલ્લાહ (હરગિજ) હિદાયત ફરમાવશે નહિ, અને તેમના માટે દુઃખદાયક અઝાબ છે.

اِنَّمَا يَفْتَرِى الْكَذِبَ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ۚ وَاُولٰٓئِكَ
هُمُ الْكٰذِبُوْنَ ﴿١٠٥﴾

(૧૦૫) ખરેખર કે અસત્ય તો એજ લોકો ઉપજાવી કાઢે છે કે જેઓ અલ્લાહની આયતો પર ઇમાન રાખતા નથી, અને (ખરી રીતે તો) તેઓજ જૂઠા છે.

مَنْ كَفَرَ بِاللّٰهِ مِنْۢ بَعْدِ اِيْمَانِهٖٓ اِلَّا مَنْ اُكْرِهَ وَقَلْبُهٗ مُطْمَئِنٌّۢ
بِالْاِيْمَانِ وَلٰكِنْ مَّنْ شَرَحَ بِالْكُفْرِ صَدْرًا فَعَلَيْهِمْ غَضَبٌ مِّنَ
اللّٰهِ ۚ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿١٠٦﴾

(૧૦૬) જેઓ ઇમાન લાવ્યા બાદ અલ્લાહનો ઇન્કાર કરે, સિવાય એવી હાલતમાં કે તેના ઉપર બળજબરી કરવામાં આવી હોય, પણ તેના મનમાં

ઇમાન દ્રઢ હોય (તો તેના પર કાંઇ દોષ નથી), પરંતુ જે મોકળા મનથી કુફ્ર કરે તો બસ એવાજ લોકો પર અલ્લાહનો કોપ (ઉતરનાર) છે, અને તેમના માટે મહાન અઝાબ (તૈયાર) છે.

ذٰلِكَ بِاَنَّهُمُ اسْتَحَبُّوا الْحَيٰوةَ الدُّنْيَا عَلَى الْاٰخِرَةِ ۙ وَاَنَّ اللّٰهَ
لَا يَهْدِى الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿١٠٧﴾

(૧૦૭) આ એ કારણે કે તેમણે આલોકનું જીવન પરલોકના મુકાબલામાં પસંદ કરી લીધું છે, અને અલ્લાહ મુન્કર લોકોને હિદાયત ફરમાવતો નથી.

اُولٰٓئِكَ الَّذِيْنَ طَبَعَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَسَمْعِهِمْ وَاَبْصَارِهِمْ ۚ
وَاُولٰٓئِكَ هُمُ الْغٰفِلُوْنَ ﴿١٠٨﴾

(૧૦૮) તેઓ એજ છે કે જેમના અંતઃકરણો પર તથા કાનો પર તથા આંખો પર અલ્લાહે મહોર મારી દીધી છે, અને એજ લોકો (તદ્દન) બેદરકાર છે.

لَا جَرَمَ اَنَّهُمۡ فِى الۡاٰخِرَةِ هُمُ الۡخٰسِرُوۡنَ ﴿۱۰۹﴾

(૧૦૯) નિઃસંશય પરલોકમાં હાનિ ભોગવનારા તેઓજ હશે.

ثُمَّ اِنَّ رَبَّكَ لِلَّذِيۡنَ هَاجَرُوۡا مِنۡۢ بَعۡدِ مَا فُتِنُوۡا ثُمَّ جٰهَدُوۡا وَصَبَرُوۡۤا ۙ اِنَّ رَبَّكَ مِنۡۢ بَعۡدِهَا لَغَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۱۱۰﴾

(૧૧૦) પછી જરૂર છે કે તારો પરવરદિગાર તે લોકોના માટે કે જેમણે સંકટમાં સપડાયા પછી

(પોતાના) ઘરોનો ત્યાગ કર્યો પછી ધર્મ યુધ્ધ કર્યું, અને ધીરજ ધરી, તો બેશક તારો પરવરદિગાર આ સઘળી વાતો પછી (એ લોકો માટે) મહાન માફ કરનાર (અને) દયાળુ છે.

يَوْمَ تَأْتِي كُلُّ نَفْسٍ تُجَادِلُ عَنْ نَّفْسِهَا وَتُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا عَمِلَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿١١١﴾

(૧૧૧) તે (કયામતના) દિવસે પ્રત્યેક જણ પોતાના માટેજ તકરાર કરતો આવશે, અને પ્રત્યેક જણને તેણે જે જે કાંઇ કર્યું હશે તેનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે અને તેમના પર હરગિજ ઝુલ્મ કરવામાં આવશે નહીં.

وَضَرَبَ اللّٰهُ مَثَلًا قَرْيَةً كَانَتْ اٰمِنَةً مُّطْمَىِٕنَّةً يَّاْتِيْهَا رِزْقُهَا
رَغَدًا مِّنْ كُلِّ مَكَانٍ فَكَفَرَتْ بِاَنْعُمِ اللّٰهِ فَاَذَاقَهَا اللّٰهُ لِبَاسَ
الْجُوْعِ وَالْخَوْفِ بِمَا كَانُوْا يَصْنَعُوْنَ ﴿١١٢﴾

(૧૧૨) અને અલ્લાહ એક (એવી) વસ્તીનો દાખલો વર્ણવે છે (કે) જે (તદ્દન) શાંત અને નિર્ભય હતી, જેમાં ચોમેરથી આજીવિકાના ભરપૂર સાધનો ચાલ્યા આવતા હતા; પછી તે (વસ્તીવાળા)ઓએ અલ્લાહની નેઅમતોની નાશુક્રી કરી તો અલ્લાહે પણ તેમના કૃત્યો બદલ તેમને અતિ ભૂખ તથા ભયની મઝા ચખાડી દીધી.

وَلَقَدۡ جَآءَهُمۡ رَسُوۡلٌ مِّنۡهُمۡ فَكَذَّبُوۡهُ فَاَخَذَهُمُ الۡعَذَابُ

وَهُمۡ ظٰلِمُوۡنَ﴿۱۱۳﴾

(૧૧૩) અને ખરેખર તેમની પાસે તેમનામાંથી જ એક રસૂલ આવ્યો પછી તેમણે તેને જૂઠલાવ્યો, જેથી તેમને (તેમની) ઝુલમગારીની સ્થિતિમાંજ અઝાબે આવી દબાવ્યા.

فَكُلُوۡا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ حَلٰلًا طَيِّبًا ۖ وَّاشۡكُرُوۡا نِعۡمَتَ اللّٰهِ اِنۡ

كُنۡتُمۡ اِيَّاهُ تَعۡبُدُوۡنَ﴿۱۱۴﴾

(૧૧૪) માટે અલ્લાહે તમને જે કાંઇ આપ્યું છે તેમાંથી હલાલ અને પાક વસ્તુઓ ખાઓ, અને

અગર અલ્લાહના જ બંદા બનવા ચાહતા હો તો તેની નેઅમતોનો શુક્ર કરતા રહો.

إِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيرِ وَمَآ أُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهِۦ ۖ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَإِنَّ اللّٰهَ غَفُورٌ رَّحِيمٌ ﴿١١٥﴾

(૧૧૫) સિવાય તેના નથી કે તેણે તમારા પર મુરદાર તથા લોહી તથા સુવ્વરનું માંસ તથા તે (કુરબાની) કે જે અલ્લાહના સિવાય બીજું નામ લઇ ઝબ્હ કરવામાં આવી હોય (એ સઘળી વસ્તુઓ) હરામ કરી છે, પછી જે કોઇ (ભૂખમરાથી) વ્યાકુળ બને અને (અલ્લાહની આજ્ઞાનું) ઉલ્લંઘન

કર્યા વિના તથા હદથી વધી જવા વિના (તેનો ઉપયોગ કરે) તો બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાવાન છે.

وَلَا تَقُوْلُوْا لِمَا تَصِفُ اَلْسِنَتُكُمُ الْكَذِبَ هٰذَا حَلٰلٌ وَّهٰذَا حَرَامٌ لِّتَفْتَرُوْا عَلَى اللّٰهِ الْكَذِبَ ؕ اِنَّ الَّذِيْنَ يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ لَا يُفْلِحُوْنَ ﴿۱۱۶﴾

(૧૧૬) અને તમારી ઝબાનોથી જે અસત્ય નીકળે છે તે (સાચું માની લઇ) એમ ન કહો કે આ હલાલ છે અને આ હરામ છે કે જેથી એવી રીતે અલ્લાહ પર જૂઠું આળ ચઢાવો; બેશક જે લોકો અલ્લાહ

ઉપર જૂઠું આળ ચઢાવે છે તેઓ (હરગિજ) અલ્લાહ પર સફળતા મેળવશે નહિ.

مَتَاعٌ قَلِيْلٌ ۖ وَّلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿١١٧﴾

(૧૧૭) (આ) થોડાક વખતનો લાભ છે અને (છેવટે) તેમના માટે દુઃખદાયક શિક્ષા છે.

وَعَلَى الَّذِيْنَ هَادُوْا حَرَّمْنَا مَا قَصَصْنَا عَلَيْكَ مِنْ قَبْلُ ۚ

وَمَا ظَلَمْنٰهُمْ وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿١١٨﴾

(૧૧૮) અને તેમના પર કે જેઓ યહૂદી હતા તે વસ્તુઓ હરામ કરી હતી કે જેનું વર્ણન અમે તને આગળ વર્ણવી ચૂક્યા છીએ, અને અમોએ તેમના

પર ઝુલ્મ કર્યો ન હતો બલ્કે તેઓ પોતે પોતાના જીવ પર ઝુલ્મ કર્યા કરતા હતા.

ثُمَّ اِنَّ رَبَّكَ لِلَّذِيْنَ عَمِلُوا السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ تَابُوْا مِنْۢ بَعْدِ
ذٰلِكَ وَاَصْلَحُوْٓا ۙ اِنَّ رَبَّكَ مِنْۢ بَعْدِهَا لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿١١٩﴾

(૧૧૯) છતાં નિઃસંશય તારો પરવરદિગાર તે લોકોના માટે કે જેમણે અજ્ઞાનતામાં બદી કરી, પછી તે બાદ પ્રશ્ચાતાપ કર્યો અને (ભૂલ કર્યા બાદ) સુધારણા કરી, તો બેશક તારો પરવરદિગાર એમ થયા પછી મોટો માફ કરનાર (અને) દયાળુ છે.

اِنَّ اِبْرٰهِيْمَ كَانَ اُمَّةً قَانِتًا لِّلّٰهِ حَنِيْفًا ؕ وَلَمْ يَكُ مِنَ
الْمُشْرِكِيْنَ ۙ﴿١٢٠﴾

(૧૨૦) બેશક ઇબ્રાહીમ એક (સત્ય ધર્મનો) નમુનો હતો જે નિખાલસ મનથી અલ્લાહની ફરમાબરદારી કરનારો હતો અને તે મુશરિકો માંહેનો ન હતોઃ

شَاكِرًا لِّاَنْعُمِهٖ ؕ اِجْتَبٰىهُ وَهَدٰىهُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿١٢١﴾

(૧૨૧) તે તે (અલ્લાહ)ની નેઅમતોનો શુક્ર કરનારા હતોઃ તે (અલ્લાહે) તેને પસંદ કરી લીધો હતો અને તેને રાહે રાસ્ત દેખાડી દીધી હતી.

وَاٰتَيْنٰهُ فِى الدُّنْيَا حَسَنَةً ؕ وَاِنَّهٗ فِى الْاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِيْنَ ﴿١٢٢﴾ؕ

(૧૨૨) અને અમોએ તેને આલોકમાં ભલાઇ આપી હતી, અને ખરેખર પરલોકમાં પણ તે સદાચારીઓ માંહેનો જ છે.

ثُمَّ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ اَنِ اتَّبِعۡ مِلَّةَ اِبۡرٰهِيۡمَ حَنِيۡفًا‌ ؕ وَمَا كَانَ
مِنَ الۡمُشۡرِكِيۡنَ﴿۱۲۳﴾

(૧૨૩) પછી અમોએ તારી તરફ વહી કરી કે તું ઇબ્રાહીમના (સાચા) ધર્મ (ઇસ્લામ)નું અનુકરણ કર કે જે એકજ અલ્લાહને માનનારો હતો; અને તે મુશરિકો માંહેનો ન હતો.

اِنَّمَا جُعِلَ السَّبۡتُ عَلَى الَّذِيۡنَ اخۡتَلَفُوۡا فِيۡهِ‌ ؕ وَاِنَّ رَبَّكَ
لَيَحۡكُمُ بَيۡنَهُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ فِيۡمَا كَانُوۡا فِيۡهِ يَخۡتَلِفُوۡنَ﴿۱۲۴﴾

(૧૨૪) સિવાય તેના નથી કે સબ્ત (શનિવાર) તો તે લોકો પર વાજિબ (અનિવાર્ય) કરવામાં આવ્યો હતો કે જેમણે તે (ના પાલન)માં મતભેદ કર્યો

હતો; અને બેશક તારો પરવરદિગાર તેમની વચ્ચે કયામતના દિવસે તે બાબતનો નિર્ણય કરી દેશે કે જેમાં તેઓ પરસ્પર મતભેદ કર્યા કરતા હતા.

ٱدۡعُ إِلَىٰ سَبِيلِ رَبِّكَ بِٱلۡحِكۡمَةِ وَٱلۡمَوۡعِظَةِ ٱلۡحَسَنَةِۖ وَجَٰدِلۡهُم بِٱلَّتِي هِيَ أَحۡسَنُۚ إِنَّ رَبَّكَ هُوَ أَعۡلَمُ بِمَن ضَلَّ عَن سَبِيلِهِۦ وَهُوَ أَعۡلَمُ بِٱلۡمُهۡتَدِينَ ﴿١٢٥﴾

(૧૨૫) (અય રસૂલ!) તું તારા પરવરદિગારના માર્ગ તરફ હિકમત સાથે તથા શ્રેષ્ઠ ઉપદેશ સાથે (લોકોને) બોલાવ અને તેમની સાથે એવી રીતે ચર્ચા કર કે જે ઉત્તમ હોય; નિ:સંશય તારો પરવરદિગાર તેમનાથી સારી રીતે વાકેફ છે કે

જેઓ તેના માર્ગથી રખડી ગયા છે અને તેમનાથી પણ સારી રીતે વાકેફ છે કે જેઓ હિદાયત પામેલા છે.

وَاِنۡ عَاقَبۡتُمۡ فَعَاقِبُوۡا بِمِثۡلِ مَا عُوۡقِبۡتُمۡ بِهٖ‌ ؕ وَلَٮِٕنۡ صَبَرۡتُمۡ لَهُوَ خَيۡرٌ لِّلصّٰبِرِيۡنَ ﴿۱۲۶﴾

(૧૨૬) અને જો બદલો લો તો એટલોજ બદલો લો, જેટલી કે તમારા પર સખ્તાઇ કરવામાં આવી હોય, અને જો સહન કરો તો ખરેજ તે સહન કરનારાઓ માટે બહેતર છે.

وَاصۡبِرۡ وَمَا صَبۡرُكَ اِلَّا بِاللّٰهِ‌ وَلَا تَحۡزَنۡ عَلَيۡهِمۡ وَلَا تَكُ فِىۡ ضَيۡقٍ مِّمَّا يَمۡكُرُوۡنَ ﴿۱۲۷﴾

(૧૨૭) અને (અય રસૂલ!) સહન કર, અને તારાથી સહન થશે નહિ પણ અલ્લાહની જ મદદથી, અને તે નાસ્તિકોના સબંધમાં ખેદ ન કર; અને તેઓ જે ચાલબાજીઓ ચાલે છે તેનાથી દિલગીર ન થા.

اِنَّ اللّٰهَ مَعَ الَّذِيْنَ اتَّقَوْا وَّالَّذِيْنَ هُمْ مُّحْسِنُوْنَ ﴿١٢٨﴾ ع

(૧૨૮) નિઃસંશય અલ્લાહ તેમની સાથે છે કે જેઓ (નાસ્તિકપણું તથા ગુનાહોથી) બચતા રહે છે, અને તેમની સાથે પણ છે કે જેઓ નેકીઓ કરનારા છે.

سُبۡحٰنَ الَّذِیۡۤ اَسۡرٰی بِعَبۡدِهٖ لَیۡلًا مِّنَ الۡمَسۡجِدِ الۡحَرَامِ اِلَی
الۡمَسۡجِدِ الۡاَقۡصَا الَّذِیۡ بٰرَكۡنَا حَوۡلَهٗ لِنُرِیَهٗ مِنۡ اٰیٰتِنَا ؕ اِنَّهٗ
هُوَ السَّمِیۡعُ الۡبَصِیۡرُ ①

(૧) પાક છે તે જાત કે જે રાતો રાત પોતાના બંદા (મોહમ્મદ સ.અ.વ.)ને મસ્જિદુલ હરામ (બયતુલ્લાહ)થી મસ્જિદે અકસા (બયતુલ મુકદ્દસ) તરફ લઇ ગયો જેની આસપાસ (ની ભૂમિ)ને ખુદ અમોએ બરકતવાળી બનાવી છે કે જેથી અમે તેને અમારી નિશાનીઓમાંથી કેટલીક દેખાડી દઇએ; બેશક તે મોટો સાંભળનાર (અને) દેખનારો છે.

وَاٰتَيۡنَا مُوۡسَى الۡكِتٰبَ وَجَعَلۡنٰهُ هُدًى لِّبَنِىۡۤ اِسۡرَآءِيۡلَ اَلَّا
تَتَّخِذُوۡا مِنۡ دُوۡنِىۡ وَكِيۡلًا ؕ‏ ﴿۲﴾

(૨) અને મૂસાને અમોએ (તૌરેત) કિતાબ આપી હતી અને તેને બની ઇસરાઇલ માટે હિદાયત (સન્માર્ગ દર્શક) બનાવી હતી (અને સાથેજ એવી આજ્ઞા પણ કરી હતી) કે મારા સિવાય કોઇને પણ કાર્યસાધક બનાવો નહિ.

ذُرِّيَّةَ مَنۡ حَمَلۡنَا مَعَ نُوۡحٍ‌ ؕ اِنَّهٗ كَانَ عَبۡدًا شَكُوۡرًا ﴿۳﴾

(3) (આ બની ઇસરાઇલ) તે (લોકો)ની ઔલાદ હતી કે જેમને અમોએ નૂહની સાથે કશ્તીમાં સવાર

કરાવ્યા હતા; નિ:સંશય તે (નૂહ) અતિશય આભાર માનનારો બંદો હતો.

وَقَضَيْنَآ اِلٰى بَنِيْٓ اِسْرَآءِيْلَ فِي الْكِتٰبِ لَتُفْسِدُنَّ فِي الْاَرْضِ مَرَّتَيْنِ وَلَتَعْلُنَّ عُلُوًّا كَبِيْرًا ④

(૪) અને અમોએ એજ કિતાબ (તૌરેત)માં બની ઇસરાઇલને ખબર આપી હતી કે તમે પૃથ્વી પર બે વખત અવશ્ય ફસાદ કરશો અને (વળી) ખરેજ મોટી ઉધ્ધતાઇ સાથે વર્તશો.

فَاِذَا جَآءَ وَعْدُ اُوْلٰىهُمَا بَعَثْنَا عَلَيْكُمْ عِبَادًا لَّنَآ اُولِيْ بَاْسٍ شَدِيْدٍ فَجَاسُوْا خِلٰلَ الدِّيَارِ ؕ وَكَانَ وَعْدًا مَّفْعُوْلًا ⑤

(૫) પછી જ્યારે બે વાયદાઓ માંહેના પહેલાનો સમય આવ્યો ત્યારે અમોએ તમારી વિરૂધ્ધ અમારા મહાન યોધ્ધા મોકલી દીધા જેથી તેઓ શહેરના અંદરના ભાગમાં ફરી વળ્યા; અને (અમારો અઝાબનો) વાયદો પૂરો થનાર હતો તે થઇને રહ્યો.

ثُمَّ رَدَدْنَا لَكُمُ الْكَرَّةَ عَلَيْهِمْ وَأَمْدَدْنٰكُمْ بِأَمْوَالٍ وَّبَنِيْنَ وَجَعَلْنٰكُمْ أَكْثَرَ نَفِيْرًا ۞٦

(૬) પછી અમોએ તમને તેમના પર પાછી પ્રબળતા આપી અને સંપત્તિ અને સંતતિ વડે તમારી સહાય કરી અને સંખ્યાની રૂએ પણ તમને ઘણા વધારી દીધા.

اِنْ اَحْسَنْتُمْ اَحْسَنْتُمْ لِاَنْفُسِكُمْ ۣ وَاِنْ اَسَاْتُمْ فَلَهَا ؕ
فَاِذَا جَآءَ وَعْدُ الْاٰخِرَةِ لِيَسُوْٓءٗا وُجُوْهَكُمْ وَلِيَدْخُلُوا
الْمَسْجِدَ كَمَا دَخَلُوْهُ اَوَّلَ مَرَّةٍ وَّلِيُتَبِّرُوْا مَا عَلَوْا تَتْبِيْرًا ۝٧

(૭) અગર તમે કોઇ નેકી કરશો તો તમારા પોતાના (લાભ) માટેજ નેકી કરશો, અને જો તમે બદી કરશો તો તે પણ તમારા પોતાના માટેજ કરશો. પછી જ્યારે બીજા વાયદાનો (સમય) આવ્યો (ત્યારે અમોએ બીજા લોકોને મોકલ્યા) કે (જેથી તમને શિક્ષા કરી) તેઓ તમારા મોંઢા બગાડી નાખે તથા મસ્જિદમાં એવી રીતે ઘુસી જાય કે જેવી રીતે પ્રથમ વાર તેઓ તેમાં ઘુસી

ગયા હતા. અને પછી તેમનું જે જે વસ્તુઓ પર જોર ચાલે તેને ભાંગી તોડી સંપૂર્ણ નાશ કરી નાખે.

عَسٰى رَبُّكُمۡ اَنۡ يَّرۡحَمَكُمۡ ۚ وَاِنۡ عُدۡتُّمۡ عُدۡنَا ۘ وَجَعَلۡنَا جَهَنَّمَ لِلۡكٰفِرِيۡنَ حَصِيۡرًا ۸

(૮) (પરંતુ) સંભવિત છે કે તમારો પરવરદિગાર તમારા પર દયા કરે, અને અગર તમોએ પછી પણ એજ (નાફરમાની તરફ મોઢું) કર્યું તો અમે પણ એજ કરીશું; અને અમોએ (સત્યનો) ઇન્કાર કરનારાઓ માટે જહન્નમને કૈદખાનું બનાવ્યું છે.

اِنَّ هٰذَا الۡقُرۡاٰنَ يَهۡدِىۡ لِلَّتِىۡ هِىَ اَقۡوَمُ وَيُبَشِّرُ الۡمُؤۡمِنِيۡنَ الَّذِيۡنَ يَعۡمَلُوۡنَ الصّٰلِحٰتِ اَنَّ لَهُمۡ اَجۡرًا كَبِيۡرًا ۙ ۹

(૯) બેશક આ કુરઆન તે માર્ગ દેખાડે છે કે જે સૌથી સીધો છે અને તે મોઅમીનોને કે જેઓ નેકીઓ કરતા રહે છે આ ખુશખબર સંભળાવે છે કે તેમના માટે ઘણો મોટો બદલો છે.

وَّاَنَّ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ اَعْتَدْنَا لَهُمْ عَذَابًا اَلِيْمًا ﴿١٠﴾

(૧૦) અને આ કે જેઓ આખેરત ઉપર ઇમાન નથી રાખતા તેમના માટે ખરેખર અમોએ દુ:ખદાયક અઝાબ તૈયાર કર્યો છે.

وَيَدْعُ الْاِنْسَانُ بِالشَّرِّ دُعَآءَهٗ بِالْخَيْرِ ؕ وَكَانَ الْاِنْسَانُ عَجُوْلًا ﴿١١﴾

(૧૧) અને ઇન્સાન બૂરી વસ્તુઓ માટે પણ એવી દુઆ માંગે છે જેવી કે સારી વસ્તુ માટે; અને ઇન્સાન અતિ ઉતાવળો છે.

وَجَعَلْنَا الَّيْلَ وَالنَّهَارَ اٰيَتَيْنِ فَمَحَوْنَآ اٰيَةَ الَّيْلِ وَجَعَلْنَآ اٰيَةَ النَّهَارِ مُبْصِرَةً لِّتَبْتَغُوْا فَضْلًا مِّنْ رَّبِّكُمْ وَلِتَعْلَمُوْا عَدَدَ السِّنِيْنَ وَالْحِسَابَ ؕ وَكُلَّ شَيْءٍ فَصَّلْنٰهُ تَفْصِيْلًا ⑫

(૧૨) અને અમોએ રાત્રિ તથા દિવસને (અમારી કુદરતની) બે નિશાનીઓ બનાવી છે પછી અમોએ રાત્રિની નિશાની ઝાંખી કરી નાખી અને અમોએ દિવસની નિશાની પ્રકાશિત કરી દીધી કે જેથી (તેમાં) તમે તમારા પરવરદિગારની કૃપા

(રોઝી)ની ચાહના કરો, અને વળી એ માટે કે તમે વરસોની ગણતરી તથા હિસાબ સમજો; અને દરેક વસ્તુને અમોએ જોઇએ તેવી ખુલ્લી રીતે વર્ણવી દીધી છે.

وَكُلَّ اِنۡسَانٍ اَلۡزَمۡنٰهُ طٰۤٮِٕرَهٗ فِىۡ عُنُقِهٖ‌ ؕ وَنُخۡرِجُ لَهٗ يَوۡمَ الۡقِيٰمَةِ كِتٰبًا يَّلۡقٰٮهُ مَنۡشُوۡرًا‏ ﴿۱۳﴾

(૧૩) અને દરેક ઇન્સાનની કરણીને અમોએ તેના ગળાનો હાર બનાવી છે, અને કયામતના દિવસે અમે તેના માટે એક લખાણ કાઢીશું જેને તે તદ્દન ખુલ્લો નિહાળશે.

اِقۡرَاۡ كِتٰبَك‌ؕ كَفٰى بِنَفۡسِكَ الۡيَوۡمَ عَلَيۡكَ حَسِيۡبًا ؕ‏ ﴿۱۴﴾

(૧૪) (પછી અમે તેને આજ્ઞા કરીશું કે) તારૂં લખાણ વાંચી લે; આજના દિવસે તારા પોતાનો હિસાબ લેવાને તું પોતેજ બસ છે.

مَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِىْ لِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيْهَا ؕ وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ؕ وَمَا كُنَّا مُعَذِّبِيْنَ حَتّٰى نَبْعَثَ رَسُوْلًا ﴿۱۵﴾

(૧૫) જેણે હિદાયત મેળવી તો તેણે પોતાના માટે હિદાયત મેળવી, અને જે ગુમરાહ થઇ ગયો તેની ગુમરાહી (નું માઠું પરિણામ) તેના પોતાના માટેજ છે; અને કોઇ બોજો ઊંચકનાર બીજા કોઇનો બોજો

ઊંચકશે નહીં; અને જ્યાં સુધી અમે (કોઇ) રસૂલ મોકલતા નથી ત્યાં સુધી અઝાબ આપતા નથી.

وَإِذَآ أَرَدْنَآ أَن نُّهْلِكَ قَرْيَةً أَمَرْنَا مُتْرَفِيهَا فَفَسَقُوا۟ فِيهَا فَحَقَّ

عَلَيْهَا ٱلْقَوْلُ فَدَمَّرْنَٰهَا تَدْمِيرًا ﴿١٦﴾

(૧૬) અને જ્યારે અમે કોઇ વસ્તીનો નાશ કરવાનો મનસુબો કરીએ છીએ ત્યારે તે વસ્તીના વૈભવશાળી લોકોને (અમારી તાબેદારી કરવાનો) હુકમ કરીએ છીએ, પણ તેઓ તે (વસ્તી)માં (અમારા હુકમો સંબંધી) નાફરમાની કરવા લાગે છે; એવી રીતે અમારો બોલ તેમના સંબંધમાં સાચો પૂરવાર થઇ જાય છે, જેથી અમે તેનો સંપૂર્ણ નાશ કરી નાખીએ છીએ.

وَكَمۡ اَهۡلَكۡنَا مِنَ الۡقُرُوۡنِ مِنۡۢ بَعۡدِ نُوۡحٍ‌ؕ وَكَفٰى بِرَبِّكَ
بِذُنُوۡبِ عِبَادِهٖ خَبِيۡرًۢا بَصِيۡرًا‏ ﴿۱۷﴾

(૧૭) અને નૂહની પછી અમોએ કંઇ કેટલીયે પેઢીઓનો નાશ કરી નાખ્યો; અને તારો પરવરદિગાર પોતાના બંદાઓના ગુનાહોથી સંપૂર્ણપણે માહિતગાર છે અને બધુંજ જોઈ રહ્યો છે.

مَنۡ كَانَ يُرِيۡدُ الۡعَاجِلَةَ عَجَّلۡنَا لَهٗ فِيۡهَا مَا نَشَآءُ لِمَنۡ نُّرِيۡدُ ثُمَّ
جَعَلۡنَا لَهٗ جَهَنَّمَ‌ ۚ يَصۡلٰٮهَا مَذۡمُوۡمًا مَّدۡحُوۡرًا‏ ﴿۱۸﴾

(૧૮) જે (શખ્સ) ક્ષણભંગુર જગતનો ચાહનારો હોય છે તો તેમાંથી જેના માટે અમે જે ચાહીએ

છીએ તે જલ્દીથી આપી દઇએ છીએ, પછી અમે તેના માટે જહન્નમ નક્કી કરીએ છીએ, તે તેમાં તિરસ્કારાએલો અને (અલ્લાહની રહેમતથી) નાસીપાસ થએલો દાખલ થશે.

وَمَنْ اَرَادَ الْاٰخِرَةَ وَسَعٰى لَهَا سَعْيَهَا وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓئِكَ كَانَ سَعْيُهُمْ مَّشْكُوْرًا ﴿١٩﴾

(૧૯) અને જે આખેરતનો ઇચ્છનારો થાય છે અને તે પ્રાપ્ત કરવા માટે એવી કોશિશ કરે કે જેવી કોશિશ કરવાનો હક છે એવી સ્થિતિમાં કે તે મોઅમીન પણ હોય તો તે લોકોની કોશિશનો (અવશ્ય) સ્વીકાર થશે.

كُلًّا نُّمِدُّ هٰٓؤُلَآءِ وَهٰٓؤُلَآءِ مِنْ عَطَآءِ رَبِّكَ ؕ وَمَا كَانَ عَطَآءُ رَبِّكَ مَحْظُوْرًا ﴿۲۰﴾

(૨૦) (અય રસૂલ!) અમે દરેકની-એમની પણ અને તેમની પણ- તારા પરવરદિગારની બક્ષિસો વડે સહાય કરતા રહીએ છીએ; અને તારા પરવરદિગારની બક્ષિસ કોઇના ઉપર પણ બંધ નથી.

اُنْظُرْ كَيْفَ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ؕ وَلَلْاٰخِرَةُ اَكْبَرُ دَرَجٰتٍ وَّاَكْبَرُ تَفْضِيْلًا ﴿۲۱﴾

(૨૧) જો, અમોએ કેવી રીતે કેટલાકોને કેટલાકો પર શ્રેષ્ઠતા આપી છે; અને ખરેજ દરજ્જા અને શ્રેષ્ઠતાના સબંધમાં આખેરત વધુ ઉત્તમ છે.

لَا تَجْعَلْ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَتَقْعُدَ مَذْمُوْمًا مَّخْذُوْلًا ﴿۲۲﴾

(૨૨) અલ્લાહની સાથે કોઇ બીજો માઅબૂદ બનાવ નહિ. નહિ તો બૂરી રીતે બદનામ થઇને ત્યજી દીધેલી (હાલતમાં) બેસી રહીશ.

وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا ؕ اِمَّا يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ لَّهُمَآ اُفٍّ وَّلَا تَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا ﴿۲۳﴾

(૨૩) અને તારા પરવરદિગારે હુકમ આપી દીધો છે કે તમે તેના સિવાય બીજા કોઇની ઇબાદત કરો નહિ અને માબાપ સાથે નેકી કરતા રહો. અગર તેઓ બન્નેમાંથી એક અથવા બન્ને તારી સામે વૃદ્ધાવસ્થાએ પહોંચી જાય (અને કોઇ કારણે તારા ઉપર ક્રોધે ભરાય) તો તેમની સામે ઉફ પણ ન કર, તેમજ તેમને તરછોડ પણ નહિ, અને તેમની સાથે માયાળુપણે વાત કર.

وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُلْ رَّبِّ ارْحَمْهُمَا
كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا ﴿٢٤﴾

(૨૪) અને તેમની પાસે નમ્રતાનો બાજુ માયાળુપણે ઝૂકાવ અને આ કહ્યા કર કે અય મારા

પરવરદિગાર! આ બન્ને ઉપર એવીજ કૃપા ફરમાવ જેવી કે આ બન્નેએ મને નાનપણથી ઉછેરવામાં (કૃપા) કરી હતી.

رَبُّكُمۡ اَعۡلَمُ بِمَا فِىۡ نُفُوۡسِكُمۡ‌ ؕ اِنۡ تَكُوۡنُوۡا صٰلِحِيۡنَ فَاِنَّهٗ كَانَ لِلۡاَوَّابِيۡنَ غَفُوۡرًا ﴿۲۵﴾

(૨૫) તમારો પરવરદિગાર તમારા અંતઃકરણોમાં જે કાંઇ છે તેનાથી સારી રીતે વાકેફ છે; અગર તમે સદાચારી રહેશો તો બેશક તે પણ (પોતાની તરફ) વારંવાર રજૂ થનારાઓને અતિ માફ કરનાર છે.

وَاٰتِ ذَا الۡقُرۡبٰى حَقَّهٗ وَالۡمِسۡكِيۡنَ وَابۡنَ السَّبِيۡلِ وَلَا تُبَذِّرۡ تَبۡذِيۡرًا ﴿۲۶﴾

(૨૬) અને તું નજીકના (સગાં-વહાલાં)ઓને તેમનો હક આપી દે તેમ નિરાધારો તથા મુસાફરોને પણ, અને ઉડાઉપણે ખર્ચ ન કર.

اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْٓا اِخْوَانَ الشَّيٰطِيْنِ ۭ وَكَانَ الشَّيْطٰنُ لِرَبِّهٖ كَفُوْرًا ۲۷

(૨૭) નિઃસંશય ઉડાઉ ખર્ચ કરનારા શૈતાનોના ભાઇઓ છે; અને શૈતાન પોતાના પરવરદિગારનો હંમેશથી અનુપકારી છે.

وَاِمَّا تُعْرِضَنَّ عَنْهُمُ ابْتِغَاۗءَ رَحْمَةٍ مِّنْ رَّبِّكَ تَرْجُوْهَا فَقُلْ لَّهُمْ قَوْلًا مَّيْسُوْرًا ۲۸

(૨૮) અને અગર તું તારા પરવરદિગારની કૃપા પ્રાપ્ત કરવા માટે કે જેની તું આશા રાખે છે તેની રાહ જોતાં તેમનાથી મોંઢું ફેરવવું પડે તો (જ્યારે તું તેમની પાસે પાછો ફરે ત્યારે) તેમને નરમ શબ્દોથી સમજાવી લે.

وَلَا تَجْعَلْ يَدَكَ مَغْلُوْلَةً اِلٰى عُنُقِكَ وَلَا تَبْسُطْهَا كُلَّ الْبَسْطِ

فَتَقْعُدَ مَلُوْمًا مَّحْسُوْرًا ﴿٢٩﴾

(૨૯) અને તું તારો હાથ ગરદન સાથે બાંધેલો ન રાખ તેમજ એકદમ હાથ લંબાવ પણ નહિ કે જેથી ઠપકાને પાત્ર અને ઓશીયાળો બની જાય.

اِنَّ رَبَّكَ يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ وَيَقۡدِرُ‌ؕ اِنَّهٗ كَانَ بِعِبَادِهٖ
خَبِيۡرًۢا بَصِيۡرًا ۟

(30) નિઃસંશય તારો પરવરદિગાર જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે અને (જેના માટે ચાહે છે) તંગ કરી નાખે છે; નિઃસંશય તે પોતાના બંદાઓની (દરેક) સ્થિતિથી માહિતગાર અને નિહાળનારો છે.

وَلَا تَقۡتُلُوۡۤا اَوۡلَادَكُمۡ خَشۡيَةَ اِمۡلَاقٍ‌ؕ نَحۡنُ نَرۡزُقُهُمۡ
وَاِيَّاكُمۡ‌ؕ اِنَّ قَتۡلَهُمۡ كَانَ خِطۡاً كَبِيۡرًا ۟

(૩૧) અને ભૂખમરાના ભયથી તમારી ઔલાદને મારી ન નાખો; (કારણ કે) તેમને પણ અમેજ રોઝી

આપીએ છીએ અને તમને પણ; બેશક તેમને મારી નાખવું (એ) ઘણોજ મોટો ગુનોહ છે.

وَلَا تَقۡرَبُوا الزِّنٰۤى اِنَّهٗ كَانَ فَاحِشَةً ؕ وَسَآءَ سَبِيۡلًا ۝٣٢

(૩૨) અને વ્યભિચાર પાસે (હરગિજ) ન જાઓ નિઃસંશય તે નિર્લજ્જપણા (નું કાર્ય) છે; અને અતિ બૂરો માર્ગ છે.

وَلَا تَقۡتُلُوا النَّفۡسَ الَّتِىۡ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالۡحَـقِّ ؕ وَمَنۡ قُتِلَ مَظۡلُوۡمًا فَقَدۡ جَعَلۡنَا لِوَلِيِّهٖ سُلۡطٰنًا فَلَا يُسۡرِفْ فِّى الۡقَتۡلِ ؕ اِنَّهٗ كَانَ مَنۡصُوۡرًا ۝٣٣

(૩૩) અને જે કોઇ જીવ કે જેનું મારી નાખવું અલ્લાહે હરામ કર્યું છે તેને અન્યાયી રીતે મારી ન

નાખો સિવાય કે ન્યાયી રીતે; અને જે કોઇ નિર્દોષ (હોવા છતાં) માર્યો જશે તો અમે તેના વારસને અવશ્ય સત્તા આપીશું, પણ તે ખૂન (નો બદલો લેવા)માં હદ બહાર જાય નહિ; (કેમકે) નિઃસંશય તેને સહાય કરવામાં આવી છે.

وَلَا تَقْرَبُوْا مَالَ الْيَتِيْمِ اِلَّا بِالَّتِيْ هِيَ اَحْسَنُ حَتّٰى يَبْلُغَ
اَشُدَّهٗ ۖ وَاَوْفُوْا بِالْعَهْدِ ۚ اِنَّ الْعَهْدَ كَانَ مَسْـُٔوْلًا ﴿٣٤﴾

(૩૪) અને યતીમના માલ પાસે સદ્‌હેતુ સિવાય જાઓ નહિ, જ્યાં સુધી કે તે બાલીગ (ઉંમર લાયક) થઇ ન જાય; અને આપેલા વાયદા પૂરા કરો, નિઃસંશય દરેક વાયદા સંબંધી સવાલ કરવામાં આવશે.

وَاَوۡفُوا الۡكَيۡلَ اِذَا كِلۡتُمۡ وَزِنُوۡا بِالۡقِسۡطَاسِ الۡمُسۡتَقِيۡمِ ؕ
ذٰلِكَ خَيۡرٌ وَّاَحۡسَنُ تَاۡوِيۡلًا ۝٣٥

(૩૫) અને જ્યારે માપ કરો ત્યારે માપ પૂરૂં આપો અને સાચા ત્રાજવાં વડે જોખો; એજ (તમારા માટે) સારૂં છે અને પરિણામે પણ તે બેહતર છે.

وَلَا تَقۡفُ مَا لَيۡسَ لَكَ بِهٖ عِلۡمٌ ؕ اِنَّ السَّمۡعَ وَالۡبَصَرَ وَالۡفُؤَادَ
كُلُّ اُولٰٓـئِكَ كَانَ عَنۡهُ مَسۡـُٔوۡلًا ۝٣٦

(૩૬) અને જે વાતની તને જાણ ન હોય તેની પાછળ ન પડ; નિઃસંશય કાન તથા આંખ તથા અંતઃકરણ એમાંથી દરેકને (કયામતના દિવસે) સવાલ કરવામાં આવશે.

وَلَا تَمۡشِ فِي الۡاَرۡضِ مَرَحًا ۚ اِنَّكَ لَنۡ تَخۡرِقَ الۡاَرۡضَ وَلَنۡ
تَبۡلُغَ الۡجِبَالَ طُوۡلًا ﴿۳۷﴾

(૩૭) અને જમીન પર અકડીને ન ચાલ, નિ:સંશય તું ન તો જમીનને (તારી અકડાઇથી) ફાડી શકશે અને ન (ઊંચો) વધીને પહાડોની ઊંચાઇએ પહોંચી શકશે.

كُلُّ ذٰلِكَ كَانَ سَيِّئُهٗ عِنۡدَ رَبِّكَ مَكۡرُوۡهًا ﴿۳۸﴾

(૩૮) આ માંહેની દરેક વાતની બૂરાઇ તારા પરવરદિગાર આગળ નાપસંદ છે.

ذٰلِكَ مِمَّاۤ اَوۡحٰۤى اِلَيۡكَ رَبُّكَ مِنَ الۡحِكۡمَةِ ؕ وَلَا تَجۡعَلۡ مَعَ اللّٰهِ
اِلٰهًا اٰخَرَ فَتُلۡقٰى فِىۡ جَهَنَّمَ مَلُوۡمًا مَّدۡحُوۡرًا ﴿۳۹﴾

(૩૯) (અય રસૂલ!) જે ડહાપણની વાતો તારા પરવરદિગારે તારી તરફ વહી દ્વારા ઉતારી છે તે માંહેની આ (વાતો) છે; અને તું અલ્લાહની સાથે બીજો માઅબૂદ બનાવી ન લે નહિ તો (અય મનુષ્ય!) ઠપકાને પાત્ર બનીને (રહેમતથી) દૂર કરી જહન્નમમાં નાખી દેવામાં આવશે.

اَفَاَصۡفٰىكُمۡ رَبُّكُمۡ بِالۡبَنِيۡنَ وَاتَّخَذَ مِنَ الۡمَلٰۤٮِٕكَةِ اِنَاثًا ؕ اِنَّكُمۡ

لَتَقُوۡلُوۡنَ قَوۡلًا عَظِيۡمًا ۴۰ ع

(૪૦) (અય મુશરિકો!) ત્યારે શું બેટાઓ (આપવા) માટે તમારા અલ્લાહે તમનેજ ચૂંટી કાઢ્યા છે પોતાના માટે ફરિશ્તાઓમાંથી બેટીઓ લઇ લીધી છે? ખરેજ તમે આ ભારે બોલ બોલો છો.

وَلَقَدۡ صَرَّفۡنَا فِیۡ هٰذَا الۡقُرۡاٰنِ لِیَذَّکَّرُوۡا ؕ وَمَا یَزِیۡدُهُمۡ اِلَّا
نُفُوۡرًا ﴿۴۱﴾

(૪૧) અને ખરેખર અમોએ આ કુરઆનમાં વારંવાર દલીલો વર્ણવી છે કે જેથી તેઓ સમજે; પણ તે તે (નાફરમાનો)ના તિરસ્કારમાં માત્ર વધારો જ કરે છે.

قُلۡ لَّوۡ کَانَ مَعَهٗۤ اٰلِهَۃٌ کَمَا یَقُوۡلُوۡنَ اِذًا لَّابۡتَغَوۡا اِلٰی ذِی
الۡعَرۡشِ سَبِیۡلًا ﴿۴۲﴾

(૪૨) (અય રસૂલ!) તું કહે કે અગર તેમના કહેવા પ્રમાણે તે (અલ્લાહ)ની સાથે બીજા પણ માઅબૂદો હોત તો એવી સ્થિતિમાં તેઓ પણ અર્શના (સાચા)

માલિક સુધી પહોંચી જવાનો માર્ગ જરૂર શોધી લેતે.

سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يَقُوْلُوْنَ عُلُوًّا كَبِيْرًا ﴿٤٣﴾

(૪૩) જે કાંઇ આ લોકો કહે છે તેનાથી તે (ની જાત) કેટલીએ વધારે પાક અને અતિ ઉચ્ચ છે.

تُسَبِّحُ لَهُ السَّمٰوٰتُ السَّبْعُ وَالْاَرْضُ وَمَنْ فِيْهِنَّ ؕ وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِيْحَهُمْ ؕ اِنَّهٗ كَانَ حَلِيْمًا غَفُوْرًا ﴿٤٤﴾

(૪૪) સાતેય આકાશ અને આખી સૃષ્ટિ તથા જે કાંઇ તેમાં છે (તે સઘળાં) તેની પવિત્રતાઇ ગાય છે; અને એક પણ વસ્તુ એવી નથી કે જે તેના

વખાણના જાપ ન જપતી હોય પણ તમે તેની તસ્બીહ(જપમાળા)ને સમજતા નથી; નિઃસંશય તે મહા સહનશીલ (અને) મહા ક્ષમાવાન છે.

وَاِذَا قَرَاۡتَ الۡقُرۡاٰنَ جَعَلۡنَا بَيۡنَكَ وَبَيۡنَ الَّذِيۡنَ لَا يُؤۡمِنُوۡنَ
بِالۡاٰخِرَةِ حِجَابًا مَّسۡتُوۡرًا ۙ﴿۴۵﴾

(૪૫) અને જ્યારે તું કુરઆન પઢે છે ત્યારે અમે તારી વચ્ચે અને તે લોકોની વચ્ચે કે જેઓ આખેરત પર ઇમાન નથી લાવ્યા એક આવરણ (અદ્રશ્ય પડદો) કાયમ કરી દઇએ છીએઃ

وَّجَعَلۡنَا عَلٰى قُلُوۡبِهِمۡ اَكِنَّةً اَنۡ يَّفۡقَهُوۡهُ وَفِىۡۤ اٰذَانِهِمۡ وَقۡرًا ‌ؕ
وَاِذَا ذَكَرۡتَ رَبَّكَ فِى الۡقُرۡاٰنِ وَحۡدَهٗ وَلَّوۡا عَلٰۤى اَدۡبَارِهِمۡ
نُفُوۡرًا ۝۴۶

(૪૬) અને તેમના અંતઃકરણો પર અમે આવરણ નાખી દઇએ છીએ કે જેથી તેઓ તેને સમજે નહિ અને તેમના કાનો અમે ભારે કરી નાખી છીએ (જેથી તેઓ તે સાંભળે નહિ); અને જ્યારે તું કુરઆનમાં તારા એકજ પરવરદિગારને યાદ કરે છે ત્યારે તેઓ તિરસ્કાર દર્શાવી પીઠ ફેરવી જાય છે.

نَحۡنُ اَعۡلَمُ بِمَا يَسۡتَمِعُوۡنَ بِهٖۤ اِذۡ يَسۡتَمِعُوۡنَ اِلَيۡكَ وَاِذۡ هُمۡ
نَجۡوٰٓى اِذۡ يَقُوۡلُ الظّٰلِمُوۡنَ اِنۡ تَتَّبِعُوۡنَ اِلَّا رَجُلًا مَّسۡحُوۡرًا ﴿۴۷﴾

(૪૭) અમે તે સારી રીતે જાણીએ છીએ કે જ્યારે તેઓ તને (કુરઆન પઢતા) કાન ધરી સાંભળે છે તો તે કેવા હેતુથી સાંભળે છે! તેમજ જ્યારે તેઓ એક બીજાની સાથે ખાનગીમાં સલાહ કરે છે ત્યારે આ ઝુલમગારો કહે છે કે તમે તો એવા શખ્સને અનુસરી રહ્યા છો કે જેના પર જાદુ કરવામાં આવ્યું છે.

اُنۡظُرۡ كَيۡفَ ضَرَبُوۡا لَكَ الۡاَمۡثَالَ فَضَلُّوۡا فَلَا يَسۡتَطِيۡعُوۡنَ
سَبِيۡلًا ﴿۴۸﴾

(૪૮) (અય રસૂલ!) જો તો ખરો તેઓ તારા માટે કેવી કેવી સરખામણીઓ કરે છે! પણ તેઓ પોતેજ ગુમરાહ થઇ ગયા છે જેથી તેઓ હવે કોઇ (રીતે સદ્) માર્ગ મેળવી શકતા નથી.

وَقَالُوْٓا ءَ اِذَا كُنَّا عِظَامًا وَّرُفَاتًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ خَلْقًا جَدِيْدًا ﴿٤٩﴾

(૪૯) અને તેઓ કહે છે કે જ્યારે અમે હાડકાં અને માટી થઇ જઇશું તો શું પછી પણ અમે ખરેજ નવેસરથી પૈદા કરી ઉઠાડવામાં આવીશું?

قُلْ كُوْنُوْا حِجَارَةً اَوْ حَدِيْدًا ﴿٥٠﴾

(૫૦) (અય રસૂલ!) તું કહે કે તમે પત્થર બની જાઓ અથવા લોખંડ:

اَوْ خَلْقًا مِّمَّا يَكْبُرُ فِيْ صُدُوْرِكُمْ ۚ فَسَيَقُوْلُوْنَ مَنْ يُّعِيْدُنَا ؕ
قُلِ الَّذِيْ فَطَرَكُمْ اَوَّلَ مَرَّةٍ ۚ فَسَيُنْغِضُوْنَ اِلَيْكَ رُءُوْسَهُمْ
وَيَقُوْلُوْنَ مَتٰى هُوَ ؕ قُلْ عَسٰۤى اَنْ يَّكُوْنَ قَرِيْبًا ﴿۵۱﴾

(૫૧) અથવા કોઇ અન્ય ઉત્પન્ન થએલી (વસ્તુ) કે જે તમારા મનથી સખ્તમાં સખ્ત હોય (તો પણ તમે પુનઃ સજીવન થશોજ); છતાં તેઓ એજ કહેશે કે તે પછી અમને પાછા કોણ (સજીવન) કરી શકશે? તું કહે કે એજ (અલ્લાહ) કે જેણે તમને પહેલી વખતે પૈદા કર્યા હતા (તેજ પછી પણ

સજીવન કરશે); આ સાંભળી તેઓ તારી તરફ જોઇ પોતાના માથા હલાવશે અને કહેશે કે (બતાવો) એ થશે ક્યારે? તું કહે કે કદાચને તે (પુનઃ સજીવન થવાનો દિવસ યાને કયામત) પાસે પણ આવી પહોંચ્યો હોય.

يَوۡمَ يَدۡعُوۡكُمۡ فَتَسۡتَجِيۡبُوۡنَ بِحَمۡدِهٖ وَتَظُنُّوۡنَ اِنۡ لَّبِثۡتُمۡ اِلَّا قَلِيۡلًا ۵۲

(૫૨) જે દિવસે તે તમને બોલાવશે ત્યારે તમે તેના ગુણગાન ગાતાં તેની આજ્ઞા માનશો અને એવું ધારશો કે તમે ઘણોજ ઓછો (સમય દુનિયામાં) થોભ્યા હતા.

وَقُلْ لِّعِبَادِیْ یَقُوْلُوا الَّتِیْ هِیَ اَحْسَنُ ؕ اِنَّ الشَّیْطٰنَ یَنْزَغُ
بَیْنَهُمْ ؕ اِنَّ الشَّیْطٰنَ كَانَ لِلْاِنْسَانِ عَدُوًّا مُّبِیْنًا ﴿۵۳﴾

(૫૩) અને (અય રસૂલ!) મારા બંદાઓને કહે કે તેઓ એવી વાત કહ્યા કરે કે જે ઉત્તમ હોય; નિઃસંશય શૈતાન તેમની વચ્ચે કુસંપ નાખે છે; બેશક શૈતાન મનુષ્યોનો ખુલ્લો દુશ્મન છે.

رَبُّكُمْ اَعْلَمُ بِكُمْ ؕ اِنْ یَّشَاْ یَرْحَمْكُمْ اَوْ اِنْ یَّشَاْ یُعَذِّبْكُمْ ؕ
وَمَاۤ اَرْسَلْنٰكَ عَلَیْهِمْ وَكِیْلًا ﴿۵۴﴾

(૫૪) તમારો પરવરદિગાર તમારાથી સારી રીતે વાકેફ છે; અગર તે ચાહશે તો તમારા પર કૃપા કરશે અથવા જો ચાહશે તો તમને શિક્ષા આપશે;

અને (અય રસૂલ!) અમોએ તને તેમનો નિગેહબાન બનાવીને મોકલ્યો નથી.

وَرَبُّكَ اَعۡلَمُ بِمَنۡ فِی السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ وَلَقَدۡ فَضَّلۡنَا

بَعۡضَ النَّبِیّٖنَ عَلٰی بَعۡضٍ وَّاٰتَیۡنَا دَاوٗدَ زَبُوۡرًا ﴿۵۵﴾

(૫૫) અને આકાશો તથા ઝમીનમાં જે કાંઇ છે તેનાથી તારો પરવરદિગાર સારી રીતે વાકેફ છે; અને ખરેજ અમોએ કેટલાક નબીઓને કેટલાકો પર શ્રેષ્ઠતા આપી છે અને અમોએ દાઉદને ઝબૂર અર્પણ કરી હતી.

قُلِ ادۡعُوا الَّذِیۡنَ زَعَمۡتُمۡ مِّنۡ دُوۡنِهٖ فَلَا یَمۡلِكُوۡنَ كَشۡفَ

الضُّرِّ عَنۡكُمۡ وَلَا تَحۡوِیۡلًا ﴿۵۶﴾

(૫૬) તું કહે કે અલ્લાહ સિવાય તમને જેનો ઘમંડ છે તેમને તમે પોકારી જુઓ, પછી તેઓ તમારી મુસીબત ટાળવાની ન સત્તા ધરાવશે અને ન (તેને સુખમાં) બદલી નાખવાની.

أُولَٰٓئِكَ الَّذِينَ يَدۡعُونَ يَبۡتَغُونَ إِلَىٰ رَبِّهِمُ الۡوَسِيلَةَ أَيُّهُمۡ أَقۡرَبُ وَيَرۡجُونَ رَحۡمَتَهُۥ وَيَخَافُونَ عَذَابَهُۥٓۚ إِنَّ عَذَابَ رَبِّكَ كَانَ مَحۡذُورًا ﴿٥٧﴾

(૫૭) તેઓ જેમને પોકારે છે તેઓ પોતે (અલ્લાહના નિકટ બંદા હોવા છતાં) પોતાના પરવરદિગાર સુધી પહોંચવા માટે વસીલો (સાધન) બનાવવા તેઓમાંથી (અલ્લાહની સાથે)

કોણ વધુ નિકટ (સબંધ ધરાવે) છે તેને શોધે છે અને તેની કૃપાના ઉમેદવાર છે અને તેના અઝાબથી ડરતા રહે છે; બેશક તારા પરવરદિગારનો અઝાબ ડરવા જેવીજ વસ્તુ છે.

وَاِنۡ مِّنۡ قَرۡيَةٍ اِلَّا نَحۡنُ مُهۡلِكُوۡهَا قَبۡلَ يَوۡمِ الۡقِيٰمَةِ اَوۡ مُعَذِّبُوۡهَا عَذَابًا شَدِيۡدًا ‌ؕ كَانَ ذٰلِكَ فِى الۡـكِتٰبِ مَسۡطُوۡرًا ۝٥٨

(૫૮) અને એક પણ વસ્તી એવી નથી કે જેનો અમે કયામતના દિવસ પહેલાં નાશ કરી નહિ નાખીએ અથવા તેને સખ્ત અઝાબ નહિ આપીએ; આ તે કિતાબ (લવહે મહફૂઝ)માં લખાઇ ચૂક્યું છે.

وَمَا مَنَعَنَآ اَنْ نُّرْسِلَ بِالْاٰيٰتِ اِلَّآ اَنْ كَذَّبَ بِهَا الْاَوَّلُوْنَ ؕ
وَاٰتَيْنَا ثَمُوْدَ النَّاقَةَ مُبْصِرَةً فَظَلَمُوْا بِهَا ؕ وَمَا نُرْسِلُ
بِالْاٰيٰتِ اِلَّا تَخْوِيْفًا ﴿۵۹﴾

(૫૯) અને અમને (અમારા) મોઅજિઝા મોકલતાં (બીજા) કોઇ કારણે રોક્યા ન હતા સિવાય કે આગલાઓએ તે જૂઠલાવ્યા હતા; અને અમોએ સમૂદની કોમને પ્રત્યક્ષ નિશાની (તરીકે) ઊંટણી આપી હતી પણ તેમણે તેના ઉપર ઝુલ્મ કર્યો; અને અમે એવા મોઅજિઝા કેવળ ડરાવવા કાજે જ મોકલ્યા કરીએ છીએ.

وَاِذۡ قُلۡنَا لَكَ اِنَّ رَبَّكَ اَحَاطَ بِالنَّاسِ ؕ وَمَا جَعَلۡنَا الرُّءۡيَا
الَّتِىۡۤ اَرَيۡنٰكَ اِلَّا فِتۡنَةً لِّلنَّاسِ وَالشَّجَرَةَ الۡمَلۡعُوۡنَةَ فِى
الۡقُرۡاٰنِ ؕ وَنُخَوِّفُهُمۡ ۙ فَمَا يَزِيۡدُهُمۡ اِلَّا طُغۡيَانًا كَبِيۡرًا ۝٦٠

(૬૦) અને (અય રસૂલ! તે સમયને યાદ કર) જ્યારે અમોએ તને કહ્યું હતું કે બેશક તારા પરવરદિગારે તે (મક્કાના) લોકોને ઘેરી રાખ્યા છે (જેથી તેઓ તારૂં કાંઇ બગાડી શકશે નહિ); અને તે સ્વપ્નું કે જે અમોએ તને દેખાડ્યું હતું તે માત્ર સઘળા લોકો (ના વિશ્વાસ)ની કસોટી માટે ઠરાવ્યું હતું અને (એવી રીતે) કુરઆનમાં (વર્ણવેલું) તે તિરસ્કૃત વૃક્ષ (શજરતુઝ ઝક્કૂમ) (કાંટાળો થોર)

પણ; અને અમે (જુદી જુદી રીતે) તેમને ડરાવીએ છીએ, પરંતુ તે તેમની શિરજોરીમાં વધારોજ કરે છે.

وَاِذۡ قُلۡنَا لِلۡمَلٰٓـئِكَةِ اسۡجُدُوۡا لِاٰدَمَ فَسَجَدُوۡۤا اِلَّاۤ اِبۡلِيۡسَ ؕ قَالَ ءَاَسۡجُدُ لِمَنۡ خَلَقۡتَ طِيۡنًا ۚ‏ ﴿۶۱﴾

(૬૧) અને (તે સમયને યાદ કર) જ્યારે અમોએ ફરિશ્તાઓને કહ્યું કે તમે આદમને સિજદો કરો જેથી ઇબ્લીસના સિવાય સર્વેએ સિજદો કર્યો; તેણે (અભિમાનથી) કહ્યું કે શું હું તેને સિજદો કરૂં કે જેને તેં માટી (માં)થી પૈદા કર્યો છે ?

قَالَ اَرَءَيۡتَكَ هٰذَا الَّذِىۡ كَرَّمۡتَ عَلَىَّ لَـئِنۡ اَخَّرۡتَنِ اِلٰى يَوۡمِ الۡقِيٰمَةِ لَاَحۡتَنِكَنَّ ذُرِّيَّتَهٗۤ اِلَّا قَلِيۡلًا‏ ﴿۶۲﴾

(૬૨) તેણે (આ પણ) કહ્યું કે ભલા તું જો તો ખરો આ એજ છે કે જેને તેં મારા પર શ્રેષ્ઠતા આપી છે ! અગર તેં મને કયામત સુધીની મોહલત આપી તો ખરેખર હું તેની ઔલાદના ગણ્યા ગાંઠ્યા સિવાય સઘળાંઓના મૂળિયા ઉખેડી નાખીશ.

قَالَ اذْهَبْ فَمَنْ تَبِعَكَ مِنْهُمْ فَاِنَّ جَهَنَّمَ جَزَآؤُكُمْ جَزَآءً مَّوْفُوْرًا ﴿٦٣﴾

(૬૩) ફરમાવ્યું, જા (દૂર થા), તેઓમાંથી જે કોઇ તારી તાબેદારી કરશે તો નિઃસંશય પછી તમો સર્વેનો બદલો જહન્નમ હશે (અને ખરેજ તે) પૂરેપૂરો બદલો હશે.

وَاسْتَفْزِزْ مَنِ اسْتَطَعْتَ مِنْهُمْ بِصَوْتِكَ وَاَجْلِبْ عَلَيْهِمْ
بِخَيْلِكَ وَرَجِلِكَ وَشَارِكْهُمْ فِي الْاَمْوَالِ وَالْاَوْلَادِ وَعِدْهُمْ ؕ
وَمَا يَعِدُهُمُ الشَّيْطٰنُ اِلَّا غُرُوْرًا ﴿٦٤﴾

(૬૪) અને તેઓમાંથી જેમને તું બહેકાવી શકતો હોય તેમને તારા અવાજ (લોભામણાં કરતુતો) વડે બહેકાવી લે, અને તેમના મુકાબલા માટે તારા સવારો કે પ્યાદાઓ સાથે તેમના પર ચઢાઇ કર, અને તેમના માલ તથા ઔલાદમાં ભાગીદાર બની જા (અર્થાત દુરૂપયોગ કરાવ), અને તેમનાથી (જૂઠા) વાયદા કર; જો કે શૈતાન તેમનાથી કોઇ વાયદો કરશે નહિ કિંતુ (કેવળ) ધોકોજ આપશે.

إِنَّ عِبَادِي لَيۡسَ لَكَ عَلَيۡهِمۡ سُلۡطَٰنٌۚ وَكَفَىٰ بِرَبِّكَ
وَكِيلٗا ﴿٦٥﴾

(૬૫) નિ:સંશય જેઓ મારા (ખાસ) બંદા છે તેમના પર તો તારો કાંઇજ કાબૂ ચાલશે નહિ; અને તારો પરવરદિગાર (તેમનો) રક્ષક હોવા માટે પૂરતો છે.

رَّبُّكُمُ ٱلَّذِي يُزۡجِي لَكُمُ ٱلۡفُلۡكَ فِي ٱلۡبَحۡرِ لِتَبۡتَغُواْ مِن
فَضۡلِهِۦٓۚ إِنَّهُۥ كَانَ بِكُمۡ رَحِيمٗا ﴿٦٦﴾

(૬૬) (અય લોકો!) તમારો પરવરદિગાર એજ છે કે જે તમારા માટે સમુદ્રોમાં વહાણ ચલાવે છે કે જેથી તમે તેની અસીમ કૃપા (રોઝી)ના ઇચ્છનારા થાઓ; બેશક તે તમારા ઉપર મહાન દયાળુ છે.

وَاِذَا مَسَّكُمُ الضُّرُّ فِي الْبَحْرِ ضَلَّ مَنْ تَدْعُوْنَ اِلَّآ اِيَّاهُ ۚ فَلَمَّا
نَجّٰىكُمْ اِلَى الْبَرِّ اَعْرَضْتُمْ ۭ وَكَانَ الْاِنْسَانُ كَفُوْرًا ۝٦٧

(૬૭) અને જ્યારે તમારા પર સમુદ્રમાં કોઇ આફત આવી પડે છે ત્યારે તેના સિવાય જે બીજાઓને તમે પોકારો છો તે સર્વે ગુમ થઇ જાય છે, પછી જ્યારે તે તમને છુટકારો આપી જમીન પર પહોંચાડી દે છે ત્યારે તમે મોંઢું ફેરવી લો છો; અને મનુષ્ય છેજ અનુપકારી.

اَفَاَمِنْتُمْ اَنْ يَّخْسِفَ بِكُمْ جَانِبَ الْبَرِّ اَوْ يُرْسِلَ عَلَيْكُمْ
حَاصِبًا ثُمَّ لَا تَجِدُوْا لَكُمْ وَكِيْلًا ۝٦٨

(૬૮) શું તમે તે (વાત)થી નિર્ભય થઇ ગયા છો કે ધરતીના એક ભાગને તમારી સાથે ધસાવી નહિ દે અથવા તમારા પર પત્થરો વરસાવનારૂં વાવાઝોડું નહિ મોકલે? તે વખતે તમે કોઇને પણ તમારો વાલી (કે મદદગાર) જોશો નહિ:

اَمۡ اَمِنۡتُمۡ اَنۡ يُّعِيۡدَكُمۡ فِيۡهِ تَارَةً اُخۡرٰى فَيُرۡسِلَ عَلَيۡكُمۡ
قَاصِفًا مِّنَ الرِّيۡحِ فَيُغۡرِقَكُمۡ بِمَا كَفَرۡتُمۡ‌ۙ ثُمَّ لَا تَجِدُوۡا لَـكُمۡ
عَلَيۡنَا بِهٖ تَبِيۡعًا ﴿۶۹﴾

(૬૯) અથવા તમે તે (વાત)થી પણ નિર્ભય થઇ ગયા છો કે એક વધુ વખત તમને પાછા તે (સમુદ્ર)માં નહિ લઇ જાય, પછી તે તમારા પર

પવનનું (સમુદ્રી) તોફાન નહિ મોકલે? પછી જે નેઅમતોની તમે કૃતઘ્નતા કરી ચુક્યા છો તેના બદલે તમને ડુબાડી (નહિ) દે? પછી તમે તેના સંબંધમાં અમારી વિરૂદ્ધ કોઇને મદદગાર મેળવશો નહિ.

وَلَقَدْ كَرَّمْنَا بَنِيٓ اٰدَمَ وَحَمَلْنٰهُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ وَرَزَقْنٰهُمْ مِّنَ الطَّيِّبٰتِ وَفَضَّلْنٰهُمْ عَلٰى كَثِيْرٍ مِّمَّنْ خَلَقْنَا تَفْضِيْلًا ۝٧٠

(૭૦) અને ખરેજ અમોએ આદમની ઔલાદને ઇજ્જત આબરૂ આપી છે અને જમીન તથા સમુદ્રમાં તેમને (વહાણ તથા જાનવરો થકી) સવારીના સાધનો આપ્યાં અને સારી વસ્તુઓથી તેમને રોઝી આપીએ છીએ અને અમારી સર્જેલ

ઘણીયે મખ્લૂક (પ્રાણીઓ) પર તેમને ઘટતી શ્રેષ્ઠતા આપી છે.

يَوْمَ نَدْعُوا كُلَّ أُنَاسٍۭ بِإِمَامِهِمْ ۖ فَمَنْ أُوتِيَ كِتَٰبَهُۥ بِيَمِينِهِۦ
فَأُولَٰٓئِكَ يَقْرَءُونَ كِتَٰبَهُمْ وَلَا يُظْلَمُونَ فَتِيلًا ﴿٧١﴾

(૭૧) જે દિવસે અમે દરેક ટોળાને તેના ઇમામ (આગેવાન) સાથે બોલાવીશું પછી જે શખ્સને તેનું આ'માલનામું (કરણીના લેખ) જમણા હાથમાં આપવામાં આવશે બસ તેવાઓ તો પોતાના આ'માલનામાને (હર્ષભેર) વાંચશે અને તેમને એક સુતર (ના તાંતણા) બરાબર (રજમાત્ર) પણ અન્યાય કરવામાં આવશે નહિ.

وَمَنۡ كَانَ فِىۡ هٰذِهٖۤ اَعۡمٰى فَهُوَ فِى الۡاٰخِرَةِ اَعۡمٰى وَاَضَلُّ سَبِيۡلًا ۝٧٢

(૭૨) અને જે કોઇ આ (જગત)માં (આંખો છતાં) આંધળો રહ્યો તો તે આખેરતમાં પણ આંધળો અને રાહે રાસ્તથી ઘણે છેટે ભટકેલો રહેશે.

وَاِنۡ كَادُوۡا لَيَفۡتِنُوۡنَكَ عَنِ الَّذِىۡۤ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ لِتَفۡتَرِىَ عَلَيۡنَا غَيۡرَهٗ ۖ وَاِذًا لَّاتَّخَذُوۡكَ خَلِيۡلًا ۝٧٣

(૭૩) અને (અય રસૂલ!) પાસે હતું કે તેઓ તને-તેનાથી કે જે કાંઇ અમારી તરફથી વહી કરવામાં આવી હતી-ખસેડી મૂકે કે જેથી તું તે (વહી)ની વિરૂધ્ધ અમારી સામે ભળતીજ વાત ઘડી કાઢે,

અને એવી સ્થિતિમાં ખરેજ તેઓ તને (પોતાનો) મિત્ર બનાવી લેતે.

وَلَوْلَآ اَنْ ثَبَّتْنٰكَ لَقَدْ كِدْتَّ تَرْكَنُ اِلَيْهِمْ شَيْـًٔا قَلِيْلًا ﴿۷۴﴾

(૭૪) અને જો અમોએ તને (ખાસ તૌફિકાત આપીને) મક્કમ રાખ્યો ન હોત તો શક્ય હતું કે તું પણ ખરેજ થોડે અંશે પણ તેમના તરફ વળી જતેઃ

اِذًا لَّاَذَقْنٰكَ ضِعْفَ الْحَيٰوةِ وَضِعْفَ الْمَمَاتِ ثُمَّ لَا تَجِدُ لَكَ عَلَيْنَا نَصِيْرًا ﴿۷۵﴾

(૭૫) ધારી લોક કે એમ થયું હોત તો ખરેજ અમે તને દુનિયાની જિંદગીનો બમણો (અઝાબ) ચખાડતે, અને મૃત્યુ પછીનો પણ બમણો (અને) તે

વખતે તું અમારી વિરૂધ્ધ કોઇને પણ તારો મદદગાર મેળવતે નહિ.

وَاِنۡ كَادُوۡا لَيَسۡتَفِزُّوۡنَكَ مِنَ الۡاَرۡضِ لِيُخۡرِجُوۡكَ مِنۡهَا وَاِذًا لَّا يَلۡبَثُوۡنَ خِلٰفَكَ اِلَّا قَلِيۡلًا ۝٧٦

(૭૬) અને આ પણ શક્ય હતું કે તેઓ તને આ ધરતી પર ડગમગાવી (ઉખાડી દઈ) તેમાંથી તને જરૂર કાઢી મૂકે અને એવી હાલતમાં તેઓ પણ તારી પછી ઘણો થોડો (વખત) રહી શકતે.

سُنَّةَ مَنۡ قَدۡ اَرۡسَلۡنَا قَبۡلَكَ مِنۡ رُّسُلِنَا وَلَا تَجِدُ لِسُنَّتِنَا تَحۡوِيۡلًا ۝٧٧

(૭૭) આ એજ પ્રથા છે કે જે તારી પૂર્વે અમોએ રસૂલો મોકલ્યા હતા તેમની હતી અને અમારી કાર્યપદ્ધતિમાં તું કાંઇ ફેરફાર નહિ જુએ.

اَقِمِ الصَّلٰوةَ لِدُلُوۡكِ الشَّمۡسِ اِلٰى غَسَقِ الَّيۡلِ وَقُرۡاٰنَ الۡفَجۡرِ‌ؕ اِنَّ قُرۡاٰنَ الۡفَجۡرِ كَانَ مَشۡهُوۡدًا‏ ﴿۷۸﴾

(૭૮) (અય રસૂલ!) સૂર્યના ઢળવાથી (માંડીને) રાત્રિના અંધકાર સુધી (ની ઠરાવેલી) નમાઝો પઢી લે (પઢયા કર) અને પ્રભાતમાં કુરઆન (નું વાંચન કર); નિઃસંશય પ્રભાત (ના સમય)માં પઢવામાં આવતા કુરઆનના (ફરિશ્તાઓ) સાક્ષી રહે છે.

وَمِنَ الَّيۡلِ فَتَهَجَّدۡ بِهٖ نَافِلَةً لَّكَ ۖ عَسٰٓى اَنۡ يَّبۡعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحۡمُوۡدًا ﴿۷۹﴾

(૭૯) અને (અય રસૂલ!) રાત્રિના એક ભાગમાં તહજ્જુદ (ની નમાઝ) પઢ્યા કર આ નફલ તારા માટે વધારાની છે, સંભવીત છે કે તારો પરવરદિગાર તને મકામે મહમૂદ (વખણાએલા સ્થળે) પહોંચાડી દે.

وَقُلۡ رَّبِّ اَدۡخِلۡنِىۡ مُدۡخَلَ صِدۡقٍ وَّاَخۡرِجۡنِىۡ مُخۡرَجَ صِدۡقٍ وَّاجۡعَلۡ لِّىۡ مِنۡ لَّدُنۡكَ سُلۡطٰنًا نَّصِيۡرًا ﴿۸۰﴾

(૮૦) અને આ અરજ કર્યા કર કે અય મારા પરવરદિગાર! મને જ્યાં પણ લઈ જા સત્ય સાથે

લઈ જા અને બાહર લઈ આવ અને મારા માટે તારા તરફથી મદદ કરનારી શક્તિ આપ.

وَقُلْ جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ ۭ اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا ۝81

(૮૧) અને આ કહે કે સત્ય આવી ચૂક્યું છે અને અસત્ય નષ્ટ પામ્યું છે; બેશક અસત્ય નષ્ટ પામનારજ છે.

وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَاۗءٌ وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ۙ وَلَا يَزِيْدُ الظّٰلِمِيْنَ اِلَّا خَسَارًا ۝82

(૮૨) અને કુરઆનમાંથી અમે તે વસ્તુ ઉતારીએ છીએ કે જે મોઅમીનો માટે શફા (ઈલાજ) અને

રહેમત છે, અને (એજ વસ્તુઓ) ઝુલમગારો માટે હાનિ વધારી મૂકનાર સિવાય કાંઇ નથી.

وَاِذَآ اَنۡعَمۡنَا عَلَى الۡاِنۡسَانِ اَعۡرَضَ وَنَاٰ بِجَانِبِهٖ‌ۚ وَاِذَا مَسَّهُ
الشَّرُّ كَانَ يَـــُٔوۡسًا ﴿۸۳﴾

(૮૩) અને જ્યારે અમે મનુષ્યને કોઇ નેઅમત અર્પણ કરીએ છીએ ત્યારે તે તેનાથી પીઠ ફેરવી લે છે, અને જ્યારે તેના પર કોઇ સંકટ આવી પડે છે ત્યારે નિરાશ બની જાય છે.

قُلۡ كُلٌّ يَّعۡمَلُ عَلٰى شَاكِلَتِهٖؕ فَرَبُّكُمۡ اَعۡلَمُ بِمَنۡ هُوَ اَهۡدٰى
سَبِيۡلًا ﴿۸۴﴾ۚ

(૮૪) (અય રસૂલ!) તું કહે કે દરેક શખ્સ પોતાની રીત પ્રમાણે અમલ કરી રહ્યો છે પોતપોતાના (સ્વભાવ) પ્રમાણે વર્ત્યા કરે છે; પરંતુ તમારો પરવરદિગાર તેનાથી સારી રીતે વાકેફ છે કે સીધા માર્ગ ઉપર કોણ છે.

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الرُّوْحِ ؕ قُلِ الرُّوْحُ مِنْ اَمْرِ رَبِّيْ وَمَاۤ اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا ۝٨٥

(૮૫) અને (અય રસૂલ!) લોકો તને રૂહ (આત્મા) સંબંધી સવાલ કરે છે; તું કહે કે રૂહ (એ) મારા પરવરદિગારની આજ્ઞાઓ માંહેની એક (આજ્ઞા) છે અને તમને એ સંબંધી ઘણુંજ થોડું જ્ઞાન આપવામાં આવ્યું છે.

وَلَئِنْ شِئْنَا لَنَذْهَبَنَّ بِالَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ ثُمَّ لَا تَجِدُ لَكَ بِهٖ
عَلَيْنَا وَكِيْلًا ﴿٨٦﴾

(૮૬) અને જો અમે ચાહીએ તો જે અમોએ તારી તરફ વહી કરી છે તેને પરત લઈ લઈએ પછી તેને (પાછું લઇ આવવા) માટે અમારી વિરૂધ્ધ કોઇને તારો કાર્યસાધક નહિ મેળવે:

اِلَّا رَحْمَةً مِّنْ رَّبِّكَ ؕ اِنَّ فَضْلَهٗ كَانَ عَلَيْكَ كَبِيْرًا ﴿٨٧﴾

(૮૭) પણ આ માત્ર તારા પરવરદિગાર તરફની કૃપા છે (કે તે તેમ નથી કરતો); નિ:સંશય તેની કૃપા તારા ઉપર ઘણીજ મોટી છે.

قُلْ لَّئِنِ اجْتَمَعَتِ الْاِنْسُ وَالْجِنُّ عَلٰٓى اَنْ يَّاْتُوْا بِمِثْلِ هٰذَا
الْقُرْاٰنِ لَا يَاْتُوْنَ بِمِثْلِهٖ وَلَوْ كَانَ بَعْضُهُمْ لِبَعْضٍ ظَهِيْرًا ﴿٨٨﴾

(૮૮) (અય રસૂલ!) તું કહે કે અગર (તમામ) માણસો અને (તમામ) જીન્નાતો એ વાત માટે ભેગા થઇ જાય કે આ કુરઆનના જેવું (બીજું) બનાવી લાવે તો પણ તેના જેવું હરગિજ લાવી શકશે નહિ (પછી) ભલેને તેઓ એક બીજાના મદદગાર થાય તો પણ.

وَلَقَدْ صَرَّفْنَا لِلنَّاسِ فِيْ هٰذَا الْقُرْاٰنِ مِنْ كُلِّ مَثَلٍ ۫ فَاَبٰٓى
اَكْثَرُ النَّاسِ اِلَّا كُفُوْرًا ﴿٨٩﴾

(૮૯) અને ખરેજ અમોએ આ કુરઆનમાં સર્વે માણસો (ના સમજવા) માટે દરેક જાતના દાખલા

વર્ણવ્યા છે, છતાં ઘણા માણસો નાશુક્રી કર્યા વિના રહેતા નથી.

وَقَالُوْا لَنْ نُّؤْمِنَ لَكَ حَتّٰى تَفْجُرَ لَنَا مِنَ الْاَرْضِ يَنْۢبُوْعًا ﴿٩٠﴾

(૯૦) અને તેઓ કહે છે કે અમે તારા પર હરગિજ વિશ્વાસ નહિ રાખીએ જ્યાં સુધી કે તું અમારા માટે (શુષ્ક) ભૂમિમાંથી એક ઝરણું વહેતું ન કરે:

اَوْ تَكُوْنَ لَكَ جَنَّةٌ مِّنْ نَّخِيْلٍ وَّعِنَبٍ فَتُفَجِّرَ الْاَنْهٰرَ خِلٰلَهَا تَفْجِيْرًا ﴿٩١﴾

(૯૧) અથવા (ખાસ) તારા માટે ખજૂરો તથા દ્રાક્ષોનો એક બાગ (ઉત્પન્ન) ન થાય પછી તેની

વચ્ચે ધરતી ફાડીને તું નદીઓ ન વહાવે.(વહેવડાવી દે)

اَوْ تُسْقِطَ السَّمَآءَ كَمَا زَعَمْتَ عَلَيْنَا كِسَفًا اَوْ تَاْتِيَ بِاللّٰهِ وَالْمَلٰٓئِكَةِ قَبِيْلًا ﴿٩٢﴾

(૯૨) અથવા જેવું કે તારૂં ધારવું છે આકાશને ટુકડે ટુકડા કરી અમારા ઉપર તોડી ન પાડે અથવા અલ્લાહને તથા તેના ફરિશ્તાઓને (અમારી) રૂબરૂ (તારી સત્યતાની સાક્ષી આપવા માટે) લાવી ઉભા ન કરેઃ

اَوْ يَكُوْنَ لَكَ بَيْتٌ مِّنْ زُخْرُفٍ اَوْ تَرْقٰى فِي السَّمَآءِ ؕ وَلَنْ
نُّؤْمِنَ لِرُقِيِّكَ حَتّٰى تُنَزِّلَ عَلَيْنَا كِتٰبًا نَّقْرَؤُهٗ ؕ قُلْ سُبْحَانَ
رَبِّيْ هَلْ كُنْتُ اِلَّا بَشَرًا رَّسُوْلًا ۟﴿۹۳﴾

(૯૩) અથવા તારા માટે એક (ખાસ) સુવર્ણ મહેલ ન હોય અથવા તું આકાશ પર ચઢી ન જાય; અને અમે તારા (આકાશ પર) ચઢી જવા છતાંય હરગિજ ઇમાન નહિ લાવીએ જ્યાં સુધી કે અમારા પર એક એવી કિતાબ ઉતારે નહિ કે જેને અમે વાંચીએ; (અય રસૂલ!) તું કહે કે મારો પરવરદિગાર (એ વાતથી) પાક છે (કે તેના પર

કોઇનો હુકમ ચાલે), શું હું માત્ર (એક) સંદેશાવાહક (બનાવી મોકલેલ) ઇન્સાન સિવાય કાંઇ છું ?

وَمَا مَنَعَ النَّاسَ اَنْ يُّؤْمِنُوْٓا اِذْ جَآءَهُمُ الْهُدٰٓى اِلَّآ اَنْ قَالُوْٓا اَبَعَثَ اللّٰهُ بَشَرًا رَّسُوْلًا ﴿٩٤﴾

(૯૪) અને લોકોને જ્યારે તેમની પાસે હિદાયત આવી ચૂકી (છતાં) ઇમાન લાવતાં કોઇ વસ્તુએ રોક્યા નથી સિવાય કે તેમણે કહી દીધું કે શું અલ્લાહે એક મનુષ્યને અમારા રસૂલ તરીકે મોકલ્યો છે?

قُلْ لَّوْ كَانَ فِى الْاَرْضِ مَلٰٓئِكَةٌ يَّمْشُوْنَ مُطْمَئِنِّيْنَ لَنَزَّلْنَا عَلَيْهِمْ مِّنَ السَّمَآءِ مَلَكًا رَّسُوْلًا ﴿٩٥﴾

(૯૫) તું કહે કે અગર આ ભૂમિ પર ફરિશ્તાઓ (વસ્તા) હોઇ શાંતિપૂર્વક ચાલતા ફરતા હોય તો જરૂર અમે આકાશ પરથી એક ફરિશ્તાનેજ રસૂલ બનાવી મોકલતે.

قُلۡ كَفٰى بِاللّٰهِ شَهِيۡدًۢا بَيۡنِىۡ وَبَيۡنَكُمۡ‌ ؕ اِنَّهٗ كَانَ بِعِبَادِهٖ

خَبِيۡرًۢا بَصِيۡرًا ﴿۹۶﴾

(૯૬) તું કહે કે મારી અને તમારી વચ્ચે સાક્ષી આપવા માટે અલ્લાહ પૂરતો છે, નિઃસંશય તે પોતાના બંદાઓની સ્થિતિથી વાકેફ (અને) જોનાર છે.

وَمَنۡ يَّهۡدِ اللّٰهُ فَهُوَالۡمُهۡتَدِ‌ۚ وَمَنۡ يُّضۡلِلۡ فَلَنۡ تَجِدَ لَهُمۡ
اَوۡلِيَآءَ مِنۡ دُوۡنِهٖ‌ ؕ وَنَحۡشُرُهُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ عَلٰى وُجُوۡهِهِمۡ
عُمۡيًا وَّبُكۡمًا وَّصُمًّا‌ ؕ مَاۡوٰٮهُمۡ جَهَـنَّمُ‌ ؕ كُلَّمَا خَبَتۡ زِدۡنٰهُمۡ
سَعِيۡرًا ﴿۹۷﴾

(૯૭) અને જેને અલ્લાહ હિદાયત આપે છે એજ હિદાયત પામેલો હોય છે અને જેમનાથી હિદાયતની પ્રેરણાં છીનવી લે છે તો પછી તેમના માટે તેના સિવાય તું બીજા કોઇને (તેનો) હિમાયતી જોશે નહિ; અને કયામતના દિવસે અમે તેમને એવી હાલતમાં ઊંધા મોંઢે ઉભા કરીશું કે તેઓ આંધળા, ગૂંગા અને બહેરા હશે; (અને) તેમનું

ઠેકાણું જહન્નમ હશે; (તેની આગ) જ્યારે જ્યારે સહેજ પણ બુઝાવા (મંદ પડવા) લાગશે ત્યારે અમે તેમના પર તે (આગ) વધુ ભડકાવી દઇશું.

ذٰلِكَ جَزَآؤُهُمۡ بِاَنَّهُمۡ كَفَرُوۡا بِاٰيٰتِنَا وَقَالُوۡۤا ءَاِذَا كُنَّا عِظَامًا

وَّرُفَاتًا ءَاِنَّا لَمَبۡعُوۡثُوۡنَ خَلۡقًا جَدِيۡدًا ﴿٩٨﴾

(૯૮) તેમની આ શિક્ષા આ કારણે હશે કે તેઓ અમારી આયતોનો ઇન્કાર કરતા હતા અને કહેતા હતા કે જ્યારે અમે હાડકાં અને માટી બની જઇશું તો પણ શું અમે નવેસરથી પૈદા કરી ઉઠાડવામાં આવીશું?

اَوَلَمۡ یَرَوۡا اَنَّ اللّٰهَ الَّذِیۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ قَادِرٌ عَلٰۤی
اَنۡ یَّخۡلُقَ مِثۡلَهُمۡ وَجَعَلَ لَهُمۡ اَجَلًا لَّا رَیۡبَ فِیۡهِ ؕ فَاَبَی
الظّٰلِمُوۡنَ اِلَّا کُفُوۡرًا ﴿۹۹﴾

(૯૯) શું તેઓ આ નથી સમજ્યા કે બેશક અલ્લાહ કે જેણે આકાશો તથા ઝમીન પૈદા કર્યા છે તે તે (વાત) ઉપર પણ ખરેખર કાબૂ ધરાવે છે કે તેમના જેવાજ બીજા પણ પૈદા કરી દે? અને તેણે તેમના માટે એક મુદ્દત નિર્માણ કરી દીધી છે જેમાં કોઇ પ્રકારની શંકા નથી; છતાંય આ ઝાલિમો ઇન્કાર કર્યા વિના રહેતા નથી.

قُلْ لَّوْ اَنْتُمْ تَمْلِكُوْنَ خَزَآئِنَ رَحْمَةِ رَبِّيْٓ اِذًا لَّاَمْسَكْتُمْ
خَشْيَةَ الْاِنْفَاقِ ؕ وَكَانَ الْاِنْسَانُ قَتُوْرًا ﴿١٠٠﴾

(૧૦૦) તું કહે કે અગર તમે મારા પરવરદિગારની કૃપાના ભંડારનો પણ અધિકાર ધરાવતા હોત તો તે સ્થિતિમાં પણ ખર્ચાઇ જવાના ભયથી તમે કંજૂસાઇ કરતે; અને મનુષ્ય છે જ કંજૂસ.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسٰى تِسْعَ اٰيٰتٍۭ بَيِّنٰتٍ فَسْـَٔلْ بَنِيْٓ اِسْرَآءِيْلَ اِذْ
جَآءَهُمْ فَقَالَ لَهٗ فِرْعَوْنُ اِنِّيْ لَاَظُنُّكَ يٰمُوْسٰى مَسْحُوْرًا ﴿١٠١﴾

(૧૦૧) અને ખરેજ અમોએ મૂસાને નવ ખુલ્લી નિશાનીઓ આપી હતી, માટે બની ઇસરાઇલને પૂછી જો કે જ્યારે તે તેમની પાસે આવ્યો ત્યારે

ફિરઔને તેને કહ્યું કે અય મૂસા ! ખરેજ હું ધારૂં છું કે તારા પર કોઇએ જાદુ કરી દીધો છે.

قَالَ لَقَدْ عَلِمْتَ مَآ اَنْزَلَ هٰٓؤُلَآءِ اِلَّا رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ

بَصَآئِرَ ۚ وَاِنِّیْ لَاَظُنُّكَ یٰفِرْعَوْنُ مَثْبُوْرًا ﴿١٠٢﴾

(૧૦૨) તેણે ફરમાવ્યું (અય ફિરઔન!) આટલું તો તું પણ સમજી ગયો છે કે આ (ચમત્કારો) કોઇ બીજાએ ઉતાર્યા નથી પણ આકાશો તથા પૃથ્વીના પરવરદિગારે સ્પષ્ટ દલીલો તરીકે (ઉતાર્યા છે), અને અય ફિરઔન! મને ચોક્કસ લાગે છે કે તારો વિનાશ કાળ (પાસે) આવી પહોંચ્યો છે.

فَاَرَادَ اَنۡ يَّسۡتَفِزَّهُمۡ مِّنَ الۡاَرۡضِ فَاَغۡرَقۡنٰهُ وَمَنۡ مَّعَهٗ جَمِيۡعًا ۙ﴿۱۰۳﴾

(૧૦૩) આથી ફિરઔને તેમને તે દેશમાંથી (હેરાન કરી) કાઢી મૂકવાનો નિશ્ચય કર્યો, જેથી અમોએ તેને તથા તેની સાથે જેઓ હતા તે સઘળાઓને ડૂબાડી દીધાઃ

وَّقُلۡنَا مِنۡۢ بَعۡدِهٖ لِبَنِىۡۤ اِسۡرَآءِيۡلَ اسۡكُنُوا الۡاَرۡضَ فَاِذَا جَآءَ وَعۡدُ الۡاٰخِرَةِ جِئۡنَا بِكُمۡ لَفِيۡفًا ؕ﴿۱۰۴﴾

(૧૦૪) અને તે બાદ બની ઇસરાઇલને અમોએ કહ્યું કે તમે આ ભૂમિમાં વસો પછી જ્યારે બીજો

વાયદો આવ્યો ત્યારે અમે તમો સર્વેને ભેગા કરી લીધા.

وَبِالْحَقِّ اَنْزَلْنٰهُ وَبِالْحَقِّ نَزَلَ ؕ وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا مُبَشِّرًا وَّنَذِيْرًا ﴿۱۰۵﴾

(૧૦૫) અમોએ તે (કુરઆન)ને સત્યતા પૂર્વક ઉતાર્યું છે અને (વળી) તે સત્ય પૂર્વક ઉતર્યું છે; અને અમોએ તને માત્ર ખુશખબર આપનાર અને ડરાવનાર તરીકે (અમારો રસૂલ) બનાવી મોકલ્યો છે.

وَقُرْاٰنًا فَرَقْنٰهُ لِتَقْرَاَهٗ عَلَى النَّاسِ عَلٰى مُكْثٍ وَّنَزَّلْنٰهُ تَنْزِيْلًا ﴿۱۰۶﴾

(૧૦૬) અને કુરઆન અમે થોડુ થોડુ કરીને ઉતાર્યું છે કે જેથી તું લોકોને થોભી થોભીને પઢી સંભળાવે અને અમોએ તેને જોઇએ તેવી રીતે (તબક્કાવાર) ઉતાર્યું છે.

قُلْ اٰمِنُوْا بِهٖٓ اَوْ لَا تُؤْمِنُوْا ۭ اِنَّ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ مِنْ قَبْلِهٖٓ اِذَا يُتْلٰى عَلَيْهِمْ يَخِرُّوْنَ لِلْاَذْقَانِ سُجَّدًا ۙ۝۱۰۷

(૧૦૭) (અય રસૂલ!) તું કહે કે તમે તેમના પર ઇમાન લાવો યા ન લાવો; (તો પણ) નિઃસંશય તે લોકો કે જેમને આ પહેલાં જ્ઞાન આપવામાં આવ્યું છે તેમની સામે જ્યારે તે પઢવામાં આવે છે ત્યારે તેઓ (તત્કાળ) ઊંધા મોંઢે સિજદામાં પડી જાય છેઃ

وَيَقُولُونَ سُبۡحٰنَ رَبِّنَآ اِنۡ كَانَ وَعۡدُ رَبِّنَا لَمَفۡعُوۡلًا ﴿١٠٨﴾

(૧૦૮) અને કહે છે કે અમારો પરવરદિગાર (દરેક એબથી) પાક છે! ખરેજ અમારા પરવરદિગારનો વાયદો પૂર્ણ થઇનેજ રહેનાર છે.

وَيَخِرُّوۡنَ لِلۡاَذۡقَانِ يَبۡكُوۡنَ وَيَزِيۡدُهُمۡ خُشُوۡعًا ﴿١٠٩﴾ السجدة

(૧૦૯) અને ઊંધે મોઢે પડી રડતા રહે છે અને તે (કુરઆનનું સાંભળવું) તેમની નમ્રતાને વધુ વધારી મૂકે છે.

قُلِ ادۡعُوا اللّٰهَ اَوِ ادۡعُوا الرَّحۡمٰنَ ؕ اَيًّا مَّا تَدۡعُوۡا فَلَهُ الۡاَسۡمَآءُ
الۡحُسۡنٰى ۚ وَلَا تَجۡهَرۡ بِصَلَاتِكَ وَلَا تُخَافِتۡ بِهَا وَابۡتَغِ بَيۡنَ ذٰلِكَ
سَبِيۡلًا ﴿١١٠﴾

(૧૧૦) (અય રસૂલ!) તું કહે કે અલ્લાહ કહીને પોકારો યા રહેમાન કહીને પોકારો; જે (નામ)થી પણ પોકારો સર્વે સારા સારા નામ તેનાજ છે, અને તું તારી નમાઝ(માં કુરઆન) ન (ઘણાં) ઊંચા સાદે પઢ અને ન તેને (છેક) ધીમેથી પઢ બલ્કે તે બન્ને વચ્ચેનો (મધ્યમ) માર્ગ ધારણ કર.

وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِيٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا ﴿١١١﴾

(૧૧૧) અને કહે કે સઘળા ગુણગાન અલ્લાહને માટે જ શોભાસ્પદ છે, જેણે ન કોઇ બેટો બનાવી લીધો છે અને ન તો સલ્તનતમાં તેનો કોઇ ભાગીદાર છે, અને ન તે લાચાર છે કે (જેથી) તેનો

કોઇ હિમાયતી હોય; અને તું તેની મોટી મોટાઇને (નિરંતર) વધારતો રહે.

اَلۡحَمۡدُ لِلّٰهِ الَّذِىۡۤ اَنۡزَلَ عَلٰى عَبۡدِهِ الۡكِتٰبَ وَلَمۡ يَجۡعَلْ لَّهٗ
عِوَجًا ؕ‏ ﴿۱﴾

(૧) સઘળા ગુણગાન તે અલ્લાહ માટે (શોભે) છે કે જેણે પોતાના બંદા (મોહમ્મદ સ.અ.વ.) પર આ કિતાબ ઉતારી અને તેમાં કાંઇ વક્રતા રાખી નથી.

قَيِّمًا لِّيُنۡذِرَ بَاۡسًا شَدِيۡدًا مِّنۡ لَّدُنۡهُ وَيُبَشِّرَ الۡمُؤۡمِنِيۡنَ
الَّذِيۡنَ يَعۡمَلُوۡنَ الصّٰلِحٰتِ اَنَّ لَهُمۡ اَجۡرًا حَسَنًا ۙ‏ ﴿۲﴾

(૨) (આ એવી) સીધો માર્ગ દેખાડનારી (કિતાબ) છે કે તે તે (અલ્લાહ)ના સખત અઝાબથી (લોકોને) ચેતવે છે અને મોઅમીનોને કે જેઓ નેકીઓ કરે છે

(એવી) ખુશખબર સંભળાવે કે તેમના માટે સારો બદલો છે.

مَّاكِثِيْنَ فِيْهِ اَبَدًا ۙ﴿۳﴾

(3) જે (બદલા તરીકે મળેલી જન્નતો)માં તેઓ હંમેશ (ને માટે) રહેશેઃ

وَّيُنْذِرَ الَّذِيْنَ قَالُوا اتَّخَذَ اللّٰهُ وَلَدًا ۗ﴿۴﴾

(૪) અને અલ્લાહે દિકરો બનાવી લીધો છે એમ કહેનારાઓને પણ ડરાવે.

مَا لَهُمْ بِهٖ مِنْ عِلْمٍ وَّلَا لِاٰبَآئِهِمْ ؕ كَبُرَتْ كَلِمَةً تَخْرُجُ مِنْ
اَفْوَاهِهِمْ ؕ اِنْ يَّقُوْلُوْنَ اِلَّا كَذِبًا ﴿۵﴾

(૫) ન તેમને પોતાને જ્ઞાન છે ન તેમના બાપ દાદાઓને હતું, તેમના મુખેથી જે વાત નીકળે છે તે ઘણીજ ગંભીર વાત છે; તેઓ નર્યું જૂઠું બોલે છે.

فَلَعَلَّكَ بَاخِعٌ نَّفۡسَكَ عَلٰٓى اٰثَارِهِمۡ اِنۡ لَّمۡ يُؤۡمِنُوۡا بِهٰذَا الۡحَدِيۡثِ اَسَفًا ۝٦

(૬) અગર તેઓ આ વાત ઉપર ઇમાન ન લાવે તો એમ ન થાય કે (તે કારણે અય રસૂલ!) તું અફસોસનો માર્યો તેમની પાછળ તારા પ્રાણનો ત્યાગ કરી બેસે.

اِنَّا جَعَلۡنَا مَا عَلَى الۡاَرۡضِ زِيۡنَةً لَّهَا لِنَبۡلُوَهُمۡ اَيُّهُمۡ اَحۡسَنُ عَمَلًا ۝٧

(૭) ખરેખર અમોએ પૃથ્વી પર જે કાંઇ છે તેને તેની શોભા બનાવી છે કે જેથી અમે તેમને અજમાવીએ (અને જાણી લઇએ) કે તેમનામાંથી સૌથી સારા કાર્ય કરનાર કોણ છે.

وَاِنَّا لَجٰعِلُوْنَ مَا عَلَيْهَا صَعِيْدًا جُرُزًا ۝۸

(૮) અને અમે તે (પૃથ્વી)ની ઉપર જે કાંઇ છે તેને (નાશ કરી) સપાટ (અને) ઉજ્જડ મેદાન બનાવવનારા છીએ.

اَمْ حَسِبْتَ اَنَّ اَصْحٰبَ الْكَهْفِ وَالرَّقِيْمِ ۙ كَانُوْا مِنْ اٰيٰتِنَا عَجَبًا ۝۹

(૯) શું તું એવું ગુમાન ધરાવે છે કે ગુફાવાળા તથા શીલા લેખવાળાઓ અમારી નિશાનીઓમાંથી વધુ અજાયબી ભરી (નિશાની) હતી?

إِذْ أَوَى الْفِتْيَةُ إِلَى الْكَهْفِ فَقَالُوا رَبَّنَا آتِنَا مِن لَّدُنكَ

رَحْمَةً وَهَيِّئْ لَنَا مِنْ أَمْرِنَا رَشَدًا ﴿١٠﴾

(૧૦) (તે સમયને યાદ કર) જ્યારે તે નવયુવાનોએ ગુફામાં આશ્રય લીધો પછી તેમણે યાચના કરી કે અય અમારા પરવરદિગાર! અમને તારી પાસેથી દયા અર્પણ કર અને અમારા કાર્યોમાં અમને સફળતા આપ.

فَضَرَبْنَا عَلَى آذَانِهِمْ فِي الْكَهْفِ سِنِينَ عَدَدًا ﴿١١﴾

(૧૧) જેથી તેમને અમોએ એજ ગુફામાં વર્ષો સુધી થાબડી (સુવાડી) રાખ્યા (કાન ઉપર પડદા નાખી દીધા)

ثُمَّ بَعَثۡنٰهُمۡ لِنَعۡلَمَ اَیُّ الۡحِزۡبَیۡنِ اَحۡصٰی لِمَا لَبِثُوۡۤا اَمَدًا ﴿۱۲﴾

(૧૨) પછી અમોએ તેમને જાગૃત કર્યા કે જેથી અમે જાણી લઇએ કે તે બે પક્ષોમાંથી એ મુદ્દતને કે જેમાં તેઓ ત્યાં (સુઇ) રહ્યા છે કોણે વધારે યાદ રાખી છે.

نَحۡنُ نَقُصُّ عَلَیۡکَ نَبَاَهُمۡ بِالۡحَقِّ ؕ اِنَّهُمۡ فِتۡیَةٌ اٰمَنُوۡا بِرَبِّهِمۡ وَزِدۡنٰهُمۡ هُدًی ﴿۱۳﴾ۖ

(૧૩) (અય રસૂલ!) તેમનો સાચો એહવાલ અમે તને (અત્રે) વર્ણવીએ છીએ; નિઃસંશય તેઓ એવા યુવાન હતા કે જે પોતાના પરવરદિગાર પર ઇમાન રાખતા હતા અને અમે તેમને વધુને વધુ હિદાયત આપતા ગયા અને અમોએ તેમના મન (અતિ) દ્રઢ કરી દીધા હતા.

وَّرَبَطْنَا عَلٰى قُلُوْبِهِمْ اِذْ قَامُوْا فَقَالُوْا رَبُّنَا رَبُّ السَّمٰوٰتِ
وَالْاَرْضِ لَنْ نَّدْعُوَا۟ مِنْ دُوْنِهٖۤ اِلٰهًا لَّقَدْ قُلْنَاۤ اِذًا شَطَطًا ⑭

(૧૪) જ્યારે (દિકયાનુસ બાદશાહે તેમના પર અત્યાચાર કર્યો ત્યારે) તેઓ ઉભા થઇ ગયા અને તેમણે કહ્યું કે અમારો પરવરદિગાર તો તે છે કે જે આકાશો અને પૃથ્વીનો પરવરદિગાર છે અને અમે

તેના સિવાય બીજા કોઇ પણ માઅબૂદને નહિ પોકારીએ કારણ કે (જો તેમ કરીશું તો) ખરેજ એવી સ્થિતિમાં અમે ઘણુંજ વધુ પડતું બોલ્યા (એમ થશે).

هٰٓؤُلَآءِ قَوۡمُنَا اتَّخَذُوۡا مِنۡ دُوۡنِهٖۤ اٰلِهَةً ؕ لَوۡلَا يَاۡتُوۡنَ عَلَيۡهِمۡ بِسُلۡطٰنٍۭ بَيِّنٍ ؕ فَمَنۡ اَظۡلَمُ مِمَّنِ افۡتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ؕ﴿۱۵﴾

(૧૫) આ અમારી કોમે તો તેના સિવાય ઘણાય ખુદા બનાવી લીધા છે; પણ (જો તેઓ સાચા હોય તો) તે ખુદાઓ માટે કોઇ પ્રત્યક્ષ પુરાવો શા માટે રજૂ નથી કરતા? માટે તેના કરતાં વધારે ઝાલિમ કોણ હશે કે જે અલ્લાહ ઉપર જૂઠું આળ મૂકે.

وَاِذِ اعۡتَزَلۡتُمُوۡهُمۡ وَمَا يَعۡبُدُوۡنَ اِلَّا اللّٰهَ فَاۡوٗۤا اِلَى الۡكَهۡفِ
يَنۡشُرۡ لَـكُمۡ رَبُّكُمۡ مِّنۡ رَّحۡمَتِهٖ وَيُهَيِّئۡ لَـكُمۡ مِّنۡ اَمۡرِكُمۡ
مِّرۡفَقًا ۞١٦

(૧૬) અને (પરસ્પર કહેવા લાગ્યા કે હવે) જ્યારે તેમને તથા અલ્લાહના સિવાય જે વસ્તુઓને તેઓ પૂજે છે તેનો ત્યાગ કરી ચૂકો તો કોઇ ગુફાનો આશ્રય લો; તમારો પરવરદિગાર તમારા માટે પોતાની કૃપા વિશાળ કરી દેશે અને તમારા મામલાની સુગમતા માટે (જોઇતા) સાધનો પણ તૈયાર કરી દેશે.

وَتَرَى الشَّمْسَ اِذَا طَلَعَتْ تَّزٰوَرُ عَنْ كَهْفِهِمْ ذَاتَ الْيَمِيْنِ

وَاِذَا غَرَبَتْ تَّقْرِضُهُمْ ذَاتَ الشِّمَالِ وَهُمْ فِيْ فَجْوَةٍ مِّنْهُ ؕ

ذٰلِكَ مِنْ اٰيٰتِ اللّٰهِ ؕ مَنْ يَّهْدِ اللّٰهُ فَهُوَ الْمُهْتَدِ ۚ وَمَنْ يُّضْلِلْ

فَلَنْ تَجِدَ لَهٗ وَلِيًّا مُّرْشِدًا ﴿۱۷﴾

(૧૭) અને (અય રસૂલ!) તું સૂર્યને જોતે કે જ્યારે તે ઉગતો હતો ત્યારે તેની ગુફાથી બચી સીધા હાથ તરફ ઢળેલો રહેતો અને જ્યારે ડૂબતો હતો ત્યારે ડાબા હાથ તરફ ઢળી ચાલ્યો જતો હતો ને તેઓ તે (ગુફા)ના વિશાળ ભાગમાં હતા; આ પણ અલ્લાહની નિશાનીઓ માંહેની એક છે; જેને અલ્લાહ હિદાયત આપે છે તેજ હિદાયત પામેલો

થઇ જાય છે, અને જેનાથી હિદાયતની પ્રેરણા છીનવી લે છે તેના માટે તું કોઇ હિદાયત કરનાર હિમાયતી હરગિજ જોશે નહિ.

وَتَحۡسَبُهُمۡ اَيۡقَاظًا وَّهُمۡ رُقُوۡدٌ ‌ۖ وَّنُقَلِّبُهُمۡ ذَاتَ الۡيَمِيۡنِ

وَذَاتَ الشِّمَالِ ‌ۖ وَكَلۡبُهُمۡ بَاسِطٌ ذِرَاعَيۡهِ بِالۡوَصِيۡدِ‌ ؕ

لَوِاطَّلَعۡتَ عَلَيۡهِمۡ لَوَلَّيۡتَ مِنۡهُمۡ فِرَارًا وَّلَمُلِئۡتَ مِنۡهُمۡ

رُعۡبًا ۝١٨

(૧૮) તમે તેમને જોઈને એમ સમજ્યા હોત કે તેઓ જાગે છે જો કે તેઓ (ગાઢ નિંદ્રામાં) ઊંઘતા હતા, અમે તેમને જમણી ડાબી તરફ પાસું ફેરવતા હતા, અને તેમનો કુતરો ઉંબરા આગળ આગલા બે

પગ પસારી બેઠો હતો; અગર તું તેમને જોતે તો જરૂર તેમના (તરફ)થી પાછા પગે નાસવા લાગતે અને તારા પર એ દ્રશ્ય જોઈને તેમનો ભય છવાઈ જાત.

وَكَذٰلِكَ بَعَثۡنٰهُمۡ لِيَتَسَآءَلُوۡا بَيۡنَهُمۡ‌ ؕ قَالَ قَآٮِٕلٌ مِّنۡهُمۡ كَمۡ لَبِثۡتُمۡ‌ ؕ قَالُوۡا لَبِثۡنَا يَوۡمًا اَوۡ بَعۡضَ يَوۡمٍ‌ ؕ قَالُوۡا رَبُّكُمۡ اَعۡلَمُ بِمَا لَبِثۡتُمۡ ؕ فَابۡعَثُوۡۤا اَحَدَكُمۡ بِوَرِقِكُمۡ هٰذِهٖۤ اِلَى الۡمَدِيۡنَةِ فَلۡيَنۡظُرۡ اَيُّهَاۤ اَزۡكٰى طَعَامًا فَلۡيَاۡتِكُمۡ بِرِزۡقٍ مِّنۡهُ وَلۡيَتَلَطَّفۡ وَلَا يُشۡعِرَنَّ بِكُمۡ اَحَدًا‏ ﴿۱۹﴾

(૧૯) અને એવીજ રીતે અમોએ તેમને ઉઠાડ્યા કે જેથી માંહોમાંહે એક બીજાને પ્રશ્ન કરે; તેઓ માંહેના

એક કહેનારાએ કહ્યું કે તમે અત્રે કેટલો વખત થોભ્યા હશો? તેમણે કહ્યું આપણે એક દિવસ અથવા કાંઇક ઓછો (સમય) થોભ્યા હશું; તેમણે કહ્યું જેટલો પણ સમય થોભ્યા હશો તેનાથી તમારો પરવરદિગાર સારી રીતે વાકેફ છે; માટે (હવે) તમે આપણામાંથી એકને આ સિક્કો આપી શહેરમાં મોકલો કે તે (ત્યાં) જઇને જુએ કે ક્યો ખોરાક ઉત્તમ છે, પછી તે તેમાંથી આપણા માટે ખાવાનું લાવે અને તે ચુપચાપ (શહેરમાં) જાય અને તમારા વિષે કોઇને પણ જાણ ન કરેઃ

إِنَّهُمْ إِنْ يَظْهَرُوا عَلَيْكُمْ يَرْجُمُوكُمْ أَوْ يُعِيدُوكُمْ فِي مِلَّتِهِمْ
وَلَنْ تُفْلِحُوا إِذًا أَبَدًا ﴿٢٠﴾

(૨૦) કારણ કે અગર તે લોકોને તમારી જાણ થઇ જશે તો તમને પત્થરો મારી મારી (સંગસાર) નાખશે અથવા તો તમને (બળજબરીથી) પોતાના ધર્મમાં પાછા દાખલ કરી લેશે, અને એ સ્થિતિમાં તમે કદી પણ સફળતા મેળવશો નહિ.

وَكَذٰلِكَ اَعْثَرْنَا عَلَيْهِمْ لِيَعْلَمُوْٓا اَنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّاَنَّ
السَّاعَةَ لَا رَيْبَ فِيْهَا ۚ اِذْ يَتَنَازَعُوْنَ بَيْنَهُمْ اَمْرَهُمْ فَقَالُوا
ابْنُوْا عَلَيْهِمْ بُنْيَانًا ؕ رَبُّهُمْ اَعْلَمُ بِهِمْ ؕ قَالَ الَّذِيْنَ غَلَبُوْا
عَلٰٓى اَمْرِهِمْ لَنَتَّخِذَنَّ عَلَيْهِمْ مَّسْجِدًا ﴿٢١﴾

(૨૧) અને આવી રીતે અમોએ તેમની સ્થિતિથી તેઓ (શહેરના લોકો)ને વાકેફ કરી દીધા કે જેથી

તેઓ જાણી જાય કે અલ્લાહનો વાયદો ખરેખર સાચો છે અને કયામત (ના આવવા)માં કાંઇ સંદેહ નથી. જે વખતે તેઓ (શહેરના લોકો) તેમના મામલા સબંધી પરસ્પર વાદવિવાદ કરવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું કે તેમના પર એક ઇમારત બનાવી દો; (અને તેમની વધારે તપાસ કરી નહિ કેમકે) તેમનો પરવરદિગાર તેમની હાલતથી સારી પેઠે વાકેફ છે; તે લોકોએ કે જેમનો અભિપ્રાય પોતાના મામલામાં પ્રબળ થયો તેમણે કહ્યું કે અમે તો તેમના ઉપર ખરેખર એક મસ્જિદ બનાવીશું.

سَيَقُوْلُوْنَ ثَلٰثَةٌ رَّابِعُهُمْ كَلْبُهُمْ ۚ وَيَقُوْلُوْنَ خَمْسَةٌ

سَادِسُهُمْ كَلْبُهُمْ رَجْمًۢا بِالْغَيْبِ ۚ وَيَقُوْلُوْنَ سَبْعَةٌ

وَّثَامِنُهُمۡ كَلۡبُهُمۡ ؕ قُلۡ رَّبِّیۡۤ اَعۡلَمُ بِعِدَّتِهِمۡ مَّا یَعۡلَمُهُمۡ اِلَّا
قَلِیۡلٌ ۟ۙ فَلَا تُمَارِ فِیۡهِمۡ اِلَّا مِرَآءً ظَاهِرًا ۪ وَّلَا تَسۡتَفۡتِ فِیۡهِمۡ
مِّنۡهُمۡ اَحَدًا ﴿۲۲﴾

(૨૨) (કેટલાક લોકો) કહે છે કે તેઓ ત્રણ છે (અને) ચોથો તેમનો કુતરો છે; અને (કેટલાક લોકો) કહે છે કે તેઓ પાંચ છે (અને) છઠ્ઠો તેમનો કુતરો છે; (આવી રીતે) તેઓ અદ્રશ્ય વાતો પર તર્ક બાંધે છે; અને (કેટલાક) કહે છે કે તેઓ સાત છે (અને) આઠમો તેમનો કુતરો છે. (પરંતુ અય રસૂલ!) તું કહે કે મારો પરવરદિગાર તેમની (ખરી) સંખ્યાથી સંપૂર્ણ વાકેફ છે, તેમને (સઘળા લોકો) નથી

જાણતા પણ ઘણાજ થોડા; માટે તમે તેમના સંબંધમાં કોઇને કાંઇ વાત ન પૂછો.

وَلَا تَقُوْلَنَّ لِشَایْءٍ اِنِّیْ فَاعِلٌ ذٰلِكَ غَدًا ﴿٢٣﴾

(૨૩) અને કોઇ પણ વસ્તુની બાબતમાં તું હરગિજ એમ ન કહે કે કાલે હું તે જરૂર કરીશઃ

اِلَّاۤ اَنْ یَّشَآءَ اللّٰهُ ۫ وَاذْكُرْ رَّبَّكَ اِذَا نَسِیْتَ وَقُلْ عَسٰۤى اَنْ یَّهْدِیَنِ رَبِّیْ لِاَقْرَبَ مِنْ هٰذَا رَشَدًا ﴿٢٤﴾

(૨૪) સિવાય કે જો અલ્લાહની મરજી હશે તો (હું જરૂર કરી શકીશ); અને જ્યારે (કોઇ વાત) ભૂલી જાય તો તારા પરવરદિગારને યાદ કર અને કહે કે આશા છે કે મારો પરવરદિગાર સન્માર્ગની

દ્રષ્ટિએ એના કરતાં પણ વધુ પાસેનો માર્ગ મને દેખાડી દેશે.

وَلَبِثُوْا فِيْ كَهْفِهِمْ ثَلٰثَ مِائَةٍ سِنِيْنَ وَازْدَادُوْا تِسْعًا ﴿٢٥﴾

(૨૫) અને તેઓ તેમની ગુફામાં ત્રણસો વર્ષ રહ્યા અને (તેમાં) નવ વર્ષ વધાર્યા છે.

قُلِ اللّٰهُ اَعْلَمُ بِمَا لَبِثُوْا ۚ لَهٗ غَيْبُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
اَبْصِرْ بِهٖ وَاَسْمِعْ ؕ مَا لَهُمْ مِّنْ دُوْنِهٖ مِنْ وَّلِيٍّ ۫ وَلَا يُشْرِكُ فِيْ
حُكْمِهٖٓ اَحَدًا ﴿٢٦﴾

(૨૬) (અય રસૂલ!) તું કહે કે એ તો અલ્લાહ જ બેહતર જાણે છે કે તેઓ કેટલા (વર્ષ) રહ્યા, આકાશો તથા પૃથ્વીની છુપી વાતો તેજ જાણે છે;

તે કેવો સારો જોનાર અને કેવો સારો સાંભળનાર છે! તેના સિવાય તેમનો બીજો કોઇ કાર્યસાધક નથી, અને તે પોતાના નિર્ણયમાં કોઇ બીજાને શરીક કરતો નથી.

وَاتْلُ مَآ اُوْحِيَ اِلَيْكَ مِنْ كِتَابِ رَبِّكَ ۚ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ

وَلَنْ تَجِدَ مِنْ دُوْنِهٖ مُلْتَحَدًا ﴿٢٧﴾

(૨૭) અને તારા પરવરદિગારની કિતાબમાંથી તારા તરફ જે કાંઇ વહી કરવામાં આવ્યું છે તે પઢ્યા કર; તેના બોલોને બદલનાર કોઇ નથી; અને તને તેના સિવાય પનાહનું સ્થાન બીજે ક્યાંય નહિ મળે.

وَاصْبِرْ نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَالْعَشِيِّ
يُرِيْدُوْنَ وَجْهَهٗ وَلَا تَعْدُ عَيْنٰكَ عَنْهُمْ ۚ تُرِيْدُ زِيْنَةَ الْحَيٰوةِ
الدُّنْيَا ۚ وَلَا تُطِعْ مَنْ اَغْفَلْنَا قَلْبَهٗ عَنْ ذِكْرِنَا وَاتَّبَعَ هَوٰىهُ
وَكَانَ اَمْرُهٗ فُرُطًا ﴿٢٨﴾

(૨૮) અને તે લોકોનો સાથ આપતો રહે કે જેઓ સવાર સાંજ પોતાના પરવરદિગાર પાસે દુઆ માંગે છે, અને તેનીજ ખુશીની ઇચ્છા રાખે છે, અને તારી (કૃપા) દ્રષ્ટિ તેમના (તરફ)થી ફરી જવા ન પામે કે જેથી તું દુનિયાની જિંદગીની શોભાને ઇચ્છનારો થઇ જાય, અને તે શખ્સનું અનુકરણ ન કર કે જેના મનને અમારી યાદથી અમોએ ગાફિલ

બનાવી દીધું છે અને તે પોતાની મનોકામનાને અનુસરે છે અને તેનો મામલો હદ ઓળંગી ગયેલ હોય છે.

وَقُلِ الْحَقُّ مِنْ رَّبِّكُمْ ۚ فَمَنْ شَآءَ فَلْيُؤْمِنْ وَّمَنْ شَآءَ
فَلْيَكْفُرْ ۙ اِنَّآ اَعْتَدْنَا لِلظّٰلِمِيْنَ نَارًا ۙ اَحَاطَ بِهِمْ سُرَادِقُهَا ؕ
وَاِنْ يَّسْتَغِيْثُوْا يُغَاثُوْا بِمَآءٍ كَالْمُهْلِ يَشْوِى الْوُجُوْهَ ؕ بِئْسَ
الشَّرَابُ ؕ وَسَآءَتْ مُرْتَفَقًا ﴿٢٩﴾

(૨૯) અને તું કહે કે સત્ય તમારા પરવરદિગાર તરફથી છે; માટે જેની મરજીમાં આવે તે ઇમાન લઇ આવે, અને જેની મરજીમાં આવે તે ઇમાન ન લાવે; બેશક અમોએ ઝાલિમ લોકો માટે એવી

આગ તૈયાર કરી છે કે જેના પડદા તેમને ઘેરી લેશે; અને અગર તેઓ (તૃષાની) ફરિયાદ કરશે તો તેમને એવું પાણી પાવામાં આવશે જેવું કે પીગળેલું ત્રાંબુ જે (તેમના) ચહેરા ભૂંજી નાખશે; બૂરૂં હશે તે પીણું અને બૂરૂં હશે તે વિશ્રાંતિ સ્થાન.

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ اِنَّا لَا نُضِيْعُ اَجْرَ مَنْ اَحْسَنَ عَمَلًا ﴿٣٠﴾

(30) ખરેખર જે લોકો ઇમાન લાવ્યા છે અને જેમણે સત્કાર્યો કર્યા છે, ખરેખર અમે (તે) સત્કાર્યો કરનારાઓનો સવાબ એળે જવા દેતા નથી.

أُولَٰٓئِكَ لَهُمۡ جَنّٰتُ عَدۡنٍ تَجۡرِيۡ مِنۡ تَحۡتِهِمُ الۡاَنۡهٰرُ يُحَلَّوۡنَ
فِيۡهَا مِنۡ اَسَاوِرَ مِنۡ ذَهَبٍ وَّيَلۡبَسُوۡنَ ثِيَابًا خُضۡرًا مِّنۡ
سُنۡدُسٍ وَّاِسۡتَبۡرَقٍ مُّتَّكِـِٕيۡنَ فِيۡهَا عَلَى الۡاَرَآئِكِ‌ؕ نِعۡمَ
الثَّوَابُ‌ؕ وَحَسُنَتۡ مُرۡتَفَقًا ۝۳۱

(૩૧) તેઓ એજ તો છે કે જેમના માટે હંમેશ રહેનારા બગીચા છે જેની હેઠળ નદીઓ વહેતી હશે જેમાં તેમને સુવર્ણ કંકણોથી શણગારવામાં આવશે અને સુન્દુસ (કુમાશદાર રેશમ) તથા ઇસ્તબરક (કિમ્ખાબ)ના લીલા (રંગના) વસ્ત્રો તેઓ પરિધાન કરશે (અને) તેમાં સિંહાસનો પર અઢેલી (બેઠા

હશે); ઉત્તમ બદલો હશે તે અને સુંદર હશે તે વિશ્રાંતિ સ્થાન!

وَاضۡرِبۡ لَهُمۡ مَّثَلًا رَّجُلَيۡنِ جَعَلۡنَا لِاَحَدِهِمَا جَنَّتَيۡنِ مِنۡ اَعۡنَابٍ وَّحَفَفۡنٰهُمَا بِنَخۡلٍ وَّجَعَلۡنَا بَيۡنَهُمَا زَرۡعًا ﴿٣٢﴾

(૩ર) અને (અય રસૂલ!) તેમના માટે તે બે શખ્સોનો દાખલો વર્ણવી દે; અમોએ તે બન્નેમાંથી એકને માટે બે દ્રાક્ષની વાડીઓ બનાવી હતી અને તે બન્ને (વાડીઓ)ને ખજૂરના વૃક્ષો વડે ઘેરી લીધી હતી અને તે બન્ને વાડીઓના મધ્ય ભાગમાં ખેતી કાયમ કરી દીધી હતી.

كِلْتَا الْجَنَّتَيْنِ اٰتَتْ اُكُلَهَا وَلَمْ تَظْلِمْ مِّنْهُ شَيْـًٔا ۙ وَّفَجَّرْنَا
خِلٰلَهُمَا نَهَرًا ۙ﴿۳۳﴾

(33) એ બન્ને વાડીઓ ઘણાં ફળ ફળાદિ નીપજાવ્યા કરતી હતી અને તે (ફળો) આપવામાં સહેજ પણ નિષ્ફળ જતી ન હતી, અને તે બન્નેની વચ્ચે અમોએ નદી પણ વહાવી દીધી હતીઃ

وَّكَانَ لَهٗ ثَمَرٌ ۚ فَقَالَ لِصَاحِبِهٖ وَهُوَ يُحَاوِرُهٗۤ اَنَا اَكْثَرُ مِنْكَ
مَالًا وَّاَعَزُّ نَفَرًا ﴿۳۴﴾

(3૪) અને (વળી) તે શખ્સ પાસે ધન પણ પુષ્કળ હતું; (એક વેળાં) તે પોતાના જોડીદાર સાથે વાતો કરતાં કહેવા લાગ્યો કે હું માલ મિલ્કતના

પ્રમાણમાં તારા કરતાં ઘણો વધી ગએલો છું તેમ (ઓલાદની) સંખ્યામાં પણ વધુ બળવાન છું.

وَدَخَلَ جَنَّتَهٗ وَهُوَ ظَالِمٌ لِّنَفْسِهٖ ۚ قَالَ مَآ اَظُنُّ اَنْ تَبِيْدَ هٰذِهٖۤ اَبَدًا ۙ﴿۳۵﴾

(૩૫) અને તે પોતાના બાગમાં એવી સ્થિતિમાં પહોંચ્યો કે (અભિમાનના કારણે) પોતેજ પોતાની જાત પર ઝુલ્મ કરનાર હતો. કહેવા લાગ્યો કે હું નથી ધારતો કે આ (બાગ) કદી પણ નાશ પામશે.

وَّمَآ اَظُنُّ السَّاعَةَ قَآئِمَةً ۙ وَّلَئِنْ رُّدِدْتُّ اِلٰى رَبِّيْ لَاَجِدَنَّ خَيْرًا مِّنْهَا مُنْقَلَبًا ﴿۳۶﴾

(૩૬) અને હું એ પણ નથી ધારતો કે કયામત આવનાર છે, અને જો હું મારા પરવરદિગાર તરફ પાછો ફેરવવામાં પણ આવીશ તો પણ આ સ્થાન કરતાં વધુ સારૂં સ્થાન અવશ્ય મેળવીશ.

قَالَ لَهٗ صَاحِبُهٗ وَهُوَ يُحَاوِرُهٗۤ اَكَفَرْتَ بِالَّذِىْ خَلَقَكَ مِنْ
تُرَابٍ ثُمَّ مِنْ نُّطْفَةٍ ثُمَّ سَوّٰىكَ رَجُلًا ؕ﴿۳۷﴾

(૩૭) તેના સાથીએ તેની જોડે વાતો કરતાં કહ્યું કે શું તું તેનો ઇન્કાર કરે છે કે જણે તને માટીમાંથી પૈદા કર્યો, પછી વીર્યના ટીપામાંથી તને સંપૂર્ણ માનવી બનાવી દીધો ?

لٰكِنَّا۠ هُوَ اللّٰهُ رَبِّىْ وَلَاۤ اُشْرِكُ بِرَبِّىْۤ اَحَدًا ﴿۳۸﴾

(૩૮) રહ્યો હું, તો મારો પરવરદિગાર તો એજ અલ્લાહ છે અને હું મારા પરવરદિગારનો કોઇને પણ ભાગીદાર બનાવતો નથી.

وَلَوْلَآ اِذْ دَخَلْتَ جَنَّتَكَ قُلْتَ مَا شَآءَ اللّٰهُ ۙ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ۚ
اِنْ تَرَنِ اَنَا اَقَلَّ مِنْكَ مَالًا وَّوَلَدًا ﴿٣٩﴾ۚ

(૩૯) અને તેં તારા બાગમાં પ્રવેશ કરતી વખતે એમ કેમ ન કહ્યું કે જે કાંઇ અલ્લાહે ચાહ્યું તે થયું છે, અલ્લાહની શક્તિ સિવાય કોઇ શક્તિ (બળવાન) નથી? ભલે તું એમ સમજતો હોય કે હું માલ તથા ઔલાદમાં (તારા કરતાં) ઉતરતો છું:

فَعَسٰى رَبِّيْٓ اَنْ يُّؤْتِيَنِ خَيْرًا مِّنْ جَنَّتِكَ وَيُرْسِلَ عَلَيْهَا
حُسْبَانًا مِّنَ السَّمَآءِ فَتُصْبِحَ صَعِيْدًا زَلَقًا ﴿۴۰﴾

(૪૦) પણ કદાચને મારો પરવરદિગાર મને તારા બગીચા કરતાં બેહતર (બાગ બગીચા) આપી દે, અને આ (તારા બાગ) પર આકાશ પરથી વીજળી રૂપે કોઇ અઝાબ મોકલી દે કે (જેથી) તે બગીચો સપાટ મેદાન થઇને રહી જાયઃ

اَوْ يُصْبِحَ مَآؤُهَا غَوْرًا فَلَنْ تَسْتَطِيْعَ لَهٗ طَلَبًا ﴿۴۱﴾

(૪૧) અથવા તે (નદી)નું પાણી જમીનમાં એટલું ઊંડુ ચાલ્યું જાય કે તારામાં તે કાઢવાની શક્તિજ ન રહે.

وَاُحِيْطَ بِثَمَرِهٖ فَاَصْبَحَ يُقَلِّبُ كَفَّيْهِ عَلٰى مَآ اَنْفَقَ فِيْهَا وَهِيَ
خَاوِيَةٌ عَلٰى عُرُوْشِهَا وَيَقُوْلُ يٰلَيْتَنِيْ لَمْ اُشْرِكْ بِرَبِّيْٓ اَحَدًا ﴿٤٢﴾

(૪૨) (સારાંશ કે) તેના ફળ (બાગ-બગીચા) ઉપર (આખરે) આફત આવીજ ગઇ; જેથી જે પુંજી તેમાં તે લગાડી ચૂક્યો હતો તે માટે તે (ખેદ કરતાં) હાથ ચોળતો રહી ગયો, જ્યારે તે (બાગ) પોતાના માંડવાઓ પર ઊંધો પડ્યો હતો, અને (તેનો) માલિક (હાથ મસળતાં) આ કહી રહ્યો હતો કે કેવું સારૂં થાત કે મેં મારા પરવરદિગારનો કોઇને શરીક બનાવ્યો ન હોત!

وَلَمْ تَكُنْ لَّهٗ فِئَةٌ يَّنْصُرُوْنَهٗ مِنْ دُوْنِ اللّٰهِ وَمَا كَانَ
مُنْتَصِرًا ﴿٤٣﴾ؕ

(૪૩) અને (તે વખતે) કોઇ પક્ષ અલ્લાહના સિવાય તેની સહાય કરનારો ન હતો, અને ન તે પોતે આ વિનાશને ટાળી શકવાને માટે સમર્થ હતો.

هُنَالِكَ الْوَلَايَةُ لِلّٰهِ الْحَقِّ ؕ هُوَ خَيْرٌ ثَوَابًا وَّخَيْرٌ عُقْبًا ﴿٤٤﴾ؑ

(૪૪) તે (કયામતના) સમયે એક માત્ર અલ્લાહનો જ અધિકાર હશે; એજ (પૂણ્યનું) ઉત્તમ ફળ અને ઉત્તમ બદલો આપનારો છે.

وَاضْرِبْ لَهُمْ مَّثَلَ الْحَيٰوةِ الدُّنْيَا كَمَآءٍ اَنْزَلْنٰهُ مِنَ السَّمَآءِ
فَاخْتَلَطَ بِهٖ نَبَاتُ الْاَرْضِ فَاَصْبَحَ هَشِيْمًا تَذْرُوْهُ الرِّيٰحُ ط
وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ مُّقْتَدِرًا ﴿۴۵﴾

(૪૫) અને (અય રસૂલ!) તેમના માટે સંસારી જીવનનો દાખલો વર્ણવી દે કે તે તે પાણીના જેવું છે કે જે અમોએ આકાશ પરથી ઉતાર્યું, જેથી ધરતી વનસ્પતિની અધિકતાને કારણે ગીચ થઈ ગઈ, પછી એ જ ધરતી (વનસ્પતિ) સૂકાઇને (એવી) છિન્ન ભિન્ન થઇ ગયું કે જેને વાયુએ ઉડાડી દીધી; અને અલ્લાહ દરેક વસ્તુ પર કાબૂ ધરાવનારો છે.

اَلْمَالُ وَالْبَنُوْنَ زِيْنَةُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَالْبٰقِيٰتُ الصّٰلِحٰتُ
خَيْرٌ عِنْدَ رَبِّكَ ثَوَابًا وَّخَيْرٌ اَمَلًا ﴿٤٦﴾

(૪૬) સંપતિ અને સંતતી દુનિયાની જિંદગીનો શણગાર છે; અને બાકી રહેનાર સારાં કાર્યો તારા પરવરદિગાર પાસે પરિણામની રૂએ ઉત્તમ છે અને (વળી) ઉમ્મીદ અને આશાની રૂએ પણ (બેહતર છે).

وَيَوْمَ نُسَيِّرُ الْجِبَالَ وَتَرَى الْاَرْضَ بَارِزَةً ۙ وَّحَشَرْنٰهُمْ فَلَمْ
نُغَادِرْ مِنْهُمْ اَحَدًا ﴿٤٧﴾ۚ

(૪૭) અને જે દિવસે અમે પહાડોને ચલાવવા માંડીશું અને તું પૃથ્વીને સપાટ મેદાન થઇ ગએલી

નિહાળશે, અને (ત્યારે) અમે તેમને એવી રીતે એકઠાં કરી લઇશું કે તેમનામાંથી એકને પણ બાકી રાખીશું નહિ.

وَعُرِضُوْا عَلٰى رَبِّكَ صَفًّا ؕ لَقَدْ جِئْتُمُوْنَا كَمَا خَلَقْنٰكُمْ اَوَّلَ
مَرَّةٍۢ ؗ بَلْ زَعَمْتُمْ اَلَّنْ نَّجْعَلَ لَكُمْ مَّوْعِدًا ﴿٤٨﴾

(૪૮) અને (પછી) તેમને તારા પરવરદિગારની હજૂરમાં હારબંધ ઉભા કરવામાં આવશે; (અને કહેવામાં આવશે કે) તમે અમારી પાસે એવી રીતે આવી ગયા છો કે જેવી રીતે અમોએ તમને પહેલી વખતે પૈદા કર્યા હતા, બલ્કે તમારૂં તો એવું ગુમાન હતું કે અમોએ તમારા માટે વાયદો પૂરો કરવાનો કોઇ વખતજ નક્કી કર્યો ન હતો.

وَوُضِعَ الْكِتٰبُ فَتَرَى الْمُجْرِمِيْنَ مُشْفِقِيْنَ مِمَّا فِيْهِ
وَيَقُوْلُوْنَ يٰوَيْلَتَنَا مَالِ هٰذَا الْكِتٰبِ لَا يُغَادِرُ صَغِيْرَةً وَّلَا
كَبِيْرَةً اِلَّآ اَحْصٰىهَا ۚ وَوَجَدُوْا مَا عَمِلُوْا حَاضِرًا ۭ وَلَا يَظْلِمُ
رَبُّكَ اَحَدًا ﴿٤٩﴾

(૪૯) અને (પછી કરણીના) લેખ સામે મૂકવામાં આવશે, તે વેળા તું ગુનેહગારોને (એવી સ્થિતિમાં) નિહાળશે કે જે કાંઇ તે (કરણીના લેખ)માં (લખેલું) હશે તેનાથી તેઓ ડરતા હશે અને કહેતા હશે કે હાય ખરાબી અમારી! આ કેવું લખાણ છે! કે તેણે કોઇ પણ નાની યા મોટી વાત લખ્યા વિના મૂકી દીધી નથી; સારાંશ કે તેમણે જે કાંઇ કર્યું હશે તેને

હાજર જોશે; અને તારો પરવરદિગાર કોઇના હકમાં ઝુલ્મ કરતો નથી.

وَاِذۡ قُلۡنَا لِلۡمَلٰٓـئِكَةِ اسۡجُدُوۡا لِاٰدَمَ فَسَجَدُوۡۤا اِلَّاۤ اِبۡلِيۡسَ ؕ كَانَ
مِنَ الۡجِنِّ فَفَسَقَ عَنۡ اَمۡرِ رَبِّهٖ ؕ اَفَتَتَّخِذُوۡنَهٗ وَذُرِّيَّتَهٗۤ اَوۡلِيَآءَ
مِنۡ دُوۡنِىۡ وَهُمۡ لَـكُمۡ عَدُوٌّ ؕ بِئۡسَ لِلظّٰلِمِيۡنَ بَدَلًا ﴿۵۰﴾

(૫૦) અને (તે સમયને યાદ કરો) જ્યારે અમોએ તમામ ફરિશ્તાઓને કહ્યું કે આદમને સિજદો કરો તો ઇબ્લીસ સિવાય સર્વેએ સિજદો કર્યો; તે જીન્નાત (ની કોમ)માંથી હતો, આથી તેણે તેના પરવરદિગારના હુકમનું ઉલ્લંઘન કર્યું; (આ છતાં) શું તમે મને મૂકી તેને અને તેના વંશજોને મિત્ર

બનાવો છો ? જો કે તેઓ તમારા દુશ્મન છે; નાફરમાની કરનારાઓ માટે આ (માઅબૂદોનું) બદલવું કેવું ખરાબ છે!

مَآ اَشْهَدْتُّهُمْ خَلْقَ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَلَا خَلْقَ اَنْفُسِهِمْ ۖ
وَمَا كُنْتُ مُتَّخِذَ الْمُضِلِّيْنَ عَضُدًا ﴿٥١﴾

(૫૧) મેં તેમને આકાશો તથા જમીનનું સર્જન કરતી વખતે હાજર રાખ્યા ન હતા અને ન તેમની પોતાના સર્જનના સમયે; અને હું ગુમરાહ કરનારાઓને (મારા) બાહુબળ બનાવતો નથી.

وَيَوْمَ يَقُوْلُ نَادُوْا شُرَكَآءِيَ الَّذِيْنَ زَعَمْتُمْ فَدَعَوْهُمْ فَلَمْ
يَسْتَجِيْبُوْا لَهُمْ وَجَعَلْنَا بَيْنَهُمْ مَّوْبِقًا ﴿٥٢﴾

(૫૨) અને તે દિવસે કે જ્યારે અલ્લાહ ફરમાવશે કે તમે મારા તે શરીકોને પોકારી (બોલાવી) લો કે જે તમે માની લીધા હતા. જેથી તેઓ તેમને પોકારશે પણ તેઓ તેમને કાંઇજ જવાબ નહિ આપે, અને અમે તેમની વચ્ચે એક વિનાશક ખાઇ મૂકી દઇશું.

وَرَاَ الْمُجْرِمُوْنَ النَّارَ فَظَنُّوْٓا اَنَّهُمْ مُّوَاقِعُوْهَا وَلَمْ يَجِدُوْا عَنْهَا مَصْرِفًا ۟

(૫૩) અને જ્યારે ગુનેહગારો (જહન્નમની આગ) નિહાળશે ત્યારે એવું ગુમાન કરશે કે તેઓ હમણાંજ તેમાં પડી જશે, અને તેમાંથી નાસી જવાની કોઇ જગ્યા મેળવશે નહિ.

وَلَقَدْ صَرَّفْنَا فِيْ هٰذَا الْقُرْاٰنِ لِلنَّاسِ مِنْ كُلِّ مَثَلٍ ؕ وَكَانَ
الْاِنْسَانُ اَكْثَرَ شَیْءٍ جَدَلًا ﴿۵۴﴾

(૫૪) અને ખરેજ અમોએ મનુષ્ય માત્રના હિત કાજે આ કુરઆનમાં જાત જાતના દાખલા સ્પષ્ટ કરીને વર્ણવ્યા છે; અને મનુષ્ય દરેક વસ્તુ કરતાં વધુ ઝઘડાળું છે.

وَمَا مَنَعَ النَّاسَ اَنْ يُّؤْمِنُوْۤا اِذْ جَآءَهُمُ الْهُدٰى وَيَسْتَغْفِرُوْا
رَبَّهُمْ اِلَّاۤ اَنْ تَاْتِيَهُمْ سُنَّةُ الْاَوَّلِيْنَ اَوْ يَاْتِيَهُمُ الْعَذَابُ
قُبُلًا ﴿۵۵﴾

(૫૫) અને જ્યારે લોકોની પાસે હિદાયત આવી ગઈ ત્યારે તેમને ઇમાન લાવતાં તથા પોતાના

પરવરદિગારથી ગુનાહોની ક્ષમા માંગતા કોઇ બીજી વાતે નથી અટકાવ્યા, સિવાય કે તેમને પણ આગલાઓનો કાયદો લાગુ પડી જાય, અથવા તેમની સામે (અલ્લાહનો) અઝાબ આવી ઉભો રહી જાય.

وَمَا نُرۡسِلُ الۡمُرۡسَلِيۡنَ اِلَّا مُبَشِّرِيۡنَ وَمُنۡذِرِيۡنَ‌ ۚ وَيُجَادِلُ الَّذِيۡنَ كَفَرُوۡا بِالۡبَاطِلِ لِيُدۡحِضُوۡا بِهِ الۡحَـقَّ‌ وَاتَّخَذُوۡۤا اٰيٰتِىۡ وَمَاۤ اُنۡذِرُوۡا هُزُوًا‏ ﴿۵۶﴾

(૫૬) અને અમે રસૂલોને (અમસ્થા) નથી મોકલતાં કિંતુ ખુશખબર આપવા અને ડરાવવા માટે (મોકલીએ છીએ); અને જે લોકો ઇમાન નથી

લાવ્યા તેઓ અસત્ય વાતોના આધારે સત્યને રદ કરી દેવા ઝઘડો કરે છે, અને મારી આયતોને તથા જે વસ્તુઓથી તેમને ડરાવવામાં આવે છે તેને મશ્કરીનું સાધન બનાવી લે છે.

وَمَنْ اَظْلَمُ مِمَّنْ ذُكِّرَ بِاٰيٰتِ رَبِّهٖ فَاَعْرَضَ عَنْهَا وَنَسِيَ مَا قَدَّمَتْ يَدٰهُ ؕ اِنَّا جَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ يَّفْقَهُوْهُ وَفِيْٓ اٰذَانِهِمْ وَقْرًا ؕ وَاِنْ تَدْعُهُمْ اِلَى الْهُدٰى فَلَنْ يَّهْتَدُوْٓا اِذًا اَبَدًا ﴿٥٧﴾

(૫૭) અને તેના કરતાં વધારે (મોટો) ઝાલિમ કોણ હશે કે જેને તેના પરવરદિગારની આયતો દ્વારા બોધ આપવામાં આવે છતાંય તે તેનાથી મોંઢું

ફેરવી લે અને જે જે કૃત્યો તેના હાથે થઇ ચૂક્યા છે તેને વિસરી જાય? નિઃસંશય અમોએ તેમના અંતઃકરણો પર પરદા નાખી દીધા છે જેથી તેઓ (સત્ય વાત) સમજી જ ન શકે અને તેમના કાન સુના કરી દીધાં છે (કે જેથી સાંભળી ન શકે); અને જો તું તેમને સત્ય માર્ગ તરફ બોલાવે તો એ સ્થિતિમાં તેઓ કદી સત્યનો સ્વીકાર કરશે નહિ.

وَرَبُّكَ الْغَفُوْرُ ذُو الرَّحْمَةِ ؕ لَوْ يُؤَاخِذُهُمْ بِمَا كَسَبُوْا لَعَجَّلَ
لَهُمُ الْعَذَابَ ؕ بَلْ لَّهُمْ مَّوْعِدٌ لَّنْ يَّجِدُوْا مِنْ دُوْنِهٖ مَوْئِلًا ﴿٥٨﴾

(૫૮) અને તારો પરવરદિગાર મોટો માફ કરનાર (અને) રહેમતવાળો છે; અગર તે તેમને તેમની કરણીના પ્રમાણમાં (અઝાબમાં) ધકેલી દેત/પકડી

લેત તો તેમને ઘણોજ જલ્દી અઝાબ આપતે; પરંતુ તેમના માટે એક (ચોક્કસ) સમય (નિર્માણ થયેલો) છે જેનાથી બચવા માટે તેઓ હરગિજ કોઇ આશ્રયની જગ્યા નહિ મેળવે.

وَتِلْكَ الْقُرَى أَهْلَكْنٰهُمْ لَمَّا ظَلَمُوْا وَجَعَلْنَا لِمَهْلِكِهِمْ مَّوْعِدًا ﴿٥٩﴾

(૫૯) અને આ વસ્તીઓ કે જે વેળા (તેમના રહેવાસીઓએ) ઝુલ્મ કર્યો ત્યારે અમોએ તેમનો નાશ કરી નાખ્યો; અને તેમના નાશ કરવા (માટે)નો પણ અમોએ એક સમય નક્કી કરી રાખ્યો હતો.

وَاِذۡ قَالَ مُوۡسٰى لِفَتٰٮهُ لَاۤ اَبۡرَحُ حَتّٰٓى اَبۡلُغَ مَجۡمَعَ الۡبَحۡرَيۡنِ اَوۡ

اَمۡضِىَ حُقُبًا﴿۶۰﴾

(૬૦) અને (તે સમયને યાદ કરો) જ્યારે મૂસાએ પોતાના (એક) યુવાન (સાથી યુશોઅ બિન નુન)ને કહ્યું કે હું તો ચાલ્યાજ કરીશ જ્યાં સુધી કે હું બે સમુદ્રોના સંગમ પર પહોંચી ન જાઉં, નહિતર વર્ષો પર્યંત ચાલ્યાજ કરીશ.

فَلَمَّا بَلَغَا مَجۡمَعَ بَيۡنِهِمَا نَسِيَا حُوۡتَهُمَا فَاتَّخَذَ سَبِيۡلَهٗ فِى

الۡبَحۡرِ سَرَبًا﴿۶۱﴾

(૬૧) આથી જ્યારે તે બન્ને તે બે (સમુદ્રો)ના સંગમ સ્થાને પહોંચ્યા તો તેઓ બન્ને પોતાની (તળેલી)

માછલી ભૂલી ગયા, પછી તે માછલીએ સુરંગની જેમ પોતાનો સમુદ્રમાં માર્ગ કરી લીધો.

فَلَمَّا جَاوَزَا قَالَ لِفَتٰىهُ اٰتِنَا غَدَآءَنَا ز لَقَدْ لَقِيْنَا مِنْ سَفَرِنَا هٰذَا نَصَبًا ﴿٦٢﴾

(૬૨) પછી જ્યારે તેઓ બન્ને ત્યાંથી આગળ ચાલ્યા ત્યારે (મૂસાએ) પોતાના યુવાન (જોડીદાર) ને કહ્યું કે આપણો નાસ્તો લાવ; ખરેજ આપણી આ મુસાફરીમાં આપણને ઘણો થાક લાગ્યો છે.

قَالَ اَرَءَيْتَ اِذْ اَوَيْنَآ اِلَى الصَّخْرَةِ فَاِنِّيْ نَسِيْتُ الْحُوْتَ ز وَمَآ اَنْسٰنِيْهُ اِلَّا الشَّيْطٰنُ اَنْ اَذْكُرَهٗ ج وَاتَّخَذَ سَبِيْلَهٗ فِي الْبَحْرِ صلے عَجَبًا ﴿٦٣﴾

(૬૩) (યુવાન સાથીએ) કહ્યું કે જુઓને! જે વખતે આપણે તે પત્થર પાસે વિસામો લીધો હતો ત્યારે હું માછલી લેતાં ભૂલી ગયો હતો, અને તે વાત તને કહેતાં શૈતાનેજ મને ભૂલાવી દીધો, અને નવાઈ પમાડે એ રીતે તે (માછલી)એ સમુદ્રમાં પોતાનો માર્ગ (કરી) લીધો હતો.

قَالَ ذٰلِكَ مَا كُنَّا نَبۡغِ ۖۗ فَارۡتَدَّا عَلٰٓى اٰثَارِهِمَا قَصَصًا ﴿٦٤﴾

(૬૪) (મૂસાએ) કહ્યું એજ જગ્યા તો આપણે (ક્યારના) શોધતા ફરીએ છીએ, જેથી બન્ને જણા પોતાના પગલાં શોધતા પાછા ફર્યા.

فَوَجَدَا عَبْدًا مِّنْ عِبَادِنَآ اٰتَيْنٰهُ رَحْمَةً مِّنْ عِنْدِنَا وَعَلَّمْنٰهُ

مِنْ لَّدُنَّا عِلْمًا ﴿٦٥﴾

(૬૫) અને (ત્યાં) તે બન્નેએ અમારા બંદાઓ માંહેના એક બંદા (ખિઝર)ને જોયો, જને અમોએ અમારી પાસેથી રહેમત અર્પણ કરી હતી અને જને અમોએ અમારા જ્ઞાનમાંથી થોડું જ્ઞાન શીખવ્યું હતું.

قَالَ لَهٗ مُوْسٰى هَلْ اَتَّبِعُكَ عَلٰٓى اَنْ تُعَلِّمَنِ مِمَّا عُلِّمْتَ

رُشْدًا ﴿٦٦﴾

(૬૬) મૂસાએ તેને વિનંતી કરી કે શું હું તારી સાથે રહું એવી શરતે કે જે સન્માર્ગનું જ્ઞાન તને

શીખવવામાં આવ્યું છે તેમાંથી તું મને પણ થોડુંક શીખવે.

قَالَ اِنَّكَ لَنۡ تَسۡتَطِيۡعَ مَعِىَ صَبۡرًا ﴿۶۷﴾

(૬૭) (ખિઝરે) કહ્યું (હું શીખવીશ પણ) તું મારી સાથે હરગિજ ધીરજ ધરી શકશે નહિ.

وَكَيۡفَ تَصۡبِرُ عَلٰى مَا لَمۡ تُحِطۡ بِهٖ خُبۡرًا ﴿۶۸﴾

(૬૮) અને જે (વાત)ની તને માહિતી નહિ હોય તેના પર તું કેવી રીતે ધીરજ ધરશે?

قَالَ سَتَجِدُنِىۡۤ اِنۡ شَآءَ اللّٰهُ صَابِرًا وَّلَاۤ اَعۡصِىۡ لَكَ اَمۡرًا ﴿۶۹﴾

(૬૯) (મૂસા)એ કહ્યું કે અગર અલ્લાહે ચાહ્યું તો તું મને ધૈર્યવાન જોશે અને હું તારા કોઇ પણ મામલામાં નાફરમાની નહિ કરૂં.

قَالَ فَاِنِ اتَّبَعْتَنِيْ فَلَا تَسْـَٔلْنِيْ عَنْ شَيْءٍ حَتّٰٓى اُحْدِثَ لَكَ مِنْهُ ذِكْرًا ۝٧٠

(૭૦) ફરમાવ્યું, બસ ત્યારે (ચાલ) અગર તું મારી સાથે રહેવા ચાહતો હોય તો તું મને કોઇ વાત (નો ખુલાસો) પુછજે નહિ જ્યાં સુધી કે હું પોતે તેની હકીકત તને જણાવું નહિ.

فَانْطَلَقَا ۣ حَتّٰٓى اِذَا رَكِبَا فِي السَّفِيْنَةِ خَرَقَهَا ۭ قَالَ اَخَرَقْتَهَا لِتُغْرِقَ اَهْلَهَا ۚ لَقَدْ جِئْتَ شَيْـــًٔا اِمْرًا ۝٧١

(૭૧) હવે બન્ને ચાલ્યા અહીં સુધી કે બન્ને (એક) હોડીમાં સવાર થઇ ગયા જેમાં તે (ખિઝરે) કાણું પાડી દીધું. (જેથી મૂસાએ) કહ્યું શું તેં એમાં એ માટે કાણું પાડ્યું કે હોડીવાળાઓને ડુબાડી દે? ખરેજ આ તો તેં ઘણુંજ ગંભીર કામ કર્યું છે.

قَالَ اَلَمْ اَقُلْ اِنَّكَ لَنْ تَسْتَطِيْعَ مَعِيَ صَبْرًا ﴿٧٢﴾

(૭૨) (ખિઝરે) ફરમાવ્યું, મેં (તને) કહ્યું ન હતું કે તું મારી સાથે હરગિજ ધીરજ ધરી શકશે નહિ.

قَالَ لَا تُؤَاخِذْنِيْ بِمَا نَسِيْتُ وَلَا تُرْهِقْنِيْ مِنْ اَمْرِيْ عُسْرًا ﴿٧٣﴾

(૭૩) (મૂસાએ) કહ્યું કે મારાથી જે ભૂલ થઇ ગઇ તે માટે મને દોષિત ગણ નહિ, અને મારા મામલામાં આટલી સખતાઇથી વર્ત નહિ.

فَانْطَلَقَا ࣞ حَتّٰۤى اِذَا لَقِيَا غُلٰمًا فَقَتَلَهٗ ۙ قَالَ اَقَتَلْتَ نَفْسًا
زَكِيَّةًۢ بِغَيْرِ نَفْسٍ ؕ لَقَدْ جِئْتَ شَيْـًٔا نُّكْرًا ۝٧٤

(૭૪) પછી બન્ને ચાલ્યા અહીં સુધી કે એક છોકરાને (જઇ) મળ્યા, બસ તેને તે (ખિઝરે) કત્લ કરી નાખ્યો. (જેથી મૂસાએ) કહ્યું કે શું તેં એક નિર્દોષ જીવને બીજા કોઇનું ખૂન કર્યા વિના મારી નાખ્યો (નથી)? આ તો ખરેજ તેં અતિ અઘટીત કાર્ય કર્યું છે.

قَالَ اَلَمۡ اَقُلۡ لَّكَ اِنَّكَ لَنۡ تَسۡتَطِيۡعَ مَعِىَ صَبۡرًا﴿۷۵﴾

(૭૫) (ખિઝરે) ફરમાવ્યું મેં તને કહી દીધું ન હતું કે તું મારી સાથે હરગિજ ધીરજ ધરી શકશે નહિ?

قَالَ اِنۡ سَاَلۡتُكَ عَنۡ شَىۡءٍۢ بَعۡدَهَا فَلَا تُصٰحِبۡنِىۡ ۚ قَدۡ بَلَغۡتَ مِنۡ لَّدُنِّىۡ عُذۡرًا﴿۷۶﴾

(૭૬) (મૂસાએ) કહ્યું કે જો હવે પછી તમને કોઇ વસ્તુ સંબંધી સવાલ કરૂં તો મને (તારી) સાથે ન રાખજે; (ખરેજ) મારા તરફથી તને પુરતું કારણ મળી ચૂક્યું છે.

فَانْطَلَقَا ۫ حَتّٰٓى اِذَآ اَتَيَآ اَهْلَ قَرْيَةِ ِۨ اسْتَطْعَمَآ اَهْلَهَا فَاَبَوْا اَنْ
يُّضَيِّفُوْهُمَا فَوَجَدَا فِيْهَا جِدَارًا يُّرِيْدُ اَنْ يَّنْقَضَّ فَاَقَامَهٗ ؕ
قَالَ لَوْ شِئْتَ لَتَّخَذْتَ عَلَيْهِ اَجْرًا ﴿۷۷﴾

(૭૭) પછી બન્ને ચાલ્યા અહીં સુધી કે એક ગામવાળાઓ પાસે પહોંચ્યા જેમની પાસે તેમણે ખાવાનું માગ્યું, પણ તેમણે આ બન્નેને (પોતાના મહેમાન) બનાવવાનો ઇન્કાર કર્યો, પછી તેમને તે ભાગમાં એક (એવી) દિવાલ મળી કે જે પડું પડું થઇ રહી હતી, જેથી તેને તે (ખિઝરે) સમી કરી દીધી. (જેથી મૂસાએ) કહ્યું કે જો તું ચાહતે તો (આ) કાર્યનું મહેનતાણું જરૂર લેતે.

قَالَ هٰذَا فِرَاقُ بَيْنِيْ وَبَيْنِكَ ۚ سَأُنَبِّئُكَ بِتَأْوِيْلِ مَا لَمْ
تَسْتَطِعْ عَّلَيْهِ صَبْرًا ﴿٧٨﴾

(૭૮) (ખિઝરે) કહ્યું બસ! આ (વાતજ) મારી તથા તારી વચ્ચે વિયોગ (નું કારણ) છે. હા, જે વાતો પર તારાથી ધીરજ ધરી શકાઇ ન હતી તેની ખરી હકીકત હું તને જણાવી દઉં છું.

اَمَّا السَّفِيْنَةُ فَكَانَتْ لِمَسٰكِيْنَ يَعْمَلُوْنَ فِي الْبَحْرِ فَاَرَدْتُّ
اَنْ اَعِيْبَهَا وَكَانَ وَرَآءَهُمْ مَّلِكٌ يَّاْخُذُ كُلَّ سَفِيْنَةٍ غَصْبًا ﴿٧٩﴾

(૭૯) (સાંભળ!) તે હોડી (કેટલાક) ગરીબ માણસોની હતી જેઓ (તે વડે) સમુદ્રમાં (પોતાની આજીવીકા મેળવવા માટે) કામ કર્યા કરતા હતા

અને મેં ચાહ્યું કે તેને ખોડ ખાંપણવાળી બનાવી દઉં, (કારણ કે) તેમની પાછળ એક એવો રાજા (પડ્યો) હતો કે જે દરેક (સાજી) હોડીને બળજબરીથી (વેઠ કરાવવા માટે) પકડી લેતો હતો.

وَاَمَّا الْغُلٰمُ فَكَانَ اَبَوٰهُ مُؤْمِنَيْنِ فَخَشِيْنَآ اَنْ يُّرْهِقَهُمَا طُغْيَانًا وَّكُفْرًا ﴿٨٠﴾

(૮૦) હવે રહ્યો છોકરો, તો તેના મા બાપ બન્ને (સાચા) મોઅમીન હતા અને અમને એવો અંદેશો થયો કે કદાચને તે (છોકરો) શિરજોરી કરી તથા અનુપકારી બની તેમને સંતાપે.

فَاَرَدۡنَاۤ اَنۡ يُّبۡدِلَهُمَا رَبُّهُمَا خَيۡرًا مِّنۡهُ زَكٰوةً وَّاَقۡرَبَ رُحۡمًا ﴿۸۱﴾

(૮૧) માટે અમોએ ઇચ્છયું કે તેમનો પરવરદિગાર તે બન્નેને તેના બદલામાં એક (એવો છોકરો) આપે કે જે પાક નફસમાં બહેતર હોય અને દયામાં પણ ચઢીયાતો હોય.

وَاَمَّا الۡجِدَارُ فَكَانَ لِغُلٰمَيۡنِ يَتِيۡمَيۡنِ فِى الۡمَدِيۡنَةِ وَكَانَ تَحۡتَهٗ كَنۡزٌ لَّهُمَا وَكَانَ اَبُوۡهُمَا صَالِحًا‌ ۚ فَاَرَادَ رَبُّكَ اَنۡ يَّبۡلُغَاۤ اَشُدَّهُمَا وَيَسۡتَخۡرِجَا كَنۡزَهُمَا ‌ۖ رَحۡمَةً مِّنۡ رَّبِّكَ‌ ۚ وَمَا فَعَلۡتُهٗ عَنۡ اَمۡرِىۡ‌ ؕ ذٰلِكَ تَاۡوِيۡلُ مَا لَمۡ تَسۡطِعْ عَّلَيۡهِ صَبۡرًا ؕ ﴿۸۲﴾

(૮૨) હવે રહી તે દિવાલ, તો તે તે ગામના બે યતીમ બાળકોની હતી, અને તેની હેઠળ તેમનો

એક ખજાનો (દાટેલો) હતો, અને તે બન્નેનો બાપ નેક માણસ હતો, જેથી તારા પરવરદિગારે માત્ર પોતાની રહેમતના કારણે આ ચાહ્યું કે તેઓ બન્ને યુવાન થઇ પોતાનો ખજાનો પોતેજ કાઢી લે, અને તે મેં મારા તરફથી કર્યું ન હતું (પણ અલ્લાહની મરજીથી જ કર્યું છે.) જે (વાતો) પર તું ધીરજ ધરી ન શક્યો તેની ખરી હકીકત આ છે.

وَيَسْـَٔلُوْنَكَ عَنْ ذِى الْقَرْنَيْنِ ؕ قُلْ سَاَتْلُوْا عَلَيْكُمْ مِّنْهُ ذِكْرًا ؕ﴿٨٣﴾

(૮૩) અને (અય રસૂલ!) તેઓ તને ઝુલકરનૈન (સિકન્દર) વિષે પૂછે છે, તું કહે કે લો, હું તમને તેનો થોડોક અહેવાલ વાંચી સંભળાવું છું.

إِنَّا مَكَّنَّا لَهُۥ فِي ٱلۡأَرۡضِ وَءَاتَيۡنَٰهُ مِن كُلِّ شَيۡءٖ سَبَبٗا ﴿٨٤﴾

(૮૪) બેશક અમોએ તેને પૃથ્વીમાં સત્તા આપી હતી અને અમોએ તેને દરેક વસ્તુનું સાધન આપ્યું હતું.

فَأَتۡبَعَ سَبَبًا ﴿٨٥﴾

(૮૫) પછી તેણે એક સાધનનું અનુકરણ કરી (તેના આધારે મુસાફરી શરૂ કરી).

حَتَّىٰٓ إِذَا بَلَغَ مَغۡرِبَ ٱلشَّمۡسِ وَجَدَهَا تَغۡرُبُ فِي عَيۡنٍ حَمِئَةٖ وَوَجَدَ عِندَهَا قَوۡمٗاۗ قُلۡنَا يَٰذَا ٱلۡقَرۡنَيۡنِ إِمَّآ أَن تُعَذِّبَ وَإِمَّآ أَن تَتَّخِذَ فِيهِمۡ حُسۡنٗا ﴿٨٦﴾

(૮૬) અહીં સુધી જ્યારે તે સૂર્યાસ્ત થવાના સ્થળે પહોંચ્યો તો તે (સુર્ય)ને કાળા કીચડના ઝરણામાં ડુબતો જોયો અને તે (ઝરણા)ની પાસે એક કોમને જોય. અમોએ (તેને) કહ્યું કે અય ઝુલકરનૈન! (તને આ વાતનો અધિકાર છે) કે તેમને ચાહે શિક્ષા કર ચાહે તેમને લાભ પહોંચાડ.

قَالَ اَمَّا مَنْ ظَلَمَ فَسَوْفَ نُعَذِّبُهٗ ثُمَّ يُرَدُّ اِلٰى رَبِّهٖ فَيُعَذِّبُهٗ عَذَابًا نُّكْرًا ﴿٨٧﴾

(૮૭) (ઝુલકરનૈને) અરજ કરી કે તેઓમાંથી જે નાફરમાની કરશે તેને તો અમે (જરૂર) અઝાબ આપીશું. પછી તો તેને પોતાના પરવરદિગાર

તરફ પાછો ફેરવવામાં આવશે. અને તે પણ તેને ઘડારૂપ અઝાબ આપશે.

وَاَمَّا مَنْ اٰمَنَ وَعَمِلَ صَالِحًا فَلَهٗ جَزَآءَ ٕ الْحُسْنٰى ۚ وَسَنَقُوْلُ لَهٗ

مِنْ اَمْرِنَا يُسْرًا ۟ؕ۸۸

(૮૮) અને જે ઇમાન લાવશે તથા સત્કાર્યો કરશે તો તેના માટે સારો બદલો છે અને અમે તેના સંબંધમાં અમારો હુકમ પણ સહેલો આપીશું.

ثُمَّ اَتْبَعَ سَبَبًا ۸۹

(૮૯) આ પછી તેણે બીજો એક માર્ગ પકડ્યો.

حَتّٰۤى اِذَا بَلَغَ مَطْلِعَ الشَّمْسِ وَجَدَهَا تَطْلُعُ عَلٰى قَوْمٍ لَّمْ نَجْعَلْ

لَّهُمْ مِّنْ دُوْنِهَا سِتْرًا ۟ۙ۹۰

(૯૦) અહીં સુધી કે જ્યારે તે સૂર્યોદય થવાની જગ્યાએ પહોંચ્યો, તો (સૂર્ય)ને એવા લોકો પર ઉગતો જોયો કે જેમના માટે અમોએ તેના (સૂર્ય)થી (બચવા માટે) કોઇ આડ કાયમ કરી ન હતી.

كَذٰلِكَ ؕ وَقَدۡ اَحَطۡنَا بِمَا لَدَيۡهِ خُبۡرًا ﴿۹۱﴾

(૯૧) (તેમની હકીકત) એજ હતી. અને તે (ઝુલકરનૈન)ના અધિકારમાં જે કાંઇ હતું તેનાથી અમે સંપૂર્ણ વાકેફ હતા.

ثُمَّ اَتۡبَعَ سَبَبًا ﴿۹۲﴾

(૯૨) ફરી તેણે એક બીજો માર્ગ ગ્રહણ કર્યો.

حَتّٰۤى اِذَا بَلَغَ بَيۡنَ السَّدَّيۡنِ وَجَدَ مِنۡ دُوۡنِهِمَا قَوۡمًا ۙ لَّا
يَكَادُوۡنَ يَفۡقَهُوۡنَ قَوۡلًا ﴿۹۳﴾

(૯૩) અહીં સુધી કે જ્યારે તે બે (મહાન) પર્વતો વચ્ચે પહોંચ્યો, તો તેમની તે બાજુએ એવા લોકોને જોયા કે જેઓ (બધા) લગભગ એવા હતા કે કોઇ વાતજ સમજતા ન હતા.

قَالُوۡا يٰذَا الۡقَرۡنَيۡنِ اِنَّ يَاۡجُوۡجَ وَمَاۡجُوۡجَ مُفۡسِدُوۡنَ فِى
الۡاَرۡضِ فَهَلۡ نَجۡعَلُ لَكَ خَرۡجًا عَلٰۤى اَنۡ تَجۡعَلَ بَيۡنَنَا وَبَيۡنَهُمۡ
سَدًّا ﴿۹۴﴾

(૯૪) તેમણે કહ્યું કે અય ઝુલકરનૈન યાજુજ-માજુજ આ દેશમાં (નિરંતર) ફસાદ ફેલાવતા રહે

છે તો શું અમે તારા માટે થોડીક ખંડણી એવી શર્તે નક્કી કરી આપીએ કે તું અમારી અને તેમની વચ્ચે એક દિવાલ બનાવી આપે.

قَالَ مَا مَكَّنِّي فِيهِ رَبِّي خَيْرٌ فَأَعِينُونِي بِقُوَّةٍ أَجْعَلْ بَيْنَكُمْ وَبَيْنَهُمْ رَدْمًا ﴿٩٥﴾

(૯૫) (ઝુલકરનૈને) કહ્યું, જે (વસ્તુઓ)નો અધિકાર મને મારા પરવરદિગારે આપ્યો છે તે (તમારી ખંડણી કરતાં) બહેતર છે, માટે તમે (માત્ર) શારીરિક શક્તિથી મારી મદદ કરો કે જેથી હું તમારી તથા તેમની વચ્ચે એક મજબૂત દિવાલ બનાવી દઉં.

اٰتُوۡنِیۡ زُبَرَ الۡحَدِیۡدِ ؕ حَتّٰۤی اِذَا سَاوٰی بَیۡنَ الصَّدَفَیۡنِ قَالَ
انۡفُخُوۡا ؕ حَتّٰۤی اِذَا جَعَلَهٗ نَارًا ۙ قَالَ اٰتُوۡنِیۡۤ اُفۡرِغۡ عَلَیۡهِ قِطۡرًا ؕ﴿۹۶﴾

(૯૬) (એટલે કે) તમે મને લોખંડના કટકા (લાવી) આપો. અહીં સુધી કે જ્યારે બન્ને પહાડોની તળેટી વચ્ચેની જગ્યા (પૂરી દઇ) ને સરખી કરી દીધી ત્યારે હુકમ કર્યો કે (તેના પર આગ) ફૂંકો, અહીં સુધી કે જ્યારે તે (લોખંડના કટકા)ને આગ જેવા (લાલ ચોળ) બનાવી દીધા ત્યારે હુકમ આપ્યો કે મને પીગળેલું ત્રાંબુ લાવી આપો કે હું તેના પર ઉપર રેડી દઉં.

فَمَا اسۡطَاعُوۡۤا اَنۡ یَّظۡهَرُوۡهُ وَمَا اسۡتَطَاعُوۡا لَهٗ نَقۡبًا ﴿۹۷﴾

(૯૭) આમ (કરવા)થી તેઓ (યાજુજ-માજુજ)થી આ થઇ ન શક્યું કે (દિવાલ પર) ચઢી આવે. અને ન આ થઇ શક્યું કે તેમાં બાકોરૂં પાડે.

قَالَ هٰذَا رَحۡمَةٌ مِّنۡ رَّبِّیۡ ۚ فَاِذَا جَآءَ وَعۡدُ رَبِّیۡ جَعَلَهٗ دَكَّآءَ ۚ
وَكَانَ وَعۡدُ رَبِّیۡ حَقًّا ﴿۹۸﴾

(૯૮) (પછી) તેણે દિવાલ તૈયાર થએલી જોઇ કહ્યું કે આ (કાર્ય) મારા પરવરદિગારની એક (મહાન) રહેમત છે. પછી જ્યારે મારા પરવરદિગારના વાયદાનો સમય (કયામત) આવી પહોંચશે તો તે આ (દિવાલ)ને પાડી નાખી ઝમીનદોસ્ત કરી નાખશે. અને ખરેખર જ મારા પરવરદિગારનો (દરેક) વાયદો સત્ય પૂરવાર થઇને જ રહે છે.

وَتَرَكۡنَا بَعۡضَهُمۡ يَوۡمَئِذٖ يَمُوجُ فِي بَعۡضٖۖ وَنُفِخَ فِي ٱلصُّورِ
فَجَمَعۡنَٰهُمۡ جَمۡعٗا ٩٩

(૯૯) અને તે દિવસે અમે તેઓ (યાજુજ માજુજ)માંથી કેટલાકોને એવી રીતે છુટા છોડી દઇશું કે તેઓ કેટલાકો સાથે ગડમથલ થઇ જશે, અને (પછી) સુર (રણશીંગુ) ફુંકવામાં આવશે, પછી અમે તેમને એક જગ્યાએ ભેગા કરી દઇશું.

وَعَرَضۡنَا جَهَنَّمَ يَوۡمَئِذٖ لِّلۡكَٰفِرِينَ عَرۡضًا ١٠٠

(૧૦૦) અને તે દિવસે નાસ્તિકો સમક્ષ જહન્નમને (લાવી) હાજર કરીશું.

الَّذِيْنَ كَانَتْ اَعْيُنُهُمْ فِيْ غِطَآءٍ عَنْ ذِكْرِيْ وَكَانُوْا لَا
يَسْتَطِيْعُوْنَ سَمْعًا ﴿١٠١﴾

(૧૦૧) કે જેમની આંખો અમારી યાદથી પડદામાં હતી અને તેઓ (કાનોથી) અમારી હિદાયત સાંભળી જ શકતા ન હતા.

اَفَحَسِبَ الَّذِيْنَ كَفَرُوْٓا اَنْ يَّتَّخِذُوْا عِبَادِيْ مِنْ دُوْنِيْٓ اَوْلِيَآءَ ؕ
اِنَّآ اَعْتَدْنَا جَهَنَّمَ لِلْكٰفِرِيْنَ نُزُلًا ﴿١٠٢﴾

(૧૦૨) શું તે લોકોએ કે જેઓ ઇમાન નથી લાવ્યા એમ ધારી લીધું છે કે મને મૂકીને મારા બંદાઓને હિમાયતી બનાવી લેશે? નિસંશય અમોએ એવા જ

નાસ્તિકોની મહેમાન નવાજી માટે જહન્નમ તૈયાર કરી છે.

قُلۡ هَلۡ نُنَبِّئُكُمۡ بِالۡاَخۡسَرِيۡنَ اَعۡمَالًا ؕ﴿۱۰۳﴾

(૧૦૩) (અય રસૂલ!) તું કહે કે શું અમે તમને તે લોકોની હકીકતથી વાકેફ કરીએ કે જેઓ વર્તનની રૂએ સૌથી વધુ હાનિ ભોગવનારા છે?

اَلَّذِيۡنَ ضَلَّ سَعۡيُهُمۡ فِى الۡحَيٰوةِ الدُّنۡيَا وَهُمۡ يَحۡسَبُوۡنَ اَنَّهُمۡ يُحۡسِنُوۡنَ صُنۡعًا ﴿۱۰۴﴾

(૧૦૪) તેઓ તે છે કે જેમની દુનિયાની જિંદગી માટેના સર્વ પ્રયાસો વ્યર્થ ગયા છે અને તેઓ એવું

ગુમાન કરતા રહે છે કે તેઓ સત્કાર્યો જ કરી રહ્યા છે.

أُولَٰٓئِكَ الَّذِينَ كَفَرُوا بِاٰيٰتِ رَبِّهِمۡ وَلِقَآئِهٖ فَحَبِطَتۡ اَعۡمَالُهُمۡ
فَلَا نُقِيۡمُ لَهُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ وَزۡنًا ﴿١٠٥﴾

(૧૦૫) તેઓ એજ છે કે જેમણે પોતાના પરવરદિગારની આયતોનો તથા તેની સામે હાજર થવાનો ઇન્કાર કર્યો હતો, જેથી તેમના કર્મો વ્યર્થ ગયા, માટે કયામતના દિવસે અમે તેમના કર્મો (ના હિસાબ) માટે કોઇ ત્રાજવું કાયમ નહિ કરીએ.

ذٰلِكَ جَزَآؤُهُمۡ جَهَنَّمُ بِمَا كَفَرُوۡا وَاتَّخَذُوۡۤا اٰيٰتِىۡ وَرُسُلِىۡ
هُزُوًا ﴿١٠٦﴾

(૧૦૬) આ તેમનો બદલો છે (યાને) જહન્નમ, કારણ કે તેઓ (તેનો) ઇન્કાર કરતા હતા અને મારી નિશાનીઓ તથા મારા રસૂલોને હસી કાઢતા હતા.

إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ كَانَتْ لَهُمْ جَنَّاتُ
الْفِرْدَوْسِ نُزُلًا ﴿١٠٧﴾

(૧૦૭) નિસંશય જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કરતા રહ્યા તેમની મહેમાન નવાજી માટે ફિરદૌસના બગીચા હશે.

خَالِدِينَ فِيهَا لَا يَبْغُونَ عَنْهَا حِوَلًا ﴿١٠٨﴾

(૧૦૮) જેમાં તેઓ હંમેશા માટે રહેશે અને કદી પણ તેમાંથી નીકળવા ચાહશે નહિ.

قُلْ لَّوْ كَانَ الْبَحْرُ مِدَادًا لِّكَلِمٰتِ رَبِّيْ لَنَفِدَ الْبَحْرُ قَبْلَ اَنْ
تَنْفَدَ كَلِمٰتُ رَبِّيْ وَلَوْ جِئْنَا بِمِثْلِهٖ مَدَدًا ﴿١٠٩﴾

(૧૦૯) (અય રસૂલ!) તું કહે કે મારા પરવરદિગારના કલ્માઓ (લખવા) માટે જો (સઘળા) સમુદ્રો શાહી બની જાય તો, એ પહેલાં કે મારા પરવરદિગારના કલ્મા પૂરા થાય (સઘળા) સમુદ્રો (ના પાણી) વપરાઇ જશે, (પછી) ભલેને અમે (તેમની) મદદ માટે એવાજ (બીજા પણ સમુદ્રો) લઇ આવીએ.

قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ يُوْحٰٓى اِلَيَّ اَنَّمَآ اِلٰـهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ
فَمَنْ كَانَ يَرْجُوْا لِقَآءَ رَبِّهٖ فَلْيَعْمَلْ عَمَلًا صَالِحًا وَّلَا يُشْرِكْ
بِعِبَادَةِ رَبِّهٖٓ اَحَدًا ﴿۱۱۰﴾

(૧૧૦) (અય રસૂલ!) તું કહે કે હું પણ તમારાજ જેવો એક મનુષ્ય છું, (ફેર માત્ર એટલોજ છે કે) મારા તરફ વહી કરવામાં આવે છે કે તમારો માઅબૂદ એકજ માઅબૂદ છે, માટે જે કોઇ પોતાના પરવરદિગારની હુજૂરમાં જવાની ઉમ્મેદ રાખતો હોય તો તેને જોઇએ કે સત્કાર્યો કરે, અને પોતાના પરવદિગારની ઇબાદતમાં (બીજા) કોઇને શરીક કરે નહિ.

كٓهٰيٰعٓصٓ ۚ﴿۱﴾

(૧) કાફ હા યા અયન સાદ.

ذِكْرُ رَحْمَتِ رَبِّكَ عَبْدَهٗ زَكَرِيَّا ۚ﴿۲﴾

(૨) તારા પરવરદિગારે પોતાના બંદા ઝકરીયા પર કરેલી રહેમતનું (આ) વર્ણન છે.

اِذْ نَادٰى رَبَّهٗ نِدَآءً خَفِيًّا ﴿۳﴾

(3) જ્યારે કે તેણે પોતાના પરવરદિગારને ધીમે સાદે પોકાર્યો.

قَالَ رَبِّ اِنِّيْ وَهَنَ الْعَظْمُ مِنِّيْ وَاشْتَعَلَ الرَّاْسُ شَيْبًا وَّلَمْ
اَكُنْۢ بِدُعَآئِكَ رَبِّ شَقِيًّا ﴿۴﴾

(૪) (અને) અરજ કરી કે અય મારા પરવરદિગાર! ખરેખર જ મારા હાડકાં શિથિલ થઇ ગયાં છે અને વૃધ્ધાવસ્થાથી મારૂં માથું સફેદ થઇ ગયું છે અને અય મારા પરવરદિગાર! હું તારી પાસે દોઆ કર્યા બાદ કદી પણ નિરાશ રહ્યો નથી.

وَاِنِّیْ خِفْتُ الْمَوَالِیَ مِنْ وَّرَآءِیْ وَکَانَتِ امْرَاَتِیْ عَاقِرًا فَهَبْ
لِیْ مِنْ لَّدُنْكَ وَلِیًّا ۙ﴿۵﴾

(૫) અને ખરેજ મને મારા પછી મારા ભાઇ (તરફ)થી (સાચા ધર્મમાં ખરાબી ઉત્પન્ન થવાનો) અંદેશો છે. અને મારી પત્ની ગર્ભધારણ કરવા માટે શક્તિમાન નથી. માટે તારી પાસેથી મને એક વારસ અર્પણ કર.

يَّرِثُنِيْ وَيَرِثُ مِنْ اٰلِ يَعْقُوْبَ ۖ وَاجْعَلْهُ رَبِّ رَضِيًّا ۝٦

(૬) જે મારો વારસ બને અને યાકૂબની ઓલાદનો પણ વારસ બને, અને અય મારા પરવરદિગાર! તેને તું પસંદ કરે એવો બનાવ.

يٰزَكَرِيَّآ اِنَّا نُبَشِّرُكَ بِغُلٰمِ ۣ اسْمُهٗ يَحْيٰى ۙ لَمْ نَجْعَلْ لَّهٗ مِنْ قَبْلُ

سَمِيًّا ۝٧

(૭) (જવાબ મળ્યો કે) અય ઝકરીયા! અમે ખાતરીપૂર્વક તને એક એવા પુત્રની ખુશખબરી આપીએ છીએ કે જેનું નામ યહ્યા હશે, (અને) એ નામનો (તેની) અગાઉ અમોએ કોઇ નથી બનાવ્યો.

قَالَ رَبِّ اَنّٰى يَكُوْنُ لِىْ غُلٰمٌ وَّكَانَتِ امْرَاَتِىْ عَاقِرًا وَّقَدْ
بَلَغْتُ مِنَ الْكِبَرِ عِتِيًّا ﴿٨﴾

(૮) (ઝકરીયાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મને પુત્ર ક્યાંથી થશે જ્યારે કે મારી પત્ની ગર્ભધારણ કરવા માટે શક્તિમાન નથી, અને હું વૃધ્ધાવસ્થાની પરિસીમાએ પહોંચી ગયો છું.

قَالَ كَذٰلِكَ ۚ قَالَ رَبُّكَ هُوَ عَلَىَّ هَيِّنٌ وَّقَدْ خَلَقْتُكَ مِنْ قَبْلُ
وَلَمْ تَكُ شَيْـًٔا ﴿٩﴾

(૯) (અલ્લાહે) ફરમાવ્યું, (નિસંશય) એમજ થશે તારો પરવરદિગાર ફરમાવે છે કે એ (કાર્ય) મારા માટે (તદ્દન) સહેલું છે, અને ખરેખરજ હું તને પણ

એવી સ્થિતિમાં પ્રથમ પયદા કરી ચૂક્યો છું કે જ્યારે તું કોઇ વસ્તુજ ન હતો.

قَالَ رَبِّ اجۡعَلۡ لِّیۡۤ اٰیَةً ؕ قَالَ اٰیَتُكَ اَلَّا تُكَلِّمَ النَّاسَ ثَلٰثَ لَیَالٍ سَوِیًّا ﴿۱۰﴾

(૧૦) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મારા માટે કોઇ નિશાની નક્કી કર. ફરમાવ્યું તારા માટે નિશાની આ છે કે (તુ તંદુરસ્ત હોવા છતાં) લાગ લગાટ ત્રણ રાત્રિ (દિવસ) લોકો સાથે વાતચીત કરી શકશે નહિ.

فَخَرَجَ عَلٰی قَوۡمِهٖ مِنَ الۡمِحۡرَابِ فَاَوۡحٰۤی اِلَیۡهِمۡ اَنۡ سَبِّحُوۡا بُكۡرَةً وَّعَشِیًّا ﴿۱۱﴾

(૧૧) આથી (ઝકરીયા) ઇબાદતગાહમાંથી નીકળી પોતાની કોમ પાસે આવ્યા અને ઇશારાથી તેમને કહ્યું કે તમે સવાર-સાંજ (અલ્લાહનીજ) તસ્બીહ પઢ્યા કરો.

يٰيَحْيٰى خُذِ الْكِتٰبَ بِقُوَّةٍ ؕ وَاٰتَيْنٰهُ الْحُكْمَ صَبِيًّا ۙ﴿۱۲﴾

(૧૨) (સારાંશ કે યાહ્યા પયદા થયો અને અમોએ તેને હુકમ આપ્યો કે) અય યાહ્યા! (આ) કિતાબ (તવરેત)ને દ્રઢતાથી પકડી રાખ, અને અમોએ તેને બાલ્યા- વસ્થામાંથી જ ડહાપણ (નબુવ્વત) અર્પણ કર્યું હતું.

وَّحَنَانًا مِّنْ لَّدُنَّا وَزَكٰوةً ؕ وَكَانَ تَقِيًّا ۙ﴿۱۳﴾

(૧૩) અને અમારા તરફના પ્રેમ તથા પવિત્રતા પણ, અને તે પરહેઝગાર હતો.

وَّبَرًّۢا بِوَالِدَيۡهِ وَلَمۡ يَكُنۡ جَبَّارًا عَصِيًّا ﴿١٤﴾

(૧૪) અને પોતાના માત-પિતાની સેવા કરનારો હતો. અને શિરજોર કે નાફરમાન ન હતો.

وَسَلٰمٌ عَلَيۡهِ يَوۡمَ وُلِدَ وَيَوۡمَ يَمُوۡتُ وَيَوۡمَ يُبۡعَثُ حَيًّا ﴿١٥﴾

(૧૫) અને તેના પર સલામ તે દિવસે થાય કે જે દિવસે તે જનમ્યો, અને તે દિવસે પણ કે જ્યારે તે મરણ પામશે, અને તે દિવસે પણ કે જ્યારે (પુનઃ) સજીવન કરી ઉઠાડવામાં આવશે.

وَاذْكُرْ فِي الْكِتٰبِ مَرْيَمَ ۘ إِذِ انْتَبَذَتْ مِنْ أَهْلِهَا مَكَانًا

شَرْقِيًّا ﴿١٦﴾

(૧૬) અને આ કિતાબમાંથી મરયમનું વર્ણન બયાન કર, જ્યારે તેણી પોતાના કુટુંબીઓથી વિખુટી પડી પૂર્વ બાજુના એક મકાનમાં ચાલી ગઇ.

فَاتَّخَذَتْ مِنْ دُوْنِهِمْ حِجَابًا ۖ فَأَرْسَلْنَا إِلَيْهَا رُوْحَنَا فَتَمَثَّلَ

لَهَا بَشَرًا سَوِيًّا ﴿١٧﴾

(૧૭) અને તેમનાથી પડદો કરી લીધો, પછી તેના તરફ અમારી રૂહ (જિબ્રઇલ)ને મોકલ્યો અને તે

તે(મરયમ)ના માટે સંપૂર્ણ મનુષ્ય સ્વરૂપ બની (ઉભો રહી) ગયો.

قَالَتْ اِنِّیْۤ اَعُوْذُ بِالرَّحْمٰنِ مِنْكَ اِنْ كُنْتَ تَقِیًّا ﴿۱۸﴾

(૧૮) (તેને જોઇ મરિયમે) કહ્યું કે જો તું પરહેઝગાર છે તો હું ખરેખરજ તારાથી દયાળુ અલ્લાહની પનાહ માગું છું.

قَالَ اِنَّمَاۤ اَنَا رَسُوْلُ رَبِّكِ ۖۗ لِاَهَبَ لَكِ غُلٰمًا زَكِیًّا ﴿۱۹﴾

(૧૯) (જિબ્રઇલે) કહ્યું કે હું માત્ર તારા પરવરદિગારનો મોકલેલો (ફરિશ્તો) છું, (અને એ માટે મોકલવામાં આવ્યો છું) કે તને એક પવિત્ર પુત્ર આપું.

قَالَتْ اَنّٰى يَكُوْنُ لِىْ غُلٰمٌ وَّلَمْ يَمْسَسْنِىْ بَشَرٌ وَّلَمْ اَكُ بَغِيًّا ﴿٢٠﴾

(૨૦) (મરયમે) કહ્યું કે મને પુત્ર ક્યાંથી થાય જ્યારે કે મને કોઇ પુરૂષ અડક્યો પણ નથી અને ન હું બદકાર છું.

قَالَ كَذٰلِكِ ۚ قَالَ رَبُّكِ هُوَ عَلَىَّ هَيِّنٌ ۚ وَلِنَجْعَلَهٗۤ اٰيَةً لِّلنَّاسِ

وَرَحْمَةً مِّنَّا ۚ وَكَانَ اَمْرًا مَّقْضِيًّا ﴿٢١﴾

(૨૧) (જિબ્રઇલે) કહ્યું, એમ જ થશે, તારા પરવરદિગારે ફરમાવ્યું કે તે (કાર્ય અર્થાત બાપ વિના બાળકનું પયદા કરવું) મારા માટે આસાન છે, અને (એમ કરવાનો) હેતુ એ છે કે અમે તેને (સર્વે) લોકો માટે અમારા તરફની એક નિશાની અને

રહેમત (નું કારણ) બનાવીએ, અને આ બીના (પ્રથમથી જ) નક્કી થઇ ચૂકી છે.

فَحَمَلَتۡهُ فَانۡتَبَذَتۡ بِهٖ مَكَانًا قَصِيًّا ﴿٢٢﴾

(૨૨) પછી તેણીને તે (ઇસા)નો ગર્ભ રહ્યો ત્યારે પોતાના એ (ગર્ભ) સાથે એક દુરના ઘરમાં ચાલી ગઇ.

فَاَجَآءَهَا الۡمَخَاضُ اِلٰى جِذۡعِ النَّخۡلَةِ‌ ۚ قَالَتۡ يٰلَيۡتَنِىۡ مِتُّ قَبۡلَ هٰذَا وَكُنۡتُ نَسۡيًا مَّنۡسِيًّا ﴿٢٣﴾

(૨૩) પછી પ્રસૂતિની વેદના તેણીને એક ખજૂરીના વૃક્ષના મૂળમાં લઇ આવી, (ત્યારે) તેણી કહેવા

લાગી કે કેવું સારૂં થાત કે હું આ પહેલાં જ મરી ગઇ હોત અને ભૂલાઇ વીસરાઇ ગઇ હોત!

فَنَادٰىهَا مِنۡ تَحۡتِهَاۤ اَلَّا تَحۡزَنِىۡ قَدۡ جَعَلَ رَبُّكِ تَحۡتَكِ سَرِيًّا ﴿۲۴﴾

(૨૪) પછી તેની હેઠળથી તે (બાળકે) તેણીને પોકારી કહ્યું કે ઉદાસ ન થા, ખરેખર જ તારા પરવરદિગારે તારા પગ તળે એક ઝરણું વહાવી દીધું છે.

وَهُزِّىۡۤ اِلَيۡكِ بِجِذۡعِ النَّخۡلَةِ تُسٰقِطۡ عَلَيۡكِ رُطَبًا جَنِيًّا ﴿۲۵﴾

(૨૫) અને આ ખજૂરના થડને તારી તરફ હલાવ (જેથી) તાજી પાકેલી ખજૂરો તારા પર ખરી પડશે.

فَكُلِىۡ وَاشۡرَبِىۡ وَقَرِّىۡ عَيۡنًا ۚ فَاِمَّا تَرَيِنَّ مِنَ الۡبَشَرِ اَحَدًا ۙ
فَقُوۡلِىۡۤ اِنِّىۡ نَذَرۡتُ لِلرَّحۡمٰنِ صَوۡمًا فَلَنۡ اُكَلِّمَ الۡيَوۡمَ اِنۡسِيًّا ﴿۲۶﴾

(૨૬) પછી (તે ખજૂરો) ખા અને (આ ઝરણાનું પાણી) પી અને (બાળકને જોઇ) આંખો ટાઢી કર. પછી જો કોઇ માણસ તારી નજરે પડી જાય (અને તે તને કાંઇ પૂછે) તો (તેને ઇશારાથી) કહી દેજે કે મેં દયાળુ અલ્લાહ માટે (મૌન રહેવાનો) રોઝો રાખ્યો છે, જેથી હું આજે કોઇ માણસ સાથે વાત નહિ કરૂં.

فَاَتَتْ بِهٖ قَوْمَهَا تَحْمِلُهٗ ؕ قَالُوْا يٰمَرْيَمُ لَقَدْ جِئْتِ شَيْـًٔا فَرِيًّا ﴿٢٧﴾

(૨૭) (પછી) તેણી તે બાળકને લઇ પોતાની કોમ પાસે આવી. (જેને જોઇ) તેઓ બોલ્યા કે અય મરયમ! આ તો તેં ખરેજ અણછાજતું કાર્ય કર્યું છે.

يَاُخْتَ هٰرُوْنَ مَا كَانَ اَبُوْكِ امْرَاَ سَوْءٍ وَّمَا كَانَتْ اُمُّكِ

بَغِيًّا ﴿٢٨﴾

(૨૮) અય હારૂનની બહેન! ન તારો બાપ કોઇ બૂરો માણસ હતો અને ન તારી મા બદકાર હતી (છતાં તેં આ શું કર્યું?)

فَاَشَارَتْ اِلَيْهِ ؕ قَالُوْا كَيْفَ نُكَلِّمُ مَنْ كَانَ فِي الْمَهْدِ

صَبِيًّا ﴿٢٩﴾

(૨૯) આથી તેણીએ તે (બાળક)ની તરફ ઇશારો કર્યો અને કહ્યું કે જે પૂછવું હોય તે આને પૂછો, જેથી તેઓ બોલ્યા કે પારણામાં બાળક હોય તેની સાથે અમે કેવી રીતે વાત કરીએ?

قَالَ اِنِّیۡ عَبۡدُ اللّٰہِ ۟ؕ اٰتٰنِیَ الۡکِتٰبَ وَ جَعَلَنِیۡ نَبِیًّا ﴿ۙ۳۰﴾

(30) (તેટલામાં અલ્લાહના હુકમથી) તે (બાળક) બોલી ઉઠ્યો કે નિસંશય હું અલ્લાહનો એક બંદો છું, તેણે મને આ (ઇન્જીલ) કિતાબ અર્પણ કરી છે અને મને એક નબી બનાવ્યો છે.

وَّ جَعَلَنِیۡ مُبٰرَکًا اَیۡنَ مَا کُنۡتُ ۪ وَ اَوۡصٰنِیۡ بِالصَّلٰوۃِ وَ الزَّکٰوۃِ مَا دُمۡتُ حَیًّا ﴿۪ۖ۳۱﴾

(૩૧) અને જ્યાં પણ હું હોઉં મને બરકતવાળો બનાવ્યો છે, અને જ્યાં સુધી હું જીવતો રહું ત્યાં સુધી મને નમાઝ (અદા કરવા)નો તથા ઝકાત (આપતા રહેવા)નો હુકમ કર્યો છે.

وَّبَرًّا بِوَالِدَتِيْ ۫ وَلَمْ يَجْعَلْنِيْ جَبَّارًا شَقِيًّا ﴿٣٢﴾

(૩૨) અને મને મારી માની સેવા કરનાર બનાવ્યો છે અને મને શિરજોર અને કમનસીબ બનાવ્યો નથી.

وَالسَّلٰمُ عَلَيَّ يَوْمَ وُلِدْتُّ وَيَوْمَ اَمُوْتُ وَيَوْمَ اُبْعَثُ حَيًّا ﴿٣٣﴾

(૩૩) અને મારા પર સલામ છે તે દિવસે કે જે દિવસે હું જનમ્યો, અને તે દિવસે પણ હશે કે જે દિવસે હું મરણ પામીશ અને તે દિવસે પણ કે જે દિવસે (પાછો) સજીવન કરી ઉઠાડવામાં આવીશ.

ذٰلِكَ عِيْسَى ابْنُ مَرْيَمَ ۚ قَوْلَ الْحَقِّ الَّذِيْ فِيْهِ يَمْتَرُوْنَ ﴿٣٤﴾

(૩૪) એવો હતો મરયમનો પુત્ર ઇસા, (તેની) આ ખરી હકીકત છે કે જેના સંબંધમાં આ લોકો મતભેદ કરે છે.

مَا كَانَ لِلّٰهِ اَنْ يَّتَّخِذَ مِنْ وَّلَدٍ ۙ سُبْحٰنَهٗ ؕ اِذَا قَضٰۤى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ؕ﴿۳۵﴾

(૩૫) અલ્લાહના માટે લાયક નથી કે તે કોઇને પુત્ર બનાવી લે, (બલ્કે) તેની જાત પાક છે, (તેની શાન એ છે કે) જ્યારે તે કોઇ વાતનો નિશ્ચય કરે છે તો સિવાય તેના નથી કે તે તેના સંબંધમાં ફરમાવે છે કે "થા," અને તે તરત જ થઇ જાય છે.

وَاِنَّ اللّٰهَ رَبِّىْ وَرَبُّكُمْ فَاعْبُدُوْهُ ؕ هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿۳۶﴾

(૩૬) અને (ઇસાએ પોતાની કોમને ફરમાવ્યું કે) બેશક અલ્લાહ મારો પરવરદિગાર છે અને તમારો પણ પરવરદિગાર છે, માટે તમે તેનીજ ઇબાદત કરો; એજ સીધો માર્ગ છે.

فَاخْتَلَفَ الْاَحْزَابُ مِنْۢ بَيْنِهِمْ ۚ فَوَيْلٌ لِّلَّذِيْنَ كَفَرُوْا مِنْ
مَّشْهَدِ يَوْمٍ عَظِيْمٍ ﴿٣٧﴾

(૩૭) પછી તેઓ માંના કેટલાક પક્ષોએ અંદરોઅંદર મતભેદ કર્યો, જેથી ખરાબી છે તે લોકો માટે કે જેઓ મહાન દિવસે હાજર થવાનો ઇન્કાર કરે છે.

اَسۡمِعۡ بِهِمۡ وَاَبۡصِرۡ ۙ یَوۡمَ یَاۡتُوۡنَنَا لٰکِنِ الظّٰلِمُوۡنَ الۡیَوۡمَ فِیۡ
ضَلٰلٍ مُّبِیۡنٍ ﴿۳۸﴾

(૩૮) જે દિવસે તેઓ અમારી હજૂરમાં આવશે તે દિવસે તેઓ કેવા સ્પષ્ટ સાંભળી શકનારા અને કેવું ખુલ્લું જોય શકનારા હશે! પરંતુ આજે તો તે ઝુલમગારો ખુલ્લી ગુમરાહીમાં છે.

وَاَنۡذِرۡهُمۡ یَوۡمَ الۡحَسۡرَۃِ اِذۡ قُضِیَ الۡاَمۡرُ ۘ وَهُمۡ فِیۡ غَفۡلَۃٍ وَّهُمۡ
لَا یُؤۡمِنُوۡنَ ﴿۳۹﴾

(૩૯) અને (અય રસૂલ!) તેમને તે ખેદકારક દિવસથી ડરાવ, જ્યારે કે સઘળો મામલો આટોપી

નાખવામાં આવશે; જો કે (હમણાં) તેઓ ગફલતમાં છે અને તેઓ ઇમાન લાવતા નથી.

إِنَّا نَحْنُ نَرِثُ الْأَرْضَ وَمَنْ عَلَيْهَا وَإِلَيْنَا يُرْجَعُونَ ﴿٤٠﴾

(૪૦) બેશક અમેજ જમીનના અને જેઓ તેના પર (વસે) છે તેમના વારસ થઇશું, અને અમારી તરફ જ તેમને પાછા ફેરવવામાં આવશે.

وَاذْكُرْ فِي الْكِتَابِ إِبْرَاهِيمَ ۚ إِنَّهُ كَانَ صِدِّيقًا نَبِيًّا ﴿٤١﴾

(૪૧) અને (અય રસૂલ!) આ કિતાબમાંથી ઇબ્રાહીમનું વર્ણન બયાન કર; નિસંશય તે એક સત્યપ્રિય નબી હતો.

اِذۡ قَالَ لِاَبِيۡهِ يٰۤاَبَتِ لِمَ تَعۡبُدُ مَا لَا يَسۡمَعُ وَلَا يُبۡصِرُ وَلَا يُغۡنِىۡ
عَنۡكَ شَيۡـًٔا ﴿۴۲﴾

(૪૨) (તે સમયને યાદ કરો) જ્યારે તેણે પોતાના (પાલક) પિતા (આઝર)ને કહ્યું કે અય મારા પિતા! તું એવાઓને શા માટે પૂજે છે કે જેઓ ન કાંઇ સાંભળે છે અને ન કાંઇ જુએ છે અને ન તારા કોઇ કામમાં આવે છે.

يٰۤاَبَتِ اِنِّىۡ قَدۡ جَآءَنِىۡ مِنَ الۡعِلۡمِ مَا لَمۡ يَاۡتِكَ فَاتَّبِعۡنِىۤ اَهۡدِكَ
صِرَاطًا سَوِيًّا ﴿۴۳﴾

(૪૩) અય મારા (પાલક) પિતા! ખરેજ મને તે જ્ઞાન મળ્યું છે જે તને નથી મળ્યું, માટે તું મને

અનુસર, હું તને (દીને ઇસ્લામનો) સાચો માર્ગ દેખાડી દઇશ.

يَٰٓأَبَتِ لَا تَعۡبُدِ ٱلشَّيۡطَٰنَۖ إِنَّ ٱلشَّيۡطَٰنَ كَانَ لِلرَّحۡمَٰنِ عَصِيّٗا ﴿٤٤﴾

(૪૪) અય મારા (પાલક) પિતા! તું શેતાનનો બંદો ન બન, બેશક શેતાને દયાળુ અલ્લાહની નાફરમાની કરી છે.

يَٰٓأَبَتِ إِنِّيٓ أَخَافُ أَن يَمَسَّكَ عَذَابٞ مِّنَ ٱلرَّحۡمَٰنِ فَتَكُونَ لِلشَّيۡطَٰنِ وَلِيّٗا ﴿٤٥﴾

(૪૫) અય મારા (પાલક) પિતા! મને ખરેખરજ એવો ભય છે કે તને દયાળુ અલ્લાહ તરફથી (એક

એવો) અઝાબ પહોંચે કે જેથી તું શેતાનનો સાથી બની જાય.

قَالَ اَرَاغِبٌ اَنْتَ عَنْ اٰلِهَتِیْ یٰۤاِبْرٰهِیْمُ ۚ لَىِٕنْ لَّمْ تَنْتَهِ لَاَرْجُمَنَّكَ وَاهْجُرْنِیْ مَلِیًّا ﴿۴۶﴾

(૪૬) (આથી આઝરે ક્રોધે ભરાઇ) કહ્યું, અય ઇબ્રાહીમ! શું તું મારા ખુદાઓથી ફરી ગયો છે? જો તું નહિ અટકે તો હું તને પત્થરો મારી જરૂર મારી નાખીશ, અને એક ચોક્કસ સમય માટે મારાથી જુદો થઇ જા.

قَالَ سَلٰمٌ عَلَیْكَ ۚ سَاَسْتَغْفِرُ لَكَ رَبِّیْ ؕ اِنَّهٗ كَانَ بِیْ حَفِیًّا ﴿۴۷﴾

(૪૭) (ઇબ્રાહીમે) ફરમાવ્યું (લ્યો આ ચાલ્યો) તારા પર મારા સલામ હોજો, નજીકમાં જ હું મારા પરવરદિગાર પાસે તારા ગુનાહોની માફી માંગીશ; બેશક તે મારા પર હદ ઉપરાંતનો માયાળુ છે.

وَاَعۡتَزِلُكُمۡ وَمَا تَدۡعُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ وَاَدۡعُوۡا رَبِّىۡ ‌ۖ عَسٰۤى اَلَّاۤ

اَكُوۡنَ بِدُعَآءِ رَبِّىۡ شَقِيًّا ﴿۴۸﴾

(૪૮) હું તમારો અને જેને જેને તમે અલ્લાહ સિવાય પોકારો છો તેમનો ત્યાગ કરૂં છું અને મારા ખુદાને જ પોકારતો રહીશ, આશા છે કે હું મારા ખુદા પાસે દુઆ કરવામાં હતભાગી રહીશ નહિ.

فَلَمَّا اعۡتَزَلَهُمۡ وَمَا يَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ ۙ وَهَبۡنَا لَهٗۤ اِسۡحٰقَ
وَيَعۡقُوۡبَ ؕ وَكُلًّا جَعَلۡنَا نَبِيًّا ﴿۴۹﴾

(૪૯) પછી જ્યારે તેણે તેમનો અને જે જે વસ્તુઓને તેઓ અલ્લાહના સિવાય પૂજતા હતા તેમનો ત્યાગ કર્યો ત્યારે અમોએ તેને ઇસ્હાક તથા યાકૂબ (જેવા સદાચારી પુત્રો) આપીને દરેકને નબી બનાવ્યા.

وَوَهَبۡنَا لَهُمۡ مِّنۡ رَّحۡمَتِنَا وَجَعَلۡنَا لَهُمۡ لِسَانَ صِدۡقٍ عَلِيًّا ﴿۵۰﴾

(૫૦) તેઓ સર્વેનો અમોએ અમારી રહેમતમાંથી ભાગ આપ્યો, અને તેઓ સર્વેનો અમોએ (તેમની

પાછળ આવનારાઓમાં) ઉચ્ચ પ્રકારની સદવાણીને પાત્ર બનાવ્યા.

وَاذْكُرْ فِي الْكِتٰبِ مُوْسٰٓى ۫ اِنَّهٗ كَانَ مُخْلَصًا وَّكَانَ رَسُوْلًا نَّبِيًّا ﴿۵۱﴾

(૫૧) અને (અય રસૂલ!) આ કિતાબમાંથી મૂસાનું વર્ણન કર; બેશક તે નિર્મળ કરેલા મન વાળો અને મોકલેલો એક નબી હતો.

وَنَادَيْنٰهُ مِنْ جَانِبِ الطُّوْرِ الْاَيْمَنِ وَقَرَّبْنٰهُ نَجِيًّا ﴿۵۲﴾

(૫૨) અને તેને અમોએ તૂર (સીના પર્વત)ની જમણી બાજુથી સાદ કર્યો, અને અમે રહસ્યની વાતો કરવા માટે તેને વધુ નજદીક લાવ્યા.

وَوَهَبۡنَا لَهٗ مِنۡ رَّحۡمَتِنَاۤ اَخَاهُ هٰرُوۡنَ نَبِيًّا ﴿٥٣﴾

(૫૩) અને અમોએ અમારી કૃપાથી તેના ભાઇ હારૂનને (પણ એક) નબી બનાવી તેને (એક મદદનીશ) આપ્યો.

وَاذۡكُرۡ فِى الۡكِتٰبِ اِسۡمٰعِيۡلَ ۚ اِنَّهٗ كَانَ صَادِقَ الۡوَعۡدِ وَكَانَ رَسُوۡلًا نَّبِيًّا ۚ﴿٥٤﴾

(૫૪) અને (અય રસૂલ!) આ કિતાબમાંથી ઇસ્માઇલનું વર્ણન બયાન કર; નિસંશય તે વાયદાને પાળનાર અને રસૂલ (તથા) નબી હતો.

وَكَانَ يَاۡمُرُ اَهۡلَهٗ بِالصَّلٰوةِ وَالزَّكٰوةِ ۖ وَكَانَ عِنۡدَ رَبِّهٖ مَرۡضِيًّا ﴿٥٥﴾

(૫૫) અને તે પોતાના કુટુંબીઓને નમાઝ પઢવાનો તથા ઝકાત આપવાનો હુકમ કર્યા કરતો હતો, અને તે પોતાના પરવરદિગાર પાસે અતિ પસંદ થએલો હતો.

وَاذْكُرْ فِي الْكِتٰبِ اِدْرِيْسَ ۫ اِنَّهٗ كَانَ صِدِّيْقًا نَّبِيًّا ﴿٥٦﴾ۙ

(૫૬) અને આ કિતાબમાંથી ઇદરીસનું વર્ણન બયાન કર; બેશક તે એક સત્યવાદી નબી હતો.

وَّرَفَعْنٰهُ مَكَانًا عَلِيًّا ﴿٥٧﴾

(૫૭) અને અમે તેને (જમીન પરથી) ઉંચકી ઉચ્ચ સ્થાને (આકાશ પર) લઇ ગયા.

أُولَٰٓئِكَ الَّذِينَ أَنْعَمَ اللّٰهُ عَلَيْهِم مِّنَ النَّبِيِّينَ مِن ذُرِّيَّةِ اٰدَمَ ق
وَمِمَّنْ حَمَلْنَا مَعَ نُوحٍ ز وَّمِن ذُرِّيَّةِ اِبْرٰهِيمَ وَاِسْرَاۤءِيلَ ز وَمِمَّنْ
هَدَيْنَا وَاجْتَبَيْنَا ط اِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُ الرَّحْمٰنِ خَرُّوا
سُجَّدًا وَّبُكِيًّا ۩ ٥٨ السجدة

(૫૮) (અય રસૂલ!) આ જ તે લોકો છે કે જેમના પર અલ્લાહે પોતાની બક્ષિશ કરી હતી કે જેઓ આદમના વંશજો માંના પયગમ્બરો હતા, તેમ નૂહની સાથે જેમને અમોએ હોડીમાં સવાર કરી દીધા હતા તેમના વંશજોમાંથી પણ હતા, અને (વળી) કેટલાક ઇબ્રાહીમ (અ.સ.) તથા યાકૂબ (અ.સ.)ની ઓલાદમાંથી પણ, અને કેટલાક

તેઓમાંથી કે જેમને અમોએ સન્માર્ગ દેખાડ્યો અને ચૂંટી કાઢ્યા; (તે એવા લોકો હતા કે) જ્યારે પણ તેમની સામે અલ્લાહની આયતો પઢવામાં આવતી ત્યારે તેઓ સિજદામાં પડી જતા અને રૂદન કરતા હતા.

فَخَلَفَ مِنۢ بَعۡدِهِمۡ خَلۡفٌ اَضَاعُوا الصَّلٰوةَ وَاتَّبَعُوا الشَّهَوٰتِ فَسَوۡفَ يَلۡقَوۡنَ غَيًّا ﴿۵۹﴾

(૫૯) પછી તેમના બાદ એવા (ક)પુત પેદા થયા કે જેમણે નમાઝ પણ ગુમાવી દીધી અને વિષય વાસનાઓની પાછળ પડી ગયા, પણ આગળ જતાં તેઓ ગુમરાહી (નો બદલો) મેળવશે.

إِلَّا مَنْ تَابَ وَاٰمَنَ وَعَمِلَ صَالِحًا فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ وَلَا يُظْلَمُوْنَ شَيْـًٔا ﴿٦٠﴾

(૬૦) સિવાય તેમના કે જેઓ તૌબા કરી લે તથા ઇમાન લાવે તથા સત્કાર્યો કરે, તો એજ લોકો જન્નતમાં દાખલ થશે, અને તેમના પર સહેજ પણ ઝુલ્મ કરવામાં નહિ આવે.

جَنّٰتِ عَدْنِ ِالَّتِىْ وَعَدَ الرَّحْمٰنُ عِبَادَهٗ بِالْغَيْبِ ؕ اِنَّهٗ كَانَ وَعْدُهٗ مَاْتِيًّا ﴿٦١﴾

(૬૧) હંમેશ રહેનારા બગીચાઓમાં કે જેનો વાયદો દયાળુ અલ્લાહે પોતાના બંદાઓથી દેખાડ્યા વિના

કરી લીધો છે; નિસંશય તેનો વાયદો પૂરો થઇને જ રહેનાર છે.

لَا يَسْمَعُوْنَ فِيْهَا لَغْوًا اِلَّا سَلٰمًا ؕ وَلَهُمْ رِزْقُهُمْ فِيْهَا بُكْرَةً وَّعَشِيًّا ﴿٦٢﴾

(૬૨) તેમાં તેઓ "સલામ" સિવાય કોઇજ વ્યર્થ વાત સાંભળશે નહિ; અને તે (બગીચાઓ)માં તેમની રોઝી તેમના માટે સવાર સાંજ મળતી રહેશે.

تِلْكَ الْجَنَّةُ الَّتِيْ نُوْرِثُ مِنْ عِبَادِنَا مَنْ كَانَ تَقِيًّا ﴿٦٣﴾

(૬૩) આ જન્નત એજ છે કે જેમના વારીસ અને અમારા બંદાઓમાંથી તેમને કરી દઇએ છીએ કે જેઓ પરહેઝગાર હોય છે.

وَمَا نَتَنَزَّلُ اِلَّا بِاَمۡرِ رَبِّكَ ۚ لَهٗ مَا بَيۡنَ اَيۡدِيۡنَا وَمَا خَلۡفَنَا
وَمَا بَيۡنَ ذٰلِكَ ۚ وَمَا كَانَ رَبُّكَ نَسِيًّا ۚ﴿۶۴﴾

(૬૪) અને (અય રસૂલ! ફરિશ્તાઓ કહે છે કે) અમે તારા પરવરદિગારની આજ્ઞા વિના ઉતરતા નથી; અમારી સામે જે કાંઇ છે અને જે કાંઇ અમારી પાછળ છે અને તે બન્નેની વચ્ચે જે કાંઇ છે તે સઘળું તેનુંજ છે, અને તારો પરવરદિગાર (સહેજ પણ) ભૂલી જાય તેવો નથી.

رَبُّ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَمَا بَيۡنَهُمَا فَاعۡبُدۡهُ وَاصۡطَبِرۡ
لِعِبَادَتِهٖ ؕ هَلۡ تَعۡلَمُ لَهٗ سَمِيًّا ؑ﴿۶۵﴾

(૬૫) તે આસમાનો તથા પૃથ્વીનો અને જે કાંઇ તેમની વચ્ચે છે તે (સઘળા)નો પરવરદિગાર છે, માટે તું તેનીજ ઇબાદત કર અને તેની ઇબાદતનો શ્રમ વેઠી લે; શું તું કોઇ બીજાને તેની બરોબરનો જાણે છે?

وَيَقُوۡلُ الۡاِنۡسَانُ ءَاِذَا مَا مِتُّ لَسَوۡفَ اُخۡرَجُ حَيًّا ﴿۶۶﴾

(૬૬) અને માણસ કહે છે કે જ્યારે હું મરી જઇશ ત્યારે ખરેજ શું (પાછો) જીવતો કરી કાઢવામાં આવીશ?

اَوَلَا يَذۡكُرُ الۡاِنۡسَانُ اَنَّا خَلَقۡنٰهُ مِنۡ قَبۡلُ وَلَمۡ يَكُ شَيۡـًٔا ﴿٦٧﴾

(૬૭) શું માણસને આ યાદ નથી કે અમોએ તેને પહેલાં પેદા કર્યો હતો કે જ્યારે ખરૂં જોતાં તે કાંઇ વસ્તુજ ન હતો?

فَوَرَبِّكَ لَنَحۡشُرَنَّهُمۡ وَالشَّيٰطِيۡنَ ثُمَّ لَنُحۡضِرَنَّهُمۡ حَوۡلَ جَهَنَّمَ جِثِيًّا ﴿٦٨﴾

(૬૮) માટે તારા પરવરદિગારની કસમ! અમે તેમને તથા શેતાનોને ખરેખરજ એક જગ્યાએ ભેગાં કરી લઇશું, પછી ખરેખર જ અમે તેમને જહન્નમની આસપાસ ગોંઠણિયે પડેલા હાજર કરીશું.

ثُمَّ لَنَنْزِعَنَّ مِنْ كُلِّ شِيْعَةٍ اَيُّهُمْ اَشَدُّ عَلَى الرَّحْمٰنِ عِتِيًّا ﴿٦٩﴾

(૬૯) પછી અમે દરેક ટોળામાંથી તે લોકો કે જેઓ દયાળુ અલ્લાહની વિરૂદ્ધ ઘણા અકડીને ચાલતા હતા તેમને અવશ્ય જુદા કરી દઇશું.

ثُمَّ لَنَحْنُ اَعْلَمُ بِالَّذِيْنَ هُمْ اَوْلٰى بِهَا صِلِيًّا ﴿٧٠﴾

(૭૦) પછી જેઓ જહન્નમમાં બળવા માટે વધારે પાત્ર છે તેમનાથી અમે સારી રીતે વાકેફ છીએ.

وَاِنْ مِّنْكُمْ اِلَّا وَارِدُهَا ۚ كَانَ عَلٰى رَبِّكَ حَتْمًا مَّقْضِيًّا ﴿٧١﴾

(૭૧) અને તમારામાંથી એક પણ એવો નથી કે જે તે (જહન્નમ)ના કાંઠે નહિ પહોંચે; (અને) આ તો તારા પરવરદિગારે કરેલો છેવટનો નિર્ણય છે.

ثُمَّ نُنَجِّى الَّذِيْنَ اتَّقَوْا وَّنَذَرُ الظّٰلِمِيْنَ فِيْهَا جِثِيًّا ﴿٧٢﴾

(૭૨) પછી જેઓ પરહેઝગાર રહેશે તેમને તો અમે મુક્તિ આપીશું, અને ઝાલિમોને તેમાંજ ગોંઠણભર પડેલા છોડી દઇશું.

وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْٓا ۙ اَيُّ الْفَرِيْقَيْنِ خَيْرٌ مَّقَامًا وَّاَحْسَنُ نَدِيًّا ﴿٧٣﴾

(૭૩) અને જ્યારે અમારી સ્પષ્ટ આયતો તેમની સમક્ષ પઢવામાં આવે છે ત્યારે ઇમાન નહિ લાવનારાઓ મોઅમીનોને પૂછે છે કે બન્ને પક્ષોમાંથી દરજ્જામાં કોણ બેહતર છે અને સમાજમાં કોણ બહેતર છે.

وَكَمْ اَهْلَكْنَا قَبْلَهُمْ مِّنْ قَرْنٍ هُمْ اَحْسَنُ اَثَاثًا وَّرِءْيًا ۝٧٤

(૭૪) અને અમે તેમની પહેલાં કેટલીયે પેઢીઓનો નાશ કરી ચુક્યા છીએ, જેઓ માલમત્તા તથા દેખાવમાં (પણ તેમના કરતાં) ઘણી ચઢીયાતી હતી.

قُلْ مَنْ كَانَ فِي الضَّلٰلَةِ فَلْيَمْدُدْ لَهُ الرَّحْمٰنُ مَدًّا ۚ حَتّٰٓى اِذَا رَاَوْا مَا يُوْعَدُوْنَ اِمَّا الْعَذَابَ وَاِمَّا السَّاعَةَ ؕ فَسَيَعْلَمُوْنَ مَنْ هُوَ شَرٌّ مَّكَانًا وَّاَضْعَفُ جُنْدًا ۝٧٥

(૭૫) (અય રસૂલ!) તું કહે જે શખ્સ ગુમરાહીમાં પડી રહ્યો હશે તેની મુદ્દત દયાળુ અલ્લાહ લંબાવતો રહે છે, અહીં સુધી કે જ્યારે તેમને જે

(વસ્તુ)થી ડરાવવામાં આવ્યા હતા તે અઝાબ અથવા (કયામતની) ઘડી તેઓ (સાક્ષાત) જોઇ લેશે; પછી નજીકમાંજ તેઓ જાણી લેશે કે કોની દશા વધુ ખરાબ અને કોનું ટોળું વધારે નબળું છે.

وَيَزِيْدُ اللّٰهُ الَّذِيْنَ اهْتَدَوْا هُدًى ؕ وَالْبٰقِيٰتُ الصّٰلِحٰتُ خَيْرٌ عِنْدَ رَبِّكَ ثَوَابًا وَّخَيْرٌ مَّرَدًّا ۞٧٦

(૭૬) અને જેમણે હિદાયત મેળવી છે તેમની હિદાયતને અલ્લાહ વધુ વધારતો જાય છે; અને હંમેશ કાયમ રહેનારા સત્કાર્ય તારા પરવરદિગારની પાસે પુણ્યની રૂએ બેહતર છે અને પરિણામની રૂએ પણ.

اَفَرَءَيۡتَ الَّذِىۡ كَفَرَ بِاٰيٰتِنَا وَقَالَ لَاُوۡتَيَنَّ مَالًا وَّوَلَدًا ؕ‏ ﴿۷۷﴾

(૭૭) (અય રસૂલ!) શું તેં તે શખ્સની સ્થિતિ પર વિચાર કર્યો કે જેણે અમારી આયતોનો ઇન્કાર કર્યો અને કહ્યું કે મને (કયામતમાં પણ) અવશ્ય માલ દોલત આપવામાં આવશે અને ઓલાદ પણ?

اَطَّلَعَ الۡغَيۡبَ اَمِ اتَّخَذَ عِنۡدَ الرَّحۡمٰنِ عَهۡدًا ۙ‏ ﴿۷۸﴾

(૭૮) શું તેને ગેબની ખબર મળી ગઇ છે કે કૃપાળુ અલ્લાહ પાસેથી કોઇ વચન લઇ લીધું છે?

كَلَّا ؕ سَنَكۡتُبُ مَا يَقُوۡلُ وَنَمُدُّ لَهٗ مِنَ الۡعَذَابِ مَدًّا ۙ‏ ﴿۷۹﴾

(૭૯) હરગિજ તેમ નહિ થાય; તે જે કાંઇ બોલે છે તે અમે લખી લઇએ છીએ, અને તેની શિક્ષા (ની મુદ્દત પણ) લંબાવી દઇશું.

وَّنَرِثُهٗ مَا يَقُوۡلُ وَيَاۡتِيۡنَا فَرۡدًا ۝٨٠

(૮૦) અને જે વસ્તુઓ (ના સંબંધ)માં તેઓ જે કાંઇ કહે છે અમે તેના વારસ થઇ જઇશું અને (કયામતના દિવસે) તે એકલો જ અમારી પાસે આવશે.

وَاتَّخَذُوۡا مِنۡ دُوۡنِ اللّٰهِ اٰلِهَةً لِّيَكُوۡنُوۡا لَهُمۡ عِزًّا ۝٨١

(૮૧) અને તે લોકોએ અલ્લાહને ત્યજી દઇ ઘણા ખુદા બનાવી લીધા છે કે તેઓ તેમના માટે બાહુબળ બને;

كَلَّا ؕ سَيَكۡفُرُوۡنَ بِعِبَادَتِهِمۡ وَيَكُوۡنُوۡنَ عَلَيۡهِمۡ ضِدًّا ﴿۸۲﴾

(૮૨) (પણ) તેમ હરગિજ નહિ થાય, નજીકમાંજ તેઓ તેમની ઇબાદતનો ઇન્કાર કરશે અને તેમનાજ વિરોધી બની જશે.

اَلَمۡ تَرَ اَنَّاۤ اَرۡسَلۡنَا الشَّيٰطِيۡنَ عَلَى الۡكٰفِرِيۡنَ تَؤُزُّهُمۡ اَزًّا ﴿۸۳﴾

(૮3) શું તેં આ નથી જોયું કે અમોએ શેતાનોને નાસ્તિકો પાછળ લગાડી દીધા છે કે જેથી તેઓ તેમને સારી રીતે ઉશ્કેરી ભરમાવ્યા કરે ?

فَلَا تَعۡجَلۡ عَلَيۡهِمۡ ؕ اِنَّمَا نَعُدُّ لَهُمۡ عَدًّا ﴿۸۴﴾

(૮૪) માટે હવે તું તેમના સંબંધમાં (અઝાબની) ઉતાવળ ન કર; અમે માત્ર તેમના માટે (કયામત આવવાના દિવસો) ગણી રહ્યા છીએ.

يَوْمَ نَحْشُرُ الْمُتَّقِيْنَ اِلَى الرَّحْمٰنِ وَفْدًا ﴿٨٥﴾

(૮૫) જે દિવસે અમે પરહેઝગારોને દયાળુ ખુદાની હજૂરમાં અતિથિઓ બનાવવા માટે ભેગા કરીશું.

وَّنَسُوْقُ الْمُجْرِمِيْنَ اِلٰى جَهَنَّمَ وِرْدًا ﴿٨٦﴾

(૮૬) અને ગુનેહગારોને તરસ્યા ઢોરોની જેમ જહન્નમ તરફ હંકારીશું.

لَا يَمْلِكُوْنَ الشَّفَاعَةَ اِلَّا مَنِ اتَّخَذَ عِنْدَ الرَّحْمٰنِ عَهْدًا ﴿٨٧﴾

(૮૭) તેમને શફાઅત કરવા માટેનો કોઇ અધિકાર નહિ હોય, સિવાય કે જેણે દયાળુ ખુદા પાસેથી કોઇ વાયદો (લઇ) લીધો હોય.

وَقَالُوا اتَّخَذَ الرَّحْمٰنُ وَلَدًا ﴿٨٨﴾

(૮૮) અને તેઓ કહે છે કે દયાળુ અલ્લાહે પુત્ર બનાવી લીધો છે.

لَقَدْ جِئْتُمْ شَيْـًٔا اِدًّا ﴿٨٩﴾

(૮૯) (તું કહે કે) ખરેજ એ તો તમે બેહુદી વાત (ઘડી) લાવ્યા છોઃ

تَكَادُ السَّمٰوٰتُ يَتَفَطَّرْنَ مِنْهُ وَتَنْشَقُّ الْاَرْضُ وَتَخِرُّ الْجِبَالُ هَدًّا ﴿٩٠﴾

(૯૦) નજીક છે કે તે (વાત)થી આસમાનો ફાટી પડે, અને પૃથ્વી ચીરાઇ જાય, અને પહાડ તૂટી પડી ટુકડે ટુકડા થઇ જાય.

اَنْ دَعَوْا لِلرَّحْمٰنِ وَلَدًا ﴿٩١﴾

(૯૧) (કારણ) કે તેઓ દયાળુ અલ્લાહ પુત્ર ધરાવે છે એવું આળ મૂકે છે.

وَمَا يَنْۢبَغِيْ لِلرَّحْمٰنِ اَنْ يَّتَّخِذَ وَلَدًا ﴿٩٢﴾

(૯૨) પરંતુ પરમ દયાળુ અલ્લાહને પુત્ર બનાવવાની કાંઇજ જરૂર નથી.

اِنْ كُلُّ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ اِلَّآ اٰتِي الرَّحْمٰنِ عَبْدًا ﴿٩٣﴾

(૯૩) આસમાનો તથા ઝમીનમાં કોઇપણ એવો નથી કે જે દયાળુ ખુદાની હજૂરમાં (નમ્ર) સેવક બની આવશે નહિ.

لَقَدۡ اَحۡصٰىهُمۡ وَعَدَّهُمۡ عَدًّا ﴿٩٤﴾

(૯૪) તેણે તેઓ સર્વેને (પોતાના જ્ઞાન વડે) અવશ્ય ઘેરી રાખ્યા છે, અને તેમને વ્યાજબી રીતે ગણી પણ લીધા છે.

وَكُلُّهُمۡ اٰتِيۡهِ يَوۡمَ الۡقِيٰمَةِ فَرۡدًا ﴿٩٥﴾

(૯૫) અને તે માંનો દરેક કયામતના દિવસે તેની પાસે એકલોજ આવશે.

إِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَيَجْعَلُ لَهُمُ الرَّحْمٰنُ
وُدًّا ﴿٩٦﴾

(૯૬) નિસંશય તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેમના માટે નજીકમાં જ દયાળુ અલ્લાહ (લોકોના મનમાં) પ્રેમ ઉત્પન્ન કરશે.

فَاِنَّمَا يَسَّرْنٰهُ بِلِسَانِكَ لِتُبَشِّرَ بِهِ الْمُتَّقِيْنَ وَتُنْذِرَ بِهٖ قَوْمًا
لُّدًّا ﴿٩٧﴾

(૯૭) માટે સિવાય તેના કાંઇજ નથી કે અમોએ આ (કુરઆન)ને તારી ભાષામાં સહેલું કરી દીધું છે અને (તેમ કરવાનો) હેતુ આ છે કે તું તે દ્વારા

પરહેઝગારોને ખુશખબર સંભળાવે અને તે વડેજ કજીયાળુ લોકોને ડરાવે.

وَكَمْ اَهْلَكْنَا قَبْلَهُمْ مِّنْ قَرْنٍ ۭ هَلْ تُحِسُّ مِنْهُمْ مِّنْ اَحَدٍ اَوْ تَسْمَعُ لَهُمْ رِكْزًا ﴿٩٨﴾

(૯૮) અમોએ તેમની પહેલાં કાંઇ કેટલીયે પેઢીઓનો નાશ કરી નાખ્યો છે. શું તું અત્યારે તેઓમાંથી કોઇ એકને પણ જુએ છે, અથવા તેમની ઘુસપુસ પણ સાંભળે છે ?

طٰهٰ ﴿١﴾

(૧) તા. હા.

مَآ اَنۡزَلۡنَا عَلَيۡكَ الۡقُرۡاٰنَ لِتَشۡقٰٓى ﴿٢﴾

(૨) (અય રસૂલ !) આ કુરઆન અમોએ તારા ઉપર એ માટે ઉતાર્યું નથી કે તું કષ્ટ ભોગવે.

اِلَّا تَذۡكِرَةً لِّمَنۡ يَّخۡشٰى ﴿٣﴾

(૩) બલ્કે એ માટે (ઉતાર્યું છે) કે જે ભય પામે છે તેના માટે બોધ થાય ઃ

تَنۡزِيۡلًا مِّمَّنۡ خَلَقَ الۡاَرۡضَ وَالسَّمٰوٰتِ الۡعُلٰى ﴿٤﴾

(૪) (આ કુરઆન) તેના તરફથી ઉતરેલું છે કે જેણે પૃથ્વી તથા ઊંચા ઊંચા આસમાનો સર્જ્યા છે.

اَلرَّحۡمٰنُ عَلَى الۡعَرۡشِ اسۡتَوٰى ۝٥

(૫) એજ કૃપાળુ (અલ્લાહ)એ અર્શ ઉપર પોતાની સત્તા જમાવી છે.

لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ وَمَا بَيۡنَهُمَا وَمَا تَحۡتَ الثَّرٰى ۝٦

(૬) જે કાંઇ આસમાન તથા ભૂમિમાં છે અને જે કાંઇ તેમની વચ્ચે છે તથા જે કાંઇ પાતાળમાં છે તે (સઘળું) તેનું જ છે.

وَاِنۡ تَجۡهَرۡ بِالۡقَوۡلِ فَاِنَّهٗ يَعۡلَمُ السِّرَّ وَاَخۡفٰى ۝٧

(૭) અને જો તું (કોઇ પણ) વાત મોટા સાદે કહે તો (તેને તારા મોટા સાદે બોલવાની જરૂર નથી, કારણ કે) તે તો ખરેખરજ (અત્યંત) છુપી અને તે કરતાંય ઘણી વધારે છાની (ગુપ્ત વાતો)થી પણ વાકેફ છે.

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ؕ لَهُ الْاَسْمَآءُ الْحُسْنٰى ⑧

(૮) અલ્લાહ એજ છે કે જેના સિવાય કોઇ માઅબૂદ નથી; સર્વે સારાં નામ તેનાજ છે.

وَهَلْ اَتٰىكَ حَدِيْثُ مُوْسٰى ⑨

(૯) અને શું તારી પાસે મૂસાનું વૃતાંત (વર્ણન) આવી પહોંચ્યું છે ?

اِذْ رَاٰ نَارًا فَقَالَ لِاَهْلِهِ امْكُثُوْٓا اِنِّيْٓ اٰنَسْتُ نَارًا لَّعَلِّيْٓ اٰتِيْكُمْ
مِّنْهَا بِقَبَسٍ اَوْ اَجِدُ عَلَى النَّارِ هُدًى ⑩

(૧૦) જે વેળા તેણે એક આગ નિહાળી ત્યારે પોતાના કુટુંબને કહ્યું કે (તમે જરા અહીંજ) થોભો, નિસંશય મેં એક આગ જોઇ છે. કદાચને હું તેમાંથી તમારા માટે એક અંગારો લઇ આવું, અથવા તે આગના પ્રતાપે હું કોઇ માર્ગ મેળવું.

فَلَمَّآ اَتٰـىهَا نُوْدِيَ يٰمُوْسٰى ⑪

(૧૧) આથી જ્યારે તે તે (આગ)ની પાસે આવ્યો ત્યારે તેને (આકાશ) વાણી થઇ કે અય મૂસા !

اِنِّيْٓ اَنَا رَبُّكَ فَاخْلَعْ نَعْلَيْكَ ۚ اِنَّكَ بِالْوَادِ الْمُقَدَّسِ طُوًى ⑫

(૧૨) નિસંશય હું તારો પરવરદિગાર છું, માટે તું તારા જોડા કાઢી નાખ, નિસંશય તું અત્યારે તુવાની પવિત્ર ખીણમાં છે.

وَاَنَا اخۡتَرۡتُكَ فَاسۡتَمِعۡ لِمَا يُوۡحٰى ⑬

(૧૩) અને મેં તને (મારી પયગમ્બરી માટે) પસંદ કરી લીધો છે, માટે જે કાંઇ (તને) વહી કરવામાં આવે છે તે કાન દઇ સાંભળ ः

اِنَّنِىۡۤ اَنَا اللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنَا فَاعۡبُدۡنِىۡ ۙ وَاَقِمِ الصَّلٰوةَ لِذِكۡرِىۡ ⑭

(૧૪) નિસંશય અલ્લાહ હુંજ છું, મારા સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી, માટે તું મારીજ ઇબાદત કર; અને મારી યાદ (કરતા રહેવા) માટે નમાઝ પઢતો રહે.

إِنَّ السَّاعَةَ اٰتِيَةٌ اَكَادُ اُخۡفِيۡهَا لِتُجۡزٰى كُلُّ نَفۡسٍۭ بِمَا تَسۡعٰى ⑮

(૧૫) નિસંશય કયામત આવનાર છે હું તેના (આગમનના) સમયને છુપુ રાખનારો છું કે જેથી દરેક વ્યક્તિને તેના પ્રયત્ન મુજબ (સારો યા નરસો) બદલો આપવામાં આવે.

فَلَا يَصُدَّنَّكَ عَنۡهَا مَنۡ لَّا يُؤۡمِنُ بِهَا وَاتَّبَعَ هَوٰٮهُ فَتَرۡدٰى ⑯

(૧૬) માટે એમ ન થાય કે જે માણસ કયામત પર વિશ્વાસ નથી રાખતો અને પોતાની કામવાસનાઓ પાછળ જ પડ્યો રહે છે તે તને (પણ કયામતની યાદથી) અટકાવે કે જેથી તું (પણ તેની સાથે) નાશ પામે.

وَمَا تِلۡكَ بِيَمِيۡنِكَ يٰمُوۡسٰى ﴿۱۷﴾

(૧૭) અને અય મૂસા! આ તારા જમણા હાથમાં શું છે?

قَالَ هِىَ عَصَاىَ ۚ اَتَوَكَّؤُا عَلَيۡهَا وَاَهُشُّ بِهَا عَلٰى غَنَمِىۡ وَلِىَ فِيۡهَا مَاٰرِبُ اُخۡرٰى ﴿۱۸﴾

(૧૮) અરજ કરી કે તે મારી અસા (લાઠી) છે, તેના પર હું ટેકો લઇ ઉભો રહું છું અને તે વડે મારી બકરી માટે પાંદડા તોડું છું, અને (વળી) તેનાથી મારા બીજા પણ ઘણાં ફાયદા છે.

قَالَ اَلۡقِهَا يٰمُوۡسٰى ﴿۱۹﴾

(૧૯) ફરમાવ્યું કે અય મૂસા ! તે (લાઠીને ભૂમી પર) નાખી દે.

فَأَلْقٰىهَا فَإِذَا هِيَ حَيَّةٌ تَسْعٰى ⑳

(૨૦) આથી તેણે તે (લાઠી ભૂમી પર) નાખતાં જ એક દોડતો સાપ બની ગયો.

قَالَ خُذْهَا وَلَا تَخَفْ سَنُعِيْدُهَا سِيْرَتَهَا الْاُوْلٰى ㉑

(૨૧) ફરમાવ્યું (મૂસા !) તેને ઊંચકી લે અને (મુદ્દલ) ડર નહિ; અમે તેને હમણાંજ તેની અસલ હાલત પર ફેરવી દઇશું.

وَاضْمُمْ يَدَكَ اِلٰى جَنَاحِكَ تَخْرُجْ بَيْضَآءَ مِنْ غَيْرِ سُوْٓءٍ اٰيَةً

اُخْرٰى ㉒

(૨૨) અને તારા હાથ તારી બગલમાં દબાવી લે કે જે (બહાર કાઢતાં) સાફ પ્રકાશીત બની ખામી રહીત નીકળશેઃ જે (અમારા તરફની) બીજી નિશાની (બનશે)ઃ

لِنُرِيَكَ مِنْ اٰيٰتِنَا الْكُبْرٰى ﴿٢٣﴾

(૨૩) કે જેથી અમે તને અમારી મોટી મોટી નિશાનીઓમાંથી (કેટલીક) દેખાડીએ.

اِذْهَبْ اِلٰى فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى ﴿٢٤﴾

(૨૪) હવે તું ફિરઔન પાસે જા, કેમકે તે નિસંશય (અભિમાનમાં) હદ કુદાવી ગયો છે.

قَالَ رَبِّ اشْرَحْ لِيْ صَدْرِيْ ﴿٢٥﴾

(૨૫) (મૂસાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મારી છાતી મારા માટે વિશાળ કરી દેઃ

وَيَسِّرۡ لِىۡۤ اَمۡرِىۡ ۙ﴿۲۶﴾

(૨૬) અને મારા કાર્યને મારા માટે (તદ્દન) સરળ કરી દે ઃ

وَاحۡلُلۡ عُقۡدَةً مِّنۡ لِّسَانِىۡ ۙ﴿۲۷﴾

(૨૭) અને મારી જીભમાંથી (તોતડાપણાની) ગાંઠ ખોલી નાખઃ

يَفۡقَهُوۡا قَوۡلِىۡ ۖ﴿۲۸﴾

(૨૮) કે જેથી તેઓ મારી વાત સમજે.

وَاجۡعَلۡ لِّیۡ وَزِیۡرًا مِّنۡ اَهۡلِیۡ ۝۲۹

(૨૯) અને (મારી મદદ માટે) મારા કુટુંબમાંથી એક(ને) મારો વઝીર (સહાયક) નીમી દે ઃ

هٰرُوۡنَ اَخِی ۝۳۰

(30) મારા ભાઇ હારૂનનેઃ

اشۡدُدۡ بِهٖۤ اَزۡرِیۡ ۝۳۱

(3૧) તેના કારણે મારી પીઠ મજબૂત કરી નાખઃ

وَاَشۡرِكۡهُ فِیۡۤ اَمۡرِیۡ ۝۳۲

(3૨) અને તેને મારા કાર્યમાં ભાગીદાર બનાવઃ

كَیۡ نُسَبِّحَكَ كَثِیۡرًا ۝۳۳

(33) કે જેથી અમે બન્ને તારી ઘણી ઘણી પવિત્રતા વર્ણવીએ ઃ

وَّنَذۡكُرَكَ كَثِيۡرًا ؕ﴿۳۴﴾

(34) અને તારી ઘણી યાદ કરીએ ઃ

اِنَّكَ كُنۡتَ بِنَا بَصِيۡرًا ﴿۳۵﴾

(35) નિસંશય તું અમારી સ્થિતિને સારી રીતે જોનાર છે.

قَالَ قَدۡ اُوۡتِيۡتَ سُؤۡلَكَ يٰمُوۡسٰى ﴿۳۶﴾

(36) ફરમાવ્યું, અય મૂસા! તારી સઘળી માંગણીઓ કબૂલ થઇ ગઇ.

وَلَقَدۡ مَنَنَّا عَلَيۡكَ مَرَّةً اُخۡرٰٓى ۙ﴿۳۷﴾

(૩૭) અને ખરેજ એક બીજા સમયે પણ અમોએ તારા ઉપર ઉપકાર કર્યો હતો ઃ

اِذۡ اَوۡحَيۡنَاۤ اِلٰٓى اُمِّكَ مَا يُوۡحٰٓى ۙ﴿۳۸﴾

(૩૮) જે વખતે અમોએ તારી મા તરફ ઘટતી વહી કરી ઃ

اَنِ اقۡذِفِيۡهِ فِى التَّابُوۡتِ فَاقۡذِفِيۡهِ فِى الۡيَمِّ فَلۡيُلۡقِهِ الۡيَمُّ بِالسَّاحِلِ يَاۡخُذۡهُ عَدُوٌّ لِّىۡ وَعَدُوٌّ لَّهٗ ؕ وَاَلۡقَيۡتُ عَلَيۡكَ مَحَبَّةً مِّنِّىۡ ۚ وَلِتُصۡنَعَ عَلٰى عَيۡنِىۡ ۘ﴿۳۹﴾

(૩૯) (અને કહ્યું) કે તે (બાળક મૂસા)ને એક પેટીમાં મૂક, અને તે પેટીને સમુદ્રમાં નાખી દે, સમુદ્ર તેને કાંઠે નાખી દેશે અને ત્યાંથી મારો તથા

તેનો શત્રુ તેને ઊંચકી લેશે; અને મેં મારા તરફથી તારા ઉપર મારા પ્રેમનું પ્રતિબિંબ નાખ્યું, અને એ માટે કે તું મારી દેખરેખ હેઠળ પોષાય.

إِذْ تَمْشِيٓ أُخْتُكَ فَتَقُوْلُ هَلْ أَدُلُّكُمْ عَلٰى مَنْ يَّكْفُلُهٗ ؕ
فَرَجَعْنٰكَ إِلٰٓى أُمِّكَ كَيْ تَقَرَّ عَيْنُهَا وَلَا تَحْزَنَ ؕ وَقَتَلْتَ نَفْسًا
فَنَجَّيْنٰكَ مِنَ الْغَمِّ وَفَتَنّٰكَ فُتُوْنًا ۠ فَلَبِثْتَ سِنِيْنَ فِيْٓ أَهْلِ
مَدْيَنَ ۙ ثُمَّ جِئْتَ عَلٰى قَدَرٍ يّٰمُوْسٰى ﴿٤٠﴾

(૪૦) જ્યારે તારી બહેને ચાલતાં ચાલતાં (ફિરઔનીઓને) કહેતી હતી કે શું હું તમને એક એવા (કુટુંબ)ને દેખાડી દઉં કે જે તે (બાળક મૂસા)ને (સંભાળપૂર્વક) ઉછેરે? એવી રીતે અમોએ

તને તારી મા પાસે પાછો પહોંચાડ્યો કે જેથી તેની આંખો ટાઢી રહે અને તેણી ઉદાસ ન થાય; અને (વળી) તેં એક શખ્સને મારી નાખ્યો હતો, પછી અમોએ તને એ દુ:ખમાંથી છુટકારો આપ્યો અને વિવિધ રીતે તને અજમાવ્યો, પછી કંઇ કેટલાય વર્ષો સુધી તું મદયનવાળાઓમાં રહ્યો; પછી અય મૂસા! અમોએ નિર્માણ કર્યા મુજબ તું અહીં આવી પહોંચ્યો.

وَاصۡطَنَعۡتُكَ لِنَفۡسِىۡ ۚ‏ ﴿۴۱﴾

(૪૧) અને મેં તને મારા (સંદેશા પહોંચાડવા) માટે ચૂંટી કાઢ્યો છે.

اِذۡهَبۡ اَنۡتَ وَاَخُوۡكَ بِاٰيٰتِىۡ وَلَا تَنِيَا فِىۡ ذِكۡرِىۡ ۚ‏ ﴿۴۲﴾

(૪૨) હવે તું અને તારો ભાઇ મારી નિશાનીઓ લઇને (ફિરઔન પાસે) જાઓ અને તમે બન્ને મારી યાદ (કરવા)માં સુસ્તી કરજો નહિ.

اِذْهَبَآ اِلٰى فِرْعَوْنَ اِنَّهٗ طَغٰى ۝٤٣

(૪૩) (હવે) તમે બન્ને ફિરઔન પાસે જાઓ, કારણ કે તે (અત્યંત) શિરજોર બની ગયો છે.

فَقُوْلَا لَهٗ قَوْلًا لَّيِّنًا لَّعَلَّهٗ يَتَذَكَّرُ اَوْ يَخْشٰى ۝٤٤

(૪૪) પછી તમે તેની સાથે નરમાશથી વાતો કરજો કે કદાચને તે બોધ ગ્રહણ કરે અથવા (અમારા અઝાબથી) ભય પામે.

قَالَا رَبَّنَآ اِنَّنَا نَخَافُ اَنْ يَّفْرُطَ عَلَيْنَآ اَوْ اَنْ يَّطْغٰى ۝٤٥

(૪૫) (તેઓ બન્નેએ) અરજ કરી કે અય અમારા પરવરદિગાર! અમને આ વાતનો પૂરતો ભય છે કે તે અમારા ઉપર સખતાઇ કરે અથવા (વધુ) ઉદ્ધત બની જાય.

قَالَ لَا تَخَافَآ اِنَّنِيۡ مَعَكُمَاۤ اَسۡمَعُ وَاَرٰى ﴿۴۶﴾

(૪૬) ફરમાવ્યું, તમે (મુદ્દલ) ડરો નહિ, નિસંશય હું તમારી સાથેજ છું, (અને તમારા પર જે વિતશે તે) ખરેજ હું સાંભળું તથા જોઉં છું.

فَاۡتِيٰهُ فَقُوۡلَاۤ اِنَّا رَسُوۡلَا رَبِّكَ فَاَرۡسِلۡ مَعَنَا بَنِيۡۤ اِسۡرَآءِيۡلَ ۙ
وَلَا تُعَذِّبۡهُمۡ ؕ قَدۡ جِئۡنٰكَ بِاٰيَةٍ مِّنۡ رَّبِّكَ ؕ وَالسَّلٰمُ عَلٰى مَنِ
اتَّبَعَ الۡهُدٰى ﴿۴۷﴾

(૪૭) હવે તમે બન્ને તેની પાસે પહોંચી જાઓ અને કહો કે અમે બન્ને તારા પરવરદિગારના (મોકલેલા) રસૂલ છીએ, માટે તું બની ઇસરાઇલને અમારી સાથે કરી દે, અને તેમને સતાવ નહિ, અમે તારા પરવરદિગાર પાસેથી એક નિશાની લઇને આવ્યા છીએ; અને સલામતી તેના ઉપર થશે કે જે હિદાયતને અનુસરશે.

إِنَّا قَدۡ أُوحِيَ إِلَيۡنَآ أَنَّ ٱلۡعَذَابَ عَلَىٰ مَن كَذَّبَ وَتَوَلَّىٰ ﴿٤٨﴾

(૪૮) ખરેખર જ અમારા તરફ આ (વાતની) વહી કરવામાં આવી છે કે જે શખ્સ જૂઠલાવશે તથા મોઢું ફેરવશે તેના ઉપર બેશક અલ્લાહનો અઝાબ થશે.

قَالَ فَمَنۡ رَّبُّكُمَا يٰمُوۡسٰى ﴿۴۹﴾

(૪૯) (ફિરઔને) કહ્યું કે અય મૂસા! તમારા બન્નેનો પરવરદિગાર કોણ છે?

قَالَ رَبُّنَا الَّذِىۡۤ اَعۡطٰى كُلَّ شَىۡءٍ خَلۡقَهٗ ثُمَّ هَدٰى ﴿۵۰﴾

(૫૦) (મૂસાએ) કહ્યું કે અમારો પરવરદિગાર એજ છે જેણે દરેક વસ્તુને સર્જી (તેને યોગ્ય રચના અર્પણ કરી) પછી (જીવન વીતાવવાનો) સન્માર્ગ દેખાડયો.

قَالَ فَمَا بَالُ الۡقُرُوۡنِ الۡاُوۡلٰى ﴿۵۱﴾

(૫૧) (ફિરઔને) કહ્યું, તો ભલા આગલી પેઢીઓની કેવી દશા થઇ છે?

قَالَ عِلْمُهَا عِنْدَ رَبِّيْ فِيْ كِتٰبٍ ۚ لَا يَضِلُّ رَبِّيْ وَلَا يَنْسَى ﴿٥٢﴾

(૫૨) ફરમાવ્યું, તેની જાણ મારા પરવરદિગાર પાસે એક કિતાબ (લવ્હે મહફૂઝ)માં (મવજુદ) છે, મારો પરવરદિગાર ન (કોઇ વાત) ચૂકી જાય છે ન (કોઇ વાત) વીસરી જાય છે.

الَّذِيْ جَعَلَ لَكُمُ الْاَرْضَ مَهْدًا وَّسَلَكَ لَكُمْ فِيْهَا سُبُلًا وَّاَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۭ فَاَخْرَجْنَا بِهٖٓ اَزْوَاجًا مِّنْ نَّبَاتٍ شَتّٰى ﴿٥٣﴾

(૫૩) (તે એજ છે) જેણે ભૂમીને તમારા માટે પાથરણું બનાવી છે અને તમારા ચાલવા ફરવા માટે તેમાં માર્ગ કાઢી આપ્યા છે, અને આસમાન

પરથી પાણી ઉતાર્યું છે, પછી અમોએ તે (પાણી) વડે વિવિધ પ્રકારની વનસ્પતિ ઉત્પન્ન કરી છે.

كُلُوْا وَارْعَوْا اَنْعَامَكُمْ ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّاُولِى النُّهٰى ۟﴿۵۴﴾

(૫૪) (માટે) તમે ખાઓ અને તમારા પશુઓને પણ ચરાવો; બેશક તેમાં બુદ્ધિશાળીઓ માટે નિશાનીઓ મોજૂદ છે.

مِنْهَا خَلَقْنٰكُمْ وَفِيْهَا نُعِيْدُكُمْ وَمِنْهَا نُخْرِجُكُمْ تَارَةً اُخْرٰى ﴿۵۵﴾

(૫૫) આ (ભૂમિની માટી)માંથી જ અમોએ તમને સર્જ્યા છે અને અમે તેમાંજ તમને ફેરવી દઇશું,

અને તેમાંથી જ તમને બીજી વખતે કાઢી ઉભા કરીશું.

وَلَقَدْ اَرَيْنٰهُ اٰيٰتِنَا كُلَّهَا فَكَذَّبَ وَاَبٰى ۝٥٦

(૫૬) અને ખરેખરજ તે(ફિરઔન)ને અમોએ અમારી તમામ નિશાનીઓ દેખાડી છતાં તેણે જૂઠલાવી અને ઇન્કાર કરતો જ રહ્યો.

قَالَ اَجِئْتَنَا لِتُخْرِجَنَا مِنْ اَرْضِنَا بِسِحْرِكَ يٰمُوْسٰى ۝٥٧

(૫૭) તે કહેવા લાગ્યો કે અય મૂસા! શું તું અમારી પાસે એ માટે આવ્યો છે કે તું તારા જાદુઇ (બળ) વડે અમને અમારા દેશમાંથી કાઢી મૂકે?

فَلَنَاۡتِيَنَّكَ بِسِحۡرٍ مِّثۡلِهٖ فَاجۡعَلۡ بَيۡنَنَا وَبَيۡنَكَ مَوۡعِدًا لَّا
نُخۡلِفُهٗ نَحۡنُ وَلَاۤ اَنۡتَ مَكَانًا سُوًى ﴿٥٨﴾

(૫૮) સારૂ, ત્યારે થોભ! અમે પણ તારા મુકાબલા માટે એવોજ જાદુ લાવીશું, જેથી તારા અને અમારા વચ્ચે (એક) મધ્યસ્થ સ્થળમાં (મુકાબલો કરવા) માટે એક સમય નક્કી કર કે જેના ન અમે વિરોધી હોઇએ ન તું.

قَالَ مَوۡعِدُكُمۡ يَوۡمُ الزِّيۡنَةِ وَاَنۡ يُّحۡشَرَ النَّاسُ ضُحًى ﴿٥٩﴾

(૫૯) (મૂસાએ) કહ્યું, તમારા માટે તે સમય ઇદનો દિવસ છે અને (સમય) આ (છે) કે દિવસ ચઢે સઘળા લોકો (મેદાનમાં) ભેગા કરવામાં આવે.

فَتَوَلّٰى فِرْعَوْنُ فَجَمَعَ كَيْدَهٗ ثُمَّ اَتٰى ﴿٦٠﴾

(૬૦) આથી ફિરઔન પાછો ફર્યો અને પોતાના બધા દાવપેચ તૈયાર કર્યા, પછી (નિશ્ચિત સમયે) આવી ઉભો રહ્યો.

قَالَ لَهُمْ مُّوْسٰى وَيْلَكُمْ لَا تَفْتَرُوْا عَلَى اللّٰهِ كَذِبًا فَيُسْحِتَكُمْ بِعَذَابٍ ۚ وَقَدْ خَابَ مَنِ افْتَرٰى ﴿٦١﴾

(૬૧) મૂસાએ તે (જાદુગર) લોકોને કહ્યું, અફસોસ છે તમારી હાલત ઉપર! અલ્લાહ ઉપર જૂઠું આળ ન મૂકો, નહિ તો તે કોઇ આફતથી તમારી જડમૂળ ઉખેડી નાખશે, જે (પણ શખ્સ અલ્લાહ પર) આળ મૂકે છે તે અવશ્ય નિષ્ફળતા પામે છે.

فَتَنَازَعُوٓا اَمۡرَهُمۡ بَيۡنَهُمۡ وَاَسَرُّوا النَّجۡوٰى ۝٦٢

(૬૨) પછી તેઓ પોતાની બાબતમાં પરસ્પર વાદવિવાદ કરવા લાગ્યા અને પોતાની સલાહ છુપી રાખી.

قَالُوٓا اِنۡ هٰذٰىنِ لَسٰحِرٰنِ يُرِيۡدٰنِ اَنۡ يُّخۡرِجٰكُمۡ مِّنۡ اَرۡضِكُمۡ
بِسِحۡرِهِمَا وَيَذۡهَبَا بِطَرِيۡقَتِكُمُ الۡمُثۡلٰى ۝٦٣

(૬૩) પછી (ફિરઔન તથા તેના દરબારીઓએ) કહ્યું કે ખરેજ આ બન્ને જાદુગરો છે. તેઓ ચાહે છે કે પોતાના જાદુઇ બળ વડે તમને તમારા દેશમાંથી કાઢી મૂકે અને તમારા ઉત્તમ મઝહબને રદ કરી નાખે.

فَاَجۡمِعُوۡا كَيۡدَكُمۡ ثُمَّ ائۡتُوۡا صَفًّا ‌ۚ وَقَدۡ اَفۡلَحَ الۡيَوۡمَ مَنِ

اسۡتَعۡلٰى ﴿۶۴﴾

(૬૪) માટે તમે પણ તમારા (જાદુના) દાવપેચ એકઠા કરી લો, પછી હારબંધ (ગોઠવાઇ સામે) આવી ઉભા રહો; અને આજના દિવસે જે ચઢીયાતો રહેશે તેણે ખરેખર જ બાજી જીતી લીધી (કહેવાશે).

قَالُوۡا يٰمُوۡسٰٓى اِمَّاۤ اَنۡ تُلۡقِىَ وَاِمَّاۤ اَنۡ نَّكُوۡنَ اَوَّلَ مَنۡ اَلۡقٰى ﴿۶۵﴾

(૬૫) (જાદુગરો) બોલ્યા કે અય મૂસા! લે હવે તું નાખે છે કે અમેજ પ્રથમ નાખનારા થઇએ ?

قَالَ بَلۡ اَلۡقُوۡا ‌ۚ فَاِذَا حِبَالُهُمۡ وَعِصِيُّهُمۡ يُخَيَّلُ اِلَيۡهِ مِنۡ

سِحۡرِهِمۡ اَنَّهَا تَسۡعٰى ﴿۶۶﴾

(૬૬) (મૂસાએ) ફરમાવ્યું, નહિ, તમેજ નાખો, જેથી તેમના દોરડાં લાકડીઓ વગેરે તેમના જાદુના બળે તેને એવા દેખાવા લાગ્યા કે જાણે મોટા (વિક્રાળ) સર્પ બની દોડી રહ્યા છે.

فَاَوۡجَسَ فِىۡ نَفۡسِهٖ خِيۡفَةً مُّوۡسٰى ﴿۶۷﴾

(૬૭) ત્યારે મૂસાને પણ પોતાના મનમાં કાંઇક ભય લાગ્યો.

قُلۡنَا لَا تَخَفۡ اِنَّكَ اَنۡتَ الۡاَعۡلٰى ﴿۶۸﴾

(૬૮) જેથી અમોએ તેને કહ્યું, ડર નહિ, નિસંશય તુંજ સર્વોપરી થશે.

وَاَلۡقِ مَا فِىۡ يَمِيۡنِكَ تَلۡقَفۡ مَا صَنَعُوۡا ؕ اِنَّمَا صَنَعُوۡا كَيۡدُ
سٰحِرٍ ؕ وَلَا يُفۡلِحُ السَّاحِرُ حَيۡثُ اَتٰى ﴿۶۹﴾

(૬૯) અને તારા જમણા હાથમાં જે કાંઇ છે તે ઝમીન પર નાખી દે કે જેથી તેમણે જે કાંઇ બનાવ્યું છે તેને તે હડપ કરી જશે, જે તેમણે કર્યું છે તે માત્ર જાદુગરનો પ્રપંચ છે, અને જાદુગર જ્યાં પણ જાય ત્યાં સફળ થતો નથી.

فَأُلْقِيَ السَّحَرَةُ سُجَّدًا قَالُوٓا اٰمَنَّا بِرَبِّ هٰرُوْنَ وَمُوْسٰى ﴿٧٠﴾

(૭૦) (આથી મૂસાએ પોતાની લાકડી ઝમીન પર નાખી દીધી, જે જોતજોતામાં વિકરાળ અજગર બની જઇ જાદુગરોએ જાદુના બળે બનાવેલા સર્પ આદિ પ્રાણીઓને હડપ કરી ગઇ) આથી તે સઘળા (જાદુગરો) આપ મેળે જ સિજદામાં પડી ગયા અને

કહેવા લાગ્યા કે અમે હારૂન તથા મૂસાના પરવરદિગાર પર ઇમાન લઇ આવ્યા.

قَالَ اٰمَنۡتُمۡ لَهٗ قَبۡلَ اَنۡ اٰذَنَ لَـكُمۡ‌ ؕ اِنَّهٗ لَكَبِيۡرُكُمُ الَّذِىۡ عَلَّمَكُمُ السِّحۡرَ‌ ۚ فَلَاُقَطِّعَنَّ اَيۡدِيَكُمۡ وَاَرۡجُلَكُمۡ مِّنۡ خِلَافٍ وَّلَاُوصَلِّبَنَّكُمۡ فِىۡ جُذُوۡعِ النَّخۡلِ ۡ وَلَتَعۡلَمُنَّ اَيُّنَاۤ اَشَدُّ عَذَابًا وَّاَبۡقٰى ۝٧١

(૭૧) (ફિરઔને) કહ્યું, હું તમને રજા આપું તે પહેલાંજ તમે તેના પર ઇમાન લઇ આવ્યા ? (એમ જણાય છે કે) એજ તમો સર્વેનો ગુરૂ છે, જેણે તમને જાદુ શીખવ્યો છે, માટે હવે હું ખરેજ તમારા ઉલ્ટા સુલ્ટા હાથ પગ કપાવી નાખીશ અને તમને

ખજૂરના વૃક્ષના થડ ઉપર ફાંસીએ ચઢાવીશ, અને (ત્યારેજ) તમને આ જરૂર જણાઇ આવશે કે આપણામાંથી કોની શિક્ષા વધુ સખત અને વધુ ટકી રહેનારી છે.

قَالُوْا لَنْ نُّؤْثِرَكَ عَلٰى مَا جَآءَنَا مِنَ الْبَيِّنٰتِ وَالَّذِىْ فَطَرَنَا فَاقْضِ مَاۤ اَنْتَ قَاضٍ ؕ اِنَّمَا تَقْضِىْ هٰذِهِ الْحَيٰوةَ الدُّنْيَا ۟﴿٧٢﴾

(૭૨) (જાદુગરો) બોલ્યા કે જે ખુલ્લા ચમત્કાર અમારી સામે આવ્યા તેના મુકાબલામાં અને જેણે અમને પેદા કર્યા છે તેની વિરૂદ્ધ અમે તને હરગિજ શ્રેષ્ઠતા નહિ આપીએ. માટે (અય ફિરઔન) તું જે કાંઇ હુકમ કરવાનો હોય તે (હમણાંજ) કરી દે, તું

માત્ર આ દુનિયાના જીવન ઉપરજ હુકમ ચલાવી શકે છે.

اِنَّآ اٰمَنَّا بِرَبِّنَا لِيَغْفِرَ لَنَا خَطٰيٰنَا وَمَآ اَكْرَهْتَنَا عَلَيْهِ مِنَ السِّحْرِ ؕ وَاللّٰهُ خَيْرٌ وَّاَبْقٰى ۝٧٣

(૭૩) ખરેખરજ અમે અમારા પરવરદિગાર પર એ માટે ઇમાન લાવ્યા કે જેથી તે અમારા ગુનાહોને તથા જે જાદુ કરવાની તેં અમને ફરજ પાડી હતી તેને માફ કરી દે, અને અલ્લાહ સૌથી બેહતર અને વિશેષ બાકી રહેનારો છે.

اِنَّهٗ مَنْ يَّاْتِ رَبَّهٗ مُجْرِمًا فَاِنَّ لَهٗ جَهَنَّمَ ؕ لَا يَمُوْتُ فِيْهَا وَلَا يَحْيٰى ۝٧٤

(૭૪) આ વાતમાં કાંઇ શંકા નથી કે જે કોઇ પોતાના પરવરદિગારની હજૂરમાં ગુનેહગાર થઇને આવે છે તેના માટે નિસંશય જહન્નમ છે; જેમાં તે ન (કદી) મરણ પામશે અને ન જીવતો રહેશે.

وَمَنْ يَّأْتِهٖ مُؤْمِنًا قَدْ عَمِلَ الصّٰلِحٰتِ فَاُولٰٓئِكَ لَهُمُ الدَّرَجٰتُ الْعُلٰى ﴿۷۵﴾

(૭૫) અને તેની હજૂરમાં જે કોઇ મોઅમીન થઇને આવે છે (અને) જેણે સત્કાર્યો પણ કર્યા હશે, એજ તે લોકો (માંના) છે કે જેમના માટે ઉચ્ચ દરજ્જા હશે.

جَنّٰتُ عَدۡنٍ تَجۡرِیۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِیۡنَ فِیۡهَا ؕ وَذٰلِكَ
جَزٰٓؤُا مَنۡ تَزَكّٰی ﴿۷۶﴾

(૭૬) (અર્થાત) સદાની જન્નતો, જેની હેઠળ નદીઓ વહે છે, તેમાં તેઓ હંમેશના રહેનારા થશે, અને જે પાક રહે છે તેનો બદલો આ છે.

وَلَقَدۡ اَوۡحَیۡنَاۤ اِلٰی مُوۡسٰۤی ۙ اَنۡ اَسۡرِ بِعِبَادِیۡ فَاضۡرِبۡ لَهُمۡ
طَرِیۡقًا فِی الۡبَحۡرِ یَبَسًا ۙ لَّا تَخٰفُ دَرَكًا وَّلَا تَخۡشٰی ﴿۷۷﴾

(૭૭) અને અમોએ મૂસાને વહી દ્વારા ખરેખરજ (આ વાતની) આજ્ઞા કરી હતી કે મારા બંદાઓને (રાતોરાત) લઇ જા, પછી (તારી લાકડી મારીને)

તેમના માટે સમુદ્રમાં સૂકો માર્ગ બનાવી લે કે જેથી તને પકડાઇ જવાનો કે ડૂબી જવાનો ભય ન રહે.

فَاَتۡبَعَهُمۡ فِرۡعَوۡنُ بِجُنُوۡدِهٖ فَغَشِيَهُمۡ مِّنَ الۡيَمِّ مَا غَشِيَهُمۡ ؕ﴿۷۸﴾

(૭૮) સારાંશ કે ફિરઔને પોતાના લશ્કર સાથે તેમનો પીછો કર્યો અને પછી સમુદ્રનો પ્રવાહ તે (ફિરઔન તથા તેના સાથી)ઓ પર જે ફરી વળ્યો તે ફરીજ વળ્યો.

وَاَضَلَّ فِرۡعَوۡنُ قَوۡمَهٗ وَمَا هَدٰى ﴿۷۹﴾

(૭૯) અને આવી રીતે ફિરઔન સ્વકોમને આડે માર્ગે લઇ ગયો અને તેમનો (ખરો) માર્ગદર્શક બન્યો નહિ.

يٰبَنِيٓ اِسۡرَآءِيۡلَ قَدۡ اَنۡجَيۡنٰكُمۡ مِّنۡ عَدُوِّكُمۡ وَوٰعَدۡنٰكُمۡ جَانِبَ
الطُّوۡرِ الۡاَيۡمَنَ وَنَزَّلۡنَا عَلَيۡكُمُ الۡمَنَّ وَالسَّلۡوٰى ﴿۸۰﴾

(૮૦) અય ઇસરાઇલની અવલાદ ! અમોએ તમને તમારા શત્રુઓથી ખરેખરજ છુટકારો આપ્યો, અને તમને તૂર (પહાડ)ની જમણી બાજુએ (મળવાનું) વચન આપ્યું, અને (જંગલમાં) તમારા પર મન્ના તથા સલ્વા (મનો સલ્વા) ઉતાર્યાં.

كُلُوۡا مِنۡ طَيِّبٰتِ مَا رَزَقۡنٰكُمۡ وَلَا تَطۡغَوۡا فِيۡهِ فَيَحِلَّ عَلَيۡكُمۡ
غَضَبِيۡ ۚ وَمَنۡ يَّحۡلِلۡ عَلَيۡهِ غَضَبِيۡ فَقَدۡ هَوٰى ﴿۸۱﴾

(૮૧) અને (આ હુકમ કર્યો કે) અમોએ તમને જે કાંઇ રોઝી આપી છે તેમાંથી પાક વસ્તુઓ ખાઓ,

પીઓ અને તેના સંબંધમાં શિરજોરી કરો નહિ, ક્યાંય એમ ન થાય કે તમારા પર મારો કોપ ઉતરે, અને (યાદ રાખો કે) જે મારા કોપને પાત્ર થશે તે નાશ પામશે.

وَاِنِّىۡ لَغَفَّارٌ لِّمَنۡ تَابَ وَاٰمَنَ وَعَمِلَ صَالِحًا ثُمَّ اهۡتَدٰى ﴿۸۲﴾

(૮૨) અને જે તૌબા કરે તથા ઇમાન લાવે તથા સત્કાર્યો કરે, પછી સન્માર્ગે ચાલે તો તેના માટે નિસંશય હું મોટો ક્ષમાવાન છું.

وَمَاۤ اَعۡجَلَكَ عَنۡ قَوۡمِكَ يٰمُوۡسٰى ﴿۸۳﴾

(૮૩) અને અય મૂસા ! તું તારી કોમને (પાછળ) મૂકી ઉતાવળ કરીને શા માટે મારી આગળ આવ્યો?

قَالَ هُمۡ اُولَآءِ عَلٰٓى اَثَرِىۡ وَعَجِلۡتُ اِلَيۡكَ رَبِّ لِتَرۡضٰى ﴿٨٤﴾

(૮૪) (મૂસાએ) અરજ કરી કે તેઓ પણ મારી પાછળ પાછળ ચાલ્યા આવે છે, અને અય મારા પરવરદિગાર! હું તો તારી હજૂરમાં ઉતાવળ કરીને એ માટે હાજર થયો છું કે તું રાજી થાય.

قَالَ فَاِنَّا قَدۡ فَتَنَّا قَوۡمَكَ مِنۡۢ بَعۡدِكَ وَاَضَلَّهُمُ السَّامِرِىُّ ﴿٨٥﴾

(૮૫) ફરમાવ્યું, તો નિસંશય અમોએ તારી પાછળ તારી કોમની કસોટી કરી છે અને સામરીએ તેમને બહેકાવી દીધા છે.

فَرَجَعَ مُوۡسٰٓى اِلٰى قَوۡمِهٖ غَضۡبَانَ اَسِفًا ۚ قَالَ يٰقَوۡمِ اَلَمۡ

يَعِدۡكُمۡ رَبُّكُمۡ وَعۡدًا حَسَنًا ؕ اَفَطَالَ عَلَيۡكُمُ الۡعَهۡدُ اَمۡ

اَرَدْتُّمْ اَنْ یَّحِلَّ عَلَیْکُمْ غَضَبٌ مِّنْ رَّبِّکُمْ فَاَخْلَفْتُمْ

مَّوْعِدِیْ﴿۸۶﴾

(૮૬) આથી મૂસા ક્રોધાયમાન થઇ તથા અફસોસ કરતો પોતાની કોમ તરફ પાછા આવ્યા, (અને) કહેવા લાગ્યો કે અય મારી કોમ ! શું તમારા પરવરદિગારે તમારાથી (તૌરેત આપવાનો) સાચો વાયદો કર્યો ન હતો ? શું ત્યારે તે વાયદાની મુદ્દત તમારા માટે ઘણી લાંબી થઇ પડી હતી, અથવા તમોએ એવું ઇચ્છયું કે તમારા પર તમારા પરવરદિગારનો કોપ ઉતરે કે જેથી તમે મારા વાયદાની વિરૂદ્ધ વર્તયા?

قَالُوْا مَآ اَخْلَفْنَا مَوْعِدَكَ بِمَلْكِنَا وَلٰكِنَّا حُمِّلْنَآ اَوْزَارًا مِّنْ
زِيْنَةِ الْقَوْمِ فَقَذَفْنٰهَا فَكَذٰلِكَ اَلْقَى السَّامِرِيُّ ﴿٨٧﴾

(૮૭) તેઓ બોલ્યા કે અમોએ અમારા અધિકારથી તો તારા વાયદા વિરૂધ્ધ નથી કર્યું. બલ્કે (વાત એમ બની છે કે ફિરઔનની) કોમના ઘરેણાંના કેટલાય બોજા અમારા પર લાદવામાં આવ્યા જેને અમોએ (અહીં) લાવી (સામરીના કહેવાથી આગમાં) નાખ્યા હતા અને સામરીએ પણ એમજ કર્યું હતું.

فَاَخْرَجَ لَهُمْ عِجْلًا جَسَدًا لَّهٗ خُوَارٌ فَقَالُوْا هٰذَآ اِلٰـهُكُمْ وَاِلٰهُ
مُوْسٰى ۵ فَنَسِيَ ﴿٨٨﴾

(૮૮) પછી તે (પીગળેલા દાગીનાઓમાંથી સૌના દેખતાં) તેમના માટે એક વાછરડું કાઢી લાવ્યો કે જેનો એક (વાછરડા જેવો) આકાર હતો, જેમાં ગાયના જેવો આવાજ હતો, આથી કેટલાક લોકોએ કહી દીધું કે આ તમારો માઅબૂદ છે અને મૂસાનો પણ માઅબૂદ છે, પરંતુ મૂસા ભૂલમાં ભમી (તૂર પર માઅબૂદની શોધમાં ચાલ્યો) ગયો છે.

اَفَلَا يَرَوْنَ اَلَّا يَرْجِعُ اِلَيْهِمْ قَوْلًا ۙ وَّلَا يَمْلِكُ لَهُمْ ضَرًّا وَّلَا نَفْعًا ﴿٨٩﴾

(૮૯) ભલા તેઓ આ ન સમજ્યા કે તે (વાછરડું) તેમની કોઇ વાતનો જવાબ આપી શકતું ન હતું,

અને ન તેમના લાભ અલાભનો અધિકાર ધરાવતું હતું.

وَلَقَدۡ قَالَ لَهُمۡ هٰرُوۡنُ مِنۡ قَبۡلُ يٰقَوۡمِ اِنَّمَا فُتِنۡتُمۡ بِهٖ ۚ وَاِنَّ
رَبَّكُمُ الرَّحۡمٰنُ فَاتَّبِعُوۡنِىۡ وَاَطِيۡعُوۡۤا اَمۡرِىۡ ﴿۹۰﴾

(૯૦) અને હારૂને તેમને પ્રથમથી જ કહી દીધું હતું કે અય મારી કોમ! આ વાછરડા વડે તમારી કસોટી જ કરવામાં આવી છે, અને નિસંશય તમારો પરવરદિગાર તેજ દયાળુ અલ્લાહ છે, માટે તમે મારી તાબેદારી કરો અને મારી આજ્ઞા માનો.

قَالُوۡا لَنۡ نَّبۡرَحَ عَلَيۡهِ عٰكِفِيۡنَ حَتّٰى يَرۡجِعَ اِلَيۡنَا مُوۡسٰى ﴿۹۱﴾

(૯૧) તેમણે કહ્યું કે અમે તેની ઇબાદત કરતા હરગિજ અટકીશું નહિ, જ્યાં સુધી કે મૂસા અમારી પાસે પાછો ફરીને ન આવે.

قَالَ يٰهٰرُوْنُ مَا مَنَعَكَ اِذْ رَاَيْتَهُمْ ضَلُّوْٓا ﴿٩٢﴾

(૯૨) (મૂસાએ) કહ્યું, અય હારૂન! જ્યારે તેં આ (લોકો)ને બહેકી જતાં જોયા ત્યારે (તેમને વારવા માટે) કઇ વસ્તુ તને અટકાવનારી હતીઃ

اَلَّا تَتَّبِعَنِ ؕ اَفَعَصَيْتَ اَمْرِيْ ﴿٩٣﴾

(૯૩) કે જેથી તેં મારી આજ્ઞાનું અનુકરણ કર્યું નહિ, શું તેં મારી આજ્ઞાની અવગણના (નથી) કરી?

قَالَ يَبْنَؤُمَّ لَا تَأْخُذْ بِلِحْيَتِيْ وَلَا بِرَأْسِيْ ۚ اِنِّيْ خَشِيْتُ اَنْ
تَقُوْلَ فَرَّقْتَ بَيْنَ بَنِيْٓ اِسْرَآءِيْلَ وَلَمْ تَرْقُبْ قَوْلِيْ ﴿٩٤﴾

(૯૪) તેણે કહ્યું કે અય મારા માજાયા (બંધુ) ! તું મારી દાઢી અને માથાને પકડ નહિ મને તો એવો અંદેશો રહ્યો કે ક્યાંય તું આ ન કહે કે તેં બની ઇસરાઇલમાં ભંગાણ નાખ્યું અને મારી વાતની ગણના કરી નહિ.

قَالَ فَمَا خَطْبُكَ يٰسَامِرِيُّ ﴿٩٥﴾

(૯૫) (મૂસાએ) પૂછયું, ત્યારે અય સામેરી ! આ (કરવા)માં તારો શો હેતુ હતો ?

قَالَ بَصُرْتُ بِمَا لَمْ يَبْصُرُوْا بِهٖ فَقَبَضْتُ قَبْضَةً مِّنْ اَثَرِ الرَّسُوْلِ فَنَبَذْتُهَا وَ كَذٰلِكَ سَوَّلَتْ لِیْ نَفْسِیْ ﴿۹۶﴾

(૯૬) તેણે કહ્યું કે મેં તે (જિબ્રઈલ)ને જોયો હતો કે જેને આ લોકોએ જોયો ન હતો, જેથી મેં તે દૂતના (ઘોડાના) પગ હેઠળની એક મૂઠ્ઠી (માટી) લઇ લીધી હતી, પછી તે (માટી) મેં (આ વાછરડામાં) નાખી દીધી અને મારા અંતઃકરણે મને એમજ (કરવાનું) સૂચવ્યું હતું.

قَالَ فَاذْهَبْ فَاِنَّ لَكَ فِی الْحَیٰوةِ اَنْ تَقُوْلَ لَا مِسَاسَ ۪ وَاِنَّ لَكَ مَوْعِدًا لَّنْ تُخْلَفَهٗ ۚ وَانْظُرْ اِلٰۤى اِلٰهِكَ الَّذِیْ ظَلْتَ عَلَیْهِ عَاكِفًا ؕ لَنُحَرِّقَنَّهٗ ثُمَّ لَنَنْسِفَنَّهٗ فِی الْیَمِّ نَسْفًا ﴿۹۷﴾

(૯૭) (મૂસાએ) કહ્યું, ચાલ્યો જા (અહીંથી), તારા માટે (સજા) આ છે કે તું જ્યાં સુધી જીવશે આ કહેતો ફરશે કે (કોઇ મને) અડકશો નહિ, અને તારા માટે નિસંશય (વધુ શિક્ષાનો બીજો પણ) વાયદો છે જે તારાથી (હરગિજ) ટળી શકનાર નથી, અને તું તારા (આ) માઅબૂદ પ્રત્યે જો કે જેનો તું મુજાવર બની બેઠો હતો; અમે તેને ખરેખરજ (બાળી) ભસ્મ કરી દઇશું પછી તેની રજેરજ દરિયામાં હોમી દઇશું.

إِنَّمَآ إِلَٰهُكُمُ ٱللَّهُ ٱلَّذِى لَآ إِلَٰهَ إِلَّا هُوَ ۚ وَسِعَ كُلَّ شَىْءٍ عِلْمًا ﴿٩٨﴾

(૯૮) આ સિવાય કાંઇજ નથી કે તમારો માઅબૂદ એજ અલ્લાહ છે જેના સિવાય કોઇ અલ્લાહ નથી;

તે પોતાના જ્ઞાન વડે દરેક વસ્તુ પર વ્યાપિ રહેલો છે.

كَذٰلِكَ نَقُصُّ عَلَيۡكَ مِنۡ اَنۡۢبَآءِ مَا قَدۡ سَبَقَ ۚ وَقَدۡ اٰتَيۡنٰكَ مِنۡ لَّدُنَّا ذِكۡرًا ﴿۹۹﴾

(૯૯) (અય રસૂલ !) આવી રીતે અમે તને તે બનાવોનું વર્ણન (કહી) સંભળાવીએ છીએ કે જે (આ) અગાઉ બની ચૂક્યા છે, અને ખરેખરજ અમોએ તને અમારી પોતાની પાસેથી અમારી યાદ કરવાનું એક સાધન (કુરઆન) આપ્યું છે.

مَنۡ اَعۡرَضَ عَنۡهُ فَاِنَّهٗ يَحۡمِلُ يَوۡمَ الۡقِيٰمَةِ وِزۡرًا ﴿۱۰۰﴾

(૧૦૦) જે તેનાથી મોઢું ફેરવનારો હશે તેજ નિસંશય કયામતના દિવસે (ભારે) બોજો લાદેલો હશે.

خٰلِدِيۡنَ فِيۡهِ‌ؕ وَسَآءَ لَهُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ حِمۡلًا ۙ‏ ﴿۱۰۱﴾

(૧૦૧) હંમેશા તે એજ સ્થિતિમાં રહેશે; અને કયામતના દિવસનો આ બોજો ઉપાડવો તેના માટે ઘણોજ બૂરો હશે.

يَّوۡمَ يُنۡفَخُ فِى الصُّوۡرِ‌ وَنَحۡشُرُ الۡمُجۡرِمِيۡنَ يَوۡمَٮِٕذٍ زُرۡقًا ۖ ۚ‏ ﴿۱۰۲﴾

(૧૦૨) જે દિવસે સૂર ફૂંકવામાં આવશે તે દિવસે અમે ગુનેહગારોને તેમની આંખો (ભયના કારણે) લીલી (નિસ્તેજ) થઇ ગએલી હાલતમાં ભેગાં કરીશું.

يَّتَخَافَتُوْنَ بَيْنَهُمْ اِنْ لَّبِثْتُمْ اِلَّا عَشْرًا ﴿١٠٣﴾

(૧૦૩) જેઓ છુપી રીતે પરસ્પર આ કહેતા હશે કે (દુનિયા અથવા કબરમાં) તમે દસેક દિવસ રહ્યા હશો.

نَحْنُ اَعْلَمُ بِمَا يَقُوْلُوْنَ اِذْ يَقُوْلُ اَمْثَلُهُمْ طَرِيْقَةً اِنْ لَّبِثْتُمْ
اِلَّا يَوْمًا ﴿١٠٤﴾

(૧૦૪) જે વાતો કરે છે તેનાથી અમે સારી રીતે વાકેફ છીએ; જ્યારે તેઓમાંથી જે વધુ સન્માર્ગ ઉપર રહ્યા હશે તે કહેશે કે (નહિ નહિ) તમે બહુ બહુ તો એકજ દિવસ થોભ્યા હશો.

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْجِبَالِ فَقُلْ يَنْسِفُهَا رَبِّيْ نَسْفًا ﴿١٠٥﴾

(૧૦૫) અને આ લોકો તને પર્વતોની હકીકત પૂછે છે (કે કયામતના દિવસે તેમનું શું થશે ?) તો તું કહે કે મારો ખુદા તેમને જડમૂળથી ઉખેડી નાખશે;

فَيَذَرُهَا قَاعًا صَفْصَفًا ﴿١٠٦﴾

(૧૦૬) પછી તે (પૃથ્વી)ને સપાટ મેદાન કરી મૂકશે;

لَّا تَرَىٰ فِيهَا عِوَجًا وَلَآ أَمْتًا ﴿١٠٧﴾

(૧૦૭) જેમાં તું ન કાંઇ વાંકુંચુંકું જોશે ન કોઇ ઊંચાણ નીચાણ.

يَوْمَئِذٍ يَتَّبِعُونَ الدَّاعِيَ لَا عِوَجَ لَهُ ۖ وَخَشَعَتِ الْأَصْوَاتُ لِلرَّحْمَٰنِ فَلَا تَسْمَعُ إِلَّا هَمْسًا ﴿١٠٨﴾

(૧૦૮) તે દિવસે તેઓ સઘળા એક બોલાવનાર (ઇસરાફીલ)ની પાછળ પાછળ ચાલ્યા જશે કે જે (બોલાવનાર) આડે માર્ગે જનારો નહિ હોય, અને તે દયાળુ અલ્લાહની સામે ભયના કારણે (લોકોના) અવાજ મંદ થઇ જશે, જેથી તું મંદ અવાજ સિવાય કાંઇજ સાંભળશે નહિ.

يَوْمَئِذٍ لَّا تَنْفَعُ الشَّفَاعَةُ اِلَّا مَنْ اَذِنَ لَهُ الرَّحْمٰنُ وَرَضِىَ لَهٗ قَوْلًا ﴿١٠٩﴾

(૧૦૯) તે દિવસે કોઇની પણ ભલામણ કામ લાગશે નહિ સિવાય તે શખ્સની ભલામણ કે જેને તે દયાળુ અલ્લાહે (તેમ કરવાની) રજા આપી દીધી હોય તથા જેનું બોલવું પસંદ કરી લીધું હોય.

يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ وَلَا يُحِيْطُوْنَ بِهٖ عِلْمًا ﴿١١٠﴾

(૧૧૦) તે તેમની આગળ અને પાછળની હકીકતથી વાકેફ છે, જ્યારે આ લોકોનું જ્ઞાન તેને વ્યાપી શકતું નથી.

وَعَنَتِ الْوُجُوْهُ لِلْحَيِّ الْقَيُّوْمِ ؕ وَقَدْ خَابَ مَنْ حَمَلَ ظُلْمًا ﴿١١١﴾

(૧૧૧) અને અમર તથા ચિરંજીવ રહેનારા (અલ્લાહ) સામે સૌ ચહેરા જૂકી રહેશે; અને જે ઝુલ્મના બોજાથી લદાએલો આવશે તે ખરેખરજ નિષ્ફળતા પામશે.

وَمَنْ يَّعْمَلْ مِنَ الصّٰلِحٰتِ وَهُوَ مُؤْمِنٌ فَلَا يَخٰفُ ظُلْمًا وَّلَا هَضْمًا ﴿١١٢﴾

(૧૧૨) અને જે શખ્સ નેકી કરશે અને તે મોઅમીન પણ હશે તો તેને અન્યાયનો કે કોઇ (જાતના) હક માર્યા જવાનો અંદેશો રહેશે નહિ.

وَكَذٰلِكَ اَنۡزَلۡنٰهُ قُرۡاٰنًا عَرَبِيًّا وَّصَرَّفۡنَا فِيۡهِ مِنَ الۡوَعِيۡدِ لَعَلَّهُمۡ يَتَّقُوۡنَ اَوۡ يُحۡدِثُ لَهُمۡ ذِكۡرًا ۝١١٣

(૧૧૩) અને એવી રીતે અમોએ તેને અરબી ભાષાનું કુરઆન (બનાવી) ઉતાર્યું છે, અને તેમાં જાત જાત (ના અઝાબ)નો ભય સ્પષ્ટ કરીને વર્ણવ્યો છે કે જેથી તેઓ (નાફરમાની કરતાં) અટકે અથવા તેમના માટે બોધ તાજો કરતું રહે.

فَتَعٰلَى اللّٰهُ الْمَلِكُ الْحَقُّ ۚ وَلَا تَعْجَلْ بِالْقُرْاٰنِ مِنْ قَبْلِ اَنْ
يُّقْضٰٓى اِلَيْكَ وَحْيُهٗ ۡ وَقُلْ رَّبِّ زِدْنِيْ عِلْمًا ﴿١١٤﴾

(૧૧૪) માટે અલ્લાહ કે જે ખરેખરો બાદશાહ છે એજ ઉચ્ચ દરજ્જાવાળો છે; અને તું કુરઆન પઢવામાં જે આયતની વહી પૂરી થઇ ચૂકી ન હોય તે પહેલાં (પઢવામાં) ઉતાવળ ન કર, અને કહે કે અય મારા પરવરદિગાર ! મારૂં જ્ઞાન વધારી દે.

وَلَقَدْ عَهِدْنَآ اِلٰٓى اٰدَمَ مِنْ قَبْلُ فَنَسِيَ وَلَمْ نَجِدْ لَهٗ عَزْمًا ﴿١١٥﴾

(૧૧૫) અને ખરેજ અમોએ આદમને પ્રથમ એક હુકમ આપ્યો હતો (કે આ વૃક્ષ પાસે જજે નહિ),

પણ તે તે વીસરી ગયો અને અમોએ તેનામાં દ્રઢ નિશ્ચય જોયો નહિ.

وَاِذۡ قُلۡنَا لِلۡمَلٰٓٮِٕكَةِ اسۡجُدُوۡا لِاٰدَمَ فَسَجَدُوۡۤا اِلَّاۤ اِبۡلِيۡسَ ؕ اَبٰى ﴿۱۱۶﴾

(૧૧૬) અને (તે સમયને યાદ કરો) જ્યારે કે અમોએ બધા ફરિશ્તાઓને કહ્યું કે તમે આદમને સિજદો કરો, જેથી ઇબ્લીસ સિવાય સર્વેએ સિજદો કર્યો, તે ઇન્કાર કરનારો રહ્યો.

فَقُلۡنَا يٰۤاٰدَمُ اِنَّ هٰذَا عَدُوٌّ لَّكَ وَلِزَوۡجِكَ فَلَا يُخۡرِجَنَّكُمَا مِنَ الۡجَنَّةِ فَتَشۡقٰى ﴿۱۱۷﴾

(૧૧૭) જેથી અમોએ કહ્યું કે અય આદમ! નિસંશય આ તારો અને તારી પત્નીનો દુશ્મન છે, જેથી એમ ન થાય કે તે તમો બન્નેને જન્નતમાંથી કાઢી મૂકે, જેથી તું આપત્તિમાં આવી પડે.

اِنَّ لَكَ اَلَّا تَجُوْعَ فِيْهَا وَلَا تَعْرٰى ﴿١١٨﴾

(૧૧૮) જો કે આ વાત ચોક્કસ છે કે તું તેમાં ન ભૂખ્યો રહેશે અને ન નગ્ન.

وَاَنَّكَ لَا تَظْمَؤُا فِيْهَا وَلَا تَضْحٰى ﴿١١٩﴾

(૧૧૯) અને ન તેમાં કદી તરસ્યો થશે અને ન તને તડકો લાગશે.

فَوَسْوَسَ اِلَيْهِ الشَّيْطٰنُ قَالَ يٰۤاٰدَمُ هَلْ اَدُلُّكَ عَلٰى شَجَرَةِ
الْخُلْدِ وَمُلْكٍ لَّا يَبْلٰى ﴿١٢٠﴾

(૧૨૦) હવે શૈતાને તેના મનમાં વસવસો નાખ્યો અને કહ્યું કે અય આદમ! શું હું તને અમર રહેવાનું વૃક્ષ દેખાડું? અને એવી સલ્તનત (દેખાડું) કે જે કદી જૂની ન થાય?

فَاَكَلَا مِنْهَا فَبَدَتْ لَهُمَا سَوْاٰتُهُمَا وَطَفِقَا يَخْصِفٰنِ عَلَيْهِمَا
مِنْ وَّرَقِ الْجَنَّةِ ۚ وَعَصٰۤى اٰدَمُ رَبَّهٗ فَغَوٰى ﴿١٢١﴾ۖ

(૧૨૧) ત્યારે બન્નેએ તેમાંથી થોડુંક ખાઇ લીધું, જેથી તેમની છુપી જગ્યાઓ તેમના પર જાહેર થઇ ગઇ, અને તેઓ બન્ને જન્નતના પાંદડાં પોતાના

શરીર પર ઢાંકવા લાગ્યા, અને આદમે પોતાના પરવરદિગારની નાફરમાની કરી, જેથી તે સન્માર્ગથી ભટકી ગયો.

ثُمَّ اجْتَبٰىهُ رَبُّهٗ فَتَابَ عَلَيْهِ وَهَدٰى ﴿١٢٢﴾

(૧૨૨) પછી તેના પરવરદિગારે તેને (પાછો) ચૂંટી કાઢ્યો, અને તેની તૌબા કબૂલ કરી લીધી અને સીધો માર્ગ દેખાડી દીધો.

قَالَ اهْبِطَا مِنْهَا جَمِيْعًاۢ بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۚ فَاِمَّا يَأْتِيَنَّكُمْ مِّنِّيْ هُدًى ۙ فَمَنِ اتَّبَعَ هُدَاىَ فَلَا يَضِلُّ وَلَا يَشْقٰى ﴿١٢٣﴾

(૧૨૩) (પછી અલ્લાહે) ફરમાવ્યું, હવે તમે બન્ને આ જન્નતમાંથી ઉતરી જાઓ, તમારામાંથી કેટલાક કેટલાકોના શત્રુ (થઇને) રહેશો, પછી મારા તરફની હિદાયત તો તમારી પાસે જરૂર આવશે, પછી મારી હિદાયતને જે અનુસરશે તો તે ન બહેકી જશે અને ન અભાગ્યો રહેશે.

وَمَنۡ اَعۡرَضَ عَنۡ ذِكۡرِىۡ فَاِنَّ لَهٗ مَعِيۡشَةً ضَنۡكًا وَّنَحۡشُرُهٗ يَوۡمَ الۡقِيٰمَةِ اَعۡمٰى ﴿۱۲۴﴾

(૧૨૪) અને જે મારી નસીહતથી મોઢું ફેરવી લેશે તો નિસંશય તેની જિંદગી તંગ થઇ જશે, અને કયામતના દિવસે અમે તેને આંધળો કરી ઉઠાડીશું.

قَالَ رَبِّ لِمَ حَشَرْتَنِيٓ أَعْمَىٰ وَقَدْ كُنتُ بَصِيرًا ﴿١٢٥﴾

(૧૨૫) (ત્યારે) તે અરજ કરશે કે અય મારા પરવરદિગાર ! તેં મને આંધળો કરી કેમ ઉઠાડ્યો, જ્યારે હું તો ખરેજ (જગતમાં) દેખતો હતો ?

قَالَ كَذَٰلِكَ أَتَتْكَ ءَايَٰتُنَا فَنَسِيتَهَا ۖ وَكَذَٰلِكَ ٱلْيَوْمَ تُنسَىٰ ﴿١٢٦﴾

(૧૨૬) (અલ્લાહ) ફરમાવશે, એવુંજ તો તેં કર્યું હતું; (યાને) જ્યારે અમારી નિશાનીઓ તારી પાસે આવતી હતી ત્યારે તેં તેમને વીસારી મૂકી હતી, અને (તેથી) આજના દિવસે તું પણ એવીજ સ્થિતિમાં એવીજ રીતે વીસારી દેવામાં આવશે.

وَكَذٰلِكَ نَجۡزِیۡ مَنۡ اَسۡرَفَ وَلَمۡ یُؤۡمِنۡۢ بِاٰیٰتِ رَبِّهٖ ؕ وَلَعَذَابُ
الۡاٰخِرَۃِ اَشَدُّ وَاَبۡقٰی ﴿۱۲۷﴾

(૧૨૭) અને જે શખ્સ (દુરાચારમાં) હદ ઉપરાંત વધી ગયો અને પોતાના પરવરદિગારની આયતો પર ઇમાન ન લાવ્યો તેને અમે એવીજ રીતે શિક્ષા આપ્યા કરીએ છીએ; અને ખરેખરજ આખેરતનો અઝાબ એ કરતાંય વધારે સખ્ત અને વધુ ટકી રહેનારો છે.

اَفَلَمۡ یَهۡدِ لَهُمۡ کَمۡ اَهۡلَکۡنَا قَبۡلَهُمۡ مِّنَ الۡقُرُوۡنِ یَمۡشُوۡنَ فِیۡ
مَسٰکِنِهِمۡ ؕ اِنَّ فِیۡ ذٰلِكَ لَاٰیٰتٍ لِّاُولِی النُّهٰی ﴿۱۲۸﴾

(૧૨૮) શું તે (બનાવોએ) તેમને દેખાડી દીધું નથી કે તેમની પૂર્વે અમોએ કેટલીએ પેઢીઓનો નાશ કરી નાખ્યો જેમના મકાનોમાં આ (લોકો આજે) ચાલતા ફરતા રહે છે ? બેશક બુદ્ધિવાનો માટે તેમાં નિશાનીઓ મોજૂદ છે.

وَلَوۡلَا كَلِمَةٌ سَبَقَتۡ مِن رَّبِّكَ لَكَانَ لِزَامًا وَأَجَلٌ مُّسَمًّى ١٢٩

(૧૨૯) અને (અય રસૂલ!) જો તારા પરવરદિગાર તરફથી એક બોલ નક્કી થઇ ચૂક્યો ન હોત અને એક (ચોક્કસ) સમય નક્કી કર્યો ન હોય તો ખરેખરજ તે (અઝાબ) તેમને ચોંટી ગયો હોત.

فَاصْبِرْ عَلٰى مَا يَقُوْلُوْنَ وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ قَبْلَ طُلُوْعِ
الشَّمْسِ وَقَبْلَ غُرُوْبِهَا ۚ وَمِنْ اٰنَآئِ الَّيْلِ فَسَبِّحْ وَاَطْرَافَ
النَّهَارِ لَعَلَّكَ تَرْضٰى ﴿١٣٠﴾

(૧૩૦) માટે હવે આ (લોકો) જે કાંઇ કહે છે તે સાંખી લે, અને સૂર્યોદય પહેલાં તથા તેના અસ્ત થતા પહેલાં તારા પરવરદિગારની હમ્દોની જપમાળા જપ્યા કર્યા કર, અને રાતની ઘડીઓમાં તેની પવિત્રતા વર્ણવ્યા કર, અને દિવસના (ચોક્કસ) ભાગોમાં પણ, કે જેથી તું ખુશ રહે.

وَلَا تَمُدَّنَّ عَيْنَيْكَ اِلٰى مَا مَتَّعْنَا بِهٖۤ اَزْوَاجًا مِّنْهُمْ زَهْرَةَ
الْحَيٰوةِ الدُّنْيَا ۙ لِنَفْتِنَهُمْ فِيْهِ ؕ وَرِزْقُ رَبِّكَ خَيْرٌ وَّاَبْقٰى ﴿١٣١﴾

(૧૩૧) અને દુનિયાની જિંદગીની શોભા તરીકે અમોએ નાસ્તિકોના જુદા જુદા ટોળાંઓને જે લાભ પહોંચાડ્યો છે, તું તેની તરફ આંખ ઊંચકીને પણ જોતો નહિ; કારણ કે અમે તે વડે તેમની કસોટી કરીએ છીએ; અને તારા પરવરદિગારે આપેલી રોઝી વધારે સારી અને બાકી રહેનાર છે.

وَاْمُرْ اَهْلَكَ بِالصَّلٰوةِ وَاصْطَبِرْ عَلَيْهَا ؕ لَا نَسْــَٔلُكَ رِزْقًا ؕ نَحْنُ
نَرْزُقُكَ ؕ وَالْعَاقِبَةُ لِلتَّقْوٰى ۝۱۳۲

(૧૩૨) અને તારા કુટુંબીઓને નમાઝની આજ્ઞા કર, અને પોતે પણ તેનો પાબંદ રહે; અમે તારી પાસે કોઇ રોઝી નથી માંગતા, (બલ્કે) અમે પોતે તને

રોઝી આપીએ છીએ; અને (સારૂં) પરિણામ પરહેઝગારો માટેજ છે.

وَقَالُوْا لَوْلَا يَأْتِيْنَا بِاٰيَةٍ مِّنْ رَّبِّهٖ ؕ اَوَلَمْ تَأْتِهِمْ بَيِّنَةُ مَا فِي الصُّحُفِ الْاُوْلٰى ﴿١٣٣﴾

(૧૩૩) અને તેઓ કહે છે કે આ (રસૂલ) તેના પરવરદિગાર તરફથી કોઇ નિશાની શા માટે લાવતો નથી ? શું તેમની પાસે આગલી કિતાબોમાં જે કાંઇ (આગાહીઓ) છે તેનો પુરાવો (આ કુરઆનમાં) આવી ચૂક્યો નથી ?

وَلَوْ اَنَّآ اَهْلَكْنٰهُمْ بِعَذَابٍ مِّنْ قَبْلِهٖ لَقَالُوْا رَبَّنَا لَوْ لَآ
اَرْسَلْتَ اِلَيْنَا رَسُوْلًا فَنَتَّبِعَ اٰيٰتِكَ مِنْ قَبْلِ اَنْ نَّذِلَّ
وَنَخْزٰى ﴿١٣٤﴾

(૧૩૪) અને જો અમે આ (રસૂલ)ના આવ્યા પહેલાંજ તેમનો નાશ કરી નાખતે તો અવશ્ય તેઓ કહેતે કે અય અમારા પરવરદિગાર ! તેં અમારી પાસે કોઇ રસૂલ કેમ ન મોકલ્યો કે જેથી અમે ફજેત અને ઝલીલ થવા પહેલાંજ તારી આજ્ઞાઓને અનુસરતે.

قُلْ كُلٌّ مُّتَرَبِّصٌ فَتَرَبَّصُوْا ۚ فَسَتَعْلَمُوْنَ مَنْ اَصْحٰبُ
الصِّرَاطِ السَّوِيِّ وَمَنِ اهْتَدٰى ﴿١٣٥﴾

(૧૩૫) (અય રસૂલ !) તું કહે કે દરેક જણ (પોતાના પરિણામની) વાટ જોઇ રહ્યો છે માટે તમે પણ વાટ જુઓ; પછી નજીકમાં તમે જાણી લેશો કે સીધા માર્ગવાળા અને હિદાયત પામેલા કોણ છે.

اِقۡتَرَبَ لِلنَّاسِ حِسَابُهُمۡ وَهُمۡ فِىۡ غَفۡلَةٍ مُّعۡرِضُوۡنَ‌ۚ ﴿۱﴾

(૧) (બધા) માણસો પાસે તેમના હિસાબનો (દિવસ) આવી લાગ્યો, છતાંય તેઓ હજી સુધી અજ્ઞાનતામાં (પડ્યા રહી) મોઢું ફેરવી રહ્યા છે.

مَا يَاۡتِيۡهِمۡ مِّنۡ ذِكۡرٍ مِّنۡ رَّبِّهِمۡ مُّحۡدَثٍ اِلَّا اسۡتَمَعُوۡهُ وَهُمۡ يَلۡعَبُوۡنَۙ ﴿۲﴾

(૨) તેમની પાસે તેમના પરવરદિગાર તરફથી કોઇ નવી નસીહત આવે છે તો તેઓ તે એવી બેદરકારીથી સાંભળે છે કે જાણે તેઓ રમતમાં હોય.

لَاهِيَةً قُلُوْبُهُمْ ۭ وَاَسَرُّوا النَّجْوَى ۖ الَّذِيْنَ ظَلَمُوْا ۖ هَلْ هٰذَآ

اِلَّا بَشَرٌ مِّثْلُكُمْ ۚ اَفَتَاْتُوْنَ السِّحْرَ وَاَنْتُمْ تُبْصِرُوْنَ ③

(3) તેમના મન રમતગમતમાં મચેલાં છે, અને (અય રસૂલ !) જે ઝાલિમો છે તે (તારા સંબંધમાં) ગુસપુસ કરે છે (અને કહે છે) કે આ રસૂલ છેજ શું ? તમારાજ જેવો તો માણસ છે; ત્યારે શું તમે જાણી જોઇને જાદુ (ની વાત સાંભળવા) માટે આવો છો ?

قٰلَ رَبِّيْ يَعْلَمُ الْقَوْلَ فِي السَّمَآءِ وَالْاَرْضِ ۡ وَهُوَ السَّمِيْعُ

الْعَلِيْمُ ④

(૪) (અય રસૂલ !) તું કહે કે મારો પરવરદિગાર આસમાન તથા પૃથ્વીમાં જે જે વાતો થાય છે તે જાણે છે, અને તે મોટો સાંભળનાર (તથા) જાણનારો છે.

بَلْ قَالُوْٓا اَضْغَاثُ اَحْلَامٍۭ بَلِ افْتَرٰىهُ بَلْ هُوَ شَاعِرٌ ۚۖ فَلْيَاْتِنَا
بِاٰيَةٍ كَمَآ اُرْسِلَ الْاَوَّلُوْنَ ﴿٥﴾

(૫) બલ્કે તેઓ કહે છે કે આ (કુરઆન) ગૂંચવણ ભરેલાં સ્વપ્નાં છે; (એટલું જ નહિ) બલ્કે તે તેણે પોતાના મનથી જ ઘડી કાઢ્યું છે; બલ્કે તે એક કવિ છે; (જો તેમ નથી તો) આગલા પયગમ્બરોની જેમ આ પણ એક મોઅજિઝો લઇ આવે.

مَآ اٰمَنَتۡ قَبۡلَهُمۡ مِّنۡ قَرۡيَةٍ اَهۡلَكۡنٰهَا ۚ اَفَهُمۡ يُؤۡمِنُوۡنَ ۝٦

(૬) તેમની પહેલાં અમોએ જે વસ્તીનો નાશ કરી નાખ્યો તે (મોઅજિઝા જોયા છતાં) ઇમાન લાવી ન હતી; ત્યારે શું આ લોકો ઇમાન લાવશે ?

وَمَآ اَرۡسَلۡنَا قَبۡلَكَ اِلَّا رِجَالًا نُّوۡحِىۡۤ اِلَيۡهِمۡ فَسۡـَٔلُوۡۤا اَهۡلَ الذِّكۡرِ اِنۡ كُنۡتُمۡ لَا تَعۡلَمُوۡنَ ۝٧

(૭) અને (અય રસૂલ !) અમોએ તારી પહેલાં પણ (રસૂલ તરીકે) માણસ જ મોકલ્યા હતા જેમના ઉપર અમે વહી મોકલતા હતા, જો તમે જાણતા ન હો તો (અગાઉની) કિતાબવાળાઓને પૂછી જુઓ.

وَمَا جَعَلۡنٰهُمۡ جَسَدًا لَّا يَاۡكُلُوۡنَ الطَّعَامَ وَمَا كَانُوۡا خٰلِدِيۡنَ ۝٨

(૮) અને અમોએ તેમના એવા શરીર બનાવ્યા ન હતા કે તેઓ ખાવાનું ખાતા ન હોય, અને ન તેઓ અમર રહેનારા હતા.

ثُمَّ صَدَقْنٰهُمُ الْوَعْدَ فَاَنْجَيْنٰهُمْ وَمَنْ نَّشَآءُ وَاَهْلَكْنَا
الْمُسْرِفِيْنَ۝۹

(૯) પછી તેમને કરેલો વાયદો સાચો કરી દેખાડ્યો, પછી ખુદ તેમને અને જેને જેને અમોએ ચાહ્યું બચાવી લીધા અને અત્યાચાર કરનારાઓનો અમોએ નાશ કર્યો.

لَقَدْ اَنْزَلْنَآ اِلَيْكُمْ كِتٰبًا فِيْهِ ذِكْرُكُمْ ۭ اَفَلَا تَعْقِلُوْنَ۝۱۰ۧ

(૧૦) (અય કુરૈશની કોમ !) ખરેખરજ અમોએ તમારી તરફ એક કિતાબ ઉતારી છે જેમાં તમારી ભલી યાદ છે; છતાં તમે સમજતા નથી ?

وَكَمْ قَصَمْنَا مِنْ قَرْيَةٍ كَانَتْ ظَالِمَةً وَّاَنْشَاْنَا بَعْدَهَا قَوْمًا
اٰخَرِيْنَ ﴿١١﴾

(૧૧) અને અમોએ કંઇ કેટલીયે વસ્તીઓ કે જે ઝુલમગાર હતી તેમનો નાશ કરી નાખ્યો છે, અને તેમના (નાશ કર્યા) બાદ બીજા લોકો પેદા કર્યા.

فَلَمَّآ اَحَسُّوْا بَاْسَنَآ اِذَا هُمْ مِّنْهَا يَرْكُضُوْنَ ﴿١٢﴾

(૧૨) પછી જ્યારે તેમણે પણ અમારો અઝાબનો એહસાસ કર્યો તો ત્યાંથી ઉતાવળા ઉતાવળા નાસવા લાગ્યા.

لَا تَرۡكُضُوۡا وَارۡجِعُوۡۤا اِلٰى مَاۤ اُتۡرِفۡتُمۡ فِيۡهِ وَمَسٰكِنِكُمۡ لَعَلَّكُمۡ تُسۡـَٔلُوۡنَ ﴿۱۳﴾

(૧૩) (અમોએ તેમને કહ્યું) હવે ઝડપભેર નાસો નહિ, અને જે (સ્થાનો)માં તમે સુખ-ચેન ઉડાવતા હતા તે સ્થાન તરફ તથા તમારા મકાનો તરફ પાછા ફરો કે જેથી તમને પૂછપરછ કરવામાં આવે.

قَالُوۡا يٰوَيۡلَنَاۤ اِنَّا كُنَّا ظٰلِمِيۡنَ ﴿۱۴﴾

(૧૪) તેઓ બોલ્યા, હાય ખરાબી અમારી ! અમે તો નિસંશય ઝુલમગાર હતા.

فَمَا زَالَتْ تِّلْكَ دَعْوٰىهُمْ حَتّٰى جَعَلْنٰهُمْ حَصِيْدًا خٰمِدِيْنَ ﴿۱۵﴾

(૧૫) સારાંશ કે તેઓ નિરંતર એમજ પોકારતા રહ્યા, અહીં સુધી કે અમોએ તેમનો (નાશ કરી) વાઢેલી ખેતીની જેમ ઢગલો બનાવી દીધો.

وَمَا خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ﴿۱۶﴾

(૧૬) અને અમોએ આસમાન તથા પૃથ્વી અને તેમની વચ્ચે જે કાંઇ છે તે રમતગમત માટે પેદા કર્યું નથી.

لَوْ اَرَدْنَآ اَنْ نَّتَّخِذَ لَهْوًا لَّاتَّخَذْنٰهُ مِنْ لَّدُنَّآ ۖ اِنْ كُنَّا فٰعِلِيْنَ ﴿۱۷﴾

(૧૭) અમે કોઇ રમતગમત જ બનાવવા ચાહતે તો અમારા તરફથી (અમને છાજતું) બનાવતે, જો અમારે કરવું જ હોત તો.

بَلۡ نَقۡذِفُ بِالۡحَقِّ عَلَى الۡبَاطِلِ فَيَدۡمَغُهٗ فَاِذَا هُوَزَاهِقٌ ؕ
وَلَكُمُ الۡوَيۡلُ مِمَّا تَصِفُوۡنَ ⑱

(૧૮) બલ્કે અમે તો સત્યને અસત્ય ઉપર મારીએ છીએ કે જેથી તે (સત્ય) તે (અસત્ય)ને ભાંગી નાખે છે, જેથી તે અસત્ય નાબૂદ થઇ જાય છે; અને તમારા પર અફસોસ છે કે આવી (નિરર્થક) વાતો વર્ણવો છો.

وَلَهٗ مَنۡ فِی السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ وَمَنۡ عِنۡدَهٗ لَا یَسۡتَكۡبِرُوۡنَ

عَنۡ عِبَادَتِهٖ وَلَا یَسۡتَحۡسِرُوۡنَ ﴿۱۹﴾

(૧૯) અને જેઓ આસમાન અને જમીનમાં છે તે તેનાજ છે; અને જેઓ તેની હજૂરમાં છે તેઓ, પણ ન તેની ઇબાદત કરવાથી અભિમાન કરે છે અને ન (ઇબાદત કરતાં) થાકી જાય છે.

یُسَبِّحُوۡنَ الَّیۡلَ وَالنَّهَارَ لَا یَفۡتُرُوۡنَ ﴿۲۰﴾

(૨૦) (બલ્કે) રાત દિવસ (તેની) પવિત્રતા વર્ણવ્યા કરે છે, (અને મુદ્દલ) આળસ કરતા નથી.

اَمِ اتَّخَذُوۡۤا اٰلِهَةً مِّنَ الۡاَرۡضِ هُمۡ یُنۡشِرُوۡنَ ﴿۲۱﴾

(૨૧) શું તેમણે પૃથ્વી (માંની વસ્તુઓ)માંથી એવા ખુદા પસંદ કરી લીધા છે કે જેઓ (મરણ પામેલાઓને) સજીવન કરી ઉઠાડે છે ?

لَوْ كَانَ فِيْهِمَآ اٰلِهَةٌ اِلَّا اللّٰهُ لَفَسَدَتَا ۚ فَسُبْحٰنَ اللّٰهِ رَبِّ الْعَرْشِ عَمَّا يَصِفُوْنَ ﴿٢٢﴾

(૨૨) જો (આસમાનો તથા પૃથ્વીમાં) તે અલ્લાહના સિવાય કોઇ બીજા પણ ખુદાઓ હોત તો ખરેજ તે બન્નેમાં અંધાધુંધી ફેલાઇ ગઇ હોત; માટે તેઓ જે જે કાંઇ વર્ણવે છે તે સર્વે (વાતો)થી અર્શનો માલિક, અલ્લાહ પાક છે.

لَا يُسْـَٔلُ عَمَّا يَفْعَلُ وَهُمْ يُسْـَٔلُوْنَ ﴿٢٣﴾

(૨૩) જે કાંઇ તે (અલ્લાહ) કરે છે તેના સંબંધી તેનાથી પૂછપરછ કરી શકાતી નથી ને તેઓ જે કાંઇ કરે છે તેના સંબંધમાં તેમને જરૂર પૂછપરછ કરવામાં આવશે.

اَمِ اتَّخَذُوۡا مِنۡ دُوۡنِهٖۤ اٰلِهَةً ؕ قُلۡ هَاتُوۡا بُرۡهَانَكُمۡ ۚ هٰذَا ذِكۡرُ مَنۡ مَّعِىَ وَذِكۡرُ مَنۡ قَبۡلِىۡ ؕ بَلۡ اَكۡثَرُهُمۡ لَا يَعۡلَمُوۡنَ ۙ الۡحَقَّ فَهُمۡ مُّعۡرِضُوۡنَ ﴿۲۴﴾

(૨૪) શું તેમણે તે (અલ્લાહ)ને મૂકી બીજા ખુદા બનાવી લીધા છે? (અય રસૂલ!) તું કહે કે તમે પોતપોતાની દલીલો રજુ કરો; આ (કુરઆન) તેમના માટે નસીહત છે કે જેઓ મારી સાથે છે,

અને તેઓ માટે પણ નસીહત છે કે જેઓ મારી અગાઉના (લોકો) હતા. પરંતુ તેઓમાંના ઘણા ખરા લોકો સત્યને પારખતા નથી જેથી તેઓ (સત્યથી) મોઢું ફેરવતા રહે છે.

وَمَآ اَرۡسَلۡنَا مِنۡ قَبۡلِكَ مِنۡ رَّسُوۡلٍ اِلَّا نُوۡحِىۡۤ اِلَيۡهِ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنَا فَاعۡبُدُوۡنِ ۝٢٥

(૨૫) અને અમોએ તારી પહેલાં એક પણ રસૂલ મોકલ્યો નથી કે જેની તરફ અમે (એવી) વહી કરતા રહ્યા ન હોઇએ કે મારા સિવાય કોઇ માઅબૂદ નથી, માટે તમે મારીજ ઇબાદત કરતા રહો.

وَقَالُوا اتَّخَذَ الرَّحْمٰنُ وَلَدًا سُبْحٰنَهٗ ؕ بَلْ عِبَادٌ مُّكْرَمُوْنَ ﴿٢٦﴾

(૨૬) અને તેઓ કહે છે કે દયાળુ અલ્લાહે પોતાના માટે એક પુત્ર બનાવી લીધો છે; તેની જાત (આ આક્ષેપથી) પાક છે. બલ્કે તેઓ (કે જેમને તેઓ અલ્લાહના પુત્ર માને છે) તે (અલ્લાહ)ના માનવંત બંદા છે.

لَا يَسْبِقُوْنَهٗ بِالْقَوْلِ وَهُمْ بِاَمْرِهٖ يَعْمَلُوْنَ ﴿٢٧﴾

(૨૭) જેઓ કોઇ પણ વાત કહેવામાં તેનાથી પહેલ નથી કરતા, અને માત્ર તેનીજ આજ્ઞા પ્રમાણે અમલ કરતા રહે છે.

يَعْلَمُ مَا بَيْنَ اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ وَلَا يَشْفَعُوْنَ ۙ اِلَّا لِمَنِ
ارْتَضٰى وَهُمْ مِّنْ خَشْيَتِهٖ مُشْفِقُوْنَ ۞٢٨

(૨૮) તેમના ભાવી તથા ભૂત(કાળની સઘળી)ની હકીકતને જાણે છે, અને તેઓ (કોઇની) ભલામણ કરતા નથી, સિવાય તેના કે જે તે (અલ્લાહ)ને પસંદ હોય અને તેઓ તેના ખોફથી ડરતા રહે છે.

وَمَنْ يَّقُلْ مِنْهُمْ اِنِّیْٓ اِلٰهٌ مِّنْ دُوْنِهٖ فَذٰلِكَ نَجْزِيْهِ جَهَنَّمَ ؕ
كَذٰلِكَ نَجْزِى الظّٰلِمِيْنَ ۞٢٩

(૨૯) અને તેઓમાંથી જે કોઇ કહે કે હું પણ તેના સિવાય એક માઅબૂદ છું (તો બસ) એવાઓનો જ

બદલો અમે જહન્નમ નક્કી કરીશું; અમે ઝાલિમોને એવોજ બદલો આપતા રહીએ છીએ.

اَوَلَمۡ يَرَ الَّذِيۡنَ كَفَرُوۡۤا اَنَّ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ كَانَتَا رَتۡقًا فَفَتَقۡنٰهُمَا ؕ وَجَعَلۡنَا مِنَ الۡمَآءِ كُلَّ شَىۡءٍ حَىٍّ ؕ اَفَلَا يُؤۡمِنُوۡنَ ۝۳۰

(30) જે લોકો નાસ્તિક છે શું તેમની સમજમાં આ નથી આવ્યું કે આસમાન તથા પૃથ્વી બન્ને બંધ હતાં, પછી તે બન્નેને અમોએ ઉઘાડી નાખ્યાં; અને દરેક વસ્તુને અમોએ પાણી વડે જીવતી બનાવી દીધી; તો પણ તેઓ ઇમાન નહિ લાવે?

وَجَعَلۡنَا فِي الۡاَرۡضِ رَوَاسِيَ اَنۡ تَمِيۡدَ بِهِمۡ ۖ وَجَعَلۡنَا فِيۡهَا
فِجَاجًا سُبُلًا لَّعَلَّهُمۡ يَهۡتَدُوۡنَ ﴿۳۱﴾

(૩૧) અને અમોએ પૃથ્વીમાં ભારે (વજનદાર) પહાડો કાયમ કરી દીધા છે કે જેથી ક્યાંય એમ ન થાય કે તે (પૃથ્વી) તેમને લઇ ધસી પડે; અને તેમાં તેમના માટે લાંબા પહોળા માર્ગ બનાવ્યા છે કે જેથી તેઓ ખરો માર્ગ મેળવી લે.

وَجَعَلۡنَا السَّمَآءَ سَقۡفًا مَّحۡفُوۡظًا ۖۚ وَّهُمۡ عَنۡ اٰيٰتِهَا
مُعۡرِضُوۡنَ ﴿۳۲﴾

(૩૨) અને આકાશને અમોએ એક સુરક્ષિત છત્ર બનાવ્યું છે અને (તો પણ) તેઓ તે નિશાનીઓથી મોઢું ફેરવી લે છે.

وَهُوَ الَّذِىۡ خَلَقَ الَّيۡلَ وَالنَّهَارَ وَالشَّمۡسَ وَالۡقَمَرَ‌ؕ كُلٌّ فِىۡ فَلَكٍ يَّسۡبَحُوۡنَ‏ ﴿۳۳﴾

(33) અને તે (અલ્લાહ) એજ તો છે જેણે રાત તથા દિવસ અને સૂરજ તથા ચંદ્રમાને સર્જ્યા છે; તેઓ (સર્વે) પોતપોતાના નિશ્ચિત વર્તુળમાં તર્યા કરે છે.

وَمَا جَعَلۡنَا لِبَشَرٍ مِّنۡ قَبۡلِكَ الۡخُلۡدَ‌ؕ اَفَا۟ٮِٕنۡ مِّتَّ فَهُمُ الۡخٰلِدُوۡنَ‏ ﴿۳۴﴾

(૩૪) અને અમરપણું તો અમોએ તારી પહેલાં પણ કોઇ માણસ માટે નક્કી કર્યું ન હતું; ત્યારે (અય રસૂલ!) જો તું મરી જશે તો શું તેઓ હંમેશ (માટે જીવતા) રહેનાર છે ?

كُلُّ نَفۡسٍ ذَآئِقَةُ الۡمَوۡتِ ؕ وَنَبۡلُوۡكُمۡ بِالشَّرِّ وَالۡخَيۡرِ فِتۡنَةً ؕ
وَاِلَيۡنَا تُرۡجَعُوۡنَ ﴿۳۵﴾

(૩૫) દરેક વ્યક્તિ મૃત્યુ (નો સ્વાદ) ચાખનાર છે; અને અમે અજમાયશ તરીકે નેકી તથા બદી વડે તમારી કસોટી કરીએ છીએ; અને અમારી તરફ જ તમારૂં પાછું ફરવું થશે.

وَاِذَا رَاٰكَ الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ يَّتَّخِذُوْنَكَ اِلَّا هُزُوًا ؕ اَهٰذَا
الَّذِيْ يَذْكُرُ اٰلِهَتَكُمْ ۚ وَهُمْ بِذِكْرِ الرَّحْمٰنِ هُمْ كٰفِرُوْنَ ﴿٣٦﴾

(૩૬) અને જે વખતે તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા તને જુએ છે ત્યારે તેઓ માત્ર તારી ઠેકડી ઉડાડે છે; (અને કહે છે કે) શું તે શખ્સ આજ છે કે જે તમારા માઅબૂદોનું વર્ણન (બૂરાઇ સાથે) કરે છે? જો કે તેઓ પોતેજ દયાળુ અલ્લાહની યાદનો ઇન્કાર કરનારા છે (માટે તેમની જ મૂર્ખાઇ ઉપર હસવું જોઇએ).

خُلِقَ الْاِنْسَانُ مِنْ عَجَلٍ ؕ سَاُورِيْكُمْ اٰيٰتِيْ فَلَا تَسْتَعْجِلُوْنِ ﴿٣٧﴾

(૩૭) મનુષ્ય માત્ર (સ્વભાવે) ઉતાવળો પેદા કરવામાં આવ્યો છે; હું તમને નજીકમાં જ મારી નિશાનીઓ દેખાડીશ, માટે તમે મારી પાસે ઉતાવળની ઇચ્છા કરશો નહિ.

وَيَقُوۡلُوۡنَ مَتٰى هٰذَا الۡوَعۡدُ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ۝٣٨

(૩૮) અને તેઓ કહે છે કે જો તમે સાચા છો તો દેખાડી દો કે આ (કયામતનો) વાયદો આવશે ક્યારે?

لَوۡ يَعۡلَمُ الَّذِيۡنَ كَفَرُوۡا حِيۡنَ لَا يَكُفُّوۡنَ عَنۡ وُّجُوۡهِهِمُ النَّارَ

وَلَا عَنۡ ظُهُوۡرِهِمۡ وَلَا هُمۡ يُنۡصَرُوۡنَ ۝٣٩

(૩૯) કદાચને આ લોકો કે જેઓ ઇન્કાર કરનારા થઇ ગયા છે તેઓ તે વખત(ની સ્થિતિ)ને જાણી લેતે જ્યારે કે તેઓ (જહન્નમની) આગને ન પોતાના મોઢા તરફથી રોકી શકશે અને ન પોતાની પીઠ તરફથી, અને ન તેમની (કોઇ પ્રકારની) સહાય કરવામાં આવશે (તો કદી પણ ઉતાવળ કરતે નહિ).

بَلْ تَأْتِيهِمْ بَغْتَةً فَتَبْهَتُهُمْ فَلَا يَسْتَطِيعُونَ رَدَّهَا وَلَا هُمْ يُنْظَرُونَ ۝٤٠

(૪૦) બલ્કે તે (કયામત) તો તેમને ઓચિંતી આવી પકડશે, પછી તે તેમને મૂંઝવી નાખશે, જેથી તેઓ

ન તેને ટાળી શકશે અને ન તેમને મોહલત આપવામાં આવશે.

وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ فَحَاقَ بِالَّذِيْنَ سَخِرُوْا مِنْهُمْ

مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٤١﴾

(૪૧) અને (અય રસૂલ!) ખરેખર જ તારી પહેલાના રસૂલોની પણ હાંસી ઉડાવવામાં આવી હતી, જેથી તેઓ જે અઝાબને હસી કાઢતા હતા તેણે જ તેમને આવી પકડ્યા.

قُلْ مَنْ يَّكْلَؤُكُمْ بِالَّيْلِ وَالنَّهَارِ مِنَ الرَّحْمٰنِ ؕ بَلْ هُمْ عَنْ

ذِكْرِ رَبِّهِمْ مُّعْرِضُوْنَ ﴿٤٢﴾

(૪૨) તું કહે કે રાતમાં કે દિવસમાં દયાળુ (અલ્લાહ)ના અઝાબથી તમારૂં કોણ રક્ષણ કરે છે? પણ તેઓ તો તેમના પરવરદિગારની યાદથી પણ મોઢું ફેરવી લેનારા થઇ ગયા છે.

اَمۡ لَهُمۡ اٰلِهَةٌ تَمۡنَعُهُمۡ مِّنۡ دُوۡنِنَا ؕ لَا يَسۡتَطِيۡعُوۡنَ نَصۡرَ اَنۡفُسِهِمۡ وَلَا هُمۡ مِّنَّا يُصۡحَبُوۡنَ ﴿۴۳﴾

(૪૩) શું અમારા સિવાય તેમના કોઇ (બીજા પણ) ખુદા છે જે તેમને અમારા (અઝાબ)થી બચાવે ? (તેઓ શું બચાવશે,) પોતાની જાતની તો મદદ કરી શકતા નથી, અને ન અમારી આગળ તેમનો કોઇ સાથી થનાર છે.

بَلْ مَتَّعْنَا هٰٓؤُلَآءِ وَاٰبَآءَهُمْ حَتّٰى طَالَ عَلَيْهِمُ الْعُمُرُ ؕ اَفَلَا
يَرَوْنَ اَنَّا نَاْتِى الْاَرْضَ نَنْقُصُهَا مِنْ اَطْرَافِهَا ؕ اَفَهُمُ
الْغٰلِبُوْنَ ﴿۴۴﴾

(૪૪) બલ્કે અમોએ તેમને તથા તેમના બાપદાદાઓને સુખનો ઉપભોગ કરવા દીધો, અહીં સુધી કે તેમની જિંદગી (સુખમાં) લંબાઇ; શું તેઓ આ નથી જોતા કે પૃથ્વીને અમે તેની આજુબાજુથી સતત ઓછી કરતા ચાલ્યા જઇએ છીએ? શું તો પણ તેઓજ પ્રબળ છે ?

قُلْ اِنَّمَآ اُنْذِرُكُمْ بِالْوَحْيِ ۖ وَلَا يَسْمَعُ الصُّمُّ الدُّعَآءَ اِذَا مَا
يُنْذَرُوْنَ ﴿۴۵﴾

(૪૫) (અય રસૂલ !) તું કહે કે સિવાય તેના નથી કે હું તમને (મને જે) વહી (થાય છે તેજ) પ્રમાણે ડરાવતો રહું છું; અને બહેરાઓને જ્યારે ડરાવવા માટે પોકારવામાં આવે છે ત્યારે તેઓ તે પોકારને સાંભળતા નથી.

وَلَئِنۡ مَّسَّتۡهُمۡ نَفۡحَةٌ مِّنۡ عَذَابِ رَبِّكَ لَيَقُوۡلُنَّ يٰوَيۡلَنَاۤ اِنَّا كُنَّا ظٰلِمِيۡنَ ﴿۴۶﴾

(૪૬) અને જો તેમને તારા પરવરદિગારના અઝાબની હવા માત્ર અડકી જાય તો તેઓ અવશ્ય આ કહેવા માંડશે કે અફસોસ ! ખરેજ અમે ઝુલમગાર હતા.

وَنَضَعُ الْمَوَازِيْنَ الْقِسْطَ لِيَوْمِ الْقِيٰمَةِ فَلَا تُظْلَمُ نَفْسٌ
شَيْـًٔا ؕ وَاِنْ كَانَ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ اَتَيْنَا بِهَا ؕ وَ كَفٰى
بِنَا حٰسِبِيْنَ ﴿۴۷﴾

(૪૭) અને અમે કયામતના દિવસે ન્યાયના ત્રાજવાં કાયમ કરીશું, જેથી કોઇ વ્યક્તિ પર જરા જેટલોય ઝુલ્મ કરવામાં નહિ આવે; અને જો રાઇના દાણા જેટલા વજનનો (પણ કોઇ અમલ) હશે તો તે પણ અમે લાવી હાજર કરીશું; અને હિસાબ લેવા માટે અમે પૂરતા છીએ.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسٰى وَهٰرُوْنَ الْفُرْقَانَ وَضِيَآءً وَّذِكْرًا
لِّلْمُتَّقِيْنَ ﴿۴۸﴾ۙ

(૪૮) અને ખરેજ અમોએ મૂસા તથા હારૂનને ફુરકાન (સત્ય અસત્ય પારખવાની કિતાબ તવરેત) અર્પણ કરી હતી જે પરહેઝગારો માટે પ્રકાશ તથા બોધ હતી.

الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ بِالْغَيْبِ وَهُمْ مِّنَ السَّاعَةِ مُشْفِقُوْنَ ﴿٤٩﴾

(૪૯) કે જેઓ વગર જોએ પોતાના પરવરદિગારથી ડરતા રહે છે અને કયામતના દિવસથી ભયભીત રહે છે.

وَهٰذَا ذِكْرٌ مُّبٰرَكٌ اَنْزَلْنٰهُ ؕ اَفَاَنْتُمْ لَهٗ مُنْكِرُوْنَ ﴿٥٠﴾

(૫૦) અને આ (કુરઆન) બરકતવાળી નસીહત છે જે અમોએ ઉતારી છે; તે છતાં શું તમે તેનો ઇન્કાર કરનારા છો?

وَلَقَدْ اٰتَيْنَآ اِبْرٰهِيْمَ رُشْدَهٗ مِنْ قَبْلُ وَكُنَّا بِهٖ عٰلِمِيْنَ ۝٥١

(૫૧) અને ખરેજ અમોએ ઇબ્રાહીમને શરૂઆતથી જ પોતાનો સન્માર્ગ (પારખી લેવા)ની બુદ્ધિ અર્પણ કરી હતી, અને અમે તે(ની લાયકાત)થી સંપૂર્ણ વાકેફ હતા.

اِذْ قَالَ لِاَبِيْهِ وَقَوْمِهٖ مَا هٰذِهِ التَّمَاثِيْلُ الَّتِيْٓ اَنْتُمْ لَهَا عٰكِفُوْنَ ۝٥٢

(પર) (તે સમયને યાદ કરો) જ્યારે કે તેણે પોતાના બાપ (એટલે કાકા આઝર)ને તથા પોતાની કોમને કહ્યું કે આ મૂર્તિઓ શી વસ્તુઓ છે કે જેની બંદગીમાં તમે રચ્યા પચ્યા રહ્યા છો ?

قَالُوْا وَجَدْنَآ اٰبَآءَنَا لَهَا عٰبِدِيْنَ ﴿٥٣﴾

(પ૩) તેમણે કહ્યું કે અમોએ અમારા બાપદાદાઓને તેમની પૂજા કરતા જોયા હતા.

قَالَ لَقَدْ كُنْتُمْ اَنْتُمْ وَاٰبَآؤُكُمْ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٥٤﴾

(પ૪) ફરમાવ્યું, ખરેજ તમે અને તમારા બાપદાદા પણ ખુલ્લી ગુમરાહીમાં છો.

قَالُوْٓا اَجِئْتَنَا بِالْحَقِّ اَمْ اَنْتَ مِنَ اللّٰعِبِيْنَ ﴿٥٥﴾

(૫૫) તેમણે કહ્યું, તું કોઇ હક વાત લાવ્યો છે કે અમસ્થીજ દિલ્લગી કરનારાઓ માંનો છે ?

قَالَ بَلۡ رَّبُّكُمۡ رَبُّ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ الَّذِىۡ فَطَرَهُنَّ ۖ وَاَنَا عَلٰى ذٰلِكُمۡ مِّنَ الشّٰهِدِيۡنَ ﴿۵۶﴾

(૫૬) ફરમાવ્યું, હા, તમારો પરવરદિગાર એજ આસમાનો તથા પૃથ્વીનો પરવરદિગાર છે, જે તે (સર્વે)ને અસ્તિત્વમાં લાવ્યો છે; અને હું એ વાત પર સાક્ષી આપનારાઓ માંનો છું.

وَتَاللّٰهِ لَاَكِيۡدَنَّ اَصۡنَامَكُمۡ بَعۡدَ اَنۡ تُوَلُّوۡا مُدۡبِرِيۡنَ ﴿۵۷﴾

(૫૭) અને (પછી મનમાં જ કહ્યું) અલ્લાહની કસમ ! જ્યારે તમે પીઠ ફેરવીને ચાલ્યા જશો

ત્યારે હું તમારી આ મૂર્તિઓ સાથે (કોઇને કોઇ) ચાલબાજી જરૂર ચાલીશ.

فَجَعَلَهُمْ جُذٰذًا اِلَّا كَبِيْرًا لَّهُمْ لَعَلَّهُمْ اِلَيْهِ يَرْجِعُوْنَ ﴿٥٨﴾

(૫૮) પછી તેમના વડા સિવાય બીજા બધાના કટકે કટકા કરી નાખ્યા કે જેથી તેઓ (મોટી મૂર્તિને સલામત જોઇ) તેની તરફ પાછા આવે.

قَالُوْا مَنْ فَعَلَ هٰذَا بِاٰلِهَتِنَاۤ اِنَّهٗ لَمِنَ الظّٰلِمِيْنَ ﴿٥٩﴾

(૫૯) (અને જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે) બોલ્યા, અમારા માઅબૂદોની જેણે આવી દશા કરી છે તે ખરેખરજ ઝુલમગારો માંનો છે.

قَالُوْا سَمِعْنَا فَتًى يَّذْكُرُهُمْ يُقَالُ لَهٗۤ اِبْرٰهِيْمُ ﴿٦٠﴾

(૬૦) (તેઓમાંથી કેટલાકોએ) કહ્યું, અમોએ તો એક નવયુવાનને કે જે ઇબ્રાહીમના નામે પ્રખ્યાત છે તેને (આપણા દેવતાઓનું બૂરાઇની સાથે) યાદ કરતાં સાંભળ્યો હતો.

قَالُوْا فَاْتُوْا بِهٖ عَلٰۤى اَعْيُنِ النَّاسِ لَعَلَّهُمْ يَشْهَدُوْنَ ﴿٦١﴾

(૬૧) (આથી) તેઓ કહેવા લાગ્યા કે (અગર) એમજ છે તો તેને લોકો સામે હાજર કરો કે જેથી તેઓ સાક્ષી રહે.

قَالُوْۤا ءَاَنْتَ فَعَلْتَ هٰذَا بِاٰلِهَتِنَا يٰۤاِبْرٰهِيْمُ ﴿٦٢﴾

(૬૨) (પછી જ્યારે ઇબ્રાહીમને હાજર કરવામાં આવ્યો ત્યારે આ લોકો) બોલ્યા કે અય ઇબ્રાહીમ ! શું તેંજ અમારા દેવતાઓની આવી દશા કરી છે ?

قَالَ بَلۡ فَعَلَهٗ ۖ كَبِيۡرُهُمۡ هٰذَا فَسۡـَٔلُوۡهُمۡ اِنۡ كَانُوۡا
يَنۡطِقُوۡنَ ﴿٦٣﴾

(૬૩) ફરમાવ્યું, બલ્કે (કદાચને) તેઓમાંથી આ જે સૌથી મોટો છે તેણેજ આવું કર્યું હશે, માટે જો તે બોલતા હોય તો તેમને જ પૂછી જુઓ.

فَرَجَعُوۡۤا اِلٰٓى اَنۡفُسِهِمۡ فَقَالُوۡۤا اِنَّكُمۡ اَنۡتُمُ الظّٰلِمُوۡنَ ۙ﴿٦٤﴾

(૬૪) ત્યારે તેમણે પોતાના મનમાં વિચાર્યું અને પરસ્પર કહેવા લાગ્યા કે ઝાલિમ તો તમે પોતે જ છો:

ثُمَّ نُكِسُوۡا عَلٰى رُءُوۡسِهِمۡ ۚ لَقَدۡ عَلِمۡتَ مَا هٰٓؤُلَاۤءِ
يَنۡطِقُوۡنَ ﴿٦٥﴾

(૬૫) પછી તેમના માથા (ક્ષોભના કારણે) જૂકી ગયા (અને કહેવા લાગ્યા કે) આ તો તું ખાત્રીપૂર્વક જાણે જ છે કે તે (મૂર્તિ)ઓ બોલતી નથી.

قَالَ اَفَتَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ مَا لَا يَنۡفَعُكُمۡ شَيۡـًٔا وَّلَا يَضُرُّكُمۡ ؕ﴿۶۶﴾

(૬૬) ફરમાવ્યું, તે છતાં શું તમે અલ્લાહને છોડી એવાઓને પૂજો છો કે જેઓ તમને ન કાંઇ ફાયદો પહોંચાડે છે ન કાંઇ નુકસાન પહોંચાડે છે ?

اُفٍّ لَّكُمۡ وَلِمَا تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ ‌ؕ اَفَلَا تَعۡقِلُوۡنَ﴿۶۷﴾

(૬૭) ધિક્કાર છે તમારા પર તથા તેમના પર કે જેને તમે અલ્લાહના સિવાય પૂજો છો; શું તમે (એટલું પણ) સમજતા નથી ?

قَالُوْا حَرِّقُوْهُ وَانْصُرُوْٓا اٰلِهَتَكُمْ اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ﴿٦٨﴾

(૬૮) (આથી નાસ્તિકો વધુ ક્રોધે ભરાયા અને) કહેવા લાગ્યા કે જો તમારે કંઇ કરવું હોય તો તેને બાળી નાખો અને તમારા દેવતાઓની સહાય કરો.

قُلْنَا يٰنَارُ كُوْنِيْ بَرْدًا وَّسَلٰمًا عَلٰٓى اِبْرٰهِيْمَ ﴿٦٩﴾

(૬૯) (સારાંશ કે જ્યારે ઇબ્રાહીમને ભડભડતી આગમાં નાખવામાં આવ્યા ત્યારે) અમોએ કહ્યું કે અય આગ! તું ઇબ્રાહીમ પર ઠંડી અને સલામતિ આપનારી થઇ જા;

وَاَرَادُوْا بِهٖ كَيْدًا فَجَعَلْنٰهُمُ الْاَخْسَرِيْنَ ﴿٧٠﴾

(૭૦) અને તેમણે ઇબ્રાહીમ સાથે ચાલ ચાલવાનો ઇરાદો કર્યો પણ અમોએ તેમનેજ સૌથી વધારે હાનિ ભોગવનારા બનાવી દીધા.

وَنَجَّيْنٰهُ وَلُوْطًا اِلَى الْاَرْضِ الَّتِيْ بٰرَكْنَا فِيْهَا لِلْعٰلَمِيْنَ ﴿٧١﴾

(૭૧) અને અમોએ તે (ઇબ્રાહીમ)ને તથા લૂતને (ઝાલિમોના ઝુલ્મોથી) બચાવી લઇને એક એવી ભૂમિ (બયતુલ મુકદ્દસ) પર પહોંચાડી દીધા કે જેને અમોએ સઘળી દુનિયાવાળાઓ માટે બરકતવાળી બનાવી હતી.

وَوَهَبْنَا لَهٗۤ اِسْحٰقَ ؕ وَيَعْقُوْبَ نَافِلَةً ؕ وَكُلًّا جَعَلْنَا صٰلِحِيْنَ ﴿٧٢﴾

(૭૨) અને અમોએ તે (ઇબ્રાહીમ)ને (પુત્ર) ઇસ્હાક તથા (પૌત્ર) યાકૂબ અર્પણ કર્યા; અને તે સર્વેને અમોએ સદાચારી બનાવ્યા.

وَجَعَلْنٰهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا وَاَوْحَيْنَآ اِلَيْهِمْ فِعْلَ الْخَيْرٰتِ
وَاِقَامَ الصَّلٰوةِ وَاِيْتَآءَ الزَّكٰوةِ ۚ وَكَانُوْا لَنَا عٰبِدِيْنَ ۝٧٣

(૭૩) અને અમોએ તેમને એવા ઇમામ (રાહબર) બનાવ્યા કે જેઓ અમારી આજ્ઞા પ્રમાણે (લોકોને) હિદાયત કરતા હતા, અને અમોએ તેમને નેકીઓ કરવાની તથા નમાઝ પઢવાની તથા ઝકાત આપવાની આજ્ઞા આપી હતી, અને તેઓ સઘળા માત્ર અમારી જ બંદગી કરનારા હતા.

وَلُوۡطًا اٰتَيۡنٰهُ حُكۡمًا وَّعِلۡمًا وَّنَجَّيۡنٰهُ مِنَ الۡقَرۡيَةِ الَّتِىۡ كَانَتۡ
تَّعۡمَلُ الۡخَبٰٓـئِثَ ؕ اِنَّهُمۡ كَانُوۡا قَوۡمَ سَوۡءٍ فٰسِقِيۡنَ ۙ‏ ﴿۷۴﴾

(૭૪) અને લૂતને અમોએ ચુકાદાની શક્તિ તથા જ્ઞાન આપ્યાં હતાં, અને તેને તે વસ્તીથી છુટકારો આપ્યો કે જે બદ કામ કરતી હતી; બેશક તેઓ બદકાર (અને) નાફરમાન લોકો હતા.

وَاَدۡخَلۡنٰهُ فِىۡ رَحۡمَتِنَا ؕ اِنَّهٗ مِنَ الصّٰلِحِيۡنَ ﴿۷۵﴾

(૭૫) અને અમોએ તે (લૂત)ને અમારી કૃપા (ભરી છાયા)માં લઇ લીધો; ખરેજ તે સદાચારી લોકોમાંથી હતો.

وَنُوۡحًا اِذۡ نَادٰى مِنۡ قَبۡلُ فَاسۡتَجَبۡنَا لَهٗ فَنَجَّيۡنٰهُ وَاَهۡلَهٗ مِنَ
الۡكَرۡبِ الۡعَظِيۡمِ ۚ‏ ﴿۷۶﴾

(૭૬) અને (તે સમયને યાદ કર) જ્યારે નૂહે પણ તે અગાઉ અમને પોકાર્યા હતા ત્યારે અમોએ તેની દુઆ કબૂલ કરી લીધી હતી, પછી તેને તથા તેના કુટુંબને સખ્ત મુસીબતમાંથી મુક્તિ આપી હતી.

وَنَصَرۡنٰهُ مِنَ الۡقَوۡمِ الَّذِيۡنَ كَذَّبُوۡا بِاٰيٰتِنَا ‌ؕ اِنَّهُمۡ كَانُوۡا قَوۡمَ
سَوۡءٍ فَاَغۡرَقۡنٰهُمۡ اَجۡمَعِيۡنَ‏ ﴿۷۷﴾

(૭૭) અને તે લોકોના મુકાબલામાં કે જેમણે અમારી આયતો જૂઠલાવી અમોએ તેની મદદ કરી

હતી; બેશક તે બદકાર લોકો હતા, જેથી અમોએ તે સર્વેને ડુબાડી દીધા.

وَدَاوٗدَ وَسُلَيۡمٰنَ اِذۡ يَحۡكُمٰنِ فِى الۡحَرۡثِ اِذۡ نَفَشَتۡ فِيۡهِ غَنَمُ الۡقَوۡمِ‌ ۚ وَكُنَّا لِحُكۡمِهِمۡ شٰهِدِيۡنَ ۙ‏ ﴿۷۸﴾

(૭૮) અને (તે સમયને યાદ કર) જ્યારે દાવૂદ તથા સુલયમાન તે ખેતીના સંબંધમાં નિર્ણય બાંધી રહ્યા હતા કે જેમાં (રાત્રિના સમયે) બકરીઓનું એક ટોળું ચરી ગયું હતું, અને અમે તેમના ચુકાદાના સાક્ષી હતા.

فَفَهَّمۡنٰهَا سُلَيۡمٰنَ‌ ۚ وَكُلًّا اٰتَيۡنَا حُكۡمًا وَّعِلۡمًا‌ ۖ وَّسَخَّرۡنَا مَعَ دَاوٗدَ الۡجِبَالَ يُسَبِّحۡنَ وَالطَّيۡرَ‌ ؕ وَكُنَّا فٰعِلِيۡنَ‏ ﴿۷۹﴾

(૭૯) પછી અમોએ સુલયમાનને તે (ચુકાદો) સમજાવી દીધો, અને (એવા) ચુકાદાની શક્તિ તથા જ્ઞાન તો અમોએ દરેક (દરેક રસૂલ)ને આપ્યાં હતાં; અને અમોએ પર્વતોને દાવૂદને આધિન કરી દીધા હતા કે જે તેની સાથે (સાથે અલ્લાહની) તસ્બીહ કર્યા કરતા હતા અને એવીજ રીતે પક્ષીઓ પણ; અને આ બાબતોને બનાવનારા અમેજ તો હતા.

وَعَلَّمْنٰهُ صَنْعَةَ لَبُوْسٍ لَّكُمْ لِتُحْصِنَكُمْ مِّنْۢ بَاْسِكُمْ ۚ فَهَلْ اَنْتُمْ شٰكِرُوْنَ ﴿٨٠﴾

(૮૦) અને અમોએ તે (દાવૂદ)ને તમારા માટે બખ્તર (બનાવવા)નો હુન્નર શીખવ્યો હતો કે જે

તમને યુદ્ધમાં (શસ્ત્રોના ઘાથી) સુરક્ષિત રાખે, તે છતાં શું તમે હજી પણ (અમારો) આભાર નહિ માનો?

وَلِسُلَيْمٰنَ الرِّيْحَ عَاصِفَةً تَجْرِيْ بِاَمْرِهٖٓ اِلَى الْاَرْضِ الَّتِيْ بٰرَكْنَا
فِيْهَا ؕ وَكُنَّا بِكُلِّ شَيْءٍ عٰلِمِيْنَ ۝٨١

(૮૧) અને અમોએ સખત (ફૂંકાતા) વાયુને સુલયમાનને આધિન કરી દીધો હતો કે જે તેને તેના હુકમ મુજબ તે ભૂમિ (બયતુલ મુકદ્દસ) સુધી ફૂંકાતો લઇ જતો હતો કે જે અમોએ બરકતવાળી બનાવી હતી અને (ખરેખરજ) અમે દરેક વસ્તુના જાણનારા છીએ.

وَمِنَ الشَّيٰطِيۡنِ مَنۡ يَّغُوۡصُوۡنَ لَهٗ وَيَعۡمَلُوۡنَ عَمَلًا دُوۡنَ ذٰلِكَ ۚ

وَ كُنَّا لَهُمۡ حٰفِظِيۡنَ ۙ﴿۸۲﴾

(૮૨) અને શેતાનોમાંથી કેટલાકો (તેને આધિન કરી દીધા હતા તે માંના કેટલાક) તેના માટે (મોતી કાઢવાને સમુદ્રમાં) ડુબકીઓ મારતા હતા, અને તદઉપરાંત બીજા પણ (ઘણાં) કાર્યો કરતા હતા, અને અમેજ તે સર્વેના નિગેહબાન હતા.

وَاَيُّوۡبَ اِذۡ نَادٰى رَبَّهٗۤ اَنِّىۡ مَسَّنِىَ الضُّرُّ وَاَنۡتَ اَرۡحَمُ

الرّٰحِمِيۡنَ ۚۖ﴿۸۳﴾

(૮૩) અને (અય રસૂલ !) ઐયુબ (નો કિસ્સો યાદ કર કે) જે વખતે તેણે પોતાના પરવરદિગારને

પોકાર્યો કે નિસંશય મને હાનિ પહોંચી ચૂકી છે, અને તું સર્વે દયા કરનારાઓ કરતાં ઉત્તમ દયા કરનાર છે.

فَاسْتَجَبْنَا لَهٗ فَكَشَفْنَا مَا بِهٖ مِنْ ضُرٍّ وَّاٰتَيْنٰهُ اَهْلَهٗ وَمِثْلَهُمْ مَّعَهُمْ رَحْمَةً مِّنْ عِنْدِنَا وَذِكْرٰى لِلْعٰبِدِيْنَ ﴿٨٤﴾

(૮૪) તો અમોએ તેની દુઆ કબૂલ કરી લીધી અને તેને જે દુ:ખ હતું તે દૂર કરી દીધું, અને અમારા તરફથી કૃપા તરીકે અને એ હેતુ માટે કે ઇબાદત કરનારાઓ માટે એક યાદગીરી રહે, તેના બાલબચ્ચાં (કે જે સઘળાં મરી ચૂક્યાં હતાં) પાછા અર્પણ કર્યા, અને (તદુપરાંત) એટલાજ બીજા પણ આપ્યાં.

وَاِسۡمٰعِيۡلَ وَاِدۡرِيۡسَ وَذَا الۡكِفۡلِ ؕ كُلٌّ مِّنَ الصّٰبِرِيۡنَ ۚ﴿۸۵﴾

(૮૫) અને ઇસ્માઇલ તથા ઇદ્રીસ તથા ઝુલકિફલ (ની હકીકત યાદ કરો); તેઓ સર્વે સબ્ર કરનારાઓ માંના હતા.

وَاَدۡخَلۡنٰهُمۡ فِىۡ رَحۡمَتِنَا ؕ اِنَّهُمۡ مِّنَ الصّٰلِحِيۡنَ ﴿۸۶﴾

(૮૬) અને તેમને અમોએ અમારી રહેમતમાં દાખલ કરી લીધા હતા; નિસંશય તેઓ સદાચારીઓમાંથી હતા.

وَذَا النُّوۡنِ اِذۡ ذَّهَبَ مُغَاضِبًا فَظَنَّ اَنۡ لَّنۡ نَّقۡدِرَ عَلَيۡهِ فَنَادٰى فِى الظُّلُمٰتِ اَنۡ لَّاۤ اِلٰهَ اِلَّاۤ اَنۡتَ سُبۡحٰنَكَ ۖ اِنِّىۡ كُنۡتُ مِنَ الظّٰلِمِيۡنَ ۚ﴿۸۷﴾

(૮૭) અને ઝન્નુન (યુનુસ) કે જ્યારે તે ક્રોધે ભરાઇ ચાલ્યો ગયો હતો અને તેણે ધારી લીધું હતું કે અમે તેના પર સત્તા ચલાવી શકનાર નથી, પછી તે (માછલીના પેટના) અંધકારમાં પોકારવા લાગ્યો કે (અય મારા પરવરદિગાર !) તારા સિવાય કોઇ માઅબૂદ નથી, તું પાક છે; અને નિસંશય ઝુલમગારો માંનો તો હુંજ છું.

فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَنَجَّيْنٰهُ مِنَ الْغَمِّ ۗ وَكَذٰلِكَ نُـْۨجِي الْمُؤْمِنِيْنَ ﴿۸۸﴾

(૮૮) આથી અમોએ તેની દોઆ કબૂલ કરી લીધી, અને તેને તે મુસીબતમાંથી છુટકારો આપ્યો; અને

અમે મોઅમીનોને એવીજ રીતે છુટકારો આપ્યા કરીએ છીએ.

وَزَكَرِيَّآ اِذْ نَادٰى رَبَّهٗ رَبِّ لَا تَذَرْنِيْ فَرْدًا وَّاَنْتَ خَيْرُ الْوٰرِثِيْنَ ﴿٨٩﴾

(૮૯) અને ઝકરીયાએ જે વખતે (નિરાશ સ્થિતિમાં) પોતાના પરવરદિગારને પોકાર્યો કે અય મારા પરવરદિગાર! મને એકલો (અટુલો વારસ વિનાનો) રાખીશ નહિ, જો કે તું જ સૌથી બેહતર વારસ છે.

فَاسْتَجَبْنَا لَهٗ ۡ وَوَهَبْنَا لَهٗ يَحْيٰى وَاَصْلَحْنَا لَهٗ زَوْجَهٗ ؕ اِنَّهُمْ
كَانُوْا يُسٰرِعُوْنَ فِي الْخَيْرٰتِ وَيَدْعُوْنَنَا رَغَبًا وَّرَهَبًا ؕ وَكَانُوْا
لَنَا خٰشِعِيْنَ ﴿۹۰﴾

(૯૦) આથી અમોએ તેની દોઆ કબૂલ કરી લીધી, અને તેને યાહ્યા (જેવો સદાચારી પુત્ર) આપ્યો, અને તેની પત્નીને ગર્ભ ધારણ કરવાને પાત્ર બનાવી દીધી; બેશક આ સર્વે નેક કાર્યોની હરીફાઇમાં ઉતાવળ કર્યા કરતા હતા અને આશા તથા ભય સાથે અમારી પાસે દુઆ માંગ્યા કરતા હતા; અને અમારી પાસે આજીજી કરતા હતા.

وَالَّتِيٓ اَحۡصَنَتۡ فَرۡجَهَا فَنَفَخۡنَا فِيۡهَا مِنۡ رُّوۡحِنَا وَجَعَلۡنٰهَا
وَابۡنَهَاۤ اٰيَةً لِّلۡعٰلَمِيۡنَ ﴿٩١﴾

(૯૧) અને તે સ્ત્રી (મરયમ) જેણીએ પોતાના શિયળનું રક્ષણ કર્યું હતું, પછી અમોએ તે (ના પેટ)માં અમારી રૂહમાંથી ફૂંક્યું અને અમોએ તેણીને તથા તેણીના પુત્ર (ઇસા)ને સઘળા દુનિયાવાળાઓ માટે (અમારી કુદરતના) ચમત્કાર બનાવ્યા હતા.

اِنَّ هٰذِهٖۤ اُمَّتُكُمۡ اُمَّةً وَّاحِدَةً ۖ وَاَنَا رَبُّكُمۡ فَاعۡبُدُوۡنِ ﴿٩٢﴾

(૯૨) નિસંશય આ ઇસ્લામ જ તમારો ધર્મ છે જે એકજ ખરો ધર્મ છે; અને હું તમારો પરવરદિગાર છું માટે મારી જ ઇબાદત કરો.

وَتَقَطَّعُوۡۤا اَمۡرَهُمۡ بَيۡنَهُمۡ‌ ؕ كُلٌّ اِلَيۡنَا رٰجِعُوۡنَ۝۹۳

(૯૩) અને તેમણે (અસલ ધર્મમાં) મતભેદ પાડી પોતાના મામલા ને અંદરો અંદર (આપસમાં) કટકે કટકા કરી નાખ્યા છે; (પણ કોઇ પરવાહ નથી) સઘળા અમારી પાસેજ પાછા આવનારા છે.

فَمَنۡ يَّعۡمَلۡ مِنَ الصّٰلِحٰتِ وَهُوَ مُؤۡمِنٌ فَلَا كُفۡرَانَ لِسَعۡيِهٖ‌ ۚ

وَاِنَّا لَهٗ كٰتِبُوۡنَ۝۹۴

(૯૪) પછી જે કોઇ મોઅમીન હોવાની હાલતમાં નેકીઓ કરશે તેના પ્રયત્નોની નાકદ્રી કરવામાં નહિ આવે, એને બેશક અમે તેના માટે તે (નેકીઓ) લખતા જઇએ છીએ.

وَحَرٰمٌ عَلٰى قَرْيَةٍ اَهْلَكْنٰهَآ اَنَّهُمْ لَا يَرْجِعُوْنَ ﴿٩٥﴾

(૯૫) અને જે વસ્તીનો અમે નાશ કરી ચૂક્યા તેમના માટે (આ જગતમાં) પાછા આવવાનું હરામ કર્યું છે.

حَتّٰٓى اِذَا فُتِحَتْ يَاْجُوْجُ وَمَاْجُوْجُ وَهُمْ مِّنْ كُلِّ حَدَبٍ يَّنْسِلُوْنَ ﴿٩٦﴾

(૯૬) અહીં સુધી કે જ્યારે યાજુજ તથા માજુજ છુટા મૂકી દેવામાં આવશે અને તેઓ દરેક ઊંચાણમાંથી ફેલાતા ચાલ્યા આવશે.

وَاقْتَرَبَ الْوَعْدُ الْحَقُّ فَاِذَا هِىَ شَاخِصَةٌ اَبْصَارُ الَّذِيْنَ كَفَرُوْا ؕ يٰوَيْلَنَا قَدْ كُنَّا فِىْ غَفْلَةٍ مِّنْ هٰذَا بَلْ كُنَّا ظٰلِمِيْنَ ﴿٩٧﴾

(૯૭) અને જ્યારે તે સાચો વાયદો પાસે આવી લાગશે ત્યારે તે લોકો કે જેઓ ઇન્કાર કરનારા થઇ ગયા હતા તેમની આંખો (ત્રાસથી) ફાટીને ફાટીજ રહેશે; (અને તેઓ કહેશે કે) હાય અફસોસ ! અમે તો ખરેજ આ (કયામતના દિવસ)ના સંબંધમાં અજ્ઞાનતામાં જ હતા; એટલું જ નહિ, બલ્કે અમે ઝુલ્મગાર હતા.

اِنَّكُمۡ وَمَا تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ ؕ اَنۡتُمۡ لَهَا
وٰرِدُوۡنَ ﴿٩٨﴾

(૯૮) (કહેવામાં આવશે) નિસંશય તમે તથા તેઓ કે જેમની અલ્લાહના સિવાય તમે ઇબાદત કરતા

હતા જહન્નમનું બળતણ બનશો; (અને) તમારે તેમાં ઉતરવું જ પડશે.

لَوْ كَانَ هٰٓؤُلَآءِ اٰلِهَةً مَّا وَرَدُوْهَا ؕ وَكُلٌّ فِيْهَا خٰلِدُوْنَ ﴿٩٩﴾

(૯૯) જો તેઓ (સાચા) ખુદા હોત તો તે (જહન્નમમાં) ઉતરતે નહિ; અને તેઓ માંનો દરેક હંમેશ (માટે) જહન્નમમાં રહેનારો છે.

لَهُمْ فِيْهَا زَفِيْرٌ وَّهُمْ فِيْهَا لَا يَسْمَعُوْنَ ﴿١٠٠﴾

(૧૦૦) તેમાં તેમના માટે હાય વોય કરવાનું રહેશે અને તેમાં તેઓ કાંઇ પણ સાંભળી શકશે નહિ.

اِنَّ الَّذِيْنَ سَبَقَتْ لَهُمْ مِّنَّا الْحُسْنٰٓى ۙ اُولٰٓئِكَ عَنْهَا مُبْعَدُوْنَ ۙ﴿١٠١﴾

(૧૦૧) નિસંશય તે લોકો કે જેમના હકમાં અમારા તરફથી પ્રથમથી જ ભલાઇ નિર્માણ થઇ ચૂકી છે તેમને તેનાથી દૂર રાખવામાં આવશે;

لَا يَسْمَعُوْنَ حَسِيْسَهَا ۚ وَهُمْ فِيْ مَا اشْتَهَتْ اَنْفُسُهُمْ
خٰلِدُوْنَ ۚ﴿۱۰۲﴾

(૧૦૨) તે (જહન્નમ)નો જરાય અવાજ તેઓ નહિ સાંભળે, અને જે જે વસ્તુઓ માટે તેમનું મન ચાહશે નિરંતર તેમાંજ રહેશે.

لَا يَحْزُنُهُمُ الْفَزَعُ الْاَكْبَرُ وَتَتَلَقّٰىهُمُ الْمَلٰٓئِكَةُ ؕ هٰذَا
يَوْمُكُمُ الَّذِيْ كُنْتُمْ تُوْعَدُوْنَ ﴿۱۰۳﴾

(૧૦૩) (કયામતની) મોટામાં મોટી ધાસ્તી પણ તેમને દિલગીર નહિ કરે, અને ફરિશ્તા તેમની મુલાકાત લેતા રહેશે; (અને કહેશે કે) જે દિવસનો તમારાથી વાયદો કરવામાં આવ્યો હતો તે આજ છે.

يَوْمَ نَطْوِى السَّمَآءَ كَطَيِّ السِّجِلِّ لِلْكُتُبِ ؕ كَمَا بَدَاْنَآ اَوَّلَ
خَلْقٍ نُّعِيْدُهٗ ؕ وَعْدًا عَلَيْنَا ؕ اِنَّا كُنَّا فٰعِلِيْنَ ﴿۱۰۴﴾

(૧૦૪) તે દિવસ કે જે દિવસે અમે આસમાનને એવી રીતે વીંટી લઇશું જેવી રીતે કે લખવાના કાગળોનું બંડલ વાળવામાં આવે છે, પછી જેવી રીતે સૃષ્ટિને અમોએ પ્રથમ વાર સર્જી હતી તેવી જ રીતે તેને પલટાવી દઇશું; આ વાયદો પૂરો

કરવાને અમે બંધાએલા છીએ; (અને) નિસંશય અમે તેમ કરી દેખાડીશું.

وَلَقَدۡ كَتَبۡنَا فِى الزَّبُوۡرِ مِنۡۢ بَعۡدِ الذِّكۡرِ اَنَّ الۡاَرۡضَ يَرِثُهَا عِبَادِىَ الصّٰلِحُوۡنَ ﴿۱۰۵﴾

(૧૦૫) અને ખરેખરજ અમોએ ઝબૂરમાં નસીહત (કર્યા) બાદ આ લખી લીધું હતું કે મારા નેક બંદાઓ જ તે (પૃથ્વી)ના વારસ બનશે.

اِنَّ فِىۡ هٰذَا لَبَلٰغًا لِّقَوۡمٍ عٰبِدِيۡنَ ﴿۱۰۶﴾ؕ

(૧૦૬) બેશક ખુદાપરસ્ત લોકો માટે એમાંજ (શુભ) સંદેશો છે.

وَمَاۤ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ ﴿۱۰۷﴾

(૧૦૭) અને (અય રસૂલ!) અમોએ તમને સઘળી દુનિયાવાળાઓ માટે રહેમત બનાવી મોકલ્યા છે.

قُلۡ اِنَّمَا يُوۡحٰٓى اِلَىَّ اَنَّمَاۤ اِلٰهُكُمۡ اِلٰهٌ وَّاحِدٌ‌ۚ فَهَلۡ اَنۡتُمۡ مُّسۡلِمُوۡنَ ﴿۱۰۸﴾

(૧૦૮) તું કહે કે મારા પર ફક્ત એજ વહી કરવામાં આવી છે કે તમારો માઅબૂદ એકજ માઅબૂદ છે, તો શું તમે હવે આધીન થાઓ છો ?

فَاِنۡ تَوَلَّوۡا فَقُلۡ اٰذَنۡتُكُمۡ عَلٰى سَوَآءٍ‌ ؕ وَاِنۡ اَدۡرِىۡۤ اَقَرِيۡبٌ اَمۡ بَعِيۡدٌ مَّا تُوۡعَدُوۡنَ ﴿۱۰۹﴾

(૧૦૯) આ છતાં જો તેઓ મોઢું ફેરવી જાય તો તું કહે કે મેં તો તમો (સઘળાઓ)ને એક સરખી

ચેતવણી આપી છે; અને હું આ નથી જાણતો કે જે વસ્તુનો તમને વાયદો કરવામાં આવ્યો છે તે પાસે છે કે દૂર.

إِنَّهُ يَعْلَمُ الْجَهْرَ مِنَ الْقَوْلِ وَيَعْلَمُ مَا تَكْتُمُونَ ﴿١١٠﴾

(૧૧૦) બેશક તે મોટા સાદે થતી વાતને જાણે છે અને જે કાંઇ તમે સંતાડો છો તેને પણ જાણે છે.

وَإِنْ أَدْرِي لَعَلَّهُ فِتْنَةٌ لَّكُمْ وَمَتَاعٌ إِلَىٰ حِينٍ ﴿١١١﴾

(૧૧૧) અને હું આ નથી જાણતો કે કદાચ તે (અઝાબનો વિલંબ) તમારા માટે અજમાયશ હોય અને થોડાક વધુ દિવસનો લાભ પહોંચાડવો હોય.

قٰلَ رَبِّ احۡكُمۡ بِالۡحَقِّ ؕ وَرَبُّنَا الرَّحۡمٰنُ الۡمُسۡتَعَانُ عَلٰى مَا
تَصِفُوۡنَ ﴿۱۱۲﴾

(૧૧૨) (છેવટે રસૂલે) અરજ કરી કે અય મારા પરવરદિગાર ! (મારા અને નાસ્તિકોના વચ્ચે) તું સત્યતાપૂર્વક નિર્ણય કરી દે, અને અમારો પરવરદિગાર જ તે દયાળુ (અલ્લાહ) છે કે જેનાથી મદદ માંગવામાં આવે છે આ સઘળી વાતો વિરૂદ્ધ કે જે તમે વર્ણવો છો.

يَاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمْ ۚ اِنَّ زَلْزَلَةَ السَّاعَةِ شَيْءٌ
عَظِيْمٌ ①

(૧) અય લોકો ! તમે તમારા પરવરદિગારથી ડરો; નિસંશય કયામતનો (ભૂ)કંપ ઘણીજ મોટી વસ્તુ છે.

يَوْمَ تَرَوْنَهَا تَذْهَلُ كُلُّ مُرْضِعَةٍ عَمَّآ اَرْضَعَتْ وَتَضَعُ كُلُّ
ذَاتِ حَمْلٍ حَمْلَهَا وَتَرَى النَّاسَ سُكٰرٰى وَمَا هُمْ بِسُكٰرٰى
وَلٰكِنَّ عَذَابَ اللّٰهِ شَدِيْدٌ ②

(૨) જે દિવસે તમે તે (કયામત)ને નિહાળશો ત્યારે દરેક દૂધ (પાનારી માતા પોતાના દૂધ) પીનાર

(બાળક)ને તજી દેશે અને દરેક ગર્ભવંતી પોતાના ગર્ભ (ભયથી) નાખી દેશે અને (અય રસૂલ !) તું લોકોને નશામાં ચકચૂર જોશે, જોકે તેઓ નશામાં (ખરી રીતે મસ્ત) નહિ હોય, બલ્કે અલ્લાહનો અઝાબજ (એવો) સખ્ત હશે.

وَمِنَ النَّاسِ مَنۡ يُّجَادِلُ فِى اللّٰهِ بِغَيۡرِ عِلۡمٍ وَّيَتَّبِعُ كُلَّ شَيۡطٰنٍ مَّرِيۡدٍ ۙ‏﴿۳﴾

(3) અને લોકોમાંથી કોઇ કોઇ એવો પણ છે કે જે જ્ઞાન વિના અલ્લાહના સંબંધમાં વાદવિવાદ કરે છે, અને તે દરેક ઉદ્ધત શેતાનની તાબેદારી કરે છે.

كُتِبَ عَلَيۡهِ اَنَّهٗ مَنۡ تَوَلَّاهُ فَاَنَّهٗ يُضِلُّهٗ وَيَهۡدِيۡهِ اِلٰى عَذَابِ
السَّعِيۡرِ ④

(૪) તે (શેતાન)ના માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે કે જે પણ તેની સાથે પ્રીતિ ધરાવશે તેને તે જરૂર જ બહેકાવશે, અને તેને ધગધગતી આગના અઝાબ તરફ લઇ જશે.

يٰۤاَيُّهَا النَّاسُ اِنۡ كُنۡتُمۡ فِىۡ رَيۡبٍ مِّنَ الۡبَعۡثِ فَاِنَّا خَلَقۡنٰكُمۡ
مِّنۡ تُرَابٍ ثُمَّ مِنۡ نُّطۡفَةٍ ثُمَّ مِنۡ عَلَقَةٍ ثُمَّ مِنۡ مُّضۡغَةٍ مُّخَلَّقَةٍ
وَّغَيۡرِ مُخَلَّقَةٍ لِّنُبَيِّنَ لَـكُمۡ‌ ؕ وَنُقِرُّ فِى الۡاَرۡحَامِ مَا نَشَآءُ اِلٰٓى
اَجَلٍ مُّسَمًّى ثُمَّ نُخۡرِجُكُمۡ طِفۡلًا ثُمَّ لِتَبۡلُغُوۡۤا اَشُدَّكُمۡ‌ ۚ

وَمِنۡكُمۡ مَّنۡ يُّتَوَفّٰى وَمِنۡكُمۡ مَّنۡ يُّرَدُّ اِلٰٓى اَرۡذَلِ الۡعُمُرِ لِكَيۡلَا

يَعۡلَمَ مِنۡۢ بَعۡدِ عِلۡمٍ شَيۡـًٔا‌ ؕ وَتَرَى الۡاَرۡضَ هَامِدَةً فَاِذَاۤ

اَنۡزَلۡنَا عَلَيۡهَا الۡمَآءَ اهۡتَزَّتۡ وَرَبَتۡ وَاَنۡۢبَتَتۡ مِنۡ كُلِّ

زَوۡجٍۢ بَهِيۡجٍ‏ ۝٥

(૫) અય લોકો ! જો તમે પાછા ઉઠાડવાના સંબંધી શંકામાં હો તો (જાણી લો કે પ્રથમ) અમોએ તમને માટીમાંથી પેદા કર્યા, પછી વીર્યમાંથી, પછી ઠરી ગયેલા લોહીમાંથી, પછી માંસના લોથડામાંથી (જે કાંતો) સંપૂર્ણ સર્જન થઇ ગયો, કાંતો અપૂર્ણ રહી ખોડખાંપણ વાળો રહ્યો કે જેથી તમારા માટે (અમારી રચના) સ્પષ્ટ કરી દેખાડીએ, અને અમે

જેને ચાહીએ તેને એક નિશ્ચિત મુદ્દત સુધી ગર્ભાશયમાં સ્થિર રહેવા દઇએ છીએ, પછી તમને બાળક બનાવી કાઢીએ છીએ, (પછી તમારૂં પાલન પોષણ કરીએ છીએ) કે જેથી તમે તમારી સંપૂર્ણ શક્તિએ પહોંચો; અને તમારામાંથી કોઇ તો તરૂણ અવસ્થામાં જ) મરણ પામે છે. અને તમારામાંથી કોઇ ઘરડો થઇ જાય છે કે જાણ્યા પછી અજાણ બની જાય; અને તું આ ભૂમિને શુષ્ક જુએ છે, પછી જ્યારે તેના પર પાણી ઉતારીએ છીએ ત્યારે તે ખીલી ઉઠે છે, અને તેમાંથી જાત જાતની સુંદર વનસ્પતિ ઉગી નીકળે છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ هُوَالْحَقُّ وَاَنَّهٗ يُحْيِ الْمَوْتٰى وَاَنَّهٗ عَلٰى كُلِّ شَىْءٍ

قَدِيْرٌ ۙ﴿٦﴾

(૬) આ વર્ણનનો હેતુ એ છે કે (તમને ખાત્રી થાય કે) અલ્લાહ એજ બરહક છે, અને એજ મરણ પામેલાઓને સજીવન કરી દે છે, અને એજ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

وَّاَنَّ السَّاعَةَ اٰتِيَةٌ لَّا رَيْبَ فِيْهَا ۙ وَاَنَّ اللّٰهَ يَبْعَثُ مَنْ فِي

الْقُبُوْرِ ﴿٧﴾

(૭) અને કયામત(ની ઘડી) અવશ્ય આવનારી છે, તેમાં કોઇ જાતની શંકા નથી; અને અલ્લાહ તે

સઘળાઓને કે જેઓ કબરોમાં છે ઉઠાડી ઊભા કરશે.

وَمِنَ النَّاسِ مَنْ يُّجَادِلُ فِي اللّٰهِ بِغَيْرِ عِلْمٍ وَّلَا هُدًى وَّلَا
كِتٰبٍ مُّنِيْرٍ ﴿۸﴾

(૮) અને માણસોમાંથી કોઇ એવો છે જે અલ્લાહના સંબંધમાં ઝઘડ્યા કરે છે, જો કે ન તેને (તેના વિષે કાંઇ) જ્ઞાન છે અને ન તેને હિદાયત મળેલી છે, અને ન તેની પાસે કોઇ રોશન કિતાબ છે.

ثَانِيَ عِطْفِهٖ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ لَهٗ فِي الدُّنْيَا خِزْيٌ
وَّنُذِيْقُهٗ يَوْمَ الْقِيٰمَةِ عَذَابَ الْحَرِيْقِ ﴿۹﴾

(૯) તે અભિમાનથી પોતાના ખભા ઊંચા ચઢાવે છે જેનો ઉદ્દેશ આ છે કે જેથી (લોકોને) રાહે અલ્લાહથી બહેકાવે; તેના માટે દુનિયામાં ફજેતી છે, અને કયામતના દિવસે અમે તેને (જહન્નમની આગમાં) બળવાના અઝાબની મજા ચખાડીશું.

ذٰلِكَ بِمَا قَدَّمَتۡ يَدٰكَ وَاَنَّ اللّٰهَ لَيۡسَ بِظَلَّامٍ لِّلۡعَبِيۡدِ ۝١٠

(૧૦) (અને કહીશું કે) આ તેનો બદલો છે જે અગાઉ તારા હાથોએ મોકલ્યું છે, અને અલ્લાહ પોતાના બંદાઓના હકમાં હરગિજ ઝુલમગાર નથી.

وَمِنَ النَّاسِ مَنْ يَّعْبُدُ اللّٰهَ عَلٰى حَرْفٍ ۚ فَاِنْ اَصَابَهٗ خَيْرُ ٌّ
اطْمَاَنَّ بِهٖ ۚ وَاِنْ اَصَابَتْهُ فِتْنَةُ ٌّ انْقَلَبَ عَلٰى وَجْهِهٖ ۚ خَسِرَ
الدُّنْيَا وَالْاٰخِرَةَ ؕ ذٰلِكَ هُوَ الْخُسْرَانُ الْمُبِيْنُ ﴿١١﴾

(૧૧) અને લોકોમાંથી કોઇ એવો પણ છે જે (દીનના) કાંઠે રહી (ઉપલકીયા મનથી) અલ્લાહની ઇબાદત કરે છે, પછી જો તેને કાંઇ ભલાઇ પહોંચી જાય છે ત્યારે તે તેનાથી સંતોષ પામે છે, અને જો તેના પર કોઇ મુસીબત આવી પડે છે તો મોઢું ફેરવી પાછો (નાસ્તિકપણા તરફ) ફરી જાય છે, તે આલોક તથા પરલોક બન્ને ગુમાવી બેસે છે; એજ તો ખુલ્લી હાનિ છે.

يَدۡعُوۡا مِنۡ دُوۡنِ اللّٰهِ مَا لَا يَضُرُّهٗ وَمَا لَا يَنۡفَعُهٗ ؕ ذٰلِكَ
هُوَ الضَّلٰلُ الۡبَعِيۡدُ ۚ﴿۱۲﴾

(૧૨) તે અલ્લાહને છોડી તે વસ્તુઓને પોકારે છે જે ન તેને હાનિ પહોંચાડે છે અને ન તેને નફો પહોંચાડે છે; એજ તો મોટી ગુમરાહી છે !

يَدۡعُوۡا لَمَنۡ ضَرُّهٗۤ اَقۡرَبُ مِنۡ نَّفۡعِهٖ ؕ لَبِئۡسَ الۡمَوۡلٰى وَلَبِئۡسَ
الۡعَشِيۡرُ ﴿۱۳﴾

(૧૩) (બલ્કે) તે તો એવાને પોકારે છે કે જેની હાનિ લાભના પ્રમાણમાં વધુ નઝદીક છે; (અરે!) એવો મદદગાર પણ બૂરો અને એવો મિત્ર પણ બૂરો!

إِنَّ اللّٰهَ يُدۡخِلُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجۡرِىۡ
مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ؕ اِنَّ اللّٰهَ يَفۡعَلُ مَا يُرِيۡدُ ﴿۱۴﴾

(૧૪) બેશક અલ્લાહ તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યા જન્નતોમાં દાખલ કરશે જેની હેઠળ નદીઓ વહે છે; બેશક અલ્લાહ જે ચાહે છે કરે છે.

مَنۡ كَانَ يَظُنُّ اَنۡ لَّنۡ يَّنۡصُرَهُ اللّٰهُ فِى الدُّنۡيَا وَالۡاٰخِرَةِ فَلۡيَمۡدُدۡ
بِسَبَبٍ اِلَى السَّمَآءِ ثُمَّ لۡيَقۡطَعۡ فَلۡيَنۡظُرۡ هَلۡ يُذۡهِبَنَّ كَيۡدُهٗ مَا
يَغِيۡظُ ﴿۱۵﴾

(૧૫) જે શખ્સને (ક્રોધના આવેશમાં) એવું ગુમાન થઇ ગયું હોય કે અલ્લાહ તેની દુનિયા તથા

આખેરતમાં હરગિજ મદદ નહિ કરે તો તેને જોઇએ કે આકાશ તરફ એક દોરડું તાણી લાવે પછી તે (ગળામાં નાખી તે દોરડું) કાપી નાખે, પછી જુએ કે તેની આ યુક્તિ ક્રોધિત કરનાર વસ્તુને દફે કરે છે કે નહિ.

وَكَذٰلِكَ اَنْزَلْنٰهُ اٰيٰتٍۭ بَيِّنٰتٍ ۙ وَّاَنَّ اللّٰهَ يَهْدِيْ مَنْ يُّرِيْدُ ﴿١٦﴾

(૧૬) અને આવી રીતે અમોએ તે (કુરઆન)ને ખુલ્લી આયતો કરીને ઉતાર્યું છે અને અલ્લાહ જેની ચાહે છે રાહબરી કરે છે.

إِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ هَادُوْا وَالصّٰبِـِٕيْنَ وَالنَّصٰرٰى
وَالْمَجُوْسَ وَالَّذِيْنَ اَشْرَكُوْٓا ۖ اِنَّ اللّٰهَ يَفْصِلُ بَيْنَهُمْ يَوْمَ
الْقِيٰمَةِ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ شَهِيْدٌ ﴿١٧﴾

(૧૭) બેશક જે લોકો ઇમાન લાવ્યા અને યહૂદી તથા સિતારા પરસ્ત તથા ખ્રિસ્તી તથા આતિશ પરસ્ત તથા મુશ્રિકો, આ સઘળાઓની વચ્ચે અલ્લાહ કયામતના દિવસે અવશ્ય (યોગ્ય) ફેંસલો કરશે; બેશક અલ્લાહ દરેક વસ્તુ જુએ છે.

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يَسْجُدُ لَهٗ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ
وَالشَّمْسُ وَالْقَمَرُ وَالنُّجُوْمُ وَالْجِبَالُ وَالشَّجَرُ وَالدَّوَآبُّ

وَ كَثِيْرٌ مِّنَ النَّاسِ ؕ وَ كَثِيْرٌ حَقَّ عَلَيْهِ الْعَذَابُ ؕ وَمَنْ يُّهِنِ
اللّٰهُ فَمَا لَهٗ مِنْ مُّكْرِمٍ ؕ اِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يَشَآءُ ؕ۩ ﴿۱۸﴾

(૧૮) શું તેં આ(બનાવ)માં વિચાર નથી કર્યો કે જે આસમાન તથા જમીનમાં છે અને સૂરજ તથા ચંદ્ર તથા તારા અને પર્વત તથા વૃક્ષ અને પ્રાણીઓ તથા માણસો માંના ઘણાં ખરા અલ્લાહને જ સિજદો કરે છે; અને ઘણાં ખરા અઝાબને પાત્ર બની જાય છે; અને જેને અલ્લાહ ઝલીલ કરે તેને ઇઝઝત આપનાર કોઇ થઇ શકતું નથી; બેશક અલ્લાહ જે ચાહે છે કરે છે.

هَٰذَانِ خَصْمَانِ اخْتَصَمُوا فِي رَبِّهِمْ ۖ فَالَّذِينَ كَفَرُوا قُطِّعَتْ
لَهُمْ ثِيَابٌ مِّن نَّارٍ يُصَبُّ مِن فَوْقِ رُءُوسِهِمُ الْحَمِيمُ ﴿١٩﴾

(૧૯) આ બન્ને પક્ષો એકબીજાના દુશ્મન છે, જે પોતાના પરવરદિગારના સંબંધમાં ઝઘડે છે; પછી જેઓ ઇમાન નથી લાવ્યા તેમના માટે આગના કપડાં વેતરવામાં આવ્યા છે; (અને) તેમના માથા પરથી તેના પર ઉકળતું પાણી રેડવામાં આવશે.

يُصْهَرُ بِهِ مَا فِي بُطُونِهِمْ وَالْجُلُودُ ﴿٢٠﴾

(૨૦) જેથી તેમના પેટમાં જે કાંઇ હશે તે તથા તેમની ચામડીઓ પીગળી જશે.

وَلَهُم مَّقَامِعُ مِنْ حَدِيدٍ ﴿٢١﴾

(૨૧) અને તેમને (મારવા) માટે લોખંડી ગદાઓ છે.

كُلَّمَآ اَرَادُوْٓا اَنْ يَّخْرُجُوْا مِنْهَا مِنْ غَمٍّ اُعِيْدُوْا فِيْهَا ۗ وَذُوْقُوْا

عَذَابَ الْحَرِيْقِ ﴿٢٢﴾

(૨૨) જ્યારે જ્યારે પણ તેઓ (દુ:ખના કારણે) તેમાંથી નીકળવાનો ઇરાદો કરશે તો તેમાંજ પાછા હડસેલી દેવામાં આવશે, અને (તેમને કહેવામાં આવશે કે) બળવાના અઝાબની મજા ચાખો.

اِنَّ اللّٰهَ يُدْخِلُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجْرِىْ

مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ يُحَلَّوْنَ فِيْهَا مِنْ اَسَاوِرَ مِنْ ذَهَبٍ وَّلُؤْلُؤًا ؕ

وَلِبَاسُهُمْ فِيْهَا حَرِيْرٌ ﴿٢٣﴾

(૨૩) નિસંશય અલ્લાહ તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યાં તેમને જન્નતોમાં દાખલ કરશે જેની હેઠળ નદીઓ વહેતી હશે; તેમાં તેમને સુવર્ણ-કંકણ તથા મોતી (ની માળાઓ) પહેરાવવામાં આવશે, અને તેમાં તેમનો પોશાક રેશમનો હશે.

وَهُدُوٓا اِلَى الطَّيِّبِ مِنَ الْقَوْلِ ۚ وَهُدُوٓا اِلٰى صِرَاطِ الْحَمِيْدِ ﴿٢٤﴾

(૨૪) (તેનું) કારણ એ છે કે તેમને (દુનિયામાં) પવિત્ર કલ્માની હિદાયત મળી હતી અને વખાણને પાત્ર (અલ્લાહ)ના માર્ગની પણ હિદાયત મળી હતી.

إِنَّ الَّذِينَ كَفَرُوا وَيَصُدُّونَ عَنْ سَبِيلِ اللَّهِ وَالْمَسْجِدِ
الْحَرَامِ الَّذِي جَعَلْنَاهُ لِلنَّاسِ سَوَاءً الْعَاكِفُ فِيهِ وَالْبَادِ ۚ
وَمَنْ يُرِدْ فِيهِ بِإِلْحَادٍ بِظُلْمٍ نُذِقْهُ مِنْ عَذَابٍ أَلِيمٍ ﴿٢٥﴾

(૨૫) બેશક જે ઇમાન નથી લાવ્યા તથા લોકોને રાહે અલ્લાહથી તથા તે મસ્જિદુલ હરામ(માં જવા)થી અટકાવે છે કે જેમાં અમોએ સર્વે લોકોનો સમાન હક રાખ્યો છે-પછી તે ત્યાંનો રહેનારો હોય કે બહારનો આવનારો હોય તો પણ-અને જે કોઇ જોર ઝુલમથી તેમાં સત્ય વિરૂદ્ધ વર્તવા ઇચ્છશે તો તેને દુ:ખદાયક અઝાબની મજા ચખાડીશું.

وَإِذْ بَوَّأْنَا لِإِبْرَاهِيمَ مَكَانَ الْبَيْتِ أَنْ لَّا تُشْرِكْ بِي شَيْئًا
وَّطَهِّرْ بَيْتِيَ لِلطَّآئِفِينَ وَالْقَآئِمِينَ وَالرُّكَّعِ السُّجُودِ ﴿٢٦﴾

(૨૬) અને (તે સમયને યાદ કર) જ્યારે અમોએ ઇબ્રાહીમને બયતુલ્લાહમાં એવા હેતુસર સ્થાન આપ્યું (અને કહ્યું) કે કોઇને મારો શરીક કર નહિ, અને મારા ઘરને તવાફ (પ્રદક્ષિણા) કરનારાઓ માટે તથા કયામ કરનારાઓ માટે તથા રૂકુઅ અને સિજદો કરનારાઓ માટે પાક સાફ રાખ.

وَأَذِّنْ فِي النَّاسِ بِالْحَجِّ يَأْتُوكَ رِجَالًا وَّعَلَىٰ كُلِّ ضَامِرٍ يَّأْتِينَ
مِنْ كُلِّ فَجٍّ عَمِيقٍ ﴿٢٧﴾

(૨૭) અને લોકોને હજ્જ માટે અવાજ આપ, (કે જેથી) તેઓ તારી પાસે ચાલીને તેમજ સઘળા દૂર

દૂરના માર્ગોથી દુબળા દુબળા ઊંટો પર સવાર થઇને પણ આવે;

لِّيَشْهَدُوْا مَنَافِعَ لَهُمْ وَيَذْكُرُوا اسْمَ اللّٰهِ فِيْٓ اَيَّامٍ مَّعْلُوْمٰتٍ
عَلٰى مَا رَزَقَهُمْ مِّنْۢ بَهِيْمَةِ الْاَنْعَامِ ۚ فَكُلُوْا مِنْهَا وَاَطْعِمُوا
الْبَآئِسَ الْفَقِيْرَ ﴿٢٨﴾

(૨૮) કે જેથી તેઓ પોતાના (દીની તથા દુન્યવી) લાભ મેળવવા હાજર થાય, અને જાણીતા દિવસોમાં જે પશુઓ તેમને તે (અલ્લાહે) આપ્યા છે (તેમની અલ્લાહનું નામ લઇ કુરબાની કરે); પછી તેમાંથી તમે પોતે ખાઓ અને સંકટગ્રસ્ત મોહતાજોને પણ ખવડાવો.

ثُمَّ لْيَقْضُوْا تَفَثَهُمْ وَلْيُوْفُوْا نُذُوْرَهُمْ وَلْيَطَّوَّفُوْا بِالْبَيْتِ
الْعَتِيْقِ ﴿٢٩﴾

(૨૯) પછી આ જરૂરી છે કે તેઓ પોતાની નાપાકીઓ દૂર કરે (માથાનાં વાળ વિગેરે મૂંડાવી નાખે) અને પોતાની માનતાઓ પૂરી કરે અને (અલ્લાહના) પ્રાચીન ઘરની પ્રદક્ષિણા પણ કરે.

ذٰلِكَ ۗ وَمَنْ يُّعَظِّمْ حُرُمٰتِ اللّٰهِ فَهُوَ خَيْرٌ لَّهٗ عِنْدَ رَبِّهٖ ؕ
وَاُحِلَّتْ لَكُمُ الْاَنْعَامُ اِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ فَاجْتَنِبُوا
الرِّجْسَ مِنَ الْاَوْثَانِ وَاجْتَنِبُوْا قَوْلَ الزُّوْرِ ﴿٣٠﴾ۙ

(30) આ (હુકમ) છે, અને હવે જે શખ્સ અલ્લાહની હુરમતવાળી વસ્તુઓ (ને લગતી આજ્ઞાઓ)ને માન

આપશે તો તે તેના માટે તેના પરવરદિગારની પાસે બહેતર છે; અને તમારા માટે ચોપગાં પશુઓ હલાલ કરવામાં આવ્યાં છે, સિવાય કે જેમનું વર્ણન તમને (આ પછી) સંભળાવવામાં આવશે, માટે હવે તમે મૂર્તિઓની ગંદકીથી બચો અને જૂઠા બોલ બોલતાં અટકો.

حُنَفَآءَ لِلّٰهِ غَيْرَ مُشْرِكِيْنَ بِهٖ ؕ وَمَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَكَاَنَّمَا خَرَّ مِنَ السَّمَآءِ فَتَخْطَفُهُ الطَّيْرُ اَوْ تَهْوِىْ بِهِ الرِّيْحُ فِىْ مَكَانٍ سَحِيْقٍ ﴿۳۱﴾

(૩૧) માત્ર એકજ અલ્લાહને માનનારા થઇ જાઓ, કોઇને પણ તેનો શરીક બનાવો નહિ; અને જે

શખ્સ કોઇને અલ્લાહનો શરીક કરે છે તો તે એવો છે કે જાણે તે આસમાન પરથી પડી ગયો હોય, પછી તેને પક્ષીઓ ઝડપી લઇ ગયા હોય, અથવા વાયુએ તેને ઉડાડી દઇ કોઇ દૂરની જગ્યાએ ફેંકી દીધો હોય.

ذٰلِكَ ۚ وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ ۝٣٢

(૩૨) આ (હકીકત) છે, અને (હવે) જે શખ્સ અલ્લાહની નિશાનીઓને માન આપશે તો નિસંશય તે કાર્ય અંતઃકરણની પરહેઝગારી માંનું ગણાશે.

لَكُمْ فِيْهَا مَنَافِعُ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ثُمَّ مَحِلُّهَآ اِلَى الْبَيْتِ الْعَتِيْقِ ۝٣٣

(33) તમારા માટે એક નિશ્ચિત સમય સુધી તે (કુરબાનીના જાનવરો)માં ફાયદાઓ છે પછી એજ પ્રાચીન ઘરની પાસે તેમના હલાલ થવાનું સ્થાન છે.

وَلِكُلِّ اُمَّةٍ جَعَلْنَا مَنْسَكًا لِّيَذْكُرُوا اسْمَ اللّٰهِ عَلٰى مَا رَزَقَهُمْ مِّنْۢ بَهِيْمَةِ الْاَنْعَامِ ؕ فَاِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ فَلَهٗۤ اَسْلِمُوْا ؕ وَبَشِّرِ الْمُخْبِتِيْنَ ﴿٣٤﴾

(3૪) અને પ્રત્યેક ઉમ્મત માટે અમોએ એક એક કુરબાનીની રીત નક્કી કરી છે, કે જે પશુઓ અમોએ તેમને રોઝી તરીકે આપ્યા છે તેમના ઉપર અલ્લાહનું નામ લઇ ઝબ્હ કરે; બસ તમારો

માઅબૂદ એકજ માઅબૂદ છે, માટે તમે તેને જ આધીન થઇ જાઓ; અને (અય રસૂલ !) તે નમ્ર (સેવકો)ને ખુશખબર સંભળાવી દે ◌ઃ

الَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ وَالصّٰبِرِيْنَ عَلٰى مَآ
اَصَابَهُمْ وَالْمُقِيْمِى الصَّلٰوةِ ۙ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿٣٥﴾

(૩૫) કે જેમની સામે જ્યારે અલ્લાહનું વર્ણન કરવામાં આવે છે ત્યારે તેમના મન ભયગ્રસ્ત થઇ જાય છે, અને જે દુઃખ તેમના પર પડે છે તેના પર સબ્ર કરનારા હોય છે, અને નમાઝને (નિયમિત) અદા કરનારા હોય છે. અને અમોએ તેમને જે કાંઇ રોઝી માટે આપ્યું છે તેમાંથી (રાહે અલ્લાહમાં) ખર્ચ કરે છે.

وَالْبُدْنَ جَعَلْنٰهَا لَكُمْ مِّنْ شَعَآئِرِ اللّٰهِ لَكُمْ فِيْهَا خَيْرٌ ۖ
فَاذْكُرُوا اسْمَ اللّٰهِ عَلَيْهَا صَوَآفَّ ۚ فَإِذَا وَجَبَتْ جُنُوْبُهَا
فَكُلُوْا مِنْهَا وَاَطْعِمُوا الْقَانِعَ وَالْمُعْتَرَّ ؕ كَذٰلِكَ سَخَّرْنٰهَا لَكُمْ
لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٣٦﴾

(૩૬) અને (કુરબાની માટેના) મોટાં તાજા ઊંટો પણ અમોએ તમારા માટે અલ્લાહની નિશાનીઓ માંહેના બનાવ્યા છે; તેમાં તમારા માટે (દીની દુન્યવી બન્ને પ્રકારના) લાભ છે; જેથી તેમને (ઝબ્હ કરતી વખતે) હારબંધ ઉભા કરી અલ્લાહનું નામ લઇ લો, પછી જ્યારે તેઓ પોતાના પડખા ભેર પડી જાય તો તમે પોતે તેમાંથી ખાઓ તથા

સંતોષી (જાહેરમાં કે મોઢેથી નહિ માંગનારા) મિસ્કીનો તથા ભીખ માંગનારા ફકીરોને પણ ખવડાવો; આવી રીતે અમોએ તે (પ્રાણી)ઓ તમારા આધીન કરી દીધા છે કે જેથી તમે આભાર માનતા રહો.

لَنْ يَّنَالَ اللّٰهَ لُحُوْمُهَا وَلَا دِمَآؤُهَا وَلٰكِنْ يَّنَالُهُ التَّقْوٰى مِنْكُمْ ؕ كَذٰلِكَ سَخَّرَهَا لَكُمْ لِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ ؕ وَبَشِّرِ الْمُحْسِنِيْنَ ﴿٣٧﴾

(૩૭) અલ્લાહને ન કદી તેમનું ગોશ્ત પહોંચે છે અને ન તેમના લોહી, બલ્કે તેને તો તમારી પરહેઝગારી જ પહોંચશે; એવી રીતે તેણે તેમને

તમારા આધીન કરી દીધા છે કે જેથી તે હિદાયત ઉપર (રહીને) કે જે તેણે તમને કરી છે અલ્લાહની મોટાઇ વર્ણવતા રહો; અને (અય રસૂલ !) તું નેકી કરનારાઓને ખુશખબર સંભળાવી દે.

اِنَّ اللّٰهَ يُدٰفِعُ عَنِ الَّذِيْنَ اٰمَنُوْا ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ كُلَّ خَوَّانٍ كَفُوْرٍ ۝٣٨

(૩૮) નિસંશય અલ્લાહ તે લોકોથી કે જેઓ ઇમાન લાવ્યા છે (મુશ્રિકો તરફના દુઃખોને) દૂર કરી દેશે; બેશક અલ્લાહ વિશ્વાસઘાતિ અને નગુણાઓને દોસ્ત નથી રાખતો.

أُذِنَ لِلَّذِيْنَ يُقٰتَلُوْنَ بِاَنَّهُمْ ظُلِمُوْا ؕ وَاِنَّ اللّٰهَ عَلٰى نَصْرِهِمْ
لَقَدِيْرُ ۙ﴿۳۹﴾

(૩૯) તે લોકોને-કે જેમનાથી લડાઇ કરવામાં આવે છે-એ માટે (જેહાદની) રજા આપવામાં આવી છે કે તેમના પર ઝુલ્મ કરવામાં આવ્યો છે; અને બેશક અલ્લાહ તેમને મદદ કરવાને સંપૂર્ણ શક્તિવાન છે.

الَّذِيْنَ اُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ بِغَيْرِ حَقٍّ اِلَّاۤ اَنْ يَّقُوْلُوْا رَبُّنَا
اللّٰهُ ؕ وَلَوْلَا دَفْعُ اللّٰهِ النَّاسَ بَعْضَهُمْ بِبَعْضٍ لَّهُدِّمَتْ

صَوَامِعُ وَبِيَعٌ وَّصَلَوٰتٌ وَّمَسٰجِدُ يُذْكَرُ فِيْهَا اسْمُ اللّٰهِ كَثِيْرًا ؕ
وَلَيَنْصُرَنَّ اللّٰهُ مَنْ يَّنْصُرُهٗ ؕ اِنَّ اللّٰهَ لَقَوِيٌّ عَزِيْزٌ ﴿۴۰﴾

(૪૦) (તેમને કે) જેઓ સ્વદેશમાંથી વિના કારણે- આટલી વાત કહેવાના કારણે કે અમારો પરવરદિગાર અલ્લાહ છે-કાઢી મૂકવામાં આવ્યા છે; અને જો અલ્લાહ એકના હાથે બીજાને દફે કરતો ન રહેતે તો (સઘળા) મઠો અને ગિરજાઓ તથા કનયસા (યહૂદીઓના પ્રાર્થના ગૃહ) તથા મસ્જિદો કે જેમાં અલ્લાહનું નામ ઘણું લેવામાં આવે છે તે સઘળા જરૂર તોડી પાડી નાખવામાં આવ્યા હોત; અને અલ્લાહ તેની મદદ જરૂર કરશે

જે તે (અલ્લાહ)ની મદદ કરે છે; બેશક અલ્લાહ શક્તિમાન (અને) ઝબરદસ્ત છે.

اَلَّذِيْنَ اِنْ مَّكَّنّٰهُمْ فِى الْاَرْضِ اَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ وَاَمَرُوْا بِالْمَعْرُوْفِ وَنَهَوْا عَنِ الْمُنْكَرِ ؕ وَلِلّٰهِ عَاقِبَةُ الْاُمُوْرِ ﴿٤١﴾

(૪૧) તેઓ એવા લોકો છે કે જો તેમને અમે જમીનમાં સત્તા આપીએ તો પણ તેઓ (રીતસર) નમાઝ પઢશે તથા ઝકાત આપશે અને સત્કાર્યોના હુકમ કરશે તથા બદીની મનાઇ કરશે; અને સઘળા કામોનું પરિણામ અલ્લાહના જ અધિકારમાં છે.

وَاِنْ يُّكَذِّبُوْكَ فَقَدْ كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّعَادٌ وَّثَمُوْدُ ﴿٤٢﴾

(૪૨) અને (અય રસૂલ!) અગર આ લોકો તને જૂઠલાવે તો (કોઇ આશ્ચર્ય જેવું નથી કેમકે) તેમની પહેલાં નૂહની કોમ અને આદ તથા સમૂદની કોમ પણ (પોતાના રસૂલોને) જૂઠલાવી ચૂકી છે ઃ

وَقَوۡمُ اِبۡرٰهِيۡمَ وَقَوۡمُ لُوۡطٍ ۙ﴿۴۳﴾

(૪૩) અને ઇબ્રાહીમની કોમ તથા લૂતની કોમ પણઃ

وَّاَصۡحٰبُ مَدۡيَنَ ۚ وَكُذِّبَ مُوۡسٰى فَاَمۡلَيۡتُ لِلۡكٰفِرِيۡنَ ثُمَّ اَخَذۡتُهُمۡ ۚ فَكَيۡفَ كَانَ نَكِيۡرِ ﴿۴۴﴾

(૪૪) અને મદયનવાળાઓએ પણ (પોતાના પયગમ્બરોને જૂઠલાવ્યા હતા), અને મૂસાને પણ

જૂઠલાવવામાં આવ્યા હતા, પછી અમોએ ઇમાન નહિ લાવનારાઓને મોહલત આપી, પછી મેં તેમને (અઝાબમાં) પકડ્યા, ત્યારે મારો કોપ કેવો (સખત) હતો!

فَكَاَيِّنۡ مِّنۡ قَرۡيَةٍ اَهۡلَكۡنٰهَا وَهِىَ ظَالِمَةٌ فَهِىَ خَاوِيَةٌ عَلٰى عُرُوۡشِهَا وَبِئۡرٍ مُّعَطَّلَةٍ وَّقَصۡرٍ مَّشِيۡدٍ ﴿۴۵﴾

(૪૫) પછી ઘણીએ વસ્તીઓ એવી હતી કે જેમનો અમોએ તેમની નાફરમાનીની સ્થિતિમાં નાશ કરી નાખ્યો, જેથી તે પોતાનાં છાપરાંઓ પર ઊંધી પડેલી છે, અને ઘણાંય કૂવા બેકાર પડ્યા છે અને મઝબૂત મહેલો (પણ નાશ પામ્યા છે).

اَفَلَمۡ يَسِيۡرُوۡا فِى الۡاَرۡضِ فَتَكُوۡنَ لَهُمۡ قُلُوۡبٌ يَّعۡقِلُوۡنَ بِهَاۤ اَوۡ
اٰذَانٌ يَّسۡمَعُوۡنَ بِهَا‌ ۚ فَاِنَّهَا لَا تَعۡمَى الۡاَبۡصَارُ وَلٰـكِنۡ تَعۡمَى
الۡقُلُوۡبُ الَّتِىۡ فِى الصُّدُوۡرِ ۝۴۶

(૪૬) શું તેઓ ભૂમિ પર ચાલ્યા ફર્યા નથી, (કે જેથી તે જોઇને) તેમના મન એવા થઇ જાય કે જેનાથી તેઓ સમજે અથવા તેમના માટે એવા કાન થઇ જાય કે જે વડે સાંભળી શકે? એ માટે કે (માત્ર) આંખોજ આંધળી હોતી નથી, બલ્કે હૈયાં કે જે છાતીની અંદર છે તે પણ આંધળા બની જાય છે.

وَيَسْتَعْجِلُوْنَكَ بِالْعَذَابِ وَلَنْ يُّخْلِفَ اللّٰهُ وَعْدَهٗ ؕ وَاِنَّ يَوْمًا
عِنْدَ رَبِّكَ كَاَلْفِ سَنَةٍ مِّمَّا تَعُدُّوْنَ ﴿٤٧﴾

(૪૭) અને (અય રસૂલ !) તેઓ તારાથી અઝાબના સંબંધમાં ઉતાવળ કરે છે, જો કે અલ્લાહ કદી પણ પોતાના વાયદાનો ભંગ કરતો નથી; અને ખરેખરજ તારા પરવરદિગાર પાસેનો એક દિવસ તેમની ગણતરી પ્રમાણે એક હજાર વર્ષની બરાબર છે.

وَكَاَيِّنْ مِّنْ قَرْيَةٍ اَمْلَيْتُ لَهَا وَهِيَ ظَالِمَةٌ ثُمَّ اَخَذْتُهَا ۚ وَاِلَيَّ
الْمَصِيْرُ ﴿٤٨﴾

(૪૮) અને કેટલીએ વસ્તીઓને મેં મોહલત આપી હતી એવી સ્થિતિમાં કે તે ઝુલ્મગાર હતી મેં તેમને (અઝાબમાં) પકડ્યા, અને છેવટનું પાછું ફરવું મારી તરફ છે.

قُلْ يٰۤاَيُّهَا النَّاسُ اِنَّمَاۤ اَنَا لَكُمْ نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٤٩﴾

(૪૯) તું કહે કે અય લોકો ! સિવાય તેના નથી કે હું તમો સર્વે માટે એક ખુલ્લો ડરાવનારો છું.

فَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ﴿٥٠﴾

(૫૦) માટે જે લોકો ઇમાન લાવ્યા અને જેમણે સત્કાર્યો કર્યા તેમના માટે ગુનાહોની માફી તથા ઇઝઝતની રોઝી છે.

وَالَّذِيۡنَ سَعَوۡا فِىۡۤ اٰيٰتِنَا مُعٰجِزِيۡنَ اُولٰۤٮِٕكَ اَصۡحٰبُ الۡجَحِيۡمِ ﴿۵۱﴾

(૫૧) અને જે લોકો અમારી આયતોના સંબંધમાં (અમને) લાચાર બનાવી દેવાની આશાએ પ્રયત્નો કરે છે તેઓજ દોઝખી છે.

وَمَاۤ اَرۡسَلۡنَا مِنۡ قَبۡلِكَ مِنۡ رَّسُوۡلٍ وَّلَا نَبِىٍّ اِلَّاۤ اِذَا تَمَنّٰٓى اَلۡقَى
الشَّيۡطٰنُ فِىۡۤ اُمۡنِيَّتِهٖ ۚ فَيَنۡسَخُ اللّٰهُ مَا يُلۡقِى الشَّيۡطٰنُ ثُمَّ
يُحۡكِمُ اللّٰهُ اٰيٰتِهٖ ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ ۙ﴿۵۲﴾

(૫૨) અને અમોએ તારી અગાઉ કોઇ રસૂલ કે નબી (એવો) નથી મોકલ્યો, પણ આ કે તેણે (ઇસ્લામના પ્રચારની) કોઇ ઇચ્છા કરી (કે તરતજ) શેતાને તેની ઇચ્છામાં (કાંઇને કાંઇ વસવસો) નાખ્યો, પછી શેતાન જે (વસવસો) નાખે છે તેને અલ્લાહ નષ્ટ કરી નાખે છે, પછી અલ્લાહ પોતાની આયતોને મજબૂત કરી દે છે; અને અલ્લાહ જાણનાર (તથા) હિકમતવાળો છેઃ

لِّيَجْعَلَ مَا يُلْقِي الشَّيْطٰنُ فِتْنَةً لِّلَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ وَّالْقَاسِيَةِ قُلُوْبُهُمْ ؕ وَاِنَّ الظّٰلِمِيْنَ لَفِيْ شِقَاقٍۭ بَعِيْدٍ ۙ﴿٥٣﴾

(૫૩) કે જેથી શેતાને જે (વસવસો) નાખ્યો છે તેને તે લોકો માટે અજમાયશ ઠરાવે કે જેમનાં

અંતઃકરણોમાં રોગ છે, અને તેમના માટે કે જેઓ પથ્થર દિલ છે; અને બેશક ઝાલિમો સખ્ત વિરૂદ્ધતામાં પડ્યા છેઃ

وَّلِيَعۡلَمَ الَّذِيۡنَ اُوۡتُوا الۡعِلۡمَ اَنَّهُ الۡحَقُّ مِنۡ رَّبِّكَ فَيُؤۡمِنُوۡا بِهٖ

فَتُخۡبِتَ لَهٗ قُلُوۡبُهُمۡ‌ ؕ وَاِنَّ اللّٰهَ لَهَادِ الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِلٰى صِرَاطٍ

مُّسۡتَقِيۡمٍ ﴿۵۴﴾

(૫૪) અને એક હેતુ એ પણ હતો કે તે લોકો કે જેમને (આસમાની કિતાબોનું) જ્ઞાન આપવામાં આવ્યું છે તેઓ જાણી લે કે તે (કુરઆન) તારા પરવરદિગાર તરફથી સત્ય છે, પછી તેઓ તેના પર ઇમાન લાવે, પછી તેમના અંતઃકરણ તે

(અલ્લાહ) માટે નરમ થઇ જાય; અને બેશક અલ્લાહ તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા છે સીધા માર્ગે પહોંચાડી દેનારો છે.

وَلَا يَزَالُ الَّذِيْنَ كَفَرُوْا فِيْ مِرْيَةٍ مِّنْهُ حَتّٰى تَاْتِيَهُمُ السَّاعَةُ
بَغْتَةً اَوْ يَاْتِيَهُمْ عَذَابُ يَوْمٍ عَقِيْمٍ ﴿٥٥﴾

(૫૫) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ તો તે (કુરઆન)ના તરફથી બરાબર શંકામાં પડયા રહેશે, અહીં સુધી કે (કયામતની) ઘડી તેમના પર ઓચિંતી આવી પડે અથવા નાશકારક દિવસનો અઝાબ તેમના પર આવી પડે.

اَلۡمُلۡكُ يَوۡمَئِذٍ لِّلّٰهِ ؕ يَحۡكُمُ بَيۡنَهُمۡ ؕ فَالَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا

الصّٰلِحٰتِ فِىۡ جَنّٰتِ النَّعِيۡمِ ﴿۵۶﴾

(૫૬) તે દિવસે હુકૂમત અલ્લાહની જ હશે; તે તેમની વચ્ચે (પરસ્પરના વિરોધનો) ફેંસલો કરશે; માટે જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેઓ નેઅમતોવાળી જન્નતોમાં હશે.

وَالَّذِيۡنَ كَفَرُوۡا وَكَذَّبُوۡا بِاٰيٰتِنَا فَاُولٰٓئِكَ لَهُمۡ عَذَابٌ

مُّهِيۡنٌ ﴿۵۷﴾

(૫૭) અને જેઓ ઇમાન નથી લાવ્યા અને અમારી નિશાનીઓને જૂઠલાવી, તો એજ લોકો છે કે જેમના માટે હીણપતભર્યો અઝાબ હશે.

وَالَّذِيْنَ هَاجَرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ قُتِلُوْٓا اَوْ مَاتُوْا
لَيَرْزُقَنَّهُمُ اللّٰهُ رِزْقًا حَسَنًا ۭ وَاِنَّ اللّٰهَ لَهُوَ خَيْرُ الرّٰزِقِيْنَ ۝٥٨

(૫૮) જે લોકોએ અલ્લાહની રાહમાં હિજરત કરી, પછી કત્લ કરવામાં આવ્યા અથવા મરી ગયા, તો તેમને અલ્લાહ અવશ્ય ઉત્તમ રોઝી અર્પણ કરશે; અને બેશક અલ્લાહ એજ બેહતર રોઝી આપનાર છે.

لَيُدْخِلَنَّهُمْ مُّدْخَلًا يَّرْضَوْنَهٗ ۭ وَاِنَّ اللّٰهَ لَعَلِيْمٌ حَلِيْمٌ ۝٥٩

(૫૯) તેમને જરૂર એવા સ્થાનોમાં દાખલ કરશે કે જેનાથી તેઓ ખુશ થશે; અને બેશક અલ્લાહ મોટો જાણનારો (અને) સહનશીલ છે.

ذٰلِكَ ۚ وَمَنْ عَاقَبَ بِمِثْلِ مَا عُوقِبَ بِهٖ ثُمَّ بُغِيَ عَلَيْهِ
لَيَنْصُرَنَّهُ اللّٰهُ ؕ اِنَّ اللّٰهَ لَعَفُوٌّ غَفُوْرٌ ﴿٦٠﴾

(૬૦) એમજ થશે; અને જેને (શત્રુના હાથે) જેટલી ઇજા પહોંચાડવામાં આવી હોય તેટલીજ ઇજા તે શત્રુને પહોંચાડે, તે પછી પણ જો તે (શત્રુ)ના પર વધુ અત્યાચાર કરવામાં આવે તો અલ્લાહ તેની જરૂર મદદ કરશે; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) ક્ષમાવાન છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ وَاَنَّ
اللّٰهَ سَمِيْعٌ بَصِيْرٌ ﴿٦١﴾

(૬૧) આ એ કારણે કે અલ્લાહ રાત્રિને દિવસમાં દાખલ કરી દે છે અને દિવસને રાત્રિમાં દાખલ કરી દે છે, અને એ કારણે કે અલ્લાહ મોટો સાંભળનારો (તથા) જોનારો છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ هُوَ الْحَقُّ وَاَنَّ مَا يَدْعُوْنَ مِنْ دُوْنِهٖ هُوَ الْبَاطِلُ
وَاَنَّ اللّٰهَ هُوَ الْعَلِيُّ الْكَبِيْرُ ﴿٦٢﴾

(૬૨) વળી એ કારણે કે અલ્લાહ એજ તો સાચો છે, અને અલ્લાહના સિવાય તેઓ જેને જેને પોકારે છે તે જૂઠા છે, અને અલ્લાહ એજ મોટાઇ (તથા) બુઝુર્ગીવાળો છે.

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۡ فَتُصْبِحُ الْاَرْضُ
مُخْضَرَّةً ؕ اِنَّ اللّٰهَ لَطِيْفٌ خَبِيْرٌ ۚ﴿۶۳﴾

(૬૩) શું તેં આ નથી નિહાળ્યું કે અલ્લાહ આસમાન પરથી પાણી ઉતારે છે, જેથી ભૂમિ ઓચિંતી લીલીછમ થઇ જાય છે? બેશક અલ્લાહ મોટો મહેરબાન (અને) વાકેફગાર છે.

لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاِنَّ اللّٰهَ لَهُوَ الْغَنِيُّ
الْحَمِيْدُ ۧ﴿۶۴﴾

(૬૪) જે કાંઇ આસમાનમાં છે તથા જે કાંઇ ઝમીનમાં છે તે તેનું જ છે; અને બેશક અલ્લાહ એજ બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

اَلَمۡ تَرَ اَنَّ اللّٰهَ سَخَّرَ لَكُمۡ مَّا فِي الۡاَرۡضِ وَالۡفُلۡكَ تَجۡرِىۡ فِي
الۡبَحۡرِ بِاَمۡرِهٖ‌ ؕ وَيُمۡسِكُ السَّمَآءَ اَنۡ تَقَعَ عَلَى الۡاَرۡضِ اِلَّا
بِاِذۡنِهٖ‌ ؕ اِنَّ اللّٰهَ بِالنَّاسِ لَرَءُوۡفٌ رَّحِيۡمٌ ﴿۶۵﴾

(૬૫) શું તેં આ નથી જોયું કે ઝમીનમાં જે કાંઇ છે તેને અલ્લાહે તમારા આધીન કરી દીધું છે અને વહાણો પણ. જે તેના હુકમથી સમુદ્રમાં તરે છે ? અને તેણે પોતાની પરવાનગી વિના આકાશને ઝમીન પર તૂટી પડતાં અટકાવી રાખ્યું છે; બેશક અલ્લાહ લોકો પર મોટો મહેરબાન (અને) દયાવાન છે.

وَهُوَ الَّذِيٓ اَحۡيَاكُمۡ ۫ ثُمَّ يُمِيۡتُكُمۡ ثُمَّ يُحۡيِيۡكُمۡ ؕ اِنَّ
الۡاِنۡسَانَ لَكَفُوۡرٌ ﴿٦٦﴾

(૬૬) અને તે એજ છે જેણે તમને સજીવન કર્યા છે, પછી તે તમને મૃત્યુ આપશે, પછી તે તમને પુનઃ સજીવન કરશે; બેશક મનુષ્ય નાશુક્રો છે.

لِكُلِّ اُمَّةٍ جَعَلۡنَا مَنۡسَكًا هُمۡ نَاسِكُوۡهُ فَلَا يُنَازِعُنَّكَ فِي
الۡاَمۡرِ وَادۡعُ اِلٰى رَبِّكَ ؕ اِنَّكَ لَعَلٰى هُدًى مُّسۡتَقِيۡمٍ ﴿٦٧﴾

(૬૭) દરેક ઉમ્મત માટે અમોએ (ઇબાદતની) એક રીત (શરીઅત) નક્કી કરી છે કે જેના પર તેઓ ચાલે છે, માટે જોઇએ કે તેઓ તે દીન (ઇસ્લામ)ની બાબતમાં તારી સાથે ઝઘડો ન કરે, અને તું તારા

પરવરદિગાર તરફ (તેમને બોલાવ્યા કર; બેશક તું સત્ય માર્ગ પર છે.

وَاِنۡ جٰدَلُوۡكَ فَقُلِ اللّٰهُ اَعۡلَمُ بِمَا تَعۡمَلُوۡنَ ﴿۶۸﴾

(૬૮) છતાં પણ જો તેઓ તારી સાથે હઠાગ્રહ કરે તો કહે કે જે કર્મો તમે કરો છો તેનાથી અલ્લાહ સારી રીતે વાકેફ છે.

اَللّٰهُ يَحۡكُمُ بَيۡنَكُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ فِيۡمَا كُنۡتُمۡ فِيۡهِ تَخۡتَلِفُوۡنَ ﴿۶۹﴾

(૬૯) કયામતના દિવસે અલ્લાહ તમારી વચ્ચે તે મામલામાં નિર્ણય કરશે કે જેમાં તમે મતભેદ કરો છો.

اَلَمۡ تَعۡلَمۡ اَنَّ اللّٰهَ یَعۡلَمُ مَا فِی السَّمَآءِ وَ الۡاَرۡضِ ؕ اِنَّ ذٰلِكَ فِیۡ
كِتٰبٍ ؕ اِنَّ ذٰلِكَ عَلَی اللّٰهِ یَسِیۡرٌ ﴿۷۰﴾

(૭૦) શું તું આ નથી જાણતો કે આસમાનો તથા ઝમીનમાં જે કાંઇ છે તે (સઘળા)ને અલ્લાહ જાણે છે; બેશક તે સઘળું તે કિતાબ (લવહે મહેફૂઝ)માં (લખેલું) છે; બેશક આ (કાર્ય) અલ્લાહ માટે (તદ્દન) સહેલું છે.

وَ یَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ مَا لَمۡ یُنَزِّلۡ بِهٖ سُلۡطٰنًا وَّ مَا لَیۡسَ
لَهُمۡ بِهٖ عِلۡمٌ ؕ وَ مَا لِلظّٰلِمِیۡنَ مِنۡ نَّصِیۡرٍ ﴿۷۱﴾

(૭૧) અને તેઓ અલ્લાહને મૂકી એવી વસ્તુની બંદગી કરે છે કે જેના વિષે તેણે (અલ્લાહે) કોઇ

દલીલ ઉતારી નથી. અને જેના સંબંધમાં તેમને કાંઇજ માહિતી નથી; અને ઝાલિમોનો કોઇ મદદગાર થશે નહિ.

وَاِذَا تُتْلٰى عَلَيۡهِمۡ اٰيٰتُنَا بَيِّنٰتٍ تَعۡرِفُ فِىۡ وُجُوۡهِ الَّذِيۡنَ
كَفَرُوا الۡمُنۡكَرَ‌ؕ يَكَادُوۡنَ يَسۡطُوۡنَ بِالَّذِيۡنَ يَتۡلُوۡنَ عَلَيۡهِمۡ
اٰيٰتِنَا‌ ؕ قُلۡ اَفَاُنَبِّئُكُمۡ بِشَرٍّ مِّنۡ ذٰ لِكُمُ‌ ؕ اَلنَّارُ ؕ وَعَدَهَا اللّٰهُ
الَّذِيۡنَ كَفَرُوۡا‌ ؕ وَبِئۡسَ الۡمَصِيۡرُ ۝٧٢

(૭૨) અને જે વખતે તેમની સમક્ષ અમારી સ્પષ્ટ આયતો પઢવામાં આવે છે તો જે લોકો ઇમાન નથી લાવ્યા તેમના ચહેરા પરથી તું અણગમો પારખી લેશે; જેઓ અમારી આયતો તેમને પઢી

સંભળાવે છે તેમની ઉપર આ લોકો લગભગ હુમલો કરી જ બેસે છે. તું કહે કે શું હું તમને તે કરતાંય વધુ ખરાબ ખબર આપું ? (સાંભળો !) તે (દોઝખની) આગ છે; જે લોકો ઇમાન નથી લાવ્યા અલ્લાહે તેમને તેનો વાયદો કર્યો છે; અને તે ઘણુંજ બૂરૂં પાછા ફરવાનું ઠેકાણું છે.

يٰٓاَيُّهَا النَّاسُ ضُرِبَ مَثَلٌ فَاسْتَمِعُوْا لَهٗ ؕ اِنَّ الَّذِيْنَ تَدْعُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ لَنْ يَّخْلُقُوْا ذُبَابًا وَّلَوِ اجْتَمَعُوْا لَهٗ ؕ وَاِنْ يَّسْلُبْهُمُ
الذُّبَابُ شَيْـًٔا لَّا يَسْتَنْقِذُوْهُ مِنْهُ ؕ ضَعُفَ الطَّالِبُ
وَالْمَطْلُوْبُ ﴿۷۳﴾

(૭૩) અય લોકો ! એક દાખલો વર્ણવવામાં આવે છે તે ધ્યાનપૂર્વક સાંભળી લો; એમાં સંદેહ નથી કે જેમને તમે અલ્લાહના સિવાય પોકારો છો તેઓ એક માખી પણ પેદા કરી શકતા નથી. પછી ભલેને તે માટે તેઓ સઘળા એકત્ર થઇ જાય; અને જો તેમની પાસેથી માખી કોઇ વસ્તુ છીનવી લઇ જાય તો પણ તેઓ તેની પાસેથી તે (વસ્તુ) છોડાવી શકે નહિ; (સારાંશ કે) માંગનાર (આબીદ) અને જેમની પાસે માંગવામાં આવે છે (માઅબૂદ) તેઓ બન્ને નિર્બળ છે.

مَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدۡرِهٖ ؕ اِنَّ اللّٰهَ لَقَوِىٌّ عَزِيۡزٌ ۝٧٤

(૭૪) તેમણે અલ્લાહની કદર કરી નથી જેવી કે તેની કદર કરવી જોઇએ. બેશક અલ્લાહ મહા બળવાન (અને) પ્રબળ છે.

اَللّٰهُ يَصۡطَفِىۡ مِنَ الۡمَلٰٓـئِكَةِ رُسُلًا وَّمِنَ النَّاسِ‌ؕ اِنَّ اللّٰهَ سَمِيۡعٌ ۢ بَصِيۡرٌ‌ۚ‏ ﴿۷۵﴾

(૭૫) અલ્લાહ ફરિશ્તા તથા માણસોમાંથી રસૂલો ચૂંટી કાઢે છે; બેશક અલ્લાહ મોટો સાંભળનાર (અને) જોનારો છે.

يَعۡلَمُ مَا بَيۡنَ اَيۡدِيۡهِمۡ وَمَا خَلۡفَهُمۡ‌ ؕ وَاِلَى اللّٰهِ تُرۡجَعُ الۡاُمُوۡرُ‏ ﴿۷۶﴾

(૭૬) તેઓની આગળ તથા પાછળની હકીકત જાણે છે; અને સર્વે બાબતોનું પાછું ફરવું અલ્લાહની જ તરફ છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا ارْكَعُوْا وَاسْجُدُوْا وَاعْبُدُوْا رَبَّكُمْ وَافْعَلُوا الْخَيْرَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۩ ﴿٧٧﴾

(૭૭) અય ઇમાન લાવનારાઓ! તમે રૂકુઅ કરો તથા સિજદા કરો અને તમારા પરવરદિગારની ઇબાદત કરો અને નેકી કરો કે જેથી તમે ભલાઇ મેળવો.

وَجَاهِدُوْا فِي اللّٰهِ حَقَّ جِهَادِهٖ ؕ هُوَ اجْتَبٰىكُمْ وَمَا جَعَلَ عَلَيْكُمْ فِي الدِّيْنِ مِنْ حَرَجٍ ؕ مِلَّةَ اَبِيْكُمْ اِبْرٰهِيْمَ ؕ

هُوَ سَمّٰىكُمُ الْمُسْلِمِيْنَ ۙ۬ مِنْ قَبْلُ وَفِيْ هٰذَا لِيَكُوْنَ الرَّسُوْلُ
شَهِيْدًا عَلَيْكُمْ وَتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ ۖۚ فَاَقِيْمُوا
الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَاعْتَصِمُوْا بِاللّٰهِ ۭ هُوَ مَوْلٰىكُمْ ۚ فَنِعْمَ
الْمَوْلٰى وَنِعْمَ النَّصِيْرُ ۧ ۷۸

(૭૮) અને અલ્લાહની રાહમાં જેહાદ કરો જેવો કે જેહાદ કરવો ઘટે છે; તેણે તમને ચૂંટી લીધા છે અને તમારા પર ધર્મના સંબંધમાં કોઇ પણ પ્રકારની સખતાઇ જાએઝ કરી (મૂકી) નથી; આ તમારા બાપ ઇબ્રાહીમની જ (શરૂ કરેલી) મિલ્લત (મઝહબે ઇસ્લામ) છે; તે (અલ્લાહ)એ જ તમારૂં નામ મુસ્લિમ (યાને તાબેદાર-આજ્ઞાપાલક) રાખ્યું

છે-પહેલાંથી અને આ (કુરઆન)માં પણ, જેથી રસૂલ તમારા (કર્મો તથા વર્તન) પર સાક્ષી રહે, અને તમે લોકોના (કર્મો અને વર્તન) પર સાક્ષી રહો; માટે તમે નમાઝ પઢ્યા કરો તથા ઝકાત આપતા રહો, અને અલ્લાહને જ દ્રઢતાપૂર્વક વળગી રહો; એજ તમારો કાર્યસાધક છે, તો તે કેવો સૌથી ઉત્તમ કાર્યસાધક અને ઉત્તમ મદદગાર છે !

قَدۡ اَفۡلَحَ الۡمُؤۡمِنُوۡنَ ۙ‏ ﴿١﴾

(૧) બેશક તે મોઅમીનો સફળ થઇ ગયા ॰

الَّذِيۡنَ هُمۡ فِىۡ صَلَاتِهِمۡ خٰشِعُوۡنَ ۙ‏ ﴿٢﴾

(૨) કે જેઓ પોતાની નમાઝોમાં કરગરે છે ॰

وَالَّذِيۡنَ هُمۡ عَنِ اللَّغۡوِ مُعۡرِضُوۡنَ ۙ‏ ﴿٣﴾

(3) અને જેઓ નકામી વાતોથી દૂર રહે છે.

وَالَّذِيۡنَ هُمۡ لِلزَّكٰوةِ فٰعِلُوۡنَ ۙ‏ ﴿٤﴾

(૪) અને જેઓ ઝકાત અદા કરતા રહે છે ॰

وَالَّذِيۡنَ هُمۡ لِفُرُوۡجِهِمۡ حٰفِظُوۡنَ ۙ‏ ﴿٥﴾

(૫) અને જેઓ પોતાના ગુપ્ત ભાગોનું રક્ષણ કરે છે.

اِلَّا عَلٰۤى اَزۡوَاجِهِمۡ اَوۡ مَا مَلَـكَتۡ اَيۡمَانُهُمۡ فَاِنَّهُمۡ غَيۡرُ مَلُوۡمِيۡنَ‌ۚ‏ ﴿۶﴾

(૬) સિવાય પોતાની પત્નીઓથી અથવા પોતાના હાથે મેળવેલી (કનીઝો)ઓથી, તો તેઓ નિસંશય ઠપકાને પાત્ર નથી.

فَمَنِ ابۡتَغٰى وَرَآءَ ذٰ لِكَ فَاُولٰۤـئِكَ هُمُ الۡعٰدُوۡنَ‌ۚ‏ ﴿۷﴾

(૭) પછી જે કોઇ તે સિવાયની ખ્વાહીશ (ઇચ્છા) કરે તો તેઓજ અત્યાચારી છે.

وَالَّذِيۡنَ هُمۡ لِاَمٰنٰتِهِمۡ وَعَهۡدِهِمۡ رٰعُوۡنَ ۙ‏ ﴿۸﴾

(૮) અને તેઓ (પણ સફળ થઇ ગયા) કે જેઓ પોતાની અમાનતોનું તથા વચન વાયદાનું પાલન કરે છે.

وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَوٰتِهِمْ يُحَافِظُوْنَ ۝٩

(૯) અને જેઓ પોતાની નમાઝોની કાળજી રાખે છે.

اُولٰٓئِكَ هُمُ الْوٰرِثُوْنَ ۝١٠

(૧૦) એજ લોકો તો (ખરા) વારસ છે ઃ

الَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَ ۭ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ۝١١

(૧૧) જેઓ જન્નતુલ ફિરદોસને વારસામાં લઇ લેશે; જેમાં તેઓ હંમેશ માટે રહેનારા હશે.

وَلَقَدْ خَلَقْنَا الْإِنْسَانَ مِنْ سُلٰلَةٍ مِّنْ طِيْنٍ ﴿١٢﴾

(૧૨) અને ખરેખર અમોએ માણસને માટીના સત્વમાંથી પેદા કર્યો છે.

ثُمَّ جَعَلْنٰهُ نُطْفَةً فِيْ قَرَارٍ مَّكِيْنٍ ﴿١٣﴾

(૧૩) પછી અમોએ તેને સુરક્ષિત (ગર્ભ) સ્થાનમાં વીર્યબિંદુ બનાવી મૂક્યું.

ثُمَّ خَلَقْنَا النُّطْفَةَ عَلَقَةً فَخَلَقْنَا الْعَلَقَةَ مُضْغَةً فَخَلَقْنَا الْمُضْغَةَ عِظٰمًا فَكَسَوْنَا الْعِظٰمَ لَحْمًا ۗ ثُمَّ اَنْشَاْنٰهُ خَلْقًا اٰخَرَ ؕ فَتَبٰرَكَ اللّٰهُ اَحْسَنُ الْخٰلِقِيْنَ ﴿١٤﴾

(૧૪) પછી અમોએ તે વીર્યના ટીપાને બાઝી ગએલા લોહીનો ગોળો બનાવ્યો, પછી તે બાઝી

ગએલા લોહીને અમોએ માંસનો લોચો બનાવ્યો, પછી તે માંસના લોચામાં હાડકાં બનાવ્યા, પછી તે હાડકાં પર અમોએ માંસનું આવરણ ચઢાવ્યું, તે બાદ અમોએ (તેમાં રૂહ નાખી) તેની એક બીજી જ આકૃતિ (સર્જત) બનાવી; તો કેવો બરકતવાળો છે તે અલ્લાહ કે જે સર્વોત્તમ સર્જનહાર છે !

ثُمَّ اِنَّكُمۡ بَعۡدَ ذٰلِكَ لَمَيِّتُوۡنَؕ‏ ﴿۱۵﴾

(૧૫) પછી તે બાદ તમે સઘળા ખરેખર મરવાના છો.

ثُمَّ اِنَّكُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ تُبۡعَثُوۡنَ‏ ﴿۱۶﴾

(૧૬) પછી કયામતના દિવસે તમે પાછા (કબરોમાંથી) ઉઠાડવામાં આવશો.

وَلَقَدۡ خَلَقۡنَا فَوۡقَكُمۡ سَبۡعَ طَرَآئِقَ ۖ وَمَا كُنَّا عَنِ الۡخَلۡقِ
غٰفِلِيۡنَ ﴿۱۷﴾

(૧૭) અને ખરેખર અમોએ તમારા પર સાત આસમાનો બનાવ્યા છે; અને અમે સૃષ્ટિ (સર્જન)થી અજ્ઞાત ન જ હતા.

وَاَنۡزَلۡنَا مِنَ السَّمَآءِ مَآءًۢ بِقَدَرٍ فَاَسۡكَنّٰهُ فِى الۡاَرۡضِ ۖ وَاِنَّا
عَلٰى ذَهَابٍۢ بِهٖ لَقٰدِرُوۡنَ ﴿۱۸﴾ۚ

(૧૮) અમોએ આસમાનમાંથી જોઇતા પ્રમાણમાં પાણી ઉતાર્યું, પછી તેને ભૂમિમાં થંભાવી દીધું, અને નિસંશય અમે તેને લઇ જવા (વહાવી દેવા) ઉપર પણ કાબૂ ધરાવીએ છીએ.

فَاَنْشَاْنَا لَكُمْ بِهٖ جَنّٰتٍ مِّنْ نَّخِيْلٍ وَّاَعْنَابٍۘ لَكُمْ فِيْهَا
فَوَاكِهُ كَثِيْرَةٌ وَّمِنْهَا تَاْكُلُوْنَ ۙ﴿۱۹﴾

(૧૯) પછી અમોએ તે વડેજ તમારા માટે ખજૂરો (તથા) દ્રાક્ષના બગીચા પેદા કર્યા, જેમાં તમારા માટે (જાત જાતના) ઘણાં મેવા (ઉત્પન્ન થાય) છે, અને તેમાંથી જ તમે (કેટલાક મેવા) ખાઓ પણ છોઃ

وَشَجَرَةً تَخْرُجُ مِنْ طُوْرِ سَيْنَآءَ تَنْۢبُتُ بِالدُّهْنِ وَصِبْغٍ
لِّلْاٰكِلِيْنَ ﴿۲۰﴾

(૨૦) અને એક ઝાડ કે જે સીના (નામક) પહાડમાં ઉગે છે, તે એક (જાતનું) તેલ લઇને ઉગે છે, અને ખાનારાઓ માટે તરકારી પણ.

وَإِنَّ لَكُمْ فِي الْأَنْعَامِ لَعِبْرَةً ۖ نُّسْقِيكُم مِّمَّا فِي بُطُونِهَا وَلَكُمْ
فِيهَا مَنَافِعُ كَثِيرَةٌ وَمِنْهَا تَأْكُلُونَ ﴿٢١﴾

(૨૧) અને નિસંશય ચોપગાંઓમાં પણ તમારા માટે એક બોધપાઠ છે; જે કાંઇ તેમના પેટમાં છે તેમાંથી અમે તમને (દૂધ) પાઇએ છીએ અને તેમાં તમારા માટે (બીજા પણ) ઘણા લાભ છે, અને તેમાંથી જ કેટલાકો (નું માંસ) પણ તમે ખાઓ છોઃ

وَعَلَيْهَا وَعَلَى الْفُلْكِ تُحْمَلُونَ ﴿٢٢﴾

(૨૨) અને તેમના પર તથા વહાણો પર તમે સવાર થઇ ફરો છો.

وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖ فَقَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اَفَلَا تَتَّقُوْنَ ﴿۲۳﴾

(૨૩) અને ખરેખર અમોએ નૂહને તેની કોમ તરફ (રસૂલ બનાવી) મોકલ્યો હતો, પછી તેણે (પોતાની કોમને) કહ્યું કે અય મારી કોમ ! તમે અલ્લાહની ઇબાદત કરો, જેના સિવાય તમારો બીજો કોઇ માઅબૂદ નથી; તો શું તમે (તેના અઝાબથી) ભય નથી પામતા ?

فَقَالَ الْمَلَؤُا الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ مَا هٰذَآ اِلَّا بَشَرٌ
مِّثْلُكُمْ ۙ يُرِيْدُ اَنْ يَّتَفَضَّلَ عَلَيْكُمْ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَاَنْزَلَ
مَلٰٓئِكَةً ۖۚ مَّا سَمِعْنَا بِهٰذَا فِيْٓ اٰبَآئِنَا الْاَوَّلِيْنَ ۟﴿۲۴﴾

(૨૪) ત્યારે તેની કોમમાંથી જેઓ ઇમાન લાવ્યા ન હતા તેમના સરદારોએ કહ્યું કે આ (નૂહ) કાંઇજ નથી પણ તમારા જેવો એક માનવી છે, જે (એવું) ચાહે છે કે તમારા પર તે શ્રેષ્ઠતા ભોગવે; અને જો અલ્લાહ ચાહતે તો (તેના બદલામાં) ખરેખર ફરિશ્તો ઉતારતે. અમોએ તો અમારા આગલા બાપદાદાઓ (ના સમય)માં પણ આવી વાત સાંભળી નથી.

اِنۡ هُوَ اِلَّا رَجُلٌۢ بِهٖ جِنَّةٌ فَتَرَبَّصُوۡا بِهٖ حَتّٰى حِيۡنٍ ﴿۲۵﴾

(૨૫) આ કાંઇજ નથી પણ એક (સામાન્ય) માનવી કે જેને ગાંડપણ થઇ ગયું છે, માટે તમે તેના સંબંધમાં થોડો વખત રાહ જુઓ.

قَالَ رَبِّ انْصُرۡنِىۡ بِمَا كَذَّبُوۡنِ ﴿۲۶﴾

(૨૬) (આથી નૂહે) અરજ કરી કે અય મારા પરવરદિગાર! તેમણે મને જૂઠલાવ્યો છે, માટે તું મારી મદદ કર.

فَاَوۡحَيۡنَاۤ اِلَيۡهِ اَنِ اصۡنَعِ الۡفُلۡكَ بِاَعۡيُنِنَا وَوَحۡيِنَا فَاِذَا جَآءَ
اَمۡرُنَا وَفَارَ التَّنُّوۡرُ ۙ فَاسۡلُكۡ فِيۡهَا مِنۡ كُلٍّ زَوۡجَيۡنِ اثۡنَيۡنِ

وَاَهۡلَكَ اِلَّا مَنۡ سَبَقَ عَلَيۡهِ الۡقَوۡلُ مِنۡهُمۡ‌ ۚ وَلَا تُخَاطِبۡنِىۡ فِى

الَّذِيۡنَ ظَلَمُوۡا ‌ۚ اِنَّهُمۡ مُّغۡرَقُوۡنَ‏ ﴿۲۷﴾

(૨૭) જેથી અમોએ તેના તરફ વહી કરી કે તું અમારી આંખો સામે તથા અમારી સુચના પ્રમાણે (એક) વહાણ બનાવ પછી જ્યારે અમારો હુકમ આવી પહોંચે તથા ભઠ્ઠી(માંથી પાણી) ઉભરાવા માંડે ત્યારે દરેક પ્રાણીનું (એક એક) જોડું તે (વહાણ)માં લઇ લેજે, અને તારા ઘરવાળાઓને પણ (તેમાં બેસાડી લેજે), સિવાય કે જેના વિષે (ડૂબી જવાનો) પ્રથમથી જ હુકમ થઇ ચૂક્યો છે, અને (હવે) જેઓ ઝુલમગાર છે તેમના સંબંધમાં

મને સંબોધજે નહિ; (કારણ કે) તેઓ નિસંશય ડૂબાડી દેવામાં આવનાર છે.

فَاِذَا اسۡتَوَيۡتَ اَنۡتَ وَمَنۡ مَّعَكَ عَلَى الۡفُلۡكِ فَقُلِ الۡحَمۡدُ لِلّٰهِ الَّذِىۡ نَجّٰٮنَا مِنَ الۡقَوۡمِ الظّٰلِمِيۡنَ ﴿۲۸﴾

(૨૮) પછી જ્યારે તું તથા તારા સાથીઓ વહાણમાં બરાબર બેસી જાઓ ત્યારે તું કહેજે કે સઘળા ગુણગાન એજ અલ્લાહના માટે છે કે જેણે અમને ઝુલમગાર લોકો (ના ઝુલમો)થી છુટકારો આપ્યો.

وَقُلْ رَّبِّ اَنۡزِلۡنِىۡ مُنۡزَلًا مُّبٰرَكًا وَّاَنۡتَ خَيۡرُ الۡمُنۡزِلِيۡنَ ﴿۲۹﴾

(૨૯) અને (આ) દોઆ કરજે કે અય મારા પરવરદિગાર ! મને બરકતવાળા ઉતારા પર ઉતારજે, અને તુંજ સૌથી સારો ઉતારનારો છે.

اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیٰتٍ وَّاِنۡ کُنَّا لَمُبۡتَلِیۡنَ ﴿۳۰﴾

(30) બેશક તે (નૂહના બનાવ)માં નિશાનીઓ છે, અને નિસંશય અમે હંમેશા (લોકોની) કસોટી કરતા રહીએ છીએ.

ثُمَّ اَنۡشَاۡنَا مِنۡۢ بَعۡدِہِمۡ قَرۡنًا اٰخَرِیۡنَ ﴿ۚ۳۱﴾

(૩૧) પછી તેમના (નાશ) પછી અમોએ એક બીજી પેઢી (સમૂદની કોમ) પૈદા કરી.

فَاَرۡسَلۡنَا فِیۡهِمۡ رَسُوۡلًا مِّنۡهُمۡ اَنِ اعۡبُدُوا اللّٰهَ مَا لَکُمۡ مِّنۡ
اِلٰهٍ غَیۡرُهٗ ؕ اَفَلَا تَتَّقُوۡنَ ﴿۳۲﴾

(૩૨) પછી તેઓમાંથી જ અમોએ તેમનામાં એક (શખ્સ સાલેહને) રસૂલ (બનાવી) આ હુકમ સાથે મોકલ્યો કે તમે અલ્લાહની ઇબાદત કરો. તેના સિવાય તમારો કોઇ માઅબૂદ નથી; તો શું તમે (તેના અઝાબથી) ડરતા નથી ?

وَقَالَ الۡمَلَاُ مِنۡ قَوۡمِهِ الَّذِیۡنَ کَفَرُوۡا وَ کَذَّبُوۡا بِلِقَآءِ الۡاٰخِرَةِ
وَاَتۡرَفۡنٰهُمۡ فِی الۡحَیٰوةِ الدُّنۡیَا ۙ مَا هٰذَاۤ اِلَّا بَشَرٌ مِّثۡلُکُمۡ ۙ یَاۡکُلُ
مِمَّا تَاۡکُلُوۡنَ مِنۡهُ وَیَشۡرَبُ مِمَّا تَشۡرَبُوۡنَ ﴿۳۳﴾ۙ

(33) અને તે (સાલેહ)ની કોમમાંથી તે સરદારો કે જેઓ ઇમાન લાવ્યા ન હતા અને કયામતની મુલાકાતને જૂઠલાવતા હતા, અને જેમને અમોએ આ દુનિયાની જિંદગીમાં સુખી બનાવ્યા હતા, તેઓ (પરસ્પર) કહેવા લાગ્યા કે આ (રસૂલ) તો તમારા જેવોજ એક (સામાન્ય) મનુષ્ય છે, જે કાંઇ તમે ખાઓ છો તેમાંથી તે પણ ખાય છે, અને તમે જે કાંઇ પીઓ છો તેમાંથી તે પણ પીએ છે.

وَلَئِنۡ اَطَعۡتُمۡ بَشَرًا مِّثۡلَكُمۡ ۙ اِنَّكُمۡ اِذًا لَّخٰسِرُوۡنَ ۝٣٤

(3૪) અને જો તમે તમારા જ જેવા એક મનુષ્યની આજ્ઞા માનશો તો એ સ્થિતિમાં નિસંશય તમે હાનિ ભોગવનારા થઇ જશો.

اَيَعِدُكُمۡ اَنَّكُمۡ اِذَا مِتُّمۡ وَكُنۡتُمۡ تُرَابًا وَّعِظَامًا اَنَّكُمۡ
مُّخۡرَجُوۡنَ ﴿۳۵﴾

(૩૫) શું તમને તે આ વાતથી ડરાવે છે કે જ્યારે તમે મરી જશો અને માટી તથા હાડકાં બની જશો તો પણ તમે પાછા (કબરમાંથી) કાઢવામાં આવશો?

هَيۡهَاتَ هَيۡهَاتَ لِمَا تُوۡعَدُوۡنَ ﴿۳۶﴾

(૩૬) (અરે !) જે વાતથી તમને ડરાવવામાં આવે છે તે (બુદ્ધિબળથી) દૂર છે:

اِنۡ هِىَ اِلَّا حَيَاتُنَا الدُّنۡيَا نَمُوۡتُ وَنَحۡيَا وَمَا نَحۡنُ
بِمَبۡعُوۡثِيۡنَ ﴿۳۷﴾

(૩૭) (બીજી વખતે જીવતા થવું કેવું ?) જે કાંઇ છે તે આ દુનિયાની જિંદગી છે, જ્યાં અમે મરીએ છીએ અને જીવીએ છીએ, અને અમે (પાછા) ઉઠાડવામાં નહિ આવીએ.

اِنۡ هُوَ اِلَّا رَجُلُ ۨافۡتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا وَّمَا نَحۡنُ لَهٗ بِمُؤۡمِنِيۡنَ ﴿۳۸﴾

(૩૮) આ (સાલેહ) બીજો કોઇ નથી પણ એવો શખ્સ છે કે જેણે અલ્લાહ પર જૂઠી તોહમત મૂકી છે, અને અમે તેના પર ઇમાન લાવનારા નથી.

قَالَ رَبِّ انۡصُرۡنِىۡ بِمَا كَذَّبُوۡنِ ﴿۳۹﴾

(૩૯) (આથી તે રસૂલે) અરજ કરી કે અય મારા પરવરદિગાર! તેમણે મને જૂઠલાવ્યો છે, માટે તું મારી સહાય કર.

قَالَ عَمَّا قَلِيلٍ لَّيُصْبِحُنَّ نٰدِمِيْنَ ﴿٤٠﴾

(૪૦) (જેથી અલ્લાહે) ફરમાવ્યું કે નજીકના સમયમાં તેઓ ખરેજ પસ્તાવો કરવા માંડશે.

فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ بِالْحَقِّ فَجَعَلْنٰهُمْ غُثَآءً ۚ فَبُعْدًا لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٤١﴾

(૪૧) પછી તેમને (અમારા) સત્ય વચન પ્રમાણે એક ચીસ પકડી લીધા, પછી અમોએ તેમનો કચરો પૂંજો કરી નાખ્યા, માટે ઝુલમગાર લોકો (અલ્લાહની દયાથી) દૂર થાઓ !

ثُمَّ اَنْشَاْنَا مِنْۢ بَعْدِهِمْ قُرُوْنًا اٰخَرِيْنَ ﴿٤٢﴾

(૪૨) પછી અમોએ તેમની પાછળ બીજી પેઢીઓ નવેસરથી પેદા કરી.

مَا تَسۡبِقُ مِنۡ اُمَّةٍ اَجَلَهَا وَمَا يَسۡتَاۡخِرُوۡنَؕ﴿۴۳﴾

(૪3) કોઇ ટોળું પોતાના (જીવન મરણના) નિશ્ચિત સમયથી ન આગળ વધી શકે છે અને ન પાછળ રહી શકે છે.

ثُمَّ اَرۡسَلۡنَا رُسُلَنَا تَتۡرَا ؕ كُلَّمَا جَآءَ اُمَّةً رَّسُوۡلُهَا كَذَّبُوۡهُ فَاَتۡبَعۡنَا بَعۡضَهُمۡ بَعۡضًا وَّجَعَلۡنٰهُمۡ اَحَادِيۡثَ‌ ۚ فَبُعۡدًا لِّقَوۡمٍ لَّا يُؤۡمِنُوۡنَ﴿۴۴﴾

(૪૪) પછી અમોએ અમારા રસૂલ સતત મોકલ્યા કર્યા; જ્યારે જ્યારે કોઇ ઉમ્મતનો રસૂલ તેમની

પાસે આવ્યો ત્યારે ત્યારે તેને તેમણે જૂઠલાવ્યા કર્યો, જેથી અમોએ પણ તેમને એક બીજાના પગલે પગલે પાડી (નાશ કરી) નાખ્યા, અને તેમ(ના વિનાશ)ને દંતકથા બનાવી દીધી; માટે જે લોકો ઇમાન નથી લાવતા તેઓ (અલ્લાહની દયાથી) દૂર થાઓ!

ثُمَّ اَرۡسَلۡنَا مُوۡسٰى وَاَخَاهُ هٰرُوۡنَ ۙ بِاٰيٰتِنَا وَسُلۡطٰنٍ مُّبِيۡنٍ ۙ﴿۴۵﴾

(૪૫) પછી અમોએ મૂસા તથા તેના ભાઇ હારૂનને અમારી નિશાનીઓ તથા ખુલ્લી સત્તા સાથે મોકલ્યાઃ

اِلٰى فِرۡعَوۡنَ وَمَلَا۟ئِهٖ فَاسۡتَكۡبَرُوۡا وَكَانُوۡا قَوۡمًا عَالِيۡنَ ۚ﴿۴۶﴾

(૪૬) ફિરઔન તથા તેના સરદારો તરફ; પણ તેમણે અભિમાન કર્યું, અને તેઓ હતા જ શિરજોર લોકો.

فَقَالُوْٓا اَنُؤْمِنُ لِبَشَرَيْنِ مِثْلِنَا وَقَوْمُهُمَا لَنَا عٰبِدُوْنَ ۝٤٧

(૪૭) અને કહેવા લાગ્યા કે શું અમે અમારા જ જેવા બે શખસો પર ઇમાન લઇ આવીએ, જ્યારે કે એ બન્નેની કોમ અમારી ગુલામીમાં છે ?

فَكَذَّبُوْهُمَا فَكَانُوْا مِنَ الْمُهْلَكِيْنَ ۝٤٨

(૪૮) સારાંશ કે તેમણે તે બન્નેને જૂઠલાવ્યા જેથી તેઓ (સર્વે) નાશ પામનારાઓ માના થયા.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ لَعَلَّهُمْ يَهْتَدُوْنَ ۝٤٩

(૪૯) અને ખરેખર અમોએ મૂસાને (તૌરેત) કિતાબ આપી હતી કે જેથી તે લોકો હિદાયત મેળવે.

وَجَعَلْنَا ابْنَ مَرْيَمَ وَاُمَّهٗۤ اٰيَةً وَّاٰوَيْنٰهُمَاۤ اِلٰى رَبْوَةٍ ذَاتِ قَرَارٍ
وَّمَعِيْنٍ ﴿٥٠﴾

(૫૦) અને અમોએ મરિયમના પુત્ર તથા તેના માને (અમારી કુદરતની) નિશાનીઓ બનાવી, અને તે બન્નેને એક ઊંચા ટેકરા પર કે જે વિશ્રાંતિસ્થાન અને સ્વચ્છ પાણીવાળી જગ્યા હતી આશ્રય આપ્યો.

يٰۤاَيُّهَا الرُّسُلُ كُلُوْا مِنَ الطَّيِّبٰتِ وَاعْمَلُوْا صَالِحًا ؕ اِنِّىْ بِمَا
تَعْمَلُوْنَ عَلِيْمٌ ﴿٥١﴾

(૫૧) (અને તેમને મારો સામાન્ય હુકમ હતો કે) અય પયગમ્બરો! તમે પાક વસ્તુઓમાંથી ખાઓ અને નેકી કરતા રહો; બેશક તમે જે કાંઇ કરો છો તે હું સંપૂર્ણ રીતે જાણું છું.

وَاِنَّ هٰذِهٖۤ اُمَّتُكُمۡ اُمَّةً وَّاحِدَةً وَّاَنَا رَبُّكُمۡ فَاتَّقُوۡنِ ﴿٥٢﴾

(૫૨) અને (અય લોકો!) નિસંશય તમારો આ (ઇસ્લામ) પંથ વાસ્તવમાં એકજ (સત્ય) પંથ છે, અને હું તમારો પરવરદિગાર છું, માટે મારાથી ડરતા રહો.

فَتَقَطَّعُوۡۤا اَمۡرَهُمۡ بَيۡنَهُمۡ زُبُرًا ؕ كُلُّ حِزۡبٍۢ بِمَا لَدَيۡهِمۡ فَرِحُوۡنَ ﴿٥٣﴾

(૫૩) પણ તેઓએ પોતાના (દીની) મામલાને અંદરો અંદર કાપી ટુકડે ટુકડા કરી નાખ્યા; દરેક ફિર્કો તેની પાસે જે કાંઇ છે તેનાથી ખુશ છે.

فَذَرۡهُمۡ فِىۡ غَمۡرَتِهِمۡ حَتّٰى حِيۡنٍ ﴿۵۴﴾

(૫૪) માટે (અય રસૂલ !) એક મુદ્દત સુધી તું તેમને (અજ્ઞાનતાના) ઘેનમાં પડ્યા રહેવા દે.

اَيَحۡسَبُوۡنَ اَنَّمَا نُمِدُّهُمۡ بِهٖ مِنۡ مَّالٍ وَّبَنِيۡنَ ۙ﴿۵۵﴾

(૫૫) શું તેઓ એવું ગુમાન કરે છે કે અમે તેમને સંપત્તિ તથા સંતતિ વડે જે મદદ કરી રહ્યા છીએઃ

نُسَارِعُ لَهُمۡ فِى الۡخَيۡرٰتِ‌ ؕ بَلْ لَّا يَشۡعُرُوۡنَ ﴿۵۶﴾

(૫૬) તેને આ (લોકો) અમે તેમના માટે લાભ પહોંચાડવાની ઉતાવળ કરીએ છીએ (એમ માને છે)? (એમ નથી) બલ્કે તેમને (ખરી હકીકતનું) મુદ્દલ ભાન નથી.

اِنَّ الَّذِيۡنَ هُمۡ مِّنۡ خَشۡيَةِ رَبِّهِمۡ مُّشۡفِقُوۡنَ ۝٥٧

(૫૭) નિસંશય તે લોકો કે જેઓ પોતાના પરવરદિગારની બીકમાં ભયભીત રહે છે.

وَالَّذِيۡنَ هُمۡ بِاٰيٰتِ رَبِّهِمۡ يُؤۡمِنُوۡنَ ۝٥٨

(૫૮) અને તેઓ કે જેઓ પોતાના પરવરદિગારની નિશાનીઓ પર ઇમાન રાખે છે:

وَالَّذِيۡنَ هُمۡ بِرَبِّهِمۡ لَا يُشۡرِكُوۡنَ ۝٥٩

(૫૯) અને તેઓ કે જેઓ પોતાના પરવરદિગારનો કોઇને શરીક બનાવતા નથીઃ

وَالَّذِيْنَ يُؤْتُوْنَ مَآ اٰتَوْا وَّقُلُوْبُهُمْ وَجِلَةٌ اَنَّهُمْ اِلٰى رَبِّهِمْ رٰجِعُوْنَ ﴿٦٠﴾

(૬૦) અને તે લોકો કે જેઓ (ખુદાની રાહમાં) બની શકતું આપે છે, એવી હાલતમાં કે તેમના મન (આ વાતથી) ભયભીત હોય છે કે તેઓ ખરેખર પોતાના ખુદાની હજૂરમાં પાછા ફરીને જનારા છેઃ

اُولٰٓئِكَ يُسٰرِعُوْنَ فِى الْخَيْرٰتِ وَهُمْ لَهَا سٰبِقُوْنَ ﴿٦١﴾

(૬૧) તેઓજ નેકીઓમાં ઉતાવળ કર્યા કરે છે, અને તેઓજ તે માટે આગળ વધે છે.

وَلَا نُكَلِّفُ نَفْسًا اِلَّا وُسْعَهَا وَلَدَيْنَا كِتٰبٌ يَّنْطِقُ بِالْحَقِّ
وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٦٢﴾

(૬૨) અને અમે કોઇ પણ વ્યક્તિને તેના ગજા ઉપરાંત તકલીફ (અહકામ) આપતા નથી, અને અમારી પાસે (લોકોની કરણીનું) એક લખાણ છે જે સાચે સાચું બોલે છે, અને તે લોકો પર કાંઇજ ઝુલ્મ કરવામાં નહિ આવે.

بَلْ قُلُوْبُهُمْ فِيْ غَمْرَةٍ مِّنْ هٰذَا وَلَهُمْ اَعْمَالٌ مِّنْ دُوْنِ ذٰلِكَ
هُمْ لَهَا عٰمِلُوْنَ ﴿٦٣﴾

(૬૩) પરંતુ તેમનાં અંતઃકરણો તેના તરફથી સખત ગફલતમાં છે, અને તેમના (કુ)કૃત્યો તે સિવાય કાંઇ બીજા પણ છે જે તેઓ કર્યા કરે છે.

حَتّٰۤى اِذَاۤ اَخَذۡنَا مُتۡرَفِيۡهِمۡ بِالۡعَذَابِ اِذَا هُمۡ يَجۡـَٔرُوۡنَ ؕ﴿۶۴﴾

(૬૪) અહીં સુધી કે જ્યારે અમે તેઓ માંથી એશઆરામની જિંદગી ગુઝારનારાઓને અઝાબમાં સપડાવીએ છીએ ત્યારે તેઓ મદદ માટે કકળાટ કરવા માંડે છે.

لَا تَجۡـَٔرُوا الۡيَوۡمَ قف اِنَّكُمۡ مِّنَّا لَا تُنۡصَرُوۡنَ ﴿۶۵﴾

(૬૫) (ત્યારે અમારા તરફથી કહેવામાં આવે છે કે) આજે કકળાટ ન કરો; નિસંશય તમને અમારા તરફથી કાંઇ પણ મદદ કરવામાં નહિ આવે.

قَدْ كَانَتْ اٰيٰتِىْ تُتْلٰى عَلَيْكُمْ فَكُنْتُمْ عَلٰٓى اَعْقَابِكُمْ تَنْكِصُوْنَ ﴿٦٦﴾

(૬૬) (કેમકે) તમારા પર અમારી આયતો અવશ્ય પઢવામાં આવતી હતી, પણ તમે તમારા પાછલા પગોએ ફરી જતા હતા:

مُسْتَكْبِرِيْنَ ۖۚ بِهٖ سٰمِرًا تَهْجُرُوْنَ ﴿٦٧﴾

(૬૭) (અને) અભિમાન કરીને તે (રસૂલ)ને કહાણી કહેનાર તરીકે (ગણી કાઢી) છોડી ચાલ્યા જતા હતા.

اَفَلَمْ يَدَّبَّرُوا الْقَوْلَ اَمْ جَآءَهُمْ مَّا لَمْ يَاْتِ اٰبَآءَهُمُ الْاَوَّلِيْنَ ﴿٦٨﴾

(૬૮) શું તેમણે (અલ્લાહના) બોલોનું ચિતંન નથી કર્યું, અથવા તેમની પાસે એવું કાંઇ આવી ગયું છે કે તેવું તેમના આગલા બાપદાદાઓ પાસે આવ્યું ન હતું?

اَمۡ لَمۡ يَعۡرِفُوۡا رَسُوۡلَهُمۡ فَهُمۡ لَهٗ مُنۡكِرُوۡنَ ۟﴿۶۹﴾

(૬૯) અથવા તેમણે પોતાના રસૂલને ઓળખ્યો નથી કે જેથી તેઓ તેનો ઇન્કાર કરે છે ?

اَمۡ يَقُوۡلُوۡنَ بِهٖ جِنَّةٌ ‌ؕ بَلۡ جَآءَهُمۡ بِالۡحَـقِّ وَاَكۡثَرُهُمۡ لِلۡحَـقِّ كٰرِهُوۡنَ ﴿۷۰﴾

(૭૦) અથવા તેઓ આ કહે છે કે તેને ઘેલાપણું થઇ ગયું છે ? (નહિ) બલ્કે તે તો તેમની પાસે

સત્ય (વાત) લઇને આવ્યો છે, અને તેઓમાંથી ઘણા ખરા સત્યથી તિરસ્કાર ધરાવનારા છે.

وَلَوِ اتَّبَعَ الْحَقُّ اَهْوَآءَهُمْ لَفَسَدَتِ السَّمٰوٰتُ وَالْاَرْضُ وَمَنْ فِيْهِنَّ ؕ بَلْ اَتَيْنٰهُمْ بِذِكْرِهِمْ فَهُمْ عَنْ ذِكْرِهِمْ مُّعْرِضُوْنَ ﴿٧١﴾

(૭૧) અને જો સત્ય તેમની ઇચ્છાઓનું અનુકરણ કરવા માંડે તો આસમાનો તથા ઝમીન અને જે કાંઈ તેમાં છે તે સર્વેમાં અંધાધુંધી પ્રસરી જાય; બલ્કે (આ કુરઆનમાં) અમોએ તો (આગલાઓનાં દ્રષ્ટાંતોમાં) તેમના માટે બોધ આપ્યો છે, છતાં પણ

તેઓ પોતાના (માટે આપેલા) આ બોધથી મોંઢું ફેરવે છે.

أَمْ تَسْأَلُهُمْ خَرْجًا فَخَرَاجُ رَبِّكَ خَيْرٌ ۖ وَهُوَ خَيْرُ الرَّازِقِينَ ﴿٧٢﴾

(૭૨) (અય રસૂલ !) શું તું તેમની પાસે (તારી રિસાલતનો) કાંઇ બદલો માંગે છે ? પણ તારા ખુદા તરફનો બદલો બેહતર છે, અને તેજ સૌ કરતાં ઉત્તમ રોઝી આપનારો છે.

وَإِنَّكَ لَتَدْعُوهُمْ إِلَىٰ صِرَاطٍ مُّسْتَقِيمٍ ﴿٧٣﴾

(૭૩) અને નિસંશય તું તેમને સીધા માર્ગ તરફ બોલાવે છે.

وَإِنَّ الَّذِينَ لَا يُؤْمِنُونَ بِالْآخِرَةِ عَنِ الصِّرَاطِ لَنَاكِبُونَ ﴿٧٤﴾

(૭૪) પરંતુ જેઓ આખેરત પર ઇમાન નથી રાખતા તેઓ રાહે રાસ્તથી હટી ગયા છે.

وَلَوْ رَحِمْنٰهُمْ وَكَشَفْنَا مَا بِهِمْ مِّنْ ضُرٍّ لَّلَجُّوْا فِيْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ۝۷۵

(૭૫) અને જો અમે તેમના પર દયા કરીએ તથા જે મુસીબત તેમને હોય તે ટાળી દઇએ તો પણ તેઓ પોતાની ગુમરાહીમાં આંધળા બની હઠાગ્રહ કરતાજ રહેશે.

وَلَقَدْ اَخَذْنٰهُمْ بِالْعَذَابِ فَمَا اسْتَكَانُوْا لِرَبِّهِمْ وَمَا يَتَضَرَّعُوْنَ۝۷۶

(૭૬) અને અમોએ તેમને અઝાબમાં ગિરફતાર કર્યા ત્યારે પણ તેમણે પોતાના પાલનકર્તા સામે ન આજીજી કરી અને ન કરગર્યા.

حَتّٰۤى اِذَا فَتَحۡنَا عَلَيۡهِمۡ بَابًا ذَا عَذَابٍ شَدِيۡدٍ اِذَا هُمۡ فِيۡهِ مُبۡلِسُوۡنَ۝۷۷

(૭૭) એટલે સુધી કે જ્યારે અમોએ તેમના પર સખત અઝાબનું એક બારણું ઉઘાડી દીધુ ત્યારે તેઓ તેમાં એકદમ હતાશ થઇ બેસી રહ્યા.

وَهُوَ الَّذِىۡۤ اَنۡشَاَ لَـكُمُ السَّمۡعَ وَالۡاَبۡصَارَ وَالۡاَفۡـئِدَةَ ‌ؕ قَلِيۡلًا مَّا تَشۡكُرُوۡنَ۝۷۸

(૭૮) અને તે અલ્લાહ એજ છે જેણે તમારા માટે કાન તથા આંખો તથા હૃદય પેદા કર્યાં છે; (તે છતાંય) તમે કેટલો થોડો શુક્ર કરો છો ?

وَهُوَ الَّذِىۡ ذَرَاَكُمۡ فِى الۡاَرۡضِ وَاِلَيۡهِ تُحۡشَرُوۡنَ‏ ﴿۷۹﴾

(૭૯) અને તે એજ છે જેણે તમને ઝમીનમાં ફેલાવી દીધા છે, અને તેનીજ હજૂરમાં તમને ભેગા કરવામાં આવશે.

وَهُوَ الَّذِىۡ يُحۡىٖ وَيُمِيۡتُ وَلَهُ اخۡتِلَافُ الَّيۡلِ وَالنَّهَارِ‌ ؕ اَفَلَا
تَعۡقِلُوۡنَ‏ ﴿۸۰﴾

(૮૦) અને તે એજ છે જે મારે છે તથા જીવાડે છે, અને તેનીજ આજ્ઞાથી રાત્રિ તથા દિવસની અદલા બદલી થાય છે; શું તમે એટલુંયે નથી સમજતા ?

بَلْ قَالُوْا مِثْلَ مَا قَالَ الْاَوَّلُوْنَ ﴿٨١﴾

(૮૧) બલ્કે તેઓ તો એવી વાત કરે છે કે જેવી અગાઉના લોકો કહ્યા કરતા હતા.

قَالُوْٓا ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَّعِظَامًا ءَاِنَّا لَمَبْعُوْثُوْنَ ﴿٨٢﴾

(૮૨) તેઓ કહેવા લાગ્યા કે જ્યારે અમે મરી જઇશું અને માટી તથા હાડકાં થઇ જઇશું ત્યારે શું અમે પછી પણ ઉઠાડવામાં આવીશું ?

لَقَدۡ وُعِدۡنَا نَحۡنُ وَاٰبَآؤُنَا هٰذَا مِنۡ قَبۡلُ اِنۡ هٰذَاۤ اِلَّاۤ اَسَاطِيۡرُ
الۡاَوَّلِيۡنَ ﴿۸۳﴾

(૮૩) આ વાયદો તો અમારી સાથે તથા અમારા બાપદાદાઓથી પહેલાંથી જ થતો ચાલ્યો આવે છે; આ કાંઇજ નથી, સિવાય કે આગલા લોકોની કિસ્સા કહાણીઓ છે.

قُلۡ لِّمَنِ الۡاَرۡضُ وَمَنۡ فِيۡهَاۤ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿۸۴﴾

(૮૪) (અય રસૂલ !) તું કહે કે (અય લોકો !) તમે જાણતા હો તો (કહો કે) આ ઝમીન અને જે કાંઇ તે ઝમીનમાં છે તે કોનું છે ?

سَيَقُوۡلُوۡنَ لِلّٰهِ ؕ قُلۡ اَفَلَا تَذَكَّرُوۡنَ ﴿۸۵﴾

(૮૫) તેઓ તરતજ કહેશે કે તે અલ્લાહનું જ છેઃ તું કહે કે છતાં શું તમે વિચાર નથી કરતા ?

قُلۡ مَنۡ رَّبُّ السَّمٰوٰتِ السَّبۡعِ وَرَبُّ الۡعَرۡشِ الۡعَظِيۡمِ ﴿٨٦﴾

(૮૬) તું કહે કે સાતેય આસમાન અને મહાન અર્શનો પરવરદિગાર કોણ છે ?

سَيَقُوۡلُوۡنَ لِلّٰهِ ؕ قُلۡ اَفَلَا تَتَّقُوۡنَ ﴿٨٧﴾

(૮૭) તેઓ તરતજ કહેશે કે તે અલ્લાહનાં જ છે; તું કહે કે છતાંય તમે (તેનાથી) નથી ડરતા ?

قُلۡ مَنۡۢ بِيَدِهٖ مَلَكُوۡتُ كُلِّ شَىۡءٍ وَّهُوَ يُجِيۡرُ وَلَا يُجَارُ عَلَيۡهِ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿٨٨﴾

(૮૮) તું કહે કે જો તમે જાણતા હો તો (આ દેખાડો કે) તે કોણ છે જેના હાથમાં દરેક વસ્તુનો અધિકાર છે, અને તે (જેને ચાહે છે) પનાહ આપે છે, અને તેની વિરૂધ્ધ પનાહ આપવામાં આવતી નથી?

سَيَقُوْلُوْنَ لِلّٰهِ ؕ قُلْ فَاَنّٰى تُسْحَرُوْنَ ﴿٨٩﴾

(૮૯) તેઓ તરતજ કહેશે કે અલ્લાહના હાથમાં છે; તું કહે, પછી તમે જાદુમાં ઘેરાઇ ક્યાં ચાલ્યા જાઓ છો?

بَلْ اَتَيْنٰهُمْ بِالْحَقِّ وَاِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿٩٠﴾

(૯૦) બલ્કે અમે તો તેમની પાસે સત્ય લાવ્યા છીએ અને તેઓ ખરેખર જૂઠા છે.

مَا اتَّخَذَ اللّٰهُ مِنۡ وَّلَدٍ وَّمَا كَانَ مَعَهٗ مِنۡ اِلٰهٍ اِذًا لَّذَهَبَ كُلُّ اِلٰهٍۢ بِمَا خَلَقَ وَلَعَلَا بَعۡضُهُمۡ عَلٰى بَعۡضٍ‌ؕ سُبۡحٰنَ اللّٰهِ عَمَّا يَصِفُوۡنَۙ ﴿۹۱﴾

(૯૧) અલ્લાહે ન તો કોઇ પુત્ર બનાવ્યો છે અને ન તેની સાથે બીજો કોઇ ખુદા છે, કેમકે એવી સ્થિતિમાં તો દરેકે દરેક ખુદા જે જે કાંઇ પેદા કરતે તેને (સાથે સાથે) લઇને જ ફર્યા કરતે, અને તેઓમાંથી (દરેક) એકબીજા ઉપર ઉપરીપણું ચલાવતે; (સારાંશ કે) જે કાંઇ તેઓ વર્ણવે છે તેનાથી ખુદા પાક (અને નિરાળો) છે.

عٰلِمِ الۡغَيۡبِ وَالشَّهَادَةِ فَتَعٰلٰى عَمَّا يُشۡرِكُوۡنَ ﴿۹۲﴾

(૯૨) તે છૂપા કે ખુલ્લા (બનાવો)નો જાણનારો છે, અને જે જે વસ્તુઓને તેઓ તેની શરીક ગણાવે છે તે સર્વેથી ઉચ્ચ છે.

قُلْ رَّبِّ اِمَّا تُرِيَنِّيْ مَا يُوْعَدُوْنَ ۙ﴿٩٣﴾

(૯૩) (અય રસૂલ !) તું દુઆ કર કે અય મારા પરવરદિગાર ! જે જે અઝાબનો તેમને વાયદો કરવામાં આવ્યો છે તે જો તું મને દેખાડે

رَبِّ فَلَا تَجْعَلْنِيْ فِي الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٩٤﴾

(૯૪) ત્યારે અય મારા પરવરદિગાર! તું મને ઝાલિમ લોકોમાં ન રાખજે.

وَاِنَّا عَلٰٓى اَنْ نُّرِيَكَ مَا نَعِدُهُمْ لَقٰدِرُوْنَ ﴿٩٥﴾

(૯૫) અને નિસંશય અમે આ વાત ઉપર કાબૂ ધરાવીએ છીએ કે જે (અઝાબ)નો તે લોકોને વાયદો કરીએ છીએ તે તને દેખાડી દઇએ.

اِدۡفَعۡ بِالَّتِىۡ هِىَ اَحۡسَنُ السَّيِّئَةَ ؕ نَحۡنُ اَعۡلَمُ بِمَا يَصِفُوۡنَ ﴿۹۶﴾

(૯૬) તું બૂરાઇને એવી વાતથી ટાળી દે કે જે ઉત્તમ હોય; જે કાંઇ તેઓ વર્ણવે છે તેનાથી અમે સારી રીતે વાકેફ છીએ.

وَقُلۡ رَّبِّ اَعُوۡذُ بِكَ مِنۡ هَمَزٰتِ الشَّيٰطِيۡنِ ۙ﴿۹۷﴾

(૯૭) અને તું દુઆ કર કે અય મારા પરવરદિગાર! હું શેતાનોના વસવસાથી તારી પનાહ માંગું છું.

وَاَعُوْذُ بِكَ رَبِّ اَنْ يَّحْضُرُوْنِ ﴿٩٨﴾

(૯૮) અને અય મારા પરવરદિગાર ! આ વાતથી પણ તારી પનાહ માંગું છું કે તેઓ (શેતાનો) ક્યાંય મારી પાસે આવી હાજર ન થઇ જાય.

حَتّٰۤى اِذَا جَآءَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ رَبِّ ارْجِعُوْنِ ﴿٩٩﴾

(૯૯) (નાસ્તિકોની સ્થિતિ એવીજ રહેશે) જ્યાં સુધી કે તેઓમાંથી કોઇને મૃત્યુ આવશે તો તે અરજ કરશે કે અય મારા પરવરદિગાર! મને પાછો (દુનિયામાં) ફેરવી દે.

لَعَلِّیْۤ اَعْمَلُ صَالِحًا فِیْمَا تَرَكْتُ كَلَّا ؕ اِنَّهَا كَلِمَةٌ هُوَ قَآئِلُهَا ؕ

وَمِنْ وَّرَآئِهِمْ بَرْزَخٌ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿١٠٠﴾

(૧૦૦) કે જેથી હું જે કાંઇ મૂકી આવ્યો છું તેમાં કાંઇક નેકી કરૂં; (કહેવામાં આવશે કે) હરગિજ નહિ! આ માત્ર એક નિરર્થક વાત છે જે તે બોલી રહ્યો છે; અને તેમની આગળ તે દિવસ સુધી કે જે દિવસે તેઓ પાછા ઉઠાડવામાં આવશે એક બરઝખ (આડ) રહેશે.

فَإِذَا نُفِخَ فِي الصُّورِ فَلَآ أَنسَابَ بَيْنَهُمْ يَوْمَئِذٍ وَلَا
يَتَسَآءَلُونَ ﴿١٠١﴾

(૧૦૧) પછી જ્યારે સૂર ફૂંકવામાં આવશે તો તે દિવસે તેમની વચ્ચે ન તો કોઇ સગપણનો સંબંધ બાકી રહેશે, ન એકબીજાને પૂછશે.

فَمَنۡ ثَقُلَتۡ مَوَازِيۡنُهٗ فَاُولٰٓـئِكَ هُمُ الۡمُفۡلِحُوۡنَ ﴿۱۰۲﴾

(૧૦૨) પછી જેમના પલડા (નેકીઓથી) ભારે થશે તેઓ તો ભલાઇ મેળવનારા થશે.

وَمَنۡ خَفَّتۡ مَوَازِيۡنُهٗ فَاُولٰٓـئِكَ الَّذِيۡنَ خَسِرُوۡۤا اَنۡفُسَهُمۡ فِىۡ جَهَنَّمَ خٰلِدُوۡنَ‌ۚ ﴿۱۰۳﴾

(૧૦૩) અને જેમના પલડા હલકાં રહ્યાં, બસ તેઓ એજ છે કે જેઓ પોતે પોતાની જાતને હાનિ પહોંચાડી હંમેશ (માટે) જહન્નમમાં રહેશે.

تَلۡفَحُ وُجُوۡهَهُمُ النَّارُ وَهُمۡ فِيۡهَا كٰلِحُوۡنَ ﴿۱۰۴﴾

(૧૦૪) આગ તેમના ચહેરા બાળીને ભસ્મ કરી નાખશે, અને તેમાં તેઓ દાંત કચકચાવી મોઢું બગાડનારા હશે.

اَلَمۡ تَكُنۡ اٰيٰتِىۡ تُتۡلٰى عَلَيۡكُمۡ فَكُنۡتُمۡ بِهَا تُكَذِّبُوۡنَ‏ ﴿۱۰۵﴾

(૧૦૫) (ત્યારે અમે પૂછીશું કે) શું મારી આયતો તમને પઢી સંભળાવવામાં આવતી ન હતી ? (જરૂર પઢવામાં આવતી હતી,) પરંતુ તમે તેને જૂઠલાવતા હતા.

قَالُوۡا رَبَّنَا غَلَبَتۡ عَلَيۡنَا شِقۡوَتُنَا وَكُنَّا قَوۡمًا ضَآلِّيۡنَ‏ ﴿۱۰۶﴾

(૧૦૬) અરજ કરશે કે અય અમારા પરવરદિગાર! અમારૂં દુર્ભાગ્ય અમારા પર પ્રબળ થઇ ગયું હતું અને અમે ગુમરાહ લોકો હતા.

رَبَّنَآ اَخْرِجْنَا مِنْهَا فَاِنْ عُدْنَا فَاِنَّا ظٰلِمُوْنَ﴿١٠٧﴾

(૧૦૭) અય અમારા પરવરદિગાર ! આમાંથી તું અમને કાઢી લે, પછી જો અમે (ફરીથી પણ) તેવું કરીએ તો અમે અવશ્ય ઝાલિમ થઇશું.

قَالَ اخْسَـُٔوْا فِيْهَا وَلَا تُكَلِّمُوْنِ﴿١٠٨﴾

(૧૦૮) (અલ્લાહ) ફરમાવશે, જાઓ, એમાંજ હીણાએલા પડયા રહો, અને મારી સાથે વાત ન કરો.

اِنَّهٗ كَانَ فَرِيْقٌ مِّنْ عِبَادِيْ يَقُوْلُوْنَ رَبَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا وَارْحَمْنَا وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ﴿١٠٩﴾ۚۖ

(૧૦૯) બેશક મારા બંદાઓમાંથી એક ટોળું એવું પણ હતું કે જે આ કહ્યા કરતું હતું કે અય અમારા પરવરદિગાર! અમે ઇમાન લાવ્યા, માટે તું અમારા ગુનાહ માફ કર, અને અમારા પર દયા કર, અને તું સૌથી સારો દયા કરનારો છે.

فَاتَّخَذۡتُمُوۡهُمۡ سِخۡرِيًّا حَتّٰٓى اَنۡسَوۡكُمۡ ذِكۡرِىۡ وَكُنۡتُمۡ مِّنۡهُمۡ تَضۡحَكُوۡنَ ﴿۱۱۰﴾

(૧૧૦) પરંતુ તમે તેની મજાક ઉડાવ્યા કરતા હતા, અહીં સુધી કે તેમણે તમને મારી યાદ ભૂલાવી દીધી હતી અને તમે તેની હાંસી કર્યાજ કરતા રહ્યા.

اِنِّيْ جَزَيْتُهُمُ الْيَوْمَ بِمَا صَبَرُوْٓا ۙ اَنَّهُمْ هُمُ الْفَآىِٕزُوْنَ ﴿١١١﴾

(૧૧૧) (જેથી) તેમણે જેવી ધીરજ ધરી તેવોજ બદલો આજે મેં તેમને આપ્યો છે કે જેથી તેઓજ સફળતા મેળવનારા થયા.

قٰلَ كَمْ لَبِثْتُمْ فِي الْاَرْضِ عَدَدَ سِنِيْنَ ﴿١١٢﴾

(૧૧૨) (પછી) પૂછશે કે તમે પૃથ્વી પર કેટલા વર્ષ રહ્યા હશો ?

قَالُوْا لَبِثْنَا يَوْمًا اَوْ بَعْضَ يَوْمٍ فَسْـَٔلِ الْعَآدِّيْنَ ﴿١١٣﴾

(૧૧૩) અરજ કરશે કે એક દિવસ અથવા દિવસનો થોડો ભાગ થોભ્યા હોઇશું, પણ ગણતરી કરનારાઓને પૂછી લે.

قٰلَ اِنۡ لَّبِثۡتُمۡ اِلَّا قَلِيۡلًا لَّوۡ اَنَّكُمۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿۱۱۴﴾

(૧૧૪) ફરમાવશે કે તમે થોડોક જ સમય થોભ્યા, જો (પ્રથમથી જ) તમે સમજ્યા હોત તો કેવું સારૂં થાત?

اَفَحَسِبۡتُمۡ اَنَّمَا خَلَقۡنٰكُمۡ عَبَثًا وَّاَنَّكُمۡ اِلَيۡنَا لَا تُرۡجَعُوۡنَ ﴿۱۱۵﴾

(૧૧૫) શું તમોએ એમ ધારી લીધું હતું કે અમોએ તમને વ્યર્થ પયદા કર્યા છે, અને આ કે તમે અમારી હજૂરમાં પાછા નહિ આવો ?

فَتَعٰلَى اللّٰهُ الۡمَلِكُ الۡحَقُّ‌ۚ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ‌ۚ رَبُّ الۡعَرۡشِ الۡكَرِيۡمِ ﴿۱۱۶﴾

(૧૧૬) બસ, અલ્લાહ જ ખરો બાદશાહ છે, તેના સિવાય કોઇ માઅબૂદ નથી, એજ માનવંત અર્શનો માલિક છે.

وَمَنْ يَّدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ ۙ لَا بُرْهَانَ لَهٗ بِهٖ ۙ فَاِنَّمَا حِسَابُهٗ عِنْدَ رَبِّهٖ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ الْكٰفِرُوْنَ ۝١١٧

(૧૧૭) અને જે કોઇ અલ્લાહની સાથે બીજા કોઇ માઅબૂદને પોકારશે કે જેના સંબધમાં તેની પાસે કોઇ દલીલ નથી, તો સિવાય તેના કાંઇ નથી કે તેનો હિસાબ અલ્લાહની પાસે રહેશે; નિસંશય નાસ્તિકો ભલાઇ નહિ મેળવે.

وَقُلْ رَّبِّ اغْفِرْ وَارْحَمْ وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ ۝١١٨ ع

(૧૧૮) અને (અય રસૂલ !) તું કહે છે કે અય મારા પરવરદિગાર ! તું (મારી ઉમ્મતને) માફ કરી દે, અને દયા કર, અને તું સૌથી સારો દયા કરનારો છે.

سُوۡرَةٌ اَنۡزَلۡنٰهَا وَفَرَضۡنٰهَا وَاَنۡزَلۡنَا فِيۡهَاۤ اٰيٰتٍۢ بَيِّنٰتٍ لَّعَلَّكُمۡ
تَذَكَّرُوۡنَ ①

(૧) આ એક સૂરહ (અધ્યાય) છે જે અમોએ ઉતારી છે, અને તે (માની આજ્ઞાઓ)ને અમોએ ફરજ ઠરાવી છે, અને તેમાં અમોએ ખુલ્લે ખુલ્લા હુકમો ઉતાર્યા છે, એ માટે કે તમે બોધ ગ્રહણ કરો.

اَلزَّانِيَةُ وَالزَّانِىۡ فَاجۡلِدُوۡا كُلَّ وَاحِدٍ مِّنۡهُمَا مِائَةَ جَلۡدَةٍ ۖ وَّلَا
تَاۡخُذۡكُمۡ بِهِمَا رَاۡفَةٌ فِىۡ دِيۡنِ اللّٰهِ اِنۡ كُنۡتُمۡ تُؤۡمِنُوۡنَ بِاللّٰهِ
وَالۡيَوۡمِ الۡاٰخِرِ ۚ وَلۡيَشۡهَدۡ عَذَابَهُمَا طَآئِفَةٌ مِّنَ الۡمُؤۡمِنِيۡنَ ②

(૨) વ્યભિચાર કરનારી સ્ત્રી અને વ્યભિચારી પુરૂષ, એમાંથી દરેકને સો સો કોરડા મારો, અને (ખબરદાર !) જો તમે અલ્લાહ તથા કયામત પર ઇમાન રાખતા હો તો તે બન્નેના સંબંધમાં અલ્લાહનો કાનૂન અમલમાં મૂકતાં તમને દયા આવવા ન પામે, અને તેમની સજા (અમલમાં મૂકતી) વખતે મોઅમીનોનું એક ટોળું હાજર હોવું જરૂરી છે.

اَلزَّانِيْ لَا يَنْكِحُ اِلَّا زَانِيَةً اَوْ مُشْرِكَةً ۡ وَّالزَّانِيَةُ لَا يَنْكِحُهَآ اِلَّا زَانٍ اَوْ مُشْرِكٌ ۚ وَحُرِّمَ ذٰلِكَ عَلَى الْمُؤْمِنِيْنَ ۝۳

(3) વ્યભિચારી પુરૂષ વ્યભિચારી અથવા મુશ્રિક સ્ત્રી સિવાય અન્ય કોઇ સ્ત્રી સાથે નિકાહ કરે નહિ,

અને વ્યભિચારી સ્ત્રી સાથે વ્યભિચારી અથવા મુશ્રિક પુરૂષ સિવાય બીજો કોઇ નિકાહ કરે નહિ, અને આ (નિકાહ) મોઅમીનો પર હરામ કરવામાં આવ્યા છે.

وَالَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ ثُمَّ لَمْ يَاْتُوْا بِاَرْبَعَةِ شُهَدَآءَ فَاجْلِدُوْهُمْ ثَمٰنِيْنَ جَلْدَةً وَّلَا تَقْبَلُوْا لَهُمْ شَهَادَةً اَبَدًا ۚ وَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ۝٤

(૪) અને જે લોકો પતિવ્રતા સ્ત્રીઓ પર તોહમત મૂકે, (અને) પછી (એ તોહમતના પુરાવામાં) ચાર સાક્ષીઓ રજૂ ન કરે તો તેમને ૮૦ (એંસી) કોરડા

મારો, અને (ભવિષ્યમાં) તેમની સાક્ષી કદી પણ માન્ય રાખો નહિ; અને તેઓ જાતેજ બદકાર છે.

إِلَّا الَّذِينَ تَابُوا مِنْ بَعْدِ ذٰلِكَ وَأَصْلَحُوا ۚ فَإِنَّ اللّٰهَ غَفُورٌ رَّحِيمٌ ⑤

(૫) સિવાય કે જેઓ તે બાદ તૌબા કરે અને (દુર્ગુણો) સુધારે, તો બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળુ છે.

وَالَّذِينَ يَرْمُونَ أَزْوَاجَهُمْ وَلَمْ يَكُنْ لَّهُمْ شُهَدَآءُ إِلَّآ أَنْفُسُهُمْ فَشَهَادَةُ أَحَدِهِمْ أَرْبَعُ شَهٰدٰتٍۭ بِاللّٰهِ ۙ إِنَّهُ لَمِنَ الصّٰدِقِينَ ⑥

(૬) અને જે લોકો પોતાની પત્નીઓ પર (અનીતિનો) આરોપ મૂકે અને તેમના પોતાના સિવાય બીજો કોઇ સાક્ષી ન હોય, તો તે દરેકની જુબાની(ની રીત) આ છે કે તેઓ ચાર વખત અલ્લાહનું નામ લઇ સાક્ષી આપે, (અને કહે) કે નિસંશય તે પોતે સાચાઓ માનો છે.

وَالْخَامِسَةُ أَنَّ لَعْنَتَ اللّٰهِ عَلَيْهِ إِنْ كَانَ مِنَ الْكٰذِبِيْنَ ۝٧

(૭) અને પાંચમી વખત આ કહે કે જો તે જૂઠાઓ માનો હોય તો તેના પર અલ્લાહની લાનત થાઓ.

وَيَدْرَؤُا عَنْهَا الْعَذَابَ أَنْ تَشْهَدَ أَرْبَعَ شَهٰدٰتٍۭ بِاللّٰهِ ۙ إِنَّهٗ لَمِنَ الْكٰذِبِيْنَ ۝٨

(૮) અને તે સ્ત્રીની સજાને આ વાત ટાળી દેશે, જો તેણી ચાર વખત અલ્લાહનું નામ લઇ એવી સાક્ષી આપે કે તે ખરેજ જૂઠાઓ માનો છે.

وَالْخَامِسَةَ أَنَّ غَضَبَ اللّٰهِ عَلَيْهَآ إِنْ كَانَ مِنَ الصّٰدِقِيْنَ ⑨

(૯) અને પાંચમી વખત એમ કહે કે અગર તે સાચાઓ માનો હોય તો તેણી ઉપર અલ્લાહનો કોપ ઉતરી પડે.

وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ وَأَنَّ اللّٰهَ تَوَّابٌ حَكِيْمٌ ⑩

(૧૦) અને જો તમારા પર અલ્લાહની કૃપા અને તેની દયા ન હોત (તો આવા સ્પષ્ટ કાયદા શાને શીખવતે ? પરંતુ) બેશક ખુદા મોટો તૌબાને કબૂલ કરનાર (અને) હિકમતવાળો છે.

إِنَّ الَّذِينَ جَآءُو بِالْإِفْكِ عُصْبَةٌ مِّنكُمْ ۚ لَا تَحْسَبُوهُ شَرًّا
لَّكُم ۖ بَلْ هُوَ خَيْرٌ لَّكُمْ ۚ لِكُلِّ امْرِئٍ مِّنْهُم مَّا اكْتَسَبَ مِنَ
الْإِثْمِ ۚ وَالَّذِي تَوَلَّىٰ كِبْرَهُ مِنْهُمْ لَهُ عَذَابٌ عَظِيمٌ ﴿١١﴾

(૧૧) બેશક જે લોકોએ જૂઠાણું ઉભું કર્યું છે તે તમારા માનું જ એક ટોળું છે; પણ તમે તે (તોહમત)ને તમારા હકમાં બૂરી સમજો નહિ. બલ્કે તે તમારા માટે બહેતર છે; તેઓમાંથી જે કોઇ શખ્સ જે ગુનાહ કરશે (તેની શિક્ષા) તેના માટેજ છે, અને તેઓમાંથી જે તે (ગુનાહો)માં મોટો ભાગ લેશે તેના માટે (ઘણો) અઝાબ છે.

لَوۡلَاۤ اِذۡ سَمِعۡتُمُوۡهُ ظَنَّ الۡمُؤۡمِنُوۡنَ وَالۡمُؤۡمِنٰتُ بِاَنۡفُسِهِمۡ
خَيۡرًا ۙ وَّقَالُوۡا هٰذَاۤ اِفۡكٌ مُّبِيۡنٌ ﴿۱۲﴾

(૧૨) જ્યારે કે તમોએ તેને સાંભળ્યો ત્યારે મોઅમીન પુરૂષો તથા મોઅમીન સ્ત્રીઓએ પોતાના માણસો માટે સારૂં ગુમાન કેમ ન કર્યું, અને આ કેમ ન કહ્યું કે આ ખુલ્લું જૂઠાણું છે?

لَوۡلَا جَآءُوۡ عَلَيۡهِ بِاَرۡبَعَةِ شُهَدَآءَ ۚ فَاِذۡ لَمۡ يَاۡتُوۡا بِالشُّهَدَآءِ
فَاُولٰٓـئِكَ عِنۡدَ اللّٰهِ هُمُ الۡـكٰذِبُوۡنَ ﴿۱۳﴾

(૧૩) (વળી જેમણે તોહમત મૂકી હતી) તેઓ આ (વાત) ઉપર ચાર સાક્ષીઓ કેમ ન લાવ્યા ? હવે

જ્યારે તેઓ ચાર સાક્ષીઓ નથી લાવ્યા તો તેઓ અલ્લાહની પાસે અવશ્ય જૂઠા છે.

وَلَوۡلَا فَضۡلُ اللّٰهِ عَلَيۡكُمۡ وَرَحۡمَتُهٗ فِى الدُّنۡيَا وَالۡاٰخِرَةِ لَمَسَّكُمۡ
فِىۡ مَاۤ اَفَضۡتُمۡ فِيۡهِ عَذَابٌ عَظِيۡمٌ ۚ‏ ﴿۱۴﴾

(૧૪) અને જો દુનિયા તથા આખેરતમાં તમારા પર અલ્લાહની કૃપા અને દયા ન હોત તો જે (વાત)ની તમોએ ચર્ચા કરી હતી તેના કારણે તમારા પર એકાદ શિક્ષા જરૂર આવી પડતે.

اِذۡ تَلَقَّوۡنَهٗ بِاَلۡسِنَتِكُمۡ وَتَقُوۡلُوۡنَ بِاَفۡوَاهِكُمۡ مَّا لَيۡسَ لَكُمۡ بِهٖ
عِلۡمٌ وَّتَحۡسَبُوۡنَهٗ هَيِّنًا ۖ وَّهُوَ عِنۡدَ اللّٰهِ عَظِيۡمٌ ﴿۱۵﴾

(૧૫) બલ્કે તમે તમારી જીભ વડે તે (વાત)ની ચર્ચા કરવા માંડી અને પોતાના મોંઢેથી એવું કાંઇ બકવા લાગ્યા કે જેની જાણ પણ તમને ન હતી, અને તેને નજીવી વાત સમજતા હતા; જો કે તે અલ્લાહની પાસે (ઘણી) ગંભીર વાત હતી.

وَلَوْلَآ اِذْ سَمِعْتُمُوْهُ قُلْتُمْ مَّا يَكُوْنُ لَنَآ اَنْ نَّتَكَلَّمَ بِهٰذَا ۖ سُبْحٰنَكَ هٰذَا بُهْتَانٌ عَظِيْمٌ ﴿١٦﴾

(૧૬) અને જે વખતે તમોએ તે (વાત) સાંભળી ત્યારે આ કેમ ન કહ્યું કે અમને આવી વાત મોઢામાંથી કાઢવી શોભતી નથી, (અને એમ કેમ ન કહ્યું કે અય પરવરદિગાર !) તું પાક છે, આ એક ઘણી મોટી તોહમત છે.

يَعِظُكُمُ اللّٰهُ اَنْ تَعُوْدُوْا لِمِثْلِهٖۤ اَبَدًا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٧﴾

(૧૭) ખુદા તમને ઉપદેશ આપે છે કે જો તમે મોઅમીન હો તો (ખબરદાર !) ફરીથી એવું કદી કરશો નહિ.

وَيُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٨﴾

(૧૮) અને ખુદા પોતાના હુકમો સ્પષ્ટ કરીને વર્ણવે છે; અને ખુદા મોટો જાણનાર (અને) હિકમતવાળો છે.

اِنَّ الَّذِيْنَ يُحِبُّوْنَ اَنْ تَشِيْعَ الْفَاحِشَةُ فِي الَّذِيْنَ اٰمَنُوْا لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ۙ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ؕ وَاللّٰهُ يَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿١٩﴾

(૧૯) તે લોકો કે જેઓ ઇચ્છે છે કે ઇમાન લાવનારાઓના સંબંધમાં નિર્લજ્જ વાતોની ચર્ચા ફેલાય, નિસંશય તેમના માટે દુનિયામાં દુઃખદાયક અઝાબ છે અને આખેરતમાં પણ; અને અલ્લાહ (ખરી હકીકત) સારી રીતે જાણે છે અને તમે નથી જાણતા.

وَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ وَاَنَّ اللّٰهَ رَءُوْفٌ رَّحِيْمٌ ۝٢٠

(૨૦) અને જો તમારા પર અલ્લાહની કૃપા તથા તેની રહેમત ન હોત (તો તે તમારા પર જલ્દીથી અઝાબ ઉતારતે), પરંતુ અલ્લાહ મોટો મહેરબાન (અને) દયાળુ છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَتَّبِعُوا۟ خُطُوَٰتِ ٱلشَّيْطَٰنِ ۚ وَمَن يَتَّبِعْ
خُطُوَٰتِ ٱلشَّيْطَٰنِ فَإِنَّهُۥ يَأْمُرُ بِٱلْفَحْشَآءِ وَٱلْمُنكَرِ ۚ وَلَوْلَا
فَضْلُ ٱللَّهِ عَلَيْكُمْ وَرَحْمَتُهُۥ مَا زَكَىٰ مِنكُم مِّنْ أَحَدٍ أَبَدًا ۙ
وَلَٰكِنَّ ٱللَّهَ يُزَكِّى مَن يَشَآءُ ۗ وَٱللَّهُ سَمِيعٌ عَلِيمٌ ﴿٢١﴾

(૨૧) અય ઇમાન લાવનારાઓ ! શેતાનના પગલે પગલે ન ચાલો; અને જે શખ્સ શેતાનના પગલે ચાલશે તો તે તેને બેશરમી અને અનીતિની વાતોનો અવશ્ય હુકમ કરશે; અને જો તમારા પર અલ્લાહની કૃપા તથા તેની રહેમત ન હોત તો તમારામાંથી કદી કોઇ પણ પવિત્ર રહેતે નહિ,

પરંતુ અલ્લાહ જેને ચાહે પવિત્ર કરી દે છે; અને અલ્લાહ મોટો સાંભળનાર (તથા) જાણનારો છે.

وَلَا يَأْتَلِ أُولُوا الْفَضْلِ مِنْكُمْ وَالسَّعَةِ أَنْ يُؤْتُوا أُولِي الْقُرْبَىٰ وَالْمَسَاكِينَ وَالْمُهَاجِرِينَ فِي سَبِيلِ اللَّهِ ۖ وَلْيَعْفُوا وَلْيَصْفَحُوا ۗ أَلَا تُحِبُّونَ أَنْ يَغْفِرَ اللَّهُ لَكُمْ ۗ وَاللَّهُ غَفُورٌ رَحِيمٌ ﴿٢٢﴾

(૨૨) અને તમારામાંથી અલ્લાહની કૃપા મેળવેલાઓ અને ધનની રેલમછેલ ધરાવનારાઓ આ (વાતની) સોગંદ ખાઇ ન બેસે કે તેઓ સગાવહાલા, મિસ્કીનો અને રાહે અલ્લાહમાં હિજરત કરનારાઓને કાંઇ નહિ આપે; બલ્કે તેમને

જોઇએ કે (તેમના વાંક) માફ તથા દરગુજર કરે; શું તમે આ પસંદ નથી કરતા કે ખુદા તમારા ગુનાહ માફ કરી દે? અને ખુદા મોટો ક્ષમાવાન, દયાળુ છે.

إِنَّ الَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ الْغٰفِلٰتِ الْمُؤْمِنٰتِ لُعِنُوْا فِي
الدُّنْيَا وَالْاٰخِرَةِ ۖ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ۙ﴿٢٣﴾

(૨૩) નિસંશય જે લોકો પતિવ્રતા બેખબર (નિર્દોષ) મોઅમીન ઓરતો પર અનીતિનો આરોપ મૂકે છે તેમના પર દુનિયામાં લાઅનત કરવામાં આવી છે અને આખેરતમાં પણ, અને તેમના માટે ઘણો મોટો અઝાબ છે.

يَّوۡمَ تَشۡهَدُ عَلَيۡهِمۡ اَلۡسِنَتُهُمۡ وَاَيۡدِيۡهِمۡ وَاَرۡجُلُهُمۡ بِمَا كَانُوۡا يَعۡمَلُوۡنَ﴿۲۴﴾

(૨૪) તે દિવસે કે જે દિવસે તેમની જબાનો તથા તેમના હાથ તથા તેમના પગ (વગેરે અવયવો) તેમના કૃત્યોનાં સંબંધમાં તેમની જ વિરૂધ્ધ ઝબાની આપશે.

يَوۡمَٮِٕذٍ يُّوَفِّيۡهِمُ اللّٰهُ دِيۡنَهُمُ الۡحَـقَّ وَيَعۡلَمُوۡنَ اَنَّ اللّٰهَ هُوَ الۡحَـقُّ الۡمُبِيۡنُ﴿۲۵﴾

(૨૫) તે દિવસે અલ્લાહ તેમને (તેમની કરણીનો) પૂરેપૂરો (અને) યોગ્ય બદલો આપશે, અને તેઓ

જાણી લેશે કે અલ્લાહ એજ સત્ય છે, (અને સત્યને) ખુલ્લું કરી દેખાડનારો છે.

اَلْخَبِيْثٰتُ لِلْخَبِيْثِيْنَ وَالْخَبِيْثُوْنَ لِلْخَبِيْثٰتِ ۚ وَالطَّيِّبٰتُ
لِلطَّيِّبِيْنَ وَالطَّيِّبُوْنَ لِلطَّيِّبٰتِ ۚ اُولٰٓئِكَ مُبَرَّءُوْنَ مِمَّا
يَقُوْلُوْنَ ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ﴿٢٦﴾

(૨૬) બદકાર ઓરતો બદકાર પુરૂષો માટે છે, અને બદકાર પુરૂષો બદકાર ઓરતો માટે બંધબેસતા છે; અને નેક ઓરતો નેક પુરૂષો માટે છે, અને નેક પુરૂષો નેક ઓરતો માટે બંધબેસતા છે; આ બધા માણસો તે વાતોથી કે જે તે (દુરાચારી લોકો) બકે

છે નિર્દોષ છે; તેમના જ માટે ગુનાહોની માફી છે અને માનવંત રોઝી પણ.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ بُيُوْتِكُمْ حَتّٰى
تَسْتَاْنِسُوْا وَتُسَلِّمُوْا عَلٰٓى اَهْلِهَا ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ لَعَلَّكُمْ
تَذَكَّرُوْنَ ﴿٢٧﴾

(૨૭) અય ઇમાન લાવનારાઓ ! તમે તમારા પોતાના ઘરો સિવાય બીજાઓના ઘરોમાં જ્યાં સુધી તમે રજા ન મેળવો અને તેના રહેવાસીઓને સલામ ન કરો (હરગિજ) દાખલ થશો નહિ; એજ તમારા માટે બેહતર છે કે જેથી તમે બોધ ગ્રહણ કરો.

فَاِنۡ لَّمۡ تَجِدُوۡا فِيۡهَاۤ اَحَدًا فَلَا تَدۡخُلُوۡهَا حَتّٰى يُؤۡذَنَ لَـكُمۡ ۚ
وَاِنۡ قِيۡلَ لَـكُمُ ارۡجِعُوۡا فَارۡجِعُوۡا هُوَ اَزۡكٰى لَـكُمۡ ؕ وَاللّٰهُ بِمَا
تَعۡمَلُوۡنَ عَلِيۡمٌ‏ ﴿۲۸﴾

(૨૮) પણ જો તમને જણાય કે તે (ઘર)માં કોઇ નથી તો પણ જ્યાં સુધી તમને રજા ન મળે તેમાં હરગિજ જાઓ નહિ, અને અગર તમને (એમ) કહેવામાં આવે કે પાછા ચાલ્યા જાઓ તો (તરતજ) પાછા જાઓ, એજ તમારા માટે વધારે ચોખ્ખાઇ ભરેલું છે; અને તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ વાકેફ છે.

لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ مَسْكُوْنَةٍ فِيْهَا

مَتَاعٌ لَّكُمْ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا تَكْتُمُوْنَ ﴿۲۹﴾

(૨૯) જે ઘરોમાં કોઇ રહેતું ન હોય અને તેમાં તમારો કાંઇ સામાન હોય તો તેવા ઘરોમાં જાઓ તો તમારા પર કાંઇ દોષ નથી; અને તમે જે કાંઇ જાહેર કરો છો તથા જે કાંઇ તમે સંતાડો છો તેનાથી અલ્લાહ સારી રીતે ખબરદાર છે.

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ ؕ

ذٰلِكَ اَزْكٰى لَهُمْ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا يَصْنَعُوْنَ ﴿۳۰﴾

(30) (અય રસૂલ !) મોઅમીનોને કહે કે તેઓ તેમની આંખો નીચી રાખે અને પોતાના ગુપ્ત

ભાગોનું રક્ષણ કરે; આ તેમના માટે વધારે પવિત્રતાભર્યું છે; બેશક તેઓ જે કાંઇ કરતા રહે છે તેનાથી અલ્લાહ સારી રીતે ખબરદાર છે.

وَقُلْ لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ
وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا وَلْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ عَلٰى
جُيُوْبِهِنَّ ۖ وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا لِبُعُوْلَتِهِنَّ اَوْ اٰبَآئِهِنَّ اَوْ
اٰبَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ اَبْنَآئِهِنَّ اَوْ اَبْنَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ اِخْوَانِهِنَّ اَوْ
بَنِيْۤ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْۤ اَخَوٰتِهِنَّ اَوْ نِسَآئِهِنَّ اَوْ مَا مَلَكَتْ
اَيْمَانُهُنَّ اَوِ التّٰبِعِيْنَ غَيْرِ اُولِى الْاِرْبَةِ مِنَ الرِّجَالِ اَوِ الطِّفْلِ
الَّذِيْنَ لَمْ يَظْهَرُوْا عَلٰى عَوْرٰتِ النِّسَآءِ ۖ وَلَا يَضْرِبْنَ

بِاَرْجُلِهِنَّ لِيُعْلَمَ مَا يُخْفِيْنَ مِنْ زِيْنَتِهِنَّ ؕ وَتُوْبُوْۤا اِلَى اللّٰهِ
جَمِيْعًا اَيُّهَ الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۳۱﴾

(૩૧) અને તું મોઅમીન સ્ત્રીઓને પણ કહે કે તેણીઓ પોતાની દ્રષ્ટિ નીચી રાખે અને પોતાના ગુપ્ત ભાગોને (બીજાઓની નજરથી) બચાવે, અને પોતાના બનાવ શણગાર-કે જે આપમેળે જાહેર થાય તે સિવાય-(જાણી જોઇને) જાહેર (કરવાના પ્રયત્નો) ન કરે, અને તેમને જોઇએ કે પોતાની ઓઢણીઓ છાતી પર નાખી રાખે; અને પોતાનો શણગાર પોતાના ખાવિંદો અથવા પોતાના બાપદાદાઓ અથવા પોતાના પતિઓના બાપદાદાઓ અથવા પોતાના પુત્રો અથવા

પોતાના પતિના પુત્રો અથવા પોતાના ભાઇઓ અથવા પોતાના ભત્રીજાઓ અથવા પોતાના ભાણેજો અથવા પોતાની ચાકરડીઓ અથવા પોતાના કનીઝ ગુલામો અથવા એવા પુરૂષ નોકરો-કે જેમને સ્ત્રીઓની જરૂર હોતી નથી-અથવા તે છોકરાઓ કે જેઓ હજી સ્ત્રી અંગથી વાકેફ (બાલિગ) થયા ન હોય તેમના સિવાય બીજા કોઇ પર જાહેર થવા ન દે; અને તેણીઓ (ચાલતાં ચાલતાં) પોતાના પગ એવા હેતુથી (ઝમીન પર જોરથી) પછાડે નહિ કે જે શણગાર તેણીએ સંતાડેલો છે તે જાહેર થઇ જાય; અને અય મોઅમીનો ! તમે બધાને બધા જ અલ્લાહની

હજૂરમાં તૌબા કરો કે જેથી તમે (સર્વે) મુક્તિ પામો.

وَاَنۡكِحُوا الۡاَيَامٰى مِنۡكُمۡ وَالصّٰلِحِيۡنَ مِنۡ عِبَادِكُمۡ وَاِمَآٮِٕكُمۡ‌ ؕ اِنۡ يَّكُوۡنُوۡا فُقَرَآءَ يُغۡنِهِمُ اللّٰهُ مِنۡ فَضۡلِهٖ‌ ؕ وَاللّٰهُ وَاسِعٌ عَلِيۡمٌ‏ ﴿۳۲﴾

(૩૨) અને તમારામાંથી જે ઓરતો કુંવારી હોય તેમના લગ્ન કરી આપો. અને તમારા ગુલામો તથા કનીઝોમાંથી જેઓ સદાચારી હોય તેમના પણ; અગર તેઓ મોહતાજ હશે તો અલ્લાહ પોતાની કૃપા વડે તેમને સમૃદ્ધ કરી દેશે; અને અલ્લાહ ઉદાર (અને) જાણનાર છે.

وَلۡيَسۡتَعۡفِفِ الَّذِيۡنَ لَا يَجِدُوۡنَ نِكَاحًا حَتّٰى يُغۡنِيَهُمُ اللّٰهُ مِنۡ
فَضۡلِهٖ‌ ؕ وَالَّذِيۡنَ يَبۡتَغُوۡنَ الۡكِتٰبَ مِمَّا مَلَكَتۡ اَيۡمَانُكُمۡ
فَكَاتِبُوۡهُمۡ اِنۡ عَلِمۡتُمۡ فِيۡهِمۡ خَيۡرًا‌ ۖ وَّاٰتُوۡهُمۡ مِّنۡ مَّالِ اللّٰهِ
الَّذِىۡۤ اٰتٰٮكُمۡ‌ ؕ وَلَا تُكۡرِهُوۡا فَتَيٰتِكُمۡ عَلَى الۡبِغَآءِ اِنۡ اَرَدۡنَ
تَحَصُّنًا لِّتَبۡتَغُوۡا عَرَضَ الۡحَيٰوةِ الدُّنۡيَا‌ ؕ وَمَنۡ يُّكۡرِهْهُّنَّ فَاِنَّ
اللّٰهَ مِنۡۢ بَعۡدِ اِكۡرَاهِهِنَّ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۳۳﴾

(33) અને તમારામાંથી જેઓ નિકાહ ન કરી શકે તેમણે પરહેઝગાર રહેવું, અહીં સુધી કે અલ્લાહ પોતાની કૃપાથી તેમને સમૃદ્ધ કરી દે; અને તમારા કનીઝો ગુલામ કે જેઓ (અમુક રકમ આપી

આઝાદી મેળવવા માટે) લખાણ કરવા ચાહતા હોય તો અગર તમે તેમનામાં સદાચારના ચિહ્નો જુઓ તો તેમની સાથે લખાણ કરી લો, અને તેમને તે માલમાંથી કે જે અલ્લાહે તમને આપ્યો છે કાંઇ આપો; અને તમારી કનીઝો અગર પાકદામનીને ચાહનારી હોય તો તેમને તમે સંસારી લાભ મેળવવા માટે બદકારી (કરવા)ની ફરજ ન પાડો; અને જે તેમને ફરજ પાડશે તો તેમને (તેમ કરવાની) ફરજ પાડ્યા પછી બેશક અલ્લાહ (તેમના સંબંધમાં) મોટો ક્ષમાવાન, દયાળુ છે.

وَلَقَدْ اَنْزَلْنَآ اِلَيْكُمْ اٰيٰتٍ مُّبَيِّنٰتٍ وَّمَثَلًا مِّنَ الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلِكُمْ وَمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ﴿٣٤﴾

(૩૪) અને (અય મુસલમાનો !) બેશક અમોએ તમારા તરફ ખુલ્લી નિશાનીઓ ઉતારી છે અને તે લોકોના દ્રષ્ટાંતો કે જે તમારી અગાઉ થઇ ગયા છે તથા પરહેઝગારો માટે નસીહત પણ.

اَللّٰهُ نُوْرُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ مَثَلُ نُوْرِهٖ كَمِشْكٰوةٍ فِيْهَا مِصْبَاحٌ ؕ اَلْمِصْبَاحُ فِىْ زُجَاجَةٍ ؕ اَلزُّجَاجَةُ كَاَنَّهَا كَوْكَبٌ دُرِّىٌّ يُّوْقَدُ مِنْ شَجَرَةٍ مُّبٰرَكَةٍ زَيْتُوْنَةٍ لَّا شَرْقِيَّةٍ وَّلَا غَرْبِيَّةٍ ۙ يَّكَادُ زَيْتُهَا يُضِىْٓءُ وَلَوْ لَمْ تَمْسَسْهُ نَارٌ ؕ نُوْرٌ عَلٰى نُوْرٍ ؕ يَهْدِى اللّٰهُ لِنُوْرِهٖ مَنْ يَّشَآءُ ؕ وَيَضْرِبُ اللّٰهُ الْاَمْثَالَ لِلنَّاسِ ؕ وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ۙ ﴿۳۵﴾

(૩૫) અલ્લાહ આસમાન તથા પૃથ્વીનો નૂર (પ્રકાશ) છે; તેના નૂરનો દાખલો એક ગોખલાના જેવો છે જેમાં એક દીવો બળતો હોય; અને તે દિવો કાચના એક ફાનસમાં (મૂકેલો) હોય; અને તે ફાનસ એવું હોય જેવો કે એક ઝગમગતો તારો, અને તે ઝયતુનના મુબારક વૃક્ષના તેલથી રોશન થએલો હોય, જે ન પૂર્વ (બાજુ)નો હોય ન પશ્ચિમ (બાજુ)નો, પાસે છે કે તેનું તેલ આપ મેળે (રોશન થઇ) પ્રકાશીત થઇ જાય, (પછી) ભલેને તેને આગ અડકે પણ નહિ; નૂર ઉપર નૂર છે; અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના નૂર તરફનો માર્ગ દેખાડી દે

છે; અને અલ્લાહ લોકો માટે (આવા સ્પષ્ટ) દાખલા વર્ણવે છે; અને અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.

فِيْ بُيُوْتٍ اَذِنَ اللّٰهُ اَنْ تُرْفَعَ وَيُذْكَرَ فِيْهَا اسْمُهٗ ۙ يُسَبِّحُ لَهٗ فِيْهَا بِالْغُدُوِّ وَالْاٰصَالِ ﴿٣٦﴾

(૩૬) (આ દીવો) એવા ઘરોમાં છે કે જેમના સંબંધમાં અલ્લાહે (એવો) હુકમ આપ્યો છે કે તે (ઘરો)નું સન્માન કરવામાં આવે, અને આ કે તેમાં તે (અલ્લાહ)ના નામનું સ્મરણ કરવામાં આવે; તેમાં તેઓ સવાર સાંજ તેની પવિત્રતા વર્ણવે છેઃ

رِجَالٌ ۙ لَّا تُلْهِيْهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَنْ ذِكْرِ اللّٰهِ وَاِقَامِ
الصَّلٰوةِ وَاِيْتَآءِ الزَّكٰوةِ ۙ يَخَافُوْنَ يَوْمًا تَتَقَلَّبُ فِيْهِ الْقُلُوْبُ
وَالْاَبْصَارُ ﴿٣٧﴾ۙ

(૩૭) એવા લોકો કે જેમને અલ્લાહના સ્મરણથી તથા નમાઝ પઢવાથી અને ઝકાત આપવાથી ન તો વેપાર રોકે છે અને ન કોઇ લેવડ દેવડ; (કારણ કે) તેઓ તે દિવસથી ડરતા રહે છે કે જે દિવસે હૃદયો (ગભરાટને લીધે) ઉલટાઇ જશે અને આંખો પણ:

لِيَجْزِيَهُمُ اللّٰهُ اَحْسَنَ مَا عَمِلُوْا وَيَزِيْدَهُمْ مِّنْ فَضْلِهٖ ؕ وَاللّٰهُ
يَرْزُقُ مَنْ يَّشَآءُ بِغَيْرِ حِسَابٍ ﴿٣٨﴾

(૩૮) (તેઓ તેની ઇબાદત એ માટે કરે છે) કે કદાચને તેમની કરણીઓનો સારા મા સારો બદલો અલ્લાહ તેમને આપે અથવા પોતાની કૃપાથી તેમના માટે બીજું પણ કાંઇક વધારી દે; અને અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ રોઝી અર્પણ કરે છે.

وَالَّذِيْنَ كَفَرُوْٓا اَعْمَالُهُمْ كَسَرَابٍۢ بِقِيْعَةٍ يَّحْسَبُهُ الظَّمْاٰنُ مَآءً ۗ حَتّٰٓى اِذَا جَآءَهٗ لَمْ يَجِدْهُ شَيْـًٔا وَّوَجَدَ اللّٰهَ عِنْدَهٗ فَوَفّٰىهُ حِسَابَهٗ ۗ وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ۝٣٩

(૩૯) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેમના કર્મો એવા છે જેવી કે સપાટ પ્રદેશમાં ચકચકતી

(ચમકતી) રેતી (યાને મૃગજળ), જેને તરસ્યો (માણસ) પાણી ધારી લે છે; અહીં સુધી કે જ્યારે તે તેની પાસે પહોંચે છે ત્યારે તે (પાણી જેવી) કોઇ વસ્તુ નથી પામતો, અને અલ્લાહને પોતાની પાસે જુએ છે, પછી તે તેનો પૂરેપૂરો હિસાબ કરી દે છે; અને અલ્લાહ મહા ઝડપી હિસાબ કરનારો છે.

اَوْ كَظُلُمٰتٍ فِیْ بَحْرٍ لُّجِّیٍّ یَّغْشٰىهُ مَوْجٌ مِّنْ فَوْقِهٖ مَوْجٌ مِّنْ
فَوْقِهٖ سَحَابٌ ؕ ظُلُمٰتٌۢ بَعْضُهَا فَوْقَ بَعْضٍ ؕ اِذَاۤ اَخْرَجَ یَدَهٗ
لَمْ یَكَدْ یَرٰىهَا ؕ وَمَنْ لَّمْ یَجْعَلِ اللّٰهُ لَهٗ نُوْرًا فَمَا لَهٗ مِنْ نُّوْرٍ ﴿۴۰﴾

(૪૦) અથવા (તેમના કર્મો) તે અંધકારોના જેવા છે જે ઊંડા સમુદ્રોની અંદર હોય; અને તેને

મોજાઓએ ઢાંકી રાખ્યો હોય, અને તે મોજા ઉપર એક બીજું મોજું હોય, અને તેના ઉપર એક વાદળ હોય; એવી રીતે એકની ઉપર એક અંધકાર (ના એવા થર) હોય કે જ્યારે તે પોતાનો હાથ કાઢે તો તે ભાગ્યેજ જોઇ શકે; અને જેના માટે અલ્લાહ કોઇ (હિદાયતનો) પ્રકાશ નિર્માણ કરતો નથી તો તેના માટે કાંઇ પ્રકાશ હોઇ શકતો નથી.

اَلَمۡ تَرَ اَنَّ اللّٰهَ يُسَبِّحُ لَهٗ مَنۡ فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَالطَّيۡرُ صٰٓفّٰتٍ‌ ؕ كُلٌّ قَدۡ عَلِمَ صَلَاتَهٗ وَتَسۡبِيۡحَهٗ‌ ؕ وَاللّٰهُ عَلِيۡمٌۢ بِمَا يَفۡعَلُوۡنَ ﴿۴۱﴾

(૪૧) શું તું આ નથી જોતો કે જે આસમાનોમાં તથા ઝમીનમાં છે તે અને પાંખ ફેલાવી ઉડનારા પક્ષીઓ પણ અલ્લાહનો મહીમા ગાયા કરે છે; તેમાંથી દરેક પોત પોતાની નમાઝ તથા તસ્બીહ (જપમાળ) સારી રીતે જાણે છે; અને તેઓ જે કાંઇ કરે છે તેનાથી અલ્લાહ સારી રીતે વાકેફ છે.

وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَاِلَى اللّٰهِ الْمَصِيْرُ ﴿٤٢﴾

(૪૨) અને આસમાનો તથા પૃથ્વીની બાદશાહત અલ્લાહની જ છે, અને અલ્લાહ તરફ જ (સર્વેનું) છેવટનું પાછું ફરવાનું છે.

اَلَمۡ تَرَ اَنَّ اللّٰهَ يُزۡجِىۡ سَحَابًا ثُمَّ يُؤَلِّفُ بَيۡنَهٗ ثُمَّ يَجۡعَلُهٗ رُكَامًا
فَتَرَى الۡوَدۡقَ يَخۡرُجُ مِنۡ خِلٰلِهٖ‌ۚ وَيُنَزِّلُ مِنَ السَّمَآءِ مِنۡ
جِبَالٍ فِيۡهَا مِنۡۢ بَرَدٍ فَيُصِيۡبُ بِهٖ مَنۡ يَّشَآءُ وَيَصۡرِفُهٗ عَنۡ مَّنۡ
يَّشَآءُ‌ ؕ يَكَادُ سَنَا بَرۡقِهٖ يَذۡهَبُ بِالۡاَبۡصَارِ ۝٤٣

(૪૩) શું તેં આ નથી જોયુ કે અલ્લાહ જ વાદળાં હાંકી લાવે છે; પછી તે(ના કટકા) આપસમાં જોડી દે છે, પછી તેમને એક ઉપર એક ખડકી દે છે, પછી તું તેમની વચ્ચેથી વૃષ્ટિ (ના પાણી) નીકળતા જુએ છે, અને તે આસમાન પરથી પહાડની આકૃતિ જેવા વાદળાઓમાંથી કરા વરસાવે છે, પછી તે વડે લોકોમાંથી જેને ચાહે છે

તેને ઇજા પહોંચાડે છે અને જેનાથી ચાહે છે તેના ઉપરથી તે ટાળી દે છે; પાસે છે કે વીજળીનો ચમકાર તેની જોવાની શક્તિ હણી લઇ જાય.

يُقَلِّبُ اللّٰهُ الَّيۡلَ وَالنَّهَارَ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَعِبۡرَةً لِّاُولِى الۡاَبۡصَارِ ﴿۴۴﴾

(૪૪) અલ્લાહ રાત્રિ તથા દિવસ (નિરંતર) બદલતો રહે છે; બેશક તેમાં દ્રષ્ટિ ધરાવનારાઓ માટે બોધપાઠ છે.

وَاللّٰهُ خَلَقَ كُلَّ دَآبَّةٍ مِّنۡ مَّآءٍ‌ ۚ فَمِنۡهُمۡ مَّنۡ يَّمۡشِىۡ عَلٰى بَطۡنِهٖ‌ ۚ وَمِنۡهُمۡ مَّنۡ يَّمۡشِىۡ عَلٰى رِجۡلَيۡنِ‌ ۚ وَمِنۡهُمۡ مَّنۡ يَّمۡشِىۡ عَلٰٓى اَرۡبَعٍ‌ ؕ يَخۡلُقُ اللّٰهُ مَا يَشَآءُ‌ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۴۵﴾

(૪૫) અને અલ્લાહે દરેક પ્રાણીને પાણીમાંથી પેદા કર્યો છે, પછી તેઓમાથી કેટલાક તો એવા છે કે જે પોતાના પેટના બળે ચાલે છે, અને તેમનામાંથી કેટલાક એવા છે કે જે બે પગો વડે ચાલે છે, અને તેમાંથી કેટલાક એવા છે જે ચાર પગે ચાલે છે; અલ્લાહ જે ચાહે છે તે પેદા કરે છે; બેશક અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

لَقَدۡ اَنۡزَلۡنَاۤ اٰيٰتٍ مُّبَيِّنٰتٍ ؕ وَاللّٰهُ يَهۡدِىۡ مَنۡ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ﴿۴۶﴾

(૪૬) ખરેજ અમોએ વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરનારી આયતો ઉતારી છે; અને ખુદા જેને ચાહે છે તેને સીધા માર્ગે પહોંચાડી દે છે.

وَيَقُوْلُوْنَ اٰمَنَّا بِاللّٰهِ وَبِالرَّسُوْلِ وَاَطَعْنَا ثُمَّ يَتَوَلّٰى فَرِيْقٌ

مِّنْهُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ ؕ وَمَآ اُولٰٓئِكَ بِالْمُؤْمِنِيْنَ ﴿٤٧﴾

(૪૭) અને (કેટલાક લોકો એવા છે કે જેઓ) કહે છે કે અમે અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન લાવ્યા અને અમોએ આજ્ઞા માની, પણ તેઓ માનું એક ટોળું એમ કહ્યા પછી પણ મોઢું ફેરવી લે છે; અને (વાસ્તવમાં) તેઓ મોઅમીન જ નથી.

وَاِذَا دُعُوْٓا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ لِيَحْكُمَ بَيْنَهُمْ اِذَا فَرِيْقٌ مِّنْهُمْ

مُّعْرِضُوْنَ ﴿٤٨﴾

(૪૮) અને જ્યારે તેમને અલ્લાહ તથા તેના રસૂલ તરફ બોલાવવામાં આવે છે (એ માટે) કે તે

(રસૂલ) તેમની વચ્ચે (ના મતભેદોનો) નિર્ણય કરે તો તેઓમાંથી એક ટોળું તરતજ પીઠ ફેરવી ચાલ્યું જાય છે.

وَاِنۡ يَّكُنۡ لَّهُمُ الۡحَـقُّ يَاۡتُوۡۤا اِلَيۡهِ مُذۡعِنِيۡنَؕ‏ ﴿۴۹﴾

(૪૯) અને (ખરૂં આ છે કે) જો સત્ય તેમની પડખે હોય છે તો આજ્ઞાંકિત બની તેની પાસે દોડતા ચાલ્યા આવે છે.

اَفِىۡ قُلُوۡبِهِمۡ مَّرَضٌ اَمِ ارۡتَابُوۡۤا اَمۡ يَخَافُوۡنَ اَنۡ يَّحِيۡفَ اللّٰهُ عَلَيۡهِمۡ وَرَسُوۡلُهٗؕ بَلۡ اُولٰۤـئِكَ هُمُ الظّٰلِمُوۡنَ‏ ﴿۵۰﴾

(૫૦) શું તેમના અંતઃકરણોમાં (નાસ્તિકપણાનો) કોઇ રોગ છે અથવા તેઓ સંદેહમાં પડેલા છે

અથવા તેઓ (આ વાતથી) ડરે છે કે અલ્લાહ અને તેના રસૂલ તેમની સાથે અન્યાયથી વર્તશે ? પરંતુ (એવું કાંઇ નથી) ખરી રીતે તો તેઓ પોતેજ ઝાલિમ છે.

اِنَّمَا كَانَ قَوْلَ الْمُؤْمِنِيْنَ اِذَا دُعُوْٓا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ لِيَحْكُمَ بَيْنَهُمْ اَنْ يَّقُوْلُوْا سَمِعْنَا وَاَطَعْنَا ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٥١﴾

(૫૧) (પણ) જ્યારે મોઅમીનોને અલ્લાહ તથા રસૂલ તરફ એ માટે બોલાવવામાં આવે છે કે તે તેમના વચ્ચે (ના ઝઘડાનો) નિર્ણય કરે તો તેમનું કહેવું આ સિવાય બીજું કાંઇજ હોતું નથી કે અમોએ

સાંભળ્યું અને અમોએ આજ્ઞા માની; અને તેઓજ સંપૂર્ણ ભલાઇ મેળવનારા છે.

وَمَنۡ يُّطِعِ اللّٰهَ وَرَسُوۡلَهٗ وَيَخۡشَ اللّٰهَ وَيَتَّقۡهِ فَاُولٰٓـئِكَ هُمُ الۡفَآئِزُوۡنَ ۝٥٢

(૫૨) અને જે કોઇ અલ્લાહ તથા તેના રસૂલની આજ્ઞા માનશે તથા અલ્લાહથી ડરશે અને તે(ના કોપ)થી બચતો રહેશે તો બસ એવાજ લોકો (હંમેશના) લાભમાં રહેશે.

وَاَقۡسَمُوۡا بِاللّٰهِ جَهۡدَ اَيۡمَانِهِمۡ لَـئِنۡ اَمَرۡتَهُمۡ لَيَخۡرُجُنَّ‌ ؕ قُلْ لَّا تُقۡسِمُوۡا‌ ۚ طَاعَةٌ مَّعۡرُوۡفَةٌ‌ ؕ اِنَّ اللّٰهَ خَبِيۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ ۝٥٣

(૫૩) અને (અય રસૂલ!) તેઓ (મુનાફિકો) અલ્લાહની સખતમાં સખત પ્રતિજ્ઞાઓ લઇ આ કહેશે કે જો તું તેમને હુકમ આપે તો તેઓ જરૂર (જેહાદ માટે) નીકળી પડશે; તું કહે કે તમે સોગંદો ખાઓ નહિ, (માત્ર તમારી) વ્યાજબી આજ્ઞા પાલનની જરૂર છે; બેશક તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સારી રીતે જાણકાર છે.

قُلْ اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا عَلَيْهِ مَا حُمِّلَ وَعَلَيْكُمْ مَّا حُمِّلْتُمْ ؕ وَاِنْ تُطِيْعُوْهُ تَهْتَدُوْا ؕ وَمَا عَلَى الرَّسُوْلِ اِلَّا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿٥٤﴾

(૫૪) તું કહે કે તમે અલ્લાહની આજ્ઞા માનો તથા રસૂલની આજ્ઞા માનો, પછી જો તમે મોઢું ફેરવી લેશો તો સિવાય તેના નથી કે જે જોખમદારી તે (રસૂલ)ના માથે નાખેલી છે તેની જવાબદારી તેના માથે છે, અને જે જોખમદારી તમારા પર નાખવામાં આવી છે તેની જવાબદારી તમારા માથે છે; અને જો તમે તેની આજ્ઞા માનશો તો (ખરેખર) સન્માર્ગ મેળવશો; અને રસૂલના માથે સંદેશો ખુલ્લી રીતે પહોંચાડી દેવા સિવાય બીજું કાંઇ નથી.

وَعَدَ اللّٰهُ الَّذِيۡنَ اٰمَنُوۡا مِنۡكُمۡ وَعَمِلُوا الصّٰلِحٰتِ
لَيَسۡتَخۡلِفَنَّهُمۡ فِى الۡاَرۡضِ كَمَا اسۡتَخۡلَفَ الَّذِيۡنَ مِنۡ

قَبۡلِهِمۡ ۖ وَلَيُمَكِّنَنَّ لَهُمۡ دِيۡنَهُمُ الَّذِى ارۡتَضٰى لَهُمۡ

وَلَيُبَدِّلَنَّهُمۡ مِّنۡۢ بَعۡدِ خَوۡفِهِمۡ اَمۡنًا ؕ يَعۡبُدُوۡنَنِىۡ لَا يُشۡرِكُوۡنَ

بِىۡ شَيۡـــًٔا ؕ وَمَنۡ كَفَرَ بَعۡدَ ذٰلِكَ فَاُولٰٓـئِكَ هُمُ الۡفٰسِقُوۡنَ ۝٥٥

(૫૫) તે સઘળા લોકોથી કે જેઓ તમારામાંથી ઇમાન લાવ્યા છે તથા સત્કાર્યો કર્યા છે; અલ્લાહે એવો વાયદો કર્યો છે કે તે તેમને અવશ્ય ભૂમીમાં વારસ બનાવશે, જેમકે તેમની અગાઉના (લોકો)ને વારસ બનાવ્યા હતા, અને તેમના દીન (ઇસ્લામ)ને કે જે તેણે તેમના માટે પસંદ કર્યો છે તેમની ખાતર અવશ્ય મજબૂત રીતે સ્થાપી દેશે, અને તેમના ભયને તે પછી જરૂર શાંતિમાં બદલી

નાખશે; (માટે) જોઇએ કે તેઓ મારીજ ઇબાદત કરે અને કોઇ વસ્તુને મારી શરીક બનાવે નહિ; અને જે કોઇ તે બાદ પણ કુફ્ર કરશે તો બસ એજ નાફરમાન છે.

وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَاَطِيْعُوا الرَّسُوْلَ لَعَلَّكُمْ تُرْحَمُوْنَ۝٥٦

(પ૬) અને (અય ઇમાનવાળાઓ !) નમાઝ કાયમ કરો તથા ઝકાત આપો તથા રસૂલની આજ્ઞા માનો કે જેથી તમારા પર દયા કરવામાં આવે.

لَا تَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْا مُعْجِزِيْنَ فِي الْاَرْضِ ۚ وَمَاْوٰىهُمُ النَّارُ ۭ وَلَبِئْسَ الْمَصِيْرُ ۝٥٧ۧ

(૫૭) તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા પૃથ્વીમાં (અલ્લાહને) લાચાર કરી દેનારા છે એવું હરગિજનમાને, અને તેમનું ઠેકાણું જહન્નમ છે; અને ખરેજ તે ઘણુંજ ખરાબ છેવટનું (સ્થાન) છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِيَسْتَاْذِنْكُمُ الَّذِيْنَ مَلَكَتْ اَيْمَانُكُمْ
وَالَّذِيْنَ لَمْ يَبْلُغُوا الْحُلُمَ مِنْكُمْ ثَلٰثَ مَرّٰتٍ ؕ مِنْ قَبْلِ
صَلٰوةِ الْفَجْرِ وَحِيْنَ تَضَعُوْنَ ثِيَابَكُمْ مِّنَ الظَّهِيْرَةِ وَمِنْۢ بَعْدِ
صَلٰوةِ الْعِشَآءِ ۛ ثَلٰثُ عَوْرٰتٍ لَّكُمْ ؕ لَيْسَ عَلَيْكُمْ وَلَا
عَلَيْهِمْ جُنَاحٌۢ بَعْدَهُنَّ ؕ طَوّٰفُوْنَ عَلَيْكُمْ بَعْضُكُمْ عَلٰى

بَعۡضٍ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الۡاٰيٰتِ ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ ﴿۵۸﴾

(૫૮) અય ઇમાન લાવનારાઓ ! (આ) લાઝિમ છે કે તમારા કનીઝ ગુલામ તથા તમારામાંથી પણ જે કોઇ યુવાવસ્થાએ પહોંચ્યા ન હોય (તેઓ તમારી પાસે આવવા માટે રાત દિવસમાં) ત્રણ વખત તમારી રજા મેળવ્યા કરે; (એક તો) સવારની નમાઝ પહેલાં, (બીજી) બપોરે (સુતી વખતે કે જ્યારે તમે) તમારા કપડા ઉતારી નાખો છો અને (ત્રીજી) ઇશાની નમાઝ બાદ; આ ત્રણેય તમારા એકાંતના સમય છે; એ સિવાય (વગર રજાએ) આવવા જવામાં ન તમારા માથે કાંઇ દોષ છે અને

ન તેમના માથે, (કારણ કે) તમને એકબીજા પાસે વારંવાર આવવું જવું પડે છે; આવી રીતે અલ્લાહ તમારા માટે પોતાના હુકમો સ્પષ્ટ કરીને વર્ણવે છે; અને અલ્લાહ મોટો જાણનાર (અને) હિકમતવાળો છે.

وَإِذَا بَلَغَ الْأَطْفَالُ مِنْكُمُ الْحُلُمَ فَلْيَسْتَأْذِنُوا كَمَا اسْتَأْذَنَ
الَّذِينَ مِنْ قَبْلِهِمْ ۚ كَذَٰلِكَ يُبَيِّنُ اللَّهُ لَكُمْ آيَاتِهِ ۗ وَاللَّهُ
عَلِيمٌ حَكِيمٌ ﴿٥٩﴾

(૫૯) અને (અય ઇમાનદારો !) જ્યારે તમારા છોકરાં બાલિગ (ઉમર લાયક) થાય તો તેમને પણ લાઝિમ છે કે તેઓ પણ એવીજ રીતે રજા મેળવ્યા

કરે જેવી રીતે કે તેમના આગળનાઓ મેળવ્યા કરતા હતા; આવી રીતે ખુદા પોતાના હુકમો સ્પષ્ટ કરીને વર્ણવે છે; અને ખુદા ઇલ્મ (અને) હિકમતનો સાહેબ છે.

وَالْقَوَاعِدُ مِنَ النِّسَآءِ الّٰتِيْ لَا يَرْجُوْنَ نِكَاحًا فَلَيْسَ عَلَيْهِنَّ جُنَاحٌ اَنْ يَّضَعْنَ ثِيَابَهُنَّ غَيْرَ مُتَبَرِّجٰتٍ بِزِيْنَةٍ ؕ وَاَنْ يَّسْتَعْفِفْنَ خَيْرٌ لَّهُنَّ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٦٠﴾

(૬૦) અને મોટી વૃધ્ધ સ્ત્રીઓ કે જેમને નિકાહની આશા ન હોય તેઓ પોતાના વસ્ત્રો (ઓઢણી વગેરે) કાઢી નાખે તો તેમના માથે કોઇ દોષ નથી એવી સ્થિતિમાં કે તેમને પોતાના બનાવ શણગારની જાહેરાતનો હેતુ ન હોય; અને જો તેણીઓ તેમ

કરતાં પણ અટકે તો તે તેમના માટે વધુ બેહતર છે; અને ખુદા મહાન સાંભળનાર, જાણનાર છે.

لَيۡسَ عَلَى الۡاَعۡمٰى حَرَجٌ وَّلَا عَلَى الۡاَعۡرَجِ حَرَجٌ وَّلَا عَلَى
الۡمَرِيۡضِ حَرَجٌ وَّلَا عَلٰٓى اَنۡفُسِكُمۡ اَنۡ تَاۡكُلُوۡا مِنۡۢ بُيُوۡتِكُمۡ اَوۡ
بُيُوۡتِ اٰبَآٮِٕكُمۡ اَوۡ بُيُوۡتِ اُمَّهٰتِكُمۡ اَوۡ بُيُوۡتِ اِخۡوَانِكُمۡ اَوۡ
بُيُوۡتِ اَخَوٰتِكُمۡ اَوۡ بُيُوۡتِ اَعۡمَامِكُمۡ اَوۡ بُيُوۡتِ عَمّٰتِكُمۡ اَوۡ
بُيُوۡتِ اَخۡوَالِكُمۡ اَوۡ بُيُوۡتِ خٰلٰتِكُمۡ اَوۡ مَا مَلَكۡتُمۡ مَّفَاتِحَهٗۤ اَوۡ
صَدِيۡقِكُمۡ ؕ لَيۡسَ عَلَيۡكُمۡ جُنَاحٌ اَنۡ تَاۡكُلُوۡا جَمِيۡعًا اَوۡ
اَشۡتَاتًا ؕ فَاِذَا دَخَلۡتُمۡ بُيُوۡتًا فَسَلِّمُوۡا عَلٰٓى اَنۡفُسِكُمۡ تَحِيَّةً مِّنۡ

عِنۡدِ اللّٰهِ مُبٰرَكَةً طَيِّبَةً ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الۡاٰيٰتِ
لَعَلَّكُمۡ تَعۡقِلُوۡنَ ﴿٦١﴾

(૬૧) ન કોઇ આંધળાના માથે દોષ છે ન કોઇ લંગડાના માથે, અને ન કોઇ બીમાર ઉપર અને ન તમારા પોતાના માથે, એ (વાત)માં કે તમે ખાવાનું તમારા ઘરોમાં ખાઓ અથવા તમારા બાપદાદાઓના ઘરોમાં, અથવા તમારી માઓના ઘરોમાં અથવા તમારા ભાઇઓના ઘરોમાં અથવા તમારી બહેનોના ઘરોમાં અથવા તમારા કાકાઓના ઘરોમાં અથવા તમારી ફોઇઓના ઘરોમાં અથવા તમારા મામાઓના ઘરોમાં અથવા તમારી માસીઓના ઘરોમાં અથવા જે ઘરોની

ચાવીઓ તમારા હાથમાં હોય તે ઘરોમાં અથવા તમારા મિત્રોના ઘરોમાં; (વળી) એમાં પણ તમારા માટે કાંઇ વાંધો નથી કે તમે ભેગા મળીને ખાઓ યા જુદા જુદા (બેસીને); પછી જ્યારે તમે ઘરોમાં દાખલ થાઓ તો તમારા લોકોને સલામ કરો, તે અલ્લાહ તરફની મુબારક અને પાક ભેટ છે; આવી રીતે અલ્લાહ પોતાના હુકમો સ્પષ્ટ કરીને તમને વર્ણવે છે કે જેથી તમે (સહેલાઇથી) સમજી લો.

اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَاِذَا كَانُوْا مَعَهٗ

عَلٰٓى اَمْرٍ جَامِعٍ لَّمْ يَذْهَبُوْا حَتّٰى يَسْتَاْذِنُوْهُ ؕ اِنَّ الَّذِيْنَ

يَسْتَاْذِنُوْنَكَ اُولٰٓئِكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَرَسُوْلِهٖ ۚ فَاِذَا

اِسْتَاْذَنُوْكَ لِبَعْضِ شَاْنِهِمْ فَاْذَنْ لِّمَنْ شِئْتَ مِنْهُمْ
وَاسْتَغْفِرْ لَهُمُ اللّٰهَ ۭ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٦٢﴾

(૬૨) સિવાય તેના નથી કે મોઅમીન તે લોકો છે કે જેઓ અલ્લાહ પર તથા તેઓના રસૂલ પર ઇમાન લાવ્યા, અને જ્યારે કોઇ મહત્વના કામ માટે તેઓ તે (રસૂલ)ની પાસે હોય છે ત્યારે તેની રજા લીધા વિના ચાલ્યા જતા નથી; બેશક જે લોકો તમારી પાસે રજા માંગે છે તેઓજ તો અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન રાખે છે, પછી જ્યારે તેઓ તેમના કોઇ ખાસ કામ માટે તારી રજા માંગે તો તેઓમાંથી ચાહે તેને રજા આપી દે, અને તેમના માટે અલ્લાહ પાસે માફી માંગતો રહે;

બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળુ છે.

لَا تَجۡعَلُوۡا دُعَآءَ الرَّسُوۡلِ بَيۡنَكُمۡ كَدُعَآءِ بَعۡضِكُمۡ بَعۡضًا ؕ قَدۡ يَعۡلَمُ اللّٰهُ الَّذِيۡنَ يَتَسَلَّلُوۡنَ مِنۡكُمۡ لِوَاذًا ۚ فَلۡيَحۡذَرِ الَّذِيۡنَ يُخَالِفُوۡنَ عَنۡ اَمۡرِهٖۤ اَنۡ تُصِيۡبَهُمۡ فِتۡنَةٌ اَوۡ يُصِيۡبَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ﴿۶۳﴾

(૬૩) (અય ઇમાનદારો !) રસૂલના આમંત્રણને તમે પરસ્પરના આમંત્રણ જેવું ન ગણો; તમારામાંથી જે લોકો (રસૂલ પાસેથી) ચોરી છુપીથી ખસકી જાય છે તેમને અલ્લાહ સારી રીતે જાણે છે, માટે જે લોકો તે (રસૂલ)ની આજ્ઞાની

અવગણના કરે છે તેમણે આ વાતથી ખબરદાર રહેવું જોઇએ કે (રખેને) તેમના પર કોઇ આફત આવી (ન) પડે અથવા તેમને કોઇ દુઃખદાયક અઝાબ આવી પડે.

اَلَآ اِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ قَدْ يَعْلَمُ مَآ اَنْتُمْ
عَلَيْهِ ؕ وَيَوْمَ يُرْجَعُوْنَ اِلَيْهِ فَيُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا ؕ وَاللّٰهُ
بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٦٤﴾

(૬૪) ખબરદાર થાઓ ! આસમાનો તથા ઝમીનમાં જે કાંઇ છે તે નિસંશય અલ્લાહનું જ છે; તમે જે (માર્ગ) પર છો તેને તે સારી રીતે જાણે છે; અને જે દિવસે તેઓ તેની હજૂરમાં પાછા ફેરવવામાં

આવશે ત્યારે જેજે કાંઇ તેઓ કર્યા કરતા હતા તેનાથી તે તેમને વાકેફ કરશે; અને અલ્લાહ દરેક વસ્તુનો જાણનારોછે.

تَبٰرَكَ الَّذِىۡ نَزَّلَ الۡفُرۡقَانَ عَلٰى عَبۡدِهٖ لِيَكُوۡنَ لِلۡعٰلَمِيۡنَ
نَذِيۡرًا ۙ‏ ①

(૧) બરકતવાળો છે તે (ખુદા) કે જેણે પોતાના બંદા (મોહમ્મદ સ.) પર ફુર્કાન (કુરઆન) ઉતાર્યું છે કે જેથી તે તમામ દુનિયાવાળાઓને (ખુદાના અઝાબથી) ડરાવનારો થાય.

الَّذِىۡ لَهٗ مُلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَلَمۡ يَتَّخِذۡ وَلَدًا وَّلَمۡ
يَكُنۡ لَّهٗ شَرِيۡكٌ فِى الۡمُلۡكِ وَخَلَقَ كُلَّ شَىۡءٍ فَقَدَّرَهٗ تَقۡدِيۡرًا ②

(૨) તે (ખુદા) કે જેના માટે આસમાનો તથા ઝમીનની (અભંગ) સલ્તનત છે, અને જેણે ન

કોઇને પણ પુત્ર બનાવ્યો છે અને ન સલ્તનત (ના મામલામાં) તેનો કોઇ ભાગીદાર છે, અને તેણે દરેક વસ્તુને ઉત્પન્ન કરી, પછી તે દરેકને માટે ચોક્કસ અંદાઝ નક્કી કરી લીધો કે જેવો અંદાઝ કરવો ઘટતો હતો.

وَاتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اٰلِهَةً لَّا يَخْلُقُوْنَ شَيْـًٔا وَّهُمْ يُخْلَقُوْنَ وَلَا يَمْلِكُوْنَ لِاَنْفُسِهِمْ ضَرًّا وَّلَا نَفْعًا وَّلَا يَمْلِكُوْنَ مَوْتًا وَّلَا حَيٰوةً وَّلَا نُشُوْرًا ۝٣

(3) અને લોકોએ તેને છોડી દઇ એવા માઅબૂદો ગ્રહણ કરી લીધા છે કે જેઓ એક (નજીવી) વસ્તુ પણ પેદા કરતા નથી, બલ્કે તેઓ પોતે પૈદા

કરવામાં આવેલા છે, અને ન તેઓ પોતાના માટે કાંઇ લાભ કે હાનિનો અધિકાર ધરાવે છે અને ન કોઇના મરણ જીવનનો અધિકાર ધરાવે છે અને ન કોઇને બીજી વખતે સજીવન કરી ઉઠાડવાનો.

وَقَالَ الَّذِيۡنَ كَفَرُوۡۤا اِنۡ هٰذَاۤ اِلَّاۤ اِفۡكُ ۨافۡتَرٰٮهُ وَاَعَانَهٗ عَلَيۡهِ قَوۡمٌ اٰخَرُوۡنَ‌ ۛۚ فَقَدۡ جَآءُوۡ ظُلۡمًا وَّزُوۡرًا ۛۚ‏ ﴿۴﴾

(૪) અને જેઓ ઇમાન નથી લાવ્યા તેઓ કહે છે કે આ (કુરઆન) તો (નર્યું) જૂઠાણું છે કે જે આ (શખ્સ)એ ઘડી કાઢ્યું છે અને તેને બીજા લોકોએ તે (ઘડી કાઢવા)માં સહાય કરી છે, માટે ખરેજ એ લોકોએ મહા અન્યાય કર્યો અને જૂઠું બોલ્યા.

وَقَالُوْۤا اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ اكْتَتَبَهَا فَهِيَ تُمْلٰى عَلَيْهِ بُكْرَةً
وَّاَصِيْلًا۝٥

(૫) અને વળી આ પણ કહે છે કે એ તો આગલાઓની કહાણીઓ છે જે આ શખ્સે લખાવી લીધી છે, અને તે સવાર સાંજ તેને વાંચી સંભળાવવામાં આવે છે.

قُلْ اَنْزَلَهُ الَّذِيْ يَعْلَمُ السِّرَّ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ اِنَّهٗ كَانَ
غَفُوْرًا رَّحِيْمًا۝٦

(૬) (અય રસુલ !) તું કહે કે આ (કુરઆન)ને તો તેણે ઉતાર્યું છે કે જે આસમાનો તથા પૃથ્વીના

બધા રહસ્યો જાણે છે; બેશક તે મોટો ક્ષમા કરનાર (અને) દયાળુ છે.

وَقَالُوْا مَالِ هٰذَا الرَّسُوْلِ يَاْكُلُ الطَّعَامَ وَيَمْشِيْ فِي
الْاَسْوَاقِ ؕ لَوْلَاۤ اُنْزِلَ اِلَيْهِ مَلَكٌ فَيَكُوْنَ مَعَهٗ نَذِيْرًا ۙ﴿۷﴾

(૭) અને તેઓ કહે છે કે આ રસૂલને શું થઇ ગયું છે કે એ તો (આપણી જેમ) ખાવાનું ખાય છે અને બજારોમાં હરેફરે પણ છે; શા માટે તેની તરફ કોઇ ફરિશ્તો મોકલવામાં ન આવ્યો કે જે તેની સાથે રહી લોકોને ડરાવનારો બને ?

اَوْ يُلْقٰٓى اِلَيْهِ كَنْزٌ اَوْ تَكُوْنُ لَهٗ جَنَّةٌ يَّاْكُلُ مِنْهَا ؕ وَقَالَ
الظّٰلِمُوْنَ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا رَجُلًا مَّسْحُوْرًا ﴿۸﴾

(૮) અથવા તેના માટે કોઇ ખજાનો કેમ ફેંકવામાં ન આવ્યો અથવા તેના માટે એક બગીચો કેમ બનાવવામાં નથી આવ્યો કે તેમાંથી (ફળફળાદિ) ખાતો રહે; અને ઝાલિમો (મુસલમાનોને) કહે છે કે તમે તો માત્ર એક જાદુ કરેલા માણસને અનુસરી રહ્યા છો.

اُنْظُرْ كَيْفَ ضَرَبُوْا لَكَ الْاَمْثَالَ فَضَلُّوْا فَلَا يَسْتَطِيْعُوْنَ سَبِيْلًا ۝٩

(૯) (અય રસૂલ !) જો તો ખરો ! તેઓ તારા માટે કેવા કેવા દાખલા વર્ણવે છે જેથી પોતેજ ગુમરાહ થઇ ગયા છે, માટે હવે તેઓ સન્માર્ગ મેળવી શકશે નહિ.

تَبٰرَكَ الَّذِیْٓ اِنْ شَآءَ جَعَلَ لَكَ خَیْرًا مِّنْ ذٰلِكَ جَنّٰتٍ تَجْرِیْ
مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۙ وَیَجْعَلْ لَّكَ قُصُوْرًا ﴿۱۰﴾

(૧૦) બરકતવાળી છે તેની જાત કે જે જો ચાહે તો તારા માટે એ કરતાંય ઉત્તમ (વસ્તુઓ) પેદા કરી આપે, (અર્થાત) એવા બગીચા કે જેની હેઠળ નદીઓ વહેતી હોય, અને (વળી) તારા માટે ઘણાં મહેલો પણ બનાવી દે.

بَلْ كَذَّبُوْا بِالسَّاعَةِ ۫ وَاَعْتَدْنَا لِمَنْ كَذَّبَ بِالسَّاعَةِ
سَعِیْرًا ﴿۱۱﴾ۚ

(૧૧) બલ્કે તેઓ તો કયામતને પણ જૂઠલાવે છે, (અને) જેઓ કયામતને જૂઠલાવે છે તેમના માટે અમોએ ભડભડતી આગ તૈયાર કરી છે.

إِذَا رَأَتْهُم مِّن مَّكَانٍ بَعِيدٍ سَمِعُوا لَهَا تَغَيُّظًا وَزَفِيرًا ﴿١٢﴾

(૧૨) જ્યારે દૂરથી તે (આગ) તેમની દ્રષ્ટિએ પડશે તો તેઓ તેનો ક્રોધભર્યો અવાજ અને (ભયંકર) સુસવાટા સાંભળી લેશે.

وَإِذَا أُلْقُوا مِنْهَا مَكَانًا ضَيِّقًا مُّقَرَّنِينَ دَعَوْا هُنَالِكَ ثُبُورًا ﴿١٣﴾

(૧૩) અને જ્યારે તેમને તે (જહન્નમ)ની એક (અતિ) સાંકડી જગ્યામાં જકડેલા હશે તો તેઓ ત્યાં (કેવળ) નાશને જ પોકારશે.

لَا تَدۡعُوا الۡيَوۡمَ ثُبُوۡرًا وَّاحِدًا وَّادۡعُوۡا ثُبُوۡرًا كَثِيۡرًا ﴿١٤﴾

(૧૪) (ત્યારે તેમને કહેવામાં આવશે કે) આજે (માત્ર) એકજ નાશને ન પોકારો, બલ્કે ઘણા (ઘણા પ્રકારના) નાશને પોકારો.

قُلۡ اَذٰلِكَ خَيۡرٌ اَمۡ جَنَّةُ الۡخُلۡدِ الَّتِىۡ وُعِدَ الۡمُتَّقُوۡنَ‌ؕ كَانَتۡ لَهُمۡ جَزَآءً وَّمَصِيۡرًا ﴿١٥﴾

(૧૫) (અય રસૂલ !) તું કહે કે શું આ (દશા) બેહતર છે કે તે હંમેશની બેહિશ્ત કે જેનો પરહેઝગારોને વાયદો કરવામાં આવ્યો છે કે જે તેમનો બદલો હશે, અને (જેમાં તેમનું) છેવટનું પાછું ફરવું થશે.

لَهُمۡ فِيۡهَا مَا يَشَآءُوۡنَ خٰلِدِيۡنَ ؕ كَانَ عَلٰى رَبِّكَ وَعۡدًا
مَّسۡـُٔوۡلًا ﴿۱۶﴾

(૧૬) જે કાંઇ તેઓ ઇચ્છશે તે તેમાં જરૂર હશે; તેઓ હંમેશા તેમાંજ રહેનારા થશે, આ એક વાયદો છે જે તારા પરવરદિગાર પાસેથી માંગી લેવામાં આવેલો હોવાથી તે તેને પૂર્ણ કરવાને બંધાયેલો છે.

وَيَوۡمَ يَحۡشُرُهُمۡ وَمَا يَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ فَيَقُوۡلُ ءَاَنۡتُمۡ
اَضۡلَلۡتُمۡ عِبَادِىۡ هٰٓؤُلَاۤءِ اَمۡ هُمۡ ضَلُّوا السَّبِيۡلَ ﴿۱۷﴾ؕ

(૧૭) અને જે દિવસે અલ્લાહ તેમને ભેગાં કરશે અને તેમને પણ કે જેમની આ લોકો અલ્લાહના

સિવાય પૂજા કરતા હતા, પછી તેમને ફરમાવશે કે શું તમોએ મારા બંદાઓને ગુમરાહ કર્યા હતા, કે તેઓ પોતેજ સન્માર્ગથી ભટકી ગયા હતા ?

قَالُوۡا سُبۡحٰنَكَ مَا كَانَ يَنۡۢبَغِىۡ لَنَاۤ اَنۡ نَّتَّخِذَ مِنۡ دُوۡنِكَ مِنۡ اَوۡلِيَآءَ وَلٰـكِنۡ مَّتَّعۡتَهُمۡ وَاٰبَآءَهُمۡ حَتّٰى نَسُوا الذِّكۡرَ‌ ۚ وَكَانُوۡا قَوۡمًۢا بُوۡرًا ﴿۱۸﴾

(૧૮) ત્યારે તેઓ કહેશે કે તારી જાત પાક છે, અમને છાજતું ન હતું કે અમે તારા સિવાય બીજા (ભળતાજ) કાર્યસાધકો બનાવતે, પરંતુ તેં તેમને તથા તેમના બાપદાદાઓને સુખ ભોગવવાના સાધન આપ્યા હતા, અહીં સુધી કે તેઓ (તારી)

યાદને વીસરી ગયા, અને તેઓ નાશ પામનારા લોકો હતા.

فَقَدْ كَذَّبُوكُمْ بِمَا تَقُولُونَ ۙ فَمَا تَسْتَطِيعُونَ صَرْفًا وَّلَا نَصْرًا ۚ وَمَنْ يَّظْلِمْ مِّنْكُمْ نُذِقْهُ عَذَابًا كَبِيْرًا ⑲

(૧૯) (તે વખતે અમે કહીશું કે) જે કાંઇ તમે કહો છો તેને તો (તમારા આ માઅબૂદો) ખરેખર જૂઠલાવે છે. હવે ન તમે (અઝાબને) ખસેડી શકશો અને ન મદદ લઇ શકશો; અને તમારામાંથી જે ઝુલમગાર હશે તેને અમે મહાન અઝાબ ચખાડીશું.

وَمَآ اَرۡسَلۡنَا قَبۡلَكَ مِنَ الۡمُرۡسَلِيۡنَ اِلَّآ اِنَّهُمۡ لَيَاۡكُلُوۡنَ
الطَّعَامَ وَيَمۡشُوۡنَ فِى الۡاَسۡوَاقِ‌ؕ وَجَعَلۡنَا بَعۡضَكُمۡ لِبَعۡضٍ
فِتۡنَةً ؕ اَتَصۡبِرُوۡنَ‌ ۚ وَكَانَ رَبُّكَ بَصِيۡرًا ۝۲۰

(૨૦) અને (અય રસૂલ !) અમોએ તારી પહેલાં જે રસૂલ મોકલ્યા હતા તેઓ પણ ખાતા રહેતા હતા અને બજારોમાં પણ હરફર કરતા હતા; અને અમોએ તમારામાંથી કેટલાકોને કેટલાકો માટે કસોટીના સાધન બનાવ્યા છે; તો (અય મુસલમાનો) શું તમે (નાસ્તિકો તરફનું દુ:ખ હજી પણ) ધીરજથી સહન કરતા રહેશો? અને તારો પરવરદિગાર (સર્વેનો) હંમેશ દેખનારો છે.

وَقَالَ الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَآءَنَا لَوْلَآ اُنْزِلَ عَلَيْنَا الْمَلٰٓئِكَةُ اَوْ نَرٰى رَبَّنَا ؕ لَقَدِ اسْتَكْبَرُوْا فِيْٓ اَنْفُسِهِمْ وَعَتَوْ عُتُوًّا كَبِيْرًا ﴿۲۱﴾

(૨૧) અને તે લોકો કે જેઓ (કયામતના દિવસે) અમારી હજૂરમાં આવવાની ઉમ્મીદ રાખતા નથી તેઓ કહે છે કે અમારા પર ફરિશ્તા કેમ ઉતારવામાં આવ્યા નથી ? અથવા અમે અમારા ખુદાને કેમ જોતા નથી ? ખરેજ તેમણે (આ બાબત સંબંધી) પોતાના મનમાં ઘણુંજ અભિમાન કર્યું છે અને હદ ઉપરાંતની શિરજોરી કરી છે.

يَوۡمَ يَرَوۡنَ الۡمَلٰٓئِكَةَ لَا بُشۡرٰى يَوۡمَئِذٍ لِّلۡمُجۡرِمِيۡنَ وَيَقُوۡلُوۡنَ
حِجۡرًا مَّحۡجُوۡرًا ﴿۲۲﴾

(૨૨) જે દિવસે તેઓ ફરિશ્તા જોશે તે દિવસે ગુનેહગારો માટે કોઇ (પ્રકારનો) આનંદ નહિ હોય, અને તેઓ કહેશે કે કદાચને (અમારી અને તેમની વચ્ચે) કોઇ આડ કે રૂકાવટ કરી દેવામાં આવે.

وَقَدِمۡنَاۤ اِلٰى مَا عَمِلُوۡا مِنۡ عَمَلٍ فَجَعَلۡنٰهُ هَبَآءً مَّنۡثُوۡرًا ﴿۲۳﴾

(૨૩) અને જે કર્મો પણ તેમણે કર્યા હશે તેની તરફ અમે ધ્યાન આપીશું, પછી અમે તે (કર્મો)ને વિખરાએલા રજકણો જેવા કરી નાખીશું.

اَصۡحٰبُ الۡجَنَّةِ يَوۡمَئِذٍ خَيۡرٌ مُّسۡتَقَرًّا وَّاَحۡسَنُ مَقِيۡلًا ﴿۲۴﴾

(૨૪) સ્વર્ગવાસીઓ તે દિવસે સારામાં સારા વિશ્રાંતિગૃહો અને ઉમદા (માં ઉમદા) શયનગૃહોમાં હશે.

وَيَوۡمَ تَشَقَّقُ السَّمَآءُ بِالۡغَمَامِ وَنُزِّلَ الۡمَلٰٓـئِكَةُ تَنۡزِيۡلًا ۲۵

(૨૫) અને તે દિવસે કે જ્યારે આસમાનો વાદળાઓ સહિત ફાટી જશે અને ફરિશ્તા ઉતારવા જોગ ઉતારવામાં આવશે.

اَلۡمُلۡكُ يَوۡمَئِذِ ۟ الۡحَـقُّ لِلرَّحۡمٰنِ ؕ وَكَانَ يَوۡمًا عَلَى الۡكٰفِرِيۡنَ عَسِيۡرًا ۲۶

(૨૬) તે દિવસે વાસ્તવિક બાદશાહત દયાળુ (અલ્લાહ) માટેજ હશે; અને તે દિવસ ઇમાન નહિ લાવનારાઓ માટે અત્યંત કઠીન હશે.

وَيَوْمَ يَعَضُّ الظَّالِمُ عَلٰى يَدَيْهِ يَقُوْلُ يٰلَيْتَنِى اتَّخَذْتُ مَعَ الرَّسُوْلِ سَبِيْلًا ﴿٢٧﴾

(૨૭) અને તે દિવસે કે જ્યારે ઝુલમગાર પોતાના બન્ને હાથ દાંતો વડે કરડવા માંડશે ત્યારે કહી ઉઠશે કે જો મેં રસૂલોનો માર્ગ ગ્રહણ કર્યો હોત તો કેવું સારૂં થાત !

يٰوَيْلَتٰى لَيْتَنِىْ لَمْ اَتَّخِذْ فُلَانًا خَلِيْلًا ﴿٢٨﴾

(૨૮) હાય અફસોસ, જો મેં ફલાણાને મિત્ર બનાવ્યો ન હોત તો કેવું સારૂ થાત ?

لَقَدۡ اَضَلَّنِیۡ عَنِ الذِّکۡرِ بَعۡدَ اِذۡ جَآءَنِیۡ ؕ وَ کَانَ الشَّیۡطٰنُ لِلۡاِنۡسَانِ خَذُوۡلًا ﴿۲۹﴾

(૨૯) ખરેખર તેણે મને બોધ મળી ચૂક્યા બાદ તેનાથી ભમાવી મૂક્યો; અને શેતાન છે જ ઇન્સાન ની સહાય છોડી દેનારો.

وَ قَالَ الرَّسُوۡلُ یٰرَبِّ اِنَّ قَوۡمِی اتَّخَذُوۡا هٰذَا الۡقُرۡاٰنَ مَهۡجُوۡرًا ﴿۳۰﴾

(30) અને (તે વખતે) રસૂલ ફરમાવશે કે અય મારા પરવરદિગાર ! નિસંશય મારી કોમે આ કુરઆનને તદ્દન ત્યાગી દીધું હતું.

وَكَذٰلِكَ جَعَلۡنَا لِكُلِّ نَبِىٍّ عَدُوًّا مِّنَ الۡمُجۡرِمِيۡنَ‌ؕ وَكَفٰى بِرَبِّكَ هَادِيًا وَّنَصِيۡرًا ﴿۳۱﴾

(૩૧) અને આજ પ્રમાણે અમે દરેક નબી માટે ગુનેહગારોમાંથી દુશ્મન બનાવ્યા છે; અને તારો પરવરદિગાર જ હિદાયત અને સહાય માટે પૂરતો છે.

وَقَالَ الَّذِيۡنَ كَفَرُوۡا لَوۡلَا نُزِّلَ عَلَيۡهِ الۡقُرۡاٰنُ جُمۡلَةً وَّاحِدَةً‌ ۛۚ كَذٰلِكَ ۛۚ لِنُثَبِّتَ بِهٖ فُؤَادَكَ وَرَتَّلۡنٰهُ تَرۡتِيۡلًا ﴿۳۲﴾

(૩૨) અને કાફીરો કહે છે કે તેના ઉપર આખું કુરઆન એકી વખતમાં કેમ ઉતારવામાં ન આવ્યું? આ એ માટે (નથી કરવામાં આવ્યું) કે અમે તે દ્વારા તારા મનને દ્રઢ કરીએ, અને અમોએ તેને જરૂર પઢતાં રહી રહીને વાંચી સંભળાવ્યું છે.

وَلَا يَأْتُونَكَ بِمَثَلٍ إِلَّا جِئْنَٰكَ بِٱلْحَقِّ وَأَحْسَنَ تَفْسِيرًا ﴿٣٣﴾

(૩૩) અને આ લોકો જે પણ (દલીલ) દાખલો તારી પાસે લાવે છે તેનો અમે યોગ્ય અને સર્વોત્તમ ખુલાસાવાર જવાબ પૂરો પાડી દઇએ છીએ.

اَلَّذِيْنَ يُحْشَرُوْنَ عَلٰى وُجُوْهِهِمْ اِلٰى جَهَنَّمَ ۙ اُولٰٓئِكَ شَرٌّ
مَّكَانًا وَّاَضَلُّ سَبِيْلًا ﴿٣٤﴾

(૩૪) જે લોકો(ને) તેમના ઊંધા મોઢે જહન્નમ તરફ ભેગાં કરી હંકારવામાં આવશે, તેઓજ બૂરા મકાનમાં (રહેનારા) અને સૌથી વધુ સન્માર્ગથી રખડી ગયેલા હશે.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ وَجَعَلْنَا مَعَهٗٓ اَخَاهُ هٰرُوْنَ
وَزِيْرًا ﴿٣٥﴾ۚ

(૩૫) અને નિસંશય અમોએ મૂસાને કિતાબ (તવરેત) આપી હતી અને તેના ભાઇ હારૂનને તેનો પ્રધાન નીમ્યો હતો.

فَقُلْنَا اذْهَبَآ اِلَى الْقَوْمِ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ؕ فَدَمَّرْنٰهُمْ
تَدْمِيْرًا ﴿٣٦﴾ؕ

(૩૬) પછી અમોએ આજ્ઞા કરી કે તમે બન્ને તે લોકો પાસે જાઓ કે જેમણે અમારી આયતો જૂઠલાવી છે, પછી અમોએ તેઓ (લોકો)નો સંપૂર્ણ નાશ કરી નાખ્યો.

وَقَوْمَ نُوْحٍ لَّمَّا كَذَّبُوا الرُّسُلَ اَغْرَقْنٰهُمْ وَجَعَلْنٰهُمْ لِلنَّاسِ
اٰيَةً ؕ وَاَعْتَدْنَا لِلظّٰلِمِيْنَ عَذَابًا اَلِيْمًا ﴿٣٧﴾ۚۖ

(૩૭) અને નૂહની કોમ જે વખતે તેમણે રસૂલોને જૂઠલાવ્યા તો અમોએ તેમને ડુબાડી દીધા અને લોકો માટે તેમને નસીહતરૂપ બનાવ્યા; અને

અમોએ ઝુલમગાર લોકો માટે દુઃખદાયક અઝાબ તૈયાર કર્યો છે.

وَّعَادًا وَّثَمُوْدَاْ وَاَصْحٰبَ الرَّسِّ وَقُرُوْنًۢا بَيْنَ ذٰلِكَ كَثِيْرًا ﴿٣٨﴾

(૩૮) અને (એવીજ રીતે) આદ, સમૂદ અને રસ્સવાળાઓને અને તેમની વચ્ચે (ના કાળમાં) થઇ ગએલી ઘણીએ પેઢીઓનો પણ (નાશ કર્યો).

وَكُلًّا ضَرَبْنَا لَهُ الْاَمْثَالَ ۡ وَكُلًّا تَبَّرْنَا تَتْبِيْرًا ﴿٣٩﴾

(૩૯) અને દરેકને અમોએ દ્રષ્ટાંત આપી સમજાવ્યા હતા, અને અમોએ સર્વેનો સદંતર નાશ કરી નાખ્યો.

وَلَقَدۡ اَتَوۡا عَلَى الۡقَرۡيَةِ الَّتِىۡۤ اُمۡطِرَتۡ مَطَرَ السَّوۡءِ ؕ اَفَلَمۡ
يَكُوۡنُوۡا يَرَوۡنَهَا ۚ بَلۡ كَانُوۡا لَا يَرۡجُوۡنَ نُشُوۡرًا ﴿۴۰﴾

(૪૦) અને ખરેખરજ આ લોકો તે વસ્તી પાસેથી પણ પસાર થઇ ચૂક્યા છે કે જેના પર (પત્થરોની) ખરાબ વૃષ્ટિ વરસાવવામાં આવી હતી; તો પણ શું આ (લોકો) તેને (નસીહતની નજરે) જોતા નહિ હોય? નહિ, બલ્કે (વાત એમ છે કે) તે (લોક)ઓ પુનઃ સજીવન થવાની આશાજ રાખતા નથી.

وَاِذَا رَاَوۡكَ اِنۡ يَّتَّخِذُوۡنَكَ اِلَّا هُزُوًا ؕ اَهٰذَا الَّذِىۡ بَعَثَ اللّٰهُ
رَسُوۡلًا ﴿۴۱﴾

(૪૧) અને જે વખતે આ (લોકો) તને જુએ છે ત્યારે તારી મશ્કરી ઉડાડે છે; (અને કહે છે કે) શું આ એજ છે કે જેને અલ્લાહે રસૂલ બનાવી મોકલ્યો છે ?

اِنْ كَادَ لَيُضِلُّنَا عَنْ اٰلِهَتِنَا لَوْلَاۤ اَنْ صَبَرْنَا عَلَيْهَا ؕ وَسَوْفَ يَعْلَمُوْنَ حِيْنَ يَرَوْنَ الْعَذَابَ مَنْ اَضَلُّ سَبِيْلًا ۝٤٢

(૪૨) (અરે !) તેણે તો અમને આપણા ખુદાઓથી ફેરવી નાખ્યા હોત, જો અમે તેમની (ઇબાદત) પર ધીરજ ધરી તટસ્થ રહેતે નહિ; પણ આગળ જતાં જ્યારે તેઓ અઝાબ નિહાળશે ત્યારે જાણી લેશે કે વધારે આડે માર્ગે ગએલા કોણ છે?

أَرَءَيْتَ مَنِ اتَّخَذَ إِلٰهَهُ هَوٰىهُ ط أَفَأَنْتَ تَكُوْنُ عَلَيْهِ وَكِيْلًا ﴿٤٣﴾

(૪૩) શું તેં તેને જોયો કે જેણે પોતાની મનોવાસનાને પોતાનો ખુદા બનાવી રાખ્યો છે, તો શું તું તેનો નિગેહબાન થઇ શકે છે ?

أَمْ تَحْسَبُ أَنَّ أَكْثَرَهُمْ يَسْمَعُوْنَ أَوْ يَعْقِلُوْنَ ط إِنْ هُمْ إِلَّا
كَالْأَنْعَامِ بَلْ هُمْ أَضَلُّ سَبِيْلًا ﴿٤٤﴾

(૪૪) અથવા તું એમ ધારે છે કે તેમનામાંથી કેટલાકો સાંભળે કે સમજે છે ? (અરે !) એ તો પશુઓ જેવા છે, બલ્કે તે કરતાંય વધારે આડે માર્ગે ગએલા.

اَلَمْ تَرَ اِلٰى رَبِّكَ كَيْفَ مَدَّ الظِّلَّ ۚ وَلَوْ شَآءَ لَجَعَلَهٗ سَاكِنًا ۚ
ثُمَّ جَعَلْنَا الشَّمْسَ عَلَيْهِ دَلِيْلًا ﴿٤٥﴾

(૪૫) શું તેં આ નથી જોયું કે તારા પરવરદિગારે કેવી રીતે છાંયડો ફેલાવી દીધો છે ? જો તે ચાહતે તો ખરેખરજ તેને (એક સ્થળે) સ્થિર કરી દેતે; પછી અમોએ સૂર્યને તે (છાયા)નું દેખીતું કારણ બનાવ્યું.

ثُمَّ قَبَضْنٰهُ اِلَيْنَا قَبْضًا يَّسِيْرًا ﴿٤٦﴾

(૪૬) પછી તેને અમે અમારી તરફ સહેલાઇથી ધીમે ધીમે ખેંચી લઇએ છીએ.

وَهُوَ الَّذِيْ جَعَلَ لَكُمُ الَّيْلَ لِبَاسًا وَّالنَّوْمَ سُبَاتًا وَّجَعَلَ
النَّهَارَ نُشُوْرًا ﴿٤٧﴾

(૪૭) અને તે એજ છે જેણે રાત્રિને તમારા માટે પડદો બનાવી છે અને નિદ્રાને રાહત, અને દિવસને ફરીથી ઉઠવા બેસવા (કે હરવા ફરવા) માટે બનાવ્યો છે.

وَهُوَ الَّذِيْٓ اَرْسَلَ الرِّيٰحَ بُشْرًاۢ بَيْنَ يَدَيْ رَحْمَتِهٖ ۚ وَاَنْزَلْنَا مِنَ
السَّمَاۗءِ مَاۗءً طَهُوْرًا ﴿٤٨﴾ۙ

(૪૮) અને તે એજ છે જે પોતાની રહેમત (વૃષ્ટિ) પહેલાં ખુશખબર આપવા માટે પવન મોકલે છે,

અને અમે આસમાનમાંથી નિર્મળ પાણી ઉતારીયે છીએ:

لِّنُحۡـِۧیَ بِهٖ بَلۡدَةً مَّیۡتًا وَّنُسۡقِیَهٗ مِمَّا خَلَقۡنَاۤ اَنۡعَامًا وَّاَنَاسِیَّ

كَثِیۡرًا ﴿۴۹﴾

(૪૯) કે તે (પાણી)ના પ્રતાપે મરિયલ ભૂમીને સજીવન કરી દઇએ, અને (વળી) એ માટે કે જે જનાવરો તથા માણસો અમોએ પેદા કર્યા છે તેમાંથી ઘણાંખરાઓને તે પાણી પાઇએ.

وَلَقَدۡ صَرَّفۡنٰهُ بَیۡنَهُمۡ لِیَذَّكَّرُوۡا ۖ فَاَبٰۤی اَكۡثَرُ النَّاسِ اِلَّا

كُفُوۡرًا ﴿۵۰﴾

(૫૦) અને ખરેજ અમોએ આ (બીના)ને લોકોમાં વારંવાર વર્ણવી છે કે જેથી તેઓ યાદ રાખે, પરંતુ ઘણાંખરા લોકોએ ઇન્કાર કરવા સિવાય કોઇ વાત માની નહિ.

وَلَوْ شِئْنَا لَبَعَثْنَا فِيْ كُلِّ قَرْيَةٍ نَّذِيْرًا ۖ﴿٥١﴾

(૫૧) અને જો અમે ચાહતે તો દરેકે દરેક વસ્તીમાં એક એક ડરાવનારો (પયગમ્બર) ઉભો કરી દેતે.

فَلَا تُطِعِ الْكٰفِرِيْنَ وَجَاهِدْهُمْ بِهٖ جِهَادًا كَبِيْرًا ﴿٥٢﴾

(૫૨) માટે તું ઇમાન નહિ લાવનારાઓનું કહેવું હરગિજ ન માન, અને તે (કુરઆનની સચોટ દલીલો) વડે તેમનાથી જેહાદ (વાદવિવાદ) કરવા જોગ જેહાદ કર.

وَهُوَ الَّذِىۡ مَرَجَ الۡبَحۡرَيۡنِ هٰذَا عَذۡبٌ فُرَاتٌ وَّهٰذَا مِلۡحٌ
اُجَاجٌ‌ ۚ وَجَعَلَ بَيۡنَهُمَا بَرۡزَخًا وَّحِجۡرًا مَّحۡجُوۡرًا ﴿۵۳﴾

(૫૩) અને તે એજ છે જેણે બે સમુદ્રો એક બીજાથી જોડી દીધા છે, એક તો મીઠું પાણી કે જે તરસ છીપાવનાર છે, અને બીજું ખારૂં ખરાબ સ્વાદવાળું છે; અને તે બન્નેની વચ્ચે એક બંધ અને ઓળંગી ન શકાય એવો તટ બનાવ્યો છે.

وَهُوَ الَّذِىۡ خَلَقَ مِنَ الۡمَآءِ بَشَرًا فَجَعَلَهٗ نَسَبًا وَّصِهۡرًا‌ ؕ وَكَانَ
رَبُّكَ قَدِيۡرًا ﴿۵۴﴾

(૫૪) અને તે એજ છે જેણે મનુષ્યને (વીર્યના) પાણીમાંથી પેદા કર્યો, પછી તેને વંશ (ઓલાદ)

અને સગપણ (વહુ જમાઇ વગેરે) ધરાવનારા બનાવી દીધા; અને તારો પરવરદિગાર (સઘળી વાતો પર) સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

وَيَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُهُمْ وَلَا يَضُرُّهُمْ ؕ وَكَانَ الْكَافِرُ عَلٰى رَبِّهٖ ظَهِيْرًا ﴿٥٥﴾

(૫૫) અને તેઓ અલ્લાહને છોડી તેમને પૂજે છે કે જેઓ ન તેમને નફો પહોંચાડે છે ન નુકસાન; અને નાસ્તિકો પોતાના માલિક વિરૂદ્ધ એકબીજાને પુષ્ટી આપનારા છે.

وَمَاۤ اَرْسَلْنٰكَ اِلَّا مُبَشِّرًا وَّنَذِيْرًا ﴿٥٦﴾

(૫૬) અને અમોએ તમને નથી મોકલ્યા પણ ખુશખબર આપનાર તથા ડરાવનાર બનાવીને (મોકલ્યા છે.)

قُلْ مَآ اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ اِلَّا مَنْ شَآءَ اَنْ يَّتَّخِذَ اِلٰى رَبِّهٖ
سَبِيْلًا ۝٥٧

(૫૭) (અય રસૂલ!) તું કહે કે હું તો તમારી પાસે તે (સંદેશો પહોંચાડવા)નું કાંઇ મહેનતાણું માંગતો નથી, સિવાય એ કે જે ચાહે તે પોતાના પરવરદિગાર તરફનો માર્ગ ધારણ કરે.

وَتَوَكَّلْ عَلَى الْحَيِّ الَّذِىْ لَا يَمُوْتُ وَسَبِّحْ بِحَمْدِهٖ ؕ وَكَفٰى بِهٖ
بِذُنُوْبِ عِبَادِهٖ خَبِيْرًا ۝٥٨

(૫૮) અને તું તે અમર અલ્લાહ પર ભરોસો રાખ કે જેને મૃત્યુ (આવનાર જ) નથી અને તેના ગુણગાનની તસ્બીહ પઢ; અને એજ પોતાના બંદાઓના ગુનાહોથી પૂરતો વાકેફ છે.

الَّذِیۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَمَا بَیۡنَہُمَا فِیۡ سِتَّۃِ اَیَّامٍ ثُمَّ اسۡتَوٰی عَلَی الۡعَرۡشِ ۚۛ اَلرَّحۡمٰنُ فَسۡـَٔلۡ بِہٖ خَبِیۡرًا ﴿۵۹﴾

(૫૯) જેણે આસમાનો, પૃથ્વી અને તેમની વચ્ચે જે કાંઇ છે તે (સઘળું) છ દિવસમાં સર્જ્યું, પછી અર્શ ઉપર પોતાની સત્તા જમાવી; રહેમાન (દયાળુ અલ્લાહ) એજ છે, માટે તેને લગતી હકીકત કોઇ જાણકારને પૂછી જો.

وَاِذَا قِيۡلَ لَهُمُ اسۡجُدُوۡا لِلرَّحۡمٰنِ قَالُوۡا وَمَا الرَّحۡمٰنُ ۚ اَنَسۡجُدُ
لِمَا تَاۡمُرُنَا وَزَادَهُمۡ نُفُوۡرًا ۩ ﴿٦٠﴾

(૬૦) અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે રહેમાનને સિજદો કરો ત્યારે તેઓ કહે છે કે રહેમાન છે કઇ વસ્તુ ? શું અમે તેને સિજદો કરીએ કે જેના વિષે તું અમને હુકમ કરે છે ? અને આ વાતે તેમના તિરસ્કારમાં વધુ વધારો કરી મૂક્યો છે.

تَبٰرَكَ الَّذِىۡ جَعَلَ فِى السَّمَآءِ بُرُوۡجًا وَّجَعَلَ فِيۡهَا سِرٰجًا
وَّقَمَرًا مُّنِيۡرًا ﴿٦١﴾

(૬૧) મોટી બરકતવાળો છે તે જેણે આસમાનમાં (બાર) બુર્જો (નક્ષત્રો) નિર્માણ કર્યા, અને તેમાં એક દીવો (સૂર્ય) અને પ્રકાશ આપનાર એક ચંદ્ર બનાવ્યો.

وَهُوَ الَّذِىۡ جَعَلَ الَّيۡلَ وَالنَّهَارَ خِلۡفَةً لِّمَنۡ اَرَادَ اَنۡ يَّذَّكَّرَ اَوۡ اَرَادَ شُكُوۡرًا ﴿۶۲﴾

(૬૨) અને તે એજ છે જેણે રાત્રિ તથા દિવસને તે શખ્સ માટે કે જે બોધ ગ્રહણ કરવા કે આભાર માનવા ચાહે વારા ફરતી આવનાર બનાવ્યા છે.

وَعِبَادُ الرَّحۡمٰنِ الَّذِيۡنَ يَمۡشُوۡنَ عَلَى الۡاَرۡضِ هَوۡنًا وَّاِذَا خَاطَبَهُمُ الۡجٰهِلُوۡنَ قَالُوۡا سَلٰمًا ﴿۶۳﴾

(૬૩) રહેમાન (અલ્લાહ)ના એવા પણ ખાસ બંદા છે કે જેઓ ભૂમિ પર ધીમે પગલે ચાલે છે, અને જ્યારે જાહેલ લોકો તેમને સંબોધે છે ત્યારે કહે છે કે તમારા પર સલામ.

وَالَّذِيْنَ يَبِيْتُوْنَ لِرَبِّهِمْ سُجَّدًا وَّقِيَامًا ﴿٦٤﴾

(૬૪) અને જેઓ રાત્રિને પોતાના પરવરદિગારની હજૂરમાં સિજદો કરતા તથા બંદગીમાં ઉભા ઉભા પસાર કરે છે.

وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا اصْرِفْ عَنَّا عَذَابَ جَهَنَّمَ ۖ اِنَّ
عَذَابَهَا كَانَ غَرَامًا ﴿٦٥﴾

(૬૫) અને જેઓ આ કહે કે અય અમારા પરવરદિગાર? અમારા પરથી જહન્નમનો અઝાબ દૂર કરી દે, નિસંશય તેનો અઝાબ હંમેશા ટકી રહેનારો છે.

اِنَّهَا سَآءَتۡ مُسۡتَقَرًّا وَّمُقَامًا ﴿٦٦﴾

(૬૬) બેશક તે થોડા (વખત) કે હંમેશ માટે રહેવાને ઘણીજ બૂરી જગ્યા છે.

وَالَّذِيۡنَ اِذَاۤ اَنۡفَقُوۡا لَمۡ يُسۡرِفُوۡا وَلَمۡ يَقۡتُرُوۡا وَكَانَ بَيۡنَ ذٰلِكَ قَوَامًا ﴿٦٧﴾

(૬૭) અને તેઓ જ્યારે કાંઇ ખર્ચ કરે છે તો ન ઉડાઉપણે ખર્ચે છે અને ન કંજૂસાઇથી, બલ્કે તેમનું દાન મધ્યમસરનું હોય છે.

وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰـهًا اٰخَرَ وَلَا يَقْتُلُوْنَ النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ وَلَا يَزْنُوْنَ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ يَلْقَ اَثَامًا ﴿٦٨﴾

(૬૮) અને તેઓ અલ્લાહની સાથે બીજા કોઇને પોકારતા નથી, અને એવા કોઇ પણ જીવને કે જેનું કત્લ કરવું અલ્લાહે હરામ કર્યું છે વિના ગુનાહે કત્લ કરતા નથી, અને ન વ્યભિચાર કરે છે; અને

જે કોઇ એવું કૃત્ય કરશે તો તેનો યોગ્ય બદલો તે અવશ્ય પામશે;

يُّضٰعَفۡ لَهُ الۡعَذَابُ يَوۡمَ الۡقِيٰمَةِ وَيَخۡلُدۡ فِيۡهٖ مُهَانًا ﴿٦٩﴾

(૬૯) કયામતના દિવસે તેનો અઝાબ તેના માટે બમણો કરી દેવામાં આવશે, અને તે હંમેશને માટે ઝલીલ થઇ તેમાંજ રહેશે;

اِلَّا مَنۡ تَابَ وَاٰمَنَ وَعَمِلَ عَمَلًا صَالِحًا فَاُولٰٓـئِكَ يُبَدِّلُ اللّٰهُ

سَيِّاٰتِهِمۡ حَسَنٰتٍ ؕ وَكَانَ اللّٰهُ غَفُوۡرًا رَّحِيۡمًا ﴿٧٠﴾

(૭૦) સિવાય કે જે તૌબા કરે અને ઇમાન લઇ આવે અને સત્કાર્યો કરે, તો પછી તેઓજ તે છે કે

જેમની બદીઓ અલ્લાહ નેકીઓથી બદલી નાખશે; અને અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયાળુ છે.

وَمَنْ تَابَ وَعَمِلَ صَالِحًا فَإِنَّهُ يَتُوبُ إِلَى اللَّهِ مَتَابًا ﴿٧١﴾

(૭૧) અને જે શખ્સ તૌબા કરે તથા સત્કાર્યો કરે, તો નિસંશય તે અલ્લાહની તરફ યોગ્ય (રીતે) રજૂ થાય છે.

وَالَّذِينَ لَا يَشْهَدُونَ الزُّورَ ۙ وَإِذَا مَرُّوا بِاللَّغْوِ مَرُّوا كِرَامًا ﴿٧٢﴾

(૭૨) અને જેઓ ખોટી સાક્ષી (કદી પણ) પૂરતા નથી, અને જ્યારે કોઇ વ્યર્થ વસ્તુ પાસેથી પસાર થાય છે ત્યારે બુઝુર્ગીની છટાથી પસાર થાય છે.

وَالَّذِيْنَ اِذَا ذُكِّرُوْا بِاٰيٰتِ رَبِّهِمْ لَمْ يَخِرُّوْا عَلَيْهَا صُمًّا وَّعُمْيَانًا ﴿۷۳﴾

(૭૩) અને તેઓ જ્યારે તેમને તેમના પરવરદિગારની આયતો દ્વારા બોધ આપવામાં આવે છે તો તેના પર બહેરા ને આંધળા બની તૂટી પડતા નથી (બલ્કે લક્ષ દઇ સાંભળે છે).

وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ وَّاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا ﴿۷۴﴾

(૭૪) અને તેઓ કે જેઓ આ કહે છે કે અય અમારા પરવરદિગાર ! અમને અમારી પત્નીઓ તરફથી તથા અમારી ઓલાદો તરફથી આંખોમાં

ટાઢક અર્પણ કર, અને અમને પરહેઝગારોના આગેવાન બનાવી દે.

أُولَٰٓئِكَ يُجۡزَوۡنَ الۡغُرۡفَةَ بِمَا صَبَرُوۡا وَيُلَقَّوۡنَ فِيۡهَا تَحِيَّةً
وَّسَلٰمًا ۙ﴿۷۵﴾

(૭૫) આ એજ (લોકો) છે કે જેમને તેમની ધીરજ ધરવાના કારણે ઉચ્ચ સ્થાન આપવામાં આવશે. અને દરેક મુલાકાત વખતે તેમને ધન્યવાદ તથા સલામનો આવકાર આપવામાં આવશેઃ

خٰلِدِيۡنَ فِيۡهَا ؕ حَسُنَتۡ مُسۡتَقَرًّا وَّمُقَامًا ﴿۷۶﴾

(૭૬) હંમેશ માટે તેમાંજ રહેશે; તે કેવું ઉત્તમ વિશ્રાંતિસ્થાન અને હંમેશનું રહેઠાણ હશે !

قُلْ مَا يَعْبَؤُا بِكُمْ رَبِّيْ لَوْلَا دُعَآؤُكُمْ ۚ فَقَدْ كَذَّبْتُمْ فَسَوْفَ يَكُوْنُ لِزَامًا ﴿٧٧﴾

(૭૭) (અય રસૂલ!) તું કહે કે જો તમે દુઆ માંગતા ન રહેતે તો મારો પરવરદિગાર તમારી કાંઇજ પરવાહ કરતે નહિ, હવે ખરેખરજ તમોએ જૂઠલાવ્યું છે, માટે આગળ જતાં આ (જૂઠાણા)નું પરિણામ (તમારા પર) કાયમનું આવી પડશે.

طٰسٓمّٓ ①

(૧) તા-સીન મીમ

تِلۡكَ اٰيٰتُ الۡكِتٰبِ الۡمُبِيۡنِ ②

(૨) આ પ્રત્યક્ષ કિતાબ (કુરઆન)ની આયતો છે.

لَعَلَّكَ بَاخِعٌ نَّفۡسَكَ اَلَّا يَكُوۡنُوۡا مُؤۡمِنِيۡنَ ③

(3) તેઓ મોઅમીન કેમ નથી થતા તે વાત(ની ચિંતા)માં કદાચને તું તારા પ્રાણનો ઘાત કરી બેસશે.

اِنۡ نَّشَاۡ نُنَزِّلۡ عَلَيۡهِمۡ مِّنَ السَّمَآءِ اٰيَةً فَظَلَّتۡ اَعۡنَاقُهُمۡ لَهَا

خٰضِعِيۡنَ ④

(૪) જો અમે ચાહીએ તો આસમાન પરથી તેમના ઉપર એવી નિશાનીઓ ઉતારી દઇએ કે તેની સામે તેમની ગરદનો જૂકેલી જ રહે.

وَمَا يَأْتِيهِمْ مِّنْ ذِكْرٍ مِّنَ الرَّحْمٰنِ مُحْدَثٍ إِلَّا كَانُوْا عَنْهُ مُعْرِضِيْنَ۝٥

(૫) અને તેમના તરફ દયાળુ (અલ્લાહ)ની એવી કોઇ તાજી નસીહત નથી આવતી કે જેનાથી તેઓ મોઢું ફેરવી લેતા ન હોય.

فَقَدْ كَذَّبُوْا فَسَيَأْتِيهِمْ أَنْبٰٓؤُا مَا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ۝٦

(૬) ખરેખરજ આ પૂરવાર થઇ ચૂક્યું છે કે તેમણે (સત્યને) જૂઠલાવ્યું છે, માટે નજીકમાં જ જે વસ્તુની

તેઓ હાંસી ઉડાવ્યા કરતા હતા તેની ખબરો તેમની પાસે આવી જશે.

اَوَلَمۡ يَرَوۡا اِلَى الۡاَرۡضِ كَمۡ اَنۡۢبَتۡنَا فِيۡهَا مِنۡ كُلِّ زَوۡجٍ كَرِيۡمٍ ﴿۷﴾

(૭) શું તેમણે પૃથ્વી તરફ નથી નિહાળ્યું કે અમે તેમાં કેટલા પ્રકારની ઉમદા ઉમદા વસ્તુઓ ઉગાડી દઇએ છીએ.

اِنَّ فِىۡ ذٰ لِكَ لَاٰيَةً ‌ؕ وَمَا كَانَ اَكۡثَرُهُمۡ مُّؤۡمِنِيۡنَ ﴿۸﴾

(૮) બેશક તેમાં (કુદરતની મહાન) નિશાની મોજૂદ છે; પરંતુ તેઓમાંથી ઘણાં ખરા ઇમાન લાવનારા નથી.

وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿٩﴾

(૯) અને બેશક તારો પરવરદિગાર એજ છે જે (દરેક વસ્તુ પર) સમર્થ (અને) દયાળુ છે.

وَاِذْ نَادٰى رَبُّكَ مُوْسٰٓى اَنِ ائْتِ الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿١٠﴾

(૧૦) અને જે વખતે તારા પરવરદિગારે મૂસાને પોકાર્યો કે તું ઝુલમગાર કોમ તરફ જા ઃ

قَوْمَ فِرْعَوْنَ ؕ اَلَا يَتَّقُوْنَ ﴿١١﴾

(૧૧) (અર્થાત) ફિરઔનની કોમ (તરફ); શું તેઓ (અમારા અઝાબથી) ડરતા નથી?

قَالَ رَبِّ اِنِّيْٓ اَخَافُ اَنْ يُّكَذِّبُوْنِ ﴿١٢﴾ؕ

(૧૨) તેણે અરજ કરી કે અય મારા પરવરદિગાર મને ભય છે કે તેઓ મને જૂઠલાવશેઃ

وَيَضِيۡقُ صَدۡرِىۡ وَلَا يَنۡطَلِقُ لِسَانِىۡ فَاَرۡسِلۡ اِلٰى هٰرُوۡنَ ﴿۱۳﴾

(૧૩) અને મારી છાતી સંકોચાય (યાને મારી હિંમત ન ચાલે) અને મારી જીભ સ્પષ્ટ બોલી ન શકે, માટે તું હારૂનને (રસૂલ બનાવી) મોકલ.

وَلَهُمۡ عَلَىَّ ذَنۡۢبٌ فَاَخَافُ اَنۡ يَّقۡتُلُوۡنِ‌ ۚ‏ ﴿۱۴﴾

(૧૪) વળી મારા માથે તેમનો એક અપરાધ પણ છે, જેથી હું ડરૂં છું કે તેઓ મને મારી નાખે.

قَالَ كَلَّا‌ ۚ فَاذۡهَبَا بِاٰيٰتِنَاۤ‌ اِنَّا مَعَكُمۡ مُّسۡتَمِعُوۡنَ‏ ﴿۱۵﴾

(૧૫) ફરમાવ્યું, ના, ના (હરગિજ એમ નહિ બને); તમે બન્ને અમારી નિશાનીઓ લઇને જાઓ, નિસંશય અમે તમારી સાથેજ (રહી દરેક વાત) સાંભળનાર છીએ.

فَاْتِيَا فِرْعَوْنَ فَقُوْلَآ اِنَّا رَسُوْلُ رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٦﴾

(૧૬) હવે તમે બન્ને ફિરઔન પાસે જઈ, અને (તેને) કહો કે નિસંશય અમે સઘળી દુનિયાવાળાઓના પરવરદિગારના રસૂલ છીએઃ

اَنْ اَرْسِلْ مَعَنَا بَنِيْٓ اِسْرَآءِيْلَ ﴿١٧﴾

(૧૭) (અને કહો) કે તું બની ઇસરાઇલને અમારી સાથે મોકલી દે.

قَالَ اَلَمۡ نُرَبِّكَ فِيۡنَا وَلِيۡدًا وَّلَبِثۡتَ فِيۡنَا مِنۡ عُمُرِكَ
سِنِيۡنَ ۙ﴿۱۸﴾

(૧૮) (ફિરઔને) કહ્યું, શું અમોએ તને અમારા (ઘર)માં બાળકની જેમ પાળ્યો ન હતો, અને તું તારી જિંદગીમાં કેટલાક વર્ષો અહીં રહ્યો ન હતો?

وَفَعَلۡتَ فَعۡلَتَكَ الَّتِىۡ فَعَلۡتَ وَاَنۡتَ مِنَ الۡكٰفِرِيۡنَ ﴿۱۹﴾

(૧૯) અને તેં એવા કૃત્યો કર્યા કે જે કાંઇ કર્યા તે કર્યા, અને તું અનુપકારી (પૂરવાર) થયો.

قَالَ فَعَلۡتُهَاۤ اِذًا وَّاَنَا مِنَ الضَّآلِّيۡنَ ؕ﴿۲۰﴾

(૨૦) (મૂસાએ) ફરમાવ્યું, એ (કૃત્ય) તો મેં તે વખતે કર્યું હતું કે જ્યારે હુ ગાફિલ હતો.

فَفَرَرۡتُ مِنۡكُمۡ لَمَّا خِفۡتُكُمۡ فَوَهَبَ لِىۡ رَبِّىۡ حُكۡمًا وَّجَعَلَنِىۡ
مِنَ الۡمُرۡسَلِيۡنَ ﴿۲۱﴾

(૨૧) (પણ) પછી જ્યારે તમારી બીક લાગી ત્યારે હું તમારામાંથી નાસી ગયો, પછી મારા પરવરદિગારે મને હુકમ આપી અને મને રસૂલો માંનો (એક રસૂલ) બનાવ્યો.

وَتِلۡكَ نِعۡمَةٌ تَمُنُّهَا عَلَىَّ اَنۡ عَبَّدتَّ بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ ﴿۲۲﴾

(૨૨) અને તે ઉપકાર કે જેનો તું મારા પર ભાર રાખે છે તે શું આ છે કે તેં બની ઇસરાઇલને (તારા) ગુલામ બનાવી રાખ્યા છે ?

قَالَ فِرۡعَوۡنُ وَمَا رَبُّ الۡعٰلَمِيۡنَ ﴿۲۳﴾

(૨૩) ફિરઔને કહ્યું, સઘળી દુનિયાવાળાઓનો પરવરદિગાર તે વળી શું છે?

قَالَ رَبُّ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَمَا بَيۡنَهُمَا ؕ اِنۡ كُنۡتُمۡ مُّوۡقِنِيۡنَ ﴿۲۴﴾

(૨૪) (મૂસાએ) કહ્યું કે આસમાનો તથા પૃથ્વી અને તે બન્નેની વચ્ચે જે કાંઇ છે તે (સઘળા)નો તે પાલનહાર છે; જો તમને વિશ્વાસ હોય તો (માનો).

قَالَ لِمَنۡ حَوۡلَهٗۤ اَلَا تَسۡتَمِعُوۡنَ ﴿۲۵﴾

(૨૫) (ફિરઔને) પોતાની આજુબાજુવાળા (દરબારી)ઓને કહ્યું, શું તમે સાંભળતા નથી ?

قَالَ رَبُّكُمۡ وَرَبُّ اٰبَآئِكُمُ الۡاَوَّلِيۡنَ ﴿۲۶﴾

(૨૬) (મૂસાએ) કહ્યું તમારો પરવરદિગાર અને તમારા આગલા બાપદાદાઓનો પરવરદિગાર પણ (એજ છે).

قَالَ اِنَّ رَسُوْلَكُمُ الَّذِیْۤ اُرْسِلَ اِلَیْكُمْ لَمَجْنُوْنٌ ﴿۲۷﴾

(૨૭) (ફિરઔને) કહ્યું કે (અય લોકો !) ખરેખરજ તમારો આ રસૂલ કે જે તમારા તરફ મોકલવામાં આવ્યો છે તે દીવાનો છે.

قَالَ رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ وَمَا بَیْنَهُمَا ؕ اِنْ كُنْتُمْ تَعْقِلُوْنَ ﴿۲۸﴾

(૨૮) (મૂસાએ) કહ્યું કે પૂર્વ તથા પશ્ચિમ અને જે કાંઇ તે બન્નેની વચ્ચે છે તે (સઘળા)નો

પરવરદિગાર પણ (એજ છે); અગર તમે સમજ ધરાવતા હો તો (સમજો).

قَالَ لَئِنِ اتَّخَذْتَ اِلٰـهًا غَيْرِىْ لَاَجْعَلَنَّكَ مِنَ الْمَسْجُوْنِيْنَ ﴿٢٩﴾

(૨૯) (ફિરઔને) કહ્યું કે જો તેં મારા સિવાય બીજા કોઇને માઅબૂદ બનાવ્યો તો હું ખરેખરજ તને કેદીઓમાં દાખલ કરી દઇશ.

قَالَ اَوَلَوْ جِئْتُكَ بِشَىْءٍ مُّبِيْنٍ ﴿٣٠﴾

(30) (મૂસાએ) ફરમાવ્યું કે જો હું તારી પાસે એક પ્રત્યક્ષ વસ્તુ લાવ્યો હોઉં તો પણ (બંદીવાન બનાવીશ)?

قَالَ فَاْتِ بِهٖۤ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٣١﴾

(૩૧) (ફિરઔને) કહ્યું, જો તું સાચો છે તો તે લાવ દેખાડ.

فَاَلْقٰى عَصَاهُ فَاِذَا هِيَ ثُعْبَانٌ مُّبِيْنٌ ﴿٣٢﴾

(૩૨) આથી મૂસાએ પોતાનો અસા (ઝમીન પર) ફેંક્યો કે તે તરતજ એક દેખીતો અજગર બની ગયો:

وَّنَزَعَ يَدَهٗ فَاِذَا هِيَ بَيْضَآءُ لِلنّٰظِرِيْنَ ﴿٣٣﴾

(૩૩) અને પોતાનો હાથ જેવો (બગલમાં નાખી પાછો) કાઢ્યો તેવોજ તે સઘળા જોનારાઓને સફેદ ચકચકતો દેખાયો.

قَالَ لِلْمَلَاِ حَوْلَهٗٓ اِنَّ هٰذَا لَسٰحِرٌ عَلِيْمٌ ﴿٣٤﴾

(૩૪) (આથી ફિરઔન) પોતાની આજુબાજુના દરબારીઓ (પર દ્રષ્ટિ નાખીને) બોલ્યો, નિસંશય આ મહા પ્રવીણ જાદુગર છે ઃ

يُّرِيۡدُ اَنۡ يُّخۡرِجَكُمۡ مِّنۡ اَرۡضِكُمۡ بِسِحۡرِهٖ ۖ فَمَاذَا تَاۡمُرُوۡنَ ﴿۳۵﴾

(૩૫) જે (એવું) ચાહે છે કે તમને તમારા દેશમાંથી પોતાના જાદુઇ બળ વડે કાઢી મૂકે. માટે (તેના સંબંધમાં) તમે શી સલાહ આપો છો ?

قَالُوۡۤا اَرۡجِهۡ وَاَخَاهُ وَابۡعَثۡ فِى الۡمَدَآٮِٕنِ حٰشِرِيۡنَ ۙ﴿۳۶﴾

(૩૬) તેમણે કહ્યું કે તેને તથા તેના ભાઇને (થોડીક) મોહલત આપ, અને (તમામ) શહેરોમાં ભેગા કરનારને મોકલ ઃ

يَأْتُوكَ بِكُلِّ سَحَّارٍ عَلِيمٍ ﴿٣٧﴾

(૩૭) કે જેથી તેઓ તારા માટે સઘળા પ્રવીણ જાદુગરો (ભેગા કરી) લાવે.

فَجُمِعَ السَّحَرَةُ لِمِيقَاتِ يَوْمٍ مَّعْلُومٍ ﴿٣٨﴾

(૩૮) આથી એક નિશ્ચિત સમયે તમામ જાદુગરો ભેગા કરવામાં આવ્યા.

وَقِيلَ لِلنَّاسِ هَلْ أَنتُم مُّجْتَمِعُونَ ﴿٣٩﴾

(૩૯) અને સર્વે લોકોને પણ કહી દેવામાં આવ્યું કે શું તમે લોકો પણ ભેગા થશો કે નહિ ?

لَعَلَّنَا نَتَّبِعُ السَّحَرَةَ إِن كَانُوا هُمُ الْغَالِبِينَ ﴿٤٠﴾

(૪૦) કે કદાચને જાદુગરો પ્રબળતા પામે તો આપણે તેમનું જ અનુકરણ કરીએ.

فَلَمَّا جَآءَ السَّحَرَةُ قَالُوْا لِفِرْعَوْنَ أَإِنَّ لَنَا لَاَجْرًا اِنْ كُنَّا نَحْنُ الْغٰلِبِيْنَ ﴿٤١﴾

(૪૧) પછી જ્યારે જાદુગરો (નક્કી કરેલા સ્થળે) આવી ગયા ત્યારે તેમણે ફિરઔનને કહ્યું કે જો અમે પ્રબળતા મેળવીએ તો અમને કાંઇ બદલો પણ મળશે કે ?

قَالَ نَعَمْ وَاِنَّكُمْ اِذًا لَّمِنَ الْمُقَرَّبِيْنَ ﴿٤٢﴾

(૪૨) તેણે કહ્યું, જરૂર (મળશે અને વળી) તમે (મારા) નજીકના બેસનારા પણ થઇ જશો.

قَالَ لَهُمْ مُّوْسٰٓى اَلْقُوْا مَآ اَنْتُمْ مُّلْقُوْنَ﴿۴۳﴾

(૪૩) (પછી) મૂસાએ તે (જાદુગરો)ને કહ્યું કે જે કાંઇ તમારે (જાદુના દાવ) નાખવા હોય તે નાખો.

فَاَلْقَوْا حِبَالَهُمْ وَعِصِيَّهُمْ وَقَالُوْا بِعِزَّةِ فِرْعَوْنَ اِنَّا لَنَحْنُ الْغٰلِبُوْنَ﴿۴۴﴾

(૪૪) જેથી તેમણે પોતાની દોરડીઓ તથા લાકડીઓ (વિગેરે) નાખીને કહ્યું કે ફિરઔનની ઇજ્જતની કસમ ! અમે જરૂર પ્રબળતા પામીશું.

فَاَلْقٰى مُوْسٰى عَصَاهُ فَاِذَا هِىَ تَلْقَفُ مَا يَاْفِكُوْنَ﴿۴۵﴾ۚۖ

(૪૫) પછી મૂસાએ પણ પોતાની લાઠી નાખી (તો લોકો) જુએ છે શું ! તેમણે જે ઢોંગ ધતુરા બનાવ્યા

હતા તે સઘળાને તે (લાઠી અજગર બની) ગળી જાય છે.

فَأُلْقِيَ السَّحَرَةُ سٰجِدِيْنَ ﴿٤٦﴾

(૪૬) આથી (તમામ) જાદુગરો સિજદામાં પડ્યાઃ

قَالُوْٓا اٰمَنَّا بِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٤٧﴾

(૪૭) અને કહેવા લાગ્યા કે અમે સઘળી દુનિયાઓના પરવરદિગાર પર ઇમાન લાવ્યા ઃ

رَبِّ مُوْسٰى وَهٰرُوْنَ ﴿٤٨﴾

(૪૮) (યાને) મૂસા તથા હારૂનના પરવરદિગાર પર.

قَالَ اٰمَنْتُمْ لَهٗ قَبْلَ اَنْ اٰذَنَ لَكُمْ ۚ اِنَّهٗ لَكَبِيْرُكُمُ الَّذِيْ
عَلَّمَكُمُ السِّحْرَ ۚ فَلَسَوْفَ تَعْلَمُوْنَ ۬ؕ لَاُقَطِّعَنَّ اَيْدِيَكُمْ
وَاَرْجُلَكُمْ مِّنْ خِلَافٍ وَّلَاُوصَلِّبَنَّكُمْ اَجْمَعِيْنَ ﴿۴۹﴾

(૪૯) (ફિરઔને) કહ્યું કે શું હું તમને રજા આપું તે પહેલાંજ તમે તેના પર ઇમાન લઇ આવ્યા ? નિસંદેહ એ તમારો ગુરૂ છે કે જેણે તમને જાદુ શીખવ્યો છે, પણ ખરેજ આગળ જતાં તમને જણાઇ આવશે (કે તેમ કરવાની શી સજા છે); હું તમારા ઉલ્ટા સૂલ્ટા હાથ પગ અવશ્ય કાપી નાખીશ, અને (પછી) તમો સર્વેને ખરેખરજ ફાંસીએ ચઢાવીશ.

قَالُوْا لَا ضَيْرَ ۫ اِنَّآ اِلٰى رَبِّنَا مُنْقَلِبُوْنَ ﴿۵۰﴾

(૫૦) તેમણે કહ્યું કાંઇ પરવાહ નહિ; નિસંશય અમે અમારા પરવરદિગાર તરફ જ રજૂ થઇએ છીએ.

اِنَّا نَطْمَعُ اَنْ يَّغْفِرَ لَنَا رَبُّنَا خَطٰيٰنَآ اَنْ كُنَّآ اَوَّلَ الْمُؤْمِنِيْنَ ﴿۵۱﴾

(૫૧) અમે નિસંશય એવી આશા રાખીએ છીએ કે અમારો પરવરદિગાર અમારા ગુનાહ માફ કરી દેશે, (કારણ કે તમો સર્વેમાં) અમેજ પહેલા ઇમાન લાવનારા છીએ.

وَاَوْحَيْنَآ اِلٰى مُوْسٰٓى اَنْ اَسْرِ بِعِبَادِيْٓ اِنَّكُمْ مُّتَّبَعُوْنَ ﴿۵۲﴾

(૫૨) અને અમોએ મૂસાને વહી કરી કે તું મારા બંદાઓને (અહીંથી) કાઢી લઇ જા, (કારણ કે) તમારો પીછો કરવામાં આવશે.

فَأَرْسَلَ فِرْعَوْنُ فِي الْمَدَآئِنِ حٰشِرِيْنَ ﴿٥٣﴾

(૫૩) પછી ફિરઔને (લશ્કર ભેગું કરવાના વિચારે) શહેરોમાં ભેગા કરનારા મોકલ્યા.

إِنَّ هٰٓؤُلَآءِ لَشِرْذِمَةٌ قَلِيْلُوْنَ ﴿٥٤﴾

(૫૪) (અને કહેવડાવી મોકલ્યું કે) નિસંશય તે (મૂસા)નું આ ટોળું તો (ઘણુંજ) નાનું છે ः

وَإِنَّهُمْ لَنَا لَغَآئِظُوْنَ ﴿٥٥﴾

(૫૫) અને વળી એ લોકોએ આપણને સખત ક્રોધાયમાન કર્યા છે ઃ

وَاِنَّا لَجَمِيْعٌ حٰذِرُوْنَ ﴿٥٦﴾

(૫૬) અને આપણે તો સઘળાને સઘળા જ હથિયારબંધ છીએ.

فَاَخْرَجْنٰهُمْ مِّنْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿٥٧﴾

(૫૭) સારાંશ કે આવી રીતે અમોએ તેમને બગીચા તથા ઝરણાંઓમાંથી બહાર કાઢ્યા ઃ

وَّكُنُوْزٍ وَّمَقَامٍ كَرِيْمٍ ﴿٥٨﴾

(૫૮) અને ખજાના તથા સુંદર મકાનોમાંથી પણઃ

كَذٰلِكَ ؕ وَاَوْرَثْنٰهَا بَنِيْۤ اِسْرَآءِيْلَ ﴿٥٩﴾

(૫૯) (આખરે) એમજ થયું; અને અમોએ બની ઇસરાઇલને તે (સર્વે વસ્તુઓ)ના વારસ બનાવ્યા.

فَاَتْبَعُوْهُمْ مُّشْرِقِيْنَ ۝٦٠

(૬૦) પછી સૂર્યોદય થતાં થતાં તે (ફિરઔની)ઓએ તેમનો પીછો કર્યો.

فَلَمَّا تَرَآءَ الْجَمْعٰنِ قَالَ اَصْحٰبُ مُوْسٰۤى اِنَّا لَمُدْرَكُوْنَ ۝٦١

(૬૧) પછી જ્યારે બન્ને ટોળાંઓએ એકબીજાને જોયા ત્યારે મૂસાના સાથીઓ (ભયભીત બની) બોલી ઉઠ્યા કે (હાય!) ખરેજ આપણા પર (શત્રુઓ) આવી પહોંચ્યા.

قَالَ كَلَّا ۚ اِنَّ مَعِیَ رَبِّیْ سَیَهْدِیْنِ ۝٦٢

(૬૨) (મૂસાએ) ફરમાવ્યું, હરગિજ તેમ નહિ થાય, નિસંશય મારો પરવરદિગાર મારી સાથે છે, તે તરતજ મને (મુક્તિનો) માર્ગ દેખાડી દેશે.

فَاَوۡحَيۡنَاۤ اِلٰى مُوۡسٰٓى اَنِ اضۡرِبْ بِّعَصَاكَ الۡبَحۡرَ‌ ؕ فَانۡفَلَقَ فَكَانَ كُلُّ فِرۡقٍ كَالطَّوۡدِ الۡعَظِيۡمِ‌ ۚ‏ ﴿۶۳﴾

(૬૩) પછી અમોએ મૂસાને વહી કરી કે તું તારી લાઠી સમુદ્ર પર માર; (જેથી લાઠી મારતાંજ) તે ફાટી ગયો અને તેનો દરેક ભાગ એક મોટા પહાડ જેવો બની ગયો.

وَاَزۡلَفۡنَا ثَمَّ الۡاٰخَرِيۡنَ‌ۚ‏ ﴿۶۴﴾

(૬૪) અને બીજાઓને (યાને ફિરઔનીઓને) અમોએ ત્યાંજ પાસે કરી દીધા.

وَاَنْجَيْنَا مُوْسٰى وَمَنْ مَّعَهٗۤ اَجْمَعِيْنَ ﴿٦٥﴾

(૬૫) અને અમોએ મૂસાને તથા જેઓ તેની સાથે હતા તે સઘળાઓને બચાવી લીધા.

ثُمَّ اَغْرَقْنَا الْاٰخَرِيْنَ ﴿٦٦﴾

(૬૬) પછી બીજાઓને અમોએ ડુબાડી દીધા.

اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿٦٧﴾

(૬૭) નિસંશય એમાં નિશાની મોજૂદ છે; જો કે તે (મૂસાની કોમ)માંથી ઘણાંખરા ઇમાન લાવનારા ન હતા.

وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿٦٨﴾

(૬૮) અને બેશક તારો પરવરદિગાર એજ છે જે સમર્થ (અને) દયાળુ છે.

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ اِبْرٰهِيْمَ ﴿٦٩﴾

(૬૯) અને (અય રસૂલ !) તું તેમને ઇબ્રાહીમની ખબર વાંચી સંભળાવ.

اِذْ قَالَ لِاَبِيْهِ وَقَوْمِهٖ مَا تَعْبُدُوْنَ ﴿٧٠﴾

(૭૦) જ્યારે તેણે પોતાના (પાલક) બાપ તથા પોતાની કોમને કહ્યું કે તમે કઇ વસ્તુની પૂજા કરો છો?

قَالُوْا نَعْبُدُ اَصْنَامًا فَنَظَلُّ لَهَا عٰكِفِيْنَ ﴿٧١﴾

(૭૧) તેમણે કહ્યું, અમે તો મૂર્તિઓની પૂજા કર્યા કરીએ છીએ, અને તેમના જ પૂજારી બનેલા રહીશું.

قَالَ هَلْ يَسْمَعُوْنَكُمْ اِذْ تَدْعُوْنَ ﴿۷۲﴾

(૭૨) ફરમાવ્યું, જ્યારે તમે તે (મૂર્તિ)ઓને પોકારો છો ત્યારે શું તેઓ તમારૂં (કાંઇ) સાંભળે પણ છે કે?

اَوْ يَنْفَعُوْنَكُمْ اَوْ يَضُرُّوْنَ ﴿۷۳﴾

(૭૩) અથવા તમને (કાંઇ) લાભ કે હાનિ પહોંચાડે છે?

قَالُوْا بَلْ وَجَدْنَآ اٰبَآءَنَا كَذٰلِكَ يَفْعَلُوْنَ ﴿۷۴﴾

(૭૪) તેમણે કહ્યું, (એવું તો કાંઇ નથી) પણ અમોએ અમારા બાપદાદાઓને તેમ કરતા જોયા છે.

قَالَ اَفَرَءَيۡتُمۡ مَّا كُنۡتُمۡ تَعۡبُدُوۡنَ ۙ﴿۷۵﴾

(૭૫) ફરમાવ્યું, તમોએ વિચાર પણ કર્યો કે તમે કઇ વસ્તુની પૂજા કરો છો ◌ઃ

اَنۡتُمۡ وَاٰبَآؤُكُمُ الۡاَقۡدَمُوۡنَ ۖ﴿۷۶﴾

(૭૬) તમે અને તમારા આગલા બાપદાદાઓ પણ?

فَاِنَّهُمۡ عَدُوٌّ لِّىۡۤ اِلَّا رَبَّ الۡعٰلَمِيۡنَ ۙ﴿۷۷﴾

(૭૭) બસ, એજ તો મારા ખરેખરા દુશ્મનો છે, સિવાય કે તે જગતનો પાલનહાર (મારો સાચો મિત્ર છે)ઃ

الَّذِىۡ خَلَقَنِىۡ فَهُوَ يَهۡدِيۡنِ ۙ‏﴿۷۸﴾

(૭૮) જેણે મને પેદા કર્યો, અને એજ મને સન્માર્ગ દેખાડશે ઃ

وَالَّذِىۡ هُوَ يُطۡعِمُنِىۡ وَيَسۡقِيۡنِ ۙ‏﴿۷۹﴾

(૭૯) અને એજ મને ખાવાનું ખવડાવે છે અને મને પાણી પીવડાવે છે ઃ

وَاِذَا مَرِضۡتُ فَهُوَ يَشۡفِيۡنِ ۙ‏﴿۸۰﴾

(૮૦) અને જ્યારે હું માંદો પડું છું ત્યારે તે મને સાજો કરે છે ઃ

وَالَّذِیۡ یُمِیۡتُنِیۡ ثُمَّ یُحۡیِیۡنِ ﴿ۙ۸۱﴾

(૮૧) અને તે એજ છે જે મને મૃત્યુ આપશે, પછી મને પુનઃ સજીવન કરશે ઃ

وَالَّذِیۡۤ اَطۡمَعُ اَنۡ یَّغۡفِرَ لِیۡ خَطِیۡٓـئَتِیۡ یَوۡمَ الدِّیۡنِ ﴿ؕ۸۲﴾

(૮૨) અને તે એજ છે કે જેનાથી હું આશા રાખું છું કે તે ન્યાયના દિવસે મારા ગુનાહ માફ કરી દેશે.

رَبِّ هَبۡ لِیۡ حُکۡمًا وَّاَلۡحِقۡنِیۡ بِالصّٰلِحِیۡنَ ﴿ۙ۸۳﴾

(૮3) અય મારા પરવરદિગાર ! મને સદબુદ્ધિ અર્પણ કર, અને મને સદાચારીઓમાં ભેળવી દે.

وَاجۡعَلۡ لِّىۡ لِسَانَ صِدۡقٍ فِى الۡاٰخِرِيۡنَۙ‏ ﴿۸۴﴾

(૮૪) અને હવે પછી આવનારા લોકોમાં મારી સત્યવાદી તરીકેની યાદ કાયમ રહે એમ કરઃ

وَاجۡعَلۡنِىۡ مِنۡ وَّرَثَةِ جَنَّةِ النَّعِيۡمِۙ‏ ﴿۸۵﴾

(૮૫) અને મને નેઅમતોવાળી જન્નતોના વારસો માંનો બનાવ ઃ

وَاغۡفِرۡ لِاَبِىۡۤ اِنَّهٗ كَانَ مِنَ الضَّآلِّيۡنَۙ‏ ﴿۸۶﴾

(૮૬) અને મારા (પાલક) બાપના ગુનાહ માફ કરી દે, બેશક તે ગુમરાહો માંનો છે ઃ

وَلَا تُخۡزِنِىۡ يَوۡمَ يُبۡعَثُوۡنَۙ‏ ﴿۸۷﴾

(૮૭) અને જે દિવસે લોકોને (કબરોમાંથી) પુનઃ ઉઠાડવામાં આવે તે દિવસે મને ફજેત ન કરજેઃ

يَوْمَ لَا يَنْفَعُ مَالٌ وَّلَا بَنُوْنَ ﴿۸۸﴾

(૮૮) જે દિવસે ન સંપત્તિ કોઇને લાભ પહોંચાડશે ન સંતતિ ઃ

اِلَّا مَنْ اَتَى اللّٰهَ بِقَلْبٍ سَلِيْمٍ ﴿۸۹﴾

(૮૯) સિવાય કે જેઓ નિર્મળ મન લઇને અલ્લાહની હજૂરમાં આવશે.

وَاُزْلِفَتِ الْجَنَّةُ لِلْمُتَّقِيْنَ ﴿۹۰﴾

(૯૦) અને જન્નત પરહેઝગારોની (તદ્દન) પાસે કરી દેવામાં આવશે.

وَبُرِّزَتِ الْجَحِيْمُ لِلْغٰوِيْنَ ﴿٩١﴾

(૯૧) અને જહન્નમ ગુમરાહોની સામે ખુલ્લી કરી નાખવામાં આવશે ઃ

وَقِيْلَ لَهُمْ اَيْنَ مَا كُنْتُمْ تَعْبُدُوْنَ ﴿٩٢﴾

(૯૨) અને તેમને કહેવામાં આવશે કે તમે જેની પૂજા કરતા હતા તેઓ હવે ક્યાં છે?

مِنْ دُوْنِ اللّٰهِ ؕ هَلْ يَنْصُرُوْنَكُمْ اَوْ يَنْتَصِرُوْنَ ﴿٩٣﴾

(૯૩) અલ્લાહને છોડી; શું તેઓ તમારી કાંઇ મદદ કરી શકે છે, અથવા તેઓ પોતે પોતાને મદદ કરી શકે છે?

فَكُبْكِبُوْا فِيْهَا هُمْ وَالْغَاوٗنَ ﴿٩٤﴾

(૯૪) પછી તે (બધા)ઓને તથા ગુમરાહ લોકોને તે (જહન્નમ)માં ઊંધે મોઢે નાખી દેવામાં આવશેઃ

وَجُنُوۡدُ اِبۡلِيۡسَ اَجۡمَعُوۡنَ ﴿٩٥﴾

(૯૫) અને ઇબ્લીસનું આખું લશ્કર પણ.

قَالُوۡا وَهُمۡ فِيۡهَا يَخۡتَصِمُوۡنَ ﴿٩٦﴾

(૯૬) અને જ્યારે તેઓ જહન્નમમાં ઝઘડો કરતા હશે ત્યારે (પોતાના માઅબૂદોને) કહેશે કે ઃ

تَاللّٰهِ اِنۡ كُنَّا لَفِىۡ ضَلٰلٍ مُّبِيۡنٍ ﴿٩٧﴾

(૯૭) અલ્લાહની કસમ! અમે ખરેજ ખુલ્લી ગુમરાહીમાં હતા ઃ

اِذۡ نُسَوِّيۡكُمۡ بِرَبِّ الۡعٰلَمِيۡنَ ﴿٩٨﴾

(૯૮) જ્યારે કે અમે તમને દુનિયાઓના પરવરદિગારની બરાબર ગણતા હતા.

وَمَآ اَضَلَّنَآ اِلَّا الْمُجْرِمُوْنَ ﴿٩٩﴾

(૯૯) અને અમને આ ગુનેહગારો સિવાય બીજા કોઇએ ઊંધે માર્ગે દોર્યા ન હતા.

فَمَا لَنَا مِنْ شَافِعِيْنَ ﴿١٠٠﴾

(૧૦૦) જેથી (હવે) અમારો ન કોઇ ભલામણ કરનારો છેઃ

وَلَا صَدِيْقٍ حَمِيْمٍ ﴿١٠١﴾

(૧૦૧) અને ન કોઇ ખરો મિત્ર.

فَلَوْ اَنَّ لَنَا كَرَّةً فَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿١٠٢﴾

(૧૦૨) પણ જો અમને (દુનિયામાં) એકવાર પાછું જવાનું મળે તો અમે જરૂર મોઅમીનો માંના થઇ જઇએ.

اِنَّ فِيۡ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكۡثَرُهُمۡ مُّؤۡمِنِيۡنَ ۝١٠٣

(૧03) બેશક આ (કિસ્સા)માં પણ નિશાની મોજૂદ છે; જો કે તે (ઇબ્રાહીમની કોમ)માંથી પણ ઘણાંખરા ઇમાન લાવનારા ન હતા.

وَاِنَّ رَبَّكَ لَهُوَ الۡعَزِيۡزُ الرَّحِيۡمُ ۝١٠٤

(૧0૪) અને બેશક તારો પરવરદિગાર એજ છે કે જે મહા બળવાન (અને) દયાળુ છે.

كَذَّبَتۡ قَوۡمُ نُوۡحِ ۨالۡمُرۡسَلِيۡنَ ۝١٠٥

(૧૦૫) (અને એવીજ રીતે) નૂહની કોમે પણ પયગમ્બરોને જૂઠલાવ્યા.

إِذْ قَالَ لَهُمْ أَخُوهُمْ نُوحٌ أَلَا تَتَّقُونَ ﴿١٠٦﴾

(૧૦૬) જે વખતે તેમના ભાઇ નૂહે તેમને કહ્યું કે શું તમે (અલ્લાહથી) ડરતા નથી ?

إِنِّي لَكُمْ رَسُولٌ أَمِينٌ ﴿١٠٧﴾

(૧૦૭) નિસંશય ! હું તમારા માટે એક વિશ્વાસપાત્ર પયગમ્બર છું ઃ

فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٠٨﴾

(૧૦૮) માટે ખુદાથી ડરો અને મારી આજ્ઞા માનો.

وَمَآ اَسۡـَٔلُكُمۡ عَلَيۡهِ مِنۡ اَجۡرٍ‌ ۚ اِنۡ اَجۡرِىَ اِلَّا عَلٰى رَبِّ
الۡعٰلَمِيۡنَ‌ۚ‏ ﴿۱۰۹﴾

(૧૦૯) અને હું તમારી પાસે આ (સંદેશો) પહોંચાડવાની કાંઇ મજૂરી માંગતો નથી, મારી મજૂરી તો જગતના પાલનહારના માથે છે.

فَاتَّقُوا اللّٰهَ وَاَطِيۡعُوۡنِ ؕ‏ ﴿۱۱۰﴾

(૧૧૦) માટે તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

قَالُوۡۤا اَنُؤۡمِنُ لَكَ وَاتَّبَعَكَ الۡاَرۡذَلُوۡنَ ؕ‏ ﴿۱۱۱﴾

(૧૧૧) તેઓ કહેવા લાગ્યા, શું અમે એવી હાલતમાં તારા પર ઇમાન લઇ આવીએ કે માત્ર

હલકા વર્ગના લોકોએ (લાલચમાં સપડાઇ) તારૂં અનુકરણ કર્યું છે.

قَالَ وَمَا عِلْمِیْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١١٢﴾

(૧૧૨) (નૂહે) કહ્યું, તેઓ જે કાંઇ કરતા રહે છે તેની ખબર મને નથી.

اِنْ حِسَابُهُمْ اِلَّا عَلٰی رَبِّیْ لَوْ تَشْعُرُوْنَ ﴿١١٣﴾

(૧૧૩) જો તમે સમજતા હો તો (આ જાણી લો કે) તેમનો હિસાબ તો મારા ખુદાના જ માથે છે.

وَمَاۤ اَنَا بِطَارِدِ الْمُؤْمِنِيْنَ ﴿١١٤﴾

(૧૧૪) અને હું તો મોઅમીનોનો ત્યાગ કરી દેનારો નથી.

إِنۡ أَنَا إِلَّا نَذِيرٞ مُّبِينٞ ﴿١١٥﴾

(૧૧૫) (બલ્કે) હું તો (અલ્લાહના અઝાબથી) એક ખુલ્લો ડરાવનારો છું.

قَالُواْ لَئِن لَّمۡ تَنتَهِ يَٰنُوحُ لَتَكُونَنَّ مِنَ ٱلۡمَرۡجُومِينَ ﴿١١٦﴾

(૧૧૬) તેમણે કહ્યું કે અય નૂહ ! અગર તું નહિ અટકે તો તને પત્થરો મારી જરૂર મારી નાખવામાં આવશે.

قَالَ رَبِّ إِنَّ قَوۡمِي كَذَّبُونِ ﴿١١٧﴾

(૧૧૭) (નૂહે) અરજ કરી કે અય મારા પરવરદિગાર નિસંશય મારી કોમે મને જૂઠલાવ્યો છે.

فَافۡتَحۡ بَيۡنِىۡ وَبَيۡنَهُمۡ فَتۡحًا وَّنَجِّنِىۡ وَمَنۡ مَّعِىَ مِنَ

الۡمُؤۡمِنِيۡنَ﴿۱۱۸﴾

(૧૧૮) માટે તું મારી અને તેમની વચ્ચે યોગ્ય ફેંસલો કરી દે અને તું મને તથા ઇમાન લાવનારાઓ માંના જેઓ મારી સાથે છે તેમને બચાવી લે.

فَاَنۡجَيۡنٰهُ وَمَنۡ مَّعَهٗ فِى الۡفُلۡكِ الۡمَشۡحُوۡنِ‌﴿۱۱۹﴾

(૧૧૯) આથી અમોએ તેને તથા તેની સાથે જેઓ તે ભરેલા વહાણમાં હતા તેમને બચાવી લીધા.

ثُمَّ اَغۡرَقۡنَا بَعۡدُ الۡبٰقِيۡنَ‌ؕ﴿۱۲۰﴾

(૧૨૦) પછી ત્યાર બાદ બાકી રહેલાઓને ડુબાડી દીધા.

اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیَۃً ؕ وَ مَا کَانَ اَکۡثَرُہُمۡ مُّؤۡمِنِیۡنَ ﴿۱۲۱﴾

(૧૨૧) નિસંશય એમાં પણ એક નિશાની છે; જોકે તે (નૂહની કોમ)માંથી ઘણાંખરા ઇમાન લાવનારા ન હતા.

وَ اِنَّ رَبَّکَ لَہُوَ الۡعَزِیۡزُ الرَّحِیۡمُ ﴿۱۲۲﴾

(૧૨૨) અને બેશક તારો પરવરદિગાર એજ છે જે ઝબરદસ્ત (અને) દયાવાન છે.

کَذَّبَتۡ عَادُ ۣ الۡمُرۡسَلِیۡنَ ﴿۱۲۳﴾ۚۖ

(૧૨૩) (એવીજ રીતે) આદના કબીલા (ના લોકો)એ પણ રસૂલોને જૂઠલાવ્યા.

إِذْ قَالَ لَهُمْ أَخُوهُمْ هُودٌ أَلَا تَتَّقُونَ ﴿١٢٤﴾

(૧૨૪) જ્યારે તેમના ભાઇ હુદે તેમને કહ્યું કે શું તમે (અલ્લાહથી) નથી ડરતા ?

إِنِّي لَكُمْ رَسُولٌ أَمِينٌ ﴿١٢٥﴾

(૧૨૫) બેશક હું તમારા માટે એક વિશ્વાસને પાત્ર રસૂલ છું.

فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٢٦﴾

(૧૨૬) માટે તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

وَمَآ اَسۡـَٔلُكُمۡ عَلَيۡهِ مِنۡ اَجۡرٍۚ اِنۡ اَجۡرِىَ اِلَّا عَلٰى رَبِّ
الۡعٰلَمِيۡنَؕ‏ ﴿۱۲۷﴾

(૧૨૭) અને આ (સંદેશો) પહોંચાડવા બદલ હું તમારી પાસે કોઇ મજૂરી માંગતો નથી, મારી મજૂરી તો જગતના પાલનહારના માથે છે.

اَتَبۡنُوۡنَ بِكُلِّ رِيۡعٍ اٰيَةً تَعۡبَثُوۡنَۙ‏ ﴿۱۲۸﴾

(૧૨૮) શું તમે (કીર્તિ માટે) દરેક ઊંચા સ્થળે નિશાનીઓ (ઊંચી ઊંચી ઇમારતો વગેરે) બાંધો છો ? વ્યર્થ છે આ જે તમે કરો છો ઃ

وَتَتَّخِذُوۡنَ مَصَانِعَ لَعَلَّكُمۡ تَخۡلُدُوۡنَۚ‏ ﴿۱۲۹﴾

(૧૨૯) અને મજબૂત મજબૂત કિલ્લા ચણો છો? જાણે તમે અમર રહેનારા કેમ ન હો ?

وَإِذَا بَطَشْتُمْ بَطَشْتُمْ جَبَّارِينَ ﴿١٣٠﴾

(૧30) અને જ્યારે તમે (કોઇના ઉપર) હાથ નાખો છો ત્યારે ઝુલમગારોની જેમ હાથ નાખો છો.

فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٣١﴾

(૧૩૧) માટે તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

وَاتَّقُوا الَّذِي أَمَدَّكُمْ بِمَا تَعْلَمُونَ ﴿١٣٢﴾

(૧૩૨) અને તમે તેનાથી ડરો કે જેણે તમારી સહાય એવી વસ્તુઓ વડે કરી છે કે જે તમે (સારી રીતે) જાણો છો.

اَمَدَّكُمْ بِاَنْعَامٍ وَّبَنِيْنَ ﴿١٣٣﴾

(૧૩૩) તેણે પશુઓ તથા પુત્રો વડે તમારી સહાય કરી છેઃ

وَجَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿١٣٤﴾

(૧૩૪) અને બગીચાઓ તથા ઝરણાંઓથી પણ.

اِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٣٥﴾

(૧૩૫) નિસંશય હું તમારા માટે મહાન દિવસના અઝાબનો ભય રાખું છું.

قَالُوْا سَوَآءٌ عَلَيْنَآ اَوَعَظْتَ اَمْ لَمْ تَكُنْ مِّنَ الْوٰعِظِيْنَ ﴿١٣٦﴾

(૧૩૬) તેમણે કહ્યું કે ચાહે તું નસીહત કરે યા નસીહત કરનારાઓ માંનો ન થાય એ (સઘળું) અમારા માટે સમાન છેઃ

اِنْ هٰذَآ اِلَّا خُلُقُ الْاَوَّلِيْنَ ﴿١٣٧﴾

(૧૩૭) આ તો આગલા લોકોની ટેવ (રૂઢી) છેઃ

وَمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ﴿١٣٨﴾

(૧૩૮) અને અમે અઝાબમાં સપડાનારા નથી.

فَكَذَّبُوْهُ فَاَهْلَكْنٰهُمْ ۗ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ۗ وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿١٣٩﴾

(૧૩૯) સારાંશ કે તેમણે તે (હૂદ)ને (દરેક રીતે) જૂઠલાવ્યો, જેથી અમોએ તેમનો નાશ કરી નાખ્યો; બેશક એમાં પણ એક નિશાની છે. જો કે તે (હૂદની કોમ)માંથી ઘણાંખરા ઇમાન લાવનારા ન હતા.

وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٤٠﴾

(૧૪૦) અને નિસંશય તારો પરવરદિગાર એજ છે જે ઝબરદસ્ત (અને) દયાવાન છે.

كَذَّبَتْ ثَمُوْدُ الْمُرْسَلِيْنَ ﴿١٤١﴾

(૧૪૧) (એવીજ રીતે) સમૂદના કબીલા(ના લોકો)એ પણ રસૂલોને જૂઠલાવ્યા હતા.

اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ صٰلِحٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٤٢﴾

(૧૪૨) જ્યારે કે તેમના ભાઇ સાલેહે તેમને કહ્યું કે શું તમે (અલ્લાહથી) નથી ડરતા ?

اِنِّیۡ لَکُمۡ رَسُوۡلٌ اَمِیۡنٌ ﴿۱۴۳﴾

(૧૪૩) બેશક હું તમારા માટે એક વિશ્વાસને પાત્ર રસૂલ છું.

فَاتَّقُوا اللّٰہَ وَ اَطِیۡعُوۡنِ ﴿۱۴۴﴾

(૧૪૪) માટે તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

وَ مَاۤ اَسۡـَٔلُکُمۡ عَلَیۡہِ مِنۡ اَجۡرٍ ۚ اِنۡ اَجۡرِیَ اِلَّا عَلٰی رَبِّ
الۡعٰلَمِیۡنَ ﴿۱۴۵﴾

(૧૪૫) અને હું તમારી પાસે તે (સંદશો) પહોંચાડવા બદલ કાંઇ મહેનતાણું માંગતો નથી, મારો બદલો તો જગતના પરવરદિગારના માથે છે.

اَتُتۡرَكُوۡنَ فِىۡ مَا هٰهُنَاۤ اٰمِنِيۡنَۙ﴿۱۴۶﴾

(૧૪૬) શું તમે અહીંની વસ્તુઓમાં નિર્ભય સ્થિતિમાં છોડી દેવામાં આવશોઃ

فِىۡ جَنّٰتٍ وَّعُيُوۡنٍۙ﴿۱۴۷﴾

(૧૪૭) (અર્થાત) બગીચા તથા નહેરોમાં

وَّزُرُوۡعٍ وَّنَخۡلٍ طَلۡعُهَا هَضِيۡمٌ‌ۚ﴿۱۴۸﴾

(૧૪૮) અને ખેતરોમાં તથા ખજૂરીના વૃક્ષોમાં કે જેની કળીઓ નાજુક હોય છે ?

وَتَنۡحِتُوۡنَ مِنَ الۡجِبَالِ بُيُوۡتًا فٰرِهِيۡنَ ۚ﴿۱۴۹﴾

(૧૪૯) અને (અઝાબથી બચવા માટે તમારા) ચાતુર્ય વડે પહાડો કોરી (તેમાં) મકાનો બનાવો છો?

فَاتَّقُوا اللّٰهَ وَاَطِيۡعُوۡنِ ۚ﴿۱۵۰﴾

(૧૫૦) માટે તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

وَلَا تُطِيۡعُوۡۤا اَمۡرَ الۡمُسۡرِفِيۡنَ ۙ﴿۱۵۱﴾

(૧૫૧) અને તે અત્યાચારીઓની આજ્ઞા ન માનો ઃ

الَّذِیۡنَ یُفۡسِدُوۡنَ فِی الۡاَرۡضِ وَلَا یُصۡلِحُوۡنَ ﴿۱۵۲﴾

(૧૫૨) કે જેઓ પૃથ્વીમાં ફસાદ કરતા રહે છે અને સુધારણા કરતા નથી.

قَالُوۡۤا اِنَّمَاۤ اَنۡتَ مِنَ الۡمُسَحَّرِیۡنَ ﴿۱۵۳﴾ۚ

(૧૫૩) તેમણે કહ્યું કે સિવાય તેના બીજું કાંઇ નથીકે તારા પર જાદુ કરવામાં આવ્યો છે.

مَاۤ اَنۡتَ اِلَّا بَشَرٌ مِّثۡلُنَا ۖۚ فَاۡتِ بِاٰیَةٍ اِنۡ کُنۡتَ مِنَ الصّٰدِقِیۡنَ ﴿۱۵۴﴾

(૧૫૪) (બાકી) તું અમારા જ જેવો એક માણસ છે, પણ જો તું સાચો હોય તો કોઇ નિશાની લઇ આવ.

قَالَ هٰذِهٖ نَاقَةٌ لَّهَا شِرۡبٌ وَّلَكُمۡ شِرۡبُ يَوۡمٍ مَّعۡلُوۡمٍ ۞١٥٥

(૧૫૫) (સાલેહે) ફરમાવ્યું કે આ એક ઊંટણી (નિશાની તરીકે) છે, પાણી પીવાનો એક નિશ્ચિત દિવસ તેના માટે છે, અને એક નિશ્ચિત દિવસનું પાણી તમો સર્વ માટે છે.

وَلَا تَمَسُّوۡهَا بِسُوۡٓءٍ فَيَاۡخُذَكُمۡ عَذَابُ يَوۡمٍ عَظِيۡمٍ ۞١٥٦

(૧૫૬) અને (ખબરદાર !) તેને ઇજા પહોંચાડવાના હેતુથી અડશો નહિ, નહિ તો તમને એક મહાન દિવસનો અઝાબ આવી પકડશે.

فَعَقَرُوْهَا فَاَصْبَحُوْا نٰدِمِيْنَ ﴿١٥٧﴾

(૧૫૭) છતાં તેમણે તે (ઊંટણી)ના ગોંઠણ કાપી નાખ્યા (અને) પછી પસ્તાવા લાગ્યા.

فَاَخَذَهُمُ الْعَذَابُ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿١٥٨﴾

(૧૫૮) પછી તેમને અઝાબે આવી પકડ્યા; બેશક એમાં પણ નિશાની છે; જોકે તે (સાલેહની કોમ)માંથી ઘણાંખરા ઇમાન લાવ્યા ન હતા.

وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٥٩﴾

(૧૫૯) અને બેશક તારો પરવરદિગાર એજ છે જે ઝબરદસ્ત (અને) દયાવાન છે.

كَذَّبَتْ قَوْمُ لُوطٍ الْمُرْسَلِينَ ﴿١٦٠﴾

(૧૬૦) (એવીજ રીતે) લૂતની કોમે પણ રસૂલોને જૂઠલાવ્યા.

إِذْ قَالَ لَهُمْ أَخُوهُمْ لُوطٌ أَلَا تَتَّقُونَ ﴿١٦١﴾

(૧૬૧) જ્યારે કે તેમના ભાઇ લૂતે તેમને કહ્યું કે શું તમે (અલ્લાહથી) નથી ડરતા ?

إِنِّي لَكُمْ رَسُولٌ أَمِينٌ ﴿١٦٢﴾

(૧૬૨) બેશક હું તમારા માટે એક વિશ્વાસને પાત્ર રસૂલ છું.

فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٦٣﴾

(૧૬૩) માટે તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

وَمَآ اَسۡـَٔلُكُمۡ عَلَيۡهِ مِنۡ اَجۡرٍ‌ ۚ اِنۡ اَجۡرِىَ اِلَّا عَلٰى رَبِّ الۡعٰلَمِيۡنَ ؕ‏ ﴿۱۶۴﴾

(૧૬૪) અને હું તમારી પાસે આ (સંદેશો) પહોંચાડવા બદલ કાંઇ મજૂરી માંગતો નથી, મારી મજૂરી તો જગતના પાલનહારના માથે છે.

اَتَاۡتُوۡنَ الذُّكۡرَانَ مِنَ الۡعٰلَمِيۡنَ ۙ‏ ﴿۱۶۵﴾

(૧૬૫) શું તમે આખી સૃષ્ટિમાં (કેવળ) પુરૂષો પાસેજ જાઓ છોઃ

وَتَذَرُوْنَ مَا خَلَقَ لَكُمْ رَبُّكُمْ مِّنْ اَزْوَاجِكُمْ ؕ بَلْ اَنْتُمْ قَوْمٌ عٰدُوْنَ ﴿١٦٦﴾

(૧૬૬) અને તમારી સ્ત્રીઓને ત્યાગી દો છો કે જે તમારા માટે (તમારા) પરવરદિગારે પેદા કરી છે? બલ્કે વાત આ છે કે તમે હદ ઓળંગી જનારા લોકો છો,

قَالُوْا لَئِنْ لَّمْ تَنْتَهِ يٰلُوْطُ لَتَكُوْنَنَّ مِنَ الْمُخْرَجِيْنَ ﴿١٦٧﴾

(૧૬૭) તેમણે કહ્યું કે અય લૂત ! અગર તું (આવું કહેતાં) નહિ અટકે તો તું (અહીંથી) જરૂર હાંકી કાઢવામાં આવશે.

قَالَ اِنِّىْ لِعَمَلِكُمْ مِّنَ الْقَالِيْنَ ﴿١٦٨﴾ؕ

(૧૬૮) (લૂતે) કહ્યું, નિસંશય હું તમારા કૃત્યોને સખત (રીતે) ધિક્કારનારાઓ માંનો છું.

رَبِّ نَجِّنِيْ وَاَهْلِيْ مِمَّا يَعْمَلُوْنَ ﴿١٦٩﴾

(૧૬૯) અય મારા ખુદા! મને તથા મારા ઘરવાળાઓને આ લોકો જે કૃત્ય કરે છે તેનાથી બચાવી લે.

فَنَجَّيْنٰهُ وَاَهْلَهٗۤ اَجْمَعِيْنَ ﴿١٧٠﴾

(૧૭૦) જેથી અમોએ તેને તથા તેના ઘરવાળા સઘળાઓને બચાવી લીધાઃ

اِلَّا عَجُوْزًا فِي الْغٰبِرِيْنَ ﴿١٧١﴾

(૧૭૧) સિવાય એક વૃધ્ધ સ્ત્રીના કે જે પાછળ રહી જનારાઓ માંની હતી.

ثُمَّ دَمَّرْنَا الْاٰخَرِيْنَ ﴿۱۷۲﴾

(૧૭૨) પછી અમોએ બીજાઓનો સદંતર નાશ કરી નાખ્યો.

وَاَمْطَرْنَا عَلَيْهِمْ مَّطَرًا ۚ فَسَآءَ مَطَرُ الْمُنْذَرِيْنَ ﴿۱۷۳﴾

(૧૭૩) અને અમોએ તેમના પર (પત્થરોનો) વરસાદ વરસાવ્યો; જે લોકો (અઝાબથી) ડરાવવામાં આવ્યા હતા તેમના ઉપર આ કેવો બૂરો વરસાદ હતો?

اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿۱۷۴﴾

(૧૭૪) બેશક એમાં પણ એક નિશાની છે; જો કે તે (લૂતની કોમ)માંથી ઘણાંખરા ઇમાન લાવનારા ન હતા.

وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿١٧٥﴾

(૧૭૫) અને બેશક તારો પરવરદિગાર એજ છે જે મહા બળવાન (અને) દયાળુ છે.

كَذَّبَ اَصْحٰبُ لْـَٔيْكَةِ الْمُرْسَلِيْنَ ﴿١٧٦﴾

(૧૭૬) (એવીજ રીતે) અયકાવાળા (વનવાસી)ઓએ પણ પયગમ્બરોને જૂઠલાવ્યા.

اِذْ قَالَ لَهُمْ شُعَيْبٌ اَلَا تَتَّقُوْنَ ﴿١٧٧﴾

(૧૭૭) જ્યારે કે શોઅયબે તેમને કહ્યું કે શું તમે (અલ્લાહથી) નથી ડરતા?

اِنِّىۡ لَـكُمۡ رَسُوۡلٌ اَمِيۡنٌ ۙ‏ ﴿۱۷۸﴾

(૧૭૮) બેશક હું તમારા માટે એક વિશ્વાસપાત્ર રસૂલ છું.

فَاتَّقُوا اللّٰهَ وَاَطِيۡعُوۡنِ‌ ۚ‏ ﴿۱۷۹﴾

(૧૭૯) માટે તમે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

وَمَاۤ اَسۡـَٔـلُكُمۡ عَلَيۡهِ مِنۡ اَجۡرٍ‌ ۚ اِنۡ اَجۡرِىَ اِلَّا عَلٰى رَبِّ الۡعٰلَمِيۡنَ ؕ‏ ﴿۱۸۰﴾

(૧૮૦) અને હું તમારી પાસેથી આ (સંદેશો) પહોંચાડવા બદલ કાંઇ મહેનતાણું માંગતો નથી, મારૂં મહેનતાણું તો જગતના પાલનહારના માથે છે.

اَوۡفُوا الۡكَيۡلَ وَلَا تَكُوۡنُوۡا مِنَ الۡمُخۡسِرِيۡنَ ۚ‏ ﴿۱۸۱﴾

(૧૮૧) (અય લોકો !) તોલ માપ પૂરાં આપો, અને (બીજાઓને) ઓછું આપનારાઓ માંના ન થાઓ,

وَزِنُوۡا بِالۡقِسۡطَاسِ الۡمُسۡتَقِيۡمِ‌ ۚ‏ ﴿۱۸۲﴾

(૧૮૨) અને સમતોલ ત્રાજવાં વડે જોખો.

وَلَا تَبۡخَسُوا النَّاسَ اَشۡيَآءَهُمۡ وَلَا تَعۡثَوۡا فِى الۡاَرۡضِ مُفۡسِدِيۡنَ‌ ۚ‏ ﴿۱۸۳﴾

(૧૮૩) અને લોકોને તેમની વસ્તુઓમાં ઓછું ન આપો, અને પૃથ્વી પર ફસાદ ફેલાવતા ફરો નહિ.

وَاتَّقُوا الَّذِىۡ خَلَقَكُمۡ وَالۡجِبِلَّةَ الۡاَوَّلِيۡنَؕ‏ ﴿۱۸۴﴾

(૧૮૪) અને જેણે તમને તથા (તમારી) પહેલાંની મખ્લુક સર્જી છે તેનાથી ડરતા રહો.

قَالُوۡۤا اِنَّمَاۤ اَنۡتَ مِنَ الۡمُسَحَّرِيۡنَۙ‏ ﴿۱۸۵﴾

(૧૮૫) તેઓ બોલ્યા, (અય શોઅયબ !) તારા પર તો જાદુ કરી દેવામાં આવ્યો છે:

وَمَاۤ اَنۡتَ اِلَّا بَشَرٌ مِّثۡلُنَا وَاِنۡ نَّظُنُّكَ لَمِنَ الۡـكٰذِبِيۡنَ‌ۚ‏ ﴿۱۸۶﴾

(૧૮૬) અને તું તો અમારા જેવોજ એક માણસ છે અને અમે તો તને જૂઠાઓ માંનો સમજીએ છીએ.

فَاَسۡقِطۡ عَلَيۡنَا كِسَفًا مِّنَ السَّمَآءِ اِنۡ كُنۡتَ مِنَ

الصّٰدِقِيۡنَؕ ﴿۱۸۷﴾

(૧૮૭) અને જો તું સાચાઓ માંનો હોય તો અમારા પર આસમાનનો એક ટુકડો તોડી પાડ.

قَالَ رَبِّىۡۤ اَعۡلَمُ بِمَا تَعۡمَلُوۡنَ ﴿۱۸۸﴾

(૧૮૮) (શોઅયબે) ફરમાવ્યું, તમે જે કાંઇ કરો છો તે (બધા)થી મારો ખુદા સારી રીતે વાકેફ છે.

فَكَذَّبُوۡهُ فَاَخَذَهُمۡ عَذَابُ يَوۡمِ الظُّلَّةِ‌ؕ اِنَّهٗ كَانَ عَذَابَ يَوۡمٍ

عَظِيۡمٍ ﴿۱۸۹﴾

(૧૮૯) આમ છતાં તે લોકોએ તેને જૂઠલાવ્યો જેથી તેમને (આગથી ભરેલી વાદળાંની) છાંયાવાળા

દિવસના અઝાબે આવી પકડ્યા; નિસંશય તે દિવસનો અઝાબ ઘણો જ મોટો હતો.

إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً ۖ وَمَا كَانَ أَكْثَرُهُمْ مُؤْمِنِينَ ﴿١٩٠﴾

(૧૯૦) નિસંશય તેમાં પણ એક નિશાની છે; જો કે તે (શોએબની કોમ)માંથી ઘણાંખરા ઇમાન લાવનારા ન હતા.

وَإِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيزُ الرَّحِيمُ ﴿١٩١﴾

(૧૯૧) અને બેશક તારો પરવરદિગાર એજ છે જે મહા બળવાન (અને) દયાળુ છે.

وَإِنَّهُ لَتَنْزِيلُ رَبِّ الْعَالَمِينَ ﴿١٩٢﴾

(૧૯૨) અને (અય રસૂલ!) નિસંશય આ (કુરઆન પણ) બધી દુનિયાઓના પરવરદિગારનું ઉતારેલું છે.

نَزَلَ بِهِ الرُّوۡحُ الۡاَمِيۡنُ ۝١٩٣

(૧૯૩) રૂહુલ અમીન (જિબ્રઇલ) એ તેને ઉતાર્યું છેઃ

عَلٰى قَلۡبِكَ لِتَكُوۡنَ مِنَ الۡمُنۡذِرِيۡنَ ۝١٩٤

(૧૯૪) તારા હૃદય પર, કે તું ડરાવનારાઓ માંનો થઇ જાયઃ

بِلِسَانٍ عَرَبِىٍّ مُّبِيۡنٍ ۝١٩٥

(૧૯૫) શુધ્ધ (સરળ) અરબી ભાષામાં

وَاِنَّهٗ لَفِىۡ زُبُرِ الۡاَوَّلِيۡنَ ۝١٩٦

(૧૯૬) અને નિસંશય તે(નો ઉલ્લેખ) આગલી (આસમાની) કિતાબોમાં પણ મોજૂદ છે.

اَوَلَمۡ يَكُنۡ لَّهُمۡ اٰيَةً اَنۡ يَّعۡلَمَهٗ عُلَمٰٓؤُا بَنِىۡۤ اِسۡرَآءِيۡلَؕ ﴿۱۹۷﴾

(૧૯૭) શું તેમના માટે આ એક (પૂરતી) નિશાની નથી કે તે (કુરઆન)ને બની ઇસરાઇલના વિદ્વાનો પણ જાણે છે ?

وَلَوۡ نَزَّلۡنٰهُ عَلٰى بَعۡضِ الۡاَعۡجَمِيۡنَۙ ﴿۱۹۸﴾

(૧૯૮) અને જો અમોએ તેને કોઇ બીજી ભાષાવાળા પર ઉતાર્યું હોતઃ

فَقَرَاَهٗ عَلَيۡهِمۡ مَّا كَانُوۡا بِهٖ مُؤۡمِنِيۡنَؕ ﴿۱۹۹﴾

(૧૯૯) પછી તે તેમની સામે પડતે તો પણ તેઓ તેના પર હરગિજ ઇમાન લાવતે નહિ.

كَذٰلِكَ سَلَكْنٰهُ فِيْ قُلُوْبِ الْمُجْرِمِيْنَ ۝٢٠٠

(૨૦૦) એવી રીતે અમોએ ગુનેહગારોના મનમાં આ (ઇન્કાર કરવાની) વાત ઠસાવી દીધી છે.

لَا يُؤْمِنُوْنَ بِهٖ حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ۝٢٠١

(૨૦૧) જ્યાં સુધી તેઓ દુઃખદાયક અઝાબ નહિ જુએ ત્યાં સુધી તેઓ ઇમાન નહિ લાવેઃ

فَيَاْتِيَهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ۝٢٠٢

(૨૦૨) તે તો તેમને ઓચિંતો આવી પકડશે, અને તેમને તેનું ભાન પણ હશે નહિઃ

فَيَقُوْلُوْا هَلْ نَحْنُ مُنْظَرُوْنَ ﴿٢٠٣﴾

(૨૦૩) તે વખતે તેઓ કહેશે કે શું અમને (થોડીક) મોહલત આપવામાં આવશે ?

اَفَبِعَذَابِنَا يَسْتَعْجِلُوْنَ ﴿٢٠٤﴾

(૨૦૪) છતાં શું આ (લોકો) અમારો અઝાબ જલ્દી આવી પહોંચે એમ ઇચ્છે છે ?

اَفَرَءَيْتَ اِنْ مَّتَّعْنٰهُمْ سِنِيْنَ ﴿٢٠٥﴾

(૨૦૫) શું તેં વિચાર્યું (નથી) કે જો અમે તેમને થોડાક વર્ષો સુધી (દુનિયામાં) સુખ ભોગવવા પણ દઇએ;

ثُمَّ جَآءَهُمْ مَّا كَانُوْا يُوْعَدُوْنَ ﴿٢٠٦﴾

(૨૦૬) પછી જેનો તેમને વાયદો કરવામાં આવ્યો છે તે તેમની પાસે આવી જાય ઃ

مَآ اَغۡنٰى عَنۡهُمۡ مَّا كَانُوۡا يُمَتَّعُوۡنَؕ۝۲۰۷

(૨૦૭) તો પણ જે વસ્તુઓથી તેઓ લાભ મેળવી ચૂક્યા છે તે તેમના કાંઇ કામમાં નહિ આવે.

وَمَآ اَهۡلَـكۡنَا مِنۡ قَرۡيَةٍ اِلَّا لَهَا مُنۡذِرُوۡنَ ۖۛ۝۲۰۸

(૨૦૮) અને અમોએ કોઇ પણ વસ્તી એવી બરબાદ નથી કરી કે જેમના માટે અમોએ ડરાવનારા મોકલ્યા ન હોયઃ

ذِكۡرٰى ۛ وَمَا كُنَّا ظٰلِمِيۡنَ۝۲۰۹

(૨૦૯) ચેતવણી આપવા માટે; અને ખરેખરજ અમે ઝુલમગાર ન હતા.

وَمَا تَنَزَّلَتْ بِهِ الشَّيٰطِيْنُ ﴿٢١٠﴾

(૨૧૦) અને આ (કુરઆન)ને શેતાનો ઉતારી લાવ્યા નથી.

وَمَا يَنْۢبَغِيْ لَهُمْ وَمَا يَسْتَطِيْعُوْنَ ﴿٢١١﴾ؕ

(૨૧૧) અને ન તેઓ (તેમ કરવાને) લાયક હતા, અને ન તેઓ (તેમ) કરી શકતા હતા.

اِنَّهُمْ عَنِ السَّمْعِ لَمَعْزُوْلُوْنَ ﴿٢١٢﴾ؕ

(૨૧૨) નિસંશય તેઓ તો આ (કુરઆન) સાંભળવાથી પણ દૂર રાખવામાં આવ્યા છે.

فَلَا تَدۡعُ مَعَ اللّٰهِ اِلٰـهًا اٰخَرَ فَتَكُوۡنَ مِنَ الۡمُعَذَّبِيۡنَ ۚ‏ ﴿۲۱۳﴾

(૨૧૩) માટે (અય રસૂલ !) અલ્લાહના સાથે સાથે બીજા કોઇ માઅબૂદને ન પોકાર, નહિ તો તું પણ તે લોકો માંનો થઇ જઇશ કે જેમને અઝાબ આપવામાં આવશે.

وَاَنۡذِرۡ عَشِيۡرَتَكَ الۡاَقۡرَبِيۡنَ ۙ‏ ﴿۲۱۴﴾

(૨૧૪) અને (પ્રથમ) તારા નિકટના સગાંવહાલાઓને ડરાવ:

وَاخۡفِضۡ جَنَاحَكَ لِمَنِ اتَّبَعَكَ مِنَ الۡمُؤۡمِنِيۡنَ‌ ۚ‏ ﴿۲۱۵﴾

(૨૧૫) અને મોઅમીનોમાંથી જેઓ તારા અનુયાયી છે તેમની સાથે નમ્રતાપૂર્વક વર્ત.

فَاِنْ عَصَوْكَ فَقُلْ اِنِّيْ بَرِيْٓءٌ مِّمَّا تَعْمَلُوْنَ ﴿٢١٦﴾

(૨૧૬) પછી જો તેઓ તારી નાફરમાની કરે તો તું (સાફ સાફ) કહી દે કે જે કર્મો તમે કરો છો તેનાથી મારો કાંઈ સંબંધ નથી.

وَتَوَكَّلْ عَلَى الْعَزِيْزِ الرَّحِيْمِ ﴿٢١٧﴾

(૨૧૭) અને તે ઝબરદસ્ત (અને) દયાળુ (અલ્લાહ) પર ભરોસો રાખ ઃ

الَّذِيْ يَرٰىكَ حِيْنَ تَقُوْمُ ﴿٢١٨﴾

(૨૧૮) જે તે વખતે તને નિહાળતો રહે છે કે જ્યારે તું (નમાઝ માટે) ઉભો રહે છે ઃ

وَتَقَلُّبَكَ فِي السّٰجِدِيْنَ ﴿٢١٩﴾

(૨૧૯) અને સિજદા કરનારાઓ (ની જમાત)માં પણ તારી હીલચાલને (જોતો રહે છે).

إِنَّهُۥ هُوَ ٱلسَّمِيعُ ٱلْعَلِيمُ ﴿٢٢٠﴾

(૨૨૦) બેશક તે મોટો સાંભળનાર (અને) જાણનારો છે.

هَلْ أُنَبِّئُكُمْ عَلَىٰ مَن تَنَزَّلُ ٱلشَّيَٰطِينُ ﴿٢٢١﴾

(૨૨૧) શું હું તમને આ વાતની ખબર આપું કે શેતાનો કોના ઉપર ઉતરે છે ?

تَنَزَّلُ عَلَىٰ كُلِّ أَفَّاكٍ أَثِيمٍ ﴿٢٢٢﴾

(૨૨૨) (સાંભળો) દરેક જૂઠા (અને) પાપી પર ઉતરે છે:

يُّلْقُوْنَ السَّمْعَ وَاَكْثَرُهُمْ كٰذِبُوْنَ ﴿٢٢٣﴾

(૨૨૩) જેઓ (ફરિશ્તાઓની વાતો સાંભળવા) કાન ધરી રાખે છે, જો કે તેઓમાંના ઘણાંખરા જૂઠા હોયછે.

وَالشُّعَرَآءُ يَتَّبِعُهُمُ الْغَاوٗنَ ﴿٢٢٤﴾

(૨૨૪) અને કવિઓનું અનુકરણ ગુમરાહ લોકોજ કર્યા કરે છે.

اَلَمْ تَرَ اَنَّهُمْ فِيْ كُلِّ وَادٍ يَّهِيْمُوْنَ ﴿٢٢٥﴾

(૨૨૫) શું તેં નથી જોયુ કે તેઓ દરેક ખીણ (યાને દરેક વિષયની કલ્પનામાં) માર્યા માર્યા ફરે છે.

وَاَنَّهُمْ يَقُوْلُوْنَ مَا لَا يَفْعَلُوْنَ ﴿٢٢٦﴾

(૨૨૬) અને તેઓ જે કાંઇ મોંઢેથી કહે છે તે (મુદ્દલ) કરતા નથી.

إِلَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ وَذَكَرُوا اللَّهَ كَثِيرًا
وَانْتَصَرُوا مِنْ بَعْدِ مَا ظُلِمُوا ۗ وَسَيَعْلَمُ الَّذِينَ ظَلَمُوا أَيَّ
مُنْقَلَبٍ يَنْقَلِبُونَ ﴿٢٢٧﴾

(૨૨૭) સિવાય તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા, અને સારાં સારાં કામો કર્યા, અને અલ્લાહની યાદ વધારે (પ્રમાણમાં) કરી, અને તેમના પર ઝુલ્મ કરવામાં આવ્યા બાદ (તેનો) યોગ્ય બદલો લીધો; અને નજીક (ના સમય)માં જ તે લોકો કે જેમણે

ઝુલ્મ કર્યો છે આ જાણી લેશે કે તેઓ કંઇ છેવટની જગ્યાએ પાછા ફરશે.

طٰسٓ ۚ تِلْكَ اٰيٰتُ الْقُرْاٰنِ وَكِتَابٍ مُّبِيْنٍ ۙ﴿۱﴾

(૧) તા સીન, આ કુરઆન અને રોશન કિતાબની આયતો છે:

هُدًى وَّبُشْرٰى لِلْمُؤْمِنِيْنَ ۙ﴿۲﴾

(૨) તે મોઅમીનો માટે હિદાયત અને ખુશખબર છે:

الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ
يُوْقِنُوْنَ ﴿۳﴾

(3) કે જેઓ નમાઝ કાયમ કરે છે તથા ઝકાત આપે છે અને આખેરત (પરલોક) ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

اِنَّ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ زَيَّنَّا لَهُمْ اَعْمَالَهُمْ فَهُمْ يَعْمَهُوْنَ۝۴ؕ

(૪) બેશક જેઓ આખેરત પર વિશ્વાસ નથી રાખતા તેમના કર્મો અમોએ તેમના માટે શોભાયમાન કરી દીધા છે, જેથી તેઓ આંધળાઓની જેમ ભટકતા ફરે છે.

اُولٰٓئِكَ الَّذِيْنَ لَهُمْ سُوْٓءُ الْعَذَابِ وَهُمْ فِي الْاٰخِرَةِ هُمُ الْاَخْسَرُوْنَ۝۵

(૫) તેઓ એજ છે કે જેમના માટે ખરાબ પ્રકારનો અઝાબ છે, અને આખેરતમાં સૌથી વધુ હાનિ ભોગવનારા પણ તેઓજ હશે.

وَاِنَّكَ لَتُلَقَّى الْقُرْاٰنَ مِنْ لَّدُنْ حَكِيْمٍ عَلِيْمٍ ۝٦

(૬) અને (અય રસૂલ !) નિસંશય આ કુરઆન હિકમત તથા જ્ઞાનના સાહેબ તરફથી તને મળ્યું છે.

اِذْ قَالَ مُوْسٰى لِاَهْلِهٖٓ اِنِّيْٓ اٰنَسْتُ نَارًا ؕ سَاٰتِيْكُمْ مِّنْهَا بِخَبَرٍ اَوْ اٰتِيْكُمْ بِشِهَابٍ قَبَسٍ لَّعَلَّكُمْ تَصْطَلُوْنَ ۝٧

(૭) (તે સમયને યાદ કર) જ્યારે મૂસાએ પોતાના ઘરવાળાંને કહ્યું કે નિસંશય મેં એક આગ જોઇ છે;

(માટે જરા થોભો કે) તેની પાસેથી હું તમારા માટે કોઇ ખબર લઇ આવું, અથવા તો કોઇ બળતો અંગારો લાવું કે જેથી તમે તાપો.

فَلَمَّا جَآءَهَا نُوۡدِیَ اَنۡۢ بُوۡرِكَ مَنۡ فِی النَّارِ وَمَنۡ حَوۡلَهَا ؕ
وَسُبۡحٰنَ اللّٰهِ رَبِّ الۡعٰلَمِيۡنَ ﴿۸﴾

(૮) આથી જ્યારે મૂસા તે (આગ)ની પાસે પહોંચ્યા તો તેને આવાજ આપવામાં આવી કે બરકતવાળો છે તે કે જેનો જલ્વો આગમાં અને તેની આસપાસ છે; અને અલ્લાહ સઘળી દુનિયાઓનો પાલનહાર, પાક અને નિરાળો છે.

یٰمُوۡسٰۤی اِنَّهٗۤ اَنَا اللّٰهُ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ ۙ﴿۹﴾

(૯) અય મૂસા ! નિસંશય હું જ ઝબરદસ્ત હિકમતવાળો અલ્લાહ છું ઃ

وَاَلْقِ عَصَاكَ ؕ فَلَمَّا رَاٰهَا تَهْتَزُّ كَاَنَّهَا جَآنٌّ وَّلّٰى مُدْبِرًا وَّلَمْ
يُعَقِّبْ ؕ يٰمُوْسٰى لَا تَخَفْ ۫ اِنِّىْ لَا يَخَافُ لَدَىَّ الْمُرْسَلُوْنَ ۖ﴿۱۰﴾

(૧૦) અને તારી લાઠી (ઝમીન પર) ફેંક; પછી જ્યારે તે (લાઠી)ને એવી રીતે હાલતાં ચાલતાં નિહાળી કે જાણે તે એક (જીવતો) સાપ છે ત્યારે તે મોઢું ફેરવીને ભાગ્યા અને પાછા વળીને જોયું પણ નહિ; (અમોએ તેને સાદ કર્યો કે) અય મૂસા! ડર નહિ; નિસંશય રસૂલો મારી હજૂરમાં ડરતા નથીઃ

اِلَّا مَنْ ظَلَمَ ثُمَّ بَدَّلَ حُسْنًاۢ بَعْدَ سُوْٓءٍ فَاِنِّىْ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۱﴾

(૧૧) સિવાય કે જેણે (અજાણતામાં) કોઇ અન્યાય કર્યો હોય, પછી તે બદી કર્યા બાદ તેના બદલે નેકી કરે તો બેશક હું મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છું.

وَاَدْخِلْ يَدَكَ فِيْ جَيْبِكَ تَخْرُجْ بَيْضَآءَ مِنْ غَيْرِ سُوْٓءٍ فِيْ تِسْعِ اٰيٰتٍ اِلٰى فِرْعَوْنَ وَقَوْمِهٖ ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ ⑫

(૧૨) અને તું તારો હાથ બગલમાં નાખ એટલે તે ખામી રહીત સફેદ (નૂરાની) થઇને નીકળશે, આ (બે ચમત્કાર તે) નવ ચમત્કારો માંના છે કે જે તને આપીને ફિરઔન અને તેની કોમ તરફ મોકલવામાં આવ્યો છે; નિસંશય તેઓ બદકાર લોકો છે.

فَلَمَّا جَآءَتۡهُمۡ اٰيٰتُنَا مُبۡصِرَةً قَالُوۡا هٰذَا سِحۡرٌ مُّبِيۡنٌ ﴿۱۳﴾

(૧૩) પછી જ્યારે તેમની પાસે અમારી ખુલ્લી નિશાનીઓ પહોંચી ત્યારે તેમણે કહી દીધું કે આ તો ખુલ્લો જાદુ છે.

وَجَحَدُوۡا بِهَا وَاسۡتَيۡقَنَتۡهَاۤ اَنۡفُسُهُمۡ ظُلۡمًا وَّعُلُوًّا ؕ فَانۡظُرۡ

كَيۡفَ كَانَ عَاقِبَةُ الۡمُفۡسِدِيۡنَ ﴿۱۴﴾

(૧૪) અને તેમણે ઝુલ્મ તથા અભિમાનના કારણે તે મોઅજિઝા (ચમત્કારો)નો ઇન્કાર કર્યો, જો કે તેમના અંતઃકરણ તેમની (સત્યતાની) ખાત્રી રાખતા હતા; તો (અય રસૂલ !) જો કે ફસાદ કરનારાઓનું પરિણામ કેવું નીપજ્યું !

وَلَقَدْ اٰتَيْنَا دَاوٗدَ وَسُلَيْمٰنَ عِلْمًا ۚ وَقَالَا الْحَمْدُ لِلّٰهِ الَّذِىْ

فَضَّلَنَا عَلٰى كَثِيْرٍ مِّنْ عِبَادِهِ الْمُؤْمِنِيْنَ ﴿١٥﴾

(૧૫) અને ખરેજ અમોએ દાવૂદ તથા સુલયમાનને જ્ઞાન અર્પણ કર્યું હતું; અને તે બન્નેએ કહ્યું કે સર્વ ગુણગાન તે અલ્લાહને માટેજ યોગ્ય છે જેણે પોતાના મોઅમીન બંદાઓમાંથી ઘણાઓ ઉપર અમને શ્રેષ્ઠતા આપી છે.

وَوَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ وَقَالَ يٰۤاَيُّهَا النَّاسُ عُلِّمْنَا مَنْطِقَ

الطَّيْرِ وَاُوْتِيْنَا مِنْ كُلِّ شَىْءٍ ؕ اِنَّ هٰذَا لَهُوَ الْفَضْلُ الْمُبِيْنُ ﴿١٦﴾

(૧૬) અને સુલયમાન દાવૂદનો વારસ થયો અને કહ્યું કે અય લોકો ! અમને (પશુ) પક્ષીઓની ભાષા

શીખવવામાં આવી છે, અને અમને દરેક વસ્તુ (નેઅમત) આપવામાં આવી છે; નિસંશય એજ તો ખુલ્લી કૃપા છે.

وَحُشِرَ لِسُلَيۡمٰنَ جُنُوۡدُهٗ مِنَ الۡجِنِّ وَالۡاِنۡسِ وَالطَّيۡرِ فَهُمۡ يُوۡزَعُوۡنَ۝۱۷

(૧૭) અને સુલયમાન માટે તેનું લશ્કર જિન્નાતો, ઇન્સાનો તથા પક્ષીઓમાંથી ભેગું કરવામાં આવ્યું હતું, જે સર્વે જુદા જુદા વર્ગવાર (તેની સામે) ઉભા રાખવામાં આવતાં હતાં.

حَتّٰۤى اِذَاۤ اَتَوْا عَلٰى وَادِ النَّمْلِ ۙ قَالَتْ نَمْلَةٌ يّٰۤاَيُّهَا النَّمْلُ
ادْخُلُوْا مَسٰكِنَكُمْ ۚ لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَجُنُوْدُهٗ ۙ وَهُمْ
لَا يَشْعُرُوْنَ ﴿١٨﴾

(૧૮) અહીં સુધી કે જ્યારે તેઓ (એક દિવસે) કીડીઓની ખીણમાં પહોંચ્યા, ત્યારે એક કીડીએ કહ્યું કે અય કીડીઓ ! તમે તમારા દરોમાં જાઓ, ક્યાંક એમ ન થાય કે સુલયમાન તથા તેનું લશ્કર તમને કચડી નાખે, અને તેમને (તેની) જાણ પણ થવા ન પામે,

فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا وَقَالَ رَبِّ اَوْزِعْنِيْٓ اَنْ اَشْكُرَ
نِعْمَتَكَ الَّتِيْٓ اَنْعَمْتَ عَلَيَّ وَعَلٰى وَالِدَيَّ وَاَنْ اَعْمَلَ صَالِحًا
تَرْضٰىهُ وَاَدْخِلْنِيْ بِرَحْمَتِكَ فِيْ عِبَادِكَ الصّٰلِحِيْنَ ﴿١٩﴾

(૧૯) જેથી (સુલયમાન) તેની વાત પર સ્મિત કરી હસી પડ્યો, અને અરજ કરવા લાગ્યો કે અય મારા પરવરદિગાર ! જે નેઅમતો તેં મારા ઉપર તથા મારા માબાપ ઉપર ઉતારી છે તેનો શુક્ર માનવાની મને પ્રેરણા આપ, અને (એવું પણ કર કે) હું કોઇ એવું સત્કાર્ય કરૂં કે જે તું પસંદ કરે, અને તારી દયાથી મને તારા સદાચારી બંદાઓમાં દાખલ કરી લે.

وَتَفَقَّدَ الطَّيْرَ فَقَالَ مَا لِيَ لَآ اَرَى الْهُدْهُدَ ۖ اَمْ كَانَ مِنَ
الْغَآئِبِيْنَ ۝٢٠

(૨૦) અને (પછી) પક્ષીઓ (ના લશ્કર)ની હાજરી લીધી ત્યારે ફરમાવ્યું કે હું હુદહુદને કેમ જોતો નથી? શું તે ગેરહાજર છે ?

لَاُعَذِّبَنَّهٗ عَذَابًا شَدِيْدًا اَوْ لَاَاذْبَحَنَّهٗٓ اَوْ لَيَاْتِيَنِّيْ بِسُلْطٰنٍ
مُّبِيْنٍ ۝٢١

(૨૧) જો તે મારી પાસે (પોતાની ગેરહાજરીનો) કોઇ સ્પષ્ટ પૂરાવો નહિ લાવે તો હું ખરેખરજ તેને સખત સજા કરીશ, અથવા તો તેને ઝબાહ કરીશ!

فَمَكَثَ غَيْرَ بَعِيْدٍ فَقَالَ اَحَطْتُّ بِمَا لَمْ تُحِطْ بِهٖ وَجِئْتُكَ مِنْ

سَبَاٍۭ بِنَبَاٍ يَّقِيْنٍ ﴿٢٢﴾

(૨૨) પછી કાંઇ ઝાઝો વખત થયો ન હતો કે તે (હુદહુદ આવી પહોંચ્યો અને) કહેવા લાગ્યો કે મને એ વાતની જાણ થવા પામી છે કે જેની જાણ (હજી સુધી) તને થવા પામી નથી, અને હું સબા (નામના) દેશમાંથી એક ખાત્રીપૂર્વકની ખબર તમારા માટે લઇ આવ્યો છું.

اِنِّيْ وَجَدْتُّ امْرَاَةً تَمْلِكُهُمْ وَاُوْتِيَتْ مِنْ كُلِّ شَيْءٍ وَّلَهَا

عَرْشٌ عَظِيْمٌ ﴿٢٣﴾

(૨૩) નિસંશય (ત્યાં) મેં એક (એવી) સ્ત્રી જોઈ કે જે ત્યાંના લોકોની બાદશાહ છે, અને તેણીને (દુનિયાની) દરેકે દરેક વસ્તુ પ્રાપ્ત થએલી છે, અને તેણીનું સિંહાસન પણ અત્યંત મોટું છે.

وَجَدْتُّهَا وَقَوْمَهَا يَسْجُدُوْنَ لِلشَّمْسِ مِنْ دُوْنِ اللّٰهِ وَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَصَدَّهُمْ عَنِ السَّبِيْلِ فَهُمْ لَا يَهْتَدُوْنَ ﴿٢٤﴾

(૨૪) મેં પોતે તેણીને તથા તેણીની કોમને અલ્લાહને મૂકી સૂર્યને પૂજતાં જોયાં, અને શેતાને તેમના કૃત્યોને (તેમની નજરમાં) શોભા આપી

દીધી છે અને તેમને તેણે સન્માર્ગથી ભમાવી દીધા છે; જેથી તેમને સન્માર્ગ મળતો નથી ః

اَلَّا يَسْجُدُوْا لِلّٰهِ الَّذِىْ يُخْرِجُ الْخَبْءَ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ وَيَعْلَمُ مَا تُخْفُوْنَ وَمَا تُعْلِنُوْنَ ﴿٢٥﴾

(૨૫) (આ અજબ જેવું છે કે) તેઓ અલ્લાહને (શા માટે) સિજદો કરતા નથી કે જે આસમાનો તથા પૃથ્વીની અદ્રશ્ય વસ્તુઓ પ્રગટ કરે છે, અને તમે (લોકો) જે કાંઇ સંતાડો છો તથા જે કાંઇ તમે જાહેર કરો છો તે (સઘળું) તે જાણે છે.

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ﴿٢٦﴾ السجدة

(૨૬) અલ્લાહ, તેના સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી (અને) તે મહાન સિંહાસનનો માલિક છે.

قَالَ سَنَنْظُرُ اَصَدَقْتَ اَمْ كُنْتَ مِنَ الْكٰذِبِيْنَ ﴿٢٧﴾

(૨૭) (સુલયમાને) કહ્યું, અમે હમણાંજ જોઇ લઇશું કે તું સાચું બોલ્યો છે કે જૂઠાઓ માંનો છે.

اِذْهَبْ بِّكِتٰبِيْ هٰذَا فَاَلْقِهْ اِلَيْهِمْ ثُمَّ تَوَلَّ عَنْهُمْ فَانْظُرْ مَاذَا يَرْجِعُوْنَ ﴿٢٨﴾

(૨૮) મારો આ પત્ર લઇ જા અને તે તેમની તરફ ફેંકી દે, પછી જરા બાજુએ ખસી જોજે કે તેઓ શો (જવાબ) વાળે છે.

قَالَتْ يٰۤاَيُّهَا الْمَلَؤُا اِنِّيْۤ اُلْقِيَ اِلَيَّ كِتٰبٌ كَرِيْمٌ ﴿٢٩﴾

(૨૯) (આ હુકમ મુજબ પત્ર નાખતાં બિલ્કીસ બોલી ઉઠી, અય મારા દરબારીઓ! નિસંશય મારી તરફ એક માનવંત પત્ર ફેંકવામાં આવ્યો છે.

اِنَّهٗ مِنْ سُلَيْمٰنَ وَاِنَّهٗ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ﴿٣٠﴾

(30) બેશક તે સુલયમાન તરફથી આવેલો છે, અને તે (ના આરંભ)માં બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ લખ્યું છે (અને તે બાદ લખ્યું છે કે:)

اَلَّا تَعْلُوْا عَلَيَّ وَاْتُوْنِيْ مُسْلِمِيْنَ ﴿٣١﴾

(૩૧) મારી સામે શિરજોરી કરો નહિ, અને મારી પાસે આજ્ઞાધીન બની ચાલ્યા આવો.

قَالَتۡ يٰۤاَيُّهَا الۡمَلَؤُا اَفۡتُوۡنِىۡ فِىۡۤ اَمۡرِىۡ‌ۚ مَا كُنۡتُ قَاطِعَةً اَمۡرًا حَتّٰى تَشۡهَدُوۡنِ‏ ﴿۳۲﴾

(૩૨) (વળી) કહ્યું, અય દરબારીઓ ! મને (આ) મારી બાબતમાં સલાહ આપો, કારણ કે (તમે જાણો છોજ કે) જ્યાં સુધી તમે મારી હજૂરમાં હો નહિ (ત્યાં સુધી) હું કોઇ પણ વાતનો નિર્ણય કરતી નથી.

قَالُوۡا نَحۡنُ اُولُوۡا قُوَّةٍ وَّاُولُوۡا بَاۡسٍ شَدِيۡدٍ ۙ وَّالۡاَمۡرُ اِلَيۡكِ فَانۡظُرِىۡ مَاذَا تَاۡمُرِيۡنَ‏ ﴿۳۳﴾

(33) તેમણે કહ્યું કે અમે મહા શક્તિવાન અને બળવાન લડવૈયા છીએ, છતાં જેવી તારી આજ્ઞા, માટે જે આજ્ઞા કરે તે વિચારીને કર.

قَالَتْ إِنَّ الْمُلُوكَ إِذَا دَخَلُوا قَرْيَةً أَفْسَدُوهَا وَجَعَلُوا أَعِزَّةَ
أَهْلِهَا أَذِلَّةً ۚ وَكَذَٰلِكَ يَفْعَلُونَ ﴿٣٤﴾

(3૪) (બિલ્કીસે) કહ્યું કે નિસંશય જ્યારે બાદશાહો કોઇ વસ્તીમાં દાખલ થાય છે તો તેઓ તેનો નાશ કરી નાખે છે અને તેના આબરૂદાર રહેવાસીઓને ઝલીલ કરી નાખે છે, અને (કદાચને) આ લોકો પણ તેમ કરે.

وَإِنِّي مُرْسِلَةٌ إِلَيْهِمْ بِهَدِيَّةٍ فَنَاظِرَةٌ بِمَ يَرْجِعُ الْمُرْسَلُونَ ﴿٣٥﴾

(૩૫) અને નિસંશય હું તો તેમની પાસે એક તોહફો (નજરાણું) મોકલનાર છું, પછી જોઉં છું કે સંદેશા-વાહકો (ત્યાંથી) કેવા સમાચાર લઇ પાછા ફરે છે.

فَلَمَّا جَآءَ سُلَيۡمٰنَ قَالَ اَتُمِدُّوۡنَنِ بِمَالٍ ۫ فَمَاۤ اٰتٰٮنِۦَ اللّٰهُ خَيۡرٌ مِّمَّاۤ
اٰتٰٮكُمۡ ۚ بَلۡ اَنۡتُمۡ بِهَدِيَّتِكُمۡ تَفۡرَحُوۡنَ ﴿۳۶﴾

(૩૬) પછી જ્યારે (બિલ્કીસનો) તે (એલચી) સુલયમાન પાસે હાજર થયો ત્યારે (સુલયમાને) ફરમાવ્યું કે શું તમે માલ વડે મારી મદદ કરી (લોભાવવા) ચાહો છો. પણ અલ્લાહે મને જે કાંઇ અર્પણ કર્યું છે તે તમને જે કાંઇ આપ્યું છે તે કરતાં ઘણુંજ બેહતર છે, બલ્કે તમારી આ ભેટ તમનેજ મુબારક થાઓ.

اِرۡجِعۡ اِلَيۡهِمۡ فَلَنَاۡتِيَنَّهُمۡ بِجُنُوۡدٍ لَّا قِبَلَ لَهُمۡ بِهَا
وَلَنُخۡرِجَنَّهُمۡ مِّنۡهَاۤ اَذِلَّةً وَّهُمۡ صٰغِرُوۡنَ﴿۳۷﴾

(૩૭) તેમની તરફ પાછો જા, (અને કહે કે) અમે તેમના પર ખરેખરજ એવાં લશ્કર લઇને ચઢાઇ કરીશું કે જેમના મુકાબલાની તેમનામાં તાકાત હશે નહિ, અને અમે તેમને તે (દેશ)માંથી ઝલીલ કરીને કાઢી મૂકીશું એવી સ્થિતિમાં કે તે બેઈજ્જત થઇ જશે.

قَالَ يٰۤاَيُّهَا الۡمَلَؤُا اَيُّكُمۡ يَاۡتِيۡنِىۡ بِعَرۡشِهَا قَبۡلَ اَنۡ يَّاۡتُوۡنِىۡ
مُسۡلِمِيۡنَ﴿۳۸﴾

(૩૮) (તે બાદ પુનઃ) ફરમાવ્યું, અય દરબારીઓ તમારામાંથી કોણ એવું છે જે-(તેની કોમના લોકો) મારી પાસે આજ્ઞાધીન બની હાજર થાય તે પહેલાં- તે (બિલ્કીસ)નું સિંહાસન લઇ આવી હાજર કરે?

قَالَ عِفۡرِيۡتٌ مِّنَ الۡجِنِّ اَنَا اٰتِيۡكَ بِهٖ قَبۡلَ اَنۡ تَقُوۡمَ مِنۡ
مَّقَامِكَ‌ ۚ وَاِنِّىۡ عَلَيۡهِ لَقَوِىٌّ اَمِيۡنٌ‏ ﴿۳۹﴾

(૩૯) (આ સાંભળી) જિન્નાતોમાંથી એક રાક્ષસ બોલ્યો કે તું તારા સ્થાનેથી ઉઠે (અર્થાત દરબાર બરખાસ્ત થાય) તે પહેલાં તે હું તારી પાસે લઇ આવીશ, અને તે (કામ) માટે હું નિસંશય સમર્થ અને વિશ્વાસને પાત્ર છું.

قَالَ الَّذِىۡ عِنۡدَهٗ عِلۡمٌ مِّنَ الۡكِتٰبِ اَنَا اٰتِيۡكَ بِهٖ قَبۡلَ اَنۡ
يَّرۡتَدَّ اِلَيۡكَ طَرۡفُكَ‌ ؕ فَلَمَّا رَاٰهُ مُسۡتَقِرًّا عِنۡدَهٗ قَالَ هٰذَا مِنۡ
فَضۡلِ رَبِّىۡ ۖ لِيَبۡلُوَنِىۡۤ ءَاَشۡكُرُ اَمۡ اَكۡفُرُ‌ ؕ وَمَنۡ شَكَرَ فَاِنَّمَا
يَشۡكُرُ لِنَفۡسِهٖ‌ ۚ وَمَنۡ كَفَرَ فَاِنَّ رَبِّىۡ غَنِىٌّ كَرِيۡمٌ ﴿۴۰﴾

(૪૦) અને તે શખ્સ કે જેને (આસમાની) કિતાબનું થોડુંક જ્ઞાન હતું તેણે અરજ કરી કે હું તે (સિંહાસન) તારી પલક ઝબકે તે અગાઉ લઇ આવીશ; સારાંશ કે જ્યારે તે (સુલયમાને સિંહાસન પોતાની) પાસે ગોઠવેલું જોયુ ત્યારે કહ્યું કે આ મારા પરવરદિગારની કૃપાથી (થયું) છે, અને આ એ માટે કે તે મને અજમાવે કે હું ઉપકાર

માનનારો છું કે અનુપકારી; અને જે કોઇ (અલ્લાહનો) આભાર માને છે તો તે પોતાની જાત (ના ફાયદા)ને માટેજ આભાર માને છે. અને જે (કોઇ નેઅમતોની) નાશુક્રી કરે છે તો નિસંશય મારો પરવરદિગાર બેપરવાહ (અને) ઉદાર છે.

قَالَ نَكِّرُوْا لَهَا عَرْشَهَا نَنْظُرْ اَتَهْتَدِيْٓ اَمْ تَكُوْنُ مِنَ الَّذِيْنَ لَا يَهْتَدُوْنَ ﴿٤١﴾

(૪૧) ફરમાવ્યું, તે (બિલ્કીસ)ના (ચાતૂર્યની કસોટી કરવા) કાજે તેના સિંહાસનનો ઘાટ બદલી નાખો, જેથી અમે જોઇએ કે તેણી સમજી શકે છે કે પછી જેઓ સમજી શકતા નથી તેઓ માંની છે;

فَلَمَّا جَآءَتۡ قِيۡلَ اَهٰكَذَا عَرۡشُكِ‌ؕ قَالَتۡ كَاَنَّهٗ هُوَ‌ۚ وَاُوۡتِيۡنَا

الۡعِلۡمَ مِنۡ قَبۡلِهَا وَكُنَّا مُسۡلِمِيۡنَ ﴿۴۲﴾

(૪૨) પછી જ્યારે તેણી (દરબારમાં) હાજર થઇ ત્યારે તેણીને કહેવામાં આવ્યું કે શું તારૂં પણ સિંહાસન આવું હતું ? કહેવા લાગી કે લાગે છે તો એવુંજ, અને અમને આ પહેલાંજ (અલ્લાહની વહદાનીયતનું) જ્ઞાન પ્રાપ્ત થઇ ચૂક્યું હતું, અને બેશક અમે મુસલમાન હતાજ.

وَصَدَّهَا مَا كَانَتۡ تَّعۡبُدُ مِنۡ دُوۡنِ اللّٰهِ‌ؕ اِنَّهَا كَانَتۡ مِنۡ قَوۡمٍ

كٰفِرِيۡنَ ﴿۴۳﴾

(૪૩) અને અલ્લાહના સિવાય જે વસ્તુની તેણી પ્રાર્થના કર્યા કરતી હતી તેનાથી સુલયમાને તેણીને રોકી દીધી, કારણ કે તેણી નાસ્તિકોની કોમમાંથી હતી.

قِيۡلَ لَهَا ادۡخُلِى الصَّرۡحَ‌ ۚ فَلَمَّا رَاَتۡهُ حَسِبَتۡهُ لُجَّةً وَّكَشَفَتۡ
عَنۡ سَاقَيۡهَا‌ ؕ قَالَ اِنَّهٗ صَرۡحٌ مُّمَرَّدٌ مِّنۡ قَوَارِيۡرَ‌ ؕ قَالَتۡ رَبِّ
اِنِّىۡ ظَلَمۡتُ نَفۡسِىۡ وَاَسۡلَمۡتُ مَعَ سُلَيۡمٰنَ لِلّٰهِ رَبِّ الۡعٰلَمِيۡنَ ۝٤٤

(૪૪) તેણીને કહેવામાં આવ્યું કે આ મહેલમાં દાખલ થા, આથી જ્યારે તેણીએ તે (મહેલ)ને જોયો તો તેને (પાણીનો) હોજ લાગ્યો અને પોતાની બન્ને પીંડળીઓથી કપડા ઉપાડ્યા; (ત્યારે

સુલયમાને) ફરમાવ્યું કે આ તો (શીશ) મહેલ છે જેની ફરશબંધીમાં પણ કાચ જડેલા છે; (બિલ્કીસ) અરજ કરવા લાગી કે અય મારા પરવરદિગાર ! નિસંશય મેં (સૂર્યની પૂજા કરી) મારા પોતાના પર ઝુલ્મ કર્યો હતો, અને હવે સુલયમાનની સાથે રહી તમામ દુનિયાઓના પરવરદિગારને આધીન થાઉં છું.

وَلَقَدۡ اَرۡسَلۡنَاۤ اِلٰى ثَمُوۡدَ اَخَاهُمۡ صٰلِحًا اَنِ اعۡبُدُوا اللّٰهَ فَاِذَا هُمۡ فَرِيۡقٰنِ يَخۡتَصِمُوۡنَ ﴿۴۵﴾

(૪૫) અને ખરેજ અમોએ સમૂદનાં કબીલા (વાળાઓ) તરફ તેમના ભાઇ સાલેહને (આ આજ્ઞા સાથે) મોકલ્યો હતો કે તમે અલ્લાહની ઇબાદત

કરો ત્યારે તેઓ એકદમ બે પક્ષો થઇ જઇ (આપસમા) ઝઘડવા લાગ્યા.

قَالَ يٰقَوۡمِ لِمَ تَسۡتَعۡجِلُوۡنَ بِالسَّيِّئَةِ قَبۡلَ الۡحَسَنَةِ ۚ لَوۡلَا تَسۡتَغۡفِرُوۡنَ اللّٰهَ لَعَلَّكُمۡ تُرۡحَمُوۡنَ ﴿۴۶﴾

(૪૬) (સાલેહે) ફરમાવ્યું કે અય મારી કોમ ! તમે ભલાઇની પહેલાં બૂરાઇની ઉતાવળ શાને કરો છો ? તમે અલ્લાહ પાસે તમારા ગુનાહોની ક્ષમા કેમ માંગતા નથી કે કદાચને તમારા પર રહેમ કરવામાં આવે.

قَالُوا اطَّيَّرۡنَا بِكَ وَبِمَنۡ مَّعَكَ ؕ قَالَ طٰٓئِرُكُمۡ عِنۡدَ اللّٰهِ بَلۡ اَنۡتُمۡ قَوۡمٌ تُفۡتَنُوۡنَ ﴿۴۷﴾

(૪૭) તેમણે કહ્યું કે અમે તને તથા જેઓ તારી સાથે છે તેમને અપશુકનિયાળ ગણીએ છીએ; ફરમાવ્યું તમારૂં અપશુકન તો અલ્લાહના હાથમાં છે, બલ્કે હકીકત આ છે કે તમે એવા લોકો છો કે જેમની કસોટી કરવામાં આવે છે.

وَكَانَ فِي الْمَدِيْنَةِ تِسْعَةُ رَهْطٍ يُّفْسِدُوْنَ فِي الْاَرْضِ وَلَا يُصْلِحُوْنَ ﴿٤٨﴾

(૪૮) અને તે વસ્તીમાં નવ જણા હતા જેઓ તે ભૂમિમાં ફસાદ કર્યા કરતા હતા અને સુધારો કરતા ન હતા.

قَالُوْا تَقَاسَمُوْا بِاللّٰهِ لَنُبَيِّتَنَّهٗ وَاَهْلَهٗ ثُمَّ لَنَقُوْلَنَّ لِوَلِيِّهٖ مَا
شَهِدْنَا مَهْلِكَ اَهْلِهٖ وَاِنَّا لَصٰدِقُوْنَ﴿۴۹﴾

(૪૯) તેમણે કહ્યું કે આપસમા અલ્લાહની કસમ ખાઓ કે આપણે રાત્રિના (સમયે) તે (સાલેહ) તથા તેના ઘરવાળાઓ પર છાપો મારી (તેમને મારી નાખી) શું, પછી તેમના વારસદારોને કહી દઇશું કે અમે તો તેમના માર્યા જવાના સમયે હાજર જ ન હતા અને અમે તદ્દન સાચા છીએ.

وَمَكَرُوْا مَكْرًا وَّمَكَرْنَا مَكْرًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ﴿۵۰﴾

(૫૦) અને તેઓ એક ચાલ ચાલ્યા અને અમે પણ એક ચાલ ચાલ્યા અને તેની તેમને જાણ પણ ન હતી.

فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ مَكْرِهِمْ ۙ اَنَّا دَمَّرْنٰهُمْ وَقَوْمَهُمْ اَجْمَعِيْنَ ﴿٥١﴾

(૫૧) આથી વિચાર કરી જો કે તેમની ચાલનું કેવું (માઠું) પરિણામ આવ્યું કે અમોએ તેમનો અને તેમની કોમના સઘળાઓનો નાશ કરી નાખ્યો.

فَتِلْكَ بُيُوْتُهُمْ خَاوِيَةًۢ بِمَا ظَلَمُوْا ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٥٢﴾

(૫૨) તેઓ ઝુલ્મ કરતા હતા તે કારણે આ તેમના ઘરો વેરાન થઇ ગયા છે; નિસંશય જે કોમો જ્ઞાન ધરાવે છે તેમના માટે તેમાં એક નિશાની મોજૂદ છે.

وَاَنْجَيْنَا الَّذِيْنَ اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ ﴿٥٣﴾

(૫૩) અને અમોએ તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા હતા તથા ડરતા રહેતા હતા છુટકારો આપ્યો.

وَلُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖٓ اَتَاْتُوْنَ الْفَاحِشَةَ وَاَنْتُمْ تُبْصِرُوْنَ ﴿٥٤﴾

(૫૪) અને લૂત (ને તેની કોમ તરફ મોકલ્યા) જ્યારે તેણે પોતાની કોમને કહ્યું કે જાણી જોઈને તમે નિર્લજ્જ કૃત્યો કરો છો ?

أَإِنَّكُمْ لَتَأْتُونَ الرِّجَالَ شَهْوَةً مِّنْ دُونِ النِّسَاءِ ۚ بَلْ أَنْتُمْ
قَوْمٌ تَجْهَلُونَ ﴿٥٥﴾

(૫૫) (અર્થાત) શું તમે સ્ત્રીઓને છોડી કામવાસના માટે પુરૂષો પાસે જાઓ છો ? વાત આ છે કે તમે જાહેલ લોકો છો.

فَمَا كَانَ جَوَابَ قَوْمِهِ إِلَّا أَنْ قَالُوا أَخْرِجُوا آلَ لُوطٍ مِّنْ
قَرْيَتِكُمْ ۖ إِنَّهُمْ أُنَاسٌ يَتَطَهَّرُونَ ﴿٥٦﴾

(૫૬) પછી તેની કોમનો પ્રત્યુતર આ સિવાય કાંઇ ન હતો કે તેમણે કહ્યું કે લૂતના ઘરવાળાઓને તમારી વસ્તીમાંથી કાઢી મૂકો. નિસંશય આ તે લોકો છે કે જે પવિત્ર હોવાનો દાવો કરે છે.

فَاَنۡجَيۡنٰهُ وَاَهۡلَهٗۤ اِلَّا امۡرَاَتَهٗ ۫ قَدَّرۡنٰهَا مِنَ الۡغٰبِرِيۡنَ ﴿۵۷﴾

(૫૭) જેથી અમોએ તે (લૂત)ને તથા તેના ઘરવાળાઓને મુક્તિ આપી સિવાય તેની પત્ની, જેના સંબંધમાં અમોએ નિર્માણ કરી દીધું હતું કે તે પાછળ રહી જનારાઓ માંની થશે.

وَاَمۡطَرۡنَا عَلَيۡهِمۡ مَّطَرًا ۚ فَسَآءَ مَطَرُ الۡمُنۡذَرِيۡنَ ﴿۵۸﴾

(૫૮) અને (પછી) અમોએ તેમના પર (પત્થરોનો) વરસાદ વરસાવ્યો, માટે જેમને (અઝાબથી) ડરાવવામાં આવ્યા હતા તેમના પર થયેલી વૃષ્ટિ કેવી બૂરી હતી !

قُلِ الْحَمْدُ لِلّٰهِ وَسَلٰمٌ عَلٰى عِبَادِهِ الَّذِيْنَ اصْطَفٰى ؕ آٰللّٰهُ خَيْرٌ اَمَّا يُشْرِكُوْنَ ﴿۵۹﴾

(૫૯) (અય રસૂલ !) તું કહે કે દરેક પ્રકારની તારીફ અલ્લાહ માટે જ (શોભાસ્પદ) છે, અને તેના તે બંદાઓ પર કે જેમને તેણે પસંદ કરી લીધા છે સલામ થાય; શું અલ્લાહ બેહતર છે કે તે જેને આ લોકો (તેના) શરીક કરે છે ?

اَمَّنۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَاَنۡزَلَ لَكُمۡ مِّنَ السَّمَآءِ مَآءً ۚ
فَاَنۡۢبَتۡنَا بِهٖ حَدَآٮِٕقَ ذَاتَ بَهۡجَةٍ ۚ مَا كَانَ لَكُمۡ اَنۡ تُنۡۢبِتُوۡا
شَجَرَهَا ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ بَلۡ هُمۡ قَوۡمٌ يَّعۡدِلُوۡنَ ؕ‏ ﴿۶۰﴾

(૬૦) ભલા તે કોણ છે જેણે આસમાનો તથા પૃથ્વીને પેદા કર્યા અને તમારા માટે આસમાન પરથી પાણી ઉતાર્યું? પછી અમોએ તે વડે હરિયાળા બગીચા ઉત્પન્ન કર્યા, તમારી તો આ શક્તિ નથી કે તમે તે (બગીચાઓ)ના વૃક્ષો ઉગાડી શકો; શું અલ્લાહની સાથે બીજો પણ કોઇ માઅબૂદ

છે ? (છે તો નહિ) બલ્કે આ લોકો પોતેજ (ખરા) માર્ગથી ભટકી ગયા છે.

اَمَّنۡ جَعَلَ الۡاَرۡضَ قَرَارًا وَّجَعَلَ خِلٰلَهَاۤ اَنۡهٰرًا وَّجَعَلَ لَهَا
رَوَاسِىَ وَجَعَلَ بَيۡنَ الۡبَحۡرَيۡنِ حَاجِزًا ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ بَلۡ
اَكۡثَرُهُمۡ لَا يَعۡلَمُوۡنَ ؕ﴿۶۱﴾

(૬૧) ભલા તે કોણ છે જેણે ઝમીનને નિવાસનું સ્થાન બનાવી છે, તથા તેની વચ્ચે વચ્ચે નદીઓ વહાવી છે, અને તે (પૃથ્વીના બચાવ)ના માટે મોટા ભારે પહાડ કાયમ કર્યા છે, અને બે (મીઠા તથા ખારા) સમુદ્રો વચ્ચે એક આડ ઉભી કરી છે; ભલા અલ્લાહની સાથે બીજો પણ કોઇ માઅબૂદ છે? (છે

તો નહિ,) પરંતુ આ લોકોમાંથી ઘણાં ખરા જાણતા નથી.

اَمَّنۡ يُّجِيۡبُ الۡمُضۡطَرَّ اِذَا دَعَاهُ وَيَكۡشِفُ السُّوۡٓءَ وَيَجۡعَلُكُمۡ خُلَفَآءَ الۡاَرۡضِ‌ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ‌ؕ قَلِيۡلًا مَّا تَذَكَّرُوۡنَ ؕ﴿۶۲﴾

(૬૨) ભલા તે કોણ છે કે જે વ્યાકુળ થયેલા (હ્રદયો) જ્યારે તેને પોકારે છે ત્યારે જવાબ આપે છે. અને (તેનાં) સંકટોનું નિવારણ કરે છે, અને તમને પૃથ્વીમાં (આગલા લોકોના) વારસ બનાવે છે; ભલા અલ્લાહની સાથે બીજો પણ કોઇ માઅબૂદ છે ? (હરગિજ નહિ,) છતાં તમે બહુ જ ઓછી નસીહત ગ્રહણ કરો છો ?

اَمَّنۡ یَّهۡدِیۡکُمۡ فِیۡ ظُلُمٰتِ الۡبَرِّ وَ الۡبَحۡرِ وَ مَنۡ یُّرۡسِلُ الرِّیٰحَ بُشۡرًۢا
بَیۡنَ یَدَیۡ رَحۡمَتِهٖ ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ ؕ تَعٰلَی اللّٰهُ عَمَّا یُشۡرِکُوۡنَ ﴿۶۳﴾

(૬૩) ભલા તે કોણ છે, જે ખુશ્કી તથા તરીના અંધકારોમાં તમને માર્ગ દેખાડે છે, અને તે કોણ છે જે પોતાની રહેમત (વૃષ્ટિ મોકલવા) પહેલાં ખુશખબર તરીકે વાયુઓ મોકલી આપે છે ? શું અલ્લાહની સાથે બીજો પણ માઅબૂદ છે? (હરગિજ નહિ,) જેમને તેઓ (અલ્લાહના) શરીક કરે છે તેમનાથી અલ્લાહની જાત ઘણીજ ઉચ્ચ છે.

اَمَّنۡ يَّبۡدَؤُا الۡخَلۡقَ ثُمَّ يُعِيۡدُهٗ وَمَنۡ يَّرۡزُقُكُمۡ مِّنَ السَّمَآءِ
وَالۡاَرۡضِ‌ ؕ ءَاِلٰهٌ مَّعَ اللّٰهِ‌ ؕ قُلۡ هَاتُوۡا بُرۡهَانَكُمۡ اِنۡ كُنۡتُمۡ
صٰدِقِيۡنَ ﴿۶۴﴾

(૬૪) ભલા તે કોણ છે જે પ્રથમ જગત નિર્માણ કરે છે? પછી એજ પ્રકારના જગત વારંવાર બનાવ્યા કરે છે? અને તે કોણ છે જે આસમાન તથા જમીનમાંથી તમને રોઝી આપે છે ? શું અલ્લાહ સાથે બીજો પણ કોઇ માઅબૂદ છે ? (હરગિજ નહિ) તું કહે કે જો તમે સાચા છો તો તમારી દલીલો રજૂ કરો.

قُلْ لَّا يَعْلَمُ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ الْغَيْبَ اِلَّا اللّٰهُ ؕ وَمَا
يَشْعُرُوْنَ اَيَّانَ يُبْعَثُوْنَ ﴿٦٥﴾

(૬૫) તું કહે કે અલ્લાહના સિવાય આસમાનો તથા ઝમીનમાં અદ્રશ્ય વાતો કોઇ જાણતું નથી; અને તેઓ આ પણ જાણતા નથી કે તેઓ પાછા ક્યારે ઉઠાડવામાં આવશે.

بَلِ ادّٰرَكَ عِلْمُهُمْ فِي الْاٰخِرَةِ ۚ بَلْ هُمْ فِيْ شَكٍّ مِّنْهَا ۫ بَلْ هُمْ
مِّنْهَا عَمُوْنَ ﴿٦٦﴾

(૬૬) પણ પરલોકની જિંદગી વિષે તેઓ ઘણું ઓછું સમજ્યા છે, બલ્કે તેઓ તેના સબંધમાં

શંકામાં છે, (એટલુંજ નહિ) પણ તેના વિષે તેઓ (તદ્દન) આંધળા છે.

وَقَالَ الَّذِيۡنَ كَفَرُوۡۤا ءَاِذَا كُنَّا تُرٰبًا وَّاٰبَآؤُنَاۤ اَئِنَّا لَمُخۡرَجُوۡنَ﴿۶۷﴾

(૬૭) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ કહે છે કે જ્યારે અમે અને અમારા બાપદાદા માટી બની જઇશું તો શું પછી પણ અમે સજીવન કરી કાઢવામાં આવીશું ?

لَقَدۡ وُعِدۡنَا هٰذَا نَحۡنُ وَاٰبَآؤُنَا مِنۡ قَبۡلُ ۙ اِنۡ هٰذَاۤ اِلَّاۤ اَسَاطِيۡرُ الۡاَوَّلِيۡنَ﴿۶۸﴾

(૬૮) આ વાયદો અમારાથી અને અમારા બાપદાદાઓથી શરૂઆતથી જ થતો ચાલ્યો આવ્યો છે. એ તો કેવળ અગાઉના લોકોની કહાણીઓ છે.

قُلْ سِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُجْرِمِيْنَ ﴿٦٩﴾

(૬૯) (અય રસૂલ !) તું કહે કે તમે ભૂમિમાં હરો ફરો, પછી જુઓ કે ગુનેહગારોનો અંત કેવો આવ્યો હતો.

وَلَا تَحْزَنْ عَلَيْهِمْ وَلَا تَكُنْ فِيْ ضَيْقٍ مِّمَّا يَمْكُرُوْنَ ﴿٧٠﴾

(૭૦) અને તું તેમના માટે અફસોસ ન કર, અને જે ચાલબાઝીઓ આ (લોકો) ચાલે છે તેનાથી તારા મનમાં કચવાઇશ નહિ.

وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝٧١

(૭૧) અને તેઓ કહે છે કે અગર તમે સાચા છો તો આ દેખાડો કે (અઝાબનો) આ વાયદો આવશે ક્યારે?

قُلْ عَسٰۤى اَنْ يَّكُوْنَ رَدِفَ لَكُمْ بَعْضُ الَّذِيْ تَسْتَعْجِلُوْنَ ۝٧٢

(૭૨) (અય રસૂલ !) તું કહે કે તમે જેની ઉતાવળ કરી રહ્યા છો તેનો થોડોક ભાગ કદાચને તમારી પાસે આવી પણ પહોંચ્યો હોય. (અર્થાત દુનિયામાં જ શિક્ષા થાય)

وَاِنَّ رَبَّكَ لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا
يَشْكُرُوْنَ﴿۷۳﴾

(૭૩) અને બેશક તારો પરવરદિગાર સર્વે મનુષ્યો પર કૃપા કરનારો છે, પરંતુ તેઓ માંના ઘણાંખરા આભાર માનતા નથી.

وَاِنَّ رَبَّكَ لَيَعْلَمُ مَا تُكِنُّ صُدُوْرُهُمْ وَمَا يُعْلِنُوْنَ﴿۷۴﴾

(૭૪) અને નિસંશય તારો પરવરદિગાર તે સઘળી વસ્તુઓ કે જેને તેમના અંતઃકરણોએ સંતાડી રાખી છે તથા જેને તેઓ જાહેર કરે છે સારી રીતે જાણે છે.

وَمَا مِنْ غَآئِبَةٍ فِي السَّمَآءِ وَالْاَرْضِ اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ﴿۷۵﴾

(૭૫) અને આસમાનો તથા પૃથ્વીમાં કોઇ એવી છુપી વસ્તુ નથી કે જેનું વર્ણન પ્રત્યક્ષ કિતાબ (લવહે મહેફૂઝ)માં નહિ હોય,

إِنَّ هَٰذَا الْقُرْآنَ يَقُصُّ عَلَىٰ بَنِي إِسْرَائِيلَ أَكْثَرَ الَّذِي هُمْ فِيهِ يَخْتَلِفُونَ ﴿٧٦﴾

(૭૬) નિસંશય બની ઇસરાઇલ જે (બાબતો)માં મતભેદ કરતા હતા તે માંની ઘણી ખરી બાબતો તેમને આ કુરઆન બયાન કરી દે છે.

وَإِنَّهُ لَهُدًى وَرَحْمَةٌ لِلْمُؤْمِنِينَ ﴿٧٧﴾

(૭૭) અને નિસંશય આ (કુરઆન) મોઅમીન માટે હિદાયત અને રહેમત છે.

اِنَّ رَبَّكَ يَقۡضِىۡ بَيۡنَهُمۡ بِحُكۡمِهٖ ۚ وَهُوَ الۡعَزِيۡزُ الۡعَلِيۡمُ ۟ۚ‏ ﴿۷۸﴾

(૭૮) (અય રસૂલ !) બેશક તારો પરવરદિગાર પોતાના હુકમ પ્રમાણે તેમની વચ્ચે (તેમના મતભેદોનો) નિર્ણય કરશે, અને તે ઝબરદસ્ત જ્ઞાની છે.

فَتَوَكَّلۡ عَلَى اللّٰهِ ؕ اِنَّكَ عَلَى الۡحَـقِّ الۡمُبِيۡنِ ﴿۷۹﴾

(૭૯) માટે તું ખુદા પર ભરોસો રાખ; નિસંશય તું ખુલ્લે ખુલ્લા સત્ય (ધર્મ) ઉપર છે.

اِنَّكَ لَا تُسۡمِعُ الۡمَوۡتٰى وَلَا تُسۡمِعُ الصُّمَّ الدُّعَآءَ اِذَا وَلَّوۡا

مُدۡبِرِيۡنَ ﴿۸۰﴾

(૮૦) નિસંશય આ ખરી વાત છે કે તું મરી ગયેલાઓને સંભળાવી શકતો નથી, તેમ બહેરાઓને પણ અવાજ સંભળાવી શકતા નથી, (ખાસ કરીને) જ્યારે કે તેઓ પીઠ ફેરવીને ચાલતી પકડે છે.

وَمَآ اَنۡتَ بِهٰدِى الۡعُمۡىِ عَنۡ ضَلٰلَتِهِمۡ‌ؕ اِنۡ تُسۡمِعُ اِلَّا مَنۡ
يُّؤۡمِنُ بِاٰيٰتِنَا فَهُمۡ مُّسۡلِمُوۡنَ‏ ﴿۸۱﴾

(૮૧) અને ન તું આંધળાઓને તેમના અવળા માર્ગથી સરળ માર્ગ ઉપર લાવી શકે છે; તું તો માત્ર તે શખ્સને સંભળાવી શકે છે કે જેઓ અમારી આયતો પર ઇમાન રાખે છે, પછી તેઓ (તેને) આધીન થાય છે.

وَإِذَا وَقَعَ الْقَوْلُ عَلَيْهِمْ أَخْرَجْنَا لَهُمْ دَآبَّةً مِّنَ الْأَرْضِ
تُكَلِّمُهُمْ ۙ أَنَّ النَّاسَ كَانُوا بِآيَاتِنَا لَا يُوقِنُونَ ﴿٨٢﴾

(૮૨) અને જ્યારે તેમના પર (કયામતના વાયદાનો) બોલ પૂર્ણ થશે ત્યારે અમે તેમના માટે ઝમીનમાંથી એક એવું પ્રાણી કાઢી લાવીશું કે જે (કયામતની નિશાનીઓમાંથી એક નિશાની હશે અને તે એટલા માટે કે) તેમની સાથે વાતો કરશે કે (ઘણાં ખરા) લોકો અમારી આયતો પર વિશ્વાસ રાખતા ન હતા.

وَيَوْمَ نَحْشُرُ مِن كُلِّ أُمَّةٍ فَوْجًا مِّمَّن يُكَذِّبُ بِآيَاتِنَا فَهُمْ
يُوزَعُونَ ﴿٨٣﴾

(૮૩) અને જે દિવસે અમે દરેક કોમમાંથી એક એક એવા ટોળાંને - કે જે અમારી આયતો જૂઠલાવ્યા કરતા હતા - ભેગાં કરી લઇશું, પછી તેમને જુદી જુદી ટોળીઓમાં ગોઠવવામાં આવશે.

حَتّٰۤى اِذَا جَآءُوۡ قَالَ اَ كَذَّبۡتُمۡ بِاٰيٰتِىۡ وَلَمۡ تُحِيۡطُوۡا بِهَا عِلۡمًا اَمَّا
ذَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ۝٨٤

(૮૪) અહીં સુધી કે જ્યારે તેઓ સર્વે (અલ્લાહની સામે) આવી જશે ત્યારે (અલ્લાહ) તેમને ફરમાવશે કે શું તમોએ જ અમારી આયતોને જૂઠલાવી હતી? જો કે તમે જ્ઞાનની રૂએ તેના ભાવાર્થને ગ્રહણ કરી જ શક્યા ન હતા, અથવા તમે બીજું કયુ કાર્ય કરતા હતા?

وَوَقَعَ الْقَوْلُ عَلَيْهِمْ بِمَا ظَلَمُوْا فَهُمْ لَا يَنْطِقُوْنَ ﴿٨٥﴾

(૮૫) અને તેમની વિરૂધ્ધ તેઓ ઝુલ્મ કર્યા કરતા હતા તેના બદલામાં (અમારો અઝાબનો) વાયદો પૂર્ણ થઇ જશે, પછી તેઓ કાંઇ બોલી શકશે નહિ.

اَلَمْ يَرَوْا اَنَّا جَعَلْنَا الَّيْلَ لِيَسْكُنُوْا فِيْهِ وَالنَّهَارَ مُبْصِرًا ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٨٦﴾

(૮૬) શું તેમણે (આ વાત ઉપર) ધ્યાન નથી આપ્યું કે અમોએ રાત્રિ એટલા માટે બનાવી છે કે તેમાં તેઓ આરામ કરે, અને દિવસને પ્રકાશવંત (બનાવ્યો છે)? બેશક જેઓ ઇમાન રાખે છે તેમના માટે તેમાં નિશાનીઓ મોજૂદ છે.

وَيَوْمَ يُنْفَخُ فِي الصُّوْرِ فَفَزِعَ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي

الْاَرْضِ اِلَّا مَنْ شَآءَ اللّٰهُ ؕ وَكُلٌّ اَتَوْهُ دٰخِرِيْنَ ﴿۸۷﴾

(૮૭) અને જે દિવસે સૂર (શંખ) ફૂંકવામાં આવશે ત્યારે જેઓ આસમાનોમાં છે તથા જેઓ જમીનમાં છે તે માંથી અલ્લાહ જેને ચાહશે તેના સિવાય સઘળા જ ભયભીત બની જશે, અને સર્વે (લોકો) ઝલીલ થઇ તેની હજૂરમાં ચાલ્યા આવશે.

وَتَرَى الْجِبَالَ تَحْسَبُهَا جَامِدَةً وَّهِيَ تَمُرُّ مَرَّ السَّحَابِ ؕ صُنْعَ

اللّٰهِ الَّذِيْٓ اَتْقَنَ كُلَّ شَيْءٍ ؕ اِنَّهٗ خَبِيْرٌۢ بِمَا تَفْعَلُوْنَ ﴿۸۸﴾

(૮૮) અને (અય રસૂલ ! તે વખતે) તું પહાડોને (એવા) જોશે કે જાણે તે સ્થિર છે, જોકે (ખરી રીતે

તો) તેઓ વાદળાંઓની જેમ ચાલી રહ્યા હશે; આ તે અલ્લાહની કારીગરી છે કે જેણે દરેક વસ્તુ મજબૂત બનાવી છે; નિસંશય તમે જે કાંઇ કરો છો તેનાથી તે સારી રીતે વાકેફ છે.

مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ خَيْرٌ مِّنْهَا ۚ وَهُمْ مِّنْ فَزَعٍ يَّوْمَئِذٍ اٰمِنُوْنَ﴿۸۹﴾

(૮૯) જે શખ્સ કોઇ નેકી લઇને આવશે તો તેના માટે તેનો બદલો તે કરતાંય ઉત્તમ હશે, અને તેઓ તે દિવસના ભયથી સુરક્ષિત રહેશે.

وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَكُبَّتْ وُجُوْهُهُمْ فِى النَّارِ ۗ هَلْ تُجْزَوْنَ اِلَّا مَا كُنْتُمْ تَعْمَلُوْنَ﴿۹۰﴾

(૯૦) અને જે કોઇ બૂરાઈ કરીને આવશે તેને ઊંધે મોંઢે જહન્નમમાં હડસેલી મૂકવામાં આવશે; (અને તેમને કહેવામાં આવશે કે) જે કર્મો તમે કરતા હતા તેના સિવાય બીજી વસ્તુનો બદલો તમને ઓછો જ આપવામાં આવે છે ?

إِنَّمَآ أُمِرْتُ أَنْ أَعْبُدَ رَبَّ هَٰذِهِ ٱلْبَلْدَةِ ٱلَّذِى حَرَّمَهَا وَلَهُۥ كُلُّ شَىْءٍ ۖ وَأُمِرْتُ أَنْ أَكُونَ مِنَ ٱلْمُسْلِمِينَ ﴿٩١﴾

(૯૧) (અય રસૂલ ! તું કહે કે) સિવાય તેના નથી કે મને એવી આજ્ઞા આપવામાં આવી છે કે હું આ (મક્કા) શહેરના પરવરદિગારની ઇબાદત કરૂં, જેણે તેને માનવંત બનાવ્યું છે, અને દરેક વસ્તુ તેનીજ છે, અને મને આ આજ્ઞા પણ કરવામાં આવી છે કે

હું (ખુદાને) શરણે થઇ ગએલાઓ માંનો થઇ જાઉં ઃ

وَاَنْ اَتْلُوَا الْقُرْاٰنَ ۚ فَمَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِىْ لِنَفْسِهٖ ۚ
وَمَنْ ضَلَّ فَقُلْ اِنَّمَآ اَنَا مِنَ الْمُنْذِرِيْنَ ﴿٩٢﴾

(૯૨) અને (આ આજ્ઞા પણ આપવામાં આવી છે કે) હું કુરઆન વાંચી સંભળાવ્યા કરૂં, પછી જે શખ્સ સન્માર્ગે ચાલ્યો તો તે પોતાની જાત (ના લાભ) માટે જ સન્માર્ગે ચાલશે, અને જે શખ્સ અવળે માર્ગે રહ્યો તેને (અય રસૂલ) તું કહે કે હું તો માત્ર ડરાવનારાઓ માંનો છું.

وَقُلِ الْحَمْدُ لِلّٰهِ سَيُرِيْكُمْ اٰيٰتِهٖ فَتَعْرِفُوْنَهَا ؕ وَمَا رَبُّكَ بِغَافِلٍ
عَمَّا تَعْمَلُوْنَ ﴿٩٣﴾

(૯૩) અને તું આ કહે કે સર્વે ગુણગાન માત્ર અલ્લાહ માટેજ શોભાસ્પદ છે, જે તમને નજીકમાંજ પોતાની (કુદરતની) નિશાનીઓ દેખાડશે, પછી તમે તેમને ઓળખી લેશો; અને જે જે કર્મો તમે કરી રહ્યા છો તેનાથી તમારો પરવરદિગાર અજાણ નથી.

طٰسٓمّٓ ①

(૧) તા. સીન. મીમ.

تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ ②

(૨) (અય રસૂલ !) આ ખુલ્લી કિતાબની (થોડીક) આયતો છે.

نَتْلُوْا عَلَيْكَ مِنْ نَّبَاِ مُوْسٰى وَفِرْعَوْنَ بِالْحَقِّ لِقَوْمٍ
يُّؤْمِنُوْنَ ③

(3) જે લોકો ઇમાન રાખે છે તેમની (જાણ) ખાતર અમે તને મૂસા તથા ફિરઔનની સત્ય ઘટનાઓ સંભળાવીએ છીએ.

اِنَّ فِرْعَوْنَ عَلَا فِي الْاَرْضِ وَجَعَلَ اَهْلَهَا شِيَعًا يَّسْتَضْعِفُ طَآئِفَةً مِّنْهُمْ يُذَبِّحُ اَبْنَآءَهُمْ وَيَسْتَحْيٖ نِسَآءَهُمْ ؕ اِنَّهٗ كَانَ مِنَ الْمُفْسِدِيْنَ ۝٤

(૪) નિસંશય ફિરઔન તે (મિસરની) ભૂમિમાં સર્વોપરી થઇ બેઠો હતો, અને તેના રહેવાસીઓમા તેણે પક્ષો પાડી દીધા હતા તે માંના એક પક્ષ (બની ઇસરાઇલ)ને કમજોર બનાવી રાખતો હતો; તેમના છોકરાઓને મારી નાખતો અને તેમની છોકરીઓને જીવતી રહેવા દેતો હતો; નિસંશય તે ફસાદ કરનારાઓ માંનો હતો.

وَنُرِيۡدُ اَنۡ نَّمُنَّ عَلَى الَّذِيۡنَ اسۡتُضۡعِفُوۡا فِى الۡاَرۡضِ وَنَجۡعَلَهُمۡ
اَٮِٕمَّةً وَّنَجۡعَلَهُمُ الۡوٰرِثِيۡنَۙ‏ ﴿۵﴾

(૫) અને અમોએ એવો ઇરાદો કર્યો કે જેમને તે ભૂમિમાં (ઝલીલ અને) કમજોર કરી નાખવામાં આવ્યા હતા તેમના પર ઉપકાર કરીએ, અને તેમને આગેવાન બનાવીએ અને તેમને (સમગ્ર ભૂમિના) વારસ બનાવી દઈએ.

وَنُمَكِّنَ لَهُمۡ فِى الۡاَرۡضِ وَنُرِىَ فِرۡعَوۡنَ وَهَامٰنَ وَجُنُوۡدَهُمَا
مِنۡهُمۡ مَّا كَانُوۡا يَحۡذَرُوۡنَ‏ ﴿۶﴾

(૬) અને ભૂમિમાં તેમને સત્તાવાન બનાવીએ, અને ફિરઔન તથા હામાન તથા તે બન્નેના લશ્કરને કે

જે પણ તેઓ માંથી જ હતા તે બતાવી દઇએ કે જેનો તેમને ડર હતો.

وَاَوۡحَيۡنَاۤ اِلٰٓى اُمِّ مُوۡسٰٓى اَنۡ اَرۡضِعِيۡهِ‌ۚ فَاِذَا خِفۡتِ عَلَيۡهِ فَاَلۡقِيۡهِ فِى الۡيَمِّ وَلَا تَخَافِىۡ وَلَا تَحۡزَنِىۡ‌ۚ اِنَّا رَآدُّوۡهُ اِلَيۡكِ وَجَاعِلُوۡهُ مِنَ الۡمُرۡسَلِيۡنَ‏ ﴿۷﴾

(૭) અને અમોએ મૂસાની મા તરફ વહી કરી કે તું તે (મૂસા)ને દૂધ પીવડાવ, પછી જો તું તેના માટે ડર પામે તો તેને (પેટીમાં મૂકી) સમુદ્રમાં નાખી દે, અને તું તેના માટે ડર ન રાખજે અને ન તેના માટે દિલગીર થજે, નિસંશય અમે તેને તારી પાસે

પાછા મોકલી દેનાર અને તેને રસૂલ માંનો પણ બનાવવનાર છીએ.

فَالْتَقَطَهٗۤ اٰلُ فِرْعَوْنَ لِيَكُوْنَ لَهُمْ عَدُوًّا وَّحَزَنًا ؕ اِنَّ فِرْعَوْنَ

وَهَامٰنَ وَجُنُوْدَهُمَا كَانُوْا خٰطِـِٕيْنَ۝۸

(૮) પછી ફિરઔનના કુટુંબીઓએ તે (પેટી માંના બાળક)ને ઊંચકી લીધો કે તે તેમના માટે એક શત્રુ બની દુઃખ (નું કારણ) બને; બેશક ફિરઔન તથા હામાન તથા તે બન્નેના લશ્કરે આમ કરવામાં (મોટી) ભૂલ કરી હતી.

وَقَالَتِ امْرَاَتُ فِرْعَوْنَ قُرَّتُ عَيْنٍ لِّيْ وَلَكَ ؕ لَا تَقْتُلُوْهُ ۖ

عَسٰۤى اَنْ يَّنْفَعَنَاۤ اَوْ نَتَّخِذَهٗ وَلَدًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ۝۹

(૯) અને ફિરઔનની પત્ની (આસીયા)એ કહ્યું કે આ (બાળક) મારી અને તારી આંખોની ટાઢક છે; (માટે) તેને મારી ન નાખો; કદાચને તે આપણને કાંઇ લાભ આપે અથવા તેને આપણે (પાલક) પુત્ર બનાવી લઇએ, અને તેઓ ખરી હકીકતથી વાકેફ ન હતા.

وَاَصۡبَحَ فُؤَادُ اُمِّ مُوۡسٰى فٰرِغًا ؕ اِنۡ كَادَتۡ لَتُبۡدِىۡ بِهٖ لَوۡلَاۤ اَنۡ رَّبَطۡنَا عَلٰى قَلۡبِهَا لِتَكُوۡنَ مِنَ الۡمُؤۡمِنِيۡنَ ﴿۱۰﴾

(૧૦) અને મૂસાની માનું મન અધીરૂં બની ગયું; જો અમોએ તેના મનને (અમારા વાયદા પર) વિશ્વાસ રાખવા માટે દ્રઢ બનાવી દીધું ન હોત તો પાસેજ

હતું કે તેણી તેના વિષેનો ભેદ જરૂરજ ઉઘાડી નાખતે.

وَقَالَتْ لِاُخْتِهٖ قُصِّيْهِ ۫ فَبَصُرَتْ بِهٖ عَنْ جُنُبٍ وَّهُمْ لَا يَشْعُرُوْنَ ۙ﴿۱۱﴾

(૧૧) અને તેણીએ તે (મૂસા)ની બહેનને કહ્યું કે તું તે (બાળ મૂસાવાળી પેટી)ની પાછળ પાછળ જા, આથી તેણી તે (સમુદ્રમાં વહેતી પેટી)ને દૂરથી જોતી રહી અને તે લોકોને ખબર પણ ન પડી.

وَحَرَّمْنَا عَلَيْهِ الْمَرَاضِعَ مِنْ قَبْلُ فَقَالَتْ هَلْ اَدُلُّكُمْ عَلٰٓى اَهْلِ بَيْتٍ يَّكْفُلُوْنَهٗ لَكُمْ وَهُمْ لَهٗ نٰصِحُوْنَ ﴿۱۲﴾

(૧૨) અને અમોએ તે (મૂસા) પર બીજી દૂધ પાનારીઓ પ્રથમથી જ હરામ કરી દીધી હતી, જેથી (મૂસાની બહેને ત્યાં જઇને) કહ્યું કે શું હું તમને એવા ઘરવાળાં દેખાડું કે જે તમારી ખાતર આ બાળકનું જતન કરે અને તેઓ તેના શુભેચ્છક પણ હોય?

فَرَدَدْنٰهُ اِلٰۤی اُمِّهٖ کَیۡ تَقَرَّ عَیۡنُهَا وَلَا تَحۡزَنَ وَلِتَعۡلَمَ اَنَّ وَعۡدَ
اللّٰهِ حَقٌّ وَّلٰکِنَّ اَکۡثَرَهُمۡ لَا یَعۡلَمُوۡنَ ﴿۱۳﴾

(૧૩) આ (યુક્તિ)થી અમોએ તે (મૂસા)ને તેની મા પાસે પાછા ફેરવી દીધા કે જેથી તેણીની આંખો ટાઢી થાય અને તેણી દિલગીર ન થાય અને તેણી

આ પણ જાણી લે કે અલ્લાહનો વાયદો બેશક સાચો હોય છે; પરંતુ ઘણાખરા લોકો જાણતા નથી.

وَلَمَّا بَلَغَ اَشُدَّهٗ وَاسْتَوٰٓى اٰتَيْنٰهُ حُكْمًا وَّعِلْمًا ؕ وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۱۴﴾

(૧૪) અને જ્યારે તે (મૂસા) પોતાની સંપૂર્ણ શક્તિ (યુવાવસ્થા)એ પહોંચ્યો અને સારી રીતે હાથ પગ કાઢ્યા ત્યારે અમોએ તેને સદબુધ્ધિ અને જ્ઞાન અર્પણ કર્યા; અને અમે સદાચારીઓને એવી રીતે બદલો આપીએ છીએ.

وَدَخَلَ الْمَدِيْنَةَ عَلٰى حِيْنِ غَفْلَةٍ مِّنْ اَهْلِهَا فَوَجَدَ فِيْهَا رَجُلَيْنِ يَقْتَتِلٰنِ ۗ هٰذَا مِنْ شِيْعَتِهٖ وَهٰذَا مِنْ عَدُوِّهٖ ۚ

فَاسْتَغَاثَهُ الَّذِىْ مِنْ شِيْعَتِهٖ عَلَى الَّذِىْ مِنْ عَدُوِّهٖ ۙ فَوَكَزَهٗ
مُوْسٰى فَقَضٰى عَلَيْهِ ۖ قَالَ هٰذَا مِنْ عَمَلِ الشَّيْطٰنِ ؕ اِنَّهٗ عَدُوٌّ
مُّضِلٌّ مُّبِيْنٌ ﴿۱۵﴾

(૧૫) અને તે (મૂસા એક દિવસે) એવા સમયે શહેરમાં પહોંચ્યા કે જ્યારે શહેરીઓ ગાફેલ હતા, ત્યાં તેણે બે શખ્સોને આપસમાં ઝઘડતા જોયા, (જે માંનો) એક તો તેના અનુયાયીઓ માંનો હતો, જ્યારે બીજો તેના શત્રુઓ માંનો હતો, પછી તે શખ્સે કે જે તેનો અનુયાયી હતો—તે શખ્સ કે જે તેના શત્રુઓ માંનો હતો—તેની વિરૂદ્ધ તે (મૂસા)ની મદદ માંગી, જેથી મૂસાએ તે (શત્રુ)ને એક એવો

ઠોંસો માર્યો કે જેથી તેનો (ત્યાંજ) અંત આવી ગયો; (જે જોય મૂસા) કહેવા લાગ્યો કે આ (ઝઘડો) શેતાનના કારસ્થાનો માંનું (એક કારસ્થાન) છે; નિસંશય તે ગુમરાહ કરનાર ખુલ્લો દુશ્મન છે.

قَالَ رَبِّ اِنِّیۡ ظَلَمۡتُ نَفۡسِیۡ فَاغۡفِرۡ لِیۡ فَغَفَرَ لَهٗ ؕ اِنَّهٗ هُوَالۡغَفُوۡرُ الرَّحِیۡمُ ﴿۱۶﴾

(૧૬) (મૂસા) અરજ કરવા લાગ્યો કે અય મારા પરવરદિગાર! મેં મારા ઉપર ઝુલ્મ કર્યો છે, માટે તું મારા ગુનાહ માફ કરી દે, જેથી (ખુદા) તેના ગુનાહ માફ કરી દીધા; બેશક તે મોટો ક્ષમાવાન (અને) દયાળુ છે.

قَالَ رَبِّ بِمَآ اَنۡعَمۡتَ عَلَیَّ فَلَنۡ اَکُوۡنَ ظَهِیۡرًا لِّلۡمُجۡرِمِیۡنَ ﴿۱۷﴾

(૧૭) આપે અરજ કરી કે અય મારા પરવરદિગાર! તેં મને જે નેઅમત અર્પણ કરી છે તેની પ્રતિજ્ઞા લઉં છું કે હું કદી પણ ગુનેહગારોનો મદદગાર નહિ બનું.

فَاَصۡبَحَ فِی الۡمَدِیۡنَۃِ خَآئِفًا یَّتَرَقَّبُ فَاِذَا الَّذِی اسۡتَنۡصَرَهٗ
بِالۡاَمۡسِ یَسۡتَصۡرِخُهٗ ؕ قَالَ لَهٗ مُوۡسٰۤی اِنَّکَ لَغَوِیٌّ مُّبِیۡنٌ ﴿۱۸﴾

૧૮) પછી તેણે (તે રાત્રિ) તે શહેરમાં ડર અને) આશાવંત સ્થિતિમાં (વીતાવી) સવાર કરી. (બીજે દિવસે પણ) ઓચિંતો શું જુએ છે કે જે શખ્સે

આગલે દિવસે તેની સહાય માંગી હતી તે (આજે પણ સહાય માટે) તેને પોકારી રહ્યો છે, (આથી) મૂસાએ તેને કહ્યું કે ખરેખર તું ખુલ્લો ગુમરાહ છે.

فَلَمَّآ اَنۡ اَرَادَ اَنۡ يَّبۡطِشَ بِالَّذِىۡ هُوَ عَدُوٌّ لَّهُمَا ۙ قَالَ يٰمُوۡسٰٓى
اَتُرِيۡدُ اَنۡ تَقۡتُلَنِىۡ كَمَا قَتَلۡتَ نَفۡسًۢا بِالۡاَمۡسِ ۖ اِنۡ تُرِيۡدُ اِلَّاۤ
اَنۡ تَكُوۡنَ جَبَّارًا فِى الۡاَرۡضِ وَمَا تُرِيۡدُ اَنۡ تَكُوۡنَ مِنَ
الۡمُصۡلِحِيۡنَ ﴿۱۹﴾

(૧૯) પછી જ્યારે (મૂસાએ) તે શખ્સ ઉપર કે જે તે બન્નેનો શત્રુ હતો હાથ ઉપાડવા ઇરાદો કર્યો ત્યારે તેણે કહ્યું કે અય મૂસા ! શું તું એમ ઇચ્છે છે કે

જેવી રીતે તેં કાલે એક શખ્સને મારી નાખ્યો હતો તેવી રીતે મને પણ મારી નાખે ? શું તું એમ ચાહે છે કે આ ભૂમિમાં તું મોટો ઝબરદસ્તી કરનાર બની જાય, અને આ નથી ચાહતો કે તું સદાચારીઓ માનો થઇ જાય?

وَجَآءَ رَجُلٌ مِّنۡ اَقۡصَا الۡمَدِيۡنَةِ يَسۡعٰى قَالَ يٰمُوۡسٰۤى اِنَّ الۡمَلَاَ
يَاۡتَمِرُوۡنَ بِكَ لِيَقۡتُلُوۡكَ فَاخۡرُجۡ اِنِّىۡ لَكَ مِنَ النّٰصِحِيۡنَ ۝٢٠

(૨૦) અને તે શહેરના છેવટના ભાગમાંથી એક શખ્સ ઉતાવળો (દોડતો) આવ્યો અને કહેવા લાગ્યો કે અય મૂસા ! ખરેખરજ રાજ્યના અમલદારો તારા સંબંધમાં સલાહ કરી રહ્યા છે કે

તને મારી નાખે, માટે તું (હમણાંજ અહીંથી) ચાલયો જા, નિસંશય હું તારા શુભેચ્છકો માનો છું.

فَخَرَجَ مِنْهَا خَآئِفًا يَّتَرَقَّبُ ۬ قَالَ رَبِّ نَجِّنِيْ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۲۱﴾

(૨૧) આથી તે તે (શહેર)માંથી ડરતાં ડરતાં આશામાંને આશામાં ચાલી નીકળ્યો (અને) અરજ કરવા લાગ્યો કે અય મારા પરવરદિગાર ! મને ઝાલિમ લોકોના હાથમાંથી છુટકારો આપ.

وَلَمَّا تَوَجَّهَ تِلْقَآءَ مَدْيَنَ قَالَ عَسٰى رَبِّيْٓ اَنْ يَّهْدِيَنِيْ سَوَآءَ السَّبِيْلِ ﴿۲۲﴾

(૨૨) જ્યારે તે મદયન તરફ ચાલવા લાગ્યો ત્યારે (માર્ગ માલૂમ ન હોવાથી સ્વગત) કહેવા લાગ્યો કે મને આશા છે કે મારો પરવરદિગાર મને સીધો માર્ગ દેખાડી દેશે.

وَلَمَّا وَرَدَ مَآءَ مَدْيَنَ وَجَدَ عَلَيْهِ اُمَّةً مِّنَ النَّاسِ يَسْقُوْنَ ۫

وَوَجَدَ مِنْ دُوْنِهِمُ امْرَاَتَيْنِ تَذُوْدٰنِ ۚ قَالَ مَا خَطْبُكُمَا ؕ

قَالَتَا لَا نَسْقِىْ حَتّٰى يُصْدِرَ الرِّعَآءُ ٚ وَاَبُوْنَا شَيْخٌ كَبِيْرٌ ﴿٢٣﴾

(૨૩) અને જ્યારે મદયનના પાણી પર પહોંચ્યો તો ત્યાં લોકોના એક ટોળાંને (પોતાના પશુઓને) પાણી પાતા જોયાં અને તેમનાથી થોડેક છેટે પોતાનાં (બકરાં ઘેટાં)ને અટકાવતી બે સ્ત્રીઓ જોઈ,

(જેથી) તેણે પૂછયું કે તમારી શી મતલબ છે ? તે બન્નેએ કહ્યું કે જ્યાં સુધી આ ગોવાળો (પોતાના પશુ હવાડા પરથી) ખસેડી લેશે નહિ ત્યાં સુધી અમે (અમારા પશુઓને પાણી) પાઇ શકતી નથી, અને અમારો બાપ ઘણો વૃધ્ધ છે (માટે અમે વધુ (સમય) રોકાઈ પણ શકતી નથી.)

فَسَقٰى لَهُمَا ثُمَّ تَوَلّٰۤى اِلَى الظِّلِّ فَقَالَ رَبِّ اِنِّىْ لِمَاۤ اَنْزَلْتَ اِلَىَّ مِنْ خَيْرٍ فَقِيْرٌ ﴿۲۴﴾

(૨૪) જેથી મૂસાએ તે બન્નેની ખાતર (તેમના પશુઓને) પાણી પીવડાવ્યું, પછી છાંયડામાં ચાલ્યો ગયો અને અરજ કરવા લાગ્યો કે અય મારા

પરવરદિગાર! જે પણ નેઅમત તું મારા માટે ઉતારે તેનો હું ખરેજ મોહતાજ છું.

فَجَآءَتۡهُ اِحۡدٰىهُمَا تَمۡشِیۡ عَلَی اسۡتِحۡیَآءٍ ۫ قَالَتۡ اِنَّ اَبِیۡ یَدۡعُوۡکَ لِیَجۡزِیَکَ اَجۡرَ مَا سَقَیۡتَ لَنَا ؕ فَلَمَّا جَآءَهٗ وَقَصَّ عَلَیۡهِ الۡقَصَصَ ۙ قَالَ لَا تَخَفۡ ٝ نَجَوۡتَ مِنَ الۡقَوۡمِ الظّٰلِمِیۡنَ ﴿۲۵﴾

(૨૫) પછી તે બન્ને પૈકી એક લાજ કાઢતી તેની પાસે આવી અને કહેવા લાગી કે નિસંશય મારા પિતા તને બોલાવે છે કે તને અમારી ખાતર (તેં તસ્દી લઇ અમારા પશુઓને) પાણી પાયું હતું તેનો બદલો આપે; પછી જ્યારે તે (શોએબ)ની પાસે પહોંચ્યો અને તેને (પોતાની) સઘળી વિતક કહી

સંભળાવી ત્યારે તેણે કહ્યું કે હવે ભય ન પામ, તું ઝાલિમ લોકોના હાથમાંથી છુટકારો મેળવી ચૂક્યો છે.

قَالَتۡ اِحۡدٰىهُمَا يٰۤاَبَتِ اسۡتَاۡجِرۡهُ‌ ۖ اِنَّ خَيۡرَ مَنِ اسۡتَاۡجَرۡتَ الۡقَوِىُّ الۡاَمِيۡنُ‏ ﴿۲۶﴾

(૨૬) તે બન્ને પૈકી એકે કહ્યું કે અય મારા પિતા! એને કામે લગાડ, નિસંશય જે કોઇને પણ તું કામે લગાડવા માંગે તેઓમાં એજ ઘણો સારો હશે કે જે મજબૂત હોય અને વિશ્વાસુ પણ.

قَالَ اِنِّیۡۤ اُرِیۡدُ اَنۡ اُنۡكِحَكَ اِحۡدَی ابۡنَتَیَّ هٰتَیۡنِ عَلٰۤی اَنۡ تَاۡجُرَنِیۡ
ثَمٰنِیَ حِجَجٍ ۚ فَاِنۡ اَتۡمَمۡتَ عَشۡرًا فَمِنۡ عِنۡدِكَ ۚ وَمَاۤ اُرِیۡدُ اَنۡ
اَشُقَّ عَلَیۡكَ ؕ سَتَجِدُنِیۡۤ اِنۡ شَآءَ اللّٰهُ مِنَ الصّٰلِحِیۡنَ ﴿۲۷﴾

(૨૭) (શોએબે) ફરમાવ્યું કે હું ઇચ્છું છું કે આ મારી બે છોકરીઓમાંથી એકના નિકાહ તારી સાથે એવી શરતે કરી દઉં કે તું આઠ વર્ષ (સુધી) મારી ચાકરી કરે, પછી જો દસ (વર્ષ) પૂરા કરી નાખે તો તે તારી મરજીની વાત છે, અને હું (એ માટે) તારા પર કોઇ (જાતનો) દબાવ નાખવા ચાહતો નથી; અલ્લાહ ચાહશે તો તું મને સદાચારીઓ માંનો જોશે.

قَالَ ذٰلِكَ بَيْنِيْ وَبَيْنَكَ ؕ اَيَّمَا الْاَجَلَيْنِ قَضَيْتُ فَلَا عُدْوَانَ
عَلَيَّ ؕ وَاللّٰهُ عَلٰى مَا نَقُوْلُ وَكِيْلٌ ﴿۲۸﴾

(૨૮) (મૂસાએ) કહ્યું કે મારા અને તારા વચ્ચે આ (મામલાનો નિર્ણય) થઇ ગયો; બન્ને મુદ્દતોમાંથી કોઇ પણ એક પૂરી કરી દઉં, (પણ) મારા પર કોઇ જાતની સખ્તાઇ થવી ન જોઇએ, અને આપણા વચ્ચે જે કાંઇ વાતચીત થઇ છે તેનો અલ્લાહ સાક્ષી છે.

فَلَمَّا قَضٰى مُوْسَى الْاَجَلَ وَسَارَ بِاَهْلِهٖۤ اٰنَسَ مِنْ جَانِبِ
الطُّوْرِ نَارًا ۚ قَالَ لِاَهْلِهِ امْكُثُوْۤا اِنِّيْۤ اٰنَسْتُ نَارًا لَّعَلِّيْۤ اٰتِيْكُمْ
مِّنْهَا بِخَبَرٍ اَوْ جَذْوَةٍ مِّنَ النَّارِ لَعَلَّكُمْ تَصْطَلُوْنَ ﴿۲۹﴾

(૨૯) પછી જ્યારે મૂસાએ તે મુદ્દત પૂરી કરી દીધી અને પોતાના ઘરવાળાંઓને લઇ (સ્વદેશ તરફ) ચાલ્યો ત્યારે તેને સીના પહાડ તરફ એક આગ નજરે પડી; આથી તેણે પોતાના ઘરવાળાને કહ્યું કે તમે અહીંજ થોભો, ખરેજ મને એક આગ નજરે પડી છે, આશા છે કે ત્યાંથી તમારા માટે (માર્ગની) કાંઇ ખબર લાવું અથવા તો તે આગમાંથી એક ચિનગારી લઇ આવું કે જેથી તમે તાપો.

فَلَمَّآ اَتٰىهَا نُوْدِیَ مِنْ شَاطِئِ الْوَادِ الْاَیْمَنِ فِی الْبُقْعَةِ
الْمُبٰرَكَةِ مِنَ الشَّجَرَةِ اَنْ یّٰمُوْسٰۤی اِنِّیْۤ اَنَا اللّٰهُ رَبُّ الْعٰلَمِیْنَ ﴿۳۰﴾

(30) પછી જ્યારે તે તે (આગ)ની પાસે પહોંચ્યો ત્યારે તે મેદાનની જમણી બાજુના ઝાડના એક

મુબારક ભાગમાંથી આ સાદ કરવામાં આવ્યો કે અય મૂસા ! નિસંશય હું જ સર્વ દુનિયાઓનો પાલનહાર અલ્લાહ છું

وَاَنْ اَلْقِ عَصَاكَ ط فَلَمَّا رَاٰهَا تَهْتَزُّ كَاَنَّهَا جَآنٌّ وَّلّٰى مُدْبِرًا وَّلَمْ
يُعَقِّبْ ط يٰمُوْسٰۤى اَقْبِلْ وَلَا تَخَفْ قف اِنَّكَ مِنَ الْاٰمِنِيْنَ ﴿٣١﴾

(૩૧) અને તું તારી લાઠી (ભૂમિ પર) ફેંકી દે; પછી જ્યારે (લાઠી નાખી દીધી ત્યારે) તેને એવી રીતે હાલતાં ચાલતાં જોઈ કે જાણે (જીવતો જાગતો) એક સાપ, તો (ભયભીત બની) પીઠ ફેરવી ભાગ્યો અને (તેની તરફ) પાછા ફરીને મુદ્દલ જોયું નહિ; (પછી સાદ કરવામાં આવ્યો કે) અય મૂસા !

આગળ આવ અને ડર નહિ, નિસંશય તું ભય રહીત થએલાઓ માંનો છે.

اُسْلُكْ يَدَكَ فِيْ جَيْبِكَ تَخْرُجْ بَيْضَآءَ مِنْ غَيْرِ سُوْٓءٍ ۫ وَّاضْمُمْ
اِلَيْكَ جَنَاحَكَ مِنَ الرَّهْبِ فَذٰنِكَ بُرْهَانٰنِ مِنْ رَّبِّكَ اِلٰى
فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ ؕ اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ ﴿۳۲﴾

(૩૨) તારો હાથ તારી બગલમાં નાખ એટલે તે ખામી વિનાનો સફેદ થઇ નીકળશે, અને ભય દૂર કરવા માટે તારા હાથને તારી તરફ વાળી લે, હવે તારા પાલનકર્તા તરફથી (તને આપવામાં આવેલા તારી નબુવ્વતના) આ બે ચમત્કારો ફિરઔન તથા

તેના દરબારીઓ માટે છે; નિસંશય તેઓ દુરાચારી લોકો છે.

قَالَ رَبِّ اِنِّيْ قَتَلْتُ مِنْهُمْ نَفْسًا فَاَخَافُ اَنْ يَّقْتُلُوْنِ ﴿٣٣﴾

(33) (મૂસાએ) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મેં તેમનો એક માણસ મારી નાખ્યો હતો, તેથી તેઓ પણ મને મારી નાખશે એવો મને ભય છે.

وَاَخِيْ هٰرُوْنُ هُوَ اَفْصَحُ مِنِّيْ لِسَانًا فَاَرْسِلْهُ مَعِيَ رِدْاً يُّصَدِّقُنِيْٓ ۡ اِنِّيْٓ اَخَافُ اَنْ يُّكَذِّبُوْنِ ﴿٣٤﴾

(34) અને મારો ભાઇ હારૂન મારા કરતાં જબાનમાં વધારે વકતૃત્વવાળો છે, જેથી તેને મારી સાથે

મદદગાર બનાવી મોકલ કે તે (મારી સત્યતાને) ટેકો આપે, નિસંશય હું આ વાતથી ડરૂં છું કે તેઓ મને જૂઠલાવશે.

قَالَ سَنَشُدُّ عَضُدَكَ بِأَخِيكَ وَنَجْعَلُ لَكُمَا سُلْطَٰنًا فَلَا يَصِلُونَ إِلَيْكُمَا ۚ بِـَٔايَٰتِنَآ أَنتُمَا وَمَنِ ٱتَّبَعَكُمَا ٱلْغَٰلِبُونَ ﴿٣٥﴾

(૩૫) (અલ્લાહે) ફરમાવ્યું કે નજીકમાં જ અમે તારા ભાઇ દ્વારા તારા બાઝુ મજબૂત કરી દઇશું, અને તમો બન્ને માટે એવી સત્તા આપી દઇશું કે તેઓ તમારી પાસે (ઇજા પહોંચાડવાને) પહોંચી શકશે નહિ, (હવે) નિશાનીઓ લઇ જાઓ, અને તમે બન્ને તથા તમો બન્નેનું જે અનુકરણ કરશે તેઓ અમારી નિશાનીઓના પ્રતાપે સર્વોપરી રહેશે.

فَلَمَّا جَآءَهُمۡ مُّوۡسٰی بِاٰیٰتِنَا بَیِّنٰتٍ قَالُوۡا مَا هٰذَاۤ اِلَّا سِحۡرٌ
مُّفۡتَرًی وَّمَا سَمِعۡنَا بِهٰذَا فِیۡۤ اٰبَآئِنَا الۡاَوَّلِیۡنَ ﴿۳۶﴾

(૩૬) પછી જ્યારે મૂસા તેમની પાસે અમારી પ્રત્યક્ષ નિશાનીઓ લઇને આવ્યો ત્યારે તેઓ બોલી ઉઠ્યા કે આ તો કાંઇ નથી પણ એક બનાવટ કરેલો જાદુ છે, અને અમોએ અમારા આગલા વડીલોમાં આવું (ક્યારેય) સાંભળ્યું નથી.

وَقَالَ مُوۡسٰی رَبِّیۡۤ اَعۡلَمُ بِمَنۡ جَآءَ بِالۡهُدٰی مِنۡ عِنۡدِهٖ وَمَنۡ
تَکُوۡنُ لَهٗ عَاقِبَةُ الدَّارِ ؕ اِنَّهٗ لَا یُفۡلِحُ الظّٰلِمُوۡنَ ﴿۳۷﴾

(૩૭) અને મૂસાએ કહ્યું કે મારો પરવરદિગાર તેનાથી સારી રીતે વાકેફ છે કે જે તેની પાસેથી

હિદાયત લઇને આવ્યો છે અને તેનાથી પણ કે જેના માટે તે (પરલોકના) ઘરનું પરિણામ સારૂં છે; નિસંશય ઝુલમગાર લોકો (હરગિજ) સફળતા પામશે નહિ.

وَقَالَ فِرْعَوْنُ يٰٓاَيُّهَا الْمَلَاُ مَا عَلِمْتُ لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرِىْ ۚ فَاَوْقِدْ لِىْ يٰهَامٰنُ عَلَى الطِّيْنِ فَاجْعَلْ لِّىْ صَرْحًا لَّعَلِّىْٓ اَطَّلِعُ اِلٰٓى اِلٰهِ مُوْسٰى ۙ وَاِنِّىْ لَاَظُنُّهٗ مِنَ الْكٰذِبِيْنَ ۝٣٨

(૩૮) અને ફિરઔને કહ્યું કે અય રાજ્યના અધિકારીઓ! હું તો મારા પોતાના સિવાય બીજા કોઇને પણ તમારો ખુદા જાણતો નથી, માટે અય હામાન! મારે માટે આ ભૂમિ પર (ઇંટવાડો

બનાવવા માટે) આગ સળગાવ, પછી મારા માટે એક (ઘણીજ) ઊંચી ઇમારત બનાવ કે તેના ઉપર ચઢી મૂસાના ખુદાની માહિતી મેળવું, અને નિસંશય હું તેને જૂઠું બોલનારાઓ માંનો માનું છું.

وَاسْتَكْبَرَ هُوَ وَجُنُوْدُهٗ فِي الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ وَظَنُّوْٓا اَنَّهُمْ اِلَيْنَا لَا يُرْجَعُوْنَ ﴿٣٩﴾

(૩૯) અને તેણે તથા તેના લશ્કરોએ તે ભૂમિમાં વિના કારણે અભિમાન કર્યું અને તેમણે એવું ધારી લીધું કે તેઓ અમારી તરફ (હરગિજ) પાછા ફેરવવામાં આવશે નહિ.

فَاَخَذۡنٰهُ وَجُنُوۡدَهٗ فَنَبَذۡنٰهُمۡ فِى الۡيَمِّ‌ ۚ فَانۡظُرۡ كَيۡفَ كَانَ
عَاقِبَةُ الظّٰلِمِيۡنَ‏ ﴿۴۰﴾

(૪૦) પછી અમોએ તેની તથા તેના લશ્કરોની ઘરપકડ કરી, પછી તેમને સમુદ્રમાં નાખી દીધા, માટે (અય રસૂલ !) જોઇ લે કે ઝુલમગાર લોકોનો કેવો અંત આવ્યો !

وَجَعَلۡنٰهُمۡ اَٮِٕمَّةً يَّدۡعُوۡنَ اِلَى النَّارِ‌ ۚ وَيَوۡمَ الۡقِيٰمَةِ لَا
يُنۡصَرُوۡنَ‏ ﴿۴۱﴾

(૪૧) અને અમોએ તેમને (ગુમરાહોના) સરદાર બનાવ્યા કે જેઓ (લોકોને) જહન્નમ તરફ બોલાવે

છે, અને કયામતના દિવસે તેમની મદદ કરવામાં આવશે નહિ.

وَاَتۡبَعۡنٰهُمۡ فِىۡ هٰذِهِ الدُّنۡيَا لَعۡنَةً‌ ۚ وَيَوۡمَ الۡقِيٰمَةِ هُمۡ مِّنَ الۡمَقۡبُوۡحِيۡنَ۝۴۲

(૪૨) અને આલોકમાં પણ અમોએ તેમની પાછળ લાનત લગાડી દીધી છે, અને કયામતના દિવસે તેઓ ચહેરા બગાડી નાખવામાં આવેલાઓ માંના હશે.

وَلَقَدۡ اٰتَيۡنَا مُوۡسَى الۡكِتٰبَ مِنۡۢ بَعۡدِ مَاۤ اَهۡلَكۡنَا الۡقُرُوۡنَ الۡاُوۡلٰى بَصَآٮِٕرَ لِلنَّاسِ وَهُدًى وَّرَحۡمَةً لَّعَلَّهُمۡ يَتَذَكَّرُوۡنَ۝۴۳

(૪૩) અને અમોએ પૂર્વકાળની પેઢીઓનો નાશ કર્યા પછી મૂસાને એવી કિતાબ આપી કે જે લોકોની આંખ ઉઘાડનારી હિદાયત અને રહેમત હતી કે કદાચને તેઓ બોધ ગ્રહણ કરે.

وَمَا كُنْتَ بِجَانِبِ الْغَرْبِيِّ اِذْ قَضَيْنَآ اِلٰى مُوْسَى الْاَمْرَ وَمَا كُنْتَ مِنَ الشّٰهِدِيْنَ ﴿٤٤﴾

(૪૪) અને (અય રસૂલ !) જે વખતે અમોએ મૂસા પાસે (વહી દ્વારા) અમારો હુકમ મોકલ્યો હતો તે વખતે તું (સીના પહાડની) પશ્ચિમ દિશાએ હાજર ન હતો, અને ન એ (મામલા)નું નિરીક્ષણ કરનારાઓ માંનો હતોઃ

وَلٰكِنَّآ اَنْشَاْنَا قُرُوْنًا فَتَطَاوَلَ عَلَيْهِمُ الْعُمُرُ ۚ وَمَا كُنْتَ
ثَاوِيًا فِيْٓ اَهْلِ مَدْيَنَ تَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِنَا ۙ وَلٰكِنَّا كُنَّا
مُرْسِلِيْنَ﴿۴۵﴾

(૪૫) પરંતુ અમોએ (મૂસા પછી) ઘણીએ પેઢીઓ પેદા કરી, પછી તેમના પર લાંબા લાંબા કાળ વીતી ગયા, અને ન તું મદયન વાસીઓ વચ્ચે રહેતો હતો કે જેથી આ લોકોને (મૂસા તથા શોએબના વર્ણનવાળી) અમારી આયતો વાંચી સંભળાવે, પરંતુ (તે ખબરો) તને પહોંચાડનાર અમેજ છીએ.

وَمَا كُنْتَ بِجَانِبِ الطُّوْرِ اِذْ نَادَيْنَا وَلٰكِنْ رَّحْمَةً مِّنْ رَّبِّكَ
لِتُنْذِرَ قَوْمًا مَّآ اَتٰىهُمْ مِّنْ نَّذِيْرٍ مِّنْ قَبْلِكَ لَعَلَّهُمْ
يَتَذَكَّرُوْنَ۝٤٦

(૪૬) અને જે વેળા અમોએ (મૂસાને) પોકાર્યો હતો ત્યારે તું તે પહાડની કોઇ બાજુમાં હાજર ન હતો, બલ્કે આ (જ્ઞાનનું મળવું) તારા પરવરદિગાર તરફથી રહેમત છે કે જેથી તું તે લોકોને ડરાવે કે જેમની પાસે તારી પૂર્વે કોઇ ડરાવનારો આવ્યો નથી કે જેથી તેઓ બોધ ગ્રહણ કરે.

وَلَوۡلَاۤ اَنۡ تُصِيۡبَهُمۡ مُّصِيۡبَةٌ ۢ بِمَا قَدَّمَتۡ اَيۡدِيۡهِمۡ فَيَقُوۡلُوۡا
رَبَّنَا لَوۡلَاۤ اَرۡسَلۡتَ اِلَيۡنَا رَسُوۡلًا فَنَتَّبِعَ اٰيٰتِكَ وَنَكُوۡنَ مِنَ
الۡمُؤۡمِنِيۡنَ ﴿۴۷﴾

(૪૭) અને એમ ન થાય કે તેમના હાથોએ આ પહેલાં જે કાંઇ મોકલ્યું છે તેના બદલામાં તેમના ઉપર કોઇ સંકટ આવી પડે તો તેઓ આ કહી ઉઠે કે અય અમારા પરવરદિગાર ! તેં અમારી પાસે કોઇ રસૂલ શા માટે મોકલ્યો નહિ કે જેથી અમે તારી આયતોને અનુસરતે અને અમે પણ ઇમાન લાવનારા માંના થઇ જતે.

فَلَمَّا جَآءَهُمُ الْحَقُّ مِنْ عِنْدِنَا قَالُوْا لَوْلَآ اُوْتِيَ مِثْلَ مَآ اُوْتِيَ
مُوْسٰى ؕ اَوَلَمْ يَكْفُرُوْا بِمَآ اُوْتِيَ مُوْسٰى مِنْ قَبْلُ ۚ قَالُوْا
سِحْرٰنِ تَظٰهَرَا ۗ وَقَالُوْآ اِنَّا بِكُلٍّ كٰفِرُوْنَ ۝٤٨

(૪૮) પછી જ્યારે અમારા તરફથી તેમની પાસે સત્ય (ધર્મ) પહોંચ્યો ત્યારે તેઓ કહેવા લાગ્યા કે તે (મોહમ્મદ (સ.)ને પણ એવીજ વસ્તુઓ કેમ આપવામાં ન આવી જેવી કે મૂસાને આપવામાં આવી હતી ? શું આ પહેલાં મૂસાને જે (વસ્તુઓ) આપવામાં આવી હતી તેનો તેમણે ઇન્કાર કર્યો ન હતો ? (અરે!) તેમણે તો આ પણ કહી દીધું હતું કે એ બન્ને (મૂસા તથા હારૂન) એક બીજાને મદદ

કરનારા બે જાદુગરો છે, અને વળી આ પણ કહ્યું હતું કે બેશક અમે દરેક બાબતનો ઇન્કાર કરનારા છીએ.

قُلۡ فَاۡتُوۡا بِكِتٰبٍ مِّنۡ عِنۡدِ اللّٰهِ هُوَ اَهۡدٰى مِنۡهُمَاۤ اَتَّبِعۡهُ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ﴿۴۹﴾

(૪૯) (અય રસૂલ !) તું કહે કે જો તમે સાચા છો તો તમે અલ્લાહ પાસેથી કોઇ એવી કિતાબ લાવો કે જે (તૌરેત તથા કુરઆન) બન્ને કરતાં બેહતર હિદાયત કરનારી હોય કે જેથી હું પણ તેનું અનુકરણ કરૂં.

فَاِنۡ لَّمۡ یَسۡتَجِیۡبُوۡا لَکَ فَاعۡلَمۡ اَنَّمَا یَتَّبِعُوۡنَ اَهۡوَآءَهُمۡ ؕ
وَمَنۡ اَضَلُّ مِمَّنِ اتَّبَعَ هَوٰىهُ بِغَیۡرِ هُدًی مِّنَ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ لَا
یَهۡدِی الۡقَوۡمَ الظّٰلِمِیۡنَ ﴿۵۰﴾

(૫૦) પણ જો તેઓ તારા કહેવા પ્રમાણે કરી ન બતાવે તો આ સમજી લે કે તેઓ પોતાની મનોવાંછનાઓને જ અનુસરે છે; અને તેના કરતાં વધારે ગુમરાહ કોણ હશે કે જે અલ્લાહની હિદાયતને છોડી પોતાની મનોવાંછનાઓને અનુસરે? નિસંશય અલ્લાહ ઝાલિમ લોકોની રાહબરી ફરમાવતો નથી.

وَلَقَدۡ وَصَّلۡنَا لَهُمُ الۡقَوۡلَ لَعَلَّهُمۡ یَتَذَکَّرُوۡنَ ﴿۵۱﴾

(૫૧) અને ખરેજ અમોએ તે (મક્કાવાસી)ઓ પાસે આ કુરઆનને પહોંચાડી દીધું છે કે કદાચને તેઓ બોધ ગ્રહણ કરે.

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ مِنْ قَبْلِهٖ هُمْ بِهٖ يُؤْمِنُوْنَ ﴿۵۲﴾

(૫૨) જે લોકોને અમોએ આ પહેલાં કિતાબ આપી હતી તેઓ (માંના કેટલાકો) આ (કુરઆન) પર ઇમાન રાખે છે.

وَاِذَا يُتْلٰى عَلَيْهِمْ قَالُوْٓا اٰمَنَّا بِهٖٓ اِنَّهُ الْحَقُّ مِنْ رَّبِّنَآ اِنَّا كُنَّا مِنْ قَبْلِهٖ مُسْلِمِيْنَ ﴿۵۳﴾

(૫૩) અને જ્યારે તેમની સામે (કુરઆન) પઢવામાં આવે છે ત્યારે તેઓ કહે છે કે અમે તેના પર

ઇમાન લાવ્યા, બેશક તે અમારા પરવરદિગાર તરફથી સત્યપૂર્વક ઉતરેલું છે, નિસંશય અમોએ તેનો પ્રથમથી જ સ્વીકાર કરી લીધો છે.

أُولَٰٓئِكَ يُؤۡتَوۡنَ أَجۡرَهُم مَّرَّتَيۡنِ بِمَا صَبَرُواْ وَيَدۡرَءُونَ
بِٱلۡحَسَنَةِ ٱلسَّيِّئَةَ وَمِمَّا رَزَقۡنَٰهُمۡ يُنفِقُونَ ٥٤

(૫૪) આ તેજ લોકો છે કે જેમને બમણો બદલો આપવામાં આવશે, કારણ કે તેઓ સહનશીલ છે, અને દુષ્કાર્યોને સત્કાર્યો વડે ટાળી દે છે અને અમોએ તેમને જે કાંઇ આપ્યું છે તેમાંથી (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરતા રહે છે.

وَاِذَا سَمِعُوا اللَّغْوَ اَعْرَضُوْا عَنْهُ وَقَالُوْا لَنَآ اَعْمَالُنَا وَلَكُمْ
اَعْمَالُكُمْ ۡ سَلٰمٌ عَلَيْكُمْ ۡ لَا نَبْتَغِى الْجٰهِلِيْنَ﴿۵۵﴾

(૫૫) અને જે વખતે કોઇ બેહુદી વાત સાંભળે છે ત્યારે તેના તરફથી મોઢું ફેરવી લે છે અને કહે છે કે અમારા કર્મો અમારા માટે છે અને તમારા કર્મો તમારા માટે છે, તમારા પર સલામ થાય, અમે જાહીલો (ની સંગત)ને ચાહનારા નથી.

اِنَّكَ لَا تَهْدِىْ مَنْ اَحْبَبْتَ وَلٰكِنَّ اللّٰهَ يَهْدِىْ مَنْ يَّشَآءُ ۚ
وَهُوَ اَعْلَمُ بِالْمُهْتَدِيْنَ﴿۵۶﴾

(૫૬) (અય રસૂલ !) ખરેખરજ તું જેને ચાહે છે તેને રાહ પર લાવી શકતો નથી, પરંતુ અલ્લાહ જેને

ચાહે છે તેને રાહ પર લઇ આવે છે, અને તે હિદાયત પામનારાઓથી સારી રીતે વાકેફ છે.

وَقَالُوْٓا اِنْ نَّتَّبِعِ الْهُدٰى مَعَكَ نُتَخَطَّفْ مِنْ اَرْضِنَا ؕ اَوَلَمْ نُمَكِّنْ لَّهُمْ حَرَمًا اٰمِنًا يُّجْبٰٓى اِلَيْهِ ثَمَرٰتُ كُلِّ شَيْءٍ رِّزْقًا مِّنْ لَّدُنَّا وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ۝٥٧

(૫૭) અને (મક્કાના નાસ્તિકો તને) કહે છે કે જો અમે તારી સાથે હિદાયતને અનુસરનારા થઇ જઇએ તો અમે અમારા દેશમાંથી ઊંચકાઇ જઇએ. શું અમોએ તમને એવા ભય રહીત પવિત્ર હરમ (બયતુલ્લાહના ક્ષેત્ર)માં જગ્યા નથી આપી કે જેના તરફ અમારા તરફથી રોઝી તરીકે દરેક જાતનાં

ફળ (મોટા પ્રમાણમાં) લાવવામાં આવે છે ? પરંતુ તેઓ માંના ઘણાખરા જાણતા નથી.

وَ كَمۡ اَهۡلَكۡنَا مِنۡ قَرۡيَةٍۭ بَطِرَتۡ مَعِيۡشَتَهَا ۚ فَتِلۡكَ مَسٰكِنُهُمۡ
لَمۡ تُسۡكَنۡ مِّنۡۢ بَعۡدِهِمۡ اِلَّا قَلِيۡلًا ؕ وَ كُنَّا نَحۡنُ الۡوٰرِثِيۡنَ ﴿۵۸﴾

(૫૮) અને અમોએ એવી કેટલીએ વસ્તીઓનો નાશ કરી નાખ્યો કે જે પોતાના વૈભવ વિલાસ પર ઇતરાઇને પોતાનું જીવન વ્યતીત કરતી હતી, જેથી તેમની પછી તેમના આ (વેરાન થઇ ગએલા) મકાનો ઘણાંજ થોડા વસાવવામાં આવ્યા; અને મૂળ વારસ તો અમેજ છીએ.

وَمَا كَانَ رَبُّكَ مُهْلِكَ الْقُرٰى حَتّٰى يَبْعَثَ فِيْٓ اُمِّهَا رَسُوْلًا
يَّتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِنَا ۚ وَمَا كُنَّا مُهْلِكِي الْقُرٰٓى اِلَّا وَاَهْلُهَا
ظٰلِمُوْنَ﴿٥٩﴾

(૫૯) અને તારો પરવરદિગાર કોઇ વસ્તીનો નાશ કરતો નથી જ્યાં સુધી દરેક વસ્તીઓના કેન્દ્રસ્થાને કોઇ રસૂલ પેદા કરી તેમને અમારી આયતો વાંચી ન સંભળાવે, અને તે વસ્તીઓના રહેવાસીઓ ઝુલ્મ કરવા માંડે નહિ ત્યાં સુધી અમે તે વસ્તીઓનો હરગિજ નાશ કરતા નથી.

وَمَآ اُوْتِيْتُمْ مِّنْ شَيْءٍ فَمَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا وَزِيْنَتُهَا ۚ وَمَا
عِنْدَ اللّٰهِ خَيْرٌ وَّاَبْقٰى ۭ اَفَلَا تَعْقِلُوْنَ﴿٦٠﴾

(૬૦) અને તમને જે પણ વસ્તુ આપવામાં આવી છે તે સંસારી જીવનની માયા અને તેનો શણગાર છે, અને જે કાંઇ અલ્લાહની પાસે છે એજ સૌ કરતાં બેહતર અને વધુ ટકી રહેનાર છે; છતાં તમે સમજ ધરાવતા નથી ?

اَفَمَنۡ وَّعَدۡنٰهُ وَعۡدًا حَسَنًا فَهُوَ لَاقِيۡهِ كَمَنۡ مَّتَّعۡنٰهُ مَتَاعَ
الۡحَيٰوةِ الدُّنۡيَا ثُمَّ هُوَ يَوۡمَ الۡقِيٰمَةِ مِنَ الۡمُحۡضَرِيۡنَ ﴿٦١﴾

(૬૧) શું તે શખ્સ કે જેનાથી અમોએ સારા બદલાનો વાયદો કર્યો હોય, પછી તેને તે (વાયદા મુજબ બદલો) મળનાર પણ હોય, તે તે શખ્સની બરોબર થઇ શકે કે જેને અમોએ દુનિયાની જિંદગીની સામગ્રીથી લાભ પહોંચાડ્યો હોય, પછી

તે કયામતના દિવસે (અઝાબ માટે) હાજર કરવામાં આવેલાઓ માંનો પણ હોય?

وَيَوْمَ يُنَادِيهِمْ فَيَقُولُ اَيْنَ شُرَكَآءِىَ الَّذِيْنَ كُنْتُمْ
تَزْعُمُوْنَ ﴿٦٢﴾

(૬૨) અને જે દિવસે (અલ્લાહ) તેમને બોલાવશે, પછી ફરમાવશે કે મારા તે શરીકો ક્યાં છે કે જેમને તમે મારા બરોબરીના ગણતા હતા ?

قَالَ الَّذِيْنَ حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ رَبَّنَا هٰٓؤُلَآءِ الَّذِيْنَ اَغْوَيْنَا ج
اَغْوَيْنٰهُمْ كَمَا غَوَيْنَا ج تَبَرَّاْنَآ اِلَيْكَ ز مَا كَانُوْٓا اِيَّانَا
يَعْبُدُوْنَ ﴿٦٣﴾

(૬૩) ત્યારે તે લોકો કે જેમના ઉપર અમારા (અઝાબનો) કોલ પૂરવાર થઇ ગયો હશે અરજ કરશે કે અય અમારા પરવરદિગાર! આ એજ લોકો છે કે જેમને અમોએ ભમાવ્યા હતા, (ત્યારે શરીકો કહેશે અમે તેઓને) ભમાવ્યા જેવી રીતે કે અમે પોતે ભમી ગયા હતા; હવે અમે તારી હજૂરમાં તેમનાથી બેઝારી ઇચ્છીએ છીએ, આ લોકો હરગિજ અમારી ઈબાદત કરતા ન હતા.

وَقِيْلَ ادْعُوْا شُرَكَآءَكُمْ فَدَعَوْهُمْ فَلَمْ يَسْتَجِيْبُوْا لَهُمْ
وَرَاَوُا الْعَذَابَ ۚ لَوْ اَنَّهُمْ كَانُوْا يَهْتَدُوْنَ ﴿٦٤﴾

(૬૪) અને તેમને કહેવામાં આવશે કે તમે તમારા શરીકોને પોકારો, જેથી તેઓ તેમને પોકારશે પણ

તેઓ તેમને કાંઇ જવાબ નહિ આપે અને તેઓ (નરીઆંખે) અઝાબ જોશે; (ત્યારે એવી ઇચ્છા કરશે કે) જો તેઓ સન્માર્ગે ચાલ્યા હોત તો કેવું સારૂં થતે !

وَيَوۡمَ يُنَادِيۡهِمۡ فَيَقُوۡلُ مَاذَاۤ اَجَبۡتُمُ الۡمُرۡسَلِيۡنَ ﴿٦٥﴾

(૬૫) અને જે દિવસે તે (અલ્લાહ) તેમને સાદ કરશે, પછી ફરમાવશે કે તમોએ રસૂલોને (તેમના સમજાવવાનો) શો જવાબ આપ્યો હતો ?

فَعَمِيَتۡ عَلَيۡهِمُ الۡاَنۡۢبَآءُ يَوۡمَئِذٍ فَهُمۡ لَا يَتَسَآءَلُوۡنَ ﴿٦٦﴾

(૬૬) પણ તે દિવસે તેમને તે બાબતો વિષે કાંઇ પણ સૂઝશે નહિ, (અને) તેઓ એકબીજાને કોઇ પ્રશ્ન પણ કરી શકશે નહીં.

فَاَمَّا مَنۡ تَابَ وَاٰمَنَ وَعَمِلَ صَالِحًا فَعَسٰٓى اَنۡ يَّكُوۡنَ مِنَ
الۡمُفۡلِحِيۡنَ﴿۶۷﴾

(૬૭) પછી જેણે તૌબા કરી હશે તથા ઇમાન લાવ્યો હશે તથા સત્કાર્યો કર્યા હશે તો આશા છે કે મુક્તિ પામનારાઓ માંનો થઇ જશે.

وَرَبُّكَ يَخۡلُقُ مَا يَشَآءُ وَيَخۡتَارُؕ مَا كَانَ لَهُمُ الۡخِيَرَةُؕ سُبۡحٰنَ
اللّٰهِ وَتَعٰلٰى عَمَّا يُشۡرِكُوۡنَ﴿۶۸﴾

(૬૮) અને તારો પરવરદિગાર જે કાંઇ ચાહે છે ઉત્પન્ન કરે છે, અને જેને ચાહે છે તેને ચૂંટી કાઢે છે; તેમને તે અધિકાર નથી, તેમનાથી અલ્લાહ પાક અને ચઢીયાતો છે.

وَرَبُّكَ يَعۡلَمُ مَا تُكِنُّ صُدُوۡرُهُمۡ وَمَا يُعۡلِنُوۡنَ ﴿٦٩﴾

(૬૯) અને (અય રસૂલ !) તારા પરવરદિગાર તે વસ્તુઓને જાણે છે કે તેમના અંતઃકરણો સંતાડી રાખે છે, અને તેમને પણ કે જેને તેઓ જાહેર કરે છે.

وَهُوَاللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ؕ لَهُ الۡحَمۡدُ فِى الۡاُوۡلٰى وَالۡاٰخِرَةِ ۫ وَلَهُ الۡحُكۡمُ وَاِلَيۡهِ تُرۡجَعُوۡنَ ﴿٧٠﴾

(૭૦) અને એજ અલ્લાહ છે કે જેના સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી; આલોક અને પરલોકમાં દરેક પ્રકારના ગુણગાન તેનાજ માટે લાયક છે, અને

તેનેજ દરેક આજ્ઞા કરવાનો અધિકાર છે; અને તમો સર્વેનું પાછું ફરવું પણ તેનીજ તરફ થશે.

قُلۡ اَرَءَيۡتُمۡ اِنۡ جَعَلَ اللّٰهُ عَلَيۡكُمُ الَّيۡلَ سَرۡمَدًا اِلٰى يَوۡمِ الۡقِيٰمَةِ مَنۡ اِلٰهٌ غَيۡرُ اللّٰهِ يَاۡتِيۡكُمۡ بِضِيَآءٍ ؕ اَفَلَا تَسۡمَعُوۡنَ ۝٧١

(૭૧) (અય રસૂલ !) તું કહે કે જો તે કયામતના દિવસ સુધી તમારા ઉપર નિરંતર રાત્રિજ કાયમ કરી દે તો અલ્લાહ સિવાય એવો ક્યો માઅબૂદ છે કે જે તમારા માટે પ્રકાશ લઇ આવે ? શું તમે ધ્યાનપૂર્વક સાંભળતા નથી ?

قُلۡ اَرَءَيۡتُمۡ اِنۡ جَعَلَ اللّٰهُ عَلَيۡكُمُ النَّهَارَ سَرۡمَدًا اِلٰى يَوۡمِ
الۡقِيٰمَةِ مَنۡ اِلٰهٌ غَيۡرُ اللّٰهِ يَاۡتِيۡكُمۡ بِلَيۡلٍ تَسۡكُنُوۡنَ فِيۡهِ ؕ اَفَلَا
تُبۡصِرُوۡنَ ﴿۷۲﴾

(૭૨) તું કહે કે શું તમે આ વિચાર્યું પણ છે કે જો અલ્લાહ કયામતના દિવસ સુધી તમારા પર સતત દિવસજ કાયમ કરી રાખે તો અલ્લાહના સિવાય બીજો કોણ એવો માઅબૂદ છે કે જે તમારા માટે રાત્રિ લઇ આવે કે જેમાં તમે આરામ કરો? શું તમે આ (સઘળું અંતર ચક્ષુઓથી) જોતા નથી ?

وَمِنۡ رَّحۡمَتِهٖ جَعَلَ لَكُمُ الَّيۡلَ وَالنَّهَارَ لِتَسۡكُنُوۡا فِيۡهِ
وَلِتَبۡتَغُوۡا مِنۡ فَضۡلِهٖ وَلَعَلَّكُمۡ تَشۡكُرُوۡنَ ﴿۷۳﴾

(૭૩) અને તેણેજ પોતાની કૃપાથી તમારા માટે રાત્રિ તથા દિવસ બનાવ્યાં છે કે જેથી તે (રાત્રિ)માં તમે આરામ કરો, અને (દિવસ) એ માટે કે તમે તેની કૃપા (રોઝી) ચાહનારા થાઓ, અને એ માટે કે તમે આભાર માનતા રહો.

وَيَوْمَ يُنَادِيهِمْ فَيَقُولُ اَيْنَ شُرَكَآءِىَ الَّذِيْنَ كُنْتُمْ تَزْعُمُوْنَ ﴿٧٤﴾

(૭૪) અને જે દિવસે અલ્લાહ તેમને બોલાવશે અને પછી પૂછશે કે મારા તે શરીકો ક્યાં છે કે જેમને તમે મારા બરોબરીના સમજતા હતા ?

وَنَزَعۡنَا مِنۡ كُلِّ اُمَّةٍ شَهِيۡدًا فَقُلۡنَا هَاتُوۡا بُرۡهَانَكُمۡ فَعَلِمُوۡۤا
اَنَّ الۡحَقَّ لِلّٰهِ وَضَلَّ عَنۡهُمۡ مَّا كَانُوۡا يَفۡتَرُوۡنَ ﴿۷۵﴾

(૭૫) અને અમે દરેક ઉમ્મતમાંથી એક-એક સાક્ષી જુદો પાડી લઇશું, પછી અમે (મુશ્રિકોને) કહીશું કે તમે પોત પોતાની (બચાવની) દલીલો રજૂ કરો ત્યારે તેઓ સમજી જશે કે સત્ય (હકીકત) અલ્લાહ તરફજ છે, અને જે જૂઠ તેઓ ઘડી કાઢતા હતા તે તેમની પાસેથી જતું રહેશે.

اِنَّ قَارُوۡنَ كَانَ مِنۡ قَوۡمِ مُوۡسٰى فَبَغٰى عَلَيۡهِمۡ ۖ وَاٰتَيۡنٰهُ مِنَ
الۡكُنُوۡزِ مَاۤ اِنَّ مَفَاتِحَهٗ لَتَنُوۡٓاُ بِالۡعُصۡبَةِ اُولِى الۡقُوَّةِ ۚ اِذۡ قَالَ
لَهٗ قَوۡمُهٗ لَا تَفۡرَحۡ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الۡفَرِحِيۡنَ ﴿۷۶﴾

(૭૬) નિસંશય કારૂન મૂસાની કોમમાંથી હતો, પણ તે સ્વકોમની વિરૂદ્ધ બંડખોર થઇ ગયો હતો, અને અમોએ તેને એટલા બધા ખજાના આપ્યા હતા કે તેની ચાવીઓ શક્તિશાળી લોકો પણ મહા મુશ્કેલીએ ઉપાડી શકતા હતા તેને જ્યારે તેની કોમે કહ્યું કે તું (અઢળક સંપત્તિ માટે) હરખા મા, નિસંશય અલ્લાહ હરખાનારાઓને દોસ્ત નથી રાખતો.

وَابْتَغِ فِيْمَآ اٰتٰىكَ اللّٰهُ الدَّارَ الْاٰخِرَةَ وَلَا تَنْسَ نَصِيْبَكَ مِنَ الدُّنْيَا وَاَحْسِنْ كَمَآ اَحْسَنَ اللّٰهُ اِلَيْكَ وَلَا تَبْغِ الْفَسَادَ فِي الْاَرْضِ ۭ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُفْسِدِيْنَ ۝

(૭૭) અને અલ્લાહે તને જે કાંઇ આપી રાખ્યું છે તેના પ્રતાપે તું આખેરતના ઘરનો ચાહનારો થા, અને દુનિયા માંથી તારી ફરજ વીસરી ન જા, અને જેવી રીતે અલ્લાહે તારા ઉપર ઉપકાર કર્યો છે તું પણ (અલ્લાહના બંદાઓ પર) ઉપકાર કર, અને પૃથ્વી પર ફસાદને ચાહનારો ન થા; નિસંશય અલ્લાહ ફસાદ કરનારાઓને દોસ્ત નથી રાખતો.

قَالَ اِنَّمَآ اُوْتِيْتُهٗ عَلٰى عِلْمٍ عِنْدِيْ ؕ اَوَلَمْ يَعْلَمْ اَنَّ اللّٰهَ قَدْ اَهْلَكَ مِنْ قَبْلِهٖ مِنَ الْقُرُوْنِ مَنْ هُوَ اَشَدُّ مِنْهُ قُوَّةً وَّاَكْثَرُ جَمْعًا ؕ وَلَا يُسْـَٔلُ عَنْ ذُنُوْبِهِمُ الْمُجْرِمُوْنَ ﴿٧٨﴾

(૭૮) તેણે કહ્યું કે મેં જે કાંઇ મેળવ્યું છે તે તો મારા જ્ઞાન (અક્કલ હોંશિયારી)થી મેળવ્યું છે; (પરંતુ) શું તે આ જાણતો ન હતો કે અલ્લાહે તેની પૂર્વે ઘણાંય ટોળાં કે જે તેના કરતાં શક્તિમાં વધારે હતા અને જેમના અનુયાયીઓ પણ વધારે હતા તેમનો નાશ કરી નાખ્યો હતો ? અને ગુનેહગારોને તેમના ગુનાહોની બાબત સવાલ કરવાની જરૂર પડશે નહિ.

فَخَرَجَ عَلٰى قَوْمِهٖ فِيْ زِيْنَتِهٖ ؕ قَالَ الَّذِيْنَ يُرِيْدُوْنَ الْحَيٰوةَ الدُّنْيَا يٰلَيْتَ لَنَا مِثْلَ مَآ اُوْتِيَ قَارُوْنُ ۙ اِنَّهٗ لَذُوْ حَظٍّ عَظِيْمٍ ﴿۷۹﴾

(૭૯) પછી જ્યારે તે પોતાની કોમ સામે બની ઠની (પૂરા ભપકાથી) નીકળતો ત્યારે તે લોકો-કે જેઓ સંસારી જિંદગીના ચાહનારા હતા કહેવા લાગતા કે અમારા માટે પણ આવું કાંઇ હોત જેવું કે કારૂનને આપવામાં આવ્યું છે તો કેવું સારૂં થાત! નિસંશય તે મહા ભાગ્યશાળી છે.

وَقَالَ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ وَيْلَكُمْ ثَوَابُ اللّٰهِ خَيْرٌ لِّمَنْ اٰمَنَ وَعَمِلَ صَالِحًا ۚ وَلَا يُلَقّٰىهَآ اِلَّا الصّٰبِرُوْنَ ﴿٨٠﴾

(૮૦) અને તે લોકોએ કે જેમને જ્ઞાન આપવામાં આવ્યું હતું કહ્યું કે અફસોસ તમારા ઉપર ! જે શખસ ઇમાન લાવ્યો તથા સત્કાર્યો કર્યા તેને અલ્લાહ તરફથી જે બદલો મળશે તે બેહતર હશે,

પણ તે ધીરજ ધરનારાઓ સિવાય બીજા કોઇને મળતો નથી.

فَخَسَفْنَا بِهٖ وَبِدَارِهِ الْاَرْضَ ۗ فَمَا كَانَ لَهٗ مِنْ فِئَةٍ يَّنْصُرُوْنَهٗ مِنْ دُوْنِ اللّٰهِ ۖ وَمَا كَانَ مِنَ الْمُنْتَصِرِيْنَ ﴿٨١﴾

(૮૧) પછી અમોએ તે (કારૂન)ને તથા તેના ઘરને જમીનમાં ધસાવી દીધાં, પછી ન તેનું કોઇ એવું ટોળું હતું કે જે અલ્લાહ (ના અઝાબ)થી બચાવવા માટે તેની સહાય કરે, અને ન તે પોતે પોતાને બચાવી શક્યો.

وَاَصۡبَحَ الَّذِيۡنَ تَمَنَّوۡا مَكَانَهٗ بِالۡاَمۡسِ يَقُوۡلُوۡنَ وَيۡكَاَنَّ اللّٰهَ
يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ مِنۡ عِبَادِهٖ وَيَقۡدِرُ‌ ۚ لَوۡلَاۤ اَنۡ مَّنَّ
اللّٰهُ عَلَيۡنَا لَخَسَفَ بِنَا‌ ؕ وَيۡكَاَنَّهٗ لَا يُفۡلِحُ الۡكٰفِرُوۡنَ ۝۸۲

(૮૨) અને તે લોકો કે જેઓ આગલે દિવસે તેના જેવાજ દરજ્જાની ઇચ્છા કરી રહ્યા હતા કહેવા લાગ્યા કે હાય, હાય ! આ તો અલ્લાહ જ છે જે પોતાના બંદાઓમાંથી જેના માટે ચાહે છે રોઝીમાં વિશાળતા આપે છે, અને જેના માટે ચાહે છે તંગ કરી નાખે છે; જો અમારા પર અલ્લાહે ઉપકાર કર્યો ન હોત તો અમને પણ (તેની માફક જમીનમાં) ધસાવી દેતે; અરે ગઝબ !

અનુપકારીઓ તો હરગિજ સફળતા પામી શકતા નથી.

تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِي الْاَرْضِ وَلَا فَسَادًا ؕ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ ﴿٨٣﴾

(૮૩) આ આખેરતનું ઘર અમે તે લોકો માટે નિર્માણ કરીએ છીએ કે જેઓ ન પૃથ્વી પર મોટાઈ નથી ચાહતા અને ન ફસાદ; અને ઉમદા પરિણામ પરહેઝગારો માટેજ છે.

مَنْ جَآءَ بِالْحَسَنَةِ فَلَهٗ خَيْرٌ مِّنْهَا ۚ وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزَى الَّذِيْنَ عَمِلُوا السَّيِّاٰتِ اِلَّا مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٨٤﴾

(૮૪) જે શખ્સ નેકી લાવશે તો તેના માટે તે કરતાંય બેહતર (બદલો) હશે, અને જે બદી લાવશે તો તે લોકોને કે જેઓ બદી કરતા હતા માત્ર એવોજ બદલો મળશે જેવાં કે તેઓ કૃત્ય કરતાં હતાં.

اِنَّ الَّذِىۡ فَرَضَ عَلَيۡكَ الۡقُرۡاٰنَ لَرَآدُّكَ اِلٰى مَعَادٍ‌ ؕ قُلْ رَّبِّىۡۤ اَعۡلَمُ مَنۡ جَآءَ بِالۡهُدٰى وَمَنۡ هُوَ فِىۡ ضَلٰلٍ مُّبِيۡنٍ ﴿۸۵﴾

(૮૫) (અય રસૂલ !) નિસંશય તે કે જેણે તારા પર કુરઆન (ને અનુસરવાનું) વાજિબ કર્યું છે તને તારા મૂળ સ્થાન (મક્કા) તરફ જરૂર પાછો ફેરવી લાવનાર છે; તું કહે કે મારો પરવરદિગાર તેનાથી

સંપૂર્ણ વાકેફ છે કે જે હિદાયત લઇને આવ્યો છે અને તેનાથી પણ કે જે નરી ગુમરાહીમાં જ છે.

وَمَا كُنتَ تَرْجُوٓا اَنْ يُّلْقٰٓى اِلَيْكَ الْكِتٰبُ اِلَّا رَحْمَةً مِّنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ ظَهِيْرًا لِّلْكٰفِرِيْنَ ﴿٨٦﴾

(૮૬) અને તને તો કોઇ એવી આશા ન હતી કે તારા ઉપર આ કિતાબ ઉતારવામાં આવશે; પણ તારા પાલનકર્તા તરફથી ખાસ કૃપા થઇ માટે તું કદી પણ નાસ્તિકોનો આશ્રયદાતા થઇશ નહિ.

وَلَا يَصُدُّنَّكَ عَنْ اٰيٰتِ اللّٰهِ بَعْدَ اِذْ اُنْزِلَتْ اِلَيْكَ وَادْعُ اِلٰى رَبِّكَ وَلَا تَكُوْنَنَّ مِنَ الْمُشْرِكِيْنَ ﴿٨٧﴾

(૮૭) અને એવું ન થાય કે અમારી આયતો તારા ઉપર ઉતરી ગયા બાદ (તેના પાલન અને પ્રચારથી) તેઓ તને અટકાવે, અને તું (લોકોને) તારા પરવરદિગાર તરફ બોલાવ, અને તું હરગિજ મુશ્રિકો માંનો થજે નહિ.

وَلَا تَدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ ۘ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۟ كُلُّ شَیْءٍ هَالِكٌ
اِلَّا وَجْهَهٗ ؕ لَهُ الْحُكْمُ وَاِلَیْهِ تُرْجَعُوْنَ ۝۸۸

(૮૮) અને અલ્લાહની સાથે બીજા કોઇને માઅબૂદ ન બનાવ, તેના સિવાય કોઇ માઅબૂદ નથી; તેની જાત સિવાય દરેક વસ્તુ નાશ પામનારી છે, મૂળ આજ્ઞા કરવાનું કામ તેનુંજ છે, અને તેનીજ તરફ તમો સર્વો પાછા ફેરવવામાં આવશો.

الٓمّٓ ﴿١﴾

(૧) અલિફ લામ મીમ.

اَحَسِبَ النَّاسُ اَنۡ يُّتۡرَكُوۡۤا اَنۡ يَّقُوۡلُوۡۤا اٰمَنَّا وَهُمۡ لَا
يُفۡتَنُوۡنَ ﴿٢﴾

(૨) શું લોકોએ એમ ધારી લીધું કે તેઓ માત્ર આટલું કહેવાથી કે અમે ઇમાન લાવ્યા છોડી દેવામાં આવશે, અને તેમની કસોટી કરવામાં નહિ આવે ?

وَلَقَدۡ فَتَنَّا الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ فَلَيَعۡلَمَنَّ اللّٰهُ الَّذِيۡنَ صَدَقُوۡا
وَلَيَعۡلَمَنَّ الۡكٰذِبِيۡنَ ﴿٣﴾

(3) અને ખરેખરજ અમોએ તેમની અગાઉના લોકોને પણ અજમાવ્યા હતા, જેથી અલ્લાહ જેઓ સાચા છે તેમને જરૂર જાણી લેશે અને જૂઠાઓને પણ જરૂર જાણી લેશે.

اَمۡ حَسِبَ الَّذِیۡنَ یَعۡمَلُوۡنَ السَّیِّاٰتِ اَنۡ یَّسۡبِقُوۡنَا ؕ سَآءَ مَا یَحۡکُمُوۡنَ ﴿۴﴾

(૪) શું તે લોકોએ કે જેઓ બદીઓ કર્યા કરે છે એમ ધારી લીધું છે કે તેઓ અમારાથી આગળ વધી જશે? કેવો ખરાબ છે તે નિર્ણય કે જે તેઓ કરે છે !

مَنۡ كَانَ يَرۡجُوۡا لِقَآءَ اللّٰهِ فَاِنَّ اَجَلَ اللّٰهِ لَاٰتٍ ؕ وَهُوَ السَّمِيۡعُ
الۡعَلِيۡمُ ۝٥

(૫) જે કોઇ અલ્લાહની મુલાકાતની આશા રાખતો હોય તો (તેઓ જાણી લે કે) અલ્લાહે નિશ્ચિત કરેલો સમય અવશ્ય આવનારો છે; અને તે મહાન સાંભળનાર (તથા) જાણનારો છે.

وَمَنۡ جَاهَدَ فَاِنَّمَا يُجَاهِدُ لِنَفۡسِهٖ ؕ اِنَّ اللّٰهَ لَغَنِىٌّ عَنِ
الۡعٰلَمِيۡنَ ۝٦

(૬) અને જે શખ્સ (સત્કાર્યોમાં) સખત પ્રયત્ન કરે છે તે તેના પોતાનાજ ભલા માટે પ્રયત્ન કરે છે;

એમાં શંકા નથી કે ખુદા તમામ દુનિયાવાળાઓથી તદ્દન બેપરવાહ છે.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَنُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ
وَلَنَجْزِيَنَّهُمْ اَحْسَنَ الَّذِىْ كَانُوْا يَعْمَلُوْنَ۝٧

(૭) અને જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યાં તેમની બદીઓ તેમનાથી જરૂર ટાળી દઇશું. અને તેઓ જે કર્મ કરતા હતા તે કરતાં ઉત્તમ બદલો અમે તેમને આપીશું.

وَوَصَّيْنَا الْاِنْسَانَ بِوَالِدَيْهِ حُسْنًا ؕ وَاِنْ جَاهَدٰكَ لِتُشْرِكَ
بِىْ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ فَلَا تُطِعْهُمَا ؕ اِلَىَّ مَرْجِعُكُمْ
فَاُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ۝٨

(૮) અને અમોએ મનુષ્યને તેના માબાપ સાથે નેકીથી વર્તવાની આજ્ઞા કરી છે; પણ જો તેઓ તારી ઉપર જબરજસ્તી કરે કે તું પણ એવી વસ્તુને મારી શરીક બનાવ કે જેનું તને જ્ઞાન ન હોય તો તું બન્નેની આજ્ઞા માન નહિ; (ખરેખરજ) તમો સર્વેનું પાછું ફરવું મારીજ તરફ થશે. પછી જે જે વર્તન તમે કર્યા કરતા હતા તેનાથી અમે તમને વાકેફ કરી દઇશું.

وَالَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَـنُدۡخِلَـنَّهُمۡ فِى

الصّٰلِحِيۡنَ ﴿۹﴾

(૯) અને જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તો તેમને અમે (કયામતના દિવસે) અવશ્ય સદાચારીઓમાં દાખલ કરી દઇશું.

وَمِنَ النَّاسِ مَنۡ يَّقُوۡلُ اٰمَنَّا بِاللّٰهِ فَاِذَاۤ اُوۡذِىَ فِى اللّٰهِ جَعَلَ فِتۡنَةَ النَّاسِ كَعَذَابِ اللّٰهِ‌ؕ وَلَٮِٕنۡ جَآءَ نَصۡرٌ مِّنۡ رَّبِّكَ لَيَـقُوۡلُنَّ اِنَّا كُنَّا مَعَكُمۡ‌ؕ اَوَلَـيۡسَ اللّٰهُ بِاَعۡلَمَ بِمَا فِىۡ صُدُوۡرِ الۡعٰلَمِيۡنَ‏ ﴿۱۰﴾

(૧૦) અને લોકોમાંથી કોઇ કોઇ એવા પણ છે જે (મોંઢેથી તો) કહે છે કે અમે અલ્લાહ પર ઇમાન લઇ આવ્યા, પણ જ્યારે અલ્લાહની રાહમાં તેને કાંઇ કષ્ટ પહોંચે છે તો તે કષ્ટને અલ્લાહના

અઝાબ સમાન ગણે છે; અને (અય રસૂલ!) જ્યારે તારા પરવરદિગાર તરફથી (તારી પાસે) કોઇ મદદ પહોંચે છે ત્યારે તે સઘળાને સઘળા જ આ અવશ્ય કહેશે કે અમે તો તમારીજ સાથે હતા; (પણ) શું અલ્લાહ દુનિયાવાળાઓના અંતઃકરણોમાં જે કાંઇ છે તેનાથી માહિતગાર નથી?

وَلَيَعۡلَمَنَّ اللّٰهُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَلَيَعۡلَمَنَّ الۡمُنٰفِقِيۡنَ ۝١١

(૧૧) અને નિસંશય અલ્લાહ તે લોકોને જાણી લેશે કે જેઓ ઇમાન લઇ આવ્યા છે અને મુનાફીકોને પણ જરૂર જાણી લેશે.

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوا اتَّبِعُوْا سَبِيْلَنَا وَلْنَحْمِلْ
خَطٰيٰكُمْ ؕ وَمَا هُمْ بِحٰمِلِيْنَ مِنْ خَطٰيٰهُمْ مِّنْ شَیْءٍ ؕ اِنَّهُمْ
لَكٰذِبُوْنَ ⑫

(૧૨) અને નાસ્તિકો ઇમાન લાવનારાઓને કહે છે કે તમે અમારા માર્ગને અનુસરો, અને અમે (કયામતમાં) તમારા ગુનાહોનો બોજો ઉપાડી લઇશું; પરંતુ તેઓ તેમના ગુનાહોનો કોઇ પણ બોજો ઉપાડનારા થશે નહિ; નિસંશય તેઓ જૂઠા છે.

وَلَيَحْمِلُنَّ اَثْقَالَهُمْ وَاَثْقَالًا مَّعَ اَثْقَالِهِمْ ؗ وَلَيُسْـَٔلُنَّ يَوْمَ
الْقِيٰمَةِ عَمَّا كَانُوْا يَفْتَرُوْنَ ⑬ؑ

(૧૩) અને તેઓ પોતપોતાના (ગુનાહના) બોજા જરૂર ઉપાડશે, અને પોતાના બોેજા સાથે (લોકોને બહેકાવવાના) બીજા બોજા પણ ઊંચકશે, અને જે જે વાતો તેઓ ઉપજાવી કાઢતા હતા તેના સંબંધમાં કયામતના દિવસે તેમને જરૂર સવાલ કરવામાં આવશે.

وَلَقَدۡ اَرۡسَلۡنَا نُوۡحًا اِلٰی قَوۡمِهٖ فَلَبِثَ فِیۡهِمۡ اَلۡفَ سَنَةٍ اِلَّا

خَمۡسِیۡنَ عَامًا ؕ فَاَخَذَهُمُ الطُّوۡفَانُ وَهُمۡ ظٰلِمُوۡنَ ﴿۱۴﴾

(૧૪) અને ખરેખરજ અમોએ નૂહને તેની કોમ તરફ (પયગમ્બર બનાવી) મોકલ્યો. પછી તે તેઓમાં એક હજારમાં પચાસ વર્ષ ઓછા રહ્યો (અને હિદાયત કર્યા કરી); પછી તે લોકોને તેમની

ઝુલમગાર સ્થિતિમાં (જળ પ્રલયના) તોફાને આવી પકડ્યા.

فَاَنۡجَيۡنٰهُ وَاَصۡحٰبَ السَّفِيۡنَةِ وَجَعَلۡنٰهَاۤ اٰيَةً لِّلۡعٰلَمِيۡنَ ﴿۱۵﴾

(૧૫) પછી અમોએ તે (નૂહ)ને તથા કિશ્તીવાળાઓને બચાવી લીધા, અને તે (બનાવ)ને સઘળી દુનિયાવાળાઓ માટે એક (બોધદાયક) નિશાની ઠરાવી.

وَاِبۡرٰهِيۡمَ اِذۡ قَالَ لِقَوۡمِهِ اعۡبُدُوا اللّٰهَ وَاتَّقُوۡهُ ؕ ذٰلِكُمۡ خَيۡرٌ لَّكُمۡ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿۱۶﴾

(૧૬) અને ઇબ્રાહીમ (ને યાદ કરો) જ્યારે તેણે પોતાની કોમને કહ્યું કે તમે અલ્લાહની ઇબાદત

કરો તથા તેનાથી ડરો; જો તમે જ્ઞાન ધરાવતા હો તો આ તમારા માટે ઉત્તમ છે.

اِنَّمَا تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ اَوۡثَانًا وَّ تَخۡلُقُوۡنَ اِفۡکًا ؕ اِنَّ الَّذِيۡنَ تَعۡبُدُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ لَا يَمۡلِكُوۡنَ لَـكُمۡ رِزۡقًا فَابۡتَغُوۡا عِنۡدَ اللّٰهِ الرِّزۡقَ وَاعۡبُدُوۡهُ وَاشۡکُرُوۡا لَهٗ ؕ اِلَيۡهِ تُرۡجَعُوۡنَ ﴿۱۷﴾

(૧૭) સિવાય તેના કાંઇ નથી કે તમે અલ્લાહને મૂકી જેમને પૂજો છો તે માત્ર પથ્થરની મૂર્તિઓજ છે, અને વળી જૂઠી વાતો ઉપજાવી કાઢો છો; નિસંશય તેઓ કે જેમની અલ્લાહના સિવાય તમે પૂજા કરો છો તમારી કોઇ પણ પ્રકારની રોઝીનોે અધિકાર ધરાવતા નથી, માટે અલ્લાહ પાસે જ

રોઝી માંગો અને તેનીજ ઇબાદત કરો અને તેનોજ આભાર માનો; તેનીજ તરફ તમારૂં પાછું ફરવાનું થશે.

وَاِنۡ تُكَذِّبُوۡا فَقَدۡ كَذَّبَ اُمَمٌ مِّنۡ قَبۡلِكُمۡ‌ؕ وَمَا عَلَى الرَّسُوۡلِ اِلَّا الۡبَلٰغُ الۡمُبِيۡنُ‏ ﴿۱۸﴾

(૧૮) અને (અય મક્કાવાસીઓ !) જો તમે (મારા આ રસૂલને) જૂઠલાવો તો (કાંઇ પરવાહ નથી) તમારા પહેલાંની કોમો પણ (પોત પોતાના રસૂલોને) જૂઠલાવી ચૂકી છે; અને રસૂલના માથે (અલ્લાહનો સંદેશો) સ્પષ્ટ રીતે પહોંચાડી દેવા સિવાય બીજું કાંઇજ નથી.

اَوَلَمۡ يَرَوۡا كَيۡفَ يُبۡدِئُ اللّٰهُ الۡخَلۡقَ ثُمَّ يُعِيۡدُهٗ ؕ اِنَّ ذٰلِكَ عَلَى

اللّٰهِ يَسِيۡرٌ ﴿۱۹﴾

(૧૯) શું તેમણે આ નથી વિચાર્યું કે અલ્લાહ સૃષ્ટિને નવેસરથી કેવી રીતે સર્જે છે, પછી તેને ફરી ફરી પેદા કર્યા કરે છે? નિસંશય અલ્લાહ માટે આ વાત સહેલી છે.

قُلۡ سِيۡرُوۡا فِى الۡاَرۡضِ فَانْظُرُوۡا كَيۡفَ بَدَاَ الۡخَلۡقَ ثُمَّ اللّٰهُ

يُنۡشِئُ النَّشۡاَةَ الۡاٰخِرَةَ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ۚ‏ ﴿۲۰﴾

(૨૦) (અય રસૂલ !) તું કહે કે તમે ભૂમીમાં ચાલો ફરો, પછી લક્ષપૂર્વક નિહાળો કે તેણે સૃષ્ટિનો કેવી રીતે આરંભ કર્યો છે, પછી (કયામતના દિવસે)

એજ અલ્લાહ (લોકોને) છેવટનું ઉઠાડવું ઉઠાડશે; બેશક ખુદા દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

يُعَذِّبُ مَنْ يَّشَآءُ وَيَرْحَمُ مَنْ يَّشَآءُ ۚ وَاِلَيْهِ تُقْلَبُوْنَ ﴿٢١﴾

(૨૧) તે જેને ચાહે છે અઝાબ આપે છે અને જેને ચાહે છે તેના પર દયા કરે છે, અને તમો સર્વ તેનીજ તરફ પાછા ફેરવવામાં આવશો.

وَمَآ اَنْتُمْ بِمُعْجِزِيْنَ فِي الْاَرْضِ وَلَا فِي السَّمَآءِ ۫ وَمَا لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿٢٢﴾

(૨૨) અને તમે (અલ્લાહને) ન પૃથ્વીમાં લાચાર બનાવનારા છો અને ન આસમાનમાં, અને

અલ્લાહના સિવાય ન તમારો કોઇ કાર્યસાધક છે અને ન કોઇ મદદગાર.

وَالَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ وَلِقَآئِهٖٓ اُولٰٓئِكَ يَئِسُوْا مِنْ رَّحْمَتِيْ
وَاُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٢٣﴾

(૨૩) અને જે લોકો અલ્લાહની આયતોનો તથા (કયામતમાં) તેની મુલાકાતનો ઇન્કાર કરશે તેઓજ મારી રહેમતથી નિરાશ બનશે, અને તેમનાજ માટે દુ:ખદાયક અઝાબ હશે.

فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ اِلَّآ اَنْ قَالُوا اقْتُلُوْهُ اَوْ حَرِّقُوْهُ فَاَنْجٰىهُ
اللّٰهُ مِنَ النَّارِ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٢٤﴾

(૨૪) સારાંશ કે તે (ઇબ્રાહીમ)ની કોમનો જવાબ આ સિવાય બીજો કાંઇ ન હતો કે તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે તેને કત્લ કરી નાખો અથવા તેને બાળી નાખો, પછી અલ્લાહે તે (ઇબ્રાહીમ)ને (નમરૂદની) આગથી બચાવી લીધા; નિસંશય જે લોકો ઇમાન રાખે છે તેમના માટે તેમાં નિશાનીઓ મોજૂદ છે.

وَقَالَ اِنَّمَا اتَّخَذْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اَوْثَانًا ۙ مَّوَدَّةَ بَيْنِكُمْ فِي الْحَيٰوةِ الدُّنْيَا ۚ ثُمَّ يَوْمَ الْقِيٰمَةِ يَكْفُرُ بَعْضُكُمْ بِبَعْضٍ وَّيَلْعَنُ بَعْضُكُمْ بَعْضًا ۫ وَّمَاْوٰىكُمُ النَّارُ وَمَا لَكُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٢٥﴾ۙ

(૨૫) અને (ઇબ્રાહીમે) ફરમાવ્યું કે સિવાય તેના બીજું કાંઇ નથી કે તમોએ અલ્લાહને છોડી દઇ સંસારી જીવનમાં અંદરો અંદરની મિત્રાચારીના કારણે મૂર્તિઓને (ખુદા) માની લીધા છે, પછી કયામતના દિવસે તમારા માના કેટલાકો કેટલાકોનો ઇન્કાર કરશે, અને તમારા માના કેટલાકો કેટલાકો પર લાનત કરશે, અને તમો સર્વનું ઠેકાણું જહન્નમ હશે, અને તમારો કોઇજ મદદગાર થશે નહિ.

فَاٰمَنَ لَهٗ لُوْطٌ ۘ وَقَالَ اِنِّيْ مُهَاجِرٌ اِلٰى رَبِّيْ ؕ اِنَّهٗ هُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿٢٦﴾

(૨૬) પછી (માત્ર) લૂત તેના પર ઇમાન લાવ્યા અને કહેવા લાગ્યા કે હું મારા પરવરદિગાર તરફ જ હિજરત કરનારો છું; બેશક તેજ ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

وَوَهَبْنَا لَهٗۤ اِسْحٰقَ وَيَعْقُوْبَ وَجَعَلْنَا فِىْ ذُرِّيَّتِهِ النُّبُوَّةَ وَالْكِتٰبَ وَاٰتَيْنٰهُ اَجْرَهٗ فِى الدُّنْيَا ۚ وَاِنَّهٗ فِى الْاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِيْنَ﴿۲۷﴾

(૨૭) અને અમોએ તેને ઇસ્હાક તથા યાકૂબ (જેવા પુત્ર, પૌત્રો) અર્પણ કર્યા, અને તેમના વંશજોમાં નબુવ્વત તથા કિતાબ નિર્માણ કરી, અને તેનો

બદલો તેને દુનિયામાં આપ્યો, અને આખેરતમાં પણ બેશક તે સદાચારીઓ માંનો છે.

وَلُوۡطًا اِذۡ قَالَ لِقَوۡمِهٖۤ اِنَّكُمۡ لَتَاۡتُوۡنَ الۡفَاحِشَةَ مَا سَبَقَكُمۡ

بِهَا مِنۡ اَحَدٍ مِّنَ الۡعٰلَمِيۡنَ ﴿۲۸﴾

(૨૮) અને લૂત (ને યાદ કરો) જ્યારે તેણે પોતાની કોમને કહ્યું કે નિસંશય તમે એવાં નિર્લજ્જ કાર્યકરો છો કે તેવાં તમારી પહેલા આખી દુનિયામાં કોઇએ કર્યા નથી.

اَئِنَّكُمۡ لَتَاۡتُوۡنَ الرِّجَالَ وَتَقۡطَعُوۡنَ السَّبِيۡلَ ۙ وَتَاۡتُوۡنَ فِىۡ

نَادِيۡكُمُ الۡمُنۡكَرَ ؕ فَمَا كَانَ جَوَابَ قَوۡمِهٖۤ اِلَّاۤ اَنۡ قَالُوا ائۡتِنَا

بِعَذَابِ اللّٰهِ اِنۡ كُنۡتَ مِنَ الصّٰدِقِيۡنَ ﴿۲۹﴾

(૨૯) શું તમે (કામવાસના માટે સ્ત્રીઓને મૂકી) પુરૂષો પાસે જાઓ છો, અને (પ્રવાસીઓને લૂંટવા માટે તેમનો) માર્ગ કાપો છો, અને તમારા જલસાઓમાં મનાઇ કરેલું (અકુદરતી) કૃત્ય પણ કરો છો ? ત્યારે તેની કોમ પાસે આ સિવાય બીજો કશો જવાબ ન હતો કે તેમણે કહ્યું કે જો તું સાચાઓ માંનો હોય તો અમારા પર અલ્લાહનો અઝાબ લઇ આવ.

قَالَ رَبِّ انۡصُرۡنِیۡ عَلَی الۡقَوۡمِ الۡمُفۡسِدِیۡنَ ﴿۳۰﴾

(30) (લૂતે) અરજ કરી કે અય મારા પરવરદિગાર! આ ફસાદખોરો વિરૂધ્ધ મારી સહાય કર.

وَلَمَّا جَآءَتْ رُسُلُنَآ اِبْرٰهِيْمَ بِالْبُشْرٰى ۙ قَالُوْٓا اِنَّا مُهْلِكُوْٓا
اَهْلِ هٰذِهِ الْقَرْيَةِ ۚ اِنَّ اَهْلَهَا كَانُوْا ظٰلِمِيْنَ ﴿۳۱﴾ ۚ ۖ

(૩૧) અને જે વખતે અમારા મોકલેલા (ફરિશ્તા) ઇબ્રાહીમ પાસે (વૃધ્ધાવસ્થામાં પુત્ર પ્રાપ્તિના) શુભ સમાચાર લઇને આવ્યા ત્યારે તેમણે કહ્યું કે નિસંશય અમે આ ગામવાસીઓનો નાશ કરનારા છીએ, બેશક તે (ગામ)ના રહેવાસીઓ ઝુલમગાર છે.

قَالَ اِنَّ فِيْهَا لُوْطًا ؕ قَالُوْا نَحْنُ اَعْلَمُ بِمَنْ فِيْهَا ۫ لَنُنَجِّيَنَّهٗ
وَاَهْلَهٗٓ اِلَّا امْرَاَتَهٗ ۫ كَانَتْ مِنَ الْغٰبِرِيْنَ ﴿۳۲﴾

(૩૨) (ઇબ્રાહીમે) કહ્યું કે તમને ધ્યાન રહે કે તેમાં લૂત પણ છે; (ફરિશ્તાઓએ) કહ્યું કે જે કોઇ તેમાં છે તેનાથી અમે સારી રીતે વાકેફ છીએ. અમે તેને તથા તેના કુટુંબીજનોને અવશ્ય બચાવી લઇશું, સિવાય તેની પત્ની કે જે પાછળ રહી જનારાઓ માંની થશે.

وَلَمَّآ اَنْ جَآءَتْ رُسُلُنَا لُوْطًا سِيْٓءَ بِهِمْ وَضَاقَ بِهِمْ ذَرْعًا
وَّقَالُوْا لَا تَخَفْ وَلَا تَحْزَنْ ۠ اِنَّا مُنَجُّوْكَ وَاَهْلَكَ اِلَّا امْرَاَتَكَ
كَانَتْ مِنَ الْغٰبِرِيْنَ ﴿٣٣﴾

(૩૩) અને જે વખતે અમારા મોકલેલા દૂતો લૂતની પાસે આવ્યા ત્યારે તે તેમને જોઇ દિલગીર

થયો અને તેમના રક્ષણ માટે પોતાને (તદ્દન) અશક્ત જોયો, તો તેઓએ કહ્યું કે (અય લૂત !) તું ભય ન પામ અને ખેદ ન કર, બેશક અમે તને તથા તારા કુટુંબીઓને છુટકારો આપનારા છીએ, સિવાય તારી પત્નીના કે જે પાછળ રહી જનારાઓ માંની થશે.

اِنَّا مُنۡزِلُوۡنَ عَلٰۤى اَهۡلِ هٰذِهِ الۡقَرۡيَةِ رِجۡزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوۡا يَفۡسُقُوۡنَ ﴿۳۴﴾

(૩૪) નિસંશય અમે આ ગામ ઉપર આ કારણસર કે તેઓ કુકૃત્યો (ખરાબ કાર્યો) કર્યા કરે છે આસમાન પરથી આપત્તિ ઉતારનારા છીએ.

وَلَقَدْ تَّرَكْنَا مِنْهَآ اٰيَةًۢ بَيِّنَةً لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿٣٥﴾

(૩૫) અને ખરેખરજ અમોએ તે (ઊંધી વળી ગએલી વસ્તી)ને સમજુઓ માટે એક ખુલ્લી નિશાની બનાવી રહેવા દીધી છે.

وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا ۙ فَقَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ وَارْجُوا الْيَوْمَ الْاٰخِرَ وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿٣٦﴾

(૩૬) અને મદયન તરફ તેમના ભાઇ શોએબને (મોકલ્યો), પછી તેણે ફરમાવ્યું કે અય મારી કોમ! તમે અલ્લાહની ઇબાદત કરો અને આખેરતના દિવસના (ઉત્તમ બદલાના) ઉમેદવાર રહો, અને ભૂમિ પર અત્યાચાર કરી ફસાદ ફેલાવતા ન રહો.

فَكَذَّبُوْهُ فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ فَاَصْبَحُوْا فِيْ دَارِهِمْ جٰثِمِيْنَ ﴿٣٧﴾

(૩૭) પણ તે લોકોએ તે (શોએબ)ને જૂઠલાવ્યો, જેથી તેમને ધરતીકંપે ઝડપી લીધા, આથી તેઓ પોતપોતાના ઘરોમાં સ્થિર બની (મરણ પામી) રહી ગયા.

وَعَادًا وَّثَمُوْدَا۟ وَقَدْ تَّبَيَّنَ لَكُمْ مِّنْ مَّسٰكِنِهِمْ ۫ وَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَصَدَّهُمْ عَنِ السَّبِيْلِ وَكَانُوْا مُسْتَبْصِرِيْنَ ﴿۳۸﴾

(૩૮) અને આદ તથા સમૂદ (ના કબીલાવાળાઓનો પણ નાશ કર્યો) જેમના ઘરોના અવશેષો પરથી (તેમની દુર્દશા) જાહેર થઇ આવે છે, અને શેતાને તેમના કર્મોને તેમની દ્રષ્ટિમાં

શોભાયમાન કરી દીધા હતા, જેથી તેણે તેમને સન્માર્ગથી રોકી દીધા હતા, જો કે તેઓ શાણા (અને) સમજુ (અવશ્ય) હતા:

وَقَارُوْنَ وَفِرْعَوْنَ وَهَامٰنَ ۣ وَلَقَدْ جَآءَهُمْ مُّوْسٰى بِالْبَيِّنٰتِ فَاسْتَكْبَرُوْا فِي الْاَرْضِ وَمَا كَانُوْا سٰبِقِيْنَ ۝٣٩ ۚ

(૩૯) અને કારૂન તથા ફિરઔન તથા હામાનનો પણ (નાશ કર્યો), અને ખરેખરજ મૂસા તેમની પાસે સ્પષ્ટ દલીલો લઇને આવ્યો હતો, પણ તેમણે તે ભૂમિમાં અહંકાર કર્યો, છતાંય (અમારી પાસેથી ક્યાંય પણ) છટકી શક્યા નહિ.

فَكُلًّا اَخَذْنَا بِذَنْۢبِهٖ ۚ فَمِنْهُمْ مَّنْ اَرْسَلْنَا عَلَيْهِ حَاصِبًا ۚ

وَمِنْهُمْ مَّنْ اَخَذَتْهُ الصَّيْحَةُ ۚ وَمِنْهُمْ مَّنْ خَسَفْنَا بِهِ

الْاَرْضَ ۚ وَمِنْهُمْ مَّنْ اَغْرَقْنَا ۚ وَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ

وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿٤٠﴾

(૪૦) પછી અમોએ દરેકને તેમના ગુનાહોના બદલામાં પકડી લીધા, પછી તેઓમાંથી કેટલાકો ઉપર અમોએ સખત હવા (આંધી) મોકલી, અને કેટલાકોને (ભયંકર) ચીસએ ઝડપી લીધા, અને કેટલાકોને અમોએ ભૂમિમાં સમાવી દીધા, અને કેટલાકોને (સમુદ્રમાં) ડુબાડી દીધા, અને અલ્લાહનું

આ કામ નથી કે તેમના પર ઝુલ્મ કરે, પરંતુ તેઓ પોતેજ પોતાના જીવ પર ઝુલ્મ કર્યા કરતા હતા.

مَثَلُ الَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اَوْلِيَآءَ كَمَثَلِ الْعَنْكَبُوْتِ ۚ اِتَّخَذَتْ بَيْتًا ؕ وَاِنَّ اَوْهَنَ الْبُيُوْتِ لَبَيْتُ الْعَنْكَبُوْتِ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿٤١﴾

(૪૧) તે લોકો કે જેમણે અલ્લાહના સિવાય બીજાઓને પોતાના કાર્યસાધક બનાવી દીધા છે તેમનો દાખલો તે કરોળીયાના જેવો છે કે જણે એક ઘર (જાળું) બનાવ્યું; અને નિસંશય નબળામાં નબળું ઘર કરોળીયાનું જ હોય છે જો તેઓ સમજી શકે તો.

إِنَّ اللّٰهَ يَعۡلَمُ مَا يَدۡعُوۡنَ مِنۡ دُوۡنِهٖ مِنۡ شَىۡءٍ ؕ وَهُوَ الۡعَزِيۡزُ
الۡحَكِيۡمُ ﴿۴۲﴾

(૪૨) નિસંશય તેઓ અલ્લાહના સિવાય જે વસ્તુને પોકારે છે તેને અલ્લાહ સારી રીતે જાણે છે; અને તે ઝબરદસ્ત હિકમતવાળો છે.

وَتِلۡكَ الۡاَمۡثَالُ نَضۡرِبُهَا لِلنَّاسِ ۚ وَمَا يَعۡقِلُهَاۤ اِلَّا
الۡعٰلِمُوۡنَ ﴿۴۳﴾

(૪૩) અને આ દાખલાઓ અમે લોકો (ના બોધ) માટે વર્ણવીએ છીએ, અને જ્ઞાનિ લોકો સિવાય તે કોઇ સમજી શકતું નથી.

خَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ بِالۡحَقِّ ؕ اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیَۃً
لِّلۡمُؤۡمِنِیۡنَ ﴿۴۴﴾

(૪૪) અલ્લાહે આસમાનો તથા ઝમીનને સત્ય હેતુસર ઉત્પન્ન કર્યા છે; બેશક તેમાં ઇમાન લાવનારાઓ માટે નિશાનીઓ મોજૂદ છે.

(૪૪) અલ્લાહે આસમાનો તથા ઝમીનને સત્ય હેતુસર ઉત્પન્ન કર્યા છે; બેશક તેમાં ઇમાન લાવનારાઓ માટે નિશાનીઓ મોજૂદ છે.

اُتْلُ مَاۤ اُوْحِیَ اِلَیْكَ مِنَ الْكِتٰبِ وَاَقِمِ الصَّلٰوةَ ؕ اِنَّ الصَّلٰوةَ تَنْهٰی عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ ؕ وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ ؕ وَاللّٰهُ یَعْلَمُ مَا تَصْنَعُوْنَ ﴿۴۵﴾

(૪૫) (અય રસૂલ !) આ કિતાબમાંથી તારા તરફ જે વહી કરવામાં આવી છે તેનો ઝિક્ર કર્યા કર અને નમાઝ પઢ્યા કર; નિસંશય નમાઝ નિર્લજ્જપણાં અને અયોગ્ય વર્તનથી બચાવે છે અને ખરેજ અલ્લાહની યાદ સૌ કરતાં મોટી વસ્તુ છે; અને

તમે લોકો જે કાંઇ કરો છો તે અલ્લાહ સારી રીતે જાણે છે.

وَلَا تُجَادِلُوٓا اَهْلَ الْكِتٰبِ اِلَّا بِالَّتِىْ هِىَ اَحْسَنُ ۖ اِلَّا الَّذِيْنَ
ظَلَمُوْا مِنْهُمْ وَقُوْلُوٓا اٰمَنَّا بِالَّذِىٓ اُنْزِلَ اِلَيْنَا وَاُنْزِلَ اِلَيْكُمْ
وَاِلٰـهُنَا وَاِلٰـهُكُمْ وَاحِدٌ وَّنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ۝٤٦

(૪૬) (અય ઇમાનદારો !) કિતાબવાળાઓ સાથે વાદવિવાદ કરો નહિ પરંતુ એવી રીતે કરો કે જે ઉત્તમ હોય, સિવાય (તે લોકોથી) કે તેઓમાંથી જેમણે (તમારા પર) ઝુલમ કર્યો હોય, અને આ કહો કે અમે તેના ઉપર ઇમાન લાવ્યા છીએ કે જે અમારા તરફ ઉતારવામાં આવ્યું છે અને તેના ઉપર પણ કે જે તમારા તરફ ઉતારવામાં આવ્યું

છે, અને અમારો માઅબૂદ તથા તમારો માઅબૂદ એકજ છે, અને અમે તેનેજ આધીન થઇએ છીએ.

وَكَذٰلِكَ اَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ ؕ فَالَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يُؤْمِنُوْنَ بِهٖ ۚ وَمِنْ هٰٓؤُلَآءِ مَنْ يُّؤْمِنُ بِهٖ ؕ وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَآ اِلَّا الْكٰفِرُوْنَ ﴿۴۷﴾

(૪૭) અને એવીજ રીતે અમોએ તારી તરફ આ કિતાબ ઉતારી છે; જેથી તે લોકો કે જેમણે અમોએ (આ પહેલાં) કિતાબ આપી છે; આ (કુરઆન) ઉપર પણ ઇમાન રાખે છે; અને તે (મક્કાવાસી)ઓમાંથી પણ કોઇ કોઇ તો તેના પર ઇમાન રાખે છે; અને

નાસ્તિકો સિવાય અમારી આયતોનો ઇન્કાર કોઇજ કરતું નથી.

وَمَا كُنْتَ تَتْلُوْا مِنْ قَبْلِهٖ مِنْ كِتٰبٍ وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ اِذًا لَّارْتَابَ الْمُبْطِلُوْنَ ﴿٤٨﴾

(૪૮) જો કે આ કિતાબ ઉતારવા પહેલાં તું ન કોઇ કિતાબ વાંચતો હતો અને ન તારા જમણા હાથથી કાંઇ લખતો હતો, જો એમ હોત તો આ અસત્યવાદીઓ તારી (નબુવ્વતના સંબંધમાં) જરૂર શંકા કરતે.

بَلْ هُوَ اٰيٰتٌۢ بَيِّنٰتٌ فِيْ صُدُوْرِ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ ؕ وَمَا يَجْحَدُ بِاٰيٰتِنَآ اِلَّا الظّٰلِمُوْنَ ﴿٤٩﴾

(૪૯) પરંતુ તે લોકોના અંતઃકરણોમાં કે જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે આ આયતો સ્પષ્ટ છે; અને ઝાલિમ લોકો સિવાય અમારી આયતોનો ઇન્કાર કોઇ કરતું નથી.

وَقَالُوْا لَوْلَآ اُنْزِلَ عَلَيْهِ اٰيٰتٌ مِّنْ رَّبِّهٖ ؕ قُلْ اِنَّمَا الْاٰيٰتُ عِنْدَ اللّٰهِ ؕ وَاِنَّمَآ اَنَا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٥٠﴾

(૫૦) અને તેઓ કહે છે કે તે (રસૂલ)ના પર તેના પરવરદિગાર તરફથી (મોઅજિઝા તરીકે) નિશાનીઓ શા માટે ઉતારવામાં નથી આવી ? તું કહે કે નિશાનીઓ (મોકલવાનો અધિકાર) તો માત્ર અલ્લાહની પાસે છે; અને હું માત્ર એક ખુલ્લો ડરાવનારો છું.

اَوَلَمۡ يَكۡفِهِمۡ اَنَّاۤ اَنۡزَلۡنَا عَلَيۡكَ الۡكِتٰبَ يُتۡلٰى عَلَيۡهِمۡ ‌ؕ اِنَّ فِىۡ
ذٰلِكَ لَرَحۡمَةً وَّذِكۡرٰى لِقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ ﴿۵۱﴾

(૫૧) શું તેમના માટે આ પૂરતું નથી કે અમોએ તારા ઉપર એક એવી કિતાબ ઉતારી કે જે તેમને પઢી પઢીને સંભળાવવામાં આવે છે ? નિસંશય જે લોકો ઇમાન રાખે છે તેમના માટે તેમાં ખરેખરજ રહેમત અને નસીહત છે.

قُلۡ كَفٰى بِاللّٰهِ بَيۡنِىۡ وَبَيۡنَكُمۡ شَهِيۡدًا‌ ۚ يَعۡلَمُ مَا فِى السَّمٰوٰتِ
وَالۡاَرۡضِ‌ ؕ وَالَّذِيۡنَ اٰمَنُوۡا بِالۡبَاطِلِ وَكَفَرُوۡا بِاللّٰهِ ۙ اُولٰٓـئِكَ
هُمُ الۡخٰسِرُوۡنَ ﴿۵۲﴾

(૫૨) તું કહે કે અમારી અને તમારી વચ્ચે સાક્ષી તરીકે અલ્લાહ (એકલો) જ પૂરતો છે, આસમાનો તથા પૃથ્વીમાં જે કાંઇ છે તેનાથી તે સંપૂર્ણ વાકેફ છે, અને જે લોકો અસત્ય પર ઇમાન લાવ્યા અને અલ્લાહનો ઇન્કાર કર્યો તેઓજ હાનિ ભોગવનારા છે.

وَيَسْتَعْجِلُوْنَكَ بِالْعَذَابِ ۭ وَلَوْلَآ اَجَلٌ مُّسَمًّى لَّجَاۗءَهُمُ الْعَذَابُ ۭ وَلَيَاْتِيَنَّهُمْ بَغْتَةً وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿٥٣﴾

(૫૩) અને તારી પાસે અઝાબ (ઉતારવા)ના સંબંધમાં તેઓ ઉતાવળ કરે છે, પણ જો (અઝાબનો) સમય નક્કી કરેલો ન હોત તો તે અઝાબ તેમના પર ક્યારનોય આવી ચૂક્યો હોત;

અને ખરેખરજ તે તેમને ઓચિંતો આવી પકડશે અને તેમને જાણ પણ થવા પામશે નહિ.

يَسۡتَعۡجِلُوۡنَكَ بِالۡعَذَابِ ؕ وَاِنَّ جَهَنَّمَ لَمُحِيۡطَةٌۢ بِالۡكٰفِرِيۡنَ ۙ﴿۵۴﴾

(૫૪) તેઓ તારી પાસે અઝાબના સંબંધમાં ઉતાવળ કરે છે; જો કે જહન્નમ ઇન્કાર કરનારાઓને અવશ્ય ઘેરી લેનારી છે ઃ

يَوۡمَ يَغۡشٰهُمُ الۡعَذَابُ مِنۡ فَوۡقِهِمۡ وَمِنۡ تَحۡتِ اَرۡجُلِهِمۡ وَيَقُوۡلُ ذُوۡقُوۡا مَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۵۵﴾

(૫૫) તે દિવસે કે જ્યારે અમારો અઝાબ તેમને ઉપરથી ઢાંકી લેશે અને તેમના પગો હેઠળથી પણ,

અને (અલ્લાહ તેમને) ફરમાવશે કે જે જે કૃત્યો તમે કર્યા કરતા હતા તેની મજા ચાખો.

يٰعِبَادِىَ الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّ اَرْضِىْ وَاسِعَةٌ فَاِيَّاىَ فَاعْبُدُوْنِ ﴿٥٦﴾

(૫૬) અને અય મારા તે બંદાઓ કે જે ઇમાન લાવ્યા છો ! નિસંશય મારી ભૂમિ અતિ વિશાળ છે, માટે તમે મારીજ ઇબાદત કરો.

كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ۣ ثُمَّ اِلَيْنَا تُرْجَعُوْنَ ﴿٥٧﴾

(૫૭) દરેક જીવ મૃત્યુની મજા ચાખનાર છે; પછી તમો સર્વેનું પાછું ફરવું અમારીજ તરફ થશે.

وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَنُبَوِّئَنَّهُمْ مِّنَ الْجَنَّةِ غُرَفًا

تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ نِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ ۖ ﴿٥٨﴾

(૫૮) અને જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેમને અમે જન્નત માંના ઊંચા ઊંચા ઝરૂખાઓમાં અવશ્ય સ્થાન આપીશું, જેની હેઠળ નદીઓ વહેતી હશે, તેઓ સદાય તેમાંજ રહેશે; સત્કાર્યો કરનારાઓ માટે આ કેવો ઉત્તમ બદલો હશે !

الَّذِيْنَ صَبَرُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٥٩﴾

(૫૯) કે જેઓ (દુનિયામાં) ધીરજ ધરે છે અને જેઓ પોતાના પરવરદિગાર પર ભરોસો રાખે છે.

وَكَاَيِّنْ مِّنْ دَآبَّةٍ لَّا تَحْمِلُ رِزْقَهَا ۖ اَللّٰهُ يَرْزُقُهَا وَاِيَّاكُمْ ۖ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٦٠﴾

(૬૦) અને પૃથ્વી પર ચાલનારા કેટલાય (પ્રાણીઓ) એવા છે કે જેઓ પોતાની રોઝી ઊંચકીને ફરતા નથી; પણ અલ્લાહ જ તેમને રોઝી પહોંચાડે છે અને તમને પણ; અને એજ મોટો સાંભળનાર (અને) જાણનારો છે.

وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَسَخَّرَ الشَّمْسَ
وَالْقَمَرَ لَيَقُوْلُنَّ اللّٰهُ ۚ فَاَنّٰى يُؤْفَكُوْنَ ﴿٦١﴾

(૬૧) અને જો તું તેમને આ સવાલ કરે કે આસમાનો તથા પૃથ્વીને કોણે સર્જ્યાં છે, અને સૂર્ય તથા ચંદ્રને કોણે કામે લગાડી દીધા છે ? તો તેઓ અવશ્ય એમ કહેશે કે અલ્લાહે; આ છતાંય તેઓ ક્યાં બ્હેકી જાય છે ?

اَللّٰهُ يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ مِنۡ عِبَادِهٖ وَيَقۡدِرُ لَهٗ ؕ اِنَّ اللّٰهَ

بِكُلِّ شَىۡءٍ عَلِيۡمٌ ﴿۶۲﴾

(૬૨) અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે અને જેના માટે ચાહે છે તંગ કરી નાખે છે; બેશક અલ્લાહ દરેક વસ્તુથી વાકેફ છે.

وَلَئِنۡ سَاَلۡتَهُمۡ مَّنۡ نَّزَّلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَحۡيَا بِهِ الۡاَرۡضَ

مِنۡۢ بَعۡدِ مَوۡتِهَا لَيَقُوۡلُنَّ اللّٰهُ ؕ قُلِ الۡحَمۡدُ لِلّٰهِ ؕ بَلۡ اَكۡثَرُهُمۡ لَا

يَعۡقِلُوۡنَ ﴿۶۳﴾

(૬૩) અને (અય રસૂલ !) જો તું તેમને પૂછે કે આસમાન પરથી પાણી કોણ ઉતારે છે, પછી તે

વડે મરણ પામેલી ભૂમિને પુનઃ જીવન કોણ કરે છે ? તો તેઓ ખરેખરજ આ કહેશે કે અલ્લાહ; તું કહે કે સર્વ પ્રકારની તારીફ અલ્લાહ માટેજ લાયક છે; પરંતુ તેઓ માંના ઘણાખરા સમજતા નથી.

وَمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَهْوٌ وَّلَعِبٌ ۭ وَاِنَّ الدَّارَ الْاٰخِرَةَ
لَهِيَ الْحَيَوَانُ ۘ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ۝٦٤

(૬૪) અને આલોકનું જીવન રમત ગમત સિવાય કાંઇજ નથી; અને નિસંશય પરલોકનું ઘર એજ ખરૂં અમર જીવન છે; જો તેઓ સમજે તો.

فَاِذَا رَكِبُوْا فِي الْفُلْكِ دَعَوُا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ڬ فَلَمَّا
نَجّٰىهُمْ اِلَى الْبَرِّ اِذَا هُمْ يُشْرِكُوْنَ ۝٦٥

(૬૫) પછી જ્યારે તેઓ વહાણમાં સવાર થાય છે ત્યારે નિર્મળ મનથી તેની ભક્તિ અર્થે તે (અલ્લાહ)ને જ પોકારે છે, પછી જ્યારે તે તેમને છુટકારો આપી ખુશ્કી પર પહોંચાડી દે છે તો તેઓ તરતજ શિર્ક કરવા લાગી જાય છેઃ

لِيَكۡفُرُوۡا بِمَاۤ اٰتَيۡنٰهُمۡ ۚۙ وَلِيَتَمَتَّعُوۡا ٚ فَسَوۡفَ يَعۡلَمُوۡنَ ﴿۶۶﴾

(૬૬) કે જેથી અમોએ તેમને જે કાંઇ આપ્યું છે તેની તો નાશુક્રી કરે, આથી થોડા (વધુ) દિવસ લાભ મેળવી લે; પણ આગળ જતાં તેઓ જાણીજ લેશે.

اَوَلَمۡ يَرَوۡا اَنَّا جَعَلۡنَا حَرَمًا اٰمِنًا وَّيُتَخَطَّفُ النَّاسُ مِنۡ
حَوۡلِهِمۡ ؕ اَفَبِالۡبَاطِلِ يُؤۡمِنُوۡنَ وَبِنِعۡمَةِ اللّٰهِ يَكۡفُرُوۡنَ ﴿٦٧﴾

(૬૭) શું તેમણે આ ઉપર વિચાર નથી કર્યો કે અમોએ હરમ (મક્કા)ને શાંતિનું સ્થળ બનાવ્યું છે, જ્યારે તેની આસપાસથી લોકોને બળજબરીથી ઊંચકી લઇ જવામાં આવે છે ? તે છતાં શું તે લોકો અસત્ય પર ઇમાન રાખશે અને અલ્લાહની નેઅમતોનો ઇન્કાર કરશે ?

وَمَنۡ اَظۡلَمُ مِمَّنِ افۡتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوۡ كَذَّبَ بِالۡحَقِّ لَمَّا
جَآءَهٗ ؕ اَلَيۡسَ فِىۡ جَهَنَّمَ مَثۡوًى لِّلۡكٰفِرِيۡنَ ﴿٦٨﴾

(૬૮) અને તેના કરતાં વધારે ઝાલિમ કોણ હશે જે અલ્લાહ પર જૂઠું આળ ચઢાવે, અથવા જ્યારે તેની પાસે સત્ય આવે ત્યારે તેને જૂઠલાવે ? શું ત્યારે નાસ્તિકોનું રહેઠાણ જહન્નમ નથી ?

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ؕ وَاِنَّ اللّٰهَ لَمَعَ
الْمُحْسِنِيْنَ ۟﴿٦٩﴾ ع

(૬૯) અને જેઓ અમારા (ધર્મ પ્રચારના) સંબંધમાં પ્રયત્ન કરશે તેને અમે અમારા માર્ગો જરૂર દેખાડી દઇશું; અને અલ્લાહ બેશક નેકી કરનારાઓની સાથે જ છે.

الٓمّٓ ﴿١﴾

(૧) અલીફ લામ મીમ.

غُلِبَتِ الرُّوْمُ ﴿٢﴾

(૨) રૂમવાળા પરાજીત થઇ ગયા છે.

فِیْٓ اَدْنَى الْاَرْضِ وَهُمْ مِّنْۢ بَعْدِ غَلَبِهِمْ سَيَغْلِبُوْنَ ﴿٣﴾

(3) પાસેની ભૂમિમાં, પણ તેઓ પરાજય બાદ ટૂંક સમયમાં પાછા પ્રબળ થઇ જશે.

فِیْ بِضْعِ سِنِيْنَ ؕ لِلّٰهِ الْاَمْرُ مِنْ قَبْلُ وَمِنْۢ بَعْدُ ؕ وَيَوْمَئِذٍ
يَّفْرَحُ الْمُؤْمِنُوْنَ ﴿٤﴾

(૪) થોડાક વર્ષોમાં; અલ્લાહનો હુકમ પ્રથમ પણ હતો અને પછી પણ રહેશે, અને તે દિવસે ઇમાનવાળા ખુશ થઇ જશેઃ

بِنَصۡرِ اللّٰهِ ؕ يَنۡصُرُ مَنۡ يَّشَآءُ ؕ وَهُوَ الۡعَزِيۡزُ الرَّحِيۡمُ ۙ‏ ﴿۵﴾

(૫) અલ્લાહની મદદથી; તે જેને ચાહે છે સહાય કરે છે; અને એજ બળવાન (અને) દયાળુ છેઃ

وَعۡدَ اللّٰهِ ؕ لَا يُخۡلِفُ اللّٰهُ وَعۡدَهٗ وَلٰـكِنَّ اَكۡثَرَ النَّاسِ لَا يَعۡلَمُوۡنَ ﴿۶﴾

(૬) આ અલ્લાહનો વાયદો છે; અલ્લાહ કદી પણ પોતાના વાયદાનો ભંગ કરતો નથી, પરંતુ ઘણાંખરા લોકો જાણતા નથી.

يَعْلَمُوْنَ ظَاهِرًا مِّنَ الْحَيٰوةِ الدُّنْيَا ۖ وَهُمْ عَنِ الْاٰخِرَةِ هُمْ
غٰفِلُوْنَ ۝٧

(૭) આ લોકો આલોકના જીવનની જાહેર સ્થિતિ જાણે છે, અને આખેરતથી તેઓ (તદ્દન) અજ્ઞાત છે.

اَوَلَمْ يَتَفَكَّرُوْا فِيْٓ اَنْفُسِهِمْ ۗ مَا خَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ
وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَآ اِلَّا بِالْحَقِّ وَاَجَلٍ مُّسَمًّى ۗ وَاِنَّ كَثِيْرًا
مِّنَ النَّاسِ بِلِقَآئِ رَبِّهِمْ لَكٰفِرُوْنَ ۝٨

(૮) શું તેમણે પોતાના મનમાં આ (બાબત) ઉપર વિચાર નથી કર્યો કે અલ્લાહે આસમાનો તથા જમીન અને જે કાંઇ તેમની વચ્ચે છે તે સઘળું સત્ય હેતુપૂર્વક અને એક નિશ્ચિત મુદ્દત માટે ઉત્પન્ન

નથી કર્યું ? જો કે બેશક માણસોમાંથી ઘણાંખરા પોતાના પરવરદિગારની મુલાકાતનો ઇન્કાર કરનારા છે.

اَوَلَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ
مِنْ قَبْلِهِمْ ؕ كَانُوْٓا اَشَدَّ مِنْهُمْ قُوَّةً وَّاَثَارُوا الْاَرْضَ
وَعَمَرُوْهَآ اَكْثَرَ مِمَّا عَمَرُوْهَا وَجَآءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ ؕ
فَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿٩﴾

(૯) શું તેઓ જમીનમાં ચાલ્યા ફર્યા નથી કે તેઓ આ જુએ કે તેમની અગાઉવાળાઓનો કેવો અંત આવ્યો હતો ? તેઓ તે (મક્કાવાસી)ઓના કરતાં શક્તિમાં પણ ઘણા વધારે હતા, અને જમીનને

વધારે વિસ્તારમાં ખેડીને તેમના કરતાંય વધુ આબાદ કરી હતી, અને તેમના રસૂલો તેમની પાસે પ્રત્યક્ષ દલીલો લઇને આવ્યા હતા; અને ખુદા માટે આ યોગ્ય નથી કે તેમના પર ઝુલ્મ કરે, પરંતુ તેઓ પોતેજ ઝુલ્મ કર્યા કરતા હતા.

ثُمَّ كَانَ عَاقِبَةَ الَّذِيْنَ اَسَآءُوا السُّوْٓاٰى اَنْ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ

وَكَانُوْا بِهَا يَسْتَهْزِءُوْنَ ﴿١٠﴾

(૧૦) પછી જેમણે બૂરાઈ કરી હતી તેમનું પરીણામ પણ બૂરૂંજ થયું, કારણ કે તેઓ અલ્લાહની આયતો જૂઠલાવીને તેમની મજાક કરતા હતા.

اَللّٰهُ يَبۡدَؤُا الۡخَلۡقَ ثُمَّ يُعِيۡدُهٗ ثُمَّ اِلَيۡهِ تُرۡجَعُوۡنَ ﴿١١﴾

(૧૧) અલ્લાહ જ સૃષ્ટિનો આરંભ કરે છે, પછી પણ તેજ તેને પુનઃ બનાવે છે, પછી તેનીજ તરફ તમો સર્વેનું પાછું ફરવાનું થશે.

وَيَوۡمَ تَقُوۡمُ السَّاعَةُ يُبۡلِسُ الۡمُجۡرِمُوۡنَ ﴿١٢﴾

(૧૨) અને જે દિવસે કયામત કાયમ થશે ત્યારે ગુનેહગાર લોકો નિરાશ બની રહી જશે.

وَلَمۡ يَكُنۡ لَّهُمۡ مِّنۡ شُرَكَآٮِٕهِمۡ شُفَعٰٓؤُا وَكَانُوۡا بِشُرَكَآٮِٕهِمۡ كٰفِرِيۡنَ ﴿١٣﴾

(૧૩) અને તેમના શરીકોમાંથી કોઇ પણ તેમની (મુક્તિ માટે) ભલામણ કરનાર થશે નહિ, અને

તેઓ પોતે પણ પોતાના શરીકોનો ઇન્કાર કરનારા થઇ જશે.

وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ يَوْمَىِٕذٍ يَّتَفَرَّقُوْنَ ﴿١٤﴾

(૧૪) અને જે દિવસે કયામત કાયમ થશે તે દિવસે (ઇમાનવાળા તથા નાસ્તિકો) એક બીજાથી જુદા પડી જશે.

فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَهُمْ فِيْ رَوْضَةٍ يُّحْبَرُوْنَ ﴿١٥﴾

(૧૫) પછી જે લોકો ઇમાન લાવ્યા હશે, અને સત્કાર્યો કર્યા હશે, તેઓ તો બાગે બેહિશ્તમાં આનંદ આનંદમાં જ રહેશે.

وَاَمَّا الَّذِيۡنَ كَفَرُوۡا وَ كَذَّبُوۡا بِاٰيٰتِنَا وَلِقَآئِ الۡاٰخِرَةِ فَاُولٰٓـئِكَ
فِى الۡعَذَابِ مُحۡضَرُوۡنَ ﴿۱۶﴾

(૧૬) અને રહ્યા તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા ન હશે, અને જેમણે અમારી આયતોને તથા કયામત ના દિવસની હાજરીને જૂઠલાવી હશે તો તેમને અઝાબમાં ગિરફતાર કરી હાજર કરવામાં આવશે.

فَسُبۡحٰنَ اللّٰهِ حِيۡنَ تُمۡسُوۡنَ وَحِيۡنَ تُصۡبِحُوۡنَ ﴿۱۷﴾

(૧૭) પછી જે વખતે તમને સાંજ પડે છે અને જે વખતે તમને સવાર પડે છે ત્યારે અલ્લાહની જ પવિત્રતા વર્ણવ્યા કરો.

وَلَهُ الۡحَمۡدُ فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَعَشِيًّا وَّحِيۡنَ تُظۡهِرُوۡنَ ﴿۱۸﴾

(૧૮) અને દરેક પ્રકારની તારીફ તેનાજ માટે શોભાસ્પદ છે, આસમાનો તથા જમીનમાં; અને રાત પડતાં તથા જે વખતે તમે લોકોને બપોર થાય છે ત્યારે પણ (અલ્લાહની પવિત્રતા વર્ણવ્યા કરો).

يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ وَيُحْيِ
الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ وَكَذٰلِكَ تُخْرَجُوْنَ ۟﴿۱۹﴾

(૧૯) તે મુડદાઓમાંથી જીવતાઓને કાઢે છે અને જીવતાઓમાંથી મુડદાઓને કાઢે છે, અને જમીનને તેના મૃત્યુ બાદ પુનઃ સજીવન કરે છે; અને એજ રીતે તમે (કબરોમાંથી) કાઢવામાં આવશો.

وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ خَلَقَكُمْ مِّنْ تُرَابٍ ثُمَّ اِذَآ اَنْتُمْ بَشَرٌ
تَنْتَشِرُوْنَ ﴿٢٠﴾

(૨૦) અને તેની (કુદરતની) નિશાનીઓમાંથી આ પણ એક નિશાની છે કે તેણે તમને માટીમાંથી પેદા કર્યા, પછી તમે એકાએક માણસ બની ઠેક ઠેકાણે ફેલાઇ ગયા.

وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا لِّتَسْكُنُوْٓا
اِلَيْهَا وَجَعَلَ بَيْنَكُمْ مَّوَدَّةً وَّرَحْمَةً ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ
يَّتَفَكَّرُوْنَ ﴿٢١﴾

(૨૧) અને તેની નિશાનીઓમાંથી આ પણ એક છે કે તમારા માટે તમારામાંથી જ જોડાં (સ્ત્રીઓ) પણ

પેદા કરેલ છે કે જેથી તમે તેમની પાસે જઇ રાહત મેળવો, અને તમારા ઉભય વચ્ચે પ્રેમ અને મમતા પેદા કરી; બેશક તે લોકો માટે કે જેઓ ચિંતવન કરે છે એમાં (ઘણી) નિશાનીઓ મોજૂદ છે.

وَمِنۡ اٰيٰتِهٖ خَلۡقُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَاخۡتِلَافُ اَلۡسِنَتِكُمۡ وَاَلۡوَانِكُمۡ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ لِّلۡعٰلِمِيۡنَ ﴿۲۲﴾

(૨૨) અને તેની નિશાનીઓમાં આસમાનો તથા જમીનનું પેદા કરવું તથા તમારી ભિન્ન ભિન્ન ભાષાઓ તથા રંગોનું ભિન્ન ભિન્ન હોવું પણ છે; બેશક જ્ઞાની લોકો માટે તેમાં નિશાનીઓ છે.

وَمِنۡ اٰيٰتِهٖ مَنَامُكُمۡ بِالَّيۡلِ وَالنَّهَارِ وَابۡتِغَآؤُكُمۡ مِّنۡ فَضۡلِهٖ ؕ
اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوۡمٍ يَّسۡمَعُوۡنَ ﴿۲۳﴾

(૨૩) અને તમારૂં રાતનું ઊંઘવું, તથા દિવસનું ઊંઘવું અને તમારૂં તેની કૃપા વડે રોઝીનું ચાહવું; એ પણ તેની નિશાનીઓમાંથી છે; બેશક સાંભળનારાઓ માટે એમાં પણ નિશાનીઓ મોજૂદ છે.

وَمِنۡ اٰيٰتِهٖ يُرِيۡكُمُ الۡبَرۡقَ خَوۡفًا وَّطَمَعًا وَّيُنَزِّلُ مِنَ السَّمَآءِ
مَآءً فَيُحۡىٖ بِهِ الۡاَرۡضَ بَعۡدَ مَوۡتِهَا ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوۡمٍ
يَّعۡقِلُوۡنَ ﴿۲۴﴾

(૨૪) અને તેની નિશાનીઓમાં આ પણ છે કે તમને ડરાવવા તથા આશાવંત કરવા માટે વીજળી (ના ચમકારા) દેખાડે છે, અને આસમાન પરથી પાણી ઉતારે છે, પછી તે વડે ભૂમિને તેના મરણ પામ્યા બાદ પુનઃ સજીવન કરે છે; બેશક તે લોકો માટે કે જેઓ અક્કલ ધરાવે છે એમાં પણ નિશાનીઓ છે.

وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ تَقُوْمَ السَّمَآءُ وَالْاَرْضُ بِاَمْرِهٖ ؕ ثُمَّ اِذَا دَعَاكُمْ دَعْوَةً ۖۗ مِّنَ الْاَرْضِ ۖۗ اِذَآ اَنْتُمْ تَخْرُجُوْنَ ﴿٢٥﴾

(૨૫) અને તેની નિશાનીઓમાંથી આ પણ છે કે આસમાનો તથા જમીન તેનાજ હુકમથી કાયમ રહ્યાં છે; પછી જે વખતે તે તમને એકજ પોકાર

કરી જમીનમાંથી પોકારશે તો તમે (જમીનમાંથી સજીવન થઇ) તત્કાળ નીકળી પડશો.

وَلَهٗ مَنۡ فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ؕ كُلٌّ لَّهٗ قٰنِتُوۡنَ‏ ﴿۲۶﴾

(૨૬) અને જે કાંઇ આસમાનો તથા જમીનમાં છે તે તેનું જ છે; સઘળાં તેનાજ તાબેદાર છે.

وَهُوَ الَّذِىۡ يَبۡدَؤُا الۡخَلۡقَ ثُمَّ يُعِيۡدُهٗ وَهُوَ اَهۡوَنُ عَلَيۡهِ‌ؕ وَلَهُ الۡمَثَلُ الۡاَعۡلٰى فِى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ۚ وَهُوَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ‏ ﴿۲۷﴾

(૨૭) અને તે એજ છે જે સૃષ્ટિને પ્રથમ નિર્માણ કરે છે, પછી (કયામતને દિવસે) પણ તેને પુનઃ નિર્માણ કરશે, અને આ (કાર્ય) તેના માટે તદ્દન

સહેલું છે; અને આસમાનો તથા જમીનમાં ઉત્તમ સરખામણી તેનેજ માટે છે, અને તેજ મહા સમર્થ (અને) હિકમત વાળો છે.

ضَرَبَ لَكُمۡ مَّثَلًا مِّنۡ اَنۡفُسِكُمۡ ؕ هَلۡ لَّكُمۡ مِّنۡ مَّا مَلَكَتۡ اَيۡمَانُكُمۡ مِّنۡ شُرَكَآءَ فِىۡ مَا رَزَقۡنٰكُمۡ فَاَنۡتُمۡ فِيۡهِ سَوَآءٌ تَخَافُوۡنَهُمۡ كَخِيۡفَتِكُمۡ اَنۡفُسَكُمۡ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الۡاٰيٰتِ لِقَوۡمٍ يَّعۡقِلُوۡنَ ﴿۲۸﴾

(૨૮) તે તમારા (સમજવા) માટે તમારામાંથી જ એક દાખલો વર્ણવે છે કે શું તે રોઝીમાં કે જે અમોએ તમને આપી છે તમારા ગુલામોમાંથી (કોઇ તમારો) ભાગીદાર હોય છે કે જેથી તમે તે

(રોઝીના ઉપયોગ)માં સરખે સરખા થઇ જાઓ? (અને) શું જેવી રીતે તમે આપસમાં એક બીજાથી ડરો છો તેમ તેમનાથી પણ ડરો છો? જે લોકો અક્કલ ધરાવે છે તેમના માટે અમે એવીજ રીતે અમારી આયતો સ્પષ્ટ કરી વર્ણવીએ છીએ.

بَلِ اتَّبَعَ الَّذِيْنَ ظَلَمُوْٓا اَهْوَآءَهُمْ بِغَيْرِ عِلْمٍ ۚ فَمَنْ يَّهْدِيْ مَنْ اَضَلَّ اللّٰهُ ۗ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٢٩﴾

(૨૯) બલ્કે વાત એ છે કે જે લોકો ઝુલ્મ કરે છે તેઓ જાણ્યા વિના પોતાની મનોવાંછનાને અનુસરે છે; સારાંશ કે અલ્લાહ જેનાથી હિદાયતની પ્રેરણા છીનવી લે તેને રાહ પર કોણ લાવી શકે છે? અને એવાઓનો મદદગાર પણ કોઇ થશે નહિ.

فَاَقِمۡ وَجۡهَكَ لِلدِّيۡنِ حَنِيۡفًا ؕ فِطۡرَتَ اللّٰهِ الَّتِىۡ فَطَرَ النَّاسَ
عَلَيۡهَا ؕ لَا تَبۡدِيۡلَ لِخَلۡقِ اللّٰهِ ؕ ذٰلِكَ الدِّيۡنُ الۡقَيِّمُ ۙ وَلٰـكِنَّ
اَكۡثَرَ النَّاسِ لَا يَعۡلَمُوۡنَ ۙ﴿۳۰﴾

(30) માટે (અય રસૂલ !) તું એકજ અલ્લાહનો માનનારો રહીને તેનાજ દીન તરફ મોઢું સીધું કરી રાખ; આ અલ્લાહે ઘડેલો સૃષ્ટી નિયમ (ફીતરત) છે (તેને અનુસરી ચાલ) કે જે સૃષ્ટિ નિયમ પર તેણે માણસોને સર્જ્યાં છે; અલ્લાહના તે સૃષ્ટિ નિયમમાં કોઇ ફેરફાર થઇ શકતો નથી; સાચો ધર્મ એજ છે, પરંતુ ઘણાંખરા લોકો જાણતા નથી ः

مُنِيۡبِيۡنَ اِلَيۡهِ وَاتَّقُوۡهُ وَاَقِيۡمُوا الصَّلٰوةَ وَلَا تَكُوۡنُوۡا مِنَ الۡمُشۡرِكِيۡنَ ۝٣١

(૩૧) તેનીજ તરફ રજૂ થઇ રહો, અને તેનાથી જ ડરો, અને નમાઝ કાયમ કરો અને મુશ્રિકો માંના થાઓ નહિ:

مِنَ الَّذِيۡنَ فَرَّقُوۡا دِيۡنَهُمۡ وَكَانُوۡا شِيَعًا ؕ كُلُّ حِزۡبٍۭ بِمَا لَدَيۡهِمۡ فَرِحُوۡنَ ۝٣٢

(૩૨) તેઓ (મુશ્રિકો) માંના કે જેમણે પોતાના દીનના ટુકડે ટુકડા કરી નાખ્યા અને જુદા જુદા પંથવાળા બની ગયા; દરેક પક્ષ જે કાંઇ પણ (ધર્મ) તેની પાસે છે તેમાંજ આનંદ માને છે.

وَاِذَا مَسَّ النَّاسَ ضُرٌّ دَعَوۡا رَبَّهُمۡ مُّنِيۡبِيۡنَ اِلَيۡهِ ثُمَّ اِذَاۤ
اَذَاقَهُمۡ مِّنۡهُ رَحۡمَةً اِذَا فَرِيۡقٌ مِّنۡهُمۡ بِرَبِّهِمۡ يُشۡرِكُوۡنَ ۝٣٣

(33) અને જ્યારે માણસોને કાંઇ હાનિ પહોંચે છે ત્યારે તેઓ પોતાના પરવરદિગાર તરફ રજૂ થઇને તેને પોકારવા માંડે છે, પછી જ્યારે તે તેમને પોતાની કૃપાની મજા ચખાડે છે ત્યારે તેઓ માંનું એક ટોળું તરતજ પોતાના પરવરદિગારનો શરીક બનાવવા લાગી જાય છે ઃ

لِيَكۡفُرُوۡا بِمَاۤ اٰتَيۡنٰهُمۡ ؕ فَتَمَتَّعُوۡا ۙ فَسَوۡفَ تَعۡلَمُوۡنَ ۝٣٤

(3૪) કે જેથી અમોએ તેમને જે કાંઇ આપ્યું છે તેની નાશુક્રી કરે; માટે થોડા દિવસોનો લાભ

મેળવી લો; પછી આગળ જતાં તમને જણાઇ આવશે.

اَمْ اَنْزَلْنَا عَلَيْهِمْ سُلْطٰنًا فَهُوَيَتَكَلَّمُ بِمَا كَانُوْا بِهٖ يُشْرِكُوْنَ﴿۳۵﴾

(૩૫) અથવા શું અમોએ તેમના પર કોઇ એવી દલીલ ઉતારી છે કે તે અલ્લાહ સાથે બીજાને શરીક કરવાનું કહેતી હોય?

وَاِذَآ اَذَقْنَا النَّاسَ رَحْمَةً فَرِحُوْا بِهَا ؕ وَاِنْ تُصِبْهُمْ سَيِّئَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ اِذَا هُمْ يَقْنَطُوْنَ﴿۳۶﴾

(૩૬) અને જે વખતે અમે લોકોને અમારી કૃપાની મજા ચખાડીએ છીએ ત્યારે તેઓ તેનાથી રાજી

રાજી થઇ જાય છે; અને જો તેમનાં પર તેમના હાથોએ અગાઉ કરેલા કામોના કારણે કોઇ આફત આવી પડે છે તો તરતજ હતાશ થઇ જાય છે.

اَوَلَمْ يَرَوْا اَنَّ اللّٰهَ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَيَقْدِرُ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ ﴿٣٧﴾

(૩૭) શું તેમણે આ નથી જોયું કે અલ્લાહ જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે, અને જેના માટે ચાહે છે તંગ કરી દે છે? બેશક જે લોકો ઇમાન રાખે છે તેમના માટે એમાં ઘણી નિશાનીઓ મોજૂદ છે.

فَاٰتِ ذَا الۡقُرۡبٰى حَقَّهٗ وَالۡمِسۡكِيۡنَ وَابۡنَ السَّبِيۡلِ ؕ ذٰلِكَ خَيۡرٌ
لِّلَّذِيۡنَ يُرِيۡدُوۡنَ وَجۡهَ اللّٰهِ ۚ وَاُولٰٓـئِكَ هُمُ الۡمُفۡلِحُوۡنَ ﴿۳۸﴾

(૩૮) માટે (અય રસૂલ !) તું તારા નજીકના સગાંવહાલાઓને તથા મિસ્કીનોને તથા મુસાફરોને તેમના હક આપતો રહે; આ તે લોકો માટે કે જેઓ અલ્લાહની ખુશીને ચાહનારા છે, ઘણુંજ સારૂં છે, અને એવાજ લોકો સંપૂર્ણ મુક્તિ પામનારા છે.

وَمَاۤ اٰتَيۡتُمۡ مِّنۡ رِّبًا لِّيَرۡبُوَا۟ فِىۡۤ اَمۡوَالِ النَّاسِ فَلَا يَرۡبُوۡا عِنۡدَ
اللّٰهِ ۚ وَمَاۤ اٰتَيۡتُمۡ مِّنۡ زَكٰوةٍ تُرِيۡدُوۡنَ وَجۡهَ اللّٰهِ فَاُولٰٓـئِكَ هُمُ
الۡمُضۡعِفُوۡنَ ﴿۳۹﴾

(૩૯) અને રીબા (વ્યાજ) કે જે લોકોના માલને કાંઇક વધારી દે એવા હેતુથી તમે આપો છો તો (જાણી લો કે) તે અલ્લાહની પાસે કાંઇજ વધારો કરતો નથી, અને અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે જે ખેરાત તમે આપો છો તો બસ, એવાજ લોકો (પોતાના માલ તથા સવાબને) વધારનારા છે.

اَللّٰهُ الَّذِیْ خَلَقَكُمْ ثُمَّ رَزَقَكُمْ ثُمَّ یُمِیْتُكُمْ ثُمَّ یُحْیِیْكُمْ ؕ
هَلْ مِنْ شُرَكَآىِٕكُمْ مَّنْ یَّفْعَلُ مِنْ ذٰلِكُمْ مِّنْ شَیْءٍ ؕ سُبْحٰنَهٗ
وَتَعٰلٰى عَمَّا یُشْرِكُوْنَ ۟۴۰

(૪૦) અલ્લાહ એજ (સર્વ શક્તિમાન) છે કે જેણે તમને પેદા કર્યાં, પછી તેણે તમને રોઝી આપી, પછી તે તમને મૃત્યુ આપે છે, પછી તે તમને સજીવન કરે છે; શું તમારા (બનાવેલા) શરીકોમાંથી પણ કોઇ એવો છે જે આ (કાર્યો)માંથી કોઇ (કાર્ય) કરી દેખાડે? જે વસ્તુઓને આ લોકો (અલ્લાહની) શરીક બનાવે છે તેમનાથી તેની જાત પાક અને ઉચ્ચતર છે.

ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِى النَّاسِ
لِيُذِيْقَهُمْ بَعْضَ الَّذِىْ عَمِلُوْا لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٤١﴾

(૪૧) લોકોના હાથે જે કાંઇ થયું તેના કારણે ખુશ્કી તથા તરીમાં ફસાદ જાહેર થઇ ગયો કે જેથી તેમણે

જે કાંઇ વર્તન ચલાવ્યું તેના થોડાક (ભાગ)ની મજા તો અલ્લાહ તેમને ચખાડી દે કે કદાચને તેઓ (વધુ ફસાદ કરતાં) અટકે.

قُلۡ سِيۡرُوۡا فِى الۡاَرۡضِ فَانْظُرُوۡا كَيۡفَ كَانَ عَاقِبَةُ الَّذِيۡنَ

مِنۡ قَبۡلُ‌ ؕ كَانَ اَكۡثَرُهُمۡ مُّشۡرِكِيۡنَ ﴿۴۲﴾

(૪૨) (અય રસૂલ !) તું કહે કે જમીનમાં ચાલો ફરો, પછી ધ્યાન દઇ જુઓ કે તે લોકો કે જે તમારી પૂર્વે હતા તેમનો કેવો અંત આવ્યો? તેઓમાંથી ઘણાં ખરા મુશ્રિક હતા.

فَاَقِمۡ وَجۡهَكَ لِلدِّيۡنِ الۡقَيِّمِ مِنۡ قَبۡلِ اَنۡ يَّاۡتِىَ يَوۡمٌ لَّا مَرَدَّ لَهٗ

مِنَ اللّٰهِ يَوۡمَـئِذٍ يَّصَّدَّعُوۡنَ ﴿۴۳﴾

(૪૩) માટે તું સત્ય ધર્મ તરફ તારૂં મોઢું સીધું રાખ, તે દિવસ અલ્લાહ તરફથી આવી પહોંચે તે પહેલાં કે જે દિવસનું આવવું હરગિજ ટળનાર નથી. તે દિવસે (ઇમાનવાળા તથા નાસ્તિક) લોકો એક બીજાથી જુદા પડી જશે.

مَنْ كَفَرَ فَعَلَيْهِ كُفْرُهٗ ۚ وَمَنْ عَمِلَ صَالِحًا فَلِاَنْفُسِهِمْ يَمْهَدُوْنَ ﴿٤٤﴾

(૪૪) જે શખ્સ ઇમાન ન લાવ્યો તો તેના ઇમાન નહિ લાવવા (ના ગુનાહ)નો બોજો તેના ઉપરજ રહેશે, અને જેણે કોઇ નેકી કરી તો તેણે પોતાના માટે (આખેરતની) તૈયારી કરી ઃ

لِيَجۡزِيَ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ مِنۡ فَضۡلِهٖ ؕ اِنَّهٗ لَا
يُحِبُّ الۡكٰفِرِيۡنَ ﴿۴۵﴾

(૪૫) કે જેથી તે (અલ્લાહ) તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા છે તથા સત્કાર્યો કર્યા છે પોતાની કૃપાથી (સારો) બદલો આપે; બેશક તે ઇમાન નહિ લાવનારાઓને દોસ્ત રાખતો નથી.

وَمِنۡ اٰيٰتِهٖۤ اَنۡ يُّرۡسِلَ الرِّيَاحَ مُبَشِّرٰتٍ وَّلِيُذِيۡقَكُمۡ مِّنۡ
رَّحۡمَتِهٖ وَلِتَجۡرِيَ الۡفُلۡكُ بِاَمۡرِهٖ وَلِتَبۡتَغُوۡا مِنۡ فَضۡلِهٖ وَلَعَلَّكُمۡ
تَشۡكُرُوۡنَ ﴿۴۶﴾

(૪૬) અને તેની નિશાનીઓમાં આ પણ એક છે કે તે વાયુઓને મોકલે છે એ માટે કે તે વરસાદની

ખુશખબર આપનારા હોય, અને એ માટે કે તે તેમને પોતાની રહેમતની મજા ચખાડે, અને એ માટે કે તેના હુકમથી વહાણો (સમુદ્રો પર) ચાલે, અને એ માટે કે તેની કૃપામાંથી તમે રોઝી માંગો અને એ માટે કે કદાચને તમે આભાર માનનારા થાઓ.

وَلَقَدْ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ رُسُلًا اِلٰى قَوْمِهِمْ فَجَآءُوْهُمْ بِالْبَيِّنٰتِ فَانْتَقَمْنَا مِنَ الَّذِيْنَ اَجْرَمُوْا ؕ وَكَانَ حَقًّا عَلَيْنَا نَصْرُ الْمُؤْمِنِيْنَ ﴿٤٧﴾

(૪૭) અને (અય રસૂલ !) ખરેખરજ અમોએ તારી અગાઉ તેમની પોતપોતાની કોમો તરફ રસૂલ

મોકલ્યા હતા, પછી તેઓ તેમની પાસે (અમારી) ખુલ્લી દલીલો લઇને આવ્યા (છતાં તેમણે માન્યું નહિ), પછી તે લોકોથી કે જેઓ ગુનેહગાર હતા અમોએ બદલો લીધો; અને મોઅમીનોની સહાય કરવી અમારા પર હંમેશ માટે લાઝિમ છે.

اَللّٰهُ الَّذِىۡ يُرۡسِلُ الرِّيٰحَ فَتُثِيۡرُ سَحَابًا فَيَبۡسُطُهٗ فِى السَّمَآءِ

كَيۡفَ يَشَآءُ وَيَجۡعَلُهٗ كِسَفًا فَتَرَى الۡوَدۡقَ يَخۡرُجُ مِنۡ خِلٰلِهٖ‌ۚ

فَاِذَاۤ اَصَابَ بِهٖ مَنۡ يَّشَآءُ مِنۡ عِبَادِهٖۤ اِذَا هُمۡ يَسۡتَبۡشِرُوۡنَ‌ۚ ﴿۴۸﴾

(૪૮) અલ્લાહ એજ છે કે જે વાયુઓ મોકલે છે, પછી તે વાદળાં ખેંચી લાવે છે, તેમને જેવી રીતે ચાહે છે આસમાન પર ફેલાવી દે છે, અને તેમના

ટુકડે ટુકડા કરી નાખે છે, પછી તું જુએ છે કે તે માંથી વરસાદ નીકળી ચાલ્યો આવે છે, પછી જ્યારે તે પોતાના બંદાઓમાંથી જેના પર ચાહે તેમાંથી વરસાવી દે છે ત્યારે તેઓ તત્કાળ આનંદોત્સવ કરવા મંડી જાય છે.

وَاِنْ كَانُوْا مِنْ قَبْلِ اَنْ يُّنَزَّلَ عَلَيْهِمْ مِّنْ قَبْلِهٖ لَمُبْلِسِيْنَ ﴿٤٩﴾

(૪૯) અને જોકે તેમના પર (વરસાદ) વરસાવવામાં આવ્યો તે પહેલાં તો તેઓ નિરાશ બની ગયા હતા.

فَانْظُرْ اِلٰٓى اٰثٰرِ رَحْمَتِ اللّٰهِ كَيْفَ يُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ اِنَّ

ذٰلِكَ لَمُحْيِ الْمَوْتٰى ۚ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٥٠﴾

(૫૦) માટે જરા અલ્લાહની કૃપાભરી નિશાનીઓને ધ્યાનપૂર્વક નિહાળ કે તે મરણ પામેલી ભૂમિને પાછી કેવી રીતે સજીવન કરે છે; બેશક એજ મુડદાઓને પણ જીવતા કરનારો છે, અને એજ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

وَلَئِنۡ اَرۡسَلۡنَا رِيۡحًا فَرَاَوۡهُ مُصۡفَرًّا لَّظَلُّوۡا مِنۡۢ بَعۡدِهٖ يَكۡفُرُوۡنَ ﴿۵۱﴾

(૫૧) અને જો અમે એવા એક વાયુને મોકલી દઇએ કે જેથી તેઓ પોતાની ખેતી પીળી પડી ગએલી નિહાળે તો તે પછી તેઓ અમારી પહેલી બક્ષિશોને (વીસરી જઇ) નાશુક્રી કરવાનું ચાલુજ રાખશે.

فَاِنَّكَ لَا تُسۡمِعُ الۡمَوۡتٰى وَلَا تُسۡمِعُ الصُّمَّ الدُّعَآءَ اِذَا وَلَّوۡا
مُدۡبِرِيۡنَ ۝٥٢

(૫૨) માટે (અય રસૂલ !) ખાત્રીપૂર્વક જાણજે કે તું મુડદાઓને સંભળાવી શકતો નથી અને ન બહેરાઓને બોલવાનો અવાજ સંભળાવી શકે છે, જ્યારે કે તેઓ પીઠ ફેરવી ચાલતી પકડે છે.

وَمَآ اَنۡتَ بِهٰدِ الۡعُمۡىِ عَنۡ ضَلٰلَتِهِمۡ ؕ اِنۡ تُسۡمِعُ اِلَّا مَنۡ
يُّؤۡمِنُ بِاٰيٰتِنَا فَهُمۡ مُّسۡلِمُوۡنَ ۝٥٣

(૫૩) અને ન તું (અંતઃકરણના) આંધળાઓને તેમની ગુમરાહીમાંથી સરળ માર્ગ પર લાવનાર છે; તું તો કેવળ તેમને (અમારો સંદેશો) સંભળાવી

શકે છે કે જે અમારી આયતો પર ઇમાન રાખે છે, પછી તેઓ આધિન થઇ જાય છે.

اَللّٰهُ الَّذِیۡ خَلَقَكُمۡ مِّنۡ ضُؔعۡفٍ ثُمَّ جَعَلَ مِنۡۢ بَعۡدِ
ضُؔعۡفٍ قُوَّةً ثُمَّ جَعَلَ مِنۡۢ بَعۡدِ قُوَّةٍ ضُؔعۡفًا وَّشَیۡبَةً ؕ
یَخۡلُقُ مَا یَشَآءُ ۚ وَهُوَ الۡعَلِیۡمُ الۡقَدِیۡرُ ۝۵۴

(૫૪) અલ્લાહ તે છે જેણે તમને આરંભમાં નિર્બળતામાંથી પેદા કર્યા, પછી નિર્બળતા બાદ શક્તિ અર્પણ કરી, પછી શક્તિ બાદ (પાછી) નિર્બળતા અને વૃદ્ધાવસ્થાની સ્થિતિ કરી દીધી; તે ચાહે છે તે પેદા કરી દે છે, અને એજ જ્ઞાન (અને) કુદરતનો સાહેબ છે.

وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ يُقْسِمُ الْمُجْرِمُوْنَ ۙ مَا لَبِثُوْا غَيْرَ
سَاعَةٍ ؕ كَذٰلِكَ كَانُوْا يُؤْفَكُوْنَ﴿۵۵﴾

(૫૫) અને જે દિવસે કયામત કાયમ થશે ત્યારે ગુનેહગારો સોગંદો ખાઇને કહેશે કે તેઓ એક કલાકથી વધુ (સમય દુનિયામાં) થોભ્યા ન હતા; આ (લોકો દુનિયામાં પણ) એવીજ રીતે બહેક્યા કરતા હતા.

وَقَالَ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ وَالْاِيْمَانَ لَقَدْ لَبِثْتُمْ فِيْ كِتٰبِ
اللّٰهِ اِلٰى يَوْمِ الْبَعْثِ ۫ فَهٰذَا يَوْمُ الْبَعْثِ وَلٰكِنَّكُمْ كُنْتُمْ لَا
تَعْلَمُوْنَ﴿۵۶﴾

(૫૬) અને તે લોકો કે જેમને જ્ઞાન તથા ઇમાન આપવામાં આવ્યું હતું તેઓ કહેશે કે ખરેખરજ તમે અલ્લાહના (લખી મૂકેલા) હુકમ મુજબ કયામત સુધી રહ્યા, અને તે કયામતનો દિવસ આજ છે, પરંતુ તમને તેની જાણ ન હતી.

فَيَوْمَئِذٍ لَّا يَنْفَعُ الَّذِيْنَ ظَلَمُوْا مَعْذِرَتُهُمْ وَلَا هُمْ يُسْتَعْتَبُوْنَ﴿٥٧﴾

(૫૭) માટે તે દિવસે જેમણે ઝુલ્મ કર્યો હશે તેમનું બહાનું તેમને કાંઇ લાભ પહોંચાડશે નહિ, અને ન તેમના તરફ દયા ભાવના દેખાડવામાં આવશે.

وَلَقَدۡ ضَرَبۡنَا لِلنَّاسِ فِيۡ هٰذَا الۡقُرۡاٰنِ مِنۡ كُلِّ مَثَلٍ ؕ وَلَئِنۡ
جِئۡتَهُمۡ بِاٰيَةٍ لَّيَقُوۡلَنَّ الَّذِيۡنَ كَفَرُوۡۤا اِنۡ اَنۡتُمۡ اِلَّا مُبۡطِلُوۡنَ ۝٥٨

(૫૮) અને અમોએ આ કુરઆનમાં સઘળા મનુષ્યોને (સમજાવવા) માટે દરેક પ્રકારના દાખલા વર્ણવ્યા છે; અને જો તું તેમની પાસે કોઇ પણ નિશાની લઇ આવે તો પણ તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા એજ કહેશે કે (અય મુસલમાનો!) તમે નર્યો જૂઠો દાવો કરનારા છો.

كَذٰلِكَ يَطۡبَعُ اللّٰهُ عَلٰى قُلُوۡبِ الَّذِيۡنَ لَا يَعۡلَمُوۡنَ ۝٥٩

(૫૯) અલ્લાહ તે લોકોના મન પર કે જેઓ જ્ઞાન ધરાવતા નથી એવીજ રીતે મહોર મારી દે છે.

فَاصۡبِرۡ اِنَّ وَعۡدَ اللّٰهِ حَقٌّ وَّلَا يَسۡتَخِفَّنَّكَ الَّذِيۡنَ لَا يُوۡقِنُوۡنَ ۝٦٠

(૬૦) માટે (અય રસૂલ !) તું ધીરજ ધર, બેશક અલ્લાહનો વાયદો સાચો છે, અને એવું ન થાય કે જે લોકો (તારા રસૂલ હોવાની) શ્રદ્ધા નથી રાખતા તેઓ તને (ચિડવીને) હલકો પાડી દે.

سورة لقمان / સૂરએ લુકમાન

الٓمّٓ ﴿١﴾

(૧) અલીફ લામ મીમ.

تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْحَكِيْمِ ﴿٢﴾

(૨) આ હિકમતવાળી કિતાબ (કુરઆન)ની આયતો છે

هُدًى وَّرَحْمَةً لِّلْمُحْسِنِيْنَ ﴿٣﴾

(3) તે નેકી કરનારાઓ માટે હિદાયત અને રહેમત છે ઃ

الَّذِيْنَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَيُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ﴿٤﴾

(૪) કે જેઓ (નિયમિત) નમાઝ પઢે છે તેમજ ઝકાત આપે છે, અને આખેરત ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

أُولَٰٓئِكَ عَلَىٰ هُدًى مِّن رَّبِّهِمْ ۖ وَأُولَٰٓئِكَ هُمُ الْمُفْلِحُونَ ۝٥

(૫) એજ લોકો તેમના પરવરદિગાર તરફથી સન્માર્ગ ઉપર છે, અને તેઓજ (કયામતમાં સંપૂર્ણ) સફળતાને પામનારા છે.

وَمِنَ النَّاسِ مَن يَشْتَرِي لَهْوَ الْحَدِيثِ لِيُضِلَّ عَن سَبِيلِ
اللَّهِ بِغَيْرِ عِلْمٍ ۖ وَيَتَّخِذَهَا هُزُوًا ۚ أُولَٰٓئِكَ لَهُمْ عَذَابٌ
مُّهِينٌ ۝٦

(૬) અને લોકોમાંથી કોઇ કોઇ એવા પણ છે જે બેહુદી વાતો ખરીદે છે કે (તે વડે લોકોને) સમજ્યા વગર અલ્લાહની રાહથી ભમાવે, અને પછી તે (આયતો)ની હાંસી ઉડાડે; હીણપત ભરેલી શિક્ષા તેઓ માટેજ છે.

وَإِذَا تُتْلَىٰ عَلَيْهِ اٰيٰتُنَا وَلّٰى مُسْتَكْبِرًا كَاَنْ لَّمْ يَسْمَعْهَا كَاَنَّ فِيْٓ
اُذُنَيْهِ وَقْرًا ۚ فَبَشِّرْهُ بِعَذَابٍ اَلِيْمٍ ۝٧

(૭) અને જ્યારે તેને અલ્લાહની આયતો પઢીને સંભળાવવામાં આવે છે ત્યારે તે અભિમાન કરી મોઢું ફેરવી લે છે, જાણે તે (આયતો) તેણે સાંભળી જ નથી, જાણે કે તેના બન્ને કાનોમાં બહેરાપણું હોય

તેમ, માટે (અય રસૂલ !) તું તેને દુઃખદાયક અઝાબની ખુશખબર સંભળાવી દે.

إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ لَهُمْ جَنَّاتُ النَّعِيمِ ٨

(૮) ખરેખરજ જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તો તેમના માટેજ નેઅમતવાળી જન્નતો છેઃ

خَالِدِينَ فِيهَا ۖ وَعْدَ اللَّهِ حَقًّا ۚ وَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ ٩

(૯) તેમાં તેઓ હંમેશના રહેનારા થશે; અલ્લાહનો આ વાયદો તદ્દન સાચો છે; અને તે મહા સમર્થ (અને) હિકમતવાળો છે.

خَلَقَ السَّمٰوٰتِ بِغَيْرِ عَمَدٍ تَرَوْنَهَا وَاَلْقٰى فِي الْاَرْضِ رَوَاسِيَ
اَنْ تَمِيْدَ بِكُمْ وَبَثَّ فِيْهَا مِنْ كُلِّ دَآبَّةٍ ؕ وَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ
مَآءً فَاَنْۢبَتْنَا فِيْهَا مِنْ كُلِّ زَوْجٍ كَرِيْمٍ ⑩

(૧૦) તેણે આસમાનોને તમે જુઓ છો તેમ થાંભલા વગરના પેદા કર્યા છે, ને જમીનમાં (ભારી) પર્વતો સ્થાયી કર્યા છે કે જેથી તે તમને લઇને કોઇ બાજુએ ઢળી ન જાય, અને તેમાં દરેક જાતના પ્રાણીઓ મોટા પ્રમાણમાં ફેલાવી દીધા છે; અને અમોએ આસમાનો પરથી પાણી ઉતાર્યું, પછી અમોએ તેમાં દરેક જાતની ઉમદા વસ્તુઓ ઉગાડી દીધી છે.

هٰذَا خَلْقُ اللّٰهِ فَاَرُوْنِيْ مَاذَا خَلَقَ الَّذِيْنَ مِنْ دُوْنِهٖ ؕ بَلِ
الظّٰلِمُوْنَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۱۱﴾

(૧૧) આ તો અલ્લાહની પેદા કરેલી વસ્તુઓ છે, હવે તમે મને આ દેખાડો કે જે તેના સિવાય છે તેમણે શું પેદા કર્યું છે? ખરી વાત તો આ છે કે ઝાલિમો ખુલ્લી ગુમરાહીમાં છે.

وَلَقَدْ اٰتَيْنَا لُقْمٰنَ الْحِكْمَةَ اَنِ اشْكُرْ لِلّٰهِ ؕ وَمَنْ يَّشْكُرْ فَاِنَّمَا
يَشْكُرُ لِنَفْسِهٖ ۚ وَمَنْ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِيٌّ حَمِيْدٌ ﴿۱۲﴾

(૧૨) ખરેખરજ અમોએ લુકમાનને હિકમત (સુબુદ્ધિ) અર્પણ કરી હતી (અને ફરમાવ્યું હતું) કે તું અલ્લાહનો ઉપકાર માન્યા કર; અને જે કોઇ

ઉપકાર માનશે તો તે પોતાનાજ લાભ માટે ઉપકાર માનશે; અને જે નાશુક્રી કરશે તો બેશક અલ્લાહ બેપરવાહ અને વખાણને પાત્ર છે.

وَاِذْ قَالَ لُقْمٰنُ لِابْنِهٖ وَهُوَ يَعِظُهٗ يٰبُنَيَّ لَا تُشْرِكْ بِاللّٰهِ ۗ اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ ⑬

(૧૩) અને (તે સમયને યાદ કર) જ્યારે લુકમાને પોતાના પુત્રને નસીહત કરતા કહ્યું કે અય મારા (વ્હાલા) પુત્ર ! કોઇને અલ્લાહનો શરીક બનાવજે નહિ; બેશક શિર્ક સૌથી મોટો ગુનાહ છે (જે હરગિજ માફ નહિ થાય)

وَوَصَّيۡنَا الۡاِنۡسَانَ بِوَالِدَيۡهِ‌ۚ حَمَلَتۡهُ اُمُّهٗ وَهۡنًا عَلٰى وَهۡنٍ
وَّفِصٰلُهٗ فِىۡ عَامَيۡنِ اَنِ اشۡكُرۡ لِىۡ وَلِـوَالِدَيۡكَ ؕ اِلَىَّ الۡمَصِيۡرُ ﴿۱۴﴾

(૧૪) અને અમોએ મનુષ્યને તેના મા બાપના સંબંધમાં આ કારણે કે તેની માએ દુ:ખ પર દુ:ખ સહન કરી તેને ગર્ભમાં રાખ્યો, અને (પેદા થવાના) બે વર્ષ બાદ તેનું દૂધ છુટ્યું આ હુકમ કર્યો કે તું મારો આભાર માનનારો થા અને તારા માતાપિતાનો઼ પણ; (છેવટનું) પાછું ફરવું મારીજ તરફ થશે.

وَاِنۡ جَاهَدٰكَ عَلٰٓى اَنۡ تُشۡرِكَ بِىۡ مَا لَـيۡسَ لَـكَ بِهٖ عِلۡمٌ ۙ فَلَا
تُطِعۡهُمَا وَصَاحِبۡهُمَا فِى الدُّنۡيَا مَعۡرُوۡفًا ۖ وَّاتَّبِعۡ سَبِيۡلَ مَنۡ

اَنَابَ اِلَیَّ ۚ ثُمَّ اِلَیَّ مَرۡجِعُکُمۡ فَاُنَبِّئُکُمۡ بِمَا کُنۡتُمۡ
تَعۡمَلُوۡنَ﴿۱۵﴾

(૧૫) અને જો તે બન્ને કોઇ એવી વસ્તુ કે જેની તને કાંઇ માહિતી ન હોય તેને મારી શરીક બનાવવાની તને ફરજ પાડે તો (એ બાબતમાં) તેમની આજ્ઞા ન માન તો પણ દુનિયામાં તેઓ બન્નેનો ભલાઇથી જ સાથ આપ, અને તે શખ્સના માર્ગ પર ચાલ કે જે મારી તરફ રજૂ થએલો હોય; પછી તમો સર્વેનું પાછું ફરવું મારીજ તરફ થશે ત્યારે તમે જે જે કાંઇ કર્યા કરતા હતા તેનાથી હું તમને વાકેફ કરી દઇશ.

يٰبُنَيَّ اِنَّهَآ اِنْ تَكُ مِثْقَالَ حَبَّةٍ مِّنْ خَرْدَلٍ فَتَكُنْ فِيْ صَخْرَةٍ اَوْ
فِي السَّمٰوٰتِ اَوْ فِي الْاَرْضِ يَاْتِ بِهَا اللّٰهُ ؕ اِنَّ اللّٰهَ لَطِيْفٌ
خَبِيْرٌ ﴿۱۶﴾

(૧૬) અય મારા (વ્હાલા) પુત્ર ! જો (નેકી યા બદી) રાઇના દાણા બરાબર પણ હશે, પછી (ભલેને) તે કોઇ શિલામાં હોય યા આસમાનમાં અથવા જમીન (ના પેટા)માં, અલ્લાહ તે જરૂર લાવી હાજર કરશે. બેશક અલ્લાહ સૂક્ષ્મદર્શી (અને) માહિતગાર છે.

يٰبُنَيَّ اَقِمِ الصَّلٰوةَ وَاْمُرْ بِالْمَعْرُوْفِ وَانْهَ عَنِ الْمُنْكَرِ وَاصْبِرْ
عَلٰى مَآ اَصَابَكَ ؕ اِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ ﴿۱۷﴾

(૧૭) અય મારા (વ્હાલા) પુત્ર ! નમાઝ પઢ્યા કર, અને (લોકોને) નેકીની આજ્ઞા કર, અને બદીથી (લોકોને) અટકાવ, ને જે સંકટ તારા પર આવી પડે તે સહન કર; બેશક આ મહા હિમ્મતના કાર્યો છે.

وَلَا تُصَعِّرْ خَدَّكَ لِلنَّاسِ وَلَا تَمْشِ فِي الْأَرْضِ مَرَحًا ۖ إِنَّ اللَّهَ لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُورٍ ﴿١٨﴾

(૧૮) અને લોકો તરફ તારા ગાલ અભિમાનથી ફુલાવ નહિ, અને જમીન પર અકડીને ન ચાલ; બેશક અલ્લાહ કોઇ પણ અકડનાર અને ફખ્ર કરનારને દોસ્ત નથી રાખતો.

وَاقْصِدْ فِيْ مَشْيِكَ وَاغْضُضْ مِنْ صَوْتِكَ ؕ اِنَّ اَنْكَرَ
الْاَصْوَاتِ لَصَوْتُ الْحَمِيْرِ ۧ ﴿١٩﴾

(૧૯) અને તારા ચાલવામાં મધ્યમ ગતિ ધારણ કર, અને તારા અવાજને ધીમો રાખ; બેશક સૌથી વધારે અપ્રિય ગધેડાઓનો અવાજ હોય છે.

اَلَمْ تَرَوْا اَنَّ اللّٰهَ سَخَّرَ لَكُمْ مَّا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ
وَاَسْبَغَ عَلَيْكُمْ نِعَمَهٗ ظَاهِرَةً وَّبَاطِنَةً ؕ وَمِنَ النَّاسِ مَنْ
يُّجَادِلُ فِي اللّٰهِ بِغَيْرِ عِلْمٍ وَّلَا هُدًى وَّلَا كِتٰبٍ مُّنِيْرٍ ﴿٢٠﴾

(૨૦) શું તમે આ નથી જોયું કે અલ્લાહે જે કાંઇ આસમાનોમાં છે તથા જે કાંઇ જમીનમાં છે તે બધાને તમારા આધીન કરી દીધા છે, અને તમારા

પર પોતાની નેઅમતો ખુલ્લી તથા છુપી રીતે પૂર્ણ કરી દીધી છે ? અને માણસોમાંથી કોઇ કોઇ એવો પણ છે જે અલ્લાહના વિષયમાં કાંઇ પણ જ્ઞાન વિના તથા સન્માર્ગ ઉપર ન હોવા છતાં તથા પ્રકાશ પહોંચાડનારી કોઇ કિતાબ (ધરાવ્યા) વિના ઝઘડતો ફરે છે.

وَاِذَا قِيۡلَ لَهُمُ اتَّبِعُوۡا مَاۤ اَنۡزَلَ اللّٰهُ قَالُوۡا بَلۡ نَتَّبِعُ مَا وَجَدۡنَا عَلَيۡهِ اٰبَآءَنَا ؕ اَوَلَوۡ كَانَ الشَّيۡطٰنُ يَدۡعُوۡهُمۡ اِلٰى عَذَابِ السَّعِيۡرِ ﴿۲۱﴾

(૨૧) અને જે વખતે તેમને આ કહેવામાં આવે છે કે જે કાંઇ અલ્લાહે ઉતાર્યું છે તેનું અનુકરણ કરો

ત્યારે તેઓ કહી દે છે કે અમે તો તેનું અનુકરણ કરીશું કે જેના પર અમારા બાપદાદાઓને (અનુકરણ કરતાં) જોયા છે; પછી જો કે તેમ (ના બાપદાદાઓ)ને શેતાન ભડભડતી આગના અઝાબ તરફ બોલાવતો હોય તો પણ (શું તેમનું જ અનુકરણ કરશે) ?

وَمَنْ يُّسْلِمْ وَجْهَهٗٓ اِلَى اللّٰهِ وَهُوَ مُحْسِنٌ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ؕ وَاِلَى اللّٰهِ عَاقِبَةُ الْاُمُوْرِ ﴿٢٢﴾

(૨૨) અને જે શખ્સ પોતાના મામલાને અલ્લાહને સોંપી દે અને તે સદાચારી પણ હોય તો ખરેખરજ તેણે (ઇમાનના) મજબૂત હાથાને પકડી લીધો

(કહેવાશે); અને સઘળા મામલાઓનું પરિણામ અલ્લાહ તરફ જ છે.

وَمَنْ كَفَرَ فَلَا يَحْزُنْكَ كُفْرُهٗ ۭ اِلَيْنَا مَرْجِعُهُمْ فَنُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا ۭ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿٢٣﴾

(૨૩) અને (અય રસૂલ !) જે શખ્સ ઇમાન નથી લાવ્યો તો તેનું ઇમાન ન લાવવું તને દુઃખી કરવા ન પામે; તેઓ સર્વેનું પાછું ફરવું અમારી જ તરફ છે, પછી તેઓ જે કાંઇ કર્યા કરતા હતા તેનાથી અમે તેમને વાકેફ કરી દઇશું; બેશક અલ્લાહ (દરેકનાં) મનની સ્થિતિથી સારી રીતે વાકેફ છે.

نُمَتِّعُهُمْ قَلِيْلًا ثُمَّ نَضْطَرُّهُمْ اِلٰى عَذَابٍ غَلِيْظٍ ﴿٢٤﴾

(૨૪) તેમને અમે થોડાક દિવસ લાભ પહોંચાડીશું, પછી તેમને લાચાર બનાવી સખ્ત અઝાબ તરફ ખેંચી લાવીશું.

وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ لَيَقُوْلُنَّ اللّٰهُ ؕ
قُلِ الْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۲۵﴾

(૨૫) અને જો તું તેમને પુછે કે આસમાનો તથા જમીનને કોણે પેદા કર્યા છે તો તેઓ ખરેખરજ આ કહેશે કે અલ્લાહે; તું કહે કે દરેક પ્રકારના ગુણગાન અલ્લાહ માટેજ (શોભાસ્પદ) છે; પરંતુ તેઓ માંહેના ઘણાંખરા જાણતા નથી.

لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ اِنَّ اللّٰهَ هُوَ الْغَنِىُّ الْحَمِيْدُ ﴿۲۶﴾

(૨૬) આસમાનો તથા જમીનમાં જે કાંઇ છે તે સઘળું અલ્લાહનું જ છે; બેશક અલ્લાહ એજ બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

وَلَوْ اَنَّ مَا فِي الْاَرْضِ مِنْ شَجَرَةٍ اَقْلَامٌ وَّالْبَحْرُ يَمُدُّهٗ مِنْۢ بَعْدِهٖ سَبْعَةُ اَبْحُرٍ مَّا نَفِدَتْ كَلِمٰتُ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٧﴾

(૨૭) અને જો જમીન (આખી)માં જેટલા વૃક્ષો છે તે કલમ થઇ જાય, અને (સર્વે) સમુદ્રો શાહી બની જાય, અને તે બાદ બીજા સાત સમુદ્રો (શાહી બની) તેમને મદદ કરે તો પણ અલ્લાહના બોલો પૂરાં

થાય એમ નથી; બેશક અલ્લાહ સમર્થ (અને) હિકમતવાળો છે.

مَا خَلْقُكُمْ وَلَا بَعْثُكُمْ اِلَّا كَنَفْسٍ وَّاحِدَةٍ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌۢ بَصِيْرٌ ﴿۲۸﴾

(૨૮) તમારૂં પેદા કરવું અને તમારૂં પાછું ઉઠાડી ઉભા કરવું કાંઇજ નથી, પણ માત્ર એક જીવને પેદા કરવા અને ઉઠાડી ઉભા કરવા સમાન છે; બેશક અલ્લાહ મહાન સાંભળનાર (અને) જોનાર છે.

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يُوْلِجُ الَّيْلَ فِي النَّهَارِ وَيُوْلِجُ النَّهَارَ فِي الَّيْلِ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ۡ كُلٌّ يَّجْرِيْٓ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى وَّاَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿۲۹﴾

(૨૯) શું તેં આ નથી જોયું કે અલ્લાહ રાતને દિવસમાં દાખલ કરી દે છે, અને દિવસને રાતમાં દાખલ કરી દે છે, અને સૂર્ય તથા ચંદ્રને તેણે તાબે કરી દીધા છે કે જે દરેક એક નિશ્ચિત સમય માટે ચાલ્યા કરશે; અને તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સંપૂર્ણ વાકેફ છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ هُوَ الۡحَقُّ وَاَنَّ مَا يَدۡعُوۡنَ مِنۡ دُوۡنِهِ الۡبَاطِلُ ۙ

وَاَنَّ اللّٰهَ هُوَ الۡعَلِىُّ الۡكَبِيۡرُ ‏﴿۳۰﴾

(30) આ સઘળી તેની દલીલો છે કે બેશક અલ્લાહ સત્ય છે, અને તેના સિવાય જેને જેને પણ તેઓ પોકારે છે તે સર્વે અસત્ય છે, અને અલ્લાહ એજ તો સર્વોપરી (અને) મહાન છે.

اَلَمۡ تَرَ اَنَّ الۡفُلۡكَ تَجۡرِیۡ فِی الۡبَحۡرِ بِنِعۡمَتِ اللّٰهِ لِیُرِیَكُمۡ مِّنۡ
اٰیٰتِهٖ ؕ اِنَّ فِیۡ ذٰلِكَ لَاٰیٰتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوۡرٍ ﴿۳۱﴾

(૩૧) શું તેં આ નથી જોયું કે સમુદ્રમાં વહાણો અલ્લાહની (મહાન) નેઅમત (વાયુ) વડે ચાલે છે, એ માટે કે તે તમને પોતાની નિશાનીઓમાંથી કેટલીક દેખાડી દે ? બેશક દરેક ધીરજ ધરનારા અને ઉપકાર માનનારા માટે તેમાં ઘણીયે નિશાનીઓ મોજૂદ છે.

وَاِذَا غَشِیَهُمۡ مَّوۡجٌ كَالظُّلَلِ دَعَوُا اللّٰهَ مُخۡلِصِیۡنَ لَهُ الدِّیۡنَ ۚ۬
فَلَمَّا نَجّٰىهُمۡ اِلَی الۡبَرِّ فَمِنۡهُمۡ مُّقۡتَصِدٌ ؕ وَمَا یَجۡحَدُ بِاٰیٰتِنَاۤ اِلَّا
كُلُّ خَتَّارٍ كَفُوۡرٍ ﴿۳۲﴾

(૩૨) પછી જે વખતે તેમને કોઇ મોજું છાયાની જેમ ઢાંકી દે છે ત્યારે તેઓ નિર્મળ મનથી તેની ઈબાદત કરી અલ્લાહને જ પોકારવા લાગી જાય છે, પછી જ્યારે તે તેમને ઉગારી લઇ ખુશ્કી પર પહોંચાડી દે છે તો તેઓ માંના કેટલાકો મધ્યસ્થ માર્ગ પર રહે છે (અને કેટલાકો નાસ્તિક થઇ જાય છે); અને વિશ્વાસઘાતી તથા અનુપકારીઓ સિવાય અમારી આયતોનો ઇન્કાર કોઇ કરતું નથી.

يَٰٓأَيُّهَا ٱلنَّاسُ ٱتَّقُوا۟ رَبَّكُمْ وَٱخْشَوْا۟ يَوْمًا لَّا يَجْزِى وَالِدٌ عَن
وَّلَدِهِۦ وَلَا مَوْلُودٌ هُوَ جَازٍ عَن وَّالِدِهِۦ شَيْـًٔا ۚ إِنَّ وَعْدَ ٱللَّهِ حَقٌّ
فَلَا تَغُرَّنَّكُمُ ٱلْحَيَوٰةُ ٱلدُّنْيَا وَلَا يَغُرَّنَّكُم بِٱللَّهِ ٱلْغَرُورُ ٣٣

(33) અય લોકો ! તમે તમારા પરવરદિગારથી ડરો, અને તે દિવસ (ની સખતાઇ)થી ભય પામો કે જે દિવસે બાપ પોતાના પુત્ર તરફથી કાંઇ બદલો આપી શકશે નહિ, અને ન કોઇ પુત્ર પોતાના બાપ તરફથી કોઇ વસ્તુ બદલામાં આપી શકશે; બેશક અલ્લાહનો વાયદો સાચો છે, માટે તમને સંસારી જીવન ધોકામાં ન નાખે, અને ન અલ્લાહના સંબંધમાં કોઇ ધોકો આપનાર (શેતાન) તમને ધોકો આપવા પામે.

إِنَّ اللَّهَ عِندَهُۥ عِلْمُ السَّاعَةِ وَيُنَزِّلُ الْغَيْثَ وَيَعْلَمُ مَا فِي
الْأَرْحَامِ ۖ وَمَا تَدْرِي نَفْسٌ مَّاذَا تَكْسِبُ غَدًا ۖ وَمَا تَدْرِي
نَفْسٌ بِأَيِّ أَرْضٍ تَمُوتُ ۚ إِنَّ اللَّهَ عَلِيمٌ خَبِيرٌ ﴿٣٤﴾

(૩૪) બેશક કયામત (ના દિવસ)ની જાણ અલ્લાહ પાસેજ છે, અને એજ વૃષ્ટિ વરસાવે છે, અને ગર્ભસ્થાનોમાં શું છે તે પણ તેજ જાણે છે: અને કોઇ શખ્સ આ નથી જાણતો કે તે કાલે શું કમાણી કરશે; અને ન કોઇ શખ્સ આ જાણે છે કે તે કઇ ભૂમિમાં મરશે; બેશક અલ્લાહ મોટો જાણનાર (અને) માહિતગાર છે.

الٓمّٓ ۟ۚ﴿۱﴾

(૧) અલિફ-લામ-મીમ.

تَنۡزِیۡلُ الۡکِتٰبِ لَا رَیۡبَ فِیۡہِ مِنۡ رَّبِّ الۡعٰلَمِیۡنَ ؕ﴿۲﴾

(૨) એમાં કાંઇજ સંદેહ નથી કે આ કિતાબ (કુરઆન)નું ઉતારવું સઘળી દુનિયાવાળાઓના પાલન કર્તા તરફથી છે.

اَمۡ یَقُوۡلُوۡنَ افۡتَرٰىہُ ۚ بَلۡ ہُوَ الۡحَقُّ مِنۡ رَّبِّکَ لِتُنۡذِرَ قَوۡمًا مَّاۤ اَتٰىہُمۡ مِّنۡ نَّذِیۡرٍ مِّنۡ قَبۡلِکَ لَعَلَّہُمۡ یَہۡتَدُوۡنَ ﴿۳﴾

(3) શું તેઓ એમ કહે છે કે તે તેણે પોતેજ ઉપજાવી કાઢ્યું છે ? (તેમ નથી) બલ્કે તે તારા

પરવરદિગાર તરફથી સત્યતા પૂર્વક ઉતરેલું છે કે જેથી તું તે લોકોને (અલ્લાહના અઝાબથી) બીવરાવે કે જેમની પાસે તારી અગાઉ કોઇ બીવરાવનાર આવ્યો નથી કે કદાચને તેઓ સન્માર્ગ મેળવે.

اَللّٰهُ الَّذِیۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَمَا بَیۡنَهُمَا فِیۡ سِتَّةِ اَیَّامٍ ثُمَّ اسۡتَوٰی عَلَی الۡعَرۡشِ ؕ مَا لَکُمۡ مِّنۡ دُوۡنِهٖ مِنۡ وَّلِیٍّ وَّلَا شَفِیۡعٍ ؕ اَفَلَا تَتَذَکَّرُوۡنَ ﴿۴﴾

(૪) અલ્લાહ એજ છે જેણે આસમાનો તથા જમીનને તથા જે કાંઇ તે બન્નેની વચ્ચે છે તેને છ દિવસમાં સર્જ્યા છે, પછી અર્શ પર બિરાજમાન

થયો (અર્થાત સર્વત્ર પોતાની સત્તા જમાવી); તેના સિવાય ન કોઇ તમારો વાલી છે અને ન કોઇ ભલામણ કરનાર; શું તે છતાં તમે નસીહત ગ્રહણ કરતા નથી?

يُدَبِّرُ الْاَمْرَ مِنَ السَّمَآءِ اِلَى الْاَرْضِ ثُمَّ يَعْرُجُ اِلَيْهِ فِيْ يَوْمٍ
كَانَ مِقْدَارُهٗٓ اَلْفَ سَنَةٍ مِّمَّا تَعُدُّوْنَ ۝٥

(૫) આસમાનથી જમીન સુધીની (સઘળી) બાબતોની વ્યવસ્થા એજ કરે છે, પછી તે દિવસે કે જેનું પ્રમાણ તમારી ગણત્રી મુજબ હજાર વર્ષનું છે તે (સઘળી બાબતો) તેનીજ હજૂરમાં જશે.

ذٰلِكَ عٰلِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ الْعَزِيْزُ الرَّحِيْمُ ۝٦

(૬) એજ છુપી તથા ખુલ્લી વાતોનો જાણનાર, ઝબરદસ્ત (અને) મોટો મહેરબાન છે:

الَّذِیۡۤ اَحۡسَنَ کُلَّ شَیۡءٍ خَلَقَهٗ وَبَدَاَ خَلۡقَ الۡاِنۡسَانِ مِنۡ طِیۡنٍ ۚ﴿۷﴾

(૭) જેણે પેદા કરેલી દરેક વસ્તુ ઉમદાજ પેદા કરી છે અને મનુષ્યની પેદાઈશનો આરંભ માટીથી કર્યો છે.

ثُمَّ جَعَلَ نَسۡلَهٗ مِنۡ سُلٰلَةٍ مِّنۡ مَّآءٍ مَّهِیۡنٍ ۚ﴿۸﴾

(૮) પછી તેના વંશને (મનુષ્ય શરીરના) એક ગંદા પાણીનાં સત્વથી પેદા કર્યો.

ثُمَّ سَوّٰىهُ وَنَفَخَ فِيۡهِ مِنۡ رُّوۡحِهٖ وَجَعَلَ لَكُمُ السَّمۡعَ

وَالۡاَبۡصَارَ وَالۡاَفۡـِٕدَةَ‌ ؕ قَلِيۡلًا مَّا تَشۡكُرُوۡنَ‏ ﴿۹﴾

(૯) પછી તેને પૂર્ણ કર્યો, અને પછી પોતાની રૂહમાંથી તેમાં ફૂંકી, અને તમારા (સાંભળવા) માટે કાન તથા (જોવા માટે) આંખો તથા (સમજવા માટે) દિલ બનાવ્યા; (છતાં પણ) તમે ઘણોજ થોડો આભાર માનો છો.

وَقَالُوۡۤا ءَاِذَا ضَلَلۡنَا فِى الۡاَرۡضِ ءَاِنَّا لَفِىۡ خَلۡقٍ جَدِيۡدٍ ؕ بَلۡ هُمۡ

بِلِقَآئِ رَبِّهِمۡ كٰفِرُوۡنَ‏ ﴿۱۰﴾

(૧૦) અને તેઓ કહે છે કે જ્યારે અમે ભૂમિમાં ગુમ થઇ જઇશું ત્યારે શું અમે નવીન સર્જતમાં પેદા

થઇશું? મૂળ વાત આ છે કે તેઓ તેમના પરવરદિગારની મુલાકાતનો જ ઇન્કાર કરનારા છે.

قُلْ يَتَوَفّٰىكُمْ مَّلَكُ الْمَوْتِ الَّذِىْ وُكِّلَ بِكُمْ ثُمَّ اِلٰى رَبِّكُمْ
تُرْجَعُوْنَ ۟﴿۱۱﴾

(૧૧) (અય રસૂલ !) તું કહે કે મલકુલ મૌત જે તમારા પર નીમવામાં આવ્યો છે તે (અવશ્ય) તમારો અંત લાવશે, પછી તમે તમારા પરવરદિગારની તરફ ફેરવવામાં આવશો.

وَلَوْ تَرٰۤى اِذِ الْمُجْرِمُوْنَ نَاكِسُوْا رُءُوْسِهِمْ عِنْدَ رَبِّهِمْ ؕ رَبَّنَاۤ
اَبْصَرْنَا وَسَمِعْنَا فَارْجِعْنَا نَعْمَلْ صَالِحًا اِنَّا مُوْقِنُوْنَ ﴿۱۲﴾

(૧૨) અને જો તું જોતે કે જ્યારે તે ગુનેહગારો પોતાના પરવરદિગારની હજૂરમાં શીશ નમાવી ઉભા હશે (અને આ અરજ કરતા હશે કે) અય અમારા પરવરદિગાર ! હવે અમારી આંખો તથા કાન ઉઘડી ગયા, હવે તું અમને (દુનિયામાં) પાછા મોકલી દે કે જેથી અમે સારા કાર્યો કરીએ, અને બેશક હવે તો અમે (કયામતને) સંપૂર્ણ માનનારા થઇ ગયા છીએ.

وَلَوْ شِئْنَا لَاٰتَيْنَا كُلَّ نَفْسٍ هُدٰىهَا وَلٰكِنْ حَقَّ الْقَوْلُ مِنِّيْ
لَاَمْلَئَنَّ جَهَنَّمَ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ اَجْمَعِيْنَ ﴿١٣﴾

(૧૩) અને જો અમે ચાહત તો દરેકે દરેક વ્યક્તિને (દુનિયામાં જ) હિદાયત આપી દે તે, પરંતુ મારા

તરફથી (સૃષ્ટિના આરંભથી જ) આ વાત નક્કી થઇ ચૂકી છે કે હું જહન્નમને જીન્નાતો તથા માણસોથી અવશ્ય ભરી નાખીશ.

فَذُوۡقُوۡا بِمَا نَسِيۡتُمۡ لِقَآءَ يَوۡمِكُمۡ هٰذَا ۚ اِنَّا نَسِيۡنٰكُمۡ وَذُوۡقُوۡا عَذَابَ الۡخُلۡدِ بِمَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۱۴﴾

(૧૪) (પછી તેમને કહેવામાં આવશે કે) તમે આજના દિવસની હાજરીને વીસરી ગયા હતા તેના બદલામાં મજા ચાખો; બેશક અમે પણ તમને વીસરી જઇએ છીએ; અને જે કર્મો તમે કર્યા હતા તેના બદલામાં હંમેશના અઝાબની મજા ચાખ્યા કરો.

إِنَّمَا يُؤْمِنُ بِاٰيٰتِنَا الَّذِيْنَ اِذَا ذُكِّرُوْا بِهَا خَرُّوْا سُجَّدًا وَّسَبَّحُوْا
بِحَمْدِ رَبِّهِمْ وَهُمْ لَا يَسْتَكْبِرُوْنَ ۩ ﴿١٥﴾

(૧૫) માત્ર તેઓજ અમારી આયતો પર ઇમાન રાખે છે કે જેમને પણ તે (કુરઆન) વડે બોધ આપવામાં આવે છે ત્યારે સિજદામાં પડી જાય છે, અને પોતાના પરવરદિગારના વખાણની તસ્બીહ પઢે છે, અને (મુદ્દલ) અભિમાન કરતા નથી.

تَتَجَافٰى جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ يَدْعُوْنَ رَبَّهُمْ خَوْفًا
وَّطَمَعًا ۫ وَّمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿١٦﴾

(૧૬) (રાત્રે) તેમના પડખાં પથારીઓથી વિખૂટાં (જાગૃત) રહે છે, તેઓ પોતાના પરવરદિગારને

ભય અને આશાની હાલતમાં પોકારતા રહે છે; અને અમોએ તેમને જે કાંઇ આપ્યું છે તેમાંથી (અમારી રાહમાં) ખર્ચતા રહે છે.

فَلَا تَعۡلَمُ نَفۡسٌ مَّآ اُخۡفِیَ لَهُمۡ مِّنۡ قُرَّةِ اَعۡیُنٍ ۚ جَزَآءًۢ بِمَا
كَانُوۡا یَعۡمَلُوۡنَ ﴿۱۷﴾

(૧૭) જેથી કોઇ વ્યક્તિ આ વાત નથી જાણતી કે તેમની આંખોની ટાઢક માટેની કઇ કઇ વસ્તુઓ તેમના માટે સંતાડી રાખવામાં આવી છે, (અને આ) તેમના નેક કાર્યોનો બદલો હશે જે તેઓ કર્યા કરતા હતા.

اَفَمَنۡ كَانَ مُؤۡمِنًا كَمَنۡ كَانَ فَاسِقًا ؕ لَا یَسۡتَوٗنَ ﴿۱۸﴾

(૧૮) શું તે શખ્સ કે જે મોઅમીન છે તે તેના જેવો (થઇ શકે) છે કે જે દૂરાચારી હોય ? બન્ને (હરગિજ) બરાબર નથી.

اَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَلَهُمْ جَنّٰتُ
الْمَاْوٰى ۡ نُزُلًاۢ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٩﴾

(૧૯) તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તો તેઓ જે કાર્યો કર્યા કરતા હતા તેના બદલામાં તેમને રહેવા માટે બગીચા હશે; આ મહેમાનનવાજી તેમણે કરેલા સત્કાર્યોના બદલામાં હશે.

وَاَمَّا الَّذِيۡنَ فَسَقُوۡا فَمَاۡوٰٮهُمُ النَّارُ ‌ؕ كُلَّمَاۤ اَرَادُوۡۤا اَنۡ
يَّخۡرُجُوۡا مِنۡهَاۤ اُعِيۡدُوۡا فِيۡهَا وَقِيۡلَ لَهُمۡ ذُوۡقُوۡا عَذَابَ النَّارِ
الَّذِىۡ كُنۡتُمۡ بِهٖ تُكَذِّبُوۡنَ‏ ﴿۲۰﴾

(૨૦) અને રહ્યા તે લોકો કે જે દુરાચારી હતા તો તેમનું ઠેકાણું આગ (જહન્નમ) છે; જ્યારે જ્યારે પણ તેઓ તે (આગ)માંથી નીકળવાનો ઇરાદો કરશે ત્યારે તેમાંજ પાછા ધકેલી દેવામાં આવશે, અને તેમને કહેવામાં આવશે કે હવે તમે આ આગની મજા ચાખો કે જે તમે જૂઠલાવ્યા કરતા હતા.

وَلَـنُذِيۡقَنَّهُمۡ مِّنَ الۡعَذَابِ الۡاَدۡنٰى دُوۡنَ الۡعَذَابِ الۡاَكۡبَرِ
لَعَلَّهُمۡ يَرۡجِعُوۡنَ‏ ﴿۲۱﴾

(૨૧) અને આ પણ જરૂરી છે કે એ મોટા અઝાબ ઉપરાંત અમે તેમને (દુનિયામાં) એક નાના અઝાબની પણ મજા ચખાડીએ કે કદાચને તેઓ (સન્માર્ગે) પાછા ફરે.

وَمَنْ اَظْلَمُ مِمَّنْ ذُكِّرَ بِاٰيٰتِ رَبِّهٖ ثُمَّ اَعْرَضَ عَنْهَا ؕ اِنَّا مِنَ الْمُجْرِمِيْنَ مُنْتَقِمُوْنَ ﴿٢٢﴾

(૨૨) અને તે કરતાં વધારે મોટો ઝાલિમ કોણ હશે કે જેને તેના પરવરદિગારની આયતો દ્વારા નસીહત કરવામાં આવી હોય, છતાં તેણે તેનાથી મોઢું ફેરવી લીધું હોય! બેશક અમે ગુનેહગારોથી બદલો લેનારા છીએ.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ فَلَا تَكُنْ فِيْ مِرْيَةٍ مِّنْ لِّقَآئِهٖ
وَجَعَلْنٰهُ هُدًى لِّبَنِيْٓ اِسْرَآءِيْلَ ۚ﴿۲۳﴾

(૨૩) અને ખરેખરજ અમોએ મૂસાને (તૌરેત) કિતાબ અર્પણ કરી હતી (અને એવીજ રીતે તને આ કુરઆન અર્પણ કર્યું છે), માટે (અય રસૂલ!) તું આ (કુરઆન)ના મળવામાં શંકા ન કર, અને અમોએ તે (તૌરેત) કિતાબને બની ઇસરાઇલ માટે હિદાયત (સન્માર્ગ દર્શક) ઠરાવી હતી.

وَجَعَلْنَا مِنْهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا لَمَّا صَبَرُوْا ۣؕ وَكَانُوْا
بِاٰيٰتِنَا يُوْقِنُوْنَ ﴿۲۴﴾

(૨૪) અને જ્યારે તેમણે ધીરજ ધરી તથા અમારી આયતો પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો ત્યારે અમોએ તેઓમાંથી એવા ઇમામ (આગેવાન) બનાવ્યા કે જે અમારી આજ્ઞા પ્રમાણે હિદાયત કરતા હતા.

اِنَّ رَبَّكَ هُوَ يَفۡصِلُ بَيۡنَهُمۡ يَوۡمَ الۡقِيٰمَةِ فِيۡمَا كَانُوۡا فِيۡهِ يَخۡتَلِفُوۡنَ﴿۲۵﴾

(૨૫) (અય રસૂલ !) બેશક તારો પરવરદિગાર કયામતના દિવસે જે જે બાબતોમાં તેઓ મતભેદ કર્યા કરે છે તેનો તેમની વચ્ચે નિર્ણય કરી દેશે.

اَوَلَمۡ يَهۡدِ لَهُمۡ كَمۡ اَهۡلَكۡنَا مِنۡ قَبۡلِهِمۡ مِّنَ الۡقُرُوۡنِ يَمۡشُوۡنَ فِىۡ مَسٰكِنِهِمۡ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ لَاٰيٰتٍ ؕ اَفَلَا يَسۡمَعُوۡنَ﴿۲۶﴾

(૨૬) શું આ તેમના માટે બોધદાયક નથી કે અમોએ તેમની પહેલાં કેટલીએ પેઢીઓનો નાશ કર્યો કે જેમના ઘરોમાં (આ લોકો) ચાલ્યા ફર્યા કરે છે ? બેશક તેમાં નિશાનીઓ મોજૂદ છે, છતાં હજી પણ તેઓ (ધ્યાન પૂર્વક) સાંભળતા નથી ?

اَوَلَمْ يَرَوْا اَنَّا نَسُوْقُ الْمَآءَ اِلَى الْاَرْضِ الْجُرُزِ فَنُخْرِجُ بِهٖ

زَرْعًا تَاْكُلُ مِنْهُ اَنْعَامُهُمْ وَاَنْفُسُهُمْ ؕ اَفَلَا يُبْصِرُوْنَ ﴿٢٧﴾

(૨૭) શું તેઓ આ નથી જોતા કે અમે પાણીને પડતર ભૂમિ તરફ હાંકી લઇ જઇએ છીએ, પછી તે વડે ખેતી ઉત્પન્ન કરી દઇએ છીએ, જેમાંથી તેમના પશુઓ ખાય છે અને તેઓ પોતે પણ ? શું હજી પણ તેઓ ધ્યાન દઇ જોતા નથી ?

وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْفَتْحُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٢٨﴾

(૨૮) અને તેઓ કહે છે કે જો તમે સાચા છો તો દેખાડો આ ફેંસલો થશે ક્યારે ?

قُلْ يَوْمَ الْفَتْحِ لَا يَنْفَعُ الَّذِيْنَ كَفَرُوْٓا اِيْمَانُهُمْ وَلَا هُمْ يُنْظَرُوْنَ ﴿٢٩﴾

(૨૯) તું કહે કે ફેંસલાના દિવસે તે લોકો કે જેઓ દુનિયામાં ઇમાન નથી લાવ્યા તેમનું ઇમાન લાવવું તેમને કાંઇ લાભ પહોંચાડશે નહિ, અને તેમને મોહલત પણ આપવામાં આવશે નહિ.

فَاَعْرِضْ عَنْهُمْ وَانْتَظِرْ اِنَّهُمْ مُّنْتَظِرُوْنَ ﴿٣٠﴾

(30) માટે (અય રસૂલ !) તું તેમના તરફથી મોઢું ફેરવી લે અને રાહ જો; બેશક તેઓ પણ રાહ જોઇ રહ્યા છે.

وَمَنْ يَّقْنُتْ مِنْكُنَّ لِلّٰهِ وَرَسُوْلِهٖ وَتَعْمَلْ صَالِحًا نُّؤْتِهَآ اَجْرَهَا
مَرَّتَيْنِ ۙ وَاَعْتَدْنَا لَهَا رِزْقًا كَرِيْمًا ﴿٣١﴾

(૩૧) અને તમારામાંથી જે (સ્ત્રી) અલ્લાહ તથા તેના રસૂલની તાબેદારી કરશે તથા સત્કાર્યો કરશે તો અમે તેણીને તેનો બદલો પણ બમણો આપીશું, અને અમોએ તેણીને માટે માનવંત રોઝી તૈયાર કરી રાખી છે.

يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ فَلَا
تَخْضَعْنَ بِالْقَوْلِ فَيَطْمَعَ الَّذِيْ فِيْ قَلْبِهٖ مَرَضٌ وَّقُلْنَ قَوْلًا
مَّعْرُوْفًا ﴿٣٢﴾

૩૨) અય નબીની પત્નીઓ! તમે બીજી (સામાન્ય)) સ્ત્રીઓ જેવી નથી; જો તમે અલ્લાહનો ભય રાખતી હો તો (કોઇ પરપુરૂષ સાથે) કોમળ સ્વરે વાત ન કરો કે જેથી તે શખ્સ કે જેના મનમાં (અનીતિનો) રોગ હોય કોઇ પ્રકારની લાલચ કરે, અને (કોઇને શંકાનું કારણ ન મળે તેવી) વ્યાજબી રીતે બોલો.

وَقَرۡنَ فِيۡ بُيُوۡتِكُنَّ وَلَا تَبَرَّجۡنَ تَبَرُّجَ الۡجَاهِلِيَّةِ الۡاُوۡلٰى وَاَقِمۡنَ

الصَّلٰوةَ وَاٰتِيۡنَ الزَّكٰوةَ وَاَطِعۡنَ اللّٰهَ وَرَسُوۡلَهٗ ‌ؕ اِنَّمَا يُرِيۡدُ اللّٰهُ

لِيُذۡهِبَ عَنۡكُمُ الرِّجۡسَ اَهۡلَ الۡبَيۡتِ وَيُطَهِّرَكُمۡ تَطۡهِيۡرًا ۚ‏ ﴿۳۳﴾

(33) અને તમારા ઘરોમાં (સ્વમાન સાથે) બેસી રહો, અને પ્રાચીન અજ્ઞાનતાના સમય જેવો શણગાર કરી બહાર નીકળો નહિ, અને નિયમીત નમાઝ પઢો તથા ઝકાત આપો, અને અલ્લાહ તથા તેના રસૂલની તાબેદારી કરતા રહો; અય અહલેબયત (રસૂલના ઘરવાળાઓ)! સિવાય તેના કાંઇજ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની અપવિત્રતા દૂર રાખે અને તમને સંપૂર્ણ રીતે પાક પવિત્ર રાખે.

وَاذْكُرْنَ مَا يُتْلٰى فِيْ بُيُوْتِكُنَّ مِنْ اٰيٰتِ اللّٰهِ وَالْحِكْمَةِ ؕ اِنَّ اللّٰهَ كَانَ لَطِيْفًا خَبِيْرًا ۳۴

(૩૪) અને તમારા ઘરોમાં અલ્લાહની આયતો તથા હિકમતની જે વાતો પઢવામાં આવે છે તે ધ્યાનમાં રાખો; બેશક અલ્લાહ અત્યંત સૂક્ષ્મદર્શી અને ખબરદાર છે.

اِنَّ الْمُسْلِمِيْنَ وَالْمُسْلِمٰتِ وَالْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ
وَالْقٰنِتِيْنَ وَالْقٰنِتٰتِ وَالصّٰدِقِيْنَ وَالصّٰدِقٰتِ وَالصّٰبِرِيْنَ
وَالصّٰبِرٰتِ وَالْخٰشِعِيْنَ وَالْخٰشِعٰتِ وَالْمُتَصَدِّقِيْنَ
وَالْمُتَصَدِّقٰتِ وَالصَّآئِمِيْنَ وَالصّٰٓئِمٰتِ وَالْحٰفِظِيْنَ فُرُوْجَهُمْ
وَالْحٰفِظٰتِ وَالذّٰكِرِيْنَ اللّٰهَ كَثِيْرًا وَّالذّٰكِرٰتِ ۙ اَعَدَّ اللّٰهُ لَهُمْ
مَّغْفِرَةً وَّاَجْرًا عَظِيْمًا ﴿٣٥﴾

(૩૫) બેશક મુસ્લિમ પુરૂષો તથા મુસ્લિમ સ્ત્રીઓ, અને ઇમાનવાળા પુરૂષો તથા ઇમાનવાળી સ્ત્રીઓ, અને આજ્ઞાપાલક પુરૂષો તથા આજ્ઞાપાલક સ્ત્રીઓ, અને (કર્મ તથા વચને) સાચા પુરૂષો તથા સાચી સ્ત્રીઓ, અને ધૈર્યવાન પુરૂષો તથા ધૈર્યવાન સ્ત્રીઓ, અને (અલ્લાહને) નમ્રતાપૂર્વક યાદ કરનારા પુરૂષો તથા નમ્રતાપૂર્વક યાદ કરનારી સ્ત્રીઓ, અને દાન ધર્મ કરનારા પુરૂષો તથા દાન ધર્મ કરનારી સ્ત્રીઓ, અને રોઝા રાખનારા પુરૂષો તથા રોઝા રાખનારી સ્ત્રીઓ, અને પોતાના (ગુપ્ત અવયવો)ને સુરક્ષિત રાખનારા પુરૂષો તથા સુરક્ષિત રાખનારી સ્ત્રીઓ, અને ઘણાંજ મોટા પ્રમાણમાં (અલ્લાહની) યાદ

કરનારા પુરૂષો તથા યાદ કરનારી સ્ત્રીઓ-આ સઘળાઓ માટે અલ્લાહે ગુનાહોની બક્ષિશ અને ઘણોજ મોટો બદલો તૈયાર કર્યો છે.

وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ إِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗٓ اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ ۭ وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِيْنًا ۝٣٦ۭ

(૩૬) અને કોઇ મોઅમીન પુરૂષ માટે કે કોઇ મોઅમીન સ્ત્રી માટે આ વાત યોગ્ય નથી કે જ્યારે અલ્લાહ તથા તેનો રસૂલ એક વાત નક્કી કરે તો પછી તેઓ તે બાબતમાં પોતાની મરજી મુજબ વર્તે; અને જે કોઇ અલ્લાહ તથા તેના રસૂલની

નાફરમાની કરશે તો તે બેશક ખુલ્લી ગુમરાહીમાં પડશે.

وَاِذۡ تَقُوۡلُ لِلَّذِیۡۤ اَنۡعَمَ اللّٰهُ عَلَیۡهِ وَاَنۡعَمۡتَ عَلَیۡهِ اَمۡسِكۡ
عَلَیۡكَ زَوۡجَكَ وَاتَّقِ اللّٰهَ وَتُخۡفِیۡ فِیۡ نَفۡسِكَ مَا اللّٰهُ مُبۡدِیۡهِ
وَتَخۡشَی النَّاسَ ۚ وَاللّٰهُ اَحَقُّ اَنۡ تَخۡشٰىهُ ؕ فَلَمَّا قَضٰی زَیۡدٌ
مِّنۡهَا وَطَرًا زَوَّجۡنٰكَهَا لِكَیۡ لَا یَكُوۡنَ عَلَی الۡمُؤۡمِنِیۡنَ حَرَجٌ فِیۡۤ
اَزۡوَاجِ اَدۡعِیَآئِهِمۡ اِذَا قَضَوۡا مِنۡهُنَّ وَطَرًا ؕ وَكَانَ اَمۡرُ اللّٰهِ
مَفۡعُوۡلًا ﴿۳۷﴾

(૩૭) અને અય રસૂલ ! જે વખતે તું તે (ઝયદ)ને કે જેના ઉપર અલ્લાહે ઉપકાર કર્યો હતો અને તેં

પણ ઉપકાર કર્યો હતો આ કહી રહ્યો હતો કે તું તારી પત્ની (ઝયનબ)ને તારી પાસે રહેવા દે, અને અલ્લાહથી ડર; અને તું તારા મનમાં તે વાત સંતાડી રહેલો હતો કે જે અલ્લાહ જાહેર કરનાર હતો અને તું લોકોથી ડરતો હતો, જો કે અલ્લાહ આ વાતનો વધુ હકદાર છે કે તું તેનાથી જ ડરે; પછી જ્યારે ઝયદે તે (ઝયબન)થી પોતાની હાજત પૂરી કરી (અર્થાત તલાક આપી દીધી) ત્યારે અમોએ તે સ્ત્રીનો એ હેતુસર તારી સાથે નિકાહ કરી દીધો કે મોઅમીનો માટે તેમની પાલક ઓલાદની પત્નીઓના સંબંધમાં જ્યારે કે તેઓ પોતાની હાજત તેણીથી પૂરી કરે. તે બાદ નિકાહ

કરવા માટે કાંઇ અટકાયત ન રહે, અને અલ્લાહનો હુકમ પૂરો થઇનેજ રહે છે.

مَا كَانَ عَلَى النَّبِيِّ مِنْ حَرَجٍ فِيمَا فَرَضَ اللّٰهُ لَهٗ ؕ سُنَّةَ اللّٰهِ فِي
الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلُ ؕ وَكَانَ اَمْرُ اللّٰهِ قَدَرًا مَّقْدُوْرًا ۟ۙ ﴿٣٨﴾

(૩૮) નબીના માટે અલ્લાહે જે વાત વાજિબ કરી દીધી હોય (તે કરવામાં) તેને કાંઇ અટકાયત નથી; આ અલ્લાહનો તે કાયદો છે કે જે અગાઉ થઇ ગએલા (રસૂલો)માં પણ ચાલુ હતો; અને અલ્લાહના હુકમો પ્રથમથી જ પ્રમાણસર નિર્માણ થએલા હોય છે:

ٱلَّذِيۡنَ يُبَلِّغُوۡنَ رِسٰلٰتِ اللّٰهِ وَيَخۡشَوۡنَهٗ وَلَا يَخۡشَوۡنَ اَحَدًا اِلَّا

اللّٰهَ ؕ وَ كَفٰى بِاللّٰهِ حَسِيۡبًا ﴿۳۹﴾

(૩૯) જેઓ અલ્લાહના સંદેશા (લોકોને) પહોંચાડી દે છે અને તેનાથી જ ડરે છે અને તેઓ અલ્લાહના સિવાય કોઇથી ડરતા નથી; અને હિસાબ લેવા માટે અલ્લાહ બસ છે.

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنۡ رِّجَالِكُمۡ وَلٰكِنۡ رَّسُوۡلَ اللّٰهِ

وَخَاتَمَ النَّبِيّٖنَ ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمًا ﴿۴۰﴾

(૪૦) તમો પુરૂષોમાંથી મોહમ્મદ (સ.) કોઇનો બાપ નથી પણ અલ્લાહનો રસૂલ છે અને પયગમ્બરો

(ના ક્રમ)માં છેલ્લો છે; અને અલ્લાહ દરેક વસ્તુનો સંપૂર્ણ જાણનાર છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوا اللّٰهَ ذِكْرًا كَثِيْرًا ۟ۙ﴿۴۱﴾

(૪૧) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહની યાદ ઘણા મોટા પ્રમાણમાં કરતા રહો.

وَّسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِيْلًا ﴿۴۲﴾

(૪૨) અને સવાર સાંજ તેની પવિત્રતા વર્ણવ્યા કરો.

هُوَ الَّذِيْ يُصَلِّيْ عَلَيْكُمْ وَمَلٰٓئِكَتُهٗ لِيُخْرِجَكُمْ مِّنَ الظُّلُمٰتِ
اِلَى النُّوْرِ ؕ وَكَانَ بِالْمُؤْمِنِيْنَ رَحِيْمًا ﴿۴۳﴾

(૪૩) તે એજ છે જે પોતે અને તેના ફરિશ્તા તમારા ઉપર સલવાત (આશીર્વાદ) મોકલે છે કે જેથી તે તમને (નાફરમાનીના) અંધકારમાંથી કાઢી (ઇમાનના) પ્રકાશ તરફ લઇ આવે; અને અલ્લાહ મોઅમીનો પર રહેમ કરનારો છે.

تَحِيَّتُهُمْ يَوْمَ يَلْقَوْنَهُ سَلٰمٌ ۚ وَاَعَدَّ لَهُمْ اَجْرًا كَرِيْمًا ﴿٤٤﴾

(૪૪) જે દિવસે આ લોકો તે (અલ્લાહ)ને મળશે તે દિવસે અલ્લાહ તરફથી તેમનો સત્કાર સલામની સાથે કરવામાં આવશે, અને અલ્લાહે તેમના માટે માનવંત બદલો તૈયાર રાખ્યો છે.

يٰٓاَيُّهَا النَّبِيُّ اِنَّآ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا ﴿٤٥﴾

(૪૫) અય નબી ! બેશક અમોએ તમને સાક્ષી આપનારા તથા ખુશખબર આપનારા તથા ડરાવનારા તરીકે મોકલ્યા છેઃ

وَّدَاعِيًا اِلَى اللّٰهِ بِاِذۡنِهٖ وَسِرَاجًا مُّنِيۡرًا ۝٤٦

(૪૬) અને અલ્લાહની આજ્ઞાથી (લોકોને) તેની તરફ બોલાવનાર તથા (ઇમાન અને હિદાયતનો) પ્રકાશ આપનાર ચિરાગ બનાવી મોકલ્યા છે.

وَبَشِّرِ الۡمُؤۡمِنِيۡنَ بِاَنَّ لَهُمۡ مِّنَ اللّٰهِ فَضۡلًا كَبِيۡرًا ۝٤٧

(૪૭) અને મોઅમીનોને આ શુભ સમાચાર પહોંચાડી દે કે અલ્લાહના તરફથી તેમના પર ઘણી મોટી કૃપા હશે.

وَلَا تُطِعِ الْكٰفِرِيْنَ وَالْمُنٰفِقِيْنَ وَدَعْ اَذٰىهُمْ وَتَوَكَّلْ عَلَى
اللّٰهِ ؕ وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا ﴿۴۸﴾

(૪૮) અને નાસ્તિકો તથા દાંભિકોનું કહ્યું ન માન, અને તેમના ત્રાસની (મુદ્દલ) પરવાહ ન કર, અને અલ્લાહ પર શ્રદ્ધા રાખ; અને કાર્યસાધકતા માટે અલ્લાહ જ પૂરતો છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا نَكَحْتُمُ الْمُؤْمِنٰتِ ثُمَّ طَلَّقْتُمُوْهُنَّ
مِنْ قَبْلِ اَنْ تَمَسُّوْهُنَّ فَمَا لَكُمْ عَلَيْهِنَّ مِنْ عِدَّةٍ تَعْتَدُّوْنَهَا ۚ
فَمَتِّعُوْهُنَّ وَسَرِّحُوْهُنَّ سَرَاحًا جَمِيْلًا ﴿۴۹﴾

(૪૯) અય ઇમાન લાવનારાઓ ! જે વખતે તમો ઇમાનદાર સ્ત્રીઓ સાથે નિકાહ કરો, પછી તેમને

તેમની સાથે સંભોગ કર્યા પહેલાંજ તલાક આપી દો તો તેમના માથે તમારી ખાતર કાંઇ ઇદ્દત નથી કે જેની તમારે ગણત્રી કરવી પડે, માટે તમે (તરતજ) તેમને કાંઇ (આર્થિક મદદ) આપીને સારા વર્તણુક સાથે વિદાય કરો.

يَاَيُّهَا النَّبِيُّ اِنَّآ اَحۡلَلۡنَا لَكَ اَزۡوَاجَكَ الّٰتِىۡۤ اٰتَيۡتَ اُجُوۡرَهُنَّ
وَمَا مَلَكَتۡ يَمِيۡنُكَ مِمَّاۤ اَفَآءَ اللّٰهُ عَلَيۡكَ وَبَنٰتِ عَمِّكَ وَبَنٰتِ
عَمّٰتِكَ وَبَنٰتِ خَالِكَ وَبَنٰتِ خٰلٰتِكَ الّٰتِىۡ هَاجَرۡنَ
مَعَكَ وَامۡرَاَةً مُّؤۡمِنَةً اِنۡ وَّهَبَتۡ نَفۡسَهَا لِلنَّبِىِّ اِنۡ اَرَادَ
النَّبِىُّ اَنۡ يَّسۡتَنۡكِحَهَا ۚ خَالِصَةً لَّكَ مِنۡ دُوۡنِ الۡمُؤۡمِنِيۡنَ ط

قَدْ عَلِمْنَا مَا فَرَضْنَا عَلَيْهِمْ فِيْٓ اَزْوَاجِهِمْ وَمَا مَلَكَتْ
اَيْمَانُهُمْ لِكَيْلَا يَكُوْنَ عَلَيْكَ حَرَجٌ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا
رَّحِيْمًا۝۵۰

(૫૦) અય નબી ! બેશક અમે તારા માટે તે પત્નીઓ હલાલ કરી દીધી છે કે જેમની મહેર તું આપી ચૂકયો છે, અને અલ્લાહે તને ગનીમતના માલ તરીકે આપેલી કનીઝો પણ કે તેમાંથી જેમનો તું માલિક થઇ ગયો છે, અને તારા કાકાની દીકરીઓ તથા તારી ફોઇની દીકરીઓ અને તારા મામાની દીકરીઓ તથા તારી માસીની દીકરીઓ કે જેઓ તારી સાથે હિજરત કરીને આવી છે, અને

દરેક મોઅમીન સ્ત્રી કે જે પોતાને નબીના હવાલે કરી દેવા ચાહે, એવી શરતે કે નબીએ પણ તેણીની સાથે નિકાહ કરવાનો ઇરાદો કર્યો હોય, આ હુકમ કેવળ તારે માટેજ છે. બીજા મોઅમીનો માટે નથી; ઉમ્મતીઓ માટે તેમની સ્ત્રીઓ તથા કનીઝોના સંબંધમાં જે આજ્ઞા કરી છે તે અમે સારી રીતે જાણીએ છીએ કે જેથી તારા માટે કાંઇ વાંધો આવે નહિ, અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છે.

تُرۡجِیۡ مَنۡ تَشَآءُ مِنۡهُنَّ وَتُــٔۡوِیۡۤ اِلَیۡكَ مَنۡ تَشَآءُ ؕ وَمَنِ
ابۡتَغَیۡتَ مِمَّنۡ عَزَلۡتَ فَلَا جُنَاحَ عَلَیۡكَ ؕ ذٰلِكَ اَدۡنٰۤی اَنۡ تَقَرَّ

اَعۡيُنُهُنَّ وَلَا يَحۡزَنَّ وَيَرۡضَيۡنَ بِمَاۤ اٰتَيۡتَهُنَّ كُلُّهُنَّ ؕ وَاللّٰهُ يَعۡلَمُ

مَا فِىۡ قُلُوۡبِكُمۡ ؕ وَكَانَ اللّٰهُ عَلِيۡمًا حَلِيۡمًا ﴿۵۱﴾

(૫૧) તેઓમાંથી જેને તું ચાહે તારી પાસેથી દૂર કરી દે અને ચાહે તેને તારી પાસે રાખ; અને જેને તું અલગ કરી ચૂક્યો હોય તેમાંથી જેને ચાહે પાછી બોલાવી લે તો તારા માથે કાંઇ દોષ નથી; આ (વિશેષતા કે જે તને આપવામાં આવી છે તેના લીધે) તદ્દન સંભવીત છે કે તેનાથી તારી પત્નીઓની આંખો ટાઢી રહે અને ખેદ ન કરે, અને તેં તેમને જે કાંઇ આપ્યું હોય તેનાથી તેઓ સધળીજ ખુશ રહે; અને તમારા અંતઃકરણોમાં જે

કાંઇ છે તે અલ્લાહ જાણે છે; અને અલ્લાહ મહાન જાણનાર (અને) સહનશીલ છે.

لَا يَحِلُّ لَكَ النِّسَآءُ مِنْۢ بَعْدُ وَلَآ اَنْ تَبَدَّلَ بِهِنَّ مِنْ اَزْوَاجٍ
وَّلَوْ اَعْجَبَكَ حُسْنُهُنَّ اِلَّا مَا مَلَكَتْ يَمِيْنُكَ ؕ وَكَانَ اللّٰهُ عَلٰى
كُلِّ شَىْءٍ رَّقِيْبًا ﴿٥٢﴾

(૫૨) આ પછી તારા માટે ન બીજી સ્ત્રીઓ હલાલ છે અને ન આ વાત કે તું હાજર પત્નીઓના બદલે બીજી પત્નીઓ કરી લે, પછી ભલેને તને તેમનું સૌંદર્ય ગમે તેટલું સારૂં કેમ ન લાગે, સિવાય કે જે કનીઝોનો તું માલિક થઇ જાય; અને અલ્લાહ દરેક વસ્તુ પર નજર રાખનારો છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتَ النَّبِيِّ اِلَّآ اَنْ يُّؤْذَنَ لَكُمْ
اِلٰى طَعَامٍ غَيْرَ نٰظِرِيْنَ اِنٰىهُ ۙ وَلٰكِنْ اِذَا دُعِيْتُمْ فَادْخُلُوْا
فَاِذَا طَعِمْتُمْ فَانْتَشِرُوْا وَلَا مُسْتَاْنِسِيْنَ لِحَدِيْثٍ ؕ اِنَّ
ذٰلِكُمْ كَانَ يُؤْذِى النَّبِيَّ فَيَسْتَحْيٖ مِنْكُمْ ۫ وَاللّٰهُ لَا يَسْتَحْيٖ
مِنَ الْحَقِّ ؕ وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْئَلُوْهُنَّ مِنْ وَّرَآءِ
حِجَابٍ ؕ ذٰلِكُمْ اَطْهَرُ لِقُلُوْبِكُمْ وَقُلُوْبِهِنَّ ؕ وَمَا كَانَ لَكُمْ اَنْ
تُؤْذُوْا رَسُوْلَ اللّٰهِ وَلَآ اَنْ تَنْكِحُوْٓا اَزْوَاجَهٗ مِنْۢ بَعْدِهٖٓ اَبَدًا ؕ
اِنَّ ذٰلِكُمْ كَانَ عِنْدَ اللّٰهِ عَظِيْمًا ﴿۵۳﴾

(૫૩) અય ઇમાન લાવનારાઓ ! તમે નબીના ઘરોમાં દાખલ થાઓ નહિ સિવાય કે તમને ખાવા

માટે (અંદર) બોલાવવામાં આવે, પણ (જાણી જોઇ) ખાણું તૈયાર થવાની રાહ ન જુઓ, પરંતુ જ્યારે તમને બોલાવવામાં આવે ત્યારે જ દાખલ થાઓ, અને પછી જેવું ખાણું ખાઇ રહો કે તરતજ છુટા પડી જાઓ, અને વાતોમાં વળગી બેસી રહો નહિ; બેશક તમારી આ વાત નબીને તકલીફ આપે છે અને તે તમને કહેતાં શરમાય છે, પણ અલ્લાહ હક વાત કહેતા શરમાતો નથી; અને જ્યારે તમે નબીની પત્નીઓ પાસે કોઇ વસ્તુ માંગો તો તેમની પાસે પડદાની પાછળથી માંગો; આ વાત તમારા દિલોને વધુ પાક કરનારી છે અને તેમના દિલોને પણ; અને તમે અલ્લાહના રસૂલને કાંઇ તકલીફ

આપો એ તમારા માટે જાએઝ નથી, અને ન આ (ઘટે છે) કે તમે તેની પાછળ તેની પત્નીઓ સાથે કદી પણ નિકાહ કરો; બેશક આ વાત અલ્લાહની પાસે મહા ગંભીર છે.

إِنْ تُبْدُوا شَيْئًا أَوْ تُخْفُوهُ فَإِنَّ اللَّهَ كَانَ بِكُلِّ شَيْءٍ عَلِيمًا ﴿٥٤﴾

(૫૪) જો તમે કોઇ વાત જાહેર કરો યા તેને સંતાડો, તો બેશક અલ્લાહ દરેક વસ્તુનો સંપૂર્ણ જાણનારો છે.

لَا جُنَاحَ عَلَيْهِنَّ فِي آبَائِهِنَّ وَلَا أَبْنَائِهِنَّ وَلَا إِخْوَانِهِنَّ وَلَا
أَبْنَاءِ إِخْوَانِهِنَّ وَلَا أَبْنَاءِ أَخَوَاتِهِنَّ وَلَا نِسَائِهِنَّ وَلَا مَا

مَلَكَتْ اَيْمَانُهُنَّ ۚ وَاتَّقِيْنَ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلٰى كُلِّ شَىْءٍ

شَهِيْدًا ﴿۵۵﴾

(૫૫) તેણીઓ પર ન તેમના બાપો સામે જવામાં કાંઇ વાંધો છે અને ન તેમના પુત્રો સામે, અને ન પોતાના ભાઇઓના, અને ન પોતાના ભત્રીજાઓના, અને ન પોતાના ભાણેજોના, અને ન પોતાના જેવી સ્ત્રીઓના, અને ન પોતાની કનીઝોની (સામે જવામાં વાંધો છે); અને (અય સ્ત્રીઓ !) અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ દરેક વસ્તુનો જોનારો છે.

اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِىِّ ؕ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا

صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا ﴿۵۶﴾

(૫૬) બેશક અલ્લાહ તથા તેના ફરિશ્તા નબી પર દુરૂદ (આશીર્વાદ) મોકલતા રહે છે; (માટે) અય ઇમાનવાળાઓ ! તમે પણ તેના પર દુરૂદ મોકલો, અને એવી રીતે સલામ મોકલો જેવો કે સલામ મોકલવાનો હક છે.

إِنَّ الَّذِينَ يُؤْذُونَ اللَّهَ وَرَسُولَهُ لَعَنَهُمُ اللَّهُ فِي الدُّنْيَا
وَالْآخِرَةِ وَأَعَدَّ لَهُمْ عَذَابًا مُّهِينًا ﴿٥٧﴾

(૫૭) બેશક જે લોકો અલ્લાહ તથા તેના રસૂલને ઇજા પહોંચાડે છે તેમના પર અલ્લાહે દુનિયા તથા આખેરતમાં ફિટકાર કર્યો છે, અને તેમના માટે ફજેત કરનારો અઝાબ તૈયાર કર્યો છે.

وَالَّذِيْنَ يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ بِغَيْرِ مَا اكْتَسَبُوْا
فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا ﴿٥٨﴾

(૫૮) અને જે લોકો ઇમાનદાર પુરૂષો તથા ઇમાનદાર સ્ત્રીઓને તેમના કાંઇ કસૂર વિના (તોહમત મૂકી) ઇજા પહોંચાડે છે, તેઓ ખરેખરજ દોષારોપણ (બોહતાન) અને ખુલ્લા ગુનાહોનો બોજો પોતાના શિરે ઉપાડે છે.

يٰۤاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ
عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ؕ ذٰلِكَ اَدْنٰۤى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ ؕ
وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿٥٩﴾

(૫૯) અય નબી ! તું તારી પત્નીઓ તથા તારી પુત્રીઓ, અને ઇમાનદારોની સ્ત્રીઓને કહી દે કે તેઓ પોતાની ચાદરોનો થોડો ભાગ (બહાર નીકળતી વખતે) પોતાના (ચહેરા) પર નાખી રાખે; આમ કરવાથી (આ વાત) વધુ સંભવીત છે કે તેણીઓ ઓળખાઇ આવે અને સતામણીમાંથી બચી જાય ઃ અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છે.

لَئِنْ لَّمْ يَنْتَهِ الْمُنٰفِقُوْنَ وَالَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ وَّالْمُرْجِفُوْنَ فِي الْمَدِيْنَةِ لَنُغْرِيَنَّكَ بِهِمْ ثُمَّ لَا يُجَاوِرُوْنَكَ فِيْهَآ اِلَّا قَلِيْلًا ۛۚ ﴿٦٠﴾

(૬૦) જો દાંભિકો તથા તે લોકો કે જેમના દિલોમાં (નાસ્તિકપણાંનો) રોગ છે, અને મદીનામાં જૂઠી ખબરો ફેલાવનારા (શરારતો કરતાં) નહિ અટકે તો અમે તેને તેની પાછળ જરૂર લગાડી દઇશું, પછી તેઓ આ શહેરમાં તારી પાડોશમાં રહેશે નહિ, પણ ઘણોજ થોડો વખત ઃ

مَّلْعُوْنِيْنَ ۚ اَيْنَمَا ثُقِفُوْٓا اُخِذُوْا وَقُتِّلُوْا تَقْتِيْلًا ﴿٦١﴾

(૬૧) તેઓ ફિટકાર પામેલા જ રહેશે, તેઓ જ્યાં પણ મળી આવશે ત્યારે પકડી પાડી ઘણીજ બૂરી રીતે મારી નાખવામાં આવશે.

سُنَّةَ اللّٰهِ فِي الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلُ ۚ وَلَنْ تَجِدَ لِسُنَّةِ اللّٰهِ
تَبْدِيْلًا ﴿٦٢﴾

(૬૨) અલ્લાહનો આ એજ નિયમ છે કે જે અગાઉ થઇ ગએલા લોકોમાં પણ ચાલુ હતો, અને તું અલ્લાહના નિયમમાં કાંઇ પણ ફેરફાર હરગિજ જોશે નહિ.

يَسْـَٔلُكَ النَّاسُ عَنِ السَّاعَةِ ۭ قُلْ اِنَّمَا عِلْمُهَا عِنْدَ اللّٰهِ ۭ وَمَا
يُدْرِيْكَ لَعَلَّ السَّاعَةَ تَكُوْنُ قَرِيْبًا ﴿٦٣﴾

(૬૩) લોકો તને કયામતની ઘડી વિષેની ખબર પૂછે છે; તું કહે કે તેનું જ્ઞાન અલ્લાહ પાસેજ છે;

અને તને શી ખબર કે કદાચને કયામત છેક પાસે આવી પહોંચી હોય.

إِنَّ اللّٰهَ لَعَنَ الْكٰفِرِيْنَ وَاَعَدَّ لَهُمْ سَعِيْرًا ﴿٦٤﴾

(૬૪) બેશક અલ્લાહે નાસ્તિકો પર લાનત કરી છે અને તેમના માટે ભડભડતી આગ તૈયાર કરી છે.

خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ۚ لَا يَجِدُوْنَ وَلِيًّا وَّلَا نَصِيْرًا ﴿٦٥﴾

(૬૫) જેમાં તેઓ હંમેશ હંમેશના રહેનારા થશે, (અને તેમાં) તેઓ ન કોઇ હિમાયતી મેળવશે અને ન કોઇ મદદગાર.

يَوْمَ تُقَلَّبُ وُجُوْهُهُمْ فِي النَّارِ يَقُوْلُوْنَ يٰلَيْتَنَآ اَطَعْنَا اللّٰهَ

وَاَطَعْنَا الرَّسُوْلَا ﴿٦٦﴾

(૬૬) જે દિવસે તેમનાં મોંઢાં પલટાવીને જહન્નમમાં ઝોંકી દેવામાં આવશે ત્યારે તેઓ કહેશે કે જો અમોએ અલ્લાહ તથા તેના રસૂલની આજ્ઞા માની હોત તો કેવું સારૂં થાત !

وَقَالُوْا رَبَّنَآ اِنَّآ اَطَعْنَا سَادَتَنَا وَكُبَرَآءَنَا فَاَضَلُّوْنَا السَّبِيْلَا ﴿٦٧﴾

(૬૭) વળી આ પણ અરજ કરશે કે અય અમારા પરવરદિગાર ! બેશક અમોએ અમારા સરદારો તથા અમારા વડવાઓની આજ્ઞા માની હતી, જેથી તેમણે અમને સન્માર્ગથી રખડાવી દીધા.

رَبَّنَآ اٰتِهِمْ ضِعْفَيْنِ مِنَ الْعَذَابِ وَالْعَنْهُمْ لَعْنًا كَبِيْرًا ﴿٦٨﴾

(૬૮) અય અમારા પરવરદિગાર ! તેમને આ અઝાબનો બમણો ભાગ આપ, અને તેમના પર લાનત પણ મોટી જ કર.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ اٰذَوْا مُوْسٰى فَبَرَّاَهُ اللّٰهُ
مِمَّا قَالُوْا ؕ وَكَانَ عِنْدَ اللّٰهِ وَجِيْهًا ۟﴿٦٩﴾

(૬૯) અય ઇમાન લાવનારાઓ ! તમે તેમના જેવા ન થાઓ કે જેમણે મૂસાને તકલીફ (ઈજા) આપી પછી અલ્લાહે તેઓ (લોકો)નાં આળોમાંથી તેને નિર્દોષ ઠરાવ્યો હતો; અને તે અલ્લાહની પાસે માનવંત (રસૂલ) હતો.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَقُوْلُوْا قَوْلًا سَدِيْدًا ۟﴿٧٠﴾

(૭૦) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો અને જે કાંઇ બોલો તે મજબૂત (ખરૂ) જ બોલોઃ

يُّصۡلِحۡ لَكُمۡ اَعۡمَالَكُمۡ وَيَغۡفِرۡ لَكُمۡ ذُنُوۡبَكُمۡ‌ؕ وَمَنۡ يُّطِعِ اللّٰهَ وَرَسُوۡلَهٗ فَقَدۡ فَازَ فَوۡزًا عَظِيۡمًا ﴿۷۱﴾

(૭૧) (કે જેથી) તે તમારી ખાતર તમારા કર્મોને સુધારી દે, અને તમારા ગુનાહો પણ માફ કરી દે, અને જે અલ્લાહ તથા તેના રસૂલની આજ્ઞા માનશે તો તે ખરેખરજ મોટી સફળતા પામશે.

اِنَّا عَرَضۡنَا الۡاَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَالۡجِبَالِ فَاَبَيۡنَ اَنۡ يَّحۡمِلۡنَهَا وَاَشۡفَقۡنَ مِنۡهَا وَحَمَلَهَا الۡاِنۡسَانُ‌ؕ اِنَّهٗ كَانَ ظَلُوۡمًا جَهُوۡلًا ۙ﴿۷۲﴾

(૭૨) બેશક અમોએ (ન્યાય અને આજ્ઞાપાલનની) જવાબદારીનો બોજો આસમાનો તથા જમીન તથા પર્વતો સમક્ષ રજૂ કર્યો, પણ તે સર્વેએ તેને ઊંચકવાનો ઇન્કાર કર્યો અને તેઓ તેનાથી ડરી ગયા, પણ મનુષ્યે તે ઊંચકી લીધો; બેશક તે (મનુષ્ય) પોતાના હકમાં મોટો ઝુલમગાર (અને) અજ્ઞાન છે:

لِّيُعَذِّبَ اللّٰهُ الْمُنٰفِقِيْنَ وَالْمُنٰفِقٰتِ وَالْمُشْرِكِيْنَ وَالْمُشْرِكٰتِ وَيَتُوْبَ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿٧٣﴾

(૭૩) આ એ માટે કે અલ્લાહ દાંભિક પુરૂષો તથા દાંભિક સ્ત્રીઓને, અને મુશ્રિક પુરૂષો તથા મુશ્રિક સ્ત્રીઓને, અને (તેમની કરણીનો) અઝાબ આપે; અને ઇમાનવાળા પુરૂષો તથા ઇમાનવાળી સ્ત્રીઓની તૌબા કબૂલ કરે; અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળુ છે.

اَلۡحَمۡدُ لِلّٰهِ الَّذِیۡ لَهٗ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الۡاَرۡضِ وَلَهُ الۡحَمۡدُ
فِی الۡاٰخِرَةِ ؕ وَهُوَ الۡحَكِیۡمُ الۡخَبِیۡرُ ①

(૧) સર્વે પ્રકારની તારીફ એજ અલ્લાહ માટે લાયક છે કે જેની માલેકીમાં આસમાનોમાં જે કાંઇ છે તે છે, અને જે કાંઇ જમીનમાં છે તે પણ, અને દરેક પ્રકારની તાઅરીફ આખેરતમાં પણ તેનીજ છે; અને એજ મોટો હિકમતવાળો (અને) જાણકાર છે.

یَعۡلَمُ مَا یَلِجُ فِی الۡاَرۡضِ وَمَا یَخۡرُجُ مِنۡهَا وَمَا یَنۡزِلُ مِنَ
السَّمَآءِ وَمَا یَعۡرُجُ فِیۡهَا ؕ وَهُوَ الرَّحِیۡمُ الۡغَفُوۡرُ ②

(૨) જે વસ્તુ ભૂમિમાં દાખલ થાય છે તેને જાણે છે અને તેમાંથી જે વસ્તુ બહાર નીકળે છે તેને પણ, અને જે આસમાન પરથી ઉતરે છે તેને (જાણે છે) અને જે તેના તરફ ચઢે છે તેને પણ; અને તે મોટો દયાળુ (અને) ક્ષમાવાન છે.

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَا تَأْتِيْنَا السَّاعَةُ ؕ قُلْ بَلٰى وَرَبِّيْ
لَتَأْتِيَنَّكُمْ ۙ عٰلِمِ الْغَيْبِ ۚ لَا يَعْزُبُ عَنْهُ مِثْقَالُ ذَرَّةٍ فِي
السَّمٰوٰتِ وَلَا فِي الْاَرْضِ وَلَآ اَصْغَرُ مِنْ ذٰلِكَ وَلَآ اَكْبَرُ اِلَّا فِيْ
كِتٰبٍ مُّبِيْنٍ ۙ ﴿۳﴾

(૩) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ કહે છે કે અમારા માટે કયામત (ની ઘડી) આવશેજ નહિ;

(અય રસૂલ !) તું કહે કે અલબત્ત મારા પરવરદિગારની કસમ ! તમારા માટે તે ઘડી અવશ્ય આવનારી છે; તે ગેબનો જાણનારો છે, તેનાથી આસમાનો તથા જમીનની એક તરણાં સરખીયે વસ્તુ છુપી નથી, અને તે કરતાંય નાની કે મોટી (કોઇ) વસ્તુ એવી નથી કે જેનું વર્ણન પ્રત્યક્ષ કિતાબમાં મોજૂદ ન હોય.

لِّيَجۡزِيَ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ‌ؕ اُولٰٓـئِكَ لَهُمۡ مَّغۡفِرَةٌ وَّرِزۡقٌ كَرِيۡمٌ ۝٤

(૪) જેઓ ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા સારો બદલો આપે; ગુનાહોની માફી અને માનવંત રોઝી તેમના જ માટે છે.

وَالَّذِيْنَ سَعَوْ فِيْٓ اٰيٰتِنَا مُعٰجِزِيْنَ اُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ مِّنْ رِّجْزٍ اَلِيْمٌ ⑤

(૫) અને જેઓ અમારી આયતોને નિષ્ફળ બનાવવાના હેતુથી તેમની વિરૂઘ્ધ પ્રયત્નો કરે છે તેમનાજ માટે સખત દુઃખદાયક અઝાબ છે.

وَيَرَى الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ الَّذِيْٓ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ هُوَ الْحَقَّ ۙ وَيَهْدِيْٓ اِلٰى صِرَاطِ الْعَزِيْزِ الْحَمِيْدِ ⑥

(૬) અને તે લોકો કે જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે આ સમજે છે કે તારા પરવરદિગાર પાસેથી તારી તરફ જે કાંઇ ઉતારવામાં આવ્યું છે તે સત્ય

છે, અને તે સમર્થ (અને) વખાણને પાત્ર (અલ્લાહ)ના માર્ગ તરફ હિદાયત કરે છે.

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا هَلْ نَدُلُّكُمْ عَلٰى رَجُلٍ يُّنَبِّئُكُمْ اِذَا مُزِّقْتُمْ كُلَّ مُمَزَّقٍ ۙ اِنَّكُمْ لَفِيْ خَلْقٍ جَدِيْدٍ ۝٧

(૭) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ (કટાક્ષ કરતાં) કહે છે કે શું અમે તેમને (એક) એવો શખ્સ દેખાડીએ કે જે તમને આ (વાતની) ખબર આપે છે કે જ્યારે તમે (માટીમાં મળી) એકદમ રજકણ બની ચૂરેચૂરા થઇ જશો, ત્યાર પછી પણ બેશક તમે નવેસરથી પેદા કરવામાં આવશો?

اَفۡتَرٰی عَلَی اللّٰہِ کَذِبًا اَمۡ بِہٖ جِنَّۃٌ ؕ بَلِ الَّذِیۡنَ لَا یُؤۡمِنُوۡنَ
بِالۡاٰخِرَۃِ فِی الۡعَذَابِ وَ الضَّلٰلِ الۡبَعِیۡدِ ⑧

(૮) તેમણે અલ્લાહ પર જૂઠું આળ મૂક્યું છે અથવા તેને દીવાનાપણુ (થઇ ગયું) છે; (એમ નથી) બલ્કે જે આખેરત પર ઇમાન નથી રાખતા તેઓ અઝાબમાં અને હદ ઉપરાંતની ગુમરાહીમાં (પડેલા) છે.

اَفَلَمۡ یَرَوۡا اِلٰی مَا بَیۡنَ اَیۡدِیۡہِمۡ وَ مَا خَلۡفَہُمۡ مِّنَ السَّمَآءِ
وَ الۡاَرۡضِ ؕ اِنۡ نَّشَاۡ نَخۡسِفۡ بِہِمُ الۡاَرۡضَ اَوۡ نُسۡقِطۡ عَلَیۡہِمۡ
کِسَفًا مِّنَ السَّمَآءِ ؕ اِنَّ فِیۡ ذٰلِکَ لَاٰیَۃً لِّکُلِّ عَبۡدٍ مُّنِیۡبٍ ⑨

(૯) શું તેઓ આસમાનો તથા જમીન માંની વસ્તુઓ કે જે તેમને આગળ તથા પાછળ (થી ઘેરી રહેલ) છે તે ઉપર દ્રષ્ટિ નથી રાખતા ? જો અમે ચાહીએ તો તેમની સાથે ભૂમિને ધસાવી દઇએ, અથવા તેમના પર આસમાનનો એક ટુકડો તોડી પાડીએ; બેશક અલ્લાહ તરફ રજૂ થનાર દરેક બંદા માટે તેમાં નિશાની મોજૂદ છે.

وَلَقَدْ اٰتَيْنَا دَاوٗدَ مِنَّا فَضْلًا ؕ يٰجِبَالُ اَوِّبِيْ مَعَهٗ وَالطَّيْرَ ۚ وَاَلَنَّا لَهُ الْحَدِيْدَ ۙ﴿۱۰﴾

(૧૦) અને ખરેજ અમોએ દાવૂદને અમારા તરફથી શ્રેષ્ઠતા આપી હતી, (અને અમોએ હુકમ કર્યો હતો કે) અય પહાડો ! (અલ્લાહના ગુણગાન ગાવામાં)

તેનો સાથ આપો, અને અય પક્ષીઓ ! તમે પણ; અને અમોએ તેના માટે લોખંડ નરમ કરી દીધું હતું ઃ

اَنِ اعْمَلْ سٰبِغٰتٍ وَّقَدِّرْ فِى السَّرْدِ وَاعْمَلُوْا صَالِحًا ؕ اِنِّىْ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۱۱﴾

(૧૧) (અને) હુકમ આપ્યો હતો કે બખ્તરો બનાવ, અને કડીઓ જોડવામાં ખરા અંદાજનો ખ્યાલ રાખ, અને (અય લોકો!) તમે નેકીઓ કરતા રહો; બેશક તમે જે અમલ કરો છો તે હું જોઉં છું.

وَلِسُلَيۡمٰنَ الرِّيۡحَ غُدُوُّهَا شَهۡرٌ وَّرَوَاحُهَا شَهۡرٌ ۚ وَاَسَلۡنَا لَهٗ
عَيۡنَ الۡقِطۡرِ ؕ وَمِنَ الۡجِنِّ مَنۡ يَّعۡمَلُ بَيۡنَ يَدَيۡهِ بِاِذۡنِ رَبِّهٖ ؕ
وَمَنۡ يَّزِغۡ مِنۡهُمۡ عَنۡ اَمۡرِنَا نُذِقۡهُ مِنۡ عَذَابِ السَّعِيۡرِ ﴿۱۲﴾

(૧૨) અને અમોએ હવા સુલયમાનને (તાબે કરી દીધી હતી) કે જેથી તેની પ્રભાતની મુસાફરી એક મહિનાના માર્ગ જેટલી થતી હતી તેમ સંધ્યાકાળની મુસાફરી પણ એક મહિનાના માર્ગ જેટલી થતી હતી, અને અમોએ તેની ખાતર ત્રાંબાનું ઝરણું ઉભરાવી દીધું હતું; અને જિન્નાતોમાંથી કેટલાકો અલ્લાહના હુકમથી તે (સુલયમાન)ની હજૂરમાં કામ કરતા હતા અને

તેમનામાંથી જે અમારી આજ્ઞાની અવગણના કરતો હતો તેને અમે ભડભડતી આગના અઝાબની મજા ચખાડતા હતા.

يَعۡمَلُوۡنَ لَهٗ مَا يَشَآءُ مِنۡ مَّحَارِيۡبَ وَتَمَاثِيۡلَ وَجِفَانٍ كَالۡجَوَابِ وَقُدُوۡرٍ رّٰسِيٰتٍ ؕ اِعۡمَلُوۡۤا اٰلَ دَاوٗدَ شُكۡرًا ؕ وَقَلِيۡلٌ مِّنۡ عِبَادِىَ الشَّكُوۡرُ ﴿۱۳﴾

(૧૩) તે (સુલયમાન) જે કાંઇ ઇચ્છતો તે આ જિન્નાતો તેના માટે (તત્કાળ) બનાવી દેતા, (જેમકે) મોટી મોટી (ગગન ચુંબી) ઇમારતો, તથા પત્થરની આકૃતિઓ, અને મોટા મોટા હોજ જેવા પ્યાલા, અને એકજ જગ્યાએ ઠરી રહેનારી મોટી મોટી

દેગો; માટે અય દાવૂદની ઓલાદ ! ઉપકાર માન્યા કરો; જોકે અમારા બંદાઓમાંથી ઉપકાર માનનારા ઘણાજ થોડા છે.

فَلَمَّا قَضَيْنَا عَلَيْهِ الْمَوْتَ مَا دَلَّهُمْ عَلٰى مَوْتِهٖۤ اِلَّا دَآبَّةُ
الْاَرْضِ تَاْكُلُ مِنْسَاَتَهٗ ۚ فَلَمَّا خَرَّ تَبَيَّنَتِ الْجِنُّ اَنْ لَّوْ كَانُوْا
يَعْلَمُوْنَ الْغَيْبَ مَا لَبِثُوْا فِى الْعَذَابِ الْمُهِيْنِ ﴿١٤﴾

(૧૪) પછી જ્યારે અમે તે (સુલયમાન) પર મૃત્યુનો સમય લઇ આવ્યા ત્યારે તે (કામ કરનારા જિન્નાતોને) તેના મોતની કોઇ વસ્તુ વડે જાણ ન થઇ પણ જમીનના એક કીડા (ઉધઇ)થી, કે જે તેની લાઠીને અંદરથી ખાઇ રહ્યો હતો; પછી જ્યારે તે

(ભૂમિ પર) ઢળી પડ્યો ત્યારે જિન્નાતો સ્પષ્ટ સમજી ગયા (અને કહેવા લાગ્યા) કે જો તેઓ ગૈબ વાતો જાણતા હોત તો કદી પણ આ ફજેતી ભર્યા (કામ કરવાના) અઝાબમાં પડ્યા રહેતે નહિ.

لَقَدۡ كَانَ لِسَبَاٍ فِىۡ مَسۡكَنِهِمۡ اٰيَةٌ ‌ۚ جَنَّتٰنِ عَنۡ يَّمِيۡنٍ وَّشِمَالٍ ؕ
كُلُوۡا مِنۡ رِّزۡقِ رَبِّكُمۡ وَاشۡكُرُوۡا لَهٗ ؕ بَلۡدَةٌ طَيِّبَةٌ وَّرَبٌّ
غَفُوۡرٌ ۱۵

(૧૫) સબાવાળાઓ માટે તેમના રહેઠાણોમાં ખરેજ (મોટી) નિશાની મોજૂદ હતી, (અર્થાત) ડાબી તથા જમણી બન્ને બાજુએ બે (રળિયામણા) બગીચા હતા; (અને તેમને જણાવી દેવામાં આવ્યું હતું કે)

તમારા પરવરદિગારે આપેલી રોઝી ખાઓ અને તેનો આભાર માનતા રહો; (સારાંશ કે) શહેર પણ આબાદ હતું અને પાલનકર્તા (અલ્લાહ) પણ મહા ક્ષમાવાન હતો.

فَاَعۡرَضُوۡا فَاَرۡسَلۡنَا عَلَيۡهِمۡ سَيۡلَ الۡعَرِمِ وَبَدَّلۡنٰهُمۡ بِجَنَّتَيۡهِمۡ جَنَّتَيۡنِ ذَوَاتَىۡ اُكُلٍ خَمۡطٍ وَّاَثۡلٍ وَّشَىۡءٍ مِّنۡ سِدۡرٍ قَلِيۡلٍ ﴿۱۶﴾

(૧૬) પણ (અમારી આજ્ઞાઓથી) તેમણે મોંઢું ફેરવી લીધું ત્યારે અમોએ પણ તેમના પર ભારે પૂર મોકલ્યું, અને તેમના તે બન્ને બગીચાઓને એવા બે બગીચાઓથી બદલી નાખ્યા કે જેનાં ફળ

કડવાં હતાં, અને જેમાં થોડાક ઝાવલીના છોડ અને કાંઇક થોડી ઘણી કાંટાવાળી બોરડીના ઝાડ (રહી ગયા).

ذٰلِكَ جَزَيۡنٰهُمۡ بِمَا كَفَرُوۡا ؕ وَهَلۡ نُجٰزِيۡۤ اِلَّا الۡكَفُوۡرَ ⑰

(૧૭) આ બદલો અમોએ તેમનાથી તેમના નાશુક્રીના કારણે લીધો; અને નાશુક્રીઓ સિવાય એવી શિક્ષા બીજા કોઇને થોડીજ આપીએ છીએ?

وَجَعَلۡنَا بَيۡنَهُمۡ وَبَيۡنَ الۡقُرَى الَّتِىۡ بٰرَكۡنَا فِيۡهَا قُرًى ظَاهِرَةً وَّقَدَّرۡنَا فِيۡهَا السَّيۡرَ ؕ سِيۡرُوۡا فِيۡهَا لَيَالِىَ وَاَيَّامًا اٰمِنِيۡنَ ⑱

(૧૮) અને તે (સબા)ની તથા તે (બયતુલ મુકદ્દસની) વસ્તીઓ કે જેમને અમોએ બરકતપૂર્ણ

બનાવી હતી તેમની વચ્ચે અમોએ (બીજી) થોડીક એવી વસ્તીઓ પણ વસાવી હતી કે જે ખુલ્લી રીતે દેખાઇ આવતી હતી, અને તેમાં આવવા જવા માટે માર્ગો પણ પાડી દીધા હતા; (અને આ હુકમ આપ્યો હતો કે) તે (માર્ગો)માં રાત્રે તથા દિવસે બેધડક ચાલ્યા ફર્યા કરો.

فَقَالُوْا رَبَّنَا بٰعِدْ بَيْنَ اَسْفَارِنَا وَظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَجَعَلْنٰهُمْ اَحَادِيْثَ وَمَزَّقْنٰهُمْ كُلَّ مُمَزَّقٍ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّكُلِّ صَبَّارٍ شَكُوْرٍ ⑲

(૧૯) છતાં તેમણે અરજ કરી કે અય અમારા પરવરદિગાર (ટૂંકી મુસાફરીમાં કાંઇ મજા નથી

પડતી) તું અમારી મુસાફરી વચ્ચે લંબાણ અંતર કાયમ કરી દે; આવી રીતે તેમણે પોતાના ઉપરજ ઝુલ્મ કર્યો, જેથી અમોએ પણ તેમને (ભવિષ્યના લોકો માટે દાખલા રૂપ) કહાણી કિસ્સા બનાવી દીધા, અને અમોએ તેના ટુકડે ટુકડા કરી નાખ્યા, બેશક આ બનાવમાં દરેક સબ્ર (અને) શુક્ર કરનારાઓ માટે નિશાનીઓ મોજૂદ છે.

وَلَقَدْ صَدَّقَ عَلَيْهِمْ اِبْلِيْسُ ظَنَّهٗ فَاتَّبَعُوْهُ اِلَّا فَرِيْقًا مِّنَ الْمُؤْمِنِيْنَ ۝٢٠

(૨૦) અને ખરેખરજ શેતાને (તેમના સંબંધમાં) પોતાનું ગુમાન સાચું કરી દેખાડ્યું, જેથી

મોઅમીનોના એક ટોળા સિવાય સઘળાજ તેના અનુયાયી થઇ ગયા.

وَمَا كَانَ لَهٗ عَلَيۡهِمۡ مِّنۡ سُلۡطٰنٍ اِلَّا لِنَعۡلَمَ مَنۡ يُّؤۡمِنُ
بِالۡاٰخِرَةِ مِمَّنۡ هُوَ مِنۡهَا فِىۡ شَكٍّ‌ؕ وَرَبُّكَ عَلٰى كُلِّ شَىۡءٍ حَفِيۡظٌ ﴿۲۱﴾

(૨૧) અને તેમના પર તેનો મુદ્દલ કાબૂ ન હતો, પણ (અમોએ તેને કારણ બનાવ્યું હતું) એ માટે કે જેઓ આખેરત પર ઇમાન રાખે છે (તેમને) તે લોકોથી કે જેઓ તેના વિષે શંકામાં છે જુદા પાડી જાણી લઇએ; અને તારો પરવરદિગાર દરેક વસ્તુનો રક્ષણહાર છે.

قُلِ ادۡعُوا الَّذِيۡنَ زَعَمۡتُمۡ مِّنۡ دُوۡنِ اللّٰهِ ۚ لَا يَمۡلِكُوۡنَ مِثۡقَالَ
ذَرَّةٍ فِي السَّمٰوٰتِ وَلَا فِي الۡاَرۡضِ وَمَا لَهُمۡ فِيۡهِمَا مِنۡ شِرۡكٍ
وَّمَا لَهٗ مِنۡهُمۡ مِّنۡ ظَهِيۡرٍ ﴿۲۲﴾

(૨૨) (અય રસૂલ !) તું કહે કે તમને અલ્લાહના સિવાય જેમનો ઘમંડ છે તેમને બોલાવી લો, જો કે તેઓ ન આસમાનો માંની કોઇ કણ બરાબર (ની વસ્તુ)ના માલિક છે, અને ન જમીન માં(ની વસ્તુ)ના, અને ન તે (આસમાનો તથા જમીન)ના બનાવવામાં તેઓ તે (અલ્લાહ)ના ભાગીદાર હતા, અને ન તેઓમાંથી કોઇ તે (અલ્લાહ)નો મદદગાર હતો.

وَلَا تَنۡفَعُ الشَّفَاعَةُ عِنۡدَهٗۤ اِلَّا لِمَنۡ اَذِنَ لَهٗ ؕ حَتّٰۤی اِذَا فُزِّعَ عَنۡ
قُلُوۡبِہِمۡ قَالُوۡا مَاذَا ۙ قَالَ رَبُّکُمۡ ؕ قَالُوا الۡحَقَّ ۚ وَہُوَ الۡعَلِیُّ
الۡکَبِیۡرُ ﴿۲۳﴾

(૨૩) અને (કયામતના દિવસે લોકોમાંથી) કોઇની પણ ભલામણ તે (અલ્લાહ)ની હજૂરમાં ફાયદો પહોંચાડશે નહિ, સિવાય કે જેના માટે તે પરવાનગી આપશે, અહીં સુધી કે જ્યારે તેમના મનમાંથી ગભરાટ દૂર થઇ જશે ત્યારે તેઓ કહેશે કે તમારા પરવરદિગારે આ શું ફરમાવ્યું હતું ? ત્યારે (જેઓ અલ્લાહના નીકટના બંદા હશે) તેઓ

કહેશે કે સત્ય ફરમાવ્યું હતું, અને એજ તો ઉચ્ચ દરજ્જાવાળો (અને) બુઝુર્ગ છે.

قُلۡ مَنۡ يَّرۡزُقُكُمۡ مِّنَ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ؕ قُلِ اللّٰهُ‌ۙ وَاِنَّاۤ اَوۡ اِيَّاكُمۡ لَعَلٰى هُدًى اَوۡ فِىۡ ضَلٰلٍ مُّبِيۡنٍ ﴿۲۴﴾

(૨૪) તું પૂછ કે તમને આસમાનો તથા ભૂમિમાંથી રોઝી કોણ આપે છે ? તું કહે કે અલ્લાહ. હવે હિદાયત પર અથવા ખુલ્લી ગુમરાહીમાં અમે છીએ કે તમે ?

قُلۡ لَّا تُسۡـَٔـلُوۡنَ عَمَّاۤ اَجۡرَمۡنَا وَلَا نُسۡـَٔـلُ عَمَّا تَعۡمَلُوۡنَ ﴿۲۵﴾

(૨૫) તું કહે કે જે ગુનાહ અમોએ કર્યા છે તેના વિષે તમને પૂછપરછ કરવામાં નહિ આવે, અને જે

કામો તમે કરો છો તેની પૂછપરછ અમને કરવામાં નહિ આવે.

قُلْ يَجْمَعُ بَيْنَنَا رَبُّنَا ثُمَّ يَفْتَحُ بَيْنَنَا بِالْحَقِّ ؕ وَهُوَ الْفَتَّاحُ الْعَلِيْمُ ﴿٢٦﴾

(૨૬) તું કહે કે અમારો પરવરદિગાર આપણે સર્વેને ભેગાં કરી લેશે, પછી આપણી વચ્ચે સત્યતાપૂર્વક નિર્ણય કરી દેશે, અને એજ મોટો ન્યાયાધીશ (અને) જ્ઞાની છે.

قُلْ اَرُوْنِیَ الَّذِیْنَ اَلْحَقْتُمْ بِهٖ شُرَكَآءَ كَلَّا ؕ بَلْ هُوَ اللّٰهُ الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿٢٧﴾

(૨૭) તું કહે કે તમે મને તેમને દેખાડો કે જેમને તમોએ તે (અલ્લાહ)ની સાથે જોડી શરીકો બનાવી દીધા છે, હરગિજ તેમ (કરી શકતા) નથી; બલ્કે તે અલ્લાહ સમર્થ (અને) હિકમતવાળો છે.

وَمَآ اَرۡسَلۡنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيۡرًا وَّنَذِيۡرًا وَّلٰكِنَّ اَكۡثَرَ
النَّاسِ لَا يَعۡلَمُوۡنَ ۝٢٨

(૨૮) અને અમોએ તને નથી મોકલ્યો પણ સર્વે મનુષ્યો માટે ખુશખબર આપનાર અને ડરાવનારો (બનાવી) મોકલ્યો છે, પરંતુ ઘણાખરા લોકો જાણતા નથી.

وَيَقُوۡلُوۡنَ مَتٰى هٰذَا الۡوَعۡدُ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ۝٢٩

(૨૯) અને તેઓ કહે છે કે જો તમે (તમારા દાવામાં) સાચા છો તો઼ એ (કયામતનો) વાયદો ક્યારે પૂરો થઇને રહેશે?

قُلْ لَّكُمْ مِّيْعَادُ يَوْمٍ لَّا تَسْتَأْخِرُوْنَ عَنْهُ سَاعَةً وَّلَا تَسْتَقْدِمُوْنَ ﴿٣٠﴾

(30) (અય રસૂલ !) તું કહે કે તમારા માટે એક દિવસનો વાયદો નક્કી કરવામાં આવ્યો છે, જેનાથી તમે એક પળ ન પાછળ રહી શકશો, ન આગળ વધી શકશો.

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَنْ نُّؤْمِنَ بِهٰذَا الْقُرْاٰنِ وَلَا بِالَّذِيْ بَيْنَ يَدَيْهِ ؕ وَلَوْ تَرٰۤى اِذِ الظّٰلِمُوْنَ مَوْقُوْفُوْنَ عِنْدَ رَبِّهِمْ ۚۖ يَرْجِعُ

بَعۡضُهُمۡ اِلٰی بَعۡضِ ۣ الۡقَوۡلَ ۚ یَقُوۡلُ الَّذِیۡنَ اسۡتُضۡعِفُوۡا لِلَّذِیۡنَ
اسۡتَکۡبَرُوۡا لَوۡلَاۤ اَنۡتُمۡ لَکُنَّا مُؤۡمِنِیۡنَ ﴿۳۱﴾

(૩૧) જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ કહે છે કે અમે આ કુરઆન પર કદી ઇમાન લાવીશું નહિ, અને ન તે કિતાબો પર કે જે આ પહેલાં હતી; અને (અય રસૂલ ! કદાચને તું જોતે કે જે વખતે આ ઝુલમગારો તારા પરવરદિગારની હજૂરમાં એક બીજાને ટોણાં મારતા ઉભા કરવામાં આવશે! તે વખતે કમજોર લોકો ગર્વિષ્ઠ લોકોને કહેશે કે જો તમે ન હોત તો અમે અવશ્ય મોઅમીન થઇ જતે.

قَالَ الَّذِیۡنَ اسۡتَکۡبَرُوۡا لِلَّذِیۡنَ اسۡتُضۡعِفُوۡۤا اَنَحۡنُ صَدَدۡنٰکُمۡ
عَنِ الۡهُدٰی بَعۡدَ اِذۡ جَآءَکُمۡ بَلۡ کُنۡتُمۡ مُّجۡرِمِیۡنَ ﴿۳۲﴾

(૩૨) (ત્યારે) ગર્વિષ્ઠો કમજોર લોકોને કહેશે કે જ્યારે હિદાયત તમારી પાસે આવી ચૂકી હતી તે બાદ શું અમોએ તમને (તેનું અનુકરણ કરતાં) અટકાવ્યા હતા ? (એમ તો ન હતું) બલ્કે તમે પોતેજ દોષિત હતા.

وَقَالَ الَّذِیۡنَ اسۡتُضۡعِفُوۡا لِلَّذِیۡنَ اسۡتَکۡبَرُوۡا بَلۡ مَکۡرُ الَّیۡلِ
وَالنَّهَارِ اِذۡ تَاۡمُرُوۡنَنَاۤ اَنۡ نَّکۡفُرَ بِاللّٰهِ وَنَجۡعَلَ لَهٗۤ اَنۡدَادًا ؕ

وَاَسَرُّوا النَّدَامَةَ لَمَّا رَاَوُا الۡعَذَابَ ؕ وَجَعَلۡنَا الۡاَغۡلٰلَ فِیۡۤ
اَعۡنَاقِ الَّذِیۡنَ کَفَرُوۡا ؕ هَلۡ یُجۡزَوۡنَ اِلَّا مَا کَانُوۡا یَعۡمَلُوۡنَ ﴿۳۳﴾

(33) અને કમજોર લોકો ગર્વિષ્ઠ લોકોને કહેશે કે તમારી રાત દિવસની ચાલબાઝીઓએ (અમને ગુમરાહ કર્યા), જ્યારે કે તમે અમને અલ્લાહનો ઇન્કાર કરવા અને તેનો શરીક બનાવવાની આજ્ઞા કરતા હતા. સારાંશ કે જ્યારે તેઓ અઝાબ નિહાળશે ત્યારે પોતાનો પ્રશ્ચાતાપ સંતાડશે; અને અમે તે લોકોની ગરદનોમાં કે જેઓ ઇન્કાર કરતા હતા જંજીરો નાખી દઇશું; શું તેઓ જે કરણી કરતા હતા તેના સિવાય તેમને બીજો કોઇ બદલો આપવામાં આવશે?

وَمَآ اَرْسَلْنَا فِيْ قَرْيَةٍ مِّنْ نَّذِيْرٍ اِلَّا قَالَ مُتْرَفُوْهَآ ۙ اِنَّا بِمَآ اُرْسِلْتُمْ بِهٖ كٰفِرُوْنَ ﴿٣٤﴾

(૩૪) અને જે વસ્તીમાં અમોએ કોઇ ડરાવનારો મોકલ્યો ત્યારે તે (વસ્તી)ના વૈભવશાળી લોકો એમજ કહેતા રહ્યા કે તમને જે કાંઇ (હુકમ) આપીને મોકલવામાં આવ્યા છે તેનો અમે ખરેખર ઇન્કાર કરનાર છીએ.

وَقَالُوْا نَحْنُ اَكْثَرُ اَمْوَالًا وَّاَوْلَادًا ۙ وَّمَا نَحْنُ بِمُعَذَّبِيْنَ ﴿٣٥﴾

(૩૫) અને તેઓ આ પણ કહે છે કે અમે (તમારા કરતાં) સંપત્તિ તથા સંતતિમાં ઘણાંજ વધેલા છીએ, અને અમને અઝાબ પણ આપવામાં નહિ આવે.

قُلْ اِنَّ رَبِّیْ یَبْسُطُ الرِّزْقَ لِمَنْ یَّشَآءُ وَیَقْدِرُ وَلٰکِنَّ اَکْثَرَ
النَّاسِ لَا یَعْلَمُوْنَ﴿۳۶﴾

(૩૬) (અય રસૂલ !) તું કહે કે બેશક મારો પરવરદિગાર જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે, અને જેના માટે ચાહે છે તંગ કરી દે છે, પરંતુ ઘણાંખરા લોકો તે જાણતા નથી.

وَمَآ اَمْوَالُکُمْ وَلَآ اَوْلَادُکُمْ بِالَّتِیْ تُقَرِّبُکُمْ عِنْدَنَا زُلْفٰۤی اِلَّا
مَنْ اٰمَنَ وَعَمِلَ صَالِحًا ۫ فَاُولٰٓئِکَ لَهُمْ جَزَآءُ الضِّعْفِ بِمَا
عَمِلُوْا وَهُمْ فِی الْغُرُفٰتِ اٰمِنُوْنَ﴿۳۷﴾

(૩૭) અને તમારો માલ અને ઔલાદ એવી વસ્તુ નથી કે તે તમને અમારા નજદીકના બનાવી દે, હા

જે શખ્સ ઇમાન લાવે તથા સત્કાર્યો કરે તો એજ તે લોકો છે કે જે કરણી પણ તેઓ કરશે તેનો બમણો બદલો તેમના માટે (તૈયાર) છે, અને તેઓજ ઉચ્ચ સ્થાનોમાં અમનમાં રહેશે.

وَالَّذِيْنَ يَسْعَوْنَ فِيْٓ اٰيٰتِنَا مُعٰجِزِيْنَ اُولٰٓئِكَ فِي الْعَذَابِ
مُحْضَرُوْنَ۝۳۸

(૩૮) અને જે લોકો (અમને) પરાજીત કરવાના વિચારે અમારી નિશાનીઓ વિરૂધ્ધ પ્રયત્નો કરતા રહે છે તેમને અઝાબમાં સપડાવી હાજર કરવામાં આવશે.

قُلۡ اِنَّ رَبِّىۡ يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ مِنۡ عِبَادِهٖ وَيَقۡدِرُ لَهٗ ؕ
وَمَاۤ اَنۡفَقۡتُمۡ مِّنۡ شَىۡءٍ فَهُوَ يُخۡلِفُهٗ ۚ وَهُوَ خَيۡرُ الرّٰزِقِيۡنَ ﴿۳۹﴾

(૩૯) તું કહે કે બેશક મારો પરવરદિગાર પોતાના બંદાઓમાંથી જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે અને જેના માટે ચાહે છે તંગ કરી દે છે; અને તમે (તેના માર્ગમાં) જે વસ્તુ પણ ખરચ કરશો તેનો બદલો તે અવશ્ય આપશે, અને તે સૌ કરતાં ઉત્તમ રોઝી આપનારો છે.

وَيَوۡمَ يَحۡشُرُهُمۡ جَمِيۡعًا ثُمَّ يَقُوۡلُ لِلۡمَلٰٓـئِكَةِ اَهٰٓؤُلَاۤءِ اِيَّاكُمۡ
كَانُوۡا يَعۡبُدُوۡنَ ﴿۴۰﴾

(૪૦) અને જે દિવસે તે સઘળાઓને ભેગાં કરશે, પછી સર્વે ફરિશ્તાઓને ફરમાવશે કે શું આ લોકો તમારી ઇબાદત કર્યા કરતા હતા ?

قَالُوْا سُبْحٰنَكَ اَنْتَ وَلِيُّنَا مِنْ دُوْنِهِمْ ۚ بَلْ كَانُوْا يَعْبُدُوْنَ الْجِنَّ ۚ اَكْثَرُهُمْ بِهِمْ مُّؤْمِنُوْنَ ﴿٤١﴾

(૪૧) (ફરિશ્તાઓ) અરજ કરશે કે પાક છો તુ અને તુંજ અમારો વાલી છે. ન કે આ લોકો, (પછી તેમની સાથે અમારે શી લેવા દેવા ?) બલ્કે તેઓ તો જિન્નાતોની ઇબાદત કરતા હતા; તેઓ માંના ઘણાંખરા તેમના પરજ ઇમાન રાખતા હતા.

فَالْيَوْمَ لَا يَمْلِكُ بَعْضُكُمْ لِبَعْضٍ نَّفْعًا وَّلَا ضَرًّا ؕ وَنَقُوْلُ
لِلَّذِيْنَ ظَلَمُوْا ذُوْقُوْا عَذَابَ النَّارِ الَّتِيْ كُنْتُمْ بِهَا
تُكَذِّبُوْنَ ﴿۴۲﴾

(૪૨) માટે આજના દિવસે તમારામાંથી કોઇ પણ એક બીજાના ન લાભનો અધિકાર ધરાવશે ન નુકસાનનો; અને જે લોકોએ ઝુલ્મ કર્યો હતો તેમને અમે કહીશું કે તે જહન્નમની આગની મજા ચાખો કે જેને તમે જૂઠલાવ્યા કરતા હતા.

وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالُوْا مَا هٰذَآ اِلَّا رَجُلٌ يُّرِيْدُ
اَنْ يَّصُدَّكُمْ عَمَّا كَانَ يَعْبُدُ اٰبَآؤُكُمْ ۚ وَقَالُوْا مَا هٰذَآ اِلَّآ اِفْكٌ

مُّفۡتَرًى ؕ وَقَالَ الَّذِیۡنَ کَفَرُوۡا لِلۡحَقِّ لَمَّا جَآءَهُمۡ ۙ اِنۡ هٰذَاۤ

اِلَّا سِحۡرٌ مُّبِیۡنٌ ﴿۴۳﴾

(૪૩) અને જે વખતે તેમને અમારી ખુલ્લી આયતો પઢીને સંભળાવવામાં આવે છે તો તેઓ કહે છે કે આ (રસૂલ) કોઇ નથી પણ એક માણસ છે કે જે એમ ચાહે છે કે જે વસ્તુઓની તમારા બાપદાદા પૂજા કર્યા કરતા હતા તેના (પૂજવા)થી તમને અટકાવે. અને (તેઓ વળી) એમ પણ કહે છે કે આ (કુરઆન) માત્ર ઉપજાવી કાઢેલું અસત્ય છે. અને તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા નથી તેમની પાસે જ્યારે સત્ય આવે છે ત્યારે કહેવા લાગે છે કે આ માત્ર ખુલ્લો જાદુ છે.

وَمَآ اٰتَيۡنٰهُمۡ مِّنۡ كُتُبٍ يَّدۡرُسُوۡنَهَا وَمَآ اَرۡسَلۡنَاۤ اِلَيۡهِمۡ
قَبۡلَكَ مِنۡ نَّذِيۡرٍ ؕ‏ ﴿۴۴﴾

(૪૪) અને તે (મક્કાવાસી)ઓને અમોએ કિતાબો તો નથી આપી કે જે તેઓ પઢતા હોય અને ન તારી પહેલાં તેમની પાસે કોઇ ડરાવનારો મોકલ્યો હતો.

وَكَذَّبَ الَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ ۙ وَمَا بَلَغُوۡا مِعۡشَارَ مَاۤ اٰتَيۡنٰهُمۡ
فَكَذَّبُوۡا رُسُلِىۡ فَكَيۡفَ كَانَ نَكِيۡرِ ﴿۴۵﴾

(૪૫) અને તેમની પૂર્વે જે લોકો હતા તેમણે પણ (સત્યને) જૂઠલાવ્યું હતું, જો કે અમોએ તેમને જે કાંઇ આપી મૂક્યું હતું તેના દસમા ભાગને પણ આ

(લોકો) નથી પહોંચ્યા; સારાંશ કે તેમણે પણ મારા રસૂલોને જૂઠલાવ્યા હતા, જેથી (તમોએ જોયું કે) મારી નાપસંદગી તેમના સંબંધમાં કેવી થઇ પડી હતી?

قُلْ اِنَّمَآ اَعِظُكُمْ بِوَاحِدَةٍ ۚ اَنْ تَقُوْمُوْا لِلّٰهِ مَثْنٰى وَفُرَادٰى ثُمَّ تَتَفَكَّرُوْا ۗ مَا بِصَاحِبِكُمْ مِّنْ جِنَّةٍ ؕ اِنْ هُوَ اِلَّا نَذِيْرٌ لَّكُمْ بَيْنَ يَدَىْ عَذَابٍ شَدِيْدٍ ﴿٤٦﴾

(૪૬) તું કહે કે સિવાય તેના નથી કે હું તો માત્ર એકજ વાતનો બોધ આપું છું કે તમે બબ્બે અકેક થઇને અલ્લાહના (કામ માટે) ઉભા થઇ જાઓ, પછી વિચાર કરો (તો જણાશે) કે તમારા આ

(પયગમ્બર) મિત્રને દીવાનાપણું નથી; એ તો સખત અઝાબ આવતા પહેલાં તમારા માટે માત્ર એક ડરાવનારો છે.

قُلۡ مَا سَاَلۡتُكُمۡ مِّنۡ اَجۡرٍ فَهُوَ لَكُمۡ ؕ اِنۡ اَجۡرِىَ اِلَّا عَلَى اللّٰهِ ۚ وَهُوَ عَلٰى كُلِّ شَىۡءٍ شَهِيۡدٌ ﴿۴۷﴾

(૪૭) તું કહે કે (તબ્લીગે રિસાલતનો) જે બદલો મેં માગ્યો છે તેનો ફાયદો તો તમારાજ માટે છે; મારી મજૂરી તો અલ્લાહના શિરે છે, અને તે દરેક વસ્તુનો સાક્ષી છે.

قُلۡ اِنَّ رَبِّىۡ يَقۡذِفُ بِالۡحَـقِّ ۚ عَلَّامُ الۡغُيُوۡبِ ﴿۴۸﴾

(૪૮) તું કહે કે બેશક મારો પરવરદિગાર (અસત્યને નિર્મૂળ કરવા) સત્ય (નું બાણ) મારે છે, તે છુપી વાતોનો મહાન જાણનારો છે.

قُلۡ جَآءَ الۡحَقُّ وَمَا يُبۡدِئُ الۡبَاطِلُ وَمَا يُعِيۡدُ ﴿۴۹﴾

(૪૯) તું કહે કે સત્ય આવી ગયું ! અને અસત્ય કાંઇ પેદા કરી શકતું નથી, તેમજ સજીવન કરી શકતું નથી.

قُلۡ اِنۡ ضَلَلۡتُ فَاِنَّمَاۤ اَضِلُّ عَلٰى نَفۡسِىۡ‌ ۚ وَاِنِ اهۡتَدَيۡتُ فَبِمَا

يُوۡحِىۡۤ اِلَىَّ رَبِّىۡ‌ ؕ اِنَّهٗ سَمِيۡعٌ قَرِيۡبٌ ﴿۵۰﴾

(૫૦) તું કહે કે જો હું ગુમરાહ થઇ ગયો છું તો હું મારી પોતાની જાતને જ હાનિ પહોંચાડવા કાજે

ગુમરાહ થઇ ગયો હોઇશ, અને જો હું સન્માર્ગ પર છું તો એજ કારણસર કે મને મારો પરવરદિગાર વહી પહોંચાડે છે; બેશક તે મોટો સાંભળનાર (અને) ઘણોજ પાસે છે.

وَلَوْ تَرٰۤى اِذْ فَزِعُوْا فَلَا فَوْتَ وَاُخِذُوْا مِنْ مَّكَانٍ قَرِيْبٍ ۙ﴿۵۱﴾

(૫૧) અને કદાચને તું તેમને જોતે (તો ઘણુંજ આશ્ચર્ય પામતે) કે જ્યારે તેઓ (કયામતમાં) ગભરાએલી દશામાં હશે અને ક્યાંય પણ નાસવાનું સ્થાન નહિ મળે, અને પાસેની જગ્યાએથી જ તેમને પકડી પાડવામાં આવશે ઃ

وَّقَالُوْۤا اٰمَنَّا بِهٖ ۚ وَاَنّٰى لَهُمُ التَّنَاوُشُ مِنْ مَّكَانٍۭ بَعِيْدٍ ۚۖ﴿۵۲﴾

(૫૨) અને તેઓ કહેશે કે અમે તે (રસૂલ)ના પર ઇમાન લાવીએ છીએ; પણ આટલા દૂરના અંતરથી તેઓ (ઇમાન) કેવી રીતે મેળવી શકશે?

وَّقَدْ كَفَرُوْا بِهٖ مِنْ قَبْلُ ۚ وَيَقْذِفُوْنَ بِالْغَيْبِ مِنْ مَّكَانٍۢ بَعِيْدٍ ﴿۵۳﴾

(૫૩) જો કે તેમણે પ્રથમ તેનો ઇન્કાર કર્યો હતો, અને દૂર બેઠા બેઠા ગૈબની વાતોના સંબંધમાં અટકળો બાંધ્યા કરતા હતા.

وَحِيْلَ بَيْنَهُمْ وَبَيْنَ مَا يَشْتَهُوْنَ كَمَا فُعِلَ بِاَشْيَاعِهِمْ مِّنْ قَبْلُ ؕ اِنَّهُمْ كَانُوْا فِيْ شَكٍّ مُّرِيْبٍ ﴿۵۴﴾

(૫૪) તેઓ તથા તે વસ્તુઓ વચ્ચે કે જેની તેમને ઇચ્છા થશે એક આડ ઉભી કરી દેવામાં આવશે, જેમ કે તેમની પહેલાં તેમના જેવા અગાઉના ટોળાંઓના સંબંધમાં ઉભી કરવામાં આવી હતી; બેશક તેઓ સઘળાજ પરેશાન કરી દેનારી શંકામાં હતા.

اَلۡحَمۡدُ لِلّٰهِ فَاطِرِ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ جَاعِلِ الۡمَلٰٓئِكَةِ رُسُلًا
اُولِىۡۤ اَجۡنِحَةٍ مَّثۡنٰى وَثُلٰثَ وَرُبٰعَ ؕ يَزِيۡدُ فِى الۡخَلۡقِ مَا يَشَآءُ ؕ اِنَّ
اللّٰهَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ①

(૧) દરેક પ્રકારના ગુણગાન અલ્લાહ માટે (શોભાસ્પદ) છે, જે આસમાનો તથા જમીનની ઉત્પત્તિનો આરંભ કરનાર છે, અને જમીન પર વહી લાવનારા ફરિશ્તાઓને બબ્બે, ત્રણ ત્રણ અને ચાર પાંખવાળા બનાવનારો છે, અને તે જે કાંઇ ચાહે છે તે સૃષ્ટીમાં વધારી દે છે; બેશક અલ્લાહ દરેક વસ્તુ પર (સંપૂર્ણ) કાબૂ ધરાવનારો છે.

مَا يَفْتَحِ اللّٰهُ لِلنَّاسِ مِنْ رَّحْمَةٍ فَلَا مُمْسِكَ لَهَا ۚ وَمَا يُمْسِكْ ۙ
فَلَا مُرْسِلَ لَهٗ مِنْۢ بَعْدِهٖ ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۝٢

(૨) અલ્લાહ માણસો માટે જે કૃપા (ના દ્વાર) ઉઘાડી નાખે છે તેને કોઇ રોકનાર નથી, અને જે કાંઇ તે રોકી લે છે તેને પાછો મોકલનાર પણ કોઇ નથી; અને તે મહા બળવાન (અને) હિકમતવાળો છે.

يٰۤاَيُّهَا النَّاسُ اذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ ؕ هَلْ مِنْ خَالِقٍ
غَيْرُ اللّٰهِ يَرْزُقُكُمْ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ ؕ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۖ فَاَنّٰى
تُؤْفَكُوْنَ ۝٣

(૩) અય લોકો ! તમારા પર અલ્લાહની જે જે નેઅમતો છે તેમને યાદ કરતા રહો; શું અલ્લાહ સિવાય કોઇ બીજો પણ સર્જનહાર છે કે જે આસમાન તથા જમીનમાંથી તમને રોઝી આપે ? તેના સિવાય કોઇ માઅબૂદ નથી, પછી તમે ક્યાં બહેકી જાઓ છો ?

وَاِنْ يُّكَذِّبُوْكَ فَقَدْ كُذِّبَتْ رُسُلٌ مِّنْ قَبْلِكَ ؕ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ﴿۴﴾

(૪) અને (અય રસૂલ !) જો તને આ લોકો જૂઠલાવે તો (તું દુઃખ ન લગાડ) ખરેજ તારી પૂર્વે ઘણાય રસૂલો જૂઠલાઇ ચૂક્યા છે; અને સર્વે બાબતોનું પાછું ફરવું અલ્લાહની જ તરફ થશે.

يَاَيُّهَا النَّاسُ اِنَّ وَعۡدَ اللّٰهِ حَقٌّ فَلَا تَغُرَّنَّكُمُ الۡحَيٰوةُ الدُّنۡيَا ۚ
وَلَا يَغُرَّنَّكُمۡ بِاللّٰهِ الۡغَرُوۡرُ ﴿۵﴾

(૫) અય લોકો બેશક અલ્લાહનો વાયદો સાચો છે, માટે તમને સંસારી જીવન ધોકો ન આપે; અને કોઇ મોટો દગાબાજ (શેતાન) અલ્લાહના સંબંધમાં તમને ધોકો ન આપે.

اِنَّ الشَّيۡطٰنَ لَكُمۡ عَدُوٌّ فَاتَّخِذُوۡهُ عَدُوًّا ؕ اِنَّمَا يَدۡعُوۡا حِزۡبَهٗ
لِيَكُوۡنُوۡا مِنۡ اَصۡحٰبِ السَّعِيۡرِ ؕ﴿۶﴾

(૬) બેશક શેતાન તમારો (ખુલ્લો) દુશ્મન છે, માટે તમે પણ તેને (તમારો) દુશ્મન ગણો; તે પોતાના

ટોળાંને કેવળ એટલા માટે બોલાવતો રહે છે કે તેઓ પણ જહન્નમી થઇજાય.

اَلَّذِيْنَ كَفَرُوْا لَهُمْ عَذَابٌ شَدِيْدٌ ۬ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ كَبِيْرٌ ۧ

(૭) જે લોકો ઇમાન નથી લાવ્યા તેમના માટે સખત અઝાબ છે; અને જે લોકો ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો કર્યાં છે તો તેમના માટે ગુનાહોની માફી અને ઘણો મોટો બદલો છે.

اَفَمَنْ زُيِّنَ لَهٗ سُوْٓءُ عَمَلِهٖ فَرَاٰهُ حَسَنًا ؕ فَاِنَّ اللّٰهَ يُضِلُّ مَنْ
يَّشَآءُ وَيَهْدِيْ مَنْ يَّشَآءُ ۖ فَلَا تَذْهَبْ نَفْسُكَ عَلَيْهِمْ
حَسَرٰتٍ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِمَا يَصْنَعُوْنَ ۸

(૮) શું તે શખ્સ કે જેની નિગાહમાં બદકારીને શોભા આપવામાં આવી છે, પછી તેને તે સારી પણ સમજે છે, (તે શું તેના જેવો થઇ શકે છે કે જે સત્કાર્યો કરનાર હોય ?) માટે અલ્લાહ જેનાથી ચાહે છે હિદાયતની પ્રેરણા છીનવી લે છે, અને જેને ચાહે છે હિદાયત આપે છે; જેથી (અય રસૂલ!) તેમના સંબંધી હાય અફસોસ કરતાં કરતાં ક્યાંય તારો પ્રાણ નીકળી ન જાય; બેશક તેઓ જે કાંઇ કરે છે તેનાથી અલ્લાહ સંપૂર્ણ વાકેફ છે.

وَاللّٰهُ الَّذِيْٓ اَرْسَلَ الرِّيٰحَ فَتُثِيْرُ سَحَابًا فَسُقْنٰهُ اِلٰى بَلَدٍ مَّيِّتٍ
فَاَحْيَيْنَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ۭ كَذٰلِكَ النُّشُوْرُ ⑨

(૯) અને અલ્લાહ એજ (સર્વ શક્તિમાન) છે જે વાયુઓને મોકલે છે, પછી તે (વાયુઓ) વાદળાંઓને ઊંચે લઇ આવે છે, પછી અમે તે વાદળાંઓને મૃત (ભૂમિવાળા) શહેર તરફ હાંકી લાવીએ છીએ, પછી અમે તે (વાદળાં) દ્વારા જમીનને તેના મૃત્યુ બાદ સજીવન કરી દઇએ છીએ; કયામતમાં પણ એવીજ રીતે (સજીવન થઇ) ઉઠવાનું થશે.

مَنۡ كَانَ يُرِيۡدُ الۡعِزَّةَ فَلِلّٰهِ الۡعِزَّةُ جَمِيۡعًا ؕ اِلَيۡهِ يَصۡعَدُ الۡكَلِمُ
الطَّيِّبُ وَالۡعَمَلُ الصَّالِحُ يَرۡفَعُهٗ ؕ وَالَّذِيۡنَ يَمۡكُرُوۡنَ
السَّيِّاٰتِ لَهُمۡ عَذَابٌ شَدِيۡدٌ ؕ وَمَكۡرُ اُولٰٓـئِكَ هُوَ يَبُوۡرُ ﴿۱۰﴾

(૧૦) જે શખ્સ આબરૂનો ઇચ્છનાર હોય તો સંપૂર્ણ આબરૂ અલ્લાહ માટેજ છે; તેનીજ તરફ પવિત્ર કલ્મા (શુભ વાણી) ચઢે છે, અને સત્કાર્યો તે (શુભ વાણી)ને ઊંચે ચઢાવે છે; અને જેઓ ચાલબાઝીઓ કરી બદીઓ કરતા રહે છે તેમના માટેજ સખ્ત અઝાબ છે; અને તેમની ચાલબાઝીઓ અંતે નિષ્ફળ જનાર છે.

وَاللّٰهُ خَلَقَكُمۡ مِّنۡ تُرَابٍ ثُمَّ مِنۡ نُّطۡفَةٍ ثُمَّ جَعَلَكُمۡ
اَزۡوَاجًا ؕ وَمَا تَحۡمِلُ مِنۡ اُنۡثٰى وَلَا تَضَعُ اِلَّا بِعِلۡمِهٖ ؕ وَمَا يُعَمَّرُ
مِنۡ مُّعَمَّرٍ وَّلَا يُنۡقَصُ مِنۡ عُمُرِهٖۤ اِلَّا فِىۡ كِتٰبٍ ؕ اِنَّ ذٰلِكَ عَلَى
اللّٰهِ يَسِيۡرٌ ﴿۱۱﴾

(૧૧) અને અલ્લાહે તમને (પ્રથમ) માટીમાંથી પેદા કર્યાં, પછી વીર્ય બિંદુમાંથી, પછી તમને જોડાં જોડાં (નર-માદા) બનાવ્યાં; અને કોઇ માદા (એવી) ગર્ભવંતી થતી નથી, અને ન તે કોઇ બાળકને જન્મ આપે છે, પરંતુ આ કે અલ્લાહને તે (સર્વે)ની જાણ ન હોય; અને કોઇ વૃધ્ધને વધારે વય આપવામાં નથી આવતી અને ન તેની વયમાં ઘટાડો કરવામાં આવે છે, સિવાય કે (જે વય) અલ્લાહના લખાણમાં મોજૂદ હોય (તેજ આપવામાં આવે છે); ખરેખરજ આ વાત અલ્લાહ માટે અત્યંત સહેલી છે.

وَمَا يَسْتَوِى الْبَحْرٰنِ ۖ هٰذَا عَذْبٌ فُرَاتٌ سَآئِغٌ شَرَابُهٗ وَهٰذَا
مِلْحٌ اُجَاجٌ ؕ وَمِنْ كُلٍّ تَاْكُلُوْنَ لَحْمًا طَرِيًّا وَّتَسْتَخْرِجُوْنَ
حِلْيَةً تَلْبَسُوْنَهَا ۚ وَتَرَى الْفُلْكَ فِيْهِ مَوَاخِرَ لِتَبْتَغُوْا مِنْ
فَضْلِهٖ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۱۲﴾

(૧૨) અને એવા બે સમુદ્રો સમાન હોઇ શકતા નથી કે એકનું તો પાણી મીઠું, રૂચીકર અને તે પીવામાં સ્વાદિષ્ટ હોય અને બીજું ખારૂં (તથા) કડવું હોય; છતાંય દરેક (સમુદ્ર)માંથી તમે તાજું તાજું ગોશ્ત ખાઓ છો, તથા ઘરેણાંની વસ્તુઓ કાઢો છો જે તમે પહેરો છો, અને તમે વહાણોને જુઓ છો કે તેમાં (માર્ગ) કાપતાં (કેવાં) ચાલ્યાં

જાય છે કે જેથી તમે તેની કૃપા (રોઝી) મેળવનારા થાઓ, અને તેથી કદાચને તમે તેનો આભાર માનનારા બની જાઓ.

يُوۡلِجُ الَّيۡلَ فِى النَّهَارِ وَيُوۡلِجُ النَّهَارَ فِى الَّيۡلِ ۙ وَسَخَّرَ الشَّمۡسَ
وَالۡقَمَرَ ‌ۖ كُلٌّ يَّجۡرِىۡ لِاَجَلٍ مُّسَمًّى ‌ؕ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمۡ لَهُ
الۡمُلۡكُ ‌ؕ وَالَّذِيۡنَ تَدۡعُوۡنَ مِنۡ دُوۡنِهٖ مَا يَمۡلِكُوۡنَ مِنۡ قِطۡمِيۡرٍ ؕ‏ ﴿۱۳﴾

(૧૩) તે રાત્રિને વધારી દિવસમાં દાખલ કરી દે છે અને દિવસને વધારી રાત્રિમાં દાખલ કરી દે છે, અને સૂર્ય તથા ચંદ્રને (તમારે) તાબે કરી દીધા છે, જે દરેક પોતપોતાના નિશ્ચિત સમય મુજબ ચાલી રહ્યા છે; એજ અલ્લાહ તમારો પરવરદિગાર છે

(અને) સર્વે બાદશાહત તેનીજ છે; અને જેમને તમે તેના સિવાય પોકારો છો તેમને ખજૂરના ઠળીયાની છાલ જેટલો પણ અધિકાર નથી.

إِنْ تَدْعُوهُمْ لَا يَسْمَعُوا دُعَآءَكُمْ ۚ وَلَوْ سَمِعُوا مَا اسْتَجَابُوا لَكُمْ ۖ وَيَوْمَ الْقِيٰمَةِ يَكْفُرُونَ بِشِرْكِكُمْ ۖ وَلَا يُنَبِّئُكَ مِثْلُ خَبِيرٍ ﴿١٤﴾

(૧૪) જો તમે તેમને પોકારશો તો તેઓ તમારૂં પોકારવું સાંભળશે નહિ, અને કદાચને સાંભળી લેશે તો પણ તમને કાંઇ જવાબ આપશે નહિ, અને કયામતના દિવસે તમારા તેમને શરીક બનાવવાનો ઇન્કાર કરી દેશે; અને તે (મહાન)

જાણનાર અલ્લાહની જેમ બીજો કોઇ તમને ખબર આપશે નહીં.

يَاَيُّهَا النَّاسُ اَنْتُمُ الْفُقَرَآءُ اِلَى اللّٰهِ ۚ وَاللّٰهُ هُوَالْغَنِيُّ الْحَمِيْدُ ﴿١٥﴾

(૧૫) અય લોકો ! તમે સર્વે અલ્લાહના મોહતાજ છો, અને અલ્લાહ એજ બેપરવાહ (અને) વખાણનેપાત્રછે.

اِنْ يَّشَاْ يُذْهِبْكُمْ وَيَاْتِ بِخَلْقٍ جَدِيْدٍ ﴿١٦﴾ۚ

(૧૬) જો તે ચાહે તો તમો સર્વેને લઇ જાય (અર્થાત નાબૂદ કરે) અને નવી સૃષ્ટિ લાવી વસાવે.

وَمَا ذٰلِكَ عَلَى اللّٰهِ بِعَزِيْزٍ ﴿١٧﴾

(૧૭) અને તે અલ્લાહના માટે મુશ્કેલ નથી.

وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى ؕ وَاِنْ تَدْعُ مُثْقَلَةٌ اِلٰى حِمْلِهَا لَا
يُحْمَلْ مِنْهُ شَيْءٌ وَّلَوْ كَانَ ذَا قُرْبٰى ؕ اِنَّمَا تُنْذِرُ الَّذِيْنَ يَخْشَوْنَ
رَبَّهُمْ بِالْغَيْبِ وَاَقَامُوا الصَّلٰوةَ ؕ وَمَنْ تَزَكّٰى فَاِنَّمَا يَتَزَكّٰى
لِنَفْسِهٖ ؕ وَاِلَى اللّٰهِ الْمَصِيْرُ ﴿١٨﴾

(૧૮) અને કોઇ (ગુનાહનો) બોજો ઊંચકનાર બીજા કોઇનો બોજો ઊંચકશે નહિ; અને જો કોઇ ભારે બોજાવાળો પોતાનો બોજો હલકો કરવા માટે કોઇ બીજાને બોલાવે તો પણ તેના બોજામાંથી કાંઇ પણ બોજો ઉપાડી જઇ શકશે નહિ, (પછી) ભલેને

તે તેનો નજીકનો (સ્નેહી) પણ (કેમ ન) હોય. (અયરસૂલ!) સિવાય તેના નથી કે તું તે લોકોને જ ડરાવી શકે છે કે જેઓ પોતાના પાલનકર્તાને જોયા વિના ડરતા હોય તથા નમાઝ પઢતા હોય; અને જે શખ્સ ગુનાહોથી પાક રહે છે તે પોતાના જ લાભ માટે પાક રહે છે; અને અલ્લાહની જ તરફ (સર્વેનું) પાછું ફરવું થશે.

وَمَا يَسْتَوِى الْأَعْمٰى وَالْبَصِيْرُ ﴿١٩﴾

(૧૯) અને આંધળો તથા દેખનારો બરાબર થઇ શકતા નથી. ः

وَلَا الظُّلُمٰتُ وَلَا النُّوْرُ ﴿٢٠﴾

(૨૦) અને ન અંધકાર અને પ્રકાશ

وَلَا الظِّلُّ وَلَا الْحَرُوْرُ ﴿٢١﴾

(૨૧) અને ન છાંયડો અને તડકો.

وَمَا يَسْتَوِى الْاَحْيَآءُ وَلَا الْاَمْوَاتُ ؕ اِنَّ اللّٰهَ يُسْمِعُ مَنْ
يَّشَآءُ ۚ وَمَآ اَنْتَ بِمُسْمِعٍ مَّنْ فِى الْقُبُوْرِ ﴿٢٢﴾

(૨૨) અને ન જીવતા તથા મુડદા બરાબર હોય છે; બેશક અલ્લાહ તો જેને ચાહે છે તેને સંભળાવી શકે છે, અને તું તેમને કે જેઓ કબરોમાં છે તેઓને કાંઇજ સંભળાવી શકતો નથી.

اِنْ اَنْتَ اِلَّا نَذِيْرٌ ﴿٢٣﴾

(૨૩) તું તો માત્ર એક (ખુલ્લો) ડરાવનારો છે.

إِنَّآ أَرۡسَلۡنَٰكَ بِٱلۡحَقِّ بَشِيرٗا وَنَذِيرٗاۚ وَإِن مِّنۡ أُمَّةٍ إِلَّا خَلَا فِيهَا نَذِيرٞ ٢٤

(૨૪) બેશક અમોએ તને ખુશખબર સંભળાવનાર તથા ડરાવનાર બનાવી સત્યતાપૂર્વક મોકલ્યો છે; અને એક પણ કોમ એવી નથી થઇ કે જેમાં (અમારો) કોઇ ડરાવનાર (રસૂલ) થઇ ગયો ન હોય.

وَإِن يُكَذِّبُوكَ فَقَدۡ كَذَّبَ ٱلَّذِينَ مِن قَبۡلِهِمۡ جَآءَتۡهُمۡ رُسُلُهُم بِٱلۡبَيِّنَٰتِ وَبِٱلزُّبُرِ وَبِٱلۡكِتَٰبِ ٱلۡمُنِيرِ ٢٥

(૨૫) અને જો તેઓ તને જૂઠલાવે તો (તું માઠું ન લગાડ) ખરેખરજ તેમની અગાઉના લોકોએ પણ

(રસૂલોને) જૂઠલાવ્યા હતા. તેમના રસૂલ તેમની પાસે ખુલ્લી દલીલો તથા સહીફા તથા પ્રકાશ પહોંચાડનારી કિતાબો લઇને આવ્યા હતા.

ثُمَّ اَخَذۡتُ الَّذِيۡنَ كَفَرُوۡا فَكَيۡفَ كَانَ نَكِيۡرِ ﴿۲۶﴾

(૨૬) પછી જેઓ ઇમાન લાવ્યા ન હતા તેમની અમોએ ધરપકડ કરી, પછી (તેં જોયું કે) અમારી નારાજગી કેવી હતી !

اَلَمۡ تَرَ اَنَّ اللّٰهَ اَنۡزَلَ مِنَ السَّمَآءِ مَآءً ۚ فَاَخۡرَجۡنَا بِهٖ ثَمَرٰتٍ مُّخۡتَلِفًا اَلۡوَانُهَا ؕ وَمِنَ الۡجِبَالِ جُدَدٌۢ بِيۡضٌ وَّحُمۡرٌ مُّخۡتَلِفٌ اَلۡوَانُهَا وَغَرَابِيۡبُ سُوۡدٌ ﴿۲۷﴾

(૨૭) શું તેં આ નથી વિચાર્યું કે બેશક અલ્લાહે આસમાન પરથી પાણી ઉતાર્યું, પછી તે વડે અમોએ જુદા જુદા રંગના ફળ ઉત્પન્ન કર્યાં; અને પહાડોમાં કેટલાક એવા પ્રદેશો છે કે (જેમાં કેટલાક) ધોળા તથા (કેટલાક) રાતા જુદા જુદા રંગના છે, અને કેટલાક અતિશય કાળા ?

وَمِنَ النَّاسِ وَالدَّوَآبِّ وَالْاَنْعَامِ مُخْتَلِفٌ اَلْوَانُهٗ كَذٰلِكَ ؕ
اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ غَفُوْرٌ ﴿٢٨﴾

(૨૮) અને માણસો તથા પ્રાણીઓ તથા ચોપગાંઓમાંથી પણ એવીજ રીતે જુદા જુદા રંગના હોય છે; અલ્લાહના બંદાઓમાંથી માત્ર

જ્ઞાનીઓજ અલ્લાહથી ડરતા રહે છે; બેશક અલ્લાહ ઝબરદસ્ત (અને) મહા ક્ષમાવાન છે.

إِنَّ الَّذِينَ يَتْلُونَ كِتَٰبَ اللَّهِ وَأَقَامُوا الصَّلَوٰةَ وَأَنفَقُوا مِمَّا
رَزَقْنَٰهُمْ سِرًّا وَعَلَانِيَةً يَرْجُونَ تِجَٰرَةً لَّن تَبُورَ ﴿٢٩﴾

(૨૯) બેશક તે લોકો કે જેઓ અલ્લાહની કિતાબની તિલાવત કરતા રહે છે તથા નમાઝ પઢતા રહે છે, અને અમે તેમને જે રોઝી આપીએ છીએ તેમાંથી છુપી અથવા જાહેર (રીતે અમારી રાહમાં) ખરચતા રહે છે, તેઓ એવા સોદાની આશા રાખે છે કે જેમાં કદી નુકસાન આવેજ નહિઃ

لِيُوَفِّيَهُمْ اُجُوْرَهُمْ وَيَزِيْدَهُمْ مِّنْ فَضْلِهٖ ؕ اِنَّهٗ غَفُوْرٌ
شَكُوْرٌ ﴿۳۰﴾

(30) એટલા માટે કે અલ્લાહ તેમનો બદલો તેમને પૂરેપૂરો આપે, અને પોતાની કૃપામાંથી તેમના માટે વધારો કરે; બેશક તે મોટો માફ કરનાર (અને) કદર કરનારો છે.

وَالَّذِيْٓ اَوْحَيْنَآ اِلَيْكَ مِنَ الْكِتٰبِ هُوَ الْحَقُّ مُصَدِّقًا لِّمَا بَيْنَ
يَدَيْهِ ؕ اِنَّ اللّٰهَ بِعِبَادِهٖ لَخَبِيْرٌۢ بَصِيْرٌ ﴿۳۱﴾

(૩૧) અને અય રસૂલ ! અમોએ તારી તરફ વહી દ્વારા જે કિતાબ મોકલી છે તે સત્ય છે, (અને) તેની અગાઉની કિતાબોની સત્યતાને ટેકો આપનારી છે;

અવશ્ય અલ્લાહ પોતાના બંદાઓના હાલથી સારી રીતે વાકેફ (અને) તેમને નિહાળનાર છે.

ثُمَّ اَوْرَثْنَا الْكِتٰبَ الَّذِيْنَ اصْطَفَيْنَا مِنْ عِبَادِنَا ۚ فَمِنْهُمْ ظَالِمٌ لِّنَفْسِهٖ ۚ وَمِنْهُمْ مُّقْتَصِدٌ ۚ وَمِنْهُمْ سَابِقٌۢ بِالْخَيْرٰتِ بِاِذْنِ اللّٰهِ ۭ ذٰلِكَ هُوَ الْفَضْلُ الْكَبِيْرُ ۝

(૩૨) પછી અમોએ અમારી કિતાબના વારસ તેમને બનાવ્યા કે જેમને અમોએ અમારા (તમામ) બંદાઓમાંથી ચૂંટી લીધા હતા; પણ તે (બંદા)ઓમાંથી કેટલાક તો પોતાના ઉપર ઝુલ્મ કરનારા છે, અને તેમનામાંથી કેટલાકો મધ્યમ (માર્ગે) ચાલનારા છે, અને તેમનામાંથી કેટલાક

અલ્લાહના હુકમથી નેકીઓમાં આગળ વધી જનારા છે; અને એજ મોટી કૃપા છે.

جَنّٰتُ عَدۡنٍ يَّدۡخُلُوۡنَهَا يُحَلَّوۡنَ فِيۡهَا مِنۡ اَسَاوِرَ مِنۡ ذَهَبٍ وَّلُـؤۡلُـؤًا‌ ۚ وَلِبَاسُهُمۡ فِيۡهَا حَرِيۡرٌ ﴿۳۳﴾

(33) તેઓ સર્વે હંમેશા (કાયમ) રહેનારી જન્નતોમાં દાખલ થઇ જશે, તેમાં તેમને સોનાના કંકણ તથા મોતી (ની માળા) પહેરાવવામાં આવશે, અને તેમાં તેમનો પોશાક રેશમનો હશે.

وَقَالُوا الۡحَمۡدُ لِلّٰهِ الَّذِىۡۤ اَذۡهَبَ عَنَّا الۡحَزَنَ‌ ؕ اِنَّ رَبَّنَا لَغَفُوۡرٌ شَكُوۡرُ ۙ ﴿۳۴﴾

(૩૪) અને તેઓ કહેશે કે અલ્લાહનો શુક્ર છે કે જેણે અમારાથી દરેક પ્રકારના રંજ, ગમ દૂર કરી દીધા; બેશક અમારો પરવરદિગાર મહા ક્ષમાવાન (અને) કદર કરનારો છેઃ

الَّذِيٓ اَحَلَّنَا دَارَ الْمُقَامَةِ مِنْ فَضْلِهٖ ۚ لَا يَمَسُّنَا فِيْهَا نَصَبٌ
وَّلَا يَمَسُّنَا فِيْهَا لُغُوْبٌ ﴿٣٥﴾

(૩૫) જેણે અમને પોતાની કૃપાથી આવા હંમેશના રહેવાના ઘરમાં લાવી ઉતાર્યા, જેમાં અમને ન કોઇ તકલીફ પહોંચશે, અને ન તેમાં અમને કાંઇ પરિશ્રમ લાગશે.

وَالَّذِيْنَ كَفَرُوْا لَهُمْ نَارُ جَهَنَّمَ ۚ لَا يُقْضٰى عَلَيْهِمْ فَيَمُوْتُوْا

وَلَا يُخَفَّفُ عَنْهُمْ مِّنْ عَذَابِهَا ؕ كَذٰلِكَ نَجْزِيْ كُلَّ كَفُوْرٍ ۟﴿٣٦﴾

(૩૬) અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેમના માટે દોઝખની આગ છે. ત્યાં ન તો તેમને મૃત્યુ આવશે કે જેથી તેઓ મરી જાય, અને ન તેમનો તે (જહન્નમ)નો અઝાબ હળવો કરવામાં આવશે; (અને) દરેક અનુપકારીને અમે એવીજ સજા આપીએ છીએ.

وَهُمْ يَصْطَرِخُوْنَ فِيْهَا ۚ رَبَّنَآ اَخْرِجْنَا نَعْمَلْ صَالِحًا غَيْرَ

الَّذِيْ كُنَّا نَعْمَلُ ؕ اَوَلَمْ نُعَمِّرْكُمْ مَّا يَتَذَكَّرُ فِيْهِ مَنْ تَذَكَّرَ

وَجَآءَكُمُ النَّذِيْرُ ؕ فَذُوْقُوْا فَمَا لِلظّٰلِمِيْنَ مِنْ نَّصِيْرٍ ۟﴿٣٧﴾

(૩૭) અને તેઓ તેમાં પડયા પડયા (મદદ માટે) કલ્પાંત કરશે (અને કહેશે) કે અય અમારા પરવરદિગાર! અમને (આમાંથી) કાઢી લે કે જેથી અમે જે અમલ અત્યાર સુધી કરતા હતા તેની વિરૂધ્ધ સત્કાર્યો કરીએ, (જવાબ મળશે કે) શું અમોએ તમને લાંબુ આયુષ્ય આપ્યું ન હતું કે તેમાં જે પણ (મનુષ્ય) જે નસીહત ગ્રહણ કરવા ચાહતે તો તે કરી શકતે? તે ઉપરાંત તમારી પાસે એક ખુલ્લો ડરાવનારો (રસૂલ) પણ આવ્યો હતો; (પણ તમોએ તેનું કાંઇજ સાંભળ્યું ન હતું જેથી) હવે મજા ચાખો, કારણ કે અહીં ઝુલ્મગારોનો કોઇ મદદગાર નથી.

إِنَّ اللَّهَ عَٰلِمُ غَيْبِ السَّمَٰوَٰتِ وَالْأَرْضِ ۚ إِنَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿٣٨﴾

(૩૮) બેશક અલ્લાહ આસમાનો તથા જમીનની છુપી વાતો જાણનારો છે; ખરેજ તે દિલોની વાતોથી પણ સંપૂર્ણ વાકેફ છે.

هُوَ الَّذِي جَعَلَكُمْ خَلَٰئِفَ فِي الْأَرْضِ ۚ فَمَنْ كَفَرَ فَعَلَيْهِ كُفْرُهُ ۖ وَلَا يَزِيدُ الْكَٰفِرِينَ كُفْرُهُمْ عِنْدَ رَبِّهِمْ إِلَّا مَقْتًا ۖ وَلَا يَزِيدُ الْكَٰفِرِينَ كُفْرُهُمْ إِلَّا خَسَارًا ﴿٣٩﴾

(૩૯) એજ તો તે છે કે જેણે તમને જમીનમાં (આગલાઓના) વારસ બનાવ્યા; પછી જે શખ્સ ઇન્કાર કરનારો થઇ ગયો તેના ઇન્કાર કરવા (ના

ગુનાહ)નો બોજો તેના ઉપરજ છે; અને ઇમાન ન લાવનારાઓ માટે તેમનું ઇમાન ન લાવવું તેમના પરવરદિગાર પાસે તેમના પ્રત્યે ધિક્કારમાં વધારો કરવા સિવાય બીજું કાંઇ (વધારો કરતું) નથી, અને ઇમાન ન લાવનારાઓને તેમનું ઇમાન ન લાવવું તેમના નુકસાન સિવાય બીજું કાંઇ વધારતું નથી.

قُلْ اَرَءَيْتُمْ شُرَكَآءَكُمُ الَّذِيْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ؕ اَرُوْنِيْ
مَاذَا خَلَقُوْا مِنَ الْاَرْضِ اَمْ لَهُمْ شِرْكٌ فِي السَّمٰوٰتِ ۚ اَمْ
اٰتَيْنٰهُمْ كِتٰبًا فَهُمْ عَلٰى بَيِّنَتٍ مِّنْهُ ۚ بَلْ اِنْ يَّعِدُ الظّٰلِمُوْنَ
بَعْضُهُمْ بَعْضًا اِلَّا غُرُوْرًا ﴿٤٠﴾

(૪૦) (અય રસૂલ !) તું કહે કે શું તમોએ તમારા તે શરીકોને જોયા છે કે જેમને તમે અલ્લાહના સિવાય પોકારો છો ? જરા મને તો દેખાડો કે તેમણે જમીનનો ક્યો ભાગ ઉત્પન્ન કર્યો છે. અથવા આસમાનોની બનાવટમાં પણ તેમનો કોઇ ભાગ છે, અથવા અમોએ તેમને કોઇ કિતાબ આપી છે કે તેઓ તેના કારણે ખુલ્લી દલીલ પર હોય ? (આ માંનું કાંઇજ નથી) બલ્કે એ નાફરમાન લોકો એક બીજાને કેવળ ધોકો આપવાના વાયદા કરે છે.

إِنَّ اللَّهَ يُمْسِكُ السَّمٰوٰتِ وَالْأَرْضَ أَنْ تَزُولَا ۚ وَلَئِنْ زَالَتَا إِنْ
أَمْسَكَهُمَا مِنْ أَحَدٍ مِّنْ بَعْدِهِ ۚ إِنَّهُ كَانَ حَلِيمًا غَفُورًا ﴿٤١﴾

(૪૧) બેશક અલ્લાહે આસમાનો તથા જમીનને આ વાતથી રોકી રાખેલાં છે કે તેઓ (પોતાના સ્થાનેથી) ઢળી પડે; અને કદાચને આ બન્ને (તેમનાં સ્થાનેથી) ઢળી પડે તો તેના સિવાય કોઇ એવો છે કે જે તેમને રોકી રાખે? ખરેખરજ તે મહા સહનશીલ (અને) ક્ષમાવાન છે.

وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ اَيْمَانِهِمْ لَئِنْ جَآءَهُمْ نَذِيْرٌ لَّيَكُوْنُنَّ اَهْدٰى مِنْ اِحْدَى الْاُمَمِ ۚ فَلَمَّا جَآءَهُمْ نَذِيْرٌ مَّا زَادَهُمْ اِلَّا نُفُوْرًا ۙ﴿٤٢﴾

(૪૨) અને તેમણે પોતાના સંપૂર્ણ બળ સાથે અલ્લાહની કસમ ખાઇને કહ્યું હતું કે જો તેમની

પાસે કોઇ ડરાવનારો આવશે તો ખરેખરજ તેઓ આગલી કોઇ પણ ઉમ્મતો કરતાં વધારે સન્માર્ગ પર આવનારા થઇ જશે, પરંતુ જ્યારે તેમની પાસે ડરાવનારો આવ્યો ત્યારે (ઉલ્ટો) તેમના ધિક્કારમાં વધારો થયોઃ

اسْتِكْبَارًا فِي الْأَرْضِ وَمَكْرَ السَّيِّئِ ۚ وَلَا يَحِيقُ الْمَكْرُ
السَّيِّئُ إِلَّا بِأَهْلِهِ ۚ فَهَلْ يَنْظُرُونَ إِلَّا سُنَّتَ الْأَوَّلِينَ ۚ فَلَنْ
تَجِدَ لِسُنَّتِ اللَّهِ تَبْدِيلًا ۖ وَلَنْ تَجِدَ لِسُنَّتِ اللَّهِ تَحْوِيلًا ﴿٤٣﴾

(૪૩) (એટલે કે) જમીન પર તેઓ અભિમાનથી વર્તવા અને ખરાબ ચાલબાઝીઓ ચલાવવા લાગ્યા જો કે ખરાબ ચાલબાઝીઓ બીજા કોઇને

નહિ પણ તેના કરનારાઓને જ ઘેરી લે છે; તો શું આ લોકો તેમના પૂર્વજો સાથે જે વર્તન કરવામાં આવ્યું તે (સિવાયનાં બીજા કોઇ વર્તન)ની રાહ જુએ છે ? પણ તું અલ્લાહના વર્તનમાં કાંઇ પણ ફેરફાર જોશે નહિ, અને કદી તું અલ્લાહના વર્તનમાં કાંઈ બદલાવ જોશે નહિ.

اَوَلَمْ يَسِيْرُوْا فِي الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ
مِنْ قَبْلِهِمْ وَكَانُوْٓا اَشَدَّ مِنْهُمْ قُوَّةً ؕ وَمَا كَانَ اللّٰهُ لِيُعْجِزَهٗ
مِنْ شَيْءٍ فِي السَّمٰوٰتِ وَلَا فِي الْاَرْضِ ؕ اِنَّهٗ كَانَ عَلِيْمًا
قَدِيْرًا ﴿٤٤﴾

(૪૪) શું તેઓ જમીનમાં ચાલ્યા ફર્યા નથી કે તેઓ આ જોતે કે તેમના પૂર્વજોનું પરિણામ કેવું આવ્યું ? જો કે બળમાં તેઓ તેમના કરતાં ઘણાં વધેલા હતા; અને અલ્લાહ એવો નથી કે આસમાનો તથા જમીનની કોઇ વસ્તુ તેને હરાવી દે, બેશક તે (દરેક વસ્તુ સારી રીતે) જાણનાર (અને) કુદરતવાળો છે.

وَلَوْ يُؤَاخِذُ اللّٰهُ النَّاسَ بِمَا كَسَبُوْا مَا تَرَكَ عَلٰى ظَهْرِهَا مِنْ دَآبَّةٍ وَّلٰكِنْ يُّؤَخِّرُهُمْ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ۚ فَاِذَا جَآءَ اَجَلُهُمْ فَاِنَّ اللّٰهَ كَانَ بِعِبَادِهٖ بَصِيْرًا ۝٤٥

(૪૫) અને જો અલ્લાહ માણસોને જે કામો તેઓ કરી ચૂક્યા છે, તેના પ્રમાણમાં તેમની ધરપકડ કરે તો જમીનપટ પર એક પ્રાણીને પણ બાકી રહેવા ન દે, પરંતુ તે તેમને એક નિશ્ચિત સમય સુધી મોહલત આપી દે છે, પછી જ્યારે તેમનો નિશ્ચિત સમય આવી પહોંચશે (તો બસ) અલ્લાહ જ પોતાના બંદાઓના હાલનો જોનાર (અને કરણીના પ્રમાણમાં બદલો આપનાર) છે.

يٰسٓ ۚ﴿۱﴾

(૧) યાસીન

وَالْقُرْاٰنِ الْحَكِيْمِ ۙ﴿۲﴾

(૨) (આ) હિકમતવાળા કુરઆનના સોગંદ છેઃ

اِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَ ۙ﴿۳﴾

(૩) બેશક તું રસૂલો માંનો છેઃ

عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ؕ﴿۴﴾

(૪) સન્માર્ગ ઉપર.

تَنْزِيْلَ الْعَزِيْزِ الرَّحِيْمِ ۙ﴿۵﴾

(૫) આ કુરઆન ઝબરદસ્ત દયાળુ (અલ્લાહ)એ ઉતારેલું છે ઃ

لِتُنۡذِرَ قَوۡمًا مَّاۤ اُنۡذِرَ اٰبَآؤُهُمۡ فَهُمۡ غٰفِلُوۡنَ ﴿۶﴾

(૬) એ માટે કે તુ તે લોકોને ડરાવ કે જેમના વડીલો કદી ડરાવવામાં આવ્યા ન હતા, જેથી તેઓ (સતધર્મથી તદ્દન) અજ્ઞાત છે.

لَقَدۡ حَقَّ الۡقَوۡلُ عَلٰۤى اَكۡثَرِهِمۡ فَهُمۡ لَا يُؤۡمِنُوۡنَ ﴿۷﴾

(૭) અલ્લાહે ફરમાવેલું વચન તેઓ માંના ઘણાંખરાઓ પર સિદ્ધ થઇ ચૂક્યું છે, માટે તેઓ ઇમાન લાવશે નહિ.

إِنَّا جَعَلْنَا فِيٓ أَعْنَاقِهِمْ أَغْلَٰلًا فَهِيَ إِلَى ٱلْأَذْقَانِ فَهُم
مُّقْمَحُونَ ⑧

(૮) ખરેખરજ અમોએ તેમની ગરદનોમાં તોક નાખી દીધી છે જે હડપચી સુધી છે, તેથીજ તેમના શીશ ઉભાને ઉભાજ રહી ગયા છે.

وَجَعَلْنَا مِنۢ بَيْنِ أَيْدِيهِمْ سَدًّا وَمِنْ خَلْفِهِمْ سَدًّا
فَأَغْشَيْنَٰهُمْ فَهُمْ لَا يُبْصِرُونَ ⑨

(૯) અને અમોએ તેમની સામેથી એક દિવાલ તથા તેમની પાછળથી એક દિવાલ ઉભી કરી છે, પછી ઉપરથી અમોએ તેમને ઢાંકી દીધા છે, જેથી હવે તેઓ કાંઇ જોઈ શકતા નથી.

وَسَوَآءٌ عَلَيۡهِمۡ ءَاَنۡذَرۡتَهُمۡ اَمۡ لَمۡ تُنۡذِرۡهُمۡ لَا يُؤۡمِنُوۡنَ ﴿۱۰﴾

(૧૦) અને તેમના હકમાં (આ બન્ને વાતો) સમાન છે કે ચાહે તું તેમને ડરાવે કે ન ડરાવે, તેઓ ઇમાન લાવશે નહિ.

اِنَّمَا تُنۡذِرُ مَنِ اتَّبَعَ الذِّكۡرَ وَخَشِىَ الرَّحۡمٰنَ بِالۡغَيۡبِ ۚ فَبَشِّرۡهُ بِمَغۡفِرَةٍ وَّاَجۡرٍ كَرِيۡمٍ ﴿۱۱﴾

(૧૧) તું ડરાવી તો માત્ર તેનેજ શકે છે કે જે નસીહત પર ચાલે, અને વણદેખ્યા પરમદયાળુ (અલ્લાહ)થી ડરે, તો એવા શખ્સને ગુનાહોની બક્ષિશની તથા માનવંત બદલાની ખુશખબર સંભળાવી દે.

إِنَّا نَحْنُ نُحْيِ الْمَوْتَىٰ وَنَكْتُبُ مَا قَدَّمُوا وَآثَارَهُمْ ۚ وَكُلَّ شَيْءٍ
أَحْصَيْنَاهُ فِي إِمَامٍ مُبِينٍ ﴿١٢﴾

(૧૨) બેશક અમેજ મુડદાને સજીવન કરીએ છીએ, અને તેઓ જે કાંઇ (સારા કાર્યો) આગળ મોકલે છે અને જે (સારા કાર્યોનાં) ચિહ્નો (બીજાઓને અનુકરણ કરવા માટે) પાછળ મૂકી જાય છે તે સર્વેને અમે લખી લઇએ છીએ; અને અમોએ દરેક વસ્તુનો એક ખુલ્લા લખાણમાં સમાવેશ કરી દીધો છે.

وَاضْرِبْ لَهُمْ مَثَلًا أَصْحَابَ الْقَرْيَةِ إِذْ جَاءَهَا الْمُرْسَلُونَ ﴿١٣﴾

(૧૩) અને તેમના માટે તે (અન્તાકીયા શહેરના) વસ્તીવાળાઓનો દાખલો વર્ણવ કે જ્યારે અમારા

મોકલેલા (રસૂલો હ. ઇસા તરફથી) તે (વસ્તી)માં આવ્યા હતા.

اِذۡ اَرۡسَلۡنَاۤ اِلَیۡهِمُ اثۡنَیۡنِ فَکَذَّبُوۡهُمَا فَعَزَّزۡنَا بِثَالِثٍ فَقَالُوۡۤا
اِنَّاۤ اِلَیۡکُمۡ مُّرۡسَلُوۡنَ﴿۱۴﴾

(૧૪) જ્યારે કે અમોએ તેમના તરફ (પ્રથમ) બે રસૂલો (યુહન્ના તથા યુનૂસ)ને મોકલ્યા હતા, પછી જ્યારે તેમણે તે બન્નેને જૂઠલાવ્યા ત્યારે અમોએ ત્રીજા (રસૂલ શમઉન)થી (બન્નેને) બળ પહોંચાડ્યું, પછી તે (ત્રણેએ) મળીને કહ્યું કે ખરેખરજ અમે તમારા તરફ મોકલેલા રસૂલ છીએ.

قَالُوْا مَآ اَنْتُمْ اِلَّا بَشَرٌ مِّثْلُنَا ۙ وَمَآ اَنْزَلَ الرَّحْمٰنُ مِنْ شَیْءٍ ۙ
اِنْ اَنْتُمْ اِلَّا تَكْذِبُوْنَ ﴿۱۵﴾

(૧૫) (વસ્તીવાળાઓએ)એ કહ્યું કે તમે તો અમારાજ જેવા માણસો છો, અને દયાળુ (અલ્લાહ)એ કોઇ વસ્તુ (કિતાબ વિગેરે) ઉતારી નથી, (પણ) તમે નર્યું જૂઠું બોલો છો.

قَالُوْا رَبُّنَا یَعْلَمُ اِنَّاۤ اِلَیْكُمْ لَمُرْسَلُوْنَ ﴿۱۶﴾

(૧૬) (ત્યારે) તેમણે કહ્યું કે અમારો પરવરદિગાર જાણે છે કે અમે તમારા તરફ અવશ્ય મોકલવામાં આવ્યા છીએ.

وَمَا عَلَیْنَاۤ اِلَّا الْبَلٰغُ الْمُبِیْنُ ﴿۱۷﴾

(૧૭) અને અમારા ઉપર સ્પષ્ટ સંદેશો સંભળાવી દેવા સિવાય બીજું કાંઇજ નથી.

قَالُوْٓا اِنَّا تَطَيَّرْنَا بِكُمْ ۚ لَئِنْ لَّمْ تَنْتَهُوْا لَنَرْجُمَنَّكُمْ
وَلَيَمَسَّنَّكُمْ مِّنَّا عَذَابٌ اَلِيْمٌ ﴿۱۸﴾

(૧૮) (લોકોએ) કહ્યું કે અમે તો તમને અપશુકનિયાળ સમજીએ છીએ. (કારણ કે તમારા આવતાંજ અમે દુષ્કાળના સંકટમાં સપડાયા) જો તમે નહિ અટકો તો અવશ્ય અમે તમને પત્થરો મારી મારી નાખીશું. અને ખરેજ અમારા તરફથી તમને દુઃખદાયક અઝાબ (શિક્ષા) પહોંચશે.

قَالُوۡا طَآٮِٕرُكُمۡ مَّعَكُمۡ ؕ اَٮِٕنۡ ذُكِّرۡتُمۡ ؕ بَلۡ اَنۡتُمۡ قَوۡمٌ
مُّسۡرِفُوۡنَ﴿۱۹﴾

(૧૯) (રસૂલોએ) કહ્યું કે તમારૂં અપશુકન તમારી સાથેજ છે, શું (તમને સદ) બોધ આપવામાં આવે છે (તેને તમે અપશુકન ગણો છો ?) નહિ બલ્કે તમેજ હદ બહાર જનારા લોકો છો.

وَجَآءَ مِنۡ اَقۡصَا الۡمَدِيۡنَةِ رَجُلٌ يَّسۡعٰى قَالَ يٰقَوۡمِ اتَّبِعُوا
الۡمُرۡسَلِيۡنَ ۙ﴿۲۰﴾

(૨૦) અને તે શહેરનાં છેવટના ભાગમાંથી એક શખ્સ (હબીબ નામે સુથાર) દોડતો આવ્યો (અને)

કહેવા લાગ્યો કે અય મારી કોમ ! આ રસૂલોનું અુકરણ કરો ઃ

اتَّبِعُوۡا مَنۡ لَّا یَسۡـَٔلُكُمۡ اَجۡرًا وَّهُمۡ مُّهۡتَدُوۡنَ ﴿۲۱﴾

(૨૧) તે લોકોનું અનુકરણ કરો કે જેઓ તમારાથી (તમને હિદાયત કરે છે તેનો કાંઇ પણ) બદલો માંગતા નથી, અને (વળી) તેઓ હિદાયત પામેલા છે.

وَمَالِيَ لَآ اَعۡبُدُ الَّذِىۡ فَطَرَنِىۡ وَاِلَيۡهِ تُرۡجَعُوۡنَ ﴿۲۲﴾

(૨૨) અને મને શું થઇ ગયું છે કે જેણે મને પેદા કર્યો છે તેની હું ઇબાદત ન કરૂં ? જો કે તમો સર્વેનું પાછું ફરવું પણ તેનીજ તરફ થશે.

ءَ اَتَّخِذُ مِنۡ دُوۡنِهٖۤ اٰلِهَةً اِنۡ يُّرِدۡنِ الرَّحۡمٰنُ بِضُرٍّ لَّا تُغۡنِ عَنِّىۡ
شَفَاعَتُهُمۡ شَيۡـًٔا وَّلَا يُنۡقِذُوۡنِ ﴿۲۳﴾

(૨૩) શું હું તેને મૂકી દઇ (બીજા) એવા માઅબૂદો બનાવી લઉં કે જો તે દયાળુ (અલ્લાહ) મને કાંઇ હાનિ પહોંચાડવા ચાહે તો તેમની ભલામણ મારા

કાંઇજ કામમાં ન આવે, અને (વળી) તેઓ મને છોડાવી પણ શકશે નહિ ?

اِنِّیۡۤ اِذًا لَّفِیۡ ضَلٰلٍ مُّبِیۡنٍ ﴿۲۴﴾

(૨૪) એ સ્થિતિમાં તો હું ખુલ્લી ગુમરાહીમાં રહી જઇશ.

اِنِّیۡۤ اٰمَنۡتُ بِرَبِّکُمۡ فَاسۡمَعُوۡنِ ﴿ؕ۲۵﴾

(૨૫) માટે (અય પયગમ્બરો!) સાંભળી લ્યો કે બેશક હું તમારા પરવરદિગાર પર ઇમાન લાવ્યોછું.

قِیۡلَ ادۡخُلِ الۡجَنَّۃَ ؕ قَالَ یٰلَیۡتَ قَوۡمِیۡ یَعۡلَمُوۡنَ ﴿ۙ۲۶﴾

(૨૬) (આ ઉપરથી લોકોએ તેને પત્થરો મારીને મારી નાખ્યો ત્યારે) તેને (અલ્લાહ તરફથી) કહેવામાં આવ્યું કે તું આ જન્નતમાં દાખલ થઇ જા; (જેથી) તેણે કહ્યું કે જો મારી કોમના લોકો પણ આ જાણી લેતે તો કેવું સારૂં થાતઃ

بِمَا غَفَرَ لِيْ رَبِّيْ وَجَعَلَنِيْ مِنَ الْمُكْرَمِيْنَ ﴿٢٧﴾

(૨૭) કે મને મારા પરવરદિગારે ક્યા કારણે માફ કરીને માન પામેલાઓ માં દાખલ કરી લીધો.

وَمَآ اَنْزَلْنَا عَلٰى قَوْمِهٖ مِنْۢ بَعْدِهٖ مِنْ جُنْدٍ مِّنَ السَّمَآءِ وَمَا كُنَّا مُنْزِلِيْنَ ﴿٢٨﴾

(૨૮) અને તે (ના મરણ) બાદ તેની કોમ ઉપર (અઝાબ આપવા માટે) અમોએ આસમાન પરથી

કોઇ લશ્કર ઉતાર્યું નહિ, અને ન (તે) ઉતારવાની અમને કંઇ જરૂર હતી.

إِنْ كَانَتْ إِلَّا صَيْحَةً وَّاحِدَةً فَإِذَا هُمْ خٰمِدُوْنَ ﴿٢٩﴾

(૨૯) તેમના માટે કેવળ એક (ઘોર) ગર્જના (બસ) હતી કે તરતજ તેઓ બુઝાઇ (નાશ પામી)ને રહી ગયા.

يٰحَسْرَةً عَلَى الْعِبَادِ ۚ مَا يَأْتِيْهِمْ مِّنْ رَّسُوْلٍ إِلَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٣٠﴾

(30) કેવો અફસોસ છે બંદાઓની હાલત પર, કે તેમની પાસે કોઇ પણ રસૂલ એવો આવ્યો નહિ કે જેની આ (લોકો)એ મજાક કરી ન હોય.

اَلَمۡ يَرَوۡا كَمۡ اَهۡلَكۡنَا قَبۡلَهُمۡ مِّنَ الۡقُرُوۡنِ اَنَّهُمۡ اِلَيۡهِمۡ لَا يَرۡجِعُوۡنَ ؕ﴿۳۱﴾

(૩૧) શું આ (લોકો) એટલુંયે વિચારતા નથી કે અમોએ તેમની પૂર્વે કંઇ કેટલીએ પેઢીઓનો એવો નાશ કરી નાખ્યો કે (જે હજી) તેમની પાસે પાછી ફરીને આવી નથી?

وَاِنۡ كُلٌّ لَّمَّا جَمِيۡعٌ لَّدَيۡنَا مُحۡضَرُوۡنَ ﴿۳۲﴾

(૩૨) પણ આ તેઓ બધા જ અમારી સમક્ષ હાજર કરવામાં આવશે.

وَاٰيَةٌ لَّهُمُ الۡاَرۡضُ الۡمَيۡتَةُ ۖۚ اَحۡيَيۡنٰهَا وَاَخۡرَجۡنَا مِنۡهَا حَبًّا فَمِنۡهُ يَاۡكُلُوۡنَ ﴿۳۳﴾

(33) અને મૃત્યુ પામેલી ભૂમિ પણ તેમના (સમજવા) માટે એક (પ્રત્યક્ષ) મોઅજિઝો છે, જેને અમે પુનઃ સજીવન (ફળદ્રુપ) કરી દઇએ છીએ, અને તેમાંથી જ અનાજ ઉત્પન્ન કરીએ છીએ કે જેમાંથી તેઓ ખાય છે.

وَجَعَلْنَا فِيْهَا جَنّٰتٍ مِّنْ نَّخِيْلٍ وَّاَعْنَابٍ وَّفَجَّرْنَا فِيْهَا مِنَ الْعُيُوْنِ ﴿٣٤﴾

(3૪) અને તેમાં અમે ખજૂરના તથા દ્રાક્ષના બગીચા બનાવીએ છીએ, અને તેમાં (શીતળ જળના) ઝરણાં વહાવી દઇએ છીએ.

لِيَاْكُلُوْا مِنْ ثَمَرِهٖ ۙ وَمَا عَمِلَتْهُ اَيْدِيْهِمْ ؕ اَفَلَا يَشْكُرُوْنَ ﴿٣٥﴾

(૩૫) કે જેથી આ (લોકો) તે ફળોમાંથી ખાય, અને (બેશક) આ (ફળો) તેમની જાત મહેનતથી બનાવેલાં નથી; છતાં પણ તેઓ આભાર માનતા નથી?

سُبۡحٰنَ الَّذِىۡ خَلَقَ الۡاَزۡوَاجَ كُلَّهَا مِمَّا تُنۡۢبِتُ الۡاَرۡضُ وَمِنۡ
اَنۡفُسِهِمۡ وَمِمَّا لَا يَعۡلَمُوۡنَ ﴿٣٦﴾

(૩૬) વખાણને પાત્ર છે તે (અલ્લાહ)ની જાત કે જેણે દરેક વસ્તુના જોડાં ઉત્પન્ન કર્યાં છે, જે જમીનમાંથી ઉગે છે તેમાંથી, અને તેમના પોતાનામાંથી, અને તે વસ્તુઓમાંથી પણ કે જેમનું હજી સુધી તેમને જ્ઞાન નથી.

وَاٰيَةٌ لَّهُمُ الَّيۡلُ ۚۖ نَسۡلَخُ مِنۡهُ النَّهَارَ فَاِذَا هُمۡ مُّظۡلِمُوۡنَ ﴿۳۷﴾

(૩૭) અને તેમના માટે રાત્રિ પણ એક નિશાની છે, જેમાંથી અમે દિવસને ખેંચી કાઢીએ છીએ, પછી આ (લોકો) તદ્દન અંધારામાં રહી જાય છે ઃ

وَالشَّمۡسُ تَجۡرِىۡ لِمُسۡتَقَرٍّ لَّهَا ؕ ذٰلِكَ تَقۡدِيۡرُ الۡعَزِيۡزِ الۡعَلِيۡمِ ﴿۳۸﴾

(૩૮) અને સૂર્ય (પણ એક નિશાની છે) જે તેના નિશ્ચિત સ્થાન તરફ ચાલ્યો જાય છે; આ એક મહા શક્તિમાન (અને) મહાજ્ઞાનિ (અલ્લાહ) તરફથી નિર્માણ છે.

وَالۡقَمَرَ قَدَّرۡنٰهُ مَنَازِلَ حَتّٰى عَادَ كَالۡعُرۡجُوۡنِ الۡقَدِيۡمِ ﴿۳۹﴾

(૩૯) અને ચંદ્રમા (પણ એક નિશાની છે), જેની અમોએ (અમૂક) મંઝીલો (સ્થિતિઓ) નક્કી કરી છે, અહીં સુધી કે તે (મહિનાની આખરે) પલટાઇને ખજૂરીની જૂની શાખાનું સ્વરૂપ ધારણ કરી લે છે.

لَا الشَّمۡسُ يَنۡۢبَغِىۡ لَهَآ اَنۡ تُدۡرِكَ الۡقَمَرَ وَلَا الَّيۡلُ سَابِقُ
النَّهَارِ‌ؕ وَكُلٌّ فِىۡ فَلَكٍ يَّسۡبَحُوۡنَ ﴿۴۰﴾

(૪૦) ન સૂર્યની મજાલ છે કે તે ચંદ્રમાને પકડી પાડે, અને ન રાત્રિની મજાલ છે કે તે દિવસ કરતાં આગળ વધી જાય; અને સર્વ કોઇ (પોત પોતાના નિશ્ચિત) વર્તૂળમાં તર્યા કરે છે.

وَاٰيَةٌ لَّهُمۡ اَنَّا حَمَلۡنَا ذُرِّيَّتَهُمۡ فِى الۡفُلۡكِ الۡمَشۡحُوۡنِۙ ﴿۴۱﴾

(૪૧) અને તેમના માટે આ પણ એક નિશાની છે કે અમે તેઓની સંતતિને ભરેલા વહાણમાં સવાર કરીએ છીએ.

وَخَلَقْنَا لَهُمْ مِّنْ مِّثْلِهٖ مَا يَرْكَبُوْنَ ۝٤٢

(૪૨) અને તેમના માટે એવાજ (બીજા પણ) વાહનો પેદા કર્યા છે કે જેમના પર આ (લોકો) સવાર થતાં રહે છે.

وَاِنْ نَّشَاْ نُغْرِقْهُمْ فَلَا صَرِيْخَ لَهُمْ وَلَا هُمْ يُنْقَذُوْنَ ۝٤٣

(૪૩) અને જો અમે ઇચ્છીએ તો તેમને ડૂબાડી દઇએ. પછી તેમનો ન કોઇ ફરિયાદ સાંભળનારો હોય, અને ન તેમને બચાવી લેવામાં આવે ઃ

اِلَّا رَحْمَةً مِّنَّا وَمَتَاعًا اِلٰى حِيْنٍ﴿۴۴﴾

(૪૪) સિવાય કે અમારી (તેમના પર) કૃપા થાય, અને એક ચોક્કસ સમય સુધી (તેમને વધુ) લાભ પહોંચે (એમ ધાર્યું હોય).

وَاِذَا قِيْلَ لَهُمُ اتَّقُوْا مَا بَيْنَ اَيْدِيْكُمْ وَمَا خَلْفَكُمْ لَعَلَّكُمْ

تُرْحَمُوْنَ﴿۴۵﴾

(૪૫) અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે તમે તમારા આગળથી અને પાછળથી ઘેરી રહેલી (આપત્તિ)થી ડરતા રહો કે કદાચને તમારા પર દયા કરવામાં આવે.

وَمَا تَأْتِيهِمْ مِّنْ اٰيَةٍ مِّنْ اٰيٰتِ رَبِّهِمْ اِلَّا كَانُوْا عَنْهَا

مُعْرِضِيْنَ ﴿٤٦﴾

(૪૬) અને તેમની પાસે તેમના પરવરદિગાર તરફથી આવેલી નિશાનીઓમાંથી એક પણ એવી નિશાની આવી નથી કે જેનાથી તેમણે મોંઢું ફેરવી લીધું ન હોય.

وَاِذَا قِيْلَ لَهُمْ اَنْفِقُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ ۙ قَالَ الَّذِيْنَ كَفَرُوْا

لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنُطْعِمُ مَنْ لَّوْ يَشَآءُ اللّٰهُ اَطْعَمَهٗٓ ۖ اِنْ اَنْتُمْ اِلَّا

فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٤٧﴾

(૪૭) અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે અલ્લાહે જે રોઝી તમને આપી છે તેમાંથી

(અલ્લાહની રાહમાં પણ) કાંઇક ખર્ચ કરો, ત્યારે નાસ્તિકો મોઅમીનો વિષે કહે છે કે શું અમે એવાને કાંઇ ખવડાવીએ કે જેને અલ્લાહ ચાહતે તો પોતેજ ખવડાવી દેતે ? (આ બાબતમાં) તમે તો ખુલ્લા ભ્રમમાં છો.

وَيَقُوْلُوْنَ مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤٨﴾

(૪૮) અને આ પણ કહે છે કે જો તમે (તમારા દાવામાં) સાચા છો તો (કહો કે) એ વાયદો ક્યારે પૂરો થઇને રહેશે?

مَا يَنْظُرُوْنَ اِلَّا صَيْحَةً وَّاحِدَةً تَاْخُذُهُمْ وَهُمْ يَخِصِّمُوْنَ ﴿٤٩﴾

(૪૯) (અય રસૂલ !) તેઓ માત્ર એનીજ રાહ જુએ છે કે તેમને એક (ઘોર) ગર્જના આવી પકડે, અને તેઓ અંદરોઅંદર ઝઘડતા જ રહી જાય.

فَلَا يَسْتَطِيْعُوْنَ تَوْصِيَةً وَّلَآ اِلٰٓى اَهْلِهِمْ يَرْجِعُوْنَ ﴿٥٠﴾

(૫૦) જેથી તે સમયે તેઓ ન કાંઇ વસીયત કરી શકશે, અને ન પોતાના બાલબચ્ચાં પાસે પાછા આવી શકશે.

وَنُفِخَ فِي الصُّوْرِ فَاِذَا هُمْ مِّنَ الْاَجْدَاثِ اِلٰى رَبِّهِمْ يَنْسِلُوْنَ ﴿٥١﴾

(૫૧) અને (જ્યારે બીજી વખતે) સૂર ફૂંકવામાં આવશે ત્યારે તેઓ કબરોમાંથી તત્કાળ નીકળી

(પડી) પોતાના પરવરદિગારની હજૂરમાં હાજર થવા માટે ઉતાવળા ઉતાવળા ચાલવા માંડશે.

قَالُوْا يٰوَيْلَنَا مَنْۢ بَعَثَنَا مِنْ مَّرْقَدِنَا ۜ هٰذَا مَا وَعَدَ الرَّحْمٰنُ
وَصَدَقَ الْمُرْسَلُوْنَ ﴿٥٢﴾

(૫૨) (અને સ્વગત) કહેતા હશે કે હાય અફસોસ! અમને અમારા શયનગૃહો (કબરો)માંથી કોણે જાગૃત કર્યા ? (જવાબ આપવામાં આવશે કે) આ એજ સમય છે કે જેનો દયાળુ (અલ્લાહ)એ વાયદો કર્યો હતો, અને રસૂલો એ પણ સાચુંજ કહ્યું હતું.

اِنْ كَانَتْ اِلَّا صَيْحَةً وَّاحِدَةً فَاِذَا هُمْ جَمِيْعٌ لَّدَيْنَا
مُحْضَرُوْنَ ﴿٥٣﴾

(૫૩) માત્ર એકજ ગર્જના હશે કે તેઓ સર્વ તત્કાળ અમારી હજૂરમાં હાજર કરી દેવામાં આવશે.

فَالْيَوْمَ لَا تُظْلَمُ نَفْسٌ شَيْـًٔا وَّلَا تُجْزَوْنَ اِلَّا مَا كُنْتُمْ تَعْمَلُوْنَ﴿۵۴﴾

(૫૪) ત્યારે તે દિવસે ન કોઇ વ્યક્તિ પર કાઇ ઝુલ્મ કરવામાં આવશે, અને ન તેમની કરણીઓ ઉપરાંત કોઇ (બીજો) બદલો આપવામાં આવશે.

اِنَّ اَصْحٰبَ الْجَنَّةِ الْيَوْمَ فِيْ شُغُلٍ فٰكِهُوْنَ﴿۵۵﴾

(૫૫) બેશક સ્વર્ગવાસીઓ તે દિવસે (મનોરંજનના) કાર્યોમાં મચેલા હશે.

هُمْ وَاَزْوَاجُهُمْ فِيْ ظِلٰلٍ عَلَى الْاَرَآئِكِ مُتَّكِـُٔوْنَ﴿۵۶﴾

(૫૬) તેઓ તથા તેમની પત્નીઓ (શીતળ) છાયામાં સિંહાસનો પર ઓશીકાંઓને અઢેલી બેઠાં હશે

لَهُمْ فِيْهَا فَاكِهَةٌ وَّلَهُمْ مَّا يَدَّعُوْنَ ۚ﴿۵۷﴾

(૫૭) તેમના માટે તે (સ્વર્ગ)માં દરેક (પ્રકારનો) મેવો અને તે દરેક વસ્તુ કે જે તેઓ ઇચ્છશે હાજર હશે.

سَلٰمٌ ۣ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيْمٍ ﴿۵۸﴾

(૫૮) સલામ, દયાળુ પરવરદિગાર તરફથી (તેમના માટે) આ (સત્કારનો બોલ) હશે.

وَامْتَازُوا الْيَوْمَ اَيُّهَا الْمُجْرِمُوْنَ ﴿۵۹﴾

(૫૯) (જહન્નમીઓને કહેવામાં આવશે કે) અય ગુનેહગારો! આજના દિવસે તમે (સ્વર્ગવાસીઓથી) જુદા થઇ જાઓ.

اَلَمۡ اَعۡهَدۡ اِلَيۡكُمۡ يٰبَنِىۡۤ اٰدَمَ اَنۡ لَّا تَعۡبُدُوا الشَّيۡطٰنَ‌ۚ اِنَّهٗ لَـكُمۡ عَدُوٌّ مُّبِيۡنٌ ۙ‏ ﴿۶۰﴾

(૬૦) અય આદમની ઓલાદ ! શું મેં તમને આ હુકમ આપ્યો ન હતો કે (ખબરદાર !) શેતાનની ઇબાદત કરશો નહિ? બેશક તે તમારો ખુલ્લો દુશ્મન છે:

وَّاَنِ اعۡبُدُوۡنِىۡ‌ ؕ هٰذَا صِرَاطٌ مُّسۡتَقِيۡمٌ‏ ﴿۶۱﴾

(૬૧) અને આ (હુકમ કર્યો હતો) કે મારીજ ઇબાદત કરજો; (કેમ કે) આજ સીધો માર્ગ છે.

وَلَقَدۡ اَضَلَّ مِنۡكُمۡ جِبِلًّا كَثِيۡرًا ؕ اَفَلَمۡ تَكُوۡنُوۡا تَعۡقِلُوۡنَ ﴿۶۲﴾

(૬૨) અને તેણે ખરેખરજ તમારામાંથી ઘણા લોકોને ગુમરાહ કરી નાખ્યા છે, તે છતાં તમે શું સમજતા નથી?

هٰذِهٖ جَهَنَّمُ الَّتِىۡ كُنۡتُمۡ تُوۡعَدُوۡنَ ﴿۶۳﴾

(૬૩) હવે આ એજ જહન્નમ છે કે જેનો તમને વાયદો આપવામાં આવ્યો હતો.

اِصۡلَوۡهَا الۡيَوۡمَ بِمَا كُنۡتُمۡ تَكۡفُرُوۡنَ ﴿۶۴﴾

(૬૪) હવે તમે નાસ્તિકપણું કરતા હતા તે કારણે આજે તેને જઇ ભેટો.

اَلْيَوْمَ نَخْتِمُ عَلٰٓى اَفْوَاهِهِمْ وَتُكَلِّمُنَآ اَيْدِيْهِمْ وَتَشْهَدُ

اَرْجُلُهُمْ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٦٥﴾

(૬૫) તે દિવસે અમે તેમના મોંઢાં પર મહોર મારી દઇશું, અને તેમના હાથ (વાચાળ બની) અમને (સઘળી) વાતો કહી દેશે, અને તેમના પગો પણ તેઓ જે જે કાંઇ કમાણી કરતા હતા તેને લગતી જુબાની આપશે.

وَلَوْ نَشَآءُ لَطَمَسْنَا عَلٰٓى اَعْيُنِهِمْ فَاسْتَبَقُوا الصِّرَاطَ فَاَنّٰى

يُبْصِرُوْنَ ﴿٦٦﴾

(૬૬) અને જો અમે ચાહતે તો તેમની આંખોનું પણ જરૂર કાસળ કાઢી નાખતે, પછી તેઓ માર્ગ તરફ દોડવા માંડતે, પણ તેઓ કેમ જોઇ શકતે ?

وَلَوۡ نَشَآءُ لَمَسَخۡنٰهُمۡ عَلٰى مَكَانَتِهِمۡ فَمَا اسۡتَطَاعُوۡا مُضِيًّا وَّلَا يَرۡجِعُوۡنَ ﴿٦٧﴾

(૬૭) અને જો અમે ઇચ્છીએ તો તેઓ જ્યાં હોય ત્યાં તેમના આકાર બદલી નાખીએ, પછી તેઓ ન આગળ જઇ શકે, અને ન પાછા ફરીને આવી શકે.

وَمَنۡ نُّعَمِّرۡهُ نُنَكِّسۡهُ فِى الۡخَلۡقِ ؕ اَفَلَا يَعۡقِلُوۡنَ ﴿٦٨﴾

(૬૮) અને જેને અમે વધારે આયુષ્ય આપીએ છીએ તેને (શરીર) રચનામાં જૂકાવી દઇએ છીએ; છતાં તેઓ સમજતા નથી?

وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ وَمَا يَنْۢبَغِيْ لَهٗ ؕ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ وَّقُرْاٰنٌ مُّبِيْنٌ ۙ﴿۶۹﴾

(૬૯) અને અમોએ તે (રસૂલ)ને કાવ્ય નથી શીખવ્યું, અને ન તેને તેની જરૂર છે; આ તો કેવળ નસીહત અને સ્પષ્ટ કુરઆન છે:

لِّيُنْذِرَ مَنْ كَانَ حَيًّا وَّيَحِقَّ الْقَوْلُ عَلَى الْكٰفِرِيْنَ ﴿۷۰﴾

(૭૦) કે જેથી તે લોકો કે જેઓ ઝિન્દા (દિલ) છે તેમને ડરાવે, અને (સત્યનો) ઇન્કાર કરનારાઓ પર સત્ય વચન પૂરવાર થઇ જાય.

اَوَلَمْ يَرَوْا اَنَّا خَلَقْنَا لَهُمْ مِّمَّا عَمِلَتْ اَيْدِيْنَآ اَنْعَامًا فَهُمْ لَهَا مٰلِكُوْنَ ۝٧١

(૭૧) શું તેઓ નથી જોતા કે જે પશુઓ અમોએ તેમના (લાભ) માટે પેદા કર્યાં છે તે અમારા હાથેજ બનાવેલાં છે, પછી તેઓ તેમના માલિક થઇ બેસે છે ?

وَذَلَّلْنٰهَا لَهُمْ فَمِنْهَا رَكُوْبُهُمْ وَمِنْهَا يَاْكُلُوْنَ ۝٧٢

(૭૨) અને અમોએજ તે (પશુ)ઓને તેમનાં આજ્ઞાધીન બનાવી દીધાં છે, પછી તે માંના કેટલાક તો તેમની સવારીઓ (માટે) છે, અને તે માંના કેટલાકોને તેઓ ખાય છે.

هٰذِهٖ جَهَنَّمُ الَّتِىۡ كُنۡتُمۡ تُوۡعَدُوۡنَ ﴿٦٣﴾

(૭૩) અને તેમના માટે આ પશુઓમાં (બીજા પણ ઘણાં) લાભો અને પીવાની વસ્તુઓ છે; છતાં શું તેઓ આભાર નહીં માને ?

اِصۡلَوۡهَا الۡيَوۡمَ بِمَا كُنۡتُمۡ تَكۡفُرُوۡنَ ﴿٦٤﴾

(૭૪) અને તેમણે અલ્લાહને છોડી દઇ બીજા માઅબૂદ બનાવી લીધા છે કે તેમની સહાય કરવામાં આવે.

اَلۡيَوۡمَ نَخۡتِمُ عَلٰۤى اَفۡوَاهِهِمۡ وَتُكَلِّمُنَاۤ اَيۡدِيۡهِمۡ وَتَشۡهَدُ
اَرۡجُلُهُمۡ بِمَا كَانُوۡا يَكۡسِبُوۡنَ﴿۶۵﴾

(૭૫) (પરંતુ) તેઓ તેમની જરા પણ મદદ કરી શકશે નહિ, ઉલ્ટું તેઓ (ને) તેમની સામે (વિરોધી) સૈન્ય તરીકે હાજર કરવામાં આવશે.

فَلَا يَحۡزُنۡكَ قَوۡلُهُمۡ ۘ اِنَّا نَعۡلَمُ مَا يُسِرُّوۡنَ وَمَا يُعۡلِنُوۡنَ﴿۷۶﴾

(૭૬) માટે (અય રસૂલ !) તેમની વાતો તને ઉદાસીનતામાં ન નાખે; જે જે કાંઇ તેઓ સંતાડે છે અને જે કાંઇ તેઓ જાહેર કરે છે તેનાથી અમે સારી રીતે વાકેફ છીએ.

اَوَلَمۡ يَرَ الۡاِنۡسَانُ اَنَّا خَلَقۡنٰهُ مِنۡ نُّطۡفَةٍ فَاِذَا هُوَ خَصِيۡمٌ
مُّبِيۡنٌ﴿۷۷﴾

(૭૭) શું મનુષ્ય એટલું પણ નથી જોતો કે ખરેજ અમોએ તેને વીર્યબિંદુથી પેદા કર્યો છે ? પછી તે અચાનક ખુલ્લી રીતે અમારો મુકાબલો કરનાર બની જાય છે.

وَضَرَبَ لَنَا مَثَلًا وَّنَسِىَ خَلۡقَهٗ‌ ؕ قَالَ مَنۡ يُّحۡىِ الۡعِظَامَ وَهِىَ
رَمِيۡمٌ﴿۷۸﴾

(૭૮) અને તે અમારા જ માટે દાખલો આપવા લાગે છે, અને પોતાની પેદાઈશ વીસરી જાય છે;

(અને) કહેવા લાગે છે કે માટી થઇ ગએલી સ્થિતિવાળા હાડકાંઓને કોણ સજીવન કરી દેશે?

قُلْ يُحْيِيْهَا الَّذِيْٓ اَنْشَاَهَآ اَوَّلَ مَرَّةٍ ۭ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيْمُۨ ۙ﴿٧٩﴾

(૭૯) (અય રસૂલ!) તું કહે કે તેમને એજ સજીવન કરી દેશે કે જેણે તેમને પ્રથમ વાર પેદા કર્યા; અને તે દરેક વસ્તુના સર્જનથી સંપૂર્ણ વાકેફ છેઃ

الَّذِيْ جَعَلَ لَكُمْ مِّنَ الشَّجَرِ الْاَخْضَرِ نَارًا فَاِذَآ اَنْتُمْ مِّنْهُ تُوْقِدُوْنَ ﴿٨٠﴾

(૮૦) જેણે તમારા માટે લીલા વૃક્ષોમાંથી આગ પેદા કરી દીધી કે જેથી તમે તે વડેજ (દેવતા) સળગાવતા રહો છો.

اَوَلَيْسَ الَّذِىْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِقٰدِرٍ عَلٰٓى اَنْ يَّخْلُقَ مِثْلَهُمْ ؕ بَلٰى ۚ وَهُوَ الْخَلّٰقُ الْعَلِيْمُ ﴿٨١﴾

(૮૧) શું તે કે જેણે આસમાનો તથા જમીનને પેદા કર્યા છે તે આ વાત પર કાબૂ નથી ધરાવતો કે તેમના જેવા બીજા પણ પેદા કરી દે ? ખરેખરજ કાબૂ ધરાવે છે; અને તેજ મહાન સર્જનહાર (અને) જ્ઞાની છે.

اِنَّمَآ اَمْرُهٗٓ اِذَآ اَرَادَ شَيْـًٔا اَنْ يَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٨٢﴾

(૮૨) (આ માત્ર તેનીજ શાન છે કે) જ્યારે તે કોઇ વસ્તુ (ઉત્પન્ન કરવા)નો ઇરાદો કરે છે તો તેને માત્ર એટલુંજ ફરમાવે છે કે "થા" કે તે (તત્કાળ) થઇ જાય છે.

فَسُبۡحٰنَ الَّذِىۡ بِيَدِهٖ مَلَكُوۡتُ كُلِّ شَىۡءٍ وَّاِلَيۡهِ تُرۡجَعُوۡنَ ﴿٨٣﴾

(૮૩) માટે પવિત્ર છે તે જાત કે જેના હાથમાં દરેક વસ્તુનો અધિકાર છે. અને તેનીજ હજૂરમાં તમો સઘળાઓનું પાછા ફરવાનું છે.

وَالصّٰٓفّٰتِ صَفًّا ۙ﴿۱﴾

(૧) કસમ છે વ્યવસ્થિત રીતે હારબંધ થઇને ઉભા રહેનાર ફરિશ્તાઓની.

فَالزّٰجِرٰتِ زَجْرًا ۙ﴿۲﴾

(૨) પછી કસમ છે તે ફરિશ્તાઓની કે જેઓ ધસી જઇને (શેતાનોને) હાંકી કાઢે છે.

فَالتّٰلِيٰتِ ذِكْرًا ۙ﴿۳﴾

(૩) પછી (કસમ છે) ઝિક્ર (કુરઆન)ની તિલાવત કરનારાઓની.

اِنَّ اِلٰهَكُمْ لَوَاحِدٌ ؕ﴿۴﴾

(૪) કે બેશક તમારો માઅબૂદ એક જ છે.

رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا وَرَبُّ الْمَشَارِقِ ۝٥

(૫) આસમાનો તથા જમીન અને જે કાંઇ તેમની વચ્ચે છે તેમનો પાલનહાર છે, અને પૂર્વ દિશાઓનો માલિક છે.

اِنَّا زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا بِزِيْنَةِ ۨالْكَوَاكِبِ ۝٦

(૬) ખરેજ અમોએ આ જગતના આસમાનને તારાઓના શણગારથી શણગાર્યું છે:

وَحِفْظًا مِّنْ كُلِّ شَيْطٰنٍ مَّارِدٍ ۝٧

(૭) અને દરેક બંડખોર શેતાન સામે (તેનું) રક્ષણ કર્યું છે.

لَا يَسَّمَّعُوْنَ اِلَى الْمَلَاِ الْاَعْلٰى وَيُقْذَفُوْنَ مِنْ كُلِّ جَانِبٍ ۖ ۸

(૮) (જેથી) હવે તે (શેતાનો આસમાન) ઉપરના રહેવાસીઓની (વાતો) સાંભળી શકતા નથી અને દરેક બાજુથી (નાના મોટા તારા) તેમની તરફ ફેંકવામાં આવે છે.

دُحُوْرًا وَّلَهُمْ عَذَابٌ وَّاصِبٌ ۙ ۹

(૯) તેમને હાંકી કાઢવા માટે, અને આ તેમના માટે (હંમેશ) કાયમ રહેનારો અઝાબ છે.

اِلَّا مَنْ خَطِفَ الْخَطْفَةَ فَاَتْبَعَهٗ شِهَابٌ ثَاقِبٌ ۱۰

(૧૦) સિવાય કે કોઇ શેતાન ઉડતી વાત લઇ નાસે તો પણ એક બાળીને ભસ્મ કરી નાખનારી જવાળા તેનો પીછો કરે છે.

فَاسْتَفْتِهِمْ اَهُمْ اَشَدُّ خَلْقًا اَمْ مَّنْ خَلَقْنَا ؕ اِنَّا خَلَقْنٰهُمْ مِّنْ طِيْنٍ لَّازِبٍ ﴿۱۱﴾

(૧૧) માટે (અય રસૂલ !) તેમને પૂછ કે સર્જનની રૂએ આ (લોકો)નું પયદા કરવું મુશ્કેલ છે કે જે અમોએ નિર્માણ કરી છે તે (ઉપર જણાવેલી વસ્તુઓ)નું; ખરેખરજ અમોએ તેમને ચીકણી માટીમાંથી ઉત્પન્ન કર્યા છે.

بَلْ عَجِبْتَ وَيَسْخَرُوْنَ ﴿۱۲﴾

(૧૨) વાત આ છે કે તને તો (તેમના ઇન્કારથી) આશ્ચર્ય થાય છે અને તેઓ હસતાજ રહે છે.

وَإِذَا ذُكِّرُوا لَا يَذْكُرُونَ ⑬

(૧૩) અને જ્યારે તેમને ઉપદેશ આપવામાં આવે છે ત્યારે પણ તેઓ ઉપદેશ ગ્રહણ કરતા નથી.

وَإِذَا رَأَوْا آيَةً يَّسْتَسْخِرُونَ ⑭

(૧૪) અને જ્યારે કોઇ મોઅજિઝો નીહાળે છે ત્યારે તે પણ હાંસીમાં ઉડાડી દે છે.

وَقَالُوٓا إِنْ هٰذَآ إِلَّا سِحْرٌ مُّبِيْنٌ ⑮

(૧૫) અને કહે છે કે આ તો ખુલ્લો જાદુ છે.

ءَإِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَعِظَامًا ءَإِنَّا لَمَبْعُوثُونَ ⑯

(૧૬) શું જ્યારે અમે મરી જઇશું અને માટી તથા હાડકાં બની જઇશું તો પછી પણ ખરેજ ઉઠાડવામાં આવીશું ?

اَوَاٰبَآؤُنَا الۡاَوَّلُوۡنَ ﴿۱۷﴾

(૧૭) અથવા અમારા આગલા બાપદાદાઓને પણ (ઉઠાડવામાં આવશે) ?

قُلۡ نَعَمۡ وَاَنۡتُمۡ دَاخِرُوۡنَ ﴿۱۸﴾

(૧૮) (અય રસૂલ !) તું કહે કે હા, (અલબત્ત ઉઠાડવામાં આવશો અને એવી રીતે) તમે સર્વે હીણપત ભરેલી દશામાં હશો.

فَاِنَّمَا هِىَ زَجۡرَةٌ وَّاحِدَةٌ فَاِذَا هُمۡ يَنۡظُرُوۡنَ ﴿۱۹﴾

(૧૯) પછી તે માત્ર એકજ ગર્જના હશે કે તેઓ સર્વે એકદમ (કબરોમાંથી નીકળી) જોતા જ રહી જશે.

وَقَالُوا يٰوَيۡلَنَا هٰذَا يَوۡمُ الدِّيۡنِ ۝٢٠

(૨૦) અને કહેશે કે હાય અમારી કમબખ્તી ! આજ ન્યાય (કયામત)નો દિવસ (લાગે) છે.

هٰذَا يَوۡمُ الۡفَصۡلِ الَّذِىۡ كُنۡتُمۡ بِهٖ تُكَذِّبُوۡنَ ۝٢١

(૨૧) (જવાબ મળશે, હા) આ જ ન્યાયનો દિવસ છે. જેને તમે (દુનિયામાં) જૂઠલાવ્યા કરતા હતા.

اُحۡشُرُوا الَّذِيۡنَ ظَلَمُوۡا وَاَزۡوَاجَهُمۡ وَمَا كَانُوۡا يَعۡبُدُوۡنَ ۝٢٢

(૨૨) (તે દિવસે અમે ફરિશ્તાઓને હુકમ કરીશું કે) તે લોકો કે જેમણે ઝુલ્મ કર્યો હતો તથા તેમના સોબતીઓ, અને તેઓને ભેગાં કરી લ્યો કે જેમની તેઓ પૂજા કર્યા કરતા હતા.

مِنْ دُوْنِ اللّٰهِ فَاهْدُوْهُمْ اِلٰى صِرَاطِ الْجَحِيْمِ ﴿٢٣﴾

(૨૩) અલ્લાહને મૂકીને; પછી તે સર્વેને જહન્નમના માર્ગ તરફ લઇ ચાલો.

وَقِفُوْهُمْ اِنَّهُمْ مَّسْـُٔوْلُوْنَ ﴿٢٤﴾

(૨૪) અને તેમને જરા થોભાવો કે તેમને (થોડાક) સવાલ પૂછવામાં આવનાર છેઃ

مَا لَكُمْ لَا تَنَاصَرُوْنَ ﴿٢٥﴾

(૨૫) (હવે) તમને શું થઇ ગયું છે કે તમે એક બીજાની સહાય નથી કરતા ?

بَلْ هُمُ الْيَوْمَ مُسْتَسْلِمُوْنَ ﴿٢٦﴾

(૨૬) (જવાબ ક્યાંથી આપશે ?) બલ્કે તેઓ તે દિવસે તો ફરમાબરદાર બની ઉભા હશે.

وَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَسَآءَلُوْنَ ﴿٢٧﴾

(૨૭) અને તેઓ એક બીજા તરફ રજૂ થઇ સવાલ કરશે.

قَالُوْٓا اِنَّكُمْ كُنْتُمْ تَاْتُوْنَنَا عَنِ الْيَمِيْنِ ﴿٢٨﴾

(૨૮) (અને એક પક્ષના લોકો બીજા પક્ષના લોકોને) કહેતા હશે કે તમે તો અમારી પાસે

જમણી બાજુએથી (બહેકાવવા માટે) આવ્યા કરતા હતા.

قَالُوْا بَلْ لَّمْ تَكُوْنُوْا مُؤْمِنِيْنَ ﴿٢٩﴾

(૨૯) તેઓ કહેશે કે તમે પોતેજ ઇમાનદાર ન હતાઃ

وَمَا كَانَ لَنَا عَلَيْكُمْ مِّنْ سُلْطٰنٍ ۚ بَلْ كُنْتُمْ قَوْمًا طٰغِيْنَ ﴿٣٠﴾

(30) વળી તમારા પર અમારો કાંઇ કાબૂ તો હતો નહિ, બલ્કે તમે પોતેજ બંડખોર લોકો હતાઃ

فَحَقَّ عَلَيْنَا قَوْلُ رَبِّنَآ ۖ اِنَّا لَذَآئِقُوْنَ ﴿٣١﴾

(૩૧) જેથી આપણા ઉપર આપણા પરવરદિગારનો (અઝાબનો) વાયદો પૂરો થઇને

રહ્યો છે, હવે તો આપણે અવશ્ય (અઝાબની) મઝા ચાખનારા છીએ.

فَاَغْوَيْنٰكُمْ اِنَّا كُنَّا غٰوِيْنَ ۝٣٢

(૩૨) અમોએ તમને ગુમરાહ કર્યા, કારણ કે અમે પોતે ગુમરાહ હતા.

فَاِنَّهُمْ يَوْمَئِذٍ فِي الْعَذَابِ مُشْتَرِكُوْنَ ۝٣٣

(૩૩) સારાંશ કે તે દિવસે તે (બન્ને પક્ષવાળા)ઓ અઝાબમાં ભાગીદાર હશે.

اِنَّا كَذٰلِكَ نَفْعَلُ بِالْمُجْرِمِيْنَ ۝٣٤

(૩૪) બેશક અમે ગુનેહગારો સાથે એવુંજ વર્તન ચલાવીએ છીએ.

إِنَّهُمْ كَانُوٓا إِذَا قِيلَ لَهُمْ لَآ إِلَٰهَ إِلَّا ٱللَّهُ يَسْتَكْبِرُونَ ﴿٣٥﴾

(૩૫) ખરેખરજ આ તે (દુષ્ટ) લોકો છે કે જ્યારે તેમને કહેવામાં આવતું હતું કે અલ્લાહના સિવાય કોઇ માઅબૂદ નથી ત્યારે તેઓ અભિમાન કરતા હતાઃ

وَيَقُولُونَ أَئِنَّا لَتَارِكُوٓا ءَالِهَتِنَا لِشَاعِرٍ مَّجْنُونٍ ﴿٣٦﴾

(૩૬) અને કહેતા હતા કે શું અમે એક દિવાના કવિની ખાતર અમારા માઅબૂદોનો ત્યાગ કરી દેનારા થઇ જઇએ ?

بَلْ جَآءَ بِٱلْحَقِّ وَصَدَّقَ ٱلْمُرْسَلِينَ ﴿٣٧﴾

(૩૭) (અય હતભાગીઓ! તે કવિ કે દિવાનો નથી) બલ્કે તે તો સત્ય લઇને આવ્યો છે, અને તેણે (આગલા) રસૂલોની સત્યતાને સમર્થન આપ્યું છે.

اِنَّكُمْ لَذَآئِقُوا الْعَذَابِ الْاَلِيْمِ ۳۸

(૩૮) (જો તમે તેને નહિ માનો તો) ખરેખરજ તમે દુ:ખદાયક અઝાબ ચાખનારા થશો.

وَمَا تُجْزَوْنَ اِلَّا مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ۳۹

(૩૯) અને તમે જે કાંઇ કરણી કર્યા કરતા હતા તેનોજ માત્ર બદલો મેળવશો:

اِلَّا عِبَادَ اللّٰهِ الْمُخْلَصِيْنَ ۴۰

(૪૦) હા, અલ્લાહના નિખાલસ બંદા તેનાથી બાકાત રહેશે.

أُولَٰئِكَ لَهُمْ رِزْقٌ مَّعْلُومٌ ﴿٤١﴾

(૪૧) તેઓ એવા (ભાગ્યશાળી) હશે કે જેમના માટે રોઝી પણ નક્કી કરેલીછે.

فَوَاكِهُ ۖ وَهُم مُّكْرَمُونَ ﴿٤٢﴾

(૪૨) (યાને દરેક જાતના) મેવા અને તેઓ માનવંત (મહેમાન) બની રહેશેઃ

فِي جَنَّاتِ النَّعِيمِ ﴿٤٣﴾

(૪૩) નેઅમતોવાળી જન્નતોમાં

عَلَىٰ سُرُرٍ مُّتَقَابِلِينَ ﴿٤٤﴾

(૪૪) સિંહાસનો પર એકબીજાની સામે (બેઠા હશે).

يُطَافُ عَلَيْهِم بِكَأْسٍ مِّن مَّعِينٍ ۝٤٥

(૪૫) તેમના પર સ્વચ્છ ઝરણાં માંના (પાણીના) જામના દોર ચાલી રહ્યા હશેઃ

بَيْضَاءَ لَذَّةٍ لِّلشَّارِبِينَ ۝٤٦

(૪૬) જે સફેદ (દૂધ જેવા) રંગનું હશે, અને તેની (ખરી) મજા પીનારાઓજ જાણશે.

لَا فِيهَا غَوْلٌ وَلَا هُمْ عَنْهَا يُنزَفُونَ ۝٤٧

(૪૭) તેમાં ન કેફ હશે, અને ન તેઓ તેનાથી મદમસ્ત થશે.

وَعِندَهُمْ قَاصِرَاتُ الطَّرْفِ عِينٌ ۝٤٨

(૪૮) અને તેમની પાસે નીચી નિગાહવાળી (અને) મોટી મોટી આંખો વાળી (હૂરો) એવી રીતે (હાજર) હશેઃ

كَاَنَّهُنَّ بَيۡضٌ مَّكۡنُوۡنٌ ﴿٤٩﴾

(૪૯) કે જાણે (રંગની સફાઇમાં) સુરક્ષિત પણે મૂકેલા ઇંડા.

فَاَقۡبَلَ بَعۡضُهُمۡ عَلٰى بَعۡضٍ يَّتَسَآءَلُوۡنَ ﴿٥٠﴾

(૫૦) પછી તેઓ પણ એક બીજા સામે રજૂ થઇ પ્રશ્ન કરશે.

قَالَ قَآئِلٌ مِّنۡهُمۡ اِنِّىۡ كَانَ لِىۡ قَرِيۡنٌ ﴿٥١﴾

(૫૧) (અર્થાત) તેમનામાંથી એક કહેનારો કહેશે કે મારો એક સાથી હતોઃ

يَّقُوْلُ اَئِنَّكَ لَمِنَ الْمُصَدِّقِيْنَ ﴿٥٢﴾

(૫૨) જે આ કહ્યા કરતો હતો કે શું તું પણ ખરેખર આ સાચું માનનારાઓ માંનો છે ?

ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَّعِظَامًا ءَاِنَّا لَمَدِيْنُوْنَ ﴿٥٣﴾

(૫૩) કે જ્યારે આપણે મરી જઇશું અને માટી તથા હાડકાં બની જઇશું તો (પછી) પણ આપણને (પાછા ઉઠાડી) આપણી પાસેથી કર્મનો બદલો લેવામાં આવશે ?

قَالَ هَلْ اَنْتُمْ مُّطَّلِعُوْنَ ﴿٥٤﴾

(૫૪) (પછી) તે કહેશે કે શું તમે પણ તે (કહેનાર)ને જાણવા માંગો છો ?

فَاطَّلَعَ فَرَاٰهُ فِيْ سَوَآءِ الْجَحِيْمِ ﴿٥٥﴾

(૫૫) આથી તે નીચો નમીને જોશે તો તે તેને જહન્નમની વચ્ચોવચ જોઇ લેશે.

قَالَ تَاللّٰهِ اِنْ كِدْتَّ لَتُرْدِيْنِ ﴿٥٦﴾

(૫૬) (ત્યારે આવેશમાં આવી જઇ) બોલી ઉઠશે કે અલ્લાહની કસમ ! તેં મને પણ લગભગ મારીજ નાખ્યો હતો.

وَلَوْلَا نِعْمَةُ رَبِّيْ لَكُنْتُ مِنَ الْمُحْضَرِيْنَ ﴿٥٧﴾

(૫૭) અને જો મારા પરવરદિગારની કૃપા ન હોત તો હું પણ (તારી સાથે શિક્ષામાં) સપડાઇ હાજર કરવામાં આવેલાઓ માંનો હોત.

اَفَمَا نَحۡنُ بِمَيِّتِيۡنَۙ‏ ﴿۵۸﴾

(૫૮) શું ત્યારે અમો (જન્નતીઓ)ને મૃત્યુ આવનારજ નથી.

اِلَّا مَوۡتَتَنَا الۡاُوۡلٰى وَمَا نَحۡنُ بِمُعَذَّبِيۡنَ‏ ﴿۵۹﴾

(૫૯) પહેલી (વારના) મૃત્યુના સિવાય ? અને શું અમને સજા થનાર નથી ? (અલબત્ત નહિ.)

اِنَّ هٰذَا لَهُوَ الۡفَوۡزُ الۡعَظِيۡمُ‏ ﴿۶۰﴾

(૬૦) બેશક મોટામાં મોટી સફળતા એજ છે.

لِمِثۡلِ هٰذَا فَلۡيَعۡمَلِ الۡعٰمِلُوۡنَ ﴿٦١﴾

(૬૧) માટે એવી (સફળતા મેળવવા માટે કરણી) કરનાઓએ (સદ) કરણી કરવીજ જોઇએ.

اَذٰلِكَ خَيۡرٌ نُّزُلًا اَمۡ شَجَرَةُ الزَّقُّوۡمِ ﴿٦٢﴾

(૬૨) શું મહેમાનનવાજી માટે આ બહેતર છે કે ઝકકુમ (થોર)નું વૃક્ષ ?

اِنَّا جَعَلۡنٰهَا فِتۡنَةً لِّلظّٰلِمِيۡنَ ﴿٦٣﴾

(૬૩) કે જેને અમોએ નાફરમાનો માટે કસોટી બનાવ્યું છે.

اِنَّهَا شَجَرَةٌ تَخۡرُجُ فِىۡۤ اَصۡلِ الۡجَحِيۡمِ ۙ﴿٦٤﴾

(૬૪) તે એક વૃક્ષ છે જે જહન્નમની ઊંડાણમાં ઉગે છે.

طَلۡعُهَا كَاَنَّهٗ رُءُوۡسُ الشَّيٰطِيۡنِ ﴿۶۵﴾

(૬૫) તેનાં ફળ એવાં હોય છે કે જાણે શેતાનોના માથાં (સર્પોની ફેણ જેવા).

فَاِنَّهُمۡ لَاٰكِلُوۡنَ مِنۡهَا فَمَالِـُٔوۡنَ مِنۡهَا الۡبُطُوۡنَ ﴿۶۶﴾ؕ

(૬૬) પછી ખરેખરજ તેઓ તેમાંથી ખાશે અને તે વડેજ (પોતાનાં) પેટ ભરશે.

ثُمَّ اِنَّ لَهُمۡ عَلَيۡهَا لَشَوۡبًا مِّنۡ حَمِيۡمٍ ﴿۶۷﴾ۚ

(૬૭) પછી તેમને તેની ઉપર ઉકળેલા પાણી (અને પરૂ)નું મિશ્રણ પાવામાં આવશે.

ثُمَّ اِنَّ مَرۡجِعَهُمۡ لَاۡاِلَى الۡجَحِيۡمِ ﴿۶۸﴾

(૬૮) પછી બેશક તેઓ સર્વેનું પાછું ફરવું જહન્નમ તરફ જ થશે.

اِنَّهُمۡ اَلۡفَوۡا اٰبَآءَهُمۡ ضَآلِّيۡنَ ۙ﴿۶۹﴾

(૬૯) ખરેજ તેમણે તેમના બાપદાદાઓને આડે માર્ગે જોયા હતાઃ

فَهُمۡ عَلٰٓى اٰثٰرِهِمۡ يُهۡرَعُوۡنَ ﴿۷۰﴾

(૭૦) માટે આ (લોકો) પણ તેમના પગલે પગલે દોડ્યા ચાલ્યા જાય છે.

وَلَقَدۡ ضَلَّ قَبۡلَهُمۡ اَكۡثَرُ الۡاَوَّلِيۡنَ ۙ﴿۷۱﴾

(૭૧) અને ખરેજ તેમની પહેલાંના પૂર્વજોમાં પણ ઘણાંખરા ગુમરાહ થઇ ગયા હતા.

وَلَقَدۡ اَرۡسَلۡنَا فِيۡهِمۡ مُّنۡذِرِيۡنَ ﴿۷۲﴾

(૭૨) જો કે અમોએ તેમનામાં પણ ડરાવનારા (રસૂલ) જરૂર મોકલ્યા હતા.

فَانۡظُرۡ كَيۡفَ كَانَ عَاقِبَةُ الۡمُنۡذَرِيۡنَ ۙ﴿۷۳﴾

(૭૩) માટે ધ્યાનપૂર્વક જો કે જેમને ડરાવવામાં આવ્યા હતા તેમનું કેવું (માઠું) પરિણામ થયું ?

اِلَّا عِبَادَ اللّٰهِ الۡمُخۡلَصِيۡنَ ﴿۷۴﴾

(૭૪) હા, અલ્લાહના નિખાલસ બંદા તેનાથી બાકાત હતા.

وَلَقَدۡ نَادٰىنَا نُوۡحٌ فَلَنِعۡمَ الۡمُجِيۡبُوۡنَ ﴿۷۵﴾ۖ

(૭૫) અને બેશક નૂહે અમને પોકાર્યા હતા, અને ખરેજ અમેજ તો સૌથી સારા જવાબ આપનારા છીએ;

وَنَجَّيۡنٰهُ وَاَهۡلَهٗ مِنَ الۡكَرۡبِ الۡعَظِيۡمِ ﴿۷۶﴾ۖ

(૭૬) અને અમોએ તેને તથા તેના ઘરવાળાઓને તે મોટા સંકટમાંથી ઉગાર્યા હતા.

وَجَعَلۡنَا ذُرِّيَّتَهٗ هُمُ الۡبٰقِيۡنَ ﴿۷۷﴾ۖ

(૭૭) અને અમોએજ તેના વંશજોને બાકી રાખ્યા હતા,

وَتَرَكۡنَا عَلَيۡهِ فِى الۡاٰخِرِيۡنَ ﴿۷۸﴾ۖ

(૭૮) અને અમોએ પાછળ આવનારાઓમાં તેની ભલી યાદ બાકી રાખી.

سَلٰمٌ عَلٰى نُوۡحٍ فِى الۡعٰلَمِيۡنَ ﴿۷۹﴾

(૭૯) નૂહ ઉપર તમામ જહાનોમાં સલામ થાઓ.

اِنَّا كَذٰلِكَ نَجۡزِى الۡمُحۡسِنِيۡنَ ﴿۸۰﴾

(૮૦) ખરેખરજ અમે નેકી કરનારાઓને એવોજ બદલો આપ્યા કરીએ છીએ.

اِنَّهٗ مِنۡ عِبَادِنَا الۡمُؤۡمِنِيۡنَ ﴿۸۱﴾

(૮૧) બેશક તે અમારા મોઅમીન બંદાઓ માંનો હતો.

ثُمَّ اَغۡرَقۡنَا الۡاٰخَرِيۡنَ ﴿۸۲﴾

(૮૨) પછી અમોએ બીજાઓને ડૂબાડી દીધા.

وَإِنَّ مِنْ شِيعَتِهِ لَإِبْرَٰهِيمَ ﴿٨٣﴾

(૮૩) અને ખરેખરજ ઇબ્રાહીમ પણ તેનાજ અનુયાયીઓ માંનો હતો.

إِذْ جَآءَ رَبَّهُۥ بِقَلْبٍ سَلِيمٍ ﴿٨٤﴾

(૮૪) જ્યારે તે પોતાના પરવરદિગારની હજૂરમાં નિર્મળ મનથી હાજર થયો.

إِذْ قَالَ لِأَبِيهِ وَقَوْمِهِۦ مَاذَا تَعْبُدُونَ ﴿٨٥﴾

(૮૫) તે વખતે તેણે પોતાના (પાલક) પિતાને તથા પોતાની કોમના માણસોને કહ્યું કે તમે આ શાની પૂજા કરો છો?

أَئِفْكًا اٰلِهَةً دُوْنَ اللّٰهِ تُرِيْدُوْنَ ﴿٨٦﴾

(૮૬) શું તમે અલ્લાહને મૂકી દઇ ખોટા માઅબૂદોની ઇચ્છા કરો છો?

فَمَا ظَنُّكُمْ بِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٨٧﴾

(૮૭) તો સઘળી દુનિયાઓના પરવરદિગારના સંબંધમાં તમારો શો મત છે ?

فَنَظَرَ نَظْرَةً فِي النُّجُوْمِ ﴿٨٨﴾

(૮૮) (પછી તે લોકોએ તેને એક ઉત્સવમાં ચાલવાનું કહ્યું) ત્યારે તેણે તારાઓ તરફ એક દ્રષ્ટિ નાખીઃ

فَقَالَ اِنِّيْ سَقِيْمٌ ﴿٨٩﴾

(૮૯) અને કહ્યું કે ખરેજ હું માંદો છું (અથવા તમે જેની પૂજા કરો છો તેમનાથી હું બેઝાર છું).

فَتَوَلَّوْا عَنْهُ مُدْبِرِيْنَ ﴿٩٠﴾

(૯૦) આથી તેઓ તેની પાસેથી પીઠ ફેરવી ચાલ્યા ગયા.

فَرَاغَ اِلٰٓى اٰلِهَتِهِمْ فَقَالَ اَلَا تَاْكُلُوْنَ ﴿٩١﴾

(૯૧) અને આ (ઇબ્રાહીમ) છુપી રીતે તેમના દેવો તરફ ગયો અને પૂછયું, તમે કેમ કાંઇ ખાતા નથી?

مَا لَكُمْ لَا تَنْطِقُوْنَ ﴿٩٢﴾

(૯૨) આ તમને શું થઇ ગયું છે કે તમે બોલતા પણ નથી?

فَرَاغَ عَلَيۡهِمۡ ضَرۡبًۢا بِالۡيَمِيۡنِ ﴿٩٣﴾

(૯૩) પછી છુપી રીતે તેમના ઉપર જમણા હાથના (બળવાન) ઘા કરવા લાગ્યો.

فَاَقۡبَلُوۡۤا اِلَيۡهِ يَزِفُّوۡنَ ﴿٩٤﴾

(૯૪) પછી તે લોકો તેની તરફ ધસી આવ્યા.

قَالَ اَتَعۡبُدُوۡنَ مَا تَنۡحِتُوۡنَ ﴿٩٥﴾

(૯૫) (આથી ઇબ્રાહીમે તેમને) કહ્યું કે શું તમે લોકો તે વસ્તુઓની પૂજા કરો છો કે જેમને તમારાજ હાથે કોતરી કાઢો છો ?

وَاللّٰهُ خَلَقَكُمۡ وَمَا تَعۡمَلُوۡنَ ﴿٩٦﴾

(૯૬) જો કે અલ્લાહે તમને પેદા કર્યા છે, અને જે (મૂર્તિઓ) તમે બનાવો છો તેમને પણ.

قَالُوا ابْنُوا لَهُ بُنْيَانًا فَأَلْقُوهُ فِي الْجَحِيمِ ﴿٩٧﴾

(૯૭) (પછી) તેમણે આપસમા કહ્યું કે તમે તેના માટે (ભઠ્ઠી જેવી) એક ઇમારત બનાવો, પછી તેને એક ધગધગતી આગમાં હોમી દો.

فَأَرَادُوا بِهِ كَيْدًا فَجَعَلْنَاهُمُ الْأَسْفَلِينَ ﴿٩٨﴾

(૯૮) સારાંશ કે તેમણે ઇબ્રાહીમ માટે આ જાતની એક ચાલબાઝી ચાલવાનો મનસુબો કર્યો, પણ અમોએ (તેમની ચાલબાઝી નિષ્ફળ બનાવી) તેમનેજ હેઠા પાડ્યા.

وَقَالَ اِنِّیْ ذَاهِبٌ اِلٰی رَبِّیْ سَیَهْدِیْنِ ﴿۹۹﴾

(૯૯) અને (જ્યારે આઝરે તેને ઘરમાંથી કાઢી મૂક્યો ત્યારે) ઇબ્રાહીમે કહ્યું કે બેશક હું મારા પરવરદિગાર તરફ પ્રયાણ કરનાર છું કે તે મારી રાહબરી ફરમાવશે.

رَبِّ هَبْ لِیْ مِنَ الصّٰلِحِیْنَ ﴿۱۰۰﴾

(૧૦૦) અય મારા પરવરદિગાર ! મને સદાચારી આત્માઓમાંથી (એક આત્મા) અર્પણ કર.

فَبَشَّرْنٰهُ بِغُلٰمٍ حَلِیْمٍ ﴿۱۰۱﴾

(૧૦૧) જેથી અમોએ તેને એક સહનશીલ પુત્રની ખુશખબર આપી.

فَلَمَّا بَلَغَ مَعَهُ السَّعْیَ قَالَ یٰبُنَیَّ اِنِّیۡۤ اَرٰی فِی الۡمَنَامِ اَنِّیۡۤ اَذۡبَحُکَ
فَانۡظُرۡ مَاذَا تَرٰی ؕ قَالَ یٰۤاَبَتِ افۡعَلۡ مَا تُؤۡمَرُ ۫ سَتَجِدُنِیۡۤ اِنۡ
شَآءَ اللّٰہُ مِنَ الصّٰبِرِیۡنَ ﴿۱۰۲﴾

(૧૦૨) પછી જ્યારે તે (ઇસ્માઇલ) તેનીસાથે હરવા ફરવાને લાયક થયા ત્યારે તેણે કહ્યું કે અય મારા વ્હાલા પુત્ર! હું સ્વપ્નમાં શું જોઉં છું કે હું તને (અલ્લાહના નામ પર) ખરેખર કુરબાન કરી રહ્યો છું, માટે હવે તું વિચાર કરી કહે કે તારી શી સલાહ છે ? તેણે અરજ કરી કે અય મારા પિતા ! આપને જે આજ્ઞા મળી છે તે પૂર્ણ કરો, જો અલ્લાહે ચાહ્યું તો તમે મને સાબિર જોશો.

فَلَمَّآ اَسۡلَمَا وَتَلَّهٗ لِلۡجَبِيۡنِ ۝١٠٣

(૧૦૩) પછી જ્યારે બન્ને (અલ્લાહની આજ્ઞાને) આધીન થયા અને (ઇબ્રાહીમે) તે (ઇસ્માઇલ)ને (ભૂમિ પર) ઊંઘે મોંઢે સુવડાવી દીધો.

وَنَادَيۡنٰهُ اَنۡ يّٰۤاِبۡرٰهِيۡمُ ۝١٠٤

(૧૦૪) ત્યારે અમોએ તેને પોકારી કહ્યું કે અય ઇબ્રાહીમ !

قَدۡ صَدَّقۡتَ الرُّءۡيَا ۚ اِنَّا كَذٰلِكَ نَجۡزِى الۡمُحۡسِنِيۡنَ ۝١٠٥

(૧૦૫) બેશક તેં તારૂં સ્વપ્નું સાચું કરી દેખાડયું, ખરેખરજ નેકી કરનારાઓને અમે એવીજ રીતે ઉમદા બદલો આપ્યા કરીએ છીએ.

اِنَّ هٰذَا لَهُوَ الْبَلٰٓؤُا الْمُبِيْنُ ﴿١٠٦﴾

(૧૦૬) બેશક આ (મહાન અને) ખુલ્લી કસોટી હતી.

وَفَدَيْنٰهُ بِذِبْحٍ عَظِيْمٍ ﴿١٠٧﴾

(૧૦૭) અને અમોએ એક મહાન બલિદાન (તેના બદલામાં) નક્કી કરી તે (ઇસ્માઇલ)ને મુક્તિ આપી.

وَتَرَكْنَا عَلَيْهِ فِي الْاٰخِرِيْنَ ﴿١٠٨﴾ۖ

(૧૦૮) અને તેની ભલી યાદ અમોએ પાછળ આવનારાઓમાં બાકી રાખીઃ

سَلٰمٌ عَلٰٓى اِبْرٰهِيْمَ ﴿١٠٩﴾

(૧૦૯) ઇબ્રાહીમ પર સલામ થાઓ.

كَذٰلِكَ نَجۡزِی الۡمُحۡسِنِیۡنَ ﴿۱۱۰﴾

(૧૧૦) નેકી કરનારાઓને અમે એવોજ બદલો આપીએ છીએ.

اِنَّهٗ مِنۡ عِبَادِنَا الۡمُؤۡمِنِیۡنَ ﴿۱۱۱﴾

(૧૧૧) બેશક તે અમારા ઇમાનદાર બંદાઓ માંનો હતો.

وَبَشَّرۡنٰهُ بِاِسۡحٰقَ نَبِیًّا مِّنَ الصّٰلِحِیۡنَ ﴿۱۱۲﴾

(૧૧૨) અને અમોએ તેને ઇસ્હાક (પુત્ર)ની ખુશખબર આપી કે જે સદાચારી નબીઓ માંનો હતો.

وَبٰرَكْنَا عَلَيْهِ وَعَلٰٓى اِسْحٰقَ ۭ وَمِنْ ذُرِّيَّتِهِمَا مُحْسِنٌ وَّظَالِمٌ
لِّنَفْسِهٖ مُبِيْنٌ ١١٣ۧ

(૧૧૩) અને અમોએ તે (ઇબ્રાહીમ) તથા ઇસ્હાક પર (અમારી) બરકત ઉતારી; અને તેમની ઓલાદમાંથી સદાચારીઓ પણ હતા, અને તદ્દન ખુલ્લી રીતે પોતાની જાત પર ઝુલ્મ કરનારા પણ.

وَلَقَدْ مَنَنَّا عَلٰي مُوْسٰى وَهٰرُوْنَ ١١٤ۚ

(૧૧૪) અને બેશક અમોએ મૂસા તથા હારૂન પર પણ ઉપકાર કર્યો હતો.

وَنَجَّيْنٰهُمَا وَقَوْمَهُمَا مِنَ الْكَرْبِ الْعَظِيْمِ ١١٥ۚ

(૧૧૫) અને અમોએ તે બન્નેને તથા તેમની કોમને મહાન મુસીબતમાંથી મુક્તિ આપી હતી.

وَنَصَرۡنٰهُمۡ فَكَانُوۡا هُمُ الۡغٰلِبِيۡنَ ۚ﴿۱۱۶﴾

(૧૧૬) અને અમોએ (ફિરઔનના મુકાબલામાં) તેમની મદદ કરી હતી, જેથી તેઓજ પ્રબળ રહ્યા હતા.

وَاٰتَيۡنٰهُمَا الۡكِتٰبَ الۡمُسۡتَبِيۡنَ ۚ﴿۱۱۷﴾

(૧૧૭) અને અમોએ તે બન્નેને પ્રત્યક્ષ કિતાબ (તવરેત) આપી હતી.

وَهَدَيۡنٰهُمَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۚ﴿۱۱۸﴾

(૧૧૮) અને અમોએજ તે બન્નેને સન્માર્ગે ચલાવ્યા હતા.

وَتَرَكْنَا عَلَيْهِمَا فِي الْاٰخِرِيْنَ ﴿١١٩﴾

(૧૧૯) અને અમોએજ પાછળ આવનારાઓમાં તે બન્નેની ભલી યાદ બાકી રાખીઃ

سَلٰمٌ عَلٰى مُوْسٰى وَهٰرُوْنَ ﴿١٢٠﴾

(૧૨૦) મૂસા તથા હારૂન પર સલામ થાય.

اِنَّا كَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿١٢١﴾

(૧૨૧) બેશક અમે નેક કાર્યો કરનારાઓને એવોજ (ઉમદા) બદલો આપ્યા કરીએ છીએ.

اِنَّهُمَا مِنْ عِبَادِنَا الْمُؤْمِنِيْنَ ﴿١٢٢﴾

(૧૨૨) બેશક તેઓ બન્ને અમારા ઇમાનદાર બંદાઓ માંના હતા.

وَاِنَّ اِلۡیَاسَ لَمِنَ الۡمُرۡسَلِیۡنَ ﴿۱۲۳﴾ؕ

(૧૨૩) અને બેશક ઇલ્યાસ પણ રસૂલો માંનો હતો.

اِذۡ قَالَ لِقَوۡمِہٖۤ اَلَا تَتَّقُوۡنَ ﴿۱۲۴﴾

(૧૨૪) જે વખતે તેણે સ્વકોમને કહ્યું કે તમે શા માટે (અલ્લાહથી) ડરતા નથી?

اَتَدۡعُوۡنَ بَعۡلًا وَّتَذَرُوۡنَ اَحۡسَنَ الۡخَالِقِیۡنَ ﴿۱۲۵﴾ۙ

(૧૨૫) તમે બઅલ (નામના દેવતા)ને પોકારી પૂજો છો, અને ઉત્તમ પેદા કરનારને છોડી દો છો?

اللّٰهَ رَبَّكُمۡ وَرَبَّ اٰبَآئِكُمُ الۡاَوَّلِيۡنَ ﴿۱۲۶﴾

(૧૨૬) (યાને) અલ્લાહને કે જે તમારો પાલનહાર છે, અને તમારા આગલા બાપદાદાઓનો પણ પાલનહાર છે.

فَكَذَّبُوۡهُ فَاِنَّهُمۡ لَمُحۡضَرُوۡنَ ﴿۱۲۷﴾

(૧૨૭) પરંતુ તેમણે તે (ઇલ્યાસ)ને જૂઠલાવ્યો, જેથી તેઓ સર્વેને (જહન્નમમાં) જરૂર હાજર કરવામાં આવશેઃ

اِلَّا عِبَادَ اللّٰهِ الۡمُخۡلَصِيۡنَ ﴿۱۲۸﴾

(૧૨૮) પણ અલ્લાહના નિખાલસ બંદા તેનાથી સુરક્ષિત રહેશે.

وَتَرَكۡنَا عَلَيۡهِ فِي الۡاٰخِرِيۡنَ ﴿۱۲۹﴾

(૧૨૯) અને તેની ભલી યાદ અમોએ પાછળ આવનારાઓમાં બાકી રાખી.

سَلٰمٌ عَلٰۤى اِلۡ يَاسِيۡنَ ﴿۱۳۰﴾

(૧૩૦) ઇલ્યાસીન (ઇલ્યાસ) પર સલામ થાય.

اِنَّا كَذٰلِكَ نَجۡزِى الۡمُحۡسِنِيۡنَ ﴿۱۳۱﴾

(૧૩૧) બેશક અમે નેકી કરનારાઓને એવોજ બદલો આપીએ છીએ.

اِنَّهٗ مِنۡ عِبَادِنَا الۡمُؤۡمِنِيۡنَ ﴿۱۳۲﴾

(૧૩૨) બેશક તે અમારા મોઅમીન બંદાઓ માંનો હતો.

وَإِنَّ لُوطًا لَّمِنَ الْمُرْسَلِينَ ﴿١٣٣﴾

(૧૩૩) અને બેશક લૂત પણ રસૂલોમાંથી હતો.

إِذْ نَجَّيْنَٰهُ وَأَهْلَهُۥٓ أَجْمَعِينَ ﴿١٣٤﴾

(૧૩૪) જ્યારે કે અમોએ તેને તથા તેના સઘળા કુટુંબીઓને છુટકારો આપ્યો.

إِلَّا عَجُوزًا فِى الْغَٰبِرِينَ ﴿١٣٥﴾

(૧૩૫) સિવાય એક વૃધ્ધ સ્ત્રીના કે જે પાછળ રહી જનારાઓ માંની હતી.

ثُمَّ دَمَّرْنَا الْءَاخَرِينَ ﴿١٣٦﴾

(૧૩૬) પછી અમોએ બીજાઓનો નાશ કરી નાખ્યો.

وَاِنَّكُمْ لَتَمُرُّوْنَ عَلَيْهِمْ مُّصْبِحِيْنَ ﴿۱۳۷﴾

(૧૩૭) અને અય (મક્કાવાસીઓ !) તમે સવારમાં તેના અવશેષો પાસેથી ખરેખરજ પસાર થાઓ છો.

وَبِالَّيْلِ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿۱۳۸﴾

(૧૩૮) અને રાત્રિએ પણ; તે છતાં શું તમે સમજતા નથી.

وَاِنَّ يُوْنُسَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿۱۳۹﴾

(૧૩૯) અને બેશક યુનુસ પણ રસૂલો માંનો હતો.

اِذْ اَبَقَ اِلَى الْفُلْكِ الْمَشْحُوْنِ ﴿۱۴۰﴾

(૧૪૦) જ્યારે કે તે નાસી જઇ એક ભરેલા વહાણ પાસે પહોંચ્યો.

فَسَاهَمَ فَكَانَ مِنَ الْمُدْحَضِينَ ﴿١٤١﴾

(૧૪૧) ત્યારે તે (વહાણવાળાઓએ અંદરોઅંદર) ચીઠ્ઠીઓ નાખી, તો તેમાં તે (સમુદ્રમાં) નાખી દેવામાં આવનારાઓ માંનો નક્કી થયો (જેથી તેમણે તેને દરિયામાં નાખી દીધો).

فَالْتَقَمَهُ الْحُوتُ وَهُوَ مُلِيمٌ ﴿١٤٢﴾

(૧૪૨) પછી તેને એક માછલી ગળી ગઇ, અને તે પોતાનેજ દોષ દેવા લાગ્યો.

فَلَوْلَا أَنَّهُ كَانَ مِنَ الْمُسَبِّحِينَ ﴿١٤٣﴾

(૧૪૩) પણ જો તે (અલ્લાહની) તસ્બીહ પઢનારાઓ માંનો ન હોત.

لَلَبِثَ فِيْ بَطْنِهٖٓ اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿١٤٤﴾

(૧૪૪) તો જે દિવસે સઘળા (લોકો) ઉઠાડવામાં આવશે તે દિવસ સુધી અવશ્ય માછલીના પેટમાં રહ્યો હોત.

فَنَبَذْنٰهُ بِالْعَرَآءِ وَهُوَ سَقِيْمٌ ﴿١٤٥﴾

(૧૪૫) પછી અમોએ તેને (માછલીના પેટમાંથી કાઢી) એક ઉજ્જડ ભૂમી પર નાખી દીધો, એવી સ્થિતિમાં કે તે માંદો (પણ થઇ ગયો) હતો.

وَاَنْۢبَتْنَا عَلَيْهِ شَجَرَةً مِّنْ يَّقْطِيْنٍ ﴿١٤٦﴾

(૧૪૬) અને છાંયડા માટે તેના ઉપર એક દૂધીનું વૃક્ષ ઉગાડી દીધું.

وَاَرۡسَلۡنٰهُ اِلٰى مِائَةِ اَلۡفٍ اَوۡ يَزِيۡدُوۡنَ ﴿ۚ۱۴۷﴾

(૧૪૭) અને તે બાદ તેને એક લાખ અથવા તેથી પણ વધારે (લોકોવાળી વસ્તી) તરફ રસૂલ બનાવી મોકલ્યો.

فَاٰمَنُوۡا فَمَتَّعۡنٰهُمۡ اِلٰى حِيۡنٍ ﴿ؕ۱۴۸﴾

(૧૪૮) અને તે લોકો ઇમાન લઇ આવ્યા, અને અમે તેમને એક નક્કી કરેલા સમય સુધી સુખ ભોગવવા દીધું.

فَاسۡتَفۡتِهِمۡ اَلِرَبِّكَ الۡبَنَاتُ وَلَهُمُ الۡبَنُوۡنَ ﴿ۙ۱۴۹﴾

(૧૪૯) માટે (અય રસૂલ !) તેમને પૂછ કે શું તારા પાલનકર્તા માટે તો પુત્રીઓ છે અને તેમના માટે પુત્રો છે?

اَمْ خَلَقْنَا الْمَلٰٓئِكَةَ اِنَاثًا وَّهُمْ شٰهِدُوْنَ ﴿١٥٠﴾

(૧૫૦) અથવા શું અમોએ ફરિશ્તાઓને ખરેખર સ્ત્રીઓ બનાવી છે, અને તે સમયે આ લોકો હાજર હતા?

اَلَآ اِنَّهُمْ مِّنْ اِفْكِهِمْ لَيَقُوْلُوْنَ ۙ﴿١٥١﴾

(૧૫૧) ખબરદાર રહો ! આ (લોકો) જે કહે છે તે ખરેખરજ મનમાંથી જૂઠાણું ઘડી કાઢે છે.

وَلَدَ اللّٰهُ ۙ وَاِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿١٥٢﴾

(૧૫૨) કે અલ્લાહે (પુત્ર પુત્રીઓનો) જન્મ આપ્યો છે; પરંતુ વાસ્તવમાં તેઓ (તદ્દન) જૂઠા છે.

اَصۡطَفَى الۡبَنَاتِ عَلَى الۡبَنِيۡنَ ؕ﴿۱۵۳﴾

(૧૫૩) શું તેણે પુત્રો મૂકી પુત્રીઓ પસંદ કરી લીધી છે ?

مَا لَـكُمۡ ۚ كَيۡفَ تَحۡكُمُوۡنَ ﴿۱۵۴﴾

(૧૫૪) (અય હતભાગીઓ !) તમને શું થઇ ગયું છે, આ તમે કેવો ઇન્સાફ કરો છો ?

اَفَلَا تَذَكَّرُوۡنَ ۚ﴿۱۵۵﴾

(૧૫૫) શું તમે વિચારતા નથી ?

اَمۡ لَـكُمۡ سُلۡطٰنٌ مُّبِيۡنٌ ۙ﴿۱۵۶﴾

(૧૫૬) અથવા તમારી પાસે કોઇ પ્રત્યક્ષ પૂરાવો છે ?

فَأْتُوْا بِكِتٰبِكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ﴿۱۵۷﴾

(૧૫૭) માટે જો તમે સાચા છો તો તમારા લેખ (પૂરાવા) રજૂ કરો.

وَجَعَلُوْا بَيْنَهٗ وَبَيْنَ الْجِنَّةِ نَسَبًا ؕ وَلَقَدْ عَلِمَتِ الْجِنَّةُ اِنَّهُمْ لَمُحْضَرُوْنَ ۙ﴿۱۵۸﴾

(૧૫૮) અને તેમણે તે (અલ્લાહ) તથા જિન્નાતો વચ્ચે સગપણ (નો સંબંધ) જોડી દીધો છે; જોકે જિન્નાતો પણ એ વાતને સારી રીતે જાણે છે કે

તેઓ પણ (કયામતમાં) મનુષ્યોની જેમ જરૂર હાજર કરવામાં આવશેઃ

سُبۡحٰنَ اللّٰهِ عَمَّا يَصِفُوۡنَ ۝١٥٩

(૧૫૯) જે કાંઇ તેઓ વર્ણવે છે તેનાથી અલ્લાહ પાક છેઃ

اِلَّا عِبَادَ اللّٰهِ الۡمُخۡلَصِيۡنَ ۝١٦٠

(૧૬૦) વળી અલ્લાહના નિખાલસ બંદા (એવી ખોટી વાતો નથી કરતા).

فَاِنَّكُمۡ وَمَا تَعۡبُدُوۡنَ ۝١٦١

(૧૬૧) માટે તમે અને જેને જેને તમે પૂજો છો ઃ

مَاۤ اَنۡتُمۡ عَلَيۡهِ بِفٰتِنِيۡنَ ۝١٦٢

(૧૬૨) તે સર્વે મળીને પણ અલ્લાહની વિરૂદ્ધ (કોઇને) બહેકાવી શકશો નહિ:

إِلَّا مَنْ هُوَ صَالِ الْجَحِيمِ ۝١٦٣

(૧૬૩) સિવાય તેને કે જે જહન્નમમાં જનારો હોય.

وَمَا مِنَّا إِلَّا لَهُ مَقَامٌ مَّعْلُومٌ ۝١٦٤

(૧૬૪) અને (ફરિશ્તાઓ કહે છે કે) અમારામાંથી એક પણ એવો નથી કે જેના માટે એક નિશ્ચિત સ્થાન ન હોય:

وَإِنَّا لَنَحْنُ الصَّافُّونَ ۝١٦٥

(૧૬૫) અને ખરેજ અમે હાર બાંધી (અલ્લાહની સામે) ઉભા રહેનારા છીએ.

وَإِنَّا لَنَحْنُ الْمُسَبِّحُونَ ﴿١٦٦﴾

(૧૬૬) અને બેશક અમે અલ્લાહનો મહિમા ગાનારા છીએ.

وَإِنْ كَانُوا لَيَقُولُونَ ﴿١٦٧﴾

(૧૬૭) અને બેશક તેઓ આ કહેતા હતા ઃ

لَوْ أَنَّ عِنْدَنَا ذِكْرًا مِنَ الْأَوَّلِينَ ﴿١٦٨﴾

(૧૬૮) કે જો અમારી પાસે (અમારા પૂર્વજોની કિતાબ હોતઃ)

لَكُنَّا عِبَادَ اللَّهِ الْمُخْلَصِينَ ﴿١٦٩﴾

(૧૬૯) તો જરૂર અમે પણ અલ્લાહના નિખાલસ બંદા થઇ જતે.

فَكَفَرُوْا بِهٖ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿١٧٠﴾

(૧૭૦) ઠીક, અત્યારે તો તેમણે ઇન્કાર કર્યો છે પણ આગળ જતાં તેમને (વસ્તુ સ્થિતિ) જણાઇ આવશે.

وَلَقَدْ سَبَقَتْ كَلِمَتُنَا لِعِبَادِنَا الْمُرْسَلِيْنَ ﴿١٧١﴾

(૧૭૧) અને અમારા બોલ અમારા મોકલેલા બંદાઓ (રસૂલો) માટે પહેલેથી નીકળી ચૂક્યા છે.

اِنَّهُمْ لَهُمُ الْمَنْصُوْرُوْنَ ﴿١٧٢﴾

(૧૭૨) કે તેઓ સર્વેને જરૂર મદદ પહોંચાડવામાં આવશે.

وَاِنَّ جُنْدَنَا لَهُمُ الْغٰلِبُوْنَ ﴿١٧٣﴾

(૧૭૩) અને બેશક અમારૂં જ લશ્કર વિજયવંત રહેશે !

فَتَوَلَّ عَنْهُمْ حَتّٰى حِيْنٍ ﴿١٧٤﴾

(૧૭૪) માટે (અય રસૂલ) તું તેમના તરફથી ચોક્કસ સમય માટે મોંઢું ફેરવી લે.

وَّاَبْصِرْهُمْ فَسَوْفَ يُبْصِرُوْنَ ﴿١٧٥﴾

(૧૭૫) અને તેમની હીલચાલ નિહાળતો રહે ः પછી આગળ જતાં તેઓ પોતે પણ (પોતાની કરણીનું પરિણામ) જોઇ લેશે.

اَفَبِعَذَابِنَا يَسْتَعْجِلُوْنَ ﴿١٧٦﴾

(૧૭૬) શું તેઓ અમારા અઝાબના સંબંધમાં ઉતાવળ કરે છે ?

فَإِذَا نَزَلَ بِسَاحَتِهِمْ فَسَآءَ صَبَاحُ الْمُنْذَرِيْنَ ﴿١٧٧﴾

(૧૭૭) તો જ્યારે તે તેમના આંગણામાં આવી પડશે ત્યારે તે લોકોની સવાર કે જેઓ (અઝાબથી) ડરાવવામાં આવી ચૂક્યા છે ઘણીજ દુઃખ ભરી થશે.

وَتَوَلَّ عَنْهُمْ حَتّٰى حِيْنٍ ﴿١٧٨﴾

(૧૭૮) અને એક (ચોક્કસ) સમય માટે તું તેમના તરફથી મોઢું ફેરવી લેઃ

وَّاَبْصِرْ فَسَوْفَ يُبْصِرُوْنَ ﴿١٧٩﴾

(૧૭૯) અને જોતો રહે કે થોડાકજ સમય પછી તેઓ પણ પોતાની કરણીનું પરિણામ જોઇ લેશે.

سُبۡحٰنَ رَبِّكَ رَبِّ الۡعِزَّةِ عَمَّا يَصِفُوۡنَ ۚ﴿۱۸۰﴾

(૧૮૦) તારો પરવરદિગાર કે જે ઇઝઝતવાળો પરવરદિગાર છે, તે તેઓ જે કાંઇ વર્ણવે છે તેનાથી પાક છે.

وَسَلٰمٌ عَلَى الۡمُرۡسَلِيۡنَ ۚ﴿۱۸۱﴾

(૧૮૧) અને સર્વે રસૂલો પર સલામ થાય.

وَالۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعٰلَمِيۡنَ ﴿۱۸۲﴾

(૧૮૨) અને સર્વે પ્રકારની તાઅરીફ સઘળી દુનિયાવાળાઓના પાલનહાર અલ્લાહ માટેજ (શોભાસ્પદ) છે.

صٓ وَالۡقُرۡاٰنِ ذِی الذِّکۡرِ ؕ﴿۱﴾

(૧) સાદ (સ્વાદ), કસમ છે આ બોધથી ભરેલા કુરઆનની (કે તું સાચો નબીછે).

بَلِ الَّذِیۡنَ کَفَرُوۡا فِیۡ عِزَّۃٍ وَّ شِقَاقٍ ﴿۲﴾

(૨) પરંતુ જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ જાણી જોઇને અભિમાનથી (આંધળા બની) શત્રુવટમાં પડ્યા રહ્યા છે.

کَمۡ اَهۡلَکۡنَا مِنۡ قَبۡلِهِمۡ مِّنۡ قَرۡنٍ فَنَادَوۡا وَّ لَاتَ حِیۡنَ مَنَاصٍ ﴿۳﴾

(૩) અમોએ તેમની પહેલાં કેટલીએ પેઢીઓનો નાશ કર્યો છે, પછી તેઓ રડયા કુટયા, પરંતુ કોઇને પણ છટકી જવાનો સમય જ રહ્યો ન હતો.

وَعَجِبُوٓا اَنۡ جَآءَهُمۡ مُّنۡذِرٌ مِّنۡهُمۡ ۫ وَقَالَ الۡكٰفِرُوۡنَ هٰذَا سٰحِرٌ كَذَّابٌ ۖ﴿۴﴾

(૪) અને તેમને આશ્ચર્ય તો એ (વાત)નું થયું કે તેમની પાસે તેઓ માંનો જ એક ડરાવનારો (રસૂલ) આવ્યો, અને નાસ્તિકોએ કહી નાખ્યું કે આ તો એક જૂઠો જાદૂગર છે.

اَجَعَلَ الۡاٰلِهَةَ اِلٰهًا وَّاحِدًا ۖۚ اِنَّ هٰذَا لَشَىۡءٌ عُجَابٌ ﴿۵﴾

(૫) શું તેણે સઘળા માઅબૂદોને (ખાકમાં મેળવી) એકજ માઅબૂદ બનાવી લીધો છે, ખરેજ ! આ તો આશ્ચર્યજનક ચીજ છે !

وَانْطَلَقَ الْمَلَاُ مِنْهُمْ اَنِ امْشُوْا وَاصْبِرُوْا عَلٰۤى اٰلِهَتِكُمْ ۖۚ اِنَّ هٰذَا لَشَیْءٌ یُّرَادُ ۖۚ ⑥

(૬) અને તેમના આગેવાનો બોલી ઉઠ્યા કે ચાલો અને તમે તમારા માઅબૂદોને જ દ્રઢતાપૂર્વક વળગી રહો, બેશક (આ વાતમાં) તેનો કાંઇ સ્વાર્થ છે.

مَا سَمِعْنَا بِهٰذَا فِی الْمِلَّةِ الْاٰخِرَةِ ۖۚ اِنْ هٰذَاۤ اِلَّا اخْتِلَاقٌ ۖۚ ⑦

(૭) આગલા ધર્મોમાં તો અમોએ આવી વાત નથી સાંભળી; આ તો એક નવી ઉપજાવી કાઢેલી વાત છે.

أَءُنزِلَ عَلَيْهِ ٱلذِّكْرُ مِنۢ بَيْنِنَا ۚ بَلْ هُمْ فِى شَكٍّ مِّن ذِكْرِى ۖ
بَل لَّمَّا يَذُوقُوا۟ عَذَابِ ﴿٨﴾

(૮) શું આપણામાંથી (કેવળ) તેનાજ ઉપર નસીહત ઉતારવામાં આવી ? ખરી વાત આ છે કે તેઓ મારા બોધવચનના સંબંધમાં શંકામાં પડેલા છે, બલ્કે હજી તેમણે મારો અઝાબ ચાખ્યો જ નથી.

أَمْ عِندَهُمْ خَزَآئِنُ رَحْمَةِ رَبِّكَ ٱلْعَزِيزِ ٱلْوَهَّابِ ﴿٩﴾

(૯) અથવા શું તેમની પાસે તારા ઝબરદસ્ત અને મહાન દાતા પરવરદિગારની કૃપાના ખજાના છે?

اَمۡ لَهُمۡ مُّلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَمَا بَيۡنَهُمَا ۚ فَلۡيَرۡتَقُوۡا فِى الۡاَسۡبَابِ ﴿۱۰﴾

(૧૦) અથવા આસમાનો તથા જમીનો અને તે બન્નેની વચ્ચે જે કાંઇ છે તેનો અધિકાર તેમને છે? જો એમ હોય તો ભલેને તેઓ સીડીઓ (માંડી આસમાનો) પર ચઢી જાય !

جُنۡدٌ مَّا هُنَالِكَ مَهۡزُوۡمٌ مِّنَ الۡاَحۡزَابِ ﴿۱۱﴾

(૧૧) (રસૂલોને જૂઠલનાવનાર) જથ્થાઓમાંથી જેઓ પરાજીત બની નાસી છુટ્યા હતા તેમનું ભેગું થએલું આ લશ્કર છે.

كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوحٍ وَّعَادٌ وَّفِرْعَوْنُ ذُو الْأَوْتَادِ ⑫

(૧૨) તેમની પહેલાં નૂહની કોમે તથા આદ (ના કબીલાવાળા યાને હૂદ)ની કોમે તથા મેખોવાળા ફિરઔને પણ (રસૂલોને) જૂઠલાવ્યા હતા ઃ

وَثَمُودُ وَقَوْمُ لُوطٍ وَّأَصْحٰبُ لْـَٔيْكَةِ ۚ أُولٰٓئِكَ الْأَحْزَابُ ⑬

(૧૩) અને એવીજ રીતે સમૂદના કબીલાવાળાઓએ તથા લૂતની કોમે તથા વનવાસીઓ (હ.શોઅયબની કોમ) એ પણ; આજ તે ટોળા હતા.

اِنۡ کُلٌّ اِلَّا کَذَّبَ الرُّسُلَ فَحَقَّ عِقَابِ ﴿۱۴﴾

(૧૪) તેઓ માંના સઘળાઓએ રસૂલોને જૂઠલાવ્યા હતા, જેથી અમારા અઝાબને પાત્ર બન્યા હતા.

وَمَا یَنۡظُرُ ہٰۤؤُلَآءِ اِلَّا صَیۡحَۃً وَّاحِدَۃً مَّا لَہَا مِنۡ فَوَاقٍ ﴿۱۵﴾

(૧૫) અને આ લોકો પણ માત્ર એકજ ચીસની વાટ જુએ છે, જેમાં સહેજ પણ વિલંબ થનાર નથી.

وَقَالُوۡا رَبَّنَا عَجِّلۡ لَّنَا قِطَّنَا قَبۡلَ یَوۡمِ الۡحِسَابِ ﴿۱۶﴾

(૧૬) અને આ લોકો (કટાક્ષમાં) કહે છે કે અય અમારા પરવરદિગાર ! હિસાબના દિવસ પહેલાંજ અમારા માટે અમારા ભાગનો અઝાબ જલ્દી મોકલી દે.

اِصۡبِرۡ عَلٰی مَا یَقُوۡلُوۡنَ وَاذۡکُرۡ عَبۡدَنَا دَاوٗدَ ذَا الۡاَیۡدِ ۚ اِنَّہٗۤ
اَوَّابٌ ﴿۱۷﴾

(૧૭) (અય રસૂલ !) તેઓ જે કાંઇ કહે છે તે માટે ધીરજથી સહન કર, અને અમારા બળવાન બંદા દાવૂદને યાદ કર; બેશક તે (અલ્લાહ તરફ) મોટો રજૂ થનારો હતો.

اِنَّا سَخَّرۡنَا الۡجِبَالَ مَعَہٗ یُسَبِّحۡنَ بِالۡعَشِیِّ وَالۡاِشۡرَاقِ ﴿ۙ۱۸﴾

(૧૮) ખરેજ અમોએ પહાડો તેના તાબે કરી દીધા હતા, જેથી તે (પહાડો) પણ સાંજ સવાર (અલ્લાહનો) મહિમા ગાવામાં તેનો સાથ આપતા હતાઃ

وَالطَّيْرَ مَحْشُوْرَةً ؕ كُلٌّ لَّهٗۤ اَوَّابٌ ﴿۱۹﴾

(૧૯) અને પક્ષીઓ પણ (અલ્લાહની યાદના સમયે તેની આસપાસ) ભેગા થતા હતા; (અને) તે બધા વારંવાર તેનામાં સૂર મેળવતા હતા.

وَشَدَدْنَا مُلْكَهٗ وَاٰتَيْنٰهُ الْحِكْمَةَ وَفَصْلَ الْخِطَابِ ﴿۲۰﴾

(૨૦) અને અમોએ તેનું રાજ્ય મજબૂત કરી દીધું હતું, અને અમોએ તેને સુબુધ્ધિ તથા વાદવિવાદ વડે ખરા ચુકાદા આપવાની શક્તિ અર્પણ કરી હતી.

وَهَلْ اَتٰىكَ نَبَؤُا الْخَصْمِ ۘ اِذْ تَسَوَّرُوا الْمِحْرَابَ ﴿۲۱﴾ۙ

(૨૧) અને (અય રસૂલ !) ભલા તને તે દાવેદારોની પણ ખબર મળી છે ? જ્યારે તેઓ પ્રાર્થના ગૃહની દિવાલ કુદાવીને.

اِذْ دَخَلُوْا عَلٰى دَاوٗدَ فَفَزِعَ مِنْهُمْ قَالُوْا لَا تَخَفْ ۚ خَصْمٰنِ بَغٰى بَعْضُنَا عَلٰى بَعْضٍ فَاحْكُمْ بَيْنَنَا بِالْحَقِّ وَلَا تُشْطِطْ وَاهْدِنَآ اِلٰى سَوَآءِ الصِّرَاطِ ﴿۲۲﴾

(૨૨) દાવૂદ પાસે આવી દાખલ થયા ત્યારે તે તેમનાથી ભય પામ્યો. (જેથી) તેમણે કહ્યું કે (અય દાવૂદ !) ભય ન પામ; અમે બન્ને વાદી પ્રતિવાદી છીએ, અમારામાંથી એકે બીજા ઉપર અત્યાચાર કર્યો છે, માટે તું અમારી વચ્ચે યોગ્ય ફેંસલો કરી

આપ, અને (તેમ કરવામાં) કોઇ પ્રકારનો અન્યાય ન કર, અને અમને સન્માર્ગ ઉપર ચલાવ.

اِنَّ هٰذَاۤ اَخِیْ قف لَهٗ تِسْعٌ وَّتِسْعُوْنَ نَعْجَةً وَّلِیَ نَعْجَةٌ وَّاحِدَةٌ قف

فَقَالَ اَكْفِلْنِیْهَا وَعَزَّنِیْ فِی الْخِطَابِ ﴿۲۳﴾

(૨૩) (સાંભળ) બેશક આ મારો ભાઇ છે; તેની પાસે નવ્વાણું મેંઢીઓ છે, અને મારી પાસે એકજ મેંઢી છે; છતાં તે મને કહે છે કે તે એક મેંઢી પણ મને સોંપી દે, અને (વળી) વાતચીત કરવામાં પણ તે મને દબાવે છે.

قَالَ لَقَدْ ظَلَمَكَ بِسُؤَالِ نَعْجَتِكَ اِلٰی نِعَاجِهٖ ط وَاِنَّ كَثِیْرًا

مِّنَ الْخُلَطَآءِ لَیَبْغِیْ بَعْضُهُمْ عَلٰی بَعْضٍ اِلَّا الَّذِیْنَ اٰمَنُوْا

وَعَمِلُوا الصّٰلِحٰتِ وَقَلِيْلٌ مَّا هُمْ ؕ وَظَنَّ دَاوٗدُ اَنَّمَا فَتَنّٰهُ
فَاسْتَغْفَرَ رَبَّهٗ وَخَرَّ رَاكِعًا وَّاَنَابَ ۩﴿۲۴﴾

(૨૪) (દાવૂદે) ફરમાવ્યું, ખરેખરજ તેણે પોતાની આટલી (બધી) મેંઢીઓ હોવા છતાં તારી એક મેંઢી પણ તારી પાસે માંગવામાં તારા ઉપર ઝુલ્મ કર્યો છે; અને બેશક ઘણા ભાગીદારો એવી રીતે એક બીજા પર ઝુલ્મ કરે છે, સિવાય કે જેઓ ઇમાન લાવ્યા હોય તથા સદાચારી હોય, પણ તેવા ઘણાજ થોડા હોય છે. (આ સાંભળી તેઓ ચાલ્યા ગયા) અને દાવૂદ સમજી ગયો કે અમોએ (આ ચુકાદા વડે) તેની કસોટી કરી છે, જેથી તેણે પોતાના પરવરદિગારની ક્ષમા માંગી અને તે

સિજદામાં પડી જઇને (અલ્લાહની તરફ) ધ્યાનમગ્ન થઇ ગયો.

فَغَفَرْنَا لَهٗ ذٰلِكَ ؕ وَاِنَّ لَهٗ عِنْدَنَا لَزُلْفٰى وَحُسْنَ مَاٰبٍ ﴿۲۵﴾

(૨૫) જેથી અમોએ પણ તેનો આ (ગુનોહ) માફ કરી દીધો; અને બેશક અમારી પાસે તેની મોટી નઝદીકી અને ઉત્તમ સ્થાન છે.

يٰدَاوٗدُ اِنَّا جَعَلْنٰكَ خَلِيْفَةً فِى الْاَرْضِ فَاحْكُمْ بَيْنَ النَّاسِ بِالْحَقِّ وَلَا تَتَّبِعِ الْهَوٰى فَيُضِلَّكَ عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ اِنَّ الَّذِيْنَ يَضِلُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ لَهُمْ عَذَابٌ شَدِيْدٌۢ بِمَا نَسُوْا يَوْمَ الْحِسَابِ ﴿۲۶﴾

(૨૬) અય દાવૂદ ! બેશક અમોએ તને આ ભૂમિમાં (અમારો) પ્રતિનિધિ નીમ્યો છે, માટે તું લોકો વચ્ચે ન્યાયસર ચુકાદા આપતો રહે. અને મનોકામનાને આધીન ન થા, નહિ તો તે તને અલ્લાહના માર્ગ પરથી રખડાવી મૂકશે; બેશક જે લોકો અલ્લાહના માર્ગથી રખડી જશે તેમને હિસાબના દિવસને વીસરી જવાના કારણે સખ્ત અઝાબ થશે.

وَمَا خَلَقْنَا السَّمَآءَ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا بَاطِلًا ۭ ذٰلِكَ ظَنُّ
الَّذِيْنَ كَفَرُوْا ۚ فَوَيْلٌ لِّلَّذِيْنَ كَفَرُوْا مِنَ النَّارِ ۝٢٧

(૨૭) અને અમોએ આસમાન તથા જમીન અને તે બન્નેની વચ્ચે જે કાંઇ છે તેને વ્યર્થ સર્જ્યા નથી; આ ઇમાન ન લાવનારાઓની ખોટી કલ્પના છે;

માટે જેઓ જહન્નમનો ઇન્કાર કરે છે તેમના માટે દુર્દશા જ છે.

اَمْ نَجْعَلُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ كَالْمُفْسِدِيْنَ فِي
الْاَرْضِ ۫ اَمْ نَجْعَلُ الْمُتَّقِيْنَ كَالْفُجَّارِ ﴿٢٨﴾

(૨૮) ભલા જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેમની સાથે અમે શું જમીનમાં ફસાદ ફેલાવનારાઓના જેવું વર્તન ચલાવીશું, અથવા પરહેઝગારોને બદકારોની બરોબર કરી નાખીશું?

كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ وَلِيَتَذَكَّرَ اُولُوا
الْاَلْبَابِ ﴿٢٩﴾

(૨૯) (અય રસૂલ !) આ કિતાબ કે જે અમોએ તારી તરફ ઉતારી છે મોટી બરકતવાળી છે, માટે તેઓ તેના ફરમાનોમાં મનન કરે તથા બુધ્ધિશાળીઓ બોધ ગ્રહણ કરે.

وَوَهَبۡنَا لِدَاوٗدَ سُلَيۡمٰنَ ؕ نِعۡمَ الۡعَبۡدُ ؕ اِنَّهٗۤ اَوَّابٌ ﴿۳۰﴾ؕ

(30) અને અમોએ દાવૂદને સુલયમાન પુત્ર અર્પણ કર્યો; ખરેજ તે શ્રેષ્ઠ બંદો હતો; વળી બેશક તે (પોતાને) અલ્લાહ તરફ મોટો રજૂ કરનારો હતો.

اِذۡ عُرِضَ عَلَيۡهِ بِالۡعَشِىِّ الصّٰفِنٰتُ الۡجِيَادُ ﴿۳۱﴾ۙ

(૩૧) (તે સમયને યાદ કરો) જ્યારે સંધ્યા સમયે (કેટલાક) વેગવાન ઘોડા તેની સામે રજૂ કરવામાં

આવ્યા (અને તે જોવામાં અસરની નમાઝનો વખત ચાલ્યો ગયો).

فَقَالَ اِنِّیۡۤ اَحۡبَبۡتُ حُبَّ الۡخَیۡرِ عَنۡ ذِکۡرِ رَبِّیۡ ۚ حَتّٰی تَوَارَتۡ بِالۡحِجَابِ ﴿۳۲﴾

(૩૨) ત્યારે કહેવા લાગ્યો કે મેં માલની માયામાં મારા પરવરદિગારની યાદ છોડી દીધી, અહીં સુધી કે તે (સૂર્ય) પડદામાં અદ્રશ્ય થઇ ગયો.

رُدُّوۡهَا عَلَیَّ ؕ فَطَفِقَ مَسۡحًۢا بِالسُّوۡقِ وَ الۡاَعۡنَاقِ ﴿۳۳﴾

(૩૩) (માટે) તેમને મારી સામે પાછા લઇ આવો, પછી તે તેમની પીંડળીઓ તથા ગરદનોને પંપાળવા લાગ્યા.

وَلَقَدۡ فَتَنَّا سُلَيۡمٰنَ وَاَلۡقَيۡنَا عَلٰى كُرۡسِيِّهٖ جَسَدًا ثُمَّ اَنَابَ ﴿٣٤﴾

(૩૪) અને ખરેજ અમોએ સુલયમાનની કસોટી કરી, અને તેના સિંહાસન પર (વારસ તરીકે) એક ધડ લાવી નાખ્યું, જેથી તે અલ્લાહ તરફ રજૂ થયો.

قَالَ رَبِّ اغۡفِرۡ لِىۡ وَهَبۡ لِىۡ مُلۡكًا لَّا يَنۡۢبَغِىۡ لِاَحَدٍ مِّنۡۢ بَعۡدِىۡ ۚ

اِنَّكَ اَنۡتَ الۡوَهَّابُ ﴿٣٥﴾

(૩૫) (અને) અરજ કરવા લાગ્યો કે અય મારા પરવરદિગાર! મારા અપરાધ માફ કરી દે, અને મને એવું રાજ્ય અર્પણ કર કે જે મારા પછી કોઇને અનુકૂળ ન આવે; બેશક તું મહાન દાતા છે.

فَسَخَّرْنَا لَهُ الرِّيحَ تَجْرِي بِأَمْرِهِ رُخَآءً حَيْثُ أَصَابَ ﴿٣٦﴾

(૩૬) જેથી અમોએ વાયુ તેને આધીન કરી દીધો કે જે તેની આજ્ઞા પ્રમાણે જ્યાં તે ચાહતો તે તરફ ધીમે ધીમે ફૂંકાઇ પહોંચાડી દેતો:

وَالشَّيٰطِيْنَ كُلَّ بَنَّآءٍ وَّغَوَّاصٍ ﴿٣٧﴾

(૩૭) અને શેતાનોને પણ તેને તાબે કરી દીધા હતા, તે સઘળા ઇમારત બાંધનારા તેમજ સમુદ્રમાં ડૂબકીઓ મારનારા પણ હતા:

وَّاٰخَرِيْنَ مُقَرَّنِيْنَ فِي الْاَصْفَادِ ﴿٣٨﴾

(૩૮) અને બીજા કેટલાક (નાફરમાનીના કારણે) બેડીઓમાં જકડાએલા હતા.

هٰذَا عَطَآؤُنَا فَامْنُنْ اَوْ اَمْسِكْ بِغَيْرِ حِسَابٍ ۝٣٩

(૩૯) (અય સુલયમાન !) આ અમારી મહાન બક્ષિશ છે, હવે તું ચાહે છુટથી આપ અથવા રોકી રાખ, તેને લગતો હિસાબ લેવામાં નહિ આવે.

وَاِنَّ لَهٗ عِنْدَنَا لَزُلْفٰى وَحُسْنَ مَاٰبٍ ۝٤٠

(૪૦) અને બેશક સુલયમાનને અમારી પાસે નીકટપણું પ્રાપ્ત થયું છે, અને પાછા ફરવાનું ઉત્તમ સ્થાન પણ.

وَاذْكُرْ عَبْدَنَآ اَيُّوْبَ ۘ اِذْ نَادٰى رَبَّهٗٓ اَنِّيْ مَسَّنِيَ الشَّيْطٰنُ

بِنُصْبٍ وَّعَذَابٍ ۝٤١

(૪૧) અને અમારા બંદા ઐયુબને યાદ કર, જે વખતે તેણે પોતાના પરવરદિગારને પોકાર્યો કે ખરેજ શેતાને મને કષ્ટ પહોંચાડ્યું છે અને દુઃખભરી ઇજા પણ.

اُرۡكُضۡ بِرِجۡلِكَ‌ۚ هٰذَا مُغۡتَسَلٌۢ بَارِدٌ وَّشَرَابٌ﴿۴۲﴾

(૪૨) (અમોએ જવાબ આપ્યો કે) તું જમીન પર તારો પગ માર, (તેમ કરતાં એક ઝરણું વહી નીકળ્યું; પછી અમોએ ફરમાવ્યું કે) આ શીતળ જળ નહાવા માટે છે અને પીવા માટે પણ.

وَوَهَبۡنَا لَهٗۤ اَهۡلَهٗ وَمِثۡلَهُمۡ مَّعَهُمۡ رَحۡمَةً مِّنَّا وَذِكۡرٰى لِاُولِى

الۡاَلۡبَابِ﴿۴۳﴾

(૪૩) અને અમોએ તેના બાલબચ્ચાં તેને (પાછાં) આપ્યાં અને તેમની સાથે તેટલા બીજા પણ આપ્યા, આ અમારા તરફની એક (મહાન) કૃપા હતી અને સમજદારો માટે નસીહત.

وَخُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ بِّهٖ وَلَا تَحْنَثْ ؕ اِنَّا وَجَدْنٰهُ صَابِرًا ؕ نِعْمَ الْعَبْدُ ؕ اِنَّهٗۤ اَوَّابٌ ﴿۴۴﴾

(૪૪) અને (અય અય્યુબ!) લીલી વનસ્પતિની ડાંખળીનો ગુચ્છો તારા હાથમાં લે, અને તે વડે (તારી પત્નીને) માર, અને તારી પ્રતિજ્ઞા જૂઠી ન પાડ; બેશક અમોએ તેને (મહા) ધૈર્યવાન ભાળ્યો; તે કેવો ઉત્તમ બંદો હતો! ખરેજ તે (પોતાને અલ્લાહના તરફ) મોટો રજૂ કરનારો હતો.

وَاذۡکُرۡ عِبٰدَنَاۤ اِبۡرٰهِیۡمَ وَاِسۡحٰقَ وَیَعۡقُوۡبَ اُولِی الۡاَیۡدِیۡ
وَالۡاَبۡصَارِ ﴿۴۵﴾

(૪૫) અને અમારા બંદા ઇબ્રાહીમ તથા ઇસ્હાક તથા યાકૂબને યાદ કર, જેઓ મોટી શક્તિવાળા અને મોટી દ્રષ્ટિવાળા હતા.

اِنَّاۤ اَخۡلَصۡنٰهُمۡ بِخَالِصَةٍ ذِکۡرَی الدَّارِ ﴿۴۶﴾

(૪૬) બેશક અમોએ તેમને એક નિર્મળ કાર્ય (યાને) આકેબતની સંભારણા (કર્યા કરવા) માટે પસંદ કરી લીધા હતા.

وَاِنَّهُمۡ عِنۡدَنَا لَمِنَ الۡمُصۡطَفَیۡنَ الۡاَخۡیَارِ ﴿۴۷﴾

(૪૭) અને બેશક તેઓ અમારી પાસે પસંદ કરેલા અને ઉત્તમ (બંદાઓ) માંના છે.

وَاذۡكُرۡ اِسۡمٰعِيۡلَ وَالۡيَسَعَ وَذَا الۡكِفۡلِ ؕ وَكُلٌّ مِّنَ الۡاَخۡيَارِ ۝٤٨

(૪૮) અને ઇસ્માઇલ તથા યસ્અ તથા ઝુલકિફલને પણ યાદ કર; અને તેઓ સઘળાજ ઉત્તમ (બંદાઓ) માંના હતા.

هٰذَا ذِكۡرٌ ؕ وَاِنَّ لِلۡمُتَّقِيۡنَ لَحُسۡنَ مَاٰبٍ ۝٤٩

(૪૯) આ (કુરઆન) એક નસીહત છે; અને બેશક પરહેઝગારો માટે (અમારી પાસે) પાછા ફરવાનું ઉત્તમ રહેઠાણ છેઃ

جَنّٰتِ عَدۡنٍ مُّفَتَّحَةً لَّهُمُ الۡاَبۡوَابُ ۝٥٠

(૫૦) (યાને) હંમેશ રહેવાના બગીચા, જેમના દ્વાર તેમના માટે ઉઘાડેલા હશે.

مُتَّكِـِٕيْنَ فِيْهَا يَدْعُوْنَ فِيْهَا بِفَاكِهَةٍ كَثِيْرَةٍ وَّشَرَابٍ ﴿٥١﴾

(૫૧) તેઓ તેમાં ઓશીકાંઓને અઢેલી બેઠા હશે, અને તેમાં જાતજાતના પુષ્કળ મેવા તથા પીવાની વસ્તુઓ મંગાવતા હશે.

وَعِنْدَهُمْ قٰصِرٰتُ الطَّرْفِ اَتْرَابٌ ﴿٥٢﴾

(૫૨) અને તેમની પાસે સમાન વયની નીચી નિગાહવાળી (હૂરો) હશે.

هٰذَا مَا تُوْعَدُوْنَ لِيَوْمِ الْحِسَابِ ﴿٥٣﴾

(૫૩) (અય મુસલમાનો !) આ એજ વસ્તુઓ છે કે જેના વિષે હિસાબના દિવસ માટે તમને વાયદા કરવામાં આવ્યા હતા.

إِنَّ هَٰذَا لَرِزْقُنَا مَا لَهُۥ مِن نَّفَادٍ ﴿٥٤﴾

(૫૪) બેશક આ અમારી તે બક્ષિશો છે કે જેનો (કદી પણ) અંત આવનાર નથી.

هَٰذَا ۚ وَإِنَّ لِلطَّٰغِينَ لَشَرَّ مَـَٔابٍ ﴿٥٥﴾

(૫૫) આવોજ બદલો હશે; અને ખરેજ સરકશી કરનારાઓ માટે પાછા ફરવાનું ઘણુંજ ખરાબ રહેઠાણ છે:

جَهَنَّمَ يَصْلَوْنَهَا فَبِئْسَ ٱلْمِهَادُ ﴿٥٦﴾

(૫૬) (અર્થાત) જહન્નમ; જેમાં તેઓ દાખલ થશે, અને તે અત્યંત ખરાબ ઠેકાણું (સ્થળ) છે.

هٰذَا ۙ فَلْيَذُوْقُوْهُ حَمِيْمٌ وَّغَسَّاقٌ ﴿٥٧﴾

(૫૭) આ છે તેમનો બદલો; માટે જોઇએ કે તેઓ તેનો (સ્વાદ) ચાખે, એટલે કે ઉકળતું પાણી અને પરૂનોઃ

وَّاٰخَرُ مِنْ شَكْلِهٖٓ اَزْوَاجٌ ﴿٥٨﴾

(૫૮) અને એવાજ પ્રકારની બીજી જાત જાતની શિક્ષાઓ પણ (ચાખે).

هٰذَا فَوْجٌ مُّقْتَحِمٌ مَّعَكُمْ ۚ لَا مَرْحَبًۢا بِهِمْ ۭ اِنَّهُمْ صَالُوا النَّارِ ﴿٥٩﴾

(૫૯) (જ્યારે જહન્નમીઓના સરદારો જહન્નમમાં જવા માંડશે ત્યારે ફરિશ્તાઓ તેમને એક બીજા ટોળાં તરફ ઇશારો કરી કહેશે કે) આ (તમારા અનુયાયીઓનું બનેલું) એક લશ્કર છે, જે (નાના મોટાના ભેદભાવ વિના) તમારી સાથેજ આગમાં દાખલ થનારા છે; (ત્યારે સરદારો કહેશે કે) તેમના માટે કોઇ પ્રકારનો સત્કાર નથી; ખરેખરજ તેઓ જહન્નમમાં દાખલ થનારા છે.

قَالُوْا بَلْ اَنْتُمْ ۟ لَا مَرْحَبًۢا بِكُمْ ؕ اَنْتُمْ قَدَّمْتُمُوْهُ لَنَا ۚ
فَبِئْسَ الْقَرَارُ ۞

(૬૦) (આ સાંભળી તેમના અનુયાયીઓ) કહેશે કે નહિ, નહિ, બલ્કે તમારા માટે કોઇ પ્રકારનો સત્કાર

નથી; તમોએ જ તો અમારા માટે આ (આફત) પહેલાંથી જ તૈયાર કરી રાખી છે, અને તે ઘણુંજ બૂરૂં વિશ્રાંતિ સ્થાન છે.

قَالُوْا رَبَّنَا مَنْ قَدَّمَ لَنَا هٰذَا فَزِدْهُ عَذَابًا ضِعْفًا فِي النَّارِ ﴿٦١﴾

(૬૧) પછી તે (અનુયાયી)ઓ અરજ કરશે કે અય અમારા પરવરદિગાર ! જેમણે અમારા માટે આ (માર્ગ) તૈયાર કર્યો છે તેમના માટે આગનો બમણો અઝાબ વધારી દે.

وَقَالُوْا مَا لَنَا لَا نَرٰى رِجَالًا كُنَّا نَعُدُّهُمْ مِّنَ الْاَشْرَارِ ﴿٦٢﴾

(૬૨) અને (વળી) તેઓ કહેશે કે અમને શું થઇ ગયું છે કે અમે તે લોકોને (જહન્નમમાં) નથી જોતા

કે જેમને અમે દૂરાચારીઓ માંના ગણ્યા કરતા હતા ?

اَتَّخَذْنٰهُمْ سِخْرِيًّا اَمْ زَاغَتْ عَنْهُمُ الْاَبْصَارُ ﴿٦٣﴾

(૬૩) ભલા અમોએ તેમની (ખોટી) મશ્કરી કરી હતી, અથવા શું તેઓ અમારી દ્રષ્ટીએ જ પડતા નથી?

اِنَّ ذٰلِكَ لَحَقٌّ تَخَاصُمُ اَهْلِ النَّارِ ﴿٦٤﴾

(૬૪) બેશક જહન્નમવાળાઓનું અંદરોઅંદરનું તે ઝઘડવું વાસ્તવિક હશે.

قُلْ اِنَّمَآ اَنَا مُنْذِرٌ ۖ وَّمَا مِنْ اِلٰهٍ اِلَّا اللّٰهُ الْوَاحِدُ الْقَهَّارُ ﴿٦٥﴾

(૬૫) (અય રસૂલ !) તું કહે કે હું તો માત્ર એક ડરાવનારો છું. અને તે એક પ્રબળ અલ્લાહના સિવાય કોઇ બીજો માઅબૂદ નથી.

رَبُّ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَمَا بَيۡنَهُمَا الۡعَزِيۡزُ الۡغَفَّارُ ۟

(૬૬) આસમાનો તથા જમીનનો અને જે કાંઇ તે બન્નેની વચ્ચે છે તેમનો પરવરદિગાર, જે મહા બળવાન (અને) ક્ષમાવાન છે.

قُلۡ هُوَ نَبَؤٌا عَظِيۡمٌ ۙ‏ ۟

(૬૭) તું કહે કે તે (કયામત વિષેની ખબર) મહા (ગંભીર) ખબર છે.

اَنۡتُمۡ عَنۡهُ مُعۡرِضُوۡنَ ۟

(૬૮) કે જેનાથી તમે મોઢું ફેરવી રહ્યા છો.

مَا كَانَ لِيَ مِنْ عِلْمٍۭ بِالْمَلَاِ الْاَعْلٰٓى اِذْ يَخْتَصِمُوْنَ ﴿٦٩﴾

(૬૯) જ્યારે ઉપલી દુનિયાના રહેવાસીઓ આપસમા વાદવિવાદ કરવા લાગ્યા ત્યારે મને તેમ (ના વાદવિવાદ)નું જ્ઞાન ન હતું.

اِنْ يُّوْحٰٓى اِلَيَّ اِلَّآ اَنَّمَآ اَنَا نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٧٠﴾

(૭૦) મને કાંઇ બીજી વહી કરવામાં નથી આવતી, પરંતુ આ કે હું એક ખુલ્લો ડરાવનારો છું.

اِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ اِنِّيْ خَالِقٌۢ بَشَرًا مِّنْ طِيْنٍ ﴿٧١﴾

(૭૧) (તે સમયને યાદ કર) જ્યારે તારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું કે ખરેખરજ હું માટીમાંથી એક માણસ બનાવનાર છું.

فَاِذَا سَوَّيْتُهٗ وَنَفَخْتُ فِيْهِ مِنْ رُّوْحِيْ فَقَعُوْا لَهٗ سٰجِدِيْنَ ﴿۷۲﴾

(૭૨) પછી જ્યારે હું તેને બનાવી ચૂકું અને (પછી) મારી રૂહમાંથી તેમાં ફૂંકી દઉં તો તમે તેની સામે સિજદામાં પડી જજો.

فَسَجَدَ الْمَلٰٓئِكَةُ كُلُّهُمْ اَجْمَعُوْنَ ﴿۷۳﴾

(૭૩) આથી બધા ફરિશ્તાઓએ તો સિજદો કર્યો:

اِلَّآ اِبْلِيْسَ ؕ اِسْتَكْبَرَ وَكَانَ مِنَ الْكٰفِرِيْنَ ﴿۷۴﴾

(૭૪) પણ ન કર્યો તો (માત્ર) ઇબ્લીસે; તેણે ગર્વ કર્યો અને નાસ્તિકોમાંથી જ હતો.

قَالَ يٰٓاِبۡلِيۡسُ مَا مَنَعَكَ اَنۡ تَسۡجُدَ لِمَا خَلَقۡتُ بِيَدَىَّ ؕ

اَسۡتَكۡبَرۡتَ اَمۡ كُنۡتَ مِنَ الۡعَالِيۡنَ ﴿۷۵﴾

(૭૫) (અલ્લાહે) ફરમાવ્યું, અય ઇબ્લીસ ! જેને મેં મારા (કુદરતના) બે હાથો વડે પેદા કર્યો તેને સિજદો કરતાં તને કઇ વસ્તુએ અટકાવ્યો ? શું તે અભિમાન કર્યું, અથવા તો શું તું ઉચ્ચ દરજ્જાવાળાઓમાંથી છે.

قَالَ اَنَا خَيۡرٌ مِّنۡهُ ؕ خَلَقۡتَنِىۡ مِنۡ نَّارٍ وَّخَلَقۡتَهٗ مِنۡ طِيۡنٍ ﴿۷۶﴾

(૭૬) અરજ કરવા લાગ્યો કે હું તેના કરતાં શ્રેષ્ઠ છું; તેં મને અગ્નિમાંથી પેદા કર્યો છે અને તેને માટીમાંથી પેદા કર્યો છે.

قَالَ فَاخْرُجْ مِنْهَا فَإِنَّكَ رَجِيْمٌ ﴿٧٧﴾

(૭૭) ફરમાવ્યું, તું અહીંથી નીકળી જા, કારણ કે તું (અમારી બારગાહમાંથી) બેશક હાંકી કાઢવામાં આવેલો છે.

وَّإِنَّ عَلَيْكَ لَعْنَتِيْٓ إِلٰى يَوْمِ الدِّيْنِ ﴿٧٨﴾

(૭૮) અને બેશક તારા પર ન્યાયના દિવસ સુધી મારી લાનત થતી રહેશે.

قَالَ رَبِّ فَأَنْظِرْنِيْٓ إِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿٧٩﴾

(૭૯) અરજ કરવા લાગ્યો કે અય મારા પરવરદિગાર ! તું મને તે દિવસ સુધીની મોહલત આપી દે કે જે દિવસે તે (લોકો) ઉઠાડવામાં આવશે.

قَالَ فَاِنَّكَ مِنَ الۡمُنۡظَرِيۡنَ ۙ﴿۸۰﴾

(૮૦) ફરમાવ્યું, બેશક તને મોહલત આપવામાં આવી છે.

اِلٰى يَوۡمِ الۡوَقۡتِ الۡمَعۡلُوۡمِ ﴿۸۱﴾

(૮૧) તે જાણીતા સમયના દિવસ સુધીની.

قَالَ فَبِعِزَّتِكَ لَاُغۡوِيَنَّهُمۡ اَجۡمَعِيۡنَ ۙ﴿۸۲﴾

(૮૨) (આથી) તેણે અરજ કરી કે હવે કસમ છે તારી ઇઝઝતની કે હું સઘળાઓને જરૂર બ્હેકાવીશઃ

إِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِينَ ﴿٨٣﴾

(૮૩) તેઓમાંથી તારા નિખાલસ બંદાઓ સિવાય.

قَالَ فَالْحَقُّ وَالْحَقَّ أَقُولُ ﴿٨٤﴾

(૮૪) ફરમાવ્યું, આ સત્ય છે, અને હું સત્યજ કહી દઉં છું.

لَأَمْلَأَنَّ جَهَنَّمَ مِنْكَ وَمِمَّنْ تَبِعَكَ مِنْهُمْ أَجْمَعِينَ ﴿٨٥﴾

(૮૫) કે હું પણ તારાથી અને તેમનામાંથી જે પણ તારા અનુયાયી થઇ જશે તેઓ સર્વથી જહન્નમ ભરી દઇશ.

قُلْ مَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ وَّمَآ اَنَا مِنَ الْمُتَكَلِّفِيْنَ ﴿٨٦﴾

(૮૬) (અય રસૂલ !) તું કહે કે હું તો તમારાથી તે (સંદેશો પહોંચાડવા) બદલ કોઇજ બદલો માંગતો નથી અને ન હું બનાવટ કરવાવાળો છું.

اِنْ هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ ﴿٨٧﴾

(૮૭) આ (કુરઆન) તો સઘળી દુનિયાવાળાઓ માટે એક નસીહત છે.

وَلَتَعْلَمُنَّ نَبَاَهٗ بَعْدَ حِيْنٍ ﴿٨٨﴾

(૮૮) અને તેની ખરેખરી ખબર થોડાક સમય બાદ તમો સર્વેને જરૂર ખબર પડી જશે.

تَنۡزِيۡلُ الۡكِتٰبِ مِنَ اللّٰهِ الۡعَزِيۡزِ الۡحَكِيۡمِ ①

(૧) આ કિતાબ (કુરઆન)નું ઉતારવું ઝબરદસ્ત હિકમતવાળા અલ્લાહ તરફથી (થએલું) છે.

اِنَّاۤ اَنۡزَلۡنَاۤ اِلَيۡكَ الۡكِتٰبَ بِالۡحَقِّ فَاعۡبُدِ اللّٰهَ مُخۡلِصًا لَّهُ الدِّيۡنَ ②

(૨) (અય રસૂલ !) બેશક અમોએ આ કિતાબ તારી તરફ સત્યતાપૂર્વક ઉતારી છે, માટે તું દીનને અલ્લાહ માટે નિખાલસ કરી તેનીજ ઇબાદત કર.

اَلَا لِلّٰهِ الدِّيۡنُ الۡخَالِصُ ؕ وَالَّذِيۡنَ اتَّخَذُوۡا مِنۡ دُوۡنِهٖۤ اَوۡلِيَآءَ ۘ

مَا نَعۡبُدُهُمۡ اِلَّا لِيُقَرِّبُوۡنَاۤ اِلَى اللّٰهِ زُلۡفٰى ؕ اِنَّ اللّٰهَ يَحۡكُمُ

بَيْنَهُمْ فِيْ مَا هُمْ فِيْهِ يَخْتَلِفُوْنَ ۬ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِيْ مَنْ
هُوَ كٰذِبٌ كَفَّارٌ ﴿۳﴾

(3) ખબરદાર થાઓ ! નિખાલસ ધર્મપાલન અલ્લાહ માટે જ છે; અને જે લોકોએ તેના સિવાય (અન્યોને પોતાના) કાર્યસાધક બનાવી લીધા છે (એમ કહીને કે) અમે તો તેમની પૂજા માત્ર એ માટે કરીએ છીએ કે તેઓ અમને અલ્લાહની વધુ નજીક કરી દે, અલ્લાહ તેમની વચ્ચે જે સઘળી વાતોમાં તેઓ મતભેદ કર્યા કરે છે તેમાં જરૂર નિર્ણય કરી દેશે; બેશક અલ્લાહ તે શખ્સને સન્માર્ગ નથી દેખાડતો કે જે જૂઠો (અને) મોટો નાશુક્રો પણ હોય.

لَوْ اَرَادَ اللّٰهُ اَنْ يَّتَّخِذَ وَلَدًا لَّاصْطَفٰى مِمَّا يَخْلُقُ مَا يَشَآءُ ۙ
سُبْحٰنَهٗ ؕ هُوَاللّٰهُ الْوَاحِدُ الْقَهَّارُ ﴿٤﴾

(૪) જો અલ્લાહ કોઇ પુત્ર બનાવવા ચાહતે તો તે પોતાની સૃષ્ટિમાંથી જેને ચાહતે તેને ચૂંટી કાઢતે, તેની જાત (આવી વાતોથી) પવિત્ર છે; તે એકજ અને મહા પ્રબળ અલ્લાહ છે.

خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ ۚ يُكَوِّرُ الَّيْلَ عَلَى النَّهَارِ
وَيُكَوِّرُ النَّهَارَ عَلَى الَّيْلِ وَسَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ ؕ كُلٌّ يَّجْرِىْ
لِاَجَلٍ مُّسَمًّى ؕ اَلَا هُوَالْعَزِيْزُ الْغَفَّارُ ﴿٥﴾

(૫) તેણે આસમાનો તથા જમીનને સત્ય હેતુ માટે ઉત્પન્ન કર્યા છે, તે રાત્રિને દિવસ પર લપેટે છે

અને દિવસને રાત્રિ પર લપેટે છે, અને તેણે સૂર્ય તથા ચંદ્રને આજ્ઞાંકિત બનાવી દીધા છે કે જે દરેક નિશ્ચિત સમય માટે ચાલ્યા કરે; ખબરદાર થાઓ! તેજ સઘળાઓ પર સમર્થ (અને) મહા ક્ષમાવાન છે.

خَلَقَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ ثُمَّ جَعَلَ مِنْهَا زَوْجَهَا وَاَنْزَلَ
لَكُمْ مِّنَ الْاَنْعَامِ ثَمٰنِيَةَ اَزْوَاجٍ ؕ يَخْلُقُكُمْ فِيْ بُطُوْنِ
اُمَّهٰتِكُمْ خَلْقًا مِّنْۢ بَعْدِ خَلْقٍ فِيْ ظُلُمٰتٍ ثَلٰثٍ ؕ ذٰلِكُمُ اللّٰهُ
رَبُّكُمْ لَهُ الْمُلْكُ ؕ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ فَاَنّٰى تُصْرَفُوْنَ ﴿٦﴾

(૬) તેણેજ તમને એકજ વ્યક્તિમાંથી પેદા કર્યા પછી તે(ની વધેલી માટી)માંથી તેનું જોડું બનાવી

કાઢ્યું, અને તમારા માટે આઠ જાતના પશુઓ પેદા કર્યા. તે તમને તમારી માઓના પેટમાં ત્રણ (જાતના) અંધારાઓમાં એવી રીતે પેદા કરે છે કે એક સ્થિતિ બાદ બીજી સ્થિતિ (બદલાતી રહે છે); તે અલ્લાહ એજ તમારો પરવરદિગાર છે (અને) તેનેજ સર્વે જાતનો અધિકાર છે; તેના સિવાય કોઇ માઅબૂદ નથી, પછી તમે ક્યાં ફરી જાઓ છો ?

إِنْ تَكْفُرُوا فَإِنَّ اللَّهَ غَنِيٌّ عَنْكُمْ ۖ وَلَا يَرْضَىٰ لِعِبَادِهِ الْكُفْرَ ۖ وَإِنْ تَشْكُرُوا يَرْضَهُ لَكُمْ ۗ وَلَا تَزِرُ وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ ۗ ثُمَّ إِلَىٰ رَبِّكُمْ مَرْجِعُكُمْ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُونَ ۚ إِنَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ⑦

(૭) જો તમે (તેની) નેઅમતોની નાશુક્રી કરો તો બેશક અલ્લાહ તમારાથી બેપરવાહ છે, અને તે પોતાના બંદાઓ માટે નેઅમતોની નાશુક્રી પસંદ કરતો નથી; અને જો તમે શુક્ર ગુઝારી તો તે તમારા માટે પસંદ કરશે; અને (કયામતમાં) કોઇ ઊંચકનાર કોઇ બીજાનો બોજો ઊંચકશે નહિ; પછી તમો સર્વેનું પાછું ફરવું તમારા પરવરદિગાર તરફ થશે ત્યારે તમે જે કાંઇ કરણી કર્યા કરતા હતા તેનાથી તે તમને માહિતગાર કરી દેશે; બેશક મન માંની વાતોથી પણ તે સારી રીતે વાકેફ છે.

وَاِذَا مَسَّ الْاِنْسَانَ ضُرٌّ دَعَا رَبَّهٗ مُنِيْبًا اِلَيْهِ ثُمَّ اِذَا خَوَّلَهٗ
نِعْمَةً مِّنْهُ نَسِيَ مَا كَانَ يَدْعُوْٓا اِلَيْهِ مِنْ قَبْلُ وَجَعَلَ لِلّٰهِ

اَنۡدَادًا لِّیُضِلَّ عَنۡ سَبِیۡلِهٖ ؕ قُلۡ تَمَتَّعۡ بِکُفۡرِكَ قَلِیۡلًا ٭ۖ اِنَّكَ
مِنۡ اَصۡحٰبِ النَّارِ ﴿۸﴾

(૮) અને મનુષ્ય પર જ્યારે કોઇ આફત આવી પડે છે ત્યારે પોતાના પાલનહાર તરફ રજૂ થઇ દુઆ માંગવા લાગે છે, પછી જ્યારે તે તેને પોતાના તરફથી કોઇ નેઅમત અર્પણ કરે છે ત્યારે જે વાતને માટે તે પ્રથમ તેની પાસે દુઆ માંગતો હતો તે વીસરી જઇને અલ્લાહના માટે બરોબરીઆ બનાવવા મંડી જાય છે કે જેથી બીજા લોકોને (પોતાના આ દાખલા વડે) સરળ માર્ગથી રખડાવે; (અય રસૂલ !) તું કહે, તું તારી નાશુક્રીથી થોડા

દિવસ લાભ મેળવી લે, બેશક તું જહન્નમવાસીઓ માંનો જ છે.

أَمَّنْ هُوَ قَانِتٌ آنَاءَ اللَّيْلِ سَاجِدًا وَّقَآئِمًا يَّحْذَرُ الْاٰخِرَةَ
وَيَرْجُوْا رَحْمَةَ رَبِّهٖ ؕ قُلْ هَلْ يَسْتَوِى الَّذِيْنَ يَعْلَمُوْنَ وَالَّذِيْنَ
لَا يَعْلَمُوْنَ ؕ اِنَّمَا يَتَذَكَّرُ اُولُوا الْاَلْبَابِ ۹

(૯) ભલા તે શખ્સ કે જે રાતની ઘડીઓમાં સિજદામાં તથા ઉભા ઉભા નિખાલસપણે બંદગી કરતો હોય અને આખેરતનો ભય રાખતો હોય અને પોતાના પરવરદિગારની દયાની આશા પણ રાખતો હોય (તે તેના જેવો હોઇ શકે છે કે જે નાશુક્રો હોય) ? તું કહે, જેઓ જ્ઞાન ધરાવે છે અને

જેઓ જ્ઞાન ધરાવતા નથી તેઓ સમાન થઇ શકે છે ? (આ વાતોમાંથી) માત્ર બુધ્ધિશાળીઓ જ બોધ ગ્રહણ કરે છે.

قُلۡ یٰعِبَادِ الَّذِیۡنَ اٰمَنُوا اتَّقُوۡا رَبَّکُمۡ ؕ لِلَّذِیۡنَ اَحۡسَنُوۡا فِیۡ هٰذِهِ الدُّنۡیَا حَسَنَةٌ ؕ وَاَرۡضُ اللّٰهِ وَاسِعَةٌ ؕ اِنَّمَا یُوَفَّی الصّٰبِرُوۡنَ اَجۡرَهُمۡ بِغَیۡرِ حِسَابٍ ﴿۱۰﴾

(૧૦) તું કહે, અય મારા તે બંદાઓ કે જેઓ ઇમાન લાવ્યા છો ! તમે તમારા પરવરદિગારથી ડરતા રહો; તે લોકો કે જેમણે આ દુનિયામાં નેકી કરી છે તેમના માટે (દુનિયા અને આખેરતમાં) નેકીજ છે; અને અલ્લાહની ભૂમિ મહા વિશાળ છે; માત્ર ધીરજ

ધરનારાઓને જ તેમનો બદલો અગણીત રીતે આપવામાં આવશે.

قُلْ اِنِّیْۤ اُمِرْتُ اَنْ اَعْبُدَ اللّٰهَ مُخْلِصًا لَّهُ الدِّیْنَ ﴿۱۱﴾

(૧૧) (અય રસૂલ !) તું કહે કે મને હુકમ આપવામાં આવ્યો છે કે હું અલ્લાહના માટે જ નિર્મળ મનથી ધર્મ પાલન કરી તેની બંદગી કરૂં.

وَ اُمِرْتُ لِاَنْ اَكُوْنَ اَوَّلَ الْمُسْلِمِیْنَ ﴿۱۲﴾

(૧૨) અને મને એવી આજ્ઞા આપવામાં આવી છે કે હું પહેલો આજ્ઞાપાલક (મુસ્લિમ બંદો) બની જાઉં.

قُلْ اِنِّیْۤ اَخَافُ اِنْ عَصَیْتُ رَبِّیْ عَذَابَ یَوْمٍ عَظِیْمٍ ﴿۱۳﴾

(૧૩) તું કહે કે જો હું મારા પરવરદિગારની નાફરમાની કરૂં તો મને મહાન દિવસ (કયામત)ના અઝાબનો અંદેશો છે.

قُلِ اللّٰهَ اَعۡبُدُ مُخۡلِصًا لَّهٗ دِيۡنِىۡ ۝١٤

(૧૪) તું કહે કે હું મારા ધર્મને અલ્લાહના માટેજ નિખાલસ રાખી તેનીજ ઇબાદત કરૂં છું.

فَاعۡبُدُوۡا مَا شِئۡتُمۡ مِّنۡ دُوۡنِهٖ ؕ قُلۡ اِنَّ الۡخٰسِرِيۡنَ الَّذِيۡنَ خَسِرُوۡۤا اَنۡفُسَهُمۡ وَاَهۡلِيۡهِمۡ يَوۡمَ الۡقِيٰمَةِ ؕ اَلَا ذٰلِكَ هُوَ الۡخُسۡرَانُ الۡمُبِيۡنُ ۝١٥

(૧૫) માટે તમે તેના સિવાય જેની ચાહો તેની ઇબાદત કરો. તું કહે કે ખરેખરૂં નુકસાન

ભોગવનારા તેઓજ છે કે જેમણે કયામતના દિવસે પોતાને તથા પોતાના બાલબચ્ચાંને નુકસાન પહોંચાડ્યું હશે; ખબરદાર રહો ! પ્રત્યક્ષ નુકસાન એજ છે.

لَهُمْ مِّنْ فَوْقِهِمْ ظُلَلٌ مِّنَ النَّارِ وَمِنْ تَحْتِهِمْ ظُلَلٌ ؕ ذٰلِكَ يُخَوِّفُ اللّٰهُ بِهٖ عِبَادَهٗ ؕ يٰعِبَادِ فَاتَّقُوْنِ ⑯

(૧૬) તેમના માટે તેમની ઉપલી બાજુએ અગ્નિનાં ઢાંકણો હશે, અને તેની નીચેની બાજુએ પણ પાથરણા હશે; આ તે (અઝાબ) છે કે જેનાથી અલ્લાહ પોતાના બંદાઓને ડરાવતો રહે છે; માટે અય મારા બંદાઓ! તમે મારાથી ડરતા રહો.

وَالَّذِيْنَ اجْتَنَبُوا الطَّاغُوْتَ اَنْ يَّعْبُدُوْهَا وَاَنَابُوْۤا اِلَى اللّٰهِ

لَهُمُ الْبُشْرٰى ۚ فَبَشِّرْ عِبَادِ ﴿١٧﴾

(૧૭) અને જે લોકો તાગૂતની પૂજા કરવાથી બચ્યા અને અલ્લાહ તરફ રજૂ થયા તો તેમના જ માટે (સ્વર્ગની) ખુશખબર છે, માટે (અય રસૂલ !) તું મારા તે બંદાઓને ખુશખબર આપ.

الَّذِيْنَ يَسْتَمِعُوْنَ الْقَوْلَ فَيَتَّبِعُوْنَ اَحْسَنَهٗ ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ

هَدٰىهُمُ اللّٰهُ وَاُولٰٓئِكَ هُمْ اُولُوا الْاَلْبَابِ ﴿١٨﴾

(૧૮) કે જેઓ (મારા) બોલને ધ્યાન દઇ સાંભળતા રહે છે, અને તે માંની સૌથી સરસ બાબતોનું

અનુકરણ કરે છે; તેઓજ છે કે જેમને અલ્લાહે હિદાયત ફરમાવી છે, અને તેઓજ બુધ્ધિશાળી છે.

اَفَمَنۡ حَقَّ عَلَيۡهِ كَلِمَةُ الۡعَذَابِ ؕ اَفَاَنۡتَ تُنۡقِذُ مَنۡ فِى النَّارِ ۚ‏ ﴿۱۹﴾

(૧૯) શું તે શખ્સ કે જે અઝાબના હુકમને પાત્ર ઠર્યો હોય તે નર્કવાસીને તું બચાવી શકે છે ?

لٰكِنِ الَّذِيۡنَ اتَّقَوۡا رَبَّهُمۡ لَهُمۡ غُرَفٌ مِّنۡ فَوۡقِهَا غُرَفٌ مَّبۡنِيَّةٌ ۙ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ؕ وَعۡدَ اللّٰهِ ؕ لَا يُخۡلِفُ اللّٰهُ الۡمِيۡعَادَ ﴿۲۰﴾

(૨૦) પરંતુ તે લોકો કે જે પોતાના પરવરદિગારથી ડરતા રહે છે તેમના માટે (સ્વર્ગમાં) ઊંચા મકાન હશે, અને તેમની ઉપર

બીજા મકાન પણ બનેલા હશે, જેમની હેઠળ નદીઓ વહેતી હશે, આ અલ્લાહનો વાયદો છે; અલ્લાહ પોતાના વાયદાનો કદી પણ ભંગ કરતો નથી.

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَسَلَكَهٗ يَنَابِيْعَ فِي
الْاَرْضِ ثُمَّ يُخْرِجُ بِهٖ زَرْعًا مُّخْتَلِفًا اَلْوَانُهٗ ثُمَّ يَهِيْجُ فَتَرٰىهُ
مُصْفَرًّا ثُمَّ يَجْعَلُهٗ حُطَامًا ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَذِكْرٰى لِاُولِي
الْاَلْبَابِ ﴿۲۱﴾

(૨૧) શું તેં આ નથી જોયું કે અલ્લાહ આસમાન પરથી પાણી ઉતારે છે, પછી જમીન પર તેના ઝરણાં બનાવી વહાવે છે, પછી તેના કારણે

રંગબેરંગી ખેતી પેદા કરે છે, પછી તે સુકાવા માંડે છે, પછી તેને તું પીળી પડી ગએલી જુએ છે, પછી તે તેનો ચૂરેચૂરો કરી નાખે છે ? બેશક બુધ્ધિશાળીઓ માટે તેમાં જરૂર નસીહત છે.

اَفَمَنۡ شَرَحَ اللّٰهُ صَدۡرَهٗ لِلۡاِسۡلَامِ فَهُوَعَلٰى نُوۡرٍ مِّنۡ رَّبِّهٖ‌ؕ
فَوَيۡلٌ لِّلۡقٰسِيَةِ قُلُوۡبُهُمۡ مِّنۡ ذِكۡرِ اللّٰهِ‌ؕ اُولٰٓٮِٕكَ فِىۡ ضَلٰلٍ
مُّبِيۡنٍ‏ ﴿۲۲﴾

(૨૨) શું તે શખ્સ કે જેની છાતી અલ્લાહે ઇસ્લામ (સ્વીકારવા) માટે ઉઘાડી દીધી હોય કે જેથી તે પોતાના પરવરદિગાર તરફથી (સન્માર્ગના) પ્રકાશ પર હોય (તે કોઇ સખ્ત દિલના શખ્સ જેવો થઇ

શકે છે)? માટે અફસોસ છે તે લોકો માટે કે જેમના મન અલ્લાહની યાદથી (ગાફીલ રહીને) સખ્ત થઇ ગયા છે; તેઓજ ખુલ્લી ગુમરાહીમાં છે.

اَللّٰهُ نَزَّلَ اَحۡسَنَ الۡحَدِيۡثِ كِتٰبًا مُّتَشَابِهًا مَّثَانِىَ ۖ تَقۡشَعِرُّ

مِنۡهُ جُلُوۡدُ الَّذِيۡنَ يَخۡشَوۡنَ رَبَّهُمۡ ۚ ثُمَّ تَلِيۡنُ جُلُوۡدُهُمۡ

وَقُلُوۡبُهُمۡ اِلٰى ذِكۡرِ اللّٰهِ ؕ ذٰلِكَ هُدَى اللّٰهِ يَهۡدِىۡ بِهٖ مَنۡ يَّشَآءُ ؕ

وَمَنۡ يُّضۡلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنۡ هَادٍ ﴿۲۳﴾

(૨૩) અલ્લાહ એજ છે જેણે સારામાં સારી વાત ઉતારી (અર્થાત) એક કિતાબ (કુરઆન) જેની આયતો એક બીજીથી મળતી આવે છે અને કેટલીક ફરીફરીને (વર્ણવવામાં) આવી છે, તેનાથી

જે લોકો પોતાના પરવરદિગારથી ડરે છે તેમના શરીરની ચામડીના રૂંવા ઉભા થઇ જાય છે, પછી તેમની ચામડીઓ તથા તેમના દિલો નરમ બની અલ્લાહની યાદમાં લીન થઇ જાય છે; એજ અલ્લાહની હિદાયત છે, જે વડે તે જેને ચાહે છે હિદાયત ફરમાવી દે છે; અને જેનાથી અલ્લાહ હિદાયતની તૌફીક છીનવી લે છે તેનો રાહબર કોઇજ હોતો નથી.

اَفَمَنۡ يَّتَّقِىۡ بِوَجۡهِهٖ سُوۡٓءَ الۡعَذَابِ يَوۡمَ الۡقِيٰمَةِ‌ ؕ وَقِيۡلَ لِلظّٰلِمِيۡنَ ذُوۡقُوۡا مَا كُنۡتُمۡ تَكۡسِبُوۡنَ ﴿۲۴﴾

(૨૪) ભલા તે શખ્સ કે જે કયામતના દિવસે ખરાબમાં ખરાબ અઝાબ સામે પોતાનું મોંઢું ધરી

તેનાથી બચવા ચાહે (તે પ્રથમથી બચી જનારાની બરોબર થઇ શકે છે) ? અને ઝુલ્મગારોથી તે દિવસે કહેવામાં આવશે કે જે કમાણી તમે કર્યા કરતા હતા તેનો બદલો ચાખો.

كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَاَتٰىهُمُ الْعَذَابُ مِنْ حَيْثُ لَا

يَشْعُرُوْنَ﴿٢٥﴾

(૨૫) જે લોકો તેમની પૂર્વે થઇ ગયા તેમણે પણ (પયગમ્બરોને) જૂઠલાવ્યા હતા, જેથી તેમના પર અઝાબ પણ એવી બાજુએથી આવ્યો કે જ્યાંથી તેમને ગુમાન પણ ન હતું.

فَاَذَاقَهُمُ اللّٰهُ الۡخِزۡیَ فِی الۡحَیٰوةِ الدُّنۡیَا ۚ وَلَعَذَابُ الۡاٰخِرَةِ
اَکۡبَرُ ۘ لَوۡ کَانُوۡا یَعۡلَمُوۡنَ﴿۲۶﴾

(૨૬) પછી અલ્લાહે તેમને આલોકની જિંદગીમાં તો ફજેતીની મજા ચખાડી, અને ખરેજ પરલોકનો અઝાબ એ કરતાંય વધારે મોટો છે, જો તેઓ સમજી શકે તો.

وَلَقَدۡ ضَرَبۡنَا لِلنَّاسِ فِیۡ هٰذَا الۡقُرۡاٰنِ مِنۡ کُلِّ مَثَلٍ لَّعَلَّهُمۡ
یَتَذَکَّرُوۡنَ﴿۲۷﴾ۚ

(૨૭) અને ખરેજ અમોએ આ કુરઆનમાં લોકો (ને સમજવા) માટે દરેક પ્રકારના દાખલા વર્ણવ્યા છે કે કદાચને તેઓ બોધ ગ્રહણ કરે.

قُرْاٰنًا عَرَبِيًّا غَيْرَ ذِيْ عِوَجٍ لَّعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿٢٨﴾

(૨૮) આ કુરઆન અરબી ભાષામાં છે, દરેક પ્રકારની ખોડખાંપણથી મુક્ત છે, જેનો હેતુ એ છે કે કદાચને તેઓ (અલ્લાહથી) ડરે.

ضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلًا فِيْهِ شُرَكَآءُ مُتَشٰكِسُوْنَ وَرَجُلًا سَلَمًا لِّرَجُلٍ ؕ هَلْ يَسْتَوِيٰنِ مَثَلًا ؕ اَلْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٢٩﴾

(૨૯) અલ્લાહ એક (એવા ગુલામ) પુરૂષનો દાખલો વર્ણવે છે કે જેની માલિકીમાં કેટલાક ભાગીદાર હોય, અને જેઓ એક બીજા સાથે મતભેદ ધરાવતા હોય, અને બીજો એક એવો પુરૂષ હોય કે જે કેવળ

એકજ માલિકની તાબેદારીમાં હોય; તો શું આ બન્ને (ગુલામો) દાખલામાં સમાન થઇ શકે છે ? (હરગિજ નહિ) દરેક પ્રકાની તાઅરીફ અલ્લાહને જ માટે લાયક છે; પરંતુ તેઓમાંથી ઘણાંખરા જાણતા નથી.

اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ مَّيِّتُوْنَ ﴿٣٠﴾

(30) (અય રસૂલ!) બેશક તું પણ મરણ પામનાર છે, અને બેશક તેઓ પણ અવશ્ય મરણ પામનાર છે.

ثُمَّ اِنَّكُمْ يَوْمَ الْقِيٰمَةِ عِنْدَ رَبِّكُمْ تَخْتَصِمُوْنَ ﴿٣١﴾

(૩૧) પછી બેશક કયામતના દિવસે તમે સઘળાને સઘળા તમારા પરવરદિગાર પાસે અંદરોઅંદર ઝઘડો કરતા આવશો.

فَمَنْ اَظْلَمُ مِمَّنْ كَذَبَ عَلَى اللّٰهِ وَكَذَّبَ بِالصِّدْقِ اِذْ جَآءَهٗ ؕ
اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْكٰفِرِيْنَ ﴿۳۲﴾

(૩૨) પછી તે કરતાં વધારે ઝુલમગાર કોણ હશે કે જે અલ્લાહની વિરૂધ્ધ જૂઠું બોલે, અને જ્યારે તેની પાસે સત્ય આવે ત્યારે તેને જૂઠલાવે ? શું નાસ્તિકોનું રહેઠાણ જહન્નમ નથી?

وَالَّذِيْ جَآءَ بِالصِّدْقِ وَصَدَّقَ بِهٖٓ اُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ ﴿۳۳﴾

(૩૩) અને તે કે જે સત્ય લઇને આવ્યો, અને તે કે જેણે તેનો સ્વીકાર કર્યો, તેઓજ તો (અલ્લાહથી) ડરીને ચાલનારા છે.

لَهُمۡ مَّا يَشَآءُوۡنَ عِنۡدَ رَبِّهِمۡ ؕ ذٰلِكَ جَزٰٓؤُا الۡمُحۡسِنِيۡنَ ۚ ۝۳۴

(૩૪) તેમના માટે તેમના પરવરદિગાર પાસે તેઓ જે કાંઇ ચાહશે મોજૂદ હશે; નેક કાર્યો કરનારાઓનો બદલો એજ છે.

لِيُكَفِّرَ اللّٰهُ عَنۡهُمۡ اَسۡوَاَ الَّذِىۡ عَمِلُوۡا وَيَجۡزِيَهُمۡ اَجۡرَهُمۡ بِاَحۡسَنِ الَّذِىۡ كَانُوۡا يَعۡمَلُوۡنَ ۝۳۵

(૩૫) કે જેથી તેમણે જે ખરાબમાં ખરાબ કાર્યો કર્યા હતા તેમને અલ્લાહ તેમનાથી દૂર કરી દે. અને જેઓ સારામાં સારા કાર્યો કર્યા કરતા હતા તેનો તેમને બદલો આપે.

اَلَيۡسَ اللّٰهُ بِكَافٍ عَبۡدَهٗ ؕ وَيُخَوِّفُوۡنَكَ بِالَّذِيۡنَ مِنۡ دُوۡنِهٖ ؕ
وَمَنۡ يُّضۡلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنۡ هَادٍ ۚ﴿۳۶﴾

(૩૬) શું અલ્લાહ પોતાના બંદા (ની સહાય) માટે પૂરતો નથી ? અને તેઓ તને તે (માઅબૂદો)ની મારફત ડરાવે છે કે જે તેના સિવાય છે; અને જેનાથી અલ્લાહ હિદાયતની તૌફીક છીનવી લે છે તેનો કોઇ રાહબર થતો નથી.

وَمَنۡ يَّهۡدِ اللّٰهُ فَمَا لَهٗ مِنۡ مُّضِلٍّ ؕ اَلَيۡسَ اللّٰهُ بِعَزِيۡزٍ ذِى
انۡتِقَامٍ ﴿۳۷﴾

(૩૭) અને જેને અલ્લાહ હિદાયત ફરમાવે છે તો તેને બહેકાવનાર કોઇ નથી; શું અલ્લાહ ઝબરદસ્ત (અને) બદલો લેનાર નથી ?

وَلَئِنْ سَاَلْتَهُمْ مَّنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ لَيَقُوْلُنَّ اللّٰهُ ؕ قُلْ اَفَرَءَيْتُمْ مَّا تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ اِنْ اَرَادَنِيَ اللّٰهُ بِضُرٍّ هَلْ هُنَّ كٰشِفٰتُ ضُرِّهٖٓ اَوْ اَرَادَنِيْ بِرَحْمَةٍ هَلْ هُنَّ مُمْسِكٰتُ رَحْمَتِهٖ ؕ قُلْ حَسْبِيَ اللّٰهُ ؕ عَلَيْهِ يَتَوَكَّلُ الْمُتَوَكِّلُوْنَ ۝٣٨

(૩૮) અને જો તું તેમને પૂછશે કે આસમાનો તથા જમીન કોણે પેદા કર્યા છે તો તેઓ જરૂર કહેશે કે અલ્લાહે; તું કહે કે ભલા તમારી સમજમાં આ નથી આવતું કે જો અલ્લાહ મને કાંઇ હાનિ પહોંચાડવા

ચાહે તો અલ્લાહના સિવાય તમે જેમને પોકારો છો તેઓ શું તેના નુકસાનને ટાળી શકશે ? અથવા તે મારા ઉપર (પોતાની) મહેરબાની ઉતારવા ચાહે તો શું તેઓ તેની મહેરબાનીને રોકી શકશે ? (હરગિજ નહિ) તું કહે કે મારા માટે તો અલ્લાહ જ પૂરતો છે; ભરોસો કરનારાઓ તેના ઉપરજ ભરોસો કરે છે.

قُلْ يٰقَوْمِ اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ اِنِّيْ عَامِلٌ ۚ فَسَوْفَ تَعْلَمُوْنَ ﴿٣٩﴾

(૩૯) (અય રસૂલ !) તું કહે કે અય મારી કોમ! તમે તમારા સ્થાને અમલ કર્યે જાઓ, હું પણ

(મારા સ્થાને) અમલ કરી રહ્યો છું; પછી આગળ જતાં તમે આ જાણી લેશો.

مَنۡ يَّاۡتِيۡهِ عَذَابٌ يُّخۡزِيۡهِ وَيَحِلُّ عَلَيۡهِ عَذَابٌ مُّقِيۡمٌ ﴿۴۰﴾

(૪૦) કે તે કોણ છે જેના પર એવો અઝાબ આવે કે તે તેને ઝલીલ કરી નાખે, અને (છેવટે) તેના પરજ ટકી રહેનાર અઝાબ પણ ઉતરે ?

اِنَّاۤ اَنۡزَلۡنَا عَلَيۡكَ الۡكِتٰبَ لِلنَّاسِ بِالۡحَـقِّ ۚ فَمَنِ اهۡتَدٰى فَلِنَفۡسِهٖ ۚ وَمَنۡ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيۡهَا ۚ وَمَاۤ اَنۡتَ عَلَيۡهِمۡ بِوَكِيۡلٍ ﴿۴۱﴾

(૪૧) બેશક અમોએ આ કિતાબ તારા ઉપર લોકોના હિતાર્થે સત્યતાપૂર્વક ઉતાર્યું છે, માટે જે

સન્માર્ગે ચાલશે તો તે પોતાનાજ ભલા માટે, અને જે ગુમરાહ થશે તે પોતાને જ હાનિ પહોંચાડવા માટે ગુમરાહ થશે, અને તું તેમના ઉપર દેખરેખ રાખનારો નથી.

اَللّٰهُ يَتَوَفَّى الْاَنْفُسَ حِيْنَ مَوْتِهَا وَالَّتِيْ لَمْ تَمُتْ فِيْ مَنَامِهَا ۚ
فَيُمْسِكُ الَّتِيْ قَضٰى عَلَيْهَا الْمَوْتَ وَيُرْسِلُ الْاُخْرٰۤى اِلٰۤى اَجَلٍ
مُّسَمًّى ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٤٢﴾

(૪૨) અલ્લાહ પ્રાણોને તેમના મરણ સમયે લઈ લે છે, અને જે પ્રાણો (હજી) મરણ પામ્યા નથી તેમના (પ્રાણ) ઊંઘતી વખતે (લઈ લે છે), પછી જેમના પર મરણની આજ્ઞા કરી ચૂક્યો છે તેમને

તો રોકી રાખે છે, અને બીજાઓને એક નિશ્ચિત સમય સુધી (તેમના ખોળીયામાં) પાછા ફેરવી દે છે; બેશક જેઓ ચિંતન (અને મનન) કરનારા છે તેમના માટે આમાં (કુદરતની) નિશાનીઓ મોજૂદ છે.

اَمِ اتَّخَذُوۡا مِنۡ دُوۡنِ اللّٰهِ شُفَعَآءَ ؕ قُلۡ اَوَلَوۡ كَانُوۡا لَا يَمۡلِكُوۡنَ شَيۡـًٔا وَّلَا يَعۡقِلُوۡنَ ﴿۴۳﴾

(૪૩) શું તેમણે અલ્લાહને મૂકી બીજા ભલામણ કરનારા બનાવી લીધા છે ? તું કહે કે જો તેઓ કોઇ વસ્તુ પર અધિકાર ધરાવતા ન હોય અને કોઇ વાત પણ સમજી શકતા ન હોય તો પણ (તેમને ભલામણકાર બનાવશો) ?

قُلْ لِّلّٰهِ الشَّفَاعَةُ جَمِيْعًا ؕ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ ثُمَّ
اِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۴۴﴾

(૪૪) તું કહે કે સંપૂર્ણ શફાઅત તો અલ્લાહના જ અધિકારમાં છે; આસમાનો તથા જમીનનો અધિકાર તેનેજ છે; પછી તેનીજ તરફ તમારૂં પાછું ફરવું થશે.

وَاِذَا ذُكِرَ اللّٰهُ وَحْدَهُ اشْمَاَزَّتْ قُلُوْبُ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ
بِالْاٰخِرَةِ ۚ وَاِذَا ذُكِرَ الَّذِيْنَ مِنْ دُوْنِهٖۤ اِذَا هُمْ يَسْتَبْشِرُوْنَ ﴿۴۵﴾

(૪૫) અને જે વખતે એકજ અલ્લાહનું સ્મરણ કરવામાં આવે છે ત્યારે જે લોકો આખેરત પર ઇમાન નથી રાખતા તેમના દિલો (તિરસ્કારથી)

ચમકી ઉઠે છે; અને જ્યારે તેના સિવાયનાઓનું સ્મરણ કરવામાં આવે છે ત્યારે તેઓ હર્ષથી ફૂલ્યા સમાતા નથી.

قُلِ اللّٰهُمَّ فَاطِرَ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ عٰلِمَ الۡغَيۡبِ وَالشَّهَادَةِ اَنۡتَ تَحۡكُمُ بَيۡنَ عِبَادِكَ فِیۡ مَا كَانُوۡا فِيۡهِ يَخۡتَلِفُوۡنَ﴿۴۶﴾

(૪૬) (અય રસૂલ !) તું કહે કે અય અલ્લાહ ! અય આસમાનો તથા જમીનના સર્જનહાર ! અય છુપી તથા જાહેર (વાતો)ના જાણકાર ! તુંજ તારા બંદાઓ વચ્ચે સઘળી બાબતો કે જેમાં તેઓ મતભેદ કરે છે તેમાં નિર્ણય કરશે.

وَلَوْ اَنَّ لِلَّذِيْنَ ظَلَمُوْا مَا فِي الْاَرْضِ جَمِيْعًا وَّمِثْلَهٗ مَعَهٗ
لَافْتَدَوْا بِهٖ مِنْ سُوْٓءِ الْعَذَابِ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَبَدَا لَهُمْ مِّنَ
اللّٰهِ مَا لَمْ يَكُوْنُوْا يَحْتَسِبُوْنَ ﴿٤٧﴾

(૪૭) અને ઝુલમગારોના અધિકારમાં જો જમીનમાં જે કાંઇ છે તે સઘળું હોત, અને તેની સાથે તેવું જ બીજું પણ હોત, તો કયામતના દિવસે અઝાબની સખતાઇમાંથી છુટવા માટે તેઓ તે (સઘળું) બદલા તરીકે જરૂર આપી દે (પણ તે કામ લાગશે નહિ); અને અલ્લાહના તરફથી તેમના સંબંધમાં એવું કાંઇ જાહેર થશે કે જેનું ગુમાન પણ તેઓ રાખતા નહિ હોય.

وَبَدَا لَهُمۡ سَيِّاٰتُ مَا كَسَبُوۡا وَحَاقَ بِهِمۡ مَّا كَانُوۡا بِهٖ
يَسۡتَهۡزِءُوۡنَ﴿۴۸﴾

(૪૮) અને જે જે બૂરાઇઓ તેઓ કર્યા કરતા હતા તેના માઠાં પરિણામ તેમની સામે જાહેર થઇ જશે, અને જે (અઝાબ)ની તેઓ મશ્કરી કરતા હતા એજ તેમને આવી ઘેરી લેશે.

فَاِذَا مَسَّ الۡاِنۡسَانَ ضُرٌّ دَعَانَا ۡ ثُمَّ اِذَا خَوَّلۡنٰهُ نِعۡمَةً مِّنَّا ۙ
قَالَ اِنَّمَاۤ اُوۡتِيۡتُهٗ عَلٰى عِلۡمٍ ؕ بَلۡ هِىَ فِتۡنَةٌ وَّلٰـكِنَّ اَكۡثَرَهُمۡ لَا
يَعۡلَمُوۡنَ﴿۴۹﴾

(૪૯) બસ, જ્યારે મનુષ્ય પર કોઇ સંકટ આવી પડે છે ત્યારે તે અમારાથી દુઆ માંગવા લાગી

જાય છે, પછી જ્યારે અમે તેને અમારા તરફથી કોઇ નેઅમત આપીએ છીએ ત્યારે કહી દે છે કે એ તો મને મારા જ્ઞાનના પ્રતાપે અપાયેલ છે; (તેની માન્યતા ખોટી છે) વાસ્તવમાં આ તો (એક) અજમાયશ છે, પણ તેઓ માંના ઘણાંખરા જાણતા જ નથી.

قَدْ قَالَهَا الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَمَآ اَغْنٰى عَنْهُمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ۝٥٠

(૫૦) તેમની પૂર્વે જેઓ હતા તેઓ પણ એમજ કહેતા હતા; (પછી જ્યારે અમારો અઝાબ આવ્યો) તો તેમણે જે કાંઇ કમાણી કરી હતી તે તેમના કાંઇજ કામમાં આવી નહિ.

فَاَصَابَهُمۡ سَيِّاٰتُ مَا كَسَبُوۡا ؕ وَالَّذِيۡنَ ظَلَمُوۡا مِنۡ هٰٓؤُلَآءِ
سَيُصِيۡبُهُمۡ سَيِّاٰتُ مَا كَسَبُوۡا ۙ وَمَا هُمۡ بِمُعۡجِزِيۡنَ ﴿۵۱﴾

(૫૧) પછી જે જે કામો તેમણે કર્યા હતા તેના માઠાં પરિણામને તેઓ પામ્યા; અને આ લોકોમાંથી પણ જે ઝુલ્મ કરે છે તેમના કામોનું માઠું પરિણામ નજીકમાં જ તેમના પર આવી પહોંચશે, અને તેઓ (અમને તેમ કરતાં) નિરૂપાય બનાવી શકશે નહીં.

اَوَلَمۡ يَعۡلَمُوۡۤا اَنَّ اللّٰهَ يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ وَيَقۡدِرُ ؕ اِنَّ فِىۡ
ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوۡمٍ يُّؤۡمِنُوۡنَ ﴿۵۲﴾

(૫૨) શું તેઓ એટલુંયે નથી જોતા કે અલ્લાહ જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે અને (જેના માટે ચાહે છે) તંગ કરી દે છે ? બેશક જે

લોકો ઇમાન રાખે છે તેમના માટે તેમાં નિશાનીઓ છે.

قُلْ يٰعِبَادِىَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰٓى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ يَغْفِرُ الذُّنُوْبَ جَمِيْعًا ؕ اِنَّهٗ هُوَالْغَفُوْرُ الرَّحِيْمُ ﴿۵۳﴾

(૫૩) (અય રસૂલ !) તું કહે કે અય મારા તે બંદાઓ કે જેમણે (ગુનાહો કરી) પોતાની જ ઉપર હદ ઉપરાંતનો ઝુલ્મ કર્યો છે ! તમે અલ્લાહની રહેમતથી નિરાશ થશો નહિ; બેશક અલ્લાહ સર્વે ગુનાહ માફ કરી દેશે; બેશક તે મહા ક્ષમાવાન (અને) દયાળુ છે.

وَاَنِيْبُوْٓا اِلٰى رَبِّكُمْ وَاَسْلِمُوْا لَهٗ مِنْ قَبْلِ اَنْ يَّاْتِيَكُمُ

الْعَذَابُ ثُمَّ لَا تُنْصَرُوْنَ﴿۵۴﴾

(૫૪) અને તમે લોકો તમારા પરવરદિગાર તરફ વારંવાર રજૂ થાઓ, અને તમારા પર અઝાબ આવે તે પહેલાં તેનાજ તાબેદાર થઇ રહો; પછી તમારી કાંઇજ સહાય કરવામાં નહિ આવે.

وَاتَّبِعُوْٓا اَحْسَنَ مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ مِّنْ قَبْلِ اَنْ

يَّاْتِيَكُمُ الْعَذَابُ بَغْتَةً وَّاَنْتُمْ لَا تَشْعُرُوْنَ﴿۵۵﴾

(૫૫) અને તમારા રબ તરફથી તમારા ઉપર જે કાંઇ ઉતારવામાં આવ્યું છે તેમાંથી સારામાં સારી વાતને અનુસરો, એ પહેલાં કે અઝાબ તમને

ઓચિંતો આવી પકડે અને તમને તેની જાણ પણ થવા ન પામે.

اَنۡ تَقُوۡلَ نَفۡسٌ یّٰحَسۡرَتٰی عَلٰی مَا فَرَّطۡتُّ فِیۡ جَنۡۢبِ اللّٰہِ وَاِنۡ کُنۡتُ لَمِنَ السّٰخِرِیۡنَ ﴿۵۶﴾

(૫૬) એમ ન થાય કે તે વખતે કોઇ એમ કહેવા લાગે કે હાય અફસોસ ! મેં અલ્લાહ પ્રત્યેની મારી ફરજ (બજાવવામાં) કમી કરી છે, અને હું હંમેશા હાંસી ઉડાવનારાઓ માંનો હતો.

اَوۡ تَقُوۡلَ لَوۡ اَنَّ اللّٰہَ ہَدٰىنِیۡ لَکُنۡتُ مِنَ الۡمُتَّقِیۡنَ ﴿۵۷﴾

(૫૭) અથવા આ કહેવા લાગે કે જો અલ્લાહ મને હિદાયત આપતે તો ખરેજ હું પણ ડરનારાઓ માંનો થઇ જતે.

اَوۡ تَقُوۡلَ حِيۡنَ تَرَى الۡعَذَابَ لَوۡ اَنَّ لِىۡ كَرَّةً فَاَكُوۡنَ مِنَ الۡمُحۡسِنِيۡنَ‏ ﴿۵۸﴾

(૫૮) અથવા જે વખતે અઝાબ નિહાળે ત્યારે કહેવા લાગે કે કદાચને મારા માટે (દુનિયામાં) પાછા ફરવાનું થાય તો હું પણ સદાચારીઓમાંથી થઇ જાઉં.

بَلٰى قَدۡ جَآءَتۡكَ اٰيٰتِىۡ فَكَذَّبۡتَ بِهَا وَاسۡتَكۡبَرۡتَ وَكُنۡتَ مِنَ الۡكٰفِرِيۡنَ‏ ﴿۵۹﴾

(૫૯) (જવાબ મળશે કે) હા, તારી પાસે મારી આયતો અવશ્ય આવી હતી, પછી તેં તેને જૂઠલાવી હતી ને તેં અભિમાન કર્યું હતું, અને તું ઇન્કાર કરનારા માંનો હતો.

وَيَوْمَ الْقِيٰمَةِ تَرَى الَّذِيْنَ كَذَبُوْا عَلَى اللّٰهِ وُجُوْهُهُمْ
مُّسْوَدَّةٌ ؕ اَلَيْسَ فِيْ جَهَنَّمَ مَثْوًى لِّلْمُتَكَبِّرِيْنَ ۞٦٠

(૬૦) અને જે લોકો અલ્લાહની વિરૂદ્ધ જૂઠું બોલતા હતા તેમના મોંઢાં તું કયામતના દિવસે કાળાં થઇ ગએલાં જોશે. શું અભિમાનીઓનું ઠેકાણું જહન્નમ નથી ?

وَيُنَجِّي اللّٰهُ الَّذِيۡنَ اتَّقَوۡا بِمَفَازَتِهِمۡ ۫ لَا يَمَسُّهُمُ السُّوۡٓءُ وَلَا
هُمۡ يَحۡزَنُوۡنَ ﴿٦١﴾

(૬૧) અને અલ્લાહ પરહેઝગારોને તેમની સારી કમાઇઓના કારણે નજાત આપશે; ન તેમને કાંઇ દુઃખ પહોંચશે અને ન તેઓ ઉદાસ રહેશે.

اَللّٰهُ خَالِقُ كُلِّ شَيۡءٍ ۫ وَّهُوَ عَلٰى كُلِّ شَيۡءٍ وَّكِيۡلٌ ﴿٦٢﴾

(૬૨) અલ્લાહ જ પ્રત્યેક વસ્તુનો પેદા કરનાર છે, અને તેજ સઘળી વસ્તુઓનો રક્ષક છે.

لَهٗ مَقَالِيۡدُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ وَالَّذِيۡنَ كَفَرُوۡا بِاٰيٰتِ اللّٰهِ
اُولٰٓئِكَ هُمُ الۡخٰسِرُوۡنَ ﴿٦٣﴾

(૬૩) આસમાનો તથા જમીનની ચાવીઓ તેનાજ હાથમાં છે; અને જેમણે અલ્લાહની નિશાનીઓનો ઇન્કાર કર્યો તેઓજ હાનિ ભોગવનારા છે.

قُلۡ اَفَغَيۡرَ اللّٰهِ تَاۡمُرُوۡٓنِّىۡۤ اَعۡبُدُ اَيُّهَا الۡجٰهِلُوۡنَ ﴿۶۴﴾

(૬૪) (અય રસૂલ) ! તું કહે કે અય જાહીલો! શું તમે મને આ હુકમ આપો છો કે હું અલ્લાહના સિવાય બીજાની ઇબાદત કરૂં ?

وَلَقَدۡ اُوۡحِىَ اِلَيۡكَ وَاِلَى الَّذِيۡنَ مِنۡ قَبۡلِكَ ۚ لَئِنۡ اَشۡرَكۡتَ لَيَحۡبَطَنَّ عَمَلُكَ وَلَتَكُوۡنَنَّ مِنَ الۡخٰسِرِيۡنَ ﴿۶۵﴾

(૬૫) જોકે તારી તરફ અને જેઓ તારી પૂર્વે હતા તેમની તરફ આ વહી જરૂર આવી ચૂકી છે કે જો તું

શિર્ક કરશે તો તારા કર્મો ખરેખરજ નકામા જશે, અને તું જરૂર હાનિ ભોગવનારાઓ માંનો થઇ જઇશ.

بَلِ اللّٰهَ فَاعۡبُدۡ وَكُنۡ مِّنَ الشّٰكِرِيۡنَ ﴿٦٦﴾

(૬૬) નહિ, બલ્કે તું અલ્લાહની ઇબાદત કર્યા કર અને આભાર માનનારાઓ માંનો થઇ જા.

وَمَا قَدَرُوا اللّٰهَ حَقَّ قَدۡرِهٖ ۖ وَالۡاَرۡضُ جَمِيۡعًا قَبۡضَتُهٗ يَوۡمَ الۡقِيٰمَةِ وَالسَّمٰوٰتُ مَطۡوِيّٰتٌۢ بِيَمِيۡنِهٖ ؕ سُبۡحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يُشۡرِكُوۡنَ ﴿٦٧﴾

(૬૭) અને તેઓએ અલ્લાહની જેવી કદર કરવી જોઇએ તેવી કદર કરી નથી, જોકે કયામતના

દિવસે બધી જમીન તેનાજ કબજામાં હશે, અને આસમાનો તેના જમણા હાથમાં વીંટળાએલાં હશે; આ (લોકો) જે વસ્તુઓને તેની શરીક ગણાવે છે તેનાથી તેની જાત નિરાળી અને ઉચ્ચતર છે.

وَنُفِخَ فِي الصُّوْرِ فَصَعِقَ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ اِلَّا

مَنْ شَآءَ اللّٰهُ ۗ ثُمَّ نُفِخَ فِيْهِ اُخْرٰى فَاِذَا هُمْ قِيَامٌ

يَّنْظُرُوْنَ ﴿٦٨﴾

(૬૮) અને (પહેલી વખતે) સૂર ફૂંકવામાં આવશે ત્યારે જે કાંઇ આસમાનોમાં તથા જે કાંઇ જમીનમાં છે તેમને (મોતની) મૂર્છા આવી જશે, સિવાય કે જેને અલ્લાહ ચાહે; પછી બીજી વખતે સૂર ફૂંકવામાં

આવશે ત્યારે તત્કાળ સર્વે (જણાં) ઉભા થઇ (અલ્લાહના હુકમની રાહ) જોવા માંડશે.

وَاَشۡرَقَتِ الۡاَرۡضُ بِنُوۡرِ رَبِّهَا وَوُضِعَ الۡكِتٰبُ وَجِایۡٓءَ
بِالنَّبِيّٖنَ وَالشُّهَدَآءِ وَقُضِىَ بَيۡنَهُمۡ بِالۡحَـقِّ وَهُمۡ لَا يُظۡلَمُوۡنَ ﴿۶۹﴾

(૬૯) અને જગત તેના માલિકના નૂરથી પ્રકાશીત થઇ જશે, અને કરણીના લેખ (લોકોની) સામે ધરવામાં આવશે, અને નબીઓ તથા સાક્ષીઓ લાવી હાજર કરવામાં આવશે, અને તેમની વચ્ચે યોગ્ય ફેંસલો કરવામાં આવશે અને તેમના પર મુદ્દલ ઝુલ્મ કરવામાં નહિ આવે.

وَوُفِّيَتۡ كُلُّ نَفۡسٍ مَّا عَمِلَتۡ وَهُوَ اَعۡلَمُ بِمَا يَفۡعَلُوۡنَ ﴿۷۰﴾

(૭૦) અને દરેક વ્યકિતને જે કાંઇ તે કરી ચૂકી છે તેનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે, અને જે કાંઇ તેઓ કર્યા કરે છે તેનાથી તે સારી રીતે વાકેફ છે.

وَسِيۡقَ الَّذِيۡنَ كَفَرُوۡۤا اِلٰى جَهَنَّمَ زُمَرًا‌ ؕ حَتّٰٓى اِذَا جَآءُوۡهَا
فُتِحَتۡ اَبۡوَابُهَا وَقَالَ لَهُمۡ خَزَنَـتُهَاۤ اَلَمۡ يَاۡتِكُمۡ رُسُلٌ مِّنۡكُمۡ
يَتۡلُوۡنَ عَلَيۡكُمۡ اٰيٰتِ رَبِّكُمۡ وَيُنۡذِرُوۡنَكُمۡ لِقَآءَ يَوۡمِكُمۡ
هٰذَا‌ ؕ قَالُوۡا بَلٰى وَلٰـكِنۡ حَقَّتۡ كَلِمَةُ الۡعَذَابِ عَلَى الۡكٰفِرِيۡنَ ۝٧١

(૭૧) અને જેઓ ઇમાન નહિ લાવ્યા હોય તેમનાં ટોળે ટોળાં જહન્નમ તરફ હંકારી લઇ જવામાં આવશે; અહીં સુધી કે જ્યારે તેઓ તેની પાસે

પહોંચશે ત્યારે તેના દ્વાર ઉઘાડી નાખવામાં આવશે; અને તેના રક્ષકો તેમને કહેશે કે શું તમારી પાસે તમારામાંથીજ પયગમ્બરો આવ્યા ન હતા, જેઓ તમને તમારા પરવરદિગારની આયતો વાંચી સંભળાવતા હતા, અને તમને આ દિવસની મુલાકાતથી ડરાવતા હતા? તેઓ કહેશે કે હા, (આવ્યા તો જરૂર હતા) પણ (અમોએ તેમનું કહેવું માન્યું નહિ અને અમો) નાસ્તિકો પર અઝાબનો વાયદો પૂર્ણ થઇ ગયો.

قِيۡلَ ادۡخُلُوۡۤا اَبۡوَابَ جَهَنَّمَ خٰلِدِيۡنَ فِيۡهَا ‌ۚ فَبِئۡسَ مَثۡوَى الۡمُتَكَبِّرِيۡنَ ۝٧٢

(૭૨) કહેવામાં આવશે કે જહન્નમના બારણાઓમાં દાખલ થાવ, (અને) હંમેશ માટે તેમાંજ રહેજો; સારાંશ કે અભિમાનીઓનું કેવું બૂરૂં ઠેકાણું હશે !

وَسِيْقَ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ اِلَى الْجَنَّةِ زُمَرًا ؕ حَتّٰٓى اِذَا جَآءُوْهَا وَفُتِحَتْ اَبْوَابُهَا وَقَالَ لَهُمْ خَزَنَتُهَا سَلٰمٌ عَلَيْكُمْ طِبْتُمْ فَادْخُلُوْهَا خٰلِدِيْنَ ﴿٧٣﴾

(૭૩) અને જે લોકો તેમના ખુદાથી ડરતા રહેતા હતા તેમની (સવારીઓનાં) ટોળે ટોળાં (માનપૂર્વક) જન્નત તરફ મોકલવામાં આવશે; અહીં સુધી કે જ્યારે તેઓ તેની પાસે પહોંચશે ત્યારે તેના દ્વાર ખોલી નાખવામાં આવશે, અને તેના રક્ષકો તેમને

કહેશે કે તમારા પર સલામ થાય; (શાબાશ !) તમોએ સુંદર કમાણી કરી છે, જેથી હંમેશના રહેવા માટે આ (જન્નત)માં દાખલ થાઓ.

وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِیْ صَدَقَنَا وَعْدَهٗ وَاَوْرَثَنَا الْاَرْضَ نَتَبَوَّاُ مِنَ الْجَنَّةِ حَیْثُ نَشَآءُ ۚ فَنِعْمَ اَجْرُ الْعٰمِلِیْنَ ﴿۷۴﴾

(૭૪) અને તે (જન્નતીઓ)ઓ કહેશે કે સર્વે ગુણગાન એજ અલ્લાહ માટે લાયક છે કે જેણે અમારાથી પોતાનો વાયદો સાચો કરી દેખાડ્યો, અને અમને આ (જન્નતની) ભૂમિના એવા વારસ બનાવી દીધા કે અમે આ જન્નતમાં જ્યાં ઇચ્છીએ રહીએ છીએ; (જુઓ) તો નેક કાર્યો કરનારાઓનો બદલો કેવો સરસ છે !

وَتَرَى الْمَلٰٓئِكَةَ حَآفِّيْنَ مِنْ حَوْلِ الْعَرْشِ يُسَبِّحُوْنَ بِحَمْدِ
رَبِّهِمْ ۚ وَقُضِيَ بَيْنَهُمْ بِالْحَقِّ وَقِيْلَ الْحَمْدُ لِلّٰهِ رَبِّ
الْعٰلَمِيْنَ ﴿۷۵﴾

(૭૫) અને તું ફરિશ્તાઓને અર્શની આજુબાજુથી ઘેરી લઇ પોતાના પરવરદિગારની તસ્બીહ પઢતાં જોશે; અને લોકોની વચ્ચે ન્યાયસર નિર્ણય કરવામાં આવશે, અને (દરેક બાજુથી) એજ કહેવામાં આવતું હશે કે દરેક પ્રકારના ગુણગાન સર્વે જગતના પાલનહાર અલ્લાહ માટેજ શોભાસ્પદ છે.

حٰمٓ ﴿١﴾

(૧) હા-મીમ

تَنۡزِيۡلُ الۡكِتٰبِ مِنَ اللّٰهِ الۡعَزِيۡزِ الۡعَلِيۡمِ ﴿٢﴾

(૨) આ કિતાબ (કુરઆન)નું ઉતારવું ઝબરદસ્ત જ્ઞાની અલ્લાહ તરફથી થયું છે.

غَافِرِ الذَّنۡۢبِ وَقَابِلِ التَّوۡبِ شَدِيۡدِ الۡعِقَابِ ذِى الطَّوۡلِ ؕ

لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ؕ اِلَيۡهِ الۡمَصِيۡرُ ﴿٣﴾

(3) જે ગુનાહોનો માફ કરનારો અને પ્રશ્ચાતાપ સ્વીકારનારો, અને સખ્ત અઝાબ આપનારો, અને

મહા મહેરબાન છે; તેના સિવાય કોઇ માઅબૂદ નથી; સર્વેનું પાછું ફરવું તેનીજ તરફ થનાર છે.

مَا يُجَادِلُ فِيٓ اٰيٰتِ اللّٰهِ اِلَّا الَّذِيۡنَ كَفَرُوۡا فَلَا يَغۡرُرۡكَ تَقَلُّبُهُمۡ فِى الۡبِلَادِ ۝٤

(૪) જે લોકો ઇમાન નથી લાવ્યા તેમના સિવાય અલ્લાહની નિશાનીઓના સંબંધમાં કોઇ ઝઘડતું નથી; માટે (અય રસૂલ!) તેમનું શહેરોમાં છુટથી હરવું ફરવું તને ક્યાંક ધોકામાં ન નાખી દે (કે તેમના પર અઝાબ નહિ આવે).

كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّالْاَحْزَابُ مِنْۢ بَعْدِهِمْ ۪ وَهَمَّتْ
كُلُّ اُمَّةٍۭ بِرَسُوْلِهِمْ لِيَاْخُذُوْهُ وَجٰدَلُوْا بِالْبَاطِلِ لِيُدْحِضُوْا بِهِ
الْحَقَّ فَاَخَذْتُهُمْ ۫ فَكَيْفَ كَانَ عِقَابِ ﴿٥﴾

(૫) તેમની પહેલાં નૂહની કોમે (સત્યને) જૂઠલાવ્યું હતું, અને તેમની પછી બીજા ટોળાંઓએ પણ (જૂઠલાવ્યું હતું); અને દરેકે દરેક ઉમ્મતે પોતપોતાના રસૂલોના સંબંધમાં એવો ઇરાદો કર્યો હતો કે તેને પકડી લઇ કત્લ કરી નાખે. અને અસત્ય દ્વારા તેઓ ઝઘડતા હતા એ માટે કે તે વડે સત્યને બરબાદ કરી નાખે. જેથી મેં તેમને પકડ્યા; તો પછી મારો અઝાબ કેવો હતો !

وَكَذٰلِكَ حَقَّتۡ كَلِمَتُ رَبِّكَ عَلَى الَّذِيۡنَ كَفَرُوۡۤا اَنَّهُمۡ اَصۡحٰبُ
النَّارِ ۘ﴿۶﴾

(૬) અને એવી રીતે તારા પરવરદિગારનો આ વાયદો નાસ્તિકો ઉપર પૂર્ણ થયો કે તેઓ જહન્નમી છે.

اَلَّذِيۡنَ يَحۡمِلُوۡنَ الۡعَرۡشَ وَمَنۡ حَوۡلَهٗ يُسَبِّحُوۡنَ بِحَمۡدِ رَبِّهِمۡ
وَيُؤۡمِنُوۡنَ بِهٖ وَيَسۡتَغۡفِرُوۡنَ لِلَّذِيۡنَ اٰمَنُوۡا ۚ رَبَّنَا وَسِعۡتَ كُلَّ
شَىۡءٍ رَّحۡمَةً وَّعِلۡمًا فَاغۡفِرۡ لِلَّذِيۡنَ تَابُوۡا وَاتَّبَعُوۡا سَبِيۡلَكَ
وَقِهِمۡ عَذَابَ الۡجَحِيۡمِ ﴿۷﴾

(૭) જે (ફરિશ્તા)ઓએ અર્શને ઊંચકેલું છે તથા જેઓ તેની આસપાસ છે તેઓ નિરંતર પોતાના પરવરદિગારના વખાણ સાથે તસ્બીહ કર્યા કરે છે, અને તેનાજ ઉપર ઇમાન રાખે છે અને જે લોકો ઇમાન લાવ્યા છે. તેમના માટે ક્ષમા માંગતા રહે છે (અને કહે છે કે) અય અમારા પરવરદિગાર ! તારી રહેમત તથા જ્ઞાન દરેક વસ્તુ પર વ્યાપિ રહેલું છે; માટે જે લોકો તૌબા કરે છે અને જે તારા માર્ગ પર ચાલે છે તેમના ગુનાહ માફ કરી દે, અને તેમને જહન્નમના અઝાબથી બચાવી લે.

رَبَّنَا وَاَدْخِلْهُمْ جَنّٰتِ عَدْنِ ۣالَّتِیْ وَعَدْتَّهُمْ وَمَنْ صَلَحَ مِنْ
اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ وَذُرِّيّٰتِهِمْ ؕ اِنَّكَ اَنْتَ الْعَزِیْزُ
الْحَكِیْمُ ۙ﴿۸﴾

(૮) અને અય અમારા પરવરદિગાર ! તેમને હંમેશા (કાયમ) રહેનારી જન્નતોમાં કે જેનો તેં તેમને વાયદો કર્યો છે દાખલ કરી દે, અને તેમના બાપદાદાઓમાંથી તથા તેમની પત્નીઓમાંથી, તથા તેમની ઓલાદમાંથી જેમણે નેકી કરી હોય તેમને પણ; ખરેખરજ તું મહા સમર્થ (અને) હિકમતવાળો છે.

وَقِهِمُ السَّيِّاٰتِؕ وَمَنْ تَقِ السَّيِّاٰتِ يَوْمَئِذٍ فَقَدْ رَحِمْتَهٗ ؕ
وَذٰلِكَ هُوَالْفَوْزُ الْعَظِيْمُ ۹

(૯) અને તેમને બૂરાઇઓથી બચાવી લે; અને આ દિવસે તેં જેમને બૂરાઇઓમાંથી બચાવી લીધા (તો જાણે) તેના પર તો ખરેજ તેં રહેમ ફરમાવી, ને એજ મહાન સફળતા છે.

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا يُنَادَوْنَ لَمَقْتُ اللّٰهِ اَكْبَرُ مِنْ مَّقْتِكُمْ
اَنْفُسَكُمْ اِذْ تُدْعَوْنَ اِلَى الْاِيْمَانِ فَتَكْفُرُوْنَ ۱۰

(૧૦) જે લોકો ઇમાન લાવ્યા ન હશે તેમને પોકારીને કહેવામાં આવશે કે જ્યારે તમને ઇમાન લાવવા માટે પોકારવામાં આવતા હતા, અને તમે

તેનો ઇન્કાર કરતા હતા ત્યારે (એક બીજા પ્રત્યે) જેટલી તમને નફરત હતી તે કરતાંય ઘણી વધારે અલ્લાહની નફરત તમારા પ્રત્યે (આજે)છે.

قَالُوۡا رَبَّنَاۤ اَمَتَّنَا اثۡنَتَيۡنِ وَاَحۡيَيۡتَنَا اثۡنَتَيۡنِ فَاعۡتَرَفۡنَا بِذُنُوۡبِنَا فَهَلۡ اِلٰى خُرُوۡجٍ مِّنۡ سَبِيۡلٍ ﴿۱۱﴾

(૧૧) તેઓ અરજ કરશે કે અય અમારા પરવરદિગાર ! તેં તો અમને બે વખત માર્યા અને બે વખત સજીવન કર્યા, હવે અમે અમારા ગુનાહોનો સ્વીકાર કરીએ છીએ, માટે (હવે અહીંથી) નીકળવાનો કોઇ માર્ગ છે ?

ذٰلِكُمۡ بِاَنَّهٗۤ اِذَا دُعِیَ اللّٰهُ وَحۡدَهٗ كَفَرۡتُمۡ ۚ وَاِنۡ یُّشۡرَكۡ بِهٖ
تُؤۡمِنُوۡا ؕ فَالۡحُكۡمُ لِلّٰهِ الۡعَلِیِّ الۡكَبِیۡرِ ﴿۱۲﴾

(૧૨) (જવાબ મળશે કે નહિ) આ એટલા માટે કે જ્યારે એકજ અલ્લાહને પોકારવામાં આવતો હતો ત્યારે તમે ઇન્કાર કર્યા કરતા હતા, અને જો તેની સાથે (અન્ય) કોઇને શરીક કરવામાં આવતો હતો તો (તરતજ) માની લેતા હતા; માટે હવે તો સર્વોપરી (અને) મહાન અલ્લાહના જ હુકમ પ્રમાણેથશે.

هُوَ الَّذِیۡ یُرِیۡكُمۡ اٰیٰتِهٖ وَیُنَزِّلُ لَكُمۡ مِّنَ السَّمَآءِ رِزۡقًا ؕ وَمَا
یَتَذَكَّرُ اِلَّا مَنۡ یُّنِیۡبُ ﴿۱۳﴾

(૧૩) તે એજ છે જે તમને પોતાની નિશાનીઓ દેખાડે છે અને આસમાન પરથી તમારા માટે રોઝી ઉતારે છે; અને તેઓજ બોધ ગ્રહણ કરે છે કે જે (તેના પ્રત્યે) વારંવાર રજૂ થાય છે.

فَادْعُوا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ ﴿١٤﴾

(૧૪) માટે (હવે) તમે અલ્લાહના માટેજ નિખાલસ દીન રાખી તેનેજ પોકારો, પછી ભલેને નાસ્તિકોને માઠું કેમ ન લાગે.

رَفِيْعُ الدَّرَجٰتِ ذُو الْعَرْشِ ۚ يُلْقِي الرُّوْحَ مِنْ اَمْرِهٖ عَلٰى مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ لِيُنْذِرَ يَوْمَ التَّلَاقِ ﴿١٥﴾

(૧૫) તે (અલ્લાહ) ઉચ્ચ દરજ્જાવાળો (અને) અર્શનો માલિક છે. પોતાના બંદાઓમાંથી જેના ઉપર ચાહે છે પોતાની આજ્ઞાથી વહી ઉતારે છે કે જેથી તે મેળાપ (કયામત)ના દિવસથી લોકોને ડરાવેઃ

يَوْمَ هُم بَٰرِزُونَ ۖ لَا يَخْفَىٰ عَلَى ٱللَّهِ مِنْهُمْ شَىْءٌ ۚ لِّمَنِ ٱلْمُلْكُ ٱلْيَوْمَ ۖ لِلَّهِ ٱلْوَٰحِدِ ٱلْقَهَّارِ ١٦

(૧૬) કે જે દિવસે તેઓ સર્વે (કબરોમાંથી) નીકળી (અલ્લાહ સામે) ઉભા રહેશે; ત્યારે અલ્લાહ ઉપર તેમની કોઇ પણ વાત છુપી નહિ હોય. (અને તેમને પૂછવામાં આવશે કે) આજે હુકૂમત કોની

છે ? (પછી અલ્લાહ પોતેજ ફરમાવશે કે) એકજ અલ્લાહની કે જે સર્વ શક્તિમાન છે.

اَلۡيَوۡمَ تُجۡزٰى كُلُّ نَفۡسٍۭ بِمَا كَسَبَتۡ‌ؕ لَا ظُلۡمَ الۡيَوۡمَ‌ؕ اِنَّ
اللّٰهَ سَرِيۡعُ الۡحِسَابِ‏ ﴿۱۷﴾

(૧૭) (પછી પોકારવામાં આવશે કે) આજે દરેક વ્યક્તિને તેની કરણીનો બદલો મળશે; આજે લેશ માત્ર અન્યાય (થનાર) નથી; બેશક અલ્લાહ ઝડપી હિસાબ લેનારો છે.

وَاَنۡذِرۡهُمۡ يَوۡمَ الۡاٰزِفَةِ اِذِ الۡقُلُوۡبُ لَدَى الۡحَـنَاجِرِ كٰظِمِيۡنَ ؕ
مَا لِلظّٰلِمِيۡنَ مِنۡ حَمِيۡمٍ وَّلَا شَفِيۡعٍ يُّطَاعُ ؕ‏ ﴿۱۸﴾

(૧૮) અને (અય રસૂલ !) તેમને તે નજીક આવનારા દિવસથી ડરાવ, જ્યારે દુ:ખના માર્યા કાળજાં ગળાની પાસે આવી પહોંચશે; ઝુલમગારોનો ન કોઇ દિલસોઝ મિત્ર હશે અને ન કોઇ ભલામણ કરનાર કે જે (ની ભલામણ) કબૂલ કરવામાં આવે.

يَعۡلَمُ خَآئِنَةَ الۡاَعۡيُنِ وَمَا تُخۡفِى الصُّدُوۡرُ ۝١٩

(૧૯) તે આંખોની ચોરીને જાણે છે અને જે વાત દિલો એ સંતાડી રાખી છે તેને પણ.

وَاللّٰهُ يَقۡضِىۡ بِالۡحَقِّ ؕ وَالَّذِيۡنَ يَدۡعُوۡنَ مِنۡ دُوۡنِهٖ لَا يَقۡضُوۡنَ بِشَىۡءٍ ؕ اِنَّ اللّٰهَ هُوَ السَّمِيۡعُ الۡبَصِيۡرُ ۝٢٠

(૨૦) અને અલ્લાહ વ્યાજબી ફેંસલો કરે છે; અને તેના સિવાય આ લોકો જેને પોકારે છે તે કોઇ વસ્તુનો પણ ફેંસલો કરી શકતા નથી; બેશક અલ્લાહ એજ મોટો સાંભળનાર (અને) જોનારો છે.

اَوَلَمۡ يَسِيۡرُوۡا فِى الۡاَرۡضِ فَيَنۡظُرُوۡا كَيۡفَ كَانَ عَاقِبَةُ الَّذِيۡنَ
كَانُوۡا مِنۡ قَبۡلِهِمۡ‌ؕ كَانُوۡا هُمۡ اَشَدَّ مِنۡهُمۡ قُوَّةً وَّاٰثَارًا فِى
الۡاَرۡضِ فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوۡبِهِمۡ‌ؕ وَمَا كَانَ لَهُمۡ مِّنَ اللّٰهِ مِنۡ
وَّاقٍ ﴿۲۱﴾

(૨૧) શું આ લોકો જમીન પર ચાલ્યા ફર્યા નથી કે જુએ કે જેઓ તેમની પહેલા હતા તેમનો કેવો અંત આવ્યો? જેઓ શક્તિના પ્રમાણમાં તથા ભૂમિમાં

અવશેષો છોડી જવાના પ્રમાણમાં તેમના કરતાં કેટલાય વધેલા હતા, પછી અલ્લાહે તેમના ગુનાહોના કારણે તેમને પકડી લીધાઃ અને અલ્લાહ (ની ધરપકડ)થી તેમને બચાવનાર કોઇજ ન થયું.

ذٰلِكَ بِاَنَّهُمۡ كَانَتۡ تَّاۡتِيۡهِمۡ رُسُلُهُمۡ بِالۡبَيِّنٰتِ فَكَفَرُوۡا
فَاَخَذَهُمُ اللّٰهُ ؕ اِنَّهٗ قَوِىٌّ شَدِيۡدُ الۡعِقَابِ ﴿۲۲﴾

(૨૨) આ એ માટે કે તેમની પાસે તેમના રસૂલ પ્રત્યક્ષ નિશાનીઓ લઇને આવ્યા હતા, છતાં તેમણે ઇન્કાર કર્યો, જેથી અલ્લાહે તેમની ધરપકડ કરી; ખરેજ તે મહા શક્તિવાન (અને) સખત અઝાબ આપનારોછે.

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَا وَسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٢٣﴾

(૨૩) અને બેશક અમોએ મૂસાને અમારા મોઅજિઝા તથા પ્રત્યક્ષ અધિકાર સાથે મોકલ્યા હતાઃ

اِلٰى فِرْعَوْنَ وَهَامٰنَ وَقَارُوْنَ فَقَالُوْا سٰحِرٌ كَذَّابٌ ﴿٢٤﴾

(૨૪) ફિરઔન તથા હામાન તથા કારૂન તરફ; પછી તેમણે કહી દીધું કે આ તો જબરૂં જૂઠું બોલનારો જાદુગર છે.

فَلَمَّا جَآءَهُمْ بِالْحَقِّ مِنْ عِنْدِنَا قَالُوا اقْتُلُوْٓا اَبْنَآءَ الَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ وَاسْتَحْيُوْا نِسَآءَهُمْ ؕ وَمَا كَيْدُ الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ ﴿٢٥﴾

(૨૫) પછી જ્યારે તે (મૂસા) અમારા તરફથી સત્ય (ધર્મ) લઇને તેમની પાસે પહોંચ્યો ત્યારે તેમણે કહ્યું કે જે લોકો તેની સાથે ઇમાન લાવ્યા છે તેમના છોકરા મારી નાખો અને તેમની છોકરીઓ જીવતી રહેવા દો; જોકે નાસ્તિકોની કોઇ ચાલબાજી એવી નથી કે જે નિષ્ફળ જતી ન હોય.

وَقَالَ فِرْعَوْنُ ذَرُوْنِيْٓ اَقْتُلْ مُوْسٰى وَلْيَدْعُ رَبَّهٗ ۚ اِنِّيْٓ اَخَافُ اَنْ يُّبَدِّلَ دِيْنَكُمْ اَوْ اَنْ يُّظْهِرَ فِي الْاَرْضِ الْفَسَادَ ﴿٢٦﴾

(૨૬) અને ફિરઔને કહ્યું, મને મૂસાને મારી નાખવા દો, અને (પછી) ભલેને તે પોતાના પરવરદિગારને પોકારે, ખરેજ મને અંદેશો છે કે તે

તમારા ધર્મને બદલી નાખશે, અથવા તો દેશમાં ફસાદ ઉપજાવશે.

وَقَالَ مُوْسٰۤى اِنِّيْ عُذْتُ بِرَبِّيْ وَرَبِّكُمْ مِّنْ كُلِّ مُتَكَبِّرٍ لَّا يُؤْمِنُ بِيَوْمِ الْحِسَابِ ﴿٢٧﴾

(૨૭) અને મૂસાએ ફરમાવ્યું કે બેશક હું તો તે દરેક અભિમાની કે જે હિસાબના દિવસ પર ઇમાન રાખતો ન હોય તેની વિરૂધ્ધ મારા પરવરદિગાર અને તમારા પરવરદિગારની પનાહ માંગુ છું.

وَقَالَ رَجُلٌ مُّؤْمِنٌ ۖۗ مِّنْ اٰلِ فِرْعَوْنَ يَكْتُمُ اِيْمَانَهٗۤ اَتَقْتُلُوْنَ رَجُلًا اَنْ يَّقُوْلَ رَبِّيَ اللّٰهُ وَقَدْ جَآءَكُمْ بِالْبَيِّنٰتِ مِنْ رَّبِّكُمْ ؕ وَاِنْ يَّكُ كَاذِبًا فَعَلَيْهِ كَذِبُهٗ ۚ وَاِنْ يَّكُ صَادِقًا يُّصِبْكُمْ

بَعۡضُ الَّذِیۡ یَعِدُکُمۡ ؕ اِنَّ اللّٰہَ لَا یَہۡدِیۡ مَنۡ ہُوَ مُسۡرِفٌ
کَذَّابٌ ﴿۲۸﴾

(૨૮) ફિરઔનના કુટુંબીઓમાંથી એક મોઅમીન પુરૂષે-કે જે પોતાના ઇમાનને સંતાડી રહ્યો હતો- કહ્યું કે શું તમે આટલી વાત માટે એક શખ્સને મારી નાખો છો કે તે કહે છે કે મારો પાલનકર્તા અલ્લાહ છે, જોકે તે તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી ખરેખરજ પ્રત્યક્ષ દલીલો લઇને આવ્યો છે ? અને છતાં જો તે જૂઠો હોય તો તેના જૂઠનો બોજો તેના પરજ રહેશે, અને જો તે સાચો હોય તો જે (વાત)થી તે તમને ડરાવે છે તેનો થોડો ઘણો ભાગ પણ તમારા ઉપર જરૂર

આવી પડશે; બેશક અલ્લાહ તે શખ્સ કે જે હદથી વધી જનાર અને જૂઠો હોય તેને સન્માર્ગ દેખાડતો નથી.

يٰقَوْمِ لَكُمُ الْمُلْكُ الْيَوْمَ ظٰهِرِيْنَ فِي الْاَرْضِ ۫ فَمَنْ يَّنْصُرُنَا مِنْۢ بَاْسِ اللّٰهِ اِنْ جَآءَنَا ۭ قَالَ فِرْعَوْنُ مَآ اُرِيْكُمْ اِلَّا مَآ اَرٰى وَمَآ اَهْدِيْكُمْ اِلَّا سَبِيْلَ الرَّشَادِ ۝۲۹

(૨૯) અય મારી કોમ ! બાદશાહી તો આજે તમારા માટે છે, (કારણ કે) જમીન પર તમેજ સત્તાવાન છો, પરંતુ (કાલે) અલ્લાહના અઝાબથી કે જે કદાચને આપણા પર આવી પડે તો તેનાથી બચાવવા માટે આપણી સહાય કોણ કરશે ? ફિરઔને કહ્યું, હું તો

તમને એજ સલાહ આપું છું કે જે હું સારી સમજું છું, અને હું તમને ભલાઇના માર્ગ સિવાય બીજો કોઇ માર્ગ દેખાડતો નથી.

وَقَالَ الَّذِیۡۤ اٰمَنَ یٰقَوۡمِ اِنِّیۡۤ اَخَافُ عَلَیۡکُمۡ مِّثۡلَ یَوۡمِ
الۡاَحۡزَابِ ﴿۳۰﴾ۙ

(30) અને તે શખ્સ કે જે ઇમાન લાવ્યો હતો કહ્યું કે અય મારી કોમ ! બેશક મને એવો અંદેશો છે કે તમારા પર આગલી કોમોના જેવા દિવસ આવી પડે:

مِثۡلَ دَاۡبِ قَوۡمِ نُوۡحٍ وَّ عَادٍ وَّ ثَمُوۡدَ وَ الَّذِیۡنَ مِنۡۢ بَعۡدِہِمۡ ؕ وَ مَا
اللّٰہُ یُرِیۡدُ ظُلۡمًا لِّلۡعِبَادِ ﴿۳۱﴾

(૩૧) (અર્થાત) નૂહ તથા આદ તથા સમૂદની કોમ તથા તેમની પાછળનાઓના જેવી (તમારી પણ) સ્થિતિ થઇ પડે; જો કે અલ્લાહ બંદાઓના સંબંધમાં ઝુલ્મ કરવા ચાહતો નથી.

وَيٰقَوْمِ اِنِّيْٓ اَخَافُ عَلَيْكُمْ يَوْمَ التَّنَادِ ۝٣٢

(૩૨) અને અય મારી કોમ! મને તમારા સંબંધમાં એકબીજાને પુકારવાના દિવસનો ડર છે:

يَوْمَ تُوَلُّوْنَ مُدْبِرِيْنَ ۚ مَا لَكُمْ مِّنَ اللّٰهِ مِنْ عَاصِمٍ ۚ وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ۝٣٣

(૩૩) જે દિવસે તમે પીઠ ફેરવીને નાસી છુટવા ચાહશો તે (દિવસે) અલ્લાહ (ની શિક્ષામાં)થી

તમને બચાવનાર કોઇ નહિ હોય. અને જેનાથી અલ્લાહ હિદાયતની તૌફીક છીનવી લે તો પછી તેનો માર્ગદર્શક કોઇજ થતો નથી.

وَلَقَدۡ جَآءَكُمۡ يُوسُفُ مِن قَبۡلُ بِٱلۡبَيِّنَٰتِ فَمَا زِلۡتُمۡ فِي شَكّٖ
مِّمَّا جَآءَكُم بِهِۦۖ حَتَّىٰٓ إِذَا هَلَكَ قُلۡتُمۡ لَن يَبۡعَثَ ٱللَّهُ مِنۢ بَعۡدِهِۦ
رَسُولٗاۚ كَذَٰلِكَ يُضِلُّ ٱللَّهُ مَنۡ هُوَ مُسۡرِفٞ مُّرۡتَابٌ ٣٤

(૩૪) અને ખરેખરજ યુસુફ આ પહેલાં તમારી પાસે ખુલ્લી નિશાનીઓ લાવ્યો હતો; પણ તેના સંબંધમાં તમે સતત શંકામાં જ રહ્યા, અહીં સુધી કે જ્યારે તેનું અવસાન થયું ત્યારે તમોએ કહી દીધું કે તેની પછી અલ્લાહ કોઇ રસૂલ ઉભો જ નહિ કરે;

એવી રીતે અલ્લાહ તે દરેક શખ્સથી કે જે હદ ઓળંગી જાય અને શંકાશીલ હોય હિદાયતની પ્રેરણા છીનવી લે છે.

الَّذِيْنَ يُجَادِلُوْنَ فِيْٓ اٰيٰتِ اللّٰهِ بِغَيْرِ سُلْطٰنٍ اَتٰىهُمْ ؕ كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ وَعِنْدَ الَّذِيْنَ اٰمَنُوْا ؕ كَذٰلِكَ يَطْبَعُ اللّٰهُ عَلٰى كُلِّ قَلْبِ مُتَكَبِّرٍ جَبَّارٍ ۝٣٥

(૩૫) જેઓ અલ્લાહની આયતોના સંબંધમાં તેમની પાસે કોઇ દલીલ આવ્યા વિના ઝઘડ્યા કરે છે, અલ્લાહ તથા જે લોકો ઇમાન લાવ્યા છે તેમની પાસે આ (વર્તણુંક) ઘણીજ અપ્રિય છે, એવી રીતે

અલ્લાહ દરેક અભિમાની શિરજોરના મન પર મહોર લગાવી દે છે.

وَقَالَ فِرْعَوْنُ يٰهَامٰنُ ابْنِ لِىْ صَرْحًا لَّعَلِّىْۤ اَبْلُغُ الْاَسْبَابَ ﴿٣٦﴾

(૩૬) અને ફિરઔને કહ્યું કે અય હામાન ! મારા માટે એક ઊંચો મીનારો બનાવ કે જેથી હું ચઢી જવાના માર્ગો મેળવી લઉં.

اَسْبَابَ السَّمٰوٰتِ فَاَطَّلِعَ اِلٰۤى اِلٰهِ مُوْسٰى وَاِنِّىْ لَاَظُنُّهٗ كَاذِبًا ؕ

وَكَذٰلِكَ زُيِّنَ لِفِرْعَوْنَ سُوْٓءُ عَمَلِهٖ وَصُدَّ عَنِ السَّبِيْلِ ؕ وَمَا

كَيْدُ فِرْعَوْنَ اِلَّا فِىْ تَبَابٍ ﴿٣٧﴾

(૩૭) (અર્થાત) આસમાન પર પહોંચવાના માર્ગો કે જેથી હું મૂસાના અલ્લાહ સુધી પહોંચી જાઉં, અને હું

તો તેને બેશક જૂઠો ધારૂં છું; અને આવી રીતે ફિરઔનને તેના કામો શોભાયમાન કરી બતાવવામાં આવ્યા હતા, અને તે ખરા માર્ગથી અટકાવી દેવાયો હતો; અને ફિરઔનની જે ચાલબાજી હતી તે પાયમાલીની હતી.

وَقَالَ الَّذِيْٓ اٰمَنَ يٰقَوْمِ اتَّبِعُوْنِ اَهْدِكُمْ سَبِيْلَ الرَّشَادِ ۚ﴿٣٨﴾

(૩૮) અને તે શખ્સ કે જે ઇમાન લાવ્યો હતો તેણે કહ્યું કે અય મારી કોમ ! તમે મારૂં અનુકરણ કરો, હું તમને સરળ માર્ગ દેખાડીશ.

يٰقَوْمِ اِنَّمَا هٰذِهِ الْحَيٰوةُ الدُّنْيَا مَتَاعٌ ۫ وَّاِنَّ الْاٰخِرَةَ هِيَ دَارُ الْقَرَارِ ﴿٣٩﴾

(૩૯) અય મારી કોમ ! આ સંસારી જીવન થોડો (સમય ટકનારો) લાભ છે, અને આખેરત એજ હંમેશ કાયમ રહેવાનું મકાન છે.

مَنْ عَمِلَ سَيِّئَةً فَلَا يُجْزٰٓى اِلَّا مِثْلَهَا ۚ وَمَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَاُولٰٓئِكَ يَدْخُلُوْنَ الْجَنَّةَ يُرْزَقُوْنَ فِيْهَا بِغَيْرِ حِسَابٍ ﴿٤٠﴾

(૪૦) જે શખ્સ કોઇ પણ (જાતની) બૂરાઈ કરશે તો તેને તેના જેવોજ બદલો આપવામાં આવશે. અને જે શખ્સ પુરૂષ હોય કે સ્ત્રી એવી સ્થિતિમાં કે તે મોઅમીન પણ હોય, કોઇ સત્કાર્ય કરશે તો એજ

લોકો જન્નતમાં દાખલ થશે, જેમાં તેમને અપાર રોઝી આપવામાં આવશે.

وَيٰقَوْمِ مَا لِيْٓ اَدْعُوْكُمْ اِلَى النَّجٰوةِ وَتَدْعُوْنَنِيْٓ اِلَى النَّارِ ﴿٤١﴾

(૪૧) અને અય મારી કોમ ! આ કેવી વાત છે કે હું તમને નજાત તરફ બોલાવું છે અને તમે મને (જહન્નમની) આગ તરફ બોલાવો છો ?

تَدْعُوْنَنِيْ لِاَكْفُرَ بِاللّٰهِ وَاُشْرِكَ بِهٖ مَا لَيْسَ لِيْ بِهٖ عِلْمٌ ۡ وَّاَنَا اَدْعُوْكُمْ اِلَى الْعَزِيْزِ الْغَفَّارِ ﴿٤٢﴾

(૪૨) તમે મને એવી વાત તરફ બોલાવો છો કે હું અલ્લાહનો ઈન્કાર કરનારો થઇ જાઉં, અને એવી વસ્તુઓને તેની શરીક ઠરાવું કે જેની મને જાણ

પણ નથી, જ્યારે હું તો તમને મહા બળવાન (અને) મહાન ક્ષમાવાન (અલ્લાહ) તરફજ બોલાવું છું.

لَا جَرَمَ اَنَّمَا تَدْعُوْنَنِيْٓ اِلَيْهِ لَيْسَ لَهٗ دَعْوَةٌ فِي الدُّنْيَا وَلَا فِي الْاٰخِرَةِ وَاَنَّ مَرَدَّنَآ اِلَى اللّٰهِ وَاَنَّ الْمُسْرِفِيْنَ هُمْ اَصْحٰبُ النَّارِ ﴿۴۳﴾

(૪૩) બેશક તમે જેની તરફ મને બોલાવો છો તેમને બોલાવવા આલોક અને પરલોકમાં યોગ્ય નથી, અને આપણા સર્વેનું પાછું ફરવું બેશક અલ્લાહની જ તરફ છે; અને હદ ઓળંગી જનારાઓ જ જહન્નમવાસીઓ છે.

فَسَتَذۡكُرُوۡنَ مَاۤ اَقُوۡلُ لَكُمۡ‌ؕ وَاُفَوِّضُ اَمۡرِىۡۤ اِلَى اللّٰهِ‌ؕ اِنَّ

اللّٰهَ بَصِيۡرٌۢ بِالۡعِبَادِ﴿۴۴﴾

(૪૪) માટે જે કાંઇ હું કહું છું તેને તમે નજીકમાંજ યાદ કરશો; અને હું તો મારો મામલો અલ્લાહને જ સોંપી દઉં છું; બેશક અલ્લાહ સર્વે બંદાઓને જોનારો છે.

فَوَقٰٮهُ اللّٰهُ سَيِّاٰتِ مَا مَكَرُوۡا وَحَاقَ بِاٰلِ فِرۡعَوۡنَ سُوۡۤءُ

الۡعَذَابِ‌ۚ﴿۴۵﴾

(૪૫) પછી જે ચાલબાઝીઓ તેઓ ચાલ્યા તેની ખરાબીઓથી અલ્લાહે તેને બચાવી રાખ્યો, અને

ખરાબ અઝાબે ફિરઓનના આખા કુટુંબને આવી ઘેર્યું.

اَلنَّارُ يُعۡرَضُوۡنَ عَلَيۡهَا غُدُوًّا وَّعَشِيًّا ۚ وَيَوۡمَ تَقُوۡمُ السَّاعَةُ ۚ اَدۡخِلُوۡۤا اٰلَ فِرۡعَوۡنَ اَشَدَّ الۡعَذَابِ ﴿۴۶﴾

(૪૬) (યાને) આગ, જેની સામે તેમને સવાર સાંજ ઉભા કરવામાં આવે છે, અને જે દિવસે કયામત કાયમ થશે તે દિવસે (હુકમ કરવામાં આવશે કે) ફિરઔનીઓને સખતમાં સખત અઝાબમાં દાખલ કરી દો.

وَاِذۡ يَتَحَآجُّوۡنَ فِى النَّارِ فَيَقُوۡلُ الضُّعَفٰٓؤُا لِلَّذِيۡنَ اسۡتَكۡبَرُوۡۤا
اِنَّا كُنَّا لَـكُمۡ تَبَعًا فَهَلۡ اَنۡتُمۡ مُّغۡنُوۡنَ عَنَّا نَصِيۡبًا مِّنَ
النَّارِ ﴿۴۷﴾

(૪૭) (તે સમયને યાદ કર) જ્યારે તેઓ દોઝખમાં અંદરોઅંદર ઝઘડતા હશે, પછી કમજોર લોકો તે લોકોને કે જેઓ ઘમંડી હતા કહેશે કે ખરેજ અમે તો તમારાજ અનુયાયી હતા, જેથી (આજે) તમે આગના થોડાક ભાગને અમારા પરથી ટાળી શકો છો ?

قَالَ الَّذِيۡنَ اسۡتَكۡبَرُوۡۤا اِنَّا كُلٌّ فِيۡهَاۤ ۙ اِنَّ اللّٰهَ قَدۡ حَكَمَ بَيۡنَ
الۡعِبَادِ ﴿۴۸﴾

(૪૮) જેઓ ઘમંડી હતા તેઓ કહેશે કે ખરેજ આપણે સર્વે જણાં આ (આગ)માં જ છીએ; બેશક અલ્લાહે બંદાઓ વચ્ચે (યોગ્ય) નિર્ણય કરી દીધો છે.

وَقَالَ الَّذِيْنَ فِي النَّارِ لِخَزَنَةِ جَهَنَّمَ ادْعُوْا رَبَّكُمْ يُخَفِّفْ عَنَّا
يَوْمًا مِّنَ الْعَذَابِ ﴿٤٩﴾

(૪૯) અને જે લોકો આગમાં હશે તેઓ દોઝખના રખેવાળોને કહેશે કે તમે તમારા પરવરદિગારને વિનવો કે કોઇ દિવસ તો અમારો અઝાબ હળવો કરે!

قَالُوْٓا اَوَلَمْ تَكُ تَاْتِيْكُمْ رُسُلُكُمْ بِالْبَيِّنٰتِ ۭ قَالُوْا بَلٰى ۭ
قَالُوْا فَادْعُوْا ۚ وَمَا دُعٰۗؤُا الْكٰفِرِيْنَ اِلَّا فِيْ ضَلٰلٍ ۝۵۰

(૫૦) તેઓ કહેશે કે શું તમારી પાસે તમારા રસૂલ ખુલ્લી દલીલો લઇને આવ્યા ન હતા ? જવાબ આપશે કે હા (આવ્યા તો હતા); ત્યારે રખેવાળો કહેશે કે ત્યારે તો તમેજ વિનવી લો, જોકે નાસ્તિકોનું વિનવવું તદ્દન વ્યર્થ જશે.

اِنَّا لَنَنْصُرُ رُسُلَنَا وَالَّذِيْنَ اٰمَنُوْا فِي الْحَيٰوةِ الدُّنْيَا وَيَوْمَ
يَقُوْمُ الْاَشْهَادُ ۝۵۱ۙ

(૫૧) બેશક અમે આલોકના જીવનમાં અમારા રસૂલોની સહાય કરતા રહીએ છીએ, અને જેઓ

ઇમાન લાવ્યા છે તેમની પણ, અને જે દિવસે સાક્ષીઓ ઉભા થશે ત્યારે પણ (સહાય કરીશું.).

يَوۡمَ لَا يَنۡفَعُ الظّٰلِمِيۡنَ مَعۡذِرَتُهُمۡ وَلَهُمُ اللَّعۡنَةُ وَلَهُمۡ سُوۡٓءُ الدَّارِ ﴿۵۲﴾

(૫૨) તે દિવસે ઝુલમગારોના બહાના તેમને કાંઇ ફાયદો નહિ પહોંચાડે, અને તેમના માટે લાઅનત હશે, અને તેમના જ માટે બૂરૂં રહેઠાણ પણ હશે.

وَلَقَدۡ اٰتَيۡنَا مُوۡسَى الۡهُدٰى وَاَوۡرَثۡنَا بَنِيۡۤ اِسۡرَآءِيۡلَ الۡكِتٰبَ ﴿۵۳﴾

(૫૩) અને ખરેજ અમોએ મૂસાને હિદાયત (ની કિતાબ) આપી હતી, અને બની ઇસરાઇલને એવી કિતાબના વારસ બનાવી દીધા હતા.

هُدًى وَّذِكۡرٰى لِاُولِى الۡاَلۡبَابِ﴿۵۴﴾

(૫૪) કે જે બુધ્ધિશાળીઓ માટે હિદાયત અને નસીહત હતી.

فَاصۡبِرۡ اِنَّ وَعۡدَ اللّٰهِ حَقٌّ وَّاسۡتَغۡفِرۡ لِذَنۡۢبِكَ وَسَبِّحۡ بِحَمۡدِ رَبِّكَ بِالۡعَشِىِّ وَالۡاِبۡكَارِ﴿۵۵﴾

(૫૫) માટે (અય રસૂલ !) તું ધીરજ રાખ, બેશક અલ્લાહનો વાયદો સાચો છે; અને (લોકોની હેરાનગતિથી બચવા માટે) અલ્લાહનો આશ્રય માંગતો રહે, અને સવાર સાંજ તારા પરવરદિગારના ગુણગાનની તસબીહ કરતો રહે.

إِنَّ الَّذِيْنَ يُجَادِلُوْنَ فِيٓ اٰيٰتِ اللّٰهِ بِغَيْرِ سُلْطٰنٍ اَتٰىهُمْ ۙ اِنْ فِيْ
صُدُوْرِهِمْ اِلَّا كِبْرٌ مَّا هُمْ بِبَالِغِيْهِ ۚ فَاسْتَعِذْ بِاللّٰهِ ؕ اِنَّهٗ
هُوَ السَّمِيْعُ الْبَصِيْرُ ﴿٥٦﴾

(૫૬) બેશક તે લોકો કે જેઓ અલ્લાહની આયતોના સંબંધમાં તેમની પાસે કોઇ દલીલ આવ્યા વિના ઝઘડતા રહે છે તેમના દિલોમાં પ્રબળ બનવાની ઇચ્છા સિવાય બીજું કાંઇજ નથી, જેને તેઓ કદી પણ પામનાર નથી; માટે તું અલ્લાહની પનાહ માંગ; બેશક તે મોટો સાંભળનાર (અને) જોનાર છે.

لَخَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ اَكْبَرُ مِنْ خَلْقِ النَّاسِ وَلٰكِنَّ

اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٥٧﴾

(૫૭) અવશ્ય આસમાનો તથા જમીનનું પેદા કરવું માણસોને પેદા કરવા કરતા વધારે મોટું (કાર્ય) છે, પરંતુ ઘણાંખરા લોકો (એટલુંયે) જાણતા નથી.

وَمَا يَسْتَوِى الْاَعْمٰى وَالْبَصِيْرُ ۙ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا

الصّٰلِحٰتِ وَلَا الْمُسِيْٓءُ ؕ قَلِيْلًا مَّا تَتَذَكَّرُوْنَ ﴿٥٨﴾

(૫૮) અને આંધળો તથા દેખતો સમાન હોઇ શકતા નથી, અને જે લોકો ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યા તેઓ અને દૂરાચારીઓ સમાન થઇ શકતા નથી, છતાં તમે ઘણુંજ થોડું વિચારો છો.

اِنَّ السَّاعَةَ لَاٰتِيَةٌ لَّا رَيۡبَ فِيۡهَا وَلٰكِنَّ اَكۡثَرَ النَّاسِ لَا
يُؤۡمِنُوۡنَ﴿۵۹﴾

(૫૯) બેશક તે (કયામતની) ઘડી અવશ્ય આવનારી છે જેમાં કાંઇજ સંદેહ નથી, પણ લોકોમાંથી ઘણાંખરા શ્રદ્ધા રાખતા નથી.

وَقَالَ رَبُّكُمُ ادۡعُوۡنِيۡۤ اَسۡتَجِبۡ لَـكُمۡ ؕ اِنَّ الَّذِيۡنَ يَسۡتَكۡبِرُوۡنَ
عَنۡ عِبَادَتِىۡ سَيَدۡخُلُوۡنَ جَهَنَّمَ دٰخِرِيۡنَ﴿۶۰﴾

(૬૦) અને તમારા પરવરદિગારે ફરમાવ્યું છે કે તમે મનેજ પોકારો, હું તમને જરૂર જવાબ આપીશ; બેશક તે લોકો કે જેઓ મારી ઇબાદત કરવાથી

અકડે છે તેઓ નજીકમાં જ ઝલીલ થઇ જહન્નમમાં દાખલ થશે.

اَللّٰهُ الَّذِیۡ جَعَلَ لَكُمُ الَّیۡلَ لِتَسۡكُنُوۡا فِیۡهِ وَالنَّهَارَ مُبۡصِرًا ؕ
اِنَّ اللّٰهَ لَذُوۡ فَضۡلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكۡثَرَ النَّاسِ لَا
یَشۡكُرُوۡنَ ﴿۶۱﴾

(૬૧) અલ્લાહ એજ છે જેણે તમારા માટે આરામ કરવાના હેતુસર રાત્રિ બનાવી છે, અને દિવસને (માર્ગ) જોવા માટે (પ્રકાશીત બનાવ્યો છે); બેશક અલ્લાહ સર્વે લોકો પર મહેરબાન છે, પરંતુ ઘણાંખરા લોકો આભાર માનતા નથી.

ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمۡ خَالِقُ كُلِّ شَىۡءٍ‌ۘ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ‌ ۚ فَاَنّٰى
تُؤۡفَكُوۡنَ ﴿۶۲﴾

(૬૨) એજ અલ્લાહ તમારો પરવરદિગાર છે, દરેક વસ્તુનો સર્જનહાર, તેના સિવાય કોઇ માઅબૂદ નથી; છતાં તમે ક્યાં બહેકી જાઓ છો?

كَذٰلِكَ يُؤۡفَكُ الَّذِيۡنَ كَانُوۡا بِاٰيٰتِ اللّٰهِ يَجۡحَدُوۡنَ ﴿۶۳﴾

(૬૩) એવીજ રીતે જેઓ અલ્લાહની આયતોનો ઇન્કાર કરતા રહેતા હતા તેઓ પણ બહેકી જતાહતા.

اَللّٰهُ الَّذِىۡ جَعَلَ لَـكُمُ الۡاَرۡضَ قَرَارًا وَّالسَّمَآءَ بِنَآءً
وَّصَوَّرَكُمۡ فَاَحۡسَنَ صُوَرَكُمۡ وَرَزَقَكُمۡ مِّنَ الطَّيِّبٰتِ‌ؕ ذٰ لِكُمُ
اللّٰهُ رَبُّكُمۡ ‌ۖۚ فَتَبٰـرَكَ اللّٰهُ رَبُّ الۡعٰلَمِيۡنَ ۞۶۴

(૬૪) અલ્લાહ એજ છે જેણે જમીનને તમારા માટે નિવાસનું સ્થાન અને આસમાનને એક છત્ર બનાવી છે, અને તેણેજ તમારી આકૃતિઓ પણ બનાવી છે, પછી તમારી આકૃતિઓ કેવી સુંદર બનાવી છે ! અને તમને ખાવા માટે પવિત્ર વસ્તુઓ આપી છે; એજ અલ્લાહ તમારો પરવરદિગાર છે, માટે બરકતવાળો છે અલ્લાહ જે તમામ દુનિયાનો પાલનહાર છે.

هُوَ الْحَيُّ لَآ اِلٰهَ اِلَّا هُوَ فَادْعُوْهُ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ط اَلْحَمْدُ لِلّٰهِ
رَبِّ الْعٰلَمِيْنَ ﴿٦٥﴾

(૬૫) તેજ જીવંત છે; તેના સિવાય કોઇ માઅબૂદ નથી, જેથી તમે દીનને તેનાજ માટે નિર્મળ રાખી તેનેજ પોકારો; સઘળી તાઅરીફ એજ અલ્લાહ માટે છે જે સઘળી દુનિયાઓનો પાલનહાર છે.

قُلْ اِنِّیْ نُهِیْتُ اَنْ اَعْبُدَ الَّذِیْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ لَمَّا
جَآءَنِیَ الْبَیِّنٰتُ مِنْ رَّبِّیْ ز وَاُمِرْتُ اَنْ اُسْلِمَ لِرَبِّ
الْعٰلَمِیْنَ ﴿٦٦﴾

(૬૬) (અય રસૂલ !) તું કહે કે મને તો તમે (અલ્લાહને મૂકી) જેમને પોકારો છો તેમની

ઇબાદત કરવાની મનાઇ કરવામાં આવી છે, જ્યારે કે મારા પરવરદિગાર તરફથી મારી પાસે ખુલ્લી દલીલો આવી ચૂકી છે, અને મને તે (વાત)નો હુકમ આપવામાં આવ્યો છે કે હું સઘળી દુનિયાઓના પરવરદિગારને જ આધીન થઇ જાઉં.

هُوَالَّذِىۡ خَلَقَكُمۡ مِّنۡ تُرَابٍ ثُمَّ مِنۡ نُّطۡفَةٍ ثُمَّ مِنۡ عَلَقَةٍ
ثُمَّ يُخۡرِجُكُمۡ طِفۡلًا ثُمَّ لِتَبۡلُغُوۡۤا اَشُدَّكُمۡ ثُمَّ لِتَكُوۡنُوۡا
شُيُوۡخًا‌ ۚ وَمِنۡكُمۡ مَّنۡ يُّتَوَفّٰى مِنۡ قَبۡلُ وَلِتَبۡلُغُوۡۤا اَجَلًا
مُّسَمًّى وَّلَعَلَّكُمۡ تَعۡقِلُوۡنَ ﴿٦٧﴾

(૬૭) તે એજ છે જેણે તમને પ્રથમ માટીમાંથી પેદા કર્યા, પછી વીર્ય બિંદુમાંથી, પછી માંસના

લોચામાંથી, પછી તમને બાળક બનાવી કાઢ્યા કે જેથી તમે તમારી સંપૂર્ણ શક્તિએ પહોંચી જાઓ, તે બાદ તમે વૃદ્ધ થઇ જાઓ; અને તમારામાંથી કોઇ કોઇનો પહેલાંથી જ અંત લાવી દેવામાં આવે છે, (અને જીવતા રાખવાનો હેતુ આ છે કે) જેથી તમે નિશ્ચિત મુદ્દત સુધી પહોંચી જાઓ, અને એટલા માટે કે તમે સમજો.

هُوَ الَّذِىۡ يُحۡىٖ وَيُمِيۡتُ‌ ۚ فَاِذَا قَضٰٓى اَمۡرًا فَاِنَّمَا يَقُوۡلُ لَهٗ كُنۡ فَيَكُوۡنُ ۝٦٨

(૬૮) તે એજ છે જે સજીવન કરે છે અને મારે પણ છે, પછી જ્યારે કોઇ કામનો નિર્ણય કરે છે ત્યારે

તેના સંબંધમાં એટલુંજ ફરમાવે છે કે "થઇ જા" અને તે તત્કાળ થઇ જાય છે.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ يُجَادِلُوۡنَ فِىۡۤ اٰيٰتِ اللّٰهِ ؕ اَنّٰى يُصۡرَفُوۡنَ ۛۚ‏ ﴿۶۹﴾

(૬૯) (અય રસૂલ!) શું તમે તે લોકો તરફથી નથી જોયું કે જેઓ અલ્લાહની આયતો (ના સંબંધ)માં ઝઘડતા રહે છે ? તેઓ ક્યાં ફર્યા જાય છે:

الَّذِيۡنَ كَذَّبُوۡا بِالۡكِتٰبِ وَبِمَاۤ اَرۡسَلۡنَا بِهٖ رُسُلَنَا ۛ فَسَوۡفَ يَعۡلَمُوۡنَ ۙ‏ ﴿۷۰﴾

(૭૦) કે જેઓ કિતાબ જૂઠલાવે છે અને અમોએ જે કાંઇ રસૂલોને આપી મોકલ્યા હતા તેને પણ ?

જેથી તેઓ આગળ જતાં (તેનું પરિણામ) જાણી લેશેઃ

اِذِ الْاَغْلٰلُ فِيْٓ اَعْنَاقِهِمْ وَالسَّلٰسِلُ ۭ يُسْحَبُوْنَ ۝٧١ۙ

(૭૧) જ્યારે લોખંડી તોક તેમના ગળામાં હશે અને બેડીઓ (પગમાં); તેમને ઘસડી લઇ જવામાં આવતા હશેઃ

فِي الْحَمِيْمِ ڏ ثُمَّ فِي النَّارِ يُسْجَرُوْنَ ۝٧٢ۚ

(૭૨) ઉકળતા પાણીમાં પછી તેમને આગમાં બાળવામાં આવશે;

ثُمَّ قِيْلَ لَهُمْ اَيْنَ مَا كُنْتُمْ تُشْرِكُوْنَ ۝٧٣ۙ

(૭૩) પછી તેમને કહેવામાં આવશે કે તેઓ હવે ક્યાં છે કે જેમને તમે શરીક ઠરાવતા હતાઃ

مِنۡ دُوۡنِ اللّٰهِ ؕ قَالُوۡا ضَلُّوۡا عَنَّا بَلۡ لَّمۡ نَكُنۡ نَّدۡعُوۡا مِنۡ قَبۡلُ شَيۡـًٔـا ؕ كَذٰلِكَ يُضِلُّ اللّٰهُ الۡكٰفِرِيۡنَ ۝٧٤

(૭૪) અલ્લાહને મૂકીને ? (જવાબમાં) કહેશે કે તેઓ અમારી પાસેથી ગુમ થઇ ગયા છે, બલ્કે અમે તો પ્રથમથી જ કોઇ વસ્તુને પોકારતા ન હતા; આવી રીતે અલ્લાહ નાસ્તિકોને ગૂંચવાડામાં નાખી દેશે.

ذٰلِكُمۡ بِمَا كُنۡتُمۡ تَفۡرَحُوۡنَ فِى الۡاَرۡضِ بِغَيۡرِ الۡحَـقِّ وَبِمَا كُنۡتُمۡ تَمۡرَحُوۡنَ ۝٧٥

(૭૫) આ એ માટે કે તમે જમીન પર વિના કારણે ખુશ થયા કરતા હતા, અને એ માટે કે તમે અકડીને ચાલતા હતા.

اُدْخُلُوْٓا اَبْوَابَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا ۚ فَبِئْسَ مَثْوَى الْمُتَكَبِّرِيْنَ ﴿٧٦﴾

(૭૬) હવે જહન્નમના દરવાજામાં દાખલ થાઓ; તેમાંજ હંમેશા રહેનારા થશો, ત્યારે (વિચાર કરો કે) ગર્વ કરનારાઓનું કેવું ખરાબ ઠેકાણું છે !

فَاصْبِرْ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ ۚ فَاِمَّا نُرِيَنَّكَ بَعْضَ الَّذِيْ نَعِدُهُمْ اَوْ نَتَوَفَّيَنَّكَ فَاِلَيْنَا يُرْجَعُوْنَ ﴿٧٧﴾

(૭૭) (અય રસૂલ !) માટે તું ધીરજ ધર, ખરેખરજ અલ્લાહનો વાયદો સાચો છે, પછી જો તે વસ્તુ કે જેનાથી અમે તેમને ડરાવીએ છીએ તેનો થોડોક ભાગ તને દેખાડી દઇએ, અથવા (તે પહેલાં) તારો અંત લાવી દઇએ, તો પણ તેમનું પાછું ફરવું તો અમારીજ તરફ થશે.

وَلَقَدْ اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِكَ مِنْهُمْ مَّنْ قَصَصْنَا عَلَيْكَ وَمِنْهُمْ مَّنْ لَّمْ نَقْصُصْ عَلَيْكَ ؕ وَمَا كَانَ لِرَسُوْلٍ اَنْ يَّاْتِيَ بِاٰيَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ۚ فَاِذَا جَآءَ اَمْرُ اللّٰهِ قُضِيَ بِالْحَقِّ وَخَسِرَ هُنَالِكَ الْمُبْطِلُوْنَ ۟﴿۷۸﴾

(૭૮) અને ખરેજ અમોએ તારી પહેલા ઘણાંય રસૂલો મોકલ્યા હતા, તેઓ માંના કેટલાકોના કિસ્સા અમોએ તને વર્ણવી દીધા છે, અને તેઓ માંના કેટલાકોના કિસ્સા અમોએ (હજી) તને વર્ણવ્યા નથી; અને કોઇ રસૂલની મજાલ નથી કે તે અલ્લાહના હુકમ સિવાય કોઇ મોઅજિઝો લાવી દેખાડે, માટે જ્યારે અલ્લાહનો હુકમ આવી જશે ત્યારે યોગ્ય નિર્ણય કરી દેવામાં આવશે, ને તે વખતે (સત્ય ધર્મને) અસત્ય માનનારા નુકસાનમાં જ રહેશે.

اَللّٰهُ الَّذِىۡ جَعَلَ لَـكُمُ الۡاَنۡعَامَ لِتَرۡكَبُوۡا مِنۡهَا وَمِنۡهَا تَاۡكُلُوۡنَ۝۷۹

(૭૯) અલ્લાહ એજ છે જેણે તમારા માટે પશુ બનાવ્યા કે તે માંના કેટલાક પર તમે સવાર થાઓ છો, અને તે માંના કેટલાકને તમે ખાઓ છો.

وَلَكُمْ فِيهَا مَنَافِعُ وَلِتَبْلُغُوا عَلَيْهَا حَاجَةً فِي صُدُورِكُمْ
وَعَلَيْهَا وَعَلَى الْفُلْكِ تُحْمَلُونَ ﴿٨٠﴾

(૮૦) અને તમારા માટે તેઓમાં બીજા પણ લાભ છે, અને આ હેતુ પણ છે કે તેમના પર સવાર થઇ તમારા મનની મુરાદોને પહોંચો, અને વળી તમે તેમના પર તથા વહાણો પર ફરો છો.

وَيُرِيكُمْ آيَاتِهِ فَأَيَّ آيَاتِ اللَّهِ تُنْكِرُونَ ﴿٨١﴾

(૮૧) અને તે તમને પોતાની નિશાનીઓ દેખાડે છે, પછી તમે અલ્લાહની નિશાનીઓમાંથી કઇ નિશાનીનો ઇન્કાર કરશો ?

أَفَلَمْ يَسِيرُوا فِي الْأَرْضِ فَيَنظُرُوا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِينَ
مِن قَبْلِهِمْ ۚ كَانُوا أَكْثَرَ مِنْهُمْ وَأَشَدَّ قُوَّةً وَآثَارًا فِي الْأَرْضِ
فَمَا أَغْنَىٰ عَنْهُم مَّا كَانُوا يَكْسِبُونَ ﴿٨٢﴾

(૮૨) શું તેઓ જમીનમાં ચાલ્યા ફર્યા નથી કે તેઓ જોઇ લે કે તેમના પૂર્વજોનો અંત કેવો આવ્યો? જેઓ તેમના કરતાં (સંખ્યામાં) વધારે હતા, અને બળના પ્રમાણમાં પણ ઘણા વધેલા હતા, અને ભૂમિમાં નામ નિશાન (છોડી જવા)ના પ્રમાણમાં

પણ; પરંતુ (જગતમાં) તેમણે જે કમાણી કરી હતી તે તેમને કાંઇ કામમાં આવી નહિ.

فَلَمَّا جَآءَتۡهُمۡ رُسُلُهُمۡ بِالۡبَيِّنٰتِ فَرِحُوۡا بِمَا عِنۡدَهُمۡ مِّنَ الۡعِلۡمِ وَحَاقَ بِهِمۡ مَّا كَانُوۡا بِهٖ يَسۡتَهۡزِءُوۡنَ ﴿۸۳﴾

(૮૩) પછી જ્યારે તેમના રસૂલ તેમની પાસે પ્રત્યક્ષ દલીલો લઇને આવ્યા ત્યારે જે જ્ઞાન તેમની પાસે હતું તેના ઉપરજ હર્ષ માનતા રહ્યા, અને પરિણામે જે (અઝાબ)ને તેઓ હસી કાઢતા હતા તેણેજ તેમને આવી ઘેર્યા.

فَلَمَّا رَاَوۡا بَاۡسَنَا قَالُوۡۤا اٰمَنَّا بِاللّٰهِ وَحۡدَهٗ وَكَفَرۡنَا بِمَا كُنَّا بِهٖ مُشۡرِكِيۡنَ ﴿۸۴﴾

(૮૪) પછી જે વખતે તેમણે અમારો અઝાબ જોયો ત્યારે કહેવા લાગ્યા કે હવે અમે એકજ અલ્લાહ પર ઇમાન લાવીએ છીએ, અને જે વસ્તુઓને અમે તેની શરીક કરતા હતા તે સઘળી (વસ્તુઓ)નો હવે અમે ઇન્કાર કરીએ છીએ.

فَلَمْ يَكُ يَنْفَعُهُمْ اِيْمَانُهُمْ لَمَّا رَاَوْا بَاْسَنَا ؕ سُنَّتَ اللّٰهِ الَّتِيْ
قَدْ خَلَتْ فِيْ عِبَادِهٖ ۚ وَخَسِرَ هُنَالِكَ الْكٰفِرُوْنَ ﴿٨٥﴾

(૮૫) પરંતુ જ્યારે તેઓ અમારો અઝાબ જોશે તો અલ્લાહના આ કાયદા પ્રમાણે કે જે તેના બંદાઓ વચ્ચે બરાબર ચાલતો આવ્યો છે, તેમનું ઇમાન તે વખતે તેમને કાંઇ લાભ નહિ પહોંચાડે, અને ત્યારે નાસ્તિકો (નર્યા) નુકસાનમાં જ રહેશે.

حٰمٓ ۚ﴿۱﴾

(૧) હા મીમ.

تَنۡزِيۡلٌ مِّنَ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ۚ﴿۲﴾

(૨) આ (કિતાબ) રહેમાન (અને) રહીમ (અલ્લાહના) તરફથી ઉતારવામાં આવેલી છે.

كِتٰبٌ فُصِّلَتۡ اٰيٰتُهٗ قُرۡاٰنًا عَرَبِيًّا لِّقَوۡمٍ يَّعۡلَمُوۡنَ ۙ﴿۳﴾

(3) એક કિતાબ જેનાં મહાન વાક્યો વિગતવાર વર્ણવવામાં આવ્યા છે, તે અરબી ભાષાનું કુરઆન છે તે લોકો માટે કે જેઓ જાણે છે.

بَشِيۡرًا وَّنَذِيۡرًا ۚ فَاَعۡرَضَ اَكۡثَرُهُمۡ فَهُمۡ لَا يَسۡمَعُوۡنَ ﴿۴﴾

(૪) તે (સદાચારીઓને) ખુશખબર સંભળાવનાર છે, અને (દૂરાચારીઓને) ડરાવનાર છે, પણ તેઓ માંના ઘણાંખરા મોઢું ફેરવી લે છે, જેથી તેઓ સાંભળતા નથી.

وَقَالُوْا قُلُوْبُنَا فِيْٓ اَكِنَّةٍ مِّمَّا تَدْعُوْنَآ اِلَيْهِ وَفِيْٓ اٰذَانِنَا وَقْرٌ وَّمِنْۢ
بَيْنِنَا وَبَيْنِكَ حِجَابٌ فَاعْمَلْ اِنَّنَا عٰمِلُوْنَ ۝٥

(૫) અને તેઓ કહે છે કે તું જેની તરફ અમને બોલાવે છે તેના તરફથી અમારા દિલો પડદામાં છે. અને અમારા કાનોમાં બહેરાપણું છે, અને અમારી તથા તારી વચ્ચે એક અંતરાય છે; માટે તું (તારા દીન પર) અમલ કર્યે જા, અને (અમે અમારા દીન પર) અમલ કરતા રહીશું.

قُلْ اِنَّمَآ اَنَا بَشَرٌ مِّثْلُكُمْ يُوْحٰٓى اِلَيَّ اَنَّمَآ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ
فَاسْتَقِيْمُوْٓا اِلَيْهِ وَاسْتَغْفِرُوْهُ ؕ وَوَيْلٌ لِّلْمُشْرِكِيْنَ ۙ﴿۶﴾

(૬) (અય રસૂલ!) તું કહે કે હું સ્વરૂપમાં તો તમારા જ જેવો એક માણસ છું, (પણ ખરો તફાવત આ છે કે) મારા તરફ (આ વાતની) વહી કરવામાં આવી છે કે તમારો માઅબૂદ એક જ માઅબૂદ છે, માટે તમે તેનીજ તરફનો સીધો માર્ગ ધારણ કરો, અને તેનાથી માફી ચાહતા રહો; અને અફસોસ છે તે મુશ્રિકો માટે કેઃ

الَّذِيْنَ لَا يُؤْتُوْنَ الزَّكٰوةَ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ كٰفِرُوْنَ ﴿۷﴾

(૭) જેઓ ઝકાત અદા કરતા નથી અને આખેરતનો પણ (તદ્દન) ઇન્કાર કરનારા છે.

اِنَّ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمۡ اَجۡرٌ غَيۡرُ مَمۡنُوۡنٍ ﴿۸﴾

(૮) બેશક જે લોકો ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યાં તેમના માટે એવો બદલો છે કે જેનો કદી અંત આવનાર નથી.

قُلۡ اَئِنَّكُمۡ لَتَكۡفُرُوۡنَ بِالَّذِىۡ خَلَقَ الۡاَرۡضَ فِىۡ يَوۡمَيۡنِ وَتَجۡعَلُوۡنَ لَهٗۤ اَنۡدَادًا ؕ ذٰلِكَ رَبُّ الۡعٰلَمِيۡنَ ﴿۹﴾

(૯) તું કહે કે શું ખરેજ તમે તેનો ઇન્કાર કરો છો કે જેણે જમીનને બે દિવસમાં પેદા કરી. અને તેના

બરોબરીયા બનાવો છો ? સઘળી દુનિયાઓનો પાલનહાર તો એ જ છે.

وَجَعَلَ فِيۡهَا رَوَاسِىَ مِنۡ فَوۡقِهَا وَبٰرَكَ فِيۡهَا وَقَدَّرَ فِيۡهَاۤ اَقۡوَاتَهَا فِىۡۤ اَرۡبَعَةِ اَيَّامٍ ؕ سَوَآءً لِّلسَّآٮِٕلِيۡنَ ﴿۱۰﴾

(૧૦) અને તેણેજ આ (જમીન)માં મોટા મોટા પહાડ તેના ઉપર કાયમ કર્યા, અને તેણેજ આ (જમીન)માં બરકત આપી, અને તેમાં તેમની જીવન નિર્વાહની સામગ્રીઓ ચાર દિવસની મુદ્દતમાં પ્રમાણસર નિર્માણ કરી દીધી; જે સર્વે માંગનારાઓ માટે સમાન છે.

ثُمَّ اسْتَوٰىٓ اِلَى السَّمَآءِ وَهِيَ دُخَانٌ فَقَالَ لَهَا وَلِلْاَرْضِ
ائْتِيَا طَوْعًا اَوْ كَرْهًا ؕ قَالَتَآ اَتَيْنَا طَآئِعِيْنَ ⑪

(૧૧) પછી તેણે આસમાન તરફ ધ્યાન આપ્યું, અને તે તે વખતે (માત્ર) ધુમાડો હતો, પછી તેણે તે (આસમાન) ને તથા જમીનને હુકમ કર્યો કે તમે બન્ને ખુશીથી અથવા નાખુશીથી આધીન થઇ જાઓ (જેથી) બન્નેએ અરજ કરી કે અમે ખુશીથી આધીન થઇએ છીએ.

فَقَضٰىهُنَّ سَبْعَ سَمٰوَاتٍ فِيْ يَوْمَيْنِ وَاَوْحٰى فِيْ كُلِّ سَمَآءٍ
اَمْرَهَا ؕ وَزَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا بِمَصَابِيْحَ ۖ وَحِفْظًا ؕ ذٰلِكَ
تَقْدِيْرُ الْعَزِيْزِ الْعَلِيْمِ ⑫

(૧૨) પછી તેણે તે (ધુમાડા)ના બે દિવસમાં સાત આસમાન બનાવ્યાં, અને પ્રત્યેક આસમાનમાં વહી દ્વારા (ફરિશ્તાઓ પાસે) તેની વ્યવસ્થાનો હુકમ પહોંચાડી દીધો; અને સૌથી નીચેના (યાને આ જગતના) આસમાનને અમોએ તારાઓ વડે શોભીતું બનાવ્યું, તેમજ (તે તારાઓને આસમાનના) રક્ષક બનાવ્યા; આ વ્યવસ્થા ઝબરદસ્ત જ્ઞાનવાળા (અલ્લાહ)ની કરેલી છે.

فَاِنۡ اَعۡرَضُوۡا فَقُلۡ اَنۡذَرۡتُكُمۡ صٰعِقَةً مِّثۡلَ صٰعِقَةِ عَادٍ وَّثَمُوۡدَ ؕ﴿۱۳﴾

(૧૩) પછી પણ જો તેઓ મોઢું ફેરવે તો તું કહે કે હું તો તમને એવી ભયંકર ગર્જનાથી ડરાવું છું કે

જેવી ગર્જના આદ તથા સમૂદ (ની કોમ) પર પડી હતી.

إِذْ جَآءَتْهُمُ ٱلرُّسُلُ مِنۢ بَيْنِ أَيْدِيهِمْ وَمِنْ خَلْفِهِمْ أَلَّا تَعْبُدُوٓا۟ إِلَّا ٱللَّهَ ۖ قَالُوا۟ لَوْ شَآءَ رَبُّنَا لَأَنزَلَ مَلَٰٓئِكَةً فَإِنَّا بِمَآ أُرْسِلْتُم بِهِۦ كَٰفِرُونَ ﴿١٤﴾

(૧૪) જ્યારે કે તેમની પાસે રસૂલો તેમની પહેલા આ હુકમ લઇને આવ્યા, અને તેમની પછી પણ કે તમે અલ્લાહના સિવાય બીજા કોઇની ઇબાદત કરો નહિ; તેમણે જવાબમાં કહ્યું કે જો અમારો પરવરદિગાર ચાહતે તો ખરેખરજ ફરિશ્તા મોકલી

દેતે, માટે તમને જે (હુકમ) આપીને મોકલવામાં આવ્યા છે તેનો અમે ઇન્કાર કરીએ છીએ.

فَأَمَّا عَادٌ فَاسْتَكْبَرُوا فِي الْأَرْضِ بِغَيْرِ الْحَقِّ وَقَالُوا مَنْ أَشَدُّ مِنَّا قُوَّةً ۖ أَوَلَمْ يَرَوْا أَنَّ اللَّهَ الَّذِي خَلَقَهُمْ هُوَ أَشَدُّ مِنْهُمْ قُوَّةً ۖ وَكَانُوا بِآيَاتِنَا يَجْحَدُونَ ﴿١٥﴾

(૧૫) પછી આદ (ની કોમ) તો ભૂમિમાં વિના કારણે અભિમાન કરવા લાગી, અને કહ્યું કે શક્તિમાં અમારાથી વધારે કોણ છે ? શું તેઓ એટલુંય ન સમજ્યા કે અલ્લાહ કે જેણે તેમને પેદા કર્યા છે શક્તિમાં તેમના કરતાં કેટલોય વધારે છે;

અને (આમ) દરેક રીતે તેઓ અમારી આયતોની અવગણના કરતા રહ્યા.

فَاَرۡسَلۡنَا عَلَيۡهِمۡ رِيۡحًا صَرۡصَرًا فِىۡۤ اَيَّامٍ نَّحِسَاتٍ لِّنُذِيۡقَهُمۡ عَذَابَ الۡخِزۡىِ فِى الۡحَيٰوةِ الدُّنۡيَا ؕ وَلَعَذَابُ الۡاٰخِرَةِ اَخۡزٰى وَهُمۡ لَا يُنۡصَرُوۡنَ ﴿۱۶﴾

(૧૬) જેથી અમોએ પણ તેમના પર (કેટલાક) દુર્ભાગ્યના દિવસોમાં આંધીની હવા મોકલી કે જેથી અમે તેમને આલોકના જીવનમાં જ ભર્યા અઝાબની મજા ચખાડી દઇએ; અને પરલોકનો અઝાબ તો ખરેખરજ એ કરતાંય વધારે ફજેત

કરનારો છે, ને (તે વખતે) તેમની કાંઇજ સહાય કરવામાં નહિ આવે.

وَاَمَّا ثَمُوْدُ فَهَدَيْنٰهُمْ فَاسْتَحَبُّوا الْعَمٰى عَلَى الْهُدٰى
فَاَخَذَتْهُمْ صٰعِقَةُ الْعَذَابِ الْهُوْنِ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿١٧﴾

(૧૭) હવે રહી સમૂદ (ની કોમ) તેને અમોએ તો હિદાયત કરી, પણ તેમણે હિદાયતના મુકાબલામાં ગુમરાહી પસંદ કરી, જેથી જેવી કરણી તેઓ કર્યા કરતા હતા તે કારણે હીણપત ભર્યા અઝાબની ગર્જનાએ તેમને પકડી લીધા.

وَنَجَّيْنَا الَّذِيْنَ اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ ﴿١٨﴾

(૧૮) અને જે લોકો ઇમાન લાવ્યા હતા અને ડરતા રહેતા હતા તેમને અમોએ બચાવી લીધા.

وَيَوۡمَ يُحۡشَرُ اَعۡدَآءُ اللّٰهِ اِلَى النَّارِ فَهُمۡ يُوۡزَعُوۡنَ ﴿۱۹﴾

(૧૯) અને તે દિવસે કે જ્યારે અલ્લાહના દુશ્મનોને ભેગા કરી જહન્નમ તરફ લઇ જવામાં આવશે ત્યારે તેમને જુદા જુદા ટોળાંઓમાં ગોઠવવામાં આવશે.

حَتّٰۤى اِذَا مَا جَآءُوۡهَا شَهِدَ عَلَيۡهِمۡ سَمۡعُهُمۡ وَاَبۡصَارُهُمۡ وَجُلُوۡدُهُمۡ بِمَا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿۲۰﴾

(૨૦) અહીં સુધી કે જ્યારે તેઓ તે (જહન્નમ)ની પાસે આવી પહોંચશે તો તેમનાં કાન, તેમની આંખો તથા તેમની ચામડીઓ જે જે દૂરાચાર તેઓ

કર્યા કરતા હતા તેના સંબંધમાં તેમની વિરૂધ્ધ સાક્ષી આપશે.

وَقَالُوْا لِجُلُوْدِهِمْ لِمَ شَهِدْتُّمْ عَلَيْنَا ؕ قَالُوْٓا اَنْطَقَنَا اللّٰهُ الَّذِيْٓ اَنْطَقَ كُلَّ شَيْءٍ وَّهُوَخَلَقَكُمْ اَوَّلَ مَرَّةٍ وَّاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢١﴾

(૨૧) અને તેઓ પોતાની ચામડીઓને કહેશે કે (ભલા) તમે અમારી વિરૂધ્ધ શા માટે સાક્ષી આપો છો ? તે જવાબ આપશે અમને એજ અલ્લાહે બોલતા કર્યા કે જેણે દરેક વસ્તુને બોલતી કરી છે; (સારાંશ કે) તેણે જ તમને પ્રથમવાર પેદા કર્યા છે અને તેનીજ હજૂરમાં પાછા લઇ જવામાં આવશો.

وَمَا كُنۡتُمۡ تَسۡتَتِرُوۡنَ اَنۡ يَّشۡهَدَ عَلَيۡكُمۡ سَمۡعُكُمۡ وَلَاۤ
اَبۡصَارُكُمۡ وَلَا جُلُوۡدُكُمۡ وَلٰكِنۡ ظَنَنۡتُمۡ اَنَّ اللّٰهَ لَا يَعۡلَمُ
كَثِيۡرًا مِّمَّا تَعۡمَلُوۡنَ ﴿۲۲﴾

(૨૨) અને તમે (તમારા ગુનાહોને) સંતાડતા ન હતા, કારણ કે તમને આ ભય ન હતો કે તમારા કાન, આંખો તથા ચામડીઓ તમારી વિરૂધ્ધ સાક્ષી આપશે, બલ્કે તમોએ તો ધારી લીધું હતું કે જે કર્મો તમે કર્યા કરતા હતા તે માંના ઘણાંખરાને અલ્લાહ જાણતો જ નથી.

وَذٰلِكُمۡ ظَنُّكُمُ الَّذِىۡ ظَنَنۡتُمۡ بِرَبِّكُمۡ اَرۡدٰٮكُمۡ فَاَصۡبَحۡتُمۡ
مِّنَ الۡخٰسِرِيۡنَ ﴿۲۳﴾

(૨૩) અને તમારી આ ખોટી ધારણાએ કે જે તમોએ તમારા પરવરદિગાર સંબંધી બાંધી લીધી હતી તમને પાયમાલ કરી નાખ્યા કે જેથી તમે (સખ્ત) નુકસાન ભોગવનારાઓ માંના થઇ ગયા.

فَاِنۡ يَّصۡبِرُوۡا فَالنَّارُ مَثۡوًى لَّهُمۡ‌ ۚ وَاِنۡ يَّسۡتَعۡتِبُوۡا فَمَا هُمۡ مِّنَ الۡمُعۡتَبِيۡنَ ﴿۲۴﴾

(૨૪) હવે જો તેઓ સબ્ર કરે તો પણ જહન્નમ તો તેમનું ઠેકાણું છે જ; અને જો તેઓ રહેમની નજર ચાહે તો પણ તેઓ એવા લોકોમાંથી નથી કે જેમના પર રહેમ કરવામાં આવે.

وَقَيَّضۡنَا لَهُمۡ قُرَنَآءَ فَزَيَّنُوۡا لَهُمۡ مَّا بَيۡنَ اَيۡدِيۡهِمۡ وَمَا
خَلۡفَهُمۡ وَحَقَّ عَلَيۡهِمُ الۡقَوۡلُ فِىۡۤ اُمَمٍ قَدۡ خَلَتۡ مِنۡ قَبۡلِهِمۡ
مِّنَ الۡجِنِّ وَالۡاِنۡسِ‌ۚ اِنَّهُمۡ كَانُوۡا خٰسِرِيۡنَ‏ ﴿۲۵﴾

(૨૫) અને અમોએ તેમના માટે (ખરાબ) સોબતીઓ મુકર્રર કરી દીધા હતા, પછી તેમણે તેમની પહેલાના તથા તેમની પછીનાં સઘળાં કાર્યો તેમની નજરમાં શોભાયમાન કરી બતાવ્યાં હતાં, અને અગાઉ થઇ ગયેલી જિન્નાતો તથા ઇન્સાનોની સઘળી ઉમ્મતો પર પુરવાર થઇ ચૂકેલા અઝાબનો વાયદો આ લોકો ઉપર પણ પૂર્ણ થયો કે ખરેખરજ તેઓ હાનિ ભોગવનારા બનશે.

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لَا تَسْمَعُوْا لِهٰذَا الْقُرْاٰنِ وَالْغَوْا فِيْهِ
لَعَلَّكُمْ تَغْلِبُوْنَ﴿٢٦﴾

(૨૬) અને જે લોકો ઇમાન લાવ્યા ન હતા તેમણે કહ્યું કે તમે આ કુરઆનને ધ્યાન દઇ સાંભળો નહિ, અને (તેના પઢવાના સમયે) ગડબડ મચાવતા રહો કે કદાચને તમે ફાવી જાઓ.

فَلَنُذِيْقَنَّ الَّذِيْنَ كَفَرُوْا عَذَابًا شَدِيْدًا ۙ وَّلَنَجْزِيَنَّهُمْ اَسْوَاَ
الَّذِىْ كَانُوْا يَعْمَلُوْنَ﴿٢٧﴾

(૨૭) માટે જે લોકો ઇમાન લાવ્યા નથી તેમને અમે ખરેખરજ સખ્ત અઝાબની મજા ચખાડીશું,

અને જે ખરાબમાં ખરાબ કાર્યો તેઓ કરતા હતા તેનો પણ બદલો અમે તેમને જરૂર આપીશું.

ذٰلِكَ جَزَآءُ اَعۡدَآءِ اللّٰهِ النَّارُ ۚ لَهُمۡ فِيۡهَا دَارُ الۡخُلۡدِ ؕ جَزَآءًۢ بِمَا كَانُوۡا بِاٰيٰتِنَا يَجۡحَدُوۡنَ ﴿۲۸﴾

(૨૮) અલ્લાહના દુશ્મનોનો બદલો એ જ આગ છે, તેમાં તેમનું હંમેશ રહેવાનું ઘર છે; અમારી આયતોનો ઇન્કાર કરતા હતા તેનો આ બદલો છે.

وَقَالَ الَّذِيۡنَ كَفَرُوۡا رَبَّنَاۤ اَرِنَا الَّذَيۡنِ اَضَلّٰنَا مِنَ الۡجِنِّ وَالۡاِنۡسِ نَجۡعَلۡهُمَا تَحۡتَ اَقۡدَامِنَا لِيَكُوۡنَا مِنَ الۡاَسۡفَلِيۡنَ ﴿۲۹﴾

(૨૯) અને જે લોકો ઇમાન લાવ્યા ન હશે તેઓ (કયામતમાં) કહેશે કે અય અમારા પરવરદિગાર!

જિન્નાતો તથા ઇન્સાનોમાંથી જેમણે અમને ગુમરાહ કર્યા હતા તેમને અમને દેખાડી દે કે જેથી તેમને અમે અમારા પગો તળે રગદોળી નાખીએ કે તેઓ સૌથી હેઠળ થઇ (વધારે ઝલીલ થઇ) જાય.

اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلٰٓئِكَةُ اَلَّا تَخَافُوْا وَلَا تَحْزَنُوْا وَاَبْشِرُوْا بِالْجَنَّةِ الَّتِيْ كُنْتُمْ تُوْعَدُوْنَ۝۳۰

(30) બેશક જે લોકોએ આ કહ્યું કે અમારો પરવરદિગાર અલ્લાહ છે, પછી તેઓ (છેવટ સુધી એજ યકીન પર) કાયમ રહ્યા, તેમના પર (મૃત્યુ સમયે) ફરિશ્તા (આ સંદેશો લઇ) ઉતરશે કે તમે ન

(ભવિષ્ય માટે) ચિંતા કરો અને ન (ભૂતકાળ માટે) ખેદ, અને જે જન્નતનો તમને વાયદો કરવામાં આવતો હતો તેનો લહાવો લો.

نَحْنُ اَوْلِيٰٓؤُكُمْ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَفِي الْاٰخِرَةِ ۚ وَلَكُمْ فِيْهَا مَا
تَشْتَهِيْٓ اَنْفُسُكُمْ وَلَكُمْ فِيْهَا مَا تَدَّعُوْنَ ﴿٣١﴾ۭ

(૩૧) અમે દુનિયાના જીવનમાં તમારા મિત્ર હતા અને આખેરતમાં પણ છીએ, અને તમારા માટે તે (જન્નત)માં તમારૂં મન ચાહે તે દરેક વસ્તુ તમને મળશે, અને તેમાં તે દરેક વસ્તુ કે જે તમે માંગશો હાજર હશે.

نُزُلًا مِّنْ غَفُوْرٍ رَّحِيْمٍ ﴿٣٢﴾ۧ

(૩૨) મહા ક્ષમાવાન (અને) દયાળુ (અલ્લાહ) તરફની આ મહેમાની હશે.

وَمَنۡ اَحۡسَنُ قَوۡلًا مِّمَّنۡ دَعَاۤ اِلَى اللّٰهِ وَعَمِلَ صَالِحًا وَّقَالَ اِنَّنِىۡ مِنَ الۡمُسۡلِمِيۡنَ ۝٣٣

(33) અને આ કરતાં ઉત્તમ બોલ કોનાં હશે કે જે અલ્લાહની તરફ બોલાવે તથા સત્કાર્યો કરે, અને કહે કે બેશક હું (અલ્લાહની) તાબેદારી કરનારાઓ માંનો છું.

وَلَا تَسۡتَوِى الۡحَسَنَةُ وَلَا السَّيِّئَةُ ؕ اِدۡفَعۡ بِالَّتِىۡ هِىَ اَحۡسَنُ فَاِذَا الَّذِىۡ بَيۡنَكَ وَبَيۡنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيۡمٌ ۝٣٤

(૩૪) અને નેકી તથા બદી સમાન હોતી નથી; માટે તું (સખતમાં સખત વેણોને) એવા (વેણ)થી દૂર કર કે જે ઉત્તમમાં ઉત્તમ હોય, એમ કરતાં જેની અને તારી વચ્ચે દુશ્મનાઇ હશે તે એવો થઇ જશે કે જાણે એક દિલસોજ મિત્ર.

وَمَا يُلَقّٰىهَآ اِلَّا الَّذِيْنَ صَبَرُوْا ۚ وَمَا يُلَقّٰىهَآ اِلَّا ذُوْ حَظٍّ عَظِيْمٍ ﴿٣٥﴾

(૩૫) અને આ (ગુણ) ધીરજ ધરનારાઓ સિવાય બીજો કોઇ પ્રાપ્ત કરી શકતો નથી, અને વળી તેને મહા ભાગ્યશાળી સિવાય બીજો કોઇ પ્રાપ્ત કરી શકતો નથી.

وَاِمَّا يَنۡزَغَنَّكَ مِنَ الشَّيۡطٰنِ نَزۡغٌ فَاسۡتَعِذۡ بِاللّٰهِؕ اِنَّهٗ
هُوَالسَّمِيۡعُ الۡعَلِيۡمُ ۝٣٦

(૩૬) અને જો શેતાન તરફથી તારા મનમાં કોઇ વસવસો ઉત્પન્ન થાય તો તું અલ્લાહની પનાહ માંગી લે; બેશક તે સર્વે સાંભળનાર (અને) સર્વજ્ઞ છે.

وَمِنۡ اٰيٰتِهِ الَّيۡلُ وَالنَّهَارُ وَالشَّمۡسُ وَالۡقَمَرُ‌ؕ لَا تَسۡجُدُوۡا
لِلشَّمۡسِ وَلَا لِلۡقَمَرِ وَاسۡجُدُوۡا لِلّٰهِ الَّذِىۡ خَلَقَهُنَّ اِنۡ كُنۡتُمۡ
اِيَّاهُ تَعۡبُدُوۡنَ ۝٣٧

(૩૭) અને રાત તથા દિવસ, અને સૂર્ય તથા ચંદ્ર, એ પણ તેનીજ (કુદરતની) નિશાનીઓમાં છે; તમે

લોકો ન સૂર્યને સિજદો કરો ન ચંદ્રને, બલકે તે અલ્લાહને સિજદો કરો કે જેણે તેમને સર્જ્યા છે. જો તમે તેનીજ ઇબાદત કરતા હોવ તો.

فَاِنِ اسۡتَكۡبَرُوۡا فَالَّذِيۡنَ عِنۡدَ رَبِّكَ يُسَبِّحُوۡنَ لَهٗ بِالَّيۡلِ
وَالنَّهَارِ وَهُمۡ لَا يَسۡـَٔمُوۡنَ ۩ ﴿۳۸﴾

(૩૮) પછી જો આ લોકો અહંકાર કરે તો (કાંઇ પરવાહ નહિ) તારા પરવરદિગાર પાસે જે (ફરિશ્તા)ઓ છે તે રાત દિવસ તેની પવિત્રતા વર્ણવતા રહે છે, અને તેઓ (સહેજ) પણ થાકતા નથી.

وَمِنۡ اٰيٰتِهٖۤ اَنَّكَ تَرَى الۡاَرۡضَ خَاشِعَةً فَاِذَاۤ اَنۡزَلۡنَا عَلَيۡهَا
الۡمَآءَ اهۡتَزَّتۡ وَرَبَتۡ ‌ؕ اِنَّ الَّذِىۡۤ اَحۡيَاهَا لَمُحۡىِ الۡمَوۡتٰى ‌ؕ اِنَّهٗ
عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۳۹﴾

(૩૯) અને આ વાત પણ તેની નિશાનીઓમાંથી છે કે તું ભૂમિને ચીમળાઇ ગએલી (સૂકી) સ્થિતિમાં જુએ છે, પછી જ્યારે અમે તેના પર પાણી વરસાવીએ છીએ ત્યારે તે લહેર મારતી અને ઉભરાઇ આવે છે; જે (અલ્લાહે) તે નિર્જીવ જમીનને સજીવન કરી દીધી તેજ મુડદાઓને પણ બેશક સજીવન કરનારો છે; બેશક તે દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

إِنَّ الَّذِيْنَ يُلْحِدُوْنَ فِيْٓ اٰيٰتِنَا لَا يَخْفَوْنَ عَلَيْنَا ؕ اَفَمَنْ يُّلْقٰى فِي
النَّارِ خَيْرٌ اَمْ مَّنْ يَّاْتِيْٓ اٰمِنًا يَّوْمَ الْقِيٰمَةِ ؕ اِعْمَلُوْا مَا
شِئْتُمْ ۙ اِنَّهٗ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٤٠﴾

(૪૦) બેશક જે લોકો અમારી આયતોને મચડી નાખી (અવળો અર્થ) કરે છે તેઓ અમારાથી છુપા નથી; શું તે કે જે જહન્નમમાં નાખવામાં આવશે તે સારો છે કે તે જે કયામતના દિવસે અમન અમાનથી આવશે તે ? (વારૂ) તમારૂં મન ચાહે તે કરતા રહો, બેશક જે કાંઇ તમે કરી રહ્યા છો તે (સઘળું) તે નિહાળે છે.

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِالذِّكْرِ لَمَّا جَآءَهُمْ ۚ وَاِنَّهٗ لَكِتٰبٌ عَزِيْزٌ ﴿٤١﴾ۙ

(૪૧) બેશક જે લોકો જ્યારે તેમની પાસે નસીહત આવે છે તો તેને માનતા નથી (તેઓજ ગુમરાહ છે), જો કે આ કુરઆન એક ઝબરદસ્ત લેખ છે.

لَّا يَأْتِيْهِ الْبَاطِلُ مِنْۢ بَيْنِ يَدَيْهِ وَلَا مِنْ خَلْفِهٖ ؕ تَنْزِيْلٌ مِّنْ حَكِيْمٍ حَمِيْدٍ ﴿۴۲﴾

(૪૨) જે જૂઠાણું તેને ન આગળથી લાગુ પડશે, ન તેની પાછળથી; તે હિકમતના સાહેબ અને વખાણને પાત્ર (અલ્લાહ)ના તરફથી ઉતરેલું છે.

مَا يُقَالُ لَكَ اِلَّا مَا قَدْ قِيْلَ لِلرُّسُلِ مِنْ قَبْلِكَ ؕ اِنَّ رَبَّكَ لَذُوْ مَغْفِرَةٍ وَّذُوْ عِقَابٍ اَلِيْمٍ ﴿۴۳﴾

(૪૩) (અય રસૂલ !) તારા માટે બીજું કાંઇ કહેવામાં આવતું નથી પણ એજ કે જે તારી અગાઉના રસૂલો માટે કહેવામાં આવતું હતું; બેશક તારો પરવરદિગાર મહા ક્ષમાવાન છે, અને દુ:ખદાયક અઝાબ પણ આપનારો છે.

وَلَوْ جَعَلْنٰهُ قُرْاٰنًا اَعْجَمِيًّا لَّقَالُوْا لَوْلَا فُصِّلَتْ اٰيٰتُهٗ ؕ ءَ
اَعْجَمِيٌّ وَّعَرَبِيٌّ ؕ قُلْ هُوَ لِلَّذِيْنَ اٰمَنُوْا هُدًى وَّشِفَآءٌ ؕ وَالَّذِيْنَ
لَا يُؤْمِنُوْنَ فِيْٓ اٰذَانِهِمْ وَقْرٌ وَّهُوَ عَلَيْهِمْ عَمًى ؕ اُولٰٓئِكَ
يُنَادَوْنَ مِنْ مَّكَانٍۢ بَعِيْدٍ ﴿٤٤﴾

(૪૪) અને જો અમે આ કુરઆનને અજમી (અરબી સિવાયની બીજી કોઇ) ભાષામાં ઉતાર્યું હોત તો

લોકો જરૂર એમ કહેતે કે તેની આયતો (અમારી સમજને લાયક અરબી ભાષામાં) સ્પષ્ટ કરવામાં કેમ નથી આવી ? કેવી અજબ વાત છે (કે કુરઆનની ભાષા) અજમી અને (અમારી ભાષા) અરબી ! તું કહે કે તે લોકો માટે કે જેઓ ઇમાન લાવ્યા છે તે (કુરઆન) તો હિદાયત અને (દરેક રોગની) શિફા છે, અને જેઓ ઇમાન નથી રાખતા તેમના કાનોમાં બહેરાપણું છે, અને તે (કુરઆન) તેમના માટે અંધાપો છે, (માટે) તેઓ એવાજ રહેશે કે જાણે તેમને દૂરથી પોકારવામાં આવતા હોય.

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ فَاخْتُلِفَ فِيْهِ ؕ وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِيَ بَيْنَهُمْ ؕ وَاِنَّهُمْ لَفِيْ شَكٍّ مِّنْهُ مُرِيْبٍ ﴿۴۵﴾

(૪૫) અને ખરેખરજ અમોએ મૂસાને (તવરેત) કિતાબ આપી હતી, પછી તેમાં મતભેદ કરવામાં આવ્યો; અને જો તારા પરવરદિગાર તરફથી (મોહલતને લગતો) બોલ પહેલાંથી નીકળી ચૂક્યો ન હોત તો તેમની વચ્ચે ક્યારનોય ફેંસલો થઇ ગયો હોત; અને બેશક તેઓ તેના તરફથી પરેશાન કરનારી શંકામાં પડ્યા છે.

مَنۡ عَمِلَ صَالِحًا فَلِنَفۡسِهٖ وَمَنۡ اَسَآءَ فَعَلَيۡهَا ؕ وَمَا رَبُّكَ بِظَلَّامٍ لِّلۡعَبِيۡدِ ﴿۴۶﴾

(૪૬) જે શખ્સ કાંઇ નેકી કરશે તો તે પોતાના જ ભલા માટે કરશે, અને જે કોઇ બદી કરશે તો તેનું નુકસાન તેને જ પહોંચશે; અને તારો પરવરદિગાર પોતાના બંદાઓના સંબંધમાં હરગિજ જુલમગારનથી.

اِلَيۡهِ يُرَدُّ عِلۡمُ السَّاعَةِ‌ ؕ وَمَا تَخۡرُجُ مِنۡ ثَمَرٰتٍ مِّنۡ اَكۡمَامِهَا
وَمَا تَحۡمِلُ مِنۡ اُنۡثٰى وَلَا تَضَعُ اِلَّا بِعِلۡمِهٖ‌ ؕ وَيَوۡمَ يُنَادِيۡهِمۡ
اَيۡنَ شُرَكَآءِىۡ ۙ قَالُوۡۤا اٰذَنّٰكَ ۙ مَا مِنَّا مِنۡ شَهِيۡدٍ ﴿۴۷﴾

(૪૭) તે સમય (કયામત)નું જ્ઞાન તેની જ તરફ રજૂ કરવામાં આવે છે; અને તેની જાણ વિના ન કોઇ ફળ પોતાના પોપડામાંથી બહાર નીકળે છે, અને ન કોઇ માદા ગર્ભ ધારણ કરે છે, અને ન તેણી જણે છે; અને તે દિવસે તે તેઓ (મુશ્રિકો)ને સાદ કરી ફરમાવશે કે મારા શરીકો ક્યાં છે? તેઓ

કહેશે કે અમે તો તને ખબર આપી ચૂક્યા છીએ કે અમારામાંથી કોઇ પણ (તેમને) જાણતો નથી.

وَضَلَّ عَنۡهُمۡ مَّا كَانُوۡا يَدۡعُوۡنَ مِنۡ قَبۡلُ وَظَنُّوۡا مَا لَهُمۡ مِّنۡ مَّحِيۡصٍ ﴿۴۸﴾

(૪૮) અને જે જે વસ્તુઓને તેઓ પહેલાં પોકાર્યા કરતા હતા હવે તે સર્વે તેમની પાસેથી જતી રહેશે, અને તેમને ખાત્રી થઇ જશે કે તેમના માટે છટકી જવાનો કોઇજ માર્ગ નથી.

لَا يَسۡـَٔمُ الۡاِنۡسَانُ مِنۡ دُعَآءِ الۡخَيۡرِ وَاِنۡ مَّسَّهُ الشَّرُّ فَيَـُٔوۡسٌ قَنُوۡطٌ ﴿۴۹﴾

(૪૯) ઈન્સાન લાભ માટેની દુઆ (માંગવા)થી (મુદ્દલ) કંટાળતો નથી. અને જો તેને કોઇ દુઃખ પહોંચે છે તો તે હતાશ (અને) નિરાશ બની જાય છે.

وَلَئِنْ اَذَقْنٰهُ رَحْمَةً مِّنَّا مِنْۢ بَعْدِ ضَرَّآءَ مَسَّتْهُ لَيَقُوْلَنَّ هٰذَا لِيْ ۙ وَمَآ اَظُنُّ السَّاعَةَ قَآئِمَةً ۙ وَّلَئِنْ رُّجِعْتُ اِلٰى رَبِّيْٓ اِنَّ لِيْ عِنْدَهٗ لَلْحُسْنٰى ۚ فَلَنُنَبِّئَنَّ الَّذِيْنَ كَفَرُوْا بِمَا عَمِلُوْا ۫ وَلَنُذِيْقَنَّهُمْ مِّنْ عَذَابٍ غَلِيْظٍ ۝٥٠

(૫૦) અને તેના પર કોઇ દુઃખ આવી પડ્યું હોય તે બાદ અમે તેને જો અમારી દયાની મજા ચખાડીએ તો તે જરૂર આ કહેશે કે આનો તો હું

હકદાર હતો જ, અને હું નથી ધારતો કે કયામત આવનાર છે, અને જો કદાચને હું મારા પરવરદિગારની હજૂરમાં પાછો ફેરવવામાં પણ આવીશ તો તેની પાસે પણ મારા માટે તો કલ્યાણ જ હશે; આથી નાસ્તિકો જે કાંઇ કર્યા કરતા હતા તેનાથી તેમને (કયામતના દિવસે) જરૂર વાકેફ કરી દઇશું, અને તેમને સખત અઝાબની મઝા જરૂર ચખાડીશું.

وَإِذَآ أَنْعَمْنَا عَلَى ٱلْإِنسَٰنِ أَعْرَضَ وَنَـَٔا بِجَانِبِهِۦ وَإِذَا مَسَّهُ ٱلشَّرُّ فَذُو دُعَآءٍ عَرِيضٍ ﴿٥١﴾

(૫૧) અને જ્યારે અમે ઈન્સાનને કોઇ નેઅમત અર્પણ કરીએ છીએ તો તે (અમારા તરફથી) મોઢું

ફેરવી લે છે, અને પોતે ખસી જાય છે, અને જો તેના ઉપર કોઇ દુઃખ આવી પડે છે તો તે લાંબી - લાંબી દુઆ માંગવા લાગી જાય છે.

قُلۡ اَرَءَيۡتُمۡ اِنۡ كَانَ مِنۡ عِنۡدِ اللّٰهِ ثُمَّ كَفَرۡتُمۡ بِهٖ مَنۡ اَضَلُّ

مِمَّنۡ هُوَ فِىۡ شِقَاقٍۢ بَعِيۡدٍ ﴿۵۲﴾

(૫૨) (અય રસૂલ !) તું કહે કે ભલા તમારી સમજમાં આ વાત આવે છે કે જો આ (કુરઆન) અલ્લાહના તરફથી હોય, છતાં તમે તેના ઇન્કાર કરનારા થયા હો, તો (પછી) જે હદ ઉપરાંતની વિરૂધ્ધતામાં હોય તેના કરતાં વધારે (મોટી) ગુમરાહીમાં કોણ હોઇ શકે છે ?

سَنُرِيۡهِمۡ اٰيٰتِنَا فِى الۡاٰفَاقِ وَفِىۡۤ اَنۡفُسِهِمۡ حَتّٰى يَتَبَيَّنَ لَهُمۡ اَنَّهُ
الۡحَـقُّ ‌ؕ اَوَلَمۡ يَكۡفِ بِرَبِّكَ اَنَّهٗ عَلٰى كُلِّ شَىۡءٍ شَهِيۡدٌ‏ ﴿۵۳﴾

(૫૩) અમે તેમને નજીકમાં જ (જગતની) દિશાઓમાં અમારી (કુદરતની) નિશાનીઓ દેખાડીશું અને ખુદ તેમના પોતાનામાં પણ, અહીં સુધી કે તેમના પર આ વાત ઉઘડી જશે કે આ (કુરઆન) સત્ય છે; શું તારો પરવરદિગાર એ વાત માટે પૂરતો નથી કે તે દરેક વસ્તુનો જાણકાર છે ?

اَلَاۤ اِنَّهُمۡ فِىۡ مِرۡيَةٍ مِّنۡ لِّقَآءِ رَبِّهِمۡ‌ ؕ اَلَاۤ اِنَّهٗ بِكُلِّ شَىۡءٍ
مُّحِيۡطٌ ﴿۵۴﴾

(૫૪) ખબરદાર રહો ! તેઓ પોતાના પરવરદિગારની મુલાકાતના સંબંધમાં શંકામાં છે; ખબરદાર રહો ! બેશક તે દરેક ચીજને (જ્ઞાન તથા કુદરતથી) ઘેરી લેનાર છે.

حٰمٓ ﴿١﴾

(૧) હા મીમ:

عٓسٓقٓ ﴿٢﴾

(૨) અયન સીન કાફ.

كَذٰلِكَ يُوْحِيْٓ اِلَيْكَ وَاِلَى الَّذِيْنَ مِنْ قَبْلِكَ ۙ اللّٰهُ الْعَزِيْزُ
الْحَكِيْمُ ﴿٣﴾

(3) (અય રસૂલ !) ઝબરદસ્ત હિકમતવાળો અલ્લાહ તારી તરફ અને જેઓ તારી પહેલાં હતા તેમના તરફ આવીજ રીતે વહી કરતો રહ્યો છે.

لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ وَهُوَ الْعَلِيُّ الْعَظِيْمُ ﴿٤﴾

(૪) આસમાનો અને જમીનમાં જે કાંઇ છે તે (સઘળું) તેનુંજ છે; અને એજ ઉચ્ચ દરજ્જા (અને) બુઝુર્ગીવાળોછે.

تَكَادُ السَّمٰوٰتُ يَتَفَطَّرۡنَ مِنۡ فَوۡقِهِنَّ وَالۡمَلٰٓئِكَةُ يُسَبِّحُوۡنَ بِحَمۡدِ رَبِّهِمۡ وَيَسۡتَغۡفِرُوۡنَ لِمَنۡ فِى الۡاَرۡضِ‌ؕ اَلَاۤ اِنَّ اللّٰهَ هُوَالۡغَفُوۡرُ الرَّحِيۡمُ ۝٥

(૫) (નાસ્તિકોની આ વાતોથી) પાસે છે કે આસમાન (અલ્લાહના પ્રભાવથી) તેમની ઉપરથી ફાટી પડે, પણ ફરિશ્તા પોતાના પરવરદિગારના ગુણગાનની તસ્બીહ કરતા રહે છે, અને જે લોકો જમીનમાં છે તેમના માટે ક્ષમા માંગતા રહે છે

(જેથી તેમ થતું નથી); ખબરદાર રહો! બેશક અલ્લાહ એ જ છે કે જે મહા ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَالَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ اللّٰهُ حَفِيْظٌ عَلَيْهِمْ ۖ وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِوَكِيْلٍ ۝٦

(૬) અને જે લોકોએ તેને છોડી બીજા વાલી બનાવી લીધા છે તેમના પર અલ્લાહ નિગાહ રાખી રહ્યો છે, અને (અય રસૂલ !) તું તેમનો જવાબદાર નથી.

وَكَذٰلِكَ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ قُرۡاٰنًا عَرَبِيًّا لِّتُنۡذِرَ اُمَّ الۡقُرٰى وَمَنۡ
حَوۡلَهَا وَتُنۡذِرَ يَوۡمَ الۡجَمۡعِ لَا رَيۡبَ فِيۡهِ‌ؕ فَرِيۡقٌ فِى الۡجَنَّةِ
وَفَرِيۡقٌ فِى السَّعِيۡرِ ۝۷

(૭) અને એવીજ રીતે અમોએ તારા તરફ કુરઆન અરબી ભાષામાં વહી દ્વારા મોકલ્યું છે કે જેથી તું ખાસ મુખ્ય શહેર (મક્કા) અને તેની આસપાસના રહેનારાઓને ડરાવે તથા તેમને ભેગા થવા (કયામત)ના દિવસથી ડરાવે કે જેના (આવવાના) સંબંધમાં કોઇજ સંદેહ નથી; (તે દિવસે) એક ટોળું જન્નતમાં હશે અને એક ભડભડતી આગમાં.

وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَهُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ يُّدْخِلُ مَنْ يَّشَآءُ فِيْ
رَحْمَتِهٖ ؕ وَالظّٰلِمُوْنَ مَا لَهُمْ مِّنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ۝٨

(૮) અને જો અલ્લાહ ચાહતે તો તે તેમને એકજ પંથના બનાવી દેતે, પરંતુ તે જેને ચાહે છે (હિદાયત આપી) પોતાની મહેરબાનીમાં દાખલ કરી લે છે; અને ઝુલમગારોનો ન કોઇ વાલી થશે અને ન કોઇ મદદગાર.

اَمِ اتَّخَذُوْا مِنْ دُوْنِهٖۤ اَوْلِيَآءَ ۚ فَاللّٰهُ هُوَ الْوَلِيُّ وَهُوَ يُحْيِ
الْمَوْتٰى ۫ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٩ ع

(૯) શું તેમણે તેને છોડી દઇ બીજા વાલી બનાવી લીધા છે ? જોકે અલ્લાહ એજ (ખરો) વાલી છે,

અને એજ મુડદાઓને સજીવન કરે છે, અને એજ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

وَمَا اخْتَلَفْتُمْ فِيْهِ مِنْ شَيْءٍ فَحُكْمُهٗٓ اِلَى اللّٰهِ ۭ ذٰلِكُمُ اللّٰهُ رَبِّيْ عَلَيْهِ تَوَكَّلْتُ ڰ وَاِلَيْهِ اُنِيْبُ ⑩

(૧૦) અને જે કોઇ બાબતમાં તમે મતભેદ કરો છો તો તેનો (છેવટનો) ફેંસલો અલ્લાહના હાથમાં છે; એજ અલ્લાહ મારો પાલનહાર છે, તેના ઉપર જ હું ભરોસો રાખું છું, અને તેનીજ તરફ હું વારંવાર રજૂ થાઉં છું.

فَاطِرُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ جَعَلَ لَکُمۡ مِّنۡ اَنۡفُسِکُمۡ اَزۡوَاجًا
وَّمِنَ الۡاَنۡعَامِ اَزۡوَاجًا ۚ یَذۡرَؤُکُمۡ فِیۡہِ ؕ لَیۡسَ کَمِثۡلِہٖ شَیۡءٌ ۚ
وَهُوَ السَّمِیۡعُ الۡبَصِیۡرُ ﴿۱۱﴾

(૧૧) આસમાનો અને જમીનનો આરંભ કરનાર છે; જેણે તમારા માટે તમારી જ જાતમાંથી જોડાં બનાવ્યાં છે, અને ચોપગાં (જાનવરો)માંથી પણ જોડાં બનાવ્યા છે, અને (આવી રીતે) તે તમને તે (જમીન)માં ફેલાવતો રહે છે; કોઇ પણ વસ્તુ તેના જેવી નથી. અને તે મોટો સાંભળનાર (અને) જોનારો છે.

لَهٗ مَقَالِيۡدُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ۚ يَبۡسُطُ الرِّزۡقَ لِمَنۡ يَّشَآءُ
وَيَقۡدِرُ‌ؕ اِنَّهٗ بِكُلِّ شَىۡءٍ عَلِيۡمٌ ﴿۱۲﴾

(૧૨) આસમાનો તથા જમીન (ના ખજાના)ની ચાવીઓ તેનાજ હાથમાં છે, જેના માટે ચાહે છે રોઝી વિશાળ કરી દે છે, અને (જેના માટે ચાહે છે) સંકોચી લે છે; ખરેખરજ તે દરેક વસ્તુથી સંપૂર્ણ વાકેફ છે.

شَرَعَ لَكُمۡ مِّنَ الدِّيۡنِ مَا وَصّٰى بِهٖ نُوۡحًا وَّالَّذِىۡۤ اَوۡحَيۡنَاۤ
اِلَيۡكَ وَمَا وَصَّيۡنَا بِهٖۤ اِبۡرٰهِيۡمَ وَمُوۡسٰى وَعِيۡسٰۤى اَنۡ اَقِيۡمُوا

الدِّيۡنَ وَلَا تَتَفَرَّقُوۡا فِيۡهِ ؕ كَبُرَ عَلَى الۡمُشۡرِكِيۡنَ مَا تَدۡعُوۡهُمۡ
اِلَيۡهِ ؕ اَللّٰهُ يَجۡتَبِىۡۤ اِلَيۡهِ مَنۡ يَّشَآءُ وَيَهۡدِىۡۤ اِلَيۡهِ مَنۡ يُّنِيۡبُ ﴿۱۳﴾

(૧૩) તેણે તમારા માટે એજ ધર્મ નક્કી કર્યો છે કે જેની તેણે નૂહને આજ્ઞા કરી હતી, અને જે અમોએ તારી તરફ વહી થકી મોકલ્યો છે, અને જેની અમોએ ઇબ્રાહીમ તથા મૂસા તથા ઇસાને પણ (પાળવાની) આજ્ઞા કરી હતી કે દીનને કાયમ રાખો, અને તેના સંબંધમાં મતભેદમાં વહેંચાઇ ન જાઓ; જે ધર્મ તરફ તું મુશ્રિકોને બોલાવે છે તે તેમના માટે અત્યંત ભારે થઇ પડ્યો છે, અલ્લાહ જેને ચાહે છે તેને પોતાના માટે ચૂંટી કાઢે છે. અને

જે તેની તરફ વારંવાર રજૂ થાય છે તેને પોતાના તરફનો સન્માર્ગ દેખાડે છે.

وَمَا تَفَرَّقُوْٓا اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْيًاۢ بَيْنَهُمْ ؕ
وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى لَّقُضِيَ
بَيْنَهُمْ ؕ وَاِنَّ الَّذِيْنَ اُوْرِثُوا الْكِتٰبَ مِنْۢ بَعْدِهِمْ لَفِيْ شَكٍّ
مِّنْهُ مُرِيْبٍ ﴿١٤﴾

(૧૪) અને તેમની પાસે (સત્યનું) જ્ઞાન આવી ચૂક્યા પછીજ તેઓ પરસ્પરની ઇર્ષાના કારણે ફિર્કાઓમાં વહેંચાઇ ગયા; અને જો તારા પરવરદિગાર (તરફથી મોહલતનો) હુકમ એક નક્કી કરેલા સમય માટે પ્રથમથી નીકળી ચૂક્યો ન

હોત તો તેમની વચ્ચે (ક્યારનોય) ફેંસલો થઇ ગયો હોત, અને બેશક જે લોકોને તેમની પછી કિતાબના વારસ બનાવવામાં આવ્યા હતા તેઓ (આજ સુધી) તે (કુરઆન)ના સંબંધમાં મૂંઝવનારી શંકામાં છે.

فَلِذٰلِكَ فَادْعُ ۚ وَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ ۚ وَلَا تَتَّبِعْ
اَهْوَآءَهُمْ ۚ وَقُلْ اٰمَنْتُ بِمَآ اَنْزَلَ اللّٰهُ مِنْ كِتٰبٍ ۚ وَاُمِرْتُ
لِاَعْدِلَ بَيْنَكُمْ ؕ اَللّٰهُ رَبُّنَا وَرَبُّكُمْ ؕ لَنَآ اَعْمَالُنَا وَلَكُمْ
اَعْمَالُكُمْ ؕ لَا حُجَّةَ بَيْنَنَا وَبَيْنَكُمْ ؕ اَللّٰهُ يَجْمَعُ بَيْنَنَا ۚ وَاِلَيْهِ
الْمَصِيْرُ ؕ﴿۱۵﴾

(૧૫) માટે (અય રસૂલ !) તું તેમને તે (દીન)ની જ તરફ બોલાવ્યે જા, અને તને જેવો હુકમ આપવામાં આવ્યો છે તે મુજબ ખરા માર્ગ પર કાયમ રહે, અને તેમની ઈચ્છાઓનું અનુકરણ ન કર, અને આ કહે કે અલ્લાહે જે કિતાબ ઉતારી છે તેના પર હું ઇમાન લાવ્યો છું અને મને આ હુકમ આપવામાં આવ્યો છે કે તમારી વચ્ચે (તમારા મતભેદોનો) ન્યાય કરૂં; અલ્લાહ અમારો પરવરદિગાર છે અને તમારો પણ; અમારા કર્મો અમારા માટે છે અને તમારા કર્મો તમારા માટે; (જેથી હવે) અમારી તમારી વચ્ચે કોઇ ઝઘડાનું કારણ ન રહે. અલ્લાહ (કયામતના દિવસે)

આપણને સર્વને ભેગા કરશે. અને તેનીજ તરફ (સર્વે કોઇનું) પાછું ફરવાનું થશે.

وَالَّذِيْنَ يُحَآجُّوْنَ فِى اللّٰهِ مِنْۢ بَعْدِ مَا اسْتُجِيْبَ لَهٗ حُجَّتُهُمْ

دَاحِضَةٌ عِنْدَ رَبِّهِمْ وَعَلَيْهِمْ غَضَبٌ وَّلَهُمْ عَذَابٌ شَدِيْدٌ ⑯

(૧૬) અને જે લોકો અલ્લાહની "આજ્ઞા" (જગતમાં) માની ચૂક્યા બાદ પણ તેના સંબંધમાં દૂરાગ્રહ કર્યે જાય છે તો તેમનો દૂરાગ્રહ તેમના પરવરદિગાર પાસે પોકળ જ ગણાશે, અને તેમના પર તેનો કોપ ઉતરશે અને તેમના માટે સખ્ત અઝાબ પણ (તૈયાર) છે.

اَللّٰهُ الَّذِیۡۤ اَنۡزَلَ الۡكِتٰبَ بِالۡحَقِّ وَالۡمِیۡزَانَ ؕ وَمَا یُدۡرِیۡكَ لَعَلَّ
السَّاعَةَ قَرِیۡبٌ ﴿۱۷﴾

(૧૭) અલ્લાહ એજ છે જેણે આ કિતાબ સત્યતાપૂર્વક ઉતારી છે અને મીઝાન (ન્યાયનું ત્રાજવું) પણ; અને તને શી ખબર કે કયામતની ઘડી કદાચને પાસે પણ હોય.

یَسۡتَعۡجِلُ بِهَا الَّذِیۡنَ لَا یُؤۡمِنُوۡنَ بِهَا ۚ وَالَّذِیۡنَ اٰمَنُوۡا
مُشۡفِقُوۡنَ مِنۡهَا ۙ وَیَعۡلَمُوۡنَ اَنَّهَا الۡحَقُّ ؕ اَلَاۤ اِنَّ الَّذِیۡنَ یُمَارُوۡنَ
فِی السَّاعَةِ لَفِیۡ ضَلٰلٍۭ بَعِیۡدٍ ﴿۱۸﴾

(૧૮) જેઓ તેના પર ઇમાન નથી લાવ્યા તેઓજ તેના માટે ઉતાવળ કરે છે, અને જેઓ ઇમાન

લાવ્યા છે તેઓ તો તેનાથી ડરતા રહે છે, અને આ જાણે છે કે તે (કયામત) બરહક (ખરેખરજ આવનાર) છે; ખબરદાર રહો! જે લોકો કયામતના સંબંધમાં હઠાગ્રહ કરે છે તેઓ ખરેખર મોટી ગુમરાહીમાં છે.

اَللّٰهُ لَطِيْفٌۢ بِعِبَادِهٖ يَرْزُقُ مَنْ يَّشَآءُ ۚ وَهُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ﴿١٩﴾

(૧૯) અલ્લાહ પોતાના બંદાઓ પર ઘણોજ મહેરબાન છે, જેને ચાહે છે તેને રોઝી આપે છે, અને તે મહા શક્તિવાન (અને) ઝબરદસ્ત છે.

مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَمَنْ كَانَ يُرِيْدُ
حَرْثَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا وَمَا لَهٗ فِي الْاٰخِرَةِ مِنْ نَّصِيْبٍ ﴿٢٠﴾

(૨૦) જે આખેરતની ખેતી ચાહે છે તેની ખેતીને અમે ઘણીજ વધારી દઇશું, અને જે દુનિયાની ખેતી ચાહે છે તેને અમે તેમાંજ આપી દઇશું, અને (પછી) આખેરતમાં તેનો કાંઇજ ભાગ હશે નહિ.

اَمۡ لَهُمۡ شُرَكٰٓؤُا شَرَعُوۡا لَهُمۡ مِّنَ الدِّيۡنِ مَا لَمۡ يَاۡذَنۡۢ بِهِ اللّٰهُ ؕ
وَلَوۡلَا كَلِمَةُ الۡفَصۡلِ لَقُضِىَ بَيۡنَهُمۡ ؕ وَاِنَّ الظّٰلِمِيۡنَ لَهُمۡ
عَذَابٌ اَلِيۡمٌ ۝٢١

(૨૧) શું તેઓ (નાસ્તિકો)ના એવા શરીકો છે કે જેમણે તેમના માટે ધર્મના તે કાયદા નક્કી કરી દીધા છે કે જેની અલ્લાહે બહાલી આપી નથી ? અને જો ફેંસલાને લગતું વચન (નક્કી) થઇ ચૂક્યું

ન હોત તો તેમની વચ્ચે ક્યારનોય ફેંસલો થઇ ગયો હોત; અને બેશક ઝુલમગારો માટે દુ:ખદાયક અઝાબ છે.

تَرَى الظّٰلِمِيْنَ مُشْفِقِيْنَ مِمَّا كَسَبُوْا وَهُوَ وَاقِعٌۢ بِهِمْ ؕ
وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فِيْ رَوْضٰتِ الْجَنّٰتِ ۚ لَهُمْ
مَّا يَشَآءُوْنَ عِنْدَ رَبِّهِمْ ؕ ذٰلِكَ هُوَ الْفَضْلُ الْكَبِيْرُ ﴿٢٢﴾

(૨૨) તું ઝુલમગારોને તેઓ જે કાંઇ કરી ચૂક્યા છે તે કારણે ડરતા જોશે. જોકે તે (નો બોજો) તેમના પર (જરૂર) પડનાર છે; અને જે લોકો ઇમાન લાવી ચૂક્યા તથા સત્કાર્યો કર્યાં તેઓ જન્નતના બગીચાઓમાં હશે, તેમના માટે તેઓ જે કાંઇ

ચાહશે તેમના પરવરદિગાર પાસે (તૈયાર) હશે; એજ તો મહાન મહેરબાન છે.

ذٰلِكَ الَّذِىۡ يُبَشِّرُ اللّٰهُ عِبَادَهُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا
الصّٰلِحٰتِ ؕ قُلْ لَّاۤ اَسۡـَٔلُكُمۡ عَلَيۡهِ اَجۡرًا اِلَّا الۡمَوَدَّةَ فِى الۡقُرۡبٰى ؕ
وَمَنۡ يَّقۡتَرِفۡ حَسَنَةً نَّزِدۡ لَهٗ فِيۡهَا حُسۡنًا ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ
شَكُوۡرٌ ﴿۲۳﴾

(૨૩) એજ (અલ્લાહની) તે (કૃપા) છે કે જેની અલ્લાહ પોતાના બંદાઓને કે જેઓ ઇમાન લાવ્યા તથા નેક કામો કર્યા ખુશખબર આપે છે; (અય રસૂલ !) તું કહે કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઇ મહેનતાણું માંગતો નથી,

પરંતુ મારા નિકટના સગાવહાલાંઓનો પ્રેમ; અને જે કોઇ નેકી કરશે તો અમે (તેની) નેકી વધારી દઇશું; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) મહા શુક્રગુઝાર (કદરદાન) છે.

اَمْ يَقُوْلُوْنَ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ۚ فَاِنْ يَّشَاِ اللّٰهُ يَخْتِمْ عَلٰى
قَلْبِكَ ؕ وَيَمْحُ اللّٰهُ الْبَاطِلَ وَيُحِقُّ الْحَقَّ بِكَلِمٰتِهٖ ؕ اِنَّهٗ عَلِيْمٌۢ
بِذَاتِ الصُّدُوْرِ ﴿۲۴﴾

(૨૪) અથવા તેઓ આ કહે છે કે તે (રસૂલે) અલ્લાહ પર ખોટું આળ મૂક્યું છે ? પણ જો અલ્લાહ ચાહતે તો તારા દિલ પર મહોર મારી દેતે; પરંતુ અલ્લાહ પોતાની વાણીથી અસત્યનો

નાશ કરે છે અને સત્યને સ્થાપે છે; ખરેજ તે દિલની સ્થિતિથી સંપૂર્ણ જાણકાર છે.

وَهُوَ الَّذِىۡ يَقۡبَلُ التَّوۡبَةَ عَنۡ عِبَادِهٖ وَيَعۡفُوۡا عَنِ السَّيِّاٰتِ

وَيَعۡلَمُ مَا تَفۡعَلُوۡنَ ۙ﴿۲۵﴾

(૨૫) અને તે એજ છે જે પોતાના બંદાઓની તૌબા સ્વીકારે છે, અને તેમની બૂરાઇઓથી દરગુજર કરે છે, અને તમે જે કાંઇ કરો છો તે (સઘળું) તે જાણે છે:

وَيَسۡتَجِيۡبُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَيَزِيۡدُهُمۡ مِّنۡ

فَضۡلِهٖ ؕ وَالۡكٰفِرُوۡنَ لَهُمۡ عَذَابٌ شَدِيۡدٌ ﴿۲۶﴾

(૨૬) અને જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તેમની દુઆ કબૂલ કરી લે છે, અને તેમના સંબંધમાં પોતાની મહેરબાની વધારી દે છે, અને નાસ્તિકો માટે તો સખ્ત અઝાબ છે.

وَلَوْ بَسَطَ اللّٰهُ الرِّزْقَ لِعِبَادِهٖ لَبَغَوْا فِي الْاَرْضِ وَلٰكِنْ يُّنَزِّلُ
بِقَدَرٍ مَّا يَشَآءُ ؕ اِنَّهٗ بِعِبَادِهٖ خَبِيْرٌۢ بَصِيْرٌ ﴿٢٧﴾

(૨૭) અને જો અલ્લાહ પોતાના (સર્વે) બંદાઓ માટે રોઝી વિશાળ કરી દેતે તો તેઓ જમીન પર જરૂર બળવો કરતે, પરંતુ તે જે કાંઇ ચાહે છે તેજ પ્રમાણસર ઉતારતો રહે છે, ખરેજ તે પોતાના બંદાઓની સ્થિતિથી સંપૂર્ણ વાકેફ (અને) જોનારો છે.

وَهُوَ الَّذِيْ يُنَزِّلُ الْغَيْثَ مِنْۢ بَعْدِ مَا قَنَطُوْا وَيَنْشُرُ رَحْمَتَهٗ ؕ
وَهُوَ الْوَلِيُّ الْحَمِيْدُ ﴿۲۸﴾

(૨૮) અને તે એજ છે કે જે તે લોકો નિરાશ થઇ ચૂક્યા હોય તે બાદ વરસાદ વરસાવે છે, અને પોતાની મહેરબાની ફેલાવી દે છે; અને એજ વાલી (અને) વખાણને પાત્ર છે.

وَمِنْ اٰيٰتِهٖ خَلْقُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَثَّ فِيْهِمَا مِنْ
دَآبَّةٍ ؕ وَهُوَ عَلٰى جَمْعِهِمْ اِذَا يَشَآءُ قَدِيْرٌ ﴿۲۹﴾

(૨૯) અને તેની નિશાનીઓમાં આસમાનો તથા જમીનનું પેદા કરવું છે અને તે બન્નેની અંદર જેટલા પણ હરફર કરનારા (પ્રાણી)ઓને ફેલાવી

દીધા છે તે પણ; અને તે જ્યારે ચાહે ત્યારે તેમને ભેગાં કરી લેવા પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

وَمَآ اَصَابَكُمۡ مِّنۡ مُّصِيۡبَةٍ فَبِمَا كَسَبَتۡ اَيۡدِيۡكُمۡ وَيَعۡفُوۡا عَنۡ كَثِيۡرٍ ؕ‏ ﴿۳۰﴾

(30) અને જે પણ મુસીબત તમને પહોંચે છે તે તમારા હાથોનાં કરતુતોનું જ પરિણામ છે, અને તે ઘણીખરી (ભૂલો)થી તો દરગુજર કરતો રહે છે.

وَمَاۤ اَنۡتُمۡ بِمُعۡجِزِيۡنَ فِى الۡاَرۡضِ ۖۚ وَمَا لَكُمۡ مِّنۡ دُوۡنِ اللّٰهِ مِنۡ وَّلِىٍّ وَّلَا نَصِيۡرٍ‏ ﴿۳۱﴾

(૩૧) અને તમે જમીનમાં (રહીને તેને) લાચાર બનાવનારા નથી. (છતાંય અભિમાન કરો છો ?)

અને અલ્લાહના સિવાય ન તમારો કોઇ હિમાયતી છે અને ન કોઇ મદદગાર.

وَمِنۡ اٰيٰتِهِ الۡجَوَارِ فِى الۡبَحۡرِ كَالۡاَعۡلَامِؕ ﴿۳۲﴾

(૩૨) અને સમુદ્રમાં (ચાલતાં) પહાડ જેવા વહાણો પણ તેની નિશાનીઓમાંથી છે.

اِنۡ يَّشَاۡ يُسۡكِنِ الرِّيۡحَ فَيَظۡلَلۡنَ رَوَاكِدَ عَلٰى ظَهۡرِهٖ ؕ اِنَّ فِىۡ ذٰلِكَ
لَاٰيٰتٍ لِّـكُلِّ صَبَّارٍ شَكُوۡرٍۙ ﴿۳۳﴾

(૩૩) જો તે ચાહે તો હવાને થંભાવી દે. પછી તે (વહાણો) સમુદ્રની સપાટી પર (જ્યાંના ત્યાં ઉભાને) ઉભા જ રહી જાય; બેશક તેમાં દરેક

ધૈર્યવાન (અને) આભાર માનનારા શખ્સ માટે નિશાનીઓ મોજૂદ છે.

اَوۡ يُوۡبِقۡهُنَّ بِمَا كَسَبُوۡا وَيَعۡفُ عَنۡ كَثِيۡرٍ ۟﴿۳۴﴾

(3૪) અથવા (જો તે ચાહે તો) તે (વહાણવાળા)ઓનો તેમના ખરાબ કામોના કારણે નાશ કરી નાખે. જો કે તે ઘણીખરી વાતોથી દરગુજર કરતો રહે છેઃ

وَّيَعۡلَمَ الَّذِيۡنَ يُجَادِلُوۡنَ فِىۡۤ اٰيٰتِنَا ؕ مَا لَهُمۡ مِّنۡ مَّحِيۡصٍ ﴿۳۵﴾

(3૫) અને જે લોકો અમારી આયતોના સંબંધમાં ઝઘડતા રહે છે તેમણે જાણી લેવું જોઇએ કે તેમના માટે પનાહનું કોઇજ સ્થાન નથી.

فَمَآ اُوۡتِيۡتُمۡ مِّنۡ شَىۡءٍ فَمَتَاعُ الۡحَيٰوةِ الدُّنۡيَا ۚ وَمَا عِنۡدَ اللّٰهِ
خَيۡرٌ وَّاَبۡقٰى لِلَّذِيۡنَ اٰمَنُوۡا وَعَلٰى رَبِّهِمۡ يَتَوَكَّلُوۡنَ ۚ‏ ﴿۳۶﴾

(૩૬) માટે જે વસ્તુ તમને આપવામાં આવી છે તે માત્ર (આ ફાની) સંસારી જીવનની પૂંજી છે, અને જે કાંઇ અલ્લાહની પાસે છે તે કેટલુંએ બેહતર અને વધુ ટકી રહેનારૂં છે, (આ) તે લોકોના માટે કે જેઓ ઇમાન લાવ્યા છે તથા પોતાના પરવરદિગાર પર શ્રદ્ધા રાખે છે.

وَالَّذِيۡنَ يَجۡتَنِبُوۡنَ كَبٰٓٮِٕرَ الۡاِثۡمِ وَالۡفَوَاحِشَ وَاِذَا مَا غَضِبُوۡا
هُمۡ يَغۡفِرُوۡنَ ۚ‏ ﴿۳۷﴾

(૩૭) અને જેઓ મહાન ગુનાહ અને નિર્લજ કાર્યોથી બચતા રહે છે, અને જ્યારે તેઓ ક્રોધે ભરાય છે ત્યારે તેઓ માફ કરી દે છે.

وَالَّذِيْنَ اسْتَجَابُوْا لِرَبِّهِمْ وَاَقَامُوا الصَّلٰوةَ ۖ وَاَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ ۖ وَمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ۳۸

(૩૮) અને જેઓ પોતાના પરવરદિગારની આજ્ઞાનું પાલન કરે છે તથા નમાઝ પઢે છે, તથા તેમના કાર્યો પરસ્પરની સલાહથી થાય છે, અને જે કાંઇ અમોએ તેમને આપ્યું છે તેમાંથી (અમારી રાહમાં) ખર્ચતા રહે છે.

وَالَّذِيْنَ اِذَآ اَصَابَهُمُ الْبَغْيُ هُمْ يَنْتَصِرُوْنَ ۳۹

(૩૯) અને જેઓ એવા છે કે જ્યારે તેમની સાથે (કોઇ પ્રકારનો) અત્યાચાર થાય છે ત્યારેજ તેનો બદલો (વ્યાજબી રીતે) લે છે.

وَجَزٰٓؤُا سَيِّئَةٍ سَيِّئَةٌ مِّثْلُهَا ۚ فَمَنْ عَفَا وَاَصْلَحَ فَاَجْرُهٗ عَلَى اللّٰهِ ۗ اِنَّهٗ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿۴۰﴾

(૪૦) અને દરેક બદીનો બદલો તેવીજ બદી હોય છે, છતાં જે કોઇ માફ કરી દે અને સમાધાન કરી લે તો તેનો બદલો અલ્લાહના શિરે છે; ખરેખરજ તે ઝુલમગારોને દોસ્ત નથી રાખતો.

وَلَمَنِ انْتَصَرَ بَعْدَ ظُلْمِهٖ فَاُولٰٓئِكَ مَا عَلَيْهِمْ مِّنْ سَبِيْلٍ ﴿۴۱﴾

(૪૧) અને જે (પોતાના પર) ઝુલ્મ થયા બાદ બદલો લે તો તેમના પર કોઇ પ્રકારનો (દોષ મૂકવાનો) માર્ગ નથી.

اِنَّمَا السَّبِيۡلُ عَلَى الَّذِيۡنَ يَظۡلِمُوۡنَ النَّاسَ وَيَبۡغُوۡنَ فِى الۡاَرۡضِ بِغَيۡرِ الۡحَقِّ ؕ اُولٰۤـئِكَ لَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ﴿۴۲﴾

(૪૨) (દોષ મૂકવાનો) માર્ગ તેમના પર છે કે જેઓ લોકો પર ઝુલ્મ ગુજારે છે, અને જમીનમાં વિના કારણે દંગો કરતા રહે છે; એજ તેઓ (લોકો) છે કે જેમના માટે દુ:ખદાયક અઝાબ (તૈયાર) છે.

وَلَمَنۡ صَبَرَ وَغَفَرَ اِنَّ ذٰ لِكَ لَمِنۡ عَزۡمِ الۡاُمُوۡرِ ﴿۴۳﴾

(૪૩) અને અલબત્ત, જે સબ્ર કરે અને તથા માફ કરી દે તો નિસંદેહ તે કાર્ય મહાન હિમ્મતના કાર્યોમાં ગણાશે.

وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ وَّلِيٍّ مِّنْۢ بَعْدِهٖ ۭ وَتَرَى الظّٰلِمِيْنَ
لَمَّا رَاَوُا الْعَذَابَ يَقُوْلُوْنَ هَلْ اِلٰى مَرَدٍّ مِّنْ سَبِيْلٍ ۝

(૪૪) અને જેનાથી અલ્લાહ હિદાયતની તૌફીક છીનવી લે તો તે બાદ તેનો કોઇ કાર્યસાધક (વલી) નથી; અને તું ઝાલિમોને જોશે કે જ્યારે તેઓ અઝાબ નિહાળશે ત્યારે આ કહેતા હશે કે ભલા (દુનિયામાં) પાછા ફરવાનો પણ કોઇ માર્ગ છે ?

وَتَرٰىهُمۡ يُعۡرَضُوۡنَ عَلَيۡهَا خٰشِعِيۡنَ مِنَ الذُّلِّ يَنۡظُرُوۡنَ مِنۡ
طَرۡفٍ خَفِيٍّ ؕ وَقَالَ الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِنَّ الۡخٰسِرِيۡنَ الَّذِيۡنَ خَسِرُوۡۤا
اَنۡفُسَهُمۡ وَاَهۡلِيۡهِمۡ يَوۡمَ الۡقِيٰمَةِ ؕ اَلَاۤ اِنَّ الظّٰلِمِيۡنَ فِىۡ عَذَابٍ
مُّقِيۡمٍ ﴿۴۵﴾

(૪૫) અને તું તેમને જોશે કે તેઓ તે (જહન્નમ)ની સામે લાવી હાજર કરવામાં આવશે, એવી સ્થિતિમાં કે હીણપતથી જૂકેલા હશે, અને ત્રાંસી નજરથી જોતા હશે; અને જે લોકો ઇમાન લાવ્યા છે તેઓ કહેતા હશે કે ખરેખરૂં નુકસાન ભોગવનારા તેઓ છે કે જેમણે કયામતના દિવસે પોતેજ પોતાને નુકસાન પહોંચાડયું છે, અને પોતાના

સગાંવહાલાઓને પણ; (માટે) હવે જાણી લ્યો કે બેશક ઝાલિમો હંમેશ ટકી રહેનારા અઝાબમાં હશે.

وَمَا كَانَ لَهُمْ مِّنْ اَوْلِيَآءَ يَنْصُرُوْنَهُمْ مِّنْ دُوْنِ اللّٰهِ ؕ وَمَنْ
يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ سَبِيْلٍ ؕ﴿۴۶﴾

(૪૬) અને અલ્લાહ સિવાય તેમના માટે કોઇ એવા કાર્યસાધક (દોસ્ત) નહિ હોય કે જે તેમની સહાય કરે; અને જેનાથી અલ્લાહ હિદાયતની તૌફીક છીનવી લે તેના માટે (હિદાયતનો) કોઇ પણ માર્ગ નથી.

اِسْتَجِيْبُوْا لِرَبِّكُمْ مِّنْ قَبْلِ اَنْ يَّاْتِيَ يَوْمٌ لَّا مَرَدَّ لَهٗ مِنَ اللّٰهِ ؕ
مَا لَكُمْ مِّنْ مَّلْجَاٍ يَّوْمَئِذٍ وَّمَا لَكُمْ مِّنْ نَّكِيْرٍ ﴿۴۷﴾

(૪૭) (અય લોકો !) તે દિવસ કે જેનું ટળવું અસંભવિત છે તે અલ્લાહના તરફથી આવી પહોંચે તે પહેલાં તમે તમારા પરવરદિગારનો હુકમ માનો; (કારણ કે) તે દિવસે તમારા માટે કોઇ ન પનાહનું સ્થાન હશે, અને ન તમારા (ગુનાહોનો) કોઇ ઇન્કાર ચાલી શકશે.

فَاِنْ اَعْرَضُوْا فَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا ؕ اِنْ عَلَيْكَ اِلَّا الْبَلٰغُ ؕ وَاِنَّآ اِذَآ اَذَقْنَا الْاِنْسَانَ مِنَّا رَحْمَةً فَرِحَ بِهَا ۚ وَاِنْ تُصِبْهُمْ سَيِّئَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ فَاِنَّ الْاِنْسَانَ كَفُوْرٌ ﴿٤٨﴾

(૪૮) આ છતાંય તેઓ જો મોઢું ફેરવી લે તો (અય રસૂલ !) અમોએ તને તેમનો નિગેહબાન બનાવી

નથી મોકલ્યો; તારા માથે તો માત્ર (અમારો) સંદેશો પહોંચાડી દેવાનું છે; અને અમે જ્યારે મનુષ્યને અમારી રહેમતની મજા ચખાડીએ છીએ ત્યારે તે તેનાથી ખુશ ખુશ થઇ જાય છે, અને જો તેમને તેમના હાથોએ અગાઉ જે કર્યું હોય તે કારણે કોઇ દુ:ખ પહોંચે છે તો મનુષ્ય બેશક મહા નાશુક્રો તો છે જ.

لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ يَخْلُقُ مَا يَشَاۗءُ ۭ يَهَبُ لِمَنْ يَّشَاۗءُ اِنَاثًا وَّيَهَبُ لِمَنْ يَّشَاۗءُ الذُّكُوْرَ ۝۴۹

(૪૯) આસમાનો તથા જમીનની બાદશાહી અલ્લાહની જ છે; તે જે ચાહે છે પેદા કરે છે; જેને

ચાહે છે પુત્રીઓ આપે છે, અને જને ચાહે છે પુત્ર આપે છે:

اَوۡ يُزَوِّجُهُمۡ ذُكۡرَانًا وَّاِنَاثًا ۚ وَيَجۡعَلُ مَنۡ يَّشَآءُ عَقِيۡمًا ؕ اِنَّهٗ

عَلِيۡمٌ قَدِيۡرٌ ﴿۵۰﴾

(૫૦) અથવા તેમને પુત્ર અને પુત્રીઓ (એમ બન્નેય) આપે છે, અને જને ચાહે છે સંતાન વિહોણા રાખે છે; બેશક તે સર્વજ્ઞ (અને) સર્વ શક્તિમાન છે.

وَمَا كَانَ لِبَشَرٍ اَنۡ يُّكَلِّمَهُ اللّٰهُ اِلَّا وَحۡيًا اَوۡ مِنۡ وَّرَآئِ حِجَابٍ

اَوۡ يُرۡسِلَ رَسُوۡلًا فَيُوۡحِىَ بِاِذۡنِهٖ مَا يَشَآءُ ؕ اِنَّهٗ عَلِىٌّ حَكِيۡمٌ ﴿۵۱﴾

(૫૧) અને કોઇ મનુષ્યની એટલી મજાલ નથી કે તેની સાથે અલ્લાહ વાત કરે, સિવાય કે વહી દ્વારા,

અથવા પડદા પાછળથી, અથવા કોઇ ફરિશ્તો મોકલીને; પછી તે પોતાના હુકમથી જે ચાહે તે પ્રગટ કરે; ખરેખરજ તે ઉચ્ચ દરજ્જાવાળો (અને) હિકમતવાળો છે.

وَكَذٰلِكَ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ رُوۡحًا مِّنۡ اَمۡرِنَا ؕ مَا كُنۡتَ تَدۡرِىۡ مَا
الۡكِتٰبُ وَلَا الۡاِيۡمَانُ وَلٰكِنۡ جَعَلۡنٰهُ نُوۡرًا نَّهۡدِىۡ بِهٖ مَنۡ نَّشَآءُ
مِنۡ عِبَادِنَا ؕ وَاِنَّكَ لَتَهۡدِىۡۤ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ۙ﴿۵۲﴾

(૫૨) અને એવીજ રીતે અમોએ અમારા હુકમથી આ કુરઆન તારી પાસે વહી દ્વારા મોકલ્યું; આ પહેલાં તું જાણતો ન હતો કે કિતાબ શી વસ્તુ છે, અને ન આ કે ઇમાન શું છે, પરંતુ અમોએ તે

(કુરઆન)ને એક નૂર બનાવ્યું, જે વડે અમે અમારા બંદાઓમાંથી જેને ચાહીએ હિદાયત કરી દઇએ છીએ; અને બેશક (અય રસૂલ !) તું સન્માર્ગ તરફજ હિદાયત કરે છે ◌:

صِرَاطِ اللّٰهِ الَّذِىۡ لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ‌ ؕ اَلَاۤ اِلَى اللّٰهِ تَصِيۡرُ الۡاُمُوۡرُ ۟

(૫૩) (યાને) તે અલ્લાહના માર્ગ તરફ કે આસમાનો તથા જમીનમાં જે કાંઇ છે તે (સઘળું) તેનુંજ છે; જાણી લ્યો કે સઘળા મામલાઓનું પાછું ફરવું છેવટે અલ્લાહની જ તરફ થશે.

حٰمٓ ﴿١﴾

(૧) હા મીમ.

وَالْكِتٰبِ الْمُبِيْنِ ﴿٢﴾

(૨) આ રોશન કિતાબની કસમ છે ઃ

اِنَّا جَعَلْنٰهُ قُرْءٰنًا عَرَبِيًّا لَّعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿٣﴾

(3) બેશક અમે તે કુરઆનને અરબી (ભાષામાં) બનાવ્યું કે જેથી તમે સમજી શકો.

وَاِنَّهٗ فِيْٓ اُمِّ الْكِتٰبِ لَدَيْنَا لَعَلِيٌّ حَكِيْمٌ ﴿٤﴾

(૪) અને બેશક તે (કુરઆન) અમારી પાસે ઉમ્મુલ કિતાબ (મૂળ પુસ્તક લવહે મહફૂઝ)માં અવશ્ય આલીશાન (અને) હિકમતવાળું છે.

اَفَنَضۡرِبُ عَنۡكُمُ الذِّكۡرَ صَفۡحًا اَنۡ كُنۡتُمۡ قَوۡمًا مُّسۡرِفِيۡنَ۝۵

(૫) પછી શું તમે લોકો મર્યાદા બહાર નીકળી જાઓ છો તેથી અમે (તમને સુધારવા માટેનો) ઉપદેશ કરવાનું સદંતર છોડી દઇએ ?

وَكَمۡ اَرۡسَلۡنَا مِنۡ نَّبِىٍّ فِى الۡاَوَّلِيۡنَ۝۶

(૬) અને અમોએ આગલા (લોકો)માં પણ અમૂક નબીઓ મોકલ્યા હતા.

وَمَا يَاۡتِيۡهِمۡ مِّنۡ نَّبِىٍّ اِلَّا كَانُوۡا بِهٖ يَسۡتَهۡزِءُوۡنَ۝۷

(૭) અને તેમની પાસે કોઇ નબી આવતો ન હતો કે જેની તેઓ હાંસી ન ઉડાવતા.

فَاَهۡلَكۡنَاۤ اَشَدَّ مِنۡهُمۡ بَطۡشًا وَّمَضٰى مَثَلُ الۡاَوَّلِيۡنَ ۸

(૮) પછી અમોએ તે લોકોનો કે જેઓ (આ કુરેશીઓ કરતાં) સખતાઇમાં (ઘણાં) વધેલા હતા (તેઓનો) નાશ કરી નાખ્યો, અને (પછી) આગલાઓના દાખલા ચાલુ થઇ ગયા.

وَلَئِنۡ سَاَلۡتَهُمۡ مَّنۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ لَيَقُوۡلُنَّ خَلَقَهُنَّ الۡعَزِيۡزُ الۡعَلِيۡمُ ۹

(૯) અને (અય રસૂલ!) જો તું તેમને પૂછે કે આસમાનો તથા જમીનને કોણે પેદા કર્યા છે તો

તેઓ જરૂર કહેશે કે તેમને તે સમર્થ (અને) સર્વજ્ઞ (અલ્લાહે) પેદા કર્યા છેઃ

الَّذِیۡ جَعَلَ لَکُمُ الۡاَرۡضَ مَہۡدًا وَّجَعَلَ لَکُمۡ فِیۡہَا سُبُلًا
لَّعَلَّکُمۡ تَہۡتَدُوۡنَ ﴿۱۰﴾

(૧૦) જેણે તમારા માટે ભૂમિને પાથરણું બનાવી છે અને તમારા માટે તેમાં માર્ગો બનાવ્યા છે કે કદાચને તમે (સીધો) માર્ગ મેળવી શકો.

وَالَّذِیۡ نَزَّلَ مِنَ السَّمَآءِ مَآءًۢ بِقَدَرٍ ۚ فَاَنۡشَرۡنَا بِہٖ بَلۡدَۃً مَّیۡتًا ۚ
کَذٰلِکَ تُخۡرَجُوۡنَ ﴿۱۱﴾

(૧૧) અને જેણે આસમાન પરથી પ્રમાણસર પાણી ઉતાર્યું, પછી અમોએ તે વડે નિર્જીવ ભૂમિને પુનઃ

સજીવન કરી દીધી, એવીજ રીતે તમે પણ (પુનઃ સજીવન કરી) કાઢવામાં આવશો.

وَالَّذِىۡ خَلَقَ الۡاَزۡوَاجَ كُلَّهَا وَجَعَلَ لَـكُمۡ مِّنَ الۡفُلۡكِ

وَالۡاَنۡعَامِ مَا تَرۡكَبُوۡنَ ۙ‏ ﴿۱۲﴾

(૧૨) અને જેણે દરેક જાતના જોડાં પેદા કર્યાં, અને તમારા માટે વહાણો તથા પશુઓ પેદા કર્યાં કે જેમના પર તમે સવાર થાઓ છો ઃ

لِتَسۡتَوٗا عَلٰى ظُهُوۡرِهٖ ثُمَّ تَذۡكُرُوۡا نِعۡمَةَ رَبِّكُمۡ اِذَا اسۡتَوَيۡتُمۡ

عَلَيۡهِ وَتَقُوۡلُوۡا سُبۡحٰنَ الَّذِىۡ سَخَّرَ لَنَا هٰذَا وَمَا كُنَّا لَهٗ

مُقۡرِنِيۡنَ ۙ‏ ﴿۱۳﴾

(૧૩) એ માટે કે તમે તેમની પીઠ ઉપર ટટ્ટાર થઇ બેસી જાઓ, પછી જ્યારે તમે તેમના ઉપર ટટ્ટાર થઇને બેસી જાઓ ત્યારે તમારા પરવરદિગારની નેઅમતને યાદ કરો, અને કહો કે વખાણને પાત્ર છે તે જાત કે જેણે આ (વાહનો)ને અમારા તાબે કરી દીધાં, જો કે તેમને કાબૂમાં લાવવાની અમારી શક્તિ ન હતીઃ

وَاِنَّآ اِلٰى رَبِّنَا لَمُنْقَلِبُوْنَ ⑭

(૧૪) અને બેશક અમે અમારા પરવરદિગારની હજૂરમાં પાછા ફરીને જનારા છીએ.

وَجَعَلُوْا لَهٗ مِنْ عِبَادِهٖ جُزْءًا ۭ اِنَّ الْاِنْسَانَ لَكَفُوْرٌ مُّبِيْنٌ ⑮ؑ

(૧૫) અને તેમણે તે (અલ્લાહ)ના માટે તેના બંદાઓમાંથી કેટલાકોને તેનાજ અંગ (ઓલાદ) બનાવી દીધા છે; બેશક મનુષ્ય ખુલ્લો નાશુક્રો છે.

أَمِ اتَّخَذَ مِمَّا يَخْلُقُ بَنٰتٍ وَّأَصْفٰكُمْ بِالْبَنِيْنَ ﴿١٦﴾

(૧૬) તે જે કાંઇ પેદા કરે છે તેમાંથી શું તેણે પોતે પુત્રીઓ લઇ લીધી છે અને પુત્રોથી તમને નવાજ્યા છે?

وَإِذَا بُشِّرَ أَحَدُهُمْ بِمَا ضَرَبَ لِلرَّحْمٰنِ مَثَلًا ظَلَّ وَجْهُهٗ مُسْوَدًّا وَّهُوَ كَظِيْمٌ ﴿١٧﴾

(૧૭) અને જ્યારે તેઓમાંથી કોઈને તે (પુત્રીના જન્મ)ની ખુશખબર આપવામાં આવે છે કે જેનો તે

દયાળુ (અલ્લાહ) સાથે સંબંધ દેખાડ્યા કરતો હતો ત્યારે ક્રોધનો માર્યો તેનો ચહેરો કાળો થઇ જાય છે.

اَوَمَنۡ يُّنَشَّؤُا فِى الۡحِلۡيَةِ وَهُوَ فِى الۡخِصَامِ غَيۡرُ مُبِيۡنٍ‏ ﴿۱۸﴾

(૧૮) ભલા તે (છોકરીની જાત) કે જે ઘરેણાં (આદિ શણગાર)માં પોષણ પામે અને તે વાદવિવાદમાં શુદ્ધ બોલી પણ ન શકે (તે છોકરાના જેવી હોઇ શકે છે) ?

وَجَعَلُوا الۡمَلٰۤٮِٕكَةَ الَّذِيۡنَ هُمۡ عِبٰدُ الرَّحۡمٰنِ اِنَاثًا ؕ اَشَهِدُوۡا خَلۡقَهُمۡ ؕ سَتُكۡتَبُ شَهَادَتُهُمۡ وَيُسۡـَٔلُوۡنَ‏ ﴿۱۹﴾

(૧૯) અને તેમણે ફરિશ્તાઓને કે જે પણ દયાળુ (અલ્લાહ)ના બંદા છે સ્ત્રી જાતિ (તરીકે) માની

લીધા છે; ભલા તેઓ તેમના સર્જન વખતે હાજર હતા ? નજીકમાં જ તેમની સાક્ષી લખી લેવામાં આવશે અને તેમને સવાલ કરવામાં આવશે.

وَقَالُوْا لَوْ شَآءَ الرَّحْمٰنُ مَا عَبَدْنٰهُمْ ؕ مَا لَهُمْ بِذٰلِكَ مِنْ عِلْمٍ ۚ اِنْ هُمْ اِلَّا يَخْرُصُوْنَ ﴿٢٠﴾

(૨૦) અને તેઓ કહે છે કે જો દયાળુ અલ્લાહ ચાહતે તો અમે તે (ફરિશ્તા)ઓની પૂજા ન કરતે; તેમને એ વિષેની માહિતી જ નથી, તેઓ તો માત્ર અટકળો બાંધે છે.

اَمْ اٰتَيْنٰهُمْ كِتٰبًا مِّنْ قَبْلِهٖ فَهُمْ بِهٖ مُسْتَمْسِكُوْنَ ﴿٢١﴾

(૨૧) અથવા શું અમોએ તેમને આ પહેલાં કોઇ કિતાબ આપી છે કે જેને તેઓ મજબૂતીથી વળગી રહ્યા છે?

بَلْ قَالُوْٓا اِنَّا وَجَدْنَآ اٰبَآءَنَا عَلٰٓى اُمَّةٍ وَّاِنَّا عَلٰٓى اٰثٰرِهِمْ مُّهْتَدُوْنَ﴿٢٢﴾

(૨૨) (નહિ) બલ્કે તેઓ કહે છે કે અમોએ અમારા બાપદાદાઓને એક પંથ ઉપર ચાલતા જોયા હતા, અને બેશક અમે પણ તેમના જ પગલે પગલે ચાલ્યા જઇએ છીએ.

وَ كَذٰلِكَ مَآ اَرۡسَلۡنَا مِنۡ قَبۡلِكَ فِیۡ قَرۡيَةٍ مِّنۡ نَّذِيۡرٍ اِلَّا قَالَ
مُتۡرَفُوۡهَآ ۙ اِنَّا وَجَدۡنَآ اٰبَآءَنَا عَلٰٓى اُمَّةٍ وَّاِنَّا عَلٰٓى اٰثٰرِهِمۡ
مُّقۡتَدُوۡنَ ﴿۲۳﴾

(૨૩) અને (અય રસૂલ !) આ મુજબ અમોએ તારી અગાઉ જે ગામમાં ડરાવનારો (રસૂલ) મોકલ્યો ત્યારે તે (ગામ)ના વૈભવશાળીઓએ કહ્યું કે અમોએ તો અમારા બાપદાદાઓને એક પંથ ઉપર ચાલતા જોયા હતા. અને અમે પણ તેમના જ ચીલે ચીલે ચાલ્યા જઇશું.

قٰلَ اَوَلَوۡ جِئۡتُكُمۡ بِاَهۡدٰى مِمَّا وَجَدۡتُّمۡ عَلَيۡهِ اٰبَآءَكُمۡ ؕ قَالُوۡۤا
اِنَّا بِمَاۤ اُرۡسِلۡتُمۡ بِهٖ كٰفِرُوۡنَ ﴿۲۴﴾

(૨૪) (આથી તે રસૂલે) કહ્યું કે જે ચીલે ચાલતા તમોએ તમારા બાપદાદાઓને જોયા હતા તે કરતાંય વધારે સરળ માર્ગ (પર લાવનારો ધર્મ) હું લઇને આવ્યો હોઉં તો પણ (તમે તમારા બાપદાદાઓના જ ચીલે ચાલશો કે)? તેમણે કહ્યું કે ગમે તે હોય, તમને જે કાંઇ આપીને મોકલ્યા છે તેનો તો અમે અવશ્ય ઇન્કાર કરનારા છીએ.

فَانْتَقَمْنَا مِنْهُمْ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿٢٥﴾

(૨૫) જેથી અમોએ તેમનાથી પણ બદલો લીધો; પછી જોઇ લે કે જૂઠલાવનારાઓનો અંત કેવો આવ્યો?

وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ لِاَبِيْهِ وَقَوْمِهٖٓ اِنَّنِيْ بَرَآءٌ مِّمَّا تَعْبُدُوْنَ ﴿٢٦﴾

(૨૬) અને (તે સમયને યાદ કરો) જ્યારે ઇબ્રાહીમે પોતાના (પાલક) પિતા તથા પોતાની કોમને કહ્યું કે જે વસ્તુઓને તમે પૂજો છો તેનાથી હું તદ્દન દૂર છું ॰:

اِلَّا الَّذِیۡ فَطَرَنِیۡ فَاِنَّہٗ سَیَہۡدِیۡنِ ﴿۲۷﴾

(૨૭) સિવાય તેના કે જેણે મને પેદા કર્યો છે, માટે તે નજીકમાં જ મને હિદાયત પણ આપશે.

وَ جَعَلَہَا کَلِمَۃًۢ بَاقِیَۃً فِیۡ عَقِبِہٖ لَعَلَّہُمۡ یَرۡجِعُوۡنَ ﴿۲۸﴾

(૨૮) અને તેણે (અલ્લાહની એૈક્યતાના) વાક્યને પોતાના વંશજોમાં કાયમ રાખ્યું કે કદાચને તેઓ (મુશ્રિકો) પાછા ફરે.

بَلْ مَتَّعْتُ هٰٓؤُلَآءِ وَاٰبَآءَهُمْ حَتّٰى جَآءَهُمُ الْحَقُّ وَرَسُوْلٌ مُّبِيْنٌ ﴿٢٩﴾

(૨૯) પરંતુ હું તેમને તથા તેમના બાપદાદાઓને લાભ પહોંચાડતો રહ્યો, અહીં સુધી કે તેમની પાસે સાચો (દીન) અને સાક્ષાત રસૂલ આવી પહોંચ્યા.

وَلَمَّا جَآءَهُمُ الْحَقُّ قَالُوْا هٰذَا سِحْرٌ وَّاِنَّا بِهٖ كٰفِرُوْنَ ﴿٣٠﴾

(30) અને જ્યારે તેમની પાસે સત્ય (ધર્મ) આવી ગયો ત્યારે તેમણે કહ્યું કે આ તો જાદુ છે, અને ખરેજ અમે તેની અવગણના કરનારા છીએ.

وَقَالُوْا لَوْلَا نُزِّلَ هٰذَا الْقُرْاٰنُ عَلٰى رَجُلٍ مِّنَ الْقَرْيَتَيْنِ عَظِيْمٍ ﴿٣١﴾

(૩૧) અને તેમણે આ પણ કહ્યું કે આ કુરઆન બે ગામો (મક્કા તથા તાઇફ) માંના કોઇ બુઝુર્ગ માણસ પર શા માટે ઉતારવામાં ન આવ્યું?

أَهُمْ يَقْسِمُونَ رَحْمَتَ رَبِّكَ ۚ نَحْنُ قَسَمْنَا بَيْنَهُم مَّعِيشَتَهُمْ فِي الْحَيَوٰةِ الدُّنْيَا ۚ وَرَفَعْنَا بَعْضَهُمْ فَوْقَ بَعْضٍ دَرَجَٰتٍ لِّيَتَّخِذَ بَعْضُهُم بَعْضًا سُخْرِيًّا ۗ وَرَحْمَتُ رَبِّكَ خَيْرٌ مِّمَّا يَجْمَعُونَ ﴿٣٢﴾

(૩૨) શું તેઓ તારા પરવરદિગારની રહેમતને વહેંચે છે? અમોએ આલોકના જીવનમાં તેમની વચ્ચે તેમની રોઝી વહેંચી આપી છે, અને અમોએ તેઓ માંના કેટલાકોને કેટલાકો પર દરજ્જા

આપ્યા છે કે જેથી તેઓમાંથી કેટલાકો કેટલાકોને આજ્ઞાંકિત કરી રાખે; અને તારા પરવરદિગારની રહેમત તે વસ્તુઓ કરતાં કે જેનો તેઓ સંગ્રહ કરે છે કેટલીયે વધારે છે.

وَلَوْلَاۤ اَنْ یَّكُوْنَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً لَّجَعَلْنَا لِمَنْ یَّكْفُرُ بِالرَّحْمٰنِ لِبُیُوْتِهِمْ سُقُفًا مِّنْ فِضَّةٍ وَّمَعَارِجَ عَلَیْهَا یَظْهَرُوْنَ ﴿٣٣﴾

(33) અને જો એમ ન હોત કે (સઘળા) લોકો એકજ પંથના બની જતે, (અર્થાત સઘળાજ ઇર્ષાળુ બની જવાની ધાસ્તી ન હોત) તો અમે તેમના માટે કે જેઓ દયાળુ (અલ્લાહ)નો ઇન્કાર કરે છે તેમના

મકાનોના છાપરાં ચાંદીના બનાવી દેતે, અને સીડીઓ પણ કે જેના ઉપર તેઓ ચઢે (ઉતરે) છેઃ

وَلِبُيُوتِهِمْ أَبْوَابًا وَسُرُرًا عَلَيْهَا يَتَّكِـُٔونَ ﴿٣٤﴾

(૩૪) અને તેમના મકાનો માટેના બારણાં, અને તે સિંહાસનો પણ કે જેમના પર તેઓ અઢેલીને બેસે છેઃ

وَزُخْرُفًا ۚ وَإِن كُلُّ ذَٰلِكَ لَمَّا مَتَاعُ الْحَيَوٰةِ الدُّنْيَا ۚ وَالْآخِرَةُ عِندَ رَبِّكَ لِلْمُتَّقِينَ ﴿٣٥﴾

(૩૫) અને (ચાંદીના જ નહિ, બલ્કે) સોનાના પણ; પરંતુ આ (સઘળું કેવળ) સંસારી જીવનની પૂંજી છે;

અને તારા પરવરદિગાર પાસે તો પરહેઝગારો માટે આખેરત જ (લાભદાયી) છે.

وَمَنْ يَّعْشُ عَنْ ذِكْرِ الرَّحْمٰنِ نُقَيِّضْ لَهٗ شَيْطٰنًا فَهُوَلَهٗ قَرِيْنٌ۝٣٦

(૩૬) અને જે શખ્સ (દયાળુ) અલ્લાહની યાદથી મોઢું ફેરવી લે છે તો તેના માટે અમે એક શૈતાનની નિમણુંક કરી દઇએ છીએ, એજ તેનો સાથી રહે છે.

وَاِنَّهُمْ لَيَصُدُّوْنَهُمْ عَنِ السَّبِيْلِ وَيَحْسَبُوْنَ اَنَّهُمْ مُّهْتَدُوْنَ۝٣٧

(૩૭) અને ખરેખર એજ (શેતાનો) તેમને સન્માર્ગથી અટકાવતા રહે છે, અને તેઓ એવું ગુમાન કરતા રહે છે કે તેઓ હિદાયત પામેલા છે.

حَتّٰٓى اِذَا جَآءَنَا قَالَ يٰلَيْتَ بَيْنِىْ وَبَيْنَكَ بُعْدَ الْمَشْرِقَيْنِ فَبِئْسَ الْقَرِيْنُ ۝٣٨

(૩૮) અહીં સુધી કે જ્યારે તે (કયામતમાં) અમારી પાસે આવશે તો (તે પોતાના સાથી શેતાનને) કહેશે કે મારી તથા તારી વચ્ચે પૂર્વ પશ્ચિમનું અંતર હોત તો કેવું સારૂં થતે ! માટે (જુઓ કે) તે કેવો ખરાબ સાથી છે !

وَلَنۡ یَّنۡفَعَکُمُ الۡیَوۡمَ اِذۡ ظَّلَمۡتُمۡ اَنَّکُمۡ فِی الۡعَذَابِ
مُشۡتَرِکُوۡنَ﴿۳۹﴾

(૩૯) અને જ્યારે તમે ઝુલ્મ કરી ચૂક્યા છો તો તમને આ દિવસ કાંઇજ નફો નહિ પહોંચાડે, (માટે) તમે આ અઝાબમાં એક બીજાના શરીક થઇ જાઓ.

اَفَاَنۡتَ تُسۡمِعُ الصُّمَّ اَوۡ تَہۡدِی الۡعُمۡیَ وَمَنۡ کَانَ فِیۡ ضَلٰلٍ
مُّبِیۡنٍ﴿۴۰﴾

(૪૦) ત્યારે (અય રસૂલ !) શું તું બહેરાઓને સંભળાવી શકે છે, અથવા આંધળાઓ તથા જેઓ ખુલ્લી ગુમરાહીમાં છે તેમની રાહબરી કરી શકે છે?

فَاِمَّا نَذۡہَبَنَّ بِکَ فَاِنَّا مِنۡہُمۡ مُّنۡتَقِمُوۡنَ ﴿۴۱﴾ۙ

(૪૧) પણ જો અમે તને (દુનિયામાંથી) લઇ પણ લઇએ તો પણ તેમનાથી બદલો તો જરૂર લઇશું ઃ

اَوۡ نُرِيَنَّكَ الَّذِىۡ وَعَدۡنٰهُمۡ فَاِنَّا عَلَيۡهِمۡ مُّقۡتَدِرُوۡنَ ﴿۴۲﴾

(૪૨) અથવા અમે તને (તારી જિંદગીમાં જ) તે (અઝાબ) પ્રત્યક્ષ દેખાડી દઇએ કે જેનો અમોએ તેમને વાયદો કર્યો છે, કારણ કે બેશક અમે તેમના પર સંપૂર્ણ કાબૂ ધરાવનારા છીએ.

فَاسۡتَمۡسِكۡ بِالَّذِىۡۤ اُوۡحِىَ اِلَيۡكَ‌ۚ اِنَّكَ عَلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ﴿۴۳﴾

(૪૩) માટે તારા તરફ જે કાંઇ વહી કરવામાં આવી છે તેને મજબૂતીથી વળગી રહે, બેશક તું સરળ માર્ગ ઉપર છે.

وَاِنَّهٗ لَذِكۡرٌ لَّكَ وَلِقَوۡمِكَ ۚ وَسَوۡفَ تُسۡـَٔلُوۡنَ ﴿۴۴﴾

(૪૪) અને બેશક આ (કુરઆન) તારા તથા તારી કોમ માટે (ઉમદા) નસીહત છે અને (તે વિશે) આગળ જતાં તમને સવાલ કરવામાં આવશે.

وَسۡـَٔلۡ مَنۡ اَرۡسَلۡنَا مِنۡ قَبۡلِكَ مِنۡ رُّسُلِنَاۤ اَجَعَلۡنَا مِنۡ دُوۡنِ الرَّحۡمٰنِ اٰلِهَةً يُّعۡبَدُوۡنَ ﴿۴۵﴾

(૪૫) અને અમોએ તારી પહેલાં જે રસૂલો મોકલ્યા હતા તેમને પૂછી જો કે ભલા અમોએ દયાળુ

(અલ્લાહ) સિવાય કોઇ બીજા માઅબૂદો નક્કી કરી આપ્યા હતા કે જેમને પૂજવામાં આવે?

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَآ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَقَالَ اِنِّیْ رَسُوْلُ رَبِّ الْعٰلَمِیْنَ ﴿٤٦﴾

(૪૬) અને ખરેજ અમોએ મૂસાને અમારી નિશાનીઓ આપીને ફિરઔન તથા તેની કોમના સરદારો તરફ મોકલ્યો ત્યારે (મૂસાએ) ફરમાવ્યું હતું કે ખરેખરજ હું સઘળી દુનિયાઓના પરવરદિગારનો રસૂલ છું.

فَلَمَّا جَآءَهُمْ بِاٰيٰتِنَآ اِذَا هُمْ مِّنْهَا يَضْحَكُوْنَ ﴿٤٧﴾

(૪૭) પણ જ્યારે તે તેમની પાસે અમારી નિશાનીઓ લઇને પહોંચ્યો ત્યારે તરતજ તેમણે તે (નિશાનીઓ)ને હસી કાઢી.

وَمَا نُرِيهِمْ مِّنْ اٰيَةٍ اِلَّا هِيَ اَكْبَرُ مِنْ اُخْتِهَا ۫ وَاَخَذْنٰهُمْ بِالْعَذَابِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ﴿٤٨﴾

(૪૮) અને અમે તેમને કોઇ એવી નિશાની દેખાડતા ન હતા કે જે આગલી નિશાનીઓ કરતાં ચઢીયાતી ન હોય, અને અમોએ તેમને અઝાબમાં પણ પકડી લીધા કે કદાચને તેઓ (સન્માર્ગ તરફ) પાછા ફરે.

وَقَالُوْا يٰٓاَيُّهَ السّٰحِرُ ادْعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ عِنْدَكَ ۚ اِنَّنَا
لَمُهْتَدُوْنَ ﴿٤٩﴾

(૪૯) અને (જ્યારે અઝાબમાં સપડાયા ત્યારે મૂસાને) તેમણે કહ્યું કે અય જાદુગર ! તું અમારી ખાતર તારા પરવરદિગાર પાસે તે વસ્તુ માટે દુઆ કર કે જેનો તેણે તારી સાથે વાયદો કર્યો છે, (જો હવે અઝાબથી છુટીશું) તો પછી અમે બેશક સન્માર્ગ પર ચાલીશું.

فَلَمَّا كَشَفْنَا عَنْهُمُ الْعَذَابَ اِذَا هُمْ يَنْكُثُوْنَ ﴿٥٠﴾

(૫૦) પછી જ્યારે અમોએ તેમના પરનો અઝાબ દૂર કર્યો ત્યારે તરતજ તેઓ પોતાના વાયદાનો ભંગ કરવા લાગ્યા.

وَنَادٰى فِرۡعَوۡنُ فِىۡ قَوۡمِهٖ قَالَ يٰقَوۡمِ اَلَيۡسَ لِىۡ مُلۡكُ مِصۡرَ وَهٰذِهِ الۡاَنۡهٰرُ تَجۡرِىۡ مِنۡ تَحۡتِىۡ ۚ اَفَلَا تُبۡصِرُوۡنَ ﴿۵۱﴾

(૫૧) અને ફિરઔને પોતાની કોમમાં ઢંઢેરો પીટાવી કહ્યું કે અય મારી કોમ ! શું મિસરનું રાજ્ય તથા આ નદીઓ કે જે મારા (પગો) હેઠળ વહે છે મારી નથી ? તો શું તમે દેખતા નથી?

اَمۡ اَنَا خَيۡرٌ مِّنۡ هٰذَا الَّذِىۡ هُوَ مَهِيۡنٌ ۙ وَّلَا يَكَادُ يُبِيۡنُ ﴿۵۲﴾

(૫૨) અથવા આ કે હું આ શખ્સ કરતા કે જે હલકી કોટીનો છે અને સ્પષ્ટ વાત પણ કરી શકતો નથી ઘણે દરજ્જે બેહતર નથી ?

فَلَوْلَآ اُلْقِيَ عَلَيْهِ اَسْوِرَةٌ مِّنْ ذَهَبٍ اَوْ جَآءَ مَعَهُ الْمَلٰٓئِكَةُ مُقْتَرِنِيْنَ﴿۵۳﴾

(૫૩) (જો તે નબી હોય તો) તેના માટે સુવર્ણ કંકણ કેમ ઉતારવામાં નથી આવ્યા ? અથવા તેની સાથે ફરિશ્તા (તેના) સાથીઓ બની કેમ નથી આવ્યા?

فَاسْتَخَفَّ قَوْمَهٗ فَاَطَاعُوْهُ ۭ اِنَّهُمْ كَانُوْا قَوْمًا فٰسِقِيْنَ﴿۵۴﴾

(૫૪) આવી આવી વાતોથી તેણે પોતાની કોમવાળાઓને મૂર્ખ બનાવી દીધા હતા, જેથી તેઓ તેનાજ આજ્ઞાંકિત બની ગયા હતા; બેશક તેઓ અત્યાચારી લોકો હતા.

فَلَمَّآ اٰسَفُوْنَا انْتَقَمْنَا مِنْهُمْ فَاَغْرَقْنٰهُمْ اَجْمَعِيْنَ ﴿٥٥﴾

(૫૫) પછી જ્યારે તેણે અમને ક્રોધ ચઢાવ્યો ત્યારે અમોએ પણ તેમનાથી બદલો લીધો, એટલે તે સઘળાઓને ડુબાડી દીધા ::

فَجَعَلْنٰهُمْ سَلَفًا وَّمَثَلًا لِّلْاٰخِرِيْنَ ﴿٥٦﴾

(૫૬) અને અમોએ પાછળ આવનારાઓ માટે તેમને પહેલા વૃતાંત અને દાખલા રૂપ બનાવ્યા.

وَلَمَّا ضُرِبَ ابْنُ مَرْيَمَ مَثَلًا اِذَا قَوْمُكَ مِنْهُ يَصِدُّوْنَ﴿۵۷﴾

(૫૭) અને (અય રસૂલ !) જે વખતે મરિયમના પુત્ર ઇસાનો દાખલો વર્ણવવામાં આવે છે ત્યારે તારી કોમ તે (સાંભળવા)થી એકદમ ઘોંઘાટ કરવા લાગી જાય છે.

وَقَالُوْٓا ءَاٰلِهَتُنَا خَيْرٌ اَمْ هُوَ ؕ مَا ضَرَبُوْهُ لَكَ اِلَّا جَدَلًا ؕ بَلْ هُمْ قَوْمٌ خَصِمُوْنَ﴿۵۸﴾

(૫૮) અને કહેવા લાગે છે કે ભલા અમારા માઅબૂદ બહેતર છે કે તે (ઇસા) ? તેમણે તારી સામે આ (દ્રષ્ટાંત) કેવળ ઝઘડો ઉત્પન્ન કરવા માટે રજૂ કર્યું છે; બલ્કે તે લોકો છે જ ઝઘડો કરનાર.

إِنْ هُوَ إِلَّا عَبْدٌ أَنْعَمْنَا عَلَيْهِ وَجَعَلْنَٰهُ مَثَلًا لِّبَنِىٓ إِسْرَٰٓءِيلَ ﴿٥٩﴾

(૫૯) તે (મસીહ) બીજો કોઇજ ન હતો પરંતુ એક બંદો હતો જેને અમોએ નવાજ્યો હતો, અને તેને બની ઇસરાઇલ માટે (કુદરતનો) નમૂનો બનાવ્યો હતો.

وَلَوْ نَشَآءُ لَجَعَلْنَا مِنكُم مَّلَٰٓئِكَةً فِى ٱلْأَرْضِ يَخْلُفُونَ ﴿٦٠﴾

(૬૦) અને જો અમે ચાહતે તો તમારામાંથી જ ફરિશ્તા પણ બનાવી દેતે, જેઓ જમીનમાં વારસ બનતે.

وَإِنَّهُۥ لَعِلْمٌ لِّلسَّاعَةِ فَلَا تَمْتَرُنَّ بِهَا وَٱتَّبِعُونِ ۚ هَٰذَا صِرَٰطٌ

مُّسْتَقِيمٌ ﴿٦١﴾

(૬૧) અને બેશક તે (ઇસા) કયામતની એક નિશાની છે, માટે તમે કયામતના સંબંધમાં હરગિજ શંકા ન કરો, અને મારૂં અનુકરણ કર્યે જાઓ; એજ સીધો માર્ગ છે.

وَلَا يَصُدَّنَّكُمُ الشَّيْطٰنُ ۚ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿٦٢﴾

(૬૨) અને (ખબરદાર !) શેતાન તમને (સત્કાર્યો કરતાં) ન અટકાવે, બેશક તે તમારો ખુલ્લો દુશ્મનછે.

وَلَمَّا جَآءَ عِيْسٰى بِالْبَيِّنٰتِ قَالَ قَدْ جِئْتُكُمْ بِالْحِكْمَةِ وَلِاُبَيِّنَ
لَكُمْ بَعْضَ الَّذِيْ تَخْتَلِفُوْنَ فِيْهِ ۚ فَاتَّقُوا اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿٦٣﴾

(૬૩) અને જ્યારે ઇસા પ્રત્યક્ષ દલીલો લઇને આવ્યા અને ફરમાવ્યું, બેશક હું તમારી પાસે હિકમત (શરીઅત લઇને આવ્યો) છું, અને જે જે બાબતોમાં તમે મતભેદ કર્યા કરો છો તે માંની કેટલીક (બાબતો) હું તમને સ્પષ્ટ કરી દઉં, માટે અલ્લાહથી ડરો અને મારી આજ્ઞા માનો.

اِنَّ اللّٰهَ هُوَ رَبِّيْ وَرَبُّكُمْ فَاعْبُدُوْهُ ۭ هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿٦٤﴾

(૬૪) બેશક અલ્લાહ એજ મારો પરવરદિગાર છે અને તમારો પણ, માટે તેનીજ ઇબાદત કરો; એજ સીધો માર્ગ છે.

فَاخۡتَلَفَ الۡاَحۡزَابُ مِنۡۢ بَيۡنِهِمۡ‌ۚ فَوَيۡلٌ لِّلَّذِيۡنَ ظَلَمُوۡا مِنۡ
عَذَابِ يَوۡمٍ اَلِيۡمٍ‏ ﴿۶۵﴾

(૬૫) પણ તેઓ માંના ઘણા (પક્ષો) આપસમા મતભેદ કરવા લાગ્યા. માટે જે લોકો જુલમગાર હતા તેમના માટે અફસોસ છે દુ:ખદાયક દિવસના અઝાબ માટે.

هَلۡ يَنۡظُرُوۡنَ اِلَّا السَّاعَةَ اَنۡ تَاۡتِيَهُمۡ بَغۡتَةً وَّهُمۡ لَا
يَشۡعُرُوۡنَ‏ ﴿۶۶﴾

(૬૬) શું તેઓ તેની રાહ જુએ છે કે તેમને કયામત ઓચિંતી આવી પકડે, અને (તેની) તેમને જાણ પણ થવા ન પામે ?

اَلۡاَخِلَّآءُ یَوۡمَئِذٍۭ بَعۡضُهُمۡ لِبَعۡضٍ عَدُوٌّ اِلَّا الۡمُتَّقِیۡنَ ﴿٦٧﴾

(૬૭) (ગાઢ) મિત્રતા ધરાવનારાઓ પણ તે દિવસે એક બીજાના દુશ્મન બની જશે, પણ પરહેઝગારો તેનાથી બાકાત રહેશે.

یٰعِبَادِ لَا خَوۡفٌ عَلَیۡکُمُ الۡیَوۡمَ وَلَاۤ اَنۡتُمۡ تَحۡزَنُوۡنَ ﴿٦٨﴾

(૬૮) (પછી આકાશવાણી થશે) કે અય મારા (પરહેઝગાર) બંદાઓ ! આજે ન તમને (ભવિષ્ય માટે) કાંઇ ભય છે, અને ન તમે (ભૂતકાળની બાબતોથી) દિલગીર થશો.

اَلَّذِیۡنَ اٰمَنُوۡا بِاٰیٰتِنَا وَکَانُوۡا مُسۡلِمِیۡنَ ﴿٦٩﴾

(૬૯) જે લોકો અમારી નિશાનીઓ પર ઇમાન લાવ્યા હતા, અને જેઓ આજ્ઞાધીન રહ્યા હતા ઃ

اُدْخُلُوا الْجَنَّةَ اَنْتُمْ وَاَزْوَاجُكُمْ تُحْبَرُوْنَ۝٧٠

(૭૦) (તેમને કહેવામાં આવશે કે) તમે તથા તમારી સ્ત્રીઓ ખુશ થઇ સ્વર્ગમાં ચાલ્યા જાઓઃ

يُطَافُ عَلَيْهِمْ بِصِحَافٍ مِّنْ ذَهَبٍ وَّاَكْوَابٍ ۚ وَفِيْهَا مَا تَشْتَهِيْهِ الْاَنْفُسُ وَتَلَذُّ الْاَعْيُنُ ۚ وَاَنْتُمْ فِيْهَا خٰلِدُوْنَ۝٧١

(૭૧) (ત્યાં) તેમની સામે સોનાના જામ અને કુંજાઓ ફેરવવામાં આવશે, અને તેમાં તે વસ્તુઓ હશે કે જે તેમનું મન ચાહશે, અને (જે જોયને

તેમની) આંખો ટાઢી થશે, અને તમે તે (જન્નત)માં હંમેશ માટે રહેશો.

وَتِلْكَ الْجَنَّةُ الَّتِيْٓ اُوْرِثْتُمُوْهَا بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٧٢﴾

(૭૨) અને એજ તે જન્નત છે કે જેના તમને તમારા સત્કાર્યોના કારણે વારસ બનાવ્યા છે.

لَكُمْ فِيْهَا فَاكِهَةٌ كَثِيْرَةٌ مِّنْهَا تَاْكُلُوْنَ ﴿٧٣﴾

(૭૩) તેમાં તમારા માટે ઘણાંય મેવા હશે જેમાંથી તમે ખાતા રહેશો.

اِنَّ الْمُجْرِمِيْنَ فِيْ عَذَابِ جَهَنَّمَ خٰلِدُوْنَ ﴿٧٤﴾ۚ

(૭૪) બેશક ગુનેહગારો હંમેશ માટે જહન્નમની શિક્ષામાં રહેશે.

لَا يُفَتَّرُ عَنْهُمْ وَهُمْ فِيْهِ مُبْلِسُوْنَ ﴿٧٥﴾

(૭૫) તેમના અઝાબમાં કંઇ કમી કરવામાં નહિ આવે, અને તેઓ તેમાં નિરાશ થઇ ગયેલી સ્થિતિમાં હશે.

وَمَا ظَلَمْنٰهُمْ وَلٰكِنْ كَانُوْا هُمُ الظّٰلِمِيْنَ ﴿٧٦﴾

(૭૬) અને અમોએ તેમના પર કાંઇજ જુલમ કર્યો ન હતો, બલ્કે તેઓ પોતેજ (પોતાના સંબંધમાં) ઝુલમગાર હતા.

وَنَادَوْا يٰمٰلِكُ لِيَقْضِ عَلَيْنَا رَبُّكَ ؕ قَالَ اِنَّكُمْ مّٰكِثُوْنَ ﴿٧٧﴾

(૭૭) તેઓ (જહન્નમના દારોગાને) પોકારી કહેશે કે અય માલિક ! (તું કોઇ એવી યુક્તિ કર કે જેથી)

તારો પરવરદિગાર અમારો અંત લાવી મૂકે, (જહન્નમનો રખેવાળ માલિક) કહેશે કે બેશક તમે એજ સ્થિતિમાં રહેનારા છો.

لَقَدْ جِئْنٰكُمْ بِالْحَقِّ وَلٰكِنَّ اَكْثَرَكُمْ لِلْحَقِّ كٰرِهُوْنَ ﴿٧٨﴾

(૭૮) (અય નાસ્તિકો !) ખરેખરજ અમે તમારી પાસે સત્ય લઇ આવ્યા, પણ તમારામાંથી ઘણાં ખરા સત્યનો તિરસ્કાર કરનારા રહ્યા.

اَمْ اَبْرَمُوْٓا اَمْرًا فَاِنَّا مُبْرِمُوْنَ ﴿٧٩﴾

(૭૯) અથવા શું તેમણે એકાદ વાત નક્કી કરી છે તો બેશક અમોએ પણ કાંઇ નક્કી કરી રાખ્યું છે.

اَمۡ يَحۡسَبُوۡنَ اَنَّا لَا نَسۡمَعُ سِرَّهُمۡ وَنَجۡوٰهُمۡ ؕ بَلٰى وَرُسُلُنَا
لَدَيۡهِمۡ يَكۡتُبُوۡنَ ﴿۸۰﴾

(૮૦) અથવા તેઓ એવું ગુમાન કરે છે કે અમે તેમના ભેદ તથા ગુપ્ત વાતો સાંભળતા નથી ? (અલબત્ત અમે) અવશ્ય (સાંભળીએ છીએ), અને અમારા મોકલેલા (ફરિશ્તા) તેમની પાસે (હાજર રહી દરેક કરણી) લખતા જાય છે.

قُلۡ اِنۡ كَانَ لِلرَّحۡمٰنِ وَلَدٌ ۖ فَاَنَا اَوَّلُ الۡعٰبِدِيۡنَ ﴿۸۱﴾

(૮૧) (અય રસૂલ !) તું કહે કે જો દયાળુ (અલ્લાહ)ને કોઇ પુત્ર હોત તો સૌથી પહેલાં (તેની) ઇબાદત કરનાર હુંજ હોત.

سُبۡحٰنَ رَبِّ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ رَبِّ الۡعَرۡشِ عَمَّا یَصِفُوۡنَ ﴿۸۲﴾

(૮૨) આસમાનો તથા જમીનનો પરવરદિગાર, અર્શનો માલિક તેઓ જે વર્ણવે છે તેનાથી પવિત્ર છે.

فَذَرۡهُمۡ یَخُوۡضُوۡا وَ یَلۡعَبُوۡا حَتّٰی یُلٰقُوۡا یَوۡمَهُمُ الَّذِیۡ یُوۡعَدُوۡنَ ﴿۸۳﴾

(૮૩) (માટે) હવે તેમને છોડી દે કે તેઓ ખોટી વાતો બનાવ્યા કરે અને રમત ગમતમાં પડ્યા રહે, અહીં સુધી કે તેમને તે (કયામતનો) દિવસ આવી ભેટે કે જેનો તેમને વાયદો કરવામાં આવ્યો છે.

وَهُوَالَّذِىْ فِي السَّمَآءِ اِلٰهٌ وَّفِي الْاَرْضِ اِلٰهٌ ؕ وَهُوَالْحَكِيْمُ
الْعَلِيْمُ ﴿۸۴﴾

(૮૪) અને તે (અલ્લાહ) એજ છે જે આસમાનોમાં પણ માઅબૂદ છે અને જમીનમાં પણ માઅબૂદ છે; અને તે હિકમતવાળો (અને) સર્વજ્ઞ છે.

وَتَبٰرَكَ الَّذِىْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ۚ
وَعِنْدَهٗ عِلْمُ السَّاعَةِ ۚ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿۸۵﴾

(૮૫) અને બરકતવાળી છે તેની જાત જેના માટે આસમાનો તથા જમીનો અને જે કાંઇ તે બન્નેની વચ્ચે છે તેની બાદશાહી છે અને કયામતનું જ્ઞાન

પણ તેનીજ પાસે છે; અને તેનીજ તરફ તમારૂં પાછું ફરવાનું થશે.

وَلَا يَمۡلِكُ الَّذِيۡنَ يَدۡعُوۡنَ مِنۡ دُوۡنِهِ الشَّفَاعَةَ اِلَّا مَنۡ شَهِدَ بِالۡحَـقِّ وَهُمۡ يَعۡلَمُوۡنَ ﴿۸۶﴾

(૮૬) અને આ (લોકો) અલ્લાહના સિવાય જેમને પોકાર્યા કરે છે તેઓ શફાઅત (ભલામણ)નો અધિકાર ધરાવતા નથી સિવાય તેના કે જે સમજીને સત્યની સાક્ષી આપે.

وَلَـئِنۡ سَاَلۡتَهُمۡ مَّنۡ خَلَقَهُمۡ لَيَقُوۡلُنَّ اللّٰهُ فَاَنّٰى يُؤۡفَكُوۡنَ ۙ ﴿۸۷﴾

(૮૭) અને જો તું તેમને પૂછે કે તેમને પેદા કોણે કર્યા છે તો તેઓ જરૂર કહેશે કે અલ્લાહે. પછી તેઓ ક્યાં બહેકી જાય છે ?

وَقِيْلِهٖ يٰرَبِّ اِنَّ هٰٓؤُلَآءِ قَوْمٌ لَّا يُؤْمِنُوْنَ ﴿٨٨﴾

(૮૮) અને રસૂલની (વારંવારની) આ પાકોર કે અય મારા પરવરદિગાર ! બેશક આ લોકો ઇમાન લાવનારા નથી (તે અમે સાંભળીએ છીએ.)

فَاصْفَحْ عَنْهُمْ وَقُلْ سَلٰمٌ ؕ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿٨٩﴾

(૮૯) માટે (ચિંતા ન કર) તું પણ તેમના તરફથી મોઢું ફેરવી લે, અને કહે કે (લ્યો હવે) સલામ; પછી આગળ જતાં તો તેમને (તેમની શરારતનું પરિણામ) માલૂમ પડીજ જશે.

حٰمٓ ۚ ﴿١﴾

(૧) હા મીમ.

وَالْكِتٰبِ الْمُبِيْنِ ۙ ﴿٢﴾

(૨) કસમ છે આ રોશન કિતાબ (કુરઆન)ની ઃ

اِنَّآ اَنْزَلْنٰهُ فِيْ لَيْلَةٍ مُّبٰرَكَةٍ اِنَّا كُنَّا مُنْذِرِيْنَ ﴿٣﴾

(3) બેશક તેને અમોએ (એક) મુબારક રાત્રિ (શબે કદ્ર)માં ઉતાર્યું છે. અમને (લોકોને અમારી શિક્ષાનો) ભય બતાવવો હતો.

فِيْهَا يُفْرَقُ كُلُّ اَمْرٍ حَكِيْمٍ ۙ ﴿٤﴾

(૪) દરેક હિકમતવાળું કાર્ય તે (મુબારક રાત્રિ)માં નિર્માણ થાય છે ઃ

اَمْرًا مِّنْ عِنْدِنَا ؕ اِنَّا كُنَّا مُرْسِلِيْنَ ۚ ۝٥

(૫) ખાસ અમારા તરફની આજ્ઞા વડે; બેશક રસૂલોને મોકલનારા અમેજ છીએઃ

رَحْمَةً مِّنْ رَّبِّكَ ؕ اِنَّهٗ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ۙ ۝٦

(૬) આ તારા પરવરદિગાર તરફની એક રહેમત છે; બેશક તે મોટો સાંભળનાર (અને) સર્વજ્ઞ છેઃ

رَبِّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا ۘ اِنْ كُنْتُمْ مُّوْقِنِيْنَ ۝٧

(૭) જે આસમાનો તથા જમીન અને જે કાંઇ તે બન્નેની વચ્ચે છે તેમનો પાલનહાર છે; જો તમને સંપૂર્ણ વિશ્વાસ હોય તો (એ જરૂર માનજો.)

لَآ اِلٰهَ اِلَّا هُوَ يُحْيٖ وَيُمِيْتُ ؕ رَبُّكُمْ وَرَبُّ اٰبَآئِكُمُ الْاَوَّلِيْنَ ۸

(૮) તેના સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી; એજ જીવાડે અને મારે છે; તમારો પાલનહાર છે અને તમારા પૂર્વજોના બાપદાદાઓનો પણ.

بَلْ هُمْ فِيْ شَكٍّ يَّلْعَبُوْنَ ۹

(૯) છતાં તેઓ શંકામાં પડી રમ્યા કરે છે.

فَارْتَقِبْ يَوْمَ تَاْتِي السَّمَآءُ بِدُخَانٍ مُّبِيْنٍ ۙ۱۰

(૧૦) માટે (અય રસૂલ !) તું (તે દિવસની) રાહ જોતો રહે કે જે દિવસે આસમાનમાંથી પ્રત્યક્ષ રીતે ધુમાડો નીકળશે.

يَّغۡشَى النَّاسَ ؕ هٰذَا عَذَابٌ اَلِيۡمٌ ﴿۱۱﴾

(૧૧) જે સઘળા માણસોને ઢાંકી લેશે; એજ તો દુઃખદાયક અઝાબ હશે.

رَبَّنَا اكۡشِفۡ عَنَّا الۡعَذَابَ اِنَّا مُؤۡمِنُوۡنَ ﴿۱۲﴾

(૧૨) (તેઓ યાચના કરશે કે) અય અમારા પરવરદિગાર અમારા ઉપરથી આ અઝાબ ટાળી દે, અમે ખરેખર ઇમાન લાવનારા છીએ.

اَنّٰى لَهُمُ الذِّكۡرٰى وَقَدۡ جَآءَهُمۡ رَسُوۡلٌ مُّبِيۡنٌ ﴿۱۳﴾ۙ

(૧૩) હવે તેમને નસીહત ક્યાંથી મળશે ? જો કે તેમની પાસે (અલ્લાહની આજ્ઞાઓને) સ્પષ્ટ કરી સંભળાવનાર રસૂલ આવી ચૂક્યો હતો ઃ

ثُمَّ تَوَلَّوْا عَنْهُ وَقَالُوْا مُعَلَّمٌ مَّجْنُوْنٌ ﴿١٤﴾

(૧૪) છતાં તેમણે તેના તરફથી મોઢું ફેરવી લીધું હતું, અને કહી દીધું કે આ તો એક શીખવેલો દીવાનોછે.

اِنَّا كَاشِفُوا الْعَذَابِ قَلِيْلًا اِنَّكُمْ عَآئِدُوْنَ ﴿١٥﴾

(૧૫) (વારૂ, ઠીક) અમે થોડી મુદ્દત માટે આ અઝાબ દૂર કરી દઇશું પણ ખરેજ તમે પાછું એનું એજ કરનારા છો.

يَوْمَ نَبْطِشُ الْبَطْشَةَ الْكُبْرٰى ۚ اِنَّا مُنْتَقِمُوْنَ ﴿١٦﴾

(૧૬) જે દિવસે અમે મોટામાં મોટી ધરપકડ કરીશું, (તે દિવસે) અમે ખરેખરજ (પૂરેપૂરો) બદલો લઇશું.

وَلَقَدْ فَتَنَّا قَبْلَهُمْ قَوْمَ فِرْعَوْنَ وَجَآءَهُمْ رَسُوْلٌ كَرِيْمٌ ﴿١٧﴾

(૧૭) અને ખરેજ તેમની પહેલાં અમોએ ફિરઔનની કોમની અજમાઇશ કરી હતી, અને તેમની પાસે એક માનવંત રસૂલ (આ આજ્ઞા સાથે) મોકલ્યો હતો ઃ

اَنْ اَدُّوْٓا اِلَيَّ عِبَادَ اللّٰهِ ؕ اِنِّيْ لَكُمْ رَسُوْلٌ اَمِيْنٌ ﴿١٨﴾

(૧૮) કે (અય ફિરઔનવાળાઓ !) અલ્લાહના બંદા (બની ઇસરાઇલ)ઓને મારા હવાલે કરી દો;

ખરેખરજ હું (અલ્લાહના તરફથી) તમારા માટે એક વિશ્વાસપાત્ર રસૂલ છું ઃ

وَّاَنْ لَّا تَعْلُوْا عَلَى اللّٰهِ ۚ اِنِّيْۤ اٰتِيْكُمْ بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿١٩﴾

(૧૯) અને અલ્લાહની સામે શિરજોરી ન કરો. ખરેખરજ હું તમારી પાસે સ્પષ્ટ દલીલ લાવનાર છું.

وَاِنِّيْ عُذْتُ بِرَبِّيْ وَرَبِّكُمْ اَنْ تَرْجُمُوْنِ ﴿٢٠﴾

(૨૦) અને તમે મને પત્થરો મારી મારી નાખો તે સામે હું મારા પરવરદિગારની તથા તમારા પરવરદિગારની પનાહ માગું છું.

وَاِنْ لَّمْ تُؤْمِنُوْا لِيْ فَاعْتَزِلُوْنِ ﴿٢١﴾

(૨૧) અને જો તમે મારા પર ઇમાન ન લાવો તો મારાથી જુદા થઇ જાઓ (છતાં તેઓ તેને સંતાપવા લાગ્યા).

فَدَعَا رَبَّهٗۤ اَنَّ هٰۤؤُلَآءِ قَوۡمٌ مُّجۡرِمُوۡنَ ﴿۲۲﴾

(૨૨) ત્યારે (મૂસાએ) પોતાના પરવરદિગાર પાસે દુઆ કરી કે (ખરેજ) આ તો ગુનેહગાર લોકો છે.

فَاَسۡرِ بِعِبَادِىۡ لَيۡلًا اِنَّكُمۡ مُّتَّبَعُوۡنَ ۙ﴿۲۳﴾

(૨૩) (હુકમ થયો કે) ત્યારે તું મારા બંદાઓને રાતો રાત લઇ જા, તમારો જરૂર પીછો કરવામાં આવશેઃ

وَاتۡرُكِ الۡبَحۡرَ رَهۡوًا ؕ اِنَّهُمۡ جُنۡدٌ مُّغۡرَقُوۡنَ ﴿۲۴﴾

(૨૪) અને (જતાં જતાં) સમુદ્રને થંભી ગએલો છોડી દેજે; (તમારા પછી) બેશક તેમનું લશ્કર ડૂબી જનાર છે.

كَمْ تَرَكُوْا مِنْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿٢٥﴾

(૨૫) કેટલા બધા બગીચા તથા ઝરણાં તેઓ પાછળ છોડી ગયાઃ

وَّزُرُوْعٍ وَّمَقَامٍ كَرِيْمٍ ﴿٢٦﴾

(૨૬) અને કેટલાય ખેતરો તથા ઉમદા મકાનો ઃ

وَّنَعْمَةٍ كَانُوْا فِيْهَا فٰكِهِيْنَ ﴿٢٧﴾

(૨૭) અને (ઉમદા ઉમદા) નેઅમતો કે જેની તેઓ મજા લૂંટ્યા કરતા હતા ઃ

كَذٰلِكَ ۖ وَاَوۡرَثۡنٰهَا قَوۡمًا اٰخَرِيۡنَ ﴿۲۸﴾

(૨૮) (ખરેજ) એમજ થયું, અને તે (સઘળી) વસ્તુઓના વારસ અમોએ બીજા લોકોને બનાવી દીધા.

فَمَا بَكَتۡ عَلَيۡهِمُ السَّمَآءُ وَالۡاَرۡضُ وَمَا كَانُوۡا مُنۡظَرِيۡنَ ﴿۲۹﴾

(૨૯) પછી તેમના પર ન આસમાને રૂદન કર્યું ન જમીને, અને ન તેમને મોહલત આપવામાં આવી.

وَلَقَدۡ نَجَّيۡنَا بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ مِنَ الۡعَذَابِ الۡمُهِيۡنِ ﴿۳۰﴾

(30) અને ખરેજ અમોએ બની ઇસરાઇલને તે હીણપતભર્યા અઝાબમાંથી છોડાવ્યાઃ

مِنۡ فِرۡعَوۡنَ ؕ اِنَّهٗ كَانَ عَالِيًا مِّنَ الۡمُسۡرِفِيۡنَ ﴿۳۱﴾

(૩૧) (યાને) ફિરઔનના (અઝાબથી); બેશક તે અત્યાચારીઓ માંનો શિરજોર હતો.

وَلَقَدِ اخۡتَرۡنٰهُمۡ عَلٰى عِلۡمٍ عَلَى الۡعٰلَمِيۡنَ ﴿۳۲﴾

(૩ર) અને ખરેજ અમોએ જાણી જોઇને સઘળી દુનિયા પર તે (બની ઇસરાઇલ)ઓને (વધુ) પસંદ કરી લીધા હતા.

وَاٰتَيۡنٰهُمۡ مِّنَ الۡاٰيٰتِ مَا فِيۡهِ بَلٰٓؤٌا مُّبِيۡنٌ ﴿۳۳﴾

(૩૩) અને તેમને અમોએ અમારી નિશાનીઓમાંથી એવી (નિશાનીઓ) આપી હતી કે જેમાં (તદ્દન) ખુલ્લી અજમાઇશ હતી.

اِنَّ هٰٓؤُلَآءِ لَيَقُوۡلُوۡنَ ﴿۳۴﴾

(૩૪) બેશક આ લોકો તો એમજ કહે છે ઃ

اِنۡ هِىَ اِلَّا مَوۡتَتُنَا الۡاُوۡلٰى وَمَا نَحۡنُ بِمُنۡشَرِيۡنَ ﴿٣٥﴾

(૩૫) કે અમારૂં આ (મૃત્યુ) પ્રથમજ મૃત્યુ છે (યાને અમારે એકજ વખત મરવું છે), અને અમે પાછા ઉઠાડવામાં નહિ આવીએ.

فَاۡتُوۡا بِاٰبَآٮِٕنَاۤ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿٣٦﴾

(૩૬) માટે (અય મુસલમાનો !) તમે સાચા હો તો અમારા બાપદાદાઓને (સજીવન કરી) લઇ આવો.

اَهُمۡ خَيۡرٌ اَمۡ قَوۡمُ تُبَّعٍ ۙ وَّالَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ ؕ
اَهۡلَكۡنٰهُمۡ ۚ اِنَّهُمۡ كَانُوۡا مُجۡرِمِيۡنَ ﴿٣٧﴾

(૩૭) ભલા આ લોકો બેહતર છે કે તુબ્બા (યમન)ના લોકો, અને તે લોકો કે જેઓ તેમની પૂર્વે હતા ? અમોએ તેમનો નાશ કરી નાખ્યો, (કારણ કે) બેશક તેઓ ગુનેહગાર હતા.

وَمَا خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا لٰعِبِيْنَ ﴿٣٨﴾

(૩૮) અને અમોએ આસમાનો તથા જમીનને અને તે બન્નેની વચ્ચે જે કાંઇ છે તેને રમત રૂપે ઉત્પન્ન નથી કર્યાં.

مَا خَلَقْنٰهُمَآ اِلَّا بِالْحَقِّ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٣٩﴾

(૩૯) (બલ્કે) અમોએ તે બન્નેને સત્ય હેતુપૂર્વક સર્જ્યા છે, પરંતુ એ વાતને તેઓ માંના ઘણાંખરા (લોકો) જાણતા નથી.

إِنَّ يَوْمَ الْفَصْلِ مِيقَاتُهُمْ أَجْمَعِينَ ﴿٤٠﴾

(૪૦) બેશક (સત્ય અસત્યના) નિર્ણયનો દિવસ તેઓ સર્વે માટે એક મુકર્રર કરેલો વખત છેઃ

يَوْمَ لَا يُغْنِي مَوْلًى عَنْ مَوْلًى شَيْئًا وَلَا هُمْ يُنْصَرُونَ ﴿٤١﴾

(૪૧) જે દિવસે કોઇ મિત્ર કોઇ મિત્રને કામ નહિ આવે, અને ન તેમની સહાય કરવામાં આવશેઃ

إِلَّا مَنْ رَحِمَ اللَّهُ ۚ إِنَّهُ هُوَ الْعَزِيزُ الرَّحِيمُ ﴿٤٢﴾

(૪૨) સિવાય કે જે લોકો પર અલ્લાહે મહેરબાની કરી હશે; બેશક તે મહા સમર્થ (અને) દયાવાન છે.

إِنَّ شَجَرَتَ الزَّقُّومِ ﴿٤٣﴾

(૪૩) ખરેખર થોરનું ઝાડઃ

طَعَامُ الْاَثِيْمِ ﴿٤٤﴾ۛ

(૪૪) ગુનેહગારોનો ખોરાક હશે.

كَالْمُهْلِ ۚ يَغْلِيْ فِي الْبُطُوْنِ ﴿٤٥﴾ۙ

(૪૫) જે પીગળેલા ત્રાંબાની જેમ પેટમાં ઉકળતું હશેઃ

كَغَلْيِ الْحَمِيْمِ ﴿٤٦﴾

(૪૬) કે જાણે ગરમ પાણીનું ખળખળવું.

خُذُوْهُ فَاعْتِلُوْهُ اِلٰى سَوَآءِ الْجَحِيْمِ ﴿٤٧﴾ۖ

(૪૭) (આજ્ઞા થશે કે) એને પકડો, પછી તેને જહન્નમની વચ્ચે ઘસડી નાખી દોઃ

ثُمَّ صُبُّوْا فَوْقَ رَاْسِهٖ مِنْ عَذَابِ الْحَمِيْمِ ﴿٤٨﴾ؕ

(૪૮) પછી તેના માથા ઉપર ઉકળતા પાણીનો અઝાબ નાખી દો.

ذُقْ ۚ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْكَرِيْمُ ﴿٤٩﴾

(૪૯) (પછી તેને કહેવામાં આવશે કે) આ મજા ચાખ, (કારણ કે) તું તો મોટો આબરૂદાર સરદાર હતો.

اِنَّ هٰذَا مَا كُنْتُمْ بِهٖ تَمْتَرُوْنَ ﴿٥٠﴾

(૫૦) (અય જહન્નમવાસીઓ!) જે (અઝાબ)ના સંબંધમાં તમે શંકા કર્યા કરતા હતા તે આજ છે.

اِنَّ الْمُتَّقِيْنَ فِيْ مَقَامٍ اَمِيْنٍ ۙ﴿٥١﴾

(૫૧) બેશક પરહેઝગાર લોકો નિર્ભય સ્થાનોમાં

فِيْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿٥٢﴾

(૫૨) (યાને) બગીચાઓમાં તથા નહેરોમાં ઃ

يَّلْبَسُوْنَ مِنْ سُنْدُسٍ وَّاِسْتَبْرَقٍ مُّتَقٰبِلِيْنَ ﴿٥٣﴾

(૫૩) પાતળા, જાડા અને લીલા રંગના અમૂલ્ય રેશમી વસ્ત્રભૂષણો પરિધાન કરી એકબીજાની સામે બેઠા હશેઃ

كَذٰلِكَ ۚ وَزَوَّجْنٰهُمْ بِحُوْرٍ عِيْنٍ ﴿٥٤﴾

(૫૪) એમજ થશે; અને અમે તેમના લગ્ન મોટી મોટી આંખો વાળી સ્વરૂપવાન હૂરો સાથે કરી દઈશું.

يَدْعُوْنَ فِيْهَا بِكُلِّ فَاكِهَةٍ اٰمِنِيْنَ ﴿٥٥﴾

(૫૫) તેમાં તેઓ બેધડક દરેક પ્રકારના મેવા માંગશે.

لَا يَذُوْقُوْنَ فِيْهَا الْمَوْتَ اِلَّا الْمَوْتَةَ الْاُوْلٰى ۚ وَوَقٰىهُمْ عَذَابَ الْجَحِيْمِ ۙ﴿٥٦﴾

(૫૬) પ્રથમ મૃત્યુ સિવાય તે (જન્નત)માં (બીજા) મૃત્યુની તેઓ મજા નહિ ચાખે, અને અલ્લાહ તેમને જહન્નમના અઝાબથી બચાવી લેશેઃ

فَضْلًا مِّنْ رَّبِّكَ ؕ ذٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿٥٧﴾

(૫૭) આ તારા પરવરદિગાર તરફની એક મહેરબાની હશે; એજ તો મહાન સફળતા છે.

فَاِنَّمَا يَسَّرْنٰهُ بِلِسَانِكَ لَعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٥٨﴾

(૫૮) માટે સિવાય તેના નથી કે અમોએ આ (કુરઆન)ને તારી ભાષામાં ઘણુંજ સહેલું કરી દીધું છે કે જેથી તેઓ બોધ ગ્રહણ કરે.

فَارْتَقِبْ اِنَّهُمْ مُّرْتَقِبُوْنَ ﴿٥٩﴾

(૫૯) માટે તું રાહ જો. બેશક તેઓ પણ રાહ જોઇ રહ્યા છે.

حٰمٓ ۚ﴿۱﴾

(૧) હા મીમ.

تَنۡزِیۡلُ الۡکِتٰبِ مِنَ اللّٰہِ الۡعَزِیۡزِ الۡحَکِیۡمِ ﴿۲﴾

(૨) આ કિતાબ (કુરઆન)નું ઉતરવું ઝબરદસ્ત હિકમતવાળા અલ્લાહ તરફથી થયું છે.

اِنَّ فِی السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ لَاٰیٰتٍ لِّلۡمُؤۡمِنِیۡنَ ؕ﴿۳﴾

(3) ખરેખરજ આસમાનો તથા જમીનમાં ઇમાન લાવનારાઓ માટે (અલ્લાહની કુદરતની) ઘણીયે નિશાનીઓ (મોજૂદ) છે.

وَ فِیۡ خَلۡقِکُمۡ وَ مَا یَبُثُّ مِنۡ دَآبَّۃٍ اٰیٰتٌ لِّقَوۡمٍ یُّوۡقِنُوۡنَ ۙ﴿۴﴾

(૪) અને ખુદ તમારી ઉત્પત્તિમાં તથા જમીન પર જેટલા ચાલનારા પ્રાણીઓને ફેલાવે છે તેમની ઉત્પત્તિમાં પણ તે લોકો માટે કે જેઓ વિશ્વાસ રાખે છે નિશાનીઓ (મોજૂદ) છે ઃ

وَاخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ وَمَآ اَنْزَلَ اللّٰهُ مِنَ السَّمَآءِ مِنْ رِّزْقٍ
فَاَحْيَا بِهِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا وَتَصْرِيْفِ الرِّيٰحِ اٰيٰتٌ لِّقَوْمٍ
يَّعْقِلُوْنَ۝٥

(૫) અને રાત તથા દિવસના ક્રમમાં, તથા જે રોઝી અલ્લાહ આસમાન પરથી ઉતારે છે કે જે (પાણી) વડે તે જમીનને તેના મરવા બાદ પુનઃ સજીવન કરી દે છે. તેમાં તથા વાયુઓના

ફેરફારમાં પણ તે લોકો માટે કે જેઓ સમજ ધરાવે છે નિશાનીઓ (મોજૂદ) છે.

تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ بِالْحَقِّ ۚ فَبِاَيِّ حَدِيْثٍۭ بَعْدَ اللّٰهِ وَاٰيٰتِهٖ يُؤْمِنُوْنَ ۝٦

(૬) આ અલ્લાહની આયતો છે જે (અય રસૂલ!) અમે તને સત્યતાપૂર્વક પઢી સંભળાવીએ છીએ, પછી આ લોકો અલ્લાહ તથા તેની આયતો (સાંભળ્યા) બાદ કઇ વાત પર ઇમાન લાવશે ?

وَيْلٌ لِّكُلِّ اَفَّاكٍ اَثِيْمٍ ۝٧

(૭) અફસોસ છે દરેક અસત્યવાદી ગુનેહગાર માટે ઃ

يَّسۡمَعُ اٰيٰتِ اللّٰهِ تُتۡلٰى عَلَيۡهِ ثُمَّ يُصِرُّ مُسۡتَكۡبِرًا كَاَنۡ لَّمۡ
يَسۡمَعۡهَا ۚ فَبَشِّرۡهُ بِعَذَابٍ اَلِيۡمٍ ﴿٨﴾

(૮) કે જે અલ્લાહની આયતો પોતાની સમક્ષ વંચાતી સાંભળે છે, છતાં અભિમાનના આવેશમાં (નાસ્તિકપણાં પર) એવી રીતે આગ્રહ કરતો રહે છે કે જાણે તે તેણે સાંભળીજ નથી; ત્યારે હવે તું પણ તેને દુ:ખદાયક અઝાબની ખુશખબર સંભળાવી દે.

وَاِذَا عَلِمَ مِنۡ اٰيٰتِنَا شَيۡـًٔا اتَّخَذَهَا هُزُوًا ؕ اُولٰٓـئِكَ لَهُمۡ
عَذَابٌ مُّهِيۡنٌ ؕ﴿٩﴾

(૯) અને જ્યારે તેને અમારી આયતોનું થોડુંક જ્ઞાન થઇ જાય છે ત્યારે તે તેની હાંસી ઉડાડે છે; એવા લોકો માટેજ હીણપતભર્યો અઝાબ છે.

مِنْ وَّرَآئِهِمْ جَهَنَّمُ ۚ وَلَا يُغْنِيْ عَنْهُمْ مَّا كَسَبُوْا شَيْـًٔا وَّلَا
مَا اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اَوْلِيَآءَ ۚ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ؁۱۰

(૧૦) (અને વળી) આગળ જતાં તેમના માટે જહન્નમ છે; અને તેમણે જે કાંઇ કમાવ્યું હશે તે તેમના કાંઇજ કામમાં નહિ આવે, અને ન તેઓ (કામમાં) આવશે કે જેમને તેમણે અલ્લાહના સિવાય પોતાના મુરબ્બી બનાવી લીધા હશે, અને તેમના માટે ઘણો મોટો અઝાબ હશે.

هٰذَا هُدًى ۚ وَالَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِ رَبِّهِمْ لَهُمْ عَذَابٌ مِّنْ
رِّجْزٍ اَلِيْمٌ ؁۱۱

(૧૧) હિદાયત આ છે; અને જેમણે પોતાના પરવરદિગારની આયતોનો ઇન્કાર કર્યો છે તેમના માટે દુઃખદાયક બલાના અઝાબનો માર છે.

اَللّٰهُ الَّذِىۡ سَخَّرَ لَكُمُ الۡبَحۡرَ لِتَجۡرِىَ الۡفُلۡكُ فِيۡهِ بِاَمۡرِهٖ
وَلِتَبۡتَغُوۡا مِنۡ فَضۡلِهٖ وَلَعَلَّكُمۡ تَشۡكُرُوۡنَ‌ۚ‏ ﴿۱۲﴾

(૧૨) અલ્લાહ એજ છે જેણે સમુદ્રને તમારા તાબે કરી દીધો છે કે જેથી તેમાં તેના હુકમથી વહાણો ચાલે, અને એ માટે કે તમે પોતેજ તેની કૃપા (રોઝી)ના ચાહનારા થઇ જાઓ, અને તમે તેનો આભાર માનતા રહો.

وَسَخَّرَ لَكُمۡ مَّا فِي السَّمٰوٰتِ وَمَا فِي الۡاَرۡضِ جَمِيۡعًا مِّنۡهُ ؕ اِنَّ فِيۡ

ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوۡمٍ يَّتَفَكَّرُوۡنَ ﴿١٣﴾

(૧૩) અને જે કાંઇ આસમાનોમાં છે તથા જે કાંઇ જમીનમાં છે તે સર્વેને (પોતાની આજ્ઞાથી) તેણે તમારા કામમાં વળગાડી દીધા છે; બેશક તેમાં તે લોકો માટે કે જેઓ ધ્યાન દઇ ચિંતન કરે છે નિશાનીઓ (મોજૂદ) છે.

قُلۡ لِّلَّذِيۡنَ اٰمَنُوۡا يَغۡفِرُوۡا لِلَّذِيۡنَ لَا يَرۡجُوۡنَ اَيَّامَ اللّٰهِ لِيَجۡزِيَ

قَوۡمًۢا بِمَا كَانُوۡا يَكۡسِبُوۡنَ ﴿١٤﴾

(૧૪) (અય રસૂલ !) તું તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા છે કહે છે કે તેઓ તેમને માફ કરી દે કે

જેઓ અલ્લાહના (બદલાના) દિવસોની આશા નથી રાખતા કે જેથી અલ્લાહ પોતેજ તે લોકોને જેવું કરતા હતા તે મુજબ બદલો આપે.

مَنْ عَمِلَ صَالِحًا فَلِنَفْسِهٖ ۚ وَمَنْ اَسَآءَ فَعَلَيْهَا ۫ ثُمَّ اِلٰى رَبِّكُمْ تُرْجَعُوْنَ ﴿١٥﴾

(૧૫) જે શખ્સ કોઇ નેકી કરશે તો તે પોતાનાજ (ભલા) માટે, અને જે બદી કરશે તેનો બોજો પણ તેનાજ માથે રહેશે, પછી (છેવટે) તમે સર્વે જણાં તમારા પરવરદિગાર તરફ ફેરવવામાં આવશો.

وَلَقَدْ اٰتَيْنَا بَنِيْٓ اِسْرَآءِيْلَ الْكِتٰبَ وَالْحُكْمَ وَالنُّبُوَّةَ وَرَزَقْنٰهُمْ مِّنَ الطَّيِّبٰتِ وَفَضَّلْنٰهُمْ عَلَى الْعٰلَمِيْنَ ﴿١٦﴾ۚ

(૧૬) અને ખરેજ અમોએ ઇસરાઇલના વંશજોને કિતાબ (તવરેત) તથા સુબુદ્ધિ તથા નબુવ્વત અર્પણ કર્યા હતા, અને તેમને ખાવા માટે અમોએ સારી સારી વસ્તુઓ આપી હતી, અને તેમને સઘળી દુનિયાવાળાઓ પર શ્રેષ્ઠતા આપી હતી.

وَاٰتَيْنٰهُمْ بَيِّنٰتٍ مِّنَ الْاَمْرِ ۚ فَمَا اخْتَلَفُوْٓا اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْعِلْمُ ۙ بَغْيًۢا بَيْنَهُمْ ۭ اِنَّ رَبَّكَ يَقْضِيْ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ⑰

(૧૭) અને અમોએ તેમને ધર્મને લગતા ખુલ્લા નિયમો આપ્યા હતા, પણ તેમણે આપસમાં જે મતભેદ કર્યો તે તેમને જ્ઞાન થયા પછીજ માત્ર

પરસ્પરની ઇર્ષાના કારણે (કર્યો); બેશક તારો પરવરદિગાર કયામતના દિવસે તેમની વચ્ચે તે સઘળી બાબતો કે જેમાં તેઓ મતભેદ કરતા હતા ફેંસલો કરી દેશે.

ثُمَّ جَعَلْنٰكَ عَلٰى شَرِيْعَةٍ مِّنَ الْاَمْرِ فَاتَّبِعْهَا وَلَا تَتَّبِعْ اَهْوَآءَ
الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ﴿١٨﴾

(૧૮) આ પછી (અય રસૂલ !) અમોએ એજ (ધર્મ) બાબતોના મામલામાં એક શરીઅત (માર્ગ) પર તમને કાયમ કર્યા છે, માટે તમે તેનુંજ અનુકરણ કરો, અને જેઓ અજ્ઞાત છે તે લોકોની ઇચ્છાઓનું અનુકરણ કરજો નહિ.

إِنَّهُمْ لَنْ يُّغْنُوْا عَنْكَ مِنَ اللّٰهِ شَيْـًٔا ؕ وَاِنَّ الظّٰلِمِيْنَ بَعْضُهُمْ
اَوْلِيَآءُ بَعْضٍ ۚ وَاللّٰهُ وَلِيُّ الْمُتَّقِيْنَ ﴿١٩﴾

(૧૯) ખરેજ તેઓ અલ્લાહને ત્યાં તારા કાંઇજ કામમાં નહિ આવે; અને બેશક જુલમગારો એક બીજાના મિત્ર છે, અને પરહેઝગારોનો મિત્ર અલ્લાહ છે.

هٰذَا بَصَآئِرُ لِلنَّاسِ وَهُدًى وَّرَحْمَةٌ لِّقَوْمٍ يُّوْقِنُوْنَ ﴿٢٠﴾

(૨૦) સર્વે લોકો માટે આ (કુરઆન) રોશની છે, અને જેઓ યકીન રાખે છે તેમના માટે હિદાયત તથા રહેમત છે.

اَمۡ حَسِبَ الَّذِیۡنَ اجۡتَرَحُوا السَّیِّاٰتِ اَنۡ نَّجۡعَلَهُمۡ كَالَّذِیۡنَ
اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۙ سَوَآءً مَّحۡیَاهُمۡ وَمَمَاتُهُمۡ ؕ سَآءَ مَا
یَحۡكُمُوۡنَ ﴿۲۱﴾

(૨૧) ભલા તે લોકો કે જેઓ ખરાબ કાર્યો કરે છે તેમણે આ ધારી લીધું છે કે અમે તેમને પણ તે લોકોનાં જેવા ઠરાવીશું કે જેઓ ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો કરે છે, (અને) શું તેમનું જીવવું મરવું સરખું થશે? તેઓ કેવો ખરાબ નિર્ણય કરે છે !

وَخَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ بِالۡحَقِّ وَلِتُجۡزٰی كُلُّ نَفۡسٍۢ بِمَا
كَسَبَتۡ وَهُمۡ لَا یُظۡلَمُوۡنَ ﴿۲۲﴾

(૨૨) અને અલ્લાહે આસમાનો તથા જમીનને સત્ય હેતુપૂર્વક પેદા કર્યાં છે, અને એ માટે કે દરેક વ્યક્તિ પોતાની કરણીનો બદલો પામે; અને તેમના પર હરગિજ જુલ્મ કરવામાં આવશે નહિ.

اَفَرَءَيۡتَ مَنِ اتَّخَذَ اِلٰهَهٗ هَوٰىهُ وَاَضَلَّهُ اللّٰهُ عَلٰى عِلۡمٍ وَّخَتَمَ
عَلٰى سَمۡعِهٖ وَقَلۡبِهٖ وَجَعَلَ عَلٰى بَصَرِهٖ غِشٰوَةً ؕ فَمَنۡ يَّهۡدِيۡهِ مِنۡۢ
بَعۡدِ اللّٰهِ ؕ اَفَلَا تَذَكَّرُوۡنَ ﴿۲۳﴾

(૨૩) (અય રસૂલ !) શું તેં તે માણસની સ્થિતિ પર વિચાર કર્યો કે જેણે પોતાની વાસનાઓને પોતાના ખુદા બનાવી લીધા, અને અલ્લાહે પણ (તે) જાણી લઇને તેનાથી હિદાયતની પ્રેરણા છીનવી લીધી,

અને તેણે તેના કાનો તથા દિલો પર મહોર મારી દીધી, અને તેની આંખો પર પડદો નાખી દીધોઃ માટે અલ્લાહે તેને છોડી દીધા પછી તેની કોણ રાહબરી કરશે ? છતાં તમે બોધ ગ્રહણ નહિ કરો ?

وَقَالُوْا مَا هِيَ اِلَّا حَيَاتُنَا الدُّنْيَا نَمُوْتُ وَنَحْيَا وَمَا يُهْلِكُنَآ اِلَّا الدَّهْرُ ۚ وَمَا لَهُمْ بِذٰلِكَ مِنْ عِلْمٍ ۚ اِنْ هُمْ اِلَّا يَظُنُّوْنَ ﴿٢٤﴾

(૨૪) અને તેઓ કહે છે કે અમારી જિંદગી આ દુનિયાની જ જિંદગી છે, (જેમાં) અમે જીવીએ તથા મરીએ છીએ અને કાળ સિવાય અમારો અંત કોઇ લાવતો નથી, અને તેમને આ વિષયનું કાંઇ જ્ઞાન નથી. તેઓ નરી કલ્પના (દોડાવ્યા) કરે છે.

وَاِذَا تُتۡلٰی عَلَیۡہِمۡ اٰیٰتُنَا بَیِّنٰتٍ مَّا کَانَ حُجَّتَہُمۡ اِلَّاۤ اَنۡ قَالُوا

ائۡتُوۡا بِاٰبَآئِنَاۤ اِنۡ کُنۡتُمۡ صٰدِقِیۡنَ ﴿۲۵﴾

(૨૫) અને જ્યારે અમારી ખુલ્લી આયતો તેમની સામે પઢવામાં આવે છે તો તેમનો દૂરાગ્રહ એ સિવાય બીજો કાઇ હોતો નથી કે તેઓ કહે છે કે જો તમે સાચા છો તો અમારા બાપદાદાઓને (જીવતા કરી) લઇ આવો.

قُلِ اللّٰہُ یُحۡیِیۡکُمۡ ثُمَّ یُمِیۡتُکُمۡ ثُمَّ یَجۡمَعُکُمۡ اِلٰی یَوۡمِ الۡقِیٰمَۃِ

لَا رَیۡبَ فِیۡہِ وَلٰکِنَّ اَکۡثَرَ النَّاسِ لَا یَعۡلَمُوۡنَ ﴿۲۶﴾

(૨૬) (અય રસૂલ !) તું કહે કે અલ્લાહજ તમને જીવાડે છે અને એજ તમને મૃત્યુ આપે છે, પછી

એજ તમને કયામતના દિવસે કે જે (ના આવવા)માં કાંઇ સંદેહ નથી તમો સર્વેને ભેગા કરી લેશે, પણ ઘણાં ખરા લોકો (તે) જાણતા નથી.

وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَيَوْمَ تَقُوْمُ السَّاعَةُ يَوْمَئِذٍ يَّخْسَرُ الْمُبْطِلُوْنَ ﴿٢٧﴾

(૨૭) અને આસમાનો તથા જમીનનો (સઘળો) અધિકાર અલ્લાહને જ છે; અને જે દિવસે કયામત કાયમ થશે તે દિવસે (સત્યને) જૂઠલાવનારા નુકસાનમાં રહેશે.

وَتَرٰى كُلَّ اُمَّةٍ جَاثِيَةً ۫ كُلُّ اُمَّةٍ تُدْعٰۤى اِلٰى كِتٰبِهَا ؕ اَلْيَوْمَ تُجْزَوْنَ مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿٢٨﴾

(૨૮) અને તું દરેક ઉમ્મતને ગુઠણો પર પડેલી ઉભેલી નિહાળશે, દરેક ઉમ્મતને પોત પોતાની કરણીના લેખ તરફ બોલાવવામાં આવશે; (અને તેમને કહેવામાં આવશે કે) જે કાર્યો તમે કર્યા કરતા હતા તેનો બદલો આજે મેળવશો.

هٰذَا كِتٰبُنَا يَنْطِقُ عَلَيْكُمْ بِالْحَقِّ ؕ اِنَّا كُنَّا نَسْتَنْسِخُ مَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۲۹﴾

(૨૯) આ અમારૂં લખાણ તમારી વિરૂધ્ધ યોગ્ય સાક્ષી આપે છે; જે જે કાર્યો તમે કર્યા કરતા હતા તે ખરેખરજ અમે લખી લેતા હતા.

فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُدْخِلُهُمْ رَبُّهُمْ فِيْ

رَحْمَتِهٖ ؕ ذٰلِكَ هُوَالْفَوْزُ الْمُبِيْنُ۝۳۰

(30) પછી જે લોકો ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો કર્યા છે તેમને તો તેમનો પરવરદિગાર પોતાની રહેમતમાં દાખલ કરી લેશે, એજ તો ખુલ્લી સફળતા છે.

وَاَمَّا الَّذِيْنَ كَفَرُوْا ۟ اَفَلَمْ تَكُنْ اٰيٰتِيْ تُتْلٰى عَلَيْكُمْ

فَاسْتَكْبَرْتُمْ وَكُنْتُمْ قَوْمًا مُّجْرِمِيْنَ۝۳۱

(૩૧) હવે રહ્યા તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા ન હતા, (તેમને કહેવામાં આવશે કે) શું મારી આયતો તમારી સામે પઢવામાં આવતી ન હતી ? પણ તમે

તેનાથી અકડ્યા કરતા હતા, અને તમે હતા જ ગુનેહગાર લોકો.

وَإِذَا قِيلَ إِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّالسَّاعَةُ لَا رَيْبَ فِيهَا قُلْتُم مَّا نَدْرِي مَا السَّاعَةُ ۙ إِن نَّظُنُّ إِلَّا ظَنًّا وَّمَا نَحْنُ بِمُسْتَيْقِنِينَ ﴿٣٢﴾

(૩૨) અને જ્યારે આ કહેવામાં આવતું હતું કે ખરેજ અલ્લાહનો વાયદો સાચો છે અને કયામતની બાબતમાં કાંઇ સંદેહ નથી, ત્યારે તમે કહી દેતા કે કયામત શી વસ્તુ છે તે અમે જાણતા જ નથી, અને કદાચને હોય તો તે પણ અમને તો

ભ્રમ જેવીજ લાગે છે, અને અમને તેની મુદ્દલ ખાત્રી નથી.

وَبَدَا لَهُمْ سَيِّاٰتُ مَا عَمِلُوْا وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿٣٣﴾

(33) અને તેઓ જે કામો કરતા હતા તેની બૂરાઇઓ તેમની સામે ઉઘડી જશે, અને જે વસ્તુઓની હાંસી ઉડાવ્યા કરતા હતા તેજ તેમને ઘેરી લેશે.

وَقِيْلَ الْيَوْمَ نَنْسٰىكُمْ كَمَا نَسِيْتُمْ لِقَآءَ يَوْمِكُمْ هٰذَا وَمَاْوٰىكُمُ النَّارُ وَمَا لَكُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٣٤﴾

(૩૪) અને (તેમને) કહેવામાં આવશે કે આજે અમે તમને એવીજ રીતે ભૂલી જઇએ છીએ કે જેવી રીતે તમે આ દિવસના આવવાને ભૂલી ગયા હતા, અને તમારૂં ઠેકાણું જહન્નમ છે, અને (હવે) તમારો કોઇ મદદગાર નથી.

ذٰلِكُمۡ بِاَنَّكُمُ اتَّخَذۡتُمۡ اٰيٰتِ اللّٰهِ هُزُوًا وَّغَرَّتۡكُمُ الۡحَيٰوةُ
الدُّنۡيَا ۚ فَالۡيَوۡمَ لَا يُخۡرَجُوۡنَ مِنۡهَا وَلَا هُمۡ يُسۡتَعۡتَبُوۡنَ ﴿۳۵﴾

(૩૫) આ એ માટે કે તમોએ અલ્લાહની આયતોને મશ્કરીનું સાધન બનાવી લીધું હતું, અને દુનિયાની જિંદગીએ તમને ધોકો આપ્યો હતો, જેથી તેઓ તે દિવસે તેમાંથી બહાર જવા પામશે નહિ, અને ન

તેમને (પસ્તાવો કરી અલ્લાહને) રાજી કરી લેવાની તક આપવામાં આવશે.

فَلِلّٰهِ الْحَمْدُ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٣٦﴾

(૩૬) માટે દરેક પ્રકારની તાઅરીફ અલ્લાહ માટે છે કે જે આસમાનોનો પરવરદિગાર તથા જમીનનો પરવરદિગાર (અને) સર્વ જગતોનો પરવરદિગાર છે.

وَلَهُ الْكِبْرِيَآءُ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ ۪ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٣٧﴾

(૩૭) અને આસમાનોમાં તથા જમીનમાં તેનીજ મોટાઇ છે; અને તે મહા પ્રબળ (અને) હિકમતવાળો છે.

حٰمٓ ﴿١﴾

(૧) હા મીમ

تَنۡزِيۡلُ الۡكِتٰبِ مِنَ اللّٰهِ الۡعَزِيۡزِ الۡحَكِيۡمِ ﴿٢﴾

(૨) આ કિતાબ (કુરઆન) ઝબરદસ્ત હિકમતવાળા અલ્લાહ તરફથી ઉતરી છે.

مَا خَلَقۡنَا السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَمَا بَيۡنَهُمَاۤ اِلَّا بِالۡحَقِّ وَاَجَلٍ مُّسَمًّى ؕ وَالَّذِيۡنَ كَفَرُوۡا عَمَّاۤ اُنۡذِرُوۡا مُعۡرِضُوۡنَ ﴿٣﴾

(3) અમોએ આસમાનો તથા જમીન અને જે કાંઇ તે બન્નેની વચ્ચે છે તે સઘળું નથી પેદા કર્યું પણ સત્ય હેતુપૂર્વક અને એક નિશ્ચિત સમય માટે; અને

જે લોકો ઇમાન નથી લાવ્યા તેમને જે વસ્તુઓ વડે ડરાવવામાં આવે છે તેનાથી તેઓ મોઢું ફેરવી લે છે.

قُلۡ اَرَءَیۡتُمۡ مَّا تَدۡعُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰہِ اَرُوۡنِیۡ مَاذَا خَلَقُوۡا مِنَ
الۡاَرۡضِ اَمۡ لَہُمۡ شِرۡکٌ فِی السَّمٰوٰتِ ؕ اِیۡتُوۡنِیۡ بِکِتٰبٍ مِّنۡ
قَبۡلِ ہٰذَاۤ اَوۡ اَثٰرَۃٍ مِّنۡ عِلۡمٍ اِنۡ کُنۡتُمۡ صٰدِقِیۡنَ ﴿۴﴾

(૪) (અય રસૂલ !) તું કહે કે ભલા તમોએ વિચાર પણ કર્યો કે જે વસ્તુઓને તમે અલ્લાહના સિવાય પોકારો છો ? મને દેખાડો કે તેમણે જમીનમાં શું ઉત્પન્ન કર્યું છે, અથવા તેમણે આસમાનો (ના સર્જન)માં પણ કાંઇ ભાગ લીધો છે ? અગર તમે

(તમારા દાવામાં) સાચા છો તો આ (કુરઆન) પહેલાંની એકાદ કિતાબ અથવા જ્ઞાનથી ભરેલું કોઇ કથન મારી પાસે લઇ આવો.

وَمَنْ اَضَلُّ مِمَّنْ يَّدْعُوْا مِنْ دُوْنِ اللّٰهِ مَنْ لَّا يَسْتَجِيْبُ لَهٗۤ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ وَهُمْ عَنْ دُعَآئِهِمْ غٰفِلُوْنَ۝۵

(૫) અને તેના કરતાં વધારે ગુમરાહ કોણ હશે જે અલ્લાહને છોડી એવાઓને પોકારે કે જે કયામત સુધી તેને જવાબ જ ન આપે, અને તેઓ તે(મુશ્રિકો)ના પોકારવાથી બેખબર પણ રહે.

وَاِذَا حُشِرَ النَّاسُ كَانُوْا لَهُمْ اَعْدَآءً وَّكَانُوْا بِعِبَادَتِهِمْ كٰفِرِيْنَ۝۶

(૬) અને (કયામતના દિવસે) જ્યારે સઘળાં લોકો ભેગાં કરવામાં આવશે, ત્યારે તેઓ (માઅબૂદો) તેમનાં શત્રુ બની જશે, અને તેમની ઇબાદતનો પણ ઇન્કાર કરશે.

وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلْحَقِّ لَمَّا جَآءَهُمْ ۙ هٰذَا سِحْرٌ مُّبِيْنٌ ۟ؕ

(૭) અને જ્યારે તેમની સામે અમારી સ્પષ્ટ આયતો પઢવામાં આવે છે ત્યારે જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ તેમની પાસે સત્ય આવ્યું ત્યારે તેના સંબંધમાં કહે છે કે આ તો ખુલ્લો જાદુ છે.

اَمۡ يَقُوۡلُوۡنَ افۡتَرٰىهُ‌ ؕ قُلۡ اِنِ افۡتَرَيۡتُهٗ فَلَا تَمۡلِكُوۡنَ لِىۡ مِنَ اللّٰهِ
شَيۡـــًٔا ‌ؕ هُوَ اَعۡلَمُ بِمَا تُفِيۡضُوۡنَ فِيۡهِ‌ ؕ كَفٰى بِهٖ شَهِيۡدًاۢ بَيۡنِىۡ
وَبَيۡنَكُمۡ‌ ؕ وَهُوَ الۡغَفُوۡرُ الرَّحِيۡمُ‏ ﴿۸﴾

(૮) શું તેઓ એમ કહે છે કે આ (કુરઆન)ને (રસૂલે) પોતે ઘડી કાઢ્યું છે ? (અય રસૂલ !) તું કહે કે જો મેં તે મારા તરફથી ઘડી કાઢ્યું હોય તો પણ તમે અલ્લાહની સામે મારા કોઇ કામમાં નહિ આવો; જે જે વાતો તે (કુરઆન)ના સંબંધી તમે ઉડાડો છો તેનાથી તે સારી રીતે વાકેફ છે; મારી તથા તમારી વચ્ચે સાક્ષી આપવા માટે એજ

(અલ્લાહ) પૂરતો છે; અને તે સૌથી મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છે.

قُلْ مَا كُنْتُ بِدْعًا مِّنَ الرُّسُلِ وَمَآ اَدْرِىْ مَا يُفْعَلُ بِىْ وَلَا
بِكُمْ ؕ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰٓى اِلَىَّ وَمَآ اَنَا اِلَّا نَذِيْرٌ مُّبِيْنٌ ⑨

(૯) તું કહે કે હું રસૂલોમાંથી એક નવો (અને પહેલોજ રસૂલ) નથી, અને હું એ પણ નથી જાણતો કે મારી સાથે કેમ વર્તવામાં આવશે, અને ન આ કે તમારી સાથે કેમ વર્તવામાં આવશે; હું તો માત્ર મારા તરફ જે વહી કરવામાં આવે છે તેનુંજ અનુકરણ કરૂં છું, અને હું તો માત્ર એક ખુલ્લો ડરાવનારો છું.

قُلْ اَرَءَيْتُمْ اِنْ كَانَ مِنْ عِنْدِ اللّٰهِ وَ كَفَرْتُمْ بِهٖ وَشَهِدَ شَاهِدٌ
مِّنْۢ بَنِيْٓ اِسْرَآءِيْلَ عَلٰى مِثْلِهٖ فَاٰمَنَ وَاسْتَكْبَرْتُمْ ؕ اِنَّ اللّٰهَ لَا
يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿١٠﴾

(૧૦) તું કહે કે ભલા તમોએ આ (વાત)માં પણ વિચાર કર્યો કે જો આ (કુરઆન) અલ્લાહના તરફથી હોય અને (છતાં) તમે તેનો ઇન્કાર કરો, અને વળી બની ઇસરાઇલમાંથી એક સાક્ષીએ એવા એક (પુસ્તકના પ્રગટ થવાની) સાક્ષી પણ આપી હોય, અને તે ઇમાન પણ લાવ્યો હોય, તે છતાં તમે સરકશ (નાફરમાન અવજ્ઞાકારી) બની રહ્યા હો (તો તમારા ઝાલિમ હોવામાં સંદેહ જ શો

છે)? બેશક અલ્લાહ ઝુલમગાર લોકોની રાહબરી કરતો નથી.

وَقَالَ الَّذِيۡنَ كَفَرُوۡا لِلَّذِيۡنَ اٰمَنُوۡا لَوۡ كَانَ خَيۡرًا مَّا سَبَقُوۡنَاۤ اِلَيۡهِ‌ؕ وَاِذۡ لَمۡ يَهۡتَدُوۡا بِهٖ فَسَيَقُوۡلُوۡنَ هٰذَاۤ اِفۡكٌ قَدِيۡمٌ ﴿۱۱﴾

(૧૧) અને નાસ્તિકો ઇમાનદારોના સંબંધમાં કહે છે કે આ (રસૂલ જે કાંઇ લાવ્યો છે તે) સારૂં હોત તો આ લોકો તેના તરફ અમારાથી પહેલ કરતે નહિ; અને કારણ કે તેઓ તે (કુરઆન) વડે હિદાયત મેળવવા ઇચ્છતા નથી એટલે તેઓ એજ કહેશે કે આ તો પ્રાચીન વખતનું જૂઠાણું છે.

وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰۤى اِمَامًا وَّرَحْمَةً ؕ وَهٰذَا كِتٰبٌ مُّصَدِّقٌ

لِّسَانًا عَرَبِيًّا لِّيُنْذِرَ الَّذِيْنَ ظَلَمُوْا ۖۗ وَبُشْرٰى لِلْمُحْسِنِيْنَ ﴿١٢﴾

(૧૨) અને આ (કુરઆન ઉતરવા) પહેલાં મૂસાની કિતાબ (પ્રગટ થઇ ચૂકી હતી કે જે) માર્ગદર્શક અને રહેમત હતી; અને આ અરબી ભાષામાં (હોઇ મૂસાની કિતાબની) સત્યતા (ને સમર્થન) આપનારી છે કે જેથી જે લોકો ઝુલમગાર છે તેમને (અલ્લાહના અઝાબથી) ડરાવે, અને નેકી કરનારાઓને ખુશખબર આપે.

اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا فَلَا خَوْفٌ عَلَيْهِمْ

وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿١٣﴾

(૧૩) બેશક જે લોકો એમ કહે છે કે અમારો પરવરદિગાર અલ્લાહ છે, પછી એ (માન્યતા) ઉપર મક્કમ રહે છે, તો તેમને ન તો કાંઇ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

أُولَٰٓئِكَ أَصْحٰبُ الْجَنَّةِ خٰلِدِيْنَ فِيْهَا ۚ جَزَآءًۢ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٤﴾

(૧૪) એજ લોકો જન્નતી છે, તેમાં તેઓ હંમેશના રહેનારા છે; આ બદલો તેઓ જે (સારા) કાર્યો કરતા હતા તેનો છે.

وَوَصَّيْنَا الْاِنْسَانَ بِوَالِدَيْهِ اِحْسٰنًا ؕ حَمَلَتْهُ اُمُّهٗ كُرْهًا وَّوَضَعَتْهُ كُرْهًا ؕ وَحَمْلُهٗ وَفِصٰلُهٗ ثَلٰثُوْنَ شَهْرًا ؕ حَتّٰٓى اِذَا بَلَغَ

اَشُدَّهٗ وَبَلَغَ اَرۡبَعِيۡنَ سَنَةً ۙ قَالَ رَبِّ اَوۡزِعۡنِىۡۤ اَنۡ اَشۡكُرَ
نِعۡمَتَكَ الَّتِىۡۤ اَنۡعَمۡتَ عَلَىَّ وَعَلٰى وَالِدَىَّ وَاَنۡ اَعۡمَلَ صَالِحًا
تَرۡضٰٮهُ وَاَصۡلِحۡ لِىۡ فِىۡ ذُرِّيَّتِىۡ ؕ اِنِّىۡ تُبۡتُ اِلَيۡكَ وَاِنِّىۡ مِنَ
الۡمُسۡلِمِيۡنَ ﴿۱۵﴾

(૧૫) અને અમોએ ઈન્સાનને તેના માતપિતાના સંબંધમાં ઉપકાર (ભલાઇ) કરવાનો હુકમ આપ્યો છે; (કારણ કે) તેની માએ તેને તકલીફ સાથે ગર્ભાશયમાં રાખ્યો, અને (વળી) તકલીફ સાથે તેને જણ્યો; અને તેના ગર્ભ(માં રહેવા)ની તથા દૂધ છોડાવવા (સુધી)ની મુદ્દત ત્રીસ મહિના થઇ; અહીં સુધી કે જ્યારે તે પોતાની પૂરેપૂરી શક્તિએ પહોંચી

ગયો અને ચાલીસ વર્ષની વયે પહોંચ્યો ત્યારે તેણે અરજ કરી કે અય મારા પરવરદિગાર! મને એવી પ્રેરણા આપ કે હું તારી તે બક્ષિશોનો આભાર માનું કે જે તેં મારા પર તથા મારા માતપિતા પર કરી છે, અને હું કોઇ એવું સારૂ કાર્ય કરૂં કે જે તને પસંદ પડે, અને મારા માટે મારી ઓલાદમાં સદાચારીઓ પેદા કરી દે; બેશક હું તારી હજૂરમાં રજૂ થાઉં છું, અને બેશક હું આજ્ઞાપાલકો માંનો છું.

أُولَٰٓئِكَ الَّذِيْنَ نَتَقَبَّلُ عَنْهُمْ اَحْسَنَ مَا عَمِلُوْا وَنَتَجَاوَزُ عَنْ
سَيِّاٰتِهِمْ فِيْٓ اَصْحٰبِ الْجَنَّةِ ؕ وَعْدَ الصِّدْقِ الَّذِيْ كَانُوْا
يُوْعَدُوْنَ ﴿١٦﴾

(૧૬) જન્નતીઓ માંના આ એજ લોકો છે કે તેમણે જે જે સત્કાર્યો કર્યા છે તે અમે કબૂલ કરી લઇશું; અને તેમના દુરાચારોથી અમે દરગુજર કરીશું; (આ) સાચો વાયદો છે જે તેમનાથી (દુનિયામાં) કરવામાં આવ્યો હતો.

وَالَّذِيْ قَالَ لِوَالِدَيْهِ اُفٍّ لَّكُمَآ اَتَعِدٰنِنِيْٓ اَنْ اُخْرَجَ وَقَدْ
خَلَتِ الْقُرُوْنُ مِنْ قَبْلِيْ ۚ وَهُمَا يَسْتَغِيْثٰنِ اللّٰهَ وَيْلَكَ اٰمِنْ ۖ
اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ ۚ فَيَقُوْلُ مَا هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ﴿١٧﴾

(૧૭) અને તે શખ્સ કે જેણે (પોતાના) માબાપને કહ્યું કે મને તો તમારા પ્રત્યે નફરત છે; શું તમે બન્ને મને એ (વાતથી) ડરાવો છો કે હું કબરમાંથી

(પાછો) કાઢવામાં આવીશ ? જો કે મારી પહેલાં ઘણી પેઢીઓ પસાર થઇ ગઇ છે (પણ કોઇ પાછી જીવતી થઇ નથી); અને બન્ને (મા બાપ) એ અલ્લાહ પાસે ફરિયાદ કરી મદદ માંગતા તેને કહેતા હતા કે અફસોસ તારી હાલત પર ! તું ઇમાન લઇ આવ, બેશક અલ્લાહનો વાયદો સાચો છે, પરંતુ તે એજ કહેતો રહ્યો કે એ તો કેવળ આગલાઓની કહાણીઓછે.

أُولَٰٓئِكَ الَّذِيْنَ حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ فِيْٓ أُمَمٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِمْ مِّنَ الْجِنِّ وَالْإِنْسِ ۖ إِنَّهُمْ كَانُوْا خٰسِرِيْنَ ۝١٨

(૧૮) આ એજ લોકો છે કે જેમના ઉપર શિક્ષાનું વચન સિદ્ધ થઇ ચૂક્યું છે, તેમની અગાઉ થઇ

ગએલી જિન્નાતો અને ઇન્સાનોની ઉમ્મતોની જેમ; બેશક તેઓ હતા જ નુકસાન પામનારા.

وَلِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا عَمِلُوْا ۚ وَلِيُوَفِّيَهُمْ اَعْمَالَهُمْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿١٩﴾

(૧૯) અને દરેક માટે તેમના કર્મોના પ્રમાણમાં દરજ્જા છે અને તે એ માટે કે અલ્લાહ તેમના કાર્યોનો પૂરેપૂરો બદલો આપે અને તેમના પર કાંઇ જુલમ કરવામાં ન આવે.

وَيَوْمَ يُعْرَضُ الَّذِيْنَ كَفَرُوْا عَلَى النَّارِ ؕ اَذْهَبْتُمْ طَيِّبٰتِكُمْ فِيْ حَيَاتِكُمُ الدُّنْيَا وَاسْتَمْتَعْتُمْ بِهَا ۚ فَالْيَوْمَ تُجْزَوْنَ

عَذَابَ الْهُوْنِ بِمَا كُنْتُمْ تَسْتَكْبِرُوْنَ فِي الْأَرْضِ بِغَيْرِ الْحَقِّ
وَبِمَا كُنْتُمْ تَفْسُقُوْنَ ﴿٢٠﴾

(૨૦) અને જે દિવસે તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા જહન્નમ સમક્ષ લાવવામાં આવશે ત્યારે (તેમને કહેવામાં આવશે કે) તમે સંસારી જિંદગીમાં તો તમારા ભાગની સારી વસ્તુઓ લઇ ચૂક્યા, અને તેનો લાભ પણ મેળવી ચૂક્યા, અને તમે જમીનમાં વિના કારણે મગરૂર રહેતા હતા તથા તમે અત્યાચાર કર્યા કરતા હતા તે કારણે આજે તમને હીણપતભર્યા અઝાબનો બદલો આપવામાં આવે છે.

وَاذۡکُرۡ اَخَا عَادٍ ؕ اِذۡ اَنۡذَرَ قَوۡمَهٗ بِالۡاَحۡقَافِ وَقَدۡ خَلَتِ النُّذُرُ
مِنۡۢ بَیۡنِ یَدَیۡهِ وَمِنۡ خَلۡفِهٖۤ اَلَّا تَعۡبُدُوۡۤا اِلَّا اللّٰهَ ؕ اِنِّیۡۤ اَخَافُ
عَلَیۡکُمۡ عَذَابَ یَوۡمٍ عَظِیۡمٍ ﴿۲۱﴾

(૨૧) (અય રસૂલ !) આદ (ની કોમ)ના ભાઇ (હૂદ)ને યાદ કર; જ્યારે તેણે પોતાની કોમને અહકાફ (ના રેતાળ પ્રદેશ)માં ડરાવ્યા, જો કે તેની આગળના તથા પછી બીજા પણ ડરાવનારા આવી ચૂક્યા હતા, (એમ કહીને કે) તમે લોકો અલ્લાહના સિવાય બીજા કોઇની ઇબાદત કરો નહિ; બેશક મને તમારા માટે મહાન દિવસના અઝાબનો અંદેશો છે.

قَالُوْٓا اَجِئْتَنَا لِتَاْفِكَنَا عَنْ اٰلِهَتِنَا ۚ فَاْتِنَا بِمَا تَعِدُنَآ اِنْ
كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٢٢﴾

(૨૨) તેમણે કહ્યું શું તું એ માટે આવ્યો છે કે અમને અમારા માઅબૂદોથી ફેરવી નાખે ? માટે જો તું સાચાઓ માંનો હોય તો જે વસ્તુથી અમને ડરાવે છે તે અમારા પર લઇ આવ.

قَالَ اِنَّمَا الْعِلْمُ عِنْدَ اللّٰهِ ۖ وَاُبَلِّغُكُمْ مَّآ اُرْسِلْتُ بِهٖ وَلٰكِنِّيْٓ
اَرٰىكُمْ قَوْمًا تَجْهَلُوْنَ ﴿٢٣﴾

(૨૩) તેણે ફરમાવ્યું કે તે (નું) જ્ઞાન તો અલ્લાહ પાસે છે, અને હું તો જે સંદેશા સાથે મોકલવામાં

આવ્યો છું તેજ પહોંચાડી રહ્યો છું, પરંતુ હું જોઉં છું કે તમે (તદ્દન) અજ્ઞાની લોકો છો.

فَلَمَّا رَاَوۡهُ عَارِضًا مُّسۡتَقۡبِلَ اَوۡدِيَتِهِمۡ ۙ قَالُوۡا هٰذَا عَارِضٌ مُّمۡطِرُنَا ؕ بَلۡ هُوَ مَا اسۡتَعۡجَلۡتُمۡ بِهٖ ؕ رِيۡحٌ فِيۡهَا عَذَابٌ اَلِيۡمٌ ﴿ۙ۲۴﴾

(૨૪) પછી જ્યારે તેમણે પોતાના મેદાનો તરફ તે (અઝાબ)ને એક વાદળના આકારમાં આવતાં જોયો ત્યારે તેઓ કહેવા લાગ્યા કે આ એક વાદળ છે કે જે અમારા પર વરસાદ વરસાવશે; (ત્યારે હૂદે ફરમાવ્યું, ના) બલ્કે એ તો તે (અઝાબ) છે કે જેના

માટે તમે ઉતાવળ કર્યા કરતા હતા; (યાને) એક વાવાઝોડું છે જેમાં દર્દભર્યો અઝાબ છે:

تُدَمِّرُ كُلَّ شَيْءٍۭ بِاَمْرِ رَبِّهَا فَاَصْبَحُوْا لَا يُرٰۤى اِلَّا مَسٰكِنُهُمْ ؕ كَذٰلِكَ نَجْزِى الْقَوْمَ الْمُجْرِمِيْنَ ﴿٢٥﴾

(૨૫) તે પોતાના પરવરદિગારની આજ્ઞાથી દરેક વસ્તુનો નાશ કરી નાખશે; પછી તેઓ એકાએક એવા થઇ ગયા કે તેમના (ખાલી) મકાન જ મકાન નજરે પડતા હતા. અમે ગુનેહગારોને એવીજ રીતે બદલો આપ્યા કરીએ છીએ.

وَلَقَدْ مَكَّنّٰهُمْ فِيْمَاۤ اِنْ مَّكَّنّٰكُمْ فِيْهِ وَجَعَلْنَا لَهُمْ سَمْعًا وَّاَبْصَارًا وَّاَفْـِٕدَةً ۖ فَمَاۤ اَغْنٰى عَنْهُمْ سَمْعُهُمْ وَلَاۤ اَبْصَارُهُمْ

وَلَآ اَفۡـِٕدَتُهُمۡ مِّنۡ شَیۡءٍ اِذۡ كَانُوۡا یَجۡحَدُوۡنَ ۙ بِاٰیٰتِ اللّٰهِ وَحَاقَ
بِهِمۡ مَّا كَانُوۡا بِهٖ یَسۡتَهۡزِءُوۡنَ ﴿۲۶﴾

(૨૬) અને ખરેજ અમોએ તેમને તે (ભૂમી)માં સ્થાયી કરીને એવા સમર્થ બનાવી દીધા હતા કે તેવા સમર્થ તમને તેમાં નથી બનાવ્યા, અને અમોએ તેમને પણ કાન તથા આંખો તથા દિલો આપ્યા હતા, પછી જ્યારે તેઓ અલ્લાહની નિશાનીઓનો ઇન્કાર કરવા લાગ્યા ત્યારે ન તેમના કાન કામમાં આવ્યા અને ન તેમની આંખો અને ન તેમના દિલો અને જે (અઝાબ)ની તેઓ હાંસી ઉડાડતા હતા તેણેજ તેમને ઘેરી લીધા.

وَلَقَدْ اَهْلَكْنَا مَا حَوْلَكُمْ مِّنَ الْقُرٰى وَصَرَّفْنَا الْاٰيٰتِ لَعَلَّهُمْ
يَرْجِعُوْنَ﴿۲۷﴾

(૨૭) અને (અય મક્કાવાસીઓ !) ખરેજ અમોએ તમારી આજુબાજુની વસ્તીઓનો નાશ કર્યો, અને તે(ને લગતી) આયતો અમે વારંવાર વર્ણવતા રહીએ છીએ કે કદાચને તેઓ (સન્માર્ગે) પાછા ફરે.

فَلَوْلَا نَصَرَهُمُ الَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ قُرْبَانًا اٰلِهَةً ؕ بَلْ
ضَلُّوْا عَنْهُمْ ۚ وَذٰلِكَ اِفْكُهُمْ وَمَا كَانُوْا يَفْتَرُوْنَ﴿۲۸﴾

(૨૮) પછી તેમણે કે જેમને તેઓએ અલ્લાહના સિવાય નજદીકી મેળવવાના હેતુથી માઅબૂદો બનાવી લીધા હતા તેમની સહાય કેમ ન કરી ?

બલ્કે તેઓ તો તેમનાથી અદ્રશ્ય થઇ ગયા, અને આજ તેમનું અસત્ય તથા તેમની ઉપજાવી કાઢેલી (હકીકત) છે.

وَاِذْ صَرَفْنَآ اِلَيْكَ نَفَرًا مِّنَ الْجِنِّ يَسْتَمِعُوْنَ الْقُرْاٰنَ ۚ فَلَمَّا حَضَرُوْهُ قَالُوْٓا اَنْصِتُوْا ۚ فَلَمَّا قُضِىَ وَلَّوْا اِلٰى قَوْمِهِمْ مُّنْذِرِيْنَ ﴿٢٩﴾

(૨૯) અને (તે સમયને યાદ કર) જ્યારે અમોએ જિન્નાતોના એક ટોળાંને તારી તરફ તારૂં કુરઆનનું વાંચન ધ્યાનપૂર્વક સાંભળવા માટે આકર્ષ્યું હતું, પછી જ્યારે તેઓએ તે સાંભળવા હાજર થયા તો એક બીજાને કહેવા લાગ્યા કે ખામોશ રહો; પછી

જ્યારે તે પુરૂં થઇ ચૂક્યું ત્યારે તેઓ (અલ્લાહની શિક્ષાથી) ડરાવનારા બની પોતાની કોમમાં પાછા ગયા.

قَالُوْا يٰقَوْمَنَآ اِنَّا سَمِعْنَا كِتٰبًا اُنْزِلَ مِنْۢ بَعْدِ مُوْسٰى مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ يَهْدِيْٓ اِلَى الْحَقِّ وَاِلٰى طَرِيْقٍ مُّسْتَقِيْمٍ ۝٣٠

(30) (અને ત્યાં જઇ) કહેવા લાગ્યા કે અય અમારી કોમ ! અમે એક એવી કિતાબ સાંભળીને આવ્યા છીએ કે જે મૂસાની પછી ઉતારવામાં આવી છે, જે તેની આગળની કિતાબની સચ્ચાઇ (ને સમર્થન) આપનારી છે, અને સત્યતા તરફ તથા સન્માર્ગ તરફ હિદાયત કરનારી છે.

يٰقَوْمَنَآ اَجِيْبُوْا دَاعِيَ اللّٰهِ وَاٰمِنُوْا بِهٖ يَغْفِرْ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ
وَيُجِرْكُمْ مِّنْ عَذَابٍ اَلِيْمٍ ﴿٣١﴾

(૩૧) અય અમારી કોમ ! અલ્લાહના તરફ બોલાવનારની વાત માનો અને તેના પર ઇમાન લઇ આવો; અલ્લાહ તમારા ગુનાહ માફ કરી દેશે અને તમને દુ:ખદાયક અઝાબથી ઉગારી લેશે.

وَمَنْ لَّا يُجِبْ دَاعِيَ اللّٰهِ فَلَيْسَ بِمُعْجِزٍ فِي الْاَرْضِ وَلَيْسَ لَهٗ
مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءُ ؕ اُولٰٓئِكَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٣٢﴾

(૩૨) અને જે શખસ અલ્લાહના તરફ બોલાવનારની વાત નહિ માને તે જમીનમાં (તેને) હરગિજ લાચાર બનાવી નહિ શકે, અને તે

(અલ્લાહ)ના સિવાય તેનો કોઇ કાર્યસાધક થશે નહિ; એજ લોકો છે કે જે ખુલ્લી ગુમરાહીમાં છે.

أَوَلَمْ يَرَوْا أَنَّ اللَّهَ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَلَمْ يَعْيَ
بِخَلْقِهِنَّ بِقَادِرٍ عَلَىٰ أَنْ يُحْيِيَ الْمَوْتَىٰ ۚ بَلَىٰ إِنَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ
قَدِيرٌ ﴿٣٣﴾

(33) શું તેમણે આ નથી વિચાર્યું કે અલ્લાહ કે જેણે આસમાનો તથા જમીનોને પેદા કર્યાં છે, અને તેના પેદા કરવાથી (મુદ્દલ) થાક્યો નહિ, એજ અલ્લાહ મુડદાઓને પણ સજીવન કરી દેવાનો કાબૂ ધરાવે છે?

وَيَوْمَ يُعْرَضُ الَّذِيْنَ كَفَرُوْا عَلَى النَّارِ ؕ اَلَيْسَ هٰذَا بِالْحَقِّ ؕ
قَالُوْا بَلٰى وَرَبِّنَا ؕ قَالَ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ
تَكْفُرُوْنَ ﴿۳۴﴾

(૩૪) અને જે દિવસે તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા જહન્નમ સમક્ષ લાવવામાં આવશે, (અને તેમને કહેવામાં આવશે કે) શું આ સત્ય નથી ? ત્યારે કહેશે કે અમારા પરવરદિગારની કસમ ! આ ખરેખર (સત્ય) છે; ફરમાવશે કે તમે ઇન્કાર કર્યા કરતા હતા તે કારણે હવે અઝાબની મજા ચાખો.

فَاصۡبِرۡ كَمَا صَبَرَ اُولُوا الۡعَزۡمِ مِنَ الرُّسُلِ وَلَا تَسۡتَعۡجِلۡ
لَّهُمۡ ؕ كَاَنَّهُمۡ يَوۡمَ يَرَوۡنَ مَا يُوۡعَدُوۡنَ ۙ لَمۡ يَلۡبَثُوۡۤا اِلَّا سَاعَةً
مِّنۡ نَّهَارٍ ؕ بَلٰغٌ ۚ فَهَلۡ يُهۡلَكُ اِلَّا الۡقَوۡمُ الۡفٰسِقُوۡنَ ﴿۳۵﴾

(૩૫) માટે (અય રસૂલ !) તું પણ એવીજ ધીરજ ધર જેવી કે રસૂલોમાંથી ઉલુલ અઝમ (મહા હિમ્મતવાળા) રસૂલોએ ધરી હતી, અને તેમના માટે (અઝાબની) ઉતાવળ ન કર; જે દિવસે આ લોકો તે (અઝાબ)ને નિહાળશે કે જેનો તેમને વાયદો કરવામાં આવે છે ત્યારે તેમને એવું લાગશે કે દિવસના એક કલાક કરતાં વધુ (સમય) તેઓ દુનિયામાં થોભ્યા ન હતા; (અય રસૂલ !) તારો

(સંદેશો) પહોંચાડવો જ બસ છે. શું નાફરમાન લોકો સિવાય અન્ય કોઇ નાશ પામશે?

اَلَّذِيۡنَ كَفَرُوۡا وَصَدُّوۡا عَنۡ سَبِيۡلِ اللّٰهِ اَضَلَّ اَعۡمَالَهُمۡ ①

(૧) જે લોકો ઇમાન લાવ્યા નથી અને (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવ્યા છે તેમના કર્મો તે (અલ્લાહ) રદ કરી નાખશે.

وَالَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاٰمَنُوۡا بِمَا نُزِّلَ عَلٰى مُحَمَّدٍ وَّهُوَ الۡحَـقُّ مِنۡ رَّبِّهِمۡ ۙ كَفَّرَ عَنۡهُمۡ سَيِّاٰتِهِمۡ وَاَصۡلَحَ بَالَهُمۡ ②

(૨) અને જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તથા મોહમ્મદ (સ.) પર જે કાંઇ ઉતારવામાં આવ્યું છે તેના પર પણ ઇમાન લાવ્યા કે જે (કુરઆન) સત્ય છે, અને જે તેના પરવરદિગાર તરફથી ઉતર્યું છે, તો (અલ્લાહ) તેમનાથી તેમની

બદીઓ દૂર કરી દેશે, અને તેમની સ્થિતિ સુધારી દેશે.

ذٰلِكَ بِاَنَّ الَّذِيْنَ كَفَرُوا اتَّبَعُوا الْبَاطِلَ وَاَنَّ الَّذِيْنَ اٰمَنُوا اتَّبَعُوا الْحَقَّ مِنْ رَّبِّهِمْ ؕ كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ لِلنَّاسِ اَمْثَالَهُمْ ③

(3) આ એ માટે કે જેઓ ઇમાન ન લાવ્યા તેમણે તો અસત્યનું અનુકરણ કર્યું, અને જેઓ ઇમાન લાવ્યા તેમણે ખરેજ પોતાના પરવરદિગાર તરફના સત્યનું અનુકરણ કર્યું; આવી રીતે અલ્લાહ લોકો (ના સમજવા) માટે તેમનાજ દાખલા વર્ણવે છે.

فَاِذَا لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا فَضَرْبَ الرِّقَابِ ؕ حَتّٰٓى اِذَآ
اَثْخَنْتُمُوْهُمْ فَشُدُّوا الْوَثَاقَ ۙ فَاِمَّا مَنًّۢا بَعْدُ وَاِمَّا فِدَآءً حَتّٰى
تَضَعَ الْحَرْبُ اَوْزَارَهَا ۛۚ ذٰلِكَ ۛؕ وَلَوْ يَشَآءُ اللّٰهُ لَانْتَصَرَ
مِنْهُمْ وَلٰكِنْ لِّيَبْلُوَاۡ بَعْضَكُمْ بِبَعْضٍ ؕ وَالَّذِيْنَ قُتِلُوْا فِيْ
سَبِيْلِ اللّٰهِ فَلَنْ يُّضِلَّ اَعْمَالَهُمْ ﴿۴﴾

(૪) પછી જ્યારે તમે નાસ્તિકોથી લડાઇમાં મુકાબલો કરો તો (તેમની) ગરદનો (બેધડક) ઉડાડી દો; અહીં સુધી કે જ્યારે તમે તેમને સારી રીતે જેર કરી ચૂકો, તો પછી (તેમને) મુશ્કેટાટ (બંદીવાન) કરી લો, પછી તે બાદ અગર ઉપકાર કરવો હોય (તો તેમને છોડી દો) અથવા ફીદીયો

(છુટકારાનો અવેજ) લઇ જતા કરો, જ્યાં સુધી લડાઇમાં (ભાગ લેનારાઓ) પોતાના હથિયાર હેઠા મૂકી દે, એમજ થવું જોઇએ; અને અગર અલ્લાહ ચાહતે તો તે પોતેજ તેમનાથી (પૂરતો) બદલો લઇ લેતે, પરંતુ તમારામાંથી કેટલાકોને કેટલાકોની સામે અજમાવવા માટે (તેમ કર્યું નહી); અને જે લોકો અલ્લાહના માર્ગમાં માર્યા જાય છે તેમના કર્મો તે હરગિજ એળે જવા દેશે નહિ.

سَيَهْدِيهِمْ وَيُصْلِحُ بَالَهُمْ ۝٥

(૫) તે (અલ્લાહ) જલ્દી જ તેમની રાહબરી કરશે અને તેમની સ્થિતિ સુધારી દેશે.

وَيُدْخِلُهُمُ الْجَنَّةَ عَرَّفَهَا لَهُمْ ۝٦

(૬) અને તેમને એવી જન્નતમાં દાખલ કરી દેશે કે જેની ઓળખ તેમને (પહેલાંથી) આપી દીધી છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ وَيُثَبِّتْ اَقْدَامَكُمْ ۝٧

(૭) અય ઇમાન લાવનારાઓ ! અગર તમે અલ્લાહ (ના દીન)ની મદદ કરશો તો તે પણ તમારી મદદ કરશે, અને તમારા પગ જમાવી દેશે.

وَالَّذِيْنَ كَفَرُوْا فَتَعْسًا لَّهُمْ وَاَضَلَّ اَعْمَالَهُمْ ۝٨

(૮) અને જે લોકો ઇમાન લાવ્યા નથી તેમના માટે વિનાશ છે, અને તે તેમના કર્મો વ્યર્થ કરી દેશે.

ذٰلِكَ بِاَنَّهُمْ كَرِهُوْا مَآ اَنْزَلَ اللّٰهُ فَاَحْبَطَ اَعْمَالَهُمْ ۝٩

(૯) આ એ માટે કે અલ્લાહે જે કાંઇ ઉતાર્યું છે તેનાથી તેમણે તિરસ્કાર કર્યો છે, જેથી તે પણ તેમના કર્મો નિરર્થક કરી નાખશે.

اَفَلَمۡ يَسِيۡرُوۡا فِى الۡاَرۡضِ فَيَنۡظُرُوۡا كَيۡفَ كَانَ عَاقِبَةُ الَّذِيۡنَ
مِنۡ قَبۡلِهِمۡ‌ ؕ دَمَّرَ اللّٰهُ عَلَيۡهِمۡ‌ ۖ وَلِلۡكٰفِرِيۡنَ اَمۡثَالُهَا ﴿۱۰﴾

(૧૦) શું તે લોકો જમીનમાં હર્યા ફર્યા નથી કે તેઓ જોઇ લેતે કે જે લોકો તેમની પહેલાં હતા તેમનો અંત કેવો આવ્યો ? અલ્લાહે તેમનો સર્વનાશ કરી નાખ્યો અને આ નાસ્તિકોનો પણ તેમના જેવોજ (અંત) આવનાર છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ مَوۡلَى الَّذِيۡنَ اٰمَنُوۡا وَاَنَّ الۡكٰفِرِيۡنَ لَا مَوۡلٰى
لَهُمۡ ﴿۱۱﴾ ع

(૧૧) આ એ માટે કે અલ્લાહ તે લોકોનો મદદગાર છે કે જે લોકો ઇમાન લાવ્યા છે, અને આ કે ઇમાન નહિ લાવનારાઓ માટે કોઇ પણ મદદગાર નથી.

إِنَّ اللَّهَ يُدْخِلُ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ جَنَّاتٍ تَجْرِي
مِنْ تَحْتِهَا الْأَنْهَارُ ۖ وَالَّذِينَ كَفَرُوا يَتَمَتَّعُونَ وَيَأْكُلُونَ كَمَا
تَأْكُلُ الْأَنْعَامُ وَالنَّارُ مَثْوًى لَهُمْ ﴿١٢﴾

(૧૨) બેશક જે લોકો ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યાં તેમને અલ્લાહ એવી જન્નતોમાં દાખલ કરી દેશે કે જેની હેઠળ નદીઓ વહે છે; અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ (આલોકમાંજ) એવી રીતે લાભ મેળવે છે અને એવી રીતે ખાય પીએ છે

જેમકે પશુઓ ચરી ખાય છે. અને (પરલોકમાં) તેમનું ઠેકાણું આગ છે.

وَكَاَيِّنْ مِّنْ قَرْيَةٍ هِىَ اَشَدُّ قُوَّةً مِّنْ قَرْيَتِكَ الَّتِىٓ اَخْرَجَتْكَ ۚ اَهْلَكْنٰهُمْ فَلَا نَاصِرَ لَهُمْ ﴿١٣﴾

(૧૩) તારી આ વસ્તી કરતાં કે જે (લોક)ઓએ તને કાઢી મૂક્યો છે. ઘણીએ બળવાન વસ્તીઓનો અમોએ નાશ કરી નાખ્યો. પછી (તે વેળા) તેમનો કોઇજ મદદગાર ઉઠ્યો નહીં.

اَفَمَنْ كَانَ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ كَمَنْ زُيِّنَ لَهٗ سُوْٓءُ عَمَلِهٖ وَاتَّبَعُوْٓا اَهْوَآءَهُمْ ﴿١٤﴾

(૧૪) શું તે શખ્સ કે જે પોતાના પરવરદિગાર તરફથી ખુલ્લી દલીલ પર હોય તેના જેવો થઇ શકે છે કે જેની નજરમાં તેના કૃત્યોની બૂરાઇ શોભા પામી ગઇ હોય, અને તેમણે પોતાની મનોવાંછનાઓની તાબેદારી કરી હોય ?

مَثَلُ الْجَنَّةِ الَّتِيْ وُعِدَ الْمُتَّقُوْنَ ؕ فِيْهَآ اَنْهٰرٌ مِّنْ مَّآءٍ غَيْرِ
اٰسِنٍ ۚ وَاَنْهٰرٌ مِّنْ لَّبَنٍ لَّمْ يَتَغَيَّرْ طَعْمُهٗ ۚ وَاَنْهٰرٌ مِّنْ خَمْرٍ لَّذَّةٍ
لِّلشّٰرِبِيْنَ ۚ وَاَنْهٰرٌ مِّنْ عَسَلٍ مُّصَفًّى ؕ وَلَهُمْ فِيْهَا مِنْ كُلِّ
الثَّمَرٰتِ وَمَغْفِرَةٌ مِّنْ رَّبِّهِمْ ؕ كَمَنْ هُوَ خَالِدٌ فِي النَّارِ وَسُقُوْا
مَآءً حَمِيْمًا فَقَطَّعَ اَمْعَآءَهُمْ ⑮

(૧૫) તે જન્નત કે જેનો પરહેઝગારોને વાયદો કરવામાં આવ્યો છે તે એવી હશે કે તેમાં કેટલીક નહેરો એવી હશે કે જેનું પાણી વાસી થતું નથી. અને કેટલીક નદીઓ એવા દૂધની હશે કે જેનો સ્વાદ બદલાતો નથી, અને કેટલીક નદીઓ એવા પીણાંની હશે કે જે પીનારાઓ માટે (અનહદ) સ્વાદિષ્ટ હશે અને કેટલીક નદીઓ ચોખ્ખા મધની હશે અને તે લોકો માટે તે (જન્નત)માં દરેક પ્રકારના (સ્વાદિષ્ટ) મેવા હશે, અને તેમના પરવરદિગાર તરફથી (મળનારી) માફી પણ; ભલા (આ પરહેઝગાર લોકો) તે લોકોના જેવા હોઇ શકે છે કે જે હંમેશા જહન્નમમાં રહેશે, અને જેમને એવું

ગરમ પાણી પીવડાવવામાં આવશે કે તે તેમના આંતરડાં કાપી નાખશે!

وَمِنۡهُمۡ مَّنۡ يَّسۡتَمِعُ اِلَيۡكَ ۚ حَتّٰٓى اِذَا خَرَجُوۡا مِنۡ عِنۡدِكَ قَالُوۡا لِلَّذِيۡنَ اُوۡتُوا الۡعِلۡمَ مَاذَا قَالَ اٰنِفًا ۚ اُولٰٓـئِكَ الَّذِيۡنَ طَبَعَ اللّٰهُ عَلٰى قُلُوۡبِهِمۡ وَاتَّبَعُوۡۤا اَهۡوَآءَهُمۡ ﴿۱۶﴾

(૧૬) અને (અય રસૂલ !) તેઓમાંથી કોઇ કોઇ એવા પણ છે જે તારી તરફ લક્ષ દઇને સાંભળે છે, અહીં સુધી કે જ્યારે તારી પાસેથી ઉઠીને ચાલ્યા જાય ત્યારે જે લોકોને (કુરઆનનું) જ્ઞાન આપવામાં આવ્યું છે તે લોકોને કહે છે કે હમણાં આ (રસૂલ)એ શું કહ્યું ? એજ તે લોકો છે કે જેમના દિલો પર

અલ્લાહે મહોર મારી દીધી છે, અને તેઓ પોતાની મનોવાંછના મુજબ ચાલેછે.

وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى وَّاٰتٰىهُمْ تَقْوٰىهُمْ ⑰

(૧૭) અને જે લોકો સન્માર્ગને અનુસરે છે તેમની સન્માર્ગની પ્રેરણાને તે (અલ્લાહ) વધુ વધારી દે છે, અને તેમને પરહેઝગારીની પ્રેરણા આપે છે.

فَهَلْ يَنْظُرُوْنَ اِلَّا السَّاعَةَ اَنْ تَاْتِيَهُمْ بَغْتَةً ۚ فَقَدْ جَآءَ اَشْرَاطُهَا ۚ فَاَنّٰى لَهُمْ اِذَا جَآءَتْهُمْ ذِكْرٰىهُمْ ⑱

(૧૮) તો શું તેઓ કયામત તેમને ઓચિંતી આવી પકડે તે સિવાય બીજી કોઇ વસ્તુની રાહ જુએ છે? તેના ચિહ્નો તો આવી ચૂક્યા છે, પછી જ્યારે તે

(કયામત તેમની સામે) આવી પહોચશે ત્યારે તેમનું સમજવું તેમના શા કામમાં આવશે?

فَاعْلَمْ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاسْتَغْفِرْ لِذَنْۢبِكَ وَلِلْمُؤْمِنِيْنَ
وَالْمُؤْمِنٰتِ ۭ وَاللّٰهُ يَعْلَمُ مُتَقَلَّبَكُمْ وَمَثْوٰىكُمْ ۝١٩

(૧૯) માટે આ સમજી લે કે અલ્લાહના સિવાય કોઇ માઅબૂદ નથી, અને તું તારી (ઉમ્મતના) ગુનાહોની માફી માટે તથા દરેક મોઅમીન પુરૂષ અને દરેક મોઅમીન સ્ત્રી માટે ક્ષમા માંગ; અને અલ્લાહ તમારા ચાલવા ફરવા અને તમારા રહેઠાણને સારી રીતે જાણે છે.

وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْا لَوْلَا نُزِّلَتْ سُوْرَةٌ ۚ فَاِذَآ اُنْزِلَتْ سُوْرَةٌ
مُّحْكَمَةٌ وَّذُكِرَ فِيْهَا الْقِتَالُ ۙ رَاَيْتَ الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ
يَّنْظُرُوْنَ اِلَيْكَ نَظَرَ الْمَغْشِيِّ عَلَيْهِ مِنَ الْمَوْتِ ؕ فَاَوْلٰى
لَهُمْ ۚ﴿۲۰﴾

(૨૦) અને જે લોકો ઇમાન લાવ્યા છે તેઓ કહે છે કે (જેહાદને લગતું) કોઇ પ્રકરણ કેમ ઉતારવામાં આવ્યું નથી ? પણ જ્યારે કોઇ સ્પષ્ટ પ્રકરણ ઉતારવામાં આવે છે અને તેમાં ધર્મયુધ્ધ (જેહાદ)નું વર્ણન પણ કરવામાં આવે છે ત્યારે તું તે લોકોને જુએ છે કે જેમના દિલોમાં (દંભનો) રોગ છે. તેઓ તારી પ્રત્યે એવી દ્રષ્ટિએ નિહાળે છે કે

જાણે તેમના ઉપર મૃત્યુની મૂર્છા છવાઇ ગઇ (ન) હોય ! માટે તેમના માટે ખરાબી જ છે.

طَاعَةٌ وَّقَوْلٌ مَّعْرُوْفٌ ۚ فَاِذَا عَزَمَ الْاَمْرُ ۚ فَلَوْ صَدَقُوا اللّٰهَ لَكَانَ خَيْرًا لَّهُمْ ﴿٢١﴾

(૨૧) આજ્ઞાનું પાલન કરવું અને યોગ્ય વાત કહેવી (ઉત્તમ છે), પછી જ્યારે મામલો પાકો થઇ જાય (યાને લડાઇ છેડાઇ જાય) ત્યારે અગર તેઓ અલ્લાહથી સાચા રહે તો ખરેખર (પરિણામ) તેમના માટે બહેતર થાય.

فَهَلْ عَسَيْتُمْ اِنْ تَوَلَّيْتُمْ اَنْ تُفْسِدُوْا فِي الْاَرْضِ وَتُقَطِّعُوْٓا اَرْحَامَكُمْ ﴿٢٢﴾

(૨૨) પણ જો તમે સત્તાવાન થઇ જાઓ તો શું આ સંભવીત નથી કે જમીન ઉપર ફસાદ ફેલાવવા લાગી જાઓ, અને કુટુંબીજનો (સાથે)નો સંબંધ તોડી નાખો ?

أُولَٰٓئِكَ الَّذِينَ لَعَنَهُمُ اللَّهُ فَأَصَمَّهُمْ وَأَعْمَىٰٓ أَبْصَارَهُمْ ﴿٢٣﴾

(૨૩) એજ તે લોકો છે કે જેમના પર અલ્લાહે લાનત કરી છે, પછી તેમને બહેરા બનાવી દીધા છે, અને તેમના ચક્ષુઓ આંધળા કર્યા છે.

أَفَلَا يَتَدَبَّرُونَ الْقُرْاٰنَ أَمْ عَلَىٰ قُلُوبٍ أَقْفَالُهَا ﴿٢٤﴾

(૨૪) છતાં શું આ લોકો કુરઆન પર ચિંતન નથી કરતા, અથવા શું તેમના દિલો પર તાળાં પડેલાં છે ?

إِنَّ الَّذِينَ ارْتَدُّوا عَلَىٰ أَدْبَارِهِم مِّن بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ
الْهُدَى ۙ الشَّيْطَانُ سَوَّلَ لَهُمْ وَأَمْلَىٰ لَهُمْ ﴿٢٥﴾

(૨૫) બેશક જે લોકો પર હિદાયત જાહેર થઇ ચૂક્યા બાદ પણ તેઓ પોતાના પાછલા પગે (નાસ્તિકપણાં તરફ) ફરી જાય તો તેમના માટે શેતાન (તેમ કરવું) સહેલું કરી દે છે; અને તે (અલ્લાહ) તેમને મોહલત આપે છે.

ذَٰلِكَ بِأَنَّهُمْ قَالُوا لِلَّذِينَ كَرِهُوا مَا نَزَّلَ اللَّهُ سَنُطِيعُكُمْ فِي
بَعْضِ الْأَمْرِ ۖ وَاللَّهُ يَعْلَمُ إِسْرَارَهُمْ ﴿٢٦﴾

(૨૬) આ એ માટે કે તેઓ (મુનાફીકો) તે (યહૂદી) લોકોને કે જેઓ અલ્લાહના ઉતારેલા (કુરઆન)

તરફ અણગમો દર્શાવે છે તેમને કહે છે કે અમે કેટલાક મામલાઓમાં તમારૂં કહ્યું માનીશું, અને અલ્લાહ તેમના ભેદોને સારી રીતે જાણે છે.

فَكَيْفَ اِذَا تَوَفَّتْهُمُ الْمَلٰٓئِكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ وَاَدْبَارَهُمْ ﴿٢٧﴾

(૨૭) પણ તે વખતે (તેમની) કેવી દશા થશે કે જ્યારે ફરિશ્તા તેમનો અંત એવી સ્થિતિમાં લાવશે કે તેમના મોઢાં તથા પીઠો પર માર મારતા હશે.

ذٰلِكَ بِاَنَّهُمُ اتَّبَعُوْا مَآ اَسْخَطَ اللّٰهَ وَكَرِهُوْا رِضْوَانَهٗ فَاَحْبَطَ اَعْمَالَهُمْ ﴿٢٨﴾

(૨૮) આ એ માટે કે તેમણે તે વસ્તુનું અનુકરણ કર્યું કે જે અલ્લાહને નારાઝ કરતી હતી, અને તેની ખુશી તરફ અણગમો દેખાડ્યો, આથી તેણે પણ તેમની કરણીઓને નિરર્થક કરી નાખી.

اَمْ حَسِبَ الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ اَنْ لَّنْ يُّخْرِجَ اللّٰهُ

اَضْغَانَهُمْ ﴿٢٩﴾

(૨૯) શું તે લોકોએ-કે જેમના મનમાં (દંભનો) રોગ છે - એમ સમજી લીધું છે કે અલ્લાહ તેમના કીનાઓને જાહેર નહિ કરે ?

وَلَوْ نَشَآءُ لَاَرَيْنٰكَهُمْ فَلَعَرَفْتَهُمْ بِسِيْمٰهُمْ ؕ وَلَتَعْرِفَنَّهُمْ

فِيْ لَحْنِ الْقَوْلِ ؕ وَاللّٰهُ يَعْلَمُ اَعْمَالَكُمْ ﴿٣٠﴾

(30) અને જો અમે ચાહીએ તો તે (કીનાખોર) લોકો તને દેખાડી દઇએ, જેથી તું (આપમેળે) તે લોકોને તેમના મોઢાંના ચિહ્નો પરથી પારખી કાઢે; અને તું તેમની વાતચીતની છટા પરથી પણ તેમને અવશ્ય ઓળખી શકશે; અને અલ્લાહ તમારા કર્મોને સારી રીતે જાણે છે.

وَلَنَبۡلُوَنَّكُمۡ حَتّٰى نَعۡلَمَ الۡمُجٰهِدِيۡنَ مِنۡكُمۡ وَالصّٰبِرِيۡنَ ۙ وَنَبۡلُوَا۟ اَخۡبَارَكُمۡ ﴿۳۱﴾

(૩૧) અને અમે તમારી કસોટી અવશ્ય કરીશું, એટલે સુધી કે તમારામાંથી જેહાદ (ધર્મયુદ્ધ) કરનારાઓ તથા ધૈર્ય ધરનારાઓને અમે સમજી લઇએ, અને તમારી સ્થિતિઓને અજમાવી લઇએ.

إِنَّ الَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ وَشَآقُّوا الرَّسُوْلَ
مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ الْهُدٰى ۙ لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْـًٔا ۗ
وَسَيُحْبِطُ اَعْمَالَهُمْ ﴿٣٢﴾

(૩૨) બેશક જે લોકો ઇમાન નથી લાવ્યા અને (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવ્યા અને તેમના ઉપર હિદાયત ઉઘડી ચૂકી હતી તે બાદ પણ તેમને રસૂલની વિરૂદ્ધતા કરી તેઓ અલ્લાહનું હરગિજ કાંઇ બગાડશે નહિ; અને તે તેમના કર્મો નજદીકમાંજ નકામા કરી નાખશે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَلَا
تُبْطِلُوْۤا اَعْمَالَكُمْ ﴿٣٣﴾

(33) અય ઇમાન લાવનારાઓ ! તમે અલ્લાહની આજ્ઞા માનો તથા રસૂલની આજ્ઞા માનો અને તમારા કર્મો નિરર્થક બનાવો નહિ.

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا وَصَدُّوۡا عَنۡ سَبِيۡلِ اللّٰهِ ثُمَّ مَاتُوۡا وَهُمۡ كُفَّارٌ فَلَنۡ يَّغۡفِرَ اللّٰهُ لَهُمۡ ﴿۳۴﴾

(3૪) બેશક જે લોકો ઇમાન નથી લાવ્યા અને (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવ્યા, પછી નાસ્તિકપણાંની સ્થિતિમાં જ મરી ગયા તો અલ્લાહ તેમને હરગિજ માફ નહિ કરે.

فَلَا تَهِنُوۡا وَتَدۡعُوۡۤا اِلَى السَّلۡمِ ۖۗ وَاَنۡتُمُ الۡاَعۡلَوۡنَ ۖۗ وَاللّٰهُ مَعَكُمۡ وَلَنۡ يَّتِرَكُمۡ اَعۡمَالَكُمۡ ﴿۳۵﴾

(૩૫) માટે નરમ થઇ ન જાઓ અને (દુશ્મનો સાથે) સુલેહની માંગણી પણ ન કરો, અને (જાણજો) કે તમેજ સર્વોપરી રહેશો, અને અલ્લાહ તમારી સાથે છે અને તે તમારા કર્મો હરગિજ વ્યર્થ જવા દેશે નહિ.

اِنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ وَّلَهْوٌ ؕ وَاِنْ تُؤْمِنُوْا وَتَتَّقُوْا يُؤْتِكُمْ
اُجُوْرَكُمْ وَلَا يَسْـَٔلْكُمْ اَمْوَالَكُمْ ۝٣٦

(૩૬) આલોકનું જીવન રમતગમત સિવાય કાંઇજ નથી, અને જો તમે ઇમાન લાવશો તથા પરહેઝગાર રહેશો તો તે તમારો બદલો તમને (અવશ્ય) આપશે, અને તે તમારી પાસે તમારી માલ મિલ્કત માંગશે નહિ.

إِن يَسْـَٔلْكُمُوهَا فَيُحْفِكُمْ تَبْخَلُوا وَيُخْرِجْ أَضْغَٰنَكُمْ ﴿٣٧﴾

(૩૭) અગર તે તમારાથી (માલ) માંગે અને તમને (તે આપી દેવા માટે) આગ્રહ કરે તો તમે (જરૂર) કંજૂસાઇ કરશો, અને તે (અલ્લાહ) તમારો કીનો જાહેર કરી દેશે.

هَٰٓأَنتُمْ هَٰٓؤُلَآءِ تُدْعَوْنَ لِتُنفِقُوا فِى سَبِيلِ ٱللَّهِ ج فَمِنكُم مَّن
يَبْخَلُ ج وَمَن يَبْخَلْ فَإِنَّمَا يَبْخَلُ عَن نَّفْسِهِۦ ط وَٱللَّهُ ٱلْغَنِىُّ
وَأَنتُمُ ٱلْفُقَرَآءُ ج وَإِن تَتَوَلَّوْا يَسْتَبْدِلْ قَوْمًا غَيْرَكُمْ لا ثُمَّ
لَا يَكُونُوٓا أَمْثَٰلَكُم ﴿٣٨﴾

(૩૮) લ્યો સાંભળો પણ છો ? તમે તે છો કે જેમને અલ્લાહની રાહમાં કાંઇ ખર્ચ કરવા માટે

બોલાવવામાં આવે છે, પણ તમારામાં કોઇ કોઇ એવો પણ છે જે કંજૂસાઇ કરે છે, અને જે કંજૂસાઇ કરશે તો તે પોતાની જ જાત માટે કંજૂસાઇ કરશે; અને અલ્લાહ તવંગર છે, અને તમે (તેના) મોહતાજ છો, અને જો તમે (અલ્લાહના હુકમથી) મોઢું ફેરવી લેનારા થઇ જશો તો તે તમારા બદલે બીજા લોકો લઇ આવશે, પછી તેઓ તમારી જેમ (સાંકડા મનના) થશે નહિ.

إِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِينًا ①

(૧) (અય રસૂલ ! આ હુદયબીયાની સુલેહ નથી) બલ્કે અમોએ તને વાસ્તવમાં ખુલ્લે ખુલ્લી ફતેહ અર્પણ કરી છે ::

لِّيَغْفِرَ لَكَ اللَّهُ مَا تَقَدَّمَ مِن ذَنبِكَ وَمَا تَأَخَّرَ وَيُتِمَّ نِعْمَتَهُ عَلَيْكَ وَيَهْدِيَكَ صِرَاطًا مُّسْتَقِيمًا ②

(૨) કે જેથી અલ્લાહ તારી (ઉમ્મતના) આગલા ગુનાહ માફ કરી દે તેમજ પાછલા પણ, અને પોતાની નેઅમત તારા પર સંપૂર્ણ કરી નાખે, તેમ તને સન્માર્ગ પર સાબિત કદમ રાખે ::

وَّيَنْصُرَكَ اللّٰهُ نَصْرًا عَزِيْزًا ۞

(3) અને અલ્લાહ ઝબરદસ્ત મદદ વડે તારી મદદ કરે.

هُوَالَّذِيْٓ اَنْزَلَ السَّكِيْنَةَ فِيْ قُلُوْبِ الْمُؤْمِنِيْنَ لِيَزْدَادُوْٓا اِيْمَانًا مَّعَ اِيْمَانِهِمْ ؕ وَلِلّٰهِ جُنُوْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ۞

(૪) તે એજ છે જેણે મોઅમીનોના દિલોમાં શાંતવન ઉતાર્યું છે કે જેથી તેમના ઈમાન સાથે વધુ ઈમાન વધે, અને આસમાનો તથા જમીનના લશ્કર અલ્લાહનાં જ છે; અને અલ્લાહ જ જ્ઞાની (અને) હિકમતવાળો છે.

لِّيُدۡخِلَ الۡمُؤۡمِنِيۡنَ وَالۡمُؤۡمِنٰتِ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا
الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا وَيُكَفِّرَ عَنۡهُمۡ سَيِّاٰتِهِمۡ‌ ؕ وَكَانَ ذٰلِكَ
عِنۡدَ اللّٰهِ فَوۡزًا عَظِيۡمًا ۙ‏ ﴿۵﴾

(૫) આ એ માટે કે મોઅમીન પુરૂષો તથા મોઅમીન સ્ત્રીઓને જન્નતમાં દાખલ કરે જેમની હેઠળ નદીઓ વહે છે, જેમાં (તેઓ) હંમેશા રહેવાસી બને અને તેમનાથી તેમની બદીઓ દૂર કરે; અને અલ્લાહની પાસે એજ મહાન સફળતા છે.

وَّيُعَذِّبَ الۡمُنٰفِقِيۡنَ وَالۡمُنٰفِقٰتِ وَالۡمُشۡرِكِيۡنَ وَالۡمُشۡرِكٰتِ
الظَّآنِّيۡنَ بِاللّٰهِ ظَنَّ السَّوۡءِ‌ ؕ عَلَيۡهِمۡ دَآٮِٕرَةُ السَّوۡءِ‌ ۚ وَغَضِبَ
اللّٰهُ عَلَيۡهِمۡ وَلَعَنَهُمۡ وَاَعَدَّ لَهُمۡ جَهَنَّمَ‌ ؕ وَسَآءَتۡ مَصِيۡرًا‏ ۝٦

(૬) અને દાંભિક પુરૂષો તથા દાંભિક સ્ત્રીઓ અને મુશ્રિક પુરૂષો તથા સ્ત્રીઓ કે જેઓ અલ્લાહના સંબંધમાં બદગુમાન કર્યા કરે છે તેમને શિક્ષા આપે. એમના ઉપરજ કાળચક્ર આવી પડશે, અને અલ્લાહ તેમના પર કોપાયમાન છે તથા તેમના પર લાનત કરી છે અને તેમના માટે જહન્નમ તૈયાર કરી રાખી છે; અને (તે) ઘણુંજ બૂરૂં રહેઠાણ છે.

وَلِلّٰهِ جُنُوْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ۝٧

(૭) અને આસમાનો તથા જમીનના (સઘળાં) લશ્કર અલ્લાહનાં જ છે; અને અલ્લાહ ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا ۝٨ۙ

(૮) (અય રસૂલ !) બેશક અમોએ તને સાક્ષી આપનાર તથા ખુશખબર આપનાર તથા ડરાવનાર બનાવી મોકલ્યો છે ઃ

لِّتُؤْمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ ؕ وَتُسَبِّحُوْهُ بُكْرَةً وَّاَصِيْلًا ۝٩

(૯) એ માટે કે તમે લોકો અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન લાવો, અને તેની સહાય કરો તથા તેનું આદરમાન કરો; તેમ સવાર સાંજ તે (અલ્લાહ)ની પવિત્રતા વર્ણવો.

إِنَّ الَّذِينَ يُبَايِعُونَكَ إِنَّمَا يُبَايِعُونَ اللَّهَ ۖ يَدُ اللَّهِ فَوْقَ
أَيْدِيهِمْ ۚ فَمَن نَّكَثَ فَإِنَّمَا يَنكُثُ عَلَىٰ نَفْسِهِ ۖ وَمَنْ أَوْفَىٰ بِمَا
عَاهَدَ عَلَيْهُ اللَّهَ فَسَيُؤْتِيهِ أَجْرًا عَظِيمًا ﴿١٠﴾

(૧૦) (અય રસૂલ !) જે લોકો (હુદયબીયાની સંધી વખતે) તારાથી બયઅત (તારા હાથ પર હાથ રાખી પ્રતિજ્ઞા) કરે છે, તેઓ (વાસ્તવમાં) અલ્લાહથી જ બયઅત કરે છે, તેમના હાથો પર

અલ્લાહનો હાથ છે, પછી જે પ્રતિજ્ઞાનો ભંગ કરે તો તે પોતાની જ જાતની હાનિ માટે ભંગ કરશે, અને જે અલ્લાહની સાથે કરેલા વચનને પૂર્ણ કરશે તો નજીકમાં જ તે તેમને મોટો બદલો આપશે.

سَيَقُوْلُ لَكَ الْمُخَلَّفُوْنَ مِنَ الْاَعْرَابِ شَغَلَتْنَآ اَمْوَالُنَا وَاَهْلُوْنَا فَاسْتَغْفِرْ لَنَا ۚ يَقُوْلُوْنَ بِاَلْسِنَتِهِمْ مَّا لَيْسَ فِيْ قُلُوْبِهِمْ ؕ قُلْ فَمَنْ يَّمْلِكُ لَكُمْ مِّنَ اللّٰهِ شَيْـًٔا اِنْ اَرَادَ بِكُمْ ضَرًّا اَوْ اَرَادَ بِكُمْ نَفْعًا ؕ بَلْ كَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ﴿١١﴾

(૧૧) પાસે છે કે બદદુઓમાંથી જેઓ (હૃદયબીયાથી) પાછળ રહી ગયા હતા તેઓ તને આ કહેશે કે અમારા માલ તથા અમારા બાલબચ્ચાંઓની સંભાળમાં રોકાઇ ગયા હતા માટે

તું અમારા માટે ક્ષમા (ની દુઆ) માંગ; તેઓ તેમની જીભે જે કહે છે તે તેમના મનમાં નથી; (અય રસૂલ!) તું કહે કે અગર અલ્લાહ તમારા સંબધમાં કાંઇ નુકસાન ચાહે અથવા તમારા સંબંધમાં કાંઇ નફો ચાહે તો તેની આગળ એવો કોણ છે કે જેનો તમારી ખાતર કાંઇ બસ ચાલી શકે ? બલ્કે તમે જે કર્મો કરો છો તેનાથી અલ્લાહ વાકેફ છે.

بَلْ ظَنَنْتُمْ اَنْ لَّنْ يَّنْقَلِبَ الرَّسُوْلُ وَالْمُؤْمِنُوْنَ اِلٰٓى
اَهْلِيْهِمْ اَبَدًا وَّزُيِّنَ ذٰلِكَ فِيْ قُلُوْبِكُمْ وَظَنَنْتُمْ ظَنَّ السَّوْءِ ۚ
وَكُنْتُمْ قَوْمًا بُوْرًا ⑫

(૧૨) વાત આ છે કે તમોએ તો એવું ધારી લીધું હતું કે રસૂલ તથા મોઅમીનો (હુદયબીયાની લડાઇમાંથી) કદી પણ પોતાના બાલબચ્ચાઓમાં પાછા ફરીને નહિ આવે, અને આ વાત તમારા મનમાં શોભા પામી ગઇ હતી, અને તમોએ ખરાબ તર્કો બાંધી લીધા હતા; અને તમે હતા જ નાશ પામનારા.

وَمَنْ لَّمْ يُؤْمِنْ بِاللّٰهِ وَرَسُوْلِهٖ فَاِنَّآ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ سَعِيْرًا ﴿١٣﴾

(૧૩) અને જે (કોઇ) અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન નહિ લાવે તો અમોએ પણ એવા

નાસ્તિકો માટે ખરેજ ભડભડતી આગ તૈયાર કરી રાખી છે.

وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَيُعَذِّبُ
مَنْ يَّشَآءُ ؕ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا ﴿۱۴﴾

(૧૪) અને આસમાનો તથા જમીનનો (સર્વ) અધિકાર અલ્લાહને છે; તે જેને ચાહશે તેને માફ કરી દેશે અને જેને ચાહશે તેને અઝાબ આપશે; અને અલ્લાહ મહા ક્ષમાવાન (અને) દયાળુ છે.

سَيَقُوْلُ الْمُخَلَّفُوْنَ اِذَا انْطَلَقْتُمْ اِلٰى مَغَانِمَ لِتَاْخُذُوْهَا
ذَرُوْنَا نَتَّبِعْكُمْ ۚ يُرِيْدُوْنَ اَنْ يُّبَدِّلُوْا كَلٰمَ اللّٰهِ ؕ قُلْ لَّنْ

تَتَّبِعُوْنَا كَذٰلِكُمْ قَالَ اللّٰهُ مِنْ قَبْلُ ۚ فَسَيَقُوْلُوْنَ بَلْ
تَحْسُدُوْنَنَا ؕ بَلْ كَانُوْا لَا يَفْقَهُوْنَ اِلَّا قَلِيْلًا ﴿۱۵﴾

(૧૫) (અય મુસલમાનો ! તે સમય) પાસે છે કે જ્યારે તમે (ખૈબરના) ગનીમતનો માલ લેવા જશો (ત્યારે હુદયબીયાથી) પાછળ રહી જનારાઓ કહેશે કે અમને પણ તમારી પાછળ પાછળ ચાલ્યા આવવાની રજા આપો, તેઓ અલ્લાહનો બોલ બદલી નાખવા ચાહે છે; તું કહે તમારાથી હરગિજ અમારી પાછળ આવી શકાવાનું નથી, એમ તમારા સંબંધમાં અલ્લાહ પ્રથમથી જ ફરમાવી ચૂક્યો છે, પછી તેઓ નજીકમાં આ કહેશે કે નહિ (નહિ) તમે

અમારી ઇર્ષા કરો છો; બલ્કે વાત આ છે કે તેઓ સમજે છે જ થોડું.

قُلْ لِّلْمُخَلَّفِيْنَ مِنَ الْاَعْرَابِ سَتُدْعَوْنَ اِلٰى قَوْمٍ اُولِيْ بَاْسٍ شَدِيْدٍ تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ ۚ فَاِنْ تُطِيْعُوْا يُؤْتِكُمُ اللّٰهُ اَجْرًا حَسَنًا ۚ وَاِنْ تَتَوَلَّوْا كَمَا تَوَلَّيْتُمْ مِّنْ قَبْلُ يُعَذِّبْكُمْ عَذَابًا اَلِيْمًا ۝١٦

(૧૬) તું તે (જંગે હુદયબીયામાં જવાથી) પાછળ રહી જનારા બદદુઓને કહે કે નજીકમાં તમે એક સખ્ત લડાયક કોમ તરફ બોલાવવામાં આવશો ત્યારે તેમની સામે લડજો. અહીં સુધી કે તેઓ ઇસ્લામ કબૂલ કરે, પછી જો તમે (અલ્લાહ)ની

આજ્ઞા માનશો તો અલ્લાહ તમને સારો બદલો આપશે, અને જો તમે એવીજ રીતે મોઢું ફેરવી લેશો કે જેવી રીતે પહેલાં પણ મોઢું ફેરવી ચૂક્યા હતા તો (તે) તમને દુ:ખદાયક અઝાબમાં સપડાવશે.

لَيْسَ عَلَى الْاَعْمٰى حَرَجٌ وَّلَا عَلَى الْاَعْرَجِ حَرَجٌ وَّلَا عَلَى الْمَرِيْضِ حَرَجٌ ؕ وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ يُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ وَمَنْ يَّتَوَلَّ يُعَذِّبْهُ عَذَابًا اَلِيْمًا ﴿۱۷﴾

(૧૭) (જેહાદમાં ન જોડાવા માટે) ન આંધળા પર કાંઇ દોષ છે અને ન અપંગ પર કાંઇ દોષ છે, અને ન કોઇ બીમાર પર દોષ છે; અને જે અલ્લાહ તથા

રસૂલની આજ્ઞા માનશે તેને અલ્લાહ એવી જન્નતોમાં દાખલ કરશે કે જેની હેઠળ નદીઓ વહેતી હશે, અને જે મોઢું ફેરવી લેશે તેને દુઃખદાયક (અઝાબની) શિક્ષા આપશે.

لَقَدْ رَضِيَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِيْنَ اِذْ يُبَايِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ فَعَلِمَ مَا فِيْ قُلُوْبِهِمْ فَاَنْزَلَ السَّكِيْنَةَ عَلَيْهِمْ وَاَثَابَهُمْ فَتْحًا قَرِيْبًا ﴿۱۸﴾

(૧૮) ખરેખર અલ્લાહ મોઅમીનોથી રાજી થઇ ગયો જ્યારે કે તેઓ તે ઝાડની હેઠળ તારા હાથ ઉપર (લડવા મરવાની) બયઅત (પ્રતિજ્ઞા) કરી રહ્યા હતા અને તેમના દિલોમાં જે કાંઇ હતું

તેનાથી તે વાકેફ હતો, પછી તેણે તેમના પર શાંતવન ઉતાર્યું, અને તેમને બદલા તરીકે તત્કાળ એક (ખૈબરનો) વિજય આપ્યોઃ

وَّمَغَانِمَ كَثِيْرَةً يَّاْخُذُوْنَهَا ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ﴿١٩﴾

(૧૯) અને ઘણીએ ગનીમતો કે જે તેઓ હસ્તગત કરશે, અને અલ્લાહ ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

وَعَدَكُمُ اللّٰهُ مَغَانِمَ كَثِيْرَةً تَاْخُذُوْنَهَا فَعَجَّلَ لَكُمْ هٰذِهٖ

وَكَفَّ اَيْدِىَ النَّاسِ عَنْكُمْ ۚ وَلِتَكُوْنَ اٰيَةً لِّلْمُؤْمِنِيْنَ

وَيَهْدِيَكُمْ صِرَاطًا مُّسْتَقِيْمًا ﴿٢٠﴾ۙ

(૨૦) અલ્લાહ તમારાથી ઘણીએ ગનીમતોનો વાયદો કરી ચૂક્યો છે કે જે તમે (નજીકના ભાવિમાં) હસ્તગત કરશો, પછી તેણે તમારી ખાતર આ (ખૈબરની ગનીમતની) તક તમને તરતજ અપાવી અને (હુદયબીયામાં) લોકોના હાથ તમારાથી રોકી દીધા, અને (તે) એ માટે કે આ (લડાઇ) મોઅમીનો માટે (અલ્લાહની કુદરતનો) એક નમૂનો થઇ જાય, અને એ માટે કે તે (અલ્લાહ) તમને સન્માર્ગ ઉપર ચલાવે ۝

وَّاُخْرٰى لَمْ تَقْدِرُوْا عَلَيْهَا قَدْ اَحَاطَ اللّٰهُ بِهَا ؕ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرًا ۝٢١

(૨૧) અને બીજી (ઇરાન તથા શામની) ગનીમતો કે જેમના પર (હજી) તમે કબ્જો મેળવી શક્યા નથી તે પણ ખરેજ અલ્લાહે (તમારા માટે) સાધી રાખી છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

وَلَوْ قٰتَلَكُمُ الَّذِيْنَ كَفَرُوْا لَوَلَّوُا الْاَدْبَارَ ثُمَّ لَا يَجِدُوْنَ وَلِيًّا
وَّلَا نَصِيْرًا ﴿٢٢﴾

(૨૨) અને અગર તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા (આ લડાઇમાં) તમારી સાથે લડતે તો જરૂર પીઠ ફેરવીને નાસી જતે, પછી ન તેઓ કોઇ મિત્ર મેળવતે અને ન કોઇ મદદગાર.

سُنَّةَ اللّٰهِ الَّتِیۡ قَدۡ خَلَتۡ مِنۡ قَبۡلُ ۚۖ وَلَنۡ تَجِدَ لِسُنَّةِ اللّٰهِ
تَبۡدِیۡلًا ﴿۲۳﴾

(૨૩) અલ્લાહના નિયમ મુજબ પ્રથમથી (આમ) થતું આવ્યું છે, અને તું અલ્લાહના નિયમમાં કાંઇ ફેરફાર જોશે નહિ.

وَهُوَ الَّذِیۡ کَفَّ اَیۡدِیَهُمۡ عَنۡکُمۡ وَاَیۡدِیَکُمۡ عَنۡهُمۡ بِبَطۡنِ
مَکَّةَ مِنۡۢ بَعۡدِ اَنۡ اَظۡفَرَکُمۡ عَلَیۡهِمۡ ؕ وَکَانَ اللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ
بَصِیۡرًا ﴿۲۴﴾

(૨૪) અને તે એજ છે જેણે મક્કા શહેરની વચ્ચોવચ તમને નાસ્તિકો પર જીત આપ્યા પછી તેમના હાથ તમારાથી અને તમારા હાથ તેમનાથી

રોકી દીધા; અને જે પણ વર્તન તમે કરો છો તે અલ્લાહ જુએછે.

هُمُ الَّذِيۡنَ كَفَرُوۡا وَصَدُّوۡكُمۡ عَنِ الۡمَسۡجِدِ الۡحَـرَامِ وَالۡهَدۡىَ مَعۡكُوۡفًا اَنۡ يَّبۡلُغَ مَحِلَّهٗ‌ ؕ وَلَوۡلَا رِجَالٌ مُّؤۡمِنُوۡنَ وَنِسَآءٌ مُّؤۡمِنٰتٌ لَّمۡ تَعۡلَمُوۡهُمۡ اَنۡ تَطَـُٔوۡهُمۡ فَتُصِيۡبَكُمۡ مِّنۡهُمۡ مَّعَرَّةٌ ۢ بِغَيۡرِ عِلۡمٍ‌ ۚ لِيُدۡخِلَ اللّٰهُ فِىۡ رَحۡمَتِهٖ مَنۡ يَّشَآءُ‌ ۚ لَوۡ تَزَيَّلُوۡا لَعَذَّبۡنَا الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡهُمۡ عَذَابًا اَلِيۡمًا ﴿۲۵﴾

(૨૫) આ એજ લોકો છે કે જેમણે નાસ્તિકપણું કર્યું, અને તેમણે તમને મસ્જિદુલ હરામથી અટકાવ્યા, અને કુરબાની (ના પ્રાણીઓ)ને તેના હલાલ થવાના સ્થળે પહોંચતા અટકાવી રાખ્યા; (આ છતાં

તમારા હાથ એ કારણે રોકી રાખ્યા કે) તેમાં કેટલાક ઇમાનદાર પુરૂષો તથા ઇમાનદાર સ્ત્રીઓ હતી કે જેમને તમે ઓળખતા ન હતા, (જેથી લડાઇમાં) તેમને તમે કચડી ન નાખો, અને તમે તેમના કારણે અજાણતામાં ગુનેહગાર ન બનો કે જેથી અલ્લાહ જે શખ્સને ચાહે પોતાની મહેરબાનીમાં દાખલ કરી લે; પણ જો એ બન્ને પક્ષો એક બીજાથી જુદા પડી ગયા હોત તો અમે નાસ્તિકોને ખરેખરજ દુ:ખદાયક શિક્ષા કરતે.

اِذْ جَعَلَ الَّذِيْنَ كَفَرُوْا فِيْ قُلُوْبِهِمُ الْحَمِيَّةَ حَمِيَّةَ الْجَاهِلِيَّةِ فَاَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلٰى رَسُوْلِهٖ وَعَلَى الْمُؤْمِنِيْنَ وَاَلْزَمَهُمْ

كَلِمَةَ التَّقْوٰى وَكَانُوْٓا اَحَقَّ بِهَا وَاَهْلَهَا ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَيْءٍ
عَلِيْمًا ﴿٢٦﴾ ع

(૨૬) (તે સમયને યાદ કરો) જ્યારે નાસ્તિકોએ પોતાના મનમાં અહંકારને સ્થાન આપ્યું હતું - અને તે પણ અજ્ઞાનતાના કાળનો અહંકાર ત્યારે અલ્લાહે પણ પોતાના રસૂલ તથા મોઅમીનો પર આશ્વાસન ઉતારી દીધું, અને તેમને ડરીને ચાલવાના વચન પર કાયમ રાખ્યા, અને તેઓ હતા તેના હકદાર અને તેને લાયક પણ; અને અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.

لَقَدْ صَدَقَ اللّٰهُ رَسُوْلَهُ الرُّءْيَا بِالْحَقِّ ۚ لَتَدْخُلُنَّ الْمَسْجِدَ

الْحَرَامَ اِنْ شَآءَ اللّٰهُ اٰمِنِيْنَ ۙ مُحَلِّقِيْنَ رُءُوْسَكُمْ وَمُقَصِّرِيْنَ ۙ

لَا تَخَافُوْنَ ۖ فَعَلِمَ مَا لَمْ تَعْلَمُوْا فَجَعَلَ مِنْ دُوْنِ ذٰلِكَ فَتْحًا

قَرِيْبًا ﴿٢٧﴾

(૨૭) બેશક અલ્લાહે પોતાના રસૂલને સાચુંજ સ્વપ્ન દેખાડયું હતું કે અગર અલ્લાહે ચાહ્યું તો તમે અમનો અમાન સાથે તમારા માથા મૂંડાવી અને તમારા વાળ કપાવી મસ્જિદુલ હરામમાં અવશ્ય દાખલ થશો, પછી તમને (કોઇ વાતનો) ભય રહેશે નહિ; કારણ કે તે (અલ્લાહ) જાણતો હતો જે તમે જાણતા ન હતા, પછી તેણે તે ઉપરાંત

નજીકમાંજ એક બીજો (ખૈબરનો) વિજય પણ પાસે લાવી દીધો.

هُوَالَّذِيٓ اَرۡسَلَ رَسُوۡلَهٗ بِالۡهُدٰى وَدِيۡنِ الۡحَقِّ لِيُظۡهِرَهٗ عَلَى الدِّيۡنِ كُلِّهٖ ؕ وَكَفٰى بِاللّٰهِ شَهِيۡدًا ؕ﴿۲۸﴾

(૨૮) તે એ જ છે જેણે પોતાના રસૂલને હિદાયત તથા સત્ય ધર્મની સાથે મોકલ્યો કે જેથી તેને તમામ જગતના ધર્મો પર પ્રબળ કરી દે; અને સાક્ષી માટે અલ્લાહ પૂરતો છે.

مُحَمَّدٌ رَّسُوۡلُ اللّٰهِ ؕ وَالَّذِيۡنَ مَعَهٗۤ اَشِدَّآءُ عَلَى الۡكُفَّارِ رُحَمَآءُ بَيۡنَهُمۡ تَرٰىهُمۡ رُكَّعًا سُجَّدًا يَّبۡتَغُوۡنَ فَضۡلًا مِّنَ اللّٰهِ وَرِضۡوَانًا ؗ سِيۡمَاهُمۡ فِىۡ وُجُوۡهِهِمۡ مِّنۡ اَثَرِ السُّجُوۡدِ ؕ ذٰلِكَ

مَثَلُهُمْ فِي التَّوْرٰىةِ ۚۖ وَمَثَلُهُمْ فِي الْاِنْجِيْلِ ۚ كَزَرْعٍ اَخْرَجَ
شَطْـَٔهٗ فَاٰزَرَهٗ فَاسْتَغْلَظَ فَاسْتَوٰى عَلٰى سُوْقِهٖ يُعْجِبُ الزُّرَّاعَ
لِيَغِيْظَ بِهِمُ الْكُفَّارَ ؕ وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ مِنْهُمْ مَّغْفِرَةً وَّاَجْرًا عَظِيْمًا ﴿٢٩﴾

(૨૯) હઝરત મોહમ્મદ (સ.) અલ્લાહના રસૂલ છે; અને જેઓ પણ વાસ્તવમાં તેની સાથે છે. તેઓ નાસ્તિકો પર ભારે છે અને આપસમાં રહેમ દિલ; તું તેમને રૂકુઅ તથા સિજદાની સ્થિતિમાં જોશે કે તેઓ અલ્લાહની મહેરબાની તથા તેની ખુશી ચાહતા રહે છે, તેમના ચહેરાઓમાં સિજદાના ચિહ્નો મોજૂદ છે; તેમનો આ દાખલો તૌરેતમાં વર્ણવેલો

છે, અને તેમનો દાખલો ઇન્જીલમાં પણ વર્ણવવામાં આવ્યો છે કે તેઓ એક એવી ખેતીના જેવા છે કે જેણે પોતાની કુંપળો કાઢી હોય, પછી તેને બળ આપ્યું હોય, પછી તે મોટી થઇ હોય, પછી તે પોતાના થડ ઉપર મજબૂત રીતે ઉભી થઇ ગઇ હોય, (અને) તે ખેતી કરનારાઓને પણ અજાયબીમાં નાખી દેતી હોય કે જેથી તે (અલ્લાહ) નાસ્તિકોને તેમના કારણે ક્રોધ ચઢાવે; અલ્લાહ તે લોકોથી કે જેઓ તેમાંથી ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો કર્યા છે તેમને માફી અને ઘણાં મોટા બદલાનો વાયદો કરી લીધો છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ وَاتَّقُوا
اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ①

(૧) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહ અને તેના રસૂલ સામે કોઇ વાતમાં આગળ વધી ન જાઓ અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ
وَلَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ
اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ ②

(૨) અય ઇમાન લાવનારાઓ! તમારા અવાજને નબીના અવાજ કરતાં ઊંચો ન કરો, અને ન વાત કરવામાં તેની સાથે એવા જોરથી બોલો જેમકે તમે એક બીજાઓની સાથે બૂમો પાડીને વાત કરો છો કે જેથી એવું ન થાય કે તમારા કર્મો રદ થઇ જાય અને તમને જાણ પણ થવા પામે નહિ.

إِنَّ الَّذِينَ يَغُضُّونَ أَصْوَاتَهُمْ عِندَ رَسُولِ اللَّهِ أُولَٰئِكَ الَّذِينَ
امْتَحَنَ اللَّهُ قُلُوبَهُمْ لِلتَّقْوَىٰ ۚ لَهُم مَّغْفِرَةٌ وَأَجْرٌ عَظِيمٌ ③

(૩) બેશક જે લોકો અલ્લાહના રસૂલની સેવામાં પોતાના અવાજને મંદ રાખે છે તેઓ એજ છે કે જેમની પરહેઝગારીના સંબંધમાં અલ્લાહે તેમના

દિલોની કસોટી કરી લીધી છે; તેમના માટે ક્ષમા અને મોટો બદલો છે.

اِنَّ الَّذِيْنَ يُنَادُوْنَكَ مِنْ وَّرَآءِ الْحُجُرٰتِ اَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ ۝۴

(૪) (અય રસૂલ !) બેશક જે લોકો તને તારા ખાનગી ઓરડાઓથી બહારથી પોકારે છે તેઓ માંના ઘણાખરા બુદ્ધીહીન છે.

وَلَوْ اَنَّهُمْ صَبَرُوْا حَتّٰى تَخْرُجَ اِلَيْهِمْ لَكَانَ خَيْرًا لَّهُمْ ۭ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۵

(૫) અને તું ઘરમાંથી બહાર નીકળી તેમની પાસે આવે તેટલો સમય જો તેઓ ધીરજ ધરે તો

તેમના માટે બહેતર છે; અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનારો છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِنۡ جَآءَكُمۡ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوۡۤا اَنۡ تُصِيۡبُوۡا قَوۡمًاۢ بِجَهَالَةٍ فَتُصۡبِحُوۡا عَلٰى مَا فَعَلۡتُمۡ نٰدِمِيۡنَ ۝٦

(૬) અય ઇમાન લાવનારાઓ! અગર તમારી પાસે કોઇ દુરાચારી અમૂક ખબર લઇને આવે તો તેની (સચ્ચાઇની) ખાતરી કરી લો કે જેથી એમ ન બને કે કોઇ કોમને તમે જાણ્યા કર્યા વિના કાંઇ આઘાત પહોંચાડી બેસો, અને પછી તમે જે કર્યું તેના માટે તમને પસ્તાવો કરવો પડે.

وَاعۡلَمُوۡۤا اَنَّ فِيۡكُمۡ رَسُوۡلَ اللّٰهِ ؕ لَوۡ يُطِيۡعُكُمۡ فِىۡ كَثِيۡرٍ مِّنَ الۡاَمۡرِ لَعَنِتُّمۡ وَلٰـكِنَّ اللّٰهَ حَبَّبَ اِلَيۡكُمُ الۡاِيۡمَانَ وَزَيَّنَهٗ فِىۡ

قُلُوۡبِكُمۡ وَكَرَّهَ اِلَيۡكُمُ الۡكُفۡرَ وَالۡفُسُوۡقَ وَالۡعِصۡيَانَ‌ؕ
اُولٰٓـئِكَ هُمُ الرّٰشِدُوۡنَۙ‏ ﴿۷﴾

(૭) અને આ પણ જાણી લો કે અલ્લાહનો રસૂલ તમારામાં મોજૂદ છે; અગર તે ઘણીખરી વાતોમાં તમારૂં કહ્યું માને તો તમે જરૂર તકલીફમાં પડી જશો, પરંતુ અલ્લાહે ઇમાનને તમારા માટે વહાલુ બનાવ્યું છે, અને તે (ઇમાન)ને તમારા દિલોમાં શોભાયમાન કરી રાખ્યું છે, અને નાસ્તિકપણું તથા અત્યાચાર તથા નાફરમાનીને તમારા માટે તિરસ્કારયુક્ત બનાવ્યા છે; એજ લોકો સન્માર્ગ ઉપર છે:

فَضۡلًا مِّنَ اللّٰهِ وَنِعۡمَةً ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ ﴿۸﴾

(૮) આ અલ્લાહ તરફથી કૃપા અને બક્ષિશ છે; અને અલ્લાહ મોટો જાણનાર (અને) હિકમતવાળો છે.

وَاِنۡ طَآٮِٕفَتٰنِ مِنَ الۡمُؤۡمِنِيۡنَ اقۡتَتَلُوۡا فَاَصۡلِحُوۡا بَيۡنَهُمَا ۚ
فَاِنۡۢ بَغَتۡ اِحۡدٰٮهُمَا عَلَى الۡاُخۡرٰى فَقَاتِلُوا الَّتِىۡ تَبۡغِىۡ حَتّٰى
تَفِىۡٓءَ اِلٰٓى اَمۡرِ اللّٰهِ ۚ فَاِنۡ فَآءَتۡ فَاَصۡلِحُوۡا بَيۡنَهُمَا بِالۡعَدۡلِ
وَاَقۡسِطُوۡا ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُقۡسِطِيۡنَ ﴿۹﴾

(૯) અને અગર મોઅમીનોના બે પક્ષો આપસમાં લડે તો તેમની વચ્ચે સમાધાન કરાવી દો, પછી જો તે બન્નેમાંથી એક (પક્ષ) બીજા ઉપર સખતાઇ

કરે તો સખતાઇ કરનારની સાથે લડો, અહીં સુધી કે તે અલ્લાહના નિર્ણય તરફ રજૂ થાય, પછી જો તે રજૂ થાય તો તેમની વચ્ચે ન્યાયસર સમાધાન કરાવી દો અને ન્યાયથી વર્તો; બેશક અલ્લાહ ન્યાયથી વર્તનારાઓને દોસ્ત રાખે છે.

إِنَّمَا الْمُؤْمِنُونَ إِخْوَةٌ فَأَصْلِحُوا بَيْنَ أَخَوَيْكُمْ وَاتَّقُوا اللَّهَ لَعَلَّكُمْ تُرْحَمُونَ ﴿١٠﴾

(૧૦) સિવાય તેના કાંઇજ નથી કે મોઅમીનો (પરસ્પર ભાઇ) ભાઇ છે માટે તમે તમારા ભાઇઓ વચ્ચે સુલેહ કરાવી દો, અને અલ્લાહથી ડરતા રહો કે કદાચને તમારા પર રહેમ કરવામાં આવે.

يَآَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰٓى اَنْ يَّكُوْنُوْا
خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَآءٌ مِّنْ نِّسَآءٍ عَسٰٓى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ ۚ
وَلَا تَلْمِزُوْٓا اَنْفُسَكُمْ وَلَا تَنَابَزُوْا بِالْاَلْقَابِ ؕ بِئْسَ الِاسْمُ
الْفُسُوْقُ بَعْدَ الْاِيْمَانِ ۚ وَمَنْ لَّمْ يَتُبْ فَاُولٰٓئِكَ هُمُ
الظّٰلِمُوْنَ ﴿١١﴾

(૧૧) અય ઇમાન લાવનારાઓ! કોઇ કોમ બીજી કોમની હાંસી ઉડાડે નહિ કે કદાચને તેઓ (પરિણામમાં) તેમનાં કરતાં બેહતર હોય, તેમ સ્ત્રીઓ પણ (બીજી) સ્ત્રીઓની (હાંસી ઉડાડે નહિ) કે કદાચને તે તેમનાથી બેહતર હોય, ને તમે ન આપસમાં ટોણાં મારો, અને ન એક બીજાને બૂરા

નામે બોલાવો; ઇમાન (લાવ્યા) પછી બૂરા નામ રાખવા ઘણીજ બૂરી વસ્તુ છે, અને જે (તેનાથી) તૌબા નહિ કરે તો એજ લોકો ઝુલમગાર છે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ز اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّلَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ط اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ ط وَاتَّقُوا اللّٰهَ ط اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ ﴿١٢﴾

(૧૨) અય ઇમાન લાવનારાઓ ! ઘણાં તર્કવિતર્ક દોડાવવાથી બચો, બેશક કેટલાક તર્કો ગુનાહ છે, અને (એક બીજાની) સ્થિતિની તપાસ કરવાની કોશિશ કરો નહિ, તેમ તમારામાંથી કોઇ કોઇની

પાછળ નીંદા કરે નહિ. શું તમારામાંથી કોઇ આ (કૃત્ય)ને પસંદ કરે છે કે તે પોતાના મરી ગએલા ભાઇનું માંસ ખાય? નહિ, બલ્કે એ (કૃત્ય) તો તમો બૂરૂંજ સમજશો. અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ મોટો તૌબા કબૂલ કરનાર (અને) દયાવાન છે.

يٰۤاَيُّهَا النَّاسُ اِنَّا خَلَقْنٰكُمْ مِّنْ ذَكَرٍ وَّاُنْثٰى وَجَعَلْنٰكُمْ شُعُوْبًا وَّقَبَآئِلَ لِتَعَارَفُوْا ؕ اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ ؕ اِنَّ اللّٰهَ عَلِيْمٌ خَبِيْرٌ ﴿۱۳﴾

(૧૩) અય લોકો ! બેશક અમોએ તમને એક પુરૂષ અને એક સ્ત્રી (ના સમાગમ)થી પેદા કર્યા, અને

તમને જુદી જુદી કોમો તથા કબીલાઓ બનાવી દીધા કે જેથી તમે એક બીજાને ઓળખી શકો; બેશક અલ્લાહની પાસે તમારામાંથી વધારે માનવંત એજ છે કે જે વધારે પરહેઝગાર છે; બેશક અલ્લાહ મહાન જાણનાર (અને) ખબરદાર છે.

قَالَتِ الْاَعْرَابُ اٰمَنَّا ؕ قُلْ لَّمْ تُؤْمِنُوْا وَلٰكِنْ قُوْلُوْۤا اَسْلَمْنَا
وَلَمَّا يَدْخُلِ الْاِيْمَانُ فِيْ قُلُوْبِكُمْ ؕ وَاِنْ تُطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ
لَا يَلِتْكُمْ مِّنْ اَعْمَالِكُمْ شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٤﴾

(૧૪) બદદુઓ કહે છે કે અમે ઇમાન લાવ્યા; (પણ) કહે કે તમે ઇમાન નથી લાવ્યા, બલ્કે તમે એમ

કહો કે અમે ઇસ્લામ લાવ્યા, કેમ કે ઇમાન તો તમારા દિલમાં હજુ સુધી દાખલ થયું જ નથી; અને અગર તમે અલ્લાહની તથા તેના રસૂલની આજ્ઞા માનશો તો તે તમારા કર્મોમાંથી કાંઇ ઓછું કરશે નહિ; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાવાન છે.

اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ لَمْ يَرْتَابُوْا وَجٰهَدُوْا بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ اُولٰٓئِكَ هُمُ الصّٰدِقُوْنَ ﴿١٥﴾

(૧૫) સિવાય તેના નથી કે મોઅમીન તે લોકો છે જે અલ્લાહ તથા તેના રસૂલ પર ઇમાન લાવ્યા

બાદ તેઓ કદી શંકા કરતા નથી, અને અલ્લાહના માર્ગમાં પોતાના માલથી તથા પોતાના પ્રાણોથી જેહાદ કરે છે; એજ લોકો (ઇમાનના દાવામાં) સાચા છે.

قُلْ اَتُعَلِّمُوْنَ اللّٰهَ بِدِيْنِكُمْ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿١٦﴾

(૧૬) (અય રસૂલ !) તું કહે કે ભલા તમે અલ્લાહને તમારા ધર્મની જાણ કરો છો ? જો કે અલ્લાહ આસમાનો તથા જમીનમાં જે કાંઇ છે તે સઘળું જાણે છે; અને અલ્લાહ દરેક વસ્તુથી માહિતગાર છે.

يَمُنُّوْنَ عَلَيْكَ اَنْ اَسْلَمُوْا ؕ قُلْ لَّا تَمُنُّوْا عَلَيَّ اِسْلَامَكُمْ ۚ بَلِ
اللّٰهُ يَمُنُّ عَلَيْكُمْ اَنْ هَدٰىكُمْ لِلْاِيْمَانِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۷﴾

(૧૭) તેઓ તારા ઉપર તેમના ઇસ્લામ સ્વીકાર કર્યાનો ઉપકાર રાખે છે તું કહે કે તમે તમારા ઇસ્લામ (લાવવા)નો ઉપકાર મારા પર ન રાખો, તમે (તમારા ઇમાનના દાવામાં) સાચા હો તો (જાણી લો કે) અલ્લાહે જ તમને ઇમાન તરફ હિદાયત કરી તમારા પર ઉપકાર કર્યો છે.

اِنَّ اللّٰهَ يَعْلَمُ غَيْبَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا
تَعْمَلُوْنَ ﴿۱۸﴾

(૧૮) બેશક અલ્લાહ આસમાનો તથા જમીનની છુપી વાતો જાણે છે; અને જે કાંઇ અમલ કરો છો તે અલ્લાહ નિહાળે છે.

قٓ ۚ وَالْقُرْاٰنِ الْمَجِيْدِ ①

(૧) કાફ; આ મહા બુઝુર્ગીવાળા કુરઆનની કસમ ! (મોહમ્મદ સ.અ.વ. અલ્લાહના પયગમ્બર છે.)

بَلْ عَجِبُوْٓا اَنْ جَآءَهُمْ مُّنْذِرٌ مِّنْهُمْ فَقَالَ الْكٰفِرُوْنَ هٰذَا شَیْءٌ عَجِيْبٌ ②

(૨) પરંતુ આ નાસ્તિકોને તો તેમની પાસે તેઓમાંથી જ એક ડરાવનારો (રસૂલ) આવ્યો તેનુંજ આશ્ચર્ય થાય છે, (અને) કહે છે કે આ તો આશ્ચર્ય જેવી વાત છે.

ءَاِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا ۚ ذٰلِكَ رَجْعٌۢ بَعِيْدٌ ③

(3) શું જ્યારે અમે મરી જઇશું અને માટી બની જઇશું (તો પણ અમે પાછા ફરીશું) ? એ પાછા ફરવું જ (અક્કલથી) દૂર છે.

قَدْ عَلِمْنَا مَا تَنْقُصُ الْأَرْضُ مِنْهُمْ ۖ وَعِنْدَنَا كِتٰبٌ حَفِيْظٌ ﴿٤﴾

(૪) તે (મુડદા)ઓના ક્યા ક્યા ભાગને જમીન ખાઇને ઘટાડે છે તે અમે ખરેજ જાણીએ છીએ, અને અમારી પાસે સુરક્ષિત કરેલું પુસ્તક (પણ મોજૂદ) છે.

بَلْ كَذَّبُوْا بِالْحَقِّ لَمَّا جَآءَهُمْ فَهُمْ فِيْٓ اَمْرٍ مَّرِيْجٍ ﴿٥﴾

(૫) બલ્કે તેમણે તો જ્યારે પણ તેમની પાસે સત્ય આવ્યું ત્યારે તેને જૂઠલાવ્યા કર્યું, માટે (હવે) તેઓ ગૂંચવણ ભરી સ્થિતિમાં પડ્યા છે.

اَفَلَمۡ يَنۡظُرُوۡۤا اِلَى السَّمَآءِ فَوۡقَهُمۡ كَيۡفَ بَنَيۡنٰهَا وَزَيَّنّٰهَا وَمَا لَهَا مِنۡ فُرُوۡجٍ ﴿٦﴾

(૬) શું ત્યારે તેઓ પોતાના ઉપર આસમાન તરફ જોતા નથી કે અમોએ તેને કેવું બનાવ્યું છે, અને તેને કેવું શણગાર્યું છે? અને તેમાં એક પણ તિરાડ નથી.

وَالۡاَرۡضَ مَدَدۡنٰهَا وَاَلۡقَيۡنَا فِيۡهَا رَوَاسِىَ وَاَنۡۢبَتۡنَا فِيۡهَا مِنۡ كُلِّ زَوۡجٍۢ بَهِيۡجٍ ۙ﴿٧﴾

(૭) અને અમોએ જમીનને ફેલાવી દીધી છે અને તેમાં મોટા મોટા પહાડ જડી દીધા છે, અને અમોએ તેમાં દરેક પ્રકારની સુંદર વસ્તુઓ ઉત્પન્ન કરી દીધી છે:

تَبۡصِرَةً وَّذِكۡرٰى لِكُلِّ عَبۡدٍ مُّنِيۡبٍ ۝٨

(૮) (અલ્લાહ તરફ) રજૂ થનાર દરેક બંદા માટે (તેમાં કુદરતનું) અવલોકન અને બોધ છે.

وَنَزَّلۡنَا مِنَ السَّمَآءِ مَآءً مُّبٰرَكًا فَاَنۡۢبَتۡنَا بِهٖ جَنّٰتٍ وَّحَبَّ الۡحَصِيۡدِ ۝٩

(૯) અને અમોએ આસમાન પરથી બરકતવાળું પાણી ઉતાર્યું, પછી તે વડે (ફળફળાદિના) બગીચા તથા લણેલ અનાજ ઉત્પન્ન કર્યાં

وَالنَّخۡلَ بٰسِقٰتٍ لَّهَا طَلۡعٌ نَّضِيۡدٌ ۙ﴿۱۰﴾

(૧૦) અને લાંબા લાંબા ખજૂરના વૃક્ષો પણ, જેના ઝુમખા એક ઉપર એક લટકે છે:

رِّزۡقًا لِّلۡعِبَادِ ۙ وَاَحۡيَيۡنَا بِهٖ بَلۡدَةً مَّيۡتًا ؕ كَذٰلِكَ الۡخُرُوۡجُ ﴿۱۱﴾

(૧૧) આ (સઘળું) બંદાઓ માટે રોઝી છે, અને એજ (પાણી) વડે અમો નિર્જીવ જમીનને સજીવન કરીએ છીએ; એજ પ્રમાણે (કયામતના દિવસે મુડદાઓનું) નીકળવું પણ થશે.

كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوحٍ وَّاَصْحٰبُ الرَّسِّ وَثَمُوْدُ ﴿۱۲﴾

(૧૨) તેમની પહેલા નૂહની કોમ તથા અસ્હાબે રસ્સ (ખંદકવાળા) તથા સમૂદ (સાલેહની કોમ)એ પણ જૂઠલાવ્યું હતું ઃ

وَعَادٌ وَّفِرْعَوْنُ وَاِخْوَانُ لُوْطٍ ﴿۱۳﴾

(૧૩) અને આદ (ની કોમ) તથા ફિરઔન તથા લૂતના ભાઇઓ એ પણ ઃ

وَّاَصْحٰبُ الْاَيْكَةِ وَقَوْمُ تُبَّعٍ ؕ كُلٌّ كَذَّبَ الرُّسُلَ فَحَقَّ وَعِيْدِ ﴿۱۴﴾

(૧૪) અને અસ્હાબે અયકા (વનવાસીઓ અર્થાત હ. શોઅયબની કોમ) તથા તુબ્બાની કોમે પણ; આ

સઘળાઓએ રસૂલોને જૂઠલાવ્યા, પછી મારો (અઝાબનો) વાયદો પૂર્ણ થઇને રહ્યો.

أَفَعَيِينَا بِالْخَلْقِ الْأَوَّلِ ۚ بَلْ هُمْ فِي لَبْسٍ مِّنْ خَلْقٍ جَدِيدٍ ﴿١٥﴾

(૧૫) શું અમે પહેલી વારના (સૃષ્ટિ) સર્જનથી થાકી ગયા હતા કે જેથી તેઓ નવીન સર્જન વિષે શંકામાં છે?

وَلَقَدْ خَلَقْنَا الْإِنسَانَ وَنَعْلَمُ مَا تُوَسْوِسُ بِهِ نَفْسُهُ ۖ وَنَحْنُ أَقْرَبُ إِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيدِ ﴿١٦﴾

(૧૬) અને બેશક મનુષ્યને અમોએ જ પેદા કર્યો છે, અને તેનું મન જે કાંઇ સૂચવે તે અમે જાણીએ

છીએ, અને અમે તેની ધોરી નસ કરતાંય વધારે પાસે છીએ.

إِذْ يَتَلَقَّى الْمُتَلَقِّيٰنِ عَنِ الْيَمِيْنِ وَعَنِ الشِّمَالِ قَعِيْدٌ ۝١٧

(૧૭) જ્યારે કે જમણી તથા ડાબી બાજુએ બેઠેલા (દરેક વાતના) લખી લેનારા બે (ફરિશ્તાઓ) દરેક વાતને લખી લે છે.

مَا يَلْفِظُ مِنْ قَوْلٍ اِلَّا لَدَيْهِ رَقِيْبٌ عَتِيْدٌ ۝١٨

(૧૮) એક પણ બોલ તેના મોઢેથી નથી નીકળતો કે જે તેની પાસેનો પહેરેગીર (ફરિશ્તો) હાજર (રહી લખી લેતો) ન હોય.

وَجَآءَتْ سَكْرَةُ الْمَوْتِ بِالْحَقِّ ؕ ذٰلِكَ مَا كُنْتَ مِنْهُ تَحِيْدُ ۝١٩

(૧૯) અને બેશક મૃત્યુની મૂર્છા ખરેખર આવી પહોંચશે; (ત્યારે તેને કહેવામાં આવશે કે) આ એજ છે કે જેનાથી તું નાસતો ફરતો હતો.

وَنُفِخَ فِي الصُّوْرِ ۭ ذٰلِكَ يَوْمُ الْوَعِيْدِ ۝۲۰

(૨૦) અને સૂર ફૂંકી દેવામાં આવશે, એજ અઝાબના વાયદાનો દિવસ છે.

وَجَاۗءَتْ كُلُّ نَفْسٍ مَّعَهَا سَاۗىِٕقٌ وَّشَهِيْدٌ ۝۲۱

(૨૧) દરેક વ્યક્તિ એવી રીતે આવશે કે એક હાંકનાર તથા એક સાક્ષી તેની સાથે હશે.

لَقَدْ كُنْتَ فِيْ غَفْلَةٍ مِّنْ هٰذَا فَكَشَفْنَا عَنْكَ غِطَاۗءَكَ فَبَصَرُكَ الْيَوْمَ حَدِيْدٌ ۝۲۲

(૨૨) (તેને કહેવામાં આવશે કે) ખરેખરજ તું આ દિવસથી બેખબર હતો, પણ હવે અમોએ તારા ઉપરથી (અજ્ઞાનતાનો) પડદો ખસેડી લીધો છે, જેથી તારી દ્રષ્ટિ આજે સતેજ છે.

وَقَالَ قَرِيْنُهٗ هٰذَا مَا لَدَيَّ عَتِيْدٌ ﴿٢٣﴾

(૨૩) અને તેનો સાથી કહેશે કે આ (તારી કરણી) મારી પાસે હાજર છે.

اَلْقِيَا فِيْ جَهَنَّمَ كُلَّ كَفَّارٍ عَنِيْدٍ ﴿٢٤﴾

(૨૪) (પછી હાંકનાર તથા સાક્ષીને હુકમ થશે કે) તમે બન્ને, દરેક નાશુક્રા શિરજોરને જહન્નમમાં નાખી દોઃ

مَّنَّاعٍ لِّلْخَيْرِ مُعْتَدٍ مُّرِيبٍ ﴿٢٥﴾

(૨૫) કે જે નેકીઓથી રોકનાર, અને (દીનમાં) શંકા કરનાર હતો.

الَّذِي جَعَلَ مَعَ اللَّهِ إِلَٰهًا آخَرَ فَأَلْقِيَاهُ فِي الْعَذَابِ الشَّدِيدِ ﴿٢٦﴾

(૨૬) કે જેણે અલ્લાહની સાથે બીજો માઅબૂદ પણ સ્વીકાર્યો હતો માટે તમે બન્ને તેને સખ્ત અઝાબમાં નાખી દો.

قَالَ قَرِينُهُ رَبَّنَا مَا أَطْغَيْتُهُ وَلَٰكِن كَانَ فِي ضَلَالٍ بَعِيدٍ ﴿٢٧﴾

(૨૭) ત્યારે તેનો સાથી (શેતાન) અરજ કરશે કે અય અમારા પરવરદિગાર ! મેં તો તેને ગુમરાહ

કર્યો ન હતો, પરંતુ તે પોતેજ મહાન ગુમરાહીમાં હતો.

قَالَ لَا تَخْتَصِمُوْا لَدَيَّ وَقَدْ قَدَّمْتُ اِلَيْكُمْ بِالْوَعِيْدِ ﴿٢٨﴾

(૨૮) (અલ્લાહ) ફરમાવશે કે મારી હજૂરમાં પરસ્પર ઝઘડો ન કરો, મેં તમને મારા અઝાબનો ભય પ્રથમથી જ સંભળાવી દીધો હતો.

مَا يُبَدَّلُ الْقَوْلُ لَدَيَّ وَمَآ اَنَا بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿٢٩﴾

(૨૯) મારી હજૂરમાં કોઇ વાત બદલી શકાતી નથી, અને ન હું બંદાઓના હકમાં ઝુલમગાર છું.

يَوْمَ نَقُوْلُ لِجَهَنَّمَ هَلِ امْتَلَاْتِ وَتَقُوْلُ هَلْ مِنْ مَّزِيْدٍ ﴿٣٠﴾

(30) તે દિવસે અમે જહન્નમને કહીશું કે ભલા તારૂં પેટ ભરાઇ ગયું ? તે અરજ કરશે કે શું હજી કાંઇ વધારે છે?

وَاُزْلِفَتِ الْجَنَّةُ لِلْمُتَّقِيْنَ غَيْرَ بَعِيْدٍ ۝٣١

(૩૧) અને પરહેઝગારોની ખાતર જન્નત નજીક કરી દેવામાં આવશે અને તે દૂર નહિ હોય.

هٰذَا مَا تُوْعَدُوْنَ لِكُلِّ اَوَّابٍ حَفِيْظٍ ۝٣٢

(૩૨) (તેમને કહેવામાં આવશે કે) આ એજ છે કે જેનો તમારામાંથી દરેક (અલ્લાહની તરફ) વારંવાર રજૂ થનાર અને (સત્યની) નિગેહદારી કરનારને વાયદો કરવામાં આવતો હતો ઃ

مَنْ خَشِيَ الرَّحْمٰنَ بِالْغَيْبِ وَجَآءَ بِقَلْبٍ مُّنِيْبِۣ ﴿۳۳﴾

(33) જે ગૈબ થકી દયાળુ (અલ્લાહ)થી ડરતો રહ્યો, અને જે પ્રશ્ચાતાપ કરતાં દિલ સાથે હાજર થયોઃ

ادْخُلُوْهَا بِسَلٰمٍ ؕ ذٰلِكَ يَوْمُ الْخُلُوْدِ ﴿۳۴﴾

(3૪) (એવાઓને જ કહેવામાં આવશે કે) તમે સલામતીની સાથે તેમાં દાખલ થઇ જાઓ, એજ હંમેશા રહેવાનો દિવસ છે.

لَهُمْ مَّا يَشَآءُوْنَ فِيْهَا وَلَدَيْنَا مَزِيْدٌ ﴿۳۵﴾

(3પ) તેમના માટે તેમાં તેઓ જે કાંઇ ચાહશે તે મોજૂદ હશે, અને અમારી પાસે તે કરતાંય વધારે છે.

وَكَمۡ اَهۡلَكۡنَا قَبۡلَهُمۡ مِّنۡ قَرۡنٍ هُمۡ اَشَدُّ مِنۡهُمۡ بَطۡشًا
فَنَقَّبُوۡا فِى الۡبِلَادِ ؕ هَلۡ مِنۡ مَّحِيۡصٍ ﴿۳۶﴾

(૩૬) અને તેમની પહેલા અમે કેટલીએ પેઢીઓનો નાશ કરી ચૂક્યા છીએ કે જે તેમના કરતાં બળમાં ઘણી વધારે હતી, પછી તેમણે (મોતથી બચવા માટે) બધાય દેશો ફર્યા કે ક્યાંય બચવાની જગ્યા છે?

اِنَّ فِىۡ ذٰلِكَ لَذِكۡرٰى لِمَنۡ كَانَ لَهٗ قَلۡبٌ اَوۡ اَلۡقَى السَّمۡعَ
وَهُوَ شَهِيۡدٌ ﴿۳۷﴾

(૩૭) બેશક તેમાં તે શખ્સ માટે બોધ છે કે જેનું દિલ હોય છે અથવા ધ્યાન દઇ સાંભળે છે, અને વળી તે સાક્ષી પણ હોય છે.

وَلَقَدْ خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا فِيْ سِتَّةِ اَيَّامٍ ۖ
وَّمَا مَسَّنَا مِنْ لُّغُوْبٍ ﴿٣٨﴾

(૩૮) અને ખરેખર અમોએ આસમાનો તથા જમીન તથા તે બન્નેની વચ્ચે જે કાંઇ છે તે (સઘળું) છ દિવસમાં પેદા કર્યું છે, અને છતાં અમને કાંઇ પરિશ્રમ પડયો નહિ.

فَاصْبِرْ عَلٰى مَا يَقُوْلُوْنَ وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ قَبْلَ طُلُوْعِ
الشَّمْسِ وَقَبْلَ الْغُرُوْبِ ﴿٣٩﴾ۚ

(૩૯) માટે (અય રસૂલ !) તેઓ જે કાંઇ કહે છે તેને સહન કર, અને સૂર્યોદય તથા સૂર્યાસ્ત પહેલાં તારા પરવરદિગારના ગુણગાન ગાયા કર.

وَمِنَ الَّيۡلِ فَسَبِّحۡهُ وَاَدۡبَارَ السُّجُوۡدِ ﴿۴۰﴾

(૪૦) અને રાત્રિના અમુક ભાગમાં તેની પવિત્રતા વર્ણવ્યા કર અને નમાઝો પછી પણ.

وَاسۡتَمِعۡ يَوۡمَ يُنَادِ الۡمُنَادِ مِنۡ مَّكَانٍ قَرِيۡبٍ ۙ ﴿۴۱﴾

(૪૧) અને કાન દઇને સાંભળ કે જે દિવસે એક પોકારનાર (ઇસરાફીલ) પાસેની જગ્યાએથી પોકાર કરશે (કે ઉઠો) ઃ

يَّوۡمَ يَسۡمَعُوۡنَ الصَّيۡحَةَ بِالۡحَقِّ ؕ ذٰلِكَ يَوۡمُ الۡخُرُوۡجِ ﴿۴۲﴾

(૪૨) જે દિવસે તેઓ ખરેખરો (બિહામણો) અવાજ સાંભળશે; એજ (કબરોમાંથી) નીકળવાનો દિવસ હશે.

اِنَّا نَحۡنُ نُحۡیٖ وَنُمِیۡتُ وَاِلَیۡنَا الۡمَصِیۡرُ ﴿۴۳﴾

(૪૩) બેશક અમે જ સજીવન કરીએ છીએ અને અમેજ મૃત્યુ આપીએ છીએ, અને અમારી જ તરફ છેવટનું ફરવાનું છે ઃ

یَوۡمَ تَشَقَّقُ الۡاَرۡضُ عَنۡهُمۡ سِرَاعًا ؕ ذٰلِكَ حَشۡرٌ عَلَیۡنَا یَسِیۡرٌ ﴿۴۴﴾

(૪૪) જે દિવસે જમીન તેમના (શબ) પરથી ફાટી જશે ત્યારે તેઓ (હિસાબ માટે) જલ્દી આગળ આવશે; આ એક ભેગું કરવું અમારા માટે સહેલું છે.

نَحۡنُ اَعۡلَمُ بِمَا یَقُوۡلُوۡنَ وَمَاۤ اَنۡتَ عَلَیۡهِمۡ بِجَبَّارٍ ۟ فَذَكِّرۡ بِالۡقُرۡاٰنِ مَنۡ یَّخَافُ وَعِیۡدِ ﴿۴۵﴾

(૪૫) (અય રસૂલ !) આ લોકો જે કાંઇ કહે છે તેનાથી અમે સારી રીતે વાકેફ છીએ, અને તું તેમના પર ઝબરદસ્તી કરનાર નથી; માટે મારી ધમકીથી જે ડરે છે તેને તું કુરઆન સંભળાવી બોધ આપ્યા કર.

وَالذّٰرِيٰتِ ذَرۡوًا ۙ﴿۱﴾

(૧) કસમ છે તે વાયુઓની કે જે ધૂળને વિખેરવા જોગ વિખેરી નાખે છે ઃ

فَالۡحٰمِلٰتِ وِقۡرًا ۙ﴿۲﴾

(૨) પછી કસમ છે તે વાદળાંઓની કે જે (વરસાદનો) ભાર ઊંચકનારાં છે ઃ

فَالۡجٰرِيٰتِ يُسۡرًا ۙ﴿۳﴾

(૩) પછી કસમ છે તે વહાણોની કે જે સહેલાઇથી ચાલનારા છે ઃ

فَالۡمُقَسِّمٰتِ اَمۡرًا ۙ﴿۴﴾

(૪) પછી તે ફરિશ્તાઓની કે જે આજ્ઞાઓની વહેંચણી કરનારા છે ઃ

إِنَّمَا تُوعَدُونَ لَصَادِقٌ ۝٥

(૫) બેશક જે વસ્તુઓનો તમને વાયદો કરવામાં આવ્યો છે તે સાચો છેઃ

وَإِنَّ الدِّينَ لَوَاقِعٌ ۝٦

(૬) અને ન્યાયનો દિવસ અવશ્ય ઉપસ્થિત થનાર છે.

وَالسَّمَاءِ ذَاتِ الْحُبُكِ ۝٧

(૭) અને કસમ છે માર્ગોવાળા આસમાનની ઃ

إِنَّكُمْ لَفِي قَوْلٍ مُّخْتَلِفٍ ۝٨

(૮) કે (અય મક્કાવાસીઓ !) બેશક તમે આપસમાં મતભેદવાળી વાતમાં પડ્યા છો ؞

يُّؤْفَكُ عَنْهُ مَنْ اُفِكَ ۝٩

(૯) જે બહેકી ગએલા છે તેજ તેનાથી બહેકી જાય છે.

قُتِلَ الْخَرّٰصُوْنَ ۝١٠

(૧૦) ખોટુ બોલનારાઓ પર લાનત થાઓઃ

الَّذِيْنَ هُمْ فِيْ غَمْرَةٍ سَاهُوْنَ ۝١١

(૧૧) જે (અજ્ઞાનતાના) વમળમાં ગાફીલ પડ્યા રહ્યા છે ؞

يَسْـَٔلُوْنَ اَيَّانَ يَوْمُ الدِّيْنِ ۝١٢

(૧૨) તેઓ પૂછે છે કે ફેંસલાનો દિવસ ક્યારે આવશે ?

يَوْمَ هُمْ عَلَى النَّارِ يُفْتَنُوْنَ ﴿١٣﴾

(૧૩) (અય રસૂલ! તું કહે કે) તે દિવસ તે હશે કે જે દિવસે તેમને આગ ઉપર તપાવવામાં આવશેઃ

ذُوْقُوْا فِتْنَتَكُمْ ۭ هٰذَا الَّذِيْ كُنْتُمْ بِهٖ تَسْتَعْجِلُوْنَ ﴿١٤﴾

(૧૪) (અને કહેવામાં આવશે) કે તમે તમારા અઝાબની મજા ચાખો, આ એજ (અઝાબ) છે જેની તમે ઉતાવળ કર્યા કરતા હતા.

اِنَّ الْمُتَّقِيْنَ فِيْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿١٥﴾ۙ

(૧૫) બેશક પરહેઝગારો બાગો અને ઝરણાંમાં હશે ઃ

اٰخِذِيۡنَ مَاۤ اٰتٰٮهُمۡ رَبُّهُمۡؕ اِنَّهُمۡ كَانُوۡا قَبۡلَ ذٰلِكَ مُحۡسِنِيۡنَ ؕ‏ ﴿۱۶﴾

(૧૬) તેમના પરવરદિગારે તેમને જે કાંઇ આપ્યું હશે તે તેઓ (રાજી થઇ) લેતા હશે; બેશક તેઓ આ પૂર્વે (દુનિયામાં) સદાચારી હતા.

كَانُوۡا قَلِيۡلًا مِّنَ الَّيۡلِ مَا يَهۡجَعُوۡنَ‏ ﴿۱۷﴾

(૧૭) તેઓ રાત્રે ઓછું ઊંઘતા હતા.

وَبِالۡاَسۡحَارِ هُمۡ يَسۡتَغۡفِرُوۡنَ‏ ﴿۱۸﴾

(૧૮) અને પ્રભાતમાં ક્ષમા માંગ્યા કરતા હતા.

وَفِىۡۤ اَمۡوَالِهِمۡ حَقٌّ لِّلسَّآئِلِ وَالۡمَحۡرُوۡمِ‏ ﴿۱۹﴾

(૧૯) અને તેમની સંપત્તિમાં માંગનારા અને મોહતાજોનો પણ ભાગ રહેતો હતો.

وَفِي الْأَرْضِ اٰيٰتٌ لِّلْمُوْقِنِيْنَ ﴿٢٠﴾

(૨૦) અને શ્રદ્ધાળુઓ માટે આ જમીનમાં (કુદરતની) નિશાનીઓ મોજૂદ છે ઃ

وَفِيْٓ اَنْفُسِكُمْ ؕ اَفَلَا تُبْصِرُوْنَ ﴿٢١﴾

(૨૧) અને ખુદ તમારામાં પણ; છતાં તમને સૂઝતું નથી?

وَفِي السَّمَآءِ رِزْقُكُمْ وَمَا تُوْعَدُوْنَ ﴿٢٢﴾

(૨૨) અને આસમાનમાં પણ તમારી રોઝી મોજૂદ છે, અને તે વસ્તુઓ કે જેનાથી તમને ડરાવવામાં આવે છે.

فَوَرَبِّ السَّمَآءِ وَالۡاَرۡضِ اِنَّهٗ لَحَقٌّ مِّثۡلَ مَاۤ اَنَّكُمۡ تَنۡطِقُوۡنَ ﴿۲۳﴾

(૨૩) માટે આસમાન તથા જમીનના પાલનહારની કસમ ! બેશક આ (કુરઆન) એવુંજ સત્ય છે જેમ તમે વાતો કરી રહ્યા છો.

هَلۡ اَتٰىكَ حَدِيۡثُ ضَيۡفِ اِبۡرٰهِيۡمَ الۡمُكۡرَمِيۡنَ ﴿۲۴﴾

(૨૪) ભલા તારી પાસે ઇબ્રાહીમના માનવંત મહેમાનોનો કિસ્સો પહોંચ્યો છે?

اِذۡ دَخَلُوۡا عَلَيۡهِ فَقَالُوۡا سَلٰمًا ؕ قَالَ سَلٰمٌ ۚ قَوۡمٌ مُّنۡكَرُوۡنَ ﴿۲۵﴾

(૨૫) જે વખતે તે (ફરિશ્તા)ઓ તે (ઇબ્રાહીમ)ની પાસે દાખલ થયા અને સલામ કરી; (આથી) તેણે પણ સલામ કરી; અને (મનમાં બોલ્યો) આ લો◌ેકો અજાણ્યા લાગે છે.

فَرَاغَ اِلٰۤى اَهۡلِهٖ فَجَآءَ بِعِجۡلٍ سَمِيۡنٍۙ ﴿۲۶﴾

(૨૬) પછી તે તરતજ પોતાના કુટુંબ પાસે ગયો, પછી ત્યાંથી એક મોટું (ભુંજેલું) વાછરડું લઇ આવ્યોઃ

فَقَرَّبَهٗۤ اِلَيۡهِمۡ قَالَ اَلَا تَاۡكُلُوۡنَ ﴿۲۷﴾

(૨૭) પછી તે તેમની સામે ધર્યું, (અને તેમને ખાતા ન જોઇ) કહ્યું તમે કેમ ખાતા નથી ?

فَاَوۡجَسَ مِنۡهُمۡ خِيۡفَةً‌ ؕ قَالُوۡا لَا تَخَفۡ‌ ؕ وَبَشَّرُوۡهُ بِغُلٰمٍ

عَلِيۡمٍ ﴿۲۸﴾

(૨૮) પછી પોતાના મનમાં તેમનાથી ભય પામ્યો, તેમણે કહ્યું તું ભય ન પામ; અને તેમણે તેને એક જ્ઞાની પુત્રની ખુશખબર આપી.

فَاَقۡبَلَتِ امۡرَاَتُهٗ فِىۡ صَرَّةٍ فَصَكَّتۡ وَجۡهَهَا وَقَالَتۡ عَجُوۡزٌ

عَقِيۡمٌ ﴿۲۹﴾

(૨૯) ત્યારે (આ સાંભળી) તેની પત્ની (સારાહ) મોટેથી બોલતી બોલતી ત્યાં આવી પહોંચી, અને પોતાના મોંઢા પર હાથ મારી કહેવા લાગી કે એક વૃદ્ધા અને વંધ્યા (કેવી રીતે બાળક જણશે)!

قَالُوْا كَذٰلِكِ ۙ قَالَ رَبُّكِ ؕ اِنَّهٗ هُوَالْحَكِيْمُ الْعَلِيْمُ ﴿۳۰﴾

(30) તેમણે કહ્યું, તારા પરવરદિગારે એવું જ ફરમાવ્યું છે; બેશક તે મહા હિકમતવાળો (અને) સર્વજ્ઞછે.

Translation of Ayat 31 is missing

۞ قَالَ فَمَا خَطْبُكُمْ أَيُّهَا ٱلْمُرْسَلُونَ ٣١

قَالُوۡۤا اِنَّاۤ اُرۡسِلۡنَاۤ اِلٰى قَوۡمٍ مُّجۡرِمِيۡنَ ۙ‏﴿۳۲﴾

(૩૨) તેમણે કહ્યું કે અમે એક ગુનેહગાર કોમ તરફ મોકલવામાં આવ્યા છીએ:

لِنُرۡسِلَ عَلَيۡهِمۡ حِجَارَةً مِّنۡ طِيۡنٍ ۙ‏﴿۳۳﴾

(૩૩) કે અમે તેમના ઉપર માટીવાળા પત્થર વરસાવીએ:

مُّسَوَّمَةً عِنۡدَ رَبِّكَ لِلۡمُسۡرِفِيۡنَ‏ ﴿۳۴﴾

(૩૪) જે તારા પરવરદિગાર પાસે ગુનાહોમાં હદ ઉપરાંત વધી જનારાઓ માટે નિશાની કરેલા (તૈયાર) છે.

فَأَخۡرَجۡنَا مَنۡ كَانَ فِيۡهَا مِنَ الۡمُؤۡمِنِيۡنَ ۝٣٥

(૩૫) પછી અમોએ તે (શહેર)માંથી જે કોઇ મોઅમીન હતા તેમને (બચાવી) બહાર કાઢી લીધા.

فَمَا وَجَدۡنَا فِيۡهَا غَيۡرَ بَيۡتٍ مِّنَ الۡمُسۡلِمِيۡنَ ۝٣٦

(૩૬) પણ અમને તેમાં એક મુસ્લિમ ઘર સિવાય બીજું કોઇ (મુસ્લિમ ઘર) મળ્યું નહિ.

وَتَرَكۡنَا فِيۡهَاۤ اٰيَةً لِّلَّذِيۡنَ يَخَافُوۡنَ الۡعَذَابَ الۡاَلِيۡمَ ۝٣٧

(૩૭) અને અમોએ તેઓમાં જે લોકો દર્દભર્યા અઝાબથી ડરે છે તેમના માટે એક નિશાની પાછળ મૂકી દીધી.

وَفِیْ مُوْسٰۤی اِذْ اَرْسَلْنٰهُ اِلٰی فِرْعَوْنَ بِسُلْطٰنٍ مُّبِیْنٍ ﴿۳۸﴾

(૩૮) અને (એવી જ રીતે) મૂસા (ના બનાવ)માં પણ (નિશાની છે), જ્યારે અમોએ તેને ફિરઔન તરફ સ્પષ્ટ મોઅજિઝા સાથે મોકલ્યો હતો.

فَتَوَلّٰی بِرُکْنِهٖ وَقَالَ سٰحِرٌ اَوْ مَجْنُوْنٌ ﴿۳۹﴾

(૩૯) પણ તેણે પોતાના લશ્કર સાથે મોંઢું ફેરવી લીધું અને કહેવા લાગ્યો, આ તો એક જાદુગર છે અથવા દીવાનો.

فَاَخَذْنٰهُ وَجُنُوْدَهٗ فَنَبَذْنٰهُمْ فِی الْیَمِّ وَهُوَ مُلِیْمٌ ﴿ؕ۴۰﴾

(૪૦) જેથી અમોએ તેને તથા તેના લશ્કરને (અમારા અઝાબમાં) પકડ્યા અને તેઓ સર્વને

સમુદ્રમાં હોમી દીધા, અને તે (ફિરઔન) હતો જ ઠપકાને પાત્ર.

وَفِيْ عَادٍ اِذْ اَرْسَلْنَا عَلَيْهِمُ الرِّيْحَ الْعَقِيْمَ ﴿٤١﴾

(૪૧) અને એવીજ રીતે આદની કોમ (ના બનાવ)માં પણ (નિશાની છે), જ્યારે અમોએ તેમના ઉપર એક નાશકારક વાવાઝોડું મોકલ્યું.

مَا تَذَرُ مِنْ شَيْءٍ اَتَتْ عَلَيْهِ اِلَّا جَعَلَتْهُ كَالرَّمِيْمِ ﴿٤٢﴾

(૪૨) જે તે વસ્તુ પર પહોંચતું હતું તેનો ચૂરેચૂરો કર્યા વિના મૂકતું ન હતું.

وَفِيْ ثَمُوْدَ اِذْ قِيْلَ لَهُمْ تَمَتَّعُوْا حَتّٰى حِيْنٍ ﴿٤٣﴾

(૪૩) અને સમૂદ (ની કોમના બનાવ)માં પણ (નિશાની છે), જ્યારે તેમને કહેવામાં આવ્યું કે એક (નિશ્ચિત) સમય સુધી લાભ મેળવી લો.

فَعَتَوۡا عَنۡ اَمۡرِ رَبِّهِمۡ فَاَخَذَتۡهُمُ الصّٰعِقَةُ وَهُمۡ يَنۡظُرُوۡنَ ﴿۴۴﴾

(૪૪) પણ તેમણે પોતાના રબની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ત્યારે તેમનાં દેખતાં દેખતાં જ તેમને એક ઘોર ગર્જનાએ આવી પકડયા.

فَمَا اسۡتَطَاعُوۡا مِنۡ قِيَامٍ وَّمَا كَانُوۡا مُنۡتَصِرِيۡنَ ۙ ﴿۴۵﴾

(૪૫) પછી ન તો તેઓ ઉભા થઇ શક્યા અને ન પોતાનો બચાવ કરી શક્યાઃ

وَقَوۡمَ نُوۡحٍ مِّنۡ قَبۡلُ ؕ اِنَّهُمۡ كَانُوۡا قَوۡمًا فٰسِقِيۡنَ ﴿۴۶﴾

(૪૬) અને નૂહની કોમને આ (લોકો)ની પહેલાં જ (અમે નિશાની બતાવી ચૂક્યા હતા); બેશક તેઓ હતા જ આજ્ઞાભંગ કરનારા લોકો.

وَالسَّمَآءَ بَنَيْنٰهَا بِاَيْىدٍ وَّاِنَّا لَمُوْسِعُوْنَ ﴿٤٧﴾

(૪૭) અને આસમાનને અમોએ જ અમારા બાહુબળ વડે બનાવ્યું છે, અને બેશક અમે સર્વ વ્યાપી શક્તિ ધરાવીએ છીએ.

وَالْاَرْضَ فَرَشْنٰهَا فَنِعْمَ الْمٰهِدُوْنَ ﴿٤٨﴾

(૪૮) અને જમીનને અમોએ જ પાથરી છે, માટે (જુઓ કે) અમે કેવા બહેતર પાથરનારા છીએ !

وَمِنْ كُلِّ شَىْءٍ خَلَقْنَا زَوْجَيْنِ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ ﴿٤٩﴾

(૪૯) અને દરેક વસ્તુની જોડી અમોએ બનાવી છે કે જેથી તમે નસીહત લો.

فَفِرُّوْۤا اِلَى اللّٰهِ ؕ اِنِّیْ لَكُمْ مِّنْهُ نَذِیْرٌ مُّبِیْنٌ ۝۵۰

(૫૦) માટે તમે અલ્લાહની જ તરફ દોડી જાઓ; ખરેખર હું તેના તરફથી તમારા માટે એક ખુલ્લો ડરાવનારો (રસૂલ) છું.

وَلَا تَجْعَلُوْا مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ ؕ اِنِّیْ لَكُمْ مِّنْهُ نَذِیْرٌ مُّبِیْنٌ ۝۵۱

(૫૧) અને અલ્લાહની સાથે બીજો કોઇ માઅબૂદ ન બનાવો; બેશક હું તેના તરફથી તમારા માટે એક ખુલ્લો ડરાવનારો (રસૂલ) છું.

كَذٰلِكَ مَآ اَتَى الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ مِّنْ رَّسُوْلٍ اِلَّا قَالُوْا سَاحِرٌ
اَوْ مَجْنُوْنٌ ﴿٥٢﴾

(૫૨) એવીજ રીતે તે લોકોની પાસે કે જે તેમની પહેલા હતા એક પણ રસૂલ એવો આવ્યો ન હતો જેના સંબંધમાં તેમણે આ કહી દીધું ન હોય કે આ તો એક જાદુગર છે અથવા દીવાનો.

اَتَوَاصَوْا بِهٖ ۚ بَلْ هُمْ قَوْمٌ طَاغُوْنَ ﴿٥٣﴾

(૫૩) શું તેઓ આ (કહેણી)ની એક બીજાને વસીયત કરતા ચાલ્યા આવ્યા છે ? નહિ, બલ્કે તે લોકો છે જ ઉધ્ધત.

فَتَوَلَّ عَنْهُمْ فَمَآ اَنْتَ بِمَلُوْمٍ ﴿٥٤﴾

(૫૪) હવે તું તેમના તરફથી મોઢું ફેરવી લે, તેમ કરવાથી તું ઠપકાને પાત્ર ઠરશે નહિઃ

وَّذَكِّرْ فَاِنَّ الذِّكْرٰى تَنْفَعُ الْمُؤْمِنِيْنَ ۝٥٥

(૫૫) અને ઉપદેશ કર્યા કર, કારણ કે ઉપદેશ મોઅમીનોને અવશ્ય ફાયદો કરશે.

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ ۝٥٦

(૫૬) અને મેં જિન્નાતો તથા ઇન્સાનોને (અમસ્તા) પેદા કર્યા નથી પણ એ માટે કે તેઓ મારી ઇબાદત કરે.

مَآ اُرِيْدُ مِنْهُمْ مِّنْ رِّزْقٍ وَّمَآ اُرِيْدُ اَنْ يُّطْعِمُوْنِ ۝٥٧

(૫૭) તેમની પાસે ન હું રોઝી માંગું છું, અને ન હું એ ચાહું છું કે તેઓ મને ખવડાવે.

إِنَّ اللَّهَ هُوَ الرَّزَّاقُ ذُو الْقُوَّةِ الْمَتِينُ ﴿٥٨﴾

(૫૮) બેશક અલ્લાહ એજ મહાન રોઝી આપનાર, શક્તિવાન (અને) બળવાન છે.

فَإِنَّ لِلَّذِينَ ظَلَمُوا ذَنُوبًا مِّثْلَ ذَنُوبِ أَصْحَابِهِمْ فَلَا
يَسْتَعْجِلُونِ ﴿٥٩﴾

(૫૯) માટે બેશક તે લોકો માટે કે જેમણે ઝુલમ કર્યો છે એવી શિક્ષાનો એક ભાગ છે જેવો કે (તેમની પહેલાંના) તેમના સાથીઓ માટે સજાનો

ભાગ હતો; માટે તેમણે (મારી પાસે અઝાબની) ઉતાવળ કરવી નહિ.

فَوَيۡلٌ لِّلَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ يَّوۡمِهِمُ الَّذِىۡ يُوۡعَدُوۡنَ ۝٦٠

(૬૦) પછી જે દિવસથી તેમને ડરાવવામાં આવે છે તે દિવસનો જેઓ ઇન્કાર કરે છે તેમના માટે દુર્દશા છે.

وَالطُّوۡرِ ۙ﴿۱﴾

(૧) કસમ છે તે (સીના) પર્વતની:

وَ كِتٰبٍ مَّسۡطُوۡرٍ ۙ﴿۲﴾

(૨) અને કસમ છે લખેલી કિતાબની:

فِىۡ رَقٍّ مَّنۡشُوۡرٍ ۙ﴿۳﴾

(3) ખુલ્લા પાનાઓમાં

وَّالۡبَيۡتِ الۡمَعۡمُوۡرِ ۙ﴿۴﴾

(૪) અને કસમ છે બયતુલ માઅમૂર (એટલે આબાદ ઘર કાઅબા)ની:

وَالسَّقۡفِ الۡمَرۡفُوۡعِ ۙ﴿۵﴾

(૫) અને ઊંચા ગુંબજ (આસમાન)ની:

وَالْبَحْرِ الْمَسْجُوْرِ ۙ﴿٦﴾

(૬) અને ઉભરેલા સમુદ્રની:

اِنَّ عَذَابَ رَبِّكَ لَوَاقِعٌ ۙ﴿٧﴾

(૭) બેશક તારા પરવરદિગારનો અઝાબ થઇને જ રહેનાર છે:

مَّا لَهٗ مِنْ دَافِعٍ ۙ﴿٨﴾

(૮) જેને ટાળનાર કોઇ નહિ હોય:

يَّوْمَ تَمُوْرُ السَّمَآءُ مَوْرًا ۙ﴿٩﴾

(૯) જે દિવસે આસમાન બહુ જોરથી ધ્રુજી ઉઠશે:

وَّتَسِيْرُ الْجِبَالُ سَيْرًا ۭ﴿١٠﴾

(૧૦) અને પહાડો પોતાના સ્થાનેથી જોરમાં ચાલવા લાગશેઃ

فَوَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ﴿۱۱﴾

(૧૧) તો તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશેઃ

الَّذِيۡنَ هُمۡ فِىۡ خَوۡضٍ يَّلۡعَبُوۡنَ ﴿۱۲﴾

(૧૨) કે જેઓ વ્યર્થ વાતોમાં પડી રમ્યા કરે છે.

يَوۡمَ يُدَعُّوۡنَ اِلٰى نَارِ جَهَنَّمَ دَعًّا ﴿۱۳﴾

(૧૩) જે દિવસે તેમને ધક્કા મારી જહન્નમની આગ તરફ ઘસડી લઇ જવામાં આવશે.

هٰذِهِ النَّارُ الَّتِىۡ كُنۡتُمۡ بِهَا تُكَذِّبُوۡنَ ﴿۱۴﴾

(૧૪) આ એજ આગ છે કે જેને તમે જૂઠલાવ્યા કરતા હતા.

اَفَسِحۡرٌ هٰذَاۤ اَمۡ اَنۡتُمۡ لَا تُبۡصِرُوۡنَ ۚ﴿۱۵﴾

(૧૫) (હવે કહો કે) ભલા આ નજરબંદી છે, અથવા શું તમને સૂઝતું જ નથી ?

اِصۡلَوۡهَا فَاصۡبِرُوۡۤا اَوۡ لَا تَصۡبِرُوۡا ۚ سَوَآءٌ عَلَيۡكُمۡ ؕ اِنَّمَا تُجۡزَوۡنَ مَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿۱۶﴾

(૧૬) તમે તેમાં દાખલ થઇ જાઓ પછી ચાહે તમે સહન કરો યા સહન ન કરો, તમારા માટે (બન્ને સ્થિતિ) સમાન છે; જે કરણી તમે કર્યા કરતા હતા માત્ર તેનોજ બદલો તમને આપવામાં આવે છે.

إِنَّ الْمُتَّقِينَ فِي جَنَّٰتٍ وَنَعِيمٍ ﴿١٧﴾

(૧૭) બેશક પરહેઝગાર લોકો જન્નતો તથા નેઅમતોમાં હશેઃ

فَٰكِهِينَ بِمَآ ءَاتَىٰهُمْ رَبُّهُمْ وَوَقَىٰهُمْ رَبُّهُمْ عَذَابَ
الْجَحِيمِ ﴿١٨﴾

(૧૮) તેમના પરવરદિગારે તેમને જે આપ્યું હશે તેમાં આનંદ કરતા હશે, અને તેમનો પરવરદિગાર તેમને જહન્નમના અઝાબથી બચાવી લેશે.

كُلُوا وَاشْرَبُوا هَنِيٓـًٔا بِمَا كُنتُمْ تَعْمَلُونَ ﴿١٩﴾

(૧૯) જે નેક કામ તમે કર્યા કરતા હતા તેના બદલામાં ખૂબ ખાઓ, પીઓ (અને) રચ્યા પચ્યા રહો:

مُتَّكِـِٕيۡنَ عَلٰى سُرُرٍ مَّصۡفُوۡفَةٍ‌ ۚ وَزَوَّجۡنٰهُمۡ بِحُوۡرٍ عِيۡنٍ‏ ﴿۲۰﴾

(૨૦) (અને) તેઓ હારબંધ પાસે પાસે ગોઠવેલા સિંહાસનો પર તકીયા લગાવી બેઠા હશે, અને મોટી મોટી આંખોવાળી હૂરો સાથે અમે તેમનાં લગ્ન કરાવી દઇશું.

وَالَّذِيۡنَ اٰمَنُوۡا وَاتَّبَعَتۡهُمۡ ذُرِّيَّتُهُمۡ بِاِيۡمَانٍ اَلۡحَـقۡنَا بِهِمۡ ذُرِّيَّتَهُمۡ وَمَاۤ اَلَـتۡنٰهُمۡ مِّنۡ عَمَلِهِمۡ مِّنۡ شَىۡءٍ‌ ؕ كُلُّ امۡرِیءٍۢ بِمَا كَسَبَ رَهِيۡنٌ‏ ﴿۲۱﴾

(૨૧) અને જે લોકો ઇમાન લાવ્યા અને તેમની સંતતિએ ઇમાન (લાવવા)માં તેમનું અનુકરણ કર્યું તો તેમની સંતતિનો (કદાચ ને કાંઇ કસુર થયો હશે તો પણ તે જન્નતવાસીઓની ખાતર તેમનો) પણ અમે તેમની સાથે (જન્નતમાં) મેળાપ કરાવી દઇશું, અને તેમના નેક કામો (ના બદલા)માંથી કાંઇ પણ ઓછું નહિ કરીએ; (ખરેજ) દરેક શખ્સ પોતાની કરણી (ના બદલા)માં ગિરવી (જોખમદાર) છે.

وَاَمۡدَدۡنٰهُمۡ بِفَاكِهَةٍ وَّلَحۡمٍ مِّمَّا يَشۡتَهُوۡنَ ﴿٢٢﴾

(૨૨) અને તેમને જે જાતના મેવા તથા ગોશ્તની ઇચ્છા હશે તેની તેમના માટે રેલમછેલ કરી દઇશું.

يَتَنَازَعُونَ فِيهَا كَأْسًا لَّا لَغْوٌ فِيهَا وَلَا تَأْثِيمٌ ﴿٢٣﴾

(૨૩) (જન્નતમાં) તેઓ પરસ્પર એવા (પીણાંના) જામની આપ-લે કરશે કે તેમાં ન કાંઇ નકામો બકવાસ (કરવાનું તત્વ) હશે અને ન કોઇ ગુનાહ (નું તત્વ).

وَيَطُوفُ عَلَيْهِمْ غِلْمَانٌ لَّهُمْ كَأَنَّهُمْ لُؤْلُؤٌ مَّكْنُونٌ ﴿٢٤﴾

(૨૪) અને તેમના ગુલામો કે જે (સીપમાં) જળવાઇ રહેલાં મોતીના જેવાં હશે તેમની સેવામાં આંટા ફેરા મારતા હશે.

وَأَقْبَلَ بَعْضُهُمْ عَلَىٰ بَعْضٍ يَتَسَاءَلُونَ ﴿٢٥﴾

(૨૫) અને તેઓ એકબીજાને આપસમાં પૂછશે.

قَالُوْٓا اِنَّا كُنَّا قَبْلُ فِيْٓ اَهْلِنَا مُشْفِقِيْنَ ﴿٢٦﴾

(૨૬) એમ કહીને કે આ પહેલાં આપણે આપણાં બાલબચ્ચાઓમાં રહીને (અલ્લાહથી) ડરતા રહેતા હતા.

فَمَنَّ اللّٰهُ عَلَيْنَا وَوَقٰىنَا عَذَابَ السَّمُوْمِ ﴿٢٧﴾

(૨૭) જેથી અલ્લાહે આપણા ઉપર ઉપકાર કર્યો, અને આપણને (જહન્નમની) ગરમ હવાથી બચાવી લીધા.

اِنَّا كُنَّا مِنْ قَبْلُ نَدْعُوْهُ ۭ اِنَّهٗ هُوَ الْبَرُّ الرَّحِيْمُ ﴿٢٨﴾

(૨૮) બેશક આપણે તો આ પહેલાં તેનેજ પોકાર્યા કરતા હતા; બેશક તે મહા પરોપકારી (અને) દયા કરનારો છે.

فَذَكِّرۡ فَمَآ اَنۡتَ بِنِعۡمَتِ رَبِّكَ بِكَاهِنٍ وَّلَا مَجۡنُوۡنٍ ؕ﴿۲۹﴾

(૨૯) માટે (અય રસૂલ !) તું ઉપદેશ કર્યે જા, કારણ કે તું તારા પરવરદિગારની મહેરબાનીથી ન નજુમી છે ન દીવાનો.

اَمۡ يَقُوۡلُوۡنَ شَاعِرٌ نَّتَرَبَّصُ بِهٖ رَيۡبَ الۡمَنُوۡنِ ﴿۳۰﴾

(30) શું તેઓ એમ પણ કહે છે કે આ (રસૂલ) એક કવિ છે કે જેના સંબંધમાં અમે કાળચક્રની વાટ જોઇએ છીએ?

قُلْ تَرَبَّصُوْا فَاِنِّيْ مَعَكُمْ مِّنَ الْمُتَرَبِّصِيْنَ ﴿٣١﴾

(૩૧) તું કહે કે તમે રાહ જુઓ, ખરેખર હું પણ તમારી સાથે રાહ જોનારાઓ માંનો છું.

اَمْ تَاْمُرُهُمْ اَحْلَامُهُمْ بِهٰذَآ اَمْ هُمْ قَوْمٌ طَاغُوْنَ ﴿٣٢﴾

(૩૨) શું તેમની બુદ્ધિ તેમને એવુંજ શીખવે છે, અથવા તેઓ શિરજોરી કરનારા લોકો છે ?

اَمْ يَقُوْلُوْنَ تَقَوَّلَهٗ ۚ بَلْ لَّا يُؤْمِنُوْنَ ﴿٣٣﴾

(૩૩) અથવા શું એમ કહે છે કે આ (કુરઆન) તે (રસૂલ)નો ઘડી કાઢેલો બોલ છે ? પણ વાત આ છે કે તેઓ ઇમાન જ ધરાવતા નથી.

فَلْيَاْتُوْا بِحَدِيْثٍ مِّثْلِهٖٓ اِنْ كَانُوْا صٰدِقِيْنَ ﴿٣٤﴾

(૩૪) પછી અગર તેઓ સાચા છે તો તેઓ પણ તેના જેવીજ એક વાત રચી લાવે.

أَمْ خُلِقُوا مِنْ غَيْرِ شَيْءٍ أَمْ هُمُ الْخَالِقُونَ ﴿٣٥﴾

(૩૫) ભલા તેઓ કોઇ વસ્તુ વિના પોતે જ પેદા થઇ ગયા છે કે તેઓ પોતે જ (પોતાને) પેદા કરનારાછે?

أَمْ خَلَقُوا السَّمَاوَاتِ وَالْأَرْضَ ۚ بَلْ لَا يُوقِنُونَ ﴿٣٦﴾

(૩૬) અથવા તેમણે આસમાનો અને જમીનને પેદા કર્યા છે ? આ કાંઇ પણ નથી પરંતુ તેઓને યકીન નથી.

أَمْ عِنْدَهُمْ خَزَائِنُ رَبِّكَ أَمْ هُمُ الْمُصَيْطِرُونَ ﴿٣٧﴾

(૩૭) અથવા તેમની પાસે તારા પરવરદિગારના ખજાના છે, અથવા શું તેઓ તેના સત્તા ધરાવનાર છે?

اَمۡ لَهُمۡ سُلَّمٌ يَّسۡتَمِعُوۡنَ فِيۡهِ‌ۚ فَلۡيَاۡتِ مُسۡتَمِعُهُمۡ بِسُلۡطٰنٍ مُّبِيۡنٍؕ‏ ﴿۳۸﴾

(૩૮) અથવા શું તેમની પાસે કોઇ નીસરણી છે કે (જેના ઉપર ચઢી) તેઓ તે (આસમાનની ખબરો) સાંભળી લે છે? તો તેમનો સાંભળનાર કોઇ ખુલ્લી દલીલ લઇ આવે.

اَمۡ لَهُ الۡبَنٰتُ وَلَكُمُ الۡبَنُوۡنَؕ‏ ﴿۳۹﴾

(૩૯) અથવા શું તે (અલ્લાહ)ને પુત્રીઓ છે અને તમારા માટે પુત્રો?

اَمْ تَسْـَٔلُهُمْ اَجْرًا فَهُمْ مِّنْ مَّغْرَمٍ مُّثْقَلُوْنَ ۝٤٠

(૪૦) અથવા તું તેમનાથી કાંઇ બદલો માંગે છે કે જેના ભારથી તેઓ દબાતા જાય છે?

اَمْ عِنْدَهُمُ الْغَيْبُ فَهُمْ يَكْتُبُوْنَ ۝٤١

(૪૧) અથવા શું તેમની પાસે ગેબની ખબરો છે કે જેને તેઓ લખતા જાય છે?

اَمْ يُرِيْدُوْنَ كَيْدًا ۗ فَالَّذِيْنَ كَفَرُوْا هُمُ الْمَكِيْدُوْنَ ۝٤٢

(૪૨) અથવા શું તેઓ (તારાથી) કોઇ ચાલબાઝી ચાલવા ચાહે છે? પણ નાસ્તિકો પોતે જ પોતાની ચાલબાઝીમાં સપડાઇ જશે.

اَمْ لَهُمْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ ؕ سُبْحٰنَ اللّٰهِ عَمَّا يُشْرِكُوْنَ ﴿٤٣﴾

(૪3) અથવા અલ્લાહના સિવાય તેમનો કોઇ બીજો માઅબૂદ છે? જેને આ (લોકો) તેના શરીક ગણાવે છે તેનાથી અલ્લાહની જાત પાક છે.

وَاِنْ يَّرَوْا كِسْفًا مِّنَ السَّمَآءِ سَاقِطًا يَّقُوْلُوْا سَحَابٌ مَّرْكُوْمٌ ﴿٤٤﴾

(૪૪) અને અગર તેઓ કોઇ આસમાનનો કટકો તૂટી પડતાં જુએ તો પણ કહેશે કે એ તો જામી ગયેલું વાદળ છે.

فَذَرۡهُمۡ حَتّٰى يُلٰقُوۡا يَوۡمَهُمُ الَّذِىۡ فِيۡهِ يُصۡعَقُوۡنَ ۙ﴿۴۵﴾

(૪૫) માટે તું તેમને (તેમની હાલત પર) રહેવા દે, અહીં સુધી કે તે દિવસ તેમની સામે આવે કે જે દિવસે તેમને બેભાન કરી દેવામાં આવશેઃ

يَوۡمَ لَا يُغۡنِىۡ عَنۡهُمۡ كَيۡدُهُمۡ شَيۡـًٔا وَّلَا هُمۡ يُنۡصَرُوۡنَ ؕ﴿۴۶﴾

(૪૬) તે દિવસે તેમની ચાલબાઝી તેમના સહેજ પણ કામમાં નહિ આવે, અને ન તેમની સહાય કરવામાં આવશે.

وَإِنَّ لِلَّذِينَ ظَلَمُوا عَذَابًا دُونَ ذٰلِكَ وَلٰكِنَّ أَكْثَرَهُمْ لَا يَعْلَمُونَ ﴿٤٧﴾

(૪૭) અને બેશક તે લોકો માટે કે જેમણે ઝુલ્મ કર્યો છે (તેમના માટે કયામતની) આ (શિક્ષા) સિવાય (દુનિયામાં પણ) બીજી એક શિક્ષા છે, પરંતુ તેઓ માંના ઘણાંખરા જાણતા નથી.

وَاصْبِرْ لِحُكْمِ رَبِّكَ فَإِنَّكَ بِأَعْيُنِنَا وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ حِينَ تَقُومُ ﴿٤٨﴾

(૪૮) અને તું તારા પરવરદિગારના હુકમ માટે સબ્ર કર. કારણ કે તું બેશક અમારી નજર સામે (અમારા રક્ષણમાં) છે, અને જે વખતે તું

(પરોઢીયાની નમાઝ માટે) જાગૃત થાય ત્યારે તારા પરવરદિગારના વખાણની તસ્બીહ કર્યા કરઃ

وَمِنَ الَّيۡلِ فَسَبِّحۡهُ وَاِدۡبَارَ النُّجُوۡمِ ﴿۴۹﴾

(૪૯) તેમજ રાત્રિના એક ભાગમાં તું તેની તસ્બીહ પઢ, અને તારાઓના અસ્ત થવાના સમયે પણ.

وَالنَّجۡمِ اِذَا هَوٰى ۙ‏ ①

(૧) કસમ છે તે સિતારાની જ્યારે કે તે (આસમાનમાંથી) તૂટી પડે છે ઃ

مَا ضَلَّ صَاحِبُكُمۡ وَمَا غَوٰىۚ‏ ②

(૨) તમારો સાથી ન આડે માર્ગે ગયો છે અને ન તેણે ભૂલ કરી છે.

وَمَا یَنۡطِقُ عَنِ الۡهَوٰى ؕ‏ ③

(3) અને તે પોતાના મનથી કાંઇ કહેતો નથી.

اِنۡ هُوَ اِلَّا وَحۡیٌ یُّوۡحٰى ۙ‏ ④

(૪) (પણ) તે જે કાંઇ કહે છે તે તેને વહી કરવામાં આવે છે તેના સિવાય બીજું કાંઇ નથી:

عَلَّمَهٗ شَدِيْدُ الْقُوٰى ۝٥

(૫) તેને મોટી શક્તિવાળા એ (અલ્લાહે) કેળવ્યો છે:

ذُوْ مِرَّةٍ ؕ فَاسْتَوٰى ۝٦

(૬) કે જે ઘણી શક્તિ ધરાવનારો છે: પછી તે (તેના મૂળ સ્વરૂપમાં તેની સામે) આવી ઉભો થયો:

وَهُوَ بِالْاُفُقِ الْاَعْلٰى ۝٧

(૭) અને તે તે વખતે (આસમાનના) એક અતિ ઊંચા ભાગમાં હતો.

ثُمَّ دَنَا فَتَدَلّٰى ﴿٨﴾

(૮) પછી તે નજદીક આવ્યા, પછી (તેની તરફ) જૂક્યો

فَكَانَ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى ﴿٩﴾

(૯) અહીં સુધી કે તેની વચ્ચે બે કમાન જેટલું અંતર રહી ગયું અથવા તે કરતાંય ઓછું.

فَاَوْحٰٓى اِلٰى عَبْدِهٖ مَآ اَوْحٰى ﴿١٠﴾

(૧૦) પછી તેણે પોતાના બંદા (મોહમ્મદ સ.અ.વ.) તરફ જે વહી કરવાની હતી તે કરી.

مَا كَذَبَ الْفُؤَادُ مَا رَاٰى ﴿١١﴾

(૧૧) (તે વખતે) તેણે (મોહમ્મદ સ.અ.વ.મે) જે કાંઇ પણ જોયું તેમાં તેના દિલે કાંઇ પણ ભૂલ કરી ન હતી.

أَفَتُمٰرُوْنَهٗ عَلٰى مَا يَرٰى ﴿١٢﴾

(૧૨) છતાં શું તમે (લોકો) તે (રસૂલે) જે કાંઇ જોયું તેના વિષે (શંકા કરી) તેની સાથે વાદવિવાદ કરો છો ?

وَلَقَدْ رَاٰهُ نَزْلَةً اُخْرٰى ﴿١٣﴾

(૧૩) અને ખરેજ તેણે તેને એક બીજા વખતે પણ ઉતરતો જોયો હતો ઃ

عِنْدَ سِدْرَةِ الْمُنْتَهٰى ﴿١٤﴾

(૧૪) સિદરતુલ મુન્તહા (સાતમા આસમાન પરના બોરડીના ઝાડ) પાસે.

عِنْدَهَا جَنَّةُ الْمَأْوٰىؕ۝۱۵

(૧૫) કે જેની નજીક જન્નતુલ માવા છે.

اِذْ يَغْشَى السِّدْرَةَ مَا يَغْشٰىۙ۝۱۶

(૧૬) જ્યારે કે તે સિદરા (કાંટા વિનાની બોરડી)ના ઝાડ પર જે ઢાંકવાનું હતું તે ઢાંકી રહ્યો હતો ઃ

مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰى۝۱۷

(૧૭) (તેના સંબંધમાં) ન તો રસૂલની દ્રષ્ટિએ ચૂક કરી, અને ન તે જોઇએ તે કરતાં હદથી બહાર ગઇ.

لَقَدۡ رَاٰی مِنۡ اٰیٰتِ رَبِّہِ الۡکُبۡرٰی ﴿۱۸﴾

(૧૮) ખરેખર તેણે પોતાના પરવરદિગારની નિશાનીઓમાંથી મોટી નિશાનીઓ (પ્રત્યક્ષ) નિહાળી.

اَفَرَءَیۡتُمُ اللّٰتَ وَ الۡعُزّٰی ﴿۱۹﴾

(૧૯) ત્યારે શું તમોએ પણ લાત તથા ઉઝઝાના સંબંધમાં વિચાર કર્યો ઃ

وَ مَنٰوۃَ الثَّالِثَۃَ الۡاُخۡرٰی ﴿۲۰﴾

(૨૦) અને એક ત્રીજી છેલ્લી મનાત (નામની દેવી)નાં સંબંધમાં પણ ? (ભલા તે ખુદા હોઇ શકે છે?)

اَلَكُمُ الذَّكَرُ وَلَهُ الْاُنْثٰى ﴿٢١﴾

(૨૧) શું તમારા ભાગમાં તો પુત્રો આવ્યા છે અને તે (અલ્લાહ)ના ફાળે પુત્રીઓ ?

تِلْكَ اِذًا قِسْمَةٌ ضِيْزٰى ﴿٢٢﴾

(૨૨) એમ હોય તો તે મહા અન્યાયી વહેંચણી છે.

اِنْ هِىَ اِلَّآ اَسْمَآءٌ سَمَّيْتُمُوْهَآ اَنْتُمْ وَاٰبَآؤُكُمْ مَّآ اَنْزَلَ اللّٰهُ بِهَا

مِنْ سُلْطٰنٍ ؕ اِنْ يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَمَا تَهْوَى الْاَنْفُسُ ۚ

وَلَقَدْ جَآءَهُمْ مِّنْ رَّبِّهِمُ الْهُدٰى ﴿٢٣﴾ؕ

(૨૩) આ તો કેવળ તેમનાં નામ જ છે જે તમોએ તથા તમારા બાપદાદાઓએ રાખ્યા છે, અલ્લાહે તો તેમના વિષે કોઇ સનદ ઉતારી નથી; તેઓ તો

નર્યા ગુમાનને અને જે તેમનું મન ચાહે છે તેને અનુસરે છે, જો કે ખરેજ તેમની પાસે તેમના પરવરદિગાર તરફથી હિદાયત આવી ચૂકી છે.

اَمۡ لِلۡاِنۡسَانِ مَا تَمَنّٰى ﴿۲۴﴾

(૨૪) શું મનુષ્ય જે કાંઇ ઇચ્છા કરશે તે જ પૂર્ણ થશે?

فَلِلّٰهِ الۡاٰخِرَةُ وَالۡاُوۡلٰى ﴿۲۵﴾

(૨૫) નહિ, નહિ, બલ્કે પરલોક અને આલોક અલ્લાહ માટે જ છે.

وَكَمۡ مِّنۡ مَّلَكٍ فِى السَّمٰوٰتِ لَا تُغۡنِىۡ شَفَاعَتُهُمۡ شَيۡـًٔا اِلَّا مِنۡۢ
بَعۡدِ اَنۡ يَّاۡذَنَ اللّٰهُ لِمَنۡ يَّشَآءُ وَيَرۡضٰى ﴿۲۶﴾

(૨૬) આસમાનોમાં ઘણા ફરિશ્તા (એવા) છે કે જેમની શફાઅત (ભલામણ) કાંઇ ઉપયોગી નીવડતી નથી, સિવાય કે અલ્લાહ જેના માટે ચાહે (શફાઅતની) રજા આપી દે અને પસંદ પણ કરી લે.

اِنَّ الَّذِیۡنَ لَا یُؤۡمِنُوۡنَ بِالۡاٰخِرَۃِ لَیُسَمُّوۡنَ الۡمَلٰٓئِکَۃَ تَسۡمِیَۃَ الۡاُنۡثٰی ﴿۲۷﴾

(૨૭) બેશક જે લોકો આખેરત પર ઇમાન નથી રાખતા તેઓ જ ફરિશ્તાઓનાં નામ સ્ત્રીઓના નામ જેવાં રાખે છે.

وَمَا لَهُمْ بِهٖ مِنْ عِلْمٍ ۭ اِنْ يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ ۚ وَاِنَّ الظَّنَّ لَا
يُغْنِيْ مِنَ الْحَقِّ شَيْـًٔا ۚ﴿۲۸﴾

(૨૮) જો કે તેમને તેનું મુદ્દલ જ્ઞાન નથી; તેઓ નરી કલ્પનાને અનુસરે છે, જો કે કલ્પના સત્યના મુકાબલામાં કાંઇજ કામ આપી શકતી નથી.

فَاَعْرِضْ عَنْ مَّنْ تَوَلّٰى ڏ عَنْ ذِكْرِنَا وَلَمْ يُرِدْ اِلَّا الْحَيٰوةَ
الدُّنْيَا ۭ﴿۲۹﴾

(૨૯) માટે જેણે (અમારી યાદ કરવાથી) મોઢું ફેરવી લીધું છે, અને દુનિયાની જિંદગી સિવાય અન્ય કોઇ વસ્તુના ચાહનારા નથી, તેનાથી તું પણ મોંઢું ફેરવી લે.

ذٰلِكَ مَبۡلَغُهُمۡ مِّنَ الۡعِلۡمِ ؕ اِنَّ رَبَّكَ هُوَ اَعۡلَمُ بِمَنۡ ضَلَّ عَنۡ
سَبِيۡلِهٖ ۙ وَهُوَ اَعۡلَمُ بِمَنِ اهۡتَدٰى ﴿۳۰﴾

(30) તેમના જ્ઞાનની પહોંચ એટલી જ છે, બેશક તારો પરવરદિગાર તેનાથી સારી રીતે વાકેફ છે કે જે તેના માર્ગ પરથી ભટકી ગયો છે, અને તેનાથી પણ સારી રીતે વાકેફ છે કે જેણે હિદાયત પ્રાપ્ત કરીછે.

وَلِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الۡاَرۡضِ ۙ لِيَجۡزِىَ الَّذِيۡنَ اَسَآءُوۡا
بِمَا عَمِلُوۡا وَيَجۡزِىَ الَّذِيۡنَ اَحۡسَنُوۡا بِالۡحُسۡنٰى ﴿۳۱﴾ۚ

(૩૧) અને જે કાંઇ આસમાનોમાં છે તથા જે કાંઇ જમીનમાં છે તે અલ્લાહનું જ છે કે જેથી તે તેમને

કે જેમણે ખરાબ કામો કર્યા છે તેમના ખરાબ કામોની શિક્ષા આપે, અને જેમણે સારા કામો કર્યા છે તેમને સારો બદલો આપે.

اَلَّذِيْنَ يَجْتَنِبُوْنَ كَبٰٓئِرَ الْاِثْمِ وَالْفَوَاحِشَ اِلَّا اللَّمَمَ ؕ اِنَّ
رَبَّكَ وَاسِعُ الْمَغْفِرَةِ ؕ هُوَ اَعْلَمُ بِكُمْ اِذْ اَنْشَاَكُمْ مِّنَ
الْاَرْضِ وَاِذْ اَنْتُمْ اَجِنَّةٌ فِيْ بُطُوْنِ اُمَّهٰتِكُمْ ۚ فَلَا تُزَكُّوْٓا
اَنْفُسَكُمْ ؕ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى ﴿٣٢﴾

(૩૨) જે (લોકો) કબીરા ગુનાહોથી તથા બેશરમીની વાતોથી બચતા રહે છે સિવાય કે મામૂલી ભૂલ, તો બેશક તારો પરવરદિગાર ક્ષમા કરવામાં ઉદાર છે; તે તમારી સ્થિતિથી ત્યારે પૂરી રીતે વાકેફ હતો

જ્યારે કે તેણે તમને જમીન (ની માટી) માંથી પૈદા કર્યા અને ત્યારે પણ કે જ્યારે તમે તમારી માતાઓના પેટમાં માત્ર ગર્ભ હતા, માટે (અભિમાન કરી) તમે પોતાને પવિત્ર ગણાવો નહિ; જે પરહેઝગાર છે તેનાથી તે સારી રીતે વાકેફ છે.

أَفَرَءَيْتَ الَّذِي تَوَلَّىٰ ﴿٣٣﴾

(33) (અય રસૂલ !) શું તેં તે શખ્સને ધ્યાનપૂર્વક નિહાળ્યો કે જેણે (સત્યથી) મોંઢું ફેરવી લીધું ઃ

وَأَعْطَىٰ قَلِيلًا وَأَكْدَىٰ ﴿٣٤﴾

(34) અને (અલ્લાહની રાહમાં) થોડો ખર્ચ કર્યો અને હાથ રોકી લીધો?

اَعِنۡدَهٗ عِلۡمُ الۡغَيۡبِ فَهُوَ يَرٰى ﴿۳۵﴾

(૩૫) શું તેની પાસે ગેબનું જ્ઞાન છે કે તે (પરિણામ) જોઇ શકે છે ?

اَمۡ لَمۡ يُنَبَّاۡ بِمَا فِىۡ صُحُفِ مُوۡسٰى ﴿۳۶﴾

(૩૬) અથવા મૂસાના સહીફા (લેખો)માં જે કાંઇ છે તેની તેને જાણ કરવામાં નથી આવી?

وَاِبۡرٰهِيۡمَ الَّذِىۡ وَفّٰٓى ﴿۳۷﴾

(૩૭) અને ઇબ્રાહીમના (સહીફાની) પણ કે જણે (તાબેદારીનો હક) પુરી (રીતે) બજાવ્યો હતો ઃ

اَلَّا تَزِرُ وَازِرَةٌ وِّزۡرَ اُخۡرٰى ﴿۳۸﴾

(૩૮) કે કોઇ ભાર ઊંચકનાર બીજાનો ભાર ઊંચકશે નહિઃ

وَاَنۡ لَّيۡسَ لِلۡاِنۡسَانِ اِلَّا مَا سَعٰى ۝٣٩

(૩૯) અને ઇન્સાન માટે બીજું કાંઇજ નથી, સિવાય કે જેટલો તેણે પ્રયત્ન કર્યો હોયઃ

وَاَنَّ سَعۡيَهٗ سَوۡفَ يُرٰى ۝٤٠

(૪૦) અને તેના પ્રયત્ન આગળ જતાં જરૂર જોવામાં આવશેઃ

ثُمَّ يُجۡزٰٮهُ الۡجَزَآءَ الۡاَوۡفٰى ۝٤١

(૪૧) પછી તેને પૂરેપૂરો બદલો આપવામાં આવશેઃ

وَاَنَّ اِلٰى رَبِّكَ الْمُنْتَهٰى ﴿۴۲﴾

(૪૨) અને (સર્વેનો) અંત તો બેશક તારા પાલનકર્તા પાસે જ આવશેઃ

وَاَنَّهٗ هُوَ اَضْحَكَ وَاَبْكٰى ﴿۴۳﴾

(૪૩) અને એ જ હસાવે છે તથા રડાવે છેઃ

وَاَنَّهٗ هُوَ اَمَاتَ وَاَحْيَا ﴿۴۴﴾

(૪૪) અને ખરેખરજ તે જ મારે છે અને જીવાડે છે ઃ

وَاَنَّهٗ خَلَقَ الزَّوْجَيْنِ الذَّكَرَ وَالْاُنْثٰى ﴿۴۵﴾

(૪૫) અને તેણેજ જોડાં પેદા કર્યાં છે, નર અને માદા.

مِنْ نُّطْفَةٍ اِذَا تُمْنٰى ﴿۴۶﴾

(૪૬) એક વીર્ય બિંદુમાંથી જ્યારે કે તે (ગર્ભાશયમાં) પાડવામાં આવે છે.

وَاَنَّ عَلَيْهِ النَّشْاَةَ الْاُخْرٰى ﴿۴۷﴾

(૪૭) અને (કયામતમાં) પુનઃ સજીવન કરવું પણ તેના જ માથે છે ઃ

وَاَنَّهٗ هُوَ اَغْنٰى وَاَقْنٰى ﴿۴۸﴾

(૪૮) અને એજ શ્રીમંત અને ખજાનેદાર બનાવે છે;

وَاَنَّهٗ هُوَ رَبُّ الشِّعْرٰى ﴿۴۹﴾

(૪૯) અને તેજ શેઅરા (નામના સિતારા)નો માલિક છેઃ

وَاَنَّهٗٓ اَهْلَكَ عَادَاۨ الْاُوْلٰىۙ﴿۵۰﴾

(૫૦) અને તેણેજ અગાઉના આદ (ની કોમ)નો નાશ કર્યો ઃ

وَثَمُوْدَا۟ فَمَآ اَبْقٰىۙ﴿۵۱﴾

(૫૧) અને સમૂદ (ના લોકો)નો પણ એવી રીતે (નાશ કર્યો) કે કોઇને બાકી રાખ્યો નહિ ઃ

وَقَوْمَ نُوْحٍ مِّنْ قَبْلُ ؕ اِنَّهُمْ كَانُوْا هُمْ اَظْلَمَ وَاَطْغٰىؕ﴿۵۲﴾

(૫૨) અને એવીજ રીતે તે પહેલાં નૂહની કોમ (ના લોકો)ને પણ; તેઓ ખરેખર મોટા ઝાલિમ અને મહા સરકશ હતા:

وَالْمُؤْتَفِكَةَ اَهْوٰى ﴿٥٣﴾

(૫૩) અને (લૂતની) ઊંધી વળી ગએલી વસ્તીઓને તેણેજ ઊંધી વાળી હતી:

فَغَشّٰىهَا مَا غَشّٰى ﴿٥٤﴾

(૫૪) અને તે ઢાંક્યુ જે વસ્તુએ ઢાંક્યું.

فَبِاَيِّ اٰلَآءِ رَبِّكَ تَتَمَارٰى ﴿٥٥﴾

(૫૫) માટે (અય ઇન્સાન!) હવે તું તારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોમાં શંકા કરતો રહેશે?

هٰذَا نَذِيْرٌ مِّنَ النُّذُرِ الْاُوْلٰى ﴿٥٦﴾

(૫૬) આ (મોહમ્મદ સ.અ.વ. પણ) અગાઉના ડરાવનારાઓ માંથી એક ડરાવનારો છે.

اَزِفَتِ الْاٰزِفَةُ ﴿٥٧﴾

(૫૭) આવનાર ઘડી (કયામત) પાસે આવી લાગી છે.

لَيْسَ لَهَا مِنْ دُوْنِ اللّٰهِ كَاشِفَةٌ ﴿٥٨﴾

(૫૮) અલ્લાહના સિવાય તેને ટાળનાર કોઇ નથી.

اَفَمِنْ هٰذَا الْحَدِيْثِ تَعْجَبُوْنَ ﴿٥٩﴾

(૫૯) શું તમો આ ખબરથી આશ્ચર્ય પામો છો ?

وَتَضْحَكُوْنَ وَلَا تَبْكُوْنَ ﴿٦٠﴾

(૬૦) અને હસો છો અને રડતા નથી ?

وَاَنْتُمْ سٰمِدُوْنَ ﴿٦١﴾

(૬૧) અને તમે ગફલતમાં પડ્યા રહો છો ?

فَاسْجُدُوْا لِلّٰهِ وَاعْبُدُوْا ﴿٦٢﴾ السجدة

(૬૨) માટે અલ્લાહને જ સિજદો કરો અને (તેનીજ) ઇબાદત કર્યા કરો.

اِقْتَرَبَتِ السَّاعَةُ وَانْشَقَّ الْقَمَرُ ①

(૧) તે ઘડી પાસે આવી પહોંચી અને ચંદ્રમા ફાટી ગયો.

وَاِنْ يَّرَوْا اٰيَةً يُّعْرِضُوْا وَيَقُوْلُوْا سِحْرٌ مُّسْتَمِرٌّ ②

(૨) અને અગર આ લોકો કોઇ મોઅજિઝો જોશે તો પણ (તેના માનવાથી) મોઢું ફેરવી લેશે, અને એ જ કહેશે કે (આ તો) હંમેશથી થતો રહેલો જાદુ છે.

وَكَذَّبُوْا وَاتَّبَعُوْٓا اَهْوَآءَهُمْ وَكُلُّ اَمْرٍ مُّسْتَقِرٌّ ③

(3) અને તેમણે જૂઠલાવ્યું અને સ્વેચ્છાઓની તાબેદારી કરી, અને દરેક કાર્ય (નો સમય) નક્કી કરવામાં આવ્યો છે.

وَلَقَدْ جَآءَهُمْ مِّنَ الْاَنْۢبَآءِ مَا فِيْهِ مُزْدَجَرٌ ۝٤

(૪) અને ખરેખર તેમની પાસે એવી ખબરો આવી ચૂકી છે કે જેમાં ધમકી હતી ઃ

حِكْمَةٌۢ بَالِغَةٌ فَمَا تُغْنِ النُّذُرُ ۝٥

(૫) (તેમ) અસાધારણ પ્રકારની દાનાઇ પણ હતી, પરંતુ ધમકી કાંઇ ઉપયોગી થતી નથીઃ

فَتَوَلَّ عَنْهُمْ ۘ يَوْمَ يَدْعُ الدَّاعِ اِلٰى شَيْءٍ نُّكُرٍ ۝٦

(૬) માટે તું તેમનાથી મોઢું ફેરવી લે; જે દિવસે એક પોકારનાર તેમને એવી એક બાબત તરફ બોલાવશે કે જે તદ્દન અણગમતી હશે

خُشَّعًا اَبۡصَارُهُمۡ يَخۡرُجُوۡنَ مِنَ الۡاَجۡدَاثِ كَاَنَّهُمۡ جَرَادٌ مُّنۡتَشِرٌ ۙ﴿۷﴾

(૭) ત્યારે તેમની આંખો નીચે ઢળેલી હશે; (અને) કબરોમાંથી એવી રીતે નીકળશે જાણે કે તે છવાઇ ગયેલા તીડો (નાં ઝુંડ) હોય ઃ

مُّهۡطِعِيۡنَ اِلَى الدَّاعِ ؕ يَقُوۡلُ الۡكٰفِرُوۡنَ هٰذَا يَوۡمٌ عَسِرٌ ﴿۸﴾

(૮) બોલાવનારા તરફ જલ્દી જલ્દી જતા હશે; (અને) નાસ્તિકો કહેતા હશે કે આ દિવસ તો મહા કઠણછે.

كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوحٍ فَكَذَّبُوا عَبْدَنَا وَقَالُوا مَجْنُونٌ وَّازْدُجِرَ ⑨

(૯) તેમની પહેલાં નૂહની કોમે પણ જૂઠલાવ્યું હતું; (યાને) તેમણે અમારા બંદાને જૂઠલાવ્યો હતો, અને કહ્યું હતું કે એ તો દીવાનો છે, અને તેને હાંકી કાઢવામાં આવ્યો.

فَدَعَا رَبَّهٗٓ اَنِّيْ مَغْلُوْبٌ فَانْتَصِرْ ⑩

(૧૦) જેથી તેણે પોતાના પરવરદિગારને પોકારીને કહ્યું કે ખરેખર હું હારી ગયો છું, હવે તો તું મદદકર!

فَفَتَحْنَآ اَبْوَابَ السَّمَآءِ بِمَآءٍ مُّنْهَمِرٍ ۖ﴿١١﴾

(૧૧) આથી અમોએ મુશળધાર પાણીની સાથે આસમાનનાં દરવાજા ઉઘાડી નાખ્યા ◌ઃ

وَّفَجَّرْنَا الْاَرْضَ عُيُوْنًا فَالْتَقَى الْمَآءُ عَلٰٓى اَمْرٍ قَدْ قُدِرَ ۚ﴿١٢﴾

(૧૨) અને અમોએ જમીનને ફાડી (સર્વત્ર) ઝરણાં જ ઝરણાં કરી દીધાં, જેથી નક્કી થયેલ આજ્ઞા મુજબ (દરેક બાજુથી) પાણી આવીને ભેગું થઇ ગયું.

وَحَمَلْنٰهُ عَلٰى ذَاتِ اَلْوَاحٍ وَّدُسُرٍ ﴿١٣﴾

(૧૩) અને અમોએ તે (નૂહ તથા તેના સાથીઓ) ને પાટીયા તથા ખીલાવાળી (હોડી) પર ઊંચકી રાખ્યો:

تَجْرِىْ بِاَعْيُنِنَا ۚ جَزَآءً لِّمَنْ كَانَ كُفِرَ ﴿١٤﴾

(૧૪) (તે હોડી) અમારા રક્ષણ હેઠળ ચાલતી રહી; આ બદલો તે શખ્સ માટે હતો કે જે(ની પયગમ્બરી)નો ઇન્કાર કરવામાં આવ્યો હતો.

وَلَقَدْ تَّرَكْنٰهَآ اٰيَةً فَهَلْ مِنْ مُّدَّكِرٍ ﴿١٥﴾

(૧૫) અને ખરેજ અમોએ તે (બનાવ)ને પાછળ આવનારાઓ માટે એક (ધડો લેવા જોગ) નિશાની કરી રાખી, માટે છે કોઇ બોધ ગ્રહણ કરનાર ?

فَكَيْفَ كَانَ عَذَابِىْ وَنُذُرِ ﴿١٦﴾

(૧૬) પછી મારો અઝાબ અને મારી ધમકી કેવા રહ્યાં !

وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ ﴿١٧﴾

(૧૭) અને ખરેજ અમોએ બોધ ગ્રહણ કરવા માટે કુરઆનને સહેલું કર્યું છે, માટે છે કોઇ બોધ ગ્રહણ કરનાર ?

كَذَّبَتْ عَادٌ فَكَيْفَ كَانَ عَذَابِىْ وَنُذُرِ ﴿١٨﴾

(૧૮) આદની કોમે પણ જૂઠલાવ્યું હતું, પછી (જુઓ કે) મારો અઝાબ તથા મારૂં ડરાવવું કેવાંરહ્યાં!

إِنَّآ أَرۡسَلۡنَا عَلَيۡهِمۡ رِيحٗا صَرۡصَرٗا فِي يَوۡمِ نَحۡسٖ مُّسۡتَمِرّٖ ⑲

(૧૯) બેશક અમોએ એક ટળી નહિ શકનાર દુર્ભાગ્યવાળા દિવસે ભયંકર વાવાઝોડું તેમના પર મોકલ્યું઼:

تَنزِعُ ٱلنَّاسَ كَأَنَّهُمۡ أَعۡجَازُ نَخۡلٖ مُّنقَعِرٖ ⑳

(૨૦) કે જે લોકોને એવી રીતે ઉખેડી ફેંકી દેતું હતું કે જાણે ખજૂરીના થડ મૂળમાંથી ઉખડી જતાં (ન)હોય!

فَكَيۡفَ كَانَ عَذَابِي وَنُذُرِ ㉑

(૨૧) પછી (જુઓ કે) મારો અઝાબ અને ભય કેવા રહ્યા!

وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ ﴿٢٢﴾

(૨૨) અને ખરેજ અમોએ બોધ ગ્રહણ કરવા માટે આ કુરઆનને સહેલું કર્યું છે, માટે છે કોઇ બોધ ગ્રહણ કરનાર?

كَذَّبَتْ ثَمُوْدُ بِالنُّذُرِ ﴿٢٣﴾

(૨૩) સમૂદ (ની કોમે પણ) ડરાવનાર (પયગમ્બરો)ને જૂઠલાવ્યા હતા.

فَقَالُوْٓا اَبَشَرًا مِّنَّا وَاحِدًا نَّتَّبِعُهٗٓ ۙ اِنَّآ اِذًا لَّفِيْ ضَلٰلٍ وَّسُعُرٍ ﴿٢٤﴾

(૨૪) પછી કહેવા લાગ્યા કે શું અમે અમારા માંના જ એક માણસના અનુયાયી થઇ જઇએ ? એ સ્થિતિમાં તો અમે અવશ્ય આડે માર્ગે અને ભડભડતી આગમાં હોઇશું.

ءَاُلْقِيَ الذِّكْرُ عَلَيْهِ مِنْۢ بَيْنِنَا بَلْ هُوَ كَذَّابٌ اَشِرٌ ۝٢٥

(૨૫) શું અમારામાંથી તેનાજ ઉપર ઝિક્ર (બોધપાઠ) ઉતારવામાં આવ્યો ? નહિ, નહિ, એ તો જૂઠો (અને) ખુદપસંદ છે.

سَيَعْلَمُوْنَ غَدًا مَّنِ الْكَذَّابُ الْاَشِرُ ۝٢٦

(૨૬) આ તો તેઓ જલ્દીથી જાણી લેશે કે જૂઠો (અને) ખુદપસંદ કોણછે.

إِنَّا مُرْسِلُوا النَّاقَةِ فِتْنَةً لَّهُمْ فَارْتَقِبْهُمْ وَاصْطَبِرْ ﴿٢٧﴾

(૨૭) (અય સાલેહ !) અમે તેમની કસોટી માટે એક સાંઢણી જરૂર મોકલનાર છીએ; માટે તું તેમને જોતો રહે અને ધીરજ ધર.

وَنَبِّئْهُمْ أَنَّ الْمَاءَ قِسْمَةٌ بَيْنَهُمْ ۖ كُلُّ شِرْبٍ مُّحْتَضَرٌ ﴿٢٨﴾

(૨૮) અને તેમને જણાવી દે કે તેમની (અને ઊંટણીની) વચ્ચે પાણી વહેંચાઇ ગયું છે, માટે દરેક (પક્ષ પોતપોતાના નક્કી કરાયેલ) વારા પર હાજર થાય.

فَنَادَوْا صَاحِبَهُمْ فَتَعَاطَىٰ فَعَقَرَ ﴿٢٩﴾

(૨૯) પછી તેમણે પોતાના સાથી (કુદાર)ને બોલાવ્યો, એટલે તેણે તે (ઊંટણી) ઉપર હાથ ચલાવ્યો, (યાને) તે (ઊંટણી)નાં ઘુંટણના પાછલા ભાગની રગો કાપી નાખી.

فَكَيۡفَ كَانَ عَذَابِىۡ وَنُذُرِ ﴿۳۰﴾

(30) પછી (જુઓ કે) મારો અઝાબ અને મારૂં ડરાવવું કેવાં રહ્યાં!

اِنَّاۤ اَرۡسَلۡنَا عَلَيۡهِمۡ صَيۡحَةً وَّاحِدَةً فَكَانُوۡا كَهَشِيۡمِ الۡمُحۡتَظِرِ ﴿۳۱﴾

(૩૧) બેશક અમોએ તેમના ઉપર એક ભયંકર ચીસ મોકલી, જેથી તેઓ છુંદાઇ ગએલી વાડની જેમ (પાયમાલ) થઇ ગયા.

وَلَقَدۡ يَسَّرۡنَا الۡقُرۡاٰنَ لِلذِّكۡرِ فَهَلۡ مِنۡ مُّدَّكِرٍ ۝٣٢

(૩૨) અને અમોએ આ કુરઆનને બોધ ગ્રહણ કરનારાઓ માટે ખરેખર સહેલું કર્યું છે, માટે છે કોઇ બોધ ગ્રહણ કરનાર?

كَذَّبَتۡ قَوۡمُ لُوۡطٍۢ بِالنُّذُرِ ۝٣٣

(૩૩) લૂત (ની કોમે) પણ ડરાવનારા (રસૂલો)ને જૂઠલાવ્યા હતા.

اِنَّاۤ اَرۡسَلۡنَا عَلَيۡهِمۡ حَاصِبًا اِلَّاۤ اٰلَ لُوۡطٍؕ نَّجَّيۡنٰهُمۡ بِسَحَرٍ ۝٣٤

(૩૪) (જેથી) બેશક અમોએ તેમના ઉપર પત્થરો વરસાવનારો વાયુ મોકલ્યો, સિવાય લૂતના કુટુંબના, જેમને અમોએ પ્રભાત થતાં બચાવી લીધા.

نِّعۡمَةً مِّنۡ عِنۡدِنَا ؕ كَذٰلِكَ نَجۡزِىۡ مَنۡ شَكَرَ ﴿۳۵﴾

(૩૫) આ અમારા તરફથી એક ઉપકાર હતો; જે આભાર માનનારો હોય છે તેને અમે એવોજ બદલો આપ્યા કરીએ છીએ.

وَلَقَدۡ اَنۡذَرَهُمۡ بَطۡشَتَنَا فَتَمَارَوۡا بِالنُّذُرِ ﴿۳۶﴾

(૩૬) અને તે (લૂતે) તેમને અમારી સખ્ત પકડથી જરૂર ડરાવ્યા હતા, પણ તેમણે (લૂતના) ડરાવવામાં હઠીલાઇભરી શંકા કરી.

وَلَقَدْ رَاوَدُوْهُ عَنْ ضَيْفِهٖ فَطَمَسْنَاۤ اَعْيُنَهُمْ فَذُوْقُوْا عَذَابِيْ
وَنُذُرِ ﴿۳۷﴾

(૩૭) અને (તેને વાતોમાં વળગાડી) તેના મહેમાનોને ઉપાડી જવાનો પ્રયત્ન કર્યો, પણ અમોએ તેમની આંખો ફોડી નાખી, (અને કહી દીધું કે લ્યો) હવે મારા અઝાબની અને મારી ધમકીઓની મજા ચાખો.

وَلَقَدْ صَبَّحَهُمْ بُكْرَةً عَذَابٌ مُّسْتَقِرٌّ ﴿۳۸﴾ۚ

(૩૮) અને પરોઢીયું થતાં તેમને એક કાયમના અઝાબે પકડી લીધા.

فَذُوْقُوْا عَذَابِيْ وَنُذُرِ ﴿۳۹﴾

(૩૯) (પછી તેમને કહેવામાં આવ્યું) કે લો, હવે મારા અઝાબ તથા મારી ધમકીઓની મજા ચાખો.

وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ ﴿٤٠﴾

(૪૦) અને અમોએ બોધ ગ્રહણ કરવા માટે આ કુરઆનને અવશ્ય સહેલું કર્યું છે, માટે છે કોઇ બોધ ગ્રહણ કરનાર?

وَلَقَدْ جَآءَ اٰلَ فِرْعَوْنَ النُّذُرُ ﴿٤١﴾

(૪૧) અને ફિરઔનવાળાઓ પાસે પણ (અમારા) ડરાવનારા અવશ્ય આવ્યા હતા.

كَذَّبُوْا بِاٰيٰتِنَا كُلِّهَا فَاَخَذْنٰهُمْ اَخْذَ عَزِيْزٍ مُّقْتَدِرٍ ﴿٤٢﴾

(૪૨) પરંતુ તેઓ અમારી સઘળી નિશાનીઓ જૂઠલાવી ત્યારે અમોએ પણ તેમને (એવા) સપાટામાં લઇ નાખ્યા કે જેમ એક બળવાન સત્તાધારી લઇ લે છે.

اَكُفَّارُكُمۡ خَيۡرٌ مِّنۡ اُولٰٓـئِكُمۡ اَمۡ لَـكُمۡ بَرَآءَةٌ فِى الزُّبُرِ ‌ۚ﴿۴۳﴾

(૪૩) (માટે અય કુરયશના લોકો !) શું તમારા નાસ્તિકો આ (ઉપર જણાવેલી) ઉમ્મતો કરતાં બેહતર છે? અથવા શું ધર્મ પુસ્તકોમાં તમારા માટે માફી લખી દેવામાં આવી છે ?

اَمۡ يَقُوۡلُوۡنَ نَحۡنُ جَمِيۡعٌ مُّنۡتَصِرٌ ﴿۴۴﴾

(૪૪) અથવા શું એમ કહે છે કે અમે એક બીજાને સહાય કરવા માટે ભેગા થયા છીએ ?

سَيُهۡزَمُ الۡجَمۡعُ وَيُوَلُّوۡنَ الدُّبُرَ ﴿۴۵﴾

(૪૫) નજીકમાં જ તે ટોળાંને હાર આપી ભગાડી મૂકવામાં આવશે અને તેઓ (લોકો) પીઠ દેખાડશે.

بَلِ السَّاعَةُ مَوۡعِدُهُمۡ وَالسَّاعَةُ اَدۡهٰى وَاَمَرُّ ﴿۴۶﴾

(૪૬) વાત આ છે કે કયામતની ઘડી તેમના વાયદાનો દિવસ છે, અને તે ઘડી અતિ કઠણ અને કડવી વસ્તુ હશે.

اِنَّ الۡمُجۡرِمِيۡنَ فِىۡ ضَلٰلٍ وَّسُعُرٍ‌ۘ ﴿۴۷﴾

(૪૭) બેશક ગુનેહગારો ભ્રમમાં છે, અને (આખરે) તેઓ ભડભડતી આગમાં જશે.

يَوۡمَ يُسۡحَبُوۡنَ فِى النَّارِ عَلٰى وُجُوۡهِهِمۡ ؕ ذُوۡقُوۡا مَسَّ سَقَرَ ﴿۴۸﴾

(૪૮) જે દિવસે તેઓ આગમાં તેમના ઊંધા મોંએ ઘસડી લઇ જવામાં આવશે (ત્યારે તેમને કહેવામાં આવશે કે) જહન્નમના સ્પર્શની મજા ચાખો.

اِنَّا كُلَّ شَيۡءٍ خَلَقۡنٰهُ بِقَدَرٍ ﴿٤٩﴾

(૪૯) બેશક અમોએ દરેક વસ્તુ એક અંદાજા સાથે પેદા કરી છે.

وَمَاۤ اَمۡرُنَاۤ اِلَّا وَاحِدَةٌ كَلَمۡحٍۢ بِالۡبَصَرِ ﴿٥٠﴾

(૫૦) અને અમારા હુકમ (ને પૂરવાર થતાં વધારે વિલંબ લાગતો) નથી, પણ માત્ર એક પલક મારવા જેટલો જ (સમય લાગે છે).

وَلَقَدۡ اَهۡلَكۡنَاۤ اَشۡيَاعَكُمۡ فَهَلۡ مِنۡ مُّدَّكِرٍ ﴿٥١﴾

(૫૧) અને ખરેખર અમે તમારા જેવાઓનો નાશ કરી ચૂક્યા છીએ, માટે છે કોઇ બોધ ગ્રહણ કરનાર?

وَكُلُّ شَيۡءٍ فَعَلُوۡهُ فِي الزُّبُرِ ۝٥٢

(૫૨) અને દરેક કાર્ય કે જે તેમણે કર્યું હતું તે તેમના (કરણીના) લેખોમાં (મોજૂદ) છે.

وَكُلُّ صَغِيۡرٍ وَّ كَبِيۡرٍ مُّسۡتَطَرٌ ۝٥٣

(૫૩) અને દરેક નાનું યા મોટું કાર્ય (લવહે મહેફૂઝમાં) લખેલું છે.

اِنَّ الۡمُتَّقِيۡنَ فِيۡ جَنّٰتٍ وَّنَهَرٍ ۝٥٤

(૫૪) બેશક પરહેઝગાર લોકો જન્નતોમાં તથા નહેરોમાં ઃ

فِيْ مَقْعَدِ صِدْقٍ عِنْدَ مَلِيْكٍ مُّقْتَدِرٍ ﴿٥٥﴾

(૫૫) સત્તાવાન બાદશાહની પાસે ખરા સન્માનની જગ્યાએ હશે.

اَلرَّحۡمٰنُ ۙ﴿۱﴾

(૧) દયાળુ (અલ્લાહ) એ:

عَلَّمَ الۡقُرۡاٰنَ ؕ﴿۲﴾

(૨) કુરઆન શીખવ્યું.

خَلَقَ الۡاِنۡسَانَ ۙ﴿۳﴾

(3) તેણેજ ઈન્સાનને પેદા કર્યો:

عَلَّمَهُ الۡبَيَانَ ﴿۴﴾

(૪) (અને) તેણેજ તેને (પોતાના વિચારો) સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરતાં શીખવ્યું.

اَلشَّمۡسُ وَالۡقَمَرُ بِحُسۡبَانٍ ۙ﴿۵﴾

(૫) સૂર્ય તથા ચંદ્ર એક (નિશ્ચિત) ગણતરી પ્રમાણે (ચાલે) છેઃ

وَّالنَّجْمُ وَالشَّجَرُ يَسْجُدٰنِ۝٦

(૬) અને વેલા તથા વૃક્ષો બન્ને (તેને) સિજદો કરે છે.

وَالسَّمَآءَ رَفَعَهَا وَوَضَعَ الْمِيْزَانَ۝٧

(૭) અને આસમાન તેણેજ ઊંચુ કર્યું છે, અને તેણે જ ત્રાજવાની સ્થાપના કરીછેઃ

اَلَّا تَطْغَوْا فِي الْمِيْزَانِ۝٨

(૮) કે જેથી તમે તોલવામાં હદ બહાર જાઓ નહીં.

وَاَقِيْمُوا الْوَزْنَ بِالْقِسْطِ وَلَا تُخْسِرُوا الْمِيْزَانَ۝٩

(૯) અને તોલ માપને ન્યાયસર કાયમ રાખો, અને ઓછું તોલ તોલો નહિ.

وَالْاَرْضَ وَضَعَهَا لِلْاَنَامِ ⑩

(૧૦) અને તેણેજ જમીનને પ્રાણી માત્ર માટે સ્થાપી છે.

فِيْهَا فَاكِهَةٌ وَّالنَّخْلُ ذَاتُ الْاَكْمَامِ ⑪

(૧૧) તેમાં મેવા છે અને ખજૂરના વૃક્ષો પણ, જે ઢાંકેલા ઝુમખાવાળા છે.

وَالْحَبُّ ذُو الْعَصْفِ وَالرَّيْحَانُ ⑫

(૧૨) અને ફોતરાવાળું અનાજ તથા સુગંધી ફુલો પણ છે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿١٣﴾

(૧૩) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

خَلَقَ الْاِنْسَانَ مِنْ صَلْصَالٍ كَالْفَخَّارِ ﴿١٤﴾

(૧૪) તેણે જ ઈન્સાનને ખણખણ કરતી ચીકણી માટીમાંથી પેદા કર્યો.

وَخَلَقَ الْجَآنَّ مِنْ مَّارِجٍ مِّنْ نَّارٍ ﴿١٥﴾

(૧૫) અને તેણેજ જિન્નાતને અગ્નિમાંથી પેદા કર્યા.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿١٦﴾

(૧૬) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

رَبُّ الْمَشْرِقَيْنِ وَرَبُّ الْمَغْرِبَيْنِ ﴿١٧﴾

(૧૭) તે બન્ને પૂર્વ દિશાઓનો માલિક છે અને બન્ને પશ્ચિમોનો માલિક છે.

فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿١٨﴾

(૧૮) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો !

مَرَجَ الْبَحْرَيْنِ يَلْتَقِيٰنِ ﴿١٩﴾

(૧૯) તેણે બે સમુદ્રો વહાવ્યા છે તે આપસમાં મળે છે ઃ

بَيْنَهُمَا بَرْزَخٌ لَّا يَبْغِيٰنِ ﴿٢٠﴾

(૨૦) અને તે બન્નેની વચ્ચે એક આડ છે કે જેથી તે બન્ને ઓળંગી શકતા નથી.

فَبِاَيِّ اٰلَاۗءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۝ ٢١

(૨૧) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

يَخْرُجُ مِنْهُمَا اللُّؤْلُؤُ وَالْمَرْجَانُ ۝ ٢٢

(૨૨) તે બન્ને (સમુદ્રો)માંથી મોતી તથા મરજાન નીકળે છે.

فَبِاَيِّ اٰلَاۗءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۝ ٢٣

(૨૩) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો.

وَلَهُ الْجَوَارِ الْمُنْشَئٰتُ فِي الْبَحْرِ كَالْاَعْلَامِ ﴿٢٤﴾

(૨૪) અને સમુદ્રોમાં ઊંચા ઊંચા પહાડ જેવા ઉભા રહેલા વહાણો પણ તેનાજ છે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٢٥﴾

(૨૫) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો.

كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ ﴿٢٦﴾

(૨૬) દરેક વસ્તુ કે જે તે (જમીન) ઉપર છે તે નાશ પામનાર છે:

وَّيَبْقٰى وَجْهُ رَبِّكَ ذُو الْجَلٰلِ وَالْاِكْرَامِ ﴿٢٧﴾

(૨૭) અને તારા પરવરદિગારની પ્રભાવશાળી અને મહેરબાન જાત (માત્ર) બાકી રહેનાર છે.

فَبِاَیِّ اٰلَآءِ رَبِّکُمَا تُکَذِّبٰنِ ﴿۲۸﴾

(૨૮) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

یَسۡـَٔلُہٗ مَنۡ فِی السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ ؕ کُلَّ یَوۡمٍ ہُوَ فِیۡ شَاۡنٍ ﴿ۚ۲۹﴾

(૨૯) આસમાનો તથા જમીનમાં જે કોઇ છે તે તેનાથી માંગતા જ રહે છે; તે દરરોજ એક નવી પ્રવૃત્તિમાં હોય છે.

فَبِاَیِّ اٰلَآءِ رَبِّکُمَا تُکَذِّبٰنِ ﴿۳۰﴾

(30) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

سَنَفۡرُغُ لَكُمۡ اَيُّهَا الثَّقَلٰنِ ۚ﴿۳۱﴾

(૩૧) અય બન્ને ટોળાં ! અમે નજીકમાં જ તમારા તરફ લક્ષ આપીશું.

فَبِاَىِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿۳۲﴾

(૩૨) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

يٰمَعۡشَرَ الۡجِنِّ وَالۡاِنۡسِ اِنِ اسۡتَطَعۡتُمۡ اَنۡ تَنۡفُذُوۡا مِنۡ اَقۡطَارِ
السَّمٰوٰتِ وَالۡاَرۡضِ فَانۡفُذُوۡا ؕ لَا تَنۡفُذُوۡنَ اِلَّا بِسُلۡطٰنٍ ۚ﴿۳۳﴾

(33) અય જિન્નાત તથા ઇન્સાનના ટોળાં ! અગર તમારામાં આસમાનો તથા જમીનની હદોમાંથી નીકળી જવાની શક્તિ હોય તો નીકળી જાઓ; પણ (અમારી) પરવાનગી વિના તમે હરગિજ નીકળી શકશો નહિ.

فَبِاَیِّ اٰلَآءِ رَبِّکُمَا تُکَذِّبٰنِ ۝۳۴

(3૪) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો ?

یُرۡسَلُ عَلَیۡکُمَا شُوَاظٌ مِّنۡ نَّارٍ ۬ۙ وَّ نُحَاسٌ فَلَا تَنۡتَصِرٰنِ ۝۳۵

(3૫) તમો બન્ને પર અગ્નિના ભડકા તથા ધુમાડો મોકલવામાં આવશે, પછી તમે બન્ને (મળીને પણ) તમારો બચાવ કરી શકશો નહિ.

فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۝٣٦

(૩૬) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

فَاِذَا انْشَقَّتِ السَّمَآءُ فَكَانَتْ وَرْدَةً كَالدِّهَانِ ۝٣٧

(૩૭) પછી જ્યારે (કયામતના દિવસે) આસમાન ફાટી જશે ત્યારે તે તેલ જેવું લાલ થઇ જશે.

فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۝٣٨

(૩૮) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

فَيَوْمَئِذٍ لَّا يُسْـَٔلُ عَنْ ذَنْۢبِهٖٓ اِنْسٌ وَّلَا جَآنٌّ ۝٣٩

(૩૯) પછી તે દિવસે ન ઈન્સાનને તેના ગુનાહો વિષે પૂછવામાં આવશે અને ન જિન્નાતને.

فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۝٤٠

(૪૦) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

یُعْرَفُ الْمُجْرِمُوْنَ بِسِیْمٰهُمْ فَیُؤْخَذُ بِالنَّوَاصِیْ وَ الْاَقْدَامِ ۝٤١

(૪૧) ગુનેહગાર લોકોને તેમના મુખમુદ્રાના ચિહ્નો પરથી ઓળખી કાઢવામાં આવશે, પછી તેમને ચોટલીઓ તથા એડીઓથી પકડી લેવામાં આવશે.

فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۝٤٢

(૪૨) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

هٰذِهٖ جَهَنَّمُ الَّتِيْ يُكَذِّبُ بِهَا الْمُجْرِمُوْنَ ﴿۴۳﴾

(૪૩) (પછી કહેવામાં આવશે કે) જે જહન્નમને ગુનેહગાર લોકો જૂઠલાવતા હતા તે આ જ છે.

يَطُوْفُوْنَ بَيْنَهَا وَبَيْنَ حَمِيْمٍ اٰنٍ ﴿۴۴﴾

(૪૪) તેઓ તે (જહન્નમ) અને તેના ઉકળતા પાણી વચ્ચે ફરતા રહેશે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿۴۵﴾

(૪૫) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ ﴿٤٦﴾

(૪૬) અને જે (શખસ) પોતાના પરવરદિગારની હજૂરમાં ઉભા રહેવાને ડરતો રહ્યો તેના માટે બે જન્નતોછે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٧﴾

(૪૭) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

ذَوَاتَاۤ اَفْنَانٍ ﴿٤٨﴾

(૪૮) બન્ને (બગીચાઓ) જાતજાતની નેઅમતોથી લચીપચી રહ્યા હશે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٩﴾

(૪૯) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

فِيْهِمَا عَيْنٰنِ تَجْرِيٰنِ ۝٥٠

(૫૦) તે બન્નેમાં બે ઝરણાં વહેતાં હશે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۝٥١

(૫૧) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

فِيْهِمَا مِنْ كُلِّ فَاكِهَةٍ زَوْجٰنِ ۝٥٢

(૫૨) તે બન્નેમાં દરેક મેવા બે પ્રકારના હશે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۝٥٣

(૫૩) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો?

مُتَّكِـِٕيْنَ عَلٰى فُرُشٍۭ بَطَآىِٕنُهَا مِنْ اِسْتَبْرَقٍ ؕ وَجَنَا الْجَنَّتَيْنِ دَانٍ ﴿۵۴﴾

(૫૪) તેઓ એવા બિછાનાઓ પર તકીયા લગાવીને બેઠા હશે કે જેમના અસ્તર રેશમનાં હશે; અને તે બન્ને બાગના મેવા (તેમની) પાસે લટકી રહ્યા હશે.

فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿۵۵﴾

(૫૫) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

فِيۡهِنَّ قٰصِرٰتُ الطَّرۡفِ ۙ لَمۡ يَطۡمِثۡهُنَّ اِنۡسٌ قَبۡلَهُمۡ وَلَا جَآنٌّ ۚ﴿۵۶﴾

(૫૬) તે જન્નતોમાં (પારકાઓથી બચાવીને માત્ર પોતાના જ પતિઓ પર) નિગાહ રાખનારી સ્ત્રીઓ હશે, જેમને તેમની પહેલાં ન કોઇ ઇન્સાન અડક્યો હશે, ન કોઇ જિન્નાત.

فَبِاَىِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ۚ﴿۵۷﴾

(૫૭) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

كَاَنَّهُنَّ الۡيَاقُوۡتُ وَالۡمَرۡجَانُ ۚ﴿۵۸﴾

(૫૮) જાણે તે (હૂરો) માણેક અને મરજાન જેવી હશે.

فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٩﴾

(૫૯) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

هَلْ جَزَآءُ الْاِحْسَانِ اِلَّا الْاِحْسَانُ ﴿٦٠﴾

(૬૦) શું નેકીનો બદલો નેકીના સિવાય બીજો પણ કાંઇ હોય છે ?

فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦١﴾

(૬૧) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

وَمِنۡ دُوۡنِهِمَا جَنَّتٰنِ ﴿۶۲﴾

(૬૨) અને તે બન્ને ઉપરાંત બીજા પણ બે બાગ હશે.

فَبِاَیِّ اٰلَآءِ رَبِّکُمَا تُکَذِّبٰنِ ﴿۶۳﴾

(૬૩) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

مُدۡهَآمَّتٰنِ ﴿۶۴﴾

(૬૪) તે બન્ને (બાગ) લીલાછમ હશે.

فَبِاَیِّ اٰلَآءِ رَبِّکُمَا تُکَذِّبٰنِ ﴿۶۵﴾

(૬૫) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

فِيهِمَا عَيْنٰنِ نَضَّاخَتٰنِ ﴿٦٦﴾

(૬૬) તે બન્નેમાં બે ઝરણાં ઉભરાતાં હશે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦٧﴾

(૬૭) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

فِيهِمَا فَاكِهَةٌ وَّنَخْلٌ وَّرُمَّانٌ ﴿٦٨﴾

(૬૮) તે બન્નેમાં મેવા તથા ખજૂરના ઝાડ તથા દાડમ હશે.

فَبِاَيِّ اٰلَاۤءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦٩﴾

(૬૯) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

فِيهِنَّ خَيۡرَٰتٌ حِسَانٌ ۝٧٠

(૭૦) તે જન્નતોમાં સદાચારી તથા સૌંદર્યવાન સ્ત્રીઓ હશે.

فَبِأَيِّ ءَالَآءِ رَبِّكُمَا تُكَذِّبَانِ ۝٧١

(૭૧) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

حُورٌ مَّقۡصُورَٰتٌ فِي ٱلۡخِيَامِ ۝٧٢

(૭૨) હૂરો કે જે તંબુઓમાં સુરક્ષિત હશે.

فَبِأَيِّ ءَالَآءِ رَبِّكُمَا تُكَذِّبَانِ ۝٧٣

(૭૩) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

لَمۡ يَطۡمِثۡهُنَّ اِنۡسٌ قَبۡلَهُمۡ وَلَا جَآنٌّ ‎﴿٧٤﴾‏

(૭૪) તેઓ પહેલાં ન કોઇ પુરૂષ અડક્યો હશે, ન કોઇ જિન્નાત.

فَبِاَىِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ‎﴿٧٥﴾‏

(૭૫) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

مُتَّكِـِٕيۡنَ عَلٰى رَفۡرَفٍ خُضۡرٍ وَّعَبۡقَرِىٍّ حِسَانٍ‌ ‎﴿٧٦﴾‏

(૭૬) લીલા (રંગના) તકીયાઓને અઢેલી ખુબસુરત ગાલીચાઓ પર બેઠા હશે.

فَبِاَىِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ‎﴿٧٧﴾‏

(૭૭) છતાં તમે બન્ને તમારા પરવરદિગારની કઇ કઇ નેઅમતોને જૂઠલાવશો?

تَبٰرَكَ اسْمُ رَبِّكَ ذِى الْجَلٰلِ وَالْاِكْرَامِ ﴿٧٨﴾

(૭૮) (અય રસૂલ !) તારા પ્રભાવશાળી અને કૃપાવંત પરવરદિગારનું નામ મહાન બરતકવાળું છે.

إِذَا وَقَعَتِ الْوَاقِعَةُ ﴿١﴾

(૧) જ્યારે બનનાર બનાવ (કયામત) ઉપસ્થિત થશેઃ

لَيْسَ لِوَقْعَتِهَا كَاذِبَةٌ ﴿٢﴾

(૨) જેના ઉપસ્થિત થવામાં જરાય અસત્યતા નથી.

خَافِضَةٌ رَّافِعَةٌ ﴿٣﴾

(૩) (તે વખતે લોકોમાં તફાવત જાહેર થશે એટલે કે) કોઇને જૂકાવશે તો કોઇને ઊંચો કરશેઃ

إِذَا رُجَّتِ الْأَرْضُ رَجًّا ﴿٤﴾

(૪) જે વખતે જમીનને સખત રીતે ધ્રુજશે.

وَّبُسَّتِ الْجِبَالُ بَسًّا ۝٥

(૫) અને પહાડ (આપસમાં અથડાઇ) ભુક્કે ભુક્કા થઇ જશેઃ

فَكَانَتْ هَبَآءً مُّنْۢبَثًّا ۝٦

(૬) પછી તે (હવામાં ફેલાઇ ગયેલા) બારીક રજકણો બની ઉડવા લાગશેઃ

وَّ كُنْتُمْ اَزْوَاجًا ثَلٰثَةً ۝٧

(૭) અને તમે ત્રણ ટોળાં થઇ જશો.

فَاَصْحٰبُ الْمَيْمَنَةِ ۙ۬ مَآ اَصْحٰبُ الْمَيْمَنَةِ ۝٨

(૮) પછી જમણી બાજુવાળા, શું કહેવું જમણી બાજુવાળાઓનું! (તેઓ હર્ષથી પ્રફુલ્લીત હશે.)

وَاَصۡحٰبُ الۡمَشۡـَٔمَةِ ۙ مَاۤ اَصۡحٰبُ الۡمَشۡـَٔمَةِ ؕ‏ ﴿۹﴾

(૯) અને ડાબી બાજુવાળા, કેવા દુ:ખી હશે તે ડાબી બાજુવાળાઓ!

وَالسّٰبِقُوۡنَ السّٰبِقُوۡنَ ۚ‏ ﴿۱۰﴾

(૧૦) અને (બીજાઓ કરતાં સત્કાર્યોમાં) આગળ વધી જનારા તો આગળ વધી ગયેલા હશે:

اُولٰٓٮِٕكَ الۡمُقَرَّبُوۡنَ‌ ۚ‏ ﴿۱۱﴾

(૧૧) એજ લોકો તો (અલ્લાહની હજૂરમાં) નજદીકી મેળવેલા હશે.

فِيْ جَنّٰتِ النَّعِيْمِ ﴿١٢﴾

(૧૨) તેઓ નેઅમતોવાળી જન્નતોમાં હશે.

ثُلَّةٌ مِّنَ الْاَوَّلِيْنَ ﴿١٣﴾

(૧૩) ઘણાંખરા આગલાઓમાંથી હશેઃ

وَقَلِيْلٌ مِّنَ الْاٰخِرِيْنَ ﴿١٤﴾

(૧૪) અને પાછલાઓમાંથી થોડાક જ.

عَلٰى سُرُرٍ مَّوْضُوْنَةٍ ﴿١٥﴾

(૧૫) સોનાથી મઢેલા સિંહાસનો પરઃ

مُّتَّكِـِٕيْنَ عَلَيْهَا مُتَقٰبِلِيْنَ ﴿١٦﴾

(૧૬) એક બીજાની સામે તે (સિંહાસનો) પર અઢેલીને બેઠા હશે.

يَطُوفُ عَلَيْهِمْ وِلْدَانٌ مُّخَلَّدُونَ ﴿١٧﴾

(૧૭) હંમેશા રહેનારા છોકરાં તેમની આસપાસ ફરતા હશેઃ

بِأَكْوَابٍ وَأَبَارِيقَ ۙ وَكَأْسٍ مِّن مَّعِينٍ ﴿١٨﴾

(૧૮) જામો તથા કુંજાઓ લઇને, અને સ્વચ્છ પીણાંઓનાં પ્યાલાઓ લઇનેઃ

لَّا يُصَدَّعُونَ عَنْهَا وَلَا يُنزِفُونَ ﴿١٩﴾

(૧૯) જે પીણાંથી તેમનું ન કદી માથું દુ:ખશે અને ન તે બેહોશ થઇ જશેઃ

وَفَاكِهَةٍ مِّمَّا يَتَخَيَّرُونَ ﴿٢٠﴾

(૨૦) અને તેમને એવા મેવા મળશે કે જે તેઓ પસંદ કરશેઃ

وَلَحۡمِ طَیۡرٍ مِّمَّا یَشۡتَهُوۡنَ ﴿۲۱﴾

(૨૧) અને જે જે પક્ષીઓનું ગોશ્ત તેઓ ચાહશે તે પણ (તેમને મળશે)ઃ

وَحُوۡرٌ عِیۡنٌ ﴿۲۲﴾

(૨૨) અને મોટી મોટી કાળી આંખોવાળી હૂરો પણઃ

کَاَمۡثَالِ اللُّؤۡلُؤِ الۡمَکۡنُوۡنِ ﴿۲۳﴾

(૨૩) એવી કે જાણે (સીપમાં) છુપેલાં મોતી.

جَزَآءًۢ بِمَا کَانُوۡا یَعۡمَلُوۡنَ ﴿۲۴﴾

(૨૪) આ બદલો તેઓ જે (નેક કામો) કરતા હતા તેનો હશે.

لَا يَسْمَعُوْنَ فِيْهَا لَغْوًا وَّلَا تَاْثِيْمًا ﴿٢٥﴾

(૨૫) તેમાં ન તો તેઓ વ્યર્થ વાતો સાંભળશે અને ન ગુનાહોની વાતોઃ

اِلَّا قِيْلًا سَلٰمًا سَلٰمًا ﴿٢٦﴾

(૨૬) સિવાય કે સલામ અને (માત્ર) સલામની જ વાતો.

وَاَصْحٰبُ الْيَمِيْنِ ۙ مَآ اَصْحٰبُ الْيَمِيْنِ ﴿٢٧﴾

(૨૭) અને જમણા હાથવાળા, શું કહેવું જમણા હાથવાળાઓનું!

فِيْ سِدْرٍ مَّخْضُوْدٍ ﴿٢٨﴾

(૨૮) તેઓ કાંટા વિનાની બોરડીમાં હશે:

وَّطَلْحٍ مَّنْضُوْدٍ ﴿٢٩﴾

(૨૯) અને એકમેક ઉપર લદાએલા કેળાના ઝાડોમાં:

وَّظِلٍّ مَّمْدُوْدٍ ﴿٣٠﴾

(30) અને ફેલાએલી (શીતળ) છાયામાં:

وَّمَآءٍ مَّسْكُوْبٍ ﴿٣١﴾

(3૧) અને વહેતા પાણીમાં:

وَّفَاكِهَةٍ كَثِيْرَةٍ ﴿٣٢﴾

(3૨) અને પુષ્કળ મેવાઓમાં:

لَّا مَقْطُوْعَةٍ وَّلَا مَمْنُوْعَةٍ ﴿۳۳﴾

(33) કે જે (ક્યારેય) ખૂટશે નહિ, અને ન તેમને ખાતાં રોકવામાં આવશેઃ

وَّفُرُشٍ مَّرْفُوْعَةٍ ﴿۳۴﴾

(3૪) અને ઊંચા ઊંચા પાથરણાંઓ પર હશે.

اِنَّآ اَنْشَاْنٰهُنَّ اِنْشَآءً ﴿۳۵﴾

(3૫) (વળી તેમને હૂરો પણ મળશે) અમોએ તેઓ (હૂરો)ની એક નવીન સર્જત રચી છે ઃ

فَجَعَلْنٰهُنَّ اَبْكَارًا ﴿۳۶﴾

(3૬) પછી અમોએ તેમને કુમારીકાઓ બનાવી છે ઃ

عُرُبًا اَتْرَابًا ﴿٣٧﴾

(૩૭) પ્રેમ કરનારી સમાન વયની યુવતીઓ ઃ

لِّاَصْحٰبِ الْيَمِيْنِ ﴿٣٨﴾

(૩૮) ખાસ કરીને જમણા હાથવાળાઓ માટે.

ثُلَّةٌ مِّنَ الْاَوَّلِيْنَ ﴿٣٩﴾

(૩૯) આ (લોકો) ઘણાંખરા આગલાઓમાંથી હશેઃ

وَثُلَّةٌ مِّنَ الْاٰخِرِيْنَ ﴿٤٠﴾

(૪૦) અને ઘણાંખરા પાછલાઓમાંથી પણ.

وَاَصْحٰبُ الشِّمَالِ ۙ مَآ اَصْحٰبُ الشِّمَالِ ﴿٤١﴾

(૪૧) અને ડાબા હાથવાળા, કેવી દુર્દશા હશે ડાબા હાથવાળાઓની!

فِيْ سَمُوْمٍ وَّحَمِيْمٍ ۝٤٢ لا

(૪૨) ગરમ હવા અને ઉકળતા પાણીમાં઼:

وَّظِلٍّ مِّنْ يَّحْمُوْمٍ ۝٤٣ لا

(૪૩) અને કાળા તથા ગરમ ધુમાડાની છાયામાં હશેઃ

لَّا بَارِدٍ وَّلَا كَرِيْمٍ ۝٤٤

(૪૪) જે ન ટાઢું હશે ન લાભદાયક.

اِنَّهُمْ كَانُوْا قَبْلَ ذٰلِكَ مُتْرَفِيْنَ ۝٤٥ صلے

(૪૫) બેશક તેઓ આ પહેલા ઘણી નાઝ નેઅમતમાં હતા.

وَكَانُوْا يُصِرُّوْنَ عَلَى الْحِنْثِ الْعَظِيْمِ ۝٤٦ ج

(૪૬) અને તે મોટા મોટા ગુનાહ માટે આગ્રહ કરતા હતા (યાને શિર્ક).

وَكَانُوْا يَقُوْلُوْنَ ۙ اَئِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَّعِظَامًا ءَ اِنَّا لَمَبْعُوْثُوْنَ ﴿٤٧﴾

(૪૭) અને કહ્યા કરતા હતા કે શું જ્યારે અમે મરી જઇશું અને માટી તથા હાડકાં થઇ જઇશું ત્યારે પણ અમે પાછા ઉઠાડવામાં આવીશું?

اَوَ اٰبَآؤُنَا الْاَوَّلُوْنَ ﴿٤٨﴾

(૪૮) અથવા અમારા આગલા બાપદાદાઓ પણ?

قُلْ اِنَّ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ ۙ ﴿٤٩﴾

(૪૯) (અય રસૂલ !) તું કહે કે બેશક આગલાઓ અને પાછલાઓ પણ ઃ

لَمَجۡمُوۡعُوۡنَ ۙ اِلٰى مِيۡقَاتِ يَوۡمٍ مَّعۡلُوۡمٍ ﴿۵۰﴾

(૫૦) એક નિશ્ચિત દિવસના નક્કી સમય પર અવશ્ય એકત્ર કરવામાં આવશો.

ثُمَّ اِنَّكُمۡ اَيُّهَا الضَّآلُّوۡنَ الۡمُكَذِّبُوۡنَ ۙ ﴿۵۱﴾

(૫૧) પછી તમે અય આડે માર્ગે વળી ગયેલાઓ! અને અય જૂઠલાવનારાઓ!

لَاٰكِلُوۡنَ مِنۡ شَجَرٍ مِّنۡ زَقُّوۡمٍ ۙ ﴿۵۲﴾

(૫૨) ખરેખર તમે થોરના ઝાડમાંથી ખાનારા થશો ઃ

فَمَالِـُٔوْنَ مِنْهَا الْبُطُوْنَ ﴿٥٣﴾

(૫૩) અને તે વડે જ પેટ ભરનારા થશો.

فَشٰرِبُوْنَ عَلَيْهِ مِنَ الْحَمِيْمِ ﴿٥٤﴾

(૫૪) પછી તેના ઉપર ઉકળતું પાણી પીનારા થશો.

فَشٰرِبُوْنَ شُرْبَ الْهِيْمِ ﴿٥٥﴾

(૫૫) અને તરસ્યા ઊંટોના પીણાં જેવું પીનારા થશો.

هٰذَا نُزُلُهُمْ يَوْمَ الدِّيْنِ ﴿٥٦﴾

(૫૬) ન્યાયના દિવસે તેમની આ મહેમાન નવાજી હશે.

نَحۡنُ خَلَقۡنٰكُمۡ فَلَوۡلَا تُصَدِّقُوۡنَ ﴿۵۷﴾

(૫૭) અમોએ જ તમને પેદા કર્યા છે, તે છતાં તમે શા માટે સાચું માનતા નથી?

اَفَرَءَيۡتُمۡ مَّا تُمۡنُوۡنَ ﴿۵۸﴾ؕ

(૫૮) ભલા જે વીર્ય તમે (ગર્ભાશયમાં) પહોંચાડો છો તે વિષે વિચાર કર્યો?

ءَاَنۡتُمۡ تَخۡلُقُوۡنَهٗۤ اَمۡ نَحۡنُ الۡخٰلِقُوۡنَ ﴿۵۹﴾

(૫૯) તે શું તમે ઉત્પન્ન કરો છો કે અમે ઉત્પન્ન કરનારા છીએ?

نَحۡنُ قَدَّرۡنَا بَيۡنَكُمُ الۡمَوۡتَ وَمَا نَحۡنُ بِمَسۡبُوۡقِيۡنَ ﴿۶۰﴾ۙ

(૬૦) અમોએ જ તમારી વચ્ચે મૃત્યુને નિર્માણ કરી મૂક્યું છે, અને અમે અસમર્થ નથીઃ

عَلٰٓى اَنْ نُّبَدِّلَ اَمْثَالَكُمْ وَنُنْشِئَكُمْ فِيْ مَا لَا تَعْلَمُوْنَ ۝٦١

(૬૧) (આ બાબત ઉપર) કે તમારા બદલે તમારા જેવા બીજા સર્જી દઇએ, અને તમને એવા સર્જનમાં ઉભા કરીએ કે જે તમે જાણતા નથી.

وَلَقَدْ عَلِمْتُمُ النَّشْاَةَ الْاُوْلٰى فَلَوْلَا تَذَكَّرُوْنَ ۝٦٢

(૬૨) અને પ્રથમ સર્જતને તમે જરૂર સમજી ગયા છો, પછી શા માટે બોધ ગ્રહણ કરતા નથી ?

اَفَرَءَيْتُمْ مَّا تَحْرُثُوْنَ ۝٦٣

(૬૩) શું તમે જે બી વાવો છો તેના પર વિચાર કર્યો?

ءَاَنْتُمْ تَزْرَعُوْنَهٗۤ اَمْ نَحْنُ الزّٰرِعُوْنَ۝۶۴

(૬૪) શું તેને તમે ઉગાડો છો કે અમે ઉગાડનારા છીએ?

لَوْ نَشَآءُ لَجَعَلْنٰهُ حُطَامًا فَظَلْتُمْ تَفَكَّهُوْنَ۝۶۵

(૬૫) અમે ચાહીએ તો તેનો (પાકવા પહેલાં જ) ભુક્કે ભુક્કો કરી નાખીએ, પછી તમે અચંબો કરતા જ રહી જાઓ.

اِنَّا لَمُغْرَمُوْنَ۝۶۶

(૬૬) (પછી તમે કહી ઉઠો કે હાય !) બેશક અમને નુકશાન થયું઼:

بَلْ نَحْنُ مَحْرُوْمُوْنَ ۞٦٧

(૬૭) બલ્કે અમે તો મહેરૂમ માણસો છીએ.

اَفَرَءَيْتُمُ الْمَآءَ الَّذِىْ تَشْرَبُوْنَ ۞٦٨

(૬૮) ભલા તમે જે પાણી પીઓ છો તેના વિષે પણ વિચાર કર્યો છે ?

ءَاَنْتُمْ اَنْزَلْتُمُوْهُ مِنَ الْمُزْنِ اَمْ نَحْنُ الْمُنْزِلُوْنَ ۞٦٩

(૬૯) શું તે વાદળામાંથી તમોએ ઉતાર્યું છે કે (તેના) ઉતારનારા અમે છીએ.

لَوْ نَشَآءُ جَعَلْنٰهُ اُجَاجًا فَلَوْلَا تَشْكُرُوْنَ ۞٧٠

(૭૦) અગર અમે ચાહીએ તો તેને ખારૂં કરી નાખીએ ત્યારે તમે શા માટે આભાર માનતા નથી?

اَفَرَءَيْتُمُ النَّارَ الَّتِىْ تُوْرُوْنَ ﴿٧١﴾

(૭૧) ભલા તમોએ તે આગ વિષે પણ વિચાર કર્યો છે કે જે તમે સળગાવો છો?

ءَاَنْتُمْ اَنْشَاْتُمْ شَجَرَتَهَاۤ اَمْ نَحْنُ الْمُنْشِـُٔوْنَ ﴿٧٢﴾

(૭૨) શું તેના (બળતણનાં) ઝાડ તમે પેદા કર્યા છે કે (તેના) પેદા કરનારા અમે છીએ?

نَحْنُ جَعَلْنٰهَا تَذْكِرَةً وَّمَتَاعًا لِّلْمُقْوِيْنَ ﴿٧٣﴾

(૭૩) અમોએ તે (આગ)ને (જહન્નમની આગની) યાદ દેવડાવનારી અને મુસાફરો માટે લાભદાયક વસ્તુ બનાવી છે.

فَسَبِّحۡ بِاسۡمِ رَبِّكَ الۡعَظِيۡمِ ﴿٧٤﴾

(૭૪) માટે (અય રસૂલ !) તું તારા મોટાઇવાળા પરવરદિગારના નામની તસ્બીહ પઢતો રહે.

فَلَاۤ اُقۡسِمُ بِمَوٰقِعِ النُّجُوۡمِ ﴿٧٥﴾

(૭૫) પછી કસમ છે તારાઓના ખરી પડવાની:

وَاِنَّهٗ لَقَسَمٌ لَّوۡ تَعۡلَمُوۡنَ عَظِيۡمٌ ﴿٧٦﴾

(૭૬) અને અગર સમજો તો આ કસમ ઘણીજ ભારે છે ઃ

إِنَّهُۥ لَقُرْءَانٌ كَرِيمٌ ﴿٧٧﴾

(૭૭) બેશક આ અતિ માનવંત કુરઆન છે ꙰:

فِى كِتَـٰبٍ مَّكْنُونٍ ﴿٧٨﴾

(૭૮) જે એક સુરક્ષિત કિતાબમાં (લખેલું) છે ꙰:

لَّا يَمَسُّهُۥٓ إِلَّا ٱلْمُطَهَّرُونَ ﴿٧٩﴾

(૭૯) પાકીઝા લોકો સિવાય તેને કોઇ અડકશે નહિ.

تَنزِيلٌ مِّن رَّبِّ ٱلْعَـٰلَمِينَ ﴿٨٠﴾

(૮૦) સઘળી દુનિયાઓના પરવરદિગાર તરફથી ઉતારવામાં આવ્યું છે.

أَفَبِهَـٰذَا ٱلْحَدِيثِ أَنتُم مُّدْهِنُونَ ﴿٨١﴾

(૮૧) શું તમે ત્યારે આ વાતને તુચ્છકારી કાઢો છો?

وَتَجْعَلُوْنَ رِزْقَكُمْ اَنَّكُمْ تُكَذِّبُوْنَ ﴿٨٢﴾

(૮૨) અને તમોએ જૂઠાણાંને જ તમારી રોઝીનું સાધન બનાવી રાખ્યું છે?

فَلَوْلَآ اِذَا بَلَغَتِ الْحُلْقُوْمَ ﴿٨٣﴾

(૮૩) પછી જ્યારે પ્રાણ ગળા સુધી આવી પહોંચે છે:

وَاَنْتُمْ حِيْنَىِٕذٍ تَنْظُرُوْنَ ﴿٨٤﴾

(૮૪) અને તે સમયે તમે (પડ્યા પડ્યા ટગર ટગર) જોતા જ રહો છો (ત્યારે તમારો કાબૂ કેમ ચાલતો નથી?)ઃ

وَنَحۡنُ اَقۡرَبُ اِلَيۡهِ مِنۡكُمۡ وَلٰكِنۡ لَّا تُبۡصِرُوۡنَ ﴿۸۵﴾

(૮૫) અને અમે (અય સારવાર કરનારાઓ !) તમારા કરતાંય તે (મરનાર)ની વધુ પાસે છીએ, પણ તમને સૂઝતું જ નથી.

فَلَوۡلَاۤ اِنۡ كُنۡتُمۡ غَيۡرَ مَدِيۡنِيۡنَ ﴿۸۶﴾

(૮૬) પછી અગર તમે (કર્મના જવાબ માટે) કોઇના દબાએલા નથી ઃ

تَرۡجِعُوۡنَهَاۤ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۸۷﴾

(૮૭) તો અગર તમે સાચા છો તો તે (પ્રાણ)ને શા માટે પાછો ફેરવી લેતા નથી?

فَأَمَّآ إِن كَانَ مِنَ ٱلۡمُقَرَّبِينَ ﴿٨٨﴾

(૮૮) પછી જો તેઓ અલ્લાહનું નજીકપણું મેળવેલાઓ માંના હશેઃ

فَرَوۡحٞ وَرَيۡحَانٞ وَجَنَّتُ نَعِيمٖ ﴿٨٩﴾

(૮૯) તો (તેમના માટે) રાહત તથા સુગંધી ફૂલો તથા નેઅમતવાળી જન્નત છે.

وَأَمَّآ إِن كَانَ مِنۡ أَصۡحَٰبِ ٱلۡيَمِينِ ﴿٩٠﴾

(૯૦) અને જો તે જમણી બાજુવાળાઓમાંથી હશેઃ

فَسَلَٰمٞ لَّكَ مِنۡ أَصۡحَٰبِ ٱلۡيَمِينِ ﴿٩١﴾

(૯૧) તો (અય પૂછનારા !) જમણી બાજુવાળાઓ તરફથી તને સલામ છે.

وَاَمَّآ اِنْ كَانَ مِنَ الْمُكَذِّبِيْنَ الضَّآلِّيْنَ ۙ﴿۹۲﴾

(૯૨) અને જો તે જૂઠલાવનારા (તથા) ગુમરાહોમાંથી હશેઃ

فَنُزُلٌ مِّنْ حَمِيْمٍ ۙ﴿۹۳﴾

(૯૩) તો (તેમના માટે) ઉકળતા પાણીની મહેમાન નવાજીઃ

وَّتَصْلِيَةُ جَحِيْمٍ ﴿۹۴﴾

(૯૪) અને જહન્નમમાં જવાનું છે.

اِنَّ هٰذَا لَهُوَ حَقُّ الْيَقِيْنِ ۚ﴿۹۵﴾

(૯૫) (આ જે કાંઇ વર્ણવવામાં આવ્યું) તે ખાત્રીપૂર્વક સત્ય છેઃ

فَسَبِّحْ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ ۝٩٦

(૯૬) માટે (અય રસૂલ !) તું તારા બુઝુર્ગીવાળા પરવરદિગારના નામના ગુણગાનગા.

سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ①

(૧) આસમાનો અને જમીનમાં જે જે કાંઇ છે તે સર્વ અલ્લાહની પવિત્રતા વર્ણવે છે, અને તે પ્રબળ (અને) હિકમતવાળો છે.

لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ يُحْيٖ وَيُمِيْتُ ۚ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ②

(૨) આસમાનો તથા જમીનની બાદશાહત તેની જ છે, તે જ જીવાડે અને તે જ મારે છે, અને તે જ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

هُوَالْاَوَّلُ وَالْاٰخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ ۚ وَهُوَبِكُلِّ شَیْءٍ
عَلِيْمٌ ۞

(3) એજ પહેલો છે અને એજ છેલ્લો છે, અને એજ જાહેર તથા છુપો છે, અને એજ દરેક વસ્તુનો સંપૂર્ણ જાણકાર છે.

هُوَالَّذِیْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ فِیْ سِتَّةِ اَیَّامٍ ثُمَّ اسْتَوٰی
عَلَی الْعَرْشِ ؕ یَعْلَمُ مَا یَلِجُ فِی الْاَرْضِ وَمَا یَخْرُجُ مِنْهَا وَمَا
یَنْزِلُ مِنَ السَّمَآءِ وَمَا یَعْرُجُ فِیْهَا ؕ وَهُوَمَعَكُمْ اَیْنَ مَا
كُنْتُمْ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِیْرٌ ۞

(૪) તે એજ છે કે જેણે આસમાનો તથા જમીનને છ દિવસમાં સર્જ્યા, પછી અર્શ પર પોતાની સત્તા સ્થાપી; તેને સારી રીતે જાણે છે કે જે જમીનમાં દાખલ થાય છે અને તેને પણ કે જે તેમાંથી નીકળે છે, અને તેને કે જે આસમાન પરથી ઉતરે છે અને તેને પણ કે જે તેમાં ચઢી જાય છે; અને જ્યાં પણ તમે હો છો તે તમારી સાથેજ હોય છે; અને જે કરણી તમે કરો છો તે અલ્લાહ નિહાળે છે.

لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ۝۵

(૫) આસમાનો તથા જમીનનો (સઘળો) અધિકાર તેને જ છે, અને સઘળા મામલાઓ તેનીજ તરફ રજૂ કરવામાં આવે છે.

يُوۡلِجُ الَّيۡلَ فِى النَّهَارِ وَيُوۡلِجُ النَّهَارَ فِى الَّيۡلِ‌ؕ وَهُوَ عَلِيۡمٌۢ
بِذَاتِ الصُّدُوۡرِ‏ ﴿۶﴾

(૬) તે રાત્રિને (ઘટાડી) દિવસમાં દાખલ કરી દે છે અને દિવસને (ઘટાડી) રાત્રિમાં દાખલ કરી દે છે, અને તે હૃદયો માંની વાતોથી સંપૂર્ણ વાકેફ છે.

اٰمِنُوۡا بِاللّٰهِ وَرَسُوۡلِهٖ وَاَنۡفِقُوۡا مِمَّا جَعَلَكُمۡ مُّسۡتَخۡلَفِيۡنَ فِيۡهِ‌ؕ
فَالَّذِيۡنَ اٰمَنُوۡا مِنۡكُمۡ وَاَنۡفَقُوۡا لَهُمۡ اَجۡرٌ كَبِيۡرٌ‏ ﴿۷﴾

(૭) (અય લોકો !) તમે અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન લાવો, અને જે જે વસ્તુઓના તમને તેણે વારસ બનાવ્યા છે તેમાંથી (તેની રાહમાં) ખર્ચ કરો; પછી તમારામાંથી જે લોકો

ઇમાન લાવ્યા અને (તેની રાહમાં) ખર્ચ કર્યો તો તેમના માટે મોટો બદલો છે.

وَمَا لَكُمۡ لَا تُؤۡمِنُوۡنَ بِاللّٰهِ ۚ وَالرَّسُوۡلُ يَدۡعُوۡكُمۡ لِتُؤۡمِنُوۡا بِرَبِّكُمۡ وَقَدۡ اَخَذَ مِيۡثَاقَكُمۡ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ ⑧

(૮) અને તમને શું થઇ ગયું છે કે તમે અલ્લાહ પર ઇમાન નથી લાવતા ? જો કે રસૂલ તમને તમારા પાલનહાર પર ઇમાન લાવવા માટે બોલાવ્યા કરે છે, અને વળી અલ્લાહ તમારી પાસેથી (રોઝે અલસ્તમાં) વાયદો પણ કરી ચૂક્યો છે, અગર તમે તે વાતને માનતા હો તો (માનો).

هُوَالَّذِیۡ یُنَزِّلُ عَلٰی عَبۡدِہٖۤ اٰیٰتٍۭ بَیِّنٰتٍ لِّیُخۡرِجَکُمۡ مِّنَ
الظُّلُمٰتِ اِلَی النُّوۡرِ ؕ وَ اِنَّ اللّٰہَ بِکُمۡ لَرَءُوۡفٌ رَّحِیۡمٌ ﴿۹﴾

(૯) તે એજ છે જે પોતાના બંદા (મોહમ્મદ સ.અ.વ.) પર રોશન નિશાનીઓ ઉતારે છે કે જેથી તમને (નાસ્તિકપણાંના) અંધકારમાંથી (ઇમાનના) પ્રકાશ તરફ કાઢી લાવે; અને બેશક અલ્લાહ તમારા સંબધમાં મોટો મહેરબાન (અને) દયાવાન છે.

وَمَا لَکُمۡ اَلَّا تُنۡفِقُوۡا فِیۡ سَبِیۡلِ اللّٰہِ وَلِلّٰہِ مِیۡرَاثُ السَّمٰوٰتِ
وَالۡاَرۡضِ ؕ لَا یَسۡتَوِیۡ مِنۡکُمۡ مَّنۡ اَنۡفَقَ مِنۡ قَبۡلِ الۡفَتۡحِ
وَقٰتَلَ ؕ اُولٰٓئِکَ اَعۡظَمُ دَرَجَۃً مِّنَ الَّذِیۡنَ اَنۡفَقُوۡا مِنۡۢ بَعۡدُ
وَقٰتَلُوۡا ؕ وَکُلًّا وَّعَدَ اللّٰہُ الۡحُسۡنٰی ؕ وَاللّٰہُ بِمَا تَعۡمَلُوۡنَ خَبِیۡرٌ ﴿۱۰﴾

(૧૦) અને તમને શું થઇ ગયું છે કે તમે અલ્લાહની રાહમાં ખર્ચતા નથી? જોકે આસમાનો તથા જમીનનો વારસો અલ્લાહનો જ છે; તમારામાંથી જેણે (મક્કાના) વિજય પહેલાં (અલ્લાહની રાહમાં) ખર્ચ કર્યો તથા જેહાદ કર્યો (અને જેમણે તે બાદ કર્યો) તે દરજ્જામાં સમાન નથી; તેમનો દરજ્જો તે લોકો કરતાં ઘણો મોટો છે કે જેમણે (મક્કાના વિજય) પછી અલ્લાહની રાહમાં ખર્ચ કર્યો તથા જેહાદ કર્યો; જોકે અલ્લાહે સારા બદલાનો વાયદો તો સઘળાઓને કર્યો છે; અને જે કાર્યો તમે કરો છો તેનાથી અલ્લાહ સારી રીતે વાકેફ છે.

مَنْ ذَا الَّذِیْ یُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا فَیُضٰعِفَهٗ لَهٗ وَلَهٗۤ اَجْرٌ
كَرِیْمٌ ﴿۱۱﴾

(૧૧) છે કોઇ જે અલ્લાહને "કર્ઝે હસના" આપે કે અલ્લાહ તેના માટે (નો બદલો) કેટલાય ગણો વધારી દે ? અને તેના માટે માનવંત બદલો (જન્નત) પણ હોય.

یَوْمَ تَرَی الْمُؤْمِنِیْنَ وَالْمُؤْمِنٰتِ یَسْعٰی نُوْرُهُمْ بَیْنَ اَیْدِیْهِمْ
وَبِاَیْمَانِهِمْ بُشْرٰىكُمُ الْیَوْمَ جَنّٰتٌ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِیْنَ فِیْهَا ؕ ذٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِیْمُ ﴿۱۲﴾

(૧૨) જે દિવસે તું મોઅમીન પુરૂષો તથા મોઅમીન સ્ત્રીઓને જોશે કે તેમનું નૂર તેમની

આગળ આગળ તથા તેમના જમણા હાથ (તરફ) દોડતું જતું હશે, ત્યારે તેમને કહેવામાં આવતું હશે કે આજે તમારા માટે વધામણી (શુભ સમાચાર) છે તે જન્નતોની કે જેની હેઠળ નદીઓ વહે છે, તેમાં તમારૂં સદાનું રહેવાનું થશે; મહાન સફળતા તો એ જ છે.

يَوْمَ يَقُوْلُ الْمُنٰفِقُوْنَ وَالْمُنٰفِقٰتُ لِلَّذِيْنَ اٰمَنُوا انْظُرُوْنَا
نَقْتَبِسْ مِنْ نُّوْرِكُمْ ۚ قِيْلَ ارْجِعُوْا وَرَآءَكُمْ فَالْتَمِسُوْا
نُوْرًا ؕ فَضُرِبَ بَيْنَهُمْ بِسُوْرٍ لَّهٗ بَابٌ ؕ بَاطِنُهٗ فِيْهِ الرَّحْمَةُ
وَظَاهِرُهٗ مِنْ قِبَلِهِ الْعَذَابُ ؕ﴿١٣﴾

(૧૩) જે દિવસે દાંભિક પુરૂષો તથા દાંભિક સ્ત્રીઓ ઇમાન લાવનારાઓને કહેશે કે અમારા માટે જરા થોભો કે જેથી અમે પણ તમારા નૂર (ના પ્રકાશમાંથી લાભ) લઇ લઇએ તો (તેમને) કહેવામાં આવશે કે તમે પાછા ફરી જાઓ અને (બીજું) નૂર શોધી લો; પછી તેમની વચ્ચે એક દિવાલ ઉભી કરી દેવામાં આવશે જેમ એક બારણું હશે; જેના અંદરના ભાગમાં તો રહેમત હશે અને તેના બહારના ભાગમાં અઝાબ હશે.

يُنَادُوْنَهُمْ اَلَمْ نَكُنْ مَّعَكُمْ ؕ قَالُوْا بَلٰى وَلٰكِنَّكُمْ فَتَنْتُمْ
اَنْفُسَكُمْ وَتَرَبَّصْتُمْ وَارْتَبْتُمْ وَغَرَّتْكُمُ الْاَمَانِيُّ حَتّٰى جَآءَ
اَمْرُ اللّٰهِ وَغَرَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرُ ﴿۱۴﴾

(૧૪) તેઓ (દાંભિકો) તેઓ (મોઅમીનો)ને પોકારીને કહેતા હશે કે શું અમે તમારી સાથે ન હતા ? તેઓ જવાબ આપશે કે હા હતા, પણ તમોએ પોતે જ પોતાને આફતમાં નાખ્યા, અને (મોઅમીનોના સંબંધમાં) બલા (ઉતરવાની) વાટ જોતા હતા, અને તમે (દીનના સંબંધમાં) શંકામાં પડ્યા રહ્યા, અને તમને ખોટી આશાઓએ ધોકામાં રાખી મૂક્યા હતા; અહીં સુધી કે અલ્લાહનો હુકમ

આવી પહોંચ્યો અને છેતરનાર (શેતાને) તમને અલ્લાહના સંબંધમાં છેતર્યા.

فَالْيَوْمَ لَا يُؤْخَذُ مِنْكُمْ فِدْيَةٌ وَّلَا مِنَ الَّذِيْنَ كَفَرُوْا ۭ مَاْوٰىكُمُ النَّارُ ۭ هِيَ مَوْلٰىكُمْ ۭ وَبِئْسَ الْمَصِيْرُ ⑮

(૧૫) માટે આજના દિવસે ન તમારી પાસેથી બદલા તરીકે કાંઇ સ્વીકારવામાં આવશે. અને ન તેમનાથી કે જેઓ નાસ્તિકો હતા, અને તમારૂં સ્થાન જહન્નમની આગ છે; અને એજ તમારો સાથી છે અને એજ ખરાબ સ્થળ છે.

اَلَمْ يَاْنِ لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ وَمَا نَزَلَ مِنَ الْحَقِّ ۙ وَلَا يَكُوْنُوْا كَالَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلُ

فَطَالَ عَلَيۡهِمُ الۡاَمَدُ فَقَسَتۡ قُلُوۡبُهُمۡ ؕ وَ كَثِيۡرٌ مِّنۡهُمۡ
فٰسِقُوۡنَ﴿۱۶﴾

(૧૬) શું તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા છે તે સમય નથી આવ્યો કે તેમના દિલ અલ્લાહની યાદ માટે તથા સત્યના સંબંધમાં જે કાંઇ ઉતર્યું છે તેના માટે નમ્ર બની જાય ? અને તેઓ તે લોકોના જેવા થઇ ન જાય કે જેમને આ પહેલાં કિતાબ (તવરેત તથા ઇન્જીલ) આપવામાં આવી હતી, પણ તેમના ઉપર એક કાળ વીતી ગયો, જેથી તેમના હૃદય કઠણ થઇ ગયા; અને તેઓ માંના ઘણાંખરા નાફરમાનછે.

اِعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ؕ قَدْ بَيَّنَّا لَكُمُ
الْاٰيٰتِ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿١٧﴾

(૧૭) આ જાણી લો કે બેશક અલ્લાહ જમીનને તેના મૃત્યુ બાદ સજીવન કરે છે; ખરેખર અમોએ તમારા માટે આયતો સ્પષ્ટ કરીને વર્ણવી દીધી છે કે જેથી તમે સમજો.

اِنَّ الْمُصَّدِّقِيْنَ وَالْمُصَّدِّقٰتِ وَاَقْرَضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا
يُّضٰعَفُ لَهُمْ وَلَهُمْ اَجْرٌ كَرِيْمٌ ﴿١٨﴾

(૧૮) બેશક ખેરાત કરનારા પુરૂષો તથા ખેરાત કરનારી સ્ત્રીઓ તથા તેઓ કે જેમણે અલ્લાહને "કર્ઝે હસના" આપ્યું તેમના માટે તેમાં અનેકગણો

વધારો કરવામાં આવશે, અને તેમના માટે માનવંત બદલો પણ હશે.

وَالَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖٓ اُولٰٓئِكَ هُمُ الصِّدِّيْقُوْنَ ۖ وَالشُّهَدَآءُ عِنْدَ رَبِّهِمْ ؕ لَهُمْ اَجْرُهُمْ وَنُوْرُهُمْ ؕ وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿١٩﴾

(૧૯) અને જે લોકો અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન લાવ્યા છે તેઓજ તો તેમના પરવરદિગાર પાસે સિદ્દીક (સત્યવાદી) અને શહીદ (અલ્લાહની રાહમાં માર્યા ગયેલા)નો દરજ્જો ધરાવે છે; તેમના માટે તેમનો બદલો પણ હશે અને નૂર પણ; અને જે લોકોએ નાસ્તિકપણું કર્યું

તથા અમારી આયતોને જૂઠલાવી તેઓજ જહન્નમી છે.

اِعۡلَمُوۡۤا اَنَّمَا الۡحَيٰوةُ الدُّنۡيَا لَعِبٌ وَّلَهۡوٌ وَّزِيۡنَةٌ وَّتَفَاخُرٌۢ

بَيۡنَكُمۡ وَتَكَاثُرٌ فِى الۡاَمۡوَالِ وَالۡاَوۡلَادِ ؕ كَمَثَلِ غَيۡثٍ اَعۡجَبَ

الۡكُفَّارَ نَبَاتُهٗ ثُمَّ يَهِيۡجُ فَتَرٰٮهُ مُصۡفَرًّا ثُمَّ يَكُوۡنُ حُطَامًا ؕ

وَفِى الۡاٰخِرَةِ عَذَابٌ شَدِيۡدٌ ۙ وَّمَغۡفِرَةٌ مِّنَ اللّٰهِ وَرِضۡوَانٌ ؕ وَمَا

الۡحَيٰوةُ الدُّنۡيَاۤ اِلَّا مَتَاعُ الۡغُرُوۡرِ ﴿۲۰﴾

(૨૦) (આ) સારી રીતે સમજી લો કે દુનિયાનું જીવન રમત ગમત તથા શોભા અને આપસમાં બડાઈ કરવા તથા માલ તથા ઓલાદની વૃદ્ધિની ઇચ્છા કરવા સિવાય અન્ય કાંઇજ નથી: તેનો

દાખલો વરસાદના જેવો છે કે જેનાથી ઉત્પન્ન થતી વનસ્પતિ ખેડૂતોને આશ્ચર્યમાં નાખી દે છે, પછી તે કરમાઇ જાય છે, પછી તું તેને પીળી પડી ગયેલી જુએ છે, પછી તે સૂકાઇ ચૂરેચૂરા થઇ જાય છે; અને આખેરતમાં સખત અઝાબ પણ છે, તેમજ (મોઅમીનો માટે) અલ્લાહ તરફથી ક્ષમા તથા પ્રસન્નતા પણ છે; અને દુનિયાનું જીવન ધોકાના સાધન સિવાય બીજું કાંઇ જ નથી.

سَابِقُوْٓا اِلٰى مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ وَجَنَّةٍ عَرْضُهَا كَعَرْضِ
السَّمَآءِ وَالْاَرْضِ ۙ اُعِدَّتْ لِلَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ ۭ ذٰلِكَ
فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَاۗءُ ۭ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ۝ ٢١

(૨૧) તમે તમારા પરવરદિગારની ક્ષમા તરફ તથા તે જન્નત તરફ દોડો કે જે જન્નતની પહોળાઇ આસમાન તથા જમીન (બન્ને)ની પહોળાઇની બરાબર છે કે જે તે લોકો માટે તૈયાર કરવામાં આવી છે કે જેઓ અલ્લાહ તથા તેના રસૂલો પર ઇમાન લાવ્યા છે; આ અલ્લાહની મહેરબાની છે, તે જેને ચાહે છે અર્પણ કરે છે; અને અલ્લાહ મહાન મહેરબાન છે.

مَآ اَصَابَ مِنۡ مُّصِيۡبَةٍ فِى الۡاَرۡضِ وَلَا فِىۡۤ اَنۡفُسِكُمۡ اِلَّا فِىۡ كِتٰبٍ مِّنۡ قَبۡلِ اَنۡ نَّبۡرَاَهَا ؕ اِنَّ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيۡرٌ ۚ ۲۲

(૨૨) જે કોઇ પણ આફત જમીન પર કે તમારી જાત પર પડે છે તે એ પહેલાં કે અમે તે

અસ્તિત્વમાં લાવીએ એક લખાણ (લવહે મહેફૂઝ)માં લખાએલું મોજૂદ હોય છે; બેશક એ કાર્ય અલ્લાહ માટે (ઘણુંજ) સહેલું છે ઃ

لِّكَيْلَا تَأْسَوْا عَلٰى مَا فَاتَكُمْ وَلَا تَفْرَحُوْا بِمَآ اٰتٰىكُمْ ؕ وَاللّٰهُ
لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُوْرِ ۟ۙ﴿٢٣﴾

(૨૩) આ એ માટે કે તમારા હાથમાંથી જે કાંઇ જતું રહે તેના માટે અફસોસ કરો નહિ, અને તેણે તમને જે કાંઇ આપ્યું છે તે માટે ફુલાઇ જાઓ નહિ; અને અલ્લાહ દરેક મગરૂર અને ખુદપસંદને દોસ્ત રાખતો નથીઃ

الَّذِيْنَ يَبْخَلُوْنَ وَيَاْمُرُوْنَ النَّاسَ بِالْبُخْلِ ؕ وَمَنْ يَّتَوَلَّ فَاِنَّ
اللّٰهَ هُوَ الْغَنِيُّ الْحَمِيْدُ ﴿۲۴﴾

(૨૪) કે જેઓ પોતે કંજૂસાઇથી વર્તે છે, અને લોકોને પણ કંજૂસાઇથી વર્તવાની આજ્ઞા કરે છે; અને કોઇ મોઢું ફેરવશે તો અલ્લાહ ખરેજ બેપરવાહ અને વખાણને પાત્ર છે.

لَقَدْ اَرْسَلْنَا رُسُلَنَا بِالْبَيِّنٰتِ وَاَنْزَلْنَا مَعَهُمُ الْكِتٰبَ
وَالْمِيْزَانَ لِيَقُوْمَ النَّاسُ بِالْقِسْطِ ۚ وَاَنْزَلْنَا الْحَدِيْدَ فِيْهِ
بَاْسٌ شَدِيْدٌ وَّمَنَافِعُ لِلنَّاسِ وَلِيَعْلَمَ اللّٰهُ مَنْ يَّنْصُرُهٗ
وَرُسُلَهٗ بِالْغَيْبِ ؕ اِنَّ اللّٰهَ قَوِيٌّ عَزِيْزٌ ﴿۲۵﴾

(૨૫) ખરેજ અમોએ પ્રત્યક્ષ દલીલો સાથે અમારા રસૂલો મોકલ્યા હતા અને તેમની સાથે સાથે અમોએ કિતાબ તથા મીઝાન (ત્રાજવું) ઉતાર્યાં કે જેથી લોકો ન્યાયસર ચાલવા લાગે, અને અમોએ લોઢું ઉતારયું જેમાં (લડાઇનું) સખત બળ છે, અને લોકોના માટે લાભો પણ, અને આ હેતુથી પણ કે અલ્લાહ આ જાણી લે કે તેને જોયા વિના તેની તથા તેના રસૂલોની કોણ સહાય કરે છે; બેશક અલ્લાહ મહા બળવાન અને સમર્થ છે.

وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا وَّاِبْرٰهِيْمَ وَجَعَلْنَا فِيْ ذُرِّيَّتِهِمَا النُّبُوَّةَ وَالْكِتٰبَ فَمِنْهُمْ مُّهْتَدٍ ۚ وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿٢٦﴾

(૨૬) અને ખરેખર અમોએ નૂહને તથા ઇબ્રાહીમને (પયગમ્બર બનાવી) મોકલ્યા હતા, અને અમોએ તે બન્નેની ઓલાદમાં નબુવ્વત તથા કિતાબ ઉતારી હતી, પછી તેઓમાંથી કેટલાકોએ તો હિદાયત મેળવી, અને તેઓ માંના ઘણાંખરા નાફરમાન હતા.

ثُمَّ قَفَّيْنَا عَلٰٓى اٰثَارِهِمْ بِرُسُلِنَا وَقَفَّيْنَا بِعِيْسَى ابْنِ مَرْيَمَ وَاٰتَيْنٰهُ الْاِنْجِيْلَ ۙ وَجَعَلْنَا فِيْ قُلُوْبِ الَّذِيْنَ اتَّبَعُوْهُ رَاْفَةً وَّرَحْمَةً ؕ وَرَهْبَانِيَّةَ ِۨابْتَدَعُوْهَا مَا كَتَبْنٰهَا عَلَيْهِمْ اِلَّا ابْتِغَآءَ رِضْوَانِ اللّٰهِ فَمَا رَعَوْهَا حَقَّ رِعَايَتِهَا ۚ فَاٰتَيْنَا الَّذِيْنَ اٰمَنُوْا مِنْهُمْ اَجْرَهُمْ ۚ وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿۲۷﴾

(૨૭) પછી અમોએ તેમની પાછળ (પાછળ) તેમના જ ચીલે આવનારા બીજા રસૂલો મોકલ્યા, અને તેમની પછી અમોએ મરિયમના પુત્ર ઇસાને મોકલ્યો, અને તેને અમોએ ઇન્જીલ અર્પણ કરી, અને અમોએ તે લોકોના દિલોમાં કે જેમણે તે (ઇસા)ની તાબેદારી કરી પ્રેમ તથા દયા કાયમ કરી દીધાં; અને રોહબાનીયત (સંસાર ત્યાગ) તેમણે (પોતે જ) નવીન શરૂ કર્યો, (તે) અમોએ તેમના પર વાજિબ (અનિવાર્ય) કર્યો ન હતો, પરંતુ અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે (તેમણે તેમ કર્યું હતું); પણ તેમણે તેનું એવું પાલન ન કર્યું જેવું કે પાલન કરવું જોઇએ, પછી અમોએ તે લોકોને કે

જેઓ તેમનામાંથી ઇમાન લાવ્યા હતા તેમનો બદલો આપી દીધો, અને તેઓમાંથી ઘણાંખરા આજ્ઞાનો ભંગ કરનારા રહ્યા.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَاٰمِنُوْا بِرَسُوْلِهٖ يُؤْتِكُمْ كِفْلَيْنِ مِنْ رَّحْمَتِهٖ وَيَجْعَلْ لَّكُمْ نُوْرًا تَمْشُوْنَ بِهٖ وَيَغْفِرْ لَكُمْ ۭ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۲۸

(૨૮) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો અને તેના રસૂલ (મોહમ્મદ સ.અ.વ.) પર ઇમાન લાવો કે જેથી તે પોતાની મહેરબાનીનો બેવડો ભાગ તમને આપે, અને તમારા માટે એવું નૂર કાયમ કરે કે જેના પ્રતાપે તમે ચાલો, તથા તમારા

ગુનાહ માફ કરી દે; અને અલ્લાહ મોટો માફ કરનાર (તથા) રહેમ કરનારોછે:

لِّئَلَّا يَعۡلَمَ اَهۡلُ الۡكِتٰبِ اَلَّا يَقۡدِرُوۡنَ عَلٰى شَىۡءٍ مِّنۡ فَضۡلِ اللّٰهِ وَاَنَّ الۡفَضۡلَ بِيَدِ اللّٰهِ يُؤۡتِيۡهِ مَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الۡفَضۡلِ الۡعَظِيۡمِ ﴿۲۹﴾

(૨૯) (આ એ માટે કહેવામાં આવે છે) કે જેથી કિતાબવાળા આ જાણી લે કે તેઓ અલ્લાહની મહેરબાનીના કોઇ ભાગ પર કાબૂ ધરાવતા નથી, અને આ કે મહેરબાની માત્ર અલ્લાહના જ હાથમાં છે; તે જેને ચાહે છે અર્પણ કરે છે; અને અલ્લાહ મહાન મહેરબાન છે.

قَدۡ سَمِعَ اللّٰهُ قَوۡلَ الَّتِىۡ تُجَادِلُكَ فِىۡ زَوۡجِهَا وَتَشۡتَكِىۡۤ اِلَى اللّٰهِ ‌ۖ
وَاللّٰهُ يَسۡمَعُ تَحَاوُرَكُمَا ؕ اِنَّ اللّٰهَ سَمِيۡعٌ ۢ بَصِيۡرٌ‏ ①

(૧) (અય રસૂલ !) ખરેખરજ અલ્લાહે તેણીની વાત સાંભળી કે જે તારી સાથે પોતાના પતિના સંબંધમાં વાદવિવાદ અને અલ્લાહની હજૂરમાં શિકાયત કરે છે; અને અલ્લાહ તમો બન્નેની વાતચીત સાંભળતો હતો; બેશક અલ્લાહ મોટો સાંભળનાર અને જોનારો છે.

اَلَّذِيْنَ يُظٰهِرُوْنَ مِنْكُمْ مِّنْ نِّسَآىِٕهِمْ مَّا هُنَّ اُمَّهٰتِهِمْ ؕ اِنْ
اُمَّهٰتُهُمْ اِلَّا الّٰٓـِٔيْ وَلَدْنَهُمْ ؕ وَاِنَّهُمْ لَيَقُوْلُوْنَ مُنْكَرًا مِّنَ
الْقَوْلِ وَزُوْرًا ؕ وَاِنَّ اللّٰهَ لَعَفُوٌّ غَفُوْرٌ ۝۲

(૨) તમારામાંથી જે લોકો પોતાની સ્ત્રીઓને (મા કહી) કાઢી મૂકે છે તો તેણીઓ તેમની માઓ થઇ જતી નથી; તેમની માઓ તો કેવળ તેજ છે કે જેમણે તેમને જન્મ આપ્યો છે; અને તેમ કહેનારા ખરેખરજ અઘટીત અને જૂઠું બકે છે; અને અલ્લાહ અવશ્ય મોટો ક્ષમાવાન (અને) બક્ષનારોછે.

وَالَّذِيْنَ يُظٰهِرُوْنَ مِنْ نِّسَآبِهِمْ ثُمَّ يَعُوْدُوْنَ لِمَا قَالُوْا
فَتَحْرِيْرُ رَقَبَةٍ مِّنْ قَبْلِ اَنْ يَّتَمَآسَّا ؕ ذٰلِكُمْ تُوْعَظُوْنَ بِهٖ ؕ
وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ۝۳

(3) અને તમારામાંથી જે લોકો પોતાની પત્નીઓને મા કહી કાઢી મૂકે, પછી તેઓ જે કાંઇ કહી ચૂક્યા છે તે પાછું ખેંચી લેવા માંગે તો તેમને એ પહેલાં કે તેઓ એકબીજાને સ્પર્શ કરે એક ગુલામ આઝાદ કરવો અનિવાર્ય છે; આ ઉપદેશ તમને (એ માટે) કરવામાં આવે છે (કે તમે તે પ્રમાણે ચાલો); અને જે કાંઇ પણ તમે કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ مِنْ قَبْلِ اَنْ
يَّتَمَآسَّا ۚ فَمَنْ لَّمْ يَسْتَطِعْ فَاِطْعَامُ سِتِّيْنَ مِسْكِيْنًا ؕ ذٰلِكَ
لِتُؤْمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ ؕ وَتِلْكَ حُدُوْدُ اللّٰهِ ؕ وَلِلْكٰفِرِيْنَ
عَذَابٌ اَلِيْمٌ ④

(૪) પછી જેને આ (ગુલામ આઝાદ કરવાનું) બની ન શકે તો એકબીજાને સ્પર્શ કરતા પહેલાં (પુરૂષના માથે) સતત બે માસના રોઝા રાખવાના છે; પછી જેને આ (રોઝા રાખવાનું પણ) બની ન શકે તો (તેના માટે) સાઠ મિસ્કીનોને ખાવાનું ખવડાવવાનું છે; આ એ માટે કે તમે અલ્લાહ તથા તેના રસૂલ પર ઇમાન લાવો; અને આ અલ્લાહની

(નિશ્ચિત) હદો છે; અને તે નહિ માનનારાઓ માટે દુ:ખદાયક અઝાબ છે.

اِنَّ الَّذِيْنَ يُحَآدُّوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ كُبِتُوْا كَمَا كُبِتَ الَّذِيْنَ
مِنْ قَبْلِهِمْ وَقَدْ اَنْزَلْنَآ اٰيٰتٍۢ بَيِّنٰتٍ ۗ وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ
مُّهِيْنٌ ۚ﴿٥﴾

(૫) બેશક જે લોકો અલ્લાહ તથા તેના રસૂલની વિરૂદ્ધતા કરે છે તેઓ એવીજ રીતે ઝલીલ કરવામાં આવશે જેવા કે તેમના પહેલાના લોકો ઝલીલ કરવામાં આવ્યા હતા, અને અમો (ખુલ્લે) ખુલ્લી નિશાનીઓ ઉતારી ચૂક્યા છીએ; અને તે નહિ માનનારાઓ માટે હીણપતભર્યો અઝાબ છે.

يَوْمَ يَبْعَثُهُمُ اللّٰهُ جَمِيْعًا فَيُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا ؕ اَحْصٰىهُ اللّٰهُ
وَنَسُوْهُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ شَهِيْدٌ ۝٦

(૬) તે દિવસે અલ્લાહ તેઓ સર્વેને પાછા ઉઠાડશે, પછી તેમણે જે કાંઇ કર્યું હશે તેનાથી તેમને વાકેફ કરશે; અલ્લાહે તો તેમના કર્મોની ગણતરી કરી લીધી છે પણ આ (લોકો) તે (કર્મો)ને ભૂલી ગયા છે; અને અલ્લાહ દરેક વસ્તુનો સાક્ષી છે.

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ ؕ مَا
يَكُوْنُ مِنْ نَّجْوٰى ثَلٰثَةٍ اِلَّا هُوَ رَابِعُهُمْ وَلَا خَمْسَةٍ اِلَّا
هُوَ سَادِسُهُمْ وَلَآ اَدْنٰى مِنْ ذٰلِكَ وَلَآ اَكْثَرَ اِلَّا هُوَ مَعَهُمْ اَيْنَ

مَا كَانُوْا ۚ ثُمَّ يُنَبِّئُهُمْ بِمَا عَمِلُوْا يَوْمَ الْقِيٰمَةِ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ
شَیْءٍ عَلِیْمٌ ۝٧

(૭) શું તું નથી જોતો કે અલ્લાહ જે કાંઇ આસમાનોમાં છે તેને જાણે છે અને જે કાંઇ જમીનમાં છે તેને પણ? કોઇ પણ ત્રણ જણાં વચ્ચે ખાનગી સલાહ થતી નથી કે જે માંનો ચોથો તે (અલ્લાહ) ન હોય, તેમ પાંચ (જણાં વચ્ચેની સલાહ પણ એવી) નથી હોતી કે તેઓ માંનો છઠ્ઠો તે (અલ્લાહ) ન હોય, અને ન તે કરતાં ઓછા હોય કે વધારે, જ્યાં હોય તેમની સાથે અલ્લાહ પણ (અવશ્ય) હોય છે; પછી તેઓ જે કાંઇ કરી ચૂક્યા છે

તે તેમને કયામતના દિવસે જણાવી દેશે; બેશક અલ્લાહ દરેક વસ્તુનો જાણકારછે.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ نُهُوۡا عَنِ النَّجۡوٰى ثُمَّ يَعُوۡدُوۡنَ لِمَا نُهُوۡا
عَنۡهُ وَيَتَنٰجَوۡنَ بِالۡاِثۡمِ وَالۡعُدۡوَانِ وَمَعۡصِيَتِ
الرَّسُوۡلِ وَاِذَا جَآءُوۡكَ حَيَّوۡكَ بِمَا لَمۡ يُحَيِّكَ بِهِ اللّٰهُ ۙ
وَيَقُوۡلُوۡنَ فِىۡۤ اَنۡفُسِهِمۡ لَوۡلَا يُعَذِّبُنَا اللّٰهُ بِمَا نَقُوۡلُ ؕ حَسۡبُهُمۡ
جَهَنَّمُ ۚ يَصۡلَوۡنَهَا ۚ فَبِئۡسَ الۡمَصِيۡرُ ۝۸

(૮) શું તેં તે લોકોને નથી જોયા કે જેમને ખાનગી સલાહ કરતા રોકવામાં આવ્યા હતા? છતાં જે વાતની મનાઇ કરવામાં આવી હતી એજ કરે છે, અને તેઓ જે ખાનગી સલાહ કરે છે તે ગુનાહ

તથા અત્યાચાર તથા રસૂલની નાફરમાની (ની બાબત)માં કરે છે, અને (અય રસૂલ !) જ્યારે તેઓ તારી પાસે આવે છે ત્યારે તને એવી રીતે સલામ કરે છે કે જેવી સલામ તને અલ્લાહે કરી નથી, અને પોતાના મનમાં એમ કહે છે કે (જો તે ખરો પયગમ્બર હોય તો) અમે જે કાંઇ (અઘટીત) બોલીએ છીએ તેના બદલામાં અલ્લાહ અમને શિક્ષા કેમ કરતો નથી? (પરંતુ) તેમના માટે જહન્નમ પૂરતી છે, જેમાં તેઓ (ખરેખરજ) જશે, અને તે ઘણું જ બૂરૂં ઠેકાણું છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا تَنَاجَيْتُمْ فَلَا تَتَنَاجَوْا بِالْاِثْمِ
وَالْعُدْوَانِ وَمَعْصِيَتِ الرَّسُوْلِ وَتَنَاجَوْا بِالْبِرِّ وَالتَّقْوٰىؕ
وَاتَّقُوا اللّٰهَ الَّذِيْٓ اِلَيْهِ تُحْشَرُوْنَ⑨

(૯) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમે ખાનગીમાં સલાહ કરો તો ગુનાહ તથા અત્યાચાર તથા રસૂલની નાફરમાની (ના સંબંધ)માં સલાહ ન કરો, પણ નેકી તથા પરહેઝગારીના સંબંધમાં સલાહ કરો, અને તે અલ્લાહથી ડરો કે જેની હજૂરમાં તમે એકઠાં કરવામાં આવશો.

إِنَّمَا النَّجْوٰى مِنَ الشَّيْطٰنِ لِيَحْزُنَ الَّذِيْنَ اٰمَنُوْا وَلَيْسَ
بِضَآرِّهِمْ شَيْـًٔا اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ
الْمُؤْمِنُوْنَ۝۱۰

(૧૦) (બૂરા કામોના સંબંધમાં) છુપી સલાહ કરવી (એ) શેતાની કૃત્ય સિવાય બીજું કાંઇ નથી કે જેથી તે મોઅમીનોને ખેદ ઉપજાવે, જો કે અલ્લાહની મરજી સિવાય તે (શેતાન) તેમને કાંઇ હાનિ પહોંચાડી શકતો નથી; અને મોઅમીનોએ કેવળ અલ્લાહ ઉપર જ તવક્કલ કરવો જોઇએ.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا قِيْلَ لَكُمْ تَفَسَّحُوْا فِي الْمَجٰلِسِ
فَافْسَحُوْا يَفْسَحِ اللّٰهُ لَكُمْ ۚ وَاِذَا قِيْلَ انْشُزُوْا فَانْشُزُوْا

يَرْفَعِ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ ۙ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ
دَرَجٰتٍ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ⑪

(૧૧) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમને તમારા જલસાઓમાં છુટા છુટા બેસવાનું કહેવામાં આવે તો તમે છુટા (થઇ) બેસો, અલ્લાહ પણ તમને વિશાળતા આપશે, અને જ્યારે તમને ઉભા થવાનું કહેવામાં આવે તો ઉઠીને ઉભા થજો, અલ્લાહ તે લોકો કે જેઓ તમારામાંથી ઇમાન લાવ્યા છે અને જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે તેમના દરજ્જા વધારશે; અને તમે જે કાંઇ પણ વર્તન કરો છો તેનાથી અલ્લાહ જાણકાર છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِذَا نَاجَيۡتُمُ الرَّسُوۡلَ فَقَدِّمُوۡا بَيۡنَ يَدَىۡ
نَجۡوٰٮكُمۡ صَدَقَةً ؕ ذٰلِكَ خَيۡرٌ لَّكُمۡ وَاَطۡهَرُ ؕ فَاِنۡ لَّمۡ تَجِدُوۡا
فَاِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۱۲﴾

(૧૨) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે તમે રસૂલ સાથે કોઇ ખાનગી વાત કરવા ચાહો તો તે ખાનગી વાત કરવા પહેલાં કાંઇ દાનધર્મ કરો; આ તમારા માટે બહેતર છે તેમ વધારે પવિત્ર કરનાર પણ છે; પણ જો તેમ કરવાની તમને પહોંચ ન હોય તો ખરેજ અલ્લાહ મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છે.

ءَاَشۡفَقۡتُمۡ اَنۡ تُقَدِّمُوۡا بَيۡنَ يَدَىۡ نَجۡوٰٮكُمۡ صَدَقٰتٍ ؕ فَاِذۡ لَمۡ
تَفۡعَلُوۡا وَتَابَ اللّٰهُ عَلَيۡكُمۡ فَاَقِيۡمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ
وَاَطِيۡعُوا اللّٰهَ وَرَسُوۡلَهٗ ؕ وَاللّٰهُ خَبِيۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ ﴿۱۳﴾

(૧૩) શું તમે (રસૂલ સાથે) એકાંતમાં વાત કરવા પહેલાં કાંઇ દાન આપવા(ના હુકમ)થી ડરી ગયા? હવે જો તમે એમ નથી કરતા તો અલ્લાહે પણ તમને માફ કરી દીધા છે, જેથી હવે (નિયમીત રીતે) નમાઝ પઢતા રહો તથા ઝકાત આપતા રહો અને અલ્લાહ તથા તેના રસૂલની તાબેદારી કરતા રહો; અને જે કરણી પણ તમે કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

اَلَمۡ تَرَ اِلَى الَّذِيۡنَ تَوَلَّوۡا قَوۡمًا غَضِبَ اللّٰهُ عَلَيۡهِمۡ ؕ مَا هُمۡ
مِّنۡكُمۡ وَلَا مِنۡهُمۡ ۙ وَيَحۡلِفُوۡنَ عَلَى الۡكَذِبِ وَهُمۡ يَعۡلَمُوۡنَ ﴿۱۴﴾

(૧૪) શું તેં તેમના તરફ ધ્યાન નથી આપ્યું કે જે એવા લોકોથી દોસ્તી રાખે છે કે જેમના પર અલ્લાહ કોપાયમાન થયો છે ? (જેથી હવે) તેઓ ન તમારામાંથી છે અને તેમનામાંથી, અને તેઓ જાણી જોઇને જૂઠી જૂઠી વાતો પર પ્રતિજ્ઞા લેતા રહે છે.

اَعَدَّ اللّٰهُ لَهُمۡ عَذَابًا شَدِيۡدًا ؕ اِنَّهُمۡ سَآءَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ ﴿۱۵﴾

(૧૫) અલ્લાહે તેમના માટે સખત અઝાબ તૈયાર કર્યો છે; જે કરણી તેઓ કરે છે તે બેશક ઘણી ખરાબછે.

اِتَّخَذُوْٓا اَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ فَلَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ۝١٦

(૧૬) તેઓ પોતાની પ્રતિજ્ઞાઓને ઢાલ બનાવે છે અને લોકોને રાહે રાસ્તથી અટકાવે છે, જેથી તેના માટે હીણપતભર્યો અઝાબ છે.

لَنْ تُغْنِيَ عَنْهُمْ اَمْوَالُهُمْ وَلَآ اَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ شَيْـًٔا ۭ اُولٰۗىِٕكَ اَصْحٰبُ النَّارِ ۭ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ۝١٧

(૧૭) અલ્લાહ (ના અઝાબ)થી બચાવવાને ન તેમની સંપત્તિ જરાય કામ લાગશે ન તેમની સંતતિ, તેઓજ જહન્નમી છે; તેઓ તેમાં સદાના રહેવાસી થશે.

يَوْمَ يَبْعَثُهُمُ اللّٰهُ جَمِيْعًا فَيَحْلِفُوْنَ لَهٗ كَمَا يَحْلِفُوْنَ لَكُمْ وَيَحْسَبُوْنَ اَنَّهُمْ عَلٰى شَيْءٍ ؕ اَلَآ اِنَّهُمْ هُمُ الْكٰذِبُوْنَ ﴿۱۸﴾

(૧૮) જે દિવસે અલ્લાહ તેમને એક સાથે ઉઠાડશે ત્યારે આ (લોકો) તેની સામે પણ એવીજ રીતે સોગંદ ખાશે જેવી કે તમારી સામે સોગંદ ખાય છે અને એવું ગુમાન કરે છે કે તેઓ પણ કાંઇક છે; ખબરદાર! એ લોકો જૂઠા જ છે.

اِسۡتَحۡوَذَ عَلَيۡهِمُ الشَّيۡطٰنُ فَاَنۡسٰهُمۡ ذِكۡرَ اللّٰهِ ؕ اُولٰٓٮِٕكَ
حِزۡبُ الشَّيۡطٰنِ ؕ اَلَاۤ اِنَّ حِزۡبَ الشَّيۡطٰنِ هُمُ الۡخٰسِرُوۡنَ ﴿۱۹﴾

(૧૯) શેતાને તેમના પર પ્રબળતા મેળવી છે, જેથી તેમને અલ્લાહની યાદ વીસરાવી દીધી છે; તેઓ શેતાનનું ટોળું છે; ખબરદાર રહો ! બેશક શેતાનનું ટોળું એ જ તો હાનિ ભોગવનારૂં છે.

اِنَّ الَّذِيۡنَ يُحَآدُّوۡنَ اللّٰهَ وَرَسُوۡلَهٗۤ اُولٰٓٮِٕكَ فِى الۡاَذَلِّيۡنَ ﴿۲۰﴾

(૨૦) બેશક જે લોકો અલ્લાહ તથા તેના રસૂલની વિરૂધ્ધતા કરે છે ઝલીલોમાં સૌથી વધુ (ઝલીલ) તેઓજ છે.

كَتَبَ اللّٰهُ لَاَغۡلِبَنَّ اَنَا وَرُسُلِىۡ ؕ اِنَّ اللّٰهَ قَوِىٌّ عَزِيۡزٌ ﴿۲۱﴾

(૨૧) અલ્લાહ આ (પ્રથમથી જ) લખી ચૂક્યો છે કે હું તથા મારા રસૂલો અવશ્ય પ્રબળ રહીશું; બેશક અલ્લાહ મહા શક્તિવાન (અને) ઝબરદસ્ત છે.

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ
اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ
عَشِيْرَتَهُمْ ؕ اُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ وَاَيَّدَهُمْ
بِرُوْحٍ مِّنْهُ ؕ وَيُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِيْنَ فِيْهَا ؕ رَضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ؕ اُولٰٓئِكَ حِزْبُ
اللّٰهِ ؕ اَلَآ اِنَّ حِزْبَ اللّٰهِ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٢٢﴾

(૨૨) જે લોકો અલ્લાહ તથા કયામત પર ઇમાન રાખે છે તેમને તું એવા લોકો સાથે મિત્રતા રાખતા નહિ જુએ કે જેમણે અલ્લાહ તથા તેના રસૂલની વિરૂધ્ધતા કરી હોય, (પછી ભલેને) તેઓ તેમનાં બાપદાદા હોય અથવા તેમના પુત્ર પૌત્ર, અથવા તેમના ભાઇ ભાંડુ અથવા તેમના સગાં સંબંધીઓ; એજ તે લોકો છે કે જેમનાં મનમાં અલ્લાહે ઇમાન લખી દીધું છે, અને પોતાની પ્રેરણા વડે તેમને સબળ બનાવ્યા છે; અને તેમને એવી જન્નતોમાં દાખલ કરશે કે જેની હેઠળ નહેરો વહેતી હશે; હંમેશ (માટે) તેમાંજ રહેનારા થશે; અલ્લાહ તેમનાથી રાજી થઇ ગયો અને તેઓ તેનાથી રાજી

થઇ ગયા; એજ અલ્લાહનું ટોળું છે; ખબરદાર રહો ! અલ્લાહનું ટોળું એજ સફળતા મેળવનારૂં છે.

سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۚ وَهُوَالْعَزِيْزُ
الْحَكِيْمُ ①

(૧) જે કાંઇ આસમાનોમાં અને જે કાંઇ જમીનમાં છે તે (સર્વે) અલ્લાહના વખાણ કરે છે, અને તે (અલ્લાહ) પ્રબળ (અને) હિકમતવાળો છે.

هُوَالَّذِيْٓ اَخْرَجَ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ مِنْ دِيَارِهِمْ
لِاَوَّلِ الْحَشْرِ ؕ مَا ظَنَنْتُمْ اَنْ يَّخْرُجُوْا وَظَنُّوْٓا اَنَّهُمْ
مَّانِعَتُهُمْ حُصُوْنُهُمْ مِّنَ اللّٰهِ فَاَتٰىهُمُ اللّٰهُ مِنْ حَيْثُ لَمْ

يَحۡتَسِبُوۡا ۗ وَقَذَفَ فِیۡ قُلُوۡبِهِمُ الرُّعۡبَ یُخۡرِبُوۡنَ بُیُوۡتَهُمۡ
بِاَیۡدِیۡهِمۡ وَاَیۡدِی الۡمُؤۡمِنِیۡنَ ۗ فَاعۡتَبِرُوۡا یٰۤاُولِی الۡاَبۡصَارِ ②

(૨) તે (અલ્લાહ) એ જ છે કે જેણે કિતાબ વાળાઓમાંથી જેઓ નાસ્તિક થઇ ગયા હતા તેમને તેમના ઘરોમાંથી બહાર કાઢી મૂક્યા, (અને) આ તેમનો પહેલો સ્વદેશ ત્યાગ હતો; તેમને એવું ગુમાન ન હતું કે તેઓ નીકળી જશે, અને તેમને ખાત્રી હતી કે તેમના કિલ્લા તેમને અલ્લાહના અઝાબથી (જરૂર) બચાવી લેશે, પરંતુ અલ્લાહનો (અઝાબ) તેમના ઉપર એવા સ્થળેથી આવ્યો કે (જ્યાંથી આવવાનું) તેમને ગુમાન પણ ન હતું, અને તેણે તેમના દિલો પર એવો પ્રભાવ પાડી

દીધો કે તેઓ પોતાના ઘરોને પોતાના જ હાથો વડે તથા મોઅમીનોના હાથો વડે પાયમાલ કરી રહ્યા હતા; માટે અય આંખોવાળાઓ! (તે ઉપરથી) નસીહત લો.

وَلَوْلَآ اَنْ كَتَبَ اللّٰهُ عَلَيْهِمُ الْجَلَآءَ لَعَذَّبَهُمْ فِى الدُّنْيَا ؕ

وَلَهُمْ فِى الْاٰخِرَةِ عَذَابُ النَّارِ ۝٣

(3) અને જો અલ્લાહે તેમની દેશનિકાલની શિક્ષા લખી દીધી ન હોત તો તેમને આ જગતમાં પણ જરૂર અઝાબ આપ્યો હોત, અને આખેરતમાં તો તેમના માટે દોઝખનો અઝાબ છેજ.

ذٰلِكَ بِاَنَّهُمْ شَآقُّوا اللّٰهَ وَرَسُوْلَهٗ ۚ وَمَنْ يُّشَآقِّ اللّٰهَ فَاِنَّ اللّٰهَ
شَدِيْدُ الْعِقَابِ ۝٤

(૪) આ એ માટે કે તેમણે અલ્લાહ તથા તેના રસૂલની વિરૂધ્ધતા કરી, અને જે અલ્લાહની વિરૂધ્ધતા કરશે તો બેશક અલ્લાહ પણ સખ્ત અઝાબ આપનારો છે.

مَا قَطَعْتُمْ مِّنْ لِّيْنَةٍ اَوْ تَرَكْتُمُوْهَا قَآئِمَةً عَلٰٓى اُصُوْلِهَا
فَبِاِذْنِ اللّٰهِ وَلِيُخْزِىَ الْفٰسِقِيْنَ ۝٥

(૫) (અય મોઅમીનો !) ઉમદા ખજૂરના વૃક્ષમાંથી જે (વૃક્ષ) તમોએ કાપી નાખ્યું અથવા જે (વૃક્ષ)ને તેના મૂળ પર ઉભું રહેવા દીધું તો તે અલ્લાહના

હુકમથી હતું; અને (તે) આ માટે હતું કે નાફરમાનોને તે ઝલીલ કરે.

وَمَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْهُمْ فَمَآ اَوْجَفْتُمْ عَلَيْهِ مِنْ خَيْلٍ وَّلَا رِكَابٍ وَّلٰكِنَّ اللّٰهَ يُسَلِّطُ رُسُلَهٗ عَلٰى مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ۞

(૬) અને જે માલ અલ્લાહે પોતાના રસૂલને તેમની પાસેથી (વગર લડયે) અપાવ્યો છે (તેમાં તમારો હક નથી), કારણ કે તેના પર તમોએ ન ઘોડા દોડાવ્યા હતા ન ઊંટ; પરંતુ અલ્લાહ પોતાના રસૂલોને જેના પર ચાહે છે સત્તાવાન કરી દે છે;

અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

مَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْ اَهْلِ الْقُرٰى فَلِلّٰهِ وَلِلرَّسُوْلِ وَلِذِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ ۙ كَیْ لَا يَكُوْنَ دُوْلَةًۢ بَيْنَ الْاَغْنِيَآءِ مِنْكُمْ ؕ وَمَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۗ وَمَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ ۝۷

(૭) અલ્લાહે શહેરવાળાઓનો જે માલ પોતાના રસૂલને જેહાદ વિના અપાવ્યો છે તે અલ્લાહ અને (તેના) રસૂલનો છે, તથા રસૂલના સગાઓનો તથા (તેમનાં) યતીમો તથા મિસ્કીનોનો તથા

મુસાફરોનો છે કે જેથી તે માલ હેરફેર થતાં થતાં (છેવટે) તમારા માંના શ્રીમંતોના હાથમાં જઇને રહે નહિ, અને રસૂલ તમને જે કાંઇ આપે તે લો; અને જેનાથી તમને મના કરે તેનાથી અટકો, અને અલ્લાહથી ડરતા રહો; બેશક અલ્લાહ સખ્ત અઝાબ આપનારો છે.

لِلۡفُقَرَآءِ الۡمُهٰجِرِيۡنَ الَّذِيۡنَ اُخۡرِجُوۡا مِنۡ دِيَارِهِمۡ وَاَمۡوَالِهِمۡ
يَبۡتَغُوۡنَ فَضۡلًا مِّنَ اللّٰهِ وَرِضۡوَانًا وَّيَنۡصُرُوۡنَ اللّٰهَ وَرَسُوۡلَهٗ ؕ
اُولٰٓـئِكَ هُمُ الصّٰدِقُوۡنَ ۚ‏ ﴿۸﴾

(૮) વળી (આ ગનીમતના માલમાં) હિજરત કરનારાઓમાંથી તે હાજતમંદોનો પણ હક છે કે

જેણે તેમના ઘરોથી કાઢી મૂકાયા છે, અને પોતાના માલ (મિલ્કત)થી પણ (વિખૂટા પાડવામાં આવ્યા છે તો પણ) અલ્લાહની મહેરબાની અને તેની ખુશીના અભિલાષી છે, અને અલ્લાહ તથા તેના રસૂલની સહાય કર્યે જાય છે; તેઓજ સાચા (મુસ્લિમો) છે.

وَالَّذِيْنَ تَبَوَّؤُ الدَّارَ وَالْاِيْمَانَ مِنْ قَبْلِهِمْ يُحِبُّوْنَ مَنْ هَاجَرَ
اِلَيْهِمْ وَلَا يَجِدُوْنَ فِيْ صُدُوْرِهِمْ حَاجَةً مِّمَّآ اُوْتُوْا وَيُؤْثِرُوْنَ
عَلٰٓى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ ۗ وَمَنْ يُّوْقَ شُحَّ نَفْسِهٖ
فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ⑨

(૯) અને (તેમનો પણ હક છે કે) તે હિજરત કરનારાઓની અગાઉ તે (હિજરતના) સ્થાન (મદીના)માં રહી ઇમાન પર કાયમ રહ્યા અને તેમની તરફ જેઓ હિજરત કરીને આવ્યા છે તેમનાથી પ્રેમભાવ રાખે છે, અને તે હિજરતીઓને જે કાંઇ આપવામાં આવે છે તે માટે પોતાના મનમાં જરાએ ઇચ્છા રાખતા નથી, અને પછી ભલેને તેમને પોતાને જરૂર (આવી પડી) હોય છતાં તેમને પોતાના પર વિશેષતા આપે છે; અને જે શખ્સ પોતાની સ્વભાવિક કંજૂસાઇથી બચ્યો તો તેઓજ સંપૂર્ણ ભલાઇ મેળવનારાછે.

وَالَّذِيْنَ جَآءُوْ مِنْۢ بَعْدِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَا اغْفِرْ لَنَا

وَلِاِخْوَانِنَا الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِيْمَانِ وَلَا تَجْعَلْ فِيْ قُلُوْبِنَا غِلًّا

لِّلَّذِيْنَ اٰمَنُوْا رَبَّنَآ اِنَّكَ رَءُوْفٌ رَّحِيْمٌ ۝١٠

(૧૦) અને (તેમનો પણ હક છે કે) જેઓ (મુહાજેરીન તથા અનસારોની) પછી અરજ કરતા આવ્યા કે અય અમારા પરવરદિગાર! તું અમારા તથા અમારા તે ભાઇઓના ગુનાહોને કે જેમણે ઇમાનમાં અમારાથી પહેલ કરી છે માફ કરી દે, અને અમારા દિલોમાં ઇમાનવાળાઓ પ્રત્યે કીનો રહેવા ન દે; અય અમારા પરવરદિગાર ખરેજ તું

મોટી મહેરબાની કરનારો (અને) મહા દયાવાન છો.

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ نَافَقُوْا يَقُوْلُوْنَ لِاِخْوَانِهِمُ الَّذِيْنَ كَفَرُوْا
مِنْ اَهْلِ الْكِتٰبِ لَئِنْ اُخْرِجْتُمْ لَنَخْرُجَنَّ مَعَكُمْ وَلَا نُطِيْعُ
فِيْكُمْ اَحَدًا اَبَدًا ۙ وَّاِنْ قُوْتِلْتُمْ لَنَنْصُرَنَّكُمْ ؕ وَاللّٰهُ يَشْهَدُ
اِنَّهُمْ لَكٰذِبُوْنَ ⑪

(૧૧) (અય રસૂલ !) શું તેં આ દાંભિકો તરફ નજર નથી નાખી કે જેઓ કિતાબ ધરાવનારાઓમાંથી નાસ્તિક થઇ જનારા પોતાના બંધુઓને કહે છે કે જો તમને કાઢી મૂકવામાં આવે તો અમે પણ તમારી સાથે જરૂર (ચાલી) નીકળીશું અને અમે

તમારા સંબંધમાં કદી પણ કોઇનું કાંઇ માનીશું નહિ, અને જો તમારી સાથે લડાઇ થશે તો પણ અમે જરૂર જરૂર તમારી મદદ કરીશું; જો કે અલ્લાહ સાક્ષી આપે છે કે તેઓ ખરેખરજ જૂઠા છે.

لَئِنْ اُخْرِجُوْا لَا يَخْرُجُوْنَ مَعَهُمْ ۚ وَلَئِنْ قُوْتِلُوْا لَا
يَنْصُرُوْنَهُمْ ۚ وَلَئِنْ نَّصَرُوْهُمْ لَيُوَلُّنَّ الْاَدْبَارَ ۫ ثُمَّ لَا
يُنْصَرُوْنَ ﴿١٢﴾

(૧૨) જો તેઓ કાઢી મૂકાયા તો પણ આ (લોકો) તેમની સાથે હરગિજ નીકળશે નહિ, અને જો તેમની સાથે લડાઈ થાય તો પણ આ (લોકો) તેમની હરગિજ મદદ કરશે નહિ, અને કદાચને

તેમની મદદ કરશે તો પણ જરૂર તેઓ પીઠ ફેરવી નાસી જશે; અને પછી તેમની કાંઇ મદદ કરવામાં આવશે નહિ.

لَاَانۡتُمۡ اَشَدُّ رَهۡبَةً فِىۡ صُدُوۡرِهِمۡ مِّنَ اللّٰهِ‌ؕ ذٰ لِكَ بِاَنَّهُمۡ قَوۡمٌ لَّا يَفۡقَهُوۡنَ‏ ﴿۱۳﴾

(૧૩) (અય મોઅમીનો!) ખરેખરજ તેમના મનમાં અલ્લાહ કરતાં વધારે તમારો ભય છવાઇ ગયો છે; આ એ માટે કે આ લોકો સમજ ધરાવતા નથી.

لَا يُقَاتِلُوۡنَكُمۡ جَمِيۡعًا اِلَّا فِىۡ قُرًى مُّحَصَّنَةٍ اَوۡ مِنۡ وَّرَآءِ جُدُرٍ‌ؕ بَاۡسُهُمۡ بَيۡنَهُمۡ شَدِيۡدٌ‌ؕ تَحۡسَبُهُمۡ جَمِيۡعًا وَّقُلُوۡبُهُمۡ شَتّٰى‌ؕ ذٰ لِكَ بِاَنَّهُمۡ قَوۡمٌ لَّا يَعۡقِلُوۡنَ‌ۚ‏ ﴿۱۴﴾

(૧૪) આ (લોકો) કદી પણ એકત્ર થઇને તમારી સાથે નહિ લડે, અને જો લડશે તો ફક્ત તેઓ કિલ્લેબંધ વસ્તીઓમાં રહીને, અથવા કિલ્લાની દિવાલોેની આડમાં રહીને; તેમની લડાઇ તો આપસમાં જ ઘણી સખત છે; તમે તેમને સંગઠીત ધારો છો, પરંતુ તેમના મન (એકબીજાથી) જુદા છે; આ એ માટે કે તેઓ બુધ્ધિ ધરાવનારા લોકો નથી.

كَمَثَلِ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ قَرِيْبًا ذَاقُوْا وَبَالَ اَمْرِهِمْ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۵﴾

(૧૫) તેમનો દાખલો તે લોકોના જેવો છે કે જેઓ હમણાં જ તેમની અગાઉ પોતાની કરણીઓના ખરાબ પરિણામની મજા (બદરના રણક્ષેત્રમાં)

ચાખી ચૂક્યા છે, અને (આખેરતમાં પણ) તેમનાં માટે દુ:ખદાયક અઝાબ છે.

كَمَثَلِ الشَّيْطٰنِ اِذْ قَالَ لِلْاِنْسَانِ اكْفُرْ ۚ فَلَمَّا كَفَرَ قَالَ اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكَ اِنِّيْٓ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِيْنَ ﴿١٦﴾

(૧૬) અથવા તે (દાંભિકો)નો દાખલો શેતાનના જેવો છે કે જે ઇન્સાનને કહે છે કે તું નાસ્તિક થઇ જા, પછી જ્યારે તે નાસ્તિક બની જાય છે ત્યારે તે કહે છે કે ખરેખરજ હું તારાથી બેઝાર છું; બેશક હું સઘળી દુનિયાના પરવરદિગાર અલ્લાહથી ડરૂં છું.

فَكَانَ عَاقِبَتَهُمَآ اَنَّهُمَا فِى النَّارِ خَالِدَيْنِ فِيْهَا ؕ وَذٰلِكَ جَزٰٓؤُا الظّٰلِمِيْنَ ﴿١٧﴾

(૧૭) જેથી તે બન્નેનું પરિણામ એ થયું કે તેઓ બન્ને જહન્નમમાં જશે, (અને) હંમેશા તેમાંજ રહેનારા થશે; અને ઝાલીમોનો બદલો છે પણ એજ.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ ۚ
وَاتَّقُوا اللّٰهَ ۭ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿١٨﴾

(૧૮) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહથી ડરો; અને દરેક વ્યક્તિએ ધ્યાન રાખવું જોઇએ કે તે કાલ (કયામત)ના માટે શું મોકલી ચૂક્યો છે; અને અલ્લાહથી ડરો, બેશક તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સંપૂર્ણ વાકેફ છે.

وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ نَسُوا اللّٰهَ فَاَنْسٰىهُمْ اَنْفُسَهُمْ ۭ اُولٰۗىِٕكَ
هُمُ الْفٰسِقُوْنَ ﴿١٩﴾

(૧૯) અને તે લોકોના જેવા થઇ ન જાઓ કે જેઓ અલ્લાહને ભૂલી ગયા છે, જેથી અલ્લાહે પણ તેમના આત્માને ભૂલાવી દીધા છે; એજ લોકો આજ્ઞાભંગ કરનારા છે.

لَا يَسْتَوِيْٓ اَصْحٰبُ النَّارِ وَاَصْحٰبُ الْجَنَّةِ ؕ اَصْحٰبُ الْجَنَّةِ هُمُ الْفَآئِزُوْنَ ﴿۲۰﴾

(૨૦) જહન્નમવાસીઓ અને જન્નતવાસીઓ સમાન નથી; જન્નતવાસીઓ જ સફળતા પામનારા છે.

لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ ؕ وَتِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿۲۱﴾

(૨૧) જો અમે આ (કુરઆન)ને કોઇ એક પહાડ ઉપર ઉતારતે તો ખરેજ તું તે (પહાડ)ને અલ્લાહના ભયથી કકડભુસ થઇને કટકે કટકા થઇ જતો જોતે; અને આ દાખલા અમે સર્વે લોકો માટે વર્ણવીએ છીએ કે જેથી તેઓ ચિંતન કરે.

هُوَاللّٰهُ الَّذِىۡ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ عٰلِمُ الۡغَيۡبِ وَالشَّهَادَةِ ۚ

هُوَالرَّحۡمٰنُ الرَّحِيۡمُ ﴿۲۲﴾

(૨૨) તે અલ્લાહ એજ છે કે જેના સિવાય કોઇ માઅબૂદ નથી, તે છુપી તથા જાહેર (વાતો)નો જાણકાર છે, (અને) એજ દયાળુ (અને) દયાવાન છે.

هُوَ اللّٰهُ الَّذِیۡ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلۡمَلِكُ الۡقُدُّوۡسُ السَّلٰمُ
الۡمُؤۡمِنُ الۡمُهَيۡمِنُ الۡعَزِيۡزُ الۡجَبَّارُ الۡمُتَكَبِّرُ ؕ سُبۡحٰنَ اللّٰهِ عَمَّا
يُشۡرِكُوۡنَ ﴿۲۳﴾

(૨૩) તે અલ્લાહ એ જ છે કે જેના સિવાય કોઇ માઅબૂદ નથી, (તે) બાદશાહ છે, મહા પવિત્ર છે, સલામતી આપનાર છે, પનાહ આપનાર છે, નિગેહબાની કરનાર, પરમ સમર્થ, સર્વોપરી (અને) મહીમાવાળો છે; (અને) જે જે વસ્તુઓને માણસો (તેની) શરીક બનાવે છે તે સઘળાથી અલ્લાહની જાત નિરાળી છે.

هُوَ اللّٰهُ الۡخَالِقُ الۡبَارِئُ الۡمُصَوِّرُ لَهُ الۡاَسۡمَآءُ الۡحُسۡنٰی ؕ یُسَبِّحُ
لَهٗ مَا فِی السَّمٰوٰتِ وَ الۡاَرۡضِ ۚ وَ هُوَ الۡعَزِیۡزُ الۡحَکِیۡمُ ﴿۲۴﴾

(૨૪) તે અલ્લાહ એ જ છે કે જે પેદા કરનાર, બનાવવનાર, ઘાટ ઘડનારો છે; સઘળા સારાં સારાં નામ તેના જ છે; આસમાનો તથા જમીનમાં જે કાંઇ પણ છે તે (સઘળાં) તેના જ વખાણ કરે છે, અને એજ બળવાન (અને) હિકમતવાળો છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّيْ وَعَدُوَّكُمْ اَوْلِيَآءَ
تُلْقُوْنَ اِلَيْهِمْ بِالْمَوَدَّةِ وَقَدْ كَفَرُوْا بِمَا جَآءَكُمْ مِّنَ الْحَقِّ ۚ
يُخْرِجُوْنَ الرَّسُوْلَ وَاِيَّاكُمْ اَنْ تُؤْمِنُوْا بِاللّٰهِ رَبِّكُمْ ۗ اِنْ
كُنْتُمْ خَرَجْتُمْ جِهَادًا فِيْ سَبِيْلِيْ وَابْتِغَآءَ مَرْضَاتِيْ ۖ
تُسِرُّوْنَ اِلَيْهِمْ بِالْمَوَدَّةِ ۖ وَاَنَا اَعْلَمُ بِمَآ اَخْفَيْتُمْ وَمَآ
اَعْلَنْتُمْ ۗ وَمَنْ يَّفْعَلْهُ مِنْكُمْ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ①

(૧) અય ઇમાન લાવનારાઓ! તમે મારા શત્રુઓને તથા તમારા શત્રુઓને મિત્ર ન બનાવો, તમે તેમની સાથે પ્રેમથી મળો ભેટો છો, જો કે જે સત્ય

તમારી પાસે આવ્યું તેનો તેઓ ઇન્કાર કરી ચૂક્યા છે, તેઓ તમને તથા રસૂલને એ માટેજ (તમારા દેશમાંથી) કાઢી મૂકે છે કે તમે અલ્લાહ (યાને) તમારા પરવરદિગાર પર ઇમાન રાખો છો; જો કે તમે મારી રાહમાં જેહાદ કરવા માટે તથા મારી ખુશી પ્રાપ્ત કરવા માટે (તમારા ઘરોમાંથી) નીકળો છો છતાં તમે તેમને છુપી (રીતે) મિત્રતાનો સંદેશો આપો છો (તેમ થવું ન જોઇએ), અને જે કાંઇ તમે સંતાડો છો અને જે કાંઇ તમે જાહેર કરો છો તેનાથી હું સારી રીતે વાકેફ છું; અને તમારામાંથી જે કોઇ તેમ કરશે તે ખરેજ સન્માર્ગથી તદ્દન ભટકીજશે.

إِن يَثْقَفُوكُمْ يَكُونُوا لَكُمْ أَعْدَآءً وَيَبْسُطُوٓا إِلَيْكُمْ أَيْدِيَهُمْ
وَأَلْسِنَتَهُم بِٱلسُّوٓءِ وَوَدُّوا لَوْ تَكْفُرُونَ ﴿٢﴾

(૨) જો તેઓ તમારા પર સત્તા મેળવે તો તમારા શત્રુ બની જશે, અને ઇજા પહોંચાડવાના હેતુથી તમારા તરફ પોતાના હાથ તથા જબાન લંબાવશે, અને એવું ઇચ્છશે કે તમે પણ (તેમના જેવા) નાસ્તિક બની જાઓ.

لَن تَنفَعَكُمْ أَرْحَامُكُمْ وَلَآ أَوْلَادُكُمْ ۚ يَوْمَ ٱلْقِيَٰمَةِ ۚ
يَفْصِلُ بَيْنَكُمْ ۚ وَٱللَّهُ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿٣﴾

(3) કયામતના દિવસે ન તમારા સગાંવહાલાં તમને કાંઇ લાભ પહોંચાડશે અને ન તમારા

બાલબચ્ચાં; તે તમારી વચ્ચે (યોગ્ય) નિર્ણય કરશે અને જે કાંઇ કરણી તમે કરો છો તે અલ્લાહ જુએ છે.

قَدْ كَانَتْ لَكُمْ اُسْوَةٌ حَسَنَةٌ فِيْٓ اِبْرٰهِيْمَ وَالَّذِيْنَ مَعَهٗ ۚ اِذْ
قَالُوْا لِقَوْمِهِمْ اِنَّا بُرَءٰٓؤُا مِنْكُمْ وَمِمَّا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ
اللّٰهِ ۫ كَفَرْنَا بِكُمْ وَبَدَا بَيْنَنَا وَبَيْنَكُمُ الْعَدَاوَةُ وَالْبَغْضَآءُ
اَبَدًا حَتّٰى تُؤْمِنُوْا بِاللّٰهِ وَحْدَهٗٓ اِلَّا قَوْلَ اِبْرٰهِيْمَ لِاَبِيْهِ
لَاَسْتَغْفِرَنَّ لَكَ وَمَآ اَمْلِكُ لَكَ مِنَ اللّٰهِ مِنْ شَيْءٍ ؕ رَبَّنَا
عَلَيْكَ تَوَكَّلْنَا وَاِلَيْكَ اَنَبْنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ۝٤

(૪) (અય મુસલમાનો!) તમારા માટે ઇબ્રાહીમ તથા તે લોકોમાં કે જેઓ તેની સાથે હતા (અનુકરણ કરવા જોગ) સારો નમૂનો મોજૂદ છે, જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું કે અમે તમારાથી તથા તે વસ્તુઓથી કે જેમની તમે અલ્લાહના સિવાય પૂજા કરો છો ખરેખરજ બેઝાર છીએ; અમે તમને અનુસરવાનો ઇનકાર કરીએ છીએ, અને જ્યાં સુધી તમે એકજ અલ્લાહ પર ઇમાન નહિ લાવો ત્યાં સુધી અમારા અને તમારા વચ્ચે ખુલ્લે ખુલ્લી દુશ્મનાઇ અને કીનો હંમેશને માટે જાહેર થઇ ગયાં છે. પણ ઇબ્રાહીમે પોતાના પાલક પિતાને માત્ર એટલુંજ કહ્યું હતું કે હું તારા

માટે ક્ષમાની દુઆ જરૂર કરીશ, જો કે તારા માટે અલ્લાહની હજૂરમાં હું કાંઇ પણ સત્તા તો ધરાવતો નથી; અય અમારા પરવરદિગાર! અમે તારા પરજ ભરોસો રાખીએ છીએ અને અમે તારી તરફ જ રજૂ થઇએ છીએ, અને છેવટનું પાછું ફરવું પણ તારી તરફ થશે.

رَبَّنَا لَا تَجۡعَلۡنَا فِتۡنَةً لِّلَّذِيۡنَ كَفَرُوۡا وَاغۡفِرۡ لَنَا رَبَّنَا ۚ اِنَّكَ اَنۡتَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ ۝٥

(૫) અય અમારા પરવરદિગાર ! અમને તે લોકો માટે કે જેઓ ઇમાન નથી લાવ્યા કસોટી (નું કારણ) ન બનાવ, અને અય અમારા

પરવરદિગાર ! અમને માફ કરી દે, બેશક તું ઝબરદસ્ત (અને) હિકમતવાળોછે.

لَقَدۡ كَانَ لَكُمۡ فِيۡهِمۡ اُسۡوَةٌ حَسَنَةٌ لِّمَنۡ كَانَ يَرۡجُوا اللّٰهَ وَالۡيَوۡمَ الۡاٰخِرَ ؕ وَمَنۡ يَّتَوَلَّ فَاِنَّ اللّٰهَ هُوَ الۡغَنِىُّ الۡحَمِيۡدُ ۝٦

(૬) ખરેજ તમારા માટે તે લોકો (ની વાતો)માં (અનુકરણ કરવા માટે) સારો નમૂનો છે, (ખાસ કરીને) તે લોકો માટે કે જેઓ અલ્લાહ તથા કયામતના દિવસની મુલાકાતની આશા રાખે છે; પણ જે કોઇ મોઢું ફેરવશે તો અલ્લાહ પણ અવશ્ય બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

عَسَى اللّٰهُ اَنْ يَّجْعَلَ بَيْنَكُمْ وَبَيْنَ الَّذِيْنَ عَادَيْتُمْ مِّنْهُمْ
مَّوَدَّةً ؕ وَاللّٰهُ قَدِيْرٌ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝٧

(૭) એમાં નવાઇ નથી કે અલ્લાહ તમારી અને તે લોકોની વચ્ચે કે જેમની સાથે તમારી શત્રુતા છે મિત્રતા પેદા કરી દે, અને અલ્લાહ (તેમ કરવાને) તદ્દન શક્તિવાન છે; અને અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયાવાન છે.

لَا يَنْهٰىكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ لَمْ يُقَاتِلُوْكُمْ فِي الدِّيْنِ وَلَمْ
يُخْرِجُوْكُمْ مِّنْ دِيَارِكُمْ اَنْ تَبَرُّوْهُمْ وَتُقْسِطُوْٓا اِلَيْهِمْ ؕ اِنَّ
اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ۝٨

(૮) જે લોકો દીનના સંબંધમાં તમારી સાથે લડ્યા નથી અને તમને તમારા ઘરોમાંથી કાઢ્યા પણ નથી તેમની સાથે નેકી કરવા અને ન્યાયથી વર્તવાની અલ્લાહ તમને મનાઇ કરતો નથી; બેશક અલ્લાહ ન્યાય કરનારાઓને મિત્ર રાખેછે.

إِنَّمَا يَنْهٰىكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ قٰتَلُوْكُمْ فِي الدِّيْنِ وَاَخْرَجُوْكُمْ
مِّنْ دِيَارِكُمْ وَظٰهَرُوْا عَلٰٓى اِخْرَاجِكُمْ اَنْ تَوَلَّوْهُمْ ۚ وَمَنْ
يَّتَوَلَّهُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ⑨

(૯) અલ્લાહ તમને માત્ર તે લોકો સાથે મિત્રતા ધરાવવાની મનાઇ કરે છે કે જે તમારી સાથે દીનના સંબંધમાં લડ્યા, તથા તમને તમારા

ઘરોમાંથી કાઢી મૂક્યા તથા તમને કાઢવામાં (બીજાઓના) મદદગાર બન્યા, છતાં જો તેવાઓને દોસ્ત રાખે તો તેઓજ (ખરેખરા) ઝુલમગાર છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا جَآءَكُمُ الْمُؤْمِنٰتُ مُهٰجِرٰتٍ
فَامْتَحِنُوْهُنَّ ؕ اَللّٰهُ اَعْلَمُ بِاِيْمَانِهِنَّ ۚ فَاِنْ عَلِمْتُمُوْهُنَّ
مُؤْمِنٰتٍ فَلَا تَرْجِعُوْهُنَّ اِلَى الْكُفَّارِ ؕ لَا هُنَّ حِلٌّ لَّهُمْ وَلَا
هُمْ يَحِلُّوْنَ لَهُنَّ ؕ وَاٰتُوْهُمْ مَّآ اَنْفَقُوْا ؕ وَلَا جُنَاحَ عَلَيْكُمْ
اَنْ تَنْكِحُوْهُنَّ اِذَآ اٰتَيْتُمُوْهُنَّ اُجُوْرَهُنَّ ؕ وَلَا تُمْسِكُوْا
بِعِصَمِ الْكَوَافِرِ وَاسْـَٔلُوْا مَآ اَنْفَقْتُمْ وَلْيَسْـَٔلُوْا مَآ اَنْفَقُوْا ؕ
ذٰلِكُمْ حُكْمُ اللّٰهِ ؕ يَحْكُمُ بَيْنَكُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٠﴾

(૧૦) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે ઇમાન લાવનારી સ્ત્રીઓ હિજરત કરીને તમારી પાસે આવે તો તેમની પરીક્ષા કરી લો; અલ્લાહ તો તેમના ઇમાન (ની સ્થિતિ)થી સારી રીતે વાકેફ છે જ, પછી જો તમે પણ તેણીઓને ઇમાનદાર માની લો તો તેમને નાસ્તિકો તરફ પાછી મોકલો નહિ; (કારણ કે) તે (ઇમાનદાર સ્ત્રી)ઓ ન તેમના માટે હલાલ છે અને ન તેઓ (નાસ્તિકો) આ (ઇમાનદાર સ્ત્રીઓ) માટે હલાલ છે; હા, અગર તેઓ કાંઇ ખર્ચ કરી ચૂક્યા હોય તો તે તેમને આપી દો, એવી સ્ત્રીઓને તમારા નિકાહમાં લેવામાં તમારા ઉપર કાંઇ દોષ નથી એ શરતે કે તમે તેમની મહેર આપી દો અને

(નિકાહ કરવામાં) તેમના નાસ્તિકો સાથે થયેલા વિવાહના દસ્તાવેજોને બંધનકર્તા ગણો નહિ, અને તમે જે કાંઇ ખર્ચ કરી ચૂક્યા છો તે (તેમની પાસેથી) માંગી લો અને જે કાંઇ તેઓ ખરચી ચૂક્યા છે તે તેઓ તમારી પાસેથી માંગી લે; આ અલ્લાહની આજ્ઞા છે. તે તમારી વચ્ચે (આવી રીતે) નિર્ણય કરે છે; અને અલ્લાહ મહા જ્ઞાની (તથા) હિકમતવાળો છે.

وَاِنْ فَاتَكُمْ شَیْءٌ مِّنْ اَزْوَاجِكُمْ اِلَى الْكُفَّارِ فَعَاقَبْتُمْ فَاٰتُوا الَّذِیْنَ ذَهَبَتْ اَزْوَاجُهُمْ مِّثْلَ مَاۤ اَنْفَقُوْا ؕ وَاتَّقُوا اللّٰهَ الَّذِیْۤ اَنْتُمْ بِهٖ مُؤْمِنُوْنَ ⑪

(૧૧) અને અગર તમારી સ્ત્રીઓમાંથી કોઇ તમારા હાથમાંથી નીકળી નાસ્તિકો તરફ ચાલી જાય, પછી જ્યારે તમને લાગ (લડાઈમાં માલે ગનીમત) મળે તો જે લોકોની સ્ત્રીઓ ચાલી ગઇ હોય તેમને (તે ગનીમતના માલમાંથી) એટલું આપી દો જેટલું કે તેઓ ખરચી ચૂક્યા છે; અને તે અલ્લાહથી ડરતા રહો કે જેના પર તમે ઇમાન રાખો છો.

يٰٓاَيُّهَا النَّبِىُّ اِذَا جَآءَكَ الْمُؤْمِنٰتُ يُبَايِعْنَكَ عَلٰٓى اَنْ لَّا يُشْرِكْنَ بِاللّٰهِ شَيْـًٔا وَّلَا يَسْرِقْنَ وَلَا يَزْنِيْنَ وَلَا يَقْتُلْنَ اَوْلَادَهُنَّ وَلَا يَاْتِيْنَ بِبُهْتَانٍ يَّفْتَرِيْنَهٗ بَيْنَ اَيْدِيْهِنَّ

وَاَرۡجُلِهِنَّ وَلَا يَعۡصِيۡنَكَ فِىۡ مَعۡرُوۡفٍ فَبَايِعۡهُنَّ وَاسۡتَغۡفِرۡ
لَهُنَّ اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۱۲﴾

(૧૨) અય નબી ! જ્યારે ઇમાન લાવનારી સ્ત્રીઓ તારી પાસે એવી શરતે બયઅત કરવા આવે કે તેણીઓ ન કોઇ વસ્તુને અલ્લાહની શરીક બનાવશે, અને ન ચોરી કરશે, અને ન વ્યભિચાર કરશે, અને ન પોતાની ઓલાદને મારી નાખશે, અને ન (પોતાના પતિઓ પર) પોતાના હાથ તથા પગની વચ્ચે (અર્થાત પોતાના મનમાંથી ઉપજાવી કાઢેલું) આળ ચઢાવશે, અને ન કોઇ વ્યાજબી કાર્યમાં તારી નાફરમાની કરશે તો તેમની બયઅત સ્વીકારી લે, અને તેમના સંબંધમાં અલ્લાહ પાસે ક્ષમા માંગ;

નિસંદેહ અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયાવાન છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَتَوَلَّوْا۟ قَوْمًا غَضِبَ ٱللَّهُ عَلَيْهِمْ قَدْ
يَئِسُوا۟ مِنَ ٱلْـَٔاخِرَةِ كَمَا يَئِسَ ٱلْكُفَّارُ مِنْ أَصْحَٰبِ ٱلْقُبُورِ ﴿١٣﴾

(૧3) અય ઇમાન લાવનારાઓ ! તે લોકો સાથે દોસ્તી ન કરો કે જેમના પર અલ્લાહ કોપાયમાન થયો છે; તેઓ આખેરતથી એવા નિરાશ થઇ ગયા છે જેવા નાસ્તિકો મુડદા (ના સજીવન થવા)થી.

سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ
الْحَكِيْمُ ①

(૧) જે કાંઇ આસમાનોમાં છે અને જે કાંઇ જમીનમાં છે તે અલ્લાહની પવિત્રતા વર્ણવે છે, અને એજ પ્રબળ (અને) હિકમતવાળો છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِمَ تَقُوْلُوْنَ مَا لَا تَفْعَلُوْنَ ②

(૨) અય ઇમાન લાવનારાઓ ! તમે જે કરતા નથી તે મોંઢેથી શા માટે કહો છો?

كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ اَنْ تَقُوْلُوْا مَا لَا تَفْعَلُوْنَ ③

(3) અલ્લાહની પાસે આ વાત હદથી વધારે નાપસંદ છે કે જે તમે કરતા નથી તે કહો.

إِنَّ اللّٰهَ يُحِبُّ الَّذِيْنَ يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِهٖ صَفًّا كَاَنَّهُمْ بُنْيَانٌ
مَّرْصُوْصٌ ۝٤

(૪) બેશક અલ્લાહ તે લોકોને દોસ્ત રાખે છે જેઓ તેની રાહમાં એવી રીતે હાર બાંધીને લડે છે જાણે તેઓ એક સીસું પાયેલી દિવાલ છે.

وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ لِمَ تُؤْذُوْنَنِيْ وَقَدْ تَّعْلَمُوْنَ اَنِّيْ
رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ ؕ فَلَمَّا زَاغُوْٓا اَزَاغَ اللّٰهُ قُلُوْبَهُمْ ؕ وَاللّٰهُ لَا
يَهْدِى الْقَوْمَ الْفٰسِقِيْنَ ۝٥

(૫) અને (તે સમયને યાદ કર) જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે અય મારી કોમ ! તમે મને શા માટે ઇજા પહોંચાડો છો? જો કે તમે આ જાણો છો કે ખરેજ હું તમારી તરફ અલ્લાહનો (મોકલેલો) રસૂલ છું; પછી જ્યારે તેમણે આડાઇ કરી તો અલ્લાહે પણ તેમના દિલોને વાંકા કરી નાખ્યા; અને અલ્લાહ આજ્ઞાભંગ કરનારી કોમની રાહબરી નથી કરતો.

وَاِذۡ قَالَ عِيۡسَى ابۡنُ مَرۡيَمَ يٰبَنِىۡۤ اِسۡرَآءِيۡلَ اِنِّىۡ رَسُوۡلُ اللّٰهِ اِلَيۡكُمۡ مُّصَدِّقًا لِّمَا بَيۡنَ يَدَىَّ مِنَ التَّوۡرٰىةِ وَمُبَشِّرًۢا بِرَسُوۡلٍ

يَّأْتِيْ مِنْۢ بَعْدِي اسْمُهٗٓ اَحْمَدُ ۭ فَلَمَّا جَاۗءَهُمْ بِالْبَيِّنٰتِ قَالُوْا
هٰذَا سِحْرٌ مُّبِيْنٌ ۝

(૬) અને (તે સમયને યાદ કર) જ્યારે મરિયમના પુત્ર ઇસાએ કહ્યું કે અય બની ઇસરાઇલ! બેશક હું તમો સર્વેની તરફ અલ્લાહનો રસૂલ (બનાવી મોકલવામાં આવ્યો) છું; તવરેત કે જે મારી પહેલાંની (કિતાબ) છે તેની સત્યતાને ટેકો આપનારો છું, અને એવા એક રસૂલની ખુશખબર આપનારો છું કે જે મારી પછી આવશે, જેનું નામ અહમદ (સ.અ.વ.) હશે; પછી જ્યારે તે તેમની પાસે ખુલ્લી દલીલો લઇને આવ્યો ત્યારે તેમણે કહી દીધું કે આ તો ખુલ્લો જાદુ છે.

وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ الْكَذِبَ وَهُوَ يُدْعٰٓى اِلَى
الْاِسْلَامِ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ۝۷

(૭) અને તેના કરતાં વધારે ઝાલિમ કોણ હશે જે અલ્લાહ પર જૂઠું આળ મૂકે, જો કે તે ઇસ્લામ તરફ બોલાવવામાં આવતો હોય; અને અલ્લાહ ઝુલમગાર કોમની રાહબરી નથી કરતો.

يُرِيْدُوْنَ لِيُطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ وَاللّٰهُ مُتِمُّ نُوْرِهٖ وَلَوْ
كَرِهَ الْكٰفِرُوْنَ ۝۸

(૮) તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોંઢેથી (ફૂંકો મારી) ઓલવી નાખે; પણ

અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરી રહેનાર છે, પછી ભલેને નાસ્તિકોને ખોટું (કાં ન) લાગે !

هُوَالَّذِیۡۤ اَرۡسَلَ رَسُوۡلَهٗ بِالۡهُدٰی وَدِیۡنِ الۡحَقِّ لِیُظۡهِرَهٗ عَلَی
الدِّیۡنِ کُلِّهٖ ۙ وَلَوۡ کَرِهَ الۡمُشۡرِکُوۡنَ ﴿۹﴾

(૯) તે (અલ્લાહ) એજ તો છે જેણે પોતાના રસૂલને હિદાયત તથા સત્ય ધર્મ (ઇસ્લામ) સાથે મોકલ્યો કે જેથી તે તેને સઘળા ધર્મો પર પ્રબળ કરી દે, પછી ભલેને તે મુશ્રિકોને નાપસંદ લાગે.

یٰۤاَیُّهَا الَّذِیۡنَ اٰمَنُوۡا هَلۡ اَدُلُّکُمۡ عَلٰی تِجَارَةٍ تُنۡجِیۡکُمۡ مِّنۡ
عَذَابٍ اَلِیۡمٍ ﴿۱۰﴾

(૧૦) અય ઇમાન લાવનારાઓ ! ભલા હું તમને એવો સોદો દેખાડું કે જે તમને (આખેરતના) દુઃખદાયક અઝાબથી બચાવી લે?

تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَتُجَاهِدُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿١١﴾

(૧૧) (તે સોદો આ છે કે) તમે અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન લાવો, અને અલ્લાહની રાહમાં તમારો માલ તથા જાનથી જેહાદ કરો; અગર સમજો તો આ તમારા માટે બહેતર છે:

يَغۡفِرۡ لَكُمۡ ذُنُوۡبَكُمۡ وَيُدۡخِلۡكُمۡ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا
الۡاَنۡهٰرُ وَمَسٰكِنَ طَيِّبَةً فِىۡ جَنّٰتِ عَدۡنٍ‌ؕ ذٰلِكَ الۡفَوۡزُ
الۡعَظِيۡمُ ۙ‏ ﴿۱۲﴾

(૧૨) અલ્લાહ તમારા ગુનાહ માફ કરી દેશે અને તમને જન્નતોમાં દાખલ કરશે જેની હેઠળ નહેરો વહે છે, અને તે સ્વચ્છ મકાનોમાં (પહોંચાડશે) કે જે કાયમ રહેનારી જન્નતોમાં છે; એજ સૌથી મોટી સફળતાછે:

وَاُخۡرٰى تُحِبُّوۡنَهَا‌ ؕ نَصۡرٌ مِّنَ اللّٰهِ وَفَتۡحٌ قَرِيۡبٌ‌ ؕ وَبَشِّرِ
الۡمُؤۡمِنِيۡنَ‏ ﴿۱۳﴾

(૧૩) અને બીજી તે નેઅમતો (આપશે) જેને તમે અત્યંત પસંદ કરો છો; (યાને) અલ્લાહ તરફથી મદદ તથા જલ્દી આવનારો વિજય; અને (અય રસૂલ !) મોઅમીનોને ખુશખબર સંભળાવી દે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْۤا اَنْصَارَ اللّٰهِ كَمَا قَالَ عِيْسَى ابْنُ
مَرْيَمَ لِلْحَوَارِيّٖنَ مَنْ اَنْصَارِيْۤ اِلَى اللّٰهِ ؕ قَالَ الْحَوَارِيُّوْنَ نَحْنُ
اَنْصَارُ اللّٰهِ فَاٰمَنَتْ طَّآئِفَةٌ مِّنْۢ بَنِيْۤ اِسْرَآءِيْلَ وَكَفَرَتْ
طَّآئِفَةٌ ۚ فَاَيَّدْنَا الَّذِيْنَ اٰمَنُوْا عَلٰى عَدُوِّهِمْ فَاَصْبَحُوْا
ظٰهِرِيْنَ ﴿۱۴﴾

૧૪) અય ઇમાન લાવનારાઓ! તમે અલ્લાહના મદદગાર બની જાઓ, જેમકે મરિયમના પુત્ર

ઇસાએ હવારીઓને ફરમાવ્યું હતું કે અલ્લાહના માટે મારા મદદગાર કોણ કોણ છે? ત્યારે હવારીઓએ જવાબ આપ્યો કે અલ્લાહના મદદગાર અમે છીએ. પછી બની ઇસરાઇલમાંથી એક ટોળું તો ઇમાન લાવ્યું અને એક ટોળાએ ઇન્કાર કર્યો; પછી અમોએ તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા હતા તેમની તેમના શત્રુઓ વિરૂદ્ધ સહાય કરી, જેથી તેઓ સબળ રહ્યા.

يُسَبِّحُ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ الْمَلِكِ الْقُدُّوْسِ
الْعَزِيْزِ الْحَكِيْمِ ①

(૧) આસમાનોમાં જે કાંઇ છે તથા જમીનમાં જે કાંઇ છે તે અલ્લાહની તસ્બીહ કરે છે કે જે (અલ્લાહ) બાદશાહ છે, પરમ પવિત્ર છે, ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

هُوَ الَّذِيْ بَعَثَ فِي الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ
وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ۗ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ
لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ②

(૨) તે એજ કે જેણે ઉમ્મીમાં એક રસૂલ તેઓમાંથી જ પેદા કર્યો, જે તેમને તેની આયતો પઢીને સંભળાવે છે તથા તેમના (જાહેર-બાતિન)ને પાક કરે છે, અને તેમને કુરઆન તથા હિકમતનું શિક્ષણ આપે છે, જો કે તેઓ (રસૂલના આગમાન) પહેલા ખુલ્લી ગુમરાહીમાં હતા ः

وَّاٰخَرِيْنَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوْا بِهِمْ ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۳

(3) અને તેઓમાંથી બીજાઓને પણ જે હજી તેમને આવી મળ્યા નથી; અને તે ઝબરદસ્ત (અને) હિકમતવાળોછે.

ذٰلِكَ فَضۡلُ اللّٰهِ يُؤۡتِيۡهِ مَنۡ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الۡفَضۡلِ
الۡعَظِيۡمِ ۝۴

(૪) આ તો અલ્લાહની મહેરબાની છે. જેને ચાહે છે આપે છે; અને અલ્લાહ મહાન મહેરબાન છે.

مَثَلُ الَّذِيۡنَ حُمِّلُوا التَّوۡرٰىةَ ثُمَّ لَمۡ يَحۡمِلُوۡهَا كَمَثَلِ الۡحِمَارِ
يَحۡمِلُ اَسۡفَارًا ؕ بِئۡسَ مَثَلُ الۡقَوۡمِ الَّذِيۡنَ كَذَّبُوۡا بِاٰيٰتِ اللّٰهِ ؕ
وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ۝۵

(૫) તે લોકોનો દાખલો કે જેમના પર તવરેત (ના શિક્ષણ અને અમલ)નો બોજો નાખવામાં આવ્યો હતો, પણ જેમણે તેનો ભાર ઊંચક્યો નહિ તેમનો દાખલો તે ગધેડાના જેવો છે કે જેણે કિતાબોનો

બોજો ઉપાડેલો હોય; તે લોકોની સરખામણી કે જેમણે અલ્લાહની આયતોને જૂઠલાવી હોય કેવી બૂરી છે ? અને અલ્લાહ ઝુલમગાર કોમોની રાહબરી નથી કરતો.

قُلۡ يٰۤاَيُّهَا الَّذِيۡنَ هَادُوۡۤا اِنۡ زَعَمۡتُمۡ اَنَّكُمۡ اَوۡلِيَآءُ لِلّٰهِ مِنۡ دُوۡنِ النَّاسِ فَتَمَنَّوُا الۡمَوۡتَ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ۝٦

(૬) (અય રસૂલ !) તું કહે કે અય યહૂદીઓ ! જો તમે એવું ગુમાન કરો છો કે તમેજ અલ્લાહના દોસ્ત છો અને બીજા કોઇ લોકો નથી તો જો તમે (તમારા આ ગુમાનમાં) સાચા હો તો મોત માંગીલો.

وَلَا يَتَمَنَّوْنَهٗٓ اَبَدًاۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ
بِالظّٰلِمِيْنَ۝۷

(૭) પરંતુ (આ) પહેલાં તેમના હાથ જે કામો કરી ચૂક્યા છે તેના લીધે આ (લોકો) તેની ઇચ્છા કદી પણ કરશે નહિ; અને અલ્લાહ આ ઝાલિમોથી સારી રીતે વાકેફ છે.

قُلْ اِنَّ الْمَوْتَ الَّذِيْ تَفِرُّوْنَ مِنْهُ فَاِنَّهٗ مُلٰقِيْكُمْ ثُمَّ تُرَدُّوْنَ
اِلٰى عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ۝۸ۧ

(૮) (અય રસૂલ !) તું કહે, તે મોત કે જેનાથી તમે નાસતા ફરો છો તે તમારી અવશ્ય મુલાકાત કરનાર છે, પછી તમે છુપી તથા જાહેર (વાતો)ના

જાણકાર (અલ્લાહ)ની હજૂરમાં પાછા ફેરવવામાં આવશો. પછી જે કામો તમે કર્યા કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِذَا نُوۡدِىَ لِلصَّلٰوةِ مِنۡ يَّوۡمِ الۡجُمُعَةِ فَاسۡعَوۡا اِلٰى ذِكۡرِ اللّٰهِ وَذَرُوا الۡبَيۡعَ‌ ؕ ذٰ لِكُمۡ خَيۡرٌ لَّـكُمۡ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ‏ ﴿۹﴾

(૯) અય ઇમાન લાવનારાઓ ! જ્યારે જુમ્આના દિવસે (જુમ્આની) નમાઝ માટે પોકારવામાં આવે તો તમે અલ્લાહની યાદ (માટે મસ્જિદ) તરફ દોડી જાઓ, અને લેણદેણ પડતું મૂકો; અગર તમે સમજતા હો તો આ તમારા માટે બહેતર છે.

فَاِذَا قُضِيَتِ الصَّلٰوةُ فَانْتَشِرُوْا فِي الْاَرْضِ وَابْتَغُوْا مِنْ
فَضْلِ اللّٰهِ وَاذْكُرُوا اللّٰهَ كَثِيْرًا لَّعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿١٠﴾

(૧૦) પછી જ્યારે નમાઝ પૂરી થઇ જાય તો જમીનમાં ફેલાઇ જાઓ, અને અલ્લાહની મહેરબાની (રોઝી)ના ઇચ્છનારાઓ થાઓ, અને અલ્લાહને વિશેષ (પ્રમાણમાં) યાદ કરો કે કદાચને તમે સફળતા મેળવો.

وَاِذَا رَاَوْا تِجَارَةً اَوْ لَهْوَا ا نْفَضُّوْٓا اِلَيْهَا وَتَرَكُوْكَ قَآئِمًا ؕ قُلْ
مَا عِنْدَ اللّٰهِ خَيْرٌ مِّنَ اللَّهْوِ وَمِنَ التِّجَارَةِ ؕ وَاللّٰهُ خَيْرُ
الرّٰزِقِيْنَ ﴿١١﴾

(૧૧) અને જ્યારે તેઓ કોઇ વેપારની અથવા રમત ગમતની વાત જુએ છે તો તેઓ (નમાઝને પડતી મૂકી) તેની તરફ દોડી જાય છે, અને તને (નમાઝ પઢતો) ઉભો છોડી જાય છે; (અય રસૂલ!) તું કહે કે જે કાંઇ અલ્લાહ પાસે છે તે આ ખેલકૂદ અને વેપાર કરતાં બહેતર છે; અને અલ્લાહ સર્વે રોઝી આપનારાઓ કરતાં ઉત્તમ (રોઝી) આપનારો છે.

إِذَا جَآءَكَ الْمُنٰفِقُوْنَ قَالُوْا نَشْهَدُ إِنَّكَ لَرَسُوْلُ اللّٰهِ ۘ وَاللّٰهُ
يَعْلَمُ إِنَّكَ لَرَسُوْلُهٗ ؕ وَاللّٰهُ يَشْهَدُ إِنَّ الْمُنٰفِقِيْنَ لَكٰذِبُوْنَ ۚ﴿١﴾

(૧) (અય રસૂલ !) જે વખતે દાંભિકો તારી પાસે આવે છે ત્યારે કહે છે કે અમે સાક્ષી આપીએ છીએ કે બેશક તું અલ્લાહનો રસૂલ છે; અને અલ્લાહ તો જાણે છે જ કે બેશક તું તેનો રસૂલ છે; પરંતુ અલ્લાહ આ (વાતની) સાક્ષી આપે છે કે આ દાંભિકો (તેમ કહેવામાં) અવશ્ય જૂઠા છે.

إِتَّخَذُوْٓا أَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ إِنَّهُمْ سَآءَ
مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٢﴾

(૨) તેમણે પોતાની (જૂઠી) પ્રતિજ્ઞાઓને ઢાલ બનાવી લીધી છે, જેથી લોકોને અલ્લાહના માર્ગથી અટકાવે; બેશક જે વર્તન તેઓ કરે છે તે ઘણુંજ બૂરૂં છે.

ذٰلِكَ بِاَنَّهُمۡ اٰمَنُوۡا ثُمَّ كَفَرُوۡا فَطُبِعَ عَلٰى قُلُوۡبِهِمۡ فَهُمۡ لَا يَفۡقَهُوۡنَ ۝٣

(૩) આ એ માટે કે તેઓ (જાહેરમાં) ઇમાન લાવ્યા, અને પાછા નાસ્તિક બની ગયા; હવે તેમના દિલો પર મહોર મારી દેવામાં આવી છે, જેથી તેઓ કાંઇ પણ સમજતા નથી.

وَاِذَا رَاَيۡتَهُمۡ تُعۡجِبُكَ اَجۡسَامُهُمۡ ؕ وَاِنۡ يَّقُوۡلُوۡا تَسۡمَعۡ
لِقَوۡلِهِمۡ ؕ كَاَنَّهُمۡ خُشُبٌ مُّسَنَّدَةٌ ؕ يَحۡسَبُوۡنَ كُلَّ صَيۡحَةٍ
عَلَيۡهِمۡ ؕ هُمُ الۡعَدُوُّ فَاحۡذَرۡهُمۡ ؕ قٰتَلَهُمُ اللّٰهُ ۫ اَنّٰى
يُؤۡفَكُوۡنَ ﴿۴﴾

(૪) અને જ્યારે તું તેમને જુએ તો તેમનાં (બાહ્ય) શરીર તને સારાં દેખાશે; અને જો તેઓ વાતો કરે તો તું તેમની વાતો (ધ્યાન દઇ) સાંભળશે; (પણ) તેઓ (જ્ઞાન અને સાનથી) એવા (ખાલી) છે જેવા કે કપડાં પહેરાવી ભીંતને અડકાડી ઉભા કરેલા લાકડાના ઢીમચાં, તેઓ દરેક ચીસને એવી ધારે છે કે તેમની જ વિરૂદ્ધ છે; એજ (તારા) દુશ્મન છે, માટે

તેમનાથી સાવચેત રહે; અલ્લાહ તેમને ગારત કરે; તેઓ ક્યાં બહેકી જાય છે?

وَاِذَا قِيۡلَ لَهُمۡ تَعَالَوۡا يَسۡتَغۡفِرۡ لَكُمۡ رَسُوۡلُ اللّٰهِ لَوَّوۡا
رُءُوۡسَهُمۡ وَرَاَيۡتَهُمۡ يَصُدُّوۡنَ وَهُمۡ مُّسۡتَكۡبِرُوۡنَ ۝٥

(૫) જ્યારે તેમને કહેવામાં આવે છે કે આવો, અલ્લાહનો રસૂલ તમારા માટે ક્ષમાની દુઆ કરે તો તેઓ પોતાના માથાં ફેરવી લે છે, અને તું તેમને જોશે કે તેઓ અભિમાનમાં પીઠ ફેરવી ચાલ્યા જાય છે.

سَوَآءٌ عَلَيۡهِمۡ اَسۡتَغۡفَرۡتَ لَهُمۡ اَمۡ لَمۡ تَسۡتَغۡفِرۡ لَهُمۡ ؕ لَنۡ
يَّغۡفِرَ اللّٰهُ لَهُمۡ ؕ اِنَّ اللّٰهَ لَا يَهۡدِى الۡقَوۡمَ الۡفٰسِقِيۡنَ ۝٦

(૬) (માટે) તું તેમના હકમાં ક્ષમાની દુઆ માંગે યા ન માંગે એ સરખું જ છે; અલ્લાહ હરગિજ તેમના ગુનાહ માફ કરશે નહિ; બેશક અલ્લાહ આજ્ઞાભંગ કરનારા લોકોની રાહબરી નથી કરતો.

هُمُ الَّذِيْنَ يَقُوْلُوْنَ لَا تُنْفِقُوْا عَلٰى مَنْ عِنْدَ رَسُوْلِ اللّٰهِ حَتّٰى
يَنْفَضُّوْا ؕ وَلِلّٰهِ خَزَآئِنُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ
لَا يَفْقَهُوْنَ ۝۷

(૭) આ એજ (લોકો) છે કે જેઓ (અન્સારોને) કહે છે કે અલ્લાહના રસૂલ પાસે જે (મુહાજેરીન) લોકો છે તેમના પર તમારા નાણાં ખરચો નહિ, અહીં સુધી કે તેઓ (કંટાળીને) વિખરાઇ જાય; જો કે

આસમાનો તથા જમીનના ખજાના અલ્લાહના જ છે, પણ દાંભિકો તે સમજતા નથી.

يَقُوْلُوْنَ لَئِنْ رَّجَعْنَآ اِلَى الْمَدِيْنَةِ لَيُخْرِجَنَّ الْاَعَزُّ مِنْهَا الْاَذَلَّ ط وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ ۟ع ۸

(૮) તેઓ કહે છે કે જો અમે મદીના પાછા ફરીને જઇએ તો ત્યાંના આબરૂદાર લોકો ત્યાંના ઝલીલ (લોકો)ને જરૂર જરૂર કાઢી મૂકશે; જો કે ખરેખરી ઇઝઝત અલ્લાહના માટે છે, અને તેના રસૂલના માટે. અને મોઅમીનો માટે; પરંતુ મુનાફિકો તે જાણતા નથી.

يَاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تُلۡهِكُمۡ اَمۡوَالُكُمۡ وَلَاۤ اَوۡلَادُكُمۡ عَنۡ
ذِكۡرِ اللّٰهِ‌ ۚ وَمَنۡ يَّفۡعَلۡ ذٰلِكَ فَاُولٰٓـئِكَ هُمُ الۡخٰسِرُوۡنَ‏ ﴿۹﴾

(૯) અય ઇમાન લાવનારાઓ ! (ખબરદાર !) તમને અલ્લાહની યાદથી ન તમારી સંપતિ ગાફીલ કરવા પામે ન તમારી સંતતિ. અને જે એવું કરશે તેઓજ હાનિ ભોગવનારાછે.

وَاَنۡفِقُوۡا مِنۡ مَّا رَزَقۡنٰكُمۡ مِّنۡ قَبۡلِ اَنۡ يَّاۡتِىَ اَحَدَكُمُ الۡمَوۡتُ
فَيَقُوۡلَ رَبِّ لَوۡلَاۤ اَخَّرۡتَنِىۡۤ اِلٰٓى اَجَلٍ قَرِيۡبٍ ۙ فَاَصَّدَّقَ وَاَكُنۡ
مِّنَ الصّٰلِحِيۡنَ‏ ﴿۱۰﴾

(૧૦) અને અમોએ તમને જે આપ્યું છે તેમાંથી કાંઇક (અમારી રાહમાં) ખરચ કરો એ પહેલાં કે

તમારામાંથી કોઇનું મોત આવી પહોંચે, પછી તે કહેવા લાગે કે અય મારા રબ! તેં મને બીજી થોડીક મોહલત કેમ ન આપી કે જેથી હું દાનધર્મ કરતે અને હું નેક બંદાઓ માંનો થઇ જાત?

وَلَنْ يُّؤَخِّرَ اللّٰهُ نَفْسًا اِذَا جَآءَ اَجَلُهَا ؕ وَاللّٰهُ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ۧ ⑪

(૧૧) અને અલ્લાહ કોઇ જીવને જ્યારે કે તેનું મોત આવી જશે હરગિજ મોહલત નહિ આપે; અને તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

يُسَبِّحُ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۚ لَهُ الْمُلْكُ وَلَهُ
الْحَمْدُ ۫ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ①

(૧) જે કાંઇ આસમાનોમાં છે અને જે કાંઇ જમીનમાં છે તે અલ્લાહ (ના નામ)ની તસ્બીહ કરે છે, હુકૂમત તેની જ છે, અને દરેક પ્રકારના વખાણ તેનાજ માટે છે, અને એજ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવેછે.

هُوَ الَّذِيْ خَلَقَكُمْ فَمِنْكُمْ كَافِرٌ وَّمِنْكُمْ مُّؤْمِنٌ ؕ وَاللّٰهُ بِمَا
تَعْمَلُوْنَ بَصِيْرٌ ②

(૨) તે એજ છે જેણે તમને પેદા કર્યા, પછી તમારામાંથી કોઇ તો નાસ્તિક છે અને તમારામાંથી કોઇ મોઅમીન છે; અને તમે જે કાંઇ કરો છો તે અલ્લાહ જુએ છે.

خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ وَصَوَّرَكُمْ فَاَحْسَنَ صُوَرَكُمْ ۚ وَاِلَيْهِ الْمَصِيْرُ ③

(૩) તેણે આસમાનો તથા જમીન સત્ય હેતુ પૂર્વક સર્જ્યા છે; અને તેણેજ તમારી આકૃતિઓ બનાવી પછી તમારી આકૃતિઓ (બનાવી તે) સુંદર બનાવી છે, અને છેવટનું ફરવું પણ તેનીજ તરફ થશે.

يَعۡلَمُ مَا فِي السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَيَعۡلَمُ مَا تُسِرُّوۡنَ وَمَا
تُعۡلِنُوۡنَ ؕ وَاللّٰهُ عَلِيۡمٌۢ بِذَاتِ الصُّدُوۡرِ ﴿۴﴾

(૪) જે કાંઇ આસમાનોમાં છે તેને તે સારી રીતે જાણે છે, અને જે કાંઇ જમીનમાં છે તેને પણ; અને તમે જે કાંઇ સંતાડો છો તેને જાણે છે, અને તમે જે કાંઇ જાહેર કરો છો તેને પણ; અને અલ્લાહ મનની વાતોથી પણ ખૂબ વાકેફ છે.

اَلَمۡ يَاۡتِكُمۡ نَبَؤُا الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ قَبۡلُ ۫ فَذَاقُوۡا وَبَالَ
اَمۡرِهِمۡ وَلَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ ﴿۵﴾

(૫) શું તમારી પાસે તે લોકોની હકીકત નથી પહોંચી કે જેમણે અગાઉ નાસ્તિકપણું કર્યું હતું ?

જેથી તેમણે પોતાની કરણીના માઠાં પરિણામની (દુનિયામાં) મજા ચાખી, અને (વળી) આખેરતમાં તેમના માટે દુ:ખદાયક અઝાબપણછે.

ذٰلِكَ بِاَنَّهٗ كَانَتْ تَّاْتِيْهِمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ فَقَالُوْٓا اَبَشَرٌ
يَّهْدُوْنَنَا ۡ فَكَفَرُوْا وَتَوَلَّوْا وَّاسْتَغْنَى اللّٰهُ ؕ وَاللّٰهُ غَنِيٌّ حَمِيْدٌ ۝٦

(૬) આ એ કારણે કે તેમના રસૂલ તેમની પાસે ખુલ્લી દલીલો લઇને આવતા હતા પણ તેઓ કહેતા હતા કે શું (અમારા જેવા) માણસો અમને હિદાયત કરશે ? જેથી તેઓ ઇમાન ન લાવ્યા અને મોંઢું ફેરવી લીધું, અને અલ્લાહે પણ તેમની દરકાર કરી નહિ; અને અલ્લાહ બેપરવાહ (અને) વખાણને પાત્ર છે.

زَعَمَ الَّذِيْنَ كَفَرُوْٓا اَنْ لَّنْ يُّبْعَثُوْا ؕ قُلْ بَلٰى وَرَبِّيْ لَتُبْعَثُنَّ
ثُمَّ لَتُنَبَّؤُنَّ بِمَا عَمِلْتُمْ ؕ وَذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرٌ ⑦

(૭) જે લોકો નાસ્તિક છે તેઓ એવું ગુમાન કરે છે કે તેઓ હરગિજ ઉઠાડવામાં નહિ આવે; (અય રસૂલ!) તું કહે કે અલબત્ત, મારા પરવરદિગારની કસમ ! તમે અવશ્ય ઉઠાડવામાં આવશો, પછી તમે જે કાંઇ કરી ચૂક્યા છો તેનાથી તમને જરૂર વાકેફ કરવામાં આવશે; અને આ વાત અલ્લાહના માટે તદ્દન સહેલી છે.

فَاٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ وَالنُّوْرِ الَّذِيْٓ اَنْزَلْنَا ؕ وَاللّٰهُ بِمَا
تَعْمَلُوْنَ خَبِيْرٌ ⑧

(૮) માટે અલ્લાહ પર તથા તેના રસૂલ પર તથા તે નૂર (કુરઆન) પર કે જેને અમોએ ઉતાર્યું છે ઇમાન લાવો અને તમે જે કાંઇ કરો છો તેનાથી અલ્લાહ સારી રીતે માહિતગાર છે.

يَوْمَ يَجْمَعُكُمْ لِيَوْمِ الْجَمْعِ ذٰلِكَ يَوْمُ التَّغَابُنِ ؕ وَمَنْ يُّؤْمِنْ
بِاللّٰهِ وَيَعْمَلْ صَالِحًا يُّكَفِّرْ عَنْهُ سَيِّاٰتِهٖ وَيُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِيْ
مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ⑨

(૯) ભેગાં કરવાના દિવસે તે તમને ભેગાં કરશે, એજ તો હાર જીતનો દિવસ હશે; અને જે અલ્લાહ પર ઇમાન લાવશે તથા સત્કાર્યો કરશે તો તે (અલ્લાહ) પણ તેની બદીઓ તેનાથી ટાળી દેશે.

અને તેને જન્નતોમાં દાખલ કરશે. જેની હેઠળ નદીઓ વહે છે, તેમાં સદાના રહેનારા થશે; એ જ મહાનસફળતાછે.

وَالَّذِيْنَ كَفَرُوْا وَ كَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ خٰلِدِيْنَ

فِيْهَا ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿۱۰﴾

(૧૦) અને જે લોકો ઇમાન નથી લાવતા અને અમારી આયતો જૂઠલાવે છે તેઓ જહન્નમીઓ છે, તેમાં તેઓ સદાના રહેનારા થશે, અને એજ સૌથી ખરાબ પાછા ફરવાનું ઠેકાણું છે.

مَآ اَصَابَ مِنْ مُّصِيْبَةٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَمَنْ يُّؤْمِنْ بِاللّٰهِ يَهْدِ

قَلْبَهٗ ؕ وَاللّٰهُ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۱۱﴾

(૧૧) અલ્લાહના હુકમ સિવાય કોઇ પણ મુસીબત આવતી નથી; અને જે અલ્લાહ પર ઇમાન લાવે છે તેના મનને તે સન્માર્ગ સૂચવી દે છે, અને અલ્લાહ દરેક વસ્તુનો સંપૂર્ણ જાણકાર છે.

وَاَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّيْتُمْ فَاِنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ ⑫

(૧૨) અને તમે અલ્લાહની આજ્ઞા માનો, અને રસૂલની પણ આજ્ઞા માનો પણ જો તમે મોંઢું ફેરવી લેનારા થઇ જશો તો અમારા રસૂલ પર તો માત્ર (અમારો) સંદેશો સ્પષ્ટ કરીને પહોંચાડી દેવાનું જ છે.

اَللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۭ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ⑬

(૧૩) અલ્લાહ એ જ છે જેના સિવાય અન્ય કોઇ માઅબૂદ નથી; અને મોઅમીનોને લાઝિમ છે કે અલ્લાહ ઉપરજ આધાર રાખે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّ مِنْ اَزْوَاجِكُمْ وَاَوْلَادِكُمْ عَدُوًّا لَّكُمْ فَاحْذَرُوْهُمْ ۚ وَاِنْ تَعْفُوْا وَتَصْفَحُوْا وَتَغْفِرُوْا فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ⑭

(૧૪) અય ઇમાન લાવનારાઓ ! ખરેખરજ તમારી સ્ત્રીઓમાંથી તથા તમારી ઓલાદમાંથી કેટલાકો તમારા દુશ્મન છે, માટે તેમનાથી ચેતતા રહો, પણ જો તમે (તેમના અપરાધથી) દરગુજર કરો અને

જતા કરો અથવા માફ કરી દો તો બેશક અલ્લાહ પણ મોટો ક્ષમાવાન (અને) મોટો રહેમ કરનારો છે.

إِنَّمَآ أَمْوَٰلُكُمْ وَأَوْلَٰدُكُمْ فِتْنَةٌ ۚ وَٱللَّهُ عِندَهُۥٓ أَجْرٌ عَظِيمٌ ﴿١٥﴾

(૧૫) બેશક તમારી સંપતિ તથા તમારી સંતતિ કસોટી સિવાય બીજું કાંઇ નથી, અને મોટો બદલો તો અલ્લાહ પાસેજ છે.

فَٱتَّقُوا۟ ٱللَّهَ مَا ٱسْتَطَعْتُمْ وَٱسْمَعُوا۟ وَأَطِيعُوا۟ وَأَنفِقُوا۟ خَيْرًا
لِّأَنفُسِكُمْ ۗ وَمَن يُوقَ شُحَّ نَفْسِهِۦ فَأُو۟لَٰٓئِكَ هُمُ ٱلْمُفْلِحُونَ ﴿١٦﴾

(૧૬) માટે તમારાથી જ્યાં સુધી બની શકે અલ્લાહથી ડરો, અને (તેની નસીહત) સાંભળો,

અને (તેની) આજ્ઞા માનો, અને (તેના માર્ગમાં) ખરચ કરો એ તમારી બહેતરી માટે છે; અને જે શખ્સ પોતાના નફસના કંજૂસપણાથી બચાવી લેવામાં આવશે તો એજ (સંપૂર્ણ) ભલાઇ પ્રાપ્ત કરનારો થશે.

اِنْ تُقْرِضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا يُّضٰعِفْهُ لَكُمْ وَيَغْفِرْ لَكُمْ ؕ
وَاللّٰهُ شَكُوْرٌ حَلِيْمٌ ۙ﴿۱۷﴾

(૧૭) અને જો તમે અલ્લાહને "કર્ઝે હસના" આપશો તો તે તેને તમારા માટે બમણો કરી દેશે અને તમારા ગુનાહ માફ કરી દેશે; અને અલ્લાહ મોટો કદરદાન અને મહાન સહનશીલ છે.

عٰلِمُ الۡغَيۡبِ وَالشَّهَادَةِ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ ۝١٨

(૧૮) છુપી તથા ખુલ્લી (દરેક વાતો)નો જાણકાર, પ્રબળ (અને) હિકમતવાળો છે.

يٰۤاَيُّهَا النَّبِىُّ اِذَا طَلَّقۡتُمُ النِّسَآءَ فَطَلِّقُوۡهُنَّ لِعِدَّتِهِنَّ وَاَحۡصُوا
الۡعِدَّةَ‌ ۚ وَاتَّقُوا اللّٰهَ رَبَّكُمۡ‌ ۚ لَا تُخۡرِجُوۡهُنَّ مِنۡۢ بُيُوۡتِهِنَّ وَلَا
يَخۡرُجۡنَ اِلَّاۤ اَنۡ يَّاۡتِيۡنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ‌ ؕ وَتِلۡكَ حُدُوۡدُ اللّٰهِ‌ ؕ
وَمَنۡ يَّتَعَدَّ حُدُوۡدَ اللّٰهِ فَقَدۡ ظَلَمَ نَفۡسَهٗ‌ ؕ لَا تَدۡرِىۡ لَعَلَّ اللّٰهَ
يُحۡدِثُ بَعۡدَ ذٰلِكَ اَمۡرًا ‏①

(૧) અય નબી ! જ્યારે તમે લોકો સ્ત્રીઓને તલાક આપો તો તેમની ઇદ્દત (યાને માસિક રૂતુથી પાક થવા)ના સમયે આપો, અને ઇદ્દત (ના દિવસો)ની ગણત્રી રાખો, અને અલ્લાહ (યાને) તમારા પરવરદિગારથી ડરતા રહો; ન તમે (ઇદ્દતની

અંદર) તેમને તેમના ઘરોમાંથી કાઢી મૂકો, અને ન તેઓ પોતે નીકળી જાય, સિવાય કે તેમણે કોઇ ખુલ્લી બે હયાચી (અનીતિ) કરી હોય; અને આ અલ્લાહની (નક્કી કરેલી) હદો છે; અને જે શખ્સ અલ્લાહની (નિશ્ચિત) હદો ઓળંગી જાય તો ખરેજ તેણે પોતે જ પોતાના પર ઝુલ્મ કર્યો કહેવાશે; તું શું જાણે કે આ (તલાક) પછી કદાચને અલ્લાહ કોઇ (એવી) વાત પેદા કરે (કે જેથી પાછો મેળાપ થઇ જાય)?

فَاِذَا بَلَغۡنَ اَجَلَهُنَّ فَاَمۡسِكُوۡهُنَّ بِمَعۡرُوۡفٍ اَوۡ فَارِقُوۡهُنَّ بِمَعۡرُوۡفٍ وَّاَشۡهِدُوۡا ذَوَىۡ عَدۡلٍ مِّنۡكُمۡ وَاَقِيۡمُوا الشَّهَادَةَ

لِلّٰهِ ؕ ذٰلِكُمۡ يُوۡعَظُ بِهٖ مَنۡ كَانَ يُؤۡمِنُ بِاللّٰهِ وَالۡيَوۡمِ الۡاٰخِرِ ۙ
وَمَنۡ يَّتَّقِ اللّٰهَ يَجۡعَلۡ لَّهٗ مَخۡرَجًا ۙ﴿۲﴾

(૨) પછી જ્યારે તેણીઓ પોતાની (ઇદ્દતની) મુદ્દત પૂરી કરી નાખે તો કાં તો તમે તેમને ભલાઇની સાથે રોકી લો, અથવા તેમને યથાર્થ રીતે રવાના કરી દો; અને (તલાક આપતી વખતે) તમારામાંથી બે ન્યાયી સાક્ષી રાખજો, અને (અય સાક્ષીઓ ! અલ્લાહનો ખોફ રાખીને) બરોબર સાક્ષી આપજો; આ આજ્ઞાઓની તમારામાંથી તે (લોકો)ને નસીહત કરવામાં આવે છે કે જે અલ્લાહ પર તથા કયામત પર ઇમાન રાખતો હોય; અને જે શખ્સ અલ્લાહથી

ડરશે તેના માટે અલ્લાહ છુટકારાનો માર્ગ કરી દેશેઃ

وَّيَرۡزُقۡهُ مِنۡ حَيۡثُ لَا يَحۡتَسِبُ‌ؕ وَمَنۡ يَّتَوَكَّلۡ عَلَى اللّٰهِ فَهُوَحَسۡبُهٗ‌ ؕ اِنَّ اللّٰهَ بَالِغُ اَمۡرِهٖ‌ ؕ قَدۡ جَعَلَ اللّٰهُ لِكُلِّ شَىۡءٍ قَدۡرًا‏ ۝٣

(3) અને તેને એવા સ્થળેથી રોઝી પહોંચાડશે કે જ્યાંથી તેને ગુમાન પણ નહિ હોય; અને જે કોઇ અલ્લાહ પર ભરોસો રાખશે તો તેજ તેના માટે બસ છે; બેશક અલ્લાહ પોતાના કાર્યને પૂર્ણ કરનારો છે, બેશક અલ્લાહે દરેક વસ્તુ માટે એક પ્રમાણ નક્કી કરી દીધું છે.

وَالّٰٓـِٔيْ يَئِسْنَ مِنَ الْمَحِيْضِ مِنْ نِّسَآئِكُمْ اِنِ ارْتَبْتُمْ
فَعِدَّتُهُنَّ ثَلٰثَةُ اَشْهُرٍ ۙ وَّالّٰٓـِٔيْ لَمْ يَحِضْنَ ؕ وَاُولَاتُ الْاَحْمَالِ
اَجَلُهُنَّ اَنْ يَّضَعْنَ حَمْلَهُنَّ ؕ وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مِنْ اَمْرِهٖ
يُسْرًا ۝٤

(૪) અને તમારી સ્ત્રીઓમાંથી જેઓ માસિક રૂતુથી નિરાશ થઇ ગઇ હોય તેમના વિશે તમને જો શંકા હોય તો તેમની ઇદ્દત ત્રણ માસ છે, અને જેમને હજી સુધી માસિક રૂતુ આવીજ નથી તેમની પણ (એટલી જ મુદ્દત છે); અને ગર્ભવતી સ્ત્રીઓની ઇદ્દત તેમને પ્રસૂતિ થઇ જાય ત્યાં સુધીની છે; અને

જે અલ્લાહથી ડરીને ચાલશે તો તેના માટે તેના મામલામાં અલ્લાહ સરળતા પેદા કરી દેશે.

ذٰلِكَ اَمۡرُ اللّٰهِ اَنۡزَلَهٗۤ اِلَيۡكُمۡ ؕ وَمَنۡ يَّتَّقِ اللّٰهَ يُكَفِّرۡ عَنۡهُ سَيِّاٰتِهٖ وَيُعۡظِمۡ لَهٗۤ اَجۡرًا ⑤

(૫) આ અલ્લાહનો હુકમ છે, જે તેણે તમારા પર ઉતાર્યો છે; અને જે અલ્લાહથી ડરીને ચાલશે તેની બદીઓ તે તેનાથી દૂર કરી દેશે, અને તેને મોટો બદલો આપશે.

اَسۡكِنُوۡهُنَّ مِنۡ حَيۡثُ سَكَنۡتُمۡ مِّنۡ وُّجۡدِكُمۡ وَلَا تُضَآرُّوۡهُنَّ لِتُضَيِّقُوۡا عَلَيۡهِنَّ ؕ وَاِنۡ كُنَّ اُولَاتِ حَمۡلٍ فَاَنۡفِقُوۡا عَلَيۡهِنَّ حَتّٰى يَضَعۡنَ حَمۡلَهُنَّ ۚ فَاِنۡ اَرۡضَعۡنَ لَكُمۡ فَاٰتُوۡهُنَّ اُجُوۡرَهُنَّ ۚ

وَأْتَمِرُوا بَيْنَكُم بِمَعْرُوفٍ ۖ وَإِن تَعَاسَرْتُمْ فَسَتُرْضِعُ لَهُ
أُخْرَىٰ ۞

(૬) તલાકવાળી સ્ત્રીઓને તમારા ગજા પ્રમાણે ત્યાંજ રાખો કે જ્યાં તમે રહો છો, અને તેણીઓને તંગ કરવાના હેતુથી ઇજા ન પહોંચાડો; અને જો તેણીઓ ગર્ભવતી હોય તો જ્યાં સુધી તેણીઓની પ્રસૂતિ થઇ ન જાય ત્યાં સુધી તેમને ખર્ચ આપતા રહો, પછી જો તે તમારા માટે (બાળકને) દૂધ પીવડાવે તો તેનો બદલો તેણીઓને આપતા રહો, અને તમે એક બીજા વચ્ચે દસ્તુર પ્રમાણે (બદલા વગેરેનો) ઠરાવ કરો, અને અગર તમારા બન્ને

પક્ષો તરફથી ખેંચતાણ થાય તો તે (બાળક)ને કોઇ બીજી સ્ત્રી દૂધ પીવડાવે.

لِيُنْفِقْ ذُوْ سَعَةٍ مِّنْ سَعَتِهٖ ؕ وَمَنْ قُدِرَ عَلَيْهِ رِزْقُهٗ فَلْيُنْفِقْ
مِمَّآ اٰتٰىهُ اللّٰهُ ؕ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا مَآ اٰتٰىهَا ؕ سَيَجْعَلُ
اللّٰهُ بَعْدَ عُسْرٍ يُّسْرًا ۧ ﴿٧﴾

(૭) શક્તિવાળાને જોઇએ કે પોતાના ગજા પ્રમાણે ખર્ચ કરે, અને જેની રોઝી તંગ (ઓછી) હોય તો તેને જોઇએ કે તેને અલ્લાહે જે કાંઇ આપ્યું છે તેના પ્રમાણમાં ખર્ચ કરે; અલ્લાહ કોઇ વ્યક્તિને તકલીફ આપતો નથી પણ એટલી જ કે જેટલી

તેને (સહન કરવાની શક્તિ) આપી હોય; નજીકમાં જ અલ્લાહ તંગી પછી છૂટ પણ અર્પણ કરશે.

وَكَاَيِّنۡ مِّنۡ قَرۡيَةٍ عَتَتۡ عَنۡ اَمۡرِ رَبِّهَا وَرُسُلِهٖ فَحَاسَبۡنٰهَا
حِسَابًا شَدِيۡدًا ۙ وَّعَذَّبۡنٰهَا عَذَابًا نُّكۡرًا ⑧

(૮) અને કેટલીય વસ્તીઓએ પોતાના પરવરદિગાર તથા તેના રસૂલની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું, જેથી અમોએ પણ મોટી સખતાઇથી તેમનો હિસાબ લીધો, અને તેમને અઝાબ પણ અમોએ સખ્ત આપ્યો.

فَذَاقَتۡ وَبَالَ اَمۡرِهَا وَكَانَ عَاقِبَةُ اَمۡرِهَا خُسۡرًا ⑨

(૯) પછી તેમણે પોતાની કરણીના અઝાબની મજા ચાખી, અને તેમના મામલાનું પરિણામ (નર્યું) નુકસાન જ નુકસાન થયું.

اَعَدَّ اللّٰهُ لَهُمْ عَذَابًا شَدِيْدًا ۙ فَاتَّقُوا اللّٰهَ يٰٓاُولِي الْاَلْبَابِ ۛ الَّذِيْنَ اٰمَنُوْا ۛ قَدْ اَنْزَلَ اللّٰهُ اِلَيْكُمْ ذِكْرًا ۙ﴿١٠﴾

(૧૦) અલ્લાહે તેમના માટે સખ્ત અઝાબ તૈયાર કર્યો છે, માટે અય બુધ્ધિશાળીઓ કે જેઓ ઇમાન લાવી ચૂક્યા છો ! અલ્લાહથી ડરતા રહો, ખરેખરજ અલ્લાહે તમારા પર ઉપદેશ ઉતાર્યો છેઃ

رَّسُوْلًا يَّتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِ اللّٰهِ مُبَيِّنٰتٍ لِّيُخْرِجَ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ مِنَ الظُّلُمٰتِ اِلَى النُّوْرِ ۭ وَمَنْ

يُّؤْمِنْ بِاللّٰهِ وَيَعْمَلْ صَالِحًا يُّدْخِلْهُ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا
الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ قَدْ اَحْسَنَ اللّٰهُ لَهٗ رِزْقًا ⑪

(૧૧) (યાને) એક રસૂલ, જે તમને અલ્લાહની સ્પષ્ટ આયતો પઢીને સંભળાવે છે, જેથી તે લોકોને કે જેઓ ઇમાન લાવ્યા છે તથા સત્કાર્યો કરે છે (નાસ્તિકપણાના) અંધકારમાંથી (ઇમાનના) પ્રકાશ તરફ કાઢી લાવે; અને જે શખ્સ અલ્લાહ પર ઇમાન લાવે તથા સત્કાર્યો કરે તેને અલ્લાહ જન્નતોમાં દાખલ કરશે જેની હેઠળ નહેરો વહેતી હશે, તેઓ સદાના તેમાંજ રહેનારા થશે; ખરેખરજ અલ્લાહે એવા શખ્સ માટે ઉમદા રોઝી તૈયાર કરી મૂકી છે.

اَللّٰهُ الَّذِيْ خَلَقَ سَبْعَ سَمٰوٰتٍ وَّمِنَ الْاَرْضِ مِثْلَهُنَّ ؕ يَتَنَزَّلُ
الْاَمْرُ بَيْنَهُنَّ لِتَعْلَمُوْۤا اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۙ وَّاَنَّ اللّٰهَ
قَدْ اَحَاطَ بِكُلِّ شَيْءٍ عِلْمًا ﴿۱۲﴾

(૧૨) અલ્લાહ એજ છે જેણે સાત આસમાનો પેદા કર્યા અને તેટલીજ જમીનો પણ; અને તે બન્નેમાં (વખતો વખત) અલ્લાહના હુકમો જારી થતા રહે છે કે જેથી તમે આ જાણી લો કે અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે, અને આ (પણ જાણી લો) કે અલ્લાહે પોતાના જ્ઞાનની રૂએ દરેક વસ્તુને અવશ્ય ઘેરી રાખી છે.

سورة التحريم / સૂરએ તહરીમ

يَٰٓأَيُّهَا ٱلنَّبِيُّ لِمَ تُحَرِّمُ مَآ أَحَلَّ ٱللَّهُ لَكَ ۖ تَبۡتَغِي مَرۡضَاتَ

أَزۡوَٰجِكَ ۚ وَٱللَّهُ غَفُورٞ رَّحِيمٞ ١

(૧) અય નબી ! અલ્લાહે તારા માટે જે કાંઇ હલાલ ઠરાવ્યું છે તેને તું હરામ કેમ કરે છે? તું તારી પત્નીઓની ખુશી પ્રાપ્ત કરવા ચાહે છે; અને અલ્લાહ મોટો ક્ષમાવાન (અને) દયા કરનારોછે.

قَدۡ فَرَضَ ٱللَّهُ لَكُمۡ تَحِلَّةَ أَيۡمَٰنِكُمۡ ۚ وَٱللَّهُ مَوۡلَىٰكُمۡ ۖ

وَهُوَ ٱلۡعَلِيمُ ٱلۡحَكِيمُ ٢

(૨) અલ્લાહે તમારા માટે પ્રતિજ્ઞાઓને તોડવાના પણ નિયમો નક્કી કરી દીધા છે, અને અલ્લાહ તમારો રક્ષક છે, અને તે સર્વજ્ઞ, હિકમતવાળો છે.

وَاِذۡ اَسَرَّ النَّبِىُّ اِلٰى بَعۡضِ اَزۡوَاجِهٖ حَدِيۡثًا‌ ۚ فَلَمَّا نَبَّاَتۡ بِهٖ وَاَظۡهَرَهُ اللّٰهُ عَلَيۡهِ عَرَّفَ بَعۡضَهٗ وَاَعۡرَضَ عَنۡۢ بَعۡضٍ‌ ۚ فَلَمَّا نَبَّاَهَا بِهٖ قَالَتۡ مَنۡ اَنۡۢبَاَكَ هٰذَا‌ ؕ قَالَ نَبَّاَنِىَ الۡعَلِيۡمُ الۡخَبِيۡرُ‏ ﴿۳﴾

(3) અને જે વખતે નબીએ પોતાની પત્નીઓમાંથી એક પત્નીને એક વાત ખાનગી રીતે કરી, અને પછી જ્યારે તેણીએ તે ભેદથી (કોઇ બીજીને) વાકેફ કરી દીધી, અને અલ્લાહે તે (નબી)ને એ બનાવની

જાણ કરી દીધી ત્યારે નબીએ (તે બીજીને) તેનો કેટલોક ભાગ જણાવ્યો અને કેટલાક ભાગથી આંખ આડા કાન કર્યા; પછી જ્યારે નબીએ તે (પહેલી)ને તેનાથી વાકેફ કરી ત્યારે તે (આશ્ચર્યથી) કહેવા લાગી કે આપને તે (વિષે)ની ખબર કોણે આપી? ફરમાવ્યું, મને મોટા જાણનાર (અને) મોટા ખબર રાખનાર (અલ્લાહ)એ ખબર આપી.

اِنۡ تَتُوۡبَاۤ اِلَى اللّٰهِ فَقَدۡ صَغَتۡ قُلُوۡبُكُمَا‌ ۚ وَاِنۡ تَظٰهَرَا عَلَيۡهِ فَاِنَّ اللّٰهَ هُوَ مَوۡلٰٮهُ وَجِبۡرِيۡلُ وَصَالِحُ الۡمُؤۡمِنِيۡنَ‌ ۚ وَالۡمَلٰٓٮِٕكَةُ بَعۡدَ ذٰلِكَ ظَهِيۡرٌ ﴿۴﴾

(૪) (અય બન્ને સ્ત્રીઓ !) તમે બન્ને અલ્લાહની હજૂરમાં તૌબા કરો (તો ઠીક છે), કારણ કે તમો

બન્નેના મન (સત્ય તરફથી) ખરેજ ફરી ગયા છે, અને જો તમે બન્ને અમારા રસૂલની વિરૂધ્ધ એક બીજાની સહાયક બનશો તો (કાંઇ પરવાહ નથી કેમકે) બેશક અલ્લાહ તેનો હિમાયતી છે, તથા જિબ્રઇલ તથા મોઅમીનોમાંથી સૌથી સારો (મોઅમીન) પણ; અને તે બાદ તમામ ફરિશ્તાઓ પણ તેના મદદગાર છે.

عَسٰى رَبُّهٗۤ اِنْ طَلَّقَكُنَّ اَنْ يُّبْدِلَهٗۤ اَزْوَاجًا خَيْرًا مِّنْكُنَّ
مُسْلِمٰتٍ مُّؤْمِنٰتٍ قٰنِتٰتٍ تٰٓئِبٰتٍ عٰبِدٰتٍ سٰٓئِحٰتٍ ثَيِّبٰتٍ
وَّاَبْكَارًا ۝٥

(૫) જો તે (રસૂલ) તમને તલાક આપી દે તો પાસે છે કે તેનો પરવરદિગાર બદલામાં તેને એવી પત્નીઓ આપી દે કે જે તમારા કરતાં બહેતર હોય (યાને) આજ્ઞાપાલક, ઇમાનદાર, તાબેદારી કરનાર, પ્રશ્ચાતાપ કરનાર, ઇબાદત કરનાર, રોઝા રાખનાર, વિધવાઓ અને કુમારીકાઓ (પણ હોય).

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قُوْٓا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا وَّقُوْدُهَا النَّاسُ وَالْحِجَارَةُ عَلَيْهَا مَلٰٓئِكَةٌ غِلَاظٌ شِدَادٌ لَّا يَعْصُوْنَ اللّٰهَ مَآ اَمَرَهُمْ وَيَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ ۝٦

(૬) અય ઇમાન લાવનારાઓ ! તમારા પોતાને અને તમારા બાલબચ્ચાંઓને તે આગથી બચાવો

કે જેનું બળતણ માણસો તથા પત્થર છે, તે (આગ)ના ઉપર અતિ ક્રુર અને સખ્ત સ્વભાવના ફરિશ્તા નિયુક્ત કરેલા છે, તેમને અલ્લાહ તરફથી જે હુકમ આપવામાં આવે છે તે બજાવવામાં પાછી પાની કરતા નથી, અને તેમને જે આજ્ઞા આપવામાં આવે છે તે પ્રમાણે જ વર્તે છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ كَفَرُوا۟ لَا تَعْتَذِرُوا۟ ٱلْيَوْمَ ۖ إِنَّمَا تُجْزَوْنَ مَا كُنتُمْ تَعْمَلُونَ ۝٧

(૭) અય તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા આજે તમે બહાના ન કાઢો; જે કર્મો તમે કરતા હતા તેનો જ બદલો તમને આપવામાં આવે છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْٓا اِلَى اللّٰهِ تَوْبَةً نَّصُوْحًا ؕ عَسٰى رَبُّكُمْ
اَنْ يُّكَفِّرَ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَيُدْخِلَكُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ ۙ يَوْمَ لَا يُخْزِى اللّٰهُ النَّبِيَّ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ ۚ
نُوْرُهُمْ يَسْعٰى بَيْنَ اَيْدِيْهِمْ وَبِاَيْمَانِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَآ اَتْمِمْ
لَنَا نُوْرَنَا وَاغْفِرْ لَنَا ۚ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۸

(૮) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહની હજૂરમાં નિર્મળ મનથી પ્રશ્ચાતાપ કરો; અજબ નથી કે તમારો પરવરદિગાર તમારાથી તમારી બૂરાઇઓ ટાળી દે, અને તમને જન્નતોમાં દાખલ કરે જેની હેઠળ નદીઓ વહે છે; તે દિવસે અલ્લાહ નબીને તથા તે લોકોને કે જેઓ તેની સાથે ઇમાન

લાવ્યા છે ફજેત નહિ કરે; તેમનું નૂર તેમની આગળ તથા જમણી બાજુએ ચાલતું હશે અને તેઓ કહેતા હશે કે અય અમારા પરવરદિગાર ! તું અમારા નૂરને અમારા માટે સંપૂર્ણ કરી દે, અને અમારા ગુનાહ માફ કરી દે; બેશક તું દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

يٰۤاَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَالْمُنٰفِقِيْنَ وَاغْلُظْ عَلَيْهِمْ ؕ وَمَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ۝٩

(૯) અય નબી ! તું નાસ્તિકો તથા દાંભિકોથી યુધ્ધ કર, અને તેમના પર સખ્તાઇ કર, અને તેમનું ઠેકાણું જહન્નમ છે, અને તે ઘણુંજ ખરાબ પાછા ફરવાનું ઠેકાણું છે.

ضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ كَفَرُوا امْرَاَتَ نُوْحٍ وَّامْرَاَتَ لُوْطٍ ۭ
كَانَتَا تَحْتَ عَبْدَيْنِ مِنْ عِبَادِنَا صَالِحَيْنِ فَخَانَتٰهُمَا فَلَمْ يُغْنِيَا
عَنْهُمَا مِنَ اللّٰهِ شَيْـًٔا وَّقِيْلَ ادْخُلَا النَّارَ مَعَ الدّٰخِلِيْنَ ⑩

(૧૦) અલ્લાહ તે લોકો માટે કે જેઓ ઇમાન નથી લાવ્યા નૂહની પત્ની (વાએલા) તથા લૂતની પત્ની (વાહેલા)નો દાખલો વર્ણવે છે; આ બન્ને (સ્ત્રીઓ) અમારા બંદાઓમાંથી બે સદાચારી બંદાઓના નિકાહમાં હતી. પછી તે બન્નેએ તે બન્નેને દગો દીધો, જેથી તે બન્ને સ્ત્રીઓને અલ્લાહના અઝાબથી બચાવવામાં આ બન્ને (બંદા) કોઇ પણ કામમાં આવ્યા નહીં, અને તે બન્ને (સ્ત્રીઓ)ને કહેવામાં

આવ્યું કે તમે પણ દાખલ થનારાઓની સાથે જહન્નમમાં દાખલ થઇ જાઓ.

وَضَرَبَ اللّٰهُ مَثَلًا لِّلَّذِيْنَ اٰمَنُوا امْرَاَتَ فِرْعَوْنَ ۘ اِذْ قَالَتْ
رَبِّ ابْنِ لِيْ عِنْدَكَ بَيْتًا فِي الْجَنَّةِ وَنَجِّنِيْ مِنْ فِرْعَوْنَ وَعَمَلِهٖ
وَنَجِّنِيْ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ۙ﴿۱۱﴾

(૧૧) અને અલ્લાહે તે લોકો માટે કે જે ઇમાન લાવ્યા છે ફિરઔનની સ્ત્રી (આસીયા)નો દાખલો વર્ણવે છે; જ્યારે તેણીએ અરજ કરી કે અય મારા પરવરદિગાર ! મારા માટે જન્નતમાં તારી પાસે એક મકાન બનાવી દે અને મને ફિરઔન તથા

તેના (દુષ્ટ) કાર્યોથી છુટકારો આપ અને ઝુલમગાર કોમથી મને બચાવી લેઃ

وَمَرۡيَمَ ابۡنَتَ عِمۡرٰنَ الَّتِىۡۤ اَحۡصَنَتۡ فَرۡجَهَا فَنَفَخۡنَا فِيۡهِ مِنۡ رُّوۡحِنَا وَصَدَّقَتۡ بِكَلِمٰتِ رَبِّهَا وَكُتُبِهٖ وَكَانَتۡ مِنَ الۡقٰنِتِيۡنَ۠ ﴿۱۲﴾

(૧૨) અને ઇમરાનની પુત્રી મરિયમનો (દાખલો પણ વર્ણવે છે) કે જેણીએ પોતાના શિયળનું રક્ષણ કર્યું હતું, પછી તેમાં અમોએ અમારી રૂહમાંથી (રૂહ) ફૂંકી દીધી, અને તેણીએ પોતાના પરવરદિગારના કલ્મા તથા તેની કિતાબને સત્ય સમજી માન્ય

રાખી હતી, અને તેણી તાબેદારી કરનારા (બંદા)ઓ માંની હતી.

سورة الملك / સૂરએ મુલ્ક

تَبٰرَكَ الَّذِىۡ بِيَدِهِ الۡمُلۡكُ وَهُوَ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرُ ۙ‏ ﴿۱﴾

(૧) બરકતવાળો છે તે અલ્લાહ કે જેના હાથમાં (તમામ જગતની) બાદશાહત છે અને તે દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે ◌:

الَّذِىۡ خَلَقَ الۡمَوۡتَ وَالۡحَيٰوةَ لِيَبۡلُوَكُمۡ اَيُّكُمۡ اَحۡسَنُ عَمَلًا ؕ وَهُوَ الۡعَزِيۡزُ الۡغَفُوۡرُ ۙ‏ ﴿۲﴾

(૨) જેણે મૃત્યુ પેદા કર્યું અને જીવન પણ કે જેથી તમને અજમાવે કે તમારામાંથી કોણ કરણીમાં બહેતર છે; અને જે ઝબરદસ્ત (અને) મહા ક્ષમાવાન છે ◌:

الَّذِيۡ خَلَقَ سَبۡعَ سَمٰوٰتٍ طِبَاقًا ؕ مَا تَرٰى فِيۡ خَلۡقِ الرَّحۡمٰنِ
مِنۡ تَفٰوُتٍ ؕ فَارۡجِعِ الۡبَصَرَ ۙ هَلۡ تَرٰى مِنۡ فُطُوۡرٍ ۝٣

(3) જેણે એક ઉપર એક સાત આસમાનો પેદા કર્યા છે; તું રહેમાન (અલ્લાહ)ની પેદા કરેલી કોઇ પણ વસ્તુમાં તફાવત જોશે નહિ; પછી ફરીને નજર કર, ભલા (તેમાં) તને કાંઇ ખોડખાંપણ દેખાય છે?

ثُمَّ ارۡجِعِ الۡبَصَرَ كَرَّتَيۡنِ يَنۡقَلِبۡ اِلَيۡكَ الۡبَصَرُ خَاسِئًا
وَّهُوَ حَسِيۡرٌ ۝٤

(૪) પછી ફરી ફરીને નજર નાખ, (પણ) તે નજર થાકીને નિષ્ફળ બની તારી તરફ પાછી ફરી આવશે.

وَلَقَدْ زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا بِمَصَابِيْحَ وَجَعَلْنٰهَا رُجُوْمًا
لِّلشَّيٰطِيْنِ وَاَعْتَدْنَا لَهُمْ عَذَابَ السَّعِيْرِ ⑤

(૫) અને ખરેજ અમોએ આ જગતના આસમાનને (તારાઓના) દીવાઓથી શણગાર્યું છે, અને તે (તારા)ઓને શેતાનોને મારવાના સાધન બનાવ્યા છે, અને તેમના માટે ભડભડતી આગનો અઝાબ તૈયાર કર્યો છે.

وَلِلَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ عَذَابُ جَهَنَّمَ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ⑥

(૬) અને જેઓ પોતાના પરવરદિગારનો ઇન્કાર કરે છે તે લોકો માટે જહન્નમનો અઝાબ છે; અને તે ઘણુંજ બૂરૂં પાછા ફરવાનું ઠેકાણું છે.

إِذَآ أُلۡقُوا۟ فِيهَا سَمِعُوا۟ لَهَا شَهِيقٗا وَهِيَ تَفُورُ ⑦

(૭) જે વેળા તેમને તેમાં નાખવામાં આવશે તો તેઓ તેનો સણસણાટ કરતો અવાજ સાંભળશે, અને તે (ભયંકર) ઉછાળા મારતી હશેઃ

تَكَادُ تَمَيَّزُ مِنَ ٱلۡغَيۡظِۖ كُلَّمَآ أُلۡقِيَ فِيهَا فَوۡجٞ سَأَلَهُمۡ خَزَنَتُهَآ

أَلَمۡ يَأۡتِكُمۡ نَذِيرٞ ⑧

(૮) નજીક હશે કે તે ક્રોધના કારણે ફાટી જાય; જ્યારે જ્યારે કોઇ ટોળું તેમાં નાખવામાં આવશે તો તેના રક્ષકો તેને પૂછશે કે શું તારી પાસે કોઇ ડરાવનારો (રસૂલ) આવ્યો ન હતો ?

قَالُوْا بَلٰى قَدْ جَآءَنَا نَذِيْرٌ ۙ فَكَذَّبْنَا وَقُلْنَا مَا نَزَّلَ اللّٰهُ مِنْ
شَيْءٍ ۖۚ اِنْ اَنْتُمْ اِلَّا فِيْ ضَلٰلٍ كَبِيْرٍ ﴿٩﴾

(૯) તેઓ કહેશે કે હા, ડરાવનારો (રસૂલ) અમારી પાસે અવશ્ય આવ્યો હતો, પણ અમોએ તેને જૂઠલાવી કાઢ્યો, અને કહી દીધું કે અલ્લાહે તો કોઇ પણ વસ્તુ ઉતારી નથી, (પણ) તમે પોતેજ મોટી ગુમરાહીમાં છો.

وَقَالُوْا لَوْ كُنَّا نَسْمَعُ اَوْ نَعْقِلُ مَا كُنَّا فِيْٓ اَصْحٰبِ السَّعِيْرِ ﴿١٠﴾

(૧૦) અને તેઓ આ પણ કહેશે કે જો અમે (તેનો ઉપદેશ) સાંભળતે અને સમજી લેતે તો અમે (આજે) જહન્નમવાસીઓની સાથે હોત નહિ.

فَاعْتَرَفُوْا بِذَنْۢبِهِمْ ۚ فَسُحْقًا لِّاَصْحٰبِ السَّعِيْرِ ⑪

(૧૧) એટલે કે તેઓ પોતાના ગુનાહોનો ઇકરાર કરશે, માટે જહન્નમવાસીઓ ઉપર ફિટકાર થાઓ.

اِنَّ الَّذِيْنَ يَخْشَوْنَ رَبَّهُمْ بِالْغَيْبِ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ كَبِيْرٌ ⑫

(૧૨) બેશક જેઓ જોયા વિના પોતાના પરવરદિગારથી ડરતા રહે છે તે લોકો માટે ગુનાહોની માફી અને મોટો બદલો છે.

وَاَسِرُّوْا قَوْلَكُمْ اَوِ اجْهَرُوْا بِهٖ ؕ اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ⑬

(૧૩) અને તમે તમારા બોલોને (ચાહે) સંતાડો યા જાહેર કરો. બેશક અલ્લાહ તો મનની વાતોથી ખુબ વાકેફ છેજ.

اَلَا يَعۡلَمُ مَنۡ خَلَقَ ؕ وَهُوَ اللَّطِيۡفُ الۡخَبِيۡرُ ﴿۱۴﴾

(૧૪) શું જેણે (સર્વે કાંઇ) પેદા કર્યું છે તે (પોતાના સર્જનથી) નાવાકેફ હોય ? અને તે સુક્ષ્મદર્શી અને ખબરદાર છે.

هُوَ الَّذِىۡ جَعَلَ لَـكُمُ الۡاَرۡضَ ذَلُوۡلًا فَامۡشُوۡا فِىۡ مَنَاكِبِهَا وَكُلُوۡا مِنۡ رِّزۡقِهٖ ؕ وَاِلَيۡهِ النُّشُوۡرُ ﴿۱۵﴾

(૧૫) તે એ જ છે જેણે તમારા માટે જમીનને નરમ તથા સપાટ કરી દીધી છે, જેથી તમે તેના માર્ગોમાં ચાલો-ફરો અને તેની (આપેલી) રોઝીમાંથી ખાઓ પીઓ; અને તેની જ તરફ તમો સર્વેનું (કબરોમાંથી) ઉઠીને પાછું જવાનું છે.

ءَ اَمِنۡتُمۡ مَّنۡ فِي السَّمَآءِ اَنۡ يَّخۡسِفَ بِكُمُ الۡاَرۡضَ فَاِذَا هِيَ
تَمُوۡرُ ۙ﴿۱۶﴾

(૧૬) શું તમે આ વાતથી નિર્ભય થઇ ગયા છો કે જે (ફરિશ્તા)ઓ આસમાનમાં છે તેઓ તમને જમીનમાં ધસાવી દે ? એવી સ્થિતિમાં કે ધ્રુજતી પણ હોય:

اَمۡ اَمِنۡتُمۡ مَّنۡ فِي السَّمَآءِ اَنۡ يُّرۡسِلَ عَلَيۡكُمۡ حَاصِبًا ؕ
فَسَتَعۡلَمُوۡنَ كَيۡفَ نَذِيۡرِ ﴿۱۷﴾

(૧૭) અથવા શું તમે એ વાતથી નિર્ભય થઇ ગયા છો કે જે આસમાનમાં છે તેઓ તમારા પર

પત્થરનો વરસાદ મોકલી આપે ? પછી તરત તમે જાણી જ લેશો કે મારૂં ડરાવવું કેવું છે.

وَلَقَدْ كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَكَيْفَ كَانَ نَكِيْرِ ⑱

(૧૮) અને ખરેખરજ તે લોકોએ કે જેઓ તેમની પહેલા હતા (સત્યને) જૂઠલાવ્યું હતું, જેથી મારી નાખુશી (ની શિક્ષા) કેવી હતી !

اَوَلَمْ يَرَوْا اِلَى الطَّيْرِ فَوْقَهُمْ صٰٓفّٰتٍ وَّيَقْبِضْنَ ۘؕ مَا يُمْسِكُهُنَّ اِلَّا الرَّحْمٰنُ ؕ اِنَّهٗ بِكُلِّ شَىْءٍۭ بَصِيْرٌ ⑲

(૧૯) શું તેઓ પક્ષીઓ તરફ નિહાળતા નથી કે તેઓ તેમના ઉપર (કેવી રીતે) પાંખો ફેલાવે અને ભેગી કરી લે છે ? સિવાય દયાળુ અલ્લાહના બીજો

કોઇ તેમને થંભાવી રાખતો નથી; ખરેજ દરેક વસ્તુ પર તેનીજ દ્રષ્ટિ છે.

اَمَّنْ هٰذَا الَّذِىْ هُوَ جُنْدٌ لَّكُمْ يَنْصُرُكُمْ مِّنْ دُوْنِ الرَّحْمٰنِ ؕ
اِنِ الْكٰفِرُوْنَ اِلَّا فِىْ غُرُوْرٍ ۚ﴿۲۰﴾

(૨૦) ભલા આ (લોકો)માંથી અલ્લાહના સિવાય એવો કોણ છે જે તમારૂં લશ્કર બની તમારી સહાય કરે? નાસ્તિકો માત્ર ધોકામાં જ છે.

اَمَّنْ هٰذَا الَّذِىْ يَرْزُقُكُمْ اِنْ اَمْسَكَ رِزْقَهٗ ۚ بَلْ لَّجُّوْا فِىْ عُتُوٍّ
وَّنُفُوْرٍ ﴿۲۱﴾

(૨૧) ભલા આ (લોકો)માંથી કોઇ એવો છે જો અલ્લાહ પોતાની રોઝી રોકી લે તો તે તમને રોઝી

આપે ? વાત આ છે કે આ (નાસ્તિકો) શિરજોરી અને (સત્યથી) ફરી જવા ઉપર અડી બેઠા છે.

أَفَمَن يَمْشِي مُكِبًّا عَلَىٰ وَجْهِهِ أَهْدَىٰ أَمَّن يَمْشِي سَوِيًّا عَلَىٰ صِرَاطٍ مُّسْتَقِيمٍ ﴿٢٢﴾

(૨૨) ભલા જે પોતાનું મોંઢું નીચું ઘાલી ઊંધા મોંઢે ચાલી રહ્યો હોય તે વધારે હિદાયત મેળવેલો છે કે જે સરખો ઉભો રહી સન્માર્ગે ચાલી રહ્યો હોય તે ?

قُلْ هُوَ الَّذِي أَنشَأَكُمْ وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْأَبْصَارَ وَالْأَفْئِدَةَ ۖ قَلِيلًا مَّا تَشْكُرُونَ ﴿٢٣﴾

(૨૩) (અય રસૂલ !) તું કહે કે તે એજ છે જેણે તમને અસ્તિત્વમાં લાવ્યા તથા તમારા માટે કાન

તથા આંખો તથા દિલો બનાવી આપ્યાં; (છતાં) તમે ઘણોજ ઓછો શુક્ર કરો છો.

قُلۡ هُوَ الَّذِىۡ ذَرَاَكُمۡ فِى الۡاَرۡضِ وَاِلَيۡهِ تُحۡشَرُوۡنَ ﴿۲۴﴾

(૨૪) તું કહે કે તે એજ છે જેણે તમને જમીનમાં ફેલાવી દીધા છે, અને તેની જ હજૂરમાં તમે (પાછા) એકઠાં કરવામાં આવશો.

وَيَقُوۡلُوۡنَ مَتٰى هٰذَا الۡوَعۡدُ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۲۵﴾

(૨૫) અને તેઓ આ કહે છે કે જો તમે સાચા છો (તો કહો) એ વાયદો (પૂરો) ક્યારે થઇને રહેશે?

قُلۡ اِنَّمَا الۡعِلۡمُ عِنۡدَ اللّٰهِ ۖ وَاِنَّمَاۤ اَنَا نَذِيۡرٌ مُّبِيۡنٌ ﴿۲۶﴾

(૨૬) તું કહે કે (તેની) ખબર તો અલ્લાહને જ છે, અને હું તો માત્ર એક ખુલ્લો ડરાવનારો છું.

فَلَمَّا رَاَوْهُ زُلْفَةً سِيْٓـَٔتْ وُجُوْهُ الَّذِيْنَ كَفَرُوْا وَقِيْلَ هٰذَا الَّذِيْ كُنْتُمْ بِهٖ تَدَّعُوْنَ ﴿٢٧﴾

(૨૭) પરંતુ જ્યારે તેઓ તે (વાયદા)ને નજીક આવતો નિહાળશે ત્યારે (ભયના માર્યા) નાસ્તિકોના મોંઢા બગડી જશે, અને તેમને કહેવામાં આવશે કે આ એ જ છે જેની તમે ઇચ્છા કર્યા કરતા હતા.

قُلْ اَرَءَيْتُمْ اِنْ اَهْلَكَنِيَ اللّٰهُ وَمَنْ مَّعِيَ اَوْ رَحِمَنَا ۙ فَمَنْ يُّجِيْرُ الْكٰفِرِيْنَ مِنْ عَذَابٍ اَلِيْمٍ ﴿٢٨﴾

(૨૮) તું કહે કે ભલા તમે સમજ્યા કે અલ્લાહ મને તથા જેઓ મારી સાથે છે તેમને હલાક કરી નાખે અથવા અમારા પર મહેરબાની ફરમાવે પણ નાસ્તિકોને દુ:ખદાયક અઝાબથી કોણ બચાવી લેશે?

قُلْ هُوَالرَّحْمٰنُ اٰمَنَّا بِهٖ وَعَلَيْهِ تَوَكَّلْنَا ۚ فَسَتَعْلَمُوْنَ مَنْ هُوَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٢٩﴾

(૨૯) તું કહે કે એ જ દયાળુ અલ્લાહ છે, જેના ઉપર અમે ઇમાન લાવ્યા છીએ, અને તેનાજ ઉપર અમે ભરોસો રાખીએ છીએ, જેથી તમે નજીકમાં જાણી લેશો કે ખુલ્લી ગુમરાહીમાં કોણ છે.

قُلْ اَرَءَيْتُمْ اِنْ اَصْبَحَ مَآؤُكُمْ غَوْرًا فَمَنْ يَّاْتِيْكُمْ بِمَآءٍ
مَّعِيْنٍ۝٣٠

(30) તું કહે કે ભલા તમે પણ સમજ્યા કે જો તમારૂં પાણી ઊંડાણમાં ચાલ્યું જાય તો તમારા માટે વહેતું પાણી કોણ લઇ આવશે ?

نٓ وَالْقَلَمِ وَمَا يَسْطُرُوْنَ ۝١

(૧) નૂન; કસમ છે કલમની અને તેની કે જે કાંઇ તે (ફરિશ્તા)ઓ લખે છે:

مَآ اَنْتَ بِنِعْمَةِ رَبِّكَ بِمَجْنُوْنٍ ۝٢

(૨) તું તારા રબની મહેરબાનીથી દિવાનો નથી.

وَاِنَّ لَكَ لَاَجْرًا غَيْرَ مَمْنُوْنٍ ۝٣

(3) અને બેશક તારા માટે એવો બદલો (તૈયાર) છે જે કદી ખૂટનાર નથી.

وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ۝٤

(૪) અને બેશક તારી નીતિ ઘણી ઉચ્ચ (પ્રકારની) છે.

فَسَتُبۡصِرُ وَيُبۡصِرُوۡنَۙ۝۵

(૫) જેથી નજીકમાં તું જોઇ લેશે અને તેઓ પણ જોઇ લેશેઃ

بِاَيِّىكُمُ الۡمَفۡتُوۡنُ۝۶

(૬) કે તમારામાંથી દિવાનો કોણ છે.

اِنَّ رَبَّكَ هُوَاَعۡلَمُ بِمَنۡ ضَلَّ عَنۡ سَبِيۡلِهٖ ۖ وَهُوَاَعۡلَمُ بِالۡمُهۡتَدِيۡنَ۝۷

(૭) બેશક તારો પરવરદિગાર તેમને સારી રીતે જાણે છે કે જે તે (અલ્લાહ)ના માર્ગથી ભટકી ગયા

છે, અને હિદાયત પામેલાઓને પણ સારી રીતે જાણે છે.

فَلَا تُطِعِ الْمُكَذِّبِيْنَ ﴿٨﴾

(૮) માટે તું જૂઠલાવનારાઓની વાત (હરગિજ) માનજે નહિ.

وَدُّوْا لَوْ تُدْهِنُ فَيُدْهِنُوْنَ ﴿٩﴾

(૯) તેઓ આ ચાહે છે કે અગર તું નરમી ધારણ કરે તો તેઓ પણ નરમ પડી જાય.

وَلَا تُطِعْ كُلَّ حَلَّافٍ مَّهِيْنٍ ﴿١٠﴾

(૧૦) અને તું કોઇ હલકીકોટીના કસમ ખાનારાની બુહજ વાતોમાં આવી જજે નહિઃ

هَمَّازٍ مَّشَّآءٍۭ بِنَمِيْمٍ ﴿١١﴾

(૧૧) (કે જે) એબ શોધનાર, ફરતાં ફરતાં લોકોની નિંદા કરનારઃ

مَّنَّاعٍ لِّلْخَيْرِ مُعْتَدٍ اَثِيْمٍ ﴿١٢﴾

(૧૨) નેકીથી અટકાવનાર, હદથી વધી જનાર, ગુનેહગારઃ

عُتُلٍّۭ بَعْدَ ذٰلِكَ زَنِيْمٍ ﴿١٣﴾

(૧૩) ખરાબ સ્વભાવવાળો (અને) વળી બદ નસ્લ પણ હોય.

اَنْ كَانَ ذَا مَالٍ وَّبَنِيْنَ ﴿١٤﴾

(૧૪) માત્ર આ કારણે કે તે ધનવાન અને ઓલાદવાળો છે.

اِذَا تُتْلٰى عَلَيْهِ اٰيٰتُنَا قَالَ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ ﴿۱۵﴾

(૧૫) જે વખતે તેની સામે અમારી આયતો પઢવામાં આવે છે ત્યારે કહી દે છે કે આ તો આગલાઓની કહાણીઓ છે.

سَنَسِمُهٗ عَلَى الْخُرْطُوْمِ ﴿۱۶﴾

(૧૬) નજીકમાં જ અમે તેના નાક પર ડાઘ લગાડી દઇશું.

اِنَّا بَلَوْنٰهُمْ كَمَا بَلَوْنَآ اَصْحٰبَ الْجَنَّةِ ۚ اِذْ اَقْسَمُوْا لَيَصْرِمُنَّهَا مُصْبِحِيْنَ ﴿۱۷﴾ۙ

(૧૭) બેશક અમે તેમની એવીજ અજમાઇશ કરીશું જેવી કે એક બગીચાવાળાઓની અજમાઇશ કરી હતી, જ્યારે કે તેમણે કસમ ખાધી હતી કે કાલે સવારે આપણે આ બગીચાના ફળ જરૂર તોડી લઇશું઼:

وَلَا يَسْتَثْنُوْنَ ﴿١٨﴾

(૧૮) પણ ઇન્શાઅલ્લાહ કહ્યું ન હતું,

فَطَافَ عَلَيْهَا طَآئِفٌ مِّنْ رَّبِّكَ وَهُمْ نَآئِمُوْنَ ﴿١٩﴾

(૧૯) જેથી તે બગીચા પર તારા પરવરદિગાર તરફથી જ્યારે કે તેઓ ઊંઘતા હતા (એક) ફેરી ફરનાર ફરી વળ્યો.

فَأَصْبَحَتْ كَالصَّرِيمِ ﴿٢٠﴾

(૨૦) જેથી સવાર થતાં તે (બગીચો) કાપી લીધેલી વાડી જેવો (ઉજ્જડ) થઇ ગયોઃ

فَتَنَادَوْا مُصْبِحِينَ ﴿٢١﴾

(૨૧) જેથી સવાર થતાં તેઓ એક બીજાને બોલાવવા લાગ્યા

أَنِ اغْدُوا عَلَىٰ حَرْثِكُمْ إِنْ كُنْتُمْ صَارِمِينَ ﴿٢٢﴾

(૨૨) કે જો તમારે ફળ ઉતારી લેવાં હોય તો આપણાં બગીચે પરોઢીએ જ ચાલો.

فَانْطَلَقُوا وَهُمْ يَتَخَافَتُونَ ﴿٢٣﴾

(૨૩) જેથી તેઓ ચાલ્યા અને ધીમે ધીમે આ કહેતા જતા હતાઃ

أَنْ لَّا يَدْخُلَنَّهَا الْيَوْمَ عَلَيْكُمْ مِّسْكِيْنٌ ﴿٢٤﴾

(૨૪) કે આજે કોઇ ગરીબ (માણસ) તમારા બગીચામાં દાખલ થવા ન પામેઃ

وَّغَدَوْا عَلٰى حَرْدٍ قٰدِرِيْنَ ﴿٢٥﴾

(૨૫) અને (કંજૂસાઇનો) હેતુ પાર પાડવા માટે નિશ્ચિત બની પરોઢીએ જ ત્યાં જઇ પહોંચ્યા.

فَلَمَّا رَاَوْهَا قَالُوْٓا اِنَّا لَضَآلُّوْنَ ﴿٢٦﴾

(૨૬) પછી જ્યારે તે બગીચાને (ઉજ્જડ થઇ ગયેલો) જોયો ત્યારે કહેવા લાગ્યો કે આપણે ખરેજ માર્ગ ભૂલી ગયા લાગીએ છીએ:

بَلۡ نَحۡنُ مَحۡرُوۡمُوۡنَ ﴿۲۷﴾

(૨૭) બલ્કે (વાત આ છે કે) આપણે છીએ જ હતભાગી.

قَالَ اَوۡسَطُهُمۡ اَلَمۡ اَقُلۡ لَّكُمۡ لَوۡلَا تُسَبِّحُوۡنَ ﴿۲۸﴾

(૨૮) તેઓમાંથી જે સૌથી સારો હતો તેણે તેમને કહ્યું કે મેં તમને કહ્યું ન હતું કે તમે અલ્લાહની પવિત્રતા શા માટે વર્ણવતા નથી ?

قَالُوۡا سُبۡحٰنَ رَبِّنَاۤ اِنَّا كُنَّا ظٰلِمِيۡنَ ﴿۲۹﴾

(૨૯) (ત્યારે તેઓ) કહેવા લાગ્યા કે અમારો પરવરદિગાર પાક છે, બેશક અમેજ ઝુલમગાર હતા.

فَاَقْبَلَ بَعْضُهُمْ عَلٰى بَعْضٍ يَّتَلَاوَمُوْنَ ۝٣٠

(30) હવે લાગ્યા એકબીજાને ઠપકો આપવા.

قَالُوْا يٰوَيْلَنَآ اِنَّا كُنَّا طٰغِيْنَ ۝٣١

(૩૧) અને કહેવા લાગ્યા કે હાય દુર્દશા અમારી! ખરેખરજ અમે શિરજોર હતા.

عَسٰى رَبُّنَآ اَنْ يُّبْدِلَنَا خَيْرًا مِّنْهَآ اِنَّآ اِلٰى رَبِّنَا رٰغِبُوْنَ ۝٣٢

(૩૨) કદાચને અમારો પરવરદિગાર એના બદલામાં અમને એ કરતાંય સરસ આપે, બેશક

અમે અમારા પરવરદિગાર તરફ (આસ્થાપૂર્વક) રજૂ થઇએ છીએ.

كَذٰلِكَ الۡعَذَابُ ؕ وَلَعَذَابُ الۡاٰخِرَةِ اَكۡبَرُ ۘ لَوۡ كَانُوۡا يَعۡلَمُوۡنَ ﴿۳۳﴾

(33) અઝાબ પણ એવોજ હોય છે; અને આખેરતનો અઝાબ (એ કરતાં) કેટલોય વધારે છે, જો તેઓ સમજતા હોય તો.

اِنَّ لِلۡمُتَّقِيۡنَ عِنۡدَ رَبِّهِمۡ جَنّٰتِ النَّعِيۡمِ ﴿۳۴﴾

(34) બેશક પરહેઝગારો માટે તેમના પરવરદિગાર પાસે નેઅમતોવાળી જન્નતો છે.

اَفَنَجۡعَلُ الۡمُسۡلِمِيۡنَ كَالۡمُجۡرِمِيۡنَ ﴿۳۵﴾

(૩૫) શું અમે ફરમાબરદારોને ગુનેહગારો જેવા કરી દઇશું ?

مَا لَكُمْ ۗ كَيْفَ تَحْكُمُوْنَ ۚ﴿٣٦﴾

(૩૬) તમને શું થઇ ગયું છે ? કેવો ન્યાય કરો છો ?

اَمْ لَكُمْ كِتٰبٌ فِيْهِ تَدْرُسُوْنَ ۙ﴿٣٧﴾

(૩૭) અથવા શું તમારી પાસે કોઇ કિતાબ છે કે જેમાં તમે પઢો છોઃ

اِنَّ لَكُمْ فِيْهِ لَمَا تَخَيَّرُوْنَ ۚ﴿٣٨﴾

(૩૮) કે જે કાંઇ તમે પસંદ કરશો તેજ તેમાં છે ?

اَمۡ لَكُمۡ اَيۡمَانٌ عَلَيۡنَا بَالِغَةٌ اِلٰى يَوۡمِ الۡقِيٰمَةِ ۙ اِنَّ لَكُمۡ لَمَا
تَحۡكُمُوۡنَ ۚ﴿۳۹﴾

(૩૯) અથવા શું તમોએ અમારી પાસે સોગંદ લેવડાવ્યા છે કે જે કયામત સુધી ચાલ્યા કરશે કે જે કાંઇ તમે હુકમ કરશો તે તમને જરૂર મળી જશે ?

سَلۡهُمۡ اَيُّهُمۡ بِذٰلِكَ زَعِيۡمٌ ۚ﴿۴۰﴾

(૪૦) (અય રસૂલ !) તેમને પૂછ કે તેઓમાંથી તેનો જામીન કોણ થશે ?

اَمۡ لَهُمۡ شُرَكَآءُ ۚ فَلۡيَاۡتُوۡا بِشُرَكَآئِهِمۡ اِنۡ كَانُوۡا صٰدِقِيۡنَ ﴿۴۱﴾

(૪૧) અથવા તેના શરીકો પણ છે? પછી જો આ (લોકો) સાચા છે તો પોતાના તે શરીકોને લઇ આવે.

يَوْمَ يُكْشَفُ عَنْ سَاقٍ وَّيُدْعَوْنَ اِلَى السُّجُوْدِ فَلَا يَسْتَطِيْعُوْنَ ﴿۴۲﴾

(૪૨) જે દિવસે પીંડળીઓ ઉઘાડવામાં આવશે (વસ્તુ સ્થિતિ જાહેર થઇ જશે) અને તેમને સિજદા માટે બોલાવવામાં આવશે પણ તેઓ (સિજદો) કરી શકશે નહિ.

خَاشِعَةً اَبْصَارُهُمْ تَرْهَقُهُمْ ذِلَّةٌ ؕ وَقَدْ كَانُوْا يُدْعَوْنَ اِلَى السُّجُوْدِ وَهُمْ سٰلِمُوْنَ ﴿۴۳﴾

(૪૩) તેમની આંખો ઢળેલી હશે, અને હીણપત તેમના પર છવાયેલી હશે; જો કે આ (લોકો)ને દુનિયામાં પણ સિજદા માટે બોલાવવામાં આવતા હતા એવી સ્થિતિમાં કે તેઓ તંદુરસ્ત પણ હતા.

فَذَرۡنِیۡ وَمَنۡ یُّکَذِّبُ بِهٰذَا الۡحَدِیۡثِ ؕ سَنَسۡتَدۡرِجُهُمۡ مِّنۡ حَیۡثُ لَا یَعۡلَمُوۡنَ ﴿۴۴﴾

(૪૪) હવે તેને કે જે આ વાતને જૂઠલાવે છે મારા પર છોડી દે (કે હું તેને સમજી લઇશ); અમે ધીમે ધીમે તેમને અઝાબની પાસે એવી રીતે કરી દઇશું કે તેમને ખબર પણ નહિપડે.

وَاُمۡلِیۡ لَهُمۡ ؕ اِنَّ کَیۡدِیۡ مَتِیۡنٌ ﴿۴۵﴾

(૪૫) અને હું તેમને ઢીલ આપતો રહું છું; બેશક મારી યુક્તિ ડગે નહિ એવી છે.

اَمْ تَسْـَٔلُهُمْ اَجْرًا فَهُمْ مِّنْ مَّغْرَمٍ مُّثْقَلُوْنَ ﴿٤٦﴾

(૪૬) અથવા તું તેમનાથી (સંદેશો પહોંચાડવાનું) કાંઇ મહેનતાણું માંગે છે કે જેથી તેઓ દંડના ભારથી દબાઇ જાય છે?

اَمْ عِنْدَهُمُ الْغَيْبُ فَهُمْ يَكْتُبُوْنَ ﴿٤٧﴾

(૪૭) અથવા તેમની પાસે ગેબની ખબરો છે કે તેઓ લખી લે છે ?

فَاصْبِرْ لِحُكْمِ رَبِّكَ وَلَا تَكُنْ كَصَاحِبِ الْحُوْتِ ۘ اِذْ نَادٰى وَهُوَ مَكْظُوْمٌ ﴿٤٨﴾

(૪૮) (માટે) તું હવે તારા પરવરદિગારના ફૅંસલાની રાહ જોવામાં ધીરજ ધર અને માછલીવાળા (યુનુસ)ના જેવો (અધીરો) થઇ ન જા, જ્યારે કે તેણે (અલ્લાહને) પોકાર્યો હતો એવી સ્થિતિમાં કે તે અતિ ગુસ્સામાં હતો.

لَوۡلَاۤ اَنۡ تَدٰرَكَهٗ نِعۡمَةٌ مِّنۡ رَّبِّهٖ لَنُبِذَ بِالۡعَرَآءِ وَهُوَ مَذۡمُوۡمٌ ﴿٤٩﴾

(૪૯) જો તેના પરવરદિગારની મહેરબાનીએ તેને સહાય કરી ન હોત તો ખરેજ તે સપાટ મેદાનમાં ફૅંકી દેવાયો હોત અને તે ઠપકાને પાત્ર ઠર્યો હોત (અર્થાત તેની ખરાબ દશા થવા પામી હોત).

فَاجۡتَبٰهُ رَبُّهٗ فَجَعَلَهٗ مِنَ الصّٰلِحِيۡنَ ﴿٥٠﴾

(૫૦) પરંતુ તેના પરવરદિગારે પસંદ કરી લીધો અને તેને નેક બંદાઓમાં શામિલ કરી દીધો.

وَاِنۡ يَّكَادُ الَّذِيۡنَ كَفَرُوۡا لَيُزۡلِقُوۡنَكَ بِاَبۡصَارِهِمۡ لَمَّا سَمِعُوا
الذِّكۡرَ وَيَقُوۡلُوۡنَ اِنَّهٗ لَمَجۡنُوۡنٌ ۝٥١

(૫૧) જે વખતે નાસ્તિકો કુરઆનને સાંભળે છે ત્યારે એમ દેખાય છે કે તેઓ તને ઘુરકીને જોતાં (રાહે રાસ્તથી) ભટકાવી નાખશે, અને તેઓ કહે છે કે ખરેજ આ તો દીવાનો છે.

وَمَا هُوَ اِلَّا ذِكۡرٌ لِّلۡعٰلَمِيۡنَ ۝٥٢

(૫૨) જો કે ખરૂં જોતાં તે (કુરઆન) તો સઘળી દુનિયાઓ માટે નસીહત છે.

اَلۡحَآقَّةُ ۙ﴿۱﴾

(૧) તે ખરેખરજ સાબિત (કયામત) થયેલીઃ

مَا الۡحَآقَّةُ ۚ﴿۲﴾

(૨) તે ખરેખરજ સાબિત થયેલ શું છે ?

وَمَاۤ اَدۡرٰىكَ مَا الۡحَآقَّةُ ؕ﴿۳﴾

(3) અને તું શું સમજ્યો કે તે ખરેખરજ સાબિત થયેલ શું છે!

كَذَّبَتۡ ثَمُوۡدُ وَعَادٌۢ بِالۡقَارِعَةِ ﴿۴﴾

(૪) સમૂદ તથા આદ (ની કોમ)એ તો તે તબાહ કરનારી (કયામત)ને જૂઠલાવી હતી.

فَاَمَّا ثَمُوْدُ فَاُهْلِكُوْا بِالطَّاغِيَةِ ۝٥

(૫) પછી સમૂદ (ની કોમ)નો તો એક ભયંકર ગર્જનાથી નાશ કરવામાં આવ્યો.

وَاَمَّا عَادٌ فَاُهْلِكُوْا بِرِيْحٍ صَرْصَرٍ عَاتِيَةٍ ۝٦

(૬) અને રહ્યા આદ (ના લોકો) તો તેઓ ઘુઘવાટ કરતા એક જોરાવર વંટોળીયા વડે નાશ પામ્યા

سَخَّرَهَا عَلَيْهِمْ سَبْعَ لَيَالٍ وَّثَمٰنِيَةَ اَيَّامٍ ۙ حُسُوْمًا فَتَرَى الْقَوْمَ فِيْهَا صَرْعٰى ۙ كَاَنَّهُمْ اَعْجَازُ نَخْلٍ خَاوِيَةٍ ۝٧

(૭) કે જે વંટોળીયું અલ્લાહે સતત સાત રાત અને આઠ દિવસ (સુધી) તેમના પર ચાલુ રાખ્યું, જેથી તું તે લોકોને તેમાં એવી રીતે ઊંધા મોંઢે પડેલા

જોતે કે જાણે તેઓ ખજૂરીના પોકળ (પોલાં) થડ હોય.

فَهَلۡ تَرٰى لَهُمۡ مِّنۡۢ بَاقِيَةٍ ۝٨

(૮) હવે તને તેમનામાંથી કોઇ બાકી રહેલું નજરે પડે છે?

وَجَآءَ فِرۡعَوۡنُ وَمَنۡ قَبۡلَهٗ وَالۡمُؤۡتَفِكٰتُ بِالۡخَاطِئَةِ ۝٩

(૯) અને ફિરઔન તથા તેની પૂર્વેના લોકો તથા ઊંધી વળી ગયેલી (લૂતની) વસ્તીઓવાળાએ પણ ગુનાહ કર્યા હતા.

فَعَصَوۡا رَسُوۡلَ رَبِّهِمۡ فَاَخَذَهُمۡ اَخۡذَةً رَّابِيَةً ۝١٠

(૧૦) અને તેમણે તેમના રબના રસૂલની નાફરમાની કરી તો તેણે પણ તેમની ઘણીજ આકરી ધરપકડ કરી.

اِنَّا لَمَّا طَغَا الْمَآءُ حَمَلْنٰكُمْ فِى الْجَارِيَةِ ﴿١١﴾

(૧૧) આ અમે જ હતા કે જ્યારે પાણીએ જોશ માર્યો ત્યારે અમોએ તમને હોડીમાં સવાર કરી દીધા:

لِنَجْعَلَهَا لَكُمْ تَذْكِرَةً وَّتَعِيَهَآ اُذُنٌ وَّاعِيَةٌ ﴿١٢﴾

(૧૨) કે જેથી અમે તે (બનાવ)ને તમારા માટે એક યાદગીરી બનાવીએ, અને એક યાદ રાખવાની (યોગ્યતા ધરાવનારા) કાન તેને યાદ રાખે,

فَاِذَا نُفِخَ فِی الصُّوۡرِ نَفۡخَۃٌ وَّاحِدَۃٌ ﴿۱۳﴾ۙ

(૧૩) પછી જ્યારે સૂરમાં એક ફૂંક મારવામાં આવશેઃ

وَّ حُمِلَتِ الۡاَرۡضُ وَ الۡجِبَالُ فَدُکَّتَا دَکَّۃً وَّاحِدَۃً ﴿۱۴﴾ۙ

(૧૪) અને જમીન તથા પહાડ ઊંચકી લેવામાં આવશે, પછી એકદમ (પરસ્પર અથડાવી) કટકે કટકા કરી દેવામાં આવશેઃ

فَیَوۡمَئِذٍ وَّقَعَتِ الۡوَاقِعَۃُ ﴿۱۵﴾ۙ

(૧૫) બસ, એ જ દિવસે તે મહાન બનાવ (કયામત) ઉપસ્થિત થશેઃ

وَ انۡشَقَّتِ السَّمَآءُ فَہِیَ یَوۡمَئِذٍ وَّاہِیَۃٌ ﴿۱۶﴾ۙ

(૧૬) અને આસમાન ફાટી જશે, પછી તે દિવસે તે તદ્દન કમજોર થઇજશેઃ

وَّالْمَلَكُ عَلٰٓى اَرْجَآئِهَا ؕ وَيَحْمِلُ عَرْشَ رَبِّكَ فَوْقَهُمْ يَوْمَئِذٍ ثَمٰنِيَةٌ ؕ﴿۱۷﴾

(૧૭) અને ફરિશ્તાઓ તેમના કીનારાઓ ઉપર હશે; અને તારા પરવરદિગારના અર્શ (સિંહાસન)ને તે દિવસે આઠ (ફરિશ્તાઓ) પોતાના (માથા) ઉપર ઊંચકી રાખશેઃ

يَوْمَئِذٍ تُعْرَضُوْنَ لَا تَخْفٰى مِنْكُمْ خَافِيَةٌ ﴿۱۸﴾

(૧૮) તે દિવસે તમે (સર્વે અલ્લાહની હજૂરમાં) હાજર કરી દેવામાં આવશો, અને તમારો કોઇ ભેદ છુપો રહેશે નહિ.

فَاَمَّا مَنۡ اُوۡتِىَ كِتٰبَهٗ بِيَمِيۡنِهٖ ۙ فَيَقُوۡلُ هَآؤُمُ اقۡرَءُوۡا كِتٰبِيَهۡ ۟ۚ ﴿۱۹﴾

(૧૯) પછી તે શખ્સ કે જેનું લખાણ તેના જમણા હાથમાં આપવામાં આવશે તે તો આ કહેતો હશે કે આવો, મારા લખાણને વાંચો.

اِنِّىۡ ظَنَنۡتُ اَنِّىۡ مُلٰقٍ حِسَابِيَهۡ ۟ۚ ﴿۲۰﴾

(૨૦) હું તો ખાત્રી રાખતો હતો કે મારો હિસાબ મને મળશે.

فَهُوَ فِيۡ عِيۡشَةٍ رَّاضِيَةٍ ﴿۲۱﴾

(૨૧) પછી તો તે (જન્નતમાં) સુખી જિંદગી ભોગવશેઃ

فِيۡ جَنَّةٍ عَالِيَةٍ ﴿۲۲﴾

(૨૨) આલીશાન બાગમાંઃ

قُطُوۡفُهَا دَانِيَةٌ ﴿۲۳﴾

(૨૩) કે જેના ફળો (જૂકી જઇ) એકદમ પાસે (થયેલા) હશે.

كُلُوۡا وَاشۡرَبُوۡا هَنِيۡٓـئًا ۢبِمَاۤ اَسۡلَفۡتُمۡ فِى الۡاَيَّامِ الۡخَالِيَةِ ﴿۲۴﴾

(૨૪) (તેમને કહેવામાં આવશે કે) ભૂતકાળમાં તમે પ્રથમ જે જે કાંઇ કરી ચૂક્યા છો તેના બદલામાં હવે સુખેથી ખાઓપીઓ.

وَاَمَّا مَنۡ اُوۡتِیَ كِتٰبَهٗ بِشِمَالِهٖ ۙ فَيَقُوۡلُ يٰلَيۡتَنِىۡ لَمۡ اُوۡتَ كِتٰبِيَهۡ‏ ﴿۲۵﴾

(૨૫) અને રહ્યો તે કે જેનું લખાણ તેના ડાબા હાથમાં આપવામાં આવશે ત્યારે તે કહેશે કે કેવું સારૂં થાત કે મારૂં લખાણજ મને આપવામાં આવ્યું ન હોત.

وَلَمۡ اَدۡرِ مَا حِسَابِيَهۡ‏ ﴿۲۶﴾

(૨૬) અને મારો હિસાબ શો છે તે પણ મેં જાણ્યું ન હોત !

يٰلَيۡتَهَا كَانَتِ الۡقَاضِيَةَ ۚ‏﴿۲۷﴾

(૨૭) અને મૃત્યુએ (મારો સમુળગો) ફેંસલો કરી નાખ્યો હોત તો ઠીક થાત!

مَاۤ اَغۡنٰى عَنِّىۡ مَالِيَهۡ ۚ‏﴿۲۸﴾

(૨૮) (અફસોસ) મારી સંપતિ તો મારા કશા કામમાં ન આવી.

هَلَكَ عَنِّىۡ سُلۡطٰنِيَهۡ ۚ‏﴿۲۹﴾

(૨૯) મારી સત્તા પણ મારી પાસેથી ચાલી ગઇ.

خُذُوۡهُ فَغُلُّوۡهُ ۙ‏﴿۳۰﴾

(30) (આજ્ઞા થશે કે) એને પકડો, પછી તેના ગળામાં તોક (સાંકળ) નાખો:

ثُمَّ الْجَحِيْمَ صَلُّوْهُ ﴿٣١﴾

(૩૧) પછી તેને જહન્નમમાં હોમી દો ꣳ:

ثُمَّ فِيْ سِلْسِلَةٍ ذَرْعُهَا سَبْعُوْنَ ذِرَاعًا فَاسْلُكُوْهُ ﴿٣٢﴾

(૩૨) પછી એક એવી સાંકળમાં કે જેની લંબાઇ સિત્તેર હાથની હોય તેને જકડી દો.

اِنَّهٗ كَانَ لَا يُؤْمِنُ بِاللّٰهِ الْعَظِيْمِ ﴿٣٣﴾

(૩૩) એ જ તે છે કે જે બુઝુર્ગીવાળા અલ્લાહ પર ઇમાન લાવતો ન હતો ꣳ:

وَلَا يَحُضُّ عَلٰى طَعَامِ الْمِسْكِيْنِ ﴿٣٤﴾

(૩૪) અને ન નિરાધારોને ખવડાવવા માટે (લોકોને) ઉત્તેજન આપતો હતો.

فَلَيْسَ لَهُ الْيَوْمَ هٰهُنَا حَمِيْمٌ ﴿٣٥﴾

(૩૫) માટે અહીં આજે ન તેનો કોઇ દિલસોઝ મિત્ર છે ઃ

وَّلَا طَعَامٌ اِلَّا مِنْ غِسْلِيْنٍ ﴿٣٦﴾

(૩૬) અને ન પરૂના સિવાય (તેનો) કોઇ બીજો ખોરાક ઃ

لَّا يَاْكُلُهٗۤ اِلَّا الْخَاطِـُٔوْنَ ﴿٣٧﴾

(૩૭) જે ગુનેહગારો સિવાય અન્ય કોઇ ખાશે નહિ.

فَلَاۤ اُقْسِمُ بِمَا تُبْصِرُوْنَ ﴿٣٨﴾

(૩૮) માટે તે (વસ્તુઓ)ની કસમ કે જે તમે જુઓ છો ꣳ

وَمَا لَا تُبْصِرُوْنَ ﴿٣٩﴾

(૩૯) અને તેની પણ કે જે તમે જોતા નથી ꣳ

اِنَّهٗ لَقَوْلُ رَسُوْلٍ كَرِيْمٍ ﴿٤٠﴾

(૪૦) ખરેખરજ આ (કુરઆન) એક માનવંત ફરિશ્તાએ લાવેલો સંદેશો છેઃ

وَّمَا هُوَ بِقَوْلِ شَاعِرٍ ؕ قَلِيْلًا مَّا تُؤْمِنُوْنَ ﴿٤١﴾

(૪૧) અને આ કોઇ કવિના શબ્દો નથી, પણ તમે લોકો ઘણો થોડો વિશ્વાસ રાખો છોઃ

وَلَا بِقَوْلِ كَاهِنٍ ؕ قَلِيْلًا مَّا تَذَكَّرُوْنَ ﴿٤٢﴾

(૪૨) અને ન આ કોઇ જ્યોતિષની (કલ્પીત) વાતો છે; (પરંતુ) તમે લોકો ઘણો થોડો વિચાર કરોછો.

تَنۡزِيۡلٌ مِّنۡ رَّبِّ الۡعٰلَمِيۡنَ ﴿۴۳﴾

(૪૩) આ (કુરઆન) તો તમામ જગતના પરવરદિગાર તરફથી ઉતારવામાં આવ્યું છે.

وَلَوۡ تَقَوَّلَ عَلَيۡنَا بَعۡضَ الۡاَقَاوِيۡلِ ﴿۴۴﴾

(૪૪) અને જો (રસૂલે) અમારી વિરૂદ્ધ કોઇ વાત ઉપજાવી કાઢી હોત ઃ

لَاَخَذۡنَا مِنۡهُ بِالۡيَمِيۡنِ ﴿۴۵﴾

(૪૫) તો અમોએ તેનો હાથ પકડી લીધો હોતઃ

ثُمَّ لَقَطَعۡنَا مِنۡهُ الۡوَتِيۡنَ ﴿۴۶﴾

(૪૬) પછી અમોએ તેની ધોરી રગ જરૂર કાપી નાખી હોત ઃ

فَمَا مِنْكُمْ مِّنْ اَحَدٍ عَنْهُ حٰجِزِيْنَ ﴿٤٧﴾

(૪૭) તો તમારામાંથી કોઇ પણ (અમને) તેમ કરતાં અટકાવી શક્યો નહોત.

وَاِنَّهٗ لَتَذْكِرَةٌ لِّلْمُتَّقِيْنَ ﴿٤٨﴾

(૪૮) અને એમાં શક નથી કે આ (કુરઆન) પરહેઝગારો માટે નસીહત છે.

وَاِنَّا لَنَعْلَمُ اَنَّ مِنْكُمْ مُّكَذِّبِيْنَ ﴿٤٩﴾

(૪૯) અને આ પણ અમે અવશ્ય જાણીએ છીએ કે તમારામાંથી કેટલાક જૂઠલાવનારા છે.

وَإِنَّهُۥ لَحَسۡرَةٌ عَلَى ٱلۡكَٰفِرِينَ ٥٠

(૫૦) અને એમાં શંકા નથી કે આ (કુરઆન) નાસ્તિકો માટે ખેદ (નું કારણ) છે.

وَإِنَّهُۥ لَحَقُّ ٱلۡيَقِينِ ٥١

(૫૧) અને ખરેખર જ આ ખાત્રીપૂર્વક સત્ય છે.

فَسَبِّحۡ بِٱسۡمِ رَبِّكَ ٱلۡعَظِيمِ ٥٢

(૫૨) માટે (અય રસૂલ !) તું તારા મહાન રબના નામની તસ્બીહ કર.

سَاَلَ سَآىِٕلٌۢ بِعَذَابٍ وَّاقِعٍۙ ﴿١﴾

(૧) એક માંગણી કરનારે આવનારા અઝાબની માંગણી કરીઃ

لِّلۡكٰفِرِيۡنَ لَيۡسَ لَهٗ دَافِعٌۙ ﴿٢﴾

(૨) કે જે (અઝાબ)ને નાસ્તિકો ઉપર આવતા કોઇ ટાળી શકનાર નથી ઃ

مِّنَ اللّٰهِ ذِى الۡمَعَارِجِؕ ﴿٣﴾

(3) અલ્લાહ તરફથી કે જે (ફરિશ્તાઓ માટે) પગથીયા (દરજ્જા) નક્કી કરનારો છે.

تَعۡرُجُ الۡمَلٰٓـئِكَةُ وَالرُّوۡحُ اِلَيۡهِ فِىۡ يَوۡمٍ كَانَ مِقۡدَارُهٗ خَمۡسِيۡنَ
اَلۡفَ سَنَةٍ‌ۚ ﴿۴﴾

(૪) કે જે (પગથીયા)નાં (માર્ગ) દ્વારા ફરિશ્તા તથા રૂહ (જિબ્રઇલ) એક દિવસમાં તેની તરફ ચઢી જાય છે કે જે (દિવસ)નો અંદાજો પચાસ હજાર વર્ષનો છે.

فَاصۡبِرۡ صَبۡرًا جَمِيۡلًا ﴿۵﴾

(૫) હવે તું ઘણી જ સારી રીતે સહન કરતો રહે.

اِنَّهُمۡ يَرَوۡنَهٗ بَعِيۡدًا ۙ﴿۶﴾

(૬) ખરેખર જ આ લોકો તો તે (કયામત)ને દૂર જ સમજે છે ઃ

وَّنَرٰىهُ قَرِيۡبًا ۷ؕ

(૭) અને અમે તેને પાસે જોઇએ છીએ.

يَوۡمَ تَكُوۡنُ السَّمَآءُ كَالۡمُهۡلِ ۸ۙ

(૮) જે દિવસે આસમાન પીગળેલા ત્રાંબા જેવું થઇ જશે ઃ

وَتَكُوۡنُ الۡجِبَالُ كَالۡعِهۡنِ ۹ۙ

(૯) અને પહાડો રંગબેરંગી ઉનના જેવા થઇ જશેઃ

وَلَا يَسۡـَٔلُ حَمِيۡمٌ حَمِيۡمًا ۱۰ۚۖ

(૧૦) અને (તે દિવસે) કોઇ એક સગો (બીજા) કોઇ સગાને પૂછશે નહિ ઃ

يُّبَصَّرُوْنَهُمْ ۭ يَوَدُّ الْمُجْرِمُ لَوْ يَفْتَدِيْ مِنْ عَذَابِ
يَوْمِىٕذٍۭ بِبَنِيْهِ ۝١١ۙ

(૧૧) જો કે તેઓ એક બીજાને દેખાડવામાં આવશે; અને ગુનેહગાર એવી ઇચ્છા કરશે કે તે આ દિવસના અઝાબથી બચવા માટે પોતાના છોકરાં બદલામાં આપે ઃ

وَصَاحِبَتِهٖ وَاَخِيْهِ ۝١٢ۙ

(૧૨) તેમજ પોતાની પત્ની તથા ભાઇને પણ ઃ

وَفَصِيْلَتِهِ الَّتِيْ تُـــٔوِيْهِ ۝١٣ۙ

(૧૩) અને પોતાના નિકટના કુટુંબને પણ કે જેના આશ્રય હેઠળ તે હતો ઃ

وَمَنْ فِي الْاَرْضِ جَمِيْعًا ۙ ثُمَّ يُنْجِيْهِ ﴿١٤﴾

(૧૪) અને જમીન (માત્ર)માં જે કોઈ છે તેને પણ, (એવી આશાએ) કે તે તેને તે (અઝાબ)થી બચાવી લે:

كَلَّا ۭ اِنَّهَا لَظٰى ﴿١٥﴾

(૧૫) પણ હરગિજ તેમ થશે નહિ; તે (જહન્નમની આગ) તો ભયંકર જવાળા છે:

نَزَّاعَةً لِّلشَّوٰى ﴿١٦﴾

(૧૬) જે માથાંની ચામડી (બાળીને) ઉડાડી નાખનારી છે:

تَدْعُوْا مَنْ اَدْبَرَ وَتَوَلّٰى ﴿١٧﴾

(૧૭) આ (જહન્નમ) તે લોકોને બોલાવતી હશે કે જેમણે (સત્યધર્મ તરફથી) પીઠ ફેરવી અને મોઢું ફેરવ્યુંઃ

وَجَمَعَ فَأَوْعَىٰ ﴿١٨﴾

(૧૮) અને સંપતિનો સંગ્રહ કર્યો, પછી તે (અલ્લાહના માર્ગમાં ખરચ ન કરતાં) સંભાળી રાખી.

إِنَّ الْإِنسَانَ خُلِقَ هَلُوعًا ﴿١٩﴾

(૧૯) બેશક ઇન્સાન (સ્વભાવે) ઉતાવળો પેદા કરવામાં આવ્યો છે ઃ

إِذَا مَسَّهُ الشَّرُّ جَزُوعًا ﴿٢٠﴾

(૨૦) જ્યારે તેના પર કોઇ સંકટ (આવી) પડે છે ત્યારે ઘણો ગભરાઇ જાય છે ૦:

وَّاِذَا مَسَّهُ الْخَيْرُ مَنُوْعًا ﴿٢١﴾

(૨૧) અને જ્યારે તેને કોઇ લાભ પોહંચે છે તો તે (વધુ) લોભ કરવા માંડે છેઃ

اِلَّا الْمُصَلِّيْنَ ﴿٢٢﴾

(૨૨) સિવાય કે જે નમાઝ પઢનારા છે ૦:

الَّذِيْنَ هُمْ عَلٰى صَلَاتِهِمْ دَآئِمُوْنَ ﴿٢٣﴾

(૨૩) કે જે પોતાની નમાઝો પર હંમેશા કાયમ રહેનારા છે ૦:

وَالَّذِيْنَ فِيْٓ اَمْوَالِهِمْ حَقٌّ مَّعْلُوْمٌ ﴿٢٤﴾

(૨૪) અને જેમના માલમાં એક નક્કી કરેલો ભાગ હોય છે ઃ

لِّلسَّآئِلِ وَالْمَحْرُوْمِ ﴿٢٥﴾

(૨૫) માંગનારા અને (શરમના કારણે) નહિ માંગનારાઓનોઃ

وَالَّذِيْنَ يُصَدِّقُوْنَ بِيَوْمِ الدِّيْنِ ﴿٢٦﴾

(૨૬) અને જેઓ ફેંસલાના દિવસને સાચો માને છેઃ

وَالَّذِيْنَ هُمْ مِّنْ عَذَابِ رَبِّهِمْ مُّشْفِقُوْنَ ﴿٢٧﴾

(૨૭) અને જેઓ પોતાના પરવરદિગારના અઝાબથી ડરનારા છે.

اِنَّ عَذَابَ رَبِّهِمْ غَيْرُ مَاْمُوْنٍ ﴿٢٨﴾

(૨૮) બેશક તેમના પરવરદિગારનો અઝાબ એવી વસ્તુ નથી કે તેનાથી નિર્ભય થઇ જવાયઃ

وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ۙ﴿۲۹﴾

(૨૯) અને જેઓ પોતાની શર્મગાહોનું રક્ષણ કરનારા છે ઃ

اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ
مَلُوْمِيْنَ ۚ﴿۳۰﴾

(30) સિવાય પોતાની પત્નીઓ તથા પોતાની કનીઝો, તો બેશક તેવા લોકો ઠપકાને પાત્ર નથી.

فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ ۚ﴿۳۱﴾

(૩૧) પણ જે (લોકો) તે ઉપરાંતની ઇચ્છા કરે તો એવાજ લોકો હદથી વધી જનારા છે ઃ

وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ ۙ﴿٣٢﴾

(૩૨) અને જેઓ તેમની અમાનતો તથા પોતાના વચનની કાળજી રાખનારાછે.

وَالَّذِيْنَ هُمْ بِشَهٰدٰتِهِمْ قَآئِمُوْنَ ۙ﴿٣٣﴾

(૩૩) અને જેઓ પોતાની સાક્ષીઓ પર કાયમ રહેનારા છે ઃ

وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَاتِهِمْ يُحَافِظُوْنَ ۚ﴿٣٤﴾

(૩૪) અને જેઓ પોતાની નમાઝનું રક્ષણ કરનારા છે.

أُولَٰٓئِكَ فِي جَنّٰتٍ مُّكْرَمُوْنَ ﴿٣٥﴾

(૩૫) એ જ લોકો જન્નતોમાં માન પામેલા હશે.

فَمَالِ الَّذِيْنَ كَفَرُوْا قِبَلَكَ مُهْطِعِيْنَ ﴿٣٦﴾

(૩૬) છતાં તે નાસ્તિકોને શું થઇ ગયું છે કે તેઓ તારી આસપાસ દોડી આવી ફરી વળે છે:

عَنِ الْيَمِيْنِ وَعَنِ الشِّمَالِ عِزِيْنَ ﴿٣٧﴾

(૩૭) જમણી બાજુથી તેમ ડાબી બાજુથી નાની નાની ટોળકીઓ બનીને ?

اَيَطْمَعُ كُلُّ امْرِئٍ مِّنْهُمْ اَنْ يُّدْخَلَ جَنَّةَ نَعِيْمٍ ﴿٣٨﴾

(૩૮) શું તેઓમાંથી દરેક શખ્સ એવી ઇચ્છા રાખે છે કે તેને નેઅમતવાળી જન્નતમાં દાખલ કરી દેવામાં આવે?

كَلَّا ؕ اِنَّا خَلَقۡنٰهُمۡ مِّمَّا يَعۡلَمُوۡنَ ﴿۳۹﴾

(૩૯) હરગિજ તેમ નહિ થાય; અમોએ તેમને એવી (ગંદી) વસ્તુથી ઉત્પન્ન કર્યા છે જે તેઓ જાણેછે.

فَلَاۤ اُقۡسِمُ بِرَبِّ الۡمَشٰرِقِ وَالۡمَغٰرِبِ اِنَّا لَقٰدِرُوۡنَ ﴿ۙ۴۰﴾

(૪૦) માટે પૂર્વ તથા પશ્ચિમોના પરવરદિગારની કસમ ! અમે આ વાત ઉપર જરૂર કાબૂ ધરાવીએ છીએઃ

عَلٰۤى اَنۡ نُّبَدِّلَ خَيۡرًا مِّنۡهُمۡ ۙ وَمَا نَحۡنُ بِمَسۡبُوۡقِيۡنَ ﴿۴۱﴾

(૪૧) કે તેમના બદલામાં તેમના કરતાંય બેહતર લોકો લઇ આવીએ, અને (તેમ કરતાં) અમને કોઇ હરાવી શકનાર નથી.

فَذَرۡهُمۡ يَخُوۡضُوۡا وَيَلۡعَبُوۡا حَتّٰى يُلٰقُوۡا يَوۡمَهُمُ الَّذِىۡ يُوۡعَدُوۡنَ ﴿۴۲﴾

(૪૨) માટે તું તેમને છોડી દે કે તેઓ વાતો બનાવતા રહે અને રમતા કૂદતા રહે, અહીં સુધી કે તેઓ તે દિવસનો સામનો કરે કે જેનો તેમને વાયદો કરવામાં આવે છે ઃ

يَوۡمَ يَخۡرُجُوۡنَ مِنَ الۡاَجۡدَاثِ سِرَاعًا كَاَنَّهُمۡ اِلٰى نُصُبٍ يُّوۡفِضُوۡنَ ﴿۴۳﴾

(૪૩) તે દિવસે તેઓ (પોત પોતાની) કબરોમાંથી નીકળી એવી ઝડપથી નાસતા હશે કે જાણે એક ઝંડા તરફ દોડતા જતા (ન) હોય!

خَاشِعَةً اَبۡصَارُهُمۡ تَرۡهَقُهُمۡ ذِلَّةٌ ؕ ذٰلِكَ الۡيَوۡمُ الَّذِىۡ كَانُوۡا يُوۡعَدُوۡنَ ﴿۴۴﴾

(૪૪) તેમની આંખો શરમથી ઢળેલી હશે, અને હીણપત તેમના પર પથરાએલી હશે; તે દિવસ એ જ હશે કે જેનો તેમને વાયદો કરવામાં આવતો હતો.

إِنَّآ أَرۡسَلۡنَا نُوحًا إِلَىٰ قَوۡمِهِۦٓ أَنۡ أَنذِرۡ قَوۡمَكَ مِن قَبۡلِ أَن
يَأۡتِيَهُمۡ عَذَابٌ أَلِيمٞ ١

(૧) બેશક અમોએ નૂહને તેની કોમ તરફ (એવી આજ્ઞા આપી) મોકલ્યો હતો કે તું તારી કોમ ઉપર દુ:ખદાયક અઝાબ આવે તે પહેલાં તેને ડરાવ.

قَالَ يَٰقَوۡمِ إِنِّي لَكُمۡ نَذِيرٞ مُّبِينٌ ٢

(૨) તેણે કહ્યું કે અય મારી કોમ ! નિસંદેહ હું તમારા માટે એક ખુલ્લો ડરાવનારો છું ઃ

أَنِ ٱعۡبُدُواْ ٱللَّهَ وَٱتَّقُوهُ وَأَطِيعُونِ ٣

(3) તમે અલ્લાહની ઇબાદત કરો, અને તેનાથી ડરતા રહો, અને મારૂં કહેવું માનતા રહોઃ

يَغْفِرْ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ وَيُؤَخِّرْكُمْ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ۭ اِنَّ اَجَلَ اللّٰهِ اِذَا جَاۗءَ لَا يُؤَخَّرُ ۘ لَوْ كُنْتُمْ تَعْلَمُوْنَ ۝۴

(૪) (જો એમ કરશો તો) તે તમારા કેટલાક ગુનાહ માફ કરી દેશે, અને તમને એક નિશ્ચિત સમય સુધીની મોહલત આપશે; બેશક અલ્લાહે નિશ્ચિત કરેલ વખત જ્યારે આવી પહોંચે છે ત્યારે તેને મુલતવી રાખી શકાતો નથી, અગર તમે જાણતા હો તો.

قَالَ رَبِّ اِنِّىْ دَعَوْتُ قَوْمِيْ لَيْلًا وَّنَهَارًا ۝۵ۙ

(૫) (પછી લોકોએ તેનું કહેવું ન માન્યું ત્યારે નૂહે) અરજ કરી કે અય મારા પરવરદિગાર ! મેં મારી કોમને રાત તથા દિવસ (તારી તરફ) બોલાવ્યા કરીઃ

فَلَمْ يَزِدْهُمْ دُعَآءِيٓ اِلَّا فِرَارًا ۝٦

(૬) પણ મારા બોલાવવાનું એ પરિણામ આવ્યું કે (જેટલા વધારે મેં તેમને બોલાવ્યા તેટલા) વધારે તેઓ ભાગ્યા.

وَاِنِّيْ كُلَّمَا دَعَوْتُهُمْ لِتَغْفِرَ لَهُمْ جَعَلُوْٓا اَصَابِعَهُمْ فِيْٓ اٰذَانِهِمْ
وَاسْتَغْشَوْا ثِيَابَهُمْ وَاَصَرُّوْا وَاسْتَكْبَرُوا اسْتِكْبَارًا ۝٧

(૭) અને મેં જ્યારે જ્યારે તેમને આ હેતુ માટે બોલાવ્યા કે તું તેમના ગુનાહ માફ કરે ત્યારે તેઓ પોતપોતાના કાનોમાં આંગળા નાખતા રહ્યા, ને (મારાથી સંતાવા માટે) પોતાના કપડા ઓઢી લીધાં, અને પોતાની જ વાત પર અડી રહ્યા, અને હદથી વધારે અભિમાન કરતા રહ્યા.

ثُمَّ اِنِّیۡ دَعَوۡتُهُمۡ جِهَارًا ۙ﴿۸﴾

(૮) પછી મેં તેમને મોટા અવાજે બોલાવ્યાઃ

ثُمَّ اِنِّیۡۤ اَعۡلَنۡتُ لَهُمۡ وَ اَسۡرَرۡتُ لَهُمۡ اِسۡرَارًا ۙ﴿۹﴾

(૯) પછી તેમને જાહેર રીતે પણ સમજાવ્યા, અને જોઇએ તેટલું ખાનગી રીતે પણ સમજાવ્યાઃ

فَقُلْتُ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ۭ اِنَّهٗ كَانَ غَفَّارًا ۝۱۰ۙ

(૧૦) અને કહ્યું કે તમે તમારા પરવરદિગારથી ક્ષમા માંગો, બેશક તે મહા ક્ષમાવાન છે:

يُّرْسِلِ السَّمَاۗءَ عَلَيْكُمْ مِّدْرَارًا ۝۱۱ۙ

(૧૧) તે તમારા માટે આસમાન પરથી પુષ્કળ પાણી વરસાવશે:

وَّيُمْدِدْكُمْ بِاَمْوَالٍ وَّبَنِيْنَ وَيَجْعَلْ لَّكُمْ جَنّٰتٍ وَّيَجْعَلْ لَّكُمْ اَنْهٰرًا ۝۱۲ۭ

(૧૨) અને માલ તથા ઓલાદથી પણ તમારી સહાય કરશે, અને તમારા માટે બગીચા ઉત્પન્ન કરશે, અને તમારા માટે નદીઓ વહાવશે.

مَا لَكُمْ لَا تَرْجُوْنَ لِلّٰهِ وَقَارًا ﴿١٣﴾

(૧૩) તમને શું થઇ ગયું છે કે તમે અલ્લાહ માટે આદરમાન ધરાવતા નથી ?

وَقَدْ خَلَقَكُمْ اَطْوَارًا ﴿١٤﴾

(૧૪) જો કે તેણે તમને જુદી જુદી જાતના પેદા કર્યા છે.

اَلَمْ تَرَوْا كَيْفَ خَلَقَ اللّٰهُ سَبْعَ سَمٰوٰتٍ طِبَاقًا ﴿١٥﴾

(૧૫) શું તમે આ નથી જોતા કે અલ્લાહે એક ઉપર એક (એમ) સાત આસમાનો કેવી રીતે પેદા કર્યા છે?

وَّجَعَلَ الْقَمَرَ فِيْهِنَّ نُوْرًا وَّجَعَلَ الشَّمْسَ سِرَاجًا ﴿١٦﴾

(૧૬) અને તેમાં ચંદ્રને એક પ્રકાશ બનાવ્યો છે, અને સૂર્યને એક પ્રકાશીત દીવો બનાવ્યો છે.

وَاللّٰهُ اَنْۢبَتَكُمْ مِّنَ الْاَرْضِ نَبَاتًاۙ ﴿١٧﴾

(૧૭) અને અલ્લાહે તમને વનસ્પતિની જેમ જમીનમાંથી ઉગાડ્યા છે:

ثُمَّ يُعِيْدُكُمْ فِيْهَا وَيُخْرِجُكُمْ اِخْرَاجًا ﴿١٨﴾

(૧૮) પછી તે તમને તેમાં જ પાછા ફેરવી દે છે, અને એક વખત (તેમાંથી જ પાછા) તમને કાઢશે.

وَاللّٰهُ جَعَلَ لَكُمُ الْاَرْضَ بِسَاطًاۙ ﴿١٩﴾

(૧૯) અને અલ્લાહે જમીનને તમારા માટે પાથરણું બનાવી છે ઃ

لِّتَسْلُكُوْا مِنْهَا سُبُلًا فِجَاجًا ﴿٢٠﴾

(૨૦) કે જેથી તમે તેના પહોળા પહોળા માર્ગો પર ચાલો ફરો.

قَالَ نُوْحٌ رَّبِّ اِنَّهُمْ عَصَوْنِيْ وَاتَّبَعُوْا مَنْ لَّمْ يَزِدْهُ مَالُهٗ وَوَلَدُهٗٓ اِلَّا خَسَارًا ﴿٢١﴾

(૨૧) પછી નૂહે અરજ કરી કે અય મારા રબ ! તેમણે મારી નાફરમાની કરી અને તે શખ્સની તાબેદારી કરી કે જેના માલ તથા ઓલાદે તેનું નુકસાન જ વધાર્યું છે.

وَمَكَرُوْا مَكْرًا كُبَّارًا ﴿٢٢﴾

(૨૨) અને તેઓ મોટી મોટી ચાલબાઝીઓ ચાલ્યા.

وَقَالُوْا لَا تَذَرُنَّ اٰلِهَتَكُمْ وَلَا تَذَرُنَّ وَدًّا وَّلَا سُوَاعًا ۙ وَّلَا
يَغُوْثَ وَيَعُوْقَ وَنَسْرًا ﴿۲۳﴾

(૨૩) અને તેમણે (આપસમાં) કહ્યું કે તમે તમારા માઅબૂદોને તજી દેશો નહિ (યાને) તમે વદ્દ તથા સૂવાઅ (નામની મૂર્તિઓ)ને છોડશો નહિ, તેમજ યગૂસ, યઊક તથા નસ્ર (નામની મૂર્તિઓ) ને પણ.

وَقَدْ اَضَلُّوْا كَثِيْرًا ۚ وَلَا تَزِدِ الظّٰلِمِيْنَ اِلَّا ضَلٰلًا ﴿۲۴﴾

(૨૪) અને ખરેજ તેમણે ઘણાઓને ગુમરાહ કર્યા છે, અને (અય મારા રબ !) તું એ ઝાલિમોની ગુમરાહીમાં વધારો જ કરજે.

مِمَّا خَطِيْٓـٰٔتِهِمْ اُغْرِقُوْا فَاُدْخِلُوْا نَارًا ۙ فَلَمْ يَجِدُوْا لَهُمْ مِّنْ
دُوْنِ اللّٰهِ اَنْصَارًا ﴿٢٥﴾

(૨૫) (આથી) તેઓ પોતાના ગુનાહોના કારણે ડૂબાડી દેવામાં આવ્યા, અને જહન્નમમાં નાખી દેવામાં આવ્યા, પછી તેમને અલ્લાહના સિવાય કોઇ મદદગારો મળ્યા નહિ.

وَقَالَ نُوْحٌ رَّبِّ لَا تَذَرْ عَلَى الْاَرْضِ مِنَ الْكٰفِرِيْنَ دَيَّارًا ﴿٢٦﴾

(૨૬) અને નૂહે અરજ કરી કે અય મારા પરવરદિગાર ! જમીનની સપાટી ઉપર વસનારા નાસ્તિકોમાંથી એકને પણ (બાકી) રહેવા દેજે નહિ.

إِنَّكَ إِنْ تَذَرْهُمْ يُضِلُّوْا عِبَادَكَ وَلَا يَلِدُوْٓا إِلَّا فَاجِرًا
كَفَّارًا ﴿٢٧﴾

(૨૭) જો તેં તેમને બાકી રાખ્યા તો બેશક તેઓ તારા બંદાઓને ગુમરાહ કરી દેશે અને તેઓ (માત્ર) બદકાર અને કાફિરો (નાશુક્રાઓ)ને જ જન્મ આપશે.

رَبِّ اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِمَنْ دَخَلَ بَيْتِيَ مُؤْمِنًا وَّلِلْمُؤْمِنِيْنَ
وَالْمُؤْمِنٰتِ ؕ وَلَا تَزِدِ الظّٰلِمِيْنَ إِلَّا تَبَارًا ﴿٢٨﴾

(૨૮) અય મારા રબ ! તું મને માફ કરી દે અને મારા માબાપને પણ, અને દરેક તે શખ્સને કે જે ઇમાનની હાલતમાં મારા ઘરમાં દાખલ થાય, અને

સઘળા ઇમાનદાર મરદ તથા સઘળી ઇમાનદાર સ્ત્રીઓને; અને ઝુલમગારોના સંબંધમાં વિનાશના સિવાય કાંઇજ વધારજે નહિ.

قُلۡ اُوۡحِیَ اِلَیَّ اَنَّهُ اسۡتَمَعَ نَفَرٌ مِّنَ الۡجِنِّ فَقَالُوۡۤا اِنَّا سَمِعۡنَا
قُرۡاٰنًا عَجَبًا ۙ﴿۱﴾

(૧) (અય રસૂલ !) કહે કે મારા તરફ એવી વહી કરવામાં આવી છે કે જિન્નાતોના એક ટોળાંએ (મને કુરઆનની તિલાવત કરતાં) કાન દઇ સાંભળ્યો ત્યારે કહેવા લાગ્યા કે બેશક અમોએ એક અજાયબી ભર્યું કુરઆન સાંભળ્યું છે:

یَّهۡدِیۡۤ اِلَی الرُّشۡدِ فَاٰمَنَّا بِهٖ ؕ وَلَنۡ نُّشۡرِكَ بِرَبِّنَاۤ اَحَدًا ۙ﴿۲﴾

(૨) કે જે (કુરઆન) નેકી તરફ હિદાયત કરે છે, માટે અમે તેના પર ઇમાન લઇ આવ્યા અને હવે

પછી અમે અમારા પરવરદિગારનો શરીક કોઇને હરગિજ કરીશું નહિ ׃

وَّاَنَّهٗ تَعٰلٰى جَدُّ رَبِّنَا مَا اتَّخَذَ صَاحِبَةً وَّلَا وَلَدًا ۙ۝۳

(3) અને અમારા પરવરદિગારની શાન અતિ મોટી છે, તેણે ન કોઇ પત્ની કરી છે અને ન કોઇ પુત્ર (બનાવ્યો છે)׃

وَّاَنَّهٗ كَانَ يَقُوْلُ سَفِيْهُنَا عَلَى اللّٰهِ شَطَطًا ۙ۝۴

(૪) અને આ કે અમારામાંથી (કેટલાક) મૂર્ખાઓ અલ્લાહની વિરૂધ્ધ વધારે પડતી વાતો કરતા હતા׃

وَّاَنَّا ظَنَنَّآ اَنْ لَّنْ تَقُوْلَ الْاِنْسُ وَالْجِنُّ عَلَى اللّٰهِ كَذِبًا ۙ۝۵

(૫) અને એમ સમજતા હતા કે માણસ તથા જિન્ન અલ્લાહની વિરૂધ્ધ હરગિજ જૂઠું બોલી શકેનહિઃ

وَّاَنَّهٗ كَانَ رِجَالٌ مِّنَ الْاِنْسِ يَعُوْذُوْنَ بِرِجَالٍ مِّنَ الْجِنِّ فَزَادُوْهُمْ رَهَقًا ۙ﴿۶﴾

(૬) અને બેશક અમુક માણસો જિન્નાતોમાંથી કેટલાકોનો આશ્રય લેતા હતા, જેથી તેમણે તેમની ઝુલ્મ વૃત્તિમાં વધારો જ કર્યોઃ

وَّاَنَّهُمْ ظَنُّوْا كَمَا ظَنَنْتُمْ اَنْ لَّنْ يَّبْعَثَ اللّٰهُ اَحَدًا ۙ﴿۷﴾

(૭) અને ખરેખરજ તેઓ પણ એવું ધારતા હતા જેવું કે તમે ધારો છો કે અલ્લાહ હરગિજ કોઇને (પાછા) ઉઠાડશે નહિઃ

وَّاَنَّا لَمَسۡنَا السَّمَآءَ فَوَجَدۡنٰهَا مُلِئَتۡ حَرَسًا شَدِيۡدًا

وَّشُهُبًا ۙ﴿۸﴾

(૮) અને ખરેજ જ્યારે અમે આસમાનોને અડકવા ગયા તો તેને અમોએ મહા શક્તિવાન ચોકીદારો તથા બળતા તારાઓથી ભરપૂર જોયા.

وَّاَنَّا كُنَّا نَقۡعُدُ مِنۡهَا مَقَاعِدَ لِلسَّمۡعِ ؕ فَمَنۡ يَّسۡتَمِعِ الۡاٰنَ يَجِدۡ

لَهٗ شِهَابًا رَّصَدًا ۙ﴿۹﴾

(૯) અને અમે (રસૂલુલ્લાહ સ.અ.વ.ની) અગાઉ તો (આસમાની વાતો) સાંભળવા માટે તેના કેટલાક ભાગોમાં જઇ બેસતા હતા, પણ હવે જો કોઇ

સાંભળવા માંગે તો તેના માટે તૈયાર રહેલી એક જવાળા નિહાળે છે:

وَّاَنَّا لَا نَدۡرِیۡۤ اَشَرٌّ اُرِیۡدَ بِمَنۡ فِی الۡاَرۡضِ اَمۡ اَرَادَ بِہِمۡ رَبُّہُمۡ رَشَدًا ﴿۱۰﴾

(૧૦) અને અમે (આ વ્યવસ્થાથી) એ પણ જાણતા નથી કે જે લોકો જમીનમાં છે તેમના માટે નુકસાનનો ઇરાદો રાખવામાં આવ્યો છે અથવા તેમના પરવરદિગારે તેમના સંબંધમાં કોઇ લાભનો ઇરાદો રાખ્યોછે:

وَّاَنَّا مِنَّا الصّٰلِحُوۡنَ وَمِنَّا دُوۡنَ ذٰلِکَ ؕ کُنَّا طَرَآئِقَ قِدَدًا ﴿۱۱﴾

(૧૧) અને અમારામાંથી કેટલાક તો નેક છે અને અમારામાંથી કેટલાક તેના સિવાય (યાને ગુનેહગાર); અમારામાં જ જુદા જુદા માર્ગે ચાલનારા કેટલાક ફિર્કા છે:

وَّاَنَّا ظَنَنَّآ اَنۡ لَّنۡ نُّعۡجِزَ اللّٰهَ فِى الۡاَرۡضِ وَلَنۡ نُّعۡجِزَهٗ هَرَبًا ۙ﴿۱۲﴾

(૧૨) અને અમને પણ ખાત્રી છે કે અમે અલ્લાહને ન જમીનમાં પરાજીત કરી શકીશું અને ન નાસી જઇને તેને લાચાર કરી શકીશું

وَّاَنَّا لَمَّا سَمِعۡنَا الۡهُدٰٓى اٰمَنَّا بِهٖ ‌ؕ فَمَنۡ يُّؤۡمِنۡۢ بِرَبِّهٖ فَلَا يَخَافُ بَخۡسًا وَّلَا رَهَقًا ۙ﴿۱۳﴾

(૧૩) અને અમોએ જ્યારે હિદાયત સાંભળી ત્યારે તેના પર ઇમાન લાવ્યા; પછી જે પોતાના પરવરદિગાર પર ઇમાન લાવ્યો તો તેને ન કોઇ નુકસાનનો ભય છે અને ન અન્યાય (થવા)નોઃ

وَّاَنَّا مِنَّا الْمُسْلِمُوْنَ وَمِنَّا الْقٰسِطُوْنَ ؕ فَمَنْ اَسْلَمَ فَاُولٰٓئِكَ تَحَرَّوْا رَشَدًا ﴿١٤﴾

(૧૪) અને અમારામાંથી કેટલાકો ફરમાબરદાર અને અમારામાંથી કેટલાકો નાફરમાન છે; પછી જે કોઇ આધીન થયો તો એવાજ લોકોએ સન્માર્ગ શોધી કાઢ્યો.

وَاَمَّا الْقٰسِطُوْنَ فَكَانُوْا لِجَهَنَّمَ حَطَبًا ۙ﴿١٥﴾

(૧૫) અને રહ્યા નાફરમાન, તો તેઓજ જહન્નમનું બળતણ બનશે ઃ

وَّاَنْ لَّوِ اسْتَقَامُوْا عَلَى الطَّرِيْقَةِ لَاَسْقَيْنٰهُمْ مَّآءً غَدَقًا ﴿١٦﴾

(૧૬) અને જો તેઓ સન્માર્ગ પર કાયમ રહેશે તો અમે તેમને પુષ્કળ પાણી પાતેઃ

لِّنَفْتِنَهُمْ فِيْهِ ؕ وَمَنْ يُّعْرِضْ عَنْ ذِكْرِ رَبِّهٖ يَسْلُكْهُ عَذَابًا صَعَدًا ﴿١٧﴾

(૧૭) કે જેથી અમે તેમાં તેમની અજમાઇશ કરીએ; અને જે શખ્સ પોતાના રબની યાદથી મોંઢુ ફેરવી લેશે તો તે તેને સખ્ત અઝાબમાં નાખી દેશેઃ

وَّاَنَّ الْمَسٰجِدَ لِلّٰهِ فَلَا تَدْعُوْا مَعَ اللّٰهِ اَحَدًا ﴿١٨﴾

(૧૮) અને સિજદાના સ્થાનો (મસ્જિદો) અલ્લાહને માટે જ ખાસ છે, જેથી (તેમાં) અલ્લાહની સાથે બીજા કોઇને પોકારો નહિ ◌:

وَّاَنَّهٗ لَمَّا قَامَ عَبْدُ اللّٰهِ يَدْعُوْهُ كَادُوْا يَكُوْنُوْنَ عَلَيْهِ لِبَدًا ﴿١٩﴾

(૧૯) અને જ્યારે તે અલ્લાહનો બંદો (મોહમ્મદ સ.અ.વ.) તેના પાસે દુઆ કરવા માટે ઉભો થઇ જાય છે તો લોકો (તેને ઘેરી લઇ લગભગ) વળગી પડે છે.

قُلْ اِنَّمَآ اَدْعُوْا رَبِّيْ وَلَآ اُشْرِكُ بِهٖٓ اَحَدًا ﴿٢٠﴾

(૨૦) (અય રસૂલ !) કહે કે હું તો માત્ર મારા પરવરદિગારને જ પોકારૂં છું, (અને) બીજા કોઇને તેનો શરીક બનાવતો નથી.

قُلْ اِنِّیْ لَاۤ اَمْلِكُ لَكُمْ ضَرًّا وَّلَا رَشَدًا ﴿۲۱﴾

(૨૧) કહે કે હું તમારા માટે ન નુકસાનનો અધિકાર ધરાવું છું અને ન લાભનો.

قُلْ اِنِّیْ لَنْ یُّجِیْرَنِیْ مِنَ اللّٰهِ اَحَدٌ ۙ۬ وَّلَنْ اَجِدَ مِنْ دُوْنِهٖ مُلْتَحَدًا ﴿۲۲﴾ۙ

(૨૨) કહે કે અલ્લાહ (ના અઝાબ)થી મને હરગિજ કોઇ શખસ બચાવી શકતો નથી, અને તેના સિવાય મને ક્યાંય આશરો પણ મળી શકતો નથીઃ

اِلَّا بَلٰغًا مِّنَ اللّٰهِ وَرِسٰلٰتِهٖ ؕ وَمَنْ یَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَاِنَّ لَهٗ نَارَ جَهَنَّمَ خٰلِدِیْنَ فِیْهَاۤ اَبَدًا ﴿۲۳﴾ؕ

(૨૩) (પણ મારો બચાવ માત્ર એમાંજ છે) કે હું અલ્લાહના તરફથી (હુકમો) પહોંચાડી દઉં અને તેના સંદેશા પણ; અને જે અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરશે તો નિસંદેહ તેના માટે જહન્નમની આગ છે, જેમાં તે સદાને માટે રહેશે.

حَتّٰٓى اِذَا رَاَوۡا مَا يُوۡعَدُوۡنَ فَسَيَعۡلَمُوۡنَ مَنۡ اَضۡعَفُ نَاصِرًا وَّاَقَلُّ عَدَدًا ﴿۲۴﴾

(૨૪) અહીં સુધી કે જ્યારે તેઓ તેને નિહાળશે કે જેનો તેમને વાયદો કરવામાં આવતો હતો તો તેઓ આ તરત સમજી લેશે કે કોના મદદગાર નબળા છે, અને સંખ્યાના પ્રમાણમાં કોણ વધારે ઓછા છે.

قُلْ إِنْ أَدْرِيٓ أَقَرِيبٌ مَّا تُوعَدُونَ أَمْ يَجْعَلُ لَهُۥ رَبِّيٓ أَمَدًا ﴿٢٥﴾

(૨૫) કહે કે જેનો તમને વાયદો કરવામાં આવે છે તે ઘણો પાસે છે કે મારો પરવરદિગાર તેની મુદ્દત વધારી દેશે તે હું જાણતો નથી.

عَٰلِمُ ٱلْغَيْبِ فَلَا يُظْهِرُ عَلَىٰ غَيْبِهِۦٓ أَحَدًا ﴿٢٦﴾

(૨૬) ગેબનો જાણનાર એજ છે, અને તે પોતાના ગેબ પર કોઇને વાકેફ કરતો નથી:

إِلَّا مَنِ ٱرْتَضَىٰ مِن رَّسُولٍ فَإِنَّهُۥ يَسْلُكُ مِنۢ بَيْنِ يَدَيْهِ وَمِنْ
خَلْفِهِۦ رَصَدًا ﴿٢٧﴾

(૨૭) સિવાય તે શખ્સને કે જેને રસૂલોમાંથી (ઇલ્મે ગૈબ માટે) ચૂંટી કાઢે, કારણ કે બેશક તે તેની

આગલી બાજુએથી તથા તેની પાછલી બાજુએથી ચોકીદારો નીમી દે છે ઃ

لِّيَعْلَمَ اَنْ قَدْ اَبْلَغُوْا رِسٰلٰتِ رَبِّهِمْ وَاَحَاطَ بِمَا لَدَيْهِمْ
وَاَحْصٰى كُلَّ شَيْءٍ عَدَدًا ﴿٢٨﴾

(૨૮) કે જેથી તે જાણી લે કે તેમણે પોતાના પરવરદિગારના પયગામ પહોંચાડી દીધા છે; અને જે કાંઇ તેમની પાસે છે તે સઘળું તે (નું જ્ઞાન) ઘેરી રાખે છે, અને સઘળી વસ્તુઓની સંખ્યા તે નોંધી રાખેછે.

يٰۤاَيُّهَا الْمُزَّمِّلُ ۙ﴿١﴾

(૧) અય ચાદરમાં વીંટળાએલા (રસૂલ) !

قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا ۙ﴿٢﴾

(૨) તું રાત્રે (નમાઝ માટે) ઉઠ્યા કર પણ થોડો (વખત)ઃ

نِّصْفَهٗۤ اَوِ انْقُصْ مِنْهُ قَلِيْلًا ۙ﴿٣﴾

(3) (અર્થાત) અર્ધી રાત અથવા તેથી પણ કાંઇ ઓછી કરી દે.

اَوْ زِدْ عَلَيْهِ وَرَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا ؕ﴿٤﴾

(૪) અથવા તે પર કાંઇ વધારી લે અને કુરઆનને યોગ્ય (સ્પષ્ટ) રીતે પઢ.

اِنَّا سَنُلْقِىْ عَلَيْكَ قَوْلًا ثَقِيْلًا ﴿٥﴾

(૫) નજીકમાં જ અમે તારા પર એક ભારે હુકમનો બોજો નાખીશું.

اِنَّ نَاشِئَةَ الَّيْلِ هِىَ اَشَدُّ وَطْاً وَّاَقْوَمُ قِيْلًا ﴿٦﴾ؕ

(૬) બેશક રાતનું ઉઠવું (મનોવિકારને) ઘણી સખત (રીતે) છુંદી નાખનાર છે, અને શુદ્ધ સ્પષ્ટ ઉચ્ચાર કરવામાં વધારે સહાય કરે છે.

اِنَّ لَكَ فِى النَّهَارِ سَبْحًا طَوِيْلًا ﴿٧﴾ؕ

(૭) બેશક તારા માટે દિવસમાં લાંબી રોકાણો રહે છે.

وَاذْكُرِ اسْمَ رَبِّكَ وَتَبَتَّلْ إِلَيْهِ تَبْتِيلًا ۝٨

(૮) માટે (રાત્રિના સમયે) તું તારા પરવરદિગારના નામનું રટણ કર્યા કર, અને સર્વે રીતે તેનો જ થઇને તેનું જ ધ્યાન ધર.

رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ لَا إِلَٰهَ إِلَّا هُوَ فَاتَّخِذْهُ وَكِيلًا ۝٩

(૯) તે પૂર્વ તથા પશ્ચિમનો માલિક છે, તેના સિવાય કોઇ માઅબૂદ નથી, માટે તું તેનેજ (તારો) કાર્યસાધક બનાવીલે.

وَاصْبِرْ عَلَىٰ مَا يَقُولُونَ وَاهْجُرْهُمْ هَجْرًا جَمِيلًا ۝١٠

(૧૦) અને તે લોકો કે જે કાંઇ કહે છે તેના પર સબ્ર કર, અને યોગ્ય રીતે તેમનો સહવાસ છોડી દે.

وَذَرۡنِيۡ وَالۡمُكَذِّبِيۡنَ اُولِى النَّعۡمَةِ وَمَهِّلۡهُمۡ قَلِيۡلًا ﴿۱۱﴾

(૧૧) અને જૂઠલાવનારા ધનવાનોથી બદલો લેવાનું મારા ઉપર છોડી દે, અને તેમને થોડીક મોહલત આપ.

اِنَّ لَدَيۡنَاۤ اَنۡكَالًا وَّجَحِيۡمًا ﴿۱۲﴾

(૧૨) બેશક અમારી પાસે ભારે ભારે બેડીઓ છે અને બાળી નાખનારી આગ પણ:

وَّطَعَامًا ذَا غُصَّةٍ وَّعَذَابًا اَلِيۡمًا ﴿۱۳﴾

(૧૩) અને ગળામાં ફસી જનાર ખોરાક અને દુ:ખદાયક અઝાબ પણ:

يَوۡمَ تَرۡجُفُ الۡاَرۡضُ وَالۡجِبَالُ وَكَانَتِ الۡجِبَالُ كَثِيۡبًا مَّهِيۡلًا ﴿۱۴﴾

(૧૪) (તે દિવસ કે) જે દિવસે જમીન તથા પહાડ ધ્રુજવા લાગશે અને પર્વતો વિખરાએલી રેતીના ઢગ થઇ જશે.

اِنَّاۤ اَرۡسَلۡنَاۤ اِلَيۡكُمۡ رَسُوۡلًا ۙ شَاهِدًا عَلَيۡكُمۡ كَمَاۤ اَرۡسَلۡنَاۤ اِلٰى فِرۡعَوۡنَ رَسُوۡلًا ﴿۱۵﴾

(૧૫) બેશક અમોએ તમારા તરફ એક રસૂલ તમારી સ્થિતિની સાક્ષી આપનાર તરીકે મોકલ્યો

છે, જેવી રીતે કે અમોએ ફિરઔનની તરફ રસૂલ મોકલ્યો હતો.

فَعَصٰى فِرْعَوْنُ الرَّسُوْلَ فَاَخَذْنٰهُ اَخْذًا وَّبِيْلًا ﴿١٦﴾

(૧૬) પણ ફિરઔને તે રસૂલની નાફરમાની કરી હતી, જેથી અમોએ તેની ઘણી સખ્ત ધરપકડ કરી.

فَكَيْفَ تَتَّقُوْنَ اِنْ كَفَرْتُمْ يَوْمًا يَّجْعَلُ الْوِلْدَانَ شِيْبًا ﴿١٧﴾

(૧૭) માટે જો તમોએ નાસ્તિકપણું કર્યું તો તમે તે દિવસથી કેવી રીતે બચશો કે જે બાળકોને વૃદ્ધ કરી દેશેઃ

السَّمَآءُ مُنْفَطِرٌۢ بِهٖ ۭ كَانَ وَعْدُهٗ مَفْعُوْلًا ﴿١٨﴾

(૧૮) અને તે દિવસે આસમાન ફાટી પડશે, અને તેનો વાયદો પૂર્ણ થઇને રહેશે.

اِنَّ هٰذِهٖ تَذْكِرَةٌ ۚ فَمَنْ شَآءَ اتَّخَذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا ﴿١٩﴾

(૧૯) બેશક આ એક નસીહત છે, માટે જે ચાહે તે પોતાના પરવરદિગાર તરફનો માર્ગ ગ્રહણ કરે.

اِنَّ رَبَّكَ يَعْلَمُ اَنَّكَ تَقُوْمُ اَدْنٰى مِنْ ثُلُثَيِ الَّيْلِ وَنِصْفَهٗ وَثُلُثَهٗ وَطَآئِفَةٌ مِّنَ الَّذِيْنَ مَعَكَ ؕ وَاللّٰهُ يُقَدِّرُ الَّيْلَ وَالنَّهَارَ ؕ عَلِمَ اَنْ لَّنْ تُحْصُوْهُ فَتَابَ عَلَيْكُمْ فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ ؕ عَلِمَ اَنْ سَيَكُوْنُ مِنْكُمْ مَّرْضٰى ۙ وَاٰخَرُوْنَ يَضْرِبُوْنَ فِى الْاَرْضِ يَبْتَغُوْنَ مِنْ فَضْلِ اللّٰهِ ۙ

وَاٰخَرُوۡنَ يُقَاتِلُوۡنَ فِىۡ سَبِيۡلِ اللّٰهِ‌ۖ فَاقۡرَءُوۡا مَا تَيَسَّرَ مِنۡهُ ۙ
وَاَقِيۡمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَاَقۡرِضُوا اللّٰهَ قَرۡضًا حَسَنًا‌ ؕ
وَمَا تُقَدِّمُوۡا لِاَنۡفُسِكُمۡ مِّنۡ خَيۡرٍ تَجِدُوۡهُ عِنۡدَ اللّٰهِ هُوَ خَيۡرًا
وَّاَعۡظَمَ اَجۡرًا‌ ؕ وَاسۡتَغۡفِرُوا اللّٰهَ‌ ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿٢٠﴾

(૨૦) (અય રસૂલ !) બેશક તારો પરવરદિગાર જાણે છે કે તું અને જેઓ તારી સાથે છે તેમનું એક ટોળું રાત્રિના બે તૃતિયાંશની લગભગ અને કદી અર્ધી રાત સુધી અને કદી એક તૃતિયાંશ રાત સુધી નમાઝ પઢતું રહેતું હોય છે; અને રાત તથા દિવસનું પ્રમાણ અલ્લાહ જ નક્કી કરે છે; તે આ પણ જાણે છે કે તમે તેનો અંદાજો કરી શકતા

નથી, જેથી તે (પોતાની મહેરબાની સાથે) તમારી તરફ રજૂ થયો, માટે કુરઆનમાંથી જેટલું બની શકે તેટલું પઢ્યા કરો; તે આ પણ જાણે છે કે તમારામાંથી કેટલાક જરૂર માંદા હશે, અને બીજા થોડાક અલ્લાહની મહેરબાની (રોઝી) મેળવવા માટે મુસાફરીમાં હશે, અને બીજા થોડાક અલ્લાહની રાહમાં લડતા હશે, માટે તેમાંથી જેટલું બની શકે તેટલું પઢ્યા કરો, અને નમાઝ પઢતા રહો તથા ઝકાત આપતા રહો અને અલ્લાહને "કર્ઝે હસના" આપ્યા કરો; અને જે પણ નેકી તમે તમારી ઝાત (ના લાભ) માટે પ્રથમથી મોકલશો

તે અલ્લાહ પાસે પામશો, (જે આલોકના માટે પણ) ઉત્તમ છે. અને (આખેરતના બદલા રૂપે) મહાન છે, અને અલ્લાહથી ક્ષમા માંગ્યા કરો; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) મહા દયાવાન છે.

سورة المدثر / સૂરએ મુદ્દસ્સિર

يٰۤاَيُّهَا الْمُدَّثِّرُ ①

(૧) અય કામળી ઓઢેલા (રસૂલ) !

قُمْ فَاَنْذِرْ ②

(૨) ઉઠ અને (લોકોને) ડરાવ:

وَرَبَّكَ فَكَبِّرْ ③

(3) અને તારા પરવરદિગારની મોટાઇ વર્ણવ:

وَثِيَابَكَ فَطَهِّرْ ④

(૪) અને તારા કપડાં પાક સાફ રાખ:

وَالرُّجْزَ فَاهْجُرْ ⑤

(૫) અને બૂરાઈઓથી પરહેઝ કર.

وَلَا تَمۡنُنۡ تَسۡتَكۡثِرُ ۝٦

(૬) અને વધારે મેળવવાની આશાએ ઉપકાર ન કરઃ

وَلِرَبِّكَ فَاصۡبِرۡ ۝٧

(૭) અને તારા રબ (ની ખુશી મેળવવા) માટે સહન કર ઃ

فَإِذَا نُقِرَ فِي النَّاقُورِ ۝٨

(૮) કારણ કે જ્યારે સૂર ફૂંકવામાં આવશેઃ

فَذَٰلِكَ يَوۡمَئِذٖ يَوۡمٌ عَسِيرٌ ۝٩

(૯) ત્યારે તે દિવસ એક સખત દિવસ હશેઃ

عَلَى الۡكَٰفِرِينَ غَيۡرُ يَسِيرٖ ۝١٠

(૧૦) નાસ્તિકો માટે તે આસાન નહિ હોય.

ذَرۡنِیۡ وَمَنۡ خَلَقۡتُ وَحِیۡدًا ﴿۱۱﴾

(૧૧) મેં જેને એકલો પેદા કર્યો છે તેની સાથે મને મૂકી દો.

وَّجَعَلۡتُ لَہٗ مَالًا مَّمۡدُوۡدًا ﴿۱۲﴾

(૧૨) અને તેને મેં પુષ્કળ દોલત આપીઃ

وَّبَنِیۡنَ شُہُوۡدًا ﴿۱۳﴾

(૧૩) અને નજર સામે રહેનારા પુત્રો આપ્યાં

وَّمَہَّدۡتُّ لَہٗ تَمۡہِیۡدًا ﴿۱۴﴾

(૧૪) અને તેના મામલા વ્યવસ્થિત કરી દીધાઃ

ثُمَّ یَطۡمَعُ اَنۡ اَزِیۡدَ ﴿۱۵﴾

(૧૫) છતાં તે એવી લાલચ રાખે છે કે હું હજી પણ તેમાં વધારો કરૂં !

كَلَّا ؕ اِنَّهٗ كَانَ لِاٰيٰتِنَا عَنِيۡدًا ؕ﴿۱۶﴾

(૧૬) હરગિજ એમ નહિ થાય; બેશક તે અમારી નિશાનીઓનો વિરોધી છે.

سَاُرۡهِقُهٗ صَعُوۡدًا ؕ﴿۱۷﴾

(૧૭) નજીકમાં જ હું તેને ઊંચી ઊંચાઇ પર ચઢાવીશ (અર્થાત સખત શિક્ષામાં સપડાવીશ).

اِنَّهٗ فَكَّرَ وَقَدَّرَ ۙ﴿۱۸﴾

(૧૮) બેશક તેણે વિચાર કર્યો અને અંદાજો બાંધ્યો

فَقُتِلَ كَيۡفَ قَدَّرَ ۙ﴿۱۹﴾

(૧૯) માટે તેનો નાશ થાઓ, તેણે કેવો અંદાજો કર્યો !

ثُمَّ قُتِلَ كَيْفَ قَدَّرَ ﴿٢٠﴾

(૨૦) પછી પણ તેનો નાશ થાઓ, તેણે કેવો અંદાજો કર્યો!

ثُمَّ نَظَرَ ﴿٢١﴾

(૨૧) પછી તેણે આસપાસ જોયું ꣳ

ثُمَّ عَبَسَ وَبَسَرَ ﴿٢٢﴾

(૨૨) પછી કપાળ પર કરચલી પડી અને ચહેરા પર ગુસ્સાની નિશાની નજરે પડી.

ثُمَّ اَدْبَرَ وَاسْتَكْبَرَ ﴿٢٣﴾

(૨૩) પછી પીઠ ફેરવી અને ગર્વ કર્યો ઃ

فَقَالَ اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ يُّؤْثَرُ ﴿٢٤﴾

(૨૪) પછી બોલ્યો કે આ (કુરઆન) કાંઇ નથી પરંતુ જાદુ કે જે અગાઉથી (થતો) ચાલ્યો આવ્યો છેઃ

اِنْ هٰذَآ اِلَّا قَوْلُ الْبَشَرِ ﴿٢٥﴾

(૨૫) આ કાંઇજ નથી પણ કોઇ માનવીનું કથન છે.

سَاُصْلِيْهِ سَقَرَ ﴿٢٦﴾

(૨૬) નજીકમાં જ હું તેને જહન્નમમાં હોમી દઇશ.

وَمَآ اَدْرٰىكَ مَا سَقَرُ ﴿٢٧﴾

(૨૭) અને તને શી ખબર કે જહન્નમ શું છે ?

لَا تُبْقِيْ وَلَا تَذَرُ ﴿٢٨﴾

(૨૮) તે ન કોઇ વસ્તુ બાકી રાખે છે ન છોડી દે છે

ઃ

لَوَّاحَةٌ لِّلْبَشَرِ ﴿٢٩﴾

(૨૯) માણસને બાળી ભસ્મ કરી દેનારી છે.

عَلَيْهَا تِسْعَةَ عَشَرَ ﴿٣٠﴾

(30) તેના પર ઓગણીસ (ફરિશ્તા) છે.

وَمَا جَعَلْنَآ اَصْحٰبَ النَّارِ اِلَّا مَلٰٓئِكَةً ص وَّمَا جَعَلْنَا عِدَّتَهُمْ اِلَّا

فِتْنَةً لِّلَّذِيْنَ كَفَرُوْا لا لِيَسْتَيْقِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ

وَيَزْدَادَ الَّذِيْنَ اٰمَنُوْٓا اِيْمَانًا وَّلَا يَرْتَابَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ
وَالْمُؤْمِنُوْنَ ۙ وَلِيَقُوْلَ الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ وَّالْكٰفِرُوْنَ
مَاذَآ اَرَادَ اللّٰهُ بِهٰذَا مَثَلًا ؕ كَذٰلِكَ يُضِلُّ اللّٰهُ مَنْ يَّشَآءُ
وَيَهْدِيْ مَنْ يَّشَآءُ ؕ وَمَا يَعْلَمُ جُنُوْدَ رَبِّكَ اِلَّا هُوَ ؕ وَمَا هِيَ
اِلَّا ذِكْرٰى لِلْبَشَرِ ۧ ﴿٣١﴾

(૩૧) અને અમોએ જહન્નમના રખેવાળો ફરિશ્તાઓ સિવાય (બીજા કોઇને) બનાવ્યા નથી, અને અમોએ તેમની ગણત્રી એટલા માટે નક્કી કરી છે કે નાસ્તિકો માટે તે અજમાઇશ થાય કે જેથી તે લોકોને કે જેમને કિતાબ આપવામાં આવી છે ખાત્રી થઇ જાય, અને જે ઇમાન લાવ્યા છે તેમનું

ઇમાન વધુ વધી જાય, અને જેમને કિતાબ આપવામાં આવી છે તેઓ તથા ઇમાન લાવનારાઓ શંકા ન કરે, અને જેથી તે લોકો કે જેમના દિલોમાં રોગ છે તેઓ તથા નાસ્તિકો કહેવા લાગે કે અલ્લાહે આ દાખલાથી શો હેતુ રાખ્યો છે ? આવી રીતે અલ્લાહ જેનાથી ચાહે છે હિદાયતની તૌફીક છીનવી લે છે, અને જેને ચાહે છે હિદાયત આપે છે; અને તારા પરવરદિગારનું લશ્કર તેના સિવાય કોઇ નથી જાણતું, અને આ (વાતો) કાંઇજ નથી પણ મનુષ્ય માત્ર માટે નસીહત છે.

كَلَّا وَالْقَمَرِ ﴿٣٢﴾

(૩૨) હરગિજ નહિ, કસમ છે ચંદ્રની:

وَالَّيۡلِ اِذۡ اَدۡبَرَ ۙ﴿۳۳﴾

(૩૩) અને રાતની જ્યારે કે તે વિદાય થાય છે:

وَالصُّبۡحِ اِذَاۤ اَسۡفَرَ ۙ﴿۳۴﴾

(૩૪) અને કસમ છે પ્રભાતના સમયની જ્યારે કે તે પ્રકાશી ઉઠે છે:

اِنَّهَا لَاِحۡدَى الۡكُبَرِ ۙ﴿۳۵﴾

(૩૫) બેશક તે (જહન્નમ) ભયંકર મુસીબતો માંની એક છે:

نَذِيۡرًا لِّلۡبَشَرِ ۙ﴿۳۶﴾

(૩૬) મનુષ્યોને ડરાવનારી:

لِمَنۡ شَآءَ مِنۡكُمۡ اَنۡ يَّتَقَدَّمَ اَوۡ يَتَاَخَّرَ ؕ﴿۳۷﴾

(૩૭) (ખાસ કરીને) તેના માટે કે જે તમારામાંથી (નેકીમાં) આગળ વધી જવા ચાહે અથવા (બૂરાઇથી) પાછળ રહી જવા ચાહે.

كُلُّ نَفۡسٍۭ بِمَا كَسَبَتۡ رَهِيۡنَةٌ ۙ﴿۳۸﴾

(૩૮) દરેક વ્યકિત તે જે કાંઇ કરી ચૂકી છે તેના સંબંધમાં ગિરવી (મૂકાએલી) છે:

اِلَّاۤ اَصۡحٰبَ الۡيَمِيۡنِ ؕ﴿۳۹﴾

(૩૯) સિવાય જમણા હાથવાળાઓ કે જેમના કર્મના લેખ તેમના જમણા હાથમાં આપવામાં આવ્યા હશે:

فِيۡ جَنّٰتٍ ۛ يَتَسَآءَلُوۡنَ ﴿۴۰﴾

(૪૦) તેઓ જન્નતમાં હશે અને એક બીજાને પૂછતા હશેઃ

عَنِ الۡمُجۡرِمِيۡنَ ﴿۴۱﴾

(૪૧) ગુનેહગારોના સંબંધમાં (અને ખુદ ગુનેહગારોને)ઃ

مَا سَلَكَكُمۡ فِيۡ سَقَرَ ﴿۴۲﴾

(૪૨) કે કઇ વસ્તુએ તમને જહન્નમમાં લાવી દીધા છે ?

قَالُوۡا لَمۡ نَكُ مِنَ الۡمُصَلِّيۡنَ ﴿۴۳﴾

(૪૩) તેઓ કહેશે કે અમે નમાઝી માંના ન હતાઃ

وَلَمۡ نَكُ نُطۡعِمُ الۡمِسۡكِيۡنَ ﴿٤٤﴾

(૪૪) અને અમે નિરાધારોને ખાવાનું પણ ખવડાવતા ન હતા:

وَ كُنَّا نَخُوۡضُ مَعَ الۡخَآئِضِيۡنَ ﴿٤٥﴾

(૪૫) અને જેઓ નિરર્થક બકવાસ કરતા હતા તેમની સાથે અમે પણ નિરર્થક બકવાસ કરતા હતા:

وَ كُنَّا نُكَذِّبُ بِيَوۡمِ الدِّيۡنِ ﴿٤٦﴾

(૪૬) અને અમે ફેંસલાના દિવસને જૂઠલાવતા હતા:

حَتّٰٓى اَتٰٮنَا الۡيَقِيۡنُ ﴿٤٧﴾

(૪૭) અહીં સુધી કે અમને મૃત્યુ આવી લાગ્યું.

فَمَا تَنْفَعُهُمْ شَفَاعَةُ الشّٰفِعِيْنَ ﴿٤٨﴾

(૪૮) માટે હવે શફાઅત કરનારાઓની શફાઅત તેમનાં કાંઇ કામમાં નહિ આવે.

فَمَا لَهُمْ عَنِ التَّذْكِرَةِ مُعْرِضِيْنَ ﴿٤٩﴾

(૪૯) ત્યારે તેમને શું થઇ ગયું છે કે તેઓ નસીહતથી એવી રીતે મોંઢું ફેરવી લે છે:

كَاَنَّهُمْ حُمُرٌ مُّسْتَنْفِرَةٌ ﴿٥٠﴾

(૫૦) કે જાણે તેઓ ભડકી ઉઠનારા ગધેડા હોય:

فَرَّتْ مِنْ قَسْوَرَةٍ ﴿٥١﴾

(૫૧) જે સિંહથી ભડકી નાસી છુટ્યા હોય.

بَلۡ يُرِيۡدُ كُلُّ امۡرِیٴٍ مِّنۡهُمۡ اَنۡ يُّؤۡتٰى صُحُفًا مُّنَشَّرَةً ۙ﴿۵۲﴾

(૫૨) વાત આ છે કે તેઓમાંથી દરેક જણ આ ચાહે છે કે દરેકને ખુલ્લી કિતાબો આપવામાંઆવે.

كَلَّا ؕ بَلۡ لَّا يَخَافُوۡنَ الۡاٰخِرَةَ ؕ﴿۵۳﴾

(૫૩) (પરંતુ) તેમ હરગિજ નહિ થાય; બલ્કે તેઓ આખેરતથી નથી ડરતા.

كَلَّاۤ اِنَّهٗ تَذۡكِرَةٌ ۚ﴿۵۴﴾

(૫૪) હરગિજ એમ નહિ થાય, બેશક આ (કુરઆન) એક નસીહત છે.

فَمَنۡ شَآءَ ذَكَرَهٗ ؕ﴿۵۵﴾

(૫૫) માટે જે ચાહે તે તેનું ચિંતન કરે.

وَمَا يَذْكُرُوْنَ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ ؕ هُوَاَهْلُ التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ ﴿٥٦﴾

(૫૬) પણ અલ્લાહ નહિ ચાહે તે સિવાય તેઓ ચિંતન કરનાર નથી, તે (અલ્લાહ) યોગ્ય છે કે તેનાથી જ ડરવામાં આવે અને એજ ક્ષમા કરવાની યોગ્યતા ધરાવે છે.

لَآ اُقۡسِمُ بِيَوۡمِ الۡقِيٰمَةِۙ ①

(૧) કસમ ખાઉં છું કયામતના દિવસનીઃ

وَلَآ اُقۡسِمُ بِالنَّفۡسِ اللَّوَّامَةِؕ ②

(૨) અને કસમ ખાઉં છું (ગુનાહોથી) ડંખનારા અંતઃકરણની!

اَيَحۡسَبُ الۡاِنۡسَانُ اَلَّنۡ نَّجۡمَعَ عِظَامَهٗؕ ③

(3) શું ઇન્સાન એમ ધારે છે કે અમે તેનાં હાડકાં (કબરમાં સડી ગયા પછી) ભેગાં નહિ કરીએ?

بَلٰى قٰدِرِيۡنَ عَلٰٓى اَنۡ نُّسَوِّىَ بَنَانَهٗ ④

(૪) અલબત્ત ! અમે તે ઉપર કાબૂ ધરાવીએ છીએ કે તેની આંગળીઓના ટેરવાં (પણ પાછા) સરખાં કરી દઇએ.

بَلْ يُرِيْدُ الْاِنْسَانُ لِيَفْجُرَ اَمَامَهٗ ۚ﴿٥﴾

(૫) પણ વાત આ છે કે મનુષ્ય ઇચ્છે છે કે ભવિષ્યમાં બનનારા બનાવોને પણ જૂઠલાવે.

يَسْـَٔلُ اَيَّانَ يَوْمُ الْقِيٰمَةِ ۗ﴿٦﴾

(૬) પૂછે છે કે કયામતનો દિવસ ક્યારે આવશે?

فَاِذَا بَرِقَ الْبَصَرُ ۙ﴿٧﴾

(૭) પછી જ્યારે આંખો અંજાઇ જશેઃ

وَخَسَفَ الْقَمَرُ ۙ﴿٨﴾

(૮) અને ચંદ્રને ગ્રહણ લાગી જશેઃ

وَجُمِعَ الشَّمْسُ وَالْقَمَرُ ﴿٩﴾

(૯) અને સૂર્ય તથા ચંદ્ર ભેગા કરી દેવામાં આવશેઃ

يَقُوْلُ الْاِنْسَانُ يَوْمَئِذٍ اَيْنَ الْمَفَرُّ ﴿١٠﴾

(૧૦) તે દિવસે મનુષ્ય કહેશે કે હવે નાસવાની જગ્યા ક્યાં છે?

كَلَّا لَا وَزَرَ ﴿١١﴾

(૧૧) ખાત્રીથી જાણો કે કોઇ આશ્રયનું સ્થાન નહિ હોય.

اِلٰى رَبِّكَ يَوْمَئِذِ الْمُسْتَقَرُّ ﴿١٢﴾

(૧૨) તે દિવસે આશ્રય લેવાની જગ્યા તો માત્ર તારા પરવરદિગારની પાસે જ હશે.

يُنَبَّؤُا الْاِنْسَانُ يَوْمَئِذٍۭ بِمَا قَدَّمَ وَاَخَّرَ ⑬

(૧૩) તે દિવસે મનુષ્યને તે સર્વે કાંઇ જણાવવામાં આવશે કે જે તેણે અગાઉ મોકલ્યું અને પાછળ મૂક્યું હશે.

بَلِ الْاِنْسَانُ عَلٰى نَفْسِهٖ بَصِيْرَةٌ ⑭

(૧૪) બલ્કે મનુષ્ય પોતે પોતાનો પૂરાવો હશેઃ

وَّلَوْ اَلْقٰى مَعَاذِيْرَهٗ ⑮

(૧૫) પછી ભલેને તે પોતાના (ગુનાહોના) બહાના રજૂ કર્યા કરે.

لَا تُحَرِّكْ بِهٖ لِسَانَكَ لِتَعْجَلَ بِهٖ ﴿١٦﴾

(૧૬) (અય રસૂલ !) તું તારી જીભ તે (વહી)ની સામે એવા હેતુથી ન હલાવ કે જેથી તેને જલ્દીથી યાદ કરીલે.

اِنَّ عَلَيْنَا جَمْعَهٗ وَقُرْاٰنَهٗ ﴿١٧﴾

(૧૭) બેશક તેનું ભેગું કરવું અને તેનું પઢાવવું અમારા માથે છે.

فَاِذَا قَرَاْنٰهُ فَاتَّبِعْ قُرْاٰنَهٗ ﴿١٨﴾

(૧૮) પછી જ્યારે અમે તેને પઢાવી રહીએ ત્યારે તેનું અનુકરણ કરજે.

ثُمَّ اِنَّ عَلَيْنَا بَيَانَهٗ ﴿١٩﴾

(૧૯) પછી તેનું સમજાવી દેવું પણ અમારા માથે છે.

كَلَّا بَلْ تُحِبُّوْنَ الْعَاجِلَةَ ۙ﴿٢٠﴾

(૨૦) હરગિજ નહિ, (બહાનું વ્યર્થ છે) વાત આ છે કે તમે લોકો ક્ષણભંગુર સંસારના ચાહનારા છોઃ

وَتَذَرُوْنَ الْاٰخِرَةَ ؕ﴿٢١﴾

(૨૧) અને આખેરતને ત્યાગી બેસો છો.

وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاضِرَةٌ ۙ﴿٢٢﴾

(૨૨) તે દિવસે કેટલાક ચહેરા તો ચમકતા હશેઃ

اِلٰى رَبِّهَا نَاظِرَةٌ ۚ﴿٢٣﴾

(૨૩) પોતાના પરવરદિગાર (ની નેઅમતો) તરફ એકી ટશે નિહાળતા હશેઃ

وَوُجُوْهٌ يَّوْمَئِذٍۭ بَاسِرَةٌ ۙ﴿۲۴﴾

(૨૪) અને કેટલાક ચહેરા તે દિવસે શોકાતુર હશેઃ

تَظُنُّ اَنْ يُّفْعَلَ بِهَا فَاقِرَةٌ ؕ﴿۲۵﴾

(૨૫) અને એવું ગુમાન કરતા હશે કે કેડ ભાંગી નાખનારી મુસીબત તેમના પરજ પડશે.

كَلَّاۤ اِذَا بَلَغَتِ التَّرَاقِيَ ۙ﴿۲۶﴾

(૨૬) એટલુંજ નહિ, (બલ્કે) જ્યારે તે (શ્વાસ) ગળા સુધી આવી પહોંચશેઃ

وَقِيْلَ مَنْ ٚ رَاقٍ ۙ﴿۲۷﴾

(૨૭) અને કહેવામાં આવશે કે કોઇ જંતર મંતર કરનાર છે ?

وَّظَنَّ اَنَّهُ الْفِرَاقُ ﴿٢٨﴾

(૨૮) અને તે (મરનાર)ને ખાત્રી થઇ જશે કે હવે વિયોગ આવી લાગ્યો છેઃ

وَالْتَفَّتِ السَّاقُ بِالسَّاقِ ﴿٢٩﴾

(૨૯) અને (મૃત્યુની સખતાઇથી) પીંડળી પર પીંડળી ચઢી જશેઃ

اِلٰى رَبِّكَ يَوْمَئِذِنِ الْمَسَاقُ ﴿٣٠﴾

(30) તે દિવસે તારા પરવરદિગાર તરફજ (સર્વેની) કુચ થશે.

فَلَا صَدَّقَ وَلَا صَلّٰى ﴿٣١﴾

(૩૧) છતાં તેણે ન સત્યનો સ્વીકાર કર્યો ન નમાઝ પઢીઃ

وَلٰكِنْ كَذَّبَ وَتَوَلّٰى ﴿٣٢﴾

(૩૨) બલ્કે જૂઠલાવ્યા કર્યું, અને (ઇમાનથી) મોઢું ફેરવ્યા કર્યુંઃ

ثُمَّ ذَهَبَ اِلٰٓى اَهْلِهٖ يَتَمَطّٰى ﴿٣٣﴾

(૩૩) પછી તે પોતાના બાલબચ્ચાં તરફ મગરૂર થતો ગયો.

اَوْلٰى لَكَ فَاَوْلٰى ﴿٣٤﴾

(૩૪) અફસોસ છે તારા માટે, ફરી પણ અફસોસ છે:

ثُمَّ اَوۡلٰى لَكَ فَاَوۡلٰى ﴿۳۵﴾

(૩૫) પછી પણ અફસોસ છે તારા માટે, ફરી પણ અફસોસ છે.

اَيَحۡسَبُ الۡاِنۡسَانُ اَنۡ يُّتۡرَكَ سُدًى ﴿۳۶﴾

(૩૬) શું મનુષ્ય એમ ધારે છે કે તેને વગર તપાસે અમસ્તો છોડી દેવામાં આવશે ?

اَلَمۡ يَكُ نُطۡفَةً مِّنۡ مَّنِيٍّ يُّمۡنٰى ﴿۳۷﴾

(૩૭) શું તે વીર્યનું એક બિંદુ ન હતો, જે (ગર્ભસ્થાનમાં) નાખવામાં આવ્યું હતું ?

ثُمَّ كَانَ عَلَقَةً فَخَلَقَ فَسَوّٰى ﴿٣٨﴾

(૩૮) પછી તે બાઝી ગયેલું લોહી બની ગયું, પછી તેણે તેનો ઘાટ ઘડ્યો, પછી તેને સંપૂર્ણ (માનવી) કરી નાખ્યો

فَجَعَلَ مِنْهُ الزَّوْجَيْنِ الذَّكَرَ وَالْاُنْثٰى ﴿٣٩﴾

(૩૯) પછી તેમાંજ બે જાતો પેદા કરી (યાને) નર અને માદા.

اَلَيْسَ ذٰلِكَ بِقٰدِرٍ عَلٰٓى اَنْ يُّحْيِۦَ الْمَوْتٰى ﴿٤٠﴾

(૪૦) તો શું તે (અલ્લાહ) આ ઉપર કાબૂ ધરાવતો નથી કે મુડદાને સજીવન કરે ?

هَلۡ اَتٰى عَلَى الۡاِنۡسَانِ حِيۡنٌ مِّنَ الدَّهۡرِ لَمۡ يَكُنۡ شَيۡـًٔا
مَّذۡكُوۡرًا ①

(૧) શું મનુષ્ય ઉપર એક એવા કાળની મુદ્દત પસાર નથી થઇ કે જે દરમિયાન તે કોઇ વર્ણવવા જોગ વસ્તુજ ન હતો ?

اِنَّا خَلَقۡنَا الۡاِنۡسَانَ مِنۡ نُّطۡفَةٍ اَمۡشَاجٍ ۖ نَّبۡتَلِيۡهِ فَجَعَلۡنٰهُ
سَمِيۡعًۢا بَصِيۡرًا ②

(૨) બેશક અમોએ મનુષ્યને (સ્ત્રી પુરૂષના) મિશ્રીત વીર્યથી પેદા કર્યો કે (જેથી) અમે તેને અજમાવીએ,

પછી અમોએ તેને સાંભળનાર, જોનાર બનાવી દીધો.

إِنَّا هَدَيْنَٰهُ ٱلسَّبِيلَ إِمَّا شَاكِرًا وَإِمَّا كَفُورًا ③

(3) બેશક અમોએ તેને (યોગ્ય) માર્ગ દેખાડી દીધો, પછી (ભલેને) તે ઉપકાર માનનારો થાય કે અનુપકારી.

إِنَّآ أَعْتَدْنَا لِلْكَٰفِرِينَ سَلَٰسِلَا۟ وَأَغْلَٰلًا وَسَعِيرًا ④

(૪) બેશક અમોએ (સત્યનો) ઇન્કાર કરનારાઓ માટે બેડીઓ તથા તોક તથા ભડભડતી આગ તૈયાર કરી રાખીછે.

إِنَّ ٱلْأَبْرَارَ يَشْرَبُونَ مِن كَأْسٍ كَانَ مِزَاجُهَا كَافُورًا ⑤

(૫) બેશક સદાચારી લોકો તે પ્યાલામાં પીવે છે જેમાં કપૂરનું મિશ્રણ છે.

عَيْنًا يَّشْرَبُ بِهَا عِبَادُ اللّٰهِ يُفَجِّرُوْنَهَا تَفْجِيْرًا ۝٦

(૬) (તે) એક એવું ઝરણું છે કે જેમાંથી અલ્લાહના (ખાસ) બંદા પીએ છે (અને) જ્યાં ચાહશે ત્યાં (નહેરો) વહાવશે.

يُوْفُوْنَ بِالنَّذْرِ وَيَخَافُوْنَ يَوْمًا كَانَ شَرُّهٗ مُسْتَطِيْرًا ۝٧

(૭) (દરેક) માનતાઓને તેઓ પરિપૂર્ણ કરે છે, અને તે દિવસથી ડરે છે કે જેની સખતાઇ ઘણાં લાંબા અને પહોળા વિસ્તારમાં ફેલાએલી હશે.

وَيُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّيَتِيْمًا وَّاَسِيْرًا ۝٨

(૮) અને નિરાધાર તથા યતીમ તથા કેદીને (પોતાની) ખ્વાહીશ છતાં ખાવાનું ખવડાવે છે.

إِنَّمَا نُطْعِمُكُمْ لِوَجْهِ اللَّهِ لَا نُرِيدُ مِنكُمْ جَزَآءً وَّلَا شُكُورًا ۝٩

(૯) (અને કહે છે કે) અમે કેવળ અલ્લાહની ખુશી માટે જ તમને ખવડાવીએ છીએ, તમારાથી અમે ન કોઇ બદલો માંગીએ છીએ અને ન ઉપકાર.

إِنَّا نَخَافُ مِن رَّبِّنَا يَوْمًا عَبُوسًا قَمْطَرِيرًا ۝١٠

(૧૦) બેશક અમે તો અમારા પરવરદિગારથી તે દિવસનો ખોફ કરીએ છીએ કે જે ભયંકર અને દુ:ખદાયક હશે.

فَوَقٰهُمُ اللَّهُ شَرَّ ذٰلِكَ الْيَوْمِ وَلَقّٰهُمْ نَضْرَةً وَّسُرُورًا ۝١١

(૧૧) પછી અલ્લાહ તેમને તે દિવસની સખતાઇથી બચાવી લેશે અને તેમ (ના ચહેરા)ને તાજગી તથા પ્રફુલ્લતા અર્પણ કરશે.

وَجَزٰىهُمۡ بِمَا صَبَرُوۡا جَنَّةً وَّحَرِيۡرًا ۙ﴿۱۲﴾

(૧૨) અને તેમણે ધીરજ ધરી છે તે કારણે તે તેમનો બદલો–જન્નત અને રેશમી પોશાક–અર્પણ કરશેઃ

مُّتَّكِـِٕيۡنَ فِيۡهَا عَلَى الۡاَرَآٮِٕكِ‌ۚ لَا يَرَوۡنَ فِيۡهَا شَمۡسًا وَّلَا زَمۡهَرِيۡرًا‌ۚ﴿۱۳﴾

(૧૩) તેઓ તે (જન્નતો)માં સિંહાસનો પર તકીયા લગાડી બેઠા હશે, તેમાં તેઓ ન ઘણો તાપ અનુભશે અને ન ઘણી ટાઢ.

وَدَانِيَةً عَلَيۡهِمۡ ظِلٰلُهَا وَذُلِّلَتۡ قُطُوۡفُهَا تَذۡلِيۡلًا ﴿۱۴﴾

(૧૪) અને તે (જન્નત)ના વૃક્ષોની છાયા તેમના પર જૂકેલી હશે, અને ફળોની લૂમો જોઇએ તેટલી તેમની પાસે કરી દેવામાં આવશે.

وَيُطَافُ عَلَيۡهِمۡ بِاٰنِيَةٍ مِّنۡ فِضَّةٍ وَّاَكۡوَابٍ كَانَتۡ قَوَارِيۡرَا۟ ﴿۱۵﴾

(૧૫) અને તેમની સામે ચાંદીના કુંજાઓ ફેરવવામાં આવશે, અને એવા જામો પણ કે જે બિલ્લોરના હશેઃ

قَوَارِيْرَا۠ مِنْ فِضَّةٍ قَدَّرُوْهَا تَقْدِيْرًا ﴿١٦﴾

(૧૬) પારદર્શક જામો કે જે ચાંદીના બનેલા હશે જેનો (જન્નતીઓની જરૂરીયાત પ્રમાણેનો પીવડાવનારાઓએ) યોગ્ય અંદાજો કરી લીધો હશે.

وَيُسْقَوْنَ فِيْهَا كَاْسًا كَانَ مِزَاجُهَا زَنْجَبِيْلًا ﴿١٧﴾ۚ

(૧૭) અને તે (જન્નત)માં તે (જન્નતવાસી) ઓને એવા પ્યાલા પીવડાવવામાં આવશે કે જેમાં સૂંઠનું મિશ્રણ હશેઃ

عَيۡنًا فِيۡهَا تُسَمّٰى سَلۡسَبِيۡلًا ۝١٨

(૧૮) તે (જન્નત)ના તે ઝરણાંમાંથી કે જેનું નામ સલસબીલ રાખવામાં આવ્યું છે.

وَيَطُوۡفُ عَلَيۡهِمۡ وِلۡدَانٌ مُّخَلَّدُوۡنَ ۚ اِذَا رَاَيۡتَهُمۡ حَسِبۡتَهُمۡ لُؤۡلُؤًا مَّنۡثُوۡرًا ۝١٩

(૧૯) અને તેમની પાસે નિરંતર સમાન વયમાં રહેનારા છોકરાં આજુ બાજુ ફરતા રહેશે; જ્યારે (અય મનુષ્ય!) તું તેમને જુએ તો તું તેમને અહીં તહીં વિખરાએલા મોતી છે એમ ધારી લેશે.

وَاِذَا رَاَيۡتَ ثَمَّ رَاَيۡتَ نَعِيۡمًا وَّمُلۡكًا كَبِيۡرًا ۝٢٠

(૨૦) અને જ્યારે તું ત્યાં નજર ઉઠાવીને જોશે તો (અસંખ્ય) નેઅમતો અને મહાન સલ્તનત તું નિહાળશે.

عٰلِيَهُمْ ثِيَابُ سُنْدُسٍ خُضْرٌ وَّاِسْتَبْرَقٌ ۫ وَّحُلُّوْٓا اَسَاوِرَ مِنْ فِضَّةٍ ۚ وَسَقٰىهُمْ رَبُّهُمْ شَرَابًا طَهُوْرًا ﴿٢١﴾

(૨૧) તેમના ઉપરના વસ્ત્રો ઝીણા લીલા રેશમી અને જાડા રેશમના હશે, અને તેમને ચાંદીના કંકણ પહેરાવવામાં આવશે, અને તેમનો પાલનકર્તા તેમને પાક પીણું પીવડાવશે.

اِنَّ هٰذَا كَانَ لَكُمْ جَزَآءً وَّكَانَ سَعْيُكُمْ مَّشْكُوْرًا ﴿٢٢﴾

(૨૨) (અને તેમને કહેવામાં આવશે કે) બેશક આ તમારો બદલો છે. અને તમારા પ્રયત્નોની કદર કરવામાં આવી છે.

اِنَّا نَحۡنُ نَزَّلۡنَا عَلَيۡكَ الۡقُرۡاٰنَ تَنۡزِيۡلًا ۚ‏ ﴿۲۳﴾

(૨૩) (અય રસૂલ !) બેશક અમોએ તારા ઉપર આ કુરઆન કટકે કટકે ઉતાર્યું છે.

فَاصۡبِرۡ لِحُكۡمِ رَبِّكَ وَلَا تُطِعۡ مِنۡهُمۡ اٰثِمًا اَوۡ كَفُوۡرًا ۚ‏ ﴿۲۴﴾

(૨૪) માટે તું તારા પરવરદિગારના હુકમની ધીરજથી રાહ જો, અને તેઓમાંથી કોઇ ગુનેહગાર અથવા અનુપકારીનું કહેવું ન માન.

وَاذۡكُرِ اسۡمَ رَبِّكَ بُكۡرَةً وَّاَصِيۡلًا ۖ ۚ‏ ﴿۲۵﴾

(૨૫) અને તું સવાર સાંજ તારા પરવરદિગારનું નામ લેતો રહે.

وَمِنَ الَّيۡلِ فَاسۡجُدۡ لَهٗ وَسَبِّحۡهُ لَيۡلًا طَوِيۡلًا ﴿۲۶﴾

(૨૬) અને રાત્રિના કોઇ ભાગમાં તેને સિજદો કર, તથા રાત્રિમાં લાંબો વખત તેની તસ્બીહ પઢ્યાકર.

اِنَّ هٰٓؤُلَآءِ يُحِبُّوۡنَ الۡعَاجِلَةَ وَيَذَرُوۡنَ وَرَآءَهُمۡ يَوۡمًا ثَقِيۡلًا ﴿۲۷﴾

(૨૭) બેશક આ લોકો આ ક્ષણભંગુર (દુનિયા)ને દોસ્ત રાખે છે, અને ભારે દિવસને પોતાની પાછળ મૂકી દે છે.

نَحۡنُ خَلَقۡنٰهُمۡ وَشَدَدۡنَاۤ اَسۡرَهُمۡ‌ ۚ وَاِذَا شِئۡنَا بَدَّلۡنَاۤ اَمۡثَالَهُمۡ تَبۡدِيۡلًا ﴿۲۸﴾

(૨૮) અમોએ તેમને પેદા કર્યા અને અમોએ જ તેમના બાંધા મજબૂત કરી દીધા, અને જ્યારે અમે ચાહીએ ત્યારે તેમની જગ્યાએ (તેમને બદલી) તેમના જેવા બીજા લઇ આવીએ.

إِنَّ هَٰذِهِۦ تَذْكِرَةٌ ۖ فَمَن شَآءَ ٱتَّخَذَ إِلَىٰ رَبِّهِۦ سَبِيلًا ﴿٢٩﴾

(૨૯) નિસંદેહ આ (કુરઆન) એક નસીહત છે, માટે જે ચાહે તે પોતાના પરવરદિગાર તરફનો પહોંચવાનો માર્ગ ગ્રહણ કરી લે.

وَمَا تَشَآءُونَ إِلَّآ أَن يَشَآءَ ٱللَّهُ ۚ إِنَّ ٱللَّهَ كَانَ عَلِيمًا حَكِيمًا ﴿٣٠﴾

(30) અને જ્યાં સુધી અલ્લાહની મરજી નહિ હોય તમે (એવું) ચાહશો જ નહિ, બેશક અલ્લાહ મહા જ્ઞાનિ (અને) હિકમતવાળો છે:

يُّدۡخِلُ مَنۡ يَّشَآءُ فِىۡ رَحۡمَتِهٖ‌ؕ وَالظّٰلِمِيۡنَ اَعَدَّ لَهُمۡ عَذَابًا
اَلِيۡمًا ‏﴿۳۱﴾‏

(૩૧) જેને ચાહે છે પોતાની રહેમત (કૃપા)માં દાખલ કરી લે છે; અને ઝુલમગારો માટે તેણે દુઃખદાયક શિક્ષા તૈયાર કરી રાખી છે.

وَالْمُرْسَلٰتِ عُرْفًا ۙ﴿۱﴾

(૧) કસમ છે તે (વાયુ)ઓની કે જે (લોકોના મનને) પ્રફુલ્લ બનાવવા માટે મોકલવામાં આવે છેઃ

فَالْعٰصِفٰتِ عَصْفًا ۙ﴿۲﴾

(૨) પછી કસમ છે તે (વાયુ)ઓની કે જે સખતાઇથી ફૂંકાય છેઃ

وَّالنّٰشِرٰتِ نَشْرًا ۙ﴿۳﴾

(3) અને કસમ છે તે (વાયુ)ઓની કે જે (વાદળાંઓને યોગ્ય રીતે) ફેલાવી દે છેઃ

فَالْفٰرِقٰتِ فَرْقًا ۙ﴿۴﴾

(૪) પછી જે વાદળાંઓને યોગ્ય રીતે વીખેરી નાખે છેઃ

فَالۡمُلۡقِيٰتِ ذِكۡرًا ۟ۙ﴿۵﴾

(૫) પછી કસમ છે વહી લાવનારા (ફરિશ્તા)ઓનીઃ

عُذۡرًا اَوۡ نُذۡرًا ۟ۙ﴿۶﴾

(૬) દલીલો પૂર્ણ કરવા અથવા ડરાવવા માટેઃ

اِنَّمَا تُوۡعَدُوۡنَ لَوَاقِعٌ ؕ﴿۷﴾

(૭) બેશક જે (કયામત)નો તમને વાયદો કરવામાં આવે છે તે ખરેખરજ થઇને રહેનાર છે.

فَاِذَا النُّجُوۡمُ طُمِسَتۡ ۟ۙ﴿۸﴾

(૮) પછી જ્યારે તારાઓ નિસ્તેજ થઇ જશેઃ

وَإِذَا السَّمَآءُ فُرِجَتْ ﴿٩﴾

(૯) અને જ્યારે આસમાન ફાડી નાખવામાં આવશેઃ

وَإِذَا الْجِبَالُ نُسِفَتْ ﴿١٠﴾

(૧૦) અને જ્યારે પહાડ ચૂરેચૂરા થઇ ગયેલા દેખાશેઃ

وَإِذَا الرُّسُلُ أُقِّتَتْ ﴿١١﴾

(૧૧) અને જ્યારે રસૂલો નિશ્ચિત સમયે ભેગા કરવામાં આવશેઃ

لِأَيِّ يَوْمٍ أُجِّلَتْ ﴿١٢﴾

(૧૨) (આ બધું) ક્યા દિવસ ઉપર મુલતવી રાખવામાં આવ્યું છે?

لِيَوۡمِ الۡفَصۡلِ ﴿۱۳﴾

(૧૩) ફેંસલાના દિવસ માટે.

وَمَاۤ اَدۡرٰىكَ مَا يَوۡمُ الۡفَصۡلِ ﴿۱۴﴾

(૧૪) અને તું શું સમજ્યો કે ફેંસલાનો દિવસ શું છે?

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ﴿۱۵﴾

(૧૫) તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

اَلَمۡ نُهۡلِكِ الۡاَوَّلِيۡنَ ﴿۱۶﴾

(૧૬) શું અમોએ આગલાઓનો નાશ નથી કર્યો?

ثُمَّ نُتۡبِعُهُمُ الۡاٰخِرِيۡنَ ﴿۱۷﴾

(૧૭) પછી પાછલાઓને તેમની પાછળ લગાડી દઇશું.

كَذٰلِكَ نَفْعَلُ بِالْمُجْرِمِيْنَ ﴿۱۸﴾

(૧૮) અમે ગુનેહગારો સાથે એવુંજ (વર્તન) ચલાવીએ છીએ.

وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ﴿۱۹﴾

(૧૯) તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

اَلَمْ نَخْلُقْكُّمْ مِّنْ مَّآءٍ مَّهِيْنٍ ﴿۲۰﴾

(૨૦) શું અમોએ તમને એક તુચ્છ પાણીથી પેદા નથી કર્યા ?

فَجَعَلْنٰهُ فِيْ قَرَارٍ مَّكِيْنٍ ﴿۲۱﴾

(૨૧) પછી અમોએ તેને એક સુરક્ષિત સ્થાન (ગર્ભ)માં રાખ્યું ઃ

اِلٰى قَدَرٍ مَّعۡلُوۡمٍ ۙ﴿۲۲﴾

(૨૨) એક નિશ્ચિત સમય સુધીઃ

فَقَدَرۡنَا ۖ فَنِعۡمَ الۡقٰدِرُوۡنَ ﴿۲۳﴾

(૨૩) પછી અમોએ તેને એક પ્રમાણસર બનાવ્યો, તો અમે કેવા ઉત્તમ પ્રમાણસર બનાવવનારા છીએ!

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ﴿۲۴﴾

(૨૪) તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

اَلَمۡ نَجۡعَلِ الۡاَرۡضَ كِفَاتًا ۙ﴿۲۵﴾

(૨૫) શું અમોએ જમીનને પૂરતી બનાવી નથી?

اَحۡيَآءً وَّاَمۡوَاتًا ﴿۲۶﴾

(૨૬) જીવતા તથા મરણ પામેલાઓ (ના સમાવેશ) માટે ?

وَّجَعَلۡنَا فِيۡهَا رَوَاسِىَ شٰمِخٰتٍ وَّاَسۡقَيۡنٰكُمۡ مَّآءً فُرَاتًا ﴿۲۷﴾

(૨૭) અને અમોએ તેમાં ઊંચા (ઊંચા) પહાડ કાયમ કર્યા અને અમોએ તમને મીઠું પાણી પીવડાવ્યું.

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ﴿۲۸﴾

(૨૮) તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

اِنۡطَلِقُوۡۤا اِلٰى مَا كُنۡتُمۡ بِهٖ تُكَذِّبُوۡنَ ﴿۲۹﴾

(૨૯) (તેમને કહેવામાં આવશે કે) જે (અઝાબ)ને તમે જૂઠલાવ્યા કરતા હતા તે તરફ ચાલો.

اِنْطَلِقُوْٓا اِلٰى ظِلٍّ ذِيْ ثَلٰثِ شُعَبٍ ﴿٣٠﴾

(30) ત્રણ શાખાવાળી (આગની) છાયા તરફ ચાલોઃ

لَّا ظَلِيْلٍ وَّلَا يُغْنِيْ مِنَ اللَّهَبِ ﴿٣١﴾

(૩૧) જેમાં ન ટાઢક છે, અને ન તે આગની ઝાળથી બચાવી લેતી હશે.

اِنَّهَا تَرْمِيْ بِشَرَرٍ كَالْقَصْرِ ﴿٣٢﴾

(૩૨) મોટા મોટા ઘર જેવડા અંગારા ફેંકતી હશેઃ

كَاَنَّهٗ جِمٰلَتٌ صُفْرٌ ﴿٣٣﴾

(૩૩) જાણે કે તે પીળા ઊંટ (ન) હોય !

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ۝٣٤

(૩૪) તે દિવસે જૂઠલાવનારાઓની માઠી દશા થશે.

هٰذَا يَوۡمُ لَا يَنۡطِقُوۡنَ ۝٣٥

(૩૫) એ જ તે દિવસ છે કે (ગુનેહગારો હેબતના માર્યા) બોલી પણ નહિ શકે:

وَلَا يُؤۡذَنُ لَهُمۡ فَيَعۡتَذِرُوۡنَ ۝٣٦

(૩૬) અને ન તેમને રજા આપવામાં આવશે કે તેઓ બહાના રજૂ કરે.

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ۝٣٧

(૩૭) તે દિવસે જૂઠલાવનારાઓની માઠી દશા થશે.

هٰذَا يَوْمُ الْفَصْلِ ۚ جَمَعْنٰكُمْ وَالْاَوَّلِيْنَ ۝٣٨

(૩૮) એ જ તો ફેંસલાનો દિવસ છે, અમોએ તમને તથા (તમારી) આગળનાઓને ભેગાં કરી લીધા છે.

فَاِنْ كَانَ لَكُمْ كَيْدٌ فَكِيْدُوْنِ ۝٣٩

(૩૯) માટે જો તમને કોઇ ચાલ ચાલતાં આવડતી હોય તો (હવે) મારી સાથે ચાલો.

وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِيْنَ ۝٤٠

(૪૦) તે દિવસે જૂઠલાવનારાઓની માઠી દશા થશે.

إِنَّ الْمُتَّقِينَ فِي ظِلَالٍ وَّعُيُونٍ ﴿٤١﴾

(૪૧) બેશક પરહેઝગાર લોકો છાંયડામાં બેસી ઝરાઓનું પાણી પીતા હશેઃ

وَّفَوَاكِهَ مِمَّا يَشْتَهُونَ ﴿٤٢﴾

(૪૨) અને એવા મેવા ખાતા હશે કે જેમની તેઓ ઇચ્છા કરશે.

كُلُوا وَاشْرَبُوا هَنِيٓـًٔا بِمَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٤٣﴾

(૪૩) (તેમને કહેવામાં આવશે કે) જે સત્કાર્યો તમે કરતા હતા તેના બદલામાં સુખેથી ખાઓ પીઓ.

إِنَّا كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ ﴿٤٤﴾

(૪૪) બેશક અમે સદાચારીઓને એવોજ બદલો આપીએ છીએ.

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ﴿٤٥﴾

(૪૫) તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

كُلُوۡا وَتَمَتَّعُوۡا قَلِيۡلًا اِنَّكُمۡ مُّجۡرِمُوۡنَ ﴿٤٦﴾

(૪૬) ખાઈ પી લ્યો અને થોડા દિવસ લાભ મેળવી લો, (પણ) તમે ગુનેહગાર તો છો જ.

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ﴿٤٧﴾

(૪૭) તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

وَاِذَا قِيۡلَ لَهُمُ ارۡكَعُوۡا لَا يَرۡكَعُوۡنَ ﴿٤٨﴾

(૪૮) અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે રૂકુઅ કરો તો તેઓ રૂકુઅ કરતા નથી.

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ﴿۴۹﴾

(૪૯) તે દિવસે જૂઠલાવનારાઓની બૂરી દશા થશે.

فَبِاَىِّ حَدِيۡثٍۢ بَعۡدَهٗ يُؤۡمِنُوۡنَ ﴿۵۰﴾

(૫૦) માટે આ (કુરઆન) પછી તેઓ કઇ વાત ઉપર ઇમાન લાવશે ?

عَمَّ يَتَسَآءَلُوْنَ ۝١

(૧) તેઓ (લોકો) કઇ વસ્તુ માટે એક બીજાને સવાલ કરે છે ?

عَنِ النَّبَاِ الْعَظِيْمِ ۝٢

(૨) તે મહાન બનાવ માટે ઃ

الَّذِىْ هُمْ فِيْهِ مُخْتَلِفُوْنَ ۝٣

(3) જેનાં સંબંધમાં તેઓ મતભેદ કરે છે ?

كَلَّا سَيَعْلَمُوْنَ ۝٤

(૪) તો ઠીક, નજીકમાં તેઓ જાણી લેશે.

ثُمَّ كَلَّا سَيَعْلَمُوْنَ ۝٥

(૫) ફરી પણ ઠીક, તેઓ નજીકમાં જાણી લેશે.

اَلَمۡ نَجۡعَلِ الۡاَرۡضَ مِهٰدًا ۙ﴿۶﴾

(૬) શું અમોએ જમીનને પાથરણું નથી બનાવી?

وَّالۡجِبَالَ اَوۡتَادًا ۙ﴿۷﴾

(૭) અને પહાડોને (જમીનના) ખૂંટા (નથી બનાવ્યા) ?

وَّخَلَقۡنٰكُمۡ اَزۡوَاجًا ۙ﴿۸﴾

(૮) અને તમને જોડાબંધ પેદા (નથી) કર્યાં ?

وَّجَعَلۡنَا نَوۡمَكُمۡ سُبَاتًا ۙ﴿۹﴾

(૯) અને તમારી નિંદ્રાને આરામ માટે નથી બનાવી?

وَّجَعَلۡنَا الَّیۡلَ لِبَاسًا ۙ﴿۱۰﴾

(૧૦) અને અમોએ રાતને પરદો (નથી) બનાવ્યો?

وَّجَعَلۡنَا النَّہَارَ مَعَاشًا ﴿۪۱۱﴾

(૧૧) અને અમોએ દિવસને આજીવિકા મેળવવા માટે (નથી) બનાવ્યો ?

وَّبَنَیۡنَا فَوۡقَکُمۡ سَبۡعًا شِدَادًا ﴿ۙ۱۲﴾

(૧૨) અને અમોએ તમારા પર સાત મજબૂત (આસમાન) બનાવી દીધાં છે ઃ

وَّجَعَلۡنَا سِرَاجًا وَّہَّاجًا ﴿۪ۙ۱۳﴾

(૧૩) અને (તેમાં) અમોએ એક પ્રકાશીત દીવો કાયમ કર્યો છે ઃ

وَّاَنۡزَلۡنَا مِنَ الۡمُعۡصِرٰتِ مَآءً ثَجَّاجًا ۙ﴿۱۴﴾

(૧૪) અને અમે વાદળાઓમાંથી મુશળધાર પાણી વરસાવીએ છીએઃ

لِّنُخۡرِجَ بِهٖ حَبًّا وَّنَبَاتًا ۙ﴿۱۵﴾

(૧૫) કે જેથી અમે તે વડે અનાજ તથા વનસ્પતિ ઉત્પન્ન કરીએ ઃ

وَّجَنّٰتٍ اَلۡفَافًا ؕ﴿۱۶﴾

(૧૬) અને ગીચોગીચ (ઝાડોથી) ભરેલા બગીચા પણ.

اِنَّ يَوۡمَ الۡفَصۡلِ كَانَ مِيۡقَاتًا ۙ﴿۱۷﴾

(૧૭) બેશક ફૈંસલાનો દિવસ એક નક્કી કરેલ દિવસ છે ઃ

يَّوۡمَ يُنۡفَخُ فِى الصُّوۡرِ فَتَاۡتُوۡنَ اَفۡوَاجًا ۙ‏ ﴿١٨﴾

(૧૮) જે દિવસે સૂર ફૂંકવામાં આવશે ત્યારે તમે ટોળેટોળાં (કબરોમાંથી) નીકળી આવશોઃ

وَّفُتِحَتِ السَّمَآءُ فَكَانَتۡ اَبۡوَابًا ۙ‏ ﴿١٩﴾

(૧૯) અને આસમાનો ઉઘાડી નાખવામાં આવશે ત્યારે તેમાં (ઠેકઠેકાણે) દરવાજા થઇ જશેઃ

وَّسُيِّرَتِ الۡجِبَالُ فَكَانَتۡ سَرَابًا ؕ‏ ﴿٢٠﴾

(૨૦) અને પહાડો (પોતાના સ્થાનેથી) હલાવી નાખી ચલાવવામાં આવશે, પછી તે ઝાંઝવા થઇ જશે.

إِنَّ جَهَنَّمَ كَانَتْ مِرْصَادًا ﴿٢١﴾

(૨૧) બેશક જહન્નમ લાગ જોઇ બેઠી છે:

لِّلطَّاغِينَ مَآبًا ﴿٢٢﴾

(૨૨) જે શિરજોર લોકોનું રહેઠાણ હશે ः

لَّابِثِينَ فِيهَا أَحْقَابًا ﴿٢٣﴾

(૨૩) જેમાં તેઓ લાંબી મુદ્દત રહેશે.

لَّا يَذُوقُونَ فِيهَا بَرْدًا وَلَا شَرَابًا ﴿٢٤﴾

(૨૪) તેમાં તેઓ ન ઠંડક ચાખશે અને ન તેમને પીવા માટે પાણી મળશે ઃ

اِلَّا حَمِيۡمًا وَّغَسَّاقًا ۙ﴿۲۵﴾

(૨૫) સિવાય કે ઉકળતું પાણી અને પરૂ.

جَزَآءً وِّفَاقًا ؕ﴿۲۶﴾

(૨૬) (તેમની માન્યતા અને કરણીનો) આ પૂરેપૂરો બદલો હશે.

اِنَّهُمۡ كَانُوۡا لَا يَرۡجُوۡنَ حِسَابًا ۙ﴿۲۷﴾

(૨૭) ખરેજ તેઓ હિસાબ કિતાબની આશા રાખતા ન હતા ઃ

وَّكَذَّبُوۡا بِاٰيٰتِنَا كِذَّابًا ؕ﴿۲۸﴾

(૨૮) અને અમારી આયતોને જૂઠલાવતા હતા.

وَكُلَّ شَيۡءٍ اَحۡصَيۡنٰهُ كِتٰبًا ۝٢٩

(૨૯) અને અમોએ દરેક વસ્તુ એક કિતાબમાં નોંધી લીધી છેઃ

فَذُوۡقُوۡا فَلَنۡ نَّزِيۡدَكُمۡ اِلَّا عَذَابًا ۝٣٠

(30) પછી (અમે તેમને કહીશું કે) તમે હવે (અઝાબ) ચાખો, કારણ કે અમે તમારા માટે અઝાબ સિવાય બીજું કાંઇ નહિ વધારીએ.

اِنَّ لِلۡمُتَّقِيۡنَ مَفَازًا ۝٣١

(૩૧) બેશક પરહેઝગારો માટે સફળતા છેઃ

حَدَآئِقَ وَاَعۡنَابًا ۝٣٢

(૩૨) (અર્થાત) બગીચા તથા દ્રાક્ષની વાડીઓઃ

وَّ كَوَاعِبَ اَتْرَابًا ۙ﴿۳۳﴾

(૩૩) અને સમાન વયની યુવાન સ્ત્રીઓ ઃ

وَّ كَاْسًا دِهَاقًا ؕ﴿۳۴﴾

(૩૪) અને (પીણાંના) છલકતા પ્યાલા.

لَا يَسْمَعُوْنَ فِيْهَا لَغْوًا وَّلَا كِذّٰبًا ۚ﴿۳۵﴾

(૩૫) તેઓ તે (જન્નતો)માં ન કોઇ નકામી વાત સાંભળશે અને ન કોઇ જૂઠી વાત.

جَزَآءً مِّنْ رَّبِّكَ عَطَآءً حِسَابًا ۙ﴿۳۶﴾

(૩૬) આ તારા રબ તરફનો કરણીના પ્રમાણસર નેક બદલો હશેઃ

رَّبِّ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا بَيْنَهُمَا الرَّحْمٰنِ لَا يَمْلِكُوْنَ مِنْهُ
خِطَابًا ﴿٣٧﴾

(૩૭) (યાને) આસમાનો અને જમીન અને જે કાંઇ તેમની વચ્ચે છે તેના માલિક રહેમાન (અલ્લાહ) તરફથી, જેનાથી તેઓ સંબોધીને બોલવાની સત્તા ધરાવશે નહિ.

يَوْمَ يَقُوْمُ الرُّوْحُ وَالْمَلٰٓئِكَةُ صَفًّا ۗ لَّا يَتَكَلَّمُوْنَ اِلَّا مَنْ
اَذِنَ لَهُ الرَّحْمٰنُ وَقَالَ صَوَابًا ﴿٣٨﴾

(૩૮) જે દિવસે રૂહ (જિબ્રઇલ) તથા (બીજા સઘળા) ફરિશ્તા હારબંધ ઉભા રહેશે, તે વખતે કોઇપણ હરગિજ વાત કરી શકશે નહિ, સિવાય કે

જેને દયાળુ (અલ્લાહ)એ હુકમ આપ્યો હોય, અને વળી જે કાંઇ બોલશે તે વ્યાજબી જ બોલશે.

ذٰلِكَ الْيَوْمُ الْحَقُّ ۚ فَمَنْ شَآءَ اتَّخَذَ اِلٰى رَبِّهٖ مَاٰبًا ﴿٣٩﴾

(૩૯) આ તે દિવસ છે (કે જેનું આગમન) સત્ય છે, હવે જે ચાહે તે પોતાના પરવરદિગાર પાસે આશ્રયનું સ્થાન મેળવે.

اِنَّآ اَنْذَرْنٰكُمْ عَذَابًا قَرِيْبًا ۚۖ يَّوْمَ يَنْظُرُ الْمَرْءُ مَا قَدَّمَتْ يَدٰهُ وَيَقُوْلُ الْكٰفِرُ يٰلَيْتَنِيْ كُنْتُ تُرٰبًا ﴿٤٠﴾

(૪૦) ખરેખર જ અમે તમને નજીકમાં આવનારા અઝાબથી ડરાવી ચૂક્યા છીએ, (તે દિવસના અઝાબથી કે) જે દિવસે માણસની નજરે તેજ

પડશે કે જે કાંઇ તેના હાથોએ પહેલાં મોકલ્યું છે, અને નાસ્તિકો એમ કહેશે કે અફસોસ ! હું આજે માટી હોત તો કેવું સારૂં !

وَالنّٰزِعٰتِ غَرْقًا ۙ﴿۱﴾

(૧) કસમ છે સખ્તાઇથી (નાસ્તિકોનાં) પ્રાણ ખેંચી કાઢનારા (ફરિશ્તા)ઓની:

وَّالنّٰشِطٰتِ نَشْطًا ۙ﴿۲﴾

(૨) અને ઘણીજ સહેલાઇથી (મોઅમીનોની) રૂહ (આત્મા) કાઢી લેનારા (ફરિશ્તા)ઓની:

وَّالسّٰبِحٰتِ سَبْحًا ۙ﴿۳﴾

(3) અને કસમ છે હવામાં તરતા ફરનારાઓની:

فَالسّٰبِقٰتِ سَبْقًا ۙ﴿۴﴾

(૪) પછી પહેલ કરી આગળ વધી જનારાઓની:

فَالْمُدَبِّرٰتِ اَمْرًا ﴿٥﴾

(૫) પછી અલ્લાહની આજ્ઞાઓની વ્યવસ્થા કરનારાઓની.

يَوْمَ تَرْجُفُ الرَّاجِفَةُ ﴿٦﴾

(૬) જે દિવસે ધ્રુજી ઉઠનારી (ધરતી) ધ્રુજી ઉઠશેઃ

تَتْبَعُهَا الرَّادِفَةُ ﴿٧﴾

(૭) તે પછી બીજો એક ધરતીકંપ થશે.

قُلُوْبٌ يَّوْمَئِذٍ وَّاجِفَةٌ ﴿٨﴾

(૮) તે દિવસે દિલો ધડકવા માંડશે ઃ

اَبْصَارُهَا خَاشِعَةٌ ﴿٩﴾

(૯) તેઓની આંખો નીચી હશે.

يَقُولُونَ ءَإِنَّا لَمَرْدُودُونَ فِي الْحَافِرَةِ ۝١٠

(૧૦) તેઓ (નાસ્તિકો) કહે છે કે શું અમે મરણ બાદ પાછા આગલી સ્થિતિમાં ફેરવાઇશું ?

ءَإِذَا كُنَّا عِظَامًا نَّخِرَةً ۝١١

(૧૧) શું ત્યારે પણ કે જ્યારે અમે સડી ગયેલા હાડકાં થઇ ગયા હોઇશું ?

قَالُوا تِلْكَ إِذًا كَرَّةٌ خَاسِرَةٌ ۝١٢

(૧૨) તેઓ કહે છે કે જો એમ હોય તો આ પાછું ફરવું ઘણુંજ હાનિકારક હશે.

فَإِنَّمَا هِيَ زَجْرَةٌ وَاحِدَةٌ ۝١٣

(૧૩) પછી તો તે (કયામત)માં એકજ અવાજ થશેઃ

فَاِذَا هُمۡ بِالسَّاهِرَةِ ﴿١٤﴾

(૧૪) કે તરતજ તેઓ ખુલ્લા મેદાનમાં આવી જશે.

هَلۡ اَتٰىكَ حَدِيۡثُ مُوۡسٰى ﴿١٥﴾

(૧૫) (અય રસૂલ !) ભલા તારી પાસે મૂસાનું વર્ણન આવ્યું છે?

اِذۡ نَادٰىهُ رَبُّهٗ بِالۡوَادِ الۡمُقَدَّسِ طُوًى ﴿١٦﴾

(૧૬) જ્યારે તેને તેના પરવરદિગારે તુવાના પવિત્ર મેદાનમાં પોકારીને કહ્યું ઃ

اِذۡهَبۡ اِلٰى فِرۡعَوۡنَ اِنَّهٗ طَغٰى ﴿١٧﴾

(૧૭) કે ફિરઔન તરફ જા, કારણ કે બેશક તેણે ઘણું માથું ઊંચક્યું છે.

فَقُلْ هَلْ لَّكَ اِلٰٓى اَنْ تَزَكّٰى ﴿١٨﴾

(૧૮) પછી તેને કહે કે ભલા તને આ વાતની ઇચ્છા છે કે તું (શીર્કથી) પાક થઇ જાય ?

وَاَهْدِيَكَ اِلٰى رَبِّكَ فَتَخْشٰى ﴿١٩﴾

(૧૯) અને હું તને તારા પરવરદિગારનો માર્ગ દેખાડી દઉં કે જેથી તું ભય પામે ?

فَاَرٰىهُ الْاٰيَةَ الْكُبْرٰى ﴿٢٠﴾

(૨૦) પછી તેણે (અમારી કુદરતની) એક મોટી નિશાની તેને દેખાડી.

فَكَذَّبَ وَعَصٰى ﴿٢١﴾

(૨૧) પરંતુ (તે) તેણે જૂઠલાવી અને નાફરમાની કરી.

ثُمَّ اَدۡبَرَ یَسۡعٰی ﴿۲۲﴾

(૨૨) પછી તે પીઠ ફેરવી ચાલ્યો ગયો કે જેથી (મૂસા વિરૂદ્ધ કોઇ) યુક્તિ શોધી કાઢે.

فَحَشَرَ فَنَادٰی ﴿۲۳﴾

(૨૩) પછી તેણે લોકોને ભેગા કર્યા, બાદ પોકાર્યું:

فَقَالَ اَنَا رَبُّکُمُ الۡاَعۡلٰی ﴿۲۴﴾

(૨૪) પછી કહ્યું કે હું તમો સર્વેનો સૌથી મોટો પરવરદિગાર છું.

فَاَخَذَهُ اللّٰهُ نَکَالَ الۡاٰخِرَةِ وَالۡاُوۡلٰی ﴿۲۵﴾

(૨૫) પછી તેને અલ્લાહે પરલોક અને આલોકની શિક્ષામાં પકડી લીધો.

اِنَّ فِىۡ ذٰلِكَ لَعِبۡرَةً لِّمَنۡ يَّخۡشٰى ؕ‏ ﴿۲۶﴾

(૨૬) બેશક આ બનાવમાં તે શખ્સ માટે નસીહત છે કે જે ડરે છે.

ءَاَنۡتُمۡ اَشَدُّ خَلۡقًا اَمِ السَّمَآءُ ‌ؕ بَنٰٮهَا ۚ‏ ﴿۲۷﴾

(૨૭) ભલા તમારૂં પેદા કરવું વધું મુશ્કેલ છે કે આસમાનનું કે જે તેણે બનાવ્યું છે ?

رَفَعَ سَمۡكَهَا فَسَوّٰٮهَا ۙ‏ ﴿۲۸﴾

(૨૮) તેણે તેની ઊંચાઇ વધારી, પછી તેને વ્યવસ્થિત કર્યું ઃ

وَاَغْطَشَ لَيْلَهَا وَاَخْرَجَ ضُحٰىهَا ﴿۲۹﴾

(૨૯) અને તેની રાત અંધારી રાખી, અને તેનો પ્રકાશ બહાર કાઢ્યો.

وَالْاَرْضَ بَعْدَ ذٰلِكَ دَحٰىهَا ﴿۳۰﴾

(30) અને ત્યાર બાદ જમીન પાથરી દીધી.

اَخْرَجَ مِنْهَا مَآءَهَا وَمَرْعٰىهَا ﴿۳۱﴾

(3૧) તેમાંથી તેનું પાણી કાઢ્યું અને તેનો ચારો પણ.

وَالْجِبَالَ اَرْسٰىهَا ﴿۳۲﴾

(3૨) અને પહાડોને પણ તેણેજ સ્થાપિત કર્યા છે:

مَتَاعًا لَّكُمْ وَلِاَنْعَامِكُمْ ﴿۳۳﴾

(33) તમારા માટે તથા તમારા પશુઓના ફાયદા માટે.

فَاِذَا جَآءَتِ الطَّآمَّةُ الْكُبْرٰى ﴿٣٤﴾

(3૪) પછી જ્યારે મહાન આપત્તિ (કયામત) આવી પહોંચશે.

يَوْمَ يَتَذَكَّرُ الْاِنْسَانُ مَا سَعٰى ﴿٣٥﴾

(3૫) તે દિવસે ઈન્સાને (જગતમાં) જે કર્યું હશે તે તેને યાદ આવશેઃ

وَبُرِّزَتِ الْجَحِيْمُ لِمَنْ يَّرٰى ﴿٣٦﴾

(3૬) અને દરેક જોનાર માટે જહન્નમ જાહેર કરી દેવામાં આવશે.

فَأَمَّا مَنۡ طَغٰى ﴿٣٧﴾

(૩૭) પછી જેણે શિરજોરી કરી હશે ઃ

وَاٰثَرَ الۡحَيٰوةَ الدُّنۡيَا ﴿٣٨﴾

(૩૮) અને આલોકની જિંદગીને પસંદ કરી હશે:

فَاِنَّ الۡجَحِيۡمَ هِىَ الۡمَاۡوٰى ﴿٣٩﴾

(૩૯) તો બેશક જહન્નમ એજ તેનું ઠેકાણું હશે,

وَاَمَّا مَنۡ خَافَ مَقَامَ رَبِّهٖ وَنَهَى النَّفۡسَ عَنِ الۡهَوٰى ﴿٤٠﴾

(૪૦) અને જે પોતાના પરવરદિગારની હજૂરમાં ઉભા થવાથી ડર્યો હશે તથા નફસને મનોકામનાથી અટકાવતો રહ્યો હશે:

فَاِنَّ الۡجَـنَّةَ هِىَ الۡمَاۡوٰى ﴿٤١﴾

(૪૧) તો બેશક જન્નત એજ તેનું ઠેકાણું હશે.

يَسۡـَٔلُوۡنَكَ عَنِ السَّاعَةِ اَيَّانَ مُرۡسٰٮهَا ؕ﴿۴۲﴾

(૪૨) (અય રસૂલ!) તે લોકો તને કયામત સંબંધી પૂછયા કરે છે કે તે ક્યારે આવશે?

فِيۡمَ اَنۡتَ مِنۡ ذِكۡرٰٮهَا ؕ﴿۴۳﴾

(૪૩) (પણ) તે (સમય) દેખાડવાની તને શી પડી છે?

اِلٰى رَبِّكَ مُنۡتَهٰٮهَا ؕ﴿۴۴﴾

(૪૪) (કહે કે) તેનું અંતિમ જ્ઞાન તારા પરવરદિગાર તરફજ છે.

اِنَّمَاۤ اَنۡتَ مُنۡذِرُ مَنۡ يَّخۡشٰٮهَا ؕ﴿۴۵﴾

(૪૫) તું (માત્ર) તે શખ્સને ડરાવનારો છે કે જે (કયામત)થી ડરતો હોય.

كَأَنَّهُمْ يَوْمَ يَرَوْنَهَا لَمْ يَلْبَثُوٓا إِلَّا عَشِيَّةً أَوْ ضُحَىٰهَا ﴿٤٦﴾

(૪૬) જે દિવસે તેઓ તેને નિહાળશે ત્યારે (તેમને) એવું લાગશે કે તેઓ (દુનિયામાં વધુ) થોભ્યા જ નથી પણ એક સાંજ અથવા સવાર.

عَبَسَ وَتَوَلّٰۤى ①

(૧) તેમના કપાળ પર કરચલી પડી અને મોઢું ફેરવી લીધું ઃ

اَنۡ جَآءَهُ الۡاَعۡمٰى ②

(૨) કે (જે વખતે) તેની પાસે એક આંધળો આવી ચઢ્યો.

وَمَا يُدۡرِيۡكَ لَعَلَّهٗ يَزَّكّٰۤى ③

(3) અને તને શી ખબર કે કદાચને તે પાવન થઇ જાય ઃ

اَوۡ يَذَّكَّرُ فَتَنۡفَعَهُ الذِّكۡرٰى ④

(૪) અથવા બોધ ગ્રહણ કરે તો તે બોધ તેને લાભ પહોંચાડે ?

اَمَّا مَنِ اسْتَغْنٰی ۙ﴿۵﴾

(૫) જે ધર્મ તરફ બેદરકારી કરે છે ઃ

فَاَنْتَ لَهٗ تَصَدّٰی ؕ﴿۶﴾

(૬) તેના તરફ તો તું બહુ ધ્યાન આપે છે.

وَمَا عَلَیْكَ اَلَّا یَزَّكّٰی ؕ﴿۷﴾

(૭) અને ખરૂં જોતાં તે પાવન નહિ થાય તો તારા ઉપર કાંઇ (દોષ) નથી.

وَاَمَّا مَنْ جَآءَكَ یَسْعٰی ۙ﴿۸﴾

(૮) અને તે કે જે તારી તરફ દોડતો આવે છેઃ

وَهُوَ يَخْشٰى ﴿٩﴾

(૯) અને (અલ્લાહથી પણ) ડરે છે ۞

فَاَنْتَ عَنْهُ تَلَهّٰى ﴿١٠﴾

(૧૦) તો તેનાથી તું દુર્લક્ષ કરે છે.

كَلَّآ اِنَّهَا تَذْكِرَةٌ ﴿١١﴾

(૧૧) ખબરદાર ! આ કુરઆન બેશક એક (મહાન) બોધપાઠ છે.

فَمَنْ شَآءَ ذَكَرَهٗ ﴿١٢﴾

(૧૨) માટે જે ચાહે તે તેનું મનન કરે.

فِيْ صُحُفٍ مُّكَرَّمَةٍ ﴿١٣﴾

(૧૩) તે (લવહે મહેફૂઝના) માનવંત પાનાઓમાં (લખેલું) છે ઃ

مَّرۡفُوۡعَةٍ مُّطَهَّرَةٍۭ ۙ﴿۱۴﴾

(૧૪) ઊંચી પદવીએ ચઢાવેલા શુદ્ધ કરેલા (પાનાઓમાં) ઃ

بِاَيۡدِىۡ سَفَرَةٍ ۙ﴿۱۵﴾

(૧૫) (એવા) લખનારાઓના હાથથી ઃ

كِرَامٍۭ بَرَرَةٍ ؕ﴿۱۶﴾

(૧૬) કે જે સન્માનને પાત્ર (અને) સદાચારી છે.

قُتِلَ الۡاِنۡسَانُ مَاۤ اَكۡفَرَهٗ ؕ﴿۱۷﴾

(૧૭) ગારત થાઓ ઇન્સાન ! તે કેવો ઉપકાર ભૂલનાર છે !

مِنۡ اَیِّ شَیۡءٍ خَلَقَهٗ ﴿۱۸﴾

(૧૮) તેને તે (અલ્લાહ)એ કઇ વસ્તુથી પેદા કર્યો છે ?

مِنۡ نُّطۡفَةٍ ؕ خَلَقَهٗ فَقَدَّرَهٗ ﴿۱۹﴾

(૧૯) વીર્યના એક ટીપામાંથી તેણે તેને પેદા કર્યો; પછી તેના માટે અંદાજો નક્કી કર્યો ઃ

ثُمَّ السَّبِیۡلَ یَسَّرَهٗ ﴿۲۰﴾

(૨૦) પછી તેના માટે માર્ગ આસાન કરી દીધો ઃ

ثُمَّ اَمَاتَهٗ فَاَقۡبَرَهٗ ﴿۲۱﴾

(૨૧) પછી તેને મૃત્યુ આપ્યું, બાદ તેને કબરને હવાલે કર્યો ઃ

ثُمَّ اِذَا شَآءَ اَنْشَرَهٗ ﴿٢٢﴾

(૨૨) પછી જ્યારે તે ચાહશે ત્યારે તેને (પાછો) સજીવન કરી ઉઠાડશે.

كَلَّا لَمَّا يَقْضِ مَآ اَمَرَهٗ ﴿٢٣﴾

(૨૩) ખરી વાત એ છે કે અલ્લાહે તેને જે હુકમ આપ્યો છે તે તેણે બજાવ્યો જ નથી.

فَلْيَنْظُرِ الْاِنْسَانُ اِلٰى طَعَامِهٖٓ ﴿٢٤﴾

(૨૪) માટે જોઇએ કે ઈન્સાન પોતાના ખોરાક તરફ લક્ષ આપે ઃ

أَنَّا صَبَبْنَا الْمَآءَ صَبًّا ﴿٢٥﴾

(૨૫) કે અમોએ પાણી જોરથી વરસાવ્યું ઃ

ثُمَّ شَقَقْنَا الْاَرْضَ شَقًّا ﴿٢٦﴾

(૨૬) પછી અમોએ જ જમીનને સારી રીતે ફાડી નાખી ઃ

فَاَنْۢبَتْنَا فِيْهَا حَبًّا ﴿٢٧﴾

(૨૭) પછી અમોએ જ તેમાં(થી) અનાજ ઉત્પન્ન કર્યું ઃ

وَّعِنَبًا وَّقَضْبًا ﴿٢٨﴾

(૨૮) અને દ્રાક્ષ તથા ભાજી તરકારી ઃ

وَّزَيْتُوْنًا وَّنَخْلًا ﴿٢٩﴾

(૨૯) અને ઝયતુન તથા ખજૂરના ઝાડો ઃ

وَّحَدَآئِقَ غُلْبًا ۙ﴿۳۰﴾

(30) અને ગીચ બગીચા

وَّفَاكِهَةً وَّاَبًّا ۙ﴿۳۱﴾

(3૧) અને મેવા તથા ઘાસ ચારો ઃ

مَّتَاعًا لَّكُمْ وَلِاَنْعَامِكُمْ ۗ﴿۳۲﴾

(3૨) ખુદ તમારા લાભ માટે તથા તમારા પશુઓના લાભ માટે.

فَاِذَا جَآءَتِ الصَّآخَّةُ ۫﴿۳۳﴾

(33) પછી જ્યારે કાનના પડદા ફાડી નાખનારી (ગર્જના) આવી પહોંચશે ઃ

يَوۡمَ يَفِرُّ الۡمَرۡءُ مِنۡ اَخِيۡهِ ﴿۳۴﴾

(૩૪) ત્યારે તે દિવસે ઈન્સાન પોતાના ભાઇથી (પણ દૂર) નાસતો ફરશેઃ

وَاُمِّهٖ وَاَبِيۡهِ ﴿۳۵﴾

(૩૫) અને પોતાની મા તથા બાપથી પણ ઃ

وَصَاحِبَتِهٖ وَبَنِيۡهِ ﴿۳۶﴾

(૩૬) અને પોતાની સ્ત્રી તથા છોકરાંથી પણ ઃ

لِكُلِّ امۡرِیٴٍ مِّنۡهُمۡ يَوۡمَٮِٕذٍ شَاۡنٌ يُّغۡنِيۡهِ ﴿۳۷﴾

(૩૭) તે દિવસે તેઓમાંથી દરેક જણને પોતાની જ પડી હશે.

وُجُوۡهٌ يَّوۡمَٮِٕذٍ مُّسۡفِرَةٌ ﴿۳۸﴾

(૩૮) તે દિવસે ઘણાંખરા ચહેરા પ્રકાશિત ઃ

ضَاحِكَةٌ مُّسْتَبْشِرَةٌ ﴿٣٩﴾

(૩૯) હસમુખ (અને) આનંદી હશે.

وَوُجُوهٌ يَّوْمَئِذٍ عَلَيْهَا غَبَرَةٌ ﴿٤٠﴾

(૪૦) અને ઘણાંખરા ચહેરા તે દિવસે ધૂળમાં રગદોળાએલા હશેઃ

تَرْهَقُهَا قَتَرَةٌ ﴿٤١﴾

(૪૧) તેમના પર કાળાશ પથરાએલી હશે.

أُولَٰٓئِكَ هُمُ الْكَفَرَةُ الْفَجَرَةُ ﴿٤٢﴾

(૪૨) એજ (લોકો) તો નાસ્તિક (અને) દૂરાચારી છે.

سورة التكوير / સૂરએ તકવીર

إِذَا الشَّمْسُ كُوِّرَتْ ۝١

(૧) જ્યારે સૂર્ય (નો પ્રકાશ) વીંટી લેવામાં આવશેઃ

وَإِذَا النُّجُومُ انكَدَرَتْ ۝٢

(૨) અને જ્યારે તારાઓ નિસ્તેજ થઇ જશેઃ

وَإِذَا الْجِبَالُ سُيِّرَتْ ۝٣

(3) અને જ્યારે પહાડોને ચલાવવામાં આવશેઃ

وَإِذَا الْعِشَارُ عُطِّلَتْ ۝٤

(૪) અને જ્યારે ગર્ભવાળી ઊંટણીઓ તજી દેવામાં આવશેઃ

وَإِذَا الْوُحُوشُ حُشِرَتْ ۝٥

(૫) અને જ્યારે જંગલી પ્રાણીઓ ભેગાં કરવામાં આવશે:

وَإِذَا الْبِحَارُ سُجِّرَتْ ۝٦

(૬) અને જ્યારે સમુદ્રોમાં આગ લાગી જશે:

وَإِذَا النُّفُوسُ زُوِّجَتْ ۝٧

(૭) અને જ્યારે આત્માઓ શરીરો સાથે જોડી દેવામાં આવશે:

وَإِذَا الْمَوْءُودَةُ سُئِلَتْ ۝٨

(૮) અને જ્યારે જીવતી દાટેલી (છોકરી)ઓને સવાલ કરવામાં આવશે:

بِأَيِّ ذَنْبٍ قُتِلَتْ ۝٩

(૯) કે તેણી ક્યા અપરાધસર મારી નખાઇ હતી.

وَإِذَا الصُّحُفُ نُشِرَتْ ﴿١٠﴾

(૧૦) અને જ્યારે કરણીના લેખ ઉઘાડી નાખવામાં આવશે ઃ

وَإِذَا السَّمَآءُ كُشِطَتْ ﴿١١﴾

(૧૧) અને જ્યારે આસમાનના પડ ઉખેડી નાખવામાં આવશે ઃ

وَإِذَا الْجَحِيمُ سُعِّرَتْ ﴿١٢﴾

(૧૨) અને જ્યારે જહન્નમ (ની આગ)ને ધગધગાવવામાં આવશે ઃ

وَإِذَا الْجَنَّةُ أُزْلِفَتْ ﴿١٣﴾

(૧૩) અને જ્યારે જન્નત નજીક કરી દેવામાં આવશે ઃ

عَلِمَتۡ نَفۡسٌ مَّاۤ اَحۡضَرَتۡ ﴿١٤﴾

(૧૪) ત્યારે દરેક જીવ જાણી લેશે કે તે શું શું લઇને આવ્યો છે.

فَلَاۤ اُقۡسِمُ بِالۡخُنَّسِ ﴿١٥﴾

(૧૫) તો હું કસમ ખાઉં છું તે ચાલતા ચાલતા પાછા હઠનારા તારાની ઃ

الۡجَوَارِ الۡكُنَّسِ ﴿١٦﴾

(૧૬) અને સહેલ કરતા કરતા સંતાઇ જનાર (તારા)ની ઃ

وَالَّيْلِ اِذَا عَسْعَسَ ﴿١٧﴾

(૧૭) અને રાતની જ્યારે કે તે વિદાય થાય છે ః

وَالصُّبْحِ اِذَا تَنَفَّسَ ﴿١٨﴾

(૧૮) અને પ્રભાતની જ્યારે કે તે પ્રકાશવા માંડે છે ః

اِنَّهٗ لَقَوْلُ رَسُوْلٍ كَرِيْمٍ ﴿١٩﴾

(૧૯) બેશક આ (કુરઆન) એક માનવંત મોકલેલા (જિબ્રઇલ)એ પહોંચાડેલો સંદેશો છે ః

ذِيْ قُوَّةٍ عِنْدَ ذِي الْعَرْشِ مَكِيْنٍ ﴿٢٠﴾

(૨૦) જે અર્શના માલિકને ત્યાં શક્તિવાળો અને માનવંત છે:

مُّطَاعٍ ثَمَّ اَمِيۡنٍ ﴿٢١﴾

(૨૧) ત્યાં ફરિશ્તાઓ તરફથી તેની તાબેદારી કરવામાં આવે છે, વળી તે (મહા) વિશ્વાસુ પણ છે.

وَمَا صَاحِبُكُمۡ بِمَجۡنُوۡنٍ ﴿٢٢﴾

(૨૨) અને (અય મક્કાવાસીઓ!) તમારો સાથી (મોહમ્મદ સ.અ.વ.) દીવાનો નથી.

وَلَقَدۡ رَاٰهُ بِالۡاُفُقِ الۡمُبِيۡنِ ﴿٢٣﴾

(૨૩) અને ખરેખર તેણે તે (જિબ્રઇલ)ને આસમાનનાં વાદળાં વિનાનાં ક્ષિતીજ પર નિહાળ્યો છે.

وَمَا هُوَ عَلَى الۡغَيۡبِ بِضَنِيۡنٍ ﴿٢٤﴾

(૨૪) અને તે ગેબની વાતોના સંબંધમાં કંજૂસ નથી.

وَمَا هُوَ بِقَوْلِ شَيْطٰنٍ رَّجِيْمٍ ﴿٢٥﴾

(૨૫) અને આ કુરઆન લાનત પામેલા શેતાનનું કહેણ નથીઃ

فَاَيْنَ تَذْهَبُوْنَ ﴿٢٦﴾

(૨૬) છતાં તમે ક્યાં (બહેકી) જાઓ છો ?

اِنْ هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ ﴿٢٧﴾

(૨૭) આ (કુરઆન) કાંઇ નથી પણ તમામ દુનિયાઓ માટે (મહાન) નસીહત છે ઃ

لِمَنْ شَآءَ مِنْكُمْ اَنْ يَّسْتَقِيْمَ ﴿٢٨﴾

(૨૮) (ખાસ કરીને) તે શખ્સ માટે કે જે તમારામાંથી સન્માર્ગે ચાલવા ચાહે.

وَمَا تَشَآءُوْنَ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ رَبُّ الْعٰلَمِيْنَ ﴿۲۹﴾

(૨૯) અને તમે કોઇ પણ ચાહશો નહિ, સિવાય કે જે અલ્લાહ (યાને) તમામ દુનિયાનો પરવરદિગાર ચાહે.

اِذَا السَّمَآءُ انْفَطَرَتْ ۙ﴿۱﴾

(૧) જ્યારે આસમાન ફાટી જશે ঃ

وَاِذَا الْكَوَاكِبُ انْتَثَرَتْ ۙ﴿۲﴾

(૨) અને જ્યારે તારાઓ ખરી પડી વિખરાઇ જશેઃ

وَاِذَا الْبِحَارُ فُجِّرَتْ ۙ﴿۳﴾

(3) અને જ્યારે સમુદ્રો જોરથી વહેવડાવવામાં આવશે ঃ

وَاِذَا الْقُبُوْرُ بُعْثِرَتْ ۙ﴿۴﴾

(૪) અને જ્યારે કબરો ખોલી નાખવામાં આવશેઃ

عَلِمَتْ نَفْسٌ مَّا قَدَّمَتْ وَاَخَّرَتْ ؕ﴿۵﴾

(૫) તો તે વખતે દરેક વ્યક્તિ જાણી લેશે કે તેણે આગળ શું મોકલ્યું છે અને પાછળ શું મૂક્યું છે.

يَٰٓأَيُّهَا ٱلۡإِنسَٰنُ مَا غَرَّكَ بِرَبِّكَ ٱلۡكَرِيمِ ٦

(૬) અય ઇન્સાન! તને તારા માયાળુ પરવરદિગારના સંબંધમાં કઇ વસ્તુએ ધોકો આપ્યો છે:

ٱلَّذِي خَلَقَكَ فَسَوَّىٰكَ فَعَدَلَكَ ٧

(૭) જેણે તને પેદા કર્યો, પછી તને પરિપૂર્ણ કર્યો, પછી તારા અવયવો સરખા કર્યા ?

فِيٓ أَيِّ صُورَةٖ مَّا شَآءَ رَكَّبَكَ ٨

(૮) પછી જે આકૃતિમાં તેણે ઇચ્છયું તેમાં તને તારા (અવયવો) જોડી દીધાં.

كَلَّا بَلْ تُكَذِّبُونَ بِالدِّينِ ۝٩

(૯) પણ વાત આ છે કે તમે ન્યાય (ના દિવસ)ને જૂઠલાવો છોઃ

وَإِنَّ عَلَيْكُمْ لَحَافِظِينَ ۝١٠

(૧૦) અને ખરેખર તમારા પર ચોકીદાર (ફરિશ્તા નીમેલા) છેઃ

كِرَامًا كَاتِبِينَ ۝١١

(૧૧) (અર્થાત) કિરામન કાતેબીન (માનવંત લખનારા ફરિશ્તા નીમેલા) છે ઃ

يَعْلَمُوْنَ مَا تَفْعَلُوْنَ ⑫

(૧૨) જે કાંઇ તમે કરો છો તે તેઓ જાણે છે.

اِنَّ الْاَبْرَارَ لَفِيْ نَعِيْمٍ ⑬

(૧૩) બેશક સદાચારીઓ મેવાવાળી જન્નતોમાં હશે:

وَاِنَّ الْفُجَّارَ لَفِيْ جَحِيْمٍ ⑭

(૧૪) અને બેશક દુરાચારી લોકો જહન્નમમાં હશે:

يَّصْلَوْنَهَا يَوْمَ الدِّيْنِ ⑮

(૧૫) ફેંસલાના દિવસે તેઓ તેમાંજ દાખલ થશે:

وَمَا هُمْ عَنْهَا بِغَآئِبِيْنَ ⑯

(૧૬) અને તેઓ તેનાથી ગેરહાજર રહી શકશે નહિ.

وَمَآ اَدۡرٰىكَ مَا يَوۡمُ الدِّيۡنِۙ﴿۱۷﴾

(૧૭) અને તને શી ખબર કે ફેંસલાનો દિવસ શું છે ?

ثُمَّ مَآ اَدۡرٰىكَ مَا يَوۡمُ الدِّيۡنِؕ﴿۱۸﴾

(૧૮) પછી પણ તને શી ખબર કે ફેંસલાનો દિવસ શું છે ?

يَوۡمَ لَا تَمۡلِكُ نَفۡسٌ لِّنَفۡسٍ شَيۡـًٔاؕ وَالۡاَمۡرُ يَوۡمَئِذٍ لِّلّٰهِ﴿۱۹﴾

(૧૯) તે દિવસે કોઇ પણ શખ્સને કોઇ બીજા શખ્સના સંબંધમાં કોઇ જાતનો અધિકાર નહિ હોય, અને તે દિવસે આજ્ઞા માત્ર અલ્લાહની જ હશે.

وَيْلٌ لِّلْمُطَفِّفِيْنَ ①

(૧) અફસોસ છે તે લોકો માટે કે જેઓ (તોલ માપમાં) ઓછું આપે છે ◌:

الَّذِيْنَ اِذَا اكْتَالُوْا عَلَى النَّاسِ يَسْتَوْفُوْنَ ②

(૨) તેઓ જ્યારે લોકો પાસેથી (અનાજ વગેરે) માપીને લે છે ત્યારે પૂરેપૂરૂં (માપીને) લે છે ◌:

وَاِذَا كَالُوْهُمْ اَوْ وَّزَنُوْهُمْ يُخْسِرُوْنَ ③

(3) અને જ્યારે તેમને માપીને કે જોખીને આપે છે ત્યારે ઓછું આપે છે.

اَلَا يَظُنُّ اُولٰٓئِكَ اَنَّهُمْ مَّبْعُوْثُوْنَ ④

(૪) શું તેઓ વિચારતા નથી કે તેઓ પાછા ઉઠાડવામાં આવશે?

لِيَوْمٍ عَظِيْمٍ ۝٥

(૫) તે મહાન દિવસે ઃ

يَّوْمَ يَقُوْمُ النَّاسُ لِرَبِّ الْعٰلَمِيْنَ ۝٦

(૬) કે જે દિવસે સર્વે લોકો તમામ જગતના પરવરદિગારની હજૂરમાં ઉભા થશે.

كَلَّآ اِنَّ كِتٰبَ الْفُجَّارِ لَفِيْ سِجِّيْنٍ ۝٧

(૭) સાંભળો ! બેશક દુરાચારીઓની (કરણીના) લખાણ સિજ્જીનમાં હશે.

وَمَآ اَدْرٰىكَ مَا سِجِّيْنٌ ۝٨

(૮) અને તને શી ખબર કે સિજ્જીન શું છે ?

كِتٰبٌ مَّرۡقُوۡمٌ ۝٩

(૯) તે એક લખેલું લખાણ છે (જેમાં દુરાચારીઓની કરણી લખેલી છે).

وَيۡلٌ يَّوۡمَئِذٍ لِّلۡمُكَذِّبِيۡنَ ۝١٠

(૧૦) અફસોસ છે તે દિવસે તે જૂઠલાવનારાઓ માટે ઃ

الَّذِيۡنَ يُكَذِّبُوۡنَ بِيَوۡمِ الدِّيۡنِ ۝١١

(૧૧) કે જેઓ ફેંસલાના દિવસને જૂઠલાવે છે.

وَمَا يُكَذِّبُ بِهٖۤ اِلَّا كُلُّ مُعۡتَدٍ اَثِيۡمٍ ۝١٢

(૧૨) અને તેને બીજું કોઇ જૂઠલાવતું નથી, સિવાય કે દરેક અત્યાચારી ગુનેહગાર ○

إِذَا تُتْلَىٰ عَلَيْهِ آيَاتُنَا قَالَ أَسَاطِيرُ الْأَوَّلِينَ ⑬

(૧૩) કે જ્યારે તેની સામે અમારી આયતો પઢવામાં આવે છે ત્યારે કહે છે કે આ તો આગલાઓની કહાણીઓ છે.

كَلَّا ۖ بَلْ ۜ رَانَ عَلَىٰ قُلُوبِهِم مَّا كَانُوا يَكْسِبُونَ ⑭

(૧૪) નહિ, નહિ, વાત આ છે કે જે કર્મો તેઓ કર્યા કરતા હતા તેનાથી તેમના દિલો પર કાટ ચઢી ગયો છે.

كَلَّا إِنَّهُمْ عَن رَّبِّهِمْ يَوْمَئِذٍ لَّمَحْجُوبُونَ ⑮

(૧૫) એટલું જ નથી, (બલ્કે) તે દિવસે તેઓ તેમના પરવરદિગાર (ની રહેમત)થી પણ વંચિત રહેશે.

ثُمَّ اِنَّهُمۡ لَصَالُوا الۡجَحِيۡمِ ؕ‏ ﴿۱۶﴾

(૧૬) પછી ખરેખર તેઓ ભડભડતી આગમાં પણ દાખલ થશે.

ثُمَّ يُقَالُ هٰذَا الَّذِىۡ كُنۡتُمۡ بِهٖ تُكَذِّبُوۡنَ ؕ‏ ﴿۱۷﴾

(૧૭) પછી તેમને કહેવામાં આવશે કે જેને તમે જૂઠલાવ્યા કરતા હતા તે આ જ છે.

كَلَّاۤ اِنَّ كِتٰبَ الۡاَبۡرَارِ لَفِىۡ عِلِّيِّيۡنَ ؕ‏ ﴿۱۸﴾

(૧૮) આ પણ સાંભળી રાખો કે બેશક સદાચારીઓનું લખાણ ઇલ્લીયીનમાં હશે.

وَمَآ اَدۡرٰىكَ مَا عِلِّيُّوۡنَ ؕ﴿۱۹﴾

(૧૯) અને તને શી ખબર કે ઇલ્લીયીન શું છે?

كِتٰبٌ مَّرۡقُوۡمٌ ۙ﴿۲۰﴾

(૨૦) તે એક લખેલું લખાણ છે (જેમાં સદાચારીઓની કરણી લખેલી છે)઼:

يَّشۡهَدُهُ الۡمُقَرَّبُوۡنَ ؕ﴿۲۱﴾

(૨૧) જેને અલ્લાહની બારગાહના નજીકવાળા (ફરિશ્તા) જોતા રહે છે.

اِنَّ الۡاَبۡرَارَ لَفِىۡ نَعِيۡمٍ ۙ﴿۲۲﴾

(૨૨) બેશક સદાચારી લોકો મેવાવાળી જન્નતોમાં હશેઃ

عَلَى الْأَرَآئِكِ يَنظُرُونَ ۝٢٣

(૨૩) સિંહાસનો પર બેઠા બેઠા નિરીક્ષણ કરતા હશે ઃ

تَعْرِفُ فِي وُجُوهِهِمْ نَضْرَةَ النَّعِيمِ ۝٢٤

(૨૪) તેમના ચહેરા પર તું આનંદની લહેર પારખી કાઢશે.

يُسْقَوْنَ مِن رَّحِيقٍ مَّخْتُومٍ ۝٢٥

(૨૫) તેમને સીલબંધ નિર્ભેળ પીણું પીવડાવવામાં આવશેઃ

خِتٰمُهٗ مِسْكٌ ؕ وَفِيْ ذٰلِكَ فَلْيَتَنَافَسِ الْمُتَنَافِسُوْنَ ﴿٢٦﴾ؕ

(૨૬) જેની મોહોર કસ્તુરીની હશે; અને ઈચ્છા ધરાવનારાઓએ તેવા (પીણાં)ની ઈચ્છા રાખવી જોઇએ.

وَمِزَاجُهٗ مِنْ تَسْنِيْمٍ ﴿٢٧﴾ۙ

(૨૭) અને તેમાં તસ્નીમનું પાણી મિશ્રીત હશેઃ

عَيْنًا يَّشْرَبُ بِهَا الْمُقَرَّبُوْنَ ﴿٢٨﴾ؕ

(૨૮) આ એક ઝરણું છે જેમાંથી (અલ્લાહના) નિકટ બંદાઓ પાન કરશે.

اِنَّ الَّذِيْنَ اَجْرَمُوْا كَانُوْا مِنَ الَّذِيْنَ اٰمَنُوْا يَضْحَكُوْنَ ﴿٢٩﴾ؗۖ

(૨૯) બેશક જે લોકો ગુનેહગાર હતા તેઓ ઇમાન લાવનારાઓની હાંસી ઉડાવ્યા કરતાહતા.

وَاِذَا مَرُّوْا بِهِمْ يَتَغَامَزُوْنَ ۝٣٠

(30) અને જ્યારે તેઓ (ઇમાનદારો) તેમની પાસેથી પસાર થતા ત્યારે આપસમાં (ટકોર કરી) આંખ મારતા હતા.

وَاِذَا انْقَلَبُوْٓا اِلٰٓى اَهْلِهِمُ انْقَلَبُوْا فَكِهِيْنَ ۝٣١

(૩૧) અને જ્યારે પોતાના બાલબચ્ચાંઓમાં પાછા ફરી આવતા ત્યારે મગરૂર થતા આવતા હતા.

وَاِذَا رَاَوْهُمْ قَالُوْٓا اِنَّ هٰٓؤُلَآءِ لَضَآلُّوْنَ ۝٣٢

(૩૨) અને જ્યારે તેઓ તેઓ(મોઅમીનો)ને નિહાળતા ત્યારે કહેતા કે બેશક આ એજ લોકો છે જે ગુમરાહ છેઃ

وَمَآ اُرۡسِلُوۡا عَلَيۡهِمۡ حٰفِظِيۡنَ ﴿٣٣﴾

(૩3) અને તેઓ (મોઅમીનો)ને તેમના પર નિગેહબાન બનાવી મોકલવામાં આવ્યા ન હતા.

فَالۡيَوۡمَ الَّذِيۡنَ اٰمَنُوۡا مِنَ الۡكُفَّارِ يَضۡحَكُوۡنَ ﴿٣٤﴾

(૩૪) તો આજના દિવસે તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા છે નાસ્તિકોની હાંસી ઉડાડશે ઃ

عَلَى الۡاَرَآئِكِ ۙ يَنۡظُرُوۡنَ ﴿٣٥﴾

(૩૫) સિંહાસનો પર બેસી નિરીક્ષણ કરશેઃ

هَلْ ثُوِّبَ الْكُفَّارُ مَا كَانُوْا يَفْعَلُوْنَ ۝٣٦

(૩૬) (અને કહેશે કે) ભલા નાસ્તિકોને તેઓ જે કાંઇ કર્યા કરતા હતા તેનો (પૂરેપૂરો) બદલો મળી ગયોકે?

إِذَا السَّمَآءُ انْشَقَّتْ ①

(૧) જ્યારે આસમાન ફાટી જશે ઃ

وَاَذِنَتْ لِرَبِّهَا وَحُقَّتْ ②

(૨) અને પોતાના પરવરદિગારની આજ્ઞા બજાવી લાવશે અને તે જરૂરી છેઃ

وَإِذَا الْاَرْضُ مُدَّتْ ③

(3) અને જ્યારે જમીનને ખેંચી તાણી પહોળી કરવામાં આવશેઃ

وَاَلْقَتْ مَا فِيْهَا وَتَخَلَّتْ ④

(૪) અને તેમાં જે કાંઇ છે તે કાઢી ફેંકી દેશે, અને તે ખાલી થઇ જશેઃ

وَاَذِنَتۡ لِرَبِّهَا وَحُقَّتۡ ۝۵

(૫) અને પોતાના માલિકની આજ્ઞા બજાવશે, અને તેને તેમ કરવું જ જોઈએ (ત્યારે કયામત આવી લાગશે).

یٰۤاَیُّهَا الۡاِنۡسَانُ اِنَّكَ كَادِحٌ اِلٰی رَبِّكَ كَدۡحًا فَمُلٰقِیۡهِ ۝۶

(૬) અય ઈન્સાન! બેશક તું સખત મુસીબત ઉપાડી તારા પરવરદિગાર તરફ ચાલ્યો જાય છે, તો અહીં સુધી કે તું તેને જઇ મળશે.

فَاَمَّا مَنۡ اُوۡتِیَ كِتٰبَهٗ بِیَمِیۡنِهٖ ۝۷

(૭) પછી જે શખ્સને તેની કરણીનો લેખ તેનાં જમણા હાથમાં આપવામાં આવશે ઃ

فَسَوْفَ يُحَاسَبُ حِسَابًا يَّسِيْرًا ۙ﴿۸﴾

(૮) તો તેનાથી આગળ જતાં હિસાબ પણ સહેલાઇથી લેવામાં આવશેઃ

وَّيَنْقَلِبُ اِلٰٓى اَهْلِهٖ مَسْرُوْرًا ؕ﴿۹﴾

(૯) અને તે પોતાના બાલબચ્ચાં પાસે ખુશખુશાલ પાછો ફરી આવશે.

وَاَمَّا مَنْ اُوْتِىَ كِتٰبَهٗ وَرَآءَ ظَهْرِهٖ ۙ﴿۱۰﴾

(૧૦) અને તે કે જેની કરણીનો લેખ તેની પીઠ પાછળથી આપવામાં આવશે ઃ

فَسَوۡفَ يَدۡعُوۡا ثُبُوۡرًا ۝١١

(૧૧) તો તે આખરે પોતાનો વિનાશ ઇચ્છશે:

وَّيَصۡلٰى سَعِيۡرًا ۝١٢

(૧૨) અને ભડભડતી આગમાં દાખલ થશે.

اِنَّهٗ كَانَ فِىۡۤ اَهۡلِهٖ مَسۡرُوۡرًا ۝١٣

(૧૩) કારણ કે બેશક તે (દુનિયામાં) પોતાના બાલબચ્ચાં વચ્ચે ખુશ રહેતો હતો.

اِنَّهٗ ظَنَّ اَنۡ لَّنۡ يَّحُوۡرَ ۝١٤

(૧૪) બેશક તે એમ ધારી બેઠો હતો કે તે હરગિજ પાછો ફરીને નહિ આવે.

بَلٰٓى ۚ اِنَّ رَبَّهٗ كَانَ بِهٖ بَصِيۡرًا ۝١٥

(૧૫) અલબત્ત (તે પાછો ફરશે). બેશક તેનો પરવરદિગાર તેને હંમેશાં જોતો હતો.

فَلَآ اُقۡسِمُ بِالشَّفَقِ ﴿۱۶﴾

(૧૬) માટે હું કસમ ખાઉં છું શફક (સંધ્યા સમયે આસમાન પર દેખાતી રતાશ)ની ઃ

وَالَّيۡلِ وَمَا وَسَقَ ﴿۱۷﴾

(૧૭) અને રાતની તથા તે વસ્તુઓની કે જે તે (રાત્રિ) ભેગી કરી લે છેઃ

وَالۡقَمَرِ اِذَا اتَّسَقَ ﴿۱۸﴾

(૧૮) અને ચંદ્રમાની જ્યારે કે તે પરિપૂર્ણ થઇ જાય છેઃ

لَتَرْكَبُنَّ طَبَقًا عَنْ طَبَقٍ ﴿١٩﴾

(૧૯) ખરેખર તમે એક સ્થિતિ બાદ બીજી સ્થિતિએ પહોંચશો.

فَمَا لَهُمْ لَا يُؤْمِنُونَ ﴿٢٠﴾

(૨૦) પછી તેમને શું થઇ ગયું છે કે તેઓ ઇમાન લાવતા નથી?

وَإِذَا قُرِئَ عَلَيْهِمُ الْقُرْآنُ لَا يَسْجُدُونَ ﴿٢١﴾ السجدة

(૨૧) અને જ્યારે તેમની સમક્ષ કુરઆન પઢવામાં આવે છે ત્યારે સિજદો કરતા નથી?

بَلِ الَّذِينَ كَفَرُوا يُكَذِّبُونَ ﴿٢٢﴾

(૨૨) એટલું જ નહિ, બલ્કે જે નાસ્તિકો છે તેઓ તે (કુરઆન)ને જૂઠલાવ્યા કરે છે.

وَاللّٰهُ اَعۡلَمُ بِمَا يُوۡعُوۡنَ ۖ﴿۲۳﴾

(૨૩) અને તેઓ (મનમાં) જે કાંઇ સંતાડે છે તેનાથી અલ્લાહ સારી રીતે વાકેફ છે.

فَبَشِّرۡهُمۡ بِعَذَابٍ اَلِيۡمٍۙ ﴿۲۴﴾

(૨૪) માટે (અય રસૂલ !) તું તેમને દુ:ખદાયક અઝાબની ખુશખબર સંભળાવી દે:

اِلَّا الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمۡ اَجۡرٌ غَيۡرُ مَمۡنُوۡنٍ ﴿۲۵﴾

(૨૫) સિવાય તે લોકોના કે જેઓ ઇમાન લાવ્યા તથા સારા કાર્યો કર્યાં તો તેમના માટે અખૂટ બદલો છે.

وَالسَّمَآءِ ذَاتِ الْبُرُوْجِ ①

(૧) કસમ છે નક્ષત્રોવાળા આસમાનની ઃ

وَالْيَوْمِ الْمَوْعُوْدِ ②

(૨) અને તે દિવસની કે જેનો વાયદો કરવામાં આવ્યો છેઃ

وَشَاهِدٍ وَّمَشْهُوْدٍ ③

(3) અને સાક્ષી આપનારની તથા જેની સાક્ષી આપવામાં આવે છે તેની.

قُتِلَ اَصْحٰبُ الْاُخْدُوْدِ ④

(૪) ખાઇઓવાળાઓને કતલ કરવામાં આવ્યા.

النَّارِ ذَاتِ الْوَقُوْدِ ۝٥

(૫) કે જે (ખાઇઓ) મોટા બળતણવાળી આગની હતીઃ

اِذْ هُمْ عَلَيْهَا قُعُوْدٌ ۝٦

(૬) જ્યારે કે તેઓ તેના કાંઠે બેઠેલા હતા.

وَّهُمْ عَلٰى مَا يَفْعَلُوْنَ بِالْمُؤْمِنِيْنَ شُهُوْدٌ ۝٧

(૭) અને ઇમાનવાળાઓ સાથે જે (ખરાબ) વર્તન ચલાવી રહ્યા હતા તેનો તમાશો તેઓ પ્રત્યક્ષ નિહાળતા હતા.

وَمَا نَقَمُوْا مِنْهُمْ اِلَّآ اَنْ يُّؤْمِنُوْا بِاللّٰهِ الْعَزِيْزِ الْحَمِيْدِ ۝٨

(૮) અને તેમણે તેમની પાસેથી માત્ર એટલા માટે (આ) વેર લીધું કે તેઓ ઝબરદસ્ત અને ઈબાદતને લાયક અલ્લાહ ઉપર ઇમાન લાવ્યા હતાઃ

الَّذِيْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَيْءٍ
شَهِيْدٌ ؕ ۹

(૯) કે જેની આસમાનો તથા જમીનની બાદશાહત છે; અને અલ્લાહ દરેક વસ્તુનો સાક્ષી છે.

اِنَّ الَّذِيْنَ فَتَنُوا الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ ثُمَّ لَمْ يَتُوْبُوْا
فَلَهُمْ عَذَابُ جَهَنَّمَ وَلَهُمْ عَذَابُ الْحَرِيْقِ ؕ ۱۰

(૧૦) બેશક જે લોકો ઇમાનદાર પુરૂષો તથા સ્ત્રીઓને સતાવવા બાદ તૌબા કરતા નથી તેમના

માટે જહન્નમનો અઝાબ છે, અને તેમના જ માટે (આગમાં) બળવાનો અઝાબ પણ છે.

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ لَهُمْ جَنّٰتٌ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ؕ ذٰلِكَ الْفَوْزُ الْكَبِيْرُ ۟ؕ ﴿١١﴾

(૧૧) બેશક જે લોકો ઇમાન લાવ્યા તથા સારા કાર્યો કર્યા તેમના માટે બગીચા છે, જેમની હેઠળ નદીઓ વહે છે, અને એજ મોટી સફળતા છે.

اِنَّ بَطْشَ رَبِّكَ لَشَدِيْدٌ ۟ؕ ﴿١٢﴾

(૧૨) બેશક તારા ખુદાની પકડ અત્યંત સખ્ત છે.

اِنَّهٗ هُوَ يُبْدِئُ وَيُعِيْدُ ۟ۚ ﴿١٣﴾

(૧૩) બેશક એજ નવેસરથી પેદા કરે છે અને બીજી વખત (કયામતમાં પણ પેદા) કરશે.

وَهُوَ الْغَفُوْرُ الْوَدُوْدُ ﴿١٤﴾

(૧૪) અને તે મહાન ક્ષમાવાન (અને) મહા હેતાળ છે ઃ

ذُو الْعَرْشِ الْمَجِيْدُ ﴿١٥﴾

(૧૫) અર્શ (સિંહાસન)નો માલિક (અને) મહીમાવાળો છેઃ

فَعَّالٌ لِّمَا يُرِيْدُ ﴿١٦﴾

(૧૬) જે કાંઇ ચાહે તે કરીને જ રહેનાર છે.

هَلْ اَتٰىكَ حَدِيْثُ الْجُنُوْدِ ﴿١٧﴾

(૧૭) ભલા તારી પાસે લશ્કરોની ખબરો આવી:

فِرۡعَوۡنَ وَثَمُوۡدَ ﴿۱۸﴾

(૧૮) (યાને) ફિરઔન તથા સમૂદના (લશ્કરોની)?

بَلِ الَّذِيۡنَ كَفَرُوۡا فِىۡ تَكۡذِيۡبٍ ﴿۱۹﴾

(૧૯) વાત આ છે કે જેઓ ઇમાન નથી લાવ્યા તેઓ (આ કુરઆનને) જૂઠલાવવામાં પડ્યા રહ્યા છે:

وَّاللّٰهُ مِنۡ وَّرَآٮِٕهِمۡ مُّحِيۡطٌ ﴿۲۰﴾

(૨૦) અને અલ્લાહે તેમને પાછળથી ઘેરી રાખેલા છે.

بَلۡ هُوَ قُرۡاٰنٌ مَّجِيۡدٌ ﴿۲۱﴾

(૨૧) બલ્કે તે એક માનવંત કુરઆન છેઃ

فِىۡ لَوۡحٍ مَّحۡفُوۡظٍ ﴿٢٢﴾

(૨૨) જે સુરક્ષિત પત્રક (લવહે મહફૂઝ)માં (અક્ષરશઃ લખેલું) છે.

وَالسَّمَآءِ وَالطَّارِقِ ۝١

(૧) કસમ છે આસમાનની અને કસમ છે (અંધારી) રાતમાં આવનારની:

وَمَآ اَدۡرٰىكَ مَا الطَّارِقُ ۝٢

(૨) અને તું શું સમજ્યો કે (અંધારી) રાતમાં આવનાર શું છે?

النَّجۡمُ الثَّاقِبُ ۝٣

(3) તે (દ્રષ્ટિને) આંજી નાખે એવા પ્રકાશવાળો એક તારો છે:

اِنۡ كُلُّ نَفۡسٍ لَّمَّا عَلَيۡهَا حَافِظٌ ۝٤

(૪) એક પણ એવી વ્યક્તિ નથી કે જેના પર એક ચોકીદાર નીમેલો ન હોય.

فَلْيَنْظُرِ الْاِنْسَانُ مِمَّ خُلِقَ ۝٥

(૫) માટે ઈન્સાને વિચારવું જોઇએ કે તે કઇ વસ્તુમાંથી પેદા કરવામાં આવ્યો છે.

خُلِقَ مِنْ مَّآءٍ دَافِقٍ ۝٦

(૬) તે ઉછળતા પાણીમાંથી પેદા કરવામાં આવ્યો છે:

يَّخْرُجُ مِنْۢ بَيْنِ الصُّلْبِ وَالتَّرَآئِبِ ۝٧

(૭) જે (પુરૂષની) પીઠ અને (સ્ત્રીની) છાતીનાં હાડકાંઓ વચ્ચેથી નીકળીને આવે છે.

اِنَّهٗ عَلٰى رَجۡعِهٖ لَقَادِرٌؕ ﴿۸﴾

(૮) બેશક તે (અલ્લાહ) તેને પાછો લાવવા (પેદા કરવા) ઉપર અવશ્ય કાબૂ ધરાવે છે.

يَوۡمَ تُبۡلَى السَّرَآئِرُۙ ﴿۹﴾

(૯) જે દિવસે લોકોના દિલો (માંની વાતો) તપાસી જોવામાં આવશેઃ

فَمَا لَهٗ مِنۡ قُوَّةٍ وَّلَا نَاصِرٍؕ ﴿۱۰﴾

(૧૦) તો તે (દિવસે) ન તેનું કોઇ જોર ચાલશે અને ન (તેનો) કોઇ મદદગાર હશે.

وَالسَّمَآءِ ذَاتِ الرَّجۡعِۙ ﴿۱۱﴾

(૧૧) કસમ છે પાણી વરસાવનારા આસમાનનીઃ

وَالْاَرْضِ ذَاتِ الصَّدْعِ ﴿١٢﴾

(૧૨) અને (અંકૂર નીકળતી વખતે) ચીરાઇ જતી ભૂમિની:

اِنَّهٗ لَقَوْلٌ فَصْلٌ ﴿١٣﴾

(૧૩) બેશક આ (કુરઆન) નિર્ણય કરનાર બોલ છે:

وَّمَا هُوَ بِالْهَزْلِ ﴿١٤﴾

(૧૪) અને આ કોઇ મજાક નથી.

اِنَّهُمْ يَكِيْدُوْنَ كَيْدًا ﴿١٥﴾

(૧૫) બેશક તેઓ એક ચાલબાજી ચાલે છે:

وَّاَكِيْدُ كَيْدًا ﴿١٦﴾

(૧૬) અને હું પણ એક ચાલ ચાલું છું.

فَمَهِّلِ الْكٰفِرِيْنَ اَمْهِلْهُمْ رُوَيْدًا ﴿١٧﴾

(૧૭) માટે તું ઇમાન નહિ લાવનારાઓને મોહલત આપી દે (અને) તેમને થોડાક સમય માટે છોડી દે.

سَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلَى ﴿١﴾

(૧) (અય રસૂલ !) તારા મહાન બુઝુર્ગીવાળા પરવરદિગારના નામની પવિત્રતા વર્ણવ ઃ

الَّذِىْ خَلَقَ فَسَوّٰى ﴿٢﴾

(૨) જેણે દરેક વસ્તુઓ પેદા કરી પછી (તેને) પરિપૂર્ણ કરીઃ

وَالَّذِىْ قَدَّرَ فَهَدٰى ﴿٣﴾

(3) અને જેણે (દરેક વસ્તુનો) અંદાજો કર્યો, પછી (તેને) માર્ગ દેખાડયોઃ

وَالَّذِىْٓ اَخْرَجَ الْمَرْعٰى ﴿٤﴾

(૪) અને જેણે (પશુઓ માટે) ચારો ઉગાડ્યોઃ

فَجَعَلَهٗ غُثَآءً اَحْوٰى ۝٥

(૫) પછી તેને સુક્કો અને રાખોડી રંગનો કરી નાખ્યો.

سَنُقْرِئُكَ فَلَا تَنْسٰٓى ۝٦

(૬) (અય રસૂલ!) નજીકમાં અમે તને (કુરઆન એવી રીતે) પઢાવીશું કે તું હરગિજ ભૂલી નહિ જાયઃ

اِلَّا مَا شَآءَ اللّٰهُ ؕ اِنَّهٗ يَعْلَمُ الْجَهْرَ وَمَا يَخْفٰى ۝٧

(૭) સિવાય તેના કે જે અલ્લાહ ચાહે; બેશક તે જાહેરને જાણે છે અને છુપી વાતને પણ.

وَنُيَسِّرُكَ لِلْيُسْرٰى ۝٨

(૮) અને અમે તને શરીઅતના માર્ગ તરફ સહેલાઇથી ચાલવાની પ્રેરણા આપીશું.

فَذَكِّرْ اِنْ نَّفَعَتِ الذِّكْرٰى ۝٩

(૯) માટે બોધ આપતો રહે, અગર બોધ લાભ પહોંચાડે.

سَيَذَّكَّرُ مَنْ يَّخْشٰى ۝١٠

(૧૦) જે શખ્સ (અલ્લાહથી) ડરે છે તે જ તરતમાં બોધગ્રહણ કરે છે:

وَيَتَجَنَّبُهَا الْاَشْقَى ۝١١

(૧૧) અને તે કમનસીબ જ આ (બોધ)થી જુદો રહે છેઃ

الَّذِىۡ يَصۡلَى النَّارَ الۡكُبۡرٰى ۚ‏ ﴿۱۲﴾

(૧૨) કે જે મોટી આગમાં જશે.

ثُمَّ لَا يَمُوۡتُ فِيۡهَا وَلَا يَحۡيٰى ؕ‏ ﴿۱۳﴾

(૧૩) પછી તેમાં ન તેને મૃત્યુ આવશે ન તે જીવતો રહેશે.

قَدۡ اَفۡلَحَ مَنۡ تَزَكّٰى ۙ‏ ﴿۱۴﴾

(૧૪) ખરેખર તેણે મોક્ષ મેળવ્યો કે જે (શિર્કથી) પાક રહ્યોઃ

وَذَكَرَ اسۡمَ رَبِّهٖ فَصَلّٰى ؕ‏ ﴿۱۵﴾

(૧૫) અને પોતાના પરવરદિગારના નામને યાદ કરતો રહ્યો તથા નમાઝ પઢતો રહ્યો.

بَلْ تُؤْثِرُوْنَ الْحَيٰوةَ الدُّنْيَا ۝١٦

(૧૬) પરંતુ તમે આલોકના જીવનને પસંદ કરો છોઃ

وَالْاٰخِرَةُ خَيْرٌ وَّاَبْقٰى ۝١٧

(૧૭) જો કે આખેરત બહેતર અને વધુ બાકી રહેનારી છે.

اِنَّ هٰذَا لَفِي الصُّحُفِ الْاُوْلٰى ۝١٨

(૧૮) બેશક આ (વિષય) આગલી કિતાબોમાં પણ છેઃ

صُحُفِ اِبْرٰهِيْمَ وَمُوْسٰى ﴿١٩﴾

(૧૯) (યાને) ઇબ્રાહીમ તથા મૂસાની કિતાબોમાં.

هَلْ أَتٰىكَ حَدِيْثُ الْغَاشِيَةِ ۝١

(૧) ભલા તારી પાસે તે ઢાંકી લેનારી મુસીબત (કયામત)નું વર્ણન આવ્યું છે?

وُجُوْهٌ يَّوْمَئِذٍ خَاشِعَةٌ ۝٢

(૨) તે દિવસે (કેટલાય) ચહેરા (ભયના માર્યા) ઉતરી ગયેલા :

عَامِلَةٌ نَّاصِبَةٌ ۝٣

(3) શ્રમ કરતા, સંકટો સહન કરતા ઃ

تَصْلٰى نَارًا حَامِيَةً ۝٤

(૪) ભડભડતી આગમાં દાખલ થતા હશે ઃ

تُسْقٰى مِنْ عَيْنٍ اٰنِيَةٍ ۝٥

(૫) તેમને ઉકળતા ઝરાનું પાણી પીવડાવવામાં આવતું હશે.

لَيْسَ لَهُمْ طَعَامٌ اِلَّا مِنْ ضَرِيْعٍ ۝٦

(૬) તેમનો ખોરાક "ઝરીઅ" (થોરનાં ઝાડ)ના સિવાય બીજો કાંઇ નહિ હોય ઃ

لَّا يُسْمِنُ وَلَا يُغْنِيْ مِنْ جُوْعٍ ۝٧

(૭) જે ન તો મોટો રૂષ્ટપુષ્ટ કરશે અને ન ભૂખ મટાડશે.

وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاعِمَةٌ ۝٨

(૮) (અને કેટલાક) ચહેરા તે દિવસે પ્રફુલ્લિત હશેઃ

لِّسَعۡیِهَا رَاضِیَةٌ ﴿٩﴾

(૯) પોતાના (કરેલા) પ્રયત્નોથી રાજી થયેલા હશેઃ

فِیۡ جَنَّةٍ عَالِیَةٍ ﴿١٠﴾

(૧૦) આલીશાન બગીચાઓમાં હશે ઃ

لَّا تَسۡمَعُ فِیۡهَا لَاغِیَةً ﴿١١﴾

(૧૧) તું તેમાં કોઇ વ્યર્થ વાત સાંભળશે નહિ.

فِیۡهَا عَیۡنٌ جَارِیَةٌ ﴿١٢﴾

(૧૨) તેમાં એક વહેતો ઝરો હશે.

فِیۡهَا سُرُرٌ مَّرۡفُوۡعَةٌ ﴿١٣﴾

(૧૩) (અને) તેમાં ઊંચા ઊંચા સિંહાસન હશે ઃ

وَّاَكْوَابٌ مَّوْضُوْعَةٌ ﴿۱۴﴾

(૧૪) અને વ્યવસ્થા પૂર્વક ગોઠવેલા પાણી પીવાના કૂજા ઃ

وَّنَمَارِقُ مَصْفُوْفَةٌ ﴿۱۵﴾

(૧૫) અને હારબંધ મૂકેલા તકીયા ઃ

وَّزَرَابِيُّ مَبْثُوْثَةٌ ﴿۱۶﴾

(૧૬) અને ચોમેર પાથરેલા ગાલીચા.

اَفَلَا يَنْظُرُوْنَ اِلَى الْاِبِلِ كَيْفَ خُلِقَتْ ﴿۱۷﴾

(૧૭) તો શું તેઓ ઊંટ તરફ નથી જોતા કે તે કેવી રીતે પેદા કરવામાં આવ્યુ છે?

وَاِلَى السَّمَآءِ كَيْفَ رُفِعَتْ ﴿۱۸﴾

(૧૮) અને આસમાન તરફ (નથી જોતા) કે તે કેવી રીતે ઊંચું કરવામાં આવ્યુ છે?

وَإِلَى الْجِبَالِ كَيْفَ نُصِبَتْ ⑲

(૧૯) અને પહાડો તરફ (નથી જોતા) કે તે કેવી રીતે સ્થાપિત કરવામાં આવ્યાં છે?

وَإِلَى الْأَرْضِ كَيْفَ سُطِحَتْ ⑳

(૨૦) અને જમીન તરફ (નથી જોતા) કે તે કેવી રીતે વિસ્તારવામાં આવી છે?

فَذَكِّرْ إِنَّمَا أَنْتَ مُذَكِّرٌ ㉑

(૨૧) માટે (અય રસૂલ !) તું નસીહત કર્યા કર; તું તો માત્ર નસીહત કરનારો છે.

لَسۡتَ عَلَيۡهِمۡ بِمُصَّيۡطِرٍ ﴿٢٢﴾

(૨૨) તું તેમના ઉપર કોઇ દારોગો તો છે નહિઃ

اِلَّا مَنۡ تَوَلّٰى وَ كَفَرَ ﴿٢٣﴾

(૨૩) પણ જેણે મોઢું ફેરવ્યું તથા સત્યનો ઇન્કાર કર્યોઃ

فَيُعَذِّبُهُ اللّٰهُ الۡعَذَابَ الۡاَكۡبَرَ ﴿٢٤﴾

(૨૪) તો તેને અલ્લાહ ઘણો મોટો અઝાબ આપશે.

اِنَّ اِلَيۡنَاۤ اِيَابَهُمۡ ﴿٢٥﴾

(૨૫) બેશક તેઓ સર્વેનું પાછું ફરવું અમારી જ તરફ છેઃ

ثُمَّ اِنَّ عَلَيۡنَا حِسَابَهُمۡ ﴿٢٦﴾

(૨૬) પછી બેશક અમારા માથે તેમનો હિસાબ લેવાનો છે.

وَالْفَجْرِ ۝١

(૧) કસમ છે પ્રભાતની ः

وَلَيَالٍ عَشْرٍ ۝٢

(૨) અને દસ રાત્રિઓની ः

وَّالشَّفْعِ وَالْوَتْرِ ۝٣

(3) અને બેકી તથા એકીની ः

وَالَّيْلِ اِذَا يَسْرِ ۝٤

(૪) અને રાતની જ્યારે કે વિદાય થાય છે.

هَلْ فِيْ ذٰلِكَ قَسَمٌ لِّذِيْ حِجْرٍ ۝٥

(૫) શું એમાં બુધ્ધિશાળીઓ માટે એક કસમ નથી?

اَلَمْ تَرَ كَيْفَ فَعَلَ رَبُّكَ بِعَادٍ ۝٦

(૬) શું તેં નથી જોયું કે તારા પરવરદિગારે આદની કોમ સાથે કેવું વર્તન કર્યું.

اِرَمَ ذَاتِ الْعِمَادِ ۝٧

(૭) જેઓ મોટા મોટા થાંભલાવાળી ઇમારતોવાળા ઇરમ (શહેરના) રહેવાસીઓ હતાઃ

الَّتِيْ لَمْ يُخْلَقْ مِثْلُهَا فِي الْبِلَادِ ۝٨

(૮) કે જેના જેવું શહેર (દુનિયાના) બીજા શહેરોમાં બનાવવામાં આવ્યું ન હતુંઃ

وَثَمُوْدَ الَّذِيْنَ جَابُوا الصَّخْرَ بِالْوَادِ ۝٩

(૯) અને સમૂદ (ની કોમ) સાથે (કેવું વર્તન ચલાવ્યું) કે જેમણે મેદાનોમાં (મોટા મોટા) ખડકો કોતરી (અખંડ ઇમારતો બનાવી) હતીઃ

وَفِرْعَوْنَ ذِى الْاَوْتَادِ ﴿١٠﴾

(૧૦) અને ફિરઔન સાથે પણ કે જે (લોકોને) શિક્ષા (કરવા) માટે ખૂંટા રાખતો હતો?

الَّذِيْنَ طَغَوْا فِى الْبِلَادِ ﴿١١﴾

(૧૧) જે (સઘળા)ઓએ શહેરોમાં ઘણું માથું ઉચક્યું હતુંઃ

فَاَكْثَرُوْا فِيْهَا الْفَسَادَ ﴿١٢﴾

(૧૨) પછી તેમાં ખરાબી વધારી દીધી હતીઃ

فَصَبَّ عَلَيْهِمْ رَبُّكَ سَوْطَ عَذَابٍ ﴿١٣﴾

(૧૩) જેથી તારા પરવરદિગારે પણ તેમના પર શિક્ષાનો કોરડો ચલાવ્યોઃ

اِنَّ رَبَّكَ لَبِالْمِرْصَادِ ﴿١٤﴾

(૧૪) બેશક તારો પરવરદિગાર તાકમાં છે.

فَاَمَّا الْاِنْسَانُ اِذَا مَا ابْتَلٰىهُ رَبُّهٗ فَاَكْرَمَهٗ وَنَعَّمَهٗ ۙ فَيَقُوْلُ

رَبِّيْٓ اَكْرَمَنِ ﴿١٥﴾

(૧૫) પછી ઇન્સાન કે જ્યારે તેનો પરવરદિગાર તેને અજમાવે છે, પછી તેનું સન્માન કરે છે, અને તેને નેઅમતોથી નવાજે છે ત્યારે તો તે કહે છે કે મારા પરવરદિગારે મારૂં સન્માન કર્યું.

وَاَمَّآ اِذَا مَا ابۡتَلٰىهُ فَقَدَرَ عَلَيۡهِ رِزۡقَهٗ ۙ فَيَقُوۡلُ رَبِّىۡۤ اَهَانَنِ ﴿١٦﴾

(૧૬) પણ જ્યારે તે (એવી રીતે) અજમાવે છે કે તેની રોઝી તેના માટે તંગ કરી નાખે છે ત્યારે તે પોકારી ઉઠે છે કે મારા પરવરદિગારે મને ઝલીલ કરી નાખ્યો.

كَلَّا بَلۡ لَّا تُكۡرِمُوۡنَ الۡيَتِيۡمَ ۙ ﴿١٧﴾

(૧૭) એમ હરગિજ નથી, વાત આ છે કે તમે યતીમનું સન્માન કરતા નથીઃ

وَلَا تَحٰٓضُّوۡنَ عَلٰى طَعَامِ الۡمِسۡكِيۡنِ ۙ ﴿١٨﴾

(૧૮) અને ન મિસ્કીનોને ખાવાનું ખવડાવવા માટે (એક બીજાને) ઉત્તેજન આપો છોઃ

وَتَأْكُلُوْنَ التُّرَاثَ اَكْلًا لَّمًّا ﴿١٩﴾

(૧૯) અને વારસાનો માલ (હલાલ હરામનો તફાવત રાખ્યા વિના) આખોને આખો ગળી જાઓ છોઃ

وَّتُحِبُّوْنَ الْمَالَ حُبًّا جَمًّا ﴿٢٠﴾

(૨૦) અને સંપતિનો સંગ્રહ કરવાને અતિ પ્રિય ગણો છો.

كَلَّآ اِذَا دُكَّتِ الْاَرْضُ دَكًّا دَكًّا ﴿٢١﴾

(૨૧) સાંભળી રાખો કે જ્યારે જમીન ભાંગી ફોડી ભુક્કો કરી નાખવામાં આવશેઃ

وَّجَآءَ رَبُّكَ وَالْمَلَكُ صَفًّا صَفًّا ﴿٢٢﴾

(૨૨) અને જ્યારે તારા પરવરદિગારનો હુકમ આવશે તથા ફરિશ્તા પણ હારબંધ આવીને હાજર થશે.

وَجِایْٓءَ یَوۡمَئِذٍۭ بِجَهَنَّمَ ۙ۬ یَوۡمَئِذٍ یَّتَذَكَّرُ الۡاِنۡسَانُ وَاَنّٰی لَهُ الذِّكۡرٰی ﴿ؕ۲۳﴾

(૨૩) અને જે દિવસે જહન્નમ લાવી હાજર કરવામાં આવશે, તે દિવસે મનુષ્ય જાણી લેશે; પરંતુ તે વખતે તેના માટે જાણી લેવું ક્યાં લાભદાયી થશે?

یَقُوۡلُ یٰلَیۡتَنِیۡ قَدَّمۡتُ لِحَیَاتِیۡ ﴿ۚ۲۴﴾

(૨૪) તે કહેશે કે મેં આ જીવન માટે અગાઉથી કાંઇક મોકલ્યું હોત તો કેવું સારૂં થાત ?

فَيَوْمَىِٕذٍ لَّا يُعَذِّبُ عَذَابَهٗۤ اَحَدٌۙ﴿۲۵﴾

(૨૫) પછી તે દિવસે ન તો કોઇ અલ્લાહના જેવો અઝાબ આપી શકશેઃ

وَّلَا يُوْثِقُ وَثَاقَهٗۤ اَحَدٌؕ﴿۲۶﴾

(૨૬) અને ન તેના જેવું જકડવું જકડી શકશે.

يٰۤاَيَّتُهَا النَّفْسُ الْمُطْمَىِٕنَّةُۗۖ﴿۲۷﴾

(૨૭) (ફરમાવશે કે) અય શાંત જીવ!

ارْجِعِیْۤ اِلٰى رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةًۚ﴿۲۸﴾

(૨૮) તું તારા પરવરદિગાર તરફ પાછો ફર એવી સ્થિતિમાં કે તું તેનાથી રાજી હોય અને તે તારાથી (રાજી હોય)ઃ

فَادْخُلِيْ فِيْ عِبٰدِيْ ﴿٢٩﴾

(૨૯) માટે તું મારા ખાસ બંદાઓમાં દાખલ થઇ જાઃ

وَادْخُلِيْ جَنَّتِيْ ﴿٣٠﴾

(30) અને મારી જન્નતમાં ચાલ્યો આવ.

لَآ اُقۡسِمُ بِهٰذَا الۡبَلَدِ ۙ﴿۱﴾

(૧) કસમ છે મને આ (મક્કા) શહેરની:

وَاَنۡتَ حِلٌّۢ بِهٰذَا الۡبَلَدِ ۙ﴿۲﴾

(૨) એવી હાલતમાં કે તું આ શહેરમાં વસેલો છે:

وَوَالِدٍ وَّمَا وَلَدَ ۙ﴿۳﴾

(3) અને કસમ છે જન્મ આપનાર અને તેની કે જેને તેણે જન્મ આપ્યો છે (અર્થાત આદમ તથા તેના વંશજો)ઃ

لَقَدۡ خَلَقۡنَا الۡاِنۡسَانَ فِىۡ كَبَدٍ ؕ﴿۴﴾

(૪) ખરેખર અમોએ મનુષ્યને (હંમેશા) કષ્ટમાં રહેનારો પેદા કર્યો છે (તો તે અભિમાન શા માટે કરે છે)?

اَيَحْسَبُ اَنْ لَّنْ يَّقْدِرَ عَلَيْهِ اَحَدٌ ۞٥

(૫) શું તે એમ ધારે છે કે તેના પર કોઇનું જોર ચાલનારૂં નથી?

يَقُوْلُ اَهْلَكْتُ مَالًا لُّبَدًا ۞٦

(૬) કહે છે કે મેં ઘણી સંપતિ બરબાદ કરી.

اَيَحْسَبُ اَنْ لَّمْ يَرَهٗۤ اَحَدٌ ۞٧

(૭) શું તે એમ ધારે છે કે તેને કોઇ જોતો જ નથી ?

أَلَمۡ نَجۡعَل لَّهُۥ عَيۡنَيۡنِ ﴿٨﴾

(૮) શું અમોએ તેના માટે બે આંખો નથી બનાવી:

وَلِسَانٗا وَشَفَتَيۡنِ ﴿٩﴾

(૯) અને એક જીભ તથા બે હોઠ (નથી બનાવ્યા):

وَهَدَيۡنَٰهُ ٱلنَّجۡدَيۡنِ ﴿١٠﴾

(૧૦) અને શું અમોએ તેને (સારા નરસા) બે મુખ્ય માર્ગ (નથી) દેખાડી દીધા ?

فَلَا ٱقۡتَحَمَ ٱلۡعَقَبَةَ ﴿١١﴾

(૧૧) પણ તેણે ટેકરા પર ચઢવાનો પ્રયત્ન જ કર્યો નહિ:

وَمَآ اَدْرٰىكَ مَا الْعَقَبَةُ ﴿١٢﴾

(૧૨) અને તું શું સમજ્યો કે તે ટેકરો શું છે ?

فَكُّ رَقَبَةٍ ﴿١٣﴾

(૧૩) (યાને) કોઇ એક ગરદન છોડાવવી (ગુલામ આઝાદ કરવો) ۝

اَوْ اِطْعٰمٌ فِيْ يَوْمٍ ذِيْ مَسْغَبَةٍ ﴿١٤﴾

(૧૪) અથવા દુકાળના સમયમાં ખવરાવવું ۝

يَّتِيْمًا ذَا مَقْرَبَةٍ ﴿١٥﴾

(૧૫) એક નજીકના યતીમને ۝

اَوْ مِسْكِيْنًا ذَا مَتْرَبَةٍ ﴿١٦﴾

(૧૬) અથવા એક ભોંય પર પડેલા નિરાધારને.

ثُمَّ كَانَ مِنَ الَّذِيْنَ اٰمَنُوْا وَتَوَاصَوْا بِالصَّبْرِ وَتَوَاصَوْا بِالْمَرْحَمَةِ ؕ﴿۱۷﴾

(૧૭) પછી આ પણ જોઇએ કે તે તે લોકોમાંથી હોય કે જેઓ ઇમાન લાવ્યા, અને જેઓ એક બીજાને સહન કરવાની તાકીદ કરતા રહ્યા, અને એક બીજાને દયા કરવાની નસીહત કરતા રહ્યા.

اُولٰٓئِكَ اَصْحٰبُ الْمَيْمَنَةِ ؕ﴿۱۸﴾

(૧૮) એજ લોકો જમણા હાથના સોબતીઓ છે.

وَالَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِنَا هُمْ اَصْحٰبُ الْمَشْئَمَةِ ؕ﴿۱۹﴾

(૧૯) અને જેણે અમારી આયતોનો ઇન્કાર કર્યો તેઓ ડાબા હાથના સોબતીઓ હશે.

عَلَيۡهِمۡ نَارٌ مُّؤۡصَدَةٌۢ ﴿٢٠﴾

(૨૦) ચારે બાજુથી ફરી વળગેલી આગ તેમના ઉપર હશે.

وَالشَّمۡسِ وَضُحٰىهَا ۝١

(૧) કસમ છે સૂર્યની અને તેના બપોરના વધતા જતા તાપની:

وَالۡقَمَرِ اِذَا تَلٰىهَا ۝٢

(૨) અને કસમ છે ચંદ્રમાની જ્યારે કે તે (સૂર્ય)ની પછી નીકળી આવે છે:

وَالنَّهَارِ اِذَا جَلّٰىهَا ۝٣

(3) અને કસમ છે દિવસની જ્યારે કે તે સૂર્યને પ્રગટાવે છે:

وَالَّيۡلِ اِذَا يَغۡشٰىهَا ۝٤

(૪) અને કસમ છે રાતની જ્યારે કે તે સૂર્યને ઢાંકી દે છેઃ

وَالسَّمَآءِ وَمَا بَنٰىهَا ۝٥

(૫) કસમ છે આસમાનની અને તેની કે જેણે તેને બનાવ્યું છેઃ

وَالْاَرْضِ وَمَا طَحٰىهَا ۝٦

(૬) અને કસમ છે જમીનની અને તેની કે જેણે તેને વિસ્તારી છેઃ

وَنَفْسٍ وَّمَا سَوّٰىهَا ۝٧

(૭) અને કસમ છે આત્માની અને તેની કે જેણે તેને પરિપૂર્ણ કર્યોઃ

فَأَلْهَمَهَا فُجُورَهَا وَتَقْوٰىهَا ﴿٨﴾

(૮) પછી તેણે તેના માટે નરસું શું અને સારૂં શું તેની સમજ આપીઃ

قَدْ أَفْلَحَ مَن زَكَّىٰهَا ﴿٩﴾

(૯) જેણે તે (આત્મા)ને પવિત્ર કરી લીધો તે તો ખરેજ સફળ થયોઃ

وَقَدْ خَابَ مَن دَسَّىٰهَا ﴿١٠﴾

(૧૦) અને જેણે તેને (ગુનાહો વડે) દબાવી રાખ્યો તે ખરેજ નિષ્ફળ રહ્યો.

كَذَّبَتْ ثَمُودُ بِطَغْوٰىهَا ﴿١١﴾

(૧૧) સમૂદ (ની કોમે) પોતાની ઉધ્ધતાઇને લીધે (પયગમ્બર સાલેહને) જૂઠલાવ્યો:

اِذِ انۢبَعَثَ اَشۡقٰىهَا ۝١٢

(૧૨) જ્યારે કે તેઓ માંનો એક અધિક કમનસીબ પુરૂષ (ફસાદ કરવા) ઉભો થયો:

فَقَالَ لَهُمۡ رَسُوۡلُ اللّٰهِ نَاقَةَ اللّٰهِ وَسُقۡيٰهَا ۝١٣

(૧૩) જેથી અલ્લાહના રસૂલે તેમને કહ્યું કે અલ્લાહની આ ઊંટણી (ને છેડશો નહિ). અને તેનું પાણી (બંધ કરશો નહિ).

فَكَذَّبُوۡهُ فَعَقَرُوۡهَا ۙ فَدَمۡدَمَ عَلَيۡهِمۡ رَبُّهُمۡ بِذَنۡۢبِهِمۡ فَسَوّٰٮهَا ۝١٤

(૧૪) પણ તેમણે તે (રસૂલ)ને જૂઠલાવ્યો, અને તે ઊંટણીની કૂચો કાપી નાખી, જેથી તેમના પરવરદિગારે તેમનો તેમના આ ગુનાહના કારણે નાશ કર્યો, પછી તેમને ભૂમિ ભેગા કરી નાખ્યાઃ

وَلَا يَخَافُ عُقْبٰهَا ﴿١٥﴾

(૧૫) અને તે (અલ્લાહ) તેમના પરિણામની (મુદ્દલ) દરકાર કરતો નથી.

وَالَّيۡلِ اِذَا يَغۡشٰى ۙ‏ ﴿١﴾

(૧) કસમ છે રાતની જ્યારે કે તે (સઘળી વસ્તુઓને) ઢાંકી દે છે:

وَالنَّهَارِ اِذَا تَجَلّٰى ۙ‏ ﴿٢﴾

(૨) અને કસમ છે દિવસની જ્યારે કે તે પ્રકાશી ઉઠે છે:

وَمَا خَلَقَ الذَّكَرَ وَالۡاُنۡثٰٓى ۙ‏ ﴿٣﴾

(3) અને કસમ છે તેની કે જેણે નર માદા પેદા કર્યા છે:

اِنَّ سَعۡيَكُمۡ لَشَتّٰى ؕ‏ ﴿٤﴾

(૪) બેશક તમારા પ્રયત્નો ભિન્ન ભિન્ન છે.

فَاَمَّا مَنۡ اَعۡطٰى وَاتَّقٰىۙ ۝٥

(૫) પછી જેણે (અલ્લાહની રાહમાં કાંઇ) આપ્યું તથા ગુનાહોથી બચ્યોઃ

وَصَدَّقَ بِالۡحُسۡنٰىۙ ۝٦

(૬) અને સર્વોત્તમ બાબત (ઇસ્લામ)ને સાચો માન્યોઃ

فَسَنُيَسِّرُهٗ لِلۡيُسۡرٰىؕ ۝٧

(૭) તો અમે તેને ઘણીજ જલ્દી સુગમતાની પ્રેરણા આપીશું.

وَاَمَّا مَنۡۢ بَخِلَ وَاسۡتَغۡنٰىۙ ۝٨

(૮) અને જેણે કંજૂસાઇ કરી તથા પોતાને (અલ્લાહથી) બેપરવાહ માન્યો ۞

وَ كَذَّبَ بِالْحُسْنٰى ۝٩

(૯) અને સર્વોત્તમ વાતોને જૂઠલાવી ۞

فَسَنُيَسِّرُهٗ لِلْعُسْرٰى ۝١٠

(૧૦) તો અમે ઘણીજ જલ્દી તેને સખતાઇમાં સપડાઇ જવાની પ્રેરણા આપીશું.

وَمَا يُغْنِيْ عَنْهُ مَالُهٗۤ اِذَا تَرَدّٰى ۝١١

(૧૧) અને જ્યારે તે ઊંધે મોઢે (જહન્નમમાં) પડી નાશ પામશે ત્યારે તેનો માલ તેના કાંઇજ કામમાં નહિ આવે.

إِنَّ عَلَيْنَا لَلْهُدٰى ﴿١٢﴾

(૧૨) બેશક હિદાયત કરવાનું અમારા માથે અનિવાર્ય છેઃ

وَإِنَّ لَنَا لَلْاٰخِرَةَ وَالْاُوْلٰى ﴿١٣﴾

(૧૩) અને બેશક પરલોક અને આલોક અમારા અધિકારમાં છે.

فَأَنْذَرْتُكُمْ نَارًا تَلَظّٰى ﴿١٤﴾

(૧૪) માટે મેં તમને ભડભડતી આગથી ડરાવ્યા છે ઃ

لَا يَصْلٰىهَآ إِلَّا الْأَشْقَى ﴿١٥﴾

(૧૫) કે તેમાં કોઇ નહિ જાય સિવાય કમનસીબના:

ٱلَّذِى كَذَّبَ وَتَوَلَّىٰ ﴿١٦﴾

(૧૬) કે જેણે જૂઠલાવ્યું અને મોઢું ફેરવી લીધું.

وَسَيُجَنَّبُهَا ٱلْأَتْقَى ﴿١٧﴾

(૧૭) અને નજીકમાં જ તે પરહેઝગારને તેનાથી ઉગારી લેવામાં આવશે ઃ

ٱلَّذِى يُؤْتِى مَالَهُۥ يَتَزَكَّىٰ ﴿١٨﴾

(૧૮) કે જે પોતાનો માલ પોતે પવિત્ર થઇ જાય એ હેતુથી (અલ્લાહની રાહમાં) આપે છે.

وَمَا لِأَحَدٍ عِندَهُۥ مِن نِّعْمَةٍ تُجْزَىٰٓ ﴿١٩﴾

(૧૯) અને તેની પાસે કોઇને (આપવા) માટે એવી એકેય વસ્તુ નથી કે જે બદલાની આશાએ આપવામાં આવેઃ

إِلَّا ابْتِغَآءَ وَجْهِ رَبِّهِ الْأَعْلَىٰ ۝٢٠

(૨૦) સિવાય કે તેનો આશય પોતાના ઉચ્ચ દરજ્જાવાળા પરવરદિગારની ખુશી સંપાદન કરવાનો હોય.

وَلَسَوْفَ يَرْضَىٰ ۝٢١

(૨૧) અને આગળ જતાં તે જરૂર રાજી થઇ જશે.

وَالضُّحٰى ①

(૧) કસમ છે (બપોરના) વધતા જતા તાપના સમયની:

وَالَّيۡلِ اِذَا سَجٰى ②

(૨) અને રાતની જ્યારે કે તે (નો અંધકાર) પથરાઇ જાય છે:

مَا وَدَّعَكَ رَبُّكَ وَمَا قَلٰى ③

(3) (અય રસૂલ !) તારા પરવરદિગારે તને ન તજી દીધો છે અને ન (તારાથી) નારાજ થયો છે.

وَلَلۡاٰخِرَةُ خَيۡرٌ لَّكَ مِنَ الۡاُوۡلٰى ④

(૪) અને તારા માટે આખેરત (આ) દુનિયા કરતાં કેટલીયે (વધારે) બહેતર છે.

وَلَسَوۡفَ يُعۡطِيۡكَ رَبُّكَ فَتَرۡضٰىؕ‏ ۝٥

(૫) અને ખરેખર આગળ જતાં તારો પરવરદિગાર તને એટલા (બધા) પ્રમાણમાં અર્પણ કરશે કે તું ખુશ ખુશ થઇ જશે.

اَلَمۡ يَجِدۡكَ يَتِيۡمًا فَاٰوٰى ۝٦

(૬) શું તેણે તને યતીમ પામીને તારૂં જતન નથી કર્યું?

وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى ۝٧

(૭) અને તને માર્ગ ભુલેલો ભાળી તારી હિદાયત નથી કરી ?

وَوَجَدَكَ عَآئِلًا فَاَغْنٰى ⑧

(૮) અને તને મોહતાજ પામી તને શ્રીમંત નથી બનાવ્યો.

فَاَمَّا الْيَتِيْمَ فَلَا تَقْهَرْ ⑨

(૯) માટે હવે તું યતીમ ઉપર ઝુલમ કરજે નહિ ઃ

وَاَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ ⑩

(૧૦) અને સવાલ કરનારને ધુત્કારી કાઢજે નહિઃ

وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ ⑪

(૧૧) અને તારા પરવરદિગારની નેઅમતો વર્ણવ્યા કર.

سورة الشرح / સૂરએ ઈન્શિરાહ

اَلَمۡ نَشۡرَحۡ لَكَ صَدۡرَكَ ۙ﴿۱﴾

(૧) (અય રસૂલ !) શું અમોએ તારી ખાતર તારી છાતી વિશાળ કરી દીધી નથી?

وَوَضَعۡنَا عَنۡكَ وِزۡرَكَ ۙ﴿۲﴾

(૨) અને તારા ઉપરથી તે ભાર ઉતારી (નથી) નાખ્યો ?

الَّذِیۡۤ اَنۡقَضَ ظَهۡرَكَ ۙ﴿۳﴾

(3) કે જે તારી પીઠ ભાંગી નાખતો હતો ઃ

وَرَفَعۡنَا لَكَ ذِكۡرَكَ ؕ﴿۴﴾

(૪) અને શું તારી ખાતર તારી કીર્તિ નથી વધારી?

فَإِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ﴿٥﴾

(૫) તો બેશક દુ:ખની સાથેજ સુખ છે:

إِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا ﴿٦﴾

(૬) બેશક દુ:ખની સાથે સુખ છે.

فَإِذَا فَرَغْتَ فَانْصَبْ ﴿٧﴾

(૭) માટે જ્યારે તું (તબ્લીગે રિસાલતથી) પરવારી જાય તો હવે (તારો પ્રતિનિધી) નીમી દે.

وَإِلَىٰ رَبِّكَ فَارْغَبْ ﴿٨﴾

(૮) અને તારા પરવરદિગાર તરફ એકાગ્ર ચિત્તે રજૂ થા.

سورة التين / સૂરએ તીન

وَالتِّيۡنِ وَالزَّيۡتُوۡنِۙ ﴿۱﴾

(૧) કસમ છે અંજીર તથા ઝયતુનની ઃ

وَطُوۡرِ سِيۡنِيۡنَۙ ﴿۲﴾

(૨) અને સીના પહાડની ઃ

وَهٰذَا الۡبَلَدِ الۡاَمِيۡنِۙ ﴿۳﴾

(3) અને આ નિર્ભયતાવાળા શહેર (મક્કા)ની ઃ

لَقَدۡ خَلَقۡنَا الۡاِنۡسَانَ فِىۡۤ اَحۡسَنِ تَقۡوِيۡمٍ ﴿۴﴾

(૪) ખરેખરજ અમોએ ઈન્સાનને ઘણા સરસ આકારમાં પેદા કર્યો ઃ

ثُمَّ رَدَدۡنٰهُ اَسۡفَلَ سٰفِلِيۡنَۙ ﴿۵﴾

(૫) પછી તેને અમોએ હલકામાં હલકી સ્થિતિમાં ફેરવી નાખ્યોઃ

إِلَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ فَلَهُمْ أَجْرٌ غَيْرُ مَمْنُونٍ ﴿٦﴾

(૬) સિવાય તે લોકોના કે જે ઇમાન લાવ્યા તથા નેકીઓ કરતા રહ્યા તો તેમના માટે અખૂટ બદલો છે.

فَمَا يُكَذِّبُكَ بَعْدُ بِالدِّينِ ﴿٧﴾

(૭) (માટે અય માનવી!) આ (દલીલો) પછી કઇ વસ્તુ તને કયામતને જૂઠલાવવાનું કારણ આપે છે?

أَلَيْسَ اللَّهُ بِأَحْكَمِ الْحَاكِمِينَ ﴿٨﴾

(૮) શું અલ્લાહ સૌથી ઉત્તમ ફેંસલો કરનારો નથી?

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِىْ خَلَقَ ①

(૧) (અય રસૂલ !) પઢ તારા પરવરદિગારના નામથી કે જેણે પેદા કર્યો.

خَلَقَ الْاِنْسَانَ مِنْ عَلَقٍ ②

(૨) ઈન્સાનને જામી ગયેલા લોહીનાં કટકામાંથી પેદા કર્યો.

اِقْرَاْ وَرَبُّكَ الْاَكْرَمُ ③

(3) પઢ અને તારો રબ સૌથી વધુ માનવંત છે ઃ

الَّذِىْ عَلَّمَ بِالْقَلَمِ ④

(૪) જેણે કલમ દ્વારા શિક્ષણ આપ્યું ઃ

عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ يَعْلَمْ ۝٥

(૫) ઈન્સાનને તે શીખવ્યું કે જે તે જાણતો ન હતો.

كَلَّآ اِنَّ الْاِنْسَانَ لَيَطْغٰىٓ ۝٦

(૬) તે છતાં મનુષ્ય ખરેજ ઉદ્ધત બની જાય છે ઃ

اَنْ رَّاٰهُ اسْتَغْنٰى ۝٧

(૭) જ્યારે કે તે પોતાને બેપરવાહ ભાળે છે.

اِنَّ اِلٰى رَبِّكَ الرُّجْعٰى ۝٨

(૮) બેશક (સર્વેને) તારા પરવરદિગારની હજૂરમાં પાછા ફરીને જવાનું છે.

اَرَءَيْتَ الَّذِىْ يَنْهٰى ۝٩

(૯) ભલા તેં તેને પણ જોયો કે જે રોકે છેઃ

عَبۡدًا اِذَا صَلّٰىؕ ﴿۱۰﴾

(૧૦) એક બંદાને જ્યારે કે તે નમાઝ પઢવા ઉભો થાય છે ?

اَرَءَيۡتَ اِنۡ كَانَ عَلَى الۡهُدٰٓىۙ ﴿۱۱﴾

(૧૧) ભલા તેં આ પણ જોયું કે જો તે હિદાયત પર હોત ઃ

اَوۡ اَمَرَ بِالتَّقۡوٰىؕ ﴿۱۲﴾

(૧૨) અથવા પરહેઝગાર રહેવાનો હુકમ કરતો હોત (તો કેવું સારૂં થાત)?

اَرَءَيۡتَ اِنۡ كَذَّبَ وَتَوَلّٰىؕ ﴿۱۳﴾

(૧૩) ભલા તેં આ પણ જોયું કે જો તેણે જૂઠલાવ્યું તથા મોઢું ફેરવ્યું ?

اَلَمۡ يَعۡلَمۡ بِاَنَّ اللّٰهَ يَرٰى ﴿١٤﴾

(૧૪) તો શું તે આ નથી જાણતો કે અલ્લાહ ખરેખર જુએ છે?

كَلَّا لَئِنۡ لَّمۡ يَنۡتَهِ ۙ لَنَسۡفَعًۢا بِالنَّاصِيَةِ ﴿١٥﴾

(૧૫) ખબરદાર ! અગર તે અટક્યો નહિ તો અમે તેને પેશાની (ના વાળ) પકડી જરૂર ઘસડીશું:

نَاصِيَةٍ كَاذِبَةٍ خَاطِئَةٍ ﴿١٦﴾

(૧૬) તે પેશાની (કપાળ) કે જે જૂઠી અને ગુનેહગાર છે.

فَلْيَدْعُ نَادِيَهٗ ﴿١٧﴾

(૧૭) પછી ભલેને તે પોતાના સલાહકારને પોકારેઃ

سَنَدْعُ الزَّبَانِيَةَ ﴿١٨﴾

(૧૮) અમે પણ તરત જ જલ્લાદ (સખ્ત શિક્ષા કરનાર) ફરિશ્તાઓને બોલાવીશું ઃ

كَلَّا ؕ لَا تُطِعْهُ وَاسْجُدْ وَاقْتَرِبْ ﴿١٩﴾ السجدة ع

(૧૯) ખબરદાર ! તેનું કહેવું ન માન અને સિજદો કર ! અને અલ્લાહની નઝદીકી પ્રાપ્ત કર.

اِنَّاۤ اَنۡزَلۡنٰهُ فِیۡ لَیۡلَةِ الۡقَدۡرِ ۚۖ ﴿۱﴾

(૧) બેશક અમોએ આ (કુરઆન)ને કદ્રની રાત્રે ઉતાર્યું છે.

وَمَاۤ اَدۡرٰىكَ مَا لَیۡلَةُ الۡقَدۡرِ ؕ ﴿۲﴾

(૨) અને તું શું સમજ્યો કે કદ્રની રાત શું છે ?

لَیۡلَةُ الۡقَدۡرِ ۬ۙ خَیۡرٌ مِّنۡ اَلۡفِ شَهۡرٍ ؕ ﴿۳﴾

(3) કદ્રની રાત હજાર મહિનાઓથી પણ બેહતર છે.

تَنَزَّلُ الۡمَلٰٓىِٕكَةُ وَالرُّوۡحُ فِیۡهَا بِاِذۡنِ رَبِّهِمۡ ۚ مِنۡ كُلِّ اَمۡرٍ ۛۙ ﴿۴﴾

(૪) તે (રાત્રિ)માં સઘળા ફરિશ્તા તથા તેમની સાથે જિબ્રઇલ પણ પોતાના પરવરદિગારની આજ્ઞાથી દરેક વ્યવસ્થા માટે (જમીન પર) ઉતરે છે:

سَلٰمٌ ۛ هِيَ حَتّٰى مَطْلَعِ الْفَجْرِ ۝٥

(૫) તે (રાત્રે) સલામતી હોય છે તે પ્રભાતના ઉદય થતાં સુધી (રહે) છે.

لَمۡ يَكُنِ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ وَالۡمُشۡرِكِيۡنَ مُنۡفَكِّيۡنَ حَتّٰى تَاۡتِيَهُمُ الۡبَيِّنَةُ ۙ﴿۱﴾

(૧) કિતાબવાળાઓમાંથી જે નાસ્તિક બની ગયા છે તેઓ તથા મુશ્રિકો (મૂર્તિપૂજકો) પોતાની માન્યતાઓથી ડગ્યા નહિ, જ્યાં સુધી કે તેમના પાસે ખુલ્લી દલીલ આવી ઃ

رَسُوۡلٌ مِّنَ اللّٰهِ يَتۡلُوۡا صُحُفًا مُّطَهَّرَةً ۙ﴿۲﴾

(૨) (અર્થાત) અલ્લાહના તરફથી રસૂલ (આવ્યો), જે (તેમને) પવિત્ર પાનાં પઢીને સંભળાવતો હતોઃ

فِيۡهَا كُتُبٌ قَيِّمَةٌ ؕ﴿۳﴾

(3) જેમાં સત્ય ફરમાનો લખેલાં હતાં.

وَمَا تَفَرَّقَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنَةُ ۟ؕ

(૪) અને તે લોકો કે જેમને કિતાબ આપવામાં આવી હતી તેમણે મતભેદ કર્યો નહિ, પણ તેમની પાસે ખુલ્લી દલીલ આવી ગયા પછી.

وَمَآ اُمِرُوْٓا اِلَّا لِيَعْبُدُوا اللّٰهَ مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۙ۬ حُنَفَآءَ وَيُقِيْمُوا الصَّلٰوةَ وَيُؤْتُوا الزَّكٰوةَ وَذٰلِكَ دِيْنُ الْقَيِّمَةِ ۟ؕ

(૫) અને તેમને બીજો કોઇ હુકમ આપવામાં આવ્યો ન હતો પણ આ કે અલ્લાહને માટે ધર્મને નિખાલસ કરી તેની જ ઇબાદત કરે, (અને જૂઠી

માનયતાઓથી) પર રહે, અને નમાઝ પઢે તથા ઝકાત આપે, અને એજ ખરો ધર્મ છે.

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَالْمُشْرِكِيْنَ فِيْ نَارِ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا ؕ اُولٰٓئِكَ هُمْ شَرُّ الْبَرِيَّةِ ؕ۶

(૬) બેશક કિતાબવાળાઓમાંથી જેઓ નાસ્તિક થઇ ગયા તેઓ તથા મુશ્રીકો (મૂર્તિપૂજકો) દોઝખની આગમાં જશે (અને) હંમેશા માટે તેમાંજ રહેશે; જગતમાં સૌ કરતાં ખરાબ લોકો એજ છે.

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ ۙ اُولٰٓئِكَ هُمْ خَيْرُ الْبَرِيَّةِ ؕ۷

(૭) બેશક જે લોકો ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યા, તે લોકોજ સર્વ જગતમાં શ્રેષ્ઠ છે.

جَزَآؤُهُمْ عِنْدَ رَبِّهِمْ جَنّٰتُ عَدْنٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ

خٰلِدِیْنَ فِیْهَاۤ اَبَدًا ؕ رَضِیَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ؕ ذٰلِكَ لِمَنْ

خَشِیَ رَبَّهٗ ۠﴿۸﴾

(૮) તેમનો બદલો તેમના પરવરદિગાર પાસે હંમેશા રહેવાના બગીચા છે, જેની હેઠળ નદીઓ વહે છે; તેમાં તેઓ હંમેશા માટે રહેનારા થશે; અલ્લાહ તેઓથી રાજી છે અને તેઓ અલ્લાહથી રાજી છે; આ તેના માટે છે કે જે પોતાના પરવરદિગારથી ડરતો રહે છે.

إِذَا زُلْزِلَتِ الْأَرْضُ زِلْزَالَهَا ①

(૧) જ્યારે જમીન અતિ બળપૂર્વક હલાવવામાં આવશે ઃ

وَأَخْرَجَتِ الْأَرْضُ أَثْقَالَهَا ②

(૨) અને જમીન પોતાના બોજા કાઢી નાખશેઃ

وَقَالَ الْإِنْسَانُ مَا لَهَا ③

(3) અને ઈન્સાન કહેવા લાગશે કે તેને શું થઇ ગયું છે ?

يَوْمَئِذٍ تُحَدِّثُ أَخْبَارَهَا ④

(૪) તે દિવસે તે (પૃથ્વી) પોતાની હકીકત કહી દેશેઃ

بِأَنَّ رَبَّكَ أَوْحَىٰ لَهَا ۝٥

(૫) કારણ કે તારા પરવરદિગારે તેને આજ્ઞા કરી હશે.

يَوْمَئِذٍ يَصْدُرُ النَّاسُ أَشْتَاتًا لِّيُرَوْا أَعْمَالَهُمْ ۝٦

(૬) તે દિવસે લોકો જુદી જુદી સ્થિતિમાં (કબરોમાંથી) નીકળશે કે જેથી તેમની કરણી (ના લેખ) તેમને દેખાડવામાં આવે.

فَمَن يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَرَهُ ۝٧

(૭) પછી જે શખ્સે જરા જેટલી પણ નેકી કરી હશે તેને તે (પ્રત્યક્ષ) નિહાળી લેશે.

وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ﴿٨﴾

(૮) તેમજ જેણે જરા જેટલી પણ બદી કરી હશે તેને પણ તે જોઇ લેશે.

وَالْعٰدِيٰتِ ضَبْحًا ۙ﴿۱﴾

(૧) કસમ છે પૂરવેગથી દોડનારા (અને) હાંફતા ઘોડાઓનીઃ

فَالْمُوْرِيٰتِ قَدْحًا ۙ﴿۲﴾

(૨) પછી કસમ છે તેમની કે જે પત્થર પર ટાપ મારી અગ્નિ કાઢતા જાય છેઃ

فَالْمُغِيْرٰتِ صُبْحًا ۙ﴿۳﴾

(3) પછી કસમ છે પ્રભાતના સમયે છાપો મારનારાઓનીઃ

فَاَثَرْنَ بِهٖ نَقْعًا ۙ﴿۴﴾

(૪) કે જે વડે (તે) ધુળના ગોટેગોટા ઉડાડે છેઃ

فَوَسَطْنَ بِهٖ جَمْعًا ۝٥

(૫) પછી તે વડે શત્રુ દળની વચ્ચે ધસી જાય છેઃ

اِنَّ الْاِنْسَانَ لِرَبِّهٖ لَكَنُوْدٌ ۝٦

(૬) બેશક મનુષ્ય પોતાના પરવરદિગાર તરફ મહા નાશુક્રો છે.

وَاِنَّهٗ عَلٰى ذٰلِكَ لَشَهِيْدٌ ۝٧

(૭) અને તે પોતે પણ એ વાત પર જરૂર સાક્ષી હોય છે.

وَاِنَّهٗ لِحُبِّ الْخَيْرِ لَشَدِيْدٌ ۝٨

(૮) અને તે સંપતિનો અત્યંત પ્રેમ રાખે છે.

اَفَلَا یَعۡلَمُ اِذَا بُعۡثِرَ مَا فِی الۡقُبُوۡرِ ۙ﴿۹﴾

(૯) તો તે શું નથી જાણતો કે જ્યારે કબરોમાંથી (જે કાંઇ તેમાં છે તે) કાઢી ઉભા કરવામાં આવશે?

وَ حُصِّلَ مَا فِی الصُّدُوۡرِ ۙ﴿۱۰﴾

(૧૦) અને જે છાતીઓમાં છે તે ખુલ્લું કરી નાખવામાં આવશેઃ

اِنَّ رَبَّہُمۡ بِہِمۡ یَوۡمَئِذٍ لَّخَبِیۡرٌ ﴿۱۱﴾

(૧૧) ત્યારે બેશક તે દિવસે પરવરદિગાર તેમનાથી સંપૂર્ણ વાકેફ હશે?

اَلۡقَارِعَةُ ۙ﴿۱﴾

(૧) કારેઆહ (હૈયાં હચમચાવનારો બનાવ):

مَا الۡقَارِعَةُ ۚ﴿۲﴾

(૨) તે કારેઆહ શું છે?

وَمَاۤ اَدۡرٰىكَ مَا الۡقَارِعَةُ ؕ﴿۳﴾

(3) અને તું સમજ્યો કે કારેઆહ શું છે?

یَوۡمَ یَکُوۡنُ النَّاسُ کَالۡفَرَاشِ الۡمَبۡثُوۡثِ ۙ﴿۴﴾

(૪) તે તે દિવસ છે કે જે દિવસે માણસો એવા થઇ જશે જેવા કે વિખરાઇ ગયેલા પતંગીયાઃ

وَتَکُوۡنُ الۡجِبَالُ کَالۡعِهۡنِ الۡمَنۡفُوۡشِ ؕ﴿۵﴾

(૫) અને પહાડ એવા થઇ જશે જેવી કે પીંજાયેલી ઊન.

فَاَمَّا مَنۡ ثَقُلَتۡ مَوَازِيۡنُهٗ ۙ‏﴿۶﴾

(૬) પછી જેની (સદ)કરણીનો તોલ ભારે ઉતરશેઃ

فَهُوَ فِىۡ عِيۡشَةٍ رَّاضِيَةٍ ؕ‏﴿۷﴾

(૭) તેઓ તો આનંદી જીવનમાં હશે.

وَاَمَّا مَنۡ خَفَّتۡ مَوَازِيۡنُهٗ ۙ‏﴿۸﴾

(૮) અને જેની (સદ)કરણીનો તોલ હલકો ઉતરશેઃ

فَاُمُّهٗ هَاوِيَةٌ ؕ‏﴿۹﴾

(૯) તેનું ઠેકાણું હાવિયાહ હશે.

وَمَآ اَدۡرٰىكَ مَاهِيَهۡ ﴿۱۰﴾

(૧૦) અને તું શું સમજ્યો કે તે (હાવિયાહ) શું છે?

نَارٌ حَامِيَةٌ ﴿۱۱﴾

(૧૧) તે (દોઝખની) ધગધગતી આગ છે.

اَلۡهٰىكُمُ التَّكَاثُرُ ۙ﴿۱﴾

(૧) (સંતાન અને સંપતિના) વધારાની ઇચ્છા તમને (અલ્લાહની યાદથી) ગાફીલ બનાવી મૂકેછે.

حَتّٰى زُرۡتُمُ الۡمَقَابِرَ ؕ﴿۲﴾

(૨) અહીં સુધી કે તમે કબરોની મુલાકાત કરો છો.

كَلَّا سَوۡفَ تَعۡلَمُوۡنَ ۙ﴿۳﴾

(3) ખબરદાર થઇ જાઓ ! આગળ જતાં તમે જાણી લેશોઃ

ثُمَّ كَلَّا سَوۡفَ تَعۡلَمُوۡنَ ؕ﴿۴﴾

(૪) પછી પણ સાંભળી રાખો કે આગળ જતાં તમે જાણી લેશો.

كَلَّا لَوْ تَعْلَمُوْنَ عِلْمَ الْيَقِيْنِ ۝٥

(૫) ખબરદાર! અગર તમે (તમારૂં પરિણામ) ખાત્રીપૂર્વક જાણતા હોત (તો હરગિજ ગાફિલ રહેતે નહિ).

لَتَرَوُنَّ الْجَحِيْمَ ۝٦

(૬) ખરેખર તમે જહન્નમ તો અવશ્ય નિહાળશોઃ

ثُمَّ لَتَرَوُنَّهَا عَيْنَ الْيَقِيْنِ ۝٧

(૭) પછી તમે તેને ખાત્રીની આંખે જરૂર નિહાળશોઃ

ثُمَّ لَتُسْـَٔلُنَّ يَوْمَئِذٍ عَنِ النَّعِيْمِ ۝٨

(૮) પછી તે દિવસે તમારાથી (અલ્લાહે આપેલી) નેઅમતોની બાબતે જરૂર સવાલ કરવામાં આવશે.

وَالْعَصْرِ ۙ﴿١﴾

(૧) અસ્ર (ની નમાઝના સમય)ની કસમ:

اِنَّ الْاِنْسَانَ لَفِیْ خُسْرٍ ۙ﴿٢﴾

(૨) બેશક ઈન્સાન માત્ર નુકસાનમાં છે:

اِلَّا الَّذِیْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوْا بِالْحَقِّ ۙ۬

وَتَوَاصَوْا بِالصَّبْرِ ﴿٣﴾

(3) સિવાય તે લોકોના કે જેઓ ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા, અને એક બીજાને સત્ય ધર્મના અનુકરણની તાકીદ કરતા રહ્યા, અને એક બીજાને સબરની વસીયત કરતા રહ્યા.

وَيۡلٌ لِّكُلِّ هُمَزَةٍ لُّمَزَةِۨ ۝١

(૧) દરેક નિંદાખોર અને (વિના કારણે) તોહમત મૂકનાર (ની હાલત) પર અફસોસ છેઃ

الَّذِىۡ جَمَعَ مَالًا وَّعَدَّدَهٗ ۝٢

(૨) જે સંપતિનો સંગ્રહ કરે છે અને તેને (જાળવી રાખવા માટે) ગણતો રહે છે ઃ

يَحۡسَبُ اَنَّ مَالَهٗۤ اَخۡلَدَهٗ ۝٣

(3) તે એવું ગુમાન કરે છે કે ખરેજ તેનો માલ તેને અમર બનાવી દેશે.

كَلَّا لَيُنۡۢبَذَنَّ فِى الۡحُطَمَةِ ۝٤

(૪) નહિ, નહિ તે ખરેખર હુતમા (ભસ્મ કરી નાખનારી આગ)માં હોમી દેવામાં આવશે.

وَمَآ اَدۡرٰىكَ مَا الۡحُطَمَةُ ؕ‏ ﴿۵﴾

(૫) અને તું શું સમજ્યો કે હુતમા શું છે ?

نَارُ اللّٰهِ الۡمُوۡقَدَةُ ۙ‏ ﴿۶﴾

(૬) તે અલ્લાહે ભડકાવેલી આગ છે ઃ

الَّتِىۡ تَطَّلِعُ عَلَى الۡاَفۡـِٕدَةِ ؕ‏ ﴿۷﴾

(૭) જે હૃદયોની ઉપર સુધી જઇ પહોંચશે.

اِنَّهَا عَلَيۡهِمۡ مُّؤۡصَدَةٌ ۙ‏ ﴿۸﴾

(૮) બેશક (તે આગ) તેમની દરેક બાજુ ફરી વળેલી હશે ઃ

فِيْ عَمَدٍ مُّمَدَّدَةٍ ۹

(૯) મોટા લાંબા લાંબા થાંભલાના આકારમાં.

أَلَمْ تَرَ كَيْفَ فَعَلَ رَبُّكَ بِأَصْحَٰبِ ٱلْفِيلِ ۝١

(૧) (અય રસૂલ!) શું તેં નથી જોયું કે તારા પરવરદિગારે હાથીવાળાઓ સાથે કેવું વર્તન ચલાવ્યું?

أَلَمْ يَجْعَلْ كَيْدَهُمْ فِى تَضْلِيلٍ ۝٢

(૨) શું તેણે તેમના (સઘળા) દાવપેચ નિરર્થક કરી દીધા નહિ ?

وَأَرْسَلَ عَلَيْهِمْ طَيْرًا أَبَابِيلَ ۝٣

(3) અને તેમના ઉપર અબાબીલ પક્ષીઓનાં ટોળેટોળાં મોકલ્યાં ઃ

تَرْمِيهِم بِحِجَارَةٍ مِّن سِجِّيلٍ ۴

(૪) જે તેમના પર પાકેલી માટીના પત્થરની કાંકરીઓ ફેંકતા હતા ઃ

فَجَعَلَهُمْ كَعَصْفٍ مَّأْكُولٍ ۵

(૫) (અહીં સુધી કે) તેમને ઢોરોએ ચાવી નાખેલા સુકા ઘાસના જેવા કરી નાખ્યા.

سورة قريش / સૂરએ કુરૈશ

لِاِيْلٰفِ قُرَيْشٍ ①

(૧) કુરૈશની કોમમાં શોખ પેદા થવાના કારણે ઃ

اٖلٰفِهِمْ رِحْلَةَ الشِّتَآءِ وَالصَّيْفِ ②

(૨) એટલે શિયાળા તથા ઉનાળામાં પોતાના (વેપારી) કાફલા પરદેશ મોકલવાનો શોખ પેદા થયો.

فَلْيَعْبُدُوْا رَبَّ هٰذَا الْبَيْتِ ③

(૩) માટે તેમને જોઇએ કે આ ઘરના પરવરદિગારની ઇબાદત કરતા રહે:

الَّذِيْٓ اَطْعَمَهُمْ مِّنْ جُوْعٍ ۙ وَّاٰمَنَهُمْ مِّنْ خَوْفٍ ④

(૪) જે ભૂખથી બચવા માટે તેમને ખાવાનું આપે છે, અને (લૂંટફાટના) ભયથી તેમને સૂરક્ષિત રાખે છે.

سورة الماعون / સૂરએ માઉન

أَرَءَيْتَ الَّذِي يُكَذِّبُ بِالدِّينِ ①

(૧) શું તેં તે શખ્સને જોયો કે જે ન્યાયના દિવસને જૂઠલાવે છે?

فَذَٰلِكَ الَّذِي يَدُعُّ الْيَتِيمَ ②

(૨) એજ તે છે જે યતીમને તિરસ્કારી કાઢી મૂકે છે ઃ

وَلَا يَحُضُّ عَلَىٰ طَعَامِ الْمِسْكِينِ ③

(3) અને નિરાધારોને ખાવાનું ખવડાવવા માટે ઉત્તેજન આપતો નથી.

فَوَيْلٌ لِّلْمُصَلِّينَ ④

(૪) માટે અફસોસ છે તે નમાઝ પઢનારાઓ માટેઃ

الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ ۝٥

(૫) કે જેઓ પોતાની નમાઝથી બેદરકાર રહે છેઃ

الَّذِيْنَ هُمْ يُرَآءُوْنَ ۝٦

(૬) (અને) જેઓ (લોકોને) દેખાડવા માટે (નમાઝ) પઢે છે ઃ

وَيَمْنَعُوْنَ الْمَاعُوْنَ ۝٧

(૭) અને જીવનની જરૂરી વસ્તુઓ (આપવા)ની ના પાડે છે.

سورة الكوثر / સૂરએ કૌસર

إِنَّآ أَعۡطَيۡنَٰكَ ٱلۡكَوۡثَرَ ۝١

(૧) (અય રસૂલ !) ખરેખર અમોએ તને કૌસર અર્પણ કર્યું છે.

فَصَلِّ لِرَبِّكَ وَٱنۡحَرۡ ۝٢

(૨) માટે તું તારા પરવરદિગાર માટે નમાઝ પઢ અને કુરબાની આપ.

إِنَّ شَانِئَكَ هُوَ ٱلۡأَبۡتَرُ ۝٣

(3) બેશક જે તારો દુશ્મન છે તેજ સંતાન રહીત રહેશે.

سورة الكافرون / સૂરએ કાફેરૂન

قُلۡ يَٰٓأَيُّهَا ٱلۡكَٰفِرُونَ ١

(૧) (અય રસૂલ !) કહે કે અય નાસ્તિકો !

لَآ أَعۡبُدُ مَا تَعۡبُدُونَ ٢

(૨) જેની તમે ઇબાદત કરો છો તેની ઇબાદત હું નથી કરતોઃ

وَلَآ أَنتُمۡ عَٰبِدُونَ مَآ أَعۡبُدُ ٣

(3) અને ન તમે તેની ઇબાદત કરનારા છો કે જેની હું ઇબાદત કરૂં છું.

وَلَآ أَنَا۠ عَابِدٞ مَّا عَبَدتُّمۡ ٤

(૪) અને ન હું તેની ઇબાદત કરનારો છું કે જેની તમોએ ઇબાદત કરી છે ઃ

وَلَآ اَنۡتُمۡ عٰبِدُوۡنَ مَآ اَعۡبُدُ ؕ‏ ۵

(૫) અને ન તમે તેની ઇબાદત કરનારા છો કે જેની ઇબાદત હું કરૂં છું.

لَكُمۡ دِيۡنُكُمۡ وَلِىَ دِيۡنِ ۶

(૬) તમારો ધર્મ તમારા માટે અને મારો ધર્મ મારા માટે.

سورة النصر / સૂરએ નસ્ર

إِذَا جَآءَ نَصۡرُ اللّٰهِ وَالۡفَتۡحُ ۙ﴿۱﴾

(૧) જ્યારે અલ્લાહની મદદ અને વિજય આવી પહોંચેઃ

وَرَاَيۡتَ النَّاسَ يَدۡخُلُوۡنَ فِىۡ دِيۡنِ اللّٰهِ اَفۡوَاجًا ۙ﴿۲﴾

(૨) અને લોકોના ટોળેટોળાં અલ્લાહના ધર્મમાં દાખલ થતાં જુએઃ

فَسَبِّحۡ بِحَمۡدِ رَبِّكَ وَاسۡتَغۡفِرۡهُ ؕ اِنَّهٗ كَانَ تَوَّابًا ﴿۳﴾

(3) ત્યારે તું તારા રબના વખાણ અને તસ્બીહ કર, અને તેનાથી ક્ષમા માંગ; બેશક તે મહાન તૌબા સ્વીકારનાર છે

تَبَّتْ يَدَآ اَبِيْ لَهَبٍ وَّتَبَّ ۝١

(૧) ભાંગી જાય બન્ને હાથ અબુ લહબના અને નાશ પામે તે પોતે.

مَآ اَغْنٰى عَنْهُ مَالُهٗ وَمَا كَسَبَ ۝٢

(૨) તેનો માલ તથા તેણે જે કાંઇ કમાવ્યું છે તેના કાંઇ કામમાં નહિ આવે.

سَيَصْلٰى نَارًا ذَاتَ لَهَبٍ ۝٣

(3) નજીકમાં તે જવાળાવાળી આગમાં ચાલ્યો જશેઃ

وَّامْرَاَتُهٗ ؕ حَمَّالَةَ الْحَطَبِ ۝٤

(૪) અને તેની સ્ત્રી પણ, જે (જહન્નમના) બળતણનો બોજ ઉપાડતી (ફર્યા કરશે).

فِيْ جِيْدِهَا حَبْلٌ مِّنْ مَّسَدٍ ۝٥

(૫) જેના ગળામાં ખજૂરીના રેશાનું વળ દીધેલું દોરડું હશે.

سورة الإخلاص / સૂરએ ઇખ્લાસ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝١

(૧) (અય રસૂલ!) કહે કે તે અલ્લાહ એકજ છે.

اَللّٰهُ الصَّمَدُ ۝٢

(૨) અલ્લાહ બેનિયાઝ (સ્વતંત્ર) છે.

لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۝٣

(3) ન તે કોઇને જન્મ આપે છે, અને ન તેને કોઇએ જન્મ આપ્યો છે:

وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝٤

(૪) અને ન કોઇ એક તેના જેવો છે.

قُلۡ اَعُوۡذُ بِرَبِّ الۡفَلَقِ ۙ﴿۱﴾

(૧) (અય રસૂલ!) કહે કે હું પ્રભાતના પરવરદિગારની પનાહ માંગું છું ઃ

مِنۡ شَرِّ مَا خَلَقَ ۙ﴿۲﴾

(૨) દરેક તે વસ્તુની બદીથી કે જે તેણે પેદા કરી છે:

وَمِنۡ شَرِّ غَاسِقٍ اِذَا وَقَبَ ۙ﴿۳﴾

(3) અને અંધારી રાતની બદીથી જ્યારે કે તે પથરાઇ જાય છે:

وَمِنۡ شَرِّ النَّفّٰثٰتِ فِی الۡعُقَدِ ۙ﴿۴﴾

(૪) અને ગાંઠો પર (જાદુની) ફૂંક મારનારીઓની બૂરાઇથીઃ

وَمِنْ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ۝٥

(૫) અને દરેક ઇર્ષા કરનારાની બદીથી કે જ્યારે તે ઇર્ષા કરે છે.

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ۝١

(૧) (અય રસૂલ !) કહે કે હું માણસોના પરવરદિગારની પનાહ માંગુ છું

مَلِكِ النَّاسِ ۝٢

(૨) માણસોના બાદશાહની:

اِلٰهِ النَّاسِ ۝٣

(3) માણસોના માઅબૂદની:

مِنْ شَرِّ الْوَسْوَاسِ ۙ الْخَنَّاسِ ۝٤

(૪) તે શેતાનના વસવસાની બદીથી (બચવા માટે):

ٱلَّذِى يُوَسۡوِسُ فِى صُدُورِ ٱلنَّاسِ ۝٥

(૫) કે જે લોકોના મનમાં વસવસા નાખ્યા કરે છેઃ

مِنَ ٱلۡجِنَّةِ وَٱلنَّاسِ ۝٦

(૬) (પછી તે) જિન્નાતો માંના હોય અથવા ઇન્સાનો માંનો.2